ॐ

महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

ભાગ સાતમો

અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ,
મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણ પર્વ

सस्तुं साहित्य वर्धक कार्यालय
સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

સાતે ભાગનું મૂલ્ય રૂ. છત્રીસ

महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

શ્રીમહાભારત

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

ભાગ સાતમો

અનુશાસનથી સ્વર્ગારોહણ પર્વ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ-૨

पुस्तकालय-पञ्जिका-संख्या........७१६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

G - 12065

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

12065

[illegible]

ॐ

महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

CHECKED 1973
Initial

भाग ૭ मो

અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ,
મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણ પર્વ

सस्तुं साहित्य वर्धक कार्यालय माटे
भा०क०शास्त्री गिरिजाशंकर मयाशंकर–मु. अमदावाद
संपादक अने प्रकाशकः भिक्षु–अखंडानंद
સ્થળ: અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ પહેલી–પૃષ્ઠ ૭૭૬–પ્રત ૨૬૦૦–સંવત ૧૯૮૩–સન ૧૯૨૭
સાતે ભાગના રૂ. છત્રીસ

" સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન "

અમદાવાદ-રાયખડમાં 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય'
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

अनुक्रमणिका

અધ્યાય વિષય પૃષ્ઠાંક

१३—अनुशासन पर्व

દાનધર્મ પર્વ

૧ ગૌતમી, પારધિ, સર્પ, મૃત્યુ અને કાળનો સંવાદ ૩
૨ ધર્માચરણથી મૃત્યુને પણ જીતી શકાય છે. ૯
૩ વિશ્વામિત્ર ક્ષત્રિય હતા છતાં બ્રાહ્મણ કેમ થયા? ૧૩
૪ વિશ્વામિત્ર બ્રાહ્મણ થયા તેનું કારણ... ૧૪
૫ દૃઢ ભક્તિનો પ્રભાવ ૧૭
૬ દૈવ અને પુરુષાર્થને અન્યોન્યાશ્રય છે. ૧૯
૭ શુભ કર્મનાં ફળ ૨૨
૮ બ્રાહ્મણોની પ્રશંસા ૨૪
૯ શિયાળ અને વાનરનો સંવાદ ... ૨૬
૧૦ કુપાત્રને ઉપદેશ આપ્યાનું પરિણામ ૨૭
૧૧ લક્ષ્મીનો વાસ... ... ... ૩૧
૧૨ રાજર્ષિ ભંગાસ્વનનું આખ્યાન ... ૩૨
૧૩ મનુષ્યનું કર્તવ્ય ૩૫
૧૪ મહાદેવ માહાત્મ્ય ૩૫
૧૫ શ્રીકૃષ્ણને મળેલાં વરદાન ૫૬
૧૬ મહર્ષિ તંડિએ કરેલું શંકરસ્તોત્ર... ૫૭
૧૭ શિવસહસ્રનામસ્તોત્ર ૬૦
૧૮ શિવભક્તિપ્રશંસા ૮૨
૧૯ અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ ... ૮૬
૨૦ અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ (ચાલુ) ૯૨
૨૧ અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ (ચાલુ) ૯૪
૨૨ દાનપાત્ર કોણ? ૯૫
૨૩ સ્વર્ગ અને નરકમાં કોણ જાય છે? ૯૮
૨૪ બ્રહ્મહત્યાનું વર્ણન ૧૦૩
૨૫ તીર્થસ્નાનમાહાત્મ્ય ૧૦૪
૨૬ ગંગામાહાત્મ્ય ૧૦૭
૨૭ બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે. ... ૧૧૩
૨૮ બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે.(ચાલુ) ૧૧૫
૨૯ બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે.(ચાલુ) ૧૧૬
૩૦ રાજા વીતહવ્ય બ્રાહ્મણ કેમ થયો હતો? ૧૧૭
૩૧ જગતમાં પૂજનીય કોણ? ૧૨૦
૩૨ શરણાગતની રક્ષાનું ફળ ૧૨૨
૩૩ બ્રાહ્મણોની પ્રશંસા ૧૨૫
૩૪ બ્રાહ્મણોની પ્રશંસા (ચાલુ) ... ૧૨૬
૩૫ બ્રાહ્મણોની પ્રશંસા (ચાલુ) ... ૧૨૮
૩૬ બ્રાહ્મણોની પ્રશંસા (ચાલુ) ... ૧૨૯
૩૭ સુપાત્ર અને કુપાત્રની પરીક્ષા ... ૧૩૧
૩૮ સ્ત્રીઓનો જાતિસ્વભાવ ૧૩૨
૩૯ સ્ત્રીઓનો જાતિસ્વભાવ (ચાલુ) ... ૧૩૪
૪૦ માત્ર યોગબળથીજ સ્ત્રીઓને વશ રાખી શકાય છે—વિપુલ આખ્યાન ૧૩૫
૪૧ વિપુલ આખ્યાન (ચાલુ) ૧૩૮
૪૨ વિપુલ આખ્યાન (ચાલુ) ૧૪૦
૪૩ વિપુલ આખ્યાન (ચાલુ) ૧૪૧
૪૪ વિવાહધર્મકથન ૧૪૩
૪૫ વિવાહધર્મકથન (ચાલુ) ૧૪૯
૪૬ સ્ત્રીપ્રશંસા ૧૫૧
૪૭ પિતાની મિલકતના વિભાગ ... ૧૫૨
૪૮ વર્ણસંકરકથન ૧૫૬
૪૯ પુત્રપ્રતિનિધિકથન ૧૬૧
૫૦ ચ્યવન આખ્યાન અને ગોમાહાત્મ્ય ૧૬૩
૫૧ ચ્યવનાખ્યાન અને ગોમાહાત્મ્ય (ચાલુ) ૧૬૪
૫૨ કુશિકરાજાની સહિષ્ણુતા અને ચ્યવન-ઋષિની અદ્ભુત તપઃશક્તિ... ... ૧૬૭
૫૩ કુશિકરાજાનાં સહિષ્ણુતા અને ચ્યવન-ઋષિની અદ્ભુત તપઃશક્તિ (ચાલુ) ૧૬૯
૫૪ કુશિકરાજાની સહિષ્ણુતાનું દિવ્યફળ ૧૭૨
૫૫ કુશિકને વરપ્રાપ્તિ ૧૭૪
૫૬ કુશિકને વરપ્રાપ્તિ (ચાલુ) ૧૭૬
૫૭ કર્મો અને મરણ પછી પ્રાપ્ત થનારાં તેનાં ફળ ૧૭૭
૫૮ બગીચાઓ અને તળાવોનું માહાત્મ્ય ૧૭૯
૫૯ દાનની શ્રેષ્ઠતા ૧૮૧
૬૦ દાનની પાત્રતા ૧૮૩
૬૧ યજ્ઞક્રિયા અને દાનધર્મ ૧૮૪
૬૨ પૃથ્વીદાનનું ફળ ૧૮૬
૬૩ અન્નદાનનું માહાત્મ્ય... ... ... ૧૯૧
૬૪ કયા નક્ષત્રમાં કયું દાન આપવું?... ૧૯૪
૬૫ અનેક પ્રકારનાં દાન અને તેનાં ફળ ૧૯૫
૬૬ ભિન્ન ભિન્ન દાનો અને તેનાં ફળ ૧૯૬
૬૭ જળદાનમાહાત્મ્ય ૧૯૯
૬૮ બ્રાહ્મણ તથા યમનો દાનવિષે સંવાદ ૨૦૦
૬૯ ગોદાનમાહાત્મ્ય ૨૦૨
૭૦ બ્રાહ્મણદ્રવ્યના હરણનું ભયંકર ફળ ૨૦૩
૭૧ ગોદાનમાહાત્મ્ય ૨૦૫
૭૨ બ્રહ્મદેવ અને ઈંદ્રનો સંવાદ—ગોદાન-માહાત્મ્ય ૨૦૯
૭૩ બ્રહ્મદેવ અને ઇંદ્રનો સંવાદ—ગોદાનથી પ્રાપ્ત થનારા દિવ્યલોક ૨૧૦
૭૪ ગોવધ આદિનું ફળ અને ગોદાન-

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
	નિમિત્તની દક્ષિણા	૨૧૩
૭૫	વ્રતાદિનાં ફળ	૨૧૪
૭૬	ગોદાનવિધિ	૨૧૬
૭૭	ગાયની ઉત્પત્તિ	૨૧૯
૭૮	ગો–ઉપનિષદ્	૨૨૧
૭૯	ગોપ્રદાન ફળ	૨૨૨
૮૦	ગોપ્રદાન ફળ (ચાલુ)	૨૨૪
૮૧	ગાયોની શ્રેષ્ઠતા	૨૨૫
૮૨	ગોમૂત્ર અને ગોમય(છાણ)માં લક્ષ્મીદેવીનો વાસ	૨૨૭
૮૩	ગોલોક વર્ણન	૨૨૯
૮૪	સુવર્ણદાનની શ્રેષ્ઠતા અને સુવર્ણની ઉત્પત્તિ	૨૩૧
૮૫	સુવર્ણદાનની શ્રેષ્ઠતા અને સુવર્ણની ઉત્પત્તિ (ચાલુ)	૨૩૫
૮૬	તારકવધનું આખ્યાન	૨૪૩
૮૭	શ્રાદ્ધવિધિ	૨૪૫
૮૮	શ્રાદ્ધમાં આપવા યોગ્ય પદાર્થો	૨૪૬
૮૯	નક્ષત્રપરત્વે શ્રાદ્ધફળ	૨૪૭
૯૦	શ્રાદ્ધમાં બ્રાહ્મણપરીક્ષાની આવશ્યકતા	૨૪૭
૯૧	શ્રાદ્ધવિધિનો ઇતિહાસ અને શ્રાદ્ધમાં ત્યાજ્ય પદાર્થો	૨૫૧
૯૨	શ્રાદ્ધમાં પ્રથમ અગ્નિને પિંડદાન આપવાનો હેતુ	૨૫૩
૯૩	નિર્લોભવૃત્તિનું દિવ્ય ફળ	૨૫૪
૯૪	શપથવિધિ	૨૬૪
૯૫	છત્ર અને જોડાના દાનનું માહાત્મ્ય	૨૬૭
૯૬	છત્ર અને જોડાના દાનનું માહાત્મ્ય (ચાલુ)	૨૬૯
૯૭	બલિદાનવિધિ (વૈશ્વદેવ)	૨૭૦
૯૮	પુષ્પ, ધૂપ અને દીપદાનનો મહિમા	૨૭૧
૯૯	અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ	૨૭૫
૧૦૦	અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ (ચાલુ)	૨૭૬
૧૦૧	બ્રાહ્મણધનના હરણનું ફળ	૨૭૮
૧૦૨	કર્મો પ્રમાણે મળતા વિવિધ લોક	૨૮૦
૧૦૩	અનશનવ્રત જેવું કોઇ વ્રત નથી	૨૮૪
૧૦૪	સંપૂર્ણ આયુષ્યમાન થવાના ઉપાયો	૨૮૬
૧૦૫	નાના–મોટાભાઇનું અન્યોન્યપ્રતિવર્તન	૨૯૪
૧૦૬	ઉપવાસવિધિ	૨૯૬
૧૦૭	ઉપવાસવિધિ (ચાલુ)	૨૯૯
૧૦૮	બાહ્યાભ્યંતર તીર્થો	૩૦૫
૧૦૯	વિષ્ણુદ્વાદશનામ	૩૦૬
૧૧૦	સ્વરૂપવાન તથા ભાગ્યવાન થવામાટે ચાંદ્રવ્રત	૩૦૭
૧૧૧	સંસારચક્ર	૩૦૮
૧૧૨	અન્નદાનની શ્રેષ્ઠતા	૩૧૪
૧૧૩	દયાધર્મ	૩૧૫
૧૧૪	માંસભક્ષણ ત્યાજ્ય છે.	૩૧૬
૧૧૫	માંસભક્ષણનો નિષેધ	૩૧૭
૧૧૬	અહિંસાનું ફળ	૩૨૧
૧૧૭	એક કીડાનું આખ્યાન	૩૨૩
૧૧૮	કીડાનું આખ્યાન (ચાલુ)	૩૨૫
૧૧૯	કીડાનું આખ્યાન (ચાલુ)	૩૨૭
૧૨૦	મૈત્રેયની ભિક્ષા	૩૨૭
૧૨૧	મૈત્રેયની ભિક્ષા (ચાલુ)	૩૨૯
૧૨૨	મૈત્રેયની ભિક્ષા (ચાલુ)	૩૩૦
૧૨૩	સ્ત્રીધર્મ	૩૩૧
૧૨૪	સામનું મહત્ત્વ	૩૩૩
૧૨૫	પિતૃરહસ્ય	૩૩૫
૧૨૬	દેવરહસ્ય	૩૩૯
૧૨૭	દેવરહસ્ય (ચાલુ)	૩૪૨
૧૨૮	દેવરહસ્ય (ચાલુ)	૩૪૩
૧૨૯	લોમશરહસ્ય	૩૪૩
૧૩૦	અરુંધતી–ચિત્રગુપ્તરહસ્ય	૩૪૪
૧૩૧	પ્રમથરહસ્ય	૩૪૬
૧૩૨	દિગ્ગજરહસ્ય	૩૪૭
૧૩૩	મહાદેવરહસ્ય	૩૪૮
૧૩૪	સ્કંદદેવરહસ્ય	૩૪૮
૧૩૫	કોનું અન્ન ભક્ષ્ય તથા અભક્ષ્ય છે ?	૩૪૯
૧૩૬	પ્રાયશ્ચિત્તવિધિ	૩૫૦
૧૩૭	દાનની પ્રશંસા	૩૫૨
૧૩૮	દાનના પાંચ પ્રકાર	૩૫૩
૧૩૯	શ્રીકૃષ્ણની દીક્ષા	૩૫૪
૧૪૦	ઉમા અને મહેશ્વરનો સંવાદ	૩૫૬
૧૪૧	ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)	૩૫૯
૧૪૨	ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)	૩૬૫
૧૪૩	ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)	૩૬૮
૧૪૪	ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)	૩૭૧
૧૪૫	ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)	૩૭૪
૧૪૬	ઉમા મહેશ્વર સંવાદ–સ્ત્રીધર્મકથન	૩૭૭
૧૪૭	વાસુદેવમાહાત્મ્ય	૩૮૦
૧૪૮	મહાપુરુષપ્રસ્તાવ	૩૮૩
૧૪૯	વિષ્ણુસહસ્રનામ	૩૮૬

અધ્યાય વિષય પૃષ્ઠાંક
૧૫૦ સાવિત્રીવ્રત આખ્યાન ૪૦૮
૧૫૧ બ્રાહ્મણપ્રશંસા ૪૧૨
૧૫૨ બ્રાહ્મણમાહાત્મ્ય ૪૧૩
૧૫૩ બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ) ૪૧૫
૧૫૪ બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ) ૪૧૬
૧૫૫ બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ) ૪૧૮
૧૫૬ બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ) ૪૧૯
૧૫૭ બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ) ૪૨૧
૧૫૮ મહાપુરુષમાહાત્મ્ય ૪૨૨
૧૫૯ દુર્વાસાની ભિક્ષા ૪૨૬
૧૬૦ ઈશ્વરપ્રશંસા ૪૨૮
૧૬૧ મહેશ્વરમાહાત્મ્ય ૪૩૦
૧૬૨ ધર્મપ્રમાણકથન ૪૩૨
૧૬૩ ધર્મપ્રશંસા ૪૩૬
૧૬૪ ધર્મપ્રશંસા (ચાલુ) ૪૩૭
૧૬૫ વંશકીર્તન ૪૩૮
૧૬૬ ભીષ્મની અનુજ્ઞા ૪૪૦

ભીષ્મસ્વર્ગારોહણ પર્વ

૧૬૭ ભીષ્મની સ્વર્ગગમન માટે તૈયારી ૪૪૧
૧૬૮ ભીષ્મનો મોક્ષ ૪૪૪

૧૪—આશ્વમેધિક પર્વ

અશ્વમેધિક પર્વ

૧ યુધિષ્ઠિરનું સાંત્વન ૪૪૯
૨ યુધિષ્ઠિરસાંત્વન (ચાલુ) ૪૫૦
૩ અશ્વમેધયજ્ઞ કરવા વ્યાસનો ઉપદેશ ૪૫૧
૪ રાજા મરુત્તનું આખ્યાન ૪૫૨
૫ રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)... ૪૫૪
૬ રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)... ૪૫૫
૭ રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)... ૪૫૭
૮ રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)... ૪૫૮
૯ રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)... ૪૫૯
૧૦ રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)... ૪૬૨
૧૧ શ્રીકૃષ્ણનો ઉપદેશ ૪૬૪
૧૨ શ્રીકૃષ્ણનો ઉપદેશ (ચાલુ)... ... ૪૬૬
૧૩ શ્રીકૃષ્ણનો ઉપદેશ (ચાલુ)... ... ૪૬૭
૧૪ યુધિષ્ઠિરનો શોકત્યાગ ૪૬૯
૧૫ શ્રીકૃષ્ણની દ્વારકા જવાની તૈયારી... ૪૭૦

અનુગીતા પર્વ

૧૬ સિદ્ધ બ્રાહ્મણ અને કાશ્યપનો સંવાદ ૪૭૧
૧૭ સિદ્ધબ્રાહ્મણ અને કાશ્યપસંવાદ(ચાલુ)૪૭૪
૧૮ સિદ્ધબ્રાહ્મણ અને કાશ્યપસંવાદ(ચાલુ)૪૭૬
૧૯ સિદ્ધબ્રાહ્મણ અને કાશ્યપસંવાદ(ચાલુ)૪૭૮
અધ્યાય વિષય પૃષ્ઠાંક
૨૦ બ્રાહ્મણગીતા ૪૮૨
૨૧ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૮૪
૨૨ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૮૫
૨૩ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૮૭
૨૪ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૮૮
૨૫ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૮૯
૨૬ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૧
૨૭ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૨
૨૮ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૪
૨૯ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૫
૩૦ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૬
૩૧ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૮
૩૨ બ્રાહ્મણગીતા (ચાલુ) ૪૯૯
૩૩ બ્રાહ્મણગીતા (ચાલુ) ૫૦૦
૩૪ બ્રાહ્મણગીતા (ચાલુ) ૫૦૧
૩૫ ગુરુશિષ્યસંવાદ—જ્ઞેય—બ્રહ્મવર્ણન ... ૫૦૨
૩૬ ગુરુશિષ્યસંવાદ—તમોગુણનું વર્ણન ૫૦૫
૩૭ ગુરુશિષ્યસંવાદ—રજોગુણનું વર્ણન ૫૦૭
૩૮ ગુરુશિષ્યસંવાદ—સત્ત્વગુણનું વર્ણન ૫૦૮
૩૯ ગુરુશિષ્યસંવાદ—ત્રણ ગુણરહિત કોઇ પદાર્થ નથી. ૫૦૯
૪૦ ગુરુશિષ્યસંવાદ—મહત્તત્ત્વનું વર્ણન ૫૧૦
૪૧ ગુરુશિષ્યસંવાદ—અહંકારનું વર્ણન ૫૧૧
૪૨ ગુરુશિષ્યસંવાદ—મહાભૂતાદિ વર્ણન અથવા અધ્યાત્મશાસ્ત્ર ૫૧૧
૪૩ ગુરુશિષ્યસંવાદ—વિભૂતિવર્ણન ... ૫૧૫
૪૪ ગુરુશિષ્યસંવાદ—આદિ કોણ ? ... ૫૧૭
૪૫ ગુરુશિષ્યસંવાદ—કાળચક્રનું સ્વરૂપ તથા જ્ઞાન મેળવવામાં ઉપાયરૂપ ધર્મો ૫૧૮
૪૬ ગુરુશિષ્યસંવાદ—જ્ઞાન મેળવવામાં ઉપાયરૂપ ધર્મો... ... ... ૫૧૯
૪૭ ગુરૂશિષ્યસંવાદ—સંન્યાસીની ગતિ ૫૨૨
૪૮ ગુરુશિષ્યસંવાદ—બ્રહ્મવિદ્યા અનુવાદ ૫૨૩
૪૯ ગુરુશિષ્યસંવાદ—શ્રેય શું ? ... ૫૨૪
૫૦ ગુરુશિષ્યસંવાદ—શ્રેયનું સ્વરૂપકથન ૫૨૫
૫૧ ગુરુશિષ્યસંવાદની સમાપ્તિ ૫૨૮
૫૨ શ્રીકૃષ્ણ દ્વારકા ગયા... ... ... ૫૩૧
૫૩ શ્રીકૃષ્ણ અને ઉત્તંક... ... ... ૫૩૪
૫૪ ઉત્તંકને શ્રીકૃષ્ણનો આધ્યાત્મિકઉપદેશ ૫૩૫
૫૫ ઉત્તંકને વરપ્રદાન ૫૩૬
૫૬ ઉત્તંકનું ચરિત્ર (ચાલુ) ૫૩૮
૫૭ ઉત્તંકનું ચરિત્ર (ચાલુ) ૫૪૦
૫૮ ઉત્તંકનું ચરિત્ર (ચાલુ) ૫૪૧

અધ્યાય વિષય પૃષ્ઠાંક
૫૯ દ્વારકામાં શ્રીકૃષ્ણ ૫૪૪
૬૦ વસુદેવ પાસે યુદ્ધનું સંક્ષિપ્ત વર્ણન ૫૪૫
૬૧ અભિમન્યુ માટે વસુદેવનો શોક અને શ્રીકૃષ્ણે કરેલું તેમનું સાંત્વન ... ૫૪૭
૬૨ અશ્વમેધ માટે તૈયારી... ... ... ૫૪૯
૬૩ પાંડવોનું અશ્વમેધના દ્રવ્યમાટે પ્રયાણ ૫૪૯
૬૪ પાંડવો હિમાલયમાં ૫૫૧
૬૫ પુનઃ હસ્તિનાપુરમાં દ્રવ્યસહિત પાંડવો ૫૫૧
૬૬ મરણદશામાં જન્મેલો પરિક્ષિત ... ૫૫૨
૬૭ પરિક્ષિત માટે સુભદ્રાની પ્રાર્થના... ૫૫૪
૬૮ પુત્ર માટે ઉત્તરાનો વિલાપ... ... ૫૫૪
૬૯ શ્રીકૃષ્ણે પરિક્ષિતને સજીવન કર્યો ... ૫૫૬
૭૦ આનંદોત્સવ ૫૫૭
૭૧ અશ્વમેધમાટે શ્રીકૃષ્ણ અને વ્યાસની સલાહ ૫૫૯
૭૨ યજ્ઞસામગ્રીની તૈયારી ૫૫૯
૭૩ અશ્વમેધના ઘોડાને છૂટો મૂકયો ... ૫૬૦
૭૪ ત્રિગર્તોનો પરાજય ૫૬૧
૭૫ વજ્રદત્તસાથેનું યુદ્ધ ૫૬૨
૭૬ વજ્રદત્તનો પરાજય ૫૬૩
૭૭ સૈંધવોસાથેનું યુદ્ધ ૫૬૪
૭૮ સૈંધવોનો પરાજય ૫૬૬
૭૯ અર્જુન અને બભ્રુવાહનનું યુદ્ધ તથા બન્ને મૂર્ચ્છાવશ ૫૬૮
૮૦ પિતાપુત્ર બન્ને ફરીથી સાવધાન થયા ૫૭૦
૮૧ બભ્રવાહનનું સાંત્વન અને મણિપુરથી પ્રયાણ ૫૭૨
૮૨ મગધરાજ મેઘસંધિનો પરાજય ... ૫૭૪
૮૩ અનેક દેશોમાં પ્રયાણ અને ત્યાં ત્યાંનો સત્કાર ૫૭૫
૮૪ શકુનિના પુત્રનો પરાજય ૫૭૬
૮૫ હસ્તિનાપુરમાં અશ્વમેધમાટે તૈયારી ૫૭૭
૮૬ અશ્વમેધનો આરંભ... ... ... ૫૭૯
૮૭ અર્જુન હસ્તિનાપુરમાં ૫૮૦
૮૮ અશ્વમેધવર્ણન ૫૮૧
૮૯ અશ્વમેધની સમાપ્તિ ૫૮૩
૯૦ અશ્વમેધમાં બનેલું એક આશ્ચર્ય–નોળિયાએ યજ્ઞને વખોડી કાઢયો ! ૫૮૫
૯૧ હિંસાવાળો ધર્મ નિંદ્ય છે. ૫૯૦
૯૨ અગસ્ત્યનો યજ્ઞ–અહિંસાધર્મની શ્રેષ્ઠતા ૫૯૧

વૈષ્ણવધર્મ પર્વ

૧ યુધિષ્ઠિરનીવૈષ્ણવધર્મસંબંધીજિજ્ઞાસા ૫૯૪
અધ્યાય વિષય પૃષ્ઠાંક
૨ શ્રીકૃષ્ણનોઉપદેશ–ચાર વર્ણોનાધર્મો ૫૯૪–૩
૩ જન્મ, દાન તથા જીવિતની વ્યર્થતા અને સાર્થકતા ૫૯૪–૫
૪ પિતા–માતાની શુદ્ધિ–અશુદ્ધિ, બ્રાહ્મણ તથા ગાયત્રીનો મહિમા અને બ્રાહ્મણોનું અપમાન કરનારાઓને ભોગવવી પડતી નરકયાતના ... ૫૦૪–૧૦
૫ યમનગરનો માર્ગ ૫૯૪–૧૩
૬ જળદાન તથા અન્નદાનની પ્રશંસા, અતિથિનાં લક્ષણો અને તેની પૂજાનું ફળ ૫૯૪–૧૮
૭ પૃથ્વી, ગાય, તલ તથા કન્યાદાનનું ફળ ૫૯૪–૨૨
૮ દાનપ્રશંસા તથા ગોબ્રાહ્મણરક્ષા ૫૯૪–૨૬
૯ પંચમહાયજ્ઞ, સ્નાનવિધિ, વૈષ્ણવલક્ષણ તથા ભગવત્પૂજાવિષે વિચાર... ૫૯૪–૩૧
૧૦ દશ પ્રકારની કપિલા ગાયો અને તેના દાનની પ્રશંસા ૫૯૪–૩૬
૧૧ કપિલામાહાત્મ્ય તથા પુણ્યપાપફળ ૫૭૪–૩૯
૧૨ હિંસા કર્યા વિના બ્રહ્મહત્યા પામનારાઓ અને જેનું અન્ન અભક્ષ્ય છે તેવા પાપીઓ ૫૯૪–૪૪
૧૩ સંન્યાસી તથા અગ્નિનો મહિમા અને દાનપાત્ર વગેરેની પ્રશંસા ૫૯૪–૪૬
૧૪ ભોજનવિધિ, ગોગ્રાસદાન, તલની પ્રશંસા અને બ્રાહ્મણને તલ તથા શેરડી પીલવાના નિષેધ વિષે... ૫૯૪–૪૮
૧૫ આપદ્ધર્મ, ઉચ્ચ–નીચ બ્રાહ્મણ, સામાન્ય ધર્મો, બ્રાહ્મણત્વસિદ્ધિ અને ગુરુ, આચાર્ય વગેરેનાં લક્ષણો...૫૯૪–૫૦
૧૬ અગ્નિની ઉત્પત્તિ, તેનાં નામો અને યજ્ઞ તથા અગ્નિહોત્રની પ્રશંસા ... ૫૯૪–૫૩
૧૭ ચાંદ્રાયણવિધિ તથા તેનું ફળ ૫૯૪–૫૭
૧૮ કાર્તિક આદિ બાર માસમાં એક વખત ભોજન કરવાનું ફળ... ૫૯૪–૫૯
૧૯ દ્વાદશીનું વ્રત અને એકાદશીના ઉપવાસપૂર્વક ભગવાનની પૂજા ૫૯૪–૬૧
૨૦ વિષુવ નામનો પુણ્યકાળ, ગાયત્રીજપ, પીંપળાનું માહાત્મ્ય તથા પંચગવ્યવિધાન ૫૯૪–૬૩
૨૧ પ્રભુભક્તિનું સામર્થ્ય ૫૯૪–૬૬
૨૨ બ્રાહ્મણને ભ્રષ્ટ કરનારાં દુષ્કર્મો ૫૯૪–૬૮

અધ્યાય વિષય પૃષ્ઠાંક

૨૩ .વિવિધ ધર્મકથન તથા શ્રીકૃષ્ણનું દ્વારકાગમન ૫૯૪–૬૮

१५—आश्रमवासिक पर्व

આશ્રમવાસ પર્વ

૧ પાંડવોનું ધૃતરાષ્ટ્રપ્રત્યે સદ્‌વર્તન... ૫૯૭

૨ પાંડવોના સદ્‌વર્તનથી ધૃતરાષ્ટ્રનું પોતાના પુત્રોને પણ ભૂલી જવું ... ૫૯૮

૩ ધૃતરાષ્ટ્રનો વૈરાગ્ય ૬૦૦

૪ વ્યાસની અનુજ્ઞા ૬૦૩

૫ યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્રનો ઉપદેશ ... ૬૦૪

૬ ધૃતરાષ્ટ્રનો ઉપદેશ ૬૦૬

૭ ધૃતરાષ્ટ્રનો ઉપદેશ (ચાલુ)... ... ૬૦૭

૮ ધૃતરાષ્ટ્રની પ્રજાઓને પ્રાર્થના ... ૬૦૮

૯ ધૃતરાષ્ટ્રની પ્રજાઓને પ્રાર્થના(ચાલુ) ૬૧૦

૧૦ ધૃતરાષ્ટ્રના વનગમનને પ્રજાવર્ગનું અનુમોદન ૬૧૦

૧૧ ભીમસેનની કઠોરતા ૬૧૩

૧૨ યુધિષ્ઠિર તથા અર્જુનની ઉદારતા ૬૧૪

૧૩ વિદુરવાક્ય ૬૧૪

૧૪ ધૃતરાષ્ટ્રનો દાનયજ્ઞ ૬૧૫

૧૫ ધૃતરાષ્ટ્રનું વનપ્રયાણ ૬૧૬

૧૬ કુંતા પણ વન જવા નીકળ્યાં ... ૬૧૭

૧૭ કુંતાનાં વાક્યો... ... ... ૬૧૮

૧૮ પાંડવોનું પાછા ફરવું અને ધૃતરાષ્ટ્ર વગેરેનું વનગમન ૬૧૯

૧૯ ધૃતરાષ્ટ્રનો શતયૂપના આશ્રમમાં નિવાસ... ... ... ૬૨૦

૨૦ શતયૂપના આશ્રમમાં નારદ ... ૬૨૧

૨૧ ધૃતરાષ્ટ્રના વનવાસ પછી હસ્તિનાપુરની સ્થિતિ... ... ... ૬૨૩

૨૨ ધૃતરાષ્ટ્રના દર્શનમાટે યુધિષ્ઠિરની વનયાત્રા ૬૨૩

૨૩ ધૃતરાષ્ટ્રઆશ્રમમાં યુધિષ્ઠિરનું આગમન ૬૨૪

૨૪ યુધિષ્ઠિર આદિને ધૃતરાષ્ટ્રનો સમાગમ ૬૨૫

૨૫ યુધિષ્ઠિર આદિની ઋષિઓને સંજયે કરાવેલી ઓળખાણ... ... ... ૬૬૨

૨૬ વિદુરનો યુધિષ્ઠિરના શરીરમાં લય ૬૨૭

૨૭ ધૃતરાષ્ટ્રઆશ્રમમાં વ્યાસનું આગમન ૬૨૯

૨૮ મહર્ષિ વ્યાસનાં વચનો ૬૩૦

પુત્રદર્શન પર્વ

૨૯ ગાંધારીની વ્યાસને પ્રાર્થના–અમારા પુત્રોને તમે બતાવશો? ૬૩૨

૩૦ કર્ણના દર્શનમાટે કુંતાની પ્રાર્થના ૬૩૩

૩૧ સર્વ મંડળનું ગંગાતીરે ગમન ... ૬૩૪

૩૨ ભીષ્માદિનાં દર્શન ૬૩૫

૩૩ વિધવા સ્ત્રીઓનું પોતપોતાના પતિઓના લોકમાં ગમન ૬૩૬

૩૪ જનમેજયની શંકા અને તેનું સમાધાન ૬૩૭

૩૫ જનમેજયને પોતાના પિતાનાં દર્શન ! ૬૩૯

૩૬ પાંડવો હસ્તિનાપુરમાં... ... ... ૬૪૦

નારદાગમન પર્વ

૩૭ નારદનો સંદેશો–વનના દાવાનળમાં ધૃતરાષ્ટ્ર વગેરેનું બળી જવું ... ૬૪૨

૩૮ યુધિષ્ઠિરનો વિલાપ ૬૪૪

૩૯ શ્રાદ્ધદાન ૬૪૫

१६—मौसल पर्व

૧ મુસળની ઉત્પત્તિ ૬૪૯

૨ ઉત્પાતદર્શન ૬૫૧

૩ કૃતવર્મા વગેરેનો પરસ્પર નાશ ... ૬૫૨

૪ શ્રીકૃષ્ણનું સ્વધામગમન ૬૫૪

૫ દ્વારકામાં અર્જુન ૬૫૫

૬ અર્જુન અને વસુદેવનો સંવાદ ... ૬૫૬

૭ અર્જુને યાદવોનાં સ્ત્રીપુત્રાદિને ઇંદ્રપ્રસ્થમાં લઇ જવાં ૬૫૭

૮ અર્જુનની વ્યાસમુનિ સાથે થયેલી વાતચીત ૬૬૧

१७–महाप्रस्थानिक पर्व

૧ મહાપ્રસ્થાન માટે પાંડવોનું પ્રયાણ ૬૬૫

૨ દ્રૌપદી આદિનું પતન ૬૬૭

૩ યુધિષ્ઠિર સ્વર્ગમાં ૬૬૮

१८—स्वर्गारोहण पर्व

૧ સ્વર્ગમાં નારદ અને યુધિષ્ઠિર ... ૬૭૩

૨ યુધિષ્ઠિરને નરકનાં દર્શન ૬૭૪

૩ યુધિષ્ઠિરે માનુષી શરીરનો ત્યાગ કરી ધારણ કરેલું દિવ્ય શરીર ... ૬૭૬

૪ દ્રૌપદી આદિ સર્વેનું પોતપોતાના સ્થાનમાં ગમન ૬૭૮

૫ ભારતસાવિત્રી ૬૭૯

ભારતશ્રવણ વિધિ ૬૮૩

શુદ્ધિપત્ર

પૃ૦	વિ૦	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
ખાસ સુધારી લેવા યોગ્ય અશુદ્ધિઓ				
૪૫	૨	૨૮-૨૯	સૂક્યો	સૂક્તો
૬૦	૧	૧૧-૧૨	યર્જુવેદ	યજુર્વેદ
૬૨	૧	૩૧	છે.	છે.સર્વના આત્મા તે સર્વાત્મા કહેવાય છે.
૭૩	૧	૧	ન કરનારા.	કરનારા.
૯૬	૧	૩૮	ગણાય ?	ગણાય ?)
૧૦૦	૧	૧૧	થાય,	થાય, ત્યારે
૧૩૪	૨	૩૭	શકે ?	શકે ?)
૧૩૫	૧	૧૦	દૃષ્ટાંતોથી	દૃષ્ટાંતોથી)
૧૫૧	૨	૧૫	માતાપિતા	(માતાપિતા
૧૭૭	૧	૩૩	**श्रीद्धिः**	**श्रीमद्धिः**
૧૮૧	૧	૧૦	દ્ષ્ટિ	દષ્ટિ
૧૮૬	૧	૧૭	સુધાના	ક્ષુધાના
૧૮૬	૧	૨૩	સુધાને	ક્ષુધાને
૨૦૦	૨	૧૮	રહેનારો એક	રહેનારો
૨૫૧	૨	૨૬	દિવસે	દિવસે)
૩૦૮	૧	૧૬	આ રીતે	(આ રીતે
૩૩૩	૨	૯	કરે છે	છે
૩૪૮	૨	૨૪	**नीलषंऽस्य**	**नीलषंडस्य**
૩૫૧	૧	૩૮	અપરાહ્ણણ	અપરાહ્ણ
૩૭૧	૨	૨૬	મહેશ્વર	મહેશ્વરે
૪૦૫	૧	૩૫	ત્સર્વના	સર્વના
૪૧૮	૧	૧૦	**राजन्नगरस्त्यस्य**	**राजन्नगस्त्यस्य**
૪૯૧	૨	૨૦	નિશ્વય	નિશ્ચય
૫૧૭	૧	૧૮	નિરાશ્ચય	નિરાશ્રય
૫૩૫	૧	૨૫	રાખજો કે,	રાખજો કે)
૫૪૪	પૃષ્ઠારંભે		અનુશાસન	અનુગીતા
૫૫૪	૧	૩૬	પુત્રને	પૌત્રને
અક્ષરો ભાગવા તૂટવાથી થયેલી અશુદ્ધિઓ				
૨૭	૨	૨૪	સિદ્ધા	સિદ્ધો
૩૨	૧	૨૧-૨૨	સેવાધમમાં	સેવાધર્મમાં
૬૭	૨	૭	**महातजाः**	**महातेजाः**
૭૦	૨	૫	**ालगाध्यक्षः**	**लिंगाध्यक्षः**
૭૨	૨	૩૬	સવ	સર્વ
૭૭	૧	૭	**पांडत**	**पंडित**
૭૭	૨	૨૦	**देवद्र**	**देवेंद्र**
૯૫	૨	૨	કર્મમ	કર્મમાં
૯૬	૨	૩૩	**दाहैत्र**	**दौहित्र**
૧૦૫	૧	૧૫	ભગુતુંગ	ભૃગુતુંગ

પૃ૦	વિ૦	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૧૨	૧	૧૩	ઘતસમાન	ઘૃતસમાન
૧૨૦	૨	૨૮	પૂજન ય	પૂજનીય
૧૨૪	૨	૨૩	પ	પર
૧૩૯	૧	૨૨	આજતેંદ્રિય	અજિતેંદ્રિય
૨૧૪	૨	૩૮	પરલોકમ	પરલોકમાં
૨૩૩	૨	૫	આગ્નરૂપ	અગ્નિરૂપ
૨૪૧	૧	૩૬	ભગુ	ભૃગુ
૨૪૨	૧	૧૧	ભગુવંશના	ભૃગુવંશના
૨૬૩	૧	૨૭	ચોરા	ચોરી
૨૬૪	૧	૨૬	ભગુ	ભૃગુ
૩૧૪	૨	૩૩	વેદવત્તા	વેદવેત્તા
૩૫૧	૧	૩૮-૩૯	કરવામ	કરવામાં
૩૬૦	૨	૩૧	ઉત્પાત્ત	ઉત્પત્તિ
૩૮૬	૧	૧૦	**लाके**	**लोके**
૩૮૯	૨	૬	બુદ્ધિમાનોમ	બુદ્ધિમાનોમાં
૪૦૩	૧	૨૫	**सवविज्ञयी**	**सर्वविज्ञयी**
૪૨૨	૨	૯	ભગુવંશના	ભૃગુવંશના
૪૩૦	૧	૬	સારાથ	સારથિ
૪૮૨	૨	૯	સ્થલ	સ્થૂલ
૪૮૩	૨	૧૮	ચિ માં	ચિત્તમાં
૪૯૬	૧	૮	મન	મને
૫૦૧	૧	૩૮	ડબી	ડૂબી
૫૦૨	૨	૨૪	ત સર્વ	તે સર્વ
૫૧૨	૨	૩૯	ાણ	ઘ્રાણ
૫૧૯	૧	૨	બ્રહ્મચય	બ્રહ્મચર્ય
૫૧૯	૨	૯	**मागण**	**मार्गण**
૫૨૩	૧	૩૫	પ્રકૃતિમાં જનાશ	પ્રકૃતિમાંજ નાશ
૫૨૩	૨	૨૭	(તાકિક)	(તાર્કિક)
૫૩૭	૨	૩૩	ભગુનંદન	ભૃગુનંદન
૫૩૮	૨	૩૯	અશ્ર	અશ્રુ
૫૩૯	૨	૩૦	ગાતમે	ગૌતમે
૫૪૦	૨	૧૭	કાય	કાર્ય
૫૪૨	૧	૩૮	ભગુવંશી	ભૃગુવંશી
૫૪૫	૨	૩૫	ધષ્ટદ્યુમ્ન	ધૃષ્ટદ્યુમ્ન
૫૬૨	૧	૩૮	ધતવર્મા	ધૃતવર્મા
૫૮૩	૨	૨૫	ણુપ	પણ
૫૯૩	૨	૩૯	હ તે	હતો
૬૧૨	૨	૧૪	રાજાર્ષિ	રાજર્ષિ
૬૨૬	૧	૨૬	અશ્રઓ	અશ્રુઓ
૬૨૮	૧	૩૦	આપ્રય	અપ્રિય
૬૫૭	૧	૨૯	પાંત્રોને	પૌત્રોને

श्रीमहाभारत

१३—अनुशासनपर्व

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१३-अनुशासनपर्व

दानधर्म पर्व

અધ્યાય ૧ લો

ગૌતમી, પારધિ, સર્પ, મૃત્યુ અને કાળનો સંવાદ

मंगलाचरण–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

युधिष्ठिर उवाच । शमो बहुविधाकारः सूक्ष्म उक्तः पितामह ।
न च मे हृदये शांतिरस्ति श्रुत्वेदमीदृशम् ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–"હે પિતામહ! તમે અનેક પ્રકારનો સૂક્ષ્મ શમ* મને કહી સંભળાવ્યો અને મેં પણ તેનું સારી રીતે શ્રવણ કર્યું; છતાં ગોત્રવધ(સ્વજનો)ના પાપજન્ય સંતાપથી મારા હૃદયમાં શાંતિ વળતી નથી.[1] હે પિતામહ! મારો શોક દૂર કરવા માટે તમે અનેક પ્રકારે શાંતિયુક્ત વાતો મને કહી; પરંતુ જે કૃત્ય, જાણીજોઈને-બુદ્ધિપૂર્વક કરવામાં આવ્યું હોય તેને માટે અનેક પ્રકારના શમનો ઉપદેશ આપવામાં આવે તોપણ (મારા જેવા આસ્તિક પુરુષોને) શાંતિ મળેજ નહિ.[2] હે વીર પુરુષ! તમારૂં શરીર બાણોથી વ્યાપ્ત થઇ ગયું છે અને તેમાં તીવ્ર વ્રણો જોવામાં આવે છે. આ ઉપરથી મારાં દુષ્ટ કૃત્યોનો જ્યારે હું વિચાર કરૂં છું, ત્યારે મને લેશપણ શાંતિ મળતી નથી.[3] હે પુરુષવ્યાઘ્ર! પર્વતમાંથી જેમ ઝરણાંઓ ઝરી રહ્યાં હોય છે, તેમ

---

* શોકને દૂર કરવાનો ઉપાય

તમારા શરીરમાંથી રુધિરની ધારાઓ વહી રહી છે અને તમારૂં આખું શરીર રુધિરથી છંટાઈ રહ્યું છે તે જોઈને, વર્ષાઋતુમાં જેમ કમળ સીદાય છે તેમ હું સીદાઉં છું–વિહ્વળ બની જાઉં છું.[૪] અરેરે! આનાથી બીજું વધારે કષ્ટ કયું હોય? મારા પિતામહ, કેવળ મારે લીધેજ શત્રુઓને હાથે આવી ભયંકર અવસ્થા પામી રણાંગણમાં પડયા છે;[૫] તેમજ બીજા અનેક રાજાઓ અને રાજપુત્રો, કેવળ મારે લીધેજ પોતાના બાંધવોસાથે મરણ પામ્યા છે. એનાથી બીજું મોટું દુઃખ કયું હોઇ શકે?[૬] હે રાજા! અમોએ તથા ધૃતરાષ્ટ્રના પુત્રોએ, કાળ અને ક્રોધને આધીન થઇને આવું નિંદિત કર્મ કર્યું છે, તેથી અમે કયી ગતિને પામીશું?[૭] હે રાજા! તે દુર્યોધન, આવી અવસ્થાને પ્રાપ્ત થયેલા તમને જોઇ શકયો નથી, તે એનું પુણ્યજ સમજવું એમ હું માનું છું; પરંતુ હું કે જે તમારો નાશ કરનાર છું અને સંબંધીઓનો સંહાર કરનાર છું તે, પૃથ્વીપર આવી દુઃખી અવસ્થામાં પડેલા તમને જોઇ રહ્યો છું. (માટે ખરેખરો પાપી છું.)[૯] કુળને કલંક લગાડનારો દુરાત્મા દુર્યોધન, ક્ષાત્રધર્મ પ્રમાણે યુદ્ધ કરીને પોતાના ભાઈઓ અને સૈન્યોસાથે રણમાં મરણ પામ્યો છે; અને તે દુરાત્મા પૃથ્વીપર આવી દુઃખી સ્થિતિમાં પડેલા તમને જોઇ શકયો નથી, તેથી તેના મરણને હું શ્રેયસ્કર માનું છું; પરંતુ મારા જીવતરને શ્રેયસ્કર માનતો નથી.[૧૦,૧૧] હે વીરપુરુષ! આ યુદ્ધમાં મને મારા ભાઇઓની સાથે શત્રુઓએ મારી નાખ્યો હોત, તો બાણોથી પીડિત થયેલા તમને આવી દુઃખી અવસ્થામાં હું જોઇ શકત નહિ; પણ ખરેખર! વિધાતાએ અમને પાપકર્મ કરવા માટેજ ઉત્પન્ન કર્યા છે.[૧૨,૧૩] હે રાજન્! તમે અમારૂં પ્રિય કરવા ઈચ્છતા હો તો, આવતા જન્મમાં પણ આ પાપકર્મથી અમે મુક્ત થઈએ તેને માટે અમને ઉપદેશ આપો."[૧૪]

ભીષ્મપિતામહે કહ્યું:–હે મહાભાગ્યશાળી રાજા! જે આત્મા (કાલ, અદૃષ્ટ અને ઇશ્વરને આધીન હોઇને) પરતંત્ર છે, તેને તું પુણ્યપાપનો કર્તા કેમ માને છે? (વાસ્તવિક દૃષ્ટિએ આત્મા અકર્તાજ છે.) આત્માનું અકર્તાપણું અત્યંત સૂક્ષ્મ છે અને ઇંદ્રિયોથી ન જાણી શકાય તેવું છે. (માટેજ તું આત્માને કર્તાતરીકે માને છે.)[૧૫] આ વિષયમાં ગૌતમી નામની એક બ્રાહ્મણી, મૃત્યુ, કાળ, પારધિ અને સર્પ, એ પાંચેના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧૬]

હે કુંતાપુત્ર! ગૌતમી નામની એક શાંત ગુણવાળી વૃદ્ધ સ્ત્રી હતી. તેણે એક દિવસે પોતાના પુત્રને સર્પના દંશથી મરણ પામેલો જોયો.[૧૭] પછી (તે પુત્ર ઉપર સ્નેહ રાખનારા) અર્જુનક નામના એક પારધિએ ક્રોધાયમાન થઇને સ્નાયુ(તાંત–દોરી)ના પાશથી તે સર્પને બાંધીને ગૌતમી પાસે આણ્યો અને આ પ્રમાણે કહ્યું:–" હે મહાભાગે! આ નીચ સર્પે તારા પુત્રને મારી નાખ્યો છે, માટે સત્વર કહે. આનો કયા ઉપાયથી હું વધ કરૂં?[૧૯] તું કહેતી હોય તો આને અગ્નિમાં ફેંકી દઉં અથવા આના ટુકડેટુકડા કરી નાખું; પરંતુ બાળકનો ઘાત કરનાર આ પાપી સર્પ, લાંબો કાળ જીવવાને માટે યોગ્ય નથીજ."[૨૦]

ગૌતમીએ કહ્યું:–"અલ્યા ઓ અર્જુનક! તારામાં બુદ્ધિ છેજ નહિ. એ સર્પને તું છોડી દે. તારે એનો વધ કરવો તે યોગ્ય નથી. જે સમયે જે પ્રાપ્ત થવાનું હોય છે, તે પ્રાપ્ત થાયજ છે. એ વિષેનો મનમાં વિચાર કર્યાવિના કયો પુરુષ પોતાના આત્માને પાપના ભારવાળો કરવા ઇચ્છે?[૨૧] આ જગતમાં જેઓ ધર્મ પાળીને લઘુ (પાપના ભારથી રહિત) થયેલા હોય છે, તેઓ જળમાં જેમ નૌકાઓ તરી જાય છે, તેમ સંસારસમુદ્રને તરી જાય છે; પણ જેઓ પાપકૃત્ય કરીને ભારવાળા થયેલા છે, તેઓ જળમાં પડેલા શસ્ત્રની પેઠે સંસારસમુદ્રમાં ડૂબી જાય છે. તું આ સર્પનો વધ કરીશ તેથી મારો પુત્ર જીવતો થઇ શકશે નહિ; તો પછી આ સર્પ જીવે છે, તેમાં તારૂં શું નુકસાન થઇ જાય છે? આ જીવતા પ્રાણીનો વધ કરીને કયો પુરુષ અનંત કાળને માટે નરકમાં જવાને ઇચ્છે?"[૨૩]

પારધિએ કહ્યું:-"હે દેવિ! તમે ગુણ તથા અવગુણને જાણનારાં છો અને તમારા જેવાં ઉત્તમ મનુષ્યો, સર્વની પીડા જોઇને પીડિત થાય છે. (તેથીજ તમે આ પ્રમાણે બોલો છો.) તમારા આ ઉપદેશો દુઃખરહિત મનુષ્યોનેજ અસર કરી શકે તેમ છે; (પણ આ બાળકના મરણથી દુઃખી થયેલા મને કંઇ અસર કરી શકે તેમ નથી.) માટે આ ક્ષુદ્ર સર્પનો હું વધજ કરીશ.[૨૪] શમગુણને ધારણ કરનારા મનુષ્યો, (બીજા કોઇનું મરણ થાય છે તેમાં) કાલગતિનું પ્રાધાન્ય કહે છે; અને ઉપાયને કરી જાણનારા અર્થવેત્તા મનુષ્યો, (પોતાના સંબંધીનો નાશ કરનાર) શત્રુનો વધ કરીનેજ શોકનો ત્યાગ કરે છે, પરંતુ અજ્ઞાની મનુષ્ય, પોતાના મોહને લીધે સુખના નાશનિમિત્તે સદાકાળ શોક કર્યા કરે છે, માટે આપણા શત્રુરૂપ આ સર્પનો વધ કરીને પુત્રના શોકનો તું ત્યાગ કરી દે. "[૨૫]

ગૌતમીએ કહ્યું:-"અમારા જેવાં મનુષ્યોને પુત્રના શોકનિમિત્તે દુઃખ થતુંજ નથી અને ધર્માત્મા મનુષ્યો સર્વદા સજ્જનજ રહે છે. વળી આ બાળક નિત્યને માટે હવે મરણજ પામેલો છે; જેથી આ સર્પનો નાશ કરવામાટે હું સમર્થ નથી.[૨૬] બ્રાહ્મણોમાં કદી કોપ હોતોજ નથી અને કોપનો જ્યારે અભાવ હોય છે,ત્યારે કોપને લીધેજ જે દુઃખ બીજાઓને આપવામાં આવે છે,તે દુઃખને તેઓ ક્યાંથીજ આપી શકે? માટે હે સત્પુરુષ ! ક્ષમાને ધારણ કરી આ સર્પને તું ક્ષમા આપ અને તેને છોડી દે. "[૨૭]

પારધિએ કહ્યું:-" પરલોકમાં જે હિતકારક હોય તેજ શ્રેયસ્કર અને અવિનાશી લાભ કહેવાય છે; અને આવો લાભ શત્રુઓનો વધ કરીનેજ મેળવી શકાય છે, એટલુંજ નહિ પણ જે પુરુષ તેવો લાભ મેળવવાને યોગ્ય થાય છે, તે પુરુષની સર્વ બળવાનોમાં પ્રશંસા થાય છે. માટે તારે પણ શત્રુનો વધ કરીને જે લાભ મેળવવાનો છે, તેજ સત્ય અને શ્રેયસ્કર છે; અને તે લાભ આ નિંદ્ય સર્પનો વધ કર્યાવિના તને મળી શકે તેમ નથીજ. "[૨૮]

ગૌતમીએ કહ્યું:- " શત્રુને પકડીને તેનો વધ કરવાથી કયા ઇષ્ટ લાભની પ્રાપ્તિ થાય છે ? અને શત્રુને બંધનમાં રાખવાથી પણ કયો ઇષ્ટ લાભ મળી જાય છે ? માટે હે સૌમ્ય ! આ સર્પને હું શામાટે ક્ષમા ન આપું ? અને તેને છોડી મૂકીને શામાટે શ્રેય સંપાદન ન કરૂં? "[૨૯]

પારધિએ કહ્યું:-" હે ગૌતમિ ! આ એકજ સર્પનો વધ કરવાથી અનેક પ્રાણીઓનું રક્ષણ કરવાનું છે; પણ અનેક પ્રાણીઓનો વધ કરીને આ એકલાનુંજ રક્ષણ કરવાનું નથી. વળી મોટા ધર્મવેત્તાઓ પણ અપરાધી પ્રાણીનો નાશ કરેજ છે; માટે તું પણ આ પાપી સર્પનો નાશ કર. "[૩૦]

ગૌતમીએ કહ્યું:-" હે પારધિ ! આ સર્પનો વધ કરવાથી મારા પુત્રને જીવિતદાન મળવાનું નથી; તેમજ એનો નાશ કરવામાં બીજા કોઈ પ્રકારનો ગુણ હું જોઈ શકતી નથી, માટે એ સર્પને તું જીવતો છોડી દે."[૩૧]

પારધિએ કહ્યું:-" દેવરાજ ઇંદ્રે, વૃત્રાસુરનો વધ કરીનેજ શ્રેષ્ઠતા મેળવી હતી અને ભગવાન શંકરે યજ્ઞનો નાશ કરીનેજ યજ્ઞભાગ પ્રાપ્ત કર્યો હતો. આ પ્રમાણે તું દેવોના વર્તનનું આચરણ કર અને શંકાનો ત્યાગ કરી સત્વર આ સર્પનો નાશ કર. "[૩૨]

ભીષ્મે કહ્યું:-એ પ્રમાણે પારધિએ સર્પનો નાશ કરવામાટે વારંવાર ગૌતમીને કહ્યું; પરંતુ એ મહાભાગા બ્રાહ્મણીએ, તેવું પાપ કરવાની બુદ્ધિજ કરી નહિ.[૩૩] પછી પાશથી પીડાયેલો અને મંદમંદ શ્વાસ લેતો તે સર્પ,મહાકષ્ટથી ધૈર્ય ધારણ કરીને આ પ્રમાણે મનુષ્યવાણીથી પારધિને કહેવા લાગ્યો.[૩૪]

સર્પે કહ્યું:-" હે મૂર્ખ અર્જુનક ! આ બાળક મરણ પામ્યો,તેમાં મારો શો દોષ છે ? હું તો પરાધીન છું. મૃત્યુએ મને પ્રેરણા કરી હતી, તેથી પરવશ થઈને મારે આ કામ કરવું પડ્યું છે.[૩૫] હું કોઇ કામનાને માટે અથવા કોપાયમાન થઇને કરડયો નથી. માત્ર મૃત્યુના વચનથીજ હું આને કરડયો છું; તેમાં કોઇ જાતનું પાપ હોય તો હે પારધિ ! મૃત્યુનેજ તે પાપ લાગવું જોઈએ. "[૩૬]

પારધિએ કહ્યું:-“ હે સર્પ! તેં જોકે પરાધીન થઇને આ અશુભ કર્મ કર્યું છે, તોપણ (આ બાળકની હત્યામાં) તું પોતેજ કારણભૂત છે અને તુંજ તેનો પાપભોક્તા છે.[37] જેમ એક માટીનું પાત્ર બનાવવાની ક્રિયામાં દંડ (ચાકરો ફેરવવાની લાકડી) અને ચાકરો વગેરે કારણભૂત છે, તેમ હે સર્પ ! તું પણ આ બાળકના મરણમાં કારણરૂપ થયો છે.[38] હે સર્પ ! તું એક પાપી છે અને પાપીનો મારે વધ કરવોજ જોઇએ. વળી તું પોતે પણ આ પાપકર્મમાં પોતાને કારણતરીકે કહે છેજ.” [39]

સર્પે કહ્યું:-“જેમ માટીનું પાત્ર બનાવવાની ક્રિયામાં દંડ,ચક્ર વગેરે કેવળ પરવશ રહેનારાંજ છે,તેમ હું પણ પરવશ રહેનારોજ છું, માટે તારે મારો દોષ નહિ માનવો જોઇએ;[40] અથવા તું મને દોષયુક્ત માનતો હોય તોપણ દંડ, ચક્ર, કુંભાર અને માટીના વાસણની ક્રિયા-એ સર્વે અન્યોન્યનાં પ્રયોજક હોઇને તેમાં કાર્ય કોણ અને કારણ કોણ? એ વિષે જેમ સંદેહજ રહે છે, તેમ આ બાળક, હું, મૃત્યુ અને કાળ-એ સર્વે અન્યોન્યના પ્રયોજક-પ્રેરક છીએ; તેથી કાર્ય તથા કારણના સંબંધમાં સંદેહજ ઉભો થાય છે. (માટે આ દૃષ્ટિએ પણ તારે મનેજ દોષિત ઠરાવવો તે યોગ્ય નથી;* કેમકે તેમાં મારો કંઇ દોષજ નથી અને તેથીજ હું વધ કરવા યોગ્ય નથી,તેમ અપરાધી પણ નથી; છતાં કોઇને તું અપરાધી માનતો હોય તો આખા સમુદાયનેજ અપરાધી માન.”[42]

પારધિએ કહ્યું:-“ભલે, તું પોતેજ કારણ નહિ હોય અથવા કર્તા નહિ હોય, પણ વિનાશરૂપ ક્રિયામાં તુંજ કારણ છે; અને તેથીજ હું તને વધ્ય માનું છું. હે સર્પ ! તારા મત પ્રમાણે દુષ્ટ કાર્ય કર્યા છતાંપણ તેના કર્તાને જો દોષ ન લાગતો હોય તો આ જગતમાં કોઇ પાપીજ ન થાય અને રાજાઓ વગેરેને પણ કોઇને શિક્ષા કરવાનું કારણ ન રહે;(એટલુંજ નહિ પણ અમુક અમુકને પાપી કહેનારાં શાસ્ત્રો પણ વ્યર્થ ઠરે;) માટે તું વધ કરવા યોગ્ય છે છતાં બહુ બડાઇ શામાટે મારે છે ?”

સર્પે કહ્યું:-“ કારણ (કર્તા) હોય કે ન હોય તોપણ કાર્યનો જો અભાવ હોય તો ક્રિયા થતી નથી; માટે આ સમાન હેતુમાં મને પણ-વિશેષે કરીને-હેતુતરીકે નહિ માનવો જોઇએ.* છતાંપણ હે પારધિ! આ બાળકની હત્યામાં તું કારણરૂપકર્તાતરીકે મને માનતો હોય તો (વનની દાહક્રિયામાં વૃક્ષોની શાખાઓનો પ્રયોજક વાયુજ મુખ્ય અપરાધી છે તેમ) મને પ્રેરણા કરનાર કોઇ બીજોજ (પ્રયોજક-કર્તા) મુખ્ય અપરાધી છે એમ માન. ”[46]

પારધિએ કહ્યું:-“ ઓ દુષ્ટ બુદ્ધિવાળા નીચ સર્પ ! હું તો તનેજ વધ કરવાયોગ્ય માનું છું; કેમકે બાળકનો ઘાત કરી ક્રૂર કર્મ કરનારો તુંજ છે,છતાં બહુ બકબક શું કરેછે?”

સર્પે કહ્યું:-“ હે પારધિ ! જેમ એક યજ્ઞમાં હવિષ્નો હોમ કરનારા ઋત્વિજો યજ્ઞના ફળને પ્રાપ્ત કરી શકતા નથી, તેમ હું પણ આ

---

* સર્પ અહીં એમ કહેવા માગે છે કે, જેમ એક હથિયાર, લોહચુંબકની પેઠે પ્રહાર કરનાર પુરુષને પ્રેરણા કરે છે, માટે તે હથિયારનો બનાવનાર પણ પ્રેરક બને છે; તેમજ એ હથિયાર બનાવનારાને પ્રહાર કરવાની ઇચ્છાવાળા પુરુષે પ્રથમ પ્રેરણા કરી હતી, તેથી તે પણ પ્રેરક બને છે. આ રીતે સર્વને પ્રયોજકપણું પ્રાપ્ત થાય છે. એટલે મારનાર કોણ એ વિષે કંઇ ચોક્કસ થઈ શકતું નથી. આ પ્રમાણે અમારામાંથી પણ બાળકનો વધ કરનાર કોણ, એ ચોક્કસ કહી શકાય તેમ નથી.

નીલકંઠ

* જેમ એક પુરુષ હાથમાં કુહાડી લઇને વૃક્ષને કાપવા ઇચ્છે છે, ત્યારે કુહાડીને ઉગામવારૂપ કાર્યથી વૃક્ષની છેદનક્રિયા થાય છે; પરંતુ કોઇ સમયે એવું પણ બને છે કે, કોઇ કર્તા ન હોય છતાં પણ વૃક્ષના અન્યોન્ય સાથેના ઘર્ષણથી ઉત્પન્ન થયેલો અગ્નિ આખું વન બાળી મૂકે છે. આ રીતે બન્ને દૃષ્ટાંતમાં એકમાં કર્તા છે અને એકમાં કર્તા નથી; તોપણ કુહાડીને ઉગામવારૂપ કાર્ય અને વૃક્ષોના અંન્યોન્ય સાથેના ઘર્ષણરૂપ કાર્ય જો વિદ્યમાન છે, તોજ વૃક્ષની છેદનક્રિયા અને વનની દાહક્રિયા થયેલી જોવામાં આવે છે. તેજ પ્રમાણે મારૂં કર્તાપણું પણ અપ્રયોજક છે; જેથી હું દોષિત નથી.

નીલકંઠ

બાળકનો વધ કરીને તેનું પાપફળ પ્રાપ્ત કરી શકું તેમ નથી.” ×[૪૮]

ભીષ્મે કહ્યું:–મૃત્યુથી પ્રેરણા કરાયેલો તે સર્પ, પારધિને એ પ્રમાણે કહી રહ્યો હતો તેવામાં મૃત્યુ પોતેજ ત્યાં આવ્યો અને સર્પને આ પ્રમાણે કહેવા લાગ્યો.[૪૯]

મૃત્યુએ કહ્યું:–“ હે સર્પ ! કાળે મને જ્યારે પ્રેરણા કરી હતી, ત્યારેજ મેં તને પ્રેરણા કરી હતી;માટે આ જીવતા બાળકનો વિનાશ કરવામાં તું કારણ નથી તેમ હું પણ કારણ નથી.[૫૦] હે સર્પ ! જેમ વાયુ વાદળાંઓને આમતેમ ખેંચી જાય છે, તેથી મેઘ વાયુને વશ રહેનારો કહેવાય છે; તેમ હું પણ કાળને વશ રહેનારો છું.[૫૧] પ્રાણીમાત્રવિષે સાત્વિક, રાજસ કે તામસ, એમાંના હરકોઈ ભાવો પ્રવૃત્તિ કરી રહ્યા છે–તેઓ સર્વે કેવળ કાળનેજ અનુસરનારા છે;[૫૨] એટલુંજ નહિ પણ જગતમાં જે પ્રવૃત્તિઓ થઇ રહી છે, જે નિવૃત્તિઓ થઈ રહી છે અને જે વિકૃતિઓ થઇ રહી છે, તેઓ સર્વ કેવળ કાળનીજ ગતિ છે;માટે આ સર્વ જગત કેવળ કાળનેજ અનુસરનારૂં છે,એમ કહીએ તોપણ યોગ્યજ છે.[૫૩,૫૪] સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ, જળ, વાયુ, ઇંદ્ર, અગ્નિ, આકાશ, પૃથ્વી, મિત્ર, મેઘ, વસુઓ, અદિતિ,નદીઓ, સમુદ્રો, સ્થિતિ અને લય–એ સર્વને કાળજ વારંવાર ઉત્પન્ન કરે છે અને કાળજ નાશ પમાડે છે.[૫૫,૫૬] હે સર્પ ! એ પ્રમાણે જાણે છે; છતાં તું મને શામાટે દોષવાળો માને છે ? અને વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે;છતાં તું મને દોષવાળો માને છે, તોપછી તું પણ મારા જેવોજ દોષવાળો છે. ”

સર્પે કહ્યું:–“ હે મૃત્યુ ! હું તને નિર્દોષ કે સદોષ કહેવા માગતો નથી. માત્ર હું તો એટલુંજ કહું છું કે, તેં મને પ્રેરણા કરી હતી.[૫૮] તારા કહેવા પ્રમાણે જો કાળમાં દોષ હોય તોપણ હું તો તેને વિષે દોષ જોવાની ઇચ્છા રાખતોજ નથી; કેમકે મારે કોઇના દોષની પરીક્ષા કરવાનીજ નથી અને તે પરીક્ષા કરવાનો આપણને અધિકાર પણ નથી.[૫૯] મારે તો મારા ઉપરથી આ દોષને ઉતારી નાખવાનું પ્રયોજન છે, તેજ પ્રમાણે તારા ઉપરથી પણ આ દોષ દૂર કરવાનું પ્રયોજન છે.”[૬૦]

ભીષ્મે કહ્યું:– તે પછી સર્પે અર્જુનકને કહ્યું:–“તેં આ મૃત્યુનું વચન સાંભળ્યું કે ? તેના કહેવા ઉપરથી પણ મને નિરપરાધી જાણીને પાશવડે દુઃખ આપવું; તે તને યોગ્ય નથી.”[૬૧]

પારધિએ કહ્યું:– “હે ભુજંગમ ! મેં મૃત્યુનું અને તારૂં–બન્નેનું વચન સાંભળ્યું; પણ તે ઉપરથી તું નિર્દોષ થઇ શકે તેમ નથીજ.[૬૨] આ બાળકનો વિનાશ કરવામાં મૃત્યુ અને તું બન્ને જણા કારણભૂત છો. હું તમને બન્નેને કારણતરીકે માનું છું અને તમે બન્ને આમાં કારણરૂપ છો; જેથી અકારણ થઇ શકો તેમ નથીજ.[૬૩] દુરાત્મા મૃત્યુ કે જે સ્વાભાવિક રીતેજ ક્રૂર હોઇને સત્પુરુષોને પણ દુઃખ આપનારો છે; તેને ધિક્કાર હજો! અને તને પાપીને તો આ પાપના કારણતરીકે માનીને હું મારી નાખીશજ.”

મૃત્યુએ કહ્યું:–“અમે બન્ને જણા પરતંત્ર છીએ, કાળને વશ રહેનારા છીએ અને કાળના કહેવા પ્રમાણેજ કરનારા છીએ; માટે તું બરાબર વિચાર કરીને જોઈશ તો અમને દોષવાળા નહિજ માને.”[૬૫]

પારધિએ કહ્યું:– “ હે મૃત્યુ અને સર્પ ! તમે બન્ને જણા કાળને આધીન રહેનારા છો; પરંતુ મને (તટસ્થને)એકના ઉપર હર્ષ થાય છે અને બીજાના ઉપર ક્રોધ થાય છે, તેનું શું કારણ છે? એ જાણવામાટે હું ઇચ્છું છું.”[૬૬]*

મૃત્યુએ કહ્યું:–“મનુષ્ય જે કંઇ ચેષ્ટા કરે છે તે સર્વ કાળનીજ પ્રેરણાથી કરે છે; અને હે

× કેમકે યજમાનની પ્રેરણાથીજ ઋત્વિજો હવિષ્નો હોમ કરે છે, માટે હોમનું ફળ ઋત્વિજોને નહિ મળતાં યજમાનનેજ મળે છે; તેમ મેં પણ મૃત્યુની પ્રેરણાથીજ આ બાળકનો નાશ કર્યો છે, માટે તેનું પાપફળ મને પ્રેરણા કરનાર મૃત્યુનેજ મળવું જોઇએ; મને નહિ.

* કહેવાનો ભાવ એ છે કે, જગતમાં સર્વ કોઇની જો પરાધીનતાજ હોય તો પછી ઉપકાર કરતાર મનુષ્યની કોઈ સ્તુતિજ ન કરે; અને અપકાર કરતાર મનુષ્યની કોઈ નિંદાજ ન કરે.

પારધિ ! એ વાત પ્રથમજ મેં કહી દીધી છે કે, આખું જગત કેવળ કાળનેજ અનુસરનારૂં છે;† માટેજ હે પારધિ ! કાળને વશ રહેનારા અને તેના કહ્યા પ્રમાણે કરનારા અમને બન્નેને તારે કોઇ રીતે પણ દોષિત માનવા નહિ.”[૬૮]

ભીષ્મે કહ્યું:- એ પ્રમાણે તે ધર્મવિષેનો સંશય હજી ઉભોજ રહ્યો હતો તેવામાં કાળ પણ ત્યાં આવી પહોંચ્યો અને ત્યાં આવીને સર્પને, મૃત્યુને તથા અર્જુનક પારધિને આ પ્રમાણે કહેવા લાગ્યો.[૬૯]

કાળે કહ્યું:– “હે પારધિ ! આ બાળક મરણ પામ્યો તેમાં હું, આ મૃત્યુ કે આ સર્પ–એમાંનો કોઈપણ અપરાધી નથી; કેમકે પ્રાણીના મરણમાં અમે પ્રયોજક થતાજ નથી.[૭૦] હે અર્જુનક ! આ બાળકે જે કર્મ કર્યું હતું તેજ અમને સર્વને પ્રેરણા કરનારૂં હતું; માટે એનું કર્મજ એના વિનાશમાં હેતુભૂત થયું છે. બીજું કંઇપણ હેતુભૂત નથી. સારાંશ કે, પોતાના કર્મથીજ આ બાળક મરણ પામ્યો છે.[૭૧] આ બાળકે જે કર્મ કર્યું હતું તેને લીધે એ મરણ પામ્યો છે; માટે એનું કર્મજ એના વિનાશના હેતુરૂપ છે અને અમે સર્વે પણ કર્મને આધીન રહેનાર છીએ.[૭૨] આ સમગ્ર લોક પોતાને તારનારા કર્મરૂપ પુત્રવાળો છે અને કર્મના સંબંધથીજ પુણ્યશાળીતરીકે અને પાપીતરીકે પોતાને ઓળખાવનારો છે. વળી તે કર્મો જેમ અન્યોન્યને પ્રેરણા કરે છે, તેમ અમે પણ કર્મથી પ્રેરાઇને અન્યોન્યને પ્રેરણા કરીએ છીએ. જેમ કુંભાર માટીના પિંડમાંથી પોતાની ઇચ્છામાં આવે તે પાત્રને ઉત્પન્ન કરે છે, તેમ પોતે કરેલું કર્મ પણ મનુષ્યને પોતાની ઈચ્છાનુસાર ફળરૂપે પ્રાપ્ત થાય છે.[૭૪] જેમ તડકો અને છાયા, નિરંતર નિત્ય સંબંધવાળાં છે, તેમ કર્મ અને તેનો કર્તા નિરંતર નિત્ય સંબંધવાળાંજ છે.[૭૫] આવા કારણથી આ મરણના સંબંધમાં હું, મૃત્યુ, સર્પ, તું કે આ વૃદ્ધ બ્રાહ્મણી–કોઇપણ કારણભૂત નથી. માત્ર આ બાળકજ પોતાના મરણમાં કારણભૂત છે.”[૭૬]

હે રાજા ! એ પ્રમાણે કાળ કહેતો હતો તે સમયે બ્રાહ્મણી ગૌતમી, લોકોને પોતાનાં કર્મરૂપ કારણવાળી માનીને અર્જુનકને આ પ્રમાણે કહેવા લાગી.

ગૌતમીએ કહ્યું:–“આ બાળકના મરણમાં કાળ, સર્પ કે મૃત્યુ–કોઇપણ કારણ નથી. માત્ર પોતાના કર્મને લીધે તે મરણ પામ્યો છે.[૭૮] મેં પણ એવું કોઇ કર્મ કર્યું હશે, જેને લીધે મારો આ પુત્ર મરણ પામ્યો છે; માટે કાળ અને મૃત્યુ ભલે પોતપોતાને સ્થાનકે જાય અને હે અર્જુનક ! આ સર્પને પણ તું છોડી દે.”[૭૮,૭૯]

ભીષ્મે કહ્યું:–તે સાંભળી મૃત્યુ, કાળ અને સર્પ પોતે જ્યાંથી આવ્યા હતા ત્યાંજ પાછા ચાલ્યા ગયા અને અર્જુનકનો શોક પણ દૂર થયો. હે રાજા ! તું પણ આ આખ્યાયિકાનું શ્રવણ કરી શાંત થા, પણ શોકપરાયણ થા મા; કેમકે હે રાજા ! સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કર્મરૂપ કારણવાળા સ્વર્ગનરકાદિ લોકોમાં જાય છે.[૮૧] વળી આ યુદ્ધરૂપી કર્મ તેં કર્યું નથી તેમ દુર્યોધને પણ કર્યું નથી. માત્ર કાળેજ આ કર્મ કર્યું છે; અને તેણેજ સર્વ રાજાઓનો સંહાર કર્યો છે, એમ તારે જાણવું.[૮૨]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય ! ભીષ્મનાં એ વચન સાંભળીને મહાતેજસ્વી યુધિષ્ઠિરરાજા સંતાપથી રહિત થયા; અને પુનઃ તે ધર્મવેત્તા રાજાએ પિતામહને આ પ્રમાણે પૂછ્યું.[૮૩]

ઇતિ શ્રીમહા૦અનુ૦દાનધર્મપવ માં“ગૌતમી,
પારધિ, સર્પ, મૃત્યુ અને કાળનો સંવાદ”
એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

---

† અર્થાત્ પ્રત્યેક મનુષ્ય ઈશ્વરને આધીન રહીનેજ સારૂંનરસું કર્યા કરે છે, માટે સારૂં કરનાર મનુષ્ય સ્તુતિપાત્ર નથી અને નરસું કરનાર મનુષ્ય નિંદાપાત્ર નથી.

અધ્યાય ૨ જો

ધર્માચરણથી મૃત્યુને પણ જીતી શકાય છે.

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ।
श्रुतं मे महदाख्यानमिदं मतिमतां वर ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે મહાબુદ્ધિમાન પિતામહ! હે સર્વશાસ્ત્રકુશળ વિદ્વાન પુરુષ! મેં તમારી પાસેથી આ મોટું આખ્યાન સાંભળ્યું; તોપણ પુનઃ ધર્મસાથેજ સંકળાયેલી કથાનું આખ્યાન શ્રવણ કરવા હું ઇચ્છું છું; માટે તે આખ્યાન તમે મને કહો.[2] હે રાજા! કયા ગૃહસ્થ પુરુષે ધર્મનો આશ્રય કરીને મૃત્યુનો પરાજય કર્યો હતો? એ સર્વ વાત યથાર્થ રીતે તમે મને કહો."[3]

ભીષ્મે કહ્યું:–એક ગૃહસ્થ પુરુષે ધર્મનો આશ્રય કરીને મૃત્યુનો પરાજય કર્યો હતો, એના સંબંધમાં પણ આવો એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે.[4]

હે રાજન્! પ્રજાપતિ મનુને ઇક્ષ્વાકુ નામનો એક પુત્ર હતો. તે જ્યારે રાજા થયો ત્યારે સૂર્યસમાન તેજસ્વી થયો હતો અને તેને ત્યાં સો પુત્રો ઉત્પન્ન થયા હતા.[5] હે ભારત! તેના દશમા પુત્રનું નામ 'દશાશ્વ' હતું, કે જે દશાશ્વ, માહિષ્મતી નગરીમાં રાજ્ય કરતો હતો. તે ધર્માત્મા અને સત્યપરાક્રમી હતો.[6] એ દશાશ્વનો પુત્ર 'મદિરાશ્વ' નામે પ્રસિદ્ધ થયો. તે પણ પૃથ્વીપર રાજા થઇને પરમ ધાર્મિક થયો અને તેનું મન સત્ય, તપ તથા દાન કરવામાં નિત્ય રમણ કર્યા કરતું હતું. વળી તે ધનુર્વેદમાં તથા વેદશાસ્ત્રમાં પણ પ્રીતિ રાખનારો હતો.[7,8] એ મદિરાશ્વને દ્યુતિમાન નામનો પુત્ર હતો. તે રાજા પણ મોટા ભાગ્યવાળો, મહાતેજસ્વી, મહાસત્વશાળી અને મહાબળવાન હતો. એ દ્યુતિમાનને સુવીર નામનો એક પુત્ર હતો, જે પરમ ધાર્મિક રાજા તરીકે સર્વલોકમાં વિખ્યાત થયો હતો. તે સુવીરને બીજા દેવરાજાના જેવો 'દુર્જય' નામનો પુત્ર હતો. તે પણ ધર્માત્મા હતો, ધનવાન હતો, સર્વ પ્રકારના રણસંગ્રામમાં દુઃખેથી જીતી શકાય તેવો હતો અને સર્વ શસ્ત્રધારીઓમાં ઘણોજ પ્રખ્યાત થયો હતો. એ દુર્જય કે જેનું શરીર ઇંદ્રના જેવુંજ દિવ્ય હતું તેને અશ્વિનીકુમારસમાન તેજસ્વી 'દુર્યોધન' નામનો પુત્ર હતો. એ દુર્યોધન મહારાજા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ હતો, તેનું પરાક્રમ ઇંદ્રના પરાક્રમસમાન હતું અને રણસંગ્રામમાં કોઈ કાળે પણ તે પાછો હઠતો ન હતો.[11-13] એ રાજા જ્યારે રાજ્ય કરતો હતો, ત્યારે આખા દેશમાં મેઘરાજા સારી રીતે વૃષ્ટિ કરતો હતો. તેનું નગર અને દેશ રત્નોથી, ધનથી, પશુઓથી અને જાતજાતનાં ધાન્યોથી ભરપૂર હતાં; અને તેના રાજ્યકાળમાં કોઇપણ પુરુષ કૃપણ, દરિદ્રી, રોગી કે દુર્બળ ન હતો. વળી તે રાજા ઘણોજ ચતુર, મધુર વાણી બોલનારો, અસૂયારહિત, ઇંદ્રિયોને જીતનારો, ધર્માત્મા, ક્રૂરતારહિત, પરાક્રમી, આત્મશ્લાઘારહિત, યજ્ઞકરનારો, દમગુણનિષ્ઠ, બુદ્ધિમાન, બ્રાહ્મણોનું પાલન કરનારો અને પ્રતિજ્ઞાને સત્ય કરનારો હતો. વળી તે રાજા કોઇનું અપમાન કરતો નહતો; મોટો દાતા હતો અને વેદ તથા વેદાંગમાં પારંગત થયેલો હતો; જેથી હે ભારત! શીતળ જળવાળી અને સર્વનું કલ્યાણ કરનારી દેવોની પવિત્ર નદી નર્મદાએ તે મહાપુરુષને પોતાના ભાવથીજ પતિતરીકે સ્વીકાર્યો હતો.[14-18] હે રાજન્! તે દુર્યોધન રાજાથી નર્મદા નદીને એક કન્યા ઉત્પન્ન થઈ, કે જેનાં નેત્રો કમળની પાંખડી જેવાં સુંદર હતાં, જેનું નામ સુદર્શના હતું અને રૂપમાં પણ ખરેખર તે સુદર્શનાજ હતી.[19] હે યુધિષ્ઠિર! દુર્યોધનની પુત્રી સુદર્શના જેવી રૂપાળી અને ઉત્તમ વર્ણવાળી હતી તેવી પૂર્વે એક પણ સ્ત્રી રૂપાળી કે સુંદરવર્ણી ન હતી; અને તેથીજ સાક્ષાત્ અગ્નિએ, રાજકન્યા સુદર્શનાને પોતાની પત્ની બનાવવાની ઇચ્છા કરી હતી. હે રાજન્! અગ્નિએ, બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી રાજા દુર્યોધન પાસે તેની માગણી પણ કરી;[21] પરંતુ " આ દરિદ્રી છે અને ક્ષત્રિયજાતિથી ભિન્ન જાતિનો છે " એવો મનમાં વિચાર કરી રાજાએ, તે બ્રાહ્મણને પોતાની

પુત્રી સુદર્શના અર્પણ કરવાની ઇચ્છા કરી નહિ. તે પછી રાજાએ જ્યારે યજ્ઞ કરવાનો આરંભ કર્યો, ત્યારે તેના યજ્ઞમાંથી અગ્નિ ચાલ્યો ગયો; એટલે અત્યંત દુઃખી થઇને રાજાએ બ્રાહ્મણોને આ પ્રમાણે કહ્યું:–"હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! મારાથી કે તમારાથી તેવું કયું પાપકર્મ થઇ ગયું છે કે જેથી દુષ્ટ પુરુષોના પર કરેલા ઉપકારની પેઠે અગ્નિ અહીંથી જતો રહ્યો છે! હું ધારૂં છું કે, મારામાં કે તમારામાં લેશમાત્ર પાપ નથી કે જેથી અગ્નિ રીસાઇ જાય ! માટે તત્ત્વદૃષ્ટિથી તમે વિચાર કરો અને શા કારણથી અગ્નિ જતો રહ્યો છે, તે કારણ શોધી કાઢો."[૨૩-૨૫]

હે ભરતશ્રેષ્ઠ ! રાજાનું એ વચન સાંભળી, સર્વ બ્રાહ્મણો નિયમનિષ્ઠ થઇને તથા મૌનવ્રત ધારણ કરીને અગ્નિને શરણે ગયા;[૨૬] એટલે તેજ સમયે ભગવાન અગ્નિએ,શરદૃઋતુના સૂર્યસમાન તેજસ્વી સ્વરૂપ પ્રકટ કરીને બ્રાહ્મણોને દર્શન આપ્યું અને પછી મહાત્મા અગ્નિએ તે ઉત્તમ બ્રાહ્મણોને કહ્યું કે:–" હું મારે પોતાને માટેજ દુર્યોધનની પુત્રીની માગણી કરૂં છું. " આ સાંભળી વિસ્મિત થયેલા બ્રાહ્મણોએ પ્રાતઃકાળમાં ઉઠીને તે વાત રાજાને નિવેદન કરી;[૨૯] એટલે રાજા પણ બ્રહ્મવાદીઓનું (બ્રાહ્મણોનું) તે વચન સાંભળીને પરમ હર્ષ પામ્યો; પણ તે બુદ્ધિમાન હતો તેથી તે કન્યાના શૂલ્કતરીકે ભગવાન અગ્નિ પાસે તેણે માગી લીધું કે:–"હે અગ્નિ ! મારા શહેરમાંતમારૂં સદાકાળ સાન્નિધ્ય રહો."[૩૦,૩૧] "તથામ્તુ" એમ કહીને ભગવાન અગ્નિએ રાજાને વર આપ્યો અને તે દિવસથી આરંભી હજીસુધી પણ માહિષ્મતી નગરીમાં અગ્નિનું સાન્નિધ્ય (નિત્યવાસ) રહેલું છે, જેને દિગ્વિજયના સમયે સહદેવે પ્રત્યક્ષ જોયું છે. તે પછી રાજા દુર્યોધને, પોતાની કન્યાને વસ્ત્રાલંકારથી શણગારીને મહાત્મા અગ્નિને અર્પણ કરી અને અગ્નિએ પણ યજ્ઞમાં હોમેલી ઘૃતની ધારાની પેઠે વેદોક્ત વિધિપ્રમાણે રાજકન્યા સુદર્શનાનો સ્વીકાર કર્યો. અગ્નિ સુદર્શનાના રૂપથી,શીલથી,કુળથી, શરીરથી અને શોભાથી તેનાપર પ્રસન્ન થઈ ગયો;જેથી તેણે તેનામાં ગર્ભાધાન કરવાનો મનમાં સંકલ્પ કર્યો. પછી અમુક સમય ગયો, એટલે સુદર્શનાને અગ્નિથી સુદર્શન નામનો એક પુત્ર થયો.સુદર્શન રૂપમાં પૂર્ણચંદ્રસમાન હતો અને તે બાલ્યાવસ્થામાંજ સનાતન વેદને સંપૂર્ણ રીતે શીખી ગયો હતો.

હવે તેજ કાળમાં ઓઘવાન નામનો એક રાજા હતો, જે નૃગ નામના રાજાનો પિતામહ થતો હતો. તેને ઓઘવતી નામની એક કન્યા હતી અને ઓઘરથ નામનો એક પુત્ર હતો. રાજા ઓઘવાને, દેવકન્યાસમાન રૂપવતી પોતાની પુત્રી ઓઘવતીને, વિદ્વાન સુદર્શનને પત્નીતરીકે અર્પણ કરી;[૩૯] એટલે સુદર્શન ઓઘવતીને સાથે લઇ કુરુક્ષેત્રમાં વસવા લાગ્યો અને તેની સાથે રહીને ગૃહસ્થાશ્રમધર્મનું પાલન કરવા લાગ્યો.[૪૦] હે સમર્થ રાજા ! મહાતેજસ્વી બુદ્ધિમાન સુદર્શને, આવી એક પ્રતિજ્ઞા કરી હતી કે:–"ગૃહસ્થાશ્રમમાં રહીનેજ હું મૃત્યુનો પરાજય કરીશ."[૪૧] હે રાજન્ ! અગ્નિપુત્ર સુદર્શને, ઓઘવતીને પણ આ પ્રમાણે કહી દીધું હતું કે:– "તારે કોઇ પ્રકારે પણ અતિથિની ઇચ્છાથી વિરુદ્ધ વર્તન કરવું નહિ;[૪૨] પણ જે જે પદાર્થથી અતિથિ પ્રસન્ન થાય તે તે સર્વ પદાર્થો તારે અતિથિને નિત્ય અર્પણ કરવા. કોઇ સમયે પોતાનો દેહ અર્પણ કરીને અતિથિને પ્રસન્ન કરવાનો પ્રસંગ આવે તોપણ તારે વિચાર કરવો નહિ.[૪૩] હે સુંદર નિતંબવાળી સ્ત્રિ ! મારા હૃદયમાં આ એકજ વ્રત સદાનેમાટે સ્થિતિ કરી રહ્યું છે કે, હરકોઇ પ્રકારે અતિથિઓને મારે પ્રસન્ન કરવા; કેમકે ગૃહસ્થોમાટે અતિથિઓને પ્રસન્ન રાખવા જેવું કોઇપણ ઉત્તમ કૃત્ય નથી. હે વામોરુ ! મારૂં આ વચન તને માન્ય હોય તો હે સુંદરિ ! નિત્ય સાવધાન રહીને હૃદયમાં તેને ધારણ કરી રાખજે.[૪૫] હે કલ્યાણિ ! હું ઘરમાંથી બહાર નીકળી ગયો હોઉં કે ઘરમાં હાજર હોઉં, તોપણ હે નિર્દોષ સ્ત્રિ ! હું તને પૂજ્ય ને માન્ય હોઉં તો, તારે અતિથિનું કદીપણ અપમાન કરવું નહિ." પોતાના પતિએ એ પ્રમાણે કહ્યું એટલે ઓઘવતીએ, પોતાના બન્ને હાથ

જોડીને કહ્યું કેઃ–"એવું કોઇ પણ કર્મ નથી કે જે તમારી આજ્ઞા થતાં મારે કરવાયોગ્ય ન હોય."

હે રાજન્ ! બીજી તરફથી સુદર્શનને જીતવાની ઇચ્છાથી મૃત્યુ, સદાકાળ તેની પાછળ પાછળ ફર્યા કરતો હતો અને તેનાં છિદ્રને સદાય જોયા કરતો હતો.[૪૮] એક સમયે અગ્નિપુત્ર સુદર્શન સમિધ લેવામાટે બહાર ગયો હતો, તે અરસામાં એક શ્રીમાન બ્રાહ્મણ અતિથિ ઓઘવતી પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–"હે સુંદરવર્ણી સ્ત્રિ ! ગૃહસ્થાશ્રમધર્મ તને જો માન્ય હોય તો આજે તું મારો અતિથિસત્કાર કર, એમ હું ઇચ્છું છું,"[૫૦] હે રાજા! બ્રાહ્મણે એ પ્રમાણે કહ્યું;એટલે યશસ્વિની રાજપુત્રી ઓઘવતીએ,વેદોક્ત વિધિ પ્રમાણે તેનો સત્કાર કર્યો અને આસન તથા પાદ્ય વગેરે અર્પણ કરી તે બ્રાહ્મણને તેણે કહ્યું કેઃ–" બોલો, તમારે શું જોઇએ છે? હું તમને શું આપું?"[૫૧,૫૨] તે સાંભળી બ્રાહ્મણે રાજપુત્રી ઓઘવતીને કહ્યુંઃ–"હે કલ્યાણિ! મારે તો તારા શરીર સાથેજ પ્રયોજન છે,માટે નિઃશંક થઇને તારૂં શરીર તું મને અર્પણ કર. હે રાજપુત્રિ! ગૃહસ્થાશ્રમધર્મ તને જો માન્ય હોય તો પોતાના દેહને અર્પણ કરી તારે મને પ્રસન્ન કરવો યોગ્ય છે."[૫૩,૫૪]

રાજકન્યા સુદર્શનાએ, બીજા ઇચ્છિત પદાર્થો આપવાનું કહીને બ્રાહ્મણને ઘણો ઘણો સમજાવ્યો; પરંતુ બ્રાહ્મણે તેના શરીરના દાનવિના બીજું કોઇપણ દાન ઓઘવતી પાસે માગ્યું નહિ. પછી તે રાજપુત્રીએ, પોતાના પતિનાં આરંભનાં વચનો સંભાર્યાં અને આ પછી લજ્જિત થઇને તે બ્રાહ્મણશ્રેષ્ઠને તેણે કહ્યું કે, 'તથાસ્તુ.'[૫૬] આ પ્રમાણે તેણે અનુમતિ આપી, એટલે જરા હસીને પેલો બ્રહ્મર્ષિ અને ગૃહસ્થાશ્રમધર્મનું યથાર્થરીતે પાલન કરવાની ઇચ્છાવાળા પોતાના પતિના વચનને સ્મરણ કરનારી તે રાજકન્યા–એ બન્ને જણાં ઘરના એકાંત પ્રદેશમાં ગયાં.[૫૭]

હવે તેજ સમયે અગ્નિપુત્ર સુદર્શન, સમિધો લઇને ત્યાં આવી પહોંચ્યો, કે જેની પાછળ એક મિત્રની પેઠે રૌદ્રભાવ ધારણ કરી મૃત્યુ સદાકાળ ફર્યા કરતો હતો.[૫૮] આશ્રમમાં આવ્યા પછી અગ્નિપુત્ર સુદર્શને, "અરે ! તું ક્યાં છે?" એમ કહીને વારંવાર ઓઘવતીને બોલાવવા માંડી; પરંતુ પતિના વ્રતને ધારણ કરનારી ઓઘવતી, તે સમયે બ્રાહ્મણના બન્ને હાથવડે ગ્રહણ કરાયેલી હતી; જેથી "હું હવે ઉચ્છિષ્ટ થયેલી છું," એમ માનીને પોતાના સ્વામીથી લજ્જા પામતી હતી અને તેથીજ સામો કંઇપણ ઉત્તર આપી શકતી ન હતી. એ રીતે તે સાધ્વી સ્ત્રી મૌન રહીને કંઈ પણ બોલીજ નહિ, ત્યારે પુનઃ સુદર્શને આ પ્રમાણે કહ્યુંઃ–"અરે ! તે સાધ્વી સ્ત્રી ક્યાં ગઇ છે ? મારે એના કરતાં વિશેષ શું છે ? ખરેખર! તે પતિવ્રતા સ્ત્રી સત્યશીલથી યુક્ત છે અને નિત્ય સરળતા ઉપર પ્રીતિ રાખનારી છે; છતાં આજે પૂર્વની પેઠે હસતી હસતી મારી સામે તે કેમ આવતી નથી ?"[૬૦-૬૩]

તે પછી પર્ણકુટીમાં રહેલા પેલા બ્રાહ્મણે, સુદર્શનને ઉત્તર આપ્યો કે, "હે સુદર્શન ! હું એક બ્રાહ્મણ તારે ત્યાં અતિથિતરીકે આવ્યો છું, એમ તું જાણ. હે સત્તમ ! આ તારી સ્ત્રીએ અનેક પ્રકારના અતિથિસત્કારોવડે મને લોભાવ્યો હતો; પરંતુ મેં એના શરીરદાનમાટેજ માગણી કરી હતી,જેથી હે બ્રહ્મન્ ! આ સુંદર મુખવાળી સ્ત્રી આ સમયે મૈથુનવિધિથી મારો સત્કાર કરી રહી છે; માટે હવે તને યોગ્ય લાગે તે તું કર. (અર્થાત્ આ તારી સ્ત્રી દૂષિત થયેલી છે, માટે તેને જે શિક્ષા કરવી યોગ્ય લાગે તે તું કર.)"[૬૪-૬૬]

હવે આજ સમયે " આ સુદર્શન અતિથિવ્રતરૂપી પોતાની પ્રતિજ્ઞાથી જેવો ભ્રષ્ટ થશે કે તુરતજ તેનો હું વધ કરીશ" આવો મનમાં વિચાર કરી, લોઢાનો મુદ્ગર હાથમાં લઈ મૃત્યુ સુદર્શનની પાછળજ ઉભો રહ્યો હતો;[૬૭] પરંતુ સુદર્શને તો મન, વચન, કર્મ અને બીજી સર્વ ઇન્દ્રિયોથી ઇર્ષ્યાનો ત્યાગ કર્યો હતો અને ક્રોધને તો તેણે પ્રથમથીજ દૂર કર્યો હતો; જેથી તેણે હસતાં હસતાં કહ્યું કેઃ–"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તમે સુખેથી સુરતક્રીડા કરો. મને તેથી પરમ પ્રીતિ ઉત્પન્ન થાય છે; કેમકે હું એક ગૃહસ્થ છું અને ગૃહસ્થોનો એ મુખ્ય ધર્મ છે કે, તે

ઓએ હરકોઇ પ્રકારે પોતાને ત્યાં આવેલા અતિથિનું પૂજન કરવું.[૬૮,૬૯] વિદ્વાનો કહે છે કે, જે ગૃહસ્થને ત્યાંથી આદરસત્કાર પામેલો અતિથિ પ્રસન્નતાપૂર્વક પ્રયાણ કરે છે, તેના જેવો બીજો કોઇપણ ઉત્તમ ધર્મ નથી;[૭૦] અને મારૂં તો એ પ્રિય વ્રત છે કે, "મારા પ્રાણ, મારી સ્ત્રી અને મારી પાસે જે કંઈ દ્રવ્ય છે તે સર્વ મારે અતિથિઓને અર્પણ કરવું."[૭૧] હે બ્રાહ્મણ ! મેં કહેલું આ વાક્ય સંદેહરહિત છે એમ તમારે જાણવું;કેમકે મારી એ પ્રતિજ્ઞાને સત્ય કરીને હું આત્મજ્ઞાન સંપાદન કરીશ.[૭૨] વળી હે ધાર્મિકશ્રેષ્ઠ બ્રાહ્મણ! મનુષ્યો પુણ્ય કરે છે કે પાપ કરે છે અથવા સત્ય બોલે છે કે અસત્ય બોલે છે-તેને તેઓના દેહમાંજ રહેલા પૃથ્વી, વાયુ, આકાશ, જળ, તેજ, બુદ્ધિ, આત્મા, મન, કાળ અને દિશાઓ-આ દશે નિત્ય જોઈ શકે છે;[૭૩,૭૪] માટે મેં કહેલી આ વાણી ખરેખર સત્ય છે અને તે સત્યવડે દેવો મારૂં રક્ષણ કરો; પણ જો હું અસત્ય બોલ્યો હોઉં તો મને બાળીને ભસ્મ કરી નાખો."

હે ભારત! સુદર્શને એ પ્રમાણે કહ્યું કે તુરતજ સર્વ દિશાઓમાં ચોતરફ આવો નાદ થઈ રહ્યો કે, "એ સત્ય છે, એ મિથ્યા નથી." બીજી તરફથી પર્ણકુટીમાંથી પેલો બ્રાહ્મણ પણ બહાર નીકળ્યો અને વાયુની પેઠે આકાશ તથા પૃથ્વીને પોતાના શરીરવડે વ્યાપ્ત કરી દઇ આગળ ઉભો રહ્યો.[૭૫-૭૭] તે બ્રાહ્મણે ઉદાત્ત આદિ સ્વરવાળી વાણીથી ત્રણે લોકને ગજાવી મૂકીને ધર્મવેત્તા સુદર્શનને નામોચ્ચારપૂર્વક કહ્યું કેઃ- "હે નિર્દોષ સુદર્શન! હું ધર્મ છું. તારૂં કલ્યાણ થાઓ. હું તારી પરીક્ષા કરવામાટેજ અહીં આવ્યો છું અને તારૂં સત્યવ્રત જાણીને તારાપર અત્યંત પ્રસન્ન થયો છું.[૭૮,૭૯] જે આ મૃત્યુ નિત્ય તારી પાછળ ફર્યા કરે છે અને તારાં છિદ્રોને હમેશાં શોધ્યા કરે છે તેને તેં જીતી લીધો છે અને ધૈર્યથી વશ કર્યો છે.[૮૦] હે ઉત્તમ પુરુષ! આ ત્રણે જગતમાં કોઈ પુરુષની તેવી શક્તિ નથી કે જે તારી આ પતિવ્રતા અને સાધ્વી-સ્ત્રી સામે જોઇ પણ શકે.આ સ્ત્રી તારા પોતાના ગુણોથી અને તેના પોતાના પાતિવ્રત્યના ગુણોથી સુરક્ષિતજ છે, તેનો કોઇપણ પરાભવ કરી શકે તેમ નથી; અને આ સ્ત્રી જે વચનનો ઉચ્ચાર કરે છે તે સત્યજ પડે છે, પણ મિથ્યા થતું નથી.[૮૨] વળી આ બ્રહ્મવાદિની સ્ત્રી, પોતાના તપથી યુક્ત હોઇને લોકોને પવિત્ર કરવામાટે "ઓઘવતી" નામની એક મહાનદીતરીકે પ્રસિદ્ધ થશે અને અર્ધા શરીરથી નદીરૂપે વહેશે તથા અર્ધા શરીરથી સ્ત્રીરૂપે રહેશે; કેમકે આ મહાભાગ્યશાળી સ્ત્રીએ યોગને વશ કરી લીધો છે.*[૮૩,૮૪] તું આ પવિત્ર સ્ત્રી સાથે, તપથી મેળવેલા સનાતનલોકમાં અનંત કાળને માટે જઇશ,કે જ્યાં ગયા પછી જીવને પુનરાવૃત્તિ પ્રાપ્ત થતી નથી.[૮૫] તું એ સનાતન લોકમાં તારા આ શરીરથીજ જઈ શકીશ;કેમકે તેં મૃત્યુનો પરાજય કર્યો છે અને તારૂં ઐશ્વર્ય અતિ ઉત્તમ છે.[૮૬] તેં પોતાના વીર્યના બળથી મનસમાન વેગ પ્રાપ્ત કર્યો છે; જેથી પાંચે મહાભૂતોનું તેં અતિક્રમણ કર્યું છે. (અર્થાત્ હવે કદી પણ પાંચ મહાભૂતો સાથે તારો સંબંધ થશે નહિ.) વળી ગૃહસ્થધર્મનું પાલન કરીને કામ તથા ક્રોધને પણ તેં જીતી લીધા છે.[૮૭] હે મહર્ષિ! આ રાજપુત્રીએ તારી સેવા કરી છે તેથી તેણે પણ સ્નેહ, રાગ, તન્દ્રા, મોહ અને દ્રોહનો પરાજય કર્યો છે."[૮૮]

ભીષ્મે કહ્યુંઃ-એ પ્રમાણે ધર્મ સુદર્શનને કહેતો હતો, તેવામાં એક હજાર શ્વેત વર્ણના ઘોડાઓ જેમાં જોડયા હતા એવા ઉત્તમ રથમાં બેસીને ભગવાન ઇંદ્ર પણ સુદર્શન પાસે આવ્યો. આ રીતે હે પુરુષવ્યાઘ્ર! કેવળ અતિથિનો સત્કાર કરીને સુદર્શને મૃત્યુનો, આત્માનો, લોકોનો, પંચમહાભૂતોનો, બુદ્ધિનો, કાળનો, મનનો, સ્વર્ગનો તથા કામ અને ક્રોધનો પરાજય કર્યો હતો; માટે ગૃહસ્થાશ્રમમાં રહેલાને અતિથિસમાન કોઇ દેવજ નથી, એ વિષેનો

---

* અર્થાત્ આ સ્ત્રી યોગથી સિદ્ધ થયેલી છે, માટે બે શરીરને ધારણ કરશે. તેમાં તેનું એક શરીર ઓધવતી નદીને નામે પ્રસિદ્ધ થશે અને બીજું શરીર ઓઘવતી સ્ત્રીરૂપે રહેશે.

મનમાં તું વિચાર કર.વિદ્વાનો કહે છે કે, આદરાતિથ્ય પામેલો અતિથિ મનમાં જે કંઇ શુભ ચિંતન કરે છે, તેનું ફળ સો યજ્ઞોના ફળ કરતાં પણ અધિક મળે છે.જે પુરુષ શીલસંપન્ન અને સુપાત્ર અતિથિને પ્રાપ્ત કર્યા છતાં પણ તેનું પૂજન કરતો નથી, તે પુરુષને પેલો અતિથિ પોતાનું પાપ અર્પણ કરીને તથા તેનું પુણ્ય પોતે લઇને ચાલ્યો જાય છે.[૯૩] હે પુત્ર યુધિષ્ઠિર! એ પ્રમાણે પૂર્વે એક ગૃહસ્થ પુરુષે પણ મૃત્યુનો પરાજય કર્યો હતો. એ વિષેનું સર્વોત્તમ આખ્યાન મેં તને કહ્યું.[૯૪] આ ઉત્તમ આખ્યાન ધન, યશ તથા આયુષ્યને આપનારૂં છે; અને સર્વ પ્રકારનાં પાપોનો નાશ કરનારૂં છે, માટે પોતાનો અભ્યુદય ઇચ્છનાર પુરુષે આનું નિત્ય મનન કરવું.[૯૫] જે વિદ્વાન પુરુષ આ સુદર્શનના ચરિત્રની પ્રતિદિન કથા કરે છે, તેને સ્વર્ગાદિ પવિત્ર લોક પ્રાપ્ત થાય છે.[૯૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“સુદર્શનનું ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો

વિશ્વામિત્ર ક્ષત્રિય હતા છતાં બ્રાહ્મણ કેમ થયા ?

॥ युधिष्ठिर उवाच ॥

ब्राह्मण्यं यदि दुष्प्राप्यं त्रिभिर्वर्णैर्नराधिप ।
कथं प्राप्तं महाराज क्षत्रियेण महात्मना ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે મહારાજ ! ત્રણ વર્ણના મનુષ્યોને બ્રાહ્મણપણું જો દુર્લભ છે, તોપછી મહાત્મા વિશ્વામિત્ર ક્ષત્રિય હતા; છતાં તેમણે બ્રાહ્મણપણું કેવી રીતે પ્રાપ્ત કર્યું? હે પુરુષોમાં શ્રેષ્ઠ ધર્માત્મા પિતામહ ! એ વિશ્વામિત્રના ચરિત્રને યથાર્થ રીતે સાંભળવા માટે હું ઇચ્છું છું, માટે તે મને કહો. [૧,૨] હે પિતામહ ! મહાપરાક્રમી વિશ્વામિત્રે, પોતાના તપના પ્રભાવથી મહાત્મા વસિષ્ઠના સો પુત્રોનો તત્કાળ નાશ કરી નાખ્યો હતો.[૩] વળી તેમના શરીરમાં કોપનો જ્યારે આવેશ થયો હતો, ત્યારે તેમણે પ્રલયકાળસમાન તીક્ષ્ણ તેજવાળા અનેક યાતુધાનો અને રાક્ષસો ઉત્પન્ન કર્યા હતા;[૪] અને તે વિશ્વામિત્રેજ સેંકડો બ્રહ્મર્ષિઓથી વ્યાપ્ત અને વિદ્વાન બ્રાહ્મણોથી સ્તુતિ કરાયેલા મહાન કુશિકવંશની મનુષ્યલોકમાં સ્થાપના કરી છે.[૫] ઋચીકનો* પુત્ર શુનઃશેપ, કે જે મોટો તપસ્વી હતો અને નરમેધયજ્ઞમાં હોમવાના એક નરપશુતરીકે સપડાયો હતો, તેને એ વિશ્વામિત્રેજ યજ્ઞસ્થાનમાંથી છોડાવ્યો હતો.[૬] તે :શુનઃશેપ હરિશ્ચંદ્રના યજ્ઞમાં પોતાના તેજથી દેવતાઓને પ્રસન્ન કરી (તેઓ પાસેથી વર મેળવીને) બુદ્ધિમાન વિશ્વામિત્રનો પુત્ર થયો હતો.[૭] હે રાજા ! પોતાના મોટા પુત્ર દેવરાતને÷ પોતાના પચાસ નાના પુત્રોએ નમસ્કાર કર્યો ન હતો, તે ઉપરથી શાપ આપીને વિશ્વામિત્રે તેઓ સર્વને ચાંડાલ બનાવી દીધા હતા.[૮] ઇક્ષ્વાકુવંશના ત્રિશંકુ રાજાને (વસિષ્ઠે શાપ આપીને ચાંડાલ બનાવી દીધો હતો તેથી) તેના ભાઇઓએ જ્યારે ત્યજી દીધો હતો; ત્યારે પ્રેમપૂર્વક તેની પાસે યજ્ઞ કરાવીને વિશ્વામિત્રે તેને સ્વર્ગમાં મોકલ્યો હતો; (પરંતુ ઇંદ્રે સ્વર્ગમાંથી તેને પાછો કાઢયો ત્યારે વિશ્વામિત્રે પોતાના તપના પ્રભાવથી તેને નીચે પડવા દીધો નહિ;) અને હજીસુધી ઉંધે મસ્તકે પણ દક્ષિણ દિશામાં તેને આશ્રય આપ્યો છે.[૯] વિશ્વામિત્રની મોટી બહેન નદી કૌશિકી કલ્યાણકારક અને પવિત્ર છે; જેથી દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ તથા દેવો પણ તે નદીનું સેવન કરે છે.[૧૦] પોતાના હાથમાં પાંચ પ્રકારનાં કંકણ ધારણ કરનારી અને દેવસભામાં માન્ય થઇ પડેલી રંભા નામની અપ્સરા, વિશ્વામિત્રના તપમાં વિઘ્ન કરવામાટે જ્યારે આવી; ત્યારે તે તેમના શાપથીજ શિલારૂપ થઇ ગઇ

---

*મૂળમાં અહીં “ઋચીકનો પુત્ર” એમ લખ્યું છે, પણ તેને બદલે “અજીગર્તનો પુત્ર” એમ સમજવું; કેમકે શુનઃશેપ અજીગર્તનો પુત્ર હતો, ઋચીકનો નહિ.

÷ વિશ્વામિત્રના મોટા પુત્રનું નામ દેવરાત હતું; અને તેજ દેવરાત પૂર્વજન્મમાં શુનઃશેપ હતો.

હતી.[૧૧] પૂર્વે વિશ્વામિત્રના ભયથી પોતાના શરીરને પાશવડે બાંધીને વસિષ્ઠઋષિ જળમાં ડૂબી મરવા તૈયાર થયા હતા; (અને એક નદીના જળમાં કૂદી પડયા હતા) પરંતુ નદીમાં પડતાંની સાથેજ તેમનો શરીરપાશ તૂટી ગયો હતો, જેથી પુનઃ તે બહાર નીકળ્યા હતા[૧૨] અને તે દિવસથી આરંભી તે પવિત્ર મહાનદી મહાત્મા વસિષ્ઠના એ કર્મથી "વિપાશા" એવા નામથી પ્રસિદ્ધ થઇ છે.[૧૩] જે સમયે વિશ્વામિત્રને શાપ* થયો હતો, તે સમયે તેમણે દેવસેનાઓના અગ્રેસર પ્રભુ ઇંદ્ર ભગવાનની સ્તુતિ કરી હતી; જેથી તેમનાપર પ્રસન્ન થઇ ઇંદ્રે શાપમાંથી તેમને મુક્ત કર્યા હતા.[૧૪] વળી તે વિશ્વામિત્ર ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ અને બ્રહ્મર્ષિઓ જ્યાં પ્રકાશી રહ્યા છે ત્યાં–ઉત્તરદિશામાં તેઓની વચ્ચે (તારારૂપે) નિત્ય પ્રકાશ્યા કરે છે.[૧૫] આ રીતે વિશ્વામિત્ર ક્ષત્રિયજાતિના હતા; છતાં તેમણે એ પ્રકારનાં બીજાં ઘણાં કર્મો કર્યાં હતાં. તે જાણીને મને કુતૂહલ થયું છે કે, હે ભરતશ્રેષ્ઠ ! બીજા દેહને પ્રાપ્ત કર્યાવિનાજ તે બ્રાહ્મણ કેવી રીતે થઇ શકયા ? અને તેવાં કર્મો કેવી રીતે કરી શકયા ? તે સર્વ મને યથાર્થ રીતે તમે કહો. હે તાત ! જેમ એક (બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં શૂદ્રથી ઉત્પન્ન થયેલા) ચાંડાલને (મોટા તપોબળથી પણ) બ્રાહ્મણપણું પ્રાપ્ત ન થાય, તેમ ક્ષત્રિય વિશ્વામિત્રને પણ બ્રાહ્મણપણું પ્રાપ્ત થવું ન જોઇએ; છતાં તેમણે બ્રાહ્મણપણું કેવી રીતે મેળવ્યું હતું ? તે મને કહો.[૧૮] હે ભરતશ્રેષ્ઠ ભીષ્મ ! ચાંડાલયોનિમાં ઉત્પન્ન થયેલા મતંગે, બ્રાહ્મણપણું પ્રાપ્ત કર્યું ન હતું તે તો યોગ્યજ છે; પરંતુ ક્ષત્રિય વિશ્વામિત્રે બ્રાહ્મણપણું કેવી રીતે પ્રાપ્ત કર્યું હતું ? તે મને કહો."

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"વિશ્વામિત્રનું ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો

વિશ્વામિત્ર બ્રાહ્મણ થયા તેનું કારણ

॥ भीष्म उवाच ॥

श्रूयतां पार्थ तत्त्वेन विश्वामित्रो यथा पुरा ।
ब्राह्मणत्वं गतस्तात ब्रह्मर्षित्वं तथैव च ॥१॥

ભીષ્મે કહ્યું:–હે પાર્થ ! વિશ્વામિત્ર પૂર્વે બ્રાહ્મણ કેવી રીતે થયા હતા અને બ્રહ્મર્ષિ કેવી રીતે થયા હતા, તે હું તને યથાર્થ રીતે કહું છું, તે સાંભળ. હે ભરતશ્રેષ્ઠ ! ભરતના વંશમાં અજમીઢ નામનો એક રાજા થયો હતો. તે યજ્ઞયાગ કર્યા કરતો હતો અને ધાર્મિકોમાં શ્રેષ્ઠ હતો.[૨] તેને ત્યાં મહારાજા જહ્નુ નામનો એક પુત્ર થયો, કે જે મહાત્માને ત્યાં ગંગા પોતે પુત્રીરૂપે અવતરી હતી.[૩] એ જહ્નુનો સિંધુદ્વીપ નામનો એક પુત્ર થયો, કે જે પોતાના પિતાસમાન ગુણવાળો હોઇને મહાયશસ્વી હતો. એ સિંધુદ્વીપથી મહાબળવાન રાજર્ષિ બલાકાશ્વ નામનો પુત્ર થયો; અને તે બલાકાશ્વને સાક્ષાત્ બીજા ધર્મના જેવો વલ્લભ નામનો પુત્ર થયો હતો. વલ્લભનો કુશિક નામનો પુત્ર થયો, જે સાક્ષાત્ ઇંદ્રસમાન તેજસ્વી હતો અને તે કુશિકનો શ્રીમાન ગાધિરાજા નામનો પુત્ર થયો. એ ગાધિને પુત્ર હતો નહિ, તેથી પુત્ર મેળવવાની ઇચ્છાથી તેણે વનમાંજ નિવાસ કર્યો હતો.

એ પ્રમાણે રાજા ગાધિ, વનમાં નિવાસ કરી રહ્યો હતો. તેવામાં તેને ત્યાં એક પુત્રી ઉત્પન્ન થઇ, એટલે ગાધિરાજાએ પૃથ્વીપર અતુલ સ્વરૂપવાળી તે પુત્રીનું "સત્યવતી" એવું નામ રાખ્યું.[૭] સત્યવતી જ્યારે મોટી થઈ,

---

* વસિષ્ઠના શાપથી ચાંડાલ બની ગયેલા ત્રિશંકુને વિશ્વામિત્રે યજ્ઞ કરાવ્યો; એટલે વસિષ્ઠના પુત્રોએ વિશ્વામિત્રને શાપ આપ્યો કે, "તેં ચાંડાલને યજ્ઞ કરાવ્યો માટે તું પણ ચાંડાલ થઇશ." આ શાપને સત્ય કરવામાટે વિશ્વામિત્રે કોઇએક આપત્તિના સમયે ચાંડાલને ત્યાંથી કૂતરાની જાંઘ ચોરી લાવીને તેને રાંધવા માંડી; તેવામાં ઇંદ્ર શકરાનું રૂપ ધારણ કરીને કૂતરાની જાંઘને લઇ ગયો, એટલે તુરતજ વિશ્વામિત્ર શાપથી મુક્ત થયા અને બાર વર્ષનો દુષ્કાળ હતો છતાં એકદમ ઉત્તમ વૃષ્ટિ થઇ.

ત્યારે ચ્યવનના પુત્ર શ્રીમાન ભાર્ગવગોત્રી ઋચીકઋષિએ ગાધિરાજા પાસે તેની માગણી કરી. એ ઋચીકમુનિ મોટી તપશ્ચર્યા કરનારા હોવાથી જગતમાં વિખ્યાત થયા હતા; પરંતુ શત્રુહંતા ગાધિરાજાએ " આ દરિદ્રી છે " એમ માનીને તે મહાત્માને પોતાની કન્યા આપી નહિ.[૮,૯] આ રીતે એક વખત ના પાડી છતાં ઋચીકઋષિએ બીજી વખત આવીને સત્યવતીનું માગું કર્યું; એટલે મહારાજા ગાધિએ તેમને કહ્યું કેઃ–" તમે મારી કન્યાના બદલામાં કંઇ શૂલ્ક (ધનાદિ) આપશો,તોજ તેને પરણી શકશો."[૧૦]

ઋચીકે કહ્યું:–"હે રાજેંદ્ર! મારે તારી પુત્રીના બદલામાં શું શૂલ્ક તને આપવું જોઇએ, તે નિઃસંદેહ થઇને તું મને કહે,તેનો તારે કંઈ વિચાર કરવો નહિ."[૧૧] ગાધિએ કહ્યું:–" હે ભૃગુવંશમાં ઉત્પન્ન થયેલા ઋચીકમુનિ ! જેઓની કાંતિ ચંદ્રનાં કિરણોસમાન હોય, જેઓનો વેગ વાયુના જેવોજ હોય અને જેઓનો એક કાન શ્યામવર્ણનો હોય તેવા એક હજાર ઘોડા તમે મને આપો."[૧૨]

ભીષ્મે કહ્યું:–રાજાએ એ પ્રમાણે શૂલ્ક માગ્યું; એટલે તુરતજ ભૃગુવંશમાં શ્રેષ્ઠ મહાસમર્થ ઋચીકમુનિ, જળના પતિ વરુણદેવ પાસે જઇને તેને કહેવા લાગ્યાઃ–[૧૩]"હે ઉત્તમ દેવ ! એક તરફ શ્યામ કાનવાળા, ચંદ્રનાં કિરણોસમાન કાંતિવાળા અને વાયુસમાન વેગવાળા એક હજાર ઘોડાઓની તમારી પાસે હું યાચના કરૂં છું."[૧૪] " તથાસ્તુ " એમ કહીને દેવ વરુણે ભૃગુશ્રેષ્ઠ ઋચીકમુનિને જણાવ્યું કે, " તમે જે સ્થળે ઇચ્છા કરશો તે સ્થળે તે ઘોડાઓ આવી પહોંચશે. " પછી ગાધિરાજા પાસે જઇને ઋચીકઋષિએ માત્ર ધ્યાન કર્યું; તેટલામાં તો ગંગાના જળમાંથી ચંદ્રસમાન તેજસ્વી અને મહાબળવાન એવા એક હજાર ઘોડાઓ બહાર નીકળ્યા અને ઋચીકઋષિ પાસે હાજર થયા.

કાન્યકુબ્જની સમીપમાંજ જ્યાં ગંગાનદી વહે છે, ત્યાં તેના ઉત્તમ તટને હજીસુધી પણ મનુષ્યો "અશ્વતીર્થ" એ પ્રમાણે કહે છે.(કેમકે તે સ્થળેજ ગંગાના જળમાંથી ઘોડાઓ બહાર નીકળ્યા હતા.) આ પછી હે તાત! મહાતપસ્વી ઋચીકમુનિએ, તે હજારે ઉત્તમ ઘોડાઓ, કન્યાના શૂલ્કતરીકે ગાધિરાજાને અર્પણ કર્યા. તે જોઇ ગાધિરાજા પરમ વિસ્મય પામ્યો અને શાપ આપવાના ભયથી પોતાની કન્યાને શણગારીને તે ભૃગુવંશીમુનિને તેણે અર્પણ કરી.[૧૯] બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ઠ ઋચીકમુનિએ, શાસ્ત્રોક્ત વિધિઃપ્રમાણે તે કન્યાનું પાણિગ્રહણ કર્યું અને સત્યવતી પણ ઋચીકમુનિને પોતાના પતિતરીકે પ્રાપ્ત કરીને પરમ હર્ષ પામી.[૨૦] હે ભારત! બ્રહ્મર્ષિ ઋચીક,રાજકન્યા સત્યવતીના સદ્વર્તનથી એક સમયે તેનાપર પરમ પ્રસન્ન થયા અને તે સુંદરવર્ણી સ્ત્રીને તેમણે " હું તને પુત્ર આપીશ " એ પ્રમાણે વર આપ્યો.[૨૧] હે મહારાજા ! રાજકન્યા સત્યવતીએ, એ સર્વ વાત પોતાની માતાને નિવેદન કરી; એટલે તેની માતાએ લજ્જાથી નમ્ર મુખવાળી પોતાની પુત્રીને કહ્યું કેઃ–[૨૨] "હે પુત્રિ ! તારો પતિ મહાન તપસ્વી છે, જેથી પોતાની ઈચ્છાનુસાર કરવામાટે સમર્થ છે; માટે મનેપણ એક પુત્રનું દાન આપીને તેમણે મારાપર કૃપા કરવી યોગ્ય છે."[૨૩] હે રાજન્! તે સાંભળી તુરતજ સત્યવતી પોતાના પતિ પાસે દોડી ગઇ અને પોતાની માતાએ જે ઇચ્છા દર્શાવી હતી,તે તેમણે નિવેદન કરી; એટલે ઋચીકઋષિએ તેને કહ્યું કેઃ–[૨૪]"હે કલ્યાણિ ! તારી માતા પણ મારા પ્રસાદથી અતિ અલ્પસમયમાં એક ગુણવાન પુત્રને જન્મ આપશે; કેમકે તેં કરેલી પ્રાર્થનાને મારે તરછોડી નાખવી નહિ જોઈએ.[૨૫] વળી તને પણ આપણા વંશની વૃદ્ધિ કરનારો મહાગુણવાન પુત્ર ઉત્પન્ન થશે. આ તને સત્ય કહું છું.[૨૬] હે કલ્યાણિ ! તું અને તારી માતા જ્યારે ઋતુસ્નાન કરો, ત્યારે તારી માતાએ પીંપળાના વૃક્ષને આલિંગન કરવું અને તારે ઉંબરાના વૃક્ષને આલિંગન કરવું; અને પછી મંત્રથી પવિત્ર કરેલા આ બે ચરૂઓમાંથી એકનું તું પ્રાશન કરજે અને બીજાનું તારી માતાએ પ્રાશન કરવું, જેથી હે પવિત્ર હાસ્યવાળી સ્ત્રી ! તમને બંનેને એક એક પુત્ર પ્રાપ્ત થશે."[૨૭,૨૮]

તે સાંભળી સત્યવતી હર્ષ પામી. તેણે ઋચીકમુનિનાં વચનો પોતાની માતાને કહી સંભળાવ્યાં; અને પેલા બે ચરૂના સંબંધમાં પણ જણાવ્યું,[૨૯] એટલે માતાએ પોતાની પુત્રી સત્યવતીને આ પ્રમાણે કહ્યું:-"હે પુત્રિ! તારે તારા પતિ કરતાં મને વધારે પૂજ્ય માનવી જોઇએ, જેથી તારે મારૂં વચન માન્ય રાખવું જોઇએ. તારા પતિએ મંત્રોથી મંત્રીને આ બે ચરૂઓ આપ્યા છે, તેમાંથી તને આપેલો ચરૂ તું મને આપ અને મને આપેલો ચરૂ તું લે;[૩૦,૩૧] તેમજ હે પવિત્ર હાસ્યવાળી નિર્દોષ પુત્રિ! મને પોતાની માતા જાણીને મારા વચનને તું પ્રમાણ કરતી હોય તો, તારા પતિએ કહેલાં વૃક્ષોમાં પણ આપણે ફેરબદલી કરીએ;[૩૨] કેમકે પોતાનો પુત્ર અધિક ગુણવાન થાય, એવી સર્વ મનુષ્યને ઈચ્છા હોય છે, એ વાત ખુલ્લીજ છે; જેથી ભગવાન ઋચીકે પણ આ વિષયમાં ખરેખર એ પ્રમાણેજ કર્યું હશે![૩૩] આમ જાણીનેજ મને તારા ચરૂઉપર અને તારા વૃક્ષ ઉપર ભાવ ઉત્પન્ન થયો છે; તેમજ હે સુંદર કેડવાળી પુત્રિ! તારે પોતાને પણ "મારો ભાઇ કેવી રીતે ઉત્તમ થાય" એ વિષેનોજ વિચાર મનમાં રાખવો જોઇએ."

હે યુધિષ્ઠિર! તે પછી તે બન્ને માતાપુત્રીએ એ પ્રમાણેજ ચરૂમાં તથા વૃક્ષમાં ફેરબદલી કરી લીધી અને પછી બન્ને ગર્ભવતી થઈ.[૩૫] એક સમયે ભૃગુવંશના શ્રેષ્ઠ મહર્ષિ ઋચીકે, પોતાની પત્નીને ગર્ભવતી જોઇને મનમાં ખિન્ન થઇ સત્યવતીને કહ્યું કે:-[૩૬] "હે શુભે! તેં તથા તારી માતાએ, મેં આપેલા ચરૂનો તથા વૃક્ષનો અવશ્ય વિરુદ્ધ ઉપયોગ કર્યો છે, એમ (તારાં ગર્ભચિન્હો ઉપરથી) સ્પષ્ટ જણાઇ આવે છે.[૩૭] મેં તને આપેલા ચરૂમાં સમગ્ર બ્રહ્મતેજનું સ્થાપન કર્યું હતું અને તારી માતાને આપેલા ચરૂમાં સંપૂર્ણ ક્ષાત્રવીર્ય દાખલ કર્યું હતું; કેમકે તું ત્રણે લોકમાં વિખ્યાત ગુણવાળા બ્રાહ્મણપુત્રને જન્મ આપે અને તારી માતા ઉત્તમ ક્ષત્રિયપુત્રને જન્મ આપે, એવી ઈચ્છાથી મેં તે પ્રમાણે કર્યું હતું;[૩૯] પરંતુ હે શુભે! તેં અને તારી માતાએ મેં આપેલા ચરૂનો વિરુદ્ધ ઉપયોગ કર્યો છે, જેથી તારી માતા શ્રેષ્ઠ બ્રાહ્મણને જન્મ આપશે અને હે ભદ્રે! તું ઉગ્ર કર્મ કરનારા ક્ષત્રિયને જન્મ આપીશ. હે કલ્યાણિ! તેં તારી માતાના સ્નેહને આધીન થઇને આ કર્મ યોગ્ય કર્યું નથી."[૪૦,૪૧]

હે રાજન્! ઋચીકમુનિનું એ વચન સાંભળીને શોકથી સંતપ્ત થયેલી સુંદરવર્ણી સત્યવતી, કાપી નાખવામાં આવેલી સુંદર લતાની પેઠે મૂર્છિત થઇને પૃથ્વીપર પછડાઇ પડી.[૪૨] પછી પોતાને જ્યારે ભાન આવ્યું, ત્યારે તે સત્યવતીએ ભૃગુકુળમાં શ્રેષ્ઠ એવા પોતાના પતિને મસ્તકવડે પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું:-[૪૩] "હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ! હું આપને પ્રસન્ન કરીને કહું છું કે, મારો પુત્ર ક્ષત્રિયની પેઠે ઉગ્ર કર્મ કરનારો ન થવો જોઇએ.[૪૪] હે બ્રહ્મન્! ભલે, મારા પુત્રનો પુત્ર તેવાં ઉગ્ર કર્મ કરનાર થવાનો હોય તો થાય; પરંતુ મારો પુત્ર ઉગ્રકર્મી ન થવો જોઇએ. તેને માટે મને વર આપો."[૪૫] 'તથાસ્તુ' એમ કહીને મહાતપસ્વી ઋચીકમુનિએ પોતાની સ્ત્રીને વર આપ્યો. તે પછી ગર્ભના માસ પૂર્ણ થયા, એટલે તેણે "જમદગ્નિ" નામના પવિત્ર પુત્રને જન્મ આપ્યો;[૪૬] અને હે રાજેંદ્ર! બીજી તરફ ગાધિની યશસ્વિની ભાર્યાએ, ઋચીકઋષિના પ્રસાદથી વિશ્વામિત્ર નામના બ્રહ્મવાદી પુત્રને જન્મ આપ્યો.[૪૭] આ રીતે ચરૂની ફેરબદલીથીજ મહાતપસ્વી વિશ્વામિત્ર બ્રાહ્મણપણાને પામ્યા હતા; અને પોતે ક્ષત્રિયજાતિમાં ઉત્પન્ન થયા હતા, છતાં બ્રહ્મવંશની વૃદ્ધિ કરનારા થયા હતા;*[૪૮] તેમજ વિશ્વા-

---

* અર્થાત્ બ્રહ્મતેજથી ભરપૂર ચરૂનું માતાએ પ્રાશન કર્યું હતું; તેથીજ વિશ્વામિત્રને પોતાની ઉત્પત્તિ ક્ષાત્રબીજથી હોવા છતાં બ્રાહ્મણત્વનો લાભ મળ્યો હતો, કેમકે બીજની અપેક્ષાએ સંસ્કારની બલવત્તા અધિક છે; માટેજ વનના દાવાનળથી બળી ગયેલાં નેતરનાં બીજમાંથી કેળના સ્થંભોની ઉત્પત્તિ કહેવામાં આવે છે. આવા આશયથીજ એક શ્લોકમાં કહ્યું છે કે, "**न ब्राह्मण्यं क्षत्रियाद्यैस्तपः कोटयापि लभ्यते । विश्वामित्रस्य तत्प्राप्तिर्मात्रा ब्रह्मौदनाशनात् ॥**" ક્ષત્રિય આદિ ત્રણ વર્ણના પુરુષો કરોડો પ્રકારનું

મિત્રના પુત્રો પણ મોટા મહાત્મા હોઈને બ્રહ્મવંશની વૃદ્ધિ કરનારા થયા હતા અને તેઓ સર્વે તપસ્વી તથા બ્રહ્મવેત્તા થઈને પોતાના ગોત્રના પ્રવર્તક થયા હતા.૪૯ ભગવાન મધુચ્છંદ, વીર્યવાન દેવરાત, અક્ષીણ, શકુન્ત, બભ્રુ, કાલપથ, વિખ્યાત યાજ્ઞવલ્કય, મહાવ્રતનિષ્ઠ સ્થૂણ, ઉલૂક, યમદૂત, ઋષિ સૈંધવાયન, ભગવાન વલ્ગુજંઘ, મહર્ષિ ગાલવ, ઋષિ વજ્ર, સાલંકાયન, લીલાઢય, નારદ, કૂર્ચામુખ, વાદુલિ, મુસલ, વક્ષોગ્રીવ, આંઘ્રિક, નૈકદૃક, શિલાયૂપ, શિત, શુચિ, ચક્રક, મારુતંતવ્ય, વાતઘ્ન, આશ્વલાયન, શ્યામાયન, ગાર્ગ્ય, જાબાલિ, સુશ્રુત, કારીષિ, સંશ્રુત્ય, પર, પૌરવ, તંતુ, મહર્ષિ કપિલ, ઋષિ તાડકાયન, ઉપગહન, ઋષિ આસુરાયણ, ઋષિ માર્દમ, હિરણ્યાક્ષ, જંગારિ, બાભ્રવાયણિ, ભૂતિ, વિભૂતિ, સૂત, સુરકૃત, અરાલિ, નાચિક, ચાંપેય, ઉજ્જયન, નવતંતુ, બકનખ, સેયન, પતિ, અંભોરુહ, ચારુમત્સ્ય, શિરીષિ, ગાર્દભિ, ઊર્જયોનિ, ઉદાપેક્ષી અને મહર્ષિ નારદી૫૦–૫૯ આ સર્વે વિશ્વામિત્રના પુત્રો બ્રહ્મવાદી મુનિઓ હતા.

હે રાજન્ ! એ પ્રમાણે મહાતપસ્વી વિશ્વામિત્ર ક્ષત્રિયજાતિના હતા; છતાં ઋચીકઋષિએ ચરુમાં સ્થાપિત કરેલા બ્રહ્મતેજને લીધે બ્રાહ્મણ થયા હતા; અને ચંદ્ર, સૂર્ય તથા અગ્નિસમાન તેજસ્વી એ વિશ્વામિત્રનો જન્મ કેવી રીતે થયો હતો, એ સર્વ આખ્યાન મેં તને યથાર્થ રીતે કહ્યું. હવે હે મહારાજા ! તને જે જે વિષયમાં સંદેહ હોય તે તે વિષય તું મને પૂછ હું તારા સર્વ સંશયોનો નાશ કરીશ.૬૦–૬૨

ઇતિશ્રી મહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"વિશ્વામિત્રનું ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૪ થો સમાપ્ત

* * *

અધ્યાય ૫ મો

દૃઢ ભક્તિનો પ્રભાવ

॥ युधिष्ठिर उवाच ॥

आनृशंस्यस्य धर्मज्ञ गुणान् भक्तजनस्य च ।
श्रोतुमिच्छामि धर्मज्ञ तन्मे ब्रूहि पितामह ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ધર્મવેત્તા પિતામહ! આનૃશંસ્ય (દયા અથવા બીજાના દુ:ખથી દુ:ખી થવું તે) ના તથા ભક્ત મનુષ્યના ગુણો શ્રવણ કરવામાટે હું ઇચ્છું છું, માટે હે ધર્મજ્ઞ ! તે મને કહો."૧

ભીષ્મે કહ્યું:–આના વિષે પણ ઇન્દ્ર અને મહાત્મા એવા એક પોપટનાસંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.

પૂર્વે કાશિરાજાના દેશમાં કોઇ એક ગામમાંથી બહાર નીકળીને એક પારધિ, ઝેરવાળું બાણ હાથમાં લઇને મૃગનો શિકાર કરતો હતો.૩ એક સમયે માંસમાં લુબ્ધ બનેલા તે પારધિએ મોટા વનમાં લગભગ સમીપમાંજ કેટલાએક મૃગોને જોયા; એટલે તુરતજ તેણે મૃગોસામે તાકીને એક બાણ છોડયું.૪ મૃગનો વધ કરવાની ઇચ્છાથી છોડવામાં આવેલું તે બાણ, ખરેખર દુર્નિવાર હતું; પરંતુ તે દિવસે પોતાના લક્ષ્ય (નિશાન)રૂપ મૃગથી ચૂકી જઇને ત્યાં રહેલા એક મહાન વનવૃક્ષને તેણે વિંધી નાખ્યું.૫ તીક્ષ્ણ ઝેર ચોપડેલા તે બાણે, અતિબળપૂર્વક વૃક્ષને વિંધી નાખ્યું; એટલે તુરતજ (તેની ઝેરી અસરથી) વૃક્ષનાં ફળ તથા પાંદડાં ખરી પડયાં અને તે લગભગ સૂકાઇ ગયું.૬ એ વૃક્ષને એવી અવસ્થા પ્રાપ્ત થઈ, તોપણ તેના કોતરમાં લાંબા કાળથી નિવાસ કરી રહેલા એક પોપટે, તેના ઉપરની પોતાની ભક્તિને લીધે, પોતાના નિવાસસ્થાનનો (તે વૃક્ષનો) ત્યાગ કર્યો નહિ;૭ કેમકે તે પોપટ કૃતજ્ઞ અને ધર્માત્મા હતો, જેથી (વૃક્ષની એ દુર્દશા જોઈને) તે પોતે પણ આહારવિહારનો ત્યાગ કરીને શોકને લીધે શિથિલ વાણીવાળો થઇ ગયો અને તે વૃક્ષની સાથે નિત્ય સૂકાવા લાગ્યો.૮ તે પોપટની આવી ઉદારતા, મોટું સત્વ, મનુષ્યોના કર-

---

તપશ્ચરણ કરે, તોપણ તેઓને કદી બ્રાહ્મણપણું પ્રાપ્ત થાયજ નહિ; છતાં વિશ્વામિત્રને બ્રાહ્મણપણું પ્રાપ્ત થયું હતું, તેમાં મુખ્ય કારણ એ હતું કે, તેની માતાએ બ્રહ્મતેજથી ભરપૂર ચરૂનું પ્રાશન કર્યું હતું.

તાં પણ ઉત્તમ ચરિત્ર અને બીજાના સુખથી સુખી થવાપણું તથા બીજાના દુઃખથી દુઃખી થવાપણું વગેરેને જોઇને ઇંદ્રને ઘણુંજ આશ્ચર્ય થયું.[૯] તેણે મનમાં વિચાર કર્યો કે, "આ પોપટ તિર્યગ્જાતિમાં ઉત્પન્ન થયો છે; છતાં તેનામાં આવું અસંભવિત આનૃશંસ્ય કેવી રીતે પ્રાપ્ત થયું હશે ? અથવા એમાં કંઇ વિચાર કરવા જેવું છેજ નહિ; કેમકે સર્વ પ્રાણીઓમાં અમુક પ્રકારના સર્વ ગુણો જોવામાં આવે છે. " આવો વિચાર કરીને ઇંદ્ર બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી પૃથ્વીપર ઉતરી પડયો; અને તે પક્ષી પ્રત્યે કહેવા લાગ્યોકેઃ–[૧૦-૧૨]"હે પક્ષીઓમાં શ્રેષ્ઠ પોપટ ! તારાવડે દક્ષની દૌહિત્રી (પુત્રીની પુત્રી), ઉત્તમ પ્રજાવાળી ગણાય છે; (અર્થાત્ તું દક્ષની દૌહિત્રીનો ઉત્તમ પુત્ર છે;) માટે હું તને પૂછું છું કે, આ વૃક્ષનો તું ત્યાગ કેમ કરતો નથી ?"[૧૩]

ઇંદ્રે એ પ્રમાણે પ્રશ્ન કર્યો,એટલે પોતાના મસ્તકવડે તેને પ્રણામ કરીને પોપટ બોલ્યો કેઃ– "હે દેવરાજા ! તમે ભલે પધાર્યા. મેં મારા તપોબળથી તમને ઓળખ્યા છે."[૧૪] તે સાંભળી ઇંદ્રે " બહુ સારૂં, બહુ સારૂં" એવું પ્રતિવચન કહ્યું અને પોતાના મનમાં તેની પ્રશંસા કરી કે "અહો ! આનું વિજ્ઞાન કેટલું બધું આશ્ચર્યકારક છે? "[૧૫] તે પછી બલદૈત્યનો નાશ કરનારા ઇંદ્રે, પેલા વૃક્ષ ઉપરની પોપટની પ્રીતિને પોતે જાણતો હતો,છતાં પરમ ધાર્મિક અને શુભ કર્મ કરનારા તે પોપટને આ પ્રમાણે પૂછયુંઃ–[૧૬]"આ મોટું વન તારી સમીપમાંજ છે.છતાં પક્ષીઓને આશ્રય કરવામાટે અયોગ્ય આ ફળ–પાંદડાંવિનાના વૃક્ષને તું શામાટે સેવે છે?[૧૭] આ મોટા વનમાં બીજાં અનેક વૃક્ષો છે, કે જેઓની ડાળીઓ પાંદડાંથી વ્યાપ્ત છે, જેઓનો દેખાવ ઘણોજ સુંદર છે અને જેઓના મધ્યભાગમાં સારી રીતે સંચાર કરી શકાય તેમ છે.[૧૮] વળી આ વૃક્ષ નાશ પામ્યું છે, તેનામાં સામર્થ્ય રહ્યું નથી, તેનાં ફળ પણ સૂકાઇ ગયાં છે અને તેની શોભા પણ નાશ પામી છે; માટે હે ધીર પોપટ ! પોતાની બુદ્ધિથી તેનો વિચાર કરીને આ વૃદ્ધ વૃક્ષને તું ત્યજી દે."[૧૯]

ભીષ્મે કહ્યુંઃ–ઈંદ્રનું એ વાકય સાંભળીને પેલો ધર્માત્મા પોપટ, ઘણોજ લાંબો નિઃશ્વાસ નાખી દીનતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યોકેઃ–

"હે ઇન્દ્રાણીના પતિ દેવરાજા ! દેવતાઓનું કદી અપમાન નહિ કરવું જોઇએ; માટે તમે મને જે પ્રશ્ન પૂછયો છે, તેનો હું તમને ઉત્તર આપું છું, સાંભળો.[૨૧] મારો આ વૃક્ષ ઉપરજ જન્મ થયો છે, અહીં નિવાસ કરીનેજ મેં ઉત્તમ ગુણો પ્રાપ્ત કર્યા છે, પોતાના બાળકની પેઠે આ વૃક્ષે મારૂં રક્ષણ કર્યું છે અને તેથીજ શત્રુઓના હાથમાં હું કદી સપડાયો નથી.[૨૨] આમ હોવાછતાં હે નિર્દોષ ઇંદ્ર ! તમે મારા ઉપર કૃપા દર્શાવીને મારા જન્મને નિષ્ફળ શા માટે કરો છો ? (તમે નથી જાણતા કે) હું આનૃશંસ્ય ગુણથી યુક્ત છું અને આ વૃક્ષનો પરમ ભક્ત છું,તેથી કોઇ કાળે પણ આનો ત્યાગ કરીને બીજે સ્થળે જવાનોજ નથી;[૨૩] કેમકે અનુક્રોશ–અર્થાત્ બીજાઓનાપર દયા રાખવી તે સત્પુરુષોના ધર્મનું મહાન લક્ષણ છે; અને અનુક્રોશજ સત્પુરુષોને સદાય પ્રીતિદાતા થઇ પડે છે.[૨૪] દેવતાઓને જયારે ધર્મવિષયક સંશય પડે છે, ત્યારે તેઓ તમનેજ પૂછે છે અને તમે તેઓના સંશયોને દૂર કરી શકો છો; માટેજ હે દેવ ! તમને દેવોના અધિપતિતરીકે સ્થાપવામાં આવ્યા છે.[૨૫] હે સહસ્રાક્ષ ! તમારે મને આ વૃક્ષનો ત્યાગ કરવાની પ્રેરણા કરવી તે યોગ્ય નથી; કેમકે જે સમયે આ વૃક્ષ સમર્થ હતું તે સમયેલાંબાકાળસુધી તેનો આશ્રયલીધા પછી આ સમયે તે જ્યારે આપત્તિમાં આવી પડયું, ત્યારે તેનો હું ત્યાગ કેમ કરૂં ?" એ રીતે પોપટનાં સૌમ્ય વાકયો સાંભળીને ધર્માત્મા ઇંદ્ર હર્ષ પામ્યો અને તેના આનૃશંસ્ય ગુણથી તેનાપર પ્રસન્ન થઇ તેણે કહ્યું કેઃ–[૨૬,૨૭] " હું તારાપર પ્રસન્ન થયો છું, માટે તું વર માગ." તે સાંભળી નિત્ય આનૃશંસ્યપરાયણ રહેનારા તે પોપટે વર માગ્યો કેઃ–" આ વૃક્ષ સંપૂર્ણ ઐશ્વર્યવાળું થાઓ."[૨૮] પોપટની એ દઢભક્તિ તથા ઉત્તમ શીલસંપત્તિ જોઇને ઇંદ્ર, અત્યંત

પ્રસન્ન થયો. તેણે પેલા વૃક્ષ ઉપર તત્કાળ અમૃતની વૃષ્ટિ કરી;[૨૯] જેથી તેજ સમયે એ વૃક્ષને ફળ, પાંદડાં તથા સુંદર ડાળીઓ પુનઃ પ્રાપ્ત થયાં.

એ પ્રમાણે પોપટની દઢ ભક્તિના પ્રભાવથી તે વૃક્ષને પુનઃ પોતાની શોભાસ્પદ સ્થિતિ પ્રાપ્ત થઇ હતી; અને હે મહારાજા! તે પોપટ પણ આનૃશંસ્યથી કરેલાં તે શુભ કર્મથી આયુષ્યને અંતે ઇંદ્રના લોકને પ્રાપ્ત થયો.[૩૦,૩૧] હે મનુષ્યોના ઇંદ્ર! તે વૃક્ષ પોપટનો આશ્રય કરીને જેમ ઉત્તમ વૈભવને પામ્યું હતું, તેમ મનુષ્ય પણ કોઈ ભક્તિમાન પુરુષનો આશ્રય કરીને સર્વ અર્થસિદ્ધિને પામે છે.[૩૨]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં “પોપટ અને ઈંદ્રનો સંવાદ” એ વિષયનો
અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો

દૈવ અને પુરુષાર્થને અન્યોન્યાશ્રય છે.

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ।
दैवे पुरुषकारे च किंस्विच्छ्रेष्ठतरं भवेत् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે સર્વશાસ્ત્રકુશળ મહાબુદ્ધિમાન પિતામહ! દૈવ અને પુરુષાર્થ–એ બન્નેમાંથી વધારે શ્રેષ્ઠ કોણ? તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:– હે યુધિષ્ઠિર! આ વિષયમાં પણ વસિષ્ઠ અને બ્રહ્માના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું દૃષ્ટાંત આપવામાં આવે છે.[૨] પૂર્વે ભગવાનવસિષ્ઠે, “દૈવ અને પુરુષાર્થ–એ બન્નેમાંથી ઉત્તમ કોણ?” એ વિષેનો બ્રહ્મદેવને જ્યારે પ્રશ્ન પૂછ્યો હતો; ત્યારે હે રાજન્! કમળમાંથી ઉત્પન્ન થયેલા દેવના દેવ પિતામહે, અર્થવાળું અને હેતુગર્ભિત આવું મધુર વાક્ય કહ્યું હતું.[૩,૪]

બ્રહ્માએ કહ્યું:–બીજવિના કંઇ પણ ઉત્પન્ન થતું નથી અને બીજવિના ફળ નીપજતું પણ નથી; તેમજ એક બીજમાંથી બીજું બીજ ઉત્પન્ન થાય છે અને બીજમાંથીજ ફળનિષ્પત્તિ પણ થાય છે. (આ દૃષ્ટિએ પુરુષાર્થ કરતાં દૈવ શ્રેષ્ઠ છે.)[૫] જેમ એક ખેડુત, ક્ષેત્ર પ્રાપ્ત કરીને જેવું બીજ વાવે છે, તેવું ફળ પ્રાપ્ત કરે છે; તેમ મનુષ્ય પણ પુણ્યપાપરૂપ જેવું બીજ વાવે છે, તેવુંજ (સ્વર્ગનરકાદિ) ફળ તેને પ્રાપ્ત થાય છે;[૬] પરંતુ એક બીજને ઉત્તમ ક્ષેત્રવિના (કોઇ કઠિન ભૂમિમાં) વાવ્યું હોય, તો તેમાંથી કંઇ ફળ નીપજતું નથી; તેજ પ્રમાણે પુરુષાર્થવિના દૈવ પણ સિદ્ધ થતું નથી. (આ દૃષ્ટિએ દૈવ કરતાં પુરુષાર્થ શ્રેષ્ઠ છે.) સારાંશ કે, પુરુષાર્થ એક ક્ષેત્રરૂપ છે અને દૈવ બીજરૂપ છે. જેમ ઉત્તમ ક્ષેત્ર અને ઉત્તમ બીજનો યોગ થતાં પુષ્કળ ધાન્ય ઉત્પન્ન થાય છે, તેમ દૈવ અને પુરુષાર્થનો યોગ થતાં ઉત્તમ ફળસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ લોકમાં પણ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે, મનુષ્યે સારાં નરસાં જે પ્રકારનાં કર્મો કર્યાં હોય છે, તેનો ફળભોગ તેને પોતાનેજ ભોગવવો પડે છે.[૯] જો શુભ કર્મ કર્યું હોય છે, તો સુખ પ્રાપ્ત થાય છે; અને જો અશુભ કર્મ કર્યું હોય છે, તો દુઃખ મળે છે. આ રીતે સર્વત્ર, કરેલું કર્મજ ફળદાતા છે; પણ નહિ કરેલા કર્મનું ફળ ભોગવવું પડતું નથી–અર્થાત્ કર્મ અને પુરુષાર્થ એ બન્નેનો અવશ્ય સહયોગજ હોય છે–તેઓ બન્ને નિત્યનાં સહચારીજ છે.[૧૦] માટે જે પુરુષ કર્મ કરે છે, તે ભાગ્યશાળી પુરુષજ પ્રતિષ્ઠાને પામે છે; પણ કર્મ નહિ કરનારો પુરુષ, ઉભયથી ભ્રષ્ટ થઇને ઘાવ ઉપર ક્ષારપદાર્થના સિંચનથી જેમ દુઃખી થવાય છે તેમ ઉલટો દુઃખી થાય છે.[૧૧] તપ કરવાથી રૂપ, સૌભાગ્ય અને વિવિધ પ્રકારનાં રત્નો મળી આવે છે; માટે સિદ્ધ થાય છે કે, કર્મ કરવાથીજ સર્વ કંઇ મળે છે, પણ કર્મ કર્યાવિના કેવળ દૈવ ઉપર આધાર રાખીને બેસી રહેનારાને (દૈવબળથી) કંઈપણ મળતું નથી. સ્વર્ગ, ભોગ, પ્રતિષ્ઠા અને બુદ્ધિ, એ સર્વ પદાર્થો પુરુષાર્થ કરવાથીજ જગતમાં ઉપલબ્ધ થાય છે.[૧૩] નક્ષત્રો, દેવતાઓ, સર્પો, યક્ષો, ચંદ્ર, સૂર્ય અને વાયુ–એ સર્વે પ્રથમ મનુષ્યજ હતા; પરંતુ પુરુષાર્થના પ્રભાવથીજ મનુષ્યમાંથી દેવ

થયા છે,[૧૪] માટે જેઓ કર્મ કર્યાવિનાજ કેવળ દૈવ ઉપર આધાર રાખીને બેસી રહે છે, તેઓ ધનનો, મિત્રવર્ગનો, ઐશ્વર્યનો, કુળનો તથા દુર્લભ લક્ષ્મીનો કદી ઉપભોગ કરી શકતા નથી.[૧૫] બ્રાહ્મણ શૌચાચારરૂપ કર્મ કરીને લક્ષ્મી મેળવી શકે છે, ક્ષત્રિય પરાક્રમરૂપ કર્મ કરીને લક્ષ્મી મેળવી શકે છે, વૈશ્ય વ્યાપારરૂપ કર્મ કરીને લક્ષ્મી મેળવી શકે છે અને શૂદ્ર ત્રણ વર્ણોની સેવારૂપ કર્મ કરીને લક્ષ્મી મેળવી શકે છે.[૧૬] જે પુરુષ દાન આપતો નથી તેને ધન મળતું નથી, નપુંસકને તથા ક્રિયાઓ નહિ કરનાર પુરુષને ધનપ્રાપ્તિ થતી નથી; તેમજ કર્મ નહિ કરનારને, શૌર્યગુણથી રહિતને તથા તપશ્ચર્યા નહિ કરનાર પુરુષને પણ ધનપ્રાપ્તિ થતી નથી.[૧૭] અરે! જેમણે ત્રણે લોકને, દૈત્યોને તથા દેવતાઓને ઉત્પન્ન કર્યા છે, તે ભગવાન વિષ્ણુ પણ સમુદ્રમાં રહીને તપશ્ચર્યારૂપ કર્મ કર્યા કરે છે.[૧૮] પોતાના કર્મનું ફળ પોતાને જો ન મળતું હોય તો સર્વ કંઇ નિષ્ફળ થઇ પડે અને મનુષ્યો પણ દૈવ તરફ લક્ષ્ય રાખીને અવશ્ય ઉદાસીનજ થઇ જાય. જે પુરુષ પુરુષાર્થ કર્યાવિના કેવળ દૈવનેજ અનુસરે છે, (દૈવ ઉપરજ આધાર રાખીને બેસી રહે છે) તે પુરુષ, નપુંસક પતિને વરેલી સ્ત્રીની પેઠે કેવળ વ્યર્થ પરિશ્રમ કરે છે.[૨૦] આ મનુષ્યલોકમાં શુભ અને અશુભના સંબંધથી જેવો ભય રહેતો નથી, તેવો અથવા તેથી અધિક ભય દેવલોકમાંજ મનુષ્યને ઉત્પન્ન થાય છે. (અર્થાત્ પુણ્ય અથવા પાપનું ફળ મરણ પછી પરલોકમાંજ અધિક મળે છે.)[૨૧] કરેલો પુરુષાર્થજ દૈવને અનુસરે છે; પરંતુ પુરુષાર્થ કર્યો ન હોય તો એકલું દૈવ કોઇને કંઇપણ આપી શકતું નથી.* (આકાશમાંના તારાઓ પૃથ્વીપર ખરી પડે છે તેથી) આપણે જોઈ શકીએ છીએ કે, ઇંદ્રાદિ દેવતાઓનાં સ્થાનકો પણ અનિત્ય છે; તો પછી પુણ્યકર્મ કર્યાવિનાજ દૈવને સ્થિર કરનાર પુરુષ તે(દૈવ)ને કેવી રીતે સ્થિર કરી શકશે?×

આ મનુષ્યલોકમાં કોઇના પુણ્યરૂપ વ્યાપારને દેવતાઓ પણ અનુમોદન આપી શકતા નથી; અને તેથીજ તેઓ પોતાનો પરાભવ થવાની* શંકા આણીને ધાર્મિક પુરુષોના પુણ્ય કર્મમાં ઉગ્ર વિઘ્ન ઉત્પન્ન કરે છે.[૨૪] આવા કારણથીજ દેવતાઓ અને ઋષિઓ વચ્ચે સદાય વિગ્રહ (વેર) ચાલ્યાજ કરે છે; (આ રીતે દેવો અને ઋષિઓ પણ હમેશાં કર્મ (ઉદ્યોગ) પરાયણજ રહે છે તોપણ તે ઉપરથી "દૈવનો સર્વથા અભાવજ છે" એમ કોઇનાથી કહી શકાય તેમ નથી, કેમકે દૈવ પણ પ્રત્યેક કર્મમાં સ્થિતિ કરી રહ્યું છે.[૨૫] ધારો કે, દૈવ ન હોય તો કર્મની ઉત્પત્તિજ કેવી રીતે થાય? (અર્થાત્ પૂર્વકર્મરૂપ દૈવને લીધે પુણ્યશાળી પુરુષોજ ધર્મમાં પ્રવૃત્તિ કરે છે અને ધર્મથી પુણ્ય વધે છે. અન્યથા જગતનાં સર્વ મનુષ્યો પણ કેવળ ધર્મમાંજ પ્રવૃત્તિ કરત.) એજ પ્રમાણે દેવલોકમાં પણ દૈવાધીન રહીનેજ અનેક પ્રકારના ભોગો પ્રાપ્ત કરી શકાય છે.[૨૬]+ પોતાનો આત્માજ પોતાનો બંધુ છે અને પોતાનો આત્માજ પોતાનો શત્રુ છે. વળી

---

* અર્થાત્ કોઇ સમયે અકસ્માત્ ધન વગેરે મળી આવે, તોપણ તેમાં કંઇક સૂક્ષ્મ પુરુષાર્થજ કારણભૂત છે એમ સમજવું.

× અર્થાત્ દૈવ પણ કેવળ કર્મમૂલકજ છે, એમ સમજવું.

* ધાર્મિક પુરુષોને પુણ્યકર્મ કરતા જોઇ, દેવતાઓના મનમાં શંકા થાય છે કે, આ પુરુષો, અમારો પરાજય કરીને અમારાં સ્થાનકોને તો નહિ પડાવી લે! આવી શંકા કરીને તેઓ અપ્સરાઓ વગેરે દ્વારા પુણ્ય કરનારાઓને વિઘ્ન કરે છે.

+ કેમકે પુણ્યનો પાપવડે નાશ થઈ જાય છે અને પાપનો પુણ્યવડે નાશ થઇ જાય છે. આ રીતે અન્યોન્યના નાશરૂપ ફળને ઉત્પન્ન કરીને પુણ્ય તથા પાપ ખર્ચાઇ જાય છે, જેથી વધારાના સ્વર્ગરૂપ કે નરકરૂપ ફળને તેઓ આપી શકતાં નથી; પરંતુ પુણ્ય અધિક હોય અને પાપ ઓછું હોય તો પાપનો નાશ કરીને અવશેષ રહેલું પુણ્ય સ્વર્ગફળને આપે છે અને તેજ પ્રમાણે પાપ અધિક હોય અને પુણ્ય ઓછું હોય તો પુણ્યનો નાશ કરીને અવશેષ રહેલું પાપ નરકરૂપ ફળને આપે છે.

પોતે કરેલાં અથવા નહિ કરેલાં પુણ્યપાપરૂપ કર્મોનો સાક્ષી પણ પોતાનો આત્માજ છે. દૈવ અને પુરુષાર્થ, કંઇક કર્મ કરવામાં આવે છે તોજ સિદ્ધ થાય છે;પરંતુ પુણ્યકર્મ અને પાપકર્મ બંને સરખાં હોય છે, તો તેનું યથાર્થ ફળ પ્રાપ્ત થતું નથી.*[૨૮] દેવતાઓને પણ પુણ્યનું શરણ લેવું પડે છે, કેમકે પુણ્યવડેજ સર્વ કંઇ પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પરંતુ પુણ્યશીલ પુરુષ પાસે આવીને (તેનાપર કોપેલું) દૈવ પણ શું કરી શકે તેમ છે ?[૨૯] પૂર્વે પુણ્યથી ભ્રષ્ટ થયેલા યયાતિરાજાને દેવોએ સ્વર્ગમાંથી હાંકી કાઢયો હતો, જેથી તે પૃથ્વીપર પડયો હતો; પરંતુ પાછળથી તેના દૌહિત્રોએ (પુત્રીના પુત્રોએ) પુણ્યકર્મ કરીને પુનઃ તેને સ્વર્ગારૂઢ કર્યો હતો.[૩૦] રાજર્ષિ પુરુરવા કે જે “ અલ ” એવા બીજા નામથી વિખ્યાત થયો હતો, તેને પણ બ્રાહ્મણોએ (પુણ્યના પ્રભાવથીજ) સ્વર્ગમાં મોકલ્યો હતો.[૩૧] કોસલ દેશનો અધિપતિ સૌદાસરાજા,અશ્વમેધાદિક યજ્ઞો કરીને ઘણોજ માનપાત્ર થયો હતો; પરંતુ એક મહર્ષિના શાપથી તે રાક્ષસ થઇ ગયો હતો.[૩૨] અશ્વત્થામા અને પરશુરામ બંને મુનિઓના પુત્રો હતા અને મોટા ધનુર્ધારી હતા; છતાં પુણ્યકર્મ કરીને સ્વર્ગલોકમાં જઇ શકયા ન હતા.[૩૩] રાજા વસુએ બીજા ઇંદ્રની પેઠે સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા; પરંતુ (યજ્ઞમાં પશુહિંસા કરવી જોઇએ એવું) એક અસત્ય વાક્ય બોલવાથી તેને પૃથ્વીમાં પેસી જવું પડયું હતું.[૩૪] વિરોચનના પુત્ર બલિરાજાને, વિષ્ણુના પુરુષાર્થથી દેવોએ ધર્મપાશથી બાંધી લીધો હતો, જેથી તેને પાતાળમાં નિવાસ કરવો પડયો હતો.[૩૫] રાજા જનમેજય, બ્રાહ્મણની સ્ત્રીઓનો વધ કરીને ઇંદ્રને શરણે ગયો હતો; છતાં દૈવે તેને કેમ ન અટકાવ્યો ?[૩૬] બ્રહ્મર્ષિ વૈશંપાયને અજ્ઞાનથી બ્રાહ્મણહત્યા કરી હતી અને બાળકનો વધ કર્યો હતો,છતાં દૈવે તેને કેમ ન અટકાવ્યો ?[૩૭] એક મહાયજ્ઞમાં બ્રાહ્મણોને મિથ્યા ગોપ્રદાન કરીને રાજર્ષિ નૃગને કૃકલાસ (કાચંડો) થવું પડયું હતું.[૩૮] રાજર્ષિ ધુંધુમાર યજ્ઞો કરતાં કરતાંજ ઘરડો થઈ ગયો હતો; છતાં દેવોએ પ્રીતિપૂર્વક આપેલા વરનો ત્યાગ કરીને તે, પર્વતની તળેટીમાંજ નિદ્રાને પામી ગયો હતો. (પણ યજ્ઞોનું ફળ તેને પ્રાપ્ત થયું ન હતું.)[૩૯] ધૃતરાષ્ટ્રના મહાબળવાન પુત્રોએ પાંડવોના રાજ્યને છીનવી લીધું હતું; પરંતુ પાંડવોએ દૈવ ઉપર આધાર નહિ રાખીને પોતાના બાહુબળના આશ્રયથીજ પુનઃ રાજ્યને પાછું લીધું હતું.તપ અને નિયમોથી યુક્ત તથા તીક્ષ્ણ વ્રતનું પાલન કરનારા મુનિઓ શું દૈવના બળથી શાપ આંપે છે ? નહિ. તેઓ કર્મને અનુસરીનેજ શાપ આપે છે.આ મનુષ્યલોકમાં કોઈએક પાપી પુરુષને ઐશ્વર્યાદિ દુર્લભ ગુણો પણ દૈવયોગે કદાચિત્ પ્રાપ્ત થાય છે; પરંતુ તેના પાપકર્મને લીધે તે ગુણો તેનો ત્યાગજ કરે છે, કેમકે લોભ અને મોહને આધીન થયેલા પુરુષની દૈવ પણ રક્ષા કરી શકતું નથી.[૪૨] જેમ અગ્નિ અત્યંત સૂક્ષ્મ હોય, તોપણ પવનથી ફુંકાઇને ઘણોજ મોટો થઇ પડે છે,તેમ દૈવ પણ કર્મથી (પુરુષાર્થથી) જ્યારે યુક્ત થાય છે, ત્યારે સારી પેઠે વૃદ્ધિ પામે છે.[૪૩] જેમ તેલનો નાશ થવાથી દીવો પણ નાશ પામે છે, તેમ કર્મનો ક્ષય થવાથી દૈવ પણ ક્ષીણ થઇ જાય છે.[૪૪] પુરુષ કદાચિત્ દૈવયોગે મહાન ધનસમુદાયને, ભોગવૈભવોને અથવા સ્ત્રીઓને પ્રાપ્ત કરે, છતાં કંઇ પુરુષાર્થ કર્યાવિનાજ જો બેસી રહે, તો તે તે પદાર્થોનો ઉપભોગ કરી શકતો નથી; પરંતુ નિત્ય પુરુષાર્થપરાયણ રહેનારો મહાત્મા પુરુષ, દેવોની રક્ષાતળે રહેલા પાતાળમાંના ખજાનાને પણ પ્રાપ્ત કરી શકે છે, કોઇએક સત્પુરુષ દ્રવ્યથી રહિત થઈ પડયો હોય

---

* અહીં સુધીના શ્લોકોનો તાત્પર્યાર્થ એ છે કે, દૈવ પુરુષાર્થની અપેક્ષા રાખે છે અને પુરુષાર્થ દૈવની અપેક્ષા રાખે છે. દૈવવિના પુરુષાર્થ સિદ્ધ થતો નથી અને પુરુષાર્થવિના દૈવ સિદ્ધ થતું નથી; ક્ષેત્ર હોય પણ બીજ ન હોય તો ધાન્યપાક થાય નહિ, તેમ બીજ હોય પણ ક્ષેત્ર ન હોય તોયે ધાન્યપાક થઇ શકે નહિ. એજ ન્યાય દૈવ અને પુરુષાર્થને પણ લાગુ પડે છે.

(અને તેને નિર્ધન જાણીને તેનાં સ્વજનોએ ત્યજી દીધો હોય) તોપણ સદાચરણરૂપ તેના પુરુષાર્થના પ્રભાવથી દેવતાઓ તેને ગ્રહણ કરે છે અને તેને લીધે મનુષ્યલોક કરતાં ઉત્તમ એવો દેવલોક તેને પ્રાપ્ત થાય છે; પરંતુ જે મનુષ્યોનાં ઘર પુષ્કળ સમૃદ્ધિથી ભરપૂર હોય છતાં સદાચરણરૂપ પુરુષાર્થથી રહિત હોય, તો દેવતાઓને તે (ઘર) સ્મશાનસમાનજ દેખાય છે.[૪૬] આ જીવલોકમાં પુરુષાર્થ નહિ કરનારો મનુષ્ય, કોઇ પણ પ્રકારના ફળને પ્રાપ્ત કરી શકતો નથી; કેમકે એકલું દૈવ, મનુષ્યને કોઇ માર્ગ ઉપર લઇ જઇ શકતું નથી અને દૈવમાં તેવું સામર્થ્ય પણ નથી. જેમ એક ગુરુ પોતાના મુખ્ય શિષ્યને, પોતે જ્યાં જાય છે ત્યાં લઇ જાય છે, તેમ પોતે કરેલું મુખ્ય કર્મ અથવા પુરુષાર્થ, પોતે જે સ્થળે હોય છે તે સ્થળે દૈવને ઘસડી લાવે છે.[૪૭] હે મહામુનિ વસિષ્ઠ! એ પ્રમાણે પુરુષાર્થના ફળનો તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીને મેં સર્વ વૃત્તાંત તમને કહ્યો છે.[૪૮] તેનો મુખ્ય આશય એ છે કે, સમ્યક્ પ્રકારે આરંભેલાં લૌકિક કર્મરૂપ પુરુષાર્થ સાથે દૈવનો જ્યારે સહયોગ થાય છે, ત્યારે પુરુષ આ લોકના ફળને પ્રાપ્ત કરે છે અને શાસ્ત્રવિધિથી કરેલાં પારલૌકિક કર્મરૂપ પુરુષાર્થ સાથે દૈવનો જ્યારે સહયોગ થાય છે, ત્યારે પુરુષ સર્વ માર્ગને પ્રાપ્ત કરે છે.[૪૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં “દૈવ અને પુરુષાર્થનો નિર્દેશ” એ વિષયનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

શુભ કર્મનાં ફળ

॥ युधिष्ठिर उवाच ॥

कर्मणां च समस्तानां शुभानां भरतर्षभ ।
फलानि महतां श्रेष्ठ प्रब्रूहि परिपृच्छतः ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:-“હે ભરતશ્રેષ્ઠ પિતામહ! સમગ્ર શુભ કર્મોનાં ફળ ક્યાં ક્યાં મળે છે? તે હું તમને પૂછું છું; માટે હે મહાપુરુષોમાં શ્રેષ્ઠ! તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:-“હે ભરતવંશી યુધિષ્ઠિરરાજા! તેં મને જે પ્રશ્ન પૂછ્યો છે, તે ખરેખર ઋષિઓના રહસ્યરૂપ છે. હું તે તને કહું છું, તે તું સાંભળ. મનુષ્ય જે ફળ મેળવવાની ઘણા લાંબા કાળથી ઇચ્છા કરે છે, તે ફળને જે કર્મ કરીને, મરણ પછી પ્રાપ્ત કરે છે, તેવિષે હું તને કહું છું.[૨] મનુષ્ય, જે જે શરીરથી જે જે કર્મ કરે છે તે તે શરીરથીજ તેના તેના ફળને પામે છે;* તેમજ જે જે અવસ્થામાં (એટલે બાલ્ય, યૌવન કે વૃદ્ધાવસ્થામાં અથવા સુખી અવસ્થામાં કે દુઃખી અવસ્થામાં) મનુષ્ય, જે કંઈ શુભ અશુભ કર્મ કરે છે, તેનું ફળ પ્રત્યેક જન્મની તે તે અવસ્થામાંજ તેને ભોગવવું પડે છે.[૪] પાંચ ઇંદ્રિયોની સાથે રહીને પ્રાણી જે કંઇ કર્મ કરે છે, તેનો કદી નાશ થતો નથી;(અર્થાત્ તે કર્મ કદી નિષ્ફળ થતું નથી. તેનું ફળ અવશ્ય ભોગવવુંજ પડે છે.) કેમકે પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠું મન, પ્રાણીનાં કર્મોના નિત્યસાક્ષી રહે છે.[૫] જે પુરુષ, પોતાને ત્યાં આવેલા અતિથિસામે સૌમ્યદૃષ્ટિ કરે છે, તેને માટે બનતું કરે છે, તેને સારી વાણીથી આવકાર આપે છે, તેને માન આપવામાટે સામો જાય છે અને તેને બેસાડીને સમીપમાં પોતે બેસે છે, તે પુરુષ પાંચ પ્રકારની દક્ષિણાવાળો એક યજ્ઞજ કરે છે, એમ સમજવું.જે પુરુષ, માર્ગમાં મુસાફરી કરીને થાકી ગયેલા અને પૂર્વે કદી નહિ જોયેલા મનુષ્યને ઉત્તમ અન્નનું દાન કરે છે, તે પુરુષને મહાન પુણ્યફળ પ્રાપ્ત થાય છે.[૭] જે વાનપ્રસ્થ મનુષ્યો નિત્ય સ્થંડિલ ઉપર શયન કરે છે અને ચીથરાં તથા વલ્કલવસ્ત્ર પહેરે છે, તેઓને (બીજા જન્મમાં) ઉત્તમ ગ્રહો, શયનો, વસ્ત્રો તથા અલંકારો પ્રાપ્ત થાય છે.[૮] જે તપોધન પુરુષ પોતાના ચિત્તને કેવળ યોગમાંજ આસક્ત રાખે છે, તેને ઉત્તમ વાહનો તથા પાલખીઓ વગેરે મળે છે; અને જે રાજા

---

* અર્થાત્ સ્વપ્નાવસ્થામાં માનસિક શરીરથી જે કર્મ કરવામાં આવ્યું હોય તેનું ફળ સ્વપ્નાવસ્થાના માનસિક શરીરથીજ મનુષ્યને ભોગવવું પડે છે; અને જાગ્રત અવસ્થામાં સ્થૂલ શરીરથી જે કર્મ કરવામાં આવ્યું હોય તેનું ફળ જાગ્રત અવસ્થાના સ્થૂલશરીરથીજ મનુષ્યને ભોગવવું પડે છે.

નિત્ય અગ્નિપાસે શયન કરે છે, તેને દિવ્ય પરાક્રમ પ્રાપ્ત થાય છે.[૯] મનુષ્ય, જો છયે રસોનો ત્યાગ કરે છે તો સૌભાગ્ય મેળવે છે, માંસનો ત્યાગ કરે છે તો પશુઓ તથા પુત્રોને મેળવે છે; અને જે ઉંધે મસ્તકે લટકીને અથવા જળમાં બેસીને તપશ્ચર્યા કરે છે તેમજ નિત્ય બ્રહ્મચર્ય પાળે છે, તેને ઈષ્ટ ગતિ પ્રાપ્ત થાય છે. પોતાને ત્યાં આવેલા અતિથિને પગ ધોવાનું જળ, આસન, દીવો, અન્ન અને આશ્રય–આ પાંચ પદાર્થોને જે અર્પણ કરે છે,તેને પાંચ પ્રકારની દક્ષિણાઓવાળા યજ્ઞ કર્યાનુંજ ફળ મળે છે.[૧૨] જે પુરુષ “ વીરાસન, વીરશય્યા અથવા વીરસ્થાન ” એ નામથી ઓળખાતા રણક્ષેત્રમાં જઇને શત્રુઓને હાથે મરણ પામે છે, તેને અક્ષયલોકની પ્રાપ્તિ થાય છે કે જ્યાં પોતાની ઇચ્છાનુસાર વિહાર કરી શકાય છે.[૧૩] હે રાજા! દાન આપવાથી ધન મેળવી શકાય છે, મૌનવ્રત ધારણ કરવાથી બીજાઓના પર આજ્ઞા કરવાનું સામર્થ્ય મળે છે, તપથી ભોગો મળે છે, બ્રહ્મચર્યથી આયુષ્ય વધે છે, અહિંસા પાળવાથી રૂપ, ઐશ્વર્ય તથા આરોગ્યરૂપ ફળ પામી શકાય છે, માત્ર ફળતથા મૂળનોજ આહાર કરવાથી રાજ્યપ્રાપ્તિ થઇ શકે છે; અને કેવળ પાંદડાંનો આહાર કરવાથી સ્વર્ગલોકમાં જઇ શકાય છે.[૧૪] હે રાજન્! અનશનવ્રત લેનારને સર્વત્ર સુખ મળે છે, માત્ર શાક ખાવાનો નિયમ લેનારને પુષ્કળ ગાયો મળે છે, માત્ર ઘાસનો આહાર કરનાર મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે, સ્ત્રીસંગનો ત્યાગ કરીને તથા ત્રણ વખત સ્નાન કરીને કેવળ વાયુનોજ આહાર કરનાર મનુષ્યને સંકલ્પસિદ્ધિનો લાભ થાય છે, સત્ય ભાષણથી સ્વર્ગમાં જઇ શકાય છે અને યજ્ઞ કરવાથી ઉત્તમ કુળ પ્રાપ્ત થાય છે.[૧૬,૧૭] જે સંસ્કારી બ્રાહ્મણ સદાય અવિચ્છિન્ન અગ્નિહોત્ર રાખીને માત્ર જળપાનજ કરે છે અને ગાયત્રીમંત્રનો જપ કર્યા કરે છે, તેને રાજ્ય મળે છે;અને હિતકારક, નિયમિત તથા પવિત્ર ભોજન કરનારને સ્વર્ગલોક પ્રાપ્ત થાય છે.[૧૮] હે રાજા! જે પુરુષ બાર વર્ષસુધી દૂધ વગેરેનોજ આહાર લેવાનું વ્રત લઈને ઉપવાસ કરે છે (અર્થાત્ બ્રાહ્મણ કેવળ દૂધ ઉપર, ક્ષત્રિય કેવળ કાંજી ઉપર અને વૈશ્ય કેવળ આમિક્ષા ઉપરજ બાર વર્ષ સુધી રહે છે,) તેને અથવા બાર વર્ષસુધી કેવળ તીર્થાટનજ કરે છે તેને વીરસ્થાનમાં મરણ પામેલા પુરુષ કરતાં પણ ઉત્તમ ગતિ મળે છે. જે પુરુષ સર્વ વેદોનું અધ્યયન કરે છે, તે તત્કાળ દુઃખથી મુક્ત થાય છે; અને મનનો સંયમ કરી માનસધર્મનું પાલન કરનાર પુરુષ સ્વર્ગલોકને પામે છે.[૨૦]

જે તૃષ્ણા દુષ્ટ બુદ્ધિવાળા પુરુષોને દુસ્ત્યજ થઈ પડે છે, જે તૃષ્ણા પુરુષ ઘરડો થાય છે તોપણ ઘરડી થતી નથી; અને જે તૃષ્ણા પ્રાણનો અંત લાવનાર એક રોગના જેવીજ છે, તે તૃષ્ણાનો ત્યાગ કરનારા પુરુષનેજ સુખ મળે છે.[૨૧] જેમ એક વાછરડો હજારો ગાયોમાંથી પોતાની માતાને શોધી કાઢે છે, તેમ પૂર્વજન્મકૃત કર્મ પણ પોતાનો કર્તા જ્યાં જાય છે ત્યાં તેની પાછળ પાછળ જાય છે.[૨૨] જેમ પુષ્પો તથા ફળોને કોઇની પ્રેરણા કરવામાં નથી આવતી;છતાં તેઓ પોતાના સમયનું ઉલ્લંઘન કરતાં નથી, તેમ પૂર્વજન્મકૃત કર્મો પણ પોતાના સમયનું ઉલ્લંઘન કર્યાવિનાજ પોતાના કર્તાપાસે હાજર થાય છે.[૨૩] પુરુષ ઘરડો થાય છે ત્યારે તેના કેશ, દાંત, નેત્ર તથા કાન પણ ઘરડા થાય છે–પ્રતિદિન ક્ષીણ થાય છે;પરંતુ એક તૃષ્ણા કદી ક્ષીણ થતી નથી.[૨૪] જે પુરુષ અમુક કર્મ કરીને પિતાને પ્રસન્ન કરે છે, તેણે પ્રજાપતિનેજ પ્રસન્ન કર્યા ગણાય છે; જેણે માતાને પ્રસન્ન કરી છે, તેણે પૃથ્વીદેવીનુંજ પૂજન કર્યું ગણાય છે,અને જેણે પોતાના ઉપાધ્યાયને પ્રસન્ન કર્યા છે, તેણે સાક્ષાત્ પરબ્રહ્મને પૂજ્યા ગણાય છે.[૨૫] માટેજ કહ્યું છે કે માતા, પિતા અને પોતાના ઉપાધ્યાય–એ ત્રણેનું જેણે સન્માન જાળવ્યું છે, તેણે સર્વ ધર્મોનું સન્માન જાળવ્યું ગણાય છે; પરંતુ જેણે એ ત્રણેનો અનાદર કર્યો છે, તેની સર્વ ક્રિયાઓ નિષ્ફળ થાય છે.

વૈશંપાયને કહ્યું:–“ ભીષ્મનાં એ વચન સાંભળીને ત્યાં બેઠેલા સર્વ કુરુવંશી મહાપુરુષો,

વિસ્મયની સાથે મનમાં હર્ષ પામ્યા અને પ્રસન્ન થયા."૨૭ (તે પછી વળી પણ ભીષ્મપિતામહે કહ્યું કે,) "વેદના મંત્રોનો વૃથા ઉપયોગ કરવાથી જે પાપ લાગે છે, દક્ષિણાવિનાનો સોમયાગ કરવાથી જે પાપ લાગે છે;અને મંત્રોચ્ચારવિના વૃથા અગ્નિહોમ કરવાથી જે પાપ લાગે છે, તેજ પાપ મિથ્યા ભાષણ કરવાથી (અસત્ય બોલવાથી) લાગે છે.૨૮ એ પ્રમાણે હે રાજા! વેદમાં જે કહેવામાં આવ્યું છે તેજ મેં તને કહી સંભળાવ્યું છે, તો હવે શુભ તથા અશુભ ફળની પ્રાપ્તિના સંબંધમાં એથી વિશેષ શું સાંભળવાની તને ઇચ્છા છે?"૨૯

ઇતિશ્રી મહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"કર્મફલિક ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૭ મો સમાપ્ત.

અધ્યાય ૮ મો

બ્રાહ્મણોની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

के पूज्याः के नमस्कार्याः कान्नमस्यामि भारत।
एतन्मे सर्वमाचक्ष्व येभ्यः स्पृहयसे नृप ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતવંશી રાજા! આ જગતમાં કોણ પૂજવા યોગ્ય છે? કોણ નમસ્કાર કરવા યોગ્ય છે? મારે કોને નમસ્કાર કરવો? અને તમે કોની સ્પૃહા રાખો છો? એ સર્વ મને કહો.૧ તમે જ્યારે મોટી આપત્તિમાં આવી પડો છો, ત્યારે આ સર્વ મનુષ્ય લોકમાંથી કોનાપર તમારૂં મન સ્થિતિ કરે છે? અને આ લોકમાં તથા પરલોકમાં હિતકારક કોણ છે? તે મને કહો."૨

ભીષ્મે કહ્યું:-જેઓને આનંદાત્મા પરબ્રહ્મ ઉત્તમ ધનરૂપ છે, જેઓને આત્માનો સાક્ષાત્કાર સ્વર્ગસમાન છે અને સ્વાધ્યાયનું સાધન જેઓનું તપ છે,તેવા બ્રાહ્મણોની હું સ્પૃહા રાખું છું.૩ જેઓનાં બાળકો અને વૃદ્ધો પોતાના પિતા-પિતામહથી ચાલી આવેલી ધર્મધુરાને વહન કરે છે પણ તેમાં લેશમાત્ર દુઃખ માનતા નથી,તે બ્રાહ્મણોની હું સ્પૃહા રાખું છું. હે તાત! વિદ્યાઓ ભણીને જેઓ સુશિક્ષિત થયેલા હોય છે, દમગુણને ધારણ કરે છે, મૃદુ વચન બોલે છે, શાસ્ત્ર તથા સદાચરણથી યુક્ત હોય છે, અક્ષરબ્રહ્મને જાણે છે અને હંસોના સમૂહનીપેઠે સભાઓમાં જેઓ ભાષણ કરે છે, તેવા ઉત્તમ બ્રાહ્મણોની મંગલરૂપ, દિવ્ય, સુંદર મેઘની ગર્જના જેવી ગંભીર અને સારી રીતે ઉચ્ચારાયેલીવાણીને હું સાંભળવા ઇચ્છું છું.હે યુધિષ્ઠિર! આ લોકમાં તથા પરલોકમાં સુખ આપનારી બ્રાહ્મણોની વાણીને જે રાજા શ્રવણ કરેછે; અને તેની સભામાં વિજ્ઞાનગુણથી યુક્ત એવા જે પુરુષો સદાય માન્ય થયેલા હોય છે,તેઓ પણ બ્રાહ્મણોની વાણીનું જો શ્રવણ કરે છે તો તેઓની હું સ્પૃહા રાખું છું-અર્થાત્ તેઓને હું ચાહું છું.૫-૮ વળી હે યુધિષ્ઠિર! જે પુરુષો સારા સંસ્કારી અને સાવધાન હોઇને બ્રાહ્મણોને તૃપ્ત કરવામાટે પવિત્ર તથા ગુણકારક અન્ન નિરંતર અર્પણ કરે છે, તેઓને પણ હું ચાહું છું;કેમકે રણસંગ્રામમાં યુદ્ધ કરવું તે શક્ય છે, પણ અસૂયાનો ત્યાગ કરી દાન આપવું તે શક્ય નથી. હે યુધિષ્ઠિર! આ લોકમાં સેંકડો શૂરાઓ અને વીર પુરુષો છે;પરંતુ તે સર્વની સંખ્યામાં દાનશૂર પુરુષ પ્રથમ ગણાય છે.૧૧ હે સૌમ્ય! કદાચ હું, એક ક્ષુદ્ર બ્રાહ્મણતરીકે પણ જો ઉત્પન્ન થાઉં તો મને ધન્ય માનું, તોપછી કોઇ એક ઉત્તમ કુળમાં જન્મીને ધર્મનિષ્ઠ તથા તપવિદ્યાપરાયણ બ્રાહ્મણ થાઉં તો હું મારાં અહોભાગ્ય માનું એમાં શું આશ્ચર્ય છે?૧૨ હે પાંડુનંદન! આ જગતમાંમને તારા કરતાં કોઇ પણ વધારે પ્રિય નથી; છતાં હે ભરતશ્રેષ્ઠ! બ્રાહ્મણો તારા કરતાં પણ મને વધારે પ્રિય છે.૧૩ હે કુરુઓમાં ઉત્તમ રાજા! તારા કરતાં પણ મને બ્રાહ્મણો વધારે પ્રિય છે, એ મારૂં વચન જો સત્ય હોય તો તેના પ્રભાવથી જે લોકમાં મારા પિતા શાંતનુ ગયા છે,તે લોકમાં હું જાઉં. અરે! મારા પિતા પણ મને બ્રાહ્મણો કરતાં વધારે પ્રિય ન હતા; તેમજ મારા પિતાના પિતા પણ મને બ્રાહ્મણો કરતાં વધારે પ્રિય ન હતા અને બીજા મારા મિત્રો પણ બ્રાહ્મણો કરતાં મને

વધારે પ્રિય નથી.[૧૫] હું ઉત્તમ કર્મ કરનારા બ્રાહ્મણોની આટલી બધી પ્રશંસા કરૂં છું, તેમાં નાનું અથવા મોટું-અમુક એક ફળ મેળવવાની મને આશા રહેલી છે, એવું કંઇ છેજ નહિ. માત્ર તેઓ પૂજ્ય છે, એમ માનીનેજ હું તેઓની પ્રશંસા કરૂં છું.[૧૬] હે શત્રુતાપન રાજા! મન, વચન તથા કર્મથી મેં જે કંઇ બ્રાહ્મણોનું આરાધન કર્યું છે, તેના પ્રભાવથીજ આ સમયે બાણશય્યામાં હું સૂતો છું; છતાં મને કંઇ પીડા થતી નથી.[૧૭] લોકો મારા સંબંધમાં કહે છે કે, “ભીષ્મ બ્રાહ્મણોનો ભક્ત છે” એ સાંભળીને હું ઘણોજ પ્રસન્ન થાઉં છું; અને શાસ્ત્રમાં પણ, સર્વ પવિત્ર વિષયોમાં બ્રાહ્મણોની ભક્તિજ વધારે પવિત્ર છે, એમ કહેવામાં આવ્યું છે.[૧૮] હે તાત! બ્રાહ્મણોનો હું દાસ છું; તેથી જોઈ શકું છું કે, મારે નિર્મળ અને પવિત્ર લોકમાં સત્વર જવાનું છે અને ત્યાં દીર્ઘકાળપર્યંત નિવાસ કરવાનો છે.[૧૯]

હે યુધિષ્ઠિર! જેમ સ્ત્રીઓને પોતાનો પતિ એજ પરમ ધર્મ છે, પોતાનો પતિ એજ દેવ છે અને પોતાનો પતિ એજ પરમ ગતિરૂપ છે, તેમ ક્ષત્રિયને બ્રાહ્મણ એજ પરમ ધર્મ છે, બ્રાહ્મણ એજ પરમદેવ છે અને બ્રાહ્મણ એજ પરમ ગતિરૂપ છે.[૨૦] એક ક્ષત્રિય સો વર્ષની વયનો હોય અને એક ઉત્તમ બ્રાહ્મણ માત્ર દશ વર્ષની વયનો હોય, તોપણ તે બ્રાહ્મણ ક્ષત્રિયનો પિતા ગણાય છે અને પેલો ક્ષત્રિય, બ્રાહ્મણનો પુત્ર ગણાય છે; કેમકે તે બન્નેમાં બ્રાહ્મણનું ગૌરવ અધિક છે.[૨૧] જેમ એક સ્ત્રી પોતાનો પતિ ન હોય; ત્યારે પોતાના દિયરને પતિ કરે છે, તેમ પૃથ્વી પણ બ્રાહ્મણ ન મળે ત્યારેજ ક્ષત્રિયને પોતાનો પતિ કરે છે; માટે હે કુરુવંશી શ્રેષ્ઠ રાજા! બ્રાહ્મણોનું પુત્રોની પેઠે રક્ષણ કરવું, ગુરુઓની પેઠે ઉપાસન કરવું અને અગ્નિની પેઠે પૂજન કરવું. બ્રાહ્મણો સરળ સ્વભાવના હોય છે, સજ્જન હોય છે, સત્યશીલ હોય છે અને પ્રાણીમાત્રનું હિત કરવામાં તત્પર રહેનારા હોય છે; પણ જ્યારે તેઓ ક્રોધાયમાન થાય છે, ત્યારે ઝેરી સર્પના જેવા ઉગ્ર થઈ પડે છે, માટે તેઓની તો સદાય સેવાજ કરવી.[૨૪] હે યુધિષ્ઠિર! તપ અને તેજ-એ બન્નેથી નિત્ય ભયભીત રહેવું અને તેજનો તથા તપનો દૂરથીજ પરિત્યાગ કરવો;[૨૫] કેમકે તે બંનેનું ફળ ઘણુંજ તીવ્ર હોય છે અને હે મહારાજા! તપસ્વી બ્રાહ્મણો જ્યારે ક્રોધાયમાન થાય છે, ત્યારે તેજસ્વી ક્ષત્રિયોનો પણ સંહાર કરી નાખે છે. આ રીતે તપ અને તેજ ઘણાંજ પ્રખર છે, તોપણ કોઇ ક્ષમાશીલ બ્રાહ્મણસામે તે બન્નેનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે ઉલટો તે બન્નેનોજ નાશ થાય છે; અને તપનો તથા તેજનો અન્યોન્ય સામે જ્યારે પ્રયોગ કરવામાં આવે છે, ત્યારે પણ તેઓ અન્યોન્યનો નાશ તો કરેજ છે; પરંતુ તેજનો સમૂળગો નાશ થઈ જાય છે અને તપનો કંઇક ભાગ અવશેષ રહે છે.*[૨૭] જેમ એક ગોવાળ હાથમાં લાકડી લઇને ગાયોનું નિત્ય રક્ષણ કરે છે, તેમ ક્ષત્રિયે પણ બ્રાહ્મણોનું તથા વેદનું નિત્ય રક્ષણ કરવું. હે રાજા! પિતા જેમ પુત્રાની રક્ષા કરે છે, તેમ તારે પણ ધર્મપરાયણ રહેનારા બ્રાહ્મણોની રક્ષા કરવી; અને તેઓના ઘરમાં આજીવિકાનાં સાધનો છે કે નહિ તેને માટે તપાસ રાખ્યા કરવી.[૨૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“બ્રાહ્મણોની પ્રશંસા” એ વિષયના
અધ્યાય ૮ મો સમાપ્ત

---

* આ શ્લોકનો ભાવાર્થ એ છે કે, બ્રાહ્મણમાં તપોબળ રહેલું છે અને ક્ષત્રિયમાં તેજોબળ રહેલું છે. આ બન્ને પ્રકારના બળનો કોઇ ક્ષમાશીલ બ્રાહ્મણસામે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે બ્રાહ્મણને તેઓની કંઇ અસર થતી નથી, પણ ઉલટો તે બન્નેનો નાશ થઇ જાય છે; અને જે સમયે બ્રાહ્મણનું તપોબળ ક્ષત્રિયસામે ધસે છે અને ક્ષત્રિયનું તેજોબળ બ્રાહ્મણસામે ધસે છે, ત્યારે બ્રાહ્મણનું તપોબળ ક્ષત્રિયનો સમૂળગો નાશ કરી નાખે છે પણ ક્ષત્રિયનું તેજોબળ બ્રાહ્મણનો સંપૂર્ણ નાશ કરી શકતું નથી.

અધ્યાય ૯ મો

શિયાળ અને વાનરનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

ब्राह्मणानां तु ये लोकाः प्रतिश्रुत्य पितामह ।
न प्रयच्छंति मोहात्ते के भवंति महाद्युते ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે મહાતેજસ્વી પિતામહ! જે લોકો બ્રાહ્મણોને દાન આપવાનો પ્રથમ સંકલ્પ કરીને પછીથી મોહને લીધે આપતા નથી, તેઓ કયી જાતિમાં અવતરે છે?[1] હે ધાર્મિકશ્રેષ્ઠ પિતામહ! જે દુરાત્માઓ દાન આપવાની પ્રતિજ્ઞા કરીને પણ તેનું પાલન કરતા નથી, તેઓની શી ગતિ થાય છે? તે ધર્મ મને યથાર્થ રીતે કહો."[2]

ભીષ્મે કહ્યું:-જે પુરુષ દાન આપવાનો સંકલ્પ કરીને પણ થોડું ઘણું દાન આપતો નથી, તે પુરુષની સર્વ આશાઓ નષ્ટ થાય છે; અને નપુંસકને જેમ પ્રજારૂપી ફળ મળતું નથી, તેમ તે પુરુષને આશાનું ફળ મળતું નથી.[3] હે ભરતવંશી રાજા! દાન આપવાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય, જે રાત્રિએ જન્મ્યો હોય છે અને જે રાત્રિએ વિનાશ પામે છે, તે સમયની વચ્ચે તેણે જે કંઇ પુણ્ય કરેલું હોય છે, હોમ કરેલો હોય છે, દાન આપ્યું હોય છે અથવા તપ તપેલું હોય છે, તે સર્વ તેનું નાશ પામે છે.[4,5] એ પ્રમાણે હે ભરતશ્રેષ્ઠ! ધર્મશાસ્ત્રને જાણનારા વિદ્વાનો, પોતાની યુક્તિયુક્ત બુદ્ધિથી વિચાર કરીને કહે છે.[5] વળી તેઓ દાન કરવાનો સંકલ્પ કર્યા છતાં દાન નહિ આપનારાને માટે આવું પ્રાયશ્ચિત્ત પણ કહે છે કે, "તેવા પુરુષે શ્યામવર્ણના કાનવાળા એક હજાર ઘોડાઓનું દાન આપીને તે પાપમાંથી મુક્ત થવું.× હે ભારત! આના સંબંધમાં એક શિયાળ અને વાનરના સંવાદરૂપ પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[8]

હે શત્રુતાપન રાજા! એક શિયાળ હતો અને એક વાનર હતો. તેઓ બન્ને જણા પ્રથમ મનુષ્યજન્મમાં એકબીજાના મિત્ર હતા; પરંતુ પાછળથી શિયાળની તથા વાનરની યોનિમાં ઉત્પન્ન થયા હતા.[9] એક સમયે શ્મશાનમાં મુડદાંઓનું ભક્ષણ કરી રહેલા શિયાળને જોઇને પોતાના પૂર્વજન્મનું સ્મરણ આવવાથી વાનર બોલ્યો:-[10] "તેં પૂર્વજન્મમાં એવું દારુણ કર્મ શું કર્યું છે, કે જેથી આ જન્મમાં શ્મશાનમાં સડી ગયેલાં અને નિંદિત એવાં દુર્ગંધવાળાં મુડદાંઓનું તું ભક્ષણ કરે છે?" વાનરે એ પ્રમાણે કહ્યું એટલે શિયાળે તેને ઉત્તર આપ્યો: "મેં પૂર્વજન્મમાં દાન આપવાનો સંકલ્પ કર્યા છતાં બ્રાહ્મણોને દાન આપ્યું ન હતું, જેથી હે વાનર! આ પાપી યોનિમાં હું અવતર્યો છું; અને આ સમયે હું ભૂખ્યો થયો છું, માટે આવા દુર્ગંધવાળા ભક્ષ્યનું ભક્ષણ કરૂં છું."

ભીષ્મે કહ્યું:-હે મહાપુરુષ! તે પછી શિયાળે વાનરને પ્રશ્ન કર્યો કે, "તેં એવું કયું પાપ કર્યું છે, કે જેથી તું વાનર થયો છે?"

વાનરે કહ્યું:-"હું બ્રાહ્મણોના ફળનું સદાય ભક્ષણ કરી જતો હતો, જેથી આ જન્મમાં વાનર થયો છું; માટે પ્રત્યેક સમજુ મનુષ્યે બ્રાહ્મણના દ્રવ્યનું કદી હરણ કરવું નહિ અને બ્રાહ્મણોસાથે વાદવિવાદ કર્યાવિના તેઓને જે દાન આપવાની પ્રતિજ્ઞા કરી હોય તે આપી દેવું."

ભીષ્મે કહ્યું:-હે રાજન્! એક ધર્મવેત્તા બ્રાહ્મણ, મેં કહેલી આ પુરાતની કથા કહેતો હતો તેની પાસેથી મેં સાંભળેલી છે;[14-16] તેમજ હે રાજા! પૂર્વે શ્રીકૃષ્ણ, એક બ્રાહ્મણને આ કથા કહેતા હતા; ત્યારે તેમની પાસેથી પણ આ ઇતિહાસનું મેં શ્રવણ કર્યું છે.[17] બ્રાહ્મણો બાળક હોય, દરિદ્રી હોય કે કૃપણ હોય તોપણ તેઓની અવગણના કરવી નહિ; કેમકે તેઓ નિત્ય ક્ષમા કરવાયોગ્યજ છે, જેથી તેઓના દ્રવ્યનું પણ હરણ કરવું નહિ. પોતે જે દાન આપવાની પ્રતિજ્ઞા કરી હોય, તે દાન બ્રાહ્મણોને આપવુંજ જોઈએ. તેઓની આશાનો કદી ભંગ

× કહેવાનો ભાવ એ છે કે, શ્યામરંગના કાનવાળા એક હજાર ઘોડાઓ મળવા અશક્ય છે; જેથી તે પાપમાંથી છુટવું પણ અશક્ય છે.

કરવોજ નહિ, એમ મને અનેક બ્રાહ્મણો નિત્ય કહેતા હતા.[૧૯] હે રાજા ! પ્રથમની આશાથી ભ્રષ્ટ થયેલો બ્રાહ્મણ, પ્રદીપ્ત અગ્નિના જેવું સ્વરૂપ ધારણ કરીને જેનીસામે દૃષ્ટિ કરે છે, તેને સૂકા ઘાસની પેઠે બાળીને ભસ્મ કરી નાખે છે; પરંતુ તેજ બ્રાહ્મણને જ્યારે પ્રસન્ન કરવામાં આવે છે અને પછી પોતાના આશીર્વચનથી તે જ્યારે અભિનંદન આપે છે, ત્યારે ખરેખર એક વૈદ્યના જેવોજ ગુણકારક થઈ પડે છે;[૨૨] એટલુંજ નહિ પરંતુ તે પ્રસન્ન થયેલો બ્રાહ્મણ પુત્રો, પૌત્રો, પશુઓ, બાંધવો, મિત્રો, નગર અને આખા દેશને ક્ષેમકુશળ કરી દઇને પોષણદાતા થઈ પડે છે.[૨૩] આ પૃથ્વી ઉપર બ્રાહ્મણોનું હજાર કિરણોવાળા સૂર્યના જેવુંજ ઉત્તમ તેજ જોવામાં આવે છે;[૨૪] માટે હે યુધિષ્ઠિર ! પોતાને ઉત્તમ જાતિ પ્રાપ્ત થાય એવી જો ઇચ્છા હોય તો પોતે જે વસ્તુનું દાન કરવાની પ્રતિજ્ઞા કરી હોય, તે વસ્તુનું બ્રાહ્મણને દાન આપીજ દેવું;[૨૫] કેમકે બ્રાહ્મણોને દાન આપવાથી અવશ્ય સર્વોત્તમ સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે, કારણ કે દાન એ મોટી ક્રિયા કહેવાય છે. આ મનુષ્યલોકમાં જે કંઇ દાન આપવામાં આવે છે, તેને લીધે દેવતાઓ તથા પિતૃઓ જીવી રહ્યા છે; માટે વિદ્વાન પુરુષે બ્રાહ્મણોને દાન આપવાંજ જોઇએ.[૨૭] હે ભરતશ્રેષ્ઠ! બ્રાહ્મણ એ એક મોટું તીર્થ કહેવાય છે; માટે કોઈ સમયે પણ પૂજાસત્કાર કર્યાવિના બ્રાહ્મણને પાછો જવા દેવો નહિ.[૨૮]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં 'શૃગાલ અને વાનરનો સંવાદ' એ વિષયનો અધ્યાય ૯ મો સમાપ્ત

અધ્યાય ૧૦ મો

કુપાત્રને ઉપદેશ આપ્યાનું પરિણામ

॥ युधिष्ठिर उवाच ॥

मित्रसौहार्दयोगेन उपदेशं करोति यः ।
जात्याऽधरस्य राजर्षे दोषस्तस्य भवेन्न वा ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—"હે રાજર્ષિ! કોઈ એક પુરુષ, હીનજાતિના મનુષ્યને, તેનાપરના મિત્રભાવથી અથવા સ્નેહથી જો ઉપદેશ કરે તો તેને દોષ લાગે કે નહિ ?[૧] એ વિષે હું જાણવા ઈચ્છું છું, માટે હે પિતામહ ! તમે તેનું યથાર્થ નિરૂપણ કરો; કેમકે ધર્મની ગતિ સૂક્ષ્મ છે, જેથી મનુષ્યો તેમાં મોહ પામી જાય છે."[૨]

ભીષ્મે કહ્યું:—"હે રાજન્ ! પૂર્વે, આ વિષયમાંજ કેટલાએક ઋષિઓ વાતચીત કરતા હતા, તે સમયે મેં જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણેજ હું તને અનુક્રમથી કહું છું, તેને તું શ્રવણ કર.[૩] હીનજાતિના કોઈપણ મનુષ્યને ઉપદેશ આપવો નહિ; કેમકે તેવા મનુષ્યને ઉપદેશ આપવાથી ઉપાધ્યાયને (ઉપદેશ આપનારને) મહાન દોષ લાગે છે.[૪] હે યુધિષ્ઠિર રાજા ! પૂર્વે એક હીનજાતિના મનુષ્યને ઉપદેશ આપવાથી એક બ્રાહ્મણને કેવું ફળ મળ્યું હતું, તે હું તને એક દૃષ્ટાંતતરીકે કહું છું, સાંભળ.[૫]

હિમાલયની સમીપમાં આવેલા બ્રહ્માશ્રમપદ નામના એક સ્થાનમાં એ વૃત્તાંત બન્યું છે. તે સ્થળે એક પવિત્ર આશ્રમ હતો, તેમાં અનેક પ્રકારનાં વૃક્ષોની મોટી ઝાડી હતી, જાતજાતના ઘાસના જથ્થાઓ તથા અનેક જાતની લતાઓથી તે વ્યાપ્ત હતો, મૃગો તથા પક્ષીઓ તેનું સેવન કરી રહ્યાં હતાં, સિદ્ધો તથા ચારણો પણ ત્યાં રહેતા હતા, તેનો દેખાવ ઘણો રમણીય હતો, તેનાં ઉદ્યાનો પુષ્પથી ભરપૂર હતાં, અનેક વ્રતધારી તાપસો તેનું સેવન કરતા હતા, મોટા ભાગ્યશાળી અને સૂર્ય તથા અગ્નિસમાન તેજસ્વી બ્રાહ્મણો ત્યાં વસતા હતા, નિયમ તથા વ્રતને ધારણ કરનારા અનેક તપસ્વીઓવડે તે આશ્રમ વ્યાપ્ત હતો, નિયમિત આહાર કરનારા અને કૃતકૃત્ય થયેલા દીક્ષિત બ્રાહ્મણો પણ ત્યાં નિવાસ કરતા હતા, અનેક વાલખિલ્ય મુનિઓ તથા યતિઓ પણ તે આશ્રમનું સેવન કરતા હતા અને હે ભારત! તપ તથા અધ્યયનની ગર્જનાથી તે આશ્રમ ગાજી રહ્યો હતો.

એક સમયે કોઈ દયાળુ શૂદ્ર ઘણાજ ઉત્સાહથી તે આશ્રમમાં આવ્યો; એટલે સર્વ તપસ્વીઓએ તેનો આદરસત્કાર કર્યો.[૧૧] હે ભા-

સ્ત ! દેવસમાન મહાતેજસ્વી મુનિગણોને જૂદીજૂદી અનેક દીક્ષાઓ ધારણ કરી રહેલા જોઈ, તે શૂદ્ર ઘણોજ પ્રસન્ન થયો અને તેને પોતાને પણ તેવું તપ કરવાની મનમાં ઇચ્છા થઇ. પછી હે ભારત! તે શૂદ્રે, કુલપતિના* ચરણમાં પડીને આ પ્રમાણે કહ્યું:–“ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! આપની કૃપાથી મને ધર્મ સંપાદન કરવાની ઇચ્છા થઈ છે;માટે હે ભગવન્! વિધિપૂર્વક મારાં પોતાનાં કર્મોનો ત્યાગ કરાવી તમે મને દીક્ષા આપો. હે ભગવન્ ! હું નીચ વર્ણનો છું; મારી જાતિ શૂદ્રની છે, તોપણ હે સત્પુરુષ ! તમારી સેવા કરવામાટે હું ઇચ્છું છું અને તમારે શરણે આવ્યો છું, માટે મારાપર પ્રસન્ન થાઓ.”[૧૫]

કુલપતિએ કહ્યું:–“ કોઈપણ શૂદ્રજાતિનો પુરુષ,સંન્યાસીનો વેષ ધારણ કરીને અહીં રહી શકે તેમ નથી; છતાં તારો અહીં રહેવાનો વિચાર હોય તો માત્ર સેવા કરવામાં આસક્ત થઈને તું અહીં રહે. સેવા કરવાથી તને ઉત્તમ લોકની પ્રાપ્તિ થશે, એમાં કંઇ સંશય નથી. ”

ભીષ્મે કહ્યું:– મુનિએ એ પ્રમાણે કહ્યું એટલે તે શૂદ્રે મનમાં વિચાર કર્યો કે, “ હવે મારે શું કરવું ? મને તો ધર્મ કરવાનીજ પરમ શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે.”આવો વિચાર કરીને વળી પણ મનમાં તે બોલી ઉઠયો કે, “હા,હું સમજ્યો. (મને વેષ ધારણ કરવાનો પણ અધિકાર નથી તો સેવા કરવારૂપ મારો સ્વધર્મનો ત્યાગ કરીને હું અહીં રહીશ અને) એ પ્રકારે (ત્યાગધર્મનો આશ્રય કરીને)મારા આત્માનું હું પ્રિય કરીશ.” એમ કહીને તે ચાલતો થયો અને આશ્રમથી કેટલેક ફર જઇને તેણે એક પર્ણકુટી બાંધી. તેમાં (પૂજામાટે) એક વેદિકા તૈયાર કરી, (શયનમાટે) ભૂમિ તૈયાર કરી અને જૂદાંજૂદાં દેવસ્થાનકોની પણ સ્થાપના કરી. તે પછી હે ભરતશ્રેષ્ઠ ! તે શૂદ્રે, બરાબર નિયમમાં રહી મુનિવૃત્તિનું આચરણ કરવા માંડયું.[૧૮-૨૦]તેણે ત્રણે વખત સ્નાન કરવા માંડયું; નિયમો પાળવા માંડયા,દેવસ્થાનોમાં બલિદાનો મૂકવા માંડયાં અને હવનહોમ કરીને દેવતાનું પૂજન પણ કરવા માંડયું.[૨૧] તે શૂદ્ર સંકલ્પિત કરેલા નિયમ પ્રમાણે ફળનો આહાર કરવા લાગ્યો અને જિતેન્દ્રિય થઇને, પોતાની પાડોશમાં રહેલી ઔષધિઓવડે તથા ફળોવડે, સમયાનુસાર આવેલા અતિથિઓનું નિત્ય પૂજન કરવા લાગ્યો; એમ કરતાં કરતાં ઘણોજ લાંબો સમય વીતી ગયો.[૨૨,૨૩]

એક સમયે કોઇએક મુનિ, તે શૂદ્રને મળવામાટે તેના આશ્રમમાં આવ્યા.એટલે પેલા શૂદ્રે સ્વાગતવચનપૂર્વક અને વિધિ પ્રમાણે તે ઋષિની પૂજા કરીને તેમને સંતુષ્ટ કર્યા.[૨૪] પછી કેટલીએક અનુકૂળ કથાઓ કરીને તે ઋષિ કે જે મહાતેજસ્વી, ધર્માત્મા અને તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા હતા, તે પોતે જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા;[૨૫] પરંતુ હે ભરતશ્રેષ્ઠ ! તે દિવસથી આરંભી અનેક વખત તે ઋષિ, પેલા શૂદ્રને મળવામાટે તેના આશ્રમમાં આવતા હતા.[૨૬] હવે એક દિવસે પેલા શૂદ્રે તે તપસ્વીને કહ્યું કે:–“ મારે પિતૃકાર્ય કરવાનું છે; તેમાં તમે મારાપર અનુગ્રહ કરો. ”[૨૭] તે સાંભળી હે રાજા ! પેલા બ્રાહ્મણે “ બહુ સારૂં ” એમ કહીને પોતાની સંમતિ આપી; એટલે તુરતજ તે શૂદ્રે બરાબર પવિત્ર થઇને ઋષિને પાદ્ય અર્પણ કર્યું અને પછી દર્ભ, વનની ઔષધિઓ, પવિત્ર આસન તથા બૃસી (દર્ભાસન) વગેરે આણી આપ્યાં.[૨૮,૨૯] તે સમયે એ શૂદ્રે દક્ષિણદિશામાં બિછાવેલી અને પશ્ચિમ તરફ દર્ભના અગ્રભાગવાળી બૃસીને જોઇને“ આ શૂદ્રે આ બૃસી વિધિથી વિરુદ્ધ સ્થાપી છે” એવો મનમાં વિચાર કરી ઋષિએ શૂદ્રને કહ્યું કે:–[૩૦] “ આ બૃસીનો અગ્રભાગ પૂર્વદિશા તરફ રાખ અને તું પવિત્ર થઈને ઉત્તર દિશાતરફ મુખ રાખી બેસ. ” તે સાંભળી પેલા શૂદ્રે, ઋષિએ જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણેજ બધું કર્યું; અને પછી તે બુદ્ધિમાન શૂદ્રે, દર્ભ, અર્ઘ્ય અને હવ્ય તથા કવ્યનો સંપૂર્ણવિધિ, પેલા તપસ્વીએ જે પ્રમાણે બતાવ્યો હતો તે પ્રમાણે કર્યો.[૩૨] એ રીતે ઋષિએ, પિતૃનું કાર્ય

---

* જે આચાર્ય દશહજાર શિષ્યોનો ગુરુ હોય તેને ‘કુલપતિ’ કહે છે.

કરાવ્યું અને તે જ્યારે સમાપ્ત થયું, ત્યારે ધર્મમાર્ગમાં સ્થિર રહેનારા તે શૂદ્રે ઋષિને જવાની સંમતિ આપી; જેથી તે પોતાને સ્થાનકે ગયા.[૩૪]

પછી તે શૂદ્રતાપસ, ઘણા કાળપર્યંત તપશ્ચર્યા કરતાં કરતાં તે વનમાંજ મરણ પામ્યો અને વિધિપૂર્વક પિતૃકાર્ય કર્યાના પુણ્યથી એક મોટા રાજાના વંશમાં મહાતેજસ્વી રાજકુમારતરીકે ઉત્પન્ન થયો; તેમજ હે તાત ! પેલો પિતૃકાર્ય કરાવનાર ઋષિ પણ અમુક સમય પછી મરણ પામ્યો અને (જે નગરમાં પેલો શૂદ્ર રાજકુમારતરીકે ઉત્પન્ન થયો હતો તેજ નગરમાં) એક પુરોહિતના કુળમાં બ્રાહ્મણરૂપે જન્મ પામ્યો. આ રીતે તેઓ બન્ને શૂદ્ર અને મુનિ, એકજ સ્થળે (જૂદી જૂદી જાતિમાં) ઉત્પન્ન થયા.[૩૫,૩૬]

તે પછી તેઓ બન્ને અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા અને સર્વ વિદ્યાઓમાં ઘણા કુશળ થયા. પેલો ઋષિ અથર્વવેદમાં તથા ઋગ્વેદ આદિ ત્રણે વેદોમાં પ્રવીણ થયો અને સૂત્રોક્ત યજ્ઞપ્રયોગમાં તથા જ્યોતિઃશાસ્ત્રમાં પણ પારંગત થયો.[૩૭] વળી તેને સાંખ્યશાસ્ત્ર ઉપર ઘણીજ પ્રીતિ વધવા લાગી. બીજી તરફ પેલા રાજકુમારનો પિતા જ્યારે મરણ પામ્યો; ત્યારે સર્વ પ્રધાનમંડળે દેહશુદ્ધિ–આદિ શૌચ ક્રિયાઓ કરાવીને રાજપુત્રનો રાજ્યાભિષેક કર્યો અને તે રાજપુત્રે પણ પોતે રાજા થયા પછી તુરતજ પેલા ઋષિનો પોતાના પુરોહિતતરીકે અભિષેક કર્યો.[૩૮,૩૯] હે ભરતશ્રેષ્ઠ રાજા ! એ પ્રમાણે તેને પુરોહિત કરીને તે રાજા સુખેથી રહેવા લાગ્યો અને ધર્મપૂર્વક પ્રજાનું પાલન કરીને રાજ્યશાસન ચલાવવા લાગ્યો;[૪૦] પણ તે રાજા નિત્ય પુણ્યાહવાચનના સમયે તથા ધર્મકાર્યના સમયે પેલા પુરોહિતને જોઇને મોટેથી હસી પડતો.[૪૧] હે રાજા ! એ પ્રમાણે અનેક વખત પુરોહિતને જોઇને રાજા હસતો હતો તે જાણીને એક દિવસે પુરોહિતને ઘણોજ ક્રોધ ચઢયો. તેણે રાજાને એકાંતમાં મળીને, પ્રથમ તો કેટલીએક અનુકૂળ કથાઓદ્વારા રાજાને પ્રસન્ન કર્યો અને પછી તેણે રાજાને કહ્યું કેઃ– “ હે મહાતેજસ્વી રાજા ! તમે મને એક વર આપો, એમ હું ઈચ્છું છું. ”[૪૨-૪૫]

રાજાએ કહ્યુંઃ–“હે ઉત્તમ બ્રાહ્મણ ! અત્યંત હર્ષપૂર્વક હું તમને સો વર આપવામાટે તૈયાર છું; તોપછી માત્ર એક વર આપું,એમાં શું આશ્ચર્ય છે ? મને તમારાપર સ્નેહ છે અને તમારા તરફ ઘણુંજ માન છે, તેથી તમને નહિ આપવા જેવું મારી પાસે કંઇ છેજ નહિ.”[૪૬]

પુરોહિતે કહ્યુંઃ–“હે રાજા ! તમે મારાપર પ્રસન્ન હો તો માત્ર એકજ વર માગવાની મને ઈચ્છા છે; અને તે એજ કે, હું તમને પૂછું તેનો તમારે સત્ય ઉત્તર આપવો પણ અસત્ય નહિ, એવી તમારે પ્રતિજ્ઞા કરવી.”[૪૭]

ભીષ્મે કહ્યુંઃ–હે યુધિષ્ઠિર! “તથાસ્તુ” એમ કહીને રાજાએ તેને ઉત્તર આપ્યો કેઃ–“જે વિષયને હું જાણતો હોઈશ,તે વિષયમાં હું સત્યજ કહી શકીશ; પણ જેને નહિ જાણતો હોઉં તેને કહી શકીશ નહિ. ”[૪૮]

પુરોહિતે કહ્યુંઃ–“ નિત્ય પુણ્યાહવાચનના સમયે તથા શાંતિ, હોમ આદિ ધર્મકાર્યોના સમયે મને જોઇને તમે શામાટે હસો છો ? તમને હસતા જોઈ, મારૂં મન ઘણુંજ શરમાઇ જાય છે; માટે હે રાજા ! હું તમને સોગંદ આપીને કહું છું કે, તમારે અસત્ય બોલવું યોગ્ય નથી.[૪૯,૫૦] તમે નિત્ય હાસ્ય કરો છો, તેમાં કોઇ ખાસ કારણ હોવુંજ જોઈએ; કેમકે તમારૂં હાસ્ય કારણવિનાનું હોયજ નહિ, માટે તેમાં જે સત્ય કારણ હોય તે મને કહો. તે જાણવાની મને ઉત્કટ ઇચ્છા છે. ”[૫૧]

રાજાએ કહ્યુંઃ–“ હે વિપ્ર ! તમે મને આ પ્રમાણે કહ્યું,જેથી મારે નહિ કહેવા યોગ્ય હોય તે પણ અવશ્ય કહેવું જોઇએ; માટે હે દ્વિજ ! તમે એકચિત્ત થઇને તે સાંભળો.[૫૨] હે ઉત્તમ બ્રાહ્મણ ! મને આપણા બન્નેના પૂર્વજન્મનું સ્મરણ છે; માટે આપણા પૂર્વજન્મનું વૃત્તાંત હું તમને કહું છું, તે તમે એકાગ્રચિત્તે તેનું શ્રવણ કરો.[૫૩] હે દ્વિજશ્રેષ્ઠ ! પૂર્વજન્મમાં હું એક શૂદ્ર હતો અને મોટી તપશ્ચર્યા કરનારો

એક તાપસ થયો હતો. તે સમયે તમે પણ ઘણુંજ ઉગ્ર તપ કરનારા એક ઋષિ હતા.[૫૪] હે નિર્દોષ બ્રાહ્મણ! તમે મારાપર પ્રસન્ન થઇને મારો અનુગ્રહ કરવાની બુદ્ધિથી મને પિતૃકાર્ય કરવાનો તે વેળા ઉપદેશ આપ્યો હતો;[૫૫] તેમજ હે મહામુનિ! દર્ભના આસનના સંબંધમાં, દર્ભોના સંબંધમાં અને હવ્ય તથા કવ્યના સંબંધમાં પણ મને ઉપદેશ આપીને તમે મારી પાસે પિતૃકર્મ કરાવ્યું હતું. તે કર્મના દોષથી તમે આ જન્મમાં પુરોહિત થયા છો અને હે વિપ્રેન્દ્ર! હું રાજા થયો છું. કાળની ગતિનો આ કેવો વિપર્યાસ છે, તે તમે જુઓ! તમે મને ઉપદેશ આપ્યો, તેનું તમે આ ફળ મેળવ્યું! હે બ્રહ્મન્! આ કારણથીજ હું તમને હસું છું. તમારૂં અપમાન કરવાની ઇચ્છાથી હું તમને હસતો નથી; કેમકે હે બ્રહ્મન્! તમે મારા ગુરુ છો.[૫૮] હું પૂર્વજન્મમાં એક શૂદ્ર હતો, છતાં આ સમયે જાતિના સ્મરણવાળો એક રાજા થયો છું; અને તમે એક મુનિ હતા, છતાં એક પુરોહિત થયા છો. આવું વૈપરીત્ય જોઇને મને તો ઉલટો શોક થાય છે અને તેને લીધે મારૂં મન સંતપ્ત રહે છે, તોપણ મને પૂર્વજન્મનું સ્મરણ થઇ આવે છે; તેથી તમને જોઇને હું હસું છું.[૫૯] ખરેખર, તમારૂં ઉગ્ર તપ મને ઉપદેશ કરવાથીજ આ પ્રમાણે નાશ પામ્યું છે; માટે હજી પણ તમે પુરોહિતપદનો ત્યાગ કરીને પુનર્જન્મને માટે પ્રયત્ન કરો.[૬૦] હે દ્વિજ! તમે આ પુરોહિતના કરતાં પણ બીજી અધમ યોનિમાં હવે ન જાઓ, તે માટે આ દ્રવ્ય ગ્રહણ કરો અને હે સત્તમ! પુણ્યકર્મ કરીને તમારા આત્માને પવિત્ર કરો."[૬૧]

ભીષ્મે કહ્યું:-એમ કહીને તે બ્રાહ્મણને રાજાએ રજા આપી; એટલે તે બ્રાહ્મણે પણ અનેક પ્રકારનાં દાનો આપવા માંડયાં. પોતાનું ધન, પૃથ્વી, ગામડાં-વગેરે સર્વ બ્રાહ્મણોને આપી દીધું, બ્રાહ્મણોના કહેવા પ્રમાણે કૃચ્છ્ર-ચાંદ્રાયણ આદિ વ્રતો કર્યાં, તીર્થોમાં જઇને વિવિધ પ્રકારનાં દાન આપ્યાં, બ્રાહ્મણોને ગાયોનાં દાન આપ્યાં; અને છેવટે તે પવિત્ર ચરિત્રવાળો બ્રાહ્મણ, જિતેન્દ્રિય થઇને પુનઃ તેજ આશ્રમમાં ગયો અને ત્યાં મહાન તપ કરવા લાગ્યો.[૬૪]

હે મહારાજા! તે પછી એ બ્રાહ્મણ પરમ સિદ્ધિને પામ્યો હતો અને આશ્રમમાં વસનારા સર્વ મુનિઓમાં માન્ય થઇ પડયો હતો.[૬૫] હે ઉત્તમ રાજા! એ પ્રમાણે તે ઋષિ હતો, છતાં શૂદ્રને ઉપદેશ કરવાથી મહાન કષ્ટને પામ્યો હતો; માટે બ્રાહ્મણે નીચવર્ણના મનુષ્યોને તેવા પ્રકારનો ઉપદેશ આપવોજ નહિ.[૬૬] હે રાજન્! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-એ ત્રણ વર્ણો "દ્વિજાતિ" કહેવાય છે; માટે તેઓને ઉપદેશ આપવાથી બ્રાહ્મણને દોષ લાગતો નથી.[૬૭] આવા હેતુથીજ સત્પુરુષોએ, કોઇની પાસે કંઈપણ (ઉપદેશસંબંધી) બોલવું નહિ; કેમકે ધર્મની ગતિ સૂક્ષ્મ છે અને અકુશળાત્મા પુરુષો, મહાપ્રયત્નથીજ તેને જાણી શકે છે;[૬૮] માટેજ મુનિઓ મૌનવ્રત ધારણ કરીને દીક્ષા ગ્રહણ કરે છે અને કોઇના તરફથી આદરસત્કાર પામે છે તોપણ "કંઇ દુષ્ટ વચન બોલાઇ જશે" એવા ભયથી કંઇ બોલતા નથી;[૬૯] કેમકે ગુણસંપન્ન અને સત્ય તથા સરળતાથી યુક્ત એવા ધાર્મિક પુરુષો પણ દુષ્ટ વાણી બોલવાથી પાપના ભોક્તા થાય છે,[૭૦] માટે જેવા તેવા કોઇપણ પુરુષને કદી ઉપદેશ આપવો નહિ; કારણ કે તેવા પુરુષને ઉપદેશ આપવાથી પેલા બ્રાહ્મણને જે પાપ લાગ્યું હતું; તેજ પાપ ઉપદેશ આપનારને લાગે છે;[૭૧] માટે ધર્મની ઇચ્છા રાખનારા બુદ્ધિમાન પુરુષે, બરાબર વિચાર કર્યા પછીજ ઉપદેશ આપવો. તેમાં પણ ધનના લોભથી જો ઉપદેશ આપવામાં આવે છે તો ઉપદેશ કરનારનો નાશજ થાય છે.[૭૨] જે સમયે કોઇ પ્રશ્ન પૂછે તે સમયે પ્રથમ બરાબર નિશ્ચય કરવો અને પછી જો યોગ્ય લાગે તો એવા પ્રકારનો ઉપદેશ આપવો, કે જેથી પોતાને પણ ધર્મનોજ લાભ થાય;[૭૩] પરંતુ જે તે પ્રકારે અને જેવા તેવા પુરુષને જો ઉપદેશ આપવામાં આવે છે તો ઉપદેશ આપનારને મહાન કલેશ ભોગવવો પડે છે, માટે (જેને અધિકાર ન હોય તેને) કદી ઉપદેશ આપવોજ નહિ. એ પ્રમાણે ઉપદેશ આ

પવાના સંબંધમાં મેં તને સર્વ વાત કહી.[૭૪]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "શૂદ્ર અને મુનિનો સંવાદ"એ વિષયનો અધ્યાય ૧૦ મો સમાપ્ત

અધ્યાય ૧૧ મો

લક્ષ્મીનો વાસ

॥ युधिष्ठिर उवाच ॥

कीदृशे पुरुषे तात स्त्रीषु वा भरतर्षभ ।
श्रीः पद्मा वसते नित्यं तन्मे ब्रूहि पितामह ॥

યુધિષ્ઠિરે કહ્યું:–" હે ભરતશ્રેષ્ઠ પિતામહ! હે તાત! કેવા પુરુષમાં અથવા કેવી સ્ત્રીમાં શ્રીલક્ષ્મીદેવી નિત્ય નિવાસ કરે છે? તે મને કહો."

ભીષ્મે કહ્યું:–આ વિષયમાં પણ હું તને એક વૃત્તાંત કહું છું, જે મારા સાંભળવામાં આવ્યું છે. દેવકીના પુત્ર શ્રીકૃષ્ણની સમક્ષજ રુક્મિણીએ, (લક્ષ્મીદેવીને પોતાને) આ વિષયનો પ્રશ્ન પૂછયો હતો.[૨] એક સમયે નારાયણના ખોળામાં બેઠેલી અને કમળસમાન વર્ણવાળી તેજસ્વી લક્ષ્મીદેવીનાં દર્શન કરીને જેનાં સુંદર નેત્રો આશ્ચર્યથી પ્રફુલ્લ થઈ ગયાં હતાં, તે પ્રદ્યુમ્નની માતાએ (રુક્મિણીએ લક્ષ્મીદેવીનેજ) પ્રશ્ન કર્યો કે:–" હે ત્રણ લોકના ઈશ્વરની પત્નિ! હે મોટા ઋષિસમાન દેવિ! આ જગતમાં તું કયા પ્રાણીઓનું સેવન કરે છે? કોનો આશ્રય કરીને રહે છે અને કોને ભજે છે? તે મને યથાર્થરીતે કહે."[૪]

દેવી રૂક્મિણીએ શ્રીકૃષ્ણની સમક્ષ એ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે ચંદ્રમુખી લક્ષ્મીદેવી, તેનાપર પ્રસન્ન થઇને આવું મધુર અને મનોહર વાક્ય બોલી:–" જે પુરુષ ઉત્તમ ભાગ્યશાળી હોય, વાચાળ હોય, આળસવિનાનો હોય, કર્મ કરવામાં નિત્ય તત્પર રહેતો હોય, ક્રોધરહિત હોય, દેવોનું આરાધન કરનારો હોય, કૃતજ્ઞ હોય, ઇંદ્રિયોને જીતનારો હોય અને મોટો સત્વશાળી હોય તેને વિષે હું નિત્ય નિવાસ કરૂં છું;[૬] પરંતુ જે પુરુષ કર્મશીલ ન હોય, નાસ્તિક હોય, વર્ણસંકર હોય, કૃતઘ્ની હોય, દુરાચારી હોય, ઘાતકી હોય, ચોરી કરનારો હોય અને પોતાના વડીલ વર્ગની ઇર્ષ્યા કરનારો હોય તે પુરુષમાં હું નિવાસ કરતી નથી;[૭] તેમજ જેઓનું તેજ, બળ, સત્વ તથા માન અલ્પ હોય, જેઓ જ્યાં ત્યાં કલેશ અને ક્રોધ કર્યા કરતા હોય અને જેઓ ઉપર ઉપરથી જૂદું દેખાડીને પોતાના મનોરથોને ગુપ્ત રાખનારા હોય તેવા પુરુષોવિષે હું કદી નિવાસ કરતી નથી.[૮] વળી તેજ પ્રમાણે જે પુરુષ પોતાની જાતમાટે પણ કોઇ વસ્તુની અભિલાષા રાખતો નથી, જેનું ચિત્ત પોતાની સ્વાભાવિક મૂર્ખતાથીજ ઘેરાયલું હોય છે અને જેઓ અલ્પ વસ્તુનીજ પ્રાપ્તિથી સંતોષપરાયણ રહે છે, તેવા પુરુષોવિષે હું સારી રીતે નિવાસ કરતી નથી; પણ જે પુરુષો સ્વધર્મનું પાલન કરે છે, ધર્મના સ્વરૂપને જાણે છે, વૃદ્ધોની સેવા કરવામાં તત્પર રહે છે, દમ ગુણને ધારણ કરે છે, મનને સંયમમાં રાખે છે, ક્ષમાગુણથી યુક્ત હોય છે અને શક્તિમાન હોય છે, તેવા પુરુષોવિષે હું નિત્ય નિવાસ કરૂં છું; અને જે સ્ત્રીઓ ક્ષમાશીલ હોય છે, દમગુણનિષ્ઠ હોય છે, સત્ય બોલવાના સ્વભાવવાળી હોય છે, સરળતાથી યુક્ત હોય છે અને દેવો તથા બ્રાહ્મણોનું પૂજન કરનારી હોય છે, તેવી સ્ત્રીઓવિષે હું નિવાસ કરૂં છું;પરંતુ જે સ્ત્રી ઘરમાં વ્યવસ્થા રાખતી ન હોય, ગૃહકાર્યમાં બેદરકાર રહેતી હોય, પોતાના પતિથી વિરુદ્ધ બોલે છે, પારકે ઘેરજ ગપ્પાં મારતી બેસી રહે છે અને નિર્લજ્જ હોય છે, તેવી સ્ત્રીનો હું પરિત્યાગજ કરૂં છું; તેમજ નિર્દય, અપવિત્ર, ગાલનાં બન્ને ગલોફાંને ચાટનારી, ધૈર્યવિનાની, કલહ ઉપર પ્રીતિ રાખનારી, નિદ્રાથી ઘેરાયેલી અને રાત્રિદિવસ સૂઈ રહેનારી સ્ત્રીનો હું ત્યાગ કરૂં છું; પણ જે સ્ત્રીઓ નિત્ય સત્ય ભાષણ બોલે છે, પ્રિય દેખાવની હોય છે, સૌભાગ્યસંપન્ન હોય છે, ઉત્તમ ગુણોથી યુક્ત હોય છે, પાતિવ્રત્યને પાળનારી હોય છે, કલ્યાણકારક શીલવાળી હોય છે અને ઉત્તમ ચારિત્ર્યથી સુશોભિત હોય છે, તે સ્ત્રીઓવિષે હું વસુ છું;તેમજ સર્વ પ્રકારનાં વાહનોમાં, કન્યાઓમાં, અલંકારોમાં, યજ્ઞોમાં, વૃષ્ટિવાળા મે-

ઘમંડળમાં,ખીલી નીકળેલી કમલિનીઓમાં,શરદૃઋતુની નક્ષત્રપંક્તિમાં, હાથીઓમાં,ગાયોના વાડાઓમાં, આસનોમાં તથા પ્રફુલ્લિત કમળોવાળાં સરોવરોમાં હું વસું છું.[૧૧-૧૫] વળી જે નદીઓ હંસોના શબ્દોથી ગાજી રહી હોય, ચક્રવાક પક્ષીના ગંભીર ધ્વનિઓથી શોભી રહી હોય, જેના કાંઠાઓ છુટી છુટી વૃક્ષરાજિથી વિરાજી રહ્યા હોય, તપસ્વીઓ, સિદ્ધો અને બ્રાહ્મણો જેને સેવી રહ્યા હોય, જેમાં નિત્ય પુષ્કળ જળ ભર્યું રહેતું હોય અને સિંહો તથા હાથીઓ જેના જળમાં ક્રીડા કરી રહ્યા હોય, તેવી નદીઓમાં હું વસુ છું. વળી મદોન્મત્ત હાથીમાં, ગાયમાં, બળદમાં, રાજામાં, સિંહાસનમાં તથા સત્પુરુષોમાં મારો નિત્ય નિવાસ હોય છે. વળી જે ગૃહમાં મનુષ્ય અગ્નિમાં હોમ કરે છે, ગાયો, બ્રાહ્મણો તથા દેવતાઓનું પૂજન કરે છે અને યોગ્ય સમયે પુષ્પોની સાથે બલિદાનો અપાય છે, તે ગૃહમાં હું નિત્ય નિવાસ કરૂં છું; તેમજ નિત્ય સ્વાધ્યાય કરનારા બ્રાહ્મણોમાં, ધર્મ ઉપર આસક્તિ રાખનારા ક્ષત્રિયોમાં,ખેતીવાડી ઉપર પ્રીતિ રાખનારા વૈશ્યોમાં તથા સેવાધર્મમાં નિત્ય પરાયણ રહેનારા શૂદ્રોમાં હું વસું છું;[૧૯] પરંતુ નારાયણમાં તો હું એકચિત્તથી નિવાસ કરૂં છું અને પ્રત્યક્ષ સ્વરૂપ ધારણ કરીને મારા સંપૂર્ણભાવથી તેમનું સેવન કરૂં છું; કેમકે સર્વ મહાન ધર્મ તેમના એકલામાંજ રહેલો છે અને બ્રાહ્મણભક્તિ તથા અતિથિ ઉપરની પ્રીતિ પણ તેમનામાંજ અધિક છે.[૨૦] હે દેવિ રુકિમણિ! ભગવાન નારાયણવિના બીજે કોઈ સ્થળે પ્રત્યક્ષ શરીર ધારણ કરીને હું નિવાસ કરતી નથી અને તેથીજ હું તેમ કહેવાને માટે શક્તિમાન પણ નથી, કે બીજે સ્થળે હું શરીર ધારણ કરીને રહું છું; પણ જે પુરુષ વિષે હું મારા ભાવથી નિવાસ કરૂં છું, તે પુરુષના ધર્મની, યશની, ધનની તથા કામની પ્રતિદિન વૃદ્ધિજ થાય છે."[૨૧]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "લક્ષ્મી તથા રુકિમણિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૧ મો સમાપ્ત

અધ્યાય ૧૨ મો

રાજર્ષિ ભંગાસ્વનનું આખ્યાન

॥ युधिष्ठिर उवाच ॥

स्त्रीपुंसयोः संप्रयोगे स्पर्शःकस्याधिको भवेत्।
एतस्मिन् संशये राजन् यथावद् वक्तुमर्हसि॥

યુધિષ્ઠિરે પૂછયું:-"હે રાજન્! સ્ત્રી અને પુરુષનો જ્યારે સંયોગ થાય છે, ત્યારે તે બન્નેમાંથી અધિક વિષયસુખ કોને મળે છે? આ વિષયનો મને સંશય થયો છે; માટે તેનાસંબંધમાં જેવું હોય તેવું મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:-આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે; જેમાં ઇંદ્રને ભંગાસ્વન નામના રાજાસાથે વૈર થયું હતું, તેનો વૃત્તાંત કહેલો છે.[૨] હે પુરુષવ્યાઘ્ર! પૂર્વે ભંગાસ્વન નામનો મોટો ધાર્મિક રાજા થઇ ગયો છે. તેને એકે પુત્ર ન હતો, તેથી તેણે પુત્રને માટે એક યજ્ઞ કર્યો.[૩] મહાબળવાન રાજર્ષિ ભંગાસ્વને, "અગ્નિષ્ટુત" નામનો જે યજ્ઞ આરંભ્યો હતો, તે ઇંદ્રનો દ્વેષપાત્ર ગણાય છે; (કેમકે તેમાં ઇંદ્રનું પ્રાધાન્ય હોતું નથી, પણ અગ્નિનું હોય છે;) અને મનુષ્યોને જ્યારે પ્રાયશ્ચિત્ત કરવું હોય અથવા પુત્ર મેળવવાની કામના હોય, ત્યારેજ તેનો આરંભ કરવામાં આવે છે.[૪] દેવોના ઈશ્વર મહાભાગ ઇંદ્રે એ વાત જાણી કે, રાજર્ષિ ભંગાસ્વને અગ્નિષ્ટુત યજ્ઞનો આરંભ કર્યો છે. તે ઉપરથી (તેનાપર ક્રોધાયમાન થઇને) તેણે, નિત્ય સાવધાન રહેનારા રાજર્ષિ ભંગાસ્વનનાં છિદ્રો જોવા માંડયાં;[૫] પરંતુ હે રાજન્! મહાત્મા ભંગાસ્વનનું એક પણ છિદ્ર ઇંદ્રના જોવામાં આવ્યું નહિ. તે પછી એક સમયે તે રાજા મૃગયા કરવામાટે નીકળી પડયો;[૬] ત્યારે "આ સમય ઠીક મળ્યો છે" આવો વિચાર કરીને ઇંદ્રે રાજાને મોહિત કરીનાખ્યો;જેથી તે રાજર્ષિ પોતે એકલોજ ઘોડાપર બેસીને ચોબાજુ ભમવા લાગ્યો. તેને કોઇ દિશાનું ભાન રહ્યું નહિ, ક્ષુધા અને તૃષાથી તે વિહ્વળ થઈ ગયો અને હે રાજન્! થાક તથા તૃષાથી વ્યાકુળ બની જઇને

તે રાજા આમતેમ ભટકવા લાગ્યો.[૭,૮] તેવામાં હે તાત! ઉત્તમ જળથી ભરેલું એક સુંદર સરોવર તેના જોવામાં આવ્યું; એટલે તે સરોવરમાં ઉતરીને પ્રથમ પોતાના ઘોડાને તેણે પાણી પાયું;અને પછી એક વૃક્ષની સાથે ઘોડાને બાંધીને તે ઉત્તમ રાજા સરોવરમાં ઉતરીને જેવો નહાયો કે તુરતજ સ્ત્રીરૂપ થઇ ગયો.[૯,૧૦]

એ રીતે પોતાને સ્ત્રીરૂપ થયેલો જોઈ તે શ્રેષ્ઠ રાજા શરમાઇ ગયો, તેનું ચિત્ત ચિંતાથી ઘેરાઇ ગયું અને તેની ઇંદ્રિયો પણ આકુળ-વ્યાકુળ બની ગઇ.[૧૧] તેને મનમાં વિચાર થવા લાગ્યો કે, “હું આવા સ્ત્રીસ્વરૂપે મારા ઘોડાપર કેવી રીતે ચઢી શકીશ અને નગરમાં કેવી રીતે જઇ શકીશ? મેં અગ્નિષ્ટુત નામનો યજ્ઞ કરીને સો ઔરસ પુત્રો ઉત્પન્ન કર્યા છે.[૧૨] તેઓ પણ મહાબળવાન થયા છે, તેઓને હું શું કહીશ? વળી મારી સ્ત્રીઓને, મારા નગરવાસી મનુષ્યોને તથા મારા દેશની પ્રજાને હું શો ઉત્તર આપીશ?[૧૩] ધર્મના તાત્ત્વિક અર્થને જોનારા ઋષિઓ કહે છે કે,કોમળપણું,નાજુકપણું અને કાયરપણું એ સ્ત્રીઓના ગુણ છે;[૧૪] અને કામ કરવામાં કઠોરપણું તથા વીર્ય એ પુરુષના ગુણો છે. મારામાંથી પુરુષના ગુણો નાશ પામ્યા છે અને સ્ત્રીના ગુણો પ્રાપ્ત થયા છે; તેનું કારણ શું હશે?[૧૫] મારામાં સ્ત્રીભાવ દાખલ થયો છે,તેથી આ ઘોડા ઉપર સ્વાર થવાનો હું કેવી રીતે ઉત્સાહ કરીશ?”

એ પ્રમાણે વિચાર કરીને સ્ત્રીરૂપ થયેલો તે રાજા મોટા પ્રયત્નથી ઘોડાપર સ્વાર થયો; અને પોતાના નગરમાં જઇ પહોંચ્યો. તે સમયે હે તાત! તેના પુત્રો, સ્ત્રીઓ, સેવકો, નગરવાસીઓ અને દેશનાં મનુષ્યો રાજાને સ્ત્રીરૂપ થયેલો જાણી “આ શું? આમ થવાનું કારણ શું?” એમ બોલતા બોલતા પરમ વિસ્મય પામ્યા. પછી વક્તાઓમાં શ્રેષ્ઠ અને સ્ત્રીરૂપ થયેલા તે રાજર્ષિએ સર્વને કહ્યું કેઃ—“સર્વ સૈન્યોને સાથે લઇ હું મૃગયા કરવામાટે નીકળ્યો હતો; પરંતુ દૈવની પ્રેરણાથી મારૂં ચિત્ત ભમી ગયું અને એક ઘોર જંગલમાં હું દાખલ થયો. મહાભયંકર એવા તે જંગલમાં તૃષાને લીધે હું વિહ્વળ થઇ ગયો અને મારી શક્તિ પણ લગભગ નષ્ટ થઈ ગઈ; તેવામાં પક્ષીગણોથી વિંટાયેલું એક સુંદર સરોવર મેં જોયું.[૨૦] તે સરોવરમાં મેં સ્નાન કર્યું કે તુરતજ દૈવયોગે હું સ્ત્રી થઇ ગયો.” આમ કહીને તેણે પોતાની સ્ત્રીઓનાં તથા મંત્રીઓનાં નામગોત્રો સર્વને કહી સંભળાવ્યાં. (જે ઉપરથી સર્વને નિશ્ચય થયો કે, આ આપણો રાજાજ છે.)[૨૧] તે પછી સ્ત્રીરૂપ થયેલા તે ઉત્તમ રાજાએ, પોતાના સોયે પુત્રોને કહ્યું કે,“હે પુત્રો! પરસ્પર પ્રીતિ રાખીને તમે આ રાજ્યને ભોગવો. હું તો હવે વનમાંજ જઇશ.”

પોતાના સોયે પુત્રોને એ પ્રમાણે કહીને તે રાજા વનમાંજ ચાલ્યો ગયો; અને ત્યાં એક આશ્રમમાં જઇને કોઈ એક તાપસનો (પોતાના પતિતરીકે) તેણે સ્વીકાર કર્યો.[૨૩] તે આશ્રમમાં એ તાપસસાથે રહેવાથી તેને સો પુત્રો ઉત્પન્ન થયા; એટલે તે સર્વ પુત્રોને લઇને પોતાના પ્રથમના પુત્રો પાસે તે ગયો અને તેઓને કહેવા લાગ્યો કેઃ—“પૂર્વે જ્યારે હું પુરુષ હતો, ત્યારે તમે મારા પુત્ર થયા હતા; અને આ સમયે હું સ્ત્રી છું, ત્યારે આ સો પુત્રો મને ઉત્પન્ન થયા છે; માટે તમે બધા ભ્રાતૃભાવથી એકત્ર થઇને રાજ્યને ભોગવો.”[૨૪,૨૫]

પોતાના સ્ત્રીરૂપ પિતાએ એ પ્રમાણે કહ્યું, એટલે તેઓ સર્વે ભાઇઓ એકત્ર મળીને રાજ્ય ભોગવવા લાગ્યા. આ રીતે ભ્રાતૃભાવથી એકત્ર રહીને તેઓ ઉત્તમ રાજ્ય ભોગવતા હતા, તે જોઈ ઈન્દ્ર વધારે ક્રોધાયમાન થયો. તેણે મનમાં વિચાર કર્યો કે, “રાજર્ષિ ભંગાસ્વનને સ્ત્રીરૂપ બનાવીને ઉલટો તેનાપર મેં ઉપકાર કર્યો છે, પણ અપકાર કર્યો નથી. (કેમકે તે જ્યારે પુરુષ હતો ત્યારે તેને સો પુત્રો હતા અને હમણાં જ્યારે સ્ત્રી થયો ત્યારે તેને બસો પુત્રો થયા.)” આવો મનમાં વિચાર કરી દેવરાજ ઇંદ્રે બ્રાહ્મણનું રૂપ લીધું અને તેના નગરમાં જઈને, આમ કહીને, તે સર્વ રાજપુત્રોમાં અંદર અંદર ભેદ પડાવ્યો કે, “જેઓ એકજ પિતાના પુત્ર હોય છે તેઓમાં પણ માંહોમાંહે

ભ્રાતૃભાવ રહી શકતો નથી. દાખલાતરીકે દેવો અને અસુરો, કશ્યપ એકલાનાજ પુત્રો હતા છતાં રાજ્યને માટે તેઓમાં વાદવિવાદ ઉભો થયો હતો, તો પછી તમારામાં તો કેટલાએક ભંગાસ્વનના પુત્રો છે અને કેટલાએક તાપસના પુત્રો છે. દેવો અને અસુરો કશ્યપ એકલાનાજ પુત્ર હતા; (છતાં તેઓ રાજ્યમાટે લડયા હતા) તો પછી જે રાજ્ય તમારા પિતા ભંગાસ્વનનું છે, તેને આ તાપસના પુત્રો કયા કારણથી ભોગવી શકે ? " આ રીતે ઇંદ્રે તેઓમાં ભેદ પડાવ્યો, એટલે યુદ્ધ કરીને તેઓએ અન્યોન્યનો નાશ કરી નાખ્યો.[૨૬-૩૧] તે સાંભળી પેલી તાપસી પુત્રોના શોકથી સંતપ્ત થઇને ઉચ્ચ સ્વરે રડવા લાગી; ત્યારે બ્રાહ્મણના સ્વરૂપમાં આવીને ઇંદ્રે તેને પૂછ્યું કેઃ-[૩૨] "હે સુંદર મુખવાળી સ્ત્રિ! કયા દુઃખથી સંતાપ પામીને તું રુદન કરે છે ? " એ પ્રમાણે પ્રશ્ન કરનારા તે બ્રાહ્મણને જોઇને તાપસીએ દીન સ્વરે ઉત્તર આપ્યો કેઃ- "હે બ્રહ્મન્ ! મારા બસો પુત્રોનો કાળે નાશ કરી નાખ્યો છે. હે વિપ્ર ! પ્રથમ હું એક રાજા હતો. તે સમયે મારાસમાન રૂપવાળા સો પુત્રો મારે ત્યાં ઉત્પન્ન થયા હતા. એક સમયે હું મૃગયા કરવા નીકળ્યો હતો; ત્યારે દૈવયોગે મારૂં ચિત્ત બેભાન જેવું થઈ ગયું, જેથી એક ગહન વનમાં હું જઇ ચઢયો. ત્યાં એક સરોવરમાં મેં જેવું સ્નાન કર્યું કે તુરતજ હું સ્ત્રી થઇ ગયો. પછી હે ઉત્તમ બ્રાહ્મણ ! મારા પુત્રોને રાજ્યાસન ઉપર સ્થાપીને હું અહીં વનમાં આવ્યો અને એક મહાત્મા તાપસસાથે (તેની સ્ત્રીતરીકે) રહીને મેં આ આશ્રમમાં બીજા સો પુત્રોને જન્મ આપ્યો; એટલે હે બ્રહ્મન્ ! તે પુત્રોને પણ હું મારા નગરમાં લઇ ગઇ, પરંતુ કાળયોગે તેઓમાં અંદર અંદર વૈર ઉત્પન્ન થયું અને તેઓનો નાશ થયો. હે બ્રહ્મન્ ! એ પ્રમાણે દૈવે મને દુઃખસમુદ્રમાં ડૂબાવી દીધી છે, તેને માટે હું શોક કરૂં છું."[૩૪-૩૮]

ઇંદ્ર તેને દુઃખી થયેલી જોઈને આવું કઠોર વચન બોલ્યોઃ-" હે ભદ્રે ! પૂર્વે પુરુષ અવસ્થામાં તેં મને અતિ દુઃસહ દુઃખ આપ્યું છે. ઇંદ્રનો દ્વેષપાત્ર ગણાતો અગ્નિષ્ટુત નામનો યજ્ઞ કરીને યજ્ઞના અધિષ્ઠાતા દેવ-મને તેં બોલાવ્યો ન હતો, માટે ઓ દુર્બુદ્ધિ ! તેં કરેલા વૈરના બદલામાં મેં તારાપર દુઃખ પાડ્યું છે. હું પોતેજ ઇંદ્ર છું."[૩૯,૪૦]

ઇંદ્રને જોઇને રાજર્ષિ ભંગાસ્વને તેના બન્ને ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું અને કહ્યું કેઃ-" હે દેવરાજા ! તમે મારાપર પ્રસન્ન થાઓ. માત્ર પુત્ર મેળવવાની ઇચ્છાથી મેં અગ્નિષ્ટુત યજ્ઞ કર્યો હતો; માટે હે ઉત્તમ દેવ ! તેમાં મને ક્ષમા આપવી યોગ્ય છે. " તેનાં એ નમ્ર વચન સાંભળીને ઇંદ્ર તેનાપર પ્રસન્ન થયો. તેણે તેને વર આપ્યો અને કહ્યું કેઃ-" હે રાજન્ ! તારા કયા પુત્રો જીવતા થાય ? તે મને કહે. તારી સ્ત્રીઅવસ્થામાં ઉત્પન્ન થયેલા પુત્રો જીવતા થાય કે તારી પુરુષઅવસ્થામાં ઉત્પન્ન થયેલા પુત્રો જીવતા થાય ?"[૪૧-૪૩] તે સાંભળી બે હાથ જોડીને તાપસીએ ઇંદ્રને કહ્યું:-" હે વાસવ ! મારી સ્ત્રીઅવસ્થાના પુત્રોજ ભલે જીવતા થાય." તાપસીએ એ પ્રમાણે કહ્યું, એટલે ઇંદ્ર તો આશ્ચર્યજ પામી ગયો. તેણે એ સ્ત્રી સામે જોઇને પૂછ્યું કે, " પુરુષઅવસ્થામાં ઉત્પન્ન કરેલા તારા પુત્રોપર તને દ્વેષ કેમ આવે છે ? અને સ્ત્રીઅવસ્થામાં ઉત્પન્ન થયેલા પુત્રોપર તને અધિક સ્નેહ કેમ થયો છે ? તેનું કારણ સાંભળવાની મને ઇચ્છા થઈ છે; માટે તે તારે મને કહેવું જોઇએ."[૪૪-૪૬]

સ્ત્રીએ કહ્યું:-" પુત્રોપર સ્ત્રીનો સ્નેહજ અધિક હોય છે, પુરુષનો સ્નેહ અધિક હોતો નથી; (તે કારણથીજ પુરુષઅવસ્થાના પુત્રોપર મને જે સ્નેહ હતો તેના કરતાં સ્ત્રી અવસ્થાના પુત્રોપર મને અધિક સ્નેહ છે.) માટે હે શક્ર ! મારા સ્ત્રીઅવસ્થાના પુત્રોજ ભલે જીવતા થાય."[૪૭]

ભીષ્મે કહ્યું:-તાપસીના એ વચન ઉપરથી ઇંદ્ર તેનાપર વધારે પ્રસન્ન થયો. તેણે તેને કહ્યું કેઃ-" હે સત્યવાદિનિ ! તારા સર્વ પુત્રો ભલે જીવતા થાઓ, એવો હું વર આપું છું. વળી હે રાજેન્દ્ર ! તું ઉત્તમ વ્રતને ધારણ કરનારો છે, માટે તારી ઇચ્છામાં આવે તે બીજો

વર પણ તું માગી લે. બોલ, તારે પુરુષ થવાની ઇચ્છા છે કે સ્ત્રી રહેવાની?"[૪૮,૪૯]

સ્ત્રીએ કહ્યું:–"હે ઇંદ્ર! હું તમારી પાસે માગી લઉં છું કે, મારે સ્ત્રી રહેવાનીજ ઇચ્છા છે; પણ પુરુષ થવાની ઈચ્છા નથી." સ્ત્રીએ એ પ્રમાણે કહ્યું એટલે ઇંદ્રે તેને પૂછ્યું:–[૫૦] "હે સમર્થ રાજા! પુરુષપણાનો ત્યાગ કરીને તું સ્ત્રીપણું કેમ માગે છે?" તે સાંભળી સ્ત્રીરૂપ થયેલા રાજાએ કહ્યું કે:–"સ્ત્રીને પુરુષનો જ્યારે સંયોગ થાય છે, ત્યારે અધિક પ્રીતિ થાય છે; (અર્થાત્ સ્ત્રીને પુરુષના કરતાં વિશેષ વિષયસુખ મળે છે.) માટે હે શક્ર! હું સ્ત્રીપણાનેજ માગું છું.[૫૧,૫૨] વળી હે ઉત્તમ દેવ! એ વાત સત્યજ છે કે, સ્ત્રીપણામાંજ વિષયાનંદ અધિક મળે છે; માટે હું સ્ત્રીભાવથીજ સંતુષ્ટ રહું છું. હે દેવરાજા! હવે આપ ખુશીથી પધારો." પછી 'તથાસ્તુ' એમ કહીને ઇંદ્ર સ્વર્ગમાં ચાલ્યો ગયો. આ રીતે હે મહારાજા! સ્ત્રીનેજ વિષયસુખ અધિક મળે છે.[૫૩,૫૪]

ઇતિશ્રી મહા૦ અનુ૦ દાનધર્મમાં "ભંગાસ્વન ઉપાખ્યાન"એ વિષયનો અધ્યાય ૧૨મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો

મનુષ્યનું કર્તવ્ય

॥ युधिष्ठिर उवाच ॥

किं कर्तव्यं मनुष्येण लोकयात्राहितार्थिना ।
कथं वै लोकयात्रां तु किं शीलश्च समाचरेत् ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! લોકવ્યવહારનું પાલન કરીને પારલૌકિક શ્રેય પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યે કયું કર્મ અવશ્ય કરવું જોઈએ? તથા બન્ને લોકનાં શ્રેયઃસાધનો સંપાદન કરવામાટે કયા સદ્વર્તનનું મનુષ્યે આચરણ કરવું? તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:– પ્રત્યેક મનુષ્યે ત્રણ પ્રકારનું શારીરિક કર્મ, ચાર પ્રકારનું વાચિક કર્મ અને ત્રણ પ્રકારનું માનસિક કર્મ–એમ દશ પ્રકારનાં કર્મોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.[૨] હિંસા, ચોરી અને વ્યભિચાર–આ ત્રણ પાપ, શારીરિક પાપ છે; માટે તેનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.[૩] અસત્ય ભાષણ, કઠોર વાણી, બીજાને દુઃખ થાય તેવાં વચનો અને ચાડીચુગલી–આ ચાર વાચિક પાપો છે; માટે હે રાજેન્દ્ર! તેનો ત્યાગ કરવો અને તેનું ચિંતન પણ ન કરવું.[૪] તેમજ પારકું દ્રવ્ય હરણ કરવાનો વિચાર કરવો, બીજાનું અનિષ્ટ કરવાનો સંકલ્પ કરવો અને વેદવચનો ઉપર અશ્રદ્ધા રાખવી–આ ત્રણ માનસિક પાપો છે; માટે તેનો પણ ત્યાગ કરવો. ઉપરાંત પ્રાણીમાત્ર ઉપર સ્નેહભાવ રાખીને વર્તવું તથા કર્મનાં ફળ અવશ્ય મળે છે, એવો મનમાં વિચાર રાખવો. કોઇપણ મનુષ્ય શુભ અથવા અશુભ જે કંઇ કર્મ કરે છે, તેનું ફળ અવશ્ય તેને ભોગવવું પડે છે; માટે મન, વચન અને કાયાથી સર્વ અશુભ કર્મોનો ત્યાગ કરવો.[૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં 'લોકયાત્રાકથન' એ વિષયનો અધ્યાય૧૩મોસમાપ્ત

અધ્યાય ૧૪ મો

મહાદેવમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

त्वयाऽऽपगेय नामानि श्रुतानीह जगत्पतेः ।
पितामहेशाय विभो नामान्याचक्ष्व शंभवे ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ગંગાપુત્ર પિતામહ! તમે જગતના પતિ, બ્રહ્મદેવના પણ અંતર્યામી તથા આનંદસ્વરૂપ ભગવાન શંકરનાં નામો સાંભળ્યાં છે, માટે હે સમર્થ પિતામહ! તે મને કહો;[૧] તેમજ વિશાળ સ્વરૂપવાળા, જગતના અધિષ્ઠાનરૂપ, દેવો તથા અસુરોના ગુરુ અને ઉત્પત્તિ તથા પ્રલયના સ્થાનરૂપ દેવ શંકરનું ઐશ્વર્ય પણ યથાર્થ રાતે મને કહો."[૨]

ભીષ્મે કહ્યું:–જે દેવ સર્વવ્યાપક છે, છતાં સર્વત્ર દષ્ટિગોચર થતા નથી એવા બુદ્ધિમાન મહાદેવના ગુણોનું વર્ણન કરવામાટે હું સર્વથા અશક્ત છું. બ્રહ્મા, વિષ્ણુ અને ઇંદ્રાદિના પણ જે સ્રષ્ટા છે, બ્રહ્માથી આરંભી પિશાચસુધીના સર્વ દેવો જેમનું ઉપાસન કરે છે, જેમનું સ્વ-

રૂપ પ્રકૃતિથી પર રહેલા પુરુષ (જીવ) કરતાં પણ પર છે, યોગને જાણનારા તથા તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર કરનારા ઋષિઓ પણ જેમનું ચિંતન કરે છે, જે અવિનાશી પરબ્રહ્મસ્વરૂપ છે, જે અવ્યાકૃત કારણરૂપ છે અને રજ્જુ તથા સર્પની પેઠે ભાસતા છતાં પણ અનિર્વચનીય છે–અર્થાત્ કે જે નથી, છે અને નથી; અને દેવના દેવ તથા પ્રજાઓના પતિ જે શંકરે, પ્રકૃતિને તથા પુરુષને પોતાના તેજથી (પોતાની સત્તા અથવા સ્ફુર્તિ અર્પણ કરીને)ક્ષોભ પમાડી દીધાં હતાં–અર્થાત્ તેની સામ્ય અવસ્થા દૂર કરીને તેને વિષમઅવસ્થામાં લાવી મૂક્યાં હતાં; અને પછી બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા હતા, તે બુદ્ધિમાન દેવાધિદેવ શંકરના ગુણોનું વર્ણન કરવામાટે ગર્ભ, જન્મ, જરા અને મરણધર્મને અધીન કયો મનુષ્ય શક્તિમાન છે ?[૩–૭] હે પુત્ર ! શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનારા માત્ર નારાયણવિના મારા જેવો કયો પુરુષ પરમેશ્વર શંકરના સ્વરૂપને જાણી શકે તેમ છે ? તે નારાયણસ્વરૂપ આ કૃષ્ણ મોટા વિદ્વાન છે, ગુણોને લીધે શ્રેષ્ઠ છે, સર્વત્ર વ્યાપક છે,પરમ દુર્જય છે,દિવ્ય દૃષ્ટિવાળા છે અને મહાતેજસ્વી છે, તેથી પોતાની યોગદૃષ્ટિથી તેમણે શંકરનો સાક્ષાત્કાર કર્યો છે.[૯] હે ભારત ! રુદ્ર ઉપર ભક્તિ ધરાવનારા શ્રીકૃષ્ણે, પૂર્વે બદરિકાશ્રમમાં રહીને મહાદેવને પ્રસન્ન કર્યા હતા; તેથી તે મહાત્માએ આખા જગતને (પોતાના પ્રભાવથી) વ્યાપ્ત કરી દીધું છે.[૧૦] હે રાજેંદ્ર ! આ માધવે, સંપૂર્ણ એક હજાર વર્ષોપર્યંત તપશ્ચર્યા કરીને ચરાચરના ગુરુ અને વરને આપનારા દેવ શંકરને પ્રસન્ન કર્યા હતા;અને દિવ્ય દૃષ્ટિવાળા તે મહેશ્વર પાસેથીજ તેમણે, સર્વ ભોગ્યવસ્તુના કરતાં પણ પ્રિય એવું સર્વના અંતરાત્માપણું પ્રાપ્ત કર્યું છે–અર્થાત્ મહેશ્વરને પ્રસન્ન કરીનેજ શ્રીકૃષ્ણ સર્વના અંતરાત્મારૂપ થઈ શકયા છે. ૧૧,૧૨ શ્રીકૃષ્ણે પ્રત્યેક યુગમાં મહેશ્વરને પ્રસન્ન કર્યા છે; અને ભગવાન મહેશ્વર પણ મહાત્મા શ્રીકૃષ્ણની પરમ ભક્તિથી સદાકાળ તેમનાપર પ્રસન્ન રહે છે.[૧૩] અચ્યુત ભગવાન હરિએ, પોતાને પુત્ર(સાંબ)ની પ્રાપ્તિ થાય તે માટે જ્યારે તપ કર્યું હતું,ત્યારે જગતના કારણરૂપ મહાત્મા શંકરનું સંપૂર્ણ ઐશ્વર્ય પ્રત્યક્ષ રીતે જોયું છે. હે ભરતવંશી રાજા! જેમનાથી પર રહેલું બીજું એક પણ તત્ત્વ હું જોઇ શકતો નથી, તે દેવાધિદેવ શંકરનાં નામોનું સંપૂર્ણ રીતે વ્યાખ્યાન કરવામાટે મારામાં શક્તિ નથી;[૧૫] પરંતુ હે રાજા! આ શ્રીકૃષ્ણ, ભગવાન શંકરના ગુણોનું વર્ણન કરવા માટે સમર્થ છે;અને આ મહાબાહુ, મહેશ્વરના સમગ્ર ઐશ્વર્યને યથાર્થ રીતે જાણે છે.

વૈશંપાયને કહ્યું:–“ યુધિષ્ઠિરને એ પ્રમાણે કહીને મહાયશસ્વી પિતામહ ભીષ્મે, મહાદેવના માહાત્મ્યનું વર્ણન કરવામાટે શ્રીકૃષ્ણને આ રીતે કહ્યું.”[૧૭]

ભીષ્મે કહ્યું:–હે દેવો અને અસુરોના ગુરુ !હે વ્યાપક દેવ! યુધિષ્ઠિરે વિષ્ણુસ્વરૂપ ભગવાન શંકરના ગુણોનું વર્ણન કરવામાટે મને પ્રશ્ન કર્યો છે; પરંતુ તેનું તમારેજ વર્ણન કરવું યોગ્ય છે.[૧૮] પૂર્વે બ્રહ્મલોકમાં બ્રહ્મદેવથી ઉત્પન્ન થયેલા તંડી નામના ઋષિએ બ્રહ્માની સમક્ષ શિવનાં સહસ્ર નામો સર્વને કહી સંભળાવ્યાં હતાં;[૧૯] તેજ સહસ્ર નામોનું આ સમયે તમે વર્ણન કરો, જેથી ઉત્તમ વ્રતને ધારણ કરનારા અને ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા આ વ્યાસ વગેરે ઋષિઓ તેનું શ્રવણ કરે.[૨૦] ભગવાન શંકર અવિનાશી છે, આનંદમય છે, કર્તારૂપ છે, કર્મફળને આપીને સર્વનું રક્ષણ કરનારા છે, વિશ્વના સ્રષ્ટા છે, અગ્નિસ્વરૂપ છે, મુંડમાળાને ધારણ કરનારા છે અને જટાજૂટધારી છે; માટે તે વ્યાપકદેવનું ઐશ્વર્ય પણ તમે કહો.

વાસુદેવે કહ્યું:–“ ભગવાન મહેશ્વરનાં કર્મોની ગતિને યથાર્થ રીતે જાણવામાટે કોઇ શક્તિમાન નથી; એટલુંજ નહિ પરંતુ બ્રહ્મા અને ઇંદ્ર આદિ દેવતાઓ, મોટા મોટા ઋષિઓ અને સૂક્ષ્મ વસ્તુને પણ જોઇ શકનારા આદિત્યો, શંકર ભગવાનના નિવાસસ્થાનને હજી જાણી શકયા નથી; તો પછી માત્ર એક મનુષ્ય પ્રાણી, સત્પુરુષોની ગતિરૂપ તે ભગવાનના સ્વરૂપને

ક્યાંથીજ જાણી શકે ? ૨૨,૨૩ છતાં હું અસુરોનો નાશ કરનારા અને યજ્ઞાદિના ફળને અર્પણ કરનારા તે ભગવાનના કેટલાએક ગુણો, જે પ્રમાણે મેં જાણ્યા છે તે પ્રમાણે તમને કહું છું." ૨૪

વૈશંપાયન બોલ્યાઃ—"એમ કહીને ભગવાન કૃષ્ણ આચમન વગેરે કરીને પ્રથમ શુદ્ધ થયા અને પછી બુદ્ધિમાન મહાત્મા શંકરના ગુણોનું વર્ણન કરવાનો તેમણે આરંભ કર્યો."૨૫

વાસુદેવે કહ્યુંઃ—" હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! હે તાત યુધિષ્ઠિર ! અને હે ગંગાપુત્ર ભીષ્મ ! જટાજૂટધારી ભગવાન શંકરનાં નામોનું તમે શ્રવણ કરો. ભગવાન શંકરનાં દર્શન મહાદુર્લભ છે,તોપણ પૂર્વે સાંબ નામના પુત્રની પ્રાપ્તિનેમાટે મેં દુષ્કર તપશ્ચર્યા કરી હતી, ત્યારે યોગદ્વારા તે ભગવાનનાં મને યથાવત્ દર્શન થયાં હતાં. પૂર્વે રુક્મિણીના બુદ્ધિમાન પુત્ર પ્રદ્યુમ્ને શંબરાસુરનો વધ કર્યો અને તે વાતને જ્યારે બાર વર્ષ વીતી ગયાં, ત્યારે હે યુધિષ્ઠિર રાજા ! એક દિવસે પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ આદિ રુક્મિણીના પુત્રોને જોઇને, પોતાને પણ તેવો એક પુત્ર થાય એવી ઇચ્છાથી મારી પાસે આવીને જાંબવતીએ મને કહ્યું કે:-૨૮,૨૯ " હે અચ્યુત ! તમે પોતાના જેવોજ એક પુત્ર મને સત્વર આપો, કે જે પુત્ર શૂરવીર, બળવાનોમાં શ્રેષ્ઠ, સુંદર રૂપવાળો અને નિર્દોષ હોય.૩૦ હે યાદવવંશી કૃષ્ણ ! આ ત્રણે જગતમાં એવી એક પણ વસ્તુ નથી કે જે તમને દુર્લભ હોય ! તમારી જો ઇચ્છા થાય તો બીજા લોકોને પણ તમે ઉત્પન્ન કરી શકો તેમ છો.૩૧ તમે બાર વર્ષપર્યંત વ્રતનું પાલન કરી, શરીરને શુષ્ક કરી નાખી પશુપતિનું (શંકરનું) આરાધન કર્યું હતું અને રુક્મિણીમાં પુત્રો ઉત્પન્ન કર્યા હતા.૩૨ હે મધુસૂદન ! ચારુદેષ્ણ, સુચારુ, ચારુવેશ, યશોધર, ચારુશ્રવા, ચારુયશા, પ્રદ્યુમ્ન અને શંભુ—આ સુંદર પરાક્રમવાળા પુત્રોને રુક્મિણીથી તમે જેમ ઉત્પન્ન કર્યા છે, તેમ મને પણ એક પુત્ર આપો."૩૩

દેવી જાંબવતીએ મને એ પ્રમાણે કહ્યું, એટલે તે સુંદર કેડવાળી સ્ત્રીને મેં ઉત્તર આપ્યો કેઃ—" હે રાણી ! તું મને રજા આપ એટલે તારા વચન પ્રમાણે હું કરૂં." પછી તે જાંબવતીએ મને કહ્યું કેઃ—"જાઓ, તમારૂં કલ્યાણ થાઓ અને વિજય મળો.તમે જ્યાં જાઓ,ત્યાં બ્રહ્મા, શંકર, કાશ્યપ, નદીઓ, મનને અનુસરનારા સર્વ દેવતાઓ, ક્ષેત્રો, ઔષધિઓ, યજ્ઞપ્રવર્તક વેદો, ઋષિઓ, યજ્ઞો, સમુદ્રો, દક્ષિણાઓ, 'હું', 'મા' ઇત્યાદિ સામવેદના મંત્રાક્ષરો, નક્ષત્રો, પિતૃઓ, ગ્રહો, દેવપત્નીઓ, દેવકન્યાઓ, દેવમાતાઓ, મન્વંતરો, ગાયો, ચંદ્ર, સૂર્ય, શ્રીહરિ, ગાયત્રી, બ્રહ્મવિદ્યા, ઋતુઓ, સંવત્સરો, ક્ષણો, લવો, મુહૂર્તો, નિમેષો અને યુગના ફેરફારો, આ સર્વે હે યાદવ! તમારૂં રક્ષણ કરો અને તમને સુખી કરો. હે નિર્દોષ કૃષ્ણ! સદાકાળ તમે સાવધાન રહો" અને તમારો માર્ગ નિર્વિઘ્ન થાઓ.

એ પ્રમાણે તેણે મને કલ્યાણકારી વચનો કહ્યાં, તે પછી હું પણ તે રાજપુત્રીની અનુજ્ઞા લઇને પુરુષોમાં શ્રેષ્ઠ મારા પિતા, માતા અને રાજા આહુકની પાસે ગયો.૪૧ ત્યાં જઇને " વિદ્યાધરરાજાની પુત્રી જાંબવતી, પુત્રને માટે અત્યંત આતુર થઇ છે" એમ તેઓને મેં જણાવ્યું; એટલે અત્યંત દુઃખી થઇને પણ તેઓએ મને રજા આપી. તે પછી મારા ભાઇ ગદ પાસે અને બળરામ પાસે હું ગયો; એટલે તેઓએ પણ પ્રીતિપૂર્વક મને કહ્યું કેઃ—" તમારી તપઃસિદ્ધિ નિર્વિઘ્ન થાઓ."૪૧,૪૨

એ રીતે ગુરુજનોની અનુજ્ઞા લઇને મેં ગરુડનું ચિંતન કર્યું, એટલે તુરતજ તે આવ્યો; અને મારી આજ્ઞા પ્રમાણે મને હિમાલય ઉપર લઇ ગયો. ત્યાં ગયા પછી ગરુડને મેં રજા આપી.૪૩ એ હિમાલયપર્વત ઉપર ઘણા અદ્ભુત પદાર્થો મારા જોવામાં આવ્યા; અને તપશ્ચર્યા કરવામાટે ઘણુંજ ઉત્તમ અને અદ્ભુત એક ક્ષેત્ર પણ મેં જોયું.૪૪ એ દિવ્ય ક્ષેત્ર વ્યાઘ્રપાદના પુત્ર મહાત્મા ઉપમન્યુનું હતું. દેવો અને ગંધર્વો પણ તેની પ્રશંસા કરતા હતા, બ્રહ્મતેજની સમૃદ્ધિથી તે વ્યાપ્ત હતું, ધવ, કકુભ, કદંબ, નાળિયેર, કુરબક, કેવડો, જાંબુ,

પાટલા, વડ, વરુણક, વત્સનાભ, બિલી, સરલ, કોઠ, ઈંગોરી, સાગ, તાડ, બોરડી, મોગરો, પુન્નાગ, આસોપાલવ, આંબા, અતિમુક્તક, મહુડા, કોવિદાર, ચંપો અને ફણસ-ઇત્યાદિ અનેક વનવૃક્ષો કે જેઓ ફળ તથા પુષ્પોને આપનારાં હતાં તેથી તે ભરપૂર હતું, પુષ્પોવાળાં ગુલ્મો તથા લતાઓથી તે ઘેરાયલું હતું, કેળનાં વનથી તે શોભી રહ્યું હતું, અનેક પ્રકારનાં પક્ષીઓને ભક્ષણ કરવા યોગ્ય ફળવાળાં વૃક્ષોથી તે અલંકૃત હતું, યોગ્ય સ્થાને સ્થાપવામાં આવેલા ભસ્મગુપ્ત અગ્નિઓથી તે વિભૂષિત હતું અને તે ક્ષેત્રમાં રુરુઓ, વાનરો, વ્યાઘ્રો, સિંહો, ચિત્તાઓ, મૃગો, મયૂરો, બિલાડાઓ તથા સર્પો પુષ્કળ હતા; તેમજ પાડાઓ, રીંછો અને બીજા અનેક જાતિના મૃગો તે ક્ષેત્રનું સેવન કરી રહ્યા હતા.[૪૫-૫૦] વળી ઉપમન્યુ ઋષિનો તે આશ્રમ, માત્ર એક વખતજ જેઓને મદસ્રાવ થયેલો હતો તેવા હાથીઓથી શોભી રહ્યો હતો, અનેક પ્રકારનાં પક્ષીઓ તેમાં નિવાસ કરી રહ્યાં હતાં, પુષ્પોથી અત્યંત ખીલી નીકળેલાં અને મેઘસમાન દેખાવનાં અનેક વિચિત્ર વૃક્ષોથી તેનો વનપ્રદેશ શોભતો હતો અને તે આશ્રમમાં જાતજાતનાં પુષ્પોની રજવાળો, હાથીઓના મદની સુગંધવાળો તથા દેવાંગનાઓના ગીતધ્વનિથી ગાજી રહેલો અનુકૂળ પવન વાતો હતો. વળી હે વીર પુરુષ ! જ્યાં ત્યાં વહી રહેલી જળધારાઓના ખળખળાટથી, પક્ષીઓના સુંદર કલકલથી, હાથીઓના ચીત્કારોથી, કિન્નરોનાં ઉદાર ગાયનોથી તથા સામગાન કરનારાઓના પવિત્ર શબ્દોથી તે આશ્રમ ગાજી રહ્યો હતો.[૫૩] ખરેખર ! તે આશ્રમને જેઓએ જોયો નથી, તેઓના મનમાં તેના દૃશ્યનો કદી વિચાર પણ આવી શકે તેમ નથી. તેમાં અનેક સરોવરો શોભી રહ્યાં હતાં, પુષ્પોથી છવાયેલી વિશાળ અગ્નિશાળાઓ દીપી રહી હતી; અને હે રાજા! પુણ્યકારક તથા પવિત્ર જળવાળી ગંગાનદી સદાકાળ ત્યાં વહ્યા કરતી હતી; તેથી તે વિશેષ શોભી રહ્યો હતો. વળી ધાર્મિકોમાં શ્રેષ્ઠ અને અગ્નિસમાન તેજસ્વી એવા અનેક મહાત્માઓ ત્યાં રહેતા હતા, તેથી તે અત્યંત દીપી રહ્યો હતો; તેમજ તે આશ્રમમાં વાયુનો આહાર કરનારા, કેવળ જળનોજ આહાર કરનારા, નિત્ય જપપરાયણ રહેનારા, મૈત્રી આદિ ગુણોથી ચિત્તને શુદ્ધ કરનારા, યોગ ઉપર નિષ્ઠા રાખનારા, નિત્ય ધ્યાનપરાયણ રહેનારા, કેવળ ધૂમાડાનું પ્રાશન કરનારા, કેવળ વરાળનું પાન કરનારા અને કેટલાએક કેવળ દૂધનુંજ પાન કરનારા ઉત્તમ બ્રાહ્મણો તે આશ્રમમાં ચોતરફ નિત્ય રહેતા હતા; અને તે આશ્રમમાં કેટલાએક તપોધનો, બળદોની પેઠે કેવળ મુખથીજ આહાર લેતા હતા, કેટલાએક ફળમૂળાદિને પથ્થરવડે કૂટીને તેનાવડે આજીવિકા ચલાવતા હતા, કેટલાએક દાંતરૂપી ખાંડણીઆમાં અન્નાદિકને કચરીને તેનો આહાર કરતા હતા, કેટલાએક ચંદ્રનાં કિરણોનું પાન કરીનેજ જીવતા હતા, કેટલાએક જળાશયોનાં ફીણનું પાન કરીને જીવન ગાળતા હતા, કેટલાએક મૃગોની પેઠે ચરીને આજીવિકા કરતા હતા, કેટલાએક પીપળાના ફળનુંજ ભક્ષણ કરતા હતા, કેટલાએક જળની અંદર શયન કરતા હતા, કેટલાએક ચીથરાં પહેરીને ચલાવી લેતા હતા, કેટલાએક ચામડાં પહેરીને રહેતા હતા, કેટલાએક વસ્ત્રોને ધારણ કરતા હતા અને કેટલાએક વલ્કલ વસ્ત્રો પહેરતા હતા.[૫૭,૫૮]

આ પ્રમાણે મહાદુઃખદાયી નિયમોનું પાલન કરી રહેલા એ તપોધન મુનિઓને જોતો જોતો તે આશ્રમમાં હું દાખલ થયો;[૫૯] એ સમયે મેં જોયું તો દેવગણો અને પુણ્યકર્મ કરનારા અનેક મહાત્માઓ તે આશ્રમને ઘણુંજ માન આપી રહ્યા હતા; અને હે ભરતવંશી રાજા ! આકાશમાં જેમ ચંદ્રમંડળ શોભે, તેવોજ તે આશ્રમ શોભી રહ્યો હતો.[૬૦] વળી તે સ્થળે અતિ ઘોર તપશ્ચર્યાઓના પ્રભાવથી તથા અનેક મહાત્માઓના સાન્નિધ્યથી નોળિયા સર્પોની સાથે તથા વ્યાઘ્રો મૃગોની સાથે મિત્રની પેઠે રમતો કરી રહ્યા હતા.[૬૧] તે આશ્રમ કે જે અત્યંત ઉત્તમ હતો, પ્રાણીમાત્રના મનને આનંદ ઉપજાવતો હતો, પક્ષીઓ તથા

સિંહોથી સેવાયેલો હતો અને વેદવેદાંગમાં પારંગત થયેલા તથા અનેક પ્રકારના નિયમોનું પાલન કરીને પ્રખ્યાત થયેલા મહાત્મા ઋષિઓથી વ્યાપ્ત હતો. તેમાં મેં જેવો પ્રવેશ કર્યો કે મહાસમર્થ ભગવાન ઉપમન્યુનાં મને દર્શન થયાં. તેમણે જટા તથા ચીરવસ્ત્ર ધારણ કર્યાં હતાં; તેમની કાંતિ તેજ અને તપના પ્રભાવથી અગ્નિસમાન દીપી રહી હતી; તેમની પાછળ અનેક શિષ્યો ચાલ્યા આવતા હતા; તેમનું સ્વરૂપ શાંત દેખાતું હતું; તેમની અવસ્થા યુવાન હતી અને સર્વ બ્રહ્મણોમાં તે શ્રેષ્ઠ હતા. તેમનું દર્શન થતાંજ મેં મારૂં મસ્તક નમાવીને તેમને વંદન કર્યું, એટલે ભગવાન ઉપમન્યુએ મને કહ્યું કેઃ–[૬૨-૬૫] “હે પુંડરીકાક્ષ! તમે ભલે પધાર્યા. આજે તમારાં દર્શન થવાથી અમારી તપશ્ચર્યાઓ સફળ થઇ છે. તમે અમારા પૂજ્ય છો, છતાં અમને માન આપો છો; અને તમે અમારે દર્શન કરવા યોગ્ય છો, છતાં અમારાં દર્શન કરવાની ઇચ્છા રાખો છો. (તે તમારી મહત્તા છે.)” તેમણે એ પ્રમાણે કહ્યું, એટલે મેં પણ તેઓના આશ્રમનાં મૃગો, પક્ષીઓ, અગ્નિઓ, તેમના ધર્મ તથા શિષ્યવર્ગવિષે કુશળપ્રશ્ન પૂછયો.[૬૬,૬૭]

તે પછી ભગવાન ઉપમન્યુએ ઘણાં શાંત અને સુંદર વચનોથી મને કહ્યું કેઃ–“ તમને તમારા જેવોજ ગુણવાન પુત્ર અવશ્ય પ્રાપ્ત થશે. તમે મોટી તપશ્ચર્યા કરીને ઇશાન દેવ શંકરને પ્રસન્ન કરો; કેમકે હે કૃષ્ણ ! દેવ શંકર, પોતાની પત્ની સાથે આ ક્ષેત્રમાંજ વિહાર કરે છે.[૬૮,૬૯] હે જનાર્દન ! પૂર્વે અનેક દેવોએ તથા ઋષિગણોએ આ ક્ષેત્રમાંજ નિવાસ કરીને તપ, બ્રહ્મચર્ય, સત્ય તથા દમના પ્રભાવથી મહાદેવને પ્રસન્ન કર્યા હતા; અને પોતાની શુભ કામનાઓ પ્રાપ્ત કરી હતી. ભગવાન શંકર તપના તથા તેજના એક નિધિરૂપ છે અને હે શત્રુહંતા કૃષ્ણ ! શુભ તથા અશુભ ભાવોને ઉત્પન્ન કરનાર તથા સંહારી લેનાર તે અચિંત્ય ભગવાન કે જેમની તમે પ્રાર્થના કરો છો તે દેવી પાર્વતીની સાથે અહીંજ રહે છે.[૭૦-૭૨] પૂર્વે જેણે મેરુપર્વતને પણ કંપાવી દીધો હતો તે દાનવ હિરણ્યકશિપુએ, શંકર પાસેથીજ એક અબજ વર્ષોપર્યંત સર્વ દેવતાઈ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હતું.[૭૩] તે હિરણ્યકશિપુનોજ પુત્ર, જે મંદાર નામે પ્રસિદ્ધ હતો તેણે પણ મહાદેવનું વરદાન મેળવીનેજ એક અબજ વર્ષસુધી ઇંદ્ર સાથે યુદ્ધ કર્યું હતું.[૭૪] હે તાત કેશવ ! “ગ્રહ” એવા બીજા નામથી પ્રસિદ્ધ થયેલા તે મંદારના શરીર ઉપર વિષ્ણુનું ઘોર ચક્ર તથા ઇંદ્રનું વજ્ર, કંઈ અસર કરી શક્યાં ન હતાં; પણ ઉલટા તે ચક્રના તથા વજ્રનાજ ભુક્કા થઈ ગયા હતા. હે નિર્દોષ કૃષ્ણ! પૂર્વે જળની અંદર સંચાર કરનારા બળગર્વિષ્ઠ દૈત્યનો વધ કરીને ભગવાન શંકરે, બળતા અગ્નિસરખું જે ચક્ર તમને આપ્યું હતું તે મહા અદ્દભુત તેજવાળા દુરાધર્ષ ચક્રને તેમણે એ દૈત્યનો વધ કરવામાટેજ ઉત્પન્ન કરી તમને આપ્યું હતું. વળી એ ચક્રને શંકરવિના બીજો કોઇપણ જોઇ શકતો ન હતો; પરંતુ તમને આપ્યા પછી શંકરે કહ્યું હતું કેઃ– “આ ચક્ર સુદર્શન (સહેલથી જોઈ શકાય તેવું) થશે.”[૭૮] અને તે દિવસથી આરંભીનેજ એ ચક્રનું “સુદર્શન” એવું નામ પ્રસિદ્ધ થયું છે. હે તાત કેશવ ! તમારૂં તેજ ચક્ર, વર મેળવીને મહાબળવાન થયેલા ગ્રહનાં (મંદારનાં) અંગ ઉપર એક તણખલાની પેઠે વ્યર્થ થયું હતું; એટલુંજ નહિ પણ તેના અંગ ઉપર એ ચક્રના જેવાં સેંકડો શસ્ત્રો તથા ઇંદ્રના વજ્ર જેવાં સેંકડો આયુધો કંઇ અસર કરી શક્યાં ન હતાં. તે પછી મહાબળવાન થઇ પડેલા તે ગ્રહદૈત્યે, સર્વ દેવતાઓને જ્યારે પીડવા માંડયા; ત્યારે દેવતાઓએ શિવે જેઓને વર આપ્યા હતા, તે સર્વ અસુર રાજાઓનો નાશ કર્યો હતો.[૭૯-૮૧] વળી ભગવાન શંકરે, વિદ્યુત્પ્રભ નામના દૈત્ય ઉપર પણ પ્રસન્ન થઇને ત્રિલોકીનો તેને રાજા બનાવી દીધો હતો, જેથી એક લાખ વર્ષોસુધી સર્વ લોકોનો તે ઇશ્વર થઇ પડયો હતો. ઉપરાંત ભગવાન શંકરે, તેને કહ્યું હતું કે, ‘તું નિત્ય મારો અનુચર (ગણ)થઇશ.” તેને એક કરોડ પુત્રો શંકરે આપ્યા હતા. વળી અજન્મા ભગવાન શંકરે,

તે દૈત્યને કુશદ્વીપનું રાજ્ય અર્પણ કર્યું હતું; તેમજ પૂર્વે શતમુખ નામના મહાન અસુરને બ્રહ્માએ ઉત્પન્ન કર્યો હતો. તેણે લગભગ સો વર્ષસુધી પોતાના માંસનો અગ્નિમાં હોમ કરીને શંકરનું આરાધન કર્યું હતું. તે ઉપરથી ભગવાન શંકરે તેને કહ્યું હતું કેઃ–"હું તારાપર પ્રસન્ન થયો છું. બોલ,તારૂં શું પ્રિય કરૂં?" પછી શતમુખે વર માગ્યો હતો કે, "હે ઉત્તમ દેવ ! મને અદ્‌ભુત યોગશક્તિ પ્રાપ્ત થાઓ અને કદી નાશ ન પામે તેવું બળ તમે મને આપો." એટલે 'તથાસ્તુ' એમ કહીને પ્રભુએ તેને વર આપ્યો હતો. વળી સ્વયંભૂના પુત્ર ક્રતુએ પણ પુત્રપ્રાપ્તિને માટે ત્રણસો વર્ષપર્યંત યોગસાધના કરીને શંકરનું ધ્યાન કર્યું હતું; જેથી તેને પણ તેના જેવાજ એક હજાર પુત્રો ભગવાને આપ્યા હતા.[૮૩-૮૮] હે કૃષ્ણ ! દેવોમાં સ્તુતિપાત્ર થયેલા પ્રસિદ્ધ યોગેશ્વર યાજ્ઞવલ્કયઋષિને તમે જાણતાજ હશો. તે પરમ ધાર્મિક ઋષિએ મહાદેવનું આરાધન કરીનેજ અતુલ યશ પ્રાપ્ત કર્યો છે અને પરાશરના પુત્ર યોગાત્મા વેદવ્યાસ મુનિએ પણ શંકરનું આરાધન કરીનેજ મહાન કીર્તિ સંપાદન કરી છે. વળી પૂર્વે વાલખિલ્ય નામના ઋષિઓનું ઇંદ્રે જ્યારે અપમાન કર્યું હતું, ત્યારે તેઓએ ક્રોધાયમાન થઈને પોતાના તપોબળથી રુદ્ર ભગવાનને પ્રસન્ન કર્યા હતા. તે સમયે જગતના પતિ ભગવાન શંકરે તેઓના પર પ્રસન્ન થઈને કહ્યું હતું કેઃ–"તમે તમારા તપોબળથી (ઇન્દ્ર પાસેથી) સોમરસનું હરણ કરી લેનારા 'સુપર્ણ' નામના પુત્રને ઉત્પન્ન કરશો." તેમજ પૂર્વે મહાદેવના ક્રોધથી જળનો જ્યારે નાશ થઇ ગયો હતો; ત્યારે દેવોએ શંકરનું જેમાં મુખ્ય પૂજન કરવામાં આવે છે, તે 'સપ્તકપાલ' નામનો યજ્ઞ કરીને બીજું નવું જળ જગતમાં વહેવડાવ્યું હતું. એ રીતે શંકર જ્યારે પ્રસન્ન થયા હતા,ત્યારેજ પૃથ્વીપર જળસમૃદ્ધિ થઇ હતી.[૮૯-૯૪] અત્રિઋષિની સ્ત્રી અનસૂયા કે જે મોટી બ્રહ્મવાદિની હતી તે પણ (અમુક કોઇ કારણને લીધે) પોતાના પતિનો ત્યાગ કરીને મહાદેવને શરણે ગઇ હતી અને તેણે સંકલ્પ કર્યો હતો કે, "ફરી કદી પણ તે મુનિ(અત્રિ)ના સ્વાધીનમાં હું રહીશ નહિ." એમ કહીને તેણે અત્રિઋષિના ભયથી સર્વ આહારનો ત્યાગ કર્યો હતો અને મહાદેવને પ્રસન્ન કરવામાટે ત્રણસો વર્ષપર્યંત લોખંડી ખીલાઓ ઉપર શયન કર્યું હતું. પછી દેવ શંકરે હસતાં હસતાં તેને કહ્યું હતું કે, "તને તારા પતિના સમાગમવિનાજ મારા પ્રસાદથી એક પુત્ર થશે; અને તે તારાજ નામ ઉપરથી (આનસૂયવ એવા નામથી) તારા વંશમાં ઉત્તમ ખ્યાતિને પામશે."[૯૫-૯૮] હે મધુસૂદન ! મહાસમર્થ વિકર્ણ પણ ભક્તોને સુખ આપનારા મહાદેવને પ્રસન્ન કરીનેજ સિદ્ધિને પામ્યો હતો.[૯૯] હે કેશવ ! મહર્ષિ શાકલ્યે પણ ચિત્તને શુદ્ધ કરીને નવસો વર્ષપર્યંત મનોયજ્ઞદ્વારા શંકરનું આરાધન કર્યું હતું.[૧૦૦] ભગવાન શંકરે તેનાપર પ્રસન્ન થઈને તેને વર આપ્યો હતો કે, "હે વત્સ ! તું એક ગ્રંથકાર થઇશ અને તારી કીર્તિ ત્રૈલોક્યમાં અક્ષય થશે. વળી તારૂં કુળ મહર્ષિઓથી અલંકૃત થઇને અક્ષય થશે અને તારો પુત્ર પણ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ થઇને મોટો સૂત્રકર્તા થશે."[૧૦૧,૧૦૨] પૂર્વે સત્યયુગમાં 'સાવર્ણી' નામનો વિખ્યાત ઋષિ થઇ ગયો છે. તેણે પણ આ ક્ષેત્રમાં રહીનેજ છ હજાર વર્ષોસુધી તપશ્ચર્યા કરીને રુદ્ર ભગવાનને પ્રસન્ન કર્યા હતા.તે સમયે ભગવાન શંકરે પ્રત્યક્ષ થઇને તેને કહ્યુ હતું કે, "હે નિર્દોષ સાવર્ણિ ! હું તારાપર પ્રસન્ન થયો છું અને તને વર આપું છું કે, તું અજરામર થઇશ અને લોકવિખ્યાત ગ્રંથકાર થઇશ."[૧૦૪] હે જનાર્દન! પૂર્વે ઇન્દ્રે કાશીનગરીમાં રહીને ભસ્મ ધારણ કરનારા દિગંબર દેવ શંકરનું ભક્તિપૂર્વક આરાધન કર્યું હતું, જેથી સ્વર્ગનું રાજ્ય તેને મળ્યું હતું; તેમજ નારદે પણ ભક્તિપૂર્વક શંકરનું આરાધન કર્યું હતું, ત્યારે દેવોના ગુરુ શંકરે તેનાપર પ્રસન્ન થઇને કહ્યું હતું કે, "હે નારદ ! તેજ, તપ અને યશમાં તારાસમાન બીજો કોઈ થશે નહિ; તેમજ નિત્ય ગાયન કરીને તથા વાદિત્ર વગાડીને તું મને અનુસરીશ."

હે મહાસમર્થ તાત માધવ! મેં પોતે પણ દેવના દેવ પશુપતિનાં સાક્ષાત્ દર્શન કર્યાં છે. તેના સંબંધમાં પણ હું તમને કહું છું, સાંભળો. હે વિભુ! મેં ઘણોજ યત્ન કરીને મહાતેજસ્વી દેવ શંકરને જે કારણથી પ્રસન્ન કર્યા હતા અને દેવના દેવ મહેશ્વર પાસેથી મેં જે:કાંઇ સંપાદન કર્યું છે, તે સર્વ વૃત્તાંત તમે શ્રવણ કરો. હે નિર્દોષ કૃષ્ણ! એ સમગ્ર વૃત્તાંત આજે તમારી આગળ કહું છું.

પૂર્વે સત્યયુગના સમયમાં વ્યાઘ્રપાદ નામે વિખ્યાત થયેલા મહાયશસ્વી ઋષિ હતા. તે વેદ તથા વેદાંગમાં પારંગત થયા હતા, તેમનો હું પુત્ર છું. મારો નાનો ભાઈ ધૌમ્ય નામનો છે. હે માધવ! એક સમયે હું ધૌમ્ય સાથે રમતો રમતો શુદ્ધાત્મા મુનિઓના આશ્રમમાં જઈ ચઢયો. ત્યાં એક દૂઝણી ગાય દોહવાતી હતી, તેને મેં જોઇ. મને દૂધ આપવામાં આવ્યું અને તેનું મેં પાન કર્યું, જેથી મેં જાણ્યું કે, ગાયનું દૂધ અમૃતસમાન સ્વાદિષ્ટ હોય છે. પછી મેં મારી માતા પાસે આવીને બાળકભાવથી તેને કહ્યું કે:–"મને દૂધ અને ભાતનું ભોજન આપ." તે સાંભળી મારી માતા દૂધ નહિ હોવાને લીધે મનમાં દુઃખ પામી. તેણે ઘઉંના લોટને પાણીમાં મેળવીને અમને બન્ને ભાઈઓને આપ્યો અને કહ્યું કે, "આ દૂધ છે, પી જાઓ." પરંતુ હે માધવ! પ્રથમ એક વખતે મેં દૂધ પીધું હતું; કેમકે એક યજ્ઞના સમયે મારા પિતા, અમારી જ્ઞાતિના મેળાવડામાં મને સાથે લઈ ગયા હતા. ત્યાં સુરનંદિની નામની દિવ્ય ગાય દૂધ આપી રહી હતી. મેં તે ગાયનું દૂધ પીને જાણ્યું હતું કે, દૂધનો રસ અમૃતના જેવો હોય છે અને દૂધ અમુક સ્થળેજ ઉત્પન્ન થતું હોઇને તેમાં અમુક પ્રકારના ગુણો હોય છે, તે પણ હું જાણી શકયો હતો;[૧૦૫-૧૧૯] તેથી હે તાત! મારી માતાએ આપેલો તે લોટનો રસ મને પ્રસન્ન કરી શકયો નહિ. મેં મારા બાળસ્વભાવથી માતાને કહ્યું કે:–"હે માતા! તેં મને જે આપ્યું છે તે દૂધભાત નથી." પછી દુઃખ અને શોકથી આતુર થયેલી મારી માતાએ, પુત્ર ઉપરના સ્નેહથી મને આલિંગન કરીને તથા મારૂં મસ્તક સુંઘીને મને કહ્યું કે, "હે વત્સ! શુદ્ધાત્મા મુનિઓને ત્યાં દૂધભાત કયાંથી હોય? આપણે વનમાં નિવાસ કરીએ છીએ, કંદમૂળ તથા ફળનો નિત્ય આહાર કરીએ છીએ અને વાલખિલ્યોએ સેવેલી દિવ્ય નદીનો આશ્રય કરીએ છીએ; જેથી આપણે ત્યાં દૂધ કયાંથી હોય? હે પુત્ર! વનમાં આવેલા પર્વતપ્રદેશોમાં રહીને મુનિઓની વૃત્તિને આપણે ધારણ કરીએ છીએ, બીજાઓને પવિત્ર કરનારાં છીએ, જળનું પાન કરીએ છીએ, વનના આશ્રમોમાં નિવાસ કરીએ છીએ, ગ્રામ્ય આહારનો ત્યાગ કરનારાં છીએ અને અરણ્યનાં ફળોનું ભોજન કરનારાં છીએ; માટેજ ગાયોના વંશવિનાના આપણા આ અરણ્યપ્રદેશમાં દૂધ નથી.[૧૨૦-૧૨૫] આપણે નદીઓનાં કોતરોમાં, પર્વતોમાં તથા વિવિધ પ્રકારનાં તીર્થોમાં તપશ્ચર્યા કરીને નિત્ય જપપરાયણ રહીએ છીએ અને ભગવાન શંકરજ આપણી પરમ ગતિરૂપ છે.[૧૨૬] હે વત્સ! વરને આપનારા, કૂટસ્થ અને અવિનાશી ભગવાન વિરૂપાક્ષ(શંકર)ને પ્રસન્ન કર્યાવિના દૂધભાત, સુખો અને વસ્ત્રો કયાંથી મળે?[૧૨૭] માટે હે વત્સ! તું તારા સર્વભાવથી શંકરને શરણે જા; કેમકે હે પુત્ર! તેમની કૃપા થતાં તારી સર્વ કામનાઓ સફળ થશે."[૧૨૮]

હે શત્રુહંતા કૃષ્ણ! માતાનાં એ વચન સાંભળીને તુરતજ બે હાથ જોડીને તેને મેં પ્રણામ કર્યા અને આ પ્રમાણે તેને પૂછયું:–"હે માતા! તે મહાદેવ કોણ છે? તે કેવી રીતે પ્રસન્ન થાય છે? તે કયાં રહે છે? તેમનાં દર્શન કેવી રીતે થઇ શકે છે? શું કરવાથી તે સંતુષ્ટ થાય છે? તેમનું સ્વરૂપ કેવું છે? તેમને કેવી રીતે જાણી શકાય છે? અને હે જનનિ! કેવી રીતે પ્રસન્ન કરીને તેમનાં મારે દર્શન કરવાં?" [૧૩૦]

હે કૃષ્ણ! મેં એ પ્રમાણે કહ્યું, એટલે પુત્ર ઉપર વહાલ રાખનારી મારી માતાએ મારૂં મસ્તક સુંઘ્યું. તે સમયે તેનાં નેત્રો અશ્રુઓથી ઉભરાઇ ગયાં હતાં. તેણે મારા શરીર ઉપર પોતાનો હાથ ફેરવ્યો અને પછી હે મધુસૂદન! ઘ-

ણીજ દીન બની જઈને તેણે આ પ્રમાણે કહ્યું.

માતાએ કહ્યું:–“મહાદેવનું સ્વરૂપ અજ્ઞાની પુરુષોને દુઃખેથી જાણી શકાય તેવું છે. કદાચ શાસ્ત્રદ્વારા તેમનું જ્ઞાન થાય છે,તોપણ મનથી તેમને ધારણ કરી શકાતા નથી;કદાચ મનથી તેમનું ધારણ થઇ શકે છે,તોપણ લયવિક્ષેપ આદિ વિઘ્નોથી ઘણું સંકટ પડે છે; કદાચ વિઘ્નો ન આવે, તોપણ તેમને જાણવા જતાં દુષ્ટ બંધનો આવી નડે છે; કદાચ તે પણ ન નડે, છતાં દેવતાઈ વિષયોમાં ફસાઇ પડવાથી તેમને ગ્રહણ કરી શકાતા નથી અને કદાચ પ્રબળ વૈરાગ્યનેલીધે તે વિષયોથી વિરક્ત રહેવાય, તોપણતેમનાંદર્શન તો થતાંજ નથી.[૧૩૪] વિદ્વાનો કહે છે કે, તેમનાં સ્વરૂપો અનેક છે, તેમનાં સ્થાનકો વિચિત્ર છે અને તેમના પ્રસાદો પણ અનેક છે.[૧૩૫] ખરેખર, સર્વના નિયંતા ભગવાન શંકરનાં પવિત્ર ચરિત્રને યથાર્થ રીતે કોઇ જાણતુંજ નથી; કેમકે દેવના દેવ ભગવાન શંકરે, પૂર્વે અનેક સ્વરૂપો ધારણ કર્યાં છે, અનેક ક્રીડાઓ કરી છે અને અનેકના ઉપર તે પ્રસન્ન થયા છે.[૧૩૬] તે મહેશ્વર પ્રાણીમાત્રના હૃદયમાં રહેલા છે,માટે વિશ્વરૂપ કહેવાય છે. મેં કથા કહેનારા મુનિઓ પાસેથી સાંભળ્યું છે કે, ભકતો ઉપર કૃપા કરવામાટે પોતાના ભકતોનેજ તે દર્શન આપે છે. વળી ઈશાન દેવનું દિવ્ય અને પવિત્ર ચરિત્ર મેં સાંભળ્યું છે; તેમજ બ્રાહ્મણો ઉપર અનુગ્રહ કરવામાટે દેવતાઓએ કહેલાં જે જે સ્વરૂપો તેમણે ધારણ કર્યાં છે, તેનું પણ મેં શ્રવણ કર્યું છે; માટે હે વત્સ! તે સર્વ હું તનેસંક્ષેપમાં કહી સંભળાવું છું, તેનું તું શ્રવણ કર. તેં મને પ્રશ્ન કર્યો છે, માટે હું તને કહું છું.[૧૩૭-૧૩૯]

માતાએ કહ્યું:–“મહાદેવ બ્રહ્માનું, વિષ્ણુનું, ઈંદ્રનું, રુદ્રનું, આદિત્યનું, અશ્વિનીકુમારોનું અને વિશ્વેદેવાનું સ્વરૂપ ધારણ કરે છે.[૧૪૦] વળી તે ભગવાન મનુષ્યોનું, દેવતાઓનું, સ્ત્રીઓનું, પ્રેતનું, પિશાચનું, જંગલી ભિલ્લોનું, કાચબાનું, માછલાનું, શંખનું અને વસંતાદિ ઋતુઓનું સ્વરૂપ ધારણ કરે છે.[૧૪૧,૧૪૨] દેવ શંકર યક્ષનું, રાક્ષસનું, સર્પનું, દૈત્યનું, દાનવનું,દરમાં રહેનારાં પ્રાણીઓનું, વ્યાઘ્રનું, સિંહનું, મૃગનું, ચિત્તાનું, રીંછનું, પક્ષીનું, ઘુવડનું, શિયાળનું, હંસનું, કાગડાનું, મોરનું, કાકિંડાનું,સારસનું, બગલાનું, ગીધનું અને ચક્રવાકનું પણ સ્વરૂપ ધારણ કરે છે.[૧૪૩-૧૪૫] વળી એ મહાદેવ અનેક નિવાસસ્થાનો ઉત્પન્ન કરે છે, પર્વતને ધારણ કરે છે, ગાયના રૂપને, હાથીના રૂપને, ઘોડાના રૂપને, ઉંટના રૂપને તથા ગધેડાના રૂપને પણ ધારણ કરે છે; અને કોઇ સમયે બકરાના તથા સિંહના રૂપને ધારણ કરે છે. કોઇ સમયે અનેક પ્રકારના મૃગોના સ્વરૂપને ધારણ કરે છે અને કોઈ સમયે દેવતાઈ પક્ષીઓના રૂપને પણ ધારણ કરે છે.[૧૪૭] તે સંન્યાસીનું,ક્ષત્રિયનું તથા કુંડીવાળા ભિક્ષુકનું સ્વરૂપ ધારણ કરે છે,બ્રાહ્મણોનું રક્ષણ કરે છે, છ મુખવાળાનું, અનેક મુખવાળાનું અનેત્રણ નેત્રવાળાનું સ્વરૂપ તે ધારણ કરેછે.[૧૪૮]વળી અનેક કેડ અને ચરણોને,અનેક ઉદરો તથા મુખોને તથા અનેક હાથો અને પડખાંઓને તે ધારણ કરે છે, તેમજ અનેક ગણોથી તે વિંટાયેલા છે. વળી તે ઋષિઓ તથા ગંધર્વોનાં સ્વરૂપોને ધારણ કરે છે, સિદ્ધો તથા ચારણોનાં સ્વરૂપોને ધારણ કરે છે, તેમનાં ગાત્રો ભસ્મથી ઉજ્જવળ છે, તેમણે અર્ધ ચંદ્રનું આભૂષણ ધારણ કરેલ છે,તેમની આસપાસ અનેક પ્રકારના શબ્દોથી તેમના નામનો ઘોષ થઈ રહ્યો છે,અનેક ઋષિઓથી તે સ્તુતિ કરાયેલા છે, પ્રાણીમાત્રના તે કાળછે,સર્વ સ્વરૂપછે,સર્વલોકમાં પ્રતિષ્ઠા પામ્યા છે, સર્વ લોકના અંતરાત્મા છે, સર્વત્ર વ્યાપક છે, સર્વના વકતા છે અને પ્રાણીમાત્રના હૃદયમાં રહેલા તે ભગવાન સર્વત્ર સ્થિતિ કરી રહ્યા છે,એમ સમજવું.[૧૫૦-૧૫૨] તે દેવેશ, જે મનુષ્ય જે વિષયની કામના કરે છે અને જેને માટે પોતાનું પૂજન કરે છે, તે સર્વને જાણે છે; માટે તારી જો ઇચ્છા હોય તો તું તેમને શરણે જા.[૧૫૩] તે ભગવાન કોઇ સમયે આનંદ પામે છે, કોઇ સમયે કોપ કરે છે, કોઈ સમયે હુંકારનો ઉચ્ચાર કરે છે અને કોઇ સમયે ચક્ર, ત્રિશૂલ, ગદા, મુસલ, તરવાર તથા પટ્ટિશને ધારણ કરે છે.[૧૫૪] વળી તે શેષનાગ-

રૂપ છે, નાગની કટિમેખલાને ધારણ કરે છે, નાગનાં કુંડળો પહેરે છે, નાગનુંજ યજ્ઞોપવીત ધારણ કરે છે અને હસ્તિચર્મરૂપ વસ્ત્રને ધારણ કરે છે.[૧૫૫] કોઇ સમયે તે હસે છે, કોઇ સમયે ગાય છે, કોઈ સમયે મનોહર નૃત્ય કરે છે, કોઇ સમયે વિચિત્ર વાદિત્રો વગાડે છે,કોઈ સમયે ગણોની સાથે રહીને વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરે છે, કોઇ સમયે બગાસાં ખાય છે, કોઇ સમયે રુદન કરે છે, કોઇ સમયે રુદન કરાવે છે, કોઇ સમયે ઉન્મત્ત અને મદમત્તની પેઠે મોટો ઘાંટો કાઢીને બોલે છે, કોઇ સમયે નેત્રના ડોળા ફાડીને મનુષ્યોને ત્રાસ ઉપજાવતા હોય તેમ રૌદ્રસ્વરૂપ ધારણ કરીને ખડખડાટ હસે છે, કોઈ સમયે જાગ્રત રહે છે,કોઇ સમયે નિદ્રાવશ રહે છે, કોઇ સમયે પોતાને સુખ થાય તેમ બગાસાં ખાય છે, કોઇ સમયે પોતેજ મંત્રજાપ કરે છે, કોઇ સમયે બીજાઓવડે જપાય છે, કોઇ સમયે પોતેજ તપશ્ચર્યા કરે છે,કોઇ સમયે બીજાઓવડે તેમની તપશ્ચર્યા કરાય છે, કોઇ સમયે તે દાન આપે છે, કોઇ સમયે દાનનો પ્રતિગ્રહ કરે છે, કોઇ સમયે યોગ કરે છે, કોઇ સમયે ધ્યાન કરે છે, કોઈ સમયે યજ્ઞની વેદિકામાં, યજ્ઞના સ્થંભમાં, ગાયોના વાડામાં અને અગ્નિમાં બાળક, વૃદ્ધ અથવા યુવાનસ્વરૂપે તેમનાં દર્શન થાય છે; અને કોઈ સમયે તે તે સ્થળે અદૃશ્ય પણ રહે છે. તે ભગવાન ઋષિઓની કન્યાઓસાથે ક્રીડા કરે છે અને ઋષિઓની પત્નીઓસાથે પણ ક્રીડા કરે છે. તેમના કેશ ઉભા છે, તેમનું લિંગ મોટું છે, તે નગ્ન રહે છે, તેમનાં નેત્રો ભયંકર છે, તેમનો વર્ણ ગૌર છે, શ્યામ છે, કાળો છે, ઉજ્જવળ છે, ભુખરો છે અને લાલ છે, તેમનાં નેત્રો વિકૃત છે અને વિશાળ છે, તેમનું સ્વરૂપ દિગંબર છે અને તે સર્વ જગતના વસ્ત્રરૂપ છે. વળી તે ભગવાન કે જે રૂપરહિત છે, માયાવી છે, અનેક કાર્યોના આકારને ધારણ કરે છે, હિરણ્યગર્ભરૂપ છે અને અજન્મા છે, તેમના કારણશૂન્ય અંતને યથાર્થ રીતે કોણ જાણી શકે તેમ છે?[૧૬૩] કારણ કે તે મહેશ્વર પ્રત્યેક પ્રાણીના હૃદયમાં રહે છે, પ્રાણરૂપ છે, મનરૂપ છે, જીવરૂપ છે, આનંદમય છે, યોગશબ્દવાચ્ય છે, ધ્યાનરૂપ છે અને પરમાત્મા છે; માટે ચિત્તની સૂક્ષ્મ વૃત્તિથીજ તેમનું ગ્રહણ થઇ શકે છે.[૧૬૪] તે વાદિત્રો વગાડે છે, ગાયનો ગાય છે, લાખો નેત્રોવાળા છે, એક મુખવાળા છે, બે મુખોવાળા છે, ત્રણ મુખોવાળા છે અને અનેક મુખોવાળા પણ છે;[૧૬૫] માટે હે પુત્ર ! તેમનો ભક્ત થઇને, તેમનામાંજ ચિત્ત રાખીને, નિત્ય તેમનાપરજ નિષ્ઠા રાખીને અને તેમનુંજ શરણ લઇને મહાદેવનું તું ભજન કર. તારા સર્વ મનોરથો સફળ થશે. ”[૧૬૬]

હે શત્રુહંતા કૃષ્ણ! માતાનાં એ વચનો સાંભળ્યાં તે દિવસથી આરંભીને મહાદેવ ઉપરજ મારી એકનિષ્ઠાવાળી ભક્તિ થઈ;[૧૬૭] અને પછી તપશ્ચર્યા કરવાનો આરંભ કરીને શંકરને હું પ્રસન્ન કરવા લાગ્યો. મેં એકહજાર વર્ષો સુધી પગના ડાબા અંગુઠાના અગ્રભાગ ઉપર ઉભા રહીને તપશ્ચર્યા કરી. તેમાં સો વર્ષ સુધી માત્ર ફળનોજ આહાર કરીને તપશ્ચર્યા કરી, બીજાં સો વર્ષસુધી ખરી પડેલાં પાંદડાંનો આહાર કરીને તપશ્ચર્યા કરી, ત્રીજાં સો વર્ષસુધી જળનોજ આહાર કરીને તપશ્ચર્યા કરી અને છેલ્લાં સાતસો વર્ષસુધી માત્ર વાયુનોજ આહાર કરીને તપશ્ચર્યા કરી.આ રીતે દેવતાઓનાં એકહજાર વર્ષપર્યંત શંકરનું મેં આરાધન કર્યું;[૧૬૮–૧૭૦] એટલે સર્વ લોકના ઇશ્વર પ્રભુ મહાદેવ મારાપર પ્રસન્ન થયા. તેમણે મને પોતાનો મુખ્ય ભક્ત જાણ્યો હતો, છતાં મારી પરીક્ષા કરવાની ઈચ્છા કરી;[૧૭૧] અને હજાર નેત્રોવાળા ઈંદ્રનું સ્વરૂપ ધારણ કરી, સર્વ દેવગણોની સાથે વિંટાઇને હાથમાં વજ્ર ધારણ કરી તે યશસ્વી ભગવાન મારી પાસે આવ્યા. તે સમયે જેનો વર્ણ અમૃતસમાન ઉજ્જવળ હતો, જેનાં નેત્રો લાલ વર્ણનાં હતાં, જેના કાન સ્તબ્ધ હતા, જેનું સ્વરૂપ મદોત્કટ જણાતું હતું, જેની સુંઢ ગોળ વિંટાયેલી હતી, જેનો દેખાવ ભયંકર હતો અને જેને ચાર દાઢો હતી તેવા એક મોટા હાથી ઉપર આરૂઢ થઇને તે ભગ-

વાન પોતાના તેજથી પ્રકાશી રહ્યા હતા. તેમણે મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો હતો, હાર અને બાજુબંધોથી તે શોભી રહ્યા હતા, તેમના મસ્તક ઉપર શ્વેતવર્ણનું ઉજ્જવળ છત્ર ધારણ કરવામાં આવ્યું હતું અને દિવ્ય ગંધર્વો તથા અપ્સરાઓ, સ્તુતિ કરીને તેમનું સેવન કરી રહ્યાં હતાં.[૧૭૨-૧૭૫] પછી તે દેવેન્દ્રે મને કહ્યું કે:–" હે ઉત્તમ બ્રાહ્મણ! હું તારાપર પ્રસન્ન થયો છું. તારા મનમાં જેની ઇચ્છા હોય તે વર મારી પાસેથી તું માગી લે."[૧૭૬] ઈંદ્રનાં એ વચન સાંભળી મારૂં મન પ્રસન્ન થયું નહિ, તેથી મેં હર્ષ પામ્યાવિનાજ દેવરાજાને આવું વચન કહ્યું:–[૧૭૭] " હે સૌમ્ય! હું તને સત્ય કહું છું કે, તારી પાસેથી કે બીજા કોઇ પણ દેવ પાસેથી વર માગવાની મને ઈચ્છા નથી. માત્ર એક મહાદેવવિના બીજા કોઇની પાસે મારે વર માગવો નથી.[૧૭૮] હે શક્ર! મારૂં આ વાક્ય ખરેખર સત્ય છે અને નિશ્ચયયુક્ત છે કે, મહેશ્વરની કથાવિના બીજી કોઇ કથા મને ગમતી નથી.[૧૭૯] ભગવાન પશુપતિ મને કહે તો તત્કાળ હું એક કીડો થઇ જાઉં અથવા અનેક શાખાઓવાળો વૃક્ષ થઇ જાઉં; પરંતુ પશુપતિના વરદાનરૂપ પ્રસાદથી નહિ મળેલી ત્રિભુવનની રાજ્યસમૃદ્ધિ પણ હું ઇચ્છતો નથી.* હું શંકરના ચરણવંદનમાં આસક્ત રહીને એક ચાંડાલકુળમાં જન્મ પામું, તોપણ મારાં અહોભાગ્ય માનું; પરંતુ ઇશ્વરની ભક્તિથી મુક્ત થઇને ઇંદ્રના ભવનમાં ઉત્પન્ન થાઉં, તોપણ મારાં દુર્ભાગ્ય માનું.[૧૮૧] જે પુરુષને દેવાસુરના ગુરુ ભગવાન વિશ્વનાથ ઉપર ભક્તિ નથી તે પુરુષ વાયુ અને જળનોજ આહાર કરીને જીવન ગાળે તોપણ તેના દુઃખનો નાશ ક્યાંથી થઇ શકે? જે પુરુષોથી એક ક્ષણવાર પણ શંકરના ચરણસ્મરણનો વિયોગ સહન થતો નથી તે પુરુષોને ભિન્નભિન્ન ધર્મોવાળી બીજી કથાઓ કરવાની પણ કંઇ આવશ્યકતા નથી. જે પુરુષનો કળિયુગમાં જન્મ થયો હોય, તેણે નિરંતર શંકરનુંજ ચરણ સેવન કરવામાં આસક્ત રહેવું; કેમકે શંકરની ભક્તિરૂપ રસાયનનું પાન કરવાથી સંસારનો ભય રહેતો નથી.[૧૮૪] જે પુરુષે શંકરની કૃપા સંપાદન કરી નથી, તે પુરુષને એક દિવસ, અર્ધો દિવસ, એક મુહૂર્ત, એક ક્ષણ અથવા એક લવ પણ તેમના ઉપર ભક્તિ ઉત્પન્ન થતી નથી. ભગવાન શંકરની મને આજ્ઞા થાય તો એક કીડો થઇ જવામાટે અથવા પતંગિયું થઇ જવામાટે પણ હું તૈયાર છું; પરંતુ હે શક્ર! તેં આપેલા ત્રૈલોક્યના રાજ્યની મને ઇચ્છા નથી.[૧૮૬] મહેશ્વરના વચનથી હું એક કૂતરો થઇ જવામાટે પણ તૈયાર છું, કેમકે તેજ મારી સર્વોત્કૃષ્ટ કામના છે; પરંતુ મહેશ્વરની આજ્ઞાવિના દેવગણોના રાજ્યની પણ મને ઇચ્છા નથી.[૧૮૭] હું સ્વર્ગલોકને માગતો નથી, દેવોના રાજ્યને ઇચ્છતો નથી, બ્રહ્મલોકની યાચના કરતો નથી, નિષ્કલ સ્વરૂપની કામના રાખતો નથી તેમજ કોઇ પ્રકારના વિષયોની પણ અભિલાષા ધરાવતો નથી. માત્ર શંકરના દાસભાવનેજ હું ઇચ્છું છું.[૧૮૮] જેમના મસ્તકે શ્વેત ચંદ્રરૂપ નિર્મળ મુકુટ ધારણ થઇ રહ્યો છે, તે પશુપતિ ભગવાન શંકર જ્યાંસુધી મારાપર પ્રસન્ન થયા નથી, ત્યાંસુધીજ જન્મ, મરણ તથા વૃદ્ધાવસ્થાનાં સેંકડો દૈહિક દુઃખોને હું ધારણ કરી રહ્યો છું,[૧૮૯] કેમકે ચંદ્ર અને અગ્નિસમાન તેજસ્વી, ત્રિભુવનના સારરૂપ, કેવળ આનંદરૂપ, સર્વના આદ્ય, અજર અને અમર એક રુદ્રનેજ પ્રસન્ન કર્યાવિના કયો પુરુષ આ જગતમાં શાંતિ મેળવી શકે તેમ છે?[૧૯૦] માટે હું તો એજ ઇચ્છું છું કે, મારા કોઇ દોષોને લીધે મારો જો પુનર્જન્મ થાય, તો તે તે પ્રત્યેક જન્મમાં મહાદેવ ઉપર

---

* કહેવાનું તાત્પર્ય એ છે કે, પરમ કારણરૂપ ભગવાન મહાદેવનો મારાપર અનુગ્રહ હોય તો મને તિર્યંચયોનિની પ્રાપ્તિ થાય, તોપણ કાગડાની જાતિમાં અવતરેલા ભુશુંડઋષિની પેઠે કંઇ ભય નથી; પરંતુ તેમના અનુગ્રહવિના કેવળ નાશવંત સ્વભાવના ઇંદ્રે આપેલું ત્રૈલોક્યનું રાજ્ય પણ મને મહાભયંકર લાગે છે. જેમકે નહુષને ત્રિલોકીનું રાજ્ય મળ્યું હતું:પરંતુ ઇશ્વરની કૃપા નહિ હોવાથી અંતે તેને અજગર થવું પડ્યું હતું.

મારી અક્ષય ભક્તિ થાઓ."૧૯૧

ઇંદ્રે કહ્યું:–"કારણના પણ કારણ તે મહેશ્વર જગતમાં વિદ્યમાન છે, તેમાં હેતુ શો છે, કે જેને લીધે તું મહાદેવવિના બીજા કોઇની પાસેથી વર મેળવવાની ઇચ્છા રાખતો નથી?"

મેં (ઉપમન્યુએ) કહ્યું:–"બ્રહ્મવાદી પુરુષો જેને સત્ તથા અસત્ રૂપ કહે છે, વ્યકત તથા અવ્યક્ત કહે છે, નિત્ય કહે છે, એક કહે છે અને અનેક કહે છે, તે પરમ શિવ પાસેથી અમે વર માગીએ છીએ. વળી જેને આદિ, મધ્ય તથા અંતરહિત કહે છે, અચિંત્ય જ્ઞાન તથા ઐશ્વર્યરૂપ પરમાત્મા કહે છે, તેની પાસેથી અમે વર માગીએ છીએ.૧૯૪ જે બીજરૂપ નથી છતાં જેનાથી બીજભૂત સમગ્ર ઐશ્વર્ય ઉત્પન્ન થાય છે, જે પોતે કદી ઉત્પન્ન થતા નથી અને નિર્વિકાર છે, તે કારણના કારણ શંકર પાસેથી અમે વર માગીએ છીએ.૧૯૫ જે તમસ્થી પર રહેલા પરમજ્યોતિરૂપ છે, તપ અને તપોવૃત્તિને ધારણ કરનારા પુરુષોથી પણ પર છે અને જેને જાણીને જ્ઞાની પુરુષોને કદી શોક કરવો પડતો નથી, તે સર્વકારણ શંકર પાસેથી અમે વર માગીએ છીએ.હે પુરંદર! જે પ્રાણીમાત્રના સ્રષ્ટા છે, પ્રાણીમાત્રના અભિપ્રાયને જાણે છે, સર્વ પ્રાણીઓનો સંહાર કરે છે, સર્વવ્યાપક છે અને સર્વ વસ્તુને આપનારા છે, તે મહાદેવનું હું પૂજન કરૂં છું. જે હેતુગર્ભિત વાદોથી મુક્ત છે, સાંખ્ય તથા યોગના તત્ત્વાર્થનો સાક્ષાત્કાર કરાવનારા છે, સર્વથી પર છે અને તત્ત્વજ્ઞપુરુષો જેનું ઉપાસન કરે છે, તે ભગવાન પાસેથી અમે વર માગીએ છીએ.૧૯૮ હે મઘવન્! જેને દેવરાજ ઇંદ્રનો પણ આત્મા કહેવામાં આવે છે અને જે દેવ પ્રાણીમાત્રનો ગુરુ છે, તેની પાસેથી અમે વર માગીએ છીએ.૧૯૯ જેણે અવ્યાકૃત–આકાશ–રૂપ બ્રહ્માંડને પોતાની સત્તાથી વ્યાપ્ત કરી દઈને લોકસ્રષ્ટા બ્રહ્મદેવને પૂર્વે ઉત્પન્ન કર્યા હતા, તેની પાસેથી અમે વર માગીએ છીએ.૨૦૦ હે ઇંદ્ર! અગ્નિ, જળ, વાયુ, પૃથ્વી, આકાશ, બુદ્ધિ, મન અને મહત્તત્ત્વ એ સર્વનો સ્રષ્ટા પરમેશ્વરવિના બીજો કોણ હોઇ શકે? તે તું મને કહે;૨૦૧ તેમજ હે શક્ર! મન, બુદ્ધિ, અહંકાર, પાંચ તન્માત્રાઓ અને ઇંદ્રિયો એ સર્વનો જે આશ્રય થઇ શકે, તે શિવવિના બીજો કોણ છે? તે મને કહે.૨૦૨ વિદ્વાન પુરુષો જેને ભુવનના સ્રષ્ટા અને પિતામહ કહે છે, તે બ્રહ્મા પોતે પણ દેવોના ઇશ્વર શંકરનું આરાધન કરીને મહાન લક્ષ્મી સંપાદન કરે છે. (તુર્યમૂર્તિ) ભગવાન (મહેશ્વર) વિષે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને ઉત્પન્ન કરનારૂં જે ઉત્તમ ઐશ્વર્ય રહેલું છે, તે પણ મહાદેવ પાસેથીજ તેમણે પ્રાપ્ત કર્યું છે; તોપછી એ પરમેશ્વરવિના બીજો કોણ ઇશ્વર છે? તે મને કહે.૨૦૪ દૈત્યો અને દાનવોના મુખ્ય પુરુષોને જગતનું આધિપત્ય આપનારા અને શત્રુઓનો સંહાર કરનારા દેવેશ્વર શંકરવિના બીજો કયો પુરુષ હિરણ્યાક્ષ આદિ દૈત્યોને ઐશ્વર્ય આપવા સમર્થ છે?૨૦૫ દિશાઓ, કાળ, સૂર્ય, સર્વ પ્રકારનાં તેજો, ગ્રહો, વાયુ, ચંદ્ર અને તારાઓ–એ સર્વ પદાર્થો મહાદેવથીજ ઉત્પન્ન થયા છે, એમ તારે જાણવું; તો પછી કહે, એ પરમેશ્વરવિના બીજો કોણ ઇશ્વર છે?૨૦૬ જગતની ઉત્પત્તિના સંબંધમાં, વિનાશના સંબંધમાં, યજ્ઞનો નાશ કરવામાં તથા ત્રિપુરાસુરનો વધ કરવામાં (શંકરવિના બીજો કોણ સમર્થ છે?) વળી તે ભગવાન, દૈત્યો તથા દાનવોના મુખ્ય પુરુષોને આધિપત્ય આપનારા હોઇ દેવોના શત્રુઓનો સંહાર કરનારા છે.૨૦૭ હે ઉત્તમ દેવ! આ વિષયમાં અનેક ઉત્તમ સૂક્યો કહીને જૂદા જૂદા હેતુવાદો અથવા પ્રમાણો દેખાડવાની કંઇ આવશ્યકતા નથી; માત્ર હજારનેત્રોવાળા તેને જોઇનેજ તે પરમાત્માની સિદ્ધિ થઇ શકે છે,૨૦૮ કેમકે હે કુશિકવંશના ઉત્તમ દેવ! આ સિદ્ધો, ગંધર્વો, દેવો તથા ઋષિઓ તારી પૂજા કરી રહ્યા છે–તે સર્વ દેવના દેવ શંકરનાજ પ્રસાદથી થઇ રહ્યું છે.૨૦૯ હે શક્ર! સર્વવ્યાપક પરમાત્માથી વ્યાપ્ત થઈ રહેલા આ બ્રહ્માંડમાં ચેતન અચેતન–જે કંઇ પદાર્થો રહેલા છે તે સર્વે, જીવના ભોગ્યરૂપ હોઇને મહેશ્વરથીજ ઉત્પન્ન થયા છે, એમ તારે જાણવું.૨૧૦ હે

ઐશ્વર્યસંપન્ન ઇંદ્ર! તત્ત્વદ્રષ્ટાઓ કહે છે કે, **ભુવ્** થી આરંભીને મહર્ સુધીના પરલોકોમાં, આ લોકમાં, જૂદાં જૂદાં દ્વીપસ્થાનોમાં, મેરુ પર્વતના પ્રદેશમાં તથા સર્વ મધ્યપ્રદેશોમાં દેવ શંકર વ્યાપી રહેલા છે. હે શક્ર! દેવતાઓ શંકરના જેવીજ (પ્રભાવશાળી) બીજી કોઇ દેવમૂર્તિને જો જુએ છે તો, અસુરોથી પરાજય પામવાના સમયે તેઓ તેને શરણે કેમ જતા નથી? પરંતુ એ વાત નિશ્ચય છે કે, દેવો, યક્ષો, સર્પો અને રાક્ષસો વચ્ચે માંહોમાંહે જ્યારે યુદ્ધ થાય છે અને અન્યોન્યનો વિનાશપ્રસંગ જ્યારે ઉપસ્થિત થાય છે, ત્યારે ભગવાન શંકરજ તેઓને પોતપોતાનું સ્થાન તથા ઐશ્વર્ય આપે છે. અંધક, શુક્ર, દુંદુભિ, મહિષ, મોટા મોટા રક્ષો અને નિવાતકવચ આદિ રાક્ષસો-વગેરેનો વરદાન આપવા છતાં પણ નાશ કરવામાટે મહેશ્વરવિના બીજો કોણ સમર્થ છે? તે મને કહે. વળી તું મને કહે કે, દેવો તથા અસુરોના ગુરુ બીજા કયા પુરુષનું વીર્ય પૂર્વે અગ્નિમાં હોમાયું હતું? બીજા કોના વીર્યમાં એવો પ્રભાવ હતો કે જેથી સુવર્ણનો પર્વત ઉત્પન્ન થઇ ગયો હતો? આ જગતમાં બીજો કયો પુરુષ છે, કે જે દિશાઓરૂપી વસ્ત્રને ધારણ કરે છે? કયો પુરુષ ઊર્ધ્વરેતસ્ કહેવાય છે? કોના અર્ધશરીરમાં સ્ત્રી રહેલી છે? કોણે કામદેવનો પરાજય કર્યો છે? વળી હે ઇંદ્ર! તું મને કહે કે, કોના ઉત્તમસ્થાનની દેવો પણ પ્રશંસા કરે છે? કોણ શ્મશાનમાં ક્રીડા કરે છે? નૃત્યમાં કોણ ઉત્તમ કહેવાય છે? કોનું ઐશ્વર્ય તે મહેશ્વરના સમાન છે? કયો પુરુષ ભૂતોની સાથે ક્રીડા કરે છે? ઐશ્વર્યથી ગર્વિષ્ઠ થયેલા કયા દેવગણો તેમની સમાન બળવાળા છે? કોનું સ્થાન ત્રૈલોક્યમાં પૂજાયેલું હોઇને અચલ અથવા અવિનાશીતરીકે પ્રસિદ્ધ છે? તેમનાવિના બીજો કોણ જગતમાં વૃષ્ટિ કરે છે? કોણ તપે છે? કોણ તેજથી દીપી રહ્યો છે? કોનાથી ઔષધિઓની ઉત્પત્તિ થાય છે? કોણ દ્રવ્યને ધારણ કરી રાખે છે? અને આ સ્થાવરજંગમ જગતમાં તેમનાવિના બીજો કોણ પોતાની ઇચ્છાનુસાર ક્રીડા કરી રહ્યો છે? [૨૧૧-૨૨૧] યોગીઓ, જ્ઞાનસિદ્ધિમાં સાધનભૂત ક્રિયાયોગોદ્વારા મહાદેવનુંજ સેવન કરી રહ્યા છે; અને ઋષિઓ, સિદ્ધો તથા ગંધર્વો પણ તેમનેજ કારણના કારણ કહે છે.[૨૨૨] દેવ તથા અસુરો પણ કર્મ, યજ્ઞ અને ક્રિયાઓદ્વારા જેમનું સેવન કરી રહ્યા છે; અને જે દેવ કર્મના ફળભૂત શરીરાદિકના સંબંધથી અથવા સુખદુઃખાદિના સંબંધથી રહિત છે, તેનેજ હું કારણના કારણ કહું છું.[૨૨૩] તે મહેશ્વરનું પદ સ્થૂળ છે, નિરુપમ છે, ઇંદ્રિયાદિકથી અગ્રાહ્ય છે, ગુણોના વિષયભૂત છે, ગુણોથી રહિત છે, ગુણોનું અધ્યક્ષ છે અને સર્વના કરતાં પર છે.[૨૨૪] વળી તે જગતને નિયમમાં રાખનાર છે, સર્વના કારણભૂત ઈશ્વરનું પણ નિયમન કરનાર છે, લોક અને લોકના અંતનું કારણ છે, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનરૂપ છે, સર્વને ઉત્પન્ન કરનાર છે અને સર્વનું કારણ છે.[૨૨૫] હે શક્ર! સર્વના ઉપાદાનકારણભૂત જે શંકરથી જીવની, ઈશ્વરની, પ્રધાન(પ્રકૃતિ)ની, વિદ્યાની, અવિદ્યાની, કર્મની, અકર્મની, ધર્મની અને અધર્મની ઉત્પત્તિ થાય છે, તેનેજ હું કારણ કહું છું.[૨૨૬] હે દેવેન્દ્ર! સૃષ્ટિ અને સંહારના કારણભૂત દેવાધિદેવ રુદ્ર, સર્વના કારણભૂત છે. એ વિષયમાં આ પ્રત્યક્ષ પ્રમાણ છે કે, તેમણે પોતાના લિંગને (મૂર્તિને) ભગથી (યોનિથી) ચિહ્નિત કર્યું છે, તે તું જો.[૨૨૭] વળી પૂર્વે મારી માતાએ મને કહ્યું છે કે, ભગ અને લિંગના સંયોગથી લોકની જેમ ઉત્પત્તિ થાય છે, તેમ આ જગતનું કારણ પણ તેવા પ્રકારનુંજ હોવું જોઇએ, એમ અનુમાન થઇ શકે છે; માટે હે શક્ર! તે મહેશ્વર કરતાં શ્રેષ્ઠ બીજું કંઈ નથી, એમ જાણીને તારી જો ઇચ્છા હોય તો તેમનું તું શરણ લે.[૨૨૮] હે દેવેશ! એ વાત તો તને પોતાને પણ પ્રત્યક્ષ જાણવામાં છે કે, આ ત્રણે લોક ભગલિંગના સંયોગરૂપ કારણથી ઉત્પન્ન થાય છે; અને તેમાં માયા તેજ ભગને સ્થાને છે અને નિર્ગુણ ચૈતન્ય તેજ લિંગને સ્થાને છે-એ બન્નેના સમુદાયથી અથવા સહયોગથીજ ત્રૈલોક્ય ઉત્પન્ન

થાય છે. વળી કહેવાય છે કે, બ્રહ્માદિકના વીર્યથી ઉત્પન્ન થયેલું આ જગત માયા અને નિર્ગુણ બ્રહ્મના એકીકરણરૂપજ છે; અને એટલા માટેજ બ્રહ્મા, ઇંદ્ર અને વિષ્ણુ આદિ દેવતાઓ તથા મોટા દૈત્ય રાજાઓ કે જેઓની બુદ્ધિ હજારો કામનાઓને પૂર્ણ કરવામાટે સમર્થ છે, તેઓ પણ એમજ કહે છે કે, મહેશ્વર કરતાં શ્રેષ્ઠ બીજું કંઈ પણ નથી. આ રીતે સ્થાવર-જંગમ જગતમાં ઉત્તમ વેદ્યતરીકે કહેવાયેલા દેવ શંકર પાસેથીજ હું કામના મેળવવાની ઈચ્છા રાખું છું અને તત્કાળ મોક્ષ મેળવવામાટે તેમનીજ એકાગ્રચિત્તે પ્રાર્થના કરૂં છું.[૨૨૯] હવે, બીજા ભિન્ન ભિન્ન હેતુઓ દર્શાવવાનું શું પ્રયોજન છે? તે મહેશ્વરજ કારણના પણ કારણ છે, કેમકે અમે સાંભળ્યુંજ નથી કે દેવતાઓએ મહેશ્વરવિના બીજા કોઇના લિંગની કદી પૂજા કરી હોય![૨૩] જો તેં કદી સાંભળ્યું હોય તો તું મને કહે કે, સર્વ દેવતાઓએ મહેશ્વરવિના બીજા કોના લિંગની પૂર્વે પૂજા કરી હતી? અને અત્યારે પણ તેઓ કોના લિંગની પૂજા કરી રહ્યા છે?[૨૩૧] બ્રહ્મા, વિષ્ણુ અને તું સુદ્ધાં પણ સર્વ દેવતાઓ મહેશ્વરના લિંગનું સદાકાળ પૂજન કરી રહ્યા છો; માટે નિશ્ચય થાય છે કે, ભગવાન શંકરજ સર્વના કરતાં અત્યંત શ્રેષ્ઠ છે.[૨૩૨] વળી સર્વ પ્રજાઓ પદ્મ, ચક્ર કે વજ્રના ચિહ્નવાળી નથી; પરંતુ લિંગ તથા ભગનાજ ચિહ્નવાળી છે. તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે, પ્રજાઓ મહેશ્વરથીજ ઉત્પન્ન થયેલી છે;[૨૩૩] તેમજ ભગના ચિહ્નવાળી સર્વ સ્ત્રીઓ દેવી પાર્વતીના કારણરૂપ ભાવથી ઉત્પન્ન થયેલી છે; અને સર્વ પુરુષો મહાદેવના લિંગવડે પ્રત્યક્ષ ચિહ્નવાળા કરાયા છે; છતાં જે દુર્મતિ પુરુષ, ઈશ્વર અને દેવી પાર્વતીસિવાય કોઇ અન્યને જગતનું કારણ કહે અને “સચરાચર ત્રૈલોકયમાં તેમના ચિહ્નથી અંકિત થયેલું કોઇ પ્રાણીજ નથી” એમ કહે તે, અવશ્ય જગતની બહારનોજ હોવો જોઈએ.[૨૩૪] આ લોકમાં જે પુરુષનું ચિહ્ન ધરાવે છે, તે શંકરસ્વરૂપ છે; અને જે સ્ત્રીનું ચિહ્ન ધરાવે છે, તે પાર્વતીસ્વરૂપ છે, એમ તારે જાણવું. કેમકે શંકર અને પાર્વતી એ બે સ્વરૂપોથીજ આ ચરાચર જગત વ્યાપ્ત થયું છે;[૨૩૫] માટે હે બલદૈત્યનો નાશ કરનાર કૌશિક! એ શંકર પાસેથીજ વર મેળવવાની અથવા મરણની હું ઇચ્છા રાખું છું. તારે જવું હોય તો જા અથવા ઉભા રહેવું હોય તો ઉભો રહે.[૨૩૬] મને મહેશ્વર પાસેથી વર મળે અથવા શાપ મળે તે ભલે મળે; પણ બીજો દેવ, સર્વ ઇચ્છિત ફળને આપનારો હોય છતાં તેની પાસેથી વર મેળવવાની મારી આકાંક્ષા નથી.”[૨૩૭]

દેવેન્દ્રને એ પ્રમાણે કહ્યું તે પછી મારી ઇંદ્રિયો દુઃખને લીધે વ્યાકુળ બની ગઇ. મેં મનમાં વિચાર કર્યો કે, “આનું કારણ શું? મહાદેવ, મારાપર પ્રસન્ન કેમ થતા નથી?”[૨૩૮] તે પછી એક ક્ષણવારમાંજ તે ઐરાવત હાથીને (જેનાપર ઇંદ્ર બેઠો હતો તેને) એક પોઠિયાના સ્વરૂપમાં ઉભેલો મેં જોયો. તેનું સ્વરૂપ હંસ, ડોલર (મોગરો) અને ચંદ્રસમાન ઉજ્જવળ હતું, તેની કાંતિ કમળના મૃણાલ જેવી તથા રૂપા જેવી શુભ્ર હતી, તેનો દેખાવ સાક્ષાત્ ક્ષીરસમુદ્ર જેવોજ હતો, તેનું પૂંછડું શ્યામવર્ણું હતું, તેનું શરીર પ્રચંડ હતું અને તેનાં નેત્રો મધના જેવાં પિંગટવર્ણાં હતાં.[૨૩૯,૨૪૦] વળી તે નંદી, વજ્રના સારથિએ જાણે બનાવ્યાં હોય તેવાં મજબૂત અને તપાવેલાં સુવર્ણસમાન કાંતિવાળાં પોતાનાં તીક્ષ્ણ શીંગડાં કે જેઓનો અગ્રભાગ લીસો અને લાલ હતો–તે વડે પૃથ્વીને જાણે ખોદી નાખતો હોય, તેમ (પૃથ્વીમાં શીંગડાં ભરાવી રહ્યો હતો.) તેનો દેખાવ હિમાલયના શિખરસમાન શ્વેત હતો, તેને શ્વેત વર્ણના વાદળના શિખરનીજ ઉપમા ઘટી શકતી હતી, તેના શરીર ઉપર ચારે તરફના ભાગમાં સુવર્ણનો હાર શોભી રહ્યો હતો, તેનું મુખ સુંદર હતું, તેની ખરીઓ અને નાસિકા પણ સુંદર હતી, તેનો વર્ણ મનોહર હતો, તેનો કેડનો ભાગ રમણીય હતો, તેનાં બન્ને પડખાં રમ્ય હતાં, તેની ખાંધ ઘણી મોટી હતી,

તેનું રૂપ ઘણુંજ સુંદર હતું, તેનો દેખાવ મનોહર હતો અને જાણે તેની ખાંધને દબાવી બેઠી હોય તેવી દેખાતી હતી. એ નંદિકેશ્વર ઉપર દેવાધિદેવ ભગવાન મહાદેવ, પાર્વતીની સાથે બેઠા હતા; જેથી પૂર્ણિમાની રાત્રે ઉદય પામેલા ચંદ્રના જેવાજ શોભતા હતા. તેમના તેજમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ, વિજળીના ચમકારાવાળા મેઘ જેવો દેખાતો હતો અને એક હજાર સૂર્યના જેવા તથા પ્રલયકાળના અગ્નિ જેવા મહાતેજસ્વી શંકર પોતાના તેજસપ્રભાવથી સર્વ પ્રદેશને જાણે ભરી દેતા હોય, તેમ નંદી ઉપર બિરાજ્યા હતા. તે સમયે પ્રાણીમાત્રને બાળી નાખવા સળગી ઉઠેલા પ્રલયકાળના અગ્નિની પેઠે તેજથી ઝળહળી રહેલા અને ચોતરફથી જોવાને માટે અશક્ય થઇ પડેલા તે ભગવાનને જોઈને ફરીપણ મારૂં હૃદય ઉદ્વિગ્ન થઇ ગયું અને "આ શું હશે?" એ પ્રમાણે હું વિચાર કરવા લાગ્યો. એક મુહૂર્ત જેટલો સમય થયો એવામાં તો સર્વ દિશાઓમાં વ્યાપ્ત થઇ રહેલું તે તેજ, દેવાધિદેવની માયાથી એકદમ શાંત થઇ ગયું, એટલે નંદિકેશ્વર ઉપર બિરાજેલા ભગવાન મહેશ્વરનાં મને દર્શન થયાં. તે મહાત્મા શ્યામ કંઠવાળા હતા, સર્વ પ્રકારના સંગથી રહિત હતા, તેજના એક ભંડાર હતા, અઢાર ભુજાઓવાળા હતા, પ્રાણીમાત્રના હૃદયમાં સ્થિતિ કરનારા હતા, સર્વજાતના અલંકારોથી શોભી રહ્યા હતા, શ્વેત વસ્ત્રને ધારણ કરી રહ્યા હતા, સર્વ જગતમાં ક્રીડા કરનારા હતા, ઉજ્જવળ પુષ્પમાળાને તથા વિલેપનને ધારણ કરનારા હતા, શ્વેત નંદીના ચિહ્નવાળી ધ્વજાવાળા હતા, તેજથી દુરાધર્ષ હતા અને શુદ્ધ યજ્ઞોપવીતને ધારણ કરી રહ્યા હતા.[૫૦,૫૧] તેમની આસપાસ ગાયન ગાતા, નૃત્ય કરતા, વાદિત્રો વગાડતા અને પોતાસમાન પરાક્રમવાળા અનેક અનુચરો વિંટાઇ વળ્યા હતા.[૫૨] તેમના મુકુટમાં બાલચંદ્ર પ્રકાશી રહ્યો હતો; જેથી ઉદય પામેલા શરદ્ઋતુના ચંદ્રમંડળ જેવા તે દેખાતા હતા અને તેમણે પોતાનાં ત્રણ નેત્રોથી સર્વત્ર પ્રકાશ પ્રકાશ કરી મૂક્યો હતો; તેથી ત્રણ સૂર્યનો જાણે ઉદય થયો હોય તેમ જણાતું હતું.[૫૩] એ દેવે શ્વેત કાંતિવાળા પોતાના શરીરપર રત્નોથી શોભી રહેલી અને સુવર્ણનાં કમળોથી ગુંથેલી દિવ્ય માળા પહેરી હતી, જે શોભામાં વૃદ્ધિ કરતી હતી.[૫૪] હે ગોવિંદ! તે સમયે, અમાપ તેજવાળા ભગવાન શંકરનાં સર્વ તેજોમય અસ્ત્રોને મેં પ્રત્યક્ષ મૂર્તિમાન જોયાં હતાં.[૫૫] તે મહાત્માનું, ઇંદ્રના આયુધસરખું 'પિનાક' નામનું જે ધનુષ્ય છે તે, મોટો એક સર્પજ હતો.[૫૬] તેને સાત મસ્તકો હતાં, તેનું શરીર ઘણુંજ મોટું હતું, તેની દાઢો તીક્ષ્ણ હતી, તેનું ઝેર ભયંકર હતું, તેની મહાન ગ્રીવામાં એક પ્રત્યંચા (ધનુષ્યની દોરી) વિંટાયલી હતી અને તેનું શરીર પુરુષાકૃતિ હતું.[૫૭] વળી તેમનું બાણ પણ સૂર્યસમાન તેજસ્વી હતું. પ્રલયકાળના અગ્નિસમાન કાંતિવાળું હતું અને એજ મહાઘોર બાણને 'પાશુપત' નામનું મોટું દિવ્ય અસ્ત્ર કહેવામાં આવે છે, કે જે અસ્ત્ર અદ્વિતીય, અવર્ણનીય અને સર્વભયંકર કહેવાય છે. વળી તે અસ્ત્ર તણખાઓવાળા પ્રચંડ અગ્નિને જાણે વર્ષી રહ્યું હોય, તેવું જાજ્વલ્યમાન હતું, તેને એક ચરણ હતો, મોટી દાઢો હતી, હજારો મસ્તક અને હજારો ઉદરો હતાં, હજારો ભુજાઓ, હજારો જિહ્વાઓ અને હજારો નેત્રો હતાં અને તેમાંથી જાણે અગ્નિ વરસતો હોય તેવું તે દેખાતું હતું.[૨૫૮–૨૬૦] હે મહાબાહુ કૃષ્ણ! શંકરનું એ પાશુપતાસ્ત્ર બ્રહ્માસ્ત્ર કરતાં, નારાયણાસ્ત્ર કરતાં, અગ્ન્યાસ્ત્ર કરતાં અને વરુણાસ્ત્ર કરતાં પણ ઉત્તમ છે અને સર્વ પ્રકારનાં શસ્ત્રોનો વિઘાત કરનારૂં છે.[૨૬૧] હે ગોવિંદ! પૂર્વે મહાદેવે માત્ર એકજ બાણનો પ્રયોગ કરીને લીલામાત્રમાં ત્રિપુરને (ત્રણ દૈત્યોનાં ત્રણ નગરોને) બાળી નાખીને ભસ્મીભૂત કરી નાખ્યું હતું; (તેજ એ પાશુપતાસ્ત્ર છે.) અને જો તે પાશુપતાસ્ત્ર, મહેશ્વરની ભુજામાંથી છૂટી નીકળે તો એક અર્ધનિમેષ જેટલા સમયમાં સચરાચર સમગ્ર ત્રૈલોક્યને બાળીને ભસ્મ કરી નાખે, એમાં કંઇ સંશય નથી; એટલુંજ નહિ પરંતુ આ જગતમાં બ્રહ્મા અને

પાશુપતાસ્ત્રથી જેનો વિષ્ણુ આદિ દેવોમાં પણ વધ ન થઇ શકે તેવો કોઇ નથી. તે આશ્ચર્યકારક ઉત્તમ અસ્ત્રને તે વેળા મેં જોયું હતું.[૨૬૩,૨૬૪] વળી બીજું એ પાશુપતાસ્ત્રસમાન અથવા તેના કરતાં પણ કંઇક અધિક એવું મહાન અસ્ત્ર કે જે સર્વ લોકમાં “શૂલ” એવા નામથી વિખ્યાત થયું છે, તેને પણ શંકરે ધારણ કર્યું હતું.[૨૬૫] એ અસ્ત્રને શંકરે જો છૂટું મૂક્યું હોય તો આખી પૃથ્વીને ચીરી નાખે, મોટા સમુદ્રને શુષ્ક કરી નાખે અથવા સમગ્ર જગતનો સંહાર કરી નાખે.[૨૬૬] હે ગોવિંદ ! જે અસ્ત્ર લવણાસુરના હાથમાં રહીને યુવનાશ્વના પુત્ર, ચક્રવર્તી, મહાતેજસ્વી, ત્રણ લોકનો વિજય કરનારા, મહાવીર્યશાળી અને ઇંદ્રતુલ્ય પરાક્રમી મહાબળવાન રાજા માંધાતાનો તેના સૈન્યની સાથે પૂર્વે નાશ કર્યો હતો. તેજ એ ત્રિશૂલ અસ્ત્ર, જાણે સર્વની તર્જના કરતું હોય તેમ ત્રણ શિખાઓરૂપી ભૃકુટી ચઢાવીને શંકરની પાસે રહેલું હતું. તેની અણી ઘણીજ તીક્ષ્ણ હતી, તેનો દેખાવ રુંવાટાં ઉભાં કરી દે તેવો મહાભયંકર હતો, તેનું તેજ જ્વાળાઓવાળા નિર્ધૂમ અગ્નિ જેવું જણાતું હતું, તેની ઉગ્રતા ઉદય પામેલા કાળસૂર્યના જેવીજ હતી અને તેનો હાથો સર્પનો હતો; જેથી તે અવર્ણનીય અસ્ત્ર પાશધારી કાળના જેવું દેખાતું હતું.[૨૬૯-૭૦] હે ગોવિંદ ! તે ઉપરાંત પરશુ નામનું એક અસ્ત્ર પણ રુદ્રની પાસે મેં જોયું હતું. તેની ધારા તીક્ષ્ણ હતી અને પૂર્વે, પરશુરામ ઉપર મહાદેવ જ્યારે પ્રસન્ન થયા હતા, ત્યારે ક્ષત્રિયોનો ક્ષય કરવામાટે તે પરશુ, પરશુરામને તેમણે આપ્યો હતો. જેને લીધે ઉત્તમ કર્મ કરનારા જમદગ્નિના પુત્ર પરશુરામે, ચક્રવર્તી કાર્તવીર્યનો મહારણમાં વધ કર્યો હતો અને પૃથ્વીને એકવીસવાર નક્ષત્રીય કરી હતી;[૨૭૧-૭૩] તેજ પરશુ કે જેની ધારા દેદીપ્યમાન હતી, જેનું મુખ મહારૌદ્ર હતું, જે કંઠમાં સર્પ ધારણ કરનારા શંકરની પાસે રહ્યો હતો અને જેની કાંતિ પ્રદીપ્ત થયેલા સેંકડો અગ્નિની પેઠે પ્રકાશી રહી હતી તે પરશુ, શંકરની સમીપમાંજ હતો.[૨૭૪] હે નિર્દોષ કૃષ્ણ ! બુદ્ધિમાન શંકરની પાસે બીજાં અસંખ્ય દિવ્ય અસ્ત્રો હતાં. તેમાં જેઓ મુખ્ય હતાં તેઓનુંજ તમારી પાસે મેં વર્ણન કર્યું છે.[૨૭૫]

એ દેવની જમણી બાજુમાં લોકપિતામહ બ્રહ્મા હંસોથી જોડેલા અને મનસમાન વેગવાળા દિવ્ય વિમાનમાં બેઠેલા જણાતા હતા;[૭૬] તેમજ તેમની ડાબી બાજુમાં શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનારા નારાયણ, ગરુડ ઉપર બેસીને ઉભા હતા.[૨૭૭] બીજી તરફ દેવી પાર્વતીની સમીપમાં મયૂર ઉપર સ્વાર થઇને કાર્તિકસ્વામી ઉભા હતા. તેમણે હાથમાં શક્તિ અને ઘંટા ધારણ કર્યાં હતાં; જેથી બીજા અગ્નિના જેવાજ તે દેખાતાહતા.[૨૭૮] પછી મહાદેવના અગ્રભાગમાં મેં દૃષ્ટિ કરી, એટલે બીજા શંકરના જેવાજ નંદીને (તે નામના ગણને) હાથમાં ત્રિશૂળ લઇને ઉભેલો મેં જોયો.[૨૭૯] વળી તે સમયે સ્વાયંભુવ આદિ મનુઓ, ભૃગુ આદિ ઋષિઓ અને ઇંદ્ર આદિ સર્વ દેવતાઓ પણ ત્યાં આવ્યા હતા.[૨૮૦] સર્વ ભૂતગણો અને જૂદી જૂદી માતૃકાઓ પણ મહાત્મા શંકરને નમન કરીને તેમની આસપાસ તેમના પરિવારતરીકે ઉભી હતી.[૨૮૧] સર્વ દેવતાઓ, અનેક પ્રકારનાં સ્તોત્રો ભણીને મહાદેવની સ્તુતિ કરી રહ્યા હતા. બ્રહ્મા પોતે પણ રથંતર સામનું ગાન કરીને શંકરની સ્તુતિ કરતા હતા. નારાયણ પણ જ્યેષ્ઠ સામનું ગાન કરીને દેવેશના ગુણગાન કરી રહ્યા હતા. ઇંદ્ર ઉત્તમ શતરુદ્રિયનો પાઠ કરીને પરબ્રહ્મ મહેશ્વરની સ્તુતિ કરતો હતો અને તે સમયે બ્રહ્મા, નારાયણ તથા દેવરાજ ઇંદ્ર–એ ત્રણે મહાત્માઓ ત્રણ અગ્નિઓ જેવાજ શોભતા હતા; તેમજ તેઓના મધ્યમાં રહેલા ભગવાન શંકર દેવ પણ શરદ્ઋતુના મેઘમંડળથી મુક્ત થયેલા અને પરિધિ(મંડળ)ના મધ્યમાં રહલા સૂર્યસમાન પ્રકાશી રહ્યા હતા. હે કેશવ ! તે વેળા આકાશમાં હજારો સૂર્યો અને હજારો ચંદ્રો મારા જોવામાં આવ્યા હતા.[૨૮૨-૮૬] પછી સમગ્ર જગતના પતિ દેવ શંકરની મેં આ પ્રમાણે સ્તુતિ કરી હતી.

(ઉપમન્યુની સ્તુતિઃ-) "હે દેવાધિદેવ મહાદેવ! હું તમને નમસ્કાર કરૂં છું. તમે ઇંદ્રના સ્વરૂપને ધારણ કરો છો. ઇંદ્રરૂપ છો, ઇંદ્રના વેષને ધારણ કરો છો, વજ્રને ધારણ કરો છો, તમારો વર્ણ પીંગળો અને લાલ છે. હું તમને નમસ્કાર કરૂં છું.[૨૮૭,૨૮૮] હે પિનાકધારી ભગવન્! નિત્ય શંખ તથા ત્રિશૂળને ધારણ કરનારા, શ્યામ વસ્ત્ર પહેરનારા તથા શ્યામ વર્ણના વાંકડીયા કેશવાળા તમને હું નમસ્કાર કરૂં છું.[૨૮૯] તમે કાળા મૃગચર્મને ધારણ કરો છો, કૃષ્ણપક્ષની અષ્ટમી તમને અત્યંત પ્રિય છે, તમારો વર્ણ ઉજ્જવળ છે, તમે પોતે પણ અત્યંત નિર્મળ છો, શ્વેત વર્ણનાં વસ્ત્રોને તમે ધારણ કરો છો, ઉજ્જવળ ભસ્મલેપનથી તમે લિપ્ત રહો છો, હિંસારહિત ધ્યાનાદિ ધર્મમાં તમે આસક્ત રહો છો, તમારો વર્ણ રક્ત છે અને રકતવર્ણનાં વસ્ત્રોને તમે ધારણ કરો છો, એવા તમને હું નમસ્કાર કરૂં છું.[૨૯૧] તમારી ધ્વજા-પતાકા લાલ છે, લાલ પુષ્પમાળાને તથા વિલેપનને તમે ધારણ કરો છો, તમે પીળા વર્ણના છો, પીળાં વસ્ત્રોને ધારણ કરો છો, તમારૂં છત્ર અત્યંત ઉત્કૃષ્ટ છે; ઉત્તમ મુકુટને, અર્ધહારને, અર્ધકેયૂરને તથા અર્ધકુંડળને તમે ધારણ કરો છો અને તમારો વેગ પવનના જેવોજ છે. હે દેવ! સુરેન્દ્રરૂપ, મુનીન્દ્રરૂપ અને મહેન્દ્રરૂપ તમને હું નમસ્કાર કરૂં છું.[૨૯૪] તમે કમળની અર્ધમાળાને ધારણ કરો છો, કમળથી મિશ્ર રહો છો, અર્ધશરીરમાં ચંદનથી લિપ્ત રહો છો, અર્ધશરીરમાં પુષ્પની માળાને તથા વિલેપનને ધારણ કરો છો, તમારૂં મુખ સૂર્યસમાન તેજસ્વી છે, તમારાં નેત્રો સૂર્યસમાન પ્રકાશિત છે, તમારો વર્ણ સૂર્યસમાન પ્રદીપ્ત છે, તમારૂં સ્વરૂપ સૂર્યસમાન તેજસ્વી છે, તમે ચંદ્રરૂપ છો, શાંતગુણી છો, શાંત મુખને ધારણ કરો છો, તમારૂ સ્વરૂપ શાંત છે, સર્વ દેવગણોમાં તમે મુખ્ય છો અને સુંદર દાઢાથી તમે શોભી રહ્યા છો.[૨૯૫-૨૯૯] તમારો વર્ણ શ્યામ અને ગૌર છે, અર્ધશરીરમાં તમે પીળા વર્ણવાળા છો અને અર્ધશરીરમાં તમે શ્વેત વર્ણવાળા છો. તમે અર્ધશરીરને સ્ત્રીરૂપમાં ધારણ કરો છો અને અર્ધશરીરને પુરુષના રૂપમાં ધારણ કરો છો. આ રીતે સ્ત્રી અને પુરુષરૂપ તમને હું નમસ્કાર કરૂં છું.[૨૯૯] વૃષભના વાહનવાળા, ગજેન્દ્રસમાન ગમન કરનારા, પાપીઓને દુષ્પ્રાપ્ય અને અગમ્ય ગતિવાળા એવા આપને હું નમસ્કાર કરૂં છું. ગણો જેમનું ગાન કરી રહ્યા છે, ગણોના સમૂહ ઉપર જેમને અત્યંત પ્રીતિ છે, જેમનો માર્ગ ગણોથી અનુસરાયેલો છે અને ગણો એજ નિત્ય જેમનું વ્રત છે, તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૦૦] જેમનો વર્ણ શ્વેત મેઘના જેવો છે, જેમની કાંતિ સંધ્યાના રંગ જેવી પિંગળી છે, જેમનાં નામાભિધાન કેવળ અવર્ણનીય છે, જે પોતાના સ્વરૂપમાંજ સ્થિતિ કરનારા છે, જેમનાં વસ્ત્રો લાલ વર્ણના છેડાવાળાં છે, જેમણે લાલ વર્ણની જનોઈ ધારણ કરેલી છે, જેમનું સ્વરૂપ રક્તમાળાઓથી અદ્‌ભુત દેખાય છે, જેમણે રક્ત વસ્ત્રોને ધારણ કર્યાં છે, જેમનું મસ્તક મણિઓથી શોભી રહ્યું છે, જેમણે અર્ધચંદ્રનું આભૂષણ ધારણ કર્યું છે, જેમના મસ્તક ઉપર વિચિત્ર મણિઓ પ્રકાશી રહ્યા છે, જેમણે આઠ પ્રકારનાં પુષ્પો ધારણ કર્યાં છે, જેમનું મુખ અને નેત્રો અગ્નિસ્વરૂપ છે, જેમનાં નેત્રો હજારો ચંદ્રસમાન પ્રકાશિત છે, જેમનું સ્વરૂપ અગ્નિના જેવું ઉજ્જવળ છે, જેમની કાંતિ મનોહર છે, જેમની પ્રાપ્તિ થવી ઘણીજ કઠિન છે, જેમની ગતિ આકાશમાં છે, જેમની પ્રીતિ પૃથ્વીનાં પ્રાણીઓ ઉપર અધિક છે, જેમનો વિહાર પૃથ્વી ઉપર પણ છે અને જે આખા ભુવનરૂપ છે તે અનંત ભગવાન શિવને હું નમસ્કાર કરૂં છું.[૩૦૧-૩૦૫] હે જગતના નિવાસ! દિશારૂપી વસ્ત્રને ધારણ કરનારા, નિત્ય પુષ્પાદિકની સુવાસથી સુગંધીદાર વસ્ત્રવાળા અને જ્ઞાન તથા સુખરૂપ એવા તમને હું નમસ્કાર કરૂં છું. તમે નિત્ય મુકુટને ધારણ કરો છો, મોટા કેયૂરને ધારણ કરો છો, કંઠમાં સર્પનો હાર પહેરો છો, સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપ ત્રણ નેત્રોને ધારણ કરો છો, તમને એક લાખ નેત્રો છે, તમે અર્ધ-

નારીનું તથા અર્ધપુરુષનું સ્વરૂપ ધારણ કરો છો, નપુંસકનું સ્વરૂપ ધારણ કરો છો, સાંખ્યરૂપ છો અને યોગી છો.[૩૦૬–૮] તમે યજ્ઞમાં સદ્‌ગુણ ઉત્પન્ન કરનારા દેવના પ્રસાદરૂપ છો, અથર્વવેદરૂપ છો, સર્વની પીડાઓનો નિત્ય નાશ કરો છો, શોકને દૂર કરનારા છો, મેઘના જેવો ગંભીર શબ્દ કરનારા છો, અનેક માયાઓને ધારણ કરો છો, બીજ તથા ક્ષેત્રનું પાલન કરો છો અને સર્વના સ્રષ્ટા છો.[૩૦૯,૧૦] હે જગતના ઇશ્વર! દેવો તથા અસુરોના નિયંતા, પવનસમાન વેગવાળા, પવનના સ્વરૂપને ધારણ કરનારા, સુવર્ણની માળા પહેરનારા, પર્વત ઉપર ક્રીડા કરનારા, દૈત્યોનાં મસ્તકની માળાવાળા અને ઉગ્ર વેગને ધારણ કરનારા તમને હું નમસ્કાર કરૂં છું.[૩૧૧,૧૨] તમે બ્રહ્મદેવના મસ્તકનું છેદન કરનારા છો, મહિષાસુરનો વધ કરનાર છો, સ્ત્રીના રૂપને ધારણ કરનાર છો, દક્ષના યજ્ઞનો નાશ કરનાર છો, ત્રિપુરાસુરનો નાશ કરનાર છો, યજ્ઞનો ધ્વંસ કરનાર છો, કામદેવના અંગનો નાશ કરનાર છો, કાળદંડને ધારણ કરો છો, કાર્તિકસ્વામી અને વિશાખના રૂપને ધારણ કરો છો, બ્રહ્મદંડરૂપ છો, જગતને ઉત્પન્ન કરનાર છો, સર્વને સુખ આપનારા છો અને વિશ્વરૂપ છો. હું તમને નમસ્કાર કરૂં છું.[૩૧૩–૧૫] હે ઈશાન! સંસારના ભયનો નાશ કરનારા, અંધકાસુર દૈત્યનો ઘાત કરનારા, જગતમાં વ્યાપ્ત થઇ રહેલા, સર્વ માયાના અધિષ્ઠાતા, ચિંતન કરવાને યોગ્ય અને ચિંતન કરવાને અશકય એવા તમને હું નમસ્કાર કરૂં છું. તમે અમારા ગતિરૂપ છો, તમે સર્વ કરતાં શ્રેષ્ઠ છો અને તમેજ અમારૂં હૃદય છો. તમે સર્વ દેવતાઓમાં બ્રહ્મારૂપ છો, રુદ્રોમાં નીલલોહિત છો, પ્રાણીમાત્રના તમે આત્મા છો, સાંખ્યશાસ્ત્રમાં તમેજ પુરુષ કહેવાઓ છો, પવિત્ર યોગીઓમાં તમે સર્વના કરતાં શ્રેષ્ઠ છો, તમેજ નિષ્કલ શિવ છો. સર્વ આશ્રમીઓમાં તમે ગૃહસ્થરૂપ છો, ઈશ્વરોમાં મહેશ્વરરૂપ છો, સર્વ યક્ષોમાં કુબેરરૂપ છો, યજ્ઞોમાં વિષ્ણુરૂપ છો, પર્વતોમાં મેરુરૂપ છો, નક્ષત્રોમાં ચંદ્રમારૂપ છો, ઋષિઓમાં વસિષ્ઠરૂપ છો, ગ્રહોમાં સૂર્યરૂપ છો, જંગલી પશુઓમાં સિંહરૂપ છો, ગ્રામ્ય પશુઓમાં વૃષભરૂપ છો, આદિત્યોમાં વિષ્ણુરૂપ છો, વસુઓમાં પાવકરૂપ છો, પક્ષીઓમાં ગરુડરૂપ છો, સર્પોમાં શેષનાગરૂપ છો, વેદોમાં સામવેદરૂપ છો, યજુર્વેદમાં 'શતરુદ્રિય' સ્તોત્રરૂપ છો, યોગીઓમાં સનત્કુમારરૂપ છો, સાંખ્ય આચાર્યોમાં કપિલરૂપ છો, દેવતાઓમાં ઇંદ્રરૂપ છો, પિતૃઓમાં હવ્યવાહરૂપ છો, સર્વ લોકોમાં બ્રહ્મલોકરૂપ છો, સર્વ ગતિઓમાં મોક્ષગતિરૂપ છો, સમુદ્રોમાં ક્ષીરસમુદ્રરૂપ છો, પર્વતોમાં હિમાલયં પર્વતરૂપ છો, વર્ણોમાં બ્રાહ્મણ વર્ણરૂપ છો, બ્રાહ્મણોમાં દીક્ષિત બ્રાહ્મણરૂપ છો, સર્વ લોકોના તમે આદિ છો અને તેઓ સર્વનો સંહાર કરનારા કાળ પણ તમેજ છો; એટલુંજ નહિ પરંતુ આ લોકમાં જે કંઇ સર્વ કરતાં અધિક તેજવાળી વસ્તુ છે તે સર્વ, આપ–ભગવાનજ છો, એમ મારૂં નિશ્ચય માનવું છે. હે ભક્તવત્સલ ભગવન્! હે દેવ! હું તમને નમસ્કાર કરૂં છું.[૩૧૭–૨૭] હે યોગેશ્વર! હું તમને નમસ્કાર કરૂં છું. હે જગતના ઉત્પાદક! હું તમને નમસ્કાર કરૂં છું. હે સનાતન! હું તમારો ભકત છું, દીન છું, કૃપણ છું, તમે મારાપર પ્રસન્ન થાઓ. મારામાં કોઇ પ્રકારનું ઐશ્વર્ય નથી. તમે મારી ગતિરૂપ થાઓ. હે પરમેશ્વર! તમને નહિ જાણીને મેં તમારો જે અપરાધ કર્યો છે તે સર્વને, "આ મારો ભક્ત છે" એમ જાણીને તમારે ક્ષમા આપવી યોગ્ય છે. હે દેવેશ! રૂપમાં *વિપર્યાસ કરીને તમે મને મોહિત કરી નાખ્યો હતો. તેથી હે મહેશ્વર! મેં તમને અર્ઘ્ય કે પાદ્ય પણ આપ્યાં નથી.

એ પ્રમાણે સ્તુતિ કર્યા પછી મેં, તે મહેશ્વરને ભકિતપૂર્વક પાદ્ય તથા અર્ઘ્ય અર્પણ કર્યાં અને બે હાથ જોડી તેમની સન્મુખ હું ઉભો રહ્યો. એ સમયે હે તાત! શીતળ જળથી યુકત અને દિવ્ય સુગંધથી મઘમઘી રહેલી ઉત્તમ પુષ્પવૃષ્ટિ મારા મસ્તક ઉપર પડી; તેમજ બીજી તરફ દેવોના અનુચરોએ દિવ્ય દુંદુભિ

---

* પોતાના મૂળસ્વરૂપને બદલે ઇંદ્રના સ્વરૂપમાં આવીને.

વગાડવા માંડયાં;અને પવિત્ર ગંધને વહન કરનારો તથા સુખ ઉપજાવનારો પુણ્ય પવન વાવા લાગ્યો.[૩૨૮-૩૩]તે પછી પોતાની પત્નીનીસાથે પ્રસન્ન થયેલા વૃષભધ્વજ મહાદેવ, મને જાણે હર્ષ ઉપજાવતા હોય, તેમ દેવોને કહેવાલાગ્યા કેઃ-[૩૩૪] “હે દેવો! તમે જુઓ તો ખરા! મહાત્મા ઉપમન્યુની મારા ઉપર કેવી એકનિષ્ઠ ભક્તિ છે!”[૩૩૫]

હે કૃષ્ણ! ત્રિશૂળધારી શંકરે, દેવોને એ પ્રમાણે કહ્યું એટલે તેઓ સર્વે બે હાથ જોડી તેમને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કેઃ-[૩૩૬] “હે ભગવન્! હે દેવ! હે દેવોના ઇશ્વર! હે લોકનાથ! હે જગતના પતિ! આ ઉત્તમ બ્રાહ્મણ, તમારી પાસેથી સર્વ મનોરથરૂપ ફળને ભલે પ્રાપ્ત કરે.”[૩૩૭] બ્રહ્માદિક દેવતાઓએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે ભગવાન શંકર, જાણે હસતા હોય તેમ મુખ મલકાવીને મને કહેવા લાગ્યા.

ભગવાને કહ્યું:-“ હે વત્સ ઉપમન્યુ! હું તારાપર પ્રસન્ન થયો છું. હે મહામુનિ! તું મારાં દર્શન કર. હે બ્રહ્મર્ષિ! તું મારો દૃઢ ભક્ત છે. મેં તારી પરીક્ષા કરી લીધી છે;[૩૩૯] તારી આ ભક્તિથી હું તારાપર અત્યંત પ્રસન્ન થયો છું; માટે તારા સર્વ ઈચ્છિત મનોરથો આજે હું તને આપું છું.”[૩૪૦]

બુદ્ધિમાન મહાદેવે મને એ પ્રમાણે કહ્યું, એટલે મારાં નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ વહેવા લાગ્યાં, મારાં રોમેરોમ એકદમ ખડાં થઇ ગયાં અને પછી બન્ને ઢીંચણવડે પૃથ્વીપર પડીને તથા વારંવાર પ્રણામ કરીને હર્ષથી ગળગળી વાણીવડે તે દેવને મેં કહ્યું કેઃ-“હે દેવ! મારો આજે પુનર્જન્મ થયો છે અને તેથી મારો જન્મ સફળ થયો છે; કેમકે દેવો અને અસુરોના ગુરુ તમે, આજે મારી સન્મુખ ઉભા છો.[૩૪૧-૪૩] અમાપ પરાક્રમવાળા જે-આપનાં દેવો પણ પ્રત્યક્ષ દર્શન કરી શકતા નથી, તેમનાં મેં પ્રત્યક્ષ દર્શન કર્યાં; તેથી મારા કરતાં અધિક ભાગ્યશાળી બીજો કયો પુરુષ છે?[૩૪૪] વિદ્વાનો, સનાતન એવા જે પરમતત્ત્વનું ધ્યાન કરે છે તે વિશેષ તત્ત્વ અત્યંત પ્રસિદ્ધ છે, જન્મરહિત છે, જ્ઞાનરૂપ છે અને અક્ષર છે.(એ પરમતત્ત્વ તમે પોતેજ છો.)[૩૪૫] ભગવાન પ્રધાન પુરુષ કે જે પ્રાણીમાત્રના આદિદેવ છે, અવિનાશી છે, સર્વ તત્ત્વનાં વિધાનોને જાણે છે અને સર્વ કરતાં પર છે તે, તમે પોતેજ છો.[૩૪૬] જે ઇશ્વરે, પોતાના જમણા અંગમાંથી લોકસ્રષ્ટા બ્રહ્માને ઉત્પન્ન કર્યા છે અને જેમણે પોતાના ડાબા અંગમાંથી લોકોની રક્ષા કરવામાટે વિષ્ણુને ઉત્પન્ન કર્યા છે, તે ઇશ્વર તમે પોતેજ છો.[૩૪૭] વળી, સર્વના પ્રભુ તમોએ, યુગનો અંતકાળ જ્યારે પ્રાપ્ત થયો હતો, ત્યારે સ્થાવરજંગમ સમગ્ર જગતનો સંહાર કરવામાટે રુદ્રદેવને ઉત્પન્ન કર્યા હતા; અને પછી તે રુદ્રદેવે, પ્રલયકાળના અગ્નિની પેઠે મહાતેજસ્વી થઇને કાળનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને પ્રાણીમાત્રને જાણે ગળી જતા હોય, તેમ સૃષ્ટિના પ્રલયસમયે સર્વનો સંહાર કરવામાટે તે સજ્જ થયા હતા;[૩૪૮,૪૯] તેમજ આપ મહાદેવ, ચરાચર સર્વ જગતને ઉત્પન્ન કરો છો અને જ્યારે પ્રલયકાળ પ્રાપ્ત થાય છે ત્યારે પણ તમે પોતેજ, પ્રાણીમાત્રની સ્મરણશક્તિનો નાશ કરો છો.[૩૫૦] હે ભગવન્! તમે સર્વવ્યાપક છો, પ્રાણીમાત્રના આત્મા છો, સર્વ પ્રાણીઓને તેઓનાં કર્મ પ્રમાણે સંસારમાં ઉત્પન્ન કરો છો અને સદાકાળ સર્વત્ર ગતિ કરી રહ્યા છો; છતાં સર્વ દેવતાઓ પણ તમને જોઇ શકતા નથી.[૩૫૧] હે પ્રભુ! તમે મારાપર પ્રસન્ન થયા છો અને તમારે મને વર આપવોજ છે તો હું એજ વર માગું છું કે, હે સુરેશ્વર! મને તમારાપર નિત્ય ભકિત રહો.[૫૨] વળી હે વ્યાપક દેવ! તમારા પ્રસાદથી મને એવી બુદ્ધિ સૂઝી છે કે, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનનું મને જ્ઞાન થાઓ.[૫૩] વળી હે ઉત્તમ દેવ! મારા બાંધવોની સાથે નિત્ય હું દૂધભાતનુંજ ભોજન કરૂં અને અમારા આશ્રમમાંસદાકાળ તમારૂં સાનિધ્યરહો.”

મેં એ પ્રમાણે વર માગ્યો, એટલે મહાન ઇશ્વરતરીકે લોકમાં પૂજાયેલા અને ચરાચરના ગુરુ ભગવાન શંકરે મને આ રીતે કહ્યું.[૩૫૫]

શ્રી ભગવાને કહ્યું:-“ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મારી કૃપાથી તું અજરામર થઇશ, દુઃખથી ર-

હિત થઇશ, યશસ્વી થઇશ, તેજસ્વી થઇશ, દિવ્ય જ્ઞાનથી યુક્ત થઇશ, ઋષિઓને પણ સલાહ લેવા યોગ્ય થઇશ. શીલસંપન્ન થઇશ, ગુણવાન થઇશ, સર્વજ્ઞ થઇશ અને પ્રિય દેખાવનો થઇશ.[૫૬,૫૭] વળી તારૂં યૌવન અક્ષય થશે, તારૂં તેજ અગ્નિસમાન થશે, તું, જે જે સ્થળે ઇચ્છા કરીશ તે તે સ્થળે તને પ્રિય લાગે તેમ ક્ષીરસમુદ્ર પોતે તારી સમીપમાં હાજર થશે. તું તારા બાંધવોની સાથે અમૃતમિશ્ર દૂધભાતનું એક કલ્પપર્યંત ભોજન કરીશ અને તે પછી તું મારી પાસે આવીશ. તારા બાંધવો, તારૂં કુળ અને તારૂં ગોત્ર સદાય અક્ષય રહેશે; તને મારાપર સનાતન ભક્તિ ઉત્પન્ન થશે અને હે ઉત્તમ બ્રાહ્મણ ! તારા આશ્રમમાં મારૂં નિત્ય સાન્નિધ્ય રહેશે.[૩૫૮–૬૧] હે વત્સ ! તું હવે નિશ્ચિંત રહેજે. તારે કોઇ પ્રકારની હવે ચિંતા કરવી નહિ; કેમકે હે બ્રાહ્મણ ! જે સમયે તું મારૂં સ્મરણ કરીશ તે સમયે હું તને દર્શન આપીશ."[૩૬૨]

એ પ્રમાણે કહીને કરોડો સૂર્યસમાન કાંતિવાળા તે ઇશાન ભગવાન, મને વરદાનો આપીને તેજ સ્થળે અદૃશ્ય થઇ ગયા.[૩૬૩]

હે કૃષ્ણ ! એ રીતે દેવના દેવ શંકરનાં સમાધિદ્વારા મેં દર્શન કર્યાં હતાં અને તે સમયે બુદ્ધિમાન મહાદેવે, મને જે કંઇ કહ્યું હતું તે સર્વ તે પ્રમાણેજ મને પ્રાપ્ત થયું છે.[૩૬૪] હે કૃષ્ણ ! તમે આ આશ્રમ તરફ દૃષ્ટિ કરો. અહીં આ સિદ્ધ પુરુષો પ્રત્યક્ષ રીતે ઉભા છે. આ ઋષિઓ, વિદ્યાધરો, યક્ષો, ગંધર્વો તથા અપ્સરાઓ પણ અહીં પ્રત્યક્ષ રીતે નિવાસ કરી રહ્યાં છે.[૩૬૫] જુઓ, આ વૃક્ષો, લતાઓ તથા ગુલ્મો, સર્વ પ્રકારનાં પુષ્પફળો આપ્યા કરે છે; તેઓમાં સર્વ ઋતુનાં પુષ્પો પ્રફુલ્લિત રહે છે અને તેઓનાં પાંદડાં પણ સુગંધદાર છે.[૩૬૬] હે મહાબાહુ ! આ આશ્રમમાં જે જે વસ્તુઓ દિવ્યભાવથી યુક્ત થયેલી જોવામાં આવે છે, તે સર્વ દેવના દેવ મહાત્મા શંકરનોજ પ્રસાદછે."[૩૬૭]

વાસુદેવે કહ્યું:–ઉપમન્યુનાં એ વચન સાંભળી જાણે મને પ્રત્યક્ષ દર્શન થયાં હોય તેમ મને પરમ વિસ્મય થયું. મેં તે મહામુનિને કહ્યું કે:–"હે વિપ્રેન્દ્ર ! તમને ધન્ય છે. તમારા જેવો પુણ્યશાળી બીજો કયો પુરુષ છે? કેમકે જેના આશ્રમમાં દેવાધિદેવ પોતે નિત્ય નિવાસ કરે છે.[૩૬૮,૬૯] હે મહામુનિ ! હું તમને પૂછું છું કે, ભગવાન શંકર, મને પણ એ પ્રમાણે દર્શન આપશે ? અને મારા ઉપર પણ તેવી રીતેજ કૃપા કરશે ?[૩૭૦]

ઉપમન્યુએ કહ્યું:–" હે પુંડરીકાક્ષ ! તમે પણ મહાદેવનાં દર્શન કરશો, એમાં કંઇ સંશય નથી. હે નિર્દોષ કૃષ્ણ ! જે પ્રમાણે મેં શંકરનાં દર્શન કર્યાં છે, તે પ્રમાણેજ તમે પણ અલ્પ સમયમાંજ શંકરનાં દર્શન કરશો.[૩૭૧] હે મહાપરાક્રમી પુરુષોત્તમ ! હું મારી દિવ્ય દૃષ્ટિથી જોઇ શકું છું કે, આજથી છઠ્ઠે મહિને મહાદેવનાં તમને દર્શન થશે;[૩૭૨] અને હે યાદવશ્રેષ્ઠ ! પાર્વતીસહિત તે મહેશ્વર પાસેથી તમને ચોવીસ વર પ્રાપ્ત થશે, આ હું તમને સત્ય કહું છું;[૩૭૩] કેમકે હે મહાબાહુ ! તે બુદ્ધિમાન શંકરના પ્રસાદથી મને નિત્યને માટે ભૂત, ભવિષ્ય તથા વર્તમાનનું જ્ઞાન થયેલું છે. હે માધવ ! આ આશ્રમમાં રહેનારા બીજા હજારો મુનિઓનાપર જેમણે કૃપાદૃષ્ટિ કરી છે તે ભગવાન શંકર, તમારાપર કૃપા કેમ નહિ કરે? વળી તમારા જેવા બ્રાહ્મણભક્ત, દયાળુ અને શ્રદ્ધાળુ પુરુષ સાથે દેવોનો સમાગમ થાય, એ પ્રશંસનીય છે;[૩૭૬] માટે (મારો તમારી સાથે સમાગમ થયેલો હોવાથી) હું તમને એક મંત્ર આપીશ; જેથી શંકરનાં તમને દર્શન થશે. "

શ્રીકૃષ્ણે કહ્યું:–તેપછી મેં તેમને કહ્યું કે:–" હે બ્રહ્મન્ ! હે મહામુનિ ! તમારા પ્રસાદથી દૈત્યોના સમૂહોનો નાશ કરનારા દેવેશ્વર(શંકર)નાં મને દર્શન થશે." આ રીતે હે ભારત ! કેવળ મહાદેવસંબંધીજ કથાઓ કરતાં કરતાં તે આશ્રમમાં મારા આઠ દિવસો એક મુહૂર્તની પેઠે વીતી ગયા. એટલે આઠમે દિવસે તે બ્રાહ્મણે (ઉપમન્યુએ) મને વિધિપૂર્વક દીક્ષા આપી.[૩૭૯] પછી મેં દંડને ધારણ કર્યો, મ-

સ્તકે મુંડન કરાવ્યું, દર્ભો ધારણ કર્યા, વલ્કલવસ્ત્ર પહેરી લીધાં, શરીર ઉપર ઘીનું લેપન કર્યું અને (મુંજની) કટિમેખલા ધારણ કરી. વળી મેં એક માસસુધી ફળનો આહાર કર્યો, બીજા માસમાં કેવળ જળનુંજ પાન કર્યું અને ત્રીજાચોથા માસમાં કેવળ વાયુનોજ આહાર કરીને બાહુઓ ઉંચા રાખી, સાવધાન થઇને એક પગ ઉપર ઉભો રહ્યો.[૩૮૦,૮૧] (પછી જ્યારે છઠ્ઠો માસનો આરંભ થયો ત્યારે,) હે ભારત! એકહજાર સૂર્યનું તેજ એકાએક મારા જોવામાં આવ્યું. હે પાંડુપુત્ર ! એ તેજનો મધ્યભાગ ઇંદ્રધનુષ્યના આકારથી વ્યાપ્ત હતો,તેમાં વિજળીના જેવા ચમકારા થઇ રહ્યા હતા અને તેનો દેખાવ શ્યામ પર્વતના જેવો હતો; જેથી બગલીઓથી શોભી રહેલા આકાશના જેવું તે દેખાતું હતું. [૩૮૨,૮૩] એ તેજમાં મહાતેજસ્વી ભગવાન શંકર, પોતાનાં પત્ની દેવી પાર્વતી સાથે બિરાજ્યા હતા. તેમનું સ્વરૂપ તપ, તેજ અને પ્રદીપ્ત કાંતિથી શોભી રહ્યું હતું અને તે મહેશ્વર ભગવાન, દેવી પાર્વતીસાથે તેમાં પ્રકાશી રહ્યા હતા;તેથી મેઘમંડળમાં રહેલા ચંદ્રસહિત સૂર્યના જેવા શોભતા હતા.[૮૪,૮૫] હે કુંતાપુત્ર ! દેવોના શરણરૂપ અને દુઃખનો નાશ કરનારા ભગવાન શંકરનાં મને દર્શન થયાં તે સમયે મને રોમાંચ થઈ ગયાં હતાં અને મારાં નેત્રો, વિસ્મયથી પ્રફુલ્લિત થઇ ગયાં હતાં. ભગવાન શંકરે મુકુટ ધારણ કર્યો હતો, ગદા ધારણ કરી હતી, હાથમાં ત્રિશૂળ ધારણ કર્યું હતું, વ્યાઘ્રચર્મ પહેર્યું હતું, હાથમાં દંડ ધારણ કર્યો હતો, મસ્તક ઉપર જટા ધારણ કરી હતી, પિનાક તથા વજ્ર પણ ધારણ કર્યાં હતાં, તીક્ષ્ણ દાઢોવાળા સર્પનું બાજુબંધ પહેર્યું હતું, સર્પનીજ જનોઇ ધારણ કરી હતી અને વક્ષઃસ્થળ ઉપર એક દિવ્ય માળા ધારણ કરી હતી કે જેનો વર્ણ અનેક પ્રકારનો હતો અને છેક ઘુંટીસુધી તે લટકતી હતી, તેથી વર્ષાકાળની અંતે આસપાસ મંડળવાળા થયેલા સંધ્યાકાળના ચંદ્રસમાન તે દેખાતા હતા.[૩૮૬-૮૮] તેમની આસપાસ સંખ્યાબંધ ગણો ગોળાકારે ઉભા હતા, તેથી શરદ્ઋતુમાં આસપાસ મંડળવાળા થયેલા સૂર્યની પેઠે તેમને દુઃખેથી જોઇ શકાતા હતા.[૮૯] વળી એ સમયે વૃષભ ઉપર બેઠેલા અને શુભ કર્મ કરનારા તે જિતેંદ્રિય ભગવાનની અગીઆરસો રુદ્રો, ભિન્ન ભિન્ન કર્મોનું વર્ણન કરીને સ્તુતિ કરી રહ્યા હતા;[૯૦] તેમજ આદિત્યો, વસુઓ, સાધ્યો, વિશ્વેદેવાઓ અને અશ્વિનીકુમારો પણ સમગ્ર પ્રકારની સ્તુતિઓથી તે સર્વેશ્વર ભગવાનની સ્તુતિ કરતા હતા.[૯૧] બીજી તરફ અદિતિનો પુત્ર ઇંદ્ર, ભગવાન વિષ્ણુ અને બ્રહ્મા, મહાદેવની પાસે રથંતર સામનું ગાન કરી રહ્યા હતા;[૩૯૨] અને હે રાજન્ ! અનેક યોગેશ્વરો, બ્રહ્મર્ષિઓ, તેઓના પુત્રો, દેવર્ષિઓ, પૃથ્વી,* અંતરિક્ષ, નક્ષત્રો, ગ્રહો, માસો, પક્ષો, ઋતુઓ, રાત્રિઓ, સંવત્સરો, ક્ષણો, મુહૂર્તો, નિમેષો, યુગના ફેરફારો, દિવ્ય વિદ્યાઓ, તત્ત્વવેત્તા મહાત્માઓ, સનત્કુમારો, દેવો, ઈતિહાસો, મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, સાત મનુઓ, સોમ, અથર્વો, બૃહસ્પતિ, ભૃગુ, દક્ષ, કશ્યપ, વસિષ્ઠ, કાશ્ય, છંદો, દીક્ષાઓ, યજ્ઞો, દક્ષિણાઓ, અગ્નિ, હવિષ, યજ્ઞોપયોગી દ્રવ્યો, પ્રજાઓનું પાલન કરનારાઓ, સર્વ નદીઓ, સર્પો, પર્વતો, દેવોની માતાઓ, દેવોની પત્નીઓ, દેવોની કન્યાઓ, હજારો મુનિઓ, લાખો પર્વતો, અબજો સમુદ્રો અને સર્વ દિશાઓ, જગતના પિતા તથા ગુરુ યોગદાતા શંકરને નમસ્કાર કરી રહ્યા હતા;[૩૯૩-૪૦૦] તેમજ ગાયન અને વાદિત્રકળામાં કુશળ ગંધર્વો તથા અપ્સરાઓ, દિવ્ય તાલમાં ગાન કરીને અદ્ભુતરીતે શંકરની સ્તુતિ કરતાહતા;[૪૦૧]અને હે મહારાજા! વિદ્યાધરો, દાનવો, યક્ષો, રાક્ષસો અને સ્થાવરજંગમ સર્વ ભૂતસમુદાયો મન, વચન તથા કર્મવડે શંકરને નમસ્કાર કરતા હતા.[૪૦૨]

પછી તે વખતે, દેવોના ઇશ્વર ભગવાન

---

* પૃથ્વી આદિનાં સ્થૂળ સ્વરૂપો મહાદેવને નમન કરવા આવ્યાં ન હતાં, પણ તેઓનાં સૂક્ષ્મ સ્વરૂપો કે જે દિવ્ય આકૃતિવાળાં છે તેજ શંકરને વંદન કરવામાટે આવ્યાં હતાં, એમ સમજવું.

શંકર મારી સમીપમાંજ આવીને ઉભા રહ્યા હતા. તે જોઇ હે ભારત ! પ્રજાપતિ અને ઇંદ્રસહિત આખું જગત મારીસામે જોવા લાગ્યું; પરંતુ મારામાં મહાદેવનાં દર્શન કરવાની શક્તિજ ન હતી.[૪૦૩,૪]તેપછી શંકરદેવે મને કહ્યું કેઃ–“ હે કૃષ્ણ ! તું મારાં દર્શન કર અને મારી સાથે વાર્તાલાપ કર. તેં સેંકડો ને હજારોવાર મારૂં આરાધન કર્યું છે, તેથી આ ત્રણે લોકમાં તારાસમાન કોઈ પણ મને પ્રિય નથી.” તે સાંભળી મેં મસ્તક નમાવીને તેમને વંદન કર્યું; એટલે દેવી પાર્વતી, મારાપર પ્રસન્ન થયાં. પછી બ્રહ્માદિક દેવતાઓથી સ્તુતિ કરાતા ભગવાન શંકરને મેં આ પ્રમાણે કહ્યુંઃ–

“ હે સર્વના સનાતન કારણ ભગવન્ ! હું તમને નમસ્કાર કરૂં છું. ઋષિઓ તમને બ્રહ્માના પણ અધિપતિ કહે છે અને બીજા સત્પુરુષો તમનેજ તપ, સત્વ, રજ, તમ અને સત્યરૂપ કહે છે.[૭] તમે બ્રહ્મા છો, રુદ્ર છો, વરુણ છો, અગ્નિ છો, મનુ છો, ભવ છો, ધાતા છો, ત્વષ્ટા છો, વિધાતા છો અને તમેજ સર્વના પ્રભુ છો. સ્થાવર અને જંગમ આ સર્વ પ્રાણીઓ તમારાથી ઉત્પન્ન થયાં છે અને સચરાચર સમગ્ર ત્રૈલોકયને તમેજ સરજ્યું છે. ઋષિઓ કહે છે કે, ઇંદ્રિયો, મન, વાયુઓ, સાત અગ્નિઓ, સૂત્રાત્મામાં લય પામનારાઓ અને સ્તુતિ કરવા યોગ્ય દેવતાઓ–આ સર્વ કરતાં તમે પર છો; તેમજ વેદો, યજ્ઞો, સોમ, દક્ષિણા, અગ્નિ, હવિષ અને યજ્ઞમાં ઉપયોગી થનારાં સર્વ દ્રવ્યો–આપ ભગવાનજ છો, એમાં કંઈ સંશય નથી.[૪૧૧] હે ભગવન્ ! યજ્ઞ, દાન, અધ્યયન, વ્રતો, નિયમો, હ્રી, કીર્તિ, શ્રી, દ્યુતિ, તુષ્ટિ, પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરાવનારી યોગસિદ્ધિ, કામ, ક્રોધ, ભય, લોભ, મદ, મોહ, મત્સર, આધિઓ અને વ્યાધિઓ–એ સર્વ તમારાં સ્વરૂપો છે.[૪૧૨,૧૩] તમે ક્રિયાઓરૂપ છો, વિકારરૂપ છો, નિર્વિકાર છો, પ્રધાનરૂપ છો, વાસનાના અવિનાશી બીજરૂપ અને મનના પરમ કારણરૂપ અજ્ઞાન છો, શાશ્વત ઐશ્વર્યરૂપ છો, અવ્યક્ત સ્વરૂપ છો, સર્વને પવિત્ર કરનારા છો, ચિંતન કરવાને અશકય છો, સૂર્યરૂપ છો, ચિજ્જ્યોતિરૂપ છો, સર્વ તત્ત્વોના આદિ છો, સર્વના જીવનાધાર છો, મહાન છો, આત્મા છો, બુદ્ધિરૂપ છો, બ્રહ્મારૂપ છો, વિશ્વરૂપ છો, શંભુ છો, સ્વયંભૂ છો, બુદ્ધિરૂપ છો, પ્રજ્ઞારૂપ છો, ઉપલબ્ધિરૂપ છો, જ્ઞાનરૂપ છો, ખ્યાતિરૂપ છો, ધૃતિરૂપ છો અને સ્મૃતિરૂપ છો.[૪૧૪–૧૬]વેદાર્થને જાણનારા પુરુષો, પૂર્વોક્ત પર્યાય શબ્દોથી મહાન આત્માનુંજ ચિંતન કરે છે અને બ્રહ્મવેત્તા પુરુષ, વેદમાંથી તમારૂં જ્ઞાન મેળવીને, સંસારમૂલક અજ્ઞાનનો મૂળથી નાશ કરી નાખે છે.[૪૧૭]તમે પ્રાણીમાત્રના હૃદયરૂપ છો, ક્ષેત્રજ્ઞ છો, ઋષિઓ તમારીજ સ્તુતિ કરે છે, તમારા હાથપગ ચોબાજુ છે, તમારૂં મસ્તક અને મુખ સર્વ તરફ છે, તમારા કર્ણ ચોબાજુ છે અને આ લોકમાં સર્વ ઠેકાણે તમે વ્યાપ્ત થઇ રહ્યા છો; તેમજ સૂર્યના નિમેષાદિ કર્મોમાં ફળરૂપ તમેજ છો. સૂર્યની પ્રભા અને અર્ચી તમે પોતેજ છો, સર્વના હૃદયમાં રહેલા પુરુષ તમેજ છો, અણિમા, મહિમા અને પ્રાપ્તિ તમેજ છો; અને અવિનાશી એવા તમે એકજ સર્વના નિયંતા તથા જ્યોતિરૂપ છો.[૪૧૮–૨૦] તમારામાં બુદ્ધિ તથા મતિ નિવાસ કરે છે, સર્વ લોકો તમારૂંજ શરણ લે છે અને તમારોજ આશ્રય કરે છે તથા નિત્ય યોગનિષ્ઠ રહેનારા ધ્યાની પુરુષો પણ સત્ય સંકલ્પવાળા હોઇને (તમને મેળવવા માટેજ) ઇંદ્રિયોનો જય કરે છે.[૪૨૧]જે પુરુષ સર્વની હૃદયગુહામાં રહેલા પુરાણ પુરુષરૂપ, વિશિષ્ટ અનુભવરૂપ અને બુદ્ધિમાનોની પરમ ગતિરૂપ અવિનાશી પ્રભુ તમને જાણે છે, તે બુદ્ધિમાન પુરુષ, બુદ્ધિની પાર જઇને તમારા સ્વરૂપમાંજ સ્થિતિ કરે છે.[૪૨૨] જે વિદ્વાન પુરુષ, ‘પરમાત્માનું અભિન્નસ્વરૂપજ સર્વત્ર વ્યાપ્ત છે’ એ પ્રધાન યોગવિધિનો આશ્રય કરીને સૂક્ષ્મ સાત તત્ત્વોને (મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓને), તમારાં છ અંગોને (સર્વજ્ઞતા, તૃપ્તિ, અનાદિબોધ, સ્વતંત્રતા, નિત્ય અલુપ્ત રહેનારી શક્તિ અનેઅનંતશકિત–એ છયેને) તથા તમારા સ્વરૂપને જાણે છે તે પુરુષ અંતે તમારામાંજ પ્રવેશ કરે છે.”

હે પાર્થ ! દુઃખોનો નાશ કરનારા શંકરને મેં એ પ્રમાણે કહ્યું, ત્યારે ચરાચર સર્વ જગતે મોટો સિંહનાદ કર્યો;[૪૨૪] અને તે સમયે બ્રાહ્મણના સમુદાયો, દેવો, અસુરો, નાગો, પિશાચો, પિતૃઓ, પક્ષીઓ, રાક્ષસો, ભૂતગણો અને સર્વ મહર્ષિઓ, મહાદેવને પ્રણામ કરવા લાગ્યા.[૪૨૫] વળી તેજ વેળા મારા ઉપર સુગંધીદાર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ પડવા લાગી અને સુખકર પવન વાવા લાગ્યો.[૪૨૬] પછી જગતનું હિત કરનારા ભગવાન શંકરે, દેવી પાર્વતી અને ઇંદ્રસામે જોઈને મને કહ્યું કે:-" હે કૃષ્ણ ! અમે જાણીએ છીએ કે, અમારાપર તારી પરમભક્તિ છે; માટે હે શત્રુહંતા કૃષ્ણ ! તું તારા આત્માનું શ્રેય કર. મને તારાપર અત્યંત પ્રીતિ છે. હે સત્તમ ! તું મારી પાસેથી આઠ વરો માગી લે. હું તને તે આપીશ. હે યાદવસિંહ ! બોલ, કયા દુર્લભ વર મેળવવાની તને ઇચ્છા છે?"[૪૨૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"મેઘવાહનપર્વાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૧૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫ મો

શ્રીકૃષ્ણને મળેલાં વરદાન

॥ कृष्ण उवाच ॥

मूर्ध्ना निपत्य नियतस्तेजःसन्निचये ततः ।
परमं हर्षमागत्य भगवंतमथाब्रुवम् ॥१॥

શ્રીકૃષ્ણે કહ્યું:-" તે પછી ચિત્તની એકાગ્રતાપૂર્વક મસ્તક નમાવીને મેં, તેજના મહાન સમુદાયમાં રહેલા ભગવાન શંકરને પરમ હર્ષપૂર્વક કહ્યું કે:-[૧] " હે ભગવન્ ! ધર્મમાં દૃઢતા, યુદ્ધમાં શત્રુઓનો નાશ, ઉત્તમ યશ, શ્રેષ્ઠ બળ, યોગ ઉપર પ્રીતિ, તમારૂં સાન્નિધ્ય અને સેંકડો પુત્રો-એટલા વર હું તમારી પાસે માગું છું."[૨]

મેં એ પ્રમાણે વર માગ્યા એટલે શંકરે " તથાસ્તુ " એમ કહ્યું: અને પછી સર્વનું પોષણ કરનાર તથા સર્વને પવિત્ર કરનાર જગતનાં માતા પાર્વતી કે જે શંકરનાં પત્ની હોઇને શંકરની ભક્તિ કરનાર હતાં અને તપના એક ભંડારરૂપ હતાં તેમણે મને કહ્યું કે:-"હે નિર્દોષ કૃષ્ણ ! ભગવાન શંકરે તને સાંબનામનો પુત્ર આપ્યો છે અને તે ઉપરાંત હું પણ તને આઠ ઇચ્છિત વરો આપું છું, તે તું ગ્રહણ કર. "

તે પછી હે પાંડુનંદન ! મેં, મસ્તક નમાવીને દેવી ઉમાને કહ્યું કે:-" બ્રાહ્મણો ઉપર અક્રોધ, પિતાની કૃપા, સો પુત્રો, ઉત્તમ ભોગવિલાસ, કુળ ઉપર પ્રીતિ, માતાની કૃપા, શાંતિનો લાભ અને દક્ષતા-આ આઠ વરો હું તમારી પાસેથી માગું છું."[૩-૬]

ઉમાએ કહ્યું:-" હે દેવસમાન પ્રભાવશાળી કૃષ્ણ ! તારા કહેવા પ્રમાણે તે સર્વ સિદ્ધ થશે. હું કદી અસત્ય ભાષણ કરતી નથી. વળી તે ઉપરાંત તને સોળહજાર સ્ત્રીઓ પ્રાપ્ત થશે. તેઓનાપર તારી અક્ષય પ્રીતિ રહેશે, બાંધવોની પણ તારા ઉપર અત્યંત પ્રીતિ રહેશે, તારૂં શરીર સદાકાળ સુંદર રહેશે અને તારે ગૃહે નિત્ય સાતસો અતિથિઓ ભોજન કરશે. આટલા વર હું તને મારા પોતાના તરફથી આપું છું."

વાસુદેવે કહ્યું:-" હે ભીમના વડીલ ભાઈ યુધિષ્ઠિર ! મને એ પ્રમાણે વર આપીને દેવ શંકર અને દેવી ઉમા-બન્ને તેજ ક્ષણે પોતાના ગણોની સાથે અદૃશ્ય થઈ ગયાં.[૯] પછી હે મહારાજા ! આ અતિ અદ્ભુત ચરિત્ર, મહાતેજસ્વી બ્રાહ્મણ ઉપમન્યુને સંપૂર્ણરીતે મેં પ્રથમ કહી સંભળાવ્યું. એટલે હે સુવ્રત ! ઉપમન્યુએ દેવના દેવ શંકરને નમસ્કાર કરી મને આ રીતે કહ્યું.

ઉપમન્યુએ કહ્યું:-" ખરેખર, શંકરસમાન કોઇ દેવ નથી, શંકરસમાન કોઇ ગતિ નથી, શંકરસમાન કોઇ દાતા નથી અને શંકરસમાન કોઇ યુદ્ધ કરનાર નથી."[૧૧]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"મેઘવાહનપર્વાખ્યાન" એ વિષયનો અધ્યાય ૧૫ મો સમાપ્ત

અધ્યાય ૧૬ મો

મહર્ષિ તંડિએ કરેલું શંકરસ્તોત્ર

॥ उपमन्यु उवाच ॥

ऋषिरासीत् कृते तात तंडिरित्येव विश्रुतः ।
दशवर्षसहस्राणि तेन देवः समाधिना ॥१॥

ઉપમન્યુએ કહ્યું:– "હે તાત! પૂર્વે સત્યયુગમાં 'તંડિ' નામના એક વિખ્યાત ઋષિ હતા. તેમણે દશહજાર વર્ષોસુધી સમાધિનિષ્ઠ રહીને ભક્તિપૂર્વક દેવ શંકરનું આરાધન કર્યું હતું. તેનું વૃત્તાંત હું તમને કહું છું, સાંભળો. તે ઋષિએ મહાદેવનાં દર્શન કર્યાં હતાં અને પછી તે વ્યાપક દેવનીસ્તુતિ પણ કરી હતી.[૧,૨]

એક સમયે તંડિઋષિએ પોતાના તપના યોગથી અવિનાશી પરમાત્માનું ચિંતન કર્યું અને પછી અત્યંત વિસ્મય પામીને તેમણે મહાત્મા શંકરને ઉદ્દેશીને કહ્યું કે:–"સાંખ્યવેત્તા વિદ્વાનો જેમને પ્રધાન પુરુષ, સર્વના અધિષ્ઠાતા અને ઇશ્વર કહે છે; યોગીઓ સદાકાળ જેમનું ચિંતન કરે છે; વિદ્વાનો જગતની ઉત્પત્તિમાં તથા વિનાશમાં જેને કારણ કહે છે અને દેવો, અસુરો તથા મુનિઓમાં જેમનાથી શ્રેષ્ઠ બીજો કોઈપણ નથી તે અજન્મા, ઇશાન, આદિ-અંતરહિત, અત્યંત સુખી અને નિર્દોષ મહાસમર્થ દેવને હું શરણે જાઉં છું."[૪-૬]

તંડિઋષિ એ પ્રમાણે કહેતા હતા તેવામાં તપના નિધિ, નિર્વિકાર, નિરુપમ, અચિંત્ય, કૂટસ્થ અને સનાતન એવા તે દેવનાં તેમને દર્શન થયાં.[૭] એ દેવ કે જે નિષ્કલ, પરબ્રહ્મ, નિર્ગુણ, ગુણગોચર, યોગીઓને પરમ આનંદ આપનારા, અક્ષર અને મોક્ષસંજ્ઞક કહેવાય છે; વળી જે મનુ, ઇંદ્ર, અગ્નિ, વાયુ, જગત અને બ્રહ્માની ગતિરૂપ કહેવાય છે; જે અગ્રાહ્ય છે, અચલ છે, શુદ્ધ છે, બુદ્ધિગ્રાહ્ય છે, મનોમય છે, દુર્વિજ્ઞેય છે, અસંખ્યેય છે, અજ્ઞાનીઓને દુષ્પ્રાપ્ય છે, સમગ્ર જગતના કારણ છે, તમસથી પર રહેનારાઓના કરતાંપણ પર છે અને જે પોતે જીવરૂપે થઇને જીવમાં જ્યોતિઃસ્વરૂપે સ્થિતિ કરે છે, તે દેવનાં દર્શન કરવાની અનેક વર્ષો થયાં તંડિઋષિને આકાંક્ષા હતી અને એટલામાટેજ તેમણે ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી હતી. પછી તે ઇશ્વરનાં દર્શન કરીને તે સ્તુતિ કરવા લાગ્યા.

તંડિ ઋષિસ્તુતિ કરે છે:–"હે ગતિમાનોમાં શ્રેષ્ઠ ભગવન્! તમે પવિત્રોમાં પણ પવિત્ર છો, ઉત્તમ ગતિરૂપ છો, સર્વ તેજોમાં અતિ ઉગ્ર તેજરૂપ છો, સર્વ તપોમાં શ્રેષ્ઠ તપરૂપ છો, તમને વિશ્વાવસુએ, હિરણ્યાક્ષે અને ઇંદ્રે પણ નમસ્કાર કર્યા છે. તમે સમગ્ર કલ્યાણોને આપનારા છો અને પરમ સત્યરૂપ છો.હે વ્યાપક દેવ! હું તમને નમસ્કાર કરૂં છું. હે હજારો કિરણોવાળા પ્રભુ! જન્મ તથા મરણથી ભયભીત થયેલા અને મોક્ષને માટે યત્ન કરનારા યોગીઓને તમે મોક્ષ આપો છો; અને હે સુખાશ્રય! બ્રહ્મા, ઇંદ્ર, વિષ્ણુ,વિશ્વેદેવાઓ અને મહર્ષિઓ પણ તમને યથાર્થરીતે જાણી શકતા નથી, તોપછી અમે તો ક્યાંથીજ જાણી શકીએ? આ સર્વ જગત તમારે લીધે પ્રવૃત્તિ કરે છે અને તમારામાં સ્થિતિ કરી રહ્યું છે.[૮-૧૬] કાળ (રુદ્ર), પુરુષ (વિષ્ણુ) અને બ્રહ્મા, એ તમારીજ સંજ્ઞા છે; કેમકે પુરાણશાસ્ત્રને જાણનારા દેવર્ષિઓએ, એ ત્રણ નામવાળાં તમારાં શરીરો કહ્યાં છે.[૧૭] તમે અધિપૌરુષરૂપ છો, અધ્યાત્મરૂપ છો, અધિભૂતરૂપ છો, અધિદૈવતરૂપ છો, અધિલોકરૂપ છો, અધિવિજ્ઞાનરૂપ છો અને અધિયજ્ઞ પણ તમેજ છો.[૧૮] તમને દેવતાઓ પણ મુશ્કેલીથી જાણી શકેછે;છતાં જ્ઞાની પુરુષો પોતાના દેહમાંજ રહેલા તમને જાણીને જન્મમરણથી મુક્ત થાય છે અને નિર્દોષ એવા પરમ ભાવને પામે છે.[૧૯] હે વિભો! જે પુરુષ તમને જાણવાને ઇચ્છતો નથી, તેને અનેકવાર જન્મમરણના ફેરામાં પડવું પડે છે; કેમકે સ્વર્ગ તથા મોક્ષના દ્વારને તમેજ આપો છો અને તમેજ દૂર કરી મૂકો છો.[૨૦] તમે સ્વર્ગ છો, મોક્ષ છો, કામ છો, ક્રોધ છો, સત્વ છો, રજ છો, તમ છો, અધોલોક છો, ઊર્ધ્વલોક છો, બ્રહ્મા છો, મહાદેવ છો, વિષ્ણુ છો, કાર્તિકસ્વામી છો, ઇંદ્ર છો, સૂર્ય છો, યમ છો, વરુણ છો, ચંદ્ર છો, મનુ છો, ધાતા છો, વિધાતા છો, કુબેર

છો, પૃથ્વી છો, વાયુ છો, જળ છો, અગ્નિ છો, આકાશ છો, વાણી છો, બુદ્ધિ છો, સ્થિતિ છો, મતિ છો, સત્યકર્મ છો, અસત્ય કર્મ છો, સદ્રૂપ છો અને અસદ્રૂપ પણ છો.[૨૧,૨૩] વળી તમેજ ઇંદ્રિયોરૂપ છો, ઈંદ્રિયોના વિષયરૂપ છો, પ્રકૃતિથી પર રહેલા અવિનાશી તત્ત્વરૂપ છો, કાર્ય તથા કારણથી ભિન્ન છો, ચિંત્ય છો અને અચિંત્ય પણ છો;[૨૪] તેમજ જે પરબ્રહ્મ કહેવાય છે, જે પરમપદ કહેવાય છે અને સાંખ્ય તથા યોગીઓની જે ગતિ કહેવાય છે તે તમેજ છો, એમાં સંશય નથી.[૨૫] ખરેખર, આજે અમે કૃતાર્થ થયા છીએ અને આજેજ તે પરમગતિને અમે પામ્યા છીએ, કે જે ગતિને જ્ઞાનથી નિર્મળ થયેલી બુદ્ધિવાળા પુરુષો ઇચ્છે છે.[૨૬] અહો! અજ્ઞાનને લીધે આટલા લાંબા કાળસુધી તે દેવને અમે જાણી શકયા નહિ કે જેને વિદ્વાનો સનાતન દેવતરીકે ઓળખે છે; માટે ખરેખર અમે મૂઢ છીએ.[૨૭] મેં અનેક જન્મો ધારણ કરીને તમારી સાક્ષાત્ ભક્તિ સંપાદન કરી છે; કેમકે જેમને જાણીને પ્રાણી મોક્ષ મેળવે છે તે-તમે, ભક્તો ઉપર અનુગ્રહ કરનાર છો.[૨૮] જે સનાતન બ્રહ્મદેવો, અસુરો તથા મુનિઓને પણ ગુહ્ય જણાય છે અને જે પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેલ છે છતાં મુનિને પણ દુર્વિજ્ઞેય છે-તે પરબ્રહ્મ તમે પોતેજ છો.[૨૯] વળી તમે સર્વ ઐશ્વર્યસંપન્ન દેવ છો, સર્વના કર્તા છો, સર્વત્ર વ્યાપક છો, સર્વના આત્મા છો, સર્વના દ્રષ્ટા છો, સર્વત્ર ગતિમાન છો, સર્વના જ્ઞાતા છો, દેહના સ્રષ્ટા છો, દેહને ધારણ કરનારા છો, જીવરૂપ છો, દેહના પોષક છો, દેહધારીઓની ગતિરૂપ છો, પ્રાણના સ્રષ્ટા છો, પ્રાણના પોષક છો, પ્રાણીરૂપ છો, પ્રાણને આપનારા છો અને પ્રાણીઓની ગતિરૂપ છો.[૩૧] જે ઇશ્વર અધ્યાત્મ ગતિરૂપ છે અને પોતાનું ધ્યાન કરનારા ભકત પુરુષો કે જેઓ આત્મવેત્તાઓ છે અને મોક્ષની કામનાવાળા છે તેઓની ગતિરૂપ છે-તે ઇશ્વર તમે પોતેજ છો.[૩૨] પ્રાણીમાત્રને તેઓનાં કર્મ પ્રમાણે શુભ તથા અશુભ ગતિ આપનારા અને સર્વ જંતુઓને જન્મ તથા મરણ આપનારા જે ઇશ્વર, મોક્ષસિદ્ધિની કામનાવાળાની ગતિરૂપ છે તે તમેજ છો.[૩૩] જે દેવ ભૂર્ આદિ સર્વ ભુવનોને તથા દેવોને ઉત્પન્ન કરીને તેઓનું રક્ષણ કરે છે અને આઠ* મૂર્તિઓ ધારણ કરીને સર્વનું પોષણ કરે છે તે દેવ, તમે પોતેજ છો.[૩૪] આપ ભગવાનથી સર્વની પ્રવૃત્તિ થાય છે, સર્વ જગતની આપનામાંજ સ્થિતિ છે, આપનામાંજ સર્વનો લય થાય છે અને આપ એકજ સનાતન પુરુષ છો.[૩૫] તમે સત્યની કામનાવાળા સત્પુરુષોના શ્રેષ્ઠ સત્યલોકરૂપ છો, મુક્ત પુરુષોના મોક્ષરૂપ છો, આત્મવેત્તાઓનું કૈવલ્યપદ છો અને બ્રહ્માદિક સિદ્ધ પુરુષોએ, "દેવો, અસુરો તથા મનુષ્યોને તમારૂં જ્ઞાન ન થાય" એવા હેતુથી પોતાની હૃદયગુહામાં તમને ગુપ્ત રાખ્યા છે.[૩૬,૩૭] આવા હેતુથીજ દેવો, અસુરો તથા મનુષ્યો તમને યથાર્થ રીતે જાણી શકતા નથી અને તેઓને હૃદયમાં રહેલા જડ અહંકારે મોહિત પણ કરી નાખ્યા છે;[૩૮] પરંતુ જે પુરુષો ભક્તિયોગથી શુદ્ધ થઇને તમારે શરણે આવે છે, તેઓને હૃદયમાં રહેલા તમે પંડેજ દર્શન આપો છો.[૩૯] જેનું જ્ઞાન કરીને પુનઃ જન્મ તથા મરણ રહેતું નથી, ઉત્તમ વેદ્યરૂપ જેને જાણ્યા પછી બીજું કંઇ જાણવાનું રહેતું નથી, જેને મેળવીને જ્ઞાની પુરુષ, બીજા કોઇપણ લાભને ઉત્તમ કે અધિક માનતો નથી, જેને સૂક્ષ્મ તથા પરમગતિરૂપે પ્રાપ્ત કરીને જ્ઞાની પુરુષ અવ્યય તથા અક્ષય કહે છે અને ગુણો તથા તત્ત્વોને જાણનારા સાંખ્યશાસ્ત્રકુશળ સાંખ્યવેત્તાઓ, અતિશય સૂક્ષ્મ જ્ઞાન સંપાદન કરીને જેના સૂક્ષ્મ સ્વરૂપને જાણે છે અને બંધનોથી મુક્ત થાય છે. વળી વેદવેત્તા પુરુષે, વેદાંતમાં વેદ્યતરીકે પ્રતિષ્ઠા પામેલા જેને પ્રાણાયામદ્વારા પ્રાપ્ત કરે છે અને જેનો નિત્ય જાપ કર્યા કરે છે, તે મહેશ્વરના સ્વરૂપમાં-ૐકારરૂપ રથમાં બેસીને જ્ઞાની પુરુષો પ્રવેશ કરે

---

* સૂર્ય, ચંદ્ર, પવન, અગ્નિ, જળ, આકાશ, પૃથ્વી અને આત્મા-આ આઠ મૂર્તિઓ ધારણ કરીને શંકર સર્વને ધારણ કરે છે, માટેજ તે અષ્ટમૂર્તિ કહેવાય છે.

છે. વળી તમે દેવયાન માર્ગના દ્વારરૂપ આદિત્ય કહેવાઓ છો, પિતૃયાન માર્ગના દ્વારરૂપ ચંદ્રમા કહેવાઓ છો, કાષ્ઠારૂપ છો, દિશાઓરૂપ છો, સંવત્સરરૂપ છો, યુગના આદિ છો, દિવ્ય લાભરૂપ ઇંદ્રપદ છો, પાર્થિવ લાભરૂપ ચક્રવર્તીપદ છો, ઉત્તમ લાભરૂપ છો, દક્ષિણાયનરૂપ છો અને ઉત્તરાયણરૂપ છો. પૂર્વે પ્રજાપતિએ, અનેક સ્તોત્રોથી તમારૂં આરાધન કરીને પ્રજાઓને ઉત્પન્ન કરવામાટે નીલલોહિત નામવાળા તમારીજ પ્રાર્થના કરી હતી. જે પરમાત્માની ઋગ્વેદને જાણનારા પુરુષો ઋચાઓવડે સ્તુતિ કરે છે અને કહે છે કે, પરમાત્માનું સ્વરૂપ અનારોપિત છે—કર્માદિકથી અલિપ્ત હોઇને શુદ્ધ છે; વળી વેદરૂપ જે દેવને ઉદ્દેશીને અધ્વર્યુઓ શ્રૌત, સ્માર્ત અને ધ્યાન, એમ ત્રણ પ્રકારના :યજ્ઞોમાં યજુર્વેદના મંત્રોચ્ચારપૂર્વક હોમ કરે છે, શુદ્ધ બુદ્ધિવાળા સામવેદીઓ સામમંત્રોદ્વારા જેનું ગાન કરે છે અને અથર્વવેદને જાણનારા બ્રાહ્મણો, ઋત, સત્ય અને પરબ્રહ્મરૂપ જેની સ્તુતિ કર્યા કરે છે; તેજ તમે, યજ્ઞના પરમ કારણ છો—અર્થાત્ શ્રદ્ધા અને સત્યરૂપ છો તથા યજ્ઞના શ્રેષ્ઠ પતિ કહેવાઓ છો.[૪૦-૪૯] રાત્રિઓ તમારા શ્રોત્ર (કાન) છે, દિવસો તમારાં નેત્ર છે, પક્ષો (પખવાડિયાં) તમારૂં મસ્તક છે, મહિનાઓ તમારી ભુજાઓ છે, ઋતુઓ તમારૂં વીર્ય છે, તપ તમારૂં ધૈર્ય છે અને વર્ષ તમારો ગુહ્યભાગ, સાથળ તથા ચરણ છે.[૫૦] તમે મૃત્યુરૂપ છો, યમરૂપ છો, અગ્નિરૂપ છો, મોટા વેગથી સંહાર કરનારા કાળરૂપ છો, કાળના પણ પરમ કારણરૂપ છો અને સનાતન કાળ પણ તમે પોતેજ છો.[૫૧] તમે ચંદ્ર છો, સૂર્ય છો, નક્ષત્ર છો, ગ્રહ છો, વાયુ છો, ધ્રુવ છો, સપ્તર્ષિઓ છો, સાત ભુવનરૂપ છો, પ્રધાન છો, મહત્તત્ત્વ છો, અવ્યક્ત છો, પંચતત્ત્વોસુધીના વિકારવાળા આ જગતરૂપ છો, બ્રહ્માથી આરંભીને ઘાસના તુંબડાસુધીના સર્વ પદાર્થરૂપ છો, સદ્રૂપ છો, અસદ્રૂપ છો, આઠ પ્રકૃતિઓરૂપ છો, પ્રકૃતિથી પર રહેલા પરમાત્મા છો અને પરમાત્માના એક ભાગરૂપ આ સમગ્ર વિશ્વ તમે પોતેજ છો.[૫૨-૫૪] વળી તમે પરમ આનંદરૂપ સનાતન બ્રહ્મ છો, વિરક્ત પુરુષોના ગતિરૂપ છો અને સત્પુરુષોના ઉત્તમ ભાવરૂપ છો.[૫૫] તમેજ ઉદ્વેગરહિત સનાતન બ્રહ્મ છો, તમેજ શાસ્ત્ર તથા વેદાંગને જાણનારા પુરુષોને ધ્યાન કરવા યોગ્ય છો અને તમેજ પરમપદરૂપ છો.[૫૬] જેને પરમકાષ્ઠા, પરમકળા, પરમસિદ્ધિ, પરમગતિ, પરમશાંતિ અને પરમ નિર્વાણ કહેવામાં આવે છે અને જેને પ્રાપ્ત કરીને યોગીઓ પોતાને કૃતકૃત્ય માને છે, તે તમે પોતેજ છો.[૫૭,૫૮] તમે તુષ્ટિરૂપ છો, સિદ્ધિરૂપ છો, શ્રુતિરૂપ છો, સ્મૃતિરૂપ છો, યોગીઓની અધ્યાત્મગતિરૂપ છો અને આત્મજ્ઞાની વિદ્વાનોના શાશ્વત પદપ્રાપ્તિરૂપ છો.[૫૯] હે ભગવન્! અમુક કોઇ કામનાથી પુષ્કળ દક્ષિણાઓ આપીને યજ્ઞ કરનારા યજ્ઞશીલ પુરુષોને જે ગતિ પ્રાપ્ત થાય છે, તે તમેજ છો એમાં સંશય નથી.[૬૦] હે દેવ! સમ્યક્, યોગાનુષ્ઠાન અને જપાનુષ્ઠાનવાળા નિયમો પાળીને દેહને કષ્ટ આપનારા તપસ્વી પુરુષોને જે શાંતિ અને જે ગતિ મળે છે, તે પરમગતિ તમેજ છો.[૬૧] હે સનાતન! કર્મોનો ત્યાગ કરીને સાંસારિક સર્વ વિષયોથી વિરક્ત થયેલા સંન્યાસીઓને બ્રહ્મલોકમાં જે ગતિ મળે છે, તે તમે પોતેજ છો;[૬૨] તેમજ હે સનાતન! પુનર્જન્મને નહિ ઇચ્છીને વૈરાગ્યને ધારણ કરનારા અને પ્રકૃતિનો લય કરવાનો અભ્યાસ કરનારા (કારણ) બ્રહ્મોપાસક પુરુષોને જે ગતિ પ્રાપ્ત થાય છે, તે પણ તમેજ છો;[૬૩] અને હે દેવ! જ્ઞાન તથા વિજ્ઞાનસંપન્ન પુરુષોને અનિર્વચનીય અને નિરંજન એવી જે કૈવલ્યગતિ પ્રાપ્ત થાય છે, તે પરમગતિ તમે છો. હે વ્યાપક દેવ! વેદમાં, શાસ્ત્રમાં તથા પુરાણોમાં પૂર્વોક્ત પાંચ ગતિઓ કહેવામાં આવી છે; પણ તે ગતિઓ તમારા પ્રસાદથીજ મળી શકે છે, અન્યથા મળતી નથી."[૬૫]

એ પ્રમાણે તપોનિધિ તંડિઋષિએ ઇશાનદેવની સ્તુતિ કરી હતી અને પૂર્વે બ્રહ્માએ પોતે જે પરબ્રહ્મની સ્તુતિ કરી હતી, તેનું પણ ગાન કર્યું હતું.[૬૬]

ઉપમન્યુએ કહ્યું:-બ્રહ્મવાદી તંડિઋષિએ, “ બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, સમગ્ર દેવતાઓ અને ઋષિઓ પણ તમને જાણી શકતા નથી ” એવા આશયની મહાદેવની સ્તુતિ કરી ત્યારે, ઉમાસહિત ભગવાન શંકર, તેનાપર પ્રસન્ન થયા અને તે પ્રભુએ તંડિઋષિને આ રીતે કહ્યું.

શ્રીભગવાને કહ્યું:-“ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! મારા પ્રસાદથી તું અક્ષય થઇશ, અવિકારી થઈશ, દુ:ખથી મુક્ત થઈશ, યશસ્વી થઇશ, તેજસ્વી થઇશ,દિવ્ય જ્ઞાનસંપન્ન થઇશ, ઋષિઓને સલાહદાતા થઇશ અને તારો પુત્ર યજુર્વેદની શાખાનું કલ્પસૂત્ર રચશે, એમાં સંશય નથી. હે વત્સ ! બોલ, તારી શી ઇચ્છા છે ? આજે હું તને શું આપું?” તે સાંભળી બે હાથ જોડીને તંડિઋષિએ વર માગ્યો કે:-“ તમારાપર મારી દઢ ભક્તિ થાઓ. ”[૬૯-૭૧]

ઉપમન્યુએ કહ્યું:-તે પછી દેવર્ષિઓથી વંદન કરાતા દેવ શંકરે, તંડિઋષિને વર આપ્યા અને પછી દેવોથી સ્તવાતા સ્તવાતા તેજ સ્થળે અદૃશ્ય થઇ ગયા.[૭૨] હે યાદવરાજા ! પોતાના અનુચરોની સાથે ભગવાન, અદૃશ્ય થઇ ગયા એટલે તંડિઋષિ આશ્રમમાં આવ્યા અને તેમણે એ સર્વ વાત મને કહી.[૭૩] હે મનુષ્યોમાં શ્રેષ્ઠ કૃષ્ણ ! તંડિઋષિએ, શંકરનાં જે પ્રસિદ્ધ નામો પૂર્વે મને કહ્યાં છે તેનું તમે સિદ્ધિને માટે શ્રવણ કરો.[૭૪] પિતામહ બ્રહ્મદેવે, શંકરનાં દશ હજાર નામો દેવોને કહ્યાં હતાં; પરંતુ શાસ્ત્રોમાં એક હજાર નામો હમણાં મળી આવે છે.[૭૫] હે અચ્યુત ! પૂર્વે દેવોના ઈશ્વર બ્રહ્માએ શંકર દેવની કૃપાથી મહાત્મા તંડિને જે ગુપ્ત નામો કહ્યાં હતાં તેજ ગુપ્ત નામો તંડિઋષિએ મને કહ્યાં છે.”[૭૬]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“મેઘવાહનપર્વાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૭ મો

શિવસહસ્રનામસ્તોત્ર

॥ वासुदेव उवाच ॥

ततः स प्रयतो भूत्वा मम तात युधिष्ठिर ।
प्रांजलिः प्राह विप्रर्षिर्नामसंग्रहमादितः ॥१॥

વાસુદેવે કહ્યું:-હે તાત યુધિષ્ઠિર! તે પછી બ્રહ્મર્ષિ ઉપમન્યુએ બે હાથ જોડી સાવધાન થઇને શંકરનાં નામો કહેવાનો આરંભ કર્યો.[૧]

ઉપમન્યુએ કહ્યું:-“બ્રહ્માએ કહેલાં, ઋષિઓએ કહેલાં અને વેદ તથા વેદાંગમાં ઉત્પન્ન થયેલાં નામોવડે સર્વ લોકમાં વિખ્યાત થયેલા સ્તુતિપાત્ર ભગવાન શંકરની હું સ્તુતિ કરૂં છું.[૨] હે યદુકુલશ્રેષ્ઠ કૃષ્ણ ! શંકરનાં જે નામો મહાન પુરુષોએ કહેલાં છે તે સત્ય છે,સિદ્ધ છે, સર્વ મનોરથોને સિદ્ધ કરનારા છે,ઋષિ તંડિએ ભક્તિપૂર્વક વેદમાંથી જૂદાં પાડયાં છે,સાધુપુરુષોએ શાસ્ત્રાનુસાર કહ્યાં છે, તત્ત્વદર્શી મુનિઓએ જગતમાં પ્રસિદ્ધ કર્યાં છે,સર્વ જગતમાં સાંભળવામાં આવ્યાં છે, બ્રહ્મલોકમાંથી ઉતારવામાં આવ્યાં છે અને યથાર્થ ગુણવાળાં છે. તે નામોવડે સર્વ કરતાં શ્રેષ્ઠ, સર્વના આદિ, સ્વર્ગને આપનારા, પ્રાણીમાત્રનું હિત કરનારા, પવિત્ર, પરબ્રહ્મરૂપ અને સનાતન એવા મહાદેવની હું સ્તુતિ કરૂં છું. તમે સાવધાન થઇને સાંભળો. તમે ભક્તિનિષ્ઠ થઇને (એ નામોવડે) પરમેશ્વર શંકર દેવની પ્રાર્થના કરજો.”[૩-૬]

શંકરરૂપ જે પરબ્રહ્મ સનાતન છે તેનું એ નામોવડે હું તમને શ્રવણ કરાવું છું;કેમકે જેના આદિ, મધ્ય તથા અંતને દેવતાઓ પણ જાણી શકતા નથી, તોપછી વર્ષોના સૈકાઓથી સજ્જ થયેલો એવો કોઇ પણ મનુષ્યજાતિનો પુરુષ, તે ભગવાનની વિભૂતિઓનું સંપૂર્ણ રીતે વર્ણન કયાંથીજ કરી શકે ?[૭,૮] હે માધવ! કયો પુરુષ તેમના સમગ્ર ગુણોનું વર્ણન કરવાને શક્તિમાન છે ? માત્ર એ મહાદેવનાં સંક્ષિપ્ત અર્થવાળાં નામોથી મારી શક્તિ પ્રમાણે તેમનું ચરિત્ર હું કહું છું.તેમાં પણ એ બુદ્ધિમાન દેવનો પ્રસાદજ મુખ્ય કારણ છે; કેમકે તેમની અનુજ્ઞા

વિના કયો પુરુષ તેમની સ્તુતિ કરવા સમર્થ છે? મને તેમની અનુજ્ઞા મળી છે અને મેં તેમની સ્તુતિ પણ કરી છે, તેથીજ આદિઅંતરહિત અને જગતના કારણ ભગવાન શંકરનાં નામોનું યત્કિંચિત પ્રકારે હું વર્ણન કરી શકીશ. હે કૃષ્ણ! અવ્યક્તના પણ આદિકારણ, વરને આપનારા, સર્વ કરતાં શ્રેષ્ઠ અને વિશ્વસ્વરૂપ બુદ્ધિમાન શંકરનાં નામોને બ્રહ્મદેવે જે પ્રમાણે કહ્યાં છે,તે પ્રમાણે તમે સાંભળો. સર્વના પ્રપિતામહ બ્રહ્મદેવે દશહજાર નામો કહેલાં છે, તેનો મનમાં વિચાર કરીને દહીંમાંથી જેમ ઘી કાઢવામાં આવે, પર્વતમાંથી જેમ તેના સારરૂપ સુવર્ણને કાઢવામાં આવે, પુષ્પોમાંથી જેમ તેના સારરૂપ મધને કાઢવામાં આવે અને ઘૃતમાંથી જેમ તેના સારરૂપ મંડને કાઢવામાં આવે, તેમ એ નામોનો સાર મેં બહાર કાઢયો છે. તે સર્વ પાપોનો નાશ કરનાર છે, ચાર વેદોથી યુક્ત છે, સાવધાન થઇને મહાન યત્નથી પ્રાપ્ત કરવાયોગ્ય છે, મંગલપ્રદ છે, પુષ્ટિદાતા છે, રાક્ષસોનો નાશ કરનાર છે અને મહાપવિત્ર છે;[૯-૧૬] માટે આ શિવનામસ્તોત્ર કોઇ ભકત પુરુષનેજ આપવું; અથવા કોઇ શ્રદ્ધાળુ કે આસ્તિક પુરુષનેજ આપવું, પણ શ્રદ્ધારહિત નાસ્તિકને અથવા ઇંદ્રિયોનો જય નહિ કરનારાને આપવું નહિ.[૧૭] હે કૃષ્ણ! જે પુરુષ સર્વના કારણાત્મા અને ઇશ્વર દેવ શંકરનો દ્વેષ કરે છે, તે પોતાના પૂર્વજો અને પુત્રોની સાથે નરકમાં જાય છે.[૧૮] ભગવાન શંકરનું આ સ્તોત્ર ધ્યાનરૂપ છે, યોગરૂપ છે, સર્વોત્તમ ધ્યેયરૂપ છે, જપરૂપ છે, રહસ્યજ્ઞાનરૂપ છે અને ઉત્તમ છે.[૧૯] મરણસમયે પણ આ સ્તોત્રનું જો ધ્યાન કરવામાં આવે છે તો પરમગતિને પામી શકાય છે. એવું આ પવિત્ર છે, મંગળ છે, યજ્ઞાદિના ફળને આપનારૂં છે અને ઉત્તમ કલ્યાણરૂપ છે.[૨૦] પૂર્વે સર્વ લોકના પિતામહ બ્રહ્મદેવે આ સ્તોત્રની રચના કરીને સર્વ દિવ્ય સ્તોત્રોના મધ્યમાં આને 'રાજા' ઠરાવ્યું છે.[૨૧] તે દિવસથી આરંભીને મહાત્મા શંકરનું આ સ્તોત્ર "સ્તવરાજ" એવા નામથી પ્રસિદ્ધ થયું છે અને દેવોમાં પણ પૂજાપાત્ર થયું છે.[૨૨] આ સ્તવરાજ બ્રહ્મલોકમાંથી સ્વર્ગલોકમાં ઉતરી આવ્યો હતો અને ત્યાંથી તંડિઋષિને પ્રાપ્ત થયો હતો,માટે તંડિનો રચેલો કહેવાય છે.[૨૩] તંડિઋષિએ આ સ્તવરાજને સ્વર્ગલોકમાંથી પૃથ્વીલોક ઉપર ઉતાર્યો છે, માટે સર્વ મંગલમાં મંગલ છે અને સર્વ પાપોનો નાશ કરનાર છે.[૨૪] હે મહાબાહુ! આ સ્તોત્ર કે જે સર્વ સ્તોત્રોમાં ઉત્તમ છે, તે હું તમને કહું છું. ભગવાન શંકર કે જે વેદોના પણ વેદ છે, પરના પણ પર છે, તેજના પણ તેજ છે,તપના પણ તપ છે, શાંત પુરુષોની પણ શાંતિરૂપ છે, કાંતિના પણ કાંતિરૂપ છે, દમગુણનિષ્ઠ પુરુષોમાં પણ દમગુણનિષ્ઠ છે, બુદ્ધિમાનોમાં પણ બુદ્ધિરૂપ છે, દેવોના પણ દેવ છે, ઋષિઓના પણ ઋષિ છે, યજ્ઞોના પણ યજ્ઞ છે, કલ્યાણ કરનારાઓના પણ કલ્યાણ કરનાર છે, રુદ્રોના પણ રુદ્ર છે, ઐશ્વર્યવાળાઓના પણ ઐશ્વર્યરૂપ છે, યોગીઓના પણ યોગી છે, કારણોના પણ કારણ છે, જેનાથી સર્વ લોકો ઉત્પન્ન થાય છે, જેનાથી સર્વ લોકો નાશ પામે છે અને પ્રાણીમાત્રના જે આત્મા છે, તે મહાતેજસ્વી શંકરનાં એક હજાર ને આઠ નામોનું તમે શ્રવણ કરો; કેમકે હે મનુષ્યશ્રેષ્ઠ! તે નામોનું શ્રવણ કરીને તમે સર્વ કામનાઓ સંપાદન કરશો.[૨૫-૩૦]

૧**સ્થિરઃ**-સ્થિર-ચંચળતારહિત, કૂટસ્થ અને નિત્ય. ૨**સ્થાણુઃ**-ઘરના સ્થંભનીપેઠે સર્વના આશ્રયભૂત; આ ×સંસારમંડપના મૂળ સ્થંભ. ૩**પ્રભુઃ**-ઇશ્વર, અંતર્યામી-**प्रकृष्टं भवनं सत्ता यस्य**-જેનું ભવન સત્તાપ્રકૃષ્ટ-અર્થાત્ અતિશ્રેષ્ઠ છે તેનું નામ પ્રભુ, પરમાર્થ સત્ય; અથવા તો **प्रकर्षेण भावयति विश्वं रचयति जानात वा विश्वकर्ता**-પ્રકર્ષથી ભાવના કરનારા અથવા વિશ્વને રચનારા, અથવા તો જાણનારા એવા વિશ્વના કર્તા અથવા તો સર્વજ્ઞ. ૪**ભીમઃ**-સંહારકર્તા, જેનાથી જગત ભય પામે છે એવા. ૫**પ્રવરઃ**-શ્રેષ્ઠ ભોગ તથા મોક્ષની કામનાવા-

---

× એક સ્થળે કહ્યું છે કેઃ-" **संसारमंडपस्यास्य मूलस्तंभाय शंभवे** "

ળાઓએ પરમ નિષ્ઠાથી પસંદ કરવા-વરવા યોગ્ય. ૬**वरदः**- ઇચ્છિત વસ્તુને આપનારા. ૭**वरः**-પોતાની સ્ફુર્તિથી સર્વ જગતનું આચ્છાદન કરનારા એટલે કે શ્રેષ્ઠ. ૮*****सर्वात्माः**- સર્વના આત્મારૂપ, વ્યાપક, પ્રત્યગ્રૂપ, પ્રાણીમાત્રના અંતર્યામીરૂપ. ૯**सर्वविख्यातः**- સર્વ દેશમાં, સર્વ કાળમાં અને સર્વ પ્રાણીઓમાં પ્રત્યગ્રૂપે પ્રસિદ્ધ. × **सर्वः**-ચરાચર-જડચૈતન્યમાં સર્વત્ર વ્યાપક. ૧૧**सर्वकरः**- વિશ્વના કર્તા. સર્વ અને સર્વકર એ બે નામો કહીને શિવનું ઉપાદાનત્વ અને નિમિત્તત્વ સૂચવ્યું છે. ૧૨**भवः**-સર્વના ઉત્પત્તિસ્થાન તથા સર્વના પ્રલયસ્થાનરૂપ. [31] ૧૩**जटी:**-જટાધારી. ૧૪**चर्मी:**-વાઘનું અથવા તો હાથીનું ચામડું ધારણ કરનારા. ૧૫**शिखंडी:**-મયૂરની શિખાની પેઠે પોતાના મસ્તકપર જટાજૂટના અગ્રભાગને ગોઠવી શિખાને ધારણ કરનારા. ૧૬**सर्वांगः**-સર્વ જગત જેના અવયવરૂપ છે એવા વિરાટ્રૂપ. ૧૭**सर्वभावनः**-વિશ્વના કર્તા. ૧૮**हरः**-સર્વના સંહારકર્તા. ૧૯**हरिणाक्षः**-મૃગના જેવાં નેત્રવાળા. ૨૦**सर्वभूतहरः**-સર્વ પ્રાણીઓનો સંહાર કરનારા. ૨૧**प्रभुः**-અખિલ વિશ્વના ભોક્તા. [32] ૨૨**प्रवृत्तिः**- સર્વોત્કૃષ્ટકર્તારૂપે વર્તનકરનારા. ૨૩**निवृत्तिः**-નિરૂદ્યમપણે વર્તન કરનારા ૨૪**नियतः**-ઇંદ્રિયોને નિયમમાં રાખનારા, ૨૫**शाश्वतः**-નિત્ય. ૨૬**ध्रुवः**- અચલ. ૨૭**श्मशानवासी:**-જેમાં મરણ પામેલા જીવોને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી તે કાશી નગરીમાં નિવાસ કરે છે તેથી શ્મશાનવાસી કહેવાય છે. ૨૮**भगवान्:**- છ પ્રકારના ઐશ્વર્યથી ભરેલા. છ પ્રકારના ભગ (ઐશ્વર્ય) આ પ્રમાણે છેઃ-સંપૂર્ણ ઐશ્વર્ય, જ્ઞાન, યશ, લક્ષ્મી, વૈરાગ્ય અને ધર્મ. આ છ ભગ જેનામાં હોય તે ભગવાન કહેવાય છે. ૨૯**खचरः**- હૃદયાકાશમાં ફરનારા. ૩૦**गोचरः**-ગો એટલે ઇંદ્રિયોને વિષે ફરનારા અથવા તો ઇંદ્રિયોથી વિષયોનો ઉપભોગ કરનારા. ૩૧**अर्दनः**-પાપીને પીડા કરનારા.[33] ૩૨**अभिवाद्यः**-સર્વને નમસ્કાર કરવા યોગ્ય અથવા તો સ્તુતિ કરવા યોગ્ય. ૩૩**महाकर्मा:**-સૃષ્ટિરચના વગેરે મહાન કર્મ કરનારા. ૩૪**तपस्वी:**-તપને ધન માનનારા. ૩૫**भूतभावनः**-આકાશાદિ ભૂતોને સંકલ્પમાત્રથી રચનારા. ૩૬**उन्मत्तवेषप्रच्छन्नः**- દિગંબરાદિ ઉન્મત્ત વેશથી ગુપ્ત-જાણવામાં નહિ આવે તેવા. ૩૭**सर्वलोकप्रजापतिः**-સર્વ લોકોના તથા પ્રજાના પતિ.[34] ૩૮**महारूपः**- મહા કહેતાં પાપરહિત જેનું રૂપ છે એવા. ૩૯ **महाकायः**-સ્થૂળ રૂપવાળા, વિરાટ્રૂપધારી. ૪૦**वृषरूपः**-વૃષ એટલે ધર્મસ્વરૂપ, વૃષ એટલે બળદને ધર્મ માનેલો છે. ૪૧**महायशाः**-મોટા યશસ્વી. ૪૨**महात्माः**-મોટા મનના. ૪૩**सर्वभूतात्माः**-સર્વ પ્રાણીઓ જેના સંકલ્પરૂપ છે એવા. ૪૪**विश्वरूपः**- વ્યાપક રૂપવાળા અથવા તો સર્વત્ર પ્રકટ થનારા. વિશ્વરૂપે જે પ્રકટ થાય છે તે. ૪૫**महाहनुः**-વિશ્વનો ગ્રાસ કરવામાટે જેના બંને હોઠ મોટા છે એવા.[35] ૪૬**लोकपालः**-ઇંદ્રાદિક લોકપાલરૂપ. ૪૭**अंतर्हितात्माः**-અવિદ્યાવડે કલ્પિત થયેલા; અહંકારાદિકથી જેનો અખંડ એકરસ સ્વભાવ (સર્પવડે જેમ રજ્જુ ઢંકાય છે, તેમ) ઢંકાઇ ગયો છે એવા. ૪૮**प्रसादः**-આનંદસ્વરૂપ.

---

*__सर्वात्मा__ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છેઃ-**आप्नोति सर्वं भोग्यं स्वार्थत्वेन लभते, आदत्ते, स्वीकरोति, अत्ति, भुंक्ते इति आत्मा.** અથવા **अनति सततं एकरूपेण वर्त्तते इति आत्मा. सर्वेषां आत्मा सर्वात्मा**-અર્થાત્ જે, સર્વભોગ્ય પદાર્થોને પોતાના કરીને પ્રાપ્ત કરે છે, સ્વીકારે છે અને ભોગવે છે તેને આત્મા કહેવામાં આવે છે; અથવા જેની નિરંતર એકરૂપે સ્થિતિ હોય છે, તે આત્મા કહેવાય છે. એક સ્મૃતિમાં પણ કહ્યું છે કેઃ-

‘यच्चाप्नोति यदादत्ते यच्चात्ति विषयानयम् ।
यच्चास्य संततो भावस्तस्मादात्मेति गीयते॥”

“જે સર્વ ભોગ્ય વિષયોને પ્રાપ્ત કરે છે, સ્વીકારે છે, ભોગવે છે અને જેની સત્તા નિરંતર અવિચ્છિન્ન રહે છે, તે આત્મા કહેવાય છે.”

× ગીતામાં પણ કહ્યું છે કે, “ **सर्वं समाप्नोषि ततोऽसि सर्वः**-તમે સર્વત્ર વ્યાપ્ત થઇ રહ્યા છો માટે **सर्व** કહેવાઓ છો.

૪૯**हयगर्दभिः**-રથને જોડેલી ખચરીઓ તે રથમાં બેઠેલાને વહન કરે છે એવા અગ્નિરૂપ. હય એટલે ઘોડો અને ગર્દભિ એટલે ગધેડી. એ બેના સમાગમથી જન્મેલી તે હયગર્દભિ-ખચરી. વેદમાં નીચે પ્રમાણે બે મંત્ર આવેલા છેઃ-**रुद्रो वा एष यदग्निः** આ રુદ્ર એ અગ્નિનું સ્વરૂપ છે. અને **अश्वतरी रथेनाग्नि राजिमधावत्**-અગ્નિ ખચ્ચરોથી જોડેલા રથમાં બેસીને યુદ્ધમાં દોડ્યા. આ બે શ્રુતિઓ, આ "હયગર્દભિ" નામનું મૂળ છે. ૫૦**पावित्रः**-સંસારરૂપી વજ્રના ઘામાંથી ભક્તોના રક્ષક. ૫૧**महान्ः**-પૂજ્ય. ૫૨**नियमः**-શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન વગેરે નિયમોથી જે મેળવી શકાય તેવા. ૫૩**नियमाश्रितः**-નિયમોના આશ્રયરૂપ; નારાયણ, દક્ષિણામૂર્તિ વગેરે રૂપ ધારણ કરીને નિયમોના આશ્રયભૂત થયેલા તે.[૩૬] ૫૪**सर्वकर्मा**:-સર્વ શિલ્પના આચાર્ય, વિશ્વકર્મા. ૫૫**स्वयंभूतः**-નિત્યસિદ્ધ. ૫૬**आदिः**-સર્વના કરતાં પ્રથમ. ૫૭**आदिकरः**-હિરણ્યગર્ભને ઉત્પન્ન કરનારા. શ્રુતિમાં કહ્યું છે કે, એજ હિરણ્યગર્ભ પ્રથમ શરીર ધારણ કરનાર છે. ૫૮**निधिः**-પદ્મ, શંખ આદિ અક્ષય ઐશ્વર્યરૂપ. ૫૯**सहस्राक्षः**-અનેક નેત્ર, હાથ, પગવાળા, અથવા તો ઇંદ્રસ્વરૂપ. શાસ્ત્રમાં કહ્યું છે કે, તેનાં હાથપગ, નેત્ર, મસ્તક સર્વ દિશામાં છે. ૬૦**विशालाक्षः**-ભૂતાદિ પદાર્થને પ્રકાશ કરનારી વિશાળ ઇંદ્રિયોવાળા, અથવા તો વિશાળ નેત્રવાળા. ૬૧**सोमः**-સોમલતારૂપ અથવા તો ચંદ્રરૂપ. ૬૨**नक्षत्रसाधकः**-નક્ષત્રોના સાધકરૂપ-અર્થાત્ યજ્ઞ વગેરે કરે છે તેઓને સોમના લોકમાં નક્ષત્ર જેવાં દિવ્ય શરીરનો લાભ કરી આપનારા.[૩૭]. ૬૩**चंद्रः**-ચંદ્રરૂપ. ૬૪**सूर्यः**-સૂર્યરૂપ. ૬૫**शनिः**-શનિરૂપ. ૬૬ **केतुः**-કેતુરૂપ. ૬૭ **ग्रहः**-ચંદ્ર અને સૂર્યને જે ગ્રસે છે તે ગ્રહ-રાહુરૂપ. ૬૮**ग्रहपातिः**-અતિ દૂર હોવાથી ગ્રહોના પતિ મંગળરૂપ. ૬૯**वरः**-વરવા યોગ્ય, પૂજ્ય, બૃહસ્પતિ અથવા તો શુક્ર. બૃહસ્પતિ શુક્રનો અવતાર છે. મૈત્રાયણીય શ્રુતિમાં કહ્યું છે કે, શુક્રે બૃહસ્પતિનો અવતાર લીધો હતો. ૭૦**अत्रिः**-બુધ. ૭૧**अत्र्यानमस्कर्ताः**-અત્રિની પત્ની અનસૂયાને દત્ત-દુર્વાસારૂપે નમસ્કાર કરનારા. ૭૨**मृगवाणार्पणः**-મૃગનું રૂપ ધારણ કરનારા, મૃગરૂપ, યજ્ઞ ઉપર બાણ ફેંકનારા. દક્ષનો યજ્ઞ મૃગરૂપે ભાસતો હતો તેનાપર શિવે બાણ ફેંકી તેનો નાશ કર્યો હતો. ૭૩ **अनघः**-યજ્ઞનો નાશકર્તા છતાં પણ દોષરહિત.[૩૮] ૭૪**महातपाः**-જગતની રચના કરવામાં સમર્થ એવું મહાન અવલોકનરૂપ તપ કરનારા. ૭૫**घोरतपाः**-જગતનો સંહાર કરવાને સમર્થ એવું ભયંકર તપ કરનારા. ૭૬**अदीनः**-ઉદાર મનના; સુગ્રીવ, વિભીષણ વગેરેને પ્રણામમાત્રમાં રાજ્ય આપનારા. ૭૭**दीनसाधकः**-શરણાગતોનું ભલું કરનારા. ૭૮**संवत्सरकरः**-સંવત્સરને ધ્રુવ વગેરે જ્યોતિર્ગણરૂપે પ્રવર્તાવનારા. ૭૯ **मंत्रः**-મનન કરનારાની રક્ષા કરનારા પ્રણવાદિરૂપ. ૮૦ **प्रमाणः**-વેદશાસ્ત્રાદિક પ્રમાણરૂપ. ૮૧**परमंतपः**-પરમ તપરૂપ. આત્મજ્ઞાન કરાવનારા યોગધર્મરૂપ.[૩૯] ૮૨**योगीः**-યોગનિષ્ઠ. ૮૩**योज्यः**-પરબ્રહ્મમાં પ્રવિલાપન કરવાયોગ્ય. ૮૪**महाबीजः**-કારણના પણ કારણરૂપ. ૮૫**महारेताः**-જડ તથા મિથ્યા એવા અવ્યક્તને મહાસ્ફુર્તિ તથા સત્તા આપનારું જેનું પ્રતિબિંબરેત છે એવા. ૮૬**महाबलः**-ઉત્તમ સામર્થ્યવાળા. ૮૭**सुवर्णरेताः**-જળ ઉત્પન્ન કરી તેમાં વીર્ય મૂકનારા કે જે વીર્ય સુવર્ણમય અંડમાં પરિણમ્યું-અર્થાત્ હિરણ્યમય બ્રહ્માંડને રચનારા, અથવા તો સુવર્ણરૂપ વીર્યવાળા અગ્નિસ્વરૂપ. ૮૮**सर्वज्ञः**-માયાશક્તિવડે સર્વને જાણનારા. ૮૯**सुबीजः**-સર્વના અવિકારી એવા બીજરૂપ. ૯૦ **बीजवाहनः**-આ લોકમાં તથા પરલોકમાં ફરવામાટે અવિદ્યા, કામ અને કર્મરૂપ બીજને વહન કરનારા જીવરૂપ (આત્મા રથી છે, શરીર રથ છે, અવિદ્યા, કામ અને કર્મ, આ લોક પરલોકમાં ફેરવનારાં વાહનો છે).[૪૦] ૯૧**दशबाहुः**-દશ ભુજાવાળા. ૯૨**अनिमिषः**-નેત્રોનું મટકું નહિ મારનારા-સદા જાગ્રત. ૯૩**नीलकंठः**-ત્રણ લોકનો સંહાર કરનારા, ઝેરને કંઠમાં ધારણ કરવાથી શ્યામ કંઠવાળા. ૯૪**उमापति**-બ્રહ્મવિદ્યાના પતિ અથવા તો ઉમા-પાર્વતીના

પતિ. ૯૫**विश्वरूपः**-જેમાંથી અનેક રૂપો ઉત્પન્ન થાય છે એવા. ૯૬**स्वयंश्रेष्ठः**-સ્વાભાવિક રીતેજ શ્રેષ્ઠ. ૯૭**चलवीरः**-પરાક્રમવડે ત્રિપુરાદિના નાશ જેવાં અનન્ય સાધ્યકર્મના કર્તા. ૯૮***अवलोगणः**-અબળ અર્થાત્ સામર્થ્યવિનાના, ચેતનાપ્રયુક્તિવિનાના, ચલનક્રિયા સહન ન કરે તેવા; ગુણરૂપ કહેતાં પચીસ જડતત્ત્વરૂપ.[૪૧] ૯૯**गणकर्ता**:-પચીસ તત્ત્વના 'કર્તા જે છવ્વીસમા છે તે ૧૦૦**गणपतिः**-પચીસ તત્ત્વના નિયંતા ૧૦૧**दिग्वासा**×:-દિશારૂપી વસ્ત્રને ધારણ કરનારા, નગ્ન રહેનારા; વસ્તુતઃ અનંત દિશારૂપી જેનું વસ્ત્ર છે તેવા. દારુક વનમાં મુનિઓની પત્નીઓને મોહ ઉપજાવવામાટે નગ્નસ્વરૂપને ધારણ કરનારા.ઇશાવાસ્યરૂપ-અર્થાત્ જે ઇશ્વર દિશાને પોતાનાં પટ-વસ્ત્રતરીકે ધારી શકે તે. ૧૦૨**कामः**-કામદેવ અથવા અભિલાષારૂપ. ૧૦૩**मंत्रवित्**:-**इषेत्वोर्जेत्वा** વગેરે મંત્રોને પાઠથી તથા અર્થથી જાણનારા અથવા તો તે મંત્રોથી જાણવામાં આવનારા. ૧૦૪**परमःमंत्रः**-આત્મારૂપી તત્ત્વને જોવા જાણવાને ઉત્તમ વિચારરૂપ; ઉપરનાં બન્ને નામો અધ્યારોપ તથા અપવાદરૂપે હોવાથી. ૧૦૫**सर्वभावकरः**-જગતના કારણરૂપ. ૧૦૬**हरः**-આખા જગતને લય કરવાનું સ્થાન.પૂર્વે જે **हर** શબ્દ કહ્યો છે તે કાળરૂપે સર્વનો સંહારકર્તા એવા અર્થમાં કહ્યો છે; અને અહીં જે **हर** શબ્દ કહેવામાં આવ્યો છે, તે જ્ઞાનદષ્ટિથી કહેવામાં આવ્યો છે. શાસ્ત્રમાં ચાર પ્રલય કહ્યા છેઃ-બ્રહ્માના અંત પછી મહત્પર્યંત સર્વ કાર્યોનો નાશ થાય છે તે **પ્રાकृत** લય કહેવાય છે. બ્રહ્માના દિવસના સાયંકાળે ત્રણ લોકનો નાશ થાય છે તે **दैनंदिन** પ્રલય કહેવાય છે. આપણા સર્વની સુષુપ્તિ વગેરેમાં સર્વનો નાશ થાય છે તે **नित्य** પ્રલય કહેવાય છે. આ ત્રણ પ્રલય સબીજ એટલે ઉત્પત્તિ ગુણવાળા છે; પણ તત્ત્વજ્ઞાન થયા પછી કારણસાથે કાર્યનો નાશ થઇ જાય અને જે ફરીને ઉત્પન્ન થાય નહિ તે **आत्यंतिकनाश** નામનો પ્રલય કહેવાય છે અને તે શાસ્ત્રમાં મોક્ષને નામે પ્રખ્યાત છે.[૪૨] ૧૦૭ **कमंडलुधरः**- કમંડલુને ધારણ કરનારા. ૧૦૮ **धन्वी**:-ધનુર્ધારી. ૧૦૯**बाणहस्तः**-હાથમાં બાણ ધારણ કરનારા. ૧૧૦**कपालवान्**:-ખોપરીને ધારણ કરનારા.બ્રહ્માના પાંચમા મસ્તકને છેદીને તેની ખોપરી ધારણ કરનારા. ૧૧૧**अशनिः**-વજ્રને ધારણ કરનારા.૧૧૨**शतघ्नी**:-શક્તિને ધારણ કરનારા. ૧૧૩**खड्गी**:-તરવાર (ખડ્ગ)ધારણ કરનારા. ૧૧૪**पट्टिशी**:-પટ્ટિશ ધારણ કરનારા. ૧૧૫**आयुधी**:-શૂળરૂપી આયુધ ધારણ કરનારા. ૧૧૬**महान्**:-પૂજ્ય.[૪૩] ૧૧૭**स्रुवहस्तः**-હાથમાં યજ્ઞપાત્ર-સરવાને ધારણ કરનારા. ૧૧૮**सुरूपः**-સુંદર રૂપધારી. ૧૧૯**तेजः**-તેજસ્વી. ૧૨૦**तेजस्करोनिधिः**-ભક્તોને ભંડારની પેઠે અખૂટ કાંતિ આપનારા. ૧૨૧**उष्णीषी**:-પાઘડીવાળા.૧૨૨**सुवक्रः**-સુંદર મુખવાળા.૧૨૩**उदग्रः**-તેજસ્વી રૂપવાળા. ૧૨૪**विनतः**-વિનયવાન.[૪૪] ૧૨૫**दीर्घः**-અત્યંત ઉંચા. ૧૨૬**हरिकेशः**-હરિ એટલે ઇંદ્રિયોજ જેની કેશ એટલે રશ્મિરૂપ છે એવા, અર્થાત ઇંદ્રિયદ્વારા ભિન્ન ભિન્ન વિષયોનો પ્રકાશકર્તા; અથવા તો બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ એ ત્રણ મૂર્તિરૂપ. ૧૨૭**सुतीर्थः**-શુભ તીર્થરૂપ. મહર્ષિ પતંજલિ કહે છે કેઃ-**क्लेशकर्मविपाकाशयैरपरामृष्टःपुरुषविशेष ईश्वरः** અર્થાત ક્લેશ, કર્મ,વિપાક અને આશયથી અલિપ્ત એવા પુરુષ ઇશ્વર કહેવાય છે અને ઇશ્વરનો **तस्य वाचकः प्रणवः**- પ્રણવ(ૐકાર)વાચક છે, અને તે ૐકાર પૂર્વ પુરુષોનો પણ ગુરુ છે. ૧૨૮×**कृष्णः**-સચ્ચિદાનંદરૂપ. ૧૨૯**शृगाल**-

---

* પચીસ તત્ત્વોના સમુદાયમાં છવ્વીસમા પરમાત્માનું પ્રતિબિંબ પડે છે, ત્યારેજ તેનામાં ચલનવલનાદિક શક્તિ આવે છે; માટે પચીસ તત્ત્વોને નિર્બળ કહેવામાં આવ્યાં છે.

× વાસ્તવિક રીતે મહાદેવનું **दिग्वासा** નામ આવા કારણથી પ્રસિદ્ધ થયું છેઃ-**अन्ततानामपि दिशाम् वासः इव वासः-आच्छादकः इति दिग्वासाः**-અર્થાત્ દિશાઓને વસ્ત્રની પેઠે આચ્છાદન કરનાર અથવા છાઇ દેનાર-વ્યાપ્ત કરી દેનાર.

×આવી એક શ્રુતિ છે કેઃ-

"**कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः।**

રૂપઃ-વાણિયાના અપમાનથી મરવા માટે તૈયાર થયેલા; બ્રાહ્મણને શાંત પાડવામાટે ઇંદ્રે તેનું રૂપ ધારણ કર્યું હતું એમ શાંતિપર્વના મોક્ષધર્મમાં કહ્યું છે તે શૃગાલરૂપ ઇંદ્ર અને શિવ અભિન્ન છે. ૧૩૦सद्धार्थः-જેમના સર્વ પદાર્થો સિદ્ધ છે એવા. ૧૩૧मुंडः- સંન્યાસીરૂપ. ૧૩૨सर्वशुभंकरः- સર્વ પ્રાણીઓનું કલ્યાણ કરનારા.[૪૫] ૧૩૩अजः-અજન્મા. ૧૩૪बहुरूपः-અનેક રૂપ ધારણ કરનારા, ૧૩૫गंधधारीः- કેસર, ચંદન કસ્તૂરી વગેરે સુગંધને ધારણ કરનારા, ૧૩૬कपर्दीः-क એટલે જળને पिवाति જે પીએ છે તે कपः, ऋत् એટલે ઐશ્વર્યને અને ददाति-આપે છે તે.ऋद्दः-જળ પીને જે ઐશ્વર્ય આપે છે તે કપર્દી. મહાદેવના જટાજૂટે આકાશમાંથી પડતી ગંગાનદીને પ્રથમ પીધી હતી અને પાછળથી ભગીરથની પ્રાર્થનાથી ગંગાને નીકળવાને સામર્થ્ય (ઐશ્વર્ય) આપ્યું હતું-અર્થાત્ શંકર ઐશ્વર્ય અથવા સામર્થ્ય આપનારા છે.૧૩૭ऊर्ध्वरेताः-જેનું રેત નિત્યઊર્ધ્વ એટલે ઉંચે ચઢેલું રહે છે તે અર્થાત્ અક્ષત બ્રહ્મચર્ય પાળનારા. જે મનુષ્ય બ્રહ્મચર્ય નથી પાળતો, જેણે બ્રહ્મચર્યનો ત્યાગ કર્યો હોય છે,તેનું વીર્ય નીચે પડે છે, દૂર ઉંચે ઉડતું નથી. વીર્ય પણ શિથિલ થઈ નીચે વહે છે તેમજ તેનું લિંગ પણ વીર્ય વહી જવાથી નીચું પડે છે. ૧૩૮ऊर्ध्वलिंगः-જેમનું લિંગ નિત્ય ઊર્ધ્વ રહે છે તે એટલે કે જેને વિષે કામ સદા જાગ્રત છે. નિત્ય બ્રહ્મચર્ય પાળવાથી ઇંદ્રિય શિથિલ પડી જતી નથી. શંકર નિત્ય બ્રહ્મચર્ય પાળતા હતા એટલે ઊર્ધ્વલિંગ કહ્યા છે. ૧૩૯ऊर्ध्वशायीः-ચત્તા શયન કરનારા. સંયોગવેળાએ પુરુષને અધોમુખ કરવું પડે છે. શંકર નિત્ય ઊર્ધ્વ મુખ રાખી શયન કરતા હતા-અર્થાત્ તે સ્ત્રીસંગથી દૂર હતા-અક્ષત બ્રહ્મચારી હતા. આ ત્રણ નામ-વડે ઉમાએ શિવને સ્વીકાર્યા પણ ન હતા તેમ તેમનો સ્પર્શ પણ કર્યો ન હતો.શંકર अंसग કહેવાય છે તેનાં ત્રણ કારણ છે અને તેના આમ ત્રણ અર્થ દર્શાવ્યા છે. ૧૪૦नभःस्थलः- આકાશરૂપી શક્તિ જેનું નિવાસસ્થાન છે એવા.

> शक्तिः शरीरमपि दैवतमंतरात्मा ।
> ज्ञानं क्रियाकरणमासनजालमिच्छा ॥
> ऐश्वर्यमायतनमावरणानि च त्वम् ।
> किं किं न यद्भवासि देविशशांकमौलेः ॥

૧૪૧त्रिजटीः-ત્રણ જટાને ધારણ કરનારા, ૧૪૨ चीरवासा-વલ્કલ પહેનારા. ૧૪૩रुद्रः-સર્વના રુદ્ર એટલે પ્રાણરૂપ. ૧૪૪सेनापतिः-સેનાપતિ.૧૪૫विभुः-વ્યાપક.૧૪૬अहश्चरः-દિવસે ફરનારા દેવાદિકરૂપ.૧૪૭नक्तंचरः-રાત્રે ફરનારા રાક્ષસરૂપ.૧૪૮तिग्ममन्युः- તીક્ષ્ણ ક્રોધવાળા.૧૪૯सुवर्चसः-અધ્યયન,તપ આદિના તેજના નિવાસરૂપ.૧૫૦×गजहाः-ગજાસુરનો વધ કરનારા ૧૫૧दैत्यहाः-દૈત્યોનો સંહાર કરનારા. ૧૫૨कालः-મૃત્યુ અથવા તો સંવત્સરાદિક રૂપ. ૧૫૩लोकधाताः- લોકોના ઈશ્વર. ૧૫૪गुणाकंरः- દીનદયાળુત્વ, જ્ઞાન, ઐશ્વર્ય, આદિના ભંડાર રૂપ. ૧૫૫ सिंहशार्दूलरूपः-સિંહ તથા વ્યાઘ્ર આદિ સર્વ હિંસક પશુઓરૂપ. ૧૫૬ आर्द्रचर्मांबरावृतः-હાથીના ભીના ચામડારૂપ વસ્ત્રથી વિંટાયેલા.[૪૮] ૧૫૭कालयोगीः-કાળને છેતરનાર યોગીરૂપ. ૧૫૮महानादीः-હંસ ઉ-

---

तयोरैक्यं परब्रह्म कृष्ण इत्यभिधीयते" ॥

कृष् એ ભૂવાચક શબ્દ છે-અર્થાત્ कृषनो અર્થ પ્રવૃત્તિ થાય છે; અને ण શબ્દનો અર્થ નિવૃત્તિ થાય છે. એ બન્નેના ઐક્યરૂપ જે પરબ્રહ્મ તેને कृष्ण કહેવામાં આવે છે." વળી બ્રહ્મોત્તર ખંડમાં કહ્યું છે કેઃ-પૂર્વે એક ગોવાળીઆના બાળકને મહાદેવે વર આપ્યો હતો કે, તારા વંશમાં તારાથી સાતમા પુરુષતરીકે હું અવતરીશ. આવું વરદાન આપ્યું હતું,માટે કૃષ્ણને મહાદેવનાજ અવતારરૂપ કહી શકાય.

× સ્કંદપુરાણમાં કહેવામાં આવ્યું છે કેઃ-

> " वाराणस्यां पुरा यातो गजरूपी महासुरः ।
> जघ्ने तं कुंजरं भीममधृष्यमपि शंकरः ॥"

પૂર્વે એક મહાસુર, હાથીનું સ્વરૂપ ધારણ કરીને કાશીમાં ગયો હતો. તે હાથી મહાભયંકર હતો અને પરાજિત કરવાને અશક્ય હતો, છતાં પણ શંકરે તેનો વધ કર્યો હતો." આ ઉપરથીજ મહાદેવનું **गजहा** નામ પ્રસિદ્ધ થયું છે.

પનિષદ્‌માં પ્રસિદ્ધ અનાહત ધ્વનિરૂપ. ૧૫૯ सर्वकामः-સર્વ કામનાઓના નિવાસરૂપ. ૧૬૦ चतुष्पथः-જેની ઉપાસનાના ચાર માર્ગ છે એવા. તે ચાર માર્ગો નીચે પ્રમાણે છેઃ-વિશ્વ, તૈજસ્, પ્રાજ્ઞ અને શિવના ધ્યાનરૂપ. ૧૬૧निशाचरः-વેતાલાદિક રાત્રિવિહારી પ્રાણીરૂપ. ૧૬૨प्रेतचारीः-પ્રેતોની સાથે ફરનારા. ૧૬૪महेश्वरः-ઇંદ્રાદિક ઈશ્વરોથી પણ મોટા. [૪૯]--૧૬૫बहुभूतः-અનેક ભૂતોના પરિવારવાળા. ૧૬૬बहुधरः-આ સંસારરૂપી મહાન પ્રપંચને ધારણ કરનારા. ૧૬૭स्वर्भानुः-મૂળ અજ્ઞાનરૂપ રાહુનું સ્વરૂપ ધારણ કરનારા.૧૬૮अमितः-જેમનું માપ ન થઈ શકે તેવા-અમાપ. ૧૬૯गतिः-મુક્તપુરુષને પ્રાપ્ત કરવા યોગ્ય ગતિરૂપ.૧૭૦नृत्यप्रियः-તાંડવનૃત્ય ઉપર પ્રીતિ ધરનારા.૧૭૧नित्यनर्तः-નિત્ય નૃત્ય કરનારા.૧૭૨नर्तकः-આખા સંસારને નચાવનારા. ૧૭૩सर्वलालसः-સર્વ ઉપર પ્રીતિ રાખનારા, વિશ્વબંધુ. ૧૭૪ घोरः-શિવનાં બે તનુ છે-ઘોર અને અઘોર.ક્ષુધા,તૃષાદિથી તે ઘોર મૂર્તિવાળા છે; અને સંતોષ, દયારૂપે તે અઘોર મૂર્તિવાળા છે. ૧૭૫महातपः-સૃષ્ટિને સંહારે તેવું મહાન તપ કરનારા. ૧૭૬पाशः-પોતાની માયાથી આખા જગતને બાંધનારા, ૧૭૭नित्यः-અવિનાશી. ૧૭૮ गिरिरुहः-કૈલાસવાસી. ૧૭૯नभः-આકાશની પેઠે તદ્દન અસંગ. ૧૮૦सहस्रहस्तः-હજાર હાથવાળા.૧૮૧ विजयः-વિજયરૂપ. ૧૮૨व्यवसायः-નિશ્ચયપૂર્વક ઉદ્યોગ અથવા તો જયના હેતુરૂપ. ૧૮૩ अतंद्रितः-પ્રવૃત્તિને અટકાવનારી તામસીવૃત્તિ જે તંદ્રા, તેનાથી રહિત. ૧૮૪अधर्षणः-કંપાવવાને અથવા ચલિત કરવાને માટે અશક્ય એવા. ૧૮૫धर्षणात्माः-ભયરૂપ. ૧૮૬यज्ञहाः-*બલિના યજ્ઞનો ધ્વંસ કરનારા. ૧૮૭कामनाशकः-કામદેવને બાળી નાખનારા. ૧૮૮दक्षयागापहारीः-દક્ષના યજ્ઞનો ધ્વંસ કરનારા. ૧૮૯सुसहः-સહનશીલ અર્થાત્ શાંતગુણી, અથવા સૌમ્ય સ્વરૂપવાળા. ૧૯૦मध्यमः-સર્વત્ર સમદૃષ્ટિ રાખનારા. ૧૯૧तेजोपहारीः-ઇંદ્રાદિકના તેજનું હરણ કરનારા; અતિ ક્રૂર. ૧૯૨बलहाः-ઇંદ્રરૂપે બળદૈત્યોને નાશ કરનારા. ૧૯૩मुदितः-કારણરૂપે નિત્ય આનંદ પામનારા. ૧૯૪अर्थः-ધનરૂપે ઇચ્છવા યોગ્ય. ૧૯૫अजितः-કોઈથી જીતાય નહિ તેવા. ૧૯૬ अवरः-જેના કરતાં બીજો કોઈ પણ પૂજવા યોગ્ય શ્રેષ્ઠ નથી એવા. ૧૯૭गंभीरघोषः-ગંભીર ધ્વનિવાળા. ૧૯૮गंभीरः-જાણવામાં આવે નહિ તેવા ગંભીર-અગાધ સ્વરૂપવાળા. ૧૯૯ गंभीरबलवाहनः-શત્રુઓ પણ જેનાં તળિયાંને પામે નહિ તેવા શારીરિક સામર્થ્યવાળા, અથવા તો વૃષભ-પોઠિયારૂપી-ધર્મરૂપી મહાન વાહન જેનું છે એવા. [૫૩]-૨૦૦न्यग्रोधरूपः-ઉપર મૂળવાળા ને નીચે શાખાવાળા પીપળારૂપ-અર્થાત્ સંસારરૂપી વૃક્ષરૂપ.૨૦૧न्यग्रोधः-વડના ઝાડ નીચે દક્ષિણામૂર્તિરૂપે બિરાજેલા અથવા તો માર્કંડેયે એકાકાર સમુદ્રમાં દીઠેલા વડરૂપ; અથવા તો તેમાં શયન કરનારા મહાવિષ્ણુરૂપ. ૨૦૨वृक्षकर्णस्थितिः-વટવૃક્ષના કર્ણવિષે-એકદેશરૂપ પાંદડાને વિષે સ્થિતિ કરનારા. ભગવાને માર્કંડેયને જળપ્રલયસમયે સંસારરૂપી વડવૃક્ષ નાનું છતાં તેની અનેક શાખાઓ છે એ વાત, માયાવી વડના નિમિત્તથી પોતામાં દર્શાવી છે. જે નામ બ્રહ્માનાં અને વિષ્ણુનાં છે તેજ નામ શિવનાં પણ છે. શિવ, મહેશ્વર રુદ્ર, વિષ્ણુ, પિતામહ, બ્રહ્મા, સંસારબંધુ, સર્વજ્ઞ અને પરમાત્મા, એ નામનું અષ્ટક એકજ વસ્તુનું પ્રતિપાદન કરે છે. વિષ્ણુ અને બ્રહ્મા શિવથી ભિન્ન નથી, માટે તે બન્નેનાં નામો તે શિવનાં પણ સમજવાં. હરિવંશમાં કૈલાસયાત્રાના વર્ણનમાં કહ્યું છે કેઃ—

नामानि तव गोविंद यानि लोके महान्ति च।
तान्येव मम नामानि नात्र कार्या विचारणा॥

હે ગોવિંદ! જગતમાં તમારાં નામો જે મોટાં જોવામાં આવે છે તેજ મારાં પણ નામ છે, એમાં વિચારવા જેવું નથી, માટે સર્વ પુરાણોમાં શિવ અથવા વિષ્ણુના નામથી એકજ ઈશ્વર કહેવામાં આવે છે. સૂતસંહિતામાં કહ્યું છે

---

* શંકરના આ 'યજ્ઞહા' નામ ઉપરથી શિવ અને વિષ્ણુની એકતા સિદ્ધ કરેલી છે.

કે શિવવિષ્ણુનો ભેદ-બન્ને વચ્ચે ઉત્તમ અનુત્તમ ભાવની કલ્પના પાખંડીઓ કરે છે. તેવાઓનાપર ભલે વજ્રપાત થાય.આ તો બ્રહ્મા,આ તો કેશવ, આ તો વિષ્ણુ એમ ભેદ માનનારા મોહવશ પુરુષો છે અને તેઓ પાખંડીઓ છે. તેઓ એકનેજ જુએ છે, સર્વને જાણતા નથી-અર્થાત્ સર્વ નામો એકજ ઈશ્વરને માટે છે, માટે વિષ્ણુનાં નામો, બ્રહ્મા અને રુદ્રનાં નામોમાં પણ બોલાય છે અને શિવનાં નામો વિષ્ણુ અને પ્રજાપતિનાં નામોમાં પણ બોલવામાં આવે છે.એક નામ સર્વને લાગુ પડે છે અને સર્વ નામો એકને લાગુ પડે છે. ૨૦૩विभुः-ભક્તના ઉપર અનુગ્રહ કરવામાટે હરિ,હર, દુર્ગા,ગણેશ, સૂર્ય,અગ્નિ,વાયુ વગેરે અનેક રૂપો ધારણ કરનારા. ૨૦૪सुतीक्ष्णदशनः-અનેક બ્રહ્માંડોરૂપી ચણાને ચાવવામાટે તીક્ષ્ણ દાંતવાળા.૨૦૫महाकायः-મોટી કાયાવાળા. ૨૦૬महाननः-મોટા મુખવાળા.[૫૪]-૨૦૭विष्वक्सेनः-જેમના યુદ્ધપ્રયાણસમયે અસુરસૈન્ય ચોતરફ પલાયન કરી જાય એવા.૨૦૮ हरिः-ગજેંદ્રનો મોક્ષ કરીને આપત્તિ હરી હતી તેમ આપત્તિને દૂર કરનારા. ૨૦૯ यज्ञः-સૃષ્ટિને ઉત્પન્ન કરવામાં બીજરૂપ.યજ્ઞ કરવાથી પરંપરાએ જગતની ઉત્પત્તિ થાય છે.જેમકેઃ-

अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज्ञायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥

અગ્નિને આપેલી આહુતિ ચારે તરફથી સૂર્ય પાસે જાય છે, સૂર્યમાંથી વૃષ્ટિ જન્મે છે, વૃષ્ટિમાંથી અન્ન થાય છે અને તેથી પ્રજાની ઉત્પત્તિ થાય છે. ૨૧૦ संयुगापीडवाहनः-સંગ્રામમાં જેનું પોઠિયારૂપ વાહન ધ્વજારૂપ બન્યું છે એવા અથવા વૃષરૂપ ધ્વજા જેનું વાહન છે તેવા. ૨૧૧ तीक्ष्णतापः-તીક્ષ્ણ તાપવાળા-અર્થાત્ અગ્નિસ્વરૂપ.૨૧૨ हर्यश्वः-અત્યંત વેગવાન જેના ઘોડા છે એવા સૂર્યનારાયણરૂપ. ૨૧૩ सहायः-જીવના સખા. ૨૧૪ कर्मकालवितः-દર્શ (અમાવાસ્યા) વગેરે કર્મના કાળને જાણનારા.[૫૫]-૨૧૫विष्णुप्रसादितः-વિષ્ણુએ ચક્ર મેળવવામાટે પ્રસન્ન કરેલા. ૨૧૬ यज्ञः-વિષ્ણુરૂપી યજ્ઞરૂપ. ૨૧૭ समुद्रः-સમુદ્રરૂપ. ૨૧૮ वडवामुखः--સમુદ્રના જળનું શોષણ કરનારા વડવાનલ અગ્નિરૂપ.૨૧૯ हुताशनसहायः-અગ્નિને સહાય કરનારા-વાયુરૂપ. ૨૨૦ प्रशांतात्माः-તરંગવિનાના સમુદ્ર જેવા શાંત. ૨૨૧हुताशनः-અગ્નિરૂપ.[૫૬]-૨૨૨ उग्रतेजाः-જેમનો સ્પર્શ દુઃસહ છે એવા તેજવાળા.૨૨૩ महातेजाः-મહાતેજસ્વી. ૨૨૪ जन्यः-સંગ્રામમાં શ્રેષ્ઠ.૨૨૫ विजयकालवित्ः-વિજયના સમયને જાણનારા (જે એટલું ન જાણી શકે તે વીર હોવા છતાં પરાજય પામે છે.)૨૨૬ज्योतिषामयनः-જેમાં ગ્રહોનું તથા નક્ષત્રોનું ગમન વર્ણવ્યું છે એવા-જ્યોતિઃશાસ્ત્રના સ્થાનરૂપ-અર્થાત્ કાળવેત્તા તથા કાળરૂપ.૨૨૭ सिद्धिः-જયરૂપ.૨૨૮ सर्वविग्रहः-કાળાદિક સર્વ જેના વિગ્રહ-અર્થાત્ શરીર છે એવા.[૫૭]-૨૨૯ शिखीः-શિખાવાળા ગૃહસ્થરૂપ. ૨૩૦ मुंडीः-સંન્યાસીનું સ્વરૂપ ધારણ કરનારા, મુંડાવેલા,શિખાવગરના, નૈષ્ઠિક બ્રહ્મચારી. ૨૩૧ जटीः-જટા ધારણ કરનારા વાનપ્રસ્થ. ૨૩૨ ज्वालीः-જ્વાળાવાળા દેવયાન આદિ માર્ગ જે ગૃહસ્થાદિ શોધે છે તે. ૨૩૩ मूर्तिजः-મૂર્તિમાં આવિર્ભાવ પામનારા. ૨૩૪ मूर्धगः-મસ્તકવિષે અથવા તો સહસ્રદલમાં વાસ કરનારા. ૨૩૫ बलीः-બળવાન. ૨૩૬ वेणवी-વેણું નામના વાદિત્રવાળા.૨૩૭पणवीः-પણવ વાદિત્રને ધારણ કરનારા. ૨૩૮ तालीः-તાલ વાદિત્રને ધારણ કરનારા. ૨૩૯खलीः-ધાન્યના સ્થાનસ્વરૂપ, ખળામાં રહેનાર. ૨૪૦कालकटंकटः-કાળને-અર્થાત્ યમને આવરણ કરનારી માયાને પણ આવરણ કરનારા.[૫૮]-૨૪૧ नक्षत्रविग्रहमतिः-ગ્રહ, તારા વગેરેના શરીરરૂપ કાળચક્રને અનુસરનારી બુદ્ધિવાળા અથવા જ્યોતિર્વિદ્ અથવા બીજું નામ नक्षत्रविग्रहगमः-નક્ષત્રરૂપ શરીરને ચલાવનારા.૨૪૨ गुणबुद्धिः-ગુણનાં કાર્યોવિષે જેની બુદ્ધિ છે એવા જીવસ્વરૂપ. ૨૪૩ लयः-જેમનામાં સર્વનો લય થાય છે તે ઇશ્વર.૨૪૪ अगमः-ચંચલતારહિત, ફૂટસ્થ, ચૈતન્યમાત્ર, જેનામાં ગમનક્રિયા નથી તે. ૨૪૫ प्रजापतिः-વિરાટ. ૨૪૬ विश्वबाहुः-આખા જગતના બાહુજ જેમના બાહુ છે એવા.

૨૪૭ **विभागः**-વ્યષ્ટિ કાર્યરૂપ. ૨૪૮ **सर्वगः**-સમષ્ટિ કાર્યરૂપ. ૨૪૯ **अमुखः**-ભોગનાં સાધનવિનાના.[૫૯]-૨૫૦ **विमोचनः**- સંસારમાંથી છોડાવનારા. ૨૫૧ **सुसरणः**-સરળ રીતે પ્રાપ્ત કરી શકાય તેવા. ૨૫૨**हिरण्यकवचोद्भवः**-માયાના વિકારરૂપ શરીરમાં પ્રકટ થનારા; અથવા સુવર્ણરૂપ પાત્રમાં જેનું કવચ અર્થાત્ શરીર ઉત્પન્ન થયું છે એવા. ૨૫૩ **मेंढ्रजः**-ઉપસ્થ ઇંદ્રિયમાં પ્રકટ થનારા.૨૫૪ **वलचारीः**-વનમાં ફરનારા.૨૫૫ **महीचारीः**-સમસ્ત પૃથ્વી ઉપર સંચાર કરનારા ભિલ્લનું સ્વરૂપ ધારણ કરનારા.૨૫૬ **स्रुतः**-સર્વ ઠેકાણે ગતિવાળા.[૬૦] ૨૫૭ **सर्वतूर्यनिनादीः**-સર્વ પ્રકારનાં વાદિત્રોને વગાડનારા. ૨૫૮ **सर्वतोद्यपरिग्रहः**-સર્વ જીવોના પતિ અથવા સર્વ જીવો જેના કુટુંબીઓ છે તે. ૨૫૯ **व्यालरूपः**-શેષનાગરૂપ. ૨૬૦ **गुहावासीः**-ગુફામાં નિવાસ કરનારા.૨૬૧**गुहः**-કાર્તિકસ્વામીરૂપ. ૨૬૨ **मालीः**-વનમાળા ધારણ કરનારા. ૨૬૩ **तरंगवित्**-જળના તરંગ જેવા વિષયોના સુખને પ્રાપ્ત કરનારા.[૬૧] ૨૬૩ **त्रिदशः**-જેનાથી પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ એવી ત્રણ અવસ્થાઓ થાય છે એવા.૨૬૫ **त्रिकालधृत्**:-ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ એ ત્રણે કાળની વસ્તુને ધારણ કરનારા. ૨૬૬ **कर्मसर्वबंधविमोचनः**-સંચિત તથા ક્રિયમાણ એવાં કર્મોમાંથી તથા અવિદ્યા-કામરૂપ બંધનોમાંથી છોડાવનારા. ૨૬૭**असुरेंद्राणां वंधनः**-અસુરોના રાજાઓને બંધન કરનારા. ૨૬૮ **युधिशत्रुविनाशनः**-યુદ્ધમાં શત્રુઓનો વિનાશ કરનારા.[૬૨] ૨૬૯ **सांख्यप्रसादः**-આત્મા-અનાત્માના વિવેક એવા એક જ્ઞાનથીજ જાણવામાં આવે તેવા; અથવા તો સાંખ્ય જ્ઞાનને આપનારા દત્તાત્રયસ્વરૂપ. ૨૭૦ **दुर्वासाः**-દુર્વાસાઋષિ. ૨૭૧ **सर्वसाधुनिषेवितः**-સર્વ સત્પુરુષોથી સેવાતા-અર્થાત્ બ્રાહ્મણોના રાજા સોમ. ૨૭૨ **प्रस्कन्दनः**-બ્રહ્માદિકને પણ સ્થાનમાંથી ભ્રષ્ટ કરનારા. ૨૭૩**विभागज्ञः**-પ્રાણીઓને તેમના કર્માનુસાર યથોચિત ફળનો વિભાગ કરી આપનારા. ૨૭૪**अतुल्यः**-જેના સમાન અથવા જેનાથી કોઇ અધિકપણ નથી એવા.૨૭૫ **यज्ञभागवित्**:-યજ્ઞોના હવિષવિભાગને જાણનારા.[૬૩] ૨૭૬ **सर्ववासः**-સર્વત્ર નિવાસકરનારા.૨૭૭**सर्वचारी**-સર્વ ઠેકાણે વિચરનારા. ૨૭૮ **दुर्वासाः**-હાથીનાં લોહીથી ખરડાયલા દુષ્ટ ચામડાને વસ્ત્રરૂપે ધારણ કરનારા; અથવા તે અનંત પારવાળા હોવાથી જેમને માટે વસ્ત્રજ દુર્લભ છે એવા. ૨૭૯ **वासवः**-ઇંદ્ર. ૨૮૦ **अमरः**-દેવતા. ૨૮૧ **हैमः**-હિમાલયરૂપધારી. ૨૮૨**हेमकरः**-સુવર્ણના કર્તા. જંબૂદ્વીપના ચિહ્નવાળા અથવા જંબૂવૃક્ષસ્વરૂપ. પુરાણમાં એમ કહ્યું છે કે, જંબૂવૃક્ષ સુવર્ણ આપે છે. ૨૮૩**अयज्ञः**-કર્મરહિત. ૨૮૪**सर्वधारीः**-સર્વના ધારણકર્તા.૨૮૫ **धरोत्तमः**-પૃથ્વીને ધારણ કરનારા. દિગ્ગજ, શેષ, કૂર્મ વગેરેમાં શ્રેષ્ઠ.[૬૪]-૨૮૬ **लोहिताक्षः**-રાતાં નેત્રવાળા. ૨૮૭ **महाक्षः**-વિશ્વવ્યાપક, ઇંદ્રિયોને ધારણ કરનારા. ૨૮૮ **विजयाक्षः**-વિજયી ધરીવાળા રથને ધારણ કરનારા. ૨૮૯ **विशारदः**-પંડિત. ૨૯૦ **संग्रहः**-દાસોનો સ્વીકાર કરનારા. ૨૯૧ **निग्रहः**-ઉદ્ધત એવા ઇંદ્ર વગેરેને શિક્ષા કરનારા. ૨૯૨ **कर्ताः**-સર્વના કર્તા. ૨૯૩ **सर्पचीरनिवासनः**- સર્પરૂપી કંદોરાને ધારણ કરનારા.[૬૫]-૨૯૪ **मुख्यः**-શ્રેષ્ઠ. ૨૯૫ **अमुख्यः**-દેવોમાં ઉત્તમ અથવા તો સર્વ દેવતાંમય. ૨૯૬ **देहः**-અતિશય પુષ્ટ. ૨૯૭ **काहलीः**-કાહલ નામના વાદિત્રવાળા. ૨૯૮ **सर्वकामदः**-સર્વ કામનાને પૂરનારા.૨૯૯ **सर्वकालप्रसादः**-સર્વ કાળે પ્રસન્ન થનારા. ૩૦૦ **सुबलः**-પારકાને પીડા નહિ ઉપજાવે તેવા ઉત્તમ બળશાળી, દયાળુ. ૩૦૧ **बलरूपधृक्**:-બળરામનું રૂપ ધારણ કરનારા અથવા તો બળને તથા રૂપને ધારણ કરનારા.[૬૬] ૩૦૨ **सर्वकामवरः**-સર્વ કામ્ય પદાર્થોમાં શ્રેષ્ઠ-અર્થાત્ મોક્ષરૂપ. ૩૦૩ **सर्वदः**-સર્વ વસ્તુના આપનારા. ૩૦૪ **सर्वतोमुखः**-ચોતરફ હાથ, પગ, મુખ વગેરેવાળા. ૩૦૬ **आकाशनिर्विरूपः**-આકાશની પેઠે જેના શરીરમાંથી અનેકવિધ રૂપો બહાર નીકળે છે એવા. આકાશમાંથી જેમ વાયુ,

તેજ, અપ, પૃથ્વી વગેરે તત્ત્વો નીકળ્યાં છે તેમ શંકરના શરીરમાંથી જ્યોતિરૂપ સર્વ નીકળ્યું છે; માટે આકાશ અને શિવ એક છે. ૩૦૬ **निपाती:**–દેહરૂપી ખાડામાં પ્રવેશ કરવાના સ્વભાવવાળા–અર્થાત્ જીવરૂપ. ૩૦૭ **अवश:**–દેહનો સંબંધ થવાથી અપરિહાર્ય દુઃખાદિકની સાથે સંબંધ ધરાવનારા. ૩૦૮ **खग:**–હૃદયાકાશમાં શુદ્ધ સ્વરૂપથી નિવાસ કરનારા.[૬૭] ૩૦૯**रौद्ररूप:**–ભયંકર સ્વરૂપવાળા. ૩૧૦ **अंशु:**–અંશુ નામના એક દેવતારૂપ. ૩૧૧ **आदित्य:**–જેનું બીજું નામ ભગ છે એવા આદિત્યના સહચર. ૩૧૨ **बहुरश्मि:**–સૂર્ય. ૩૧૩ **सुवर्चसी**–પ્રદીપ્ત તેજવાળાં. ૩૧૪ **वसुवेग:**–વસુ–અર્થાત્ વાયુસમાન વેગવાળા. ૩૧૫ **महावेग:**–વાયુથી અધિક વેગવાળા. ૩૧૬ **मनोवेग:**–મનના કરતાં પણ વિશેષ વેગવાળા. ૩૧૭ **निशाचर:**– અવિદ્યાવડે વિષયોનો ઉપભોગ કરનારા.[૬૮] ૩૧૮ **सर्ववासी:**–સર્વ શરીરોમાં વાસ કરનારા. ૩૧૯ ***श्रियावासी:**–લક્ષ્મીની સાથે નિવાસ કરનારા. ૩૨૦**उपदेशकर:**–વેદોનો ઉપદેશ કરનારા. ૩૨૧ ×**अकर:**–ઉપદેશ પણ મૌનપણેજ આપનારા. ૩૨૨**मुनि:**–મૌનવ્રતને ધારણ કરનારા. ૩૨૩**आत्मनिरालोक:**–પોતાના જીવસ્વરૂપમાં નિશ્ચય કરીને દેહથી અથવા ઉપાધિથી મુક્ત રહેનારા. ૩૨૪**संभग्न:**–ભક્તોવડે સારી રીતે સેવાયલા. ૩૨૫ **सहस्रद:**– અનંત ધન વગેરે ઈચ્છિત પદાર્થોને આપનારા.[૬૯] ૩૨૬ **पक्षी:**– ગરુડ પક્ષીરૂપ. ૩૨૭ **पक्षरूप:**– મિત્રરૂપે સહાયતા કરનારા. ૩૨૮ **अतिदीप्त:**– અત્યંત પ્રકાશમાન અને શત્રુઓના તેજનો તિરસ્કાર કરનારા. ૩૨૯**विशांपति:**–સર્વ પ્રજાના પતિ–સાર્વભૌમ. ૩૩૦**उन्माद:**–સર્વ પ્રાણીઓને ઉન્માદ કરાવનારા. ૩૩૧**मदन:**–મદન ઉપજાવનારા–અર્થાત્ કામદેવરૂપ. ૩૩૨**काम:**–ઈચ્છિત એવી સ્ત્રી વગેરે વિષયરૂપ. ૩૩૩**अश्वत्थ:**–સંસારવૃક્ષરૂપ અથવા તો કામનાપૂરનારા વૃક્ષરૂપ. ૩૩૪**अर्थकर:**–ધનાદિક આપનારા. ૩૩૫**यश:**–યશરૂપ.[૭૦] ૩૩૬ **वामदेव:**–વામ એટલે કર્મનાં ફળ; તેના દેવ એટલે રાજા–અર્થાત્ તેનો વિભાગ કરનારા. ૩૩૭ **वाम:**–કર્મનાં ફળરૂપ–અર્થાત્ વિષયોના સંબંધથી થનારા આનંદરૂપ. ૩૩૮**प्राक्:**–સર્વના આદિરૂપ. ૩૩૯**दक्षिण**–ત્રણ લોકનું ઉલ્લંઘન કરવામાં સમર્થ. ૩૪૦**वामन:**–બળિને બંધનકર્તા. ૩૪૧**सिद्धयोगी:**– સનત્કુમારાદિરૂપ. ૩૪૨**महर्षि:**–વસિષ્ઠાદિક ઋષિરૂપ. ૩૪૩**सिद्धार्थ:**–ઋષભ, દત્તાત્રેય આદિરૂપ. ૩૪૪**सिद्धसाधक:**–જ્ઞાન થયા પછી સંન્યાસને ઇચ્છનારા યાજ્ઞવલ્કયાદિરૂપ. **भिक्षु:**–વેશધારી ભિક્ષુક. ૩૪૬ **भिक्षुरूप:**–પરમહંસરૂપ. ૩૪૭ **विपण:**–ધનાદિકથી રહિત હોવાને લીધે વ્યવહારરહિત. ૩૪૮ **मृदु:**–સર્વ ભૂતોને અભય આપનારા, કોમળ સ્વભાવવાળા. ૩૪૯ **अव्यय:**–વિકારોથી રહિત. ૩૫૦ **महासेन:**–દેવોના સેનાપતિ. ૩૫૧ **विशाख:**–દેવોના સેનાપતિને સહાય કરનારા. ૩૫૨ **षष्टिभाग:**–સાઠ તત્ત્વોનો ભોકતા. ૩૫૩ **गवांपति:**–ઇંદ્રિયોના સંચાલક.[૭૨]–૩૫૪ **वज्रहस्त:**–હાથમાં વજ્રને ધારણકર્તા–ઇંદ્ર. ૩૫૫**विष्कंभी:**–વિ-

---

* અહીં લક્ષ્મી શબ્દથી ધન લેવાનું નથી પણ **“ऋच:सामानि यजूँषि सा हि श्रीरमृतासताम्”** ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ–એજ સત્પુરુષોની અવિનાશિની લક્ષ્મી છે.” એ શ્રુતિમાં દર્શાવેલી વિદ્યાજ ગ્રહણ કરવાની છે.

× ભગવાન દક્ષિણામૂર્તિના વર્ણનમાં એક સ્થળે કહેવામાં આવ્યું છે કેઃ–

“चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु च्छिन्नसंशयाः

એક વટવૃક્ષની નીચે આશ્ચર્યકારક દૃશ્ય જોવામાં આવ્યું હતું કેઃ–એક ગુરુ અને કેટલાક શિષ્યો બેઠા હતા. તેમાં શિષ્યો વૃદ્ધ હતા અને ગુરુ યુવાન હતા. તે ગુરુ, મૌન રહીનેજ વ્યાખ્યાન આપતા હતા, છતાં શિષ્યોના સંશયો નાશ પામ્યા હતા.” તેમજ બાષ્કલિ નામના એક શિષ્યે, વાધ્વ નામના પોતાને ગુરુને વારંવાર પ્રશ્નો પૂછ્યા હતા છતાં તે મૌનજ રહ્યા હતા; પરંતુ બાષ્કલિએ જ્યારે ત્રીજો પ્રશ્ન પૂછ્યો ત્યારે વાધ્વ ગુરુએ તેને કહ્યું કેઃ–અમે તો તને કહીએ છીએ છતાં તું સમજતો નથી કે, આત્માનું સ્વરૂપ શાંતજ છે. આવા હેતુથીજ અહીં કહેવામાં આવ્યું છે કે, શંકર મૌન રહીને ઉપદેશ આપે છે, માટે **अकर** કહેવાય છે.

સ્તારવાળા. ૩૫૬ **चमूस्तंभनः**-દૈત્યોની સેનાને અટકાવનારા. ૩૫૭ **वृत्तावृत्तकरः**-યુદ્ધમાં રથને મંડળાકાર ફેરવનારા તથા શત્રુની સેનાનો નાશ કરીને અક્ષત શરીરે પાછા ફરનારા. (**ऋतावृत्त** એવું પણ નામ છે તેનો અર્થ નિષ્કપટપણે રક્ષણ કરનારા, એવો છે.) ૩૫૮ **तालः**-સંસારસિંધુના તલ-અર્થાત્ આધારને જાણનારા, એટલે કે શુદ્ધ બ્રહ્મને જાણનારા. ૩૫૯ **मधुः**-વસંતરૂપ. ૩૬૦ **मधुकलोचनः**-કોયલના જેવાં નેત્રવાળા; અથવા પિંગળાં નેત્રવાળા. ૩૬૧ **वाचस्पत्यः**-દેવપુરોહિત વાચસ્પતિના પુત્ર વાચસ્પત્ય અથવા પુરોહિતનું કર્મ કરનારા. ૩૬૨ **वाजसनः**-વાજસનેયી શાખા પ્રવર્તાવનાર તથા અધ્વર્યુનું કર્મ કરનારા. ૩૬૩ **नित्यमाश्रमपूजतः**-નિત્ય ચારેય આશ્રમોમાં પૂજાયલા. ૩૬૪ **ब्रह्मचारीः**-બ્રહ્મનિષ્ઠ. ૩૬૫ **लोकचारीः**-બ્રાહ્મણાદિકોમાં ભિક્ષામાટે ફરનારા. ૩૬૬ **सर्वचारीः**-સર્વ ઠેકાણે વ્યાપક. ૩૬૭ **विचारवित्**-અંતર્મુખપણે વિચાર કરનારા-અર્થાત્ વિષયોથી વિરક્ત.[૭૪] ૩૬૮ **ईशानः**-સર્વના નિયંતા અંતર્યામીરૂપ. ૩૬૯ **ईश्वरः**-સર્વવ્યાપક. ૩૭૦ **कालः**-સર્વનાં પુણ્ય તથા પાપની ગણત્રી કરનારા ચિત્રગુપ્તરૂપ. ૩૭૧ **निशाचारः**-મહાપ્રલયરૂપ બ્રહ્માની રાત્રિમાં ફરનારા. ૩૭૨ **पिनाकवान्ः**-પાલન કરે તે પિનાક એવા રક્ષકરૂપ; તે પિનાક નામના ધનુષ્યને ધારણ કરનારા. ૩૭૩ **निमित्तस्थः**-પોતાના લક્ષ્યરૂપ દૈત્યોને વિષે રહેનારા-અર્થાત્ અંતર્યામી. ૩૭૪ **निमित्तः**-નિમિત્તરૂપ, કારણ કે વિશ્વરૂપ છે. ૩૭૫ **नंदिः**-જ્ઞાનરૂપી સંપત્તિરૂપ. ૩૭૬ **नांदिकरः**-સંપત્તિ આપનારા. ૩૭૭ **हारः**-હનુમાન-રામના સહાયક. ૩૭૮ **नंदीश्वरः**-નંદી નામના શિવગણના ઈશ્વર. ૩૭૯ **नंदीः**-પોતાનાજ ગણરૂપ. ૩૮૦ **नंदनः**-આનંદ આપનારા. ૩૮૧ **नंदिवर्धनः**-પોતાની આપેલી સંપત્તિનો પણ નાશ કરનારા. ૩૮૨ **भगहारीः**-ઇંદ્રાદિ દેવોનાં ઐશ્વર્યોને હરી લેનારા. ૩૮૩ **निहन्ताः**-મૃત્યુરૂપ. ૩૮૪ **कालः**-ચોસઠ કલાઓના નિવાસરૂપ. ૩૮૫ **ब्रह्माः**-બ્રહ્માસ્વરૂપ. ૩૮૬ **पितामहः**-*વિષ્ણુના પણ પિતારૂપ.[૭૬]-૩૮૭ **चतुर्मुखः**-ચાર મુખવાળા વિધાતા. ૩૮૮ **महालिंगः**-દેવોથી પૂજાતા ઉત્તમ લિંગ(મૂર્તિ)વાળા. ૩૮૯ **चारुलिंगः**-સુંદર વેશને ધારણ કરનારા. ૩૯૦ **लिंगाध्यक्षः**-પ્રત્યક્ષાદિક પ્રમાણોના અધ્યક્ષ, પ્રવૃત્તિ-નિવૃત્તિના નિયામક. ૩૯૧ **सुराध्यक्षः**-ચક્ષુ આદિક પ્રમાણોના અધિષ્ઠાતા એવા દેવોના અધિપતિ. ૩૯૨ **योगाध्यक्षः**-યોગના પણ અધ્યક્ષ-અર્થાત્ એમની કૃપાથીજ યોગ સાધી શકાય એવા. ૩૯૩ **युगावहः**-પુણ્ય અને પાપના તારતમ્યને દર્શાવનારા; સત્ય, ત્રેતા, દ્વાપર વગેરે યુગને પ્રવર્તાવનારા.[૭૭]-૩૯૪ **बीजाध्यक्षः**-ધર્મ તથા અધર્મરૂપ બીજના અધ્યક્ષ. ૩૯૫ **बीजकर्ताः**-બીજના કર્તા. ૩૯૬ **अध्यात्मानुगतः**-જેમાં આત્માને ઉદ્દેશીનેજ વિચાર થયો છે એવા અધ્યાત્મશાસ્ત્રને અનુસરનારા સાધક. ૩૯૭ **बलः**-ધૃતિ, ક્ષમા વગેરેને ધારણ કરનારા, ૩૯૮ **इतिहासः**-ભારતાદિકરૂપ. ૩૯૯ **सकल्पः**-પ્રયોગવિધિના વિચાર સાથે મીમાંસાશાસ્ત્રરૂપ. ૪૦૦ **गौतमः**-તર્કશાસ્ત્રના કર્તા ગૌતમરૂપ. ૪૦૧ **निशाकरः**-ચંદ્રરૂપ; ચાંદ્ર વ્યાકરણના પ્રણેતારૂપ.[૭૮] ૪૦૨ **दंभः**-શત્રુદમન. ૪૦૩ **अदंभः**-જેને દમન કરનાર કોઈ નથી એવા. ૪૦૪ **वैदंभः**-દંભરહિત પુરુષોના આત્મારૂપ. ૪૦૫ **वश्यः**-ભક્તાધીન. ૪૦૬ **वशंकरः**-બીજાઓને વશમાં રાખનારા. (એક પાઠ **वंशकर** એવો છે જેનો અર્થ સ્પષ્ટ છે.) ૪૦૭ **कलिः**-દેવો ને દૈત્યોમાં કલહ કરાવનારા. ૪૦૮ **लोककर्ता**-ભૌતિક ચૌદ લોકના રચનારા. ૪૦૯ **पशुपतिः**-બ્રહ્માદિક સર્વ પ્રાણીના પાલક. ૪૧૦ **महाकर्ताः**-પાંચ મહાભૂતોના પણ સરજનહાર. ૪૧૧ **अनौषधः**-ચોખા વગેરે અન્નનો આહાર નહિ કરનારા.[૭૯]-૪૧૨ **अक्षरः**-અવિનાશી. ૪૧૩ **परमब्रह्मः**-પરમ ઉત્કૃષ્ટ આનંદમાત્રસ્વરૂપ. ૪૧૪ **बलवत्ः**-બલા-

---

* લક્ષ્મીદેવીનાં નામાભિધાનમાં ‘**इंदिरा लोकमाता मा**” એ પ્રમાણે લોકની માતાતરીકે નામ કહેવામાં આવ્યું છે, માટે તેના પતિ વિષ્ણુ લોકના પિતા થાય, એમાં કંઇ આશ્ચર્ય નથી.

ભિમાની દેવતારૂપ. ૪૧૫ शक्र-શક્તિમાન અ-
થવા સો યજ્ઞ કરનારા. ૪૧૬ नीतिः-દંડ
દેવા વગેરે નીતિરૂપ. ૪૧૭ अनीतिः-અનીતિ-
સ્વરૂપ. ૪૧૮ शुद्धात्मा:-નિર્મળ ચિત્તવાળા.
૪૧૯ शुद्धः-દોષરહિત. ૪૨૦ मान्यः-માન-
પાત્ર. ૪૨૧ गतागतः-વૃદ્ધિક્ષયશીલ સંસાર-
રૂપ.[૮૦]-૪૨૨ वहुप्रसादः-અત્યંત કૃપા કર-
નારા.૪૨૩ सुस्वप्नः-સ્વપ્નાભિમાની, તૈજસાત્મા.
૪૨૪ दर्पणः-વિશ્વના પ્રતિબિંબદર્શનના
સ્થાનરૂપ. ૪૨૫ अमित्रजित्:-બહારના તથા
અંદરના શત્રુઓને જીતનારા. ૪૨૬ वेदकारः-
વેદોના પ્રકટકર્તા. ૪૨૭ मंत्रकारः-વેદસિવા-
યના તંત્ર તથા પુરાણના મંત્રોને રચનારા.
૪૨૮ विद्वान्:-વિદ્વાન. ૪૨૯ समरमर्दनः-શ-
ત્રુઓનો સંહારકર્તા.[૮૧]-૪૩૦ महामेघनिवासी
પ્રલયકાળના મેઘોને વિષે અધિષ્ઠાતાતરીકે વાસ
કરનારા. ૪૩૧ महाघोरः-પ્રલય કરનારા હો-
વાથી મહાભયંકર. ૪૩૨ वशाः-સર્વને વશ
રાખનારા. ૪૩૩ करः-સંહારકર્તા. ૪૩૪ आग्नि-
ज्वालः-અગ્નિજ્વાલાસમાન તેજસ્વી. ૪૩૫
महाज्वालः-અગ્નિથી પણ અધિક તેજસ્વી.
૪૩૬ अतिधूम्रः-પ્રલયકાળના અગ્નિરૂપે સર્વ-
ને બાળતી વખતે અત્યંત ધૂમ્રમય. ૪૩૭
हुतः-હોમ કરવાથી પ્રસન્ન થનારા અગ્નિરૂપ.
૪૩૮ हविः-દૂધ, ઘી વગેરે હવિષરૂપ.[૮૨]-૪૩૯
वृषणः-કર્મનાં ફળને આપનારો ધર્મ, જેમાં
વૃષ-અર્થાત ધર્મજ મુખ્ય છે તે.૪૪૦ शंकरः-
સુખ આપનારા. ૪૪૧वचस्वीः તેજસ્વી. ૪૪૨
धूमकतनः-ધૂમાડારૂપી ધ્વજવાળા અગ્નિરૂપ.
૪૪૩ नीलः-મરકતમણિના રંગના.૪૪૪ अंग-
लुब्धः-પોતાનાજ અંગ એટલે લિંગમાં નિત્ય
નિવાસ કરનારા. ૪૪૫ शोभनः-કલ્યાણના હેતુ-
રૂપ. ૪૪૬ निरवग्रहः-પ્રતિબંધ વગરના હોઇને
મનોરથને પૂરનારા. [૮૩]-૪૪૭ स्वस्तिदः-
કલ્યાણ આપનારા. ૪૪૮ स्वस्तिभावः-સારી
રીતે અસ્તિત્વ ધરાવનારા. ૪૪૯ भागीः-યજ્ઞમાં
ભાગ લેનારા. ૪૫૦ भागकरः-યજ્ઞના હવિષના
ભાગ પાડનારા. ૪૫૧ लघुः-ત્વરાવાળા. ૪૫૨
उत्संगः-સંગરહિત. ૪૫૩ महांगः-મોટા અં-

ગવાળા. ૪૫૪ महागर्भपरायणः-ગર્ભને ઉત્પન્ન
કરતી વખતે મહાન પરાયણ (અવશ્ય શરણ
લેવા યોગ્ય)-અર્થાત્ કામદેવરૂપ, પ્રજના-
ત્મક. [૮૪]-૪૫૫ कृष्णवर्णः-શ્રીકૃષ્ણાવતારરૂપે
કૃષ્ણ વર્ણવાળા. ૪૫૬ सुवर्णः-સાંબરૂપે શ્વેત
વર્ણવાળા. ૪૫૭ सर्वदेहिनामिंद्रियः-સર્વ દે-
હધારીઓના ઇંદ્રિયરૂપ. ૪૫૮ महापादः-મોટા
ચરણવાળા. ૪૫૯ महाहस्तः-મોટા હાથવાળા.
૪૬૦ महाकायः-મોટી કાયાવાળા, ૪૬૧ महा-
यशाः-મોટા યશવાળા.[૮૫]-૪૬૨ महामूर्धाः-
મોટા મસ્તકવાળા. ૪૬૩ महामात्रः-મોટા પ્ર-
માણવાળા. ૪૬૪ महानेत्रः-વિશાળ નેત્રવાળા.
૪૬૫ महालयः-અવિદ્યાનો જેમાં લય થાય છે
એવા. ૪૬૬ महांतकः-મૃત્યુના પણ મૃત્યુરૂપ.
૪૬૭ महाकर्णः-મોટા કાનવાળા.[૮૬] ૪૬૮ म-
होष्ठः-મોટા હોઠવાળા. ૪૬૯ महाहनुः-મોટી
હનુ-ગર્દનવાળા. ૪૭૦ महानासः-લાંબી નાસિ-
કાવાળા.૪૭૧ महाकंबुः-પહોળા કંઠવાળા.૪૭૨
महाग्रीवः-વિશાળગ્રીવાવાળા.૪૭૩श्मशानभ क्ः-
શ્મશાનવાસી. શ્મ અર્થાત્ શબનાં બંધન તોડ-
નારા. ૪૭૪ महावक्षाः-મોટા વક્ષઃસ્થળવાળા.
૪૭૫ महोरस्कः-મોટી છાતીવાળા. ૪૭૬ अं-
तरात्माः-સર્વના અંતરાત્મારૂપ.૪૭૭मृगालयः-
મૃગને ખોળામાં બેસાડનારા.[૮૭]-૪૭૮ लंबनः-
અનેક બ્રહ્માંડો જેનું અવલંબન કરી રહ્યાં છે
એવા. ૪૭૯ लंबितोष्ठः-પ્રલયસમયે જગતને
ગળી જવામાટે પોતાના બન્ને હોઠને લાંબા કર-
નારા. ૪૮૦ महामायः-મોટી માયાવાળા. ૪૮૧
पयोनिधिः-ક્ષીરસમુદ્રરૂપ. ૪૮૨ महादंतः-મોટા
દાંતવાળા.૪૮૩ महादंष्ट्रः-મોટી ડાઢવાળા.૪૮૪
महाजिह्वः-મોટી જીભવાળા. ૪૮૫ महामुखः-
મોટા મુખવાળા.[૮૮]-૪૮૬ महानखः-મોટા ન-
ખવાળા-નૃસિંહરૂપ. ૪૮૭ महागेमाः-મોટાં
રુંવાટાંવાળા-વરાહરૂપ. ૪૮૮ महाकोशः-મોટા
ઉદરવાળા. ૪૮૯ महाजटः-મોટી જટાવાળા,
૪૯૦ प्रसन्नः-પ્રસન્નરૂપ. ૪૯૧ प्रसादः-પ્રસા-
દરૂપ. ૪૯૨ प्रत्ययः-અનુભવરૂપ. ૪૯૩ गिरि-
साधनः-યુદ્ધમાં વિજયના સાધનભૂત પર્વતરૂપ
ધનુષ્ય ધારણ કરનારા. ૪૯૪ स्नेहनः-પિતાની

પેઠે પ્રજાપર સ્નેહ કરનારા. ૪૯૫ **अस्नेहनः**-કોઈનાપર સ્નેહ નહિ રાખતાં સમદૃષ્ટિ રાખનારા. ૪૯૬ **अजितः**-અજિત. ૪૯૭ **महामुनिः**-મોટા મુનિરૂપ. ૪૯૮ **वृक्षाकारः**-સંસારવૃક્ષરૂપ આકારવાળા. ૪૯૯ **वृक्षकेतुः**-સંસારરૂપી વૃક્ષવડેજ જાણી શકાય તેવા. ૫૦૦ **अनलः**-ભોજન કરતાં જેને તૃપ્તિ થતી નથી એવા-અર્થાત્ અગ્નિરૂપ. ૫૦૧ **वायुवाहनः**-વાયુજ જેનું વાહન છે એવા.[૯૦]-૫૦૨ **गंडली**-નાના નાના પર્વતોમાં ગતિ કરનારા. ૫૦૩ **मेरुधामः**-મેરુપર્વતપર નિવાસકરનારા. ૫૦૪ **देवाधिपतिः**-દેવોના અધિપતિરૂપ. ૫૦૫ **अथर्वशीर्षः**-અથર્વશીર્ષરૂપ. ૫૦૬ **सामास्यः**-સામવેદરૂપ મુખવાળા. ૫૦૭ **ऋक्सहस्रामितेक्षणः**-હજારો ઋચાઓરૂપી અપાર નેત્રવાળા.[૯૧]-૫૦૮ **यजुःपादमुजः**-યજુષ્રૂપી ચરણ તથા બાહુવાળા. ૫૦૯ **गुह्यः**-ઉપનિષદ્રૂપ. ૫૧૦ **प्रकाशः**-કર્મકાંડરૂપ. ૫૧૧ **जंगमः**-મનુષ્ય, પશુ આદિરૂપ. ૫૧૨ **अमोघार्थः**-યાચનાને સફળ કરનારા. ૫૧૩ **प्रसादः**-દયાળુ. ૫૧૪ **अभिगम्यः**-સુખથી પ્રાપ્ત થાય તેવા. ૫૧૫ **सुदर्शनः**-સુંદર દેખાવવાળા. ૫૧૬ **उपकारः**-શ્રેય કરનારા. ૫૧૭ **प्रियः**-સુખદાયક. ૫૧૮ **सर्वः**-ભક્તોપર અનુગ્રહમાટે સામા જનારા. ૫૧૯ **कनकः**-સુવર્ણાદિક પ્રિય વસ્તુરૂપ. ૫૨૦ **कांचनच्छविः**-સુવર્ણના જેવી કાંતિવાળા. ૫૨૧ **नाभिः**-ભુવનના મધ્યભાગરૂપ. ૫૨૨ **नंदिकरः**-યજ્ઞના ફળની વૃદ્ધિ કરનારા. ૫૨૩ **भावः**-શ્રદ્ધારૂપ: ૫૨૪ **ब्रह्मांडस्थपतिः**-બ્રહ્માંડના સ્વામી. ૫૨૫ **स्थिरः**-પર્વતાદિરૂપ.[૯૩]-૫૨૬ **द्वादशः**-સંસારી જીવોની +બારમી દશા-મોક્ષરૂપ. ૫૨૭ **त्रासनः**-સર્વને ભય ઉપજાવનારા. ૫૨૮ **आद्यः**-સર્વના આદિ, અંત અને મધ્યરૂપ-અર્થાત્ શુદ્ધસ્વરૂપ. ૫૨૯ **यज्ञः**-જીવ તથા ઈશ્વરનો સમાગમ કરાવનારો યોગ. ૫૩૦ **यज्ञसमाहितः**-યજ્ઞમાં વાસ કરીને રહેલા-અર્થાત્ યોગરૂપ યજ્ઞથીજ મળી શકે તેવા. ૫૩૧ **नक्तः**-અપ્રકટરૂપ અથવા તો મહામોહરૂપ. ૫૩૨ **कलिः**-કામક્રોધાદિક કલિરૂપ. ૫૩૩ **कालः**-જન્મ તથા મરણ વગેરેના કરનારા. ૫૩૪ **मकरः**-કાલગતિદર્શક શિશુમાર ચક્રરૂપ, ૫૩૫ **कालपूजितः**-મૃત્યુથી પૂજાયેલા.[૯૪] ૫૩૬ **सगणः**-પ્રમથ વગેરે ગણોથી યુક્ત. ૫૩૭ **गणकारः**-બાણાસુર વગેરે ભક્તોને પોતાના ગણ બનાવનારા. ૫૩૮ **भूतवाहनसारथिः**-પ્રાણીઓનું યોગક્ષેમ વહન કરનારા; બ્રહ્મા જેના સારથિ છે એવા. ૫૩૯ *__भस्मशयः__-ભસ્મમાં શયન

+ ગર્ભવાસથી આરંભીને મરણપર્યંતની મનુષ્યોની દશ દશાઓ છે. તેમાં મૃત્યુ એ દશમી દશા છે, સ્વર્ગ એ અગીઆરમી દશા છે અને મોક્ષ એ બારમી દશા છે.

* **भस्म** શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છેઃ-**बभस्ति-भर्त्सयति योषान् इति भस्म.** અથવા **भासयति-दीपयति आत्मानम् इति भस्मः**-અર્થાત્ સર્વ દોષોનો જે નાશ કરે અથવા જેને લીધે આત્મા તેજસ્વી-નિર્મળ થાય તેને **भस्म** કહેવાય છે. વાસિષ્ઠલિંગપુરાણમાં પણ કહ્યું છે કેઃ-

“भर्त्सनात् सर्वपापानां पाशानां च महामुने।
भस्मेति कीर्त्यते रक्षा रोगाणां चापि भर्त्सनात्॥

(મંત્રથી પવિત્ર થયેલી) રક્ષા (રાખ) સર્વ પાપોનો, કર્મોરૂપી સર્વ પાશોનો તથા સર્વ પ્રકારના રોગોનો નાશ કરે છે; માટે હે મહામુનિ! તેને ભસ્મ કહેવાય છે. વળી તેજ પુરાણમાં કહ્યું છે કેઃ-

“बाह्यमोक्षेण किं भस्मधारण मोक्षलक्षणम्।
भस्मना नित्ययुक्तस्य ज्ञानमुत्पद्यतेऽचिरात् ॥

બાહ્ય મોક્ષ મેળવવાનું શું પ્રયોજન છે? ભસ્મને ધારણ કરવી તેજ મોક્ષનું લક્ષણ છે; કેમકે નિત્ય ભસ્મ ધારણ કરનારા પુરુષને અલ્પસમયમાંજ જ્ઞાન ઉત્પન્ન થાય છે.”

અથર્વવેદની એક શ્રુતમાં પણ કહ્યું છે કેઃ-

“अग्निरित्यादिना भस्म गृहीत्वाऽभिमृज्यांगानि संस्पृशेद् व्रतमेतत् पाशुपतं पशुपाशविमोक्षाय”-અર્થાત્ **“अग्निरिति भस्म”** ઇત્યાદિ મંત્રથી હાથમાં ભસ્મ ધારણ કરીને શરીરના સવ અવયવોપર તેને ચોળવી કેમકે એ પાશુપત નામનું વ્રત કહેવાયછે અને તેના પ્રભાવથી જીવનો સંસારપાશ છૂટી જાય છે.”

વૃદ્ધ શાતાતપ પણ કહે છેઃ-

“स्तेयं कृत्वा गुरुदारांश्च गत्वा।

ન કરનારા. શરીર ઉપર ભસ્મ લગાડનારા. ૫૪૦ भस्मगोप्ता×:-ભસ્મવડે જગતનું રક્ષણ કરનારા. ૫૪૧ भस्मभूतः-+ ભસ્મમય. ૫૪૨तरुः- કલ્પવૃક્ષાદિસ્વરૂપ. ૫૪૩गणः- ભૃંગિ, રિટિ તથા નંદિકેશ્વરરૂપ. ૫૪૪लोकपालः- ચૌદ લોકની રક્ષા કરનારા. ૫૪૫अलोकः-લોકોને ઉલ્લંઘી ગયેલા. ૫૪૬महात्माः- પરિપૂર્ણ. ૫૪૭सर्वपूजितः-સર્વથી પૂજાતા. ૫૪૮शुक्लः- શુદ્ધ. ૫૪૯त्रिशुक्लः-મન, વાણી તથા કાયાથી શુદ્ધ. ૫૫૦ संपन्नः-મોક્ષને પ્રાપ્ત થયેલા, ૫૫૧शुचिः- પવિત્ર, જેને આગંતુક મલ સ્પર્શ કરતો નથી એવા. ૫૫૨भूतनिषेवितः- પૂર્વના આચાર્યોથી સેવાયલા.[૯૬] ૫૫૩आश्रमस्थः- ચારેય આશ્રમોમાં ધર્મરૂપે રહેલા. ૫૫૪क्रियावस्थः- ધર્મના પૂર્વરૂપ યજ્ઞયાગાદિકરૂપ. ૫૫૫विश्वकर्ममतिः- વિશ્વકર્માની બુદ્ધિરૂપ, ૫૫૬वरः- લક્ષ્મીઆદિરૂપે વરવા યોગ્ય. ૫૫૭विशालशाखः- વિશાળ બાહુવાળા. ૫૫૮ताम्रोष्ठः- લાલ હોઠવાળા. ૫૫૯ अंबुजालः- સમુદ્રરૂપ. ૫૬૦सुनिश्चलः- અત્યંત નિશ્ચળ એવા-પર્વતરૂપ.[૯૭]- ૫૬૧कपिलः- કપિલરૂપ. ૫૬૨कपिशः- પિંગળા રંગના. ૫૬૩ शुक्लः-શુક્લ વર્ણના, ત્રિપર્ણસ્વરૂપ. ૫૬૪आयुषः-આયુષ્યરૂપ. ૫૬૫परः-પ્રાચીન મૂર્તિ. ૫૬૬अपरः- અર્વાચીનરૂપ. ૫૬૭गंधर्वः- ગંધર્વરૂપ. ૫૬૮ अदितिः-અદિતિરૂપ. ૫૬૯ तार्क्ष्यः-ગરુડરૂપ. ૫૭૦सुविज्ञेयः-સુખથી જાણી શકાય તેવા. ૫૭૧ सुशारदः-સુંદર વાણીવાળા.[૯૮] ૫૭૨परश्वधायुधः-ફરસીરૂપ આયુધ ધારણ કરનારા. ૫૭૩ देवः-દેવ. ૫૭૪अनुकारीः- અનુકરણ કરનારા, ભીષ્મને મારવામાટે આયુધને ફેંકાવનારા. ૫૭૫सुबांधवः--અર્જુનના મિત્ર અથવા જેને સારો બાંધવ છે એવા. ૫૭૬तुंबवीणं જે વીણાને બે બાજુએ તુંબી છે એવી વીણાબીનને ધારણ કરનારા.(તેને રુદ્રવીણા પણ કહે છે.) ૫૭૭ महाक्रोध - પ્રલયકાળે મહાક્રોધ કરનારા. ૫૭૮ ऊर्ध्वरेताः-જેના રેતમાંથી દેવ અને મનુષ્યના કરતાં શ્રેષ્ઠ એવી બ્રહ્મા-વિષ્ણુરૂપી પ્રજા થઈ છે તે. ૫૭૯जलेशयः- વિષ્ણુરૂપે જળશાયી.[૯૯]-૫૮૦उग्रः- ભયંકર રીતે સર્વને ગળી જનારા. ૫૮૧वंशकरः- વંશનું સ્થાપન કરનારા. ૫૮૨वंशः- વંશરૂપ. ૫૮૩वंशनादः- વાંસળીનો નાદ કરનારા. ૫૮૪अनिंदितः- નિંદારહિત. ૫૮૫सर्वांगरूपः- સર્વાંગમાં સૌંદર્યવાળા. ૫૮૬मायावीः-માયાવી. ૫૮૭सुहृदः- સામા ઉપકારની દરકાર કર્યા વગર ઉપકારકર્તા. ૫૮૮अनिलः- વાયુરૂપ. ૫૮૯अनलः- અગ્નિરૂપ. [૧૯૦]-૫૯૦ बंधनः-સંસારરૂપી પાશવડે બાંધનારા. ૫૯૧ बंधकर्ताः-સંસારના રચનારા. ૫૯૨सुबंधनविमोचनः- માયારૂપી પાશમાંથી સારી રીતે છુટા કરનારા. ૫૯૩सयज्ञारिः-યજ્ઞના શત્રુ દૈત્યોની સાથે વસનારા. ૫૯૪ सकामारिः-કામના શત્રુ-

---

मद्यं पीत्वा ब्रह्महत्यां च कृत्वा ॥
भस्मच्छन्नो भस्मशय्यां शयानो ।
रुद्राध्यायी मुच्यते सर्वपापैः ॥

ચોરી કરીને, ગુરુપત્નીસાથે વ્યભિચાર કરીને, મદ્યપાન કરીને અથવા બ્રહ્મહત્યા કરીને અત્યંત પાપી થયેલો પુરુષ પણ જો, ભસ્મનું લેપન કરે, ભસ્મની શય્યા ઉપરજ શયન કરે અને નિત્ય રુદ્રાધ્યાયનો પાઠ કર્યા કરે, તો સર્વ પાપોથી મુક્ત થઇ જાય છે.

× આ મહાભારતમાંજ આગળ જતાં કહેવામાં આવશે કે:-

"रक्षार्थं मङ्गलार्थं च पवित्रार्थं च भामिनि ।
लांछनार्थं च भक्तानां भस्म दत्तं मया पुरा ॥

(શંકર પાર્વતીને કહે છે:-)"હે દેવિ! મેં પૂર્વે ભક્તોનું રક્ષણ કરવામાટે, મંગળ કરવામાટે, પવિત્ર કરવામાટે અને મારા ભક્ત છે, એમ ઓળખાવવામાટે તેઓને ભસ્મ આપી હતી.' આ ઉપરથીજ શંકરનું **भस्मगोप्ता** નામ પ્રસિદ્ધ થયું છે.

+ પૂર્વે એક મંકણક નામના મુનિને જ્યારે યોગસિદ્ધિ પ્રાપ્ત થઈ, ત્યારે તેના હાથમાંથી શાકનો રસ ઝરવા લાગ્યો. તે જોઇ હર્ષને લીધે મુનિ નાચવા લાગ્યા. એટલે તેનો ગર્વ ઉતારવામાટે અને તેના નૃત્યને શાંત પાડવામાટે મહાદેવે, પોતાની આંગળી ચીરીને તેમાંથી કેવળ ભસ્મજ કાઢી બતાવી અને જણાવ્યું કે:-"તને પ્રાપ્ત થયેલી યોગસિદ્ધિ કંઇ હિસાબમાં નથી, માટે ગર્વનો ત્યાગ કરી હજી આગળ વધ." આ રીતે ભગવાન શંકરનું શરીર કેવળ ભસ્મમય છે અને તે, એક મહાન સિદ્ધિનું લક્ષણ છે.

યોગીઓની સાથે રહેનારા.૫૯૫महादंष्ट्र:-મોટી ડાઢવાળા.૫૯૬महायुध:-મોટાઆયુધવાળા.[૧૦૧] ૫૯૭बहुधानिंदित:-અનેક‡પ્રકારે નિંદા પામેલા. ૫૯૮शर्व:- દારુકાવનના મુનિઓને મોહિત કરનારા.૫૯૯ शंकर:- સર્વ જગતનું કુશળ કરવું જેના હાથમાં છે એવા. ૬૦૦शंकर:-સર્વ પ્રકારની શંકાનો નાશ કરનારા. દારૂકાવનમાં જે મુનિઓએ શંકરની નિંદા કરી હતી તેઓનું કરુણાવડે કલ્યાણ, તથા તત્ત્વજ્ઞાનવડે સર્વ સંશયનો નાશ કરનારા. આ રીતે ચારેય નામનું તાત્પર્ય કહેવામાં આવ્યું છે. ૬૦૧अधन:- દિગંબરમય હોવાથી ધનરહિત. ૬૦૨अमरेश:-દેવોના રાજા.૬૦૩*महादेव:-દેવતાઓ અને ઇંદ્રના પણ પૂજ્ય.૬૦૪ विश्वदेव:-વિષ્ણુએ પણ આરાધન કરવાયોગ્ય દેવ.૬૦૫सुरारिहा:-દેવોના શત્રુ દાનવોનો સંહારકરનારા.૬૦૬ †अहिर्बुध्न्य:-શેષસ્વરૂપ. ૬૦૭ अनिलाभ:- અપ્રત્યક્ષ છતાં વાયુ જેમ સ્પર્શથી જાણવામાં આવે છે તેમ વિષયોના સ્પર્શથી ઉત્પન્ન થયેલા અનુભવરૂપ. ૬૦૮चेकितान:- એક સમયેજ સંપૂર્ણ વિશેષ જ્ઞાનવાળા. ૬૦૯हवि:- હવિષરૂપ અથવા તો ભોક્તાની ભોગ્ય વસ્તુરૂપ.(એક પ્રતમાં हारः એવો પાઠ છે તેનો એ અર્થ છે કે હવિષની વસ્તુને હરનારા.)૬૧૦अजैकपात:-અગીઆર રુદ્રોમાંના એક. ૬૧૧कापाली:- કપાલ બ્રહ્માંડરૂપ છે તે બ્રહ્માંડના અધીશ. ૬૧૨त्रिशंकु:-ત્રણ ગુણો,શંકુ-અર્થાત્ ખીલાની પેઠે જેને અટકાવી રાખનારા છે એવા, એટલે કે સર્વ જીવરૂપ. ૬૧૩ अजित:- ત્રણ ગુણોથી અજિત. ૬૧૪ शिव:-ઉપાધિરહિત,શુદ્ધ.[૧૦૩]-૬૧૫धन्वंतरि:-મહાવૈદ્યરૂપ, ૬૧૬धूमकेतु:- ઉત્પાત કરનારા ધૂમકેતુરૂપ, ૬૧૭स्कंद:- કાર્ત્તિકસ્વામી, ૬૧૮ वैश्रवण:- કુબેર, ૬૧૯धाता -બ્રહ્મા, ૬૨૦ शक्र ઇંદ્ર, ૬૨૧विष्णु- વિષ્ણુ, ૬૨૨मित्र-સૂર્ય, ૬૨૩ त्वष्टा- વિશ્વકર્મા, ૬૨૪ध्रुव- ધ્રુવ, ૬૨૫धर:-ધારણ કરનારા. [૧૦૪]- ૬૨૬प्रभाव- પ્રભાવ નામના વસુરૂપ, ૬૨૭सर्वग:- સર્વ ઠેકાણે વ્યાપક એવા વાયુરૂપ-અર્થાત સૂત્રાત્મા. આ નામ सर्वग અને वायु- એ બે પદ મળીને થયું છે. ૬૨૮अर्यमा- સૂર્ય,૬૨૯सविता- સૂર્ય,૬૩૦ रवि- સૂર્ય, ૬૩૧उषंगु- એ નામના એક રાજારૂપ માંધાતાનો તે સહચર હતો; અથવા તો સર્વનો દાહ કરનાર કિરણવાળા સૂર્યરૂપ, ૬૩૨ विधाता;- વિવિધ પ્રકારે પોષણ કરનારા, ૬૩૩ मांधाता- જીવની તૃપ્તિ કરનારા, ૬૩૪भूतभावन- પ્રાણીઓને ઉત્પન્ન કરનારા, પ્રાણીઓને ચેતના આપનારા.[૧૦૫]-૬૩૫विभु- અનેકરૂપે અસ્તિત્વ ભોગવનારા, ૬૩૬वर्णविभावी- કાળા ધોળા વગેરે અનેક રૂપોને ધારણ કરનારા, ૬૩૭सर्वकामगुणावह- ધ્યાન કરનારાઓને તેમની કામના પ્રમાણે સર્વ વિષયો પૂરા પાડનારા, ૬૩૮पद्मनाभ- પદ્મ એટલે વિશ્વ,આયતન-સ્થાન,નાભિને મણિપુર ચક્ર કહે છે, જેની નાભિમાં એ વિશ્વાયતન છે તેવા, ૬૩૯महागर्भ- જેના ઉદરમાં બ્રહ્માદિક મહાન પુરુષો છે એવા, ૬૪૦चंद्रवक्त्र:- સુંદર વદનવાળા,૬૪૧अनिल- પવનરૂપ, ૬૪૨अनल- અગ્નિરૂપ, પૂર્વે વાયુ તથા અગ્નિનાં નામ કહ્યાં છે તે દ્રવ્યરૂપે કહ્યાં છે અને અહીં ફરીથી તેનાં તેજ નામો કહ્યાં છે તે તેના અધિષ્ઠાતા દેવતાતરીકે કહ્યાં છે.[૧૦૬]

---

‡ પૂર્વે દારુકાવનમાં ઋષિની સ્ત્રીઓને મોહિત કરવામાટે શંકરે સુંદર નગ્ન સ્વરૂપ ધારણ કર્યું હતું, ત્યારે સર્વ ઋષિઓએ તેમની નિંદા કરી હતી કે, આપણી સ્ત્રીઓના ચિત્તને મોહિત કરવામાટે નગ્નસ્વરૂપ ધારણ કરીને આ આવ્યો છે માટે અત્યંત પાપી છે.

* સાંબ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે:-

पूज्यते यः सुरैः सर्वैर्महाँश्चैव प्रमाणतः ।
महति धातुः पूजायां मह देवस्ततः स्मृतः॥

સર્વ દેવતાઓ તેમની પૂજા કરે છે, વળી પ્રમાણમાં પણ તે મોટા છે અને **मह्** ધાતુ પૂજા એવા અર્થમાં વપરાય છે, માટે તે **महादेव** કહેવાય છે.

† વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે, "**संकर्षणात्मको रुद्रो निष्क्रम्यात्ति जगत्त्रयम्।** ભગવાન રુદ્ર, શેષનાગરૂપે પાતાળમાંથી નીકળીને પોતાના મુખમાંથી નીકળેલા અગ્નિવડે ત્રણે જગતનું ભક્ષણ કરી જાય છે." માટેજ અહીં શંકરને શેષનાગના નામથી બતાવ્યા છે.

૬૪૩बलवान्- બળવાન. ૬૪૪उपशांत- ઉપશાંત. ૬૪૫पुराण- પુરાણરૂપ. ૬૪૬ पुण्यचंचु- પુણ્યવડે જાણવામાં આવે તેવા. ૬૪૭ इ- લક્ષ્મીરૂપ. ૬૪૮ कुरुकर्ता- કર્મ તથા ઉપાસનના સ્થાનરૂપ, કુરુક્ષેત્રના કર્તા. ૬૪૯कुरुवासी- કર્મ તથા ઉપાસનામાં નિવાસ કરનારા. ૬૫૦कुरुभूत- કુરુક્ષેત્રરૂપ. ૬૫૧गुणौषध- ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ વગેરેને ઔષધની પેઠે ઉદ્દીપન કરનારા.૧૦૭-૬૫૨सर्वाशय:-સર્વના સુષુપ્તિસ્થાનરૂપ; અથવા સર્વના અંતઃકરણરૂપ. ૬૫૩दर्भचारी:-દર્ભ ઉપર મૂકેલા હવિષનું ભક્ષણ કરનારા. ૬૫૪सर्वप्राणिपति:-સર્વ પ્રાણીઓના પતિ.૬૫૫देवदेव:-દેવોના દેવ.૬૫૬ सुखासक्त:-સુખમાં આસક્તિ નહિ રાખનારા.૬૫૭सत्-કાર્યરૂપ. ૬૫૮असत् કારણરૂપ. ૬૫૯सर्वरत्नवित्:-રત્નરૂપ ઉત્તમ વસ્તુને મેળવનારા. ૬૬૦ कैलासगिरिवासी:-કૈલાસપર્વત ઉપર રહેનારા. ૬૬૧हिमवद्गिरिसंश्रय:-હિમાચલ પર્વત ઉપર આશ્રય કરનારા. ૬૬૨कूलहारी:-મોટા પ્રવાહથી તીર ઉપર ઉગેલાં વૃક્ષોનો સંહાર કરનારા. ૬૬૩कूलकर्ता:-મોટા તળાવને બાંધનારા.૬૬૪बहुविद्य:-ઘણી વિદ્યા જાણનારા. ૬૫૫ बहुप्रद:-ભક્તોને ઘણું આપનારા. ૧૦૯-૬૬૬वणिज:-વૈશ્યરૂપ. ૬૬૭ वर्धकि-સુથારરૂપ. ૬૬૮वृक्ष:-સંસારવૃક્ષરૂપ. ૬૬૯ वकुल:-બોરસળી નામના પુષ્પવૃક્ષરૂપ.૬૭૦ चंदन:-ચંદનરૂપ. ૬૭૧ छंद:-સપ્તપર્ણરૂપ. ૬૭૨ सारग्रीव:-દઢ ડોકવાળા. ૬૭૩ महाजत्रु:-મોટી હાંસડીવાળા. ૬૭૪ अलोल:-ચંચળતારહિત. ૬૭૫ महौषध:- મહાન ઔષધિતરીકે ગણાતી સાળ-જવરૂપ. ૬૭૬सिद्धार्थकारी:-અર્થને સિદ્ધ કરનારા. ૬૭૭ छंदोव्याकरणोत्तर:-વેદનાં વ્યાખ્યાનોથી પુષ્ટ થયેલા એવા.सिद्धार्थ:-સિદ્ધાંતઅર્થરૂપ.૬૭૮सिंहनाद:-સિંહના જેવી ગર્જના કરનારા૬૭૯. सिंहदंष्ट्र:-સિંહના જેવી દાઢવાળા.૬૮૦ सिंहग:-સિંહ ઉપર સ્વાર થયેલા. ૬૮૧ सिंहवाहन:-સિંહ જેનું વાહન છે એવા.૧૧૧-૬૮૨ प्रभावात्मा:-ઉત્તમ સત્તાવાળા.૬૮૩ जगत्कालस्थाल:-જગતનો કોળિયો કરનાર કાળરૂપ ભોજનપાત્રવાળા. ૬૮૪ लोकहित:- લોકનું હિત કરનારા. ૬૮૫ तरु:-તારનારા. ૬૮૬सारंग:-એક જાતના પક્ષીરૂપ. ૬૮૭ नवचक्रांग:- નવહંસરૂપ.૬૮૮ केतुमाली:- મસ્તકની શિખાવડે શોભાયમાન એવા મયૂર અથવા તો કુકડાનું સ્વરૂપ ધારણ કરનારા. ૬૮૯सभावन:- સભાસ્થાનની રક્ષા કરનારા. ૧૧૨-૬૯૦ भूतालय:- પ્રાણીમાત્રના સ્થાનરૂપ. ૬૯૧ भूतपति:-ભૂતોના પતિ. ૬૯૨ अहोरात्र:-દિવસ તથારાત્રિરૂપ.૬૯૩अनिंदित:-શુદ્ધ ચૈતન્યસ્વરૂપ.૬૯૪ सर्वभूतानां वाहिता:-સર્વ પ્રાણીઓનું વહન કરનારા.૬૯૫ सर्वभूतानां निलय:-સર્વ પ્રાણીઓના આશ્રયસ્થાનરૂપ. ૬૯૬ विभु:-જન્મરહિત.૬૯૭भव:-ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવનારા. ૬૯૮ अमोघ:-નિષ્ફળતારહિત. ૬૯૯ संयत:- ધારણા, ધ્યાન અને સમાધિવાળા. ૭૦૦ अश्व:-ઉચ્ચૈઃશ્રવા ઘોડારૂપ.૭૦૧ भोजन:-સર્વને ભોજન કરાવનારા. ૭૦૨ प्राणधारण:-સર્વના પ્રાણને ધારણ કરનારા.૧૧૪-૭૦૩ धृतिमान्:-ધીરજવાળા. ૭૦૪ मतिमान्:-મતિવાળા.૭૦૫दक्ष:-ઉત્સાહી.૭૦૬ सत्कृत:-આદર પામેલા.૭૦૭ युगाधिप:-ધર્મ તથા અધર્મનું ફળ આપનારા. ૭૦૮गोपालि:-ઇંદ્રિયોના પાલક. ૭૦૯ गोपति:- કિરણોના સ્વામી.૭૧૦ ग्राम:-સમુદાયરૂપ. ૭૧૧गोचर्मवसन:-બળદનું ચામડું ઓઢનારા. ૭૧૨ हरि:-ભક્તોનાં દુઃખોનું હરણ કરનારા.૧૧૫-૭૧૩ हिरण्यबाहु:-સુવર્ણના બાહુવાળા, સુંદર ભુજાવાળા.૭૧૪ प्रवेशिनां गुहापाल:-ઘણા કાળસુધી કાષ્ઠની પેઠે સ્થિર બેસી રહેનારા-યોગીઓના શરીરની રક્ષા કરનારા. ૭૧૫ प्रकृष्टारि:-જેણે બળપૂર્વક કામાદિ શત્રુઓનો નાશ કરી નાખ્યો છે એવા-અર્થાત્ કામાદિક શત્રુનો બળાત્કારથી નાશ કરનારા. ૭૧૬महाहर्ष:-મોટા હર્ષસ્વરૂપ. ૭૧૭ जितकाम:-કામને જીતનારા.૭૧૮ जितेंद्रिय:-ઇંદ્રિયોને જીતનારા.૧૧૬-૭૧૯ गांधार:- સ્વરરૂપ વિશેષ. ૭૨૦ सुवास:- કૈલાસ નામના સુંદર ધામવાળા. ૭૨૧ तप:सक्त:-તપમાં આસક્તિવાળા. ૭૨૨ रति:-પ્રીતિરૂપ.

૭૨૩ **नरः**-વિરાટ્ પુરુષરૂપ. ૭૨૪**महागीतः**- ઉત્તમ પુરુષોથી વેદમાં ગવાયેલા. ૭૨૫**महानृत्यः**-મહાન નૃત્ય કરનારા. ૭૨૬**अप्सरोगणसेवित**- અપ્સરાઓના ગણોથી સેવાયેલા. ૭૨૭ **महाकेतु**- જેની ધ્વજામાં બળદનું ચિહ્ન છે એવા. ૭૨૮ **महाधातु**- મેરુ પર્વતરૂપ. ૭૨૯ **नैकसानुचर**- અનેક શિખરો ઉપર ફરનારા. ૭૩૦**चल**- દુઃખેથી ગ્રહણ કરી શકાય તેવા. ૭૩૧ **आवेदनीय**- વાણીથી અગોચર હોવા છતાં ગુરુઓથી ઉપદેશ કરી શકાય તેવા. ૭૩૨ **आदेश**- સાક્ષાત્ ઉપદેશરૂપ. ૭૩૩ **सर्वगंधसुखावह**- એકી સમયે સર્વ ગંધ એટલે વિષયોનું સુખ ગ્રહણ કરનારા.[૧૧૮]–૭૩૪ **तोरण**- નગરના દરવાજારૂપ. ૭૩૫ **तारण**- જીતવાની ઇચ્છાવાળાઓને ખાઇ વગેરેથી તારનારા. ૭૩૬ **वात**- પવનરૂપ. ૭૩૭**परिधी**- કિલ્લારૂપ. ૭૩૮ **पतिखेचर**- પક્ષીઓના રાજા ગરુડરૂપ. ૭૩૯ **संयोग**- સંસારની વૃદ્ધિમાટે સ્ત્રીપુરુષોનો સંયોગ કરાવનારા કામરૂપ. ૭૪૦**वृद्ध**- જ્ઞાન, ઐશ્વર્ય વગેરેથી વૃદ્ધ.*૭૪૧**अतिवृद्ध**-સર્વથી વૃદ્ધ. ૭૪૨ **गुणाधिक**- ઉત્તમ ગુણોવડે શ્રેષ્ઠ.[૧૧૯]–૭૪૩ **नित्यआत्मसहाय**- નિત્ય આત્માની સહાયતાવાળા. ૭૪૪ **देवासुरपति**- દેવો અને અસુરોના પતિ. ૭૪૫ **पति**- સર્વના પતિ. ૭૪૬ **युक्त**- સંગ્રામ આદિકમાં સજ્જ. ૭૪૭**युक्तबाहु**- શત્રુનું મર્દન કરવા યોગ્ય બે બાહુવાળા. ૭૪૮ **दिविसुपर्वणदेव**- સ્વર્ગમાં રહેનારા ઇંદ્રના આરાધ્ય દેવ.[૧૨૦] ૭૪૯ **आषाढ**- સર્વ સહન કરવાનું સામર્થ્ય આપનારા, ૭૫૦ **सुषाढ**- સુખેથી સર્વને સહન કરવાનું સામર્થ્ય આપનારા, ૭૫૧ **ध्रुव**;-ચંચળતારહિત, ૭૫૨ **हरिण**- શુદ્ધ, ૭૫૩ **हर**- શત્રુનો નાશ કરનારા, ત્રિશૂળને ધારણ કરનારા ત્રિશૂળધારી, ૭૫૪ **आवतमानोऽन्योवपु**- સ્વર્ગમાંથી ભ્રષ્ટ થનારાઓને શરીર આપનારા, ૭૫૫ **वसुश्रेष्ठ**- ધનના કરતાં પણ શ્રેષ્ઠ, ૭૫૬ **महापथ**- શિષ્ટાચારરૂપ, ઉત્તમ માર્ગરૂપ.[૧૨૧]–૭૫૭ **शिरोहारी**- બ્રહ્માનાં મસ્તકનું છેદનકર્તા, **विमर्शः**- વિચારશીલ-અર્થાત્ બ્રહ્માનું મસ્તક વિચાર કરીને કાપનારા, પરંતુ ક્રોધથી નહિ કાપનાર. (આ બન્ને નામ એકજ છે). ૭૫૮ **सर्वलक्षणलाक्षित**- સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં સર્વ શુભ લક્ષણોથી યુક્ત ૭૫૯ **रथयोगी अक्ष**- અક્ષ એટલે ધરીરૂપ છે, તેથી યોગરૂપ રથની સાથે જોડાયેલા અક્ષરૂપ(ધરીરૂપ). ૭૬૦ **सर्वयोगी**- સર્વનો સ્પર્શ કરનારા, ૭૬૧ **महाबल**- મહાબળવાન.[૧૨૨]–૭૬૨ **समाम्नाय**- વેદરૂપ, ૭૬૩ **असमाम्नाय**- સ્મૃતિ, ઇતિહાસ, પુરાણાદિ શાસ્ત્રરૂપ. ૭૬૪ **तीर्थदेव**;-તીર્થરૂપ તથા દેવરૂપ અથવા તીર્થોના દેવરૂપ, ૭૬૫ **महारथ**- પૃથ્વીરૂપી રથવાળા ૭૬૬ **निर्जीव**- અચેત એવા પ્રપંચરૂપ, ૭૬૭ **जीवन**- અચેતન એવા દેહાદિકને ચૈતન્ય આપનારા, ૭૬૮ **मंत्र**- પ્રણવરૂપ અથવા તો મરણ પામેલાને સજીવન કરનારા મંત્રરૂપ, ૭૬૯ **शुभाक्ष** - શાંત દૃષ્ટિવાળા, ૭૭૦ **बहुकर्कश**- મહાકઠોર.[૧૨૩]–૭૭૧ **रत्नप्रभूत**-- ઉત્તમ રત્નોના ભંડારરૂપ, ૭૭૨ **रत्नांग**- રત્નસમાન પ્રદીપ્ત અંગવાળા. ૭૭૩**महार्णवनिपानविद्**- મોટા મોટા સમુદ્રોને પણ નાના હવાડાઓની પેઠે શુષ્ક કરી નાખનારા, ૭૭૪ **मूलभू**- સંસારરૂપી વૃક્ષના મૂળ અધિષ્ઠાનરૂપ, ૭૭૫ **विशाल**- અત્યંત શોભાયમાન, ૭૭૬ **अमृत**- અમૃતરૂપ, ૭૭૭ **व्यक्ताव्यक्त**- કાર્ય તથા કારણરૂપ, ૭૭૮ **तपोनिधि**- તપના ભંડારરૂપ.[૧૨૪] ૭૭૯ **आरोहण**- પરમપદ ઉપર ચઢવાની ઇચ્છાવાળા, ૭૮૦ **अधिरोह**- પરમ પદમાં આરૂઢ થયેલા. ૭૮૧ **शीलधारी**- સદાચારી, ૭૮૨ **महायशा**- મહાયશસ્વી, ૭૮૩ **सेनाकल्प**- સેનાના આભૂષણરૂપ, પરાક્રમરૂપ; ૭૮૪ **महाकल्प**- દિવ્ય આભૂષણોવાળા, ૭૮૫ **योग**- ચિત્તવૃત્તિના નિરોધરૂપ, ૭૮૬ **युगकर**- કલ્પાદિક સર્વ યુગોના પ્રવર્તક ૭૮૭ **हरि**- શરીરને એક પ્રદેશથી બીજે પ્રદેશ લઇ જનારા-અર્થાત્ ચરણના અધિષ્ઠાયક દેવતા,

---

*विप्राणां ज्ञानतो ज्यैष्ठ्यं क्षत्रियाणां तु शौर्यतः।
वैश्यानां धनबाहूल्याच्छूद्राणां वयसाऽधिकः ॥

વિપ્રો જ્ઞાનવડે મોટા ગણાય છે. ક્ષત્રિયો શૌર્યથી મોટા ગણાય છે, વૈશ્યો ધનવડે મોટા ગણાય છે અને શૂદ્રો વયવડે મોટા ગણાય છે.

અથવા તો ત્રિવિક્રમ.[૧૨૫]- ૭૮૮ **युगरूप**-યુગનું સ્વરૂપ ધારણ કરનારા; ધર્મ, અધર્મ અને તેના સંકરરૂપ. ૭૮૯ **महारूप**-મહાન છતાં અરૂપ એટલે નિરાકાર. ૭૯૦ **महानागहन**-ગજાસુરનો નાશ કરનારા. ૭૯૧ **वध**-મૃત્યુરૂપ. ૭૯૨ **न्यायनिर्वपण**- ધર્માનુસાર મનોરથને પૂરનારા. ૭૯૩ **पाद**-શરણે જવા યોગ્ય. ૭૯૪ **पंडित**-પરીક્ષજ્ઞાની. ૭૯૫ **अचलोपम**-તત્ત્વજ્ઞાની. ૭૯૬ **बहुमाल**-અનંત લીલાવાળા. ૭૯૭ **महामाल**-ચરણપર્યંત લટકનારી મોટી માળાને ધારણ કરનારા. ૭૯૮ **शशीहरसुलोचन**-ચંદ્ર જેની સુંદર દષ્ટિરૂપ છે એવા હર. ૭૯૯ **विस्तारोलवणकूप**-લવણરૂપ મોટા આચ્છાદાનવાળા કૂવારૂપ, મોટા ક્ષારસમુદ્રરૂપ. ૮૦૦ **त्रियुग**-કળિયુગસિવાયનાત્રણયુગરૂપ૮૦૧ **सफलोदय**-સફળ અવતારને ધારણ કરનારા.[૧૨૭]-૮૦૨ **त्रिलोचन**-શાસ્ત્ર, આચાર્ય અને ધ્યાન, આ ત્રણ નેત્રવડે જેનાં દર્શન થઈ શકે તેવા. ૮૦૩ **विषण्णांग**-આઠ પ્રકારની ભૂમિ વગેરે મૂર્તિથી રહિત-અર્થાત શુદ્ધભૂમારૂપ; નિરાકાર ઇશ્વરવિષે પણ સૂક્ષ્મરૂપે મૂર્તિઓનો અન્વય છે તેનાથી પણ આ શિવ અંતરંગ છે તેથી તે 'શુદ્ધભૂમા' કહેવાય છે. ૮૦૪ **मणिविद्ध**-કાનમાં છિદ્રવાળા-અર્થાત્ કુંડળધારી. ૮૦૫ **जटाधर**-જટાધારી. ૮૦૬ **बिंदु**-ૐના અનુસ્વારરૂપ. ૮૦૭ **विसर्ग**-વિસર્ગરૂપ. ૮૦૮ **सुमुख**-સુંદર મુખવાળા. ૮૦૯ **शर**-બાણરૂપ. ૮૧૦ **सर्वायुध**-સર્વ આયુધો ધરનારા. ૮૧૧ **सह**-સર્વ સહન કરનારા. ૮૧૨ **निवेदन**-સર્વ વૃત્તિઓથી ઉપરામ પામેલા જ્ઞાનવાળા. ૮૧૩ **सुखाजात**-સર્વ વૃત્તિઓના લય પછી પ્રકટનારા. ૮૧૪ **सुगंधार**-સુંદર ગંધાર દેશમાં જન્મેલા. ૮૧૫ **महाधनु**- મહાધનુષ્ય-પિનાકને ધારણ કરનારા. ૮૧૬ **गंधपाली**-ગંધ એટલે સર્વ સૂક્ષ્મ પ્રપંચ વાસનાઓને પાલન કરનારા, સર્વ પ્રાણીઓની બુદ્ધિના વાસનારૂપ. ૮૧૭ **भगवान्**-છ ઐશ્વર્યસંપન્ન એવા. **सर्वकर्मणामुत्थान**-સર્વ કર્મનું ઉત્પત્તિસ્થાન. [૧૨૯]-૮૧૮ **मंथानोबहुलोवायु**-આખા જગતને હચમચાવવામાં સમર્થ એવા પ્રલયકાળના પવનરૂપ. ૮૧૯ **सकल**-સંપૂર્ણ. ૮૨૦ **सर्वलोचन**-સર્વના દ્રષ્ટા-સર્વને જોનારા. ૮૨૧ **तलस्ताल**-હાથના તળિયાથી ઉત્પન્ન થયેલા તાલ નામના વાદિત્રરૂપ. ૮૨૨ **करस्थाली**-હાથરૂપી ભોજનપાત્રવાળા. ૮૨૩ **ऊर्ध्वसंहनन**-દૃઢ શરીરવાળા. ૮૨૪ **महान्**:-અત્યંત ઉચ્ચ કાયાવાળા. [૧૩૦]-૮૨૫ **छत्रम्**- છત્રરૂપ. ૮૨૬ **सुच्छत्र**-સુંદર છત્રવાળા. ૮૨૭ **विख्यातोलोक**-પ્રાણીમાત્રમાં પ્રસિદ્ધ. ૮૨૮ **सर्वाश्रयः क्रमः**-સર્વના આધારભૂત અને ત્રણ પગલાંથી ત્રણ જગતને ભરી લેનારા. ૮૨૯ **मुंड**-માથે મુંડેલા. ૮૩૦ **विरूप**-ભયંકર રૂપવાળા. ૮૩૧ **विकृत**-જેનામાં સર્વ વિક્રિયાઓ સહજ છે એવા. ૮૩૨ **दंडी**-દંડધારી. ૮૩૩ **कुंडीः**-ખપ્પરધારી. ૮૩૪ **विकुर्वण**-કર્મથી પ્રાપ્ત થઇ શકે નહિ તેવા.[૧૩૧]-૮૩૫ **हर्यक्ष**-સિંહરૂપ. ૮૩૬ **ककुभः**-સર્વ દિશારૂપ. ૮૩૭ **वज्री**-વજ્રધારી ઇંદ્રરૂપ. ૮૩૮ **शतजिह्व**-સો જીભવાળા. ૮૩૯ **सहस्रपात्**-હજાર ચરણવાળા. તથા **सहस्रमूर्धा**-હજાર મસ્તકવાળા. ૮૪૦ **देवद्र**-દેવોના રાજા. ૮૪૧ **सर्वदेवमय**-સર્વ દેવતાઓરૂપ. ૮૪૨ **गुरु**-ગુરુસ્વરૂપ.[૧૩૨]-૮૪૩ **सहस्रबाहु**-હજાર બાહુવાળા. ૮૪૪ **सर्वांग**-સર્વ ઠેકાણે વ્યાપક. ૮૪૫ **शरण्य**-શરણાગતની રક્ષા કરનારા. ૮૪૬ **सर्वलोककृत्**-સર્વ લોકોને ઉત્પન્ન કરનારા. ૮૪૭ **पवित्र**-પવિત્ર તીર્થાદિકરૂપ. ૮૪૮ **त्रिककुन्मंत्र**-ત્રણ ખુંધની પેઠે બીજ, શક્તિ તથા કીલક, એ ત્રણ જેમાં ઉચ્ચ સ્થાનકે રહેલાં છે એવા મંત્રરૂપ. ૮૪૯ **कनिष्ठ**-અદિતિના પુત્રોમાં નાના પુત્ર વામનસ્વરૂપ. ૮૫૦ **कृष्णपिंगल**-શ્યામરૂપે હરિ તથા પિંગળારૂપે હર, એમ હરિરૂપ તથા હરરૂપધારી.[૧૩૩] ૮૫૧ **ब्रह्मदंडविनिर्माता**-બ્રહ્મદંડના નિર્માણકર્તા; વજ્ર પ્રત્યક્ષ વસ્તુનો નાશ કરે છે, પણ બ્રહ્મદંડ તો અગોચર વસ્તુઓનો પણ નાશ કરે છે. શંકર એવા બ્રહ્મદંડના રચનારા છે. ૮૫૨ **शतघ्नीपाशशक्तिमान्**-શતઘ્ની. પાશ અને શક્તિને ધારણ કરનારા. ૮૫૩ **पद्मगर्भ**-બ્રહ્મારૂપ. ૮૫૪ **महागर्भ**-વિશાળ ઉદરવાળા. ૮૫૫ **ब्रह्मगर्भ**-જેના ઉદરમાં વેદ રહેલા છે એવા.

૮૫૬ **जलोद्भव**-સમુદ્રમાંથી દ્રષ્ટારૂપે પ્રકટ થયેલા. [૧૩૪]–૮૫૭ **गभस्ति**-કિરણમંડળવાળા. ૮૫૮ **ब्रह्मकृत्**-વેદકર્તા. ૮૫૯ **ब्रह्मी**-વેદનું અધ્યયન કરનારા. ૮૬૦ **ब्रह्मवित्**-વેદનો અર્થ જાણનારા. ૮૬૧ **ब्राह्मण**-બ્રહ્મનિષ્ઠ. ૮૬૨ **गति**-બ્રહ્મનિષ્ઠના ગતિરૂપ. ૮૬૩ **अनंतरूप**-અપાર રૂપધારી. ૮૬૪ **नैकात्मा**-અનેક શરીરોને ધારણ કરનારા. ૮૬૫ **स्वयंभुव तिग्मतेजा**-સ્વયંભૂ બ્રહ્માનું મસ્તક છેદન કરવાથી બ્રહ્માની દૃષ્ટિએ દુઃસહ પરાક્રમી. [૧૩૫]–૮૬૬ **ऊर्ध्वगात्मा**-ત્રણ પ્રકારની ઉપાધિથી દૂર એવા આત્માવાળા-અર્થાત્ ત્રણ ઉપાધિથી રહિત. ૮૬૭ **पशुपति**-જીવોના ઈશ્વર. ૮૬૮ **वातरंहा**-વાયુ જેવા વેગવાળા. ૮૬૯ **मनोजव**-મનના જેવા વેગવાળા. ૮૭૦ **चंदनीः**-ચંદનથી જેનું શરીર ચર્ચિત છે એવા. ૮૭૧ **पद्मनालाग्र**-કમળનું નાળ જેના અગ્રભાગમાં છે એવા-અર્થાત્ કમળના નાળના મૂળરૂપ. ૮૭૨* **सुरभ्युत्तरण**-કામધેનુને ઊર્ધ્વ સ્થાનેથી નીચે ઉતારી પાડનારા. ૮૭૩ **नर**-જેના અંતને કોઇ પણ પહોંચી શકતું નથી એવા. [૧૩૬] ૮૭૪ **कर्णिकार महास्रग्वी**- કરેણનાં પુષ્પોની મોટી માળાને ધારણ કરનારા. ૮૭૫ **नीलमौलि**- માથાઉપર નીલમણિનો મુકુટ પહેરનારા. ૮૭૬ **पिनाकधृक्**-પિનાક નામના ધનુષને ધારણ કરનારા; જેનું નાક કહેતાં દ્યૌઃ ચમકાટ પીળો છે તેનું નામ "પિનાક." ત્રિપુરાસુર સ્વર્ગનો રાજા થઇ બેઠો હતો તે સમયે દેવોએ મહાદેવના જે ધનુષના બળથી સ્વર્ગને પાછું મેળવ્યું હતું તે પર્વતરૂપ 'પિનાક' નામનું શંકરનું ધનુષ્ય હતું; તે ધનુષ્યને ધારણ કરનારા તે. **पिनाकधृक्**- ઇંદ્રે જે સમયે નમુચિને સમુદ્રનું ફીણ મારી નાશ કર્યો હતો તે સમયે ઇંદ્રના ફીણમાં જેમ વજ્રે પ્રવેશ કર્યો હતો તેમજ પર્વતમાં પણ પિનાકે પ્રવેશ કર્યો હતો તેથી પર્વત ધનુષ્યરૂપ થયો હતો. ૮૭૭ **उमापति** – બ્રહ્મવિદ્યાના સ્વામી. ૮૭૮ **उमाकांत** –બ્રહ્મવિદ્યાએ વશ કરાયેલા. ૮૭૯ **जाह्नवीधृक्** –જહ્નુની પુત્રી ગંગાને ધારણ કરનારા (ભગીરથરાજાએ તપશ્ચર્યા કરી, શિવની જટામાંથી ગંગાને કેવી રીતે છોડાવી તે પ્રસિદ્ધજ છે.) ૮૮૦ **उमाधवः**-ઉમાના પતિ. [૧૩૭]–૮૮૧ **वराह**- પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે યજ્ઞરૂપી આદિ વરાહરૂપે થયેલા. ૮૮૨ **वरद**- વરદાન આપનારા અથવા તો ઉત્તમ અવતારોથી જગતનું પાલન કરનારા. ૮૮૩ **वरेण्य** –વરવા યોગ્ય, ઇચ્છવા યોગ્ય. ૮૮૪ **सुमहास्वन** –વેદના મંત્રો વડે મોટી ગર્જના કરનારા, હયગ્રીવરૂપ. ૮૮૫ **महाप्रसाद** –ભક્તો ઉપર મોટી કૃપા કરનારા. ૮૮૬ **दमन**–કામાદિ દુષ્ટોને શિક્ષા કરનારા. ૮૮૭ **शत्रुहा** –શત્રુને સંહારનારા. ૮૮૮ **श्वेतपिंगल**-શ્વેતરંગના તથા પીળા રંગના. (શંકર અર્ધનારી નટેશ્વરનું સ્વરૂપ ધારણ કરે છે તેમાં દક્ષિણ તરફનો અર્ધભાગ શ્વેત રંગનો હોય છે અને ડાબી તરફનો અર્ધભાગ સુવર્ણના જેવો પીળા રંગનો હોય છે.)[૧૩૮]–૮૮૯ **पीतात्मा**-સુવર્ણ જેવા પીળા રંગના શરીરવાળા. એક પ્રતમાં **प्रीतात्मा** –એવું નામ છે જેનો અર્થ જેનો આત્મા સંતુષ્ટ રહે છે એવો થાય છે. ૮૯૦ **परमात्मा**–આનંદમય કોશરૂપ. **अन्नमय, प्राणमय, मनोमय,विज्ञानमय** અને **आनंदमय** આ પાંચકોશોથી પર રહેલા જીવાત્માઓથીપણ શ્રેષ્ઠ. ૮૯૧ **प्रयतात्मा** –શુદ્ધ ચિત્તવાળા. ૮૯૨ **प्रधानधृक्** –જગતના કારણભૂત પ્રધાનના અધિષ્ઠાનરૂપ. ૮૯૩ **सर्वपार्श्वमुख**–ચોતરફ મુખવાળા. અર્થાત્ પાંચ મુખવાળા. ૮૯૪ **यक्ष** –સોમ, સૂર્ય

---

* એવી એક આખ્યાયિકા છે કે:–એક સમયે બ્રહ્માને વિષ્ણુ સાથે વાદ થયો કે, મેં શંકરનું મસ્તક જોયું છે; ત્યારે તેમનું અસત્ય ભાષણ સાંભળી વિષ્ણુએ કહ્યું કે, જો તમે શંકરનું મસ્તક જોયું હોય તો કોઈની સાક્ષી આપો. ત્યારે બ્રહ્માએ કામધેનુને કહ્યું કે, મેં શંકરનું મસ્તક જોયું છે; એ બાબતમાં તારે સાક્ષી આપવી. એ ઉપરથી કામધેનુએ બ્રહ્માના ભયને લીધે ખોટી સાક્ષી આપી કે બ્રહ્માએ શંકરનું મસ્તક જોયું છે. તે પછી મહાદેવે કામધેનુને શાપ આપ્યો કે, તેં ખોટી સાક્ષી પૂરી છે; માટે તારી પ્રજા અપવિત્ર વિષ્ઠાનું ભક્ષણ કરશે. આ રીતે કામધેનુને શંકરે શાપ આપ્યો હતો.

અને અગ્નિ એ ત્રણ નેત્રવાળા, ૮૯૫धर्मसाधारणोवर- પુણ્યને અનુસરતી રીતે કૃપા કરનારા.[૧૩૯]–૮૯૬चराचरात्मा-(चलाचलात्मा) કર્મમાર્ગરૂપ તથા પ્રસાદમાર્ગરૂપ અથવા તો આવૃત્તિમાર્ગરૂપ–અર્થાત્ જન્મમરણ કરનારા કર્મમાર્ગરૂપે અને અનવૃત્તિ માર્ગરૂપ–અર્થાત્ મોક્ષરૂપ, ૮૯૭सूक्ष्मात्मा- ઉપર કહેલા બન્ને માર્ગથી જાણવામાં આવે નહિ તેવા, ૮૯૮ अमृतोगोवृषश्वर- મરણરહિત–અમર અને નિષ્કામ ધર્મના ઈશ્વર–અર્થાત્ મોક્ષફળને આપનારા, ૮૯૯साध्यार्षि- સાધ્ય એટલે દેવોના પણ દેવ અને તેના ઋષિ એટલે આચાર્ય, ૯૦૦आदित्योवसु- અદિતિના પુત્ર એવા વસુરૂપ, ઉપરિચર નામના રાજા વસુનો નિર્દેશ કરવામાટે અહીં आदित्य એવું વસુનું વિશેષણ આપ્યું છે. ૯૦૧ विवस्वान्- જગતને ઢાંકી દેનારાં કિરણોના સમૂહવાળા, જે જગતને વિશેષ કરીને ઢાંકી દે છે विव- અર્થાત્ કિરણોની જાળથી ઢાંકી દેનારા, જગતને કર્મમાં પ્રેરનારા અથવા તો જગતને ઉત્પન્ન કરનારા તથા યજ્ઞમાં જેનો રસ કાઢવામાં આવે છે એવા સોમરૂપ.[૧૪૦]–૯૦૨व्यास- પુરાણોના તથા ઇતિહાસોના રચનારા વ્યાસરૂપ, ૯૦૩सर्ग-પુરાણિકરૂપ, सुसंक्षेप- સૂત્રરૂપ તથા विस्तर- ભાષ્યતરીકે વિસ્તારરૂપ પણ શિવ છે. (અહીં આ ત્રણેય પદને એકમાં ગણવામાં આવ્યું છે.હોમમાં આવો મંત્રભણવામાં આવે છે કે– ॐसर्गाय सुसंक्षेपाय विस्तराय स्वाहा ॥)૯૦૪ पर्यय नर- સમષ્ટિ જીવરૂપ, વૈશ્વાનરરૂપ. ૯૦૫ ऋतु- ઋતુરૂપ, ૯૦૬संवसर- વર્ષરૂપ, ૯૦૭ मास- માસરૂપ, ૯૦૮पक्ष- પક્ષરૂપ, ૯૦૯ संख्यासमायन- ઋતુ આદિકની સંખ્યાના સમાપ્તિરૂપ–અર્થાત સંક્રાંતરૂપ તથા દર્શપૂર્ણમાસરૂપ.[૧૪૧]–૯૧૦कला- કળારૂપ, ૯૧૧काष्ठा- કાષ્ઠારૂપ, ૯૧૨लवा- લવરૂપ, ૯૧૩मात्रा-માત્રારૂપ, ૯૧૪ मुहूर्ताःक्षपा- મુહૂર્ત, દિવસ અને રાત્રિરૂપ, ૯૧૫ क्षणाः–કાળના ઋતુ વગેરે અવયવરૂપ, ૯૧૬विश्वक्षेत्र–બ્રહ્માંડરૂપી વૃક્ષના ક્યારારૂપ, ચિદાત્મા. ૯૧૭ प्रजाबीज- પ્રજાના બીજરૂપી માયાવિશિષ્ટ ચૈતન્યભૂત, અવ્યક્તરૂપ. ૯૧૮लिंग–મહત્તત્ત્વરૂપ, ૯૧૯आद्योनिर्गम- પ્રથમ અંકુરરૂપ–અર્થાત્ અહંરૂપી પ્રથમ અધ્યાસરૂપ. [૧૪૨]–૯૨૦सत्- કાર્યરૂપ. ૯૨૧ असत्- કારણરૂપ, ૯૨૨ व्यक्तः–ઇંદ્રિયગ્રાહ્ય પ્રપંચરૂપ, ૯૨૩ अव्यक्तं अहं–नजानामिः–એવા એક અનુભવથીજ જાણવામાં આવે તેવા અજ્ઞાનરૂપ. ૯૨૪पिता - પિતારૂપ, ૯૨૫माता- માતારૂપ, ૯૨૬पितामह-પિતામહરૂપ૯૨૭स्वर्गद्वारं- સ્વર્ગના દ્વારભૂત તપરૂપ, ૯૨૮प्रजाद्वार-પ્રજાના દ્વારભૂત રાગ–પ્રેમરૂપ, ૯૨૯मोक्षद्वार- વૈરાગ્યરૂપ, ૯૩૦ त्रिविष्टपम्–સ્વર્ગના સાધનભૂત ધર્મરૂપ[૧૪૩]૯૩૧निर्वाणं–મોક્ષરૂપ, ૯૩૨ह्लाःन– આનંદઆપનારા, ૯૩૩ब्रह्मलोक–સત્યલોકરૂપ. ૯૩૪परागति- સત્ય લોકના કરતાં પણ ઉત્તમ ગતિરૂપ,૯૩૫देवासुर विनिर्माता–દેવો અને અસુરોને ઉત્પન્ન કરનારા,૯૩૬देवासुरपरायणः–દેવો અને અસુરોના પરમ આશ્રયરૂપ.[૧૪૪]–૯૩૭ देवासुरगुरु- દેવોના તથા દૈત્યોના ગુરુ–અર્થાત્ બૃહસ્પતિ શુક્રરૂપ, ૯૩૮ देव- વિજયેચ્છાવાળા,૯૩૯देवासुरनमस्कृत- દેવોથી તથા દૈત્યોથી નમસ્કાર કરાતા, ૯૪૦देवासुरमहामात्र- દેવોમાં અને અસુરોમાં ઉત્તમ,૯૪૧दवासुरगणाश्रय- દેવો અને અસુરોના ગણો–મંડળો જેનો આશ્રય કરેછે એવા.[૧૪૫]–૯૪૨देवासुरगणाध्यक्ष દેવોના અને અસુરોના ગણોના અધ્યક્ષરૂપ અર્થાત્ ઇંદ્રવિરોચન વગેરેરૂપ, ૯૪૩देवासुरगणाग्रणी- દેવતાના ટોળાના અગ્રણી કાર્તિકસ્વામીરૂપ તથા દૈત્યોના ટોળાના અગ્રણી કેશિ દૈત્યરૂપ, ૯૪૪ देवातिदेव- ઇંદ્રિયોથી પર સ્વયંપ્રકાશમાન, ૯૪૫देवर्षि- નારદરૂપ, ૯૪૬ देवासुरवरप्रद- બ્રહ્મા, રુદ્ર, આદિરૂપે દેવોને તથા અસુરોનેવરઆપનારા.[૧૪૬]–૯૪૭देवासुरेश्वर- દેવોના તથા અસુરોના ઇશ્વર., ૯૪૮ विश्व- જગતમાં નિવાસ કરનારા અર્થાત્ જગતના ગર્ભસ્વરૂપ, ૯૪૯देवासुरमहेश्वर- દેવો તથા અસુરોના ઇશ્વરના ઇશ્વરરૂપ મહેશ્વરરૂપ, ૯૫૦सर्वदेवमय- સર્વ દેવતારૂપ અગ્નિ એ શિરસ્વરૂપ છે,ચંદ્રસૂર્યાદિ નેત્રાદિ સ્વરૂપછે. ૯૫૧ अचिंत्य- જેના વિના બીજો ચિંતન કરવા યોગ્ય.

નથી એવા, ૯૫૨**देवतात्मा**- દેવોના અંતરાત્મારૂપ, ૯૫૩ **आत्मसंभव**- સ્વયંસિદ્ધ.[૧૪૭]-૯૫૪ **उद्भित्**-જે ફળને પ્રકટ કરે છે તે, સ્થાવરરૂપ અથવા તો ઉદભિદ્ નામના યજ્ઞરૂપ;૯૫૫**त्रिविक्रम**-ત્રણ પગલાંથી ભૂમિને ભરનારા વામનરૂપ, ૯૫૬ **वैद्यः**-વિદ્યાવાળા, ૯૫૭**वरजः**-નિર્મળ, ૯૫૮ **नीरजः**-રજોગુણથી રહિત, ૯૫૯**अमरः**-નાશરહિત, ૯૬૦**इज्यः**-સ્તુતિ કરવા યોગ્ય, ૯૬૫ **हस्तीश्वरः**-કાળહસ્તીશ્વર નામના વાયવ્ય લિંગરૂપ, ૯૬૨**व्याघ्रः**-વ્યાઘ્રેશ્વર નામધારી, (કલિંગદેશમાં એ નામનું એક લિંગ છે.) ૯૬૩**देवसिंहः**-દેવોમાં પરાક્રમી, ૮૬૪**नरर्षभः**-મનુષ્યોમાં પણ શ્રેષ્ઠ,[૧૪૮] ૯૬૫**विबुधः**-વિશેષ બુદ્ધિમાન, ૯૬૬**अग्रवरः**-યજ્ઞના ભાગોને પ્રથમ ગ્રહણ કરનારા, ૯૬૭**सूक्ष्मः**-દુઃખવડે જાણવામાં આવે તેવા, ૯૬૮**सर्वदेवः**-સર્વ દેવતામય, ૯૬૯**तपोमयः**-તપસ્વી, ૯૭૦**सुयुक्तः**-અત્યંત તત્પર રહેનારા, ૯૭૧**शोभनः**-કલ્યાણકારી, ૯૭૨ **वज्री**:-વજ્રનું આયુધ ધારણ કરનારા, ૯૭૩ **प्रासानांप्रभवः**-પ્રાસજાતનાં આયુધોના ઉત્પત્તિસ્થાન, ૯૭૪ **अव्ययः**-એકાગ્ર ચિત્તવડે પ્રાપ્ત કરી શકાય તેવા,[૧૪૯] ૯૭૫**गुहः**-કાર્તિકસ્વામી, ૯૭૬**कांतः**-ક એટલે સુખ-આનંદ, અને અંત એટલે સીમા-અર્થાત્ આનંદની પરાકાષ્ઠારૂપ, ૯૭૭**निजःसर्गः**-પોતાથી અભિન્ન, ૯૭૮ **पवित्रं**:-પવિ એટલે વજ્ર, તેના જેવા મૃત્યુના દુઃખમાંથી ત્રાણ એટલે રક્ષણ કરનારા, ૯૭૯ **सर्वपावनः**-બ્રહ્મા વગેરે સર્વને પવિત્ર કરનારા, ૯૮૦**शृंगी**:-વૃષભાદિકરૂપ, ૯૮૧**शृंगप्रियः**-પર્વતના શિખર ઉપર પ્રીતિ રાખનારા, ૯૮૨ **बभ्रुः**-શનૈશ્વરરૂપ, ૯૮૩**राजराजः**-કુબેરરૂપ, ૯૮૪**निरामयः**-નિર્દોષ,[૧૫૦] ૯૮૫**अभिराम**-પ્રીતિ ઉત્પન્ન કરનારા, ૯૮૬**सुरगणः**-દેવોના સમુદાયરૂપ. ૯૮૭**विरामः**-સર્વના ઉપરામરૂપ, ૯૮૮**सर्वसाधनः**-જેને પ્રાપ્ત કરવામાટે આશ્રમનાં સર્વ કર્મ સાધનભૂત છે એવા, ૯૮૯**ललाटाक्षः**-જેના લલાટમાં નેત્ર છે એવા, ૯૯૦ **विश्वदेव**-બ્રહ્માંડોરૂપ દડાઓથી ક્રીડા કરનારા, ૯૯૧**हरिणः**-મૃગરૂપ, ૯૯૨**ब्रह्मवर्चस्ः**-વિદ્યા તથા તપથી ઉત્પન્ન થનારા બ્રહ્મતેજને ધારણ કરનારા,[૧૫૧] ૯૯૩**स्थावराणां पतिः**-સ્થાવરોના પતિ-અર્થાત્ હિમાચલ આદિરૂપ, ૯૯૪**नियमेंद्रियवर्धनः**-મનનો અને ઇંદ્રિયોનો નિગ્રહ કરીને નાશ કરનારા-અર્થાત્ મનરહિત થઇને સમાધિને પ્રાપ્ત કરનારા, ૯૯૫**सिद्धार्थः**-નિત્ય સિદ્ધ એવા, સિદ્ધ એટલે મોક્ષના અર્થી-અર્થાત્ તત્ત્વજ્ઞાનાર્થીરૂપ, ૯૯૬**सिद्धसूतार्थः**-પ્રથમથીજ સિદ્ધ એવા મોક્ષરૂપી પદાર્થને સાધનારા, ૯૯૭ **अचिंत्यः**-ઉપાસનાવડે વિચારમાં આવે નહિ તેવા-અર્થાત્ પ્રત્યગાત્મારૂપ, ૯૯૮**सत्यव्रतः**-સત્ય એટલે બ્રહ્મને માટેજ વ્રત-તપશ્ચરણ કરનારા, ૯૯૯ **शुचिः**- નિર્મળ ચિત્તવાળા, ૧૦૦૦**व्रताधिपः**-વ્રતના અધિપતિ, ભિન્નભિન્ન વ્રતનાં ફળને આપનારા, ૧૦૦૧**परं**:-વિશ્વ, તૈજસ્ અને પ્રાજ્ઞ આ અપર બ્રહ્મથી પણ પર એટલે તુરીય તત્ત્વરૂપ કહેતાં ચોથા અદ્વૈત તત્ત્વરૂપ, ૧૦૦૨**ब्रह्म**:-દેશથી, કાળથી તથા વસ્તુથી માપ વિનાના, ૧૦૦૩**भक्तानां परमागतिः**-ભક્તોના કૈવલ્યગતિરૂપ, ૧૦૦૪**विमुक्तः**-મરણ પછી સંપૂર્ણ રીતે મુક્ત થયેલા હોય તેવા, ૧૦૦૫ **मुक्ततेजाः**-લિંગશરીરથી રહિત, ૧૦૦૬**श्रीमान्ः**-યોગરૂપી લક્ષ્મીથી સંપન્ન-ભીષ્મ જેવા યોગી મૃત્યુને જીતીને ઈચ્છા પ્રમાણે આ લોકમાંજ રહે છે, અથવા તો મસ્તકની નાડીવડે બ્રહ્મલોકમાં જાય છે. આ લોકમાંજ લિંગશરીરનો કવચની પેઠે ત્યાગ કરીને વિશુદ્ધ એવા કૈવલ્યને પામે છે, ૧૦૦૭**श्रीवर्धनः**-ત્રણ વેદમાં કહેલી કર્મ, ઉપાસના તથા જ્ઞાનકાંડરૂપ લક્ષ્મીની વૃદ્ધિ કરનારા-અર્થાત્ વેદમાં કહેલાં કર્મ, ઉપાસના અને જ્ઞાનનું અનુષ્ઠાન કરીને તેમાં વૃદ્ધિ કરનારા, ૧૦૦૮**जगत्**:-અવ્યાકૃતથી ઘટપર્યંત સર્વ નાશવંત વસ્તુરૂપ તમે છો, **जगत्**ः-શબ્દની વ્યુત્પત્તિ-**गच्छति इति जगत्** જે રૂપાંતરને પામે છે-જે ચાલ્યાજ કરે છે તે જગત્-આવી જગત્ શબ્દની વ્યુત્પત્તિ છે, તેથી પ્રધાન વગેરે સર્વને જગદ્રૂપ કહી શકાય. કપિલમુનિનો સિદ્ધાંત એ પ્રમાણે છે, કે પરબ્રહ્મ પ્રથમ સ્થિર હતા તેજ જગતરૂપે થયા એમ કહેવાથી સ્થિર

એવા ભૂમાબ્રહ્મને વિષે જગતની કલ્પના કરવામાં આવી છે આમ કહ્યું છે અને તેથી आत्मैवदं सर्व આ સર્વ આત્મારૂપ છે, ब्रह्मैवेदं सर्व આ સર્વ બ્રહ્મરૂપ છે, तत्त्वमसि તે તું છે, अहं ब्रह्मास्मि હું બ્રહ્મરૂપ છું, अयमात्मा ब्रह्म આ આત્મા બ્રહ્મરૂપ છે. આ રીતે શાસ્ત્રથી પ્રસિદ્ધ થતા એવા અદ્વૈત બ્રહ્મને जगत् શબ્દથી પ્રતિપાદન કરવામાં આવ્યા છે.[૧૫૩]

એ પ્રમાણે દશહજાર નામોમાંથી મુખ્યત્વે કરીને એક હજાર ને આઠ નામોવડે મેં ભક્તિપૂર્વક ભગવાનની સ્તુતિ કરી છે, કે જે ભગવાનને બ્રહ્માદિ દેવતાઓ અને ઋષિઓ પણસત્યસ્વરૂપે જાણી શકતા નથી.[૧૫૪] જગતના પતિ ભગવાન શંકર સ્તુતિ કરવા યોગ્ય, પૂજન કરવા યોગ્ય અને વંદન કરવા યોગ્ય છે; છતાં તેમની સંપૂર્ણ રીતે સ્તુતિ કોણ કરી શકે તેમ છે? મને તો તે ભગવાનની અનુજ્ઞા મળી હતી તેથીજ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને યજ્ઞના પતિ તે વ્યાપક દેવની મેં ભક્તિપૂર્વક સ્તુતિ કરી છે.જે ભક્તપુરુષ નિત્ય સાવધાન અને પવિત્ર થઇને પુષ્ટિ આપનારાં આ નામોવડે શંકર દેવની સ્તુતિ કરે છે, તે પુરુષ પોતેજ પોતાના આત્મારૂપ શંકરને પામે છે.[૧૫૫-૧૫૭] આ શિવસહસ્રનામસ્તોત્ર પરબ્રહ્મરૂપજ છે, માટે આનો પાઠ કરનાર પુરુષ પરબ્રહ્મને અવશ્ય પામેજ છે. વળી ઋષિઓ અને દેવતાઓ પણ સર્વથી પર રહેલા તે પરમાત્માની આ સ્તોત્રવડેજ સ્તુતિ કર્યા કરે છે.[૧૫૮] ભક્તો ઉપર કૃપા કરનારા ભગવાન મહાદેવ, કે જે મોક્ષને આપનારા છે અને વ્યાપક છે, તેમની ચિત્તને એકાગ્ર કરનારા પુરુષો જો સ્તુતિ કરે છે તો તેઓનાપર ભગવાન પ્રસન્ન થાય છે;[૧૫૯]તેમજ મનુષ્યોમાં જે મનુષ્યો, મુખ્યત્વે કરીને આસ્તિક તથા શ્રદ્ધાળુ હોય છે તેઓ અનેક જન્મોમાં ભક્તિપૂર્વક સ્તોત્રો કરીને સર્વ કરતાં શ્રેષ્ઠ અને સનાતન એવા ઇશાનદેવની સ્તુતિ કર્યા કરે છે અને મહાતેજસ્વી એવા તે મનુષ્યો મન, વચન તથા કર્મથી શુદ્ધ ભાવ:ધારણ કરીને સૂતાં, જાગતાં, જતાં, બેસતાં અને આંખોને ઉઘાડતાં તથા મીંચતાં પણ તે ભગવાનનુંજ વારંવાર ચિંતન કરે છે. ઉપરાંત મહાદેવની કથાઓનું શ્રવણ કરતા અને બીજાઓને શ્રવણ કરાવતા તે ભક્ત મનુષ્યો, સ્તુતિઓ કરે છે, સ્તુતિપાત્ર બને છે, નિત્ય સંતુષ્ટ રહે છે અને તેમાંજ આનંદ પામે છે.[૬૦-૬૩] મનુષ્ય, સંસારમાં અનેક યોનિઓમાં ભટકીને કરોડો જન્મ ધારણ કરે છે અને સર્વ પ્રકારનાં પાપોથી જ્યારે મુક્ત થાય છે, ત્યારે તેને શંકર ઉપર ભક્તિ ઉત્પન્ન થાય છે.[૧૬૪] પછી જ્યારે સંપૂર્ણ ભાવથી અથવા પ્રેમથી શંકર ઉપર અભેદભક્તિ ઉત્પન્ન થાય છે અને ભાગ્યયોગે સર્વ પ્રકારનાં સર્વ સાધનો તેને મળી આવે છે, ત્યારે ' शिवोहं ' એવી શુદ્ધ ભાવના તેનામાં જાગ્રત થાય છે.[૧૬૫] ખરેખર, ભગવાન શંકર ઉપર નિર્વિઘ્ન, નિશ્ચળ અને અવ્યભિચારિણી ભક્તિ ઉત્પન્ન થાય, એ વાત દેવોમાં પણ દુર્લભ છે, તોપછી મનુષ્યોમાં તો તેવી ભક્તિ નજ મળી આવે, એ દેખીતું છે. માત્ર, મનુષ્યોના પર તે ભગવાનનોજ જ્યારે અનુગ્રહ થાય છે, ત્યારે તેમનાપરની ભક્તિ ઉત્પન્ન થાય છે, કે જેનાવડે ભગવાનની ભક્તિપરાયણ ચિત્તવાળા મનુષ્યો, પરમસિદ્ધિને પામે છે.[૧૬૭] જે મનુષ્યો સર્વ પ્રકારે ભાવયુક્ત થઇને મહેશ્વરને શરણે જાય છે, તેઓનો શરણાગતવત્સલ દેવ શંકર, સંસારમાંથી ઉદ્ધાર કરે છે.[૧૬૮] સંસારથી મુક્ત કરનારા દેવ શંકરવિના બીજા સર્વ દેવો, મનુષ્યોના તપોબળનો અવશ્ય નાશજ કરે છે; કેમકે તેઓનામાં બીજા પ્રકારની :(સંસારથી મુક્ત કરવાની) કંઇ શક્તિજ નથી.[૧૬૯] આવા હેતુથીજ હે કૃષ્ણ ! ઇંદ્રસમાન તેજસ્વી અને પવિત્ર બુદ્ધિને ધારણ કરનારા તંડિઋષિએ, કાર્યકારણના પતિ અને હસ્તીચર્મને ધારણ કરનારા ભગવાન શંકરનીજ સ્તુતિ કરી હતી.[૧૭૦] ભગવાન શંકરના આ સ્તોત્રને બ્રહ્મા પોતે નિત્ય ધારણ કરે છે, માટે શંકરની સમીપમાં નિત્ય આ સ્તોત્રનો જે પાઠ કરે છે તેને બ્રહ્મા, બ્રાહ્મણતરીકે ઓળખે છે.[૧૭૧] આ સ્તોત્ર પુણ્યકારક છે, પવિત્ર છે, સર્વદા પાપનો નાશ કરનારૂં છે, યોગ આપનારૂં છે, મોક્ષ આપનારૂં છે, સ્વર્ગ આપનારૂં છે અને સંતોષ આપનારૂં છે;[૧૭૨] માટે જે પુરુષ,

શંકર ઉપર ભક્તિ રાખીને આ સ્તોત્રનો પાઠ કરે છે, તેને સાંખ્યો તથા યોગીઓને જે ગતિ પ્રાપ્ત થાય છે તે ગતિ પ્રાપ્ત થાય છે.[૧૭૩] જે પુરુષ, નિત્ય ભક્તિયુક્ત થઇને રુદ્રદેવની સમીપમાં એક વર્ષપર્યંત આ સ્તોત્રનો નિષ્ઠાપૂર્વક પાઠ કરે છે, તેને ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય છે.[૧૭૪] પરમ રહસ્યરૂપ આ સ્તોત્ર પ્રથમ બ્રહ્મદેવના હૃદયમાંજ રહ્યું હતું.તે પછી બ્રહ્માએ ઇંદ્રને કહ્યું, ઇંદ્રે મૃત્યુને કહ્યું, મૃત્યુએ રુદ્રોને કહ્યું અને રુદ્રો પાસેથી તંડિઋષિને પ્રાપ્ત થયું. તંડિઋષિએ મહાન તપશ્ચર્યા કરીને બ્રહ્મલોકમાં આ સ્તોત્ર પ્રાપ્ત કર્યું હતું. તે પછી તંડિઋષિએ ગૌતમગોત્રના શુક્રને આ સ્તોત્ર કહ્યું હતું અને હે માધવ! શુક્રે વિવસ્વાનના પુત્ર મનુને કહ્યું હતું.[૧૭૭] મનુએ સમાધિનિષ્ઠ રહેનારા બુદ્ધિમાન નારાયણ નામના સાધ્યદેવને કહ્યું હતું અને અસ્ખલિત શક્તિવાળા સાધ્ય નારાયણે યમદેવને આ સ્તોત્ર કહ્યું હતું.[૧૭૮] વિવસ્વાનના પુત્ર ભગવાન યમદેવે નાચિકેતને કહ્યું હતું અને હે વાર્ષ્ણેય! નાચિકેતે માર્કંડેય ઋષિને આ સ્તોત્ર કહ્યું હતું.[૧૭૯] તે પછી હે જનાર્દન! માર્કંડેયઋષિ પાસેથી મેં આ સ્તોત્રને નિયમપૂર્વક પ્રાપ્ત કર્યું છે;અને હું, બીજાઓએ કદી નહિ સાંભળેલા આ સ્તોત્રને આજે તમને અર્પણ કરૂં છું.[૧૮૦] હે શત્રુઓનો સંહાર કરનારા કૃષ્ણ! આ સ્તોત્ર સ્વર્ગ, આરોગ્ય, આયુષ્ય અને ધનને આપનારૂં છે તેમજ વેદતુલ્ય પવિત્ર છે; જેથી આનો પાઠ કરનારા પુરુષને દાનવો, યક્ષો,રાક્ષસો, પિશાચો, યાતુધાનો, ગુહ્યકો કે સર્પો પણ વિઘ્ન કરી શકતા નથી."

શ્રીકૃષ્ણે કહ્યું:- હે કુંતાપુત્ર યુધિષ્ઠિર! જે પુરુષ પવિત્ર થઇને,બ્રહ્મચર્ય પાળીને,ઇંદ્રિયો જીતીને તથા અખંડ નિયમોનું પાલન કરીને એક વર્ષપર્યંત આ સ્તોત્રનો પાઠ કરે છે,તેને અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ મળે છે.[૧૮૧,૧૮૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
" મહાદેવસહસ્રનામસ્તોત્ર " એ વિષયનો અધ્યાય ૧૭ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૮ મો

શિવભકિતપ્રશંસા

॥ वैशंपायन उवाच ॥

महायोगी ततः प्राह कृष्णद्वैपायनो मुनिः ।
पठस्व पुत्र भद्रं ते प्रीयतां ते महेश्वरः ॥१॥

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય રાજા! તે પછી મહાયોગી મુનિ કૃષ્ણદ્વૈપાયને (વ્યાસે), યુધિષ્ઠિરને કહ્યું કે:-" હે પુત્ર ! આ સ્તોત્રનો તું પાઠ કર. તારૂં કલ્યાણ થશે. તારાપર મહેશ્વર પ્રસન્ન થશે.[૧] હે પુત્ર ! પૂર્વે મેરુપર્વત ઉપર હું મહાન તપશ્ચર્યા કરતો હતો, ત્યારે હે મહારાજા! પુત્ર મેળવવામાટે આ સ્તોત્રનોજ મેં પાઠ કર્યો હતો.[૨] તેને લીધે હે પાંડુનંદન! મને સર્વ મનોરથો પ્રાપ્ત થયા છે. તેજ રીતે તું પણ શંકર પાસેથી સર્વ કામનાઓ મેળવીશ. "[૩]

તે પછી દેવોમાં માન્ય થયેલા સાંખ્યાચાર્ય કપિલઋષિએ કહ્યું:-" મેં અનેક જન્મોપર્યંત મહાદેવનું ભક્તિપૂર્વક આરાધન કર્યું હતું; જેથી તે ભગવાને સંસારનો નાશ કરનારૂં ઉત્તમ જ્ઞાન મને આપ્યું છે."

તે પછી ઇંદ્રના પ્રિય મિત્ર ચારુશીર્ષ નામના મુનિ કે જે આલંબાયન એવા બીજા નામથી પ્રસિદ્ધ થયા હતા અને કરુણામય હતા, તેમણે યુધિષ્ઠિરને કહ્યું કે:-" પૂર્વે ગોકર્ણ નામના તીર્થમાં જઇને મેં સો વર્ષોપર્યંત તપશ્ચર્યા કરીને શંકરનું આરાધન કર્યું હતું. તેના પ્રભાવથી હે પાંડુપુત્ર ! યોનિથી નહિ જન્મેલા, દમ ગુણને ધારણ કરનારા, ધર્મને જાણનારા, મહાતેજસ્વી, જરાથી મુકત રહેનારા, દુઃખરહિત અને એક લાખ વર્ષના આયુષ્યવાળા સો પુત્રો મને શંકર પાસેથી મળ્યા છે. "[૪-૭]

તે પછી ભગવાન વાલ્મીકિએ યુધિષ્ઠિરને કહ્યું કે:-" હે ભારત ! અગ્નિહોત્રને ધારણ કરનારા મુનિઓ સાથે મારે પ્રથમ વાદવિવાદ થયો હતો. તે સમયે તેઓએ ક્રોધાયમાન થઇને મને શાપ આપ્યો હતો કે, " તું બ્રહ્મહત્યારો થઈ જઇશ. " એટલે તેજ ક્ષણે બ્રહ્મહત્યાનો અધર્મ મારા શરીરમાં દાખલ થયો. ત્યારે હું, તિ-

દ્વેષ અને કામનાઓને સફળ કરનારા ભગવાન શંકરને શરણે ગયો હતો; જેથી તુરતજ દુઃખનો વિનાશ કરનારા તે દેવે, પાપથી મને મુક્ત કર્યો હતો. તે ઉપરાંત ત્રિપુરાસુરનો વધ કરનાર તે ભગવાને મને વર આપ્યો છે કે, “ તને ઉત્તમ યશ પ્રાપ્ત થશે. ”૮-૧૦

તે પછી ઋષિઓની વચ્ચે, સૂર્યસમાન પ્રકાશી રહેલા ધાર્મિકશ્રેષ્ઠ જમદગ્નિના પુત્ર પરશુરામે, કુંતાપુત્ર યુધિષ્ઠિરને કહ્યું કેઃ—“હે પાંડુરાજાના જયેષ્ઠ પુત્ર! મારા પિતાસમાન મારા મોટાભાઇઓનો મેં વધ કર્યો હતો, ત્યારે તે પાપને લીધે મને ઘણુંજ દુઃખ થતું હતું; તેથી હે રાજા! હું પવિત્ર થઇને મહાદેવને શરણે ગયો હતો અને આ હજાર નામોથી તેમની મેં સ્તુતિ કરીહતી. પછી તે ભગવાન, મારાપર પ્રસન્ન થયા હતા. તેમણે એક પરશુ અને બીજાં દિવ્ય અસ્ત્રો મને આપ્યાં હતાં અને આ પ્રમાણે વર આપ્યા હતા કે, “ તારામાં કોઇ પ્રકારનું પાપ રહેશે નહિ, તું અજિત થઇશ, તારી ઉપર મૃત્યુની સત્તા પણ ચાલી શકશે નહિ અને વૃદ્ધાવસ્થાથી તું મુક્ત થઇશ. ” આ પ્રમાણે મયૂરપિચ્છને ધારણ કરનારા કલ્યાણમૂર્તિ ભગવાને મને કહ્યું હતું અને તે બુદ્ધિમાનની કૃપાથી એ સર્વ મને મળ્યું પણ છે. ”૧૧-૧૫

પછી વિશ્વામિત્રે કહ્યું:—“હું, પૂર્વે ક્ષત્રિય જાતિનો હતો. મને બ્રાહ્મણ થવાની ઇચ્છા થઇ એટલે મહાદેવનું મેં આરાધન કર્યું હતું અને તેમના પ્રસાદથીજ મેં બ્રાહ્મણપણું પ્રાપ્ત કર્યું છે, કે જે મહાદુર્લભ છે. ”

પછી અસિતગોત્રના દેવલઋષિએ પાંડુપુત્ર યુધિષ્ઠિરરાજાને કહ્યું કેઃ—“હે કુંતાપુત્ર! મેં ધર્મશાસ્ત્રથી કંઇક વિરુદ્ધ વર્તન કર્યું હતું, તેથી મહાસમર્થ દેવ ઇંદ્રે કોપાયમાન થઇને મારા ધર્મનો નાશ કરી નાખ્યો હતો. તે સમયે ભગવાન શંકરે ધર્મ, યશ અને દીર્ઘ આયુષ્ય મને અર્પણ કર્યાં હતાં. ”૧૬-૧૮

તે પછી ઇંદ્રના પ્રિય મિત્ર ઋષિ ગૃત્સમદ કે જે બૃહસ્પતિસમાન તેજસ્વી હતા અને મહાસમર્થ હતા તેમણે યુધિષ્ઠિરને કહ્યું કેઃ—૧૯ “ પૂર્વે ચાક્ષુષ મનુના પુત્ર ભગવાન વરિષ્ઠે, અચિંત્ય દેવ ઇંદ્રના એક હજાર વર્ષપર્યંત ચાલનારા યજ્ઞમાં, સામમંત્રોનો ઉચ્ચાર કરતી વખતે મને આ પ્રમાણે કહ્યું હતું:—“હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તેં રથંતર સામનો ઉચ્ચાર કરવામાં સારી રીતે લક્ષ્ય આપ્યું નથી, માટે પુનઃ બુદ્ધિપૂર્વક તું વિચાર કર અને હે ઉત્તમ બ્રાહ્મણ ! પાપનો તું ત્યાગ કર. હે અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા પાપી! તેં અશુદ્ધ ઉચ્ચાર કરીને એવું પાપ કર્યું છે, કે જેને લીધે આ યજ્ઞ કેવળ નિષ્ફળ થશે. ” એમ કહીને અત્યંત ક્રોધાયમાન થયેલા તે ઋષિએ મને શાપ આપ્યો કે, “તું બુદ્ધિરહિત, દુઃખી અને નિત્ય ભયભીત થઇને વનમાં રઝળતો થઈશ અને અગીઆર હજાર ને આઠસો વર્ષપર્યંત જળ તથા પવનથી રહિત અને મનુષ્યો તથા મૃગોવિનાના પ્રદેશમાં કે જયાં યજ્ઞોપયોગી વૃક્ષોનો અભાવ હશે અને રુરુઓ તથા સિંહો વસી રહ્યા હશે—ત્યાં ક્રૂર મૃગરૂપે ઉત્પન્ન થઈશ અને મહાન દુઃખમાં આવી પડીશ. ” હે પાર્થ! એ ઋષિએ મને એ પ્રમાણે કહ્યું એટલે તુરતજ હું મૃગરૂપે ઉત્પન્ન થયો, પરંતુ મહાદેવને શરણે ગયો ત્યારે યોગી મહેશ્વરે મને કહ્યું કેઃ—“તું અજર અને અમર થઇશ, દુઃખથી મુક્ત થઈશ, તારી અને મારી સમાનતા થશે અને તારો તથા ઇંદ્રનો આ યજ્ઞ અનાયાસે વૃદ્ધિ પામશે.” આ રીતે વ્યાપક ભગવાન શંકરે, મારા ઉપર અનુગ્રહો કર્યા હતા; કેમકે મન, વચન તથા કર્મથી અચિંત્ય એવા તે ભગવાન, સુખદુઃખને આપનારા છે અને સુખદુઃખના નિયામક છે. વળી હે યુદ્ધશ્રેષ્ઠ તાત ! તે મહાદેવની કૃપાવડે વિદ્યામાં મારાસમાન કોઇ પંડિત નથી. ” ૨૯

પછી તે સમયે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ, પુનઃ કહેવા લાગ્યાકેઃ—“હે યુધિષ્ઠિર ! સુવર્ણસમાન નેત્રવાળા મહાદેવને તપશ્ચર્યા કરીને મેં જયારે પ્રસન્ન કર્યા હતા, ત્યારે મારાપર પ્રસન્ન થઈને તે ભગવાને મને કહ્યું હતું કેઃ—“હે કૃષ્ણ ! મારા પ્રસાદથી તું, ધન કરતાં પણ લોકોને વધારે પ્રિય થઈ પડીશ; તેમજ યુદ્ધોમાં તું અજિત થઇશ અને તારૂં તેજ અગ્નિસમાન

પ્રદીપ્ત થશે." એ પ્રમાણે બીજાં હજારો વરદાનો મહાદેવે મને આપ્યાં હતાં. વળી પૂર્વે મણિમન્થ નામના પર્વત ઉપર કરોડો વર્ષોસુધી શંકરની મેં પૂજા કરી હતી; જેથી મારાપર પ્રસન્ન થઇને ભગવાને મને આવું વચન કહ્યું હતું:–"હે કૃષ્ણ ! તારૂં કલ્યાણ થાઓ.તારા મનમાં જે વિષયની ઈચ્છા હોય તે વિષયનો તું વર માગી લે." તે પછી મસ્તકવડે પ્રણામ કરીને મેં આ પ્રકારનો વર માગ્યો હતો:–"મહાસમર્થ આપ મહાદેવ, મારી પરમ ભક્તિ જોઇને મારાપર પ્રસન્ન થયા હો તો હે ઇશાન! મારી ભક્તિ તમારાપર નિત્યને માટે સ્થિર થાઓ. પછી 'તથાસ્તુ' એમ કહીને ભગવાન ત્યાંજ અંતર્ધાન થઇ ગયા હતા."[૩૦-૩૬]

જૈગીષવ્યે કહ્યું:– "હે યુધિષ્ઠિર ! પૂર્વે, કાશીનગરીમાં મહાબળવાન ભગવાન શંકરે, મને આઠગુણવાળું ઐશ્વર્ય આપ્યું હતું."[૩૭]

ગર્ગાચાર્યે કહ્યું:–"હે પાંડુપુત્ર! મેં સરસ્વતીના તટ ઉપર મનોયજ્ઞ કર્યો હતો, તેથી મારાપર પ્રસન્ન થયેલા ભગવાન શંકરે મને ચોસઠ કળાઓનું અદ્ભુત જ્ઞાન આપ્યું હતું;ઉપરાંત મારાસમાન બ્રહ્મવાદી એકહજાર પુત્રો મને આપ્યા હતા અને મારા પુત્રોને તથા મને દશ દશ લાખ વર્ષોનું આયુષ્ય અર્પણ કર્યું હતું."[૩૮,૩૯]

પરાશરે કહ્યું:–હે રાજન્! પૂર્વે શંકરને પ્રસન્ન કરીને મનમાં મેં ચિંતન કર્યું હતું કે, મહેશ્વર પાસેથી મને મહાતપસ્વી, મહાતેજસ્વી, મહાયોગી, મહાયશસ્વી, વેદનો વિસ્તાર કરનાર, લક્ષ્મીના નિવાસરૂપ, બ્રહ્મનિષ્ઠ અને દયાળુ પુત્ર પ્રાપ્ત થાય, એમ હું ઇચ્છું છું. તેજ ક્ષણે મારા મનના વિચારને જાણી લઇને મહાદેવે મને કહ્યું હતું કે:–"મારા ઉપરની ભક્તિના ફળથી તને કૃષ્ણ નામનો પુત્ર (એટલે વ્યાસ નામનો પુત્ર) પ્રાપ્ત થશે. એ તારો પુત્ર સાવર્ણિ નામના મનુના સમયમાં સપ્તર્ષિ થશે, વેદોનો વક્તા થશે, કુરુવંશનો વૃદ્ધિકર્તા થશે, ઇતિહાસનો રચનાર થશે, જગતનું હિત કરનાર થશે, મહેન્દ્રને પ્રિય થશે અને એક મહામુનિ થશે. વળી હે પરાશર! તારો પુત્ર અજરામર થશે." હે યુધિષ્ઠિર ! એમ કહીને એ ભગવાન્ કે જે મહાયોગી, વીર્યવાન, અવિનાશી અને નિર્વિકારી છે, તે ત્યાંજ અંતર્ધાન થઇ ગયા હતા.[૪૦-૪૫]

માંડવ્યે કહ્યું:–હું ચોર ન હતો;છતાં મારાપર ચોરતરીકેની શંકા લાવીને મને જ્યારે શૂળીપર ચઢાવવામાં આવ્યો હતો,ત્યારે હે રાજા! શૂળીપર રહ્યે રહ્યે મેં મહાદેવની સ્તુતિ કરી હતી;તેથી એ દેવે મને કહ્યું હતું કે:–'હે બ્રાહ્મણ! આ શૂળીની શિક્ષાથી તું છુટી જઈશ: તારૂં આયુષ્ય,એક અબજ વર્ષનું થશે,તને શૂળીની પીડા થશે નહિ; આધિઓ તથા વ્યાધિઓથી તું મુક્ત થઇશ; અને હે મુનિ ! તારૂં શરીર ધર્મના ચોથા ચરણરૂપ સત્યમાંથીજ ઉત્પન્ન થયું છે, માટે તું અનુપમ થઈશ. તારા જન્મને તું સફળ કર, તને સમગ્ર તીર્થોમાં નિર્વિઘ્ને સ્નાન કરવાનો સમય પ્રાપ્ત થશે; અને હે વિપ્ર ! અવિનાશી એવું ઉત્તમ સ્વર્ગસુખ પણ હું તને આપું છું.' એમ કહીને હે મહારાજા! તે પૂજવા યોગ્ય મહેશ્વર કે જે વૃષભ ઉપર બિરાજે છે,હાથીના ચર્મને ધારણ કરે છે,મહાન તેજસ્વી છે અને દેવતાઓમાં શ્રેષ્ઠ છે, તે પોતાના ગણોની સાથે ત્યાંજ અંતર્ધાન થઈ ગયા."

ગાલવે કહ્યું:–"મારા ગુરુ વિશ્વામિત્રની આજ્ઞા થઇ, ત્યારે મારા પિતાને મળવામાટે હું ઘેર આવ્યો હતો. તે સમયે મારી માતા દુઃખપૂર્વક અત્યંત રુદનકરતી મને કહેવા લાગી કે:–"હે નિર્દોષ પુત્ર! વિશ્વામિત્ર ગુરુની આજ્ઞા લઇને તું ઘેર આવ્યો. તું વેદોથી શોભી રહ્યો છે. તરુણ વયનો થયો છે અને દમગુણનિષ્ઠ થયો છે; પરંતુ તારા પિતા તને–પોતાના પુત્રને જોવામાટે રહી શકયા નથી." મારી માતાનું એ વચન સાંભળીને મારા પિતાનું દર્શન કરવામાટે હું નિરાશ થઈ ગયો. મેં મારા મનને એકાગ્ર કરીને મહાદેવનાં દર્શન કર્યાં,એટલે તેમણે મને કહ્યું કે:–"હે પુત્ર ! તું, તારા પિતા અને માતા, મૃત્યુથી રહિત થશો. તું તારા ઘરમાં પ્રવેશ કર. ત્યાં તને સત્વર તારા પિતાનાં દર્શન થશે." હે યુધિષ્ઠિર ! ભગવાને મને અનુજ્ઞા આપી એટલે તુરતજ હું મારા ઘરમાં ગયો. ત્યાં જઇને મેં જોયું

તો મારા પિતા ઇષ્ટિ સમાપ્ત કરીને ઘરમાંથી બહાર નીકળતા હતા. તેમણે મંત્રાચમન કરીને હાથમાં દર્ભ, સમિધો તથા વૃક્ષો ઉપરથી ખરી પડેલાં ફળો ગ્રહણ કર્યાં હતાં. મને જોતાંજ તે સર્વ પદાર્થોને નીચે મૂકીને મારા પિતાએ, પ્રણામ કરીને ઉભેલા મને ભેટી પડીને તથા મસ્તક સુંઘીને અશ્રુભરેલી દૃષ્ટિથી કહ્યું કેઃ-હે પુત્ર! ઘણુંજ સારૂં થયું છે કે, વિદ્યાને સમાપ્ત કરી આવેલા તને આજે હું જોઇ શક્યો છું.”

વૈશંપાયને કહ્યુંઃ-એ પ્રમાણે મુનિઓએ કહેલાં મહાત્મા શંકરનાં અદ્ભુત કર્મોનું શ્રવણ કરીને પાંડુપુત્ર યુધિષ્ઠિર પરમ આશ્ચર્ય પામ્યા. તે પછી વિષ્ણુ જેમ ઇંદ્રને કહે, તેમ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ, ધર્મના નિધિરૂપ યુધિષ્ઠિરને કહેવા લાગ્યા.

વાસુદેવે કહ્યુંઃ-સૂર્યસમાન તેજસ્વી ઉપમન્યુએ મને કહ્યું છે કે,[૫૨-૬૧] જે પાપકર્મી મનુષ્યો, પોતાનાં પાપકૃત્યોને લીધે મલિન થયેલા હોય છે, તેઓ રજોગુણી વૃત્તિવાળા હોવાથી ઇશાન દેવને શરણે જતા નથી.[૬૨] માત્ર, જે બ્રાહ્મણો, શુદ્ધ ભાવનાઓવાળા હોય છે તેઓજ શંકરને શરણે જાય છે. જે પુરુષ પરમેશ્વર ઉપર ભક્તિ રાખીને સર્વથા-હરકોઇ પ્રકારે સંસારમાં વર્તે છે, તોપણ અરણ્યમાં નિવાસ કરનારા શુદ્ધાત્મા મુનિઓ જેવાજ ગણાય છે. જ્યારે ભગવાન શંકર પ્રસન્ન થાય છે,ત્યારે બ્રહ્માપણું, વિષ્ણુપણું, ઇંદ્રપણું અથવા દેવતાઓસહિત ત્રૈલોક્યનું અધિપતિપણું પણ આપી દે છે. વળી હે તાત! જે મનુષ્યો કેવળ માનસિક ભાવથી પણ શંકરને શરણે જાય છે,તેઓ સર્વ પાપોનો ત્યાગ કરીને દેવોની સાથે નિવાસ કરે છે. કોઇએક મનુષ્ય બીજાઓએ બંધાવેલી ધર્મશાળાઓને, તળાવોને અથવા વાવકૂવાઓને ભાંગીને તોડી નાખે અથવા આખા જગતને અગ્નિમાં હોમી દે, તોપણ જો દેવ શંકરની પૂજા કરે છે, તો તેને લેશમાત્ર પાપ લાગતું નથી; તેમજ કોઇ એક મનુષ્ય સર્વ લક્ષણોથી રહિત હોય અથવા સર્વ પાપોથી યુક્ત હોય પણ ભગવાન શંકરનું મનમાં ચિંતન કરે છે, તો સર્વ પાપોનો નાશ કરી શકે છે. હે કેશવ! કીડાઓ,પક્ષીઓ, પતંગિયાંઓ અને પશુઓ પણ જો મહાદેવને શરણે જાય છે, તો તેઓને કોઇ સ્થળે પણ ભય નથી. એ પ્રમાણેજ પૃથ્વીપરના જે મનુષ્યો મહાદેવની ભક્તિ કરનારા છે, તેઓ સંસારના સપાટામાં કદી સપડાતાજ નથી, એમ હું નિશ્ચય માનું છું.” તે પછી વળી પણ શ્રીકૃષ્ણે, ધર્મપુત્ર યુધિષ્ઠિરને આ પ્રમાણે કહ્યું.[૬૩-૭૦]

શ્રીકૃષ્ણે કહ્યુંઃ-“ સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, આકાશ, પૃથ્વી, જળ, વસુઓ, વિશ્વેદેવાઓ, ધાતા, અર્યમા, શુક્ર, બૃહસ્પતિ, રુદ્રો, સાધ્યો, વરુણ, ગોપ, બ્રહ્મા, ઇંદ્ર, વાયુ, ઉપનિષદો, વેદો, યજ્ઞો, દક્ષિણા, વેદપાઠકો, સોમ, યજમાન, હવ્ય, હવિષ, રક્ષા, દીક્ષા, અનેક પ્રકારના સંયમો, સ્વાહા, વૌષટ્, બ્રાહ્મણો, કામધેનુ, ઉત્તમ ધર્મ, કાળચક્ર, બળ, યશ, ઇન્દ્રિયનિગ્રહ, બુદ્ધિમાનોની સ્થિતિ, પાપ, પુણ્ય, સાત મુનિઓ, શ્રેષ્ઠ બુદ્ધિ, ઉત્તમ માનસિક દર્શન અને દૃષ્ટિથી અવલોકન, કર્મોની સિદ્ધિ, દેવોના સમુદાયો, ઉષ્ણતા સહન કરનારા તપસ્વીઓ, સોમરસનું પાન કરનારા યાજકો, ઇન્દ્રિયનિગ્રહ કરનારા યોગીઓ, યમનિયમાદિ પાળનારા મહાત્માઓ, તુષિત નામના દેવગણો, બ્રહ્મકાય નામના દેવતાઓ, આભાસુર નામના ગંધર્વો, કેવળ ગંધ ઉપર જીવનારા મુનિઓ, કેવળ ધૂમાડાનું પાન કરીનેજ તૃપ્ત રહેનારા તાપસો, વાણીને નિયમમાં રાખનારાઓ, માનસિક સંયમ કરનારાઓ, શુદ્ધ આચાર પાળનારાઓ, યોગવડે અનેક શરીરોને ધારણ કરનારા યોગીઓ, સ્પર્શ ઉપર જીવન ચલાવનારા દેવતાઓ, દૃષ્ટિમાત્રથી આજીવિકા ચલાવનારા દેવતાઓ, ઘીનું પાન કરીને રહેનારા તપોધનો, સંકલ્પમાત્રમાં ઇષ્ટ વસ્તુને પ્રકાશિત કરનારા સિદ્ધ પુરુષો, દેવોમાં મુખ્ય ગણાતા દેવો, બીજા સર્વ દેવતાઓ, ગરુડ, ગંધર્વો, પિશાચો, દાનવો, યક્ષો, ચારણો અને સર્પો તેમજ હે યુધિષ્ઠિર રાજા! સ્થૂલ, સૂક્ષ્મ, મૃદુ, કઠોર, દુઃખ, સુખ, દુઃખ પછી પ્રાપ્ત થનારૂં સુખ, સાંખ્ય, યોગ અને સર્વ શ્રેષ્ઠના ફ-

રતાં પણ શ્રેષ્ઠ એવી જે કંઇ વસ્તુ છે, તે સમગ્ર કેવળ શંકરથીજ ઉત્પન્ન થયેલી છે, એમ તમારે જાણવું."[૭૭] વળી, પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનારા શ્રેષ્ઠ દેવતાઓ કે જેઓ આ ભુવનનું રક્ષણ કરે છે, તેઓ સર્વે એ મહાદેવથીજ ઉત્પન્ન થયેલા છે અને જેઓ આ પૃથ્વીમાં પ્રવેશ કરીને તે દેવની પુરાતની સૃષ્ટિનું રક્ષણ કરે છે, તેઓ સર્વે પણ એ શંકરથીજ ઉત્પન્ન થયેલા છે.[૭૮] જે તત્ત્વને અનેક તપસ્વીઓ તપશ્ચરણદ્વારા શોધી રહ્યા છે અને જેની અપેક્ષાએ બીજાં સર્વ તત્ત્વો અત્યંત સ્થૂલ છે તે-વાણી તથા મનના અવિષયભૂત-તત્ત્વને હું મોક્ષ સંપાદન કરવા માટે નમન કરૂં છું. તે શંકર દેવ, કે જે સર્વના પ્રભુ છે અને સદાય નિર્વિકાર છે, તેમની આપણે સ્તુતિ કરીએ છીએ માટે તે ભગવાન આપણને ઇચ્છિત વરો આપો.[૭૯] જે પુરુષ ઇન્દ્રિયોને નિયમમાં રાખીને, પવિત્રતા જાળવીને તથા અખંડ રીતે નિયમોનું પાલન કરીને બરાબર એક માસપર્યંત સાવધાનપણે આ સ્તોત્રનો પાઠ કરે છે, તે પુરુષને અશ્વમેધ યજ્ઞ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ પ્રાપ્ત થાય છે.[૮૦] હે પાર્થ! પ્રત્યેક બ્રાહ્મણ, આ સ્તોત્રનો પાઠ કરીને સમગ્ર વેદોને સંપાદન કરી શકે છે; પ્રત્યેક રાજા, આ સ્તોત્રનો પાઠ કરીને આખી પૃથ્વીને જીતી શકે છે, પ્રત્યેક વૈશ્ય આ સ્તોત્રનો પાઠ કરીને વ્યાપારિક ઉત્તમ લાભ મેળવી શકે છે અને પ્રત્યેક શૂદ્ર આ સ્તોત્રનો પાઠ કરીને આ લોકમાં સુખ અને પરલોકમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી શકે છે.[૮૧] અનેક યશસ્વી પુરુષોએ સર્વ દોષોનો નાશ કરનારા, પુણ્યદાયી અને પવિત્ર આ સ્તોત્રનું શરણ લઇને પોતાના મનનો શંકરમાં લય કરી દીધો છે.[૮૨] જે મનુષ્ય, આ સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે તેના શરીરમાં જેટલાં રુંવાટાંનાં છિદ્રો છે, તેટલાં હજાર વર્ષો પર્યંત તે સ્વર્ગમાં નિવાસ કરે છે."[૮૩]

ઇતિશ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"મેઘવાહનપર્વાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૧૮ મો સમાપ્ત

અધ્યાય ૧૯ મો

અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

यदिदं सह धर्मेति प्रोच्यते भरतर्षभ ।
पाणिग्रहणकाले तु स्त्रीणामेतत्कथं स्मृतम्॥१॥

હે ભરતશ્રેષ્ઠ ભીષ્મપિતામહ! સ્ત્રીઓના પાણિગ્રહણસમયે 'સહોભૌ ધર્મં ચરતાં-તમે બન્ને:સાથે રહીને ધર્માચરણ કરો' એવી શાસ્ત્રીય આજ્ઞા કહેવામાં આવે છે, તે શામાટે? તેનો ઉદ્દેશ શો છે?[૧] શું એ આર્ષ ધર્મ છે? અર્થાત્ વૈદિક મંત્રોથી પ્રકાશમાં આવેલો શ્રૌતસ્માર્ત ક્રિયારૂપ ધર્મ છે, અથવા કેવળ પ્રજોત્પાદન કરવામાટેજ તે ધર્મનો ઉપદેશ આપવામાં આવે છે? અથવા કેવળ ઇંદ્રિયોને તૃપ્ત કરવામાટેજ પૂર્વકાળના મહર્ષિઓએ સહધર્માચરણ કરવાનું કહ્યું છે?[૨] આ વિષયમાં મને અતિમહાન સંશય ઉત્પન્ન થયો છે અને મને લાગે છે કે, એ સહધર્મનો ઉપદેશ કેવળ વિરુદ્ધજ છે. વળી દાંપત્યભાવથી જોડાયલાં સ્ત્રીપુરુષોએ, આ લોકમાં જે સહધર્માચરણ કરેલું હોય છે, તેનો મરણ પછી પરલોકમાં ક્યાં ઉપયોગ છે? (કેમકે આ લોકમાં સાથે રહીને ધર્માચરણ કરનારાં સ્ત્રીપુરુષો, પરલોકમાં એકત્ર ક્યાં રહી શકે છે?)[૩] હે પિતામહ! સહધર્મનું ફળ, મરણ પામેલાઓને સ્વર્ગપ્રાપ્તિરૂપજ હોવું જોઇએ; પરંતુ સ્ત્રી અને પુરુષમાંથી એકનું મરણ પ્રથમ થાય છે અને બીજાનું મરણ પાછળથી થાય છે ત્યારે તેઓને સહધર્માચરણનું ફળ ક્યાં મળે છે? અને તેઓ કેવી રીતે એકત્ર રહી શકે છે? તે મને કહો;[૪] કેમકે જગતના સર્વ મનુષ્યો, ભિન્ન ભિન્ન ધર્મોનું આચરણ કરનારા હોઇને જૂદા જૂદા ફળને પામે છે અને જૂદાં જૂદાં કર્મોની વાસનાઓવાળા હોઇને અનેક પ્રકારનાં નરકોમાં સ્થિતિ કરે છે. (તો પછી સહધર્મનું આચરણ કરનારાં સ્ત્રીપુરુષોની પરલોકમાં એકત્ર સ્થિતિ રહી શકે, એ કેમ સંભવી શકે? અને એ જો ન સંભવી શકે તો પછી સહધર્માચરણનું પારલૌકિક ફળ શું?)

વળી સૂત્રકારનો એ સિદ્ધાંત છે કે,'अनृताः स्त्रियः-સ્ત્રીઓ અસત્યનીજ મૂર્તિઓ હોય છે" આ રીતે જ્યારે સ્ત્રીઓને અસત્યવાદિનીજ કહેવામાં આવી છે, તો પછી હે તાત! તેઓની સાથે રહીને સહધર્મ ક્યાંથી થઈ શકે?[૬] વળી વેદમાં પણ કહ્યું છે કે,"अनृताः स्त्रियः-સ્ત્રીઓ અસત્યમય હોય છે." આ ઉપરથી તો એમજ જણાય છે કે, સહધર્મ એ એક જાતનો ગૌણ ધર્મ છે, વાસ્તવિક ધર્મ નથી; અથવા સહધર્મ એ એક જાતનો અધર્મજ છે છતાં એની ક્રિયાવિધિને કેવળ ઔપચારિકજ ધર્મવિધિ કહેવામાં આવે છે.[૭]* હે પિતામહ! આ સહધર્મના સંબંધમાં મને નિરંતર વિચાર આવ્યા કરે છે, તોપણ એના મુખ્ય ઉદ્દેશને હું સમજી શકતો નથી. તે ઉપરથી મને જણાય છે કે, એ વાત ઘણીજ ગહન હશે-દુર્બોધ્ય હશે; માટે તમે વેદમાં કહ્યું હોય તે પ્રમાણેજ કહીને મને આ સહધર્મના વિષયમાં સંપૂર્ણ રીતે સંદેહરહિત કરો.[૮] હે મહાબુદ્ધિમાન પિતામહ! આ સહધર્મનો પ્રચાર જે સમયે થયો હોય,જેવા રૂપમાં થયો હોય અને જે પ્રકારે થયો હોય તે સર્વ,તમે મને કહો."[૯]

ભીષ્મે કહ્યું:- હે ભરતવંશી રાજા! આ વિષયમાં પણ ઋષિ અષ્ટાવક્ર અને દિશાની અધિષ્ઠાત્રી દેવીના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧૦] પૂર્વે મહાતપસ્વી અષ્ટાવક્રને લગ્ન કરવાની જ્યારે ઇચ્છા થઈ હતી, ત્યારે તેમણે મહાત્મા વદાન્ય ઋષિની પાસે તેમની કન્યાનું માગું કર્યું.[૧૧] વદાન્ય ઋષિની જે કન્યા હતી તેનું નામ સુપ્રભા હતું. રૂપમાં આખી પૃથ્વીપર તેના જેવી બીજી કોઈપણ સ્ત્રી ન હતી; અને ગુણ, પ્રભાવ, શીલ તથા ચારિત્રથી પણ તે કન્યા શોભી રહી હતી. જેમ વસંતઋતુના સમયમાં પુષ્પોથી વ્યાપ્ત થયેલી વિચિત્ર વનરાજી, જોનારના મનનું હરણ કરે છે, તેમ સુંદર નેત્રવાળી તે કન્યાએ, દર્શનમાત્રમાંજ અષ્ટાવક્રના મનને હરણ કરી લીધું હતું.[૧૩] તે પછી વદાન્ય ઋષિએ અષ્ટાવક્રને કહ્યું કે:-"મારી કન્યા હું તનેજ આપીશ,પરંતુ હું કહું છું તે તું સાંભળ. તું પ્રથમ પવિત્ર એવી ઉત્તરદિશામાં જા અને ત્યાં જે કંઇ જોવાનું છે તે જોઇ આવ."[૧૪]

અષ્ટાવક્રે કહ્યું:-"આપે મને કહેવું જોઇએ કે, ત્યાં ઉત્તરદિશામાં મારે શું જોવું જોઇએ? તમે મને જે પ્રમાણે કહેશો તે પ્રમાણેજ હમણાં હું કરીશ."[૧૫]

વદાન્યે કહ્યું:-"ઉત્તરદિશામાં કુબેરના નિવાસસ્થાનને તથા હિમાલય પર્વતને ઓળંગીને તું આગળ જજે. ત્યાં સિદ્ધો તથા ચારણોથી સેવાયલું રુદ્રનું એક નિવાસસ્થાન તારા જોવામાં આવશે.[૧૬] એ સ્થળે વિવિધ આકારનાં મુખવાળા શંકરના અનેક પાર્ષદો નૃત્ય કરી રહ્યા છે, બીજા અનેક પ્રકારના પિશાચો પણ શરીર ઉપર દિવ્ય અંગરાગોનું લેપન કરીને પ્રભુનું સેવન કરી રહ્યા છે અને તેઓ સર્વે જ્યારે નૃત્ય કરે છે, ત્યારે હાથમાં તાલ, સુતાલ વગેરે વાદિત્રો લઇને હર્ષપૂર્વક વિજળીની પેઠે ઘણીજ ઝડપથી કુદકીઓ ફરે છે; તેમજ ભ્રમણ કર્યાવિના એમ ને એમ ઉભા રહીને પણ શંકરની સેવા કર્યા કરે છે.[૧૭,૧૮] અમે સાંભળ્યું છે કે, હિમાલયની સમીપમાં રહેલું તે દિવ્ય સ્થાન, શંકરને ઘણુંજ પ્રિય છે; જેથી એ દેવ સદાને માટે ત્યાં નિવાસ કરે છે અને પૂર્વોક્ત પાર્ષદો પણ ત્યાં રહે છે.[૧૯] વળી દેવી પાર્વતીએ, શંકરને પ્રાપ્ત કરવામાટે તેજ સ્થળે મહાકઠિન તપ કર્યું હતું; જેથી એ સ્થાન શિવપાર્વતીને અત્યંત પ્રિય છે, એમ અમે સાંભળ્યું છે.[૨૦] તે શંકરના નિવાસસ્થાનથી ઉત્તર તરફ મહાપાર્શ્વ નામનો એક પર્વત આવેલો છે. ત્યાં પૂર્વે ઋતુઓ, કાળરાત્રિ, દેવતાઓ અને મનુષ્યો, પોતાનાં મૂર્તિમાન શરીર ધારણ કરીને શંકર દેવની ઉપાસના કરી રહ્યા હતા. તેને પણ ઓળંગીને તારે આગળજ ચાલ્યા જવું, એટલે મેઘમંડળના જેવો એક શ્યામ વનપ્રદેશ

× કહેવાનો આશય એ છે કે, મરણ પછીની મનુષ્યોની ગતિઓનો વિચાર કરતાં અને સ્ત્રીઓના દુષ્ટ સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં એમજ જણાય છે કે, સહધર્મ એ કેવળ અધર્મરૂપજ છે અથવા આસુરી ધર્મ છે-ઇંદ્રિયોને તૃપ્ત કરવાનોજ એક માર્ગ છે.

તારા જોવામાં આવશે. એનો દેખાવ ઘણોજ રમણીય અને મનનું આકર્ષણ કરે તેવો છે. પછી તે વનમાં એક વૃદ્ધ સ્ત્રી તારા જોવામાં આવશે. એ સ્ત્રી તપસ્વિની છે, મહાભાગ્યશાળી છે, બ્રહ્મચર્યની દીક્ષાને ધારણ કરનારી છે અને ક્રિયાનિષ્ઠ છે. તે સ્ત્રીનાં તારે દર્શન કરવાં અને યત્નપૂર્વક તેનું પૂજન કરવું.[૨૩,૨૪] એ સ્ત્રીનાં દર્શન કરીને જ્યારે તું પાછો આવીશ, ત્યારે મારી કન્યાનું પાણીગ્રહણ કરી શકીશ; માટે મારૂં આ વચન તને જો માન્ય હોય તો જા, અને સર્વ કાર્ય સિદ્ધ કર.”[૨૫]

અષ્ટાવક્રે કહ્યું:-“બહુ સારૂં, હું ત્યાં અવશ્ય જાઉં છું, કે જ્યાં તમે જવાનું કહો છો! હું મારૂં કાર્ય સિદ્ધ કરૂં, એટલે હે સાધુપુરુષ! તમે તમારી વાણીને સત્ય કરજો.”[૨૬]

ભીષ્મે કહ્યું:-એમ કહીને ભગવાન અષ્ટાવક્ર, શ્રેષ્ઠ એવી ઉત્તરદિશા તરફ ચાલી નીકળ્યા અને સિદ્ધો તથા ચારણોથી સેવાયલા મહાગિરિ હિમાલયની સમીપમાં જઈ પહોંચ્યા.[૨૭] બ્રાહ્મણશ્રેષ્ઠ અષ્ટાવક્ર, મહાગિરિ હિમાલય પાસે જઇને પવિત્ર અને ધર્મશાલિની નદી બાહુદાના તટ ઉપર ગયા.[૨૮] ત્યાં અશોક નામનું એક પવિત્ર તીર્થ છે. તેમાં સ્નાન કરીને તથા દેવતાઓનું તર્પણ વગેરે કરીને એક રાત્રિ નિવાસ કરવામાટે તેમણે દર્ભની એક શય્યા તૈયાર કરી અને તેનાપર તે સુખેથી સૂતા.[૨૯] તે પછી રાત્રિ વીતી ગઇ અને પ્રભાત થયું, ત્યારે તે બ્રાહ્મણ ઉઠયા અને તેમણે સ્નાનસંધ્યાદિ નિત્યકર્મો કરી અગ્નિ પ્રકટ કર્યો તથા વેદના મુખ્ય મંત્રોથી તેની સ્તુતિ કરી.[૩૦] પછી ત્યાં એક ધરા ઉપર આવેલા મંદિરમાં શિવપાર્વતીનાં દર્શન કરી એક ક્ષણવાર ત્યાં વિશ્રાંતિ લીધી અને પછી ત્યાંથી ઉઠીને તે કૈલાસતરફ ગયા.[૩૧] ત્યાં ગયા પછી તેમણે કાંતિથી અત્યંત ઝળકી રહેલું એક સુવર્ણદ્વાર જોયું અને તેની સમીપમાં મહાત્મા કુબેરનું મંદાકિની નામનું સરોવર જોયું.[૩૨] ત્યાં કેટલાએક રાક્ષસો એ સરોવરની ચોતરફથી રક્ષા કરતા હતા, તેઓ મણિભદ્ર નામના પોતાના મુખ્ય નાયકને આગળ કરી ભગવાન અષ્ટાવક્રની સામા આવ્યા;[૩૩] એટલે અષ્ટાવક્રે પણ તે ભયંકર પરાક્રમી રાક્ષસોને સામું માન આપ્યું અને કહ્યું કે:-“હું અહીં આવ્યો છું તે સમાચાર સત્વર કુબેરને તમે જણાવો.”[૩૪] હે રાજન્! તે પછી એ રાક્ષસોએ ‘તથાસ્તુ’ એમ કહીને તે સમાચાર કુબેરને જણાવ્યા અને કુબેર પાસેથી પાછા આવી ભગવાન અષ્ટાવક્રને તેઓએ આ પ્રમાણે કહ્યું:-“આ કુબેર રાજા પોતે અહીં આપની પાસે આવે છે. આપના આવ્યાના સમાચાર તે ભગવાનને અમે જણાવ્યા છે, માટે તેજથી જાજ્વલ્યમાન જણાતા એ મહાભાગનાં તમે દર્શન કરો.” તે પછી રાજા કુબેર, નિર્દોષ બ્રહ્મર્ષિ અષ્ટાવક્ર પાસે આવ્યા અને વિધિપૂર્વક કુશળસમાચાર પૂછી તેમણે આ પ્રમાણે કહ્યું:-“આપ અહીં સુખેથી આવ્યા છો ને? બોલો, મારા તરફથી આપને કયા કાર્યની ઇચ્છા છે? હે બ્રાહ્મણ! આપ મને જે કંઇ કહેશો તે સર્વ હું કરીશ.[૩૮] હે ઉત્તમ બ્રાહ્મણ! મારા રાજ્યમહેલમાં આપ પધારો. ત્યાં આપનો હું સત્કાર કરીશ અને પછી મારાદ્વારા કાર્ય સમાપ્ત કરીને આપની ઇચ્છાનુસાર નિર્વિઘ્ને આપ જજો.”[૩૯] એમ કહીને કુબેરે, તે ઉત્તમ બ્રાહ્મણને સાથે લઇ પોતાના રાજગૃહમાં દાખલ કર્યા અને ત્યાં પોતાનું આસન, પાદ્ય તથા અર્ઘ્ય વગેરે તેમને અર્પણ કર્યાં.[૪૦] પછી જ્યારે કુબેર અને અષ્ટાવક્ર ત્યાં બેઠા, એટલે કુબેરના અનુચર-મણિભદ્ર વગેરે યક્ષો, ગંધર્વો તથા કિન્નરો પણ ત્યાં આવીને પોતપોતાને સ્થાનકે બેઠા.[૪૧] તે સમયે તેઓને ત્યાં બેઠેલા જોઇ કુબેરે અષ્ટાવક્રને કહ્યું કે:-“આ સમયે આપનો અતિથિસત્કાર કરવો અને આપની સેવા કરવી એજ અમારૂં મુખ્ય કર્તવ્ય છે; માટે જો આપની આજ્ઞા હોય તો આપની ઇચ્છાનુસાર આ અપ્સરાઓના સમુદાયો નૃત્યનો આરંભ કરે.” તે સાંભળી મુનિએ મધુર વાણીથી કહ્યું કે:-“ભલે ત્યારે, તેઓ નૃત્યનો આરંભ કરે.”[૪૨,૪૩]

મુનિએ અનુમતિ આપી એટલે તુરતજ ઉર્વરા, મિશ્રકેશી, રંભા, ઉર્વશી, અલંબુષા, ઘૃતાચી, ચિત્રા, ચિત્રાંગદા, રુચિ, મનોહરા, સુ

કેશી, સુમુખી, હાસિની, પ્રભા, વિદ્યુતા, પ્રશમી, દાંતા, વિદ્યોતા અને રતિ–વગેરે અનેક નૃત્યપ્રિય સુંદર અપ્સરાઓએ નૃત્ય કરવાનો આરંભ કર્યો; અને બીજી તરફથી ત્યાં બેઠેલા ગંધર્વોએ વિવિધ પ્રકારનાં વાદિત્રો વગાડવા માંડયાં.[૪૪-૪૬] એ રીતે દિવ્ય સંગીત નૃત્યનો ત્યાં આરંભ થયો અને મહાતપસ્વી ઋષિ અષ્ટાવક્ર ત્યાં બેસી રહ્યા. એમાં ને એમાં દેવતાઓનું એક વર્ષ પસાર થઇ ગયું અને એક વર્ષસુધી તેમણે આનંદ કર્યો.[૪૭] તે પછી રાજા કુબેરે, ભગવાન અષ્ટાવક્રને કહ્યું કેઃ–“ હે બ્રહ્મન્ ! ગાંધર્વ નામના આ દિવ્ય વિષયનું નિરીક્ષણ કરતાં કરતાં લગભગ એક વર્ષ ઉપરનો સમય તો વીતી ગયો છે. ખરેખર, આ વિષય ચિત્તનું હરણ કરી લે તેવો છે; તોપણ હે વિપ્ર ! આપ જો કહેતા હો તો આપની ઇચ્છા પ્રમાણે તેને ચાલુજ રાખીએ;[૪૮,૪૯] કેમકે તમે અમારા અતિથિ છો, માટે અમારે પૂજવા યોગ્ય છો. આ ઘર તમારૂં પોતાનુંજ છે, માટે સર્વ પ્રકારની સત્વર આજ્ઞા કરો. અમે આપને અધીન રહેનારાજ છીએ.” તે સાંભળી ભગવાન અષ્ટાવક્ર, પ્રસન્ન થઇને કુબેરપ્રત્યે કહેવા લાગ્યાઃ–“ હે ધનેશ્વર ! તમે યથાયોગ્ય રીતે મારો સત્કાર કર્યો છે; માટે હે ધનના અધિપતિ ! તમારૂં સર્વ યોગ્ય આતિથ્ય પામીને હું પ્રસન્ન થયો છું. હવે હે ભગવન્ ! તમારી કૃપાથી અને મહર્ષિ મહાત્મા વદાન્યની આજ્ઞાથી આજે હું જઈશ. તમારૂં કલ્યાણ થાઓ અને તમે સંપત્તિમાન થાઓ.” એમ કહીને ભગવાન અષ્ટાવક્ર કુબેરને ઘેરથી નીકળી પડયા અને ઉત્તરદિશા તરફ ચાલતા થયા.[૫૦-૫૩] તેમણે કૈલાસ, મંદરાચળ અને મેરુ વગેરે અનેક મોટા પર્વતોમાં મુસાફરી કરી અને છેવટે *કૈરાત નામના ઉત્તમ સ્થાનમાં તે જઇ પહોંચ્યા.[૫૪] એ સ્થાનમાં સાવધાનીપૂર્વક પૃથ્વી× ઉપર ઉતરીને નમ્ર મસ્તકથી તેમણે પ્રદક્ષિણા કરી, જેથી તેમનું મન અત્યંત પવિત્ર થયું;[૫૫] અને ફરી પણ તેને ત્રણ પ્રદક્ષિણા કરીને મનમાં પ્રસન્ન થયેલા તે અષ્ટાવક્ર, ઉત્તરદિશા તરફ મુખ કરીને પૃથ્વીના સપાટ પ્રદેશમાં આગળ વધ્યા.[૫૬] તેવામાં બીજો એક સુંદર વનપ્રદેશ તેમના જોવામાં આવ્યો. તેમાં સર્વ ઋતુઓમાં ઉત્પન્ન થનારાં કંદમૂળો તથા ફળો ઉત્પન્ન થતાં હતાં, અનેક જાતનાં પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં અને જ્યાં ત્યાં રમણીય ભૂમિકાઓથી તે વનવિભાગ શોભી રહ્યો હતો. ભગવાન અષ્ટાવક્રે, તે વનમાં એક દિવ્ય આશ્રમ જોયો, કે જેની આસપાસ રત્નોથી ઝળકી રહેલા વિવિધાકૃતિ સુવર્ણ પર્વતો દીપી રહ્યા હતા; તેમજ મણિમય ભૂમિમાં અનેક તળાવડીઓ વિરાજી રહી હતી.[૫૭-૫૯] વળી બીજાં અનેક સુંદર ક્ષેત્રો ત્યાં દેખાતાં હતાં. તે જોઇને શુદ્ધાત્મા મહર્ષિ અષ્ટાવક્રનું મન અત્યંત પ્રસન્ન થયું.[૬૦] તે પછી તેમણે આજુબાજુ દૃષ્ટિ કરી એટલે સર્વ પ્રકારનાં રત્નોથી જડેલું અને તદ્દન સુવર્ણનુંજ એક દિવ્ય ઘર તેમની નજરે પડયું. તેનો દેખાવ ઘણોજ અદ્દભુત હતો અને કુબેરના ઘર કરતાં પણ તે ઘણું શ્રેષ્ઠ હતું.[૬૧] તે ઘરની ચોતરફ મણિના તથા સુવર્ણના અનેક મોટા પર્વતો દૃષ્ટિએ પડતા હતા, સુંદર વિમાનો તથા ભાત ભાતનાં રત્નો જ્યાં ત્યાં જોવામાં આવતાં હતાં, તેની સમીપમાંજ કલ્પવૃક્ષનાં પુષ્પોથી મંદાકિની નદી વહી જતી હતી, ત્યાંની ભૂમિ મણિઓ તથા હીરાઓથી શોભાયમાન હોઇને કાંતિથી ઝળહળી રહી હતી અને તેની આસપાસ વિચિત્ર મણિજડિત તોરણોવાળાં અનેક પ્રકારનાં ભવનો (ઘરો) દીપી રહ્યાં હતાં, કે જેઓની ફરતી મોતીની સેરો લટકાવી હતી, જેઓની ભીંતોમાં મણિઓ તથા રત્નો પ્રકાશી રહ્યાં હતાં અને જેઓનો દેખાવ રમણીય તથા સુંદર હોઇને પ્રેક્ષકનાં મનને તથા દૃષ્ટિને હરી લેતો હતો. વળી તે આશ્રમ અનેક ઋષિઓથી ભરપૂર હતો, તેથી ઘણોજ મનોહર દેખાતો હતો.[૬૪] તે પછી મહર્ષિ અષ્ટાવક્રને તે આશ્રમપદનું

---

* કિરાત(ભિલ્લ)નો વેષ ધારણ કરીને મહાદેવે ત્યાં નિવાસ કર્યો હતો, માટે તે સ્થાનને કૈરાત સ્થાન કહે છે.

× આ ઉપરથી જણાય છે કે, અષ્ટાવક્ર આકાશમાર્ગે ઉત્તરદિશામાં જઇ રહ્યા હતા.

અવલોકન કરીને મોટી ચિંતા થઈ પડી કેઃ–“તે વૃદ્ધ સ્ત્રી અહીં કયે સ્થળે નિવાસ કરતી હશે? મનમાં એ પ્રમાણે વિચાર કરીને તેના દ્વારની સમીપમાં જઇને ઋષિ ઉભા રહ્યા અને આ પ્રમાણે બોલ્યા[૬૬]:–“હું એક અતિથિતરીકે અહીં આવ્યો છું, એમ આ ઘરમાં જેઓ રહેતાં હોય તેઓને હું જણાવું છું.” તે સાંભળીને તુરતજ એ ઘરમાંથી કેટલીએક કન્યાઓ ટોળે વળીને બહાર આવી.[૬૭] હે રાજા! એ કન્યાઓ* ભિન્ન ભિન્ન રૂપવાળી હતી, તેઓની સંખ્યા સાત હતી અને તેઓ સર્વે મનનું હરણ કરે તેવી સુંદર હતી. અષ્ટાવક્ર જે જે કન્યા સામે જોતા હતા, તે તે તેમના મનને હરી લેતી હતી;[૬૮] અને તેમનું મન એટલું બધું આકર્ષાઈ જતું હતું, કે જેને અટકાવવા માટે તે અશક્ત થઇ પડતા હતા, તેથી તેમને ઘણુંજ દુઃખ થતું હતું. પછી તે બુદ્ધિમાન બ્રાહ્મણને મનમાં ધીરજ ઉત્પન્ન થઇ. તેવામાં પેલી સાતે પ્રમદાઓએ તેમને કહ્યું કેઃ–“હે ભગવન્! આપ આ ઘરમાં પ્રવેશ કરો.” તે સાંભળી બ્રાહ્મણ અષ્ટાવક્ર, કે જે તેઓના સુંદર રૂપથી આશ્ચર્યચકિત થઇ ગયા હતા તે, તેઓના કહેવા પ્રમાણે ઘરમાં દાખલ થયા અને અંદર જઇને તેમણે જોયું તો એક વૃદ્ધ સ્ત્રી એક પલંગ ઉપર બેઠી હતી. તે સ્ત્રીએ શ્વેત વર્ણનાં ઉજ્જવલ વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને તેની અવસ્થા વૃદ્ધ હતી; છતાં સર્વ પ્રકારના અલંકારોથી તે શોભી રહી હતી. એ સ્ત્રીને જોઇને અષ્ટાવક્રે, ‘સ્વસ્તિ’ કહીને આશીર્વાદ આપ્યો, એટલે તે સ્ત્રીએ પણ સામું સ્વાગતવચન કહ્યું;[૬૯] અને પલંગપરથી ઉભી થઇને બોલી કેઃ–“આ આસનપર આપ બિરાજો.”

પછી અષ્ટાવક્રે કહ્યું:–“ આ સર્વ સ્ત્રીઓ પોતપોતાને ઘેર ભલે ચાલી જાય.’ માત્ર એકજ સ્ત્રી કે જે જ્ઞાનસંપન્ન અને શાંત ચિત્તવાળી હોય તેજ મારી પાસે રહે. બાકીની સર્વે સ્ત્રીઓ પોતાની ઇચ્છાનુસાર ભલે જતી રહે.”

તે સાંભળી પેલી સર્વ કન્યાઓ ઋષિની પ્રદક્ષિણા કરીને ઘરમાંથી બહાર નીકળી ગઇ. માત્ર પેલી એક વૃદ્ધ સ્ત્રીજ ત્યાંજ ઉભી રહી. તે પછી તે સુંદર પલંગ ઉપર શયન કરતાં કરતાં ઋષિએ પેલી વૃદ્ધ સ્ત્રીને કહ્યું કેઃ–“હે ભદ્રે! તું પણ હવે સૂઇ જા, કેમકે રાત્રિ થઇ ગઇ છે.” એ પ્રમાણે વાર્તાલાપના પ્રસંગમાં તે બ્રાહ્મણે પેલી વૃદ્ધ સ્ત્રીને કહી દીધું, એટલે બીજા એક તેજસ્વી દિવ્ય શયનમાં તે સૂતી; પણ અમુક સમય વ્યતીત થયો એટલે તે સ્ત્રીનું સર્વ અંગ કામવિકારને લીધે થરથર ધ્રુજવા લાગ્યું* ત્યારે “ઠંડીને લીધે મને કંપ થાય છે” એવું નિમિત્ત કાઢીને તે વૃદ્ધ સ્ત્રી મહર્ષિના શયન ઉપર ચઢી ગઇ; એટલે ભગવાન અષ્ટાવક્રે સ્વાગતવચન કહીને તેનો આદર કર્યો.[૭૦-૭૮] હે રાજા! તે વૃદ્ધાએ પોતાની બન્ને ભુજાઓથી પ્રીતિપૂર્વક ઋષિને આલિંગન કર્યું; છતાં ઋષિ તો કાષ્ઠ અને ભીંતની પેઠે છેક નિર્વિકારજ રહ્યા.[૭૯] તે જોઇ, મનમાં દુઃખી થયેલી તે સ્ત્રીએ, ઋષિની સાથે વાર્તાલાપ કરવાનો આરંભ કર્યો:–“હે બ્રહ્મન્! સ્ત્રીઓનું ધૈર્ય, સ્વાભાવિક રીતેજ પુરુષ પાસે કદી ટકી શકતું નથી;[૮૦] જેથી તમારા સમીપમાં રહીને કામવડે હું મોહિત થઈ ગઇ છું અને તેથીજ હું તમારી પાસે આવી છું; માટે તમે મને સેવો–મારી સાથે વિષયભોગ કરો. હે બ્રહ્મર્ષિ! મારી સાથે ભોગવિલાસ કરીને તમે પ્રસન્ન થાઓ, મારી સાથે સમાગમ કરો. હે વિપ્ર! તમે મને આલિંગન કરો, તમારા સંબંધમાં આવીને હું અત્યંત કામાતુર બની ગઇ છું. વળી હે ધર્માત્મન્! મારી સાથે સમાગમ કરવો, એજ તમારા તપનું ઉત્તમ ફળ છે. મેં તમારાં દર્શન કર્યાં છે, ત્યારથીજ તમારી સાથે વિષયભોગ કરવાની ઈચ્છા કરી છે; માટે પોતાને ભજી રહેલી મને તમે ભજો–ભોગવો.

---

* સાત દિશાઓની સાત અધિષ્ઠાત્રી દેવીઓજ કન્યાઓનું સ્વરૂપ ધારણ કરીને આવી હતી, એમ સમજવું.

* એક પુરુષને સમીપમાં સૂતેલો જોઇ અત્યંત વૃદ્ધ સ્ત્રીની પણ આવી દુર્દશા થઈ; ત્યારે કોઈ એક તરુણ સ્ત્રી, પુરુષની સમીપમાં રહીને ધૈર્યભ્રષ્ટ થાય, એમાં કંઈ આશ્ચર્ય નથી.

મારૂં આ સર્વ ધન અને બીજી જે કંઇ વસ્તુ તમારા જોવામાં આવે છે, તે સમગ્રના સંપૂર્ણ રીતે તમે સ્વામી થાઓ અને મારા પોતાના પણ સ્વામી થાઓ; આ હું સત્ય કહું છું, એમાં કંઇ સંશય નથી. તમારી સર્વ કામનાઓ હું પૂર્ણ કરીશ; માટે હે વિપ્ર ! સર્વ ઇચ્છિત ફળને આપનારા આ રમણીય વનમાં તમે મારી સાથે રમણ કરો. હું તમને અધીન રહેનારી થઇશ; જેથી તમે મારી સાથે આનંદ કરશો.[૮૨–૮૫] આપણે દિવ્ય તથા માનુષી–સર્વ પ્રકારના ભોગો ભોગવીશું. વળી એ વાત નિશ્ચય છે કે, સ્ત્રીઓને પુરુષના સંસર્ગવિના બીજું કંઇપણ વિશેષ સુખ નથી; કેમકે અમારા સ્ત્રીજન્મનું સર્વોત્તમ ફળ એજ છે. સ્ત્રીઓને કામદેવની જ્યારે પ્રેરણા થાય છે–અર્થાત્ સ્ત્રીઓ જ્યારે કામાતુર થાય છે, ત્યારે પોતાની ઇચ્છામાં આવે તેમ વર્તે છે; એટલુંજ નહિ પરંતુ વિષયભોગને માટે પોતાના સંકેતસ્થળે તેઓ જ્યારે ચાલી નીકળે છે, ત્યારે અત્યંત તપી ગયેલી રેતીથી પણ બળતી નથી. ”

અષ્ટાવક્રે કહ્યું:–“ હે ભદ્રે ! પરસ્ત્રીસાથે હું કોઇ રીતે પણ ગમન કરતો નથી–પરસ્ત્રી સાથે વ્યભિચાર કર્મમાં હું કદી જોડાતોજ નથી; કેમકે ધર્મશાસ્ત્રવેત્તા વિદ્વાનોએ પરસ્ત્રીનાસ્પર્શમાત્રને પણ દોષપાત્ર ગણેલો છે. વળી હે ભદ્રે ! સત્યના સોગંદ ખાઇને હું તને કહું છું કે, શાસ્ત્રવિધિ પ્રમાણે મારે લગ્ન કરવાનીજ ઇચ્છા છે (નહિ કે આવું વ્યભિચાર કર્મ કરવાની મને ઇચ્છા છે!), એમ તારે નિશ્ચય જાણવું. મને વિષયો ઉપર પ્રીતિ નથી, તોપણ માત્ર ધર્મને માટેજ વિધિપૂર્વક લગ્ન કરીને પ્રજા ઉત્પન્ન કરવી, એવો મારો નિશ્ચય છે; કેમકે એ રીતે પુત્રો ઉત્પન્ન કરીને હું દિવ્યલોકોમાં જઇ શકીશ, એમાં કંઈ સંશય નથી.[૮૬–૯૦] હે ભદ્રે ! તું પણ ધર્મના રહસ્યને જાણ અને અધર્મ કરતાં અટક. ”

સ્ત્રીએ કહ્યું:–“ હે બ્રાહ્મણ ! સ્ત્રીઓને જેવી વિષયાભિલાષ ઉપર પ્રીતિ હોય છે, તેવી વાયુ, અગ્નિ, વરુણ કે બીજા કોઈપણ દેવો ઉપર પ્રીતિ હોતી નથી; કેમકે સ્ત્રીઓ રતિશીલ હોય છે–માત્ર વિષયસુખનીજ ઇચ્છા રાખનારી હોય છે. એકહજાર સ્ત્રીઓમાં માત્ર એકાદજ સ્ત્રી કદાચ પતિવ્રતા હશે અથવા એક લાખ સ્ત્રીઓમાં કોઇ એકજ સ્ત્રી પાતિવ્રત્ય પાળનારી મળી શકશે; કેમકે સ્ત્રીઓ પિતાની, કુળની, માતાની, ભાઇઓની, ભર્તાની, પુત્રોની કે દિયરોની, કોઇની પણ મર્યાદા રાખતી નથી. માત્ર તેઓ પોતાને વિષયસુખ મળે, એવોજ અભિલાષ ધરાવે છે અને તે વિષયસુખને માટે મોટી નદીઓ જેમ કાંઠાઓને તોડી પાડે છે તેમ સ્ત્રીઓ પોતાના કુળનો નાશ કરી નાખે છે. એ પ્રમાણે પ્રજાપતિએ પોતે સ્ત્રીઓના સર્વ દોષોનો વિચાર કરીને કહ્યું છે.”[૯૧–૯૪]

ભીષ્મે કહ્યું:–તે પછી એ ઋષિએ મનને એકાગ્ર કરી તે વૃદ્ધ સ્ત્રીને કહ્યું કે:–તું જરા સ્વસ્થ થઇને બેસ અને હરકોઇ ઇચ્છા, પ્રથમ રુચિથીજં ઉત્પન્ન થાય છે, એ વિષેનો મનમાં વિચાર કર. (અર્થાત્ તને કામ ઉપર રુચિ થઇ છે તેથી તું મને ઇચ્છે છે, પણ મને કામ ઉપર રુચિ નથી, તેથી હું તને સ્પર્શ કરવાની ઇચ્છા રાખતો નથી.) તારે મારી પાસેથી બીજું જે કંઇ કરવાનું હોય તે તું મને કહે.[૯૫] તે સાંભળી પેલી સ્ત્રીએ કહ્યું કે:–“ હે ભગવન્ ! દેશ તથા કાળ પ્રમાણે તમે વિષયસુખને જાણશો; માટે હે મહાભાગ ! પ્રથમ તમે અહીં નિવાસ કરો, એટલે કૃતકૃત્યજ થશો.”[૯૬] હે યુધિષ્ઠિર! તે પછી “ તથાસ્તુ ” એમ કહીને બ્રહ્મર્ષિ અષ્ટાવક્રે કહ્યું કે:–“ તારો ઉત્સાહ હશે, ત્યાંસુધી હું નિઃસંશય અહીં રહીશ. ”[૯૭]

પછી તે ઋષિ વૃદ્ધાવસ્થાથી ઘેરાઇ ગયેલી તે સ્ત્રી સામે દૃષ્ટિ કરીને મોટી ચિંતામાં પડી ગયા અને જાણે સંતાપ પામ્યા હોય તેવા થઇ ગયા;[૯૮] કેમકે બ્રાહ્મણશ્રેષ્ઠ અષ્ટાવક્ર, તે સ્ત્રીના જે જે અંગને જોતા હતા તેને રૂપથી વિરક્ત થયેલી જોઇને, તેમની દૃષ્ટિ લેશમાત્ર આનંદ પામતી ન હતી.[૯૯] તેમના મનમાં વિચાર આવવા લાગ્યો કે:–“ આ સ્ત્રી આ ગૃહની કોઈ દેવી હશે ? આના રૂપમાં આવો વિકાર થઇ ગયો છે, તે શું શાપને લીધે હશે ?

અથવા આ સ્ત્રી આવી કદ્રૂપી થઇ ગઈ છે તેનું કારણ જાણવામાટે મારે એકદમ ઉતાવળ કરવી તે યોગ્ય નથી.”૧૦૦ એરીતે ચિંતાથી વ્યાપ્ત થયેલા અષ્ટાવક્રને એ વિષય જાણવાની અતિ ઉત્કટ ઇચ્છા થઈ હતી અને તેનેમાટે વ્યાકુળ મનથી તે વિચાર કરતા હતા અને તે ચિંતામાં બાકીની રાત અને દિવસ વીતી ગયાં અને સાયંકાળ થવા આવ્યો.૧૦૧ એ સમયે પેલી સ્ત્રીએ કહ્યું કેઃ-“ હે ભગવન્ ! જુઓ, આ સૂર્યનું સ્વરૂપ સંધ્યાસમયનાં વાદળાંઓને લીધે રક્તવર્ણું થઇ ગયું છે;માટે કહો, હું તમારી કયી સેવા કરૂં ?” તે પછી ઋષિએ તે સ્ત્રીને કહ્યું કેઃ-“ સ્નાન કરવામાટે જળ લાવ,એટલે હું સ્નાન કરીને વાણી તથા ઇંદ્રિયોના સંયમપૂર્વક સંધ્યાવંદન કરૂં.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં “ અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ ” એ વિષયનો અધ્યાય ૧૯ મો સમાપ્ત

અધ્યાય ૨૦ મો

અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ (ચાલુ)

॥ भीष्म उवाच ॥

अथ सा स्त्री तमुवाच बाढमेवं भवत्विति ।
तैलं दिव्यमुपादाय स्नानशाटीमुपानयत् ॥१॥

ભીષ્મે કહ્યું:-અષ્ટાવક્રે એ પ્રમાણે આજ્ઞા કરી તે પછી તે સ્ત્રીએ “બહુ સારૂં” એમ કહીને દિવ્ય તેલ આણ્યું અને સ્નાનસમયે પહેરવાનું એક વસ્ત્ર આણ્યું.૧ ત્યારે મહાત્મા અષ્ટાવક્રમુનિએ અનુજ્ઞા આપી એટલે તે સ્ત્રીએ તેમનાં સર્વ અંગો ઉપર તેલનું મર્દન કર્યું અને પછી તેણે ધીમેથી ઉભા કર્યા એટલે મુનિ સ્નાનશાળામાં ગયા. તે સ્થળે એક નવું અને સુંદર ભદ્રાસન મૂકી રાખવામાં આવ્યું હતું,તેનાપર ઋષિ બેઠા એટલે પેલી સ્ત્રીએ ધીમે ધીમે અને કોમળ હાથે તેમના શરીરને ચોળીને તેમને સુખ ઉપજે તે પ્રમાણે સ્નાન કરાવવા માંડ્યું.૨,૩ તે સમયે એ સ્ત્રીએ, વિધિપૂર્વક દિવ્ય ઉપચારો કરીને મુનિને સુખ ઉપજે તેમ સ્નાન કરાવવા માંડયું; અને હાથમાં સુખદાયી ઉષ્ણ જળ લઇને કોમળ હાથે તેમના શરીરનું મર્દન કરવામાંડયું. તેવામાં આખી રાત્રિ પસાર થઇ ગઈ; છતાં મહાવ્રતધારી તે મુનિએ (મારા સ્નાનકાર્યમાંજ સમગ્ર રાત્રિ વીતી ગઇ છે) એ કંઇ જાણ્યું નહિ.* તે પછી એ મુનિ સ્નાન કરીને જ્યારે ઉભા થયા, ત્યારે તેમને અત્યંત આશ્ચર્ય થયું. તેમણે પૂર્વદિશા તરફ દૃષ્ટિ કરી એટલે જોયું કે, આકાશમાં સૂર્યનો ઉદય થઈ ચૂકયો છે. તે વેળા તેમને વિચાર થવા લાગ્યો કેઃ-“ આ તે શું મને મોહ થયો છે કે આ વાત સત્ય છે ? તે પછી ભગવાન સૂર્યનું પૂજન કરીને ઋષિએ પેલી સ્ત્રીને પૂછ્યું કેઃ-“ હવે હું શું કરૂં ?” તે સાંભળી તુરતજ એ સ્ત્રીએ અમૃતના રસ જેવું સ્વાદિષ્ટ ભોજન ઋષિને આણી આપ્યું.૮ એ ભોજન એટલું બધું તો સ્વાદિષ્ટ હતું કે, તેને માટે “ બસ, આટલું મને પૂર્ણ છે ” એમ ઋષિએ કહ્યુંજ નહિ અને તે ભોજનમાંજ દિવસનો બાકીનો ભાગ પણ વ્યતીત થઇ ગયો. પછી જ્યારે સાયંકાળનો સમય થયો,ત્યારે તે સ્ત્રીએ ભગવાન અષ્ટાવક્રને કહ્યું કેઃ-“હવે રાત્રિ થઈ ગઇ છે, માટે આપ-સૂઇ જાઓ. ” ત્યારે તે ઋષિ પોતાને માટે તૈયાર કરવામાં આવેલા દિવ્ય શયનમાં સૂતા અને પેલી સ્ત્રી પણ પોતાને માટે તૈયાર કરેલા બીજા એક દિવ્ય શયનમાં જૂદીજ સૂતી; પરંતુ અર્ધરાત્રિનો સમય થયો એટલે તે સ્ત્રી અષ્ટાવક્રના શયન ઉપર જઇ પહોંચી.૯-૧૧

તે સમયે અષ્ટાવક્રે કહ્યું કેઃ-“હે ભદ્રે! પારકી સ્ત્રી ઉપર મારૂં મન કદી આસક્ત થતુંજ નથી; માટે હે કલ્યાણિ ! તું અહીંથી ઉઠી જા. તારૂં કલ્યાણ થાઓ. તું તારી મેળેજ આ અધર્મ કૃત્યથી અટકી જા.”૧૨

---

* કહેવાનું તાત્પર્ય એ છે કે, મુનિ અષ્ટાવક્ર વિરક્ત હતા અને જ્ઞાની હતા, છતાં પણ અત્યંત નિંદવા યોગ્ય એક વૃદ્ધ સ્ત્રીના માત્ર હાથના સ્પર્શથી પણ ગયેલા સમયને જાણી શક્યા નહિ,તો પછી એક તરુણ સ્ત્રીમાં વિષયાસક્ત બનેલા અજ્ઞાની પુરુષો પોતાના સમગ્ર આયુષ્યના વ્યયને ન જાણે, એ કંઇ નવાઇની વાત નથી.

ભીષ્મે કહ્યું:–એ રીતે બ્રાહ્મણ અષ્ટાવક્રે પોતાના ધૈર્યના બળથી તેને અટકાવી એટલે ઋષિને તેણે કહ્યું કે:–"હું સ્વતંત્ર છું, જેથી તમને ધાર્મિક દોષ લાગવાનો નથી." [૧૩]

અષ્ટાવક્રે કહ્યું:–"સ્ત્રીઓને માટે સ્વતંત્રતા કદી છેજ નહિ. તેઓ સદાય અસ્વતંત્રજ છે; કેમકે પ્રજાપતિનો ખાસ એજ મત છે કે, "न स्त्री स्वातंत्र्यमर्हति–સ્ત્રી સ્વતંત્રતાને યોગ્યજ નથી." [૧૪]

સ્ત્રીએ કહ્યું:–"઼ઓ બ્રાહ્મણ! મને કામવિકારની અત્યંત પીડા થાય છે. તમે મારી ભક્તિ તરફ દૃષ્ટિ કરો. હે વિપ્ર! તમે મારી યાચનાનો અસ્વીકાર કરો છો, તેથી તમને અધર્મનીજ પ્રાપ્તિ થશે." [૧૫]

અષ્ટાવક્રે કહ્યું:–"કામક્રોધાદિ દોષો, સ્વચ્છંદી પુરુષનો અવશ્ય નાશ કરે છે; પણ હું તો મારા ધૈર્યના બળથી તે દોષોના ઉપર પણ નિરંતર સત્તા ચલાવી શકું છું; માટે હે ભદ્રે! તું તારા શયનમાં જા. [૧૬]

સ્ત્રીએ કહ્યું:–"હે વિપ્ર! મસ્તક નમાવીને હું આપને પ્રણામ કરૂં છું, માટે તમારે મારાપર કૃપા કરવી યોગ્ય છે. પૃથ્વીપર પડીને હું આપને પ્રાર્થના કરૂં છું, માટે હે નિર્દોષ બ્રાહ્મણ! તમે મારા શરણરૂપ થાઓ. [૧૭] હે દ્વિજ! પરસ્ત્રી સાથે સમાગમ કરવામાં તમને દોષ દેખાતો હોય, તો મારો આત્મા હું તમને અર્પણ કરૂં છું, મારૂં પાણિગ્રહણ કરવા આજે તમે તૈયાર થાઓ; [૧૮] કેમકે એમ કરવાથી તમને લેશમાત્ર દોષ લાગશે નહિ, એ હું તમને સત્ય કહું છું. વળી તમે જાણો કે, હું સ્વતંત્ર છું, છતાં મારૂં પાણિગ્રહણ કરવામાં તમને અધર્મ પ્રાપ્ત થતો હોય તો તે અધર્મ, ભલે મારા ઉપરજ આવી પડે (તેની મને દરકાર નથી). મારૂં ચિત્ત તમારામાં પરોવાઇ ગયું છે. વળી હું સ્વતંત્ર છું, માટે તમે મને ભજો–મારી પ્રાર્થનાને અનુકૂળ થાઓ." [૧૯]

અષ્ટાવક્રે કહ્યું:–"હે ભદ્રે! તું સ્વતંત્ર કેવી રીતે છે? તેનું કારણ મને કહે. આ ત્રિલોકમાં એવી એક પણ સ્ત્રી નથી કે જે સ્વતંત્રતાને યોગ્ય હોય[૨૦] નીતિવેત્તાઓ કહે છે કે:–

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
पुत्राश्चस्थाविरे काले नास्ति स्त्रीणां स्वतंत्रता

બાલ્યાવસ્થામાં પિતા સ્ત્રીનું રક્ષણ કરે છે; યુવાવસ્થામાં પતિ સ્ત્રીનું રક્ષણ કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્રો સ્ત્રીનું રક્ષણ કરે છે. આ રીતે સ્ત્રીઓને સ્વતંત્રતા છેજ નહિ."[૨૧]

સ્ત્રીએ કહ્યું:–"બાલ્યાવસ્થાથી આરંભીનેજ હું બ્રહ્મચર્યનું પાલન કરૂં છું, માટે હું કન્યાજ છું, એ નિઃસંશય છે. હે વિપ્ર! તમે મને પોતાની પત્ની બનાવો, મારી શ્રદ્ધાનો નાશ કરો મા."

અષ્ટાવક્રે કહ્યું:–"મને મારી સ્થિતિ ઉપરથી તારી સ્થિતિને માટે વિચાર આવે અને તને તારી સ્થિતિ ઉપરથી મારી સ્થિતિનો વિચાર આવે, એ વાત ખુલ્લી છે; તેમજ આ ઉપરથી એ પણ સંભવી શકે છે કે, જેની પાસે કન્યાની મેં માગણી કરી છે, તે વદાન્ય ઋષિએ હું સાધુપુરુષ છું કે અસાધુપુરુષ છું, એ વિષેની મારી પરીક્ષા કરવાનો કાં વિચાર કર્યો ન હોય? ખરેખર, આ સમયે જો હું ભ્રષ્ટ થાઉં તો વદાન્ય ઋષિની કન્યા સાથે લગ્ન કરવામાં મને વિઘ્ન શું ન નડે કે? (એમ કહીને તે ઋષિ મનમાંજ વિચાર:કરવા લાગ્યા કે,) વળી આ એક મોટું આશ્ચર્ય છે કે, આ સ્ત્રી પ્રથમ અત્યંત વૃદ્ધ સ્વરૂપમાં દેખાતી હતી અને આ સમયે દિવ્ય વસ્ત્રાલંકારોથી સજ્જ થયેલી એક કન્યાનું સ્વરૂપ ધારણ કરીને મારી પાસે ઉભી રહી છે; પરંતુ આમાં મારૂ પોતાનું શ્રેય શું હશે?[૨૪] શામાટે આ સ્ત્રીનું સ્વરૂપ પ્રથમ વૃદ્ધ હતું અને આ સમયે કન્યાનું રૂપ દેખાય છે? આનું પરિણામ શું હશે? તે કંઈ સમજાતું નથી.[૨૫] અથવા ગમે તે હોય; પણ મારે તો મારા કામદમનના સામર્થ્યનો તથા પ્રથમ પ્રાપ્ત થયેલી (વદાન્યની કન્યારૂપ) વસ્તુનો કોઈ રીતે પણ ત્યાગ કરવો નથી; કેમકે ધર્મનું ઉલ્લંઘન કરવું તે મને પસંદ નથી. હું તો સત્યનું અવલંબન કરીનેજ ધર્મપત્નીસંપાદન કરીશ."

અધ્યાય ૨૦ મો સમાપ્ત

અધ્યાય ૨૧ મો

અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

न विभेति कथं सा स्त्री शापाच्च परमद्युतेः ।
कथं निवृत्तो भगवाँस्तद् भवान् प्रब्रवीतु मे॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ! તે સ્ત્રી, મહાતેજસ્વી ઋષિ અષ્ટાવક્રના શાપથી કેમ ડરી ન હતી? અને ભગવાન અષ્ટાવક્ર, તે સ્ત્રી પાસેથી કેવી રીતે પાછા ફર્યા હતા? તે મને કહો.

ભીષ્મે કહ્યું:- અષ્ટાવક્રે, એ સ્ત્રીને પૂછ્યું હતું કે:-“તેં તારૂં રૂપ શામાટે બદલ્યું છે? તે મને કહે. હું એક બ્રાહ્મણ છું, માટે મારૂં માન જાળવવાની ખાતર પણ તારે અસત્ય બોલવું નહિ.”[૨]

સ્ત્રીએ કહ્યું:-“હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! સ્વર્ગ અને પૃથ્વી વગેરે સર્વ સ્થળે સ્ત્રીપુરુષની અન્યોન્યના અભિલાષરૂપ ઇચ્છા વિદ્યમાનજ છે-અર્થાત્ મોક્ષસિવાયનું બીજું કોઈ પણ સ્થાન કામનાથી મુક્ત છેજ નહિ. હે સત્ય પરાક્રમી બ્રાહ્મણ! મેં જે આ રૂપમાં વિકાર વગેરે કંઈ કર્યું છે તે સર્વના સંબંધમાં તમે સાવધાન થઇને સાંભળો.[૩] હે નિર્દોષ બ્રાહ્મણ! ન્યાયમાર્ગમાં સ્થિર કરવામાટે મેં તમારી પરીક્ષા કરી છે, પણ હે સત્ય પરાક્રમી! ન્યાયમાર્ગમાં અડગ રહીને તમે સર્વ લોકોને જીતી લીધા છે.[૪] હું ઉત્તરદિશાની અધિષ્ઠાત્રી દેવી છું, એમ તમારે જાણવું; અને સ્ત્રીઓમાં ચપળતા કેટલી બધી હોય છે તે તમે પ્રત્યક્ષ જોયું છે. એ ઉપરથી તમને નિશ્ચય થયો હશે કે, સ્ત્રીઓ વૃદ્ધ થાય છે તોપણ તેઓને કામજ્વરની પીડા રહે છે.[૪,૫] આજે, પિતામહ બ્રહ્મદેવ અને ઇંદ્રસહિત સર્વ દેવતાઓ તમારાપર પ્રસન્ન થયા છે અને તમે જે કાર્યને માટે અહીં આવ્યા છો, તે કાર્ય પણ સિદ્ધ થઇ ચૂક્યું છે.[૬] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમને હું ઉપદેશ આપું, એવા હેતુથીજ કન્યાના પિતા બ્રાહ્મણે તમને અહીં મોકલ્યા છે અને એ સર્વ (તમને ઉપદેશ આપવારૂપ કર્તવ્ય) મેં કર્યું છે.[૭] હવે તમે ક્ષેમકુશળ ઘેર જઇ શકશો. તમને લેશમાત્ર શ્રમ લાગશે નહિ અને હે વિપ્ર! તે કન્યા તમને મળશે તથા તેને એક પુત્ર પણ થશે.[૮] ત્રિલોકનાં સમગ્ર મનુષ્યો જે કામાભિલાષનો કદી પરાજય કરી શકતાં નથી, તેને માટે મેં તમને અનેક પ્રશ્નો પૂછ્યા હતા-અનેક રીતે સમજાવ્યા હતા, છતાં તમે મને ઉત્તમ ઉત્તર આપ્યો છે.[૯] હે બ્રહ્મર્ષિ અષ્ટાવક્ર! પુણ્યકાર્ય કરીને હવે તમે સુખેથી જાઓ. તમને બીજું શું સાંભળવાની ઇચ્છા છે? તે મને કહો, એટલે યથાર્થ રીતે હું તમને કહું.[૧૦] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું તમને બોધ આપું, એવા હેતુથી વદાન્ય ઋષિએ મને પ્રસન્ન કરી છે; માટે તેમનું માન જાળવવાની ખાતર આ ઉપદેશવચનો મેં તમને કહ્યાં છે.”[૧૧]

ભીષ્મે કહ્યું:-“ઉત્તરદિશારૂપ તે દેવીનાં વચન સાંભળીને બ્રાહ્મણ અષ્ટાવક્ર, બે હાથ જોડીને ઉભા રહ્યા અને પછી તે દેવીએ જ્યારે અનુજ્ઞા આપી, એટલે પુનઃ પોતાના ઘર તરફ પાછા ફર્યા.[૧૨] ઘેર આવીને થોડીવાર વિશ્રાંતિ લીધા પછી પોતાનાં સ્વજનોને પૂછીને હે કુરુનંદન! યથાયોગ્ય રીતે બ્રાહ્મણ વદાન્ય પાસે તે ગયા;[૧૩] એટલે વદાન્ય ઋષિએ તેમને પૂછ્યું કે:-“મેં કહ્યું હતું તે પ્રમાણે તમે જોયું હતું કે?” ત્યારે બ્રાહ્મણ અષ્ટાવક્રે, પ્રસન્ન ચિત્તથી તેમને ઉત્તર આપ્યો કે:-‘આપની અનુજ્ઞા લઇને હું ગંધમાદન પર્વત તરફ ગયો હતો. તેના ઉત્તરપ્રદેશમાં એક મહાન દેવતા મેં જોયા હતા. તેમણે મને ઉપદેશ આપ્યો, તમારૂં નામ કહ્યું અને અનુજ્ઞા આપી; એટલે હે પ્રભો! હું અહીં ઘેર આવ્યો.”[૧૪-૧૬] તે સાંભળી બ્રાહ્મણ વદાન્યે, અષ્ટાવક્રને કહ્યું કે:-“હવે, નક્ષત્રવિધિ પ્રમાણે તમે મારી કન્યાનું પાણિગ્રહણ કરો; કેમકે તમે એક ઉત્તમ પાત્ર છો.”[૧૭]

ભીષ્મે કહ્યું:-“હે રાજા! “બહુ સારૂં” એમ કહીને અષ્ટાવક્રે, વદાન્યઋષિની કન્યાનું પાણિગ્રહણ કર્યું. તે સમયે પરમ ધર્માત્મા તે બ્રાહ્મણ અત્યંત પ્રસન્ન થયા.[૧૮] એ રીતે વદાન્ય ઋષિની પરમ સુંદર કન્યાને ભાર્યાતરીકે સ્વીકારીને અત્યંત હર્ષ પામેલા તે અષ્ટાવક્ર,

નિશ્ચિંતપણે પોતાના આશ્રમમાં રહેવા લાગ્યા.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ " એ
વિષયનો અધ્યાય ૨૧ મો સમાપ્ત

અધ્યાય ૨૨ મો

દાનપાત્ર કોણ ?

॥ युधिष्ठिर उवाच ॥

किमाहुर्भरतश्रेष्ठ पात्रं विप्राः सनातनाः ।
ब्राह्मणं लिंगिनं चैव ब्राह्मणं वाऽप्यलिंगिनम्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે ભરતશ્રેષ્ઠ પિતામહ ! સનાતન કાળના બ્રાહ્મણો, પાત્ર કોને કહે છે? બ્રહ્મચારી અથવા સંન્યાસીના ચિહ્નને ધારણ કરનારા બ્રહ્મવેત્તાને પાત્ર કહે છે કે બ્રહ્મચારી અથવા સંન્યાસીના ચિહ્નને નહિ ધારણ કરનારા કેવળ બ્રહ્મવેત્તાને પાત્ર કહે છે ?૧

ભીષ્મે કહ્યું:–હે મહારાજા ! સ્વધર્મનો આશ્રય કરનારો કોઈએક પુરુષ, બ્રહ્મચારીના અથવા સંન્યાસીના ચિન્હને ધારણ કરે કે ન કરે, તોપણ તે દાનપાત્ર છે, એમ વિદ્વાનો કહે છે; કેમકે સ્વધર્મનો આશ્રય કરનાર એક પુરુષ સંન્યાસીના અથવા બ્રહ્મચારીના ચિહ્નને ધારણ કરે અને સ્વધર્મનો આશ્રય કરનારો બીજો પુરુષ સંન્યાસીના અથવા બ્રહ્મચારીના ચિહ્નને ધારણ ન કરે, તોપણ તેઓ બન્ને તપસ્વી ગણાય છે.૨

યુધિષ્ઠિરે પૂછયું:–" હે પિતામહ ! કોઇએક અપવિત્ર પુરુષ પણ પરમ શ્રદ્ધાયુક્ત થઇને હવ્યનું તથા કવ્યનું (દેવનિમિત્તક અન્નનું તથા પિતૃનિમિત્તક અન્નનું) બ્રાહ્મણને દાન આપે તો તેને શો દોષ લાગે ?" ૩

ભીષ્મે કહ્યું:–હે તાત ! દુર્દાન્ત (દુરાચારી) પુરુષ પણ શ્રદ્ધાને લીધે પવિત્ર થઈ શકે છે, એમાં કંઈ સંશય નથી; તો પછી હે મહાતેજસ્વી રાજા ! તારા જેવો એક સદાચારી પુરુષ શ્રદ્ધાને લીધે સર્વત્ર પવિત્ર થાય, એમાં શું આશ્ચર્ય છે ?"૪

યુધિષ્ઠિરે પૂછ્યું:–"વિદ્વાનો કહે છે કે, દેવનિમિત્તક કર્મોમાં બ્રાહ્મણની કોઇ રીતે પણ પરીક્ષા કરવી નહિ. પણ પિતૃનિમિત્તક કર્મમ બ્રાહ્મણની અવશ્ય પરીક્ષા કરવી. એનું કારણ શું ?" ૫

ભીષ્મે કહ્યું:–" દેવનિમિત્તક કર્મને બ્રાહ્મણ સિદ્ધ કરી શકતો નથી; કેમકે દેવના અનુગ્રહથીજ દેવકર્મ સિદ્ધ થાય છે અને એમાં કંઇ સંશયજ નથી. જે દેવના પ્રસાદથીજ યજમાનો દેવનું યજન કરી શકે છે–અર્થાત્ દેવોને માત્ર શ્રદ્ધાજ પ્રિય હોય છે તેથી દેવકર્મને શ્રદ્ધાજ સંપૂર્ણ કરી શકે છે, બ્રાહ્મણ પૂર્ણ કરી શકતો નથી;૬ પણ પિતૃકર્મમાં તો હે ભરતશ્રેષ્ઠ ! બ્રહ્મવાદી બ્રાહ્મણોનીજ નિરંતર આવશ્યકતા રહે છે, એમ બુદ્ધિમાન માર્કંડેય ઋષિએ, સર્વ લોકોને ઉદ્દેશીને પૂર્વે કહ્યું છે. (અર્થાત્ પિતૃઓનું કર્મ કેવળ બ્રાહ્મણના અનુગ્રહથીજ પૂર્ણ થાય છે; માટે તે કર્મમાં અનુગ્રહ કરનારા બ્રાહ્મણમાં અવશ્ય તપોબળ હોવુંજ જોઇએ અને તે કારણથીજ પિતૃકર્મમાં બ્રાહ્મણની પરીક્ષા કરવી આવશ્યક છે.)"૭

યુધિષ્ઠિરે પૂછ્યું:–કોઇ એક અપરિચિત પુરુષ, (અતિથિ વગેરે,) વિદ્વાન પુરુષ, સંબંધી પુરુષ (જમાઇ વગેરે,) તપસ્વી પુરુષ અને યજ્ઞશીલ પુરુષ–આ પાંચ જણાઓને પાત્ર કહેવામાં આવે છે, તે શી રીતે ? " ૮

ભીષ્મે કહ્યું:–" તેં પાંચ પુરુષો ગણાવ્યા તે પૈકી પહેલા ત્રણ પુરુષો–એટલે અપરિચિત વિદ્વાન અને સંબંધી,એ ત્રણ પુરુષો કુળવાન, કર્મનિષ્ઠ, વિદ્યાવાન, દયાળુ, લજ્જાશીલ, સરળ અને સત્યવાદી હોય તોજ સુપાત્ર કહેવાય છે; અને બાકીના બે–એટલે તપસ્વી અને યજ્ઞશીલ પુરુષ પણ કુળવાન, કર્મનિષ્ઠ, વિદ્યાવાન, દયાળુ, લજ્જાશીલ, સરળ અને સત્યવાદી હોય તોજ સુપાત્ર ગણાય છે. હે પાર્થ ! આ વિષયમાં પૃથ્વી, કાશ્યપ, અગ્નિ અને માર્કંડેય–એ ચાર મહાતેજસ્વી વિભૂતિઓનો જે મત છે,તે હું તને કહું છું, સાંભળ.૧૦

પૃથ્વીએ કહ્યું છે કે:–"જેમ એક મહાસાગરમાં નાખેલું માટીનું ઢેફું તત્કાળ વિનાશ પા-

મે છે,તેમ સર્વ પ્રકારનું પાપ યાજન,અધ્યાપન અને પ્રતિગ્રહરૂપ બ્રાહ્મી સંપત્તિમાં વિનાશ પામે છે-અર્થાત્ યાજન, અધ્યાપન અને પ્રતિગ્રહ, એ ત્રણદ્વારા આજીવિકા ચલાવનારા બ્રાહ્મણનું સર્વ પાપ નાશ પામે છે. ”[૧૧]

કાશ્યપે કહ્યું છે કેઃ-“હે રાજા ! શીલ અથવા સદાચારથી ભ્રષ્ટ થયેલો બ્રાહ્મણ સર્વ વેદ ભણ્યો હોય, વેદનાં છએ અંગો ભણ્યો હોય, સાંખ્યશાસ્ત્રને જાણતો હોય, પુરાણોને જાણતો હોય અને સત્કુળમાં જન્મ પામ્યો હોય, તોપણ ઉત્તમ ગતિને પામી શકતો નથી-અર્થાત્ શીલસંપન્ન બ્રાહ્મણ સર્વોત્તમ સુપાત્ર છે.”

અગ્નિએ કહ્યું છે કેઃ-“વેદશાસ્ત્રાદિનું અધ્યયન કરીને પોતાને પંડિત માનનારો જે બ્રાહ્મણ પોતાની વિદ્યાવડે બીજાઓના યશનો નાશ કરે છે, તે બ્રાહ્મણ ધર્મમર્યાદાથી ભ્રષ્ટ થાય છે અને તેને લીધે યજ્ઞાદિક સત્યકર્મ તે કરતો નથી, જેથી નાશવંત પરિણામવાળા લોક (સ્વર્ગાદિલોક) તેને પ્રાપ્ત થાય છે. (પરંતુ અવિનાશી લોકની તેને પ્રાપ્તિ થતી નથી.)[૧૩]

માર્કંડેયે કહ્યું છે કેઃ-“અશ્વમેધ નામના એક હજાર યજ્ઞોને તથા સત્યને ત્રાજવામાં નાખીને જો તોળી જોયાં હોય,તો હું નથી માનતો કે, એકહજાર અશ્વમેધ, સત્યની અર્ધ તુલનાને પણ પામી શકે ! (અર્થાત્ સત્ય સર્વ કરતાં શ્રેષ્ઠ છે,માટે સત્યવાદી બ્રાહ્મણ સર્વોત્તમ છે.)”

ભીષ્મે કહ્યું:-“ એમ કહીને પૃથ્વી, કાશ્યપ, અગ્નિ અને દીર્ઘાયુષી માર્કંડેય-એ ચારે મહાતેજસ્વી મહાત્માઓ, ત્યાંથી પોતપોતાને સ્થાને ગયા. ”[૧૫]

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારા બ્રાહ્મણો,શ્રાદ્ધનિમિત્તે આપેલા અન્નનું જો ભોજન કરે, તો તે અન્ન આપનારા યજમાનને પુણ્ય કેવી રીતે પ્રાપ્ત થાય? (અર્થાત શ્રાદ્ધમાં બ્રહ્મચારીઓને ભોજન કરાવવાથી તેઓના બ્રહ્મચર્યવ્રતનો નાશ થયેલો ગણાય છે; માટે શ્રાદ્ધનિમિત્તે બ્રહ્મચારીઓને ભોજન આપનારા યજમાનનું શ્રાદ્ધ, દોષપાત્ર ગણાય ?[૧૬]

ભીષ્મે કહ્યું:-“હે રાજેંદ્ર ! ગુરુની આજ્ઞા પ્રમાણે બ્રહ્મચર્યનું પાલન કરનારા વેદપારંગત બ્રહ્મચારીઓ, શ્રાદ્ધનિમિત્ત અન્નનું ભોજન કરે છે, તો અવશ્ય પોતાના વ્રતથી ભ્રષ્ટ થાય છે (પરંતુ ભોજનદાતા યજમાનને લેશમાત્ર દોષ લાગતો નથી.ઉલટું તેને તો પુણ્યજ મળે છે.*)

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-“ વિદ્વાનો કહે છે કે, ધર્મનાં અનેક ફળ છે અને અનેક દ્વાર છે,માટે હે પિતામહ ! તેને જાણવામાટે વિશેષ નિમિત્ત શું ? તે મને કહો. ”[૧૮]

ભીષ્મે કહ્યુંઃ-“ હે રાજેંદ્ર ! અહિંસા, સત્ય, અક્રોધ, દયા,દમ અને સરળતા-આટલાં ધર્મનાં નિશ્ચિત લક્ષણો છે.[૧૯] હે રાજા ! જે પુરુષો, કેવળ ધર્મની પ્રશંસા કરતાજ પૃથ્વીપર ફર્યા કરે છે પણ પોતે ધર્મનું આચરણ કરતા નથી, તેઓ એક પ્રકારની સંકરતાજ કરવા તૈયાર થયેલા છે, એમ સમજવું.+[૨૦]આવી ધર્મસંકરતા આચરનારા પુરુષોને,જે પુરુષ સોનું, રત્ન, ગાયો, ઘોડા વગેરેનું દાન આપે છે, તે પુરુષ દશ વર્ષોપર્યંત નરકમાં રહીને વિષ્ઠાનું ભક્ષણ કરે છે.[૨૧] અથવા તે પુરુષ ગાય, ભેંસ વગેરે મરેલાં ઢોરોનું માંસ ખાનારાઓની, બ્રાહ્મણ આદિની પણ સ્વાભાવિકરીતે હિંસા કરનારાઓની અને બીજાઓએ પાપકર્મ કર્યું હોય અથવા ન કર્યું હોય તોપણ રાગ અને મોહને

---

* કેમકે:-

“कर्मनिष्ठास्तपोनिष्ठाः पंचाग्निब्रह्मचारिणः।
पितृमातृपराश्चैव ब्राह्मणाः श्राद्धसंपदः” ॥

કર્મ ઉપર નિષ્ઠા રાખનારા, તપશ્ચરણનું સેવન કરનારા, પંચાગ્નિને તાપનારા અને પિતામાતાની ભક્તિ કરનારા બ્રહ્મચારી બ્રાહ્મણો, શ્રાદ્ધના સંપત્તિરૂપ ગણાય છે.

વળી એક સ્મૃતિનું પણ વચન છે કે:-

“ व्रतस्थमपि दौहित्रं श्राद्धे यत्नेन भोजयेत्'

પોતાની દીકરીનો દીકરો બ્રહ્મચારી હોય તોપણ શ્રાદ્ધમાં તેને અવશ્ય જમાડવો જોઇએ.”

+ આજકાલ એવા અનેક દાંભિક પુરુષોનો મોટો એક કાફલો નીકળી પડ્યો છે, કે જેઓ મોટાં મોટાં વ્યાખ્યાનો આપીને ધર્મનું સમર્થન કરતા ફરે છે, પણ તેઓનું આંતરિક આચરણ તો “ પોથી માંહેનાં રીંગણાં ” જેવુંજ હોય છે.

લીધે તેને પ્રકાશમાં મૂકી દેનારા (ચાડીઆ) મનુષ્યોની વિષ્ઠાનું ભક્ષણ કરે છે.[૨૨] હે રાજેંદ્ર! જેઓ, બ્રહ્મચારી બ્રાહ્મણને કે સંન્યાસીને પોતે રાંધેલા અન્નમાંથી ભિક્ષા આપતા નથી તે મૂઢ પુરુષો, નરકાદિ અશુભલોકને પામે છે.

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! શ્રેષ્ઠ બ્રહ્મચર્ય કયું ? શ્રેષ્ઠ ધર્મનું લક્ષણ કયું? અને શ્રેષ્ઠ શૌચ કયું ? તે મને કહો.”[૨૪]

ભીષ્મે કહ્યું:–“ હે તાત ! માંસમદિરાનો ત્યાગ,એ બ્રહ્મચર્ય કરતાં પણ શ્રેષ્ઠ છે, મર્યાદા જાળવવી તે સર્વોત્તમ ધર્મ છે અને ઇંદ્રિયોને વિષયોથી નિવૃત્ત કરવી તે સર્વશ્રેષ્ઠ શૌચ છે.”

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ કયા સમયે ધર્માચરણ કરવું ? કયા સમયે ધન સંપાદન કરવું અને કયે સમયે કામને સેવવો? તે મને કહો.”

ભીષ્મે કહ્યું:–“ પ્રાતઃકાળમાં ઉઠીને પ્રથમ ધર્મનું સેવન કરવું, તેપછી અર્થનું સેવન કરવું–અર્થાત્ ધન સંપાદન કરવાનો યત્ન કરવો અને તે પછી કામનું સેવન કરવું;પણ કામ સેવવામાં અત્યંત આસક્ત થઇ જવું નહિ.[૨૭] વળી બ્રાહ્મણોને માન આપવું, ગુરુઓનું પૂજન કરવું, પ્રાણીમાત્રનું પ્રિય કરવું, શાંત સ્વભાવના થવું અને સર્વને પ્રિય લાગે તેવું બોલવું.[૨૮] પોતાને અધિકાર સોંપવામાં આવ્યો હોય તેમાં અસત્ય વર્તણુક ચલાવવી, રાજાઓની પાસે બીજાઓની ચાડીચુગલી કરવી અને પોતાના ગુરુ ઉપર કંઇ મિથ્યા તુતક ઉભું કરવું, એ ત્રણે બ્રહ્મહત્યા કર્યાસમાન છે. તેમજ રાજાઓપર પ્રહાર કરવો નહિ અને ગાયનો વધ કરવો નહિ;કેમકે તે બન્ને બાળકની હત્યા કર્યા સમાન ગણાય છે. વળી અગ્નિહોત્રના અગ્નિનો ત્યાગ કરવો નહિ, વેદના સ્વાધ્યાયનો કદી ત્યાગ કરવો નહિ અને બ્રાહ્મણની નિંદા કરવી નહિ; કેમકે એ બ્રહ્મહત્યાંસમાન ગણાય છે.[૩૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! કેવા બ્રાહ્મણો સાધુ કહેવાય ? કેવા બ્રાહ્મણોને આપવાથી મહાન ફળ મળે અને કેવા મનુષ્યોનું અન્ન ભોજ્ય છે ? તે મને કહો.[૩૨]

ભીષ્મે કહ્યું:–“ જેઓ ક્રોધથી મુક્ત હોઇને ક્ષમાશીલ હોય છે, ધર્મપરાયણ રહે છે, નિત્ય સત્ય ભાષણ કરે છે અને ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે, તેવા બ્રાહ્મણોને સાધુ જાણવા અને તેવાઓને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૩૩] જેઓ અભિમાનરહિત હોય છે, સર્વને સહન કરનારા હોય છે, ધર્મવિષયમાં દઢ હોય છે, ઇંદ્રિયોને જીતનારા હોય છે, પ્રાણીમાત્રનું હિત કરનારા હોય છે અને સર્વના તરફ મિત્રતા રાખનારા હોય છે,તેવા બ્રાહ્મણોને દાન આપવાથી મહાન ફળ મળે છે.[૩૪] જેઓ લોભરહિત હોય છે, પવિત્ર હોય છે, વેદવિદ્યામાં નિપુણ હોય છે, લજ્જાશીલ હોય છે, સત્યવાદી હોય છે અને સ્વકર્મ ઉપર પ્રીતિ રાખનારા હોય છે તેવા બ્રાહ્મણોને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૩૫] ઋષિઓ કહે છે કે, જે શ્રેષ્ઠ બ્રાહ્મણ ચારે વેદવેદાંગનું અધ્યયન કરે છે અને પોતાના ષટ્કર્મમાં તત્પર રહે છે, તે બ્રાહ્મણને સુપાત્ર જાણવો.[૩૬] જે બ્રાહ્મણો પૂર્વોક્ત ગુણોથી યુક્ત હોય છે તેઓને આપેલું દાન મહાન ફળને ઉત્પન્ન કરે છે; કેમકે ગુણયોગ્ય બ્રાહ્મણને દાન આપનારો દાતા હજારગણા પુણ્યને સંપાદન કરે છે.[૩૭] માત્ર એકજ બ્રાહ્મણ બુદ્ધિ, શાસ્ત્ર, ચારિત્ર અને શીલથી યુક્ત હોય (અને તેવા) શ્રેષ્ઠ બ્રાહ્મણને જો દાન આપ્યું હોય તો તે, આખા કુળને તારી દે છે.[૩૮] વળી તેવા સુપાત્ર બ્રાહ્મણને ગાય, ઘોડો, ધન, અન્ન અથવા બીજા કોઇ પણ દ્રવ્યનું દાન આપવામાં આવે છે, તો મરણ પછી પરલોકમાં શોક કરવાનો સમય આવતો નથી.[૩૯] હે રાજા ! માત્ર એકજ ઉત્તમ બ્રાહ્મણ આખા કુળને તારી શકે છે, તો પછી પૂર્વોક્ત સર્વ ગુણોથી યુક્ત સુપાત્ર બ્રાહ્મણો સમગ્ર કુળને તારી શકે, એમાં શું આશ્ચર્ય છે? માટે કોઇ સુપાત્રનેજ દાન આપવું. એકાદ બ્રાહ્મણ, ગુણસંપન્ન અને સત્પુરુષોમાં માન્ય થયેલો સાંભળવામાં આવ્યો હોય અને તે અત્યંત દૂર દેશાવર રહેતો હોય, તોપણ તેને ત્યાંથી તેડાવીને સંપૂર્ણ સત્કારપૂર્વક પૂજવો.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “બહુપ્રશ્ન” એ વિષયનો અધ્યાય ૨૨ મો સમાપ્ત

અધ્યાય ૨૩ મો

સ્વર્ગ અને નરકમાં કોણ જાય છે?

॥ युधिष्ठिर उवांच ॥

श्राद्धकाले च दैवे च पित्र्येऽपि च पितामह ।
इच्छामीह त्वयाऽऽख्यातं विहितं यत्सुरर्षिभिः

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે પિતામહ ! શ્રાદ્ધકાળમાં, દેવનિમિત્ત કર્મકાળમાં તથા પિતૃનિમિત્ત કર્મકાળમાં દેવર્ષિઓએ જે કાંઇ વિશેષ વિધાન કહ્યું હોય તે તમો કહો, એમ હું ઇચ્છું છું. ”

ભીષ્મે કહ્યું:-પ્રત્યેક યત્નશીલ મનુષ્યે, માંગલિક આચારસંપન્ન થઇને તથા સ્નાનાદિક શૌચાચાર કરીને દેવનું કર્મ દિવસના પૂર્વભાગમાં કરવું અને પિતૃનું કર્મ દિવસના ઉત્તરભાગમાં કરવું;[૨] તેમજ આદરભાવથી યુક્ત થઇને મનુષ્યોનું કર્મ દિવસના મધ્યભાગમાં કરવું, પરંતુ જે દાન અથવા કર્મ, શાસ્ત્રોક્ત સમયથી રહિત હોય (અર્થાત્ શાસ્ત્રમાં જે સમયે જે કરવાનું કહ્યું હોય તેથી ભિન્ન સમયે કર્યું હોય) તેને રાક્ષસોના ભાગરૂપ કહેવામાં આવે છે. (કેમકે જે ક્રિયાને અકાળે કરવામાં આવે છે તેના ફળને રાક્ષસો ગ્રહણ કરે છે.)[૩] વળી જે વસ્તુને દાનતરીકે આપવાની હોય તે વસ્તુને કોઇએ ઓળંગી હોય, ચાટી હોય, કલહનું બીજ થઇ હોય અને રજસ્વલા સ્ત્રીએ જોયેલી હોય તો તે પણ રાક્ષસોના ભાગરૂપ કહેવાય છે; તેમજ જે વસ્તુને માટે મોટી બોલાબોલી થઇ હોય, જેને દુરાચારી મનુષ્યે ખાધેલી હોય અને કૂતરો જેને સ્પર્શ કરી ગયો હોય, તે વસ્તુ પણ રાક્ષસોના ભાગરૂપ છે, એમ વિદ્વાનો કહે છે.[૫] જે ભોજનમાં વાળ અથવા કીડાઓ પડયા હોય, જેના ઉપર છીંક થઇ હોય, જેને કૂતરાઓએ જોયું હોય, જેમાં અશ્રુપાત થયો હોય અને જેને તુચ્છકારી કાઢયું હોય, તે ભોજનને રાક્ષસોના ભાગરૂપ જાણવું.[૬] હે ભારત ! જે ભોજનને અનધિકારી શૂદ્રાદિએ ખાધું હોય, કોઇ શસ્ત્રધારીએ ખાધું હોય અથવા કોઇ દુરાત્મા મનુષ્યે ખાધું હોય, તો તે ભોજન પણ રાક્ષસોના ભાગરૂપ કહેવાય છે.[૭] જે અન્નાદિને બીજાએ ઉચ્છિષ્ટ કર્યું હોય અને જેને દેવો, અતિથિઓ, પિતૃઓ તથા બાળકો-વગેરેને અર્પણ કર્યાવિના ખાઇ લેવામાં આવ્યું હોય, તેને પણ દેવકર્મમાં તથા પિતૃકર્મમાં, નિત્ય રાક્ષસોના ભાગરૂપજ જાણવું. હે મનુષ્યશ્રેષ્ઠ રાજા! ત્રણ વર્ણના પુરુષો મંત્ર તથા ક્રિયાવિના જે શ્રાદ્ધ કરે છે, તેને વિદ્વાનો રાક્ષસોના ભાગરૂપ કહે છે;[૯] તેમજ પાત્રમાં ઘૃતની ધારા કર્યા વિના જે અન્ન પીરસવામાં આવે છે અને દુરાચારી પુરુષો જે અન્નનું ભોજન કરે છે, તે અન્નને રાક્ષસોના ભાગરૂપ કહે છે.[૧૦] હે ભરતશ્રેષ્ઠ રાજા ! એ રીતે જે અન્નાદિક પદાર્થો રાક્ષસોના ભાગરૂપ કહેવાય છે, તેઓના સંબંધમાં મેં તને કહ્યું, હવે દાન આપવાના સંબંધમાં સુપાત્ર બ્રાહ્મણની પરીક્ષા કેવી રીતે કરવી તે હું તને કહું છું, સાંભળ.[૧૧]

હે રાજન્ ! જે બ્રાહ્મણો, મહાન પાતક કરીને પોતાની જાતિથી બહિર્ભૂત થયા હોય, જડ હોય અને ઉન્મત્ત હોય, તે બ્રાહ્મણો દેવકર્મમાં તથા પિતૃકર્મમાં નિમંત્રણ આપવા યોગ્ય નથી. જે બ્રાહ્મણ શ્વેતકુષ્ઠ નામના રોગવાળો હોય, નપુંસક હોય, કોઢીઓ હોય, ક્ષયરોગી હોય, વાયુ(વાઇ)ના રોગવાળો હોય અને અંધ હોય તે પણ હે રાજા! દેવ-પિતૃકાર્યમાં નિમંત્રણને યોગ્ય નથી. વૈદ્યો, ગ્રામમંદિરના પૂજારીઓ, મિથ્યા નિયમોને ધારણ કરનારાઓ અને સોમલતાનું વેચાણ કરનારા બ્રાહ્મણો પણ દેવપિતૃકાર્યમાં નિમંત્રણને યોગ્ય નથી;[૧૪] તેમજ હે રાજન્ ! ગાનારા, નાચનારા, કૂદનારા, વાદિત્ર વગાડનારા, મિથ્યા કથાઓ કહેનારા અને યોદ્ધાતરીકે યુદ્ધમાં ભાગ લેનારા બ્રાહ્મણો, દેવપિતૃકાર્યમાં નિમંત્રણને યોગ્ય નથી.[૧૫] શૂદ્રોને ત્યાં હવનહોમ કરનારાઓ, શૂદ્રોને અધ્યાપન કરાવનારાઓ અને શૂદ્રોના શિષ્ય થયેલા બ્રાહ્મણો પણ હે રાજા ! દેવપિતૃકાર્યમાં નિમંત્રણને યોગ્ય નથી.[૧૬] વળી હે ભારત ! પગાર લઇને અધ્યાપન કરાવનારો બ્રાહ્મણ અને પગાર આપીને ભણનારો બ્રાહ્મણ પણ શ્રાદ્ધમાં નિમંત્રણને યોગ્ય નથી, કેમકે તેઓ બન્ને વેદને વેચનારા છે.[૧૭]

જે બ્રાહ્મણને પ્રથમ સર્વનો અગ્રેસર કરવામાં આવ્યો હોય અને પાછળથી કોઈ શૂદ્રજાતિની સ્ત્રીને પરણ્યો હોય, તે બ્રાહ્મણ સર્વ વિદ્યાઓમાં પારંગત થયો હોય તોપણ હે રાજા! નિમંત્રણને યોગ્ય નથી.[૧૮] જે બ્રાહ્મણો શ્રૌતસ્માર્ત કર્મોથી રહિત હોય છે, મરેલાંઓની અંત્યવિધિ કરનારા હોય છે, ચોરી કરનારા હોય છે અને મોટું પાપકૃત્ય કરીને પતિત થયેલા હોય છે, તેઓ પણ હે રાજા! નિમંત્રણને યોગ્ય નથી.[૧૯] જેઓને પોતાના પૂર્વજોવિષે જ્ઞાન નથી, જેઓ ગામપટેલતરીકે કામ કરે છે અને જેઓ પોતાના પિતાના ગોત્રથી ભ્રષ્ટ થઈને માતાના ગોત્ર ઉપર જીવનારા હોય છે–અર્થાત્ માતાના પિતાએ ખોળે લીધેલા હોય છે, તેઓ પણ હે ભારત! શ્રાદ્ધમાં નિમંત્રણને યોગ્ય નથી.[૨૦] જે બ્રાહ્મણ પોતાનાપર કરજ(દેવું) કરનારો હોય છે, વ્યાજવટંતરનો ધંધો કરનારો હોય છે અને પ્રાણીઓનું વેચાણ કરીને આજીવિકા ચલાવનારો હોય છે, તે બ્રાહ્મણ પણ હે રાજા! નિમંત્રણને યોગ્ય નથી.[૨૧] જેઓ સ્ત્રીને આધીન રહેનારા હોય છે, વેશ્યા સ્ત્રીના પતિ હોય છે અને સંધ્યાવંદનથી રહિત હોય છે, તેઓ પણ હે ભરતર્ષભ! શ્રાદ્ધમાં નિમંત્રણને યોગ્ય નથી.[૨૨]

હવે, પિતૃકર્મમાં તથા દેવકર્મમાં કેવા બ્રાહ્મણ લેવાની શાસ્ત્રમાં આજ્ઞા કરી છે અને દાન આપનારો તથા દાન લેનારો અમુક અંશે નિષિદ્ધ હોય તોપણ કોઈએક ગુણથી કર્મનો અધિકારી થાય છે, એ વિષે હું તને કહું છું, સાંભળ. હે રાજન્! જે બ્રાહ્મણો વૈદિક વ્રતોનું આચરણ કરનારા હોય છે, ગુણોથી યુક્ત હોય છે, ગાયત્રીને જાણનારા હોય છે અને ક્રિયાનિષ્ઠ હોય છે, તે બ્રાહ્મણો ખેતી ઉપર આજીવિકા ચલાવનારા હોય છે તોપણ દેવ–પિતૃકાર્યમાં નિમંત્રણને યોગ્ય છે.[૨૪] યુદ્ધમાં શાસ્ત્રધર્મનું પાલન કરનારો છતાં પણ એક ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ, શ્રાદ્ધમાં નિમંત્રણ કરવાને યોગ્ય છે; પરંતુ હે તાત! બ્રાહ્મણ હોવા છતાં વણિકનો ધંધો કરનારા બ્રાહ્મણને શ્રાદ્ધમાં નિમંત્રણ આપવું નહિ.[૨૫] હે રાજન્! જે બ્રાહ્મણ અગ્નિહોત્રી હોય, પોતાના ગામમાં વસતો હોય, ચોર ન હોય અને અતિથિઓને પૂજી જાણતો હોય, તે બ્રાહ્મણ નિમંત્રણ આપવાને યોગ્ય ગણાય છે.[૨૬] હે ભરતશ્રેષ્ઠ રાજા! જે બ્રાહ્મણ ત્રણે કાળ ગાયત્રીનો જપ કરતો હોય, ભિક્ષા ઉપર આજીવિકા ચલાવતો હોય અને ક્રિયાનિષ્ઠ હોય, તે બ્રાહ્મણ નિમંત્રણ આપવાને યોગ્ય ગણાય છે.[૨૭] જે બ્રાહ્મણ પોતાને લાભ થયો હોય છે ત્યારે ધનવાન બની જાય છે અને પાછો તુરતજ તેનો સન્માર્ગે વ્યયકરીને દરિદ્રી બની જાય છે, હિંસાદોષથી રહિત છે અને અલ્પ દોષવાળો છે, તે બ્રાહ્મણ નિમંત્રણ આપવાને યોગ્ય ગણાય છે.[૨૨] વળી હે ભરતશ્રેષ્ઠ! જે બ્રાહ્મણ દંભ અથવા પાપથી રહિત છે, શુષ્ક તર્કોને કરતોનથી અને ઉત્તમ ગૃહે ભિક્ષા માગીને આજીવિકા કરે છે, તે બ્રાહ્મણ દેવ–પિતૃકાર્યમાં નિમંત્રણ આપવાને યોગ્ય ગણાય છે.[૨૯] જે બ્રાહ્મણ વૈદિક વ્રતોથી રહિત હોય, ધૂર્ત હોય, ચોર હોય, પ્રાણીઓને વેચવાનો ધંધો કરતો હોય અને વણિકવૃત્તિને સ્વીકારી બેઠો હોય તોપણ પાછળથી તેણે સોમપાન કર્યું હોય, તો નિમંત્રણ-માટે તે યોગ્ય ગણાય છે.[૩૦] જે બ્રાહ્મણ પ્રથમ અનેક દારુણ કર્મો કરીને ધન સંપાદન કરે અને પાછળથી સર્વ પ્રકારે અતિથિઓનો સત્કાર કરવા માંડે, તો તેને નિમંત્રણ આપવું યોગ્ય ગણાય છે.[૩૧] જે ધન વેદને વેચીને સંપાદન કર્યું હોય, સ્ત્રીદ્વારા પ્રાપ્ત કર્યું: હોય અને મિથ્યા સોગંદ ખાવા વગેરે દીન ભાષણ બોલીને ઉપાર્જન કર્યું હોય, તે પિતૃઓને તથા બ્રાહ્મણોને આપવા યોગ્ય ગણાતું નથી.[૩૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! જે બ્રાહ્મણ, શ્રાદ્ધક્રિયા પૂર્ણ થાય તે સમયે, “ अस्तु स्वधा ” ઇત્યાદિ યોગ્ય વચનનો ઉચ્ચાર કરતો નથી, તે બ્રાહ્મણને ગાયના અસત્ય સોગંદ ખાવાનું પાપ લાગે છે: હે યુધિષ્ઠિર! જે સમયે સુપાત્ર બ્રાહ્મણ, દહીં, ઘી, અમાવાસ્યા અને અરણ્યના મૃગ વગેરેનું માંસ–એટલી વસ્તુઓ મળી આવે તે સમય શ્રાદ્ધને માટે ઉત્તમ છે, એમ જાણવું.[૩૪] બ્રાહ્મણને ત્યાં શ્રાદ્ધની સમાપ્તિ થાય, ત્યારે પિ-

તૃઓને પ્રિય એવી સ્વધાનો ઉચ્ચાર કરવો-અર્થાત્ “ अस्तु स्वधा ”એમ કહેવું. ક્ષત્રિયને ત્યાં શ્રાદ્ધની સમાપ્તિ થાય,ત્યારે “प्रीयंतां पितरः” એમ કહેવું અને વૈશ્યને ત્યાં શ્રાદ્ધની સમાપ્તિ થાય, ત્યારે “ अक्षय्यमस्तु” એમ કહેવું; તેમજ બ્રાહ્મણને ત્યાં દેવકર્મની જ્યારે સમાપ્તિ થાય, ત્યારે “ ॐ पुण्याहम् ” એમ કહેવું, ક્ષત્રિયને ત્યાં દેવકર્મની જ્યારે સમાપ્તિ થાય,ત્યારે ૐકારના ઉચ્ચારવિના કેવળ “पुण्याहम् ”એમ કહેવું અને વૈશ્યને ત્યાં દેવકર્મની જ્યારે સમાપ્તિ થાય, “ प्रीयंतां देवताः” એમ કહેવું.”

હવે, હું અનુક્રમે તથા વિધિપૂર્વક સર્વ ક્રિયાઓનું અનુષ્ઠાન તને કહું છું, તું સાંભળ. હે યુધિષ્ઠિર ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-એ ત્રણે વર્ણના પુરુષોએ, જાતકર્મ આદિ સર્વ ક્રિયાઓ, વેદના મંત્રોપૂર્વકજ કરવી;[૩૯] અને હે યુધિષ્ઠિર ! ઉપનયનસમયે બ્રાહ્મણે મુંજ ઘાસની કટિમેખલા ધારણ કરવી, ક્ષત્રિયે ધનુષ્યની દોરીનીજ કટિમેખલા ધારણ કરવી અને વૈશ્યે બલ્વજ નામના ઘાસની કટિમેખલા ધારણ કરવી, આવો ધર્મ છે.[૪૦]

હવે, દાન આપનારાને તથા દાન લેનારાને જે રીતે ધર્મ તથા અધર્મ પ્રાપ્ત થાય છે, તે હું તને કહું છું, સાંભળ. અસત્ય બોલવાથી બ્રાહ્મણને જે અધર્મ લાગે છે, તેને પાતક કહેવામાં આવે છે; પરંતુ જો ક્ષત્રિય અસત્ય બોલે છે તો તેને બ્રાહ્મણના કરતાં ચારગણો અધર્મ લાગે છે અને જો વૈશ્ય અસત્ય બોલે છે તો તેને બ્રાહ્મણના કરતાં આઠગણો અધર્મ લાગે છે.[૪૧] એક બ્રાહ્મણને પ્રથમ બ્રાહ્મણને ત્યાંથી નિમંત્રણ આવી ગયું હોય છતાં કોઇ બીજે સ્થળે તે ભોજન કરે છે, તો અત્યંત નીચ ગણાય છે. ઉપરાંત એક પશુહિંસા કરવાથી જે પાતક લાગે છે, તેટલુંજ પાતક તેને લાગે છે;[૪૨] તેમજ હે રાજન્ ! જે બ્રાહ્મણને પ્રથમ ક્ષત્રિય અથવા વૈશ્યને ત્યાંથી નિમંત્રણ આવી ગયું હોય છતાં કોઇ બીજે સ્થળે ભોજન કરે, તો તે અત્યંત નીચ કહેવાય છે; અને તે ઉપરાંત એક પશુની હિંસા કરવાથી જે પાતક લાગે છે,તેના અર્ધભાગનું પાતક તેને લાગે છે. જે બ્રાહ્મણ બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્યને ઘેર દેવનિમિત્ત તથા પિતૃનિમિત્ત અન્નનું સ્નાન કર્યાવિનાજ ભોજન કરી લે છે, તેને ગાયના અસત્ય સોગંદ ખાવાથી જે પાપ લાગે, તે પાપ લાગે છે.[૪૪] હે રાજન્! જે બ્રાહ્મણ, જન્મનિમિત્ત અથવા મૃત્યુનિમિત્ત સૂતકવાળો હોય છે છતાં જાણી જોઇને અથવા લોભથી બ્રાહ્મણાદિને ઘેર દેવાન્નનું અથવા પિતરન્નનું ભોજન કરે છે,તેને પણ ગાયના અસત્ય સોગંદ ખાવા જેટલું પાપ લાગે છે.[૪૫] હે ભારત ! જે બ્રાહ્મણ, તીર્થયાત્રા આદિના બહાને અથવા યજ્ઞકર્મ આદિના નિમિત્તે દ્રવ્યની ભિક્ષા માગે છે,તેને હે રાજેન્દ્ર! અસત્ય બોલવાનું પાપ લાગે છે.[૪૬] હે યુધિષ્ઠિર ! જે બ્રાહ્મણો વૈદિક વ્રતોથી તથા ચારિત્રથી રહિત હોય છે, છતાં તેઓને ત્રણ વર્ણના મનુષ્યો, વેદોક્ત મંત્રપૂર્વક અન્નાદિ પીરસે છે, તો તે-પીરસનારાઓને ગાયના અસત્ય સોગંદ ખાવા જેટલું પાપ લાગે છે.”[૪૭]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે પિતામહ ! દેવનિમિત્તે તથા પિતૃનિમિત્તે જે દાન આપવામાં આવે છે, તે દાન કેવાઓને આપવાથી મહાન ફળવાળું થાય છે? એ જાણવાની મને ઇચ્છા છે.”

ભીષ્મે કહ્યું:-“ હે યુધિષ્ઠિર! ખેડુતો જેમ સારા વરસાદની રાહ જુએ છે, તેમ જેઓની સ્ત્રીઓ, પોતાના પતિના ભોજનપાત્રમાં કંઇક ઉચ્છિષ્ટ અન્નની રાહ જુએ છે, તે પુરુષોને તારે જમાડવા.* હે રાજન્ ! જે પુરુષોને ચારિત્ર ઉપર પ્રીતિ હોય છે, અન્નાદિના અભાવને લીધે શરીરે જેઓ કૃશ થઈ ગયેલા હોય છે,જેઓની વૃત્તિઓ વિષયો તરફથી વિરક્ત થઇને કૃશ થઇ ગયેલી હોય છે અને જેઓ અન્નાદિકની ઇચ્છાથી યાચના કરવા આવેલા હોય

---

* અર્થાત્ જેઓના ઘરમાં માત્ર રસોઇ થઈ હોય તેટલુંજ અન્ન હોય છે જેથી તેઓની સ્ત્રીઓ, મારા પતિના ભોજનપાત્રમાં કંઇક ઉચ્છિષ્ટ અન્ન બાકી રહે તો સારૂં, એવી મનમાં ઇચ્છા કરે છે તેવા નિર્ધનોને જમાડવાથી ઘણુંજ પુણ્ય થાય છે.

છે, તેઓને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૫૦] હે રાજન! ચારિત્ર એજ જેઓનું જીવન હોય છે, ચારિત્ર એજ જેઓનું ગૃહ હોય છે, ચારિત્ર એજ જેઓનું બળ હોય છે, ચારિત્ર એજ જેઓને પરલોકગમનમાં મુખ્ય આધાર હોય છે અને કંઈ પ્રયોજન જણાય છે ત્યારેજ જેઓને ધનની અપેક્ષા રહે છે (નહિ કે ધનનો સંગ્રહ કરવામાટે ધનની અપેક્ષા રાખે છે), તેવા પુરુષોને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૫૧] હે યુધિષ્ઠિર! જેઓ ચોર લોકોના અથવા કોઇ બીજાઓના ત્રાસથી ભયભીત થયા હોય અને જેઓ ભોજનનીજ ઇચ્છા રાખતા હોય, તેવા પુરુષોને અન્નદાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે. જે નિષ્કપટ બ્રાહ્મણ, હાથમાં અન્ન લઇને જ્યારે ખાવાની તૈયારી કરતો હોય છે, ત્યારે ભૂખથી ટળવળતાં તેનાં બાળકો, "મને આપો, મને આપો" એમ યાચનાઓ કરી રહે છે, તેવા અતિદરિદ્ર બ્રાહ્મણને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે. કોઇ સમયે દેશમાં જ્યારે ઉપદ્રવ ઉભો થાય છે, ત્યારે જેઓના ધનનું તથા સ્ત્રીઓનું હરણ થઈ ગયેલું હોય છે તેવા બ્રાહ્મણો, ધનની યાચના કરવામાટે જ્યારે આવે છે, ત્યારે તેઓને આપેલું દાન મહાન ફળને ઉત્પન્ન કરે છે.[૫૪] જે બ્રાહ્મણો વ્રત અને નિયમોનું પાલન કરનારા હોય છે તથા શાસ્ત્રના અધ્યયનથી જેઓ માન્ય થયેલા હોય છે, તેઓને તેઓના વ્રતાદિની સમાપ્તિને માટે દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૫૫] જેઓ પાખંડ ધર્મથી અત્યંત દૂર રહેલા હોય છે, નિર્વાહસાધનના અભાવથી જેઓ કૃશ થઇ ગયેલા હોય છે અને જેઓ અલ્પ ધનવાળા હોય છે, તેઓને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૫૬] જેઓના સર્વસ્વને બળવાન પુરુષોએ હરણ કરી લીધું હોય છે, જેઓ સર્વ દોષોથી રહિત હોય છે અને જેઓ એક દિવસે ભોજન કરીને બીજે દિવસે પણ માત્ર અન્નનીજ ઇચ્છા રાખનારા હોય છે, તેઓને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૫૭] જેઓ તપશ્ચરણ કરવાના સ્વભાવવાળા હોય છે, નિત્ય તપોનિષ્ઠ હોય છે, ભિક્ષાચરણ ઉપર આજીવિકા ચલાવનારા હોય છે અને જેઓ જીવનપૂરતી કંઈક અલ્પ વસ્તુનીજ ઇચ્છા રાખનારા હોય છે, તેઓને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૫૮] હે ભરતશ્રેષ્ઠ રાજા! જેઓને દાન આપવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે, તે વિષે તેં સાંભળ્યું. હવે કેવા પુરુષો નરકમાં જાય છે અને કેવા પુરુષો સ્વર્ગમાં જાય છે, તે વિષે હું તને કહું છું, સાંભળ.

હે યુધિષ્ઠિર! ગુરુને માટે અસત્ય બોલવું અથવા પોતાના પર આવી પડેલા ભયને દૂર કરવામાટે અસત્ય બોલવું, એ પાપજનક નથી; પરંતુ તે સિવાયના બીજા હરકોઇ પ્રસંગે જેઓ અસત્ય ભાષણ કરે છે, તેઓ અવશ્ય નરકમાંજ જાય છે. જેઓ પરસ્ત્રીનું હરણ કરે છે, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરે છે અથવા પરસ્ત્રીને લાવી આપવામાં બીજાને સહાય કરે છે, તેઓ અવશ્ય નરકમાંજ જાય છે. જેઓ પારકા દ્રવ્યનું હરણ કરે છે, પારકા દ્રવ્યનો નાશ કરે છે અને પારકાં છિદ્રો ઉઘાડાં કરે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે; તેમજ હે ભારત! જે પુરુષો પાણીની સાર્વજનિક પરબો, સભાગૃહો અને પૂલ વગેરેનો તથા સાર્વજનિક ધર્મશાળા વગેરેનો નાશ કરે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે. જે પુરુષો અનાથ, તરુણ, બાલા, વૃદ્ધા, ભયભીત અને તપસ્વિની સ્ત્રીને છેતરે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૬૪] વળી હે ભારત! જે પુરુષો બીજાઓની આજીવિકાનો નાશ કરે છે, બીજાઓના ઘરનો નાશ કરે છે, પારકી સ્ત્રીને તેના ધણીથી વિખૂટી પડાવે છે અને કોઇએક મિત્રને તેના મિત્રથી ભેદ પડાવે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે; તેમજ ચાડીચુગલી કરનારા, આર્ય મર્યાદાનો ભંગ કરનારા, બીજાની આજીવિકા ઉપર આજીવિકા ચલાવનારા અને કરેલા ઉપકારોને ભૂલી જનારા પુરુષો અવશ્ય નરકમાં જાય છે. જે પાખંડીઓ વેદનો દ્વેષ કરે છે, સત્પુરુષોની નિંદા કરે છે, ધાર્મિક વિધાનોને દૂષિત ઠરાવે છે અને આરૂઢપતિત (ઉપરના આશ્રમમાંથી નીચેના આશ્રમમાં પડવું તે) છે, તેઓ અવશ્યનરકમાં -

જાય છે.[૬૭] જેઓ જનસમુદાયથી વિરુદ્ધ વ્યવહાર કરનારા હોય છે,અત્યંત વિરુદ્ધ રીતે વ્યાજ લેનારા હોય છે અને મોટા લાભો મેળવ્યા છતાં વિરુદ્ધ વર્તન કરનારા હોય છે,તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૬૮] જેઓ જુગારબાજી ખેલનારા હોય છે, સારાનરસાની પરીક્ષાથી રહિત હોય છે અને પ્રાણીઓની હિંસા કરવામાં તત્પર રહે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે. જેઓ આશાથી આવેલા સેવકોને અથવા યાચકોને નિરાશ કરે છે, અમુક વસ્તુ આપવાની કોઇની આગળ પ્રતિજ્ઞા કર્યા છતાં પ્રતિજ્ઞાનું પાલન કરતા નથી, કોઈ મનુષ્યને પગાર ઠરાવીને રાખ્યો હોય છતાં તેને ઠરાવેલો પગાર આપતા નથી અને પોતાને માટે જેણે પરિશ્રમ કર્યો હોય તેને પરિશ્રમનું યોગ્ય ફળ આપતા નથી, તે પુરુષો અવશ્ય નરકમાં જાય છે. જેઓ સ્ત્રીઓને, અગ્નિને, સેવકોને તથા અતિથિઓને ભોજન આપ્યાવિના ભોજન કરી લે છે અને દેવપિતૃના પૂજનનો ત્યાગ કરે છે, તે પુરુષો અવશ્ય નરકમાં જાય છે.[૬૯-૭૧] જેઓ વેદને વેચે છે, વેદને દૂષિત ઠરાવે છે અને વેદોનું લખાણ કરે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે. જેઓ ચાર આશ્રમોથી બહિર્ભૂત થયેલા હોય છે, વૈદિક વિધિથી બાહ્ય થયેલા હોય છે અને શાસ્ત્રવિરુદ્ધ કર્મો કરીને આજીવિકા ચલાવે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે; તેમજ હે રાજન્ ! ચામર, ઉન વગેરે કેશનો વેપાર કરનારા, ઝેરને વેચનારા અને દૂધને વેચનારા પુરુષો અવશ્ય નરકમાં જાય છે.[૭૪] જેઓ બ્રાહ્મણોનાં,ગાયોનાં તથા કન્યાઓનાં કાર્યોમાં વિઘ્નરૂપ થાય છે,તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૭૫] જેઓ શસ્ત્રોને વેચે છે અને શસ્ત્રો, બાણો તથા ધનુષ્યો બનાવે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૭૬] વળી જેઓ શિલાઓ મૂકીને, ખીલાઓ દાટીને અથવા ખાડાઓ ખોદીને સાર્વજનિક માર્ગને બંધ કરે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે;[૭૭] તેમજ હે ભરતશ્રેષ્ઠ રાજા ! જે પુરુષો પોતાના ઉપાધ્યાયોનો,સેવકોનો,ભક્તોનો તથા નિર્દોષ સ્ત્રીનો ત્યાગ કરે છે તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૭૮] જે પુરુષો ભાર ઉપાડવાને અયોગ્ય પશુઓપર ભાર લાદીને તેઓને દુઃખી કરે છે, પશુઓની નાસિકાને વિંધે છે અને પશુઓને પૂરી રાખે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૭૯] જે રાજાઓ, પ્રજાઓનું રક્ષણ કરતા નથી છતાં તેઓની પાસેથી કર લઇને તથા પોતાનો છઠ્ઠો ભાગ લઇને લૂંટારાનો ધંધો કરે છે અને પોતે સમર્થ હોય છે છતાં દાન આપતા નથી, તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૮૦] જે પુરુષો, પોતાનું કાર્ય પૂર્ણ થઇ રહે એટલે પોતાની સાથે ઘણા કાળથી વસનારા, ક્ષમાશીલ, દમગુણનિષ્ઠ અને બુદ્ધિમાન પુરુષોનો ત્યાગ કરે છે, તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૮૧] જે પુરુષો બાળકોને,વૃદ્ધોને તથા સેવકોને આપ્યાવિના પ્રથમ પોતે ભોજન કરે છે,તેઓ અવશ્ય નરકમાં જાય છે.[૮૨] આ રીતે જેઓ નરકમાં જનારા છે, તેઓ સર્વને પ્રથમ મેં કહ્યા. હવે, હે ભરતશ્રેષ્ઠ રાજા ! જે પુરુષો સ્વર્ગલોકમાં જનારા છે તેઓનું હું વર્ણન કરૂં છું.[૮૩]

હે ભારત ! દેવપૂજન માટે કરવામાં આવતાં સર્વ કાર્યોમાં જો બ્રાહ્મણોનું અપમાન કરવામાં આવે છે, તો સમગ્ર પુત્રોનો તથા પશુઓનો નાશ થાય છે. (પણ બ્રાહ્મણોનું અપમાન નહિ કરનારા પુરુષો, પુત્રપશુ આદિ પરિવારથી યુક્ત થાય છે અને અંતે સ્વર્ગ લોકને પામે છે.)[૮૪] હે યુધિષ્ઠિર ! જે પુરુષો દાન, તપ અને સત્યને અનુસરીને ધર્મનું આચરણ કરે છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૮૫] જેઓ ગુરુની સેવા તથા તપશ્ચર્યા કરી વિદ્યાને ગ્રહણ કરીને પ્રતિગ્રહ કરવા ઉપર સ્નેહ રાખતા નથી, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.જેઓ બીજાઓને ભયથી, પાપથી, સંકટથી, દારિદ્ર્યથી તથા વ્યાધિના ઉપદ્રવથી મુક્ત કરે છે,તેઓ સ્વર્ગલોકમાં જઇ શકેછે.[૮૭]જે પુરુષો ક્ષમાશીલ હોય છે, ધૈર્યસંપન્ન હોય છે, ધર્મકાર્યોમાં તત્પર રહેનારા હોય છે અને માંગલિક આચારથી યુક્ત હોય છે, તેઓ સ્વર્ગલોકમાં જઈ શકે છે.[૮૮] જેઓ મદ્ય, માંસ તથા વ્યભિચારનો ત્યાગ કરનારા હોય છે, તેઓ પણ સ્વ-

ર્ગલોકમાં જઇ શકે છે.[૮૯] જેઓ આશ્રમોનું, કુળનું, દેશનું તથા નગરોનું પાલન કરે છે, તે પુરુષો સ્વર્ગલોકમાં જઈ શકે છે.[૯૦] જેઓ વસ્ત્ર તથા અલંકારોનું દાન કરે છે, ખાનપાન તથા અન્નનું દાન કરે છે અને બીજાઓના વિવાહ કરી આપે છે, તેઓ સ્વર્ગલોકમાં જઈ શકે છે.[૯૧] જે પુરુષો પ્રાણીમાત્રની હિંસાથી નિવૃત્ત થયેલા હોય છે, સર્વને સહન કરનારા હોય છે અને સર્વના આશ્રયરૂપ હોય છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૯૨] જે પુરુષો માતાની તથા પિતાની સેવા કરે છે, ઇંદ્રિયોને જીતે છે અને પોતાના ભાઇઓપર સ્નેહ રાખે છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૯૩] જે પુરુષો ધનવાન હોય છે, બળવાન હોય છે અને યુવાન હોય છે, છતાં પોતાના ધૈર્યના બળથી ઇંદ્રિયોને જીતે છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૯૪] જેઓ પોતાના અપરાધ કરનારાઓ ઉપર પણ સ્નેહ રાખે છે, શાંત સ્વભાવના હોય છે, શાંત મનુષ્યો ઉપર પ્રીતિ રાખે છે અને સેવા કરીને બીજાઓને સુખી કરે છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૯૫] જે પુરુષો નિત્ય હજારોને ભોજન આપે છે, હજારોને દાન આપે છે અને હજારોનું રક્ષણ કરે છે, તેઓ સ્વર્ગલોકમાં જઈ શકે છે. હે ભરતશ્રેષ્ઠ રાજા ! જે પુરુષો સુવર્ણનું, ગાયોનું, રથોનું તથા ઘોડા વગેરે વાહનોનું દાન આપે છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૯૭] જે પુરુષો વિવાહોપયોગી (વહુના અલંકાર વગેરે) દ્રવ્યોનું, દાસદાસીઓનું તથા વસ્ત્રોનું દાન આપે છે, તેઓ સ્વર્ગલોકમાં જઈ શકે છે.[૯૮] જે પુરુષો દેવાલયો, ધર્મશાળાઓ, બાગબગીચાઓ, કૂવાઓ, વાડીઓ, સભાગૃહો, પાણીની પરબો તથા કિલ્લાઓ બંધાવે છે, તેઓ સ્વર્ગલોકમાં જઈ શકે છે.[૯૯] જે પુરુષો પોતાની પાસે યાચના કરનારાઓને ઘરો, ખેતરો તથા ગામોનું દાન કરે છે, તેઓ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૧૦૦] હે યુધિષ્ઠિર ! જે પુરુષો રસો, બીજો તથા ધાન્યોને પોતેજ ઉત્પન્ન કરીને દાનમાં આપી દે છે, તે પુરુષો સ્વર્ગલોકમાં જઈ શકે છે;[૧૦૧] તેમજ ગમે તે કુળમાં ઉત્પન્ન થયાં હોય, છતાં જે પુરુષો અનેક પુત્રાદિના પરિવારથી યુક્ત હોઇને સો વર્ષના આયુષ્યવાળા હોય અને તેઓ દયાળુ અને ક્રોધને જીતનારા હોય તો તે પુરુષો પણ સ્વર્ગલોકમાં જઇ શકે છે.[૧૦૨]

હે ભારત ! એ રીતે પરલોકમાં હિતકારક દેવકર્મ, પિતૃકર્મ તથા પ્રાચીન ઋષિઓએ કહેલો દાનધર્મ મેં તને કહ્યો.[૧૦૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં 'સ્વર્ગ તથા નરકલોકમાં જનારાઓનું વર્ણન' એ વિષયનો અધ્યાય ૨૩મો સમાપ્ત.

અધ્યાય ૨૪ મો

બ્રહ્મહત્યાનું વર્ણન

॥ युधिष्ठिर उवाच ॥

इदं मे तत्त्वतो राजन् वक्तुमर्हसि भारत ।
अहिंसयित्वाऽपि कथं ब्रह्महत्या विधीयते ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે ભરતવંશી રાજા ! કોઇની હિંસા કર્યાવિના પણ બ્રહ્મહત્યા કેવી રીતે થઇ શકે છે ? એ મને યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો."[૧]

ભીષ્મે કહ્યું:-હે રાજેન્દ્ર ! પૂર્વે વ્યાસમુનિને આમંત્રણ આપીને મેં આ વિષયમાં જે પ્રશ્ન પૂછયો હતો, તે હું તને કહું છું, તેનું એકાગ્ર ચિત્તથી તું શ્રવણ કર.[૨] તે સમયે વ્યાસને મેં પૂછ્યું હતું કે:-"હે મુનિ ! તમે વસિષ્ઠથી ચોથા પુરુષ છો, માટે તમને હું પૂછું છું કે, કોઇની હિંસા કર્યાવિના બ્રહ્મહત્યા કેવી રીતે લાગે છે ? " હે રાજન્ ! પરાશરના પુત્ર વ્યાસને મેં એ પ્રમાણે પૂછ્યું એટલે ધર્મકુશળ તે ભગવાને નિઃસંશય અને સર્વોત્તમ વચન કહ્યું કે:-[૩,૪] જે પુરુષ, આજીવિકાથી રહિત થઇ પડેલા કોઇએક બ્રાહ્મણને ભિક્ષામાટે પોતાને ઘેર બોલાવીને પાછળથી તેને ના પાડે છે, તે પુરુષને બ્રહ્મહત્યારો જાણવો. હે ભારત ! જે દુર્બુદ્ધિવાળો પુરુષ, જગતમાં મધ્યસ્થપણે વર્તનારા વેદવેદાંગપારંગત બ્રાહ્મણની આજીવિકાનો નાશ કરે છે, તેને બ્રહ્મહત્યા કરનારો જાણવો.[૬]

હે રાજા ! અત્યંત તૃષાતુર થયેલું ગાયોનું ટોળું, જળપાન કરવાની ઇચ્છાથી કોઇ જળાશય તરફ જતું હોય, ત્યારે જે પુરુષ તેને વિઘ્ન ઉત્પન્ન કરે છે, તેને બ્રહ્મહત્યા કરનારો જાણવો.[૭] જે પુરુષ મુનિઓદ્વારા પ્રવૃત્ત થયેલા વેદને તથા મુનિઓએ રચેલાં ઉત્તમ શાસ્ત્રોને, તેનું રહસ્ય જાણ્યાવિના દોષપાત્ર ઠરાવે છે, તે પુરુષને પણ બ્રહ્મહત્યા કરનારો જાણવો.[૮] જે પુરુષ ઘણીજ મોટી થઇ ગયેલી પોતાની રૂપસંપન્ન પુત્રીને કોઇ યોગ્ય વરને આપતો નથી, તે પુરુષ પણ બ્રહ્મહત્યારો છે, એમ જાણવો. જે મૂઢ પુરુષ, અધર્મ ઉપર પ્રીતિ રાખનારો હોઇને બ્રાહ્મણોપર મિથ્યા આરોપ મૂકે છે અને તેથી તેઓને મર્મભેદક શોક ઉપજાવે છે, તે પુરુષ પણ બ્રહ્મહત્યા કરનારો છે, એમ સમજવું.[૧૦] વળી જે પુરુષ કોઇએક આંધળાના, લૂલાના તથા જડ મનુષ્યના સર્વસ્વનું હરણ કરી લે છે, તેને પણ બ્રહ્મણની હત્યા કરનારો જાણવો;[૧૧] અને જે પુરુષ મોહને આધીન થઇને આશ્રમમાં, વનમાં, ગામડામાં અથવા નગરમાં આગ લગાડે છે, તે પુરુષ પણ બ્રહ્મહત્યા કરનારો છે, એમ જાણવું.[૧૨]

ઇતિ શ્રીમહા૦અનુ૦દાનધર્મપર્વમાં “બ્રહ્મહત્યાકથન’ એ વિષયનો અધ્યાય ૨૪મો સમાપ્ત

અધ્યાય ૨૫ મો

તીર્થસ્નાનમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

तीर्थानां दर्शनं श्रेयः स्नानं च भरतर्षभ ।
श्रवणं च महाप्राज्ञ श्रोतुमिच्छामि तत्त्वतः ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:- હે મહાબુદ્ધિમાન ભરતશ્રેષ્ઠ ! તીર્થોનું દર્શન, સ્નાન તથા તેના માહાત્મ્યનું શ્રવણ, એ અત્યંત શ્રેયસ્કર છે; માટે તીર્થોવિષે સાંભળવાની મને ઇચ્છા છે.હે ભરતશ્રેષ્ઠ પિતામહ! પૃથ્વી ઉપર જે તીર્થો પવિત્ર ગણાય છે, તે સર્વ મને યથાર્થ રીતે કહો.હે પ્રભો ! હું તે એકાગ્રચિત્તે સાંભળીશ.”

ભીષ્મે કહ્યું:-હે મહાતેજસ્વી રાજા ! અંગિરાએ,પૂર્વે જે તીર્થોવિષે વર્ણન કરેલું છે તે હું તને કહું છું, તેનું તું શ્રવણ કર. તારૂં કલ્યાણ થાઓ. એ તીર્થમાહાત્મ્યનું શ્રવણ કરવાથી તને ઉત્તમ ધર્મ પ્રાપ્ત થશે.[૩] એક સમયે ધૈર્યસંપન્ન મહામુનિ અંગિરા તપોવનમાં બેઠા હતા, ત્યારે તીક્ષ્ણવ્રતને ધારણ કરનારા ગૌતમઋષિએ તેમને પૂછ્યું કે:-“હે ભગવન્ ! પૃથ્વીપરનાં તીર્થો પવિત્ર હશે કે નહિ? એ વિષે મને ધર્મસંશય ઉત્પન્ન થયો છે; માટે હે મહામુનિ! હું સર્વ તીર્થોવિષે શ્રવણ કરવા ઇચ્છું છું, તે મને કહો.[૫] હે મહાબુદ્ધિમાન મુનિ ! જગતમાં પવિત્ર ગણાતાં તીર્થોમાં સ્નાન કરવાથી પારલૌકિક ફળ શું મળે છે ? તે મને કહો.”[૬]

અંગિરાએ કહ્યું:- “જેમાં મોટા મોટા તરંગો ઉછળી રહેલા છે, તે ચંદ્રભાગા નદીમાં અથવા વિતસ્તા નદીમાં સ્નાન કરીને સાત દિવસોપર્યંત જે નિરાહાર રહે છે, તેને મુનિઓની ગતિ પ્રાપ્ત થાય છે.[૭] કાશ્મીર દેશમાં આવેલી જે નદીઓ મહાનદ સિંધુને જઈ મળે છે,તે નદીઓમાં સ્નાન કરનારો શીલસંપન્ન પુરુષ સ્વર્ગલોકને પામી શકે છે.[૮] જે પુરુષ પુષ્કર, પ્રભાસ, નૈમિષ, સમુદ્ર, દેવિકા, ઇન્દ્રમાર્ગ અને સ્વર્ણબિંદુ, એ તીર્થોમાં સ્નાન કરે છે, તે પુરુષ સ્વર્ગને પામીને વિમાનમાં વિહાર કરે છે અને સર્વ અપ્સરાઓનો સ્તુતિપાત્ર થઇને અત્યંત આનંદ ભોગવે છે;[૯] તેમજ હિરણ્યબિંદુ, કુશેશય અને દેવંત નામનાં તીર્થોમાં ભક્તિપૂર્વક સ્નાન કરીને તથા તેઓને વંદન કરીને,મનુષ્ય સર્વ પાપનો નાશ કરી શકે છે. વળી ગંધમાદન પર્વતની પાસે આવેલી ઇંદ્રતોયા નદીમાં સ્નાન કરીને તથા કુરંગ દેશમાં આવેલી કરતોયા નદીમાં સ્નાન કરીને જે પુરુષ યત્નપૂર્વક ત્રણ દિવસોના ઉપવાસ કરે છે, તેને અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે અને તે પુરુષ પવિત્ર થાય છે.[૧૦-૧૨] ગંગાદ્વારમાં, કુશાવર્તમાં, નીલપર્વત પાસે આવેલા બિલ્વકમાં તથા કનખલ નામના તીર્થમાં સ્નાન કરીને પાપમુક્ત થયેલો મનુષ્ય સ્વર્ગલોકમાં જઈ શકે છે.[૧૩] જે પુરુષ બ્રહ્મચર્ય પાળીને, ક્રોધને જી-

તીને, પ્રતિજ્ઞાને પાળીને તથા હિંસાનો ત્યાગ કરીને જળના કોઇ પણ ધરામાં સ્નાન કરે છે, તેને અશ્વમેધનું ફળ પ્રાપ્ત થાય છે.[૧૪] ભગીરથ રાજાએ આણેલી ગંગાનદી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ મહેશ્વરનાં ત્રણ સ્થાનની ઉત્તરદિશામાં જ્યાં વહે છે, ત્યાં એક માસપર્યંત નિરાહાર રહીને સ્નાન કરનારા મનુષ્યને દેવતાઓનો સાક્ષાત્કાર થાય છે. સપ્તગંગ, ત્રિગંગ અને ઇંદ્રમાર્ગ નામનાં તીર્થોમાં સ્નાન કરીને દેવપિતૃઓનું તર્પણ કરનારો પુરુષ, અમૃતરૂપ ભોજનને પામી શકે છે અને જન્મમરણથી મુક્ત થાય છે. મહાશ્રમ નામના તીર્થમાં સ્નાન કરીને પવિત્રતાપૂર્વક અગ્નિહોત્રપરાયણ રહેનારો અને એક માસપર્યંત નિરાહાર રહેનારો મનુષ્ય એક મહિનામાંજ સિદ્ધિને પામે છે. ભૃગુતુંગ નામના મહાસરોવરમાં સ્નાન કરીને કામનાના ત્યાગપૂર્વક ત્રણદિવસના ઉપવાસ કરનારો મનુષ્ય, બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થાય છે; તેમજ કન્યાકૂપ અને બલાકા નામના તીર્થમાં સ્નાન કરીને પિતૃતર્પણ કરનારો પુરુષ દેવોમાં કીર્તિ પામે છે અને યશથી વિરાજમાન થાય છે.[૧૫–૨૦] દેવિકા, સુંદરિકાહ્રદ અને અશ્વિની, એ ત્રણ તીર્થોમાં સ્નાન કરનારો પુરુષ રૂપસંપન્ન તથા તેજસ્વી થાય છે.[૨૧] મહાગંગામાં, કૃત્તિકાક્ષેત્રમાં તથા અંગારકક્ષેત્રમાં સ્નાન કરીને નિર્મળ થયેલો પુરુષ, એક પખવાડીઆસુધી જો નિરાહાર રહે છે, તો સ્વર્ગને પામી શકે છે.[૨૨] વળી વૈમાનિક તથા કિંકિણીકાશ્રમ નામના તીર્થમાં સ્નાન કરનારો પુરુષ, અપ્સરાઓના દિવ્ય નિવાસસ્થાનમાં પોતાની ઇચ્છાનુસાર વિહાર કરે છે અને તે સ્થળે પૂજાય છે. કાલિકાશ્રમમાં જઇને વિપાશા નદીમાં પિતૃતર્પણ કરીને ત્રણ રાત્રિસુધી બ્રહ્મચર્ય પાળનારો અને ક્રોધને જીતનારો મનુષ્ય, સંસારબંધનથી મુક્ત થાય છે.[૨૪] જે પુરુષ, કૃતિકાઓના આશ્રમમાં સ્નાન કરીને પિતૃઓને તૃપ્ત કરે છે તથા નિર્મળ થઇને મહાદેવને સંતુષ્ટ કરે છે, તે પુરુષ સ્વર્ગલોકને પામે છે.[૨૫] મહાપુરનામના તીર્થમાં સ્નાન કરીને પવિત્રતાપૂર્વક ત્રણ ઉપવાસ કરનારો પુરુષ સ્થાવર, જંગમ તથા બે પગવાળાં પ્રાણીઓના ભયથી મુક્ત થાય છે.[૨૬] દેવદારુ વન નામના તીર્થમાં સ્નાન કરીને પિતૃઓની તર્પણક્રિયા કરનારો પુરુષ પાપરહિત થાય છે અને પવિત્રતાપૂર્વક સાત દિવસોના જો ઉપવાસ કરે છે, તો દેવલોકને પામી શકે છે.[૨૭] શરસ્તંબ, કુશસ્તંબ તથા દ્રોણશર્મપદ નામનાં તીર્થોમાં જળનો મોટો ધોધ પડે છે, તેમાં સ્નાન કરનારા પુરુષની અપ્સરાઓ સેવા કરે છે.[૨૮] ચિત્રકૂટ પર્વતમાં આવેલા જનસ્થાનમાં તથા ગંગાના જળમાં સ્નાન કરીને નિરાહાર રહેનારા પુરુષની, રાજલક્ષ્મી પોતે સેવા કરે છે.[૨૯] શ્યામાના આશ્રમમાં જઇને સ્નાન કરતાં એક પખવાડિયા સુધી નિરાહાર રહેનારા પુરુષને ગંધર્વાદિના દિવ્ય ભોગો પ્રાપ્ત થાય છે.[૩૦] કૌશિકા નદી ઉપર જઈને, સર્વ કામનાઓના ત્યાગપૂર્વક વાયુનોજ આહાર કરનારો પુરુષ, માત્ર એકવીસ દિવસોમાંજ સ્વર્ગારોહણ કરી શકે છે.[૩૧] મતંગવાપી નામના તીર્થમાં સ્નાન કરનારો પુરુષ માત્ર એકજ દિવસમાં સિદ્ધ થાય છે; તેમજ અનાલંબ અને સનાતન અંધક નામના તીર્થમાં સ્નાન કરનારો પુરુષ પણ એક દિવસમાંજ સિદ્ધ થાય છે.[૩૨] નૈમિષારણ્યમાં તથા સ્વર્ગતીર્થમાં સ્નાન કરીને એક માસપર્યંત જિતેન્દ્રિય રહીને પિતૃઓનું તર્પણ કરનારો પુરુષ એક નરમેધ યજ્ઞના ફળને પામે છે.[૩૩] તેજ પ્રમાણે ગંગાહ્રદમાં તથા ઉત્પલાવનમાં સ્નાન કરીને એક માસપર્યંત પિતૃતર્પણ કરનારો પુરુષ અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે.[૩૪] ગંગા તથા યમુનાના તીર્થમાં અને કાલંજરનામના પર્વતમાં એક માસપર્યંત પિતૃતર્પણ કરનારો પુરુષ દશ અશ્વમેધ યજ્ઞોના ફળને પામે છે.[૩૫] ષષ્ટિહ્રદ નામના તીર્થમાં સ્નાન કરવાથી અન્નદાનના કરતાં પણ અધિક પુણ્ય પ્રાપ્ત થાય છે. વળી હે ભરતશ્રેષ્ઠ રાજા! માઘ માસની પૂર્ણિમાને દિવસે, પ્રયાગતીર્થમાં ત્રણકરોડ અને દશહજાર તીર્થોનો સમાગમ થાય છે, માટે માઘ માસમાં પ્રયાગમાં

જઇને, નિયમપૂર્વક તીક્ષ્ણ વ્રતોનું પાલન કરનારો પુરુષ, પાપના મળથી રહિત થાય છે અને સ્વર્ગગતિને પામે છે. પિતૃઓના આશ્રમરૂપ ગણાતા મરુદ્ગણ નામના તીર્થમાં સ્નાન કરીને તેમજ વૈવસ્વત નામના તીર્થમાં સ્નાન કરીને પવિત્ર થયેલો પુરુષ, એક તીર્થરૂપ બની જાય છે; તેમજ બ્રહ્મસરોવર ઉપર જઇને તથા ભાગીરથી (ગંગા) નદીના તટ ઉપર જઇને પિતૃતર્પણ કરીને એક માસપર્યંત નિરાહાર રહેનારો પુરુષ ચંદ્રલોકને પામે છે.[૩૬-૪૦] જે પુરુષ ઉત્પાતક તીર્થમાં સ્નાન કરીને અષ્ટાવક્ર તીર્થમાં પિતૃતર્પણ કરે છે અને બાર દિવસસુધી નિરાહાર રહે છે, તેને નરમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૪૧] જે પુરુષે ત્રણ બ્રહ્મહત્યાઓ કરી હોય છે, તે ગયાના પેટાતીર્થ અશ્મપૃષ્ઠ તીર્થમાં જઇને પહેલી બ્રહ્મહત્યાથી મુક્ત થાય છે, નરવિંદ નામના પર્વતમાં જઇને બીજી બ્રહ્મહત્યાથી મુક્ત થાય છે અને ક્રૌંચપદી નામના તીર્થમાં જઇને ત્રીજી બ્રહ્મહત્યાથી મુક્ત થાય છે અને પવિત્ર થાય છે. કલવિંક નામના તીર્થમાં સ્નાન કરીને પુષ્કળ જળ મેળવી શકાય* છે અને અગ્નિપુરમાં તથા દેવહ્રદમાં સ્નાન કરીને તેમજ વિશાલા તીર્થમાં પિતૃતર્પણ કરીને મનુષ્ય, બ્રહ્મરૂપ થઇને વિરાજે છે.[૪૨-૪૪] દમગુણને ધારણ કરનારો જે પુરુષ, અહિંસાધર્મનો આશ્રય કરીને આવર્તનંદા તથા મહાનંદા નામનાં બે તીર્થોનું જો સેવન કરે છે, તો સ્વર્ગના નંદનવનમાં અપ્સરાઓ તેની સેવા કરે છે.[૪૫] કાર્તિકી પૂર્ણિમાને દિવસે ઉર્વશી નામના તીર્થમાં જઇને એકાગ્રચિત્તે સ્નાન કરનારો પુરુષ અને લૌહિત્ય નામના તીર્થમાં વિધિપૂર્વક સ્નાન કરનારો પુરુષ પુંડરીક નામના યજ્ઞનું ફળ સંપાદન કરે છે.[૪૬] રામહ્રદમાં સ્નાન કરીને વિપાશામાં પિતૃતર્પણ કરનારો પુરુષ, બાર દિવસસુધી જો નિરાહાર રહે, તો સર્વ પાપોથી મુક્ત થાય છે. જે મનુષ્ય મહાહ્રદ નામના તીર્થમાં શુદ્ધ મનથી સ્નાન કરે છે અને એક માસપર્યંત નિરાહાર રહે છે, તેને જમદગ્નિએ પ્રાપ્ત કરેલી ગતિ મળે છે.[૪૮] જે પુરુષ વિંધ્યાચળમાં જઇને શરીરને કષ્ટ આપે છે, પ્રતિજ્ઞાને સત્ય કરે છે અને અહિંસા તથા વિનયપૂર્વક તપશ્ચર્યા કરવા માંડે છે, તે પુરુષ માત્ર એક માસમાંજ સિદ્ધ થાય છે. નર્મદામાં તથા શૂર્પારક તીર્થમાં સ્નાન કરીને એક પખવાડિયાસુધી નિરાહાર રહેનારો મનુષ્ય, આવતા જન્મમાં રાજપુત્ર થાય છે.[૫૦] જંબૂમાર્ગ નામના તીર્થમાં નિયમનિષ્ઠ તથા એકાગ્રચિત્ત રહીને ત્રણ માસપર્યંત નિવાસ કરનારો મનુષ્ય, માત્ર એક રાત્રિદિવસમાંજ સિદ્ધિને પામે છે.[૫૧] કોકામુખ નામના તીર્થમાં સ્નાન કરીને તેમજ અંજલિકાશ્રમમાં નિવાસ કરીને માત્ર શાકનોજ આહાર કરનારો અને વલ્કલ વસ્ત્રો ધારણ કરનારો પુરુષ, દશ કુમારીઓનો સ્વામી થાય છે.[૫૨] જે પુરુષ, કન્યાહ્રદ નામના તીર્થમાં જઇને નિવાસ કરે છે, તેને યમરાજાને ઘેર કદી જવું પડતું નથી, પણ તેને દેવલોકજ મળે છે.[૫૩] હે મોટી ભુજાઓવાળા રાજા! પ્રભાસક્ષેત્રમાં ચિત્તને એકાગ્ર કરી એક અમાવાસ્યાને દિવસેજ સ્નાન કરનારો પુરુષ સિદ્ધિને પામે છે અને સ્વર્ગમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.[૫૪] જે પુરુષ ઉજ્જાનક તીર્થમાં સ્નાન કરીને આર્ષ્ટિષેણના આશ્રમમાં તથા પિંગાના આશ્રમમાં સ્નાન કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે.[૫૫] કુલ્યા તીર્થમાં સ્નાન કરીને ત્રણ રાત્રિના ઉપવાસ કરનારો પુરુષ, કેવળ અઘમર્ષણ મંત્રનોજ જાપ કર્યા કરે છે, તો અશ્વમેધ યજ્ઞના ફળને પ્રાપ્ત કરે છે.[૫૬] પિંડારક તીર્થમાં સ્નાન કરીને માત્ર એક દિવસનોજ ઉપવાસ કરનારો પુરુષ, અગ્નિષ્ટોમ નામના યજ્ઞના ફળને પામે છે અને બીજે દિવસે પ્રાતઃકાળમાંજ સર્વ પાપોથી મુક્ત થઇને પવિત્ર થાય છે;[૫૭] તેમજ ધર્મારણ્ય નામના તપોવનથી શોભી રહેલા બ્રહ્મસરોવર ઉપર જઇને પવિત્રતાપૂર્વક સ્નાન કરનારો પુરુષ પુંડરીક નામના યજ્ઞના ફળને પ્રાપ્ત કરે છે.[૫૮] મૈનાક નામના પર્વતમાં જઇને સ્નાનસંધ્યા કરનારો પુરુષ, એક માસપર્યંત કામવાસનાનો

---

* અર્થાત્ અનેક તીર્થોમાં સ્નાન કરવાનો લાભ મેળવી શકાય છે.

જાય કરે છે,તો સર્વ યજ્ઞના ફળને સંપાદન કરે છે.[૫૯] બાળકની હત્યા કરનારો પુરુષ કાલોદક, નંદિકુંડ અને ઉત્તરમાનસ નામના તીર્થમાં યાત્રા કરવા નીકળે છે, ત્યારે એ તીર્થોને તથા પોતાને સો યોજન જેટલો અંતર રહે છે, તેટલામાંજ બાળહત્યાના પાપમાંથી મુક્ત થાય છે. નંદીશ્વર નામના તીર્થનાં માત્ર દર્શન કરવાથીજ મનુષ્ય, પાપોથી મુક્ત થઇ જાય છે અને સ્વર્ગમાર્ગ નામના તીર્થમાં સ્નાન કરીને પુરુષ બ્રહ્મલોકને પામી શકે છે.[૬૧] હિમાલય નામનો પર્વત, કે જે શંકરના સસરાતરીકે જગતમાં વિખ્યાત થયો છે, પવિત્ર છે, સર્વ રત્નોના નિધાનરૂપ છે અને સિદ્ધો તથા ચારણોથી સેવાયલો છે, ત્યાં જે વેદાંતી બ્રાહ્મણ પોતાના જીવિતને નાશવંત જાણીને, વિધિપૂર્વક અનશનવ્રતનો સ્વીકાર કરી, દેવતાઓનું પૂજન કરીને તથા મુનિઓને નમસ્કાર કરીને પોતાના શરીરનો ત્યાગ કરે છે, તે બ્રાહ્મણ સિદ્ધાવસ્થા સંપાદન કરી સનાતન બ્રહ્મલોકરૂપ સ્વર્ગમાં ગમન કરે છે.[૬૪] જે પુરુષ કામ, ક્રોધ તથા લોભને જીતીને તીર્થમાં નિવાસ કરે છે, તેણે તીર્થક્ષેત્રમાં ગમન કરીને કંઇ વસ્તુ પ્રાપ્ત કરી નથી, એમ નથી. (અર્થાત્ તેણે સર્વ વસ્તુ પ્રાપ્ત કરીજ છે, એમ સમજવું.)[૬૫] જે તીર્થોમાં દુર્ગમતા અને વિષમતા હોવાને લીધે જઈ શકાય તેમ ન હોય, તે સર્વ તીર્થોમાં માનસિક યાત્રા કરી લેવી; કેમકે તેવાં તીર્થોનું માનસિક યાત્રાથી પણ દર્શન થઇ શકે છે.[૬૬] આ તીર્થમાહાત્મ્ય પવિત્ર છે, પુણ્યદાયી છે, સ્વર્ગને આપનારૂં છે, સર્વ કરતાં ઉત્તમ છે, વેદોના રહસ્યરૂપ છે, સંસારસમુદ્રમાંથી તારનારૂં છે અને પવિત્ર કરનારૂં છે.[૬૭] આ માહાત્મ્ય દ્વિજજાતિના પુરુષોને તથા આત્માનું હિત કરનારા સાધુ પુરુષનેજ આપવું અને પોતાના મિત્રોને તથા પોતાની ભક્તિ કરનારા શિષ્યને કાનમાં કહેવું."

ભીષ્મે કહ્યું:- "હે યુધિષ્ઠિર ! એ રીતે મહાતપસ્વી અંગિરાએ, આ તીર્થમાહાત્મ્ય ગૌતમને કહ્યું હતું; તેમજ મહાબુદ્ધિમાન કાશ્યપઋષિની પ્રાર્થનાથી તેમને (કાશ્યપને) પણ કહ્યું હતું.[૬૯] મોટા મોટા ઋષિઓએ પણ આ તીર્થમાહાત્મ્યનો નિત્ય જાપ કરવો યોગ્ય છે; કેમકે આ સર્વ પવિત્રોમાં ઉત્તમ પવિત્રરૂપ છે, માટે જે પુરુષ નિત્ય પ્રાતઃકાળમાં ઉઠીને નિર્મળ ચિત્તથી આનો જાપ કરે છે, તેને સ્વર્ગગતિ પ્રાપ્ત થાય છે.[૭૦] વળી જે પુરુષ, અંગિરાએ કહેલા આ માહાત્મ્યરૂપ રહસ્યનું શ્રવણ કરે છે,તેને પણ ઉત્તમ કુળમાં જન્મ તથા પોતાના પૂર્વજન્મનું સ્મરણ પ્રાપ્ત થાય છે.[૭૧]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'આંગિરસતીર્થયાત્રા' એ વિષયનો
અધ્યાય ૨૫મો સમાપ્ત

અધ્યાય ૨૬ મો

ગંગામાહાત્મ્ય

॥ वैशंपायन उवाच ॥

बृहस्पतिसमं बुद्ध्या क्षमया ब्रह्मणः समम् ।
पराक्रमे शाक्रसममादित्यसमतेजसम् ॥१॥

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય રાજા ! બુદ્ધિમાં બૃહસ્પતિસમાન, ક્ષમામાં બ્રહ્માસમાન, પરાક્રમમાં ઇંદ્રસમાન અને તેજમાં સૂર્યસમાન મહાતેજસ્વી ગંગાપુત્ર ભીષ્મ, અર્જુનને હાથે ઘાયલ થઇને રણક્ષેત્રમાં પડયા હતા, ત્યારે યુધિષ્ઠિરરાજા પોતાના ભાઇઓની સાથે તેમને પ્રશ્નો પૂછતા હતા અને બીજી તરફથી મોટા મોટા ઋષિઓ પણ વીરશય્યામાં સૂતેલા, પોતાના મરણકાળની આકાંક્ષા રાખનારા અને અસ્ખલિત પરાક્રમવાળા ભરતશ્રેષ્ઠ ભીષ્મનાં દર્શન કરવામાટે ત્યાં આવ્યા હતા.[૧-૩] અત્રિ, વસિષ્ઠ, ભૃગુ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અંગિરા, ગૌતમ, અગસ્ત્ય, અત્યંત જિતેંદ્રિય સુમતિ, વિશ્વામિત્ર, સ્થૂલગિરા, સંવર્ત, પ્રમતિ, દમ, બૃહસ્પતિ, શુક્રાચાર્ય, વ્યાસ, ચ્યવન, કાશ્યપ, ધ્રુવ, દુર્વાસા, જમદગ્નિ, માર્કંડેય, ગાલવ, ભરદ્વાજ, રૈભ્ય, યવક્રીત, ત્રિત, સ્થૂલાક્ષ, શબલાક્ષ, કણ્વ, મેધાતિથિ, કૃશ, નારદ, પર્વત, સુધન્વા, એકત, નિતંભૂ, ભુવન, ધૌમ્ય, શતાનંદ, અકૃતવ્રણ, જમદગ્નિના પુત્ર પરશુરામ અને કચ-વગેરે અનેક મહાત્મા મહર્ષિઓ, ભીષ્મનાં દર્શન કરવા-

માટે ત્યાં આવ્યા હતા. તે સમયે રાજા યુધિષ્ઠિરે અને તેમના ભાઇઓએ, અનુક્રમે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક તે મહાત્માઓની પૂજા કરી હતી અને તે મહર્ષિઓ પણ પૂજાસત્કાર પામીને તથા સુખપૂર્વક ત્યાં બેસીને કથાઓ કરી રહ્યા હતા.[૪-૧૦] તેઓની એ સર્વ કથાઓ ભીષ્મના સંબંધનીજ હતી, અત્યંત મધુર હતી અને સર્વ ઇંદ્રિયો તથા મનનું આકર્ષણ કરે તેવી હતી. ભીષ્મ પવિત્ર ચિત્તવાળા તે ઋષિઓની કથાઓનું શ્રવણ કરીને પોતાના આત્માને સ્વર્ગમાં રહેલોજ માનતા હતા અને પરમ સંતોષ પામ્યા હતા. તે પછી પૂર્વોક્ત સર્વ મહર્ષિઓ, ભીષ્મને તથા પાંડવોને પૂછીને સર્વના દેખતાં ત્યાંથી અંતર્ધાન થઇ ગયા; એટલે સર્વ પાંડવો, મહાભાગ્યશાળી તે ઋષિઓને અંતર્ધાન થઈ ગયેલા જોઇને પણ તેઓની સ્તુતિ કરવા લાગ્યા અને વારંવાર તેઓને પ્રણામ કરવા લાગ્યા. પછી તેઓ સર્વે, વૈદિક મંત્રોને જાણનારા બ્રાહ્મણો ઉદય પામતા સૂર્યને જેમ નમસ્કાર કરે છે, તેમ કુરુઓમાં શ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મને પ્રસન્નચિત્તથી નમસ્કાર કરવા લાગ્યા. વળી તે વખતે પૂર્વોક્ત ઋષિઓના તપના પ્રભાવથી સર્વ દિશાઓને પ્રકાશમાન થઇ રહેલી જોઇને પાંડવો પરમ વિસ્મય પામ્યા અને તે સર્વ ઋષિઓના મહાભાગ્યનો મનમાં વિચાર કરીને તેઓ, ભીષ્મની સાથે તે ઋષિઓસંબંધીજ કથાઓ કરવા લાગ્યા.[૧૧-૧૬]

વૈશંપાયને કહ્યું:–એ રીતે સર્વ ઋષિઓસંબંધી કથાઓ થઇ રહી; એટલે ધર્મપુત્ર પાંડવ યુધિષ્ઠિરે, ભીષ્મના ચરણમાં પોતાનું મસ્તક નમાવીને આવો ધાર્મિક પ્રશ્ન પૂછ્યો.”

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! કયા ભૂપ્રદેશો, કયા દેશો, કયા આશ્રમો,કયા પર્વતો અને કયી નદીઓ અતિપવિત્ર છે? તે મને કહો.

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર ! આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં શિલોંછવૃત્તિથી આજીવિકા ચલાવનારા એક બ્રાહ્મણના તથા એક સિદ્ધના સંવાદનું વર્ણન કરવામાં આવ્યું છે. પૂર્વે, મનુષ્યોમાં શ્રેષ્ઠ કોઇએક સિદ્ધ ઋષિ, પર્વતોથી શોભી રહેલી આખી પૃથ્વીની વારંવાર પરિક્રમાઓ કરીને એક સમયે શિલોંછવૃત્તિથી આજીવિકા ચલાવનારા કોઇએક ઉત્તમ ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર અતિથિતરીકે ગયો. એટલે પેલા ગૃહસ્થ બ્રાહ્મણે, શાસ્ત્રોક્ત વિધિપૂર્વક તેની પૂજા કરી; જેથી અત્યંત પ્રસન્ન થયેલો તે સિદ્ધ ઋષિ, સુખેથી એક રાત્રિ તે બ્રાહ્મણને ઘેર રહ્યો.[૨૦,૨૧] બીજે દિવસે પ્રાતઃકાળમાં પેલા શિલવૃત્તિ બ્રાહ્મણે, સ્નાનાદિકથી પવિત્ર થઇને પોતાનાં નિત્યકર્મો કર્યાં અને પછી કૃતકૃત્ય થયેલા પેલા સિદ્ધ અતિથિ પાસે આવીને તેની સેવા કરવા તત્પર થયો.[૨૨] પછી તે બન્ને મહાત્માઓ અન્યોન્યના સમાગમમાં આવીને સુખેથી ત્યાં બેઠા અને વેદોની તથા ઉપનિષદોની પવિત્ર કથાઓ કહેવા લાગ્યા.[૨૩] કથાઓ સમાપ્ત થઇ એટલે મહાબુદ્ધિમાન શિલવૃત્ત બ્રાહ્મણે, પેલા સિદ્ધ અતિથિની આજ્ઞા લઇને, જે પ્રશ્ન તેં મને પૂછ્યો છે તેજ પ્રશ્ન તેને પૂછ્યો.[૨૪]

શિલવૃત્તિ બ્રાહ્મણે પૂછ્યું:–“કયા ભૂવિભાગોને કયા દેશોને,કયા આશ્રમોને,કયા પર્વતોને અને કયી નદીઓને અતિપવિત્ર જાણવી? તે મને કહો.”[૨૫]

સિદ્ધે કહ્યું:–“ તેજ ભૂવિભાગો અત્યંત પવિત્ર છે, તેજ દેશો અત્યંત પવિત્ર છે, તેજ આશ્રમો અત્યંત પવિત્ર છે અને તેજ પર્વતો અત્યંત પવિત્ર છે, કે જેઓની મધ્યમાં થઇને ભગીરથની પુત્રી મહાનદી ગંગા નિત્ય વહ્યા કરે છે.[૨૬] પ્રાણી, ગંગાનદીનું સેવન કરીને જે ગતિ સંપાદન કરી શકે છે, તે ગતિ બ્રહ્મચર્ય પાળીને, યજ્ઞો કરીને અથવા દાનો આપીને પણ સંપાદન કરી શકતો નથી.[૨૭] જે મનુષ્યોનાં ગાત્રો ગંગાના જળસ્પર્શથી પવિત્ર થયેલાં હોય છે અને જેઓનાં હાડકાંઓ ગંગાના જળમાં નાખવામાં આવ્યાં હોય છે, તેઓને સ્વર્ગમાંથી કદી પાછા આવવું પડતું નથી.[૨૮] હે બ્રાહ્મણ ! જે મનુષ્યોનાં સર્વ કાર્યો ગંગાના જળથી સિદ્ધ થતાં હોય છે, તેઓ આ પૃથ્વીનો ત્યાગ કરીને સ્વર્ગલોકમાં સ્થિતિ

કરે છે.[૨૯] વળી જે પુરુષોએ પોતાની પૂર્વવયમાં પાપી કૃત્યો કરેલાં હોય છે, તેઓ પણ પાછળથી જો ગંગાનું સેવન કરે છે તો ઉત્તમ ગતિને પામે છે.[૩૦] ગંગાના પવિત્ર જળમાં નિયમનિષ્ઠાપૂર્વક નિત્ય સ્નાન કરનારા પુરુષોની જે પુણ્યવૃદ્ધિ થાય છે, તે સેંકડો યજ્ઞો કરવાથી પણ થતી નથી.[૩૧] મનુષ્યનું હાડકું, જેટલા સમયપર્યંત ગંગાના જળમાં રહે છે, તેટલા હજાર વર્ષપર્યંત તે મનુષ્ય, સ્વર્ગલોકમાં પૂજાય છે.[૩૨] જેમ સૂર્ય, ઉદયકાળે તીવ્ર અંધકારનો નાશ કરીને દીપી નીકળે છે, તેમ ગંગાના જળમાં સ્નાન કરનારો પુરુષ પણ પોતાનાં તીવ્ર પાપોનો નાશ કરીને પુણ્યથી પ્રકાશી નીકળે છે.[૩૩] જેમ ચંદ્રવિનાની રાત્રિઓ પ્રકાશતી નથી અને પુષ્પોવિનાનાં વૃક્ષો જેમ શોભતાં નથી, તેમ ગંગાના પવિત્ર જળથી રહિત દેશો અને દિશાઓ પણ શોભતી નથી.[૩૪] જેમ ધર્મ અને જ્ઞાનવિનાના સર્વ વર્ણાશ્રમો અધમ ગણાય છે અને સોમવિનાના યજ્ઞો જેમ નિષ્ફળ કહેવાય છે, તેમ ગંગાવિનાનું જગત પણ અધમ ગણાય છે.[૩૫] જેમ સૂર્યવિનાનું આકાશ, પર્વતોવિનાની પૃથ્વી અને વાયુવિનાનું ગગન પ્રકાશતું નથી, તેમ ગંગાવિનાના દેશો અને દિશાઓ પણ પ્રકાશતાં નથી, એ નિઃસંશય છે.[૩૬] આ ત્રણે લોકમાં જેટલાં પ્રાણીઓ છે, તેઓ સર્વને ગંગાનાં પવિત્ર જળથી તૃપ્ત કરવામાં આવે છે, તોજ તેઓ પરમ તૃપ્તિને પામે છે.[૩૭] જે પુરુષ, સૂર્યનાં કિરણોથી તપી ગયેલા ગંગાના જળનું પાન કરે છે, તે પુરુષ ગાયના મળમાર્ગથી નીકળેલા જવથી આજીવિકા ચલાવનારા તાપસ* કરતાં પણ અધિક પુણ્યશાળી છે.[૩૮] એક પુરુષ, શારીરિક શુદ્ધિ કરનારાં એકહજાર ચાંદ્રાયણ વ્રતો કરે અને બીજો પુરુષ કેવળ ગંગાના જળનું પાન કરે, ત્યારે તેઓ બન્ને સમાન શુદ્ધિવાળા થાય છે કે તેમાંનો એક અધિક શુદ્ધિવાળો થાય છે, એ કહેવું અશક્યજ થઈ પડે છે.[૩૯] એક પુરુષ, કોઇ તપોવનમાં એકહજાર યુગપર્યંત એક પગે ઉભો રહીને તપશ્ચર્યા કરે અને બીજો પુરુષ માત્ર એક માસપર્યંત ગંગાતટે નિવાસ કરે, ત્યારે તેઓ બન્ને સમાન પુણ્યશાળી થાય છે કે તેમાંનો એક અધિક પુણ્યશાળી થાય છે, એ કહેવું અશક્યજ છે.[૪૦] એક પુરુષ, દશહજાર યુગપર્યંત ઉંધે મસ્તકે લટકીને તપશ્ચર્યા કરે, તેના કરતાં જે પુરુષ પોતાની ઈચ્છાનુસાર ગંગાના તટ ઉપર નિવાસ કરે છે, તે અધિક પુણ્યશાળી છે.[૪૧] હે ઉત્તમ બ્રાહ્મણ! અગ્નિમાં નાખેલું રૂ જેમ બળીને ભસ્મ થઈ જાય છે, તેમ ગંગામાં સ્નાન કરનાર મનુષ્યનાં સર્વ પાપો સમૂળગાં નષ્ટ થઇ જાય છે.[૪૨] જગતનાં પ્રાણીમાત્ર કે જેઓનાં ચિત્ત દુઃખને લીધે મૂઢ થઇ ગયાં હોય છે અને જેઓ પોતાનાં દુઃખની શાંતિને માટે ઉત્તમ ગતિની શોધમાં ફરતા હોય છે, તેઓને ગંગાસમાન બીજી કોઈ ગતિજ નથી.[૪૩] જેમ ગરુડનું દર્શન થતાંજ સર્પોનું ઝેર ઉતરી જાય છે, તેમ ગંગાનું દર્શન થતાંજ મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે.[૪૪] આ જગતમાં જેઓ પ્રતિષ્ઠાથી રહિત હોય છે અને કેવળ અધર્મનુંજ શરણ લઈ બેઠા હોય છે, તેઓને એક ગંગાજ પ્રતિષ્ઠારૂપ છે, શરણરૂપ છે, સુખ આપનારી છે અને દુઃખથી રક્ષણ કરનારી છે.[૪૫] જે અધમ પુરુષો અનેક ઉત્કૃષ્ટ અશુભ કર્મોના ગ્રાસ થઈ પડેલા હોય છે અને નરકના ખાડામાં તૂટી પડવાની અણીપર આવેલા હોય છે, તેઓ પણ જો ગંગાનો આશ્રય કરે છે, તો મરણ પછી તેઓને ગંગા તારી દે છે.[૪૬] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ! જે પુરુષો, નિરંતર ગંગાનું શરણ લે છે તેઓ ખરેખર, ઇંદ્રસહિત દેવો અને મુનિઓની યોગ્યતા ધરાવી શકે છે.[૪૭] હે બ્રાહ્મણ! જે અધમ પુરુષો વિનય અને આચારથી ભ્રષ્ટ થયેલા હોય છે અને અમંગળની મૂર્તિરૂપ હોય છે, તેઓ પણ ગંગાનો જો આશ્રય કરે

---

* જે તાપસ, પોતાને ત્યાં એક ગાય રાખીને નિત્ય તેને જવ ખાવા આપે છે અને પછી તેના છાણમાંથી જે જવ બહાર નીકળે છે તે ખાઇને પોતાની આજીવિકા ચલાવે છે, તે તાપસને "યાવકવ્રતી" કહેવામાં આવે છે.

છે તો કેવળ મંગળનીજ મૂર્તિરૂપ બની જાય છે.[૪૮] જેમ દેવતાઓને અમૃત તૃપ્તિકારક છે, પિતૃઓને સ્વધા તૃપ્તિકારક છે અને નાગોને સુધા તૃપ્તિકારક છે, તેમ મનુષ્યોને ગંગાનું જળ તૃપ્તિકારક છે.[૪૯] જેમ ક્ષુધાથી પીડિત થયેલાં બાળકો પોતાની માતાનો આશ્રય કરે છે, તેમ શ્રેયસ્‌ની કામનાવાળા દેહધારીઓ, ગંગાનો આશ્રય કરે છે.[૫૦] જેમ સર્વ દિવ્ય સ્થાનોના મધ્યમાં સ્વયંભૂનું સ્થાન સર્વના કરતાં શ્રેષ્ઠ કહેવાય છે, તેમ સ્નાન કરવા યોગ્ય સર્વ નદીઓમાં ગંગા નદીજ શ્રેષ્ઠ કહેવાય છે.[૫૧] જેમ ગાય* અને પૃથ્વી, દેવાદિની ઉપજીવિકાનું સાધન કહેવાય છે, તેમ ગંગા પ્રાણીમાત્રની ઉપજીવિકાનો મુખ્ય આધાર કહેવાય છે.[૫૨] જેમ દેવતાઓ, સત્રાદિ યજ્ઞોદ્વારા ચંદ્રસૂર્યમાં પ્રાપ્ત થયેલા અમૃત ઉપર જીવન ગાળે છે, તેમ મનુષ્યો ગંગાના જળ ઉપર જીવન ગાળે છે.[૫૩] આ મનુષ્યલોક, ગંગાના તટ ઉપરથી ઉડી આવેલા રેતીના રજકણોથી શરીરે છંટાય છે, ત્યારે પોતાના આત્માને સ્વર્ગલોકમાં શોભી રહેલો માને છે.[૫૪] જે પુરુષ ગંગાના તટ ઉપરની મૃત્તિકાને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે, તે પુરુષ અંધકારનો નાશ કરવામાટે તેજસ્વી થયેલા સૂર્યના સ્વરૂપને ધારણ કરે છે-અર્થાત્ તે પુરુષ સૂર્યસમાન તેજસ્વી થાય છે.[૫૫] ગંગાના જળતરંગો સાથે મિશ્ર થયેલો પવન, પુરુષના શરીરનો જ્યારે સ્પર્શ કરે છે, ત્યારે તત્કાળ તેનાં સર્વ પાપોને દૂર કરે છે.[૫૬] દુઃખોને લીધે સંતાપ પામેલો અને વિનાશ પામવાને તત્પર થયેલો પુરુષ, ગંગાનાં દર્શન કરવાની મનમાં પ્રીતિ કરે છે કે તુરતજ તેનાં સર્વ સંકટોનો નાશ થઈ જાય છે.[૫૭] હંસ, ચક્રવાક અને બીજાં અનેક પક્ષીઓના સુંદર શબ્દોથી ગંગા ગંધર્વોની સ્પર્ધા કરે છે અને પોતાના તટપ્રદેશોથી પર્વતોની સ્પર્ધા કરે છે.[૫૮] હંસાદિક અનેક પક્ષીઓથી વિંટાયેલી અને ગાયોનાં ટોળાંઓથી વ્યાપ્ત થયેલી ગંગાનાં દર્શન કરીને સ્વર્ગની પણ વિસ્મૃતિ થઇ જાય છે.[૫૯] ગંગાના તટ ઉપર નિવાસ કરનારા પુરુષોને જે પરમ પ્રીતિ ઉત્પન્ન થાય છે, તે સ્વર્ગમાં રહીને સર્વ વિષયોનો ઉપભોગ કરનારા કોઇ દેવને પણ ઉત્પન્ન થતી નથી.[૬૦] કોઈએક પુરુષ વાણીનાં, મનનાં તથા કર્મોનાં ભયંકર પાપોનો ભોગ થઈ પડ્યો હોય, તોપણ ગંગાનાં દર્શન કરીને પવિત્ર થાયજ છે, એમાં મને સંશય નથી.[૬૧] ગંગાનાં દર્શન કરીને, ગંગાનો સ્પર્શ કરીને તથા ગંગામાં સ્નાન કરીને પુરુષ, ભૂતકાળના સાત પિતૃઓનો, ભવિષ્યકાળના સાત પિતૃઓનો તથા તેનાથી આગળ થનારા પિતૃઓનો પણ ઉદ્ધાર કરે છે.[૬૨] ગંગાના નામનું શ્રવણ કરવાથી, ગંગાના દર્શનની અભિલાષા કરવાથી, ગંગાના જળનું પાન કરવાથી, ગંગાનો સ્પર્શ કરવાથી, ગંગાનાં દર્શન કરવાથી અને ગંગામાં સ્નાન કરવાથી, મનુષ્યો પોતાના બન્ને વંશોનો ઉદ્ધાર કરી શકે છે.[૬૩] ગંગા પોતાનાં દર્શનથી, સ્પર્શનથી, પાનથી તથા પોતાનાં નામકીર્તનમાત્રથી પણ સેંકડો અને હજારો પાપી પુરુષોને પવિત્ર કરે છે.[૬૪] જેને પોતાના જન્મનું, જીવિતનું તથા શાસ્ત્રજ્ઞાનનું સાફલ્ય કરવાની ઈચ્છા હોય, તેણે ગંગાના તટ ઉપર જઇને પિતૃઓને તથા દેવોને અવશ્ય તૃપ્ત કરવા જોઇએ.[૬૫] મનુષ્ય, ગંગાનું શરણ લઇને જે અવિનાશી ફળ સંપાદન કરે છે, તે ફળ પુત્રોદ્વારા, ધનદ્વારા કે કર્મોદ્વારા સંપાદન કરી શકતો નથી.[૬૬] જે પુરુષો શરીરાદિની શક્તિવાળા હોય છે છતાં પવિત્ર જળવાળી મંગળમૂર્તિ ગંગાનાં દર્શન કરતા નથી, તેઓ નેત્રવાળા હોવાછતાં જન્માંધ છે, જીવ હોવા છતાં મરેલા છે અને પગ હોવાછતાં લૂલા છે.[૬૭] જગતમાં એવો કયો મનુષ્ય હોય, કે જે ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનારા મોટા ઋષિઓએ નિત્ય સેવેલી અને ઇંદ્રસહિત

---

* યજ્ઞમાં જે હવિર્ભાગ અપાય છે, તેનાપર દેવોની આજીવિકા ચાલી રહી છે; પણ એ હવિર્ભાગ ગાય અને પૃથ્વીમાંથીજ મળી આવે છે, માટે પૃથ્વી અને ગાય દેવોની ઉપજીવિકાનું સાધન કહેવાય છે.

દેવતાઓએ આશ્રય કરાયેલી ગંગાનું સેવન ન કરે? ૬૮ જે ગંગાનો વાનપ્રસ્થો, ગૃહસ્થો, યતિઓ અને વિદ્વાન બ્રહ્મચારીઓ નિત્ય આશ્રય કરે છે,તેનો કયો પુરુષ આશ્રય ન કરે? જે પુરુષો પ્રાણોના અંતકાળસમયે, શિષ્ટપુરુષોની સંમતિ પ્રમાણે સાવધાન થઇને મનમાં ગંગાનું ચિંતન કરે છે, તેને પરમ ગતિ પ્રાપ્ત થાય છે.૭૦ જે પુરુષ, દેહનું પતન થાય ત્યાંસુધી કેવળ ગંગાનુંજ ઉપાસન કર્યા કરે છે,તેને વ્યાઘ્રાદિ ભયંકર પશુઓથી, બ્રહ્મહત્યા આદિ ઘોર પાપોથી અથવા રાજા તરફથી ભય રહેતો નથી.૭૧ મહાપવિત્ર ગંગા, આકાશમાંથી જ્યારે પડતી હતી, ત્યારે મહેશ્વરે પોતે પોતાના મસ્તક ઉપર ધારણ કરી હતી, તેજ ગંગાને સ્વર્ગમાં પણ સેવવામાં આવે છે.૭૨ ગંગાએ, પોતાના ત્રણ* નિર્મળ પ્રવાહોથી ત્રણે લોકને અલંકૃત કર્યા છે, માટે જે પુરુષ ગંગાના જળનું સેવન કરે છે તે અવશ્ય કૃતકૃત્ય થાય છે.૭૩ આકાશના જ્યોતિર્ગણોમાં જેમ સૂર્ય શ્રેષ્ઠ છે, પિતૃઓમાં જેમ ચંદ્રમા શ્રેષ્ઠ છે અને મનુષ્યોમાં જેમ રાજા શ્રેષ્ઠ છે, તેમ સર્વ નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે.૭૪ ગંગાના તટપર નિવાસ કરનારા મનુષ્યને, ગંગાના વિયોગથી જેવું દુઃખ ઉત્પન્ન થાય છે, તેવું દુઃખ માતા, પિતા,પુત્રો, સ્ત્રી કે ધનના વિયોગથી પણ ઉત્પન્ન થતું નથી;૭૫ તેમજ ગંગાનાં દર્શન કરીને મનમાં જે પ્રસન્નતા થાય છે,તે બ્રહ્મલોકના ઈષ્ટ વિષયોની પ્રાપ્તિથી, પુત્રોની પ્રાપ્તિથી કે ધનના લાભથી પણ થતી નથી.૭૬ મનુષ્યોની દૃષ્ટિ પૂર્ણ ચંદ્રમાનાં દર્શન કરીને જેમ પ્રસન્ન થાય છે, તેમ ગંગાનાં દર્શન કરીને પણ પ્રસન્ન થાય છે.૭૭ જે પુરુષની શ્રદ્ધા ગંગાપરજ હોય છે, જે પુરુષનું મન ગંગામાંજ લીન હોય છે, જે પુરુષની નિષ્ઠા ગંગાવિષેજ હોય છે, જે પુરુષનું પરમ આશ્રયસ્થાન ગંગાજ હોય છે અને જે પુરુષ, ભક્તિથી ગંગાનેજ અનુસરે છે, તે પુરુષ ગંગાને પ્રિય થઈ પડે છે.૭૮ જે ઉચ્ચનીચ પ્રાણીઓ પૃથ્વીપર નિવાસ કરે છે,આકાશમાં નિવાસ કરે છે અને સ્વર્ગમાં નિવાસ કરે છે,તેઓ સર્વેયે નિત્ય ગંગાનુંજ સેવન કરવું જોઇએ; કેમકે સત્પુરુષોનું એ અવશ્ય કર્તવ્ય છે.૭૯ સમગ્ર જગતમાં અત્યંત પવિત્ર હોવાને લીધે ગંગાનો યશ સર્વત્ર પ્રસિદ્ધ થયો છે; કેમકે સગરરાજાના પુત્રો ભસ્મીભૂત થઇ ગયા હતા, છતાં ગંગાએ તેઓને સ્વર્ગમાં મોકલ્યા છે.૮૦ ગંગાના તરંગો કે જેઓ વાયુની પ્રેરણાથી અત્યંત ઉછળી રહેલા હોય છે, અત્યંત મનોહર દેખાય છે, અતિશય ચંચળ હોય છે અને કાંતિમાન હોય છે, તેઓએ દોષોને દૂર કરીને તેજસ્વી કરેલા પુરુષો, સાક્ષાત્ સૂર્યસમાન તેજસ્વી થાય છે.૮૧ જે પુરુષોએ યજ્ઞના હવિષરૂપ દૂધવાળી તથા ઘૃતવાળી, અત્યંત ઉદાર, યજ્ઞના ફળરૂપ સમૃદ્ધિવાળી, વેગવાળી અને દુઃખથી પ્રવેશ કરવાયોગ્ય ગંગા ઉપર જઇને પોતાના શરીરનો ત્યાગ કર્યો હોય છે,તે ધીર પુરુષો દેવોની સમાનતાને પામે છે. યશસ્વિની, શ્રેષ્ઠ, દેવાદિના સૌભાગ્યને આપનારી અને ઇંદ્રસહિત દેવોએ, મુનિઓએ તથા મનુષ્યોએ સેવેલી ગંગા (પોતાની ભક્તિ કરનારા) આંધળાઓની, જડની તથા દ્રવ્યહીન દરિદ્રોની સર્વ કામનાઓ પરિપૂર્ણ કરે છે.૮૩ જે પુરુષો, અન્ન, પશુ–વગેરે આપનારી, અત્યંત પવિત્ર, કર્મોનાં ફળ આપનારી, ત્રણ માર્ગોમાં વહેનારી અને ત્રણે લોકનું રક્ષણ કરનારી ગંગાનો આશ્રય કરે છે,તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.૮૪ જે મનુષ્ય ગંગાના તટઉપર નિવાસ કરે છે અથવા ગંગાનાં દર્શન કરે છે, તેને દેવતાઓ સર્વ પ્રકારનાં સુખો આપે છે. વળી ગંગાની કૃપાથીજ મહત્ત્વને પામેલા દેવતાઓ, ગંગામાં સ્નાન કરનારા અથવા ગંગાનું દર્શન કરનારા મનુષ્યને ઇષ્ટગતિ અર્પણ કરે છે.૮૫ જે શરણે આવેલાનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે, વિષ્ણુની માતારૂપ છે, વૈદિક વાણીરૂપ છે, અત્યંત દુર્લભ

---

* ગંગાના ત્રણ પ્રવાહો છે. તેમાંનો એક પ્રવાહ સ્વર્ગમાં છે, બીજો પ્રવાહ પૃથ્વીપર છે અને ત્રીજો પ્રવાહ પાતાળમાં છે. સ્વર્ગમાં જે પ્રવાહ છે તેને મંદાકિની, પૃથ્વીપરના પ્રવાહને ભાગીરથી અને પાતાળના પ્રવાહને ભોગવતી કહેવામાં આવે છે.

હોવાથી દૂરવર્તિની કહેવાય છે, કલ્યાણકારિણી છે, સમૃદ્ધિમતી છે, છ પ્રકારના ઐશ્વર્યવાળી છે, અત્યંત નિર્મળ છે, જ્ઞાનની પ્રકાશિકા છે અને પ્રાણીમાત્રની પ્રતિષ્ઠારૂપ છે, તે ગંગાનું શરણુ લેનારા પુરુષો સ્વર્ગમાં જઇ શકે છે. જેની ખ્યાતિ આકાશ, સ્વર્ગ, પૃથ્વી, દિશાઓ અને વિદિશાઓ-વગેરે સર્વ સ્થળમાં નિત્ય સ્થિતિ કરી રહી છે,તે શ્રેષ્ઠ નદી ગંગાના જળનું સેવન કરીને સર્વ મનુષ્યો કૃતકૃત્ય થાય છે. જે ગંગા કાર્તિકસ્વામીની માતા છે, સુવર્ણનું ઉત્પત્તિસ્થાન છે, આકાશમાંથી પ્રાતઃકાળના સમયે ઉતરી છે,* ધર્માર્થકામરૂપ ત્રિવર્ગને આપનારી છે, ઘતસમાન જળપ્રવાહને વહેનારી છે, પાપથી રહિત છે અને જેનું જળ સમગ્ર જગતને પ્રિય છે તે ગંગાનદીનાં દર્શન કરીને જે પુરુષ, " જુઓ આ ગંગા છે " એમ બીજાઓને દર્શન કરાવે છે, તે પુરુષને ગંગાજ સંસારમાંથી મુક્ત કરે છે.[૮૮] જે ગંગા હિમાલયની પુત્રી છે, શંકરની ભાર્યા છે, સ્વર્ગ તથા પૃથ્વીના અલંકારરૂપ છે,આખી પૃથ્વીમાં કલ્યાણરૂપ છે અને ઐશ્વર્યના સમૂહવાળી છે,તે ગંગા †હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! ત્રણે લોકોને પુણ્યફળ આપનારી છે.વળી તે ગંગા ધર્મરૂપી મધને સ્રવનારી છે. ઘૃતના જેવી જળધારાને વહેનારી છે, ઘૃતસમાન કાંતિવાળી છે, મોટા તરંગોથી તથા નિત્યકર્મ કરી રહેલા બ્રાહ્મણોથી શોભાયમાન છે, સ્વર્ગમાંથી નીચે ઉતરી છે, શંકરે મસ્તક ઉપર ધારણ કરેલી છે, હિમાલયપર્વતમાંથી નીકળીને પૃથ્વીપર પ્રસરેલી છે અને સ્વર્ગની માતા છે.[૯૦] જગતના પરમ કારણરૂપ,નિર્મળ, વિશેષે કરીને સૂક્ષ્મ, મરણ પામવાની શય્યારૂપ, સત્વર જળપ્રવાહને વહેનારી, યશને આપનારી, જગતનું રક્ષણ કરનારી, સર્વ આકૃતિરૂપ અને મનોરથોને સિદ્ધ કરનારી ગંગા, પોતાનામાં સ્નાન કરનારા પુરુષોને સ્વર્ગમાં જવાના અનેક માર્ગરૂપ થઇ પડે છે.[૯૧] સર્વને સહન કરવામાં, સર્વનું રક્ષણ કરવામાં અને સર્વને ધારણ કરવામાં ગંગા પૃથ્વીસમાન છે, કાંતિમાં અગ્નિ તથા સૂર્યસમાન છે, કાર્તિકસ્વામીને માન્ય છે અને બ્રાહ્મણજાતિ ઉપર અનુગ્રહ કરનારી હોવાથી સર્વ બ્રાહ્મણોને પણ નિત્ય માન્ય છે.[૯૨] જે પુરુષો ઋષિઓએ સ્તુતિ કરાયેલી, વિષ્ણુના ચરણમાંથી નીકળેલી, અત્યંત પુરાણકાળની અને અત્યંત પવિત્ર જળવાળી ગંગાનદીનું માત્ર મનથીજ સંપૂર્ણ શરણ લે છે,તે પુરુષો બ્રહ્મલોકમાં ગમન કરે છે.[૯૩] જેઓને પરબ્રહ્મના પ્રસિદ્ધ સ્થાનની આકાંક્ષા હોય, તેઓએ આ સર્વ લોકને નાશવંત જોઇને સર્વગુણસંપન્ન પુત્રો, પોતાની માતાની જેમ સર્વ પ્રકારે સેવા કરે છે, તેમ મનને વશ રાખી સદાય ગંગાનીજ સેવા કરવી જોઈએ;તેમજ સિદ્ધિની ઇચ્છા રાખનારા જિતેંદ્રિય પુરુષે, અમૃતને દૂઝનારી ગાયસમાન, સર્વજ્ઞ, પુષ્ટિના બીજરૂપ, પ્રાણીમાત્રના જીવનરૂપ, અન્નમય, પર્વતોને ધારણ કરનારી, શિષ્ટ પુરુષોના આશ્રયરૂપ, અમૃતસ્વરૂપ અને બ્રહ્માને પોતાને પણ અત્યંત પ્રિય એવી ગંગાનો આશ્રય કરવો;કેમકે ભગીરથરાજાએ, ઇશ્વરસહિત સમગ્ર દેવતાઓને ઉગ્ર તપવડે પ્રસન્ન કરીને ગંગાને પૃથ્વીપર આણી છે, માટે ગંગાને શરણે ગયા પછી પુરુષોને આ લોકનો કે પરલોકનો ભય રહેતો નથી.[૯૬] મેં બુદ્ધિથી અત્યંત વિચારકરીને ગંગાના ગુણોનો આ એક ભાગજ સર્વથા તને કહ્યો છે; કેમકે તેના સમગ્ર ગુણો કહેવાને તથા જાણવાને મારામાં કંઈ શક્તિજ નથી.[૯૭] મેરુપર્વતની શિલાઓનું પરિમાણ અથવા સમુદ્રના જળનું પરિમાણ સર્વ પ્રકારના યત્નો કરીને પણ કહી

---

* અહીં કહેવાનો આશય એ છે કે, ગંગાનદી પ્રાતઃકાળના સમયે સ્વર્ગમાંથી પૃથ્વીપર ઉતરી છે, માટે ગંગામાં પ્રાતઃસ્નાન કરવાથી અતિશય પુણ્ય પામી શકાય છે.

† મૂળમાં અહીં, " હે રાજન્ " એવું સંબોધન છે છતાં તેનો અર્થ, "હે શ્રેષ્ઠ બ્રાહ્મણ " એવો અમે કર્યો છે તેનું કારણ એ છે કે, એક સિદ્ધ ઋષિ, એક બ્રાહ્મણની પાસે ગંગાનું માહાત્મ્ય કહી રહ્યો છે; જેથી " હે રાજન્ " એવું સંબોધન છે તે " હે બ્રાહ્મણોના રાજા "-અર્થાત " હે શ્રેષ્ઠ બ્રાહ્મણ " એજ અર્થ સૂચવે છે.

શકાય છે, પણ ગંગાજળના ગુણોનું પરિમાણ કદી કહી શકાતું નથીજ;[૯૮] માટે પરમ શ્રદ્ધાપૂર્વક કહેવાયેલા ગંગાના આ સર્વ ગુણોને જાણીને પ્રત્યેક પુરુષે ભક્તિ તથા શ્રદ્ધાથી યુક્ત થઇને વાણીથી તેની (ગંગાની) સ્તુતિ કરવી, મનથી તેનું ધ્યાન કરવું અને કર્મથી તેમાં સ્નાન કરવું.[૯૯] તું પણ ગંગાનું જો સેવન કરીશ તો તેની કૃપાદ્વારા પ્રાપ્ત થયેલી મહાદુર્લભ સિદ્ધિ સંપાદન કરીને આ ત્રણે લોકમાં યશને વિસ્તારીશ અને અલ્પ સમયમાંજ તારા સંકલ્પથી સિદ્ધ થયેલા દિવ્ય લોકમાં યથેષ્ટ વિહાર કરીશ.[૧૦૦] મહાપ્રતાપી ગંગા, સ્વધર્મને અનુસરીને કહેવામાં આવેલા આ ગુણાનુવાદથી તારા ઉપર અને મારા ઉપર પ્રસન્ન થાઓ તથા આપણી બન્નેની બુદ્ધિ ગંગાનાં દર્શન આદિથી પ્રસન્ન થાઓ;જો કે એ વાત નિશ્ચય છે કે, ભક્તો ઉપર વહાલ રાખનારી ગંગા, પોતાની ભક્તિ કરનારા પુરુષને જગતમાં સર્વ સુખો અર્પણ કરે છે.[૧૦૧]

ભીષ્મે કહ્યું:-"એ પ્રમાણે મહાબુદ્ધિમાન સિદ્ધ ઋષિએ, શિલોંછવૃત્તિવાળા તે બ્રાહ્મણને ગંગાના સર્વ ગુણો કહ્યા અને વળી અનેક પ્રકારનો સત્ય ઉપદેશ આપ્યો. તે પછી કાંતિમાન એવો તે સિદ્ધપુરુષ, આકાશમાર્ગે ત્યાંથી વિદાય થયો. શિલોંછવૃત્તિવાળો પેલો બ્રાહ્મણ પણ સિદ્ધનાં વાકયથી સારો બોધ પામીને વિધિપૂર્વક ગંગાનું ઉપાસન કરવા લાગ્યો, જેથી અંતે મહાદુર્લભ સિદ્ધિને પામ્યો. તેજ પ્રમાણે હે કુંતાપુત્ર ! તું પણ પરમ ભકિતયુક્ત થઈને ગંગાને શરણે જા, જેથી તને પણ નિરંતર ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થશે."[૧૦૨-૪]

વૈશંપાયને કહ્યું:- ભીષ્મે કહેલો ગંગાની સ્તુતિવાળો તે ઇતિહાસ સાંભળીને રાજા યુધિષ્ઠિર,પોતાના ભાઈઓ સાથે પરમ પ્રસન્ન થયા. જે મનુષ્ય ગંગાના સ્તોત્રયુક્ત આ પવિત્ર ઈતિહાસનું શ્રવણ કરે છે અથવા પઠન કરે છે તે સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત થાય છે.[૧૦૫,૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મમાં "ગંગામાહાત્મ્યકથન" એ વિષયનો અધ્યાય ૨૬મો સમાપ્ત

અધ્યાય ૨૭ મો

બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે.

॥ युधिष्ठिर उवाच ॥

प्रज्ञाश्रुताभ्यां वृत्तेन शीलेन च यथा भवान् ।
गुणैश्च विविधैः सर्वैर्वयसा च समन्वितः ॥१

યુધિષ્ઠિરે પૂછયું:-"હે ધાર્મિકશ્રેષ્ઠ પિતામહ! પ્રજ્ઞા, શાસ્ત્ર, સદાચાર, શીલ અને વિવિધ પ્રકારના સર્વ ગુણોથી તમે યુક્ત છો, વયોવૃદ્ધ છો અને બુદ્ધિ, જ્ઞાન તથા તપોબળમાં સર્વ કરતાં ઉત્તમ છો, માટે હું તમને ધર્મસંબંધી પ્રશ્ન પૂછું છું.[૧,૨] હે રાજા ! સમગ્ર લોકોમાં તમારાવિના બીજા કોઈપણ પુરુષને ધાર્મિક પ્રશ્ન પૂછવો યોગ્ય નથી. હે મહારાજા ! ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર, બ્રાહ્મણપણું કેવી રીતે પામી શકે ? તે મને કહો. હે પિતામહ ! જેને બ્રાહ્મણ થવાની ઈચ્છા હોય, તેણે કયું મહાન તપ કરવું જોઇએ ? કયું મોટું કર્મ કરવું જોઇએ ? અથવા કયું શાસ્ત્રજ્ઞાન સંપાદન કરવું જોઇએ ? તે મને કહો."[૩,૪]

ભીષ્મે કહ્યું:-" હે તાત ! ક્ષત્રિય આદિ ત્રણ વર્ણોના મનુષ્યોને બ્રાહ્મણપણું મહાદુર્લભ છે; કેમકે હે યુધિષ્ઠિર ! પ્રાણીમાત્રમાં એ સ્થાન અત્યંત શ્રેષ્ઠ છે.[૫] હે તાત ! પ્રાણી અનેક યોનિમાં વારંવાર જન્મ પામ્યા કરે છે, ત્યારે કોઇ એકાદ જન્મની આવૃત્તિમાંજ બ્રાહ્મણતરીકે ઉત્પન્ન થઈ શકે છે.[૬] હે યુધિષ્ઠિર ! આ વિષયમાં પણ મતંગ અને ગધેડીના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું દૃષ્ટાંત અપાય છે.[૭]

હે તાત ! કોઇએક બ્રાહ્મણનો મતંગ નામનો એક પુત્ર હતો. તેની ઉત્પત્તિ કોઈ બીજા વર્ણના પુરુષથી થઇ હતી, તોપણ જાતકર્મ આદિ સંસ્કારને લીધે પોતાના પિતાના વર્ણનો તે ગણાતો હતો અને તેનામાં સર્વ ગુણોનો નિવાસ હતો.[૮] હે શત્રુતાપન કુંતાપુત્ર! તે મતંગ, બીજાઓને યજ્ઞ કરાવવાનો ધંધો કરતો હતો. એક સમયે અગ્નિચયન માટેની ઇંટો લાવવામાટે તેના પિતાએ તેને આજ્ઞા કરી; એટલે

ઉતાવળથી ચાલનારા એક રથમાં ગધેડીને તથા ગધેડીના બચ્ચાને જોડીને તે ચાલતો થયો.[૯] હે રાજન્ ! તે સમયે તેણે રથમાં જોડેલું ગધેડીનું બચ્ચું અત્યંત બાળવયનું હતું (બિનકેળવાયેલું હતું) તોપણ પોતાની માતાની સમીપમાં રથને ખેંચ્યે જતું હતું; છતાં પણ પેલો મતંગ, વારંવાર તેની નાસિકા ઉપર લાકડીનો માર માર્યા કરતો હતો;[૧૦] જેથી તેની નાસિકા ઉપર તીવ્ર ઘાવ થઈ ગયો. તે જોઈને પુત્ર ઉપર પ્રેમ રાખનારી ગધેડી, પોતાના બચ્ચાને કહેવા લાગી કે:–“ હે પુત્ર ! તને માર પડે છે, તેને માટે તું શોક કર મા; કેમકે આ રથ ઉપર ચાંડાલ બેઠો છે. બ્રાહ્મણની અંદર આવી ક્રૂરતા હોતી નથી. બ્રાહ્મણ તો સર્વનો મિત્ર કહેવાય છે અને પ્રાણીમાત્રને ઉપદેશ આપનારો એક આચાર્ય ગણાય છે,તે શું આ રીતે પ્રહાર કરશે કે ? આ તો પાપી સ્વભાવનો છે;કેમકે તું બાળક છે છતાં તારાપર તેને દયા આવતી નથી. ખરેખર, આ પુરુષ પોતાના ઉત્પત્તિકારણને જ માન આપે છે; કેમકે પોતાનો જાતિસ્વભાવ પ્રાણીની બુદ્ધિને અન્ય સન્માર્ગથી દૂર રાખે છે.[૧૧-૧૩] ગધેડીનું એ દારુણ વચન સાંભળીને મતંગ, સત્વર રથપરથી નીચે ઉતરી પડયો. તેણે ગધેડીપ્રત્યે કહ્યું કે:–[૧૪] “ હે કલ્યાણી ગધેડી ! બોલ, તે કયો પુરુષ છે કે જેણે મારી માતાને દૂષિત કરી છે ? હે ગધેડી ! તું મને ચાંડાલ કેવી રીતે જાણે છે ? તે મને સત્વર કહે. હે મહાવિદુષિ ગધેડી ! મારા સંબંધમાં તું જે કંઇ જાણે છે,તે સર્વ મને યથાર્થ રીતે તું કહે. ”[૧૫,૧૬]

ગધેડીએ કહ્યું:–“ તારી માતા કે જે બ્રાહ્મણજાતિની છતાં યૌવનથી મદમત્ત બની જઇને તેણે શૂદ્રજાતિના એક હજામની સાથે વ્યભિચાર કર્યો હતો; જેથી તું ઉત્પન્ન થયો છે અને તેને લીધેજ તું ચાંડાલ છે, તારૂં બ્રાહ્મણપણું નષ્ટ થયું છે. ”[૧૭]

ગધેડીએ એ પ્રમાણે કહ્યું, એટલે તુરતજ મતંગ પોતાના ઘર તરફ પાછો ફર્યો. ત્યારે તેને ઘેર આવેલો જોઇ તેના પિતાએ કહ્યું કે:– “ યજ્ઞની સિદ્ધિને માટે મેં તને મોટા કાર્યમાં યોજ્યો હતો,છતાં તું પાછો કેમ આવ્યો ? તારૂં શરીર તો કુશળ છે ને ? ”[૧૮,૧૯]

મતંગે કહ્યું:–“જે મનુષ્ય ચાંડાલજાતિનો હોય અથવા તેથી ભિન્ન નીચ જાતિનો હોય,તેની કુશળતા કયાંથી હોઇ શકે ? હે પિતા! જેને આવી (વ્યભિચારિણી) માતા હોય તેને કુશળ–સ્વાસ્થ્ય કયાંથી હોઇ શકે ?[૨૦] હે પિતા ! આ ગધેડી, કે જે પશુજાતિની છે, તે મને બ્રાહ્મણીમાં શૂદ્રથી ઉત્પન્ન થયેલો જણાવે છે;માટે (શુદ્ધ બ્રાહ્મણપણું સંપાદન કરવામાટે) હું મહાન તપશ્ચર્યા કરીશ.” પોતાના પિતાને એમ કહીને તે દઢ નિશ્ચયવાળો મતંગ, ત્યાંથી ચાલી નીકળ્યો અને એક મોટા અરણ્યમાં જઇને મહાતીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યો.[૨૧,૨૨] અતિમહાન તપશ્ચરણ કરીને પણ બ્રાહ્મણત્વરૂપ સ્થાનને સુખેથી સંપાદન કરી લેવાની મતંગને ઈચ્છા હતી,તેથી તપશ્ચર્યા કરવામાં લીન થઇને તેણે દેવોને તપાવવા માંડયા.[૨૩] એ પ્રમાણે તેને તપ કરવામાં આસક્ત થયેલો જોઇ હરિવાહન ઇંદ્ર ત્યાં આવ્યો અને તેને કહેવા લાગ્યો કે:–“હે મતંગ ! મનુષ્યના ભોગવૈભવોનો ત્યાગ કરીને તું શામાટે આવી તપશ્ચર્યા કરે છે ?[૨૪] તને જે વિષયની ઈચ્છા હોય, તે તું માગી લે. હું તને વર આપવામાટે તૈયાર છું. બોલ, તારા હૃદયમાં જે કંઈ દુર્લભ વર મેળવવાની ઇચ્છા હોય તે સર્વ મને કહે; વિલંબ ન કર.”[૨૫]

મતંગે કહ્યું:– “મને બ્રાહ્મણપણું મેળવવાની ઇચ્છા છે અને તેને માટેજ આ તપ કરવાનો મેં આરંભ કર્યો છે. હું, એ બ્રાહ્મણપણું પામીને મારે ઘેર જાઉં,એવો વર આપની પાસે હું માગું છું.”[૨૬]

ભીષ્મે કહ્યું:–મતંગનું એ વચન સાંભળીને ઇંદ્રે તેને કહ્યું કે:–“ હે મતંગ ! તું બ્રાહ્મણપણું મેળવવાની પ્રાર્થના કરે છે પણ એ મહાદુર્લભ છે.[૨૭] હે દુષ્ટબુદ્ધિ મતંગ ! અકૃતાત્મા પુરુષોને દુર્લભ બ્રાહ્મણપણાની તું પ્રાર્થના કરે છે, પરંતુ એ પ્રાર્થના કરતો કરતોજ તું વિનાશ પામીશ; માટે (એ દુરાગ્રહથી) તું

સત્વર અટકી જા.[૨૮] બ્રાહ્મણત્વરૂપ શ્રેષ્ઠ અર્થને તપજેવી સામાન્ય વસ્તુ વશ કરી શકે તેમ નથી; છતાં તું તપશ્ચરણદ્વારા તે ઉત્તમ સ્થાનની આકાંક્ષા રાખે છે, માટે તારો તત્કાળ વિનાશ થશે. જે બ્રાહ્મણપણું દેવો, અસુરો તથા મનુષ્યોમાં પરમ પવિત્ર કહેવાય છે, તે ચાંડાલયોનિમાં ઉત્પન્ન થયેલાને કદી મળી શકે તેમ નથીજ.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “ઇંદ્ર અને મતંગનો સંવાદ.” એ વિષયનો અધ્યાય ૨૭મો સમાપ્ત

અધ્યાય ૨૮ મો

બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે. (ચાલુ)

॥ भीष्म उवाच ॥

एवमुक्तो मतंगस्तु संशितात्मा यतव्रतः ।
अतिष्ठदेकपादेन वर्षाणां शतमच्युतः ॥१॥

ભીષ્મે કહ્યું:-ઇંદ્રે એ પ્રમાણે કહ્યું એટલે મનને વશ રાખનારો મતંગ, નિયમપૂર્વક વ્રત ધારણ કરીને એક સો વર્ષોપર્યંત એક પગે અડગ ઉભો રહ્યો. તે પછી વળી પણ મહાયશસ્વી ઇંદ્રે તેને કહ્યું કે:-“હે તાત! દુર્લભ બ્રાહ્મણપણાની તું પ્રાર્થના કરે છે, પણ તે તને મળશે નહિ.[૨] હે મતંગ! તું સર્વોત્કૃષ્ટ સ્થાનમાટે પ્રાર્થના કરે છે, પણ તેથી તારો વિનાશ થશે. હે પુત્ર! તું આવું સાહસકર્મ ન કર; કેમકે આ તારો ધાર્મિક માર્ગ નથી.[૩] ઓ દુર્મતિ! તું બ્રાહ્મણત્વને કદી પામી શકીશ નહિજ. વળી તું ન મળી શકે તેવી વસ્તુ મેળવવાની ઇચ્છા રાખે છે, માટે અલ્પ સમયમાંજ વિનાશ પામીશ.[૪] હે મતંગ! હું તને વારંવાર અટકાવું છું, છતાં તું બ્રાહ્મણત્વરૂપ પરમ સ્થાનને માટે તપશ્ચર્યા કરવી છોડતો નથી, માટે સર્વથા તારો અભાવજ થઇ જશે.[૫] જે પ્રાણી પ્રથમ તિર્યંચ્ યોનિમાં જન્મ્યો હોય, તે કદાચ મનુષ્યપણાને પામે, તો પુલ્કસ (વર્ણસંકર) અથવા ચાંડાલતરીકેજ અવતરે છે, એમાં સંશય નથી.[૬] હે મતંગ! આ મનુષ્યલોકમાં જે કોઇ પુલ્કસ અથવા પાપી યોનિમાં ઉત્પન્ન થયેલો જોવામાં આવે છે, તે ઘણા લાંબા સમયસુધી તેની તેજ યોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે.[૭] તે પછી જ્યારે એકહજાર વર્ષ જેટલો સમય વીતી જાય છે, ત્યારે તે શૂદ્રપણાને પામે છે અને તે શૂદ્રયોનિમાં પણ અનેક વર્ષોપર્યંત પરિભ્રમણ કર્યા કરે છે.[૮] પછી જ્યારે ત્રીસહજાર વર્ષ જેટલો સમય વીતી જાય છે, ત્યારે તે વૈશ્યપણાને પામે છે અને તે વૈશ્યયોનિમાં પણ ઘણા લાંબા સમયસુધી પરિભ્રમણ કર્યા કરે છે. તે પછી લગભગ સાઠહજાર વર્ષ જેટલો સમય વ્યતીત થાય છે, ત્યારે તે ક્ષત્રિયતરીકે અવતરે છે અને તે ક્ષત્રિયજાતિમાં પણ ઘણા લાંબા સમયસુધી અવતર્યા કરે છે. પછી બીજાં સાઠ હજાર વર્ષો વ્યતીત થાય છે, ત્યારે બ્રહ્મબંધુ (નીચ બ્રાહ્મણ) તરીકે અવતરે છે.[૧૦] તેમાં પણ લાંબા કાળસુધી અવતર્યા કરે છે અને પછી બેલાખ વર્ષો વ્યતીત થાય છે, ત્યારે કાંડપૃષ્ઠ(શસ્ત્રથી આજીવિકા ચલાવનાર બ્રાહ્મણ)તરીકે તે જન્મે છે.[૧૧] એ કાંડપૃષ્ઠ જાતિમાં પણ ઘણા લાંબા કાળપર્યંત ભ્રમણ કરતાં કરતાં ત્રણલાખ વર્ષ જ્યારે વ્યતીત થાય છે, ત્યારે માત્ર ગાયત્રીનો જપ કરનારા બ્રાહ્મણોના કુળમાં તે જન્મે છે;[૧૨] અને તેમાં પણ દીર્ઘકાળપર્યંત જન્મો પામીને ચાર લાખ વર્ષો જેટલો સમય જ્યારે વીતી જાય છે, ત્યારે વેદાધ્યયન કરનારા શ્રોત્રિય બ્રાહ્મણતરીકે તે અવતરે છે. આ રીતે શ્રોત્રિયપણું પ્રાપ્ત કર્યા પછી ઘણા કાળસુધી તેમાં ને તેમાં અવતાર ધર્યા કરે છે. હે પુત્ર! મનુષ્યને જ્યારે શ્રોત્રિયત્વનો લાભ થાય છે, ત્યારે પણ શોક, હર્ષ, રાગ, દ્વેષ, અતિમાન અને અતિવાદ-વગેરે શત્રુઓ, તેનામાં પ્રવેશ કરે છે, કે જેઓ તે બ્રાહ્મણને અધમની કક્ષામાં મૂકી આપે છે;[૧૩,૧૪] માટે તે સમયે પણ એ શત્રુઓનો જો પરાજય કરવામાં આવે છે, તોજ સદ્ગતિને પામી શકાય છે, પણ તે શત્રુઓજ એ બ્રાહ્મણનો જો પરાજય કરે છે તો તાડના વૃક્ષ ઉપરથી તેના ફળનો જેમ અધઃપાત થાય છે, તેમ તેનો અધઃપાતજ થાય છે-અત્યંત નીચ યોનિમાં તેને અવતરવું પડે છે.

હે મતંગ ! એ પ્રમાણે આગળ પાછળનો વિચાર કરીને તું પણ મારી પ્રેરણા પ્રમાણે કોઇ બીજો વર માગી લે; કેમકે બ્રાહ્મણપણું અત્યંત દુર્લભ છે. ”[15,16]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં ‘ ઇંદ્ર અને મતંગનો સંવાદ ’ એ વિષયનો અધ્યાય ૨૮ મો સમાપ્ત

અધ્યાય ૨૯ મો

બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે. (ચાલુ)

॥ भीष्म उवाच ॥

एवमुक्तो मतंगस्तु संशितात्मा यतव्रतः ।
सहस्रमेकपादेन ततो ध्याने व्यतिष्ठत ॥१॥

ભીષ્મે કહ્યું:-“ ઇંદ્રે એ પ્રમાણે કહ્યું એટલે મનને વશ રાખનારો મતંગ, નિયમપૂર્વક વ્રતોનું પાલન કરીને એકહજાર વર્ષપર્યંત એક પગે ધ્યાનમાં ઉભો રહ્યો.[1] બરાબર એક હજાર વર્ષનો સમય વીતી ગયો, એટલે વળી પણ બલ તથા વૃત્રનો નાશ કરનાર ઇંદ્ર, મતંગને મળવામાટે આવ્યો. તે પુનઃ પણ તેનું તેજ વાક્ય તેને કહેવા લાગ્યો.[2]

ત્યારે મતંગે કહ્યું:-“ આ એકહજાર વર્ષપર્યંત બ્રહ્મચારી રહીને હું એક પગ ઉપર ધ્યાનનિષ્ઠ સ્થિતિમાં ઉભો રહ્યો છું, છતાં મને બ્રાહ્મણપણું કેમ ન મળે ?”[3]

ઇંદ્રે કહ્યું:-“ ચાંડાલયોનિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યને કોઇ રીતે પણ બ્રાહ્મણપણું મળી શકતું નથી, માટે તું બીજો વર માગી લે. તારો આ પરિશ્રમ વ્યર્થ ન થાઓ.” ઇંદ્રે એ રીતે કહ્યું, એટલે અત્યંત શોકાકુલ થયેલો મતંગ, ગયા તીર્થમાં જઈને એક સો વર્ષપર્યંત એક અંગુઠા ઉપર ઉભો રહ્યો.[5] અમારા સાંભળવામાં આવ્યું છે કે, ધર્માત્મા મતંગ ગયાતીર્થમાં જઇને મહાદુષ્કાર યોગાનુષ્ઠાન કરી રહ્યો હતો. તેનું શરીર અત્યંત કૃશ થઈ ગયું હતું, કેવળ નાડીઓથીજ વ્યાપ્ત થઇ રહ્યું હતું અને તેમાં માત્ર ચામડી અને હાડકાંજ અવશેષ રહ્યાં હતાં, જેથી એક સમયે તે મૂર્ચ્છિત થઇને પૃથ્વીપર પડી ગયો હતો. તે જ્યારે પૃથ્વીપર પડતો હતો, ત્યારે પ્રાણીમાત્રનું હિત કરનારા અને વરોને આપનારા સમર્થ દેવ ઇંદ્રે, એકદમ સમીપમાં જઇને તેને પકડી લીધો હતો. (અને પછી આ પ્રમાણે કહ્યું હતું.)[6,7]

ઇંદ્રે કહ્યું:-“ હે મતંગ! તારેમાટે બ્રાહ્મણપણું વિરુદ્ધ દેખાય છે-અર્થાત્ તને બ્રાહ્મણપણું કદી મળી શકે તેમ નથીજ. વળી બ્રાહ્મણપણું અત્યંત દુર્લભ છે, એટલુંજ નથી પણ કામાદિક દુષ્ટ લૂંટારાઓથી તે ઘેરાયલું છે-અર્થાત્ બ્રાહ્મણપણું પ્રાપ્ત કર્યા પછી પણ કામાદિક દુષ્ટ લૂંટારાઓના સપાટામાંથી તેની રક્ષા કરવી અશક્ય છે.[8] બ્રાહ્મણની પૂજા કરનારો પુરુષ સુખ પામે છે અને બ્રાહ્મણની પૂજા નહિ કરનારો પુરુષ દુઃખ પામે છે. બ્રાહ્મણ પ્રાણીમાત્રને યોગક્ષેમ સમર્પણ કરનારો છે,[9] બ્રાહ્મણોદ્વારા દેવતાઓ અને પિતૃઓ તૃપ્ત થાય છે; માટે હે મતંગ! બ્રાહ્મણ સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ કહેવાય છે.[10] મનુષ્ય જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તે તે સર્વ વસ્તુ બ્રાહ્મણજ તેને ઉત્પન્ન કરી આપે છે. હે તાત! મનુષ્ય ભિન્ન ભિન્ન પ્રકારની અનેકયોનિઓમાં વારંવાર અવતાર લે છે, ત્યારે કોઈ એકાદ અવતારમાંજ બ્રાહ્મણપણું મેળવી શકે છે; માટે અકૃતાત્મા પુરુષોને દુર્લભ તે બ્રાહ્મણત્વનો ત્યાગ કરીને તું કોઇ બીજો વર માગ, કેમકે એ બ્રાહ્મણત્વરૂપ વર તારેમાટે અત્યંત દુર્લભ છે. ”

મતંગે કહ્યું:-“ અરે ઓ ઇંદ્ર! હું, કે જે દુઃખને લીધે પીડાઈ રહ્યોછું તેને તમે શા માટે પીડો છો ? હું મારા દુઃખને લીધે મુએલોજ પડયો છું, તેને તમે શામાટે મારો છો ? ખરેખર, તમારેમાટે મને શોક થાય છે કે, જે તમે મને પ્રાપ્ત થયા છો છતાં પણ મને બ્રાહ્મણપણું આપી શકતા નથી. હે શતક્રતુ ! ત્રણ વર્ણના મનુષ્યોને બ્રાહ્મણપણું અત્યંત દુર્લભ છે, છતાં પણ કેટલાએક મનુષ્યો, તે દુર્લભ બ્રાહ્મણપણાને પામીને તેના યોગ્ય ગુણકર્મનું સેવન કરતા નથી. (એ કેવું શોકજનક છે ? ખરેખર! હું માનું છું કે, બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યા પછી પણ

તેનું રક્ષણ કરવું અશક્ય છે.) જે પુરુષ દુર્લભ ધનની પેઠે બ્રાહ્મણપણું પ્રાપ્ત કરીને પણ તેની રક્ષાને કરી જાણતો નથી, તે પાપીઓમાં પણ અત્યંત પાપી છે અને અધમમાં પણ અધમ છે. ખરેખર, બ્રાહ્મણપણું દુષ્પ્રાપ્ય છે, છતાં પણ દૈવયોગે કદાચ તેની પ્રાપ્તિ થાય છે તો તેનું પાલન કરવું મહાકઠિન છે.[૧૧-૧૬] જે મનુષ્યો દુર્લભ બ્રાહ્મણત્વને મેળવીને પણ તદનુરૂપ સદાચારનું સેવન કરતા નથી, તેઓ કેવા દુર્ભાગી છે! હે શક્ર! હું કેવળ એક આત્મચિંતનમાંજ રમણ કરનારો છું, સુખદુઃખાદિ દ્વંદ્વોથી મુક્ત થયો છું, સ્ત્રીપુત્રાદિ પરિગ્રહથી રહિત છું અને અહિંસાનો તથા ઇંદ્રિયનિગ્રહનો આશ્રય કરી રહ્યો છું; છતાં હું બ્રાહ્મણત્વને યોગ્ય કેમ થઇ શકતો નથી? અરેરે! દૈવની મારાપર કેવી અકૃપા છે? કારણ કે હે પુરંદર! હું ધર્મજ્ઞ છું, છતાં મારી માતાના દોષથી આવી દુર્દશાને પામ્યો છું. આ ઉપરથી મને નિશ્ચય થાય છે કે, પુરુષાર્થ કર્યા છતાં પણ દૈવગતિનું કદી ઉલ્લંઘન થઈ શકતું નથી.[૧૭-૧૯] હે સમર્થ ઇંદ્ર! જેને માટે મેં આટલો બધો યત્ન કર્યો, તે બ્રાહ્મણત્વને તો અંતે હું નજ મેળવી શક્યો. હવે, આ સ્થિતિમાં પણ મારૂં કંઇ પુણ્ય હોય અને તમારે મારાપર જો અનુગ્રહ કરવો હોય તો હે ધર્મવેત્તા ઇંદ્ર! તમારે મને વર આપવો યોગ્ય છે."

વૈશંપાયને કહ્યું:–"બહુ સારૂં, તારી ઈચ્છા હોય તે વર માગ." એમ કહીને બલ તથા વૃત્રનો નાશ કરનાર ઇંદ્રે તેને પ્રેરણા કરી એટલે મતંગે, આવા પ્રકારનો વર માગ્યો:–"હું મારી ઈચ્છાનુસાર વિહાર કરી શકું, ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી શકું, આકાશમાં પણ ગતિ કરી શકું અને બ્રાહ્મણો તથા ક્ષત્રિયોને અનુકૂળ પૂજાને પ્રાપ્ત કરૂં. વળી હે પુરંદર! મારી કીર્તિ જે પ્રમાણે અક્ષય થાય, તે પ્રમાણે તમારે કરવું જોઇએ. હે દેવ! મસ્તક નમાવીને હું તમને પ્રસન્ન કરૂં છું."

ઇંદ્રે કહ્યું:–"હે વત્સ! તું છંદોદેવ એવા નામથી જગતમાં વિખ્યાત થઇશ, સ્ત્રીઓ તારી પૂજા કરશે અને તારી કીર્તિ ત્રણે લોકમાં અતુલ થશે."

એ પ્રમાણે તેને વર આપીને ઇંદ્ર ત્યાંથી અંતર્ધાન થઇ ગયો અને મતંગ પણ પ્રાણોનો ત્યાગ કરીને ઇંદ્રે કહેલા ઉત્તમ સ્થાનને પામ્યો. આ રીતે હે ભારત! બ્રાહ્મણત્વરૂપ સ્થાન પરમશ્રેષ્ઠ છે અને મહાદુર્લભ છે, એમ ઇંદ્રના વચન ઉપરથીજ સિદ્ધ થાય છે.[૧૮-૨૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'ઇંદ્ર અને મતંગનો સંવાદ' એ વિષયનો અધ્યાય ૨૯ મો સમાપ્ત

અધ્યાય ૩૦ મો

રાજા વીતહવ્ય બ્રાહ્મણ કેમ થયો હતો?

॥ युधिष्ठिर उवाच ॥

श्रुतं मे महदाख्यानमेतत्कुरुकुलोद्वह ।
सुदुष्प्रापं यद्ब्रवीषि ब्राह्मण्यं वदतांवर ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે કુરુકુળધુરંધર પિતામહ! આ મહાન આખ્યાન તમારી પાસેથી મેં સાંભળ્યું. હે શ્રેષ્ઠ વક્તા! તમે કહો છો કે, બ્રાહ્મણપણું અત્યંત દુર્લભ છે;[૧] પરંતુ અમારા સાંભળવામાં આવ્યું છે કે, પૂર્વે, વિશ્વામિત્રે બ્રાહ્મણપણું પ્રાપ્ત કર્યું હતું અને રાજા વીતહવ્ય પણ બ્રાહ્મણપણાને પામ્યો હતો, છતાં તે બ્રાહ્મણત્વને તમે દુષ્પ્રાપ્ય કેમ કહો છો? હે ગંગાના સમર્થ પુત્ર! તે વિષે હું સાંભળવા ઇચ્છું છું કે, રાજાઓમાં શ્રેષ્ઠ વીતહવ્ય, કયા કર્મથી બ્રાહ્મણત્વને પામ્યો હતો? શું કોઇ વરદાનના પ્રભાવથી અથવા તપના પ્રભાવથી તે બ્રાહ્મણ થયો હતો? તે મને કહો."[૨-૪]

ભીષ્મે કહ્યું:–"હે રાજન્! રાજાઓમાં ઋષિસમાન મહાયશસ્વી રાજા વીતહવ્ય, લોકમાં માન્ય થયેલા દુર્લભ બ્રાહ્મણત્વને કેવી રીતે પામ્યો હતો? તે હું તને કહું છું, સાંભળ.[૫] હે તાત! મહાત્મા મનુ, કે જે ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરતા હતા તેમનો શર્યાતિ:નામનો ધર્માત્મા પુત્ર હતો.[૬] હે વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ રાજા! તે શર્યાતિના વંશમાં એક વત્સ ના-

મનો રાજા હતો, જેને રાજા હૈહય અને રાજા તાલજંઘ નામના બે પુત્રો હતા.[૭] હે ભરતવંશી રાજેન્દ્ર ! રાજા હૈહયને દશ રાણીઓ હતી. તેમાં તેને સો પુત્રો થયા હતા, જેઓ શૂરવીર હતા, યુદ્ધમાંથી કદી પાછા ન ફરે તેવા હતા, રૂપ અને પ્રભાવમાં સર્વે સમાન હતા, બળવાન હતા, યુદ્ધને શોભાવે તેવા હતા અને ધનુર્વેદ તથા વેદના સંપૂર્ણ અભ્યાસી હતા.[૮,૯] હે રાજન્ ! એજ સમયે કાશીદેશમાં પણ દિવોદાસનો પિતામહ રાજા હર્યશ્વ રાજ્ય કરતો હતો. તે રાજા સર્વવિજયી પુરુષોમાં શ્રેષ્ઠતરીકે વિખ્યાત થયો હતો.[૧૦] હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા ! તે હર્યશ્વ રાજા ઉપર, વીતહવ્ય(જેનું બીજું નામ હૈહય હતું તે)ના પુત્રોએ તે વેળા ચઢાઈ કરી; એટલે ગંગા તથા યમુનાના મધ્યપ્રદેશમાં તેઓનું યુદ્ધ થયું, જેમાં વીતહવ્યના પુત્રોએ હર્યશ્વનો નાશ કર્યો. હૈહયના મહારથી પુત્રો, યુદ્ધમાં હર્યશ્વનો વધ કરીને નિર્ભયપણે પોતાની સુંદર નગરી તરફ પાછા ફર્યા.[૧૨] ત્યારે કાશીદેશમાં હર્યશ્વના પુત્ર સુદેવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. એ સુદેવ સાક્ષાત્ બીજા ધર્મ જેવો હતો, દેવસમાન તેજસ્વી હતો અને ઘણોજ ધર્માત્મા હોઇને પૃથ્વીનું પાલન કરતો હતો, તેવામાં વીતહવ્યના પુત્રોએ તેના ઉપર પણ ચઢાઇ કરી અને તેની સાથે યુદ્ધ કરીને તેનો પણ પરાજય કર્યો.એ પ્રમાણે યુદ્ધમાં તેને જીતીને (મારી નાખીને) વીતહવ્યના સર્વ પુત્રો, જેમ આવ્યા હતા તેમ પાછા ગયા. એટલે બીજી તરફ કાશીદેશમાં, સુદેવના પુત્ર દિવોદાસનો કાશીના રાજાતરીકે અભિષેક કરવામાં આવ્યો. મહાતેજસ્વી રાજા દિવોદાસ,વીતહવ્યના પરાક્રમી પુત્રોના વીર્યને પ્રથમથીજ જાણી ગયો હતો, જેથી તેણે ઇંદ્રની આજ્ઞાનુસાર વારાણસી નામની એક નવી નગરી વસાવી.[૧૬] એ નગરીમાં બ્રાહ્મણો તથા ક્ષત્રિયોની ગીચ વસ્તી વસાવવામાં આવી, વૈશ્યો તથા શૂદ્રોથી તેને ભરપૂર કરી દેવામાં આવી, અનેક દ્રવ્યસમુદાયોના મોટા ઢગલાઓવાળી દુકાનો તથા બજારોની તેમાં વ્યવસ્થા કરીને તે નગરીને મહાસમૃદ્ધિમાન બનાવી અને તે નગરીનો એક છેડો ગંગાના ઉત્તર તટસુધી પહોંચેલો હોઇને બીજો છેડો ગોમતી નદીના દક્ષિણતટસુધી વિસ્તારવાળો હતો, જેથી તે નગરી ઇંદ્રની અમરાવતી નગરીસમાન શોભતી હતી.[૧૭,૧૮] રાજાઓમાં સિંહસમાન રાજા દિવોદાસ, એ વારાણસી નગરીમાં રહીને રાજ્ય કરતો હતો, ત્યારે પણ હે ભારત ! હૈહયના પુત્રોએ ફરી તેનાપર ચઢાઇ કરી.[૧૯] મહાબળવાન રાજા દિવોદાસ, હૈહયોને પોતાનાપર ચઢી આવેલા જોઈ, તુરતજ નગરીની બહાર નીકળ્યો અને તેઓસામે યુદ્ધ કરવા લાગ્યો. એ સમયે તે બન્ને પક્ષોનું યુદ્ધ દેવો તથા અસુરોના યુદ્ધસમાન ઘોર દેખાવનું થયું અને તે યુદ્ધમાં મહાતેજસ્વી દિવોદાસ રાજા, એક હજાર દિવસોપર્યંત લઢયો; પણ આખરે તેનાં વાહનોનો લગભગ નાશ થઇ જવાથી તે અત્યંત દીન થઇ ગયો.[૨૦,૨૧] હે રાજન્ ! પોતાના સર્વ યોદ્ધાઓનો નાશ થઈ ગયો અને ખજાનો પણ ખૂટી પડયો, ત્યારે રાજા દિવોદાસ નગરી છોડીને નાસી ગયો.[૨૨] તેણે બુદ્ધિમાન ભરદ્વાજઋષિના સુંદર આશ્રમમાં જઇને, બે હાથ જોડી તેમનું શરણ લીધું; એટલે હે શત્રુદમન રાજા ! બૃહસ્પતિના જયેષ્ઠપુત્ર ભરદ્વાજ, કે જે તેના શીલસંપન્ન પુરોહિત હતા, તેમણે દિવોદાસ રાજાને કહ્યું કેઃ–[૨૩,૩૪] "હે રાજા ! તારે અહીં શા કાર્યમાટે આવવું પડયું છે? તે સર્વ તું મને કહે.તારૂં જે કંઇ પ્રિય કરવાનું હશે તે સર્વ હું કરીશ, એમાં વિચારવા જેવું કંઈજ નથી."[૨૫]

રાજાએ કહ્યું:–" હે ભગવન્ ! વીતહવ્યના પુત્રોએ, યુદ્ધમાં મારા વંશનો નાશ કરી નાખ્યો છે. માત્ર હું એકલોજ યુદ્ધમાંથી નાસી છુટીને આપને શરણે આવી શકયો છું.[૨૬] હે ભગવન્ ! હું આપનો શિષ્ય છું, માટે શિષ્ય ઉપરના સ્નેહને અધીન થઈને આપે મારી રક્ષા કરવી યોગ્ય છે. તે પાપકર્મી હૈહયોએ, મારા વંશમાં મને એકલાનેજ બાકી રહેવા દીધો છે." તે સાંભળી મહાભાગ્યશાળી પ્રતાપી ભરદ્વાજ ઋષિએ તેને કહ્યું કે:–" હે સુદેવના પુત્ર ! તારે

ભય પામવાનું કંઇ કારણ નથી. તારો ભય દૂર થાઓ.[૨૮] હે રાજા! તને એક પુત્રની પ્રાપ્તિ થાય તે માટે હું એક ઇષ્ટિ કરીશ; અને તે દ્વારા જે પુત્ર પ્રાપ્ત થશે તે દ્વારા તું વીતહવ્યના હજારો પુત્રોનો સંહાર કરી શકીશ."[૨૯] એમ કહીને ઋષિ ભરદ્વાજે દિવોદાસને પુત્રપ્રાપ્તિ થાય, તે માટે એક ઇષ્ટિ કરી, જેના પ્રભાવથી દિવોદાસને એક પુત્રની પ્રાપ્તિ થઇ, જેનું નામ 'પ્રતર્દન' એ પ્રમાણે પ્રસિદ્ધ થયું.[૩૦] તે પ્રતર્દન જેવો ઉત્પન્ન થયો કે તુરતજ લગભગ તેર વર્ષના જેવડો વધી ગયો; અને હે ભારત! તેણે સમગ્ર વેદનું તથા ધનુર્વેદનું પણ અધ્યયન કરી લીધું.[૩૧] વળી બુદ્ધિમાન ભરદ્વાજ ઋષિએ, પોતાના યોગબળથી સર્વ લોકોનું તેજ એકત્ર કરીને પ્રતર્દનના શરીરમાં દાખલ કર્યું.[૩૨] તે પછી કવચ તથા ધનુષ્યને ધારણ કરનારો, દેવર્ષિઓથી પણ સ્તુતિ કરાયલો અને બંદીઓથી વંદન કરાતો તે પ્રતર્દન, ઉદય પામેલા સૂર્યની પેઠે પ્રકાશવા લાગ્યો.[૩૩] તે સમયે રથમાં બેસીને તથા કેડે તરવાર લટકાવીને પ્રદીપ્ત અગ્નિસમાન દેખાતો તે પ્રતર્દન ઢાલ,તરવાર અને ધનુષ્યને ધૂણાવતો ધૂણાવતો પોતાની રાજધાની તરફ જ્યારે ચાલતો થયો,ત્યારે સુદેવનો પુત્ર રાજા દિવોદાસ, તેને જોઇને પરમ હર્ષ પામ્યો અને વીતહવ્યના સર્વ પુત્રોને બળીને ભસ્મ થઈ ગયેલા માનવા લાગ્યો.[૩૪,૩૫] તે પછી રાજાએ પ્રતર્દનનો યુવરાજતરીકે અભિષેક કર્યો અને પોતાના આત્માને કૃતકૃત્ય માની પોતેજ પોતાને અભિનંદન આપ્યું.[૩૬] પછી તે રાજાએ, વીતહવ્યના પુત્રોનો વધ કરવામાટે પોતાના પુત્ર પ્રતર્દનને મોકલ્યો, કે જે શત્રુઓનું દમન કરી શકે તેવો હતો.[૩૭] શીઘ્ર પરાક્રમી તે પ્રતર્દન, રથમાં બેસીને પ્રથમ ગંગાનદીને ઉતરી ગયો અને પછી શત્રુઓના નગરને જીતનારો તે કુમાર, વીતહવ્યોની રાજ્યનગરીમાં જઇ પહોંચ્યો;[૩૮] ત્યારે વીતહવ્યના પુત્રો પણ, પ્રતર્દનના મહાન રથની ગર્જનાને સાંભળીને શત્રુઓના રથોનો નાશ કરી શકે તેવા, મોટાં નગરો જેવડા રથોમાં બેસીને નગરીમાંથી બહાર નીકળ્યા.[૩૯] પુરુષોમાં વ્યાઘ્રસરખા, કવચોને ધારણ કરનારા અને ચિત્રવિચિત્ર યુદ્ધ કરી જાણનારા તે વીતહવ્યો, આયુધો ઉગામી ઉગામીને પ્રતર્દન સામા ચઢી આવ્યા અને તેનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૪૦] હે યુધિષ્ઠિર! મેઘો જેમ હિમાલયપર્વત ઉપર વૃષ્ટિ કરી મૂકે છે, તેમ વીતહવ્યના કુમારો પણ અનેક પ્રકારનાં શસ્ત્રોની પ્રતર્દનના પર વૃષ્ટિ કરવા લાગ્યા અને અસંખ્ય રથીઓને સાથે લઇને તેને ઘેરી વળ્યા.[૪૧] મહાતેજસ્વી રાજા પ્રતર્દન પણ પોતાનાં અસ્ત્રોવડે તેઓનાં અસ્ત્રોને અટકાવી દઇને વજ્ર તથા અગ્નિસરખાં પ્રદીપ્ત બાણો છોડી મૂકીને તેઓનો સંહાર કરવા લાગ્યો.[૪૨] હે રાજન્! સેંકડો ને હજારો ભલ્લજાતિનાં બાણોવડે, વીતહવ્યોનાં મસ્તકોને પ્રતર્દને કાપી નાખ્યાં; એટલે લોહીલુહાણ થયેલાં શરીરોવાળા તેઓ સર્વે, કાપી નાખવામાં આવેલાં કેસુડાંના વૃક્ષોની પેઠે ધરણીપર ઢળી પડ્યા.[૪૩] તે સમયે રાજા વીતહવ્ય, પોતાના સર્વ પુત્રોનો સંહાર થયેલો જાણીને, નગર છોડીને નાસી ગયો અને ભૃગુઋષિના આશ્રમમાં જઇ પહોંચ્યો.[૪૪] હે રાજન્! રાજા વીતહવ્ય, ભૃગુઋષિને શરણે ગયો, એટલે તે ઋષિએ તેને અભય આપ્યું;[૪૫] પણ બીજી તરફથી તુરતજ વીતહવ્યને પગલે પગલે દિવોદાસનો પુત્ર પ્રતર્દન, ભૃગુઋષિના આશ્રમમાં આવી પહોંચ્યો અને ત્યાં આવીને તેણે આ પ્રમાણે કહ્યું:-[૪૬] "અરે ઓ! આ આશ્રમમાં મહાત્મા ભૃગુઋષિના શિષ્યોમાંના કોણ કોણ છે? જેઓ અહિં હોય તેઓ, મુનિ પાસે જઇને કહો કે, રાજા પ્રતર્દન અહીં આવેલો છે. તે આપને મળવા ઇચ્છે છે." તે પછી પ્રતર્દનને ત્યાં આવેલો જાણીને, ભૃગુઋષિ પંડે આશ્રમમાંથી બહાર નીકળ્યા અને તેમણે મહારાજા પ્રતર્દનની વિધિપૂર્વકઃપૂજા કરીને કહ્યું કે:-"હે રાજેન્દ્ર! બોલ, તારે શું કામ છે?" ત્યારે રાજાએ, પોતાના આવવાનું કારણ તેમને કહેવા માંડયું.[૪૯]

રાજાએ કહ્યું:-"હે બ્રહ્મન્! આ વીતહવ્ય રાજાને તમે અહીંથી કાઢી મૂકો; કેમકે તેના

પુત્રોએ મારા સમગ્ર વંશનો નાશ કરી નાખ્યો છે; એટલુંજ નહિ પરંતુ રત્નોના સંગ્રહસ્થાનરૂપ અમારા કાશીદેશનો પણ તેઓએ નાશ કરી નાખ્યો છે. પરાક્રમથી ગર્વિષ્ઠ થયેલા આ રાજાના સોયે પુત્રોનો મેં વધ કર્યો છે અને હવે આનો પોતાનો પણ વધ કરીને મારા પિતાના ઋણમાંથી હું મુક્ત થઇશ.” પ્રતર્દનનાં એ વચનો સાંભળીને ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ ભૃગુઋષિને અત્યંત દયા આવી ગઇ, જેથી તેમણે પ્રતર્દનને કહ્યું કેઃ–“આ આશ્રમમાં કોઈ ક્ષત્રિયજાતિનો છેજ નહિ. આ સર્વે કેવળ બ્રાહ્મણજાતિનાજ છે.”

ભૃગુઋષિનું એ સત્ય વચન સાંભળીને પ્રતર્દન અત્યંત હર્ષમાં આવી જઇ, ઋષિના બન્ને ચરણોનો ધીમેથી સ્પર્શ કરીને બોલી ઉઠયો કેઃ–“હે ભગવન્! આ રીતે પણ હું કૃતકૃત્ય થયો છું, એમાં સંશય નથી;[૫૦–૫૪] કેમકે મેં મારા ક્ષાત્રવીર્યના પ્રભાવથી આની પાસે તેની જાતિનો ત્યાગ કરાવ્યો છે. હે બ્રહ્મન્! હવે અહીંથી જવાની મને આજ્ઞા આપો અને મારૂં કલ્યાણ થાય તેવો મને આશીર્વાદ આપો. હે ભૃગુવંશના મહર્ષિ! મેં આ રાજાની પાસે તેની જાતિનોજ ત્યાગ કરાવ્યો છે. (એ કંઇ ઓછું નથી.)” તેપછી ભૃગુઋષિએ અનુજ્ઞાઆપી, એટલે હે મહારાજા! તે પ્રતર્દનરાજા, ઝેરનો ત્યાગ કરીને જેમ સર્પ ચાલ્યો જાય, તેમ વૈરનો ત્યાગ કરીને જેમ આવ્યો હતો તેમ ચાલ્યો ગયો. આ રીતે ભૃગુઋષિના વચનમાત્રથી વીતહવ્ય બ્રહ્મર્ષિપણાને પામ્યો હતો; એટલુંજ નહિ પરંતુ તે વીતહવ્ય રાજા, મોટો એક બ્રહ્મવાદી થઇ શકયો હતો. તેનો પુત્ર ગૃત્સમદ રૂપમાં બીજા ઇંદ્ર જેવોજ હતો,[૫૫–૫૮] જેને લીધે દૈત્યોએ “તુંજ ઇંદ્ર છે” એમ કહીને તેને કેદમાં નાખ્યો હતો. વળી ઋગ્વેદમાં પણ મહાત્મા ગૃત્સમદનું જેમાં વર્ણન કરેલું છે તેવી એક મુખ્ય શ્રુતિ* જોવામાં આવે છે.[૫૯] હે રાજન્! બ્રાહ્મણોએ પણ ગૃત્સમદને ઘણુંજ માન આપેલું છે; કેમકે તે ગૃત્સમદ બ્રહ્મચારી હતો અને બ્રાહ્મી લક્ષ્મીવાળો એક બ્રહ્મર્ષિ હતો.[૬૦] એ ગૃત્સમદનો પણ સુચેતા નામનો એક બ્રાહ્મણ પુત્ર હતો, સુચેતાનો વર્ચા નામનો પુત્ર હતો, વર્ચાનો વિહવ્ય નામનો પુત્ર હતો, વિહવ્યનો વિતત્ય નામનો પુત્ર હતો, વિતત્યનો સત્ય નામનો પુત્ર હતો, સત્યનો સંત નામનો પુત્ર હતો, સંતનો શ્રવા નામનો પુત્ર હતો, શ્રવાનો તમ નામનો પુત્ર હતો, તમનો પ્રકાશ નામનો પુત્ર થયો હતો, પ્રકાશનો વાગિંદ્ર નામનો મહાવિજયી પુત્ર હતો, વાગિંદ્રનો વેદવેદાંગપારંગત પ્રમિતિ નામનો પુત્ર હતો, પ્રમિતિનો વૃતાચી નામની સ્ત્રીમાં રુરુ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો અને રુરુનો પ્રમદ્વરા નામની સ્ત્રીમાં શુકન નામનો બ્રહ્મર્ષિ પુત્ર ઉત્પન્ન થયો હતો, કે જેનો પુત્ર શૌનક આખા જગતમાં પ્રસિદ્ધ છે.[૬૧–૬૫] એ પ્રમાણે હે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ રાજેન્દ્ર! વીતહવ્ય રાજા ક્ષત્રિય જાતિનો હતો, છતાં ભૃગુની કૃપાથી બ્રાહ્મણપણાને પામ્યો હતો અને તેના પુત્ર ગૃત્સમદનો જે વંશ ચાલ્યો હતો તે પણ હે મહારાજા! વિસ્તારથી મેં તને કહ્યો. બોલ, હવે બીજું શું પૂછવાની તને ઇચ્છા છે?

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“વીતહવ્ય ઉપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૩૦ મો સમાપ્ત

અધ્યાય ૩૧ મો

જગતમાં પૂજનીય કોણ?

॥ युधिष्ठिर उवाच ॥

के पूज्या वै त्रिलोकेऽस्मिन् मानवा भरतर्षभ।
विस्तरेण तदाचक्ष्व नहि तृप्यामि कथ्यतः॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ–“હે ભરતશ્રેષ્ઠ પિતામહ! આ ત્રિલોકમાં કયા મનુષ્યો પૂજા કરવાયોગ્ય છે? એ વિષે મને વિસ્તારથી કહો. ખરેખર, આપ કહો છો તે સાંભળીને હું તૃપ્તજ થતો નથી.”

ભીષ્મે કહ્યુંઃ– “આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે

---

* તે શ્રુતિમાં આ પ્રમાણે છેઃ–“तदुगार्त्समदमेतन वै गृत्समदइन्द्रस्य प्रियं धामोपागच्छत्.”

છે, જેમાં નારદ અને શ્રીકૃષ્ણ વચ્ચેનો સંવાદ વર્ણવેલો છે.[૨] એક સમયે નારદઋષિ બે હાથ જોડીને શ્રેષ્ઠ બ્રાહ્મણોની પૂજા કરી રહ્યા હતા. તે જોઈ શ્રીકૃષ્ણે તેમને પૂછ્યું કે, "હે ભગવન્! આપ કોને નમસ્કાર કરો છો? હે ભગવન્! બહુ માનપરાયણ થઈને આપ જેઓને નમસ્કાર કરો છો, તેઓના સંબંધમાં અમારાથી શ્રવણ કરી શકાય તેમ હોય તો હે ધાર્મિકશ્રેષ્ઠ! તે અમને કહો."[૩,૪]

નારદે કહ્યું:-"હે ગોવિંદ! હું જેઓની પૂજા કરૂં છું તેઓવિષે તમે સાંભળો. હે શત્રુમર્દન કૃષ્ણ! આ જગતમાં તમારાવિના બીજો કયો પુરુષ તે સાંભળવાને યોગ્ય છે?[૫] હે વ્યાપક કૃષ્ણ! જે મનુષ્યો વરુણને, વાયુને, સૂર્યને, મેઘને, અગ્નિને, શંકરને, કાર્તિકસ્વામીને, લક્ષ્મીને, વિષ્ણુને, બ્રહ્માને, બૃહસ્પતિને, ચંદ્રમાને, જળને, પૃથ્વીને તથા સરસ્વતીને નિત્ય નમન કરે છે, તેઓને હું નમું છું.[૫-૭] હે યાદવોમાં સિંહસમાન કૃષ્ણ! તપોધનોને, વેદવેત્તાઓને, નિત્ય વેદપરાયણ રહેનારાઓને તથા અત્યંત પૂજ્ય ગણાતા પુરુષોને હું સદાય પૂજું છું.[૮] હે સમર્થ કૃષ્ણ! જે પુરુષો ભોજન કર્યા પહેલાં દેવનાં કાર્યોને કરે છે, પોતાની પ્રશંસા કરતા નથી, નિત્ય સંતુષ્ટ રહે છે અને ક્ષમાશીલ હોય છે, તેઓને હું નમન કરૂં છું.[૯] હે યાદવ! જેઓ વિધિપૂર્વક યજ્ઞયાગાદિ કરે છે, ક્ષમાગુણથી યુક્ત હોય છે, દમગુણને ધારણ કરનારા હોય છે, ઇંદ્રિયોને જીતનારા હોય છે અને સત્યને, ધર્મને, પૃથ્વીને તથા ગાયને પૂજનારા હોય છે તેઓને હું નમું છું.[૧૦] હે યદુવંશી કૃષ્ણ! જેઓ ફળમૂળનો આહાર કરીને વનમાં તપશ્ચર્યા કરે છે, ધનાદિના સંગ્રહથી રહિત છે અને ક્રિયાનિષ્ઠ હોય છે, તેઓને હું નમું છું.[૧૧] જેઓ પોષણ કરવાયોગ્ય મનુષ્યોનું પોષણ કરે છે, નિત્ય અતિથિઓનો સત્કાર કરવાનું વ્રત ધારણ કરે છે અને દેવોને નિવેદન કર્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, તેઓને હું નમું છું.[૧૨] જેઓ વેદાધ્યયન કરીને પરાભવ કરવાને અશક્ય થયેલા હોય છે, પ્રશસ્ત વાણી બોલનારા હોય છે, બ્રહ્મચર્યનું પાલન કરનારા હોય છે અને યજ્ઞ કરાવવામાં તથા અધ્યયન કરાવવામાં પરાયણ રહેનારા હોય છે, તેઓની હું નિત્ય પૂજા કરૂં છું.[૧૩] જેઓ પ્રાણીમાત્રના પર નિત્ય પ્રસન્ન રહે છે અને મધ્યાહ્ન સમયપર્યંત નિત્ય વેદસ્વાધ્યાય કર્યા કરે છે, તેઓને હું પૂજું છું.[૧૪] હે યાદવ! જેઓ વ્રતમાં સ્થિર રહીને ગુરુની કૃપા મેળવવામાં તથા સ્વાધ્યાય કરવામાં યત્ન કરે છે, સમાજની સેવા કરવાની ઇચ્છા રાખે છે અને કોઇપણ પ્રાણીની ઇર્ષ્યા કરતા નથી, તેઓને હું નમું છું.[૧૫] હે યદુવંશી કૃષ્ણ! જે બ્રાહ્મણો ઉત્તમ વ્રત ધારણ કરનારા હોય છે, મુનિવૃત્તિવાળા હોય છે, પ્રતિજ્ઞાને સત્ય કરનારા હોય છે અને દેવકર્મ તથા પિતૃકર્મને કરનારા હોય છે, તેઓને હું નમું છું.[૧૬] હે યાદવ! જેઓ ભિક્ષાચરણ કરીને આજીવિકા ચલાવનારા હોય છે, તેથીજ શરીરે કૃશ થયેલા હોય છે, ગુરુગૃહનો આશ્રય કરી રહ્યા હોય છે અને સુખથી તથા ધનથી નિરપેક્ષ હોય છે. તેઓને હું નમું છું.[૧૭] હે કેશવ! જેઓ મમતાનો ત્યાગ કરનારા હોય છે, સુખદુ:ખાદિ દ્વંદ્વોથી રહિત હોય છે, લજ્જાનો ત્યાગ કરી દિગંબર અવસ્થામાં રહેનારા હોય છે-અર્થાત્ માત્ર લંગોટી જેટલો પણ પરિગ્રહ રાખતા નથી, પ્રયોજનમાત્રથી નિરપેક્ષ હોય છે, વેદાધ્યયન કરીને જેઓ દુરાધર્ષ થયેલા હોય છે, ઉત્તમ વાણીને બોલનારા હોય છે, બ્રહ્મવાદી હોય છે, અહિંસાધર્મમાં આસક્ત રહેનારા હોય છે, સત્યવ્રતનું પાલન કરનારા હોય છે અને બાહ્ય ઇંદ્રિયોનો તથા આંતર્-ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા હોય છે, તેઓને હું નમું છું.[૧૯] જે ગૃહસ્થાશ્રમીઓ દેવતાઓની તથા અતિથિઓની પૂજા કરવામાં તત્પર રહેનારા હોય છે અને કાપોતી વૃત્તિનો આશ્રય કરનારા હોય છે (અર્થાત્ કબૂતરો જેમ એક એક કણ વીણીને આજીવિકા ચલાવે છે, તેમ જેઓ માત્ર એક દિવસ ચાલે તેટલુંજ અન્ન મેળવીને પ્રતિદિન આજીવિકા ચલાવે છે, પણ

સંગ્રહ કરતા નથી),તેઓને હું નિત્ય નમું છું. જેઓનો (ધર્માર્થકામરૂપ) ત્રિવર્ગ, પ્રત્યેક કાર્યમાં ઉત્તમ, મધ્યમ અને અધમ ભાવે પણ નિત્ય ચાલુ રહે છે, પણ અધમ–મધ્યમ તથા ઉત્તમ ભાવે કદી હીન થતો નથી અને જેઓની પ્રવૃત્તિ શિષ્ટાચારને અનુસરીનેજ હોય છે, તેઓને હું સદાય નમું છું.[૨૧] હે કેશવ! જે બ્રાહ્મણો શાસ્ત્રવિજ્ઞાનથી યુક્ત હોય છે, ત્રિવર્ગને આચરણમાં મૂકનારા હોય છે, લોલુપતાથી રહિત હોય છે અને પુણ્યશીલ હોય છે, તેઓને હું નમું છું.[૨૨] વળી હે માધવ! જે તપસ્વીઓ જળનું ભક્ષણ કરીને તપશ્ચર્યા કરે છે, જેઓ વાયુનો આહાર કરીને તપશ્ચર્યા કરે છે, જેઓ નિત્ય વૈશ્વદેવ કર્યા પછી અવશેષ રહેલા સુધા(અમૃત)રૂપ અન્નનું ભોજન કરે છે અને જેઓ અનેક પ્રકારનાં વ્રતોનું પાલન કરે છે, તેઓને હું નમું છું.[૨૩] જેઓ જીવનપર્યંત બ્રહ્મચારી રહે છે, જેઓ ગૃહસ્થાશ્રમમાં જોડાઇને અગ્નિહોત્રનો સ્વીકાર કરે છે, જેઓ વેદના આશ્રયરૂપ હોય છે અને જેઓ જ્ઞાનદ્વારા પ્રાણીમાત્રના આત્મારૂપ થઇને સર્વના ઉત્પત્તિકારણ બને છે, તેઓને હું નિત્ય નમું છું.[૨૪] હે કૃષ્ણ! જે ઋષિઓ લોકના સ્રષ્ટા (પ્રજાપતિ) કહેવાય છે, સર્વ લોકોમાં શ્રેષ્ઠ ગણાય છે, સર્વ કુળોના જયેષ્ઠ (વડીલ) ગણાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારા છે અને સર્વ લોકમાં સૂર્યસરખા તેજસ્વી છે, તેઓને હું નિત્ય નમસ્કાર કરૂં છું. હે નિર્દોષ કૃષ્ણ! માટે તમે પણ નિત્ય બ્રાહ્મણોની પૂજા કરો; કેમકે પૂજવાયોગ્ય બ્રાહ્મણોની તમે પૂજા કરશો, તો તેઓ તમને સુખ આપશે.[૨૬] બ્રાહ્મણો આ લોકમાં તથા પરલોકમાં નિત્ય સુખ આપનારા છે અને તેઓ માન્ય પુરુષોમાં પણ માનપાત્ર થઇને સર્વત્ર વિચરે છે, માટે તેઓ તમને પણ સુખદાતા થશે.[૨૭] જે પુરુષો સર્વ અતિથિઓનો નિત્ય સત્કાર કરે છે, ગાયો તથા બ્રાહ્મણોનું નિત્ય પૂજન કરે છે અને સત્ય ધર્મમાં નિત્ય આસક્ત રહે છે, તેઓ સંકટોને તરી જાય છે–અર્થાત્ તેઓનાપર સંકટો આવતાંજ નથી. ૨૮ જે મનુષ્યો નિત્ય શાંતિપરાયણ હોય છે, અસૂયાદોષથી મુક્ત હોય છે અને નિત્ય સ્વાધ્યાય કરવામાં તત્પર રહે છે, તેઓ સંકટોને તરી જાય છે.[૨૯] જેઓ સર્વ દેવોને નમસ્કાર કરે છે, કેવળ એક વેદનોજ આશ્રય કરે છે, શ્રદ્ધાસંપન્ન હોય છે અને દમગુણનિષ્ઠ હોય છે, તેઓ સંકટોને તરી જાય છે;[૩૦] તેમજ જે મનુષ્યો શ્રેષ્ઠ બ્રાહ્મણોને નમસ્કાર કરે છે, નિયમપૂર્વક વ્રતોનું પાલન કરે છે અને દાનધર્મ ઉપર પ્રીતિ રાખે છે, તેઓ સંકટોને તરી જાય છે.[૩૧] જે તપસ્વીઓ કુમારાવસ્થાથી આરંભીનેજ નિત્ય બ્રહ્મચર્ય પાળે છે અને તપદ્વારા અંતરાત્માને શુદ્ધ કરે છે, તેઓ સંકટોને તરી જાય છે.[૩૨] જે મનુષ્યો દેવતાઓના,અતિથિઓના, પોષ્યવર્ગના તથા પિતૃઓના પૂજનમાં પરાયણ રહે છે અને વૈશ્વદેવ કરતાં અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, તેઓ સંકટોને તરી જાય છે.[૩૩] જે પુરુષો વિધિપૂર્વક અગ્નિહોત્ર લઇને નમ્રતાપૂર્વક તેને ધારણ કરે છે અને સોમયાગની આહુતિને પ્રાપ્ત કરે છે (અર્થાત્ સોમયાગ કરવાને ભાગ્યશાળી થાય છે), તેઓ સંકટોને તરી જાય છે;[૩૪] તેમજ હે યાદવસિંહ કૃષ્ણ! જે પુરુષો તમારી પેઠે માતા,પિતા અને ગુરુની સારી રીતે સેવા કરે છે,તેઓ પણ સંકટોને તરી જાય છે.” એમ કહીને નારદ બોલતા બંધ થયા.[૩૫]

હે કુંતાપુત્ર યુધિષ્ઠિર! તમે પણ પિતૃઓ, દેવો તથા બ્રાહ્મણોની વિધિપૂર્વક નિત્ય પૂજા કરો છો તેથી તમને પણ ઇષ્ટ ગતિ પ્રાપ્ત થશે.

ઇતિ **શ્રીમહા૦** અનુ૦ દાનધર્મપર્વમાં
“ કૃષ્ણ અને નારદનો સંવાદ ” એ વિષયનો અધ્યાય ૩૧ મો સમાપ્ત

અધ્યાય ૩૨ મો

શરણાગતની રક્ષાનું ફળ

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ।
त्वत्तोऽहं श्रोतुमिच्छामि धर्मं भरतसत्तम ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે ભરતશ્રેષ્ઠ પિતામહ! તમે મહાબુદ્ધિમાન છો અને સર્વ શાસ્ત્રોમાં કુશળ છો, માટે તમારી પાસેથી હું ધર્મ સાંભળવાની ઇચ્છા રાખું છું.[૧] હે ભરતશ્રેષ્ઠ! જે પુરુષો પોતાને શરણે આવેલા ચારે પ્રકારના (જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ) પ્રાણીઓનું રક્ષણ કરે છે, તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે, તે મને યથાર્થ રીતે તમે કહો.[૨]

ભીષ્મે કહ્યું:–હે મહાબુદ્ધિમાન ધર્મપુત્ર! હે મહાયશસ્વી રાજા! શરણે આવેલાનું રક્ષણ કરવાથી મહાન ફળ પ્રાપ્ત થાય છે, એ વિષયનો એક પુરાતની ઇતિહાસ કહેવામાં આવે છે. (તેનું તું શ્રવણ કર.) એક સમયે સુંદર દેખાવના એક કપોતને (કબૂતરને) શ્યેન (શકરો અથવા બાજ) પક્ષીએ ઝડપી લઈને આકાશમાંથી પૃથ્વીપર પાડી નાખ્યો, ત્યારે તે વૃષદર્ભ નામના એક ભાગ્યશાળી રાજાને શરણે ગયો.[૩,૪] એટલે પવિત્ર ચિત્તવાળા તે રાજાએ ભયથી પોતાના ખોળામાં આવેલા તે કપોતને જોઇને તેને ધીરજ આપવામાટે કહ્યું કે:–“ હે પક્ષિ! તું શાંત થા, તને હવે કોઇના તરફથી ભય નથી. હે અંડજ! તને આવો મહાન ભય કોના તરફથી પ્રાપ્ત થયો છે? તેં કયે સ્થળે શું કર્યું છે, જેથી આવી બેભાન સ્થિતિમાં અને ભ્રમિત ચિત્તે તારે અહીં આવવું પડયું છે?[૫,૬] અહા! તારો સુંદર વર્ણ નવા નીલકમળના જેવોજ પ્રકાશી રહ્યો છે, તારો દેખાવ અત્યંત મનોહર છે અને તારાં નેત્રો દાડમની કળી જેવાં તથા અશોકના પુષ્પ જેવાંજ લાલવર્ણાં છે. હે પક્ષિ! હવે તું નિર્ભય થા, તને કોઇના તરફથી ભય નથી; કેમકે તું મારી પાસે આવ્યો છે અને મારા જેવા રક્ષાધ્યક્ષ રાજાએ તને શરણ આપ્યું છે, જેથી તને પકડવાનો મનમાં વિચાર કરવામાટે પણ કોઈ પ્રાણી ઉત્સાહ કરી શકે તેમ નથી.[૮] હે કપોત! તારૂં રક્ષણ કરવામાટે મારૂં આ કાશીનું રાજ્ય આપી દેવું પડે અને તે ઉપરાંત મારા જીવિતને અર્પણ કરવું પડે તોપણ તેનો ત્યાગ કરવા હું તૈયાર છું; માટે તું નિશ્ચિંત થા; તને હું અભય આપું છું.

(રાજા વૃષદર્ભ, તે કપોતને એ પ્રમાણે ધીરજ આપતો હતો તેવામાં એક શ્યેન પક્ષી, તેની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યો.)

શ્યેને કહ્યું:–“ હે રાજન્! આ કપોત મારૂં ભક્ષ્ય છે, માટે તેનું રક્ષણ કરવું તને યોગ્ય નથી. વળી તેનું જીવિત લગભગ નાશની અણી ઉપર આવી ચૂકયું છે અને મેં ઘણોજ યત્ન કરીને તેને મેળવ્યો છે. આનું માંસ, રુધિર, મજ્જા અને મેદ મારા જીવિતને હિતકર છે અને તેનું ભક્ષણ કરવાથી મને ઘણોજ સંતોષ થશે, માટે મારા ભક્ષ્યની વચ્ચે તું વિઘ્નરૂપ ન થા.[૧૧] હે રાજન! મને અતિઉગ્ર તૃષ્ણા અત્યંત પીડે છે અને ક્ષુધા તો મને જાણે બાળી નાખતી હોય તેવું દુઃખ દે છે, માટે તું આને છોડી દે. મારી ક્ષુધાને રોકવાને મારામાં લેશમાત્ર શક્તિ નથી.[૧૨] હે રાજન્! હું આની પાછળ પડયો હતો અને મારી પાંખો તથા નખોના પ્રહારથી લગભગ તે ઘવાઇ પણ ગયો છે; જેથી એનામાં હવે કિંચિત્‌માત્ર શ્વાસોચ્છ્‌વાસ હશે; માટે એનું રક્ષણ કરવું તને યોગ્ય નથી. હે ઉત્તમ રાજા! તું જો કે તારા દેશમાં સર્વ મનુષ્યોનો સ્વામી છે, તોપણ આકાશમાં વિહાર કરનારાં તૃષ્ણાકુળ પક્ષીઓનો સ્વામી નથી. તું તારા શત્રુઓપર, સેવકોપર, સ્વજનોપર, વ્યવહારમાં તથા ઇંદ્રિયોના વિષયોપર કાબુ મેળવવામાં તારૂં પરાક્રમ કરી દેખાડતો હોય તો તે યોગ્યજ છે; પણ આકાશવિહારી પક્ષીઓનાપર પરાક્રમ કરવાનો તને અધિકાર નથી.[૧૫] તારી આજ્ઞાનો ભંગ કરનારા તારા શત્રુઓપર બરાબર પરાક્રમ કરીને તારે પ્રભુતા દર્શાવવી જોઈએ. (પણ આકાશચારી પક્ષીઓનાપર પરાક્રમ કરીને તારે પ્રભુતા દર્શાવવી તે યોગ્ય નથી.) વળી તું એક ધર્માર્થી રાજા છે, ત્યારે ક્ષુધાથી પીડાયેલા મારા તરફ પણ તારે કૃપાદૃષ્ટિજ કરવી તે યોગ્ય છે.”[૧૫,૧૬]

ભીષ્મે કહ્યું:– શ્યેનનું એ વાકય સાંભળીને રાજર્ષિ વૃષદર્ભ, પરમ વિસ્મય પામ્યો. તેણે એ શ્યેનના વાકયને પણ માન આપીને કપોતની રક્ષાના અભિપ્રાયથી તેને કહેવા માંડયું.[૧૭]

રાજાએ કહ્યું:-" તારી ક્ષુધાને શાંત કરવામાટે આજે તને બળદ, વરાહ, મૃગ અથવા પાડો-એમાંનું જે જોઇશે તે હું આપીશ;[૧૮] પણ શરણે આવેલા આ પક્ષીનો કદાપિ ત્યાગ નહિ કરૂં; કેમકે શરણાગતની રક્ષા કરવી, એ મારૂં વ્રત છે. વળી હે પક્ષિ! તું જો તો ખરો કે, આ કપોત તારા ભયને લીધે મારાં અંગોનો ત્યાગજ કરતો નથી."[૧૯]

શ્યેને કહ્યું:-" હે મહારાજા! વરાહનું, બળદનું કે બીજાં વિવિધ પ્રકારનાં પક્ષીઓનું હું ભક્ષણ કરતો નથી, માટે તે અન્નાદિકનું મારે શું કામ છે?[૨૦] કેમકે મારેમાટે તો દેવતાઓએ પોતે સનાતન કાળથી કપોતનેજ ભક્ષ્યતરીકે નિર્માણ કરેલો છે; અને આ મર્યાદા સનાતન કાળની છે કે, શ્યેન પક્ષીઓ કપોતોનુંજ ભક્ષણ કરે છે.[૨૧] હે નિર્દોષ રાજા! વસ્તુસ્થિતિ એ પ્રકારની છે, તોપણ આ કપોત ઉપર તને સ્નેહ હોય તો તેના ભારોભાર તારૂં પોતાનુંજ માંસ આજે તું મને આપ."[૨૨]

રાજાએ કહ્યું:-" અહો! આજે તેં મારાપર મહાન અનુગ્રહ કર્યો છે, કે જે તું મને એ પ્રમાણે કહે છે. જરૂર, હું એ પ્રમાણેજ કરૂં છું." એમ કહીને તે ઉત્તમ રાજાએ, પોતાના શરીરમાંથી માંસ કાપી કાપીને પેલા કપોતના ભારોભાર તોળવા માંડયું. તે સમયે રત્નોથી શોભી રહેલી તેની સર્વ રાણીઓ, હાહાકાર કરતી અંતઃપુરમાંથી દોડી આવી અને રાજાનો તે નિશ્ચય સાંભળીને અત્યંત દુઃખી અવાજે રડવા લાગી. રાણીઓના રુદનનો શબ્દ સાંભળીને સર્વ મંત્રીઓ તથા રાજસેવકો પણ ત્યાં દોડી આવ્યા; જેને લીધે આખા રાજમહેલમાં મેઘના જેવો મહાગંભીર શબ્દ થઈ રહ્યો, એટલુંજ નહિ પરંતુ તે કોલાહલને લીધે વાદળાંઓવિનાનું આખું આકાશ પણ વ્યાપ્ત થઈ ગયું. વળી તે સમયે રાજાના એ સત્યકર્મના પ્રભાવથી આકાશમાં ચોતરફ વાદળાંઓ ચઢી આવ્યાં અને આખી પૃથ્વી એકદમ ધણધણી ઉઠી. રાજા વૃષદર્ભ તો પોતાનાં પડખાંઓમાંથી, બાહુઓમાંથી અને સાથળોમાંથી માંસ કાપી કાપીને ત્રાજવામાં ભર્યે જતો હતો, તોપણ તે સમગ્ર માંસ પેલા કપોતના ભાર જેટલું થતું ન હતું. છેવટે રાજાના શરીરમાં કેવળ હાડકાંજ રહ્યાં; પણ જ્યારે બિલકુલ માંસ ન રહ્યું, ત્યારે રુધિરની ધારાઓને ઝરી રહેલો તે રાજા, પોતાના આખા શરીરનો ત્યાગ કરવાની ઈચ્છાથી ત્રાજવા ઉપર ચઢી બેઠો.[૨૩-૨૯] તે વેળા ઇંદ્રસહિત ત્રણે લોકો તે રાજાની પાસે હાજર થયા અને આકાશમાં ભેરીઓ તથા દેવનાં દુદુંભિઓ વાગવા લાગ્યાં.[૩૦] દેવતાઓએ રાજા વૃષદર્ભ ઉપર અમૃતની વૃષ્ટિ કરી અને સુખ ઉપજાવનારી દિવ્ય પુષ્પમાળાઓની વારંવાર વૃષ્ટિ કરી મૂકી.[૩૧] વળી પ્રભુ પિતામહસમાન તે રાજાની ચોતરફ દેવોના ગંધર્વોએ તથા અપ્સરાઓએ દિવ્ય નૃત્ય કરવા માંડયું અને તેની સ્તુતિ પણ કરી. તે પછી રાજર્ષિ વૃષદર્ભ, સુવર્ણના પ્રાસાદોથી વ્યાપ્ત, મણિજડિત સુવર્ણનાં તોરણોવાળા તથા વૈડૂર્યમણિના સ્થંભોવાળા એક દિવ્ય વિમાનમાં બેઠો અને તે શુભ કર્મના પ્રભાવથી સનાતન સ્વર્ગલોકમાં ગયો, માટે હે યુધિષ્ઠિર! તું પણ એ પ્રમાણે શરણે આવેલાનું રક્ષણ કર;[૩૨-૩૪] કેમકે પોતાનાપર પ્રેમ રાખનારા ભક્ત મનુષ્યોનું તથા આશ્રિતોનું રક્ષણ કરનારો અને પ્રાણીમાત્રના પ દયા રાખનારો પુરુષ, પરલોકમાં સુખી થાય છે. જે રાજા સુશીલ હોય છે અને શિષ્ટ પુરુષોના આચારને અનુસરનારો હોય છે, તે રાજા પોતાના નિષ્કપટ કર્મથી કયી વસ્તુ પ્રાપ્ત કરી શકતો નથી?[૩૬] રાજર્ષિ વૃષદર્ભ કે જે પવિત્ર ચિત્તવાળો હતો, ધીર હતો, સત્યપરાક્રમી હતો અને કાશીદેશનો રાજા હતો, તે શરણાગતની રક્ષારૂપ કર્મના પ્રભાવથી ત્રણે લોકમાં વિખ્યાત થયો હતો.[૩૭] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! બીજો કોઇ પણ પુરુષ એ વૃષદર્ભરાજાની પેઠે શરણે આવેલાનું રક્ષણ કરે છે, તેને પણ એજ ગતિ પ્રાપ્ત થાય છે. હે રાજર્ષિ! જે પુરુષ વૃષદર્ભરાજાના આ ચરિત્રનું લોકમાં કીર્તન કરે છે અથવા નિત્ય સાંભળેછે, તેપુરુષનો આત્માપવિત્ર થાયછે.

અધ્યાય ૩૨ મો સમાપ્ત

અધ્યાય ૩૩ મો

બ્રાહ્મણોની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

किं राज्ञः सर्वकृत्यानां गरीयः स्यात् पितामह
कुर्वन् किं कर्म नृपतिरुभौ लोकौ समश्नुते ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે પિતામહ! રાજાને જે કાર્યો કરવાનાં હોય છે, તેમાં તેને મુખ્ય કાર્ય કયું કરવાનું હોય છે? કયું કર્મ કરવાથી રાજા બન્ને લોકમાં સુખ પામે છે?" [૧]

ભીષ્મે કહ્યું:–"હે ભારત! જેનો રાજ્યાભિષેક થયેલો હોય છે તેવા રાજાને મુખ્ય કર્મ એજ કરવાનું હોય છે કે, તેણે નિત્ય બ્રાહ્મણોની પૂજા કરવી; કેમકે હે ભરતશ્રેષ્ઠ! અત્યંત સુખની ઈચ્છા રાખનારા રાજાએ અવશ્ય તેમજ કરવું જોઈએ. જે બ્રાહ્મણો શ્રોત્રિય (વેદને ભણેલા) હોય છે અને જેઓ વૃદ્ધ અવસ્થાના હોય છે, તેઓની રાજાએ નિત્ય પૂજા કરવી જોઇએ. [૨,૩] જે બ્રાહ્મણો પોતાના નગરમાં તથા દેશમાં રહેતા હોઇને અત્યંત વિદ્વાન હોય છે, તેઓને સાંત્વવાદપૂર્વક નમસ્કાર કરીને ભોગદાનાદિથી સંતુષ્ટ રાખવા. [૪] રાજાનું નિત્ય આવશ્યક કર્મ એજ છે કે, તેણે પોતાના શરીરની પેઠે તથા પોતાના પુત્રોની પેઠે બ્રાહ્મણોનું નિત્ય રક્ષણ કરવું. [૫] જેઓ એ બ્રાહ્મણોમાં પણ અત્યંત પૂજ્ય ગણાતા હોય, તેઓની તો રાજાએ અત્યંત પૂજા કરવી જોઈએ; કેમકે તેઓને જો શાંત રાખવામાં આવે છે તો આખું રાષ્ટ્ર શાંતિમાં રહે છે અને સંપૂર્ણ આબાદ થાય છે. [૬] રાજાએ પોતાના પિતૃઓની પેઠે બ્રાહ્મણોનેજ પૂજ્ય ગણવા જોઇએ અને બ્રાહ્મણોનેજ નમસ્કાર કરવા જોઇએ; કેમકે પ્રાણીમાત્રની જીવનયાત્રા જેમ મેઘના આધારે ચાલી રહી છે, તેમ સર્વ લોકોની જીવનયાત્રા કેવળ બ્રાહ્મણોને આધારેજ ચાલી રહી છે. [૭] સત્ય પરાક્રમી બ્રાહ્મણો, જ્યારે કોપાયમાન થાય છે, ત્યારે મહાઉગ્ર સ્વરૂપ ધારણ કરીને અનેક આભિચારિક ઉપાયોદ્વારા આખા જગતને બાળી નાખે છે; એટલુંજ નહિ પણ જગતનું અનિષ્ટ કરવાનો મનમાં સંકલ્પ કરીનેજ તેઓ સમૂળગો નાશ કરી નાખે છે. [૮] આ જગતમાં એવો એક પણ પુરુષ મારા જોવામાં આવતો નથી, કે જે એ બ્રાહ્મણોનો નાશ કરી શકે! તેઓ પોતાની ઈચ્છાનુસાર સર્વ દિશાઓમાં ગમન કરી શકે છે અને કોપાયમાન થઇને તેઓ જ્યારે દૃષ્ટિપાત કરે છે, ત્યારે અરણ્યમાં ભભુકી ઉઠેલા અગ્નિની શિખાઓની પેઠે સર્વને બાળીને ભસ્મ કરનારા થઈ પડે છે. [૯] જે પુરુષો અત્યંત સાહસપૂર્વક અકાર્ય કરનારા હોય છે, તેઓ પણ એ બ્રાહ્મણોથી અતિશય ભયભીત રહે છે. (તો પછી વિવેકી પુરુષો તેઓથી ભયભીત રહે; એમાં શું આશ્ચર્ય છે?) કેટલાએક (જડભરત આદિ) બ્રાહ્મણો ઘાસથી ઢંકાયેલા કૂવાની પેઠે ઉપર ઉપરથી મલિન જેવા હોય છે, કેટલાએક (વસિષ્ઠ આદિ) બ્રાહ્મણો નિર્મળ આકાશની પેઠે બ્રાહ્મવર્તનમાં પણ અત્યંત શુદ્ધ હોય છે, કેટલાએક (દુર્વાસા વગેરે) બ્રાહ્મણો અત્યંત ક્રોધી હોઇને નિષ્ઠુર કર્મ કરનારા હોય છે, કેટલાએક (ગૌતમ આદિ) બ્રાહ્મણો કપાસના જેવા કોમળ મનના હોય છે,* કેટલાએક (અગસ્ત્ય× આદિ) બ્રાહ્મણો અત્યંત શઠ હોય છે, બીજા કેટલાએક બ્રાહ્મણો કેવળ તપોનિષ્ઠજ હોય છે, કેટલાએક (ઉદ્દાલકના ગુરુ જેવા) બ્રાહ્મણો ખેતીનું કર્મ પણ કરે છે, કેટલાએક (ઉપમન્યુ જેવા) બ્રાહ્મણો ગુરુની ગાયોનુંજ રક્ષણ કરે છે, કેટલાએક (દત્તાત્રેય આદિ) બ્રાહ્મણો કેવળ ભિક્ષાચરણજ કરે છે, કેટલાએક (વાલ્મીકિ અને વિશ્વામિત્ર÷ આદિ) બ્રાહ્મણો કોઇ સમયે ચોરીનું કર્મ પણ કરે છે, કેટલાએક (નારદ આદિ) બ્રાહ્મણો કલહપ્રિય

---

* કેમકે તેઓ પગલે પગલે હિંસા થઇ જવાના ભયથી પોતાની દૃષ્ટિને નીચી રાખીનેજ ચાલે છે અને તેથીજ તેવા બ્રાહ્મણોને "અક્ષપાદ" એવા નામથી શાસ્ત્રમાં વર્ણવેલા છે.

× અગસ્ત્યઋષિએ, બ્રાહ્મણોનું ભક્ષણ કરનારા વાતાપિ દૈત્યને પોતાના ઉદરમાં પચાવી નાખીને માંસમાં લોલુપતા દર્શાવી હતી.

÷ વિશ્વામિત્રે બાર વર્ષના એક દુષ્કાળમાં ચાંડાલને ત્યાંથી કૂતરાની જાંઘની ચોરી કરી હતી, એ વાત પ્રસિદ્ધ છે.

હોય છે અને બીજા કેટલાએક (ભરત આદિ) બ્રાહ્મણો નટ તથા નર્તકનું પણ કર્મ કરનારા છે.[૧૦-૧૨] આ રીતે હે ભરતશ્રેષ્ઠ! બ્રાહ્મણો સર્વપ્રકારનાં કર્મો કરવામાં ×સમર્થ છે. તેઓ રાજાઓ તથા બીજા વર્ણોનાં કર્મો પણ કરે છે અને વિવિધ પ્રકારના આકારોને ધારણ કરે છે.[૧૩] બ્રાહ્મણો અનેક પ્રકારનાં કર્મો કરવામાં આસક્ત હોય અને અનેક કર્મો કરીને આજીવિકા ચલાવતા હોય તોપણ જો ધર્મવેત્તા હોય તો નિત્ય તેઓની સ્તુતિજ કરવી.[૧૪] હે રાજા! પૂર્વે પિતૃઓ, દેવતાઓ, મનુષ્યો, સર્પો અને રાક્ષસો પણ બ્રાહ્મણોની પૂજા કરતા હતા; કેમકે તેઓ મહાભાગ્યશાળી હોય છે.[૧૫] તેઓને દેવો, પિતૃઓ, ગંધર્વો, રાક્ષસો, અસુરો કે પિશાચો પણ જીતી શકતા નથી;[૧૬] કારણકે બ્રાહ્મણો પોતાની ઇચ્છામાં આવે તો દેવ ન હોય તેને પણ દેવ બનાવી શકે છે, જે દેવ હોય તેને પણ તેના સ્થાન ઉપરથી ઉતારી પાડે છે, જે રાજા ન હોય તેને પણ રાજા બનાવી દે છે અને જે રાજા હોય તે પણ તેઓને જો અપ્રિય હોય તો તત્કાળ તેને પદભ્રષ્ટ કરી શકે છે.[૧૭] હે રાજન્! હું તને સત્ય કહું છું કે, જે મૂઢ પુરુષો, બ્રાહ્મણોની નિંદા કરે છે, તેઓ અવશ્ય વિનાશ પામે છે.[૧૮] હે રાજા! નિંદા તથા પ્રશંસા કરવામાં કુશળ અને કીર્તિ તથા અપકીર્તિ કરવામાં પરાયણ બ્રાહ્મણો, પોતાનો દ્વેષ કરનારાઓ ઉપર અત્યંત કોપાયમાન રહે છે.[૧૯] જે પુરુષની બ્રાહ્મણો પ્રશંસા કરે છે, તેની પ્રતિદિન વૃદ્ધિ થાય છે; પણ જે પુરુષને બ્રાહ્મણો તુચ્છકારી કાઢે છે, તેનો એક ક્ષણવારમાં સર્વત્ર પરાભવ થાય છે.[૨૦] બ્રાહ્મણોનો અનુગ્રહ નહિ હોવાને લીધેજ શક લોકો, યવનો, કાંબોજ દેશના મનુષ્યો તથા તે તે ક્ષત્રિયની જાતિઓ શૂદ્રપણાને પામી છે;[૨૧] તેમજ દ્રાવિડદેશના તથા કલિંગ દેશના મનુષ્યો, ભિલ્લો, ઉશીનર દેશના મનુષ્યો, કોલિસર્પ જાતિના લોકો, મહિષક જાતિના મનુષ્યો અને તે તે અનેક ક્ષત્રિયની જાતિઓ, બ્રાહ્મણોનો અનુગ્રહ નહિ હોવાને લીધેજ શૂદ્રપણાને પામેલા છે. હે મહાવિજયી રાજા! બ્રાહ્મણોથી પોતાનો પરાજય થાય તે સારો, પણ બ્રાહ્મણોનો પરાજય કરવો તે સારો નથી.[૨૨,૨૩] જે એક પુરુષ, આ સર્વ જગતનો સંહાર કરે છે અને બીજો એક પુરુષ એક બ્રાહ્મણનો વધ કરે છે, ત્યારે તેઓ બન્ને સમાન પાપી ગણાતા નથી; કેમકે મહર્ષિઓ કહે છે કે, બ્રહ્મહત્યા એ મહાન દોષ છે.[૨૪] વળી બ્રાહ્મણોની નિંદા કદી સાંભળવીજ નહિ; પણ જે સ્થળે બ્રાહ્મણોની નિંદા થતી હોય ત્યાં નીચું મુખ કરીને મૌન બેસી રહેવું અથવા ત્યાંથી ઉઠીને ચાલ્યા જવું.[૨૫] આ પૃથ્વી ઉપર એવો કોઈપણ પુરુષ જન્મ્યો નથી અને જન્મશે પણ નહિ, કે જે બ્રાહ્મણોનો વિરોધ કરીને સુખેથી જીવવાનો ઉત્સાહ કરી શકે.[૨૬] હે રાજન્! વાયુને જેમ મુઠ્ઠીમાં પકડી શકાતો નથી, ચંદ્રનો જેમ હાથથી સ્પર્શ કરી શકાતો નથી અને આખી પૃથ્વીને જેમ ધારણ કરી શકાતી નથી, તેમ પૃથ્વીપર બ્રાહ્મણોને પણ જીતી શકાતા નથી."[૨૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "બ્રાહ્મણોની પ્રશંસા" એ વિષયનો
અધ્યાય ૩૩ મો સમાપ્ત

અધ્યાય ૩૪ મો

બ્રાહ્મણોની પ્રશંસા (ચાલુ)

॥ भीष्म उवाच ॥

ब्राह्मणानेव सततं भृशं संपरिपूजयेत् ।
एते हि सोमराजान ईश्वराः सुखदुःखयोः ॥

ભીષ્મે કહ્યું:-બ્રાહ્મણોનીજ નિરંતર અત્યંત પૂજા કરવી; કેમકે સોમ (ચંદ્ર) જેઓનો રાજા છે તેવા બ્રાહ્મણો સુખદુઃખ આપવામાં સમર્થ છે.[૧] સર્વ રાજાઓએ "તમારે શું જોઈએ છે?" એવા પ્રશ્નપૂર્વક પોતાના ભોગો, અલંકારો તથા બીજા સર્વ પદાર્થો અર્પણ કરીને બ્રાહ્મણોની સદાય પૂજા કરવી; અને પોતાના પિતૃઓની જેમ રક્ષા કરવામાં આવે છે, તેમ નમસ્કાર કરીને તેઓની રક્ષા કરવી.[૨] જેમ મેઘને લીધે પ્રાણીમાત્રને શાંતિ થાય છે, તેમ બ્રાહ્મણોને લી-

---

× અગસ્ત્યે સમુદ્રને પણ શુષ્ક કરી નાખ્યો હતો.

ઘેજ આખા રાષ્ટ્રમાં શાંતિ જળવાઇ રહે છે. (માટે હું તો એમજ કહું છું કે,) પ્રત્યેક રાષ્ટ્રમાં બ્રાહ્મતેજને ધારણ કરનારા પવિત્ર બ્રાહ્મણો ઉત્પન્ન થાઓ;[૩] તેમજ પ્રત્યેક રાષ્ટ્રમાં શત્રુઓને તપાવી શકે તેવા મહારથી રાજાઓ ઉત્પન્ન થાઓ. હે રાજા! જે બ્રાહ્મણ કુળવાન હોય, ધર્મવેત્તા હોય અને તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો હોય, તેને પોતાના ગૃહમાંજ વસાવવો; કેમકે તેનાથી ઉત્તમ બીજું કંઇપણ નથી. જે હવિષ બ્રાહ્મણોને અર્પણ કરવામાં આવે છે, તેનો જ દેવતાઓ સ્વીકાર કરે છે.[૪,૫] વળી બ્રાહ્મણ પ્રાણીમાત્રનો પિતા ગણાય છે, માટે બ્રાહ્મણોથી શ્રેષ્ઠ બીજું કંઇ પણ નથી. સૂર્ય, ચંદ્રમા, વાયુ, જળ, પૃથ્વી, આકાશ અને દિશાઓ એ સર્વે બ્રાહ્મણના શરીરમાં પ્રવેશ કરીનેજ અન્નાદિનો સદાય ઉપભોગ કરે છે. જે પાપી પુરુષના અન્નને બ્રાહ્મણો ખાતા નથી, તેના અન્નને પિતૃઓ પણ ખાતા નથી; અને જે પાપી પુરુષ બ્રાહ્મણોનો દ્વેષ કરે છે તેના અન્નને દેવતાઓ પણ ખાતા નથી. બ્રાહ્મણો જેનાપર પ્રસન્ન થાય છે તેનાપર દેવતાઓ અને પિતૃઓ પણ નિત્ય પ્રસન્ન રહે છે, એમાં કંઇ વિચાર કરવા જેવું છેજ નહિ; તેમજ જે પુરુષો બ્રાહ્મણોને હવિષ્યાન્ન અર્પણ કરે છે, તેઓ આ લોકમાં પ્રસન્ન રહે છે અને મરણ પછી પરલોકમાં પણ વિનાશ (દુર્ગતિને) પામતા નથી, પરંતુ ઉત્તમ ગતિને પામે છે. મનુષ્ય જે જે હવિષ અર્પણ કરીને બ્રાહ્મણોને તૃપ્ત કરે છે, તે હવિષવડે પિતૃઓ અને દેવતાઓ પણ તેનાપર પ્રસન્ન રહે છે. આ સર્વ પ્રજાઓ જેનાથી ઉત્પન્ન થાય છે, તે યજ્ઞયાગાદિ કર્મ કેવળ બ્રાહ્મણથીજ ઉત્પન્ન થાય છે; અને આ સંસાર જેમાંથી ઉત્પન્ન થાય છે અને અંતે જેમાં લય પામે છે, તેને પણ કેવળ બ્રાહ્મણજ જાણે છે; એટલુંજ નહિ પરંતુ સ્વર્ગના તથા નરકના માર્ગને પણ બ્રાહ્મણજ જાણે છે.[૬-૧૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! મનુષ્યોમાં શ્રેષ્ઠ એવો બ્રાહ્મણ, ભૂત તથા ભવિષ્ય—એ બન્નેને જાણે છે અને પોતાના ધર્મને પણ જાણે છે.[૧૩] પોતાના મનને વશ રાખનારા જે મહાત્મા પુરુષો, નિત્ય બ્રાહ્મણોનેજ અનુસરે છે અને બ્રાહ્મણોના મુખમાંથી નીકળેલા વચનનો સત્વર સ્વીકાર કરે છે, તેઓ કદી પણ પરાભવને પામતા નથી.[૧૪,૧૫] જે ક્ષત્રિયો પોતાના તેજ અને બળથી પ્રજ્વલી રહ્યા હોય છે તેઓનાં તેજ અને બળ બ્રાહ્મણોની પાસેજ શાંત થાય છે.[૧૬] હે ભરતશ્રેષ્ઠ! ભૃગુવંશના બ્રાહ્મણોએ તાલજંઘ નામના ક્ષત્રિયોને જીત્યા હતા, અંગિરા ગોત્રના બ્રાહ્મણોએ નીપ નામના ક્ષત્રિયોને જીત્યા હતા અને ઋષિ ભરદ્વાજે વીતહવ્યના સર્વ પુત્રોનો તથા ઐલવંશના ક્ષત્રિયોનો પરાજય કર્યો હતો.[૧૭] કાળા મૃગચર્મરૂપ ધ્વજાવાળા એ બ્રાહ્મણોએ તરેહ તરેહનાં આયુધોવાળા અનેક ક્ષત્રિયોનો પૂર્વે પરાજય કર્યો હતો, માટે એ બ્રાહ્મણોને આખી પૃથ્વી અર્પણ કરી દઇને પરલોકમાં હિતકારક કર્મનો રાજાએ આરંભ કરવો; કેમકે એમ કરવાથી રાજા બન્ને લોકમાં પ્રકાશમાન થઇ શકે છે.[૧૮] જેમ લાકડામાં અગ્નિ ગુપ્ત રીતે રહેલો છે, તેમ આ લોકમાં જે કંઇ કહેવામાં આવે છે, સાંભળવામાં આવે છે અથવા ભણવામાં આવે છે, તે સર્વ બ્રાહ્મણોવિષે ગુપ્તરીતે રહેલું છે.[૧૯] હે ભરતશ્રેષ્ઠ રાજા! આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં શ્રીકૃષ્ણનો તથા પૃથ્વીનો સંવાદ વર્ણવેલો છે.[૨૦]

એક સમયે વાસુદેવે પૃથ્વીને પૂછ્યું કેઃ— "હે ભદ્રે! તું પ્રાણીમાત્રની માતા છે, માટે મારો એક સંશય હું તને પૂછું છું કે, ગૃહસ્થાશ્રમી પુરુષ કયું કર્મ કરીને પાપમાંથી મુક્ત થાય છે?"[૨૧]

તે સાંભળી પૃથ્વીએ કહ્યું:—"ગૃહસ્થે, બ્રાહ્મણોની સેવા કરવી જોઇએ; કેમકે એજ ઉત્તમ પવિત્ર છે. જે પુરુષ બ્રાહ્મણોની સેવા કરે છે, તેનાં સર્વ પાપો નાશ પામે છે. ઉપરાંત બ્રાહ્મણોની સેવાથી ઐશ્વર્ય, કીર્તિ અને બુદ્ધિનો પણ લાભ થાય છે;[૨૨] તેમજ જે ક્ષત્રિય શત્રુઓને તપાવી શકે તેવો હોય અને મહારથી હોય, તે પણ સર્વની આબાદીને માટે નિત્ય માન આપવા યોગ્ય છે, એમ નારદે પોતે મને કહ્યું છે;

પરંતુ જે બ્રાહ્મણ કુળવાન હોય, ધર્મવેત્તા હોય, તીક્ષ્ણ વ્રતને પાળનારો હોય અને પવિત્ર હોય, તેને પોતાના, પારકા અને પારકાથી પણ જે બીજા હોય તે સર્વના કરતાં વિશેષ માન આપવું.[24] જે મનુષ્યની બ્રાહ્મણો પ્રશંસા કરે છે, તે મનુષ્ય સારા અભ્યુદયને પામે છે; પરંતુ જે મનુષ્ય બ્રાહ્મણોની નિંદા કરે છે, તે અલ્પ સમયમાંજ પરાભવ પામે છે.[25] જેમ હળની કોશના અગ્રભાગમાં ચોટેલું માટીનું ઢેફું મહાસાગરમાં નાખતાંની સાથેજ ઓગળીને વિનાશ પામે છે, તેમ બ્રાહ્મણોનો દ્રોહ કરવારૂપ દુશ્ચરિત્ર, સર્વનો પરાભવ કરવામાટે સમર્થ થઇ શકે છે.[26] હે કૃષ્ણ! તમે પ્રત્યક્ષ જોઇ શકો છો કે, ચંદ્રમાં જે ડાઘ દેખાય છે તે બ્રાહ્મણોના અપમાનનું પરિણામ છે, સમુદ્રનું જળ ખારૂં થઈ ગયું છે તે બ્રાહ્મણોનાઅપમાનનું પરિણામ છે અને મહેન્દ્રના શરીરમાં હજારો ભગ(યોનિ)નાં ચિહ્નો થયાં છે તે પણ બ્રાહ્મણોના અપમાનનું ફળ છે.[27] હે માધવ ! તમે જુઓ તો ખરા, બ્રાહ્મણોના પ્રભાવથીજ એ ઇંદ્ર હજાર નેત્રવાળો થયો છે,[28] માટે હે મધુસૂદન ! જે પુરુષને કીર્તિ,ઐશ્વર્ય તથા દિવ્ય લોકો પામવાની ઇચ્છા હોય, તેણે પવિત્ર અને જિતેંદ્રિય થઇને બ્રાહ્મણોની સંમતિ પ્રમાણેજ સર્વ કાર્યો કરવાં. ”[29]

ભીષ્મે કહ્યું:–“ હે કુરુવંશી રાજા ! પૃથ્વીનાં એ વચન સાંભળીને શ્રીકૃષ્ણે “ બહુ સારૂં, બહુ સારૂં ” એમ કહીને તેની પૂજા કરી;[30] માટે હે પાર્થ ! તું પણ મેં કહેલા ઉદાહરણને લક્ષ્યમાં લઇને યત્નપૂર્વક નિત્ય શ્રેષ્ઠ બ્રાહ્મણોની પૂજા કર; કેમકે બ્રાહ્મણોની પૂજા કરવાથી તારૂં શ્રેય થશે.[31]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“ પૃથ્વી અને વાસુદેવનો સંવાદ ” એ
વિષયનો અધ્યાય ૩૪ મો સમાપ્ત

અધ્યાય ૩૫ મો

બ્રાહ્મણોની પ્રશંસા (ચાલુ)

॥ भीष्म उवाच ॥

जन्मनैव महाभागो ब्राह्मणो नाम जायते ।
नमस्यः सर्वभूतानामतिथिः प्रसृताग्रभुक् ॥१॥

ભીષ્મે કહ્યું:–“ બ્રાહ્મણ, જન્મથીજ મહાભાગ્યશાળીતરીકે ઉત્પન્ન થાય છે, પ્રાણીમાત્રને નમસ્કાર કરવાયોગ્ય છે અને રાંધેલા અન્નનું પ્રથમ ભોજન કરનાર એક અતિથિરૂપ ગણાય છે.[1] હે તાત! ધર્માદિક સર્વ અર્થોને સિદ્ધ કરી આપનારા, પ્રાણીમાત્રના મિત્ર અને દેવતાઓના મુખરૂપ ગણાતા બ્રાહ્મણોની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે, તો માંગલિક વાણી કહીને તેઓ પૂજા કરનારનું શુભ ચિંતન કરે છે.[2] હે તાત ! આપણા સર્વ શત્રુઓ કે જેઓએ બ્રાહ્મણોની પૂજા કરી હોતી નથી, તેઓનો કોપાયમાન થયેલા બ્રાહ્મણો, દારુણ વાણી કહીને વિનાશજ ચિંતવે છે.[3]

પૂર્વે,બ્રાહ્મણોને ઉત્પન્ન કરીને બ્રહ્માએ જે પ્રકારના નિયમો કર્યા છે, તે વિષયમાં પુરાતન ઇતિહાસવેત્તાઓ કેટલીએક પ્રાચીન ગાથાઓ ગાય છે.[4] “ બ્રહ્માએ બ્રાહ્મણોપ્રત્યે કહ્યું છે કે:– “ હે બ્રાહ્મણો ! તમારે શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને બીજું કંઈપણ કર્મ કરવું નહિ; કેમકે બ્રાહ્મણ, સ્વધર્મથી રક્ષિત હોઇને સર્વ જગતનું રક્ષણ કરે છે, માટે તે પ્રમાણે વર્તવામાંજ તમારૂં ઉત્તમ શ્રેય સમાયલું છે.[5] તમે તમારૂં સ્વકર્મ કરવામાંજ આસક્ત રહેશો તો તમને બ્રાહ્મી લક્ષ્મી પ્રાપ્ત થશે, સર્વ જગતમાં તમે પ્રમાણભૂત થશો અને સર્વ ઉદ્ધત લોકોને વશ રાખવામાં સમર્થ થશો.[6] જે બ્રાહ્મણ વિદ્વાન હોય, તેણે સેવારૂપ શૂદ્રનું કર્મ કદી કરવુંજ નહિ; કેમકે શૂદ્રનું કર્મ કરનાર બ્રાહ્મણ, સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે.[7] જે બ્રાહ્મણ, સ્વકર્મમાં પરાયણ રહીને કેવળ વેદસ્વાધ્યાય કર્યા કરશે, તેને લક્ષ્મી, બુદ્ધિ, તેજ, પ્રતાપી સમૃદ્ધિ અને મોટું માહાત્મ્ય પ્રાપ્ત થશે.[8] હે બ્રાહ્મણો! દેવગણોને ઉદ્દેશીને તમે હવનહોમ કરશો અને

અગ્નિહોત્રનો સ્વીકાર કરીને બાળકો પહેલાં પણ ભોજન કરવાને અધિકારી થશો, તો મોટા ભાગ્યશાળી થઇને બ્રાહ્મી લક્ષ્મીને (વિદ્યાને) પાત્ર થશો.[૯] વળી તમે બીજાઓનો દ્રોહ નહિ કરીને સંપાદન કરેલી ઉત્તમ શ્રદ્ધાથી યુક્ત રહેશો અને ઇંદ્રિયોને વશ રાખવામાં તથા સ્વાધ્યાય કરવામાં તત્પર રહેશો, તો સર્વ કામનાઓને પામી શકશો.[૧૦] આ મનુષ્યલોકમાં તથા દેવલોકમાં જે જે ઉત્તમ વૈભવો છે, તે સર્વ તપ, જ્ઞાન અને નિયમદ્વારા સાધ્ય કરી શકાય છે.” એ પ્રમાણે હે નિર્દોષ યુધિષ્ઠિર! બ્રહ્માના ઉપદેશરૂપ તે ગાથાઓ મેં તને કહી. બુદ્ધિમાન બ્રહ્માએ બ્રાહ્મણોપરની દયાને લીધે એ પ્રમાણે પૂર્વે કહ્યું હતું.[૧૧,૧૨] વળી હું માનું છું કે, તપસ્વી રાજાનું જેવું બળ હોય છે, તેવુંજ બળ તે બ્રાહ્મણોનું પણ હોય છે. ઉપરાંત તેઓ શત્રુઓથી પરાભવ કરવાને અશક્ય હોય છે, મહાઉગ્ર સ્વભાવના હોય છે, એકદમ ઉતાવળથી કર્મ કરનારા હોય છે અને સાહસિક પણ હોય છે. (છતાં તેઓ પૂજ્યજ છે.) [૧૩] વળી એ બ્રાહ્મણોમાં કેટલાએક સિંહસમાન, કેટલાએક વ્યાઘ્રસમાન, કેટલાએક વરાહ (ભુંડ)સમાન તથા કેટલાએક મૃગસમાન સત્ત્વવાળા હોય છે, કેટલાએક જળચરસમાન સત્ત્વવાળા હોય છે, કેટલાએક સર્પના દંશસમાન ભયંકર હોય છે, કેટલાએક મગરમચ્છના સ્પર્શસમાન તીવ્ર હોય છે, કેટલાએક મુખથી શાપવચન કહીને બીજાનો ઘાત કરનારા હોય છે અને બીજા કેટલાએક માત્ર દૃષ્ટિપાત કરીનેજ સર્વનો સંહાર કરી શકે તેવા હોય છે.[૧૪,૧૫] બ્રાહ્મણોમાં કેટલાએક સર્પસમાન તીક્ષ્ણ હોય છે અને બીજા કેટલાએક (હરિણસમાન) મૃદુ પણ હોય છે. આ રીતે હે યુધિષ્ઠિર રાજા! બ્રાહ્મણોનાં ચરિત્રો વિવિધ પ્રકારનાં હોય છે.[૧૬] મેકલદેશના લોકો, દ્રાવિડો, લાટદેશના મનુષ્યો, પૌંડ્રો, કાન્વશિરો, શૌંડિકો, દરદો, દાર્વો, ચૌરો, શબરો, બર્બરો, કિરાતો અને મ્લેચ્છો, પૂર્વે ક્ષત્રિયજાતિનાજ હતા; પણ તેઓએ બ્રાહ્મણોનો કોપ સહન કર્યો નહિ તેથી તેઓ શૂદ્રપણાને પામ્યા છે. બ્રાહ્મણોસાથે વિરોધ કરવાથી અસુરોને જળનો આશ્રય કરવો પડયો છે અને દેવતાઓ બ્રાહ્મણોની કૃપા મેળવીને સ્વર્ગમાં નિવાસ કરી રહ્યા છે.[૧૯] જેમ આકાશનો સ્પર્શ કરી શકાતો નથી, હિમાલય પર્વતને ચલાયમાન કરી શકાતો નથી અને ગંગા નદીને પાજ બાંધીને રોકી શકાતી નથી, તેમ પૃથ્વીપર બ્રાહ્મણોને જીતી શકાતા નથી.[૨૦] બ્રાહ્મણો સાથે વિરોધ કરીને પૃથ્વીપર રાજ્ય કરી શકાતું નથી, કેમકે મહાત્મા બ્રાહ્મણો દેવતાઓના પણ દેવતા છે;[૨૧] માટે હે યુધિષ્ઠિરરાજા! તારે પણ સમુદ્રસુધીની આખી પૃથ્વીપર રાજ્ય કરવાની જો ઇચ્છા હોય, તો દાન આપીને તથા સેવા કરીને નિરંતર બ્રાહ્મણોની તું પૂજા કર.[૨૨] હે નિર્દોષ રાજા! દાનાદિનો પ્રતિગ્રહ કરવાથી બ્રાહ્મણોનું તેજ શાંત થઇ જાય છે, માટે જેઓ પ્રતિગ્રહ ન કરતા હોય તેવા બ્રાહ્મણોથી પોતાના કુળની તારે રક્ષા કરવી.[૨૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ બ્રાહ્મણોની પ્રશંસા ” એ વિષયનો
અધ્યાય ૩૫ મો સમાપ્ત

અધ્યાય ૩૬ મો

બ્રાહ્મણોની પ્રશંસા (ચાલુ)

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
शक्रशंबरसंवादं तन्निबोध युधिष्ठिर ॥१॥

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિરરાજા! આ વિષયમાં પણ એક પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં ઇંદ્ર તથા શંબરાસુરનો સંવાદ વર્ણવેલો છે તે હું તને કહું છું સાંભળ.[૧] એક સમયે ઇંદ્રે, કોઇ ન ઓળખી શકે તેવું જટાધારી તપસ્વીનું સ્વરૂપ ધારણ કર્યું અને રજોગુણી દેખાવ ધારણ કરીને એક ભાંગેલા તૂટેલા રથમાં પોતે બેઠો. તે પછી દૈત્યોના રાજા શંબરાસુર પાસે જઈને તેણે આ પ્રમાણે પ્રશ્ન પૂછયો.[૨]

ઇંદ્ર પૂછ્યું:–“ હે શંબર! કયા સદાચારના બળથી તું તારી જાતિ ઉપર અધિકાર ચલાવી રહ્યો છે અને કયા કારણથી તને તારા જાતિના અસુરો શ્રેષ્ઠ માને છે? તે તું યથાર્થરીતે મને કહે.”[3]

શંબરાસુરે કહ્યું:–હું બ્રાહ્મણોનો દ્વેષ કરતો નથી પણ તેઓના મત પ્રમાણેજ વર્તું છું. બ્રાહ્મણો મારી આગળ શાસ્ત્રોની વાતો કહે છે, ત્યારે તેઓને સુખ ઉપજે તે પ્રમાણે હું તેઓને માન આપું છું.[4] વળી:બ્રાહ્મણોનાં વાક્યો શ્રવણ કરીને તેઓનું હું અપમાન કરતો નથી, તેમ કદાપિ તેઓનો અપરાધ પણ કરતો નથી; પરંતુ તેઓની પૂજા કરીને મારાં સર્વ કાર્યો વિષે તેઓને પ્રશ્ન પૂછું છું; અને જે બ્રાહ્મણો બુદ્ધિમાન હોય છે, તેઓના બન્ને ચરણોનો હું સ્પર્શ કરૂં છું;[5] જેથી તે બ્રાહ્મણો પણ મારાપર વિશ્વાસ રાખીને મને યોગ્ય સલાહ આપે છે અને નિરંતર મારી કુશળતા પૂછે છે. વળી જેઓ પ્રમાદી હોય છે તેઓનાપર હું સાવધ રહું છું અને જેઓ સૂઇરહેનારા હોય છે, તેઓનાપર હું જાગતો રહું છું.[6] હું શાસ્ત્રના માર્ગને અનુસરૂં છું,બ્રાહ્મણોનો ભક્ત છું અને અસૂયાદોષથી રહિત છું; જેથી તે બ્રાહ્મણો, મધમાખીઓ મધપુડામાં જેમ મધનું સિંચન કરે છે, તેમ મારી બુદ્ધિમાં અમૃતતુલ્ય વિદ્યાનું સિંચન કરે છે.[7] નિત્ય મારા તરફથી સંતુષ્ટ રહેનારા બ્રાહ્મણો, મને જે કંઇ કહે છે તેને મારી બુદ્ધિથી હું ગ્રહણ કરૂં છું; અને મેં મારા મનથી માની લીધું છે કે, બ્રાહ્મણોપર નિષ્ઠા રાખવી તેજ મારા આત્માનું નિત્ય કલ્યાણ થવામાં અનુકૂળ થઇ પડે તેમ છે.[8] આ રીતે હું, જેઓની જીહ્વાઓ ઉપર વિદ્યારૂપી અમૃત રહેલું છે તે બ્રાહ્મણોના વચનામૃતનો નિત્ય સ્વાદ લેનારો છું; જેથી ચંદ્રમા સર્વ નક્ષત્રોના પર જેમ અધિકાર ચલાવે છે, તેમ હું મારા જાતિબાંધવોપર અધિકાર ચલાવું છું.[9] આ પૃથ્વીપર એજ અમૃત છે અને એજ સર્વોત્તમ ચક્ષુ છે,કે જે બ્રાહ્મણોના મુખથી શાસ્ત્રોનું શ્રવણ કરીને તદનુકૂળ વર્તન કરવામાં આવે છે.[10] પૂર્વે દેવો તથા અસુરો વચ્ચે જ્યારે યુદ્ધ ચાલતું હતું, ત્યારે બ્રાહ્મણોના મહત્ત્વનું કારણ જાણીને મારા પિતાજી મનમાં પ્રસન્ન થયા હતા અને પરમ વિસ્મય પામ્યા હતા.[11] તે પછી મહાત્મા બ્રાહ્મણોના મહિમાને જોઇને તેમણે, એક સમયે ચંદ્રમાને પૂછ્યું કે:–“ આ બ્રાહ્મણો આ રીતે સિદ્ધ કેમ થયા છે?”[12]

તે સાંભળી ચંદ્રમાએ કહ્યું:–“ વાણીરૂપ બળવાળા સર્વ બ્રાહ્મણો, કેવળ તપથીજ સદાય સિદ્ધ થાય છે, રાજાઓનું વીર્ય બાહુઓમાં હોય છે અને બ્રાહ્મણોનું અસ્ત્ર તેઓની વાણી કહેવાય છે.[13] બ્રાહ્મણે નિત્ય પ્રણવમંત્રનો જાપ કરવો જોઇએ, ગુરુકુળમાં નિવાસ કરવારૂપ ક્લેશ સહન કરીને વેદાધ્યયન કરવું જોઇએ, ક્રોધનો ત્યાગ કરી શાંત રહેવું જોઇએ અને સંપૂર્ણ વૈરાગ્ય થાય, ત્યારે સર્વત્ર સમદૃષ્ટિ રાખનારા એક સંન્યાસીતરીકે જીવન ગાળવું જોઇએ.[14] જે બ્રાહ્મણ પોતાના પિતાને ગૃહે નિવાસ કરીને સર્વ વેદોનું અધ્યયન કરે અને જ્ઞાનસંપન્ન થઈ સર્વ લોકમાં પ્રશંસા પામે, તોપણ વિદ્વાનો તેને ગ્રામ્યતરીકેજ ઓળખે છે. (અર્થાત્ પિતાને ઘેર રહીને વેદાધ્યયન કરવું તે નિંદ્ય છે.) જેમ સર્પ દરમાં પડી રહેનારા ઉંદરોને ગળી જાય છે, તેમ જે રાજા શત્રુઓસામે યુદ્ધ કરતો નથી અને જે બ્રાહ્મણ વેદાધ્યયનમાટે પ્રવાસ કરતો નથી, તેઓ બન્નેને પૃથ્વી ગળી જાય છે–શક્તિહીન કરી મૂકે છે.[16] જેમ કોઇ અલ્પબુદ્ધિવાળો મનુષ્ય જો અભિમાન કરે છે તો પોતાની લક્ષ્મીનો નાશ કરી બેસે છે અને કન્યા, ગર્ભ રહેવાથી દૂષિત ગણાય છે, તેમ વેદાધ્યયનમાટે પ્રવાસ નહિ કરનારો બ્રાહ્મણ, ઘરમાં પડી રહેવાથી દૂષિત ગણાય છે.”[17]

એ રીતે અદ્ભુત દેખાવવાળા ચંદ્ર પાસેથી સાંભળીને મારા પિતા બ્રાહ્મણોની પૂજા કરવા લાગ્યા અને હું પણ તે પ્રમાણેજ મહાવ્રતધારી બ્રાહ્મણોની પૂજા કરૂં છું.”[18]

ભીષ્મે કહ્યું:– ઇંદ્ર પણ દાનવેંદ્ર શંબરાસુરે કહેલાં એ વચનો સાંભળ્યા પછી બ્રાહ્મણોની

પૂજા કરવા લાગ્યો, તેથી મહેંદ્રપદને પામ્યો.૧૯

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "બ્રાહ્મણોની પ્રશંસાવિષે ઇંદ્ર અને શંબરાસુરનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૬ મો સમાપ્ત

અધ્યાય ૩૭ મો

સુપાત્ર અને કુપાત્રની પરીક્ષા

॥ युधिष्ठिर उवाच ॥

अपूर्वश्च भवेत्पात्रमथवापि चिरोषितः।
दूरादभ्यागतं चापि किं पात्रं स्यात् पितामह॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! જે પુરુષ અપૂર્વ (અજ્ઞાત) હોય અથવા ઘણા લાંબાકાળથી આપણી સાથે રહેતો હોય અથવા દૂરથી આવ્યો હોય તેમાં પાત્ર કોને જાણવો ?

ભીષ્મે કહ્યું:–" હે યુધિષ્ઠિર ! તેં કહેલા ત્રણે પુરુષોમાંથી હરકોઇ પુરુષ, (ગુરુને દક્ષિણા આપવારૂપ, યજ્ઞ કરવારૂપ અથવા કુટુંબનું ભરણપોષણ કરવારૂપ) કોઇ ક્રિયાને ઉદ્દેશીને યાચના કરતો હોય અથવા (મૌન કે સંન્યાસરૂપ) ઉત્તમ વ્રતવાળો હોઇને યાચના કરતો હોય, તો તે સુપાત્રજ ગણાય છે અને તેવો પુરુષ જે કંઇ માગે, તે સર્વ તેને આપવુંજ જોઇએ;[૨] પરંતુ અમારા સાંભળવામાં આવ્યું છે કે, સુપાત્રને દાન આપનારા પુરુષે પણ એ વાત અવશ્ય લક્ષ્યમાં રાખવી જોઈએ કે, પોતાના પોષ્યવર્ગને કોઇ પ્રકારની પીડા ન થવા દેવી. (અર્થાત્ સુપાત્રને દાન આપતી વેળા પણ પોતાના પોષ્યવર્ગના પોષણમાં કંઇપણ હાનિ ન પહોંચવી જોઈએ, એ વાત પ્રત્યેક દાતાએ અવશ્ય લક્ષ્યમાં રાખવી.) કેમકે પોષ્યવર્ગને પીડા કરનારો પુરુષ, પોતાના આત્માનેજ પીડિત કરે છે, એમ સમજવું.[૩] વિદ્વાનો કહે છે કે, જે પુરુષ અપૂર્વ હોય અથવા લાંબાકાળથી આપણી સાથે રહેતો હોય અથવા દૂર દેશથી આવેલો હોય તોપણ પાત્રજ ગણાય છે. "[૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:–કોઈપણ પ્રાણીને દુઃખ ન થાય અને ધર્મનો નાશ ન થાય, એ લક્ષ્યમાં રાખીને દાન આપવું; (એમ તમારા કહેવાનો આશય છે) પણ જેને આપેલું દાન (દાનાભિમાની દેવતા), લેશમાત્ર સંતાપ* ન પામે તેવું પાત્ર કોને જાણવું, તે મને યથાર્થ રીતે કહો.[૫]

ભીષ્મે કહ્યું:–" ઋત્વિજો, પુરોહિતો, આચાર્યો, શિષ્યો, સંબંધીઓ અને બાંધવો જો શાસ્ત્રસંપન્ન હોય અને અસૂયાદોષથીરહિત હોય, તો તેઓ સર્વે અવશ્ય પૂજ્ય છે અને માનનીય છે;[૬] પરંતુ જેઓ એથી વિરુદ્ધ વર્તન કરનારા હોય છે તેઓ સર્વે, સત્કારપાત્ર ગણાતા નથી; માટે દાન આપતી વેળા નિત્ય ખૂબ લક્ષ્ય રાખીને પુરુષોની પરીક્ષા કરવી.[૭] જેમાં માનસિક શાંતિ, સત્ય ભાષણ, અહિંસા, ઇંદ્રિયનિગ્રહ, સરળતા, દયા, નિરભિમાનીપણું, લજ્જા, ક્ષમા, દમ અને શમ, આ સર્વ ગુણો સ્વાભાવિક રીતેજ દાખલ થયેલા હોય છે અને કોઇ પ્રકારનાં અકાર્યો જેનામાં જોવામાં આવતાં નથી તેને પાત્ર કહેવામાં આવે છે અને તેવો પુરુષ માનને યોગ્ય છે.[૮,૯] જે પુરુષ ઘણા લાંબા કાળથી આપણી સાથે રહેતો હોય, તુરતજ આવ્યો હોય, અપૂર્વ (અજ્ઞાત) હોય કે પૂર્વ (જાણીતો) હોય, પણ પૂર્વોક્ત સર્વ ગુણોથી યુક્ત હોય તોજ તે પાત્ર ગણાય છે અને માનને યોગ્ય છે; પરંતુ વેદોને અપ્રમાણ માનવા, શાસ્ત્રીય આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અને સર્વત્ર અવ્યવસ્થા કરવી, એ કુપાત્રતાનું બીજ છે; એટલુંજ નહિ પરંતુ પોતાની પાત્રતાનો વિનાશ કરનારૂં છે.[૧૧] જે બ્રાહ્મણ વ્યર્થ પોતાને પંડિત માનતો હોય, વેદની નિંદા કરનારો હોય, નિરર્થક ગણાતી (વેદવિરુદ્ધ હોઇને મોક્ષમાં નિરૂપયોગી કહેવાતી) આન્વીક્ષિકી (દંડનીતિ) અથવા રાજનીતિમાં તથા તર્કવિદ્યામાં આસક્ત રહેતો હોય, હેતુવાદથી (યુક્તિવાદથી) જ-

---

* એક સ્મૃતિમાં કહ્યું છે:–**नष्टशौचे व्रतभ्रष्टे विप्रे वेदविवर्जिते। दीयमानं रुदत्यन्नं किं मया दुष्कृतं कृतम्॥** જે બ્રાહ્મણ બાહ્યાભ્યંતર પવિત્રતાથી રહિત હોય, ચારિત્ર્યથી ભ્રષ્ટ હોય અને વેદાધ્યયનથી હીન હોય, તે બ્રાહ્મણને આપવામાં આવતું અન્ન, આ રીતે રુદન કરે છે કે, "અરેરે ! મેં એવું તે કયું પાપ કર્યું હશે, કે જેથી મને આવા કુપાત્રને આપવામાં આવે છે ?"

ગતના કારણને સિદ્ધ કરવા મથ્યા કરતો હોય, વ્યર્થ વાદવિવાદ કરીને સત્પુરુષોને જીતવા માગતો હોય, શાસ્ત્રોકત હેતુવાદથી વિરુદ્ધ બકવાદ કરનારો હોય, બ્રાહ્મણોની નિંદા કરનારો હોય, અત્યંત વાચાળ હોય, સર્વના ઉપર શંકા લાવનારો હોય, મૂર્ખ હોય, અજ્ઞાની હોય અને કટુ ભાષણ બોલનારો હોય, તે બ્રાહ્મણને અસ્પૃશ્ય જાણવો; અને તેવો બ્રાહ્મણ મનુષ્યના રૂપમાં એક કૂતરોજ છે, એમ શિષ્ટપુરુષો કહે છે.[૧૨-૧૪] જેમ કૂતરો કોઇને દેખતાંજ ભસવા માંડે છે અને તેને કરડવામાટે ધસી જાય છે, તેમ તેવો દુષ્ટ બ્રાહ્મણ પણ કોઈ સત્પુરુષને દેખતાંજ તેની સાથે વાદવિવાદ કરવામાટે તથા સર્વ શાસ્ત્રોનું ખંડન કરવામાટે ધસી જાય છે;[૧૫] માટે વસ્તુસ્થિતિ તો એવીજ છે કે, પ્રત્યેક મનુષ્યે શિષ્ટ પુરુષોના આચાર આદિ લોકવ્યવહાર તરફ દૃષ્ટિ કરવી જોઇએ; વેદશાસ્ત્રોક્ત ધર્મને હાનિ ન પહોંચે, તેનો વિચાર કરવો જોઇએ અને શમદમાદિ પોતાનાં હિતકર સાધનો તરફ લક્ષ્ય રાખવું જોઇએ; કેમકે એ રીતે વર્તનારો પુરુષ, સદાકાળ અભ્યુદયનેજ પામ્યા કરે છે.[૧૬] જે ગૃહસ્થ દેવો, ઋષિઓ, પિતૃઓ, બ્રાહ્મણો અને અતિથિઓ, એ પાંચેના ઋણમાંથી મુકત× થઇને, અનુક્રમે શુદ્ધ અને સુશિક્ષિત યત્નપૂર્વક યજ્ઞાદિ સર્વ કર્મો કર્યા કરે, તો તે સ્વધર્મથી કદી ભ્રષ્ટ થતોજ નથી.[૧૭,૧૮]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"પાત્રપરીક્ષા" એ વિષયનો
અધ્યાય ૩૭ મો સમાપ્ત

અધ્યાય ૩૮ મો

સ્ત્રીઓનો જાતિસ્વભાવ

॥ युधिष्ठिर उवाच ॥

स्त्रीणां स्वभावमिच्छामि श्रोतुं भरतसत्तम ।
स्त्रियो हि मूलं दोषाणां लघुचित्ता हिताः स्मृताः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે ભરતશ્રેષ્ઠ પિતામહ! સ્ત્રીઓનો સ્વભાવ સાંભળવાની મને ઇચ્છા છે; કેમકે સ્ત્રીઓ દોષોના મૂળરૂપ છે અને તેથીજ તેઓને અત્યંત ક્ષુદ્ર (હલકા) ચિત્તવાળી કહેવામાં આવી છે.[૧]

ભીષ્મે કહ્યું:- આ વિષયમાં પણ નારદ અને પંચચૂડા નામની એક વેશ્યા સ્ત્રીના સંવાદરૂપ પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૨] પૂર્વે દેવર્ષિ નારદ, સર્વ લોકમાં વિચરતા વિચરતા બ્રહ્મલોકમાં જઇ ચઢયા. ત્યાં તેમણે પંચચૂડા નામની એક સુંદર અપ્સરાને જોઇ.[૩] સર્વાંગે સુંદર દેખાવની તે અપ્સરાને જોઇને મુનિ નારદે તેને પ્રશ્ન કર્યો કે:-"હે સુમધ્યમા! મારા હૃદયમાં એક સંશય થયો છે, માટે તેનું તું સમાધાન કર."[૪]

ભીષ્મે કહ્યું:-" નારદે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે તે પંચચૂડાએ બ્રાહ્મણ નારદને ઉત્તર આપ્યો કે:-"જે વિષયને કહેવામાં તમે મને સમર્થ માનો છો, તે વિષયને હું કહી શકીશ. (અર્થાત્ જે વિષયને હું જાણતી હોઇશ તે વિષયમાં તમે મને પ્રશ્ન કરશો તો હું તમને ઉત્તર આપી શકીશ.)"[૫]

નારદે કહ્યું:-"હે ભદ્રે! જે વિષયને તું જાણતી નથી તે વિષયનો હું તને પ્રશ્નજ નહિ કરૂં. હે સુંદર મુખવાળી સ્ત્રિ! હું તારી પાસેથી સ્ત્રીઓના સ્વભાવવિષે સાંભળવાની ઇચ્છા રાખું છું."

ભીષ્મે કહ્યું:-"દેવર્ષિનું એ વચન સાંભળી, અપ્સરાઓમાં ઉત્તમ તે પંચચૂડાએ ઉત્તર આપ્યો કે:-" હું સ્ત્રીજાતિની છું, માટે સ્ત્રીઓની હું નિંદા કરી શકીશ નહિ.[૭] હે દેવર્ષિ! સ્ત્રીઓ કેવા સ્વભાવની હોય છે, તે તમે જાણો છો; માટે

× યજ્ઞો કરીને દેવોના ઋણમાંથી મુક્ત થવું, વેદાધ્યયન કરીને પિતૃઓના ઋણમાંથી મુક્ત થવું, પ્રજા ઉત્પન્ન કરીને પિતૃઓના ઋણમાંથી મુક્ત થવું, દાન તથા માન આપીને બ્રાહ્મણોના ઋણમાંથી મુક્ત થવું અને વૈશ્વદેવ કરી લીધા પછી આવેલા અતિથિઓનો અન્નાદિકથી સત્કાર કરીને અતિથિઓના ઋણમાંથી મુક્ત થવું.

આવા કાર્યમાં તમારે મને પ્રેરવી તે યોગ્ય નથી."

તે સાંભળી દેવર્ષિએ કહ્યું કે:-"હે સુંદર મધ્યવાળી સ્ત્રિ! તારે સત્ય હોય તેજ કહેવું; કેમકે અસત્ય બોલવામાં દોષ લાગે છે, પણ સત્ય બોલવામાં દોષ લાગતો નથી." નારદે એ પ્રમાણે કહ્યું, એટલે સુંદર હાસ્યવાળી તે પંચચૂડાએ, સ્ત્રીઓના સનાતન કાળના સત્ય દોષો કહેવાનો મનમાં નિશ્ચય કર્યો અને પછી તેણે આ પ્રમાણે કહેવા માંડ્યું.[૯,૧૦]

પંચચૂડાએ કહ્યું:-"હે નારદ! સ્ત્રીઓ કુળવાન હોય છે, રૂપાળી હોય છે અને ધણીવાળી હોય છે,તોપણ મર્યાદામાં રહેતી નથી, એ સ્ત્રીઓમાં મહાન દોષ છે.[૧૧] ખરેખર, આ જગતમાં સ્ત્રીઓના કરતાં અધિક પાપી બીજું કંઇ પણ નથી. સ્ત્રીઓ સર્વ દોષોનું મૂળ છે, એ વાતને તમે પોતે પણ જાણો છો.[૧૨] સ્ત્રીઓને જ્યારે લાગ મળે છે, ત્યારે જગતમાં પ્રખ્યાત થયેલા સમૃદ્ધિવાળા, રૂપાળા અને પોતાને વશ રહેનારા પોતાના પતિઓની રાહ જોવાને સમર્થ થઈ શકતી નથી. (અર્થાત્ વ્યભિચાર કરવાનો જેવો સમય મળે છે કે તુરતજ તેઓ પોતાના પતિઓની દરકાર કર્યાવિના પોતાનું કાળું કર્મ કરેજ છે.)[૧૩] હે સમર્થ નારદ! અમારી સ્ત્રીજાતિમાં આ એક દુષ્ટ ધર્મ રહેલોજ છે કે, અમે લજ્જાનો ત્યાગ કરીને અત્યંત પાપી પુરુષોને પણ ભજીએ છીએ.[૧૪] જે પુરુષ સ્ત્રીની પ્રાર્થના કરે છે, સ્ત્રીની સમીપમાં આવ-જા કરે છે અને સ્ત્રીની થોડી પણ સેવા કરે છે,તે પુરુષનેજ સ્ત્રીઓ ઇચ્છે છે.[૧૫] સ્ત્રીઓ સ્વાભાવિકરીતેજ નિર્મર્યાદ હોય છે, છતાં તેઓ ધણીની મર્યાદામાં રહે છે. તેમાં કારણ એજ છે કે, પુરુષોમાં તેની પ્રાર્થના કરનાર કોઇ મળતો નથી અથવા પોતાના કુટુંબપરિવાર વગેરેનો તેને ભય હોય છે.[૧૬] સ્ત્રીઓ હરકોઇ પુરુષ સાથે વ્યભિચાર કરવા તૈયાર થાય છે અને તે સમયે એ પુરુષની વય નાની છે કે મોટી છે તેનો નિશ્ચય કરવામાટે તેઓને દરકાર રહેતીજ નથી. તેઓ તો માત્ર પુરુષ જાણીનેજ તેની સાથે વિષયભોગ કરે છે. ભલે પછી તે પુરુષ રૂપાળો હોય કે કદ્રૂપો હોય સ્ત્રીઓ કોઇના ભયથી, દયાથી, ધનથી, જ્ઞાતિથી, કુળથી કે સંબંધથી પણ પોતાના પતિઓના વશમાં રહેતી નથી.[૧૮] અરે! કુળવાન સ્ત્રીઓ પણ યૌવનથી છકી ગયેલી, સુંદર વસ્ત્રાલંકારોને ધારણ કરનારી અને પોતાની ઇચ્છાનુસાર વર્તન કરનારી બીજી કુલટા સ્ત્રીઓના વર્તન પ્રમાણે વર્તવાની ઇચ્છા કરે છે.[૧૯] જે સ્ત્રીઓને ઘણુંજ માન આપવામાં આવતું હોય, જેઓની ખૂબ રક્ષા કરવામાં આવતી હોય અને જેઓને પ્રીતિપાત્ર ગણવામાં આવતી હોય,તે સ્ત્રીઓ પણ સમય મળે છે ત્યારે કુબડા, આંધળા, મૂર્ખા અને ઠીંગણા પુરુષોની સાથે વ્યભિચાર કર્મમાં જોડાય છે.[૨૦] હે દેવર્ષિ! જેઓ લૂલા અથવા લંગડા હોય છે અને જેઓ અત્યંત નીચજાતિના અથવા નિંદ્ય દેખાવના હોય છે,તેવા પુરુષો સાથે પણ સ્ત્રીઓ દુષ્ટ કર્મ કરવા તૈયાર થાય છે; માટે હે મહામુનિ! આ લોકમાં સ્ત્રીઓને કોઇ અગમ્ય પુરુષ છેજ નહિ. (અર્થાત્ સ્ત્રીઓ હરકોઇ પુરુષ સાથે નીચ કામ કરેજ છે.)[૨૧] હે બ્રહ્મન્! પોતાના પતિઓ દૂર દેશાવર હોય અને બીજા કોઇ પુરુષની પ્રાપ્તિ ન થતી હોય, તો સ્ત્રીઓ અન્યોઅન્ય (કૃત્રિમ પુરુષલિંગ ધારણ કરીને) પણ મૈથુન કર્મમાં પ્રવૃત્ત થાય છે; પોતાના પતિઓ આવે ત્યાંસુધી ધૈર્ય ધારણ કરી શકતી નથી.[૨૨] પુરુષોની કોઇ રીતે પણ પ્રાપ્તિ ન થાય, અથવા પોતાના કુટુંબપરિવારથી અત્યંત ભય હોય અથવા પોતાના નાશનું કે બંધનનું ભય હોય, તોજ સ્ત્રીઓ પોતાની મેળે પોતાના શીલની રક્ષા કરે છે.[૨૩] જેમ એક બુદ્ધિમાન પુરુષની વાણી ચંચળ સ્વભાવની, દુઃસેવ્ય અને દુર્ગ્રાહ્ય ભાવવાળી હોય છે, તેમ સ્ત્રીઓ પણ ચંચળ સ્વભાવની હોય છે,*

---

* એક શ્રુતિમાં પણ કહ્યું છે કે, "**सालावृकाणां हृदयान्येताः**- સ્ત્રીઓ, વરૂઓનાં હૃદય જેવી હોય છે-અર્થાત્ વરૂઓ જેમ પ્રતિદિન નવા નવા માંસની ઇચ્છા કરે છે પણ ગઇ કાલના વધેલા માંસથી આનંદ પામતા નથી, તેમ સ્ત્રીઓ પણ પ્રતિદિન નવા નવા પુરુષની ઇચ્છા કરે છે, પણ પોતાના પતિથીજ સંતુષ્ટ રહેતી નથી.

દુઃખથી સેવન કરવાયોગ્ય હોય છે અને દુઃખથી ગ્રહણ કરી શકાય તેવા હાર્દિક ભાવવાળી હોય છે.[૨૪] જેમ અગ્નિ લાકડાંઓથી તૃપ્ત થતો નથી, મહાસાગર અનેક નદીઓના સમાગમથી પણ ભરાઈ જતો નથી અને કાળ પ્રાણીમાત્રનો સંહાર કરે છે છતાં સંતુષ્ટ થતો નથી, તેમ સ્ત્રીઓ પણ અનેક પુરુષો સાથે સમાગમ કરે છે છતાં સંતુષ્ટ થતી નથી.[૨૫] હે દેવર્ષિ ! સ્ત્રીમાત્રની બીજી એક ગુપ્ત વાત હું તમને કહું છું કે, પોતાના હૃદયને ગમી ગયેલા કોઈએક પુરુષને જોતાંની સાથેજ સ્ત્રીઓની યોનિ પાણી પાણી થઈ જાય છે.[૨૬] પોતાનો પતિ પોતાની સર્વ કામનાઓને પૂર્ણ કરતો હોય, પોતાના મનને પ્રિય હોય તેવું કરતો હોય અને સર્વ પ્રકારે પોતાનું રક્ષણ કરતો હોય,તોપણ સ્ત્રીઓ તેને પોતાના પતિતરીકે સહન કરતી નથી. સ્ત્રીઓ પોતાની સાથેના મૈથુનમાં જેવો મહાન અનુગ્રહ માને છે, તેવો બીજા મનગમતા ભોગોમાં, ઉત્તમ વસ્ત્રાલંકારોમાં તથા આશ્રયોમાં અનુગ્રહ માનતી નથી.[૨૮] કાળ, પવન, મૃત્યુ, પાતાલ, વડવાગ્નિ, સજૈયાની ધાર, ઝેર, સર્પ, અને અગ્નિ-આ સર્વ પદાર્થોમાં જૂદી જૂદી જે ઘાતકશક્તિ રહેલી છે; તે સર્વ ઘાતકશક્તિ માત્ર એક સ્ત્રીમાં સંપૂર્ણ રીતે રહેલી છે.(અર્થાત્ સ્ત્રીઓ, પોતાના સંસર્ગમાં આવેલાનો તત્કાળ વિનાશ કરે છે.)[૨૯] હે નારદ ! વિધાતાએ જે સમયે પાંચ મહાભૂતોને ઉત્પન્ન કર્યા છે, સમગ્ર લોકોને ઉત્પન્ન કર્યા છે, સમગ્ર પુરુષોને ઉત્પન્ન કર્યા છે અને સમગ્ર સ્ત્રીઓને ઉત્પન્ન કરી છે, તેજ સમયે સ્ત્રીઓને વિષે દોષો પણ ઉત્પન્ન કર્યા છે. (અર્થાત્ સ્ત્રીઓ અનાદિકાળથી દુષ્ટ છે.) ”[૩૦]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“ પંચચૂડા અને નારદનો સંવાદ ” એ
વિષયનો અધ્યાય ૩૮ મો સમાપ્ત

અધ્યાય ૩૯ મો

સ્ત્રીઓનો જાતિસ્વભાવ (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

इमे वै मानवा लोके स्त्रीषु सज्जंत्यभीक्ष्णशः ॥
मोहेन परमाविष्टा देवसृष्टेन पार्थिव ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે રાજા ! દેવે ઉત્પન્ન કરેલા મોહથી અત્યંત ઘેરાઈ ગયેલા જગતના આ સર્વ પુરુષો, સ્ત્રીઓમાં વારંવાર આસક્ત થઇ પડે છે, તેમજ સ્ત્રીઓ પુરુષોમાં આસક્ત થઇ પડે છે; એ વાત પ્રત્યક્ષજ છે અને સર્વ લોકો તેના સાક્ષીભૂત છે; પરંતુ આ વિષયમાં મારા હૃદયમાં એક તીવ્ર સંશય રહ્યા કરે છે કે,[૧,૨] હે કુરુનંદન ભીષ્મ ! સ્ત્રીઓ એવા દુષ્ટ સ્વભાવની છે છતાં પુરુષો, તેઓનો સંગ શામાટે કરે છે અને સ્ત્રીઓ કેવા પુરુષોપર આસક્ત થાય છે તથા કેવા પુરુષોથી વિરક્ત થાય છે ?[૩] હે પુરુષવ્યાઘ્ર ! તમે કહો છો તે પ્રમાણે સ્ત્રીઓ અત્યંત દુષ્ટ સ્વભાવની છે, તોપછી પુરુષો તેઓનું રક્ષણ કેવી રીતે કરી શકે ? તે મને કહો.[૪] કેમકે સ્ત્રીઓ પુરુષોસાથે રમણ કરતી હોય છે તે સમયે પણ તેઓને છેતરે છે અને તેઓના હાથમાં સપડાયેલો કોઇપણ પુરુષ, કદી મુક્ત થતો નથી.[૫] જેમ ગાયો નવા નવા ઘાસને ગ્રહણ કરે છે, તેમ સ્ત્રીઓ નવા નવા પુરુષને ગ્રહણ કરે છે. જે માયા શંબરાસુરની, નમુચિની, બલિની તથા કુંભીનસિની છે, તે સર્વ માયાઓને સ્ત્રીઓ જાણે છે. જે સમયે પુરુષ હસતો હોય છે, તે સમયે સ્ત્રીઓ પણ તેની સાથે હસે છે અને જે સમયે પુરુષ રડતો હોય છે,તે સમયે સ્ત્રીઓ પણ તેની સાથે રડે છે.[૬,૭] પોતાનો પતિ પોતાને પ્રિય ન હોય તોપણ તેઓ સમયને અનુસરતાં પ્રિય વાક્યો બોલીને તેને વશ કરે છે. શુક્રાચાર્ય જે શાસ્ત્રને જાણે છે અને બૃહસ્પતિ જે શાસ્ત્રને જાણે છે, તે શાસ્ત્રો સ્ત્રીની બુદ્ધિથી ચઢે તેવાં નથી. એવી આ સ્ત્રીઓની પુરુષો કેવી રીતે રક્ષા કરી શકે ? (કેવી રીતે પોતાના સ્વાધીનમાં રાખી શકે ?” હે વીર પિતામહ ! જે સ્ત્રીઓ અસત્યને સત્ય

કહે છે અને સત્યને અસત્ય કહે છે, તે સ્ત્રીઓને પુરુષો કેવી રીતે વશ રાખી શકે ? હે શત્રુહંતા ભીષ્મ ! હું માનું છું કે, બૃહસ્પતિ વગેરે સત્પુરુષોએ સ્ત્રીઓના બુદ્ધિતત્ત્વને અનુસરીનેજ સર્વ અર્થશાસ્ત્રો રચેલાં છે. હે રાજન્ ! સ્ત્રીઓને પુરુષો માન આપે છે અથવા તિરસ્કારી કાઢે છે, તોપણ તેઓ પુરુષોના ઉપર મનને વિકારવાળુંજ રાખે છે. હે મહાબાહુ ! આ સ્ત્રીરૂપ પ્રજા ધર્મનિષ્ઠ હોય છે, એમ અમે (સાવિત્રી આદિનાં દૃષ્ટાંતોથી કેવળ સાંભળ્યુંજ છે; (પણ અનુભવ્યું નથી.)[12] કેમકે સ્ત્રીઓનો સત્કાર કરવામાં આવે છે, તોપણ તેઓ મનમાં સદાય વિકારજ રાખે છે. આવી દુષ્ટ સ્ત્રીઓને વશ રાખવામાટે કોણ સમર્થ થઇ શકે ? એ પ્રમાણે મને મહાન સંશય રહે છે. હે કુરુઓના વંશની વૃદ્ધિ કરનારા મહાભાગ્યશાળી ભીષ્મ ! જો કોઇ રીતે પણ સ્ત્રીઓને વશ રાખી શકાતી હોય, તો તમે મને કહો અથવા પૂર્વે કોઇએ સ્ત્રીને વશ રાખી હોય તો તેની કથા મને કહેવાને યોગ્ય છો.”[14]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“સ્ત્રીસ્વભાવકથન” એ વિષયનો
અધ્યાય ૩૯ મો સમાપ્ત

અધ્યાય ૪૦ મો

માત્ર યોગબળથીજ સ્ત્રીઓને વશ રાખી શકાય છે-વિપુલ આખ્યાન

॥ भीष्म उवाच ॥

एवमेव महाबाहो नात्रमिथ्याऽस्ति किंचन ।
यथा ब्रवीषि कौरव्य नारीं प्रतिजनाधिप ॥

ભીષ્મે કહ્યું:-“ હે મહાબાહુ કુરુવંશી રાજા ! સ્ત્રીઓને ઉદ્દેશીને તું જે કાંઈ કહે છે, તે તેમજ છે, એમાં લેશમાત્ર મિથ્યા નથી.[1] આ વિષયમાં હું તને એક પ્રાચીન ઇતિહાસ કહું છું. તેમાં મહાત્મા વિપુલે પોતાના ગુરુની સ્ત્રીનું પૂર્વે રક્ષણ કર્યું હતું, એ વિષયનું વર્ણન કરવામાં આવ્યું છે.[2] વળી હે ભરતશ્રેષ્ઠ રાજા! બ્રહ્મદેવે સ્ત્રીઓને જે માટે ઉત્પન્ન કરી છે, તેની કથા પણ હું તને કહું છું.[3] હે પુત્ર ! સ્ત્રીઓ કરતાં વિશેષ પાપી બીજું કંઇપણ નથી; એટલુંજ નહિ પરંતુ હે રાજા ! સ્ત્રીઓ પ્રદીપ્ત અગ્નિરૂપ છે અને મયદાનવની માયારૂપ છે.[4] હે મહાબાહુ ! સજૈયાની ધાર, ઝેર અને અગ્નિ એ ત્રણેમાં જેટલી ઘાતકશક્તિ રહેલી છે, તેટલીજ ઘાતકશક્તિ માત્ર સ્ત્રીઓમાં રહેલી છે; અને આ સ્ત્રીરૂપ પ્રજા ધાર્મિક હોય છે, એમ અમે સાંભળ્યુંજ છે. (પણ અનુભવ્યું નથી.) પૂર્વે આ સૃષ્ટિમાં કેવળ ધર્મનુંજ પ્રાધાન્ય હતું; જેથી સર્વ પ્રાણીઓ પોતાની મેળેજ દેવપણાને પામી શકતાં હતાં. આથી દેવતાઓ ભય પામ્યા અને પિતામહ બ્રહ્મદેવને શરણે ગયા.[6] તેઓએ, એ સર્વ વાત પિતામહને નિવેદન કરી અને પછી નીચું મુખ કરીને તેઓ ઉભા રહ્યા; પરંતુ દેવતાઓના માનસિક અભિપ્રાયને પિતામહ જાણી ગયા, જેથી તે પ્રભુએ મનુષ્યોને મોહ ઉપજાવવામાટે કૃત્યાઓરૂપ સ્ત્રીઓને ઉત્પન્ન કરી. હે કુંતાપુત્ર ! પ્રજાપતિના સર્ગની પહેલાંના પ્રાચીન સર્ગમાં, જગતની સર્વ સ્ત્રીઓ ઉત્તમજ હતી; પરંતુ પાછળથી પ્રજાપતિના સર્ગસમયેજ કૃત્યાઓરૂપ દુષ્ટ સ્ત્રીઓ ઉત્પન્ન થઇ. પિતામહ બ્રહ્મદેવે, તે સર્વ સ્ત્રીઓને પોતાની ઇચ્છાનુસાર કામવાસના અર્પણ કરી; જેથી કામમાં લુબ્ધ થયેલી તે મદોન્મત્ત સ્ત્રીઓ, સદાને માટે પુરુષોને દુઃખી કરે છે. વળી દેવોના ઇશ્વર પ્રભુ બ્રહ્માએ, કામને સહાય કરનારા ક્રોધને પણ ઉત્પન્ન કર્યો છે; જેથી સર્વ પ્રજાઓ, કામ તથા ક્રોધને આધીન થઇને સ્ત્રીઓમાં અત્યંત આસક્ત થઈ જાય છે. સ્ત્રીઓ ઘણીજ દુષ્ટ હોય છે, માટેજ તેઓને કોઇ ધર્મક્રિયા કરવાનો અધિકાર નથી, એવી ધર્મવ્યવસ્થા કરવામાં આવી છે.[7-11] વળી એક શ્રુતિમાં પણ કહ્યું છે કે, સ્ત્રીઓ અસત્યનીજ મૂર્તિ છે અને ઇંદ્રિયોથી રહિત છે; (અર્થાત્ ઇંદ્રિયોને વશ રાખવાની શક્તિથી હીન છે.) માટે તેઓને શાસ્ત્રાધિકારથી વિમુખ કરવામાં આવી છે અને પ્રજાપતિએ શય્યા, આસન, અલંકારો ધારણ કરવા, ખાવું, પીવું, અનાર્યતા કરવી, દુષ્ટ વાણી બોલવી, દુષ્ટ

મનોભાવ રાખવો અને કામક્રીડા કરવી—આટલી દુષ્ટ વસ્તુઓજ સ્ત્રીઓને અર્પણ કરેલી છે, માટે કોઇપણ પુરુષ તેનું રક્ષણ કરી શકતો નથી; એટલુંજ નહિ પણ હે તાત ! જગતસ્રષ્ટા બ્રહ્મદેવ પણ સ્ત્રીઓની રક્ષા કરી શકતા નથી તોપછી પુરુષો તો તેઓની કયાંથીજ રક્ષા કરી શકે ? કેમકે સ્ત્રીઓ એટલી બધી ઉચ્છૃંખલ હોય છે કે કઠોર વાણી કહીને, પુષ્કળ માર મારીને, બાંધી–જકડીને અથવા અનેક પ્રકારના ક્લેશો આપીને પણ તેઓને વશ રાખી શકાતી નથી. હે પુરુષવ્યાઘ્ર ! મેં પૂર્વે આ પ્રમાણે સાંભળ્યું છે કે, વિપુલ નામના એક શિષ્યે પોતાના ગુરુની સ્ત્રીનું પૂર્વે રક્ષણ કર્યું હતું. (માટે તેની કથા હું તને કહું છું, સાંભળ.)

પૂર્વે, દેવશર્મા નામના એક વિખ્યાત ઋષિ હતા. તે મોટા ભાગ્યશાળી હતા. તેમને રુચિ નામની એક સ્ત્રી હતી કે જે પૃથ્વીપર અતુલ રૂપસંપન્ન હતી. તેના રૂપને જોઇને દેવો, ગંધર્વો તથા દાનવો પણ તેનાપર અત્યંત મોહ પામી ગયા હતા. તેમાં પણ હે રાજેંદ્ર ! પાક તથા વૃત્રાસુરનો વધ કરનાર ઇંદ્ર, તેનાપર વિશેષે કરીને મોહિત થઇ ગયો હતો; પણ મહામુનિ દેવશર્મા, સ્ત્રીઓના ચરિત્રને સંપૂર્ણ રીતે જાણતા હતા, જેથી પોતાની શક્તિ અને ઉત્સાહ પ્રમાણે પોતાની સ્ત્રીનું તે રક્ષણ કરતા હતા. વળી તે જાણતા હતા કે, ઇંદ્ર પારકી સ્ત્રીઓસાથે પોતાની ઇચ્છાનુસાર વ્યભિચાર કરનારો છે; જેથી અત્યંત યત્ન કરીને પણ પોતાની સ્ત્રીનું તે રક્ષણ કરતા હતા. હે તાત ! એક સમયે તે ઋષિને યજ્ઞ કરવાની મનમાં ઈચ્છા થઇ, ત્યારે તેમણે વિચાર કર્યો કે, મારી સ્ત્રીનું મારે કેવી રીતે રક્ષણ કરવું ? તે પછી સ્ત્રીની રક્ષા કરવાના ઉપાયનો મનમાં વિચાર કરી લઇને તે મહાન તપસ્વીએ, પોતાનો પ્રિય શિષ્ય વિપુલ, કે જે ભૃગુગોત્રનો હતો તેને બોલાવીને આ પ્રમાણે કહ્યું.

દેવશર્માએ કહ્યું:–" હે ભૃગુવંશોત્તમ વિપુલ ! હું યજ્ઞ કરવાની ઇચ્છાથી અહીંથી જવા ધારૂં છું, માટે આ રુચિનું તારે નિત્ય રક્ષણ કરવું; કેમકે દેવોનો રાજા ઇંદ્ર, રુચિમાટે નિત્ય ઇચ્છા રાખ્યા કરે છે અને અનેક પ્રકારનાં સ્વરૂપો ધારણ કરે છે, જેથી તે ઇંદ્રપ્રત્યે તારી શક્તિ પ્રમાણે તારે સદાય સાવધાન રહેવું."

ભીષ્મે કહ્યું:– દેવશર્માએ એ પ્રમાણે કહ્યું એટલે તપસ્વી વિપુલ કે જે જિતેંદ્રિય હતો, નિરંતર ઉગ્ર તપ કરનારો હતો, અગ્નિ તથા સૂર્યસમાન તેજસ્વી હતો, ધર્મવેત્તા હતો અને સત્યવાદી હતો, તેણે હે રાજન્ ! "બહુ સારૂં" એમ પોતાના ગુરુપ્રત્યે કહ્યું [૧૨-૨૫] પછી હે મહારાજા ! જવામાટે તૈયાર થયેલા પોતાના ગુરુને તેણે આ પ્રમાણે પૂછ્યું.

વિપુલે પૂછ્યું:–" હે મુનિ ! ઇંદ્ર અહીં આવે છે ત્યારે કયાં કયાં સ્વરૂપો ધારણ કરે છે? તેનું શરીર અને તેનું તેજ કેવું હોય છે? તે મને કહો."

ભીષ્મે કહ્યું:– હે ભારત ! તે પછી ભગવાન દેવશર્માએ, મહાત્મા વિપુલને ઇંદ્રની માયાવિષે યથાર્થરીતે કહેવા માંડયું.

દેવશર્માએ કહ્યું:–" હે બ્રહ્મર્ષિ ! ભગવાન ઇંદ્ર, અનેક માયાઓને જાણે છે અને વારંવાર અનેક સ્વરૂપો ધારણ કરે છે. તે કિરીટ, વજ્ર, ધનુષ્ય, મુકુટ અને કુંડળોને ધારણ કરે છે. [૨૭-૨૯] વળી કોઇ સમયે ચાંડાલસમાન દેખાવનો થઈ જાય છે, કોઇ સમયે શિખાધારી અથવા જટાધારી બની જાય છે અને હે પુત્ર ! કોઇ સમયે તે વલ્કલ વસ્ત્રને ધારણ કરે છે; [૩૦] તેમજ કોઇ સમયે તે મોટું શરીર ધારણ કરે છે, કોઈ સમયે ચીરવસ્ત્ર પહેરે છે, કોઇ સમયે કૃશ શરીર ધારણ કરે છે અને કોઇક વખતે પોતાના શરીરને ગૌર, શ્યામ અથવા કૃષ્ણ વર્ણનું કરે છે. [૩૧] તે ઇંદ્ર, કોઇક વેળા કદ્રૂપો થઈ જાય છે, કોઇક વેળા રૂપાળો બની જાય છે, કોઇક વેળા યુવાન બની જાય છે, કોઇક વેળા વૃદ્ધ થઇ જાય છે, કોઇ વેળા બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરે છે, કોઇ વેળા ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્રનું સ્વરૂપ ધારણ કરે છે, કોઇ વેળા પ્રતિલોમ અને અનુલોમ વગેરે વર્ણસંકરનું રૂપ ધારણ કરે છે અને કોઈવેળા તે ઇંદ્ર પોપટનું, કાગડાનું, હંસનું અથવા કોયલનું રૂપ ધારણ કરે છે. [૩૨,૩૩] ઉપરાંત

સિંહનું, વ્યાઘ્રનું, હાથીનું, દેવનું, દૈત્યનું અથવા રાજાનું શરીર પણ તે ધારણ કરે છે;[૩૪] તેમજ કોઇ સમયે સ્થૂલ શરીરવાળો, વાયુથી વક શરીરવાળો, પક્ષીનું રૂપ ધારણ કરનારો, પશુનું રૂપ ધારણ કરનારો અને કોઈ કોઈવાર મૂર્ખનો દેખાવ ધારણ કરનારો થઇ જાય છે.[૩૫] વળી તે ઇંદ્ર, માખીઓ તથા મચ્છરોનું શરીર પણ ધારણ કરે છે; જેથી હે વિપુલ ! કોઇપણ પુરુષ તેને પકડી શકતો નથી.[૩૬] હે તાત! જેણે આ જગતને ઉત્પન્ન કર્યું છે, તે વિશ્વકર્તા પ્રજાપતિ પણ તેને પકડી શકતા નથી; કેમકે તે અંતર્હિત થઇ જાય છે, ત્યારે જ્ઞાનદૃષ્ટિથી પણ દેખાતો નથી. વળી તે ઇંદ્ર વાયુરૂપ પણ થઇ જાય છે અને દેવોનો રાજા પણ થઇ જાય છે. આ રીતે પાકદૈત્યનો નાશ કરનાર ઇંદ્ર, નિરંતર અનેક સ્વરૂપો ધારણ કરે છે;[૩૮] માટે હે વિપુલ ! સુંદર મધ્યભાગવાળી આ રુચિનું તું યત્નપૂર્વક રક્ષણ કરજે, કે જેથી યજ્ઞમાં સ્થાપન કરવામાં આવેલા હવિષને દુરાત્મા કૂતરો જેમ ન ચાટી જાય, તેમ દુરાત્મા દેવેંદ્ર, રુચિનો સ્પર્શ ન કરી જાય.”

પોતાના શિષ્યને એ રીતે કહીને મહાભાગ્યશાળી મુનિ દેવશર્મા, યજ્ઞ કરવાની ઇચ્છાથી ત્યાંથી વિદાય થયા; પણ પેલો વિપુલ, ગુરુનું એ વચન સાંભળ્યા પછી મોટી ચિંતામાં આવી પડયો.[૩૯–૪૧] તેણે મહાબળવાન દેવરાજ ઇંદ્રથી ગુરુપત્નીની ખૂબ રક્ષા કરવા માંડી અને આ પ્રમાણે વિચાર કરવા માંડયો કેઃ–

“મારે મારા ગુરુની પત્નીનું રક્ષણ કરવામાં શું કરી શકવું જોઇએ? દેવોનો રાજા ઇંદ્ર મોટો માયાવી છે, દુરાધર્ષ છે અને વીર્યવાન છે; જેથી આશ્રમને બંધ કરી દઇને પણ તેને રોકી શકાય તેમ નથી,[૪૨,૪૩] અથવા ઝુંપડીનાં દ્વાર બંધ કરી દઇને પણ તેને અંદર આવતો અટકાવી શકાય તેમ નથી; કેમકે તે અનેક સ્વરૂપો ધારણ કરી શકે છે, જેથી વાયુનું સ્વરૂપ ધારણ કરીને પણ ગુરુપત્ની સાથે તે વ્યભિચાર કરી શકશે;[૪૪] માટે આ રુચિના શરીરમાં પ્રવેશ કરીનેજ મારે હવે રહેવું જોઇશે, કેમકે મારા પુરુષાર્થના બળથી આનું હું રક્ષણ કરી શકીશ નહિ.[૪૫] ‘ભગવાન ઇંદ્ર અનેક સ્વરૂપોને ધારણ કરનારો છે’ એમ સાંભળવામાં આવ્યું છે, માટે મારા યોગબળથીજ આ સ્ત્રીનું ઇંદ્રથી હું રક્ષણ કરીશ.[૪૬] હું મારા શરીરનાં અવયવોદ્વારા આ સ્ત્રીના પ્રત્યેક અવયવમાં પ્રવેશ કરીશ, તોજ એનું રક્ષણ કરવા સમર્થ થઇ શકીશ; પરંતુ એમ કરવાથી મારા ગુરુ, પોતાની પત્નીને જો ઉચ્છિષ્ટ થયેલી જોશે તો દિવ્ય જ્ઞાનવાળા તે મહાન તપસ્વી, મારાપર કોપાયમાન થઇને મને શાપ આપશે, એમાં કંઇ સંશય નથી; પરંતુ બીજી તરફથી વિચાર કરતાં જણાય છે કે, જગતના સર્વ પુરુષો પોતાની સ્ત્રીઓનું જેમ રક્ષણ કરે છે, તેમ આ સ્ત્રીનું રક્ષણ થઇ શકે તેમ નથી; કેમકે દેવોનો રાજા ઇંદ્ર મોટો માયાવી છે.(જેથી હરકોઇ પ્રકારે આ સ્ત્રીને ભ્રષ્ટ કર્યાવિના રહેશે નહિ.) અહો ! આ સમયે હું સંશયમાં આવી પડયો છું; પણ મારે મારા ગુરુની આજ્ઞા અવશ્ય પાળવી જોઇએ અને ગુરુપત્નીના શરીરમાં યોગદ્વારા પ્રવેશ કરીને તેની રક્ષા કરવારૂપ કર્મને જો હું કરી શકીશ તો મેં એક આશ્ચર્યકારક કર્મ કરેલું ગણાશે;(એ પણ ખુલ્લુંજ છે.) માટે મારે એમજ કરવું જોઇશે કે, આ સ્ત્રીના શરીરમાં પ્રવેશ કરીને હું સાવધાન થઇને રહીશ અને કમળના પાંદડા ઉપર રહેલા જળના બિંદુની પેઠે નિર્લેપ રહીને મારા ધૈર્યબળથી હું અચલ રહીશ.[૪૬–૫૧] એમ કરવાથી રજોગુણના સ્વરૂપથી હું મુક્ત રહીશ; જેથી ગુરુપત્નીના શરીરનો સ્પર્શ કર્યાછતાં મને અપરાધ લાગશે નહિ. જેમ એક મુસાફર, માર્ગમાં આવેલી શૂન્ય ધર્મશાળામાં (માત્ર નિવાસ કરવાની બુદ્ધિથીજ) નિવાસ કરે છે, તેમ હું પણ (ગુરુપત્નીનું રક્ષણ કરવાની બુદ્ધિથીજ) ગુરુપત્નીના શરીરમાં માનસિક સંયમ ધારણ કરીનેજ નિવાસ કરીશ.”[૫૨,૫૩]

હે રાજા ! એ રીતે ધર્મસમાલોચના કરીને તેમજ સર્વ વેદવાક્યોનો મનમાં વિચાર કરીને વિપુલે પોતાના ગુરુનો પોતાનાપર જે વિશ્વાસ હતો તેનો પણ મનમાં વિચાર કર્યો;

અને પછી તે ભૃગુવંશના બ્રાહ્મણે યોગદ્વારાજ ગુરુપત્નીની રક્ષા કરવાનો મનમાં નિશ્ચય કર્યો. તે સમયે તેણે જે મહાન યત્ન કર્યો હતો તેનું હું વર્ણન કરૂં છું, તે તું સાંભળ.[૫૪,૫૫]

મહાતપસ્વી વિપુલ, એ પ્રમાણે વિચાર કર્યા પછી પોતાની ગુરુપત્ની પાસે બેઠો અને પોતાની સમીપમાં બેઠેલી તે સુંદર અંગવાળી સ્ત્રીને કેટલીએક સત્ય કથાઓ કહીને લોભાવવા લાગ્યો.[૫૬] પછી પોતાનાં બન્ને નેત્રો સાથે તેનાં બન્ને નેત્રો જ્યારે એક થયાં, ત્યારે પવન જેમ આકાશમાં પ્રવેશ કરે, તેમ વિપુલે પોતાનાં નેત્રકિરણોસાથે તેનાં નેત્રકિરણોને યોજી દઇને તેના શરીરમાં પ્રવેશ કર્યો[૫૭] અને લક્ષણ સાથે લક્ષણને તથા મુખસાથે મુખને એક કરી દઇને મુનિ વિપુલે, કંઇપણ ચેષ્ટા કર્યાવિના ગુરુપત્નીની છાયાની પેઠે તેના શરીરમાં અદૃશ્ય રહીને નિવાસ કર્યો.[૫૮] એ રીતે ગુરુપત્નીના શરીરને સ્તબ્ધ કરી દઇને વિપુલ, તેનું રક્ષણ કરવામાં સાવધાન થયો અને તેમાં નિવાસ કરવા લાગ્યો; પણ એ વાતની ગુરુપત્નીને ખબર પડી નહિ.[૫૯] હે રાજન્! મહાત્મા વિપુલના ગુરુ, યજ્ઞ સમાપ્ત કરીને જ્યાંસુધી પોતાને ઘેર ન આવ્યા, ત્યાંસુધી તેણે પોતાના ગુરુની પત્નીની રક્ષા કર્યા કરી.[૬૦]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“વિપુલનું ઉપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૪૦ મો સમાપ્ત

* * *

અધ્યાય ૪૧ મો

વિપુલ આખ્યાન(ચાલુ)

ભીષ્મ ઉવાચ ॥

ततः कदाचिद्देवेन्द्रो दिव्यरूपवपुर्धरः ॥
इदमंतरमित्येवमभ्यगात्तमथाश्रमम् ॥१॥

ભીષ્મે કહ્યું:– તે પછી એક દિવસે દેવેન્દ્ર દિવ્ય રૂપવાળું શરીર ધારણ કરીને “ દેવશર્મા આશ્રમમાં નથી માટે આ ઠીક લાગ આવ્યો છે ” આમ ધારીને તે આશ્રમમાં આવ્યો.[૧] હે રાજા ! જોતાંની સાથેજ બીજાને લોભ ઉત્પન્ન કરે તેવું અપ્રતિમ સ્વરૂપ ધારણ કરીને અત્યંત દેખાવડો બનેલો ઇંદ્ર, તે આશ્રમમાં દાખલ થયો.[૨] એટલે ચિત્રમાં આળેખેલું હોય તેવું ચેષ્ટાવિનાનું અને સ્તબ્ધ નેત્રોવાળું વિપુલનું શરીર, રુચિની સમીપમાં બેઠેલું તેના જોવામાં આવ્યું[૩] અને તેની સમીપમાંજ સુંદર કટાક્ષવાળી, પુષ્ટ સ્તન અને નિતંબોવાળી, કમળની પાંખડીસમાન વિશાળ નેત્રોવાળી અને પૂર્ણચંદ્રસમાન મુખવાળી રુચિને બેઠેલી તેણે જોઇ.[૪] રુચિ, ઇંદ્રને જોઇને એકદમ ઉભી થવાની ઇચ્છા કરવા લાગી અને તેના રૂપથી વિસ્મય પામીને “ તું કોણ છે ? ” એમ પૂછવાની ઈચ્છા પણ કરવા લાગી;[૫] પરંતુ હે રાજા ! રુચિએ જેવી ઉઠવાની ઇચ્છા કરી કે તુરતજ વિપુલે તેને સ્તબ્ધ કરી દીધી અને એટલીબધી જકડી રાખી, કે જેથી કોઈ પ્રકારની ચેષ્ટા કરવાને તે સમર્થ થઇ શકી નહિ.[૬] તે સમયે દેવેન્દ્રે, અતિસુંદર સામવચનવડે તેને કહ્યું કેઃ– “ હે મંદહાસિનિ સ્ત્રિ ! હું ઇંદ્ર, કેવળ તારે માટેજ અહીં આવ્યો છું, એમ તું જાણ. હે સુંદર ભ્રમરવાળી! તારા સંકલ્પથી ઉત્પન્ન થયેલો કામદેવ મને દુઃખી કરી રહ્યો છે, માટે હું અહીં આવ્યો છું અને આ સમય પણ હવે ચાલ્યો જાય છે. ”[૭,૮] એ પ્રમાણે ઇંદ્રે જે કંઇ કહ્યું તે મુનિ વિપુલે સાંભળી લીધું અને ગુરુપત્નીના શરીરમાં રહીને ઇંદ્રને પણ જોઈ લીધો.[૯] હે રાજન્ ! તે વિપુલ મુનિએ સુંદરાંગી રુચિને એટલી બધી સ્તબ્ધ કરી દીધી હતી; જેથી તે ત્યાંથી ઉભી થઇ શકી નહિ, તેમ ઇંદ્ર સામે કંઈ બોલી પણ શકી નહિ.[૧૦] હે રાજન્! મહાતેજસ્વીભૃગુવંશી વિપુલમુનિ, ગુરુપત્નીની આકૃતિપરથી સમજી ગયા હતા કે, તે ઇંદ્રસાથે વાર્તાલાપ કરવા તત્પર થઇ રહી છે; જેથી તેણે પોતાના યોગબળથી તેને અત્યંત નિયમમાં રાખી હતી અને તેની સર્વ ઇંદ્રિયોને પોતાનાં યોગબંધનોથી બાંધી લીધી હતી. હે રાજા ! તે પછી રુચિને નિર્વિકાર અવસ્થામાં જોઇને ઇંદ્ર, અત્યંત શરમાઇ જઈને પુનઃ યોગબળથી પરાધીન થયેલી તે [illegible] કહેવા લાગ્યો કેઃ–“ આવ,

અહીં મારી પાસે આવ." તે સાંભળી રુચિએ તેને પ્રત્યુત્તર આપવાની ઇચ્છા કરી એટલે તુરતજ વિપુલે ગુરુપત્નીની વાણીને આ પ્રમાણે ફેરવી નાખીઃ-"ભોઃ किमागमने कृत्यम् ?" "તારે અહીં શામાટે આવવું પડયું છે?" આવી સંસ્કારભૂષિત વાણી રુચિના ચંદ્રસરખા મુખમાંથી બહાર નીકળી અને તે વાકય કહીને તે પરતંત્ર સ્ત્રી શરમાઇ ગઇ.[૧૧-૧૫] તે સમયે ત્યાં ઉભેલો ઇંદ્ર, મનમાં અત્યંત ખેદ પામ્યો અને તે સ્ત્રીના એ વિપરીત ભાવને જોઇને દેવરાજ ઇંદ્રે, પોતાની દિવ્ય દૃષ્ટિથી જેવું જોવા માંડયું કે તુરતજ તે સ્ત્રીના શરીરમાં મુનિ વિપુલનાં તેને દર્શન થયાં.[૧૬,૧૭] જેમ દર્પણમાં પ્રતિબિંબ જોવામાં આવે છે, તેમ ગુરુપત્નીના શરીરમાં મહાઘોર તપશ્ચર્યા કરી રહેલા તે મુનિને જોઇને ઇંદ્ર, અત્યંત ત્રાસ પામીને કંપવા લાગ્યો; અને હે રાજા! તે વેળા તેના મનમાં મુનિના શાપનો ભય પેસી ગયો. પછી મહાતપસ્વી વિપુલ, ગુરુપત્નીના શરીરનો ત્યાગ કરીને પોતાના શરીરમાં દાખલ થયા અને ઇંદ્રપ્રત્યે કહેવા લાગ્યા.[૧૮,૧૯]

વિપુલે કહ્યું:-"અલ્યા ઓ અજિતેંદ્રિય ! ઓ દુષ્ટ બુદ્ધિવાળા પાપી ઇંદ્ર ! તારા આવા નીચ કૃત્યને લીધે દેવો તથા મનુષ્યો તારી પૂજા કરશે નહિ.[૨૦] ઓ શક્ર ! ગૌતમે તારા આખા શરીરમાં ભગનાં (યોનિનાં) છિદ્રો કરી મૂકીને તને છોડી મૂકયો હતો, તે શું તું ભૂલી ગયો છે ? તારા મનમાં એ વાત રહી શકી નથી કે શું ? હું માનું છું કે, તારી બુદ્ધિ મહામૂર્ખ છે, તારૂં મન ઘણુંજ ચંચળ છે અને તું પોતે પણ અસ્થિર સ્વભાવનો છે. ઓ પાપી ! આ સ્ત્રીનું હું રક્ષણ કરૂં છું, માટે ઓ મૂઢ ! જેમ તું આવ્યો હતો તેમ અહીંથી ચાલ્યો જા.[૨૨] હે મૂઢાત્મા ! મારા તેજથી આજે હું તને બાળી નાખતો નથી; કેમકે હે વાસવ ! તારાપર મને દયા આવે છે અને તેથીજ હું તને બાળી નાખવા ઇચ્છતો નથી. મારા બુદ્ધિમાન ગુરુ મારા કરતાં પણ અત્યંત ભયંકર છે; (તેમને આ વાતની જાણ થશે તો) તેઓ તને પાપી ચિત્તવાળાને ક્રોધથી પ્રદીપ્ત થયેલા નેત્રવડે જોતાંની સાથેજ બાળીને ભસ્મ કરી નાખશે.[૨૪] હે શક્ર ! તારે પુનઃ કદાપિ આ પ્રમાણે કરવું નહિ. તારે તો બ્રાહ્મણોને માન્ય ગણવા જોઈએ. (તેને બદલે તેઓની સ્ત્રીઓપર કુદૃષ્ટિ કરતાં તને લાજ આવતી નથી ?) (આવાં દુષ્ટ કર્મોને લીધે) બ્રાહ્મણોના બળથી પરાભવ પામીને તારા પુત્રો અને અમાત્યો સાથે તું વિનાશને ન પામ.[૨૫] તું પોતાને દેવ માનીને આવાં દુષ્ટ કર્મો કરવા તૈયાર થાય છે, પણ આ રીતે તારે બ્રાહ્મણોની અવગણના નહિ કરવી જોઈએ; કેમકે બ્રાહ્મણોના તપોબળથી કંઇ અસાધ્ય નથી. (અર્થાત્ બ્રાહ્મણો, પોતાના તપોબળથી તારા જેવા દેવનો પણ નાશ કરી શકે છે.) "[૨૬]

ભીષ્મે કહ્યું:-મહાત્મા વિપુલનાં એ વચનો સાંભળ્યા પછી ઇંદ્ર, કંઇપણ બોલી શકયો નહિ; પણ લજ્જાથી વિહ્વળ થઈને ત્યાંને ત્યાંજ અદૃશ્ય થઈ ગયો.[૨૬] તે પછી એક મુહૂર્ત જેટલો સમય થયો ત્યારે મહાતપસ્વી દેવશર્મા, યથેષ્ટ રીતે યજ્ઞ સમાપ્ત કરીને પોતાના આશ્રમમાં આવી પહોંચ્યા.[૨૮] હે રાજન્ ! પોતાના ગુરુ પાછા આવ્યા, એટલે ગુરુનું પ્રિય કર્મ કરનારા વિપુલે, પોતાના રક્ષણતળે રહેલી નિર્દોષ ગુરુપત્નીને ગુરુ સમક્ષ હાજર કરી;[૨૯] અને ગુરુપર પ્રેમ રાખનારો તે શાંતાત્મા વિપુલ, ગુરુને પ્રણામ કરીને, પૂર્વની પેઠે નિઃશંક ચિત્તે, તેમની સેવા કરવા તત્પર થયો.[૩૦] ઋષિ દેવશર્મા પરિશ્રમથી મુક્ત થઇને પોતાની પત્ની સાથે જયારે બેઠા, ત્યારે વિપુલે ઇંદ્રનું તે દુષ્ટ કર્મ તેમને નિવેદન કર્યું.[૩૧] તે સાંભળીને પ્રતાપી મુનિ દેવશર્મા, વિપુલનું શીલ, ચારિત્ર્ય, તપ અને નિયમ જોઇને તેનાપર પ્રસન્ન થયા; અને મહાસમર્થ તે મુનિએ, વિપુલની પોતાનાપર ગુરુભક્તિ જોઇને તથા ધર્મમાં સ્થિરતા જોઇને "ધન્ય, ધન્ય!" એમ કહીને તેને અભિનંદન આપ્યું. તે પછી મહાબુદ્ધિમાન ધર્માત્મા દેવશર્માએ, પોતાના ધર્મપરાયણ શિષ્યનો ઘણોજ આદરસત્કાર કરીને તેને વર માગવામાટે આજ્ઞા કરી; એટલે ગુરુપર પ્રેમ રાખનારા તે વિપુલે, "મારી

ધર્મપર દૃઢતા રહો ” એ પ્રમાણે તેમની પાસે વર માગ્યો. ગુરુ દેવશર્માએ “ તથાસ્તુ ” એમ કહીને તેને વર આપ્યો અને પછી તેને જવાની આજ્ઞા આપી; એટલે વિપુલ, ગુરુની આજ્ઞા લઇને મહાન તપશ્ચર્યા કરવા લાગ્યો;[૩૪,૩૫] તેમજ મહાતપસ્વી દેવશર્મા પણ ઇંદ્રના ભયથી મુક્ત થઇને તે નિર્જન વનમાં પોતાની સ્ત્રી સાથે વિહાર કરવા લાગ્યા.[૩૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ વિપુલ ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૪૧ મો સમાપ્ત

અધ્યાય ૪૨ મો[+]

વિપુલ આખ્યાન (ચાલુ)

॥ भीष्म उवाच ॥

विपुलस्त्वकरोत्तीव्रं तपः कृत्वा गुरोर्वचः।
तपोयुक्तमथात्मानममन्यत स वीर्यवान् ॥१॥

ભીષ્મે કહ્યું:–એ રીતે પોતાના ગુરુનું વચન પાળ્યા પછી તે વીર્યવાન વિપુલે, તીવ્ર તપશ્ચર્યા કરી અને તેથી પોતાના આત્માને તે તપસ્વી માનવા લાગ્યો.[૧] હે રાજા ! ગુરુપત્નીની રક્ષા કરવારૂપ કર્મ કરીને તે વિપુલ, આખી પૃથ્વીસાથે સ્પર્ધા કરવા લાગ્યો અને ઉત્તમ કીર્તિ મેળવીને નિર્ભય તથા પ્રસન્ન થઇને પૃથ્વીપર વિચરવા લાગ્યો.[૨] હે કુરુવંશી રાજા ! મહાસમર્થ વિપુલ,ગુરુપત્નીની રક્ષા કરવારૂપ કર્મકરીને તથા મહાન તપશ્ચર્યા કરીને બન્ને લોકને જીતી લીધેલા માનવા લાગ્યો.[૩] તે પછી હે કુરુનંદન ! કેટલોક કાળ વ્યતીત થયો એટલે રુચિની બહેનને ત્યાં, જેમાં પુષ્કળ ધનધાન્ય વગેરેને પોતાના બાંધવોને આપવામાં આવે છે તે–વિવાહપ્રસંગ પ્રાપ્ત થયો.[૪] એજ સમયે પરમ રૂપવતી કોઇ દેવાંગના, દેવશર્માના આશ્રમપાસે થઈને આકાશમાર્ગે જતી હતી.[૫] હે ભારત! તેના શરીર ઉપરથી કેટલાંએક દિવ્ય સુગંધવાળાં પુષ્પો દેવશર્માના આશ્રમની સમીપમાંજ પૃથ્વીપર પડી ગયાં;[૬] તેથી હે રાજા ! સુંદર નેત્રવાળી રુચિએ, તે પુષ્પોને વીણી લીધાં. તેવામાં અંગદેશથી એક દૂત તેને બોલાવવામાટે ઉતાવળો ઉતાવળો ત્યાં આવ્યો.[૭] હે તાત ! રુચિની મોટી બહેન પ્રભાવતી, અંગદેશના રાજા ચિત્રરથની ભાર્યા થતી હતી (અને તેણેજ પોતાને ત્યાં વિવાહપ્રસંગ હોવાને લીધે, રુચિને બોલાવવામાટે દૂતને મોકલ્યો હતો.) પોતાની બહેનને ત્યાંથી આમંત્રણ આવ્યું, એટલે તે સુંદરવર્ણી રુચિ, પેલાં પુષ્પોને અંબોડામાં ગુંથીને અંગરાજાને ઘેર ગઈ.[૯] ત્યાં પેલાં પુષ્પોને જોઈને સુંદર નેત્રવાળી અંગરાજાની સ્ત્રીએ, પોતાની બહેન રુચિને જણાવ્યું કે:–“ મને પણ આવાં પુષ્પો લાવી આપ. ”[૧૦] પોતાની બહેને એ પ્રમાણે કહ્યું, એટલે અત્યંત સુંદર મુખવાળી રુચિએ, તે સર્વ વાત પોતાના સ્વામીને નિવેદન કરી; એટલે ઋષિ(દેવશર્મા)એ પણ તે વાતને અભિનંદન આપ્યું.[૧૧] પછી હે ભારત! મહાતપસ્વી દેવશર્માએ, વિપુલને પોતાની પાસે બોલાવ્યો અને તેને આજ્ઞા કરી કે:–“ જા, આપણા આશ્રમમાં જા અને ત્યાંથી આવાં પુષ્પો વીણી લાવ.”[૧૨] મહાતપસ્વી વિપુલ,ગુરુના એ વાક્યનો વિચાર કર્યાવિનાજ “ બહુ સારૂ” એમ કહીને તે પ્રદેશમાં જઇ પહોંચ્યો, કે જ્યાં પેલાં પુષ્પો આકાશમાંથી પડ્યાં હતાં. ત્યાં જઇને તેણે જોયું તો બીજાં તાજાં પુષ્પો પણ ત્યાં પડ્યાં હતાં.[૧૩,૧૪] હે ભારત ! પોતાના તપોબળથી પ્રાપ્ત થયેલાં અને દિવ્ય સુગંધવાળાં તે સુંદર દિવ્ય પુષ્પોને તેણે વીણી લીધાં અને પછી મનમાં પ્રસન્ન થયેલો તે વિપુલ કે જે ગુરુના વચનને પાળનારો હતો,તે ઉતાવળો ઉતાવળો [illegible] આસપાસ ચંપાનાં વૃક્ષોની પંક્તિ

[+] આ અધ્યાયમાં કહેવાતું તાત્પર્ય એ છે કે, તપસ્વી વિપુલ, મહાયોગી હતો અને તેણે કમળના પાંદડાપર રહેલા જળના બિંદુની પેઠે અસંગ રહીનેજ પોતાની માતાસમાન ગુરુપત્નીનો માત્ર સ્પર્શજ કર્યો હતો, છતાં એ વાત પોતાના ગુરુને નહિ જણાવવાથી તેને દોષ લાગ્યો હતો;માટે પ્રત્યેક મનુષ્યે, પોતે અશુભ કર્મ કર્યું હોય તોપણ તેના સંબંધમાં ગુરુને નિવેદન કર્યાવિના રહેવું નહિ–અર્થાત્ પોતે જે કંઇ કર્યું હોય તે પોતાના ગુરુને જણાવવું.

આવી રહી હતી–તે ચંપાનગરી (અંગદેશની રાજધાની) તરફ જવા લાગ્યો.[૧૫,૧૬] હે તાત! તેવામાં એક નિર્જન વનમાં પુરુષોનું એક જોડું તેના જોવામાં આવ્યું. તે બન્ને પુરુષો, અન્યોન્યના હાથ પકડીને ચક્રની પેઠે ગોળાકારે (કુંદડી) ફરી રહ્યા હતા. તેમાં એક, ઘણીજ ઉતાવળથી ફરતો હતો.અને બીજાના પગલામાં વિષમતા કરી મૂકતો હતો; પણ બીજો, તે પ્રમાણે કરતો ન હતો. તેને લીધે હે રાજન્! તેઓ બન્ને વચ્ચે કલહ ઉભો થયો. એક કહેવા લાગ્યો કેઃ–“તું ઉતાવળથી ફરે છે” ત્યારે બીજો કહેવા લાગ્યો કેઃ–“તું ઉતાવળથી ફરે છે, હું ઉતાવળથી ફરતો નથી.” આ રીતે તેઓ બન્ને પરસ્પર કહેવા લાગ્યા અને એકબીજાની સ્પર્ધા કરતાં કરતાં તેઓ બન્ને વચ્ચે આ પ્રમાણે સોગંદ લેવામાં આવ્યા. તેઓ બન્નેએ વિપુલને ઉદ્દેશીને કહ્યું કેઃ–“આપણા બન્નેમાંથી જે અસત્ય બોલતો હોય, તેને પરલોકમાં બ્રાહ્મણ વિપુલને જે ગતિ મળે તે ગતિ મળજો.” એ સાંભળીને વિપુલનું મુખ અત્યંત ખિન્ન થઇ ગયું. તેણે મનમાં વિચાર કરવા માંડયો કેઃ–‘મેં આવું તીવ્ર તપ કર્યું છે અને આવા કષ્ટદાયક પરિશ્રમો વેઠ્યા છે,છતાં મારાથી એવું શું પાપ થઇ ગયું હશે, કે જેથી આ જોડું પ્રાણીમાત્રને અનિષ્ટ એવી મારી અધમ ગતિ આજે કહે છે?[૧૭-૨૩] હે મહારાજા! વિપુલ એ રીતે વિચારમાંજ પડી ગયો અને મુખ નીચું કરીને ઉદાસ મનથી પોતાના પાપના સંબંધમાં વિચાર કરવા લાગ્યો.[૨૪] તેવામાં બીજા છ પુરુષો તેના જોવામાં આવ્યા, જેઓ સુવર્ણના તથા રૂપાના પાસા લઇને જુગારબાજી ખેલી રહ્યા હતા અને લોભ તથા હર્ષથી ભરપૂર જણાતા હતા.[૨૫] તેઓમાં પણ જ્યારે કલહ ઉભો થયો, ત્યારે તેઓએ પણ પેલા જોડાની પેઠે સોગંદ લેવા માંડ્યા અને વિપુલને ઉદ્દેશીને આવું વાક્ય કહ્યુંઃ–“આપણામાંથી જે કોઇ, લોભનો આશ્રય કરીને વિષમ (કપટ) કરવાનો ઉત્સાહ કરે, તેને પરલોકમાં વિપુલને જે ગતિ મળે, તે ગતિ મળજો.”[૨૭] એ સાંભળીને વિપુલે ખૂબ વિચાર કરવા માંડયો,છતાં પોતે કંઇ અધર્મ કર્યો હોય, એમ તેના જોવામાં આવ્યું નહિ. તે પછી હે રાજા! જન્મથી આરંભીને પોતે જે જે કર્મો કર્યાં હતાં,તેનો તેણે પ્રથમથી વિચાર કરવા માંડયો; છતાં કંઈ પાપકર્મ જોવામાં ન આવ્યું, ત્યારે અગ્નિમાં જેમ અગ્નિ મૂકવામાં આવ્યો હોય, તેમ તેનું મન અત્યંત બળવા લાગ્યું, કેમકે તેણે બીજીવાર પણ તે પુરુષોનો તેવોજ (પોતાને પાપી સૂચવનારો) સોગંદ સાંભળ્યો હતો.[૨૮,૨૯] હે તાત! વિપુલને (એ વિષયનો વિચાર કરવામાંજ) અનેક રાત્રિદિવસો વીતી ગયા, પણ છેવટે રુચિનું પોતે રક્ષણ કર્યું હતું, તે સંબંધનો વિચાર તેના મનમાં સ્ફુરી આવ્યો. એટલે પોતાના મનમાંજ તે કહેવા લાગ્યો કે, રુચિનું રક્ષણ કરતી વખતે મેં મારી ઇંદ્રિયોદ્વારા તેની ઈંદ્રિયોમાં પ્રવેશ કર્યો હતો અને મુખદ્વારા મુખમાં પ્રવેશ કર્યો હતો,પણ એ સત્ય વાત મેં મારા ગુરુને નિવેદન કરી નથી.”[૩૧] હે મહાભાગ્યશાળી કુરુવંશી રાજા! તે પછી વિપુલે મનમાં એજ નિશ્ચય કર્યો કે, મારા હાથે જો કંઇ પાપ થયું હોય તો તેજ છે, એમાં કંઇ સંશય નથી.[૩૨] પછી તે ચંપાનગરીમાં જઇ પહોંચ્યો અને તે દિવ્ય પુષ્પો પોતાના ગુરુને અર્પણ કરીને, ગુરુપર પ્રીતિ રાખનારો તે વિપુલ વિધિપ્રમાણે ગુરુની પૂજા કરવા લાગ્યો.[૩૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“વિપુલ ઉપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૪૨ મો સમાપ્ત

અધ્યાય ૪૩ મો

વિપુલ આખ્યાન (ચાલુ)

॥ भीष्म उवाच ॥

तमागतमभिप्रेक्ष्य शिष्यं वाक्यमथाब्रवीत् ।
देवशर्मा महातेजा यत्तच्छृणु जनाधिप ॥१॥

ભીષ્મે કહ્યુંઃ– હે રાજા! પોતાના તે શિષ્યને આવેલો જોઈ, મહાતેજસ્વી દેવશર્માએ જે વાક્ય કહ્યું હતું તે તું સાંભળ.[૧]

દેવશર્માએ કહ્યુંઃ–“હે શિષ્ય વિપુલ! તે

મહાવનમાં તેં શું જોયું હતું? હે વિપુલ! તેઓ તારા સંબંધમાં જે પ્રમાણે જાણે છે, તે પ્રમાણેજ હું પોતે અને રુચિ પણ તારા સંબંધમાં જાણીએજ છીએ."[૨]

વિપુલે કહ્યું:-હે સમર્થ બ્રહ્મર્ષિ! તે મહાવનમાં જે જોડું મને મળ્યું હતું, તે કોણ હતું? અને તે પુરુષો કોણ હતા, કે જેઓ મારા સંબંધમાં યથાર્થ રીતે જાણે છે અને તમે પોતે પણ જેઓવિષે મને પૂછો છો?"[૩]

દેવશર્માએ કહ્યું:-"હે બ્રહ્મન્! તેં જે જોડું જોયું હતું, તે રાત્રિ અને દિવસનુંજ રૂપ હતું. તે ચક્રની પેઠે નિત્ય ભ્રમણ કર્યા કરે છે (આવ-જા કર્યા કરે છે) અને તે તારા પાપને જાણે છે;[૪] તેમજ હે વિપ્ર! જે પુરુષો, હર્ષપૂર્વક પાસાઓથી રમતા હતા તેઓને તારે ઋતુઓરૂપ જાણવા અને તેઓ પણ તારા પાપને જાણે છે.[૫] હે બ્રાહ્મણ! પાપાત્મા પુરુષ, એકાંતમાં કંઇ પાપકર્મ કરે છે, ત્યારે તે માને છે કે, "મને કોઈ જાણતું નથી." પણ એમ માનીને તેણે વિશ્વાસ કરવો નહિ;[૬] કેમકે એકાંતમાં પાપકર્મ કરનારા પુરુષને ઋતુઓ, દિવસોં અને રાત્રિઓ સદાકાળ જોઇ શકે છે.[૭] તેં જે પ્રમાણે કર્મ કર્યું હતું, તે પ્રમાણે મને કહ્યું નથી. (અર્થાત્ તેં જે રીતે ગુરુપત્નીનું રક્ષણ કર્યું છે તે રીતે મને કહ્યું નથી.) માટે પાપી મનુષ્યને જે લોકો પ્રાપ્ત થાય છે, તે લોકો તને પ્રાપ્ત થશે.[૮] તેં પોતાનું કર્મ ગુરુને જણાવ્યું નથી, છતાં તું હર્ષથી ગર્વિષ્ઠ થઇ ગયો, તે જોઇને તારા પાપકર્મનું સ્મરણ કરાવવામાટે તેઓએ તને એ પ્રમાણે કહ્યું હતું; અને તેં પોતે પણ એ સાંભળ્યું છે.[૯] જે પુરુષનું કંઇ પાપકર્મ હોય છે અથવા શુભ કર્મ કરનારા પુરુષનું જે કંઇ શુભ કર્મ હોય છે, તેને દિવસો, રાત્રિઓ તથા ઋતુઓ નિત્ય જાણે છે.[૧૦] હે બ્રાહ્મણ! ગુરુપત્નીની રક્ષા કરવારૂપ જે કર્મ તેં કર્યું હતું તેને તેં વ્યભિચારરૂપ જાણીને ભયને લીધે મને કહ્યું ન હતું; પણ તેઓ (દિવસો, રાત્રિઓ અને ઋતુઓ) તે જાણતાં હતાં અને તેથીજ તેઓએ તને એ પ્રમાણે કહ્યું હતું.[૧૧] તેં જે કર્મ કર્યું છે તે મને કહ્યું નથી, માટેજ તને પાપી પુરુષને જે લોકો મળે છે તે લોકો મળશે.[૧૨] હે બ્રાહ્મણ! ઇંદ્રની દુષ્ટ વૃત્તિથી આ સ્ત્રીનું તું કદી રક્ષણ કરી શકત નહિ;જેથી આના શરીરમાં તેં પ્રવેશ કર્યો તેમાં તેં કંઈપણ અપરાધ કર્યો નથી અને તેથી તારાપર હું પ્રસન્ન થયો છું;[૧૩] પરંતુ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મેં તને જો દુરાચારી જોયો હોત, તો તારાપર ક્રોધ કરીને હું તને શાપજ આપત, એમાં કંઈ હું વિચાર કરત નહિ.[૧૪] સ્ત્રીઓ પુરુષનાપર આસક્ત થાય છે અને પુરુષને સ્ત્રીની આસક્તિરૂપ અર્થજ તેમાં ફસાવી દેવામાટે પૂરતો છે. તેં આ સ્ત્રીનું તેના શરીરમાં પ્રવેશ કરીને રક્ષણ કર્યું તેમાં તારો દુષ્ટ આશય ન હતો, નહિ તો મારો નિશ્ચય હતો કે, મારે તને શાપ આપવોજ;[૧૫] પણ હે પુત્ર! તેં આ સ્ત્રીનું રક્ષણ કર્યું છે અને મને પાછી સોંપી પણ છે; જેથી હે તાત! હું તારાપર પ્રસન્ન થયો છું અને તને વર આપું છુ કે, તું સુખેથી સ્વર્ગમાં જઇશ."

વિપુલને એ પ્રમાણે કહીને મહર્ષિ દેવશર્મા, તેનાપર પ્રસન્ન થયા અને પોતાની પત્ની તથા શિષ્ય(વિપુલ)ની સાથે સ્વર્ગમાં જઈને આનંદમાં રહેવા લાગ્યા.[૧૭] હે રાજન્! પૂર્વે, ગંગાના તટ ઉપર કથાનો પ્રસંગ ચાલતો હતો ત્યારે, મહામુનિ માર્કંડેયે આ આખ્યાન મને કહ્યું હતું;[૧૮] માટે હું કહું છું કે, હે પાર્થ! સ્ત્રીઓનું સદાય રક્ષણ કરવું-અર્થાત્ તેઓને નિત્ય વશ રાખવી; કેમકે સ્ત્રીઓમાં સદ્વર્તન તથા અસદ્વર્તન બન્ને નિરંતર જોવામાં આવે છે.[૧૯] જે સ્ત્રીઓ સાધ્વી, પતિવ્રતા અથવા સદ્વર્તનવાળી હોય છે, તેઓ મહાભાગ્યશાળી હોઇને લોકોની માતારૂપ ગણાય છે;[૨૦] પણ જે સ્ત્રીઓ અસાધ્વી હોય છે, દુરાચારિણી હોય છે અને પાપી નિશ્ચયવાળી હોય છે, તેઓ કુળની હત્યા કરનારીજ ગણાય છે;અને હે રાજા! તેવી દુષ્ટ સ્ત્રીઓને તેઓના શરીરની સાથેજ ઉત્પન્ન થયેલાં (હાથપગની રેખા વગેરે) દુ લક્ષણોથી ઓળખી કાઢવી.[૨૧] એ રીતે મહા ત્મા પુરુષોએ, સ્ત્રીઓની રક્ષા કરવી; નહિ તે

હે રાજસિંહ ! સ્ત્રીઓની રક્ષા કરી શકાતી નથી.[૨૨] હે મનુષ્યવ્યાઘ્ર યુધિષ્ઠિર ! સ્ત્રીઓ તીક્ષ્ણ સ્વભાવવાળી હોઈને તીક્ષ્ણ પરાક્રમને કરનારી છે, તેઓને કોઈ પુરુષનાપર પ્રીતિ હોતી નથી. માત્ર જે પુરુષ, મૈથુનમાં તેનો સંગ કરે છે, તેજ તેને પ્રિય થઈ પડે છે.[૨૩] હે ભરતશ્રેષ્ઠ રાજા ! સ્ત્રીમાત્ર, પુરુષોનો પ્રાણઘાત કરનારી કૃત્યાઓરૂપજ છે. તેઓને પ્રથમ એક પુરુષે સ્વીકારી હોય છે છતાં પાછળથી બીજાની સાથે પણ તેઓ જોડાય છે. (અર્થાત્ તેઓ વ્યભિચારિણી હોય છે અને પ્રાણઘાતિની હોય છે.) હે પાંડુનંદન ! સ્ત્રીઓ, કદી એકજ પુરુષ સાથે રમણ કરતીજ નથી;[૨૪] માટે હે રાજા ! પુરુષોએ, સ્ત્રીઓનાપર સ્નેહ રાખવો નહિ, તેમ તેઓની ઇર્ષ્યા પણ કરવી નહિ. વળી તેઓનાપર પ્રીતિ રાખ્યાવિનાજ તેઓને ભોગવવી અને તે પણ ધર્માનુસાર (એટલે ઋતુસમયેજ) ભોગવવી.[૨૫] અન્યથા હે કૌરવનંદન ! સ્ત્રીસાથે વિશ્વાસથી વર્તનારો પુરુષ વિનાશનેજ પામે છે; પરંતુ હે રાજસિંહ ! સ્ત્રીઓમાં સર્વથા આસક્તિજ ન રાખવી, તેજ સર્વત્ર પ્રશંસનીય ગણાય છે.[૨૬] હે રાજા ! માત્ર એક વિપુલેજ સ્ત્રીની રક્ષા કરેલી છે. બાકી આ ત્રણે લોકમાં બીજો કોઇપણ પુરુષ, સ્ત્રીનું રક્ષણ કરવામાટે શક્તિમાન નથી.[૨૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં “વિપુલ
ઉપાખ્યાન ” એ વિષયનો અધ્યાય
૪૩ મો સમાપ્ત

અધ્યાય ૪૪ મો

વિવાહધર્મકથન

॥ युधिष्ठिर उवाच ॥

यन्मूलं सर्वधर्माणां स्वजनस्य गृहस्य च ।
पितृदेवातिथीनां च तन्मे ब्रूहि पितामह ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે પિતામહ ! જે સર્વ ધર્મોનું, પોતાના કુટુંબપરિવારનું, ગૃહનું, પિતૃઓનું, દેવતાઓનું તથા અતિથિઓનું મૂળ હોય તે મને કહો.[૧] હે રાજા ! જગતના સર્વધર્મોમાં આ ધર્મજ અત્યંત વિચારણીય મનાય છે કે, કેવા પુરુષને કન્યા અર્પવી ? [૨]

ભીષ્મે કહ્યું:– શીલ, વર્તન, વિદ્યા, યોનિ (માતાપિતાના કુળની શુદ્ધિ) અને કર્મ (કામધંધો વગેરે) આ પાંચ બાબતને બરાબર જાણીને સત્પુરુષોએ, ગુણસંપન્ન વરને કન્યા અર્પણ કરવી.[૩] હે યુધિષ્ઠિર ! ઉત્તમ બ્રાહ્મણોને માટે એ બ્રાહ્મવિવાહજ ધર્મરૂપ ગણાય છે; અને જેમાં પૂર્વોક્ત ગુણવાળા વિવાહયોગ્ય વરને બોલાવવામાં આવે છે અને તેને ધનદાનાદિથી પ્રસન્ન કરીને (વસ્ત્રાલંકારથી શણગારેલી) કન્યા અર્પણ કરવામાં આવે છે, તેને ક્ષાત્ર અથવા પ્રાજાપત્ય વિવાહ કહેવામાં આવે છે. આ વિવાહ પણ શિષ્ટ બ્રાહ્મણોને માટે તથા ક્ષત્રિયોને માટે સનાતન ધર્મરૂપ ગણાય છે. વળી જે વિવાહમાં પોતાની (માતાપિતાની) પસંદગીનો ત્યાગ કરીને કેવળ કન્યાનીજ પસંદગીનો સ્વીકાર કરવામાં આવે છે અને કન્યા તથા વર–બંનેનીજ અન્યોન્યની પસંદગી ઉપર આધાર રાખવામાં આવે છે, તે વિવાહને હે યુધિષ્ઠિર ! ગાંધર્વવિવાહ કહેવામાં આવે છે અને તે વિવાહ પણ ધર્મરૂપજ છે, એમ વેદવેત્તાઓ કહે છે;[૪–૬] પણ જે વિવાહમાં પુષ્કળ ધન આપીને કન્યાને ખરીદવામાં આવે છે અને કન્યાનાં કુટુંબીઓને ધનાદિથી લોભાવીને કન્યાનું પાણિગ્રહણ કરવામાં આવે છે, તેને વિદ્વાનો, અસુરોના ધર્મરૂપ કહે છે–આસુરવિવાહ કહે છે; અને જેમાં કેટલાએકને મારી નાખીને અને કેટલાએક રુદન કરી રહેલાઓનાં મસ્તકોને છેદી નાખીને રુદન કરી રહેલી કન્યાને બળાત્કારે ઘરમાંથી હરી લેવામાં આવે છે, તેને હે તાત ! રાક્ષસવિધિ કહેવામાં આવે છે–રાક્ષસી વિવાહ કહેવામાં આવે છે. હે યુધિષ્ઠિર ! (બ્રાહ્મ, ક્ષાત્ર, ગાંધર્વ, આસુર અને રાક્ષસી) આ પાંચ*

---

* અહીં પાંચ વિવાહો કહેવામાં આવ્યા છે.

“ ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।
गांधर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥

પણ મનુસ્મૃતિમાં બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ–આવા આઠ

વિવાહોમાં પહેલા ત્રણ વિવાહો ધાર્મિક ગણાય છે અને પાછળના બે વિવાહો અધાર્મિક ગણાય છે; માટે છેલ્લા આસુર અને પૈશાચ (રાક્ષસી) વિવાહ કોઇ રીતે પણ કરવા નહિ. હે મહાપુરુષ ! બ્રાહ્મ, ક્ષાત્ર અને ગાંધર્વ—એ ત્રણ વિવાહ ધાર્મિક ગણાય છે, માટે એ ત્રણ વિવાહોમાંથી કોઇ એકજ વિવાહ કરવો અથવા મિશ્ર વિવાહ કરવો. (જેમકે, દમયંતીના સ્વયંવરમાં બ્રાહ્મ અને ક્ષાત્રવિવાહ મિશ્ર હતો, રુક્મિ-

---

વિવાહો કહેવામાં આવ્યા છે; અને તેમાં આઠમા પૈશાચ વિવાહને સર્વના કરતાં અધમ ગણેલો છે. આ આઠે વિવાહોનાં લક્ષણ મનુસ્મૃતિમાં નીચે પ્રમાણે છે.

બ્રાહ્મ વિવાહઃ-

आच्छाद्य चार्चयित्वा च श्रुतिशीलवते स्वयम्।
आहूय दानं कन्याया ब्राह्मो धर्म प्रकीर्तितः॥

કન્યાનો પિતા પોતે, શાસ્ત્ર તથા શીલસંપન્ન વરને બોલાવીને વસ્ત્રાલંકારથી શણગારેલી કન્યાનું દાન કરે છે તેને બ્રાહ્મણધર્મ અથવા બ્રાહ્મવિવાહ કહેવામાં આવે છે.

દૈવ વિવાહઃ—

यज्ञे तु वितते सम्यगृत्विजे कर्म कुर्वते।
अलंकृत्य सुतादानं दैवं धर्मं प्रचक्षते॥

જ્યોતિષ્ટોમ આદિ વિસ્તારવાળા યજ્ઞમાં, યજ્ઞસંબંધી કર્મ કરનારા ઋત્વિજને વસ્ત્રાલંકારથી શણગારેલી કન્યાનું દાન કરવામાં આવે છે તેને દૈવધર્મ અથવા દૈવવિવાહ કહેવામાં આવે છે. રોમપાદ નામના રાજાએ, પોતાના રાજ્યમાં જ્યારે દુષ્કાળ પડ્યો, ત્યારે ઋષ્યશૃંગ નામના બ્રાહ્મણ પાસે યજ્ઞ કરાવીને તેના બદલામાં પોતાની કન્યા તેને પરણાવી હતી. એ દૈવવિવાહનો દાખલો છે.

આર્ષ વિવાહઃ—

एकं गोमिथुनं द्वे वा वरादादाय धर्मतः।
कन्याप्रदानं विधिवदार्षो धर्मः स कथ्यते॥

વરની પાસેથી ગાયની અથવા બળદની એક કે બે જોડ, (યજ્ઞાદિકની સિદ્ધિને માટે) લઇને ધર્માનુસાર અને વિધિપૂર્વક કન્યાનું દાન કરવામાં આવે છે, તેને આર્ષ ધર્મ અથવા આર્ષ વિવાહ કહેવામાં આવે છે.

પ્રાજાપત્ય વિવાહઃ—

सहोभौ चरतां धर्ममिति वाचानुभाष्य च।
कन्याप्रदानमभ्यर्च्य प्राजापत्यो विधिः स्मृतः।

તમે બન્ને જણાં સાથે રહીને નિત્ય ધર્માચરણ કરો, એમ કહીને વરની પૂજા કરીને કન્યાદાન આપવામાં આવે તેને પ્રાજાપત્ય વિવાહ કહેવામાં આવે છે. અહીં મહાભારતમાં જે ક્ષાત્રવિવાહ કહેવામાં આવ્યો છે તેજ આ પ્રાજાપત્ય વિવાહ છે.

આસુર વિવાહ.-

ज्ञातिभ्यो द्रविणं दत्त्वा कन्यायै चैव शक्तितः।
कन्याप्रदानं स्वाच्छन्द्यादासुरो धर्म उच्यते॥

કન્યાના સંબંધીઓને તથા કન્યાને પોતાને, પોતાની શકિત પ્રમાણે ધન આપીને સ્વચ્છંદપણે (શાસ્ત્રવિધિથી નહિ) કન્યાને પરણવામાં આવે છે, તેને આસુર વિવાહ કહેવામાં આવે છે.

ગાંધર્વ વિવાહઃ—

इच्छयान्योन्य संयोगः कन्यायाश्च वरस्य च।
गांधर्वः स तु विज्ञेयो मैथुन्यः कामसंभवः॥

કન્યાનો તથા વરનો અન્યોન્યની ઇચ્છાને લીધેજ સંયોગ થાય છે, તેને ગાંધર્વ વિવાહ કહેવામાં આવે છે. આ વિવાહ કેવળ મૈથુન કરવાની ઇચ્છાથીજ તથા કામભોગની અભિલાષાથીજ કરવામાં આવેલો હોય છે.

રાક્ષસ વિવાહઃ—

हत्वा छित्त्वा च भित्त्वा च क्रोशन्तींरुदतीं गृहात्।
प्रसह्य कन्याहरणं राक्षसो विधिरुच्यते॥

કેટલાએકનો સંહાર કરીને, કેટલાએકને કાપી નાખીને તથા કેટલાએકને ચીરી નાખીને બૂમો પાડતી તથા રુદન કરતી કન્યાનું બળાત્કારે ઘરમાંથી હરણ કરવામાં આવે છે, તેને રાક્ષસવિવાહ કહેવામાં આવે છે.

પૈશાચ વિવાહઃ—

सुप्तां मत्तां प्रमत्तां वा रहोयत्रोपगच्छति।
स पापिष्ठो विवाहानां पैशाचश्चाष्टमोऽधमः॥

કન્યા સૂઇ ગઇ હોય, મદિરા આદિથી મદમત્ત થઇ ગઇ હોય અથવ ગાંડી થઈ ગઈ હોય, તે સમયે એકાંતમાં તેની સાથે વિષયભોગ કરવામાં આવે છે, તે પૈશાચ વિવાહ કહેવાય છે. આ વિવાહ સર્વ વિવાહોમાં અત્યંત પાપી છે અને અધમ છે.” હવે, આ આઠે વિવાહોથી કેવા પ્રકારની પ્રજા ઉત્પન્ન થાય છે, તે વિષે પણ મનુ ભગવાન કહે છે કેઃ—

ब्राह्मादिषु विवाहेषु चतुर्ष्वेवानुपूर्वशः॥
ब्रह्मवर्चस्विनः पुत्रा जायन्ते शिष्टसंमताः॥

ણીનો વિવાહ,રાક્ષસ અને ગાંધર્વથી મિશ્ર હતો; અને સુભદ્રાનો વિવાહ ક્ષાત્ર તથા રાક્ષસથી મિશ્ર હતો.[૧૦] બ્રાહ્મણને ત્રણ વર્ણની ભાર્યાઓ કરવાનો અધિકાર છે, ક્ષત્રિયને બે વર્ણની ભાર્યાઓ કરવાનો અધિકાર છે અને વૈશ્યને પોતાની જાતિનીજ એક ભાર્યા કરવાનો અધિકાર છે; કેમકે તે ભાર્યાઓમાંજ પોતાના સમાન સંતાનને ઉત્પન્ન કરી શકાય છે. (અર્થાત્ ત્રણ વર્ણના પુરુષોને શૂદ્રજાતિની ભાર્યા કરવાનો અધિકાર નથી.)*[૧૧] બ્રાહ્મણ, ત્રણ જાતિની સ્ત્રીઓ પરણ્યો હોય તેમાં બ્રાહ્મણજાતિનીજ સ્ત્રી, બીજી સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ ગણાય છે; અને ક્ષત્રિય, બે જાતિની સ્ત્રીઓ પરણ્યો હોય તેમાં ક્ષત્રિયજાતિનીજ સ્ત્રી શ્રેષ્ઠ ગણાય છે. (વૈશ્યને તો એકજ સ્ત્રી પરણવાનો અધિકાર છે, જેથી તેની વૈશ્ય ભાર્યાજ ઉત્તમ છે.) કેટલાએક શાસ્ત્રકારો કહે છે કે, ત્રણે વર્ણના પુરુષો શૂદ્રજાતિની સ્ત્રીને પણ પરણી શકે છે, પણ તે શૂદ્રજાતિની સ્ત્રી, કેવળ મૈથુનને માટેજ સ્વીકારવા યોગ્ય છે; ધર્મ કે પ્રજાને માટે નહિ; પરંતુ કેટલાએક શાસ્ત્રકારો, શૂદ્ર સ્ત્રીને નહિ પરણવાનીજ આજ્ઞા કરે છે;*[૧૨] કેમકે શૂદ્રા સ્ત્રીવિષે પ્રજાની ઉત્પત્તિ થાય તેને સત્પુરુષો વખાણતા નથી. વળી શાસ્ત્રનો એવો વિધિ પણ છે કે, શૂદ્રા સ્ત્રીવિષે પ્રજોત્પાદન કરનારો બ્રાહ્મણ પ્રાયશ્ચિત્તનો અધિકારી છે.[૧૩] પુરુષ, ત્રીસવર્ષનો હોય તો તેણે,દશ વર્ષની નગ્નિકા× નામની કન્યા પરણવી; અને જો એકવીસ વર્ષનો પુરુષ હોય તો તેણે સાત વર્ષની કન્યા પરણવી.[૧૪] હે ભરતશ્રેષ્ઠ રાજા! જે કન્યાને ભાઇ ન હોય અથવા જે કન્યાને પિતા ન હોય,તે કન્યાને કદી પરણવી નહિ; કેમકે તે કન્યા પુત્રિકાધર્મિણી કહેવાય છે. (અર્થાત્ ભાઇવિનાની કન્યા ઉપર તેના પિતાને પુત્રબુદ્ધિ હોય છે; અથવા કન્યાદાન કરતી વખતે તેનો પિતા, પોતાના મનમાં કે પ્રકટ રીતે સંકલ્પ કરે છે કે, આ પુત્રીનો પુત્ર,મારી શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરશે અને મારી મિલ્કતનો વારસ થશે; જેથી તે કન્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય છે, તે કન્યાના પિતાનો ગણાય છે, પણ કન્યાને પરણનારનો ગણાતો નથી. આવી શાસ્ત્રમર્યાદા છે; તેમજ ભાઇ તથા પિતાવિનાની કન્યા પણ તેની મા-

---

બ્રાહ્મઆદિ પ્રથમના ચાર વિવાહોના પ્રકારોથી જે પ્રજા ઉત્પન્ન થાય છે તે બ્રહ્મતેજવાળી થાય છે. ઘણું કરીને પુત્રોરૂપેજ ઉત્પન્ન થાય છે અને તે પ્રજા શિષ્ટ પુરુષોમાં માન્ય થાય છે.”

એટલુંજ નહિ પણઃ—

रूपसत्त्वगुणोपेता धनवंतो यशस्विनः ।
पर्याप्तभोगा धर्मिष्ठा जीवंति च शतं समाः ॥

એ ચાર પ્રકારોથી ઉત્પન્ન થયેલા પુત્રો રૂપસંપન્ન, સત્ત્વસંપન્ન, ગુણસંપન્ન, ધનવાન, યશસ્વી, સંપૂર્ણ ભોગવાળા અને ધર્મિષ્ઠ થાય છે અને સો વર્ષસુધી જીવે છે;

પરંતુઃ—

इतरेषु तु शिष्टेषु नृशंसानृतवादिनः ।
जायन्ते दुर्विवाहेषु ब्रह्मधर्मद्विषः सुताः ॥

બાકીના છેલ્લા ચાર પ્રકારો (આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ)થી જે પુત્રો ઉત્પન્ન થાય છે તેઓ ક્રૂર હોય છે, અસત્યવાદી હોય છે અને બ્રાહ્મણોનો તથા ધર્મનો દ્વેષ કરનારા હોય છે—અર્થાત્ છેલ્લા ચાર વિવાહો દુષ્ટ છે.” આ રીતે મનુએ જે આઠ વિવાહો ગણાવ્યા છે તે સર્વનો અહીં કહેવામાં આવેલા પાંચ વિવાહોમાં અંતર્ભાવ થઇ જાય છે, એમ નીલકંઠનું કહેવું છે.

* આ શ્લોકમાં કહેવાનો આશય એ છે કે, બ્રાહ્મણોએ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યજાતિની સ્ત્રી પરણવી; ક્ષત્રિયે, ક્ષત્રિય તથા વૈશ્યજાતિની સ્ત્રી પરણવી અને વૈશ્યે એક પોતાની જાતિનીજ સ્ત્રી પરણવી; પરંતુ બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યે શૂદ્રજાતિની સ્ત્રી પરણવી નહિ.

* યાજ્ઞવલ્કય કહે છે કેઃ—“**यदुच्यते द्विजातिनां शूद्र दारोपसंग्रहः। नैतन्मम मतं यस्मात् तत्रात्मा जायते स्फुटम्**—” કેટલાએક વિદ્વાનો કહે છે કે, દ્વિજાતિ (ત્રણ વર્ણના) પુરુષોએ શૂદ્રની કન્યાનું પણ પાણિગ્રહણ કરવું, પરંતુ એમાં મારો મત નથી;કેમકે તે સ્ત્રીના સાથે મૈથુનદ્વારા પુરુષને પોતાનેજ તેમાં પુત્રરૂપે ઉત્પન્ન થવું પડે છે.

× જે કન્યા માત્ર એકજ વસ્ત્ર પહેરવાને યોગ્ય હોય—અર્થાત્ જેને સ્તનદર્શન તથા ઋતુદર્શન થયું ન હોય તે કન્યા **नग्निका** કહેવાયછે.

તાને પુત્રસ્થાને હોય છે અથવા કન્યાદાન આપતી વેળા કન્યાની માતા આવો સંકલ્પ કરે છે કે, મારી પુત્રીનો પુત્ર, મારો પોતાનોજ પુત્ર ગણાશે.)[૧૫] જે કન્યા (અવિવાહિત હોઇને) ઋતુમતી થતી હોય, તેણે (પોતાનાં માતાપિતાની ઇચ્છાનુસાર) ત્રણ વર્ષસુધી વાટ જોવી; પણ ચોથે વર્ષે (પોતાનાં માતાપિતાની ઈચ્છાનુસાર વર ન મળ્યો હોય તોપણ) તેણે પોતાની મેળેજ વરને મેળવી લેવો.[૧૬] હે ભરતશ્રેષ્ઠ ! એવી કન્યાની જે પ્રજા થાય છે, તે હીન ગણાતી નથી, તેમ તેની સાથે મૈથુન કરવામાં પણ કંઇ દોષ નથી; પરંતુ એ કન્યા, પૂર્વોક્ત નિયમથી વિરુદ્ધ વર્તી હોય-અર્થાત્ ઋતુમતી થયા છતાં ચાર-પાંચ વર્ષસુધી બેસી રહી હોય, તો પ્રજાપતિ પોતે તેને નિંદ્ય ગણે છે. (કેમકે તે કન્યા શુદ્ધયોનિ હશે કે નહિ, એ વિષે શંકા રહે છે.)[૧૭] મનુએ કહ્યું છે કે, જે કન્યા, પોતાની માતાની સપિંડ ન હોય* અને પોતાના પિતાના સમાન ગોત્રની ન હોય, તે કન્યાનેજ પરણીને તેની સાથે મૈથુન કરવું તે ધર્મરૂપ છે.”

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ ! એક કન્યાને માટે એક પુરુષે, શુલ્ક (દેજ અથવા કન્યાના મૂલ્યતરીકે આપવામાં આવતું ધન) આપી દીધું હોય, છતાં બીજો એક પુરુષ તે કન્યાને માટે પેલા પુરુષ કરતાં વધારે શુલ્ક આપવાનું કહેતો હોય; વળી ત્રીજો એક પુરુષ તે કન્યાને બળાત્કારે પરણી જવાનું કહેતો હોય; ચોથો પુરુષ પુષ્કળ ધન દેખાડતો હોય અને પાંચમો પુરુષ, કન્યાનું પાણિગ્રહણ કરવાને આવી પહોંચ્યો હોય,ત્યારે તે કન્યા કોની ભાર્યા થાય? તે મને કહો. હે પિતામહ! અમને પ્રત્યેક વિષયનું તત્ત્વ જાણવાની ઇચ્છા છે, માટે તમે અમારા નેત્રરૂપ થાઓ.”[૧૮-૨૦]

ભીષ્મે કહ્યું:-મનુષ્યોને હિતકારક એવું હરકોઈ કર્મ, અમુક પ્રકારની વ્યવસ્થા જાળવવામાટેજ વિદ્વાનોએ પ્રદર્શિત કરેલું છે; માટે જે કર્મને વિચારવંત સર્વ પુરુષોએ એકત્ર મળીને વિચારેલું હોય, તેમાં જે પુરુષ અસત્ય ભાષણ કરે છે તે પાતકી કહેવાય છે.[૨૧]* ભાર્યા, પતિ,ઋત્વિજ, આચાર્ય,શિષ્ય અને ઉપાધ્યાય, આ છયે જણાં લગ્નના સંબંધમાં જો મિથ્યા ભાષણ કરે,તો પ્રાયશ્ચિત્તરૂપ દંડને પાત્ર ગણાય છે, એમ કેટલાએક લોકો કહે છે; પણ કેટલાએક કહે છે કે, તેમાં એઓને પ્રાયશ્ચિત્ત આપવું યોગ્ય નથી. (અર્થાત્ સર્વની સમક્ષ ભાર્યા બોલી હોય કે, “ હું તારી સ્ત્રી છું ” છતાં પાછળથી ફરી જાય,તો તે પ્રાયશ્ચિત્તની અધિકારી છે; તેમજ એક વરે કહ્યું હોય કે, “ આ મારી સ્ત્રી છે ” છતાં પાછળથી ફરી જાય તો તે પ્રાયશ્ચિત્તનો અધિકારી છે અને ઋત્વિજ, આચાર્ય, શિષ્ય તથા ઉપાધ્યાય પણ કોઇએક લગ્ન કરાવીને ફરી જાય કે, અમે તે લગ્ન કરાવ્યુંજ નથી તો તેઓ પણ પ્રાયશ્ચિત્તના અધિકારી છે.) પણ મનુ તો એમજ કહે છે કે, અન્યોન્યનાપર જેઓને અપ્રીતિ હોય તેવાં વરકન્યાએ, પતિપત્નીતરીકે સાથે રહેવુંજ નહિ, પણ અન્યોન્યનો ત્યાગજ કરી દેવો; કેમકે પ્રીતિ ન હોવા છતાં સાથે નિવાસ કરવો તે અપયશ કરનાર છે, અધર્મજનક છે અને ધર્મને વ્યર્થ કોપાવનાર છે.[૨૨-૨૪] હે ભરતવંશી રાજા! કન્યાના બાંધવો, જે કન્યાને પાણિગ્રહણ વિધિથી પરણાવે છે અથવા મનમાન્યું ધન લઇને વેચી નાખે છે, તે કન્યા જો બીજે સ્થળે જતી હોય, તો તેનું હરણ કરવામાં પરણનારને અથવા જેણે ધન આપ્યું હોય તેને લેશમાત્ર દોષ લાગતો નથી.[૨૫] કન્યાના બાંધવો, કન્યાના દાનમાટે અનુજ્ઞા આપે, ત્યારે મંત્રો તથા હોમવિધિની યોજના અવશ્ય કરવી જોઈએ; કેમકે કન્યાનું દાન મંત્ર તથા હોમવિધિપૂર્વક કરવામાં ન આવ્યું હોય,તો કદી પૂર્ણ ગણાતું નથી.[૨૬] એથીજ વિદ્વાનો કહે છે કે, વરકન્યાની લગ્નક્રિયા

---

* અર્થાત્ પોતાની માતાથી પાંચમી કે સાતમી પેઢીમાં ન હોય.

× કહેવાનો ભાવ એ છે કે, સર્વ વિચારવંત પુરુષોએ એકઠા મળીને “આ કન્યા અમુકનેજ પરણાવવી છે” આવો નિર્ણય કર્યો હોય છે, છતાં જે પુરુષ પાછળથી અસત્ય બોલીને તે ઠરાવને નાકબૂલ કરે છે, તે મહાન પાપી છે.

મંત્ર તથા હોમવિધિપૂર્વક કરવામાં આવે છે તોજ તે શ્રેષ્ઠ ગણાય છે અને તોજ જ્ઞાતિઓએ કરેલો લગ્ન કરવાનો ઠરાવ પરિપૂર્ણ થાય છે. હરકોઇ પતિ, પોતાનાં પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલી અથવા ઇશ્વરસંકેતથી પ્રાપ્ત થયેલી કન્યાનેજ પોતાની ભાર્યાતરીકે ધર્માનુસાર સંપાદન કરી શકે છે, માટે કોઇ કોઇ પુરુષ કન્યા સાથેના લગ્નસંબંધમાં દૈવી તથા માનુષી વાણીને અસત્યરૂપ સમજીને ત્યજી દે છે.[૨૭]

યુધિષ્ઠિરે પૂછ્યું:- હે પિતામહ! એક કન્યાનું એક વર પાસેથી શુલ્ક આવી ગયું હોય; તે પછી બીજો એવો વર મળી આવે કે જે ધર્મ, કામ તથા અર્થથી સંપન્ન હોય, તો તે સમયે અસત્ય ભાષણ કરવું કે નહિ? અર્થાત્ પ્રથમ જેની પાસેથી શુલ્ક લીધું હોય, તેને કન્યા નહિ આપીને બીજા યોગ્ય વરને કન્યા આપવી કે નહિ? (પ્રથમના વરસાથે કરેલો વિવાહ ફોક કરવો કે નહિ?) જો કે, તેવે પ્રસંગે પ્રથમના વરને કન્યા નહિ આપીને બીજા યોગ્ય વરને કન્યા પરણાવી દેવામાં શિષ્ટાચારના ઉલ્લંઘનરૂપ તથા બંધુઓની સંમતિપૂર્વક કરેલા પ્રથમના કન્યાવિક્રયનું ઉલ્લંઘન કરવારૂપ બે દોષો જણાય છે, તોપણ કન્યાનું જેમાં અધિક શ્રેય રહેલું હોય તેવું કર્મ તેના પિતાએ કરવું કે નહિ? (શામાટે પ્રથમના વાચિક વિવાહને ફોક કરીને બીજા યોગ્ય વરને કન્યા ન આપવી?) આ ધર્મ, સર્વ ધર્મોમાં અત્યંત વિચાર કરવાયોગ્ય છે, એમ અમે માનીએ છીએ. હે પિતામહ! પ્રત્યેક ધર્મોના તત્ત્વને જાણવાની અમને ઇચ્છા છે, માટે તમે અમારા નેત્રરૂપ થાઓ અને એ સર્વ વાત અમને કહો. તમારી કથા સાંભળીને હું તૃપ્તજ થતો નથી.

ભીષ્મે કહ્યું:- શુલ્ક આપનારા કોઇએક પુરુષે, એવો નિશ્ચય કરીને શુલ્ક આપ્યું હોતું નથી કે, મેં આ શુલ્ક આપ્યું છે તેથી અમુક કન્યા મારી ભાર્યાજ થઇ ચૂકી છે; (અર્થાત્ શુલ્ક આપવાથી કન્યામાં ભાર્યાપણું પ્રાપ્ત થતું નથી) અને શુલ્કને લેનારા કન્યાના પિતાઓ, કેવળ શુલ્ક લઇનેજ કન્યાને આપી દેતા નથી. (માટે શુલ્ક લેવાયું હોય તોપણ બીજો યોગ્ય વર મળે તો પ્રથમનો વાચિક વિવાહ ફોક કરીને તેને કન્યા આપવામાં કંઇ દોષ નથી.)[૩૧] કન્યાના બાંધવો, વરની પાસેથી શુલ્ક લે છે તેમાં વરની મોટી વય અથવા વરમાં કોઈ જાતની ન્યૂનતા અથવા કન્યાનાં માતાપિતાની ગરીબ સ્થિતિ-વગેરે અનેક કારણો હોય છે; પણ જે પુરુષ, વરને અનુકૂળ થઇને કહે છે કે, “મારી આ કન્યાને તારા પોતાના વસ્ત્રાલંકારાદિથી શણગારીને તું પરણી જા. કન્યાનિમિત્તે તું જે કંઈ વસ્ત્રાલંકારાદિ કરીશ તેમાંથી મારે કંઇ પણ જોઇતું નથી.” આમ કહીને કન્યાને માટે અલંકારાદિ લઇને કન્યાદાન આપે છે, તે પુરુષે કન્યાનું શુલ્ક લીધું ગણાતું નથી તેમ કન્યાનો વિક્રય કર્યો ગણાતો નથી; કેમકે કન્યાને શણગારવામાટેજ વર પાસેથી અલંકારાદિ લઇને કન્યાદાન કરવું, એવો સનાતન ધર્મ છે.[૩૨,૩૩] શાસ્ત્રકારો કહે છે કે, જેણે વરને કહ્યું હોય કે, “હું તને કન્યા આપીશ” અથવા “હું તને કન્યા નહિ આપું” અથવા “હું તને અવશ્ય કન્યા આપીશ” આ બધું નહિ કહ્યા જેવુંજ અનિશ્ચયાત્મકજ છે; માટે જ્યાંસુધી પાણિગ્રહણ થયું ન હોય, ત્યાંસુધી કન્યાપક્ષવાળા તથા વરપક્ષવાળા પરસ્પર માગું કરી શકે છે. અમારા સાંભળવામાં આવ્યું છે કે, દેવતાઓએ પૂર્વે આવો વર આપ્યો છે કે, પાણિગ્રહણ થયું ન હોય ત્યાંસુધી વરના સંબંધીઓએ કન્યાનું માગું કરવું.*[૩૪,૩૫] વળી ઋષિઓની એ આજ્ઞા છે કે, જે વર કન્યાને અનિષ્ટ હોય અથવા અયોગ્ય હોય, તે વરને કન્યા આપવીજ નહિ. મારો પોતાનો પણ એજ

---

* કહેવાનો ભાવ એ છે કે, :કન્યાનું શુલ્ક લેવાઇ ગયું હોય અને તે પછી કોઇ ઉત્તમ વર મળી આવે તો પ્રથમનો વાચિક વિવાહ ફોક કરવામાં કંઇજ દોષ નથી. આના સંબંધમાં આવું શાસ્ત્રીય પ્રમાણ પણ છે:-**दत्तामपि हरेत् कन्यां श्रेयाँश्चेद्वर आव्रजेत्:**-અર્થાત્ એક સ્થળે કન્યાનો વાચિક વિવાહ કર્યો હોય તોપણ પાછળથી યોગ્ય વર મળી આવે તો તે વિવાહ ફોક કરવો.

નિશ્ચય છે; કેમકે કન્યા સર્વ કામનાઓનું તથા ઉત્તમ પ્રજોત્પાદનનું મૂળ છે.[૩૬] હે રાજા! અત્યંત લાંબા પરિચયથી તું જાણ કે, કન્યાનો ક્રયવિક્રય કરવામાં અનેક દોષો સમાયેલા છે. કોઇએક કન્યાનું શુલ્ક લેવામાં આવ્યું અથવા આપવામાં આવ્યું, તેથી એ કન્યા ઉપર કોઈની ભાર્યાપણું કદી આવી જતું નથી. આના સંબંધમાં હું એક દૃષ્ટાંત તને કહું છું તે સાંભળ.[૩૭]

હું પોતેજ પૂર્વે મગધદેશના, કાશીદેશના તથા કોસલદેશના સર્વ રાજાઓને જીતીને વિચિત્રવીર્યમાટે બે કન્યાઓ લાવ્યો હતો—અર્થાત્ મારા પરાક્રમરૂપી શુલ્ક આપીને તે બન્ને કન્યાઓને હું લાવ્યો હતો.[૩૮] તેમાંથી એક કન્યાનું તો પાણિગ્રહણ થયું હતું, પણ બીજી કન્યા, પાણિગ્રહણથી રહિત હતી અને મારા પરાક્રમરૂપ શુલ્કથી આણેલી હતી; છતાં મારા કાકા બાહ્લિકે મને કહ્યું કે, "તેં પરાક્રમરૂપ શુલ્કથી આણેલી આ કન્યાને પાછી ત્યાંજ મૂકી આવવી જોઇએ." તે પછીવળી પણ મારા કાકાએ મને કહ્યું કે, "આ કન્યાને બદલે કોઈ બીજી કન્યાને તું લઇ આવ." તે સાંભળી મને મારા કાકાના વચન ઉપર શંકા થઈ; જેથી મેં બીજાઓને પણ તે વિષે પૂછી જોયું.(તો તેઓએ પણ તે પ્રમાણેજ કહ્યું.)[૩૯,૪૦] મારા કાકાને, ધર્માનુસાર વર્તવાની અતિશય ઇચ્છા હતી, જેને લીધે હે રાજા! આચારને જાણવાની ઇચ્છાથી મેં મારા કાકાનેજ આ પ્રમાણે કહ્યું કે, "હું આચારને યથાર્થ રીતે જાણવાની અત્યંત ઇચ્છા રાખું છું."[૪૧] તે સાંભળી હે મહારાજા! ધાર્મિકોમાં શ્રેષ્ઠ મારા કાકા બાહ્લિકે મને આ પ્રમાણે કહ્યું:-[૪૨]"જો તમે કેવળ શુલ્ક આપીનેજ કન્યાને પોતાની ભાર્યા બનાવી શકતા હો અને પાણિગ્રહણવિધિની કંઇ અગત્ય ન માનતા હો, તો, 'लाजान्तरमुपासीत प्राप्तशुल्क इति स्मृतिः-' કન્યાના પિતાએ, એક વર પાસેથી શુલ્ક લઈ લીધું હોય. તોપણ બીજો યોગ્ય વર મળી આવે તો, પ્રથમના વરને કન્યા નહિ આપતાં બીજા યોગ્ય:વરને કન્યા આપવી" એ ધર્મશાસ્ત્રના વચન સાથે વિરોધ આવશે. (અર્થાત્ માત્ર શુલ્ક આપવાથીજ કન્યા, ભાર્યા થઇ શકતી નથી; પણ પાણિગ્રહણ થઈ ગયા પછીજ કન્યા ઉપર ભાર્યાપણું આવી શકે છે.) જે પુરુષોની માન્યતા એવીજ હોય છે કે, "માત્ર શુલ્કપ્રદાનથીજ કન્યાને ભાર્યા બનાવી શકાય છે, પાણિગ્રહણનું કંઇ ખાસ પ્રયોજન નથી." તેઓની એ માન્યતાને ધર્મવેત્તાઓ પ્રમાણ માનતા નથી.[૪૪] વળી જે પુરુષો, કન્યાદાનમાં શુલ્કનેજ મુખ્ય માનનારા છે, તેઓને કન્યાઉપર ભાર્યાત્વ લાવવામાં બીજું કોઇ પ્રસિદ્ધ વાક્ય પ્રમાણભૂત હોતું નથી; માટે જેઓ, કન્યાની ખરીદીમાં કારણભૂત શુલ્કનેજ પ્રમાણ માને છે, તેઓ ધર્મવેત્તા ગણાતા નથી;[૪૫] અને એવા પુરુષોને કન્યા કદી આપવીજ નહિ; તેમજ જે કન્યાને માટે શુલ્ક માગવામાં આવતું હોય, તે કન્યાને કદી પરણવીજ નહિ; કેમકે કન્યાને વેચાતી લેવી અથવા વેચાતી આપવી, તે કોઇ રીતે પણ શાસ્ત્રસંમત નથી.[૪૬] જેઓ કન્યાને એક દાસીતરીકે જાણીને વેચે છે અને જેઓ કન્યાને દાસીતરીકે જાણીને વેચાતી લે છે, તે પાપી મનના લોભી પુરુષોની નિષ્ઠા તેવા પ્રકારનીજ હોય છે. (અર્થાત્ તેઓજ એમ માને છે કે, શુલ્ક આપવાથી અથવા લેવાથી કન્યા ઉપર ભાર્યાપણું આવી જાય છે.)[૪૭]

આ વિષયમાંજ પૂર્વે સર્વ મનુષ્યોએ સત્યવાનને પૂછ્યું હતું કે:-" હે મહાબુદ્ધિમાન સત્યવાન્! એક કન્યાનું શુલ્ક આપીને એક પુરુષ મરણ પામ્યો હોય, તો બીજો કોઇ પુરુષ, તે કન્યાનું પાણિગ્રહણ કરી શકે કે નહિ? આ વિષયમાં અમને ધર્મસંશય થયો છે, માટે તેને તમે દૂર કરો; કેમકે તમે સુજ્ઞ મનુષ્યોમાં માન્ય ગણાઓ છો.[૪૯] અમને તત્ત્વ જાણવાની ઇચ્છા છે, માટે તમે અમારા નેત્રરૂપ થાઓ."

તે મનુષ્યોએ એ રીતે પૂછ્યું, એટલે સત્યવાને તેઓ સર્વને ઉદ્દેશીને કહ્યુ કે:- જ્યાં પોતાની ઇચ્છા હોય ત્યાં કન્યાને આપવી, એમાં કંઇ વિચાર કરવોજ નહિ. કન્યાનું શુલ્ક આપનારો વર જીવતો હોય છે તોપણ (તેનામાં કંઇ ખોડખાંપણ જોવામાં આવે છે તો)

બીજાને કન્યા આપી શકાય છે; તોપછી તે મરણ પામ્યો હોય, તો બીજાને કન્યા આપી શકાય, એમાં કંઇ સંશય નથી;૫૦,૫૧ અથવા પોતાનું શુલ્ક આપનાર પતિ મરણ પામ્યો હોય, ત્યારે કન્યાએ પોતાના દિયરસાથે પરણવું અને એવી ઈચ્છા ન હોય તો પોતાના પૂર્વ પતિનાજ પાણિગ્રહણની ઇચ્છાને અનુસરીને પુષ્કળ તપજ કર્યા કરવું.૫૨ કેટલાએક વિદ્વાનો કહે છે કે, પોતાનો મોટો ભાઇ, એક ભાર્યાને પરણીને તુરતજ મરી ગયો હોય અને તેની ભાર્યા જો શુદ્ધયોનિ હોય તો તેના દિયરો વગેરે તેને પરણી શકે છે;પરંતુ બીજા કેટલાએક વિદ્વાનો કહે છે કે,એ પ્રવૃત્તિ કેવળ ઐચ્છિકજ છે, શાસ્ત્રવિધિને અનુસરતી નથી. આવા પ્રસંગને માટે જે આચાર્યોએ, અન્યોન્ય વાદવિવાદ ચલાવ્યો છે, તે સર્વનો છેવટે એજ નિશ્ચય થયો છે કે, “પાણિગ્રહણની પહેલાં હરિદ્રાસ્નાન આદિ સર્વ માંગલિક કાર્યો થઈ ગયાં હોય પણ પાણિગ્રહણને લગતા મંત્રો ભણાયા ન હોય, તેટલાજ સમયના અંતરમાં પરણનારનું જો મૃત્યુ થયું હોય, તો તેના નાના ભાઇઓ વગેરે તેને આપવા ધારેલી કન્યાસાથે વિવાહ કરી શકે છે; પણ તેમાં જો મિથ્યા ભાષણ કરવામાં આવે છે, તો પાપજ લાગે છે.૫૪ પાણિગ્રહણના મંત્રોની સંપૂર્ણ વિધિ, સપ્તપદીના સાતમા પગલામાં થઇ રહે છે—અર્થાત્ સપ્તપદી થઇ રહે એટલે પાણિગ્રહણનો વિધિ સિદ્ધ થઇ જાય છે અને તે સમયે જેના હાથમાં જળદાન આપીને કન્યાદાનનો સંકલ્પ કરવામાં આવે છે, તેની એ ભાર્યા થઇ ચૂકે છે.૫૫ એ પ્રમાણેજ કન્યાદાન આપવું જોઇએ, એમ વિદ્વાનો નિશ્ચયપૂર્વક કહે છે.ઉત્તમ બ્રાહ્મણે જે કન્યા પોતાને અનુકૂળ હોય, પોતાના વંશને યોગ્ય હોય, ભાઇવાળી હોઇને તેના ભાઇએ આપેલી હોય અને અગ્નિની સમીપમાં આપેલી હોય, તે કન્યાને શાસ્ત્રવિધિપૂર્વક અગ્નિની પ્રદક્ષિણા કરીને પોતાની ભાર્યાતરીકે સ્વીકારવી.૫૬

અધ્યાય ૪૪ મો સમાપ્ત

અધ્યાય ૪૫ મો

વિવાહધર્મકથન (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

कन्यायाः प्राप्तशुल्कायाः पतिश्चेन्नास्ति कश्चन।
तत्र का प्रतिपत्तिः स्यात्तन्मे ब्रूहि पितामह ॥

યુધિષ્ઠિરે પૂછયું:—“ એક કન્યાનું શુલ્ક આવી ગયું હોય પણ તે શુલ્ક આપનારો કન્યાનો પતિ પરદેશમાં હોય (અને તેના ભયથી કોઈ બીજો વર તે કન્યાને પરણી શકતો ન હોય) તેવે પ્રસંગે કન્યાના પિતાએ શું કરવું ?

ભીષ્મે કહ્યું:– જે કન્યા, પુત્રરહિત ધનવાનની પુત્રી હોય (અને તેને માટે શુલ્ક આપીને તેનો વર પરદેશમાં ગયો હોય, તે કન્યાનું તેનો વર આવે ત્યાંસુધી) તેના પિતાએ રક્ષણ કરવું;કેમકે જ્યાંસુધી વરે આપેલું શુલ્ક વરને પાછું આપવામાં ન આવે,ત્યાંસુધી તે કન્યા શુલ્ક આપનાર વરે વેચાતી લીધેલી ગણાય છે; (જેથી તે કન્યાને બીજા કોઇ પણ પુરુષને આપવાનો તેના પિતાને અધિકાર નથી.)[2] માત્ર તે શુલ્ક આપનારાને માટે ધર્મશાસ્ત્રાનુસાર ઉત્તમ વીર્યમાંથી પુત્રની ઇચ્છા કરવી;પરંતુ કન્યાનું બીજાની સાથે મંત્રપૂર્વક પાણિગ્રહણ કરાવી દેવું નહિ.[3] હવે, જે કન્યાનું શુલ્ક કોઇના તરફથી આવ્યું ન હોય, તે કન્યાએ પોતાના પિતાની આજ્ઞા લઇને (સાવિત્રીની પેઠે)પોતાની મેળેજ વરને પસંદ કરી લેવો; પરંતુ તે કન્યાના એ કર્મને કેટલાએક વિદ્વાનો વખાણે છે અને કેટલાએક વિદ્વાનો વખાણતા નથી; કેમકે એવું કર્મ પ્રાચીનકાળમાં કોઇએ પણ કર્યું નથી; છતાં કેટલાએક આચાર્યો કહે છે કે, શિષ્ટ મનુષ્યોનો આચાર અત્યંત શ્રેષ્ઠજ હોય છે અને ધર્મરૂપજ હોય છે. (માટે સાવિત્રીએ, પોતાના પિતાની આજ્ઞાને અનુસરીને સ્વતઃજ સત્યવાનને પોતાના વરતરીકે સ્વીકારી લીધો હતો તે અયોગ્ય ન ગણાય). આજ પ્રકરણના સંબંધમાં વિદેહરાજા મહાત્મા જનકના પૌત્ર સુક્રતુએ કહ્યું છે કે,[6] “જે માર્ગ અસત્ (દુષ્ટ) પુરુષોએ, આચરેલો હોય,

તેની પ્રશંસા કેવી રીતે થઇ શકે? અર્થાત્ પિતા હયાત હોય, છતાં તેની કન્યા પોતાની મેળેજ પતિને શોધી લે, એ વર્તન, "**न स्त्री स्वातंत्र्यमर्हति**- સ્ત્રી, સ્વતંત્રતાને યોગ્ય નથી" એ શાસ્ત્રીય આજ્ઞાથી વિરુદ્ધ હોવાને લીધે પ્રશંસાપાત્ર કેમ થઇ શકે? વળી કન્યાએ સ્વતંત્રરીતે પતિને શોધી લીધો અને પછી તેના સંબંધમાં કોઇ પ્રશ્ન કે સંશય ઉભો થાય ત્યારે, તેનો પિતા પોતેજ પ્રથમ આજ્ઞા આપી બેઠેલો હોવાથી તે કન્યાને ઉપાલંભ કેવી રીતે આપી શકે? અર્થાત્ નજ આપી શકે.[૭] માટે કન્યાને સ્વતંત્રતા આપીને તેની પસંદગી પ્રમાણે વર શોધી લેવાની આજ્ઞા આપવી, તે "સ્ત્રીઓ સ્વતંત્રતાને યોગ્ય નથી" એ ધાર્મિક આજ્ઞાનું ખંડન કરવારૂપ છે અને તે માર્ગ અસત અથવા દુષ્ટ હોઇને આસુર ધર્મરૂપ ગણાય છે. વળી એવા પ્રકારની પદ્ધતિ પ્રાચીન કાળના વિવાહોમાં કદી સાંભળવામાં આવીજ નથી."[૮] ઉપરાંત તે સુક્રતુરાજાએ કહ્યું છે કેઃ- "સ્ત્રી અને પુરુષનો પતિપત્નીતરીકેનો સંબંધ અત્યંત સૂક્ષ્મ છે-કેવળ શાસ્ત્રદ્વારાજ જાણી શકાય તેવો છે. (અને તે સંબંધ, સર્વાંગ ઉપસંહારવિના કદી સિદ્ધ થતો નથી.) માટે તે પતિપત્નીતરીકેનો સંબંધ, શાસ્ત્રીય મર્યાદાનો લોપ કરીને કેવળ રતિ (મૈથુન) રૂપ સાધારણ ધર્મનેજ લક્ષ્યમાં રાખીને ગમે તે પ્રકારે બાંધી લેવો નહિ. (પણ શાસ્ત્રીય આજ્ઞાને અનુસરીને બરાબર પરીક્ષા કરીનેજ તે સંબંધ બાંધવો.)"

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ- જે પુરુષ, અપુત્ર અવસ્થામાં મરણ પામ્યો હોય તેના ધનને, બીજા પુરુષો (તેના સંબંધીઓ અથવા દત્તક પુત્ર વગેરે) કયા આધારે લઇ શકે છે? હું ધારૂં છું કે, મરણ પામનાર પુરુષને જો કન્યા હોય છે તો તેજ તેના પુત્રતરીકે થવાને યોગ્ય છે (અને તે કન્યાજ તેના ધનની વારસ થવાને લાયક છે.)

ભીષ્મે કહ્યુંઃ- જેવો પોતાનો આત્મા તેવોજ પોતાનો પુત્ર ગણાય છે અને જેવો પોતાનો પુત્ર તેવીજ પુત્રી ગણાય છે; માટે પોતાની પુત્રી જ્યાંસુધી પોતાની પાસે હોય, ત્યાંસુધી બીજા ભાઇઓ વગેરે પોતાના ધનને કેમ લઈ શકે? (અર્થાત્ મરનાર પુરુષને જો પુત્રી હોય છે તો તેના ધનમાં તેના ભાઈઓ વગેરેનો કંઈપણ હક્ક નથી.)[૧૧] માતાનું જે કંઇ ધન હોય છે, તે પુત્રીનાજ ભાગરૂપ ગણાય છે;(પણ પુત્રોને મળતું નથી) અને જે પુરુષ પુત્રરહિત અવસ્થામાં મરણ પામે, તેનું ધન પણ તેની પુત્રીનેજ મળવું જોઈએ અથવા પુત્રી પણ મરણ પામી હોય, તો દૌહિત્રજ (પુત્રીનો પુત્રજ) તેના ધનને લઇ શકે છે;[૧૨] કેમકે પુત્રીનો પુત્ર, પોતાના પિતાને તથા માતાના પિતાને-બન્નેને પિંડદાન આપી શકે છે અને ધર્મદૃષ્ટિએ પણ પોતાના પુત્રમાં તથા પુત્રીના પુત્રમાં કંઇ વિશેષતા ગણાતી નથી.[૧૩] બીજી રીતે પણ કોઇએક પુત્રરહિત પુરુષને, પ્રથમ એકની એકજ પુત્રી હોય અને તેને લીધે તે પુત્રીને તેણે પુત્રતરીકે માની હોય અને પાછળથી તેને પુત્ર પણ થયો હોય ત્યારે, તેની મિલ્કતના પાંચ ભાગો પાડીને બે ભાગ પુત્રીને આપવા જોઈએ અને ત્રણ ભાગ પુત્રને આપવા જોઇએ; પણ જે પુરુષને માત્ર એક પુત્રીજ હોય અને તેણે કોઇએક સંબંધીના પુત્રને દત્તકતરીકે લીધો હોય, ત્યારે તો તે દત્તક પુત્રના કરતાં પોતાની ઔરસ પુત્રીજ શ્રેષ્ઠ ગણાય છે; જેથી પોતાની મિલ્કતના પાંચ ભાગ પાડીને ત્રણ ભાગ પોતાની પુત્રીને આપવા જોઇએ અને બે ભાગ દત્તક પુત્રને આપવા જોઇએ;[૧૪] પરંતુ જે કન્યાઓનું શુલ્ક લઈને તેઓને વેચી નાખવામાં આવી હોય છે, તેઓમાં જે પુત્રો ઉત્પન્ન થાય છે તેઓ, તેઓના પિતાનાજ ગણાય છે; માટે તેઓ, દૌહિત્રતરીકે ધનના ભાગીદાર ગણાય, એમાં ધર્મદૃષ્ટિએ હું કારણ જોઇ શકતો નથી; (અર્થાત્ પુત્રરહિત પિતાએ, કન્યાનો વિક્રય કર્યો હોય અને પોતે, એક દત્તક પુત્રને ખોળે લીધો હોય, ત્યારે પેલી વેચેલી કન્યાના પુત્ર કરતાં, દત્તક પુત્રનેજ તેણે શ્રેષ્ઠ માનવો જોઈએ અને દત્તક પુત્રનેજ પોતાની મિલ્કતનો વારસ ગણવો જોઇએ.) કેમકે કન્યાના વિક્રયપૂર્વક કરવામાં આવેલા આસુરવિવાહથી જે પુત્રો ઉત્પન્ન થાય છે, તેઓ અસૂયાશીલ હોય

છે, અધર્મિષ્ઠ હોય છે, પારકા ધનનું હરણ કરનારા હોય છે, શઠ હોય છે અને ધર્મથી વિરુદ્ધ વર્તન કરનારા હોય છે.[૧૬] એટલા માટેજ આ આસુર વિવાહની નિંદાના વિષયમાં, ધર્મશાસ્ત્રની ધર્મમર્યાદાઓથી બંધાયલા પ્રાચીન ધર્મવેત્તાઓ, યમે ગાયેલી આવી ગાથાઓને ગાય છેઃ-[૧૭]"જે મનુષ્ય, પોતાના પુત્રને વેચીને ધનની ઇચ્છા રાખે છે અને પોતાના જીવનનિર્વાહને માટે કન્યાનું શુલ્ક લઇને કન્યાને પરણાવે છે તે મૂઢ મનુષ્ય, સાત પ્રકારનાં નરકોમાં અધમ ગણાતા કાલસૂત્ર નામના મહાઘોર નરકમાં પડે છે અને ત્યાં પડયો પડયો પરસેવાનું, મૂત્રનું તથા વિષ્ઠાનું ભક્ષણ કર્યા કરે છે.[૧૮,૧૯] કેટલાએક વિદ્વાનો કહે છે કે, આર્ષ વિવાહમાં એક ગાય તથા એક બળદને (વર પાસેથી) લેવામાં આવે છે તે પણ શુલ્કજ ગણાય છે-કન્યાવિક્રયના ધનરૂપજ ગણાય છે;અને કેટલાએક વિદ્વાનો કહે છે કે, આર્ષ વિવાહમાં લેવાતા ગાયબળદને શુલ્ક માનવું તે મિથ્યા છે. હે રાજન્ ! મારો તો એ સંબંધમાં એજ મત છે કે, અલ્પ હોય કે બહુ હોય પણ વિક્રય તો છેજ-અર્થાત્ આર્ષ વિવાહમાં ગાયબળદરૂપ અલ્પધન લઇને પણ કન્યાનો વિક્રયજ કરેલો ગણાય છે. જો કે, આ ધર્મનું (આર્ષ વિવાહનું) પણ કેટલાએક મનુષ્યોએ આચરણ કરેલુંજ છે તોપણ એ સનાતન ધર્મ ગણાતો નથી. (કેમકે, તેમાં ગાયબળદરૂપ અલ્પ ધન લઇને પણ કન્યાનો વિક્રયજ કરવામાં આવે છે.) વળી બીજા કેટલાએક પુરુષો પણ લોકમાં જોવામાં આવે છે કે જેઓ, બળાત્કારે કન્યાનું હરણ કરીને રાક્ષસી પ્રવૃત્તિ (રાક્ષસી વિવાહ) કરે છે;[૨૧] પરંતુ તેઓ પોતાના બળથી વશ કરેલી કુમારીને કેવળ સ્વાચ્છંદ્યથીજ ભોગવે છે (નહિ કે કુમારીની ઈચ્છાથી તેને ભોગવે છે) માટે તેઓ પાપ કરનારા છે અને ઘોર નરકમાં પડનારા છે.[૨૨] શાસ્ત્રની એવી મર્યાદા છે કે, પોતાને ત્યાં ઉછરીને મોટા થયેલા એક પશુને પણ વેચી નાખવાને મનુષ્યને અધિકાર નથી. તોપછી પોતાની પ્રજા (પુત્ર કે પુત્રી) કે જે મનુષ્યરૂપે પોતાને ત્યાં અવતરેલી હોય છે.તેને વેચી નાખવાનો મનુષ્યને કેમ અધિકાર હોય ? ખરેખર, કન્યાવિક્રયથી પ્રાપ્ત થયેલા અધર્મમૂલક ધનથી કંઈજ ધર્મસિદ્ધ થતો નથી.[૨૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
" વિવાહ ધર્મવિષે યમની ગાથાઓ"
એ વિષયનો અધ્યાય ૪૫ મો સમાપ્ત

અધ્યાય ૪૬ મો

સ્ત્રીપ્રશંસા

॥ भीष्म उवाच ॥

प्राचेतसस्य वचनं कीर्तयंति पुराविदः ।
यस्याः किंचिन्नाददते ज्ञातयो न स विक्रयः॥

ભીષ્મે કહ્યું:-પ્રાચીન ઇતિહાસ વેત્તાઓ દક્ષ પ્રજાપતિનું આવું વચન કહે છે કે, જે કન્યાનાં કુંટુંબીઓ માતાપિતા વગેરે સંબંધીઓ) પોતાને માટે કંઇ ધન લેતા નથી. (માત્ર કન્યાને શણગારવામાટેજ વર પાસેથી દાગીના વગેરે લે છે અને તે દાગીના પાછા વરનેજ સ્વાધીન કરે છે) તો તે વિક્રય કર્યો ગણાતો નથી;[૧] કેમકે તે તો કન્યાઓનું સન્માન કર્યું ગણાય છે અને તેઓનાપર અત્યંત મમતા અથવા માયાળુતા પ્રદર્શિત કરેલી ગણાય છે. માત્ર મુખ્ય વાત એજ હોવી જોઇએ કે, કન્યાનિમિત્તે વર પાસેથી જે કંઇ લેવામાં આવ્યું, તે સમગ્ર કન્યાની સાથે વરને પાછું આપવું જોઇએ.[૨] જેઓને પોતાનું અત્યંત કલ્યાણ કરવાની ઇચ્છા હોય તેવા પિતાઓએ, ભાઈઓએ, સસરાઓએ તથા દિયરોએ, સ્ત્રીઓને ખૂબ માન આપવું અને વસ્ત્રાલંકારાદિથી તેઓને શણગારવી;[૩] કેમકે સ્ત્રી, પુરુષને જો રુચતી નથી અથવા હર્ષ ઉપજાવી શકતી નથી. તો પુરુષની અપ્રસન્નતાને લીધે સંતતિની વૃદ્ધિ થઈ શકતી નથી.[૪] માટે હે રાજા ! સ્ત્રીઓને નિત્ય માન આપવું અને ખાનપાનાદિથી લાડ કરવાં કેમકે, જ્યાં સ્ત્રીઓ પૂજાય છે-માનપાત્ર ગણાય છે,ત્યાં દેવતાઓ રમણ કરે છે;[૫] પરંતુ જ્યાં સ્ત્રીઓને માનપાત્ર ગણવામાં આવતી

નથી, ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ થાય છે અને જે કુળને માટે તેની કન્યાઓ શોક કરે છે, તે કુળ, સર્વથા વિનાશ પામે છે.[6] જે ગૃહોને, તેમાં ઉત્પન્ન થયેલી કન્યાઓ શાપ આપે છે તે ગૃહો, કૃત્યાઓએ જાણે કરડી ખાધાં હોય તેમ શોભતાં નથી; અને હે રાજા ! તેવાં ગૃહો, લક્ષ્મીથી હીન થઈ જઈને પ્રતિદિન અભ્યુદયને પામી શકતાં નથી.[7] ભગવાન મનુને, જ્યારે સ્વર્ગમાં જવાની ઇચ્છા થઇ હતી, ત્યારે તેમણે સર્વ પુરુષોને સ્ત્રીઓ સોંપી દઈને આ પ્રમાણે કહ્યું હતું કે:-"હે પુરુષો ! આ સ્ત્રીઓ બળરહિત છે, તત્કાળ તમને વશ થનારી છે, તમારાપર પ્રેમ રાખનારી છે, સત્યને જીતવાની ઇચ્છા રાખનારી છે, ઇર્ષ્યાળુ સ્વભાવની છે, માનની ઇચ્છા રાખનારી છે, ઉગ્ર સ્વભાવની છે, પ્રેમાળ છે અને બુદ્ધિરહિત છે, તોપણ તેઓ માનને યોગ્ય છે; માટે તમે તેઓને માન આપજો.[9] વળી ધર્માચરણ કરવામાં સ્ત્રીઓને કારણભૂત કરવામાં આવી છે, રતિભોગમાં પણ તેઓનેજ કેવળ કારણભૂત ગણવામાં આવે છે અને તેઓની પરિચર્યા એજ તેઓને નમસ્કારરૂપ છે, માટે તમારે તેઓને આધીન થઇને રહેવું.[10] સંતાનને ઉત્પન્ન કરવું, તે સંતાનનું રક્ષણ કરવું અને લોકવ્યવહારનું પ્રીતિપૂર્વક પાલન કરવું-એ સર્વ, કેવળ સ્ત્રીઓનેજ આધીન છે, તે તમે જુઓ.[11] તમે જો સ્ત્રીઓને માન આપશો તો તમારા સર્વ કાર્યોને સિદ્ધ કરી શકશો.

આ સ્ત્રીઓના સંબંધમાં જનકરાજાની પુત્રીએ (સીતાએ) એક શ્લોક ગાયો છે, તે આ પ્રમાણે છે:-[12]

नास्ति यज्ञक्रिया काचिन्न श्राद्धं नोपवासकम्
धर्मः स्वभर्तृशुश्रूषा तया स्वर्गं जयंत्युत ॥१३

સ્ત્રીઓને માટે કોઇ યજ્ઞક્રિયા નથી, કોઇ શ્રાદ્ધક્રિયા નથી અને તેઓને કોઇ ઉપવાસ કરવાની પણ જરૂર નથી. માત્ર પોતાના પતિની સેવા, એજ સ્ત્રીઓનો ધર્મ છે અને તે ધર્મના પ્રભાવથી સ્ત્રીઓ સ્વર્ગને જીતી શકે છે. સ્ત્રીની કુમાર અવસ્થામાં પિતા તેનું રક્ષણ કરે છે, તરુણ અવસ્થામાં પતિ તેનું રક્ષણ કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્રો તેનું રક્ષણ કરે છે. આ રીતે સ્ત્રી, સ્વતંત્રતાને યોગ્ય નથી.[14] હે ભારત ! સ્ત્રીઓ એજ લક્ષ્મીનું સ્વરૂપ ગણાય છે, માટે અભ્યુદયની આકાંક્ષા રાખનારાએ સ્ત્રીઓનો નિત્ય સત્કાર કરવો; કેમકે સારી રીતે રક્ષણ કરવામાં આવેલી અને વશ રાખવામાં આવેલી સ્ત્રી, સાક્ષાત્ લક્ષ્મીરૂપ થઇ પડે છે."

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "વિવાહધર્મવિષે સ્ત્રીઓની પ્રશંસા" એ વિષયનો અધ્યાય ૪૬ મો સમાપ્ત

અધ્યાય ૪૭ મો

પિતાની મિલ્કતના વિભાગ

॥ युधिष्ठिर उवाच ॥

सर्वशास्त्रविधानज्ञ राजधर्मविदुत्तम ।
अतीवसंशयच्छेत्ता भवान् वै प्रथितः क्षितौ ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે સર્વ શાસ્ત્રવિધિને જાણનારા ! હે ઉત્તમ રાજધર્મવેત્તા ! હે મહાસમર્થ પિતામહ ! તમે સર્વ પ્રકારના સંશયોનો સમૂળ નાશ કરનારતરીકે સર્વત્ર પ્રસિદ્ધ થયા છો. હે પિતામહ ! મને એક સંશય થયો છે, તેનું તમે સમાધાન કરો.હે રાજન્! અમને જે કંઇ સંશય થાય છે તેના સંબંધમાં (તમારાવિના) બીજા કોઇને અમે પૂછતા નથી.[2] હે મહાબાહુ ! ધર્મમાર્ગને અનુસરનારા પુરુષે શું કરવું યોગ્ય છે ? એ સર્વ તમે મને કહેવાને યોગ્ય છો.[3] હે પિતામહ ! બ્રાહ્મણ, ચાર સ્ત્રીઓને (પરણવી હોય તો) પરણી શકે છે, એવું શાસ્ત્રવિધાન છે. એક બ્રાહ્મણજાતિની સ્ત્રી, બીજી ક્ષત્રિયજાતિની સ્ત્રી, ત્રીજી વૈશ્યજાતિની સ્ત્રી અને કેવળ રતિનીજ (ધર્મની નહિ)* ઇચ્છાથી શૂદ્ર જાતિની સ્ત્રી.

---

* કેમકે, બ્રાહ્મણે, શૂદ્રજાતિની સ્ત્રી સાથે વિવાહ કરવો તે, ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ છે. ભગવાન મનુ કહે છે:-

" शूद्रां शयनमारोप्य ब्राह्मणो यात्यधोगति
जनयित्वा सुतं तस्यां ब्राह्मण्यादव हीयते"

આમ ચાર સ્ત્રીઓને બ્રાહ્મણ પરણી શકે છે.[૪] હે કુરુશ્રેષ્ઠ! તે સર્વ સ્ત્રીઓમાં પુત્રો ઉત્પન્ન થાય, ત્યારે તેમાંથી કયો પુત્ર, અનુક્રમે પિતાના ધનનો વારસ થવાને યોગ્ય થાય છે?[૫] હે પિતામહ! તે પુત્રોમાંથી કયા પુત્રે, કેટલો ભાગ પિતાના ધનમાંથી લેવો અને તેઓને માટે ધનનો વિભાગ કેવી રીતે પાડવો? એ વિષે તમે મને કહો, એમ હું ઇચ્છું છું.[૬]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણે વર્ણો દ્વિજાતિ કહેવાય છે અને એ ત્રણ વર્ણોમાંજ બ્રાહ્મણે વિવાહ કરવો એવો શાસ્ત્રવિહિત ધર્મ છે.[૭] હે શત્રુતાપન રાજા! બ્રાહ્મણ, શૂદ્રજાતિની સ્ત્રીને પોતાની ભાર્યા બનાવે, એમાં તેનું પોતાનું અજ્ઞાન, લોભ અથવા કામવાસના એ ત્રણજ કારણો હોવાં જોઈએ; કેમકે બ્રાહ્મણે, શૂદ્રકન્યા સાથે વિવાહ કરવો, એમ શાસ્ત્રમાં કોઈ સ્થળે કહેવામાં આવ્યું નથી.[૮] શાસ્ત્ર તો એમજ કહે છે કે, બ્રાહ્મણ, શૂદ્રજાતિની સ્ત્રીને પોતાના શયનમાં સૂવાડીને અધોગતિને પામે છે અને શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાનો પણ અધિકારી બને છે.[૯] ઉપરાંત શૂદ્રજાતિની સ્ત્રીમાં બ્રાહ્મણ સંતાનો ઉત્પન્ન કરે છે, તો તેને બમણું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

હવે હે ભરતવંશી યુધિષ્ઠિરરાજા! બ્રાહ્મણે, ચારે વર્ણની સ્ત્રીઓને પરણીને તે સર્વમાં પુત્રો ઉત્પન્ન કર્યા હોય, તો તેઓને ધનનો વિભાગ કેવી રીતે વહેંચી આપવો, તે વિષે હું તને કહું છું.[૧૦] જે પુત્ર, બ્રાહ્મણીથી ઉત્પન્ન થયો હોય તેણે પિતાના ધનમાંથી મુખ્ય ભાગ લેવો અને તે ઉપરાંત ઉત્તમ લક્ષણોવાળો એક બળદ તથા જે શ્રેષ્ઠ વાહન હોય તે લેવું.[૧૧] તે પછી બાકી જે ધન રહેલું હોય તેના દશ વિભાગ કરવા અને તેમાંથી પણ હે યુધિષ્ઠિર! બ્રાહ્મણીના પુત્રે ચાર વિભાગ લઈ લેવા.[૧૨] તે પછી જે પુત્ર ક્ષત્રિયાણીથી ઉત્પન્ન થયો હોય, તે પણ બ્રાહ્મણજ ગણાય છે, એમાં સંશય નથી; માટે તેણે પણ પોતાની માતાની વિશેષતા (શ્રેષ્ઠતા)-ને અનુસરીને પિતાના ધનમાંથી ત્રણ ભાગ લઇ લેવા;[૧૩] તેમજ હે યુધિષ્ઠિર! ત્રીજા વર્ણની વૈશ્ય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણપુત્રે, પોતાના બ્રાહ્મણ પિતાના ધનમાંથી બે ભાગ ગ્રહણ કરવા.[૧૪] હે ભારત! બ્રાહ્મણથી શૂદ્રા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર, પિતાના ધનમાંથી ભાગ લેવાને માટે નિત્ય અનધિકારીજ ગણાય છે, તોપણ બાકીનો એક ભાગ તેને અર્પણ કરવો; કેમકે તે પણ શૂદ્રા સ્ત્રીથી ઉત્પન્ન થયેલો એક પુત્રજ છે માટે તેને અલ્પ ધન પણ આપવુંજ જોઇએ.[૧૫] આ રીતે ધનના દશ વિભાગ કરીને અનુક્રમે સર્વ પુત્રોને (તેને તેની યોગ્યતા પ્રમાણે) વહેંચી આપવા; પરંતુ એક બ્રાહ્મણ, કોઇ એકજ વર્ણમાંથી બે–ચાર સ્ત્રીઓ પરણ્યો હોય અને તે સ્ત્રીઓમાં તેનાથી જે પુત્રો ઉત્પન્ન થયા હોય તેઓને તો સમાન રીતેજ ભાગ વહેંચી આપવો.[૧૬] જે પુત્ર,: બ્રાહ્મણથી શૂદ્રા સ્ત્રીવિષે ઉત્પન્ન થયેલો હોય છે તેને વિદ્વાનો બ્રાહ્મણ માનતા નથી, કેમકે તે બ્રાહ્મણના ધર્મ-કર્મમાં પ્રવીણ હોતો નથી; પરંતુ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણની સ્ત્રીઓમાં બ્રાહ્મણથી જે પુત્ર ઉત્પન્ન થાય છે, તે બ્રાહ્મણજ ગણાય છે.[૧૭] વળી ધર્મશાસ્ત્રમાં ચારજ વર્ણો કહેવામાં આવેલા છે અને પાંચમો વર્ણ ક્યાંય મળતો પણ નથી; માટે બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલા શૂદ્રાપુત્રે, પિતાના ધનમાંથી એક દશમો ભાગજ લેવો[૧૮] અને તે પણ પિતા આપે તોજ લેવો, અન્યથા તેનામાં ભાગ લેવાની યોગ્યતાજ નથી; પરંતુ હે ભારત! બ્રાહ્મણે, પોતાથી ઉત્પન્ન થયેલા શૂદ્રાપુત્રને પણ અવશ્ય, ધન આપવુંજ જોઇએ; કેમકે સર્વના પર દયા કરવી એ પરમ ધર્મ છે અને તે દયાને લીધેજ તેને ધન આપવામાં આવે છે.[૧૯] હરકોઇ સ્થળે પણ દયા કરવામાં આવે છે તેથી ગુણજ ઉત્પન્ન થાય છે, કંઇ અવગુણ ઉત્પન્ન થતો નથી.[૨૦] હે ભારત! બ્રાહ્મણને ચારે વર્ણની સ્ત્રીઓ હોય અને તેમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય વર્ણની

બ્રાહ્મણ, શૂદ્રજાતિની સ્ત્રીને પોતાના શયનમાંસૂવાડીને અધોગતિને પામે છે અને જો તેમાં પુત્ર ઉત્પન્ન કરે છે તો બ્રાહ્મણપણાથીજ ભ્રષ્ટ થાય છે.

સ્ત્રીઓમાં તેને પુત્રો થયા હોય કે ન થયા હોય તોપણ શૂદ્રા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રને તો, દશમા ભાગથી અધિક ધન આપવુંજ નહિ.[21] જે બ્રાહ્મણની પાસે ત્રણ વર્ષ ચાલે તેથી અધિક ધન હોય, તેણે તે દ્રવ્યમાંથી યજ્ઞયાગ કરી લેવા પણ વૃથા ધનનો સંચય કરવો નહિ.[22] પુરુષે, પોતાની સ્ત્રીને, ધનમાંથી ત્રણ હજાર રૂપીઆનોજ ભાગ આપવો અને સ્ત્રીએ પણ પોતાના પતિએ આપેલા ધનનો યોગ્ય રીતેજ ઉપભોગ કરવો.[23] અપુત્ર મરણ પામેલા પતિના ધનનો, તેની સ્ત્રીઓએ માત્ર ઉપભોગજ કરવો, એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે; પણ સ્ત્રીઓએ, પતિના ધનમાંથી કોઈ રીતે અપહાર કરવો નહિ.[24] હે યુધિષ્ઠિર! બ્રાહ્મણી સ્ત્રીને તેના પિતાએ જે ધન આપ્યું હોય તેને તેની કન્યાએજ લેવું; કેમકે જેવો પુત્ર છે તેવીજ પુત્રી છે અને શાસ્ત્રમાં પણ પુત્રીને પુત્રસમાનજ કહેવામાં આવી છે. આ રીતે હે ભરતશ્રેષ્ઠ! પિતાના ધનનો વિભાગ–પ્રકાર મેં તને કહ્યો. એ પ્રકારને અનુસરીનેજ પિતાના ધનમાંથી પુત્રોએ ભાગ પાડી લેવા; પણ અયોગ્ય રીતે પિતાનું ધન લેવું નહિ."[25,26]

યુધિષ્ઠિરે પૂછ્યું:–" બ્રાહ્મણથી શૂદ્રાસ્ત્રી વિષે ઉત્પન્ન થયેલા પુત્રને, તેના પિતાનું ધન ન આપવું એમ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે, તોપછી તેને દશમો ભાગ પણ કયા આધારે આપવામાં આવે છે? વળી બ્રાહ્મણથી બ્રાહ્મણીમાં ઉત્પન્ન થયેલો પુત્ર બ્રાહ્મણ ગણાય, એમાં તો કંઈ સંશયજ નથી; તેમજ બ્રાહ્મણથી ક્ષત્રિયાણીમાં તથા વૈશ્ય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રો પણ બ્રાહ્મણ થઇ શકે છે; છતાં હે મહારાજા! તેઓને વિષમ (ઓછોવધતો) ભાગ શામાટે મળે? કેમકે તમારા કહેવા પ્રમાણે ત્રણ વર્ણની સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલા તેઓ સર્વે, બ્રાહ્મણજ ગણાય છે. (અર્થાત્ બ્રાહ્મણીથી બ્રાહ્મણમાં ઉત્પન્ન થયેલા પુત્રને અધિક ભાગ મળે અને ક્ષત્રિયાણી તથા વૈશ્યામાં ઉત્પન્ન થયેલાને ઓછો ભાગ મળે તેનું કારણ શું?")[27-29]

ભીષ્મે કહ્યું:–" આ લોકમાં જે સ્ત્રી સાથે વિવાહસંબંધ કરવામાં આવે છે, તેને દારા કહેવામાં આવે છે; પણ તે સર્વ દારાઓ એકસરખી હોતી નથી, તેમાં ઘણીજ મોટી વિશેષતા રહેલી હોય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ ત્રણે વર્ણોની સ્ત્રીઓને પ્રથમ ભાર્યા બનાવે અને બ્રાહ્મણજાતિની સ્ત્રીને પાછળથી ભાર્યા બનાવે; છતાં તે બ્રાહ્મણ સ્ત્રી બીજી સર્વ સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ, પૂજ્ય અને અત્યંત માનપાત્ર ગણાય છે.[31] પોતાના પતિને સ્નાન કરાવવું, શણગારવો, દાતણ આપવું, નેત્રાંજન કરવું અને દેવપિતૃનું બલિદાન તૈયાર કરવું વગેરે બીજું જે કંઈ ધાર્મિક કાર્ય ઘરમાં કરવાનું હોય છે, તે સર્વ બ્રાહ્મણવર્ણની સ્ત્રી જ્યાંસુધી હાજર હોય છે, ત્યાંસુધી બીજા કોઇ વર્ણની સ્ત્રીને કરવાનો અધિકાર નથી; પરંતુ હે યુધિષ્ઠિર! બ્રાહ્મણનાં તે સર્વ કાર્યો, બ્રાહ્મણીનેજ કરવાનો અધિકાર છે.[32,33] અન્ન, પાન, પુષ્પો, વસ્ત્ર તથા અલંકાર વગેરે સર્વ, બ્રાહ્મણવર્ણની સ્ત્રીએજ પોતાના પતિને અર્પણ કરવાં; કેમકે બીજી સર્વ સ્ત્રીઓ કરતાં બ્રાહ્મણીજ અત્યંત શ્રેષ્ઠ ગણાય છે.[34] હે કુરુનંદન મહારાજા! મનુએ, જે ધર્મશાસ્ત્રની રચના કરેલી છે તેમાં પણ આ ધર્મજ સનાતનતરીકે જોવામાં આવે છે.[35] હે યુધિષ્ઠિર! ધર્મમર્યાદા એવી હોવાછતાં જે બ્રાહ્મણ, કામવાસનાને અધીન થઇને તેથી વિરુદ્ધ વર્તન કરે (એટલે બ્રાહ્મણસ્ત્રીને બીજી સર્વ સ્ત્રીઓ કરતાં અધમ ગણે અને તેને ધર્મકાર્યમાં મુખ્યતરીકે ન માને) તો સમજવું કે, તે બ્રાહ્મણ, પૂર્વોક્ત મતંગની પેઠે, બ્રાહ્મણક્ષેત્રમાં શૂદ્રથીજ ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ ચાંડાલ હોવો જોઇએ.*[36] હે રાજન્! બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલો બ્રાહ્મણીનો પુત્ર તથા ક્ષત્રિયાણીનો પુત્ર, બીજી દૃષ્ટિએ સમાન ગણાય છે તોપણ તેઓની માતા તરફ દૃષ્ટિ કરતાં તેઓ બન્નેમાં વર્ણની વિશેષતા તો રહેલીજ છે,[37] અને લોકમાં પણ એક ક્ષત્રિયાણી, બ્રાહ્મણજાતિની સ્ત્રી સાથે, જાતિમાં સમાન થઇ

---

* કેમકે એવો ન્યાય છે કે, 'कर्मणा ज्ञायते जातिर्भोगेन जायते कुलम्" કર્મથી જાતિ જણાય છે અને ભોગથી કુળ જણાય છે.'

શકતી નથીજ. માટે હે મહારાજા! બ્રાહ્મણીનો પુત્ર, બીજા વર્ણની સર્વ સ્ત્રીઓના પુત્રમાં પ્રથમ ગણાય છે અને અધિક યોગ્યતાવાળો ગણાય છે[38] અને તેથીજ તેને પિતાના ધનમાંથી સર્વના કરતાં અધિક ભાગ મળે છે. જેમ ક્ષત્રિયાણી, કદી બ્રાહ્મણીસમાન ગણાતી નથી, તેમ વૈશ્યજાતિની સ્ત્રી પણ, ક્ષત્રિયજાતિની સ્ત્રીસમાન કદી ગણાતી નથી; કેમકે હે યુધિષ્ઠિરરાજા! લક્ષ્મી, રાજ્ય, ભંડાર અને સમુદ્રસુધીની પૃથ્વીએ સર્વના અધિકારી કેવળ ક્ષત્રિયોજ છે, એવી શાસ્ત્રોક્ત મર્યાદા જોવામાં આવે છે અને ક્ષત્રિય, પોતાના શાસ્ત્રધર્મના પ્રભાવથી પુષ્કળ સંપત્તિ પ્રાપ્ત કરે છે.[39-41] હે રાજન્! દંડને ધારણ કરવો તે ક્ષત્રિયનોજ ધર્મ છે અને ક્ષત્રિયવિના બીજા કોઇ વર્ણથી જગતની રક્ષા પણ થઇ શકે નહિ. (માટેજ ક્ષત્રિયજાતિની સ્ત્રી, વૈશ્યજાતની સ્ત્રી કરતાં પણ ઉત્તમ ગણાય છે.) વળી હે રાજા! બ્રાહ્મણો તો મોટા ભાગ્યશાળી ગણાય છે અને દેવોના પણ દેવ કહેવાય છે; માટે તેઓની તો વિધિપૂર્વક પૂજા કરવામાંજ તત્પર રહેવું.[42] જે સમયે ઋષિઓએ રચેલો નિર્દોષ સનાતન ધર્મ નષ્ટ થતો જાણવામાં આવે છે, તે સમયે ક્ષત્રિયજ પોતાના શાસ્ત્રધર્મ પ્રમાણે વર્તીને તેની રક્ષા કરી શકે છે;[43] તેમજ ચોર લોકો સર્વ વર્ણોના ધનને તથા સ્ત્રીઓને ચોરી જવામાટે જ્યારે તૈયાર થાય છે, ત્યારે રાજાજ (ક્ષત્રિયજ) સર્વનું રક્ષણ કરનારો થઈ પડે છે. આવા હેતુથી ક્ષત્રિયાણીથી ઉત્પન્ન થયેલો પુત્ર, વૈશ્યજાતિની સ્ત્રીના પુત્ર કરતાં ઘણોજ ઉત્તમ ગણાય છે, એમાં સંશય નથી; માટે હે યુધિષ્ઠિર! તેણે પણ (બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલા ક્ષત્રિયાણીના પુત્રે પણ) પિતાના ધનમાંથી (વૈશ્યાના પુત્ર કરતાં) અધિક ભાગ લેવો."[45]

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે પિતામહ! જૂદા જૂદા વર્ણની સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણના પુત્રોએ કેવી રીતે ધનવિભાગ કરવો, તે વિષે તમે કહ્યું; પણ બીજા વર્ણના પુરુષોએ જૂદાજૂદા વર્ણોની સ્ત્રીઓમાં ઉત્પન્ન કરેલા પુત્રોએ, પિતાના ધનવિભાગમાં કયા નિયમને અનુસરવું? તે મને કહો."[46]

ભીષ્મે કહ્યું:– "હે કુરુનંદન! ક્ષત્રિયને પણ (પોતાની ઇચ્છા હોય તો) બે ભાર્યાઓ કરવાનો અધિકાર છે. એક પોતાના વર્ણની અને બીજી વૈશ્યના વર્ણની.) જો કે, ત્રીજી શૂદ્રજાતિની સ્ત્રી પણ ક્ષત્રિયને હોય છે, તોપણ શાસ્ત્રમાં તેમ કરવાનું કહ્યું નથી.[47] હે યુધિષ્ઠિર! જે ક્રમ બ્રાહ્મણના ધનવિભાગના સંબંધમાં કહેવામાં આવ્યો છે, તેજ ક્રમ ક્ષત્રિયોના ધનવિભાગના સંબંધમાંપણ સમજવો. માત્ર તેમાં ભિન્નતા એટલીજ છે કે, હે રાજા! ક્ષત્રિયના ધનના આઠ વિભાગ કરવા. તેમાંથી જે પુત્ર ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલો હોય, તેણે પિતાના ધનના ચાર ભાગ લેવા; ઉપરાંત પોતાના પિતાએ યુદ્ધમાં રથ, હાથી, ઘોડા, આયુધો અને કવચ વગેરે જે જે પદાર્થો મેળવ્યા હોય, તે પણ ક્ષત્રિયાણીના પુત્રેજ લેવા.[49] પછી વૈશ્યજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રે 'પિતાના ધનવિભાગમાંથી ત્રણ ભાગ લેવા અને છેલ્લો આઠમો ભાગ જે બાકી રહ્યો તેને ત્રીજી શૂદ્રા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રે ગ્રહણ કરવો. તે પણ પોતાનો પિતા જો આપે તોજ એ આઠમો ભાગ લઇ શકે છે; પણ પિતાએ નહિ આપેલો ભાગ લેવાનો શૂદ્રસ્ત્રીનાપુત્રને અધિકાર નથી. હે કુરુનંદન! વૈશ્યજાતિના પુરુષને, પોતાના વર્ણની વૈશ્યભાર્યાજ કરવાનો અધિકાર છે; છતાં બીજી શૂદ્રવર્ણની સ્ત્રીપણ કેટલાએક વૈશ્યોને હોય છે પણ તે શાસ્ત્રસંમત નથી.[51] હે ભરતશ્રેષ્ઠ કુંતાપુત્ર! પોતાની વૈશ્યજાતિની સ્ત્રીમાં તથા બીજી શૂદ્રજાતિની સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરનાર વૈશ્યે, પોતાના પુત્રોને કેવી રીતે ધનવિભાગ કરી આપવા, તેને માટે શાસ્ત્રકારોએ નિયમ કહ્યો છે.[52] હે ભરતશ્રેષ્ઠ રાજા! વૈશ્યના ધનના પણ પાંચ વિભાગ કરવામાં આવે છે અને પછી તેના પુત્રોને કેવી રીતે ભાગ આપવા, તે વિષે હું તને કહું છું.[53] જે પુત્ર વૈશ્યા સ્ત્રીવિષેજ ઉત્પન્ન થયેલો હોય, તેણે પોતાના પિતાના ધનમાંથી ચાર ભાગ લેવા અને પાંચમો ભાગ શૂદ્રા સ્ત્રીના પુત્રે ગ્રહણ કરવો.[54] તે પણ પોતાનો

પિતા જો આપે તોજ શૂદ્રાનો પુત્ર, ધનભાગને લઈ શકે છે,પણ પિતાએ નહિ આપેલા ધનને લેવાનો તેને અધિકાર નથી; કેમકે ત્રણે વર્ણના પુરુષોએ, શૂદ્રજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા શૂદ્રપુત્રને, પોતાનું ધન આપવું તે યોગ્ય નથી.[૫૫] જે પુરુષ શૂદ્રજાતિનો હોય છે, તેને તો પોતાની શૂદ્રજાતિનીજ ભાર્યા કરવાનો અધિકાર છે, બીજી કોઇપણ જાતીની સ્ત્રીને ભાર્યા કરવાનો તેને કોઈ રીતે અધિકાર નથી. જે પુરુષોએ, પોતાના વર્ણનીજ સ્ત્રીઓ સાથે વિવાહ કરેલો હોય છે, તેઓને તે સ્ત્રીઓમાં સેંકડો પુત્રો ઉત્પન્ન થાય તોપણ સર્વ પુત્રોને સમાન ભાગજ આપવા; કેમકે પોતાના સમાન વર્ણની સ્ત્રીથી ઉત્પન્ન થયેલા પુત્રોમાં, ન્યૂનાધિકતા ગણવામાં આવી નથી, પોતાની જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રોને સરખો ભાગજ આપવો. આ નિયમ સર્વ વર્ણના પુરુષોને માટે કહેવામાં આવ્યો છે.[૫૬,૫૭] માત્ર તેમાં એટલીજ વિશેષતા છે કે, જે પુત્ર સૌથી જયેષ્ઠ (મોટો) હોય, તેને સૌના કરતાં એક મોટો ભાગ આપવો, કે જે ભાગ સર્વ ભાગોમાં મુખ્ય હોય. આ રીતે હે પાર્થ ! બ્રહ્મદેવે પોતે આ દાયવિધિ (પિતાના ધનવિભાગની રીતિ) પૂર્વે કહેલી છે.[૫૮] હે રાજા ! પોતાના સમાન વર્ણની એકથી વધારે સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલા પુત્રોમાં પણ એક વિશેષતા રહેલી છે. તે એજ કે, જે સ્ત્રી સાથે પ્રથમ વિવાહ કરવામાં આવ્યો હોય, તે સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર જયેષ્ઠ (મોટો) ગણાય છે, માટે એ દૃષ્ટિએ સમાન વર્ણની સ્ત્રીઓમાં પણ જે જયેષ્ઠ પુત્ર હોય તેને એક મુખ્ય ભાગ આપવો, મધ્યમ પુત્રને (બીજા લગ્નની સ્ત્રીના પુત્રને) મધ્યમ ભાગ આપવો અને કનિષ્ઠ પુત્રને ત્રીજા લગ્નની સ્ત્રીના પુત્રને) કનિષ્ઠ ભાગ આપવો. એ પ્રમાણે સર્વ જાતિઓમાં પોતાની જાતિમાં ઉત્પન્ન થયેલો પુત્ર શ્રેષ્ઠ ગણાય છે અને એ વિષે,મરીચિના પુત્ર મહર્ષિ કાશ્યપે પણ એમજ કહ્યું છે."[૫૯-૬૧]

અધ્યાય ૪૭ મો સમાપ્ત

અધ્યાય ૪૮ મો

વર્ણસંકરકથન

॥ युधिष्ठिर उवाच ॥

अर्थाल्लोभाद्वा कामाद्वा वर्णानां चाप्यनिश्चयात्
अज्ञानाद्वापि वर्णानां जायते वर्णसंकरः ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:-પ્રજાઓમાં વર્ણસંકર ઉત્પન્ન થાય છે તેમાં હું ધારૂં છું કે, ધનનો લોભ, વિષયભોગની ઉત્કટ ઇચ્છા, અન્યોન્યના વર્ણનો અનિશ્ચય અથવા અજ્ઞાન-એમાંનુંજ કોઈએક કારણ હોય છે.[૧] હે પિતામહ ! એ રીતે જગતમાં ઉત્પન્ન થયેલી વર્ણસંકર પ્રજાઓનો ધર્મ કયો હોય છે અને તેને કરવાનાં કર્મો કયાં હોય છે ? તે મને કહો.[૨]

ભીષ્મે કહ્યું:-ચારે વર્ણો અને ચારે વર્ણોનાં કર્મોને પ્રજાપતિએ પૂર્વે, કેવળ યજ્ઞને માટેજ ઉત્પન્ન કરેલ છે.[૩] બ્રાહ્મણને ચાર સ્ત્રીઓ કરવાનો અધિકાર હોય છે. તેમાંથી પોતાના વર્ણની તથા ક્ષત્રિય વર્ણની ભાર્યામાં જે પુત્રો ઉત્પન્ન કરે છે તેઓને તેની પોતાનીજ જાતિના ગણવામાં આવે છે, (અર્થાત્ બ્રાહ્મણે, બ્રાહ્મણી તથા ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન કરેલા પુત્રોને બ્રાહ્મણ ગણવામાં આવે છે) પણ વૈશ્ય તથા શૂદ્રજાતિની સ્ત્રીમાં બ્રાહ્મણે ઉત્પન્ન કરેલા પુત્રોને બ્રાહ્મણ ગણવામાં આવતા નથી;પણ તેઓની માતાની જાતિના ગણવામાં આવે છે.*[૪] એક બ્રાહ્મ-

---

* ભગવાન મનુ પણ કહે છે:-

"स्त्रीष्वनंतरजातासु द्विजैरुत्पादितान् सुतान्।
सदृशानेव तानाहुर्मातृदोषविगर्हितान् ॥

બ્રાહ્મણે, ક્ષત્રિયે તથા વૈશ્યે, પોતાનાથી એક એક ઉતરતી જાતિની સ્ત્રીઓમાં જે પુત્રો ઉત્પન્ન કરેલા હોય છે, તેઓને તેઓના પિતાની જાતિનાજ ગણવામાં આવે છે. ભલે પછી તેઓ, પોતાની માતાની જાતિના દોષને લીધે કંઇક ઉતરતા ગણાય." અર્થાત્ બ્રાહ્મણે, ક્ષત્રિયે તથા વૈશ્યે પોતપોતાની જાતિમાં જે પુત્રો ઉત્પન્ન કરેલા હોય છે તેઓના કરતાં, પોતાનાથી એક એક ઉતરતી જાતિમાં ઉત્પન્ન કરેલા પુત્રો, કંઈક ઉતરતા ગણાય છે, છતાં તેઓ અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યજ ગણાય છે; પરંતુ બ્રાહ્મણે,

ણનોજ પુત્ર, શૂદ્રાસ્ત્રીમાં ઉત્પન્ન થયેલો હોય તો તેને માત્ર શબના કરતાં ઉત્કૃષ્ટ ગણવામાં આવે છે અને તેથીજ વિદ્વાનો તેને "પારશવ" કહે છે.+ એ પારશવ પુત્રે, નિત્ય પોતાના કુળની સેવા કર્યા કરવી.અને પોતાના ચારિત્ર્યનો કદી ત્યાગ કરવો નહિ[૫] વળી તેણે, સર્વ પ્રકારના ઉપાયો યોજીને પોતાના કુળનો ઉદ્ધાર કરવો,કુળની અભિવૃદ્ધિમાં એક સાધનભૂત થઇ પડવું અને પોતે બીજાઓ કરતાં મોટી વયનો હોય કે નાની વયનો હોય તોપણ તે વિષેનો કંઇ વિચાર નહિ કરતાં તેણે, બ્રાહ્મણવર્ણની સેવા કરવામાં તત્પર રહેવું અને નિત્ય દાન આપવામાં તત્પર રહેવું.[૬] ક્ષત્રિયને ત્રણ વર્ણની સ્ત્રીઓ કરવાનો અધિકાર છે. તેમાંથી બે સ્ત્રીઓમાં (પોતાના વર્ણની સ્ત્રીમાં તથા વૈશ્યવર્ણની સ્ત્રીમાં) તો ક્ષત્રિયજાતિનાજ પુત્રને તે ઉત્પન્ન કરે છે; પરંતુ હીનવર્ણની શૂદ્રાસ્ત્રીમાં ક્ષત્રિયથી જે પુત્રો ઉત્પંન્ન થાય છે,તેઓને ઉગ્રજાતિના શૂદ્રોજ કહેવામાં આવે છે, એમ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે.વૈશ્યને બે વર્ણનીજ સ્ત્રીઓ કરવાનો અધિકાર છે અને તે બંને સ્ત્રીઓમાં તેનાથી વૈશ્યજાતિનાજ પુત્રો ઉત્પન્ન થાય છે; તેમજ શૂદ્રને એકજ ભાર્યા કરવાનો અધિકાર છે અને તે ભાર્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય છે તે શૂદ્રજાતિનોજ કહેવાય છે.[૭,૮] હવે જે પુરુષ અધમ વર્ણનો હોય છે, છતાં પોતાના કરતાં ઉચ્ચ વર્ણની સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે અથવા લગ્ન કરે છે, તો ચારે વર્ણથી બાહ્ય ગણાતા અથવા ચારે વર્ણમાં નિંદ્ય ગણાતા ચાંડાલ આદિ પુત્રને ઉત્પન્ન કરે છે.[૯] જેમકે, એક ક્ષત્રિયજાતિનો પુરુષ, બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં વર્ણબાહ્ય સૂતજાતિના પુત્રને ઉત્પન્ન કરે છે, કે જે રાજાઓ વગેરેની સ્તુતિ કરે છે (અથવા રથ હાંકનાર સારથિતરીકેનું કામ કરે છે). વૈશ્યજાતિનો પુરુષ બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં જે પુત્ર ઉત્પન્ન કરે છે, તે વૈદેહકજાતિનો ગણાય છે. તેનું કાર્ય અંતઃપુરની રક્ષા વગેરેનું હોય છે અને વૈદિક સંસ્કારોને માટે તે અનધિકારી ગણાય છે.[૧૦] શૂદ્રજાતિનો પુરુષ, બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં જે પુત્ર ઉત્પન્ન કરે છે, તે ચાંડાલજાતિનો ગણાય છે, મહાઉગ્રકર્મ કરનારો થાય છે, વધપાત્ર ચોર વગેરેનાં શિરચ્છેદ આદિ કાર્યોને કરે છે અને શહેર તથા ગામની બહાર વસવાને યોગ્ય ગણાય છે. આ રીતે હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ રાજા! બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં, હલકા વર્ણના પુરુષોથી ઉત્પન્ન થયેલા કુલદૂષક પુત્રો, વર્ણસંકર જાતિના કહેવાય છે.[૧૧] હવે વૈશ્યજાતિના પુરુષથી, ક્ષત્રિયજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર, ભાટચારણનો ધંધો કરનાર માગધજાતિનો કહેવાય છે. તે રાજાઓ વગેરેનાં સ્તુતિવાક્યો બોલીને પોતાની આજીવિકા ચલાવે છે; તેમજ શૂદ્રજાતિના પુરુષથી, ક્ષત્રિયજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર નિષાદ* જાતિનો (અથવા ક્ષત્તાજાતિનો) કહેવાય છે અને તે મચ્છીમારનો ધંધો કરીને જીવન ચલાવે છે.‡[૧૨] વળી શૂદ્ર-

---

વૈશ્ય તથા શૂદ્રજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન કરેલા પુત્રો, અને ક્ષત્રિયે શૂદ્રજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન કરેલા પુત્રો, તેઓની માતાની જાતિનાજ ગણાય છે.

+આના સંબંધમાં પણ ભગવાન મનુ કહે છે:–

"**ब्राह्मणाद्वैश्यकन्यायामंबष्ठो नाम जायते ।**
निषादः शूद्रकन्यायां यः पारशव उच्यते॥"

બ્રાહ્મણથી વૈશ્ય કન્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય છે તે અંબષ્ઠજાતિનો કહેવાય છે; અને બ્રાહ્મણથી શૂદ્રકન્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય છે તે નિષાદ અથવા પારશવ જાતિનો કહેવાય છે.

વળી એક શ્રુતિ પણ કહે છે:–"**पद्युवा एतत् श्मशानं यच्छूद्रः**–" શૂદ્રમાં અને શ્મશાનમાં માત્ર તફાવત એટલોજ છે કે, પેલું શ્મશાન સ્થાવર શ્મશાન હોય છે ત્યારે શૂદ્ર પગવાળું જંગમ-શ્મશાન છે.

* બ્રાહ્મણથી શૂદ્રા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર પણ નિષાદજાતિનોજ ગણાય છે; પણ તેને અનુલોમ નિષાદજાતિ કહેવામાં આવે છે, કે જે શૂદ્રથી ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલા પ્રતિલોમ નિષાદજાતિના કરતાં ઉત્તમ ગણાય છે.

‡ મનુ ભગવાન કહે છે:–

"**शूद्रादायोगवः क्षत्ता चण्डालश्चाधमो नृणाम्**
वैश्यराजन्यविप्रासु जायन्ते वर्णसंकराः ॥"

શૂદ્રથી વૈશ્ય જાતિની સ્ત્રીમાં, ક્ષત્રિયજાતિની સ્ત્રીમાં તથા બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં અનુક્રમે

જાતિનો પુરુષ, વૈશ્યજાતિની સ્ત્રી સાથે મૈથુનકર્મમાં જોડાઇને આયોગવ જાતિના પુત્રને ઉત્પન્ન કરે છે; તે સુથારનો ધંધો કરે છે, તેના ધનનો બ્રાહ્મણોએ પ્રતિગ્રહ કરવો અયોગ્ય ગણાય છે અને તેણે પોતાના ધંધાથી મેળવેલા ધન ઉપરજ જીવન ચલાવવું.[૧૩] આ (અંબષ્ઠ, પારશવ, ઉગ્ર, સૂત, વૈદેહક, ચાંડાલ, માગધ, નિષાદ અને આયોગવ જાતિના) સર્વ વર્ણસંકરો પણ પોતપોતાની જાતિની સ્ત્રીઓમાં તથા પોતપોતાનાથી એક એક ઉતરતી જાતિની સ્ત્રીઓમાં પોતાની જાતિના પુત્રો ઉત્પન્ન કરે છે, પણ અત્યંત નીચ જાતિની સ્ત્રીઓમાં તો તે સ્ત્રીની જાતિનાજ અધમ પુત્રોને ઉત્પન્ન કરે છે.[૧૪] જેમ ચારે વર્ણોના પુરુષોથી પોતપોતાની જાતિમાં તથા પોતાનાથી એક એક ઉતરતી જાતિમાં, પોતાનાજ વર્ણના પુત્રો ઉત્પન્ન થાય છે; તેમ વર્ણસંકર જાતિના પુરુષોથી પણ પોતપોતાની જાતિમાં તથા પોતાનાથી એક એક ઉતરતી જાતિમાં પોતાની જાતિનાજ પુત્રો ઉત્પન્ન થાય છે.[૧૫] તાત્પર્ય કે,તે વર્ણસંકર પુરુષો પણ પોતપોતાની જાતિની સ્ત્રીઓમાં પોતાના સમાન વર્ણના પુત્રોને ઉત્પન્ન કરે છે અને પોતાનાથી ઉચ્ચ તથા પોતાનાથી અત્યંત નીચ જાતિની સ્ત્રીઓમાં તે સ્ત્રી જાતિના અધમ પુત્રોનેજ ઉત્પન્ન કરે છે.[૧૬] જેમ એક શૂદ્ર, બ્રાહ્મણજાતિની સ્ત્રીવિષે વર્ણબાહ્ય પુત્રને ઉત્પન્ન કરે છે, તેમ એક વર્ણસંકર જાતિનો પુરુષ પણ, ચાર વર્ણમાંહેની કોઈ સ્ત્રીમાં અથવા કોઇ સંકરજાતિની સ્ત્રીમાં, વર્ણબાહ્ય જાતિના કરતાં પણ અતિબાહ્ય જાતિને ઉત્પન્ન કરે છે.[૧૭] આ રીતે બાહ્ય અને બાહ્યાંતર પ્રજાથી પ્રતિલોમ સંતતિ પ્રતિદિન વધ્યે જાય છે અને એક હીનવર્ણમાંથી બીજા હીન વર્ણો ઉત્પન્ન થઈને પંદર પ્રકારના વર્ણસંકરો જન્મે છે.[૧૮] વર્ણસંકર પ્રજા, અગમ્યા સ્ત્રી સાથે ગમન કરવાથી ઉત્પન્ન થાય છે. (અર્થાત્ ઉચ્ચ વર્ણના પુરુષો પોતાનાથી નીચ વર્ણની સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરે અને નીચ વર્ણના પુરુષો પોતાનાથી ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરે અને તેથી જે પ્રજા ઉત્પન્ન થાય છે, તે વર્ણસંકર કહેવાય છે.) આ વર્ણસંકર પ્રજા, ચારે વર્ણથી બાહ્ય ગણાય છે અને તેમાં કેટલીએક ચોરી કરવાનો ધંધો કરનારી વર્ણસંકર જાતિ, પૂર્વોક્ત આયોગવ નામની જાતિમાં, સૈરંધ્રી નામની વર્ણસંકર જાતિ ઉત્પન્ન કરે છે. આ સૈરંધ્રીજાતિ, રાજાઓ તથા તેઓની રાણીઓને વસ્ત્રાલંકાર પહેરાવવા વગેરે કર્મને કરી જાણે છે અને તે જાતિ દાસના કુળમાં ઉત્પન્ન થયેલી હોતી નથી છતાં દાસનું કર્મ કરીને આજીવિકા ચલાવનારી હોય છે;[૧૯] તેમજ આ સૈરંધ્રજાતિની સ્ત્રીમાં, માગધજાતિનો પુરુષ, માગધ સૈરંધ્ર નામની જાતિના પુત્રને ઉત્પન્ન કરે છે, જે જાળવડે માછલાંઓ પકડીને પોતાનો નિર્વાહ ચલાવે છે. પૂર્વોક્ત વૈદેહ જાતિનો વર્ણસંકર પુરુષ, માગધજાતિની વર્ણસંકર સ્ત્રીમાં મૈરેયક જાતિના પુત્રને ઉત્પન્ન કરે છે, જે મધ બનાવવાનો ધંધો કરે છે.[૨૦] નિષાદજાતિનો વર્ણસંકર પુરુષ, સૈરંધ્ર જાતિની સ્ત્રીમાં મદ્ગુર જાતિના પુત્રને ઉત્પન્ન કરે છે, જે દાસ એવા નામથી પ્રસિદ્ધ હોય છે અને નૌકા ચલાવનાર ખારવાનો ધંધો કરીને આજીવિકા ચલાવે છે; તેમજ ચાંડાલ જાતિનો વર્ણસંકર પુરુષ, સૈરંધ્રજાતિની સ્ત્રીમાં શ્વપાક જાતિના પુત્રને ઉત્પન્ન કરે છે, જે શ્મશાનના અધિકારીતરીકે કામ કરે છે.[૨૧] આ ચાર જાતિના પુરુષોસાથે સમાગમ કરીને માગધજાતિની સ્ત્રી અનુક્રમે માંસ, સ્વાદુકર, ક્ષૌદ્ર અને સૌગંધ જાતિના ક્રૂર પુત્રોને ઉત્પન્ન કરે છે, કે જેઓ કપટ કરીને પોતાની આજીવિકા ચલાવનારા હોય છે.[૨૨] અત્યંત પાપિષ્ઠ વૈદેહક જાતિના વર્ણસંકર સાથે સમાગમ કરીને આયોગવ જાતિની સ્ત્રી, કપટથી જીવન ચલાવનારા ક્રૂર પુત્રને ઉત્પન્ન કરે છે. વળી તે આયોગવ જાતિની સ્ત્રી નિષાદજાતિના પુરુષ સાથે સમાગમ કરીને મદ્રનાભ જાતિના પુત્રને ઉત્પન્ન કરે

આયોગવ, ક્ષત્તા અને ચાંડાલજાતિના અધમ પુત્રો ઉત્પન્ન થાય છે, જેઓ મનુષ્યોમાં વર્ણસંકરતરીકે ઓળખાય છે.

છે, જે ગધેડાથી જોડેલા વાહનમાં બેસે છે; તેમજ એ આયોગવી સ્ત્રી ચાંડાલજાતિના પુરુષથી પુલ્કસજાતિના પુરુષને ઉત્પન્ન કરે છે, જે ગધેડાં, ઘોડા તથા હાથીનું માંસ ખાય છે, શબને ઓઢાડેલાં વસ્ત્રો પહેરે છે અને ભાંગેલાં (માટીનાં) વાસણોમાં ભોજન કરે છે.[૨૩,૨૪] આ રીતે આયોગવ જાતિની સ્ત્રીઓમાં અત્યંત હીનકર્મ કરનારા ત્રણ વર્ણો ઉત્પન્ન થાય છે અને નિષાદજાતિની સ્ત્રીમાં વૈદેહક જાતિના પુરુષથી ક્ષુદ્રજાતિનો પુરુષ ઉત્પન્ન થાય છે; તેમજ એ નિષાદ જાતિની સ્ત્રીમાં અંધ્રજાતિનો પુરુષ ઉત્પન્ન થાય છે, જે ગામની બહાર નિવાસ કરનારો હોય છે;[૨૫] અને તે નિષાદીમાંજ કારાવર નામની એક ત્રીજી જાતિનો પુરુષ પણ ઉત્પન્ન થાય છે. આ જાતિ, ચર્મકારનો (મોચીનો) ધંધો કરીને પોતાની આજીવિકા ચલાવે છે. ચાંડાલજાતિના પુરુષથી નિષાદજાતિની સ્ત્રીમાં પાંડુસૌપાક જાતિનો પુત્ર ઉત્પન્ન થાય છે, જે માંસનો વેપાર કરીને આજીવિકા ચલાવે છે.[૨૬] વૈદેહજાતિની સ્ત્રી, નિષાદજાતિના પુરુષ સાથે સમાગમ કરીને આહિંડકજાતિના પુત્રને ઉત્પન્ન કરે છે અને તેની તેજ સ્ત્રી, ચાંડાલજાતિના પુરુષ સાથે સમાગમ કરીને સૌપાકજાતિના પુત્રને ઉત્પન્ન કરે છે. આ સૌપાકજાતિનો પુરુષ, ચાંડાલસમાન વૃત્તિવાળોજ હોય છે;[૨૭] તેમજ નિષાદજાતિની સ્ત્રી, ચાંડાલજાતિના પુરુષસાથે સમાગમ કરીને અંતેવસાયીજાતિના પુત્રને ઉત્પન્ન કરે છે કે જે શ્મશાનમાંજ નિવાસ કરે છે અને વર્ણબાહ્ય વર્ણસંકરો પણ જેનો બહિષ્કાર કરે છે, એ પ્રમાણે પિતા તથા માતાના વ્યતિક્રમ (વર્ણભેદ)ને લીધે વર્ણસંકરજાતિઓ ઉત્પન્ન થાય છે, કે જેઓ ગુપ્ત હોય છે કે પ્રકટ હોય છે તોપણ પોતાનાં કર્મોદ્વારા જગતમાં જાહેર થાય છે. આ જાતિઓને માટે કોઇ ધર્મજ નથી; કેમકે વર્ણાશ્રમધર્મ કેવળ ચાર વર્ણોને માટેજ છે.[૨૯] વર્ણોમાં જેઓ ધર્મભ્રષ્ટ થઇને સંકરજાતિમાં ગયેલા છે, તેઓની કંઇ સંખ્યાજ નથી. (અર્થાત્ તેવી સંકરજાતિ અનેક છે.)[૩૦] જેઓ પોતાની જાતિ-વિજાતિનો વિચાર કર્યાવિના કેવળ કામાંધ થઈને અન્યોન્ય સાથે મૈથુનકર્મમાં જોડાય છે અને તેથીજ જેઓને યજ્ઞાધિકાર તથા સાધુસમાજથી બહિષ્કૃત કરવામાં આવેલા હોય છે, તેઓ વર્ણથી બાહ્ય થઈને સંકર પ્રજાતરીકે જન્મ પામે છે અને પોતાની ઇચ્છાનુસાર વર્તન કરીને પોતાની ઇચ્છામાં આવે તે આજીવિકાનો આશ્રય કરે છે.[૩૧] તેઓમાંના કેટલાએક ચૌટામાં, શ્મશાનમાં, પર્વતોમાં તથા વૃક્ષોનાં મૂળ નીચે નિવાસ કરે છે; લોખંડના અલંકારોને ધારણ કરે છે, કેટલાએક ખુલ્લી-રીતે પોતાનાં કર્મો કરીને લોકમાં વસે છે અને કેટલાએક પોતાનાં કર્મને અનુસરતા અલંકારો તથા ઉપકરણોનો ઉપયોગ કરીને સર્વત્ર રહે છે.[૩૨,૩૩] આ સર્વ વર્ણસંકર જાતિઓએ, ગાયો તથા બ્રાહ્મણોને અવશ્ય સહાય કરવી, સર્વના પર દયા રાખવી, સૌમ્ય થવું,સત્ય વાણી બોલવી અને ક્ષમા રાખવી. (કેમકે એજ તેઓનો સામાન્ય ધર્મ છે.)[૩૪] વર્ણોથી બાહ્ય ગણાતા સંકરજાતિના મનુષ્યો, પોતાના શરીરની પણ દરકાર રાખ્યાવિના બીજાનું રક્ષણ કરે છે, તો હે મનુષ્યવ્યાઘ્ર! તેઓનો અવશ્ય મોક્ષ થાય છે, એમાં મને લેશમાત્ર સંશય નથી.[૩૫] જો કે વસ્તુસ્થિતિ તો એવીજ છે કે, પ્રત્યેક બુદ્ધિમાન પુરુષે, શાસ્ત્રોક્ત ઉપદેશનો વિચાર કરીને, પોતાને માટે અધિકારી કહેવાયેલી પોતાનીજ જાતિની સ્ત્રીમાં સંતતિ ઉત્પન્ન કરવી જોઈએ; કેમકે જેમ એક પથ્થર, તરવાની ઈચ્છાવાળા પુરુષને અવશ્ય ડૂબાડી દે છે, તેમ હીનજાતિમાં ઉત્પન્ન કરેલો પુત્ર, સંસારથી મુક્ત થવાની ઇચ્છાવાળાને અવશ્ય અધમ ગતિમાંજ ધકેલી દે છે.[૩૬] આ જગતમાં જે પુરુષ અવિદ્વાન છે—અજ્ઞાની છે તેના સંબંધમાં તો કંઇ બોલવાનુંજ નથી; પણ જે પુરુષ વિદ્વાન હોય છે તેને પણ સ્ત્રીઓ, અવળે માર્ગે લઇ જાય છે અને કામ તથા ક્રોધના ફંદામાં ફસાવી દે છે;[૩૭] કેમકે પુરુષોને દૂષિત કરવા એજ સ્ત્રીઓનો સ્વભાવ હોય છે, માટે પ્રત્યેક વિદ્વાનપુરુષે, સ્ત્રીઓનાપર અત્યંત આ-

સક્ત થઈ જવું નહિ.[૩૮]

યુધિષ્ઠિરે પૂછ્યું:– એક પુરુષ નીચયોનિમાં ઉત્પન્ન થયો હોય, પોતાના વર્ણથી ભ્રષ્ટ થયો હોય અને ઉત્પત્તિથી અનાર્ય હોય છતાં એક આર્યગૃહે જન્મ્યો હોય જેથી તેનું વાસ્તવિક સ્વરૂપ જાણવામાં ન આવે, તો અમારે તેને કેવી રીતે ઓળખવો ?

ભીષ્મે કહ્યું:– જે પુરુષ સંકરયોનિમાં ઉત્પન્ન થયો હોય, તેને તેની ચેષ્ટાઓ કે જે આર્યપુરુષોથી ભિન્ન હોય છે, તે ઉપરથી ઓળખી કાઢવો; તેમજ એક પુરુષ અનાર્ય ગૃહે ઉત્પન્ન થયો હોય તોપણ સજ્જનોના જેવાં તેનાં કર્મો ઉપરથી તેને શુદ્ધયોનિમાં જન્મેલો જાણવો.[૩૯,૪૦] અનાર્યપણું, અનાચાર, ક્રૂરતા અને ધાર્મિક કર્મોથી ભ્રષ્ટતા–આ બધાં લક્ષણો, પુરુષને સંકરયોનિમાં ઉત્પન્ન થયેલો જગતમાં જાહેર કરે છે.[૪૧] સંકરજાતિમાં ઉત્પન્ન થયેલો મનુષ્ય પોતાના પિતાના અથવા માતાના શીલને અવશ્ય અનુસરે છે અથવા તો માતાના અને પિતાના બન્નેના શીલને અનુસરે છે; જેથી પોતાના મૂળ ઉત્પત્તિકારણને કોઇ રીતે ગુપ્ત રાખી શકતો નથી.[૪૨] જેમ એક વ્યાઘ્ર, પોતાનાં માતાપિતાના સમાન રૂપવાળોજ જન્મે છે અને પોતાનાં માતાપિતાની પેઠે શરીરે ચિત્રવિચિત્ર પટ્ટાઓને ધારણ કરે છે, તેમ મનુષ્ય પણ પોતાની મૂળજાતિને અવશ્ય પ્રકટ કરે છે; પણ ગુપ્ત રાખી શકતો નથી.[૪૩] જે મનુષ્યના કુળપ્રવાહમાં અત્યંત ગુપ્તરીતે પણ કોઈ યોનિસંકર થયો હોય છે, તો અવશ્ય તે વર્ણસંકર પુરુષ પોતાની મૂળજાતિના શીલનો થોડો ઘણો પણ આશ્રય કરેજ છે; (જેથી તે પ્રકટ થયાવિના રહેતો નથી.)[૪૪] કોઇએક પુરુષ, કૃત્રિમ અથવા કપટી માર્ગમાં ચાલે છે અને ઉપર ઉપરથી આર્યના જેવો દેખાવ અને આચાર કરી બતાવે છે, તોપણ કોઈ કાર્યના અંતિમ નિશ્ચયસમયે, તે પુરુષ ઉત્તમ વર્ણનો છે કે નીચવર્ણનો છે, એ વિષયને તેનું શીલ કહી બતાવે છે.*[૪૫] મનુષ્યો, અનેક પ્રકારનું આચરણ કરનારા હોય અને ભિન્ન ભિન્ન કર્મો કરવામાં આસક્ત રહેતા હોય, તોપણ તેઓનો જન્મ અને શીલ, કોઇને કોઇ સમયે પણ લોકમાં પ્રકટ થયાવિના રહેતાં નથી.[૪૬] જે પુરુષ, સંકરજાતિમાં ઉત્પન્ન થયેલો હોય છે, તેનું શરીર શાસ્ત્રીય બુદ્ધિથી કદી આકર્ષાઇ જતું નથી. (અર્થાત્ તેના શરીરને નીચમાર્ગ ઉપરથી સન્માર્ગે લઇ જઇ શકાતું નથી; કેમકે તેમાં તેના બીજગુણનું પ્રાબલ્ય હોય છે.) વળી તેના શરીરમાં કાળના ભેદપરત્વે ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠપણું પ્રાપ્ત થયેલું હોય છે તોપણ તેના શરીરને ઉત્પન્ન કરનારૂં જે સત્વ તેનામાં હોય છે, તેજ સદાને માટે તેના શરીરમાં સર્વોત્કૃષ્ટપણે સ્ફુરાયમાન રહે છે. (અર્થાત્ સંકરજાતિના પુરુષમાં બીજું કોઇપણ સત્વ ઉત્પન્ન થયેલું હોય છે, તોપણ તેના શરીરારંભક મૂળસત્વની પાસે, શરદૃઋતુનાં વાદળની પેઠે તે ટકી શકતું નથી.)[૪૭] કોઈએક પુરુષ કુળ અથવા વર્ણની દૃષ્ટિએ અત્યંત ઉત્તમ હોય તોપણ શીલ અથવા સદ્‌વર્તનથી રહિત હોય તો તેની પૂજા કરવી નહિ–તેને સન્માન આપવું નહિ; પણ એક શૂદ્રજાતિનો પુરુષ ધર્મવેત્તા હોય અને સદ્‌વર્તનશીલ અથવા સચ્ચારિત્ર્યવાન હોય તો અવશ્ય તેની પૂજા કરવી–તેને સન્માન આપવું.[૪૮] મનુષ્ય પોતાનાં શુભ–અશુભ કર્મોથી, શીલથી, ચારિત્ર્યથી તથા કુળથી પોતાના આત્માને ઓળખાવે છે અને છેક નષ્ટ થઈ ગયેલા પોતાના કુળને પણ મનુષ્ય, પોતાનાં કર્મોથીજ પ્રકાશમાં લાવે છે;[૪૯] માટે પ્રત્યેક વિદ્વાન મનુષ્યે, પૂર્વોક્ત હીન જાતિઓમાં તથા વર્ણસંકરજાતિઓમાં કદાપિ પ્રજોત્પાદન કરવું નહિ; પણ તે તે સર્વ જાતિઓના સંગનો સર્વથા ત્યાગ કરવો.[૫૦]

અધ્યાય ૪૮ મો સમાપ્ત

---

* કહેવાનો ભાવ એ છે કે, ઉત્તમ વર્ણમાં ઉત્પન્ન થયેલો પુરુષ, બહારથી ક્રૂર દેખાવનો હોય તોપણ કોઈસાથે કાર્ય કરતી વખતે દયાળુજ થાય છે અને નીચ વર્ણમાં ઉત્પન્ન થયેલો પુરુષ, ઉપર ઉપરથી કોમળ જણાતો હોય છે તોપણ બીજાએ કરેલા કાર્યના ફળ આપવાના સમયે દારુણ થાય છે.

અધ્યાય ૪૯ મો

પુત્રપ્રતિનિધિ કથન

युधिष्ठिर उवाच ॥

ब्रूहि तात कुरुश्रेष्ठ वर्णानां त्वं पृथक् पृथक् ।
कीदृश्यां कीदृशाश्चापि पुत्राः कस्य च के च ते

યુધિષ્ઠિરે પૂછયું:–હે તાત! હે કુરુશ્રેષ્ઠ! ભિન્ન ભિન્ન વર્ણોની કેવી સ્ત્રીઓમાં કેવા પુત્રો ઉત્પન્ન થાય છે અને તે પુત્રો કોના ગણાય છે? તે મને કહો.[૧] પુત્રોના સંબંધમાં અનેક વાદવિવાદો સાંભળવામાં આવે છે, જેથી હે રાજન્! એ વિષયમાં અમને મુંઝવણ થઈ પડે છે, માટે તમે અમારા સંશયને દૂર કરવા યોગ્ય છો.[૨]

ભીષ્મે કહ્યું:–પોતાનાજ વીર્યથી પોતાની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પોતાના ઔરસ પુત્રને પોતાનો આત્મજ જાણવો; તે સિવાય પોતાના કહેવાથી પોતાની સ્ત્રીમાં બીજાએ વીર્યસિંચન કરીને ઉત્પન્ન કરેલા પુત્રને નિરુક્તજ પુત્ર જાણવો; પોતે કહ્યું ન હોય છતાં પોતાની સ્ત્રીએ, બીજાની પાસે વીર્યસિંચન કરાવીને ઉત્પન્ન કરેલા પુત્રને પ્રસૂતજ જાણવો; કોઇએક પતિત પુરુષથી પોતાની ભાર્યામાં ઉત્પન્ન થયેલા પુત્રને પતિતજ જાણવો; બીજાએ આપેલા પુત્રને દત્તક પુત્ર જાણવો; બીજાની પાસેથી વેચાતા લીધેલા પુત્રને કૃતક જાણવો; કોઇએક કન્યા, ગર્ભવતી થઇને પરણી હોય અને તેનાથી જે પુત્ર જન્મે તેને અધ્યૂઢ જાણવો. વળી આ સિવાય છ અપધ્વંસજ પુત્રો થાય છે અને જે પુત્ર, સ્ત્રીની કન્યા અવસ્થામાંજ જન્મ્યો હોય, તે કામીન કહેવાય છે; તેમજ તે સિવાયના બીજા છ અપસદ જાતિના પુત્રો પણ થાય છે. આ રીતે હે ભારત! વીસ પ્રકારના પુત્રો મેં તને કહ્યા. તે સર્વને તારે પુત્રોજ જાણવા.[૩–૫]

યુધિષ્ઠિરે પૂછયું:–છ અપધ્વંસજ પુત્રો કયા? અને છ અપસદ પુત્રો કયા? તે સર્વ યથાર્થરીતે તમે મને કહો.[૬]

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર! બ્રાહ્મણથી ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રવર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા ત્રણ પુત્રો, ક્ષત્રિયથી વૈશ્ય અને શૂદ્રવર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા બે પુત્રો અને વૈશ્યથી શૂદ્રવર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો એક પુત્ર–આ છયે પુત્રો અપધ્વંસજ (અથવા અનુલોમજ) જાતિના જાણવા. તે સિવાય છ અપસદજાતિના પુત્રો પણ છે તેઓનું હું વર્ણન કરૂં છું, તું સાંભળ.[૭,૮] શૂદ્રથી બ્રાહ્મણજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો ચાંડાલજાતિનો એક પુત્ર, શૂદ્રથી ક્ષત્રિયજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો વ્રાત્યજાતિનો બીજો પુત્ર, શૂદ્રથી વૈશ્યજાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો વૈદ્યજાતિનો ત્રીજો પુત્ર, વૈશ્યથી બ્રાહ્મણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો માગધજાતિનો ચોથો પુત્ર, વૈશ્યથી ક્ષત્રિય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો વામકજાતિનો પાંચમો પુત્ર અને ક્ષત્રિયથી બ્રાહ્મણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો છઠ્ઠો પુત્ર કે જેને સૂતજાતિનો કહેવામાં આવે છે–આ છયેને અપસદ (અથવા વિલોમજ) જાતિના કહેવામાં આવે છે. હે રાજા! આ છયેને " પુત્રો નથી " એમ કહી શકાય તેમ નથી."[૯–૧૧]

યુધિષ્ઠિરે પૂછયું:–" હે પિતામહ! કેટલાએક કહે છે કે, એક પુરુષની સ્ત્રીમાં બીજાએ વીર્યસિંચન કર્યું હોય અને તેનાથી જે પુત્ર ઉત્પન્ન થાય છે, તે જેની સ્ત્રી હોય તેનો ક્ષેત્રજ પુત્ર ગણાય છે; અને જેણે વીર્યસિંચન કર્યું હોય છે તેનો શુક્રજ પુત્ર ગણાય છે; પરંતુ વાસ્તવિક રીતે તે કોનો પુત્ર ગણાય? તે મને કહો."[૧૨]

ભીષ્મે કહ્યું:–" જેમ પોતાની સ્ત્રીમાં પોતાનાજ વીર્યથી ઉત્પન્ન થયેલો ઔરસ પુત્ર પોતાનોજ ગણાય છે, તેમ પોતાની સ્ત્રીમાં બીજાએ વીર્યસિંચન કરીને ઉત્પન્ન કરેલો ક્ષેત્રજ પુત્ર પણ, વીર્યસિંચન કરનાર પુરુષે, વીર્યસિંચન કર્યાની નાકબૂલાત આપી હોય, તો પોતાનોજ (એટલે ક્ષેત્રપતિનોજ) ગણાય છે; તેમજ અધ્યૂઢ પુત્ર પણ (કુમારી અવસ્થામાં ગર્ભવતી થઇને પરણેલી સ્ત્રીનો પુત્ર પણ) વીર્યસિંચન કરનાર પુરુષે વીર્યસિંચન કર્યાની નાકબૂલાત આપી હોય તો, તેના પાલક પિતાનોજ (એટલે ગર્ભવતીને પરણનારા પુરુષનોજ) ગણાય છે;

પણ વીર્યસિંચન કરનારા કહે કે, અમે વીર્યસિંચન કરીને તે પુત્રને ઉત્પન્ન કર્યો છે, તો એ બન્ને પુત્રો (ક્ષેત્રજ અને અધ્યૂઢ), વીર્યસિંચન કરનાર પુરુષનાજ ગણાય છે, એમ તારે જાણવું."

યુધિષ્ઠિરે પૂછ્યું:–અમે તો એમજ જાણીએ છીએ કે, જેના વીર્યથી પુત્રની ઉત્પત્તિ થઈ હોય, તેનોજ તે પુત્ર ગણાય છે; તોપછી ક્ષેત્રજ પુત્રને તેના પાલક પિતાનો જણાવનારૂં શાસ્ત્ર, કયા આધારે તેમ કહે છે? તેમજ અધ્યૂઢ પુત્રને પણ જેના વીર્યથી તે ઉત્પન્ન થયો હોય તેનોજ અમે જાણીએ છીએ. તોપછી તે અધ્યૂઢ પુત્રને તેના પાલક પિતાનો જણાવનારૂં શાસ્ત્ર પણ કયા આધારે તેમ કહે છે? માત્ર વીર્યસિંચન કરનારા પુરુષોએ, વીર્યસિંચન કર્યાની નાકબૂલાત આપી તેથી તેઓ (ક્ષેત્રજ પુત્ર અને અધ્યૂઢ પુત્ર), તેના પાલક પિતાના કેવી રીતે ગણાય? [૧૩,૧૪]

ભીષ્મે કહ્યું:– "કોઈએક પુરુષ પોતે વીર્યસિંચન કરીને પરસ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરે અને પછી લોકાપવાદ આદિના ભયથી તેનો (પોતાના વીર્યથી ઉત્પન્ન કરેલા પુત્રનો) ત્યાગ કરે (એટલે તે પુત્ર ઉપરથી પોતાનો હક્ક છોડી દે) ત્યારે, તેનું વીર્ય તે પુત્રને ઉત્પન્ન કરવામાં કારણ થઇ શકતું નથી. આવા હેતુથીજ તે ક્ષેત્રજ પુત્ર, ક્ષેત્રના સ્વામીનો થઇ શકે છે.[૧૫] હે રાજા! પુત્રની ઇચ્છાવાળો એક પુરુષ, કેવળ પુત્રની ઈચ્છાથીજ એક ગર્ભવતી કન્યાને વરે તો એ કન્યાનો પુત્ર ક્ષેત્રજ હોઇને પરણનારનોજ ગણાય છે; પણ કન્યાની કુમાર અવસ્થામાં વીર્યસિંચન કરનારનો ગણાતો નથી.[૧૬] હે ભરતશ્રેષ્ઠ રાજા! પરક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો એક ક્ષેત્રજ પુત્ર, તેની આકૃતિ ઉપરથી ઓળખાય છે કે, આ પુત્ર અમુક પુરુષના જેવો છે છતાં તે પુત્ર, ઉત્પન્ન કરનારાનો નહિ ગણાતાં ક્ષેત્રના પતિને જ ગણાય છે. જો કે તે પુત્ર બીજા પુરુષને મળતા આવતા પોતાના સ્વરૂપને કોઇરીતે છૂપાવી શકતો નથી. કેમકે ઉત્પન્ન કરનાર પુરુષની આકૃતિને મળતી આવતી પોતાની આકૃતિપરથી પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપેજ તે થયો હોય છે. (છતાં તે ક્ષેત્રપતિનોજ ગણાય છે.)[૧૭] હે ભારત! કોઇ કોઇ સ્થળે બીજા પાસેથી વેચાતો લીધેલો એક કૃતક પુત્ર પણ કેવળ બીજા પાસેથી વેચાતો લીધેલો હોવાના કારણથીજ પુત્રરૂપે જોવામાં આવે છે. એ પુત્રમાં વીર્ય અથવા ક્ષેત્ર એમાંનું એક પણ કારણ હોતું નથી."[૧૮]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભરતવંશી પિતામહ! જેના સંબંધમાં વીર્ય અથવા ક્ષેત્ર એમાંનું એક પણ પ્રમાણ જોવામાં આવતું નથી, તે કૃતક પુત્ર વળી કેવા પ્રકારનો છે કે, જેને કેવળ પોતે સ્વીકાર્યો હોય છે તે ઉપરથીજ પુત્રતરીકે જાણવામાં આવે છે?"[૧૯]

ભીષ્મે કહ્યું:–" જે પુત્રને તેનાં માતાપિતાએ માર્ગમાં ત્યજી દીધો હોય અને જેનાં માતાપિતા જાણવામાં આવતાં ન હોય, તેવા પુત્રને કોઇએક પુરુષ પાળીપોષીને મોટો કરે તો તે પુત્ર, તેનો–પોષણ કરનારનોજ ગણાય છે અને તે પુત્ર કૃત્રિમ (કૃતક) કહેવાય છે;[૨૦] તેમજ એક પુત્ર, પોતાનાં માતાપિતારૂપ સ્વામીવિનાનો પ્રથમ જણાયો હોય અને તેને લીધે બીજી કોઇ જાતિના પુરુષે તેનું પોષણ કર્યું હોય પણ પાછળથી તેનાં માતાપિતા જાણવામાં આવ્યાં હોય છતાં તે પુત્ર, જેણે પોષણ કર્યું હોય તેની જાતિનોજ ગણાય છે.[૨૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! જેનાં માતાપિતા જાણવામાં આવતાં ન હોય તેવા પુત્રને આ કોનો પુત્ર છે? એ કેવી રીતે જાણવું અને તેવા પુત્રના પાલક પિતાએ તેને કયી જાતિના સંસ્કારો કરવા તેમજ તેને કયી જાતીની કન્યા પરણાવવી? તે મને કહો."[૨૨]

ભીષ્મે કહ્યું:–"જે પુત્રને તેનાં માતાપિતાએ ત્યજી દીધો હોય અને જેનાં માતાપિતા જાણવામાં આવતાં ન હોય તેવા પુત્રને, તેના પાલક પિતાની જાતિનાજ સંસ્કારો કરવા અને તેના પાલક પિતાની જાતિનીજ કન્યા પરણાવવી; કેમકે, તે પુત્ર, તેના પાલક પિતાનાજ વર્ણને (જાતિને) પામે છે.[૨૩] હે યુધિષ્ઠિર! જો કોઇ રીતે પણ તે પુત્રના ગોત્રનો તથા વર્ણનો નિશ્ચય થઇ શકે તો તેના પાલકપિતાએ, તેના

ગોત્રવર્ણનાજ સંસ્કારો કરવા અને તેના વર્ણ-તીજ કન્યા તેને પરણાવવી.૨૪ વળી તેવા પુત્રની માતાના વર્ણગોત્રનો પણ જો નિશ્ચય થાય તો તેની માતાના વર્ણગોત્ર પ્રમાણેજ તેના સંસ્કારો કરવા. હે યુધિષ્ઠિર! સ્ત્રીની કન્યાવસ્થામાં થયેલો કાનીન નામનો પુત્ર અને કન્યાવસ્થામાં ગર્ભિણી થઇને પરણેલીનો અધ્યૂઢ નામનો પુત્ર, મહાપાપી છે એમ સમજવું; તોપણ તેઓ બન્ને પુત્રોના સંસ્કારો, તેની માતાને પરણનારં પુરુષોએજ કરવા, એવો શાસ્ત્રમાં નિશ્ચય કરવામાં આવ્યો છે. વળી બ્રાહ્મણ આદિ સર્વ વર્ણોના પુરુષોએ ક્ષેત્રજ, અધ્યૂઢ અને અપસદ, એ ત્રણે જાતિના પુત્રોના, ઔરસ પુત્રના જેવાજ સંસ્કારો કરવા. આવો પ્રત્યેક વર્ણોના સંબંધમાં ધર્મશાસ્ત્રમાં નિશ્ચય જોવામાં આવે છે. આ રીતે પુત્રોના સંબંધમાં સર્વ વાત મેં તને કહી.હવે તારે બીજું શું સાંભળવું છે?૨૫-૨૭

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"પુત્રપ્રતિનિધિકથન" એ વિષયનો
અધ્યાય ૪૯ મો સમાપ્ત

અધ્યાય ૫૦ મો

ચ્યવન આખ્યાન અને ગોમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

दर्शने कीदृशः स्नेहः संवासे च पितामह ।
महाभाग्यं गवां चैव तन्मे व्याख्यातुमर्हसि ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! બીજાને પીડા પામતાં જોઇને અથવા બીજાઓની સાથે સહવાસ કરીને તેનાપર આપણે કેવી દયા કરવી જોઇએ અને ગાયોનું માહાત્મ્ય કેવું હોય છે? તે મને કહો."૧

ભીષ્મે કહ્યું:-હે મહાતેજસ્વી રાજા! ઘણાજ આનંદની સાથે હું તને એક પ્રાચીન વૃત્તાંત કહું છું, જેમાં રાજા નહુષનો તથા મહર્ષિ ચ્યવનનો સંવાદ કહેવામાં આવે છે.૨ હે ભરતશ્રેષ્ઠ રાજા! પૂર્વે મહર્ષિ ચ્યવન કે જે ભૃગુગોત્રના હતા, તેમણે એક સમયે જળમાં નિવાસ કરવારૂપ મહાન વ્રતનો આરંભ કર્યો.૩ તે મુનિએ માનનો, ક્રોધનો, હર્ષનો તથા શોકનો નાશ કરીને બાર વર્ષપર્યંત જળમાં નિવાસ કરવાનું વ્રત ધારણ કર્યું; અને પ્રભુ ચંદ્રમાની પેઠે પ્રાણીમાત્રના પર પરમ પવિત્ર વિશ્વાસ ઉત્પન્ન કર્યો તેમજ સર્વ જલચર પ્રાણીઓનાપર પણ વિશ્વાસ સ્થાપ્યો.૪,૫ તે પછી પવિત્ર થઇને તથા સર્વ દેવતાઓને પ્રણામ કરીને તે મહર્ષિએ, ગંગા તથા યમુનાના જળવિષે (એટલે ગંગા તથા યમુનાનો જ્યાં સંગમ થાય છે ત્યાં પ્રયાગક્ષેત્રમાં) પ્રવેશ કર્યો અને તે સમયે એક સ્થાણુ (સ્થંભ)ની પેઠે અત્યંત સ્થિર રહીને તેમણે વ્રતનો આરંભ કર્યો.૬ ગંગા તથા યમુનાનો વેગ કે જે મહાભયંકર અને ઘોર ગર્જના કરતો વાયુની પેઠે પોતાનીસામે ધસી આવતો હતો, તેને ચ્યવનઋષિએ, પોતાના મસ્તકવડે ધારણ કરવા માંડયો;૭ જેથી ગંગા, યમુના, બીજી નદીઓ (કે જેઓ ગંગાયમુનામાં મળતી હતી) અને સરોવરો પણ એ ઋષિને પ્રદક્ષિણા કરવા લાગ્યાં પણ પીડા ઉપજાવતાં ન હતાં.૮ હે ભરતશ્રેષ્ઠ રાજા! મહામુનિ ચ્યવન, કેટલાંએક વર્ષપર્યંત કાષ્ઠના જેવા થઈને જળમાં સૂઈ રહ્યા અને પછી તે બુદ્ધિમાન મુનિ, ઊર્ધ્વદૃષ્ટિ કરીને જળમાં બેસી રહ્યા.૯ એ સમયે જળમાં નિવાસ કરનારાં સર્વ પ્રાણીઓને તે મહર્ષિનું દર્શન અત્યંત પ્રિય થઇ પડયું હતું; જેથી તે સર્વ પ્રાણીઓ, મનમાં હર્ષ પામીને મુનિના હોઠને અત્યંત પ્રેમપૂર્વક સુંઘતાં હતાં.૧૦ એ રીતે ચ્યવનઋષિએ જળમાં નિવાસ કર્યો તે પછી ઘણો લાંબો સમય વીતી ગયો; એટલે એક દિવસે કેટલાએક મચ્છીમારો (માછલાં પકડવાની ઇચ્છાથી) હાથમાં જાળ લઈને તે પ્રદેશપર આવી પહોંચ્યા. (કે જ્યાં ચ્યવનઋષિએ જળનિવાસ કર્યો હતો.) હે મહાતેજસ્વી રાજા! તે મચ્છીમારો ભિલ્લજાતિના હતા, તેઓની સંખ્યા પુષ્કળ હતી, તેઓએ માછલાંઓને પકડી કાઢવાનો નિશ્ચય કર્યો હતો, તેઓ સર્વે શરીરે કદાવર હોઇને બળવાન હતા, શૂરવીર હતા અને ગમે તેટલું જળ હોય તોપણ પોતાના નિશ્ચ-

યથી પાછા ન હઠે તેવા હતા. આ સર્વ મચ્છીમારો, પાણીમાં જાળ પાથરવાનો નિશ્ચય કરીને તે પ્રદેશની પાસે આવી પહોંચ્યા; અને પછી હે રાજા! જે જળપ્રદેશમાં પુષ્કળ માછલાંઓ રહેતાં હતાં ત્યાં જઈને તેઓએ, આખી જાળને જળમાં પાથરી દીધી. તે મચ્છીમારોને હરકોઇ ઉપાયે પણ માછલાંઓને પકડી કાઢવાની મનમાં ઈચ્છા હતી; જેથી તેઓએ ગંગા તથા યમુનાના જળને ચોતરફથી જાળવડે ઘેરી લીધું અને પછી એક મોટી જાળ, કે જે ઘણીજ લાંબી અને પહોળી હતી અને નવા સૂતરથી ગુંથેલી હતી તેને તેઓએ જળમાં નાખી; તેમજ પોતે બધા પણ જળમાં ઉતરી પડીને તે મોટી જાળને ઘણાજ બળપૂર્વક ચોતરફથી ખેંચવા લાગ્યા.[૧૧–૧૭] તે સમયે તેઓનો દેખાવ નિર્ભયના જેવો જણાતો હતો, તેઓ અત્યંત હર્ષમાં આવી ગયા હતા અને અન્યોન્યની ઇચ્છાને અનુસરનારા દેખાતા હતા. હે મહારાજા! તે મચ્છીમારોએ, અનેક માછલાંઓને તથા જળચર પ્રાણીઓને એ જાળમાં બાંધી લીધાં, કે જેની વચ્ચે ભૃગુવંશના ચ્યવનઋષિ પણ દૈવેચ્છાથી બંધાઈ ગયા હતા. તે પછી તેઓએ, માછલાંઓથી ભરાઇ ગયેલી તે જાળને જળની બહાર ખેંચી કાઢી. તેવામાં જેમનું સમગ્ર શરીર નદીની શેવાળથી લેપાઇ ગયું હતું, જેમની દાઢી અને જટા લગભગ પિંગળા વર્ણની જણાતી હતી અને જેમનાં સર્વ ગાત્રોનો મધ્યભાગ જાણે ચિત્રોથી ચિતરી મૂક્યો હોય, તેમ અનેકાનેક શંખલાઓથી વ્યાપ્ત હતો. તે વેદપારંગત ચ્યવનઋષિને જાળમાં ખેંચાઇ આવેલા જોઇ પેલા સર્વ મચ્છીમારો, બે હાથ જોડી મસ્તક નમાવીને પૃથ્વીપર પડયા. (અર્થાત્ ચ્યવનઋષિને પગે પડયા.)[૧૮–૨૧] જાળમાં પકડાયલાં માછલાંઓ તો અત્યંત ખેદ અને ત્રાસને લીધે તેમજ જાળથી થયેલા આકર્ષણને લીધે જળની બહારના સ્થળપ્રદેશનો સ્પર્શ થતાંજ તત્કાળ મરણ પામ્યાં.[૨૨] મુનિ ચ્યવન, માછલાંઓનો તે સંહાર થયેલો જોઇને તેઓનાપર દયાને લીધે ઘેરાઈ ગયા અને વારંવાર નિઃશ્વાસ નાખવા લાગ્યા.[૨૩]

મચ્છીમારોએ કહ્યું:–" હે મહામુનિ! અમે અજ્ઞાનથી આપને બહાર ખેંચી કાઢીને જે પાપકર્મ કર્યું છે તેને માટે તમે અમારાપર કૃપા કરો. બોલો, અમે તમારૂં શું પ્રિય કરીએ? માછલાંઓના ઢગ વચ્ચે પડેલા ચ્યવનઋષિને મચ્છીમારોએ એ પ્રમાણે કહ્યું, એટલે તેમણે આવું વાકય કહ્યું:–" આજે મને જે ઉત્કટ ઇચ્છા થઇ છે તેનું તમે એકાગ્રચિત્તે શ્રવણ કરો. હું આ માછલાંઓની સાથેજ મારા પ્રાણનો ત્યાગ કરીશ અથવા તેઓની સાથે હું વેચાઇશ. મેં આ માછલાંઓની સાથે જળમાં નિવાસ કર્યો છે; તેથી મારાં સોબતી બનેલાં આ માછલાંઓનો ત્યાગ કરવાને હું ઉત્સાહ ધરાવી શકતો નથી."[૨૪–૨૬] ચ્યવનઋષિએ એ પ્રમાણે કહ્યું, એટલે પેલા મચ્છીમારો ભયને લીધે અત્યંત કાંપવા લાગ્યા, તેઓ સર્વ અત્યંત નિસ્તેજ મુખવાળા થઇ ગયા અને તત્કાળ નહુષરાજા પાસે જઇને એ વાત તેઓએ જાહેર કરી."[૨૭]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" ચ્યવન ઉપાખ્યાન " એ વિષયનો
અધ્યાય ૫૦ મો સમાપ્ત

અધ્યાય ૫૧ મો

ચ્યવનઆખ્યાન અનેગોમાહાત્મ્ય(ચાલુ)

॥ भीष्म उवाच ॥

नहुषस्तु ततः श्रुत्वा च्यवनं तं तथागतम् ।
त्वरितः प्रययौ तत्र सहामात्यपुरोहितः ॥१॥

ભીષ્મે કહ્યું:–ચ્યવનઋષિને એ સ્થિતિમાં જળમાંથી બહાર કાઢી નાખેલા સાંભળીને રાજા નહુષ પોતાના અમાત્યને તથા પુરોહિતને સાથે લઈને ઉતાવળો ઉતાવળો તે સ્થળે જઇ પહોંચ્યો;[૧] અને ત્યાં જઈને, સ્નાનાદિક શૌચક્રિયા કરીને યથાયોગ્ય રીતે સાવધાન થયેલો તે રાજા, બે હાથ જોડી મહાત્મા ચ્યવનઋષિની સમીપમાં ગયો અને પોતાનું આગમન તેમને જણાવવા લાગ્યો.[૨] તે સમયે હે રાજા! નહુષરાજાના પુરોહિતે પણ દેવતુલ્ય અને સત્યવ્રત

વાળા મહાત્મા ચ્યવનઋષિની પૂજા કરી.[૩]

પછી નહુષે કહ્યું:-" હે ઉત્તમ બ્રાહ્મણ ! હું તમારૂં શું પ્રિય કરૂં ? તે મને કહો. હે ભગવન્ ! આપ જે કહેશો તે અત્યંત દુષ્કર હશે તોપણ સર્વ પ્રકારે હું કરીશ."[૪]

ચ્યવને કહ્યું:-" આ મચ્છીમારોએ, મને તથા આ માછલાંઓને પકડવામાં ઘણો મોટો પરિશ્રમ કર્યો છે, માટે મારૂં તથા આ માછલાંઓનું મૂલ્ય તેઓને તું આપ. "[૫]

નહુષે કહ્યું:-" હે પુરોહિત ! ભગવાન ચ્યવનઋષિ જે પ્રમાણે કહે છે, તે પ્રમાણે તેમના મૂલ્યતરીકે એક હજાર સોનામહોરો, આ મચ્છીમારોને આપો. "[૬]

ચ્યવને કહ્યું:-" હે રાજા ! એકહજાર સોનામહોરોના જેટલુંજ મારૂં અલ્પ મૂલ્ય આંકવું એ યોગ્ય નથી. અરે ! શું તું એમ માને છે કે, મારી એટલીજ કિંમત છે? તું તારી બુદ્ધિસાથે નિશ્ચય કર અને મારૂં યોગ્ય મૂલ્ય આપ."[૭]

નહુષે કહ્યું:-" હે પુરોહિત ! આ મચ્છીમારોને એક લાખ સોનામહોરોનું મૂલ્ય આપો. હે ભગવન્ ! આપનું મૂલ્ય એટલુંજ છે કે, એથી વધારે આપ માનો છો ? "[૮]

ચ્યવને કહ્યું:-" હે શ્રેષ્ઠ રાજા ! મારૂં એક લાખ સોનામહોરોનું મૂલ્ય આંકવું તે પણ યોગ્ય નથી, માટે તારા અમાત્યોસાથે વિચાર કર અને મારૂં યોગ્ય મૂલ્ય આપ."[૯]

નહુષે કહ્યું:-" હે પુરોહિત ! આ મચ્છીમારોને એક કરોડ સોનામહોરોનું મૂલ્ય આપો અને એટલું પણ તેમનું (ચ્યવનઋષિનું) મૂલ્ય ન હોય તો એથી વધારે પણ આપો. "[૧૦]

ચ્યવને કહ્યું:-" હે મહાતેજસ્વી રાજા ! મારૂં એક કરોડ સોનામહોરો જેટલું મૂલ્ય આંકવું તે યોગ્ય નથી, માટે ફરી પણ બ્રાહ્મણો સાથે તું વિચાર કરીને મારૂં યોગ્ય મૂલ્ય આપ."[૧૧]

નહુષે કહ્યું:-" હે પુરોહિત ! આ મચ્છીમારોને અર્ધું રાજ્ય અથવા આખું રાજ્ય, આ મહર્ષિની કિંમતમાં આપી દો. હું તો આ ઋષિનું એજ મૂલ્ય માનું છું. તમે શું માનો છો ? "[૧૨]

ચ્યવને કહ્યું:-" હે રાજા ! અર્ધું રાજ્ય અથવા આખું રાજ્ય મારા મૂલ્યતરીકે ગણાય, એ હું યોગ્ય માનતો નથી; માટે ઋષિઓસાથે તું વિચાર કર અને મારૂં યોગ્ય મૂલ્ય આપ."

ભીષ્મે કહ્યું:-મહર્ષિ ચ્યવનનું એ વચન સાંભળીને રાજા નહુષ, દુઃખથી વ્યાકુળ થઇ ગયો. તેણે પોતાના અમાત્ય અને પુરોહિતસાથે એ વિષે વિચાર ચલાવવા માંડયો.[૧૪] તેવામાં એક ગવિજાત નામના મુનિ કે જે વનમાં રહેનારા હતા, બ્રાહ્મણોમાં ઉત્તમ હતા અને ફળ તથા મૂળનો આહાર કરનારા હતા, તેમણે નહુષની સમીપમાં આવીને તેને સંબોધીને કહ્યું કે:- " હે રાજા ! હું આ ઋષિને સત્વર પ્રસન્ન કરાવી આપીશ; જેથી તે સંતુષ્ટ થશે. હું કદી મશ્કરીમાં પણ અસત્ય વચન બોલતો નથી, તો પછી આવે પ્રસંગે તો અસત્ય વચન કેમજ બોલીશ ? માટે હું તને જે કહું તે તારે શંકા રાખ્યાવિના કરવું. "[૧૫-૧૭]

નહુષે કહ્યું:-"હે ભગવન્ ! ભૃગુવંશના આ મહર્ષિનું જે યોગ્ય મૂલ્ય હોય તેને આપ કહો. તમે મારા દેશની તથા મારા કુળની રક્ષા કરો;[૧૮] કેમકે આ ભગવાન જો ક્રોધાયમાન થશે તો ત્રણે લોકનો સંહાર કરી નાખશે; તોપછી તપરહિત અને કેવળ બાહુબળવાળા મારો નાશ કરશે, એમાં શું આશ્ચર્ય છે ?[૧૯] હે મહર્ષિ ! આ સમયે હું, મારા અમાત્ય અને પુરોહિતની સાથે અગાધ દુઃખરૂપી જળમાં ડૂબી રહ્યો છું, માટે અમને તરવામાટે તમે એક નૌકારૂપ થાઓ અને આ ઋષિના મૂલ્યનો નિશ્ચય કરો. "[૨૦]

ભીષ્મે કહ્યું:- નહુષનાં એ વચન સાંભળ્યા પછી પ્રતાપી ગવિજાત ઋષિ, સર્વ અમાત્યોને તથા રાજાને હર્ષ ઉપજાવતા બોલી ઉઠયા કે:-[૨૧] " હે મહારાજા ! વર્ણોમાં ઉત્તમ ગણાતા બ્રાહ્મણોનું તથા ગાયોનું મૂલ્ય આંકવું તે અશક્યજ છે; માટે હે પુરુષવ્યાઘ્ર ! એક ગાયને આ મહર્ષિના મૂલ્યતરીકે કલ્પો. "[૨૨] હે રાજા ! મહર્ષિ ગવિજાતનાં એ વચન સાંભળીને રાજા નહુષ, પોતાના અમાત્યો અને પુરોહિતની સાથે મોટા હર્ષમાં આવી ગયો.[૨૩]

તેણે તુરતજ ભૃગુવંશના તીક્ષ્ણ વ્રતધારી ચ્યવન ઋષિ પાસે જઇને, વાણીથી તેમને જાણે તૃપ્ત કરતો હોય તેમ આ પ્રમાણે કહ્યું. [૨૪]

નહુષે કહ્યું:–"હે બ્રહ્મર્ષિ ! ઉઠો, ઉઠો. હે ભાર્ગવ! તમને એક ગાયના મૂલ્યથી ખરીદી લેવામાં આવ્યા છે. હે ધાર્મિકશ્રેષ્ઠ ! હું માનું છું કે, તમારૂં મૂલ્ય એક ગાય જેટલું છે." [૨૫]

ચ્યવને કહ્યું:–" બહુ સારૂં. હે નિર્દોષ રાજેંદ્ર! હવે હું આ ઉઠયો; કેમકે, તેં મારૂં યોગ્ય મૂલ્ય આપીને મને ખરીદ્યો છે. હે અસ્ખલિત શક્તિવાળા રાજા! આ જગતમાં ગાયોના જેવું બીજું કંઈપણ ધન મારા જોવામાં આવતું નથી. [૨૬] હે વીર રાજા! ગાયનું નામોચ્ચારણ, ગાયના માહાત્મ્યનું શ્રવણ, ગાયનું દાન અને ગાયનું દર્શન એ સર્વ પ્રશંસાપાત્ર ગણાય છે, સર્વ પાપોનો નાશ કરનાર છે અને મંગળરૂપ છે. ગાયો, નિત્ય લક્ષ્મીનું મૂળ છે, ગાયોમાં કોઇ પાપી છેજ નહિ, ગાયો સદાય અન્નરૂપજ છે અને ગાયો દેવતાઓનું ઉત્તમ હવિષ્ય ગણાય છે. [૨૮] સ્વાહાકાર અને વષટ્કાર એ બંને ગાયોમાં નિત્ય સ્થિતિ કરી રહ્યા છે, ગાયો યજ્ઞની નેતાઓ છે અને ગાયો યજ્ઞનું મુખ છે. [૨૯] ગાયો કદી નાશ નહિ પામનારૂં દિવ્ય અમૃત ઝરે છે અને ધારણ કરે છે. માટેજ સર્વ લોકમાં નમસ્કારપાત્ર ગણાયલી એ ગાયો, અમૃતનું આશ્રયસ્થાન કહેવાય છે. [૩૦] તેજમાં તથા સ્વરૂપમાં ગાયો પૃથ્વીપર અગ્નિસમાન ગણાય છે, ગાયો મોટામાં મોટા તેજરૂપ છે અને ગાયો પ્રાણીમાત્રને સુખ આપનારી છે. [૩૧] ગાયોનું ટોળું નિર્ભય થઇને જે પ્રદેશ ઉપર બેઠેલું હોય છે, તે પ્રદેશને અત્યંત દીપાવે છે અને ત્યાં પોતાનો શ્વાસ કાઢે છે, તેથી એ પ્રદેશના સર્વ પાપને દૂર કરે છે. [૩૨] ગાયો સ્વર્ગની સીડી છે, ગાયો સ્વર્ગમાં પણ પૂજાયેલી છે અને ગાયો કામદુધા દેવીઓ છે; માટે ગાયો કરતાં બીજું કંઇ પણ શ્રેષ્ઠ નથી. [૩૩] હે નહુષરાજા ! એ પ્રમાણે ગાયોનું માહાત્મ્ય મેં તને કહ્યું; પણ તે તો ગાયોના ગુણોના એક ભાગનુંજ કથન છે. કેમકે, ગાયોના સમગ્ર ગુણોનું વર્ણન કદી થઇ શકતુંજ નથી. " [૩૪]

મચ્છીમારોએ કહ્યું:–" સત્પુરુષો કહે છે કે, કોઈ મનુષ્યસાથે માત્ર સાત પગલાં ચાલવાથીજ મિત્રતા બંધાય છે, તો હે સમર્થ મુનિ! અમે તો આપનું દર્શન કર્યું છે અને આપની સાથે વાર્તાલાપ પણ કર્યો છે; જેથી આપની સાથે અમારી મિત્રતા બંધાઇ છે અને તેથીજ આપે અમારાપર કૃપા કરવી યોગ્ય છે. [૩૫] હે ધર્માત્મા! જેમ અગ્નિ, સર્વ પ્રકારનાં હવિષ્યનો ઉપભોગ કરે છે, તેમ તમે પણ સર્વ ધર્મતત્ત્વોનો ઉપભોગ કરનારા હોઇને સર્વ પુરુષોમાં પ્રતાપી અગ્નિરૂપ છો. [૩૬] હે વિદ્વન્ ! આપને પ્રણામ કરીને પ્રસન્ન કરી અમે કહીએ છીએ કે, અમારાપર અનુગ્રહ કરવામાટે આ એક ગાયનો તમે પ્રતિગ્રહ કરો. " [૩૭]

ચ્યવને કહ્યું:–" જેમ બળતો અગ્નિ ઘાસની ગંજીને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ કૃપણ પુરુષની, મુનિની તથા સર્પની દૃષ્ટિ, મનુષ્યને સમૂળગો બાળી નાખે છે. [૩૮] હે મચ્છીમારો ! આ તમારી ગાયનો હું પ્રતિગ્રહ કરૂં છું; અને તમે હવે સર્વ પાપથી મુક્ત થઈને આ જળચર માછલાંઓની સાથે સત્વર સ્વર્ગમાં જાઓ."

ભીષ્મે કહ્યું:–તે પછી એ પવિત્રાત્મા મહર્ષિના પ્રભાવથી તે મચ્છીમારો, પેલાં માછલાંઓની સાથે તત્કાળ સ્વર્ગમાં ગયા. [૪૦] હે ભરતશ્રેષ્ઠ ! રાજા નહુષ, તે મચ્છીમારોને તથા માછલાંઓને સ્વર્ગમાં જતાં જોઇને પરમ વિસ્મય પામ્યો; [૪૧] અને પછી મહર્ષિ ગવિજાતે અને ભૃગુવંશના ચ્યવનઋષિએ, બે યોગ્ય વર આપીને નહુષરાજાને પ્રસન્ન કર્યો. [૪૨] તે સમયે મહાપરાક્રમી રાજા નહુષે, પ્રસન્નતાપૂર્વક કહ્યું કે:–"આપે મારાપર પૂર્ણ અનુગ્રહ કર્યો છે." [૪૩] તે પછી ઇંદ્રતુલ્ય રાજા નહુષે, તે બન્ને મુનિઓપ્રત્યે પ્રાર્થના કરી કે:–" ધર્મ ઉપર મારી અચળ નિષ્ઠા રહો. " એટલે તે બંને ઋષિઓએ પણ "તથાસ્તુ" એમ કહીને રાજાને પ્રસન્ન કર્યો અને પછી તે રાજાએ પણ તેઓ બંને ઋષિઓની પૂજા કરી. [૪૪] મહર્ષિ ચ્યવન, પોતાની વ્રતદીક્ષા જ્યારે સમાપ્ત થઇ, ત્યારે પોતાના આશ્રમમાં ગયા અને મહાતેજસ્વી ગવિજાતઋષિ

પણ પોતાના આશ્રમ તરફ ચાલી નીકળ્યા.[૪૫] હે રાજા! પેલા મચ્છીમારો અને માછલાં સ્વર્ગમાં ગયાં અને રાજા નહુષ પણ વર મેળવીને પોતાના નગરમાં દાખલ થયો.[૪૬] હે તાત યુધિષ્ઠિર! બીજાંઓને પીડા પામતાં જોઈને તથા બીજાંઓની સાથે સહવાસ કરીને કેવા પ્રકારની દયા કરવી જોઇએ અને ગાયોનું માહાત્મ્ય તથા ધર્મનો નિશ્ચય કેવો હોય છે, એ વિષે તેં મને પ્રશ્ન કર્યો હતો; જેથી મેં એ વૃત્તાંત તને કહ્યો. હે વીર! હવે પુનઃ હું તને શું કહું? શું પૂછવાની તારા મનમાં હજી ઇચ્છા છે?"[૪૮]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ચ્યવન ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૫૧ મો સમાપ્ત

અધ્યાય ૫૨ મો

કુશિકરાજાની સહિષ્ણુતા અને ચ્યવન ઋષિની અદ્ભુત તપઃશક્તિ

॥ युधिष्ठिर उवाच ॥

संशयो मे महाप्राज्ञ सुमहान् सागरोपमः ।
तं मे शृणु महाबाहो श्रुत्वा व्याख्यातुमर्हसि॥

યુધિષ્ઠિરે પૂછયું:—હે મહાબુદ્ધિમાન પિતામહ! મને સમુદ્રના જેવડો એક મોટો સંશય થયો છે. તેને મારી પાસેથી તમે સાંભળો અને સાંભળ્યા પછી તેને દૂર કરવાને કૃપા કરો. હે પ્રભો! મને જમદગ્નિના મહાધર્મિષ્ઠ પુત્ર પરશુરામના સંબંધમાં પરમ કુતૂહલ રહ્યા કરે છે, માટે તેમની ઉત્પત્તિવિષે મને કહો.[૨] એ સત્યપરાક્રમી પરશુરામ કેવી રીતે ઉત્પન્ન થયા હતા અને તેમનો જન્મ બ્રહ્મર્ષિના વંશમાં થયો હતો છતાં તે ક્ષાત્રધર્મી કેમ થયા હતા?[૩] હે રાજન્! એ પરશુરામની ઉત્પત્તિ મને સંપૂર્ણ રીતે તમે કહો. વળી કુશિકનો વંશ કે જે ક્ષત્રિયજાતિનો હતો તેમાંથી વિશ્વામિત્ર બ્રાહ્મણ કેવી રીતે થયા?[૪] ખરેખર, હે પુરુષવ્યાઘ્ર! મહાત્મા પરશુરામનો તથા વિશ્વામિત્રનો પ્રભાવ, અત્યંત મોટો હોઇને ઘણોજ આશ્ચર્યકારક હતો.[૫] ઋચીકઋષિના પુત્ર જમદગ્નિ બ્રાહ્મણ હતા; પરંતુ ઋચીકઋષિના પૌત્ર પરશુરામ ક્ષત્રિય થયા, તેમજ કુશિકરાજાનો પુત્ર ગાધિ ક્ષત્રિય હતો છતાં કુશિકરાજાનો પૌત્ર વિશ્વામિત્ર બ્રાહ્મણ થયો. આ રીતે ઋચીક તથા કુશીકના પુત્રોમાં ભિન્ન જાતિરૂપ દોષ ન હતો છતાં તેઓના પૌત્રોમાં ભિન્ન જાતિનો દોષ કેમ થયો? એ વૃત્તાંતને યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો.[૬]

ભીષ્મે કહ્યું:—હે ભારત! આ વિષયમાં પણ ચ્યવન તથા કુશીકના સંવાદરૂપ એક પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૭] પૂર્વે, ભૃગુવંશી ચ્યવનને પોતાના વંશમાં પ્રાપ્ત થનારો એ ભિન્ન જાતિરૂપ દોષ જ્યારે જાણવામાં આવ્યો, ત્યારે મહાબુદ્ધિમાન તે મહામુનિએ, તે દોષને લીધે પ્રાપ્ત થનારા ગુણદોષના બળાબળનો પણ મનમાં નિશ્ચય કર્યો; અને પછી કુશિકવંશના ક્ષત્રિયોના સર્વ કુળને બાળી નાખવાની તે તપોધને ઇચ્છા કરી.(કેમકે કુશીકવંશની કન્યા પોતાના વંશમાં આવવાની હતી અને તેને લીધેજ પોતાના વંશમાં એ દોષ પ્રાપ્ત થવાનો હતો.)[૮,૯] તે પછી ચ્યવનઋષિ, કુશિકરાજાને ત્યાં જઇને તેને આ પ્રમાણે કહેવા લાગ્યા:–"હે નિર્દોષ રાજા! મને તારી સાથે રહેવાની ઇચ્છા થઇ છે."[૧૦]

કુશિકે કહ્યું:–"હે ભગવન્! સાથે રહીને ધર્માચરણ કરવું, એ ધર્મ વિદ્વાનો, કન્યાદાન આપવાના સમયે વરવધૂપ્રત્યે કહે છે અને તે ધર્મનું વિદ્વાન મનુષ્યો પાલન પણ કરે છે;[૧૧] પરંતુ હે તપોધન! (બ્રાહ્મણે, ક્ષત્રિયસાથે રહીને ધર્માચરણ કરવું) આ વિષયમાં ધર્મદ્વાર(હદ)નું ઉલ્લંઘન થયેલુંજ ગણાય છે; તોપણ આપના કહેવાથી એ કાર્ય કરવામાટે હું તૈયાર છું. આપની શી અનુજ્ઞા છે?"[૧૨]

ભીષ્મે કહ્યું:–એમ કહીને કુશિકરાજાએ મહામુનિ ચ્યવનને આસન આપ્યું અને પછી તે મુનિ જ્યાં બેઠા હતા ત્યાં પોતાની સ્ત્રી સાથે તે હાજર થયો.[૧૩] રાજા કુશિકે, હાથમાં જળપાત્ર લઇને મુનિને પગ ધોવાનું જળ આપ્યું અને તે મહાત્માને લગતી બીજી સર્વ ધાર્મિક

ક્રિયાઓ પણ કરી.૧૪ તે પછી નિયમપૂર્વક વ્રતોનું પાલન કરનારા એ મહાત્મા રાજાએ, વ્યગ્રતારહિત થઇને ચ્યવનઋષિને વિધિપૂર્વક મધુપર્ક ગ્રહણ કરાવ્યો અને તે બ્રાહ્મણનો સત્કાર કરીને પુનઃ આ પ્રમાણે તેણે કહ્યું:-૧૫ "હે ભગવન્ અમે બન્ને દંપતી આપને અધીન છીએ; માટે બોલો, આપનું શું પ્રિય કરીએ? હે તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા મુનિ! આપને જો રાજ્ય જોઇતું હશે, ધન જોઇતું હશે, ગાયો જોઇતી હશે, યજ્ઞો કરવા હશે અથવા દાન આપવું હશે તો એ સર્વ હું આપને આપીશ; માટે આપની જે ઇચ્છા હોય તે કહો.૧૭ આ ગૃહ, આ રાજ્ય અને આ ધર્માસન આપનુંજ છે. આપ આ રાજ્યના રાજા છો, માટે આ પૃથ્વીનું રાજ્ય કરો. હું તો આપને અધીન રહેનારોજ છું."૧૮

રાજાએ એ પ્રમાણે કહ્યું, એટલે ભૃગુવંશી ચ્યવનઋષિએ, અત્યંત હર્ષમાં આવી જઇને કુશિકરાજાપ્રત્યે કહ્યું કે:-૧૯ "હે રાજન્! મને રાજ્યની, ધનની, સ્ત્રીઓની, ગાયોની, દેશોની કે યજ્ઞો કરવાની કામના નથી; પણ મારૂં આ વાક્ય તું સાંભળ.૨૦ મારે કોઇએક જાતનો નિયમ આરંભ કરવાની ઇચ્છા છે, માટે તમને બન્નેને જો રુચતું હોય તો (હું અહિં રહું ત્યાંસુધી) કોઇ જાતની શંકા રાખ્યાવિના તમારે બન્નેએ મારી સેવા કર્યા કરવી."૨૧

હે ભારત! ઋષિએ એ પ્રમાણે કહ્યું એટલે તેઓ બન્ને-રાજારાણી હર્ષ પામ્યાં અને તેઓએ "બહુ સારૂં" એમ ઋષિપ્રત્યે કહ્યું.૨૨ તે પછી કુશિકરાજાએ, હર્ષપૂર્વક એક ઉત્તમ ગૃહમાં ચ્યવનઋષિને પ્રવેશ કરાવ્યો અને તે ગૃહપ્રદેશમાં જે કંઈ બતાવવા જેવું હતું તે સર્વ એ ઋષિને બતાવ્યું અને કહ્યું:-૨૩ "હે તપોધન! આ આપને માટે શય્યા બિછાવી રાખી છે, માટે આપની ઈચ્છાનુસાર આમાં શયન કરજો. અમે બન્ને સ્ત્રીપુરુષ, આપને પ્રસન્ન કરવામાટે સર્વ પ્રકારે યત્ન કરીશું."૨૪ એ પ્રમાણે તેઓ વાતચીત કરતા હતા તેવામાં સૂર્યનો અસ્ત થયો, એટલે ઋષિએ પોતાનું ખાનપાન તૈયાર કરવામાટે રાજાને આજ્ઞા કરી.૨૫ ત્યારે કુશિકરાજાએ પ્રણામ કરીને ઋષિને પૂછ્યું કે:-"આપને કયું અન્ન ઇષ્ટ છે? આપને માટે કયું અન્ન હાજર કરૂં?"૨૬ તે સાંભળી હે ભારત! પરમ પ્રીતિપૂર્વક ઋષિએ રાજાપ્રત્યે કહ્યું:-"જે આહાર હમણાં તૈયાર કરવામાં આવ્યો હોય, તે આહાર તું મને આપ."૨૭ "બહુ સારૂં" એમ કહીને રાજાએ, ઋષિના વચનને માન આપ્યું અને પછી જે આહાર તૈયાર કરાવવામાં આવ્યો હતો તે આહાર તેમને લાવી આપ્યો;૨૮ એટલે, ભગવાન ચ્યવનઋષિએ, તે આહારનું ભોજન કર્યું અને પછી તે ધર્મવેત્તા મુનિએ રાજારાણીને કહ્યું કે,-"હું શયન કરવા ઈચ્છું છું, મને નિદ્રા પીડે છે."૨૯ એમ કહીને ઋષિઓમાં શ્રેષ્ઠ તે ભગવાન, શયનગૃહમાં દાખલ થયા અને સૂઇ ગયા. તે સમયે રાજા કુશિક તો પોતાની પત્નીસાથે ત્યાં ઉભોજ રહ્યો હતો.૩૦ પછી ભૃગુવંશી ચ્યવનઋષિએ રાજાને કહ્યું કે:-"હું જ્યારે સૂતો હોઉં ત્યારે તમારે મને જગાડવો નહિ, પણ મારા પગ દાબ્યા કરવા અને નિત્ય જાગ્યા કરવું."૩૧ તે સાંભળી, ધર્મવેત્તા કુશિકરાજાએ, કંઇપણ શંકા કર્યાવિના "બહુ સારૂં" એ પ્રમાણે કહ્યું; અને પછી રાત્રિ પૂરી થઇ ગઇ તોપણ તે રાજારાણીએ ઋષિને જગાડયા નહિ, પરંતુ હે મહારાજા! તેમની આજ્ઞા પ્રમાણે કેવળ સેવા કરવામાંજ તત્પર રહ્યાં અને નિત્ય જાગ્રત રહ્યાં.૩૨,૩૩ ભગવાન ચ્યવનઋષિ તો, રાજાને એ પ્રમાણે આજ્ઞા કરીને સૂતા હતા, તે બરાબર એકવીસ દિવસપર્યંત એકજ પડખે સૂઇ રહ્યા;૩૪ તોપણ હે કુરુનંદન! તે રાજા, પોતાની સ્ત્રીસાથે નિરાહાર રહીને હર્ષિત અંતઃકરણે ચ્યવન ઋષિની સેવા કરવા લાગ્યો અને તેમનું આરાધન કરવામાં તત્પર રહ્યો.૩૫ બરાબર, એકવીસ દિવસ પૂરા થયા એટલે તપોધન ચ્યવનઋષિ, પોતાની મેળેજ ઉઠીને ઉભા થયા અને તે મહાન તપસ્વી, કંઇપણ બોલ્યાવિના ઘરમાંથી બહાર નીકળી ગયા.૩૬ તે સમયે રાજા અને રાણી, એકવીસ દિવસનાં ભૂખ્યાં હતાં અને પરિશ્રમથી કૃશ થઇ ગયાં હતાં તોપણ તે ઋષિની

પાછળ પાછળ ચાલી નીકળ્યાં; પરંતુ એ મહામુનિએ તે દંપતી તરફ દૃષ્ટિ સુદ્ધાં કરી નહિ; ૩૭ અને ઉલટા તે દંપતીના દેખતાં ભૃગુવંશના ધુરંધર તે મહર્ષિ, અંતર્ધાન થઇ ગયા. તે જોઇ કુશિકરાજા, મૂર્છિત થઇને ધરણીપર ઢળી પડ્યો. ૩૮ તે પછી એક મુહૂર્ત જેટલો સમય વ્યતીત થયો એટલે બરાબર ભાનમાં આવીને મહાતેજસ્વી રાજા કુશિક, પોતાની રાણીની સાથે ઋષિની શોધ કરવામાં પરમ યત્ન કરવા લાગ્યો.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "ચ્યવન અને કુશિકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૫૨ મો સમાપ્ત

અધ્યાય ૫૩ મો

કુશિકરાજાની સહિષ્ણુતા અને ચ્યવન ઋષિની અદ્‌ભુત તપઃશક્તિ (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

तस्मिन्नंतर्हिते विप्रे राजा किमकरोत्तदा ।
भार्या चास्य महाभागा तन्मे ब्रूहि पितामह॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ! તે બ્રાહ્મણ અંતર્ધાન થઈ ગયા તે સમયે, રાજા કુશિકે અને મોટા ભાગ્યવાળી તેની ભાર્યાએ શું કર્યું હતું? તે મને કહો. ૧

ભીષ્મે કહ્યું:-તે રાજાએ, ઋષિને ક્યાંય જોયા નહિ ત્યારે, પોતાની ભાર્યાસાથે તે પાછો ફર્યો. તે વેળા એને ખૂબ થાક લાગ્યો હતો, ઋષિ નહિ મળેલા હોવાથી તેને લજ્જા આવતી હતી, તેની ચેતના પણ લગભગ નષ્ટ થઇ ગઇ હતી અને નગરીમાં દાખલ થઇને પણ તે એટલો બધો દીન થઇ ગયો હતો કે, કોઇની સાથે કંઇ બોલતો પણ ન હતો. માત્ર ચ્યવનઋષિના ચરિત્રનોજ તેના મનમાં વિચાર આવ્યા કરતો હતો. ૨,૩ તે પછી કેવળ શૂન્ય મનથી રાજાએ પોતાના ઘરમાં પ્રવેશ કર્યો, એટલે તેજ શયનમાં ચ્યવનઋષિને સૂતેલા તેણે જોયા. ૪ તે સમયે ઋષિને જોઇને તથા ઋષિના તે આશ્ચર્યકારક ચરિત્રનો વિચાર કરીને રાજા તથા રાણી પરમ વિસ્મય પામ્યાં; પરંતુ મુનિના દર્શનથી તેઓને વિશ્રાંતિ વળી. ૫ પછી પોતપોતાના યોગ્ય સ્થાને બેસી જઈને ફરી પણ તેઓએ ઋષિના પગ દાબવા માંડ્યા. એ વેળા પેલા મહામુનિ તો બીજે પડખે નિદ્રા કરી રહ્યા હતા. ૬ તે પરાક્રમી ઋષિ, પાછા એકવીસ દિવસ પૂરા થયા ત્યારેજ પુનઃ જાગ્રત થયા, છતાં શાપના ભયની શંકાવાળાં તે દંપતીએ, લેશમાત્ર વિકાર (ક્રોધ) કર્યો નહિ. ૭ હે ભરતવંશી રાજા! તે મુનિ, જ્યારે જાગ્રત થયા, ત્યારે તેમણે રાજારાણીને કહ્યું કે:-"હું સ્નાન કરવા ધારૂં છું, માટે મારે શરીરે તેલનું મર્દન કરો." ૮ "બહુ સારૂં" એમ કહીને ઋષિની આજ્ઞાનો તેઓએ અંગીકાર કર્યો અને પોતે ભૂખ્યાં હતાં તથા શ્રમથી કૃશ થયાં હતાં, તોપણ શતપાક નામનું મહાકિંમતી તેલ લઇને ઋષિનું અંગમર્દન કરવામાટે તેઓ હાજર થયાં. ૯ તે પછી ઋષિ સુખેથી બેઠા, એટલે તે દંપતીએ મૌનવ્રત ધારણ કરી તેમના શરીરપર તેલનું મર્દન કરવા માંડ્યું. (મર્દન કરતાં કરતાં ઘણો સમય ચાલ્યો ગયો) તોપણ મહાતપસ્વી ભાર્ગવ ચ્યવને, "હવે બસ" એમ તો કહ્યુંજ નહિ; છતાં તેઓને નિર્વિકાર જોઈને ચ્યવનઋષિ, એકાએક ઉભા થયા અને સ્નાનશાળામાં દાખલ થયા. ત્યાં પણ રાજાએ તેમને નહાવામાટે જળ તૈયાર રાખી મૂક્યું હતું; પરંતુ તે સર્વનો કંઇ ઉપયોગ કર્યાવિના તે મુનિ, રાજાના દેખતાંજ પુનઃ અંતર્ધાન થઈ ગયા. હે ભરતશ્રેષ્ઠ! તે વેળા પણ એ દંપતીએ તેમનાપર અસૂયા (ક્રોધ) કરી નહિ. ૧૦-૧૩ હે કુરુનંદન! તે પછી મહાસમર્થ ભગવાન ચ્યવને, સ્નાન કરીને સિંહાસનપર બેસી કુશિકરાજાને તથા તેની રાણીને દર્શન આપ્યાં. ૧૪ એટલે મુનિનાં દર્શન કરીને રાજાનું તથા રાણીનું મુખ હર્ષથી પ્રફુલ્લ થઇ ગયું અને પછી તે નિર્વિકાર રાજાએ, "અન્ન તૈયાર કરવામાં આવ્યું છે" એમ નમ્રતાપૂર્વક મુનિને નિવેદન કર્યું. ૧૫ ત્યારે મુનિએ પણ "બહુ સારૂં, લાવો" એમ રાજાપ્રત્યે કહ્યું. એટલે રાજારાણીએ તે તૈયાર કરવામાં આવેલા અન્નને હાજર કર્યું, કે જેમાં વિવિધ પ્રકારનાં માંસો જોવામાં આવતાં હતાં, અનેક પ્રકારનાં શાકો હતાં, અનેક

પ્રકારની માંસની ચટણીઓ હતી, પાચન થવામાં હલકાં પીણાંઓ હતાં, રસદાર મુરબ્બાઓ હતા, માલપુડાઓ હતા, તરેહ તરેહના લાડુ હતા, ભાત ભાતની સુખડીઓ હતી, અનેક પ્રકારના રસો હતા, વનના મુનિઓને ભક્ષણ કરવાયોગ્ય ભોજન હતું, રાજાઓએ ખાવાયોગ્ય અનેક પ્રકારનાં પુષ્કળ ફળો હતાં, તેમાં બોર, ઇંગોરિયાં, ભીલામાં વગેરે ફળો પણ હતાં, ગૃહસ્થોને ભોજન કરવાયોગ્ય પદાર્થો તેમાં જોવામાં આવતા હતા અને વનવાસીઓને ભોજન કરવાયોગ્ય પદાર્થો પણ તેમાં મૂકેલા હતા. એ પ્રમાણે મુનિના શાપના ભયથી તે સર્વ આહાર રાજાએ મંગાવ્યો[૧૬-૨૦] અને ચ્યવનઋષિની આગળ નિવેદન કર્યો. ત્યારે ભૃગુનંદન ચ્યવનમુનિએ, તે સર્વ આહારને તથા શય્યા-આસન વગેરેને એક સ્થળે આણી મંગાવીને ઉત્તમ વસ્ત્રોથી ઢાંકી દીધાં અને પછી ભોજનની સામગ્રીસહિત તે સર્વ પદાર્થોને સળગાવી દીધા;[૨૨] છતાં પણ અતિમહાન બુદ્ધિમાન તે દંપતીએ મુનિનાપર ક્રોધ કર્યો નહિ. તે સમયે વળી પણ એ રાજારાણીના દેખતાં મુનિ અંતર્ધાન થઈ ગયા;[૨૩] પરંતુ શ્રીમાન કુશિક રાજર્ષિ તો તે દિવસની આખી રાત્રિસુધી પોતાની પત્નીસાથે ત્યાં ને ત્યાં ઉભો રહ્યો, પણ વાણીને નિયમમાં રાખીને તેણે ક્રોધ તો કર્યોજ નહિ.[૨૪] પોતાના રાજગૃહમાં અનેક પ્રકારનું અન્ન પ્રતિદિન તૈયાર કરવામાં આવતું હતું, મુખ્ય મુખ્ય શયનો બિછાવવામાં આવતાં હતાં, પુષ્કળ સ્નાનજળના પ્રકારો હાજર રાખવામાં આવતા હતા અને વિવિધ પ્રકારનાં વસ્ત્રો હમેશાં ખરીદવામાં આવતાં હતાં; જેથી ચ્યવનઋષિથી એ રાજાનો કોઇ પણ અપરાધ જોઇ શકાયો નહિ.[૨૫,૨૬] તે પછી એક સમયે બ્રહ્મર્ષિ ચ્યવને, કુશિકરાજાને કહ્યું કેઃ- "તું અને તારી ભાર્યા, એક રથમાં જોડાઈને હું જ્યાં લઇ જવામાટે કહું ત્યાં મને લઇ જાઓ." [૨૭] "બહુ સારૂં" એમ કહીને રાજાએ નિઃશંક થઇને તપોધનને પૂછ્યું કેઃ-"હે ભગવન્ ! આપને બેસવામાટે ક્રીડારથ તૈયાર કરૂં કે લડાયક રથ તૈયાર કરૂં ?" રાજાએ હર્ષપૂર્વક એ પ્રમાણે પૂછ્યું, એટલે ચ્યવનઋષિએ પણ શત્રુનગરને જીતનારા તે રાજાપ્રત્યે પ્રસન્ન થઇને આવું વચન કહ્યુંઃ-[૨૮,૨૯] "જે તારો લડાયક રથ હોય તેને તું સત્વર તૈયાર કર. એ રથમાં આયુધો હોવાં જોઇએ, પતાકાઓ બંધાવી જોઇએ, શક્તિ નામનું હથિયાર હોવું જોઇએ, સોનાની છડી હોવી જોઇએ, ઘુઘરીઓનો ઘણઘણાટ થવો જોઇએ, તોરણો બંધાવાં જોઇએ અને તે રથ સુવર્ણથી મઢેલો હોઇને સેંકડો પ્રકારનાં ઉત્તમ બાણોથી ભરપૂર હોવો જોઇએ."[૩૦,૩૧] "જેવી આજ્ઞા" એમ કહીને રાજાએ તે મહાન રથ તૈયાર કર્યો અને પછી તે રથમાં વજ્રસમાન તીક્ષ્ણ અણીવાળી લાકડી તથા ચાબૂક મૂકીને તે રાજાએ પોતાની સ્ત્રીને રથની ડાબી ઝુંસરીએ જોડી અને પોતે રથની જમણી ઝુંસરીએ જોડાયો. તે પછી તેણે કહ્યું કેઃ-"હે ભગવન્ ! આ રથને ક્યાં લઈ જવાનો છે ? હે ભૃગુનંદન ! આપ આજ્ઞા કરો. હે બ્રહ્મર્ષિ ! આ ઉપર બેસીને આપ જ્યાં લઇ જવાને કહેશો ત્યાં આ રથ જશે."[૩૨-૩૪] રાજાએ એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન ચ્યવને તેને આજ્ઞા કરી કે, "અહીંથી તારે એક એક પગલું આગળ ચાલવું અને તે પણ ધીમે ધીમે ચાલવું; જેથી મને પરિશ્રમ ન લાગે. વળી તમારે બંનેએ મારી ઇચ્છાનુસાર ચાલવું, મને સુખ ઉપજે તેમ રથને ખેંચવો, આ સર્વ મનુષ્યોને પણ તેઓની ઇચ્છા પ્રમાણે જોવા દેવાં અને માર્ગમાં જે જે મનુષ્યો ચાલ્યા જતા હોય તેઓને ખસેડવા નહિ; કેમકે મારે તેઓને દાન આપવાનું છે. વળી માર્ગમાં જે જે બ્રાહ્મણો મારી પાસે જે કંઇ માગશે, ત સર્વ તેઓને હું આપીશ, તેમજ સમગ્ર ધન અને રત્નોનું પણ તેઓને દાન કરીશ; માટે હે રાજા ! હું કહું છું તે પ્રમાણે સર્વ તું કર, તેને માટે વિચાર કર મા."[૩૫-૩૮]

ઋષિનાં એ વચન સાંભળીને રાજાએ પોતાના સેવકોને આજ્ઞા કરી દીધી કે, "મુનિ જે કંઇ માગે તે સર્વ તેમને આપવું, તેમાં તમારે શંકા કરવી નહિ."[૩૯] તે પછી અનેક ર

તો, સ્ત્રીઓ, વાહનો, ઘેટાં, બકરાં, ઘડેલું તથા ઘડયાવિનાનું સોનું, પર્વત જેવડા મોટા હાથીઓ અને રાજાના સર્વ અમાત્યો ઋષિના રથની પાછળ જવા લાગ્યા. (અને રાજા તથા રાણી ઋષિના રથને ખેંચવા લાગ્યાં.) તે જોઇ સર્વ નગર જાણે દુઃખી થયું હોય, તેમ હાહાકાર કરવા લાગ્યું.[૪૦,૪૧] વળી તે સમયે ચ્યવનઋષિ, તીક્ષ્ણ અણીવાળી લાકડીનો પ્રહાર કરીને રાજારાણીની પીઠને તથા લમણાંઓને વિંધી નાખતા હતા; છતાં તેઓ નિર્વિકાર રહીને રથને ખેંચ્યે જતાં હતાં.[૪૨] એ દંપતીને બરાબર પચાસ દિવસોના ઉપવાસ થયા હતા; જેથી શરીરે અત્યંત કૃશ થયેલાં હોઇને તેઓ ધ્રૂજી જતાં હતાં; તોપણ વીરતાપૂર્વક તે મહાન રથને માંડમાંડ ખેંચ્યે જતાં હતાં.[૪૩] હે મહારાજા! તે દંપતીને ચ્યવન ઋષિએ માર મારીને અત્યંત વિંધી નાખ્યાં હતાં અને તેમના શરીર ઉપરના ઘાવમાંથી એટલું બધું રુધિર ટપકતું હતું, કે જેથી તેઓ બન્ને, રાતાં પુષ્પોવાળા ખાખરા જેવાં દેખાતાં હતાં. રાજારાણીની એ સ્થિતિ જોઇને નગરનાં સર્વ મનુષ્યો, અત્યંત શોકાકુળ થઇ ગયાં હતાં; પણ ઋષિના શાપના ભયથી કંઇ બોલી શકતાં ન હતાં.[૪૫] માત્ર બબ્બે મનુષ્યો, સાથે મળીને આ પ્રમાણે કહેતા હતાઃ-“ અહો! તપનું કેવું બળ છે? તે તમે જુઓ. આપણે બધા અત્યંત ક્રોધાયમાન થયા છીએ તોપણ આ મહામુનિ સામે જોવાને આપણે શક્તિ ધરાવી શકતા નથી.[૪૬] ખરેખર, આ શુદ્ધાત્મા ભગવાન મહર્ષિનું પરાક્રમ ઘણુંજ આશ્ચર્યકારક છે, તેમજ આ રાજાનું તથા રાણીનું ધૈર્ય પણ કેવું છે! તે તમે જુઓ.[૪૭] આ દંપતી થાકી ગયાં છે તોપણ કષ્ટથી રથને ખેંચ્યે જાય છે અને આ ભૃગુનંદન, તેઓના વિકારને હજીસુધી જોવાજ પામ્યા નથી.”[૪૮]

ભીષ્મે કહ્યું:-તે પછી ભૃગુવંશધુરંધર ચ્યવનઋષિ, તે બન્ને રાજારાણીને નિર્વિકાર જોઇને કુબેરની પેઠે ધનનું દાન કરવા લાગ્યા. તે સમયે પણ રાજાએ, પ્રસન્ન અંતઃકરણથી ઋષિની આજ્ઞા પ્રમાણેજ કરવા માંડયું. તે જોઇને ભગવાન મહામુનિ, પ્રસન્ન થયા.[૫૦] તુરતજ મોટા રથ ઉપરથી તે ઉતરી પડયા અને તે બન્ને રાજારાણીને તેમણે છોડી મૂકયાં. પછી તે ભૃગુવંશી ઋષિએ, સ્નિગ્ધ અને ગંભીર એવી નિર્મળ વાણીથી તેઓપ્રત્યે કહ્યું કેઃ-“ બોલો, હું તમને કયો ઉત્તમ વર આપું ?”[૫૧] હે ભરતસત્તમ! એ પ્રમાણે કહીને તે ઉત્તમ મુનિએ, પરોણીના મારથી વિંધાઈ ગયેલા તેમના સુકુમાર શરીર ઉપર, અમૃતસમાન પોતાના બન્ને હાથવડે સ્નેહપૂર્વક સ્પર્શ કર્યો.[૫૨] ત્યારે રાજાએ તેમને કહ્યું કેઃ-“ અમને આપના પ્રભાવથી પરિશ્રમ લાગ્યોજ નથી” અને “ અમને બન્નેને આપના પ્રભાવથી વિશ્રાંતિ મળી છે” એમ તેઓ બન્નેએ ચ્યવનઋષિને કહ્યું.[૫૩,૫૪] તે પછી ભગવાન ચ્યવને અત્યંત હર્ષમાં આવી જઇને તે દંપતીપ્રત્યે કહ્યું કેઃ-“ મેં પ્રથમ જે કહ્યું છે, તે કદી મિથ્યા થશે નહિ. હે રાજા! આ પ્રદેશ ઘણોજ સુંદર છે અને આ ગંગાતટ પણ અત્યંત પવિત્ર છે, માટે કેટલાક કાળપર્યંત વ્રતપરાયણ રહીને હું અહીં નિવાસ કરીશ.[૫૫,૫૬] હે પુત્ર! હવે, તું તારા નગરમાં જા. બરાબર વિશ્રાંતિ લઇને પુનઃ આવતી કાલે તું અહીં આવજે. હું અહીંજ રહેલો છું, માટે તારી પત્ની સાથે તું મને મળજે. હે રાજા! તારે ક્રોધ કરવાનું કંઈ કારણ નથી. તારૂં કલ્યાણ હવે સમીપમાંજ છે. તારા હૃદયમાં જે આકાંક્ષા રહેલી છે તે સર્વ હવે સફળ થશે.”

જ્યારે તે ઋષિએ એ પ્રમાણે કહ્યું, ત્યારે કુશિકરાજાએ, મનમાં પ્રસન્ન થઇને આવું યોગ્ય અર્થવાળું વચન તે મહામુનિપ્રત્યે કહ્યુંઃ-“ હે મહાભાગ! મને ક્રોધ ચઢયોજ નથી. હે ભગવન્! અમને બન્નેને તમે પવિત્ર કર્યાં છે; એટલુંજ નહિ પણ અમારી બન્નેની તમે રક્ષા કરી છે, અમારૂં શરીર તરુણ અને બળવાન બની ગયું છે તેમજ મારા તથા મારી પત્નીના શરીર ઉપર લાકડીઓના પ્રહાર કરીને આપે જે જે ઘાવ કર્યા હતા, તે સર્વને અમારાં શરીર ઉપર અમે જોઈ શકતાં નથી. ખરેખર, હું અને મારી ભાર્યા બન્ને અમારી મૂળ સ્થિતિને પા-

મ્યાં છીએ. આ મારી રાણીને સાક્ષાત્ અપ્સરાસમાન શરીરવાળી હું જોઇ રહ્યો છું અને પૂર્વે તેની જે શ્રેષ્ઠ શોભા જોવામાં આવતી હતી તેજ શોભાથી આ સમયે પણ તેને યુક્ત થયેલી હું જોઉં છું. હે મહામુનિ! આ સર્વ આપની કૃપાથીજ થયું છે.[૫૦-૬૨] હે ભગવન્! આપ સત્યપરાક્રમી છો જેથી આપના સંબંધમાં આ કંઇ આશ્ચર્યકારક ગણાય નહિ." કુશિકરાજાએ એ રીતે કહ્યું, એટલે ચ્યવનઋષિ પણ તેને ઉદ્દેશીને બોલ્યા કેઃ-[૬૩] "હે રાજા! આવતી કાલે તું તારી ભાર્યાસાથે અહીં આવજે." એમ કહીને ત્યાંથી જવામાટે ઋષિએ અનુજ્ઞા આપી, એટલે રાજર્ષિ કુશિક,ચ્યવનને વંદન કરીને ઇંદ્રની માફક દિવ્ય શરીર ધારણ કરી પોતાના નગર તરફ ચાલતો થયો. તે સમયે પોતાના રાજાને આવતો સાંભળી, સર્વ અમાત્યો, પુરોહિતો અને સર્વ પ્રજાઓ, સૈન્ય તથા વારાંગનાઓને સાથે લઇને રાજાની સામે આવ્યાં. રાજા કુશિક પણ તેઓ સર્વથી વિંટાઇને પરમ શોભાથી દીપવા લાગ્યો અને પછી બંદીજનોથી પૂજાતા તે રાજાએ હર્ષપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. નગરમાં પ્રવેશ કર્યા પછી મહાતેજસ્વી રાજા કુશિકે, પ્રાતઃકાળની નિત્યનૈમિત્તિક ક્રિયાઓ કરી લીધી અને પછી ભોજન કરી લઇને તે રાત્રિ પોતાના રાજમહેલમાંજ પોતાની ભાર્યાસાથે નિવાસ કર્યો.[૬૪-૬૭] તે સમયે એકબીજાના નવા યૌવનને જોઇને રાજા અને રાણી અત્યંત આનંદમાં આવી ગયાં. તેઓએ જ્યારે શય્યામાં શયન કર્યું, ત્યારે સંતાપથી મુક્ત થયેલા બે દેવતાના જેવાં તે દેખાતાં હતાં અને બ્રાહ્મણશ્રેષ્ઠ ચ્યવનઋષિએ આપેલી દિવ્ય શોભાથી યુક્ત હોઇને તેઓએ સુંદર શરીર ધારણ કર્યાં હતાં.[૬૮] બીજી તરફ ભૃગુકુળની કીર્તિને વધારનારા તપોધન ચ્યવનઋષિએ પણ પોતે જ્યાં નિવાસ કર્યો હતો તે વનપ્રદેશને સમૃદ્ધિમાન અને સુંદર બનાવી દીધો; તેમજ જે પદાર્થો ઇંદ્રની નગરીમાં પણ નથી તે સર્વ પદાર્થોને પોતાના બુદ્ધિવૈભવથી ઉત્પન્ન કરીને તે વનપ્રદેશને અનેક રત્નોથી શોભાવી દીધો."[૬૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "ચ્યવન અને કુશિકનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૫૩ મો સમાપ્ત

અધ્યાય ૫૪ મો

કુશિકરાજાની સહિષ્ણુતાનું દિવ્ય ફળ

॥ भीष्म उवाच ॥

ततः स राजा रात्र्यंते प्रतिबुद्धो महामनाः ।
कृतपूर्वाह्णिकः प्रायात् सभार्यस्तद्वनंप्रति॥१॥

ભીષ્મે કહ્યુંઃ-તે પછી પ્રાતઃકાળનો જ્યારે સમય થયો, ત્યારે મોટા મનવાળો તે રાજા જાગ્રત થયો. તેણે પ્રથમ પ્રાતઃકાળનાં કાર્યો કરી લીધાં અને પછી પોતાની ભાર્યાસાથે પેલા વનપ્રત્યે જવા નીકળ્યો.[૧] રાજા, તે વન પાસે આવ્યો એટલે તદ્દન સુવર્ણનો એક પ્રાસાદ (મહેલ) તેના જોવામાં આવ્યો. તે પ્રાસાદમાં મણિના હજારો થાંભલાઓ હતા અને તેનો દેખાવ પણ ગંધર્વના નગર જેવોજ હતો. વળી રાજા કુશિકે, તે વનમાં સ્થળે સ્થળે દિવ્ય પદાર્થો જોયા.[૨] રૂપાના શિખરવાળા અનેક પર્વતો, કમળોથી ભરપૂર તળાવડીઓ, વિવિધ પ્રકારની ચિત્રશાળાઓ, ભાતભાતનાં તોરણો, લીલા ઘાસવાળા ભૂપ્રદેશો, સુવર્ણથી જડેલી ભૂમિ, પ્રફુલ્લ આંબાઓ, વિકસિત કેતકીઓ, સર્વોત્કૃષ્ટ ઉદ્દાલક વૃક્ષો, અશોક (આસોપાલવ) વૃક્ષો, મોગરાનાં વૃક્ષો, પ્રફુલ્લ અતિમુક્તક (તે નામની) લતાઓ, ચંપાઓ, તિલક વૃક્ષો, ભવ્ય ફણસનાં વૃક્ષો, વંજુલો અને પુષ્પોવાળી કરેણો સ્થળે સ્થળે તેના જોવામાં આવી.[૩-૫] વળી તે રાજાએ પીલુનાં વૃક્ષોને, કેળનાં વૃક્ષોને તથા અષ્ટપદિકા નામની લતાઓને જ્યાં ત્યાં વાવી દીધેલી જોઇ;[૬] તેમજ મનોહર, પદ્મ તથા ઉત્પલજાતિનાં કમળોવાળા, સર્વ ઋતુઓનાં પુષ્પોથી વ્યાપ્ત અને વિમાનસરખા દેખાવવાળા પર્વતોસમાન પ્રાસાદો રાજાના જોવામાં આવ્યા. હે ભારત! તે વનમાં કોઇ સ્થળે શીતળ જળ હતાં, કોઇ સ્થળે ઉષ્ણ જળ હતાં, વિચિત્ર પ્ર-

કારનાં આસનો અને ઉત્તમ શયનો જોવામાં આવતાં હતાં, કિંમતી ગાલિચાઓથી બિછાવેલા રત્ન તથા સુવર્ણજડિત પલંગો અને અનંત પ્રકારના ભક્ષ્યો તથા ભોજનો જ્યાં ત્યાં તૈયાર રાખવામાં આવ્યા હતા;[૭-૯] ઉપરાંત એ વનમાં અનેક પોપટો, મેનાઓ, ભમરાઓ, કોયલો, શતપત્રો, કોયષ્ટિકો, કુક્કુભો, મયૂરો, કુકડાઓ, ચાતકો, જીવંજીવકો અને ચકોરો વગેરે પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં; તેમજ વાનરો, હંસો, સારસો અને ઘણાજ સુંદર ચક્રવાકો ચોતરફ અત્યંત હર્ષમાં આવી ગયેલા જોવામાં આવતા હતા. હે રાજા! કોઇ સ્થળે અપ્સરાઓનાં તથા ગંધર્વોનાં ટોળાં કુશિકરાજાના જોવામાં આવ્યાં અને કોઈ સ્થળે સ્ત્રીઓ સાથે આલિંગન કરીને ઉભેલા બીજા કેટલાએક ગંધર્વો પણ તેણે જોયા. રાજાએ તેઓ સર્વને થોડીવાર જોયા અને થોડીવાર જોયા પણ નહિ.[૧૩] વળી તે રાજાએ અત્યંત મધુરો ગીતનો શબ્દ, વેદપાઠનો શબ્દ અને અતિ સુંદર હંસોનો શબ્દ પણ ત્યાં સાંભળ્યો.[૧૪] તે સમયે અતિઆશ્ચર્યકારક તે વનપ્રદેશને જોઇને રાજાએ મનમાં વિચાર કરવા માંડયો કેઃ—“અરે! આ તે શું સ્વપ્ન છે, મારા ચિત્તની ભ્રમણા છે કે સત્ય છે?[૧૫] અહો! ઘણીજ આશ્ચર્યની વાત છે કે, હું મારા આ મનુષ્યશરીરથીજ આવી પરમ ગતિને પામ્યો છું અથવા પવિત્ર ઉત્તરકુરુદેશમાં કે અમરાવતી નગરીમાં આવી પહોંચ્યો છું.[૧૬] હું આવું મહાન આશ્ચર્ય શું જોઇ રહ્યો છું?” એ રીતે રાજા વિચારમાંજ પડયો હતો, તેવામાં મહામુનિ ચ્યવનનાં તેને દર્શન થયાં.[૧૭] તે ભૃગુનંદન મણિઓના અનેક થાંભલાઓથી વ્યાપ્ત એ સુવર્ણના વિમાનમાં મહાકિંમતી એક દિવ્ય શયનપર સૂતા હતા.[૧૮] રાજા કુશિક, તેમને જોતાંની સાથેજ અત્યંત હર્ષપૂર્વક પોતાની રાણીસાથે તેમની પાસે જવા લાગ્યો, કે તુરતજ મહર્ષિ ચ્યવન અને તેમનું શયન ત્યાંથી અંતર્ધાન થઇ ગયું.[૧૯] તે પછી એક બીજા વનપ્રદેશમાં દર્ભના આસન ઉપર બેસીને જપ કરવામાં આસક્ત થયેલા મહાવ્રતધારી ચ્યવનમુનિનાં રાજાને દર્શન થયાં. બ્રાહ્મણ ચ્યવનઋષિ પોતાના યોગબળથી રાજાને એ પ્રમાણે મોહ પમાડી રહ્યા હતા.[૨૦]

તે પછી એક ક્ષણવારમાં તે વન, અપ્સરાઓના સમુદાયો, ગંધર્વો અને તે તે વૃક્ષો—એ સર્વ ત્યાંથી અદૃશ્ય થઇ ગયું; અને હે રાજા! પુનઃ ગંગાનો તટપ્રદેશજ ત્યાં જોવામાં આવ્યો, કે જે કેવળ નિઃશબ્દ હતો, દર્ભોથી વ્યાપ્ત હતો અને પુષ્કળ રાફડાઓથી ભરપૂર હતો. રાજા કુશિક, ચ્યવનઋષિના તે અદ્‌ભુત કર્મને જોઇને પોતાની રાણીની સાથે પરમ વિસ્મય પામ્યો અને અત્યંત હર્ષમાં આવી જઈને પોતાની ભાર્યાને કહેવા લાગ્યો કેઃ—[૨૧-૨૪] “હે ભદ્રે! તેં જોયું કે, ભૃગુવંશના શ્રેષ્ઠ ઋષિની કૃપાથી કેવા અદ્‌ભુત અને દુર્લભ પદાર્થો આપણા જોવામાં આવ્યા? ખરેખર, આમાં તપના બળવિના બીજું કયું કારણ હોવાનો સંભવ છે?[૨૫] જે પદાર્થો કેવળ મનોરથમાંજ આવી શકે છે, તે સર્વ પદાર્થો તપના પ્રભાવથી મેળવી શકાય છે; એટલુંજ નહિ પરંતુ ત્રૈલોક્યના રાજ્ય કરતાં પણ તપની અધિકતા વિશેષ છે.[૨૬] જો મહાપ્રચંડ તપશ્ચર્યા કરવામાં આવે છે, તો તેના બળથી મોક્ષને પણ મેળવી શકાય છે. અહો! મહાત્મા ચ્યવન બ્રહ્મર્ષિનો પ્રભાવ કેટલો બધો આશ્ચર્યકારક છે! જો તેમની ઇચ્છા થાય તો પોતાના તપના બળથી નવા લોકોને પણ તે ઉત્પન્ન કરી શકે છે. ખરેખર, માત્ર બ્રાહ્મણોજ આવી પવિત્ર બુદ્ધિ, પવિત્ર કર્મ અને પવિત્ર વાણીવાળા હોઇ શકે છે.[૨૭,૨૮] આ જગતમાં આવું કર્મ કરવામાટે ચ્યવનવિના બીજો કયો પુરુષ ઉત્સાહ ધરાવી શકે તેમ છે? માટે હું તો માનું છું કે, મનુષ્યો રાજ્યને સહેલાઇથી મેળવી શકે છે; પણ બ્રાહ્મણપણું મેળવવું એજ લોકમાં દુર્લભ થઈ પડે છે. ચ્યવનઋષિએ, પોતાના બે ઘોડાઓની પેઠે આપણ બન્નેને રથમાં જોડયાં તે પણ તેમના બ્રાહ્મણપણાના પ્રભાવથીજ.”

કુશિકરાજા, પોતાની રાણીસાથે એ પ્રમાણે વિચાર કરતો હતો, એ વાત ચ્યવનઋષિના જાણવામાં આવી અને પછી તે રાજાસામે

જોઇને મુનિએ કહ્યું કેઃ–"તું મારી પાસે સત્વર આવ." તેમણે એ પ્રમાણે કહ્યું, એટલે કુશિકરાજા પોતાની ભાર્યાને સાથે લઇને તે મહામુનિ પાસે ગયો અને વંદન કરવાયોગ્ય તે મુનિને તેણે મસ્તક નમાવીને વંદન કર્યું. તે સમયે પુરુષોમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન ચ્યવનમુનિએ પણ રાજાને આશીર્વાદ આપીને કહ્યું કે,–"આ આસન ઉપર બેસ."[૨૯-૩૨] તે પછી હે ભરતવંશીરાજા! પોતાના મૂળ સ્વભાવને પ્રાપ્ત થયેલા ભાર્ગવ ચ્યવનમુનિ, પોતાની મધુર વાણીથી રાજાને તૃપ્ત કરતા હોય તેમ બોલ્યા કેઃ–[૩૩] "હે રાજન્! તેં છઠ્ઠા મનસહિત પાંચ જ્ઞાનેન્દ્રિયોને તથા પાંચ કર્મેન્દ્રિયોને સારી પેઠે જીતી લીધી છે અને તેને લીધેજ તું કષ્ટમાંથી મુક્ત થયો છે.[૩૪] હે પુત્ર! તેં મારૂં બરાબર સેવન કર્યું છે, તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે અને તારામાં કોઇ જાતનું સૂક્ષ્મ પાપ પણ નથી.[૩૫] હે રાજન્! હવે તું મને અનુજ્ઞા આપ; હું જ્યાંથી આવ્યો છું ત્યાંજ હવે જવાનો છું. હે રાજેન્દ્ર! તારા ઉપર હું પ્રસન્ન થયો છું, માટે તારે જે વરની કામના હોય તે મારી પાસેથી માગી લે."

કુશિકે કહ્યુંઃ–"હે ભગવન્! હું આપની સમીપમાં રહીને કેવળ અગ્નિના મધ્યમાંજ આવી પડયો હતો; છતાં હે ભૃગુશ્રેષ્ઠ! હું બળી ગયો નથી, એજ મારેમાટે બહુ છે.[૩૭] હે નિર્દોષ ભૃગુનંદન! એજ મુખ્ય વર મને મળી ચૂકયો છે કે, આપ મારાપર પ્રસન્ન થયા છો અને હે બ્રહ્મન્! આપે મારા કુળની રક્ષા કરી છે. હે વિપ્ર! આપે મારાપર એજ અનુગ્રહ કર્યો છે, મારા જીવિતનું પ્રયોજન પણ એજ છે, મારા રાજ્યનું ફળ પણ એજ છે અને મારા તપનું ફળ પણ એજ છે;[૩૯] છતાં હે ભૃગુનંદન બ્રાહ્મણ! તમે મારાપર પ્રસન્ન થયા છો તો મારો આ એક સંશય દૂર કરવાને તમે યોગ્ય છો."૪૦

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "ચ્યવન અને કુશિકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૫૪ મો સમાપ્ત

અધ્યાય ૫૫ મો

કુશિકને વરપ્રાપ્તિ

॥ च्यवन उवाच॥

वरश्च गृह्यतां मत्तो यश्चते संशयो हृदि।
तं प्रब्रूहि नरश्रेष्ठ सर्वं संपादयामि ते॥१॥

ચ્યવને કહ્યુંઃ–"હે મહાપુરુષ! તું મારી પાસેથી વરદાનને ગ્રહણ કર અને તારા મનમાં જે સંશય હોય, તે મને કહે. હું તારા સર્વ મનોરથો પૂર્ણ કરીશ."[૧]

કુશિકે કહ્યુંઃ–"હે ભગવન! આપ મારાપર પ્રસન્ન થયા છો, તો હે ભાર્ગવ! તમે મને કહો કે, આપે મારા ઘરમાં નિવાસ કર્યો હતો, તેમાં શું કારણ હતું? એ સાંભળવાની મને ઇચ્છા છે. હે મહામુનિ! આપે મારા ઘરમાં રહીને પ્રથમ એકવીસ દિવસસુધી એકજ પડખે શયન કર્યું, વળી કંઇપણ બોલ્યાવિના ઘરની બહાર ચાલ્યા ગયા, અકસ્માત્ અંતર્ધાન થઇ ગયા, પુનઃ વળી દર્શન આપ્યાં અને ફરી પણ હે બ્રાહ્મણ! બીજા એકવીસ દિવસસુધી બીજે પડખેજ આપ સૂઇ રહ્યા, શરીરે તેલનું મર્દન કરાવી સ્નાનગૃહમાંથી પાછા અદૃશ્ય થઈ ગયા, મારા ઘરમાં ભોજન વગેરે સર્વ સામગ્રીઓ આણી મંગાવીને અગ્નિમાં તેને બાળી નાખી, રથમાં બેસીને નગરમાંથી તમે શીઘ્ર બહાર નીકળી ગયા, ધનનું દાન આપ્યું, દિવ્ય વનનું મને દર્શન કરાવ્યું અને હે મહામુનિ! સુવર્ણના અનેક પ્રાસાદો તથા મણિવિદ્રુમના પાયાવાળા અનેક પલંગો મને બતાવ્યા; તેમજ પાછું તે સર્વ અદૃશ્ય કરી દીધું. તેમાં આપનો શો હેતુ સમાયલો હતો, એ સાંભળવાની મને ઇચ્છા છે. હે ભૃગુવંશધુરંધર! એ સર્વનો જ્યારે હું વિચાર કરૂં છું, ત્યારે અત્યંત મુંઝાઉં છું અને તે સર્વમાં આપનો શો નિશ્ચય હતો, તે જાણવાનો હું પ્રયત્ન કરૂં છું; છતાં જાણી શકતો નથી, માટે હે તપોધન! એ વિષે સંપૂર્ણરીતે જે સત્ય હોય તે સાંભળવાને હું ઇચ્છું છું."[૩-૯]

ચ્યવને કહ્યુંઃ–"હે રાજા! એ સર્વ જે હેતુથી કરવામાં આવ્યું હતું તેને તું સંપૂર્ણ રીતે

સાંભળ. તેં મને પ્રશ્ન કર્યો છે, માટે હું તને નહિ કહી શકું તેમ નથી.[૧૦] હે રાજન્! પૂર્વે સર્વ દેવોનું જ્યારે સંમેલન થયું હતું, ત્યારે પિતામહ બ્રહ્મદેવે, જે કંઇ કહ્યું હતું તે મેં સાંભળ્યું છે અને તેજ હું તને કહું છું, સાંભળ.[૧૧] ભવિષ્યમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે વિરોધ ઉભો થશે અને તેને લીધે બ્રાહ્મણકુળમાં તથા ક્ષત્રિયકુળમાં વર્ણસંકર દોષ પ્રાપ્ત થશે. હે રાજન્! તારા પુત્રનો પુત્ર, તેજ અને વીર્યથી યુક્ત થશે (અને તારા કુળની કન્યાને લીધેજ અમારા કુળમાં સંકર દોષ પ્રાપ્ત થશે), માટે તારા કુળનો નાશ કરવાસારૂ હું, તારી પાસે આવ્યો હતો. મને કુશિકના વંશનો ઉચ્છેદ કરવાની તથા તારા કુળને બાળી નાખવાની ઇચ્છા હતી; જેથી હે રાજા! તારા નગરમાં આવીને મેં તને કહ્યું હતું કે, "મારે એક નિયમ આરંભ કરવાની ઇચ્છા છે, માટે હું તારે ઘેર નિવાસ કરીશ અને તું મારી સેવા કરજે." એમ કહીને હે રાજર્ષિ! હું તારે ઘેર રહ્યો હતો; પણ તારામાં મેં કોઇ જાતનો અપરાધ જોયો નહિ અને તેને લીધેજ હમણાં તું જીવી રહ્યો છે, નહિ તો તું જીવતો રહેત નહિ.[૧૨-૧૫] હે રાજા! 'મને કોઇ જગાડશે ત્યારે તેને હું બાળી નાખીશ' આવા પ્રકારની બુદ્ધિથીજ હું તારા ઘરમાં એકવીસ દિવસસુધી એક પડખે સૂઈ રહ્યો હતો;પણ જ્યારે તેં કે તારી ભાર્યાએ મને જગાડયો નહિ, ત્યારેજ હે રાજા! મારા મનથી તારાપર હું પ્રસન્ન થયો હતો.[૧૭] હે સમર્થ રાજા! જે સમયે શય્યામાંથી ઉઠીને કંઇ બોલ્યાવિનાજ હું બહાર નીકળી ગયો હતો, તેસમયે તેં મને પ્રશ્ન કર્યો હોત કે, "તમે ક્યાં જાઓ છો?" તો જરૂર, હું તને શાપ આપત.[૧૮] તારા ઘરમાં હું વારંવાર અંતર્હિત થઈ જતો હતો અને યોગબળનો આશ્રય કરીને બીજા એકવીસ દિવસસુધી બીજે પડખે હું સૂઇ રહ્યો હતો,તેમાં પણ મારી એજ બુદ્ધિ હતી કે, રાજા અને રાણી ભૂખ્યાં થયાં છે અને પરિશ્રમથી કૃશ થયાં છે, તેથી મારાપર ક્રોધ કરશે;[૧૯,૨૦] પણ હે રાજા! તારા મનમાં લેશમાત્ર ક્રોધ થયો નહિ, તેમ હે મહાપુરુષ! તારી રાણી પણ ક્રોધાયમાન થઈ નહિ; જેથી તારાપર હું વધારે પ્રસન્ન થયો.[૨૧] તું મારાપર ઈર્ષ્યા આણીને કદાચ ક્રોધાયમાન થઈશ, આવા વિચારથીજ મેં, ભોજન મંગાવીને તે સમયે બાળી નાખ્યું હતું; પણ તે સર્વ તેં સહન કર્યું.[૨૨] તે પછી હે રાજા! રથ ઉપર બેસીને મેં તને કહ્યું હતું કે, "તું અને તારી સ્ત્રી બન્ને મને ખેંચો." એટલે તે કર્મને પણ તેં નિઃશંક થઇને કર્યું હતું; જેથી હે રાજા! હું તારાપર અત્યંત પ્રસન્ન થયો. વળી મેં તારા ધનનું પુષ્કળ દાન આપી દીધું, છતાં ક્રોધે તારો પરાજય કર્યો નહિ.[૨૩] તે જોઇને હે રાજન્! તારાપર હું પ્રસન્ન થયો છું અને તેથીજ તું જાણ કે, મેં આ દિવ્ય વનનાં તને દર્શન કરાવ્યાં છે. હે રાજન્! તારે જાણવું કે, તારાપર પ્રસન્ન થઈનેજ મેં તને તથા તારી ભાર્યાને આ વનનાં દર્શન કરાવ્યાં હતાં.[૨૫] મેં તને પ્રસન્ન કરવામાટે આ સ્વર્ગનું દર્શન કરાવ્યું હતું; જેથી હે રાજા! આ વનમાં તને દિવ્ય દૃશ્ય જોવામાં આવ્યું હતું.[૨૬] હે ઉત્તમ રાજા! એક મુહૂર્ત કાળપર્યંત, તેં અને તારી ભાર્યાએ આ મનુષ્યશરીરથીજ સ્વર્ગપ્રદેશનો અનુભવ કર્યો છે.[૨૭] તપનો પ્રભાવ કેવો હોય છે અને ધર્મનું માહાત્મ્ય કેવા પ્રકારનું હોય છે, તે દર્શાવવામાટે મેં તને દેવતાઇ વૈભવો બતાવ્યા હતા અને તે ઉપરથી તારી સ્પૃહા કેવા પ્રકારની છે, તે પણ મેં જાણી લીધું છે.[૨૮] હે પૃથ્વીના પતિ! તું, રાજાપણાની તથા દેવેંદ્રપણાની અવગણના કરીને બ્રાહ્મણપણાની તથા તપશ્ચરણની આકાંક્ષા રાખે છે.[૨૯] હે તાત! તું કહે છે તે તેમજ છે. બ્રાહ્મણપણું સર્વથા દુર્લભ છે. બ્રાહ્મણપણું કદાચ પ્રાપ્ત થાય તો ઋષિપણું દુર્લભ છે અને ઋષિપણામાં પણ તપસ્વી થવું, એ મહાદુર્લભ છે. હે રાજા! બ્રાહ્મણપણું પ્રાપ્ત કરવું, એવી તારી કામના છે, તે પૂર્ણ થશે. તારા વંશમાં તારા પોતાનાથીજ એક ત્રીજો પુરુષ ઉત્પન્ન થશે, જે બ્રાહ્મણ કૌશિક, એવા નામથી પ્રસિદ્ધ થશે. તાત્પર્ય કે, તારાથી ત્રીજો પુરુષ બ્રાહ્મણપણાને પામશે; એટલુંજ નહિ પણ હે મહારાજા! ભૃગુ-

વંશીઓના પ્રતાપથી તારો આખો વંશ બ્રાહ્મણ થશે. તારા પુત્રનો પુત્ર બ્રાહ્મણ થશે, મોટો તપસ્વી થશે અને અગ્નિસમાન તેજસ્વી થશે. હું તને સત્ય કહું છું કે, એ તારો પૌત્ર, ત્રણે લોકને ભય ઉપજાવનારો થશે.[૩૩] હે રાજર્ષિ! એ સિવાય તારા મનમાં જે વર મેળવવાની ઇચ્છા હોય તે વરને તું ગ્રહણ કર. હું હવે તીર્થયાત્રા કરવામાટે જઇશ; કેમકે સમય ચાલ્યો જાય છે."[૩૪]

કુશિકે કહ્યું:-" હે મહામુનિ! તમે મારા પર પ્રસન્ન થયા છો, એજ આજે મને વર મળ્યો છે; છતાં હે નિર્દોષ મુનિ! તમે કહો છો તે પ્રમાણે મારો પૌત્ર, ભલે બ્રાહ્મણ થાઓ.[૩૫] હે ભગવન્! મારૂં કુળ, બ્રાહ્મણપણાને પ્રાપ્ત થાય, એ વર હું માગી લઉં છું, પણ હે ભગવન્! એ વિષે મને વિસ્તારથી કહો; એમ હું ઇચ્છું છું. હે ભૃગુનંદન! મારૂં કુળ બ્રાહ્મણપણાને કેવી રીપામશે? તેવો કયો પુરુષ મારો સંબંધી થશે અને કયો પુરુષ મારો માન્ય થશે? (કે જેને લીધે મારો વંશ બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરશે.)" [૩૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "ચ્યવન
અને કુશિકનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૫૫ મો સમાપ્ત

અધ્યાય ૫૬ મો

કુશિકને વરપ્રાપ્તિ (ચાલુ)

॥ च्यवन उवाच ॥

अवश्यं कथनीयं मे तवैतन्नरपुंगव ।
यदर्थं त्वाहमुच्छेतुं संप्राप्तो मनुजाधिप ॥१॥

ચ્યવને કહ્યું:—" હે મનુષ્યશ્રેષ્ઠ રાજા! જેને લીધે તારો નાશ કરવામાટે હું અહિં આવ્યો હતો.[૧] એ વિષે મારે તને અવશ્ય કહેવુંજ જોઇએ કે હે રાજા! ભૃગુવંશના બ્રાહ્મણો, ક્ષત્રિયોને યજ્ઞ કરાવે, એ પ્રકારનો નિયમ સદાકાળનો છે; પરંતુ કોઈ દૈવી કારણને લીધે ભૃગુવંશના બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે ભેદ પડશે;[૨] જેથી હે રાજા! દૈવદંડને અધીન થયેલા ક્ષત્રિયો, ભૃગુવંશના સર્વ બ્રાહ્મણોનો વધ કરશે, એટલુંજ નહિ પણ ભૃગુવંશના ગર્ભસુદ્ધાંનો નાશ કરી નાખશે.[૩] તે પછી અમારા કુળમાં, પોતાના ગોત્રની વૃદ્ધિ કરનારો ઉર્વ નામનો મહાતેજસ્વી પુરુષ ઉત્પન્ન થશે કે જેની કાંતિ અગ્નિ તથા સૂર્યસમાન પ્રદીપ્ત હશે.[૪] તે સમગ્ર ત્રૈલોક્યનો વિનાશ કરવામાટે પોતાનો કોપાગ્નિને પ્રકટ કરશે અને પર્વતો તથા વનોસહિત આખી પૃથ્વીને બાળીને ભસ્મ કરી નાખશે.[૫] તે પછી કેટલોક કાળ વીતી જશે, એટલે તેજ મહામુનિ પોતાના કોપાગ્નિને સમુદ્રમાં ઉત્પન્ન થનારી વડવા જાતિના મુખમાં નાખી દઇને શાંત પાડશે.[૬] હે નિર્દોષ મહારાજા! એ ઉર્વમુનિથી ઋચીક નામનો એક પુત્ર ઉત્પન્ન થશે, જે ભૃગુના વંશજોને આનંદ ઉપજાવનારો થશે અને જેની પાસે દૈવી કારણને લીધે ક્ષત્રિયોનો વિનાશ કરવાના હેતુથી સંપૂર્ણ ધનુર્વેદ, સાક્ષાત્ સ્વરૂપે હાજર થશે. પછી તે ઋચીકમુનિ, સંપૂર્ણ ધનુર્વેદનો સ્વીકાર કરીને તપથી શુદ્ધાત્મા થયેલા અને મોટા ભાગ્યવાળા પોતાના જમદગ્નિ નામના પુત્રને તેનું અધ્યયન કરાવશે; એટલે તે જમદગ્નિ પણ ભૃગુવંશમાં સિંહસમાન થઇને તે ધનુર્વેદને ધારણ કરશે.[૭,૮] હે ધર્માત્મા! મહર્ષિ ઋચીક, તારા વંશને ઉત્કૃષ્ટ કરવામાટે તારા કુળમાંથી એક કન્યાને પરણશે, કે જે કન્યા ગાધિરાજાની પુત્રી હોઇને તારી પૌત્રી હશે. મહાતપસ્વી ઋચીક, તે કન્યાને પોતાની ભાર્યા તરીકે સ્વીકારીને તેમાં એક બ્રાહ્મણપુત્રને ઉત્પન્ન કરશે, કે જે ક્ષત્રિયના ધર્મનું આચરણ કરશે;[૯-૧૧] તેમજ તારા કુળમાં પણ ગાધિનો પુત્ર વિશ્વામિત્ર, મોટો ધાર્મિક થશે કે જે ક્ષત્રિયજાતિનો હોવા છતાં તેજમાં બૃહસ્પતિસમાન હોઇને બ્રાહ્મણોનાં કર્મો કરનારો થશે.[૧૨] હે મહાતેજસ્વી રાજા! તે વિશ્વામિત્ર, મોટો તપસ્વી થઇને બ્રાહ્મણપણું સંપાદન કરશે; પણ આ ક્રમવિપર્યાસમાં (એટલે બ્રાહ્મણને ત્યાં ક્ષત્રિયનો જન્મ થવામાં તથા ક્ષત્રિયને ત્યાં બ્રાહ્મણનો જન્મ થવામાં), ઋચીકની તથા ગાધિની સ્ત્રીઓજ (એકબીજીના ચરૂની ફેરબ-

દલી કરીને) કારણભૂત થશે.૧૩ આ ક્રમવિપર્યાસ બ્રહ્મદેવની આજ્ઞાને લીધેજ થશે. તેમની તાઆજ્ઞાવિના થશે નહિ અને તેને લીધેજ તાશથી ત્રીજા પુરુષને બ્રાહ્મણપણું પ્રાપ્ત થશે અને તું શુદ્ધાત્મા ભૃગુઓનો સંબંધી થઇશ."૧૪

ભીષ્મે કહ્યું:-મહાત્મા ચ્યવનમુનિના એ વાક્યને સાંભળીને કુશિકરાજા હર્ષ પામ્યો અને તે ધર્માત્માએ, "एवमस्तु" એમ કહીને ઋષિના વરપ્રદાનનો અંગીકાર કર્યો. તે સમયે હે ભરતશ્રેષ્ઠ! મહાતેજસ્વી ચ્યવનઋષિએ, ફરી પણ રાજાને વર માગવાની પ્રેરણા કરી. એટલે તે રાજાએ ઋષિપ્રત્યે કહ્યું કે:-" હે મહામુનિ! બહુ સારૂં, આપની આજ્ઞા હોવાથી હું આપની પાસેથી વર માગું છું કે, મારૂં કુળ બ્રાહ્મણરૂપ થાઓ અને તેનું મન નિરંતર ધર્મમાં રહો."૧૫-૧૮ રાજાએ એ વર માગ્યો એટલે "तथास्तु" એમ કહીને ચ્યવનમુનિ, રાજાની સંમતિ લઈ તીર્થયાત્રા કરવા ચાલ્યા ગયા.૧૯ હે રાજા! ભૃગુવંશના બ્રાહ્મણોનો તથા કુશિકવંશના ક્ષત્રિયોનો સંબંધ થવામાં કયું કારણ હતું, તે વિષેનું સર્વ વૃત્તાંત સંપૂર્ણ રીતે મેં તને કહ્યું,૨૦ અને હે રાજા! ઋષિ ચ્યવને જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણેજ પરશુરામનો તથા વિશ્વામિત્રનો જન્મ થયો હતો."૨૧

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "ચ્યવન અને કુશિકનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૫૬ મો સમાપ્ત

અધ્યાય ૫૭ મો

કર્મો અને મરણ પછી પ્રાપ્ત થનારાં તેનાં ફળ

॥ युधिष्ठिर उवाच ॥

मुह्यामीव निशम्याद्य चिंतयानः पुनः पुनः ।
हीनां पार्थिवसंघातैः श्रीद्भिः पृथिवीमिमाम् ॥

યુધિષ્ઠિરે કહ્યું:-હું વારંવાર જ્યારે વિચાર કરૂં છું કે, આ પૃથ્વી કેવળ મારે લીધેજ અનેક શ્રીમંત રાજસમુદાયોથી રહિત થઇ પડી છે, ત્યારે તમારાં ઉપદેશવચનો સાંભળવા છતાં પણ હું મુઝાઉં છું.૧ હે ભારત! મેં આખી પૃથ્વીને જીતી લઇને સેંકડો રાજ્યો સંપાદન કર્યાં; પણ હે પિતામહ! કરોડો પુરુષોનો સંહાર કરી નાખ્યો, તેને લીધે મને સંતાપ થાય છે.૨ અરેરે! તે ઉત્તમ સ્ત્રીઓ કે જેઓ પોતાના પતિઓ, પુત્રો, મામાઓ અને ભાઇઓથી રહિત થઇ પડી છે, તેઓની હવે શી અવસ્થા થશે?૩ અમે સર્વ જ્ઞાતિજનો, કુરુઓનો તથા સંબંધીઓનો પણ સંહાર કરી નાખ્યો છે તેથી ઉંધે મસ્તકે નરકમાં પડીશું, એમાં કંઈ સંશય નથી.૪ હે ભારત! હું મારા શરીરથી મહાઉગ્ર તપ કરવાની ઇચ્છા રાખું છું, માટે હે રાજા! તમે મને યથાર્થ ઉપદેશ આપો, એમ હું ઇચ્છું છું.૫

વૈશંપાયને કહ્યું:-" યુધિષ્ઠિરનું એ વાક્ય સાંભળીને ઉદાર મનના ભીષ્મપિતામહ, પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી સારી રીતે વિચાર કરી યુધિષ્ઠિરને કહેવા લાગ્યા."૬

હે રાજા! હું એક અદ્ભુત રહસ્ય કહું છું, તેનું તું શ્રવણ કર. મનુષ્ય જે કર્મ કરીને મરણ પછી જે ગતિને પામે છે, તેના સંબંધમાં હું તને કહું છું.૭ હે સમર્થ રાજા! તપ કરવાથી સ્વર્ગ મળે છે, યશ મળે છે, લાંબુ આયુષ્ય મળે છે અને મોટા ભોગવૈભવો પ્રાપ્ત થાય છે;૮ એટલુંજ નહિ પણ હે ભરતશ્રેષ્ઠ! જ્ઞાન, વિજ્ઞાન, આરોગ્ય, રૂપ, સંપત્તિ, સૌભાગ્ય અને ધન વગેરે સર્વ પદાર્થો તપ કરવાથી મેળવી શકાય છે; તેમજ મૌનવ્રત ધારણ કરવાથી સર્વનાપર આજ્ઞા કરવાની યોગ્યતા મેળવી શકાય છે, દાન આપવાથી ભોગવૈભવો સંપાદન કરી શકાય છે અને બ્રહ્મચર્યનું પાલન કરવાથી લાંબુ આયુષ્ય પામી શકાય છે.૯,૧૦ અહિંસાનું પાલન કરવાથી રૂપવાન થઈ શકાય છે, દીક્ષાનું પાલન કરવાથી ઉત્તમ કુળમાં જન્મ પામી શકાય છે, જેઓ ફળ તથા મૂળનોજ આહાર કરે છે તેઓને રાજ્ય મળે છે અને જેઓ કેવળ પાંદડાંનોજ આહાર કરે છે, તેઓને સ્વર્ગલોક મળે છે.૧૧ જે પુરુષ કેવળ પયઃપાન કરે છે, તે સ્વર્ગમાં જાય છે, દાન આપે છે તે મોટો ધનવાન

થાય છે, ગુરુની સેવા કરવાથી વિદ્યા મળે છે અને નિત્ય શ્રાદ્ધ કરવાથી સંતતિ પ્રાપ્ત થાય છે. જે પુરુષ માત્ર શાકનું ભોજન કરે છે તેને પુષ્કળ ગાયો મળે છે, માત્ર તૃણનો આહાર કરનારને સ્વર્ગ મળે છે, ત્રણ વખત સ્નાનસંધ્યા કરનારાને ઉત્તમ સ્ત્રીઓ મળે છે અને કેવળ વાયુનું ભક્ષણ કરીને જીવનારાને યજ્ઞ કર્યાનું ફળ મળે છે.[૧૩] જે બ્રાહ્મણ, નિત્ય સ્નાન કરીને પ્રાતઃકાળની તથા સાયંકાળની સંધ્યા કરે છે તે પ્રજાપતિ દક્ષરૂપે જન્મે છે; અને હે રાજા! જે પુરુષ જળનો તથા આહારનો ત્યાગ કરે છે, તેને સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે.[૧૪] જેઓ નિત્ય સ્થંડિલ ઉપર શયન કરે છે તેઓને ઉત્તમ ગૃહો તથા શયનો મળે છે, અને જેઓ વૃક્ષોની છાલનાં વસ્ત્રો પહેરે છે, તેઓને ઉત્તમ વસ્ત્રો તથા અલંકારો મળી આવે છે.[૧૫] જે તપોધન, નિત્ય યોગસાધન કર્યા કરે છે તેને શ્રેષ્ઠ શય્યાઓ, આસનો તથા વાહનો મળે છે, અને જે પુરુષ, અગ્નિમાં પ્રવેશ કરીને પ્રાણત્યાગ કરે છે, તે નિત્ય બ્રહ્મલોકમાં પૂજાય છે.[૧૬] મનુષ્ય, છયે રસોનો ત્યાગ કરે છે તો આ લોકમાં સૌભાગ્યને પામી શકે છે અને કેવળ માંસનોજ ત્યાગ કરે છે તો તેની પ્રજા લાંબા આયુષ્યવાળી થાય છે.[૧૭] જે પુરુષ નિત્ય જળમાં નિવાસ કરે છે તે રાજા થાય છે અને હે મહાપુરુષ! જે મનુષ્ય સત્યવાદી હોય છે તે દેવતાઓની સાથે આનંદ કરે છે.[૧૮] દાન આપવાથી કીર્તિ મળે છે, અહિંસા પાળવાથી આરોગ્ય મળે છે અને બ્રાહ્મણોની સેવા કરવાથી મોટું રાજ્ય અને બ્રાહ્મણપણું પણ પ્રાપ્ત થાય છે.[૧૯] જળનું દાન કરવાથી અમર કીર્તિ થાય છે, અન્નનું દાન કરવાથી સર્વ કામનાઓ તથા ભોગોથી તૃપ્ત થવાય છે અને પ્રાણીમાત્રને અભયદાન આપવાથી સર્વ પ્રકારના શોકથી મુક્ત થવાય છે, જે પુરુષ સર્વ દેવોની સેવા કરે છે, તેને દિવ્યરૂપ મળે છે. દીપમાળાનું દાન કરે છે તેને ઉત્તમ નેત્રો પ્રાપ્ત થાય છે. દર્શન કરવાયોગ્ય વસ્તુનું દાન કરે છે તેને સ્મરણશક્તિ તથા બુદ્ધિ પ્રાપ્ત થાય છે; ચંદન તથા પુષ્પોની માળાનું દાન કરે છે તેની પુષ્કળ કીર્તિ થાય છે અને જટા તથા દાઢી વધારનારા પુરુષને ઉત્તમ સંતતિ પ્રાપ્ત થાય છે.[૨૦-૨૩] હે રાજા! બાર વર્ષપર્યંત સર્વ પ્રકારના ભોજનનો ત્યાગ કરીને જપાદિ નિયમનો સ્વીકાર કરનાર તથા ત્રણ વખત સ્નાન કરનાર પુરુષ, વીરપુરુષોને પ્રાપ્ત થનારી ગતિ કરતાં પણ ઉત્તમ ગતિને સંપાદન કરે છે.[૨૪] હે મનુષ્યશ્રેષ્ઠ રાજા! બ્રાહ્મવિવાહથી કન્યાનું દાન કરનારો પુરુષ દાસીઓને, સેવકોને, અલંકારોને, ક્ષેત્રોને તથા ગૃહોને સંપાદન કરે છે;[૨૫] તેમજ હે ભારત! જે પુરુષ યજ્ઞો તથા ઉપવાસો કરે છે, તે સ્વર્ગમાં જાય છે અને ફળ તથા પુષ્પોનું દાન કરનારો પુરુષ, કલ્યાણકારી જ્ઞાનને મેળવે છે.[૨૬] સ્વર્ગલોકના દેવગણો કહે છે કે, જે પુરુષ સુવર્ણનાં શીંગડાંઓથી શણગારેલી એક હજાર ગાયોનું દાન કરે છે, તેને સ્વર્ગમાં પવિત્ર ગણાતા દેવલોકની પ્રાપ્તિ થાય છે;[૨૭] તેમજ જે પુરુષ, સુવર્ણનાં શીંગડાંવાળી એક કપિલા ગાયનું તેના વાછરડાસહિત અને કાંસાના દોહનપાત્રસહિત દાન કરે છે, તે પુરુષના એ દાનપુણ્યના ગુણથી તેણે આપેલી ગાય, સર્વ મનોરથોને પૂર્ણ કરનારીજ કામદુધા થઈ પડે છે અને તે પુરુષની સમીપમાંજ સ્થિતિ કરે છે.[૨૮] ગાયનું દાન કરવાથી મનુષ્ય ગાયના શરીર ઉપર જેટલાં રુંવાટાં હોય છે તેટલાં વર્ષોપર્યંત પુત્રોને, પૌત્રોને તથા ઉત્તમ કુળને પામે છે અને પરલોકમાં સાત પેઢીના પિતૃઓને તારે છે.[૨૯] જે પુરુષ એક ગાયને સુવર્ણનાં શીંગડાંથી શણગારીને તથા જરીવાળી ઝુલથી ઓઢાડીને કાંસાના દોહનપાત્રસહિત બ્રાહ્મણને દાનમાં આપે છે અને ઉપરથી દક્ષિણા તથા તલનું દાન કરે છે, તે પુરુષને વસુઓના લોક સુલભ થઈ પડે છે.[૩૦] એક મનુષ્ય, પોતાનાં પાપકર્મોથી ઘેરાઈ ગયો હોય અને તેને લીધે તીવ્ર અંધકારવાળા નરકમાં પડવાની અણીપર આવી ચૂક્યો હોય, તોપણ તે સમયે જો ગાયોનું દાન કરે છે તો, જેમ મહાસાગરમાં અનુકૂળ વાયુથી પ્રેરાયેલી નૌકા, તેમાં બેસનારાઓને તારે છે, તેમ એ

ગાયો, પરલોકમાં તેને તારે છે.૩૧ જે પુરુષ બ્રાહ્મવિવાહથી કન્યાનું દાન કરે છે, જે મનુષ્ય બ્રાહ્મણને પૃથ્વીનું દાન આપે છે અને જે પુરુષ વિવિધ પ્રકારના અન્નનું દાન કરે છે તેઓ સર્વે, ઇંદ્રના લોકને પામે છે.૩૨ જે પુરુષ, વેદસ્વાધ્યાય અને ચારિત્ર્યના ગુણોથી સંપન્ન એક બ્રાહ્મણને સર્વગુણોથી યુક્ત ઘરનું તથા ઘરના સામાનનું દાન કરે છે, તે પુરુષનો ઉત્તર કુરુદેશમાં જન્મ થાય છે;૩૩ તેમજ એક બળદનું દાન આપવાથી તથા ગાયોનું દાન આપવાથી પુરુષ, વસુઓના લોકને પામે છે અને રૂપાનું દાન આપવાથી સ્વર્ગ મળે છે; પણ સુવર્ણનું દાન આપવાથી તેના કરતાં પણ અધિક ફળ મળે છે.૩૪ છત્રનું દાન આપવાથી ઉત્તમ ઘર મળે છે, ઉપાનહનું (જોડા) દાન આપવાથી વાહન મળે છે, વસ્ત્રોનું દાન આપવાથી સુંદર રૂપ મળે છે અને સુગંધી પદાર્થોનું દાન આપવાથી મનુષ્ય, સુગંધી શરીરવાળો થાય છે. જે પુરુષ પુષ્પ તથા ફળસમૃદ્ધિથી ભરપૂર એક વૃક્ષનું બ્રાહ્મણને દાન આપે છે, તે પુરુષને લક્ષ્મી રત્નો વગેરેથી ભરપૂર એવું ઘર, યત્ન કર્યાવિના મળી આવે છે.૩૬ ભક્ષણ કરવાયોગ્ય પદાર્થો, અન્ન, જળ અને રસોનું દાન કરનાર પુરુષ, સર્વ રસોને સંપૂર્ણ રીતે સંપાદન કરે છે; અને ઘર તથા ઓઢવાનાં વસ્ત્રો વગેરેનું દાન કરનારો પુરુષ, તે તે પદાર્થોનેજ અવશ્ય પામે છે.૩૭ હે નરેન્દ્ર! જે મનુષ્ય માળા, ધૂપ, ચંદન, વિલેપન, સ્નાન કરવાનું જળ તથા પુષ્પો વગેરેનું બ્રાહ્મણોને દાન આપે છે, તે લોકમાં નિરોગી અને રૂપાળો થાય છે.૩૮ હે રાજન્! જે પુરુષ, ધાન્યાદિથી ભરપૂર તથા શયનાદિકથી યુક્ત ગૃહ, બ્રાહ્મણને દાનમાં આપે છે તે પુરુષ પવિત્ર, સુંદર અને અનેક રત્નોથી ભરપૂર ઉત્તમ ગૃહને મેળવે છે;૩૯ તેમજ જે પુરુષ સુગંધીદાર અને ચિત્રવિચિત્ર ગાલીચાથી બિછાવેલો પલંગ બ્રાહ્મણને દાનમાં આપે છે, તે પુરુષને રૂપસંપન્ન, કુળવાન અને સુંદર ભાર્યા યત્ન કર્યાવિના મળી આવે છે.૪૦ મહર્ષિઓ કહે છે કે, રણક્ષેત્રમાં મરણ પામીને વીરશય્યામાં શયન કરે છે તેની યોગ્યતા પિતામહસમાન ગણાય છે; કેમકે રણક્ષેત્રમાં યુદ્ધ કરીને મરણ પામવું, એના જેવું કંઇ ઉત્તમજ નથી.૪૧

વૈશંપાયને કહ્યું:–પિતામહનાં એ વચન સાંભળીને કુરુનંદન યુધિષ્ઠિર, મનમાં પ્રસન્ન થયા અને તેમણે વીરમાર્ગનીજ આકાંક્ષા રાખીને તપશ્ચર્યાની પ્રાધાન્યતાવાળા આશ્રમને પસંદ કર્યો નહિ. (અર્થાત્ પોતાના ક્ષાત્રધર્મમાંજ રહેવાનું પસંદ કર્યું.)૪૨ હે મહાપુરુષ જનમેજય! તે પછી રાજા યુધિષ્ઠિરે, પાંડવોપ્રત્યે કહ્યું:– "પિતામહના આ વચનને તમે માન્ય કરો." તે સાંભળી સર્વ પાંડવોએ તથા યશસ્વિની દ્રૌપદીએ, યુધિષ્ઠિરના એ વાક્યને "બહુ સારૂં" એમ કહીને માન્ય કર્યું.૪૩,૪૪

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "કર્મો અને મરણ પછી પ્રાપ્ત થનારાં તેનાં ફળ" એ વિષયનો અધ્યાય ૫૭ મો સમાપ્ત

અધ્યાય ૫૮ મો

બગીચાઓ અને તળાવોનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

आरामाणां तडागानां यत्फलं कुरुपुंगव।
तदहं श्रोतुमिच्छामि त्वत्तोऽद्य भरतर्षभ ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે ભરતશ્રેષ્ઠ પિતામહ! બગીચાઓ અને તળાવો બંધાવવાથી મળતું ફળ હવે તમારી પાસેથી સાંભળવા હું ઇચ્છું છું.

ભીષ્મે કહ્યું:–જેનો દેખાવ ઘણોજ સુંદર હોય, જેમાં પુષ્કળ પ્રકારનું ધાન્ય ઉત્પન્ન કરવાની શક્તિ હોય, જેનો દેખાવ વિચિત્ર ધાતુઓથી વિભૂષિત હોય અને જ્યાં પ્રાણીમાત્રને નિવાસ કરવાની અનુકૂળતા હોય, તે ભૂમિ શ્રેષ્ઠ કહેવાય છે;૨ માટે એવી ભૂમિમાં જૂદાં જૂદાં ક્ષેત્રો કરવાં, તળાવો બંધાવવાં અને તળાવો ખોદાવવાં તે ઉત્તમ ગણાય છે. માટે તે સર્વના સંબંધમાં હું અનુક્રમે કહું છું.૩ તેમાં પ્રથમ તળાવો બંધાવવાથી જે ગુણો પ્રાપ્ત થાય છે તે વિષે હું કહું છું. જે પુરુષે તળાવો બંધાવેલાં હોય છે તે પુરુષ ત્રણે લોકમાં સર્વત્ર પૂજ્ય

છે;૪ કેમકે તળાવ પ્રાણીમાત્રને પોતાના મિત્રની પેઠે ઉપકાર કરનારૂં છે, સૂર્યને પ્રસન્ન કરનારૂં છે અને દેવોનું પોષણ કરનારૂં છે એટલુંજ નહિ પણ તળાવો બંધાવવાં તે ઉત્તમ કીર્તિજનક છે.૫ વિદ્વાનો કહે છે કે, તળાવો બંધાવવાથી ધર્મ, અર્થ અને કામનું ફળ મળે છે અને કોઇ યોગ્ય પ્રદેશ ઉપર તળાવ બંધાવવાથી ઘણુંજ પુણ્ય પ્રાપ્ત થાય છે; કેમકે તળાવ, એક મોટા આશ્રયરૂપ હોઇને ક્ષેત્રરૂપ થઇ પડે છે;૬ તેમજ તળાવ, ચારે પ્રકારનાં પ્રાણીઓને આશ્રયરૂપ થઈ પડે છે, માટે ખોદાવેલાં કે બંધાવેલાં તળાવમાત્ર, ઉત્તમ લક્ષ્મીને આપે છે.૭ દેવો, મનુષ્યો, ગંધર્વો, પિતૃઓ, સર્પો, રાક્ષસો અને સ્થાવર પ્રાણીઓ જળાશયનોજ આશ્રય કરે છે, માટે તળાવો બંધાવવામાં જે ગુણો કહેવામાં આવ્યા છે અને તળાવ ખોદાવવામાં કે બંધાવવામાં ઋષિઓએ જે ફળપ્રાપ્તિ કહી છે, તેનું હું વર્ણન કરૂં છું.૮,૯ જે પુરુષે બંધાવેલા તળાવમાં વર્ષાકાળમાં પાણી રહે છે તેને અગ્નિહોત્રનું ફળ મળે છે, એમ પંડિતો કહે છે.૧૦ જેણે બંધાવેલા તળાવમાં શરદ્ઋતુના સમયમાં પાણી રહે છે, તે પુરુષને મરણ પછી એક હજાર ગાયોના દાન જેટલું ઉત્તમ ફળ મળે છે.૧૧ જેના તળાવમાં હેમંતઋતુના સમયસુધી પાણી રહે છે, તે પુરુષને પુષ્કળ સુવર્ણના દાનવાળા યજ્ઞનું ફળ મળે છે. જેણે બંધાવેલા તળાવમાં શિશિરઋતુના સમયસુધી જળ રહે છે, તે પુરુષને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે, એમ વિદ્વાનો કહે છે.૧૩ જે પુરુષે બંધાવેલું મોટા આશ્રયવાળું તળાવ વસંતઋતુમાં પણ ઉત્તમ જળથી ભરપૂર રહે છે, તેને અતિરાત્ર યજ્ઞ કર્યાનું ફળ મળે છે.૧૪ જેના તળાવમાં ગ્રીષ્મકાળમાં પણ પાણી ભરપૂર રહે છે તેને અશ્વમેધયજ્ઞનું ફળ મળે છે, એમ મુનિઓ કહે છે.૧૫ જેણે ખોદાવેલા જળાશયમાં ગાયો તથા સત્પુરુષો જળપાન કરે છે, તે પુરુષ આખા કુળને તારે છે.૧૬ જેના તળાવમાં તૃષાતુર થયેલી ગાયો તથા મૃગો, પક્ષીઓ અને મનુષ્યો જળપાન કરે છે, તે પુરુષને અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ મળે છે.૧૭ જેણે બંધાવેલા તળાવમાં પ્રાણીઓ જળપાન કરે છે, સ્નાન કરે છે અને વિશ્રાંતિ લે છે, તે પુરુષને મરણ પછી અનંત ફળ પ્રાપ્ત થાય છે.૧૮ હે તાત ! જળ એ એક દુર્લભ વસ્તુ ગણાય છે અને પરલોકમાં તો તે વિશેષે કરીને દુર્લભ છે; માટે જળનું દાન કરવાથી સનાતન કાળની તૃપ્તિ મેળવી શકાય છે.૧૯ તમે નિત્ય તલનું દાન કરો, જળનું દાન કરો, દીવાઓનું દાન કરો અને નિરંતર સાવધાન રહીને જ્ઞાતિજનો સાથે આનંદમાં રહો; કેમકે મરણ પછી એ અત્યંત દુર્લભ છે.૨૦ હે પુરુષોમાં સિંહસમાન રાજા ! જળનું દાન કરવું તે સર્વ દાનોમાં અત્યંત શ્રેષ્ઠ છે અને સર્વ દાનો કરતાં વિશેષ છે, માટે જળનું દાન તો અવશ્ય કરવુંજ.૨૧ એ રીતે તળાવો બંધાવવાનું ઉત્તમ ફળ મેં તને કહ્યું.

હવે વૃક્ષો વાવવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે હું તને કહું છું.૨૨ વૃક્ષો કે જે સ્થાવર પ્રાણી કહેવાય છે, તેઓની જાતી છ પ્રકારની કહેવામાં આવી છે. જેમકે વૃક્ષો (વડ વગેરે), ગુલ્મો (દર્ભ વગેરે), લતાઓ (વૃક્ષાદિ ઉપર ચઢી જનારી વેલ વગેરે), વલ્લીઓ (પૃથ્વીપર ફેલાઇ જનાર કોહળાં વગેરેના વેલા), ત્વકસાર (માંસ વગેરે) અને તૃણજાતિઓ (ધરો-ધ્રો-ખડ વગેરે).૨૩ આ છ વૃક્ષોની જાતિઓ છે અને તેઓને વાવવામાં આ પ્રકારના ગુણો પ્રાપ્ત થાય છે. વૃક્ષને વાવનારો પુરુષ મનુષ્યલોકમાં કીર્તિ પામે છે, મરણ પછી ઉત્તમ ફળ સંપાદન કરે છે, લોકમાં નામના કાઢે છે, પિતૃઓસાથે પૂજાય છે, દેવલોકમાં ગયા પછી પણ તેના નામનો નાશ થતો નથી; અને હે ભારત ! તે પુરુષ ભૂતકાળના તથા ભવિષ્યકાળના વંશજોને તારે છે માટે વૃક્ષો વાવવાં.૨૪-૨૬ પુરુષે જે વૃક્ષોને વાવેલાં હોય છે, તેઓ તેના પુત્રોરૂપે અવતરે છે, એમાં કંઈ સંશય નથી અને વૃક્ષોને વાવનારો પુરુષ પરલોકમાં ગયા પછી પણ અવિનાશી દિવ્ય લોકોને પામે છે.૨૭ હે તાત ! વૃક્ષો, પુષ્પોવડે દેવગણોની પૂજા કરે છે, ફળોવડે પિ-

તૃઓની પૂજા કરે છે અને છાયાવડે અતિથિઓની પૂજા કરે છે.[૨૮] કિન્નરો, સર્પો, રાક્ષસો, દેવો, ગંધર્વો, મનુષ્યો અને ઋષિગણો પણ વૃક્ષોનો આશ્રય કરે છે.[૨૯] વળી વૃક્ષો, પુષ્પો તથા ફળોથી પૂર્ણ થઇને મનુષ્યોને તૃપ્ત કરે છે અને જે પુરુષ વૃક્ષનું દાન કરે છે તેને પરલોકમાં પુત્રની પેઠે વૃક્ષો તારે છે;[૩૦] માટે શ્રેયની ઇચ્છા રાખનારા મનુષ્યે, ઉત્તમ જાતિનાં વૃક્ષોને તળાવ ઉપર અવશ્ય વાવવાં અને પુત્રોની પેઠે તેઓનું પરિપાલન કરવું; કેમકે ધર્મદૃષ્ટિએ તેઓને પુત્રોજ ગણવામાં આવે છે.[૩૧] જે પુરુષે તળાવ બંધાવ્યું હોય, વૃક્ષો વાવ્યાં હોય અને જે બ્રાહ્મણે યજ્ઞો કર્યા હોય, તેઓ ત્રણે સ્વર્ગલોકમાં પૂજાય છે અને સત્યવાદી પુરુષો પણ સ્વર્ગમાં પૂજાય છે;[૩૨] માટે પ્રત્યેક મનુષ્યે તળાવો બંધાવવાં, વૃક્ષો રોપાવવાં, જાતજાતના અનેક યજ્ઞો કરવા અને નિરંતર સત્ય બોલવું."[૩૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં 'બગીચા અને તળાવો બંધાવવાનું માહાત્મ્ય" એ વિષયનો અધ્યાય ૫૮ મો સમાપ્ત

અધ્યાય ૫૯ મો

દાનની શ્રેષ્ઠતા

॥ युधिष्ठिर उवाच ॥

यानीमानि बहिर्वेद्यां दानानि परिचक्षते ।
तेभ्यो विशिष्टं किं दानं मतं ते कुरुपुंगव ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે કુરુશ્રેષ્ઠ પિતામહ! જે દાનો યજ્ઞવેદિકાની બહારના ભાગમાં આપવાનાં કહ્યાં છે તે સર્વ દાનોમાંથી તમે કયા દાનને ઉત્તમ માનો છો?[૧] હે પ્રભો! એ વિષયમાં મને પરમ કુતૂહલ રહે છે. માટે આપવામાં આવેલું જે દાન પરલોકમાં દાતાને અનુસરે છે તે દાનના સંબંધમાં તમે મને કહો."[૨]

ભીષ્મે કહ્યું:-"પ્રાણીમાત્રને અભય આપવું, દુઃખના સમયમાં કોઈનાપર અનુગ્રહ કરવો અને તરસ્યાની તથા યાચના કરનારાની અભિલાષા પૂરવી, આ સર્વોત્કૃષ્ટ દાન કહેવાય છે.[૩] જે શ્રદ્ધાળુ પુરુષ, અમુક વસ્તુનું દાન કરીને એમ માને છે કે, તે વસ્તુ તો મેં આપીજ દીધી છે (અર્થાત્ દાન આપી દીધા પછી તેના સંબંધમાં કેવળ નિરપેક્ષ રહે છે) તે પુરુષને દાનનું ફળ મળે છે. હે ભરતશ્રેષ્ઠ! આપવામાં આવેલું જે દાન દાતાને (પરલોકમાં) અનુસરે છે, તે દાન સુવર્ણદાન, ગોદાન અને પૃથ્વીદાનજ છે. આ ત્રણે દાનો પવિત્ર હોઇને પાપી પુરુષને પણ તારનારાં છે.[૪,૫] હે પુરુષવ્યાઘ્ર! એ ત્રણે પ્રકારનાં દાન નિત્ય સત્પુરુષોનેજ તારે આપવાં; કેમકે સત્પુરુષોને આપેલાં દાન, મનુષ્યને પાપમાંથી મુક્ત કરે છે, એમાં કંઇ સંશય નથી.[૬] જે મનુષ્યને અક્ષય પુણ્યફળની ઇચ્છા હોય, તેણે જે વસ્તુ લોકમાં અત્યંત ઈષ્ટ ગણાતી હોય અને પોતાના ઘરમાં જે વસ્તુ અત્યંત પ્રિય થઈ પડી હોય તેનું, કોઇ ગુણવાન પુરુષને દાન કરવું.[૭] પોતાની પ્રિય વસ્તુ આપીને સામાનું પ્રિય કરનાર મનુષ્ય, નિત્ય પ્રિય વસ્તુઓને સંપાદન કરે છે અને આ લોકમાં તથા પરલોકમાં પ્રાણીમાત્રને પ્રિય થઈ પડે છે.[૮] હે યુધિષ્ઠિર! પોતાની પાસે યાચના કરવા આવેલા સંસારવિરક્ત દરિદ્ર યાચકનો, જે પુરુષ અભિમાનથી યથાશક્તિ સત્કાર કરતો નથી, તે અત્યંત ક્રૂર છે એમ જાણવું.[૯] પોતાનો શત્રુ હોય છતાં પણ દીન હાલતમાં આવી પડીને પોતાને શરણે આવ્યો હોય, ત્યારે તેના દુઃખસમયમાં જે પુરુષ તેનાપર અનુગ્રહ કરે છે, તેજ પુરુષોમાં ઉત્તમ ગણાય છે;[૧૦] અને જે પુરુષ, સંપૂર્ણ વિદ્યાવાળો હોવાછતાં વૃત્તિની (આજીવિકાના સાધનની) ક્ષીણતાને લીધે દુઃખી અને દુર્બળ થયેલા મનુષ્યની ક્ષુધાનો નાશ કરે છે, તેના સમાન બીજો કોઇ પુરુષજ નથી.[૧૧] હે કુંતાપુત્ર! જે પુરુષો, પોતાની ધાર્મિક ક્રિયાઓનું નિયમિત રીતે અનુષ્ઠાન કરતા હોય, જનસમાજમાં ઉત્તમ ગણાતા હોય, પુત્રો અને સ્ત્રીઓથી રહિત હોય અને કોઈની પાસે યાચના કરનારા ન હોય તેવા પુરુષોને હરકોઇ ઉપાયે પોતાને ત્યાં નોતરવા.[૧૨] વળી જેઓ લોભબુદ્ધિનો આશ્રય કરીને દેવોને કે મનુષ્યોને આશીર્વાદ

આપતા નથી, માન આપવાને યોગ્ય હોય છે અને નિત્ય સંતુષ્ટ રહીને પોતાને જે કંઈ મળે તે ઉપર આજીવિકા ચલાવનારા હોય છે, તેઓ (જો ક્રોધાયમાન થાય છે તો) ઝેરી સર્પના જેવા ભયંકર થઇ પડે છે; માટે હે ભારત ! તેવા ઉત્તમ બ્રાહ્મણોને અનુચરોદ્વારા ઓળખી લઇને ગૃહાદિ અર્પણ કરી નિત્ય તેઓને નિમંત્રણ આપવું અને દાસદાસીઓ તથા સર્વ કામસુખાવહ વસ્ત્રાલંકારાદિ ઉપકરણો અપર્ણ કરી તેઓને જોઈતાં સાધનો પૂરાં પાડવાં.[૧૩-૧૫] હે યુધિષ્ઠિર ! તારૂં દાન શ્રદ્ધાથી જો પવિત્ર હશે, તોજ કેવળ કર્તવ્યબુદ્ધિથી અથવા નિષ્કામ બુદ્ધિથી (નહિ કે કોઇ ફળ મેળવવાની ઇચ્છાથી) ધર્માચરણ કરનારા તે પુણ્યકર્મા બ્રાહ્મણો, દાનનો પ્રતિગ્રહ કરશે.[૧૬] હે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ રાજા! જે બ્રાહ્મણો વિદ્યાસ્નાત હોય, વ્રતસ્નાત હોય, કોઈની દરકાર રાખ્યા વિના જીવનારા હોય, સ્વાધ્યાયને તથા તપને ગૂઢ રાખનારા હોય, તીક્ષ્ણ વ્રતનું પાલન કરનારા હોય, પવિત્ર હોય, જિતેન્દ્રિય હોય અને પોતાની સ્ત્રીવિષેજ સંતુષ્ટ રહેનારા હોય તેવા બ્રાહ્મણોને તું દાન આપીશ તો બન્ને લોકમાં તારૂં કલ્યાણ થશે.[૧૭,૧૮] જેમ એક દ્વિજાતિએ, સાયંકાળે તથા પ્રાતઃકાળે વિધિપૂર્વક હોમેલું અગ્નિહોત્ર ઉત્તમ ફળને આપે છે, તેમ ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા બ્રાહ્મણોને આપેલું દાન ઉત્તમ ફળને આપે છે.[૧૯] હે રાજા! તેં દાતાએ, આ દાનયજ્ઞનો આરંભ કર્યો છે, કે જે શ્રદ્ધાથી પવિત્ર છે, દક્ષિણાઓથી ભરપૂર છે અને સર્વ યજ્ઞો કરતાં શ્રેષ્ઠ છે, તે નિરંતર આ પ્રમાણે ચાલ્યાજ કરો.[૨૦] કેમકે, હે યુધિષ્ઠિર ! પૂર્વોક્ત સુપાત્ર બ્રાહ્મણોની અંજલિમાં દાનસંકલ્પનું જળપ્રદાન કરનારો અને તેઓને આશ્રય આપી પૂજાસત્કાર કરનારો પુરુષ સર્વ પ્રકારના ઋણમાંથી મુક્ત થાય છે.[૨૧] જે બ્રાહ્મણો કદી ક્રોધાયમાન થતા નથી, જેઓ એક તણખલાને માટે પણ લોભ કરતા નથી અને જેઓ પ્રિય વાક્ય બોલનારા હોય છે, તેઓ આપણા અત્યંત પૂજ્ય ગણાય છે;[૨૨] કેમકે તેવા બ્રાહ્મણો નિઃસ્પૃહ હોય છે તેથી દાતાને બહુ માન આપતા નથી, તેમ દાનાદિક મેળવવામાટે તેઓ પ્રવૃત્તિ પણ કરતા નથી; માટે પુત્રોની પેઠે તેઓનું રક્ષણ કરવું, તેઓને નમસ્કાર કરવા અને તેઓ તરફથી અભય માગવું.[૨૩] ઋત્વિજો, પુરોહિતો અને આચાર્યો, શિષ્યોના પર સ્નેહાળ હોઇને કોમળ સ્વભાવના હોય છે અને વેદવિદ્યાને ધારણ કરનારા હોય છે, માટેજ તેઓનું બ્રાહ્મતેજ, ક્ષાત્રતેજ સાથે સંબંધમાં આવીને પણ નિત્ય શાંત રહે છે.[૨૪] હે યુધિષ્ઠિર ! "હું બળવાન છું, રાજા છું" એમ માનીને બ્રાહ્મણોનો ત્યાગ કરી તારે ભોજન કરવું નહિ, તેમ તેઓને અર્પણ કર્યાવિના વસ્ત્રો પહેરવાં નહિ.[૨૫] હે નિર્દોષ રાજા ! તારી પાસે શોભાને માટે કે બળને માટે જે કંઇ દ્રવ્ય હોય, તેનાવડે સ્વધર્મનું આચરણ કરીને તારે બ્રાહ્મણોનો સત્કાર કરવો.[૨૬] બ્રાહ્મણો, જેમ તેમ વર્તન કરતા હોય તોપણ તેઓને તારે નમસ્કાર કરવો. જેમ એક પુત્ર પિતાની પાસે લાડ કરે, તેમ બ્રાહ્મણો પોતાને સુખ થાય તેમ અને પોતાના ઉત્સાહ પ્રમાણે તારી પાસે ભલે લાડ કરે.[૨૭] હે કુરુશ્રેષ્ઠ ! જેઓ અક્ષય અનુગ્રહ કરનારા છે અને જેઓ અલ્પ વસ્તુથી સંતુષ્ટ રહેનારા છે, તેવા ઉત્તમ હૃદયવાળા બ્રાહ્મણોને તારાવિના બીજો કયો પુરુષ આજીવિકા અર્પણ કરવાને યોગ્ય છે ?[૨૮] જેમ સ્ત્રીઓમાટે પોતાના પતિની સેવા કરવી તેજ લોકમાં સનાતનધર્મ ગણાય છે અને પતિસિવાય સ્ત્રીઓની બીજી ગતિ નથી, તેમ આપણામાટે પણ બ્રાહ્મણોની સેવા કરવી એજ સનાતનધર્મ છે અને બ્રાહ્મણોજ આપણી ગતિરૂપ છે.[૨૯] હે તાત ! પૂજાસત્કારને નહિ પામેલા બ્રાહ્મણો, આપણી ક્ષત્રિયજાતિમાં રહેલા દારુણ કર્મને જોઇને આપણો જો ત્યાગ કરશે તો આપણે વેદરહિત થઇ પડીશું, યજ્ઞરહિત થઈ પડીશું, પરલોકથી ભ્રષ્ટ થઇશું અને આજીવિકાથી રહિત થઈ પડીશું. વળી બ્રાહ્મણોનો આશ્રય કર્યાવિના જેઓ જીવે છે, તેઓના જીવતરનું પ્રયોજન પણ શું છે ? હે રાજન્ ! આ વિષયમાં હું તને સનાતન ધ-

ર્મનું સ્વરૂપ કહું છું. પૂર્વે, રાજાઓ બ્રાહ્મણોની સેવા કરતા હતા, વૈશ્યો ક્ષત્રિયોની સેવા કરતા હતા અને શૂદ્રો વૈશ્યોની સેવા કરતા હતા. એવી એક શ્રુતિ છે અને તેમાં પણ એવી મર્યાદા હતી કે, જ્વલંત અગ્નિસમાન પ્રતાપી બ્રાહ્મણવર્ણની સેવા કરતી વેળા શૂદ્રો, દૂર રહીનેજ સેવા કરતા હતા અને વૈશ્યો તથા ક્ષત્રિયો, બ્રાહ્મણોનો સ્પર્શ કરીને તેઓની સેવા કરતા હતા, માટે તમે પણ જેઓ કોમળ સ્વભાવના હોય, સત્યશીલ હોય, સત્ય ધર્મનું પાલન કરનારા હોય અને સર્પોના જેવા ક્રોધી હોય, તે બ્રાહ્મણોની નિત્ય સેવા કરો; કેમકે બ્રાહ્મણો નીચ, ઉચ્ચ અને ઉચ્ચના કરતાં પણ ઉચ્ચ ગણાતાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે.[૩૦-૩૫] જે ક્ષત્રિયો તેજ અને બળથી પ્રતાપી ગણાતા હોય છે તેઓનાં તેજ અને તપ, બ્રાહ્મણોની આગળ શાંતજ પડી જાય છે.[૩૬] હે તાત! મને જેવા બ્રાહ્મણો પ્રિય છે તેવા મારા પિતા પ્રિય ન હતા-તું પોતે પ્રિય નથી, મારા પિતાના પિતા પ્રિય ન હતા, મારો આત્મા પ્રિય નથી અને મારૂં જીવિત પણ પ્રિય નથી.[૩૭] હે ભરતશ્રેષ્ઠ! આ પૃથ્વીપર તારા કરતાં બીજો કોઈ પણ મને અત્યંત પ્રિય નથી; છતાં તારા કરતાં પણ બ્રાહ્મણો મને વધારે પ્રિય છે.[૩૮] હે પાંડુનંદન! આ વાત હું તને સત્ય કહું છું અને તે સત્યના પ્રભાવથી મારા પિતા શાંતનુ જ્યાં ગયેલા છે તે લોકમાં હું જઇશ.[૩૯] હે તાત! બ્રહ્માને પણ માન્ય એવા સત્પુરુષોના પવિત્ર લોકોને હું જોઈ શકું છું અને ત્યાંજ મારે હવે અલ્પ સમયમાં જવું છે.[૪૦] હે ભરતસત્તમ રાજા! એ દિવ્ય લોકોને જોયા પછી મારા હૃદયમાં લેશમાત્ર સંતાપ થતો નથી; કેમકે બ્રાહ્મણોને ઉદ્દેશીને આજદિનપર્યંત મેં જે કંઇ કર્યું છે તેનોજ એ પ્રતાપ છે."

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "દાનની શ્રેષ્ઠતા" એ વિષયનો અધ્યાય ૫૯ મો સમાપ્ત

* * *

અધ્યાય ૬૦ મો

દાનની પાત્રતા

॥ युधिष्ठिर उवाच ॥
यौ च स्यातां चरणेनोपपन्नौ ।
यौ विद्यया सदृशौ जन्मना च॥
ताभ्यां दानं कतरस्मै विशिष्ट ।
मयाचमानाय च याचते च ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"જે બંને પુરુષો ચારિત્ર્યથી યુક્ત હોય, વિદ્યાથી સંપન્ન હોય અને જન્મથી સમાન હોય છતાં તેઓ બંનેમાં એક યાચના કરનારો હોય અને બીજો યાચના નહિ કરનારો હોય ત્યારે, કોને દાન આપવાથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે?"[૧]

ભીષ્મે કહ્યું:–"હે પાર્થ! વિદ્વાનો કહે છે કે યાચના કરનારાને દાન આપવું તેના કરતાં યાચના નહિ કરનારાને દાન આપવું તે વધારે શ્રેષ્ઠ છે. કેમકે, યાચના કરીને પોતાની કૃપણતા દર્શાવનારા ધૈર્યહીન પુરુષ કરતાં યાચના નહિ કરનારો ધૃતિમાન પુરુષ વધારે યોગ્ય છે.[૨] ક્ષત્રિય, રક્ષણ કરવામાં ધૈર્યવાળો હોવો જોઇએ અને બ્રાહ્મણ, યાચના નહિ કરવામાં ધૈર્યવાળો હોવો જોઇએ. કેમકે, યાચના નહિ કરવારૂપ ધૈર્યવાળો વિદ્વાન અને સંતોષી બ્રાહ્મણ દેવોને પ્રસન્ન કરે છે.[૩] હે ભારત! યાચનારૂપ કર્મ, દરિદ્ર મનુષ્યના તિરસ્કારરૂપ છે, એમ વિદ્વાનો કહે છે. કેમકે યાચના કરનારા મનુષ્યો, ચોરલોકોની પેઠે સર્વને કંટાળો ઉપજાવે છે.[૪] હે યુધિષ્ઠિર! યાચના કરનારો મનુષ્ય મરણ પામે છે પણ પણ દાન કરનારો મનુષ્ય કદી મરણ પામતો નથી; કારણ કે, દાન આપનારો મનુષ્ય, પોતાના આત્માને સજીવન કરતો જાય છે.[૫] એક મનુષ્ય, યાચના કરે છે છતાં તેને દાન આપવામાં આવે છે તે કેવળ, "आनृशंस्यंपरोधर्मः" દયા રાખવી એ પરમ ધર્મ છે." એ સૂત્રને અનુસરીનેજ આપવામાં આવે છે; પણ દરિદ્રતાને લીધે દુઃખી હોવાછતાં જેઓ યાચના કરતા નથી તેઓને તો હરકોઇ ઉપાયે પોતાને ત્યાં નોતરીને પણ દાન આપવું.[૬] જો કદાચ

તેવી અયાચિતવૃત્તિ ધારણ કરનારા ઉત્તમ બ્રાહ્મણો, તારા રાષ્ટ્રમાં આવીને નિવાસ કરે તો ભસ્મમાં ઢંકાયેલા અગ્નિસમાન તે બ્રાહ્મણોને ખાસ યત્નપૂર્વક તારે શોધી કાઢવા.[૭] કેમકે, હે કુરુવંશી રાજા! તેવા બ્રાહ્મણો તપથી દેદીપ્યમાન હોય છે અને તેઓ પૂજા કરવા યોગ્ય હોય છે; છતાં તેઓની પૂજા કરવામાં આવતી નથી તો તેઓ આખી પૃથ્વીને પણ બાળી નાખે છે.[૮] હે શત્રુતાપન રાજા! જે બ્રાહ્મણો જ્ઞાન, વિજ્ઞાન અને તપોબળથી યુક્ત હોય છે તેઓ અવશ્ય, પૂજા કરવાયોગ્ય છે માટે તેવા બ્રાહ્મણોની તું પૂજા કરજે.[૯] અને અયાચિત વૃત્તિ ધારણ કરનારા તેવા બ્રાહ્મણોની સમીપમાં જઇને અનેક પ્રકારનાં તું દાન આપજે. એક પુરુષ સાયંકાળે તથા પ્રાતઃકાળે વિધિપૂર્વક અગ્નિમાં હોમ કરીને જે ફળ સંપાદન કરે છે તેજ ફળ વિદ્યાસ્નાત, વેદસ્નાત અને વ્રતસ્નાત બ્રાહ્મણને દાન આપવાથી પ્રાપ્ત થાય છે.હે કૌરવ! જે ઉત્તમ બ્રાહ્મણો વિદ્યાસ્નાત, વેદસ્નાત અને વ્રતસ્નાત હોઇને બીજાનો આશ્રય લીધાવિનાજ જીવનારા હોય છે,સ્વાધ્યાય અને તપશ્ચર્યાને ગુઢ રાખનારા હોય છે અને તીક્ષ્ણ વ્રતોને ધારણ કરનારા હોય છે તેઓને તું નિમંત્રણ આપજે અને દાસદાસીઓ તથા સર્વ ઉપકરણોસહિત સુંદર ગૃહોનું દાન કરી તેઓની બીજી કામનાઓને પણ પૂર્ણ કરજે; પરંતુ હે યુધિષ્ઠિર! તું જે દાન આપીશ તે જો શ્રદ્ધાથી યુક્ત હશે તોજ નિષ્કામ ધર્માચરણ કરનારા તે સૂક્ષ્મદર્શી બ્રાહ્મણો, દાનનો પ્રતિગ્રહ કરશે. ખેડુતો જેમ મેઘની રાહ જુએ છે, તેમ જેઓની સ્ત્રીઓ અન્નાદિક લઇને જેઓના ઘેર આવવાની રાહ જુએ છે, અને પોતાનાં બાળકોને પોતાનો પતિ આવ્યા પછી કંઇક આપવાની આશા આપે છે તેવા બ્રાહ્મણો, આપણે ત્યાં ભોજન કરીને (તથા અન્નાદિ લઇને હરખાતા હરખાતા) પોતાને ઘેર જાય છે. (તેના જેવું બીજું એક પણ પુણ્ય નથી.) હે તાત! જે નિયમનિષ્ઠ બ્રાહ્મણો, બ્રહ્મચર્યવ્રતને પાળનારા હોઇને પ્રાતઃકાળમાં જેના અન્નનું ભોજન કરે છે તેના ત્રણે પ્રકારના ગૃહ્યાગ્નિને તેઓ પ્રસન્ન કરે છે; તેમજ હે તાત! મધ્યાહ્ન સમયે પણ તારે દાનધર્મ કર્યા કરવો અને ગાયો, સુવર્ણ તથા વસ્ત્રોનું દાન આપવું; જેથી તારાપર ઇંદ્રદેવ પ્રસન્ન થશે; 'હે યુધિષ્ઠિર! તેજ પ્રમાણે સાયંકાળે પણ તું દાનયજ્ઞ કરજે. તેમાં દેવોને, પિતૃઓને તથા બ્રાહ્મણોને આવશ્યક દાન આપજે; જેથી વિશ્વદેવતાઓ તારાપર પ્રસન્ન થશે;તે ઉપરાંત પ્રાણીમાત્રની હિંસા ન કરવી, સર્વને ભાગ પાડીને અન્નાદિ આપવું, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, દાન આપવું, ધૈર્ય રાખવું અને સત્ય બોલવું તે, આ દાનયજ્ઞના અવભૃથસ્નાનરૂપ ગણાય છે. હે તાત! આ તારો દાનયજ્ઞ કે જે શ્રદ્ધાથી પવિત્ર છે, દક્ષિણાઓથી ભરપૂર છે અને સર્વ યજ્ઞો કરતાં ઉત્તમ છે તેને નિત્યને માટે ચાલુ રાખવો. ”૧૦-૨૦

ઇતિ શ્રી મહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
'દાનની પાત્રતા' એ વિષયનો
અધ્યાય ૬૦ મો સમાપ્ત

અધ્યાય ૬૧ મો

યજ્ઞક્રિયા અને દાનધર્મ

॥ युधिष्ठिर उवाच ॥

दानं यज्ञः क्रियाचेह किंस्वित्प्रेत्यमहाफलम्।
कस्य ज्यायः फलं प्रोक्तं कीदृशेभ्यः कथं कदा

યુધિષ્ઠિરે પૂછ્યું:– “દાન અને યજ્ઞક્રિયામાંથી મહાન ફળ પ્રાપ્ત થાય છે, તે આ લોકમાં કે મરણપછી પરલોકમાંથી? શાસ્ત્રકારોએ કોનું ફળ અધિક કહ્યું છે? દાનનું કે યજ્ઞક્રિયાનું? તેમજ દાન આપવું તે કેવાઓને,કેવી રીતે અને ક્યારે આપવું?[૧] હે ભારત! એ વિષે યથાર્થ રીતે જાણવાની મને ઇચ્છા છે માટે હે વિદ્વન્! જીજ્ઞાસા ધરાવનારા મને તમે દાનધર્મો કહો.[૨] હે તાત! હે પિતામહ! યજ્ઞવેદિકાની અંદર શ્રદ્ધા અને દયાપૂર્વક જે દાન આપવામાં આવે છે તેમાંથી કલ્યાણકારક દાન કયું તે મને કહો.”

ભીષ્મે કહ્યું:– “હે તાત! ક્ષત્રિયનું કર્મ સ્વાભાવિક રીતેજ સદાય રૌદ્ર હોય છે. માટે

તે રૌદ્રકર્મજન્ય પાપોથી મુક્ત થવામાટે ક્ષત્રિયે યજ્ઞક્રિયા અને દાનધર્મનું અવશ્ય આચરણ કરવું જોઇએ. કેમકે, તે ક્ષત્રિયને પવિત્ર કરતાર છે.[૪] સાધુપુરુષો, પાપકર્મ કરનારા રાજાઓનો પ્રતિગ્રહ કરતા નથી. માટે રાજાએ સંપૂર્ણ દક્ષિણાવાળા યજ્ઞો કરવા.[૫] જો કદાચ સાધુપુરુષો રાજાના દાનનો પ્રતિગ્રહ કરે, તો પ્રતિદિન રાજાએ, પરમ શ્રદ્ધાપૂર્વક દાન આપ્યા કરવું. કેમકે, દાન અત્યંત પવિત્ર કરનારૂં છે.[૬] રાજાનો એ ધર્મ છે કે, તેણે યજ્ઞની દીક્ષા લઇને સર્વના તરફ મિત્રભાવ રાખનારા, વેદને જાણનારા અને શીલ, સદાચાર તથા તપથી સર્વોત્કૃષ્ટ થયેલા ઉત્તમ બ્રાહ્મણોને દ્રવ્ય અર્પણ કરીને તૃપ્ત કરવા.[૭] હે રાજા! તે બ્રાહ્મણો તારા દાનનો જો પ્રતિગ્રહ કરશે નહિ તો તને પુણ્ય પ્રાપ્ત થશે નહિ. માટે પુણ્ય સંપાદન કરવામાટે તું યજ્ઞો કર અને તેમાં સત્પુરુષોને સ્વાદિષ્ટ અન્ન તથા દક્ષિણાઓ આપ.[૮] તું, કેવળ દાનકર્મ કરીને પણ તારા આત્માને યજ્ઞ કરનાર તથા દાન આપનાર માનજે. જે બ્રાહ્મણો યજ્ઞશીલ હોય તેઓનો તું સત્કાર કર. કેમકે, તેવા બ્રાહ્મણો, તેં આપેલા દાનમાંથી યજ્ઞયાગ કરશે. તેમાંથી તને પણ અમુક અંશ મળશે.[૯] જે બ્રાહ્મણો સંતતિવાળા હોય અને જગતનો મહાન ઉપકાર કરનારા હોય તે બ્રાહ્મણોનું તું ભરણપોષણ કરજે. કેમકે, તેવાઓનું ભરણપોષણ કરવાથી રાજા, પ્રજાપતિની પેઠે પુષ્કળ સંતતિવાળો થાય છે.[૧૦] જે સજ્જન બ્રાહ્મણો, પ્રજાઓના સર્વઉત્તમ ધર્મોની વૃદ્ધિ કર્યા કરે છે તેઓને રાજાએ સર્વસ્વ અર્પણ કરીને પણ પોષવા; કારણકે, તેવા પુરુષો રાજાનો અત્યંત ઉપકાર કરનારા થઇ પડે છે.[૧૧] હે યુધિષ્ઠિર! તારી પાસે પુષ્કળ સમૃદ્ધિ છે. માટે તું બ્રાહ્મણોને પુષ્કળ દાન આપજે અને હે ભારત! જે બ્રાહ્મણો યજ્ઞશીલ હોય તેઓને ગાયો, બળદો, અન્ન, છત્ર, વસ્ત્રો, ઉપાનહ, ઘી, જાતજાતનાં હવિષ, ઘોડાઓ જોડેલાં વાહનો, ઘરો અને શયનો, તારે આપવાં.[૧૨,૧૩] કેમકે, આ દાનો સમૃદ્ધિને આપનારાં હોઇને પાપમાંથી મુક્ત થવાના સરળ ઉપાયો છે. વળી હે ભરતવંશી રાજા! જે બ્રાહ્મણો, અત્યંત નિર્દોષ હોય છતાં આજીવિકાના અભાવથી કૃશ જાણવામાં આવતા હોય, તેઓને ગુપ્ત રીતે અથવા પ્રકટરીતે પણ આજીવિકા બાંધી આપીને તેઓનું તારે રક્ષણ કરવું; કારણકે, ક્ષત્રિયોને માટે તે કર્મ, રાજસૂય અને અશ્વમેધયજ્ઞ કરતાં પણ વધારે શ્રેયસ્કર છે.[૧૪,૧૫] માટે તું પણ એ પ્રમાણે જો કરીશ તો સર્વ પાપોથી મુક્ત થઇને સ્વર્ગને પામીશ; તેમજ કોશમાં ધનસંચય કરીને આખા રાષ્ટ્રનું જો રક્ષણ કરીશ, તો સર્વપ્રકારનાં ધનને તથા બ્રાહ્મણપણાને પણ સંપાદન કરીશ. હે ભારત! તારે પોતાની તથા બીજાઓની આજીવિકાનું સંરક્ષણ કરવું, પોતાના પુત્રની પેઠે સેવકવર્ગનું તથા પ્રજાઓનું પરિપાલન કરવું અને તારા યોગક્ષેમનો સર્વ આધાર નિત્ય બ્રાહ્મણોપરજ હોવો જોઇએ.[૧૬-૧૮] એટલુંજ નહિ પરંતુ તારૂં જીવિતસુદ્ધાં કેવળ બ્રાહ્મણોમાટેજ હોવું જોઇએ; પણ બ્રાહ્મણોનું અરક્ષણ અથવા અપ્રતિપાલન, તારે હાથે કદી ન થાવ. બ્રાહ્મણ પાસે પુષ્કળ ધનનો સંચય થઇ જાય, એ તેને માટે અને સર્વ પ્રજાને માટે મહાન અનર્થ ગણાય છે.[૧૯] કેમકે, લક્ષ્મીની સાથે નિત્ય નિવાસ કરીને બ્રાહ્મણ, ગર્વિષ્ઠ બની જાય છે અને અત્યંત મૂઢ બની જાય છે. પછી બ્રાહ્મણો, અત્યંત મૂઢ બની જાય છે ત્યારે, ધર્મનો અવશ્ય નાશ થાય છે અને ધર્મનો જ્યારે નાશ થાય છે ત્યારે, પ્રાણીમાત્રનો વિનાશ થાય છે, એમાં કંઇ સંશય નથી.[૨૦] જે રાજા, ધનનો સંગ્રહ કરનારા બ્રાહ્મણોને દાન આપે છે અને "યજ્ઞ કરવામાટે ધન લાવો" એમ કહીને સેવકોદ્વારા આખા રાષ્ટ્ર પાસેથી ધન લૂંટે છે તે રાજા, પ્રજાઓએ ભયપૂર્વક આપેલા મહાદારૂણ ધનમાંથી ગમે તેવો યજ્ઞ કરે છે તોપણ સત્પુરુષો, તે યજ્ઞની પ્રશંસા કરતા નથી.[૨૧,૨૨] માટે અત્યંત સમૃદ્ધિવાળી પોતાની જે પ્રજાઓ, પોતાના તરફથી પીડા પામ્યાવિના પોતાની ઈચ્છાને અનુકૂળ થઇને જે ધન આપે છે તેમાંથી રાજાએ યજ્ઞ કરવો; પણ પ્રજાઓને પીડા

કરવારૂપ ઉદ્યમથી મેળવેલા ધનમાંથી યજ્ઞ કરવો નહિ.[૨૩] પ્રજાઓનું સારીરીતે રક્ષણ કરનારા જે રાજાને પ્રજાઓ તરફથી જો પ્રસન્નતાપૂર્વક ધન અર્પણ કરવામાં આવે તો તે રાજાએ, એ ધનમાંથી મોટા મોટા યજ્ઞો કરવા અને પુષ્કળ દક્ષિણાઓ આપવી.[૨૪] રાજાએ વૃદ્ધ, બાળક, અંધ અને કૃપણ મનુષ્યના ધનની રક્ષા કરવી; (પણ તેને લૂંટી લેવું નહિ.) તેમજ જે ગરીબ ખેડુતો, દુષ્કાળના સમયમાં વાવ કુવા ખોદીને તેદ્વારા ધાન્યપાક તૈયાર કરે છે અને તેનાપર પોતાની આજીવિકા ચલાવે છે તેઓનું ધન રાજાએ લેવું નહિ અને રુદન કરતી સ્ત્રીનું ધન પણ રાજાએ લેવું નહિ.[૨૫] રાજા, કોઇ દીન મનુષ્યના ધનને જો હરી લે છે તો જરૂર તેના રાજ્યનો તથા રાજલક્ષ્મીનો નાશ થાય છે. માટે રાજાએ તેવા મનુષ્યોને મોટા ભોગવૈભવો અર્પણ કરવા અને સત્પુરુષોને સુધાના ભયથી મુક્ત કરવા.[૨૬] જે મનુષ્યોનાં બાળકો, તેઓએ તૈયાર કરેલાં સ્વાદિષ્ઠ ભોજનોને માત્ર જોયાજ કરે છે પણ આદરસત્કારપૂર્વક તે ભોજનોને પામી શકતાં નથી; તેના કરતાં મોટું પાપ બીજું શું હોઇ શકે ?[૨૭] હે રાજા! તારા રાજ્યમાં કોઇ વિદ્વાન બ્રાહ્મણ, સુધાને લીધે જો દુઃખી થશે તો તને ગર્ભહત્યાનું પાતક લાગશે; એટલુંજ નહિ પણ તેં જાણે મોટું પાપકર્મ કર્યું હોય તેમ ગણાશે.[૨૮] જે રાજાના રાજ્યમાં કોઇ બ્રાહ્મણ અથવા હરકોઇ જાતિનો મનુષ્ય, ભુખથી ટળવળે છે તે રાજાના જીવતરમાં ધિક્કાર પડો ! આ વિષયમાં રાજા શિબિએ પણ કહ્યું છે કેઃ–[૨૯] જે રાજાના દેશમાં એક સ્નાતક બ્રાહ્મણ ભુખથી પીડાય છે તે રાજાનો દેશ કદી સમૃદ્ધિમાન થતો નથી; એટલુંજ નહિ પણ તે દેશના અનેક શત્રુઓ ઉભા થાય છે.[૩૦] જે રાજાના દેશમાંથી દુઃખથી પોકાર કરતી સ્ત્રીઓનું તેઓના પતિઓ અને પુત્રોના આર્તનાદ વચ્ચે બળાત્કારે હરણ કરવામાં આવે છે તે રાજા જીવતો હોય છે છતાં જીવતો ગણાતો નથી; પણ મરેલોજ ગણાય છે.[૩૧] જે રાજારૂપી કળિયુગ, પ્રજાઓનું રક્ષણ કરતો નથી, પ્રજાઓના ધનનું હરણ કરી લે છે, તેઓનો નાશ કરવા તત્પર રહે છે, નેતા તરીકે અયોગ્ય હોય છે અને નિર્દય હોય છે તેની સામે પ્રજાઓએ બળવો ઉઠાવીને તેનો નાશ કરવો.[૩૨] જે રાજા, "હું તમારૂં રક્ષણ કરીશ" એમ કહીને પ્રજાઓનું રક્ષણ કરતો નથી તે રાજાને, પ્રજાઓએ એકત્ર થઇને હડકાયા કૂતરાની પેઠે ઠાર કરવો જોઇએ.[૩૩] હે ભારત! રાજાએ રક્ષણ નહિ કરેલું હોવાથી પ્રજાઓ જે કંઇ પાપ કરે છે તેમાંથી ચોથો ભાગ રાજાને મળે છે.[૩૪] કેટલાએક વિદ્વાનો કહે છે કે, પ્રજાઓએ કરેલું સમગ્ર પાપ રાજાને ભોગવવું પડે છે અને કેટલાએકનો એવો નિશ્ચય છે કે, પ્રજાઓએ કરેલા પાપમાંથી અર્ધભાગ રાજાને ભોગવવો પડે છે; પણ મનુનું ધર્મશાસ્ત્ર સાંભળીને અમારો તો એજ મત થયો છે કે, પ્રજાઓના પાપમાંથી ચોથો ભાગ રાજાને મળે છે. તેમજ રાજાના ઉત્તમ રક્ષણતળે રહેલી પ્રજાઓ, જે કંઇ શુભ કર્મ કરે છે તેમાંથી પણ રાજાને ચોથો ભાગ મળે છે. હે યુધિષ્ઠિર! પ્રાણીમાત્ર જેમ મેઘના આશ્રયથી જીવે છે અને પક્ષીઓ મોટા એક વૃક્ષનો આશ્રય કરીને જીવે છે, તેમ આ સર્વ પ્રજાઓ, યુદ્ધમાં જીવતા રહેલા તારો આશ્રય કરીને જીવો.[૩૫-૩૭] હે શત્રુતાપન રાજા ! રાક્ષસો જેમ કુબેરનો આશ્રય કરીને જીવે છે, અને દેવો જેમ ઇંદ્રનો આશ્રય કરીને જીવે છે, તેમ, તારા જ્ઞાતિઓ અને સુહૃદો તારો આશ્રય કરીને જીવો."[૩૮]

ઈતિશ્રી મહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"યજ્ઞક્રિયા અને દાનધર્મ" એ વિષયનો અધ્યાય ૬૧ મો સમાપ્ત

અધ્યાય ૬૨ મો

પૃથ્વીદાનનું ફળ

॥ युधिष्ठिर उवाच ॥

इदं देयमिदं देयमितीयं श्रुतिरादरात् ।
बहुदेयाश्च राजानः किंस्विद्दानमनुत्तमम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"આ દાન દેવું, આ દાન દેવું" અને રાજાઓએ પુષ્કળ દાન દેવું

એમ શ્રુતિ આદરપૂર્વક કહે છે. માટે હું આપને પૂછું છું કે, સર્વ દાનમાં ઉત્તમ દાન કયું ?[૧] ભીષ્મે કહ્યું:-"સર્વ દાનમાં પૃથ્વીનું દાન ઉત્તમ કહેવાય છે; કેમકે પૃથ્વી અચલા કહેવાય છે, અક્ષયા કહેવાય છે અને મનુષ્યોના ઉત્તમ મનોરથોને પૂર્ણ કરનારી છે.[૨] વસ્ત્રો, રત્નો, પશુઓ, વ્રીહિઓ અને જવ એ સર્વ પદાર્થોને પૃથ્વી આપે છે. માટે પૃથ્વીનું દાન કરનારો મનુષ્ય, અનંતકાળપર્યંત સુખી થાય છે.[૩] પૃથ્વીનું દાન કરનારો પુરુષ, પૃથ્વીના આયુષ્યપર્યંત આલોકમાં સુખી રહે છે. માટે હે યુધિષ્ઠિર! પૃથ્વીના દાનના જેવું બીજું કંઇ પણ શ્રેષ્ઠ નથી.[૪] અમે સાંભળ્યું છે કે, પૂર્વે સર્વ મનુષ્યોએ થોડું થોડું પણ પૃથ્વીનું દાન આપ્યુંજ હતું અને હમણાં પણ જેઓ પૃથ્વીને ભોગવી રહ્યા છે તેઓ સર્વેએ, પ્રથમ પૃથ્વીનુંજ દાન આપ્યું હોવું જોઇએ.[૫] કેમકે મનુષ્યો આ લોકમાં તથા પરલોકમાં પોતાનાં કર્મનાંજ ફળને ભોગવે છે. વળી મોટી વિભૂતિરૂપ મહાદેવી પૃથ્વી, પોતાનું દાન કરનારાને પોતાનો પતિ કરે છે.[૬] હે મહારાજા! જે પુરુષ, આ પૃથ્વીરૂપ અક્ષયા દક્ષિણાનું દાન કરે છે તેને પુનઃ મનુષ્યાવતાર પ્રાપ્ત થાય છે અને તે સમયે એ પુરુષ એક રાજા થાય છે.[૭] ધર્મશાસ્ત્રોમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, જેવું દાન આપવામાં આવે છે તેવાજ ભોગવૈભવો પ્રાપ્ત થાય છે અને ક્ષત્રિય બંધુઓની તો એજ પરમ શોભા છે કે, તેઓએ રણસંગ્રામમાં શરીરનો ત્યાગ કરવો અને પૃથ્વીનું દાન આપવું, એમ વિદ્વાનો કહે છે. વળી અમે સાંભળ્યું છે કે, દાનમાં આપેલી પૃથ્વી દાતાને પવિત્ર કરે છે.[૮,૯] એક પુરુષ, પાપી આચરણવાળો હોય, બ્રહ્મહત્યારો હોય અથવા અસત્યભાષી હોય તોપણ દાનમાં આપેલી પૃથ્વી, તેને તારે છે અને પાપમાંથી મુક્ત કરે છે.[૧૦] જે સત્પુરુષો, રાજાના કોઇ પ્રકારના દાનનો પ્રતિગ્રહ કરતા નથી તેઓ પણ રાજાઓ પાસેથી પૃથ્વીના દાનનો પ્રતિગ્રહ કરેજ છે. કેમકે માતાની પેઠે પૃથ્વીનું દાન, દાતા-પ્રતિગ્રહીતા બન્નેને પવિત્ર કરે છે.[૧૧] આ પૃથ્વીદેવીનું "પ્રિયદત્ત!"* એવું ગુહ્યનામ અનાદિકાળનું છે અને તે એટલા માટેજ છે કે, તેનું દાન અને પ્રતિગ્રહ એ બન્ને તેને પ્રથમથીજ પ્રિય છે.[૧૨] જે રાજા વિદ્વાન બ્રાહ્મણને પૃથ્વીનું દાન આપે છે તે રાજા, આ જન્મ પછી પણ રાજ્યને પામે છે; માટેજ પૃથ્વી ઉપર પૃથ્વીનું દાન કરવાની સૌ કોઇને ઇચ્છા હોય છે.[૧૩] પૃથ્વીનું દાન આપનારો રાજા, પુનર્જન્મ પામીને પણ રાજાજ થાય છે, એમાં કંઇ સંશય નથી. માટે પ્રત્યેક રાજાએ, પૃથ્વી સંપાદન કરીને બ્રાહ્મણને પૃથ્વીનું દાન અવશ્ય આપવું.[૧૪] જે પુરુષ દાન લઇને પણ પૃથ્વીનો સ્વામી થવાને અયોગ્ય હોય તેણે પૃથ્વીના સ્વામી થવું નહિ. તાત્પર્ય કે, કુપાત્ર મનુષ્યે પૃથ્વીનું દાન ગ્રહણ કરવું નહિ; તેમજ જેણે પૃથ્વીને દાનમાં આપી દીધી હોય તેણે એ દાન આપેલી પૃથ્વીપર ચાલવું પણ નહિ. જે કોઇ પુરુષોને પૃથ્વી મેળવવાની ઈચ્છા હોય તેઓએ, અવશ્ય એ પ્રમાણેજ વર્તવું. કેમકે જે પુરુષ સાધુપુરુષને પૃથ્વી દાન કરી દીધા પછી તેને પાછી લઈ લે છે તે પુરુષને પૃથ્વી કદી મળતી નથી.[૧૬] જે ધર્માત્મા પુરુષ, સત્પુરુષોને પૃથ્વીનું દાન આપે છે તેને ઉત્તમ પૃથ્વીનો લાભ થાય છે અને આ લોકમાં તથા પરલોકમાં તેને મહાન યશ મળે છે.[૧૭] જે પુરુષના પૃથ્વીદાનની બ્રાહ્મણો પ્રશંસા કરે છે, (કે અમુકે આપેલા ઘરમાં અમે રહીએ છીએ) તેના શત્રુઓ, હે રાજન્! તેની પૃથ્વીનું નામ પણ લઇ શકતા નથી.[૧૮] આજીવિકાની ક્ષીણતાને લીધે પુરુષ જે કંઈ પાપકર્મ કરે છે તે સર્વ પાપને માત્ર ગાયના ચામડા જેટલી પૃથ્વીનું દાન આપીનેજ નાશ કરે છે અને પોતે પવિત્ર થાય છે.[૧૯] જે રાજાઓ પાપ અને પુણ્યથી મિશ્ર કર્મ કરનારા હોય છે અથવા મહારૌદ્ર કર્મ કરનારા હોય છે તેઓને પણ સર્વોત્તમ પૃથ્વીનું દાન આપવાનીજ પવિત્ર સલાહ આપવી.[૨૦] પુરાણકાળના મનુષ્યો,

---

* **प्रियेण दत्ता प्रियदत्ता** અથવા **प्रियाय-दत्ता प्रियदत्ता**-પોતાના પ્રિય પુરુષે આપેલી અથવા પોતાને પ્રિય પુરુષને આપવામાં આવેલી.

એમજ માનતા આવ્યા છે કે જે પુરુષ એક અશ્વમેધયજ્ઞ કરે છે અને જે પુરુષ સુપાત્રને પૃથ્વીનું દાન આપે છે; તેઓ બન્નેના પુણ્યમાં કંઇક અલ્પ અંતરજ રહે છે. બુદ્ધિમાન પુરુષોને કોઇ જાતનું પુણ્યકર્મ કરીને તેના ફળ વિષે શંકા રહેતી હશે પણ સર્વોત્તમ પૃથ્વીદાનના પુણ્ય વિષે તો, કોઇને કંઇ શંકાજ નથી.[૨૨] બુદ્ધિમાન–સુપાત્ર પુરુષને પૃથ્વીનું દાન આપનારો પુરુષ, સોનું, રૂપું, વસ્ત્ર, મણિઓ, મોતીઓ અને બીજું સર્વ પ્રકારનું ધન તેને આપે છે, એમ સમજવું,[૨૩] અને તપ, યજ્ઞ, શાસ્ત્ર, શીલ, ઉદારતા, સત્ય, ગુરુભક્તિ અને દેવપૂજા વગેરે સર્વ ગુણો, પૃથ્વીનું દાન કરનારા પુરુષને અનુસરે છે.[૨૪] જે વીર પુરુષો, સ્વામીનું કલ્યાણ કરવાની બુદ્ધિથી રણમાં મરણ પામીને શરીરને ત્યજી ગયા હોય છે તેઓ બ્રહ્મલોકમાં જઇને સિદ્ધપદને પામ્યા હોય છે; તોપણ પૃથ્વીનું દાન આપનારા પુરુષથી અધિક થઇ શકતા નથી.[૨૫] જેમ માતા, પોતાના પુત્રને દૂધ પીવડાવીને નિત્ય પોષે છે, તેમ પૃથ્વી, પોતાનું દાન કરનારા પુરુષને સર્વ રસો અર્પણ કરીને તેનાપર અનુગ્રહ કરે છે.[૨૬] મૃત્યુ, સર્વનું અપ્રિય કરનાર કાળ, દંડ, નરક, મહાદારુણ અગ્નિ અને ઘોર યમપાશ આ સર્વ પદાર્થો અત્યંત ક્રૂર ગણાય છે; પણ પૃથ્વીનું દાન કરનારા પુરુષની પાસે આવી શકતા નથી.[૨૭] જે શાંતાત્મા પુરુષ, પૃથ્વીનું દાન કરે છે તે પિતૃલોકના પિતૃઓને તૃપ્ત કરે છે અને દેવલોકમાં રહેલા દેવોને પણ તૃપ્ત કરે છે.[૨૮] મનુષ્ય કોઇ મરણ પથારીએ પડેલા, દુર્બળ, આજીવિકાના અભાવથી દુઃખી થયેલા અને આજીવિકાને માટે ટળવળી રહેલા પુરુષને, તેની આજીવિકાનો નિર્વાહ કરી શકે તેવી પૃથ્વીનું દાન આપે છે તો એક યજ્ઞ કર્યાજેટલું પુણ્યફળ સંપાદન કરે છે.[૨૯] હે મોટા ભાગ્યશાળી રાજા! જેમ એક ગાય, પોતાના વાછરડા ઉપરના પ્રેમને લીધે દૂધને સ્રવતી સ્રવતી તેના તરફ દોડી જાય છે, તેમ પૃથ્વી પણ પોતાનું દાન કરનારા પુરુષની પાસે હાજર થાય છે.[૩૦] જે પુરુષ હળથી ખેડેલી અને બીજ તથા ફળથી ભરેલી પૃથ્વી બ્રાહ્મણને દાનમાં આપે છે અથવા મોટા એક ઘરને દાનમાં આપે છે તે પુરુષ, પ્રાણીમાત્રની કામનાઓને પૂર્ણ કરી શકે છે.[૩૧] જે પુરુષ આજીવિકાથી યુક્ત, અગ્નિહોત્રી અને પવિત્રવ્રતવાળા બ્રાહ્મણને પૃથ્વીનું દાન આપેછે તેનાપર કદી મોટી આપત્તિ આવતી નથી.[૩૨] જેમ શુક્લપક્ષમાં ચંદ્રમાની પ્રતિદિન વૃદ્ધિ થાય છે, તેમ પૃથ્વીદાનનું પુણ્ય પણ એ પૃથ્વીમાં જેમ જેમ ધાન્યની વૃદ્ધિ થાય છે તેમ તેમ વૃદ્ધિ પામે છે.[૩૩] આ વિષયમાં પુરાતની ઇતિહાસવેત્તાઓ, પૃથ્વીએ ગાયેલી એક ગાથા કહે છે કે જેનું શ્રવણ કરીને પરશુરામે, આખી પૃથ્વીનું કાશ્યપને દાન કરી દીધું હતું.[૩૪] તે ગાથા આ પ્રમાણે છેઃ–“મારોજ પ્રતિગ્રહ કરો અને મારુંજ દાન આપો. કેમકે મારું દાન કરીને તમે મનેજ સંપાદન કરશો. તમે આ જન્મમાં મારું દાન આપશો તો પુનર્જન્મમાં પણ મને પ્રાપ્ત કરી શકશો.[૩૫] જે બ્રાહ્મણ, વેદતુલ્ય એ પૃથ્વીની વાણીનું શ્રાદ્ધક્રિયા સમયે પઠન કરે છે તેને મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૩૬] જે પુરુષ મંત્રોદ્વારા પ્રયોગ કરવામાં આવતી મારણજારણ આદિ પ્રબળ શક્તિઓનો ઉપયોગ કરીને મહાન પાપોનો ભોક્તા બનેઃછે તેને પોતાના પાપની શાંતિ કરવામાટે પૃથ્વીનું દાનજ એક પ્રાયશ્ચિતરૂપ છે; એટલુંજ નહિ પણ હરકોઇ મનુષ્ય, પૃથ્વીનું દાન આપીને પાંચ પૂર્વના તથા પાંચ ઉત્તરના એમ દશ વંશજોને પવિત્ર કરે છે.[૩૭] જે પુરુષ પૃથ્વીનું દાન કરી જાણે છે અને પૃથ્વીના પૂર્વોક્ત વાક્યને જાણે છે તે પુરુષ પણ પોતાના વંશના દશ પુરુષોને પવિત્ર કરે છે.[૩૮] પ્રત્યેક પુરોહિતે, રાજાનો રાજ્યાભિષેક કરીને પૃથ્વીએ ગાયેલી :પૂર્વોક્ત ગાથા તેને સંભળાવવી જોઇએ કે જેથી તે રાજા, પૃથ્વીનું દાન કરે અને સત્પુરુષોને આપેલી પૃથ્વી પાછી હરી ન લે. આ વિષય બ્રાહ્મણોને તથા ક્ષત્રિયો માટેજ સર્વથા કહ્યાં છે, એમાં કંઇ સંશય નથી. રાજાનું ધર્મકૌશલ્ય એજ પ્રજાના ઐશ્વર્યનું પ્રથમ લક્ષણ છે; પરંતુ જે

પ્રજાઉપર કેવળ અધર્મ આચરનારો નાસ્તિક રાજા રાજ્ય કરતો હોય છે તેઓનાથી સુખે સૂઈ શકાતું નથી તેમ સુખે જાગી શકાતું નથી.૩૯-૪૧ કેમકે તેવા રાજાનાં દુષ્ટ ચરિત્રોને લીધે પ્રજા નિત્ય ઉદ્વિગ્ન રહે છે અને પોતાના યોગક્ષેમની ઇચ્છા રાખનારા ઘણા સત્પુરુષો તેના રાજ્યમાં પ્રવેશ પણ કરતા નથી;૪૨ પરંતુ જે પ્રજાઓનો રાજા ધાર્મિક હોય છે તેઓ તો સુખેથી સૂઇ શકે છે અને સુખેથી જાગી શકે છે.૪૩ કેમકે તેવા રાજાનાં રાજકીય કૃત્યો શુભ હોય છે અને તેને લીધે સર્વ મનુષ્યો શાંતિમાં રહી શકે છે; એટલુંજ નહિ પણ પોતાના યોગક્ષેમના નિર્વાહને લીધે તથા વૃષ્ટિઆદિની અનુકૂળતાને લીધે પોતપોતાનાં કર્મોમાં પ્રતિદિન આગળ વધે છે.૪૪ જે પુરુષ, પૃથ્વીનું દાન કરે છે તે કુળવાન થાય છે, બંધુવાળો થાય છે, પુણ્યશાળી થાય છે, દાતા થાય છે અને પરાક્રમી થાય છે.૪૫ જે મનુષ્યો, વેદવેત્તા વિદ્વાન બ્રાહ્મણને, ધનધાન્યાદિથી સમૃદ્ધિવાળી પૃથ્વીનું દાન કરે છે તેઓ, પૃથ્વીપર સૂર્યની પેઠે તેજથી પ્રકાશમાન થાય છે.૪૬ જેમ પૃથ્વીમાં વાવી મૂકેલાં ધાન્યનાં બીજ સમય આવતાં ઉગે છે, તેમ પૃથ્વીનું દાન કરીને ઇચ્છેલી સર્વ કામનાઓ, સમય આવતાં પૂર્ણ થાય છે.૪૭ સૂર્ય, વરુણ, વિષ્ણુ, બ્રહ્મા, ચંદ્ર, અગ્નિ અને ભગવાન શંકર, પૃથ્વીનું દાન કરનારા પુરુષપર પ્રસન્ન રહે છે.૪૮ સર્વ પુરુષો, આ પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે અને પૃથ્વી ઉપરજ લય પામી જાય છે; એટલુંજ નહિ પણ જરાયુજ, અંડજ, સ્વેદ અને ઉદ્ભિજ્જ એમ ચારે પ્રકારનો પ્રાણીવર્ગ, કેવળ પૃથ્વીના ગુણવાળો છે.૪૯ હે પૃથ્વીના પતિ રાજા! આ પૃથ્વી જગતની માતા છે, પિતા છે અને તેના જેવું જગતમાં બીજું એક પણ તત્ત્વ નથી.૫૦

હે યુધિષ્ઠિર! આ પૃથ્વીના દાનના વિષયમાં બૃહસ્પતિ અને ઇંદ્રના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.૫૧ પૂર્વે, સંપૂર્ણ દક્ષિણાવાળા મોટા સો યજ્ઞો પૂર્ણ કર્યા પછી ઇંદ્રે વક્તાઓમાં શ્રેષ્ઠ બૃહસ્પતિને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો હતો.૫૨

ઇંદ્રે પૂછ્યું:–"હે વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવન્! કયું દાન આપીને પુરુષ, સ્વર્ગમાં સુખી થાય છે? જે દાન અક્ષય હોય અને ઘણુંજ ઉત્તમ હોય તે મને કહો."૫૩

ભીષ્મે કહ્યું:–"દેવોના રાજાએ એ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો એટલે દેવોના પુરોહિત મહાતેજસ્વી બૃહસ્પતિએ તેનાપ્રત્યે કહ્યું."૫૪

બૃહસ્પતિએ કહ્યું:– "હે વૃત્રાસુરનો નાશ કરનારા ઇંદ્ર! સુવર્ણનું, ગાયનું તથા પૃથ્વીનું દાન આપનારો મહાબુદ્ધિમાન પુરુષ સર્વ પાપોથી મુક્ત થાય છે.૫૫ હે મહાસમર્થ દેવેન્દ્ર! પૃથ્વીના દાન કરતાં બીજું કંઈ પણ શ્રેષ્ઠ નથી, એમ હું માનું છું અને વિદ્વાનો પણ તેમજ કહે છે.૫૬ હે શ્રેષ્ઠ દેવ! જે શૂરવીર પુરુષો, યુદ્ધ કરવાને ઉત્સુક હોય છે અને તેથીજ યુદ્ધમાં પ્રાણત્યાગ કરીને સ્વર્ગમાં ગયેલા હોય છે તેઓ સર્વે, પૃથ્વીનું દાન આપનારા કરતાં અધિક થઈ શકતા નથી. જે મહાન યોદ્ધાઓ પોતાના સ્વામીનું શ્રેય કરવા તત્પર થઈને રણમાં પ્રાણત્યાગ કરી બ્રહ્મલોકમાં ગયેલા હોય છે તેઓ પણ પૃથ્વીનું દાન આપનારા કરતાં અધિક થઈ શકતા નથી.૫૭,૫૮ પૃથ્વીનું દાન આપનારો મનુષ્ય, પોતાનાથી પૂર્વના પાંચ વંશજોને અને પોતાનાથી પાછળના પૃથ્વીપર રહેલા છ વંશજોને એમ એકંદર અગીઆર વંશજોને નરકમાં પડતા બચાવે છે.૫૯ હે પુરંદર! જે પુરુષ, રત્નોથી ભરેલી પૃથ્વીનું દાન કરે છે, તે સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત થઈને સ્વર્ગલોકમાં પૂજાય છે.૬૦ હે રાજન્! સર્વ ઇચ્છવાયોગ્ય ગુણોથી યુક્ત અને ધાન્યાદિકથી સમૃદ્ધિવાળી પૃથ્વીનું દાન કરનાર મનુષ્ય, રાજાઓનો પણ રાજા થાય છે; કેમકે પૃથ્વીનું દાન સર્વ કરતાં ઉત્તમ છે. હે ઇંદ્ર! જે પુરુષ સર્વ કામ્ય ગુણોથી યુકત પૃથ્વીનું દાન કરે છે તેને ઉદ્દેશીને પ્રાણીમાત્ર એમ માને છે કે, આ પુરુષ અમારા સર્વનું દાન કરેછે.૬૨ હે હજાર નેત્રવાળા ઇંદ્ર! સર્વ કામનાઓને પૂર્ણ

કરનારી અને સર્વ કામ્યગુણોથી સંપન્ન એક ગાયનું જે મનુષ્ય દાન કરે છે તે પણ સ્વર્ગમાં જાય છે.[૬૩] હે દેવેન્દ્ર ! પૃથ્વીનું દાન કરનારા મનુષ્યને મધ, ઘી, દૂધ અને દહીંના પ્રવાહને વહેનારી અનેક નદીઓ તૃપ્ત કરે છે.[૬૪] રાજા, પૃથ્વીનું દાન કરે છે તો સર્વ પાપોથી મુકત થાય છે, કેમકે પૃથ્વીના દાન કરતાં બીજું કોઈપણ દાન ઉત્તમ નથી.[૬૫] જે રાજા પોતાના શસ્ત્રબળથી જીતેલી સમુદ્રસુધીની પૃથ્વીનું દાન કરી દે છે તેની કીર્તિનું જ્યાંસુધી આ પૃથ્વી રહે છે ત્યાંસુધી મનુષ્યો ગાન કર્યા કરે છે.[૬૬] હે પુરંદર! જે પુરુષ, પવિત્ર અને સમૃદ્ધિરૂપ રસવાળી પૃથ્વીનું દાન કરે છે તેણે સંપાદન કરેલા દિવ્યલોક, તેની પૃથ્વીદાનના ગુણથી યુક્ત થઇને કદી ક્ષય પામતા નથી.[૬૭] હે શક્ર! જે રાજા પોતાની આબાદી ઇચ્છતો હોય અને નિરંતર સુખની અભિલાષા રાખતો હોય, તેણે શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે સુપાત્રને પૃથ્વીનું દાન આપ્યા કરવું.[૬૮] મનુષ્ય પાપકર્મ કરીને પણ બ્રાહ્મણને પૃથ્વીનું દાન આપે છે તો, સર્પ જેમ જૂની કાંચળીનો ત્યાગ કરે છે તેમ, એ પાપનો ત્યાગ કરે છે.[૬૯] હે શક્ર! પૃથ્વીનું દાન આપનારો મનુષ્ય સમુદ્રો, નદીઓ, પર્વતો, અને સુવર્ણ–એ સર્વ પદાર્થોનું દાન આપે છે, એમ સમજવું.[૭૦] એટલુંજ નહિ પરંતુ પૃથ્વીનું દાન આપનારો પુરુષ સર્વતળાવોનું, સર્વ જળાશયોનું, સર્વ ઝરાઓનું, સર્વ સરોવરોનું તથા સત્ત્વવાળા સર્વરસોનું દાન આપે છે, એમ જાણવું.[૭૧] પૃથ્વીનું દાન કરનારો મનુષ્ય વીર્યસંપન્ન ઔષધિઓનું, પુષ્પ ફળયુક્ત વૃક્ષોનું, વનોનું, કિંમતી પાષાણોનું તથા પર્વતોનું દાન કરે છે, એમ સમજવું.[૭૨] પૃથ્વીનું દાન કરવાથી મનુષ્યને જે ફળ મળે છે તે ફળ, સંપૂર્ણ દક્ષિણાઓવાળા અગ્નિષ્ટોમ આદિ યજ્ઞો કરવાથી પણ મળતું નથી.[૭૩] પૃથ્વીનું દાન કરનાર મનુષ્ય, પોતાના દશ વંશજોનો ઉદ્ધાર કરે છે પણ દાનમાં આપી દીધેલી પૃથ્વીને પાછી લેનારો મનુષ્ય, પોતાના દશ વંશજોનો નાશ કરે છે; એટલુંજ નહિ પરંતુ પ્રથમ દાનમાં આપેલી પૃથ્વીને પાછી લેનારો પુરુષ, નરકમાં જાય છે.[૭૪] જે પુરુષ પૃથ્વીનું દાન આપવાની પ્રતિજ્ઞા કરીને આપતો નથી અને જે પુરુષ, દીધેલી પૃથ્વીને પાછી લે છે તે બન્ને પુરુષો, મૃત્યુની આજ્ઞાથી વરુણના પાશોથી બંધાય છે અને અત્યંત દુઃખી થાય છે;[૭૫] પણ જે પુરુષો નિરંતર યજ્ઞયાગ કરનારા, આજીવિકાના અભાવથી કૃશ થયેલા અને અતિથિઓ ઉપર પ્રીતિ રાખનારા ઉત્તમ અગ્નિહોત્રી બ્રાહ્મણની સેવા કરે છે તેઓની પાસે યમરાજા કદી આવતોજ નથી.[૭૬] હે પુરંદર ! પ્રત્યેક રાજાએ બ્રાહ્મણોના ઋણમાંથી મુક્ત થવું જોઇએ, બીજા વર્ણના આજીવિકાવિનાના દુર્બળ મનુષ્યોને સહાય કરવી જોઇએ અને બીજાએ દાનમાં આપેલી કોઇ ક્ષીણવૃત્તિવાળા બ્રાહ્મણની પૃથ્વીને ખાલસા નહિ કરવી જોઇએ.[૭૭,૭૮] જે દીન બ્રાહ્મણોના ક્ષેત્ર વગેરેનું રાજાએ હરણ કરી લીધું હોય છે અને તેથી દુઃખી થઈ ગયેલા તે બ્રાહ્મણો જે અશ્રુપાત કરે છે તેને લીધે રાજાની ત્રણ પેઢીના કુળનો નાશ થઈ જાય છે.[૭૯] હે સહસ્રાક્ષ! જે પુરુષ, કોઇએક પદભ્રષ્ટ થયેલા રાજાને પુનઃ તેના રાજ્યાસને સ્થાપિત કરે છે તેનો સ્વર્ગમાં વાસ થાય છે અને ત્યાં તે પૂજાય છે.[૮૦] જે રાજા ! પોતાના બાહુબળથી મેળવેલી, શેરડીઓનાં ક્ષેત્રોથી છાઇ રહેલી, જવ અને ઘઉંના પાકથી શોભી રહેલી, બળદ–ઘોડા વગેરે વાહનોથી ભરપૂર જણાતી, અંદરના ભાગમાં ખજાનાઓરૂપ ગર્ભવાળી અને સર્વ પ્રકારનાં રત્નોની ખાણોવાળી પૃથ્વીનું દાન કરે છે તેને અવિનાશી દિવ્ય લોકનો લાભ થાય છે; કેમકે તેણે એ ભૂમિયજ્ઞ કર્યો કહેવાય છે.[૮૧,૮૨] જે પુરુષ પૃથ્વીનું દાન કરે છે તે સર્વ પાપોથી મુકત થઇને શુદ્ધ થાય છે, સત્પુરુષોમાં માન્ય થાય છે અને લોકમાં પૂજાય છે.[૮૩] હે શક્ર! જેમ જળમાં પડેલું એક તેલનું ટીપું ચોતરફ ફેલાઇ જાય છે, તેમ પૃથ્વીનું દાન પુણ્ય પણ, પૃથ્વીમાં વાવેલા પ્રત્યેકધાન્યકણે વધતું જાયછે. જેમ રણસભાને શોભાવનારા શૂરવીર રાજાઓ, રણસંગ્રામના મોખરામાં સામે પગલે લડીને મરણ

પામે છે, તો તેઓ બ્રહ્મલોકમાં જાય છે અને ત્યાં નૃત્યગીતમાં પરાયણ રહેનારી દિવ્ય અપ્સરાઓ, દિવ્યમાળાઓથી સુશોભિત થઇને તેઓનું સ્વાગત કરવા સામે આવે છે, તેમ પૃથ્વીનું દાન કરનારો પુરુષ પણ મરણ પછી સ્વર્ગલોકમાં જાય છે અને ત્યાં તેઓનું સ્વાગત કરવા દેવાંગનાઓ સામે આવે છે.૮૪,૮૬ જે પુરુષ, શાસ્ત્રોક્ત વિધિપૂર્વક બ્રાહ્મણને પૃથ્વીનું દાન કરે છે તે સ્વર્ગલોકમાં દેવો અને ગંધર્વોની પૂજા પામીને સુખેથી આનંદમાં રહે છે. હે દેવેન્દ્ર! પૃથ્વીનું દાન કરનારો પુરુષ જ્યારે બ્રહ્મલોકમાં જાય છે, ત્યારે દિવ્યમાળાઓથી શોભી રહેલી સો અપ્સરાઓ તેની સેવામાં હાજર રહે છે.૮૮ પૃથ્વીનું દાન આપનારા પુરુષને શંખ, ભદ્રાસન, છત્ર, સુંદર ઘોડા અને શ્રેષ્ઠ વાહન વગેરે માંગલિક વસ્તુઓ આવી મળે છે.૮૯ પૃથ્વીનું દાન કરવાથી પુષ્પો, સુવર્ણના ઢગલાઓ, અસ્ખલિત આજ્ઞા કરવાનું સામર્થ્ય, જય જય શબ્દો અને સર્વ પ્રકારનાં ધન મળી આવે છે.૯૦ હે પુરંદર! પૃથ્વીનું દાન કરવાથી વિવિધ પ્રકારનું પુણ્ય પ્રાપ્ત થાય છે અને તેના ફળમાં સ્વર્ગ, સુવર્ણનાં પુષ્પોવાળી ઔષધિઓ, દર્ભ, સુવર્ણ તથા લીલા ઘાસવાળી પૃથ્વી વગેરે મળે છે;૯૧ તેમજ પૃથ્વીનું દાન કરનારો પુરુષ અમૃતના ઉત્પત્તિ ક્ષેત્રરૂપ ભૂમિને સંપાદન કરે છે. માટેજ શાસ્ત્રકારો કહે છે કે, પૃથ્વીસમાન દાન નથી, માતાસમાન ગુરુ નથી, સત્યસમાન ધર્મ નથી અને દાનસમાન કોઇ ભંડાર નથી." ૯૨

બૃહસ્પતિ પાસેથી પૃથ્વીદાનનું એ માહાત્મ્ય સાંભળીને તેજ સમયે ઇંદ્રે, ધન અને રત્નોથી ભરપૂર પૃથ્વીનું બૃહસ્પતિને દાન કર્યું. જે પુરુષ આ પૃથ્વીદાનના માહાત્મ્યનું શ્રાદ્ધ સમયે શ્રવણ કરાવે છે તેને પોતાના શ્રાદ્ધમાંથી રાક્ષસોને કે અસુરોને ભાગ આપવો પડતો નથી. પિતૃઓને ઉદ્દેશીને જે કંઇ અર્પણ કરવામાં આવે છે તેનું પુણ્યફળ અક્ષય થાય છે, એમાં સંશય નથી. માટે વિદ્વાન પુરુષે, પિતૃઓના શ્રાદ્ધ સમયે ભોજન કરી રહેલા બ્રાહ્મણોને આ પૃથ્વીદાનનું માહાત્મ્ય અવશ્ય સંભળાવવું.૯૫ હે ભરતવંશમાં સિંહસમાન નિર્દોષ રાજા! સર્વ પ્રકારનાં દાનોમાં આ પૃથ્વીનું દાન શ્રેષ્ઠ છે, એ વિષે મેં તને કહ્યું, હવે ફરી શું સાંભળવાની તને ઇચ્છા છે?" ૯૩–૯૬

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"ઇંદ્ર અને બૃહસ્પતિનો સંવાદ" એ
વિષયનો અધ્યાય ૬૨ મો સમાપ્ત

અધ્યાય ૬૩ મો

અન્નદાનનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

कानिदानानिलोकेऽस्मिन् दातुकामो महीपतिः
गुणाधिकेभ्यो विप्रेभ्यो दद्याद् भरतसत्तम॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–" હે ભરતશ્રેષ્ઠ પિતામહ! દાન આપવાની ઇચ્છાવાળા રાજાએ, આ લોકમાં અત્યંત ગુણવાન ગણાતા બ્રાહ્મણોને કયાં કયાં દાનો આપવાં?૧ હે મહાબાહુ! કયું દાન આપવાથી બ્રાહ્મણો તત્કાળ પ્રસન્ન થાય છે અને પ્રસન્ન થયેલા બ્રાહ્મણો કયું મહાન પુણ્યફળ આપી દે છે? તે મને કહો.૨ હે રાજા! કયું દાન આપવાથી આ લોકમાં તથા પરલોકમાં ફળ મેળવી શકાય છે? એ વિષયને તમારી પાસેથી હું વિસ્તારપૂર્વક સાંભળવા ઇચ્છું છું માટે તે મને કહો." ૩

ભીષ્મે કહ્યું:–"આજ વિષયને પૂર્વે દેવસમાન જેમનું દર્શન છે તે નારદમુનિને મેં પૂછયો હતો, ત્યારે તેમણે મને જે વાકય કહ્યું હતું તેને તું મારી પાસેથી સાંભળ."૪

નારદે કહ્યું:–" દેવગણો અને ઋષિગણો કેવળ અન્નનીજ પ્રશંસા કરે છે; કેમકે લોકોનું તંત્ર અને જ્ઞાન એ સર્વ કેવળ અન્નને આધારેજ સ્થિતિ કરી રહ્યું છે.૫ અન્નસમાન દાન પૂર્વે કદી થયું નથી અને ભવિષ્યમાં કદી થશે પણ નહિ; માટેજ મનુષ્યો વિશેષે કરી અન્નદાનનીજ ઇચ્છા રાખે છે.૬ હે રાજા! અન્ન, સર્વને બળવાન બનાવે છે, લોકોના પ્રાણો પણ અન્નના આધારેજ સ્થિતિ કરી રહ્યા છે અને

આ સર્વ જગત કેવળ અન્નને લીધેજ ટકી રહ્યું છે.[7] આ જગતમાં જેઓ ગૃહસ્થો છે, ભિક્ષુઓ છે અને તાપસો છે તેઓ સર્વે, કેવળ અન્નથીજ જીવી રહ્યા છે. કેમકે અન્નથી પ્રાણશક્તિ ઉત્પન્ન થાય છે એ વાત પ્રત્યક્ષ છે, એમાં કંઈ સંશય નથી.[8] માટે પોતાની આબાદી ઇચ્છનારા પુરુષે, કુટુંબવાળા અને અન્નના અભાવથી દુઃખી થતા મહાત્મા બ્રાહ્મણને અથવા કોઇ સંન્યાસીને અન્નનું દાન આપવું.[9] જે પુરુષ પોતાને ત્યાં યાચના કરવા આવેલા સુપાત્ર બ્રાહ્મણને અન્નનું દાન કરે છે તે પુરુષ, પરલોકમાં પોતાને ઉપયોગમાં આવનારા શ્રેષ્ઠ ભંડારને તૈયાર કરે છે.[10] કલ્યાણની ઇચ્છા રાખનારા ગૃહસ્થ પુરુષે, માર્ગમાં મુસાફરી કરીને થાકી ગયેલા અને પોતાને ઘેર આવેલા કોઇ વૃદ્ધ વયના યોગ્ય પુરુષનો અન્નાદિપૂર્વક સત્કાર કરવો.[11] હે રાજન્! જે સુશીલ પુરુષ, ઉત્પન્ન થયેલા ક્રોધનો તથા મત્સરનો ત્યાગ કરીને અન્નનું દાન કરે છે તેને આ લોકમાં તથા પરલોકમાં જે સુખ રહેલું છે તે પ્રાપ્ત થાય છે. પોતાને ત્યાં આવી ચઢેલા કોઈપણ મનુષ્યની કદી અવગણના કરવી નહિ; તેમ તેનો કંઇ સત્કાર કર્યાવિના તેને જવા દેવો નહિ. કેમકે, ચાંડાળને અથવા કુતરાને આપેલું અન્ન કદી વ્યર્થ જતું નથી.[13] જે પુરુષ ક્ષુધાથી અત્યંત દુઃખી થયેલા અને પૂર્વે કદી નહિ જોયેલા કોઇ એક મુસાફરને શુદ્ધ અન્નનું દાન આપે છે તેને મહાન ધર્મ પ્રાપ્ત થાય છે.[14] હે રાજા ! જે પુરુષ પિતૃઓને, દેવોને, ઋષિઓને, બ્રાહ્મણોને તથા અતિથિઓને અન્નદાન આપીને પ્રસન્ન કરે છે તેને મહાન પુણ્યફળ પ્રાપ્ત થાય છે.[15] કોઇ એક પુરુષ, અત્યંત પાપકર્મ કરીને પણ યાચકને અથવા ખાસ કરીને બ્રાહ્મણને અન્નનું દાન કરે છે તેને પોતાના પાપને લીધે કદી મુંઝાવું પડતું નથી. બ્રાહ્મણોને અથવા શૂદ્રને અન્નનું દાન આપવાથી અવિનાશી મહાફળ મેળવી શકાય છે. કેમકે, શૂદ્રને અથવા બ્રાહ્મણોને અન્નનું દાન કરવું તે અત્યંત ઉત્તમ ગણાય છે.[17] કોઈએક બ્રાહ્મણે પોતાને ત્યાં આવીને ભિક્ષા માગી અને તેમાં પણ કેવળ અન્નનીજ યાચના કરી તે સમયે તેના ગોત્રની, શાખાની, સ્વાધ્યાયની તથા દેશની પૂછપરછ કર્યાવિનાજ તેને અન્ન આપી દેવું.[18] જે રાજા, અન્નનું દાન કરે છે તેની સર્વકામનાઓને, અન્ન ઉત્પન્ન કરનારાં વૃક્ષો, આ લોકમાં તથા પરલોકમાં અવશ્ય પૂર્ણ કરે એમાં સંશય નથી. જેમ ખેડુતો સારા વરસાદની આશા રાખે છે તેમ પ્રત્યેક મનુષ્યના પિતૃઓ, "અમારો પુત્ર અથવા પૌત્ર અમને અન્ન આપશે" એવી આશા રાખે છે.[20] બ્રાહ્મણ એ એક ઉત્તમ પ્રાણી છે અને તે પોતેજ જ્યારે "મને આપો" એવી યાચના કરે, ત્યારે નિષ્કામ અથવા સકામ બુદ્ધિથી પણ તેને દાન આપનારો પુરુષ, પુણ્યને સંપાદન કરે છે.[21] બ્રાહ્મણ, પ્રાણીમાત્રનો અતિથિ ગણાય છે અને તેથીજ સર્વ પદાર્થોનો તે પ્રથમ ભોક્તા છે. બ્રાહ્મણો જે ઘેર ભિક્ષા માગે છે અને ત્યાંથી જે કંઇ મેળવીને સત્કારપૂર્વક પાછા જાય છે તે ઘરની પ્રતિદિન અત્યંત આબાદી થાય છે. હે ભારત ! હરકોઇ મનુષ્ય અન્નનું દાન કરીને મરણ પછી મોટા ભાગ્યશાળી કુળમાં જન્મે છે અને લોકમાં સર્વોત્તમ સ્થાન સંપાદન કરે છે અને જે પુરુષ, નિત્ય મિષ્ટાન્નનું દાન કરે છે તેનો સત્કારપૂર્વક સ્વર્ગમાં વાસ થાય છે.[22-24] અન્ન, મનુષ્યોના પ્રાણરૂપ છે અને સર્વને અન્નનોજ આધાર છે. અન્નનું દાન કરનારો પુરુષ પશુમાન, પુત્રવાન, ધનવાન, ભોગવાન, પ્રાણવાન અને રૂપવાન પણ થાય છે; એટલુંજ નહિ પરંતુ અન્નનું દાન કરનાર પુરુષ, લોકમાં સર્વદા પ્રાણદાતા કહેવાય છે.[25,26] અતિથિને તથા બ્રાહ્મણને યથાવિધિ અન્નદાન કરીને તે દાતા પુરુષ સુખી થાય છે અને દેવતાઓમાં પણ પૂજાય છે. હે યુધિષ્ઠિર ! બ્રાહ્મણ એક ઉત્તમ પ્રાણી છે અને તેને એક ક્ષેત્રની ઉપમા આપી શકાય છે; કેમકે એ બ્રાહ્મણરૂપ ક્ષેત્રમાં વાવેલું બીજ મહાન પુણ્યફળને ઉત્પન્ન કરે છે. બીજાં સર્વ પ્રકારનાં દાન કેવળ પરોક્ષફળનેજ આપનારાં છે; પણ અન્નનું દાન તો દાતાને

તથા પ્રતિગ્રહીતાને બન્નેને પ્રત્યક્ષ પ્રીતિ ઉત્પન્ન કરનારૂં છે.[૨૯] હે ભારત ! પ્રાણીમાત્ર અન્નથી ઉત્પન્ન થાય છે, મૈથુનની ઈચ્છા પણ અન્નથીજ ઉદ્‌ભવે છે, ધર્મ તથા અર્થ અન્નથીજ નીપજે છે અને તું જાણ કે, રોગોનો નાશ પણ અન્નથીજ થાય છે.[૩૦] પ્રથમ આદિ કલ્પમાં પ્રજાપતિએ કહ્યું છે કે, અન્ન એજ અમૃત છે, અન્ન પૃથ્વી, સ્વર્ગ અને આકાશરૂપ છે અને અન્નને આધારેજ સર્વ ટકી રહ્યું છે.[૩૧] અન્નનો આહાર જો ન મળે તો શરીરમાં રહેલી પાંચે ધાતુઓ નાશ પામી જાય અને અન્નના અભાવે બળવાન પુરુષનું બળ પણ નષ્ટ થઇ જાય.[૩૨] હે નરશ્રેષ્ઠ ! અન્નવિના દેવતાઓનાં આવાહનો, વિવાહો તથા યજ્ઞવિધિઓ છેક બંધજ પડી જાય અને વેદોનો પણ લય થઈ જાય.[૩૩] આ ત્રણે લોકમાં જે કંઇ સ્થાવરજંગમ પ્રાણીવર્ગ જોવામાં આવે છે તે સર્વ કેવળ અન્નને આધારેજ સ્થિતિ કરી રહ્યો છે; માટે વિદ્વાન પુરુષોએ ધર્મને માટે અન્નદાન અવશ્ય કરવું.[૩૪] હે રાજા ! અન્નનું દાન કરનારા મનુષ્યનું બળ, તેજ, યશ અને કીર્તિ ત્રણે લોકમાં નિરંતર વૃદ્ધિ પામે છે.[૩૫] હે ભારત ! સર્વના પ્રાણોનો પતિ પવન, આકાશમાં વિચરનારા મેઘગણોમાં જળસમુદાયનો સંગ્રહ કરે છે અને તે મેઘમંડળમાં રહેલા જળને ઇંદ્ર, પૃથ્વીપર વરસાવે છે.[૩૬] સૂર્ય, પોતાનાં કિરણોદ્વારા પૃથ્વીના સર્વ રસોને ગ્રહણ કરે છે અને વાયુ તે સર્વ રસોને સૂર્યપાસેથી લઇને મેઘમંડળમાં સ્થાપિત કરે છે ત્યારે, ઇંદ્રદેવ, પૃથ્વીપર (મેઘોદ્વારા) જળની વૃષ્ટિ કરે છે.[૩૭] હે ભરતવંશી રાજા ! એ રીતે મેઘમંડળનું જળ જ્યારે પૃથ્વીપર પડે છે ત્યારે, પૃથ્વીદેવી સ્નિગ્ધ થાય છે-પલળીને બીજ વાવવાયોગ્ય થાય છે[૩૮] અને તે પછી તેમાં વાવી મૂકેલાં ધાન્યો ઉગી નીકળે છે કે જેનાવડે જગત, પોતાનું જીવન ચલાવે છે; એટલુંજ નહિ પણ માંસ, મેદ, હાડકાં અને વીર્ય વગેરેનો પ્રાદુર્ભાવ કેવળ અન્નને લીધેજ થાય છે.[૩૯] હે રાજા! અન્નદ્વારા ઉત્પન્ન થયેલા વીર્યથી પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે કે જે વીર્યને અગ્નિ તથા સોમદેવ ઉત્પન્ન કરે છે અને પોષે છે.[૪૦] એ પ્રમાણે સૂર્ય, પવન અને વીર્ય એ સર્વ સમુદાય કેવળ એક અન્નમાંથીજ ઉત્પન્ન થાય છે અને પછી તેઓદ્વારા પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે.[૪૧] હે ભરતશ્રેષ્ઠ રાજા ! જે પુરુષ પોતાને ત્યાં આવેલા અતિથિને અન્નદાન આપે છે તે પુરુષ પ્રાણીમાત્રને પ્રાણનું તથા તેજનું દાન કરે છે.”

ભીષ્મે કહ્યું:—હે રાજા ! નારદે એ પ્રમાણે કહ્યું તે પછી સદાકાળ મેં અન્નનું દાન આપવા માંડયું. માટે તું પણ અસૂયા તથા સંતાપથી રહિત થઇને અન્નદાન કર્યા કર.[૪૩] હે સમર્થ રાજા ! તું સુપાત્ર બ્રાહ્મણોને વિધિપૂર્વક અન્ન આપીશ તો સ્વર્ગને પામીશ.[૪૪] હે રાજા ! અન્નનું દાન કરનારા પુરુષોને જે દિવ્ય લોકો પ્રાપ્ત થાય છે, તેઓના સંબંધમાં તું સાંભળ. તે મહાત્માઓનાં સ્વર્ગમાં અનેક ભવનો તારાઓસમાન પ્રકાશી રહ્યાં હોય છે, સુંદર દેખાવનાં હોય છે, અનેક થાંભલાઓથી યુક્ત હોય છે, ચંદ્રમંડળસમાન ઉજ્જવળ હોય છે, ઘુઘરીઓના ઝુમકાઓથી વ્યાપ્ત હોય છે, બાલસૂર્યસમાન તેજસ્વી હોય છે, એક સ્થળે સ્થિર રહેનારાં હોય છે; તેમજ એક સ્થળેથી બીજે સ્થળે જઈ શકનારાં હોય છે. અનેક સેંકડો માળવાળાં હોય છે, અંદરના ભાગમાં જળચર પ્રાણીઓથી યુક્ત હોય છે, વૈડૂર્યમણિ અને સૂર્યસમાન તેજસ્વી હોય છે અને ચાંદી તથા સુવર્ણમય હોય છે. એ ભવનોના બગીચાઓમાં સર્વ જાતનાં ઇચ્છિત ફળોને આપનારાં વૃક્ષો ઉગી નીકળેલાં હોય છે. અનેક વાવો, અનેક લતાકુંજો, અનેક સભાગૃહો, અનેક કુવાઓ અને અનેક નાની તળાવડીઓ ચોતરફ જોવામાં આવે છે; તેમજ મોટી ગર્જના કરનારાં હજારો વાહનો તે ભવનોમાં જોડીને તૈયારજ રાખવામાં આવેલાં હોય છે.[૪૫-૪૯] વળી તે ભવનોમાં ભક્ષ્યના તથા ભોજ્યના મોટા પર્વતો હોય છે, પુષ્કળ વસ્ત્રો હોય છે, અનેક અલંકારો હોય છે, તેઓની આસપાસ દૂધના પ્રવાહને વહેનારી નદીઓ વહી રહી હોય છે; તે-

મજ અન્નના મોટા પર્વતો હોય છે.[50] એ ભવનોમાં શ્વેત વાદળાંઓસમાન ઘણાં મંદિરમાળીઆં હોય છે અને સુવર્ણસમાન ઉજ્જવળ અનેક શય્યાઓ હોય છે. હે રાજા ! એ દિવ્ય ભવનો અન્નદાન કરનારા પુરુષને પ્રાપ્ત થાય છે માટે તું પણ અન્નદાન કર.[51] જે મહાત્માઓ અન્નનું દાન કરે છે તેઓને પૂર્વોક્ત પુણ્યવંત લોક પ્રાપ્ત થાય છે. માટે મનુષ્યોએ પ્રયત્ન કરીને પણ અન્નનું દાન કરવું.[52]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'અન્નદાન પ્રશંસા' એ વિષયનો
અધ્યાય ૬૩ મો સમાપ્ત

અધ્યાય ૬૪ મો

કયા નક્ષત્રમાં કયું દાન આપવું ?

॥ युधिष्ठिर उवाच ॥

श्रुतं मे भवतो वाक्यमन्नदानस्य यो विधिः ।
नक्षत्रयोगस्येदानीं दानकल्पं ब्रवीहि मे ॥ १ ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ ! આપે જે અન્નદાનનો વિધિ કહ્યો તે મેં સાંભળ્યો. હવે, જે જે નક્ષત્રે જે જે પદાર્થોનું દાન કરવાનો વિધિ હોય તે મને કહો. "[1]

ભીષ્મે કહ્યું:-" આ વિષયમાં પણ મહર્ષિ નારદ અને દેવકીના સંવાદરૂપ પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[2] એક સમયે દેવસમાન દુર્લભ દર્શનવાળા નારદઋષિ જ્યારે દ્વારકામાં આવ્યા, ત્યારે તે ધર્મદ્રષ્ટા ઋષિને દેવકીએ આજ પ્રશ્ન પૂછ્યો હતો.[3] તે વેળા દેવકીના પ્રશ્ન ઉપરથી દેવર્ષિ નારદે, વિધિપૂર્વક સર્વ નક્ષત્રદાનનો વિધિ કહ્યો હતો. તેને હું કહું છું, તે તું સાંભળ."[4]

નારદે કહ્યું:-હે મહાભાગ્યવતિ દેવકિ! કૃત્તિકા નક્ષત્રમાં ઘી અને દૂધપાકનું ભોજન આપીને સુપાત્ર બ્રાહ્મણોને તૃપ્ત કરનારો મનુષ્ય સર્વોત્તમ દિવ્યલોક સંપાદન કરે છે.[5] રોહિણી નક્ષત્રમાં મૃગના માંસસહિત અન્નનું, ઘીનું તથા દૂધપાકનું બ્રાહ્મણને ભોજન આપવું; જેથી સર્વ પ્રકારના ઋણમાંથી મુક્ત થવાય છે.[6] મૃગશીર્ષ નક્ષત્રમાં વાછરડાસહિત દૂઝણી ગાયનું દાન આપીને આ મનુષ્યલોકમાંથી સર્વોત્તમ સ્વર્ગલોકમાં જઇ શકાય છે.[7] જે મનુષ્ય, આર્દ્રા નક્ષત્રમાં ઉપવાસ કરીને તલવાળી ખીચડીનું દાન કરે છે, તે સર્વ સંકટોને તરી જાય છે અને અસ્ત્રાની ધાર જેવા તીક્ષ્ણ પર્વતોને ઉલ્લંઘી જાય છે.[8] હે કલ્યાણિ ! પુનર્વસુ નક્ષત્રમાં માલપુડાનું તથા બીજાં અન્નોનું ભોજન આપનારો મનુષ્ય યશસ્વી રૂપવાન અને પુષ્કળ અન્નની સમૃદ્ધિવાળો થઇને ઉત્તમ કુળમાં જન્મે છે.[9] પુષ્ય નક્ષત્રમાં ઘડેલા અથવા નહિ ઘડેલા સુવર્ણનું દાન આપીને મનુષ્ય, સ્વયંપ્રકાશ લોકમાં ચંદ્રની પેઠે વિરાજે છે.[10] જે મનુષ્ય આશ્લેષા નક્ષત્રમાં રૂપાનું અથવા બળદનું દાન આપે છે તે મનુષ્ય, સર્વ પ્રકારના ભયથી મુક્ત થઇને સર્વ વૈભવોનો અધિષ્ઠાતા બને છે.[11] મઘા નક્ષત્રમાં તલથી ભરેલાં કોડીયાંઓનું દાન આપીને મનુષ્ય આ લોકમાં પુત્રપશુઓથી યુક્ત થાય છે અને મરણ પછી પરલોકમાં સુખી થાય છે.[12] પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં ઉપવાસ કરીને ગોરસસહિત ભક્ષ્ય પદાર્થોનું બ્રાહ્મણોને ભોજન આપીને મનુષ્ય, સૌભાગ્યવાન થઇ શકે છે.[13] ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ઘીદૂધસાથે સાઠીના ચોખાનું ભોજન આપીને મનુષ્ય, સ્વર્ગલોકમાં પૂજાય છે.[14] શાસ્ત્રમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં મનુષ્યો જે જે પદાર્થોનું દાન આપે છે તેનું મહાફળ અનંત કાળને માટે સ્થિર રહે છે.[15] હસ્ત નક્ષત્રમાં ઉપવાસ કરીને ચાર હાથી જોડેલા રથનું દાન કરનાર મનુષ્ય, પવિત્ર ભોગવૈભવોવાળા ઉત્તમ લોકને પામે છે.[16] હે દેવકિ ! ચિત્રા નક્ષત્રમાં બળદનું દાન કરીને તથા પવિત્ર ગંધવાળા પદાર્થોનું દાન કરીને મનુષ્ય, અપ્સરાઓના લોકમાં વિહાર કરે છે અને નંદનવનમાં રમણ કરે છે.[17] સ્વાતી નક્ષત્રમાં પોતાનું જે ઇષ્ટ ધન હોય તેનું દાન કરીને પવિત્ર લોકને પામી શકાય છે અને આ લોકમાં મોટું યશ સંપાદન કરી શકાય છે. વિશાખા નક્ષત્રમાં એક બળદનું, એક દૂઝણી ગાયનું તથા છત્રીવાળા, ધાન્યથી ભરેલા અને

વસ્ત્રથી ઢાંકેલાં એક ગાડાનું દાન કરીને મનુષ્ય પિતૃઓને તથા દેવોને પ્રસન્ન કરે છે, મરણ પછી અનંત સુખને પામે છે, સંકટોને કદી પામતો નથી અને સ્વર્ગલોકમાં જાય છે. વળી એ પૂર્વોક્ત પદાર્થોનું બ્રાહ્મણોને દાન કરીને પોતાને ઇચ્છિત ગતિ સંપાદન કરે છે અને નરક આદિ ક્લેશોને કદી પામતોજ નથી, આવો શાસ્ત્રીય નિશ્ચય છે.[૨૧] અનુરાધા નક્ષત્રમાં ઉપવાસ કરીને ઓઢવાનાં વસ્ત્રોનું તથા ઉત્તમ અન્નનું દાન આપનારો મનુષ્ય, સો યુગપર્યંત સ્વર્ગલોકમાં પૂજાય છે.[૨૨] જ્યેષ્ઠા નક્ષત્રમાં મૂળાસહિત કાળા શાકનું બ્રાહ્મણોને દાન આપીને મનુષ્ય, ઇષ્ટ સમૃદ્ધિને તથા ઇષ્ટ ગતિને સંપાદન કરે છે. મૂલ નક્ષત્રમાં કંદમૂળ તથા ફળોનું સાવધાન થઈને બ્રાહ્મણોને દાન આપનારો પુરુષ, પિતૃઓને પ્રસન્ન કરે છે અને ઇષ્ટ ગતિને પામે છે.[૨૪] પૂર્વાષાઢા નક્ષત્રમાં ઉપવાસ કરીને કુળસંપન્ન, ચારિત્ર્યયુક્ત અને વેદપારંગત બ્રાહ્મણને દહીંનાં પાત્રોનું દાન કરનાર પુરુષ, મરણ પછી પુષ્કળ ગોધનવાળા કુળમાં જન્મે છે; તેમજ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ઘી અને સાથવાસહિત જળના ઘડાનું તથા પુષ્કળ ગોરસનું દાન કરનારો મનુષ્ય, સર્વ કામનાઓ પામે છે. અભિજિત્ નક્ષત્રમાં મધ અને ઘીથી મિશ્ર દૂધનું વિદ્વાન બ્રાહ્મણોને દાન કરનારો ધર્મશીલ મનુષ્ય સ્વર્ગલોકમાં પૂજાય છે.[૨૫–૨૭] શ્રવણ નક્ષત્રમાં વસ્ત્રસહિત કાંબળાનું અથવા એકલા કાંબળાનું દાન કરીને મનુષ્ય ઉજ્જવળ વિમાનમાં બેસીને ખુલ્લા દ્વારવાળા સ્વર્ગલોકમાં ગમન કરે છે.[૨૮] ધનિષ્ઠા નક્ષત્રમાં બળદ જોડેલા વાહનનું તથા વસ્ત્રના ઢગલાસહિત ધનનું ભક્તિપૂર્વક દાન આપનારો મનુષ્ય મરણ પછી તુરતજ રાજ્યને સંપાદન કરે છે.[૨૯] શતભિષા નક્ષત્રમાં અગર અને ચંદનસહિત સુગંધી પદાર્થોનું દાન આપીને મનુષ્ય, અપ્સરાઓના સમુદાયોને તથા કદી નાશ નહિ પામનારા સુગંધી પદાર્થોને પ્રાપ્ત કરે છે.[૩૦] પૂર્વા ભાદ્રપદા નક્ષત્રમાં ચોળાનું દાન કરીને મનુષ્ય, સર્વ ભક્ષણ કરવાયોગ્ય ફળને પામે છે અને મરણપછી પરલોકમાં પણ સુખી થાય છે.[૩૧] જે પુરુષ ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં બોકડાના માંસનું દાન કરે છે તે પુરુષ પિતૃઓને પ્રસન્ન કરે છે અને મરણ પછી અનંત સુખને પામે છે.[૩૨] રેવતી નક્ષત્રમાં કાંસાના દોહનપાત્રસહિત ગાયનું જે પુરુષ દાન આપે છે તેના મરણ પછી તેણે આપેલી એ ગાય, સર્વ ભોગવૈભવોને સાથે લાવીને એ દાતાની સેવામાં હાજર થાય છે.[૩૩] જે ઉત્તમ પુરુષ અશ્વિની નક્ષત્રમાં ઘોડાથી જોડેલા રથનું દાન કરે છે તે પુરુષ, હાથી, ઘોડા અને રથની સંપત્તિવાળા ઉત્તમ કુળમાં મહાતેજસ્વી થઈને જન્મે છે. ભરણી નક્ષત્રમાં બ્રાહ્મણોને તિલધેનુનું* દાન કરનારો પુરુષ, પુષ્કળ ગાયોને પ્રાપ્ત કરે છે અને મરણ પછી યશસ્વી થાય છે.”

ભીષ્મે કહ્યું:–એ પ્રમાણે નક્ષત્રના યોગાનુસાર દાન આપવાનો વિધિ, નારદે દેવકીને કહ્યો હતો અને પછી દેવકીએ પોતાની વહુઓને કહ્યો હતો.[૩૪–૩૬]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં “નક્ષત્રયોગદાન”એ વિષયનો અધ્યાય ૬૪ મો સમાપ્ત

અધ્યાય ૬૫ મો

અનેક પ્રકારનાં દાન અને તેનાં ફળ

॥ भीष्म उवाच ॥

सर्वान्कामान् प्रयच्छंति ये प्रयच्छंति कांचनम्
इत्येवं भगवानात्रिः पितामहसुतोऽब्रवीत् ॥१॥

ભીષ્મે કહ્યું:–બ્રહ્મદેવના પુત્ર ભગવાન અત્રિએ કહ્યું છે કે, જે પુરુષ સુવર્ણનું દાન કરે છે, તે પુરુષ સર્વ કામનાઓનું દાન કરે છે, એમ સમજવું.[૧] કેમકે સુવર્ણ પવિત્ર છે, આયુષ્યને આપનારૂં છે અને પિતૃઓને અક્ષય્ય સુખ દેનારૂં છે, એમ રાજા હરિશ્ચંદ્રે કહ્યું છે.[૨] ભગવાન મનુએ કહ્યું છે કે, જળનું દાન કરવું તે સર્વ દાનોના કરતાં શ્રેષ્ઠ છે. માટે કૂવા, વાવ

---

* જે એક વસ્ત્ર, એક ગાયને ઓઢાડતાં ગાયનો કોઇપણ અવયવ ખુલ્લો ન રહે તે વસ્ત્રમાં જેટલા તલ સમાય તેટલા તલનું દાન આપવાથી તિલધેનુનું દાન આપ્યું ગણાય છે.

અને તળાવો ખોદાવવાં.[૩] જે પુરુષે ખોદાવેલા કુવામાં પાણી નીકળે છે અને તે નિત્યને માટે ચાલુ રહે છે તે પુરુષના પાપકર્મનો અર્ધભાગ નાશ પામે છે.[૪] જેણે ખોદાવેલા જળાશયમાં ગાયો, બ્રાહ્મણો અને સત્પુરુષો નિત્ય જળપાન કરે છે તેના આખા વંશનો ઉદ્ધાર થાય છે.[૫] જે પુરુષે ખોદાવેલા જળાશયમાં ઉનાળાની ઋતુમાં પણ પાણી ભરપૂર રહે છે તેને કોઇ જાતનું વિષમ સંકટ કદી પ્રાપ્ત થતું નથી.[૬] ઘીનું દાન આપવાથી ભગવાન બૃહસ્પતિ, ભગવાન પૂષાદેવ, બન્ને અશ્વિનીકુમારો અને અગ્નિદેવ પ્રસન્ન થાય છે.[૭] કેમકે ઘી ઉત્તમ ઔષધરૂપ છે, યજ્ઞોમાં પણ એ ઉત્તમ ગણાય છે, સર્વ રસોમાં ઉત્તમ છે અને સર્વ ફળોમાં પણ ઉત્તમ છે.[૮] માટે જે પુરુષને ફળની, યશની તથા પુષ્ટિની ઈચ્છા હોય, તેણે નિત્ય પવિત્ર અને જિતેંદ્રિય થઇને બ્રાહ્મણોને ઘીનું દાન કરવું.[૯] જે પુરુષ આશ્વિન માસમાં બ્રાહ્મણોને ઘીનું દાન આપે છે તેનાપર અશ્વિનીકુમારો પ્રસન્ન થાય છે અને તેને રૂપ આપે છે.[૧૦] જે પુરુષ ઘીથી મિશ્ર દૂધપાકનું બ્રાહ્મણોને દાન કરે છે તેના ઘરને કદી રાક્ષસોનો ઉપદ્રવ થતો નથી.[૧૧] જે પુરુષ જળથી ભરેલા કળશોનું દાન કરે છે તેનું કદી તૃષાથી મરણ થતું નથી, તેના ઘરમાં સર્વ સામગ્રીઓ ભરપૂર રહે છે અને તેનાપર કદી સંકટ આવતું નથી.[૧૨] જે પુરુષ, પરમ શ્રદ્ધા અને યત્નથી યુક્ત થઈને પોતાનાં ખેતર વગેરેનું બ્રાહ્મણને દાન આપે છે તેને બ્રાહ્મણના પુણ્યમાંથી છઠ્ઠો ભાગ હમેશાં મળ્યા કરે છે.[૧૩] હે રાજેન્દ્ર! જે પુરુષ, રસોઇ પકાવવામાટે અથવા તાઢના સમયમાં તાપવામાટે સદાચારી બ્રાહ્મણોને લાકડાંનું દાન કરે છે તેના સર્વ અર્થો અને અનેક કાર્યો સિદ્ધ થાય છે, તેનું શરીર શત્રુઓની ઉપરવટ થઇને તેજસ્વી થાય છે, ભગવાન અગ્નિ પણ તેનાપર નિત્ય પ્રસન્ન રહે છે, પશુઓ તેનો ત્યાગ કરતાં નથી, સંગ્રામમાં પણ તેનો વિજય થાય છે.[૧૪-૧૬] જે પુરુષ છત્રનું દાન કરે છે, તેને પુત્રો તથા લક્ષ્મી પ્રાપ્ત થાય છે, નેત્રનો રોગ કદી થતો નથી અને તેને યજ્ઞનો ભાગ મળે છે.[૧૭] જે પુરુષ ઉનાળામાં અથવા વર્ષાઋતુમાં છત્રનું દાન કરે છે તેના મનમાં કોઈ પ્રકારનો કદી સંતાપ થતો નથી; ઉપરાંત તે પુરુષ મહાગહન સંકટમાંથી પણ તુરત મુક્ત થાય છે. હે રાજા! મોટા ભાગ્યશાળી ભગવાન શાંડિલ્યઋષિએ વળી એમ કહ્યું છે કે સર્વ પ્રકારના દાનો કરતાં ગાડાંનું દાન ઘણુંજ ઉત્તમ છે.”[૧૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“અનેક પ્રકારનાં દાન અને તેનાં ફળ”
એ વિષયનો અધ્યાય ૬૫ મો સમાપ્ત

અધ્યાય ૬૬ મો

ભિન્ન ભિન્ન દાનો અને તેનાં ફળ

॥ युधिष्ठिर उवाच ॥

दह्यमानाय विप्राय यः प्रयच्छत्युपानहौ ।
यत्फलं तस्य भवति तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“હે પિતામહ! પગે બળતા બ્રાહ્મણને જે પુરુષ ઉપાનહ (જોડા)નું દાન કરે છે તેને શું ફળ મળે છે? તે મને કહો.”

ભીષ્મે કહ્યું:-જે પુરુષ, ભક્તિપૂર્વક બ્રાહ્મણોને ઉપાનહનું દાન કરે છે તે પુરુષ સર્વ કંટકોનું મર્દન કરે છે અને સર્વ સંકટોને તરી જાય છે.[૨] હે યુધિષ્ઠિરરાજા! તે પુરુષ શત્રુઓનો ઉપરી થઇને રહે છે અને તેને ખચ્ચરીથી જોડેલા ઉજ્જવળ રથની પ્રાપ્તિ થાય છે. વળી હે કુંતાપુત્ર! તે પુરુષે, ચાંદી અને સોનાથી મઢેલા તથા ઉત્તમ બળદોથી જોડેલા એક ગાડાનું દાન આપેલું ગણાય છે.[૩,૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“હે કુરુવંશી પિતામહ! તલનું દાન કરવાથી, પૃથ્વીનું દાન કરવાથી, ગાયોનું દાન કરવાથી અને અન્નનું દાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે મને કહો.”[૫]

ભીષ્મે કહ્યું:-“હે કુંતાપુત્ર! હે કુરુશ્રેષ્ઠ! તલનું દાન આપવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેનું તું શ્રવણ કર અને તે સાંભળીને યથાયોગ્યરીતે તેનું દાન કર.[૬] સ્વયંભૂ બ્રહ્મદેવે, પિતૃઓના ઉત્તમ ભોજનરૂપે તલને ઉત્પન્ન કર્યા છે; માટે

તલનું દાન કરવાથી પિતૃઓનો પક્ષ પ્રસન્ન થાય છે.૭ જે પુરુષ માઘ માસમાં તલનું દાન કરે છે તેને અનેક પ્રાણીઓથી ઉભરાઇ રહેલું નરક કદી જોવું પડતું નથી.૮ જે પુરુષ તલવડે પિતૃઓનું પૂજન કરે છે, તેણે સર્વ પ્રકારના યજ્ઞો કરેલા ગણાય છે; પણ જેઓને નિષ્કામ બુદ્ધિથી શ્રાદ્ધ કરવાનો વિચાર હોય છે તેઓએ તલથી શ્રાદ્ધ કદી કરવું નહિ.૯ હે રાજા! મહર્ષિ કશ્યપના શરીરમાંથી તલ નીકળેલા છે માટે સર્વ પ્રકારના દાનમાં તલ દિવ્યભાવને પામેલા છે.૧૦ તલ પુષ્ટિ આપનારા છે, રૂપ આપનારા છે અને પાપનો વિનાશ કરનારા છે માટે સર્વના દાન કરતાં તલનું દાન ઉત્તમ છે. બુદ્ધિમાન આપસ્તંબ, શંખ, લિખિત અને મહર્ષિ ગૌતમ તલનું દાન કરીનેજ સ્વર્ગમાં ગયા છે.૧૨ જે બ્રાહ્મણો તલનો હોમ કરવામાં આસક્ત હોય છે, જેઓ ઇંદ્રિયોને જીતનારા હોય છે અને જેઓ ગાયના હવિષ (ઘી) વડે યજ્ઞયાગાદિ કર્મો કરવામાં પરાયણ હોય છે. તેઓ સર્વે સમાન પુણ્યભાગી ગણાય છે.૧૩ સર્વ પ્રકારનાં દાનોમાં તલનું દાન ઉત્તમ ગણાય છે અને તલનું દાનજ સર્વ દાનોમાં અક્ષય દાન કહેવાય છે.૧૪ હે શત્રુતાપન રાજા! પૂર્વે સર્વ હવ્ય પદાર્થોનો જ્યારે નાશ થયો, ત્યારે કુશિકઋષિએ ત્રણ અગ્નિઓમાં તલનો હોમ કરીનેજ ઉત્તમ ગતિ મેળવી હતી.”૧૫

હે કુરુશ્રેષ્ઠ! એ પ્રમાણે સર્વોત્તમ તલના દાન વિષે મેં તને કહ્યું; અને જે વિધિથી તલનો દાનવિધિ જગતમાં વખણાય છે તે પણ મેં તને કહ્યું.૧૬ હવે પછી હે મહારાજા! દેવોને જ્યારે યજ્ઞ કરવાની ઇચ્છા થઇ હતી, ત્યારે બ્રહ્મદેવ સાથે સમાગમ કરીને તેઓએ જે કંઇ કહ્યું હતું, તે વિષે હું તને કહું છું તે સાંભળ.૧૭ હે રાજા! દેવોને જ્યારે યજ્ઞ કરવાની ઇચ્છા થઇ ત્યારે તેઓ એકત્ર મળીને બ્રહ્મદેવ પાસે ગયા અને “અમારે યજ્ઞ કરવો છે માટે કોઇ પવિત્ર પૃથ્વીનો પ્રદેશ અમને આપો.” એવી તેમને યાચના કરવા લાગ્યા.૧૮

દેવોએ કહ્યું:-“હે ભગવન્! તમે આ પૃથ્વીના તથા સ્વર્ગના પ્રભુ છો; માટે હે મહાભાગ! અમે આપની અનુજ્ઞા લઇને યજ્ઞ કરવાની ઇચ્છા રાખીએ છીએ. તમે જે ભૂમિ ઉપર યજ્ઞ કરવાની અનુજ્ઞા આપી ન હોય તે ભૂમિ યજ્ઞના ફળને પામી શકતી નથી; કેમકે તમે સ્થાવરજંગમ સર્વ જગતના પ્રભુ છો.૨૦ માટે તમારે અમને અનુજ્ઞા આપવી યોગ્યછે.”

બ્રહ્માએ કહ્યું:-“હે શ્રેષ્ઠ દેવો! હે કાશ્યપના પુત્રો! તમારે જે પ્રદેશ ઉપર યજ્ઞ કરવાની ઇચ્છા હોય તે પૃથ્વીનો ભાગ હું તમને આપું છું.”

દેવોએ કહ્યું:-“હે ભગવન્! આપે અમને અનુજ્ઞા આપી માટે અમે કૃતકૃત્ય થયા છીએ. અમે હવે સંપૂર્ણ દક્ષિણાઓવાળા યજ્ઞો કરવામાટે આ હિમાલયની પાડોશના (કુરુક્ષેત્રના ભાગનેજ પ્રસંદ કરીએ છીએ કે, જ્યાં નિત્ય અનેક મુનિઓ વસે છે.” તે પછી અગસ્ત્ય, કણ્વ, ભૃગુ, અત્રિ, વૃષાકપિ, અસિત અને દેવળ વગેરે મુનિઓ ત્યાં દેવયજ્ઞમાં આવ્યા; એટલે મહાત્મા દેવતાઓએ યથાવિધિ યજ્ઞનો આરંભ કર્યો; તેમજ યોગ્ય સમયે તે દેવોએ મહાપર્વત હિમાલયની સમીપમાંજ તે યજ્ઞને સમાપ્ત કર્યો. પછી સર્વ દેવોએ તે યજ્ઞનો છઠ્ઠોભાગ પૃથ્વીના દાનરૂપ કર્યો. માટે જે પુરુષ માત્ર અંગુષ્ઠ જેટલી ભૂમિનું કોઇ જાતના ઉપસ્કારવિના પણ દાન આપે છે તેને સંકટ સમયે લેશમાત્ર દુઃખ થતું નથી અને તે કોઇ જાતનાં દુઃખોને કદી પામતો પણ નથી. જે પુરુષ ટાઢ, વાયુ અને તાપને સહન કરાવનારી અને ઉત્તમ સંસ્કારવાળી ગૃહરૂપ ભૂમિનું દાન કરે છે, તે પુરુષ સ્વર્ગલોકમાં સ્થિતિ કરીને પુણ્યનો ક્ષય થયા છતાં પણ ત્યાંથી નીચે પડતો નથી, પરંતુ હે રાજા! તે બુદ્ધિમાન પુરુષ ઇંદ્રની સાથે આનંદમાં રહે છે;૨૧-૨૮ કેમકે તેણે બીજાને વસવામાટે ઘરનું દાન કરેલું હોય છે તેથી સ્વર્ગમાં તે પૂજાય છે; તેમજ જે પુરુષના ઘરમાં, એક અધ્યાપકના કુળમાં ઉત્પન્ન થયેલો શ્રોત્રિય અને જિતેંદ્રિય બ્રાહ્મણ સંતુષ્ટ થઇને નિવાસ કરે છે તેને સર્વ લોકમાં મુખ્ય ગણાતો બ્રહ્મલોક મળે છે. વળી જે પુરુષ

ગાયોને માટે, તાઢ અને વૃષ્ટિને સહન કરનારૂં મજબૂત ઘર આપે છે,તે પુરુષ હે ભરતસત્તમ! પોતાનાથી સાત પેઢીસુધીના કુળનો ઉદ્ધાર કરે છે અને જે પુરુષ ક્ષેત્રભૂમિ (ખેતર)નું દાન કરે છે, તે શુભ લક્ષ્મીને સંપાદન કરે છે;[૨૯-૩૧] પણ જે પુરુષ રત્નોની ખાણવાળી પૃથ્વીનું દાન કરે છે, તે પુરુષ પોતાના કુળની અથવા વંશની વૃદ્ધિ કરનાર થઇ પડે છે. જે ભૂમિ ક્ષારવાળી હોય અથવા બળી ગયેલી હોય તેનું કદાપિ દાન કરવું નહિ; તેમજ શ્મશાન પાસે આવેલી ભૂમિનું તથા પાપી લોકોથી વસાયલી ભૂમિનું કદાપિ દાન કરવું નહિ. જે પુરુષ પારકા ભૂમિપ્રદેશમાં પિતૃઓને પિંડપ્રદાન કરે છે અથવા પિતૃઓને ઉદ્દેશીને પારકી ભૂમિનું દાન કરે છે તે પુરુષનું એ શ્રાદ્ધકર્મ અને ભૂમિદાન નિષ્ફળ થાય છે. માટે વિચક્ષણ પુરુષે સ્વલ્પ ભૂમિ પણ વેચાતી લઇનેજ દાનમાં આપવી.[૩૨-૩૪] કેમકે એ રીતે પોતે વેચાતી લીધેલી ભૂમિમાં આપેલું પિંડપ્રદાન અથવા તે ભૂમિનું દાન અવિનાશી ફળને આપે છે. વિદ્વાનો કહે છે કે, અરણ્યો, પર્વતો, નદીઓ અને તીર્થો એ સર્વનાપર કોઇનું સ્વામિત્વ હોતું નથી. (માટે તે તે સ્થળે શ્રાદ્ધ કરવામાં કંઇ દોષજ નથી.)

એ રીતે હે રાજા! પૃથ્વીના દાનનું ફળ મેં તને કહ્યું.[૩૫,૩૬] હવે પછી ગાયનું દાન કરવાથી શું ફળ મળે છે, તે વિષે હું તને કહું છું. હે નિર્દોષ રાજા! ગાયો તપસ્વીઓ કરતાં પણ ઉત્તમ છે માટે શ્રી શંકરદેવે ગાયોના મધ્યમાં નિવાસ કરીને પૂર્વે તપશ્ચર્યા કરી હતી. હે ભારત! ગાયો બ્રહ્મલોકમાં ચંદ્રની સાથે નિવાસ કરે છે; કે જે બ્રહ્મલોકરૂપ પરાગતિને, સિદ્ધિને પામેલા બ્રહ્મર્ષિઓ પણ સદાકાળ ઇચ્છે છે.

હે ભરતશ્રેષ્ઠ! ગાયો દૂધ, ઘી, દહીં, છાણ, ચામડું, હાડકાં, શિંગડાં અને વાળ આપીને સર્વનાપર ઉપકાર કરે છે, તેઓને તાઢની કે તાપની કંઇપણ અસર થતી નથી, તેઓ નિરંતર કામ કર્યા કરે છે અને વરસાદને લીધે પણ તેઓને દુઃખ થતું નથી; જેથી તેઓ બ્રાહ્મણોની સાથે પરમપદને પામે છે.[૩૭-૪૧] અને તે માટેજ વિદ્વાનો, ગાયોને તથા બ્રાહ્મણોને એક કહે છે. રાજા રંતિદેવના યજ્ઞમાં ગાયોને યજ્ઞનાં પશુતરીકે ઉપયોગમાં લીધી હતી અને તે સમયે ગાયોના ચામડામાંથી રુધિરની જે નદી ચાલેલી હતી, તે પાછળથી ચર્મણ્વતી એવા નામથી પ્રસિદ્ધ થયેલી છે; પરંતુ હે રાજા! તે સમયથી આરંભીને ગાયોને યજ્ઞપશુના ધર્મથી મુક્ત કરવામાં આવી છે અને દાનને માટેજ યોગ્ય ગણવામાં આવી છે.[૪૩] માટે હે રાજા! જે પુરુષ મુખ્ય બ્રાહ્મણોને ગાયોનું દાન કરે છે, તે પુરુષ મોટા સંકટમાં આવી પડયો હોય તોપણ મહા ગહન આપત્તિને તરી જાય છે.[૪૪] હે મનુષ્યોના પતિ! એક હજાર ગાયોનું દાન કરનારો મનુષ્ય કદી નરકમાં જતો નથી; (પણ સ્વર્ગમાં જાય છે)અને સર્વત્રવિજયને પણ મેળવે છે. દેવોના રાજા ઇંદ્રે કહ્યું છે કે,ગાયોનું દૂધ અમૃતરૂપજ છે.માટે જે પુરુષ ગાયનું દાન કરે છે તે અમૃતનુંજ દાન કરે છે. વેદવેત્તાઓ કહે છે કે, ગાયોનું ઘી, અગ્નિઓના અવિનાશી હવિષરૂપ ગણાય છે.માટે જે પુરુષ ગાયનું દાન આપે છે તે હોમસાધન હવિષનુંજ દાન કરે છે.[૪૭] ગાયોનો પતિ વૃષભ (બળદ), પ્રત્યક્ષ સ્વર્ગરૂપ છે, માટે જે પુરુષ, ગુણવાન બ્રાહ્મણને બળદનું દાન કરે છે તે સ્વર્ગમાં પૂજાય છે.[૪૮] હે ભરતશ્રેષ્ઠ! ગાયો પ્રાણીઓના પ્રાણરૂપજ ગણાય છે. માટે જે પુરુષ ગાયોનું દાન કરે છે તે પ્રાણોનુંજ દાન કરે છે.[૪૯] વેદવેત્તાઓ કહે છે કે, ગાયો પ્રાણીમાત્રના શરણરૂપ છે માટે ગાયોનું જે દાન કરે છે, તે શરણનુંજ દાન કરે છે.[૫૦] હે ભરતશ્રેષ્ઠ! વધ કરવામાટે ગાય આપવી નહિ, કસાઇને ગાય આપવી નહિ, નાસ્તિકને તથા કેવળ ગાય ઉપરજ આજીવિકા ચલાવનારને પણ ગાય આપવી નહિ.[૫૧] મહર્ષિઓ કહે છે કે, તેવા પાપકર્મી પુરુષોને ગાયનું દાન કરનારો મનુષ્ય અક્ષય નરકમાં પડે છે.[૫૨] જે ગાય દુર્બળ હોય, વાછરડાંવિનાની હોય, વાંઝણી હોય, રોગી હોય, ખોડખાંપણવાળી હોય અથવા થાકી ગયેલી હોય તેવી ગાયનું બ્રાહ્મણને દાન આપવું નહિ.[૫૩] જે પુરુષ

દશહજાર ગાયોનું દાન કરે છે તે ઇંદ્રની સાથે આનંદ કરે છે અને લાખો વર્ષોપર્યંત અક્ષય લોકમાં નિવાસ કરે છે.૫૪ હે ભારત! એ પ્રમાણે ગાયના દાનવિષે, તલના દાનવિષે તથા પૃથ્વીના દાનવિષે મેં તને કહ્યું. હવે અન્નદાનનું માહાત્મ્ય તું સાંભળ.૫૫

હે કુંતાપુત્ર! વિદ્વાનો કહે છે કે, અન્નનું દાન, સર્વ દાનોમાં મુખ્ય છે અને અન્નનું દાન કરીનેજ રાજા રંતિદેવ સ્વર્ગલોકમાં ગયો છે. હે પૃથ્વીના પતિ રાજા! જે પુરુષ પરિશ્રમથી થાકી ગયેલા ક્ષુધાતુર મનુષ્યને અન્નનું દાન કરે છે, તેને સ્વયંભૂનું મહાનસ્થાન પ્રાપ્ત થાય છે.૫૭ હે ભરતવંશના સમર્થ રાજા! મનુષ્યો, અન્નનું દાન કરીને જે શ્રેય સંપાદન કરે છે તે શ્રેય સુવર્ણ, વસ્ત્રો કે બીજા કોઇ પદાર્થોનાં દાનોથી સંપાદન કરી શકતા નથી.૫૮ અન્ન સર્વોત્તમ દ્રવ્યરૂપ છે, પરમ લક્ષ્મીરૂપ છે અને અન્નને લીધેજ પ્રાણ, તેજ, વીર્ય અને બળ ઉત્પન્ન થાય છે.૫૯ ભગવાન પરાશરે કહ્યું છે કે, જે પુરુષ નિત્ય સાવધાન રહીને સત્વર અન્નનું દાન કરે છે તેનાપર કદી સંકટો આવતાં નથી. હે રાજન્! પ્રત્યેક મનુષ્યે, પોતાના ઇષ્ટદેવોનું નિત્ય પૂજન કરીને તેઓને અન્નનું નૈવેદ્ય અર્પણ કરવું અને લક્ષ્યમાં રાખવું કે પોતે નિત્ય જે અન્નનું ભોજન કરતો હોય છે, તેજ અન્ન તેના ઇષ્ટદેવોને પણ પ્રિય હોય છે.૬૧ જે મનુષ્ય, કાર્તિકમાસના શુકલપક્ષમાં અન્નનું દાન કરે છે; તે સર્વ પ્રકારનાં સંકટોમાંથી મુક્ત થાય છે અને મરણ પછી અનંત સુખને પામે છે.૬૨ હે ભરતશ્રેષ્ઠ! જે પુરુષ, ભોજન કર્યા પહેલાં અતિથિને શ્રદ્ધાપૂર્વક અન્નદાન આપે છે તેને બ્રહ્મવેત્તાઓના દિવ્યલોક પ્રાપ્ત થાય છે.૬૩ અન્નનું દાનકરનાર મનુષ્ય, અતિગહન આપત્તિ પામ્યો હોય તોપણ તેમાંથી મુક્ત થાય છે, પાપને તરી જાય છે અને દુષ્ટકર્મને દૂર કરે છે.૬૪ એ રીતે અન્નદાનનું, તલદાનનું, પૃથ્વીદાનનું તથા ગોદાનનું ફળ, શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે.૬૫

અધ્યાય ૬૬ મો સમાપ્ત

અધ્યાય ૬૭ મો

જળદાનમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

श्रुतं दानफलं तात यत्त्वया परिकीर्तितम् ।
अन्नदानं विशेषेण प्रशस्तमिह भारत ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભારત! હે તાત! આપે કહેલાં દાનનાં ફળ મેં સાંભળ્યાં, તેમાં પણ અન્નનું દાન વિશેષે કરીને પ્રશંસા કરવાયોગ્ય છે;૧ પણ મને શંકા થાય છે કે, જળનું દાન મોટા ફળવાળું કેમ કહેવાય છે? હે પિતામહ! એ જળદાનવિષે વિસ્તારપૂર્વક સાંભળવાની મને ઇચ્છા છે."૨

ભીષ્મે કહ્યું:– હે ભરતશ્રેષ્ઠ! હે સત્યપરાક્રમી રાજા! તે વિષે ઘણાજ આનંદથી હું તને યથાવત્ રીતે કહું છું. તેનું મારી પાસેથી તું શ્રવણ કર.૩ હે નિર્દોષ રાજા! જળદાનથી આરંભીને સર્વ દાનોવિષે હું તને કહીશ. તેમાં પણ અન્નનું તથા જળનું દાન કરીને મનુષ્ય જે ફળ સંપાદન કરે છે, તે આ પ્રમાણે છે.૪ હું માનું છું કે, અન્નદાનના કરતાં બીજું કોઇ પણ શ્રેષ્ઠ દાન નથી; કેમકે હે તાત! અન્નને લીધેજ સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્તિ કરી રહ્યાં છે.૫ માટે સર્વલોકમાં અન્નજ શ્રેષ્ઠ કહેવાય છે અને અન્નમાંથીજ સર્વ:પ્રાણીના બળની તથા તેજની વૃદ્ધિ થાય છે.૬ આવા હેતુથીજ પ્રજાપતિએ પોતે પણ અન્નદાનને શ્રેષ્ઠ કહ્યું છે અને હે કુંતાપુત્ર! સાવિત્રીએ જે પવિત્ર વચન કહ્યું છે તે પણ તેં સાંભળ્યુંજ છે. હે મહાબુદ્ધિમાન રાજા! તે સમયે દેવોના યજ્ઞપ્રસંગમાં સાવિત્રીએ જે આશયથી જેવા પ્રકારનું વચન કહ્યું હતું તે તારા જાણવામાંજ છે. માટે અન્નનું દાન કરીને મનુષ્ય પ્રાણનુંજ દાન કરે છે, એમ સમજવું.૮ હે મહાબાહુ! આ જગતમાં પ્રાણદાનના જેવું બીજું શ્રેષ્ઠ દાન છેજ નહિ. આવા આશયનું મહર્ષિ લોમશનું વચન પણ તેં સાંભળ્યુંજ છે.૯ માટે હે રાજા! જેમ હોલાને પોતાનાપ્રાણનું દાનકરીને શિબિરાજાએ પૂર્વે જે ગતિ સંપાદન કરી હતી તેજ ગતિ

અન્નદ્વારા બ્રાહ્મણને પ્રાણદાન કરીને મનુષ્ય, સંપાદન કરે છે.[૧૦] વળી એમ સાંભળ્યું પણ છે કે, અન્નદ્વારા પ્રાણદાન કરનારા પુરુષો અત્યંત ઉત્તમ ગતિને પામે છે; અથવા હે કુરુશ્રેષ્ઠ રાજા! એ અન્ન કેવળ જળને આધારેજ ઉત્પન્ન થાય છે અને જળવિના કોઈની કંઇ પ્રવૃત્તિ પણ થઇ શકતી નથી.[૧૧] જેમકે સર્વ ગ્રહસમુદાયોનો ઇશ્વર ભગવાન ચંદ્ર પણ જળમાંથીજ ઉત્પન્ન થયો છે; તેમજ અમૃત, સુધા, સ્વધા, દૂધ, અન્ન, ઔષધિઓ અને લતાઓ વગેરે કેવળ જળમાંથીજ ઉત્પન્ન થાય છે અને હે રાજા! પ્રાણીમાત્રના પ્રાણ પણ કેવળ જળને લીધેજ ટકી રહ્યા છે. (માટે જળ સર્વ કરતાં શ્રેષ્ઠ છે.)[૧૨,૧૩] દેવોનું અન્ન અમૃત છે, સર્પોનું અન્ન સુધા છે, પિતૃઓનું અન્ન સ્વધા છે, પશુઓનું અન્ન લતાઓ છે. વિદ્વાનો કહે છે કે, કેવળ અન્નજ મનુષ્યોના પ્રાણ છે; તોપણ હે પુરુષવ્યાઘ્ર! એ સર્વ પદાર્થો કેવળ જળમાંથીજ ઉત્પન્ન થાય છે. તે માટે જળદાનના જેવું બીજું શ્રેષ્ઠ દાન ક્યાંય છેજ નહિ. જે પુરુષને પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય તેણે નિત્ય જળનું દાન આપવું; કેમકે જળનું દાન ધન, યશ તથા આયુષને આપનારૂં કહેવાય છે. હે કુંતાપુત્ર! જળનું દાન કરનારો પુરુષ શત્રુઓનો નિત્ય અધિષ્ઠાતા બને છે, સર્વ કામનાઓને સંપાદન કરે છે, સનાતન કીર્તિને પ્રાપ્ત કરે છે, મરણ પછી અનંત ફળને પામે છે અને સર્વ પાપોમાંથી મુક્ત થાય છે.[૧૪-૧૮] હે પુરુષવ્યાઘ્ર મહાતેજસ્વી રાજન્! ભગવાન મનુએ પણ કહ્યું છે કે, જળનું દાન કરનારો મનુષ્ય સ્વર્ગમાં જઇને અક્ષય લોકને પામે છે."[૧૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
"જળદાનમાહાત્મ્ય" એ વિષયનો
અધ્યાય ૬૭ મો સમાપ્ત

અધ્યાય ૬૮ મો

બ્રાહ્મણ તથા યમનો દાનવિષે સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

तिलानां कीदृशं दानमथ दीपस्य चैव हि ।
अन्नानां वाससां चैव भूय एव ब्रवीहि मे॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:--"હે પિતામહ! તલનું, દીવાનું, અન્નનું તથા વસ્ત્રોનું દાન કરવાથી શું ફળ મળે છે તે મને ફરી પણ કહો.[૧]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! આ વિષયમાં પણ બ્રાહ્મણ અને યમના સંવાદરૂપ એક પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૨] પૂર્વે ગંગા તથા યમુનાના મધ્યદેશમાં જ્યાં યામુન નામનો પર્વત આવેલો છે તેની તળેટીમાં બ્રાહ્મણોની વસ્તીવાળું એક મોટું ગામ હતું.[૩] હે રાજા! તે સુંદર ગામ "પર્ણશાલા" એ નામથી પ્રખ્યાત હતું અને તે ગામમાં ઘણા વિદ્વાન બ્રાહ્મણો રહેતા હતા.[૪] એક સમયે યમરાજાએ પોતાની પાસે રહેનારો એક એક પુરુષ (દૂત) કે જે કાળાં વસ્ત્રો પહેરનારો હતો, લાલ નેત્રોવાળો હતો, ઉભાં રુવાટાંવાળો હતો અને કાગડાના જેવી જાંઘ, નેત્ર તથા નાસિકાવાળો હતો તેને આજ્ઞા કરી કેઃ-[૫] "તું, બ્રાહ્મણોના પર્ણશાલા નામના ગામમાં જા અને ત્યાં જઇને અગસ્ત્યગોત્રના શર્મી નામના બ્રાહ્મણને અહિં બોલાવી લાવ.[૬] તે બ્રાહ્મણ શમગુણમાં સ્થિતિ કરનારો છે, વિદ્વાન છે, અધ્યાપનવૃત્તિ કરનારો છે અને તે ગામમાં પ્રસિદ્ધ છે, માટે તેનેજ અહિં લાવજે; પણ બીજા તેની પાડોશમાં રહેનારા તેના સમાન ગોત્રના બ્રાહ્મણને લાવીશ મા.[૭] જોકે તે બ્રાહ્મણ પણ તેના સમાન ગુણવાળોજ છે અને અધ્યયનમાં, જન્મમાં, સંતાનોમાં તથા સદાચારમાં પણ બુદ્ધિમાન શર્મી બ્રાહ્મણના જેવોજ છે તોપણ તેને નહિ લાવતાં મેં કહેલા બ્રાહ્મણનેજ તું લાવજે, કેમકે મારે તેની પૂજા કરવી છે."

યમે એ પ્રમાણે આજ્ઞા કરી એટલે તે દૂત પેલા ગામમાં જઇ પહોંચ્યો; પણ ત્યાં જઇને તેણે યમની આજ્ઞાથી વિરુદ્ધ વર્તનજ કર્યું. જેને

લાવવામાટે યમે ના કહી હતી તેનેજ તે પકડી લાવ્યો; એ બ્રાહ્મણને પોતાને ત્યાં આવેલો જોઇ વીર્યવાન યમરાજા આસન ઉપરથી ઉભો થયો અને તેની પૂજા કરી.[૮-૧૦] તે પછી તેણે પોતાના દૂતને આજ્ઞા કરી કે, " આ બ્રાહ્મણને તું પાછો લઇ જા અને મેં કહેલા બીજાને અહિં લઈ આવ" ધર્મરાજાએ એવી આજ્ઞા કરી એટલે પેલો બ્રાહ્મણ કે જે અધ્યયન કરી કરીને કંટાળી ગયો હતો તેણે ધર્મરાજાને કહ્યું કે:-"હે અસ્ખલિત શક્તિવાળા દેવ ! સારા આયુષ્યનો જે શેષકાળ હોય તે પૂર્ણ થાય ત્યાંસુધી મને આ યમલોકમાં વસવા દો."[૧૧,૧૨]

યમે કહ્યું:-"હું કોઇના આયુષ્યનું પ્રમાણ કોઇરીતે જાણી શકતો નથી. માત્ર જે મનુષ્ય જે કંઇ ધર્માચરણ કરે છે અથવા અધર્માચરણ કરે છે તેનેજ કેવળ હું જાણું છું.[૧૩] માટે હે મહાતેજસ્વી બ્રાહ્મણ ! તું આજેજ તારે ઘેર જા. અને હે અસ્ખલિત શક્તિવાળા બ્રાહ્મણ! તારી ઇચ્છાનુસાર તું મને કહે.હું તારૂં શું પ્રિય કરૂં?"

બ્રાહ્મણે કહ્યું:-"તે મનુષ્ય લોકમાં જે કર્મ કરવાથી મહાન પુણ્ય પ્રાપ્ત થાય તે મને કહો. હે શ્રેષ્ઠ દેવ ! તમે સર્વ ત્રૈલોકયમાં પ્રમાણ ગણાઓ છો ?"[૧૪,૧૫]

યમે કહ્યું:-" હે બ્રહ્મર્ષિ ! દાનવિધિરૂપ ઉત્તમ કર્મ હું તને યથાર્થ રીતે કહું છું, તેનું તું શ્રવણ કર. તલનું દાન સર્વ કરતાં શ્રેષ્ઠ છે અને તેનું પુણ્ય પણ સનાતન ગણાય છે.હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! પ્રત્યેક મનુષ્યે પોતાની શક્તિ પ્રમાણે તલનું દાન અવશ્ય કરવું, કેમકે તલનું જો નિત્ય દાન કવામાં આવે છે તો તેથી સર્વમનોરથો સિદ્ધ થાય છે.[૧૭] શ્રાદ્ધમાં પણ તલ પ્રશંસાપાત્ર ગણાય છે અને તેનું દાન પણ સર્વોત્તમ ગણાય છે. માટે તું શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે બ્રાહ્મણોને તલનું દાન કર.[૧૮] વૈશાખ મહિનાની પૂર્ણિમાને દિવસે, સર્વ મનુષ્યોએ બ્રાહ્મણોને તલનું દાન કરવું, તલ ખવડાવવા અને તલથી શરીર ઉપર મર્દન કરવું.[૧૯] જે મનુષ્યોને પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છા હોય તેઓએ સર્વ પ્રકારે પોતાને ઘેરજ નિરંતર એ પ્રમાણે કરવું અને તેજ પ્રમાણે સર્વને પીવાયોગ્ય જળનું દાન પણ નિરંતર અવશ્ય કરવું.[૨૦] વળી હે ઉત્તમ બ્રાહ્મણ ! વાવો,તળાવો અને કુવા પણ ખોદાવવા; કેમકે આ લોકમાં એ અત્યંત દુર્લભ ગણાય છે.[૨૧] હે દ્વિજશ્રેષ્ઠ ! તારે નિત્ય જળનું દાન કરવું અને જળનું દાન કરવામાટે પાણીની પરબો પણ બંધાવવી. કેમકે અન્નનું જેણે ભોજન કર્યું હોય તેને પણ જળ આપવું એ વિશેષ આવશ્યક છે અને તેથીજ જળનું દાન કરનારને સર્વોત્તમ પુણ્ય પ્રાપ્ત થાય છે, એમ શાસ્ત્રકારોએ કહ્યું છે." [૨૨]

ભીષ્મે કહ્યું:-યમરાજાએ એ પ્રમાણે કહ્યું તે પછી પેલો યમદૂત,એ બ્રાહ્મણને તેને ઘેર લઇ ગયો અને એ બ્રાહ્મણ પણ પોતાને ઘેર આવ્યા પછી યમરાજાએ કહેલાં સર્વ દાન કરવા લાગ્યો. પેલા યમદૂતે એ બ્રાહ્મણને તેને ઘેર મૂકીને બીજા શર્મીનામના બ્રાહ્મણને સાથે લીધો અને ધર્મરાજા આગળ હાજર કર્યો.[૨૪] એટલે પ્રતાપી ધર્મરાજાએ, તે ધર્મવેત્તા (શર્મી) બ્રાહ્મણની પૂજા કરી અને પછી તેની સાથે વાર્તાલાપ કરીને જેમ આવ્યો હતો તેમ તેને વિદાય કર્યો. યમરાજાએ બ્રાહ્મણ શર્મીને પણ દાનના સંબંધમાં સર્વ ઉપદેશ આપ્યો હતો; જેથી તેણે પણ યમલોકમાંથી પાછા આવીને યમરાજાના કહેવા પ્રમાણેજ સર્વ કરવા માંડયું.[૨૫,૨૬]

જે પ્રમાણે તલના દાનની યમરાજાએ પ્રશંસા કરી હતી તેજ પ્રમાણે પિતૃઓનું હિત ઇચ્છીને દીપના દાનની પણ યમરાજાએ પ્રશંસા કરી હતી. કેમકે દીપનું (દીવાનું) દાન કરનારો પુરુષ નિત્ય પોતાના પિતૃઓને તારે છે.[૨૭] માટે હે ભરતશ્રેષ્ઠ રાજા ! પ્રત્યેક મનુષ્યે નિરંતર દીવાઓનું અવશ્ય દાન કરવું. કેમકે દીપકનું દાન દેવતાઓ, પિતૃઓ અને દાન આપનાર-એ સર્વનાં નેત્રને હિતકર છે.[૨૮] હે રાજા! રત્નોના દાનનું પણ અતિમહાન પુણ્ય કહેવામાં આવ્યું છે અને જે બ્રાહ્મણ દાનમાં મળેલાં રત્નોને વેચીને યજ્ઞયાગ કરે છે તેને રત્નોનો પ્રતિગ્રહ કરવાથી તથા રત્નોનું વેચાણ કરવાથી ભયંકર દોષ પણ લાગતો નથી.[૨૯]

વળી જે બ્રાહ્મણ, દાનનો પ્રતિગ્રહ કરીને તેમાંથી બ્રાહ્મણોને દાન આપે છે તેને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે; તેમજ જેની પાસેથી તેણે પ્રતિગ્રહ કર્યો હોય તે પુરુષને પણ અક્ષય્ય પુણ્ય પ્રાપ્ત થાય છે.[૩૦] ધર્મવેત્તા મનુએ કહ્યું છે કે, ઉત્તમ સ્થિતિમાં રહેલો એક પુરુષ કોઇ સુપાત્ર પુરુષને જો દાન આપે છે તો, તેઓ બંનેને (એટલે દાતાને તથા પ્રતિગ્રહીતાને) અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે.[૩૧] વળી અમે સાંભળ્યું છે કે, વસ્ત્રોનું દાન આપવાથી પુરુષ પોતાની સ્ત્રી ઉપર પ્રસન્ન રહે છે, સુંદર વસ્ત્રોને પહેરી શકે છે અને સુંદર વેશવાળો થાય છે. હે પુરુષવ્યાઘ્ર! ગાયો, સુવર્ણ તથા તલનું દાન કરવાથી જે જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું વર્ણન, વિશેષે કરીને વેદનાં પ્રમાણોને અનુસરીનેજ તારી આગળ મેં કર્યું છે;[૩૩] ઉપરાંત, હે કુરુવંશી રાજા! શાસ્ત્રનો એવો પણ એક ઉપદેશ હું તને કહું છું કે, પ્રત્યેક પુરુષે વિવાહો કરવા અને પુત્રો ઉત્પન્ન કરવા; કેમકે પુત્રોનો લાભ સર્વ લાભ કરતાં શ્રેષ્ઠ છે."[૩૪]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં "યમ અને બ્રાહ્મણનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૬૮ મો સમાપ્ત

અધ્યાય ૬૯ મો+

ગોદાનમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

भूय एव कुरुश्रेष्ठ दानानां विधिमुत्तमम् ।
कथयस्व महाप्राज्ञ भूमिदानं विशेषतः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે કુરુશ્રેષ્ઠ! હે મહાબુદ્ધિમાન પિતામહ! ફરી પણ દાનોનો ઉત્તમ વિધિ તમે મને કહો અને તેમાં પણ પૃથ્વીના દાન વિષે મને વિશેષે કરીને કહો.[૧] જે એક બ્રાહ્મણ, યજ્ઞયાગ કરનારો હોય તેને ક્ષત્રિયે પૃથ્વીનું દાન કરવું અને બ્રાહ્મણે વિધિપૂર્વક તેનો પ્રતિગ્રહ કરવો; તેમજ ક્ષત્રિયવિના બીજો કોઇ પુરુષ, પૃથ્વીનું દાન કરવાને યોગ્ય થઈ શકતો નથી; (એમ તમે કહ્યું;)[૨] પરંતુ એ પૃથ્વીના દાન જેટલાજ ફળની આકાંક્ષા રાખનારા સર્વ વર્ણના પુરુષો પૃથ્વીના દાનસમાન ફળવાળા જે પદાર્થનું દાન આપી શકે અને વેદમાં પણ તેવું દાન આપવાનું કહ્યું હોય તે વિષે કહેવાને તમે યોગ્ય છો.[૩]

ભીષ્મે કહ્યું:-"જેનું ('ગો' એવું) નામ અને ફળ સમાન છે અને જે સર્વ ઈચ્છિત ફળને આપનાર છે તે ત્રણે વસ્તુઓ ગાય, પૃથ્વી અને સરસ્વતી, હરકોઈ મનુષ્યથી દાનમાં આપી શકાય છે.[૪] જે પુરુષ પોતાના શિષ્યને ધર્મયુક્ત વેદવાણીનો ઉપદેશ કરે છે, તેને પૃથ્વી અને ગોદાનના જેટલુંજ ફળ મળે છે; તેમજ હે યુધિષ્ઠિર! ગોદાનની પણ વિદ્વાનો પ્રશંસા કરે છે અને કહે છે કે, ગોદાનના જેવું બીજું કોઇ દાનજ નથી; કેમકે દાનમાં આપેલી ગાયો સત્વર ફળને આપે છે અને સર્વ મનોરથોને એકદમ સિદ્ધ કરે છે.[૬] ગાયો સર્વ પ્રકારનાં સુખને આપનારી હોઈને પ્રાણીમાત્રની માતા ગણાય છે; માટે પોતાનો અભ્યુદય ઇચ્છનારા હરકોઇ પુરુષે ગાયોની હમેશાં પ્રદક્ષિણા કરવી.[૭] ગાયોને કદી પ્રાદપ્રહાર કરવો નહિ અને ગાયોની વચ્ચે થઇને કદી જવું નહિ; કેમકે ગાયો સર્વ મંગળ પદાર્થોના મંદિરરૂપ હોઇને દેવીઓરૂપ છે અને સર્વદા પૂજનીય છે;[૮] તેમજ બળદોનો પણ યજ્ઞાદિ નિમિત્તે, ખેતીવાડી કરવાના કામમાં, જ્યારે ઉપયોગ કરવો હોય ત્યારેજ તેઓને લાકડી વગેરેથી (યોગ્યરીતે) પ્રહાર કરીને હાંકવાં, એમ દેવોએ પોતે મર્યાદા બાંધી છે.(માટે તેમાં કંઈ દોષ નથી.) તોપણ માત્ર યજ્ઞનિમિત્તેજ કામ કરાવતી વખતે બળદોને લાકડી વગેરેથી પ્રહાર કરવો તે શ્રેયસ્કર છે; પણ યજ્ઞાદિ નિમિત્તવિના કેવળ પોતાને માટેજ ખેતી વગેરે કાર્યમાં બળદોને પ્રહાર કરવો તે નિંદાપાત્રજ છે. ડાહ્યા માણસે, ગાયો ચરતી હોય ત્યારે અથવા વિશ્રાંતિ લેવામાટે કોઇ યોગ્ય સ્થળે બેઠી હોય ત્યારે તેઓને ત્રાસ આપવો નહિ; તેમજ ગાયો

+ 'ગો' એટલે ગાય, પૃથ્વી અને વિદ્યા-એ ત્રણેના દાનનું માહાત્મ્ય આ અધ્યાયમાં કહેવામાં આવશે.

જ્યારે તૃષાતુર થઈ હોય છે ત્યારે તેઓને જો જળ મળતું નથી, તો જળની આશાથી ચારે-તરફ તેઓ જોવા માંડે છે અને તે સમયે જે મનુષ્ય તેઓને જળ આપવાની વ્યવસ્થા કરી આપતો નથી તેનો તેના બાંધવોની સાથે ગાયો નાશ કરી નાખે છે.[૧૦] અરે ! જેઓનું છાણ પણ પિતૃઓ તથા દેવતાઓનાં મંદિરોને નિરંતર પવિત્ર કરે છે તે ગાયો કરતાં અધિક પવિત્ર શું હોઈ શકે ?[૧૧] જે પુરુષ એક વર્ષપર્યંત પોતે ભોજન કર્યા પહેલાં પારકી ગાયને ઘાસનો પૂળો આપે છે તે પુરુષ સાર્વકામિક નામનું મહાવ્રત કરે છે[૧૨] અને તે વ્રતના પ્રભાવથી પુત્ર, યશ તથા લક્ષ્મી સંપાદન કરે છે;એટલુંજ નહિ પરંતુ સર્વ પાપકર્મોનો નાશ કરે છે અને દુષ્ટ સ્વપ્નને દૂર કરે છે. ”[૧૩]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“કેવાં લક્ષણવાળી ગાયો દાનમાં આપવી:અને કેવાં લક્ષણવાળી ગાયો દાનમાં ન આપવી ? તેમજ કેવા પુરુષને ગાયોનું દાન કરવું અને કેવા પુરુષને ગાયોનું દાન ન કરવું ?”[૧૪]

ભીષ્મે કહ્યું:–“ જે બ્રાહ્મણ દુષ્ટ વર્તન કરનારો હોય, પાપી હોય, લોભી હોય, અસત્યવાદી હોય અને દેવકર્મ તથા પિતૃકર્મથી ભ્રષ્ટ હોય તેવા બ્રાહ્મણને કોઇ રીતે પણ ગાય આપવી નહિ;[૧૫] પરંતુ જે બ્રાહ્મણ દરિદ્રી હોય, અનેક પુત્રોવાળો હોય, વેદને ભણેલો હોય અને અગ્નિહોત્રી હોય તેવા બ્રાહ્મણને અવશ્ય ગોદાન કરવું અને તેવા બ્રાહ્મણને દશ ગાયોનું દાન કરનારો પુરુષ સર્વોત્તમ લોકને સંપાદન કરે છે. જે પુરુષ ધર્માચરણ કરે છે તેનેજ ધર્મનું ફળ મળે છે તોપણ જે પુરુષ, બીજાને ધન વગેરેનું દાન કરે છે તેને તો પોતે જેને દાન આપ્યું હોય તેના સર્વ પુણ્યમાંથી ભાગ મળે છે. કેમકે તેણે આપેલા દાનના કારણથીજ પેલા પુરુષની સર્વ પુણ્યપ્રવૃત્તિઓ ચાલુ થયેલી હોય છે.[૧૭] જે પુરુષ કોઇને ઉત્પન્ન કરે છે, જે પુરુષ ભયમાંથી કોઇની રક્ષા કરે છે અને જે પુરુષ કોઇની આજીવિકા બાંધી આપે છે તેઓ ત્રણે, તેના પિતાઓ ગણાય છે. ગુરુની સેવા પાપનો નાશ કરે છે, અભિમાન મોટા યશનો નાશ કરે છે, ત્રણ પુત્રો અપુત્રપણાનો નાશ કરે છે અને દશ ગાયો નિર્ધન દશાનો નાશ કરે છે.[૧૯] જે બ્રાહ્મણ વેદાંતનિષ્ઠ હોય, અત્યંત વિદ્વાન હોય, જ્ઞાનથી તૃપ્ત રહેનારો હોય, ઇંદ્રિયોને જીતનારો હોય, સદાચરણી હોય, દમગુણનિષ્ઠ હોય, યમ નિયમને પાળનારો હોય, પ્રાણીમાત્ર આગળ પ્રિય વાક્ય બોલનારો હોય, ક્ષુધાથી પીડાયો હોય છતાં દુષ્ટ કર્મ કરનારો ન હોય, મૃદુ સ્વભાવનો હોય, શાંત હોય,અતિથિઓ ઉપર પ્રેમ રાખનારો હોય, સત્પુરુષોના સમાન સ્વભાવનો હોય અને પુત્ર–સ્ત્રીઆદિના પરિવારવાળો હોય તેવા બ્રાહ્મણને આજીવિકા બાંધી આપવી.[૨૦,૨૧] એક ઉત્તમ પાત્રને ગાયનું દાન આપવાથી જેટલું પુણ્યફળ પ્રાપ્ત થાય છે તેટલુંજ પાપફળ બ્રાહ્મણના દ્રવ્યનું હરણ કરી લેવાથી પ્રાપ્ત થાય છે. માટે સર્વ અવસ્થામાં બ્રાહ્મણના દ્રવ્યનું કદી હરણ કરવું નહિ; તેમજ બ્રાહ્મણોની સ્ત્રીઓનો પણ દૂરથીજ ત્યાગ કરવો. (અર્થાત્ બ્રાહ્મણોની સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરવોજ નહિ.)”[૨૨]

ઇતિ શ્રીમહા૦ . અનુ૦ દાનધર્મપર્વમાં
“ ગોદાનમાહાત્મ્ય ” એ વિષયનો
અધ્યાય ૬૯ મો સમાપ્ત

અધ્યાય ૭૦ મો

બ્રાહ્મણદ્રવ્યના હરણનું ભયંકર ફળ

॥ भीष्म उवाच ॥

अत्रैव कीर्त्यते सद्भिर्ब्राह्मणस्वाभिमर्शने ।
नृगेण सुमहत्कृच्छ्रं यदवाप्तं कुरूद्वह ॥१॥

ભીષ્મે કહ્યું:–“ હે કુરુશ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજા ! આ વિષયમાંજ એટલે બ્રાહ્મણના દ્રવ્યનું હરણ કરી લેવાના સંબંધમાંજ સત્પુરુષોએ કહ્યું છે કે, બ્રાહ્મણદ્રવ્યનું હરણ કરી લઈને નૃગરાજા મહાન દુઃખને પામ્યો હતો. હે કુંતાના પુત્ર ! અમારા સાંભળવામાં આવ્યું છે કે, પૂર્વે જ્યારે દ્વારકાનગરીને વસાવવામાં આવી, ત્યારે (જળની શોધ કરવા નીકળી પડેલા) યાદવોએ, એક મોટો કૂવો જોયો, કે જે ઘાસ અને લતા-

ઓનાં જાળાંથી છવાઈ ગયો હતો.૨ તે કૂવાને જોઈને તેમાંથી જળ મેળવવાની ઈચ્છાવાળા યાદવોએ, મહાન યત્ન કરીને તેના મુખ ઉપરનાં જાળાંઓને દૂર કર્યાં અને અતિ શ્રમ કરીને પણ તેના ઢંકાઈ ગયેલા જળને ખુલ્લું કર્યું.૩ તે જળમાં તેઓએ દૃષ્ટિ કરી એટલે એક પ્રચંડ શરીરવાળો કાચંડો તેમાં બેઠેલો જોવામાં આવ્યો; જેથી તે હજારો યાદવોએ એકઠા મળીને તે કાચંડાને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા માંડયો.૪ તેઓએ પર્વતસમાન મોટા શરીરવાળા તે કાચંડાને ચામડાના પટ્ટાઓથી તથા દોરીઓથી બાંધ્યો, છતાં પણ તેઓ તેને બહાર કાઢી શકયા નહિ; જેથી શ્રીકૃષ્ણની પાસે ગયા૫ અને તેમને જણાવ્યું કે, એક મોટો કાચંડો કૂવાના સર્વ ભાગને રોકીને બેઠો છે. તેને બહાર કાઢવાને અમારામાંથી કોઇપણ સમર્થ થઇ શકયો નથી."૬ તે સાંભળી શ્રીકૃષ્ણ પોતે ત્યાં ગયા અને તે કાચંડાને બહાર કાઢીને તેમણે પૂછયું કેઃ-"તું કોણ છે?" ત્યારે, તે કાચંડાએ શ્રીકૃષ્ણને કહ્યું કેઃ-"હું નૃગ નામનો એક રાજા છું. મેં મારા પૂર્વજન્મમાં હજારો યજ્ઞો કર્યા હતા,છતાં આ સમયે મારી આ ગતિ થઇ છે."૭ તેણે એ પ્રમાણે કહ્યું એટલે શ્રીકૃષ્ણ બોલ્યાઃ-"તેં શુભ કર્મો કર્યાં છે, કંઇ પાપકર્મ તો કર્યુંજ નથી; છતાં હે રાજા! તારી આવી દુર્ગતિ કેમ થઇ? તેં એવું કયું પાપ કર્યું છે? તે મને કહે.૮ હે રાજા! અમે સાંભળ્યું છે કે, તેં સેંકડો, હજારો અને લાખો ગાયોનાં દાન બ્રાહ્મણોને આપ્યાં છે;તે તારૂં સર્વ પુણ્ય કયાં ગયું?"૯ તે સાંભળી નૃગરાજાએ શ્રીકૃષ્ણને કહ્યુંઃ-"એક સમયે એક અગ્નિહોત્રી બ્રાહ્મણ પરદેશ ગયો હતો.તેની એક ગાય, વિખૂટી પડી જઇને મારી ગાયોનાં ટોળાંમાં મળી ગઇ. મારા ગોવાળોએ હજારો ગાયોની વચ્ચે તે ગાયને પણ ગણી કાઢી અને પછી પરલોકમાં કલ્યાણની આકાંક્ષા રાખનારા મેં તે ગાયનું બ્રાહ્મણને દાન કરી દીધું;૧૧ પરંતુ તેનો માલીક પેલો બ્રાહ્મણ જ્યારે ઘેર આવ્યો, ત્યારે પોતાની ગાયને પોતાને ત્યાં નહિ જોઈને તેની શોધ કરવા લાગ્યો. તેવામાં બીજા એક બ્રાહ્મણને ઘેર પોતાની ગાયને તેણે જોઈ. પછી જેની એ ગાય હતી તે બ્રાહ્મણે, મારી પાસેથી દાનમાં લઇ ગયેલા બીજા બ્રાહ્મણને કહ્યું કેઃ-"આ ગાય મારી છે."૧૨ ત્યારે, તેઓ બન્ને જણા અત્યંત ક્રોધમાં આવી જઇને પરસ્પર વાદવિવાદ કરતા મારી પાસે આવ્યા અને ગાયનો માલીક બ્રાહ્મણ મને કહેવા લાગ્યો કેઃ-"મારી ગાયને તેં હરી લીધી છે." તેમજ ગાયનું દાન લેનારો બ્રાહ્મણ મને કહેવા લાગ્યો કેઃ-"આ ગાયનું તેં મને દાન આપ્યું છે."૧૩ તે પછી જે બ્રાહ્મણને મેં ગાયનું દાન આપ્યું હતું તેની પાસે, બીજી સેંકડો ગાયોના બદલામાં તે ગાયને પાછી આપવાની મેં જ્યારે યાચના કરી, ત્યારે તેણે મને ઉત્તર આપ્યો કેઃ-૧૪ "આ ગાય દેશકાળને યોગ્ય છે, દૂધ આપનારી છે, શાંત છે, મારાપર અત્યંત વહાલ રાખનારી છે, સ્વાદિષ્ટ દૂધ આપે છે, મારા ગૃહમાં નિત્ય ધન્યવાદપાત્ર થઈ પડી છે અને સ્તનપાન નહિ કરનારા મારા દુર્બળ પુત્રનું પોષણ કરે છે,માટે હું તેને આપી શકું તેમ નથી." એમ કહીને તે બ્રાહ્મણ વિદાય થયો.૧૫,૧૬ તે પછી એ ગાયના માલીક બ્રાહ્મણની મેં પ્રાર્થના કરી કે, તે ગાયના બદલામાં મારી પાસેથી તમે સેંકડો અને હજારો ગાયો લ્યો."૧૭

તે સાંભળી એ બ્રાહ્મણે કહ્યુંઃ-"હું રાજાઓના દાનનો પ્રતિગ્રહ કરતો નથી. હું મારી પોતાની આજીવિકા શોધી લેવામાટે સમર્થ છું;માટે મને તો મારી પોતાનીજ ગાય આપ." એ બ્રાહ્મણે મને એ રીતે કહ્યું, તોપણ હે મધુસૂદન! સુવર્ણ, ઘોડા, રૂપું અને રથો વગેરે મેં તેને આપવા માંડયાં,છતાં તે શ્રેષ્ઠ બ્રાહ્મણે એમાંનું કંઇપણ ન લીધું અને ત્યાંથી ચાલતો થયો. તે પછી હું પણ તેજ સમયે કાળધર્મની પ્રેરણાને લીધે મરણ પામ્યો અને પિતૃલોકમાં જઇને ધર્મરાજાની પાસે હાજર થયો.૨૦ તે સમયે યમરાજાએ મારી પૂજા કરીને મને કહ્યું કેઃ-"હે રાજન્! તારાં પુણ્યકર્મનો કંઇ અંતજ નથી-અર્થાત્ તારાં પુણ્યકર્મ અસંખ્ય છે, તોપણ

તેં અજ્ઞાનથી એક પાપ કર્યું છે, માટે તારી જો ઇચ્છા હોય તો એ પાપકર્મના ફળને પ્રથમ ભોગવી લે અથવા પાછળથી ભોગવી લે.૨૧,૨૨ "હું તારી ગાયનું રક્ષણ કરીશ" એમ કહીને તેં પ્રથમ પ્રતિજ્ઞા કરી હતી, છતાં તે પ્રતિજ્ઞાને તેં અસત્ય કરી છે અને બ્રાહ્મણનું ગાયરૂપ ધન તેં હરી લીધું છે. આ રીતે તારા બે અપરાધો થયા છે."૨૩ હે સમર્થ કૃષ્ણ ! ધર્મરાજાનાં એ વચન સાંભળી મેં તેમને કહ્યું કે:-" પ્રથમ મારાં પાપકર્મનું ફળ હું ભોગવી લઇશ અને પછી મારાં પુણ્યકર્મનું ફળ હું ભોગવીશ " આમ કહેતાંની સાથેજ હું પૃથ્વીપર પડયો; પણ તે સમયે યમરાજાએ ઉચ્ચ સ્વરે જે વાકય કહ્યું હતું તે મેં સાંભળ્યું હતું કે, " વસુદેવના પુત્ર જનાર્દન શ્રીકૃષ્ણ, એકહજાર વર્ષ પછી તારા પાપકર્મનો જ્યારે ક્ષય થશે, ત્યારે તારો ઉદ્ધાર કરશે અને પછી તારા પુણ્યકર્મથી મેળવેલા સનાતન લોકને તું પામીશ. "૨૪-૨૬ આ વાકય પૂર્ણ થયું એટલામાં તો આ કૂવામાં હું ઉંધે મસ્તકે આવી પડયો અને મેં જોયું તો હું એક તિર્યંચ(કાચંડા)ની યોનિને પામ્યો હતો. આ રીતે હું એક કરચલો બની ગયો છું; પણ મને મારા પૂર્વજન્મનું સ્મરણ તેવું ને તેવુંજ રહ્યું છે.૨૭ હે કૃષ્ણ ! આજે તમે મારો ઉદ્ધાર કર્યો છે. આમાં તપના બળવિના બીજું શું કારણ હોઇ શકે ? હે કૃષ્ણ ! હવે તમે મને અનુજ્ઞા આપો, એટલે હું સ્વર્ગલોકમાં જાઉં." તે પછી શ્રીકૃષ્ણે અનુજ્ઞા આપી, એટલે શત્રુઓનું દમન કરનારો તે રાજા, જનાર્દનને નમસ્કાર કરી, દિવ્ય માર્ગે સ્વર્ગમાં ચાલ્યો ગયો. હે ભરતશ્રેષ્ઠ કુરુનંદન ! નૃગરાજા સ્વર્ગમાં ગયો તે પછી શ્રીકૃષ્ણે આવો એક શ્લોક ગાયો હતો.

"ब्राह्मणस्वं न हर्तव्यं पुरुषेण विजानता ।
ब्राह्मणस्वं हृतं हन्ति नृगं ब्राह्मण गौरिव॥"

વિદ્વાન મનુષ્યે બ્રાહ્મણના દ્રવ્યનું કદી હરણ કરવું નહિ, કેમકે બ્રાહ્મણના દ્રવ્યરૂપ ગાયનું (અજાણતાં પણ) હરણ કરીને નૃગરાજાને જેમ કાચંડો થવું પડયું હતું, તેમ હરકોઇ મનુષ્ય, બ્રાહ્મણના દ્રવ્યનું જો હરણ કરે છે તો દુર્ગતિનેજ પામે છે."૩૧ હે પાર્થ ! સત્પુરુષોનો સત્પુરુષોની સાથેનો સમાગમ કદી નિષ્ફળ થતો નથી. તું જો, નૃગરાજા સત્પુરુષ શ્રીકૃષ્ણનો સમાગમ કરીને નરકમાંથી મુક્ત થયો હતો.૩૨ હે યુધિષ્ઠિર ! ગાયોનું દાન કરવાથી જેમ પુણ્યફળ મળે છે, તેમ ગાયોનો દ્રોહ કરવાથી પાપફળ મળે છે, માટે ગાયોનો કદી દ્રોહ કરવોજ નહિ-અર્થાત્ ગાયોને કદી દુઃખી કરવીજ નહિ.૩૩

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" નૃગ ઉપાખ્યાન " એ વિષયનો
અધ્યાય ૭૦ મો સમાપ્ત

અધ્યાય ૭૧ મો

ગોદાનમાહાત્મ્ય !

॥ युधिष्ठिर उवाच ॥

दत्तानां फलसंप्राप्तिं गवां प्रब्रूहि मेऽनघ ।
विस्तरेण महाबाहो नहि तृप्यामि कथ्यताम् ॥

યુધિષ્ઠિરે કહ્યું:- " હે નિર્દોષ પિતામહ ! ગાયોનું દાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેનું તમે વિસ્તારથી વર્ણન કરો; કેમકે હે મહાબાહુ ! તમે કથા કહો છો તેનું શ્રવણ કરતાં હું તૃપ્તજ થતો નથી."૧

ભીષ્મે કહ્યું:- આ વિષયમાં પણ ઋષિ ઉદ્દાલકિ અને નાચિકેતના સંવાદરૂપ એક પુરાતન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.૨ એક સમયે ઋષિ ઉદ્દાલકિએ કોઇ નિયમની દીક્ષા લઇને પોતાના પુત્ર નાચિકેતને કહ્યું કે:-"તારે મારી સેવા કર્યા કરવી." તે પછી જ્યારે નિયમ સમાપ્ત થયો, ત્યારે મહર્ષિ ઉદ્દાલકિએ પોતાના પુત્રને કહ્યું કે:-" હું સ્નાનવિધિ કરવામાં તથા સ્વાધ્યાયકર્મમાં આસક્ત રહ્યો હતો, જેથી સમિધો, દર્ભો, પુષ્પો, કળશ અને ભોજનની સામગ્રી, નદીના તીર ઉપર ભૂલી ગયો છું; માટે તું જા અને નદીના તીર ઉપરથી તે લઇ આવ."૪,૫ પિતાની આજ્ઞા થતાં નાચિકેત નદી ઉપર ગયો, પણ તે સર્વ વસ્તુઓ નદીના વેગથી તણાઇ ગઇ હતી, જેથી તેને મળી

નહિ; એટલે ત્યાંથી પાછો આવીને તેણે પિતાને કહ્યું કેઃ–"એ વસ્તુઓ મારા જોવામાં આવી નહિ." તે સમયે મુનિ ઉદ્દાલકિ ક્ષુધા, તૃષા અને પરિશ્રમથી ઘેરાઇ ગયા હતા; જેથી એ મહાતપસ્વીએ એકદમ ક્રોધાવેશમાં આવી જઇને પુત્રને શાપ આપ્યો કે, "જા, તું યમરાજાનાં દર્શન કર."[7] પોતાના પિતાએ એ વાણીરૂપ વજ્રનો જ્યારે પ્રહાર કર્યો, ત્યારે નાચિકેત, બે હાથ જોડીને "આપ પ્રસન્ન થાઓ" એમ બોલતો બોલતો નિશ્ચેષ્ટ થઇને પૃથ્વીપર પડી ગયો. પિતા ઉદ્દાલકિ પણ નાચિકેતને ઢળી પડેલો જોઇ દુઃખથી મૂર્ચ્છિત થઇ ગયા અને "હાય! આ મેં શું કર્યું?" એમ બોલીને ધરણીપર ઢળી પડયા.[9] દુઃખથી વ્યાકુળ થયેલા તે ઋષિએ પોતાના પુત્રનો શોક કરતાં કરતાં તે દિવસનો બાકીનો ભાગ અને મહાભયંકર આખી રાત્રિ માંડમાંડ વીતાવી.[10] હે કુરુવંશી રાજા ! બીજે દિવસે પ્રભાતમાં, વૃષ્ટિથી છંટાયેલું ધાન્ય જેમ અંકુરિત થાય, તેમ પિતાના અશ્રુપાતથી છંટાયેલો નાચિકેત, પુનઃ સજીવન થઇને દર્ભની શય્યાપર ચલનવલન કરવા લાગ્યો.[11] તે સમયે નિદ્રામાંથી ઉઠેલા મનુષ્યની પેઠે મરણ પામીને પુનઃ સજીવન થયેલા અને દિવ્ય ચંદનથી ચર્ચિત શરીરવાળા પોતાના પુત્રને ઉદ્દાલકિએ પૂછ્યું કેઃ–[12] "હે પુત્ર ! તેં તારા પુણ્યકર્મથી પવિત્ર લોકોને જીત્યા છે ને? તું પુનઃ સજીવન થઇને અહીં આવ્યો તે બહુ સારૂં થયું છે. ખરેખર, તારૂં આ શરીર મનુષ્યનું નથી. (પણ દિવ્ય બની ગયું છે.)"[13] પોતાના મહાત્મા પિતાએ એ પ્રમાણે પૂછ્યું એટલે (યમલોકના) સર્વ પદાર્થોને પ્રત્યક્ષ જોનારા નાચિકેતે, યમલોકની સર્વ વાર્તા સર્વ મહર્ષિઓ વચ્ચે પોતાના પિતાની આગળ કહેવા માંડી.[14]

"હું આપની આજ્ઞાનું પાલન કરવામાટે સત્વર અહીંથી યમસભામાં ગયો અને ત્યાં જઇને મેં જોયું તો તે સભા વિશાળ હતી, સુંદર પ્રભાવવાળી હતી, હજારો યોજનના વિસ્તારવાળી હતી અને સુવર્ણસમાન કાંતિવાળી હતી.[15] એ સભામાં મને આવતો જોઇ તુરતજ યમરાજાએ, પોતાના સેવકને આજ્ઞા કરી કે, "આ બ્રાહ્મણને આસન આપ." તે પછી હું આસન ઉપર બેઠો; એટલે તેણે આપનું માન જાળવવામાટે અર્ઘ્ય આદિ પૂજાની સામગ્રીથી મારી પૂજા કરી.[16] તે ઉપરાંત ત્યાંના સભાસદોએ પણ ચોતરફથી મને ઘેરી લઇને મારી પૂજા કરવા માંડી. એટલે મેં ધીમે રહીને યમરાજાને કહ્યું કેઃ–"હે ધર્મરાજા ! હું તમારા દેશમાં આવી પહોંચ્યો છું, માટે હું જે લોકમાં જવાને યોગ્ય હોઉં તે લોકમાં જવાની મને આજ્ઞા કરો."[17] તે સાંભળી યમરાજાએ મને કહ્યું:– "હે સૌમ્ય! તું મરણ પામ્યો નથી, તારા તપસ્વી પિતાએ માત્ર તને એમજ કહ્યું છે કે, "જા, તું યમનાં દર્શન કર." હે બ્રાહ્મણ ! તારા પિતા પ્રદીપ્ત અગ્નિસમાન તેજસ્વી છે, માટે તેમની વાણીને કદી મિથ્યા કરી શકાતી નથી.[18] હે તાત ! તેં મારાં દર્શન કરી લીધાં છે, માટે હવે તું પાછો જા, તારા પિતા તારે માટે શોક કરે છે. તું મારો પ્રિય અતિથિ છે, માટે હું તને શું મનગમતું આપું? બોલ, તારી ઇચ્છામાં આવે તે વર તું માગી લે." યમરાજાએ એ પ્રમાણે કહ્યું, એટલે મેં તેની પાસે વર માગ્યો કે, તમારો દેશ કે જ્યાંથી કદી પાછું ફરી શકાતું નથી ત્યાં હું આવ્યો છું; છતાં તમે મને પાછો જવાનું કહો છો અને વર આપવાને યોગ્ય માનો છો, તો જે સમૃદ્ધિવાળા લોકો, પુણ્યશાળી પુરુષોને મળતા હોય તેઓને જોવાની મને ઇચ્છા છે." [20] તે પછી હે દ્વિજેન્દ્ર! તે યમદેવે, ઘોડાઓથી જોડેલા એક પ્રદીપ્ત વાહનમાં મને બેસાડયો અને પુણ્યશાળી પુરુષોને મળનારા સર્વ લોકો મને બતાવવા માંડયા.[21] ત્યાં મહાત્મા પુરુષોને મળનારાં તેજસ્વી ભવનો મારા જોવામાં આવ્યાં. તેઓની આકૃતિ અને રૂપ અનેક પ્રકારનાં હતાં, તે સર્વ કેવળ રત્નમય હતાં, ચંદ્રના મંડળસમાન ઉજ્જવળ હતાં, ઘુઘરીઓના ઝુમખાઓથી શોભી રહ્યાં હતાં, અનેક પ્રકારના સેંકડો માળ તેમાં આવી રહ્યા હતા, અંદરના ભાગમાં જળાશયો અને બાગબગીચાઓ જોવામાં આવતાં હતાં, તેઓનો વર્ણ બાલસૂર્યસમાન જણાતો હતો અને

તેમાંનાં કેટલાંએક, એક સ્થળેથી બીજે સ્થળે ગતિ કરી શકે તેવાં હતાં અને કેટલાંએક સ્થિર રહેનારાં હતાં.[૨૨-૨૪] વળી તે ભવનોમાં ભાતભાતના ભક્ષણ કરવાયોગ્ય પદાર્થો અને ભોજન કરવાયોગ્ય પદાર્થો પણ હતા; તેમજ ક્રીડા કરવાના પર્વતો, વસ્ત્રો, શયનો અને સર્વ ઇચ્છિત ફળ આપનારાં વૃક્ષો પણ હતાં.[૨૫] તે ઉપરાંત નદીઓ, લતામંડપો, સભાઓ, વાવો, નાની નાની તળાવડીઓ અને જોડીને તૈયાર રાખવામાં આવેલાં તથા ચાલતી વેળા ગર્જના કરનારાં હજારો વાહનો તે ભુવનોની આસપાસ નજરે પડતાં હતાં.[૨૬] વળી દૂધના પ્રવાહને વહેનારી નદીઓ, પર્વતો, ઘી અને નિર્મળ પાણી પણ ત્યાં મેં જોયું હતું. એ રીતે યમરાજાની સંમતિથી, પૂર્વે કદી નહિ જોયેલા અનેક પ્રદેશોને મેં જોયા;[૨૭] અને પછી તે સર્વને જોઈને પુરાણકાળના મહાસમર્થ દેવ ધર્મરાજાને મેં પૂછ્યું કે, “આ દૂધની તથા ઘીની નદીઓ અખંડ પ્રવાહે અહીં વહી રહી છે,તે કોના ઉપભોગને માટે નિર્માણ થયેલી છે?” ૨૮

યમે કહ્યું:–“તું જાણ કે, આ સર્વ નદીઓ, જે સત્પુરુષો ગોરસનું દાન કરે છે, તેઓના ઉપભોગને માટે નિર્માણ કરવામાં આવી છે; તેમજ જેઓ ગાયોનું દાન કરવામાં તત્પર રહે છે તેઓને શોકરહિત સિદ્ધ પુરુષોથી વ્યાપ્ત બીજા સનાતન લોકોની પ્રાપ્તિ થાય છે.[૨૯] હે બ્રાહ્મણ! માત્ર ગાયોનું દાન કરવું એજ પ્રશંસાપાત્ર ગણાય છે એમ નથી; પણ જેને ગાયનું દાન કરવું હોય તે પાત્રની, સમયની, જૂદી જૂદી ગાયની તથા દાનવિધિની પરીક્ષા કરીનેજ ગાયનું દાન કરવું જોઈએ અને ગાયોના અન્યોન્યતારતમ્યનો તથા દાનમાં અપાતી ગાયને અગ્નિથી કે સૂર્યથી દુઃખ તો નહિ થાય, એ વિષયનો બરાબર વિચાર કરીનેજ ગાયનું દાન કરવું જોઈએ. (અને એ રીતે કરવામાં આવેલું ગોદાનજ પ્રશંસાપાત્ર ગણાય છે.) ૩૦ જે બ્રાહ્મણ સ્વાધ્યાય કરવામાં તત્પર રહેતો હોય, અત્યંત તપસ્વી હોય અને અગ્નિહોત્રી હોય, તે ગાયોનું દાન લેવામાટે પાત્ર ગણાય છે; અને જે ગાયોને કોઇ સંકટમાંથી મુક્ત કરવામાં આવી હોય અથવા પોષણને માટે દરિદ્રને ઘેરથી પોતાને ત્યાં પહોંચાડવામાં આવી હોય, તે ગાયો દાનને માટે ઉત્તમ ગણાય છે.[૩૧] જે મનુષ્યને ત્રણ ગાયોનું દાન કરવાનો વિચાર હોય, તેણે પ્રથમ ત્રણ દિવસ માત્ર જળ ઉપર રહીને ઉપવાસ કરવા, પૃથ્વીપર શયન કરવું અને જે ગાયોનું દાન કરવું હોય તે ગાયોને તથા જે બ્રાહ્મણોને ગાયોનું દાન કરવું હોય તે બ્રાહ્મણોને તૃપ્ત કરવા. પછી ચોથા દિવસથી આરંભી એક એક દિવસે માત્ર ગોરસ ઉપર રહીને એક એક ગાયનું બ્રાહ્મણને દાન કરવું; પરંતુ જે ગાયનું દાન કરવું હોય, તે ગાય ઉત્તમ વાછરડાવાળી, પ્રસન્ન અને સર્વ યોગ્ય ઉપચારો (સામગ્રીઓ)થી યુક્ત હોવી જોઈએ.[૩૨] જે પુરુષ શાંત સ્વભાવની, ઉત્તમ વાછરડાવાળી અને નાસભાગ નહિ કરનારી એક ગાયનું, કાંસાના દોહનપાત્ર સાથે બ્રાહ્મણને દાન કરે છે,તે પુરુષ એ ગાયના શરીર ઉપર જેટલાં રુવાટાં હોય છે તેટલાં વર્ષોપર્યંત સ્વર્ગલોકમાં વસે છે;[૩૩] તેમજ જે પુરુષ સારી રીતે પલોટાયલા, ગાડાંની ઝુંસરીને વહન કરી શકે તેવા, બળવાન, તરુણ, આખા કુળને આજીવિકાના સાધનભૂત અને વીર્યવાન એક બળદનું બ્રાહ્મણને દાન કરે છે, તે પુરુષ પણ ગાયનું દાન કરનારને પ્રાપ્ત થનારા લોકોનેજ પામે છે.[૩૪] વિદ્વાનો કહે છે કે, જે બ્રાહ્મણ ગાયો ઉપર ક્ષમા ધરાવનારો હોય છે, ગાયોને શરણ આપનારો હોય છે, કૃતજ્ઞ હોય છે અને આજીવિકાને માટે દુઃખી થતો હોય છે તે બ્રાહ્મણ, ગોદાનને માટે પાત્ર ગણાય છે; પણ કોઇ વૃદ્ધ બ્રાહ્મણનું પોષણ કરવામાટે, રોગીને માટે, દુષ્કાળના પ્રસંગે, યજ્ઞાદિને માટે, યજ્ઞનિમિત્ત ખેતીવાડીને માટે, હોમસાધન હવિષ આદિને માટે, પુત્રાદિના જન્મનિમિત્તના હર્ષપ્રસંગે, ગુરુને માટે અથવા કોઈ બાળકના પોષણને માટે ગાયનું દાન કરવું હોય ત્યારે દેશની કે કાળની યોગ્યતા જોવાની કંઈ આવશ્યકતા રહેતી નથી; પણ જે ગાયો દાનમાં આપવાની હોય,તે ગાયો પુષ્કળ દૂધ આપનારી

હોવી જોઈએ, શાંત આદિ ગુણોથી જણાયલી હોવી જોઈએ, ધન આદિ આપીને મેળવેલી હોવી જોઈએ, ખાસ જ્ઞાનપૂર્વક સંપાદન કરેલી હોવી જોઈએ અથવા પ્રાણના બદલામાં ખરીદેલી હોવી જોઈએ, અથવા વિવાહાદિ પ્રસંગે પહેરામણીમાં મળેલી હોવી જોઈએ અથવા યુદ્ધાદિમાં જીતેલી હોવી જોઈએ.[૩૫,૩૬]

નાચિકેતે કહ્યું:–" યમરાજાનું એ વચન સાંભળીને મેં તેમને પુનઃ પ્રશ્ન કર્યો કે, " જે દાતાઓએ ગોદાન કર્યું ન હોય તેવા (બીજી કોઈ વસ્તુના) દાતાઓને, ગોદાનથી પ્રાપ્ત થનારા લોક કેવી રીતે પ્રાપ્ત થાય છે ? "[૩૭]

મારા એ પ્રશ્નનો બુદ્ધિમાન યમરાજાએ ઉત્તર આપ્યો અને ગોદાનથી પ્રાપ્ત થનારી શ્રેષ્ઠ ગતિ મને કહેવા માંડી:–"કેટલાએક દાતાઓ, કે જેઓએ ગાયનું દાન આપેલું હોતું નથી છતાં ગોદાન આપનારા ગણાય છે; એટલુંજ નહિ પણ જેઓને ગોદાનસમાન પુણ્ય પ્રાપ્ત થાય છે તેઓના સંબંધમાં હું તને કહું છું તે સાંભળ.[૩૮] જે પુરુષ, ગાયના અભાવે નિયમિત વ્રતને ધારણ કરીને એક ઘીની ગાય આપે છે, તે પુરુષને પુત્ર ઉપર પ્રેમ રાખનારી માતાઓની પેઠે આ ઘીની નદીઓ પુષ્કળ ઘી અર્પણ કરે છે;[૩૯] પરંતુ જો ઘી પણ ન મળે, ત્યારે જે પુરુષ નિયમપૂર્વક વ્રત પાળીને એક તિલધેનુનું દાન કરે છે, તે પુરુષને એ તિલધેનુ સંકટમાંથી તારે છે અને અહીં પરલોકમાં આ દૂધની નદી ઉપર તે પુરુષ આનંદ કરે છે;[૪૦] અને જો તલ પણ ન મળે તો જે પુરુષ, નિયમિત વ્રતપાલનપૂર્વક જલધેનુનું દાન કરે છે, તે પુરુષને સર્વ ઇચ્છિત મનોરથોને પૂરા પાડનારી આ શીતલ નદી (ઉપભોગમાટે) પ્રાપ્ત થાય છે. "[૪૧]

હે અસ્ખલિત શક્તિવાળા પિતા ! ધર્મરાજાએ પૂર્વોક્ત એ સર્વ લોક મને બતાવ્યાથી હું પરમ હર્ષ પામ્યો. હે તાત! તમને પ્રિય એવો આ સર્વ વૃત્તાંત હું તમને નિવેદન કરૂં છું કે, આ ગોદાનરૂપી યજ્ઞ મહાન ફળને આપનારો છે;છતાં માત્ર અલ્પધનના વ્યયથી પ્રચાર પામી શકે તેવો છે અને આ યજ્ઞ મેંજ જગતમાં પ્રથમ ઉત્પન્ન કરેલો હોઇને વેદવિધિથી પ્રવૃત્ત થયેલો ગણાશે.[૪૩] હે મહાત્મન્ ! આપે મને શાપ આપ્યો હતો, પરંતુ તે તો મારાપર અનુગ્રહકર્તાજ થઈ પડયો છે; કેમકે તે શાપને લીધેજ યમરાજાનાં મને દર્શન થયાં અને દાનનાં પ્રત્યક્ષ ફળ મારા જોવામાં આવ્યાં. હવે હું સર્વ સંદેહોથી મુક્ત એ દાનધર્મનું આચરણ કરીશ.[૪૪] હે મહર્ષિ ! એ ધર્મરાજાએ, અત્યંત પ્રસન્ન થઈને વારંવાર મને આ પ્રમાણેજ કહ્યું છે કે, " તું નિરંતર દાન કરવામાં તત્પર રહેજે અને તેમાં પણ વિશેષે કરીને ગોદાનજ કર્યા કરવું;[૪૫] કેમકે એ ગોદાનરૂપ અર્થજ સર્વ કરતાં શુદ્ધ છે. વળી તારે તારા ધર્મનું કદી અપમાન કરવું નહિ; અને દેશકાળથી યોગ્ય કોઈ સુપાત્રનેજ તારે દાન આપવું, (તેં ગોદાનનાં સર્વ ફળ પ્રત્યક્ષ જોયાં છે) માટે નિત્ય તું ગાયોનુંજ દાન કરજે અને આ ગોદાનના સંબંધમાં તું કોઇ પ્રકારનો સંશય કરીશ નહિ;[૪૬] કેમકે પ્રાચીનકાળમાં પણ જેઓ શાંતમૂર્તિ ગણાતા હતા, તેઓએ પણ આ દાનમાર્ગનો આશ્રય કરીને નિત્ય ગાયોનાંજ દાન કર્યાં હતાં; અને જેઓ ઉગ્ર તપશ્ચર્યા કરનારા હતા તેઓએ પણ શંકા રાખ્યાવિના પોતાની શક્તિ પ્રમાણે દાનોજ આપ્યાં હતાં.[૪૭] વળી તે શુદ્ધાત્મા પુરુષો કે જેઓ શ્રદ્ધાળુ હોઇને પુણ્યશીલ હતા, તેઓએ ઈર્ષારૂપ દોષનો ત્યાગ કરીને યથાયોગ્ય સમયે પોતાની શક્તિ અનુસાર ગાયોનાં દાન કર્યાં હતાં અને તેથીજ એ પુણ્યશીલ, પુરુષો સ્વર્ગલોકમાં રહેલા આ દિવ્ય લોકને પામીને પોતાના તેજથી પ્રકાશી રહ્યા છે. આ ગોદાન–ન્યાયથી મેળવેલી ગાયનુંજ કરવું જોઈએ, બ્રાહ્મણોનેજ આપવું જોઇએ અને તેમાં પણ કોઇ સુપાત્ર બ્રાહ્મણને, 'ગાયને આહાર આદિ મળશે કે કેમ,' એ વિષેની પરીક્ષા કરીનેજ આપવું જોઈએ. વિશેષે કરીને કામ્ય અષ્ટમીને દિવસે ગોદાન કરવું અને તે દિવસની પહેલાંના દશ દિવસોસુધી ગોરસનું ભક્ષણ કરીને અથવા ગાયના છાણનું કે મૂત્રનું પ્રાશન કરીને રહેવું

જોઇએ.[૪૯] કોઇએક પુરુષ બળદનું દાન કરે છે તો તેને દેવોમાં વ્રતો કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે,બે ગાયોનું દાન કરે છે તો વેદાધ્યયન કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે, બળદથી જોડેલા એક ગાડાનું દાન કરવાથી તીર્થાટન કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે અને એક કપિલા ગાયનું દાન કરવાથી સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે.[૫૦] જે પુરુષ, ન્યાયથી સંપાદન કરેલી એક કપિલા ગાયનું દાન કરે છે,તે હરકોઇ પાપથી મુક્ત થાય છે. આ જગતમાં ગાયોના દૂધ કરતાં બીજું કંઇપણ ઉત્તમ નથી. એટલામાટેજ વિદ્વાનો ગોદાનની મહત્તા વર્ણવે છે.[૫૧] ગાયો સર્વ લોકોને તારે છે, ગાયો અમૃતતુલ્ય દૂધને આપે છે અને ગાયો લોકમાં અન્નને ઉત્પન્ન કરે છે. આ રીતે જાણતો હોવા છતાં જે પાપી પુરુષ, ગાયો ઉપર સ્નેહલાગણી ધરાવતો નથી, તે અવશ્ય નરકમાં જાય છે.[૫૨] જે પુરુષો ઉત્તમ વાછરડાવાળી હજાર, સો, દશ, પાંચ અથવા એક ગાય પણ કોઈ સુપાત્ર બ્રાહ્મણને દાનમાં આપે છે, તેઓને એ ગાય પરલોકમાં પવિત્ર તીર્થવાળી એક નદીરૂપ થઇ પડે છે. ગાયો સૂર્યનાં કિરણોની પેઠે પૃથ્વીપર સર્વને ઐશ્વર્ય આપે છે, પુષ્ટ બનાવે છે અને સર્વ જગતનું રક્ષણ કરે છે. વળી ગાયવાચક અને સૂર્યવાચક (ગો) શબ્દ પણ એકજ છે અને તે એકજ શબ્દવાચ્ય (સૂર્ય અને ગાય–એ) બંને પદાર્થો જગતનો અભ્યુદય કરે છે અને સર્વને ભોગવૈભવો અર્પણ કરે છે, માટે ગાયનું દાન કરનારો પુરુષ સૂર્યસમાન થઈને પ્રકાશે છે.[૫૪] કોઇએક શિષ્યને ગોદાન કરવાનો વિચાર થાય તો તેણે પોતાના ગુરુને ગોદાન કરવું; કેમકે પોતાના ગુરુને ગોદાન આપનારો શિષ્ય, અવશ્ય સ્વર્ગમાંજ જાય છે; તેમજ ગોદાનના વિધિને જાણનારા પુરુષોએ, આનેજ મહાન ધર્મ માનેલો છે; કેમકે ગુરુના આરાધનરૂપ આદ્યવિધિને, ગુરુને ગોદાન કરવું આદિ બાહ્યવિધિઓ ઉપકારક થઇ પડે છે.[૫૫] તું પણ આ ગોદાનને ન્યાયપૂર્વક ગાય મેળવીનેજ કરજે, સુપાત્ર બ્રાહ્મણોનેજ ગોદાન આપજે અને ગાયને આહાર આદિ મળશે કે નહિ,એની પરીક્ષા કર્યા પછીજ ગોદાન કરજે. તું એક પુણ્યશાળી પુરુષ છે અને આ ગોદાનધર્મ તારાથીજ પ્રથમ પ્રસરશે; માટે તારા સંબંધમાં દેવો, મનુષ્યો અને અમે પોતે પણ મોટી આશા રાખીએ છીએ." હે બ્રહ્મર્ષિ! એમ કહીને યમરાજાએ મને આજ્ઞા આપી,એટલે તે ધર્માત્મા ધર્મરાજાને મસ્તકથી પ્રણામ કરી હું આપના ચરણમાં પાછો આવ્યો. [૫૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" યમનું વાક્ય " એ વિષયનો
અધ્યાય ૭૧ મો સમાપ્ત

અધ્યાય ૭૨ મો

બ્રહ્મદેવ અને ઇંદ્રનો સંવાદ–ગોદાનમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

उक्तं ते गोप्रदानं वै नाचिकेतमृषिं प्रति ।
माहात्म्यमपि चैवोक्तमुद्देशेन गवां प्रभो ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે સમર્થ પિતામહ! તમે ગાયોના દાનવિષે કહ્યું અને ગાયોને ઉદ્દેશીને ઋષિ નાચિકેતપ્રત્યે કહેવામાં આવેલું ગોદાનમાહાત્મ્ય પણ મને કહ્યું;[૧] તેમજ હે મહાબુદ્ધિમાન પિતામહ! મહાત્મા નૃગરાજાએ, બ્રાહ્મણદ્રવ્યના હરણ કરવારૂપ એકજ અપરાધ કરીને મહાન દુઃખ અનુભવ્યું;અને કાચંડો થઇને એક વાવમાં પડેલા એ રાજાને, દ્વારકાનગરી જ્યારે વસી, ત્યારે શ્રીકૃષ્ણે વાવમાંથી તેને બહાર કાઢીને અધમયોનિમાંથી તેનો મોક્ષ કર્યો, એ વાત પણ તમારી પાસેથી મેં સાંભળી;[૩] તોપણ હે પ્રભો! ગોલોકના સંબંધમાં મને સંદેહ રહે છે, માટે ગાયોનું દાન કરનારાઓ જે લોકમાં નિવાસ કરે છે તે વિષે યથાર્થરીતે સાંભળવાની મને ઇચ્છા છે."[૪]

ભીષ્મે કહ્યું:–" આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે કે, એક સમયે ઇંદ્રે બ્રહ્મદેવને આવોજ પ્રશ્ન પૂછ્યો હતો.[૫]

ઇંદ્રે પૂછ્યું:–" ગોલોકમાં નિવાસ કરનારા

પુરુષો, પોતાની કાંતિથી સ્વર્ગલોકમાં વસનારાઓની લક્ષ્મીનો પણ પરાભવ કરીને જતા જોવામાં આવે છે. તે ઉપરથી મને સંશય થાય છે કેઃ-[6] "હે ભગવન્! ગાયોના તે લોક કેવા હોય છે, કે જેમાં ગાયોનું દાન કરનારા પુરુષો નિવાસ કરે છે? હે નિર્દોષ દેવ! એ જાણવાની મને ઇચ્છા છે.[7] તે ગાયોના લોક કેવા હોય છે? ત્યાં કયું ફળ પ્રાપ્ત થાય છે? અને ત્યાં તેવો મહાન ગુણ કયો હોય છે? ગાયોનું દાન કરનારા પુરુષો સંતાપથી મુક્ત થઇને તે લોકોમાં કેવી રીતે જઇ શકે છે?[8] વળી ગાયોનું દાન કરનારો પુરુષ, કેટલા કાળપર્યંત એ ગોલોકરૂપ ફળને પામે છે? તેમજ ગાયોનું અનેક પ્રકારે દાન કેવી રીતે થાય અને અલ્પ પ્રકારે દાન કેવી રીતે થાય?[9] વળી પુષ્કળ ગાયોનું દાન કરવાથી કેવું ફળ મળે? અથવા થોડી ગાયોનું દાન કરવાથી કેવું ફળ મળે? જે પુરુષો, ગાયોનું દાન આપતા નથી છતાં કયા ગુણથી ગોદાન આપનારા ગણાય છે? તે મને કહો.[10] હે ઇશ્વર! એક પુરુષ, પુષ્કળ દાન આપનારો હોય છે છતાં કયા દોષને લીધે અલ્પદાન આપનારા સમાન ગણાય છે? તેમજ એક પુરુષ અલ્પદાન આપનારો હોય છે છતાં કયા ગુણને લીધે પુષ્કળ દાન આપનારો ગણાય છે?[11] હે ભગવન્! ગાયનું દાન આપતી વેળા કેવી દક્ષિણા શ્રેષ્ઠ ગણાય છે? એ વિષે હે ભગવન્! મને યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો."[12]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ગોદાનમાહાત્મ્ય" એ વિષયનો
અધ્યાય ૭૨ મો સમાપ્ત

અધ્યાય ૭૩ મો

બ્રહ્મદેવ અને ઇંદ્રનો સંવાદ-ગોદાનથી પ્રાપ્ત થનારા દિવ્યલોક

॥ पितामह उवाच ॥

योऽयं प्रश्नस्त्वया पृष्टो गोप्रदानादिकारितः।
नास्ति प्रष्टाऽस्तिलोकेऽस्मिँस्त्वत्तोऽन्यो हि शतक्रतो ॥१॥

બ્રહ્મદેવે કહ્યુંઃ-"હે ઇંદ્ર! ગોદાન આદિના સંબંધમાં તેં મને જે પ્રશ્ન પૂછયો છે તેવો પ્રશ્ન પૂછનાર તારાવિના બીજો કોઇપણ આ જગતમાં નથી. હે શક્ર! આ જગતમાં તેવા અનેક લોક છે, કે જેઓને તું જોઈ શકતો નથી. માત્ર હું એકલો તે લોકોને જોઇ શકું છું અને પતિવ્રત પાળનારી સ્ત્રીઓ તે લોકને જોઇ શકે છે.[2] જે ઋષિઓ ઉત્તમ વ્રતનિષ્ઠ હોય છે અને જે બ્રાહ્મણો પવિત્ર બુદ્ધિવાળા હોય છે, તેઓ પોતાનાં ઉત્તમ કર્મને લીધે શરીરની સાથેજ તે લોકમાં જાય છે.[3] વળી આ જગતમાં જેઓ ઉત્તમ વ્રતનું પાલન કરનારા હોય છે, તેવા યોગી પુરુષો પણ મનની નિર્મળતાને લીધે સમાધિદશામાં તથા મરણ પછી તે સ્વપ્નસમાન લોકોનો સાક્ષાત્કાર કરે છે.[4] હે હજાર નેત્રોવાળા ઇંદ્ર! તે લોકો કેવા પ્રકારના ગુણવાળા હોય છે તે વિષે હું તને કહું છું તે સાંભળ. તે લોકમાં કાળ, જરા કે અગ્નિનો સંચાર પણ નથી.[5] વળી ત્યાં કંઈ અશુભ નથી, કોઇ જાતના રોગ નથી, લેશમાત્ર પરિશ્રમ નથી અને હે ઇંદ્ર! તે લોકમાં ગાયો જે જે પદાર્થની મનમાં ઇચ્છા કરે છે તે સર્વને પામે છે, એ મેં પ્રત્યક્ષ જોયું છે અને ત્યાં નિવાસ કરનારી ગાયો પોતાની ઇચ્છાનુસાર ગમન કરે છે, પોતાની ઇચ્છાનુસાર વિહાર કરે છે અને પોતાની ઇચ્છા થતાંની સાથેજ સર્વ ઇષ્ટ વૈભવોનો ઉપભોગ કરે છે.[6,7] વાવો, તળાવો, નદીઓ, અનેક પ્રકારનાં વનો, ઘરો, પર્વતો અને બીજા જે સુંદર પદાર્થો પ્રાણીમાત્રના મનને હરણ કરનારા હોય છે, તેઓ સર્વે એ લોકમાં જોવામાં આવે છે. વિશાળતામાં પણ એ લોકના જેવો બીજો એક પણ લોક નથી.[8,9] હે શક્ર! જે ઉત્તમ પુરુષો સર્વને સહન કરનારા, ક્ષમાશીલ, સર્વનાપર પ્રેમ રાખનારા, ગુરુને અનુસરનારા અને અહંકારથી રહિત હોય છે, તેઓ એ દિવ્યલોકમાં જાય છે; તેમજ જે મનુષ્ય સર્વ પ્રકારના માંસનું ભક્ષણ કરતો નથી, શુદ્ધ ચિત્તવાળો હોય છે, ધર્મશીલ, માતાપિતાની ભક્તિ કરનારો, સત્યવાદી, બ્રાહ્મણોની સેવા કરનારો, નિંદાને અયોગ્ય, ક્રોધ-

રહિત, ગાયો, બ્રાહ્મણો, તથા ધર્મ ઉપર પ્રીતિ રાખનારો, ગુરુની સેવા કરનારો, જીવનપર્યંત સત્યવ્રતનુ પાલન કરનારો, દાનધર્મમાં આસક્ત રહેનારો, કોઇનો અપરાધ હોય છતાં તેનાપર ક્ષમા કરનારો, કોમળ સ્વભાવનો, જિતેન્દ્રિય, દેવભક્તિપરાયણ સર્વ અતિથિઓનો સત્કાર કરનારો અને દયાળુ હોય છે, તે મનુષ્ય, ગાયોના સનાતન અને અવિનાશી લોકમાં જાય છે;પરંતુ પરસ્ત્રીસાથે વ્યભિચાર કરનારો,ગુરુની હત્યા કરનારો,વ્યર્થ પ્રલાપ કરનારો, સદાય વાદવિવાદ કરનારો, બ્રાહ્મણોપર વૈરભાવ રાખનારો અને આ સર્વ દોષોથી યુક્ત દુરાત્મા પુરુષ, તે લોકને જોવા પણ પામતો નથી;[૧૦-૧૪] તેમજ મિત્રોનો દ્રોહ કરનારો, બીજાઓને ઠગનારો, કૃતઘ્ની, શઠ, કુટિલ, ધર્મનો દ્વેષ કરનાર અને બ્રહ્મહત્યારો પુરુષ, પુણ્યશાળીઓના નિવાસસ્થાનરૂપ એ ગોલોકને મનથી પણ જોઇ શકતો નથી. હે દેવોના ઇશ્વર! ગોલોકના સંબંધની આ સર્વ વાત મેં તને સારી રીતે કહી.હવે હે શતક્રતુ! ગાયોનું દાન કરવામાં આસક્ત રહેનારા પુરુષોને જે ફળ પ્રાપ્ત થાય છે, તેનું તું શ્રવણ કર.[૧૬] જે પુરુષ પોતાના બાપદાદાઓથી મળેલા ધનમાંથી ગાયોને ખરીદીને દાનમાં આપે છે, તે પુરુષ ધર્મવડે મેળવેલા અને પોતાના ધનવડે ખરીદેલા અક્ષય લોકને પામે છે.[૧૭] હે શક્ર! જે પુરુષ જુગારમાં ધન જીતીને તે ધનથી વેચાતી લીધેલી ગાયોનું દાન કરે છે તે પુરુષ દેવતાઓનાં દશહજાર વર્ષપર્યંત ગોદાનનું ફળ ભોગવે છે.[૧૮] પોતાના બાપદાદાની મિલ્કતમાંથી જે ગાયો ખરીદવામાં આવે છે તે ન્યાયપૂર્વક સંપાદન કરેલી ગણાય છે, માટે તેવી ગાયોનુંજ દાન આપવું જોઇએ; કેમકે તેવી ગાયોનું દાન આપનારા પુરુષોને અવિનાશી લોકની પ્રાપ્તિ થાય છે.[૧૯] હે ઇંદ્રાણીના પતિ! જે બ્રાહ્મણ, ગાયનો પ્રતિગ્રહ કરીને શુદ્ધ અંતઃકરણપૂર્વક તે ગાયનું દાન કરે છે,તેને પણ અવિનાશી અક્ષય લોકની પ્રાપ્તિ થાય છે, એમ તારે જાણવું.[૨૦] જે પુરુષ જન્મથી આરંભીને સત્ય વચન બોલે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, ગુરુના તથા બ્રાહ્મણોના અપરાધ સહન કરે છે અને ક્ષમાશીલ હોય છે, તે પુરુષને ગાયોનું દાન કર્યા જેવીજ ગતિ પ્રાપ્ત થાય છે.[૨૧] હે ઇંદ્રાણીના પતિ! બ્રાહ્મણને કદી નહિ કહેવા જેવું વચન કહેવું નહિ; તેમજ ગાયોનો કદી મનથી પણ દ્રોહ કરવો નહિ. ગાયોસમાન વૃત્તિ ધારણ કરવી-અર્થાત્ ગાયો જેમ બીજા દિવસના ખોરાકને માટે કંઇ વિચાર કરતી નથી, તેમ મનુષ્યે પણ આવતી કાલનો કંઈ વિચાર કરવો નહિ-ધાન્યાદિનો સંગ્રહ કરવામાં તત્પર રહેવું નહિ; અને પોતાને ત્યાં રાખેલી ગાયોની ઘાસ વગેરેથી સંભાળ રાખવી.[૨૨] હવે, હે ઇંદ્ર! જે પુરુષ સત્યધર્મમાં પરાયણ રહે છે,તેને જે ફળ પ્રાપ્ત થાય છે તેનું તું શ્રવણ કર. તેવો પુરુષ, માત્ર એક ગાયનું દાન કરે છે તોપણ તેને એક હજાર ગાયોનું દાન કર્યા જેટલું પુણ્ય મળે છે.[૨૩](આ તો ખાસ બ્રાહ્મણને ઉદ્દેશીને કહેવામાં આવ્યું; પણ) જે ક્ષત્રિયમાં તેવા પ્રકારનાજ ગુણો હોય તો તેને પણ તેના જેવુંજ ફળ મળે છે. તાત્પર્ય કે, તેવા ક્ષત્રિયને પણ બ્રાહ્મણે આપેલી એક ગાયનું જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેજ પુણ્ય મળે છે, આવો શાસ્ત્રમાં નિશ્ચય કરવામાં આવ્યો છે;[૨૪] તેમજ વૈશ્યમાં પણ તેવા પ્રકારનાજ ગુણો હોય અને તેવો ગુણવાન વૈશ્ય, માત્ર એકજ ગાયનું દાન કરે તો તેને પાંચસો ગાયનું દાન કર્યાનું પુણ્ય મળે છે અને વિનયશીલ એક શૂદ્ર પણ તેવા ગુણોવાળો હોઇને માત્ર એકજ ગાયનું દાન કરે છે તો તેને અઢીસો ગાયોનું દાન કર્યાનું પુણ્ય મળે છે.[૨૫] જે પુરુષ નિત્ય ધર્માચરણ કરે છે, સત્ય બોલવામાં તત્પર રહે છે, ગુરુની સેવા કરવામાં પ્રીતિ રાખે છે, પોતાનાં કર્મો કરવામાં કુશળ હોય છે, ક્ષમાશીલ હોય છે, દેવતાઓની ભક્તિ કરે છે, અત્યંત શાંત હોય છે, પવિત્ર હોય છે, જ્ઞાની હોય છે, ધર્મશીલ હોય છે અને અહંકારરહિત વાણી બોલે છે તે પુરુષ, એક દૂઝણી ગાયનું દાનવિધિપૂર્વક બ્રાહ્મણને દાન કરવાના મહાન ફળને સંપાદન કરે છે; તેમજ નિત્ય એક વખત ભોજન

કરનારો, સદાય સત્યમાં સ્થિર રહેનારો અને ગુરુસેવામાં પરાયણ રહેનારો પણ નિત્ય ગોદાન કરવામાં તત્પર રહે. (એમ શાસ્ત્રકારો કહે છે.)[૨૬,૨૭] હે શક્ર! જે પુરુષ વેદાધ્યયન કરનારો હોય છે, ગાયોપર ભક્તિ રાખે છે, નિત્ય ગાયોનું દાન કરીને પ્રસન્ન રહે છે અને જન્મથી આરંભીને ગાયોને નમન કરે છે, તે પુરુષને જે ફળ પ્રાપ્ત થાય છે તેનું તું શ્રવણ કર.[૨૮] એવા પુરુષને, રાજસૂય યજ્ઞ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે અને પુષ્કળ સુવર્ણની દક્ષિણાવાળા યજ્ઞો કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેજ ફળ પ્રાપ્ત થાય છે, એમ સર્વ સત્પુરુષો, ઋષિઓ અને સિદ્ધો કહે છે;[૨૯] તેમજ નિત્ય સત્ય ભાષણ બોલનારો અને સત્ય વર્તન કરનારો જે પુરુષ પોતાના પ્રથમ ભોજનમાંથી કંઇ પણ ભક્ષણ કર્યાવિના પહેલાં ગાયને ભોજન આપે છે, તે પુરુષ ગાયનું વ્રત કરનારો કહેવાય છે અને તેવો શાંત અને ઉદાર પુરુષ, એક વર્ષપર્યંત તે વ્રતનું પાલન કરે છે તો તેને એક હજાર ગાયોનું દાન કર્યા જેટલું પુણ્ય મળે છે.[૩૦] જે પુરુષ એક વખત ભોજન કરે છે અને બીજા વખતનું ભોજન ગાયોને આપી દે છે, તે પુરુષ પણ ગાયનું વ્રત કરનારો હોઈને ગાયોપર દયા કરનારો ગણાય છે;માટે તેવા પુરુષને દશ વર્ષપર્યંત અનંત ફળ મળે છે.[૩૧]જે પુરુષ એક વખત ભોજન કરે છે અને બીજી વખતના પોતાના ભોજનખર્ચમાંથી એક ગાય ખરીદીને તેનું દાન કરી દે છે, તે પુરુષને તો હે ઇંદ્ર! તે ગાયના શરીર ઉપર જેટલાં રુવાંટાં હોય છે તેટલી ગાયોના દાનનું અવિનાશીફળ પ્રાપ્ત થાય છે. આ ફળ તો બ્રાહ્મણના સંબંધમાં કહ્યું;પણ ક્ષત્રિયને કેટલું ફળ મળે છે તે વિષે તું સાંભળ. ક્ષત્રિયને પાંચ વર્ષપર્યંત તેટલું ફળ મળે છે, વૈશ્યને અઢીવર્ષપર્યંત તેવું ફળ મળે છે અને શૂદ્રને સાત વર્ષપર્યંત તેવું ફળ મળે છે.[૩૪] જે પુરુષ, પોતે વેચાઈને તેમાંથી મળેલા ધનથી ગાયો ખરીદીને દાનમાં આપે છે, તે પુરુષ આ બ્રહ્માંડમાં જેટલા કાળપર્યંત ગાયની જાતિ રહે છે તેટલા કાળપર્યંત ગોદાનનું ફળ મેળવે છે.[૩૫] હે મહાભાગ્યશાળી ઇંદ્ર! પોતે વેચાઇને ગાયનું દાન કરનારા પુરુષને, ગાયના પ્રત્યેક રુવાટામાં જે જે અક્ષય લોક રહેલા છે તે સર્વ પ્રાપ્ત થાય છે; તેમજ હે કૌશિક! જે પુરુષ યુદ્ધમાં ગાયો મેળવીને તેઓનું દાન કરી દે છે,તે પુરુષને પણ પોતે વેચાઇને ગાયનું દાન કરનારા સમાન અવિનાશી લોક પ્રાપ્ત થાય છે. જે પુરુષ ગાયોના અભાવપ્રસંગે નિયમપૂર્વક વ્રત પાળીને એક તિલધેનુનું દાન કરે છે, તે પુરુષ એ ગાયદ્વારા સર્વ સંકટમાંથી મુક્ત થઇને પરલોકમાં દૂધની નદી ઉપર આનંદ કરે છે.[૩૭] ગાયોનું કેવળ દાન કરવું એજ પ્રશંસાપાત્ર ગણાય છે, એમ નથી; પણ ગાયનું દાન કરતી વેળા ઉત્તમ પાત્રનો,ઉત્તમ કાળનો, ઉત્તમ ગાયનો તથા સંપૂર્ણ દાનવિધિનો અવશ્ય વિચાર કરવો જોઇએ.તે ઉપરાંત કાળનું જ્ઞાન, ગાયોનું તારતમ્ય અને ગાયને અગ્નિ કે સૂર્ય તરફનું દુઃખ તો નહિ થાય,એ વિષે જાણવાની પણ આવશ્યકતા રહેજ છે.[૩૮] જે બ્રાહ્મણ સ્વાધ્યાયનિષ્ઠ હોય, ઉત્તમ કુળનો હોય, શાંત સ્વભાવનો હોય, અગ્નિહોત્રી હોય, પાપથી ડરનારો હોય, સંપૂર્ણ જ્ઞાતા હોય, ગાયો ઉપર ક્ષમા રાખનારો હોય,અત્યંત કોમળ પ્રકૃતિનો હોય, શરણે આવેલાનું રક્ષણ કરનારો હોય અને આજીવિકાને માટે દુઃખી થતો હોય, તે બ્રાહ્મણને વિદ્વાનો પાત્ર કહે છે. (અર્થાત્ તેવા બ્રાહ્મણને ગાયનું દાન કરવું.)[૩૯] કોઇ એક પુરુષ આજીવિકાને માટે અત્યંત દુઃખી થતો હોય તેને યજ્ઞાદિનિમિત્તે ખેતીવાડી કરવી હોય, ત્યારે યજ્ઞનિમિત્ત હોમસાધનને માટે, પુત્રાદિના જન્મનિમિત્તના હર્ષપ્રસંગે, ગુરુને માટે અથવા બાળકના પોષણને માટે દેશકાળનો વિચાર કર્યા વિનાજ ગાયનું દાન કરી દેવું;[૪૦] પરંતુ જે ગાયોનું દાન કરવાનું હોય તે ગાયો દૂઝણી હોવી જોઇએ, શાંત સ્વભાવવાળી હોવી જોઇએ અને ધન, જ્ઞાન, પ્રાણ, બળ અથવા વિવાહાદિ પ્રસંગથી મેળવેલી હોવી જોઇએ; અથવા કોઇ સંકટમાંથી છોડાવેલી હોવી જોઇએ અથવા કેવળ પોતાના પોષણને માટે આ-

વેલી હોવી જોઈએ; કેમકે આટલા રસ્તે પ્રાપ્ત કરેલી ગાયો દાનમાં ઉત્તમ ગણાય છે.૪૧ જે ગાયો બળસંપન્ન હોય, શાંત સ્વભાવની હોય અને સુગંધીદાર શરીરવાળી હોય, તે ગાયોને વિદ્વાનો વખાણે છે; પરંતુ સર્વ નદીઓમાં જેમ ગંગા શ્રેષ્ઠ છે, તેમ સર્વગાયોમાં કપિલાગાય શ્રેષ્ઠ છે.૪૨ જેઓને ગાયનું દાન કરવાનો વિચાર હોય, તેઓએ (દાન કરવામાટે નિશ્ચય કરેલા દિવસ પહેલાં) ત્રણ દિવસસુધી કેવળ જળ ઉપર રહીને ઉપવાસ કરવા, (દાનમાં આપવા ધારેલી) ગાયોને તૃપ્ત કરવી અને પછી બ્રાહ્મણોને પણ તૃપ્ત કરીને દૂધનું પાન કરનારા પુષ્ટ વાછરડા સાથે તેમજ દોહવાનું પાત્ર વગેરે સર્વ સામગ્રીઓસાથે ગાયનું દાન કરવું અને દાન કર્યાપછી પણ ત્રણ દિવસસુધી કેવળ ગોરસ ઉપરજ રહેવું. (અર્થાત્ ગોરસનુંજ પ્રાશન કરવું.)૪૩ જે પુરુષ ઉત્તમ આચરણવાળી, સારીરીતે દોહવાદેનારી, સુંદર વાછરડાવાળી અને નાસભાગ નહિ કરનારી માત્ર એકજ ગાયનું દાન કરે છે, તે પુરુષ એ ગાયના શરીર ઉપર જેટલાં રુવાંટાં હોય છે તેટલાં વર્ષોપર્યંત પરલોકમાં આનંદ કરે છે;૪૪ તેમજ જે પુરુષ ધુંસરીને વહન કરી શકે તેવા, તરુણ, બળવાન, પલોટાયલા, હળને ખેંચી શકે તેવા અને પુષ્કળ વીર્યવાળા એક બળદનું બ્રાહ્મણને દાન કરે છે, તે પુરુષને દશ ગાયોનું દાન કરનારા લોક મળે છે.૪૫

હવે હે કૌશિક ! જે પુરુષ, અરણ્યમાં બ્રાહ્મણોની તથા ગાયોની રક્ષા કરે છે તે પુરુષ એક ક્ષણવારમાં સર્વ પાપોથી મુક્ત થાય છે અને તેને જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે તે હું તને કહું છું, સાંભળ.૪૬ તે પુરુષને એક અશ્વમેધયજ્ઞ કર્યા જેટલું અવિનાશી ફળ પ્રાપ્ત થાય છે અને હે ઇંદ્ર ! મૃત્યુસમયે જે વૃત્તિની આકાંક્ષા કરે છે અને હૃદયમાં અનેક પ્રકારના જે જે દિવ્ય લોકોનું ચિંતન કરે છે, તે સર્વને એ મનુષ્ય પોતાના પુણ્યકર્મના પ્રભાવથી પામે છે.૪૮ વળી તેવો પુરુષ, ગાયોની અનુજ્ઞાને લીધે સર્વત્ર પૂજાય છે; અને જે પુરુષ એજ (એટલે ગાયનું રક્ષણ કરવાનાજ) ઉદ્દેશથી, વનમાં ગાય જ્યાં જ્યાં ચરવા જાય છે ત્યાં ત્યાં તેની પાછળ પાછળ જાય છે અને પોતે પણ ઘાસ, પાંદડાં, છાણ–વગેરેનું ભક્ષણ કરે છે, નિઃસ્પૃહ રહે છે, નિયમોનું પાલન કરે છે, પવિત્ર રહે છે અને કેવળ નિષ્કામ ભાવથી તે પ્રમાણે વર્તે છે, તે પુરુષ હે ઇંદ્ર ! દેવોની સાથે મારા લોકમાં હર્ષપૂર્વક રહે છે અથવા તેની ઇચ્છામાં આવે તે લોકમાં વિહાર કરે છે.૫૧

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'પિતામહ અને ઇંદ્રનો સંવાદ' એ વિષયનો
અધ્યાય ૭૩ મો સમાપ્ત

અધ્યાય ૭૪ મો

ગોવધ આદિનું ફળ અને ગોદાનનિમિત્તની દક્ષિણા

॥ इन्द्र उवाच ॥

जानन् यो गामपहरेद् विक्रीयाश्चार्थकारणात् ।
एतद् विज्ञातुमिच्छामि क्व नु तस्यगतिर्भवेत् ॥

ઇંદ્રે પૂછ્યું:–"એક પુરુષ પાપપુણ્યને જાણતો હોય છે છતાં ગાયનું હરણ કરે છે અથવા ધનને માટે ગાયને વેચી નાખે છે તે પુરુષની ગતિ ક્યાં થાય છે ? એ જાણવાને હું ઇચ્છું છું."૧

બ્રહ્મદેવે કહ્યું:– "જે પુરુષો ભક્ષણ કરવામાટે, વેચી નાખવામાટે અથવા બ્રાહ્મણને દાન આપવામાટે ગાયનું હરણ કરે છે, તેઓને જે ફળ મળે છે તેનું તું શ્રવણ કર.૨ જે પુરુષ ગાયનું વેચાણ કરે છે, ગાયની હિંસા કરે છે, નિરંકુશ થઇને ગાયનું ભક્ષણ કરે છે અને જેઓ કોઇ જાતની લાલચથી ગાયની હત્યા કરનારા પુરુષને અનુમોદન આપે છે તેમાં ગાયની હિંસા કરનારો, ગાયનું ભક્ષણ કરનારો અને ગાયની હિંસા કરનારને અનુમોદન આપનારો, ગાયના શરીર ઉપર જેટલાં રુવાંટાં હોય છે તેટલાં વર્ષોપર્યંત નરકમાં ડૂબ્યો રહે છે.૩,૪ હે સમર્થ ઇંદ્ર! એક બ્રાહ્મણ યજ્ઞ કરતો હોય તે સમયે તેના યજ્ઞનો નાશ કરનારને જેટલા દોષો લાગે છે, તેટલાજ દોષો ગાયનું વેચાણ કરનારને તથા

ગાયનું હરણ કરનારને લાગે છે.[૫] જે પુરુષ, પારકી ગાયનું હરણ કરીને બ્રાહ્મણને તેનું દાન કરે છે તે પુરુષને ગોદાનના ફળ જેટલુંજ નરકનું ફળ ભોગવવું પડે છે.[૬]

હે મહાતેજસ્વી ઇંદ્ર! ગાયનું દાન કરતી વેળા સુવર્ણની દક્ષિણા આપવી જોઇએ, એમ વિદ્વાનો કહે છે; કેમકે સુવર્ણને દક્ષિણામાટે શ્રેષ્ઠ કહેવામાં આવ્યું છે, એમાં કંઇ સંશય નથી.[૭] મનુષ્ય, ગાયનું દાન કરીને સાત પૂર્વના તથા સાત પાછળના વંશજોને તારે છે અને તેમાં પણ સુવર્ણની જો દક્ષિણા આપે છે તો તેને બમણું ફળ મળે છે.[૮] હે શક્ર! સુવર્ણનું દાન શ્રેષ્ઠ કહેવાય છે, સુવર્ણની દક્ષિણા ઉત્તમ ગણાય છે અને સુવર્ણ સર્વ પવિત્રમાં પણ અત્યંત પવિત્ર છે, એમ કહેવામાં આવ્યું છે.[૯] હે શતક્રતુ! સુવર્ણ, આખા કુળને પવિત્ર કરનારૂં છે; એમ વિદ્વાનો કહે છે અને તેથીજ હે તેજસ્વી ઇંદ્ર! મેં સુવર્ણની દક્ષિણા આપવામાટે સંક્ષેપમાં કહ્યું છે.”[૧૦]

ભીષ્મે કહ્યું:– હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! એ રીતે પિતામહે ઇંદ્રને કહ્યું હતું અને પછી ઇંદ્રે દશરથને કહ્યું હતું ને દશરથે રામચંદ્રને કહ્યું હતું.[૧૧] રામચંદ્રે પણ પોતાના પ્રિયભાઇ યશસ્વી લક્ષ્મણને કહ્યું હતું અને હે પ્રભો! અરણ્યમાં નિવાસ કરનારા લક્ષ્મણે, સર્વ ઋષિઓને કહ્યું હતું.[૧૨] આ રીતે પરંપરાથી પ્રાપ્ત થયેલા આ દુર્ધર ગોદાનમાહાત્મ્યને તીક્ષ્ણ વ્રત ધારણ કરનારા સર્વ ઋષિઓએ ધારણ કરી રાખ્યું છે;તેમજ અનેક ધાર્મિક રાજાઓ પણ ધારણ કરતા આવ્યા છે.[૧૩] હે યુધિષ્ઠિર! આ માહાત્મ્ય, મને મારા ઉપાધ્યાયે કહ્યું હતું. જે બ્રાહ્મણ બ્રાહ્મણોની સભામાં નિત્ય આ માહાત્મ્યને કહી સંભળાવે છે અથવા યજ્ઞપ્રસંગે, ગોદાનપ્રસંગે કે યજ્ઞ અને ગોદાનના સમાગમસમયે આ માહાત્મ્યનું લોકોને શ્રવણ કરાવે છે, તે બ્રાહ્મણને દેવતાઓની સાથે નિત્ય અક્ષય લોક પ્રાપ્ત થાય છે, એમ પરમેશ્વર ભગવાન બ્રહ્માએ કહ્યું છે.[૧૪-૧૬]

એ વિષયનો અધ્યાય ૭૪ મો સમાપ્ત

અધ્યાય ૭૫ મો

વ્રતાદિનાં ફળ

॥ युधिष्ठिर उवाच ॥

विस्रंभितोऽहं भवता धर्मान् प्रवदता विभो ।
प्रवक्ष्यामि तु संदेहं तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે સમર્થ પિતામહ! ધર્મોનું પ્રવચન કરીને તમે મને વિશ્વાસ ઉપજાવ્યો છે, માટે હું તમને એક સંશય પૂછું છું તેનો તમે ઉત્તર આપો.[૧] હે મહાતેજસ્વી પિતામહ! વ્રતોનું ફળ કેવું કહેવામાં આવ્યું છે? નિયમોનું ફળ શું હોય છે? સારી રીતે અધ્યયન કરવાથી શું ફળ મળે છે? દાન આપવાથી શું ફળ થાય છે? વેદોને ધારણ કરી રાખવાથી કયું ફળ મળે છે અને બીજાઓને અધ્યયન કરાવવાથી શું ફળ થાય છે? તે સર્વ જાણવાની મને ઇચ્છા છે.[૨,૩] હે પિતામહ! કોઇનો પ્રતિગ્રહ નહિ કરવાથી લોકમાં શું ફળ મળે છે? જે પુરુષ દાન આપે છે તેને કયું ફળ મળેલું તમે જોયું છે અથવા સાંભળ્યું છે? જે શૂરવીર પુરુષો પોતપોતાનાં કર્મ કરવામાં આસક્ત રહે છે તેઓને શું ફળ મળે છે? પવિત્રતા જાળવવાથી શું ફળ મળે છે? બ્રહ્મચર્ય પાળવાથી શું ફળ મળે છે? પિતાની તથા માતાની સેવા કરવાથી શું ફળ મળે છે? આચાર્ય અને ગુરુની સેવા કરવાથી તેમજ પારકે દુઃખે દુઃખી થવાથી શું ફળ મળે છે અને સર્વ પ્રાણી ઉપર દયા રાખવાથી શું ફળ મળે છે? એ જાણવાની મને ઇચ્છા છે, કેમકે હે ધર્મજ્ઞ! એ સર્વ વિષયમાં મને પરમ કુતૂહલ રહે છે.[૪-૭]

ભીષ્મે કહ્યું:–“ જે પુરુષ, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વ્રતનો અંગીકાર કરે છે અને સારી રીતે તેનો આરંભ કરીને અખંડરીતે તેનું પાલન કરે છે, તેને સનાતન લોકની પ્રાપ્તિ થાય છે.[૮] હે રાજન્! નિયમોનું ફળ તો આ જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે અને તેં પોતે પણ નિયમો તથા યજ્ઞોનુંજ આ ફળ સંપાદન કર્યું છે.[૯] જે પુરુષે સારી રીતે અધ્યયન કરેલું હોય છે, તેને મળનારૂં ફળ પણ આ લોકમાં તથા પરલોકમાં

જોવામાં આવે છે. તે એજ કે, સારી રીતે અધ્યયન કરનારો પુરુષ આ લોકમાં તથા બ્રહ્મલોકમાં નિત્ય આનંદ કરે છે.૧૦ હે રાજન્! હવે તું દમ (ઇંદ્રિયનિગ્રહ)તું ફળ વિસ્તારથી સાંભળ. દમનિષ્ઠ પુરુષો સર્વત્ર સુખી રહે છે અને દમનિષ્ઠ પુરુષો સર્વત્ર શાંત રહે છે.૧૧ વળી દમનિષ્ઠ પુરુષો પોતાની ઇચ્છામાં આવે ત્યાં જઇ શકે છે, સર્વ શત્રુઓનો સંહાર કરે છે અને પોતે જે વસ્તુની ઇચ્છા કરે છે તે વસ્તુને પામે છે, એમાં કંઇ સંશય નથી.૧૨ હે પાંડુપુત્ર! દાન્ત પુરુષોની સર્વત્ર સર્વ કામનાઓ પૂર્ણ થાય છે; અને જેમ તપ કરીને, પરાક્રમ કરીને, દાનો આપીને તથા વિવિધ પ્રકારના યજ્ઞો કરીને પુરુષો સ્વર્ગમાં આનંદ કરે છે તેમ ક્ષમાગુણને ધારણ કરનારા દાન્ત પુરુષો પણ સ્વર્ગમાં આનંદ કરે છે. દાન કરતાં પણ દમ ઉત્તમ છે, કેમકે બ્રાહ્મણને દાન આપનારો દાતા પુરુષ કોઇ સમયે કોપાયમાન થાય છે, પણ દમગુણને ધારણ કરનારો પુરુષ કદી કોપાયમાન થતો નથી. એટલામાટેજ દાન કરતાં દમ શ્રેષ્ઠ છે. જે પુરુષ કદી કોપાયમાન થયાવિના દાન આપે છે, તેને સનાતન લોક પ્રાપ્ત થાય છે; પણ દાન આપતી વેળા જો ક્રોધ કરવામાં આવે છે તો દાનના ફળનો નાશ થઇ જાય છે, માટેજ દાન કરતાં દમ શ્રેષ્ઠ છે. હે મહારાજા! સ્વર્ગમાં તેવાં હજારો અદૃશ્ય સ્થાનકો છે, કે જ્યાં સર્વ લોકમાંહેના અનેક ઋષિઓમાંથી ઘણા મહર્ષિઓ, કેવળ દમગુણનોજ આશ્રય કરીને દેવતારૂપે ગતિ કરે છે અને પોતાની ઇચ્છાનુસાર મોટાં મોટાં સ્થાનકોને સંપાદન કરે છે; માટે દાન કરતાં દમ શ્રેષ્ઠ છે. વળી જે પુરુષ, અત્યંત દુઃખ સહન કરીને પણ બીજાઓને અધ્યયન કરાવે છે તે પુરુષ અક્ષયફળને પામે છે.૧૩-૧૮ હે રાજા! વિધિપૂર્વક અગ્નિમાં હોમ કરીને પુરુષ બ્રહ્મલોકમાં પૂજાય છે; અને જે પુરુષ સર્વ વેદોનું અધ્યયન કરીને ન્યાયવેત્તા પુરુષોને અધ્યયન કરાવે છે તે પણ ગુરુકર્મની પ્રશંસા કરનારો હોઇને સ્વર્ગલોકમાં પૂજાય છે; તેમજ જે ક્ષત્રિય અધ્યયન, યજન અને દાનકર્મમાં પરાયણ રહીને યુદ્ધમાં સર્વનું રક્ષણ કરે છે, તે પણ સ્વર્ગલોકમાં પૂજાય છે.૧૯,૨૦ એક વૈશ્ય, પોતાના કર્મમાં આસક્ત રહીને દાન આપે છે તો તેથી મહાન ફળને પામે છે; તેમજ એક શૂદ્ર, પોતાના કર્મમાં આસક્ત રહીને સર્વ વર્ણોની સેવા કરે છે તો તેથી સ્વર્ગલોકને સંપાદન કરે છે.૨૧ હવે આ લોકમાં અનેક પ્રકારના શૂરવીરો કહેવામાં આવ્યા છે. તેઓને જે જે ફળ મળે છે, તેનું તું શ્રવણ કર. જે ફળ એક પ્રકારના એક શૂરવીરને માટે કહેવામાં આવ્યું છે, તેજ ફળ તે પ્રકારના અનેક શૂરવીરોને મળે છે, એમ સમજવું.૨૨ આ જગતમાં તેવા અનેક મનુષ્યો છે, કે જેમાંના કેટલાએક યજ્ઞશૂર છે, કેટલાએક દમશૂર છે, કેટલાએક સત્યશૂર છે, કેટલાએક યુદ્ધશૂર છે, અને કેટલાએક દાનશૂર છે. કેટલાએક સાંખ્યશાસ્ત્રમાં, કેટલાએક યોગશાસ્ત્રમાં, કેટલાએક જંગલમાં પડી રહેવામાં, કેટલાએક ઘરમાં પડી રહેવામાં, કેટલાએક ત્યાગ કરવામાં, કેટલાએક સરળતા રાખવામાં, તથા કેટલાએક શાંતિ જાળવવામાં શૂરા હોય છે વળી કેટલાએક નિયમો પાળવામાં, કેટલાએક વેદાધ્યયન કરવામાં, કેટલાએક ગુરુની સેવા કરવામાં, કેટલાએક માતાપિતાની સેવા કરવામાં, કેટલાએક ભિક્ષાચરણ કરવામાં, તેમજ કેટલાએક અરણ્યમાં, કેટલાએક ગૃહનિવાસમાં અને કેટલાએક અતિથિઓનો સત્કાર કરવામાં શૂરા હોય છે. આ સર્વ શૂરવીર પુરુષો પોતપોતાના કર્મફળરૂપે જીતેલા શ્રેષ્ઠ લોકોમાં જાય છે.૨૩-૨૭ એક પુરુષ સર્વ વેદોનો અધ્યેતા બની જાય અને બીજો એક પુરુષ સર્વ તીર્થોમાં સ્નાન કરી આવે, તોપણ તેઓ બન્ને જણા ત્રીજા એક સત્યભાષી પુરુષની સમાનતામાં આવી શકે કે નહિ? એ શંકાસ્પદ છે. (અર્થાત્ સત્ય ભાષણ સર્વ વેદાધ્યયન કરતાં અને સર્વ તીર્થસ્નાન કરતાં પણ વિશેષ ફળદાયી છે.)૨૮ એક હજાર અશ્વમેધોને તથા સત્યને ત્રાજવામાં નાખીને જો તોળી જોયાં હોય તો હજાર અશ્વમેધ કરતાં સત્યનુંજ ગૌરવ જોવામાં આવે છે.૨૯ સત્યના પ્રભાવથી સૂર્ય તપે છે, સત્યના પ્રભાવથી અગ્નિ સળગે છે

અને સત્યના પ્રભાવથી વાયુ વાય છે. આ રીતે સર્વ સત્યને આધારેજ સ્થિતિ કરી રહ્યું છે.[૩૦] સત્યથી દેવતાઓ, પિતૃઓ અને બ્રાહ્મણો પ્રસન્ન થાય છે અને વિદ્વાનો કહે છે કે, સત્ય શ્રેષ્ઠ ધર્મરૂપ છે; માટે કદી સત્યનું ઉલ્લંઘન કરવું નહિ.[૩૧] સર્વ મુનિઓ પણ સત્યમાંજ આસક્ત રહેનારા હોય છે, સત્યરૂપ પરાક્રમવાળા હોય છે અને સત્યના સોગંદ લેનારા હોય છે, માટે સત્યજ સર્વોત્તમ છે.[૩૨] હે ભરતશ્રેષ્ઠ ! સત્યનિષ્ઠ પુરુષો સ્વર્ગમાં આનંદ કરે છે. આ રીતે દમ અને સત્યના ફળની પ્રાપ્તિના સંબંધમાં મેં તને વિસ્તારથી કહ્યું છે;[૩૩] તેમજ જે પુરુષ વિનયશીલ હોય છે તે પણ સ્વર્ગલોકમાં પૂજાય છે. હે રાજા ! હવે, તું બ્રહ્મચર્યના ગુણ સાંભળ.[૩૪] હે મનુષ્યોના અધિપતિ! જે પુરુષ જન્મથી આરંભીને છેક મરણપર્યંત બ્રહ્મચારી રહે છે તે પુરુષને કંઇપણ વસ્તુ દુર્લભ નથી, એમ તારે જાણવું.[૩૫] અનેક કરોડો ઋષિઓ બ્રહ્મલોકમાં નિવાસ કરી રહ્યા છે. તેઓ સર્વે સત્યમાં પ્રીતિ રાખનારા છે, નિરંતર ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા છે અને જન્મથી આરંભીને બ્રહ્મચારી છે.[૩૬] હે રાજન્ ! બ્રહ્મચર્યને જો સેવન કરવામાં આવે છે તો સર્વ પાપોનો તે નાશ કરે છે અને બ્રાહ્મણે તો ખાસ કરીને બ્રહ્મચર્ય પાળવું જોઇએ, કેમકે બ્રાહ્મણ અગ્નિરૂપ કહેવાય છે.[૩૭] આ વાત તપસ્વી બ્રાહ્મણોમાં એટલી બધી પ્રત્યક્ષ જોવામાં આવે છે, કે બ્રહ્મચારીનો તિરસ્કારપાત્ર થઇને ઇંદ્ર પણ ભયભીત રહે છે.[૩૮] તેજ બ્રહ્મચર્યનું ફળ આ જગતમાં ઋષિઓની અંદર પ્રત્યક્ષ જોવામાં આવે છે. હવે, માતાપિતાનું પૂજન કરવામાં જે ધર્મ સમાયલો છે તેનું પણ તું શ્રવણ કર.[૩૯] જે પુરુષ, કદી અસૂયા કર્યાવિના પિતાની, માતાની, મોટાભાઇની, ગુરુની તથા આચાર્યની સેવા કરે છે તેને હે રાજા! સ્વર્ગલોકમાં પરમપૂજ્ય સ્થાન પ્રાપ્ત થાય છે, એમ તારે જાણવું; તેમજ એક જિતેંદ્રિય પુરુષ ગુરુની સેવા કરીને કદી નરકને જોતોજ નથી.”[૪૦,૪૧]

અધ્યાય ૭૫ મો સમાપ્ત

અધ્યાય ૭૬ મો

ગોદાનવિધિ

॥ युधिष्ठिर उवाच ॥

विधिं गवां परं श्रोतुमिच्छामि नृप तत्त्वतः ।
येन तान् शाश्वताँल्लोकानर्थिनां प्राप्नुयादिह ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:- હે રાજા ! જે વિધિને યથાર્થ રીતે અનુસરીને ગાયનું દાન કરનારો પુરુષ, અર્થીઓના (પુરુષાર્થીઓના) સનાતન લોકને પામે છે.[૧] ગાયોના દાનનો ઉત્તમ વિધિ સાંભળવાની મને ઇચ્છા છે.

ભીષ્મે કહ્યું:- “હે રાજા ! ગોદાનના કરતાં બીજું કંઇપણ શ્રેષ્ઠ નથી, કેમકે ન્યાયપૂર્વક સંપાદન કરીને દાનમાં આપેલી એક ગાય પણ આખા કુળને સત્વર તારી દે છે,[૨] માટે હે રાજન્ ! ગોદાનનો વિધિ કે જે સત્પુરુષોને માટે સારી રીતે ઉત્પન્ન કરવામાં આવ્યો છે અને આ સર્વ પ્રજાઓને માટે પણ જે વિધિને નિર્માણ કરવામાં આવ્યો છે, તે આદિકાળથી ચાલ્યા આવેલા ગોદાનવિધિનું, તું પ્રથમ શ્રવણ કર.[૩] પૂર્વે દાન કરવાના ઉદ્દેશથી ગાયોને જ્યારે પોતાની સમીપમાં આણી, ત્યારે રાજા માંધાતાના મનમાં ગોદાનના વિધિના સંબંધમાં સંદેહદષ્ટિ થઇ; જેથી તેણે આજ પ્રશ્ન બૃહસ્પતિને પૂછ્યો અને પછી બૃહસ્પતિએ તેનો આ પ્રમાણે ઉત્તર આપ્યો:-[૪] “જે બ્રાહ્મણને ગોદાન કરવું હોય તેનો સત્કાર કરીને જણાવવું કે, “આવતી કાલે તમને ગોદાન કરવું છે” અને પછી નિયમપૂર્વક વ્રતધારણ કરીને રોહિણી (લાલવર્ણી)ગાયને દાનમાટે ઉપયોગમાં લેવી.[૫] તે સમયે પ્રથમ, ‘हे समंगे हे बहुले ’એવું સંબોધન આપીને ગાયને નિમંત્રણ આપવું અને પછી ગાયોના ટોળાવચ્ચે પ્રવેશ કરીને આ વેદોક્ત મંત્ર ભણવો:-[૬]

“गौर्मे माता वृषभः पिता मे ।
दिवं शर्म जगती मे प्रतिष्ठा ॥ ”

“ગાય મારી માતા છે, બળદ મારો પિતા છે અને ગાય જગતની પ્રતિષ્ઠા છે. આ ગાય મને સ્વર્ગરૂપ સુખ આપો.” આમ બોલીને ગા-

યને શરણે જવું અને તે રાત્રિ મૌનવ્રત ધારણ કરી ગાયોની વચ્ચે નિવાસ કરવો ને બીજે દિવસે ગાયનું દાન કરતી વેળા મૌનવ્રતનો ત્યાગ કરવો. (આ ગોદાનનું પૂર્વાંગ વ્રત છે.)[૭] એ રીતે ગોદાન કરનારા પુરુષે, તે દિવસની આખી રાત્રિ ગાયની સાથે મૈત્રી કરીને તેના સમાન વ્રત કરવું; (અર્થાત્ ગાયોની વચ્ચે પૃથ્વીપર સૂવું અને મચ્છરો વગેરેને ઉરાડવા નહિ.) કેમકે એ પ્રમાણે ગાયોની સાથે એકરૂપ થઇ જવાથી તુરતજ પાપમાંથી મુક્ત થવાય છે.[૮] બીજે દિવસે પ્રભાતમાં સૂર્યનાં દર્શન થાય, ત્યારે છૂટા વાછરડાની સાથે ગાયનું દાન કરવું; જેથી હે રાજા ! તું સ્વર્ગમાં જઈશ અને અર્થવાદ મંત્રોમાં કહેવામાં આવેલા આશીર્વાદો પણ તને પ્રાપ્ત થશે.[૯] (તે આશીર્વાદમંત્રો આ પ્રમાણે છે:–)

'ऊर्जस्विन्यः ऊर्जमेधाश्च यज्ञे गर्भोऽमृतस्य जगतोऽस्य प्रतिष्ठा। क्षितेरोहः प्रवहः शश्वदेव प्राजापत्याः सर्वमित्यर्थवादा॥ गावो ममैनः प्रणुदंतु सौर्यास्तथा सौम्याः स्वर्गयानाय संतु। आत्मानं मे मातृवच्चाश्रयंतु तथाऽनुक्ताः संतु सर्वाशिषो मे॥”–

“જે ગાયો બળવાન અને ઉત્સાહવાળી છે, બુદ્ધિસંપન્ન છે, યજ્ઞના સાધનભૂત હવિષના ક્ષેત્રરૂપ છે, આખા જગતની પ્રતિષ્ઠારૂપ છે, ઐશ્વર્યના અંકુરરૂપ છે, પૃથ્વીના સનાતન પ્રવાહરૂપ છે, પ્રજાપતિથી ઉત્પન્ન થયેલી છે અને સર્વ જગતરૂપ છે–તે ગાયો મારા પાપનો નાશ કરો; તેમજ સૂર્ય અને ચંદ્ર સાથે પણ સંબંધ ધરાવનારી આ ગાયો મને સ્વર્ગમાં લઇ જવામાટે તત્પર થાઓ અને માતાની પેઠે મને આશ્રય આપો.” આ સર્વ આશિષો મને પ્રાપ્ત થાઓ.(એમ ગોદાન આપનારાએ કહેવું.) “ગાયોનાં પંચગવ્યાદિનું જો સેવન કરવામાં આવે છે તો ક્ષયરોગાદિકથી મુક્ત કરવામાટે તથા દેહના સંબંધથી છોડાવવામાટે ગાયો, સરસ્વતી નદીરૂપ થઇ પડે છે; માટેજ તેઓ સર્વનું કલ્યાણ કરવામાટે પ્રવૃત્ત થયેલી ગણાય છે. (આમ સમજીને ગોદાન આપતી વેળા કહેવું કે,) “હે ગાયો ! તમે મારાપર પ્રસન્ન થઇને,પુણ્ય નદીના પ્રવાહરૂપ ઉત્તમ ગતિ મને આપો.[૧૦-૧૨] એમ કહીને વળી પણ દાતાએ આવો અર્ધો શ્લોક ભણવો:–

“या वै यूयं सोऽहमद्यैव भावो
युष्मान् दत्त्वा चाहमात्मप्रदाता”

“હે ગાયો ! આજે હું એવો ભાવ ધારણ કરૂં છું કે, જે તમે છો તેજ હું છું અને તમારૂં દાન કરીને હું મારા આત્માનુંજ દાન કરૂં છું.” દાતા એ પ્રમાણે કહે તે પછી ગાયનું દાન લેનારા બ્રાહ્મણે પણ આવો અર્ધો શ્લોક ભણવો:–

“मनश्च्युता मन एवोपपन्नाः
संधुक्षध्वं सौम्यरूपोग्ररूपा”

હે ગાયો ! તમે હવે, દાતાના મમત્વાભિમાનથી મુક્ત થયાં છો અને મારા મમત્વના સ્થાનરૂપ થયાં છો. તમારૂં સ્વરૂપ સૌમ્ય તથા ઉગ્ર પણ છે અને તમે દાતાને તથા મને ઇષ્ટભોગો આપીને તેજસ્વી કરો.” એ પ્રમાણે દાતાએ, ગાયોનું દાન કરતી વેળા પૂર્વોક્ત શ્લોકનું અર્ધચરણ ભણવું; તેમજ બાકી રહેલા અર્ધચરણને, ગોદાનનો પ્રતિગ્રહ કરનારા અને વિધિને જાણનારા બ્રાહ્મણે ભણવું.[૧૪] જે પુરુષ, એક ગાયના બદલામાં કિંમતી વસ્ત્રનું કે ધનનું દાન કરે, તેણે પણ “गां प्रदामि–હું ગાયનું દાન કરૂં છું”એવો સંકલ્પ કરવો અને તેમાં પણ જેને ગાયને બદલે ગાયના મૂલ્યનું દાન કરવું હોય તેણે “ऊर्ध्वास्यां तुभ्यमहं संप्रददे” એમ કહીને દાન કરવું. જેને ગાયના બદલામાં વસ્ત્રનું દાન કરવું હોય તેણે “भावितव्यां तुभ्यमहं संप्रददे” એમ કહીને દાન કરવું અને જેને ગાયના બદલામાં કંઇ ધન આપવું હોય તેણે “वैष्णवीं तुभ्यमहं संप्रदेद ” એમ કહીને દાન કરવું.એ રીતે ગાયના નામકથન પૂર્વકજ ગાયની પ્રતિનિધિ વસ્તુઓનું દાન કરવું; તેમાં જે પુરુષ ગાયના પ્રતિનિધિતરીકે તેના મૂલ્યનુંદાન કરે છે તેને છત્રીસ હજાર ગાયોનું દાન કર્યાનું ફળ મળે છે; વસ્ત્રનું દાન કરે છે તેને આઠ હજાર ગાયોનું દાન કર્યાનું ફળ મળે છે અને ગાયના

પ્રતિનિધિતરીકે કંઇ દ્રવ્યનું દાન કરે છે તેને વીસહજાર ગાયોનું દાન કર્યા જેટલું ફળ મળે છે.[૧૬]આ સર્વ ફળ ગાયની પ્રતિનિધિ વસ્તુઓનું દાન કરવાથી મળે છે,એમ સમજવું;પણ જે પુરુષ પ્રત્યક્ષ ગાયનું દાન કરે છે, તેને તો એ ગાયને આઠમે પગલેજ સર્વ પુણ્યફળ મળી જાય છે. (તો પછી જેને દાન આપ્યું હોય તેને ઘેર જઇને તેનાં બાળકો, અતિથિઓ અને અગ્નિહોત્ર આદિનો લાંબા કાળપર્યંત નિર્વાહ કરે ત્યારે તો, દાતાને અનંત ફળ મળે એમાં કંઇ આશ્ચર્યનથી.)[૧૭]જે પુરુષ પ્રત્યક્ષ ગાયનું દાન કરે છે તે આ લોકમાં શીલસંપન્ન થાય છે, ગાયના બદલામાં તેના મૂલ્યનું દાન કરે છે તે આ લોકમાં નિર્ભય થાય છે અને ગાયના બદલામાં કંઈ ધન આપે છે તે કદી દુઃખી થતો નથી. વળી જે પુરુષો પ્રાતઃસ્નાન આદિ કર્મ કરનારા હોય છે, મહાભારતમાં વિદ્વાન હોય છે અને વિષ્ણુના ભક્ત હોય છે તેઓને જેમ ચંદ્રસમાન પ્રકાશવાળા દિવ્યલોકો મળે છે, તેમ ગાયનું પ્રત્યક્ષ દાન કરનારાને તથા ગાયની પ્રતિનિધિ વસ્તુનું દાન કરનારાને પણ તે દિવ્ય લોકો મળે છે.[૧૮] ગાયનું દાન કરવાની ઇચ્છાવાળા પુરુષે ત્રણ રાત્રિનું ગાયનું વ્રત કરવું, એક રાત્રિ ગાયોની સાથે નિવાસ કરવો, કામ્ય અષ્ટમીને દિવસે ખાસ કરીને ગોદાન કરવું અને ગાયનું દાન કર્યાપછી પણ ત્રણ દિવસસુધી ગોરસ ઉપર અથવા ગાયના છાણ કે મૂત્ર ઉપર રહેવું.[૧૯] જે પુરુષ બળદનું દાન કરે છે તે, દેવોનું વ્રત કરનાર ગણાય છે, બે ગાયનું દાન આપવાથી સર્વ વેદાધ્યયન કર્યાનું ફળ મળે છે, ગોદાનના વિધિને સંપાદન કરીને પુરુષ યજ્ઞકર્તા ગણાય છે અને ગોદાનના વિધિને જાણનારો પુરુષ, ઉત્તમ લોકોને મેળવે છે.[૨૦] વળી જે પુરુષ, જેટલું જોઇએ તેટલું દૂધ દેનારી એક ગાયનું દાન કરે છે તેને પૃથ્વીપરના સર્વ પદાર્થોને એકઠા કરીને દાનમાં આપી દેનારા પુરુષના જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે; તોપછી હવ્યકવ્યનાં સાધનોને પૂરાં પાડનારી અનેક ગાયોનું દાન કરનારને અનંત પુણ્ય પ્રાપ્ત થાય, એમાં શું આશ્ચર્ય છે. વળી તેવી ગાયોના દાન કરતાં પણ બળદોનું દાન ઉત્તમ ગણાય છે.[૨૧] આ ગોદાનવિધિરૂપ ધર્મ પોતાના શિષ્યસિવાયનાને, વ્રતરહિત પુરુષને, શ્રદ્ધારહિત મનુષ્યને અથવા વક્રબુદ્ધિવાળા પુરુષને કદી કહેવો નહિ; કેમકે આ ધર્મ સર્વ લોકમાં ઘણોજ ગૂઢ ગણાય છે અને તેથીજ જે તે સ્થળે તેનું પ્રવચન કરવું નહિ.[૨૨]આ લોકમાં કેટલાએક મનુષ્યો શ્રદ્ધાવિનાના હોય છે, ક્ષુદ્ર હોય છે અને રાક્ષસો જેવા હોય છે; માટે તેવા મનુષ્યોને આ ધર્મનો ઉપદેશ આપવાથી અવશ્ય અનિષ્ટ થાય છે અને જેઓ અલ્પપુણ્યવાળા હોઇને નાસ્તિકતાનો આશ્રય કરનારા હોય છે, તેઓને પણ આ ધર્મનો ઉપદેશ આપવો નહિ. ”[૨૩]

બૃહસ્પતિનાં એ વાકયો સાંભળીને જે જે પુણ્યશીલ રાજાઓ ગાયોનાં દાન કરીને દિવ્ય લોકને પામ્યા છે, તેઓનાં નામ હવે હું તને કહું છું તે સાંભળ.[૨૪]રાજા ઉશીનર, વિશ્વગશ્વ, નૃગ, ભગીરથ, પ્રખ્યાત યૌવનાશ્વ, માંધાતા, મુચુકુંદ, રાજા ભૂરિદ્યુ, નૈષધ, સોમક, પુરુરવા, જેના વંશમાં ઉત્પન્ન થયેલા સર્વ રાજાઓ ભરત કહેવાય છે તે–ચક્રવર્તી ભરત,દશરથના પુત્ર વીર રામચંદ્ર અને બીજા પ્રસિદ્ધ કીર્તિમંત રાજાઓ, આ ગોદાનના વિધિથી દિવ્યલોકમાં ગયા છે;[૨૫,૨૬] તેમજ મોટાં કર્મો કરનારો રાજા દિલીપ પણ આ વિધિને જાણનારો હોઇને ગોદાન કરી કરીનેજ સ્વર્ગલોકને પામ્યો છે અને માંધાતા પણ યજ્ઞ, દાન, તપ અને રાજધર્મોથી યુક્ત હોઈને નિત્ય ગોદાનજ કર્યા કરતો હતો; માટે હે પાર્થ ! તું પણ મેં કહેલી આ બૃહસ્પતિની વાણીને લક્ષ્યમાં લે અને કુરુઓના આ રાજ્યને સંપાદન કરી પ્રસન્નતાપૂર્વક ઉત્તમ બ્રાહ્મણોને પવિત્ર ગાયોનાં દાન કર. ”[૨૮]

વૈશંપાયને કહ્યું:–“ ધર્મરાજાએ, ભીષ્મના કહેવા પ્રમાણેજ સર્વ કરવા માંડયું અને નિત્ય ગાયોનાં દાન આપવા માંડયાં; તેમજ એ રાજાએ, માંધાતાને બૃહસ્પતિએ ઉપદેશ આપેલા ગોદાનધર્મનું સારી રીતે પાલન કરવા માંડયું.[૨૯] હે જનમેજય રાજા ! ભીષ્મનો એ

ઉપદેશ સાંભળ્યા પછી યુધિષ્ઠિરરાજા, નિત્ય જવના ઓળાનું ભક્ષણ કરીને, ગાયના છાણમૂત્રનું પાન કરીને, પૃથ્વીપર સૂવાનું વ્રત લઇને, મસ્તક ઉપર શિખા ધારણ કરીને તેમજ પોતાના મનને વશ રાખીને નિત્ય ગાયોનું દાન કરવા લાગ્યા, જેથી તે મહારાજા, સાક્ષાત્ ધર્મની મૂર્તિજ થઈ રહ્યા;[૩૦] એટલુંજ નહિ પણ તે ધર્મરાજા, તે દિવસથી આરંભીને ગાયોના તરફ પોતાના મનમાં નિરંતર સદ્‌ભાવ રાખવા લાગ્યા, સદાકાળ તેઓની સ્તુતિ કરવા લાગ્યા અને પોતાના રથમાં બળદોને જોડવાનું બંધ કરી દઇને ઉત્તમ ઘોડાઓ જોડીને જ્યાં ત્યાં જવા લાગ્યા.[૩૧]

ઇતિ શ્રી૦ અનુ૦ દાનધર્મપર્વમાં “ ગોદાનકથન” એ વિષયનો અધ્યાય ૭૬ મો સમાપ્ત

અધ્યાય ૭૭ મો

ગાયની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

ततो युधिष्ठिरो राजा भूयः शांतनवं नृपम् ।
गोदानविस्तरं धीमान् पप्रच्छ विनयान्वितः॥

વૈશંપાયને કહ્યું:-તે પછી ફરી પણ બુદ્ધિમાન યુધિષ્ઠિરે, શાંતનુકુમાર ભીષ્મ પિતામહને ગોદાનના વિસ્તારવિષે વિનયપૂર્વક પૂછ્યું.

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે ભરતવંશના વીર પિતામહ ! ફરી પણ ગોદાનના ગુણોનું સારી રીતે મારી પાસે વર્ણન કરો. હું આવું અમૃતતુલ્ય ગોમાહાત્મ્ય સાંભળીને તૃપ્તજ થતો નથી.”

વૈશંપાયને કહ્યું:-“ ધર્મરાજાએ એ પ્રમાણે કહ્યું એટલે શાંતનુપુત્ર રાજા ભીષ્મે, યુધિષ્ઠિર આગળ કેવળ ગોદાનનાજ ગુણો સારી રીતે કહેવા માંડ્યા. ”[૩]

ભીષ્મે કહ્યું:-“ વાત્સલ્ય રાખનારી, ગુણવાન, તરુણ વયની અને વસ્ત્ર ઓઢાડેલી એક ગાયનું બ્રાહ્મણને દાન કરીને સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે.[૪] જે પુરુષ ગાયનું દાન કરે છે, તે પુરુષને “ અસૂયા ” નામના નારકી લોકોમાં જવું પડતું નથી; જેઓએ પાણી પી લીધું હોય, ઘાસચારો ખાઇ લીધો હોય, જેનું દૂધ નાશ પામ્યું હોય, જેની ઇંદ્રિયો શિથિલ થઇ ગઈ હોય, વૃદ્ધાવસ્થા અને રોગોથી જે ઘેરાઇ ગઈ હોય અને જળવિનાની વાવની પેઠે જે જીર્ણ થઇ ગઇ હોય તેવી ગાયનું દાન કરીને જે પુરુષ, બ્રાહ્મણને વ્યર્થ ક્લેશ આપે છે તે પુરુષ, ઘોર અંધકારવાળા નરકમાંજ પડે છે; તેમજ જે ગાયો ક્રોધી હોય, દોષપાત્ર હોય, રોગી હોય અને દુર્બળ હોય તેવી ગાયોનું પણ કદી દાન કરવું નહિ અને જે ગાય મૂલ્ય આપ્યાવિનાની હોય તેનું પણ દાન કરવું નહિ; છતાં જે પુરુષ (તેવી નિરૂપયોગી ગાયોનું દાન કરીને) બ્રાહ્મણને દુઃખી કરે છે, તે પુરુષને સારવિનાના તથા ફળવિનાના તુચ્છ લોક પ્રાપ્ત થાય છે;[૭] માટે જે ગાયો બળસંપન્ન હોય, શીલ અને વયની યોગ્યતાવાળી હોય, તેમજ સુગંધદાર શરીરવાળી હોય તે ગાયોનેજ (દાન માટે) સર્વ વિદ્વાનો વખાણે છે અને તેમાં પણ સર્વ નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, તેમ સર્વ ગાયોમાં કપિલા ગાય શ્રેષ્ઠ છે.’

યુધિષ્ઠિરે પૂછ્યું:-સર્વ ગાયોનું દાન સમાન ફળનેજ આપનારૂં છે; છતાં કપિલાના દાનની સત્પુરુષો શામાટે પ્રશંસા કરે છે ? કપિલા ગાયનું દાન મોટા પ્રભાવવાળું છે, (એમ જાણીને) તેના સંબંધમાં વિશેષ સાંભળવાની મને ઇચ્છા છે. આપ જેટલું કહેશો તેટલું સાંભળવાને હું સમર્થ છું અને આપ કહેવાને માટે સમર્થ છો. ”[૯]

ભીષ્મે કહ્યું:-“ હે તાત ! રોહિણી (કપિલા) ગાયો કેવી રીતે ઉત્પન્ન થઇ છે, તેના સંબંધમાં વૃદ્ધપુરુષોની પુરાણી કથા, તેઓના કહેવા ઉપરથી મેં સાંભળી છે તે સમગ્ર કથા હું તને કહું છું.[૧૦] પૂર્વે પ્રજાપતિ દક્ષને “ તું પ્રજાઓ ઉત્પન્ન કર ” એવી બ્રહ્મદેવે આજ્ઞા કરી, ત્યારે તેણે પ્રજાઓનું હિત ઇચ્છીને પ્રથમ સર્વની આજીવિકાનેજ ઉત્પન્ન કરી;[૧૧] કેમકે હે રાજા ! દેવતાઓ જેમ અમૃતનો આશ્રય કરીને અજીવિકા કરે છે, તેમ સર્વ પ્રજાઓ, આજીવિકાનો આશ્રય કરીને વર્તન કરે છે.[૧૨] આ

જગતમાં સર્વ સ્થાવર પ્રાણીઓ કરતાં જંગમ પ્રાણીઓ શ્રેષ્ઠ છે, જંગમ પ્રાણીઓમાં મનુષ્યો શ્રેષ્ઠ છે અને મનુષ્યોમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે; કેમકે બ્રાહ્મણોને આધારેજ યજ્ઞયાગ ટકી રહ્યા છે.[૧૩] યજ્ઞોદ્વારા સોમની પ્રાપ્તિ કરી શકાય છે; પણ એ યજ્ઞ ગાયોને આધારેજ થઇ શકે છે. ગાયોએ આપેલા હવિષને આધારેજ યજ્ઞ થઇ શકે છે અને પછી તે યજ્ઞોદ્વારા દેવતાઓ પ્રસન્ન થાય છે; માટેજ દક્ષ પ્રજાપતિએ પ્રથમ વૃત્તિ(આજીવિકા)ને ઉત્પન્ન કરી હતી અને પછી પ્રજાઓને ઉત્પન્ન કરી હતી.[૧૪] એ સમયે સર્વ પ્રજાઓ અને પ્રાણીઓ, વૃત્તિ મેળવવાની આકાંક્ષાથી મોટી બૂમો પાડવા લાગ્યાં અને તૃષાકુળ થયેલાં નાનાં બાળકો જેમ માતાપિતાને શરણે જાય, તેમ વૃત્તિને આપનારા પ્રજાપતિને શરણે ગયાં.[૧૫] પ્રજાપતિ ભગવાન દક્ષે, સર્વ પ્રજાઓના આશયને પોતાના મનથી જાણી લીધો અને પછી પ્રજાસર્ગની વૃત્તિને પ્રકટ કરવામાટે પોતે અમૃતનું પાન કર્યું.[૧૬] જેને લીધે તેમને પોતાને જ્યારે તૃપ્તિ થઇ અને સુગંધી ઓડકાર તેમણે બહાર કાઢયો, એટલે તેમના ઓડકારદ્વારા તેમના મુખમાંથી ઉત્પન્ન થયેલી ‘સુરભિ’ નામની એક ગાય તેમની પુત્રીરૂપે પ્રકટ જોવામાં આવી.[૧૭] પછી તે સુરભિએ, લોકની માતાઓરૂપ અનેક સોરભેયી(ગાયો)ને ઉત્પન્ન કરી, કે જેઓ સુવર્ણસમાન વર્ણવાળી હોઇને કપિલાતરીકે ઓળખાવા લાગી અને પ્રજાઓની આજીવિકારૂપ થઈ પડી.[૧૮] અમૃતસમાન વર્ણવાળી તે ગાયો સર્વ પ્રદેશ ઉપર દૂધની ધારાઓને ઝરવા લાગી; જેથી નદીઓના તરંગમાંથી જેમ ફીણ ઉત્પન્ન થાય છે, તેમ તેઓના દૂધમાંથી ફીણ પણ ઉત્પન્ન થયાં.[૧૯] એક સમયે એ ફીણમાંનો અમુક ભાગ, વાછરડાના મુખમાંથી પડીને પૃથ્વીપર ઉભેલા મહાદેવના મસ્તકઉપર પડયો, જેથી તે પ્રભુએ ક્રોધાયમાન થઈને (પોતાના ત્રીજા નેત્રવડે) સર્વ ગાયોસામે દૃષ્ટિ ફેંકવા માંડી.[૨૦] હે રાજા! તે સમયે પોતાના લલાટના નેત્રથી રોહિણી ગાયોને જાણે બાળી નાખતા હોય, તેમ મહાદેવ જોવા લાગ્યા; જેથી તેમના નેત્રના રૌદ્ર તેજે, સૂર્ય જેમ મેઘોને રંગબેરંગી કરી નાખે છે, તેમ સર્વ કપિલા ગાયોને અનેક પ્રકારના રંગોવાળી કરી નાખી. માત્ર જે ગાયો, તે સમયે નાસી છૂટીને ચંદ્રને આશ્રયે રહી હતી, તેઓજ જેવા વર્ણથી ઉત્પન્ન થઇ હતી તેવા વર્ણની રહી; પણ બાકીની સર્વ ગાયો તો ભિન્નભિન્ન વર્ણનીજ થઇ ગઇ. તે પછી પ્રજાપતિ દક્ષે; ક્રોધાયમાન થયેલા મહાદેવને કહ્યું:–[૨૧–૨૨] “તમે કેવળ અમૃતથીજ છંટાયા છો, કેમકે વાછરડાંઓએ ધાવેલું ગાયનું દૂધ કદી ઉચ્છિષ્ટ ગણાતું નથી. જેમ ચંદ્ર અમૃતને ગ્રહણ કરીને પુનઃ અમૃતનેજ સ્રવે છે, તેમ આ રોહિણી ગાયો પણ અમૃતમાંથીજ ઉત્પન્ન થયેલા દૂધને સ્રવે છે. જેમ વાયુ, અગ્નિ, સુવર્ણ, સમુદ્ર અને દેવોએ પીધેલું અમૃત કદી દોષપાત્ર નથી, તેમ વાછરડાંઓએ ધાવેલી વત્સલ સ્વભાવની ગાય, કદી ઉચ્છિષ્ટ થતીનથી. આ ગાયો યજ્ઞનિમિત્તે હવિષ્ (ઘી) આપીને તથા દૂધ આપીને સર્વ લોકોનું પોષણ કરશે અને આ ગાયોના અમૃતરૂપ (દૂધરૂપ) પવિત્ર ઐશ્વર્યની સર્વ લોકો ઈચ્છા કરશે.” એમ કહીને હે ભારત! પ્રજાપતિએ, ગાયોની સાથે એક બળદનું શંકરને દાન કર્યું અને તેમના મનને પ્રસન્ન કર્યું. મહાદેવ પણ પ્રજાપતિના એ દાનથી પ્રસન્ન થયા. તેમણે પ્રજાપતિએ આપેલા તે બળદને પોતાનું વાહન બનાવ્યો અને પોતાની ધ્વજામાં સ્થાપિત કર્યો. તે દિવસથી આરંભીનેજ મહાદેવ, ‘વૃષભધ્વજ’ કહેવાય છે. વળી તે સમયે સર્વ દેવતાઓએ પણ મહાદેવને પશુપતિ કર્યા અને તે ઇશ્વરને ગાયોના મધ્યમાં ‘વૃષભાઙ્ગ’ એવા નામથી બોલાવ્યા.[૨૪–૨૯] એ રીતે સર્વ ગાયોમાં, જેઓ મિશ્રવર્ણવાળી ન હોતાં કેવળ કપિલા (લાલ વર્ણની)જ હોય, તેઓ મહાતેજસ્વી ગણાય છે અને તે માટેજ દાનમાં પણ તેને ઉત્તમ કહેવામાં આવી છે.[૩૦] જે પુરુષલોકમાં શ્રેષ્ઠ કહેવાતી, લોકોની આજીવિકાને માટે ઉત્પન્ન થયેલી, રુદ્રના તેજથી યુક્ત થયેલી, ચંદ્રના ઝરણરૂપ અમૃતના નિવાસસ્થાનભૂત, પવિત્ર, સર્વ કામનાઓને પૂરનારી અને સર્વને

પ્રાણશક્તિ આપનારી સૌમ્ય ગાયોનું દાન કરે છે, તે પુરુષ પ્રાણીમાત્રની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે, એમ સમજવું.[૩૧] આ ગાયોનું ઉત્પત્તિવૃત્તાંત ઘણુંજ ઉત્તમ છે, માટે માંગલિક વૃત્તાંત ઉપર પ્રીતિ રાખનારો જે મનુષ્ય પોતે સદાય અપવિત્ર અવસ્થામાં હોય છે તોપણ આ ગાયોની ઉત્પત્તિકથાનું પઠન કરીને કળિયુગનાં સર્વ પાપથી મુક્ત થાય છે; એટલુંજ નહિ પરંતુ લક્ષ્મી, પુત્ર, ધન અને પશુઓને નિરંતર સંપાદન કરે છે.[૩૨] હે રાજન્ ! હવ્ય, કવ્ય, તર્પણ, વાહન, શાંતિકર્મ, વસ્ત્ર અને વૃદ્ધ તથા બાળકની પ્રસન્નતા એ સર્વ ગુણોનો કેવળ ગોદાનમાંજ સમાસ થઇ જાય છે, માટે ગાયનું દાન કરનારો પુરુષ, એ સર્વ ગુણોને સદા મેળવે છે.

વૈશંપાયને કહ્યું:–“ ભીષ્મપિતામહનું એ વાક્ય સાંભળ્યા પછી રાજા યુધિષ્ઠિર, પોતાના ભાઇઓને સાથે રાખીને નિરંતર ઉત્તમ બ્રાહ્મણોને, સુવર્ણસમાન વર્ણવાળી (કપિલા) ગાયોનું તથા બળદોનું દાન કરવા લાગ્યા;[૩૪] તેમજ યજ્ઞને ઉદ્દેશીને કંઇ દક્ષિણા આપવાની હોય ત્યારે પણ દિવ્ય લોકને જીતવામાટે તથા ઉત્તમ કીર્તિ સંપાદન કરવામાટે સેંકડો ને હજારો ગાયોનું બ્રાહ્મણોને દાન કરવા લાગ્યા. ”[૩૫]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ગાયોની ઉત્પત્તિનું કથન” એ વિષયનો
અધ્યાય ૭૭ મો સમાપ્ત

અધ્યાય ૭૮ મો

ગો–ઉપનિષદ્

॥ भीष्म उवाच ॥

एतस्मिन्नेवकाले तु वसिष्ठमृषिसत्तमम् ।
इक्ष्वाकुवंशजो राजा सौदासो वदतांवरः ॥१॥

ભીષ્મે કહ્યું:–“ ગાયોની ઉત્પત્તિ સમયે ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલો અને વક્તાઓમાં શ્રેષ્ઠ રાજા સૌદાસ, પોતાના પુરોહિત મહર્ષિ વસિષ્ઠ કે જે સર્વલોકમાં વિચરનારા હતા, સિદ્ધ થયા હતા, વેદના એક ભંડારરૂપ હતા અને ઘણુજ પુરાણકાળના હતા તેમને વંદન કરીને આ પ્રમાણે પૂછવા લાગ્યો.”[૧,૨]

સૌદાસે પૂછ્યું:–“ હે નિર્દોષ ભગવન્ ! આ ત્રૈલોકયમાં એવું પવિત્ર શું કહેવાય છે, કે જેનું નિત્ય પઠનપાઠન કરીને મનુષ્ય, ઉત્તમ પુણ્યને પ્રાપ્ત કરે ? ”[૩]

ભીષ્મે કહ્યું:– તે સમયે પોતાને પ્રણામ કરીને પૂછનારા રાજા સૌદાસને, પવિત્ર અને વિદ્વાન મહર્ષિ વસિષ્ઠે, સર્વનું હિત કરનારૂં ગાયોની ઉપનિષદ્રૂપ વચન, ગાયોને નમસ્કાર કરીને કહેવા માંડયું:–[૪] “ ગાયો સુગંધવાળી હોય છે અને ગુગળના જેવા ગંધવાળી હોય છે. ગાયો પ્રાણીમાત્રની પ્રતિષ્ઠારૂપ હોય છે અને મોટા કલ્યાણના આશ્રયસ્થાનરૂપ હોય છે.[૫] ગાયો ભૂત તથા ભવિષ્યરૂપ હોય છે, સનાતન કાળની પૃષ્ટિરૂપ છે અને લક્ષ્મીનું મૂળ છે. માટે ગાયને આપેલું કદી વૃથા થતું નથી.[૬] ગાયો શ્રેષ્ઠ અન્નરૂપ છે, દેવતાઓના ઉત્તમ હવિષસાધનરૂપ છે અને સ્વાહાકાર તથા વષટ્કાર પણ ગાયોમાંજ નિત્ય સ્થિતિ કરી રહ્યા છે.[૭] ગાયો યજ્ઞના ફળરૂપ છે, ગાયોને આધારે યજ્ઞો ટકી રહ્યા છે, ગાયો ભૂત તથા ભવિષ્યની મૂર્તિ છે અને ગાયોમાં સર્વ યજ્ઞો સ્થિતિ કરી રહ્યા છે.[૮] હે મહાતેજસ્વી રાજા ! સાયંકાળે તથા પ્રાતઃકાળે નિત્ય હોમ કરવાનો જ્યારે સમય થાય છે, ત્યારે ગાયોજ ઋષિઓને હોમસાધન અર્પણ કરે છે.[૯] હે સમર્થ રાજા ! જે પુરુષો ગાયનું દાન કરે છે, તેઓ મહાભયંકર પ્રકારનાં હરકોઈ પાપકર્મ કરીને પણ સર્વ પાપોને તરી જાય છે.[૧૦] જે પુરુષની પાસે દશ ગાયો હોય તેણે એક ગાયનું દાન કરવું, જેની પાસે સો ગાયો હોય તેણે દશ ગાયોનું દાન કરવું અને જેની પાસે હજાર ગાયો હોય તેણે સો ગાયોનું દાન કરવું. આ સર્વ દાતાઓને એકસરખુંજ ફળ મળે છે.[૧૧] જે પુરુષ સો ગાયનો માલીક હોય છતાં અગ્નિહોત્રથી રહિત હોય, જે પુરુષ હજાર ગાયોનો માલીક હોય છતાં યજ્ઞયાગ કરતો ન હોય અને જે પુરુષ સમૃદ્ધિમાન હોય છતાં લોભવૃત્તિનો હોય, તો તેઓ ત્રણે જણા પૂજાસત્કારને યોગ્ય

ગણાતા નથી.[૧૨] જે પુરુષો વાછરડાસહિત ઉત્તમ શીલવાળી તથા વસ્ત્ર ઓઢાડેલી એક કપિલા ગાયનું, કાંસાના દોહનપાત્ર સાથે જો દાન કરે છે, તો તેઓ આ લોકને તથા પરલોકને જીતે છે.[૧૩] હે શત્રુતાપન રાજા! જે પુરુષો, એક બળદ કે જે યુવાન હોય, ઇંદ્રિયોની શક્તિવાળો હોય, સેંકડો ગાયોનાં ટોળાંનો પતિ હોય, સર્વ બળદોમાં શ્રેષ્ઠ હોય, મોટાં મોટાં શીંગડાંવાળો હોય અને સર્વ અલંકારોથી શણગારેલો હોય-તેવા બળદનું, ઉત્તમ શ્રોત્રિય બ્રાહ્મણને દાન કરે છે તેઓ પ્રત્યેક જન્મમાં ઐશ્વર્યને પામે છે.[૧૪,૧૫] હરકોઇ મનુષ્યે ગાયોનું નામકીર્તન કર્યાવિના સૂવું નહિ, ગાયોનું નામસ્મરણ કર્યાવિના ઉઠવું નહિ અને સાયંકાળે તથા પ્રાતઃકાળે ગાયોને નમસ્કાર કરવા; કેમકે તેથી મનુષ્ય પોષણ પામે છે.[૧૬] ગાયોનાં મૂત્ર કે છાણનું સુગ કરવું નહિ, તેમજ ગાયોના માંસનું કદી ભક્ષણ કરવું નહિ; કેમકે તેમ કરવાથી ગાયોની વૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.[૧૭] ગાયોનું નિત્ય કીર્તન કરવું; તેમજ ગાયોનુ કદી અપમાન કરવું નહિ. મનુષ્યને જો દુષ્ટ સ્વપ્ન જોવામાં આવે તો તેણે ગાયનું કીર્તન કરવું.[૧૮] મનુષ્યે, ગાયના મૂત્ર અને છાણથી નિત્ય સ્નાન કરવું, ગાયના છાણા ઉપર બેસવું, ગાય સામે બડખા, મૂત્ર કે વિષ્ઠાનો ત્યાગ કરવો નહિ અને ગાયને કદી મારવી નહિ.[૧૯] ગાયના ચામડાને જળના પ્રોક્ષણથી ભીનું કરી તેનાપર બેસીને ભોજન કરવું અને તે સમયે પશ્ચિમદિશા તરફ મુખ રાખવું, મૌનવ્રત ધારણ કરવું અને પૃથ્વીપર ગાયના ઘી સાથે ભોજન કરવું. આ વ્રત ધારણ કરીને પણ નિત્ય ગાયોની પુષ્ટિ મેળવી શકાય છે.[૨૦] ગાયના ઘીવડે અગ્નિમાં હોમ કરવો, ગાયના ઘીવડે સ્વસ્તિવાચન કરવું, ગાયના ઘીનું દાન કરવું અને ગાયના ઘીનું પ્રાશન કરવું; જેથી નિત્ય ગાયોની પુષ્ટિ પામી શકાય છે.[૨૧] જે પુરુષ, " गो माँ अग्नेविमाँ अश्वी " એ ગોમતી નામના મંત્રથી તલની ગાયને મંત્રીને તેમજ એ તિલધેનુને સર્વ રત્નોથી યુક્ત કરીને દાનમાં આપે છે, તેને કરેલાં કે નહિ કરેલાં કર્મોના સંબંધમાં કદી શોક કરવો પડતો નથી.[૨૨] જેમ નદીઓ સમુદ્રને પ્રાપ્ત થાય છે, તેમ સુવર્ણનાં શીંગડાંવાળી તથા દૂધને સ્રવનારી સુરભિઓ અને સૌરભેયી-ગાયો, મને પ્રાપ્ત થાઓ.[૨૩] હું નિત્ય ગાયોનાં દર્શન કરૂં છું અને ગાયો નિત્ય મારાં દર્શન કરો. ગાયો સદાય અમારી છે અને અમે સદાય ગાયોના છીએ. જે સ્થળે ગાયોનો નિવાસ છે તે સ્થળે અમે નિવાસ કરીએ.[૨૪] આમ રાત્રિદિવસ સુખના સમયે, દુઃખના સમયે અથવા મહાભયના સમયે મનુષ્ય કીર્તન કરે છે તો સર્વ પ્રકારના ભયથી મુક્ત થાય છે."[૨૫]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" ગોપ્રદાનિક " એ વિષયનો અધ્યાય
૭૮ મો સમાપ્ત

અધ્યાય ૭૯ મો

ગોપ્રદાનફળ

॥ वसिष्ठ उवाच ॥

शतं वर्षसहस्राणां तपस्तप्तं सुदुष्करम् ।
गोभिः पूर्वं विसृष्टाभिर्गच्छेम श्रेष्ठतामिति ॥

વસિષ્ઠે કહ્યું:- પૂર્વે, ગાયોની જ્યારે ઉત્પત્તિ થઇ, ત્યારે તેઓએ "અમે સર્વ કરતાં શ્રેષ્ઠતાને પામીએ" આવા અભિપ્રાયથી એક લાખ વર્ષપર્યંત મહાદુષ્કર તપ કર્યું હતું. (અને તેના પરિણામમાં તેઓએ એજ વર માગ્યો હતો કે,) "આ લોકમાં જે સર્વ દક્ષિણાઓ માનવામાં આવે છે તેમાં અમેજ ઉત્તમ થઇએ અને હે શત્રુતાપન બ્રહ્મદેવ! અમે કોઇ પ્રકારના દોષથી ન લેપાઇએ.[૧] અમારા છાણથી સ્નાન કરીને મનુષ્ય સર્વદા પવિત્ર થાય અને દેવો તથા મનુષ્યો, અમારા છાણવડે સર્વ અર્થને પવિત્ર કરે.[૩] હે માન આપનારા દેવ! સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓ અમારા છાણનો ઉપયોગ કરે અને અમારૂં દાન કરનારા પુરુષો અમારા લોકમાં ગતિ કરે."[૨-૪] તપને અંતે ગાયોએ એ વર માગ્યો, ત્યારે પ્રભુ બ્રહ્માએ,

"તથાસ્તુ" એમ કહીને તેઓને વર આપ્યો અને વિશેષમાં તેઓને કહ્યું કેઃ—"સર્વ લોકોનો તમે ઉદ્ધાર કરો."[૫] તે પછી ભૂતભવિષ્યની માતારૂપ તે ગાયો, સર્વ મનોરથોને સિદ્ધ કરીને તપશ્ચરણમાંથી ઉઠી. આવા હેતુથીજ ગાયો પ્રાતઃકાળમાં નમસ્કાર કરવાયોગ્ય છે અને એ રીતે ગાયોને નમસ્કાર કરનારો પુરુષ પુષ્ટિને પ્રાપ્ત થાય છે.[૬] હે મહારાજા! ગાયો, તપશ્ચર્યા કરી લીધા પછી લોકોનું કલ્યાણ કરવામાંજ તત્પર થઇ છે, માટે ગાયો મહાભાગ્યશાળી હોઇને પરમ પવિત્ર કહેવાય છે; એટલુંજ નહિ પણ તે ગાયો પ્રાણીમાત્રના મસ્તક ઉપર સ્થિતિ કરી રહી છે. (અર્થાત્ સર્વપ્રાણીઓમાં ઉત્તમ ગણાય છે.) મનુષ્યસમાન વર્ણના વાછરડાવાળી, ઉત્તમ દૂધને આપનારી, ઉત્તમ શીલવાળી અને વસ્ત્રથી ઢંકાયેલી એક કપિલા ગાયનું દાન કરીને બ્રહ્મલોકમાં પૂજાય છે;[૭,૮] તેમજ લાલ વર્ણવાળી, સમાનવર્ણના વાછરડાવાળી, ઉત્તમ દૂધ આપનારી, ઉત્તમ સ્વભાવની અને વસ્ત્રથી ઢંકાયેલી એક ગાયનું દાન આપીને મનુષ્ય સૂર્યલોકમાં પૂજાય છે.[૯] વળી સમાન વર્ણના વાછરડાવાળી, ઉત્તમ દૂધને આપનારી, ઉત્તમ શીલવાળી અને વસ્ત્રથી ઢંકાયેલી કાબરચિત્રી ગાયનું દાન કરીને મનુષ્ય ચંદ્રલોકમાં પૂજાય છે.[૧૦] જે એક ગાય સમાન વર્ણના વાછરડાવાળી, શ્વેત વર્ણની, ઉત્તમ દૂધ આપનારી, ઉત્તમ વ્રતવાળી અને વસ્ત્રથી ઢંકાયેલી હોય છે, તેનું દાન કરીને મનુષ્ય ઇંદ્રલોકમાં પૂજાય છે;[૧૧] તેમજ સમાનવર્ણના વાછરડાવાળી, દૂધને આપનારી અને ઉત્તમ સ્વભાવની એક કાળી ગાયને વસ્ત્ર ઓઢાડીને જે પુરુષ દાનમાં આપે છે તે અગ્નિના લોકમાં પૂજાય છે;[૧૨] તથા સમાન વર્ણના વાછરડાવાળી, દૂધને દેનારી, ઉત્તમ વ્રતવાળી અને વસ્ત્રથી ઢંકાયલી એક ભુખરા વર્ણની ગાયનું દાન કરીને મનુષ્ય, યમલોકમાં પૂજાય છે.[૧૩] જે ગાયનો વર્ણ જળના ફીણ જેવો હોય, તે ગાયને વસ્ત્ર ઓઢાડીને વાછરડાસહિત અને કાંસાના દોહનપાત્રસહિત દાનમાં આપીને મનુષ્ય વરુણના લોકને સંપાદન કરે છે.[૧૪] જે ગાયનો વર્ણ વાયુએ ઉડાડેલી રજના જેવો હોય તેવી ગાયને વસ્ત્ર ઓઢાડીને તેના વાછરડાની સાથે અને દોહવાના કાંસાના પાત્રની સાથે દાનમાં આપીને મનુષ્ય વાયુલોકમાં પૂજાય છે.[૧૫] જે ગાયનો વર્ણ સુવર્ણસમાન પિંગટ હોય છે અને જે ગાયનાં નેત્રો પિંગળાં હોય છે તેવી ગાયને વસ્ત્ર ઓઢાડીને વાછરડાની સાથે તથા કાંસાના દોહનપાત્ર સાથે દાનમાં આપીને મનુષ્ય કુબેરના લોકને પામે છે.[૧૬] જે ગાયનો વર્ણ ઘાસના પરાળ જેવો ભુખરો હોય છે તેવી ગાયને વસ્ત્ર ઓઢાડીને વાછરડાની સાથે અને કાંસાના દોહનપાત્રની સાથે દાનમાં આપીને મનુષ્ય, પિતૃલોકમાં પૂજાય છે.[૧૭] જે ગાય પુષ્ટ હોય અને ગળે લટકતી લાંબી કામળીવાળી હોય, તેને તેના વાછરડાની સાથે દાનમાં આપીને મનુષ્ય, સર્વ સંકટરહિત વિશ્વેદેવાના શ્રેષ્ઠ સ્થાનને પામે છે;[૧૮] તેમજ સમાનવર્ણના વાછરડાવાળી, દૂધને દેનારી, ઉત્તમ સ્વભાવની અને વસ્ત્રથી ઢંકાયેલી એક ગૌરવર્ણી ગાયનું દાન કરીને મનુષ્ય, વસુઓના લોકમાં પૂજાય છે;[૧૯] અને ઉજ્જવળ કામળાના વર્ણસમાન કાંતિવાળી એક ગાયને, વસ્ત્ર ઓઢાડીને વાછરડાસહિત અને કાંસાના દોહનપાત્રસહિત દાનમાં આપીને મનુષ્ય, સાધ્યોના લોકને પામે છે.[૨૦] હે રાજન્! જે પુરુષ વિશાળ પીઠવાળા એક બળદને સર્વ જાતનાં રત્નોથી શણગારીને દાનમાં આપે છે તે પુરુષ, મરુદ્ગણોના લોકને પામે છે.[૨૧] જે મનુષ્ય યોગ્ય વયના અને સુંદર અંગવાળા એક બળદને સર્વ રત્નોથી શણગારીને દાનમાં આપે છે, તે મનુષ્ય ગંધર્વો તથા અપ્સરાઓના લોકને પામે છે.[૨૨] જે એક બળદ ગળે લટકી રહેલી વિશાળ કામળીવાળો હોય છે, તેને સર્વ રત્નોથી શણગારીને દાનમાં આપનારો પુરુષ શોકથી રહિત થઇને પ્રજાપતિના લોકને પામે છે.[૨૩] હે રાજન્! ગાયોનું દાન કરવામાં આસક્ત રહેનારો પુરુષ, સૂર્યસમાન પ્રદીપ્ત વિમાનવડે મેઘમંડળને ભેદીને સ્વર્ગમાં વિરાજમાન થાય છે;[૨૪] અને તે ગોદાન ઉપર પ્રીતિ

રાખનારા શ્રેષ્ઠ પુરુષને સુંદર વસ્ત્રાલંકારને ધારણ કરનારી અને સુંદર નિતંબવાળી હજારો દેવાંગનાઓ પોતાની સાથે આનંદ કરાવે છે.[૨૫] વળી તે પુરુષ જ્યારે સૂતો હોય છે, ત્યારે વીણાના તારના, તથા ઝાંઝરોના ઝણઝણાટથી અને મૃગસમાન નેત્રવાળી સુંદરીઓનાં મંદહાસ્યોથી તેને જાગ્રત કરવામાં આવે છે;[૨૬] એટલુંજ નહિ પરંતુ તે ગોદાતા પુરુષ, ગાયના શરીર ઉપર જેટલાં રુવાંટાં હોય છે; તેટલાં વર્ષોપર્યંત સ્વર્ગમાં પૂજાય છે અને પુણ્યનો ક્ષય થયા પછી સ્વર્ગમાંથી જ્યારે પડે છે ત્યારે પણ મનુષ્યલોકમાં કોઈ વિશાળ સમૃદ્ધિવાળા ઘરમાં જન્મે છે."[૨૭]

ઈતિ શ્રી મહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ગોદાનવર્ણન" એ વિષયનો
અધ્યાય ૭૯ મો સમાપ્ત

અધ્યાય ૮૦ મો

ગોપ્રદાનફળ (ચાલુ)

॥ वसिष्ठ उवाच ॥

घृतशीरप्रदागावो घृतयोन्यो घृतोद्भवाः ।
घृतनद्यो घृतावर्तास्तामे संतु सदा गृहे ॥१॥

વસિષ્ઠે કહ્યું:–" ઘી અને દૂધને આપનારી, ઘીના ઉત્પત્તિસ્થાનરૂપ, ઘીને ઉત્પન્ન કરનારી, ઘીની નદીરૂપ અને ઘીનાંજ આવર્ત(ઘુમરી)વાળી ગાયો, મારે ઘેર સદાય રહો.[૧] ઘી મારા હૃદયમાં, નાભિમાં, સર્વ ગાત્રોમાં તથા મનમાં પણ રહ્યું છે.[૨] મારા અગ્રભાગમાં નિત્ય ગાયોજ રહો, મારા પાછળના ભાગમાં પણ ગાયોજ રહો અને મારી ચોતરફ નિત્ય ગાયોજ સ્થિતિ કરો; જેથી હું ગાયોની વચ્ચે નિવાસ કરૂં." આ પ્રમાણે જે પુરુષ સાયંકાળે અને પ્રાતઃકાળે આચમન કરીને નિત્ય જપ્યા કરે છે, તે દિવસે કરેલાં સર્વ પાપમાંથી મુક્ત થાય છે.[૪] જેઓ એક હજાર ગાયોનું દાન કરે છે, તેઓ જ્યાં સુવર્ણના પ્રાસાદો (મહાલયો) ઝળકી રહ્યા છે, જ્યાં મંદાકિની (ગંગા) નદી વહી રહી છે અને જ્યાં ગંધર્વો તથા અપ્સરાઓ વસી રહ્યાં છે ત્યાં જાય છે.[૫] વળી એક હજાર ગાયોનું દાન કરનારા પુરુષો, જ્યાં માખણરૂપ કાદવવાળી, દૂધરૂપ જળવાળી અને દહીંરૂપ શેવાળથી ઉભરાઇ રહેલી નદીઓ વહી રહી છે ત્યાં જાય છે.[૬] જે પુરુષ એક લાખ ગાયોનું વિધિપૂર્વક દાન કરે છે, તે પુરુષ આ લોકમાં મહાન અભ્યુદય સંપાદન કરીને સ્વર્ગલોકમાં પૂજાય છે.[૭] વળી તે પુરુષ, માતૃપક્ષના તથા પિતૃપક્ષના દશ દશ પુરુષોને, પુણ્યવંત લોકો પ્રાપ્ત કરાવી આપે છે અને પોતાના આખા કુળને પવિત્ર કરે છે.[૮] જે પુરુષ એક ગાયના પ્રમાણ જેટલી તલની ગાયનું દાન કરે છે અથવા જળની ગાયનું દાન કરે છે,તેને યમલોકમાં કોઈ જાતની વેદના પ્રાપ્ત થતી નથી.[૯] ગાયો અત્યંત પવિત્ર છે, સર્વ જગતની પ્રતિષ્ઠારૂપ છે, દેવતાઓની પણ માતા છે અને પ્રમાણાતીત ગુણો ધરાવનારી છે, માટે ગાયોનો નિત્ય સ્પર્શ કરવો, તેઓની પ્રદક્ષિણા કરવી અને સમયની પરીક્ષા કરીને સુપાત્રને તેઓનું દાન કરવું.[૧૦] મોટાં શિંગડાંવાળી એક કપિલા ગાયને વસ્ત્ર ઓઢાડીને તેના વાછરડાસહિત અને કાંસાના દોહનપાત્રસહિત દાનમાં આપીને, મનુષ્ય જેમાં દુઃખેથી પ્રવેશ કરી શકે છે તે–યમરાજાની સભામાં નિર્ભયતાપૂર્વક પ્રવેશ કરે છે.[૧૧] સુંદર રૂપવાળી, અનેક પ્રકારનાં સ્વરૂપવાળી, સમગ્ર જગતરૂપ અને જગતની માતારૂપ ગાયો, મારી સમીપમાં નિત્ય નિવાસ કરો" એમ હમેશાં કહેવું.[૧૨] આ ગોદાનના કરતાં વિશેષ પુણ્ય આપનારૂં બીજું કોઈ દાન નથી, આ ગોદાનના ફળ કરતાં અધિક પવિત્રતાવાળું બીજું ફળ નથી અને સર્વ લોકોમાં ગાયો કરતાં વિશેષ ઉત્તમતાવાળું બીજું કોઇ પ્રાણી ભૂતકાળમાં થયું નથી અને ભવિષ્યકાળમાં થવાને યોગ્ય પણ નથી.[૧૩] ગાયો પોતાની ચામડીથી, રુંવાંટાંથી, શિંગડાંથી, વાળથી, દૂધથી અને ઘીથી એકીસાથે યજ્ઞને સહાય કરી રહી છે, માટે તેનાથી અધિક બીજું શું હોય?[૧૪] જે ગાયરૂપ દેવતાથી આ સ્થાવર-જંગમ સર્વ જગત વ્યાપ્ત થઇ રહ્યું છે અને જે ભૂત તથા ભવિષ્યની માતા છે તે ગાયને હું

મારૂં મસ્તક નમાવીને પ્રણામ કરૂં છું.૧૫ હે રાજા! એ રીતે ગાયોના ગુણસમુદાયના અમુક એક ભાગનુંજ મેં તારી પાસે વર્ણન કર્યું છે; માટે સંક્ષેપમાં એટલુંજ કહી શકાય કે, ગાયોના દાન કરતાં બીજું શ્રેષ્ઠ દાન આ જગતમાં નથી અને ગાયના જેવું બીજું આશ્રય કરવાયોગ્ય કોઇ પ્રાણી નથી. ૧૬

ભીષ્મે કહ્યું:–"મહાત્મા સૌદાસ રાજાએ, વસિષ્ઠ ઋષિનું તે શ્રેષ્ઠ વચન લક્ષ્યમાં લઇને નિયમપૂર્વક ગાયરૂપ પુષ્કળ ધનનું બ્રાહ્મણોને દાન આપવા માંડયું; જેથી મરણ પછી દિવ્ય લોક સંપાદન કર્યા."૧૭

ઇતિશ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "ગોપ્રદાનિક"એ વિષયનો અધ્યાય ૮૦ મોસમાપ્ત

અધ્યાય ૮૧ મો

ગાયોની શ્રેષ્ઠતા

॥ युधिष्ठिर उवाच ॥

पवित्राणां पवित्रं यच्छिष्टं लोके च यद्भवेत् ।
पावनं परमं चैव तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! આ લોકમાં જે પ્રાણી સર્વ પવિત્રમાં પણ પવિત્ર હોય, સર્વ કરતાં શ્રેષ્ઠ હોય અને સર્વને પરમ પવિત્ર કરનાર હોય, તેના સંબંધમાં મને કહો."૧

ભીષ્મે કહ્યું:–"ગાયો મોટા અર્થોને સિદ્ધ કરનારી હોઇને સર્વના કરતાં પવિત્ર છે અને મનુષ્યોનો ઉદ્ધાર કરે છે. વળી તે ગાયો ઘી અને દૂધ આપીને સર્વ પ્રજાઓનું પોષણ કરે છે.૨ હે ભરતસત્તમ! આ જગતમાં ગાયોના કરતાં વિશેષ પવિત્ર બીજું કંઇપણ નથી. જેથી ત્રણે લોકમાં ગાયોનેજ પુણ્યદાયી, પવિત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવી છે.૩ ગાયો, દેવોના પણ ઉપરના લોકમાં નિવાસ કરે છે; જેથી ગાયોનું દાન કરીને મનુષ્ય પોતાનો ઉદ્ધાર કરે છે અને ઘણા વિદ્વાન પુરુષો ગાયોનું દાન કરીને સ્વર્ગલોકમાં જાય છે.૪ માંધાતા, યૌવનાશ્વ, યયાતિ અને નહુષરાજા, નિત્ય સેંકડો ને હજારો ગાયોનું દાન કરતા હતા;૫ અને તેથીજ તેઓ દેવતાઓને પણ દુર્લભ એવા શ્રેષ્ઠ સ્થાનને પામ્યા છે. હે નિર્દોષ રાજા! આ વિષયમાં પણ એક પુરાણકથા હું તને કહું છું.૬ એક સમયે મનને નિયમમાં રાખનારા, પવિત્ર અને બુદ્ધિમાન શુકદેવે, દિવસનાં સર્વ કૃત્યોથી પરવારીને, ઋષિઓમાં ઉત્તમ અને લોકની ભૂતભવિષ્ય સ્થિતિને જોનારા પોતાના પિતા વ્યાસને વંદન કરીને પ્રશ્ન કર્યો કે:–"સર્વ યજ્ઞોમાં કયો યજ્ઞ ઉત્તમ ગણાય છે અને વિદ્વાનો કયું કર્મ કરીને શ્રેષ્ઠ સ્થાનને પ્રાપ્ત કરે છે? હે પ્રભો! કયું પવિત્ર કર્મ કરીને દેવતાઓ સ્વર્ગલોકને પામ્યા છે? યજ્ઞનું યજ્ઞપણું શું કહેવાય છે? શેમાં યજ્ઞ સમાયલો છે? દેવોમાં ઉત્તમ શું ગણાય છે? સર્વ યજ્ઞોમાં પવિત્ર યજ્ઞ કયો? તથા સર્વ પવિત્ર વસ્તુઓમાં પવિત્ર વસ્તુ કયી? તે સર્વ, હે પિતા! તમે મને કહો."

હે ભરતશ્રેષ્ઠ! શુકદેવનું એ વચન સાંભળીને પરમ ધર્મવેત્તા વ્યાસે, એ સર્વ પ્રશ્નોના ઉત્તર યથાર્થ રીતે પોતાના પુત્રને કહેવા માંડયા.

વ્યાસે કહ્યું:–"ગાયો પ્રાણીમાત્રની પ્રતિષ્ઠારૂપ ગણાય છે, ગાયો સર્વના પરમ આશ્રયરૂપ છે, ગાયો પુણ્યદાયી અને પવિત્ર છે; તેમજ ગાયોરૂપી ધન સર્વને પવિત્ર કરનારૂં છે.૧૨ અમે સાંભળ્યું છે કે, પૂર્વે ગાયો શિંગડાંવિનાની હતી;* જેથી તેઓએ શિંગડાં સંપાદન કરવામાટે અવિનાશી પ્રભુ બ્રહ્મદેવનું આરાધન કર્યું હતું.૧૩ તે સમયે ગાયોને નિરાહાર સ્થિતિમાં બેસી રહેલી જોઈ પ્રભુ બ્રહ્માએ, તે પ્રત્યેક ગાયને ઇષ્ટ વર આપ્યો હતો.૧૪ તે પછી જે ગાયને મનમાં જેવાં શિંગડાંની ઇચ્છા હતી તેવાં શિંગડાં તેને ઉત્પન્ન થયાં; અને હે પુત્ર! તે દિવસથી આરંભીને અનેક વર્ણવાળી તથા શિંગ-

---

* આ વાતને પુષ્ટિ આપનારૂં આવું વેદવાકય પણ છે:– "**गावो वै सत्रमासत शफान् शृंगाणि सिषासत्यस्तासां दशमे मासि शफाः शृंगाण्यजायंत**–" ગાયોને ખરીઓ તથા શિંગડાં મેળવવાની ઇચ્છા થઇ, જેથી તેઓએ યજ્ઞનો આરંભ કર્યો. એટલે દશમે મહિને તેઓને ખરીઓ અને શિંગડાં પ્રાપ્ત થયાં."

ડાંઓવાળી થઇને ગાયો શોભવા લાગી.[૧૫] એ રીતે બ્રહ્માનો વર મેળવનારી ગાયો હવ્ય તથા કવ્યને અર્પણ કરનારી હોઇને શુભ ગણાય છે. તેઓ પુણ્યદાયી છે, પવિત્ર છે, મોટા ભાગ્યવાળી છે અને દિવ્ય આકૃતિ તથા લક્ષણોથી યુક્ત છે, માટેજ ગાયો, મોટા દિવ્ય તેજરૂપ ગણાય છે અને ગાયોનું દાન પણ પ્રશંસાપાત્ર કહેવાય છે. જે સત્પુરુષો મત્સરનો ત્યાગ કરનારા હોય છે, પુણ્યશાળી કહેવાતા હોય છે અને સર્વ પ્રકારનાં દાનો આપનારા હોય છે,તેઓ પણ હે નિર્દોષ પુત્ર ! નિત્ય ગાયોનાં દાન કરે છે અને તે દ્વારા ગાયોના પવિત્ર લોકને પામે છે.[૧૯] હે ઉત્તમ બ્રાહ્મણ! જે દિવ્ય લોકમાં મિષ્ટ ફળ આપનારાં અને દિવ્ય પુષ્પફળથી લચી રહેલાં ભરપૂર વૃક્ષો ઉગી નીકળેલાં .છે તથા સુગંધવાળાં દિવ્ય પુષ્પો ખીલી રહ્યાં છે, જ્યાંની સર્વ ભૂમિ કેવળ મણિમય છે, અને જ્યાંનાં જળાશયો તદ્દન સુવર્ણની રેતીવાળાં છે, સર્વ ઋતુમાં સુખકારક સ્પર્શ કરી શકાય તેવાં છે, કાદવથી રહિત છે, અત્યંત સ્વચ્છ છે તથા પવિત્ર છે, અને જેની આસપાસ બાલસૂર્યસમાન પ્રકાશવાળાં, મણિઓથી જડેલાં અને તદ્દન સુવર્ણનાં લાલ કમળોનાં વનો આવેલાં હોઈને જેઓ સુંદર શોભી રહ્યાં છે; વળી જ્યાં મહામૂલ્યવાન મણિઓસમાન પાંખડીઓવાળાં અને સુવર્ણસમાન પ્રદીપ્ત કેસરાવાળાં નીલવર્ણનાં કમળોથી યુક્ત એવાં અનેક સરોવરો છે; વળી જ્યાં પ્રફુલ્લિત કેતકી (કેવડા)નાં વનોથી, હજારો લતાજાળોથી ઢંકાયલાં કલ્પવૃક્ષોનાં વનોથી અને બીજાં અનેક પ્રફુલ્લિત થયેલાં વૃક્ષોથી શોભી રહેલી સુંદર નદીઓ છે કે જે નદીઓ નિર્મળ મોતીઓથી, મહાકાંતિમાન મણિઓથીઃ અને સુવર્ણથી અલંકૃત કાંઠાઓવડે શોભે છે.[૨૪] વળી જ્યાં તે નદીઓ ઉપર જાણે સર્વ પ્રકારનાં રત્નોમય હોય તેવાં ચિત્રવિચિત્ર ઉત્તમ વૃક્ષો, સુવર્ણમય હોય તેવાં જણાય છે અને તેમાંનાં કેટલાંએક અગ્નિસમાન પ્રભાવાળાં ભાસે છે; તેમજ એ દિવ્ય લોકોમાં સુવર્ણના અનેક પર્વતો પ્રકાશી રહ્યા છે,કે જેઓ મણિ અને રત્નોની શિલાઓથી વ્યાપ્ત છે તથા સર્વ રત્નોમય ઉંચાં સુંદર શિખરોથી ઝળકી રહ્યા છે.[૨૬] હે ભરતશ્રેષ્ઠ ! તે લોકમાં નિત્ય પુષ્પફળવાળાં અને પક્ષીઓથી વ્યાપ્ત અનેક વૃક્ષો છે, કે જેઓનાં ગંધ, રસ, પુષ્પ અને ફળ દિવ્ય છે.[૨૭] હે યુધિષ્ઠિર ! જેઓ પુણ્યકર્મ કરનારા હોય છે, તેઓ એ દિવ્ય લોકમાં સર્વ ઇષ્ટવૈભવોથી સમૃદ્ધિમાન થઇને તેમજ શોક અને સંતાપથી રહિત થઈને નિત્ય આનંદ કરે છે.[૨૮] હે ભારત ! પુણ્યકર્મ કરનારા યશસ્વી પુરુષો, સુંદરતાવાળાં અદ્ભુત વિમાનોમાં વિહાર કરીને પ્રસન્ન થાય છે.[૨૯] હે રાજા ! અપ્સરાઓના સુંદર સમુદાયો, તે પુરુષોને રમણ કરાવે છે. હે યુધિષ્ઠિર ! ગાયનું દાન કરીને મનુષ્ય, એ દિવ્યલોકોને પામે છે.[૩૦] હે બ્રહ્મન્ ! ગાયનુ દાન કરનારા પુરુષો જે દિવ્યલોકોનો અધિપતિ બળવાન પૂષાદેવ અને બળવાન વાયુ છે; તેમજ જે લોકોના ઐશ્વર્યનો રાજા વરુણદેવ છે તે લોકોમાં જાય છે. વળી તેજ પ્રમાણે " युगंधरा, सुरूपा, बहुरूपा, विश्वरूपा અને मातरं" એવાં પ્રજાપતિએ કહેલાં ગાયનાં નામોનો નિત્ય જાપ કરનાર પુરુષ પણ નિયમિત વ્રત ધારણ કરનારો હોઇને તે દિવ્ય લોકોમાં જાય છે.[૩૧,૩૨] જે પુરુષ, ગાયોની સેવા કરે છે અને જે પુરુષ સર્વ પ્રકારે તેઓને અનુસરે છે, તેનાપર ગાયો પ્રસન્ન થાય છે અને તેને અત્યંત દુર્લભ વરો પણ આપે છે.[૩૩] ગાયોનો કદી મનથી પણ દ્રોહ કરવો નહિ; પરંતુ નિત્ય તેઓને સુખ આપવું, સદાકાળ તેઓની પૂજા કરવી અને નમસ્કારપૂર્વક તેઓનો સત્કાર કરવો.[૩૪] જે પુરુષ ઇંદ્રિયોનો નિગ્રહ કરીને તથા મનને નિત્ય પ્રસન્ન રાખીને ગાયોની ભક્તિ કરે છે, તે પુરુષને પરલોકમાં ગાયોના જેવી સમૃદ્ધિ મળે છે. જેને ગાયોની પુષ્ટિની ઇચ્છા હોય તેણે ત્રણ દિવસ ઉષ્ણ ગોમૂત્ર પીવું અને ત્રણ દિવસ ગાયનું દૂધ ઉનું કરીને પીવું. એ રીતે ત્રણ દિવસ ગાયોના ઉષ્ણ દૂધનું પાન કરીને બીજા ત્રણ દિવસ ગાયનું ઘી ઉનું કરીને પીવું.ત્રણ દિવસ ઉનું ઘી પીધા પછી ત્રણ દિવસ વાયુનું ભક્ષણ કરવું.[૩૫,૩૬] એ

રીતે કર્યાં પછી, ગાયના જે પવિત્ર ઘીથી દેવતાઓ ઉત્તમ લોકને ભોગવી રહ્યા છે અને જે સર્વ પવિત્રમાં પણ પવિત્ર ગણાય છે, તે ગાયના ઘીને મસ્તક ઉપર ધારણ કરવું;[૩૭] તેમજ ગાયના ઘીથી અગ્નિમાં હોમ કરવો, ગાયના ઘીથી સ્વસ્તિવાચન કરાવવું, ગાયના ઘીનું પ્રાશન કરવું અને ગાયના ઘીનું દાન કરવું, આ રીતે કરવાથી મનુષ્ય ગાયોની પુષ્ટિને પામે છે. જે પુરુષ ગાયના છાણમાંથી નીકળેલા જવની કાંજી બનાવીને એક મહિનાસુધી ખાય છે, તે પુરુષ બ્રહ્મહત્યા જેવા સર્વ પાપથી મુક્ત થઈને શુદ્ધ થાય છે.[૩૯] પૂર્વે દૈત્યોએ જ્યારે દેવોનો પરાજય કર્યો હતો, ત્યારે દેવોએ આજ પુણ્ય કર્યું હતું; (અર્થાત્ ગાયના છાણમાંથી નીકળેલા જવની કાંજીનું ભક્ષણ કરવારૂપ વ્રત કર્યું હતું) જેથી તેઓ, પુનઃ દેવપણાને પામ્યા હતા, સિદ્ધ થયા હતા અને મહાબળવાન થયા હતા. ગાયો પવિત્ર છે, પુણ્યદાયી છે અને પરમ પવિત્ર કરનાર એક મહાન પ્રાણી છે; માટે ગાયોનું બ્રાહ્મણોને દાન કરીને મનુષ્ય, સ્વર્ગના લોકને પામે છે.[૪૧] જે પુરુષ સ્નાનાદિકથી પવિત્ર થઈને ગાયોની વચ્ચે બેસી, પવિત્ર જળથી આચમન કરીને પૂર્વોક્ત ગોમતી મંત્રનો મનમાં જાપ કરે છે, તે પુરુષ પવિત્ર અને નિર્મળ થાય છે.[૪૨] જે બ્રાહ્મણો વિદ્યાસ્નાત, વેદસ્નાત અને વ્રતસ્નાત હોઇને પુણ્યકર્મ કરનારા હોય છે, તેઓએ અગ્નિની વચ્ચે, ગાયોની વચ્ચે અથવા બ્રાહ્મણોની સભા વચ્ચે બેસીને, યજ્ઞતુલ્ય ગોમતી મંત્રનો પોતાના શિષ્યોને અભ્યાસ કરાવવો. જે મનુષ્ય ત્રણ દિવસ ઉપવાસી રહીને ગોમતી મંત્રનો જાપ કરે છે, તેને ગોમતી મંત્રમાં કહેવામાં આવેલો વર પ્રાપ્ત થાય છે.[૪૩,૪૪] જેને પુત્ર મેળવવાની ઈચ્છા હોય તે ગોમતી મંત્રનો જાપ કરીને પુત્ર મેળવે છે, જેને ધન મેળવવાની ઇચ્છા હોય તે ગોમતી મંત્રનો જાપ કરીને ધન મેળવે છે, જે સ્ત્રીને પતિ મેળવવાની ઇચ્છા હોય તે ગોમતી મંત્રનો જાપ કરીને પતિને મેળવે છે; એટલુંજ નહિ પણ ગોમતી મંત્રનો જાપ કરીને મનુષ્ય સર્વ કામનાઓને સંપાદન કરે છે. તેમજ ગાયોનું જો સેવન કરવામાં આવે છે, તો તેઓ પણ પ્રસન્ન થઈને સર્વ ઇષ્ટ પદાર્થોને અર્પણ કરે છે, એમાં કંઇ સંશય નથી.[૪૫] એ પ્રમાણે ગાયો મોટા ભાગ્યવાળી છે, યજ્ઞમાં ઉપયોગી છે અને સર્વ કામનાઓને આપનારી છે, એમ તારે જાણવું. આ ગાયોના કરતાં બીજું કોઈ પણ પ્રાણી ઉત્તમ નથી."[૪૬]

પોતાના મહાત્મા પિતાએ એ રીતે કહ્યું, એટલે મહાતેજસ્વી શુકદેવે ગાયોની નિત્ય પૂજા કરવા માંડી, માટે તું પણ ગાયોની પૂજા કર."

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ગોપ્રદાનિક" એ વિષયનો અધ્યાય
૮૧ મો સમાપ્ત

અધ્યાય ૮૨ મો

ગોમૂત્ર અને ગોમય (છાણ)માં લક્ષ્મીદેવીનો વાસ

॥ युधिष्ठिर उवाच ॥

मया गवां पुरीषं वै श्रियाजुष्टमिति श्रुतम् ।
एतदिच्छाम्यहं श्रोतुं संशयोऽत्र पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે પિતામહ ! મેં સાંભળ્યું છે કે, ગાયોના છાણને લક્ષ્મીદેવીએ પોતે સેવ્યું છે, તો એ વિષે મને સંશય રહે છે; માટે તેના સંબંધમાં સાંભળવાની મને ઇચ્છા છે.[૧]

ભીષ્મે કહ્યું:–"હે ભરતશ્રેષ્ઠ રાજા ! આ વિષયમાં પણ ગાયોની સાથે થયેલા લક્ષ્મીના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૨] એક સમયે લક્ષ્મીએ સુંદર શરીર ધારણ કરીને ગાયોની વચ્ચે પ્રવેશ કર્યો, ત્યારે તેની રૂપસંપત્તિ જોઇને ગાયો વિસ્મય પામી. (અને આ પ્રમાણે બોલી).[૩]

ગાયોએ કહ્યું:–"હે દેવિ ! પૃથ્વીપર આવું અનુપમ સ્વરૂપ ધારણ કરનારી તું કોણ છે ? ક્યાંથી આવી છે ? હે મોટા ભાગ્યવાળી ! તારી રૂપસંપત્તિ જોઇને અમે વિસ્મય પામી છીએ.[૪] અમે તારા સંબંધમાં જાણવા ઇચ્છીએ છીએ

કે, તું કોણ છે અને ક્યાં જવા ધારે છે? હે સુંદરિ! અમારા એ સર્વ પ્રશ્નોનો તું અમને યથાર્થ ઉત્તર આપ."[૫]

લક્ષ્મીએ કહ્યું:-"તમારૂં કલ્યાણ થાઓ. હું સર્વ લોકને પ્રિય છું, મારૂં નામ લક્ષ્મી છે અને હું સર્વ જગતમાં પ્રસિદ્ધ છું. મેં દૈત્યોનો ત્યાગ કર્યો છે, તેને લીધે તેઓ સદાકાળને માટે નષ્ટ થઇ ગયા છે;[૬] પણ ઇંદ્ર, યમ, ચંદ્ર, વિષ્ણુ, વરુણ અને અગ્નિ-વગેરે દેવોનો મેં આશ્રય કર્યો છે; જેથી તેઓ સર્વ સદાકાળને માટે આનંદ કરી રહ્યા છે;[૭] એટલુંજ નહિ પણ ઋષિઓનો અને દેવતાઓનો હું જ્યારે સ્વીકાર કરૂં છું ત્યારેજ તેઓ સિદ્ધ થાય છે, પરંતુ જેઓનો હું સ્વીકાર કરતી નથી તેઓ સર્વ પ્રકારે વિનાશ પામે છે.[૮] ધર્મ, અર્થ અને કામ, એ પુરુષાર્થોનો પણ જ્યારે હું સ્વીકાર કરૂં છું, ત્યારેજ તેઓ સુખજનક થઇ શકે છે. હે સુખ આપનારી ગાયો! મને આવા પ્રભાવવાળી તમે જાણો.[૯] હું, હવે તમારાવિષે પણ નિત્ય નિવાસ કરવાની ઈચ્છા રાખું છું, માટે તમારી પાસે આવીને પ્રાર્થના કરૂં છું કે, તમે "હવે લક્ષ્મીથી સેવાયલી (યુક્ત) થાઓ."[૧૦]

ગાયોએ કહ્યું:-"તું ચંચળ છે, ચપળ છે અને અનેકની સાથે સામાન્ય રીતે રહેનારી છે; માટે તને સાથે રાખવાની અમને ઇચ્છા નથી, તેથી તને જ્યાં આનંદ મળતો હોય ત્યાં તું જા. તારૂં કલ્યાણ થાઓ.[૧૧] અમે સર્વ, સ્વાભાવિક રીતેજ શરીરસંપત્તિવાળી છીએ, તો હવે, તારે લીધે અમને શી વિશેષતા પ્રાપ્ત થવાની છે? માટે તું તારી ઈચ્છામાં આવે ત્યાં જા. અમને અમારા પ્રશ્નનો ઉત્તર આપીને તેં કૃતકૃત્ય કરી છે."[૧૨]

લક્ષ્મીએ કહ્યું:-"હે ગાયો! તમે મને અભિનંદન આપતાં નથી, એ શું તમને યોગ્ય છે કે? હું અત્યંત દુર્લભ છું, છતાં તમે મારો શામાટે સ્વીકાર કરતી નથી?[૧૩] હે ઉત્તમ વ્રતવાળી ગાયો! ખરેખર, આ લોકકહેવત સત્ય છે કે, જે મનુષ્ય વગરબોલાવ્યો આવે છે તેનું અપમાનજ થાય છે. (અર્થાત્ વગર બોલાવ્યો બોલે તે તણખલાને તોલે.)[૧૪] મનુષ્યો, મોટું ઉગ્ર તપ કરીને પણ મારૂં સેવન કરે છે; અને દેવો, દાનવો, ગંધર્વો, પિશાચો, સર્પો તથા રાક્ષસો પણ મારી સેવા કરે છે.[૧૫] આવો મારો પ્રભાવ છે, માટે હે ગાયો! તમે મારો સ્વીકાર કરો. હે સૌમ્ય ગાયો! આ સ્થાવરજંગમ ત્રૈલોક્યમાં હું કદી અપમાનપાત્ર નથીજ."[૧૬]

ગાયોએ કહ્યું:-"હે દેવિ! અમે તારૂં અપમાન કરતાં નથી, તેમ તારો તિરસ્કાર પણ કરતાં નથી. માત્ર, તું અસ્થિર સ્વભાવની છે અને તારૂં ચિત્ત ઘણું ચંચળ છે, તેથીજ અમે તારો ત્યાગ કરીએ છીએ;[૧૭] માટે હવે, વધારે કહેવાથી શું? માત્ર અમે એટલુંજ કહીએ છીએ કે, તને જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં તું જા. અમે સર્વ સુંદર શરીરવાળી છીએ, જેથી હે નિર્દોષ દેવિ! અમને તારૂં શું પ્રયોજન છે?"[૧૮]

લક્ષ્મીએ કહ્યું:-"હે માન આપનારી ગાયો! તમે મારૂં અપમાન કરશો, તેથી સર્વ લોકોમાં હું અપમાનપાત્ર થઇશ; માટે તમે મારાપર કૃપા કરો.[૧૯] તમે મહાભાગ્યશાળી છો અને શરણે આવનારનું રક્ષણ કરનારીઓ છો. માટે તમારે શરણે આવેલી, નિત્ય તમારી સેવા કરનારી અને નિર્દોષ એવી જે હું તેની તમે રક્ષા કરો. તમે નિરંતર કલ્યાણરૂપ છો, માટે હું તમારા મનને ઇચ્છું છું અને તમારા હરકોઇ નિંદ્ય અંગમાં પણ નિવાસ કરવાની ઇચ્છા રાખું છું, જો કે તમારાં અંગોમાં એક પણ અંગ નિંદ્ય જોવામાં આવતું નથી; કેમકે તમે નિર્દોષ છો, પુણ્યદાયી છો, પવિત્ર છો અને ભાગ્યશાળી છો, તોપણ તમારા એક અંગમાં નિવાસ કરવાની મને આજ્ઞા આપો.[૨૨] હું તમારા જે અંગમાં નિવાસ કરૂં તે અંગ કયું છે? તે કહેવાને તમે યોગ્ય છો."

લક્ષ્મીએ એ પ્રમાણે કહ્યું, એટલે દીન ઉપર વત્સલતા રાખનારી તે પવિત્ર ગાયોએ, સર્વ એકત્ર મળીને વિચાર કર્યો અને પછી હે રાજા! તેઓએ લક્ષ્મીને કહ્યું:-"હે યશસ્વિનિ! તને અમારે અવશ્ય માન આપવું જોઇએ. (માટે અમે તને કહીએ છીએ કે,) તું અમારા છા-

છાણમાં તથા મૂત્રમાં નિવાસ કર; કેમકે હે ભદ્રે ! અમારૂં તે પવિત્ર છે."[૨૩,૨૪]

લક્ષ્મીએ કહ્યું:-"તમે મારાપર અનુગ્રહ કરવારૂપ કૃપા કરી છે, તે મારૂં અહોભાગ્ય છે. ભલે, હું તમારા છાણમાં અને મૂત્રમાં નિવાસ કરીશ. હે સુખપ્રદ ગાયો ! તમે મને માન આપ્યું છે, માટે તમારૂં કલ્યાણ થાઓ."[૨૫]

હે ભારત ! લક્ષ્મી, એ પ્રમાણે ગાયોની સાથે સંકેત કરીને ગાયોના દેખતાંજ ત્યાં અંતર્ધાન થઇ ગઇ.[૨૬] હે પુત્ર ! એ રીતે ગાયના છાણના માહાત્મ્યનું વર્ણન મેં તારી પાસે કર્યું. હવે, પુનઃ ગાયોનું માહાત્મ્ય હું તને કહું છું, તેનું તું શ્રવણ કર."[૨૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "લક્ષ્મી અને ગાયનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૮૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૮૩ મો

ગોલોકવર્ણન

॥ भीष्म उवाच ॥

ये च गां संप्रयच्छन्ति हुतशिष्टाशिनश्च ये ।
तेषां सत्राणि यज्ञाश्च नित्यमेव युधिष्ठिर ॥१॥

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિરરાજા! જેઓ ગાયનું દાન કરે છે અને વૈશ્વદેવ કર્યા પછી બાકી રહેલા અન્નનું ભોજન કરે છે, તેઓને નિત્ય સત્ર અને યજ્ઞોનું ફળ મળે છે. આ લોકમાં દહીં ઘી ન હોય તો કદી યજ્ઞ થઇ શકે નહિ, માટે યજ્ઞનું યજ્ઞપણું દહીં અને ઘીથીજ સિદ્ધ થાય છે; આવા આશયથીજ ગાયોને યજ્ઞનું મૂળ કહેવામાં આવે છે.[૨] સર્વ દાનોમાં પણ ગાયોનું દાન વિશેષ પ્રશંસનીય ગણાય છે; કારણ કે ગાયો શ્રેષ્ઠ છે, પવિત્ર છે અને સર્વને પવિત્ર કરનાર ઉત્તમ પ્રાણી છે.[૩] પ્રત્યેક મનુષ્યે પોતાની તથા ગાયોની પુષ્ટિને માટે તેમજ પોતાના સર્વ ઉપદ્રવોની શાંતિને માટે નિત્ય ગાયોનું સેવન કરવું. વળી ગાયોનું દૂધ, દહીં અને ઘી પણ સર્વ પાપમાંથી મુક્ત કરનાર છે.[૪] હે ભરતશ્રેષ્ઠ! આ લોકમાં તથા પરલોકમાં પણ ગાયોને પરમ તેજરૂપ કહેવામાં આવી છે અને ગાયો કરતાં અત્યંત પવિત્ર એવું બીજું કંઇ પણ નથી.[૫] હે યુધિષ્ઠિર ! આ વિષયમાં પણ બ્રહ્મદેવ અને ઇંદ્રના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૬]

પૂર્વે સર્વ દૈત્યો હાર્યા, ત્યારે ઇંદ્ર ત્રિભુવનનો રાજા થયો અને સત્યધર્મમાં પરાયણ રહેનારી સર્વ પ્રજાઓ પણ અત્યંત હર્ષ પામી.[૭] તે પછી હે કુંતાપુત્ર ! ઋષિઓ, ગંધર્વો, કિન્નરો, સર્પો, રાક્ષસો, દેવો, અસુરો, ગરુડો અને સર્વ પ્રજાપતિઓ, એક સમયે બ્રહ્મદેવનું ઉપાસન કરી રહ્યા હતા. (અર્થાત્ તેમની પાસે બેસીને તેમનું સેવન કરી રહ્યા હતા.)[૮] તે વેળા નારદ, પર્વત, વિશ્વાવસુ, હાહા અને હૂહૂ વગેરે-ગાયકો પણ દિવ્ય તાનપૂર્વક ગાયનો ગાઇને પ્રભુ બ્રહ્મદેવની સેવા કરી રહ્યા હતા. વળી તે સમયે વાયુ પણ દિવ્ય પુષ્પો લાવી લાવીને પ્રભુના ચરણમાં હાજર કરતો હતો અને સર્વ ઋતુઓ પણ જાતજાતનાં સુગંધી પુષ્પો લાવી લાવીને બ્રહ્મદેવની સેવામાં નિવેદન કરતી હતી. એ રીતે પ્રાણીમાત્રનો જેમાં સમાગમ થયો હતો એવા તે દેવોના મેળાવડામાં દિવ્ય વાદિત્રોના ગડગડાટ ચાલી રહ્યા હતા અને દેવતાઇ સ્ત્રીઓની તથા ચારણોની મોટી ઠઠ જામી હતી. તે સમયે ઇંદ્રે, દેવોના ઇશ્વર બ્રહ્મદેવને પ્રણામ કરીને પૂછ્યું કે:-[૯-૧૨]"હે ભગવન્ ! હે પિતામહ! ગાયોનો લોક, સર્વ લોકોના ઇશ્વર ગણાતા દેવોના લોક ઉપર રહેલો છે તેનું કારણ શું છે? એ જાણવાની મને ઇચ્છા છે.[૧૩] હે ઇશ્વર ! ગાયોએ તેવું કયું તપ કર્યું છે અથવા તેવું કયું બ્રહ્મચર્ય પાળ્યું છે, કે જેથી સર્વ દોષોથી મુક્ત થઇને તેઓ, દેવોના પણ ઉપરના લોકમાં સુખેથી રહે છે ?"[૧૪]

તે પછી બ્રહ્માએ, બલદૈત્યનો નાશ કરનારા ઇંદ્રને કહ્યું કે:-"હે ઇંદ્ર ! તું ગાયોની નિત્ય અવજ્ઞા કરે છે, તેથીજ ગાયોના માહાત્મ્યને જાણી શકતો નથી. હે સમર્થ શ્રેષ્ઠ દેવ ! ગાયોનો પ્રભાવ અને તેઓનું ઉત્તમ માહાત્મ્ય હું તને કહું છું તે તું સાંભળ.[૧૫,૧૬] હે ઇંદ્ર! ગાયોને

યજ્ઞોનું અંગ કહેવામાં આવી છે અથવા ગાયો યજ્ઞનું સ્વરૂપજ છે; કેમકે ગાયોવિના કદી યજ્ઞ થઈ શકતો નથી.[૧૭] હે દેવોના રાજા! દૂધ અને ઘી અર્પણ કરીને ગાયો, સર્વ પ્રજાઓનું પોષણ કરે છે. વળી તેઓના પુત્રો (બળદો) પણ ખેતીના કામને ઉપાડી લે છે.[૧૮] બળદો, જાતજાતનાં ધાન્ય અને બીજ ઉત્પન્ન કરે છે; જેથી યજ્ઞો, હવ્ય અને કવ્ય સંપૂર્ણ રીતે ચાલ્યા કરે છે.[૧૯] હે દેવોના પતિ ! આ પવિત્ર ગાયો, સર્વને દૂધ, દહીં અને ઘી અર્પણ કરે છે અને તેઓના પુત્રો પણ ક્ષુધા અને તૃષાથી પીડાયા છતાં અનેક પ્રકારના ભાર ઉઠાવે છે.[૨૦] વળી તેઓ અનેક પ્રકારનાં કર્મો કરીને સર્વ મુનિઓને તથા પ્રજાઓને પોષે છે; એટલુંજ નહિ પણ હે ઇંદ્ર! આ ગાયો, સર્વ પુણ્યકર્મોમાં પણ નિષ્કપટ વ્યવહાર કરનારી છે.[૨૧] આવા કારણને લીધે ગાયો આપણાથી ઉપરના લોકમાં વસે છે. હે ઇંદ્ર ! એ પ્રમાણે ગાયો દેવોના કરતાં પણ ઉપરના લોકમાં નિવાસ કરે છે તેનું જે કારણ છે તે મેં તને કહ્યું; ઉપરાંત એ ગાયો વરદાનને મેળવનારી હોઇને બીજાઓને વરદાન આપનારી પણ છે.[૨૨,૨૩] હે ઉત્તમ દેવ ! પુણ્ય કર્મ કરનારી, પવિત્ર, શુભ લક્ષણોવાળી અને સુગંધીદાર શરીરવાળી આ ગાયો, કયા કારણને લીધે પૃથ્વીપર ગઇ છે તે પણ હું તને સંપૂર્ણ રીતે કહું છું તેનું તું શ્રવણ કર.

હે તાત! પૂર્વે દેવયુગમાં મહાત્મા દેવતાઓ જ્યારે ત્રિલોકનું રાજ્ય કરતા હતા અને વિષ્ણુ અદિતિના ગર્ભરૂપે આવ્યા હતા, ત્યારે અદિતિએ, પોતાને પુત્ર ઉત્પન્ન થાય તે માટે એક પગ ઉપર ઉભી રહીને મહાઘોર તપનો આરંભ કર્યો હતો. હે દેવોમાં શ્રેષ્ઠ ઇંદ્ર! એ રીતે મહાદેવી અદિતિ, મહાન તપને તપી રહી હતી તે જોઇને, દક્ષની પુત્રી દેવી સુરભી કે જે નિત્ય ધર્મપરાયણ રહેનારી હતી તેણે પણ હર્ષપૂર્વક ઘોર તપ કરવાનો આરંભ કર્યો.[૨૪-૨૮] એ સુરભી, દેવો અને ગંધર્વોથી સેવાયલા કૈલાસના સુંદર શિખર ઉપર એક પગે ઉભી રહી અને ઉત્તમ યોગમાં તત્પર રહેવા લાગી.[૨૯] બરાબર અગીઆર હજાર વર્ષપર્યંત તપશ્ચર્યા કરીને, તેણે ઋષિઓ અને મોટા સર્પોસહિત સર્વ દેવોને સંતપ્ત કરી મૂક્યા.[૩૦] પછી એ સર્વ દેવતાઓ, મને સાથે લઇને એ પવિત્ર સુરભીની સેવા કરવા લાગ્યા, ત્યારે તપશ્ચર્યા કરવામાં લીન થયેલી તે દેવીને મેં આ પ્રમાણે કહ્યું:–[૩૧] "હે અનિંદ્ય દેવિ ! તું આવું ઘોર તપ શામાટે કરી રહી છે? હે મહાભાગે! હે શોભને ! તારા આ તપથી હું તારાપર પ્રસન્ન થયો છું, માટે હે દેવિ ! તું વરદાન માગ, હું તને તે આપીશ." હે ઇંદ્ર ! મેં એ પ્રમાણે કહ્યું, ત્યારે સુરભીએ કહ્યું:–" હે ભગવન્! હે લોકોના પિતામહ! મારે વર માગવાનું કંઇ પ્રયોજન નથી. હે નિર્દોષ દેવ ! આપ આજે મારાપર પ્રસન્ન થયા, એજ વર મને મળી ચૂક્યો છે."[૩૨-૩૪]

બ્રહ્માએ કહ્યું:–" હે દેવેશ્વર ! દેવી સુરભીએ મને એ પ્રમાણે કહ્યું, એટલે હે દેવેન્દ્ર! તેના પ્રત્યે મેં જે કંઈ કહ્યું હતું તેનું તું શ્રવણ કર. હે ઇંદ્રાણીના પતિ ! મેં તેને કહ્યું કે, "હે સુંદરમુખિ દેવિ ! તેં કોઇ પ્રકારનો લોભ રાખ્યાવિના કેવળ નિષ્કામ બુદ્ધિથી તપશ્ચર્યા કરી છે તેથી હું તારાપર પ્રસન્ન થયો છું અને તને દેવપણું અર્પણ કરૂં છું.[૩૫,૩૬] તું ત્રણે લોકોના ઉપરના ભાગમાં નિવાસ કરીશ અને મારા પ્રસાદથી તારૂં નિવાસસ્થાન, " ગોલોક" એવા નામથી પ્રસિદ્ધ થશે.[૩૭] હે મહાભાગે! મનુષ્યોમાં જેઓ શુભ કર્મ કરશે, તેઓ તારા લોકમાં નિવાસ કરશે અને તારી સર્વ પુત્રીઓ પણ તારા લોકમાં નિવાસ કરશે.[૩૮] હે પવિત્ર દેવિ! તું દેવતાઇ કે માનુષી-જે જે ભોગોનું મનમાં ચિંતન કરીશ, તે સર્વ ભોગો અનાયાસે તારી સમીપ હાજર થશે."[૩૯] એ રીતે મેં વર આપ્યો છે, તેથી હે ઇંદ્ર ! ગાયનો લોક સર્વ ઇષ્ટ વૈભવોથી યુક્ત છે અને મૃત્યુ, જરા કે અગ્નિનો ત્યાં સંચાર પણ નથી;[૪૦] એટલુંજ નહિ પણ હે વાસવ ! તે ગોલોકમાં કોઇ જાતનું પુણ્યપાપ છેજ નહિ; પરંતુ તે લોકમાં દિવ્ય અરણ્યો, દિવ્ય ભવનો અને ઇચ્છાનુસાર વિહાર કરનારાં યોગ્ય વિમાનો છે.[૪૧] હે કમળસમાન

નેત્રવાળા ઈંદ્ર! બ્રહ્મચર્ય પાળવાથી, તપ કરવાથી, સત્ય બોલવાથી, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી, અનેક પ્રકારનાં પવિત્ર દાનો આપવાથી, તીર્થોનું સેવન કરવાથી, મોટું તપ કરવાથી અને બીજાં પુણ્યકર્મો કરવાથી એ ગોલોકને સંપાદન કરી શકાય છે. હે ઇંદ્ર! તેં મને પ્રશ્ન પૂછ્યો હતો તે ઉપરથી મેં તને સર્વ વૃત્તાંત કહ્યું છે, માટે હે શત્રુહંતા ઇંદ્ર! તારે કદી ગાયોનું અપમાન કરવું નહિ."[૪૨-૪૫]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિરરાજા! એ સાંભળ્યા પછી ઇંદ્ર, નિત્ય ગાયોનું પૂજન કરવા લાગ્યો અને તેઓનાપ્રત્યે નિત્ય પુષ્કળ માન ધરાવવા લાગ્યો.[૪૬] હે મહાતેજસ્વી રાજા! ગાયોનું આ ઉત્તમ માહાત્મ્ય કે જે પરમપવિત્ર છે અને સર્વને પવિત્ર કરનારૂં છું તે સર્વ મેં તને કહ્યું.[૪૭] હે પુરુષવ્યાઘ્ર! સર્વ પાપમાંથી મુક્ત કરનારૂં આ માહાત્મ્ય મેં તને કહ્યું છે તેની જે પુરુષ, સાવધાન થઇને નિત્ય બ્રાહ્મણો પાસે કથા કરે છે તેને હવ્ય, કવ્ય, યજ્ઞો અને પિતૃઓનાં સર્વ કાર્યોમાં સર્વ ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય છે અને તેના પિતૃઓને પણ અક્ષય ફળ મળે છે.[૪૮,૪૯] વળી ગાયોની ભક્તિ કરનારો મનુષ્ય પણ જે જે વસ્તુની ઇચ્છા કરે છે તે સર્વને પામે છે અને સ્ત્રીઓ પણ ગાયોની જો ભક્તિ કરે છે, તો સર્વ કામનાઓને સંપાદન કરે છે.[૫૦] જે મનુષ્ય ગાયોની ભક્તિ કરે છે,તેને પુત્રની ઇચ્છા હોય છે તો પુત્ર મળે છે, કન્યાની ઇચ્છા હોય છે તો કન્યા મળે છે, ધનની ઇચ્છા હોય છે તો ધન મળે છે, ધર્મની ઇચ્છા હોય છે તો ધર્મ મળે છે, વિદ્યાની ઇચ્છા હોય છે તો વિદ્યા મળે છે અને સુખની ઇચ્છા હોય છે તો સુખ મળે છે. હે ભારત! ગાયોના ભક્તજનને કંઇજ દુર્લભ નથી.[૫૧,૫૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "ગોલોકવર્ણન" એ વિષયનો અધ્યાય ૮૩ મો સમાપ્ત

અધ્યાય ૮૪ મો

સુવર્ણદાનની શ્રેષ્ઠતા અને સુવર્ણની ઉત્પતિ

॥ युधिष्ठिर उवाच ॥

उक्तं पितामहेनेदं गवां दानमनुत्तमम् ।
विशेषेण नरेन्द्राणामिह धर्ममवेक्षताम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"ગાયોના સર્વોત્તમ દાનવિષે આપે મને કહ્યું અને ધર્મનું નિરક્ષણ કરનારા રાજાઓને માટે તો ગાયોનું દાન અત્યંત હિતકર છે એમ પણ તમે કહ્યું; કેમકે રાજ્ય નિરંતર દુઃખદાયી ગણાય છે અને અકુશલાત્મા પુરુષો તેને દુઃખથી ધારણ કરી શકે છે. વળી ઘણે ભાગે રાજાઓની કદી શુભ ગતિ થતીજ નથી,[૨] માટે તેઓ પૃથ્વીનું દાન આપે છે તો નિત્ય શુદ્ધ રહે છે; (એ વાત પણ તમે કહી.) તેમજ હે કુરુનંદન! સર્વ પ્રકારના ધર્મો પણ તમે મને કહ્યા.[૩] વળી એજ પ્રમાણે નૃગરાજાએ, ગાયોનું દાન આપવાનું કહ્યું હતું અને ઋષિ નાચિકેતે પ્રથમજ ગોદાનની પ્રવૃત્તિ કરી હતી તે પણ તમે મને કહ્યું;[૪] પણ વેદો અને ઉપનિષદોમાં કહ્યું છે કે, સર્વ કર્મોમાં તથા સર્વ યજ્ઞોમાં પૃથ્વી, ગાય અથવા સુવર્ણ–એ ત્રણમાંની કોઇ દક્ષિણા હોવી જોઇએ. તેમાં પણ સુવર્ણની દક્ષિણા શ્રેષ્ઠ ગણાય છે, એવો શ્રુતિનો આશય છે; તો હે પિતામહ! એ વિષે યથાર્થ રીતે સાંભળવાની મને ઇચ્છા છે.[૫,૬] સુવર્ણ એ શી વસ્તુ છે? કેવી રીતે ઉત્પન્ન થયેલી છે, કયે સમયે ઉત્પન્ન થયેલ છે? તેનું સ્વરૂપ કેવું છે? તેનો દેવ. કોણ છે? તેનું ફળ શું છે અને શામાટે તેને સર્વ કરતાં શ્રેષ્ઠ કહેવામાં આવે છે?[૭] વળી વિદ્વાનો સુવર્ણના દાનને શામાટે વખાણે છે અને યજ્ઞકર્મમાં દક્ષિણાને માટે પણ સુવર્ણને કયા હેતુથી ઉત્તમ કહેવામાં આવે છે?[૮] હે પિતામહ! સુવર્ણ, પૃથ્વી અને ગાયોના કરતાં પણ શ્રેષ્ઠ છે અને સર્વને પવિત્રકરનાર છે તે શામાટે? અને દક્ષિણાને માટે પણ સુવર્ણને ઉત્તમ માનવામાં આવે છે તેમાં શું

કારણ છે ? તે મને કહો. ”[૯]

ભીષ્મે કહ્યું:– હે રાજન્ ! તું સાવધાન થઇને સાંભળ. સુવર્ણની ઉત્તમતામાં અનેક વિસ્તારવાળાં કારણો છે. વળી સુવર્ણની ઉત્પત્તિ અને સુવર્ણના સંબંધમાં મારો જે કંઈ અનુભવ થયો છે તેનું પણ તું શ્રવણ કર.[૧૦] મારા પિતા શાંતનુ કે જે મહાતેજસ્વી હતા, તે જ્યારે મરણ પામ્યા, ત્યારે તેમનું શ્રાદ્ધ કરવા માટે હું ગંગાદ્વાર ક્ષેત્રમાં ગયો.[૧૧] હે પુત્ર ! ત્યાં જઈને મેં મારા પિતાના શ્રાદ્ધનો જ્યારે આરંભ કર્યો, ત્યારે મારી માતા જાહ્નવીએ (પ્રત્યક્ષ થઇને) મને સહાય કરી.[૧૨] પછી તે સમયે સિદ્ધોને તથા અનેક ઋષિઓને મારી સન્મુખ બેસાડીને જળપ્રદાનથી આરંભીને સર્વ કર્મોનો મેં આરંભ કર્યો.[૧૨,૧૩] શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે સર્વ પૂર્વકર્મો સમાપ્ત કરીને સાવધાન ચિત્તથી મેં પિંડપ્રદાન કરવાનો જેવો આરંભ કર્યો કે તુરતજ હે રાજા ! દર્ભના ચટને ફાડીને એક સુંદર બાજુબંધને ધારણ કરનારો અને મોટા અલંકારવાળો હાથ બહાર નીકળ્યો.[૧૪,૧૫] હે ભરતશ્રેષ્ઠ ! તે બાહુને બહાર નીકળેલો જોઇ હું પરમ વિસ્મય પામ્યો; પણ વિચાર કરતાં મેં જાણ્યું કે, મારા પિતાજ સાક્ષાત્ પિંડદાન ગ્રહણ કરવા આવ્યા છે.[૧૬] તે પછી હે રાજા ! શાસ્ત્રનું ચિંતન કરીને મને જ્ઞાન થયું કે, વેદમાં એવી આજ્ઞાજ નથી કે, મનુષ્યે પોતાના પિતૃઓના હાથમાં પિંડનું દાન કરવું. વળી મને નિશ્ચય થયો કે, મનુષ્યના પિતૃઓ, સાક્ષાત્ આવીને કદી પિંડદાનને ગ્રહણ કરતા નથી; અને શાસ્ત્રનો એવો વિધિ પણ છે કે, દર્ભના ચટ ઉપરજ પિંડનું દાન કરવું. તે પછી મેં મારા પિતાના હસ્તદર્શનનો અનાદર કર્યો અને શાસ્ત્રપ્રમાણની સૂક્ષ્મતાવાળા પિંડપ્રદાનના વિધિને લક્ષ્યમાં લઇ દર્ભો ઉપરજ સર્વ પિંડપ્રદાન કર્યું.[૨૦] હે મનુષ્યશ્રેષ્ઠ રાજા ! મેં એ પ્રમાણે પિંડદાન કર્યું હતું તે શાસ્ત્રના માર્ગને અનુસરીનેજ કર્યું હતું, એમ તારે જાણવું. તે સમયે મેં એ પ્રમાણે પિંડદાન કર્યું, એટલે મારા પિતાનો તે બાહુ ત્યાંથી અંતર્ધાન થઇ ગયો.[૨૧] તે પછી હે ભરતશ્રેષ્ઠ ! સર્વ પિતૃઓએ, મને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને મારાપર પ્રસન્ન થઇને તેઓએ મને કહ્યું કે:–“ હે ભરતર્ષભ ! તારા આ વિજ્ઞાનથી અમે તારાપર પ્રસન્ન થયા છીએ; કેમકે તું ધર્મના વિષયમાં મોહ પામતો નથી. હે રાજા ! શાસ્ત્રને પ્રમાણ માનીને તેં તારા આત્માને, ધર્મને, શાસ્ત્રને, વેદોને, પિતૃઓને, ઋષિઓને, સાક્ષાત્ પિતામહ બ્રહ્મદેવને, ગુરુઓને તથા પ્રજાપતિને પણ પ્રમાણ માન્યા છે; એટલુંજ નહિ પણ જેઓ શાસ્ત્રમાર્ગમાં સ્થિર હતા તેઓને પણ શાસ્ત્રમાર્ગથી તેં ભ્રષ્ટ કર્યા નથી. હે ભરતશ્રેષ્ઠ ! આજે તેં આ વિધિપૂર્વક શ્રાદ્ધકર્મ આરંભ્યું છે તોપણ માત્ર અમારે એજ કહેવાનું છે કે, તું ગાયોને માટે તથા પૃથ્વીને માટે સુવર્ણનું દાન કર. હે ધર્મજ્ઞ ! એ રીતે કરવાથી અમે અને આપણા પિતામહો પવિત્ર થશે; કેમકે સુવર્ણનું દાન પરમ પવિત્રકારક છે. જે પુરુષો, સુવર્ણનું દાન કરે છે તેઓ દશ પૂર્વના અને દશ પાછળના વંશજોને તારે છે.” હે રાજા! મારા પિતૃઓએ મને એ પ્રમાણે કહ્યું, તે પછી હું જાગ્રત થયો અને વિસ્મય પામ્યો;[૨૮] તથા સુવર્ણનું દાન કરવાનો મેં નિશ્ચય કર્યો.

હવે, હે ભરતશ્રેષ્ઠ રાજા ! આ એક પુરાતની ઈતિહાસનું પણ તું શ્રવણ કર. તે ઈતિહાસ જમદગ્નિના પુત્ર પરશુરામના સંબંધનો છે અને તેનું શ્રવણ કરવાથી ધન તથા આયુષ્યનો લાભ થાય છે. પૂર્વે જમદગ્નિના પુત્ર પરશુરામે તીવ્ર રોષાવેશમાં આવી જઇને પૃથ્વીને એકવીસવાર ક્ષત્રિયવિનાની કરી હતી. પછી કમળસમાન નેત્રવાળા તે વીર પરશુરામે, આખી પૃથ્વીને જીતી લઇને અશ્વમેધ નામનો એક યજ્ઞ કર્યો. હે મહારાજા ! તે યજ્ઞ, બ્રાહ્મણો તથા ક્ષત્રિયોથી પૂજાયેલો હોઇને સર્વ ઇષ્ટ પદાર્થોથી યુક્ત હતો, પ્રાણીમાત્રને પવિત્ર કરનારો હતો અને તેજ તથા કાંતિને વધારનારો હતો; છતાં જમદગ્નિના તેજસ્વી પુત્ર મહાત્મા પરશુરામ, દક્ષિણાદાનથી વ્યાપ્ત એવા તે શ્રેષ્ઠ યજ્ઞથી યજન કરીને તેમજ એ યજ્ઞના ફળને સંપાદન

કરીને પણ પોતે નિષ્પાપ થઇ શકયા નહિ; જેથી તે પરશુરામે, શાસ્ત્રસંપન્ન ઋષિઓને તથા દેવોને પ્રશ્ન પૂછયો કેઃ-“હે મહાભાગો! જે મનુષ્યો ઉગ્ર કર્મ કરનારા હોય છે, તેઓને પરમ પવિત્ર કરનાર શું હોય છે? તે મને કહો.” એ રીતે જેમના મનમાં દયા ઉત્પન્ન થઇ હતી એવા તે પરશુરામે જ્યારે પ્રશ્ન કર્યો, ત્યારે વેદશાસ્ત્રને જાણનારા તે મહર્ષિઓએ કહ્યું કેઃ-“હે રામ! તમારે નિત્ય બ્રાહ્મણોનો સત્કાર કરવો; કેમકે વેદમાં એવું પ્રમાણ જોવામાં આવે છે; તોપણ સર્વને પવિત્ર કરનાર શું, એ વિષયમાં તમારે બ્રહ્મર્ષિઓના સમુદાયોને ફરીથી પૂછી જોવું અને પછી તે બુદ્ધિમાન ઋષિઓ જે કર્મ કરવાનું કહે તે કર્મ તમારે કરવું.” તે સાંભળી મહાતેજસ્વી પરશુરામે વસિષ્ઠને, દેવર્ષિ અગસ્ત્યને તથા કાશ્યપને એજ વિષયનો પ્રશ્ન કર્યો કેઃ-“હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! મને એવી બુદ્ધિ થઈ છે કે, હું કયું કર્મ કરીને તથા કયું દાન આપીને પવિત્ર થાઉં? હે અતિઉત્તમ તપોધનો! તમારી મારાપર અનુગ્રહ કરવાની બુદ્ધિ હોય, તો તમે મને કહો કે, મને પવિત્ર કરનારૂં શું હોઇ શકે?”૨૯-૪૦

ઋષિઓએ કહ્યું:-“હે ભૃગુનંદન! અમે સાંભળ્યું છે કે, કોઇએક પાપી મનુષ્ય ગાયોનું, પૃથ્વીનું તથા ધનનું દાન કરીને પવિત્ર થઇ શકે છે;[૪૧] તોપણ હે બ્રહ્મર્ષિ! બીજું એક મહાપવિત્ર કરનારૂં દાન છે તે તું સાંભળ. એ દાનમાં જે વસ્તુ અપાય છે તે દિવ્ય છે, અતિ અદ્‌ભુત આકારની છે, અગ્નિથી ઉત્પન્ન થયેલી છે અને પૂર્વે સર્વ લોકોને બાળી નાખીને શંકરે પોતાના વીર્યમાંથી તેને ઉત્પન્ન કરેલ છે, એમ અમે સાંભળ્યું છે. એ વસ્તુનું નામ ‘સુવર્ણ’ એ પ્રમાણે પ્રસિદ્ધ છે અને તેનું તું દાન કરીશ તો સિદ્ધિને પામી શકીશ.”૪૨,૪૩

પછી તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા ભગવાન વસિષ્ઠે પરશુરામને કહ્યું કેઃ-“હે રામ! અગ્નિસમાન કાંતિવાળું સુવર્ણ કેવી રીતે ઉત્પન્ન થયું છે, તે તું સાંભળ.[૪૪] હે મહાબાહુ! જે સુવર્ણ તને ઉત્તમ ફળ આપશે અને જેના દાનને સર્વ દાનોમાં શ્રેષ્ઠ કહેવામાં આવે છે, તે સુવર્ણમાં કેવા મોટા ગુણો સમાયેલા છે તે સર્વ હું તને કહું છું, સાંભળ. આ સુવર્ણ અગ્નિ અને ચંદ્રરૂપ છે, એમ તારે નિશ્ચય જાણવું.[૪૫-૪૬] બકરો અગ્નિરૂપ છે (માટે તેનું દાન કરવાથી અગ્નિનો લોક પ્રાપ્ત થાય છે), ઘેટો વરુણરૂપ છે (માટે તેનું દાન કરવાથી વરુણલોકમાં જવાય છે), ઘોડો સૂર્યરૂપ છે (માટે તેનું દાન કરવાથી સૂર્યના લોકમાં જવાય છે), હાથીઓ અને મૃગો નાગરૂપ છે (માટે તેઓનું દાન કરવાથી નાગલોકમાં જવાય છે), પાડાઓ અસુરરૂપ છે(માટે તેઓનું દાન કરવાથી અસુરલોકમાં જવાય છે), કુકડાં અને ભુંડણાં રાક્ષસરૂપ છે (માટે તેઓનું દાન કરવાથી રાક્ષસોના લોકમાં જવાય છે), ગાયો યજ્ઞરૂપ છે (માટે ગાયોનું દાન કરવાથી યજ્ઞથી પ્રાપ્ત થનારા લોક મળે છે) અને દૂધ તથા સોમ(લતા) પૃથ્વીરૂપ છે (માટે તેઓનું દાન કરવાથી પૃથ્વીના લોકમાં જવાય છે), એમ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે; પણ હે બ્રહ્મર્ષિ! આખા જગતને મથીને તેજનો જે સમુદાય ઉત્પન્ન કરવામાં આવ્યો છે તેનેજ સુવર્ણ કહેવામાં આવે છે અને એ સુવર્ણ એક રત્નરૂપ હોઇને પૂર્વોક્ત સર્વ પદાર્થો કરતાં અત્યંત શ્રેષ્ઠ છે.*[૪૯] આવા કારણથીજ દેવો, ગંધર્વો, સર્પો, રાક્ષસો, મનુષ્યો તથા પિશાચો, ખાસ યત્નપૂર્વક સુવર્ણને ધારણ કરે છે;[૫૦] અને હે ભૃગુઓમાં ઉત્તમ પરશુરામ! તેઓ સર્વે, સુવર્ણનાજ બાજુબંધો, મુકુટો અને બીજા અનેક અલંકારો પહેરીને શોભાયમાન થાય છે;[૫૧] માટે હે મનુષ્યશ્રેષ્ઠ રામ! સુવર્ણને સર્વ પવિત્ર કરતાં પવિત્ર કહેવામાં આવ્યું છે અને પૃથ્વી, ગાયો તથા રત્નો કરતાં પણ ઉત્તમ માનવામાં આવ્યું છે, એમ તારે જાણવું.[૫૨] હે સમર્થ રામ! આ લોકમાં પૃથ્વી, ગાયો અને બીજા કોઈપણ પદાર્થનું દાન કરીને જે ફળ મેળવી શકાય છે તેના કરતાં સુવર્ણ વિશેષ ફળદાયી છે; કેમકે સુવર્ણ સર્વના કરતાં

---

*અર્થાત્ સુવર્ણનું દાન કર્યાથી આખા બ્રહ્માંડનું દાન કર્યા જેટલું ફળ મળે છે.

ઉત્તમ છે.[૫૩] હે દેવસમાન કાંતિવાળા રામ! સુવર્ણ, અક્ષય ફળને આપનારૂં હોઇને પવિત્ર કરનારૂં પણ છે,માટે પવિત્ર કરનાર ઉત્તમ રીતે એ સુવર્ણનું ઉત્તમ બ્રાહ્મણોને તું દાન આપ.[૫૪] સર્વ દક્ષિણાઓમાં પણ સુવર્ણનીજ દક્ષિણાનું શાસ્ત્રકારોએ વિધાન કર્યું છે; અને જે પુરુષો સુવર્ણની દક્ષિણાનું દાન કરે છે,તેઓ સર્વ પદાર્થોનું દાન કરે છે,એમ સમજવું.[૫૫] જે પુરુષો સુવર્ણનું દાન કરે છે,તેઓ સર્વ દેવતાઓનું દાન કરે છે, એમ જાણવું; કેમકે અગ્નિ સર્વ દેવતાઓરૂપ છે અને સુવર્ણ અગ્નિરૂપ છે,[૫૬] માટે સુવર્ણનું દાન કરનારા પુરુષે સર્વ દેવતાઓનું દાન કર્યું છે, એમ સમજવું; અને તેથીજ હે પુરુષવ્યાઘ્ર! વિદ્વાનો કહે છે કે, સુવર્ણ સર્વ કરતાં શ્રેષ્ઠ છે.[૫૭] હે સર્વ શાસ્ત્રોને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ! ફરી પણ હું તને સુવર્ણનું માહાત્મ્ય કહું છું, તેનું તું શ્રવણ કર.[૫૮] હે ભૃગુનંદન! પૂર્વે એ માહાત્મ્યનું મેં પુરાણોમાંથી શ્રવણ કર્યું છે. એ માહાત્મ્યને પ્રજાપતિએ પોતે મને યથાર્થ રીતે કહ્યું છે.[૫૯]

હે ભૃગુકુળધુરંધર રામ! જે સમયે ભગવાન રુદ્ર કે જે ત્રિશૂળને ધારણ કરનારા એક મહાત્મા છે, તેમનો પર્વતોમાં શ્રેષ્ઠ હિમાલય ઉપર દેવી રુદ્રાણી સાથે વિવાહ થયો અને પછી તે દેવીસાથે મહાત્મા રુદ્ર ભગવાનનો જ્યારે સમાગમ થયો, ત્યારે સર્વ દેવતાઓ અત્યંત ઉદ્વેગ પામ્યા અને તેઓ રુદ્રદેવને શરણે ગયા. હે ભૃગુવંશી પરશુરામ! એ દેવતાઓએ, કૈલાસ ઉપર બિરાજેલા મહાદેવને તથા વર આપનારાં ઉમાદેવીને મસ્તકવડે પ્રણામવડે પ્રસન્ન કરીને પછી આ પ્રમાણે કહ્યું:–“ હે નિર્દોષ દેવ! આપનો તથા આ દેવીનો જે સમાગમ થયો છે, તે જગતને અનર્થકારક છે; કેમકે ૬૦–૬૩ આપ મોટા તપસ્વી છો, તેમજ આ દેવી પણ મોટાં તપસ્વિની છે. વળી આપ જેવા તેજસ્વી છો તેવાંજ આ દેવી પણ તેજસ્વિની છે અને આપ જેવા અમોઘવીર્ય છો, તેવાંજ આ દેવી પણ અમોઘવીર્ય છે.[૬૪] હે વ્યાપક દેવ! આપ બન્નેનો સહયોગં થતાં જે સંતાન ઉત્પન્ન થશે, તે મહાબળવાન થશે; અને ખરેખર, તે સંતાન ત્રણે જગતમાં કોઇને બાકી રહેવા દેશે નહિ;[૬૫] માટે હે વિશાળ નેત્રવાળા લોકેશ્વર! અમે દેવો આપને પ્રણામ કરીને પ્રાર્થના કરીએ છીએ કે, ત્રૈલોક્યનું હિત કરવાની ઇચ્છાથી આપ અમને વર આપો[૬૬] અને તે વર એજ છે કે, હે વ્યાપકદેવ! સંતાન ઉત્પન્ન કરવામાટે તત્પર થયેલા આપના પરમ તેજ(વીર્ય)ને આપ રોકી રાખો; કેમકે આપ બન્ને જણાં ત્રૈલોક્યના સારભૂત છો અને આપ બન્ને મળીને જો સંતાન ઉત્પન્ન કરશો તો જગતને સંતાપ ઉપજાવનારાં થઇ પડશો;[૬૭] વળી આપ બન્નેના સમાગમથી જે સંતાન ઉત્પન્ન થશે,તે અવશ્ય સર્વ દેવોનો પણ પરાભવ કરશે; કેમકે હે વ્યાપક દેવ! આપના તેજને દેવી પૃથ્વી, સ્વર્ગ કે આકાશ એમાંથી એક પણ ધારણ કરી શકે તેમ નથી; તેમજ સ્વર્ગ, પૃથ્વી કે આકાશ, એ ત્રણે મળીને પણ આપના તેજને ધારણ કરી શકે તેમ નથી, એમ અમે માનીએ છીએ; કારણ કે આપના તેજના પ્રભાવથી આ સર્વ જગત બળીને ભસ્મજ થઈ જાય,[૬૮,૬૯] માટે હે પ્રભો! આપ અમારાપર કૃપા કરવાને યોગ્ય છો અને હે શ્રેષ્ઠદેવ! આપના સંયોગથી દેવી ઉમાવિષે પુત્ર ઉત્પન્ન ન થાય તે માટે આપ, ધૈર્યના બળથીજ આપના જ્વલંત તેજ(વીર્ય)ને રોકી રાખો.”[૭૦] હે બ્રહ્મર્ષિ! દેવતાઓએ એ પ્રમાણે પ્રાર્થના કરી,એટલે વૃષભની ધ્વજાવાળા ભગવાન શંકરે “બહુ સારૂં” એમ કહીને પોતાના વીર્યને ઉપરના ભાગમાં ગતિવાળું કરી દીધું; અને તે દિવસથી આરંભીને વૃષભના વાહનવાળા તે ભગવાન, “ઊર્ધ્વરેતા” એવા નામથી જગતમાં પ્રસિદ્ધ થયા.[૭૧,૭૨] તે સમયે, પોતાની પ્રજાનો ઉચ્છેદ કરવામાં આવ્યો, તેથી દેવી રુદ્રાણી સર્વ દેવતાઓ ઉપર ક્રોધાયમાન થઇ ગયાં. તેમણે પોતાના સ્ત્રીસ્વભાવને લીધે દેવતાઓને આવું તીક્ષ્ણ શાપવચન કહ્યું કે:–“ મારા ભર્તાને સંતાન ઉત્પન્ન કરવાની ઇચ્છા હતી છતાં તમે તેમને અટકાવ્યા છે, માટે હે દેવતાઓ! તમે બધા પણ સંતાનવિનાનાજ થશો.[૭૩,૭૪] તમે

આજે મારી પ્રજાનો ઉચ્છેદ કરી નાખ્યો છે,માટે હે દેવો! તમને સર્વને પ્રજા થશે નહિ." હે ભૃગુવંશી પરશુરામ! દેવી ઉમાએ સર્વ દેવતાઓને એ શાપ આપ્યો, ત્યારે અગ્નિ ત્યાં ન હતો. (જેથી તે સિવાયના) સર્વ દેવતાઓ, ઉમાના શાપના પ્રભાવથી સંતાનવિનાનાજ રહ્યા છે.[૭૫,૭૬] ભગવાન રુદ્રદેવે તો પોતાના અપ્રતિમ તેજને તેજ સમયે અટકાવી દીધું હતું, તોપણ તેમાંથી કંઇક થોડો ભાગ પૃથ્વીપર સ્રવી પડયો. તે પછી એ અદ્‌ભુત તેજ અગ્નિ તરફ ઉડી ગયું અને તેના તેજ સાથે મિશ્ર થઈ જઇને તદાકારરૂપે વૃદ્ધિ પામવા લાગ્યું.[૭૮] પછી એજ સમયે ઇંદ્ર આદિ દેવતાઓને તારક નામના એક અસુરે અત્યંત દુઃખી કરવા માંડયા અને એ દૈત્યના પરાક્રમથી આદિત્યો, વસુઓ, રુદ્રો, વાયુઓ, અશ્વિનીકુમારો અને સર્વ સાધ્યદેવો ઘણોજ ત્રાસ પામ્યા.[૭૯,૮૦] વળી તે સમયે સર્વ અસુરોએ દેવતાઓનાં સ્થાનકો, વિમાનો, નગરો તથા ઋષિઓના આશ્રમો પણ હરી લીધા હતા, જેથી સર્વ દેવો અને ઋષિઓ, ઉદાસ મનવાળા થઇને અજર અને વ્યાપકદેવ બ્રહ્માને શરણે ગયા.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"સુવર્ણની ઉત્પત્તિ" એ વિષયનો
અધ્યાય ૮૪ મો સમાપ્ત

અધ્યાય ૮૫ મો

સુવર્ણદાનની શ્રેષ્ઠતા અને સુવર્ણની ઉત્પત્તિ (ચાલુ)

॥ देवा ऊचुः ॥

असुरस्तारको नाम त्वया दत्तवरः प्रभो ।
सुरानृषीँश्च क्लिश्नाति वधस्तस्य विधीयताम्॥

દેવોએ કહ્યું:-"હે પ્રભો! તમે જેને વર આપ્યો છે તે તારક નામનો અસુર, સર્વ દેવતાઓને તથા ઋષિઓને દુઃખી કરે છે,માટે તેના નાશનો ઉપાય કરો.[૧] હે પિતામહ! તેના તરફથી અમને ભય ઉત્પન્ન થયો છે,માટે હે દેવ! તમે અમારૂં રક્ષણ કરો; કેમકે અમને બીજો આધાર નથી."[૨]

બ્રહ્માએ કહ્યું:-"હું પ્રાણીમાત્ર તરફ સમદૃષ્ટિ રાખું છું, મને અધર્મ ગમતો નથી; માટે દેવો તથા ઋષિઓને પીડા કરનારા તે તારકાસુરનો સત્વર તમે નાશ કરો.[૩] હે શ્રેષ્ઠ દેવો! (એ તારકાસુરને લીધે) વેદો તથા ધર્મો નાશ ન પામે તે માટે મેં પ્રથમથીજ ઉપાય કરી રાખ્યો છે. તમારો સંતાપ દૂર થાઓ."[૪]

દેવોએ કહ્યું:-"હે ભગવન્! આપના વરદાનથી દૈત્ય તારકાસુર બળથી ગર્વિષ્ઠ બની ગયો છે અને દેવોથી તેનો વધ થઇ શકે તેમ નથી; માટે કયા ઉપાયે તે શાંત થાય?[૫] હે પિતામહ! તે અસુરે "દેવો, રાક્ષસો કે અસુરોને હાથે હું નાશ ન પામું" આવો તમારી પાસેથી વર મેળવ્યો છે;તેમજ હે જગતપતિ! પોતાની પ્રજાનો ઉચ્છેદ કરેલો હોવાથી દેવી રુદ્રાણીએ દેવોને શાપ આપ્યો છે કે, તમને સંતાન થશે નહિ."

બ્રહ્માએ કહ્યું:-"હે શ્રેષ્ઠ દેવો! જે સમયે તમને ઉમાદેવીએ શાપ આપ્યો તે સમયે અગ્નિ ત્યાં ન હતો, જેથી તે અગ્નિ, અસુરોનો વધ કરવામાટે સંતાનને ઉત્પન્ન કરી શકશે;[૮] અને તે અગ્નિથી ઉત્પન્ન થયેલું સંતાન દેવો, દાનવો, રાક્ષસો, મનુષ્યો, ગંધર્વો, નાગો તથા પક્ષીઓ વગેરે સર્વ કરતાં અધિક પરાક્રમી થઇને શક્તિરૂપ અમોઘ અસ્ત્રનો પ્રહાર કરીને જેનાથી તમને ભય ઉત્પન્ન થયો છે તે-તારકાસુરનો તથા બીજા સર્વ દેવશત્રુઓનો વધ કરશે.[૯,૧૦] ઈશ્વરનો જે સનાતન સંકલ્પ તેને 'કામ' કહેવામાં આવે છે અને તે કામને લીધે રુદ્રનું જે તેજ (વીર્ય) અગ્નિમાં પડેલું છે, તે બીજા અગ્નિ જેવુંજ પ્રદીપ્ત છે અને તે તેજદ્વારા અગ્નિ, દેવશત્રુઓનો વધ કરવામાટે ગંગાને વિષે એક મહાન પુરુષને ઉત્પન્ન કરશે.[૧૧,૧૨] હે દેવો! ઉમાદેવીનો શાપ અગ્નિ ઉપર પડી શકયો નથી; કેમકે તે સમયે અગ્નિ ત્યાંથી અદૃશ્ય થઈ ગયો હતો, માટે તે અગ્નિથી તમારા ભયનો નાશ કરી શકે તેવો એક પુત્ર ઉત્પન્ન થશે.[૧૩] હે નિર્દોષ દેવો! મેં તમને તારકાસુરના વધનો ઉપાય કહ્યો છે તેને અનુસરીને તમે અગ્નિને શોધી કાઢો અને આજેજ તેને પુત્ર ઉત્પન્ન કરવામાટે પ્રેરણા

કરો.[૧૪] તમારે લક્ષ્યમાં રાખવું કે, તેજસ્વી પુરુષોના શાપો તેજસ્વી પુરુષોનાપર પોતાનું સામર્થ્ય ચલાવી શકતા નથી; તેમજ મોટાં મોટાં બળ પણ મહાબળવાન પુરુષની સામે દુર્બળ થઈ જાય છે.*[૧૫] વળી દુષ્ટ તારકાસુર, વધ કરવાને અયોગ્ય અને વરને આપનારા તપસ્વીઓ સુદ્ધાંનો પણ વધ કરે છે, માટે આ અગ્નિને અત્યંત સનાતન કાળથીજ પુત્રોત્પાદનના સંકલ્પને માટે મેં પસંદ કર્યો હતો;(અર્થાત્ તારકાસુરનો વધ કરવામાટે અગ્નિજ પુત્ર ઉત્પન્ન કરશે, એમ મેં અનાદિકાળથી પસંદ કરી રાખ્યું છે.)[૧૬] કેમકે અગ્નિ જગતનો પતિ છે, અવ્યક્ત સ્વરૂપ છે, સર્વત્ર વ્યાપક છે, સર્વનું રક્ષણ કરનારો છે,પ્રાણીમાત્રના હૃદયમાં રહેનારોછે અને રુદ્ર કરતાં પણ જયેષ્ઠ હોઇને મહાસમર્થ છે; માટે તમે તેજના ભંડાર તે અગ્નિને સત્વર શોધી કાઢો, કેમકે તે અગ્નિદેવ, તમારા માનસિક અભિલાષને પૂર્ણ કરશે. "૧૭,૧૮

મહાત્મા બ્રહ્મદેવનું એ વાકય સાંભળીને તે દેવતાઓ, સંકલ્પને સિદ્ધ કરવામાટે અગ્નિની શોધ કરવા નીકળી પડયા.[૧૯] તે દેવતાઓ અને ઋષિઓએ, અગ્નિનું દર્શન કરવાની ઇચ્છાથી કેવળ અગ્નિમાંજ મન રાખીને ત્રણે લોકમાં તપાસ ચલાવવા માંડી[૨૦] અને હે ભૃગૂત્તમ! પરમ તપોબળવાળા તથા લોકમાં વિખ્યાત થયેલા તે શ્રીમંત સિદ્ધ પુરુષો સર્વ લોકોમાં વિચરવા લાગ્યા;[૨૧] પરંતુ તે સમયે પોતાના સ્વરૂપમાંજ (એટલે જળમાં) લીન થઇને અદૃશ્ય થયેલા અગ્નિને તેઓ મેળવી શકયા નહિ, જેથી તેઓને ત્રાસ ઉત્પન્ન થયેલો જોઇને તથા તેઓની અગ્નિદર્શનની લાલસા જોઇને એક જલનિવાસી દેડકો કે જે અગ્નિના તેજથી મનમાં કંટાળ્યો હતો અને બળુંબળું થઇ રહ્યો હતો, તેણે રસાતળમાંથી નીકળીને સર્વ દેવતાઓપ્રત્યે કહ્યું કે:–૨૨,૨૩ "હે દેવો! અગ્નિ રસાતળમાં નિવાસ કરી રહ્યો છે; અને તેના તાપને લીધેજ હું અહીં ઉપરના ભાગમાં આવતો રહ્યો છું.[૨૪] હે દેવો! હવ્યને ગ્રહણ કરનારા ભગવાન અગ્નિ, પોતાના તેજદ્વારા સમગ્ર જળને ઉત્પન્ન કરી, જળમાં પ્રવેશીને સૂઇ રહ્યા છે, જેથી અમે સંતપ્ત થઇ ગયા છીએ.[૨૫] હે દેવો! તે અગ્નિના દર્શનની તમને ઇચ્છા હોય અથવા તે અગ્નિ સાથે તમારે કંઇ કામ હોય, તો તમે રસાતલમાં તેમને મળો.[૨૬] હે દેવતાઓ! તમારે જવું હોય તો ત્યાં જાઓ. હું હવે જાઉં છું,કેમકે મને અગ્નિનો ભય છે." એટલું કહીને તે દેડકો સત્વર જળમાં પેસી ગયો. એ રીતે દેડકે,દેવોને સમાચાર આપ્યા,પણ એ દેડકાની ચાડી અગ્નિના જાણવામાં આવી ગઇ,જેથી તેણે દેડકાપાસે જઇને શાપ આપ્યો કે તું રસોને જાણી શકીશ નહિ. (અર્થાત્ તારી આખી જાતિ રસનેન્દ્રિયથી રહિત થશે. ") દેડકાને એ પ્રમાણે શાપ આપીને તે વ્યાપક અગ્નિ, બીજે સ્થળે નિવાસ કરવામાટે ઉતાવળો ઉતાવળો ત્યાંથી ચાલ્યો ગયો, પણ તેણે દેવતાઓને પોતાનાં દર્શન આપ્યાં નહિ.[૨૯] હે ભૃગૂત્તમ! બીજી તરફ પેલા દેવતાઓએ દેડકાની આખી જાતિ ઉપર જે અનુગ્રહ કર્યો હતો, તે હું તને કહું છું માટે હે મહાબાહુ! તે સર્વ તું સાંભળ.

દેવોએ કહ્યું:–" હે દેડકાંઓ! અગ્નિના શાપને લીધે તમે જીહ્વાથી રહિત થયાં છો અને રસના જ્ઞાનથી ભ્રષ્ટ થયાં છો, પણ તમે અનેક પ્રકારની વાણીનો ઉચ્ચાર કરી શકશો; એટલુંજ નહિ પણ તમે જ્યારે દરમાં નિવાસ કરશો અને ત્યાં નિરાહાર રહીને બેભાન જેવાં થઈ જશો અથવા અત્યંત શુષ્ક થઇને ગતપ્રાણ થઇ જશો તોપણ પૃથ્વી તમને જીવાડશે.[૩૨] વળી તમે ઘનઘોર અંધકારવાળી રાત્રિમાં પણ સર્વત્ર વિચરી શકશો."

એમ કહીને તે દેવતાઓ ફરી પણ અગ્નિની શોધમાટે પૃથ્વીપર ફરવા લાગ્યા; પણ અગ્નિનો પત્તો મેળવી શકયા નહિ. તે સમયે પણ કોઇ એક હાથી કે જે ઇંદ્રના ઐરાવત હાથી જેવો હતો, તેણે દેવતાઓને સમાચાર આપ્યા કે:–" અગ્નિ પીપળાના વૃક્ષમાં ભરાઇ

---

* અર્થાત્ ઉમાદેવીનો શાપ, સર્વ દેવતાઓને ઉદ્દેશીને હતો; છતાં પણ અગ્નિને કંઇ અસર કરી શકયો નથી; કેમકે અગ્નિ મહાતેજસ્વી છે.

પેઠો છે." હે ભૃગુવંશી રામ ! તે જાણી અગ્નિ, સર્વ હાથીઓપર ક્રોધાયમાન થઇ ગયો અને તેણે સર્વ હાથીઓને શાપ આપ્યો કે, "તમારી જીભ અવળી થઇ જશે." એવો શાપ આપીને તે અગ્નિ, હાથીદ્વારા પ્રસિદ્ધ થયેલો હોવાથી પીપળાના વૃક્ષમાંથી બહાર નીકળી ગયો અને કોઇ સ્થળે નીરાંતે શયન કરવાની ઇચ્છાથી શમીના વૃક્ષમાં દાખલ થયો.[૩૩-૩૬] તે પછી હે ભૃગુકુલશ્રેષ્ઠ સમર્થ રામ ! સત્ય પરાક્રમવાળા દેવોએ, હાથીઓના પર જે અનુગ્રહ કર્યો હતો તેનું તું શ્રવણ કર.[૩૭]

દેવોએ કહ્યું:–"હે હાથીઓ! અગ્નિના શાપને લીધે તમારી જીભ અવળી થઇ ગઈ છે, તોપણ તમે સર્વ પ્રકારનો આહાર કરી શકશો અને અસ્પષ્ટ અક્ષરવાળી ઉચ્ચ વાણીનો ઉચ્ચાર કરી શકશો."એમ કહીને ફરી પણ દેવતાઓ, અગ્નિની પાછળ પડયા. તેવામાં હે બ્રાહ્મણ ! એક પોપટે તેઓને ખબર આપી કે, "પીપળામાંથી નીકળીને અગ્નિ, શમીના વૃક્ષમાં દાખલ થયો છે." એટલે દેવતાઓ વળી પાછા અગ્નિની સમીપ જવા દોડી ગયા. તે પછી અગ્નિએ પોપટને પણ શાપ આપ્યો કે, "તું વાક્ ઇંદ્રિયથી રહિત થઈશ." એ પ્રમાણે શાપ આપીને અગ્નિએ પોપટની જીહ્વાને પણ અવળી કરી નાખી; પણ દેવતાઓએ અગ્નિનાં દર્શન કર્યાપછી પોપટ ઉપર દયાળુ થઇને કહ્યું કે:-[૩૮-૪૧] "હે પોપટ ! તારી જીભ અવળી થઇ ગઇ છે, તોપણ તારી વાણીનો સમૂળગો નાશ થઇ જશે નહિ. તારૂં વાકય અત્યંત પ્રિય થઇ પડશે અને તું અત્યંત વૃદ્ધ થઈશ તોપણ તારૂં વચન બાળકના જેવું મનોહર, અસ્પષ્ટ અને અદ્‌ભુત જણાશે." એમ કહીને દેવતાઓએ શમીના વૃક્ષમાં અગ્નિને જોયો અને તે પછી તે દિવસથી આરંભીને સર્વ ક્રિયાઓમાં પણ એ શમીવૃક્ષનેજ અગ્નિના પવિત્ર સ્થાનરૂપ ઠરાવ્યું અને તે દિવસથી આરંભી, હજીસુધી પણ શમીના વૃક્ષમાં અગ્નિ પ્રત્યક્ષ જોવામાં આવે છે.[૪૨-૪૪] વળી સર્વ મનુષ્યોએ પણ અગ્નિને ઉત્પન્ન કરવામાં શમીના વૃક્ષનેજ એક ઉપાયતરીકે પ્રાપ્ત કર્યું. હે ભાર્ગવ ! તે સમયે અગ્નિએ રસાતળમાં નિવાસ કરીને પોતાના તેજથી જળને તપાવી દીધું હતું; જેથી હજી પણ પર્વતોનાં ઝરણમાંથી નીકળતું જળ પોતાની ઉષ્ણતાને બહાર કાઢે છે.[૪૫,૪૬]

પછી તે સમયે દેવતાઓને જોઇને અગ્નિ ગભરાઈ ગયો. તેણે દેવતાઓને પ્રશ્ન પૂછયો કે, "તમે શામાટે આવ્યા છો ?" તે સાંભળી સર્વ દેવતાઓએ અને મહર્ષિઓએ તેને કહ્યું કે:–"અમે તને એક કાર્યમાં યોજવાની ઇચ્છા રાખીએ છીએ, માટે તે કાર્યને તું કરી આપવાને યોગ્ય છે. વળી એ કાર્ય કરવાથી તને પોતાને પણ ઘણો મોટો લાભ થશે."[૪૭-૪૯]

અગ્નિએ કહ્યું:–હે દેવો ! તમારૂં જે કાર્ય હોય તે મને કહો, હું તે કરીશ. એ કાર્ય સોંપવામાં તમારે કંઇપણ વિચાર કરવો નહિ, કેમકે હું તમારો સેવક છું."[૫૦]

દેવોએ કહ્યું:–"તારક નામનો એક અસુર બ્રહ્માનો વર મેળવીને ઘણોજ ગર્વિષ્ઠ બની ગયો છે અને પોતાના પરાક્રમથી અમને દુઃખ દે છે, માટે તેના વધનો ઉપાય તું કર.[૫૧] હે તાત ! હે મહાભાગ્યશાળી અગ્નિ ! આ દેવગણોનું, પ્રજાપતિગણોનું તથા ઋષિઓનું તું રક્ષણ કર.[૫૨] હે સમર્થ અગ્નિ ! તારા તેજથી યુક્ત એક વીરપુત્રને તું ઉત્પન્ન કર, કે જે પુત્ર તે અસુરથી ઉત્પન્ન થયેલા અમારા ભયનો નાશ કરે.[૫૩] હે પ્રભો ! મહાદેવી ઉમાએ અમને પ્રજારહિત રહેવાનો શાપ આપ્યો છે; જેથી તારા વીર્યવિના બીજો અમને આધાર નથી, માટે તું અમારૂં રક્ષણ કર."

દેવતાઓએ એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન અગ્નિએ "બહુ સારૂં" એમ તેઓને કહ્યું; અને પછી તે દુરાધર્ષ અગ્નિ, ભગીરથની પુત્રી ગંગા પાસે ગયો.[૫૫] તેણે ગંગા સાથે સંયોગ કરીને તેમાં ગર્ભાધાન કર્યું, જેથી ગંગાના ઉદરમાં રહેલો ગર્ભ, ઘાસમાં જેમ અગ્નિ વધે તેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો;[૫૬] પરંતુ પોતાનામાં દાખલ થયેલા અગ્નિદેવના તેજથી ગંગાની ચેતના આકુળ વ્યાકુળ થઇ ગઈ, તેના-

થી એ તીવ્ર તાપ સહન થઇ શકયો નહિ.[૫૭] જે સમયે અગ્નિએ, તેજસંપન્ન ગર્ભ ગંગામાં સ્થાપિત કર્યો, તે સમયે કોઈએક અસુરે એવો ભયંકર શબ્દ કર્યો કે જેના અકસ્માત્ શ્રવણથી ગંગા ત્રાસ પામી ગઈ, તેનાં નેત્રો ભમવા લાગ્યાં અને તેમાંથી અશ્રુની ધારા ટપકવા લાગી.[૫૮,૫૯] જહ્નુની પુત્રી ગંગા, એ મહાન શબ્દને સાંભળ્યા પછી એટલી બધી બેભાન થઈ ગઈ, કે જેથી તે ગર્ભને ધારણ કરવા અસમર્થ થઇ; એટલુંજ નહિ પણ પોતાના શરીરને ધારણ કરવામાટે પણ અસમર્થ થઇ પડી. તેનાં પ્રત્યેક અંગોમાં અગ્નિનું તેજ ઓતપ્રોત થઇ ગયું હતું,જેથી પોતે જાણે કંપી જતી હોય તેમ તેને જણાવા લાગ્યું.[૬૦]

તે સમયે હે બ્રાહ્મણ ! ગર્ભના બળથી કંપી ઉઠેલી તે ગંગા અગ્નિપ્રત્યે કહેવા લાગી કેઃ–“ હે ભગવન્ ! તમારા આ તેજને ધારણ કરવામાટે હું અશક્ત છું.[૬૧] તમારા આ તેજે મને મૂઢ બનાવી દીધી છે, મારામાં પૂર્વના જેવું સ્વાસ્થ્ય લેશમાત્ર રહ્યું નથી અને હે નિર્દોષ ભગવન્ ! હું વિહ્વળ થઇ ગઇ છું, મારી ચેતના પણ નષ્ટપ્રાય થઇ ગઈ છે.હે મહાતેજસ્વી અગ્નિ! આ ગર્ભને ધારણ કરવામાટે હું અસમર્થ છું, માટે મારી પોતાની ઇચ્છાથી નહિ પણ મને થતા દુઃખને લીધે મારે આ ગર્ભનો ત્યાગ કરવો પડશે. હે મહાકાંતિમાન અગ્નિદેવ ! તમારા તેજની સાથે મારો સ્પર્શ થયો છે અને તમારો અને મારો સૂક્ષ્મ સંબંધ થયો છે,તે પણ દેવોની આપત્તિને દૂર કરવા માટેજ થયો છે. હે હુતાશન! આ ગર્ભના સંબંધમાં જે કંઈ લાભ હોય કે હાનિ હોય અથવા કેવળ ધર્મ હોય કે અધર્મ હોય તે સર્વનું કારણ હું તમનેજ માનુંછું.”[૬૨-૬૫]

તે સાંભળી અગ્નિએ તેને કહ્યું:– “આ ગર્ભને તું અવશ્ય ધારણ કર; કેમકે એ ગર્ભ મારા તેજથી યુક્ત હોઈને મહાન ગુણ, ફળ ને ઉદય આપનારો છે. વળી તું આખી પૃથ્વીને ધારણ કરવાને શક્તિમાન છે અને તારાપર આ ગર્ભધારણવિના બીજું કંઇ પણ પાપકલંક આવવાનું નથી.”[૬૬,૬૭]

એમ કહીને અગ્નિએ તેને ઘણી ઘણી અટકાવી, તેમજ સર્વ દેવોએ પણ ઘણી ઘણી સમજાવી છતાં તે મહાનદીએ, અગ્નિએ સ્થાપિત કરેલા તે ગર્ભનો મહાગિરિ મેરુ ઉપર ત્યાગ કર્યો.[૬૮] જો કે, ગંગા સર્વને ધારણ કરવામાં સમર્થ છે, તોપણ અગ્નિના તેજથી પરાભવ પામીને પોતાના બળથી પણ તે ગર્ભને ધારણ કરી શકી નહિ.[૬૯] હે ભૃગુવંશી રામ ! પ્રદીપ્ત અગ્નિસમાન તે ગર્ભનો દુઃખને લીધે ત્યાગ કર્યા પછી ગંગાને અગ્નિદેવ મળ્યો અને તે સમયે એ મહાનદીને તેણે આ પ્રમાણે પ્રશ્ન કર્યો:– “હે દેવિ ! તારા ઉદરમાંથી એ ગર્ભ, સુખરૂપે બહાર નીકળ્યો છે ને ? તેનો વર્ણ કેવો છે ? તેનું સ્વરૂપ કેવું જોવામાં આવે છે અને કેવા પ્રકારના તેજથી તે યુક્ત છે ? એ સર્વ તું મને કહે.”[૭૦,૭૧]

ગંગાએ કહ્યું:–“હે નિર્દોષ અગ્નિ ! તે ગર્ભ અત્યંત રૂપસંપન્ન છે; તેજમાં તમારા જેવોજ છે અને તેનો સુંદર વર્ણ એટલો બધો નિર્મળ અને પ્રદીપ્ત છે, કે જેથી આખા પર્વતને તેણે પ્રકાશમાન કરી મૂકયો છે.[૭૨] હે તેજસ્વીઓમાં ઉત્તમ અગ્નિ ! તે ગર્ભ કમળ અને ઉત્પલ જાતિનાં પુષ્પોવાળા જળના ધરાઓ જેવો શીતળ છે અને તેનો સુગંધ કદંબનાં પુષ્પો સમાન છે.[૭૩] વળી સૂર્યનાં કિરણો સમાન તે ગર્ભના તેજથી પૃથ્વી ઉપરનું તથા પર્વતો ઉપરનું જે જે દ્રવ્ય વ્યાપ્ત થયું છે, તે તદ્દન કાંચન(સુવર્ણ)રૂપ થયેલું જોવામાં આવે છે. વળી તેનું તેજ પર્વતો, નદીઓ અને સર્વ ઝરણાંઓ તરફ પણ ફેલાઇ ગયું છે અને તેના તેજે સ્થાવરજંગમ ત્રૈલોકયને દેદીપ્યમાન કરી મૂકયું છે. હે હવ્યવાહન ! તમારા પુત્રનું સ્વરૂપ એવા પ્રકારનું છે, તેનામાં સર્વ ઐશ્વર્યનો વાસ છે અને કાંતિમાં તે સૂર્ય, અગ્નિ અને બીજા ચંદ્રસમાન છે.”[૭૪-૭૬]

એ પ્રમાણે કહીને દેવી ગંગા, ત્યાંજ અંતર્ધાન થઇ ગઇ અને તેજસ્વી અગ્નિ પણ દેવતાઓનું કાર્ય કરીને પોતાના ઇષ્ટપ્રદેશ

તરફ ચાલ્યો ગયો. હે ભાર્ગવનંદન પરશુરામ ! આ પ્રકારના ગુણકર્મને લીધે લોકમાં ઋષિઓ અને મુનિઓ, અગ્નિનું "હિરણ્યરેતા" એવું નામ કહે છે અને દેવી પૃથ્વી પણ તે સમયથી આરંભીનેજ "વસુમતી" એવા નામથી પ્રસિદ્ધ થયેલી છે.[૭૯]

પછી તે સમયે ગંગા અને અગ્નિથી ઉત્પન્ન થયેલો તે મહાતેજસ્વી ગર્ભ, મેરુપર્વતના દિવ્ય શરવનમાં રહીને પ્રતિદિન વધવા લાગ્યો અને તે વેળા તેનો દેખાવ ઘણોજ આશ્ચર્યજનક જણાવા લાગ્યો.[૮૦] એ પુત્ર કે જે બાલસૂર્યસમાન તેજસ્વી હતો, તેને ત્યાં નિવાસ કરનારી કૃત્તિકાઓએ જોયો અને પછી પોતાનું સ્તનપાન કરાવીને એ બાળકને તેઓએ ઉછેરવા માંડયો.[૮૧] મહાતેજસ્વી તે બાળકનું જ્યારથી કૃત્તિકાઓએ પોષણ કરવા માંડયું, ત્યારથી તેનું "કાર્તિકેય" એવું નામ પ્રસિદ્ધ થયું; તેમજ ગંગાએ પોતાના ઉદરમાંથી તેને બહાર કાઢી નાખ્યો હતો, માટે તેનું 'સ્કંદ' એવું નામ પ્રસિદ્ધ થયું અને મેરુપર્વતની ગુફામાં તેણે નિવાસ કર્યો હતો તેથી તેનું 'ગુહ' એવું નામ પ્રસિદ્ધ થયું.[૮૨] આ રીતે અગ્નિના સંતાનરૂપે સુવર્ણ ઉત્પન્ન થયું છે; અને તેમાં પણ જાંબૂનદ જાતિનું સુવર્ણ શ્રેષ્ઠ ગણાય છે અને તે દેવતાઓનું પણ ભૂષણ કહેવાય છે.[૮૩] વળી આ સુવર્ણને તે દિવસથી આરંભીનેજ 'જાતરૂપ' કહેવામાં આવે છે અને તે સર્વ રત્નોમાં ઉત્તમ રત્ન છે, સર્વ અલંકારોમાં ઉત્તમ અલંકાર છે, સર્વ પવિત્ર પદાર્થોમાં અત્યંત પવિત્ર છે અને સર્વ મંગલ પદાર્થોમાં પણ પરમ મંગલકારક છે; એટલુંજ નહિ પણ સુવર્ણ એ ભગવાન અગ્નિ છે, ઈશ્વર છે અને પ્રજાપતિ છે.[૮૪,૮૫] હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! સુવર્ણ પવિત્રમાં પવિત્ર પદાર્થોમાં પણ પવિત્ર છે અને સુવર્ણનેજ અગ્નિ તથા ચંદ્રરૂપ કહેવામાં આવે છે."[૮૬]

વસિષ્ઠે કહ્યું:–હે રામ ! વળી પણ મેં એક બ્રહ્મદર્શન નામનું વૃત્તાંત પૂર્વે સાંભળ્યું છે. તે વૃત્તાંત પરમાત્મારૂપ પિતામહ બ્રહ્મદેવના સંબંધનું છે.[૮૭] હે તાત ! પૂર્વે, મહાદેવે વરુણનું શરીર ધારણ કરીને તથા વરુણના ઐશ્વર્યનો સ્વીકાર કરીને જ્યારે યજ્ઞનો આરંભ કર્યો હતો, ત્યારે તેમના યજ્ઞમાં સર્વ મુનિઓ, અગ્નિ આદિ દેવતાઓ, યજ્ઞનાં સર્વ અંગો, મૂર્તિમાન વષટ્કાર, મૂર્તિમાન સામવેદ, યજુર્વેદના હજારો મૂર્તિમાન મંત્રો, પદ અને ક્રમથી શોભી રહેલો ઋગ્વેદ, સર્વ લક્ષણો, સ્વરો, સામવેદના સ્તોત્રો, નિરુક્ત, દેવગણો, ૐકાર, નિગ્રહ અને પ્રગ્રહ કે જેઓ શંકરના નેત્રમાં નિવાસ કરી રહ્યા છે; તેમજ સર્વ વેદો, ઉપનિષદો, વિદ્યાઓ અને ગાયત્રી પોતે પણ આવ્યાં હતાં. તે સમયે ભગવાન શંકરે ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને ધારણ કરી રાખ્યા હતા અને પોતેજ પોતાના સ્વરૂપમાં પોતાના આત્માનો હોમ કર્યો હતો. વળી તે પિનાકધારી ભગવાને યજ્ઞને અનેક પ્રકારે શોભાવ્યો હતો; કેમકે એ ભગવાન સ્વર્ગરૂપ છે, આકાશરૂપ છે, પૃથ્વીરૂપ છે, પૃથ્વીના પતિરૂપ છે, સર્વ વિદ્યાઓના ઇશ્વર છે, શ્રીમાન અગ્નિરૂપ છે, બ્રહ્મારૂપ છે, શિવરૂપ છે, રુદ્રરૂપ છે, વરુણરૂપ છે, અગ્નિરૂપ છે અને પ્રજાપતિરૂપ છે. વળી તે ભગવાન પ્રાણીમાત્રના પતિરૂપ છે, દેવતારૂપ છે અને મંગળરૂપ છે. હે ભૃગુવંશી રામ ! એ પશુપતિનો યજ્ઞ કેવળ તપરૂપ અને ક્રતુરૂપજ હતો; જેથી તેમના યજ્ઞમાં ઉગ્ર વ્રતને ધારણ કરનારી દેવી દીક્ષા, સર્વ દિશાઓ, સર્વદિશાઓના સ્વામીઓ, દેવોની પત્નીઓ, દેવોની કન્યાઓ અને દેવોની માતાઓ પણ એકત્ર થઈને આવી હતી.[૮૮-૯૭] અને મહાત્મા વરુણના સ્વરૂપને ધારણ કરનારા ભગવાન પશુપતિ(શંકર)ના એ યજ્ઞને જોઇને તેઓ પ્રસન્ન થઇ હતી. તે સમયે એ સ્ત્રીઓને જોઇને બ્રહ્મદેવનું વીર્ય પૃથ્વીપર સ્ખલિત થઇ પડયું એટલે દેવ પૂષાએ, પૃથ્વીનાં રજકણો સાથે મિશ્ર થયેલા બ્રહ્મદેવના વીર્યકણોને પૃથ્વીપરથી લઇને યજ્ઞના અગ્નિમાંજ હોમી દીધા.[૯૮,૯૯] તે પછી એ યજ્ઞકર્મ ચાલી રહ્યું હતું અને તેમાં પ્રજ્વલિત થયેલા અગ્નિમાં બ્રહ્મદેવ હોમ કરી રહ્યા હતા. તેવામાં ફરી પણ બ્રહ્મદેવનું વીર્ય સ્ખલિત થઇ ગયું, એટલે તુરતજ તેમણે એ

વીર્યને સુવામાં લઇને ઘીની ધારાની પેઠે મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં હોમી દીધું અને તેમાંથી હે ભૃગુનંદન ! વીર્યવાન તે બ્રહ્મદેવે ચાર પ્રકારની ભૂતસૃષ્ટિ ઉત્પન્ન કરી. બ્રહ્મદેવના એ વીર્યરૂપ તેજમાં જે રજોગુણનો અંશ હતો તેમાંથી પ્રવૃત્તિપ્રધાન (જંગમ) રાજસી સૃષ્ટિ ઉત્પન્ન થઈ, જે તમોગુણનો અંશ હતો તેમાંથી જડતા(સ્થાવર)પ્રધાન તામસી ભાવો ઉત્પન્ન થયા અને જે સત્વગુણનો અંશ હતો તેમાંથી પ્રકાશરૂપ બુદ્ધિસત્વ ઉત્પન્ન થઇને સ્થાવરજંગમ–બન્ને પ્રકારની સૃષ્ટિમાં વ્યાપ્ત થઈ રહ્યું. આ સત્વગુણ કે જે બ્રહ્મદેવના વીર્યમાંનો અમુક એક અંશ છે તે નિત્ય છે અને આકાશાદિ સમગ્ર જગતરૂપ છે; એટલુંજ નહિ પણ પ્રાણીમાત્રમાં જે ઉત્તમ તેજ અને ઉત્તમ સત્વ જોવામાં આવે છે, તે પણ એ સત્વગુણનુંજ સ્વરૂપ છે.

હે સમર્થ પરશુરામ ! જે સમયે બ્રહ્મદેવના વીર્યનો અગ્નિમાં હોમ કરવામાં આવ્યો હતો, તે સમયે બીજા ત્રણ પુરુષો પણ તેમાંથી ઉત્પન્ન થયા હતા, કે જેઓ સાક્ષાત્ શરીરથી યુક્ત હોઇને પોતપોતાના કારણજન્ય ગુણોવાળા હતા. જેમકે, પ્રથમ અગ્નિની ભૃક્–એટલે જ્વાળામાંથી જે પુરુષ ઉત્પન્ન થયો તે ‘ભૃગુ’ એવા નામથી ઓળખાયો, બીજો અગ્નિના અંગારામાંથી જે પુરુષ ઉત્પન્ન થયો તે ‘અંગિરા’ એવા નામથી ઓળખાયો અને ત્રીજો થોડી થોડી જ્વાળાઓવાળા નિર્ધૂમ અંગારામાંથી જે પુરુષ ઉત્પન્ન થયો તે ‘ કવિ ’ એવા નામથી ઓળખાયો. તેમાં પ્રથમનો ભૃક્ નામની અગ્નિની જ્વાળાઓ સાથેજ ઉત્પન્ન થયો હતો, માટે ‘ભૃગુ’ એવા નામથી પ્રસિદ્ધ થયો.[૧૦૦–૬] (વળી તે સમયે બીજા જે જે પુરુષો ઉત્પન્ન થયા હતા તેઓનાં નામ પણ હું તને કહું છું.) તે યજ્ઞમાં અગ્નિનાં મરીચિયો એટલે કિરણોમાંથી જે પુરુષ ઉત્પન્ન થયો હતો તેનું ‘મરીચિ’ એવું નામ પડયું કે જેનો મારીચ અથવા કશ્યપ નામનો પુત્ર ઉત્પન્ન થયો. હે તાત! અગ્નિના અંગારામાંથી જે પુરુષ ઉત્પન્ન થયો તે ‘અંગિરા’ એવા નામથી પ્રસિદ્ધ થયો અને તે યજ્ઞના દર્ભોમાંથી જે પુરુષો ઉત્પન્ન થયા, તેઓ વાલખિલ્ય નામના ઋષિઓતરીકે પ્રસિદ્ધ થયા.[૭] હે સમર્થ પરશુરામ ! ‘અત્ર’ એટલે એ યજ્ઞ પ્રદેશમાં દર્ભનો જે સમુદાય એકઠો કરવામાં આવ્યો હતો, તેમાંથી ઉત્પન્ન થયેલા પુરુષને ‘ અત્રિ ’ એવા નામથી કહેવામાં આવે છે અને એ અગ્નિની ભસ્મના ઢગમાંથી બ્રહ્મર્ષિઓના સમુદાયમાં માન્ય થયેલા વૈખાનસો ઉત્પન્નથયા, કે જેઓ તપ અને શાસ્ત્રના ગુણનીજ ઈચ્છા રાખનારા છે; તેમજ એ અગ્નિના અશ્રુઓમાંથી રૂપસંપન્ન અશ્વિનીકુમારો ઉત્પન્ન થયા, એની શ્રોત્રાદિ ઇંદ્રિયોમાંથી બાકીના સર્વ પ્રજાપતિઓ ઉત્પન્ન થયા, તેનાં રોમછિદ્રોમાંથી સર્વ ઋષિઓ ઉત્પન્ન થયા, તેના પરસેવામાંથી વેદો ઉત્પન્ન થયા અને તેના બળમાંથી મન ઉત્પન્ન થયું.[૮–૧૦] આ કારણને લીધેજ શાસ્ત્રસંપન્ન ઋષિઓ, અગ્નિને સર્વ દેવતાઓરૂપ કહે છે અને વેદમાં પણ તેવું પ્રમાણ જોવામાં આવે છે.[૧૧] વળી એ અગ્નિને વૃદ્ધિ પમાડનારાં જે સમિત્કાષ્ઠો હતાં તેજ મહિનાઓરૂપે થયાં અને તે સમિત્કાષ્ઠોમાં લાખ વગેરે જે રસો વળગી રહ્યા હતા તેજ પખવાડીઆંરૂપ થયા; તેમજ અગ્નિનું જે ચિત્ત હતું તે રાત્રિદિવસરૂપ થયું, તેનું દારુણ તેજ મુહૂર્તોરૂપ થયું, તેનું રુધિર કે જેને રૌદ્ર કહે છે તેને સુવર્ણ કહેવામાં આવે છે અને તે સુવર્ણનેજ મૈત્ર એટલે મિત્ર નામના દેવતાથી અધિષ્ઠિત જાણવું. અગ્નિના ધૂમાડામાંથી વસુઓ ઉત્પન્ન થયા, અગ્નિની જ્વાળાઓમાંથી રુદ્રો અને મહાકાંતિમાન સૂર્યો ઉત્પન્નથયાઅને તેના અંગારામાંથી આકાશનાં જૂદાં જૂદાં સ્થાનોમાં સ્થિતિ કરનારા ગ્રહો તથા તારાઓ ઉત્પન્ન થયા.[૧૧૨–૧૧૪] તે પછી જગતના આદિકર્તા બ્રહ્મદેવે, તે અગ્નિનેજ સર્વ કામનાઓને અર્પણ કરનાર અવિનાશી પરબ્રહ્મરૂપ કહ્યો અને પરમ રહસ્યરૂપ:જાહેર કર્યો, એમ વિદ્વાનો કહે છે.[૧૧૫]

તે પછી વરુણના શરીરને ધારણ કરનારા પવનરૂપ મહાદેવે સર્વ દેવતાઓને ઉદ્દેશીને કહ્યું

કે:-"હે દેવો! આ દિવ્ય યજ્ઞ મારો છે અને આ સમયે ગૃહપતિ–યજમાન હું છું; માટે આ યજ્ઞમાં પ્રથમ જે ત્રણ સંતાનો ઉત્પન્ન થયાં છે તે અવશ્ય મારાંજ ગણાય; કેમકે એ સંતાનો મારા આ યજ્ઞના ફળરૂપ છે, એમ તમે જાણો."

અગ્નિએ કહ્યું:-" એ સંતાનો મારોજ આશ્રય કરનારાં હોઇને મારાજ અંગમાંથી ઉત્પન્ન થયાં છે, માટે તેઓ મારાંજ સંતાન ગણાય; છતાં વરુણરૂપ મહાદેવ, તેઓને પોતાનાં સંતાન માને છે તેમાં તેમની ભ્રાંતિ છે."૧૧૮

તે સાંભળી લોકના પિતામહ જગદ્‌ગુરુ બ્રહ્માએ કહ્યું કે:-'તે સંતાનો મારાંજ:ગણાય;કેમકે તેઓને ઉત્પન્ન કરનાર વીર્ય મારૂં હતું. વળી હું યજ્ઞનો કર્તા છું અને મેંજ અગ્નિમાં વીર્યનો હોમ કર્યો હતો,માટે પ્રજાની ઉત્પત્તિમાં જો વીર્યને કારણ માનવામાં આવેલું હોય તો જેનું બીજ તેનેજ ફળ મળવું જોઇએ."૧૨૦

તે પછી સર્વ દેવગણો પિતામહ બ્રહ્મદેવ પાસે આવીને બે હાથ જોડી, મસ્તકવડે પ્રણામ કરીને કહેવા લાગ્યા કે:–૧૨૧ " હે ભગવન્! સ્થાવરજંગમ જગત અને અમે સર્વે આપનીજ પ્રજા છીએ; માટે તેજસ્વી આ અગ્નિદેવ અને વરુણરૂપધારી આ મહાદેવ ભલે પોતાના ઇચ્છિત અભિલાષને સંપાદન કરે." દેવતાઓએ એરીતે પ્રાર્થના કરી,એટલે બ્રહ્મદેવની પ્રેરણાથી જળચરોના પતિ વરુણરૂપધારી મહાદેવે, સૂર્યસમાન તેજસ્વી પ્રથમ સંતાન ભૃગુને ગ્રહણ કર્યો અને અગ્નિએ અંગિરા નામના બીજા સંતાનને પુત્રરૂપે સ્વીકાર્યો;૧૨૨–૧૨૪ તેમજ તત્ત્વવેત્તા પિતામહે ત્રીજા સંતાન કવિને પુત્રતરીકે ગ્રહણ કર્યો. તે સમયે સૃષ્ટિની ઉત્પત્તિરૂપ કર્મ કરનારો ભૃગુ વરુણના પુત્રતરીકે પ્રસિદ્ધ થયો, અંગિરા અગ્નિના પુત્ર તરીકે પ્રસિદ્ધ થયો અને મહાયશસ્વી શ્રીમાન કવિ બ્રહ્માના પુત્રતરીકે પ્રસિદ્ધ થયો. તેમાં પણ ભૃગુ અને અંગિરા તો જગતને ઉત્પન્ન કરનારા હોઇને સર્વ જગતમાં પ્રસિદ્ધ છે.૧૨૫,૧૨૬ વાસ્તવિક રીતે તો એ ત્રણે પ્રજાઓના પતિ છે અને આ સર્વ જગત તેઓ ત્રણેનાજ સંતાનરૂપ છે, એમ તારે જાણવું.૧૨૭ તેમાંથી ભૃગુને ચ્યવન, વજ્રશીર્ષ, શુચિ, ઔર્વ, શુક્ર, વરેણ્ય અને સવન–આવા સાત પુત્રો હતા. તેઓ સર્વે ગુણોમાં ભૃગુના જેવાજ હતા અને ભાર્ગવ તથા વારુણ એવા નામથી પ્રસિદ્ધ થયા હતા. હે પરશુરામ ! જેઓના વંશમાં તું પોતે પણ ઉત્પન્ન થયો છે; તેમજ અંગિરાને પણ બૃહસ્પતિ, ઉતથ્ય, પયસ્ય, શાંતિ, ઘોર, વિરૂપ, સંવર્ત અને સુધન્વા–આવા આઠ પુત્રો હતા; તેઓ પણ વારુણ એવા નામથીજ કહેવાતા હતા અને અગ્નિના વંશજ હોઇને જ્ઞાનનિષ્ઠ હતા તથા નિર્દોષ હતા.૧૨૮–૧૩૧ વળી બ્રહ્માના પુત્ર કવિના જે પુત્રો ઉત્પન્ન થયા હતા તેઓ પણ વારુણને નામેજ કહેવાતા હતા. તેઓની સંખ્યા આઠ હતી. તેઓ જન્મથી આરંભીનેજ ગુણવાન હતા, બ્રહ્મવેત્તા હતા અને પવિત્ર હતા. એ આઠેનાં નામ આ પ્રમાણે છે:–કવિ, કાવ્ય, ધૃષ્ણુ, બુદ્ધિમાન ઉશના, ભૃગુ, વિરજા, કાશી અને ધર્મવેત્તા ઉગ્ર, આ આઠે કવિના પુત્રો હતા અને તેઓ સર્વની પ્રજાઓથી આ જગત વ્યાપ્ત થઇ રહ્યું છે; કેમકે તેઓ પ્રજાના પતિરૂપ હોઇને જૂદા જૂદા વિભાગમાં અનેક પ્રજાઓને ઉત્પન્ન કરનારા હતા.૧૩૨–૧૩૪ હે ભૃગુવંશમાં સિંહસમાન પરશુરામ ! એ રીતે અંગિરા, કવિ અને ભૃગુના વંશજોથી આ સર્વ જગત વ્યાપ્ત થઇ રહ્યું છે.૧૩૫ હે વિપ્ર ! સર્વના પ્રભુ અને ઇશ્વર વરુણરૂપી શંકરે, કવિને તથા અંગિરાને પણ પ્રથમ પુત્રરૂપે સ્વીકાર્યા હતા તેથી તેઓ બન્ને પણ વારુણને નામે કહેવાય છે;૧૩૬ તેમજ હુતદ્રવ્યનું પ્રાશન કરનારા અગ્નિદેવે અંગિરાને પોતાના પુત્રતરીકે સ્વીકાર્યો હતો, માટે અંગિરાના સર્વ પુત્રોને અગ્નિના વંશમાંજ ઉત્પન્ન થયેલા સમજવા.૧૩૬,૧૩૭

પૂર્વે પિતામહ બ્રહ્મદેવને પ્રસન્ન કરીને દેવતાઓએ પ્રાર્થના કરી હતી કે, આ ભૃગુ, અંગિરા અને કવિ, મહાસમર્થ હોઇને જગતમાં અનેક પ્રજાઓ ઉત્પન્ન કરીને અમને સર્વને તારશે, પ્રજાઓના પતિ થશે, મહાતપસ્વી થશે અને આપના પ્રસાદથી આ સર્વલો-

કનો હવે ઉદ્ધાર કરશે;[૧૩૮,૧૩૯] તેમજ તેઓ વંશની વૃદ્ધિ કરશે, તમારા તેજને વૃદ્ધિ પમાડશે, વેદોને જાણનારા થશે, કુશળ થશે, દેવોના પક્ષમાં સ્થિતિ કરશે, સ્વભાવે સૌમ્ય થશે, પ્રજાના પતિઓ થશે, મહર્ષિઓ કહેવાશે અને તપ તથા બ્રહ્મચર્યને સંપાદન કરશે.[૧૪૧] હે પ્રભુ ! અમે સર્વ અને આ ત્રણે પ્રજાપતિઓ આપનાથીજ ઉત્પન્ન થયા છીએ; કેમકે હે પિતામહ ! દેવોના તથા બ્રાહ્મણોના સ્રષ્ટા તમે પોતેજ છો.[૧૪૨] વળી હે પિતામહ ! મારીચથી આરંભીને ભૃગુવંશના સર્વ પુરુષો તમારાંજ સંતાન છે, એવો વિચાર કરીને અમે અન્યોન્યનો પરાભવ કરવાનો કદી યત્ન કરતા નથી. આ પ્રજાપતિઓ તો આવી ક્ષમાગુણવાળીજ પ્રજાઓને ઉત્પન્ન કરશે અને તેઓ યુગના આદિ-અંતની વચ્ચેના સમયમાં પોતાના આત્માને જગતમાં સ્થાપિત કરશે; (માટે તેઓને તમે અનુમતિ આપો.)"[૧૪૩,૪૪]

દેવોએ જ્યારે એવી પ્રાર્થના કરી, ત્યારે લોકપિતામહ બ્રહ્માએ,પ્રસન્ન થઈને "તથાસ્તુ" એમ તેઓને કહ્યું અને પછી તે દેવો પણ જેમ આવ્યા હતા તેમ સૌ સૌને સ્થાનકે ગયા.[૧૪૫]

એ પ્રમાણેનું આ વૃત્તાંત, મહાત્મા શંકરના યજ્ઞમાં પૂર્વે બન્યું હતું, કે જે સમયે–લોકના આદિકાળમાં દેવશ્રેષ્ઠ તે શંકરે વરુણનું શરીર ધારણ કર્યું હતું.[૧૪૬] શાસ્ત્રમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, અગ્નિ, બ્રહ્મા, પશુપતિ શંકર, રુદ્ર અને પ્રજાપતિરૂપ છે અને સુવર્ણ અગ્નિનું સંતાન છે.[૧૪૭] હે જમદગ્નિના પુત્ર ! શાસ્ત્રીય પ્રમાણને જાણનારો હરકોઇ મનુષ્ય વેદશાસ્ત્રનાં પ્રમાણને અનુસરીને અગ્નિના અભાવપ્રસંગે સુવર્ણનેજ અગ્નિને સ્થાને માન્ય કરેછે,તેમજ અગ્નિનો જ્યારે અભાવ હોય છે, ત્યારે દર્ભના ગુચ્છામાં, સુવર્ણમાં, રાફડાના મુખમાં અથવા બકરાના જમણા કાનમાં અગ્નિની ભાવના કરીને હવનહોમ કરવામાં આવે છે.[૧૪૯] ઉપરાંત ગાડાના ચીલામાં, તીર્થાદિના જળમાં અથવા બ્રાહ્મણના જમણા હાથમાં અગ્નિની ભાવના કરીને હોમ કરવામાં આવે છે અને તેદ્વારા ભગવાન અગ્નિ પોતાની સંપૂર્ણ તુષ્ટિ માને છે.[૧૫૦] વળી અમે સાંભળ્યું પણ છે કે, સર્વ દેવતાઓ અગ્નિમાંથી ઉત્પન્ન થયા છે, અગ્નિ બ્રહ્મદેવથી ઉત્પન્ન થયો છે અને સુવર્ણ અગ્નિથી ઉત્પન્ન થયું છે;[૧૫૧] માટે જે પુરુષો ધર્મ તરફ દૃષ્ટિ કરીને સુવર્ણનું દાન કરે છે તેઓ સમગ્ર દેવતાઓનું દાન કરે છે, એમ અમે સાંભળ્યું છે.[૧૫૨] હે ભાર્ગવ ! જે મનુષ્ય સુવર્ણનું દાન કરે છે તેને તેજસ્વી લોક પ્રાપ્ત થાંયછે, ઉત્તમ ગતિ મળે છે અને સ્વર્ગલોકમાં તેને કુબેરને સ્થાને અભિષેક કરવામાં આવે છે.[૧૫૩] જે મનુષ્ય સૂર્યનો ઉદય થાય તે સમયે વિધિ અને મંત્રપૂર્વક સુવર્ણનું દાન કરે છે, તેના દુષ્ટ સ્વપ્નનો નાશ થાય છે.[૧૫૪] વળી તેજ પ્રમાણે સૂર્યનો ઉદય થાય કે તુરતજ સુવર્ણનું દાન આપનારો મનુષ્ય સર્વ પાપોનો નાશ કરી શકે છે, મધ્યાહ્નકાળે સૂર્યનું દાન કરનારો મનુષ્ય ભવિષ્યકાળનાં પાપોનો નાશ કરે છે અને જે મનુષ્ય નિયમિત વ્રત ધારણ કરીને સંધ્યાકાળના સમયે સુવર્ણનું દાન કરે છે, તેને બ્રહ્મા, વાયુ, અગ્નિ અને ચંદ્રના લોક પ્રાપ્ત થાય છે;[૧૫૬] એટલુંજ નહિ પરંતુ તે ઉપરાંત તે મનુષ્ય ઇંદ્રના લોકસહિત સર્વ લોકોમાં ઉત્તમ પ્રતિષ્ઠાને પામે છે અને આ લોકમાં યશ સંપાદન કરી પાપરહિત અવસ્થામાં આનંદ કરે છે,[૧૫૭] તેમજ મરણ પછી બીજા લોકોમાં સદાય અનુપમ થઇને અવતરે છે, તેની ગતિ કોઈ સ્થળે અટકતી નથી અને પોતાની ઇચ્છાનુસાર સર્વત્ર વિચર્યા કરે છે.[૧૫૮] સુવર્ણનું દાન આપીને મનુષ્ય, પૂર્વોક્ત દિવ્ય લોકોથી કદી ભ્રષ્ટ થતોનથી, મહાન યશને સંપાદન કરે છે અને અખૂટ સુવર્ણ આપીને પુષ્કળ લોકોને પ્રાપ્ત કરે છે.[૧૫૯] જે મનુષ્ય, સૂર્યના ઉદયસમયે અગ્નિને પ્રકટ કરીને કોઈ અમુક વ્રતના ઉદ્દેશથી સુવર્ણનું દાન કરે છે, તેની સર્વ કામનાઓ સંપૂર્ણ થાય છે..[૧૬૦] વિદ્વાનો કહે છે કે, સુવર્ણ અગ્નિરૂપજ છે, માટે તેનું દાન કરવું તે સુખાવહ છે. વળી સુવર્ણને યથેષ્ટ ગુણોનો લાભ કરી આપનારૂં તથા ગુણો અને જ્ઞાનનું પ્રવર્તક કહેવામાં

આવ્યું છે.૧૬૧ હે નિર્દોષ ભૃગુનંદન ! એ પ્રમાણે મેં સુવર્ણની તથા કાર્તિકસ્વામીની ઉત્પત્તિ તને કહી, તેને તું લક્ષ્યમાં રાખ.૧૬૨ હે ભૃગુવંશી રામ ! તે સમયે કેટલોક લાંબો કાળ વીતી ગયો, ત્યારે કાર્તિકસ્વામી ઉછરીને મોટા થયા હતા અને પછી ઇંદ્રસહિત દેવતાઓએ પોતાના સેનાપતિતરીકે તેમને સ્વીકાર્યા હતા.૧૬૩ હે બ્રહ્મન્ ! તેમણે દેવેન્દ્રની આજ્ઞા પ્રમાણે લોકોનું હિત ઇચ્છીને તારકાસુરનો તથા બીજા સર્વ અસુરોનો વધ કર્યો હતો.૧૬૪ હે વિભુ ! સુવર્ણનું દાન કરવાથી કેવા ગુણો પ્રાપ્ત થાય છે, તે વિષે મેં તને કહ્યું; માટે હે દાતાઓમાં શ્રેષ્ઠ પરશુરામ ! તું પણ બ્રાહ્મણોને સુવર્ણનું દાન કર.”૧૬૫

ભીષ્મે કહ્યું:-વસિષ્ઠે એ પ્રમાણે કહ્યું, એટલે જમદગ્નિના પ્રતાપી પુત્ર પરશુરામે બ્રાહ્મણોને સુવર્ણનું દાન આપવા માંડયું, જેથી સર્વ પાપમાંથી તે મુક્ત થયા.૧૬૬ હે રાજા ! એ પ્રમાણે સુવર્ણના દાનવિષે તથા સુવર્ણની ઉત્પત્તિવિષે મેં તને સર્વ વૃત્તાંત કહ્યું; માટે તું પણ બ્રાહ્મણોને પુષ્કળ સુવર્ણનું દાન આપ, જેથી હે રાજા ! તું પણ સુવર્ણનું દાન આપીને પાપમાંથી મુક્ત થઇશ.૧૬૭,૧૬૮

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“સુવર્ણની ઉત્પત્તિ” એ વિષયનો
અધ્યાય ૮૫ મો સમાપ્ત

અધ્યાય ૮૬ મો

તારકવધનું આખ્યાન

॥ युधिष्ठिर उवाच ॥

उक्ताः पितामहेनेह सुवर्णस्य विधानतः ।
विस्तरेण प्रदानस्य ये गुणाः श्रुतिलक्षणाः ॥

યુધિષ્ઠિરે કહ્યું:-સુવર્ણનું વિધિપૂર્વક દાન કરવાથી વેદોક્ત લક્ષણવાળા જે ગુણો પ્રાપ્ત થાય છે તે સર્વ તમે મને વિસ્તારથી કહ્યા;૧ તેમજ સુવર્ણની ઉત્પત્તિનું જે કારણ હતું તે પણ કહેવામાં આવ્યું. હવે તે તારકાસુર કેવી રીતે મરણ પામ્યો હતો, તે મને કહો.૨ હે રાજા ! તમે પોતેજ મને કહ્યું છે કે, તારકાસુર દેવતાઓથી અવધ્ય હતો; છતાં તેનું મૃત્યુ કેવીરીતે થયું? તે મને વિસ્તારથી કહો.૩ હે કુરુકુલધુરંધર પિતામહ ! તારકાસુરના વધનું સંપૂર્ણ વૃત્તાંત તમારી પાસેથી સાંભળવાની મને ઈચ્છા છે;કેમકે તે સાંભળવાનું મને પરમ કૌતૂહલ છે.

ભીષ્મે કહ્યું:-“ હે રાજેન્દ્ર ! ગંગાએ ગર્ભનો ત્યાગ કર્યો, તે સમયે જેઓનું કાર્ય નાશ પામ્યું હતું તે દેવતાઓએ અને ઋષિઓએ, ગંગાએ ત્યાગ કરેલા ગર્ભનું પોષણ કરવામાટે કૃત્તિકાઓને પ્રેરણા કરી;૫ કેમકે દેવતાઓની સ્ત્રીઓમાં તેવી કોઇ પણ સ્ત્રી ન હતી કે જે અગ્નિના તે ગર્ભને પોતાના બળથી ધારણ કરવાને સમર્થ હોય, માત્ર તે કૃત્તિકાઓજ એ ગર્ભને ધારણ કરવાને સમર્થ હતી.૬ તે પછી છયે કૃત્તિકાઓએ ગરુડીનું સ્વરૂપ ધારણ કરીને અગ્નિના વીર્યરૂપ તે ગર્ભનું પાન કરીને ગર્ભ ધારણ કર્યો. તે ઉપરથી તે છયેના ઉપર અગ્નિ પ્રસન્ન થયો અને તેણે પોતાના તેજ તથા ઉત્તમ વીર્યને તેઓ છયેના ઉદરમાં ત્યાગ કર્યો. એ રીતે હે રાજા ! અગ્નિનું સંપૂર્ણ તેજ કૃત્તિકાઓના છયે યોનિમાર્ગોદ્વારા તેઓના ઉદરમાં સ્થાપવામાં આવ્યું. તે પછી તેઓએ અગ્નિના તે ગર્ભનું પોષણ કરવા માંડયું.૮ અગ્નિનો મહાત્મા કુમાર, કૃત્તિકાઓના ઉદરમાં જ્યારે વૃદ્ધિ પામવા લાગ્યો, ત્યારે તેના તેજથી વ્યાપ્ત થયેલાં અંગોવાળી તે કૃત્તિકાઓને કોઇ સ્થળે પણ ચેન પડતું ન હતું.૯ તે પછી હે રાજા ! જ્યારે પ્રસવકાળ ઉપસ્થિત થયો, ત્યારે તેજથી વ્યાપ્ત થયેલાં અંગોવાળી તે કૃત્તિકાઓએ એકીસાથે ગર્ભને જન્મ આપ્યો.૧૦ તે સમયે એ ગર્ભ જૂદાં જૂદાં છ સ્થાનોમાંથી બહાર નીકળ્યો હતો, પણ બહાર આવીને તુરતજ એકરૂપ થઇ ગયો હતો. તે પછી પૃથ્વીએ સુવર્ણને સમીપમાં રાખીને તે ગર્ભને પોતાનાપર ધારણ કર્યો.૧૧ એ ગર્ભ કે જે દિવ્ય આકૃતિવાળો હોઇને કાંતિમાન હતો, અગ્નિસમાન તેજસ્વી હતો અને દેખાવમાં પણ પ્રીતિજનક હતો-તે મેરુપર્વતમાં આવેલા દિવ્ય શરવનમાં રહીને

પ્રતિદિન વધવા લાગ્યો.[૧૨] કૃત્તિકાઓએ પણ તે બાળકને સૂર્યસમાન કાંતિવાળો જોયો, જેથી તેનાપર સ્નેહાળ થઈને સ્તનપાન કરાવી પ્રેમપૂર્વક તેનું પોષણ કરવા માંડયું.[૧૩] એ કુમારનું કૃત્તિકાઓએ પોષણ કર્યું,તેથી સ્થાવર-જંગમસહિત ત્રૈલોકયમાં તેનું " કાર્ત્તિકેય " એવું નામ પડયું.વળી ગંગાએ તેનો ત્યાગ કર્યો હતો તેથી તેનું 'સ્કંદ' એવું નામ પડયું અને તેણે પર્વતની ગુફામાં નિવાસ કર્યો હતો તેથી તેનું 'ગુહ' એવું નામ પણ પ્રસિદ્ધ થયું.[૧૪] તે પછી તેત્રીસ દેવતાઓ, દિશાઓ, દિક્પાલો, રુદ્ર, ધાતા, વિષ્ણુ, યમ, પૂષા, અર્યમા, ભગ, અંશ, મિત્ર, સાધ્યો, ઇંદ્ર, વસુઓ, અશ્વિનીકુમારો, વરુણ, વાયુ, આકાશ, ચંદ્ર, નક્ષત્રો, ગ્રહો, સૂર્ય અને ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ વગેરે સર્વ મૂર્તિમંત સ્વરૂપો ધારણ કરીને તે અગ્નિપુત્ર અદ્ભુત કુમારને જોવામાટે આવી પહોંચ્યા.[૧૫-૧૭] તે સમયે ઋષિઓ સ્તુતિ કરવા લાગ્યા, ગંધર્વો ગાન કરવા લાગ્યા અને સર્વ દેવો પણ તે કુમારને છ મુખવાળો, બાર નેત્રોવાળો, બ્રાહ્મણોને પ્રીતિ ઉપજાવનારો, પુષ્ટ ખભાવાળો, બાર ભુજાઓવાળો, સૂર્ય તથા અગ્નિસમાન તેજવાળો અને કાસડાના ગુચ્છા ઉપર શયન કરી રહેલો જોઇને સર્વ ઋષિઓ સાથે પરમ હર્ષ પામ્યા; તેમજ તારકાસુરને મુએલોજ માનવા લાગ્યા. તે પછી એ કુમાર જ્યારે રમવા જેવડો થયો, ત્યારે દેવતાઓએ તેને પ્રીતિ ઉપજાવે તેવાં સર્વ રમકડાં આણી આપ્યાં અને અનેક પક્ષીઓ અર્પણ કર્યાં, ગરુડે ચિત્ર વિચિત્ર પીછાંવાળું એક મોરનું બચ્ચું તેને અર્પણ કર્યું, રાક્ષસોએ એક ભુંડ અને પાડો, વરુણે અગ્નિસરખો એક કુકડો, ચંદ્રમાએ એક બકરો, સૂર્યે સુંદર કાંતિ,ગાયોની માતા દેવી સુરભિએ સેંકડો ને હજારો ગાયો, અગ્નિએ ગુણવાન એક ઘેટો અને પૃથ્વીએ પુષ્કળ ફળ અને પુષ્પો અર્પણ કર્યાં;તેમજ સુધન્વાએ એક ગાડું અને મોટા ઉંટડાવાળો એક રથ અર્પણ કર્યો. વરુણે જળમાં ઉત્પન્ન થયેલા અને સુંદર દિવ્ય હાથીઓ અર્પણ કર્યા અને દેવેન્દ્રે સિંહો, વ્યાઘ્રો, હાથીઓ તથા બીજાં પક્ષીઓ અર્પણ કર્યાં; તેમજ અનેક ભયંકર શિકારી પક્ષીઓ તથા ભાતભાતનાં છત્રો પણ અર્પણ કર્યાં. વળી રાક્ષસો તથા અસુરોના સમુદાયો પણ તે સમર્થ કુમારને તે વેળા અનુસર્યા હતા. બીજી તરફથી તારકાસુરે એ કુમારને વૃદ્ધિ પામતો જોઈને અનેક ઉપાયોદ્વારા તેનો વધ કરવાનો યત્ન કર્યો હતો; પરંતુ તે સમર્થ કુમારને તે મારી શકયો ન હતો.[૨૭] પછી સર્વ દેવતાઓએ, પોતાના સેનાપતિતરીકે કાર્ત્તિકસ્વામીને માન આપીને તારકાસુરે પોતાને જે જે દુઃખ આપ્યાં હતાં તે સર્વ તેને નિવેદન કર્યાં.[૨૮] એટલે કાર્ત્તિકસ્વામી પણ જે ઉછરીને મોટા થયા હતા, મહાપરાક્રમી હતા અને દેવોના સેનાપતિ થયા હતા,તે પ્રભુએ પોતાની અમોઘ શક્તિથી તારકાસુરનો વધ કર્યો.[૨૯] એ રીતે મહાસમર્થ કુમાર કાર્ત્તિકસ્વામીએ રમતમાત્રમાં તારકાસુરનો વધ કર્યો હતો અને દેવેન્દ્રને દેવોના રાજ્ય ઉપર પુનઃસ્થાપિત કર્યો હતો.[૩૦] વળી તે સમયે પ્રતાપી કાર્ત્તિકસ્વામી દેવોના સેનાપતિ થઇને દીપી નીકળ્યા હતા અને દેવોના નિયંતારૂપે સર્વનું રક્ષણ કરીને શંકરને પ્રીતિ ઉપજાવનારા થયા હતા.[૩૧] અગ્નિના પુત્ર ભગવાન કાર્ત્તિકસ્વામી સુવર્ણરૂપ મૂર્તિવાળા છે, સદાય કુમાર અવસ્થામાં રહેલા છે અને તેમણે સદાને માટે દેવોનું સેનાપતિપદ સંપાદન કર્યું છે;[૩૨] તેમજ સુવર્ણ પણ કાર્ત્તિકસ્વામીની સાથેજ ઉત્પન્ન થયેલું હોઇને મંગલકારક છે, રત્નરૂપ છે, અક્ષય ફળ આપનારૂં છે, ઉત્તમ છે અને અગ્નિના પરમ તેજરૂપ મનાયેલું છે.[૩૩] આ રીતે હે કુરુવંશી રાજા! પૂર્વે વસિષ્ઠે પરશુરામને કહ્યું હતું, માટે તું પણ સુવર્ણનું દાન કરવા માટે યત્ન કર;[૩૪] કેમકે પરશુરામ સુવર્ણનું દાન કરીનેજ સર્વ પાપોથી મુક્ત થયા હતા અને સ્વર્ગમાં દેવોને દુર્લભ એવા મોટા સ્થાનને પામ્યા હતા.[૩૫]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" તારકવધ " એ વિષયનો અધ્યાય
૮૬ મો સમાપ્ત

અધ્યાય ૮૭ મો

શ્રાદ્ધવિધિ

॥ યુધિષ્ઠિર ઉવાચ ॥

चातुर्वर्ण्यस्य धर्मात्मन्धर्माःप्रोक्ता यथात्वया
तथैव मे श्राद्धविधिं कृत्स्नं प्रब्रूहि पार्थिव॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે ધર્માત્મન્ ! ચારે વર્ણોના ધર્મો તમે મને કહ્યા તે પ્રમાણે હે રાજા! સંપૂર્ણ શ્રાદ્ધવિધિ પણ તમે મને કહો.”[૧]

વૈશંપાયને કહ્યું:- યુધિષ્ઠિરે એ પ્રમાણે કહ્યું એટલે શાંતનુકુમાર ભીષ્મ પિતામહે સંપૂર્ણ શ્રાદ્ધવિધિ કહેવાનો આ રીતે આરંભ કર્યો.

ભીષ્મે કહ્યું:- હે રાજન્ ! તું સાવધાન થઇને સાંભળ.[૨] શ્રાદ્ધકર્મનો પવિત્ર વિધિ ધન, યશ તથા પુત્રને આપનારો છે; માટે હે શત્રુતાપન રાજા ! એ પિતૃયજ્ઞનું તું શ્રવણ કર.[૩] પિતૃઓ દેવોને, અસુરોને, મનુષ્યોને, ગંધર્વોને, સર્પોને, રાક્ષસોને, પિશાચોને તથા કિન્નરોને પણ પૂજ્ય હોય છે અને તેઓ સર્વે પ્રથમ પિતૃઓનું પૂજન કર્યા પછી દેવતાઓને તૃપ્ત કરે છે;* માટે પ્રત્યેક પુરુષે હરકોઇ યજ્ઞ કરીને પિતૃઓનું સદાય પૂજન કરવું.[૫] હે મહારાજા ! પિતૃઓના શ્રાદ્ધકર્મને ‘અન્વાહાર્ય’ કહેવામાં આવે છે;(અર્થાત્ પાછળથી કરવું એમ કહેવામાં આવે છે તેનો અર્થ એ છે કે, પિતૃઓનું શ્રાદ્ધ અપરાહ્ણ કાળમાં કરવું.) અને તે એટલાજ માટે કે, પ્રથમના સામાન્ય વિધિનો વિશેષ વિધિ બાધ કરે છે. (અર્થાત્ પિતૃઓની તૃપ્તિનિમિત્તે શ્રાદ્ધ કરવું યોગ્ય છે-એ સામાન્ય વિધિનો જે દિવસે ચંદ્ર જોવામાં આવતો ન હોય તે અમાવાસ્યાને દિવસે અપરાહ્ણસમયે પિંડપિતૃયજ્ઞ કરવો-એ વિશેષ વિધિબાધ કહે છે. કહેવાનો ભાવ એ છે કે, પ્રતિદિન પિતૃયજ્ઞ ન થઇ શકે તો અમાવાસ્યાને દિવસે અપરાહ્ણસમયે પિતૃયજ્ઞ અવશ્ય કરવો જોઇએ.)[૬] વળી સર્વ દિવસે શ્રાદ્ધકર્મ કરવાથી પણ પિતૃઓ પ્રસન્ન થાયજ છે, માટે જે તિથિઓ શુભ ગણાય છે તેના ગુણો તથા જે તિથિઓ અશુભ ગણાય છે તેના અવગુણો હું તને કહું છું.[૭]

હે નિર્દોષ રાજા ! જે દિવસે શ્રાદ્ધકર્મ કરવાથી જેવું ફળ મેળવી શકાય છે,તે સર્વ હું તને યથાર્થ રીતે કહું છું, તેનું મારી પાસેથી તું શ્રવણ કર.[૮] પડવાને દિવસે પિતૃઓનું પૂજન (શ્રાદ્ધકર્મ) કરીને મનુષ્ય ઘરમાં ઉત્તમ સ્ત્રીઓને મેળવી શકે છે, કે જે સ્ત્રીઓ યોગ્ય પ્રજાને ઉત્પન્ન કરનારી હોય છે, દેખાવડી હોય છે અને પુષ્કળ સંતતિને જન્મ આપનારી હોય છે.[૯] બીજને દિવસે શ્રાદ્ધ કરવાથી મનુષ્યને ઘેર પુત્રીઓ જન્મે છે, ત્રીજને દિવસે શ્રાદ્ધ કરવાથી પુષ્કળ ઘોડાઓ પ્રાપ્ત થાય છે, ચોથને દિવસે શ્રાદ્ધ કરવાથી અનેક ક્ષુદ્ર પશુઓ પ્રાપ્ત થાય છે, પાંચમને દિવસે શ્રાદ્ધ કરનારા પુરુષોને ત્યાં ઘણા પુત્રો જન્મે છે; તેમજ હે રાજા! છઠને દિવસે શ્રાદ્ધ કરનારા પુરુષો મહાતેજસ્વી થાય છે.[૧૦,૧૧] સાતમને દિવસે શ્રાદ્ધ કરનારો મનુષ્ય, ખેતીમાં સારો લાભ મેળવનાર થાય છે અને હે રાજા ! આઠમને દિવસે શ્રાદ્ધ કરનારો પુરુષ વેપારમાં લાભ મેળવે છે.[૧૨] નવમીને દિવસે શ્રાદ્ધ કરનારા પુરુષને ત્યાં એક ખરીવાળાં અનેક પ્રાણીઓ વૃદ્ધિ પામે છે, દશમને દિવસે શ્રાદ્ધ કરનારાને ત્યાં પુષ્કળ ગાયોની વૃદ્ધિ થાય છે, અગીઆરશને દિવસે શ્રાદ્ધ કરનારો પુરુષ વસ્ત્રપાત્રાદિની સમૃદ્ધિવાળો થાય છે; અને હે રાજા ! તે પુરુષને ઘેર બ્રહ્મતેજને ધારણ કરનારા પુત્રો ઉત્પન્ન થાય છે.[૧૩,૧૪] જે પુરુષ બારશને દિવસે શ્રાદ્ધ કરે છે તેને ત્યાં રૂપું, સુવર્ણ અને બીજા પ્રકારનું સુંદર પુષ્કળ દ્રવ્ય નિત્ય જોવામાં આવે છે.[૧૫] જે પુરુષ તેરશને દિવસે શ્રાદ્ધ કરે છે તે જ્ઞાતિઓમાં શ્રેષ્ઠ થાય છે; પણ ચૌદશને દિવસે શ્રાદ્ધ કરનારા પુરુષને ઘેર અવશ્ય યુવાન પુરુષો મરણ પામે છે અને તેને કોઈ યુદ્ધમાં અવશ્ય ભાગ લેવો પડે છે; પરંતુ અમાવાસ્યાને દિવસે શ્રાદ્ધ કરવાથી મનુષ્ય, સર્વ કામનાઓને સંપાદન કરી શકે છે. કૃષ્ણપક્ષની દશમથી આરંભીને માત્ર ચૌદશ-

---

* અર્થાત્ પ્રત્યેક અમાવાસ્યાને દિવસે પિતૃઓનું પૂજન કર્યાપછી શુક્લ પ્રતિપદાને દિવસે દેવોનું પૂજન કરવું.

સિવાયની સર્વ તિથિઓ શ્રાદ્ધકર્મમાં જેવી ઉત્તમ ગણાય છે,તેવી બીજી કોઈ પણ તિથિ ઉત્તમ ગણાતી નથી;[૧૮] તેમજ શુક્લપક્ષ કરતાં જેમ કૃષ્ણપક્ષ શ્રાદ્ધમાં ઉત્તમ ગણાય છે, તેમ પૂર્વાહ્ણકાળ કરતાં અપરાહ્ણનો સમય શ્રાદ્ધકર્મમાં ઉત્તમ ગણાય છે.[૧૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
‘શ્રાદ્ધકલ્પ’ એ વિષયનો
અધ્યાય ૮૭ મો સમાપ્ત

અધ્યાય ૮૮ મો

શ્રાદ્ધમાં આપવાયોગ્ય પદાર્થો

॥ युधिष्ठिर उवाच ॥

किंस्विद्दत्तं पितृभ्यो वै भवत्यक्षयमीश्वर ।
किं हविश्चिररात्राय किमानंत्याय कल्पते ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—“હે સમર્થ પિતામહ! કયું હવિષ પિતૃઓને અર્પણકર્યું હોય તો અક્ષય થઈ પડે છે? કયું હવિષ, પિતૃઓને લાંબાકાળસુધી તૃપ્ત કરે છે અને કયું હવિષ, અનંતકાળપર્યંત તૃપ્ત કરે છે? તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:- હે યુધિષ્ઠિર! શ્રાદ્ધવિધિમાં જે કામ્ય હવિષ અર્પણ કરવામાટે શ્રાદ્ધવેત્તાઓ કહે છે તે વિષે મારી પાસેથી તું સાંભળ અને તેનું ફળ પણ તું સાંભળ.[૨] હે રાજા! શ્રાદ્ધમાં તલ, ડાંગેર, જવ, અડદ, જળ, કંદમૂળ તથા ફળ અર્પણ કરવાથી પિતૃઓ એક માસપર્યંત તૃપ્ત રહે છે.[૩] મનુએ કહ્યું છે કે, શ્રાદ્ધમાં મુખ્યત્વે કરીને તલ અર્પણ કરવામાં આવે છે તો પિતૃઓને અક્ષય તૃપ્તિ થાય છે; કેમકે સર્વ પ્રકારનાં ભોજન કરવા યોગ્ય પદાર્થોમાં તલનેજ મુખ્ય કહેવામાં આવ્યા છે.[૪] શ્રાદ્ધમાં પિતૃઓને માછલાં અર્પણ કરવાથી બે માસ સુધીની તૃપ્તિ રહે છે, ઘેટાનું માંસ અર્પણ કરવાથી ત્રણ માસસુધીની તૃપ્તિ રહે છે, સસલાના માંસને અર્પણ કરવાથી ચાર માસસુધીની તૃપ્તિ રહે છે, બકરાનું માંસ અર્પણ કરવાથી પાંચ મહિનાઓસુધી પિતૃઓ તૃપ્ત રહે છે, ભુંડનું માંસ અર્પણ કરવાથી છ મહિનાસુધી પિતૃઓ તૃપ્ત રહે છે, શકુલ નામના જલચરનું માંસ અર્પણ કરવાથી સાત મહિનાસુધી તૃપ્ત રહે છે, પૃષત્ નામના મૃગનું માંસ અર્પણ કરવાથી આઠ મહિનાસુધી પિતૃઓ તૃપ્ત રહે છે,રુરુ નામના કાળા મૃગનું માંસ અર્પણ કરવાથી નવ મહિનાસુધી પિતૃઓ તૃપ્ત રહે છે, ગવય નામના રોઝ મૃગનું માંસ અર્પણ કરવાથી દશ મહિનાસુધી પિતૃઓ તૃપ્ત રહે છે, પાડાનું માંસ અર્પણકરવાથી અગીઆર મહિનાસુધી પિતૃઓ તૃપ્ત રહે છે અને શ્રાદ્ધમાં બળદનું માંસ અર્પણ કરવાથી એક વર્ષપર્યંત પિતૃઓ તૃપ્ત રહે છે;[૫-૮] તેમજ ઘીની સાથે દૂધપાકનું હવિષ અર્પણ કરવું તે પણ બળદના માંસના જેવુંજ યોગ્ય ગણાય છે; પણ વાધ્રીણસ નામના પશુનું માંસ અર્પણ કરવાથી પિતૃઓને બાર વર્ષની તૃપ્તિ થાય છે, મરણતિથિને દિવસે જો ગેંડાનું માંસ અર્પણ કરવામાં આવે છે તો અનંત કાળને માટે પિતૃઓ તૃપ્ત થાય છે; તેમજ કાળ શાક, લૌહ નામની વનસ્પતિનું શાક અથવા બોકડાનું માંસ અર્પણ કરવાથી પણ પિતૃઓ અનંતકાળપર્યંત તૃપ્ત રહે છે.

હે યુધિષ્ઠિર! આ વિષયમાં પણ પ્રાચીન આચાર્યો પિતૃઓએ ગાયેલી ગાથાઓ ગાય છે અને ભગવાન સનત્કુમારે પૂર્વે એજ ગાથાઓ મને કહી છે.[૧૧]જેમકે:-“આપણા કુળમાં તેવો એક પણ પુરુષ ઉત્પન્ન થાય કે જે તેરશને દિવસે મઘાનક્ષત્રને દિવસે અથવા દક્ષિણાયનમાં ઘી સહિત દૂધપાકનું હવિષ આપણને અર્પણ કરે; અથવા આપણા કુળમાં તેવો એક પણ પુરુષ ઉત્પન્ન થાય, કે જે નિયમપૂર્વક વ્રત ધારણ કરીને મઘાનક્ષત્રને દિવસે બકરાનું માંસ અર્પણ કરીને, અથવા લૌહ નામની વનસ્પતિનું શાક અર્પણ કરીને અથવા હાથીની છાયામાં મૂકીને હાથીના કાનરૂપી પંખાથી ઠંડો કરેલો દૂધપાક અર્પણ કરીને વિધિપૂર્વક આપણને તૃપ્ત કરે.[૧૩] પ્રત્યેક પિતૃએ પોતાના કુળમાં અનેક પુત્રો ઇચ્છવા જોઈએ; કેમકે તેમાંથી એકાદ પણ જો ગયાક્ષેત્રમાં જાય અને ત્યાં જઈને લોકમાં ‘અક્ષયવટ’ નામના પ્રસિદ્ધ વડ

પાસે પિતૃશ્રાદ્ધ કરે, તો સર્વ પિતૃઓને અક્ષયતૃપ્તિ પ્રાપ્ત થાય છે.[૧૪] પિતૃની મરણતિથિએ શ્રાદ્ધ કરીને જળ, મૂળ, ફળ, માંસ, અન્ન અથવા બીજું જે કંઈ ભક્ષ્ય મધસાથે મિશ્ર કરીને પિતૃઓને અર્પણ કરવામાં આવે છે તો અનંત કાળને માટે પિતૃઓને તૃપ્તિ રહે છે.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “શ્રાદ્ધકલ્પ” એ વિષયનો અધ્યાય ૮૮ મો સમાપ્ત

અધ્યાય ૮૯ મો

નક્ષત્રપરત્વે શ્રાદ્ધફળ

॥ भीष्म उवाच ॥

यमस्तु यानि श्राद्धानि प्रोवाच शशबिंदवे ।
तानिमे शृणु काम्यानि नक्षत्रेषु पृथक् पृथक् ॥

ભીષ્મે કહ્યું:-યમે, જૂદાં જૂદાં નક્ષત્રોપરત્વે જે જે કામ્ય શ્રાદ્ધ શશબિંદુને કહ્યાં છે તેને તું મારી પાસેથી સાંભળ.[૧] જે પુરુષ કૃત્તિકા નક્ષત્રમાં નિત્ય અગ્ન્યાધાન કરીને પોતાનાં સંતાનો સાથે પિતૃઓનું શ્રાદ્ધ કરે છે, તે સર્વ પ્રકારના સંતાપોથી રહિત થાય છે.[૨] જેને સંતાનોની ઇચ્છા હોય તેણે રોહિણી નક્ષત્રમાં શ્રાદ્ધ કરવું અને જેને તેજની ઈચ્છા હોય તેણે ઉત્તમ મૃગશીર્ષ નક્ષત્રમાં શ્રાદ્ધ કરવું; પરંતુ જે મનુષ્ય આર્દ્રા નક્ષત્રમાં શ્રાદ્ધ કરે છે, તે મનુષ્ય ક્રૂર કર્મ કરનારો થાય છે.[૩] જે મનુષ્યને ધન મેળવવાની ઇચ્છા હોય, તેણે પુનર્વસુ નક્ષત્રમાં શ્રાદ્ધ કરવું અને જેને પુષ્ટિની ઇચ્છા હોય તેણે પુષ્ય નક્ષત્રમાં શ્રાદ્ધ કરવું.[૪] આશ્લેષા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય, ધીર પુત્રોને જન્મ આપે છે, મઘા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય, જ્ઞાતિઓમાં શ્રેષ્ઠ થાય છે, પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય ઉત્તમ ભાગ્યશાળી થાય છે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં શ્રાદ્ધ કરનાર મનુષ્ય પુષ્કળ સંતાનોને પામે છે, હસ્તનક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય, સર્વ પ્રકારના ફળનો ભાગીદાર થાય છે, ચિત્રા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય રૂપસંપન્ન પુત્રોને સંપાદન કરે છે, સ્વાતીના યોગમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય ઉત્તમ વેપાર ઉપર જીવન ગાળે છે, વિશાખા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય અનેક પુત્રોવાળો થાય છે, અનુરાધા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય, આખા રાજ્યચક્રને ચલાવનારો થાય છે, (અર્થાત્ રાજા થાય છે) જ્યેષ્ઠા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય સર્વનો અધિપતિ થાય છે અને હે કુરુકુલશ્રેષ્ઠ રાજા! તે મનુષ્ય સમૃદ્ધિવાન હોવા છતાં ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર થઈ શકે છે. મૂલ નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય આરોગ્યને પામે છે, પૂર્વાષાઢા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય ઉત્તમ યશને પામે છે, ઉત્તરષાઢા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય શોકરહિત થઇને પૃથ્વીપર વિચરે છે, અભિજિત્ નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય વૈદ્યની સિદ્ધિને પામે છે, શ્રવણ નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય મરણપછી સદ્ગતિને પામે છે, ધનિષ્ઠા નક્ષત્રમાં નિયમપૂર્વક શ્રાદ્ધ કરનારો મનુષ્ય રાજ્યભાગી થાય છે, શતભિષા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય આયુર્વેદની સિદ્ધિને પામે છે, પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય પુષ્કળ બકરાંઘેટાંને મેળવી શકે છે, ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય હજારો ગાયોને મેળવે છે, રેવતી નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય વસ્ત્રપાત્રાદિ પુષ્કળ ધાતુઓને મેળવે છે, અશ્વિની નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય પુષ્કળ ઘોડાઓને મેળવે છે અને ભરણી નક્ષત્રમાં શ્રાદ્ધ કરનારો મનુષ્ય ઉત્તમ આયુષ્યને સંપાદન કરે છે.[૫-૧૪] આ શ્રાદ્ધવિધિનું શ્રવણ કર્યા પછી શશબિંદુએ તે પ્રમાણેજ કર્યું હતું; જેથી તેણે અનાયાસે આખી પૃથ્વીને જીતી હતી અને તેનાપર રાજ્ય કર્યું હતું.”[૧૫]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “શ્રાદ્ધ કલ્પ” એ વિષયનો અધ્યાય ૮૯મો સમાપ્ત

અધ્યાય ૯૦ મો

શ્રાદ્ધમાં બ્રાહ્મણપરીક્ષાની આવશ્યકતા

॥ युधिष्ठिर उवाच ॥

कीदृशेभ्यः प्रदातव्यं भवेच्छ्राद्धं पितामह ।

द्विजेभ्यः कुरुशार्दूल तन्मे व्याख्यातुमर्हसि ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે કુરુવંશમાં સિંહસમાન પિતામહ ! કેવા બ્રાહ્મણોને શ્રાદ્ધનું ભોજન આપવા યોગ્ય છે? તે તમે મને કહેવાને યોગ્ય છો."[૧]

ભીષ્મે કહ્યું:–"દાનધર્મને જાણનારા ક્ષત્રિયે દેવતાઓના કર્મમાં બ્રાહ્મણોની પરીક્ષા કરવી નહિ; પણ પિતૃઓના કર્મમાં બ્રાહ્મણોની પરીક્ષા કરવી, તેને વિદ્વાનો યોગ્ય માને છે.[૨] દેવતાઓ પણ આ જગતમાં આવીને પોતાના દૈવી તેજથી યુક્ત રહીને બ્રાહ્મણોની પૂજા કરે છે; માટે જ્યારે દેવોને ઉદ્દેશીને કર્મ કરવાનું હોય, ત્યારે હરકોઈ બ્રાહ્મણોને ભોજનાદિ આપવું,[૩] પણ શ્રાદ્ધમાં તો હે મહારાજા ! વિદ્વાન મનુષ્યે બ્રાહ્મણોની અવશ્ય પરીક્ષા કરવી અને તેઓનું કુળ, વય, શીલ, રૂપ, વિદ્યા અને કુટુંબ વગેરે ઉત્તમ છે કે નહિ તે અવશ્ય જોવું.[૪] બ્રાહ્મણોમાં કેટલાએક પંક્તિદૂષક હોય છે (અર્થાત્ જે પંક્તિમાં તેઓ બેઠા હોય છે તે આખી પંક્તિને અપવિત્ર કરનારા હોય છે) અને કેટલાએક પંક્તિપાવન હોય છે. (અર્થાત્ આખી પંક્તિને પવિત્ર કરનારા હોય છે.) તેમાંથી હે રાજા! જેઓ પંક્તિદૂષક છે તેઓવિષે તું સાંભળ."[૫]

જે કપટી હોય છે, બાળકની હત્યા કરનારો હોય છે, ક્ષયરોગી હોય છે, પશુઓને પાળવાનો ધંધો કરનારો હોય છે, વેદાધ્યયનથી રહિત હોય છે, ગામેતીનો ધંધો કરનારો હોય છે, વ્યાજવટાનો ધંધો કરનારો હોય છે, ગવૈયો હોય છે, સર્વ પદાર્થોને વેચનારો હોય છે, પારકા ઘરને બાળી દેનારો હોય છે, કોઇને ઝેર આપનારો હોય છે, પોતાની સ્ત્રીના વ્યભિચારથી આવેલા ધન ઉપર જીવનારો હોય છે, સોમલતાને વેચનારો હોય છે, જ્યોતિષી હોય છે, રાજાનો સેવક હોય છે, તેલ વેચનારો હોય છે, અનેક કપટી પ્રયોગો કરનારો હોય છે, પિતાની સાથે વાદવિવાદ કરનારો હોય છે,જેના ઘરમાં પોતાની સ્ત્રીનો રાખેલો પુરુષ પડી રહેતો હોય છે; તેમજ લોકમાં તિરસ્કારપાત્ર થયેલો,ચોરી કરનારો, શિલ્પવિદ્યા ઉપર જીવનારો, જૂદા જૂદા વેષને ધારણ કરનારો, ચાડીચુગલી કરનારો, મિત્રોનો દ્રોહ કરનારો, પરસ્ત્રીસાથે વ્યભિચાર કરનારો,શૂદ્રોનો અધ્યયન કરાવનારો, શસ્ત્ર ધારણ કરી જીવનારો, કૂતરાઓને સાથે લઇને મૃગયા કરનારો, જેને કૂતરૂં કરડ્યું હોય તે, મોટાભાઇની પહેલાં લગ્ન કરી બેઠેલો, કોઢીયો, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારો, લાકડાં ફાડીને આજીવિકા ચલાવનારો, દેવોનો પૂજારી થઇને આજીવિકા ચલાવનારો અને જે નક્ષત્રો વગેરેનું ફળ કહીને આજીવિકા ચલાવનારો હોય તે સર્વ બ્રાહ્મણો પંક્તિદૂષક ગણાય છે અને હે યુધિષ્ઠિર ! એવા બ્રાહ્મણોને જમાડેલું ભોજન રાક્ષસોને પહોંચે છે (પણ દેવોને કે પિતૃઓને પહોંચતું નથી), એમ બ્રહ્મવાદીઓ કહે છે. જે પુરુષ શ્રાદ્ધનું ભોજન કરીને વેદાધ્યયન કરે છે અથવા શૂદ્રી સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે, તેના પિતૃઓને તેની વિષ્ઠામાંજ એક માસપર્યંત પડી રહેવું પડે છે. જે બ્રાહ્મણ સોમલતાને વેચવાનો ધંધો કરનારો હોય છે તેને આપવામાં આવેલું શ્રાદ્ધભોજન વિષ્ઠારૂપ થાય છે, જે બ્રાહ્મણ વૈદ્યનો ધંધો કરનારો હોય છે તેને આપવામાં આવેલું શ્રાદ્ધભોજન લોહી અને પરૂરૂપ થઇ જાય છે, જે બ્રાહ્મણ દેવોના પૂજારીતરીકે જીવનારો હોય છે તેને આપવામાં આવેલું શ્રાદ્ધભોજન સમૂળગું નષ્ટ થઇ જાય છે, જે બ્રાહ્મણ વ્યાજવટાનો ધંધો કરનારો હોય છે તેને આપેલું શ્રાદ્ધભોજન પિતૃઓને પહોંચતું નથી; તેમજ જે બ્રાહ્મણ વ્યાપારનો ધંધો કરનારો હોય છે તેને આપેલું શ્રાદ્ધભોજન આ લોકમાં કે પરલોકમાં લેશમાત્ર ફળદાયી થતું નથી.[૬–૧૪] જેમ ભસ્મમાં હોમેલું હવ્ય વ્યર્થ જાય છે, તેમ પુનર્લગ્ન કરનારી સ્ત્રીથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણને આપેલું ભોજન પણ વ્યર્થ જાય છે; તેમજ જે પુરુષો ધર્મથી ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણોને તથા ચારિત્રથી રહિત થયેલા બ્રાહ્મણોને દેવભોજન કે પિતૃભોજન અર્પણ કરે છે, તેઓને મરણ પછી કંઇ પણ ફળ મળતું નથી.[૧૫] જે અલ્પબુદ્ધિ મનુષ્યો, તેવા પંક્તિદૂષક બ્રાહ્મણોને જાણી

જોઈને ભોજન અર્પણ કરે છે, તેઓના પિતૃઓ પરલોકમાં તેની વિષ્ઠાનુંજ ભક્ષણ કરે છે, આવો શાસ્ત્રનિશ્ચય છે.[૧૬] આ પ્રથમ કહેવાયલા સર્વ અધમ બ્રાહ્મણો પંક્તિને દૂષિત કરનારા હોઇને અપાંક્તેય કહેવાય છે અને જે અલ્પબુદ્ધિ બ્રાહ્મણો શૂદ્રોને ઉપદેશ કરે છે તેઓ, તેમજ:હે રાજા ! જે બ્રાહ્મણ કાણો હોય છે, ષંઢ (નપુંસક) હોય છે અને કોઢીઓ હોય છે તેઓ સર્વે બ્રાહ્મણો, આખી પંક્તિમાં જ્યાંસુધી દૃષ્ટિપાત કરી શકે છે ત્યાંસુધીના સર્વ ભાગને દૂષિત કરે છે.[૧૭,૧૮] જે પુરુષ મસ્તક ઉપર પાઘડી રાખીને ભોજન કરે છે અથવા દક્ષિણદિશા તરફ મુખ રાખીને ભોજન કરે છે અથવા જોડા પહેરીને ભોજન કરે છે તે સર્વ ભોજન આસુર ભોજન છે-રાક્ષસી ભોજન છે, એમ સમજવું.[૧૯] જે ભોજન અસૂયાપૂર્વક આપવામાં આવે છે અથવા જે ભોજન અશ્રદ્ધાથી આપવામાં આવે છે, તે સર્વ ભોજનને બ્રહ્માએ અસુરોના રાજાના ભાગરૂપે કલ્પ્યું છે. શ્રાદ્ધનું ભોજન કરતી વેળા કૂતરાઓને તથા પંક્તિદૂષકોને જોવા પણ નહિ, માટે આસપાસથી ઢંકાયેલા પ્રદેશમાંજ શ્રાદ્ધભોજન આપવું અને તે પ્રદેશ ઉપર ચોતરફ તલ વેરી દેવા;[૨૧] કેમકે તલવિના કરવામાં આવેલા તથા ક્રોધને અધીન થઈને કરવામાં આવેલા એવા શ્રાદ્ધના ભોજનને રાક્ષસો તથા પિશાચો લૂંટી લે છે.[૨૨] પંક્તિદૂષક પુરુષ, પંક્તિમાં ભોજન કરવા બેઠેલા જેટલા પુરુષોને જોઇ શકે છે તેટલાં વર્ષોપર્યંત તે ભોજન આપનારા મૂર્ખ પુરુષને ફળથી ભ્રષ્ટ કરે છે.[૨૩]

હવે, હે ભરતશ્રેષ્ઠ ! હું જે બ્રાહ્મણોવિષે કહું છું તેઓને તારે પંક્તિપાવન જાણવા અને તેવા બ્રાહ્મણોની તારે પરીક્ષા કરવી.[૨૪] જે બ્રાહ્મણો વિદ્યાસ્નાત હોય, વેદસ્નાત હોય, વ્રતસ્નાત હોય અને સદાચારમાં પરાયણ રહેનારા હોય, તેવા બ્રાહ્મણો સર્વને પવિત્ર કરનારા છે એમ તારે જાણવું. હવે, હું તને પંક્તિપાવન બ્રાહ્મણોવિષે કહું છું તેઓને તારે સારી રીતે ઓળખવા.જે બ્રાહ્મણ ત્રિણાચિકેત નામના મંત્રને ભણનારો હોય, ગાર્હપત્યથી આરંભી આવસથ્ય સુધીના પાંચેઅગ્નિઓનું સેવન કરનારોહોય, "ત્રિસુપર્ણ" આદિ ત્રણ બહવૃચોના મંત્રોને જાણતો હોય, વ્યાકરણ આદિ છયે વૈદિક અંગોને જાણનારો હોય, બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપનારાઓના વંશમાં ઉત્પન્ન થયો હોય, પોતે વેદશાસ્ત્રને ભણેલો હોય,બૃહત્સામનું ગાન કરી જાણનારો હોય,માતાપિતાને વશ રહેનારો હોય,પોતાના વંશમાં વેદશાસ્ત્રનિષ્ણાત દશમા પુરુષતરીકે પોતે ઉત્પન્ન થયો હોય,પોતાની ધર્મપત્ની સાથે ઋતુકાળે ગમન કરનારો હોય, વેદસ્નાત હોય, વ્રતસ્નાત હોય અને જે વિદ્યાસ્નાત હોય તે બ્રાહ્મણ પંક્તિને પવિત્ર કરે છે–અર્થાત્ પંક્તિપાવન ગણાય છે.[૨૫–૨૮] વળી જે બ્રાહ્મણ અથર્વવેદનો અધ્યેતા હોય, બ્રહ્મચારી હોય, નિયમિત વ્રત પાળનારો હોય, સત્યવાદી હોય, ધર્મશીલ હોય અને પોતાનાં કર્મો કરવામાં આસક્ત રહેતો હોય તે બ્રાહ્મણ પણ પંક્તિપાવન કહેવાય છે.[૨૯] જે બ્રાહ્મણો પવિત્ર તીર્થોમાં સ્નાન કરી આવેલા હોય, પરિશ્રમપૂર્વક ધર્મકાર્ય કરનારા હોય, મંત્રપૂર્વક યજ્ઞયાગાદિ કરીને અવભૃથ સ્નાનને કરનારા હોય, ક્રોધનો ત્યાગ કરનારા હોય, શાંત સ્વભાવના હોય, ક્ષમાશીલ હોય, દમગુણને ધારણ કરનારા હોય, ઇંદ્રિયોને જીતનારા હોય અને પ્રાણીમાત્રનું હિત કરનારા હોય, તેઓને શ્રાદ્ધમાં નોતરવા; કેમકે તેવા બ્રાહ્મણો પંક્તિને પાવન કરનારા હોય છે અને તેઓને આપેલું ભોજન અક્ષય ફળને આપે છે. વળી આ બીજાઓ પણ મહાભાગ્યશાળી હોઈને પંક્તિને પાવન કરનારા છે, એમ જાણવું.[૩૨] જેઓ યતિધર્મને પાળનારા હોઇને મોક્ષધર્મના જ્ઞાતા હોય છે, યોગાભ્યાસ કરનારા હોય છે, સારી રીતે વ્રતાચરણ કરનારા હોય છે, ઉત્તમ બ્રાહ્મણોને યત્નપૂર્વક ઇતિહાસ સંભળાવનારા હોય છે, વેદાદિકનાં ભાષ્યોને જેઓ જાણનારા હોય છે, વ્યાકરણશાસ્ત્રના જેઓ અભ્યાસી હોય છે,પુરાણ અને ધર્મશાસ્ત્રોનું પણ જેઓ અધ્યયન કરનારા હોય છે અને તે સર્વનું યોગ્યરીતે અધ્યયન કરીને વિધિપૂર્વક

તે પ્રમાણે વર્તનારા હોય છે, તેઓ પણ પંક્તિપાવન ગણાય છે. વળી જે પુરુષ શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે ગુરુગૃહે નિવાસ કરે છે, હજારો પ્રસંગે સત્ય ભાષણજ કરે છે અને જેઓ સર્વ વેદોમાં તથા સર્વ શાસ્ત્રોનું પ્રવચન કરવામાં અગ્રેસર હોય છે, તે પુરુષો પણ પંક્તિમાં જયાંસુધીના ભાગને જોઈ શકે છે, તે સર્વને પવિત્ર કરે છે.[૩૩--૩૬] જે એક પુરુષ આખી પંક્તિને પવિત્ર કરી શકે છે, તેને પંક્તિપાવન કહેવામાં આવે છે અને બ્રહ્મવિદ્યાને ભણાવનારાઓની વંશપરંપરામાં ઉત્પન્ન થયેલો એક બ્રાહ્મણ તો એક કોશથી દૂર રહીને અથવા અર્ધતૃતીયાંશ કોશથી દૂર રહીને પંક્તિને પવિત્ર કરે છે, એમ બ્રહ્મવેત્તાઓ કહે છે; તેમજ જે એક પુરુષ ઋત્વિજ ન હોય અથવા ઉપાધ્યાય પણ ન હોય છતાં ઋત્વિજોની અનુજ્ઞાથી જો મુખ્ય આસન ઉપર બેસે છે, તો આખી પંક્તિના પાપને હરી શકે છે. (અર્થાત્ પંક્તિપાવન થઇ શકે છે.) વળી એક વેદવેત્તા બ્રાહ્મણ, પંક્તિના સર્વ દોષોથી મુક્ત હોય તો (ઋત્વિજોની અનુજ્ઞા લીધાવિના પણ અગ્રાસને બેસે છતાં) પતિત થઈ શકતો નથી; પણ હે રાજા! તે બ્રાહ્મણ પંક્તિપાવનજ ગણાય છે, માટે સર્વ પ્રકારના પ્રયત્નથી બ્રાહ્મણોની પરીક્ષા કરીનેજ તેઓને આમંત્રણ આપવું.[૩૭-૪૦] શ્રાદ્ધમાં જે બ્રાહ્મણોને આમંત્રણ આપવામાં આવ્યું હોય, તેઓ પોતાનાં બ્રાહ્મણકર્મમાં આસકત રહેનારા હોવા જોઇએ, ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલા હોવા જોઇએ અને સર્વશાસ્ત્રોમાં નિષ્ણાત હોવા જોઇએ. જે પુરુષના શ્રાદ્ધમાં બ્રાહ્મણોની યોગ્યતા વગેરેનો વિચાર નહિ કરતાં કેવળ પોતાના મિત્ર બ્રાહ્મણોનેજ મુખ્યત્વે નોતરવામાં આવ્યા હોય તે પુરુષનું શ્રાદ્ધભોજન પિતૃઓને કે દેવોને પ્રસન્ન કરી શકતું નથી અને તે પુરુષ સ્વર્ગમાં જઇ શકતો પણ નથી.[૪૧] વળી જે પુરુષ શ્રાદ્ધમાં નિમંત્રણ આપીને તે દ્વારા કેવળ મિત્રતાજ કરવા માગે છે, તે પુરુષ દેવયાનમાર્ગે જઈ શકતો નથી અને તેવો શ્રાદ્ધમિત્ર પુરુષ પ્રાચીન કર્મોથી મુક્ત થયો હોય છે, તોપણ ડીંટાથી છુટા થયેલા પીંપળાના ફળની પેઠે સ્વર્ગલોકથી ચ્યુત થાય છે;[૪૨] માટે શ્રાદ્ધકર્તા પુરુષે શ્રાદ્ધના નિમિત્તે મિત્રોનો આદરસત્કાર કરવો નહિ;(અર્થાત્ શ્રાદ્ધમાં મિત્રોને નિમંત્રણ આપવું નહિ;) પણ મિત્રોનો સંગ્રહ કરવામાટે તેઓને ધનાદિ અર્પણ કરવું અને જે પુરુષને પોતે શત્રુ માનતો ન હોય અથવા મિત્ર માનતો ન હોય તેવાનેજ પિતૃભોજન અથવા દેવભોજન જમાડવું. જેમ ક્ષાર જમીનમાં વાવેલું બીજ કદી ઉગી નીકળતું નથી અને એવી જમીનમાં બીજ વાવનાર પુરુષને કંઇ ફળ પણ મળતું નથી; તેમજ જે શ્રાદ્ધમાં કુપાત્ર બ્રાહ્મણોને ભોજન આપેલું હોય છે, તે શ્રાદ્ધ પણ આ લોકમાં કે પરલોકમાં કંઈ ફળ આપી શકતું નથી.[૪૪] જે બ્રાહ્મણ વેદાધ્યયનથી રહિત હોય છે તે ઘાસના અગ્નિની પેઠે તુચ્છ ગણાય છે, માટે તેવા બ્રાહ્મણને શ્રાદ્ધભોજન આપવું નહિ; કેમકે ભસ્મના ઢગલામાં કદી હોમ થઇ શકતો નથી.[૪૫] જે પુરુષ પોતાને શ્રાદ્ધભોજન આપનારાનેજ શ્રાદ્ધભોજન અર્પણ કરે છે, તેનું એ ભોજન પિશાચોની દક્ષિણા જેવું ગણાય છે* અને પિતૃઓને પહોંચી શકતું નથી; તેમજ તેવા પુરુષનું શ્રાદ્ધફળ પણ મરણ પામેલા વાછરડાવાળી ગાય જેમ ગોશાળામાં ચોતરફ ભમ્યા કરે છે, તેમ આ લોકમાંજ ચોતરફ ભમ્યા કરે છે. (અર્થાત્ પરલોકમાં કંઇ ઉપયોગી થઈ શકતું નથી.)[૪૬] જેમ અગ્નિ શાંતથઇ ગયા પછી તેમાં ઘીનો હોમ કરવામાં આવેછે તે દેવોને કે પિતૃઓને પહોંચી શકતું નથી, તેમ નાચનારાને, ગાન કરનારાને અથવા કુપાત્રને જે દક્ષિણા આપવામાં આવે છે, તે પણ દેવોને કે પિતૃઓને પહોંચી શકતી નથી.[૪૭] કુપાત્રને આપેલી દક્ષિણા, તેના દાતાનો તથા પ્રતિગ્રહીતાનો નાશ કરે છે, પણ તેઓનું રક્ષણ કરી શકતી નથી; કેમકે તે દક્ષિણા બંન્નેનો વિઘાત કરનારીજ થઇ પડે છે, નિંદ્ય ગણાય છે અને પોતે અધઃપાત પામીને તેઓના

---

* કેમકે પિશાચો પોતાને દક્ષિણા આપનારનેજ દક્ષિણા આપે છે અથવા પોતાને જ[illegible] જમાડે છે; પણ તે અધમ ગણાય છે.

(એટલે દાતાના તથા પ્રતિગ્રહીતાના) પિતૃઓને પણ દેવયાનમાર્ગથી નીચે પટકી પાડે છે.૪૮ હે યુધિષ્ઠિર! જે બ્રાહ્મણો ઋષિઓએ બાંધેલી મર્યાદામાં નિત્ય અડગ રહે છે અને સર્વ પ્રકારના ધર્મોને જાણે છે, તે બ્રાહ્મણોને વિદ્વાનો દેવ કહે છે.૪૯ હે ભારત! જે બ્રાહ્મણો સ્વાધ્યાયનિષ્ઠ હોય છે, જ્ઞાનનિષ્ઠ હોય છે, તપોનિષ્ઠ હોય છે અને સ્વકર્મનિષ્ઠ હોય છે, તેવા બ્રાહ્મણોને ઋષિઓજ જાણવા;૫૦ માટે હે ભારત! તેવા જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણોનેજ શ્રાદ્ધભોજન જમાડવું. જે મનુષ્યો! બ્રાહ્મણોની કદી નિંદા કરતા નથી, તેઓનેજ ખરા મનુષ્ય જાણવા; પણ જેઓ હરકોઈ વાતચીતના પ્રસંગમાં પણ બ્રાહ્મણોની નિંદા કરે છે, તેઓને શ્રાદ્ધમાં કદી જમાડવા નહિ. હે રાજન્! બ્રાહ્મણોની જો નિંદા કરવામાં આવે છે, તો તેઓ ત્રણ પેઢીનો નાશ કરી નાખે છે. વળી હે રાજા! વૈખાનસ ઋષિઓનું આવું વચન છે કે, વેદપારંગત બ્રાહ્મણોની દૂરથીજ પરીક્ષા કરવી.૫૧–૫૩ જે એક વિદ્વાન બ્રાહ્મણ પોતાને પ્રિય હોય અથવા અપ્રિય હોય તોપણ તેને શ્રાદ્ધભોજન અવશ્ય આપવું; કેમકે હે ભારત! એક પુરુષ, હજારો કુપાત્રોને જમાડે તેના કરતાં માત્ર એકજ વેદવેત્તા બ્રાહ્મણને જમાડીને પ્રસન્ન કરે તો પેલા સર્વને જમાડ્યા કરતાં વધારે શ્રેય સંપાદન કરે છે.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"શ્રાદ્ધકલ્પ" એ વિષયનો
અધ્યાય ૯૦ મો સમાપ્ત

અધ્યાય ૯૧ મો

શ્રાદ્ધવિધિનો ઇતિહાસ અને શ્રાદ્ધમાં ત્યાજ્ય પદાર્થો

॥ युधिष्ठिर उवाच ॥
केन संकल्पितं श्राद्धं कस्मिन्काले किमात्मकम्
भृग्वंगिरसिके काले मुनिना कतरेण वा ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ! શ્રાદ્ધનો પ્રથમ સંકલ્પ કોણે કર્યો? કયા કાળમાં શ્રાદ્ધની પ્રવૃત્તિ ચાલુ થઇ? શ્રાદ્ધનું સ્વરૂપ શું છે? ભૃગુ અને અંગિરાઋષિના કાળમાં શ્રાદ્ધ થતું હતું? અથવા કયા મુનિએ શ્રાદ્ધકર્મનો જગતમાં પ્રચાર કર્યો છે? તેમજ શ્રાદ્ધમાં કયાં કર્મોનો ત્યાગ કરવો જોઇએ? કયાં ફળમૂળોનો ત્યાગ કરવો જોઇએ અને કયી જાતિનાં ધાન્યોનો શ્રાદ્ધમાં ત્યાગ કરવો જોઇએ? તે મને કહો."૨

ભીષ્મે કહ્યું:–" હે રાજા! શ્રાદ્ધની જે પ્રમાણે પ્રવૃત્તિ થઈ છે, જે સમયે શ્રાદ્ધવિધિ ચાલુ થયો છે, શ્રાદ્ધનું જેવું સ્વરૂપ છે અને જે પુરુષે શ્રાદ્ધનો પ્રથમ સંકલ્પ કર્યો છે, તે વિષે તું મારી પાસેથી સાંભળ.૩ હે કુરુવંશી મહારાજા! બ્રહ્મદેવના પુત્ર મહર્ષિ અત્રિ કે જે પ્રતાપી હતા તેમના વંશમાં પ્રથમ દત્તાત્રેય જન્મ્યા.૪ દત્તાત્રેયનો નિમિ નામનો એક તપોધન પુત્ર થયો અને તે નિમિનો પણ એક શ્રીમાન નામનો એક શોભાસંપન્ન પુત્ર ઉત્પન્ન થયો.૫ એ શ્રીમાને સંપૂર્ણ એક હજાર વર્ષસુધી દુષ્કર તપ કર્યું; પરંતુ તે પછી તેને કાળધર્મે ઘેરી લીધો, જેથી તે મરણ પામ્યો.૬ એ રીતે શ્રીમાન મરણ પામ્યો, એટલે તેના પિતા નિમિએ, શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સ્નાનાદિ શૌચક્રિયા કરી; પરંતુ પુત્રના શોકને લીધે તેને તીવ્ર સંતાપ થવા લાગ્યો.૭ તે પછી મહાબુદ્ધિમાન તે નિમિએ, (અમાવાસ્યાને દિવસે શ્રાદ્ધ કરવાનો મનમાં વિચાર કરીને, ચૌદશને દિવસે શ્રાદ્ધને લગતી સર્વ સામગ્રી તૈયાર કરી અને પોતાના પુત્રનાજ શોકમાં આખી રાત્રિ ગાળી કાઢીને અમાવાસ્યાના પ્રભાતમાં તે જાગ્રત થયો.૮ તે સમયે તેનું મન શોકને લીધે અત્યંત વિહ્વળ હતું, તોપણ શોકનો ત્યાગ કરી દઇને તેણે પોતાની બુદ્ધિને (કર્તવ્યધર્મમાં) વિસ્તારપૂર્વક ગતિ કરનારી કરી (અર્થાત્ બુદ્ધિને સતેજ કરી)૯ અને ચિત્તને એકાગ્ર કરી શ્રાદ્ધવિધિનો મનમાં વિચાર કર્યો; તેમજ શ્રાદ્ધમાં જે જે ભોજ્ય પદાર્થો, ફળ તથા મૂળ વગેરે કહેવામાં આવ્યાં છે અને પોતાના પુત્રને જે જે અન્ન તથા વસ્તુઓ પ્રિય હતી તે સર્વનો મનથી નિશ્ચય કરીને મહાબુદ્ધિમાન તે નિમિએ અમાવાસ્યાને દિવસે પૂજ્ય બ્રાહ્મણોને

નિમંત્રણ આપ્યું અને પછી તેણે પોતેજ બ્રાહ્મણોને દર્ભાસન પાથરી આપીને તેનાપર બેસાડયા અને તેઓની પ્રદક્ષિણા કરી.[૧૦-૧૨] તે પછી મહાસમર્થ તે નિમિએ, સાત બ્રાહ્મણોને એકીસાથે ભોજન કરવા બેસાડયા અને તેઓને લવણવિનાનું સામાનું અન્ન ભોજનમાં અર્પણ કર્યું.[૧૩] તે વેળા નિમિએ જેઓ અન્નનું ભોજન કરવા બેઠા હતા તે બ્રાહ્મણોના બન્ને ચરણોની પાસે આસનો ઉપર દક્ષિણ તરફ મુખ આવે તેમ દર્ભો મૂકયા અને પછી માનસિક પવિત્રતાપૂર્વક પોતાના પુત્ર શ્રીમાનના નામગોત્રનો ઉચ્ચાર કરી તે દર્ભ ઉપર પિંડ મૂકયો. એ રીતે તે શ્રાદ્ધકર્મ પૂર્ણ કરી લીધા પછી તે મહામુનિ, પોતે જાણે કંઇ ધર્મસંકરતા કરી હોય,તેમ મોટા પશ્ચાત્તાપપૂર્વક સંતાપ પામીને મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ–"આવું શ્રાદ્ધકર્મ પૂર્વે કોઇપણ મુનિએ કર્યું નથી,છતાં મેં આ શું કર્યું ? મારા કર્મને લીધે બ્રાહ્મણો મને શાપ આપીને શું બાળી તો નહિ નાખે?"મનમાં એ પ્રમાણે વિચારકરીને તેણે પોતાના વંશકર્તાઅત્રિઋષિનું ચિંતન કર્યું, એટલે તુરતજ તપોધન અત્રિ ત્યાં આવી પહોંચ્યા.[૧૮]ત્યાં આવીને અત્રિઋષિએ જોયું તો પોતાના પુત્રના શોકથી નિમિ કૃશ થઇ ગયો હતો;જેથી તે અવિનાશી અત્રિએ મનને પ્રિય લાગે તેવી વાણી કહીને તેને શાંત પાડયો. (અને આ પ્રમાણે કહેવા માંડયું.)[૧૯]

"હે તપોધન નિમિ ! તેં આ પિતૃયજ્ઞનો સંકલ્પ કર્યો છે તેથી તું ભય પામીશ નહિ; કેમકે બ્રહ્મદેવે પોતે આ ધર્મને પૂર્વે પ્રચલિત કર્યો છે.[૨૦] આ પિતૃયજ્ઞરૂપ ધર્મનું બ્રહ્મદેવે પોતેજ વિધાન કર્યું છે અને તેજ ધર્મને જગતમાં આજથી તેં પ્રવર્તાવ્યા છે. બ્રહ્મદેવવિના બીજો કયો પુરુષ આ શ્રાદ્ધવિધિનો નિયમ કરી શકે તેમ છે ?[૨૧] હવે હે પુત્ર ! શ્રાદ્ધના જે ઉત્તમ વિધિનું બ્રહ્મદેવે પોતેજ વિધાન કર્યું છે તે હું તને કહું છું; તે સાંભળીને તું તે પ્રમાણેજ કરજે.[૨૨] હે તપોધન ! પ્રથમ મંત્રપૂર્વક અગ્નૌકરણ કરીને બ્રહ્મદેવે પોતેજ અગ્નિને, સોમને, વરુણને તથા પિતૃઓસાથે નિત્ય નિવાસ કરનારા વિશ્વેદેવાઓને ભાગ અર્પણ કર્યા હતા; (માટે તારે પણ અગ્નૌકરણ કર્યા પછી તેઓને ભાગ અર્પણ કરવા.)[૨૩,૨૪] અને પછી પિતૃપિંડવગેરેને ધારણ કરનારી પૃથ્વીની "वैष्णवी काश्यपी અને अक्षया " એવાં નામોચ્ચારપૂર્વક સ્તુતિ કરવી; તેમજ શ્રાદ્ધમાટે જળ લાવવું હોય, ત્યારે પણ મહાસમર્થ વરુણદેવની સ્તુતિ કરવી અને પછી હે નિર્દોષ નિમિ! અગ્નિ તથા સોમની પણ સ્તુતિ કરવી; તેમજ પિતૃ નામના દેવતાઓ કે જેઓને બ્રહ્મદેવે પોતે ઉત્પન્ન કરીને ભાગ અર્પણ કર્યો છે અને જેઓ મહાભાગ્યશાળી હોઇને " उष्णपा " એવા નામથી પ્રસિદ્ધ છે તેઓને પિંડદાન વગેરે આપીને તૃપ્ત કરવા;[૨૭] કેમકે શ્રાદ્ધમાં તેઓનું જો પૂજન કરવામાં આવે છે, તો સર્વ પાપમાંથી મુક્ત થઇ શકાય છે. પૂર્વે બ્રહ્મદેવે, પિતૃઓના વંશને સાત વિભાગમાં રચ્યો છે અને અગ્નિ આદિ વિશ્વેદેવાઓની પણ સૌની પહેલાંજ સંખ્યા કરી મૂકી છે; માટે તે મહાત્માઓ પણ શ્રાદ્ધના ભાગને યોગ્ય છે, જેથી તેઓનાં નામ હું તને કહું છું.[૨૮,૨૯]બલ,ધૃતિ, વિપાપ્મા, પુણ્યકૃત, પાવન, પાર્ષ્ણિક્ષેમા, સમૂહ, દિવ્યસાનુ, વિવસ્વાન, વીર્યવાન, હ્રીમાન્, કીર્તિમાન્, કૃત, જિતાત્મા, મુનિવીર્ય, દીપ્તરોમા, ભયંકર, અનુકર્મા, પ્રતીત, પ્રદાતા, અંશુમાન્, શૈલાભ, પરમક્રોધી, ધીરોષ્ણી,ભૂપતિ, સ્રજ, વજ્રી અને વરી–આ બધા સનાતન વિશ્વેદેવાઓ છે. વળી વિદ્યુદ્વર્ચા, સોમવર્ચા, સૂર્યશ્રી, સોમપ, સૂર્યસાવિત્ર, દત્તાત્મા, પુંડરીયક, ઉષ્ણીનાભ, નભોદ, વિશ્વાયુ, દીપ્તિ, ચમૂહર, સુરેશ, વ્યોમારિ, શંકર, ભવ, ઇશ, કર્તા, કૃતિ, દક્ષ,:ભુવન, દિવ્યકર્મકૃત, ગણિત, પંચવીર્ય, આદિત્ય, રશ્મિવાન્, સપ્તકૃત, સોમવર્ચા, વિશ્વકૃત, કવિ, અનુગોપ્તા, સુગોપ્તા, નપ્તા અને ઇશ્વર–આ નામના પણ વિશ્વેદેવાઓ છે, કે જેઓ મહાભાગ્યશાળી છે અને કાળની ગતિને પણ જાણનારા છે.[૩૦-૩૭]

હવે, શ્રાદ્ધમાં કયાં ધાન્યો, કયાં દ્રવ્યો અને કયાં શાકો ત્યાગ કરવાયોગ્ય છે, તે વિષે

હું તને કહું છું. તેમાં કોદરા અને પુલકજાતિનાં ધાન્ય(કે જેમાં ચોખાની કણકી સાથે રાંધવામાં આવી હોય તે) નો શ્રાદ્ધમાં ત્યાગ કરવો, દ્રવ્યોમાં હિંગનો ત્યાગ કરવો અને શાકોમાં ડુંગળી, લસણ, સરગવો, કોવિદાર, ગાજર, કોહળું તથા દૂધી–વગેરેનો ત્યાગ કરવો. વળી સંચળ, ગ્રામ્ય ભુંડનું માંસ, જે પદાર્થ ઉપર મંત્રપૂર્વક પ્રોક્ષણ કરવામાં ન આવ્યું હોય તે પદાર્થ, કાળું જીરૂં, બીડલવણ, શીતપાકી નામનું શાક, વાંસ અને કેરડા વગેરેના અંકુરો અને શીંગોડાં પણ શ્રાદ્ધમાં ત્યાજ્ય ગણાય છે;[૪૦] તેમજ સર્વ પ્રકારના લવણનો, જાંબુનાં ફળનો, જેનાપર છીંક થઇ હોય અને જેને માટે રોકકળ થઈ હોય તેવા અન્નનો પણ શ્રાદ્ધમાં ત્યાગ કરવો.[૪૧] વળી સુદર્શન નામનું એક શાક તો નિવાપમાં,હવ્યમાં તથા પિતૃઓના કવ્ય ભોજનમાં નિંદ્યજ ગણાય છે; અને પિતૃઓ કે દેવતાઓ તે શાકરૂપ હવિષ્યને પસંદજ કરતા નથી. જ્યારે શ્રાદ્ધકાળ ઉપસ્થિત થાય, ત્યારે ચાંડાલને તથા કૂતરાને રાંધી ખાનારા ભંગીઓ વગેરેને આસપાસ આવવા દેવા નહિ; તેમજ કષાય વસ્ત્રને ધારણ કરનારા વૈરાગીને અથવા સંન્યાસીને, કોઢીઆને, પતિતને, બ્રહ્મહત્યારાને, સંકરજાતિના બ્રાહ્મણને તથા પતિત થયેલા પોતાના સંબંધીને પણ શ્રાદ્ધસમયે દૂર રાખવા."[૪૨–૪૪]

તપોધન ભગવાન અત્રિ, પોતાના વંશમાં ઉત્પન્ન થયેલા તે નિમિઋષિને એ પ્રમાણે કહીને બ્રહ્મદેવની દિવ્ય સભામાં ચાલ્યા ગયા.[૪૫]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
" શ્રાદ્ધ કલ્પ " એ વિષયનો
અધ્યાય ૯૧ મો સમાપ્ત

અધ્યાય ૯૨ મો

શ્રાદ્ધમાં પ્રથમ અગ્નિને પિંડદાન આપવાનો હેતુ

॥ भीष्म उवाच ॥

तथा निमौ प्रवृत्ते तु सर्व एव महर्षयः ॥
पितृयज्ञं तु कुर्वंति विधिदृष्टेन कर्मणा ॥१॥

ભીષ્મે કહ્યું:–" એ પ્રમાણે અત્રિઋષિના કહેવાથી નિમિએ શ્રાદ્ધ કરવાની પ્રવૃત્તિ ચાલુ કરી. એટલે સર્વ મહર્ષિઓ પણ શાસ્ત્રોક્ત કર્મને અનુસરીને પિતૃયજ્ઞ કરવા લાગ્યા.[૧] ઉપરાંત નિત્ય ધર્માચરણ કરનારા અને નિયમપૂર્વક વ્રત પાળનારા સર્વ ઋષિઓ, પિતૃઓને પિંડપ્રદાન અર્પણ કરીને તીર્થના જળવડે પિતૃઓનું તર્પણ પણ કરવા લાગ્યા.[૨] હે ભારત ! એ પ્રમાણે ચારે વર્ણના લોકોએ પિતૃઓને પિંડપ્રદાન અર્પણ કરવા માંડયું જેથી પિતૃઓ એટલા બધા તૃપ્ત થઇ ગયા, કે તેઓ લોકોએ આપેલા અન્નને પચાવી શકયા નહિ. તેઓને અજીર્ણને લીધે દુઃખ થવા લાગ્યું,જેથી તેઓ પુષ્કળ અન્નથી પીડાઇને સર્વ દેવતાઓની સાથે સોમને શરણે ગયા.[૪] એ રીતે અજીર્ણથી પીડાતા તે પિતૃઓ સોમની પાસે જઇને તેને કહેવા લાગ્યા કે:–" અમે શ્રાદ્ધના અન્નથી પીડાઇએ છીએ.માટે તમે અમારૂં કલ્યાણ કરો."

તે સાંભળી સોમે તેઓને કહ્યું:–" હે પિતૃદેવો ! તમારે જો શ્રેય સંપાદન કરવાની ઇચ્છા હોય,તો તમે બ્રહ્મલોકમાં જાઓ. બ્રહ્મા તમને શ્રેયનો ઉપાય કહેશે. "[૬]

હે ભારત ! સોમના એ વચન ઉપરથી સર્વ દેવતાઓ અને પિતૃઓ મેરુપર્વતના શિખર ઉપર બેઠેલા બ્રહ્મદેવપાસે ગયા.(ને કહેવા લાગ્યા.)

પિતૃઓએ કહ્યું:–" હે ભગવન્ ! શ્રાદ્ધના અન્નથી અમે અત્યંત પીડાઇએ છીએ,માટે હે દેવ ! અમારા ઉપર કૃપા કરો અને અમારૂં કલ્યાણ કરો."[૮]

તેઓનું એ વચન સાંભળીને બ્રહ્મદેવે કહ્યું કે:–" મારી સમીપમાં બેઠેલો આ અગ્નિ તમને કલ્યાણનો ઉપાય કહેશે. "[૯]

અગ્નિએ કહ્યું:–" હે તાત પિતૃઓ ! હવે પછી જયાં શ્રાદ્ધપ્રસંગ ઉપસ્થિત થશે,ત્યાં મારી સાથે રહીને તમે ભોજન કરશો; જેથી તમે પણ મારી સાથેજ અન્નને પચાવી શકશો, એમાં કંઇ સંશય નથી."[૧૦]

અગ્નિનું એ વચન સાંભળ્યા પછી પિતૃઓ, સંતાપથી મુક્ત થયા. હે રાજા ! આવા કારણથીજ શ્રાદ્ધમાં અગ્નિને પ્રથમ પિંડ આપવામાં આવે છે.[૧૧] વળી હે મહાપુરુષ ! જે શ્રાદ્ધમાં અગ્નિને પ્રથમ પિંડ અર્પણ કરવામાં આવે છે, તે શ્રાદ્ધમાં બ્રહ્મરાક્ષસો કદી વિઘ્ન કરી શકતા નથી અને રાક્ષસો પણ અગ્નિદેવને ત્યાં ઉભેલા જોઈ દૂર નાસે છે. શ્રાદ્ધમાં પહેલો પિંડ પિતાને આપવો, બીજો પિંડ પિતામહને આપવો અને ત્રીજો પિંડ પ્રંપિતામહને આપવો.આવો શ્રાદ્ધનો વિધિ છે. વળી શ્રાદ્ધમાં પ્રત્યેક પિંડ આપતી વેળા મનને એકાગ્ર કરી ગાયત્રીમંત્ર બોલવો અને "सोमाय" તથા "पितृमते" એમ પણ કહેવું. જે સ્ત્રી રજસ્વલા હોય અથવા કાને ખોડવાળી હોય તેને શ્રાદ્ધપ્રદેશમાં આવવા દેવી નહિ, તેમ તેને શ્રાદ્ધકર્મ જોવા પણ દેવું નહિ. વળી કોઇ બીજા વંશની સ્ત્રીને શ્રાદ્ધની રસોંઇ કરવા દાખલ કરવી નહિ.[૧૨-૧૫]

જે સમયે જળને તરી જવાનો પ્રસંગ આવે, તે સમયે પોતાના પિતામહોના નામનું ઉચ્ચારણ કરવું અને શ્રાદ્ધ કરનારા પુરુષે કોઇ નદી ઉપર જઇને પિતૃઓનું પિંડતર્પણ કરવું. પ્રથમ પોતાના વંશજોનું જળથી તર્પણ કરવું અને પછી પોતાના મિત્રોને તથા સંબંધીઓને જલાંજલિ અર્પણ કરવી.[૧૭] જે પુરુષ કાબરચિત્રા રંગના બે બળદો જોડેલા ગાડામાં બેસીને જળને ઉતરતો હોય અથવા કોઈ નૌકામાં બેસીને નદીને ઉતરતો હોય, તે સમયે એ પુરુષે બળદના પૂછડાથી પિતૃતર્પણ કરવું, પણ નૌકામાં બેઠેલા પુરુષે નૌકામાં બેઠા બેઠા પિતૃતર્પણ કરવું, એમ પિતૃઓ તે સમયે અવશ્ય ઇચ્છે છે.[૧૮] આવા કારણથીજ શ્રાદ્ધવિધિને જાણનારા પુરુષો નૌકામાં બેઠેલા હોય છે, ત્યારે પણ નિરંતર પિતૃઓને જલાંજલિ આપે છે. પ્રત્યેક મનુષ્યે, કૃષ્ણપક્ષની અમાવાસ્યાને દિવસે પિતૃતર્પણ અવશ્ય કરવું જોઇએ;[૧૯] કેમકે પિતૃઓની ભક્તિ કરવાથી પુષ્ટિ, આયુષ્ય, વીર્ય અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. હે કુરુકુલશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! બ્રહ્મદેવ, પુલસ્ત્ય, વસિષ્ઠ, પુલહ, અંગિરા, ક્રતુ અને મહર્ષિ કશ્યપ–આ સર્વે મોટા યોગેશ્વર કહેવાય છે અને તેઓની પિતૃઓમાં પણ ગણના થાય છે. હે રાજન્ ! આજ શ્રેષ્ઠ શ્રાદ્ધવિધિ છે. મરણ પામેલાઓને આ શ્રાદ્ધકર્મદ્વારા પિંડનો સંબંધ થવાથી તેઓ, સર્વ દુઃખમાંથી મુક્ત થાય છે.[૨૦-૨૨] આ રીતે હે પુરુષશ્રેષ્ઠ! શ્રાદ્ધની ઉત્પત્તિ કે જે પૂર્વના ઋષિમુનિઓએ શાસ્ત્રમાં વર્ણવી છે, તે મેં તને શાસ્ત્રાનુસારજ કહી. હવે હું તને દાનવિષે કહું છું."[૨૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "શ્રાદ્ધકલ્પ" એ વિષયનો અધ્યાય ૯૨ મો સમાપ્ત

અધ્યાય ૯૩ મો

નિર્લોભ વૃત્તિનું દિવ્ય ફળ

॥ युधिष्ठिर उवाच॥

द्विजातयो व्रतोपेता हविस्ते यदि भुंजते ।
अन्नं ब्राह्मणकामाय कथमेतत् पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! વ્રતનિષ્ઠ બ્રાહ્મણો, દશાહ આદિ શ્રાદ્ધના હવિષનું ભોજન કરે તો તેઓના વ્રતનો નાશ થાય છે. આવા કારણથી તેવા વ્રતનિષ્ઠ બ્રાહ્મણોએ દશાહ આદિ શ્રાદ્ધનું અન્ન ત્યાજ્ય ગણવું કે યજમાનની ઇચ્છાને અનુસરીને પોતાના વ્રતનો નાશ થાય છતાં તે અન્નનું ભોજન કરવું ? આવે પ્રસંગે બ્રાહ્મણોએ શું કરવું ? તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:– હે યુધિષ્ઠિર ! જે બ્રાહ્મણો વેદોક્ત યજ્ઞયાગાદિના વ્રતથી રહિત હોય છે,તેઓ યજમાનની ઇચ્છાને અનુસરીને દશાહ આદિ શ્રાદ્ધનું અન્ન જમી શકે છે; પણ જેઓ વેદોક્ત વ્રતને ધારણ કરનારા હોય છે, તેઓ દશાહ આદિ શ્રાદ્ધના અન્નનું ભોજન કરીને અવશ્ય વ્રતનો નાશ કરી બેસે છે.[૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–" સામાન્ય મનુષ્યો કહે છે કે, ઉપવાસ કરવા તેજ તપ છે. આ ઉપરથી હું તમને પૂછું છું કે,ઉપવાસ કરવા એજ તપ છે કે તે વિના બીજું કોઈ તપ છે ?"[૩]

ભીષ્મે કહ્યું:–" સામાન્ય જનસમુદાય

માને છે કે, મહિનાના કે અર્ધા મહિનાના ઉપવાસ કરવા તે તપ છે; પણ તેવું તપ કરનારો મનુષ્ય કોઇ સમયે પોતાના શરીરનો અથવા કુટુંબનો નાશ કરનાર થઈ પડે છે, માટે તેવું તપ કરનારો મનુષ્ય તપસ્વી થઇ શકતો નથી કે ધર્મવેત્તા પણ થઈ શકતો નથી;[૪] માટે ત્યાગની સંપત્તિનેજ ઉત્તમ તપ કહેવામાં આવે છે (અર્થાત્ ત્યાગ એજ ઉત્તમ તપ કહેવાય છે) અને હરકોઇ મનુષ્યે (નિયમિત આહાર લઇને) સદાય ઉપવાસી થવું, બ્રહ્મચારી રહેવું, મૌન વ્રત ધારણ કરવું, બ્રાહ્મણે વેદસ્વાધ્યાય કરવો, કુટુંબપરિવારવાળા થવું, ધર્મ કરવાની ઇચ્છા રાખવી, નિરંતર (નિયમિત નિદ્રા લઈને) જાગ્રત રહેવું, માંસાહારનો ત્યાગ કરવો, સદાય પવિત્ર મંત્રાદિનો જાપ કરવો, સદાય સત્યવાદી થવું, પ્રતિદિન નિયમનિષ્ઠ રહેવું, વૈશ્વદેવ કર્યા પછી ભોજન કરવું, અતિથિઓ ઉપર પ્રીતિ રાખવી, દેવોને અર્પણ કરતાં અવશેષ રહેલા અમૃતરૂપ અન્નનું ભોજન કરવું અને બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવવી તે પણ ઉત્તમ તપ છે.”[૫-૮]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે રાજા! સદાય ઉપવાસી, સદાય બ્રહ્મચારી, અને સદાય વિઘસાશી કેમ થઇ શકાય? અને અતિથિઓ ઉપર સદાય પ્રીતિ રાખવી એટલે શું?”[૯]

ભીષ્મે કહ્યું:-“ જે પુરુષ પ્રાતઃકાળ અને સાયંકાળના ભોજનની વચ્ચે ત્રીજીવાર ભોજન કરતો નથી, તે પુરુષ સદાય ઉપવાસી ગણાય છે; માત્ર ઋતુકાળેજ પોતાની ભાર્યા પાસે જે ગમન કરે છે,તે પુરુષ સદાય બ્રહ્મચારી ગણાય છે અને જે મનુષ્ય નિરંતર દાન આપ્યા કરે છે,તે નિત્ય સત્યવાદી ગણાય છે.[૧૧] જે પુરુષ યજ્ઞાદિનિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરતો નથી, તે પુરુષ માંસાહારી ગણાતો નથી;તેમજ જે પુરુષ નિત્ય દાન આપે છે તે પવિત્ર થાય છે અને જે પુરુષ દિવસે નિદ્રા કરતો નથી,તે પુરુષ નિદ્રારહિત ગણાય છે.[૧૨] વળી જે પુરુષ પોતાના પોષ્યવર્ગ અને અતિથિઓના ભોજન કરી લીધા પછી નિત્ય ભોજન કરે છે,તે પુરુષ કેવળ અમૃતનુંજ ભોજન કરે છે, એમ હે યુધિષ્ઠિર! તારે જાણવું. જે પુરુષ બ્રાહ્મણોએ ભોજન કર્યું ન હોય ત્યાંસુધી કદી ભોજન કરતો નથી,તે પુરુષ એ અભોજનના પ્રભાવથી સ્વર્ગલોકને જીતી શકે છે;[૧૪] પણ જે પુરુષ દેવો, પિતૃઓ અને આશ્રિતોને ભોજન આપ્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, તેને “વિઘસાશી” કહેવામાં આવે છે;[૧૫] અને આવા વિઘસાશી પુરુષોને હે રાજા! અનંત લોકની પ્રાપ્તિ થાય છે અને તે પુરુષો બ્રહ્માના લોકમાં જ્યારે ગતિ કરે છે,ત્યારે ગંધર્વો તથા અપ્સરાઓ તેઓનું સ્વાગત કરવા હાજર થાય છે.[૧૬] જે પુરુષ દેવતાઓ, પિતૃઓ અને અતિથિઓની સાથે ભોજન કરે છે, તે પુરુષ આ લોકમાં પોતાના પુત્રપૌત્રાદિ પરિવારની સાથે નિત્ય આનંદ કરે છે અને મરણ પછી પરલોકમાં તેને સર્વોત્તમ ગતિપ્રાપ્તથાયછે.”

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે :પિતામહ! જેઓ બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાનો આપે છે,તે દાતાઓમાં તથા તેઓની પાસેથી દાનનો પ્રતિગ્રહ કરનારા બ્રાહ્મણોમાં શી વિશેષતા છે?”[૧૭,૧૮]

ભીષ્મે કહ્યું:-“ જે બ્રાહ્મણ સત્પુરુષની પાસેથી દાનનો પ્રતિગ્રહ કરે છે, તેને અલ્પ દોષ લાગે છે, કેમકે તે સત્પુરુષ ગુણવાન હોય છે; પણ જે બ્રાહ્મણ કોઈ દુષ્ટ પુરુષ પાસેથી દાનનો પ્રતિગ્રહ કરે છે, તે તો કેવળ દોષોમાંજ ડૂબી જાય છે; કેમકે તેને દાન આપનારો દુષ્ટ પુરુષ કેવળ નિર્ગુણજ હોય છે.[૧૯] હે ભારત! આ વિષયમાં પણ રાજા વૃષાદર્ભિ અને સપ્તર્ષિઓના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.”[૨૦]

પૂર્વે કશ્યપ, અત્રિ, વસિષ્ઠ,ભરદ્વાજ, ગૌતમ, વિશ્વામિત્ર અને જમદગ્નિ, આ સાત ઋષિઓ અને સાધ્વી અરુંધતી, તપશ્ચર્યા કરતાં કરતાં આ પૃથ્વીપર વિચરતાં હતાં. તે સમયે તેઓ સર્વનું કામ કરનારી એક ગંડા નામની શૂદ્રજાતિની પરિચારિકા અને પશુસખ નામનો એક શૂદ્ર, કે જે તે ગંડાનો પતિ હતો, તેઓ બન્ને પણ તેઓની સાથે હતાં. તે સપ્તર્ષિઓને કેવળ સમાધિના બળથીજ સનાતન બ્રહ્મલોક સંપાદન કરવાની ઇચ્છા હતી.[૨૧-૨૩] પછી હે

કુરુનંદન ! તે વેળા મોટો દુષ્કાળ પડયો, કે જેમાં આ સર્વ લોક ક્ષુધાને લીધે પ્રાણસંકટપ્રસંગમાં આવી પડયો.[૨૪] તે સમયે શિબિના પુત્ર શૈબ્ય નામના એક રાજાએ યજ્ઞ કર્યો અને તે યજ્ઞમાં ઋત્વિજોને દક્ષિણા બદલ પોતાના એક પુત્રનું તેણે દાન કર્યું;[૨૫] પણ એ વખતે તે રાજપુત્ર અલ્પ આયુષ્યવાળો હોઇને મરણ પામ્યો. એટલે ક્ષુધાથી સંતપ્ત થયેલા તે સપ્તર્ષિઓ તે રાજપુત્રને વિંટાઇ વળીને ઉભા રહ્યા; અને પછી હે ભારત ! તે મહર્ષિઓએ પોતાના યજમાનના પુત્રને મરણ પામેલો જોઇ તેને એક તપેલામાં નાખીને રાંધવા માંડયો; કેમકે ક્ષુધાને લીધે તેઓ વ્યાકુળ થઇ ગયા હતા.[૨૭] વળી તે સમયે આ મનુષ્યલોકમાં કોઈ સ્થળે પણ અન્ન હતું નહિ, જેથી તે તપસ્વીઓએ પોતાના પ્રાણનું રક્ષણ કરવામાટે અને હરકોઇ ઉપાયે અન્ન મેળવવામાટે તે ભયંકર વૃત્તિનો સ્વીકાર કર્યો હતો.[૨૮]

એ પ્રમાણે તે સપ્તર્ષિઓ, માર્ગની વચ્ચે તે રાજપુત્રને રાંધી રહ્યા હતા.તેવામાં શિબિનો પુત્ર રાજા વૃષાદર્ભિ, ફરતો ફરતો ત્યાં આવી ચઢયો અને અન્નમાટે દુઃખી થઇ રહેલા તે ઋષિઓને તેણે જોયા.[૨૯]

તે સમયે વૃષાદર્ભિએ કહ્યું કેઃ–“હે તપોધનો ! આ વેળા તમે પ્રતિગ્રહ કરશો તોજ તમારો આ દુઃખમાંથી છુટકારો થશે અને તમારા શરીરનું પોષણ પણ થશે, માટે મારી પાસે જે ધન રહેલું છે તેને તમે માગી લ્યો.[૩૦] વળી યાચના કરનારો બ્રાહ્મણ મને પ્રિય લાગે છે;માટે તમે મારી પાસે યાચના કરશો તો હું તમને પ્રત્યેકને એક હજાર ખચ્ચરજાતિની ઘોડીઓ આપીશ અને વાછરડાવાળી,તુરતમાં વીઆયેલી ઝડપથી ચાલનારી અને શ્વેતવર્ણનાં રુવાંટાંવાળી પુષ્કળ ગાયો આપીશ.[૩૧] ઉપરાંત ઉત્તમ જાતિના,ઝુંસરીને વહન કરી શકે તેવા અને શ્વેતવર્ણના સો સો બળદો આપીશ; તેમજ પુષ્ટ બાંધાની એક વખત વીઆયેલી અને શ્રેષ્ઠ આચરણવાળી ઉત્તમ ગાયો આપીશ. ઉપરાંત ઉત્તમ ગામડાં આપીશ અને ડાંગેર, રસ, જવ, રત્નો તથા બીજી જે કંઈ દુર્લભ વસ્તુ તમે માગશો તે સર્વ હું તમને આપીશ, માટે આ અભક્ષ્ય પદાર્થના ભાવનો ત્યાગ કરીને તમે કહો. હું તમારી પુષ્ટિને માટે શું આપું ?”[૩૩]

ઋષિઓએ કહ્યુંઃ–‘હે રાજન! રાજાઓનો પ્રતિગ્રહ મધથી સ્વાદિષ્ટ કરેલા વિષના જેવો છે. એ વાતને તું જાણે છે;છતાં અમને શામાટે લોભાવે છે ?[૩૪] બ્રાહ્મણો,સર્વ દેવોના નિવાસસ્થાનરૂપ એક ક્ષેત્ર છે, માટે જે બ્રાહ્મણ તપશ્ચરણથી નિર્મળ થઈને જો પ્રસન્ન રહે, તો સર્વ દેવતાઓને પ્રસન્ન કરી શકે છે.[૩૫] બ્રાહ્મણ પોતાના જીવનમાં જેટલું તપ સંપાદન કરે છે,તે સર્વને દાવાનળ જેમ વનને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ તેણે સ્વીકારેલા રાજાનો પ્રતિગ્રહ, તત્કાળ બાળીને ભસ્મ કરી નાખે છે. હે રાજન્ ! તારૂં તારા દાનની સાથે સદાય કુશળ થાઓ અને તે સર્વ દાન કોઇ બીજા યાચકોને તું આપી દેજે.”

એમ કહીને તે મહાત્માઓ, એ માંસનો ત્યાગ કરીને બીજો કંઈ આહાર મેળવવાની ઇચ્છાથી ત્યાંથી બીજા વનમાં ચાલ્યા ગયા; જેથી તેઓએ રાંધવા માંડેલું તે માંસ,અપક્વ સ્થિતિમાંજ ત્યાં પડી રહ્યું.તે પછી રાજાની આજ્ઞાને લીધે તેના મંત્રીઓ, જેમાં ગુપ્તરીતે સુવર્ણ ભરવામાં આવ્યું હતું તેવાં ઉંબરાનાં ફળો એકત્ર કરીને તે સપ્તર્ષિઓને આપવા માટે ગયા અને તેમની પાસે જઇને તેનું દાન કરવાનો આરંભ કરવા લાગ્યા; તેમજ એ મંત્રીઓના બીજા સેવકો પણ ઉંબરાનાં ફળનું દાન કરવામાટે તે સપ્તર્ષિઓ સમીપ દોડી ગયા.[૩૬–૪૦] તે સમયે એ ઉંબરાનાં ફળોને કંઇક વજનદાર જાણીને અત્રિઋષિએ કહ્યુંઃ– “આ ઉંબરાનાં ફળો ગ્રહણ કરવા યોગ્ય નથી. અમે જાણી શકયા છીએ કે, આ ઉંબરાનાં ફળ અંદરના ભાગમાં સુવર્ણથી ભરેલાં છે; કેમકે અમે કંઇ અલ્પજ્ઞાની નથી તેમ અલ્પબુદ્ધિવાળા નથી; પણ અમે સંપૂર્ણ રીતે જ્ઞાનસંપન્ન છીએ અને સંપૂર્ણ રીતે જાગ્રત છીએ. આ ફળનું દાન આ લોકમાં જો ગ્રહણ કરવામાં આવે તો પરલોકમાં આવું ક-

ડવું પરિણામ ઉદય પામે, માટે આ લોકમાં તથા પરલોકમાં જેને સુખ મેળવવાની ઇચ્છા હોય તેણે આનો પ્રતિગ્રહ કરવો તે અયોગ્યજ છે."

વસિષ્ઠે કહ્યું:– " માત્ર એક સોનામહોરનો પ્રતિગ્રહ કરવાથી સો કે હજાર સોનામહોરોના પ્રતિગ્રહ કર્યા જેટલું પાપ લાગે છે અને પુષ્કળ સોનામહોરોનો પ્રતિગ્રહ કરવાથી તો મનુષ્ય અત્યંત પાપી ગતિને પામે છે."[૪૧–૪૩]

કશ્યપે કહ્યું:–"આ પૃથ્વી ઉપર જેટલા ચોખા છે, જવ છે, સુવર્ણ છે, પશુઓ છે અને સ્ત્રીઓ છે, તે સર્વ કદાચ એકજ મનુષ્યને મળે તોપણ તેં મનુષ્ય તૃપ્ત થઇ શકતો નથી, માટે વિદ્વાન પુરુષે સર્વથા સંતોષજ રાખવો. "[૪૪]

ભરદ્વાજે કહ્યું:– "જેમ એક જન્મ પામેલો રુરુ મૃગ જેમ જેમ મોટો થતો જાય છે, તેમ તેમ તેનાં શીંગડાં પણ વધતાં જાય છે; તેમજ પુરુષની તૃષ્ણા પણ પ્રતિદિન વધતી જાય છે, તેની કોઇ મર્યાદાજ નથી.[૪૫]

ગૌતમે કહ્યું:–" આ જગતમાં એવો કોઇ પદાર્થજ નથી, કે જે જગતની તૃષ્ણાને પૂર્ણ કરી શકે. પુરુષ એક મહાન સમુદ્રના જેવો છે, તેની કદી પૂર્તિ થતીજ નથી—અર્થાત્ સમુદ્ર જેમ પૂર્ણ થતો નથી, તેમ પુરુષની તૃષ્ણા પણ કદી પૂર્ણ થતી નથી."[૪૬]

વિશ્વામિત્રે કહ્યું:–" અમુક એક વિષયની તૃષ્ણા રાખનારા પુરુષની તે તૃષ્ણા જેવી તૃપ્ત થાય છે કે તુરતજ બીજા એક વિષયની તૃષ્ણા બાણની પેઠે તેને વિંધી નાખે છે. (અર્થાત્ તૃષ્ણાનો કંઇ અંતજ નથી.)"[૪૭]

જમદગ્નિએ કહ્યું:–" હરકોઇ વસ્તુનો પ્રતિગ્રહ કરવામાં સંયમ રાખવો તેજ બ્રાહ્મણના તપોબળને અવશ્ય ધારણ કરી રાખે છે (અર્થાત્ કોઇ વસ્તુનો પ્રતિગ્રહ ન કરવાથીજ બ્રાહ્મણનું તપોબળ અખંડ રહે છે); અને પ્રતિગ્રહનો સંયમજ બ્રાહ્મણનું ધન છે, પણ લોભવૃત્તિવાળા બ્રાહ્મણનું એ ધન અવશ્ય નાશ પામે છે."

અરુંધતીએ કહ્યું:–"ધર્મને માટે દ્રવ્યનો સંગ્રહ કરવો એ માન્યતા પાક્ષિકી છે–એકપક્ષી છે; પણ દ્રવ્યના સંગ્રહ કરતાં તપનો સંગ્રહ કરવો તેજ વધારે ઉત્તમ છે."[૪૮,૪૯]

ગંડાએ કહ્યું:–"આ મારા સ્વામીઓ, અત્યંત બળવાન છે છતાં એક દુર્બળ મનુષ્યની પેઠે આ ઉગ્ર ભયથી ડરે છે, માટેજ હું આ દાનથી વધારે ડરૂં છું."[૫૦]

પશુસખે કહ્યું:–"ધર્મમાં જેવું તપ શ્રેષ્ઠ છે તેવું બીજું કંઇ પણ શ્રેષ્ઠ નથી; માટે બ્રાહ્મણો તપનેજ ધન માને છે અને હું પણ તેવું ધન સંપાદન કરવામાટેજ આ મોટા વિદ્વાન બ્રાહ્મણોની યથાશક્તિ સેવા કરૂં છું. "[૫૧]

ઋષિઓએ કહ્યું:–" જે રાજાની આ પ્રજા, ઉંબરાના ફળમાં સુવર્ણ ભરીને કપટથી પણ આ રીતે અમને દાન આપે છે માટે તે રાજાનું આ દાનની સાથે કલ્યાણ થાઓ."[૫૨]

ભીષ્મે કહ્યું:–એમ કહીને તે સર્વ ઋષિઓ કે જેઓ વ્રતને ધારણ કરનારા હતા, તેઓ સુવર્ણથી ભરેલાં એ ફળોનો ત્યાગ કરીને કોઈ બીજે સ્થળે ચાલ્યા ગયા.[૫૩] તે પછી રાજાના મંત્રીઓએ રાજા પાસે જઈને સમાચાર આપ્યા કે:–" હે રાજા ! તે ઋષિઓએ કપટની શંકા કરીને તે ફળોનો પણ ત્યાગ કર્યો છે અને તેઓ ત્યાંથી કોઈ બીજે સ્થળે ચાલ્યા ગયા છે, એ વાતની અમે તમને જાણ કરીએ છીએ. "[૫૪] પોતાના મંત્રીઓએ એ ખબર આપી એટલે રાજા વૃષાદર્ભિ કોપી ઉઠયો અને તે સર્વ ઋષિઓ સામે યોગ્ય પગલાં લેવામાટે તે પોતાને ઘેર ગયો.[૫૫] તેણે પોતાને ઘેર જઈને તીવ્ર નિયમ ધારણ કરી, ' આહવનીય અગ્નિમાં એક એક મંત્રોચ્ચારપૂર્વક આહુતિ હોમવા માંડી, એટલે તે અગ્નિમાંથી લોકને ભય ઉપજાવે તેવી એક કૃત્યા ઉત્પન્ન થઇ. રાજા વૃષાદર્ભિએ તે કૃત્યાનું " યાતુધાની " એવું નામ ઠરાવ્યું.[૫૬,૫૭] તે પછી કાળરાત્રિસમાન ભયંકર તે કૃત્યા બે હાથ જોડીને વૃષાદર્ભિ રાજા સામે ઉભી રહી અને બોલી કે:–" હું તમારૂં કયું કાર્ય કરૂં ? "[૫૮]

વૃષાદર્ભિએ કહ્યું:–" તું સાત ઋષિઓ, અરુંધતી, તેઓનો દાસ અને દાસી પાસે જા અને તેઓ સર્વનાં નામોને પ્રથમ તારા મનમાં

ધારણ કરી લે. પછી તેઓ સર્વનાં નામો જાણી લઇને તેઓનો તું નાશ કરી નાખજે અને તેઓનો જ્યારે નાશ થઇ જાય, ત્યારે તું તારી ઇચ્છામાં આવે ત્યાં ચાલી જજે. "[૬૦]

ભીષ્મે કહ્યું:-"બહુ સારૂં" કહીને તે યાતુધાની સાક્ષાત્ સ્વરૂપ ધારણ કરીને જ્યાં પેલા મહર્ષિઓ વિચરતા હતા તે વનમાં ગઇ. હે રાજન્! તે સમયે અત્રિ વગેરે મહર્ષિઓ પણ તે વનમાં ફળો તથા મૂળોનું ભક્ષણ કરતા વિચરતા હતા. તેવામાં એક સંન્યાસી કે જે એક કૂતરાને સાથે રાખીને જતો હતો, તે તેઓના જોવામાં આવ્યો. એ સંન્યાસીનું શરીર ઘણુંજ સ્થૂલ હતું અને તેના ખભા, હાથ, પગ, મુખ અને પેટ પણ અત્યંત પુષ્ટ હતાં. એ સંન્યાસીને સર્વાંગે હૃષ્ટપુષ્ટ શરીરવાળો તથા સુંદર આકૃતિવાળો જોઇને અરુંધતીએ સર્વ ઋષિઓને કહ્યું:-"તમે આના જેવા કદી થશોજ નહિ."[૬૪]

વસિષ્ઠે કહ્યું:-આનું અગ્નિહોત્ર, સાયંકાળે તથા પ્રાતઃકાળે અમારી પેઠે કદી હોમવિના રહેતું નથી; પરંતુ તેનો હોમ બન્ને વખતે અગ્નિહોત્રમાં ચાલુજ હોવો જોઇએ; તેથી પોતાના કૂતરાની સાથે તે પુષ્ટ છે.[૬૫]*

અત્રિએ કહ્યું:-" આનું વીર્ય ક્ષુધાને લીધે અમારી પેઠે નષ્ટ થઇ ગયું નથી; તેમજ મહાકષ્ટથી કરેલું વેદાધ્યયન પણ અમારી પેઠે નષ્ટ થઇ ગયું નથી, તેથી પોતાના કૂતરાની સાથે આ પુષ્ટ જણાય છે. "+[૬૬]

વિશ્વામિત્રે કહ્યું:-" શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલો અમારો ધર્મ ઘરડા બળદની પેઠે જેવો ક્ષીણ થઇ ગયો છે, આળસુ બની ગયો છે, ક્ષુધાપરાયણ થઇ ગયો છે અને મૂર્ખ બની ગયો છે, તેવો આ સંન્યાસીનો ધર્મ થયો નથી; તેથી પોતાના કૂતરાની સાથે તે પુષ્ટ છે." †[૬૭]

જમદગ્નિએ કહ્યું:-" અમને જેવી અન્નની તથા ઇંધણની એક વર્ષથી ચિંતા રહ્યા કરે છે તેવી આ સંન્યાસીને રહેતી નથી, જેથી પોતાના કૂતરાની સાથે એ પુષ્ટ છે."‡[૬૮]

કશ્યપે કહ્યું:-" અમારા ચારે ભાઇઓ "देहि देहि" એમ કહીને જેમ ભિક્ષા માગે છે, તેમ આને કંઇ છે નહિ, તેથી પોતાના કૂતરાની સાથે એ પુષ્ટ છે.×[૬૯]

ભરદ્વાજે કહ્યું:-" જેમ અમને પોતાની સ્ત્રી ઉપરના અપવાદને લીધે શોક થાય છે અને તેથી અમે એક મૂર્ખ અને અધમ બ્રાહ્મણ જેવા થયા છીએ, તેમ આને કંઇ નથી; તેથી પોતાના કૂતરાની સાથે એ પુષ્ટ છે. "*[૭૦]

ગૌતમે કહ્યું:-" જેમ અમારી પાસે ત્રણ ત્રણ સાંધાવાળું અને ત્રણ વર્ષનું જૂનું માત્ર એક એક મૃગચર્મજ છે, તેમ આની પાસે નથી. (અર્થાત્ આની પાસે તો પુષ્કળ વસ્ત્ર છે.) તેથી પોતાના કૂતરા સાથે એ પુષ્ટ છે. "§[૭૧]

ભીષ્મે કહ્યું:-તે પછી પેલો સંન્યાસી એ મહર્ષિઓને જોઇને પોતાના કૂતરાની સાથે તેઓની સમીપમાં ગયો અને યથાયોગ્ય રીતે પોતાના હાથવડે તેઓના શરીરનો તેણે સ્પર્શ કર્યો.[૭૨] પછી "ક્ષુધાને શાંત કરવામાટે આપણે બધા આ વનમાં એકીસાથે વિહાર કરીશું" એમ અન્યોન્યને કહીને તેઓ, સર્વ સાથેજ વનમાં ચાલી નીકળ્યા.[૭૩] તેઓએ ક્ષુધાને શાંત કરવારૂપ એકજ કાર્યનો નિશ્ચય કરીને વનમાં ફરવા માંડયું અને ફળ તથા મૂળને તોડી તોડીને આહાર કરવા માંડયો.[૭૪] એક સમયે વનમાં તેઓ વિચરતા હતા. તેવામાં વૃક્ષોની ગીચ ઝાડીથી વિંટાયેલી અને પવિત્ર તથા નિ-

---

* વસિષ્ઠના કહેવાનો ભાવ એ છે કે, અમારાં શરીર કૃશ થઇ ગયાં છે તેનું કારણ એ છે કે, અમે અમારાં નિત્યકર્મોનો લોપ કરી બેઠા છીએ.

+ અર્થાત્ ક્ષુધાના દુઃખને લીધે તથા વેદાધ્યયનના નાશને લીધે અમારાં શરીર કૃશ થયાં છે.

† અર્થાત્ ધર્મની ક્ષીણતાને લીધે અથવા હ્રાસને લીધે અમારાં શરીર કૃશ થઇ ગયાં છે.

‡ અર્થાત્ અન્નાદિની ચિંતાને લીધે અમારાં શરીર કૃશ થયાં છે.

× અર્થાત્ અમે બહુ કુટુંબવાળા છીએ તેથી શરીરે કૃશ છીએ.

* હું મારી સ્ત્રી કૃત્તિકાને શાપ આપીને હવે શોકાકુલ રહું છું તેથી મારૂં શરીર કૃશ થયું છે, એમ ભરદ્વાજ કહેવા માગે છે.

§ ગૌતમનું એમ માનવું છે કે, અમારી પાસે પૂરતાં વસ્ત્રો પણ નથી; જેથી અમારાં શરીર કૃશ છે.

ર્મળ જળથી ભરેલી એક સુંદર તળાવડી તેઓના જોવામાં આવી.[૭૫] એ તળાવડી બાલસૂર્યસમાન દેખાવનાં પુષ્કળ કમળોથી શોભી રહી હતી, વૈડૂર્યમણિસમાન વર્ણવાળાં અનેક કમળનાં પાંદડાંઓથી છવાઇ રહી હતી, તેની આસપાસ જળના સમુદાયનું સેવન કરનારાં અનેક જાતિનાં પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં, તેમાં પ્રવેશ કરવાનું દ્વાર એકજ હતું, તેનું જળ લેવું પણ અશક્ય હતું, તેમાં ઉતરવાનો માર્ગ ઘણો સુંદર હતો અને તેમાં લેશમાત્ર કાદવ ન હતો.[૭૬,૭૭] રાજા વૃષાદર્ભિએ ભયંકર દેખાવની જે કૃત્યાને ઋષિઓની પાછળ મોકલી હતી કે જેનું નામ " યાતુધાની " એ પ્રમાણે વિખ્યાત થયું હતું તે, એ તળાવડીનું રક્ષણ કરતી હતી.[૭૮] પેલા મહર્ષિઓ કે જેઓની સહાયમાં શૂદ્ર પશુસખ પણ હતો તેઓ સર્વે, કૃત્યાના રક્ષણતળે રહેલી એ તળાવડીની સમીપમાં જઇ પહોંચ્યા; પણ ભયંકર દેખાવની તે યાતુધાનીને તળાવડીના તીર ઉપર બેઠેલી જોઇને તેઓએ તેને પૂછયું કેઃ–" તું આ તળાવડીના તીર ઉપર એકલી શામાટે બેઠી છે ? તું કોણ છે ? કોને માટે અહીં બેઠી છે ? તારે અહીં બેસવાનું શું પ્રયોજન છે અને અહીં બેસીને તું શું કરવા ધારે છે ? તે અમને કહે."

યાતુધાનીએ કહ્યુંઃ–" હું જે છું તે છું. તમારે મારાવિષે કોઈ પ્રકારનો પ્રશ્ન પૂછવો નહિ. હે તપોધનો ! તમે માત્ર એટલુંજ જાણો કે, હું આ તળાવડીનું રક્ષણ કરનારી છું." ૮૨

ઋષિઓએ કહ્યુંઃ–"અમે સર્વજણા ક્ષુધાથી પીડાઇએ છીએ, અમારી પાસે બીજું કંઇપણ ખાવાનું નથી; માટે તમારી જો સંમતિ હોય તો આ તળાવડીમાંથી અમે કમળો લઇએ."૮૩

યાતુધાનીએ કહ્યુંઃ–"તમે મારી સાથે એક ઠરાવ કરીને આ તળાવડીમાંથી તમારે જોઇએ તેટલાં કમળો લ્યો. તમે એક એક માણસ પોતાનું નામ મને જણાવીને કમળો લઈ શકશો, માટે તમે તમારૂં નામ કહો, વિલંબ ન કરો."

ભીષ્મે કહ્યુંઃ–"તે યાતુધાની નામની કૃત્યા ઋષિઓનો વધ કરવાને ઇચ્છતી હતી, એ વાત અત્રિઋષિએ જાણી લીધી અને પછી ક્ષુધાથી ઘેરાયેલા તે ઋષિએ આવું વચન કહ્યું."૮૪,૮૫

*અત્રિએ કહ્યુંઃ–"હે સુંદરિ! જેમાં કામાદિ અરિઓ (શત્રુઓ)નો નિવાસ છે તેને 'અર' (પાપ) કહેવામાં આવે છે અને એ 'અર'થી હું મારૂં રક્ષણ કરૂં છું; માટે મારૂં નામ 'અત્રિ' છે. અથવા "અત્"એટલે સર્વનું ભક્ષણ કરનાર જે મૃત્યુ તેથી હું મારૂં પોતાનું'ત્રિ'એટલે રક્ષણ કરી શકું છું, માટે મારૂં નામ "અત્રિ" છે."વળી સદાય વર્તમાન કાળરૂપ જે અવસ્થામાં કદી"ત્રિ" એટલે ત્રણ ઉપાધિઓ જોવામાં આવતી નથી તે અવસ્થાને 'અરાત્રિ' કહેવામાં આવે છે–અર્થાત્ જગતનાકારણ પરમાત્માનીપ્રાપ્તિરૂપ જે અવસ્થા સર્વ પાપોનો નાશ કરનારી હોઇને હાર્દાકાશ નામે પ્રસિદ્ધ છે તે અવસ્થાને 'અરાત્રિ' કહેવામાં આવે છે અને હું એ 'અરાત્રિ' અવસ્થારૂપ છું, માટે મારૂં નામ 'અત્રિ' છે. વળી 'અરાત્રિ' છું એટલે અજ્ઞાન દશારૂપ રાત્રિથી રહિત છું–માટે મારૂં નામ'અત્રિ'છે એમ તું જાણ.'

યાતુધાનીએ કહ્યુંઃ–" હે મહાતેજસ્વી ઋષિ ! તેં પોતાનું જે આ નામ મને કહ્યું છે તે ખરેખર, મનથી પણ જાણવું કઠિન છે; માટે જા, તું આ તળાવડીમાં ઉતર." ૮૬,૮૭

વસિષ્ઠે કહ્યુંઃ–" હું વાયુ, પૃથ્વી, જળ, અંતરિક્ષ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને નક્ષત્ર એ આઠે " **વસુ**"ઓને અત્યંત વશ રાખનારો છું–અર્થાત્ અણિમાદિ આઠે ઐશ્વર્યને પ્રાપ્ત કરનારો એક મહાન યોગી છું, માટે મારૂં નામ **વસિષ્ઠ**× છે. વળી હું, સર્વ આશ્રમવાસીઓને આશ્રય કરવાયોગ્ય ગૃહસ્થાશ્રમમાં રહ્યો છું, સર્વ ગૃહસ્થાશ્રમીઓમાં અત્યંત શ્રેષ્ઠ છું અને મારી ઇંદ્રિયોને વશ રાખનારો છું, માટે પણ મારૂં નામ " **વસિષ્ઠ** " છે, એમ તું જાણજે. "૮૮

---

* અહીંથી સપ્તર્ષિઓ, યાતુધાનીને મોહ ઉપજાવવામાટે તથા પોતાનું સામર્થ્ય દર્શાવવામાટે પોતાનાં નામોને જૂદા જૂદા શબ્દાર્થોથી કહેવાનો આરંભ કરે છે. સપ્તર્ષિઓએ કહેલા આ શ્લોકો ઘણાજ કૂટ છે તેથી નીલકંઠી ટીકાનો સંપૂર્ણઆશય લઇને વિસ્તારપૂર્વક અર્થ આપ્યો છે.

× કહેવાનો ભાવ એ છે કે, આ સર્વ જગત

યાતુધાનીએ કહ્યું:-" તારા નામની વ્યુત્પત્તિ પણ મહાક્લિષ્ટ હોઈને તેના અક્ષરો દુઃખેથી બોલી શકાય તેવા છે. હું તેને ધારણ કરી શકું તેમ નથી-અથવા હું તેને લક્ષ્યમાં રાખી શકું તેમ નથી, માટે જા, તું પણ આ તળાવડીમાં ઉતર."૮૯

કશ્યપે કહ્યું:-" પ્રાણીમાત્રનાં શરીરોને અથવા ઇંદ્રિયોને ' कश्य ' કહેવામાં આવે છે. એ ' कश्य 'નું અંતર્યામિરૂપે જે રક્ષણ કરે છે તેને " कश्यप " કહેવામાં આવે છે. આ રીતે હું પ્રાણીમાત્રનાં શરીરોમાં જીવાત્મારૂપે રહીને તેઓનું પાલન કરૂં છું અથવા પરબ્રહ્મસ્વરૂપે સર્વ પ્રાણીઓને પોતાના સ્વરૂપમાં લય પમાડી દઉં છું, માટે હું " कश्यप " નામનો બ્રાહ્મણ કહેવાઉં છું. વળી હું પૃથ્વી ઉપર વૃષ્ટિ વર્ષાવનાર સર્વ સૂર્યરૂપ છું (અર્થાત્ સર્વ સૂર્યો મારા પુત્ર છે જેથી હું સૂર્યરૂપ છું), મારો વર્ણ કાસડાના પુષ્પ જેવો પ્રદીપ્ત છે, કેમકે હું અત્યંત પુરાણકાળનો હોઇને આખે શરીરે ધોળાં પળીયાંવાળો થઇ ગયો છું અને તપને લીધે પણ હું દીપી રહ્યો છું, માટે મારૂં નામ "काश्यप" છે, એમ તું જાણ."૯૦

યાતુધાનીએ કહ્યું:-" હે મહાતેજસ્વી બ્રાહ્મણ ! તેં મને કહેલું તારા નામનું નિર્વચન મનથી પણ ધારણ કરવું કઠિન છે, માટે જા, તું પણ આ તળાવડીમાં ઉતર."૯૧

ભરદ્વાજે કહ્યું:-"હે સુંદરિ ! હું મારા પુત્ર ન હોય તેઓને તથા મારા શિષ્ય ન હોય તેઓને પણ વશ કરીને દયાને લીધે તેઓનું ભરણપોષણ કરૂં છું;તેમજ દેવોનું, બ્રાહ્મણોનું, સ્ત્રીનું, પુત્રાદિનું તથા સ્ત્રીપુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલી આ સર્વ પ્રજાનું ભરણપોષણ કરૂં છું, માટે મારૂં નામ "भरद्वाज" છે."૯૨

યાતુધાનીએ કહ્યું:-"તારા નામની વ્યુત્પત્તિ પણ મહાક્લિષ્ટ છે અને તેના અક્ષરો દુઃખથી બોલી શકાય તેવા હોવાથી યાદ રાખવાને અશકય છે, માટે જા, તું પણ આ તળાવડીમાં ઉતર."૯૩

ગૌતમે કહ્યું:-" હે યાતુધાનિ ! મેં ઇંદ્રિયનિગ્રહરૂપ "दम" થી "गो" નો એટલે સ્વર્ગનો તથા પૃથ્વીનો જય કરી લીધો છે;માટે હું, 'गोदम' અર્થાત્ 'गोतम' કહેવાઉં છું. વળી હું નિર્ધૂમ અગ્નિની પેઠે બીજાથી સ્પર્શ કરવાને પણ અશકય છું અને મારી દૃષ્ટિ તારામાં પણ સમાન રીતેજ જોનારી છે-અર્થાત્ હું સર્વત્ર બ્રહ્મનું દર્શન કરનારો હોઇને તારામાં પણ બ્રહ્મનેજ જોઈ રહ્યો છું; એટલુંજ નહિ પણ મેં મારા જ્ઞાનાગ્નિના 'गो' અર્થાત્ કિરણોવડે तम એટલે અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરી નાખ્યો છે, માટે પણ મારૂં નામ 'गोतम' છે, એમ તું જાણ."૯૪

યાતુધાનીએ કહ્યું:-" હે મહામુનિ ! તેં મને કહેલું તારૂં આ નામનિર્વચન મારાથી સમજાવું અશકય છે, માટે જા, તું પણ આ તળાવડીમાં ઉતર."૯૫

વિશ્વામિત્રે કહ્યું:-" હે યાતુધાનિ ! " विश्व " એટલે બ્રહ્માંડમાં રહેલા સર્વ દેવતાઓ અથવા પ્રત્યેક શરીરમાં રહેલી સર્વ ઇંદ્રિયો, મારા મિત્ર છે અને હું પણ સર્વ ઇંદ્રિયોનો મિત્ર છું. એટલે સર્વ ઇંદ્રિયોનો પ્રવર્તક અંતર્યામી છું, માટે હું "विश्वामित्र" એ નામથી પ્રસિદ્ધ થયો છું, એમ તું જાણજે."૯૬

યાતુધાનીએ કહ્યું:-" તારા નામની આ વ્યુત્પત્તિ પણ મહાક્લિષ્ટ હોઇને તેના અક્ષરો દુઃખેથી બોલી શકાય તેવા છે અને તેને ધારણ કરવાને-યાદ રાખવાને હું અસમર્થ છું, માટે જા, તું પણ આ તળાવડીમાં ઉતર."૯૭

જમદગ્નિએ કહ્યું:-"હે શોભને! જેમાં વારંવાર હવિષ ભક્ષણ કરનારાં "जाजमत्" એટલે દેવતાઓનું યજન કરવામાં આવે છે તે "अग्नि"માં હું ઉત્પન્ન થયો છું,માટે હું "जमदग्नि" એ નામથી પ્રસિદ્ધ છું,એમ તું જાણજે."

યાતુધાનીએ કહ્યું:-" હે મહામુનિ ! તેં મને કહેલું તારૂં આ નામ મારાથી ધારણ થઇ શકે તેમ નથી-અર્થાત્ સમજી શકાય તેમ નથી,

---

મારે વશ રહેનારૂં છે, પણ હું કોઇને વશ રહેનારો નથી; માટે મારૂં નામ वसिष्ठ છે અને હું સર્વનો આશ્રયભૂત છું; માટે દેવતાઓ મારૂં રક્ષણ કરે છે.

માટે જા, તું પણ આ તળાવડીમાં પ્રવેશ કર.”

અરુંધતીએ કહ્યું:-“ હું પર્વતોને, પૃથ્વીને તથા સ્વર્ગને ધારણ કરનારી હોઇને નિત્ય મારા સ્વામી (વસિષ્ઠ)ની સમીપમાંજ રહું છું અને મારા સ્વામીના મનને ‘अनुरुंधती’ એટલે અનુસરૂં છું, માટે મારૂં નામ “अरुंधती’ છે, એમ તું જાણજે.”૧૦૦

યાતુધાનીએ કહ્યું:-“ તારા નામની વ્યુત્પત્તિ પણ મહાક્લિષ્ટ છે અને તેના અક્ષરો દુઃખથી બોલી શકાય તેવા હોઇને મારાથી ધારણ થઇ શકે તેમ નથી, માટે જા, તું પણ આ તળાવડીમાં ઉતર.”૧૦૧

ગંડાએ કહ્યું:-“ હે અગ્નિમાંથી ઉત્પન્ન થયેલી યાતુધાનિ! વિદ્વાનો કહે છે કે, “ગંડ્’ નામનો ધાતુ મુખના એક ભાગરૂપ અર્થને સૂચવે છે (માટેજ વ્યાકરણશાસ્ત્રમાં ‘ गंडि-वदनैकदेशे” એમ કહેવામાં આવ્યું છે) અને મારા મુખનો એક ભાગ (ગંડ અથવા લમણું) ઉન્નત પણ છે માટે મારૂં નામ ‘ गंडा ” છે, એમ તું જાણજે.”૧૦૨

યાતુધાનીએ કહ્યું:-“ તારા નામની વ્યુત્પત્તિ પણ દુઃખથી બોલી શકાય તેવા અક્ષરોવાળી હોઇને મારાથી ધારણ કરવી અશક્ય છે, માટે જા, તું પણ આ તળાવડીમાં પ્રવેશ કર.”

પશુસખે કહ્યું:-“ હે અગ્નિમાંથી ઉત્પન્ન થયેલી યાતુધાનિ! હું પશુઓને (જીવોને) જોતાંવારજ આનંદ પમાડું છું અને પશુઓનો સહાય મિત્ર છું, માટે મારૂં “पशुसख’ એવું ગુણપ્રસિદ્ધ નામ છે, એમ તું જાણ.” ૧૦૪

યાતુધાનીએ કહ્યું:-“તારા આ નામનું નિર્વચન પણ દુઃખથી બોલી શકાય તેવા અક્ષરોવાળું છે; જેથી મારાથી ગ્રહણ થઇ શકે તેમ નથી, માટે જા, તું પણ આ તળાવડીમાં પ્રવેશ કર.”૧૦૫

શુનઃસખે (કૂતરાને સાથે રાખનાર પેલા સંન્યાસી)એ કહ્યું:-હે યાતુધાનિ! આ બ્રાહ્મણોએ જે પ્રમાણે પોતાનું નામ તને કહ્યું છે તે પ્રમાણે હું મારૂં નામ કહેવાનો ઉત્સાહ ધરાવતો નથી. માત્ર હું તને એટલુંજ કહું છું કે, મારૂં નામ “ શુનઃસખનો (ધર્મના મિત્ર મુનિઓનો) સખા એટલે મિત્ર, એવું છે, એમ તારે જાણવું.”૧૦૬

યાતુધાનીએ કહ્યું:-“ તારા આ નામની વ્યુત્પત્તિવાળું વાક્ય, સંદેહવાળી વાણીથી કહેવામાં આવ્યું છે; માટે હે બ્રાહ્મણ! તારૂં જે નામ હોય તેને તું હજી ફરીથી પણ કહે.”૧૦૭

શુનઃસખે કહ્યું:-“મેં તને એક વખત તો મારૂં નામ કહી દીધું; છતાં તું ગ્રહણ કરી શકી નહિ, માટે આ ત્રિદંડના પ્રહારથી સત્વર તું બળીને ભસ્મ થઇ જા.”૧૦૮

એ પ્રમાણે કહીને તેણે બ્રહ્મદંડસમાન પોતાના ત્રિદંડનો એ કૃત્યાના મસ્તક ઉપર પ્રહાર કર્યો; એટલે તુરતજ તે પૃથ્વીપર પડી ગઈ અને બળીને ભસ્મ થઇ ગઇ.૧૦૯ એ રીતે મહાબળવાન તે યાતુધાનીનો નાશ કરીને શુનઃસખ પોતાના ત્રિદંડને પૃથ્વીપર ટેકવીને લીલા ઘાસવાળા પ્રદેશ ઉપર બેસી ગયા.૧૧૦ તે પછી સર્વ મુનિઓ, પેલા તળાવમાંથી કમળો અને કમળના દાંડલાઓ પોતાની ઇચ્છાનુસાર લઇને હરખાતા હરખાતા કાંઠા ઉપર આવ્યા; અને મોટા શ્રમથી મેળવેલાં તે સર્વ કમળોને એકત્ર કરી ત્યાં કાંઠા ઉપર મૂકીને તળાવડીના જળવડે તર્પણ કરવા લાગ્યા.૧૧૨ તર્પણવિધિ સમાપ્ત થયો એટલે તેઓ સર્વ મહાપુરુષો જળમાંથી બહાર નીકળીને તીર ઉપર આવ્યા; પણ તેઓએ ત્યાં મૂકેલાં કમળો તેઓના જોવામાં આવ્યાં નહિ.

ઋષિઓએ કહ્યું:-“ અમે ક્ષુધાથી ઘેરાઈ ગયા છીએ અને આહાર કરવાની ઇચ્છા રાખીએ છીએ; છતાં કયા ક્રૂર અને પાપકર્મી પુરુષે અમારાં કમળોને ચોરી લીધાં છે?”

હે રાજા! પછી તે સમયે એ ઉત્તમ બ્રાહ્મણોને અન્યોન્યનાપર શંકા થવા લાગી; જેથી તેઓ બોલી ઉઠયા કે:-“આપણે બધા આ ચોરીને માટે સોગંદ લઇએ” ત્યારે તેઓએ એકીસાથે તેમ કરવાને કબૂલ કર્યું અને ક્ષુધા તથા પરિશ્રમથી વ્યાકુળ થયેલા તેઓ પ્રત્યેકે સોગંદ લેવાનો આરંભ કર્યો.૧૧૩-૧૧૬

અત્રિએ કહ્યું:–"જેણે કમળોની ચોરી કરી હોય તેને ગાયને લાત મારવાનું, સૂર્ય સામે બેસીને મળમૂત્રનો ત્યાગ કર્યાનું તથા અનધ્યાયમાં અધ્યયન કર્યાનું પાતક લાગો."

વસિષ્ઠે કહ્યું:–"જેણે કમળની ચોરી કરી હોય તેને અનધ્યાયમાં અધ્યયન કરનારાને, કૂતરાઓની સાથે ક્રીડા (રમત) કરનારાને અથવા કૂતરાઓને સાથે લઈ મૃગયા કરનારાને તથા સંન્યાસી થયા છતાં કામવાસના ધારણ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો;[૧૧૮] તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને શરણે આવેલાનો નાશ કરનારાને, પોતાની કન્યાને વેચીને આજીવિકા ચલાવનારાને તથા ખેડુત પાસેથી ધન મેળવવાની આકાંક્ષા રાખનારાને જે પાપ લાગે તે પાપ લાગો."[૧૧૯]

કશ્યપે કહ્યું:–"જેણે કમળોની ચોરી કરી હોય તેને સર્વ સ્થળે સર્વ કંઈ બોલનારાને, પારકી થાપણ પચાવી પાડનારાને તથા ખોટી સાક્ષી આપનારાને જે પાપ લાગે તે પાપ લાગો; તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને યજ્ઞાદિ નિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરનારાને, નટ તથા નાચનારાઓને, વૃથા દાન દેનારાને તથા પોતાની સ્ત્રી સાથે પણ દિવસે મૈથુન કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો."

ભરદ્વાજે કહ્યું:–"જેણે કમળોની ચોરી કરી: હોય તે ક્રૂર પુરુષને પોતાના ધર્મનો ત્યાગ કરનારાને સ્ત્રીઓ, જ્ઞાતિઓ તથા ગાયો સાથે કપટવ્યવહાર કરનારાને તથા બ્રાહ્મણ ઉપર પણ જય મેળવનારાને જે પાપ લાગે તે પાપ લાગો;[૧૨૨] તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને પોતાના ઉપાધ્યાયને નીચે બેસાડીને તેની પાસેથી ઋગ્વેદ તથા યજુર્વેદનું અધ્યયન કરનારાને તથા ઘાસના અગ્નિમાં હોમ* કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો.

જમદગ્નિએ કહ્યું:–"જેણે કમળોની ચોરી કરી હોય તેને જળમાં મળમૂત્રનો ત્યાગ કરનારાને, ગાયનો વધ કરનારાને તથા દ્રોહ કરનારાને અને પોતાની સ્ત્રી સાથે પણ ઋતુકાળવિના મૈથુન કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો;[૧૨૪] તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને સર્વનો દ્વેષપાત્ર થયેલાને, પોતાની સ્ત્રીની કમાણી ઉપર આજીવિકા ચલાવનારાને, પોતાના બંધુઓને પોતાનાથી દૂર કાઢનારાને, સર્વની સાથે વૈર કરનારાને તથા પોતાનો જે અતિથિસત્કાર કરે તેનોજ અતિથિસત્કાર કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો."[૧૨૫]

ગૌતમે કહ્યું:–"જેણે કમળોની ચોરી કરી હોય તેને વેદાધ્યયન કરીને તેનો ત્યાગ કરનારાને, ત્રણે અગ્નિઓનો ત્યાગ કરનારાને તથા સોમલતાનું વેચાણ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો;[૧૨૬] તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને જે ગામમાં એકજ કૂવો હોય તે ગામમાં જીવન ગાળનારાને તથા બ્રાહ્મણ હોવા છતાં શૂદ્ર જાતિની સ્ત્રીને પરણનારાને જે લોકની પ્રાપ્તિ થાય તે લોકની પ્રાપ્તિ થાઓ."[૧૨૭]

વિશ્વામિત્રે કહ્યું:–"જેણે કમળોની ચોરી કરી હોય તેને જે એક પુરુષ જીવતો હોય છતાં તેના ગુરુજનોનું તથા પોષ્યવર્ગનું બીજા મનુષ્યો પોષણ કરતા હોય, જે પુરુષ કોઇ પણ પ્રકારની ગતિને માટે યોગ્ય રહ્યો ન હોય (અર્થાત્ અત્યંત પાપી હોય) અને જેને અનેક પુત્રો હોય તે પુરુષને જે પાપ લાગે તે પાપ લાગો;[૧૨૮] તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને સદાય અપવિત્ર રહેનારાને, વેદોને અસત્ય માનનારાને, સમૃદ્ધિથી અહંકારી બની ગયેલાને તથા ખેડુત થઇને પારકી ઇર્ષ્યા કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો.[૧૨૯] વળી જેણે કમળોની ચોરી કરી હોય તેને વર્ષાકાળમાં મુસાફરી કરનારાને, હરકોઇની સેવાચાકરી કરનારાને, રાજાનો પુરોહિત થનારાને તથા યજ્ઞ કરાવવાને અનધિકારી વર્ણને યજ્ઞ કરાવનારાને જે પાપ લાગે તે પાપ લાગો."[૧૩૦]

અરુંધતીએ કહ્યું:–"જે સ્ત્રીએ કમળની ચોરી કરી હોય તેને નિત્ય પોતાની સાસુનું

---

* કહેવાનો આશય એ છે કે, ઘાસના અગ્નિમાં હોમેલું હુતદ્રવ્ય બળીને ભસ્મીભૂત થઈ શકતું નથી; જેથી ઘાસના અગ્નિમાં હોમ કરનારો દોષભાગી થાય છે.

અપમાન કરનારીને, પોતાના સ્વામીપર દુષ્ટ મન રાખનારીને તથા પોતે એકલીજ સ્વાદિષ્ટ પદાર્થોને રાંધી ખાનારીને જે પાપ લાગે, તે પાપ લાગો;[૧૩૧] તેમજ જેણે કમળોની ચોરી કરી હોય તેને પોતાના જ્ઞાતિજનોનો અનાદર કરીને હરકોઇના ઘરમાં બેસી જનારીને, સાયંકાળના સમયે પણ સાથવાને ખાનારી સ્ત્રીને, વ્યભિચારથી યોનિને દૂષિત કરનારી સ્ત્રીને તથા વીર પુત્રની માતાને (બ્રાહ્મણ સ્ત્રી ક્ષાત્રપુત્રની માતા થવામાં પાપ માને છે)જે પાપ લાગે તે પાપલાગો.”

ગંડાએ કહ્યું:–“ જે સ્ત્રીએ કમળની ચોરી કરી હોય તેને નિત્ય અસત્ય ભાષણ કરનારી સ્ત્રીને, પોતાના બંધુઓ સાથે વિરોધ કરનારી સ્ત્રીને તથા શુલ્ક (ધન) લઇને કન્યાને પરણાવનારી સ્ત્રીને જે પાપ લાગે તે પાપ લાગો;[૧૩૩] તેમજ જેણે કમળની ચોરી કરી હોય તેને પોતે એકલી અન્ન રાંધીને ભોજન કરનારી સ્ત્રીને, આખી જીંદગી કોઇનું દાસપણું કરીને જીવન ગાળનારીને તથા વ્યભિચાર કરીને ગર્ભવતી થનારી સ્ત્રીને જે પાપ લાગે ને પાપ લાગો.”[૧૩૪]

પશુસખે કહ્યું:–“ જેણે કમળોની ચોરી કરી હોય તે દાસ થઇનેજ અવતરો, સંતતિવિનાનો (વાંઝીયો) થાઓ અને દરિદ્રી થાઓ. વળી જે પુરુષ દેવતાઓને નમસ્કાર ન કરે અને તેથી તેને જે પાતક લાગે તે પાતક કમળની ચોરી કરનારાને પણ લાગો. ”[૧૩૫]

શુનઃસખે કહ્યું:–“ જેણે કમળોની ચોરા કરી હોય તેને એક અધ્વર્યું બ્રાહ્મણને અથવા વેદાધ્યયન કરનારા એક બ્રાહ્મણને પોતાની પુત્રી પરણાવનાર પુરુષને જે પુણ્ય પ્રાપ્ત થાય તે પુણ્ય પ્રાપ્ત થાઓ, અથવા નિત્ય બ્રહ્મચર્ય પાળનારા પુરુષને જે પુણ્ય પ્રાપ્ત થાય તે પુણ્ય પ્રાપ્ત થાઓ અથવા અથર્વવેદનું અધ્યયન કરીને સ્નાન કરનારા બ્રાહ્મણને જે પુણ્ય પ્રાપ્ત થાય તે પુણ્ય પ્રાપ્ત થાઓ. ”[૧૩૬]

ઋષિઓએ કહ્યું:–“તેં લીધેલા આ સોગંદ તો બ્રાહ્મણોને ઇષ્ટ છે–પ્રિય છે, માટે હે શુનઃસખ! તે ઉપરથી જણાય છે કે, અમારાં કમળોને તેંજ ચોરી લીધાં છે. ”[૧૩૭]

શુનઃસખે કહ્યું:–“ તમે પોતપોતાનું નિત્યકર્મ કરીને અહીં આવ્યા અને તમે મૂકેલો ભક્ષ્ય પદાર્થ તમારા જોવામાં ન આવ્યો, ત્યારે તમે સૌએ સોગંદ ખાઇને જે કંઈ કહ્યું છે તે સત્ય છે, એમાં કંઈ મિથ્યા નથી. તમારાં કમળોને મેંજ ચોરી લીધાં છે.[૧૩૮] હે નિર્દોષ ઋષિઓ ! તમારાં કમળોને મેં ગુપ્ત કરી દીધાં છે અને તે આ રહ્યાં જુઓ. મેં તમારી પરીક્ષા કરવામાટેજ તેમ કર્યું હતું.[૧૩૯] વળી હું તમારૂં સર્વનું રક્ષણ કરવા માટેજ અહીં આવ્યો છું; કેમકે આ કૃત્યા કે જેનું નામ ‘યાતુધાની’ હતું, તે અત્યંત ક્રૂર હતી અને વૃષાદર્ભિની પ્રેરણાથી તમારો વધ કરવાની ઇચ્છા રાખતી હતી, માટે હે તપોધનો! મેં આનો નાશ કર્યો છે. આ પાપી કૃત્યા, તમારાપ્રત્યે દુષ્ટ આશય ધરાવીનેજ અગ્નિમાંથી ઉત્પન્ન થઇ હતી; જેથી હે બ્રાહ્મણો ! તમારૂં રક્ષણ કરવા માટે હું અહીં આવ્યો છું અને હું ઇંદ્ર છું, એમ તમે જાણો. તમે આવી નિર્લોભ વૃત્તિનો સ્વીકાર કરી અક્ષયલોકને મેળવ્યા છે કે જે લોકમાં સર્વ કામનાઓ સિદ્ધ થાય છે, માટે હે બ્રાહ્મણો ! તમે અહીંથી ઉઠો અને તે દિવ્ય લોકોને સત્વર પ્રાપ્ત કરો. ”[૧૪૦–૧૪૩]

ભીષ્મે કહ્યું:–તે પછી એ મહર્ષિઓ પ્રસન્ન થયા અને “તથાસ્તુ” એમ ઇંદ્રપ્રત્યે કહીને તેઓ સર્વે ઇંદ્રની સાથેજ સ્વર્ગલોકમાં ગયા.[૧૪૪] એ પ્રમાણે તે મહાત્માઓ અત્યંત ક્ષુધાતુર હતા અને વૃષાદર્ભિ વગેરે અનેક મહાત્માઓએ જાતજાતના ભોગો આપવામાટે તેઓની પ્રાર્થના કરી હતી;છતાં તેઓએ તે સમયે લોભવૃત્તિ કરી ન હતી, જેથી તેઓ સ્વર્ગને પામ્યા; માટે પ્રત્યેક મનુષ્યે હરકોઇ અવસ્થામાં આવી પડીને પણ લોભનો સર્વથા ત્યાગ કરવો;[૧૪૫,૧૪૬] કેમકે હે રાજા ! એજ શ્રેષ્ઠ ધર્મ કહેવાય છે, માટે લોભનો સર્વદા ત્યાગ કરવો.[૧૪૭] જે પુરુષ, આ ઉત્તમ ચરિત્રનું સમાજમાં કીર્તન કરે છે તે પુરુષ સર્વ પુરુષાર્થોને પ્રાપ્ત કરે છે અને કદી સંકટમાં આવી પડતો નથી;[૧૪૮] એટલુંજ નહિ પણ તે મનુ-

ષ્યનાપર પિતૃઓ, દેવતાઓ તથા ઋષિઓ પ્રસન્ન થાય છે અને મરણ પછી પણ તેને યશ, ધર્મ તથા અર્થ પ્રાપ્ત થાય છે."૧૪૯

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'કમળની ચોરીનું આખ્યાન' એ વિષયનો
અધ્યાય ૯૩ મો સમાપ્ત

અધ્યાય ૯૪ મો

શપથવિધિ

॥ भीष्म उवाच ॥

अत्रैवोदाहरंतीममितिहासं पुरातनम् ।
यद्वृत्तं तीर्थयात्रायां शपथं प्रति तच्छृणु ॥१

ભીષ્મે કહ્યુંઃ- પૂર્વે, એક તીર્થયાત્રાના પ્રસંગે આ શપથના વિષયમાંજ જે વૃત્તાંત બન્યું હતું, તે વિષેનો એક પ્રાચીન ઇતિહાસ આ પ્રમાણે કહેવામાં આવે છે.[૧] હે ભરતશ્રેષ્ઠ મહારાજા! પૂર્વે, ઇંદ્રે કમળની ચોરી કરી હતી, ત્યારે સર્વ રાજર્ષિઓએ તથા બ્રહ્મર્ષિઓએ શપથ લીધા હતા.[૨]

એક સમયે પશ્ચિમદિશામાં આવેલા પ્રભાસક્ષેત્રમાં સર્વઋષિઓ એકઠા થયા હતા. તે વેળા તેઓએ આવો વિચાર કર્યો કે, "આપણે બધા આખી પૃથ્વીપર આવેલાં તીર્થોમાં યાત્રા કરવા વિચરીએ અને આપણે સર્વે સૌની ઇચ્છાનુસાર તે તે તીર્થોમાં જઈએ."[૩] આવો વિચાર કર્યાપછી શુક્ર, અંગિરા, વિદ્વાન કવિ, અગસ્ત્ય, નારદ, પર્વત, ભૃગુ, વસિષ્ઠ, કશ્યપ, વિશ્વામિત્ર, જમદગ્નિ, ઋષિ ગાલવ, અષ્ટક અને ભારદ્વાજ વગેરે ઋષિઓ તેમજ અરુંધતી, વાલખિલ્ય મુનિઓ અને શિબિ, દિલીપ, નહુષ, અંબરીષ, રાજા યયાતિ, ધુંધુમાર તથા પૂરુ વગેરે રાજાઓ; વૃત્રાસુરનો નાશ કરનારા મહાનુભાવ ઇંદ્રને આગળ કરીને સર્વ તીર્થોમાં વિચરતા વિચરતા માઘ મહિનાની પૂર્ણિમાને દિવસે પવિત્ર તીર્થોવાળી કૌશિકી નદી ઉપર જઇ પહોંચ્યા.[૪-૬] તે પછી સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી જેઓનાં સર્વ પાપો નાશ પામ્યાં હતાં એવા તે મહાત્માઓ અત્યંત પવિત્ર ગણાતા બ્રહ્મસર તીર્થમાં જઇ પહોંચ્યા. ત્યાં જઇને અગ્નિસમાન તેજસ્વી એવા તે મહાપુરુષોએ બ્રહ્મદેવના તીર્થમાં સ્નાન કર્યું અને પછી કમળનાં પુષ્પો તથા દાંડલાઓનું ભોજન કર્યું.[૭] હે રાજા! તે સમયે કેટલાએક બ્રાહ્મણો કમળના દાંડલાઓને જળમાંથી ખોદી લાવ્યા હતા અને કેટલાએક બ્રાહ્મણો કમળના મૃણાલોને ખોદી લાવ્યા હતા. તેવામાં ત્યાં એવું બન્યું કે, અગસ્ત્યઋષિએ એક ધરામાંથી તોડી આણેલું કમળ, કોઇએ ચોરી લીધેલું હોવાથી તે ઋષિઓના જોવામાં આવ્યું નહિ,[૮] ત્યારે અગસ્ત્યઋષિએ તે સર્વ મહર્ષિઓને પ્રશ્ન કર્યો કેઃ-"મારા સુંદર કમળને કોણે લીધું છે? મને તમારાપર શંકા આવે છે, માટે મારૂં કમળ તમે આપી દો. તમે કમળની ચોરી કરવાને યોગ્ય નથી.[૯] મારા સાંભળવામાં આવ્યું છે કે, કાળ ધર્મના વીર્યનો નાશ કરી નાખે છે અને તેજ કાળ હવે આવી પહોંચ્યો છે; કેમકે આ સમયે ધર્મને પીડા થઇ રહી છે; માટે આ લોકમાં અધર્મની પ્રવૃત્તિ ન થઇ જાય તેટલામાં સત્વર અમે સ્વર્ગલોકમાં ચાલ્યા જવા ધારીએ છીએ. આ મનુષ્યલોકમાં બ્રાહ્મણો, ગામની વચ્ચે બેસીને મોટો ઘાંટો કાઢી શૂદ્રોને વેદો સંભળાવવા માંડે અને રાજા ધર્મોને પણ વ્યવહારદૃષ્ટિથી જુએ તે પહેલાં હું પરલોકમાં (સ્વર્ગલોકમાં) પહોંચી જવા ધારૂં છું.[૧૧] જેટલામાં જગતના સર્વ મનુષ્યો ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ-હરકોઈ પુરુષોનું અપમાન કરવાનો આરંભ ન કરે અને આ લોકમાં અજ્ઞાન જેટલામાં ન ફેલાઇ જાય, તેટલામાં સત્વર હું સ્વર્ગલોકમાં જવા ધારૂં છું.[૧૨] હું પ્રથમથીજ જોઇ શકું છું કે, જે કોઇ બળવાન મનુષ્ય હશે, તે બીજા દુર્બળ મનુષ્યોનું ભક્ષણ કરવા માંડશે; માટે હું સત્વર પરલોકમાં ચાલ્યો જવા ઇચ્છું છું. મને આ જીવલોકને જોવાનો હવે ઉત્સાહજ નથી."[૧૩] તે સાંભળી અત્યંત દુઃખી થયેલા ઋષિઓએ મહર્ષિ અગસ્ત્યને કહ્યું કેઃ-"અમે તમારૂં કમળ ચોર્યું નથી; માટે અમારાપર તમારે મિથ્યા દોષારોપ મૂકવો તે યોગ્ય

નથી. હે મહર્ષિ ! (અમે તમારી પાસે સત્યજ કહીએ છીએ છતાં તમે વિશ્વાસ રાખતા ન હો તો) અમે તીક્ષ્ણ સોગંદ લેવા માટે તૈયાર છીએ.”૧૪ એમ કહીને હે રાજા ! તે સર્વ મહર્ષિઓએ તથા રાજર્ષિઓએ, ધર્મ તરફ દૃષ્ટિ રાખીને સોગંદ લેવાનો નિશ્ચય કર્યો અને પોતાના પૌત્રો તથા પુત્રોને સાથે રાખીને અનુક્રમે આવા સોગંદ લેવાનો આરંભ કર્યો.૧૫

ભૃગુએ કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને પોતાને ગાળો ભાંડનારાની સામે ગાળો ભાંડનારાને, પોતાને પ્રહાર કરનારની સામે પ્રહાર કરનારાને તથા પોતાની પીઠ ઉપર ભાર ઉપાડનારાં બળદ, ઉંટ, ઘોડા વગેરે પ્રાણીઓની પીઠના માંસ ખાનારાને જે પાપ લાગે તે પાપ લાગો. ”૧૬

વસિષ્ઠે કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને લોકમાં જે પુરુષ સ્વાધ્યાયપરાયણ રહેતો ન હોય, કૂતરાઓને સાથે લઇને મૃગયા કરવા જતો હોય, બ્રાહ્મણોની હત્યા કરતો હોય અને સંન્યાસી થઇને પણ નગરમાં પડી રહેતો હોય તે પુરુષને જે પાપ લાગે તે લાગો. ”૧૭

કશ્યપે કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને સર્વ ઠેકાણે સર્વ પદાર્થોનું વેચાણ કરનારાને, પારકી થાપણમાં લોભ કરનારાને તથા ખોટી સાક્ષી આપનારાને જે પાપ લાગે તે પાપ લાગો.”૧૮

ગૌતમે કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને અહંકારી થઇને જીવન ગાળનારાને, બુદ્ધિપૂર્વક સર્વના તરફ વિષમ ભાવે વર્તનારાને, કામ ક્રોધાદિને લીધે અયોગ્ય વર્તન ચલાવનારાને તથા ખેડુતનો ધંધો કરતો હોવા છતાં સર્વનાપર ઇર્ષ્યા કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો. ”૧૯

અંગિરાએ કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને વેદ ઉપરની અશ્રદ્ધાથી અપવિત્ર થનારા પુરુષને, કૂતરાંઓને સાથે રાખી મૃગયા કરનારા પુરુષને તથા બ્રાહ્મણની હત્યા કર્યા છતાં પ્રાયશ્ચિત્ત નહિ કરનારા પુરુષને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૦

ધુંધુમારે કહ્યું:–“જેણે તમારા કમળને ચોર્યું હોય તેને મિત્રોએ કરેલા ઉપકારોને નહિ જાણનારા પુરુષને, પોતે ઉચ્ચવર્ણનો હોવા છતાં શૂદ્રજાતિની સ્ત્રીમાં પ્રજા ઉત્પન્ન કરનારને તથા અતિથિ આદિને આપ્યાવિના પોતે એકલોજ મિષ્ટાન્ન આદિનું ભોજન કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૧

પૂરુએ કહ્યું:–“ જેણે તમારા કમળની ચોરી કરી હોય તેને વૈદ્યનો ધંધો કરનારાને, પોતાની સ્ત્રીની કમાણી ઉપર આજીવિકા ચલાવનારાને તથા પોતાના સસરા તરફથી પોતાની આજીવિકાના નિર્વાહનો આધાર રાખનારા પુરુષને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૨

દિલીપે કહ્યું:–“જેણે તમારા કમળને ચોર્યું હોય તેને જે ગામમાં એકજ કૂવો હોય એવા ગામમાં જીવન ગાળનારાને તથા બ્રાહ્મણ થઇને શૂદ્ર સ્ત્રીનો પતિ થનારાને જે લોકની પ્રાપ્તિ થાય તે લોકની પ્રાપ્તિ થાઓ.”૨૩

શુક્રે કહ્યું:–“ જેણે તમારા કમળને ચોર્યું હોય તેને યજ્ઞાદિ :નિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરનારાને, પોતાની સ્ત્રી સાથે પણ દિવસે મૈથુન કરનારાને તથા રાજાની સેવાવૃત્તિ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૪

જમદગ્નિએ કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને અનધ્યાયના દિવસોએ અધ્યયન કરનારાને, પોતાના મિત્રને શ્રાદ્ધમાં ભોજન આપનારાને તથા શૂદ્રના શ્રાદ્ધમાં ભોજન કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૫

શિબિએ કહ્યું:–“ જેણે તમારા કમળને ચોર્યું હોય તેને અગ્નિહોત્ર લીધાવિનાજ મૃત્યુ પામનારાને, યજ્ઞમાં વિઘ્ન કરનારાનેતથા તપસ્વીઓ સાથે વિરોધ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૬

યયાતિએ કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને જે પુરુષ વ્રતનિષ્ઠ હોવા છતાં ઋતુકાળવિના પોતાની સ્ત્રી સાથે ગમન કરે અને જે પુરુષ વેદોનું ખંડન કરે તેને જે પાપ લાગે તે પાપ લાગો. ”૨૭

નહુષે કહ્યું:–“ જેણે તમારૂં કમળ ચોર્યું

હોય, તેને જે પુરુષ યતિધર્મમાં દાખલ થયો હોય છતાં ઘરમાં પડી રહેતો હોય, યજ્ઞાદિની દીક્ષાને લઇ બેઠો હોય છતાં કામવાસનાને ધારણ કરતો હોય અને પગાર લઇને વિદ્યાધ્યયન કરાવતો હોય તેને જે પાપ લાગે તે પાપ લાગો."

અંબરીષે કહ્યું:–"જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને ક્રૂરતા કરનારાને, ધર્મનો ત્યાગ કરનારાને, સ્ત્રીઓ, જ્ઞાતિજનો તથા ગાયો સાથે પણ કપટવ્યવહાર કરનારાને તથા બ્રાહ્મણની હત્યા કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો."

નારદે કહ્યું:–" જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને કેવળ ગૃહસંબંધીજ જ્ઞાન ધરાવનારાને, શાસ્ત્રનિયમથી વિરુદ્ધ અને સ્વરરહિત વેદપાઠ કરનારાને તથા મહાન પુરુષોનું અપમાન કરનારાને જે પાપ લાગે તે લાગો." ૩૦

નાભાગે કહ્યું:–"જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને સદાય અસત્ય ભાષણ બોલનારાને, સત્પુરુષોની સાથે વિરોધ કરનારાને તથા શુલ્ક (મૂલ્ય) લઇને કન્યા પરણાવનારાને જે પાપ લાગે તે પાપ લાગો."૩૧

કવિએ કહ્યું:–"જેણે તમારા કમળને ચોર્યું હોય તેને ગાયને પગની લાત મારનારાને, સૂર્યસામે મળમૂત્રનો ત્યાગ કરનારાને તથા શરણે આવેલાનો પરિત્યાગ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો."૩૨

વિશ્વામિત્રે કહ્યું:–" જેણે તમારા કમળને ચોર્યું હોય તેને પોતાને વૈશ્ય પુરુષોએ નોકર રાખ્યો હોય છતાં તેઓનાં ક્ષેત્રાદિમાં ધાન્યાદિને જળસિંચન નહિ કરનારાને, રાજાનો પુરોહિત થનારાને તથા જેને યજ્ઞાદિનો અધિકાર હોતો નથી તેવા પુરુષને પણ યજ્ઞયાગાદિ કરાવનારાને જે પાપ લાગે તે પાપ લાગો."૩૩

અષ્ટકે કહ્યું:–" જેણે તમારા કમળને ચોર્યું હોય તેને જે મૂર્ખ રાજા કામવાસનાને અધીન રહેનારો હોઇને પાપકર્મ કરે છે અને અધર્મપૂર્વક પૃથ્વીપર રાજ્ય કરે છે તેને જે પાપ લાગે તે પાપ લાગો."૩૪

પર્વતે કહ્યું:–"જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને ગામેતીનો ધંધો કરનારને, ગધેડા ઉપર સ્વારી કરનારને તથા પોતાની આજીવિકાને માટે કૂતરાઓને મૃગયામાં લઈ જનારને જે પાપ લાગે તે પાપ લાગો."૩૫

ભરદ્વાજે કહ્યું:–"જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને ક્રૂર કર્મ કરનારાને તથા અસત્ય ભાષણ કરનારાને જે પાપ લાગે તે સર્વ પાપ લાગો."

ગાલવે કહ્યું:–"જેણે તમારા કમળને ચોર્યું હોય તેને જે પુરુષ પોતાનાજ્ઞાતિજનોમાંજપાપકર્મ કરનારો હોઇને અત્યંત પાપિષ્ઠ પુરુષોમાં પણ તિરસ્કારપાત્ર થાય છે, તેને જે પાપ લાગે છે અને જે પુરુષ દાન આપીને લોકોમાં તેની પ્રશંસા કર્યા કરે છે તેને જે પાપ લાગે તે પાપ લાગો."૩૬,૩૭

અરુંધતીએ કહ્યું:–" જે સ્ત્રીએ તમારૂં કમળ ચોર્યું હોય તેને પોતાની સાસુની નિંદા કરનારીને, પોતાના પતિનાપર દુષ્ટ મન રાખનારીને તથા પોતે એકલીજ સ્વાદિષ્ટ પદાર્થોનું ભોજન કરનારી સ્ત્રીને જે પાપ લાગે તે પાપ લાગો."૩૮

વાલખિલ્યે કહ્યું:–" જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને માત્ર આજીવિકાને માટે ગામના દરવાજામાં એક પગે ઉભા રહેનારાને તથા ધર્મને જાણનારો હોવા છતાં ધર્મનો ત્યાગ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો."૩૯

શુનઃસખે કહ્યું:–" જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને અગ્નિહોત્રનો અનાદર કરીને સુખેથી સૂઇ રહેનારાને તથા સંન્યાસી થઇને કામવાસનાને ધારણ કરનારાને જે પાપ લાગે તે પાપ લાગો."૪૦

સુરભિએ કહ્યું:–"જેણે તમારૂં કમળ ચોર્યું હોય તેને પ્રાણીના વાળથી બનાવેલા દોરડાવડે ગાયોના પાછલા બે પગ બાંધીને દોહનારાને, કાંસાના પાત્રમાં દૂધ દોહનારાને તથા બીજી ગાયનો વાછરડો ધવરાવીને એક ગાયને દોહનારાને જે પાપ લાગે તે પાપ લાગો."૪૧

ભીષ્મે કહ્યું:–હે કુરુઓના ઇંદ્ર રાજા! એ રીતે તે મહાત્માઓએ અનેક પ્રકારના સોગંદો લીધા, ત્યારે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ અગસ્ત્ય ઋષિ,કે જે અત્યંત કોપાયમાન થયા હતા તે

મની સામે જોઇને હજાર નેત્રોવાળો દેવોનો રાજા ઈંદ્ર હર્ષપૂર્વક બોલ્યો અને તે સમયે ક્રોધાયમાન થયેલા તે અગસ્ત્યઋષિને પોતાનો અભિપ્રાય જણાવીને ઈંદ્રે બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ તથા રાજર્ષિઓની વચ્ચે જે પ્રમાણે શપથ લીધા હતા તે હું તને કહું છું, સાંભળ.[૪૨,૪૩]

ઈંદ્રે કહ્યું:-"જેણે તમારૂં કમળ લીધું હોય, તેને જે પુરુષ અધ્વર્યુ બ્રાહ્મણને, વેદવેત્તા બ્રાહ્મણને અથવા જેણે બ્રહ્મચર્ય પાળ્યું હોય તેવા બ્રાહ્મણને પોતાની પુત્રી પરણાવે છે અને તેથી તેને જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય પ્રાપ્ત થાઓ; તેમજ જે બ્રાહ્મણ અથર્વવેદનું અધ્યયન કરીને સ્નાન કરે અને તેને જે પુણ્ય પ્રાપ્ત થાય તે પુણ્ય પ્રાપ્ત થાઓ.[૪૪] વળી પુણ્યશીલ એવો એક ધાર્મિક પુરુષ સર્વ વેદોનું અધ્યયન કરે અને તેને લીધે તે બ્રહ્મલોકમાં જાય, તેજ પ્રમાણે તમારૂં કમળ ચોરનાર પુરુષ પણ બ્રહ્મલોકમાં જાઓ."[૪૫]

અગસ્ત્યે કહ્યું:-"હે બલદૈત્યનો નાશ કરનારા ઇંદ્ર! તેં આ શપથ લીધા છે તે કેવળ આશીર્વાદરૂપજ છે, માટે સિદ્ધ થાય છે કે, તેં મારૂં કમળ ચોર્યું છે; પણ હવે મારૂં કમળ મને આપી દે; કેમકે એજ સનાતન ધર્મ છે."

ઇંદ્રે કહ્યું:-"હે ભગવન્! મેં કંઇ લોભને લીધે તમારૂં કમળ ચોર્યું નથી. માત્ર મને ધર્મો સાંભળવાની ઇચ્છા હતી તેથીજ કમળને મેં ચોર્યું છે; માટે મારાપર ક્રોધ કરવાને તમે યોગ્ય નથી.[૪૭] ખરેખર, મેં સાંભળેલો આ સનાતન ધર્મ, આર્ષ હોઇને નિત્ય અવિનાશી છે, નિર્દોષ છે, સંસારને તરી જવાના એક ઉપાયરૂપ છે અને શ્રુતિઓના એક તત્ત્વરૂપ છે. હે વિદ્વાન! હે બ્રાહ્મણશ્રેષ્ઠ! આ રહ્યું તમારૂં કમળ. તેનો તમે સ્વીકાર કરો. હે નિર્દોષ ભગવન્! મારો કંઇ અપરાધ થયો હોય તેને ક્ષમા કરવાને આપ યોગ્ય છો."[૪૮,૪૯]

મહેન્દ્રે એ પ્રમાણે કહ્યું એટલે તપસ્વી મુનિ અગસ્ત્ય, અત્યંત ક્રોધાયમાન થયા હતા; છતાં પ્રસન્ન થયા અને તે બુદ્ધિમાને પોતાનું કમળ ગ્રહણ કર્યું.[૫૦] તે પછી વનમાં નિવાસ કરનારા તે મહર્ષિઓ ફરી પણ તીર્થોમાં યાત્રા કરવામાટે ચાલી નીકળ્યા અને તેઓએ અનેક પવિત્ર તીર્થોમાં સ્નાન કર્યું.[૫૧] જે પુરુષ પ્રત્યેક પર્વને દિવસે સાવધાન થઇને આ આખ્યાનનું પઠનપાઠન કરે છે, તેને ત્યાં કદી મૂર્ખ પુત્ર ઉત્પન્ન થતો નથી અને તે સર્વ પ્રકારે નિર્દોષ થાય છે;[૫૨] એટલુંજ નહિ પરંતુ તેનાપર કદી આપત્તિ આવતી નથી, સર્વ સંતાપથી તે મુક્ત થાય છે, તેને વૃદ્ધાવસ્થા આવતી નથી, સર્વ પાપોથી તે મુક્ત થાય છે અને મરણ પછી પણ શ્રેયથી યુક્ત થઇને સ્વર્ગને પામે છે.[૫૩] હે પુરુષોત્તમ રાજા! જે પુરુષ, ઋષિઓએ રક્ષણ કરી રાખેલાં શાસ્ત્રોનું અધ્યયન કરે છે, તે અવિનાશી બ્રહ્મલોકને પામે છે.[૫૪]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં 'શપથવિધિ' એ વિષયનો અધ્યાય ૯૪ મો સમાપ્ત

અધ્યાય ૯૫ મો

છત્ર અને જોડાના દાનનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

यदिदं श्राद्धकृत्येषु दीयते भरतर्षभ ।
छत्रं चोपानहौ चैव केनैतत्संप्रवर्तितम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતશ્રેષ્ઠ પિતામહ! શ્રાદ્ધમાં છત્રી અને જોડાનું દાન આપવામાં આવે છે. (માટે હું તમને પૂછું છું કે,) એ દાનને કોણે ચાલુ કર્યું? વળી એ દાનની ઉત્પત્તિ કેવી રીતે થઈ? શામાટે એ દાન આપવામાં આવે છે? કેવળ શ્રાદ્ધમાંજ એ દાન આપવામાં આવે છે, એમ નથી પણ બીજાં સર્વ પુણ્ય કર્મોમાં પણ એ દાન કરવામાં આવે છે; તેમજ બીજા અનેક પ્રસંગે પણ પુણ્ય માનીને તેનું દાન આપવામાં આવે છે; માટે હે બ્રહ્મવેત્તા પિતામહ! એ વિષયમાં વિસ્તારપૂર્વક યથાર્થ રીતે સાંભળવાને હું ઇચ્છું છું[૧-૩]"

ભીષ્મે કહ્યું:-"હે રાજન્! છત્ર તથા ઉપાનહના દાનવિષે તું સાવધાન થઇને સાંભળ. એ દાન લોકમાં કેવી રીતે પ્રસિદ્ધ થયું, કોણે ચાલુ કર્યું અને તે દાન આપવાથી અક્ષય પુણ્ય

શામાટે પ્રાપ્ત થાય છે ? એ સર્વ વાત હું તને સંપૂર્ણ રીતે કહું છું.[૪,૫]

આ વિષયમાં મહાત્મા જમદગ્નિ અને સૂર્યના સંવાદરૂપ આવો એક ઇતિહાસ છે. હે રાજા ! પૂર્વે એક સમયે ભૃગુવંશમાં ઉત્પન્ન થયેલા ભગવાન જમદગ્નિ, હાથમાં ધનુષ્ય લઇને ક્રીડા કરી રહ્યા હતા અને બાણો સાંધી સાંધીને ફેંકી રહ્યા હતા. તે સમયે તેમની પત્ની રેણુકા, તેમણે ફેંકેલાં સર્વ બાણો કે જે પ્રદીપ્ત તેજવાળાં હતાં, તેઓને વારંવાર વીણી લાવીને પુનઃ તેમને અર્પણ કરતી હતી. આ રીતે જમદગ્નિ, પોતાના ધનુષ્યની, ધનુષ્યની દોરીની તથા બાણોની ગર્જનાથી અત્યંત હર્ષમાં આવી જઇને ઉપરાઉપરી બાણો ફેંકી રહ્યા હતા અને રેણુકા તે સર્વ બાણોને પાછાં લાવતી હતી. એમ કરતાં કરતાં લગભગ મધ્યાહ્નનો સમય થઇ ગયો; અને સૂર્યનારાયણ પણ તે સમયે જયેષ્ઠાનક્ષત્રના મૂલમાં આરૂઢ થયેલા હોઇને પ્રખર તપી રહ્યા હતા, તોપણ બ્રાહ્મણ જમદગ્નિએ, બાણો છોડવાનું ચાલુ રાખીને રેણુકાને આ પ્રમાણે કહ્યું:–“ હે વિશાળ નેત્રવાળી ! જા, આ ધનુષ્યમાંથી છુટેલાં સર્વ બાણોને તું લઇ આવ, જેટલામાં હે સુભ્રુ ! ફરી આ બીજાં બાણોને હું ફેંકું છું.” હે રાજા ! પોતાના પતિની એ આજ્ઞા થતાંજ રેણુકા, તે બાણો લેવાને ચાલી નીકળી, પણ માર્ગમાં વૃક્ષોની છાયાનો આશ્રય કરી કરીને તે ઉભી રહેતી હતી;[૬–૧૧] કેમકે સૂર્યના તાપને લીધે તેનું મસ્તક અને ચરણ અત્યંત તપી જતાં હતાં. શ્યામ નેત્રોવાળી તે સુંદર સ્ત્રી, પોતાના પતિના શાપના ભયથી માત્ર એક મુહૂર્તભરજ વૃક્ષની છાયામાં ઉભી રહેતી હતી અને પાછી બાણો લેવાને ચાલી નીકળતી હતી. એ રીતે સર્વ બાણો વીણી લાવીને તે યશસ્વિની સ્ત્રી પોતાના પતિની સમીપમાં પાછી આવી, ત્યારે અત્યંત ખિન્ન થઇ ગઇ હતી અને અત્યંત સુંદર અંગવાળી તે સ્ત્રી, મહાદુઃખે પગલાં મૂકતી મૂકતી અને સ્વામીના ભયથી અત્યંત ધ્રૂજતી ધ્રૂજતી પોતાના પતિની સમીપ આવી પહોંચી.[૧૨–૧૪] તે સમયે ઋષિ જમદગ્નિ, ક્રોધાયમાન થઇ ગયા હતા. તેમણે સુમુખી તે સ્ત્રીને વારંવાર કહ્યું કે:–“ રેણુકા ! તું આટલી બધી મોડી કેમ આવી?”[૧૫]

રેણુકાએ કહ્યું:–“હે તપોધન ! સૂર્યના તાપને લીધે મારૂં મસ્તક અત્યંત તપી ગયું હતું અને મારા ચરણ પણ અત્યંત દાઝી ગયા હતા, જેથી વૃક્ષની છાયાનો આશ્રય કરીને હું ઉભી રહી હતી.[૧૬] એથીજ હે બ્રહ્મન્! અહીં આવતાં મને વિલંબ થયો છે; માટે એ લક્ષ્યમાં લઇને હે સમર્થ તપોધન ! તમે મારાપર ક્રોધ ન કરો.”

જમદગ્નિએ કહ્યું:–“ હે રેણુકા ! આ પ્રદીપ્ત કિરણોવાળા સૂર્યે આજે તને દુઃખ આપ્યું છે; માટે હું મારાં અસ્ત્રોરૂપ અગ્નિના તેજથી તેને તપાવીને બાણોદ્વારા પટકીપાડીશ.”[૧૭,૧૮]

ભીષ્મે કહ્યું:–એમ કહીને તેમણે પોતાના દિવ્ય ધનુષ્યનો ટંકાર કર્યો અને સંખ્યાબંધ બાણો ગ્રહણ કરીને જે તરફ સૂર્ય ગતિ કરી રહ્યો હતો, તે તરફ સૂર્ય સામે મુખ કરીને તે ઉભા રહ્યા.[૧૯] હે કુંતાપુત્ર ! તે સમયે સૂર્યે જોયું કે, જમદગ્નિ પોતાને નીચે પાડવા તૈયાર થયા છે; જેથી બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને તે તેમની પાસે આવ્યો અને આ પ્રમાણે કહેવા લાગ્યો:–“ સૂર્યે તમારો શો અપરાધ કર્યો છે ? સૂર્ય, આકાશમાં રહ્યો રહ્યો પોતાનાં કિરણોદ્વારા જ્યાં ત્યાંથી રસને ગ્રહણ કરે છે અને પોતે ગ્રહણ કરેલા રસને વર્ષાઋતુમાં પાછો વરસી નાખે છે.[૨૦,૨૧] હે બ્રાહ્મણ ! સૂર્ય, રસની વૃષ્ટિ કરે છે તેથી મનુષ્યોને સુખ આપનારૂં અન્ન ઉત્પન્ન થાય છે; અને વેદમાં પણ કહેવામાં આવ્યું છે કે, “ अन्नं प्राणाः– અન્ન પ્રાણરૂપ છે.”[૨૨] હે બ્રહ્મન્ ! પોતાનાં કિરણોના પરિવારવાળો આ સૂર્ય, પ્રત્યેક વર્ષે વાદળાંઓમાં ગુપ્ત રહીને સાતે દ્વીપોમાં વૃષ્ટિ વરસાવે છે;[૨૩] જેથી હે પ્રભો ! ઔષધિઓ તથા લતાઓનાં પુષ્પો અને પાંદડાંઓમાંથી ઉત્પન્ન થયેલું સર્વ અન્ન, વર્ષાકાળ પછી તૈયાર થાય છે.[૨૪] હે ભૃગુવંશી બ્રાહ્મણ ! જાતકર્મ આદિ સર્વ સંસ્કારો, વ્રતો, ઉપનયન સંસ્કારો, ગોદાનો, વિવાહો, પુષ્કળ યજ્ઞો, શાસ્ત્રો, દાનો, સર્વ વ્યવ-

હારો તથા દ્રવ્યનો સંગ્રહ વગેરે સર્વ કેવળ અન્નને લીધેજ થઇ શકે છે, એમ તમે જાણો છો.૨૫,૨૬ વળી જેટલાં રમણીય કાર્યો થાય છે અને જેટલા રમણીય આરંભો છે તે સર્વ કેવળ અન્નથીજ થાય છે, એમ તમે જાણો છો, છતાં હું તમને કહું છું.૨૭ હે બ્રાહ્મણ ! મેં તમને જે કંઇ કહ્યું તે સર્વ તમે જાણો છો; માટે હે બ્રહ્મર્ષિ ! હું તમને પ્રાર્થના કરીને કહું છું કે, સૂર્યને પાડવાથી તમને શું ફળ મળશે? "૨૮

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "છત્ર અને ઉપાનહની ઉત્પત્તિ" એ વિષયનો
અધ્યાય ૯૫ મો સમાપ્ત

અધ્યાય ૯૬ મો

છત્ર અને જોડાના દાનનું માહાત્મ્ય (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

एवं प्रयाचति तदा भास्करे मुनिसत्तमः।
जमदग्निर्महातेजाः किं कार्यं प्रत्यपद्यत ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"સૂર્યે એપ્રમાણે પ્રાર્થના કરી તે સમયે મહાતેજસ્વી મહામુનિ જમદગ્નિએ શું કર્યું હતું ?"૧

ભીષ્મે કહ્યું:–"હે કુરુનંદન ! સૂર્યે એ રીતે પ્રાર્થના કરી તોપણ અગ્નિસમાન તેજસ્વી મુનિ જમદગ્નિ, શાંત થયાજ નહિ.૨ પછી હે રાજા ! બ્રાહ્મણના રૂપમાં આવેલા સૂર્યે, ફરી પણ બે હાથ જોડી તેમને પ્રણામ કરીને આવી મધુર વાણીથી કહ્યું૩:–"હે બ્રહ્મર્ષિ! સૂર્ય સદાકાળ ગતિ કર્યા કરે છે તેથી એ સૂર્યરૂપી લક્ષ્ય ચંચળ છે, છતાં તમે એને કેવી રીતે વિંધી શકશો ?"૪

જમદગ્નિએ કહ્યું:–"તું સ્થિર લક્ષ્ય હો કે ચળ લક્ષ્ય હો, પણ મારી જ્ઞાનદષ્ટિથી મેં તને ઓળખી લીધો છે. આજે અવશ્ય, મારે તારામાં વિનય દાખલ કરવોજ છે.૫ હે સૂર્ય ! મધ્યાહ્નને એક અર્ધનિમેષ જેટલા સમયસુધી તું સ્થિર રહે છે; માટે તે સમયે હું તને વિંધી નાંખીશ, એમાં કંઈ વિચાર કરવાનો નથી."૬

સૂર્યે કહ્યું:–હે ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ ! તમે મને અવશ્ય વિંધી નાખશો અને હું આપનો અપરાધી પણ છું,જેથી હે ભગવન્ ! હું આપને શરણે આવ્યોછું,એમ તમે જાણો."૭

ભીષ્મે કહ્યું:–તે સાંભળી ભગવાન જમદગ્નિ, ખડખડાટ હસી પડયા. તેમણે સૂર્યને કહ્યું કે:–"હે સૂર્ય ! તું ભય ન પામીશ, કેમકે તું મારે શરણે આવ્યો છે.૮ બ્રાહ્મણોમાં જે સરળતા છે, પૃથ્વીમાં જે સ્થિરતા છે, ચંદ્રમાં જે સૌમ્યતા છે, વરુણમાં જે ગંભીરતા છે, અગ્નિમાં જે કાંતિ છે, મેરુમાં જે પ્રભા છે અને સૂર્યમાં જે પ્રતાપ રહેલો છે,તે સર્વનું જે પુરુષ ઉલ્લંઘન કરે છે તેજ શરણે આવેલાનો વધ કરે છે. (અર્થાત્ સર્વ મર્યાદાનું ઉલ્લંઘન કરનાર કોઇ પાપી પુરુષજ શરણાગતનો વધ કરે છે.)૯,૧૦ જે પુરુષ, શરણે આવેલાનો વધ કરે છે તેને ગુરુપત્ની સાથે વ્યભિચાર કર્યાનું પાપ લાગે છે, બ્રાહ્મણની હત્યા કર્યાનું પાપ લાગે છે અને મદિરાનું પાન કર્યાનું પાપ લાગે છે;૧૧ માટે હે તાત! માત્ર તેં જે આ અવિનય કર્યો છે તેને દૂર કરવામાટે કોઇ ચોગ્ય ઉપાય તું શોધી કાઢ, જેથી તારાં કિરણોથી તપ્ત થયેલા માર્ગમાં પ્રત્યેક મનુષ્ય સુખેથી ગમન કરી શકે !"૧૨

ભીષ્મે કહ્યું:–એટલું કહીને ભૃગુઓમાં ઉત્તમ ઋષિ જમદગ્નિ મૌન રહ્યા. એટલે તુરતજ સૂર્યે, તેમને છત્ર તથા ઉપાનહનું દાન કર્યું.૧૩

પછી સૂર્યે કહ્યું:–"હે મહર્ષિ ! મસ્તકના રક્ષણરૂપ અને મારાં કિરણોને અટકાવનારૂ આ છત્ર તથા ચરણનું રક્ષણ કરવામાટે ચામડાની આ બે પાદુકાઓ (જોડા) તમે ગ્રહણ કરો.૧૪ આજથી આરંભી લોકમાં આનો પ્રચાર થશે અને સર્વ પુણ્યદાયી પ્રસંગોમાં આનું દાન કરવાથી પરમ અક્ષય ફળ મળશે."૧૫

ભીષ્મે કહ્યું:–"હે ભારત ! એ પ્રમાણે છત્ર તથા ઉપાનહની જગતમાં સૂર્યે પ્રવૃત્તિ કરી છે અને તે સમયથી આરંભી ત્રણે લોકમાં છત્ર તથા ઉપાનહનું દાન પુણ્યદાયીતરીકે પ્રસિદ્ધ થયું છે,૧૬ માટે તું પણ છત્ર તથા ઉપાનહનું

ઉત્તમ દાન બ્રાહ્મણોને આપ, જેથી તને મહાન ધર્મ પ્રાપ્ત થશે, એમાં કંઇ સંશય નથી.[૧૭] હે ભરતશ્રેષ્ઠ! જે પુરુષ સો સળીવાળું એક ઉજ્જવળ છત્ર બ્રાહ્મણને દાનમાં આપે છે તે પુરુષ મરણ પછી પરલોકમાં સુખી થાય છે.[૧૮] હે ભરતશ્રેષ્ઠ રાજા! તે પુરુષ બ્રાહ્મણોનો પૂજાપાત્ર થઇને ઇંદ્રલોકમાં નિવાસ કરે છે અને અપ્સરાઓ તથા દેવો પણ નિત્ય તેને માન આપે છે;[૧૯] તેમજ હે મહાબાહુ! જે પુરુષ પગે બળતા એક સ્નાતક બ્રાહ્મણને ઉપાનહનું દાન કરે છે તે પુરુષ પણ હે ભારત! મરણ પછી દેવતાઓએ માન્ય કરેલા દિવ્ય લોકોને પામે છે અને ગોલોકમાં હર્ષયુક્ત થઇને નિવાસ કરે છે.[૨૧] એ રીતે હે ભરતસત્તમ! છત્ર તથા ઉપાનહના દાનનું સંપૂર્ણ ફળ મેં તને કહ્યું.[૨૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"છત્ર તથા ઉપાનહદાનની પ્રશંસા"એ
વિષયનો અધ્યાય ૯૬ મો સમાપ્ત

અધ્યાય ૯૭ મો

બલિદાનવિધિ (વૈશ્વદેવ)

॥ युधिष्ठिर उवाच ॥
गार्हस्थ्यं धर्ममखिलं प्रब्रूहि भरतर्षभ ।
ऋद्धिमाप्नोति किं कृत्वा मनुष्य इह पार्थिव ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે ભરતશ્રેષ્ઠ રાજા! ગૃહસ્થાશ્રમનો ધર્મ સંપૂર્ણરીતે તમે મને કહો. કયું કર્મ કરીને મનુષ્ય આ લોકમાં સમૃદ્ધિને સંપાદન કરે છે?"[૧]

ભીષ્મે કહ્યું:– "હે ભારત! આ વિષયમાં વાસુદેવ અને પૃથ્વી વચ્ચે પૂર્વે જે સંવાદ થયો હતો તે હું તને કહું છું.[૨] હે ભરતશ્રેષ્ઠ! આજે તેં મને જે પ્રશ્ન પૂછયો છે તેજ પ્રશ્ન, પ્રતાપી વાસુદેવે, (શ્રીકૃષ્ણે) પૃથ્વી દેવીની સ્તુતિ કરીને તેને પૂછયો હતો.[૩]

વાસુદેવે પૂછ્યું:– "હે પૃથ્વી! ગૃહસ્થાશ્રમનો આશ્રય કરીને મારે અથવા મારા જેવા હરકોઇ પુરુષે કયું કાર્ય અવશ્ય કરવું જોઇએ અથવા કયું કર્મ કરીને મનુષ્યજીવન સાર્થક કર્યું ગણાય?"[૪]

પૃથ્વીએ કહ્યું:– "હે માધવ! ગૃહસ્થાશ્રમીએ ઋષિઓ, પિતૃઓ દેવો તથા મનુષ્યોનું પૂજન અર્ચન કેવી રીતે કરવું, તે વિષે મારી પાસેથી તું સાંભળ.[૫] નિત્ય યજ્ઞયાગ કરીને દેવોનું આરાધન કરવું, અતિથિસત્કાર કરીને મનુષ્યોનું આરાધન કરવું અને નિત્ય વેદાધ્યયન કરીને ઋષિઓનું આરાધન કરવું તેમજ યોગ્ય પુરુષોને નિત્ય ભોજન આપવું;[૬] કેમકે હે મધુસૂદન! તેમ કરવાથી ઋષિગણો પ્રસન્ન થાય છે. વળી નિત્ય ભોજન કર્યા પહેલાં અગ્નિનું પૂજન કરવું અને વૈશ્વદેવ કર્મ કરવું.[૭] હે મધુસૂદન! એ પ્રમાણે કરવાથી સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે. વળી અન્નાદિકથી તથા જળથી નિત્ય શ્રાદ્ધ પણ કરવું; અથવા દૂધ, કંદમૂળ કે ફળથી પણ પિતૃઓને પ્રસન્ન કરવામાટે શ્રાદ્ધ કર્મ કરવું. તે પછી તૈયાર કરેલા અન્નમાંથી વિધિપૂર્વક અગ્નિમાં વૈશ્વદેવ કરવો;[૮,૯] અને તે સમયે અગ્નિને, સોમને, વિશ્વેદેવાને, ધન્વંતરીને તથા પ્રજાપતિને ઉદ્દેશીને અગ્નિમાં જૂદી જૂદી આહુતિ આપવી.[૧૦] તે પછી અનુક્રમે બલિકર્મ કરવું. તે વેળા દક્ષિણદિશામાં યમને ઉદ્દેશીને બલિ મૂકવો; પશ્ચિમદિશામાં વરુણને ઉદ્દેશીને, ઉત્તરદિશામાં સોમને ઉદ્દેશીને, ઘરના મધ્યભાગમાં પ્રજાપતિને ઉદ્દેશીને, ઇશાનખૂણામાં ધન્વંતરીને ઉદ્દેશીને, પૂર્વદિશામાં ઇંદ્રને ઉદ્દેશીને, ઘરના દ્વારમાં મનુષ્યોને ઉદ્દેશીને અને ઘરના અંદરના ભાગમાં મરુદ્ગણો તથા સર્વ દેવતાઓને ઉદ્દેશીને બલિ આપવો. આકાશમાં વિશ્વેદેવાઓને બલિ અર્પણ કરવો અને નિશાચરોને તથા ભૂતોને રાત્રિના સમયે બલિ અર્પણ કરવો.[૧૧–૧૪]

એ પ્રમાણે વિધિપૂર્વક બલિકર્મ કરી લીધા પછી બ્રાહ્મણને ભિક્ષા આપવી; પણ બ્રાહ્મણ જો ન મળે તો બ્રાહ્મણનિમિત્તે અન્ન જૂદું કાઢી લઇને અગ્નિમાં હોમી દેવું.[૧૫] જે સમયે મનુષ્યને પિતૃઓનું શ્રાદ્ધકર્મ કરવાની ઇચ્છા હોય, તે સમયે પ્રથમ શ્રાદ્ધ કર્મ કરી લીધા પછી વૈશ્વદેવ અથવા બલિકર્મ

કરવું.૧૬ તાત્પર્ય કે, પ્રથમ પિતૃઓને તૃપ્ત કર્યા પછી વિધિપૂર્વક બલિકર્મ અથવા વૈશ્વદેવ કરવો અને પછી બ્રાહ્મણોને ભોજન કરાવવું.૧૭ તે પછી હે મહારાજા! અતિથિઓની પૂજા કરીને તેઓને અન્ન અર્પણ કરવું ને છેવટે મનુષ્યોને ભોજન આપીને પ્રસન્ન કરવા.૧૮ જે મનુષ્ય, સદાકાળ એક સ્થળે રહેતો નથી તેને અતિથિ કહેવામાં આવે છે; માટે પ્રત્યેક મનુષ્યે તેવા અતિથિને, પોતાના આચાર્યને, પિતાને, મિત્રને તથા પોતાના હિતૈષી મનુષ્યને "મારા ઘરમાં અમુક આ ભોજન તૈયાર છે" એમ કહીને નિત્ય તેઓને અન્નાદિ નિવેદન કરવું અને તેઓ જે પ્રમાણે કહે તે પ્રમાણે કરવું, એ ધર્મ છે.૧૯,૨૦ હે કૃષ્ણ! ગૃહસ્થ પુરુષે નિત્ય દેવ, પિતૃ તથા અતિથિને અર્પણ કરતાં અવશેષ રહેલા અન્નનુંજ ભોજન કરવું; અને રાજા, ઋત્વિજ, સ્નાતક, ગુરુ તથા સસરો–આ બધા, એક વર્ષપર્યંત પોતાને ઘેર રહે તોપણ મધુપર્કાદિથી તેઓની નિત્ય પૂજા કરવી; તેમજ કૂતરાં, ચાંડાલ તથા પક્ષીઓને પણ પૃથ્વી ઉપર નિત્ય બલિ અર્પણ કરવો.૨૧,૨૨ આ વૈશ્વદેવ નામનું કર્મ, પ્રત્યેક ગૃહસ્થાશ્રમીએ સાયંકાળે તથા પ્રાતઃકાળે કરવું, એમ શાસ્ત્રીય વિધિ છે. જે મનુષ્ય, અસૂયા દોષનો ત્યાગ કરીને આ ગૃહસ્થ 'ધર્મોનું આચરણ કરે છે, તે આ લોકમાં ઋષિઓ તરફથી વર મેળવીને પરલોકમાં પૂજાય છે."૨૩

ભીષ્મે કહ્યું:–પૃથ્વીનું એ વચન સાંભળીને પ્રતાપી વાસુદેવે તેમજ કરવા માંડયું, માટે તું પણ નિત્ય તે પ્રમાણે કર.૨૪ હે રાજા! આ ગૃહસ્થધર્મનું તું આચરણ કરીશ તો આ લોકમાં યશ મેળવીને મરણ પછી સ્વર્ગને પામીશ."૨૫

ઇતિ **શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં**
"બલિદાનવિધિ" એ વિષયનો
અધ્યાય ૯૭ મો સમાપ્ત

* * *

અધ્યાય ૯૮ મો

પુષ્પ, ધૂપ અને દીપદાનનો મહિમા

॥ युधिष्ठिर उवाच ॥

आलोकदानं नामैतत् कीदृशं भरतर्षभ ।
कथमेतत् समुत्पन्नं फलं वा तद्ब्रवीहि मे ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભરતશ્રેષ્ઠ! દીવાનું દાન એ વળી કેવું દાન છે? તેની ઉત્પત્તિ કેવી રીતે થઇ છે? અને તેનું ફળ શું છે? તે મને કહો."૧

ભીષ્મે કહ્યું:–"હે ભારત! આ વિષયમાં પણ સુવર્ણ નામના એક તપસ્વીના તથા પ્રજાપતિ મનુના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.૨ હે ભરતવંશી રાજા! પૂર્વે, સુવર્ણ નામનો કોઇએક તપસ્વી હતો; તેનો વર્ણ (શરીરનો રંગ) સુવર્ણના જેવોજ હતો તેથી તેનું "સુવર્ણ" એવું નામ પ્રસિદ્ધ થયું હતું.૩ તે કુળ અને શીલના ગુણથી સંપન્ન હોઇને વેદના સ્વાધ્યાયમાં પારંગત થયો હતો અને તેણે પોતાના ગુણોથી અનેક ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા પુરુષોનું પણ ઉલ્લંઘન કર્યું હતું (અર્થાત્ અનેક ઉત્તમ વંશના પુરુષો કરતાં પણ તે અધિક ગુણવાન હતો). એક સમયે તે બ્રાહ્મણ, મનુનાં દર્શન કરવામાટે ગયો એટલે તેઓ બન્નેએ અન્યોન્ય કુશળપ્રશ્ન પૂછયો.૪,૫ તે પછી સત્ય સંકલ્પવાળા તેઓ બંને જણા સુવર્ણપર્વત મેરુ ઉપર આવેલા એક સુંદર શિલાપૃષ્ઠ ઉપર એકી સાથે બેઠા;૬ અને ત્યાં બેસીને બ્રહ્મર્ષિઓ, દેવો, દૈત્યો તથા પુરાણકાળના મહાત્માઓવિષે અનેક પ્રકારની જૂદીજૂદી કથાઓ કહેવા લાગ્યા.૭ તે સમયે તપસ્વી સુવર્ણે, સ્વયંભૂના પુત્ર મનુપ્રત્યે કહ્યું કે:–"હે પ્રજાઓના ઈશ્વર! પ્રાણીમાત્રને હિતકારક મારો એક પ્રશ્ન છે, તેનો ઉત્તર આપવાને આપ યોગ્ય છો. પુષ્પોવડે દેવોનું જે પૂજન કરવામાં આવે છે, તેની ઉત્પત્તિ (એટલે તેનો પ્રચાર) કેવી રીતે થયો છે? અને એવી રીતે દેવોનું પૂજન કરવાથી કયું ફળ પ્રાપ્ત થાય છે? તે મને કહો."૮,૯

મનુએ કહ્યું:-“આ વિષયમાં પણ મહાત્મા બલિ અને શુક્રના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧૦] જે સમયે વિરોચનનો પુત્ર બલિરાજા, આ ત્રૈલોકય ઉપર રાજ્ય કરતો હતો, ત્યારે એક વખતે ભૃગુવંશમાં ઉત્પન્ન થયેલા શુક્રાચાર્ય ઉતાવળા ઉતાવળા તેની સમીપમાં આવ્યા;[૧૧] એટલે પુષ્કળ દક્ષિણાઓ આપનારા અસુરોના રાજા બલિએ, અર્ઘ્યાદિ પૂજાસામગ્રીથી વિધિપૂર્વક તેમનું પૂજન કર્યું અને પછી પોતે પણ એક આસન ઉપર બેઠો.[૧૨] તે સમયે, તેં મને જે પ્રશ્ન પૂછયો છે તેજ વિષયની તેઓ બંને વચ્ચે કથા થવા લાગી અને પુષ્પ, ધૂપ તથા દીપદાનના ફળવિષેજ ચર્ચા થવા લાગી.[૧૩] દૈત્યોના ઇંદ્ર બલિરાજાએ, કવિઓમાં શ્રેષ્ઠ શુક્રાચાર્યને આવો ઉત્તમ પ્રશ્ન પૂછયો.”[૧૪]

બલિએ પૂછયું:-“ હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ ! પુષ્પ, ધૂપ તથા દીપકના દાનનું ફળ શું છે ? તે કહેવાને તમે યોગ્ય છો.”

શુક્રે કહ્યું:-“ સૃષ્ટિની પૂર્વે, સૌની પહેલાં તપ (એટલે વર્ણાશ્રમ ધર્મ) ઉત્પન્ન થયું હતું અને તે પછી અહિંસા આદિ ધર્મ ઉત્પન્ન થયો હતો; પણ તેઓ બન્નેના મધ્યકાળમાં સર્વલતાઓ તથા ઔષધિઓજ ઉત્પન્નથઇહતી. આ પૃથ્વી ઉપર જેટલી લતાઓ તથા જેટલી ઔષધિઓ છે તેઓ બધી ઘણેભાગે ચંદ્રના આત્મારૂપજ છે; અને તેમાં કેટલીએક અમૃતરૂપ છે, કેટલીએક વિષ(ઝેર)રૂપ છે અને કેટલીએક સમાન જાતિની છે.[૧૬,૧૭] જે લતાઓ તથા ઔષધિઓ અમૃતરૂપ હોય છે, તેઓ મનને પ્રસન્ન કરે છે અને તત્કાળ તૃપ્તિ આપે છે; પણ જેઓ તીવ્ર વિષરૂપ હોય છે, તેઓ માત્ર ગંધથીજ મનને વ્યાકુળ કરી મૂકે છે.[૧૮] તારે જાણવું કે, અમૃતરૂપ લતાઓ તથા ઔષધિઓ મહામંગલરૂપ હોય છે અને વિષરૂપ લતાઓ તથા ઔષધિઓ મહા અમંગલરૂપ હોય છે. વાસ્તવિક રીતે સર્વ ઔષધિઓ અમૃતરૂપજ હોય છે;અને જે વિષરૂપ જણાતી હોય છે, તે પણ અગ્નિથી ઉત્પન્ન થયેલું એક તેજજ છે;[૧૯] (એ ઔષધિઓ તથા લતાઓનાં) પુષ્પો, મનને પ્રસન્ન કરે છે અને શોભામાં પણ વૃદ્ધિ કરે છે, માટે પુણ્યકર્મ કરનારા પુરુષો તેઓને ‘ સુમનસ્ ’ કહે છે.[૨૦] જે પુરુષ પવિત્ર થઈને દેવતાઓને પુષ્પો અર્પણ કરે છે, તેનાપર દેવતાઓ પ્રસન્ન થાય છે અને એ રીતે પ્રસન્ન થયેલા દેવતાઓ તેને પુષ્ટિ પણ અર્પણ કરે છે. હે દૈત્યોના પતિ ! જે જે દેવને ઉદ્દેશીને મનુષ્ય, પુષ્પો અર્પણ કરે છે તે તે દેવ તેનાપર પ્રસન્ન થઇને તેનું મંગલ કરવામાટે તૈયાર થાય છે.[૨૨] ઔષધિઓમાં કેટલીએક સૌમ્ય હોય છે, કેટલીએક ઉગ્ર હોય છે, કેટલીએક તેજસ્વી હોય છે, કેટલીએક બહુજ પરાક્રમી હોય છે અને કેટલીએક અનેક સ્વરૂપવાળી હોય છે.[૨૩]

હવે કયાં વૃક્ષો યજ્ઞોમાં ઉપયોગી ગણાય છે, કયાં વૃક્ષો યજ્ઞોમાં ઉપયોગી ગણાતાં નથી, કયાં પુષ્પો અસુરોને પ્રિય હોય છે, કયાં પુષ્પો દેવતાઓને પ્રિય હોય છે, કયાં પુષ્પો રાક્ષસોને પ્રિય હોય છે,કયાં પુષ્પો સર્પોને પ્રિય હોય છે, કયાં પુષ્પો યક્ષોને પ્રિય હોય છે, કયાં પુષ્પો મનુષ્યોને પ્રિય હોય છે, કયાં પુષ્પો પિતૃઓને પ્રિય હોય છે અને કયાં પુષ્પો સુંદર સ્ત્રીને પ્રિય હોય છે? એ વિષે તું અનુક્રમે મારી પાસેથી સાંભળ.[૨૪,૨૫] આ લોકમાં કેટલાંએક વૃક્ષો વનમાં થનારાં હોય છે, કેટલાંએક ગામમાં થનારાં હોય છે, કેટલાંએક ક્ષેત્રાદિમાં ખેડયા પછી વાવવામાં આવે છે અને કેટલાંએક પર્વતોમાં થનારાં હોય છે. વળી તેમાં કેટલાંએક વૃક્ષો કાંટાવાળાં, કેટલાંએક કાંટાવિનાનાં,કેટલાંએક ગંધવાળાં,કેટલાંએક રૂપવાળાં અને કેટલાંએક રસવાળાં હોય છે. તે તે વૃક્ષોમાં જે પુષ્પો થાય છે તેઓનો ગંધ પણ બે પ્રકારના હોય છે. એક તો પ્રિય લાગે તેવો ગંધ અને બીજો અપ્રિય થઇ પડે તેવો ગંધ. તેમાંથી જે પુષ્પો પ્રિય ગંધવાળાં હોય છે, તેઓ દેવતાઓને માટે ઉત્તમ છે, એમ તારે જાણવું.[૨૭] હે રાજા ! જે વૃક્ષો કાંટાવિનાનાં હોય અને તેમાં લગભગ શ્વેત વર્ણવાળાં પુષ્પો ઉત્પન્ન થતાં હોય તેઓ દેવતાઓને પ્રિય હોય છે;[૨૮] પણ કમળ વગેરે

જે પુષ્પો જળમાં ઉત્પન્ન થનારાં હોય છે, તેને તો વિચક્ષણ પુરુષે ગંધર્વો, નાગો તથા યક્ષોને અર્પણ કરવાં.૨૯ અથર્વવેદમાં કહ્યું છે કે, જે ઔષધિઓ લાલ પુષ્પોવાળી હોય છે, કડવા રસવાળી હોય છે અને કાંટાઓથી ભરપૂર હોય છે, તેઓનો શત્રુનું મારણમોહન આદિ અભિચાર કર્મમાં ઉપયોગ કરવો.૩૦ જે ઔષધિઓ તીક્ષ્ણ વીર્યવાળી હોય, સ્પર્શ કરતાં પણ દુઃખદાયી હોય, કાંટાઓથી યુક્ત હોય, લગભગ લાલવર્ણવાળી હોય અને જેઓ કાળા વર્ણવાળી હોય તેઓનો ભૂતોને ઉપહાર કરવો. હે સમર્થ રાજા ! જે પુષ્પો મન તથા હૃદયને આનંદ આપનાર હોય છે, વિશેષે કરી મધુર રસવાળાં હોય છે અને સુંદર દેખાવનાં હોય છે, તે પુષ્પો મનુષ્યોને પ્રિય હોય છે;૩૨ પરંતુ જે પુષ્પો શ્મશાનમાં અથવા દેવમંદિરોમાં ઉત્પન્ન થયેલાં હોય છે, તેઓનો કોઈ તુષ્ટિપુષ્ટિનાં કર્મમાં, વિવાહપ્રસંગમાં અથવા એકાંતની કામક્રીડા આદિમાં કદી ઉપયોગ કરવો નહિ.૩૩ જે પુષ્પો પર્વતોનાં શિખરોપર ઉગેલાં હોય અને સૌમ્ય ગંધવાળાં હોય, તેઓનાપર મંત્ર ભણીને જળનું સિંચન કરવું; તે પછીજ શાસ્ત્રમાં કહ્યું હોય તે પ્રમાણે યથાયોગ્યરીતે દેવોને અર્પણ કરવાં.૩૪ પુષ્પોના સુગંધથી દેવો પ્રસન્ન થાય છે, પુષ્પોના સુંદર દેખાવથી યક્ષો તથા રાક્ષસો પ્રસન્ન થાય છે, પુષ્પોના ઉપભોગથી નાગદેવતાઓ પ્રસન્ન થાય છે અને પુષ્પોનો ગંધ, દેખાવ તથા ઉપભોગ–એમ ત્રણેથી મનુષ્યો પ્રસન્ન થાય છે.૩૫ પુષ્પોનો સુગંધ દેવોને તત્કાળ પ્રસન્ન કરે છે અને તે પ્રસન્ન થયેલા દેવતાઓ સંકલ્પોને સિદ્ધ કરનાર હોઇને પોતાને પુષ્પો અર્પણ કરનારા મનુષ્યોના સર્વ ઇષ્ટ મનોરથોને પૂર્ણ કરે છે.૩૬ દેવતાઓને જો પ્રસન્ન કરવામાં આવે છે,તો તેઓ મનુષ્યોને પણ નિરંતર પ્રસન્ન કરે છે. દેવતાઓને જો માન આપવામાં આવે છે, તો તેઓ મનુષ્યોને પણ નિરંતર માન આપે છે; પણ દેવતાઓનો જો અપરાધ કરવામાં આવે છે અથવા તિરસ્કાર કરવામાં આવે છે તો તેઓ અધમ મનુષ્યોને બાળીને ભસ્મ કરી નાખે છે.૩૭

હવે પછી ધૂપદાનના વિધિનું ફળ હું તને કહું છું. ધૂપ અનેક પ્રકારના હોય છે.તેમાં કેટલાએક સુગંધવાળા હોય છે અને કેટલાએક દુર્ગંધવાળા હોય છે. તેઓવિષે તું મારી પાસેથી સાંભળ.૩૮ ધૂપ ત્રણ પ્રકારના હોય છે. એક તો ગુગ્ગુલુ (ગુગળ) વગેરે વૃક્ષોના નિર્યાસ (રસ અથવા ગુંદર) રૂપ હોય છે, બીજો કાષ્ઠ અને અગ્નિનો સંયોગ થતાં જે રસ ઝરે છે તેના સારિરૂપ હોય છે અને ત્રીજો અષ્ટગંધ વગેરે જૂદા જૂદા પદાર્થોને એકત્ર કરવાથી થનારો કૃત્રિમ ધૂપ હોય છે. આ ત્રણે પ્રકારના ધૂપમાં કેટલાએકનો ગંધ પ્રિય લાગે તેવો હોય છે અને કેટલાએકનો ગંધ અપ્રિય લાગે તેવો હોય છે, તે પણ મારી પાસેથી તું વિસ્તારપૂર્વક સાંભળ.૩૯ સલ્લકી નામના એક વૃક્ષવિશેષના (સાગવૃક્ષના) નિર્યાસ (રસ) સિવાયના બીજા સર્વ નિર્યાસ ધૂપ દેવતાઓને પ્રિય હોય છે અને તેમાં પણ ગુગળનો ધૂપ સર્વ કરતાં શ્રેષ્ઠ છે,એ નિશ્ચય છે;૪૦ તેમજ કાષ્ઠ તથા અગ્નિનો સંયોગ થતાં જે રસ ઝરે છે તે રૂપ ‘સારિ’ નામના ધૂપોમાં અગરનો ધૂપ યક્ષો,રાક્ષસો તથા નાગોને પ્રિય હોય છે. વળી દૈત્યોને સલ્લકી વૃક્ષનો ધૂપ પ્રિય હોય છે અને તેના જેવા બીજા ધૂપો પણ દૈત્યોને પ્રિય હોય છે.૪૧ રાળ આદિ ધૂપના ગંધથી, અથવા દેવદાર વગેરે સુગંધી કાષ્ઠના ધૂપથી અથવા તીવ્ર ગંધવાળા આસવોથી યુક્ત કરેલા બીજા કૃત્રિમ ધૂપોથી મનુષ્યોને પ્રીતિ ઉત્પન્ન થાય છે.૪૨ આ રીતે ધૂપનો સુગંધ દેવો,દાનવો તથા ભૂતોને તત્કાળ પ્રસન્ન કરનારો છે અને મનુષ્યોમાં પણ જેઓ ઘણાજ શોખીન હોય છે તેઓને પણ ધૂપનો સુગંધ પ્રસન્ન કરે છે.૪૩ જે ફળ પુષ્પો અર્પણ કરવાથી મળે છે, તેજ ફળ ધૂપો અર્પણ કરવાથી પણ મળે છે, એમ સમજવું અને પ્રીતિવર્ધક તે ફળ પ્રથમ મેં તને કહ્યુંજ છે.૪૪

હવે દીપદાનનું સર્વોત્તમ ફળ હું તને કહું છું; તેમજ એ દીપદાન જે રીતે કરવામાં આવે છે, જેના વડે કરવામાં આવે છે અને જેવા

પ્રકારે કરવામાં આવે છે, તેનું પણ હું વર્ણન કરૂં છું. વળી દીવો કે જેની જ્યોતિ, તેજ અથવા પ્રકાશ ઊર્ધ્વગામી હોઇને શું ફળ આપે છે, તેનું પણ હું વર્ણન કરૂં છું. દીવો મનુષ્યોના તેજની વૃદ્ધિ કરે છે; માટેજ તેનું દાન કરવામાં આવે છે.[૪૫,૪૬] અંધતમસ નામનું નરક અને દક્ષિણાયન કેવળ અંધકારમયજ છે અને ઉત્તરાયણ કેવળ પ્રકાશમય છે, માટે ઉત્તરાયણકાળની રાત્રિએ દીપકનું દાન કરવું તે પ્રશંસાપાત્ર ગણાય છે.[૪૭] દીપકનું તેજ ઊર્ધ્વગામી હોય છે અને અંધકારને દૂર કરવાનું એક ઔષધરૂપ હોય છે, માટે દીપકનું દાન કરનારો મનુષ્ય, સ્વર્ગાદિ ઊર્ધ્વગતિનેજ પામે છે, એ નિશ્ચય છે.[૪૮] દેવતાઓ તેજસ્વી, પ્રભાવશાળી અને સર્વના પ્રકાશક ગણાય છે અને રાક્ષસો કેવળ અંધકાર અથવા મલિનતારૂપ હોય છે,માટે દીપકનું દાન કરવું આવશ્યક છે. મનુષ્ય દીપકનું દાન કરીને ઉત્તમ દૃષ્ટિવાળો તથા તેજસ્વી થાય છે, પણ દીપકનું દાન કરીને તેને ઠારી નાખવો નહિ,તેને ઉપાડી લેવો નહિ અથવા તેનો નાશ કરવો નહિ;[૫૦] કેમકે દીપકનો નાશ કરનાર (એટલે દીવાને ઠારી નાખનાર) મનુષ્ય આંધળો થાય છે, નરકાદિ અંધકારવાળા લોકમાં ગતિ કરે છે અને દૃષ્ટિએ પણ નિસ્તેજ થાય છે; પરંતુ દીપકનું દાન કરનારો મનુષ્ય સ્વર્ગલોકમાં દીપમાળની પેઠે વિરાજે છે–પ્રકાશે છે.[૫૧] દીપકનું દાન કરવામાં બે પક્ષ છે. તેમાં ઘીના દીપકનું દાન કરવું તે પ્રથમ પક્ષ છે અને તે ઉત્તમ છે; અને તલ, સરસવ આદિ ઔષધિઓના રસ (તેલ)થી દીવો કરીને તેનું દાન કરવું તે બીજો પક્ષ છે અને તે મધ્યમ છે; પણ પોતાની પુષ્ટિ ઇચ્છનારા મનુષ્યે ચરબી, મેદ અથવા હાડકામાંથી નીકળતાં તેલ વગેરેના દીવાનું કદી દાન કરવું નહિ,[૫૨] માટે પોતાની ઉન્નતિ ઇચ્છનારા મનુષ્યે પર્વતોની ખીણોમાં, દેવાલયોમાં તથા ચૌટાંઓમાં પૂર્વોક્ત બે પક્ષના (એટલે ઘીના અથવા તલના કે સરસવના તેલના) દીવાનું નિત્ય દાન કરવું.[૫૩] દીવાનું દાન કરનારો મનુષ્ય, પોતાના કુળને દીપાવનારો થાય છે, પવિત્રાત્મા થાય છે અને જ્યોતિર્ગણોની સમાનતાને પ્રાપ્ત થાય છે.[૫૪]

હવે દેવો, યક્ષો, નાગો, મનુષ્યો, ભૂતો તથા રાક્ષસોનાં બલિકર્મવિષે હું તને કહું છું અને તે કર્મથી જે ફળ પ્રાપ્ત થાય છે તેનું પણ વર્ણન કરૂં છું.[૫૫] જે મનુષ્યો બ્રાહ્મણો, દેવતાઓ, અતિથિઓ તથા બાળકોની પહેલાં નિઃશંક થઇને ભોજન કરે છે, તેઓને તારે રાક્ષસોજ જાણવા અને અમંગળની મૂર્તિ સમજવા; માટે પ્રત્યેક મનુષ્યે નિત્ય સાવધાન થઇને પ્રથમ દેવતાઓને પ્રણામપૂર્વક તથા સત્કારપૂર્વક બલિદાન અપર્ણ કરવું;[૫૭] કેમકે એ રીતે આપવામાં આવેલાં બલિદાનોને દેવતાઓ ગ્રહણ કરે છે અને બલિદાનો ગ્રહણ કરીને ગૃહસ્થાશ્રમીઓને નિત્ય આશીર્વાદ આપે છે; તેમજ બહારથી આવેલા અતિથિઓ વગેરે તથા યક્ષો, રાક્ષસો, સર્પો, દેવતાઓ તથા પિતરો, ગૃહસ્થાશ્રમીએ આપેલા બલિદાન ઉપર પોતાની આજીવિકા ચલાવે છે અને તેઓ સર્વે પોતાને બલિદાન આપનારા એ ગૃહસ્થાશ્રમી ઉપર પ્રસન્ન થઇને તેને આયુષ્ય, યશ તથા ધન આપીને પ્રસન્ન કરે છે.[૫૮,૫૯] દેવતાઓને પુષ્પોની સાથે બલિઓ આપવા, પણ તે સર્વ બલિઓ દહીં તથા દૂધમય હોવા જોઇએ; પવિત્ર હોવા જોઇએ, સુગંધીદાર હોવા જોઇએ અને જોતાંવારજ પ્રીતિ ઉપજાવે તેવા હોવા જોઇએ.[૬૦] યક્ષો તથા રાક્ષસોને રુધિર અને માંસવાળા બલિઓ અર્પણ કરવા; તેમજ એ બલિઓ સાથે મદિરા તથા આસવો પણ નિવેદન કરવા અને એ બલિઓપર શેકેલી ડાંગેર છાંટીને તેઓને શોભાયમાન કરવા.[૬૧] જે બલિઓ પદ્મ તથા ઉત્પલજાતિનાં કમળોથી મિશ્ર હોય છે તે નાગોને અત્યંત પ્રિય હોય છે; પણ ભૂતોને ગોળસાથે તલના બલિ અર્પણ કરવા.[૬૨] જે પુરુષ દેવોને પ્રથમ બલિ આપે છે, તે પુરુષ સર્વ પદાર્થોનો પ્રથમ ભોક્તા થાય છે અને બળ તથા વીર્યથી યુક્ત થાય છે, માટે પ્રથમ દેવોને સત્કારપૂર્વક બલિ અર્પણ કરવા. જે પુરુષના ગૃહદેવતા પ્રતિદિન પોતાના ઘરને પ્રકા-

શમાન રાખતા હોય, તેમનું પોતાનો ઉત્કર્ષ ઇચ્છનારા તે પુરુષે પ્રતિદિન પૂજન કરવું અને તેમને સૌની પહેલાં બલિદાન અર્પણ કરવું.

એ પ્રમાણે ભૃગુવંશમાં ઉત્પન્ન થયેલા શુક્રાચાર્યે અસુરોના રાજા બલિને કહ્યું હતું અને પછી મનુએ સુવર્ણને કહ્યું હતું, સુવર્ણે નારદને કહ્યું હતું અને નારદે પણ હે મહાતેજસ્વી રાજા ! આ ગુણો મને કહ્યા હતા, માટે હે પુત્ર ! તું પણ આ સર્વ ગુણોને મારી પાસેથી જાણીને તે પ્રમાણે કર.[૬૩–૬૬]

ઇતિ **શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "સુવર્ણ અને મનુનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૯૮ મો સમાપ્ત**

અધ્યાય ૯૯ મો

અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

श्रुतं मे भरतश्रेष्ठ पुण्यधूपप्रदायिनाम् ।
फलं बलिविधाने च तद्भूयोवक्तुमर्हसि ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–હે ભરતશ્રેષ્ઠ ! પુષ્પ તથા ધૂપનું દાન કરનારાઓને જે ફળ મળે છે તથા બલિદાન આપવાથી જે ફળ મળે છે તે મેં સાંભળ્યું તોપણ ફરીથી એ વિષયનેજ કહેવાને તમે યોગ્ય છો.[૧] ધૂપદાનનું તથા દીપદાનનું શું ફળ છે? અને ગૃહસ્થાશ્રમીઓ બલિદાનો શામાટે આપે છે?[૨]

ભીષ્મે કહ્યું:–" આ વિષયમાં પણ નહુષ, અગસ્ત્ય તથા ભૃગુના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૩] હે મહારાજા ! રાજર્ષિ નહુષ, એક મહાન તપસ્વી હતો. તેણે પોતાના પુણ્યકર્મના પ્રભાવથી દેવોનું રાજ્ય સંપાદન કર્યું હતું.[૪] હે રાજા ! જે સમયે નહુષરાજા સ્વર્ગમાં નિવાસ કરતો હતો, તે સમયે પણ તેણે માનુષી તથા દેવતાઇ સર્વ ક્રિયાઓ ચાલુજ રાખી હતી.[૫] હે રાજન્ ! સ્વર્ગમાં પણ એ મહાત્માની સર્વ માનુષી ક્રિયાઓ તથા દેવતાઇ સનાતન ક્રિયાઓ નિત્ય ચાલ્યાજ કરતી હતી.[૬] અગ્નિનાં કાર્યો, સમિધો, દર્ભો, પુષ્પો, અન્ન તથા શેકેલી ડાંગેરના બલિઓ, ધૂપ અને દીપકર્મ વગેરેની સર્વ વિધિઓ એ મહાત્માને ઘેર નિત્ય ચાલ્યાજ કરતી હતી અને સ્વર્ગમાં પણ તે રાજા, જપયજ્ઞ તથા મનોયજ્ઞ નિત્ય કર્યા કરતો હતો.[૭,૮] હે શત્રુદમન રાજા ! તે નહુષરાજા દેવોનો ઇશ્વર થયો હતો છતાં સર્વ દેવોનું વિધિપૂર્વક પૂજન કરતો હતો અને પૂર્વની પેઠેજ યોગ્ય રીતે સર્વને માન આપતો હતો.[૯] એ રીતે કેટલોક કાળ વીતી ગયો તે પછી " હું ઇંદ્ર થયો છુ" એમ જાણીને તે અહંકારને આધીન થયો, જેથી તે રાજાની સર્વ ક્રિયાઓ ચોતરફથી નષ્ટ થઇ ગઇ;[૧૦] એટલુંજ નહિ પરંતુ તે રાજાને વરદાનનો મદ એટલો બધો ચઢી ગયો, કે જેથી તેણે ઋષિઓને પોતાના વાહનમાં જોડવા માંડયા અને સર્વ ક્રિયાઓથી પણ ભ્રષ્ટ થઇને તે રાજા આખરે દુર્બળ સ્થિતિને પ્રાપ્ત થયો.[૧૧] એ પ્રમાણે તે રાજા અહંકારને અધીન થઇને મુનિઓમાં મુખ્ય ગણાતા તપોધનોને પોતાના વાહનમાં જોડતો હતો. એ વાતને ઘણો મોટો સમય વીતી ગયો[૧૨] અને પછી તેણે સર્વ મુનિઓને અનુક્રમે વાહનમાં જોડવાનો આરંભ કર્યો, તેથી હે ભારત ! એક સમયે અગસ્ત્યમુનિને પણ તેના વાહનમાં જોડાવાનો સમય આવ્યો.[૧૩] તે સમયે મહાતેજસ્વી ભૃગુઋષિ કે જે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ હતા તેમણે આશ્રમમાં બેઠેલા અગસ્ત્યમુનિ પાસે આવીને આ પ્રમાણે કહ્યું:–" હે મહામુનિ ! દેવેન્દ્ર થયેલા આ દુષ્ટબુદ્ધિ નહુષના આવા અપમાનને આપણે શામાટે સહન કરવું જોઇએ ?"[૧૪,૧૫]

અગસ્ત્યે કહ્યું:–" હે મહામુનિ ! વરને આપનારા બ્રહ્મદેવે તેને વર આપ્યો છે, એ વાતને તમે પણ જાણો છો, તો એને હું કેવી રીતે શાપ આપી શકું ?[૧૬] એ જ્યારે સ્વર્ગમાં આવ્યો, ત્યારે તેણે " જે કોઇ મારી દૃષ્ટિએ પડે તે મારે વશ થઇ જાય " એવો દેવ બ્રહ્મા પાસે વર માગ્યો છે;[૧૭] જેથી મેં કે તમે તેને બાળી નાખ્યો નથી અને બીજા કોઇ મહર્ષિએ પણ એજ કારણથી તેને બાળી નાખ્યો નથી કે

સ્વર્ગમાંથી પાડી નાખ્યો નથી, એ નિઃસંશય છે.[૧૮] વળી હે સમર્થ મુનિ! પૂર્વે મહાત્મા બ્રહ્મદેવે તેને અમૃતનું પાન પણ કરાવ્યું છે;જેથી અમે તેને સ્વર્ગમાંથી નીચે પાડી શકતા નથી. ખરેખર, દેવ બ્રહ્માએ તેને વર આપ્યો છે, તેજ પ્રજાઓના દુઃખનું કારણ થઇ પડયો છે અને તે નરાધમ પણ એ વરને લીધેજ બ્રાહ્મણો તરફ આવાં અધમ વર્તન કરે છે.[૨૦] હે વક્તાઓમાં શ્રેષ્ઠ ઋષિ! તે નહુષના સંબંધમાં આ સમયે શું કર્યું હોય તો યોગ્ય ગણાય? તે અમને કહો. આપ જે પ્રમાણે કહેશો તે પ્રમાણે હું કરીશ, એમાં કંઇ સંશય નથી."[૨૧]

ભૃગુએ કહ્યું:-" બળવાન નહુષરાજા દૈવયોગને લીધે મોહિત થઈ ગયો છે, જેથી તેનો મદ ઉતારવા માટે કોઇ યોગ્ય ઉપાય કરવાને પિતામહ બ્રહ્મદેવે મને પ્રેરણા કરી છે અને તેથીજ હું તમારી પાસે આવ્યો છું.[૨૨] મહાદુષ્ટ બુદ્ધિવાળો તે દેવરાજા આજે તમને પોતાના રથમાં જોડશે એટલે હું મારા બળથી તે ઉદ્ધત રાજાને આજેજ ઇંદ્રપદથી ભ્રષ્ટ કરીશ.[૨૩] આજે તમારા દેખતાં મહાદુર્મતિ તે નહુષરાજા કે જે પાપી કર્મને કરનારો છે તેને ઇંદ્રના સ્થાન ઉપરથી ઉતારી પાડીને શતક્રતુ ઇંદ્રને ઇંદ્રાસન ઉપર સ્થાપિત કરીશ.[૨૪] મંદબુદ્ધિવાળો તે દુષ્ટ દેવેન્દ્ર, દૈવયોગે નષ્ટચિત્ત થયેલો હોવાથી આજે તમને પોતાના પગની લાત મારશે, એટલે તે અપમાનથી હું અત્યંત ક્રોધાયમાન થઈશ અને ધર્મનું ઉલ્લંઘન કરનારા તથા બ્રાહ્મણોનો દ્રોહ કરનારા તે પાપીને રોષમાં ને રોષમાં હું શાપ આપીશ કે, " તું સર્પ થઈ જા."[૨૫,૨૬] પછી કેટલાએક ધિક્કારના શબ્દો કહીને તે દુર્બુદ્ધિને હું નિસ્તેજ કરી નાખીશ અને પછી હે મહામુનિ! તમારા દેખતાંજ તેને પૃથ્વીપર પટકી પાડીશ.[૨૭] પાપકર્મ કરનારો એ નહુષ, રાજા, ઐશ્વર્ય તથા બળથી મૂઢ બની ગયો છે, માટે હે મુનિ! તમને જે પ્રમાણે રુચશે તે પ્રમાણેજ હું કરીશ."[૨૮]

ભૃગુઋષિએ એ પ્રમાણે કહ્યું, એટલે મિત્રાવરુણના પુત્ર નિર્વિકાર અગસ્ત્યમુનિ પરમ પ્રસન્ન થયા અને ચિંતાથી મુક્ત થયા."[૨૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ' એ વિષયનો અધ્યાય ૯૯ મો સમાપ્ત

અધ્યાય ૧૦૦મો

અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

कथं वै स विपन्नश्च कथं वै पातितो भुवि ।
कथं चानिन्द्रतां प्राप्तस्तद् भवान् वक्तुमर्हति॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ! નહુષરાજાપર કેવી રીતે આપત્તિ આવી પડી હતી? તેને પૃથ્વીપર કેવી રીતે પાડી નાખવામાં આવ્યો હતો અને તેને ઇંદ્રના પદ ઉપરથી કેવી રીતે ભ્રષ્ટ કરવામાં આવ્યો હતો? તે કહેવાને તમે યોગ્ય છો."[૧]

ભીષ્મે કહ્યું:-"અગસ્ત્ય અને ભૃગુ, નહુષ રાજાના સંબંધમાં એ પ્રમાણે વાર્તાલાપ કરી રહ્યા હતા, તે સમયે મહાત્મા નહુષરાજાને ઘેર દેવતાઈ તથા માનુષી સર્વ ક્રિયાઓ પૂર્વની પેઠે ચાલ્યાજ કરતી હતી;[૨] તેમજ દીપકનાં દાનો, સર્વ બીજાં કાર્યો, બલિદાનનું કર્મ અને પુત્રાદિના જૂદા જૂદા વાર્ષિક ઉત્સવો વગેરે સર્વ દેવોના ઇંદ્ર થયેલા મહાત્મા નહુષને ઘેર હમેશાં ચાલ્યા કરતાં હતાં; કેમકે વિદ્વાન પુરુષો દેવલોકમાં કે મનુષ્યલોકમાં સદાય આચારનિષ્ઠજ રહે છે.[૩,૪] હે રાજેન્દ્ર! ગૃહસ્થાશ્રમીઓ જો ધૂપદાન, દીપદાન તથા દેવતાઓને નમસ્કાર કરવામાં નિત્ય પરાયણ રહે છે, તો મોટા સમૃદ્ધિમાન થાય છે.[૫] વળી ઘરમાં તૈયાર કરેલા અન્નમાંથી પ્રથમ અતિથિને ભોજન આપવામાં આવે છે; તેમજ ગૃહદેવતાઓને ઉદ્દેશીને બલિદાનો આપવામાં આવે છે,તેથી પણ દેવતાઓ પ્રસન્ન થાય છે.[૬] એક ગૃહસ્થાશ્રમી પુરુષને બલિકર્મ કરવાથી જેટલો સંતોષ થાય છે તેથી સોગણો સંતોષ દેવતાઓને થાય છે. એજ પ્રમાણે સત્પુરુષો, ધૂપનું દાન તથા દીપનું દાન પણ દેવતાઓને નમસ્કારપૂર્વક અર્પણ કરે

છે, કેમકે તેથી પોતાને અનેક ગુણોનો લાભ થાય છે.[૮] કોઈ એક વિદ્વાન પુરુષ જળથી સ્નાન કરીને નમસ્કારપૂર્વક જે કંઇ ધર્મકૃત્ય કરે છે, તેને લીધે દેવતાઓ પ્રસન્ન થાય છે;[૯] તેમજ મહાભાગ પિતૃઓ, તપોધન ઋષિઓ અને ઘરના સર્વ દેવતાઓનું પણ વિધિપૂર્વક જો પૂજન કરવામાં આવે છે તો તેઓ સર્વે મનુષ્યપર પ્રસન્ન થાય છે.[૧૦] આવો મનમાં નિશ્ચય કરીને નહુષરાજા મહા અદ્ભુત દેવેન્દ્રપદને પામ્યા પછી પણ તે સર્વ કર્મ કર્યા કરતો હતો.[૧૧] તે પછી કેટલોએક કાળ ગયો, એટલે તેના ભાગ્યનો વિનાશ ઉપસ્થિત થયો; જેથી તેણે એ સર્વ કર્મનો ત્યાગ કરીને બ્રાહ્મણોના અપમાન જેવું દુષ્ટ આચરણ કરવાનો આરંભ કર્યો;[૧૨] એટલુંજ નહિ પણ તે દેવેન્દ્ર, બળના ગર્વથી એટલો બધો નીચ વૃત્તિવાળો થઇ ગયો કે જેથી તેણે ધૂપ, દીપ તથા શ્રાદ્ધવિધિને પણ યથાર્થરીતે કરવાનું બંધ કર્યું.[૧૩] તેની આવી સ્થિતિ ઉપસ્થિત થઇ એટલે તેના યજ્ઞમંડપના પ્રદેશને રાક્ષસોએ ઘેરી લીધો. પછી મહાબળવાન તે નહુષરાજાએ સ્મિત કર્યાનો ડોળ કરીને ઋષિઓમાં શ્રેષ્ઠ ગણાતા અગસ્ત્યમુનિને પોતાના વાહનમાં જોડવામાટે સત્વર સરસ્વતીના તટ ઉપરથી બોલાવ્યા. તે સમયે મહાતેજસ્વી ભૃગુઋષિએ અગસ્ત્યમુનિને કહ્યું કેઃ-[૧૪,૧૫] “તમે નેત્ર બંધ કરો, એ દરમિયાન હું તમારી જટામાં દાખલ થઇ જાઉં.” ભૃગુઋષિએ એ પ્રમાણે કહ્યું એટલે અગસ્ત્યમુનિ પોતાનાં નેત્રો બંધ કરીને એક કાષ્ઠના જેવા થઈ ગયા. એટલે અસ્ખલિત શક્તિવાળા મહાતેજસ્વી ભૃગુઋષિએ, નહુષરાજાને સ્વર્ગમાંથી પાડી નાખવામાટે તેમની જટામાં પ્રવેશ કર્યો. તે પછી દેવોનો રાજા નહુષ અગસ્ત્યઋષિને પોતાના વાહનમાં જોડવામાટે તેમની પાસે આવ્યો;[૧૬,૧૭] એટલે હે રાજા! અગસ્ત્યઋષિએ તે દેવેન્દ્રને કહ્યું કેઃ–“ હેઃદેવોના પતિ! તું મને તારા વાહનમાં સત્વર જોડી દે અને પછી કહે કે, હું તને કયા પ્રદેશ ઉપર લઇ જાઉં ? તું જ્યાં લઈ જવાને કહીશ, ત્યાં હું તને લઇ જઇશ.” અગસ્ત્યમુનિએ એ પ્રમાણે કહ્યું, એટલે નહુષરાજાએ તેમને પોતાના રથમાં જોડયા.[૧૮,૧૯] તે સમયે ભૃગુઋષિ તો અગસ્ત્યમુનિની જટામાં અત્યંત હર્ષપૂર્વક બેઠા હતા અને તેમણે પોતાનું સ્વરૂપ નહુષરાજાને લેશમાત્ર દેખાડયું પણ ન હતું; કેમકે ભૃગુઋષિ, મહાત્મા નહુષને મળેલા વરદાનના પ્રભાવને સંપૂર્ણ રીતે જાણતા હતા. એ રીતે નહુષરાજાએ અગસ્ત્યમુનિને પોતાના રથમાં જોડયા, તોપણ તેમણે તેનાપર ક્રોધ કર્યો નહિ.[૨૦,૨૧] પછી હે ભારત! દેવોના રાજા નહુષે ચાબૂકના પ્રહાર કરીને અગસ્ત્યમુનિને હાંકવા માંડયા તોપણ ધર્માત્મા અગસ્ત્યમુનિએ તેનાપર ક્રોધ કર્યો નહિ; પરંતુ જ્યારે નહુષે ક્રોધાયમાન થઇને અગસ્ત્યમુનિના મસ્તક ઉપર પોતાના ડાબા પગની લાત મારી, ત્યારે જટામાં રહેલા ભૃગુઋષિ ઘણાજ ક્રોધે ભરાયા અને તે પાપી મનના નહુષને તેમણે શાપ આપ્યો કે, “ઓ દુર્મતિ! તેં આ મહામુનિના મસ્તક ઉપર ક્રોધથી લાત મારી છે, માટે જા, તું પૃથ્વીપર પડ અને સર્પ થઇ જા.” ભૃગુઋષિએ અગસ્ત્યની જટામાં છુપાઇ રહીને એ પ્રમાણે શાપ આપ્યો, એટલે તુરતજ નહુષરાજા, સર્પ થઇને પૃથ્વીપર પડયો. હે રાજા! તે સમયે નહુષરાજા ભૃગુઋષિને જોઈ શકયો હોત તો ભૃગુઋષિ પોતાના તેજથી પણ તેને સ્વર્ગમાંથી પાડી શકત નહિ. (કેમકે “પોતાની દૃષ્ટિએ પડનાર હરકોઇ પુરુષ પોતાને વશ થઇ જાય” એવો તેને વર મળેલો હતો.) હે મહારાજા! નહુષરાજાએ તે તે અનેક પ્રકારનાં દાનો, તપ તથા નિયમોનું પાલન કર્યું હતું, તેથી પોતે પૃથ્વીપર પડયો છતાંપણ તેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ રહ્યું હતું. તે પછી નહુષરાજાએ ભૃગુઋષિને પ્રસન્ન કરીને કહ્યું કેઃ–“મને આપેલા શાપનો કોઈ રીતે તમે અંત કરો.”[૨૨-૨૮] તે સમયે અગસ્ત્યમુનિને પણ તેનાપર દયા આવી ગઇ; જેથી તેમણે પણ તેના શાપના અંતમાટે ભૃગુઋષિને પ્રસન્ન કર્યા, એટલે હે મહારાજા! દયાળુ ભૃગુઋષિએ શાપનો અંત આણવામાટે તેનાપર કૃપા કરી.[૨૯]

ભૃગુએ કહ્યું:– “કુરુવંશમાં યુધિષ્ઠિર ના-

મનો એક રાજા થશે. તે તને આ શાપથી મુક્ત કરશે.” એમ કહીને તે ઋષિ ત્યાંથી અંતર્ધાન થઇ ગયા.[30] મહાતેજસ્વી અગસ્ત્યમુનિ પણ એ રીતે ઇંદ્રનું કાર્ય કરીને બ્રાહ્મણોથી પ્રશંસા કરાતા પોતાના આશ્રમ તરફ વિદાય થયા;[31] અને હે રાજન્ ! નહુષ પણ તારે હાથે શાપમાંથી મુક્ત થઇને તારા દેખતાં બ્રહ્મલોકમાં ચાલ્યો ગયો છે.[32] ભૃગુઋષિ નહુષરાજાને પૃથ્વીપર પાડી નાખીને તેજ સમયે બ્રહ્મલોકમાં ગયા હતા અને એ વૃત્તાંત તેમણે બ્રહ્માને નિવેદન કર્યો હતો.[33] તે વેળા પિતામહ બ્રહ્મદેવે ઇંદ્રને બોલાવીને સર્વ દેવતાઓપ્રત્યે કહ્યું હતું કે:-“હે દેવો ! મારા વરદાનથી નહુષરાજાએ, દેવોનું રાજ્ય પ્રાપ્ત કર્યું હતું; પરંતુ તેને ક્રોધાયમાન થયેલા અગસ્ત્યમુનિએ ઇંદ્રપદથી ભ્રષ્ટ કર્યો છે; જેથી તે પૃથ્વીપર ગયો છે. હે દેવો ! રાજાવિના કોઇ સ્થળે પણ રહી શકાતું નથી; માટે તમે આ ઇંદ્રનો દેવોના રાજ્ય ઉપર પુનઃ અભિષેક કરો.” હે પાર્થ ! બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે સર્વ દેવતાઓએ “તથાસ્તુ” એમ કહીનેહર્ષપૂર્વક તેમને અનુમોદન આપ્યું. પછી હે રાજસિંહ ! ભગવાન બ્રહ્માએ દેવોના રાજ્ય ઉપર ઇંદ્રનો અભિષેક કર્યો, એટલે ઇંદ્ર પૂર્વની પેઠેજ પ્રકાશવા લાગ્યો. એ રીતે પૂર્વે ધર્મના ઉલ્લંઘનથી નહુષરાજાના સંબંધમાં બન્યું હતું;[34-38] પરંતુ નહુષરાજા પાછો તેવાંજ ધર્મકૃત્યો કરીને સિદ્ધ થયો હતો, માટે ગૃહસ્થાશ્રમીઓએ સાયંકાળે અવશ્ય દેવમંદિરોમાં દીપમાળાઓ કરાવવી;[39] કેમકે દીવાનું દાન કરનારો મનુષ્ય મરણ પછી દિવ્યદષ્ટિને પામે છે અને પૂર્ણચંદ્રસમાન પ્રકાશિત થાય છે;[40] એટલુંજ નહિ પરંતુ દીવાનું દાન કરનારો મનુષ્ય નેત્રના નિમેષો જેટલાં વર્ષોપર્યંત રૂપવાન તથા બળવાન થાય છે.”[41]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ ” એ વિષયનો અધ્યાય ૧૦૦ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૦૧ મો

બ્રાહ્મણધનના હરણનું ફળ

॥ યુધિષ્ઠિર ઉવાચ ॥

ब्राह्मणस्वानियेमंदाहरंति भरतर्षभ ।
नृशंसकारिणो मूढाः क्क ते गच्छंति मानवाः॥

યુધિષ્ઠિરે પૂછ્યું:- “હે ભરતશ્રેષ્ઠ પિતામહ ! જે મંદબુદ્ધિવાળા મનુષ્યો ક્રૂર કર્મ કરનારા અને મૂઢ હોઇને બ્રાહ્મણના દ્રવ્યનું હરણ કરે છે, તેઓ કયા લોકમાં જાય છે ?”[1]

ભીષ્મે કહ્યું:- હે ભારત ! આ વિષયમાં પણ એક ચાંડાલ અને રાજાના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું દૃષ્ટાંત આપવામાં આવે છે.”

એક ક્ષત્રિય એક ચંડાળને જોઇને પૂછવા લાગ્યો:-“ હે ચાંડાલ ! તું વૃદ્ધ છે, છતાં એક બાળકના જેવી ચેષ્ટા કેમ કરે છે ? તું કૂતરાં તથા ગધેડાંએ ઉરાડેલી રજને સેવનારો છે, છતાં આ સમયે ગાયોના દૂધને પોતાના શરીર ઉપર પડેલું જોઇ તું શામાટે કંટાળે છે ?[3] જે કર્મ સત્પુરુષોએ નિંદિત ગણેલાં હોય છે તે કર્મને ચાંડાલ લોકો કરે છે; છતાં તું ગાયના દૂધથી ખરડાયલા પોતાના શરીરને જળના કુંડમાં શામાટે ધોઇ નાખે છે ?”[4]

ચાંડાલે કહ્યું:-“હે રાજન્! પૂર્વે એક બ્રાહ્મણની ગાયોનું એક રાજાએ હરણ કર્યું હતું. તે સમયે માર્ગમાં જતી એ ગાયોનું દૂધ કેટલીએક સોમલતાઓ ઉપર ઝરી પડયું હતું. પછી ગાયોનું હરણ કરનારા તે રાજાએ એક યજ્ઞની દીક્ષા લીધી. તે વેળા જે બ્રાહ્મણોએ પેલી સોમલતાના રસનું પાન કર્યું હતું, તેઓ તત્કાળ નરકમાં પડયા હતા અને યજ્ઞદીક્ષા લેનારો તે રાજા પણ નરકમાં પડયો હતો; કેમકે સર્વ યાજ્ઞિકોની સાથે તેણે એ બ્રાહ્મણદ્રવ્યનો ઉપભોગ કર્યો હતો.[5,6] વળી બ્રાહ્મણની ગાયોનું હરણ કરનારા તે રાજાના ગામમાં જે જે મનુષ્યોએ તે ગાયોના દૂધનો, ઘીનો તથા દહીંનો ઉપભોગ કર્યો હતો, તેઓ સર્વ અને તે ગાયોના રસનો ઉપભોગ કરનારા બીજા બ્રાહ્મણો તથા ક્ષત્રિયો વગેરે બધા નરકમાં પડયા

હતા.[૭] જો કે, ગાયોનું હરણ કરનારા તે રાજાએ તથા તેની રાણીએ ગાયોના પાલનપોષણ તરફ ઘણી સારી દૃષ્ટિ રાખી હતી; છતાં પણ તે ગાયોએ પોતાના મૂળ ધણીના તથા વાછરડાંઓના વિયોગના દુઃખથી કંપાયમાન થઇને પોતાના દૂધદ્વારા તે રાજારાણીના પુત્રોનો તથા પૌત્રોનો નાશ કરી નાખ્યો હતો.[૮] હે રાજન્! તે સમયે હું પણ તે ગાયોનું હરણ કરનારા રાજાના નગરમાં જિતેંદ્રિય એક બ્રહ્મચારીતરીકે રહેતો હતો. હે રાજન્! એક વખતે હું જ્યારે ભિક્ષા માગવામાટે ગયો, ત્યારે મારી ભિક્ષામાં તે ગાયોનું દૂધ પણ મને મળી આવ્યું; જેથી તેનું ભક્ષણ કરીને આ રીતે હું ચાંડાલ થયો છું; અને હે રાજા! બ્રાહ્મણદ્રવ્યનું હરણ કરનારો તે રાજા તો પ્રથમથીજ નરકરૂપ અપ્રતિષ્ઠિત ગતિને પામ્યોજ હતો;[૯,૧૦] માટે મનુષ્યે બ્રાહ્મણના દ્રવ્યને કદી પણ હરી લેવું નહિ. જો! બ્રાહ્મણના દ્રવ્યરૂપ તે ગાયોના દૂધવાળી ભિક્ષાનું ભોજન કરીને હું કેવી દશાને પામ્યો છું![૧૧] વળી વિદ્વાન પુરુષે સોમનું (સોમલતાનું) વેચાણ પણ કદી કરવું નહિ; કેમકે સોમના વેચાણને વિદ્વાનો નિંદ્ય ગણે છે.[૧૨] હે તાત! જે મનુષ્યો સોમને વેચે છે અને ખરીદે છે, તેઓ સર્વે યમલોકમાં જઇને રૌરવ નરકમાં પડે છે.[૧૩]

પૂર્વવિધિપૂર્વક વેદાધ્યયન કરનારા એક શ્રોત્રિય બ્રાહ્મણે હરણ કરવામાં આવેલા બ્રાહ્મણદ્રવ્યરૂપ ગાયોના દૂધથીઃછંટાયેલા સોમનું વેચાણ કર્યું હતું;તેમજ વ્યાજવટાનો ધંધો કર્યો હતો, જેથી તેનો નરકમાં વાસ થવારૂપ તત્કાળ વિનાશ થયો હતો.[૧૪] તે ઉપરાંત ત્રીસમા નરકમાં જઇને પોતાની વિષ્ઠાનું તેને ભક્ષણ કરવું પડયું હતું. વળી નીચ મનુષ્યની સેવા, અભિમાન તથા પોતાના મિત્રની સ્ત્રી સાથે વ્યભિચાર, આ ત્રણેને ત્રાજવામાં નાખીને જો તોળી જોયાં હોય તો ધર્મનું ઉલ્લંઘન કરવામાં અભિમાનજ બીજા બેના કરતાં અધિક થાય છે–અર્થાત્ નીચની સેવા કરનાર તથા મિત્રપત્નીની સાથે વ્યભિચાર કરનારના કરતાં અભિમાની પુરુષ વધારે પાપી છે. જો, આ પાપી કૂતરા તરફ તું દૃષ્ટિ કર. તે કેવો નિસ્તેજ, દીન અને કૃશ થઇ ગયો છે? પ્રાણીઓની વચ્ચે રહીને તેણે પૂર્વે અભિમાન કર્યું હતું, તેથી તેને આવી ગતિ પ્રાપ્ત થઇ છે. હે તાત! હું પણ પૂર્વે બીજા એક જન્મમાં ધનસંપન્ન મોટા કુળમાં ઉત્પન્ન થયો હતો અને જ્ઞાન તથા વિજ્ઞાનમાં પારંગત થયો હતો. તે સમયે હું અભિમાનથી ઉત્પન્ન થનારા આ સર્વ દોષોને જાણતો હતો, છતાં સર્વ પ્રાણીઓમાં હમેશાં અક્કડજ રહેતો હતો; એટલુંજ નહિ પરંતુ પીઠ ઉપર ભાર ઉપાડનારાં પ્રાણીઓના માંસનું ભક્ષણ કરતો હતો. મારા આવા વર્તનને લીધે તથા માંસના ભોજનને લીધે હું આ અવસ્થાને પામ્યો છું. કાળનો આ વિપર્યાસ કેવો છે, તે તું જો. આ સમયે મારી સ્થિતિ બળતા વસ્ત્રના છેડા જેવી છે અથવા ભમરાઓથી પીડા પામીને અત્યંત ગભરાટની સાથે આમતેમ દોડી રહેલા એક મનુષ્યના જેવી છે. જો, મારું આખું શરીર ધૂળથી કેવું ખરડાયેલું છે! વિદ્વાનો કહે છે કે, ગૃહસ્થાશ્રમી મનુષ્યો વેદના સ્વાધ્યાયોદ્વારા ઘણા મોટા પાપનો નાશ કરે છે અને જૂદાં જૂદાં દાનો આપીને પણ પાપનો નાશ કરે છે. હે રાજા! ગૃહસ્થાશ્રમમાં રહેલો એક પાપકર્મી બ્રાહ્મણ સર્વ પ્રકારના સંગોથી જો મુક્ત રહે છે,તો વેદો તેને તારે છે. હે ક્ષત્રિયશ્રેષ્ઠ રાજા! હું આ પાપયોનિમાં ઉત્પન્ન થયો છું, પણ આ યોનિમાંથી હું કેવી રીતે મુક્ત થઈશ? એનો મને કંઇ નિશ્ચય થઈ શકતો નથી.[૧૫-૨૩] માત્ર મારાં કોઇ પૂર્વજન્મનાં શુભ કર્મને લીધે મને પૂર્વજન્મનું સ્મરણ રહેલું છે; તેથી હે રાજા! મોક્ષ સંપાદન કરવાની મને ઈચ્છા થાય છે.[૨૪] હે શ્રેષ્ઠ રાજા! હું તારે શરણે આવીને મારો આ સંશય તને પૂછું છું કે, આ ચાંડાલજાતિમાંથી મારે કેવી રીતે મુક્ત થવું? તે મને કહે." [૨૫]

રાજાએ કહ્યું:–"હે ચાંડાલ! તું કયા કર્મથી મોક્ષને મેળવી શકીશ, તે હું તને કહું છું, સાંભળ. તું બ્રાહ્મણોને માટે પ્રાણનો ત્યાગ કરીશ તો ઈષ્ટ ગતિને પામી શકીશ;[૨૬] અથવા

તું તારા શરીરને માંસભક્ષી પશુપક્ષીઓને અર્પણ કરી દઇશ અથવા રણસંગ્રામરૂપ અગ્નિમાં બ્રાહ્મણને માટે તારા પ્રાણોને જો હોમી દઇશ તો મોક્ષ મેળવવાને યોગ્ય થઇશ, નહિ તો તને મોક્ષ મળશે નહિ.”[૨૭]

ભીષ્મે કહ્યું:– હે શત્રુતાપન રાજા! તે રાજાએ એ પ્રમાણે કહ્યું એટલે તે ચાંડાલ, બ્રાહ્મણદ્રવ્યના હરણનું પ્રાયશ્ચિત્ત કરવામાટે રણસંગ્રામના મોખરામાં પોતાના પ્રાણને હોમીને ઇષ્ટ ગતિને પામ્યો;[૨૮] માટે હે ભરતશ્રેષ્ઠ પુત્ર! હે મહાબાહુ યુધિષ્ઠિર! તને પણ સનાતન ગતિ સંપાદન કરવાની ઇચ્છા હોય તો બ્રાહ્મણના દ્રવ્યનું તારે રક્ષણ કરવું.”[૨૯]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “રાજા અને ચાંડાલનો સંવાદ ” એ વિષયનો અધ્યાય ૧૦૧ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૦૨ મો

કર્મો પ્રમાણે મળતા વિવિધ લોક

॥ युधिष्ठिर उवाच ॥

एके लोकाः सुकृतिनः सर्वे त्वाहो पितामह ।
तत्र तत्रापि भिन्नास्ते तन्मे ब्रूहि पितामह॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે પિતામહ ! સર્વ પુણ્યશાળી મનુષ્યોને એકજ પ્રકારના લોક મળે છે કે તેઓમાં પણ ભિન્ન ભિન્ન પુણ્ય કરનારાઓને ભિન્ન ભિન્ન લોક મળે છે તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:–“ હે પાર્થ ! મનુષ્યો ભિન્ન ભિન્ન કર્મ કરીને ભિન્ન ભિન્ન લોકમાં જાય છે. તેમાં જેઓ પુણ્યકર્મ કરનારા હોય છે, તેઓ પુણ્યવાન લોકમાં જાય છે અને પાપકર્મ કરનારા પાપી લોકમાં જાય છે.[૨] હે તાત ! આ વિષે પણ ગૌતમ તથા ઇંદ્રના:સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૩]

પૂર્વે ગૌતમનામનો કોઇએક બ્રાહ્મણ હતો. તે શાંત સ્વભાવનો હતો,દમગુણને ધારણ કરનારો હતોઅને ઇંદ્રિયોને જીતનારો હતો.એક સમયેકોઇ હાથીનું બચ્ચું કે જે માતાવિનાનું હોઇને દુઃખી જણાતું હતું, તેને એક મહાવનમાં તેણે જોયું; એટલે વ્રતને ધારણ કરનારા તે દયાળુ બ્રાહ્મણે તેને ઉછેરીને જીવાડયું. તે પછી કેટલોએક લાંબો કાળ ગયો એટલે તે હાથીનું બચ્ચું અત્યંત બળવાન થઇને મોટા એક હાથીના રૂપમાં આવી ગયું. તે સમયે એ મહાન હાથી મોટા પર્વત જેવડો હોઇને ગંડસ્થળમાંથી મદની ધારાને ઝરી રહ્યો હતો. પછી એક સમયે ઇંદ્રે ધૃતરાષ્ટ્રરાજાનું સ્વરૂપ ધારણ કરીને તે હાથીને પકડયો અને પોતાના દેશ તરફ લઈ જવા માંડયો. તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો મહાતપસ્વી ગૌતમ, તે હાથીને હરી જવામાં આવતો જોઇ રાજા ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યો કેઃ–[૪–૭] “હે અકૃતજ્ઞ ધૃતરાષ્ટ્ર ! આ હાથી મારા પુત્રસમાન છે અને મેં તેનું દુઃખથી પોષણું કર્યું છે; માટે તું એનું હરણ કર મા. હે રાજન્ ! વિદ્વાનો કહે છે કે, સત્પુરુષો સાથેની મિત્રતા માત્ર સાત પગલાંમાંજ સિદ્ધ થાય છે. આ રીતે તું અને હું બન્ને મિત્ર થયા છીએ, માટે મારા હાથીનું હરણ કરીને તું મિત્રદ્રોહ કર મા.[૮] હે રાજન્ ! આ હાથી મને સમિધો તથા જળ લાવી આપે છે, આ શૂન્ય આશ્રમમાં મારૂં રક્ષણ કરે છે, આચાર્યના કુળમાં રહીને સારી રીતે કેળવાયેલો છે, ગુરુનું કર્મ કરવામાં સારી રીતે સાવધાન રહે છે,શિષ્ટ છે, જિતેંદ્રિય છે, કરેલા ઉપકારને જાણનારો છે અને મને નિત્ય પ્રિય છે; માટે મારા પોકારો સાંભળીને પણ આ હાથીનું હરણ કરવાને તું યોગ્ય નથી. ”[૯,૧૦]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“ હે મહર્ષિ ! આ હાથીના બદલામાં હું તમને એક હજાર ગાયો, એક સો દાસીઓ અને પાંચસો સોનામહોરો આપવા તૈયાર છું. તોપછી તમને–બ્રાહ્મણને આ હાથીનું શું કામ છે ? ”[૧૧]

ગૌતમે કહ્યું:–“ હે રાજન્ ! તું તારી ગાયોને, દાસીઓને, સોનામહોરોને, વિવિધ પ્રકારનાં રત્નોને તથા બીજા વિવિધ પ્રકારના પદાર્થો તારી પાસેજ રહેવા દે; કેમકે બ્રાહ્મણને વળી ધનનું શું પ્રયોજન હોય ?”[૧૨]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“ હે બ્રાહ્મણ ! બ્રાહ્મણોને

હાથીઓનું કંઇ કામ હોતું નથી. માત્ર રાજાઓનેજ હાથીઓનું કામ હોય છે. આ રીતે હું મારા પોતાના વાહનરૂપ આ શ્રેષ્ઠ હાથીને લઈ જાઉં છું, તેમાં કંઇ અધર્મ કરતો નથી; માટે હે ગૌતમ! તમે અહીંથીજ પાછા ફરો. ”૧૩

ગૌતમે કહ્યું:–“ હે મહાત્મન્! પુણ્યકર્મ કરનારો પુરુષ મરણ પછી જે લોકમાં જઈને આનંદ કરે છે અને પાપકર્મ કરનારો પુરુષ મરણ પછી યમસદનરૂપ જે લોકમાં જઇને શોક કરે છે, તે લોકમાં પણ આ મારા હાથીને તારી પાસેથી હું પાછો લઇશ. ”૧૪

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“ જે પુરુષો પોતાની ધાર્મિક ક્રિયાઓથી ભ્રષ્ટ હોય છે, નાસ્તિક હોય છે, શ્રદ્ધારહિત હોય છે, પાપી હોય છે અને ઇંદ્રિયોના વિષયભોગોમાં મગ્ન રહે છે, તે પુરુષોને યમયાતનાઓ પ્રાપ્ત થાય છે; પણ આ ધૃતરાષ્ટ્ર તો (તેથી ઉચ્ચ કર્મ કરનારો હોવાથી) તે યમલોકમાં જશેજ નહિ, પણ તેના કરતાં શ્રેષ્ઠ લોકમાં જશે. ”૧૫

ગૌતમે કહ્યું:–“ યમરાજાની રાજધાની કે જે સર્વ લોકોનું નિયમન કરનારી છે, જ્યાં કદી અસત્ય બોલવામાં આવતું નથી પણ સત્યજ બોલવામાં આવે છે અને જ્યાં નિર્બળો પણ બળવાનને દુઃખ આપી શકે છે, ત્યાં મારા હાથીને હું તારી પાસેથી પાછો લઇશ. ”૧૬

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“ હે મહર્ષિ! જે મદમત્ત પુરુષો પોતાની મોટી બહેનપ્રત્યે, પિતાપ્રત્યે તથા માતાપ્રત્યે શત્રુના જેવું વર્તન કરે છે, તેવા પુરુષોને એ લોક પ્રાપ્ત થાય છે; પણ ધૃતરાષ્ટ્ર તો એના કરતાં શ્રેષ્ઠ લોકમાં જશે; તે લોકમાં જશેજ નહિ. ”૧૭

ગૌતમે કહ્યું:–“ કુબેરરાજાની રાજધાની કે જેનું નામ ‘ મંદાકિની ’ છે, જે ઐશ્વર્યથી ભરપૂર છે, જેમાં વિલાસી મનુષ્યો પ્રવેશ કરી શકે છે અને જેનું ગંધર્વો, યક્ષો તથા અપ્સરાઓ સેવન કર્યા કરે છે, તેમાં મારા હાથીને હું તારી પાસેથી પાછો લઇશ. ”૧૮

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“જે મનુષ્યો નિત્ય અતિથિઓનો આદરસત્કાર કરવાનું વ્રત ધારણ કરનારા હોય છે, બીજાં ઉત્તમ વ્રતોનું પાલન કરનારા હોય છે, બ્રાહ્મણોને આશ્રય આપનારા હોય છે અને પોતાના આશ્રિતોને અન્નવિભાગ અર્પણ કર્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરનારા હોય છે, તેઓ એ મંદાકિની રાજધાનીને શોભાવે છે (પણ આ ધૃતરાષ્ટ્ર તો ત્યાં જવાનોજ નથી.) ”૧૯

ગૌતમે કહ્યું:–“મેરુપર્વતના ઉપરના ભાગમાં કિન્નરીઓનાં ગાયનોથી ગાજી રહેલું અને સુંદર પુષ્પોથી છવાયેલું રમણીય વન આવેલું છે, કે જ્યાં સુંદર દેખાવનાં વિશાળ જાંબુનાં વૃક્ષો શોભી રહ્યાં છે, ત્યાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઇશ.”૨૦

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“જે બ્રાહ્મણો સૌમ્ય સ્વભાવના, સત્યશીલ, અનેક શાસ્ત્રોનું અધ્યયન કરનારા, પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખનારા, ઇતિહાસ અને પુરાણશાસ્ત્રનું અધ્યયન કરનારા અને મધની આહુતિ આપીને અગ્નિમાં હોમ કરનારા હોય છે, તેઓને એ લોક પ્રાપ્ત થાય છે; પણ હું–ધૃતરાષ્ટ્ર તેના કરતાં પણ શ્રેષ્ઠ લોકમાં જનારો હોઇને તે લોકમાં જનારો નથી. હવે તેના કરતાં પણ બીજું શ્રેષ્ઠ સ્થાન તમારા જાણવામાં હોય તો મને કહો, એટલે તુરતજ એ સ્થાનમાં હું જાઉં.૨૧,૨૨

ગૌતમે કહ્યું:–“ કિન્નરોના રાજાથી સેવાયલું અને નારદ, ગંધર્વો તથા અપ્સરાઓને નિત્ય પ્રિય એવા નંદન નામના વનમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઇશ. ”૨૩

ધૃતરાષ્ટ્રે કહ્યું:– “હે મહર્ષિ! જે પુરુષો નૃત્ય તથા ગીતકળામાં કુશળ હોય છે અને નિત્ય અયાચક વૃત્તિ ધારણ કરી તૃપ્ત રહે છે, તે પુરુષોજ એ નંદનવન જેવા લોકમાં જાય છે; પણ આ ધૃતરાષ્ટ્ર તેના કરતાંય શ્રેષ્ઠ લોકમાં જનારો હોઇને ત્યાં જશે નહિ.”૨૪

ગૌતમે કહ્યું:–“હે નરેન્દ્ર! જ્યાં સુંદર ઉત્તર કુરુદેશ પ્રકાશી રહ્યો છે, જ્યાં મનુષ્યો દેવોની સાથે આનંદ કરે છે; જ્યાં અગ્નિથી, જળથી અને પર્વતોમાંથી ઉત્પન્ન થયેલા મનુષ્યો વસે છે; જ્યાં ઇંદ્ર સર્વ કામનાઓને પૂરી પાડે છે,

જ્યાં સ્ત્રીઓ ઇચ્છાનુસાર વિહાર કરી શકે છે અને જ્યાં સ્ત્રીપુરુષોમાં અન્યોન્યના પર ઈર્ષ્યા નથી તે લોકમાં મારા હાથીને તારી પાસેથી હું પાછો લઇશ."૨૫,૨૬

ધૃતરાષ્ટ્રે કહ્યું:- "હે મહર્ષિ ! જે મનુષ્યો પ્રાણીમાત્રના તરફ નિષ્કામ ભાવથી વર્તે છે, માંસાહાર કરતા નથી, કોઇને શિક્ષા કરતા નથી, પ્રાણીઓમાંથી સ્થાવરજંગમ કોઈ પણ પ્રાણીની હિંસા કરતા નથી, પ્રાણીમાત્ર ઉપર આત્મભાવ રાખે છે, સર્વ વાસનાઓથી મુક્ત થયેલા હોય છે, મમતાનો ત્યાગ કરનારા હોય છે, રાગદ્વેષથી મુક્ત થયેલા હોય છે અને લાભ–અલાભ તથા નિંદા અને પ્રશંસાને સમાન ગણનારા હોય છે, તે મનુષ્યો તેવા લોકમાં જાય છે, પણ આ ધતરાષ્ટ્ર તેના કરતાં પણ શ્રેષ્ઠ લોકમાં જનારો હોઇને ત્યાં જશેજ નહિ."૨૭,૨૮

ગૌતમે કહ્યું:-" મહાત્મા સોમરાજાના નિવાસસ્થાનમાં તેના કરતાં પણ શ્રેષ્ઠ એવા બીજા સનાતન લોક પ્રકાશી રહ્યા છે, કે જ્યાં અત્યંત પવિત્ર સુગંધ પ્રસરી રહેલો હોય છે અને જ્યાં પાપનો તથા શોકનો છેક અભાવજ હોય છે, તે લોકમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઇશ."૨૯

ધૃતરાષ્ટ્રે કહ્યું:- " હે મહર્ષિ ! જે પુરુષો નિત્ય દાનશીલ હોઇને બીજાએ આપેલા દાનનો કદી પ્રતિગ્રહ કરતા નથી, જેઓ બીજાઓ પાસેથી ધનાદિ લેતા નથી, જેઓને મન કોઈ સુપાત્ર મનુષ્યને ન આપવા યોગ્ય એવી કોઇ વસ્તુજ નથી, જેઓ સર્વનો અતિથિસત્કાર કરવામાટે નિત્ય તત્પર રહે છે, જેઓ સર્વના ઉપર સારી રીતે કૃપા કરે છે, જેઓ નિત્ય ક્ષમાશીલ હોય છે, જેઓ બીજાઓ સામે કદી અપ્રિય વચન બોલતા નથી અને જેઓ પ્રાણીમાત્રના નિત્ય રક્ષક હોઇને સદોદિત પુણ્ય કર્મજ કરનારા હોય છે, તે પુરુષોને માટે એ સોમરાજાના લોક નિર્માણ થયેલા છે; પરંતુ આ ધૃતરાષ્ટ્ર તો તેનાથી પણ શ્રેષ્ઠ ગણાતા લોકમાં જનારો હોઇને તે લોકમાં જશેજ નહિ."૩૧

ગૌતમે કહ્યું:-" મહાત્મા આદિત્યદેવના નિવાસસ્થાનમાં તેના કરતાં પણ બીજા સનાતન લોક પ્રકાશી રહ્યા છે, કે જ્યાં રજોગુણ, તમોગુણ તથા શોકનો સમૂળગો અભાવજ છે. તે લોકમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઇશ."૩૨

ધૃતરાષ્ટ્રે કહ્યું:-" જે મહાત્માઓ વેદનો સ્વાધ્યાય કરવામાં નિત્ય તત્પર રહે છે, ગુરુઓની સેવા કરવામાં આસક્ત રહે છે તથા તપસ્વી હોઇને ઉત્તમ વ્રતનું પાલન કરનારા, સત્ય પ્રતિજ્ઞાવાળા, આચાર્યોની વિરુદ્ધ ભાષણ નહિ કરનારા, નિત્ય જાગ્રત રહેનારા, ગુરુઓનું કામ કરવામાં કોઇની પ્રેરણાવિનાજ પરાયણ રહેનારા, પવિત્ર ચિત્તવાળા, મૌનવ્રતને ધારણ કરનારા, સત્યમાં સ્થિર રહેનારા અને વેદોને જાણનારા હોય છે, તેવા પુરુષોને હે મહર્ષિ ! તમે કહેલા આદિત્યના લોક પ્રાપ્ત થાય છે; પણ આ ધૃતરાષ્ટ્ર તો તેના કરતાં પણ શ્રેષ્ઠ લોકમાં જનારો હોઇને તે લોકમાં જશેજ:નહિ."૩૩,૩૪

ગૌતમે કહ્યું:-" મહાત્મા વરુણદેવના નિવાસસ્થાનમાં તેના કરતાં પણ બીજા સનાતન લોક પ્રકાશી રહ્યા છે, કે જ્યાં અત્યંત પવિત્ર ગંધ ફેલાઈ રહ્યો છે અને પાપનો તથા શોકનો કેવળ અભાવજ હોય છે, તે લોકમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઇશ."૩૫

ધૃતરાષ્ટ્રે કહ્યું:-" જે બ્રાહ્મણો ચાતુર્માસ્ય ઇષ્ટિઓ કરીને પરમાત્માનું યજન કરે છે, જેઓ એકસોને દશ યજ્ઞો કરે છે, ત્રણ વર્ષપર્યંત શ્રદ્ધાનિષ્ઠ રહીને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક અગ્નિહોત્ર હોમે છે, ધર્મરૂપી અસ્ત્રાની ધાર ઉપર પોતાના આત્માને ધારણ કરી રાખે છે અને શાસ્ત્રોક્ત નીતિમાર્ગમાં સારી રીતે સ્થિર રહે છે, તે ધર્માત્મા બ્રાહ્મણો, એ વરુણદેવના લોકમાં ગતિને પામે છે; પરંતુ આ ધૃતરાષ્ટ્ર તો તેના કરતાં પણ ઉચ્ચ લોકમાં ગમન કરનારો હોઈને તે લોકમાં જશેજ નહિ."૩૬,૩૭

ગૌતમે કહ્યું:-" હે રાજન્ ! મહાતેજસ્વી ઇંદ્રના નિવાસસ્થાનમાં જે લોકો આવેલા છે તે પાપ અને શોકથી રહિત છે, દુઃખથી પામી શકાય તેવા છે અને સર્વ મનુષ્યો તે લોકમાં જવાની ઇચ્છા કરે છે. માટે હું તે લોકમાં મારા

હાથીને તારી પાસેથી પાછો લઇશ.”

ધૃતરાષ્ટ્રે કહ્યું:-“ સો વર્ષસુધી જીવનારો, શૂરવીર, વેદાધ્યાયી અને પ્રમાદનો ત્યાગ કરી યજ્ઞયાગ કરનારો મનુષ્ય એ ઇંદ્રના લોકમાં જાય છે; પરંતુ આ ધૃતરાષ્ટ્ર એનાથી પણ શ્રેષ્ઠ લોકમાં જનારો હોઇને તે લોકમાં જશેજ નહિ.”

ગૌતમે કહ્યું:-“સ્વર્ગના ઉપરના ભાગમાં પ્રજાપતિના મહાન લોક આવેલા છે કે જે વિશાળ, શોકરહિત અને સર્વ લોકમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓને ઈચ્છવાયોગ્ય છે, તે લોકમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઈશ.”૪૦

ધૃતરાષ્ટ્રે કહ્યું:-“જે રાજાઓ રાજસૂય યજ્ઞ કરનારા હોય છે, ધર્માત્મા હોય છે, પ્રજાઓનું રક્ષણ કરનારા હોય છે અને જેઓએ અશ્વમેધ યજ્ઞ કરીને તેની સમાપ્તિસમયે અવભૃથ સ્નાન કરેલું હોય છે, તે રાજાઓને માટે એ પ્રજાપતિના લોક નિર્માણ થયેલા છે; પણ ધૃતરાષ્ટ્ર તો એ લોકમાં જનારોજ નથી. (કેમકે તેને માટે તો તેના કરતાં પણ શ્રેષ્ઠ લોક નિર્માણ થયેલા છે.)”

ગૌતમે કહ્યું:-“ તેની પેલીપાર સનાતન ગોલોક પ્રકાશી રહ્યા છે, કે જે અત્યંત પવિત્ર ગંધથી મ્હેકી રહ્યા છે, રજોગુણથી રહિત છે, શોકથી મુક્ત છે અને કોઈનાથી પરાભવ કરવાને અશક્ય છે, તે દુર્લભ લોકમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઈશ.”૪૨

ધૃતરાષ્ટ્રે કહ્યું:-“જે મનુષ્ય એક લાખ ગાયોનું દાન કરે છે અથવા જે મનુષ્ય પોતાની શક્તિ અનુસાર પ્રત્યેક વર્ષે સો સો ગાયોનું દાન કરે છે;તેમજ જે એક મનુષ્ય પોતાની પાસેની દશ ગાયોમાંથી એક ગાયનું દાન કરે છે અથવા પાંચ ગાયોમાંથી એક ગાયનું દાન કરે છે, તે દાનશીલ મનુષ્ય એ ગોલોકમાં જાય છે.૪૩ અથવા જે બ્રાહ્મણો બ્રહ્મચર્ય પાળતાં પાળતાં ઘરડા થઇ જાય છે, જેઓ બ્રાહ્મી વાણી (વેદવાણી)નું રક્ષણ કરે છે અને જે મનસ્વી પુરુષો તીર્થયાત્રા કરવામાં પરાયણ રહે છે, તેઓ સર્વે એ લોકમાં જઇને આનંદ કરે છે;૪૪ તેમજ જે મહાત્મા પુરુષો વ્રતને ધારણ કરાવનારા હોઇને પ્રભાસ, માનસસરોવર, પુષ્કર,મહાસર, પવિત્ર નૈમિષારણ્ય, એક હાથભર જળ વહેનારી બાહુદા નદી, ગયા, ગયશિર, વિપાશા, સ્થૂલવાલુકા,કૃષ્ણા,ગંગાપંચનદ, મહાહ્રદ,ગોમતી, કૌશિકી, પંપા, સરસ્વતી, દ્ષદ્વતી અને યમુના વગેરે તીર્થક્ષેત્રોમાં ગમન કરે છે, તેઓ પણ કેવળ મંગલમૂર્તિ થઇને તથા દિવ્ય આકૃતિ, દિવ્ય માળા અને પવિત્ર ગંધથી યુક્ત થઇને એ ગોલોકમાં જાય છે; પણ ધૃતરાષ્ટ્ર (તેઓથી પણ ઉચ્ચ કોટિનો હોઇને) તે લોકમાં જશેજ નહિ.”

ગૌતમે કહ્યું:-“ જ્યાં ટાઢ અને તાપનો લેશમાત્ર ભય નથી; જ્યાં ક્ષુધા, તૃષા, ગ્લાનિ, દુઃખ કે સુખ પણ નથી, જ્યાં કોઇ દ્વેષપાત્ર કે પ્રીતિપાત્ર નથી, જ્યાં કોઈ મિત્ર કે શત્રુ નથી, જ્યાં જરા કે મરણ નથી, જ્યાં પુણ્ય કે પાપ નથી, જ્યાં રજોગુણનો અભાવ છે, જ્યાં કેવળ આનંદનુંજ અસ્તિત્વ છે અને જ્યાં પ્રજ્ઞા તથા સત્વગુણનીજ સ્થિતિ છે,તે પવિત્ર બ્રહ્માના લોકમાં મારા હાથીને તું પાછો આપીશ.”૪૫-૫૧

ધૃતરાષ્ટ્રે કહ્યું:-“ હે મહામુનિ! જે પુરુષો સર્વ પ્રકારના સંગથી મુક્ત થયેલા હોય છે તથા કૃતકૃત્ય થયેલા હોઈને નિયમિત રીતે વ્રતને ધારણ કરનારા, અધ્યાત્મચિંતન અને યોગાભ્યાસમાં આસક્ત રહેનારા,સ્વર્ગની ગતિને પહોંચી વળેલા અને કેવળ સાત્વિક પ્રકૃતિનાજ હોય છે, તે પુરુષો એ પવિત્ર બ્રહ્મલોકને પામે છે; પણ આ ધૃતરાષ્ટ્રને તમે ત્યાં પણ જોઈ શકશો નહિ.”૫૨,૫૩

ગૌતમે કહ્યું:-“ જ્યાં રથંતર સામ અને બૃહત્સામનું નિત્ય ગાન થઇ રહ્યું છે, જ્યાંની યજ્ઞવેદિકા પુંડરીક જાતિનાં કમળોથી છવાઈ રહેલી છે અને જ્યાં સોમરસનું પાન કરનારો પુરુષ ઘોડાઓ જોડેલા વાહનમાં બેસીને પ્રયાણ કરે છે તે લોકમાં હું મારા હાથીને તારી પાસેથી પાછો લઈશ.૫૪ હું તને ઓળખું છું કે, તું વૃત્રાસુરનો નાશ કરનાર ઈંદ્ર છે અને આ રીતે સમગ્ર ભુવનોમાં ફર્યા કરે છે; પણ મેં મારી વાણીથી કે મનથી તારો કદી અપરાધ કર્યો નથી.”૫૫

ઇંદ્રે કહ્યું:-“ હું ઇંદ્રજ છું. મેં આ હા-

થીનું હરણ કરી આપની સાથેના સંવાદમાં પ્રજાઓના લોકમાર્ગને પ્રકટ કર્યો છે, માટે હવે હું આપને પ્રણામ કરૂં છું. આપની જે ઇચ્છા હોય તે મને કહો, આપ જે કહેશો તે સર્વ હું કરીશ.”[૫૬]

ગૌતમે કહ્યું:–“ હે દેવેન્દ્ર ! આ શ્વેતવર્ણનો હાથી કે જે મારો પુત્ર છે, દશ વર્ષનો બાળક છે, જેનું તેં હરણ કર્યું છે અને જે આ વનમાં વસનારા મને બીજો સહાયક છે, તેનેજ તું મને પાછો આપ.”[૫૭]

ઇંદ્રે કહ્યું:–“હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તમે જુઓ, આ તમારો પુત્ર–હાથી, તમારી સામે જોતો જોતો અહીં આવે છે; અને જુઓ, અહીં આવીને પોતાની નાસિકાવડે તમારા બન્ને ચરણોને સુંઘે છે, માટે હવે તમે મારા કલ્યાણનું ચિંતન કરો, હું તમને નમસ્કાર કરૂં છું.”[૫૮]

ગૌતમે કહ્યું:–“ હે દેવેન્દ્ર ! તારા કલ્યાણનું હું નિત્ય ચિંતન કરૂં છું અને હું તારી નિત્ય પૂજા કરૂં છું, માટે હે ઇંદ્ર ! તું પણ મારૂં કલ્યાણ કર અને મારા હાથીને પાછો આપ, એટલે હું તેનો સ્વીકાર કરૂં.”[૫૯]

ઇંદ્રે કહ્યું:–“ જે બુદ્ધિમાન અને સત્યનિષ્ઠ મહાત્માઓની હૃદયગુહામાં વેદો નિવાસ કરી રહેલા હોય છે, તેઓ પૈકી તમે એકજ મહાત્માએ મને ઓળખ્યો છે, જેથી હું તમારાપર પ્રસન્ન થયો છું;[૬૦] માટે હે બ્રાહ્મણ ! તમારા પુત્ર આ હાથીની સાથે તમે સત્વર સ્વર્ગમાં ચાલો અને ત્યાં શુભ લોક પ્રાપ્ત કરીને તમે લાંબાકાળસુધી નિવાસ કરો.”[૬૧] એમ કહીને વજ્રધારી ઇંદ્ર, ગૌતમને તથા તેના પુત્ર–હાથીને આગળ કરી તેઓ બન્નેની સાથે સત્પુરુષોને પણ દુર્લભ એવા સ્વર્ગલોકમાં ગયો.[૬૨] જે પુરુષ ઇંદ્રિયોને વશ રાખીને આ આખ્યાનનું શ્રવણ કરે છે અથવા નિત્ય પઠન કરે છે, તે પુરુષ બ્રાહ્મણ ગૌતમની પેઠે સ્વર્ગલોકમાં જાય છે.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “હસ્તિકૂટ ” એ વિષયનો અધ્યાય ૧૦૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૦૩ મો

અનશન વ્રત જેવું કોઈ વ્રત નથી.

॥ युधिष्ठिर उवाच ॥

दानं बहुविधाकारं शांतिः सत्यमहिंसितम् ।
स्वदारतुष्टिश्चोक्ता ते फलं दानस्य चैव यत् ॥

યુધિષ્ઠિરે પૂછયું:–“ હે પિતામહ ! અનેક પ્રકારનું દાન, શાંતિ, સત્ય, અહિંસા, પોતાની સ્ત્રીવિષે સંતોષ અને દાનનું ફળ એ સર્વના સંબંધમાં તમે મને કહ્યું.[૧] હવે કૃચ્છ્ર ચાંદ્રાયણ આદિ તપોબળના કરતાં પણ જે અધિક બળવાન હોય એવું આપ શું જાણો છો ? વળી જે સર્વ તપના મધ્યમાં પણ શ્રેષ્ઠ હોય તેવું શું છે ? તે મને કહેવાને તમે યોગ્ય છો.”[૨]

ભીષ્મે કહ્યું:– હે યુધિષ્ઠિર ! લોકો જેવા તેવા સર્વ વ્રતને તપ કહે છે; પણ હે કુંતાપુત્ર! મારો તો એ વિષયમાં એજ મત છે કે, અનશનવ્રત કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇ તપજ નથી.[૩] આ વિષયમાં પણ ભગીરથ અને મહાત્મા બ્રહ્મદેવના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૪] હે ભારત ! અમારા સાંભળવામાં આવ્યું છે કે, ભગીરથ દેવલોકનું, ગોલોકનું તથા ઋષિલોકનું ઉલ્લંઘન કરીને છેક બ્રહ્મલોકમાં ગયો હતો.[૫] હે રાંજન્ ! તે સમયે ભગીરથને જોઈને બ્રહ્માએ તેને પ્રશ્ન પૂછયો કે:–“ હે ભગીરથ ! તું આ દુર્લભ લોકમાં કેવી રીતે આવ્યો ? હે ભગીરથ! દેવો, ગંધર્વો તથા મનુષ્યો, મોટું તપશ્ચરણ કર્યાવિના આ લોકમાં આવી શકતા નથી, છતાં તું અહીં કેવી રીતે આવ્યો ?”[૫–૭]

ભગીરથે કહ્યું:–“ હે વિદ્વન્ ! હું બ્રાહ્મવ્રતનો નિત્ય આશ્રય કરીને એક લાખ સોનામહોરોનું બ્રાહ્મણોને હમેશાં દાન આપતો હતો, પણ એ દાનના ફળથી હું આ લોકમાં આવ્યો નથી. મેં દશ એક રાત્રયજ્ઞો કર્યા છે, દશ પંચરાત્ર યજ્ઞો કર્યા છે, અગીઆર એકાદશરાત્ર યજ્ઞો કર્યા છે અને સો જ્યોતિષ્ટોમ યજ્ઞો કર્યા છે; પરંતુ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૯] મેં નિત્ય ગંગાનદીના તીર ઉપર નિવાસ કરીને સો

વર્ષોપર્યંત તપશ્ચર્યા કરી છે; તેમજ એ સમયે એક હજાર બ્રહ્મચરીઓનું તથા પુષ્કળ સ્ત્રીઓનું દાન કર્યું છે પણ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી. મેં પુષ્કર ક્ષેત્રમાં એકલાખ ઘોડાઓનાં તથા બે લાખ ગાયોનાં સેંકડો ને હજારો વાર બ્રાહ્મણોને દાન કર્યાં છે;તેમજ સુવર્ણના ઉત્તમ ચંદ્રહારોને ધારણ કરનારી એક હજાર શ્રેષ્ઠ કન્યાઓનું તથા સુવર્ણના અલંકારોથી શણગારેલી સાઠ હજાર કન્યાઓનું મેં દાન કર્યું છે,તોપણ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.હે લોકના નાથ! મેં ગોસવ નામના યજ્ઞમાં એક એક બ્રાહ્મણને દશ દશ ગાયોનું દાન કરીને એકંદર દશ અબજ ગાયોનું દાન કર્યું છે,કે જે સર્વ ગાયો સમાન વર્ણવાળા વાછરડાવાળી હોઈને દૂધને આપનારી હતી અને સુવર્ણ તથા કાંસાનાં દોહનપાત્રોથી યુક્ત હતી; પરંતુ તે દાનના પુણ્યથી હું આ લોકમાં આવ્યો નથી.[૧૩] હે બ્રહ્મન્ ! મેં પુષ્કળ સોમયાગો કરીને તેમાં પ્રત્યેક બ્રાહ્મણોને પ્રથમ વીઆયેલી, દૂધને આપનારી અને રોહિણી જાતિની દશ દશ ગાયો આપીને સેંકડો ગાયોનું દાન કર્યું છે;તેમજ દૂધને આપનારી લાખો સામાન્ય ગાયોનું દશ દશગણું દાન કર્યું છે,પણ તેના પુણ્યથી હું આ લોકમાં આવ્યો નથી. મેં બાહ્લિક દેશમાં ઉત્પન્ન થયેલા એક લાખ ઘોડાઓનું તથા સુવર્ણની માળાવાળા એક લાખ શ્વેત વર્ણના ઘોડાઓનું દાન આપ્યું છે, પણ તેના પુણ્યથી હું આ લોકમાં આવ્યો નથી.[૧૬] હે બ્રહ્મન્ ! હું પ્રત્યેક યજ્ઞમાં નિત્ય અઢાર કરોડ સોનામહોરોનું દાન આપતો હતો; પરંતુ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૧૭]હે પિતામહ ! મેં સત્તર કરોડ ઘોડાઓ કે જેઓના કાન શ્યામ હતા અને જેઓનો વર્ણ લીલો હતો, તેઓને સુવર્ણની માળાઓ પહેરાવીને દાનમાં આપ્યા છે.[૧૮] વળી મેં હળની ઇષ (કોશ)સમાન દાંતવાળા, મોટાં શરીરવાળા તથા સુવર્ણની માળાઓથી શણગારેલા સત્તરહજાર હાથીઓ કે જેઓ પદ્મના ચિહ્નવાળા હતા તેઓનું દાન કર્યું છે;[૧૯] તેમજ હે દેવેશ! સુવર્ણનાં દિવ્ય આભૂષણોથી શણગારેલા અને સુવંર્ણમય અવયવોવાળા દશહજાર રથોનું દાન કર્યું છે.[૨૦] ઉપરાંત શણગારેલા ઘોડાઓથી જોડેલા બીજા સાતહજાર રથો વેદમાં કહેલી દક્ષિણારૂપે મેં આપ્યા છે.[૨૧] વળી મેં દશ વાજપેય નામના યજ્ઞો કરીને તેમાં યજ્ઞયાગ અને પરાક્રમને લીધે ઇંદ્રતુલ્ય પ્રભાવવાળા એકહજાર વીરપુરુષોને કંઠમાં સુવર્ણની માળાઓ પહેરાવીને દાનમાં આપી દીધા હતા;તેમજ હે પિતામહ ! સર્વ રાજાઓને જીતીને મેં પુષ્કળ ધનનો વ્યય કરીને આઠ રાજસૂય યજ્ઞો કર્યા હતા; પરંતુ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી. હે જગતના પતિ ! મેં એટલી બધી દક્ષિણાઓ આપી હતી કે જેને લીધે ગંગાનો પ્રવાહ જ્યાંસુધી વહે છે ત્યાંસુધીનો સર્વ પ્રદેશ છવાઇ ગયો હતો; પરંતુ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી. વળી મેં સેંકડો સુવર્ણના અલંકારોથી શણગારેલા બે હજાર ઘોડાઓનું તથા ઉત્તમ પ્રકારનાં ત્રણસો ત્રણસો ગામોનું એક એક બ્રાહ્મણને દાન કર્યું છે; તેમજ હિમાલયમાં ગંગાની જે દુઃસહ ધારાને મહાદેવે મસ્તક ઉપર ધારણ કરી હતી તેના તટ ઉપર દીર્ઘકાળપર્યંત નિયમિત આહાર કરીને, ચિત્તને શાંત કરીને તથા મૌનવ્રત ધારણ કરીને તપશ્ચર્યા કરી છે; છતાં પણ હે પિતામહ! તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.હે દેવ! એક બળવાન પુરુષને હાથે ફેંકાયલો એક કાષ્ઠનો દંડ (ઘોકો) જેટલા દૂર પ્રદેશમાં પડે તેટલા તેટલા પ્રદેશના અંતરે સાદ્યસ્ક નામના દશ હજાર યજ્ઞો કરીને મેં દેવોનું યજન કર્યું છે;તેમજ ત્રયોદશાહ, દ્વાદશાહ અને પૌંડરીક નામના યજ્ઞો પણ મેં કર્યા છે; પરંતુ તેઓના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૨૮] વળી મેં મોટી ખુંધવાળા આઠ હજાર ધોળા બળદોનું બ્રાહ્મણોને દાન કર્યું છે,કે જેઓનું એક એક શિંગડું સુવર્ણથી મઢવામાં આવ્યું હતું;તેમજ એ બ્રાહ્મણોને સુવર્ણની માળાઓ ધારણ કરનારી એક એક સ્ત્રીનું દાન કર્યું હતું અને તંદ્રાના ત્યાગપૂર્વક અનેક મોટા યજ્ઞોથી દેવોનું યજન

કરીને સુવર્ણ તથા રત્નોના મોટા ઢગલાઓ, રત્નોના પર્વતો, ધનધાન્યની સમૃદ્ધિવાળાં બીજાં હજારો ગામો તથા સેંકડો પ્રથમ વેતરની ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી હતી; પરંતુ તે સર્વના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૨૯–૩૧] હે બ્રહ્મદેવ! મેં સંપૂર્ણ દક્ષિણાવાળા એકાદશાહ યજ્ઞો કર્યા છે, બે વાર દ્વાદશાહ યજ્ઞો કર્યા છે, અશ્વમેધ યજ્ઞો કર્યા છે અને સોળ આર્કાયણ નામના યજ્ઞો કર્યા છે; પરંતુ તેઓના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૩૨] મેં એક યોજન વિસ્તારવાળું અને અનેક રંગબેરંગી રત્નોથી જડેલા તદ્દન સુવર્ણમય આંબાનાં વૃક્ષોથી છવાયેલું એક વન કે જેમાં પ્રત્યેક વૃક્ષના અગ્રભાગમાં સુવર્ણની માળા પહેરાવવામાં આવી હતી તેનું બ્રાહ્મણોને દાન કર્યું છે, પણ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૩૩] વળી મેં ક્રોધનો ત્યાગ કરીને ત્રીસ વર્ષપર્યંત તુરાયણ નામનું વ્રત કર્યું છે, કે જે વ્રત પૂર્ણ કરવાને અશક્ય ગણાય છે; તેમજ એ વ્રતના સમયે પ્રતિદિન નવસો નવસો ગાયોનું બ્રાહ્મણોને દાન કર્યું છે કે જે ગાયો દૂધને આપનારી હતી તથા રોહિણી જાતિની હતી. વળી હે લોકનાથ! તે વેળા બીજા અનેક બળદોનું પણ બ્રાહ્મણોને નિત્ય દાન કર્યું હતું; છતાં હે દેવેશ! તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી. હે બ્રહ્મન્! મેં નિત્ય ત્રીસ અગ્નિહોત્રો ચલાવ્યા છે, આઠ સર્વમેધ યજ્ઞો કર્યા છે, સાત નરમેધ યજ્ઞો કર્યા છે અને એકહજાર ને અઢાર વિશ્વજિત્ યજ્ઞો કર્યા છે; પરંતુ હે દેવેશ! તેઓના ફળથી હું આ લોકમાં આવ્યો નથી.[૩૪–૩૭] મેં સરયૂ, બાહુદા, ગંગા અને નૈમિષારણ્ય વગેરે તીર્થક્ષેત્રોમાં લાખો ગાયોનાં દાન કર્યાં છે; પરંતુ તેના ફળથી હું આ લોકમાં આવ્યો નથી; પણ હે શ્રેષ્ઠ દેવ! જે વ્રતને ઇંદ્રે અત્યંત ગુપ્ત રાખેલું છે અને શુક્રાચાર્યે જેને પોતાના તપોબળથી મેળવ્યું છે; તેમજ જે શુક્રાચાર્યના તેજથી અત્યંત પ્રજ્વલી રહ્યું છે–તે અનશનવ્રતનું મેં આરાધન કર્યું છે;[૩૯] અને તે અનશનવ્રતને મેં જ્યારે પૂર્ણ કર્યું હતું, ત્યારે સર્વ બ્રાહ્મણો મારાપર પ્રસન્ન થયા હતા અને હજારો ઋષિઓ તે સમયે મારી પાસે આવ્યા હતા.[૪૦] હે પ્રભો! મારાપર પ્રસન્ન થયેલા તે હજારો બ્રાહ્મણોએ તે સમયે મને કહ્યું હતું કે:–"હે રાજા! તું બ્રહ્મલોકમાં જા." આ રીતે હું અનશન વ્રતના પ્રભાવથી આ લોકમાં આવ્યો છું, એમાં તમારે કંઇ વિચાર કરવાનો નથી.[૪૧] આપ વિધાતાએ મને પોતાની ઇચ્છાનુસાર પ્રશ્ન કર્યો હતો; જેથી મારે તેનો યથાવત્ ઉત્તર આપવો જોઇએ, એવા અભિપ્રાયથી મેં આપને એ સર્વ વૃત્તાંત કહ્યો છે અને હું તો એમજ માનું છું કે, અનશન વ્રતના જેવું બીજું કોઇ તપજ નથી. હે દેવવર! હવે હું આપને નમસ્કાર કરૂં છું, આપ મારાપર પ્રસન્ન થાઓ."[૪૨]

ભીષ્મે કહ્યું:–"રાજા ભગીરથે એ પ્રમાણે કહ્યું તે પછી બ્રહ્મદેવે, તે પૂજ્ય રાજાની શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૂજા કરી;[૪૩] માટે હે રાજા! તું પણ અનશનવ્રત કરીને બ્રાહ્મણોની નિત્ય પૂજા કર, કેમકે બ્રાહ્મણોના વચનથી આ લોકમાં તથા પરલોકમાં સર્વ મનોરથો સિદ્ધ થાય છે.[૪૪] ઉત્તમ ગણાતા દેવતાઓએ પણ વસ્ત્રો, અન્ન, ગાયો તથા સુંદર ગૃહો અર્પણ કરીને બ્રાહ્મણોને અવશ્ય સંતોષવા જોઇએ; માટે તું પણ નિર્લોભવૃત્તિથી એ ગુહ્યવ્રતનું આચરણ કર."[૪૫]

ઇતિ **શ્રીમહા૦** અનુ૦ દાનધર્મ પર્વમાં "બ્રહ્મા અને ભગીરથનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૦૩ મો સમાપ્ત

અધ્યાય ૧૦૪મો

સંપૂર્ણ આયુષ્યમાન થવાના ઉપાયો

॥ युधिष्ठिर उवाच ॥

शतायुरुक्तः पुरुषः शतवीर्यश्च जायते ।
कस्मान्म्रियन्ते पुरुषा बाला अपि पितामह ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! વેદમાં કહ્યું છે કે, પુરુષનું આયુષ્ય સો વર્ષનું હોય છે અને સેંકડો પ્રકારના વીર્યવાળો થઇને પુરુષ જન્મે છે છતાં પુરુષો બાલ્યાવસ્થામાંજ શામાટે મરણ પામે છે? શું કરવાથી મનુષ્ય સંપૂર્ણ

આયુષ્યમાન થઇ શકે છે? શું કરવાથી અલ્પ આયુષ્યવાળો થાય છે? કયું કર્મ કરવાથી તેને કીર્તિનો તથા લક્ષ્મીનો લાભ થાય છે?[2] હે પિતામહ! શું મન, વચન તથા કર્મવડે તપશ્ચર્યા કરવાથી, બ્રહ્મચર્ય પાળવાથી, જપહોમ કરવાથી અથવા ઔષધોનું સેવન કરવાથી મનુષ્ય આયુષ્માન થાય છે? (કે બીજા કોઇ કર્મથી આયુષ્યમાન થાય છે?) તે મને કહો."[3]

ભીષ્મે કહ્યું:–" આ વિષયમાં તેં મને પ્રશ્ન પૂછયો છે, માટે હું તને કહું છું. મનુષ્ય જે કર્મ કરીને અલ્પ આયુષ્યવાળો થાય છે, જે કર્મ કરીને લાંબા આયુષ્યવાળો થાય છે, જે કર્મ કરીને કીર્તિને તથા લક્ષ્મીને પામે છે અને જે રીતે વર્તીને પુરુષ શ્રેય સંપાદન કરે છે તે સર્વ હું તને કહું છું.[4,5] પુરુષ આચારનું પાલન કરવાથી આયુષ્ય મેળવે છે, લક્ષ્મીને મેળવે છે અને આ લોકમાં તથા પરલોકમાં કીર્તિ સંપાદન કરે છે; પણ દુરાચારી પુરુષ આ લોકમાં મોટા આયુષ્યને મેળવી શકતો નથી; કેમકે તેવા પુરુષથી પ્રાણીમાત્ર ત્રાસ પામે છે અને તેનો પરાભવ કરવા તૈયાર થાય છે;[7] માટે પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છા હોય તો પ્રત્યેક મનુષ્યે સદાચારનું પાલન કરવું, કેમકે એક પાપી શરીરવાળા પુરુષમાં જેટલાં કુલક્ષણો હોય છે, તેઓનો સદાચાર નાશ કરી શકે છે. ધર્મનું લક્ષણ આચાર છે, સત્પુરુષોનું લક્ષણ ચારિત્ર્ય છે અને તેવા સત્પુરુષોના સુયોગ્ય વર્તનનેજ આચારનું લક્ષણ કહેવામાં આવે છે. જે પુરુષ ધર્માચરણી હોઇને નિત્ય કલ્યાણજનક કર્મોજ કર્યા કરે છે, તે પુરુષને કદી જોવામાં ન આવ્યો હોય છતાં પણ તેનું નામ સાંભળીનેજ મનુષ્યો તેનાપર પ્રીતિ કરે છે;[10] પરંતુ જે પુરુષો નાસ્તિક હોય છે, પોતાની ધાર્મિક ક્રિયાઓથી ભ્રષ્ટ હોય છે, ગુરુઓનું તથા શાસ્ત્રોનું અપમાન કરનારા હોય છે અને કેવળ અધર્મનેજ જાણનારા હોઇને દુરાચારી હોય છે, તેઓ અલ્પાયુષી થાય છે.[11] વળી જેઓ ચારિત્ર્યથી હીન હોય છે, મર્યાદાને તોડનારા હોય છે અને નિત્ય હરકોઇ સ્ત્રીસાથે મૈથુન કરનારા હોય છે, તે પુરુષો અલ્પાયુષી થાય છે, એટલુંજ નહિ પણ મરણ પછી નરકમાં જાય છે;[12] પરંતુ જે પુરુષ સર્વ લક્ષણોથી રહિત હોય છે છતાં શ્રેષ્ઠ સદાચારનું પાલન કરે છે, શ્રદ્ધાળુ હોય છે અને અસૂયા દોષથી રહિત હોય છે તો સો વર્ષસુધી જીવી શકે છે.[13] વળી ક્રોધનો ત્યાગ કરનાર, સત્યવાદી, પ્રાણીઓની હિંસા નહિ કરનાર, અસૂયારહિત અને નિષ્કપટી પુરુષ પણ સો વર્ષસુધી જીવી શકે છે;[14] પણ વ્યર્થ માટીનાં ઢેફાં ભાગનાર, વ્યર્થ ઘાસને તોડનાર, દાંતવતી નખોને કાપનાર, નિત્ય ઉચ્છિષ્ટ રહેનાર તથા અસ્થિર વૃત્તિવાળો પુરુષ, આ લોકમાં લાંબા આયુષ્યવાળો થઇ શકતો નથી. મનુષ્યે બ્રાહ્મમુહૂર્તમાં (સૂર્યોદયની પહેલાં એક કલાકે) નિદ્રામાથી ઉઠી જવું, ધર્મ તથા અર્થનું ચિંતન કરવું અને પછી સ્નાનશૌચાદિ કરી, આચમન કરી બે હાથ જોડીને પ્રાતઃકાળની સંધ્યા કરવી;[16] તેમજ સાયંકાળે પણ મૌનવ્રત ધારણ કરી સાયંસંધ્યા કરવી. ઉદય પામતા, અસ્ત પામતા, ગ્રહણસમયના, જળમાં પ્રતિબિંબત થયેલા અને મધ્યાહ્નકાળે આકાશના મધ્યભાગમાં આવેલા એવા સૂર્યને જોવો નહિ. પૂર્વે સર્વ ઋષિઓ નિત્ય સંધ્યોપાસન કરીનેજ લાંબા આયુષ્યને પામ્યા હતા; માટે નિત્ય પ્રાતઃસંધ્યાનું તથા વાણીને નિયમમાં રાખી સાયંસંધ્યાનું ઉપાસન કરવું. જે બ્રાહ્મણો પ્રાતઃકાળની તથા સાયંકાળની સંધ્યા કરતા નથી, તે બ્રાહ્મણો પાસે ધાર્મિક રાજાએ શૂદ્રનાં કર્મો કરાવવાં; હરકોઇ પુરુષે સર્વ વર્ણોમાં પારકી સ્ત્રીસાથે વ્યભિચાર કરવો નહિ;[17-20] કેમકે પારકી સ્ત્રી સાથેના વ્યભિચાર જેવું લોકમાં કંઈ આયુષ્યનાશક છેજ નહિ.[21] સ્ત્રીઓના શરીરમાં જેટલાં રુવાટાંનાં છિદ્રો હોય છે, તેટલાં હજાર વર્ષોપર્યંત તેઓની સાથે વ્યભિચાર કરનારા પુરુષો, નરકનું સેવન કર્યા કરે છે.[22] કેશોનું પ્રસાધન (એટલે વાળમાં તેલ નાખવું, વાળને ઓળવા વગેરે), આંજણ આંજવું, દાતણ કરવું તથા દેવતાઓનું પૂજન આદિ કાર્યો દિવસના પ્રથમ ભાગમાંજ કરી લેવાં.[23] વિષ્ઠા તથા મૂત્રને જોવાં નહિ,

વિષ્ઠા તથા મૂત્રની પાસે કદી બેસવું નહિ, પરોઢિયામાં, રાત્રિમાં તથા મધ્યાહ્નકાળે કોઇ અજાણ્યા માણસો સાથે એકલા જવું નહિ, શૂદ્રોની સાથે એકલા જવું નહિ; બ્રાહ્મણોને, ગાયોને તથા રાજાઓને માર્ગ આપવો; તેમજ વૃદ્ધપુરુષને, મસ્તકે ભાર ઉપાડી તપી ગયેલા મનુષ્યને, ગર્ભિણી સ્ત્રીને તથા દુર્બળ મનુષ્યને માર્ગ આપવો; જાણીતાં વૃક્ષોની પ્રદક્ષિણા કરવી; સર્વ ચૌટાંઓને પણ પ્રદક્ષિણા કરવી, મધ્યાહ્નકાળે, રાત્રિના સમયે, મધ્યરાત્રે તથા પ્રાતઃકાળે અને સાયંકાળે ચૌટામાં બેસી રહેવું નહિ, બીજાએ પહેરેલા જોડા તથા વસ્ત્ર કદી પહેરવાં નહિ, નિત્ય બ્રહ્મચારી રહેવું (અર્થાત્ પોતાની સ્ત્રીસાથે પણ ઋતુકાળવિના ગમન કરવું નહિ), એક પગને બીજા પગથી કદી દબાવવો નહિ, પ્રત્યેક પખવાડીઆમાં અમાવાસ્યાને દિવસે, પૂર્ણિમાને દિવસે, ચૌદશને દિવસે તથા આઠમને દિવસે સદાય બ્રહ્મચારી રહેવું, યજ્ઞાદિ નિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરવું નહિ, કોઇ પણ પ્રાણીની પીઠનું માંસ ખાવું નહિ, પારકી નિંદા કરવી નહિ, કોઇની સાથે વાદવિવાદ કરવો નહિ, કોઇની ચાડીચૂગલી કરવી નહિ, બીજાના મર્મસ્થાનોને પીડા થાય તેવાં વચનો બોલવાં નહિ, ક્રૂર વાક્યો બોલવાં નહિ, નીચ મનુષ્ય પાસેથી કોઈ પદાર્થ લેવો નહિ, જે વાણીથી બીજાને ઉદ્વેગ થાય તેવી રૂક્ષ અને પાપી વાણી બોલવી નહિ; કેમકે મુખમાંથી નીકળેલાં વાણીરૂપી બાણોથી જે પુરુષને પ્રહાર કરવામાં આવે છે, તેને રાત્રિદિવસ શોક થયા કરે છે; માટે વિદ્વાન પુરુષે બીજાના મર્મભાગોમાં પીડા કરે તેવાં વાણીરૂપી બાણો કદી છોડવાં નહિ. વળી બાણોથી વિંધી નાખેલું તથા કુહાડાથી કાપી નાખેલું એક વન ફરીને ઉગી નીકળે છે, પણ દુષ્ટ વાણીરૂપી બાણોથી કરવામાં આવેલો મનુષ્યનો બીભત્સ જખમ કદી રૂઝાતો નથી. કોઇ એક મનુષ્યના શરીરમાંથી કર્ણિ, નાલીક અને નારાચજાતિનાં બાણો પાછાં ખેંચી શકાય છે, પણ વાણીરૂપી શલ્ય કે જે સચોટ હૃદયમાં પેસી ગયું હોય છે, તેને કદી પાછું ખેંચી શકાતું નથી. જે મનુષ્યો હીન અંગવાળા હોય, અધિક અંગવાળા હોય, વિદ્યારહિત હોય, નિંદ્ય હોય અથવા રૂપ, દ્રવ્ય કે સત્યથી રહિત હોય તોપણ તેઓના પ્રત્યે કદી આક્ષેપ કરવો નહિ; નાસ્તિકતાનો, વેદોની નિંદાનો, દેવતાઓની નિંદાનો, દ્વેષનો, મદનો, અભિમાનનો તથા તીક્ષ્ણતાનો સર્વથા ત્યાગ કરવો. પુત્ર તથા શિષ્યસિવાય બીજા કોઈપણ મનુષ્યના પર ક્રોધાયમાન થઇને તેને શિક્ષા કરવી નહિ; માત્ર પુત્ર તથા શિષ્યનેજ શિક્ષણ આપવામાટે તાડન કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે. બ્રાહ્મણોની નિંદા કરવી નહિ, નક્ષત્રો જોઇને બીજાને દેખાડવાં નહિ; તેમજ "આજે અમુક પક્ષની અમુક તિથિ છે" એમ કોઇને કહેવું નહિ. એ પ્રમાણે વર્તવાથી મનુષ્યનું આયુષ્ય (સો વર્ષમાંથી) ઓછું થતું નથી.૨૪-૩૮ મળમૂત્રનો ત્યાગ કર્યા પછી, શેરીમાં જઇ આવ્યા પછી, સ્વાધ્યાય કરવાના સમયે તથા ભોજન કરતી વેળા પાદપ્રક્ષાલન કરવું. (પગ ધોવા).૩૯ દેવતાઓએ બ્રાહ્મણોની ત્રણ વસ્તુઓને પવિત્ર માની છે. એક તો જે વસ્તુની અપવિત્રતાના સંબંધમાં કંઇ જોવામાં ન આવ્યું હોય તે વસ્તુ, બીજી જે વસ્તુને જળથી ધોઇને સ્વચ્છ કરવામાં આવી હોય તે વસ્તુ અને ત્રીજી જે વસ્તુને વેદવાણીથી સંસ્કારવાળી કરવામાં આવે છે તે વસ્તુને પ્રશસાપાત્ર ગણવામાં આવે છે.૪૦ મનુષ્યે શીરો, ખીચડી, માંસ, પુરી તથા દૂધપાક આટલા પદાર્થો પોતાને માટે બનાવવા નહિ; પણ દેવોને માટે બનાવવા.૪૧ નિત્ય અગ્નિમાં હોમ કરવો, નિત્ય બ્રાહ્મણ આદિને ભિક્ષા આપવી અને નિત્ય વાણીને નિયમમાં રાખી દાતણ કરવું.૪૨ સૂર્યનો ઉદય થઇ જાય ત્યાંસુધી સૂઈ રહેવું નહિ; કેમકે સૂર્યના ઉદય પછી પણ સૂઇ રહેનારો મનુષ્ય પ્રાયશ્ચિત્તનો અધિકારી થાય છે. વળી શયનમાંથી ઉઠયાપછી પ્રથમજ માતાને, પિતાને, આચાર્યને તથા બીજા પોતાનાં વડીલ સંબંધીઓને વંદન કરવું. એ રીતે વર્તવાથી મનુષ્ય મોટું આયુષ્ય મેળવી શકે છે. જે દાતણોને શાસ્ત્રમાં નિષિદ્ધ ગણેલાં છે તે દાતણોનો નિત્ય

ત્યાગ કરવો;પણ શાસ્ત્રમાં કહેવામાં આવેલાં દાતણોજ હમેશાં કરવાં અને પર્વના દિવસોએ શાસ્ત્રમાં કહેવામાં આવેલાં દાતણોનો પણ ત્યાગ કરવો.(અર્થાત્ પર્વના દિવસે દાતણ કરવું નહિ.) ઉત્તરદિશા તરફ મુખ રાખીને નિરંતર મળમૂત્રનો ત્યાગ કરવા બેસવું, દાતણ કર્યાવિના કદી દેવપૂજા કરવી નહિ; ગુરુ, વૃદ્ધ, ધાર્મિક અથવા વિદ્વાન પુરુષવિના બીજા કોઇ પણ પુરુષ પાસે દેવપૂજા કર્યાવિના જવું નહિ, બુદ્ધિમાન પુરુષોએ મલિન દર્પણને જોવું નહિ, કોઇ અજાણી સ્ત્રીસાથે અથવા ગર્ભિણી સ્ત્રી સાથે કદી મૈથુન કરવું નહિ, વિદ્વાન પુરુષે ઉત્તરદિશાતરફ મસ્તક રાંખીને તથા પશ્ચિમ દિશાતરફ મસ્તક રાખીને કદી સૂવું નહિ;પણ પૂર્વદિશા તરફ અથવા દક્ષિણ દિશા તરફ મસ્તક રાખીનેજ શયન કરવું.જે શયન (ખાટલો વગેરે)ભાંગી ગયેલું હોય અથવા તૂટી ગયેલું હોય તેનાપર કદી સૂવું નહિ. અત્યંત અંધકારવાળા પ્રદેશમાં, પારકી સ્ત્રી આદિથી યુક્ત પ્રદેશમાં અને શરીરને વાંકુ વાળીને સૂવું નહિ. નાસ્તિક પુરુષોની સાથે કોઈ કામપ્રસંગે પણ જવું નહિ અથવા કોઈ સંકેત કરીને પણ જવું નહિ, પોતાના આસનને પગથી ખેંચીને તેનાપર બેસવું નહિ, નાગા થઇને કદી સ્નાન કરવું નહિ, રાત્રિના સમયે કદી સ્નાન કરવું નહિ, મહાવિચક્ષણ પુરુષે સ્નાન કર્યા પછી શરીરને લૂછવું નહિ, સ્નાન કર્યા પહેલાં ચંદનાદિનું વિલેપન કરવું નહિ, સ્નાન કર્યા પછી જેનાવડે સ્નાન કર્યું હોય તે વસ્ત્રને કદી ઝાટકવું નહિ, મનુષ્યે નિત્ય ભીનાં વસ્ત્રો પહેરવાં નહિ, પોતે પહેરેલી માળાને ખેંચવી નહિ, તેમ પોતે પહેરેલી માળાને કંઠની બહાર કદી ધારણ કરવી નહિ, ઋતુમતી સ્ત્રી સાથે વાતચીત કરવી નહિ, કોઈ ક્ષેત્રમાં અથવા ગામની સમીપમાં મળમૂત્રનો ત્યાગ કરવો નહિ, જળમાં પણ મળમૂત્રનો ત્યાગ કદી કરવો નહિ, ભોજન કર્યા પહેલાં પ્રથમ જળના ત્રણ કોગળા કરી નાખવા અને ભોજન કર્યા પછી પણ જળના ત્રણ કોગળા કરીનેજ ફરીથી મુખ ધોઈ નાખવું. પૂર્વદિશા તરફ મુખ રાખીનેજ નિત્ય ભોજન કરવા બેસવું, ભોજન કરતી વેળા મૌનવ્રત ધારણ કરવું, અન્નની નિંદા કરવી નહિ, ભોજન કરી લીધા પછી થોડું અન્ન થાળીમાં બાકી રહેવા દેવું અને મનમાં અગ્નિનું ધ્યાન કરવું. જે પુરુષ પૂર્વદિશા તરફ મુખ રાખીને ભોજન કરે છે તેનું આયુષ્ય વધે છે, જે પુરુષ દક્ષિણદિશા તરફ મુખ રાખીને ભોજન કરે છે તેને યશનો લાભ થાય છે, જે પુરુષ પશ્ચિમદિશા તરફ મુખ રાખીને ભોજન કરે છે તેને ધનનો લાભ થાય છે અને જે પુરુષ ઉત્તરદિશા તરફ મુખ રાખીને ભોજન કરે છે તેને મોક્ષ મળે છે.[૪૩–૫૭] ભોજન કરી લીધા પછી મનમાં અગ્નિનું ધ્યાન કરીને હાથમાં જળ લઇ નાસિકા તથા નેત્રસહિત મુખને ધોઇ નાખવું; તેમજ સર્વ ગાત્રો, નાભિ તથા બન્ને હાથને પણ ધોઈ નાખવા.[૫૮] વળી કોઈ જાતનાં ફોતરાં ઉપર ઉભા રહેવું નહિ; કેશ, ભસ્મ તથા માટીનાં ઠીકરાં વગેરે ઉપર પણ ઉભા રહેવું નહિ, બીજાએ સ્નાન કરેલા જળનો દૂરથીજ ત્યાગ કરવો, નિત્ય શાંતિ અને હોમ કરવા, ગાયત્રી આદિ મંત્રોનો જાપ કરવો, એક સ્થળે બેસીનેજ ભોજન કરવું પણ ચાલતાં ચાલતાં કદી ભોજન કરવું નહિ, ઉભા ઉભા મૂતરવું નહિ, ભસ્મના ઢગલામાં કદી મૂતરવું નહિ, ગાયોનાં ટોળાંની વચ્ચે કદી મૂતરવું નહિ, ભીના પગે ભોજન કરવું પણ ભીના પગે કદી સૂવું નહિ, જે પુરુષ ભીના પગે ભોજન કરે છે તે સો વર્ષસુધી જીવે છે અને અન્નાદિનો સ્પર્શ કરી ઉચ્છિષ્ટ થયેલા પુરુષે અગ્નિ, ગાય તથા બ્રાહ્મણ એ ત્રણ તેજનો કદી સ્પર્શ કરવો નહિ; તેમજ સૂર્ય, ચંદ્ર તથા નક્ષત્રો એ ત્રણ તેજને ઉચ્છિષ્ટ પુરુષે કદી જોવાં નહિ. આ રીતે વર્તવાથી પુરુષનું આયુષ્ય કદી ઓછું થતું નથી.[૫૯–૬૩] જ્યારે એક વૃદ્ધ પુરુષ પાસે આવે છે,ત્યારે યુવાન પુરુષના પ્રાણ એકદમ ઉંચા ચઢી જાય છે; પણ જ્યારે યુવાન પુરુષ વૃદ્ધ પુરુષને દેખીને ઉભો થાય છે અને તેને પ્રણામ કરે છે, ત્યારે તેના પ્રાણ પાછા ઠેકાણે આવે છે;

માટે યુવાન પુરુષે વૃદ્ધ પુરુષોને અવશ્ય પ્રણામ કરવા અને પોતે જાતેજ ઉઠીને આસન આપવું;[૬૪,૬૫] તેમજ વૃદ્ધ પુરુષની પાસે બે હાથ જોડીને ઉભા રહેવું અને તે જ્યારે ચાલવા માંડે, ત્યારે તેની પાછળ પાછળ ચાલવું. વળી મનુષ્યે ભાંગ્યાતૂટ્યા આસન ઉપર બેસવું નહિ, ભાંગેલા કાંસાના પાત્રનો ત્યાગ કરવો, એકજ વસ્ત્ર પહેરીને ભોજન કરવું નહિ, નાગા થઇને સ્નાન કરવું નહિ, કદી નાગા સૂવું નહિ, અજીઠા મોંએ બેસી રહેવું નહિ, અજીઠા હાથથી મસ્તકનો સ્પર્શ કરવો નહિ; કેમકે સર્વ પ્રાણને મુખ્યત્વે કરીને મસ્તકનો આશ્રય છે અને મસ્તક ઉપરના કેશને કદી ખેંચવા નહિ; તેમજ મસ્તક ઉપર કદી પ્રહાર કરવો નહિ.[૬૮] પોતાના બન્ને હાથને એકઠા કરી પોતાનું મસ્તક ખણવું નહિ અને વારંવાર મસ્તક ઉપર જળ રેડીને સ્નાન કરવું નહિ. આ રીતે વર્તવાથી મનુષ્યનું આયુષ્ય ઓછું થતું નથી.[૬૯] માથા બોળ ન્હાયા પછી તેલવાળા કોઈ પણ પદાર્થથી શરીરને સ્પર્શ થવા દેવો નહિ; તેમજ તલવાળો અથવા તલના તેલવાળો કોઇ પણ પદાર્થ ખાવો નહિ. એમ કરવાથી મનુષ્યનું આયુષ્ય કદી ઓછું થતું નથી.[૭૦] અજીઠા મુખે મનુષ્યે બીજાને ભણાવવું નહિ; તેમજ પોતે પણ ભણવું નહિ. વળી જ્યાં દુર્ગંધી પવન વાતો હોય તેવા પ્રદેશ ઉપર મનમાં પણ વેદમંત્રોનું ચિંતન કરવું નહિ.[૭૧] આ વિષયમાં યમે ગાયેલી કેટલીએક ગાથાઓને પ્રાચીન ઇતિહાસવેત્તાઓ ગાય છે કેઃ–"જે પુરુષ ઉચ્છિષ્ટ થઇને જ્યાં ત્યાં ફર્યા કરે છે અને ઉચ્છિષ્ટ થઇને વેદનો સ્વાધ્યાય કરે છે, તેના આયુષ્યનો હું નાશ કરૂં છું; ઉપરાંત તેની સંતતિનો પણ હું નાશ કરી નાખું છું. જે બ્રાહ્મણ અનધ્યાયના સમયે પણ મોહથી વેદાભ્યાસ કરે છે, તેનો વેદાભ્યાસ નષ્ટ થાય છે અને આયુષ્ય પણ ઓછું થાય છે; માટે સાવધાન પુરુષે અનધ્યાયના સમયે કદી વેદાધ્યયન કરવું નહિ.[૭૨–૭૪] વળી જે પુરુષો સૂર્ય સામે, ગાય સામે, બ્રાહ્મણો સામે અથવા જાહેર માર્ગમાં મળમૂત્રનો ત્યાગ કરવા બેસે છે, તેઓના આયુષ્યનો નાશ થાય છે. દિવસે ઉત્તરદિશા તરફ મુખ કરીને મળમૂત્રનો ત્યાગ કરવા બેસવું અને રાત્રે દક્ષિણદિશા તરફ મુખ કરીને મળમૂત્રનો ત્યાગ કરવા બેસવું. તેમ કરવાથી કદી આયુષ્ય ઓછું થતું નથી. જે પુરુષને લાંબુ આયુષ્ય મેળવીને જીવવાની ઇચ્છા હોય તેણે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા સર્પને દુર્બળ જાણીને પણ તુચ્છ ગણવા નહિ; કેમકે તેઓ ત્રણે દાઢમાં ઝેરવાળા ગણાય છે.[૭૭] ક્રોધાયમાન થયેલો સર્પ, દૃષ્ટિથી જેટલામાં જુએ છે તેટલામાં બાળી નાખે છે, ક્ષત્રિય પણ જ્યારે ક્રોધાયમાન થાય છે, ત્યારે પોતાના તેજથી સ્પર્શ કરતાંની વારમાંજ બાળી નાખે છે અને બ્રાહ્મણ તો માત્ર ધ્યાનથી અને દૃષ્ટિપાતથીજ આખા કુળનો નાશ કરી નાખે છે, માટે બુદ્ધિમાન પુરુષે એ ત્રણેનું યત્નપૂર્વક સેવન કરવું. હે યુધિષ્ઠિર! પોતાના ગુરુ સામે કદી હઠ કરવી નહિ; પણ ગુરુ જ્યારે ક્રોધાયમાન થાય, ત્યારે તેને વિનવવા અને પ્રસન્ન કરવા.[૮૦] ગુરુ પોતાની સામે સારી રીતે વર્તતા હોય અથવા ખરાબ રીતે વર્તતા હોય, તોપણ શિષ્યે તેમના તરફ સદ્વર્તનજ રાખવું; કેમકે ગુરુની નિંદા મનુષ્યેના આયુષ્યનો નાશ કરી નાખે છે, એમાં સંશય નથી.[૮૧] પોતાના ઘરથી દૂરપ્રદેશ ઉપર મૂત્રનો ત્યાગ કરવા બેસવું, પોતાના ઘરથી દૂરપ્રદેશ ઉપર પગ ધોવાનું રાખવું અને પોતાનું હિત ઈચ્છનારા પુરુષે પોતાના ઘરથી દૂરપ્રદેશ ઉપર એંઠવાડ વગેરે નાખવાં.[૮૨] બુદ્ધિમાન પુરુષોએ રાતાં પુષ્પોની માળાં કદી પહેરવી નહિ, પણ ધોળાં પુષ્પોની માળાજ પહેરવી. હે રાજા! કમળ તથા કુવલયનાં પુષ્પો લાલ હોય, તોપણ તેની માળા પહેરવામાં કંઈ દોષ નથી.[૮૩] તે સિવાયનાં બીજાં રાતાં પુષ્પો પણ જો જળમાં ઉત્પન્ન થયાં હોય તો તેની માળા પહેરવી અને સુવર્ણની માળા તો કદી દોષપાત્ર ગણાતીજ નથી.[૮૪] હે રાજા! સ્નાન કરેલા પુરુષે નિત્ય આર્દ્ર ચંદનનું વિલેપન કરવું અને બુદ્ધિમાન પુરુષે પહેરવાનાં વસ્ત્રોમાં કદી ફેરફાર કરવો નહિ.

(અર્થાત્ ધોતીઆને ઠેકાણે ખેસ ધારણ કરવો નહિ અને ખેસને ઠેકાણે ધોતીઉં ધારણ કરવું નહિ;)[૮૫] તેમજ બીજાએ પહેરેલું વસ્ત્ર કદી પહેરવું નહિ, છેડાવિનાનું વસ્ત્ર પહેરવું નહિ અને હે રાજા! સૂતી વેળાનું વસ્ત્ર બીજુંજ રાખવું જોઇએ.[૮૬] વળી ગામમાં જતી વેળાનું વસ્ત્ર બીજુંજ રાખવું જોઇએ અને દેવોની પૂજા કરતી વેળાનું વસ્ત્ર પણ બીજુંજ રાખવું જોઇએ. બુદ્ધિમાન પુરુષે રાઇનું, ચંદનનું, બિલ્લાંનું, અગરનું તથા કેસરનું વિલેપન જૂદું જૂદુંજ કરવું જોઇએ; (ઋતુકાળસિવાય) બ્રહ્મચર્યજ પાળવું જોઇએ અને સ્નાનાદિકથી પવિત્ર થયા પછીજ અલંકારો ધારણ કરવા જોઇએ.[૮૮] હે રાજા! પ્રત્યેક પુરુષે સર્વ પર્વના દિવસોએ બ્રહ્મચારી રહેવું અને સમાન જાતિના મનુષ્યોએ પણ એકજ પાત્રમાં કદી ભોજન કરવું નહિ.[૮૯] જે અન્ન રજસ્વલા સ્ત્રીએ તૈયાર કર્યું હોય, તેનું કદી ભક્ષણ કરવું નહિ; તેમજ દૂધ આદિ પદાર્થો જો કોઇ યાચક–માગણ વગેરેના જોવામાં આવ્યા હોય તો તેમાંથી તેઓને આપ્યાવિના કદી ખાવા નહિ.[૯૦] બુદ્ધિમાન પુરુષે કોઇ અપવિત્ર મનુષ્યની સમીપમાં બેસીને ભોજન કરવું નહિ, તેમજ સત્પુરુષોની સમીપમાં પણ ભોજન કરવું નહિ, વળી જે ભક્ષ્ય પદાર્થોને શ્રાદ્ધાદિ ધર્મકાર્યોમાં નિષિદ્ધ માનવામાં આવ્યા છે, તે પદાર્થોનું શ્રાદ્ધાદિ ધર્મકાર્યોસિવાયના પ્રસંગે પણ ભક્ષણ કરવું નહિ.[૯૧] પોતાનું કલ્યાણ ઇચ્છનારા શ્રેષ્ઠ પુરુષે પિંપળાનું, વડનું, શણનું તથા ઉંબરાનું શાક કદી ખાવું નહિ;[૯૨] અને બકરાના, ગાયના તથા મોરના માંસનો સર્વથા ત્યાગ કરવો. વળી સૂકાઇ ગયેલા માંસનો તથા વાસી માંસનો પણ ત્યાગ કરી દેવો.[૯૩] વિદ્વાન મનુષ્યે હાથમાં મીઠું લઇને ખાવું નહિ, રાત્રિના સમયે દહીં તથા સાથવો એકઠાં કરીને ખાવાં નહિ અને યજ્ઞ તથા શ્રાદ્ધાદિના નિમિત્તવિના વૃથાં માંસભક્ષણ કરવું નહિ.[૯૪] સાયંકાળે તથા પ્રાતઃકાળે મનને સ્થિર રાખીને ભોજન કરવું, પણ તે સમયની વચ્ચેના સમયમાં ભોજન કરવું નહિ. જે અન્નમાં વાળ જોવામાં આવ્યો હોય તે અન્ન ખાવું નહિ; તેમજ શત્રુના શ્રાદ્ધનું કદી ભોજન કરવું નહિ.[૯૫] વાણીને નિયમમાં રાખી ભોજન કરવું. માત્ર એકજ વસ્ત્ર પહેરીને, સૂતાં સૂતાં તથા પૃથ્વીપર અન્ન મૂકીને ભોજન કરવું નહિ. (અર્થાત્ કોઇ પાત્રમાંજ અન્ન મૂકીને ભોજન કરવું.) વળી ઉભા ઉભા ભોજન કરવું નહિ અને બોલતાં બોલતાં ભોજન કરવું નહિ.[૯૬] હે રાજા! બુદ્ધિમાન પુરુષે જળપ્રદાનપૂર્વક અતિથિઓને અન્ન અર્પણ કર્યા પછી ભોજન કરવા બેસવું અને ભોજન કરતી વેળા બીજે કોઇ પણ સ્થળે મન રાખવું નહિ. હે રાજા! એક પંક્તિમાં સમાન રીતેજ ભોજન કરવાનું અન્ન પીરસવું જોઇએ; કેમકે જે પુરુષ એક પંક્તિમાં બેઠેલા પોતાના સુહૃદોને ઓછું અથવા હલકું અન્ન પીરસીને પોતે વધારે અથવા ઉત્તમ અન્નનું ભોજન કરે છે, તે પુરુષ હલાહલ ઝેરનુંજ ભોજન કરે છે.[૯૮] જળ, દૂધપાક, સાથવો, દહીં, ઘી તથા મધ-આ સર્વ પદાર્થોસિવાયના બીજા ઉચ્છિષ્ટ પદાર્થો કોઇને આપવા નહિ,(જળ, દૂધપાક આદિ ઉચ્છિષ્ટ પદાર્થો પણ પોતાના પુત્રને તથા નાના ભાઇનેજ આપવાનું ધર્મશાસ્ત્રમાં કહ્યું છે.)[૯૯] હે મનુષ્યવ્યાઘ્ર રાજા! ભોજન કરતી વેળા મનમાં કોઇ જાતની શંકા કરવી નહિ અને પોતાનું કલ્યાણ ઇચ્છનારા પુરુષે ભોજનની અંતે દહીંનું અનુપાન કરવું નહિ. (પણ છાશનું અનુપાન કરવું.)[૧૦૦] ભોજન કરી લીધા પછી જમણા હાથવડે આચમન કરી જમણા પગનો અંગુઠો જળથી ધોઇ નાખવો અને પછી મસ્તક ઉપર હાથ રાખી એકાગ્ર ચિત્તે અગ્નિનું ધ્યાન કરવું. આ રીતે ભોજનપ્રયોગ કરવામાં કુશળ પુરુષ પોતાની જ્ઞાતિઓમાં શ્રેષ્ઠ થાય છે.[૧૦૨] વળી ભોજન કરી લીધા પછી નાસિકા, નેત્રો તથા કાનસહિત મુખનું પ્રક્ષાલન કરવું, બન્ને હાથને બરાબર ધોઇ નાખવા, નાભિમાં જળથી સ્પર્શ કરવો અને ભીના હાથે કદી ઉઠવું નહિ. (અર્થાત્ ભીના હાથને લૂછી નાખ્યા પછીજ ઉઠવું.)[૧૦૩] હે ભારત! અંગુઠાના મધ્યભાગમાં

બ્રાહ્મતીર્થ કહેવામાં આવ્યું છે અને કનિષ્ઠિકા (ટચલી આંગળી)ના પાછળના ભાગમાં દેવતીર્થ કહેવામાં આવે છે; માટે અંગુઠાનો મધ્યભાગ તથા તર્જનીનો મધ્યભાગ–એ બન્નેવડે વિધિપૂર્વક જળનો સ્પર્શ કરીને નિત્ય પિતૃઓનાં કર્મ કરવાં.[૧૦૪,૧૦૫] પોતાનું કલ્યાણ ઈચ્છનારા પુરુષે પારકી નિંદા કરવી નહિ, કદી અપ્રિય વચન બોલવું નહિ, કોઈને ક્રોધ ઉપજાવવો નહિ, પતિત પુરુષોની સાથે વાર્તાલાપ કરવો નહિ, પતિત મનુષ્યોનું દર્શન પણ કરવું નહિ અને પતિત મનુષ્યોનો સંસર્ગ પણ કરવો નહિ. એ રીતે વર્તવાથી લાંબું આયુષ્ય મેળવી શકાય છે;[૧૦૬,૧૦૭] તેમજ દિવસે મૈથુન કરવું નહિ અને કન્યા, વેશ્યા તથા જેને કદી ઋતુદર્શન થયુંજ ન હોય તેવી સ્ત્રીસાથે મૈથુન કરવું નહિ. તેથી લાંબુ આયુષ્ય મળે છે. તીર્થમાં જઈને હરકોઈ ધાર્મિક કાર્ય કરવાની તૈયારી કરવામાં આવે, ત્યારે તે તે તીર્થમાં પ્રથમ આચમન કરવું, તે પછી ત્રણ વાર જળનું પ્રાશન કરવું, બે વાર માર્જન કરીને સ્નાનાદિ શૌચક્રિયાઓ કરવી અને પછી સર્વ ઈંદ્રિયોને એક વાર જળથી સ્પર્શ કરીને ત્રણવાર જળથી પ્રોક્ષણ કરવું. આટલું કરીને વેદોક્ત વિધિ પ્રમાણે દેવકર્મ તથા પિતૃકર્મ કરવું.[૧૧૦]

હવે હે કુરુવંશી રાજા! બ્રાહ્મણોને માટે જે શૌચવિધિ કહેવામાં આવ્યો છે તેનું તું મારી પાસેથી શ્રવણ કર અને ભોજનના આદિમાં તથા અંતમાં જે પવિત્ર અને હિતકારક શૌચ કરવાનું છે, તેનું પણ તું શ્રવણ કર.[૧૧૧] બ્રાહ્મણે સર્વ શૌચકર્મોમાં બ્રાહ્મતીર્થથીજ જળનું આચમન કરવું; તેમજ થુંકીને તથા છીંક ખાઈને પણ જળનું આચમન કરવું; જેથી પવિત્ર થવાય છે.[૧૧૨] પોતાનો જે જ્ઞાતિજન વૃદ્ધ હોય અને જે મિત્ર દરિદ્ર હોય તેને પોતાના ઘરમાં વસાવવો; કેમકે તેથી ધન અને આયુષ્યની વૃદ્ધિ થાય છે.[૧૧૩] મનુષ્યે પોતાના ઘરમાં પારેવાં, પોપટ તથા મેના વગેરે પક્ષીઓને રાખવાં તે અભ્યુદયને માટેજ થઈ પડે છે; કેમકે તેવાં પક્ષીઓ ધનની વૃદ્ધિ કરનારાં હોઈને તૈલપાયિક (વડવાગુળ) આદિ પક્ષીઓની પેઠે અમાંગલિક નથી; પરંતુ આગીઆ, ગીધ, હોલા અને ભમરા વગેરે પક્ષીઓ જો ઘરમાં પેસી જાય તો શાંતિજ કરવી; કેમકે આ પક્ષીઓ અમાંગલિક ગણાય છે. વળી મનુષ્યે મહાત્માઓની નિંદા કરવી નહિ, મહાત્માઓનાં ગુહ્યકર્મોને કદી કહેવાં નહિ અને હે રાજેન્દ્ર! અગમ્ય સ્ત્રીઓ સાથે, રાજાની પત્ની સાથે, પોતાની મિત્ર બનેલી સ્ત્રીઓ સાથે, વૈદ્યોની સ્ત્રીઓ સાથે, બાળક તથા વૃદ્ધની સ્ત્રીઓ સાથે, પોતાના સેવકોની સ્ત્રીઓ સાથે, બંધુઓની સ્ત્રીઓ સાથે, બ્રાહ્મણોની સ્ત્રીઓ સાથે, શરણે આવેલાની સ્ત્રી સાથે તથા પોતાના સંબંધીઓની સ્ત્રીઓ સાથે કદી વ્યભિચાર કરવો નહિ; જેથી લાંબુ આયુષ્ય મેળવી શકાય છે. હે રાજા! પોતાનું કલ્યાણ ઈચ્છનારા બુદ્ધિમાન પુરુષે બ્રાહ્મણ તથા સુતારની સલાહ લઈને જે ઘર બંધાવ્યું હોય તેમાં સદાય નિવાસ કરવો; અને હે રાજન્! સાયંકાળે કદી સૂવું નહિ, સાયંકાળે કદી વિદ્યાભ્યાસ કરવો નહિ અને બુદ્ધિમાન પુરુષે સાયંકાળે કદી ભોજન પણ કરવું નહિ. એ રીતે વર્તવાથી મોટું આયુષ્ય મેળવી શકાય છે; તેમજ પોતાની આબાદી ઈચ્છનારા મનુષ્યે રાત્રિના સમયે પિતૃઓનાં કર્મ કરવાં નહિ, ભોજન કરી લીધા પછી કેશના સંસ્કાર (ઓળવા, તેલ ઘાલવું વગેરે) કરવા નહિ, રાત્રિના સમયે (ઘેર) માથાબોળ નહાવું નહિ; અને હે ભારત! રાત્રિના સમયે નિત્ય સાથવો ખાવો નહિ.[૧૧૪–૧૨૧] વળી રાત્રિના સમયે શરબત વગેરે પીણાં પીવાં નહિ; તેમજ ભોજન પછી પુષ્કળ પાણી પીવું નહિ અને રાત્રે ખૂબ તૃપ્ત થઈને ભોજન કરવું નહિ. (પણ અલ્પ આહાર કરવો.) બુદ્ધિમાન પુરુષે પોતે જાતે પક્ષીની હિંસા કરીને તેનું માંસ ખાવું નહિ અને જે કન્યા ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલી હોય, ઉત્તમ લક્ષણોવાળી હોય અને યોગ્યવયની હોય તેની સાથેજ પોતાનો વિવાહ કરવો યોગ્ય છે. પછી હે ભારત! તે સ્ત્રીમાં સંતાન ઉત્પન્ન કરીને પોતાના કુળને પ્રતિષ્ઠાવાળું

કરવું અને પોતાના પુત્રોને જ્ઞાનસંપન્ન તથા ઉત્તમ કુળધર્મવાળા વિદ્વાનો પાસે વિદ્યાભ્યાસ માટે મોકલવા; તેમજ જો કન્યા ઉત્પન્ન કરી હોય તો કોઈ બુદ્ધિમાન અને કુળવાન વરને અર્પણ કરવી.[૧૨૫] હે ભારત! પોતાના :પુત્રોને પણ કોઈ સત્કુળમાંથી કન્યા લાવીનેજ ગૃહસ્થાશ્રમમાં દાખલ કરવા અને નોકરો પણ કોઈ ઉત્તમ કુળમાંથીજ મેળવવા જ્યારે દેવોનું તથા પિતૃઓનું કર્મ કરવું હોય, ત્યારે માથાબોળ સ્નાન કરીનેજ કરવું; પણ હે ભારત! પોતે જે નક્ષત્રમાં જન્મ્યો હોય તે નક્ષત્રમાં, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા તથા કૃત્તિકા નક્ષત્રમાં દેવકાર્ય અથવા પિતૃકાર્ય કરવાં નહિ; તેમજ જે નક્ષત્રોને દારુણ* ગણવામાં આવ્યાં છે તે નક્ષત્રોનો તથા ×પ્રત્યરિ નક્ષત્રનો સર્વથા ત્યાગ કરવો અને જે પર્વોને જ્યોતિશાસ્ત્રમાં નિષિદ્ધ માનવામાં આવ્યાં છે તેઓનો પણ સર્વથા ત્યાગ કરવો. (અર્થાત્ તે તે દિવસે દેવપિતૃકાર્ય કરવાં નહિ.) હે રાજેન્દ્ર! અત્યંત સાવધાન રહેનારા પુરુષે, પૂર્વદિશા તરફ મુખ રાખીને અથવા ઉત્તરદિશા તરફ મુખ રાખીને શ્મશ્રુકર્મ (હજામત) કરાવવું, તેથી લાંબુ આયુષ્ય મળે છે.[૧૨૯] હે ભરતશ્રેષ્ઠ રાજા! પ્રત્યેક પુરુષે પારકી નિંદા અથવા પોતાની નિંદા કદી કરવી નહિ; કેમકે નિંદા કેવળ અધર્મજનકજ થાય છે, એમ શાસ્ત્રકારોએ કહેલું છે.[૧૩૦] હે મહાપુરુષ! જે કન્યા કોઈ ઓછા અંગવાળી હોય, પોતાના સમાન પ્રવરવાળી હોય, એકાદ અધિક અંગથી યુક્ત હોય અને પોતાની માતાના કુળમાં ઉત્પન્ન થયેલી હોય, તેનો ત્યાગ કરવો. (અર્થાત્ તેવી કન્યાસાથે વિવાહ કરવો નહિ.)[૧૩૧] વિચક્ષણ પુરુષે વૃદ્ધ સ્ત્રીનો, સંન્યાસિની સ્ત્રીનો, પોતાના કરતાં હીન વર્ણની સ્ત્રીનો, પોતાના કરતાં ઉત્તમ વર્ણની સ્ત્રીનો, અજાણ્યા કુળની સ્ત્રીનો તથા નીચકુળની સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો; (અર્થાત્ તેવી સ્ત્રીઓ સાથે કદી વ્યભિચાર કરવોનહિ) અને હે રાજા! તારે પણ પિંગળાવર્ણવાળી, કોઢના રોગવાળી, જે કુળમાં વાઈનો રોગ ઉતરીઆવ્યો હોય તે કુળમાં ઉત્પન્ન થયેલી, અત્યંત હીનવર્ણમાં ઉત્પન્ન થયેલી, ધોળા કોઢવાળા મનુષ્યોના કુળમાં ઉત્પન્ન થયેલી તથા ક્ષયરોગીઓના કુળમાં ઉત્પન્ન થયેલી કન્યાસાથે કદી વિવાહ કરવો નહિ;[૧૩૨–૩૪] પરંતુ જે કન્યા શુભ લક્ષણોથી યુક્ત હોઇને પ્રશંસાપાત્ર હોય, મનને ગમે તેવી હોય અને દેખાવડી હોય, તે કન્યાનેજ તારે પરણવી યોગ્ય છે.[૧૩૫] હે યુધિષ્ઠિર! પોતાની ઉન્નતિ ઇચ્છનારા પુરુષે કોઈ મોટા કુળમાં અથવા પોતાના સમાન કુળમાં વિવાહસંબંધ કરવો, પણ જે કન્યા અત્યંત નીચ કુળની હોય તથા ભ્રષ્ટ કુળની હોય, તેનો કદી સ્વીકાર કરવો નહિ.[૧૩૬] વિવાહસમયે વિધિપૂર્વક અગ્નિ ઉત્પન્ન કરીને શાસ્ત્રોક્ત સર્વ ક્રિયાઓ યત્નપૂર્વક કરવી અને વેદ તથા બ્રાહ્મણગ્રંથોમાં કહેવામાં આવેલી બીજી સર્વ ક્રિયાઓ પણ અવશ્ય કરવી.[૧૩૭] પુરુષે સ્ત્રીઓની કદી ઈર્ષ્યા કરવી નહિ પણ સર્વ પ્રકારે તેઓનું રક્ષણ કરવું; કેમકે સ્ત્રીઓની ઈર્ષ્યા કરવાથી આયુષ્યનો નાશ થાય છે, માટે ઇર્ષ્યાનો સર્વથા ત્યાગ કરવો.[૧૩૮] વળી દિવસે નિદ્રા કરવી અને સૂર્યોદય થઇ જાય ત્યાંસુધી સૂઇ રહેવું તે પણ આયુષ્યનો નાશ કરનાર છે. જે પુરુષો સાયંકાળના સમયે નિદ્રા કરે છે અથવા રાત્રે ઉચ્છિષ્ટ અવસ્થામાંજ સૂઇ જાય છે, તેઓ પણ પોતાના આયુષ્યનો નાશ કરે છે; માટે વિદ્વાન પુરુષો એ રીતે સૂઇ જતા નથી. વળી પારકી સ્ત્રીસાથે વ્યભિચાર કરવો અને વાળંદ પાસે હજામત કરાવીને ઉચ્છિષ્ટ રહેવું તે પણ આયુષ્યનો

---

* કૃત્તિકા, મઘા, રોહિણી, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, ઉત્તરાફાલ્ગુની તથા અનુરાધા–આ સર્વ નક્ષત્રો દારુણ ગણાય છે.

×ટીકાકાર નીલકંઠ લખે છે કે:–

“ स्वनक्षत्राद्दिननक्षत्रं यावद्गणयित्वा
नवभिर्भागे हृते पंचमी तारा प्रत्यरिः–”

અર્થાત્ પોતાના જન્મનક્ષત્રથી આરંભી જે દિવસે દેવપિતૃકાર્ય કરવું હોય તે દિવસના નક્ષત્રસુધી ગણતાં જે સંખ્યા આવે તેને નવથી ભાગતાં જો પાંચની સંખ્યા બાકી રહે તો એ દિનનક્ષત્ર પ્રત્યરિ કહેવાય છે.

નાશ કરે છે. હે ભારત! ખાસ લક્ષ્યમાં રાખવું કે, સાયંકાળે કદી અભ્યાસ કરવો નહિ, ભોજન કરવું નહિ, સ્નાન કરવું નહિ અને વેદાધ્યયન કરવું નહિ. તે સમયે સાવધાન થઈને પરમાત્માનું સ્મરણજ કરવું, પણ કોઇ જાતનું કર્મ કરવું નહિ. હે રાજા! પ્રતિદિન સ્નાન કર્યા પછી બ્રાહ્મણોનું પૂજન કરવું, દેવોને પ્રણામ કરવા અને ગુરુઓને વંદન કરવું.[૧૪૨] હે ભારત! જે સ્થળેથી નિમંત્રણ ન આવ્યું હોય તે સ્થળે કદી જવું નહિ. માત્ર યજ્ઞનાં દર્શન કરવાની ઇચ્છા હોય તોજ નિમંત્રણવિના જવામાં કંઇ હરકત નથી; પણ તે સિવાયના બીજા પ્રસંગે નિમંત્રણવિના જઈને અપમાન પામવું તે આયુષ્યનો નાશ કરનાર છે.[૧૪૩] પરદેશગમનપ્રસંગે તથા રાત્રિના સમયે કદી કોઇએ એકલા જવું નહિ અને પોતાના ગામમાં પણ સંધ્યાકાળની પહેલાંજ ઘરમાં દાખલ થઇ જવું.[૧૪૪] હે પુરુષશ્રેષ્ઠ! પોતાનાં માતાપિતા તથા ગુરુઓ જે કામ કરવાનું કહે તે હિતકર હોય કે અહિતકર હોય તોપણ અવશ્ય કરવું જોઇએ.[૧૪૫] હે રાજા! વેદનો, ધનુર્વેદનો, હાથી ઉપર સ્વારી કરવાનો, ઘોડેસ્વારી કરવાનો તથા રથમાં બેસીને વિહાર કરવાનો અવશ્ય અભ્યાસ કરવો. હે રાજેન્દ્ર! તું પ્રત્યેક કાર્યમાં યત્નશીલ થા, કેમકે યત્નશીલ મનુષ્ય સુખી થાય છે; એટલુંજ નહિ પરંતુ યત્નશીલ મનુષ્ય શત્રુઓ, સેવકો તથા સ્વજનોથી દુરાધર્ષ થઇ પડે છે.[૧૪૭] હે ભારત! જે રાજા! પ્રજાનું પાલન કરવામાં તત્પર રહે છે, તેને કોઇ જાતની હાનિ થતી નથી. વળી હે રાજા તારે યુક્તિશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર, તથા સંગીતશાસ્ત્ર અવશ્ય જાણવું જોઇએ; તેમજ પુરાણો, ઇતિહાસો, આખ્યાનો તથા મહાત્માઓનાં ચરિત્રો નિત્ય સાંભળવાં જોઇએ. પ્રત્યેક વિદ્વાન પુરુષે પોતાની રજસ્વલા સ્ત્રી પાસે જવું નહિ, તેમ તેની સાથે વાતચીત પણ કરવી નહિ; પરંતુ ચોથે દિવસે જ્યારે તે સ્નાન કરે, ત્યારે રાત્રિના સમયે તેની પાસે જવું. પોતાની સ્ત્રી રજસ્વલા થાય તે પછી પાંચમે દિવસે તેની પાસે ગમન કરવાથી સ્ત્રીગર્ભ રહે છે અને છઠ્ઠે દિવસે ગમન કરવાથી પુરુષગર્ભ રહે છે;[૧૪૮,૧૫૧] માટે પંડિત પુરુષે પૂર્વોક્ત વિધિથી પોતાની સ્ત્રી પાસે ગમન કરવું. હે રાજા! પ્રત્યેક મનુષ્યે પોતાના જ્ઞાતિજનોની, સંબંધીઓની તથા મિત્રોની સર્વ પ્રકારે પૂજા કરવી, પોતાની શક્તિપ્રમાણે વિવિધ દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને દેવોનું યજન કરવું અને પછી અરણ્યમાં જઇને વાનપ્રસ્થાશ્રમનું સેવન કરવું.

હે યુધિષ્ઠિર! એ પ્રમાણે મેં તને આયુષ્યની વૃદ્ધિ કરનારાં કર્મો સંક્ષેપમાં કહ્યાં. બાકીનાં બીજાં જે જે કર્મો આયુષ્યની વૃદ્ધિ કરનારાં છે તે તે સર્વને વેદ જાણનારા વૃદ્ધ પુરુષો પાસેથી તારે જાણી લેવાં.[૧૫૨-૪] વાસ્તવિક રીતે આચારજ મનુષ્યનું કલ્યાણ કરનારો છે, આચાર કીર્તિને વધારનારો છે, આચારથી આયુષ્ય વધે છે અને આચારજ અશુભ લક્ષણવાળા મનુષ્યનો નાશ કરે છે.[૧૫૫] સર્વ શાસ્ત્રોમાં પણ આચારનેજ શ્રેષ્ઠ કહેવામાં આવ્યો છે, ધર્મ પણ આચારથીજ ઉત્પન્ન થાય છે અને ધર્મનું પાલન કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે. આયુષ્યનું આખ્યાન કે જે યશને આપનારૂં છે, આયુષ્યની વૃદ્ધિ કરનારૂં છે અને સ્વર્ગમાં પહોંચાડનારૂં હોઇને કલ્યાણના મોટા સ્થાનરૂપ છે, તેને બ્રાહ્મણોએ સર્વ વર્ણોપર કૃપા કરીને કહ્યું છે.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
‘આયુષ્યાખ્યાન એ વિષયનો અધ્યાય
૧૦૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૫મો

નાના-મોટા ભાઈનું અન્યોન્યપ્રતિ વર્તન

॥ युधिष्ठिर उवाच ॥

यथा ज्येष्ठः कनिष्ठषु वर्तेत भरतर्षभ ।
कानेष्ठाश्च यथा ज्येष्ठे वर्तेरँस्तद्ब्रवीहि मे ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે ભરતશ્રેષ્ઠ પિતામહ! મોટાભાઇએ નાનાભાઈઓપ્રત્યે અને નાના ભાઇઓએ મોટાભાઇપ્રત્યે કેવી રીતે વર્તવું, તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:-“ હે તાત! તું પોતેજ તારા

ભાઈઓમાં સૌથી મોટો છે; માટે તું મોટાભાઈને યોગ્ય હોય તેવું વર્તન કર. હે ભારત ! પોતાના શિષ્ય તરફ ગુરુની જેવી ગૌરવવાળી વૃત્તિ હોય છે, તેવી વૃત્તિ તું તારા નાનાભાઇઓપ્રત્યે રાખ.[2] કોઈએક ગુરુ જો કુશળબુદ્ધિનો હોતો નથી તો તેનો શિષ્ય તેનાપ્રત્યે યોગ્ય વર્તન કરી શકતો નથી; માટે હે ભારત! ગુરુ જો દીર્ઘદર્શી હોય,તોજ તેનો શિષ્ય દીર્ઘદર્શી થઇ શકે છે.[3] મોટાભાઇએ કોઇ વેળા આંધળા થઇ જવાનો સમય આવે ત્યારે છતી આંખે આંધળા થઇ જવું--અર્થાત્ નાનાભાઇઓના અપરાધ તરફ લક્ષ્ય આપવું નહિ. કોઇવેળા જડ થવાનો સમય આવે ત્યારે જડ થઇ જવું અને કોઇ વેળા સમજુ થવાનો સમય આવે ત્યારે સમજુ પણ થઇ જવું. આ રીતે ભાઈઓમાં રહેલા દોષોનો ધીમે ધીમે પરિહાર કરીને પછી તેઓનામાં જે અપરાધ હોય તે તેઓને જણાવવો.[4] હે કુંતાપુત્ર ! કેટલાએક શત્રુ મનુષ્યો, પરસ્પર સંપીને રહેનારા નાના–મોટા ભાઇઓની સંપત્તિથી બળી જઇને, જ્યારે તેવો પ્રસંગ આવે છે ત્યારે તે ભાઇઓ વચ્ચે પ્રત્યક્ષ રીતે અંદર અંદર ભેદ પડાવે છે; કેમકે તેઓનાં હૃદય પારકો અભ્યુદય જોઇને ભેદાઇ જતાં હોય છે. મોટોભાઇ કુળની વૃદ્ધિ કરી શકે છે અને કુળનો વિનાશ પણ કરી શકે છે. જે કુળમાં મોટો ભાઈ અનીતિથી વર્તે છે, તે કુળનો એ મોટોભાઇજ સમૂળગો નાશ કરી નાખે છે.[6] જે મોટોભાઈ પોતાના નાના ભાઇઓપ્રત્યે કપટી વર્તન ચલાવે છે,તેને મોટો ભાઇ કહેવામાં આવતો નથી; એટલુંજ નહિ પણ તેવા મોટાભાઈને તેના પિતાની મિલ્કતમાંથી લેશમાત્ર ભાગ આપ્યાવિના રાજાઓએ શિક્ષા કરવી જોઇએ.[7] જે પુરુષ પોતે મોટો ભાઇ થઇને નાના ભાઈઓપ્રત્યે કપટથી વર્તે છે તે પુરુષ પાપી લોકમાં જાય છે, એમાં કંઇ સંશય નથી; અને તેવો પુરુષ,નેતરના પુષ્પની પેઠે પોતાના પિતાથી વ્યર્થજ ઉત્પન્ન થયો છે, એમ સમજવું.[8] જે કુળમાં સર્વ અનર્થોના મૂળકારણભૂત પાપી પુરુષ ઉત્પન્ન થાય છે,તે કુળમાં તે પુરુષ અપકીર્તિને ઉત્પન્ન કરે છે અને કીર્તિને ઢાંકી દે છે;[9] પણ સર્વ નાના ભાઇઓજ અનેક પ્રકારનાં દુષ્ટ કર્મ કરનારા હોય, તો તેઓ પોતાના પિતાની મિલ્કતના ભાગને યોગ્ય ગણતા નથી; માટે તેવે પ્રસંગે મોટા ભાઇએ, પિતાની મિલ્કતને નાના ભાઈઓને આપ્યા વિનાજ પોતાને સ્વાધીન કરી લેવી.[10] કોઇએક મોટો ભાઇ પોતાના પિતાની મિલ્કતમાંથી લેશમાત્ર ઉપયોગ કર્યાવિના કેવળ પોતાની જાતમહેનતથીજ ધન કમાઇ લાવે અથવા પરદેશમાં પ્રવાસ કરીને ધન એકઠું કરી લાવે, તેણે પોતાની ઈચ્છા ન હોય તો પોતે મેળવેલા ધનમાંથી નાના ભાઇઓને ભાગ આપવો નહિ.[11] જે ભાઈઓ, પોતાની હયાતીમાંજ અન્યોન્યથી જૂદા થયા ન હોય અને ભોજનાદિમાં પણ સમાન રીતેજ વર્તતા હોય, તેઓના પિતાએ પોતાની મિલ્કતમાંથી તેઓને વિષમ પુત્રભાગ કદી આપવો નહિ (અર્થાત્ પોતાની હયાતીમાં એકસાથે રહેલા પુત્રોને પિતાએ પોતાની મિલ્કતના સમાન ભાગ પાડી આપવા.)[12] કોઈએક મોટો ભાઈ સારાં કામ કરતો હોય કે નઠારાં કામ કરતો હોય, તોપણ તેના નાના ભાઇઓએ તેનું અપમાન કરવું નહિ; પણ પોતાના કુળની એક સ્ત્રી અથવા પોતાનો એક નાનો ભાઈ, જો નીચ કર્મ કરે, તો અવશ્ય તેનું કલ્યાણ થાય તે પ્રમાણેજ કરવું.[13] ધર્મવેત્તાઓ કહે છે કે, ધર્મજ સર્વના કલ્યાણરૂપ છે; માટે ધર્મની દૃષ્ટિએ દશ આચાર્યો કરતાં એક ઉપાધ્યાય શ્રેષ્ઠ છે, દશ ઉપાધ્યાયો કરતાં પિતા શ્રેષ્ઠ છે અને દશ પિતાઓ કરતાં અથવા આખી પૃથ્વીના કરતાં પણ માતા શ્રેષ્ઠ છે. ખરેખર, માતાસમાન કોઇ ગુરુ નથી.[14,15] આવા હેતુથીજ પ્રત્યેક મનુષ્ય, પોતાની માતાને સર્વના કરતાં અધિક માન આપે છે. હે ભારત ! પિતાના મરણ પછી મોટો ભાઇ પણ પિતાસમાન ગણાય છે;[16] માટે મોટાભાઇએ, નાનાભાઈઓને આજીવિકા આપવી જોઇએ તેમજ નાના ભાઈઓનું પાલન કરવું જોઇએ; અને નાનાભાઇઓએ પણ મોટાભાઇને નમતા ભજતા રહેવું જોઇએ અને મોટાભાઈની ઇચ્છાનુસારજ

વર્તવું જોઇએ.[17] વળી નાનાભાઇઓએ પોતાના મોટાભાઇને પિતાસમાન ગણીને તેની સમીપમાંજ જીવન ગાળવું જોઈએ. હે ભારત! માતાપિતા તો કેવળ શરીરનેજ ઉત્પન્ન કરી આપનારાં છે, પરંતુ પોતાના આચાર્યના શિક્ષણથી જે જન્મ પ્રાપ્ત થાય છે, તેજ ખરી રીતે અજર તથા અમર ગણાય છે; તેમજ હે ભરતશ્રેષ્ઠ! પોતાની મોટી બહેન પણ માતાસમાનજ ગણાય છે અને બાલ્યાવસ્થામાં પોતાના મોટાભાઈની સ્ત્રીનું ધાવણ ધાવીને જો મોટા થયા હોઈએ તો એ મોટાભાઇની સ્ત્રી પણ પોતાની માતાસમાન ગણાય છે.[18-20]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"જયેષ્ઠ-કનિષ્ઠ વર્તન" એ વિષય
નો અધ્યાય ૧૦૫ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૦૬ મો

ઉપવાસવિધિ

॥ युधिष्ठिर उवाच ॥

सर्वेषामेव वर्णानां म्लेच्छानां च पितामह ।
उपवासे मतिरियं कारणं च न विद्महे ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ! સર્વ વર્ણના મનુષ્યોને તથા મ્લેચ્છજાતિના લોકોને પણ ઉપવાસ કરવાની બુદ્ધિ થાય છે, તેમાં કારણ શું છે એ અમે જાણી શકતા નથી.[1] હે પિતામહ! અમે સાંભળ્યું છે કે, માત્ર બ્રાહ્મણોએ તથા ક્ષત્રિયોએજ ઉપવાસ આદિ નિયમોનું પાલન કરવું;છતાં તેથી ઇતર વર્ણના મનુષ્યોને ઉપવાસ કરીને શું કામ છે?[2] હે રાજા! નિયમો તથા ઉપવાસો, સર્વ વર્ણના મનુષ્યોને માટે છે કે શું? તે મને કહો. હે તાત! ઉપવાસ કરવામાં પરાયણ રહેનારો પુરુષ કયી ગતિને પામે છે? હે શ્રેષ્ઠ પુરુષ! ઉપવાસ પરમ પુણ્યરૂપ છે અને ઉપવાસ એક મુખ્ય કર્તવ્યરૂપ છે; પરંતુ ઉપવાસ કરીને મનુષ્ય કયું ફળ મેળવી શકે છે?[4] હે ભરતશ્રેષ્ઠ! કયું કર્મ કરવાથી મનુષ્ય અધર્મથી મુક્ત થાય છે અથવા કયું કર્મ કરીને મનુષ્ય ધર્મ સંપાદન કરી શકે છે? તેમજ શું કરવાથી સ્વર્ગનો તથા પુણ્યનો લાભ થાય છે?[5] હે રાજા! ઉપવાસ કરીને મનુષ્યે કયી વસ્તુનું દાન કરવું જોઇએ? અને જે ધર્મનું પાલન કરવાથી સર્વ પુરુષાર્થોને અનાયાસે પામી શકાય છે તે મને કહો.[6]

વૈશંપાયને કહ્યું:-ધર્મને જાણનારા કુંતાપુત્ર યુધિષ્ઠિરે, એ રીતે પૂછ્યું, એટલે ધર્મના તત્ત્વોને જાણનારા શાંતનુકુમાર ભીષ્મપિતામહે, ધર્મપુત્ર યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા માંડ્યું.[7]

ભીષ્મે કહ્યું:- હે રાજન્! ઉપવાસ કરવામાં જે શ્રેષ્ઠ ગુણો સમાયલા છે તે વિષે પૂર્વે મેં આ રીતે સાંભળ્યું છે.[8] હે ભારત! આ વેળા તેં જે પ્રશ્ન મને પૂછ્યો છે, તેજ પ્રશ્ન પૂર્વે તપોધન અંગિરાઋષિને મેં પૂછ્યો હતો.[9] હે ભરતશ્રેષ્ઠ રાજા! અગ્નિથી ઉત્પન્ન થયેલા ભગવાન અંગિરાઋષિને મેં આ વિષયનો જ્યારે પ્રશ્ન પૂછ્યો હતો, ત્યારે તેમણે પવિત્ર ઉપવાસ વિધિ મને કહ્યો હતો.[10]

અંગિરાએ કહ્યું:-"હે કુરુનંદન! બ્રાહ્મણો તથા ક્ષત્રિયોએ છેવટે ત્રણ રાત્રિસુધીના ઉપવાસ કરવા, એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. હે મહાપુરુષ! ગૃહસ્થાશ્રમસિવાયના બીજા કોઇ આશ્રમમાં છ રાત્રિના અથવા માત્ર એક દિવસનો ઉપવાસ કરવાનું પણ કહ્યું છે.[11] કેટલાએક વૈશ્યો તથા શૂદ્રો બે રાત્રિના અથવા ત્રણ રાત્રિના ઉપવાસ કરે છે, પણ તેઓને એ ઉપવાસનું ફળ મળતું નથી;[12] કેમકે વૈશ્યે તથા શૂદ્રે બે રાત્રિનાજ ઉપવાસ કરવા, એવો શાસ્ત્રવિધિ છે; પણ ધર્મને જાણનારા ધર્મદર્શી પુરુષોએ, વૈશ્યો તથા શૂદ્રોને માટે ત્રણ રાત્રિના ઉપવાસ કરવાનું કહ્યુંજ નથી.[13] જે બુદ્ધિમાન પુરુષ પાંચમ, છઠ અથવા પૂનેમને દિવસે એક વખત ભોજન કરીને મનને તથા ઇંદ્રિયોને વશ રાખે છે તે પુરુષ ક્ષમાવાન, રૂપસંપન્ન તથા શાસ્ત્રવેત્તા થાય છે, અને તે પુરુષ કદી સંતાનવિનાનો કે દરિદ્રી થતોજ નથી.[14,15] જે પુરુષ પાંચમ કે છઠને દિવસે ઉપવાસ કરીને દેવતાઓનું આરાધન કરે છે તે પુરુષ, પોતાના કુળમાં સૌથી મોટો થાય છે અને બ્રાહ્મણોને અ-

ન્નદાન આપનારો થઈ શકે છે, તેમજ હે કુરુવંશી રાજા! આઠમ તથા કૃષ્ણપક્ષની ચૌદશને દિવસે ઉપવાસ કરીને પુરુષ, રોગરહિત અને વીર્યવાન થાય છે. જે પુરુષ આખો માર્ગશીર્ષ માસનો એક વખત ભોજન કરે છે અને પોતાની શક્તિ પ્રમાણે બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તે પુરુષ સર્વ રોગોથી અને સર્વ પાપોથી મુક્ત થાય છે; તેમજ એ પુરુષ સર્વ કલ્યાણથી યુક્ત થાય છે, સર્વ ઔષધિઓને પ્રાપ્ત કરે છે, વ્યાધિઓથી રહિત થાય છે, વીર્યવાન થાય છે, ખેતીવાડીમાં સારો લાભ મેળવે છે, પુષ્કળ ધનવાન થાય છે અને ધાન્યવાન થાય છે.[૧૬–૧૯] હે કુંતાપુત્ર! જે પુરુષ પોષ મહિનામાં એક વખત ભોજન કરે છે, તે સુંદર, દેખાવડો અને યશસ્વી થાય છે.[૨૦] જે પુરુષ માઘ માસમાં નિયમિત રીતે એક ભોજન કરે છે, તે પુરુષ કોઈ શ્રીમંત કુળમાં જન્મ પામીને જ્ઞાતિસમુદાયમાં મોટાઇ પામે છે.[૨૧] જે પુરુષ ફાલ્ગુન માસમાં એક વખત ભોજન કરે છે, તે સ્ત્રીઓમાં વહાલો થઈ પડે છે અને સ્ત્રીઓ તેને વશ થાય છે.[૨૨] જે પુરુષ આખો ચૈત્ર મહિનો નિયમિત એક વખત ભોજન કરેછે તેનો સુવર્ણ, મણિઓ તથા મોતીઓથી ભરપૂર એવા કુળમાં જન્મ થાય છે.[૨૩] જે પુરુષ અથવા સ્ત્રી, ઇંદ્રિયોને વશ રાખીને આખો વૈશાખ મહિનો એક વખત ભોજન કરે છે તેની જ્ઞાતિમાં તે શ્રેષ્ઠ થાય છે.[૨૪] જે પુરુષ અથવા સ્ત્રી આખો જયેષ્ઠ માસ એક ભોજન કરે છે તેને શ્રેષ્ઠ એવું અતુલ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.[૨૫] જે પુરુષ તંદ્રાના ત્યાગપૂર્વક આખો અષાઢ મહિનો એક ભોજન કરે છે તે પુરુષ પુષ્કળ ધન, ધાન્ય તથા પુત્રવાળો થાય છે.[૨૬] જે પુરુષ ઇંદ્રિયોને નિયમમાં રાખી આખો શ્રાવણ મહિનો એક વખત ભોજન કરે છે, તેનો હરકોઇ સ્થળે મુખ્ય સ્થાનપર અભિષેક થાય છે અને પોતાના જ્ઞાતિજનોની તે વૃદ્ધિ કરે છે.[૨૭] જે પુરુષ ભાદ્રપદ માસમાં એક વખત ભોજન કરીને રહે છે તે પુરુષ પુષ્કળ ગાયોને તથા સ્થિર રહેનારા ઉજ્જવળ ઐશ્વર્યને પામે છે.[૨૮] જે પુરુષ આશ્વિનમાસમાં એક વખત ભોજન કરે છે તેને ચિત્તની શુદ્ધિ પ્રાપ્ત થાય છે, પુષ્કળ વાહનો મળે છે અને અનેક પુત્રો પ્રાપ્ત થાય છે;[૨૯] અને જે પુરુષ આખો કાર્તિક માસ એક વખત ભોજન કરે છે તે પુરુષ શૂરવીર થાય છે, પુષ્કળ સ્ત્રીઓવાળો થાય છે અને કીર્તિમાન થાય છે.[૩૦]

હે પુરુષવ્યાઘ્ર! એ પ્રમાણે મહિનાઓના સંબંધમાં મેં તને કહ્યું. હવે હે રાજા! તિથિઓના નિયમો પણ તું સાંભળ.[૩૧] હે ભારત! જે પુરુષ પખવાડીએ પખવાડીએ એક વખત ભોજન કરે છે, તેને પુષ્કળ ગાયો, અનેક પુત્રો તથા અનેક સ્ત્રીઓ પ્રાપ્ત થાય છે.[૩૨] જે પુરુષ બાર વર્ષપર્યંત પ્રત્યેક મહિનામાં ત્રણ રાત્રિના ઉપવાસ કરે છે, તેને ગણોના અધિપતિનું સ્થાન પ્રાપ્ત થાય છે, કે જે સ્થાન શત્રુઓરહિત છે અને નિર્દોષ છે.[૩૩] હે ભરતશ્રેષ્ઠ! પ્રવૃત્તિને અનુસરનારા પુરુષે, આ સર્વ નિયમો બાર વર્ષસુધી ધારણ કરવા.[૩૪] જે પુરુષ સાયંકાળે તથા પ્રાતઃકાળે ભોજન કરે છે અને તેની વચ્ચે જળનું પણ પાન કરતો નથી તેમજ નિત્ય અહિંસાપરાયણ રહીને અગ્નિમાં હોમ કરે છે, તે પુરુષ હે રાજા! છ વર્ષમાં સિદ્ધિને પામે છે, એમાં સંશય નથી. વળી એ રીતે વર્તનારા મનુષ્યને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે અને સર્વ પાપોથી રહિત થયેલો તે પુણ્યશાળી પુરુષ હજારો સ્ત્રીઓથી ભરપૂર અને નૃત્ય તથા ગાયનથી ગાજી રહેલા અપ્સરાઓના નિવાસસ્થાનમાં આનંદ કરે છે. વળી તે પુરુષ તપાવેલા સુવર્ણસમાન કાંતિવાળા વિમાનમાં બેસે છે અને એક હજાર વર્ષ પૂરાં થાય ત્યાંસુધી બ્રહ્મલોકમાં પૂજાય છે. તે પછી તેના પુણ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે આ લોકમાં આવીને તે પુરુષ મોટું માહાત્મ્ય પામે છે. જે પુરુષ એક વર્ષ પૂર્ણ થાય ત્યાંસુધી એક વખત ભોજન કરે છે, તેને અતિરાત્ર યજ્ઞનું ફળ મળે છે અને દશહજાર વર્ષપર્યંત સ્વર્ગમાં તે પૂજાય છે. તે પછી જ્યારે પુણ્યનો ક્ષય થાય છે ત્યારે આ લોકમાં આવીને તે પુરુષ મોટા માહાત્મ્યને પામે છે. જે પુરુષ એક વર્ષપર્યંત એક દિવસ ઉપવાસ કરીને બીજે દિવસે રાત્રે ભો-

જન કરે છે, અહિંસાપરાયણ રહે છે, નિત્ય સત્ય વાણી બોલે છે. અને ઇંદ્રિયોને વશ રાખે છે, તે પુરુષને વાજપેય યજ્ઞનું ફળ મળે છે અને તે દશહજાર વર્ષપર્યંત સ્વર્ગમાં પૂજાય છે. હે કુંતાપુત્ર! જે પુરુષ આખા વર્ષપર્યંત બે દિવસના ઉપવાસ કરી ત્રીજે દિવસે રાત્રે ભોજન કરે છે, તે પુરુષને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે અને ચક્રવાક જોડેલા વિમાનમાં બેસી સ્વર્ગલોકમાં જાય છે તથા ત્યાં ચાળીસહજાર વર્ષસુધી આનંદ કરે છે. હે રાજા! જે પુરુષ આખું વર્ષ પૂરૂં થાય ત્યાંસુધી ત્રણ દિવસના ઉપવાસો કરી ચોથે દિવસે રાત્રે ભોજન કરે છે, તે પુરુષને ગવામય યજ્ઞનું ફળ મળે છે અને તે પુરુષ હંસ તથા સારસથી જોડેલા વિમાનમાં બેસી સ્વર્ગમાં જાય છે અને ત્યાં પચાસહજાર વર્ષપર્યંત આનંદ કરે છે. વળી જે પુરુષ, મહિનાનું પ્રથમ પખવાડીઉં ઉપવાસી રહીને બીજા પખવાડીઆમાં ભોજન કરે છે અને એ રીતે આખું વર્ષ ગાળી કાઢે છે, તે પુરુષને છ મહિના અનશનવ્રત કર્યાનું ફળ મળે છે, એમ ભગવાન અંગિરાએ કહ્યું છે અને તે મનુષ્ય સાઠહજાર વર્ષપર્યંત સ્વર્ગલોકમાં નિવાસ કરે છે. તે ઉપરાંત હે રાજા! સ્વર્ગમાં જઇને તે પુરુષ જ્યારે નિદ્રાવશ થાય છે, ત્યારે વીણાઓ, વલ્લકીઓ અને વેણુઓ-વગેરે વાદિત્રોના મધુર શબ્દોથી તેને જાગ્રત કરવામાં આવે છે.[૩૫-૪૯] તેમજ હે તાત! જે પુરુષ પ્રત્યેક માસમાં કેવળ જળપાન કરીનેજ આખું વર્ષ ગાળી કાઢે છે, તે પુરુષને વિશ્વજિત્ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે અને તે પુરુષ સિંહ તથા વ્યાઘ્રથી જોડેલા રથમાં બેસીને સ્વર્ગમાં જાય છે અને ત્યાં સિત્તેરહજાર વર્ષપર્યંત આનંદ કરે છે.[૫૦,૫૧] હે નરવ્યાઘ્ર! એક મહિના ઉપરના ઉપવાસ કરવા, એ કંઇ શાસ્ત્રવિધિ નથી; પરંતુ હે પાર્થ! એ રીતે એક મહિના ઉપરાંત ઉપવાસ કરવા તેને ધર્મવેત્તાઓ અનશનનો વિધિ કહે છે.[૫૨] જે પુરુષ કોઇ પ્રકારે દુઃખી ન હોય અને સર્વ વ્યાધિઓથી રહિત હોય છતાં અનશનવ્રતનો સ્વીકાર કરે છે, તે પુરુષને પગલે પગલે યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે, એમાં કંઈ સંશય નથી;[૫૩] એટલુંજ નહિ પરંતુ હે રાજા! તેવો પુરુષ હંસથી જોડેલા વિમાનમાં બેસીને સ્વર્ગમાં જાય છે અને ત્યાં એક લાખ વર્ષપર્યંત આનંદ કરે છે.[૫૪] વળી તે પુરુષને અપ્સરાઓની સો કન્યાઓ આનંદ કરાવે છે; તેમજ જે પુરુષ કોઇ પ્રકારે દુઃખી હોઈને અથવા રોગી હોઇને અનશનવ્રતનો સ્વીકાર કરે છે, તે પુરુષ પણ એક હજાર હંસોથી જોડેલા વિમાનમાં બેસીને સ્વર્ગમાં જાય છે. અને ત્યાં એકલાખ વર્ષપર્યંત આનંદ કરે છે. વળી હે ભરતશ્રેષ્ઠ! તે પુરુષ સેંકડો સ્ત્રીઓથી ભરપૂર પ્રદેશમાં જઇને રમણ કરે છે અને જ્યારે નિદ્રાવશ થાય છે, ત્યારે કટિમેખલાઓ તથા ઝાંઝરોના ઝણઝણાટથી તેને જાગ્રત કરવામાં આવે છે.[૫૫-૫૭] જેમ ક્ષીણ થયેલા પુરુષને પોતાને પુષ્ટ કરનારા પદાર્થો પ્રિય થતા જોવામાં આવે છે, ઘાયલ પુરુષને પોતાનો ઘાવ રૂઝાવનારા પદાર્થો પ્રિય થતા જોવામાં આવે છે, રોગી મનુષ્યને ઔષધિનો સમુદાય પ્રિય થતો જોવામાં આવે છે, ક્રોધે ભરાયેલા મનુષ્યને કોઇએ કરેલું આશ્વાસન પ્રિય થઈ પડે છે અને એક દુઃખી મનુષ્યને ધન તથા માનથી પોતાનું દુઃખ દૂર કરવાનું પ્રિય થઈ પડે છે, તેમ સ્વર્ગનીજ ઈચ્છા રાખનારાને તથા સ્વર્ગનાંજ સુખમાં બુદ્ધિ રાખનારાને (હરકોઇ અવસ્થામાં પણ) તે તે પદાર્થો પસંદ આવતા નથી. (અર્થાત્ સ્વર્ગ મેળવવાની ઈચ્છાવાળો પુરુષ હરકોઇ અવસ્થામાં આવી પડીને પણ તજ્જન્ય દુઃખોને સહન કરતો કરતો માત્ર પોતાના તપમાંજ વૃદ્ધિ કર્યા કરે છે.) એ રીતે (સ્વર્ગકામનાથી પુષ્કળ તપશ્ચર્યાઓ કરીને) પવિત્ર થયેલો તે પુરુષ, અલંકારોથી વિભૂષિત થઇને સર્વ ઇચ્છિત વૈભવોથી યુક્ત અને સેંકડો સ્ત્રીઓથી વ્યાપ્ત સુવર્ણસમાન પ્રદીપ્ત વિમાનમાં બેસીને, (સ્વર્ગમાં) આનંદ કર્યા કરે છે.[૬૦] જે મનુષ્ય અનશન વ્રતનો સ્વીકાર કરીને દેહનો ત્યાગ કરે છે, તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઇને સ્વસ્થ થાય છે, સફળ સંકલ્પવાળો થાય છે, સુખી થાય છે અને પૂર્વોક્ત દિવ્ય ફળને પામે છે.[૬૧] વળી તે મનુષ્ય બાલ-

સૂર્યસમાન તેજસ્વી, સુવર્ણસમાન પ્રદીપ્ત, વૈદૂર્ય અને મોતીઓથી જડેલા, વીણા તથા મુરજવાદિત્રથી ગાજી રહેલા, પતાકાઓ અને દીવીઓથી વ્યાપ્ત થયેલા, દિવ્ય ઘંટડીઓના શબ્દથી ગાજી રહેલા અને હજારો સ્ત્રીઅનુચરોથી ભરપૂર જણાતા દિવ્ય વિમાનમાં સુખનો અનુભવ કરે છે.૬૨,૬૩ હે પાંડુપુત્ર ! એ પુરુષના શરીર ઉપર જેટલાં રુવાંટાંનાં છિદ્રો હોય છે તેટલાં હજાર વર્ષોપર્યંત સ્વર્ગમાં તે આનંદ કરે છે.૬૪ આવા હેતુથીજ કહેવાય છે કે, વેદ કરતાં શ્રેષ્ઠ એવું કોઇ શાસ્ત્ર નથી, માતાસમાન ગુરુ નથી, ધર્મના જેવો શ્રેષ્ઠ લાભ નથી અને અનશન કરતાં શ્રેષ્ઠ એવું કોઇ તપ નથી.૬૫ આ મનુષ્યલોકમાં તથા સ્વર્ગમાં બ્રાહ્મણો કરતાં ઉત્તમ પવિત્રકારક બીજું કંઈ છેજ નહિ, તેમ ઉપવાસસમાન બીજું કોઇ તપ નથી કે કર્મ નથી.૬૬ દેવતાઓ વિધિપૂર્વક ઉપવાસો કરીનેજ સ્વર્ગને પામ્યા છે અને ઋષિઓ પણ ઉપવાસો કરીનેજ ઉત્તમ સિદ્ધિને પામ્યા છે.૬૭ બુદ્ધિમાન વિશ્વામિત્રે દેવતાઓનાં હજારો વર્ષોપર્યંત એક વખત ભોજન કરીને ક્ષમાગુણને ધારણ કર્યો હતો,જેથી તેમને બ્રાહ્મણપણું પ્રાપ્ત થયું હતું;૬૮ તેમજ ચ્યવન, જમદગ્નિ, વસિષ્ઠ, ગાતમ અને ભૃગુ વગેરે સર્વ મહર્ષિઓ પણ ક્ષમાગુણને ધારણ કરનારા હોઇને ઉપવાસના પ્રભાવથીજ સ્વર્ગલોકને પામ્યા હતા.૬૯ આ ઉપવાસનો વિધિ, પૂર્વે અંગિરાઋષિએ સર્વ મહર્ષિઓને દર્શાવ્યો હતો; માટે જે પુરુષ આ ઉપવાસવિધિને બીજાની આગળ પ્રદર્શિત કરે છે, તેને કદી દુઃખ પ્રાપ્ત થતું નથી.૭૦ હે કુંતાપુત્ર ! મહર્ષિ અંગિરાએ જગતમાં ચાલુ કરેલા આ ઉપવાસવિધિનું જે પુરુષ નિત્ય અનુક્રમે શ્રવણપઠન કરે છે, તેનામાં લેશમાત્ર પાપ રહેતું નથી.૭૧ વળી તે પુરુષ સર્વ સંકર દોષોથી મુક્ત થાય છે, તેનું મન કદી વ્યાકુળ થતું નથી, તેને સર્વ પક્ષીઓના શબ્દનું જ્ઞાન થાય છે અને તે ઉત્તમ પુરુષ અવિનાશી કીર્તિને સંપાદન કરે છે.૭૨

અધ્યાય ૧૦૬ મો સમાપ્ત

અધ્યાય ૧૦૭ મો

ઉપવાસવિધિ (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

पितामहेन विधिवद्यज्ञाः प्रोक्ता महात्मना ।
गुणाश्चैषां यथातथ्यं प्रेत्य चेह च सर्वशः ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે પિતામહ ! આપ મહાત્માએ વિધિપૂર્વક યજ્ઞો કરવાવિષે કહ્યું અને આ લોકમાં તથા પરલોકમાં તે યજ્ઞોના જે જે ગુણો પ્રાપ્ત થાય છે તે પણ સર્વ યથાર્થ રીતે કહ્યા;૧ પરંતુ હે પિતામહ ! તેવા યજ્ઞો કોઈ દરિદ્ર પુરુષથી કદી થઈ શકે નહિ, કેમકે યજ્ઞો કરવામાં અનેક સાધનો તથા પુષ્કળ સામગ્રીઓ તૈયાર કરવી જોઈએ;૨ જેથી હે પિતામહ ! તેવા યજ્ઞો રાજાઓ તથા રાજપુત્રોથીજ થઇ શકે, પણ જે પુરુષો અલ્પ ધનવાળા હોય છે, ગુણહીન હોય છે, એકલા હોય છે અને મનુષ્યોની સહાયતાથી રહિત હોય છે, તેવા પુરુષોથી એ યજ્ઞો થઇ શકે નહિ;૩ માટે જે યજ્ઞ દરિદ્ર મનુષ્યથી પણ નિરંતર થઇ શકે અને જે યજ્ઞને અલ્પ ધનવાળા, નિર્ગુણ, એકલા તથા સહાયતાવિનાના પુરુષો પણ કરી શકે તેવો યજ્ઞ કયો છે, કે જેનું ફળ બીજા દ્રવ્યસાધ્ય યજ્ઞોના ફળ જેવુંજ હોય છે? તે મને કહો."૪

ભીષ્મે કહ્યું:– "હે યુધિષ્ઠિર ! ઉપવાસના ફળરૂપ આ યજ્ઞવિધિને અંગિરા ઋષિએ કહ્યો છે, જેનું ફળ બીજા દ્રવ્યસાધ્ય યજ્ઞોની સમાન હોય છે, તેનું તું શ્રવણ કર."

જે પુરુષ નિત્ય પ્રાતઃકાળે તથા સાયંકાળે ભોજન કરીને તેની વચ્ચે જળનું પણ પાન કરતો નથી, અહિંસાપરાયણ રહે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે તે પુરુષ માત્ર છ વર્ષમાંજ સિદ્ધ થાય છે, એમાં સંશય નથી;૫–૭ એટલુંજ નહિ પરંતુ તે પુરુષ તપાવેલા સુવર્ણસમાન કાંતિવાળું વિમાન મેળવે છે અને દેવાંગનાઓના નિવાસસ્થાનરૂપ નૃત્યો તથા ગીતોથી ગાજી રહેલા અને અગ્નિસમાન પ્રદીપ્ત પ્રજાપતિના લોકમાં એક પદ્મ (સો કરોડ) વર્ષપર્યંત નિવાસ કરે છે. જે પુરુષ ત્રણ વર્ષ-

પર્યંત એક વખત ભોજન કરે છે અને માત્ર પોતાની ધર્મપત્ની સાથેજ રતિક્રીડા કરે છે, તે પુરુષને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે અથવા તે પુરુષને પુષ્કળ સુવર્ણની દક્ષિણાવાળો તથા ઇંદ્રને પ્રિય એવો યજ્ઞ કર્યાનું ફળ મળે છે; અને તે પુરુષ સત્યનિષ્ઠ, દાનશીલ, બ્રાહ્મણભક્ત, અસૂયારહિત, ક્ષમાવાન, જિતેંદ્રિય તથા ક્રોધરહિત થઈને પરમ ગતિને પામે છે.[૮–૧૧] વળી તે પુરુષ બે પદ્મ વર્ષ પૂરાં થાય ત્યાંસુધી શ્વેત વાદળાંસમાન પ્રકાશવાળાં તથા હંસના ચિહ્નવાળા વિમાનમાં અપ્સરાઓની સાથે નિવાસ કરે છે.[૧૨] જે મનુષ્ય બાર મહિનાસુધી બીજે બીજે દિવસે એક વખત ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, નિત્ય અગ્નિહોત્રના કાર્યમાં પરાયણ રહે છે અને નિરંતર બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રતથાય છે તે મનુષ્યને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે,તેને હંસ તથા સારસોથી જોડેલા વિમાનનો લાભ થાય છે અને ઇંદ્રના લોકમાં સુંદર સ્ત્રીઓના સમુદાયમાં તે પુરુષ નિવાસ કરે છે. જે મનુષ્ય બાર મહિનાસુધી ત્રીજે ત્રીજે દિવસે એક વખત ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, અગ્નિહોત્રના કાર્યમાં સદાય તત્પર રહે છે અને નિત્ય બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રત થાય છે તે મનુષ્યને અતિરાત્ર યજ્ઞનું સર્વોત્તમ ફળ મળે છે. ઉપરાંત તે પુરુષ મયૂરો તથા હંસોથી જોડેલા વિમાનને પામે છે અને સપ્તર્ષિઓના લોકમાં ત્રણ પદ્મ વર્ષપર્યંત તે સમર્થ પુરુષ અપ્સરાઓની સાથે નિવાસ કરે છે. જે મનુષ્ય બાર માસપર્યંત ચોથે ચોથે દિવસે એક વખત ભોજન કરે છે અને નિરંતર અગ્નિમાં હોમ કરે છે, તે પુરુષને વાજપેય યજ્ઞનું સર્વોત્તમ ફળ પ્રાપ્ત થાય છે; ઉપરાંત તે મનુષ્ય ઇંદ્રની કન્યા જેમાં બેઠેલી હોય છે તેવા વિમાનને મેળવે છે, સમુદ્રની સમીપમાં આવેલા ઇંદ્રના લોકમાં નિવાસ કરે છે અને સદાકાળ દેવરાજની ક્રીડાને જોયા કરે છે. જે મનુષ્ય બાર માસપર્યંત પાંચમે પાંચમે દિવસે એક વખત ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, લોભવૃત્તિનો ત્યાગ કરે છે, સત્ય ભાષણ બોલે છે, બ્રાહ્મણોની ભક્તિ કરે છે, અહિંસામાં પરાયણ રહે છે, અસૂયા દોષનો ત્યાગ કરે છે અને કોઇ જાતનું પાપકર્મ કરતો નથી, તે મનુષ્ય દ્વાદશાહ યજ્ઞનું ફળ સંપાદન કરે છે; ઉપરાંત તે મનુષ્ય સુવર્ણની પેઠે પ્રકાશી રહેલા, હંસરૂપ ચિહ્નવાળા, સૂર્યોની પંક્તિસમાન પ્રકાશી રહેલા અને ઉજ્જવળ એવા દિવ્ય વિમાનરૂપ ગૃહમાં આરોહણ કરે છે અને ત્યાં એકાવન પદ્મ વર્ષપર્યંત સુખેથી નિવાસ કરે છે. જે મનુષ્ય બાર માસપર્યંત છઠ્ઠે છઠ્ઠે દિવસે મૌનવ્રત ધારણ કરીને એક વખત ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, સદાય ત્રિકાળ સ્નાન કરે છે, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે અને અસૂયા દોષનો ત્યાગ કરે છે, તે મનુષ્યને સર્વોત્તમ ગોમેધ યજ્ઞનું ફળ મળે છે. ઉપરાંત અગ્નિની જ્વાળાઓસમાન પ્રકાશી રહેલું, હંસો તથા મયૂરોથી સેવાયલું અને તદ્દન સુવર્ણથી મઢેલું ઉત્તમ વિમાન મળે છે તથા મનુષ્ય અપ્સરાઓના ખોળામાં નિદ્રાવશ થઇને તેઓના ઝાંઝરના ઝણઝણાટથી તથા કટિમેખલાઓના ખણખણાટથી જાગ્રત થાય છે;એટલુંજ નહિ પરંતુ તે મનુષ્ય બે મહાપદ્મ, અઢાર પદ્મ, તેર કરોડ અને પાંચ લાખ વર્ષપર્યંત તેમજ એક સો રીંછોના ચામડા ઉપર જેટલાં રુવાંટાં હોય તેટલાં વર્ષોપર્યંત બ્રહ્મલોકમાં પૂજાય છે. જે પુરુષ બાર માસપર્યંત સાતમે સાતમે દિવસે એક વખત ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, વાણીને નિયમમાં રાખે છે, બ્રહ્મચર્ય પાળે છે અને પુષ્પો, ચંદનાદિનાં વિલેપનો, મદિરા તથા માંસનો ત્યાગ કરે છે, તે પુરુષ મરુદ્ગણોના લોકમાં જઈને ઇંદ્રના લોકમાં જાય છે અને તે તે સર્વ લોકમાં સિદ્ધ મનોરથવાળો થઇને દેવોની કન્યાઓથી પૂજાય છે; એટલુંજ નહિ પરંતુ તે પુરુષને પુષ્કળ સુવર્ણની દક્ષિણાઓવાળા યજ્ઞો કર્યાનું ફળ મળે છે;અને અસંખ્ય વર્ષોપર્યંત તે તે દિવ્ય લોકોમાં તે પુરુષ આનંદ કરે છે. જે મનુષ્ય બાર માસપર્યંત આઠમે આઠમે દિવસે એક વખત ભોજન કરે છે, દેવોનાં કાર્યો કરવામાં તત્પર રહે

છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે તે મનુષ્યને પૌંડરીક નામના યજ્ઞનું સર્વોત્તમ ફળ મળે છે; તે ઉપરાંત તે મનુષ્ય કમળના વર્ણસમાન વર્ણવાળા વિમાનમાં બેસીને વિહાર કરે છે અને તેને શ્યામ વર્ણની, સુવર્ણસમાન ઉજ્જ્વળ વર્ણવાળી તથા સોળ સોળ વર્ષની સ્ત્રીઓ પ્રાપ્ત થાય છે; તેમજ બીજી વય, રૂપ તથા વિલાસવાળી સ્ત્રીઓનો લાભ થાય છે, એમાં સંશય નથી. જે મનુષ્ય બાર માસપર્યંત નવમે નવમે દિવસે એક વખત ભોજન કરે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે, તે મનુષ્યને એક હજાર અશ્વમેધ યજ્ઞોનું સર્વોત્તમ ફળ મળે છે; ઉપરાંત તેને ધોળા કમળસમાન રંગવાળું વિમાન પ્રાપ્ત થાય છે તથા તેને પ્રદીપ્ત સૂર્ય અને અગ્નિસમાન તેજવાળી તથા દિવ્ય માળાઓને ધારણ કરનારી રુદ્રની કન્યાઓ સનાતન અંતરિક્ષમાં લઈ જાય છે; તેમજ ત્યાં આવેલા રુદ્રના લોકમાં તે મનુષ્ય એક કલ્પ સો હજાર કરોડ અને અઢારહજાર વર્ષપર્યંત આનંદ કરે છે. જે પુરુષ બાર માસપર્યંત દશમે દશમે દિવસે એક વખત ભોજન કરે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે, તે પુરુષને એક હજાર અશ્વમેધ યજ્ઞોનું ફળ મળે છે; ઉપરાંત તે પુરુષને પ્રાણીમાત્રના મનનું હરણ કરનારા સરસ્વતીના સનાતન લોકમાં રૂપસંપન્ન કન્યાઓ રમાડે છે. વળી તે પુરુષને નીલકમળસમાન વર્ણોથી તથા લાલ ઉત્પલ જાતિનાં કમળસમાન વર્ણોથી શોભી રહેલું એક ઉત્તમ વિમાન કે જે ગોળાકારે ફરનારૂં હોય છે, આવર્ત (જળમાં પડતી ઘુમરી)ની પેઠે ગહન તથા આકુળ હોય છે અને સમુદ્રના તરંગોની પેઠે દીપી રહ્યું હોય છે, તે પ્રાપ્ત થાય છે; તેમજ વિચિત્ર મણિમાળાઓ તથા શંખના શબ્દોથી ગાજી રહેલા, સ્ફાટિકના તથા હીરાના થાંભલાઓથી યુક્ત, સુંદર વેદિકાવાળા તથા હંસો અને સારસોના શબ્દોથી નાદવાળા થયેલા બીજા એક મોટા વિમાનમાં બેસીને તે પુરુષ વિહાર કરે છે.[૩૬–૪૮] જે પુરુષ બાર માસપર્યંત અગીઆરમે અગીઆરમે દિવસે હવિષ્યાન્નનું ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, મન, વચન કે કર્મથી પણ પરસ્ત્રીની અભિલાષા રાખતો નથી અને માતાપિતાને માટે પણ અસત્ય ભાષણ બોલતો નથી, તે પુરુષ વિમાનમાં બેઠેલા મહાબળવાન મહાદેવ પાસે જાય છે; ઉપરાંત તે પુરુષને એકહજાર અશ્વમેધ યજ્ઞોનું સર્વોત્તમ ફળ મળે છે અને વિમાનમાં બેસીને પોતાની પાસે આવેલા સ્વયંભૂનાં દર્શન થાય છે. વળી તે પુરુષને સુવર્ણસમાન કાંતિવાળી રૂપસંપન્ન કુમારીઓ સ્વર્ગલોકમાં દિવ્ય અને મનોહર ગણાતા રુદ્રોના લોકમાં લઇ જાય છે અને ત્યાં પ્રલયકાળના અગ્નિસમાન કાંતિવાળો થઇને તે પુરુષ દેવો તથા દાનવોમાં માન્ય થયેલા રુદ્રદેવને અનંત કાળપર્યંત નિત્ય પ્રણામ કરે છે; તેમજ રુદ્રદેવ પણ તે પુરુષને પ્રતિદિન દર્શન આપે છે. જે પુરુષ બાર માસપર્યંત બારમે બારમે દિવસે હવિષ્યાન્નનું ભોજન કરે છે, તેને સર્વમેધ યજ્ઞનું ફળ મળે છે; ઉપરાંત બારમા સૂર્યસમાન પ્રદીપ્ત વિમાન તેને પ્રાપ્ત થાય છે; અને હે રાજન્! મહાકિંમતી મણિ, મોતી તથા પરવાળાંથી શોભી રહેલું, હંસોની કાંતિથી છવાઇ રહેલું, હાથીઓની પંક્તિથી વ્યાપ્ત, શબ્દ કરતા મયૂરો તથા ચક્રવાકોથી શોભી રહેલું, મોટી મોટી અટારીઓથી યુક્ત, બ્રહ્મલોકમાં પ્રતિષ્ઠા પામેલું અને સ્ત્રીઓ તથા પુરુષોથી ભરપૂર એવું એક દિવ્ય ગૃહ તે પુરુષને મળે છે, એમ ધર્મને જાણનારા મહાભાગ અંગિરાઋષિએ કહ્યું છે.[૪૯–૫૯] જે પુરુષ બાર માસપર્યંત તેરમે તેરમે દિવસે હવિષ્યાન્નનું ભોજન કરે છે, તે પુરુષને દેવસત્ર યજ્ઞનું ફળ મળે છે; ઉપરાંત રક્તપદ્મોદય નામના વિમાનને સંપાદન કરે છે, કે જે વિમાન તદ્દન સુવર્ણનું બનાવેલું હોય છે, અનેક રત્નોના જડતરકામથી શોભી રહેલું હોય છે, દેવોની કન્યાઓથી વ્યાપ્ત હોય છે, દિવ્ય અલંકારોથી સુશોભિત હોય છે, પવિત્ર ગંધને ફેલાવનારૂં હોય છે અને વાયુ અધિષ્ઠાયક દેવોથી શોભી રહેલું હોય છે. તે વિમાનમાં બે શંકુ (તે નામની સંખ્યા), બે મહાપદ્મ, યુગાંતકાળ, એક કલ્પ, એક પદ્મ, એક સમુદ્ર (તે

નામની સંખ્યા) અને તે ઉપરાંત હજારો વર્ષ પૂરાં થાય ત્યાંસુધી (અર્થાત્ અનંતકાળપર્યંત) તે પુરુષ નિવાસ કરે છે;[૬૩] એટલુંજ નહિ પરંતુ તે પુરુષને ગીતના, ગંધર્વોના, ભેરીઓના તથા પણવોના શબ્દોથી પ્રસન્ન કરવામાં આવે છે અને દેવોની કન્યાઓ તેની પૂજા કર્યા કરે છે. જે પુરુષ બાર માસપર્યંત ચૌદમે ચૌદમે દિવસે હવિષ્યાન્નનું ભોજન કરે છે, તે પુરુષને મહામેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે;[૬૫] ઉપરાંત અવર્ણ્ય વય તથા રૂપવાળી, સુંદર અલંકારોને ધારણ કરનારી અને તપાવીને શુદ્ધ કરેલા સુવર્ણના બાજુબંધોને ધારણ કરનારી દેવકન્યાઓ વિમાનોમાં બેસીને તેની પાસે આવે છે; અને તે પુરુષ જ્યાં જ્યાં નિદ્રાવશ થાય છે, ત્યાં ત્યાં કલહંસોના ધ્વનિઓથી, ઝાંઝરોના ઝણઝણાટથી તથા કટિમેખલાઓના ખણખણાટથી જાગ્રત થાય છે.[૬૭] વળી તે મનુષ્ય ગંગાના તટ ઉપર રહેલા રેતીના કણોજેટલાં વર્ષો પૂર્ણ થાય ત્યાંસુધી દેવકન્યાઓના નિવાસસ્થાનમાં રહે છે. જે પુરુષ બાર માસપર્યંત પખવાડીએ પખવાડીએ એક વખત ભોજન કરે છે, ઇંદ્રિયોને વશ રાખે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે, તે પુરુષને એક હજાર રાજસૂયયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે; ઉપરાંત તે પુરુષ હંસો તથા મયૂરોથી સેવાયલા દિવ્ય વિમાનમાં બેસીને વિહાર કરે છે, કે જે વિમાન મણિઓના સમુદાયોથી અદ્ભુત હોય છે, સુવર્ણનાં પતરાંથી મઢેલું, દિવ્ય અલંકારોની શોભાથી તથા સુંદર સ્ત્રીઓથી સુશોભિત, માત્ર એકજ સ્તંભવાળું, ચાર દ્વારવાળું, સાત માળવાળું, અત્યંત માંગલિક, હજારો ધ્વજાપતાકાઓથી શોભી રહેલું, ગીતના શબ્દોથી ગાજીરહેલું તથા દિવ્ય હોઈને દિવ્યગુણોવાળું હોયછે. તે વિમાનમાં એક હજાર યુગપર્યંત તે પુરુષ વસે છે અને ગેંડા તથા હાથીઓ ઉપર બેસીને તે પુરુષ સર્વત્ર વિચરે છે. જે પુરુષ બાર માસપર્યંત સોળમે સોળમે દિવસે ભોજન કરે છે, તે પુરુષને સોમયજ્ઞનું ફળ મળે છે અને તે પુરુષ સોમકન્યાઓનાં નિવાસસ્થાનોમાં નિત્ય નિવાસ કરે છે;[૭૫] ઉપરાંત શરીરે સૌમ્યગંધવાળા પદાર્થોનું વિલેપન કરીને તે પુરુષ પોતાની ઇચ્છાનુસાર સર્વત્ર જઈ શકે છે, સુંદર તથા મધુર દેખાવની અનેક સ્ત્રીઓ તેની પૂજા કરે છે અને વિમાનમાં બેઠેલા તે પુરુષને સર્વ ઇચ્છિત ભોગવૈભવો પ્રાપ્ત થાય છે. આ રીતે એ પુરુષ સો પદ્મ અને દશ મહાકલ્પસુધી એ દિવ્ય ફળને ભોગવે છે અને ચાર આવર્તનો સિદ્ધ કરે છે. જે પુરુષ બાર માસપર્યંત સત્તરમે સત્તરમે દિવસે એક વખત ભોજન કરે છે અને અગ્નિમાં નિત્ય હોમ કરે છે, તે પુરુષ પ્રથમ વરુણના, ઇંદ્રના, રુદ્રના, વાયુના તથા શુક્રના સ્થાનમાં જાય છે અને છેવટે બ્રહ્મલોકમાં જાય છે. ત્યાં દેવોની કન્યાઓ આસન આપીને તેની સેવામાં હાજર થાય છે. વળી તે પુરુષને ભૂર્, ભુવર્ તથા દેવર્ષિરૂપ વિશ્વમય ભગવાનનાં દર્શન થાય છે અને તે દેવાધિદેવની બત્રીસ કુમારીઓ કે જેઓ સુંદર રૂપને ધારણ કરનારી, મધુર ભાષણ બોલનારી તથા વસ્ત્રાલંકારોથી સુશોભિત હોય છે તેઓ તે પુરુષને રમાડે છે. વળી હે રાજા! જ્યાંસુધી ચંદ્ર તથા સૂર્ય આકાશમાં વિચર્યા કરે છે, ત્યાંસુધી એ ધીર પુરુષ સુધા તથા અમૃતના રસનું ભોજન કરતો કરતો બ્રહ્મલોકમાં વિચર્યા કરે છે. જે પુરુષ બાર માસપર્યંત અઢારમે અઢારમે દિવસે એક વખત ભોજન કરે છે, તે દેવતાઓના સાતે લોકને જોઈ શકે છે અને તે પુરુષ એ પ્રત્યેક લોકમાં જ્યારે ગમન કરે છે, ત્યારે સુંદર ગર્જના કરનારા અનેક રથો તેની પાછળ પાછળ ચાલે છે, કે જે રથો અત્યંત તેજસ્વી અને સારી રીતે શણગારેલા હોય છે અને જે રથોમાં દેવકન્યાઓ બેઠેલી હોય છે. વળી તે પુરુષ વ્યાઘ્ર તથા સિંહોથી જોડેલા અને મેઘસમાન ગર્જના કરનારા ઉત્તમ દિવ્ય વિમાનમાં અત્યંત સુખપૂર્વક બેસીને સર્વત્ર વિચરે છે; તેમજ એકહજાર કલ્પપર્યંત દેવકન્યાઓ સાથે આનંદ કરે છે; તથા અમૃતસરખા ઉત્તમ સુધારસનું ભોજન કરે છે. જે પુરુષ બાર માસપર્યંત ઓગણીસમે ઓગણીસમે દિવસે એક વખત ભોજન કરે છે, તેને પણ દેવતાઓના સાતે લોકનાં દર્શન થાય છે

અને અપ્સરાઓના સમુદાયોથી સેવાયેલું શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થાય છે; ઉપરાંત તે પુરુષને ગંધર્વોનાં ગાયનોથી ગાજી રહેલું તથા સૂર્યસમાન તેજસ્વી એવું એક વિમાન મળે છે અને તે વિમાનમાં ઉત્તમ દેવાંગનાઓની સાથે તે પુરુષ સંતાપથી રહિત થઇને આનંદ કરે છે; તેમજ દિવ્ય વસ્ત્રો ધારણ કરી લાખો વર્ષોપર્યંત શોભાયમાન રહે છે. જે પુરુષ બાર માસપર્યંત વીસમે વીસમે દિવસે એક વખત ભોજન કરે છે, સત્ય ભાષણ બોલે છે, વ્રતોને ધારણ કરે છે, માંસાહારનો ત્યાગ કરે છે, બ્રહ્મચારી રહે છે અને પ્રાણીમાત્રનું હિત કરવામાં આસક્ત રહે છે, તે પુરુષને આદિત્યદેવોના સુંદર અને વિશાળ લોક પ્રાપ્ત થાય છે. તે લોકમાં એ પુરુષની પાછળ પાછળ દિવ્ય માળાઓ તથા દિવ્ય વિલેપનોને ધારણ કરનારા ગંધર્વો, અપ્સરાઓ તથા સુવર્ણનાં સુંદર વિમાનો ચાલ્યા કરે છે. જે પુરુષ બાર માસપર્યંત એકવીસમે એકવીસમે દિવસે એક વખત ભોજન કરે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે, તે પુરુષ શુક્રના તથા ઇંદ્રના દિવ્ય લોકમાં જાય છે, અશ્વિનીકુમારો તથા મરુદ્‌ગણોનાં સુખો ભોગવવામાં સદાય આસક્ત થાય છે, દુઃખોના અનુભવથી અજ્ઞાત રહે છે, ઉત્તમ વિમાનમાં બેસે છે, ઉત્તમ સ્ત્રીઓ તેની સેવા કરે છે અને તે સમર્થ પુરુષ દેવની પેઠે ક્રીડા કરે છે. જે પુરુષ બારમાસપર્યંત બાવીસમે બાવીસમે દિવસે એક વખત ભોજન કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે, અહિંસાપરાયણ રહે છે, સત્ય વાણી બોલે છે અને અસૂયાદોષનો ત્યાગ કરેછે તેબુદ્ધિમાનપુરુષ સૂર્યસમાન તેજસ્વીથઇને વસુઓના લોકને પામે અને ત્યાં પોતાની ઈચ્છાનુસાર સર્વત્ર વિચર્યા કરે છે, અમૃતનો આહાર કરે છે, ઉત્તમ વિમાનમાં બેસે છે અને દિવ્ય અલંકારોથી વિભૂષિત થઇને દેવોની કન્યાઓ સાથે રમણ કર્યા કરે છે. જે પુરુષ બાર માસપર્યંત ત્રેવીસમે ત્રેવીસમે દિવસે એક વખત અમુક માપસર ભોજન કરે છે અને ઇંદ્રિયોને વશ રાખે છે, તે પુરુષ વાયુના, શુક્રના તથા રુદ્રના લોકમાં જાય છે અને ત્યાં પોતાની ઈચ્છાનુસાર વિહાર કરે છે, ઇચ્છાનુસાર સર્વત્ર ગમન કરે છે, અપ્સરાઓના સમુદાયોથી પૂજાય છે, અનેક યુગોસુધી ઉત્તમ વિમાનમાં બેસે છે અને દિવ્ય અલંકારોથી શોભાયમાન થઈ દેવોની કન્યાઓ સાથે આનંદ કરે છે. જે પુરુષ બાર માસપર્યંત ચોવીસમે ચોવીસમે દિવસે હ.વિષ્યાન્નનું ભોજન કરે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે, તે પુરુષ આદિત્યોના લોકમાં લાંબા કાળપર્યંત પ્રસન્ન થઇને રહે છે અને ત્યાં દિવ્ય માળાઓ તથા દિવ્ય વસ્ત્રોને ધારણ કરે છે, દિવ્ય સુગંધી ચંદનોનું વિલેપન કરે છે અને હંસોથી જોડેલા સુવર્ણના સુંદર દિવ્ય વિમાનમાં લાખો દેવકન્યાઓની સાથે આનંદ કરે છે. જે પુરુષ બાર માસપર્યંત પચીસમે પચીસમે દિવસે એક વખત ભોજન કરે છે તે પુરુષ નિરંતર ‘પુષ્કલ’ નામના વિમાનમાં બેસીને વિહાર કર્યા કરે છે. વળી દેવલોકમાં સિંહ તથા વ્યાઘ્ર જોડેલા, મેઘની ગર્જના સમાન ગર્જના કરનારા, કાનને પ્રિયલાગે તેવો શબ્દ કરનારા અને જેમાં દેવકન્યાઓ બેઠેલી હોય છે તેવા તથા સુવર્ણના હોઇને અત્યંત પ્રકાશી રહેલા સુંદર રથો તે પુરુષની પાછળ પાછળ ચાલે છે; અને તે લોકમાં અતિ મનોહર ઉત્તમ વિમાનમાં બેસીને તે પુરુષ એક હજાર કલ્પપર્યંત સેંકડો સ્ત્રીઓની સાથે નિવાસ કરે છે; ઉપરાંત અમૃતસમાન ઉત્તમ સુધારસનું ભોજન કરીને જીવન ગાળે છે. જે પુરુષ બાર માસપર્યંત છવ્વીસમે છવ્વીસમે દિવસે એક વખત નિયમિત આહાર કરે છે, નિત્ય નિયમનિષ્ઠ રહે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, રાગદ્વેષનો ત્યાગ કરે છે અને નિત્ય અગ્નિમાં હોમ કરે છે, તે મહાભાગ પુરુષ અપ્સરાઓના સમુદાયોથી પૂજાતો પૂજાતો સાત વાયુઓના તથા વસુઓના લોકોને પામે છે અને ત્યાં દિવ્ય તેજથી યુક્ત થઇને તથા સર્વ રત્નોથી શોભી રહેલાં અને સ્ફટિકમણિથી બનાવેલાં દિવ્ય વિમાનોમાં બેસીને ગંધર્વો તથા અપ્સરાઓથી પૂજાતો પૂજાતો દેવતાઓના બે હજાર યુગપર્યંત આનંદ કરે છે. જે પુરુષ બા-

ર માસપર્યંત સત્તાવીસમે સત્તાવીસમે દિવસે એક વખત ભોજન કરે છે, તેને દેવલોકમાં મહાન ફળ મળે છે, તેની સર્વત્ર પૂજા થાય છે અને તે દેવલોકમાં વસીને એ પુરુષ અમૃતના આહારથી તૃષ્ણારહિત થઇને આનંદ કર્યા કરે છે. વળી હે રાજા ! તે પુરુષ રાજર્ષિઓએ આચરેલા દેવર્ષિઓના ચરિત્રનું સેવન કરે છે, દિવ્યાત્મા થઇને નિવાસ કરે છે, ઉત્તમ વિમાનમાં બેસે છે, સુંદર સ્ત્રીઓ સાથે મદોત્કટ થઇને રમણ કરે છે અને ત્રણહજાર યુગકલ્પસુધી તે પુરુષ દેવલોકમાં સુખેથી રહે છે. જે પુરુષ બાર માસપર્યંત અઠ્ઠાવીસમે અઠ્ઠાવીસમે દિવસે એક વખત ભોજન કરે છે, મનને વશ રાખે છે અને ઇંદ્રિયોને જીતે છે, તે પુરુષને દેવર્ષિઓને પ્રાપ્ત થનારૂં મહાન ફળ મળે છે; ઉપરાંત સર્વ ભોગવૈભવોને પ્રાપ્ત કરી તે પુરુષ પ્રદીપ્ત સૂર્યની પેઠે તેજથી પ્રકાશમાન થાય છે અને લાખો કલ્પ વર્ષપર્યંત સૂર્યસમાન તેજસ્વી તથા સર્વત્ર ઇચ્છાનુસાર ગતિ કરનારા સુંદર દિવ્ય વિમાનમાં પુષ્ટ સ્તન, ઉરુ તથા જઘનવાળી, દિવ્ય અલંકારોથી શોભી રહેલી અને પ્રદીપ્ત કાંતિવાળી સુકુમાર સ્ત્રીઓ, તે પુરુષને આનંદ કરાવે છે. જે પુરુષ બાર માસપર્યંત ઓગણત્રીસમે ઓગણત્રીસમે દિવસે એક વખત ભોજન કરે છે અને સત્યવ્રતમાં પરાયણ રહે છે, તે પુરુષને દેવર્ષિઓએ તથા રાજર્ષિઓએ માન્ય કરેલા ઉત્તમ દિવ્ય લોક પ્રાપ્ત થાય છે; તેમજ સૂર્ય તથા ચંદ્રસમાન કાંતિવાળું, તદ્દન સુવર્ણથી બનેલું, સર્વ રત્નોના જડતરકામથી યુક્ત, અપ્સરાઓના સમુદાયોથી ભરપૂર અને ગંધર્વોનાં ગાયનોથી ગાજી રહેલું દિવ્ય વિમાન મળેછે;તેમજ તે વિમાનમાં દિવ્ય અલંકારોથી શોભી રહેલી, મનને પ્રિય થઇ પડે તેવી, મધુર દેખાવની તથા મદોત્કટ સુંદર સ્ત્રીઓ એ પુરુષને રમણ કરાવે છે. વળી તે પુરુષ સર્વ ભોગવૈભવોથી યુક્ત થાય છે, તેજથી યુક્ત થઇને અગ્નિસમાન પ્રભાવાળો થાય છે, દિવ્ય શરીર ધારણ કરી દિવ્ય દેવતાની પેઠે પ્રકાશમાન થાય છે અને વસુઓના, મરુદ્ગણોના, સાધ્યોના, અશ્વિનીકુમારોના તથા રુદ્રોના લોકમાં જઇને છેવટે બ્રહ્મલોકમાં જાય છે; પણ જે પુરુષ બાર માસપર્યંત મહિને મહિને એક વખત ભોજન કરે છે અને શમગુણને ધારણ કરે છે તે પુરુષ બ્રહ્મલોકને પામે છે અને ત્યાં સુધાના રસનો આહાર કરે છે, શ્રીમાન થાય છે, સર્વના મનને હરણ કરનારો થાય છે, તેજથી, શરીરથી તથા શોભાથી સૂર્યની પેઠે પ્રકાશે છે, દિવ્ય માળાઓ, વસ્ત્રો તથા અંગરાગોને ધારણ કરે છે, સુખો ભોગવવામાં આસક્ત થાય છે, ભોગવાન થાય છે, દુઃખોના અનુભવથી અજ્ઞાત રહે છે, સ્વાભાવિક કાંતિવાળી સ્ત્રીઓની સાથે વિમાનમાં બેસીને સર્વત્ર પૂજાય છે, રુદ્રો તથા દેવર્ષિઓની કન્યાઓ કે જેઓ અનેક પ્રકારના સુંદર રૂપવાળી, અનેક પ્રકારના અંગરાગોને ધારણ કરનારી, અનેક પ્રકારની મધુર વાણી બોલનારી અને વિવિધ પ્રકારે રતિક્રીડા કરી જાણનારી હોય છે, તેઓ પણ નિરંતર તેનું પૂજન કરે છે; અને તે પુરુષ ગગનમંડળસમાન વિશાળ આકૃતિવાળા, સૂર્ય તથા વૈડૂર્યમણિસમાન પ્રકાશવાળા, પાછળના ભાગમાં ચંદ્રસમાન પ્રકાશવાળા, આગળના ભાગમાં વાદળસમાન કાંતિવાળા, જમણી બાજુ લાલ કાંતિવાળા, નીચેના ભાગમાં લીલી કાંતિવાળા અને ઉપરના ભાગમાં રંગબેરંગી કાંતિવાળા વિમાનમાં અનેક દાસદાસીઓ સાથે નિવાસ કરે છે. જેટલા હજાર વર્ષોપર્યંત જંબૂદ્વીપમાં વરસાદ વરસે છે તેટલા હજાર વર્ષોપર્યંત એ બુદ્ધિમાન પુરુષ બ્રહ્મલોકમાં વસે છે,તેમજ વર્ષાઋતુમાં આકાશમાંથી જેટલા જળબિંદુઓ પૃથ્વીપર પડે છે, તેટલાં વર્ષોપર્યંત દેવસમાન કાંતિવાળો તે પુરુષ બ્રહ્મલોકમાં નિવાસ કરે છે. વળી જે પુરુષ દશ દશ વર્ષે એક એક મહિનાના ઉપવાસ કરે છે, તે પુરુષ મહર્ષિપણું પ્રાપ્ત કરીને એના એજ શરીરથી ઉત્તમ સ્વર્ગલોકમાં જાય છે.

એ રીતે હે રાજન્ ! જે પુરુષ પૂર્વોક્ત અનેક નિયમો ધારણ કરીને તે તે નિયમાનુસાર ભોજન કરે છે, મૌનવ્રત ધારણ કરે છે, ઇંદ્રિયોનો

નિગ્રહ કરે છે, ક્રોધને જીતે છે, લિંગ તથા ઉદરના વેગનો નિરોધ કરે છે, નિત્ય અગ્નિમાં હોમ કરે છે અને સંધ્યોપાસનનું સેવન કરે છે, તે પુરુષ સર્વ પ્રકારે પવિત્ર થઈને આકાશની પેઠે નિઃસંગ વૃત્તિવાળો થાય છે, સૂર્યની પેઠે કાંતિમાન થાય છે અને પોતાના તેજ શરીરથી સ્વર્ગલોકમાં જઈને પોતાની ઇચ્છાનુસાર પુણ્યનો ઉપભોગ કરે છે. એ પ્રમાણે હે ભરતશ્રેષ્ઠ ! ઉપવાસનો ઉત્તમ વિધિ તથા ઉપવાસનાં ફળ મેં તને અનુક્રમે કહ્યાં. હે પાર્થ ! દરિદ્ર મનુષ્યો પણ એ ઉપવાસો કરીને યજ્ઞનાં ફળને પામી શકે છે.[૭૬-૧૪૧] હે ભરતસત્તમ ! જે પુરુષ દેવો તથા બ્રાહ્મણોની પૂજા કરવામાં પરાયણ રહીને પૂર્વોક્ત ઉપવાસો કરે છે, તેને પરમ ગતિ પ્રાપ્ત થાય છે.[૧૪૨] હે ભારત ! આ ઉપવાસનો વિધિ મેં તને વિસ્તારથી કહ્યો. હવે જે મહાત્માઓ નિયમનિષ્ઠ હોઈને પ્રમાદરહિત, બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવનારા, દંભ તથા દ્રોહનો ત્યાગ કરનારા, બુદ્ધિસંપન્ન, પોતાના નિશ્ચયમાં અડગ રહેનારા અને ગમે તેવા પ્રસંગમાં પણ નિષ્કંપવૃત્તિ ધારણ કરનારા હોયછે, તેઓના સંબંધમાં પૂર્વોક્ત ઉપવાસના સંભવવિષે તારે લેશમાત્ર સંશય કરવો નહિ.[૧૪૩,૧૪૪]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "ઉપવાસવિધિ" એ વિષયનો અધ્યાય ૧૦૭મો સમાપ્ત

અધ્યાય ૧૦૮ મો

બાહ્યાભ્યંતર તીર્થો

॥ युधिष्ठिर उवाच ॥
यद्वरं सर्वतीर्थानां तन्मे ब्रूहि पितामह ।
यत्र चैव परं शौचं तन्मे व्याख्यातुमर्हसि ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે પિતામહ ! સર્વ તીર્થોમાં જે શ્રેષ્ઠ તીર્થ હોય અને જે તીર્થ પરમ પવિત્રતાવાળું હોય તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:–"વાસ્તવિક રીતે સર્વ તીર્થો ગુણસંપન્નજ હોય છે; પરંતુ જે તીર્થને વિદ્વાનો પરમ પવિત્ર કહે છે. તે તીર્થ તું મારી પાસેથી સાવધાન થઈને સાંભળ.[૨] મનુષ્યે સનાતન સત્વનો (સાત્વિક વૃત્તિનો) આશ્રય કરીને અગાધ, નિર્મળ, પવિત્ર, સત્યરૂપી જળવાળા અને ધૈર્યરૂપી ધરાવાળા માનસતીર્થમાં સ્નાન કરવું જોઈએ; તેમજ અયાચક વૃત્તિ ધારણકરવી, સરળતા રાખવી, સત્ય વચન બોલવું, સૌમ્યવૃત્તિ ધારણ કરવી, પ્રાણીમાત્રની હિંસા ન કરવી, સર્વનાપર દયા રાખવી, બાહ્ય ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તથા આભ્યંતર ઇંદ્રિયોને વશ રાખવી, એ પણ પવિત્ર તીર્થરૂપ ગણાય છે. જે પુરુષો મમતાનો, અહંકારનો, સુખદુ:ખાદિ અથવા રાગદ્વેષાદિ દ્વંદ્વોનો તથા સ્ત્રીપુત્રાદિ પરિગ્રહનો ત્યાગ કરીને નિત્ય ભિક્ષાન્નનું ભોજન કરે છે, તે પવિત્ર પુરુષો પણ તીર્થરૂપ ગણાય છે;[૫] તેમજ જે પુરુષ તત્ત્વવેત્તા હોઈને અહંકારબુદ્ધિથી રહિત હોય છે, તે પુરુષ પણ ઉત્તમ તીર્થ કહેવાય છે. હે રાજા ! તું સર્વત્ર શૌચનાં લક્ષણો જોવા માંડીશ તો તને એજ (માનસિક પવિત્રતારૂપ) શૌચ સર્વ કરતાં શ્રેષ્ઠ જણાશે.[૬] જે પુરુષોના ચિત્તમાંથી રજોગુણ, તમોગુણ તથા સત્વગુણરૂપ મેલ ધોવાઈ ગયો હોય છે, જેઓ શૌચાશૌચનો વિચાર કરવામાં પરાયણ રહે છે, જેઓ પોતાના કર્તવ્યની નિત્ય શોધ કર્યા કરે છે, જેઓ સર્વ પ્રકારના સંગનો ત્યાગ કરવામાં આસક્ત રહે છે, સર્વ પદાર્થોના જ્ઞાતા હોય છે, સર્વત્ર સમદૃષ્ટિ રાખનારા હોય છે અને માનસિક પવિત્રતાથીજ સર્વ બાહ્ય પવિત્રતાના પ્રયોજનને સિદ્ધ થયેલું માને છે, તેવા પવિત્ર પુરુષો તીર્થરૂપ ગણાય છે.[૭,૮] જળની અંદર શરીરને ભીંજવ્યું એટલે સ્નાન થઈ ચૂક્યું, એમ કંઈ કહી શકાય નહિ; પણ જે પુરુષે ઇંદ્રિયોનો નિગ્રહ કર્યો હોય છે તેણેજ ખરૂં સ્નાન કર્યું છે, એમ સમજવું; અને તે પુરુષજ બહારથી તથા અંદરથી પવિત્ર ગણાય છે. જે પુરુષો ભૂતકાળના વિષયની (ગઈ ગુજરીની) અપેક્ષા રાખતા નથી, વર્તમાન કાળમાં પ્રાપ્ત થયેલા અર્થો ઉપર મમતા રાખતા નથી અને જેઓને કોઈપણ વિષય ઉપર સ્પૃહા થતી નથી, તે પુરુષોમાંજ બાહ્યાભ્યંતર પવિત્રતા પ્રાપ્ત થયેલી ગણાય છે.[૧૧] ખરી રીતે ઉચ્ચ પ્રકારનું

જ્ઞાન એજ શરીરની વિશેષ પવિત્રતા ગણાય છે; તેમજ પરિગ્રહના ત્યાગરૂપ નિષ્કિંચનતા અને મનની પ્રસન્નતા, એ પણ ઉત્તમ પવિત્રતાનું લક્ષણ છે; પરંતુ સદ્વર્તનથી મેળવેલી, માનસિક અને તીર્થાદિમાં સ્નાન કરીને મેળવેલી પવિત્રતા, એ સર્વના કરતાં જ્ઞાનથી ઉત્પન્ન થયેલી પવિત્રતા શ્રેષ્ઠ છે.[૧૨] તત્ત્વદર્શી પુરુષો કહે છે કે, જે પુરુષ માનસતીર્થમાં મનની પવિત્રતાપૂર્વક બ્રહ્મજ્ઞાનરૂપ જળથી સ્નાન કરે છે, તેજ સ્નાન ઉત્તમ ગણાય છે.[૧૩] જે પુરુષ પોતાના મનને સર્વ પ્રકારે પવિત્ર કરીને નિત્ય શુદ્ધભાવને ધારણ કરે છે અને કેવળ ગુણસંપન્નજ હોય છે, તે પુરુષ સદાય પવિત્રજ ગણાય છે.[૧૪] હે ભારત ! એ પ્રમાણે શરીરમાં રહેલાં તીર્થો મેં તને કહ્યાં. હવે જે પવિત્ર તીર્થો પૃથ્વીપર રહેલાં છે, તેઓને તું મારી પાસેથી સાંભળ.[૧૫] શરીરના જૂદાજૂદા ભાગોને જેમ પવિત્ર કહેવામાં આવ્યા છે, તેમ પૃથ્વીના કેટલાએક ભાગોને તથા પૃથ્વીપર રહેલાં કેટલાંએક જળને પવિત્ર કહેવામાં આવ્યાં છે.[૧૬] જે પુરુષો તીર્થનું નામસ્મરણ કરીને, તીર્થમાં સ્નાન કરીને તથા તીર્થમાં પિતૃતર્પણ કરીને પોતાનાં સર્વ પાપોનો નાશ કરે છે,તેઓ સુખેથી સ્વર્ગમાં જાય છે.[૧૭] પૃથ્વીના કેટલાએક ભાગો સત્પુરુષોના નિવાસને લીધે પૃથ્વીના તેજને લીધે તથા જળના તેજને લીધે અત્યંત પવિત્ર હોયછે.[૧૮] જે પુરુષ મનનાં તથા પૃથ્વીનાં પવિત્ર તીર્થોમાં સ્નાન કરે છે, તે પુરુષને તત્કાળ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૧૯] જેમ ક્રિયાવિનાનું બળ તથા બળવિનાની ક્રિયા કોઇ પ્રકારના કાર્યને સિદ્ધ કરી શકતી નથી પણ બળ અને ક્રિયા બન્ને સાથે મળી સર્વ કાર્યોને સિદ્ધ કરે છે, તેમ શરીરની પવિત્રતા અને તીર્થોની પવિત્રતા–એ બન્નેથી યુક્ત થયેલો પુરુષ સિદ્ધિને પામી શકે છે. (અર્થાત્ બાહ્યાભ્યંતર–બન્ને પવિત્રતાની આવશ્યકતા છે.) આવા હેતુથીજ બન્ને પ્રકારના શૌચને ઉત્તમ માનવામાં આવ્યું છે.[૨૦,૨૧]

અધ્યાય ૧૦૮ મો સમાપ્ત

અધ્યાય ૧૦૯ મો

વિષ્ણુદ્વાદશ નામ

॥ युधिष्ठिर उवाच ॥

सर्वेषामुपवासानां यच्छ्रेयः सुमहत्फलम् ।
यच्चाप्यसंशयं लोके तन्मे त्वं वक्तुमर्हसि ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! સર્વ ઉપવાસોના કરતાં પણ જે કર્મ શ્રેયસ્કર હોઇને અતિમહાન ફળને આપનારૂં હોય અને જેના ફળવિષે લોકમાં કંઈ સંશય ન હોય, તે મને કહેવાને તમે યોગ્ય છો."[૧]

ભીષ્મે કહ્યું:–" હે રાજન્ ! આ વિષયમાં બ્રહ્મદેવે પોતેજ જે કંઇ કહ્યું છે તેનું તું શ્રવણ કર. મનુષ્ય જે કર્મ કરીને નિઃસંશય સુખી થાય છે, તે કર્મ આ પ્રમાણે છે.[૨] જે પુરુષ માર્ગશીર્ષ મહિનાની બારશને દિવસે કેશવ ભગવાનનું પૂજન કરે છે,તેને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે અને તે પુરુષનું પાપ નાશ પામે છે.[૩] જે પુરુષ પોષ મહિનાની બારશને દિવસે નારાયણ ભગવાનનું પૂજન કરે છે, તેને વાજપેય યજ્ઞનું ફળ મળે છે અને ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૩] જે પુરુષ માઘમહિનાની બારશને દિવસે માધવ ભગવાનનું પૂજન કરે છે, તેને રાજસૂય યજ્ઞનું ફળ મળે છે અને તે પુરુષ પોતાના આખા કુળનો ઉદ્ધાર કરે છે.[૫] જે પુરુષ ફાલ્ગુન માસની બારશને દિવસે ગોવિંદ ભગવાનનું પૂજન કરે છે, તે પુરુષને અતિરાત્ર યજ્ઞનું ફળ મળે છે અને સોમલોક પ્રાપ્ત થાય છે.[૬] જે પુરુષ ચૈત્ર મહિનાની બારશને દિવસે વિષ્ણુ ભગવાનનું પૂજન કરે છે,તે પુરુષને પૌંડ્રીક યજ્ઞનું ફળ મળે છે અને તે દેવલોકમાં જાય છે.[૭] જે પુરુષ વૈશાખ મહિનાની બારશને દિવસે મધુસૂદન ભગવાનનું પૂજન કરે છે, તેને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે અને તે સોમલોકમાં જાય છે.જે પુરુષ જયેષ્ઠ મહિનાની બારશને દિવસે ત્રિવિક્રમ ભગવાનનું પૂજન કરે છે તેને ગોમેધ યજ્ઞનું ફળ મળે છે અને અપ્સરાઓની સાથે તે પુરુષ આનંદ કરે છે.જે પુરુષ આષાઢ મહિનાની બારશને દિવસે વામન ભગવા-

નતું પૂજન કરે છે,તે પુરુષને નરમેધયજ્ઞનું ફળ મળે છે;ઉપરાંત બીજું મહાન પુણ્ય મળે છે.[૧૦] જે પુરુષ શ્રાવણ મહિનાની બારશને દિવસે શ્રીધર ભગવાનનું પૂજન કરે છે તેને પાંચ યજ્ઞો કર્યાનું ફળ મળે છે અને તે પુરુષ વિમાનમાં બેસીને સ્વર્ગમાં આનંદ કરે છે. જે પુરુષ ભાદ્રપદ માસની બારશને દિવસે હૃષીકેશ ભગવાનનું પૂજન કરે છે, તેને સૌત્રામણિ યજ્ઞનું ફળ મળે છે અને તે પુરુષનો આત્મા પવિત્ર થાય છે. જે પુરુષ આશ્વિન મહિનાની બારશને દિવસે પદ્મનાભ ભગવાનનું પૂજન કરે છે તેને એક હજાર ગાયોનું દાન કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી.જે પુરુષ અથવા સ્ત્રી કાર્તિક મહિનાની બારશને દિવસે દામોદર ભગવાનનું પૂજન કરે છે,તેને એક ગોયજ્ઞ કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે, એમાં કંઇ સંશય નથી. એ રીતે જે પુરુષ કમળસમાન નેત્રવાળા વિષ્ણુ ભગવાનનું એક વષપર્યંત પૂજન કરે છે, તેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થાય છે; ઉપરાંત તેને પુષ્કળ સુવર્ણ મળે છે.[૧૫] વળી એ પ્રમાણે જે પુરુષ ભગવાન ઉપેન્દ્ર(વિષ્ણુ)નું પ્રતિદિન એકાગ્ર ચિત્તે પૂજન કરે છે તે પુરુષ, પોતાના ધ્યાનબળથી ભગવાન ઉપેન્દ્ર સાથે એકાત્મભાવને પામે છે; પણ એ પુરુષે, આ વિષ્ણુપૂજનનું વ્રત જ્યારે સમાપ્ત થાય ત્યારે બ્રાહ્મણોને ભોજન કરાવવું અથવા ઘીનું દાન કરવું.[૧૬] આ વ્રતના કરતાં શ્રેષ્ઠ ફળ આપનારો એક પણ ઉપવાસ નથી, એ નિશ્ચય છે અને ભગવાન વિષ્ણુએ પોતે પણ પૂર્વે એ પ્રમાણે જ કહ્યું છે. ”[૧૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“વિષ્ણુનાં દ્વાદશ નામ” એ વિષયનો
અધ્યાય ૧૦૯મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૧૦ મો

સ્વરૂપવાન તથા ભાગ્યવાન થવા-માટે ચાંદ્રવ્રત

॥ वैशंपायन उवाच ॥

शरतल्पगतंभीष्मं वृद्धं कुरुपितामहम् ।
उपगम्य महाप्राज्ञः पर्यपृच्छद्युधिष्ठिरः ॥१॥

વૈશંપાયને કહ્યું:–કુરુઓના પિતામહ વૃદ્ધ ભીષ્મ, જ્યારે બાણશય્યામાં સૂતા હતા ત્યારે મહાબુદ્ધિમાન યુધિષ્ઠિરે, તેમની પાસે જઈને આ પ્રમાણે પૂછ્યું.[૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! શું કરવાથી સર્વને પ્રિય થાય તેવું શરીરનું રૂપસૌંદર્ય પ્રાપ્ત થાય? અને શું કરવાથી મનુષ્ય ધર્માર્થકામથી યુક્ત થઇને સુખી થાય ? ”[૨]

ભીષ્મે કહ્યું:–“ હે રાજેન્દ્ર ! (શરીરસૌંદર્ય તથા ધર્માર્થકામની સિદ્ધિને માટે મનુષ્યે ચાંદ્રવ્રત કરવું. એ વ્રત આ પ્રમાણે છે.) માર્ગશીર્ષ મહિનામાં ચંદ્રનો તથા મૂલ નક્ષત્રનો જ્યારે યોગ થાય, ત્યારે ચાંદ્રવ્રતનો આરંભ કરવો.(અર્થાત્ માર્ગશીર્ષ માસના શુક્લ પડવાને દિવસે જ્યારે મૂલ નક્ષત્રનો યોગ થાય ત્યારે આ ચાંદ્રવ્રતનો આરંભ કરવો.) તે સમયે પ્રથમ ચંદ્રના પ્રત્યેક અવયવોને સ્થાને પોતપોતાના દેવતાઓસહિત તે તે નક્ષત્રોની સ્થાપના કરવી. જેમકે:–ચંદ્રના ચરણને સ્થાને મૂલ નક્ષત્ર, તેની જંઘાને સ્થાને રોહિણી, બે સાથળોને સ્થાને અશ્વિની, બે ઊરુઓને સ્થાને પૂર્વાષાઢા તથા ઉત્તરાષાઢા, ગુહ્યભાગને સ્થાને પૂર્વાફાલ્ગુની તથા ઉત્તરાફાલ્ગુની તેમજ કેડને સ્થાને કૃત્તિકા, નાભિને સ્થાને પૂર્વાભાદ્રપદા તથા ઉત્તરાભાદ્રપદા, નેત્રમંડળને સ્થાને રેવતી, ચંદ્રની પીઠને સ્થાને ધનિષ્ઠા નક્ષત્ર, ચંદ્રના ઉદરને સ્થાને અનુરાધા, બે બાહુઓને સ્થાને વિશાખા, બે હાથને સ્થાને હસ્ત, આંગળીઓને સ્થાને પુનર્વસુ, નખોને સ્થાને આશ્લેષા, ડોકને સ્થાને જયેષ્ઠા, બે કાનને સ્થાને શ્રવણ નક્ષત્ર, મુખને સ્થાને પુષ્ય નક્ષત્ર, દાંત તથા

હોઠને સ્થાને સ્વાતિ નક્ષત્ર, હાસ્યને સ્થાને શતભિષા નક્ષત્ર, નાસિકાને સ્થાને મઘા નક્ષત્ર, બે નેત્રોને સ્થાને મૃગશિર નક્ષત્ર, લલાટને સ્થાને ચિત્રા, મસ્તકને સ્થાને ભરણી અને ચંદ્રના કેશોને સ્થાને આર્દ્રા નક્ષત્રનું સ્થાપન કરવું. (અર્થાત્ તે તે નક્ષત્રોવડે ચંદ્રના તે તે અવયવોની કલ્પના કરવી.) આ વ્રતનો વિધિ આ પ્રમાણે છેઃ–પુણ્યાહવાચનાદિપૂર્વક ઇષ્ટકામનાની સિદ્ધિને માટે આ વ્રતનો સ્વીકાર અથવા સંકલ્પ કરી મનુષ્યે, ચંદ્રને તથા પોતાના આત્માને ધ્યાનથી એકરૂપ કરવા અને પછી ચંદ્રના તે તે અવયવોને સ્થાને તે તે નક્ષત્રોનું તથા તે તે નક્ષત્રોના અધિષ્ઠાયક દેવોનું સ્થાપન કરી તેના તેના મંત્રોથી તે તે સર્વ દેવોનું આરાધન કરવું અને નિત્ય જપ તથા હોમ પણ કરવો. આ રીતે પૂર્ણિમાસુધી કરીને વ્રત સમાપ્ત કરવું.) હે રાજા! આ ચાંદ્રવ્રત જ્યારે સમાપ્ત થાય, ત્યારે હોમ કરતાં બાકી રહેલું ઘી વેદપારંગત આચાર્યને આપી દેવું.* [૩-૯] આ ચાંદ્રવ્રત કરવાથી મનુષ્ય સુંદર, દેખાવડો અને જ્ઞાનસંપન્ન થાય છે, તેમજ પૂર્ણિમાના ચંદ્રની પેઠે પરિપૂર્ણ અંગવાળો થાય છે.”[૧૦]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “સ્વરૂપવાન તથા ભાગ્યવાન થવામાટે ચાંદ્રવ્રત” એ વિષયનો અધ્યાય ૧૧૦ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૧૧ મો

સંસારચક્ર

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद।
श्रोतुमिच्छामि मर्त्यानां संसारविधिमुत्तमम्।

યુધિષ્ઠિરે પૂછ્યું:– “ હે સર્વશાસ્ત્રકુશળ મહાબુદ્ધિમાન પિતામહ! મનુષ્યોના ઉત્તમ સંસારવિષે હું સાંભળવા ઇચ્છું છું. હે રાજેન્દ્ર! મનુષ્યો પૃથ્વીપર કયું વર્તન કરીને ઉત્તમ સ્વર્ગલોકને પામે છે અને કયું વર્તન કરીને નરકને પામે છે? મરણ પામેલું શરીર કે જે કાષ્ઠ તથા માટીના ઢેફા જેવું થઇ જાય છે, તેનો ત્યાગ કરીને મનુષ્યો જ્યારે આ લોકમાંથી પરલોકમાં જાય છે, ત્યારે તેઓની પાછળ કોણ જાય છે?”[૧-૩]

ભીષ્મે કહ્યું:–આ ઉદાર બુદ્ધિવાળા ભગવાન બૃહસ્પતિ અહીં આવે છે; માટે મહાભાગ્યશાળી એ ભગવાનને તારો આ સનાતન અને ગુહ્ય પ્રશ્ન તું પૂછ;[૪] કેમકે એમનાવિના બીજો કોઈપણ પુરુષ તારા આ પ્રશ્નનો આજે ઉત્તર આપી શકે તેમ નથી. વળી બૃહસ્પતિસમાન બીજો કોઇ વકતા પણ કોઇ સ્થળે નથી.

વૈશંપાયને કહ્યું:– “રાજા યુધિષ્ઠિર અને ભીષ્મ પિતામહ એ પ્રમાણે વાતચિત કરતા હતા, તેવામાં તો પવિત્રાત્મા બૃહસ્પતિ સ્વર્ગમાંથી ત્યાં આવી પહોંચ્યા.[૬] એટલે રાજા યુધિષ્ઠિર અને ધૃતરાષ્ટ્ર વગેરે સર્વ સભાસદોએ ઉભા થઇને તેમની અનુપમ પૂજા કરી અને પછી ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે ‘ભગવાન બૃહસ્પતિ પાસે જઇને આવો યથાયોગ્ય યથાર્થ પ્રશ્ન પૂછયો.”

યુધિષ્ઠિરે પૂછ્યું:– “હે સર્વ ધર્મોને જાણનારા અને સર્વ શાસ્ત્રકુશળ ભગવન્! મનુષ્ય જ્યારે મરણ પામે છે, ત્યારે તેને કોણ સહાય કરે છે? શું તેનો પિતા, માતા, પુત્ર, ગુરુ, જ્ઞાતિવર્ગ, સંબંધીવર્ગ કે મિત્રવર્ગ સહાય કરે છે કે કોઇ બીજો? મનુષ્યો પોતાનું મરણ પામેલું શરીર કે જે લાકડા જેવું તથા માટીના ઢેફા જેવું થઇ ગયું હોય છે, તેનો ત્યાગ કરીને આ લોકમાંથી જ્યારે પરલોકમાં જાય છે, ત્યારે તેની પાછળ કોણ જાય છે?”

બૃહસ્પતિએ કહ્યું:– “હે રાજન્! મનુષ્ય એકલોજ જન્મે છે, એકલોજ મરણ પામે છે, એકલોજ સંકટોને તરી જાય છે અને એકલોજ દુર્ગતિને પામે છે; માટે મનુષ્ય જ્યારે મરણ પામે છે, ત્યારે તેનો પિતા, માતા, ભાઈ, પુત્ર, ગુરુ, જ્ઞાતિવર્ગ, સંબંધીવર્ગ કે મિત્રવર્ગ તેને

---

* આ ઉપરથી જણાય છે કે આ વ્રતમાં હોમસાધનનું દ્રવ્ય ઘીજ હોવું જોઇએ.’

સહાય કરી શકતો નથી. કેવળ તેનું મરણ પામેલું શરીર કે જે લાકડા જેવું તથા માટીના ઢેફા જેવું થઇ ગયું હોય છે, તેનો ત્યાગ કરીને એક મુહૂર્તભર રુદન કરીને તેના સર્વ સંબંધીઓ પોતપોતાના ઘર તરફ પાછા ફરે છે. એ રીતે તેઓ સર્વે મનુષ્યના મૃતશરીરનો ત્યાગ કરીને ચાલ્યા જાય છે, ત્યારે માત્ર એક ધર્મજ તેની પાછળ જાય છે;માટે મરણ પછી પણ સહાય કરનારા ધર્મનું પ્રત્યેક મનુષ્યોએ સદાય સેવન કરવું જોઈએ; કેમકે ધર્મની સહાયતાવાળો પ્રાણી સ્વર્ગરૂપ શ્રેષ્ઠ ગતિને પામે છે,પણ અધર્મથી યુક્ત થયેલો પ્રાણી નરકનેજ પામે છે; માટે બુદ્ધિમાન પુરુષે ન્યાયપૂર્વક ધન સંપાદન કરીતે તેનાવડે ધર્મનુંજ સેવન કરવું; કારણકે સર્વ મનુષ્યોને પરલોકમાં સહાય કરનારો એક ધર્મજ છે. મનુષ્ય કે જે મૂર્ખ હોય છે તે લોભથી, મોહથી, દયાથી, ભયથી કે પારકાને માટે પણ લોભના મોહથી મૂઢ થઇને કેટલાંએક અકાર્ય કર્મ કરે છે. (કે જેને લીધે તેને નરકમાં પડવું પડે છે.) આ મનુષ્યજીવનનું ફળ ધર્મ, અર્થ તથા કામ એ ત્રણજ ગણાય છે; માટે પ્રત્યેક મનુષ્યે અધર્મના ત્યાગપૂર્વક એ ત્રણેને અવશ્ય સંપાદન કરવા.”

યુધિષ્ઠિરે પૂછ્યું:– “આપ ભગવાનનું વાક્ય મેં સાંભળ્યું. આપના કહેવાનો આશય એ છે કે, ધર્મની સાથે કામનું તથા અર્થનું સેવન કરવું તે પરમહિતકર છે.[૮–૧૯] હવે શરીરની સ્થિતિ જાણવાની મને ઇચ્છા છે. મનુષ્યોનું શરીર જ્યારે મરણ પામે છે, ત્યારે તેમાં રહેનારો જીવ સૂક્ષ્મ, અવ્યક્ત તથા દૃષ્ટિથી ન જોઇ શકાય તેવા સ્વરૂપને પામે છે, તોપછી ધર્મ તેની પાછળ કેવી રીતે જઇ શકે છે?”

બૃહસ્પતિએ કહ્યું:– “પૃથ્વી, વાયુ, આકાશ, જળ, તેજ, મન, યમ, બુદ્ધિ અને આત્મા–એ સર્વે નિત્ય ધર્મને જોઇ શકે છે અને તેઓ સર્વ પ્રાણીઓના નિરંતર સાક્ષીભૂત હોય છે;[૨૦] માટે તેઓની સાથે ધર્મ પણ જીવની પાછળ પાછળ જાય છે. હે મહાબુદ્ધિમાન રાજા! પ્રાણીનું શરીર જ્યારે જીવિતથી મુક્ત થાય છે,ત્યારે ત્વચા, અસ્થિ (હાડકાં),માંસ, વીર્ય તથા રુધિર એ સર્વ પદાર્થો પણ એ મૃત શરીરનો ત્યાગ કરે છે. તે પછી જીવ એકલોજ ધર્મને સાથે લઇને પરલોકમાં જાય છે.[૨૩,૨૪] તે સમયે પાંચ મહાભૂતોના અધિષ્ઠાયક દેવતાઓએ જીવે જે કંઈ શુભ–અશુભ કર્મ કરેલું હોય છે,તેને જોવા માંડે છે–અર્થાત્ જીવે કરેલાં શુભ–અશુભ કર્મની સાક્ષી પૂરે છે અને પછી તે જીવ કેવળ જો ધર્મથીજ યુક્ત થયેલો જોવામાં આવે છે તો ત્યાં સુખી થાય છે અને આ લોકમાં પણ પ્રથમ સુખી થાય છે.બોલ, હવે તને શું સાંભળવાની ઇચ્છા છે ? હું તને ફરીથી શું કહું ?”[૨૬]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ ધર્મ જે રીતે જીવની પાછળ જાય છે તે આપે મને દર્શાવ્યું.હવે મને એ જાણવાની ઇચ્છા છે કે, વીર્ય કેવી રીતે ઉત્પન્ન થાય છે ?” [૨૭]

બૃહસ્પતિએ કહ્યું:–“ હે રાજા ! મનુષ્યના શરીરમાં રહેલાં પૃથ્વી, વાયુ, આકાશ, જળ, તેજ અને મન,આ છયેના અધિષ્ઠાયક દેવતાઓ જે અન્નનું ભક્ષણ કરે છે તેને લીધે પાંચ મહાભૂત અને છઠ્ઠું મન તૃપ્ત થાય છે; અને પછી હે શુદ્ધાત્મા ! તેમાંથી મહાન વીર્ય ઉત્પન્ન થાય છે.[૨૮,૨૯] હે રાજા તે પછી સ્ત્રી અને પુરુષનો સંયોગ થતાં એ વીર્યમાંથી ગર્ભ ઉત્પન્ન થાય છે. આ સર્વ વાત મેં તને કહી.હવે બીજું શું સાંભળવાની તને ઈચ્છા છે ?”[૩૦]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ ગર્ભ જે રીતે ઉત્પન્ન થાય છે, એ સર્વ વાત આપ ભગવાને મને કહી. હવે એ રીતે ઉત્પન્ન થયેલો પુરુષ કયી દશાને પ્રાપ્ત થાય છે ? તે મને કહો.”[૩૧]

બૃહસ્પતિએ કહ્યું:–“ પુરુષ જેવો ગર્ભમાં આવે છે કે તુરતજ પાંચ મહાભૂતો તેને પોતાના સ્વાધીનમાં લઇને પોતાનારૂપ બનાવી દે છે;(એટલે એ જીવ પણ પાંચ મહાભૂતો સાથે એકરૂપ થઇને પ્રતિદિન વૃદ્ધિ પામે છે;) પણ એ મહાભૂતોથી જીવ જ્યારે છુટો પડે છે, ત્યારે વ્યવહારમાં તેને મરણદશા પ્રાપ્ત થાય છે અને ખરી રીતે તો તે જીવ પાંચ મહાભૂતોથી છુટો પડીને કોઇ બીજી ગતિનેજ પામે છે.[૩૨] જીવ

એકલોજ સર્વ સૂક્ષ્મ ભૂતોથી યુકત થઇને પરલોકમાં જાય છે,એટલે પાંચ મહાભૂતોના અધિષ્ઠાયક દેવતાઓ તેના શુભ–અશુભ કર્મનું અવલોકન કરવા માંડે છે. હવે બીજું શું સાંભળવાની તને ઇચ્છા છે ?" [૩૩]

યુધિષ્ઠિરે પૂછયું:–" હે ભગવન્ ! ત્વચા, હાડકાં અને માંસનો ત્યાગ કરીને પાંચ સ્થૂલ ભૂતોથી પણ છુટો થયેલો જીવ, કયાં રહીને પોતે કરેલાં શુભ અશુભ કર્મનાં ફળરૂપ સુખદુઃખને ભોગવે છે ? " [૩૪]

બૃહસ્પતિએ કહ્યું:–" હે ભારત ! પોતાના કર્મને અનુસરનારો જીવ તત્કાળ પુરુષના વીર્યરૂપ થઇને સ્ત્રીના રજ સાથે મિશ્ર થાય છે અને પછી અમુક કાળે એક દેહાકારે ઉત્પન્ન થાય છે.[૩૫] પછી અત્યંત પાપકર્મ કરે છે તો મરણ પછી યમના પુરુષો તેને કલેશ આપે છે અને માર મારે છે.વળી એ જીવ વારંવાર આ દુઃખજનક સંસારચક્રમાં ફરીને કલેશને પામ્યા કરે છે;[૩૬] પણ હે રાજા ! તે જીવ જન્મથી આરંભીનેજ આ લોકમાં જો પુણ્યકર્મ કરે છે, તો ધર્મના ફળરૂપ સુખનોજ આશ્રિત થઇને નિરંતર સુખજ ભોગવે છે.[૩૭] જે પુરુષ જન્મથી આરંભીને યથાશક્તિ ધર્મનું સેવન કરે છે, તેને નિત્ય સુખજ પ્રાપ્ત થાય છે;[૩૮] પરંતુ કોઇ સમયે ધર્મની વચ્ચે પણ અધર્મનું સેવન કરે છે તો સુખ પછી પાછો દુઃખને પામે છે.[૩૯] ઉપરાંત અધર્મને સાથે લઇને જયારે યમના રાજ્યમાં જાય છે, ત્યારે પણ મહાન દુઃખને પામે છે અને છેવટે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે.[૪૦] હવે મોહને અધીન થયેલો જીવ જે જે કર્મ કરીને જે યોનિમાં ઉત્પન્ન થાય છે, તે હું તને કહું છું, સાંભળ.[૪૧]

શાસ્ત્ર, ઇતિહાસ અને વેદમાં કહેવામાં આવ્યું છે કે, પાપકર્મી મનુષ્ય આ લોકમાંથી મુકત થઇને યમરાજાના ઘોર નિવાસસ્થાનમાં જાય છે.[૪૨] હે રાજા ! એ યમલોકમાં કેટલાંએક સ્થાનો પવિત્ર અને દેવભૂમિસમાન પણ છે અને કેટલાંએક સ્થાનો તિર્યંચયોનિ કરતાં પણ અધિક દુઃખદાયી છે તથા સર્વ પ્રકારની ગતિવાળાં છે.[૪૩] યમરાજાનું દિવ્ય ભવન ગુણમાં બ્રહ્મલોકની સમાનતા ધરાવનારૂં છે; પરંતુ પોતાનાં નિયત કર્મોથી બંધાયેલો જીવ એ દિવ્ય ભવનમાં પણ દુઃખોને ભોગવે છે.[૪૪] જીવ જે જે ભાવથી અથવા જે જે કર્મથી જે પ્રકારની તીક્ષ્ણ અને ભયંકર ગતિને પામે છે,તે વિષે હવે હું તને કહું છું.[૪૫] જે બ્રાહ્મણ ચારે વેદોનું અધ્યયન કરીને પણ મોહાવેશને લીધે કોઇ ભ્રષ્ટ પુરુષ પાસેથી દાનાદિકનો પ્રતિગ્રહ કરે છે,તેનો ગધેડાંની જાતિમાં જન્મ થાય છે.[૪૬] હે ભારત ! એ રીતે તે ગધેડો થઇને પંદર વર્ષ જીવે છે અને પછી ગધેડાની જાતિમાં મરણ પામી બળદ થઇને અવતરે છે અને તે જાતિમાં સાત વર્ષ જીવે છે. પછી બળદની જાતિમાં પણ મરણ પામીને બ્રહ્મરાક્ષસ થઇને અવતરે છે અને તે જાતિમાં પણ ત્રણ માસપર્યંત જીવીને પાછો બ્રાહ્મણ થાય છે. હે ભારત ! જે બ્રાહ્મણ એક પતિત મનુષ્યને યજ્ઞ કરાવે છે તેનો એક કીડાની જાતિમાં જન્મ થાય છે. ત્યાં પંદર વર્ષસુધી તે જીવે છે અને પછી તે કીડાની જાતિમાંથી મુકત થઇને ગધેડો થઇને અવતરે છે. તે જાતિમાં પણ પાંચ વર્ષ જીવીને પાંચ વર્ષ ડુક્કર થઇને જીવે છે, ડુક્કર જાતિમાંથી મુક્ત થઇને પાંચ વર્ષ કુકડો થઇને જીવે છે, કુકડાની જાતિમાંથી મુક્ત થઇને પાંચ વર્ષ શિયાળ થઇને જીવે છે, શિયાળની જાતિમાંથી મુકત થઇને એક વર્ષ કૂતરો થઇને જીવે અને પછી મનુષ્ય થઇને અવતરે છે.[૪૭–૫૧] જે મૂર્ખ શિષ્ય પોતાના ગુરુનો કંઈ અપરાધ કરે છે, તેને આ લોકમાં ત્રણ જન્મ પ્રાપ્ત થાય છે, એમાં કંઈ સંશય નથી.[૫૨] હે રાજેન્દ્ર ! પ્રથમ જન્મમાં તે કૂતરો થાય છે, બીજા જન્મમાં માંસાહારી પશુ થાય છે અને ત્રીજા જન્મમાં ગધેડો થઇને મહાન કલેશનો અનુભવ કરે છે. આ રીતે ત્રણ જન્મો પામ્યા પછી તે પાછો બ્રાહ્મણજાતિમાં જન્મે છે.[૫૩] જે પાપી શિષ્ય પોતાના ગુરુની પત્ની સાથે મનથી પણ ગમન કરે છે, તેને પોતાના પાપી ચિત્તને લીધે અનેક ઉગ્ર જન્મો ધારણ કરવા પડે છે.[૫૪] તેનો

પ્રથમ કૂતરાની જાતિમાં જન્મ થાય છે અને ત્યાં ત્રણ વર્ષસુધી જીવે છે. તે પછી તે જાતિમાં મરણ પામીને કીડાની જાતિમાં જન્મે છે. એ જાતિમાં પણ એક વર્ષ જીવે છે અને પછી મરણ પામીને પાછો બ્રાહ્મણની જાતિમાં અવતરે છે.[૫૫,૫૬] જે એક ગુરુ પોતાના પુત્રસમાન શિષ્યને કોઇ જાતના કારણવિના કેવળ પોતાની ઈચ્છાથીજ માર મારે છે, તેને પણ એક હિંસક પશુતરીકે અવતરવું પડે છે.[૫૭] હે રાજન્ ! જે પુત્ર પોતાનાં માતાપિતાનું અપમાન કરે છે તે પણ મરણ પામ્યા પછી ગધેડાની જાતિમાં જન્મે છે અને તે જાતિમાં દશ વર્ષ જીવીને એક વર્ષ કુંભીર જાતિનું જળચર પ્રાણી થઇને જીવે છે અને પછી તે 'મનુષ્યજાતિમાં અવતરે છે.[૫૮,૫૯] જે પુત્રના ઉપર માતાપિતા ક્રોધાયમાન થયાં હોય તે વેળા પુત્ર પોતાના ગુરુરૂપ માતાપિતાનું અનિષ્ટ કરવાનો મનમાં વિચાર કરે છે તો મરણ પછી તેને ગધેડાનો અવતાર આવે છે. એ ગધેડાની જાતિમાં દશ મહિનાસુધી જીવીને તે કૂતરો થાય છે, કૂતરાની જાતિમાં ચૌદ મહિનાસુધી જીવીને તે બિલાડો થાય છે અને તે બિલાડાની જાતિમાં સાત મહિનાસુધી જીવ્યા પછી તે મનુષ્ય થાય છે.[૬૦,૬૧] માતાપિતાની નિંદા કરીને મનુષ્ય સારિક નામનું પક્ષી થઇને જન્મે છે અને હે રાજા ! માતાપિતાને માર મારીને મનુષ્ય કાચબો થઇને અવતરે છે. એ કાચબાની જાતિમાં દશ વર્ષસુધી રહીને તેનો શાહુડીની જાતિમાં જન્મ થાયછે, શાહુડીની જાતિમાં ત્રણ વર્ષસુધી રહીને તેને સર્પ થવું પડે છે અને તે સર્પની જાતિમાં છ મહિનાસુધી રહીને તે મનુષ્ય થાય છે.[૬૨,૬૩] જે મૂઢ પુરુષ પોતાના એક રાજાનું અન્ન ખાઇને તેના શત્રુઓનું સેવન કરે છે, તેનો મરણ પછી વાનરની જાતિમાં અવતાર થાય છે. દશ વર્ષ એ વાનરની જાતિમાં રહીને તે ઉંદર થાય છે. પાંચ વર્ષ ઉંદરની જાતિમાં રહીને તે કૂતરો થાય છે અને કૂતરાની જાતિમાં છ મહિના રહીને તે પાછો મનુષ્ય થાય છે.[૬૪,૬૫] જે પુરુષ પારકી થાપણને પચાવી પાડે છે, તેને યમરાજાના લોકમાં જઇને સેંકડો જન્મો ધારણ કરવા પડે છે અને પછી તે કીડાની જાતિમાં અવતરે છે. હે ભારત ! તે કીડાની જાતિમાં એ પુરુષ પંદર વર્ષ જીવે છે અને પછી પોતાના પાપનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે પાછો મનુષ્ય થઇને જન્મે છે.[૬૬,૬૭] જે પુરુષ પારકી અદેખાઇ કરે છે, તેને મરણ પછી ગેંડાની જાતિમાં અવતરવું પડે છે અને જે દુર્મતિ પુરુષ વિશ્વાસઘાત કરે છે, તેનો માછલાંની જાતિમાં જન્મ થાય છે.[૬૮] હે ભારત ! આઠ વર્ષસુધી માછલારૂપે રહીને તે પુરુષ મૃગલો થાય છે, મૃગલાની જાતિમાં ચાર મહિના રહીને તે બકરો થાય છે અને બકરાની જાતિમાં એક વર્ષ પૂરું થયે મરણ પામીને તે પ્રાણી કીડો થાય છે અને પછી પાછો મનુષ્ય થાય છે.[૬૯,૭૦] જે મૂર્ખ મનુષ્ય મોહને અધીન થઇને જવ, તલ, અડદ, કળથી, સરસવ, ચણા, વટાણા, મગ, ઘઉં અને બળશી વગેરે ધાન્યોની તથા સામો વગેરે ખડધાન્યની ચોરી કરે છે, તે નિર્લજ્જ મનુષ્ય હે મહારાજા! ઉંદર થઇને અવતરે છે. તે જાતિમાં મરણ પામ્યા પછી તે ડુક્કર થાય છે, ડુક્કર જાતિમાં જેવો જન્મે છે કે તુરતજ રોગનેલીધે મરણ પામે છે અને પછી તે મૂઢ પ્રાણી કૂતરો થાય છે. હે રાજા ! કૂતરાની જાતિમાં પાંચ વર્ષ રહીને તે પાછો મનુષ્ય થાય છે.[૭૪] જે પુરુષ પારકી સ્ત્રીસાથે વ્યભિચાર કરે છે તેને અનુક્રમે વરુ, કૂતરો, શિયાળ, ગીધ, સર્પ, કાગડો તથા બગલો થવું પડે છે; અને હે રાજા ! પાપી પુરુષ મોહવશ થઇને પોતાના ભાઇની સ્ત્રીસાથે બળાત્કાર કરે છે તેને એક વર્ષપર્યંત પુંસ્કોકિલ (નરકોયલ) તરીકે જન્મ ધારણ કરવો પડે છે;[૭૬] તેમજ જે પુરુષ વિષયભોગ કરવામાટે મિત્રપત્ની ઉપર, ગુરુપત્ની ઉપર તથા રાજપત્ની ઉપર બળાત્કાર કરે છે, તેને મરણ પછી ડુક્કર થઇને અવતરવું પડે છે.[૭૭] એ ડુક્કરની જાતિમાં પાંચ વર્ષસુધી રહીને તે શાહુડી થાય છે, શાહુડીની જાતિમાં દશ વર્ષસુધી રહીને પાંચ વર્ષસુધી બિલાડો થઇને જીવે છે અને પછી દશ વર્ષ કુકડો, ત્રણ મહિના કીડી અને એક મહિનો કીડો થઇને

જીવન ગાળે છે. એ પ્રમાણે જન્મો ધારણ કર્યા પછી વળી પાછો તે કીડાની જાતિમાં જન્મે છે અને ત્યાં ચૌદ મહિનાસુધી જીવીને પોતાના પાપનો જ્યારે નાશ થાય છે, ત્યારે પુનઃ મનુષ્યરૂપે જન્મે છે.[૭૮–૮૦] હે રાજા ! કોઇને ત્યાં વિવાહપ્રસંગ ઉપસ્થિત થયો હોય, કોઇએ યજ્ઞ કરવાનો આરંભ કર્યો હોય અથવા કોઈ મનુષ્ય દાન આપતો હોય, ત્યારે જે પુરુષ મોહને લીધે વિઘ્ન કરે છે, તેનો મરણ પછી એક કીડારૂપે જન્મ થાય છે.[૮૧] હે ભારત ! એ કીડારૂપે પંદર વર્ષ જીવીને તે પુરુષ પોતાના પાપનો જ્યારે નાશ કરે છે, ત્યારે પાછો મનુષ્ય થાય છે. હે રાજન્ ! જે પુરુષ પ્રથમ એક ઠેકાણે કન્યા આપીને પાછળથી બીજે ઠેકાણે કન્યા આપવાની ઈચ્છા કરે છે, તેનો મરણ પછી કીડાની જાતિમાં જન્મ થાય છે.[૮૩] હે યુધિષ્ઠિર ! એ કીડાની જાતિમાં તેર વર્ષ રહીને પોતાના પાપનો જ્યારે નાશ કરે છે, ત્યારે પાછો તે મનુષ્ય થાય છે.[૮૪] જે પુરુષ દેવકાર્ય અને પિતૃકાર્ય કર્યાવિનાજ ભોજન કરે છે, તેનો મરણ પછી કાગડારૂપે જન્મ થાય છે.[૮૫] એ કાગડાની જાતિમાં સો વર્ષસુધી જીવીને તે કુકડો થાય છે અને પછી એક મહિનાસુધી સર્પની જાતિમાં રહીને પાછો તે મનુષ્ય થાય છે.[૮૬] જે નાનો ભાઈ પોતાના પિતાસમાન મોટાભાઈનું અપમાન કરે છે, તેને પણ મરણ પછી ક્રૌંચપક્ષીની જાતિમાં જન્મ લેવો પડે છે.એ જાતિમાં એક ક્રૌંચપક્ષીરૂપે એક વર્ષસુધી જીવીને તેનો ચીરકપક્ષીની જાતિમાં જન્મ થાય છે અને પછી તે જાતિમાં મરણ પામીને તે મનુષ્ય થાય છે.[૮૮] જે પુરુષ શૂદ્રજાતિનો હોવા છતાં બ્રાહ્મણજાતિની સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે, તેનો કીડાની જાતિમાં જન્મ થાય છે. તે જાતિમાં મરણ પામ્યા પછી તેનો એક ડુક્કરરૂપે જન્મ થાય છે. હે રાજા ! ડુક્કરની જાતિમાં જેવો તે જન્મે છે કે તુરતજ રોગને લીધે મરણ પામે છે અને પછી તે મૂઢ પ્રાણી પોતાના કર્મને લીધે કૂતરારૂપે જન્મે છે. કૂતરો થઇને પાછો મનુષ્ય થાય છે અને મનુષ્ય થઇને એક સંતાન ઉત્પન્ન કર્યા પછી તે મરણ પામે છે તથા પાછો એક ઉંદર થઇને અવતરે છે.[૮૯–૯૧] હે રાજન્ ! કૃતઘ્ની પુરુષ મરણ પામીને જ્યારે યમલોકમાં જાય છે, ત્યારે યમના દૂતો ક્રોધાયમાન થઇને દારુણ રીતે તેને માર મારે છે;ઉપરાંત તેનાપર દંડના પ્રહાર, મુદ્ગરના પ્રહાર તથા ત્રિશૂળના પ્રહાર કરવામાં આવે છે અને દારુણ અગ્નિકુંડમાં નાખીને,તરવાર જેવાં તીક્ષ્ણ પાનવાળા વનમાં ચલાવીને, તપાવેલી ભયંકર રેતીમાં લોટાવીને તથા કાંટાવાળાં શાલ્મલી વૃક્ષોસાથે બાંધીને અનેક પ્રકારનાં દુઃખ તેને આપવામાં આવે છે. આ રીતે ઉગ્ર દુઃખો આપીને તેનો નાશ કરવામાં આવે છે. તે પછી હે ભારત ! તે કૃતઘ્ની મનુષ્ય આ સંસારચક્રમાં આવીને કીડાની જાતિમાં અવતરે છે અને એ જાતિમાં પંદર વર્ષસુધી રહીને મનુષ્ય ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે; પણ ત્યાં છેક બાલ્યાવસ્થામાંજ મરણ પામે છે અને પછી તેવા સેંકડો ગર્ભરૂપે ઉત્પન્ન થઇને અનેકવાર જન્મમરણને પામ્યા કરે છે, તેમજ બીજા અનેક જન્મો ધારણ કરે છે અને છેવટે પાછો તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે. એ જાતિમાં પણ અનેક વર્ષોપર્યંત દુઃખ ભોગવીને સદાને માટે કાચબો થઈને જીવન ગાળે છે.[૯૨–૯૮] દહીંની ચોરી કરીને મનુષ્ય બગલો થાય છે, રાંધ્યાવિનાનાં માછલાં ચોરીને મનુષ્ય જલચર પક્ષી થાય છે,મધની ચોરી કરીને દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય મચ્છર થાય છે; ફળ, મૂળા અથવા પુડલા ચોરીને મનુષ્ય કીડી થાય છે, રાજમાષ નામનું ધાન્ય ચોરીને મનુષ્ય હલગોલક નામનો કીડો થાય છે, દૂધપાક ચોરીને મનુષ્ય તેતર થાય છે અને લોટના પૂડા ચોરીને મનુષ્ય એક જાતનો ઘુવડ થાય છે.[૯૯–૧૦૧] જે દુર્બુદ્ધિ પુરુષ લોઢાની ચોરી કરે છે તે કાગડો થાય છે, કાંસાની ચોરી કરે છે તે હારીત નામનું પક્ષી થાય છે, રૂપાના પાત્રની ચોરી કરે છે તે હોલો થાય છે અને સુવર્ણના પાત્રની ચોરી કરે છે તે કીડાની જાતિમાં જન્મે છે.[૧૦૨,૧૦૩] જે પુરુષ ધોયેલા રેશમી વસ્ત્રની ચોરી કરે છે તે કાચંડો થાય છે, ધોયાવિનાનાં રેશમી વસ્ત્રની ચોરી કરે છે તે

ચકલો થાય છે, હરકોઈ જાતના વસ્ત્રની ચોરી કરે છે તે પોપટ થાય છે, ઉંચા રેશમી વસ્ત્રની ચોરી કરે છે તે મરણ પછી હંસ થાય છે, સુતરાઉ વસ્ત્રની ચોરી કરે છે તે મનુષ્ય મરણ પછી ક્રૌંચપક્ષી થાય છે, ઊનના વસ્ત્રની ચોરી કરે છે તે મનુષ્ય મરણ પછી ઘેટો થાય છે; અને હે ભારત! મનુષ્ય અળશીના રૂના વસ્ત્રની ચોરી કરે તે મનુષ્ય સસલો થાય છે; પુરુષ, જૂદા જૂદા રંગોની ચોરી કરીને મરણ પછી મોર થાય છે, રાતાં વસ્ત્રોની ચોરી કરીને જીવંજીવક (ચકોર) નામનું પક્ષી થાય છે અને હે રાજા! લોભપરાયણ થયેલો મનુષ્ય ચંદન આદિ સુગંધી પદાર્થોની ચોરી કરીને છછુંદર થાય છે; અને તે જાતિમાં પંદર વર્ષ જીવત ગાળે છે.[૧૦૪–૧૦૯] તે પછી પોતાના પાપનો ક્ષય કરીને તે મનુષ્ય થાય છે; તેમજ દૂધની ચોરી કરીને મનુષ્ય બગલી થાય છે.[૧૧૦] વળી જે પુરુષ મોહાવેશને લીધે તેલની ચોરી કરે છે તે પણ હે રાજા! મરણ પછી તૈલપાયિક (વડવાગુળ) નામનું પક્ષી થઇને અવતરે છે.[૧૧૧] જે અધમ પુરુષ ધનની લાલચથી અથવા વૈરભાવને લીધે હાથમાં શસ્ત્ર લઇને શસ્ત્રરહિત પુરુષનો વધ કરે છે, તે પુરુષ મુઆ પછી ગધેડો થાય છે. તે બે વર્ષ ગધેડાની જાતિમાં જીવે છે. તેવામાં શસ્ત્રથી તેનો વધ કરવામાં આવે છે, એટલે મરણ પામીને મૃગની જાતિમાં જન્મે છે અને નિત્ય ઉદ્વિગ્ન થઈને ફર્યા કરે છે. પછી એક વર્ષ જેટલો સમય વીતી જાય છે, એટલે મૃગજાતિમાં પણ તેનો શસ્ત્રથી વધ કરવામાં આવે છે; જેથી મૃગની જાતિમાંથી છૂટીને તે માછલું થાય છે. પછી જ્યારે ચોથો મહિનો બેસે છે એટલે તે માછલાને જાળથી પકડવામાં આવે છે એટલે તે જાતિમાંથી છુટીને શિકારી પશુરૂપે તે જન્મે છે અને દીપડારૂપે પાંચ વર્ષસુધી તે જાતિમાં રહે છે. તે પછી કાળની પ્રેરણાને લીધે મરણ પામીને તથા પાપનો ક્ષય કરીને પાછો તે મનુષ્ય થાય છે.[૧૧૨–૧૧૬] જે દુર્બુદ્ધિ પુરુષ સ્ત્રીનો વધ કરીને જ્યારે યમલોકમાં જાય છે, ત્યારે તેને અનેક ક્લેશો ભોગવવા પડે છે અને ઉપરાઉપરી એકવીસ જન્મો ધારણ કરવા પડે છે.[૧૧૭] તે પછી હે મહારાજા! તે પુરુષ કીડાની જાતિમાં ઉત્પન્ન થાય છે અને તે જાતિમાં વીસ વર્ષસુધી રહીને પાછો મનુષ્ય થાય છે.[૧૧૮] ભોજનની ચોરી કરીને મનુષ્ય માખી થાય છે અને માખીઓના સમુદાયને અધીન રહીને ઘણા મહિનાઓસુધી દુઃખ ભોગવે છે. તે પછી પોતાના પાપનો ક્ષય કરીને પાછો મનુષ્ય થાય છે; તેમજ ધાન્યની ચોરી કરીને પુરુષ ઘેટો થાય છે અને ખોળની સાથે મેળવેલા કોઈ ભક્ષ્ય પદાર્થની ચોરી કરીને મનુષ્ય નોળીયા જેવો દારુણ ઉંદર થાય છે. હે રાજા! તે પાપાત્મા ઉંદર નિત્ય મનુષ્યોને કરડે છે. જે પુરુષ ઘીની ચોરી કરે છે, તેને શિંગડાંવાળા જળપક્ષીનો જન્મ લેવો પડે છે અને જે દુર્મતિ પુરુષ માછલાંના માંસની ચોરી કરે છે, તેનો કાગડાની જાતિમાં જન્મ થાય છે; તેમજ મીઠાની ચોરી કરીને મનુષ્ય ચિરિકાક નામનું પક્ષી થાય છે.[૧૧૯–૧૨૩] જે મનુષ્ય વિશ્વાસથી મૂકેલી કોઈની થાપણને પચાવી પાડે છે, તેનો મરણ પછી માછલાંની જાતિમાં જન્મ થાય છે અને માછલાની જાતિને પામ્યા પછી જ્યારે મરણ પામે છે, ત્યારે પાછો મનુષ્ય થાય છે; પરંતુ તે સમયે તેનું આયુષ્ય ઘણુંજ ઓછું હોય છે.[૨૪,૨૫]

હે ભારત! એ રીતે મનુષ્યો પાપકર્મ કરીને જૂદી જૂદી પશુપક્ષીની જાતિઓમાં જન્મે છે અને તે સમયે પોતાના આત્માનો ઉદ્ધાર કરનારા પ્રમાણભૂત ધર્મનું તેઓને લેશમાત્ર જ્ઞાન હોતું નથી.[૧૨૬] જે પુરુષો પ્રથમ અનેક પ્રકારનાં પાપો કરીને પાછળથી પુષ્કળ વ્રતો કરીને તે પાપોને દૂર કરે છે, તેઓ સુખ અને દુઃખ બન્નેથી યુક્ત થાય છે અને નિરંતર આકુળવ્યાકુળ સ્થિતિમાં જીવન ગાળે છે;[૧૨૭] પણ જે પુરુષો લોભ તથા મોહને અધીન થઇને અનેક પ્રકારનાં પાપી આચરણો કરે છે તેઓ ઉજ્જડ પ્રદેશમાં નિવાસ કરનારા મ્લેચ્છ થાય છે, એમાં કંઇ સંશય નથી;[૧૨૮] પરંતુ જે પુરુષો જન્મથી આરંભીનેજ પાપકર્મોનો ત્યાગ કરે છે તેઓ રોગરહિત, રૂપસંપન્ન તથા ધનવાન થાય છે.[૧૨૯] સ્ત્રીઓ પણ તે તે દુરા-

ચરણ કરીને પાપને સંપાદન કરે છે તો પૂર્વે કહેવાયલાં પ્રાણીઓનીજ સ્ત્રીઓરૂપે તેઓ ઉત્પન્ન થાય છે.[૧૩૦] હે નિર્દોષ રાજા! પારકું દ્રવ્ય હરણ કરવામાં જે જે દોષો સમાયેલા છે, તે સર્વ મેં તને સંક્ષેપમાં કહ્યા;[૧૩૧] પણ હે ભારત! બીજા કોઇ કથાના પ્રસંગે એથી પણ વધારે દોષોનું તું શ્રવણ કરીશ. હે મહારાજા! પૂર્વે કોઇના પ્રશ્ન ઉપરથી દેવર્ષિઓની વચ્ચે બ્રહ્મદેવે જ્યારે આ કથા કહી હતી, ત્યારે મેં સાંભળી હતી અને આ સમયે તે સમગ્ર કથાનું મેં યથાર્થ વર્ણન કર્યું છે; માટે તે સાંભળીને હે મહારાજા! તું નિત્ય ધર્મમાં મન રાખ."

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
'સંસારચક્ર' એ વિષયનો અધ્યાય
૧૧૧ મો સમાપ્ત

અધ્યાય ૧૧૨ મો

અન્નદાનની શ્રેષ્ઠતા

॥ युधिष्ठिर उवाच ॥

अधर्मस्य गतिर्ब्रह्मन् कथिता मे त्वयाऽनघ।
धर्मस्य तु गतिं श्रोतुमिच्छामि वदतांवर ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે વક્તાઓમાં શ્રેષ્ઠ નિર્દોષ બ્રહ્મન્! આપે મને અધર્મની ગતિ કહી. હવે હું ધર્મની ગતિ સાંભળવાની ઈચ્છા રાખું છું. પાપકર્મ કરીને પણ મનુષ્યો ઉત્તમ ગતિને કેવી રીતે પામે છે અને કયું કર્મ કરીને મનુષ્યો ઉત્તમ ગતિને પામી શકે છે?"[૨]

બૃહસ્પતિએ કહ્યું:–" પાપકર્મ કરીને મનુષ્ય અધર્મને વશ થઇ જાય છે અને પછી તેનું મન પણ ધર્માચરણથી વિરુદ્ધ બની જાય છે, જેથી તે નરકમાં પડે છે;[૩] પણ જે પુરુષ અજ્ઞાનથી અધર્મ કરીને પાછળથી પશ્ચાત્તાપ કરે છે અને પછી કેવળ ધર્મમાંજ મનને એકાગ્ર કરે છે,તેને પ્રથમનાં પાપકર્મનું ફળ ભોગવવું પડતું નથી;[૪] કેમકે તેનું મન જેમ જેમ પાપકર્મને નિંદ્ય ગણે છે, તેમ તેમ તેનું શરીર પૂર્વકૃત અધર્મથી મુક્ત થાય છે.[૫] હે રાજન્! જે મનુષ્યે પાપકર્મ કર્યું હોય, તેને જો પશ્ચાત્તાપ થાય છે અને પછી ધર્મને જાણનારા બ્રાહ્મણોની વચ્ચે તે પાપકર્મને જો કહી દે છે, તો તુરતજ પાપના અપવાદમાંથી તે મુક્ત થાય છે. જેમ એક સર્પ પ્રથમ ભોગવેલી પોતાની જીર્ણ કાંચળીથી મુક્ત થાય છે, તેમ મનુષ્ય પણ બ્રાહ્મણોની સમક્ષ મનને એકાગ્ર કરી પોતે કરેલા અધર્મને જેમ જેમ કહેવા માંડે છે, તેમ તેમ તે અધર્મથી મુકત થાય છે. વળી મનને એકાગ્ર કરી, બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાનો આપીને પણ પાપી મનુષ્ય ઉત્તમ ગતિને પામી શકે છે. હે યુધિષ્ઠિર! અકાર્યો કરીને પણ એક મનુષ્ય જે જે દાનો આપીને ધર્મને સંપાદન કરે છે તે તે દાનોવિષે હું તને કહું છું. સર્વ પ્રકારનાં દાનોમાં અન્નદાનનેજ શ્રેષ્ઠ કહેવામાં આવ્યું છે; માટે ધર્મની ઇચ્છા રાખનારા સરળ મનના પુરુષે પ્રથમ તો સર્વને અન્નનુંજ દાન કરવું.[૭–૧૦] વળી અન્ન સર્વ મનુષ્યોના પ્રાણ ગણાય છે, અન્નમાંથીજ પ્રાણીની ઉત્પત્તિ થાય છે અને અન્નને આધારેજ આ લોક ટકી રહ્યો છે; માટે અન્નને સર્વ કરતાં શ્રેષ્ઠ કહેવામાં આવે છે.[૧૧] આવા હેતુથીજ દેવર્ષિઓ, પિતૃઓ તથા મનુષ્યો અન્નનીજ પ્રશંસા કરે છે અને રાજા રંતિદેવ અન્નનું દાન કરીનેજ સ્વર્ગમાં ગયો છે;[૧૨] માટે પ્રત્યેક મનુષ્યે પ્રસન્ન મનથી, ન્યાયપૂર્વક મેળવેલા ઉત્તમ અન્નનું સ્વાધ્યાયનિષ્ઠ બ્રાહ્મણોને દાન કરવું.[૧૩] એક હજાર બ્રાહ્મણો પ્રસન્ન મનથી અર્પણ કરવામાં આવેલા જે પુરુષના અન્નનું ભોજન કરે છે, તે પુરુષને કદી પશુપક્ષીની યોનિમાં જવું પડતું નથી.[૧૪] હે મહાપુરુષ! જે એક પુરુષ દશહજાર બ્રાહ્મણોને ભોજન આપીને યોગાનુષ્ઠાનમાં આસક્ત રહે છે, તે પુરુષ અધર્મથી મુક્ત થાય છે.[૧૫] જે વેદવત્તા બ્રાહ્મણ ભિક્ષાનું અન્ન લાવીને તેમાંથી કોઇ સ્વાધ્યાયનિષ્ઠ બ્રાહ્મણને ભિક્ષા આપે છે, તે આ લોકમાં સુખી થાય છે.[૧૬] જે ક્ષત્રિય બ્રાહ્મણના દ્રવ્યનો નાશ કર્યાવિના અને ન્યાયપૂર્વક પ્રજાઓનું પાલન કરીને પોતાના બળથી પ્રાપ્ત કરેલા અન્નનું વેદવેત્તા વૃદ્ધ બ્રાહ્મણોને

દાન કરે છે, મનને વશ રાખે છે અને અત્યંત સાવધાન રહે છે, તે ક્ષત્રિય પણ હે ધર્માત્મા પાંડુપુત્ર! પોતાના પાપકર્મનો નાશ કરે છે. જે એક વૈશ્ય ખેતીવાડી કરીને મેળવેલું અને રાજાનો છઠ્ઠો ભાગ આપી દેવાથી શુદ્ધ થયેલું અન્ન બ્રાહ્મણોને દાનમાં આપે છે, તે પણ પાપકર્મથી મુક્ત થાય છે;[૧૯] તેમજ જે એક શૂદ્ર મહાતીક્ષ્ણ પ્રયત્ન કરીને તથા પ્રાણસંકટનાં કાર્યો કરીને મેળવેલા અન્નનું બ્રાહ્મણોને દાન કરે છે, તે પણ સર્વ પાપથી મુકત થાય છે.[૨૦] જે પુરુષ કોઇની હિંસા કર્યાવિના કેવળ પોતાના જાતબળથી અન્ન મેળવીને બ્રાહ્મણોને દાનમાં આપે છે, તેને કદી સંકટો જોવામાં આવતાં નથી. મનુષ્ય ન્યાયપૂર્વક મેળવેલા અન્નનું વેદવેત્તા વૃદ્ધ બ્રાહ્મણોને હર્ષપૂર્વક દાન કરે છે તો સર્વ પાપથી મુક્ત થાય છે.[૨૨] આ લોકમાં અન્ન બળને આપનારૂં છે, માટે અન્નનું દાન કરીને મનુષ્ય બળવાન થાય છે; એટલુંજ નહિ પરંતુ સત્પુરુષોના માર્ગને અનુસરીને તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે.[૨૩] અન્નનું દાન કરનારા પુરુષો કેટલાએકને જીવવાનો એક માર્ગજ ચાલુ કરે છે, કે જે માર્ગે અનેક બુદ્ધિમાન પુરુષો ગમન કરે છે. વળી અન્નનું દાન કરનારા પુરુષો પ્રાણનુંજ દાન કરનારા ગણાય છે અને તેવા અન્નદાતા પુરુષોને આધારેજ સનાતન ધર્મ ટકી રહ્યો છે.[૨૪] મનુષ્ય હરકોઇ અવસ્થામાં ન્યાયપૂર્વક સંપાદન કરેલા અન્નનું સુપાત્રને દાન કરવું, કેમકે અન્નજ પરમ ગતિરૂપ છે.[૨૫] અન્નનું દાન કરવાથી મનુષ્યને મહારૌદ્ર નરકનું સેવન કરવું પડતું નથી; માટે અન્યાયના ત્યાગપૂર્વક નિત્ય અન્નનુંજ દાન કરવું.[૨૬] ગૃહસ્થાશ્રમીએ નિત્ય પ્રથમ બ્રાહ્મણોને ભોજન આપીનેજ પોતે અન્નભક્ષણ કરવું અને પ્રત્યેક મનુષ્યે અન્નનું દાન કરીને દિવસને સફળ કરવો. હે રાજા! ન્યાય, ધર્મ તથા ઇતિહાસને જાણનારા એક હજાર બ્રાહ્મણોને ભોજન આપીને મનુષ્ય કદી ઘોર નરકમાં જતો નથી તેમજ તેને અનેક સંસારો સેવવા પડતા નથી; પરંતુ તે મનુષ્ય સર્વ કામનાઓથી મુક્ત થઇને મરણ પછી પરલોકમાં પણ સુખજ ભોગવે છે. એ રીતે નિત્ય અન્નદાન કરવામાં તત્પર રહેનારો પુરુષ સર્વ સંતાપોથી મુકત થઇને આનંદ કરે છે અને રૂપવાન, કીર્તિમાન તથા ધનવાન થાય છે.[૨૭-૩૦] હે ભારત! આ સર્વ અન્નદાનનું મહાફળ મેં તને કહ્યું. આ અન્નદાન સર્વ ધર્મોનું તથા દાનોનું મૂળ છે."[૩૧]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મઃપર્વમાં
"સંસારચક્ર" એ વિષયનો અધ્યાય
૧૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૧૩મો

દયાધર્મ

॥ युधिष्ठिर उवाच ॥

अहिंसावैदिकं कर्म ध्यानमिन्द्रियसंयमः ।
तपोऽथ गुरुशुश्रूषा किं श्रेयः पुरुषं प्रति ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–"અહિંસા, વૈદિક કર્મ, ધ્યાન, ઇંદ્રિયનિગ્રહ, તપ અને ગુરુસેવા–આ છમાંથી કયું કર્મ પુરુષને શ્રેયસ્કર થઇ પડે છે?"

બૃહસ્પતિએ કહ્યું:–" હે ભરતશ્રેષ્ઠ! એ સર્વ કર્મો જૂદી જૂદી દિશાએ ધર્મજનકજ છે, માટે એ છ વિષેજ હું તને કહું છું તે સાંભળ.[૨] હું પ્રાણીના સર્વોત્તમ શ્રેયની વાત તને કહું છું કે, જે મનુષ્ય અહિંસાપ્રધાન ધર્મને સાધે છે અને પ્રાણીમાત્ર ઉપર કામ, ક્રોધ તથા લોભ, આ ત્રણે દોષોનો ત્યાગ કરે છે, તેમજ એ ત્રણે દોષોને જીતી લે છે તે મનુષ્ય સિદ્ધિને પામે છે.[૩,૪] જે પુરુષ પોતાને સુખ થાય એવી ઇચ્છાથી અહિંસક પ્રાણીઓની હિંસા કરે છે તે પુરુષ પરલોકમાં કદી સુખી થતો નથી;[૫] પણ જે પુરુષ પ્રાણીમાત્રના તરફ પોતાના સમાન દૃષ્ટિ રાખે છે અને કોઇને પણ શિક્ષા કર્યાવિના ક્રોધનો જય કરે છે, તે પુરુષ મરણ પછી પરલોકમાં સુખી થાય છે.[૬] જે પુરુષ પ્રાણીમાત્રના આત્મારૂપ થયેલો હોય છે, પ્રાણીમાત્રને પોતાના સમાન જુએ છે અને પરમાત્માના પરમપદને ઇચ્છે છે, તેના માર્ગમાં દેવો પણ મોહવશ થઇ જાય છે–અર્થાત્ તેવો પુરુષ કયા

માર્ગે ક્યાં જવા ધારે છે? એ જાણવાને દેવો પણ મૂઢ બની જાય છે.[7] જે કર્મ પોતાને દુઃખજનક હોઇને વિરુદ્ધ જણાતું હોય, તેજ કર્મ બીજાને પણ દુઃખજનક હોઇને વિરુદ્ધજ થઇ પડે છે; આંવી મનમાં ભાવના રાખવી અને તે પ્રમાણે વર્તવું એજ સંક્ષિપ્ત ધર્મ છે, પરંતુ કામનાને આધીન થઇને મનુષ્ય આ સિવાયના બીજા અધર્મનું સેવન કરે છે.[8] કોઇનું અપમાન કરવામાં અથવા પરાભવ કરવામાં, દાનમાં, સુખમાં, દુઃખમાં, પ્રિયમાં તથા અપ્રિયમાં પુરુષે પોતાનુંજ દૃષ્ટાંત લઇને પ્રમાણ મેળવવું જોઇએ–અર્થાત્ જે જે કર્મથી પોતાને સુખદુઃખ થાય તે તે કર્મથી બીજાને પણ થાય, એમ પ્રત્યેક મનુષ્યે સમજવું જોઈએ.[9] એક મનુષ્ય બીજાપ્રત્યે જેવું વર્તન કરે છે,તેવુંજ વર્તન બીજો પણ તેની સામે કરે છે; એક મનુષ્ય બીજાને દુઃખ દે છે તો બીજો પણ તેને દુઃખ દે છે અને એક મનુષ્ય બીજાને સુખ દે છે તો બીજો પણ તેને સુખ દે છે. આ ઉપમા, જીવલોકમાં વર્તન કરવામાટે તારે લક્ષ્યમાં રાખવી અને ધર્મવેત્તાઓએ પણ આજ ધર્મ સારી રીતે ઉપદેશ્યો છે.”

વૈશંપાયને કહ્યું:–ધર્મરાજા યુધિષ્ઠિરને એ પ્રમાણે કહીને બુદ્ધિમાન દેવગુરુ બૃહસ્પતિ, અમારા બધાના દેખતાંજ સ્વર્ગમાં ચાલ્યા ગયા.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મપર્વમાં
“સંસારચક્રસમાપ્તિ” એ વિષયનો
અધ્યાય ૧૧૩મો સમાપ્ત

અધ્યાય ૧૧૪ મો

માંસભક્ષણ ત્યાજ્ય છે.

॥ वैशंपायन उवाच ॥

ततो युधिष्ठिरो राजा शरतल्पे पितामहम् ।
पुनरेव महातेजाः पप्रच्छ वदतांवरः ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી વક્તાઓમાં શ્રેષ્ઠ મહાતેજસ્વી યુધિષ્ઠિરે બાણશય્યામાં સૂતેલા ભીષ્મપિતામહને પુનઃ આ પ્રમાણે પૂછ્યું.”[1]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે મહાબુદ્ધિમાન પિતામહ ! ઋષિઓ, બ્રાહ્મણો અને દેવો, વેદનાં પ્રમાણો જોઇજોઇને અહિંસારૂપ ધર્મની પ્રશંસા કરે છે,[2] તો હે શ્રેષ્ઠ રાજા ! મન,વચન તથા કર્મથી હિંસા કરનારો મનુષ્ય દુઃખમાંથી કેવી રીતે મુક્ત થાય ?”[3]

ભીષ્મે કહ્યું:–“હે શત્રુહંતા યુધિષ્ઠિર ! બ્રહ્મવાદી પુરુષોએ અહિંસાના ચાર પ્રકાર કહ્યા છે; (અર્થાત્ મન,:વચન,કર્મ અને માંસભક્ષણ, આ ચારે પ્રકારે થનારી હિંસાનો ત્યાગ કરવાથી અહિંસા પાળી શકાય છે, એમ બ્રહ્મવાદીઓ કહે છે;) માટે એ ચાર પ્રકારમાંથી કોઈ એક પ્રકારે હિંસાનો ત્યાગ કરવાથી અહિંસા પાળી શકાતી નથી.[4] જેમ ચાર પગવાળું કોઇ પણ પશુ કદી ત્રણ પગે ઉભું રહી શકતું નથી, તેમ અહિંસા પણ ચાર પ્રકારેજ સિદ્ધ થતી હોઈને કદી ત્રણ પ્રકારે સિદ્ધ થતી નથી.[5] જેમ હાથીના પગલામાં પગે ચાલનારાં સર્વ પ્રાણીઓનાં પગલાંઓ સમાઇ જાય છે, તેમ અહિંસામાં જગતના સર્વ ધર્મો સમાઈ જાય છે.આ રીતે અહિંસાને પ્રથમથીજ સર્વધર્મરૂપ કહેવામાં આવી છે. મનુષ્ય, કર્મથી હિંસા કરીને જેમ પાપી થાય છે, તેમ મનથી તથા વચનથી પણ હિંસા કરીને પાપી થાય છે; માટે પ્રથમ મનથી તથા વચનથી હિંસાનો ત્યાગ કરીને છેવટે કર્મથી પણ હિંસા નહિ કરનારો પુરુષ, અહિંસા પાળનારો ગણાય છે અને એ ત્રણે પ્રકારે માંસભક્ષણ નહિ કરનારો પુરુષજ માંસભક્ષણ કરતો નથી એમ કહેવાય છે.[6-8] અમે સાંભળ્યું છે કે, બ્રહ્મવાદી પુરુષોએ મન,વચન તથા કર્મ, એ ત્રણેને હિંસાનાં કારણતરીકે દર્શાવ્યાં છે અને હિંસાથી થનારા દોષો પણ મન, વાણી તથા માંસભક્ષણનો સ્વાદ–એ ત્રણેમાંજ સ્થિતિ કરી રહ્યાં છે.[9] આવા કારણથીજ તપશ્ચર્યા કરનારા બુદ્ધિમાન પુરુષો માંસભક્ષણ કરતા નથી. હે રાજા ! માંસનું ભક્ષણ કરવામાં જે જે દોષો રહેલા છે તેનું તું મારી પાસેથી શ્રવણ કર. જે વિદ્વાન પુરુષ પારકા માંસને પોતાના પુત્રના માંસસમાન જાણે છે છતાં મોહને અધીન થઇને તેનું ભક્ષણ કરે છે, તે પુરુષને અધમ કહેવામાં આવે છે.[11] જેમ માતા અને પિતાના સમા-

ગમથી સંતાન ઉત્પન્ન થાય છે, તેમ હિંસા કરીને પાપી થયેલા પુરુષને પણ પરાધીન દશાએ અનેકાનેક પાપી યોનિમાં જન્મ ધારણ કરવો પડે છે.[૧૨] જેમ જીહ્‌વાને લીધે રસનું જ્ઞાન જાણવામાં આવે છે, તેમ માંસનો સ્વાદ લેવાથીજ માંસ ઉપરની પ્રીતિ ઉત્પન્ન થાય છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે.[૧૩] મસાલા વગેરે નાખીને સંસ્કારયુક્ત કરેલા અથવા સંસ્કારરહિત રાખેલા, પકવ કરેલા, મીઠું નાખેલા અથવા મીઠું નહિ નાખેલા માંસાદિ ભક્ષ્ય પદાર્થો જેમ જેમ તૈયાર કરવામાં આવે છે, તેમ તેમ મનુષ્યનું મન તેનો સ્વાદ લેવા ઘોળાયા કરે છે.[૧૪] માંસનું ભક્ષણ કરનારા મૂર્ખ પુરુષો ભેરી, મૃદંગ અને વીણા આદિના પુષ્કળ શબ્દોનું કેવી રીતે સેવન કરશે? (અર્થાત્ તેઓ તો માંસભક્ષણ કરવામાંજ નિત્ય આસક્ત રહેશે.) માંસભક્ષણના રસલોભમાં આસક્ત બની ગયેલા કેટલાએક પુરુષો તો માંસભક્ષણરૂપ ફળનીજ ઇચ્છા રાખીને તેની પ્રશંસા કર્યા કરે છે કે, માંસભક્ષણથી મળતો આનંદ અચિંત્ય છે, અવર્ણનીય છે અને કલ્પનાતીત છે; પરંતુ માંસભક્ષણની આવી પ્રશંસાકરવી તેજ દોષવાળાં કર્મોનું તથા ફળોનું મૂળ કારણ થઇ પડે છે. આમ સમજીનેજ અનેક સાધુપુરુષો પોતાના જીવિતસુદ્ધાંનો ત્યાગ કરીને પોતાના માંસવડે પારકા માંસનું રક્ષણ કરીને સ્વર્ગમાં ગયા છે.[૧૭,૧૮] એ પ્રમાણે હે મહારાજા! ચાર કારણોથી યુક્ત અહિંસાવિષે મેં તને કહ્યું. એ અહિંસાસાથે સર્વ ધર્મોનું અનુસંધાન રહેલું છે.” [૧૯]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“માંસવર્જન કથન” એ વિષયનો
અધ્યાય ૧૧૪મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૧૫ મો

માંસભક્ષણનો નિષેધ

॥ युधिष्ठिर उवाच ॥

अहिंसा परमो धर्म इत्युक्तं बहुशस्त्वया ।
श्राद्धेषु च भवानाह पितृनामिषकांक्षिणः ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ તમે મને અનેકવાર કહ્યું છે કે, “ અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે.” વળી પણ તમે પોતેજ કહો છો કે, શ્રાદ્ધમાં પિતૃઓ માંસની આકાંક્ષા રાખે છે;[૧] એટલુંજ નહિ પરંતુ અનેક પ્રકારનાં માંસોવડે શ્રાદ્ધ કરવાનો વિધિ પણ તમે પ્રથમ કહ્યો છે; તોપછી કોઇ પ્રાણીનો વધ કર્યાવિના માંસને મેળવવું કયાંથી? અને પ્રાણીનો જો વધ કરવામાં આવે છે તો “ अहिंसा परमो धर्मः” એ સૂત્ર સાથે વિરોધ ઉભો થાય છે.[૨] આમ હોવાથી શ્રાદ્ધાદિ ધર્મમાં તથા માંસનો ત્યાગ કરવારૂપ : અહિંસાધર્મમાં અમને સંશય થાય છે. જે પુરુષ માંસનું ભક્ષણ કરે છે તેને કયો દોષ લાગે છે અને જે પુરુષ માંસનું ભક્ષણ કરતો નથી તેને કયો ગુણ પ્રાપ્ત થાય છે?[૩] પ્રાણીનો વધ કરીને માંસભક્ષણ કરનાર મનુષ્યને શો દોષ લાગે છે? બીજાએ આણી આપેલા માંસનું ભક્ષણ કરનારને શો દોષ લાગે છે? જે પુરુષ બીજાને માટે પ્રાણીનો વધ કરે છે તેને શો દોષ લાગે છે અને જે પુરુષ વેચાતું લઈને માંસ ભક્ષણ કરે છે તેને શો દોષ લાગે છે?[૪] હે નિર્દોષ પિતામહ! એ વિષયમાં તમે યથાર્થ રીતે મને કહો. હું આ સનાતન ધર્મનું નિશ્ચયપૂર્વક પાલન કરવા ઈચ્છું છું.[૫] વળી મનુષ્ય આયુષ્યમાન, સત્વવાન, સંપૂર્ણ અવયવવાળો અને સર્વ લક્ષણોથી યુક્ત કેવી રીતે થઇ શકે?”[૬]

ભીષ્મે કહ્યું:–“ હે રાજન્! માંસભક્ષણનો ત્યાગ કરવાથી જે ધર્મ પ્રાપ્ત થાય છે તેને તું મારી પાસેથી સાંભળ; અને હે કુરુનંદન! એ ધર્મના ઉત્તમ વિધિનું પણ તું શ્રવણ કર.[૭] જે મહાત્મા પુરુષોને રૂપ, સંપૂર્ણ અવયવો, આયુષ્ય, બુદ્ધિ, સત્વ, બળ અને સ્મરણશક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હતી, તેઓએ હિંસાનો સર્વથા ત્યાગ કર્યો હતો.[૮] હે યુધિષ્ઠિર! આ વિષયમાં ઋષિઓનો અનેકવાર સંવાદ થયો છે અને તે સર્વ ઋષિઓનો જે મત થયો છે તેનું તું શ્રવણ કર.[૯] જે પુરુષ નિયમિત વ્રત ધારણ કરીને પ્રત્યેક માસે અશ્વમેધ યજ્ઞ કરે છે અને જે પુરુષ મદ્ય તથા માંસનો સર્વથા ત્યાગ કરે

છે, તેઓ બન્નેને સમાન ફળ મળે છે;[૧૦] અને સપ્તર્ષિઓ, વાલખિલ્યો, મરીચિયો અને બીજા ઘણા બુદ્ધિમાન ઋષિમુનિઓ, માંસભક્ષણના ત્યાગનેજ વખાણે છે.[૧૧] જે પુરુષ માંસભક્ષણ કરતો નથી, પ્રાણીઓની હિંસા કરતો નથી તેમ બીજા પાસે હિંસા કરાવતો નથી તે પુરુષ પ્રાણીમાત્રનો મિત્ર થાય છે, એમ સ્વાયંભુવ મનુએ કહ્યું છે.[૧૨]જે પુરુષ માંસભક્ષણનો ત્યાગ કરે છે તેનો કોઈપણ પ્રાણી પરાભવ કરતાં નથી, સર્વ પ્રાણીઓ તેનો વિશ્વાસ કરે છે અને સાધુ પુરુષોમાં તે માન્ય થાય છે.[૧૩] ધર્માત્મા નારદઋષિએ કહ્યું છે કે, જે પુરુષ બીજાના માંસથી પોતાનું માંસ વધારવાની ઇચ્છા રાખે છે, તે પુરુષ અવશ્ય નાશ પામે છે.[૧૪] મદિરા તથા માંસનો ત્યાગ કરીને મનુષ્ય દાન કર્યાનું, યજ્ઞ કર્યાનું તથા તપશ્ચર્યા કર્યાનું ફળ સંપાદન કરે છે, એમ બૃહસ્પતિએ કહ્યું છે.[૧૫] જે પુરુષ સો વર્ષસુધી પ્રત્યેક માસે અશ્વમેધ યજ્ઞ કરે છે અને જે પુરુષ કદી માંસ ભક્ષણ કરતો નથી, તેઓ બન્નેને સમાન ફળ મળે છે, એવો મારો મત છે.[૧૬] મદિરા તથા માંસનો ત્યાગ કરવાથી મનુષ્ય નિરંતર યજ્ઞયાગ કર્યાનું, નિરંતર દાન આપ્યાનું તથા નિરંતર તપશ્ચર્યા કર્યાનું ફળ મેળવે છે.[૧૭] હે ભારત! જે પુરુષ પ્રથમ માંસભક્ષણ કરીને પાછળથી પણ તેમ કરતાં અટકે છે,તેને સર્વ વેદાધ્યયન કરવાથી જે ફળ ન મળે અને સર્વ યજ્ઞયાગ કર્યાથી જે ફળ ન મળે તે ફળ પ્રાપ્ત થાય છે;[૧૮] કેમકે એક વખત માંસના રસનું જ્ઞાન થયા પછી તેનો ત્યાગ કરવો મહાકઠિન થઇ પડે છે અને એક વખત માંસના રસને ચાખી ગયેલો મનુષ્ય પ્રાણીમાત્રને અભયદાન આપવારૂપ શ્રેષ્ઠ વ્રતનું કદી પાલન કરી શકતો નથી.[૧૯] જે વિદ્વાન પુરુષ પ્રાણીમાત્રને અભયદક્ષિણા આપે છે, તે પુરુષ લોકમાં પ્રાણદાતા કહેવાય છે, એમાં સંશય નથી. એ રીતે વિદ્વાન પુરુષો અહિંસારૂપ શ્રેષ્ઠ ધર્મની નિત્ય પ્રશંસા કરે છે; કેમકે પ્રાણ જેવા પોતાને પ્રિય હોય છે,તેવાજ સર્વ પ્રાણીઓને પણ પ્રિય હોય છે; માટે ધર્માત્મા બુદ્ધિમાન પુરુષોએ સર્વત્ર પોતાનાસમાન ભાવ રાખવો. જે વિદ્વાનો આત્માનું કલ્યાણ કરવાનીજ ઇચ્છા રાખનારા હોય છે, તેઓને પણ મૃત્યુનો ભય હોય છે; તોપછી માંસ ઉપર જીવન ગાળનારા પાપી પુરુષોને હાથે બળાત્કારે નાશ પામતાં બીજાં પ્રાણીઓ કે જેઓ નિરોગી અને નિષ્પાપ હોઇને જીવવાની ઇચ્છા રાખનારાં હોય છે તેઓને મૃત્યુનો ભય હોય, એમાં શું આશ્ચર્ય છે? માટે હે મહારાજા! તું જાણ કે, માંસભક્ષણનો ત્યાગ કરવો તે ધર્મનું, સ્વર્ગનું તથા સુખનું શ્રેષ્ઠ સ્થાન છે.[૨૧–૨૪] અહિંસા એજ શ્રેષ્ઠ ધર્મ છે, અહિંસા એજ શ્રેષ્ઠ તપ છે અને અહિંસા એજ શ્રેષ્ઠ સત્ય છે; કેમકે એ અહિંસાને લીધેજ ધર્મ ટકી રહ્યો છે.[૨૫] માંસ કોઇ જાતના ઘાસમાંથી, લાકડામાંથી કે પથ્થરમાંથી ઉત્પન્ન થતું નથી; પણ પ્રાણીનો વધ કરીનેજ માંસ મેળવી શકાય છે. એ કારણથીજ માંસભક્ષણ કરવામાં દોષ માનવામાં આવ્યો છે.[૨૬] દેવતાઓ કે જેઓ સ્વાહા તથા સ્વધાપૂર્વક અર્પણ કરવામાં આવેલા અમૃતનું ભોજન કરનારા છે, તેઓને સત્ય તથા સરળતાજ પ્રિય હોય છે; માટે જેઓ કપટ તથા અસત્યપરાયણ રહીને માંસનું ભક્ષણ કરે છે, તેઓને તારે રાક્ષસોજ જાણવા.[૨૭] હે રાજન્! માંસભક્ષણ નહિ કરનારા મનુષ્યને ઘોર અરણ્યોમાં, દુર્ગમ તથા ગહન વનોમાં, રાત્રિના સમયે, દિવસે, સંધ્યાકાળે, ચૌટાઓમાં, સભાઓમાં, કોઇએ શસ્ત્રો ઉગામ્યાં હોય ત્યારે અથવા માંસાહારી પશુઓ મારવા ચઢી આવ્યાં હોય ત્યારે પણ કોઇનાથી ભય રહેતો નથી.[૨૯] વળી જે મનુષ્ય માંસભક્ષણ કરતો નથી, તે સર્વ પ્રાણીઓનો શરણભૂત થાય છે, પ્રાણીમાત્રનો વિશ્વાસપાત્ર થાય છે, લોકમાં કોઇને ઉદ્વેગકર્તા થતો નથી અને પોતે પણ સદાય ઉદ્વેગરહિત રહે છે.[૩૦] મનુષ્ય જો માંસભક્ષણ કરતો નથી તો પ્રાણીઓનો ઘાત કરનાર પણ થતો નથી; છતાં જે પુરુષ બીજા પ્રાણીઓનો ઘાત કરે છે તે બીજા માંસાહારી મનુષ્યને માટેજ.[૩૧] "માંસ અભક્ષ્ય છે" આવા શાસ્ત્ર-

વિધિથીજ હિંસા થતી અટકવી જોઇએ; છતાં મૃગાદિ પ્રાણીઓની હિંસા કરવામાં આવે છે તે કેવળ માંસાહારી મનુષ્યોને માટેજ કરવામાં આવે છે.[૩૨] હે મહાતેજસ્વી રાજા! માંસ, હિંસા કરનારા પુરુષોના આયુષ્યનો ગ્રાસ કરી જાય છે; માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારા પુરુષે માંસનો સર્વથા ત્યાગ કરવો.[૩૩] પ્રાણીઓની હિંસા કરનારા ક્રૂર પુરુષો, જ્યારે ભયંકર સંકટમાં આવી પડે છે, ત્યારે પોતાનું રક્ષણ કરનારા કોઇપણ પુરુષને તેઓ મેળવી શકતા નથી અને તેવા ક્રૂર પુરુષોને તો માંસાહારી પશુઓની પેઠે પ્રાણીમાત્રે ઉલટા દુઃખીજ કરવા જોઇએ. અધર્મ ઉપર પ્રીતિ થાય છે.તેમાં લોભ, બુદ્ધિનો મોહ, બળ અથવા વીર્ય પ્રાપ્ત કરવાનો ઉદેશ અથવા પાપી પુરુષોનો સંસર્ગ, એમાંનું હરકોઇ કારણ હોય છે.[૩૫] જે પુરુષ પારકા માંસથી પોતાનું માંસ વધારવાની ઇચ્છા કરે છે તેનો જે તે અનેક યોનિઓમાં જન્મ થાય છે અને તે સમયે નિત્ય ઉદ્વિગ્ન સ્થિતિમાંજ તેને રહેવું પડે છે;[૩૬] માટેજ નિયમનિષ્ઠ મહર્ષિઓ માંસભક્ષણના ત્યાગને ધન, યશ, આયુષ્ય તથા સ્વર્ગને આપનાર કહે છે અને કલ્યાણના મોટા સ્થાનરૂપ માને છે.[૩૭] હે કુંતાપુત્ર! પૂર્વે માર્કંડેયઋષિ, માંસભક્ષણના દોષોનું વર્ણન કરતા હતા ત્યારે મેં આ પ્રમાણે સાંભળ્યું છે કે,[૩૮] જે પુરુષ જીવવાની ઇચ્છા હોવા છતાં કોઇને હાથે મારી નાખવામાં આવેલાં અથવા પોતાની મેળે મરણ પામેલાં પ્રાણીઓના માંસનું ભક્ષણ કરે છે, તે પુરુષ એ પ્રાણીઓનો વધ કરનારના જેવોજ ગણાય છે.[૩૯] માંસને વેચાતું લેનારો પુરુષ ધન આપીને પ્રાણીની હિંસા કરે છે, માંસનું ભક્ષણ કરનારો પુરુષ માંસનો ઉપભોગ કરીને પ્રાણીની હિંસા કરે છે અને પ્રાણીનો ઘાત કરનારો પુરુષ વધ તથા બંધનથી પ્રાણીની હિંસા કરે છે. આ રીતે ત્રણ પ્રકારે પ્રાણીઓનો વધ કરવામાં આવે છે.[૪૦] જે મનુષ્ય પોતે માંસભક્ષણ કરતો નથી છતાં પણ ભાવના દોષને લીધે બીજાને માંસભક્ષણનું અનુમોદન આપે છે, તેને માંસભક્ષણ કર્યાનો દોષ લાગે છે અને જે પુરુષ પ્રાણીની હિંસા કરનારા પુરુષને અનુમોદન આપે છે તેને પણ પ્રાણીની હિંસા કર્યા જેટલોજ દોષ લાગે છે.[૪૧] પ્રાણીમાત્ર ઉપર દયાભાવ રાખનારો જે પુરુષ કદી માંસભક્ષણ કરતો નથી, તેનો કોઇપણ પ્રાણી પરાભવ કરી શકતાં નથી;તેમજ એ પુરુષ આયુષ્માન તથા નિરોગી થાય છે.[૪૨] અમે સાંભળ્યું છે કે, સુવર્ણનાં દાન કરવાથી,ગાયોનાં દાન કરવાથી તથા પૃથ્વીનાં દાન કરવાથી જે ધર્મ થાય છે, તે સર્વના કરતાં માંસભક્ષણનો ત્યાગ કરવાથી અધિક ધર્મ થાય છે.[૪૩] જે માંસને યજ્ઞાદિ નિમિત્તે મંત્રપૂર્વક પ્રોક્ષણ કરવામાં આવ્યું ન હોય અને જે માંસ વેદોક્ત વિધિથી રહિત હોય તેવા વૃથા માંસનું કદી ભક્ષણ કરવું નહિ; કેમકે એવા માંસનું ભક્ષણ કરનારો પુરુષ નરકમાં જાય છે, એમાં કંઇ સંશય નથી. જે માંસ ઉપર દેવપિતૃનિમિત્તે પ્રોક્ષણ તથા અભ્યુક્ષણ કરવામાં આવ્યું હોય છે અને જે માંસ બ્રાહ્મણની ઇચ્છાથી તૈયાર કરવામાં આવ્યું હોય છે,તે માંસને અલ્પ દોષવાળું જાણવું;પણ તે સિવાયના વૃથા માંસનું ભક્ષણ કરીને મનુષ્ય પાપી થાય છે.[૪૫] જે નીચ પુરુષ માંસનું ભક્ષણ કરનારા કોઈ બીજા મનુષ્યને માટે પ્રાણીઓની હિંસા કરે છે, તેને જેવો મહાન દોષ લાગે છે તેવો પેલા માંસભક્ષણ કરનારાને લાગતો નથી;[૪૬] તેમજ જે અધમ પુરુષ યજ્ઞાદિના રહસ્યને જાણ્યાવિના કેવળ માંસભક્ષણની લોલુપતાથીજ દેવપૂજા, યજ્ઞ–આદિ વેદોક્ત માર્ગથી પ્રાણીઓની હિંસા કરે છે તે પુરુષ અવશ્ય નરકમાં પડે છે.[૪૭] જે પુરુષ પ્રથમ માંસભક્ષણ કરીને પણ પાછળથી એ પાપકર્મ કરતાં અટકે છે,તે પુરુષને અતિમહાન ધર્મ પ્રાપ્ત થાય છે;[૪૮] માંસને લાવી આપનારો, તેને અનુમતિ આપનારો, પ્રાણીનો વધ કરનારો, માંસને વેચનારો, ખરીદનારો, રાંધનારો તથા તે માંસનું ભક્ષણ કરનારો–આ સર્વ પુરુષો માંસને ખાનારાજ ગણાય છે.[૪૯] હવે આ માંસભક્ષણના ત્યાગનું વિધિઅનુસાર નિર્માણ થયેલું, ઋષિઓએ સેવેલું અને વેદોમાં દર્શાવે-

લું બીજું એક પુરાતની પ્રમાણ હું તને કહું છું. હે રાજસિંહ! વેદોક્ત યજ્ઞયાગાદિરૂપ પ્રવૃત્તિલક્ષણ ધર્મ, જેઓને સંતાનાદિકની ઇચ્છા હોય છે તેઓને માટે કહેવામાં આવ્યો છે, પણ જેઓને કેવળ મોક્ષનીજ ઇચ્છા હોય છે તેઓને માટે એ ધર્મ નથી.[૫૧] જે હવિષ્યને વેદોકત મંત્રથી સંસ્કારવાળું કર્યું હોય છે અને જેનાપર પ્રોક્ષણ તથા અભ્યુક્ષણ કરવામાં આવ્યું હોય છે તેજ હવિષ્ય પવિત્ર ગણાય છે અને તેજ હવિષ્ય વેદોકત પ્રમાણથી દેવપિતૃઓની ક્રિયામાં ઉપયોગી ગણાય છે;[૫૨] પણ તે સિવાયના વૃથા માંસને મનુએ અભક્ષ્યજ કહ્યું છે; કેમકે હે ભરતશ્રેષ્ઠ! તેવું માંસ રાક્ષસોના આહારસમાન હોઇને સ્વર્ગ તથા યશથી ભ્રષ્ટ કરનારૂં છે. હે રાજન્! જે માંસ વેદોકત વિધિથી રહિત હોય તેનું મનુષ્યે પ્રથમ ભક્ષણ કરવું નહિ; તેમજ જેનાપર પ્રોક્ષણ તથા વેદોક્ત સંસ્કારો થયા ન હોય તેવા વૃથા માંસનું પણ ભક્ષણ કરવું નહિ.'[૫૪] જે પુરુષને પોતાના શરીરને અત્યંત ઉપદ્રવરહિત રાખવાની ઇચ્છા હોય તેણે પ્રાણીઓના માંસનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. અમે સાંભળ્યું છે કે, અત્યંત પ્રાચીન કાળમાં, મનુષ્યો જ્યારે યજ્ઞયાગાદિ કરતા હતા, ત્યારે તેમાં હોમવાને માટે કેવળ પુરોડાશનાજ પશુનો ઉપયોગ કરતા હતા અને તેવા પુરોડાશાદિરૂપ પશુથીજ સર્વ યજમાનો યજ્ઞ કરતા હતા કે જેઓ પવિત્ર લોક મેળવવામાટે તત્પર હતા. વળી પૂર્વે સર્વ ઋષિઓએ, ચેદિ દેશના રાજા વસુને, માંસભક્ષણના સંબંધમાં એક સમયે પ્રશ્ન પૂછયો હતો, ત્યારે હે રાજા! તેણે, માંસ અભક્ષ્ય છે છતાં ભક્ષ્ય કહ્યું હતું; જેથી તેને આકાશમાંથી પૃથ્વીપર પડવું પડયું હતું. પછી ફરી પણ એ રાજાને એ વિષયનોજ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે પણ તેણે એજ ઉત્તર આપ્યો, જેથી તેને છેક પાતાળમાં પેસી જવું પડયું હતું;(આ ઉપરથી પણ જણાય છે કે માંસ સર્વથા અભક્ષ્ય છે.) [૫૭,૫૮] તેમજ પ્રજાઓનું હિત ઇચ્છીને મહાત્મા અગસ્ત્યઋષિએ પોતાના તપોબળથી અરણ્યના સર્વ મૃગોને દેવનિમિત્તે પ્રોક્ષિત કર્યાં હતાં;(અર્થાત્ અરણ્યનાં પશુઓથી યજ્ઞ કરીને પણ તેઓનો વધ કર્યો ન હતો.) [૫૯] માટે એ પ્રમાણે કરવાથી પિતૃઓની તથા દેવતાઓની ક્રિયાઓ કદી હીન ગણાતી નથી; છતાં પણ શ્રાદ્ધાદિ પ્રસંગે પિતૃઓને ન્યાયપૂર્વકજ માંસથી તૃપ્ત કરવામાં આવે છે તો તેઓ પ્રસન્ન થાય છે.[૬૦] હે નિર્દોષ રાજેન્દ્ર! માંસભક્ષણ નહિ કરવું તેજ સર્વ પ્રકારે સુખદાયી છે, એ વિષે હું તને જે આ વચન કહું છું તેને તું સાંભળ.[૬૧] જે પુરુષ સો વર્ષ પૂરાં થાય ત્યાંસુધી મહાદારુણ તપ કરે અને જે પુરુષ માંસનો સર્વથા ત્યાગ કરે તેઓ બન્નેને સમાનજ ફળ મળે છે,એમ હું માનું છું. તેમાં પણ હે રાજા! ચંદ્રની જ્યોત્સ્નાવાળા શુક્લ પક્ષમાં ખાસ કરીને મદ્યમાંસનો ત્યાગ કરવો; કેમકે તેથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે.[૬૩] જે પુરુષ વર્ષાઋતુના ચારે મહિના માંસનો પરિત્યાગ કરે છે તેને કીર્તિ, આયુષ્ય,યશ તથા બળ, આ ચાર કલ્યાણો પ્રાપ્ત થાય છે;[૬૪] અથવા વર્ષાઋતુનો એકજ માસ સર્વ પ્રકારનાં માંસનું ભક્ષણ નહિ કરનારો પુરુષ પણ સર્વ દુઃખોમાંથી મુક્ત થઇને નિરોગી સ્થિતિએ સુખેથી જીવન ગાળે છે.[૬૫] જે મનુષ્યો વર્ષાઋતુનો એક મહિનો અથવા એક પખવાડીઉં પણ માંસભક્ષણનો ત્યાગ કરે છે, તેઓ તેટલો સમય પણ હિંસાથી નિવૃત્ત થયેલા હોઈને મરણપછી બ્રહ્મલોકમાં જાય છે.[૬૬] હે પાર્થ! પ્રાણીમાત્રના આત્મારૂપ થયેલા તથા ભૂતકાળના અને ભવિષ્યકાળના વિષયોનું જ્ઞાન ધરાવનારાના ભાગ, અંબરીષ, મહાત્મા ગય, આયુ, અનરણ્ય, દિલીપ, રઘુ, પૂરુ, કાર્તવીર્ય, અનિરુદ્ધ, નહુષ, યયાતિ, નૃગ, વિશ્વગશ્વ, શશબિંદુ, યુવનાશ્વ, શિબી, ઔશીનર, મુચુકુંદ, માંધાતા અને હરિશ્ચંદ્ર વગેરે અનેક રાજાઓએ શુક્લપક્ષમાં માંસભક્ષણનો ત્યાગ કર્યો હતો.[૬૭-૭૦] હે રાજા! તમે નિત્ય સત્ય વચન બોલજો પણ અસત્ય વચન કદી બોલશો નહિ; કેમકે સત્ય સનાતન ધર્મરૂપ છે અને સત્યના પ્રભાવથીજ રાજા હરિશ્ચંદ્ર સ્વર્ગમાં ચંદ્રની પેઠે વિચર્યા કરે છે.[૭૧]

હે રાજેન્દ્ર ! શ્યેનચિત્ર, સોમક, વૃક, રૈવત, રંતિદેવ, વસુ, સૃંજય, કૃપ, ભરત, દુષ્યન્ત, કરૂષ, રામ, અલર્ક, નલ, વિરૂપાશ્વ, નિમિ, બુદ્ધિમાન જનક, ઐલ, પૃથુ, વીરસેન, ઈક્ષ્વાકુ, શંભુ, શ્વેત, સગર, અજ, ધુંધુ, સુબાહુ, હર્યશ્વ, ક્ષુપ અને ભરત આ સર્વ રાજાઓએ તથા તે સિવાયના બીજા અનેક રાજાઓએ શરદ્ઋતુના શુક્લ પક્ષમાં માંસભક્ષણ કર્યું ન હતું, જેથી તેઓ સ્વર્ગને પામ્યા હતા;[૭૨-૭૬] એટલુંજ નહિ પરંતુ તેઓ હજારો સ્ત્રીઓની સાથે ગંધર્વોથી સેવાઇ રહ્યા છે અને લક્ષ્મીથી જાજ્વલ્યમાન થઇને હજીસુધી પણ બ્રહ્મલોકમાં સ્થિતિ કરી રહ્યા છે.[૭૭] આ રીતે આ અહિંસાધર્મ સર્વ ધર્મો કરતાં ઉત્તમ ધર્મ છે; માટે જે મહાત્મા પુરુષો આ ધર્મનું પાલન કરે છે, તેઓ સ્વર્ગલોકમાં વસે છે.[૭૮] જે ધાર્મિક પુરુષો જન્મથી આરંભીનેજ મદિરા તથા માંસનો સદાને માટે ત્યાગ કરી દે છે, તેઓ સર્વે મુનિઓજ કહેવાય છે.[૭૯] માંસભક્ષણના ત્યાગરૂપ આ અહિંસાધર્મનું જે પુરુષ પાલન કરે છે અથવા બીજાને શ્રવણ કરાવે છે તે પુરુષ અત્યંત દુરાચારી હોય તોપણ નરકમાં જતો નથી.[૮૦] હે રાજન્ ! માંસભક્ષણના ત્યાગનો આ વિધિ કે જે પવિત્ર છે અને ઋષિઓએ માન્ય કરેલો છે તેનું જે પુરુષ પઠન કરે છે અથવા શ્રવણ કરે છે તે પુરુષ સર્વ પાપોથી મુક્ત થઇને તથા સર્વ કામનાઓને સંપાદન કરીને સર્વત્ર પૂજાય છે અને પોતાના જ્ઞાતિસમુદાયમાં સર્વના કરતાં વિશેષતા સંપાદન કરે છે એમાં સંશય નથી.[૮૧,૮૨] વળી હે કુરુશ્રેષ્ઠ ! તે પુરુષ જો આપત્તિમાં આવી પડ્યો હોય તો તેમાંથી મુક્ત થાય છે, બંધનમાં આવી પડ્યો હોય તો બંધનથી મુક્ત થાય છે, રોગથી પીડાતો હોય તો તેમાંથી મુક્ત થાય છે અને દુઃખથી દુઃખી થયો હોય તો દુઃખમાંથી મુક્ત થાય છે; ઉપરાંત તે પુરુષ કદી તિર્યંચ યોનિમાં જતો નથી, રૂપવાન થાય છે, સમૃદ્ધિમાન થાય છે અને મોટા યશને સંપાદન કરે છે.[૮૩,૮૪] એ રીતે હે રાજા ! માંસનો ત્યાગ કરવાના સંબંધમાં મેં તને કહ્યું, તેમજ માંસભક્ષણની પ્રવૃત્તિમાં તથા નિવૃત્તિમાં ઋષિઓએ જે વિધિનું નિર્માણ કર્યું છે તે પણ મેં તને કહ્યું."[૮૫]

ઇતિ શ્રીમહા૦ અનુ૦દાનધર્મ પર્વમાં "માંસભક્ષણનિષેધ" એ વિષયનો અધ્યાય ૧૧૫ મો સમાપ્ત

અધ્યાય ૧૧૬મો

અહિંસાનું ફળ

॥ युधिष्ठिर उवाच

इमे वै मानवा लोके नृशंसा मांसगृद्धिनः ।
विसृज्य विविधान् भक्ष्यान् महारक्षोगणा इव

યુધિષ્ઠિરે પૂછ્યું:-" આ મનુષ્યલોકમાં કેટલાએક ક્રૂર મનુષ્યો મોટા રાક્ષસોની પેઠે અનેક પ્રકારના ભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરીને કેવળ માંસભક્ષણ કરવામાંજ લુબ્ધ રહે છે.[૧] તેઓ અનેક જાતના પુડલાઓનું, વિવિધ પ્રકારનાં શાકોનું અને બીજા અનેક સાકર નાખેલા રસવાળા પદાર્થોનું ભક્ષણ કરવાની જેવી ઇચ્છા કરતા નથી, તેવી માંસભક્ષણ કરવાની ઇચ્છા કરે છે.[૨] આ વિષયમાં મારી બુદ્ધિ અત્યંત મુંઝાયા કરે છે કે, માંસભક્ષણની આટલી બધી મોટી આસક્તિ કેવી રીતે દૂર થાય અને હું નથી માનતો કે, માંસમાં જેવો રસ રહેલો છે, તેવો બીજા કોઇ પણ પદાર્થમાં રસ રહેલો હશે;[૩] માટે હે પ્રભો ! માંસભક્ષણ નહિ કરવામાં જે ગુણો રહેલા છે અને માંસભક્ષણ કરવામાં જે દોષો સમાયલા છે, તેને હું સાંભળવા ઇચ્છું છું. હે ધર્મવેત્તા મહાપુરુષ ! આ લોકમાં ધર્મદૃષ્ટિએ અભક્ષ્ય શું છે અને ધર્મદૃષ્ટિએ ભક્ષ્ય શું છે, તે સર્વ મને યથાર્થ રીતે તમે કહો.[૫] હે પિતામહ ! માંસનું સ્વરૂપ શું છે ? માંસનો ત્યાગ કરવાથી કયા ગુણો પ્રાપ્ત થાય છે અને માંસનું ભક્ષણ કરવાથી કયા કયા દોષો પ્રાપ્ત થાય છે ? તે મને કહો."

ભીષ્મે કહ્યું:- હે ભરતવંશી મહાબાહુ યુધિષ્ઠિર ! તું જે કહે છે તે તેમજ છે; માંસમાં જે શ્રેષ્ઠ રસ રહેલો છે, તેવો આ પૃથ્વીપર બીજા

કોઇપણ પદાર્થમાં રહેલો નથી.[૭] ઘાયલ થઇ ગયેલા, ક્ષીણ થઇ ગયેલા, રોગાદિકથી સંતાપ પામેલા,ગ્રામ્યધર્મ(વિષયસુખ)માં આસકત રહેનારા અને માર્ગમાં મુસાફરી કરીને થાકી ગયેલા પુરુષોને માટે માંસ કરતાં શ્રેષ્ઠ એવો બીજો કોઇ પણ પદાર્થ નથી.[૮] હે શત્રુતાપન રાજા! માંસ તુરતજ બળમાં વૃદ્ધિ કરે છે, માંસ ઉત્તમ પુષ્ટિને આપે છે અને માંસ કરતાં શ્રેષ્ઠ એવો બીજો કોઇપણ ભક્ષ્યપદાર્થ નથી;[૯] પરંતુ હે કૌરવનંદન!- માંસનો ત્યાગ કરવાથી મનુષ્યોને અનેક પ્રકારના ગુણો પ્રાપ્ત થાય છે, જેઓનું હું વર્ણન કરૂં છું, તું તે સાંભળ. જે પુરુષ બીજાના માંસવડે પોતાના માંસને વધારવાની ઈચ્છા કરે છે, તેના જેવો અત્યંત ક્ષુદ્ર અને મહાક્રૂર એવો બીજો એક પણ પુરુષ નથી. આ જગતમાં પ્રાણ કરતાં વધારે પ્રિય એવી બીજી કોઇપણ વસ્તુ નથી; માટે મનુષ્યે પોતાના પ્રાણની પેઠે બીજાના પ્રાણનું પણ રક્ષણ કરવાની દયા કરવી જોઇએ.[૧૨] હે તાત! વીર્યમાંથીજ માંસની ઉત્પત્તિ થાય છે, એમાં કંઈ સંશય નથી; માટે માંસનું ભક્ષણ કરવામાં ઘણો મોટો દોષ સમાયલો છે અને માંસનો ત્યાગ કરવામાં પુણ્ય સમાયેલું છે;[૧૩] પણ વેદોકત વિધિથી માંસભક્ષણ કરીને મનુષ્ય દોષપાત્ર ગણાતો નથી; (અર્થાત્ યજ્ઞાદિનિમિત્તે અથવા શ્રાદ્ધાદિનિમિત્તે માંસભક્ષણ કરીને મનુષ્ય પાપી થતો નથી.) કેમકે સર્વ પશુઓને યજ્ઞને માટેજ ઉત્પન્ન કરવામાં આવ્યાં છે, એવી શ્રુતિ પણ સાંભળવામાં આવે છે;[૧૪] પણ વેદોક્ત વિધિથી વિરુદ્ધરીતે વર્તનારાઓને–અર્થાત્ યજ્ઞાદિ નિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરનારાઓને રાક્ષસી વર્તણુંક કરનારાજ કહેવામાં આવે છે.

હવે ક્ષત્રિયોને માટે જે વિધિ છે તેનું પણ તું શ્રવણ કર.[૧૫] જે ક્ષત્રિય પોતાના પરાક્રમથી સંપાદન કરેલા માંસનું ભક્ષણ કરે છે, તેને દોષ લાગતો નથી. હે રાજન્! પૂર્વે અગસ્ત્યઋષિએ અરણ્યનાં સર્વ પશુઓને સર્વ દેવતાઓનિમિત્તે પ્રોક્ષિત કરેલાં છે–અર્થાત્ સર્વ દેવતાઓને અર્પણ કરી દીધાં છે; જેથી મૃગયા (શિકાર) પ્રશંસાપાત્ર ગણાય છે. વળી મૃગયા, પ્રાણને સંકટમાં નાખ્યાવિના કદી થઈ શકતી નથી અને મૃગયામાં બન્ને પક્ષ ઉપર સમાન જોખમ હોઇને કાં તો સામું પ્રાણી મરણ પામે છે અને કાં તો તે પ્રાણીને મારવા ગયેલો પુરુષ માર્યો જાય છે;માટે હે ભારત! સર્વ રાજર્ષિઓ મૃગયા કરવામાટે જાય છે, છતાં પાપથી લેપાતા નથી; કેમકે મૃગયાને પાપ માનવામાં આવ્યું નથી. હે કૌરવનંદન! વાસ્તવિક રીતે તો પ્રાણીમાત્રનાપર સદાકાળ દયા રાખવી તેના જેવું આ લોકમાં તથા પરલોકમાં કંઈ છેજ નહિ; અને દયાળુ પુરુષને આ લોકમાં કોઈના તરફથી કદી ભય થતોજ નથી.[૨૦] વળી દયાળુ પુરુષો ખરેખર તપસ્વીજ ગણાય છે અને તેઓને માટે આ લોક તથા પરલોક બન્ને સુખાકારી થઇ પડે છે. ધર્મવેત્તાઓ કહે છે કે, પ્રત્યેક ધર્મ અહિંસાના લક્ષણવાળોજ હોવો જોઇએ અને પોતાના મનને વશ રાખનારા પુરુષે જે કર્મ અહિંસારૂપ હોય તેનુંજ આચરણ કરવું જોઈએ; પરંતુ પિતૃનિમિત્ત તથા દેવનિમિત્ત યજ્ઞોમાં જે માંસને મંત્રપૂર્વક પ્રોક્ષણ કરવામાં આવે છે તે તો હવિષરૂપજ ગણાય છે. (અર્થાત્ તેવા હવિષરૂપ માંસનું સેવન કરવામાં કંઈ દોષ નથી.)[૨૧,૨૨] અમે સાંભળ્યું છે કે, જે પુરુષ પ્રાણીમાત્રને અભયદાન આપે છે તેને પ્રાણીમાત્ર તરફથી અભય મળે છે. વળી તે અભયદાતા પુરુષ ઘાયલ થઇ પડયો હોય,ઠોકર ખાઇ પડયો હોય, કયાંયથી પડી ગયો હોય, ઘસડાઇ ગયો હોય, કોઇને હાથે માર પામ્યો હોય અથવા બીજા હરકોઇ સમવિષમ પ્રસંગમાં આવી પડયો હોય,તેવા સમયે પણ સર્વ પ્રાણીઓ તેની રક્ષા કરે છે.[૨૪] જે પુરુષ બીજાં પ્રાણીઓને ભયમાંથી મુકત કરે છે, તેને શિકારી પશુઓ, પિશાચો કે રાક્ષસો મારી શકતાં નથી અને તે પુરુષ ભયજનક સર્વ પ્રસંગોમાંથી મુક્ત થાય છે.[૨૫] આ જગતમાં પ્રાણદાનના કરતાં શ્રેષ્ઠ એવું કોઈ દાન ભૂતકાળમાં કદી થયું નથી અને ભવિષ્યકાળમાં કદી થશે નહિ; કેમકે પ્રાણના કરતાં વધારે પ્રિય બીજું કંઇ છેજ નહિ,

એ નિશ્ચય છે.[૨૬] હે ભારત! મરણ પ્રાણીમાત્રને અનિષ્ટ–અપ્રિય હોય છે, કેમકે મૃત્યુસમયે પ્રાણીમાત્રને એકદમ કંપારી છુટે છે.[૨૭] પ્રાણીઓ જાતિ,જન્મ તથા જરાનાં દુઃખો સહન કરીને સંસારસમુદ્રમાં નિત્ય ભ્રમણ કર્યા કરે છે, છતાં મરણથી અત્યંત કંટાળે છે.[૨૮] વળી સર્વ પ્રાણીઓ જ્યારે ગર્ભવાસમાં આવે છે,ત્યારે માતાએ ખાધેલા ખારા, ખાટા અને તીખા રસોથી તેઓ રંધાઇ જાય છે અને મૂત્ર, પરસેવો તથા વિષ્ઠાનાં મહાદારુણ દુઃખો સહન કરે છે. પછી તેઓનો જ્યારે જન્મ થાય છે, ત્યારે પણ પરાધીન દશાએ તેઓનાં વારંવાર છેદનભેદન કરવામાં આવે છે અને કેટલાએક જીવો તો પરતંત્ર દશામાં જ્યાં ત્યાં યાચના કરતા જોવામાં આવે છે અને માંસભક્ષણ કરવામાં લુબ્ધ થતા જોવામાં આવે છે.[૩૦] તે પછી તેઓ જ્યારે મરણ પામે છે, ત્યારે તે તે નરકયોનિને પામીને કુંભીપાક આદિ નરકનાં દુઃખોથી પીડાય છે અને યમલોકમાં તેઓને બળાત્કારે માર મારવામાં આવે છે. આ રીતે પ્રાણીઓને તેઓએ કરેલાં કર્મો વારંવાર સંસારના ફેરામાં ભમાવ્યા કરે છે.[૩૧] આખી પૃથ્વીમાં ફરી વળીને પણ પ્રાણીને પોતાના આત્મા કરતાં વધારે પ્રિય બીજો કોઇપણ પદાર્થ જાણવામાં આવતો નથી; માટે વિવેકી પુરુષે સર્વ પ્રાણીઓ ઉપર દયાળુ થવું.[૩૨] હે રાજન્! જે મનુષ્ય જીવનપર્યંત હરકોઇ પ્રકારના માંસનું ભક્ષણ કરતો નથી તેને સ્વર્ગમાં વિશાળ સ્થાન પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી;[૩૩] પરંતુ જે મનુષ્યો જીવવાની ઇચ્છા રાખનારાં પ્રાણીઓના માંસનું ભક્ષણ કરે છે, તેઓને મરણ પછી જે પ્રાણીઓનું તેઓએ માંસ ખાધું હોય છે તે પ્રાણીઓ ખાય છે, એમાં મને સંશય નથી.[૩૪] હે ભારત! મરનાર પ્રાણી મરતી વખતે કહે છે કે, **માં** એટલે મને સઃ એટલે તે પુરુષ ખાશે; માટે હું પણ તેને ખાઇશ. આવા આશયથીજ “ **માંસ** ” શબ્દ માંસ પદાર્થનો વાચક થયો છે, એમ તારે જાણવું.[૩૫] ઘાત કરનારો પુરુષ તથા માંસનું ભક્ષણ કરનારો પુરુષ નિત્ય વધપાત્ર ગણાય છે; કેમકે હે રાજા! કોઇની નિંદા કરનારો પુરુષ અથવા કોઇનાપર ક્રોધ કરનારો પુરુષ પણ બીજાનો દ્વેષપાત્ર બનેજ છે. (તોપછી બીજાનો વધ કરનારો પુરુષ વધપાત્ર કેમ ન બને?) પ્રાણી જે જે શરીરથી જે જે કર્મ કરે છે,તે તે શરીરથી તેના તેના ફળને ભોગવે છે; માટે અહિંસા એજ શ્રેષ્ઠ ધર્મ, શ્રેષ્ઠ ઇંદ્રિયનિગ્રહ, શ્રેષ્ઠ દાન,શ્રેષ્ઠ તપ,શ્રેષ્ઠ યજ્ઞ,શ્રેષ્ઠ ફળ શ્રેષ્ઠ મિત્ર અને શ્રેષ્ઠ સુખ છે. સર્વ યજ્ઞોમાં જે દાન આપવામાં આવે છે, સર્વ તીર્થોમાં જે સ્નાન કરવામાં આવે છે અને સર્વ પ્રકારનાં દાનો કરવાથી જે ફળ મળે છે,તેની અહિંસા સાથે સમાનતા થઇ શકતી નથી.[૪૦] અહિંસાનું પાલન કરનાર મનુષ્યને અક્ષય તપનું ફળ મળે છે, અહિંસાનું પાલન કરનાર પુરુષને નિરંતર યજ્ઞો કર્યાનું ફળ મળે છે અને અહિંસાનું પાલન કરનાર પુરુષ પ્રાણીમાત્રનાં માતાપિતાસમાન ગણાય છે.[૪૧] હે કુરુશ્રેષ્ઠ! અહિંસાનું આવું મહાન ફળ છે અને તેના ગુણોનું સેંકડો વર્ષે પણ વર્ણન થઇ શકે તેમ નથી.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ અહિંસાપાલકથન ” એ વિષયનો
અધ્યાય ૧૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૧૭મો

એક કીડાનું આખ્યાન

॥ युधिष्ठिर उवाच ॥

आकामाश्च सकामाश्च ये हताः स्म महामृधे ।
कां गतिं प्रतिपन्नास्ते तन्मे ब्रूहि पितामह ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ! આ મહાન યુદ્ધમાં જે પુરુષો પોતાની ઇચ્છાથી અને જે પુરુષો પોતાની ઇચ્છા નહિ હોવા છતાં મરણ પામ્યા છે, તેઓ કયી ગતિને પામ્યા છે? તે મને કહો.[૧] એક મહારણમાં પુરુષોએ પોતાના પ્રાણનો પરિત્યાગ કરવો એ દુઃખદાયી છે અને હે મહાબુદ્ધિમાન પિતામહ! એ વાતને તમે પોતે પણ જાણો છો કે, પ્રાણનો ત્યાગ કરવો તે મહાદુષ્કર છે.[૨] એક મનુષ્ય સમૃદ્ધિમાં ઉછરતો હોય કે દરિદ્રતામાં ઉછરતો હોય

અથવા દુઃખમાં ઉછરતો હોય કે સુખમાં ઉછરતો હોય,પણ પ્રાણનો ત્યાગ કરવો એ તેને મન કઠિન થઈ પડે છે. આનું કારણ શું છે? તે મને કહો. હું તમને સર્વજ્ઞ માનું છું."૩

ભીષ્મે કહ્યું:–"હે રાજા ! આ સંસારમાં આવેલાં પ્રાણીઓ સમૃદ્ધિવાળી સ્થિતિમાં હોય કે દરિદ્ર સ્થિતિમાં, સુખમાં હોય કે દુઃખમાં હોય;છતાં જે ભાવથી તે સ્થિતિમાં પણ પોતાના પ્રાણનું રક્ષણ કરવામાં આસક્ત રહે છે, તેનું કારણ તું સાંભળ. હે યુધિષ્ઠિર ! તેં આ પ્રશ્ન ઠીક પૂછ્યો છે. આ વિષયમાં દ્વૈપાયન વ્યાસના તથા એક કીડાના સંવાદરૂપ પુરાતની વૃત્તાંત હું તને કહું છું.૪-૬ પૂર્વે બ્રહ્મસ્વરૂપ થયેલા બ્રાહ્મણ કૃષ્ણદ્વૈપાયન (વ્યાસ) સર્વત્ર વિચર્યા કરતા હતા. તે સમયે ગાડાંઓના ચીલામાં ઘણીજ ઝડપથી દોડી જતો એક કીડો તેમના જોવામાં આવ્યો.૭ ભગવાન વ્યાસ કે જે સર્વજ્ઞ હતા, પ્રાણીમાત્રની ગતિને જાણનારા હતા અને સર્વ પ્રાણીઓની ભાષાઓને જાણતા હતા, તેમણે એ કીડાને જોઈને આ પ્રમાણે કહ્યું.૮

વ્યાસે કહ્યું:–"ઓ કીડા ! તારૂં સ્વરૂપ ત્રાસ પામેલાના જેવું દેખાય છે અને તું ઉતાવળો ઉતાવળો ક્યાંક જતો હોય તેમ જણાય છે. આ ઉપરથી હું તને પૂછું છું કે, તું ક્યાં દોડી જાય છે? તને કોના તરફથી ભય લાગે છે?"

કીડાએ કહ્યું:–"હે મહાબુદ્ધિમાન ! આ ગાડાનો મહાન શબ્દ સાંભળી મને ભય થયો છે; કેમકે આ શબ્દ મહાદારુણ સંભળાય છે અને તે કદાચ મને મારી તો નહિ નાખે ! આવી બીકથી હું નાસી જાઉં છું. વળી આ બળદો કે જેઓનાપર લાકડીઓના પ્રહાર પડી રહ્યા છે અને જેઓ ઘણા મોટા ભારને વહન કરી રહ્યા હોઇને હાંપી રહ્યા છે, તેઓનો શબ્દ પણ લગભગ સમીપમાંજ મારા સાંભળવામાં આવે છે; તેમજ હે પ્રભો ! બળદોને હાંકી રહેલા મનુષ્યનો પણ અનેક પ્રકારનો શબ્દ સંભળાય છે. આવા શબ્દો અમારા જેવા કીડાની જાતિમાં ઉત્પન્ન થયેલાઓથી સાંભળી શકાતા નથી;માટે આ મહાદારુણ ભયથી આ રીતે હું નાસી જાઉં છું. ખરેખર, મૃત્યુ પ્રાણીમાત્રને દુઃખદાયી છે અને પ્રાણીનું જીવન મહાદુર્લભ ગણાય છે;માટે હું સુખમાંથી દુઃખમાં ન પડું એવા આશયથી આ રીતે ભયભીત થઈને નાસી જાઉં છું."

ભીષ્મે કહ્યું:–કીડાએ એ પ્રમાણે કહ્યું એટલે વ્યાસ બોલ્યા:–"અલ્યા ઓ કીડા! તારે વળી સુખ ક્યાંથી ? તું આવી તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયો છે, જેથી તારૂં જો મરણ થાય તોજ તને સુખ મળે, એમ હું માનું છું. હે કીડા! તને શબ્દ, સ્પર્શ, રસ, ગંધ તથા નાનામોટા અનેક ભોગવૈભવોનું જ્ઞાન નથી, તોપછી તારૂં મરણ તેજ તારૂં શ્રેય છે."૯-૧૬

કીડાએ કહ્યું:–"હે મહાબુદ્ધિમાન બ્રાહ્મણ ! જીવ જે જે શરીરમાં રહેલો હોય છે તે તે સર્વ શરીરમાં તે આનંદ માને છે; જેથી હું પણ આ તિર્યંચજાતિમાં રહ્યો છું છતાં મને સુખ છે, એમ હું માનું છું; તેથી આ તિર્યંચ જાતિમાં પણ મને જીવવાની ઇચ્છા છે.૧૭ વળી આ તિર્યંચ જાતિમાં પણ જેવો જેનો દેહ તેવા સર્વ વિષયો તે પ્રાણીને પ્રાપ્ત થાય છે. તેમાં ભેદ માત્ર એટલોજ રહેલો છે કે, મનુષ્યોને તથા વૃક્ષાદિસ્થાવર પ્રાણીઓને જૂદાજૂદા સર્વ ભોગો વિશેષ પ્રમાણમાં મળે છે; ત્યારે જંગમ તિર્યંચ પ્રાણીઓને તે તે સર્વ ભોગો કંઈક અલ્પ પ્રમાણમાં મળે છે.(અર્થાત્ જંગમ તિર્યંચ પ્રાણીઓને પણ સાધારણ રીતે સર્વ વિષયોનું સુખ મળે છે અને સાથેસાથે દુઃખ પણ મળે છે.)

હે પ્રભો ! મારા પૂર્વજન્મમાં હું એક શૂદ્રજાતિનો મનુષ્ય હતો. મારી પાસે પુષ્કળ ધન હતું, છતાં હું બ્રાહ્મણોનો વિરોધી હતો, ક્રૂર હતો, લોભી હતો, વ્યાજવટાનો ધંધો કરીને જીવન ગાળતો હતો, તીક્ષ્ણ વાણી બોલતો હતો, કપટ કરવામાં કુશળ હતો, આખા જગતનો દ્વેષ કરતો હતો અને કોઇનાં સાચાંજૂઠાં કરીને પણ પારકું દ્રવ્ય હરી લેવામાં નિત્ય આસક્ત રહેતો હતો;૧૮-૨૦ એટલુંજ નહિ પરંતુ હું એટલો બધો ઈર્ષાળુ હતો, એટલો બધો સ્વાદિષ્ટ પદાર્થો ખાવામાં લુબ્ધ હતો, એટલો બધો ક્રૂર હતો અને એટલો બધો ભૂખાળવો

હતો કે જેથી હું મારા પોષ્યવર્ગનો તથા મારે ત્યાં આવેલા અતિથિઓનો ત્યાગ કરીને નિત્ય એકલો એકલો ભોજન કરી લેતો હતો.[21] પ્રત્યેક ગૃહસ્થે પોતાના ભોજન પહેલાં દેવોને તથા પિતૃઓને શ્રદ્ધાપૂર્વક અન્ન અર્પણ કરવું જોઇએ,છતાં મેં ધનની લોલુપતાને લીધે દેવોને કે પિતૃઓને કદી અન્ન અર્પણ કર્યું ન હતું. કેટલાએક મનુષ્યો કે જેઓ ભયજનક પ્રસંગોમાં સુરક્ષિત શરણનો આશ્રય કરીને નિર્ભય થવાની ઇચ્છા રાખતા હતા,તેઓને પ્રથમ શરણ આપીને મેં અકસ્માત્ ત્યજી દીધા હતા પણ તેઓનું રક્ષણ કર્યું ન હતું.[23] હું મનુષ્યોના ધનને, ધાન્યને, પ્રિય પત્નીઓને, વાંહનોને, અદ્ભુત વસ્ત્રોને તથા લક્ષ્મીને જોઇને નિરર્થક ઇર્ષ્યા કર્યા કરતો હતો;[24] ઉપરાંત બીજાના સુખને જોઇને હું ઇર્ષ્યા કરતો હતો. બીજાના ઐશ્વર્યને ઇચ્છતો ન હતો અને મારી પોતાની કામનાને અનુસરીને બીજાના ધર્માર્થકામનો નાશ કરી નાખતો હતો.[25] એ પ્રમાણે મેં પૂર્વજન્મમાં લગભગ ક્રૂર કર્મોજ કર્યાં છે. તેઓનું સ્મરણ કરીને આ સમયે, પોતાના પ્રિય પુત્રનો ત્યાગ કરીને જેવો સંતાપ થાય તેવોજ મને સંતાપ થાય છે.[26] હું નથી જાણતો કે, મેં પૂર્વજન્મમાં કોઇ પ્રકારનાં શુભ કર્મો કર્યાં હોય, કે જેનું ફળ મને મળ્યું હોય! માત્ર મેં મારી વૃદ્ધ માતાનું નિત્ય પૂજન કર્યું હતું અને બ્રાહ્મણજાતિના સંપૂર્ણ ગુણ ધરાવનારો એક બ્રાહ્મણ, કે જે પ્રસંગવશાત મારે ઘેર અતિથિતરીકે આવી ચઢયો હતો, તેનું એક વખત મેં પૂજન કર્યું હતું. હે બ્રહ્મન્! તે કર્મના ફળથીજ હું મારા પૂર્વજન્મનું સ્મરણ વિસરી ગયો નથી;[27,28] અને તે કર્મના ફળથીજ હું જોઇ શકું છું કે, ફરીપણ ભવિષ્યકાળમાં મને સુખ પ્રાપ્ત થશે; માટે હે તપોધન! હું તમારી પાસેથી સાંભળવા ઇચ્છું છું કે, મારૂં કલ્યાણ કેવી રીતે થાય ?”[29]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“કીડાનું આખ્યાન” એ વિષયનો
અધ્યાય ૧૧૭મો સમાપ્ત

અધ્યાય ૧૧૮મો

કીડાનું આખ્યાન (ચાલુ)

॥ व्यास उवाच ॥

शुभेन कर्मणा यद्वै तिर्यग्योनौ न मुह्यसे ।
ममैव कीट तत्कर्म येन त्वं न प्रमुह्यसे ॥१॥

વ્યાસે કહ્યું:– “હે કીડા! જે શુભ કર્મથી તું આ તિર્યંચ જાતિમાં આવીને પણ મોહવશ થતો નથી તે કર્મ મારૂં પોતાનુંજ હતું (અર્થાત્ તે સમયે હું પોતેજ તારે ત્યાં બ્રાહ્મણરૂપે આવ્યો હતો) અને તેં મારૂં પોતાનુંજ પૂજન કર્યું હતું.[1] વળી આ સમયે પણ મારૂં દર્શન આપીને હું મારા તપોબળથી તને તારીશ; કેમકે તપોબળના જેવું બળવાન બળ બીજું કોઈ છેજ નહિ.[2] હે કીડા! હું જાણું છું કે, તું પોતાનાં પાપકર્મોને લીધે કીડો થયો છે; પરંતુ ધર્મને જો માન્ય કરીશ તો ફરીપણ ધર્મને પ્રાપ્ત કરી શકીશ.[3] સ્વર્ગમાં રહેલા દેવતાઓ અને સિદ્ધો જે સુખને ભોગવી રહ્યા છે તે (તેઓએ) પૃથ્વીપર કરેલાં કર્મોજ છે અને મનુષ્યોમાં પણ જે કંઇ ધર્મ જોવામાં આવે છે અને ગુણો જોવામાં આવે છે તે સર્વ પણ કેવળ કામ્યજ હોય છે, નિષ્કામ હોતાં નથી. (અર્થાત મનુષ્યો જે કંઇ ધર્માચરણ કરે છે અથવા જે કંઈ ગુણ સંપાદન કરે છે તેનો ઉદ્દેશ પરલોકમાં સુખ મેળવવાનોજ હોય છે.) કોઇએક વિદ્વાન મનુષ્ય કે મૂર્ખ મનુષ્ય વાણી, બુદ્ધિ, હાથ અને પગથી રહિત થઇને જીવન ગાળતો હોય છે ત્યારે તેને કયો વિષય ત્યજી જાય છે? (અર્થાત્ એ અવસ્થામાં પણ કોઇ વિષયો તેનો ત્યાગ કરતા નથી;) પરંતુ સર્વ પુરુષાર્થો તેનો ત્યાગ કરી દે છે.*[5] માટે હે કીડા! (હું તને વર આપું છું કે,) જે એક ઉત્તમ બ્રાહ્મણ પોતે જીવે છે ત્યાંસુધી ચંદ્ર તથા સૂર્યની પૂજા કર્યા

---

* કહેવાનો આશય એ છે કે, જે અવસ્થામાં કોઇ જાતનો પુરુષાર્થ સિદ્ધ ન થઈ શકે તેવી અવસ્થા ભલે મનુષ્યતરીકેની હોય તોપણ તે વ્યર્થ ગણાય છે તો પછી તારી આ કીડાની અવસ્થા શું વ્યર્થ નથી કે ?

કરે છે અને પવિત્ર કથાઓ કહ્યા કરે છે તેવા શ્રેષ્ઠ બ્રાહ્મણના કુળમાં તું ઉત્પન્ન થઇશ.[૬] તે બ્રાહ્મણજન્મમાં પંચમહાભૂતના વિકારરૂપ સર્વપદાર્થોનો તું ઉપભોગ કરીશ અને તે સમયે હું તને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરીશ તેમજ તને જ્યાં જવાની ઇચ્છા હશે ત્યાં હું તને લઈ જઇશ.”[૭] તે સાંભળી પેલો કીડો “બહુસારૂ” એમ કહીને વ્યાસ ભગવાનના વચનને માન્ય કરી ગાડાંને ચાલવાના તે ચીલામાં ઉભો રહ્યો. તેવામાં એક મોટું ગાડું તે માર્ગે જતું જતું દૈવેચ્છાએ ત્યાં આવી પહોંચ્યું;[૮] એટલે તેનાં પૈડાંના ફરવાથી ચગદાઇને પેલા કીડાએ પોતાના પ્રાણોને ત્યજી દીધા. તે પછી એ કીડો, મહાતેજસ્વી ભગવાન વ્યાસની કૃપાથી એક ક્ષત્રિયના કુળમાં ઉત્પન્ન થયો. જો કે એ કીડાની જાતિનો ત્યાગ કર્યા પછી તેને,શાહુડી,ઘો,ભુંડ, મૃગ અને પક્ષી–વગેરે અનેકની જાતિમાં જન્મ લેવો પડયો હતો; તેમજ ચાંડાળ, શૂદ્ર, વૈશ્ય અને ક્ષત્રિયોની જાતિમાં પણ જન્મ લેવો પડયો હતો, પરંતુ આખરે તે એક રાજકુળમાં ઉત્પન્ન થયો હતો અને તે સમયે ભગવાન વ્યાસ ઋષિનાં દર્શન કરવામાટે તે ગયો હતો. તેણે સત્યવાદી વ્યાસ ઋષિસાથે કેટલીએક વાતચીત કરીને તથા પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરીને પોતાના મસ્તક ઉપર બન્ને હાથ જોડ્યા અને ઋષિના ચરણોનો સ્પર્શ કર્યો.[૯,૧૦]

પછી તે કીડાએ કહ્યું:–“ તેજ આ અતુલ સ્થાન છે કે જે દશગણા ગુણોવડેજ ઇચ્છવાયોગ્ય છે; છતાં હું કીડાની જાતિ પ્રાપ્ત કર્યા પછી આ રીતે એક રાજપુત્ર થયો છું.[૧૨] આ સમયે મને સુવર્ણની માળાઓને ધારણ કરનારા મહાબળવાન હાથીઓ વહી રહ્યા છે; તેમજ રથમાં જોડેલા કાંબોજ દેશના શ્રેષ્ઠ ઘોડાઓ ખેંચી રહ્યા છે;[૧૩] એટલુંજ નહિ પરંતુ ઉંટો તથા ખચ્ચરોથી જોડેલાં કેટલાંએક વાહનો મને મારી ઇચ્છા હોય ત્યાં લઇ જાય છે, મને મારા બાંધવો તથા અમાત્યોની સાથે માંસ તથા ભાતનું ભોજન મળ્યા કરે છે અને હે મહાભાગ! મારો પોતાનોજ જેમાં નિવાસ હોય છે તેવાં ગૃહોમાં, સુખાકારી અમૂલ્ય શયનોમાં અત્યંત માનપૂર્વક હું શયન કરૂં છું.[૧૪,૧૫] જ્યારે પાછલી રાત્રિનો સમય થાય છે, ત્યારે દેવતાઓ જેમ મહેન્દ્રની સ્તુતિ કરે, તેમ પ્રિય ભાષણ બોલનારા સૂતો, માગધો અને બંદિજનો પ્રતિદિન મારી સ્તુતિ કરે છે. આ રીતે હું પ્રથમ કીડાની જાતિને પ્રાપ્ત થયો હતો,છતાં સત્ય પ્રતિજ્ઞાવાળા અને મહાતેજસ્વી એવા આપના પ્રસાદથી રાજપુત્રપણાને પામ્યો છું.[૧૭] હે મહાબુદ્ધિમાન ઋષિ ! હું આપને નમસ્કાર કરૂં છું. આપ મને ઉપદેશ આપો, હવે શું કરૂં ? આપના તપોબળના પ્રભાવથીજ મેં આ રાજ્યપદ પ્રાપ્ત કર્યું છે.”[૧૮]

વ્યાસે કહ્યું:–“ હે રાજન્ ! આજે તેં પોતાની વાણીથી મારી યથેષ્ટ પૂજા કરી છે. પ્રથમ તું કીડાની જાતિને પ્રાપ્ત થયો હતો, છતાં પણ તને આજે શુદ્ધ સ્મૃતિ થયેલી છે.[૧૯] જો કે તેં પ્રથમ શૂદ્રજાતિમાં જન્મીને, ધનની લોલુપતાને લીધે ક્રૂર તથા આતતાયી (હિંસક) થઇને જે પાપ એકઠું કર્યું છે,તેનો નાશ હજી થયો નથી;[૨૦] તોપણ મારા દર્શનરૂપ પુણ્યને તેં પ્રાપ્ત કર્યું છે અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થઈને પણ તેં મારી પૂજા કરી છે તેને લીધે હે રાજપુત્ર ! તું આ જન્મથી મુક્ત થયા પછી બ્રાહ્મણપણું સંપાદન કરીશ. હે રાજપુત્ર ! તું સંપૂર્ણ દક્ષિણાઓવાળા અનેક યજ્ઞો કર્યા પછી તારા પ્રાણોને ગાયો તથા બ્રાહ્મણોને માટે રણસંગ્રામના મોખરામાં સુખેથી હોમી દઈશ. તે પછી બ્રાહ્મણજન્મદ્વારા સ્વર્ગમાં જઈને તું આનંદ કરીશ અને અવિનાશી બ્રહ્મસ્વરૂપે સુખી થઇશ.[૨૧-૨૩] તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થયેલો એક પ્રાણી જો કંઇ શુભ કર્મ કરે છે તો શૂદ્રપણાને પામે છે, શૂદ્રપણામાં પણ જો કંઇ શુભ કર્મ કરે છે તો વૈશ્યજાતિમાં જન્મે છે, વૈશ્યજાતિમાં પણ જો કંઈ શુભ કર્મ કરે છે તો ક્ષત્રિયપણું પામે છે, ક્ષત્રિયપણામાં પણ જો શ્લાઘ્ય વર્તન કરે છે તો બ્રાહ્મણપણું સંપાદન કરે છે અને બ્રાહ્મણપણું સંપાદન કરીને પણ જો ઉત્તમ ચારિત્ર્ય પાળે છે તો પવિત્ર સ્વર્ગલોકને

પ્રાપ્ત કરે છે."[૨૪]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"કીડાનું આખ્યાન" એ વિષયનો
અધ્યાય ૧૧૮ મો સમાપ્ત

અધ્યાય ૧૧૯ મો

કીડાનું આખ્યાન (ચાલુ)

॥ भीष्म उवा ॥

क्षत्रधर्ममनुप्राप्तः स्मरन्नेव च वीर्यवान् ।
त्यक्त्वा स कीटतां राजँश्चचार विपुलं तपः॥

ભીષ્મે કહ્યું:-"હે રાજન્! એ પ્રમાણે તે કીડાની જાતિનો ત્યાગ કરીને વીર્યવાન ક્ષત્રિય થયો; એટલે પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરીને ઘણું મોટું તપ કરવા લાગ્યો.[૧] તે પછી ધર્મના અર્થને જાણનારા તે ક્ષત્રિયનું તેવું મહાન તપ જોઇને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ઋષિ કૃષ્ણદ્વૈપાયન તેની પાસે આવ્યા.[૨]

વ્યાસે કહ્યું:-"હે કીડા! પ્રાણીઓનું રક્ષણ કરવું તેજ ક્ષત્રિયોનું દેવવ્રત ગણાય છે; માટે ક્ષત્રિયના એ દેવવ્રતને તું લક્ષ્યમાં રાખીશ તો બ્રાહ્મણપણાને પામીશ.[૩] તું પુણ્યપાપનાં ફળને જાણે છે, વળી વિવેકી પણ છે; માટે પાપી પુરુષોને પણ પવિત્ર કરનારા શુભ અભિલાષો રાખીને સર્વને યોગ્ય સંવિભાગ આપતાં પ્રજાઓનું ઉત્તમ રીતે પાલન કર.[૪] વળી તું તારા મનને વશ રાખ, નિત્ય પ્રસન્ન રહે અને સ્વધર્મનું આચરણ કરવામાં આસક્ત થા, જેથી આ ક્ષત્રિયશરીરનો ત્યાગ કરીને તું બ્રાહ્મણપણાને પામીશ."[૫]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! અરણ્યમાં આવીને મહર્ષિ વ્યાસે એ પ્રમાણે કહ્યું, એટલે તેમનું વચન સાંભળીને, તે રાજા વનમાંથી પોતાના રાજ્યમાં પાછો આવ્યો; અને હે મહારાજ! ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરીને અલ્પ સમયમાંજ તે બ્રાહ્મણ થયો.[૬,૭] એ રીતે તેને બ્રાહ્મણ થયેલો જોઇ મહાયશસ્વી અને મહાબુદ્ધિમાન કૃષ્ણદ્વૈપાયન (વ્યાસ) ફરી પણ તેની પાસે આવ્યા.[૮]

વ્યાસે કહ્યું:-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હે શ્રીમાન્! હવે તારે કોઈ રીતે પણ ગભરાવું નહિ. હે ધર્મજ્ઞ! શુભ કર્મ કરનારો શુભ યોનિને પામે છે અને પાપકર્મ કરનારો તેના પાપફળને અનુસરતી પાપી યોનિને પામે છે; માટે હે કીડા! તારે મૃત્યુના ભયથી કોઈ પ્રકારે પીડિત થવું નહિ. માત્ર તને ધર્મના નાશનોજ ભય હોવો જોઇએ. હવે તું ઉત્તમ પ્રકારે ધર્માચરણ કર."

કીડાએ કહ્યું:-"હે ભગવન્! આપને લીધે હું સર્વોત્તમ સુખને પામ્યો છું અને ધર્મમૂલક લક્ષ્મીને સંપાદન કરીને આજે મારાં પાપ પણ નાશ પામ્યાં છે."

ભીષ્મે કહ્યું:- હે રાજન્! એ પ્રમાણે ભગવાન વ્યાસનાં વચનથી તે કીડો, દુર્લભ બ્રાહ્મણપણું પામ્યો હતો. તેણે એ રીતે બ્રાહ્મણજન્મ પ્રાપ્ત કરીને આખી પૃથ્વીને યજ્ઞના સેંકડો સ્તંભોથી અંકિત કરી દીધી હતી અને અંતે તે બ્રાહ્મણ મોટો બ્રહ્મવેત્તા થઇને પરબ્રહ્મના સાયુજ્યને પામ્યો હતો.[૯-૧૩] હે પાર્થ! એ કીડો વ્યાસના વચનથી, પોતાનાં કર્મફળરૂપે સનાતન બ્રહ્મપદને પામ્યો હતો;[૧૪] માટે હે પુત્ર! આ યુદ્ધમાં મરણ પામેલા તે શ્રેષ્ઠ ક્ષત્રિયો પણ પોતાના ક્ષાત્રધર્મના પ્રભાવથી પવિત્ર ગતિને પામ્યા છે; માટે તેઓનો તું શોક કર મા.[૧૫]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"કીડાનું આખ્યાન" એ વિષયનો
અધ્યાય ૧૧૯ મો સમાપ્ત

અધ્યાય ૧૨૦ મો

મૈત્રેયની ભિક્ષા

॥ युधिष्ठिर उवाच ॥

विद्यातपोभ्यां दानाच्च किमेतेषां विशिष्यते ।
पृच्छामि त्वां सतांश्रेष्ठ तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ પિતામહ! હું તમને પૂછું છું કે, વિદ્યા, તપ અને દાન, એ ત્રણેમાં શ્રેષ્ઠ શું છે? તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:- આ વિષયમાં પણ મૈત્રેય

અને કૃષ્ણદ્વૈપાયનના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૨] હે રાજા! એક સમયે કૃષ્ણદ્વૈપાયન વ્યાસ, ગુપ્ત રીતે ફરતા ફરતા કાશીમાં મુનિઓના કુળમાં જન્મેલા મૈત્રેયને ત્યાં જઇ પહોંચ્યા.[૩] મહામુનિ વ્યાસને પોતાની સમીપમાં બેઠેલા જાણીને મૈત્રેયે તેમનું પૂજન કર્યું અને પછી તેમને ઉત્તમ ભોજન જમાડયું. મોટા મનવાળા ઋષિ વ્યાસ, સર્વ કામનાઓને પૂર્ણ કરનારૂં અને ગુણવાન એવું તે ઉત્તમ ભોજન જમીને પ્રસન્ન થયા અને ત્યાંથી ચાલતી વેળા આશ્ચર્ય પામ્યા.[૫] તે સમયે વ્યાસ ઋષિને આશ્ચર્ય પામતા જોઈ, મૈત્રેયે તેમને પૂછયું કેઃ–"હે ધર્માત્મન્! તમે આશ્ચર્ય પામ્યા, તેમાં કારણ શું છે? તમે તો એક તપસ્વી છો, વળી ધૈર્યવાન છો; છતાં તમને આટલો બધો હર્ષ કેમ થયો? હે વિદ્વન્! હું આપને વંદન કરીને તથા પ્રણામ કરીને પૂછું છું કે, મારૂં તપોભાગ્ય તથા આપનું મહાભાગ્ય કયી કક્ષાનું છે?[૬,૭] હે તાત! ઉપાધિયુક્ત જીવાત્મા અને ઉપાધિરહિત સુખાત્મા (પરમાત્મા) આ બન્નેથી આપનું આચરણ પૃથક્ છે–અર્થાત્ આપ જીવન્મુક્ત સ્થિતિનું આચરણ કરી રહ્યા છો; જેથી આપનું ભાગ્ય અને મારૂં તપોભાગ્ય–થોડા ઘણા અલ્પ અંતરવાળું તો છેજ. જો કે, હું સૂર્યના વંશમાં ઉત્પન્ન થયો છું, તેથી એ દૃષ્ટિએ મારા તપોભાગ્યને બીજાઓ કરતાં મહત્ માનું છું; પરંતુ આપના મહાભાગ્યથી મહત્ માની શકતોનથી."

વ્યાસે કહ્યું:–"જે કૃત્યથી વેદમાં જે ફળ મળવાનું કહ્યું છે, તેમાં ઘણું મોટું અંતર જોઇને તથા અમુક એકજ કાર્ય કરવાનું કહેવા માટે લોકનો ઘણો મોટો વાદ જોઇને મને આશ્ચર્ય થયું છે. (અર્થાત્ વેદમાં કહેવામાં આવ્યું છે કે, લગભગ સો યજ્ઞો કર્યાવિના સ્વર્ગ જેવું સ્થાન મળતું નથી; છતાં તેં તો માત્ર જળનુંજ દાન કરીનેઆ સ્વર્ગીય સ્થાન પ્રાપ્ત કર્યું છે! તે જોઇને તથા લોકમાં પણ જે કાર્ય કરવા માટે અત્યંત આગ્રહપૂર્વક કહેવામાં આવે છે તે કાર્ય કર્યાવિનાજ તને આવું ઉત્તમ ફળ મળ્યું છે, તે જોઈને મને આશ્ચર્ય થયું છે.) શું આ ઉપરથી વેદના વચનને અસત્ય માનવું? અથવા દેશ, કાળ, પાત્ર અને શ્રદ્ધા આદિના ગૌરવથી અલ્પ કૃત્ય પણ ઘણા મોટા ફળને ઉત્પન્ન કરી શકે છે. દાખલાતરીકે, સ્વાતી નક્ષત્રમાં સમુદ્રમાં પડેલાં મેઘબિંદુઓ મોતીરૂપ બને છે. આ ઉપરથી મનમાં એવો પણ વિચાર આવે છે કે, વેદવચનો મિથ્યા શામાટે કહે?[૯] વિદ્વાનો કહે છે કે, ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગો છે અને તે ત્રણજ પુરુષનું ઉત્તમ વ્રત ગણાય છે. એક તો કોઇનો દ્રોહ ન કરવો તે, બીજું નિત્ય દાન કરવું અને ત્રીજું સત્ય બોલવું.[૧૦] આ વેદોક્ત ઉત્તમ વ્રતને પ્રાચીન કાળના ઋષિમુનિઓએ જગતમાં પ્રકટ કર્યું છે અને હાલના સમયમાં પણ આપણી આગળ એજ વ્રત અવશ્ય આચરણ કરવા યોગ્યતરીકે સાંભળવામાં આવે છે;[૧૧] માટે તેવા વેદોક્ત વ્રતને અનુસરીને અલ્પદાન કરવામાં આવે તો તેનું મહાન ફળ મળે છે. દાખલાતરીકે, તેં મનમાં અસૂયા રાખ્યાવિના તૃષાતુર મનુષ્યને જળનું દાન કર્યું હતું; એટલુંજ નહિ પરંતુ તું તૃષાતુર હતો છતાં પોતાની તૃષ્ણાને નહિ ગણીને બીજા તૃષાતુરને તેં જળદાન કર્યું હતું; જેને લીધે હે સમર્થ મૈત્રેય! મોટા યજ્ઞો કરવાથી જે મહાન લોક મેળવી શકાય છે, તે લોકોને તેં મેળવ્યા છે, એ પ્રત્યક્ષ જોઇને મને આશ્ચર્ય થયું છે.[૧૨,૧૩] ખરેખર, તેં કરેલા દાનરૂપ પવિત્ર તપથી હું તારાપર પ્રસન્ન થયો છું અને તારૂં સત્ત્વ જાણે પુણ્યનુંજ બન્યું હોય, તારૂં દર્શન જાણે પુણ્યનુંજ દર્શન હોય અને તારો ગંધ જાણે પુણ્યનોજ ગંધ હોય, એમ હું માનું છું. તેં કેવળ દાનરૂપ કર્મ કરીને જે ફળ ઉત્પન્ન કર્યું છે, તે સર્વ તીર્થસ્નાન કરતાં પણ ઉત્તમ છે અને વેદવ્રતને સંપૂર્ણ કર્યાના ફળ કરતાં પણ અધિક છે.[૧૪,૧૫] હે બ્રાહ્મણ! દાનજ સર્વ પવિત્ર કર્મો કરતાં પણ અધિક પવિત્ર છે; કેમકે દાન સર્વ પવિત્ર કર્મો કરતાં પણ જો વિશેષ પવિત્ર ન હોય તો તને આવું ઉત્તમ ફળ મળે નહિ.[૧૬] વેદમાં કહેવામાં આવેલાં જે જે

ઉત્તમ કર્મોની તું પ્રશંસા કરે છે, તે સર્વમાં દાનજ અત્યંત શ્રેષ્ઠ છે, એમાં મને સંશય નથી. દાન કરનારા દાતા પુરુષોએ જે માર્ગને કરી મૂક્યો છે, તે માર્ગે અનેક બુદ્ધિમાન પુરુષો પણ જઇ રહ્યા છે; કેમકે દાન કરનારા પુરુષો પ્રાણના દાતા કહેવાય છે અને દાન કરનારા પુરુષોને લીધેજ ધર્મ ટકી રહ્યો છે.[૧૮] જેમ સારી રીતે અધ્યયન કરવામાં આવેલા વેદો ઉત્તમ ફળ આપે છે, જેમ ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી ઉત્તમ ફળ મળે છે અને જેમ સર્વનો ત્યાગ કરવાથી સર્વોત્તમ ફળ મળે છે, તેમ દાન કરવાથી પણ સર્વોત્તમ ફળ મેળવી શકાય છે.[૧૯] હે મહાબુદ્ધિમાન તાત ! તું એ દાનના પ્રભાવથી આના કરતાં પણ ઉત્તમ સુખને પ્રાપ્ત કરી શકીશ; કેમકે બુદ્ધિમાન પુરુષ, પ્રતિદિન અધિકાધિક સુખને સંપાદન કરી શકે છે.[૨૦] આ વાતને અમે પ્રત્યક્ષ જાણી શકયા છીએ, એમાં સંશય નથી. ભાગ્યવાન પુરુષો અનુક્રમે ધન, દાન, યજ્ઞ તથા સુખને પામી શકે છે.[૨૧] જો કે, હે મહાબુદ્ધિમાન મૈત્રેય ! સૃષ્ટિના સ્વાભાવિક નિયમ પ્રમાણે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ, એમ નિત્ય જોવામાં આવે છે,[૨૨] તોપણ વિદ્વાનો કહે છે કે, આ જગતમાં મનુષ્યનાં ત્રણ પ્રકારનાં વર્તન હોય છે. કોઇ મનુષ્યનું પુણ્યરૂપ વર્તન હોય છે, કોઇનું પાપરૂપ હોય છે અને કોઈ(જ્ઞાની)નું પુણ્યપાપરહિત હોય છે.[૨૩] જ્ઞાની પુરુષ યજ્ઞાદિ પુણ્યકર્મો કરતો નથી તેમ દ્રોહ આદિ પાપકર્મ કરતો નથી, તેથી તેનું વર્તન પુણ્યરૂપ મનાતું નથી કે પાપરૂપ મનાતું નથી. વળી તેવો પુરુષ કેવળ બ્રહ્મચિંતનમાંજ મગ્ન રહે છે, તેથી પોતાના કર્મથી થનારૂં પુણ્ય કે પાપ તેને હાથે કદી ઉત્પન્ન થતું નથી. જે પુરુષો નિરંતર યજ્ઞ, દાન તથા તપ કર્યા કરે છે,[૨૪] તેઓ પુણ્યકર્મી કહેવાય છે; અને જે પુરુષો પ્રાણીમાત્રનો નિત્ય દ્રોહ કર્યા કરે છે, તેઓ પાપકર્મી ગણાય છે.[૨૫] તેવા પાપી પુરુષો પારકા દ્રવ્યનું હરણ કરે છે અને તેને લીધે દુઃખ પામે છે તથા નરકમાં પડે છે. આ સિવાયનાં એટલે પરદ્રોહ તથા યજ્ઞ, દાન અને તપ, એ સિવાયનું જે કંઇ કર્મ (બ્રહ્મચિંતનરૂપ) છે તે પાપરૂપ નથી તેમ પુણ્યરૂપ પણ નથી.[૨૬] તું નિરંતર સત્કર્મો કરવામાં આસક્ત રહે, આનંદ કર, દાન કર અને યજ્ઞ કર, જેથી જ્ઞાની કે તપસ્વી પુરુષો પણ તારો પરાજય કરી શકશે નહિ.[૨૭]

ઇતિ **શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં** "મૈત્રેયભિક્ષા" એ વિષયનો અધ્યાય ૧૨૦ મો સમાપ્ત

અધ્યાય ૧૨૧ મો

મૈત્રેયની ભિક્ષા (ચાલુ)

॥ भीष्म उवाच ॥

एवमुक्तः प्रत्युवाच मैत्रेयः कर्मपूजकः ।
अत्यंत श्रीमति कुले जातः प्राज्ञो बहुश्रुतः॥१॥

ભીષ્મે કહ્યું:–" વ્યાસ ભગવાને એ પ્રમાણે કહ્યું એટલે કર્મની પૂજા કરનારો મૈત્રેય કે જે અત્યંત શ્રીમાન કુળમાં ઉત્પન્ન થયો હતો, બુદ્ધિમાન હતો અને મહાવિદ્વાન હતો, તે બોલ્યો.[૧]

મૈત્રેયે કહ્યું:–" હે મહાબુદ્ધિમાન પ્રભુ ! આપ કહો છો તે તેમજ છે, એમાં કંઇ સંશય નથી; તોપણ આપની જો આજ્ઞા હોય તો હું કંઈક બોલું.[૨]

વ્યાસે કહ્યું:–" હે મહાબુદ્ધિમાન મૈત્રેય ! તારે જેટલું જે પ્રમાણે બોલવાની ઇચ્છા હોય તેટલું તું સુખેથી બોલ. હું તારૂં વચન સાંભળીશ. "[૩]

મૈત્રેયે કહ્યું:–" આપે દાનના સંબંધમાં જે કંઇ કહ્યું છે તે નિર્દોષ અને નિર્મળ છે. ખરેખર, આપ વિદ્યા અને તપને લીધે પવિત્રાત્મા છો, એમાં સંશય નથી.[૪] આપનો આત્મા અત્યંત પવિત્ર છે, જેથી આપના સમાગમમાં આવીને મને અતિ મહાન લાભ થયો છે. વળી મારી બુદ્ધિથી હું જોઈ શકું છું કે, આપનું તપોબળ ઘણી મોટી સમૃદ્ધિવાળું છે;[૫] કેમકે આપનાં દર્શનમાત્રથીજ અમારો અભ્યુદય થઈ જાય છે. આપે મને દર્શન આપ્યાં છે, તેને હું આપનો અનુગ્રહ માનું છું અને તે પણ મારા

પૂર્વજન્મના કર્મસ્વભાવથી થયો છે, એમ હું માનું છું.[૬] મનુષ્યને બ્રાહ્મણપણું પ્રાપ્ત થાય છે તેમાં તપ, શાસ્ત્રાભ્યાસ તથા બ્રાહ્મણકુળમાં જન્મ–આ ત્રણ કારણ હોયછે; અને તે ત્રણ કારણો જ્યારે એકત્ર થાય છે, ત્યારેજ બ્રાહ્મણ થઇ શકાય છે.[૭] બ્રાહ્મણ જ્યારેતૃપ્ત થાય છે ત્યારે દેવો તથા પિતૃઓ પણ તૃપ્ત થાય છે; માટે શાસ્ત્રવેત્તા પુરુષોને બ્રાહ્મણ કરતાં કંઇ અધિક હોતુંનથી.[૮] આ જગતમાં જો બ્રાહ્મણ ન હોય તો સર્વત્ર ઘોર અંધકાર છવાઈ જાય, કોઇ સ્થળે કંઇ પણ જાણવામાં ન આવે, ચારે વર્ણોની વ્યવસ્થા જળવાઈ ન રહે અને ધર્મ–અધર્મ તથા સત્ય–અસત્ય, એમાંનું કંઇ પણ ન જણાય.[૯] જેમ એક સુલભ ક્ષેત્રમાં મનુષ્ય ઉત્તમ ફળ સંપાદન કરી શકે છે, તેમ શાસ્ત્રસંપન્ન ઉત્તમ બ્રાહ્મણને દાન કરીને દાતાપુરુષ ઉત્તમ ફળ મેળવી શકે છે.[૧૦] જો કદાચ શાસ્ત્ર અને સદાચારસંપન્ન કોઈ એક બ્રાહ્મણ દાનનો પ્રતિગ્રહ કરનારતરીકે ન મળે, તો ધનવાન પુરુષોનું ધન વ્યર્થજ થઇ પડે.[૧૧] એક અવિદ્વાન બ્રાહ્મણ, દાનમાં આપેલા અન્નનું ભક્ષણ કરે છે તો એ અન્નનોજ નાશ કરે છે એમ નથી; પરંતુ તે અન્નનું દાન કરનારા પુરુષનો પણ નાશ કરે છે. વળી તે અન્ન, ભક્ષણ કરનારા પેલા બ્રાહ્મણનો પણ નાશ કરે છે અને તેનું દાન કરનારો મૂર્ખ દાતા પણ માર્યો જાય છે;[૧૨] પરંતુ એક વિદ્વાન બ્રાહ્મણ જગતના સર્વ અન્નનો પ્રભુ હોઇને દાનમાં આપવામાં આવેલા અન્નનું ભક્ષણ કરે છે તો દાતાને અનેકગણું ફળ આપવા સમર્થ થાય છે; પરંતુ પારકા અન્નનું ભક્ષણ કરનારો તે વિદ્વાન બ્રાહ્મણ જો ગૃહસ્થ હોય છે તો દાતાપુરુષના અન્નનું ભક્ષણ કરવામાં તેને સૂક્ષ્મ અપરાધ (દોષ) લાગે છે; કેમકે દાતાપુરુષના અન્નનું ભક્ષણ કરીને તે બ્રાહ્મણ, પોતાની સ્ત્રી વિષે પ્રજારૂપે ઉત્પન્ન થાય છે. (અર્થાત્ ગૃહસ્થ બ્રાહ્મણે પરાન્નનું કદી ભક્ષણ કરવું નહિ; કારણ કે ગૃહસ્થ બ્રાહ્મણ બીજાના અન્નને ખાઇને જે પ્રજાને ઉત્પન્ન કરે છે, તે પ્રજા પેલા અન્નદાતા પુરુષનીજ ગણાય છે.)[૧૩] ઋષિઓ કહે છે કે, દાન કરનારા પુરુષને જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેજ પુણ્ય દાનનો પ્રતિગ્રહ કરનારા પુરુષને પણ પ્રાપ્ત થાય છે; કેમકે એક પૈડાવાળું ગાડું જેમ ચાલી શકતું નથી, તેમ કેવળ એક દાતાથી અથવા કેવળ એક પ્રતિગ્રહીતાથી લોકવ્યવહાર ચાલી શકે નહિ.[૧૪] જ્યાં શાસ્ત્રસંપન્ન તથા ચારિત્ર્યસંપન્ન બ્રાહ્મણો હોય છે, ત્યાં દાન કરનારો દાતા પુરુષ, આ લોકમાં તથા પરલોકમાં દાનનું પવિત્ર ફળ મેળવી શકે છે.[૧૫] જે બ્રાહ્મણો શુદ્ધવંશમાં ઉત્પન્ન થયેલા હોય છે, નિરંતર તપશ્ચર્યા કરવામાં અત્યંત આસક્ત રહેતા હોય છે અને દાનસંપન્ન તથા અધ્યયનસંપન્ન હોય છે, તે બ્રાહ્મણો નિત્ય અત્યંત પૂજ્ય ગણાય છે. વળી તેવા શ્રેષ્ઠ બ્રાહ્મણોએ જે માર્ગને ચાલુ કરેલો છે, તે માર્ગે જનારો પુરુષ કદી મોહવશ થતો નથી; કેમકે તેવા બ્રાહ્મણો સ્વર્ગના નેતા હોય છે અને યજ્ઞના સનાતન પ્રવર્તક હોય છે."

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"મૈત્રેયભિક્ષા" એ વિષયનો અધ્યાય
૧૨૧ મો સમાપ્ત

અધ્યાય ૧૨૨મો

મૈત્રેયની ભિક્ષા (ચાલુ)

॥ भीष्म उवाच ॥

एवमुक्तः स भगवान् मैत्रेयं प्रत्यभाषत
दिष्ट्यैवं त्वं विजानासि दिष्ट्याते बुद्धिरीदृशी॥

ભીષ્મે કહ્યું:– મૈત્રેયે એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન વ્યાસે તેનાપ્રત્યે કહ્યું કે:–"તું એ પ્રમાણે જાણે છે તે ઘણું સારૂં છે અને તારી બુદ્ધિ આવા પ્રકારની છે તે પણ બહુ સારૂં છે. મનુષ્યો વિશેષે કરીને આર્યપુરુષોના ગુણોનીજ પ્રશંસા કરે છે. રૂપનું, વયનું તથા લક્ષ્મીનું અભિમાન, તારો અવશ્ય પરાભવ કરી શકશે નહિ; એ ઘણા આનંદની વાત છે અને એજ તારા ઉપર દેવતાઓનો અનુગ્રહ છે. હવે જે કર્મ દાનના કરતાં પણ વિશેષ ફળદાયી છે, તે હું તને કહું છું, સાંભળ.

આ જગતમાં જે જે આગમો, જે જે શાસ્ત્રો

અને જે કોઈ પ્રવૃત્તિઓ અનુક્રમે પ્રચલિત થયા કરે છે, તેઓ સર્વે વેદને પ્રમાણ ગણીનેજ પ્રચલિત થાય છે.[૪] હું દાનની પ્રશંસા કરૂં છું અને તું તપની તથા શાસ્ત્રની પ્રશંસા કરે છે; (એ પણ કંઇ ખોટું નથી.) કેમકે તપ પવિત્ર છે અને વેદાધ્યયનનું તથા સ્વર્ગનું સાધન છે.[૫] અમારા સાંભળવામાં આવ્યું છે કે, તપ અને વિદ્યાથી મનુષ્ય મહાન પદને પામી શકે છે અને તપથી જે કંઇ પાપકર્મ હોય છે તેને પણ મનુષ્ય દૂર કરી શકે છે.[૬] પુરુષ જે જે વિષયને પ્રાપ્ત કરવાનો મનમાં સંકલ્પ કરીને તપશ્ચર્યા કરે છે, તે તે સર્વ વિષયને પામે છે અને વિદ્યાથી પણ સર્વ ઇચ્છિત વિષયો મળી આવે છે, એમ અમે સાંભળ્યું છે.[૭] જે વસ્તુ સાથે સંબંધ થવો પણ કઠિન હોય, જે દુરાધર્ષ હોય, દુષ્પ્રાપ્ય હોય અને દુર્લંઘ્ય હોય તે સર્વ વસ્તુને મનુષ્ય તપથી મેળવી શકે છે; કેમકે તપ સર્વના કરતાં વધારે બળવાન છે.[૮] કોઇએક પુરુષ દારુડીઓ હોય, ચોરી કરનારો હોય, બાળહત્યારો હોય અને ગુરુની સ્ત્રીસાથે વ્યભિચાર કરનારો હોય, તે પણ તપથી તરી જાય છે અને સર્વ પ્રકારનાં પાપથી મુક્ત થાય છે.[૯] વિદ્વાનો કહે છે કે, જે પુરુષ સર્વ વિદ્યાઓ સંપાદન કરીને ચક્ષુષ્માન્ (એટલે વાસ્તવિક દૃષ્ટિવાળો) થયો હોય છે અને જે પુરુષ જેવો તેવો પણ તપસ્વી હોય છે, તેઓને સદાય નમસ્કાર કરવા.[૧૦] જે પુરુષો શાસ્ત્રરૂપ ધનવાળા હોય છે અને તપસ્વી હોય છે, તેઓ સર્વે સદાય પૂજ્ય ગણાય છે; તેમજ નિત્ય દાન કરનારા પુરુષો પણ આ લોકમાં લક્ષ્મી સંપાદન કરે છે અને મરણ પછી પરલોકમાં સુખી થાય છે.[૧૧] આ લોકમાં જે પુણ્યશાળી પુરુષો અન્નનું દાન કરે છે, તેઓ મરણપછી બ્રહ્મલોકને પામે છે અને એના કરતાં પણ મહાબળવાન ગણાતા બીજા લોકને પણ પામે છે.[૧૨] જે પુરુષો લોકમાં પૂજાપાત્ર થયેલા હોય છે અને જે પુરુષો જગતમાં માનીતા થયા હોય છે, તે પુરુષો પણ અન્નનું દાન કરનારા પુરુષની પૂજા કરે છે અને તેને માન આપે છે; એટલુંજ નહિ પરંતુ અન્નનું દાન કરનારો પુરુષ જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં સર્વત્ર પૂજાય છે.[૧૩] કર્મને નહિ કરનારો પુરુષ તથા કર્મને કરનારો પુરુષ, પોતાની યોગ્યતા પ્રમાણેજ ફળને મેળવે છે. ભલે પછી તે પુરુષ ઉપરના લોકમાં જાય કે નીચેના લોકમાં જાય.[૧૪] હે મૈત્રેય! તું આવાં અન્નજળનું દાન કરે છે, માટે તને જે અન્નજળ પ્રાપ્ત કરવાની ઇચ્છા હશે તે સર્વ પ્રાપ્ત થશે. વળી તું બુદ્ધિમાન છે, ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો છે, શાસ્ત્રસંપન્ન છે, દયાળુ છે, તરુણ વયનો છે અને વ્રતનિષ્ઠ પણ છે; માટે આ દાનધર્મમાં તું નિત્ય આસક્ત રહે અને ગૃહસ્થાશ્રમીઓના પ્રથમ કર્તવ્યરૂપ આ શ્રેષ્ઠ કર્મનો તું સ્વીકાર કર.[૧૫,૧૬] (તે કર્મ એજ છે કે,) જે કુળમાં એક પતિ પોતાની સ્ત્રી ઉપરજ સંતુષ્ટ રહે છે અને સ્ત્રી પોતાના પતિ ઉપરજ સંતુષ્ટ રહે છે; તે કુળમાં સર્વ કલ્યાણો નિવાસ કરે છે.[૧૭] વળી મનુષ્યો, જળથી પોતાના શરીર ઉપરના મેલને જેમ દૂર કરે છે અને અગ્નિની કાંતિથી જેમ અંધકારને દૂર કરે છે, તેમ દાન અને તપથી સર્વ પાપને દૂર કરે છે. હે મૈત્રેય! તારૂં કલ્યાણ થાઓ, હવે હું મારે ઘેર જાઉં છું અને ફરી પણ તને કહેતો જાઉં છું કે, મેં આપેલો આ ઉપદેશ તું લક્ષ્યમાં રાખજે; કેમકે એ રીતે વર્તવાથી તારૂં કલ્યાણ થશે."

તે સાંભળી મૈત્રેયે વ્યાસભગવાનને પ્રણામ કરીને તથા પ્રદક્ષિણા કરીને બે હાથ જોડી કહ્યું કે:–"આપ ભગવાન કલ્યાણને પ્રાપ્ત કરો."[૨૦]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"મૈત્રેયની ભિક્ષા" એ વિષયનો
અધ્યાય ૧૨૨ મો સમાપ્ત

અધ્યાય ૧૨૩ મો

સ્ત્રીધર્મ

॥ યુધિષ્ઠિર ઉવાચ ॥

सत्स्त्रीणां समुदाचारं सर्वधर्मविदांवर ।
श्रोतुमिच्छाम्यहं त्वत्तस्तन्मे ब्रूहि पितामह ।।१

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ પિતામહ! મને તમારી પાસેથી ઉત્તમ સ્ત્રીઓના સદાચાર સાંભળવાની ઇચ્છા છે; માટે તે મને કહો."[1]

ભીષ્મે કહ્યું:–"પૂર્વે સર્વ વિષયોનું જ્ઞાન ધરાવનારી અને સર્વ તત્ત્વોને જાણનારી મનસ્વિની શાંડિલી (તે નામની એક સ્ત્રી,) જ્યારે દેવલોકમાં ગઇ, ત્યારે કેકયવંશમાં ઉત્પન્ન થયેલી સુમના નામની એક સ્ત્રીએ તેને આ પ્રમાણે પૂછ્યું હતું:–[2]"હે કલ્યાણિ! કયાં વર્તનથી અથવા કયા સદાચારથી સર્વ પાપોનો નાશ કરીને તું આ દેવલોકમાં આવી છે?[3] તું પોતાના તેજથી અગ્નિની શિખાની પેઠે પ્રજવળી રહી છે અને સ્વર્ગમાં આવીને પણ ચંદ્રની પુત્રીની પેઠે કાંતિથી પ્રકાશી રહી છે.[4] વળી તું સર્વ પરિશ્રમથી રહિત થયેલી હોઇને ઉજ્જવળ વસ્ત્રોને ધારણ કરી રહી છે, વિમાનમાં બેઠેલી હોઇને પવિત્ર જણાય છે અને તેજમાં હજારગણી પ્રકાશી રહી છે.[5] હું માનું છું કે, તું અલ્પ તપથી, અલ્પ દાનથી અથવા અલ્પ નિયમથી આ લોકમાં આવી નથી; માટે તે વિષે તું મને યથાર્થ વાત કહે."[6]

સુમનાએ એ પ્રમાણે પૂછ્યું, એટલે શાંડિલીએ સુંદર હાસ્ય કરીને, એકાગ્રતાપૂર્વક સુમનાને આવું મધુર વાક્ય કહ્યું.[7] હું ભગવાં વસ્ત્રો પહેરીને, વલ્કલ વસ્ત્રો ધારણ કરીને, માથું મુંડાવીને અથવા જટા ધારણ કરીને દેવપણાને પામી નથી;[8] પરંતુ મેં મારા સ્વામીને કદી અહિત વાક્યો કહ્યાં નથી; તેમજ કદી કઠોર વાક્યો પણ કહ્યાં નથી. હું નિત્ય પ્રમાદરહિત રહેતી હતી, દેવતાઓનું, પિતૃઓનું તથા બ્રાહ્મણોનું નિત્ય પૂજન કરતી હતી, સદાય અપ્રમાદી થઇને મારાં સાસુસસરાની સેવા કરતી હતી, કોઇની ચાડીચુગલી કરતી નહિ અને તેમ કરવાનો મારા મનમાં કદી વિચાર પણ કરતી નહિ. વળી હું ઘરના બારણાવિના બીજે સ્થળે ક્યાંય ઉભી રહેતી નહિ, લાંબા કાળસુધી કોઈની સાથે વાતો કર્યા કરતી નહિ, ખોટી રીતે કદી હસતી નહિ, કર્મથી પણ કોઇનું અહિત કરતી નહિ અને કોઇની ગુપ્ત વાતને અથવા પ્રકટ વાતને પણ હું કદી જાહેર કરતી નહિ.[9–12] મારા સ્વામી, કોઇ કાર્યપ્રસંગે જ્યારે બહાર જતા અને પછી જ્યારે ઘેર પાછા આવતા, ત્યારે આસન અર્પણ કરીને એકાગ્રચિત્તથી તેમની હું પૂજા કરતી.[13] જે અન્ન મારા સ્વામીના જાણવામાં ન હતું અને જે અન્ન મારા સ્વામીને પસંદ ન હતું, તેનો હું ત્યાગ કરતી; અને જે ભોજ્ય, ભક્ષ્ય તથા લેહ્ય પદાર્થ મારા સ્વામીને પસંદ ન હતા તે સર્વનો હું ત્યાગ કરતી.[14] કુટુંબને માટે જે કંઇ વસ્તુ આણવામાં આવેલી હોય અને તેના સંબંધમાં જે કંઈ કાર્ય કરવાનું હોય તે સર્વને હું પોતેજ પ્રાતઃકાળમાં ઉઠીને કરી લેતી અને મારી દેખરેખ નીચે બીજાઓ પાસે કરાવતી.[15] મારા પતિ કોઈ કાર્યપ્રસંગે જ્યારે બહારગામ જતા, ત્યારે માત્ર એક મંગળસૂત્ર ધારણ કરીનેજ હું નિત્ય અનેક નિયમો પાળતી;[16] પરંતુ આંજણ, ગોરોચન, સ્નાન, પુષ્પની માળા, ચંદન તથા ઉત્તમ વસ્ત્રાલંકાર આદિ શૃંગારને કદી ધારણ કરતી નહિ; કેમકે મારા પતિ જ્યારે પ્રવાસે જતા, ત્યારે તે તે ભોગ્ય પદાર્થો મને પસંદજ આવતા નહિ.[17] મારા સ્વામી જ્યારે સુખેથી નિદ્રાવશ થઇ જતા, ત્યારે કોઇ આંતરિક કાર્યપ્રસંગે પણ તેમને હું જાગ્રત કરતી નહિ અને તેથી મારૂં મન પ્રસન્ન રહેતું.[18] હું મારા કુટુંબને માટે પણ મારા સ્વામીને કદી પરિશ્રમ આપતી નહિ, અમારા ઘરની ગુપ્ત વાર્તાને કદી પ્રકટ કરતી નહિ અને અમારા ઘરને વાળીઝુડીને અત્યંત સાફ રાખતી.[19] જે સ્ત્રી આ ધર્મમાર્ગને નિત્ય સાવધાન રહીને પાળે છે, તે સ્ત્રી સર્વ સ્ત્રીઓમાં જેમ અરુંધતી પૂજાય છે, તેમ સ્વર્ગલોકમાં પૂજાય છે."[20]

ભીષ્મે કહ્યું:–"એ રીતે તપસ્વિની દેવી શાંડિલી કે જે મહાભાગ્યશાળી હતી, તે સુમનાને એ પ્રમાણે પતિધર્મ કહીને ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.[21] હે પાંડુપુત્ર! જે મનુષ્ય પ્રત્યેક પર્વને દિવસે આ આખ્યાનનું પઠન કરે છે,

તે દેવલોકને પામીને નંદનવનમાં સુખેથી નિવાસ કરે છે.”[૨૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “શાંડિલી અને સુમનાનો સંવાદ ” એ વિષયનો અધ્યાય ૧૨૩ મો સમાપ્ત

અધ્યાય ૧૨૪ મો

સામનું મહત્વ

॥ युधिष्ठिर उवाच ॥

साम्निचापि प्रदाने च ज्यायः किं भवतो मतम्
प्रब्रूहि भरतश्रेष्ठ यदत्र व्यतिरिच्यते ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે ભરતશ્રેષ્ઠ પિતામહ! સામ અને દાનમાં તમે શ્રેષ્ઠ કોને માનો છો? આ બન્નેમાં જે વધારે ઉત્તમ હોય તે મને કહો.”

ભીષ્મે કહ્યું:–“ કોઇ પુરુષને સામથી પ્રસન્ન કરી શકાય છે અને કોઇ પુરુષને દાનથી પ્રસન્ન કરી શકાય છે; માટે પુરુષની પ્રકૃતિને જાણ્યા પછી તે બંનેમાંથી કોઈએક ઉપાયનો ઉપયોગ કરવો.[૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! સામમાં જે ગુણો રહેલા છે તેઓનું તું મારી પાસેથી શ્રવણ કર. મહાક્રૂર પ્રાણીઓને પણ સામના પ્રયોગથી વશ કરી શકાય છે. આ વિષયમાં એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ અપાય છે કે, કોઇએક રાક્ષસે વનમાં એક બ્રાહ્મણને પકડયો હતો; પરંતુ સામને અધીન થઇને તેને છોડી મૂકયો હતો.[૪] કોઇએક વાચાળ અને બુદ્ધિસંપન્ન બ્રાહ્મણ, નિર્જન અરણ્યમાં જઈ ચઢેલો હોઈને એક રાક્ષસના સપાટામાં સપડાઈ પડયો હતો અને મોટા સંકટમાં આવી પડયો હતો. એ રાક્ષસ તે બ્રાહ્મણને ખાઇ જવા ધારતો હતો.[૫] તે સમયે એ બ્રાહ્મણ કે જે બુદ્ધિમાન અને શાસ્ત્રસંપન્ન હતો, તેણે અત્યંત ભયંકર દેખાવના તે રાક્ષસને જોઇને સામનોજ પ્રયોગ કર્યો હતો; પરંતુ મનમાં કંઈ ગભરાયો ન હતો તેમ ખિન્ન પણ થયો ન હતો.[૬] પેલા રાક્ષસે, એ બ્રાહ્મણની વાણીનાં પ્રથમ વખાણ કર્યાં અને પછી તેને પ્રશ્ન પૂછયો કે:–“ હું આ રીતે નિસ્તેજ અને દુર્બળ કયા કારણથી થયો છું? આ મારા પ્રશ્નનો તું ઉત્તર આપ, એટલે હું તને મુક્ત કરીશ.” રાક્ષસનો એ પ્રશ્ન સાંભળી, બ્રાહ્મણે એક મુહૂર્તભર મનમાં વિચાર કર્યો અને પછી આવી ગાથાઓ કહીને અવ્યગ્રતાપૂર્વક તેના પ્રશ્નનો ઉત્તર કહેવા માંડયો.[૭,૮]

બ્રાહ્મણે કહ્યું :–“ તું અહીં પરદેશમાં અને નિર્જન સ્થાનમાં એકલો રહીને પોતાના મિત્રવર્ગવિના અતુલ વિષયોનો ઉપભોગ કરે કરે છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ થયો છે. હે રાક્ષસ! તું તારા મિત્રોનો સારી રીતે આદરસત્કાર કરે છે છતાં તેઓ પોતાના દોષને લીધે તારાપર સ્નેહ રાખતા નથી, તેથી તું નિસ્તેજ અને દુર્બળ થયો છે.[૧૦] જેઓ તારા ગુણો કરતાં અત્યંત ઉતરતા ગુણોવાળા છે છતાં તેઓ ધન તથા ઐશ્વર્યમાં તારા કરતાં અધિક હોઈને તારૂં અપમાન કરે છે તેથીજ તું આ રીતે નિસ્તેજ અને દુર્બળ થઇ ગયો છે.[૧૧] ખરેખર, તું ગુણવાન છે, બુદ્ધિમાન છે અને વિનયશીલ છે; છતાં બીજા ગુણહીન, બુદ્ધિહીન અને અવિનયી પુરુષોને જગતમાં સત્કાર પામતા જુએ છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ રહે છે.[૧૨] તું આજીવિકાના અભાવથી કલેશ પામે છે;છતાં પોતાની મોટાઇને લીધે આજીવિકાના ઉપાયોને નિંદ્ય ગણે છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ થઇ ગયો છે.[૧૩] હે સાધુપુરુષ! તું પોતાના આર્યત્વને લીધે પોતાના આત્માને દુઃખી કરીને પણ જે કોઇનાપર ઉપકાર કરે છે,તે મનુષ્ય તારો આભાર નહિ માનતાં ઉલટો તને જીતાયલો માને છે તેથી શરીરે તું નિસ્તેજ અને દુર્બળ જણાય છે.[૧૪] હું માનું છું કે, જેઓ અવળે માર્ગે જઇને દુઃખી થાય છે અને જેઓનાં મન કામ તથા ક્રોધથી ઘેરાયલાં રહે છે તેઓની તું નિત્ય ચિંતા કરે છે તેથી નિસ્તેજ અને દુર્બળ રહે છે.[૧૫] ખરેખર, તું તારી બુદ્ધિમત્તાને લીધે માનપાત્ર છે,છતાં કેટલાએક મૂર્ખ પુરુષોના સંસર્ગમાં આવતાં તે દુરાચારી પુરુષો તને તુચ્છ ગણી કાઢે છે તેથી શરીરે તું નિસ્તેજ અને દુર્બળ થયો છે.[૧૬] તારો કોઈ શત્રુ, ઉપર ઉપરથી તારો મિત્ર બનીને તથા આર્યપુરુષના જેવું

આચરણ કરીને અવશ્ય તને છેતરી ગયો છે, તેથી તું નિસ્તેજ અને દુર્બળ થઈ ગયો છે.[૧૭] તું કેટલાંએક પ્રકટ કાર્યો કરવામાં ગતિવાળો છે તેમ કેટલાંએક ગુપ્ત કાર્યો કરવામાં પણ કુશળ છે. વળી તું કૃતકૃત્ય પણ છે;છતાં તે તે કાર્યને કરી જાણનારા પુરુષોમાં તું પૂજાતો નથી, તેથી તું નિસ્તેજ અને દુર્બળ છે.[૧૮] જે સ્થળે દુષ્ટ મનુષ્યો બેઠેલા હોય છે તે સ્થળે પણ તું સંશયનો ત્યાગ કરીને તેઓનાં દુરાચરણોને કહી દે છે તેથી તારા ગુણો તેઓના મનમાં પ્રકાશી નીકળતા નથી અને તેથીજ તું નિસ્તેજ અને દુર્બળ થયો છે.તું કેવળ પ્રતાપથીજ યુક્ત હોઇને ધન, બુદ્ધિ તથા શાસ્ત્રથી રહિત છે;છતાં તને કોઇ કોઈ મહત્કાર્ય કરવાની ઇચ્છા રહે છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ જણાય છે. હું માનું છું કે, તારૂં મન તપશ્ચર્યા કરવામાં લીન થયું છે અને તું વાનપ્રસ્થ જીવન ગાળવાની આકાંક્ષા રાખે છે; છતાં તારા બાંધવો તારી એ આકાંક્ષાને પસંદ કરતા નથી તેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે. તને તારી પત્ની ઉપર પ્રેમ પણ છે; પરંતુ તારો કોઈ પાડોશી ઘણોજ ધનવાન, તરુણ અને અત્યંત સુંદર હોઇને અવશ્ય કામી હોવો જોઇએ જેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૧૯-૨૨]ખરેખર,તું ધનવાન પુરુષોના મધ્યમાં પણ સર્વોત્તમ વાક્ય કહી દે છે; પરંતુ તે સમયે કહેવામાં આવેલું તારૂં વાક્ય દીપી નીકળતું નથી તેથી તું નિસ્તેજ અને દુર્બળ થઈ ગયો છે.[૨૩] તું તારાપર કોપાયમાન થયેલો કોઇએક મૂર્ખ મનુષ્ય, કે જે તારા હૃદયને પ્રિય છે અને પ્રથમથીજ દઢતરીકે સાંભળવામાં આવ્યો છે, તેને મનાવી શકતો નથી તેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૨૪] કોઇએક મનુષ્ય, પોતાના અભીષ્ટ કાર્યમાં તને જોડીને તે કાર્યનું ફળ નિત્ય પોતેજ લેવાં ઇચ્છે છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૨૫] તું તારા ઉત્તમ ગુણોથી યુક્ત હોઇને સર્વની પૂજા કરે છે, પરંતુ તારો મિત્ર તો એમજ માને છે કે, તે તો મારે લીધે સર્વની પૂજા કરે છે; આવા કારણથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૨૬] તું તારા આંતરિક અભિપ્રાયને, લજ્જાને લીધે તથા ‘ તે અભિપ્રાય સિદ્ધ થશે કે નહિ ’ એવી માનસિક શિથિલતાને લીધે વ્યવહારમાં પ્રકટ કરવાની ઇચ્છા કરી શકતો નથી તેથી શરીરે નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૨૭] આ લોકમાં મનુષ્યો અનેક પ્રકારની બુદ્ધિવાળા અને ભિન્ન ભિન્ન રુચિવાળા હોય છે,તેઓ સર્વને તું પોતાના ગુણોથી વશ કરવા ઇચ્છે છે અને તેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૨૮] તું અવિદ્વાન છે અને કોઈ નાની બાબતમાં પણ ભયભીત રહ્યા કરે છે; છતાં વિદ્યા,પરાક્રમ અને દાનથી ઉત્પન્ન થનારા યશની ઇચ્છા રાખે છે તેથી શરીરે નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૨૯] તેં જે ફળ મેળવવાની ઘણા લાંબા કાળથી ઇચ્છા રાખી હતી તે ફળ તને મળ્યુંજ નહિ;પણ બીજાઓ તે તૈયાર કરવામાં આવેલા ફળને હરી ગયા તેથી તું નિસ્તેજ અને દુર્બળ થઇ ગયો છે.[૩૦] તું તેં પોતે કરેલા દોષને પોતાનામાં લેશમાત્ર જોતો નથી, છતાં બીજાઓએ વિનાકારણ તારાપર દોષારોપ કર્યો છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ થઈ ગયો છે.[૩૧] તું કેટલાએક સાધુપુરુષોને ઘરમાં પડી રહેલા જોઇને, કેટલાએક અસાધુપુરુષોને વનમાં નીકળી પડેલા જોઇને તથા જગતમાં મુક્ત ગણાતા કેટલાએક પુરુષોને ઘરમાં આસક્ત થયેલા જોઈને પ્રતિદિન નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૩૨] તું ધન તથા ગુણોથી રહિત છે,જેથી પોતાના મિત્રોનાં તથા બીજા દુઃખી મનુષ્યોનાં હાનિજન્ય દુઃખો દૂર કરવાને સમર્થ થઇ શકતો નથી તેથી શરીરે નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૩૩] તેં ધર્મ, અર્થ અને કામયુક્ત એવું વચન સમયાનુસાર કહેલું છે;છતાં તને તેનું ફળ મળતું નથી તેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૩૪] તું બુદ્ધિમાન છે છતાં મૂર્ખ પુરુષોએ આપેલા ધન ઉપર જીવન ગાળવાની ઈચ્છા રાખે છે અને તેવું ધન પ્રાપ્ત કરીને આજીવિકા ચલાવે છે તેથી તું નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૩૫] તું નિત્ય પાપકર્મોને વૃદ્ધિ પામતાં જોઇ તેમજ

કલ્યાણ કર્મોને નાશ પામતાં જોઇ, અત્યંત નિંદા કર્યા કરે છે તેથી પ્રતિદિન નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે.[૩૬] તું પરસ્પર વિરુદ્ધ થયેલા પોતાના મિત્રોને અનુસરીને તેઓનું પ્રિય કરવા ઇચ્છે છે તેથી શરીરે નિસ્તેજ અને દુર્બળ જણાય છે.[૩૭] હું માનું છું કે, તું વેદાભ્યાસી શ્રોત્રિય બ્રાહ્મણોને વિરુદ્ધ કર્મ કરી રહેલા જોઈ અને બુદ્ધિમાન પુરુષોને ઈન્દ્રિયાધીન થયેલા જોઇ નિત્ય તેઓની ચિંતા કર્યા કરે છે, તેથી નિસ્તેજ અને દુર્બળ થતો જાય છે."

એ પ્રમાણે તે બ્રાહ્મણે કેટલાંએક સામવચનો કહીને રાક્ષસને સારૂં લગાડયું જેથી રાક્ષસે તેની પૂજા કરી, તેને પોતાનો મિત્ર બનાવ્યો અને પુષ્કળ ધન આપીને તેને છોડી મૂકયો.[૩૯]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "નિસ્તેજ અને દુર્બળ થયેલા એક રાક્ષસનું આખ્યાન" એ વિષયનો અધ્યાય ૧૨૪ મા સમાપ્ત

અધ્યાય ૧૨૫ મો

પિતૃરહસ્ય

॥ युधिष्ठिर उवाच ॥

जन्ममानुष्यकं प्राप्य कर्मक्षेत्रं सुदुर्लभम् ।
श्रेयोऽर्थिना दरिद्रेण किं कर्तव्यं पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ ! કર્મ કરવાના ક્ષેત્રરૂપ અને મહાદુર્લભ મનુષ્યજન્મ પામીને પોતાનું શ્રેય ઇચ્છનારા દરિદ્ર પુરુષે શું કરવું જોઇએ?[૧] હે ગંગાપુત્ર ! સર્વ દાનોમાં ઉત્તમ દાન કયું ? કયું દાન કેવી રીતે આપવું? અને જગતમાં માન્ય તથા પૂજ્ય કોણ ? એ સર્વનું રહસ્ય કહેવાને તમે યોગ્ય છો."[૨]

વૈશંપાયને કહ્યું:-પાંડુના યશસ્વી પુત્ર રાજા યુધિષ્ઠિરે એ રીતે પૂછ્યું એટલે ભીષ્મપિતામહે રાજાને ધર્મોનું પરમ રહસ્ય કહેવા માંડયું.

ભીષ્મે કહ્યું:-" હે ભરતવંશી રાજા ! પૂર્વે ભગવાન વ્યાસે મને જે જે ધર્મરહસ્યો કહ્યાં છે તેનું તું સાવધાન થઇને શ્રવણ કર.[૪] હે રાજા ! ઉત્તમ કર્મ કરનારા યમે, એકાગ્ર ચિત્તથી કેટલાએક નિયમો પાળીને તપશ્ચરણના મહાન ફળરૂપ આવું દેવરહસ્ય પ્રાપ્ત કર્યું છે કે જેને લીધે પોતાનો ઈષ્ટદેવ પિતૃઓ, ઋષિઓ, પ્રમથો, લક્ષ્મી, ચિત્રગુપ્ત અને દિગ્ગજો પ્રસન્ન થાય છે.[૫,૬] વળી જે દેવરહસ્યમાં મોટા ફળને આપનારો ઋષિધર્મ રહસ્યની સાથે કહેવામાં આવ્યો છે; તેમજ મોટાં મોટાં દાનોનું ફળ તથા સર્વ યજ્ઞોનું ફળ પણ કહેવામાં આવ્યું છે તે આ દેવરહસ્યને જે પુરુષ જાણે છે અથવા જાણીને આચરણમાં મૂકે છે, તે પુરુષ હે નિર્દોષ રાજા ! પાપી હોય તો સર્વ પાપોથી મુક્ત થઇને ઉત્તમ ગુણોથી યુક્ત થાય છે.[૮] નિત્ય દશ પશુઓનો વધ કરનાર એક કસાઇના જેવો એક ઘાંચી ગણાય છે, દશ ઘાંચીઓસમાન એક દારૂ વેચનારો ગણાય છે અને દશ દારૂ વેચનારાઓ સમાન એક વેશ્યા ગણાય છે તથા દશ વેશ્યાઓસમાન એક ક્ષુદ્ર રાજા ગણાય છે;[૯] તેમજ એક મોટો રાજા પાંચ વેશ્યાઓસમાન ગણાય છે. (માટે તે સર્વના દાનનો કદી પ્રતિગ્રહ કરવો નહિ.) વળી સર્વ શાસ્ત્રોમાં પણ જે શાસ્ત્ર ધર્માર્થકામરૂપ ત્રિવર્ગથી યુક્ત હોય છે, તે પવિત્ર ગણાય છે અને પુણ્યના એક લક્ષણરૂપ કહેવાય છે. (માટે દુષ્ટોના પ્રતિગ્રહનો ત્યાગ કરનારા પુરુષે ત્રિવર્ગ શાસ્ત્રને અવશ્ય જાણવું જોઇએ.) તેમાં પણ કેવળ ધર્મનેજ પ્રતિપાદન કરનારૂં શાસ્ત્ર વધારે પવિત્ર ગણાય છે; કેમકે કેવળ ધર્મથીજ ભરપૂર એવા તે શાસ્ત્રને દેવોએ પોતેજ રચેલું છે; માટે તેવા ધર્મશાસ્ત્રના રહસ્યનું વિશેષે કરી શ્રવણ કરવું.[૧૦,૧૧] જે ધર્મશાસ્ત્રમાં પિતૃઓને ઉદ્દેશીને કરવામાં આવતાં શ્રાદ્ધકર્મોનાં રહસ્યો કહેવામાં આવ્યાં છે, વળી જે ધર્મશાસ્ત્રમાં સર્વ દેવનિમિત્ત કર્મોનું સંપૂર્ણ રહસ્ય કહેવામાં આવ્યું છે; તેમજ મોટા ફળને આપનારા રહસ્યસહિત ઋષિધર્મનું, મોટા યજ્ઞોના ફળનું તથા સર્વ પ્રકારનાં દાનોના ફળનું જેમાં વર્ણન કરવામાં આવ્યું છે તે ધર્મશાસ્ત્રનું જે મનુષ્યો પઠનપાઠન કરે છે, જેઓના હૃદયમાં એજ શાસ્ત્ર સ્થિતિ કરી રહ્યું હોય છે અને એ શાસ્ત્રનું શ્રવણ કરીને તેના ફળનું જે પુરુષ બી-

જાઓ પાસે કથન કરે છે, તેઓ સર્વે સાક્ષાત્ પ્રભુ નારાયણરૂપજ થાય છે.[૧૨-૧૪]

જે મનુષ્ય અતિથિઓનું પૂજન કરે છે, તેને ગાયોનાં દાન કર્યાનું, સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું તથા સર્વ પ્રકારના યજ્ઞો કર્યાનું ફળ મળે છે.[૧૫] જે પુરુષો શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રાદિનું શ્રવણ કરે છે અને શુદ્ધ મનના હોય છે તે પુરુષો ખરેખર, સર્વ લોકોને જીતી શકે છે અને શ્રદ્ધાવાન સાધુપુરુષ સર્વ પાપોથી મુક્ત થાય છે. કોઇ જાતના પાપનો તેને સ્પર્શ સુદ્ધાં થતો નથી અને મરણ પછી જ્યારે પરલોકમાં જાય છે, ત્યારે પણ નિત્ય ધર્મનું ફળ સંપાદન કરે છે.[૧૬,૧૭]

કોઇ એક સમયે એક દેવદૂત, પોતાની ઇચ્છાથી અદૃશ્ય રહીને ઇંદ્રને કહેવા લાગ્યો:–[૧૮] "વૈદ્યોમાં શ્રેષ્ઠ જે અશ્વિનીકુમારો સર્વ કામ્ય ગુણોથી યુક્ત છે–તેઓ બન્નેની આજ્ઞાથી હું સર્વ ઋષિઓને, પિતૃઓને તથા દેવતાઓને આ પ્રમાણે પૂછવા માટે આવ્યો છું કે:–[૧૯] "શ્રાદ્ધમાં દાન કરનારા પુરુષે તથા ભોજન કરનારા બ્રાહ્મણે મૈથુનનો શામાટે ત્યાગ કરવો? અને જૂદા જૂદા ત્રણ પિંડો વિભાગ પાડીને શા માટે આપવામાં આવે છે?[૨૦] વળી તેમાં પ્રથમ પિંડ કોને આપવો? બીજો પિંડ કયાં જાય છે અને ત્રીજો પિંડ કોને આપવો? એ જાણવાની મને ઇચ્છા છે."[૨૧]

શ્રદ્ધાળુ તે દેવદૂતના ધર્મયુક્ત વચનની પ્રશંસા કરીને તે સમયે પૂર્વદિશામાં બેઠેલા સર્વ પિતૃદેવો બોલ્યા.[૨૨]

પિતૃઓએ કહ્યું:–"હે શ્રેષ્ઠ દેવદૂત! તું ભલે આવ્યો, તારૂં કલ્યાણ થાઓ. તેં પૂછેલો આ પ્રશ્ન અત્યંત ગૂઢ અર્થવાળો હોઇને ઘણોજ શ્રેષ્ઠ છે; માટે અમે તેનો ઉત્તર આપીએ છીએ તેનું તું શ્રવણ કર.[૨૩] જે પુરુષ શ્રાદ્ધમાં દાન આપીને તથા શ્રાદ્ધમાં ભોજન કરીને સ્ત્રી સાથે મૈથુન કરે છે, તેના પિતૃઓને એક માસપર્યંત તેના વીર્યમાં પડી રહેવું પડે છે.[૨૪] હવે પિંડોના વિભાગવિષે અમે તને અનુક્રમે કહીએ છીએ. પહેલો પિંડ તો જળમાંજ આપવામાં આવે છે અને તે નીચેના લોકમાં જાય છે, એવી ભાવના કરવી. બીજો પિંડ શ્રાદ્ધ કરનાર યજમાનની પત્નીને આપવામાં આવે છે, જેથી તે એકલીજ એ પિંડનું ભક્ષણ કરે છે અને ત્રીજો પિંડ અગ્નિને ઉદ્દેશીને આપવામાં આવે છે.[૨૬] એ રીતે શ્રાદ્ધનો વિધિ અમે તને કહ્યો, કે જેથી ધર્મનો કદી નાશ થતો નથી. વળી આ શ્રાદ્ધવિધિને અનુસરનારા પુરુષના સર્વ પિતૃઓ પ્રસન્ન થાય છે અને તેના પિતૃઓનાં મન પણ નિત્ય પ્રસન્ન રહે છે. ઉપરાંત તે પુરુષની સંતતિ વૃદ્ધિ પામેછે અને તેને અક્ષય પુણ્ય મળે છે."

દેવદૂતે કહ્યું:–" પિંડોનો ભિન્ન ભિન્ન વિભાગ તમે મને અનુક્રમે કહ્યો, તેમજ સર્વ પિતૃઓને ઉદ્દેશીને જળ, યજમાનપત્ની તથા અગ્નિને પિંડ આપવાના સંબંધમાં પણ તમે મને કહ્યું; પણ હું તમને પૂછું છું કે, જળમાં આપવામાં આવેલો પ્રથમ પિંડ નીચેના લોકમાં કોને મળે છે? કયા દેવને પ્રસન્ન કરે છે અને પિતૃઓને કેવી રીતે તારી શકે છે? તેમજ બીજો પિંડ, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે યજમાનની પત્ની ખાય છે પણ તેને લીધે એ પુરુષના પિતૃઓ, એ પિંડનું કેવી રીતે ભક્ષણ કરે છે? વળી ત્રીજો પિંડ અગ્નિમાં આપવામાં આવે છે, તેની શી ગતિ થાય છે? અથવા તે પિંડ કોને મળે છે? આ રીતે ત્રણે પિંડોની જે ગતિ થાય છે તે સાંભળવાની મને ઈચ્છા છે."[૨૭-૩૨]

પિતૃઓએ કહ્યું:–" તારો આ પ્રશ્ન અતિ મહાન છે; અને હે દેવદૂત! તેં આ અદ્ભુત રહસ્ય અમને પૂછ્યું છે. દેવો તથા મુનિઓ આ કર્મનીજ પ્રશંસા કરે છે અને તેઓ પણ આ પિતૃકાર્યના નિશ્ચયને આ પ્રમાણે જાણી શકતા નથી. માત્ર લાંબા કાળસુધી જીવનારા ઉત્તમ મહાત્મા માર્કંડેય ઋષિવિના બીજો કોઇ પણ પિતૃકાર્યના નિશ્ચયને જાણી શકતો નથી. પિતૃઓના ભક્ત અને મહાયશસ્વી બ્રાહ્મણ માર્કંડેયે ભગવાન શંકર પાસેથી વર મેળવ્યો હતો અને ત્રણે પિંડોની ગતિને પણ એ ભગવાન પાસેથી સાંભળી હતી. તેં (દેવદૂતે) શ્રાદ્ધના

વિધિનો જે નિશ્ચય અમને પૂછયો છે,તેજ નિશ્ચય માર્કંડેય મુનિએ પણ ભગવાન શંકરને પૂછયો હતો. તે સમયે ત્રણે પિંડોની ગતિવિષે ભગવાન શંકરે જે કંઇ કહ્યું હતું તેનું તું સાવધાન થઇને શ્રવણ કર.[૩૩-૩૭] હે મહાબુદ્ધિમાન દેવદૂત ! જે પિંડને જળમાં અર્પણ કરવામાં આવે છે, તે પિંડ ચંદ્રને પ્રસન્ન કરે છે અને ચંદ્ર, દેવો તથા પિતૃઓને પ્રસન્ન કરે છે. જે બીજા પિંડનું યજમાનની પત્ની ભક્ષણ કરે છે તેદ્વારા પણ પિતૃઓ પ્રસન્ન થાય છે અને પુત્રની ઇચ્છા રાખનારા યજમાનને તેઓ પુત્ર અર્પણ કરે છે.[૩૯] હવે ત્રીજો પિંડ અગ્નિને અર્પણ કરવામાં આવે છે તે વિષે પણ તું સાંભળ. અગ્નિને પિંડ અર્પણ કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે અને તેઓ પ્રસન્ન થઈને સર્વ કામનાઓને અર્પણ કરે છે. આ રીતે ત્રણે પિંડોની જે ગતિ થાય છે, તે વિષે સર્વ અમે તને કહ્યું. જે ઋત્વિજ, યજમાનના શ્રાદ્ધમાં પિતૃરૂપ થઇને ભોજન કરે છે, તેણે એ દિવસે મૈથુનનો ત્યાગ કરવો, એમ વિદ્વાનો માને છે.* વળી હે શ્રેષ્ઠ દેવદૂત ! પ્રત્યેક ઋત્વિજે નિત્ય પવિત્ર થઇનેજ શ્રાદ્ધનું ભોજન કરવું; કેમકે તેમ કરવાથી ઋત્વિજને અમે કહેલા દોષો લાગતા નથી, અન્યથા તે તે દોષો અવશ્ય લાગે છે; માટે બ્રાહ્મણે, સ્નાનાદિકથી પવિત્ર થઇને શાંતિપૂર્વક શ્રાદ્ધના અન્નનું ભોજન કરવું; તેમજ જે યજમાન પણ પૂર્વોક્ત વિધિથી પવિત્ર થયેલા બ્રાહ્મણને શ્રાદ્ધભોજન અર્પણ કરે છે, તો એની પ્રજા પ્રતિદિન વૃદ્ધિ પામે છે. ”

તે પછી મહાતપસ્વી વિદ્યુત્પ્રભ ઋષિ બોલ્યા. તેમનું સ્વરૂપ સૂર્યના તેજસમાન પ્રકાશી રહ્યું હતું. તેમણે ધર્મનાં રહસ્યોનું શ્રવણ કરીને ઇંદ્રને કહ્યું કે:–[૪૦-૪૫] “જે મનુષ્યો, મોહને અધીન થઇને તિર્યંચયોનિમાં રહેલાં પ્રાણીઓની, કીડાઓની, કીડીઓની, સર્પોની, બકરાંઓની, મૃગોની તથા પક્ષીઓની હિંસા કરે છે, તેઓને મહાન પાપ લાગે છે; પણ તેઓને એ પાપમાંથી મુકત થવાનો જો વિચાર હોય તો તેવો કોઇ ઉપાય છે કે નહિ ? ”

મુનિ વિદ્યુત્પ્રભનો એ પ્રશ્ન સાંભળીને ત્યાં બેઠેલા સર્વ દેવગણોએ, તપોધન ઋષિઓએ તથા મહાભાગ્યશાળી પિતૃઓએ તેમની પ્રશંસા કરી.પછી ઇંદ્રે કહ્યું:–“તેવો પાપી મનુષ્ય કુરુક્ષેત્ર, ગયા, ગંગા, પ્રભાસ અને પુષ્કર–આ સર્વ તીર્થોનું મનમાં ધ્યાન કરીને જળમાં સ્નાન કરે છે, તો રાહુથી જેમ ચંદ્રમા મુકત થાય છે, તેમ સર્વ પાપોથી મુકત થાય છે; તેમજ જે પુરુષ પૂર્વોક્ત વિધિથી ત્રણ દિવસ સ્નાન કરીને તથા ત્રણ દિવસ ઉપવાસ કરીને ગાયોના પૃષ્ઠભાગને તથા પૂછડાના વાળને નમસ્કાર કરે છે, તે પુરુષ પણ સર્વ પાપોથી મુકત થાય છે.”[૫૦]

તે પછી વિદ્યુત્પ્રભ ઋષિએ ઇંદ્રને આવું વાક્ય કહ્યું:–“હે ઇંદ્ર ! આ અત્યંત સૂક્ષ્મ ધર્મ છે, તેનું તું શ્રવણ કર. જે કોઇ પાપી પુરુષ વડવાઇના ઉકાળાનું શરીરપર મર્દન કરે છે અને રાઇના તેલનું શરીરપર વિલેપન કરીને સાઠ દિવસે પાકેલા ધાન્યનું દૂધની સાથે ભોજન કરે છે, તે પુરુષ સર્વ પાપોથી મુકત થાય છે.[૫૧,૫૨] વળી બીજું એક ગુપ્ત રહસ્ય, કે જેનો મોટા મોટા ઋષિઓએ વિચાર કરેલો છે અને શંકરના નિવાસસ્થાનમાં બૃહસ્પતિના કહેવા ઉપરથી જેનું મેં શ્રવણ કર્યું છે તેને હે દેવેશ ! હે શચીના પતિ ! આ રુદ્રદેવની સાથે તું સાંભળ. જે પાપી પુરુષ પર્વત ઉપર ચઢીને, એક પગે ઉભો રહીને, બાહુઓ ઉંચા કરીને તથા બે હાથ જોડીને નિરાહાર સ્થિતિમાં સૂર્યની સામે દૃષ્ટિ રાખે છે અને એ રીતે મહાન તપશ્ચર્યા કરવામાં તત્પર રહે છે, તે પુરુષને ઉપવાસો કર્યા જેટલું ફળ મળે છે.[૫૩-૫૫] વળી ગ્રીષ્મકાળમાં અથવા શીતકાળમાં સૂર્યનાં કિરણોથી તપ્ત થઇને જે પુરુષ તપ કરે છે,તેનાં સર્વ

---

* ટીકાકાર નીલકંઠ અહીં ટીકા કરતાં લખે છે કે, પિતૃરૂપ થઇને શ્રાદ્ધમાં ભોજન કરનારો બ્રાહ્મણ, યજમાનનો પિતૃજ થઈ ચૂકે છે; માટે જે દિવસે બ્રાહ્મણે શ્રાદ્ધભોજન કર્યું હોય તે દિવસે તેણે પોતાની સ્ત્રી પાસે જવું નહિ; કેમકે તે દિવસે પોતે એક પરપુરુષરૂપ થયેલો હોવાથી પોતાની સ્ત્રીને તેણે પરસ્ત્રીતરીકેજ સમજવી જોઇએ, નહિ તો તેને પરસ્ત્રીગમનનો દોષ લાગે છે.

પાપો દૂર થાય છે.[૫૬] એ રીતે પાપથી મુક્ત થયેલા પુરુષની કાંતિ સદાને માટે અચળ રહે છે અને તેજમાં સૂર્ય તથા ચંદ્રની પેઠે તે પ્રકાશી નીકળે છે."[૫૭]

તે પછી દેવસભાની વચ્ચે બેઠેલા દેવરાજ ઇંદ્રે, બૃહસ્પતિને ઉદ્દેશીને આવું મધુર તથા ઉત્તમ વાક્ય કહ્યું:–[૫૮]"હે ભગવન્! ધર્મનું રહસ્ય કે જે મનુષ્યોને સુખાવહ હોય તેનું તમે નિરૂપણ કરો અને રહસ્યસહિત સર્વ દોષોને યથાવત્ રીતે કહો.[૫૮,૫૯]

બૃહસ્પતિએ કહ્યું:– "જે મનુષ્યો સૂર્યની સામે બેસીને મળમૂત્રનો ત્યાગ કરે છે, વાયુનો દ્વેષ કરે છે, પ્રદીપ્ત અગ્નિમાં સમિધનો હોમ કરતા નથી અને દૂધ મેળવવાના કારણથી નાના વાછરડાવાળી ગાયને (વાછરડાને ધવરાવ્યા વિના) દોહી લે છે, તે મનુષ્યોને જે જે દોષો લાગે છે તેનું હે ઇંદ્ર! તું મારી પાસેથી શ્રવણ કર.[૬૦,૬૧] હે ઇંદ્ર! સૂર્ય, વાયુ, અગ્નિ અને લોકની માતારૂપ ગાયો આ સર્વને બ્રહ્મદેવે પોતે ઉત્પન્ન કરેલાં છે અને તેઓ લોકોનો ઉદ્ધાર કરવાને સમર્થ હોઇને સર્વ મનુષ્યોમાં દેવતાઓ-તરીકે પૂજાય છે; માટે તેઓ પ્રત્યેકસંબંધી ધર્મના નિશ્ચયને તમે સાંભળો.[૬૨,૬૩] જે કુલદૂષક પુરુષો તથા સ્ત્રીઓ, સૂર્યની સામે બેસીને મળમૂત્રનો ત્યાગ કરે છે તેઓ છયાશી વર્ષપર્યંત દુરાચરણી થાય છે.[૬૪] હે ઇંદ્ર! જે મનુષ્યો વાયુનો દ્વેષ કરે છે તેઓની પ્રજા ગર્ભમાંથીજ નષ્ટ થાય છે અને જે પુરુષો પ્રદીપ્ત અગ્નિમાં સમિધોનો હોમ કરતા નથી તેઓનાં સર્વ અગ્નિકાર્યોમાં, તેઓએ અર્પણ કરેલા હવિષને અગ્નિ ભક્ષણ કરતો નથી; તેમજ જે મનુષ્યો, નાના વાછરડાવાળી ગાયોના દૂધનું પાન કરે છે,તેઓને ત્યાં કુળની વૃદ્ધિ કરનારાં ધાવણાં બાળકો કદી ઉત્પન્નજ થતાં નથી; એટલુંજ નહિ પરંતુ તેઓની પૂર્વકાળની પ્રજાનો તથા કુળનો અને વંશનો પ્રતિદિન ક્ષય થતો ચાલે છે.[૬૭] આ રીતે પૂર્વકાળના વૃદ્ધ બ્રાહ્મણોએ પ્રત્યક્ષ જોયું છે; માટે પોતાનો અભ્યુદય ઇચ્છનારા પ્રત્યેક મનુષ્યે, ત્યાગ કરવા યોગ્ય કર્મોનો સર્વથા ત્યાગ કરવો અને અવશ્ય કર્તવ્ય કર્મોનું નિત્ય પાલન કરવું. આ વાત હું તને સત્ય કહું છું."

હે મહાભાગ્યશાળી રાજા! બૃહસ્પતિનું એ વચન સાંભળ્યા પછી સર્વ દેવતાઓએ, મરુદ્ગણોએ તથા મહાભાગ્યવાળા સર્વઋષિઓએ પિતૃઓને પૂછ્યું કેઃ–" અલ્પબુદ્ધિવાળા મનુષ્યોનાપર પિતૃઓ, કયા કર્મથી પ્રસન્ન થાય છે?[૬૮–૭૦] અને મરણ પછી કરવામાં આવતું ઔર્ધ્વદેહિક દાન અક્ષય કેવી રીતે થાય છે, તેમજ કયું કર્મ કરીને મનુષ્યો સર્વ ઋણમાંથી મુક્ત થાય છે? એ સાંભળવાની અમને ઇચ્છા છે; કેમકે તે જાણવાનું અમને પરમ કૌતૂહલ છે."

પિતૃઓએ કહ્યું:–"હે મહાભાગ્યશાળી દેવતાઓ! તમારો આ સંશય ન્યાયયુક્ત છે;અમે ઉત્તમ કર્મ કરનારા મનુષ્યોનાપર કયા કર્મથી પ્રસન્ન થઇએ છીએ, તે તમે સાંભળો. હરકોઈ મનુષ્ય, નીલોત્સર્ગ નામનું કર્મ કરીને, અમાવાસ્યાને દિવસે તલયુક્ત જળથી તર્પણ કરીને તથા વર્ષાઋતુમાં દીપકદાન કરીને પિતૃઓના ઋણમાંથી મુક્ત થાય છે; કેમકે આ દાન કપટથી રહિત હોઈને મહાન ફળને આપે છે, અક્ષય ગણાય છે અને તેથી અમને અક્ષય સંતોષ પ્રાપ્ત થાય છે. વળી જે મનુષ્યો, શ્રદ્ધાયુક્ત થઇને સંતતિને ઉત્પન્ન કરે છે, તેઓ મહાભયંકર નરકમાંથી પોતાના પિતૃઓનો ઉદ્ધાર કરે છે."

પિતૃઓનું એ વાક્ય સાંભળી તપોધન વૃદ્ધ ગાર્ગ્ય કે જે મહાતેજસ્વી હતા તેમને રોમાંચ (હર્ષને લીધે) થઇ ગયાં. તેમણે પિતૃઓને પૂછ્યું કેઃ–"હે તપોધન પિતૃઓ! નીલોત્સર્ગ નામનું કર્મ કરીને નીલવર્ણી ગાયના વાછરડાને છૂટો મૂકી દેવામાં કયા ગુણો રહેલા છે? તેમજ વર્ષાઋતુમાં દીપકનું દાન કરવાથી તથા અમાવાસ્યાને દિવસે તલયુક્ત જળવડે તર્પણ કરવાથી કયા કયા ગુણો પ્રાપ્ત થાય છે?

પિતૃઓએ કહ્યું:–"નીલોત્સર્ગ કર્મમાં વાછરડો,પોતાના પૂછડાવતી સ્વાભાવિક રીતેજ જળને ઉછાળે તો તે જળથી પિતૃઓને સાઠ-

હજાર વર્ષસુધીની તૃપ્તિ થાય છે; તેમજ નીલોત્સર્ગ વિધિથી છુટો મૂકવામાં આવેલો જે બળદ, પોતાનાં શિંગડાંવડે નદી આદિના તટ ઉપરથી કાદવ ઉછાળીને ઉભો રહે તેનાથી એ બળદને છુટો મૂકનારા પુરુષના પિતૃઓ અવશ્ય ચંદ્રલોકમાં જાય છે અને વર્ષાઋતુમાં દીપકનું દાન કરવાથી મનુષ્ય ચંદ્રની પેઠે શોભી નીકળે છે.[૭૧-૮૦] ઉપરાંત જે મનુષ્ય દીપકનું દાન કરે છે તેને અંધકારરૂપ નરકમાં કદી જવું પડતું નથી. હે તપોધન! જે મનુષ્યો અમાવાસ્યાને દિવસે મધની સાથે ઉંબરાનું પાત્ર ગ્રહણ કરીને જળ તથા તલનું દાન કરે છે, તેઓને યથાર્થરીતે રહસ્યસહિત શ્રાદ્ધ કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે;[૮૧,૮૨] એટલુંજ નહિ પરંતુ તે મનુષ્યોની પ્રજા, નિત્ય હૃષ્ટપુષ્ટ અને પ્રસન્ન મનવાળી થાય છે, તેઓના કુળની તથા વંશની વૃદ્ધિ થાય છે અને તેઓને પિંડદાન કરનારા પુરુષના જેટલું ફળ મળે છે. જે પુરુષ એ રીતે શ્રદ્ધાપૂર્વક કરે છે, તે પિતૃઓના ઋણમાંથી મુક્ત થાય છે. આ રીતે અમે તમને શ્રાદ્ધનો કાળ, ક્રમ, વિધિ, પાત્ર તથા ફળ યથાવત્ રીતે કહ્યું.

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'પિતૃરહસ્ય' એ વિષયનોઅધ્યાય
૧૨૫ મો સમાપ્ત

અધ્યાય ૧૨૬ મો

દેવરહસ્ય

॥ भीष्म उवाच ॥
केन ते च भवेत्प्रीतिः कथं तुष्टिं तु गच्छसि ।
इति पृष्टः सुरेन्द्रेण प्रोवाच हरिरीश्वरः ॥१॥

ભીષ્મે કહ્યું:-"એક સમયે ઇંદ્રે સર્વના ઈશ્વર વિષ્ણુ ભગવાનને પૂછ્યું કે:-"કયાં કર્મથી તમે પ્રસન્ન થાઓ છો? અને કયાં કર્મથી તમને સંતોષ થાય છે?" આ રીતે ઇંદ્રનો પ્રશ્ન સાંભળી વિષ્ણુ બોલ્યા.[૧]

વિષ્ણુએ કહ્યું:-"બ્રાહ્મણોની નિંદા કરવી તે મારો મોટામાં મોટો દ્વેષ કર્યા જેવું છે; પણ બ્રાહ્મણોની નિત્ય પૂજા કર્યાથી મારૂંજ પૂજન કરેલું ગણાય છે, એમાં સંશય નથી.[૨] મનુષ્યે ઉત્તમ બ્રાહ્મણોને નિત્ય વંદન કરવું અને ભોજન કર્યા પછી સાયંકાળે પોતાના બન્ને ચરણોને પણ વંદન કરવું (આવો શિષ્ટાચાર છે). જે મનુષ્ય ગાયના છાણના લીંપણથી બનાવેલા મંડળમાં બ્રાહ્મણને ભોજન આપે છે અને "સુદર્શન" નામના મંત્રથી તેની પૂજા કરે છે, તેના પર હું પ્રસન્ન થાઉં છું.[૩] જે પુરુષ વામન (ઠીંગણા) બ્રાહ્મણની તથા જળમાંથી ઉઠેલા વરાહની (ભુંડની) પૂજા કરે છે અને વરાહે ઉખેડેલી માટીને મસ્તક ઉપર ધારણ કરે છે, તે પુરુષનું કદી અશુભ થતું નથી તેમજ એ પુરુષને કોઇ જાતનું પાપ લાગતું નથી. વળી જે મનુષ્ય પીંપળાનું, ગોરોચનનું તથા ગાયનું નિત્ય પૂજન કરે છે, તેણે દેવો, અસુરો તથા મનુષ્યોસહિત આખા જગતની પૂજા કરેલી ગણાય છે; કેમકે તે તે સ્વરૂપે હું પોતેજ તેઓની પૂજા ગ્રહણ કરૂં છું અને વાસ્તવિકરીતે જ્યાંસુધી આ લોક સ્થિતિ કરી રહ્યા છે, ત્યાંસુધી એ પ્રકારની પૂજાજ મને માન્ય છે, પણ તે સિવાયની બીજી પૂજા મને માન્ય નથી; છતાં કેટલાએક અલ્પબુદ્ધિવાળા મનુષ્યો તેથી બીજા પ્રકારે મારી વ્યર્થ પૂજા કરે છે; કેમકે તેવી પૂજાનો હું સ્વીકાર કરતો નથી અને તેવી પૂજા મને પ્રસન્ન પણ કરી શકતી નથી."[૪-૮]

ઇંદ્રે પૂછ્યું:- "છાણવડે બનાવેલા મંડળમાં સુદર્શન મંત્રથી કરવામાં આવેલા બ્રાહ્મણના પૂજનને; પોતાના બન્ને ચરણોને, વરાહને, વામન બ્રાહ્મણને તથા વરાહે ઉખેડેલી માટીને તમે શામાટે વખાણો છો?[૯] તમે તો સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરો છો અને સર્વ પ્રજાઓનો સંહાર કરો છો, જેથી તમને મનુષ્યોસહિત પ્રાણીમાત્રના સનાતન મૂળકારણ કહે છે."[૧૦]

ભીષ્મે કહ્યું:- "ઇંદ્રનો એ પ્રશ્ન સાંભળી વિષ્ણુએ ખૂબ હસીને આવું વચન કહ્યું:- "મેં સુદર્શન ચક્રથી સર્વ દૈત્યોનો સંહાર કર્યો છે, મારા બે ચરણોથી આખી પૃથ્વીને માપી છે, વરાહનું સ્વરૂપ ધારણ કરી હિરણ્યાક્ષનો વધ કર્યો છે અને વામનનું સ્વરૂપ ધારણ કરી બ-

ળિરાજાને જીત્યો છે;[૧૧,૧૨] માટે મારાં તે તે સ્વરૂપોનું એ રીતે પૂજન કરનારા મહાત્મા મનુષ્યોનાપર હું પ્રસન્ન થાઉં છું અને જે મનુષ્યો એ રીતે મારૂં પૂજન કરશે, તેઓનો કદી પરાભવ થશે નહિ.[૧૩] જે પુરુષ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનારા એક બ્રાહ્મણને પોતાને ઘેર આવેલો જોઇ, પોતાને ત્યાં રાંધવામાં આવેલા અન્નમાંથી તેને સૌથી પ્રથમ ભોજન આપે છે, તે પુરુષનું ભોજન અમૃતરૂપ થાય છે;[૧૪] તેમજ જે પુરુષ પ્રાતઃકાળમાં સંધ્યાવંદન કરીને સૂર્યની સન્મુખ ઉભો રહે છે, તેને સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ મળે છે અને તે પુરુષ સર્વ પાપોથી મુક્ત થાય છે.[૧૫] હે તપોધનો! તમે મને સંશય પૂછયો હતો તેથી આ સર્વ ગુહ્ય વાત મેં તમને કહી.હવે ફરીથી હું તમને શું કહું ?”

બલદેવે કહ્યું:– “મનુષ્યોને સુખ આપનાર પરમ ગુહ્ય ધર્મ હું તમને કહું છું, સાંભળો. એ ધર્મને નહિ જાણનારા અજ્ઞાની મનુષ્યો ભૂતો વગેરેની પીડાથી પીડાય છે.[૧૭] જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઉઠીને ગાયનો, ઘીનો, દહીંનો, સર્ષવનો તથા કાળા સર્ષવનો સ્પર્શ કરે છે, તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. વળી કેટલાએક તપોધનો, પૂર્વોક્ત પદાર્થોદ્વારા આગળપાછળના ભાગમાં સર્વ ભૂતોને હાંકી કાઢે છે અને શ્રાદ્ધાદિ પ્રસંગમાં ઉચ્છિષ્ટ પદાર્થનો પણ સર્વથા ત્યાગ કરે છે.”[૧૯]

દેવોએ કહ્યું:– “જે મનુષ્ય જળથી ભરેલું ત્રાંબાનું પાત્ર હાથમાં લઇને ઉત્તરદિશા તરફ મુખ રાખી ઉપવાસ ગ્રહણ કરે છે અથવા કોઈ વ્રતનો સંકલ્પ કરે છે, તેનાપર સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે, એટલુંજ નહિ પરંતુ તે મનુષ્યના ઇષ્ટ સંકલ્પો સિદ્ધ થાય છે; પરંતુ કેટલાએક અત્યંત અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો, ત્રાંબાના પાત્રમાં જળ લીધાવિના ઉપવાસાદિના સંકલ્પ કરે છે અથવા વ્રતો ગ્રહણ કરે છે, તેઓનું એ સર્વ કર્મ વ્યર્થ થાય છે; કેમકે ઉપવાસનો સંકલ્પ કરવામાં અથવા પિતૃતર્પણ આદિ બલિકર્મમાં ત્રાંબાનું પાત્ર ઉત્તમ ગણાય છે; માટે પ્રત્યેક મનુષ્યે બલિકર્મ, ભિક્ષા, અર્ઘ્યપ્રદાન તથા પિતૃનિમિત્તક તિલોદક કર્મ વગેરે ત્રાંબાના પાત્રથીજ કરવું યોગ્ય છે; નહિ તો તેનું અલ્પ ફળ થાય છે. આ પરમ ગુહ્ય ધર્મરહસ્ય અમે તમને કહ્યું કે, જેથી દેવતાઓ પ્રસન્ન થાય છે.”[૨૦–૨૩]

ધર્મે કહ્યું:–“ જે બ્રાહ્મણ રાજપુરુષ તરીકે કામ કરતો હોય, દેવમંદિરમાં ઘંટડી વગાડવાનું કામ કરતો હોય–અર્થાત્ દેવોના પૂજારીતરીકે આજીવિકા ચલાવતો હોય, કોઇની સેવાચાકરી કરતો હોય, ગાયોના રખેવાળનું કામ કરતો હોય, વ્યાપાર કરતો હોય, કારીગરનું કામ કરતો હોય, ગાવાબજાવવાનો ધંધો કરતો હોય, મિત્રનો દ્રોહ કરતો હોય, અભણ હોય અને શૂદ્રજાતિની સ્ત્રીનો પતિ હોય, તેવા બ્રાહ્મણને દેવનિમિત્તે અથવા પિતૃનિમિત્તે કંઇ આપવું નહિ;[૨૩,૨૫] કેમકે તેવા બ્રાહ્મણને ભોજનાદિ આપનારા યજમાનો સ્વર્ગાદિથી ભ્રષ્ટ થાય છે અને તેઓના પિતૃઓ પણ પ્રસન્ન થતા નથી. વળી જે પુરુષને ઘેરથી કોઇએક અતિથિ નિરાશ થઇને પાછો જાય છે, તે પુરુષના પિતૃઓ, દેવો તથા અગ્નિઓ પણ નિરાશ થઇને તેના ઘરથી પાછા ફરે છે; કેમકે તેને ઘેર અતિથિએ અન્નાદિનો સ્વીકાર કર્યો હોતો નથી. તેમજ જે પુરુષ અતિથિનું પૂજન કરતો નથી તેને સ્ત્રીહત્યારા, ગોહત્યારા, કૃતઘ્ની, બ્રહ્મહત્યારા તથા ગુરુપત્નીની સાથે વ્યભિચાર કરનારાઓ સમાન દોષ લાગે છે.”[૨૮]

અગ્નિએ કહ્યું:– “ જે અત્યંત દુષ્ટબુદ્ધિ પુરુષ, પોતાનો પગ ઉંચો કરીને તેનાવડે ગાયનો, મહાભાગ બ્રાહ્મણનો તથા બળતા અગ્નિનો સ્પર્શ કરે છે તેને કયા દોષો લાગે છે,તે હું તમને કહું છું તમે સાવધાન થઇને સાંભળો. એ પુરુષનો અપયશ છેક સ્વર્ગસુધી પહોંચે છે;તેના પિતૃઓ નિત્ય ભયભીત રહે છે,દેવતાઓ તેનાપર અત્યંત અપ્રસન્ન રહે છે અને મહાતેજસ્વી અગ્નિ, તેણે આપેલા હવિષનો સ્વીકાર કરતો નથી.[૨૯–૩૧] વળી તેવો પાપી પુરુષ,સો જન્મપર્યંત નરકમાં રંધાયા કરે છે અને કોઇ પણ વિદ્વાનો તેના પાપનું પ્રાયશ્ચિત્ત આપવામાટે

અનુમતિ આપી શકતા નથી;³² માટે પોતાનું હિત ઇચ્છનારા શ્રદ્ધાળુ પુરુષે ગાયોને, બ્રાહ્મણને તથા બળતા અગ્નિને કદી પગ અડકાડવો નહિ; કેમકે એ ત્રણને પગ અડકાડવાથી જે જે દોષો લાગે છે, તે સર્વ મેં તમને કહ્યા છે."³⁴

વિશ્વામિત્રે કહ્યું:–" હું તમને પરમ-ગુહ્ય એવું ધર્મરહસ્ય કહું છું, તેનું તમે શ્રવણ કરો. જે પુરુષ ભાદરવા મહીનાના કૃષ્ણપક્ષમાં જે દિવસે મઘા નક્ષત્ર હોય તે દિવસે પૂર્વાહ્ણકાળમાં ગજચ્છાયા (એટલે હસ્ત નક્ષત્ર)નો યોગ હોય, ત્યારે અપરાહ્ણના આરંભ સમયે દક્ષિણ તરફ મુખ રાખીને પિતૃઓને દૂધપાકનું ભોજન અર્પણ કરે, તે પુરુષને એ દાનનો કેવો મોટો ગુણ પ્રાપ્ત થાય છે, તે તમે સાંભળો. તે પુરુષને તેર વર્ષપર્યંત મહાલય શ્રાદ્ધ કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે."³⁵⁻³⁷

ગાયો બોલી:–" જે મનુષ્ય,

" वहुले समंगे ह्यकुतोभये च
क्षेमे च संख्येव हि भूयसी च ।
यथा पुरा ब्रह्मपुरे सवत्सा
शतक्रतोर्वज्र धरस्य यज्ञे ॥३८॥
भूयश्च या विष्णुपदे स्थिता या
विभावसोश्चापि पथेस्थिताया ।
देवाश्च सर्वे सह नारदेन
प्रकुर्वते सर्व सहेति नाम ॥३९॥"

" હે બહુલે ! હે સમંગે ! હે ક્ષેમે ! તું સર્વ તરફથી નિર્ભય છે, તું જાણે જ્ઞાનની મૂર્તિ હોય તેવી છે અને તારો મહિમા ઘણો મોટો છે. પૂર્વે, બ્રહ્મદેવના નગરમાં વજ્રને ધારણ કરનારા ઇંદ્રે જ્યારે યજ્ઞ કર્યો હતો, ત્યારે તું તારા વાછરડાની સાથે ત્યાં હતી; તેમજ વિષ્ણુના સ્થાનમાં તથા અગ્નિના સ્થાનમાં પણ તું સ્થિતિ કરી રહી છે. વળી તું સર્વને સહન કરનારી છે તેથી સર્વ દેવતાઓએ તથા નારદે તારું "સર્વસહા" એવું નામ પાડયું છે." આ મંત્રથી અમને વંદન કરે છે તે મનુષ્ય, સર્વ પાપકર્મથી મુક્ત થાય છે;ઉપરાંત ઇંદ્રના લોક,ગોદાનનું ફળ અને ચંદ્રમાસમાન કાંતિને પામે છે. વળી જે મનુષ્ય, પ્રત્યેક પર્વને દિવસે ગાયોના વાડામાં બેસીને દેવતાઓએ સેવેલા પૂર્વોક્ત મંત્રનો જાપ કરે છે,તે મનુષ્યને પાપ, ભય કે શોકની અસર થતીનથી અને તે મનુષ્ય ઇંદ્રના લોકમાં જાય છે."

ભીષ્મે કહ્યું:–" તે પછી મહા ભાગ્યશાળી અને લોકમાં વિખ્યાત થયેલા સપ્તઋષિઓ કે જેઓમાં વસિષ્ઠ મુખ્ય હતા, તેઓ કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવને પ્રદક્ષિણા કરીને બે હાથ જોડી તેમની સામે ઉભા રહ્યા. પછી તેઓમાં મોટા બ્રહ્મવેત્તા ગણાતા વસિષ્ઠે, પ્રાણીમાત્રને હિતકારક અને બ્રાહ્મણોને તથા ક્ષત્રિયોને તો વિશેષે કરી હિતકારક એવું આ પ્રમાણે પ્રશ્નવચન કહ્યું:–" હે બ્રહ્મદેવ ! જે મનુષ્યો દ્રવ્યરહિત હોઇને દરિદ્ર હોય તથા ઉત્તમ આચરણવાળા હોય તે મનુષ્યો કયા કર્મથી યજ્ઞના ફળને પામી શકે છે ? " સપ્તર્ષિઓનું એ વચન સાંભળીને બ્રહ્મદેવ બોલ્યા.⁴⁵

બ્રહ્માએ કહ્યું:–" હે મહાભાગો ! તમે પૂછેલો આ પ્રશ્ન ગૂઢ અર્થવાળો છે, અતિશય ઉત્તમ છે, સૂક્ષ્મ છે અને સર્વ મનુષ્યોનું શ્રેય કરનારો છે.⁴⁶ હે તપોધનો ! મનુષ્ય, જે રીતે યજ્ઞના ફળને પ્રાપ્ત કરે છે તે સર્વ હું તમને કહું છું, સાંભળો.⁴⁷ પોષ મહીનાના શુક્લપક્ષમાં જે દિવસે રોહિણી નક્ષત્ર હોય તે દિવસે (ઉપવાસ કરીને રાત્રિના સમયે) શ્રદ્ધાસંપન્ન એવો જે મનુષ્ય, સ્નાનાદિકથી પવિત્ર થઇને તથા માત્ર એક વસ્ત્ર ધારણ કરીને ખુલ્લા પ્રદેશમાં શયન કરે છે અને સાવધાન થઇને ચંદ્રનાં કિરણોનું પાન કરે છે, તે મનુષ્યને મહાન યજ્ઞ કર્યાનું ફળ મળે છે.⁴⁸⁻⁴⁹ હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! સૂક્ષ્મ અને તાત્વિક અર્થને પ્રત્યક્ષ જોનારા તમોએ મને પ્રશ્ન પૂછયો હતો તેથી મેં તમને આ પરમ ગુહ્યધર્મ કહ્યો છે."⁵⁰

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "દેવરહસ્ય" એ વિષયનો અધ્યાય ૧૨૬ મો સમાપ્ત

અધ્યાય ૧૨૭મો

દેવરહસ્ય (ચાલુ)

॥ विभावसु उवाच ॥

सलिलस्यांजलिं पूर्णमक्षताश्च घृतोत्तराः ।
सोमस्योत्तिष्ठमानस्य तज्जलं चाक्षताँश्चतान्॥१

અગ્નિએ કહ્યું:-“ જે મનુષ્ય પૂર્ણિમાને દિવસે, ઉદય પામતા ચંદ્રસામે ઉભો રહીને જળ ભરેલો એક અંજલિ (ખોબો) તથા ઘી યુક્ત ચોખા-આ બલિનું દાન કરે છે તે મનુષ્યે અગ્નિકાર્ય કરેલું ગણાય છે અને ત્રણે અગ્નિમાં હોમ કર્યો ગણાય છે.[૧,૨] જે મૂર્ખ મનુષ્ય, અમાવાસ્યાને દિવસે વનસ્પતિને કાપે છે અથવા વનસ્પતિનું એક પાંદડું પણ તોડે છે, તે મનુષ્યને બ્રહ્મહત્યાનું પાતક લાગે છે;[૩] તેમજ બુદ્ધિહીન એવો જે મનુષ્ય અમાવાસ્યાને દિવસે કાષ્ઠનું દાતણ કરે છે,તેને ચંદ્રમાની હિંસા કર્યાનો દોષ લાગે છે, તેના પિતૃઓ ઉદ્વેગ પામે છે, દેવતાઓ પર્વને દિવસે આપવામાં આવેલા તેના બલિદાનનો સ્વીકાર કરતા નથી, પિતૃઓ તેનાપર કોપાયમાન થાય છે અને તેના કુળમાં વંશનો ઉચ્છેદ થાય છે.”[૩-૫]

લક્ષ્મીએ કહ્યું:-“ જે ઘરમાં વાસણફૂસણ જ્યાં ત્યાં પડયાં હોય છે, ભાંગેલાં વાસણો વપરાતાં હોય છે, આસન વગેરે પણ ભાંગલાં તૂટલાં હોય છે અને સ્ત્રીઓને મારફૂટ કરવામાં આવે છે તે ઘરમાંથી ઉત્સવોને દિવસે અથવા પર્વોને દિવસે પણ દેવો તથા પિતૃઓ, નિરાશ થઇને પાછા જાય છે અને તેવું ઘર નિત્યના કંકાસને લીધેજ નાશ પામે છે.”[૬,૭]

અંગિરાએ કહ્યું:-“ જે મનુષ્ય સુવર્ચલા (એટલે અતસી અથવા બ્રાહ્મી)ના મૂળને હાથમાં રાખી કરંજક (એટલે કરમદાના અથવા ભાંગરાના) વૃક્ષ પાસે એક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી (ઘીનો) દીવો કરે છે તેની પ્રજા વૃદ્ધિ પામે છે.”[૮]

ગાર્ગ્યે કહ્યું:-“ મનુષ્યે નિરંતર અતિથિઓનો સત્કાર કરવો, પોતાના ઘરમાં નિત્ય દીવો કરવો, દિવસે નિદ્રાનો ત્યાગ કરવો, માંસભક્ષણ કરવું નહિ, ગાય તથા બ્રાહ્મણની હિંસા કરવી નહિ અને પુષ્કર આદિ તીર્થોનું સ્મરણ કરવું. આ ધર્મરહસ્ય સહિત હોઇને અત્યંત શ્રેષ્ઠ છે અને મહાન ફળ આપનારો છે.[૯,૧૦] સો યજ્ઞો કરીને પણ જે હવિષ અર્પણ કરવામાં આવે છે તેના ફળનો અંતે નાશજ થાય છે; પરંતુ શ્રદ્ધાળુ પુરુષોએ આચરેલા ધર્મો કદી નષ્ટ થતા નથી.[૧૧] વળી બીજા આ એક શ્રેષ્ઠ અને ગુહ્ય ધર્મને રહસ્યની સાથે તમે સાંભળો. શ્રાદ્ધનિમિત્તે, દેવનિમિત્તે, તીર્થમાં અને પર્વના દિવસે તૈયાર કરવામાં આવેલા હવિષને કોઇ રજસ્વલા સ્ત્રી, કોઢવાળી સ્ત્રી અથવા વાંઝણી સ્ત્રી, જો જોઇ જાય છે તો તે હવિષનું દેવતાઓ ભક્ષણ કરતા નથી;[૧૨,૧૩] તેમજ પ્રત્યેક મનુષ્યે નિત્ય પવિત્ર થઇને તથા ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી મહાભારતનું કીર્તન કરવું, જેથી દેવાદિનિમિત્તે અર્પણ કરવામાં આવેલું હવિષ અક્ષય ફળને આપે છે.”

ધૌમ્યે કહ્યું:-“ભાંગેલાં વાસણો, ભાંગેલો તૂટેલો ખાટલો, કુકડો તથા કુતરો-આ બધાં ઘરમાં અમાંગલિક ગણાય છે, તેમજ ઘરની સમીપમાં ઉગેલું વૃક્ષ પણ અપ્રશસ્ત ગણાય છે; કેમકે વિદ્વાનો કહે છે કે, ભાંગેલાં વાસણો ઘરમાં રાખવાથી કલિયુગ અથવા કંકાસનો પેસારો થાય છે; ભાંગેલો ખાટલો ઘરમાં હોય છે તો ધનનો નાશ થાય છે; કુકડાં અને કૂતરાં જે ઘરમાં હોય છે તે ઘરના હવિષનું દેવતાઓ ભક્ષણ કરતા નથી અને વૃક્ષના મૂળમાં વીંછી અને સર્પ જેવાં પ્રાણીઓ અવશ્ય રહે છે; માટે ઘરની સમીપમાં વૃક્ષ વાવવું નહિ.”[૧૬]

જમદગ્નિએ કહ્યું:-“જે પુરુષનું હૃદય શુદ્ધ નથી તે પુરુષ અશ્વમેધ યજ્ઞ કરે, સો વાજપેય યજ્ઞ કરે, ઉંધે માથે લટકીને તપ કરે અથવા પુષ્કળ દાનદક્ષિણાવાળા બીજા અનેક યજ્ઞો કરે, તોપણ અવશ્ય નરકમાં જાય છે; માટેજ હૃદયની શુદ્ધિને, યજ્ઞને તથા સત્યને સમાન માનવામાં આવ્યાં છે.[૧૭,૧૮] શુદ્ધ મનથી મનુષ્ય, બ્રાહ્મણને માત્ર એકજ શેર સાથવો આપે તોપણ બ્રહ્મલોકમાં જઇ શકે છે; માટે મનને શુદ્ધ

રાખવામાં આ એકજ દૃષ્ટાંત પૂરતું છે."[૧૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"દેવરહસ્ય" એ વિષયનો અધ્યાય
૧૨૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૮ મો

દેવરહસ્ય (ચાલુ)

॥ વાયુ ઉવાચ ॥

किंचिद्धर्मं प्रवक्ष्यामि मानुषाणां सुखावहम् ।
सरहस्याश्च ये दोषास्तान् शृणुध्वं समाहिताः॥

વાયુએ કહ્યું:-"મનુષ્યોને સુખી કરે તેવું કંઇક ધર્મરહસ્ય હું તમને કહું છું; તેમજ જે જે દોષો રહેલા છે તેઓનું પણ રહસ્યની સાથે હું વર્ણન કરું છું; માટે સાવધાન થઇને તેઓનું તમે શ્રવણ કરો.[૧] જે મનુષ્ય, શ્રદ્ધાયુક્ત થઈને તથા ચિત્તને એકાગ્ર કરીને પ્રત્યેક વર્ષના ચાર મહિનાસુધી હોમ વગેરે અગ્નિકાર્ય કરે છે,ઉત્તમ અન્નનું બ્રાહ્મણોને ભોજન આપે છે, પિતૃઓને ઉદ્દેશીને તલજળસહિત દીપક અર્પણ કરે છે તથા વેદપારંગત બ્રાહ્મણને યથાશક્તિ ભોજન આપે છે, તે મનુષ્યને સો પશુબંધ યજ્ઞો કર્યાનું પુષ્કળ ફળ મળે છે.[૨-૪] વળી બીજું આ એક અધર્મરહસ્ય તમે સાંભળો. જે એક અગ્નિહોત્રી બ્રાહ્મણ, વિદેશમાં પ્રવાસ કરવા નીકળી પડીને પોતાને ત્યાં રહેલા વૈદિક અગ્નિને શૂદ્રને સ્વાધીન કરે છે અને કેટલીએક મૂઢ સ્ત્રીઓ વૈદિક હવિષના ભક્ષણમાટે અયોગ્ય હોવા છતાં તે હવિષનું ભક્ષણ કરે છે; છતાં તેઓ સર્વે માને છે કે, અમે ધર્મજ કરીએ છીએ; પરંતુ વાસ્તવિક રીતે તેઓને અધર્મજ લાગે છે અને પેલા અગ્નિહોત્રી બ્રાહ્મણના ઉપર તો અગ્નિઓ કોપાયમાન થાય છે; એટલુંજ નહિ પરંતુ મરણ પછી તેને શૂદ્રની યોનિમાં જવું પડે છે.[૫,૬] વળી તેવા બ્રાહ્મણ ઉપર પિતૃઓ કદી પ્રસન્ન થતા નથી અને દેવો તો વિશેષે કરીને પ્રસન્ન થતા નથી; માટે તેવા બ્રાહ્મણે જે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ તે પણ તમે મારી પાસેથી સાંભળો. જે પ્રાયશ્ચિત્ત કરીને મનુષ્ય સારી રીતે સુખી થાય છે અને સંતાપથી મુક્ત થાય છે તે પ્રાયશ્ચિત્ત આ પ્રમાણે છે:-તેવા પાપી મનુષ્યે ત્રણ દિવસસુધી નિરાહાર રહીને એકાગ્ર ચિત્તે ગાયના મૂત્રથી, છાણથી, દૂધથી તથા ઘીથી અગ્નિમાં હોમ કરવો. આ રીતે એક વર્ષ પૂર્ણ થાય ત્યાંસુધી કરવામાં આવે છે તો એ મનુષ્યના હવિષનો દેવતાઓ સ્વીકાર કરે છે અને શ્રાદ્ધકાળ જ્યારે ઉપસ્થિત થાય છે ત્યારે પિતૃઓ પણ તેનાપર પ્રસન્ન થાય છે. આ ધર્મ તથા રહસ્યસહિત અધર્મ મેં તમને કહ્યો છે; માટે જે મનુષ્યોને સ્વર્ગ મેળવવાની ઇચ્છા હોય તેઓને આનું પાલન કરવાથી મરણ પછી સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે."[૮-૧૧]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'દેવરહસ્ય' એ વિષયનો અધ્યાય
૧૨૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૯ મો

લોમશરહસ્ય

॥ લોમશ ઉવાચ ॥

परदारेषु ये सक्ता अकृत्वा दारसंग्रहम् ।
निराशाः पितरस्तेषां श्राद्धकाले भवंति वै ॥१॥

લોમશે કહ્યું:-"જે પુરુષો લગ્ન નહિ કરીને પરસ્ત્રીઓ સાથે વ્યભિચાર કરવામાં આસક્ત રહે છે, તેઓના પિતૃઓ શ્રાદ્ધકાળ ઉપસ્થિત થતાં નિરાશ થાય છે.[૧] જે પુરુષ પરસ્ત્રીસાથે રમણ કર્યા કરે છે, વાંઝણી સ્ત્રી સાથે મૈથુન કરે છે અને જે પુરુષ બ્રાહ્મણના દ્રવ્યને હરી લે છે, તેઓ ત્રણેને સમાન દોષ લાગે છે.[૨] વળી તેવા પુરુષોને પિતૃઓ વાતચીત કરવાને પણ અયોગ્ય માને છે, એમાં સંશય નથી;અને દેવતાઓ તથા પિતૃઓ,તેઓએ અર્પણ કરેલા હવિષને પસંદ કરતા નથી;[૩] માટે પોતાનું હિત ઇચ્છનારા પુરુષે પારકી સ્ત્રીનો તથા વાંઝણી સ્ત્રીનો ત્યાગ કરવો તથા બ્રાહ્મણના દ્રવ્યનું હરણ કરવું નહિ.[૪] વળી બીજું એક ગુહ્ય ધર્મરહસ્ય તમે સાંભળો. શ્રદ્ધાળુ પુરુષે પોતાના ગુરુઓનું વચન સદાય માન્ય

કરવું;[૫] તેમજ જે પુરુષ પ્રત્યેક મહિનાની બારશને દિવસે તથા પૂનેમને દિવસે બ્રાહ્મણોને ઘી તથા ચોખાનું દાન કરે છે, તેને જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું તમે શ્રવણ કરો.[૬] તેવું દાન કરવાથી ચંદ્ર તથા મહાસાગરની વૃદ્ધિ થાય છે અને તેવું દાન કરનારા પુરુષને ઈંદ્ર અશ્વમેધ યજ્ઞના ચોથા ભાગનું ફળ અર્પણ કરે છે.[૭] વળી એ દાન આપવાથી મનુષ્ય તેજસ્વી તથા વીર્યવાન થાય છે અને ભગવાન ચંદ્ર, તે મનુષ્યના પર પ્રસન્ન થઈને સર્વ ઇષ્ટકામનાઓ અર્પણ કરે છે.[૮] વળી બીજો આ એક ધર્મ કે જે મોટું ફળ આપનારો છે, તેને તમે રહસ્યની સાથે સાંભળો. આ ધર્મ કળિયુગના સમયમાં મનુષ્યોને સુખદાયી થઈ પડે છે.[૯] જે મનુષ્ય પ્રભાતમાં ઉઠીને, સ્નાનાદિકથી પવિત્ર થઇને, ઉજ્જવળ વસ્ત્ર ધારણ કરીને એકાગ્રચિત્તે બ્રાહ્મણોને તિલપાત્રનું દાન કરે છે અને પિતૃઓને ઉદ્દેશીને મધસહિત તલનું, જળનું, દીવાનું તથા ખીચડીનું દાન કરે છે, તે મનુષ્યને જે ફળ પ્રાપ્ત થાય છે તેનું તમે શ્રવણ કરો.[૧૦,૧૧] તિલપાત્રનું દાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેના સંબંધમાં ભગવાન ઇંદ્રે આ પ્રમાણે કહ્યું છેઃ– "જે પુરુષ ગાયોનું દાન કરે, પૃથ્વીનું દાન કરે, પુષ્કળ દક્ષિણાવાળો અગ્નિષ્ટોમ યજ્ઞ કરે અને તેથી એ પુરુષને જે અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે તેવુંજ અક્ષય પુણ્ય તિલપાત્રનું દાન કરનારા મનુષ્યને પ્રાપ્ત થાય છે, એમ દેવતાઓ માને છે;[૧૨,૧૩] તેમજ શ્રાદ્ધમાં તિલોદકના દાનને પિતૃઓ અક્ષય માને છે અને દીવાનું તથા ખીચડીનું દાન કરનારા મનુષ્ય ઉપર પણ તેના પિતૃઓ પ્રસન્ન થાય છે.[૧૪] આ રીતે સ્વર્ગલોકમાં તથા પિતૃલોકમાં દેવતાઓ તથા પિતૃઓ જે ધર્મની પ્રશંસા કરે છે, તે પુરાતન ધર્મ કે જે ઋષિઓના જોવામાં આવ્યો છે તેનું મેં નિરૂપણ કર્યું."

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" લોમશરહસ્ય " એ વિષયનો
અધ્યાય ૧૨૯ મો સમાપ્ત

અધ્યાય ૧૩૦ મો

અરુંધતી-ચિત્રગુપ્તરહસ્ય

॥ भीष्म उवाच ॥

ततस्त्वृषिगणाः सर्वे पितरश्च सदेवताः ।
अरुंधतीं तपोवृद्धामपृच्छंत समाहिताः ॥१॥

ભીષ્મે કહ્યુંઃ– તે પછી સર્વ ઋષિગણોએ, પિતૃઓએ તથા દેવતાઓએ, મહાતપસ્વિની અરુંધતી કે જે મહાત્મા વસિષ્ઠસમાન શીલવતી તથા તેજસ્વિની હતી તેને એકાગ્રતાપૂર્વક આ પ્રમાણે પૂછ્યું:–[૧] "હે ભદ્રે! તારી પાસેથી પણ કેટલાંએક ધર્મરહસ્યો સાંભળવાની અમને ઇચ્છા છે; માટે જે ધર્મરહસ્ય અત્યંત ગુહ્ય હોય તે કહેવાને તું યોગ્ય છે."[૨]

અરુંધતીએ કહ્યુંઃ–" તમારૂં સ્મરણ કરીનેજ મેં મારા તપની વૃદ્ધિ સંપાદન કરી છે અને આ સમયે પણ તમારી કૃપાથીજ હું સનાતન ધર્મો કહી શકીશ. હું તમને જે ગુહ્ય અને રહસ્યવાળા ધર્મો કહું છું તેનું તમે સંપૂર્ણ રીતે શ્રવણ કરો; પણ જે પુરુષ શ્રદ્ધાળુ હોય અને જેનું મન શુદ્ધ હોય, તે પુરુષનેજ એ ધર્મો તમારે કહેવા; કેમકે અશ્રદ્ધાળુ, અભિમાની, બ્રહ્મહત્યારો તથા ગુરુપત્નીની સાથે વ્યભિચાર કરનારો, આ ચારે પુરુષોસાથે સામાન્ય વાતચિત કરવી પણ અયોગ્ય ગણાય છે, માટે તેઓની પાસે ધર્મકથા પણ કહેવી નહિ.[૩-૫] જે મનુષ્ય બાર વર્ષપર્યંત પ્રતિદિન કપિલા ગાયનું દાન કરે છે, પ્રત્યેક મહિને નિરંતર યજ્ઞયાગ કરે છે અને પુષ્કરક્ષેત્રમાં એક લાખ ગાયોનું દાન કરે છે, તેઓને જે ધર્મફળ મળતું નથી તે ધર્મફળ અતિથિને પ્રસન્ન કરનારને મળે છે.[૬,૭] વળી મનુષ્યોને સુખદાયી થઈ પડે તેવો એક બીજો ધર્મ તમે સાંભળો. શ્રદ્ધાળુ મનુષ્યે આ ધર્મનું તેના રહસ્યસાથે આચરણ કરવું; કેમકે તેથી મહાન ફળ મેળવી શકાય છે.[૮] જે મનુષ્ય પ્રભાતમાં ઉઠીને દર્ભવાળું જળ સાથે લઈને ગાયોનાં ટોળાં વચ્ચે જાય છે અને પછી ગાયનાં શિંગડાં ઉપર તે જળનું સિંચન કરીને પોતાના મસ્તક ઉપર તે જળને ધારણ કરે છે અને તે દિવસે

નિરાહાર રહે છે, તે મનુષ્યને જે ધર્મફળ પ્રાપ્ત થાય છે તેનું તમે શ્રવણ કરો. આ ત્રણે જગતમાં સિદ્ધો, ચારણો તથા મહર્ષિઓએ સેવેલાં જેટલાં તીર્થો સાંભળવામાં આવે છે તે સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી તથા ગાયનાં શિંગડાંના જળને મસ્તકપર ધારણ કરવાથી સમાન ફળ મળે છે."[૯-૧૧]

અરુંધતીનું એ વચન સાંભળી સર્વ દેવતાઓએ તથા પિતૃઓએ "અહો! આ તો ઘણુંજ ઉત્તમ! ઘણુંજ શ્રેષ્ઠ!" એ પ્રમાણે કહ્યું; અને બીજાં સર્વ પ્રાણીઓએ પણ અત્યંત હર્ષમાં આવી જઈને અરુંધતીની પ્રશંસા કરી."

તે પછી બ્રહ્મદેવે કહ્યું:–"અહો! હે મહાભાગે! તેં રહસ્યસહિત ઉત્તમ ધર્મ કહ્યો છે; માટે હે ધન્યે! હું તને વર આપું છું કે, તારૂં તપ પ્રતિદિન વૃદ્ધિ પામો."[૧૩]

યમે કહ્યું:–"મેં તમારી પાસેથી સુંદર અને દિવ્ય કથાઓ સાંભળી. હવે ચિત્રગુપ્તે કહેલું ધર્મરહસ્ય કે જે મને પ્રિય છે, તેને તમે સાંભળો. એ ધર્મરહસ્યને મોટા મોટા ઋષિઓ સાંભળી શકે છે અને પોતાનું હિત ઇચ્છનારો શ્રદ્ધાળુ મનુષ્ય પણ સાંભળી શકે છે. મનુષ્ય જે કંઈ પુણ્યકર્મ તથા પાપકર્મ કરે છે, તેનો કદી વિનાશ થતો નથી; તેમજ પર્વને દિવસે જે કંઈ શુભ-અશુભ કર્મ કરવામાં આવે છે, તે સર્વ સૂર્યની પાસે જાય છે; અને પછી મનુષ્ય પ્રેતલોકમાં જાય છે, ત્યારે પુણ્યાત્મા સૂર્ય તે તે સર્વ કર્મ મનુષ્યને અર્પણ કરે છે, કે જેનાં ફળ તે પ્રેતલોકમાં મનુષ્યને ભોગવવાં પડે છે;[૧૭] માટે ચિત્રગુપ્તે માન્ય કરેલો પવિત્ર ધર્મ હું તમને કહું છું.

પ્રત્યેક મનુષ્યે જળનું તથા દીપકનું દાન નિત્ય કરવું; તેમજ ઉપાનહનું, છત્રનું તથા કપિલા ગાયનું પણ વિધિપૂર્વક દાન કરવું. મનુષ્યે પુષ્કરક્ષેત્રમાં જઇને વેદપારંગત બ્રાહ્મણને કપિલા ગાય અવશ્ય આપવી અને સર્વથા યત્ન કરીને પણ અગ્નિહોત્રનું પાલન કરવું. વળી હે શ્રેષ્ઠ પુરુષો! આ બીજો ધર્મ ચિત્રગુપ્તે કહ્યો છે તેનું પણ ભિન્ન ભિન્ન ફળ સાંભળવાને તમે યોગ્ય છો. આ જગતમાં આવીને પ્રત્યેક પ્રાણીએ, કાળક્રમને અનુસરીને અવશ્ય નષ્ટ થવાનું છે.[૧૮-૨૧] તેમાં પણ વિવિધ પ્રકારનાં દુઃખોને પામેલા અને ક્ષુધા તથા તૃષાથી પીડાયેલા અનેક મનુષ્યો આ સંસારના તાપથી દગ્ધ થઇને તેમાં ને તેમાં રંધાયા કરે છે, પણ તેમાંથી તેઓ નાસી જઇ શકતા નથી. વળી કેટલાએક અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો તો પ્રેતલોકમાં જઇને ઘોર અંધકારવાળા નરકમાં સબડયા કરે છે; માટે આ મનુષ્યલોકમાં આવીને જે ધર્મનું આચરણ કરી મનુષ્ય સંકટોમાંથી મુક્ત થાય છે તે ધર્મ હું તમને કહું છું. આ ધર્મમાં ધનાદિનું ખર્ચ અલ્પ હોય છે, ફળ ઘણું મોટું હોય છે અને મરણ પછી પરલોકમાં પણ તેદ્વારા સુખ મળે છે. પ્રેતલોકમાં વિશેષે કરીને જળના ગુણો દિવ્ય હોય છે. ત્યાં 'પુણ્યોદકા' નામની એક નદી છે. એ નદી જળનું દાન કરનારા મનુષ્યોને માટેજ નિર્માણ કરવામાં આવી છે. એ નદીનું જળ શીતળ છે અને અમૃતસમાન સ્વાદિષ્ટ છે. જે મનુષ્ય જળનું દાન કરે છે, તેને એ નદીનું જળપાન મળે છે. હવે દીપકનું દાન કરવાથી જે ગુણો પ્રાપ્ત થાય છે તેને તમે સાંભળો.[૧૮-૨૬] દીપકનું દાન કરનારો મનુષ્ય પ્રેતલોકના માર્ગમાં રહેલા ઘોર અંધકારને જોવા પામતો નથી; કેમકે તે મનુષ્ય પ્રેતલોક તરફ જ્યારે પ્રયાણ કરે છે, ત્યારે ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ વગેરે દેવતાઓ તેને પોતાની કાંતિ અર્પણ કરે છે, સર્વ દિશાઓ પણ ચોતરફથી પ્રકાશમાન થઇને તે માર્ગમાં જવામાટે તે મનુષ્યને અનુમતિ આપે છે અને તે મનુષ્ય પ્રેતલોકમાં જઇને સૂર્યની પેઠે પ્રકાશી નીકળે છે;[૨૨-૨૮] માટે મનુષ્યે દીવાનું તથા જળનું દાન અવશ્ય કરવું. જે મનુષ્યો વેદપારંગત બ્રાહ્મણને કપિલા ગાયનું દાન કરે છે અને તેમાં પણ પુષ્કરતીર્થમાં જઇને કપિલા ગાયનું ખાસ દાન કરે છે તેનું જે ફળ પ્રાપ્ત થાય છે તેનું તમે શ્રવણ કરો. કપિલા ગાયનું દાન કરનાર પુરુષને બળદની સાથે સો ગાયોનું દાન કર્યા જેટલું

અક્ષય ફળ મળે છે; તેમજ બ્રહ્મહત્યાસમાન જે કંઇ પાપ કર્યું હોય છે,તેમાંથી સો ગાયોના દાનની પેઠે એક કપિલા ગાયનું દાન મુક્ત કરે છે; માટે મોટા પુષ્કરક્ષેત્રમાં જઇને પૂર્ણિમાને દિવસે કપિલા ગાયનું દાન કરવું; જેથી મનુષ્યોનાપર વિષમ દુઃખ કે સંકટ કદી આવતું નથી.[૩૨] વળી જે પુરુષ સુપાત્ર એવા કોઇ ઉત્તમ બ્રાહ્મણને ઉપાનહનું તથા છત્રનું દાન કરે છે,તેને પરલોકમાં સુખકારક છાયાનો લાભ થાય છે; કેમકે આપેલા દાનનો કદી નાશ થતો નથી.

ચિત્રગુપ્તનો એ મત સાંભળીને, અગ્નિનાં રુંવાટાં હર્ષથી ઉભાં થઈ ગયાં અને પછી મહાકાંતિમાન તે અગ્નિએ સર્વ દેવતાઓને તથા પિતૃઓને કહ્યું કેઃ–“ મહાત્મા ચિત્રગુપ્તનું ધર્મરહસ્ય તમે સૌએ સાંભળ્યું કે? જે મનુષ્યો, શ્રદ્ધાથી યુક્ત થઇને મહાત્મા બ્રાહ્મણોને તે તે પદાર્થોનું દાન કરે છે, તેઓને કદી ભય થતો નથી.[૩૩–૩૬] હવે પૂર્વોક્ત ધર્મમાં આવા પાંચ દોષો રહેલા છે કે જેનું નિવારણ કરવા માટે કોઇ પ્રકારનું પ્રાયશ્ચિત્ત નથી અને જે દોષોથી યુક્ત થયેલા અધમ પુરુષો વાર્તાલાપ કરવાને માટે પણ અયોગ્ય હોઇને આચારભ્રષ્ટ ગણાય છે તથા સર્વ પ્રકારનાં ધાર્મિક કાર્યોમાં ત્યાગ કરવા યોગ્ય ગણાય છે.[૩૭] જેવાકેઃ–બ્રહ્મહત્યારો, ગોહત્યારો, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનાર, અશ્રદ્ધાળુ અને પોતાની સ્ત્રીની કમાણી ઉપર આજીવિકા ચલાવનાર, આ પાંચે પાપકર્મી પુરુષો, જ્યારે પ્રેતલોકમાં જાય છે, ત્યારે નરકમાં પડીને રંધાયા કરે છે અને માછલાંઓની પેઠે પરૂ તથા રુધિરનું ભોજન કરે છે.[૩૮,૩૯] વળી આ પાંચે પુરુષોને દેવતાઓ તથા પિતૃઓ, વાતચિત કરવામાટે પણ અયોગ્ય ગણે છે અને સ્નાતક બ્રાહ્મણો તથા બીજા તપોધનો પણ તે પુરુષો સાથે વાર્તાલાપ કરતા નથી.”[૪૦]

ઇતિ શ્રીમહા૦ અનુ૦.દાનધર્મ પર્વમાં “અરુંધતીચિત્રગુપ્તરહસ્ય” એ વિષયનો
અધ્યાય ૧૩૦ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૩૧ મો

પ્રમથરહસ્ય

॥ भीष्म उवाच ॥

तत: सर्वे महाभागा देवाश्च पितरश्च ह ।
ऋषयश्च महाभागाः प्रमथान् वाक्यमब्रुवन्॥१॥

ભીષ્મે કહ્યુંઃ–“ તે પછી મહાભાગ્યશાળી દેવોએ, પિતૃઓએ તથા ઋષિઓએ, પ્રમથ નામના ભૂતગણોને આ પ્રમાણે કહ્યુંઃ–“ તમે મહાભાગ્યશાળી છો અને પ્રત્યક્ષ નિશાચર છો; માટે અમે તમને પૂછીએ છીએ કે, તમે ઉચ્છિષ્ટ, અપવિત્ર અને ક્ષુદ્ર એવા મનુષ્યોની શામાટે હિંસા કરો છો?[૨] તમને અટકાવવાના ઉપાયો કયા છે, કે જેથી તમે મનુષ્યોની હિંસા કરી શકો નહિ? અને કયી કયી વસ્તુઓ રાક્ષસોનો નાશ કરનારી ગણાય છે, કે જે વસ્તુઓને ઘરમાં જોઇને તમે નાસી જાઓ છો? હે નિશાચરો! તમારી પાસેથી એ સર્વ સાંભળવાની અમને ઇચ્છા છે.”[૩]

પ્રમથોએ કહ્યુંઃ–“ જે મનુષ્યો સદાય મૈથુન કરીને ઉચ્છિષ્ટ રહે છે–અર્થાત્ મૈથુન કરીને સ્નાન કરી નાખતા નથી, જેઓ શ્રેષ્ઠ પુરુષોનું અપમાન કરે છે, મોહને લીધે માંસ ખાય છે, વૃક્ષના મૂળ નીચે સુવે છે, પ્રાણીના માંસને મસ્તક નીચે (ઉશીકાતરીકે) રાખે છે અને પગ રાખવાને ઠેકાણે મસ્તક મૂકીને સુવે છે, તેઓ સર્વે મનુષ્યો ઉચ્છિષ્ટ હોઇને અનેક છિદ્રવાળા કહેવાય છે–અર્થાત્ અમારા સપાટાના ભોગ થઇ પડનારા ગણાય છે;[૪,૫] તેમજ જે મનુષ્યો જળની અંદર મળમૂત્ર આદિ અપવિત્ર પદાર્થો નાખે છે અને નાકની લીંટ વગેરે નાખે છે,તે મનુષ્યોનું અમે ભક્ષણ કરીએ છીએ અને તેવા મનુષ્યોનો અમે નાશ કરીએ છીએ, એમાં સંશય નથી.[૬] આવા સ્વભાવવાળા તથા આવું આચરણ કરનારા મનુષ્યોનો અમે પરાભવ કરીએ છીએ; પરંતુ જે ઉપાયોથી અમે મનુષ્યોની હિંસા કરી શકતા નથી, તે ઉપાયોને તમે સાંભળો.[૭] જે મનુષ્ય શરીરપર ગોરોચનનું વિલેપન કરે છે, હાથમાં વજ રાખે

છે, મસ્તક ઉપર ઘી અને અક્ષત ધારણ કરે છે, નિરંતર ઘી તથા ચોખાનું દાન કરે છે અને જેઓ કદી માંસભક્ષણ કરતા નથી, તે મનુષ્યોની અમે હિંસા કરી શકતા નથી. વળી જે મનુષ્યોના ઘરમાં નિત્ય રાત્રિદિવસ અગ્નિ પ્રકાશ્યા કરે છે, વ્યાઘ્રનું ચામડું તથા દાઢો હોય છે, પર્વતોની ગુફામાં પડી રહેનારો કાચબો હોય છે, ઘીનો ધૂમાડો થયા કરે છે, બિલાડો હોય છે અને કાળો તથા પિંગળો બકરો હોય છે,તે મનુષ્યોના ઘરમાં મહાદારુણ રાક્ષસો પણ કોઇનો પરાભવ કરી શકતા નથી.[૮-૧૧] અમારા જેવા નિશાચરો કે જેઓ સુખેથી સર્વ લોકમાં વિચરી રહ્યા છે, તેઓનો વિનાશ કરવામાટે પૂર્વોક્ત વસ્તુઓને ઘરમાં અવશ્ય રાખવી. આ રીતે જે વિષયમાં તમને મોટો સંશય હતો તે સર્વ અમે તમને કહ્યું."[૧૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "પ્રમથરહસ્ય" એ વિષયનો અધ્યાય ૧૩૧મો સમાપ્ત

અધ્યાય ૧૩૨ મો

દિગ્ગજરહસ્ય

॥ भीष्म उवाच ॥

ततः पद्मप्रतीकाशः पद्माद्भूतः पितामहः ।
उवाच वचनं देवान् वासवं च शचीपतिम्॥१

ભીષ્મે કહ્યું:- તે પછી કમળસમાન કાંતિવાળા અને કમળમાંથી ઉત્પન્ન થયેલા પિતામહ બ્રહ્મદેવે, સર્વ દેવતાઓને તથા શચીપતિ ઇંદ્રને કહ્યું કે:-"આ રેણુક નામનો હાથી કે જે મહાબળવાન છે, રસાતળમાં વિચરનારો છે, તેજસ્વી છે અને મહાન સત્વવાળો તથા પરાક્રમી છે, તેને તમે આજ્ઞા કરો એટલે તે હાથી, મોટા તેજવાળા, મહાપરાક્રમી અને પર્વતો, વનો તથા અરણ્યોસહિત આખી પૃથ્વીને ધારણ કરી રહેલા સર્વ દિગ્ગજો પાસે જાય અને સર્વ ધર્મરહસ્યો પૂછે. "[૨-૪]

બ્રહ્મદેવનું એ વચન સાંભળી દેવતાઓએ રેણુકને ત્યાં મોકલ્યો કે જ્યાં તે દિગ્ગજો, પૃથ્વીને ધારણ કરી શાંતચિત્તે ઉભા રહ્યા છે.[૫]

રેણુકે કહ્યું:-" હે મહાબળવાન દિગ્ગજો! દેવતાઓએ તથા પિતૃઓએ મને આજ્ઞા કરી છે તેથી હું તમારી પાસેથી સર્વ ધર્મરહસ્યોને યથાર્થ રીતે સાંભળવા ઇચ્છું છું; માટે હે મહાભાગો ! તમારી બુદ્ધિમાં રહેલું ધર્મતત્ત્વ તમે મને કહો."[૬]

દિગ્ગજોએ કહ્યું:-"કાર્તિક માસના કૃષ્ણપક્ષમાં આશ્લેષા નક્ષત્ર અને અષ્ટમીનો શુભ યોગ હોય, ત્યારે મનુષ્યે સાયંકાળના સમયે કોઇ એક રાફડા પાસે શ્રાદ્ધ કરવું અને તેમાં ગોળનું તથા ભાતનું બળિદાન અર્પણ કરવું. વળી તે દિવસે નિયમિત આહાર કરીને તથા ક્રોધનો ત્યાગ કરીને બળિદાન આપનારા મનુષ્યે આ મંત્રનો જાપ કરવો:-[૭]

" बलदेव प्रभृतयो ये नागा बलवत्तराः ।
अनंताह्यक्षया नित्यं भोगिनः सुमहाबलाः ॥
तेषां कुलोद्भवा ये च महाभूता भुजंगमाः ।
ते मे बलिं प्रयच्छंतु बलतेजोऽभिवृद्धये ॥
यदा नारायणः श्रीमानुज्जहार वसुंधराम् ।
तद्बलं तस्य देवस्य धरामुद्धरतस्तथा ॥ "

બલદેવ વગેરે મહાબળવાન હાથીઓ, નિત્ય અનંત અને અક્ષય એવા મહાબળવાન સર્પો તથા તેઓના કુળમાં ઉત્પન્ન થયેલા બીજા મોટા સર્પો, મારા બળની તથા તેજની વૃદ્ધિને માટે મને બલિ અર્પણ કરો. જે સમયે શ્રીમાન નારાયણ દેવે રસાતળમાં પેસી ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો તે સમયે એ દેવના શરીરમાં જે બળ હતું તે બળ, (તમારી કૃપાથી) મને પ્રાપ્ત થાઓ. " આ મંત્ર ભણીને રાફડા ઉપર બલિદાન અર્પણ કરવું કે જે બલિદાન ઉપર ગજેંદ્ર પુષ્પો છાંટવામાં આવ્યાં હોય અને કાળું એક વસ્ત્ર ઢાંકવામાં આવ્યું હોય. આ રીતે કરવાથી નીચેના લોકમાં નિવાસ કરનારા અને પૃથ્વીના ભારથી પીડિત થયેલા અમે પ્રસન્ન થઈએ છીએ અને પૃથ્વીને ધારણ કરવા છતાં પણ અમને તેના પરિશ્રમની ખબર પડતી નથી.[૧૩] અમે કોઇ જાતની અપેક્ષા રાખ્યાવિનાજ પૃથ્વીના ભારથી પીડાઇએ છીએ;માટે અમે

એ રીતે અમને બળિદાન આપવાના કર્મને ધર્મરૂપ માનીએ છીએ. જે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર, ઉપવાસ કરીને એક વર્ષપર્યંત એ પ્રમાણે બલિદાન આપે છે તેને મહાન ફળનો લાભ થાય છે; તેમજ રાફડા ઉપર મૂકવામાં આવેલા બલિદાનનો સ્વીકાર કરીને અમે પોતે પણ અમને મોટું ફળ મળેલું માનીએ છીએ; એટલુંજ નહિ પરંતુ એ રીતે બલિદાન આપનારા પુરુષે ત્રણે લોકમાં જે જે મહાવીર્યવાન હાથીઓ રહેલા છે તેઓ સર્વનો સો વર્ષપર્યંત યથાર્થ રીતે અતિથિસત્કાર કરેલો ગણાય છે.”

દિગ્ગજોના એ વચનનું રેણુક હાથીદ્વારા શ્રવણ કરીને સર્વ દેવતાઓએ, પિતૃઓએ તથા મહાભાગ ઋષિઓએ રેણુકની પ્રશંસા કરી.”૧૭

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ દિગ્ગજરહસ્ય ” એ વિષયનો
અધ્યાય ૧૩૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩૩મો

મહાદેવરહસ્ય

॥ महेश्वर उवाच ॥

सारमुद्धृत्य युष्माभिः साधुधर्म उदाहृतः ।
धर्मगुह्यमिदमतः शृणुध्वं सर्व एव हि ॥१॥

મહેશ્વરે કહ્યું:– “તમે શાસ્ત્રોનો સાર કાઢીને ઉત્તમ ધર્મ કહ્યો છે, તોપણ તમે સર્વે આ એક ધર્મરહસ્યનું મારી પાસેથી શ્રવણ કરો. જેઓની બુદ્ધિ કેવળ ધર્મનોજ આશ્રય કરનારી હોય અને જે પુરુષો શ્રદ્ધાળુ હોય, તેઓનેજ મોટું ફળ આપનારા આ ધર્મનો રહસ્યની સાથે ઉપદેશ કરવો.૨ જે મનુષ્ય મનને શાંત રાખીને એક માસપર્યંત એક વખત ભોજન કરે છે અને બીજા વખતનું ભોજન ગાયોને અર્પણ કરીને ‘ગવાહ્નિક’ નામનું વ્રત કરે છે, તેને જે ફળ મળે છે તેને તમે સાંભળો.૩ મોટા ભાગ્યવાળી આ ગાયોને પરમ પવિત્ર કહેવામાં આવી છે અને તેઓ દેવ, અસુર તથા મનુષ્યોસહિત ત્રણે લોકોને ધારણ કરી રહી છે;૪ માટે તે ગાયોની સેવા કરવાથી મહાન પુણ્ય અને મહાન ફળ મળી શકે છે તથા પૂર્વોક્ત ગવાહ્નિક વ્રત કરનારો પુરુષ પ્રતિદિન ધર્મથી યુક્ત થાય છે.૫ પૂર્વે સત્યયુગમાં ગાયોએ મારો પરમ સત્કાર પ્રાપ્ત કર્યો છે અને બ્રહ્મદેવે પોતે પણ ગાયોને આદરસત્કાર આપવામાટે મને વીનવ્યો હતો. વળી તે દિવસથી આરંભીને ગાયોના વ્રજસ્થાનમાં નિવાસ કરનારો પોઠીઓ મારી ધ્વજા ઉપર નિત્ય રહે છે અને હું પણ ગાયોની સાથે નિત્ય રમણ કરૂં છું; માટે ગાયોનું નિત્ય પૂજન કરવું.૬,૭ ગાયોની જો ઉપાસન કરવામાં આવે છે તો તેઓ સર્વ પ્રકારના વરો આપે છે અને મહાપ્રભાવશાળી તે ગાયો મનુષ્યના પ્રત્યેક શુભ કર્મમાં જે ફળ ઉત્પન્ન થાય છે, તેનો ચોથો ભાગ માત્ર એકજ દિવસ પોતાને આહાર આપનારા પુરુષને અર્પણ કરી દે છે.”૯

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
‘ મહાદેવરહસ્ય ’ એ વિષયનો
અધ્યાય ૧૩૩ મો સમાપ્ત

અધ્યાય ૧૩૪ મો

સ્કંદદેવરહસ્ય

॥ स्कंद उवाच ॥

ममाप्यनुमतो धर्मस्तं शृणुध्वं समाहिताः ।
नीलषंडस्य शृंगाभ्यां गृहीत्वा मृत्तिकां तु यः॥

સ્કંદદેવે કહ્યું:–“હવે જે ધર્મને મેં માન્ય કરેલો છે તેનું તમે સાવધાન થઇને શ્રવણ કરો. જે પુરુષ નીલોત્સર્ગ વિધિથી છુટો મૂકવામાં આવેલા શ્યામવર્ણના બળદનાં શિંગડાં ઉપરની માટી લઇને તેનાવડે ત્રણ દિવસસુધી સ્નાન કરે છે, તેને પ્રાપ્ત થનારૂં ધર્મફળ તમે સાંભળો. એ પુરુષ પોતાનાં સર્વ પાપોથી મુક્ત થાય છે અને પરલોકમાં અધિપતિપણું પ્રાપ્ત કરે છે. વળી તે પુરુષ પ્રત્યેક જન્મમાં એક શૂરવીરતરીકે ઉત્પન્ન થાય છે. હવે આ એક બીજું ગુપ્ત ધર્મરહસ્ય તમે સાંભળો. જે પુરુષ પૂર્ણિમાને દિવસે ઉદય પામતા ચંદ્રસામે ઉભો રહીને પકવાન્ન તથા મધથી ભરેલા એક તામ્ર-

પાત્રમાં તેને (ચંદ્રને) બલિદાન અર્પણ કરે છે તે પુરુષને પ્રાપ્ત થનારૂં ધર્મફળ શ્રદ્ધાપૂર્વક તમે સાંભળો. એ પુરુષ જે બલિદાન અર્પણ કરે છે તેનો સાધ્યો, રુદ્રો, આદિત્યો, વેશ્વેદેવાઓ, અશ્વિનીકુમારો, મરુદ્ગણો તથા વસુઓ સ્વીકાર કરે છે અને તે બલિદાનને લીધે ચંદ્રની તથા મહાસાગરની પણ વૃદ્ધિ થાય છે. મેં કહેલું આ ધર્મરહસ્ય અતિસુખકારક છે.”[૧-૩]

વિષ્ણુએ કહ્યું:–“જે કોઇ શ્રદ્ધાળુ પુરુષ અસૂયાના ત્યાગપૂર્વક એકાગ્ર થઇને પૂર્વોક્ત સર્વ દેવોનાં રહસ્યોનું તથા ઋષિઓનાં રહસ્યોનું નિત્ય શ્રવણપઠન કરે છે, તેને હરકોઇ પ્રકારના કાર્યમાં કદી વિઘ્ન નડતું નથી તેમ કોઇ પ્રકારનો ભય પણ થતો નથી.[૮] જે પુરુષ ઇંદ્રિયોને વશ રાખીને પૂર્વોક્ત પવિત્ર અને પુણ્યદાયી ધર્મરહસ્યોનો પાઠ કરે છે,તેને તે તે ધર્મનું ફળ પ્રાપ્ત થાય છે;[૯] ઉપરાંત તે પુરુષનું પાપ સમૂળગું નાશ પામે છે અને બીજા કોઇ પણ પાપની તેનાપર અસર થતી નથી. આ ધર્મરહસ્યોનું જે પુરુષ પઠન કરે છે,શ્રવણ કરે છે અને શ્રવણ કરીને બીજાને શ્રવણકરાવે છે તે પુરુષને પણ પૂર્વોકત ધર્મફળ પ્રાપ્ત થાય છે.[૧૦,૧૧]વળી જે પુરુષ પ્રત્યેક પર્વને દિવસે આ ધર્મરહસ્યોનું ઉત્તમ બ્રાહ્મણોને શ્રવણ કરાવે છે, તેના અક્ષય હવ્યકવ્યનું દેવો તથા પિતૃઓ ભોજન કરે છે અને ધર્મકાર્યોમાં નિત્ય તત્પર રહેનારો તે શ્રીમાન પુરુષ ઋષિઓ,દેવતાઓ તથા પિતૃઓમાં નિત્ય માન્ય થાય છે;[૧૨,૧૩] તેમજ આ ધર્મરહસ્ય સાંભળીને મનુષ્ય મહાપાતકસિવાયનાં બીજાં હરકોઈ પાપકર્મથી મુકત થાય છે.”

ભીષ્મે કહ્યું:–હે રાજા! દેવતાઓનું આ ધર્મરહસ્ય કે જે સર્વ દેવોમાં પ્રમાણભૂત ગણાયલું છે તેને ભગવાન વ્યાસે મને કહ્યું હતું અને મેં તને કહ્યું છે.[૧૫] જેમ પૃથ્વી રત્નોથી ભરપૂર હોઇને સર્વોત્તમ ગણાય છે, તેમ અજ્ઞાન પણ સર્વોત્તમ ગણાય છે; માટેજ ધર્મવેત્તા પુરુષો માને છે કે, આ ધર્મરહસ્યોનુંજ નિત્ય શ્રવણ કરવું.જે પુરુષ શ્રદ્ધારહિત હોઇને, નાસ્તિક, ધર્મભ્રષ્ટ, નિર્દય, દુષ્ટ હેતુવાળો, ગુરુનો દ્વેષી અને દેહાભિમાની હોય તે પુરુષને આ ધર્મરહસ્ય સંભળાવવું નહિ.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ સ્કંદદેવરહસ્ય ” એ વિષયનો
અધ્યાય ૧૩૪મો સમાપ્ત

અધ્યાય ૧૩૫ મો

કોનું અન્ન ભક્ષ્ય અને કોનું અભક્ષ્ય છે?

॥ युधिष्ठिर उवाच ॥

के भोज्या ब्राह्मणस्येह के भोज्याः क्षत्रियस्य ह
तथा वैश्यस्य के भोज्याः के शूद्रस्य च भारत॥

યુધિષ્ઠિરે પૂછયું:–“હે ભરતવંશી પિતામહ! બ્રાહ્મણે, ક્ષત્રિયે, વૈશ્યે અને શૂદ્રે કોના અન્નનું ભોજન કરવું?”[૧]

ભીષ્મે કહ્યું:–બ્રાહ્મણે બ્રાહ્મણોના, ક્ષત્રિયોના તથા વૈશ્યોના અન્નનું ભોજન કરવું; પરંતુ શૂદ્રોના અન્નનું કદી ભોજન કરવું નહિ. ક્ષત્રિયે બ્રાહ્મણોના તથા વૈશ્યોના અન્નનું ભોજન કરવું પણ સર્વભક્ષી તથા વિરુદ્ધ કર્મ કરનારા શૂદ્રોના અન્નનું ભોજન કરવું નહિ;[૩] અને જે વૈશ્યો નિત્ય અગ્નિહોત્રનું પાલન કરનારા હોય, શુદ્ધ વર્તન કરનારા હોય તથા ચાતુર્માસ્ય વ્રતોનું પાલન કરવામાં આસકત રહેતા હોય તેઓનું અન્ન બ્રાહ્મણોને તથા ક્ષત્રિયોને પણ ભક્ષ્ય ગણાય છે;[૪] પરંતુ જે પુરુષ શૂદ્રોના અન્નનું ભક્ષણ કરે છે, તે પુરુષ પૃથ્વીના મેલનું ભક્ષણ કરે છે અથવા જનસમાજના મળનું (વિષ્ઠામૂત્રનું) ભક્ષણ કરે છે.[૫] જે મનુષ્ય શૂદ્રના અન્નનું ભક્ષણ ,કરે છે તે પૃથ્વીના મેલનું ભક્ષણ કરે છે અને શૂદ્રના અન્નનું ભોજન કરનારા બ્રાહ્મણો પણ પૃથ્વીના મેલનુંજ ભક્ષણ કરે છે;[૬] એટલુંજ નહિ પરંતું જો કોઇ બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય સંધ્યાવંદન આદિ ઉત્તમ કર્મો કરવામાં આસક્ત રહેતો હોય તોપણ જો શૂદ્રનું સેવાકર્મ કરી રહ્યો હોય, તો તેને અવશ્ય નરકમાં પડવું પડે છે.[૭] બ્રાહ્મણોએ નિત્ય વેદાધ્યયન કરવામાં આસકત રહીને સર્વ મનુષ્યોનું કલ્યાણ કરવામાં તત્પર રહેવું

જોઈએ, ક્ષત્રિયોએ સર્વનું રક્ષણ કરવામાં તત્પર રહેવું જોઇએ અને વૈશ્યોએ (ખેતીવાડી કરીને સર્વનું) પોષણ કરવામાં આસક્ત રહેવું જોઇએ, એમ વિદ્વાનો કહે છે.[૯] વૈશ્ય જે કર્મ કરે છે,તેનો આશ્રય કરીને પ્રજા જીવી રહી છે; માટે ખેતીવાડી, ગૌરક્ષા અને વ્યાપારરૂપ વૈશ્યનું કર્મ કરવામાં વૈશ્યની હલકાઈ નથી;[૯] છતાં જે વૈશ્ય પોતાના જાતીય કર્મનો ત્યાગ કરીને શૂદ્રનાં કર્મો કરવા મંડી પડે છે, તે વૈશ્યને શૂદ્રના જેવોજ જાણવો અને તેના અન્નનું કદી ભક્ષણ કરવું નહિ;[૧૦] તેમજ વૈદ્યનો ધંધો કરનાર, શસ્ત્રધારી થઈને આજીવિકા ચલાવનાર, નગરનું અધ્યક્ષપણું કરનાર, ગોરતરીકે કામ કરનાર, જ્યોતિષનો ધંધો કરનાર અને સ્વર તથા અર્થજ્ઞાનવિના વૃથા વેદાધ્યયન કરનાર-આ સર્વ પુરુષો શૂદ્રસમાનજ ગણાય છે.(માટે તેઓનું અન્ન પણ અભક્ષ્ય છે.)[૧૧] આ સર્વ પુરુષો શૂદ્રના જેવાંજ કર્મો કરનારા હોઇને શૂદ્ર જેવાજ છે, છતાં જે નિર્લજ્જ પુરુષ તેઓના અન્નનું ભક્ષણ કરે છે,તેને અભક્ષ્યનું ભક્ષણ કરવાથી (નરકરૂપ) દારુણ ભય પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પરંતુ તે પુરુષના કુળનો, વીર્યનો તથા તેજનો નાશ થાય છે અને તે પુરુષ ક્રિયાભ્રષ્ટ તથા ધર્મહીન એવા એક કૂતરાની પેઠે તિર્યંચની જાતિને પામે છે.[૧૩] વૈદ્યનું અન્ન કે જે કેવળ વિષ્ઠાસમાન ગણાય છે તેનું ભક્ષણ કરનાર પુરુષ વિષ્ઠાનુંજ ભક્ષણ કરે છે; તેમજ વેશ્યાનું તથા કોઇ કારીગરનું અન્ન મૂત્ર તથા રુધિરસમાન ગણાય છે; માટે તેનું ભક્ષણ કરનાર પુરુષ મૂત્રનું તથા રુધિરનું ભક્ષણ કરે છે. જે પુરુષ વિદ્યા ઉપર આજીવિકા ચલાવે છે તેનું અન્ન શૂદ્રના અન્ન જેવુંજ ગણાય છે; માટે સત્પુરુષોમાં માન્ય થયેલા સાધુપુરુષે તેના અન્નનો પણ ત્યાગ કરવો.[૧૫] જે પુરુષ કોઇએક નિંદાપાત્ર પુરુષના અન્નનું ભોજન કરે છે, તેને વિદ્વાનો રુધિરના ધરાનું પાન કર્યાસમાન કહે છે; અને ચાડીઆ મનુષ્યના અન્નનું ભોજન કરનાર પુરુષ બ્રહ્મહત્યાસમાન પાતકનો ભોક્તા બને છે.[૧૬] બ્રાહ્મણે અસત્કાર તથા અપમાનપૂર્વક પ્રાપ્ત થયેલા અન્નનું કદી ભક્ષણ કરવું નહિ; કેમકે તેથી શરીરમાં રોગ થવાનો સંભવ છે અને કુળનો નાશ પણ તુરતજ થાય છે.વળી જે બ્રાહ્મણ નગરનું રક્ષણ કરનારા-(કોટવાળ)ના અન્નનું ભોજન કરે છે, તેને ચાંડાલ થવું પડે છે અને ગાયની હત્યા કરનાર, બ્રાહ્મણની હત્યા કરનારા, મદિરાનું પાન કરનારા તથા ગુરુની પત્નીસાથે વ્યભિચાર કરનારા પુરુષનું અન્ન ખાઇને બ્રાહ્મણ રાક્ષસોના કુળમાં વૃદ્ધિ કરનારો થાય છે—અર્થાત્ રાક્ષસના કુળમાં જન્મે છે;[૧૭-૧૯] તેમજ પારકી થાપણ પચાવી પાડનારા પુરુષનું, કૃતઘ્નીનું તથા નપુંસકનું અન્ન ખાઇને બ્રાહ્મણ મધ્યદેશથી બહાર ગણવામાં આવેલા ભીલોના દેશમાં જન્મે છે.

એ પ્રમાણે હે કુંતાપુત્ર! કોનું અન્ન ભક્ષ્ય છે અને કોનું અભક્ષ્ય છે, એ વિષે મેં તને વિધિપૂર્વક કહ્યું. હવે મારી પાસેથી તને બીજું શું સાંભળવાની ઇચ્છા છે?”[૨૧]

ઇતિ. શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ભોજ્યાભોજ્યાન્નકથન” એ વિષયનો
અધ્યાય ૧૩૫ મો સમાપ્ત

અધ્યાય ૧૩૬ મો

પ્રાયશ્ચિત્તવિધિ

॥ युधिष्ठिर उवाच ॥

उक्तास्तु भवता भोज्यास्तथाऽभोज्याश्च सर्वशः
अत्र मे प्रश्नसंदेहस्तन्मे वद पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—“હે પિતામહ! કોનું અન્ન ભક્ષ્ય છે અને કોનું અન્ન અભક્ષ્ય—એ સર્વ તમે મને કહ્યું. હવે આ વિષયમાં મને સંદેહ થયો છે તેથી હું તમને પૂછું છું કે, દેવનિમિત્ત તથા પિતૃનિમિત્ત અનેકવિધ ભોજનપદાર્થોનો પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણોએ કયાં કયાં પ્રાયશ્ચિત્તો અવશ્ય કરવાં જોઇએ? તે મને કહો.”

ભીષ્મે કહ્યું:—“હે રાજન્! મહાત્મા બ્રાહ્મણો, જે જે ભોજ્ય પદાર્થોનો પ્રતિગ્રહ કરીને જે જે પ્રાયશ્ચિત્તવડે પાપમાંથી મુક્ત થાય છે તે સર્વ હું તને કહું છું.[૩] હે યુધિષ્ઠિર! ઘીનો

પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણે ગાયત્રીમંત્રપૂર્વક અગ્નિમાં સમિધોની આહુતિ આપવી, તેમજ તલનો પ્રતિગ્રહ કરીને પણ એ પ્રમાણેજ કરવું. માંસનો, મધનો અથવા મીઠાનો પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણે સૂર્યના ઉદયપર્યંત ઉભા રહેવું, જેથી પવિત્ર થવાય છે.[૫] સુવર્ણનો પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણ, ગાયત્રીમંત્રનો જાપ કરે અને સર્વ લોકોની પ્રત્યક્ષ કાળું લોઢું હાથમાં ધારણ કરે તો પાપમાંથી મુક્ત થાય છે; તેમજ હે પુરુષશ્રેષ્ઠ! ધન, વસ્ત્ર તથા સ્ત્રીનો પ્રતિગ્રહ કરીને પણ બ્રાહ્મણે સુવર્ણના પ્રતિગ્રહનુંજ પ્રાયાશ્ચિત્ત કરવું.[૭] અન્નનો, દૂધપાકનો, ગોળનો અથવા સાકરનો, શેરડીનો, તેલનો અથવા બીજા કોઇ પવિત્ર પદાર્થોનો પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણે ત્રિકાળ જળમાં સ્નાન કરવું.[૮] ડાંગરનો, પુષ્પોનો, ફળનો, જળનો, લોટના કોઇ પદાર્થનો, જવના કોઇ પદાર્થનો, દહીંનો તથા દૂધનો પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણે સો વખત ગાયત્રીમંત્રનો જાપ કરવો.[૯] કોઇના મરણ પાછળ આપવામાં આવેલા જોડાનો તથા છત્રનો પ્રતિગ્રહ કરીને બ્રાહ્મણે સાવધાન થઇને સોવાર ગાયત્રીમંત્રનો જાપ કરવો, જેથી પાપમાંથી મુક્ત થવાય છે.[૧૦] ક્ષેત્રનો પ્રતિગ્રહ કરનાર, કેદ પકડાયલા મનુષ્ય પાસેથી કોઇ વસ્તુનો પ્રતિગ્રહ કરનાર અને સૂતકી મનુષ્ય પાસેથી કોઇ જાતના દાનનો પ્રતિગ્રહ કરનાર બ્રાહ્મણ, ત્રણ દિવસના જો ઉપવાસ કરે છે તો પાપમાંથી મુક્ત થાય છે.[૧૧] જે બ્રાહ્મણ કૃષ્ણપક્ષમાં કરવામાં આવતા પિતૃઓના શ્રાદ્ધભોજનનું ભક્ષણ કરે છે, તે બ્રાહ્મણ એક રાત્રિદિવસમાંજ શુદ્ધ થાય છે. માત્ર તે બ્રાહ્મણે સ્નાન કર્યાવિના સંધ્યાવંદન કરવું નહિ, જપજાપ કરવો નહિ તેમજ બીજી વખત ભોજન કરવું નહિ, જેથી તે પવિત્ર થાય છે.[૧૩] શ્રાદ્ધમાં જમેલા બ્રાહ્મણો બીજી વખત ભોજન કરે નહિ, આવા હેતુથીજ પિતૃઓનું શ્રાદ્ધ અપરાહ્ણના આરંભસમયે કરવાનું કહ્યું છે. વળી બ્રાહ્મણને આગલે દિવસે નિમંત્રણ આપી બીજે દિવસે અપરાહ્ણકાળે શ્રાદ્ધ કરવામ બીજો પણ એક હેતુ રહેલ. છ કે, બીજે દિવસે તે સમયે ક્ષુધાની બરાબર જાગૃતિને લીધે બ્રાહ્મણો સારી રીતે ભોજન કરે.[૧૪] જે બ્રાહ્મણ કોઇ મરણ પામેલાને ત્યાં ત્રીજે દિવસે ભોજન કરે છે, તે બ્રાહ્મણ બાર દિવસપર્યંત ત્રણ વખત સ્નાન કરે છે તો પવિત્ર થઇ શકે છે;[૧૫] અને બાર દિવસ વીતી ગયા પછી પણ વિશેષે કરીને સ્નાનાદિ શૌચકર્મ કરીને બ્રાહ્મણોને હવિષ પદાર્થનું દાન કરે છે તો એ પાપથી મુક્ત થાય છે;[૧૬] તેમજ મરણ પામેલાને ત્યાં દશ દિવસ સુધીમાં અન્નનું ભોજન કરનાર બ્રાહ્મણને પણ તેવા પ્રકારનુંજ પ્રાયાશ્ચિત્ત આપવું; ઉપરાંત ગાયત્રીમંત્રનો જાપ કરીને રૈવતસામનો, પવિત્ર ઇષ્ટિનો, "यद्देवादेवहलनम्" ઈત્યાદિ પાંચ અનુવાકનો તથા જળમાં ઉભા રહીને દશ પ્રણવમંત્રયુક્ત ગાયત્રીનો ત્રણ વખત તેણે જાપ કરવો. જે બ્રાહ્મણ મરણ પામેલાને ત્યાં ત્રણ રાત્રિસુધીમાં ભોજન કરે છે, તેણે સાત દિવસસુધી ત્રણ વખત સ્નાન કરવું જેથી તે પવિત્ર થાય છે; એટલુંજ નહિ પરંતુ એ રીતે પ્રાયશ્ચિત્ત કરીને તે બ્રાહ્મણ મોટી સિદ્ધિને પામે છે અને આપત્તિને કદી પ્રાપ્ત થતો નથી.[૧૯] જે બ્રાહ્મણ શૂદ્રોની સાથે એક પાત્રમાં ભોજન કરે છે, તેને માટે કોઇ જાતનું પ્રાયશ્ચિતજ નથી.[૨૦] જે બ્રાહ્મણ વૈશ્યોની સાથે એક પાત્રમાં ભોજન કરે છે, તેણે ત્રણ દિવસના ઉપવાસો કરવા, જેથી એ પાપકર્મથી મુક્ત થવાય છે.[૨૧] જે બ્રાહ્મણે ક્ષત્રિયો સાથે એક પાત્રમાં ભોજન કર્યું હોય તેણે વસ્ત્રોસહિત સ્નાન કરી નાખવું, જેથી એ પાપકર્મમાંથી મુક્ત થવાય છે.[૨૨] એક પાત્રમાં ભોજન કરવાથી શૂદ્રના કુળનો નાશ થાય છે, વૈશ્યનાં પશુઓનો તથા બાંધવોનો નાશ થાય છે, ક્ષત્રિયની લક્ષ્મીનો નાશ થાય છે અને બ્રાહ્મણના બ્રહ્મતેજનો નાશ થાય છે;[૨૩] માટે પ્રત્યેક મનુષ્યે તે તે દોષોનું નિવારણ કરવામાટે પ્રાયશ્ચિત્ત કરવું, શાંતિ કરવી, હવનહોમ કરવો, ગાયત્રીનો જપ કરવો, રૈવતસામનું ઉચ્ચારણ કરવું, પવિત્રેષ્ટિ કરવી, કૂષ્માંડમંત્રનો જાપ કરવો અને જળમાં ઉભા રહી પ્રણવમંત્રથી અઘમર્ષણ કરવું.[૨૪] મનુષ્યોએ અન્યોન્યનું ઉ-

ચ્છિષ્ટ કદી પણ ખાવું નહિ; છતાં કોઇ સમયે અજાણતાં ખવાઇ જાય તો ગોરોચન, દુર્વા, હળદર વગેરે માંગલિક પદાર્થોનો સ્પર્શ કરવો.”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“પ્રાયશ્ચિત્તવિધિ” એ વિષયનો
અધ્યાય ૧૩૬ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૩૭ મો

દાનની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

दानेन वर्ततेत्याह तपसा चैव भारत ।
तदेतन्मे मनोदुःखं व्यपोह त्वं पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે ભરતવંશી પિતામહ ! તમે કહો છો કે, મનુષ્ય દાન કરીને સ્વર્ગમાં જઇ શકે છે; તેમજ તપ કરીને પણ સ્વર્ગમાં જઇ શકે છે. આ ઉપરથી હજી પણ મારા મનમાં સંશય રહે છે કે, આ પૃથ્વીપર દાન અને તપમાં શ્રેષ્ઠ શું છે ? તે મને કહો અને મારા એ સંશયને દૂર કરો. ”[1]

ભીષ્મે કહ્યું:–“ તપથી શુદ્ધાત્મા થયેલા ધર્માસકત પુરુષોએ તથા કેવળ દાનપુણ્યમાંજ આસકત રહેનારા બીજા કેટલાએક રાજાઓએ અવશ્ય ઉત્તમ લોક મેળવ્યા છે; માટે તે વિષે તું સાંભળ.[2] હે રાજન્ ! લોકમાં સત્કારપાત્ર થયેલા આત્રેયઋષિ, પોતાના શિષ્યોને નિર્ગુણ ઉપદેશ આપી સર્વોત્તમ લોકને પામ્યા છે.[3] ઉશીનરનો પુત્ર રાજા શિબિ, પોતાના પ્રિય પુત્રના પ્રાણ, બ્રાહ્મણોમાટે અર્પણ કરીને સ્વર્ગલોકમાં ગયો છે.[4] કાશીદેશનો રાજા પ્રતર્દન પણ પોતાનો પુત્ર બ્રાહ્મણને અર્પણ કરી દઇ આ લોકમાં અતુલ કીર્તિને પામ્યો હતો અને પરલોકમાં પણ કીર્તિમાન થયો છે.[5] સંકૃતિના પુત્ર રાજા રંતિદેવે, મહાત્મા વસિષ્ઠને વિધિપૂર્વક અર્ધ્યપ્રદાન કરીને ઉત્તમોત્તમ લોક પ્રાપ્ત કર્યો છે.[6] દેવાવૃધે સો સળીવાળું સુવર્ણનું દિવ્ય છત્ર, યજ્ઞની દક્ષિણાતરીકે બ્રાહ્મણને અર્પણ કર્યું હતું, જેથી તે સ્વર્ગમાં ગયો છે.[7] ભગવાન અંબરીષે મહાતેજસ્વી એક બ્રાહ્મણને પોતાનું આખું રાજ્ય અર્પણ કરી દીધું હતું, જેથી તે સ્વર્ગલોકને પામ્યો હતો.[8] સૂર્યના પુત્ર કર્ણે, પોતાનું દિવ્ય કુંડળ બ્રાહ્મણને આપી દીધું હતું અને રાજા જનમેજયે પોતાનો દિવ્ય રથ બ્રાહ્મણને અર્પણ કરી દીધો હતો, જેથી તે ઉત્તમ લોકને પામ્યા છે.[9] રાજર્ષિ વૃષાદર્ભિ અનેક પ્રકારનાં રત્નોનું તથા સુંદર ઘરોનું બ્રાહ્મણોને દાન કરીને સ્વર્ગલોકમાં ગયો છે.[10] વિદર્ભના પુત્ર નિમિ રાજાએ, મહાત્મા અગસ્ત્યને પોતાનું આખું રાજ્ય તથા એક કન્યા અર્પણ કરી દઇને પોતાના પુત્રો, પશુઓ તથા બાંધવોની સાથે સ્વર્ગલોક સંપાદન કર્યો છે.[11] જમદગ્નિના પુત્ર મહાયશસ્વી પરશુરામ, બ્રાહ્મણને પૃથ્વીનું દાન કરીને, પોતાના મનઃસંકલ્પ કરતાં પણ અધિક એવા અક્ષય લોકને પામ્યા છે.[12] બ્રાહ્મણોના રાજા વસિષ્ઠે, જે સમયે વરસાદ વરસ્યો નહોતો તે સમયે પ્રાણીમાત્રને જીવાડયાં હતાં, તેથી તે અક્ષય ગતિને પામ્યા છે. દશરથના પુત્ર રામચંદ્ર, યજ્ઞોમાં પુષ્કળ દ્રવ્ય હોમી દઇને અક્ષય લોકને પામ્યા છે, કે જેમનો મહાન યશ હજીસુધી પણ લોકમાં પ્રસરી રહ્યો છે.[14] મહાયશસ્વી રાજર્ષિ કક્ષસેન, મહાત્મા વસિષ્ઠને વિધિપૂર્વક દાન આપીને દિવ્ય લોકમાં ગયો છે.[15] કરંધમનો પૌત્ર અને અવિક્ષિતનો પુત્ર રાજા મરુત, આંગિરસ ઋષિને પોતાની કન્યાનું દાન કરીને સત્વર સ્વર્ગલોકમાં ગયો છે. ધાર્મિકોમાં શ્રેષ્ઠ પાંચાલદેશનો રાજા બ્રહ્મદત્ત, શંખ નામનો પોતાનો ભંડાર બ્રાહ્મણને અર્પણ કરી દઇને પરમ ગતિને પામ્યો છે.[17] રાજા મિત્રસહ મહાત્મા વસિષ્ઠને, પોતાની પ્રિયપત્ની મદયંતી અર્પણ કરી દઇને સ્વર્ગલોકમાં ગયો છે.[18] મનુનો પુત્ર સુદ્યુમ્ન, મહાત્મા લિખિતને ધર્મપૂર્વક શિક્ષા કરીને ઉત્તમ લોકને પામ્યો છે. મહાયશસ્વી રાજર્ષિ સહસ્રચિત્ય, પોતાના પ્રિય પ્રાણોનો બ્રાહ્મણને માટે પરિત્યાગ કરીને સર્વોત્તમ લોકને પામ્યો છે.[20] રાજા શતદ્યુમ્ન, મૌદ્‌ગલ્ય નામના એક બ્રાહ્મણને સર્વ કામ્ય વિષયોથી ભરપૂર એવું એક સુવર્ણનું ગૃહ અર્પણ કરીને સ્વર્ગલોકમાં ગયો છે.[21] સુમન્યુએ

પૂર્વે ભક્ષ્ય તથા ભોજ્ય પદાર્થોના મોટા પર્વતોસમાન ઢગલાઓનું શાંડિલ્યને દાન કર્યું હતું, જેથી તે સ્વર્ગલોકમાં ગયો છે.[૨૨] શાલ્વદેશના રાજા મહાતેજસ્વી ધૃતિમાને, ઋચીકઋષિને પોતાનું આખું રાજ્ય અર્પણ કરી દીધું હતું, જેથી તે સર્વોત્તમ લોકને પામ્યો છે.[૨૩] રાજર્ષિ મદિરાશ્વ, સુંદર કટિવાળી પોતાની કન્યાનું હિરણ્યહસ્તને દાન કરીને દેવોથી વસાયલા લોકને પામ્યો છે.[૨૪] મહાસમર્થ રાજર્ષિ લોમપાદે, પોતાની શાંતા નામની કન્યાનું ઋષ્યશૃંગને દાન કરીને મોટી મોટી સર્વ કામનાઓ સંપાદન કરી હતી.[૨૫] રાજર્ષિ ભગીરથ, હંસી નામની યશસ્વિની કન્યાનું કૌત્સને દાન કરીને આ લોકમાંથી અક્ષય લોકમાં ગયો છે. રાજા ભગીરથ વાછરડાઓસહિત એક લાખ ગાયોનું કોહલ નામના બ્રાહ્મણને દાન કરીને ઉત્તમોત્તમ લોકને પામ્યો છે.[૨૭] હે યુધિષ્ઠિર ! એ સિવાયના બીજા અનેક રાજાઓ, દાન તથા તપના પ્રભાવથી સ્વર્ગલોકમાં ગયા છે અને (પુણ્યનો ક્ષય થયા પછી પાછા આ લોકમાં આવે છે.[૨૮] તે સિવાયના જે જે ગૃહસ્થોએ દાન તથા તપના પ્રભાવથી દિવ્ય લોકને જીત્યા છે, તેઓની કીર્તિ પણ આ પૃથ્વી જ્યાંસુધી રહેશે ત્યાંસુધી અચળ રહેશે.[૨૯] હે યુધિષ્ઠિર ! શિષ્ટ પુરુષોનું આ ચરિત્ર મેં તને કહ્યું. તેઓ સર્વે દાન, યજ્ઞ તથા પ્રજોત્પાદન કરીનેજ સ્વર્ગલોકમાં ગયા છે.[૩૦] હે કૌરવોના ધુરંધર રાજા ! તું પણ નિરંતર દાનકર્મ કરીને તે દિવ્ય લોકોને સંપાદન કર; અને તારી બુદ્ધિ નિરંતર દાનક્રિયામાં તથા યજ્ઞક્રિયામાં આસક્ત થઇને ધર્મની અભિવૃદ્ધિ કરનાર થાઓ.[૩૧] હવે હે રાજસિંહ ! તને જે વિષયમાં સંદેહ હશે તેને આવતી કાલે પ્રભાતમાં હું કહીશ; કેમકે સાયંકાળનો સમય થઈ ચૂકયો છે. ”[૩૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'દાનની પ્રશંસા' એ વિષયનો
અધ્યાય ૧૩૭ મો સમાપ્ત

અધ્યાય ૧૩૮ મો

દાનના પાંચ પ્રકાર

॥ युधिष्ठिर उवाच ॥

श्रुतं मे भवतस्तात सत्यव्रत पराक्रम ।
दानधर्मेण महता ये प्राप्तास्त्रिदिवं नृपाः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે તાત ! હે સત્યવ્રત અને પરાક્રમવાળા ! મહાન દાનધર્મને લીધે જે રાજાઓ સ્વર્ગને પામ્યા છે, તે વિષે મેં તમારી પાસેથી સાંભળ્યું.[૧] હવે હે ધાર્મિકશ્રેષ્ઠ પિતામહ ! મને આ પ્રમાણેના ધર્મો સાંભળવાની ઇચ્છા છે. દાન કેટલા પ્રકારે આપી શકાય છે ? તે તે દાનપ્રકારનું શું ફળ છે ? કેવા પુરુષોને કેવી રીતે ધર્મયુક્ત દાન આપવું ઇષ્ટ ગણાય છે અને દાન કયાં કારણોથી કેટલા પ્રકારનું છે ? તે યથાર્થ રીતે સાંભળવાને હું ઇચ્છું છું.[૨,૩]

ભીષ્મે કહ્યું:–“ હે નિર્દોષ કુંતાપુત્ર! દાનવિષે તું યથાર્થ રીતે મારી પાસેથી સાંભળ. હે ભારત ! સર્વ વર્ણોમાં જે રીતે દાન આપવામાં આવે છે, તેનું પણ તું શ્રવણ કર.[૪] હે ભરતવંશી રાજા ! ધર્મના ઉદ્દેશથી, દ્રવ્યના ઉદ્દેશથી, ભયથી, કામથી તથા દયાથી, આવાં પાંચ કારણોથી દાન આપવામાં આવે છે; માટે દાનના પાંચ પ્રકાર સમજવા. હવે તે પાંચે પ્રકારના દાનને તું સાંભળ.[૫] અમુક દાન આપવાથી આ લોકમાં કીર્તિ મળશે અને પરલોકમાં ઉત્તમ સુખ મળશે, આવા અભિપ્રાયથી અસૂયાના ત્યાગપૂર્વક બ્રાહ્મણોને દાન આપનારો પુરુષ ધર્મદાન કરે છે.[૬] અમુકને હું દાન આપીશ તો તે પણ મને દાન આપશે અથવા અમુક મનુષ્યે મને દાન આપ્યું છે માટે મારે પણ તેને દાન આપવું જોઇએ, આવા આશયથી યાચકોને અથવા કોઇ એકાદ યાચકને દાન આપવામાં આવે છે તે સર્વ દાન અર્થદાન કહેવાય છે.[૭] હું આ મનુષ્યનો સંબંધી નથી તેમ આ મનુષ્ય મારો સંબંધી નથી તોપણ હું તેનું અપમાન કરીશ તો મને તે દુઃખ દેશે, આવા ભયથી જે બુદ્ધિમાન પુરુષ કોઇ મહામૂર્ખને દાન આપે છે, તે દાન ભયદાન કહેવાય છે.[૮] “ હું આને

પ્રિય થાઉં અને એ મને પ્રિય થાય” એવો મનમાં વિચાર કરીને જે બુદ્ધિમાન પુરુષ અત્યંત ઉત્સાહથી પોતાના મિત્રનેજ અકિલષ્ટ દાન આપે છે, તે દાન કામદાન કહેવાય છે.[૯] “આ મનુષ્ય દીન છે, મારી પાસે યાચના કરે છે અને અલ્પ વસ્તુથી પણ સંતુષ્ટ થાય તેવો છે” આવી દયાને લીધે જે પુરુષ કોઇ દરિદ્ર મનુષ્યને દાન આપે છે તે દાનને ‘દયાદાન’ કહેવામાં આવે છે.[૧૦] આ રીતે પાંચ પ્રકારનું દાન કહેવાય છે અને તે સર્વ દાન પુણ્ય તથા કીર્તિને વધારનારૂં છે; માટે પોતાની શક્તિ પ્રમાણે દાન કરવું, એમ પ્રજાપતિએ કહ્યું છે.”[૧૧]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“દાનના પાંચ પ્રકાર” એ વિષયનો
અધ્યાય ૧૩૮મો સમાપ્ત

અધ્યાય ૧૩૯ મો

શ્રીકૃષ્ણની દીક્ષા

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ।
आगमैर्बहुभिः स्फीतो भवान्नः प्रवरे कुले॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે મહાબુદ્ધિમાન પિતામહ ! હે સર્વશાસ્ત્રકુશળ ! તમે અમારા શ્રેષ્ઠ કુળમાં અનેક શાસ્ત્રોનું જ્ઞાન ધરાવનારા એક વૃદ્ધ પુરુષ છો;[૧] માટે હે શત્રુદમન પિતામહ ! તમારી પાસેથી હું, ધર્માર્થયુક્ત તથા પરિણામમાં સુખકારક એવું જગતને આશ્ચર્યકારક વૃત્તાંત સાંભળવા ઇચ્છું છું.[૨] હે મહાપુરુષ ! આ પ્રાપ્ત થયેલો સમય અમારા જ્ઞાતિજનોને તથા બાંધવોને અત્યંત દુર્લભ છે; કેમકે તમારાવિના બીજો કોઇ પણ પુરુષ અમને ઉપદેશ આપનાર હવે નથી.[૩] હે નિર્દોષ રાજા ! તમારે મારા ઉપર તથા મારા ભાઇઓ ઉપર કૃપાજ કરવી હોય તો હું તમને જે પ્રશ્ન પૂછું છું, તેનો ઉત્તર આપવાને તમે યોગ્ય છો.[૪] સર્વ રાજાઓમાં માન્ય થયેલા શ્રીમાન આ નારાયણ અત્યંત માન તથા વિનયપૂર્વક તમારી સેવા કરી રહ્યા છે;[૫] માટે એમની સમક્ષ તથા સર્વ રાજાઓની સમક્ષ મારા ભાઇઓનું તથા મારૂં સ્નેહપૂર્વક પ્રિય કરવામાટે એ વિષયનું વર્ણન કરવાને તમે યોગ્ય છો.”[૬]

વૈશંપાયને કહ્યું:-યુધિષ્ઠિરનું એ વચન સાંભળી, ગંગાના પુત્ર ભીષ્મપિતામહ, સ્નેહને લીધે એકદમ ઉલ્લાસમાં આવી ગયા અને આવું વચન બોલ્યા.[૭]

ભીષ્મે કહ્યું:-“ હે રાજન્ ! હું તને એક અતિ સુંદર કથા કહું છું; તેમજ આ વિષ્ણુનો તથા શંકરનો જે પ્રભાવ પ્રથમ મેં સાંભળ્યો છે તેનું પણ હું વર્ણન કરૂં છું, તું સાંભળ. વળી રુદ્રાણીનો સંશય તથા રુદ્ર અને રુદ્રાણીનો સંવાદ પણ તું સાંભળ.[૮,૯] ધર્માત્મા શ્રીકૃષ્ણે, પૂર્વે બાર વર્ષનું એક વ્રત કરવા માંડયું હતું. તે સમયે વ્રતની દીક્ષા લઇ બેઠેલા શ્રીકૃષ્ણનાં દર્શન કરવા માટે નારદ તથા પર્વત-બન્ને મુનિઓ આવ્યા હતા; તેમજ વ્યાસ, જાપકોમાં શ્રેષ્ઠ ધૌમ્ય, દેવલ, કાશ્યપ, હસ્તિકાશ્યપ અને બીજા અનેક સંતઋષિઓ કે જેઓ દીક્ષા તથા દમને ધારણ કરનારા હતા અને શિષ્યોથી અનુસરાયલા હતા તેઓ પણ અનેક સિદ્ધો તથા દેવતુલ્ય તપોધનોની સાથે શ્રીકૃષ્ણનાં દર્શન કરવામાટે આવ્યા હતા.[૧૦-૧૨] એ વખતે દેવકીના પુત્ર શ્રીકૃષ્ણે, મનમાં પ્રસન્ન થઇને પોતાના કુળને યોગ્ય એવો તેઓનો અતિથિસત્કાર કર્યો અને દેવોની પેઠે તેઓની પૂજા કરી.[૧૩] પછી સર્વ મહર્ષિઓ, મોટા આનંદપૂર્વક જૂદાં જૂદાં આસનો ઉપર બેઠા કે જે આસનો લીલા વર્ણનાં, સુવર્ણસમાન વર્ણનાં તથા મયૂરપિચ્છનાં બનાવેલાં હોઇને નવાંજ હતાં.[૧૪] તે પછી એ ઋષિઓએ અનેક રાજર્ષિઓ તથા દેવોના સંબંધની ધર્મયુક્ત અને મધુર એવી કથાઓ કહેવા માંડી અને જે તપોધનો ત્યાં રહેતા હતા તેઓ પણ એવા પ્રકારની કથાઓ કહેવા લાગ્યા.[૧૫] તેવામાં અદ્ભુત કર્મ કરનાર શ્રીકૃષ્ણના મુખમાંથી, વ્રતચર્યારૂપ ઇંધણામાંથી ઉત્પન્ન થયેલું અગ્નિરૂપ તેજ બહાર નીકળ્યું કે જે તેજ સાક્ષાત્ નારાયણનુંજ હતું.[૧૬] તે તેજે જોતજોતામાં તો વૃક્ષો, લતાઓ તથા વૃક્ષોની ઘીચ ઝાડીઓસહિત આખા પર્વ-

તને બાળી નાખ્યો,જેમાં અનેક પક્ષીઓ, મૃગો, શીકારી જાનવરો તથા સર્પો પણ બળીને ભસ્મ થઈ ગયા.[૧૭] તે પર્વતનું શિખર અગ્નિથી એટલું બધું ખંડિયેર થઇ ગયું, કે તેનાપર જાણે કોઇ ચેતન વસ્તુજ ન હોય તેવો તેનો દેખાવ પણ એકદમ દયામણો થઇ ગયો. વળી તેનાપર વસનારા અનેક પ્રકારના મૃગગણોએ મોટો હાહાકાર કરી મૂક્યો.[૧૮] એ રીતે શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલો તે અગ્નિ કે જેની જ્વાળાઓ મહાપ્રચંડ હતી, તે આખા પર્વતને બાળી નાખીને શ્રીકૃષ્ણના ચરણ સમીપ પાછો આવ્યો અને એક શિષ્યની પેઠે તેમના બન્ને ચરણોનો તેણે સ્પર્શ કર્યો.[૧૯] તે પછી શત્રુઓનો નાશ કરનારા વિષ્ણુએ (શ્રીકૃષ્ણે), એ પર્વતને બળીને ભસ્મ થઇ ગયેલો જોઇ, પોતાના સૌમ્ય દૃષ્ટિપાતથી પુનઃ તેને મૂળ સ્થિતિમાં લાવી મૂક્યો,[૨૦] જેથી પૂર્વની પેઠેજ એ પર્વત પુનઃ ખીલેલાં પુષ્પવાળાં લતાવૃક્ષોવાળો થઈ ગયો, પક્ષીઓના સમુદાયોથી ગાજી ઉઠયો અને અનેક શીકારી પશુઓ તથા સર્પોથી વ્યાપ્ત થઈ રહ્યો. શ્રીકૃષ્ણનું એ અદ્‌ભુત અને અચિંત્ય કર્મ જોઇ, ત્યાં બેઠેલા સર્વ મુનિગણો, તે સમયે આશ્ચર્ય પામ્યા. તેઓનાં રૂવાટાં હર્ષથી ઉભાં થઈ ગયાં અને તેઓનાં નેત્રો હર્ષાશ્રુથી વ્યાપ્ત થઈ ગયાં. તે પછી તે ઋષિઓને આશ્ચર્ય પામેલા જોઈ, વક્તાઓમાં શ્રેષ્ઠ શ્રીનારાયણે (કૃષ્ણે) વિનય, મધુરતા તથા સ્નેહપૂર્વક આ પ્રમાણે પૂછ્યું:–[૨૩] “ઋષિઓનો આ સમુદાય કે જે નિત્ય સર્વ પ્રકારના સંગનો ત્યાગી હોય છે અને મમતારહિત હોય છે, છતાં આ સમયે તેને આશ્ચર્ય કેમ થયું ?[૨૪] હે નિર્દોષ ઋષિઓ ! મને એ સંશય થયો છે, માટે હે તપોધનો ! આ વિષયમાં જે નિશ્ચિત અર્થ હોય તેને યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો. ”[૨૫]

ઋષિઓએ કહ્યું:–“ તમે સર્વ લોકોને ઉત્પન્ન કરો છો, સંહાર કરો છો, શીતરૂપ છો, ઉષ્ણરૂપ છો, તમેજ મેઘરૂપે પૃથ્વીપર વરસો છો અને પૃથ્વીપર જે જે સ્થાવરજંગમ પ્રાણીઓ રહેલાં છે તે સર્વના તમે પિતા છો, માતા છો, પ્રભુ છો અને ઉત્પાદક છો.[૨૬,૨૭] આમ જાણવા છતાં પણ હે મધુસૂદન ! અમને એક આશ્ચર્યકારક સંશય ઉત્પન્ન થયો છે; માટે હે મંગલમૂર્તિ ! તે અમારા સંશયને તમેજ દૂર કરવાને યોગ્ય છો. તમારા મુખમાંથી અગ્નિ કેવી રીતે નીકળ્યો ? તે અમને કહો.[૨૮] હે શત્રુહંતા કૃષ્ણ ! અમે હમણાં ભયભીત થઇ ગયા છીએ;માટે અગ્નિની ઉત્પત્તિવિષે તમારી પાસેથી સાંભળીને અમે નિર્ભય થઇશું ત્યારે હે હરિ ! અમે પણ જે જોયું છે તથા સાંભળ્યું છે તે કહીશું. ”[૨૯]

વાસુદેવે કહ્યું:–“ મારા મુખમાંથી જે આ તેજ નીકળ્યું હતું તે વૈષ્ણવતેજ કહેવાય છે અને પ્રલયકાળના અગ્નિસમાન તે આ તેજરૂપ અગ્નિએજ આખા પર્વતને બાળી નાખ્યો હતો. હે ઋષિઓ ! તમે સર્વે ક્રોધને જીતનારા છો, ઇંદ્રિયોને વશ રાખનારા છો, દેવતુલ્ય છો અને તપરૂપ ધનવાળા છો;છતાં મારા આ તેજને જોઇને તમે ગભરાટમાં પડી ગયા છો અને દુઃખ પામ્યા છો,[૩૧] પરંતુ તેમાં તમારે ગભરાવું યોગ્ય નથી; કેમકે હું તપસ્વીઓના વ્રતનું સેવન કરીને એક પ્રકારનું વ્રતાનુષ્ઠાન કરવામાં ગુંથાયો છું, જેથી મારા વ્રતના પ્રભાવથી એ અગ્નિ ઉત્પન્ન થયો હતો.[૩૨] હું અમુક પ્રકારનું એક વ્રત કરવામાટે આ પવિત્ર પર્વત ઉપર આવ્યો છું. તેમાં મારો એ ઉદ્દેશ છે કે,આ વ્રતના ફળરૂપે મને મારાસમાન વીર્યવાળો એક પુત્ર પ્રાપ્ત થાય. આ રીતે તપોબળથી પુત્ર મેળવવામાટે હું અહીં આવ્યો છું.[૩૩] આ સમયે મારો આત્માજ અગ્નિરૂપ થઈને મારા મુખદ્વારા બહાર નીકળ્યો હતો અને સર્વ લોકના પિતામહ, વર આપનારા બ્રહ્મદેવનાં દર્શન કરવામાટે તે (મારો આત્મા) ગયો હતો.[૩૪] હે મહામુનિઓ ! મારા આત્માને બ્રહ્મદેવે, પુત્રના સંબંધમાં કહ્યું છે કે:–“ભગવાન શંકર પોતાના અર્ધતેજથી તારે ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ”[૩૫] તે પછી અગ્નિરૂપ મારો આ આત્મા,મારા ચરણસમીપ આવીને એક શિષ્યની પેઠે સેવા કરવા તત્પર થયો અને શાંત થઈને પોતાના મૂળસ્વ-

રૂપને પામ્યો છે. આ રીતે બુદ્ધિમાન બ્રહ્મદેવનું જે રહસ્ય હતું તેનેજ મેં સંક્ષેપમાં તમને કહી સંભળાવ્યું છે; માટે હે તપોધનો! તમારે કોઇ પ્રકારે ભયભીત થવાનું કંઇ કારણ નથી.[૩૭] તમે દીર્ઘદૃષ્ટિવાળા છો, તમારી ગતિ સર્વત્ર અસ્ખલિત હોય છે, તપસ્વીઓનાં વ્રતથી તમે દીપી રહ્યા છો અને જ્ઞાન તથા વિજ્ઞાનથી શોભી રહ્યા છો; માટે સ્વર્ગ અથવા પૃથ્વી ઉપર તમે જે કંઇ મોટું આશ્ચર્ય જોયું હોય અથવા સાંભળ્યું હોય તે મને કહો.[૩૯] તમારી વાણીરૂપ મધ અમૃતસમાન મિષ્ટ હોઇને તેનું પાન કરવાની મને ઉત્કટ ઇચ્છા છે; માટે તપોવનમાં નિવાસ કરનારા તમે, (કોઇ અદ્ભુત વાર્તા) મને કહો.[૪૦] હે દેવસમાન દેખાવવાળા ઋષિઓ ! જો કે હું પોતેજ, તમે કદી નહિ જોયેલા અદ્ભુત દેખાવવાળા દિવ્ય પદાર્થોને સ્વર્ગમાં તથા પૃથ્વી ઉપર જોઇ રહ્યો છું;કેમકે મારી પરાપ્રકૃતિ, કોઇ સ્થળે પણ પ્રતિહત થતી નથી તોપણ મારા આત્મામાંજ રહેલું તે સમગ્ર ઐશ્વર્ય મને આશ્ચર્યકારક દેખાતું નથી;[૪૧,૪૨] અને સ્વાભાવિક એવો નિયમ પણ હોય છે કે, સજ્જનોના મુખથી સાંભળવામાં આવેલો હરકોઈ વિષય શ્રદ્ધા કરવા યોગ્ય હોય છે તેમજ સજ્જનોએ કહેલો સમર્થ વિષય, શિલાલેખની પેઠે પૃથ્વીપર દીર્ઘકાળપર્યંત સ્થિર રહે છે;[૪૩] માટેજ હું સજ્જનોનો સમાગમ થતાં તેઓના મુખમાંથી નીકળેલા વચનામૃતનું પાન કરવા આતુર રહું છું અને મનુષ્યોની બુદ્ધિને પ્રદીપ્ત કરનારાં તે અદ્ભુત વચનો, બીજાઓને પણ હું કહી સંભળાવું છું. "[૪૪]

તે પછી એ સર્વ મુનિગણો કે જેઓ શ્રીકૃષ્ણની સમીપમાં બેઠા હતા તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા અને કમળના પત્રસમાન પોતાનાં નેત્રોથી શ્રીકૃષ્ણ સામે એકીટસે જોઇ રહ્યા.[૪૫] તેમાંના કેટલાએક તો શ્રીકૃષ્ણના યશને વધારવા લાગ્યા, કેટલાએક તેમની પૂજા કરવા લાગ્યા અને કેટલાએક તો વેદની ઋચાઓથી શોભી રહેલા અર્થવાળી વાણીથી તેમની સ્તુતિ કરવા લાગ્યા.તે પછી એ સર્વ મુનિગણોએ, દેવસમાન અદ્ભુત દેખાવવાળા તથા બોલવામાં કુશળ નારદ મુનિને, શ્રીકૃષ્ણની ઇચ્છાનુસાર કોઈ અદ્ભુત કથા કહેવાની પ્રેરણા કરી.

મુનિઓએ કહ્યું:–" હે મહાસમર્થ નારદમુનિ ! તીર્થયાત્રાના પ્રસંગે આ સર્વ મુનિગણોએ, હિમાલય પર્વત ઉપર જે કંઇ અચિંત્ય આશ્ચર્ય અનુભવ્યું છે તે સર્વ આ ઋષિસંઘનું હિત કરવામાટે તમે જે પ્રમાણે જોયું છે તે પ્રમાણે શ્રીકૃષ્ણની આગળ પ્રથમથીજ કહેવાને યોગ્ય છો. "[૪૮,૪૯]

સર્વ મુનિઓએ એ પ્રમાણે કહ્યું એટલે દેવોના ઋષિ ભગવાન નારદમુનિ પૂર્વકાળમાં બનેલી આવી એક કથા કહેવા લાગ્યા.[૫૦]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
'શંકરના તેજની પુત્રરૂપે ઉત્પત્તિ' એ
વિષયનો અધ્યાય ૧૩૯ મો સમાપ્ત

અધ્યાય ૧૪૦ મો

ઉમા અને મહેશ્વરનો સંવાદ

॥ भीष्म उवाच ॥

तता नारायणसुहृन्नारदो भगवानृषिः ।
शंकरस्योमया सार्धं संवादं प्रत्यभाषत ॥१॥

ભીષ્મે કહ્યું:– તે પછી શ્રીકૃષ્ણના મિત્ર ભગવાન નારદઋષિ, પાર્વતી સાથે થયેલો શ્રીશંકરનો સંવાદ શ્રીકૃષ્ણપ્રત્યે કહેવા લાગ્યા.[૧]

નારદે કહ્યું:–" વૃષભ (બળદ)ના ચિહ્નને ધ્વજામાં ધારણ કરનારા અને દેવોના ઇશ્વર ધર્માત્મા શ્રીશંકર, સિદ્ધો તથા ચારણોથી સેવાઈ રહેલા પવિત્ર હિમાલય પર્વત ઉપર પૂર્વે તપ કરી રહ્યા હતા.[૨] જે હિમાલય પર્વત અનેક ઔષધિઓથી ભરપૂર છે, દેખાવમાં સુંદર છે, ભાતભાતનાં પુષ્પોથી છવાયલો રહે છે, અપ્સરાઓના સમુદાયોથી વ્યાપ્ત રહે છે અને અસંખ્ય ભૂતગણોથી સેવાઇ રહ્યો છે,[૩] તે હિમાલય પર્વત ઉપર સેંકડો ભૂતગણોથી વિંટાયલા દેવ શંકર, અત્યંત આનંદપૂર્વક તપશ્ચર્યા કરી રહ્યા હતા. તે સમયે તેમની આસપાસ જે જે ભૂતગણોની સભા બેઠી હતી તેમાંના કેટલાએકનાં

સ્વરૂપો અનેક પ્રકારનાં હતાં, કેટલાએકનાં સ્વરૂપો બેડોળ હતાં, કેટલાએકનો દેખાવ દિવ્ય અને અદ્ભુત હતો, કેટલાએકની આકૃતિ સિંહ, વ્યાઘ્ર તથા હાથીના જેવી હતી, કેટલાએક સર્વ જાતિનાં પ્રાણીઓ જેવા હતા, કેટલાએકનાં મુખ શિયાળ તથા દીપડાના જેવાં હતાં, કેટલાએકનાં મુખ રીંછ અને બળદના જેવાં હતાં, કેટલાએકનાં મુખ ઘુવડના જેવાં હતાં, કેટલાએકનો દેખાવ ભયંકર હતો, કેટલાએકનાં મુખ નહાર તથા શકરા જેવાં હતાં અને કેટલાએકનાં મુખ મૃગના જેવાં હોઇને તરેહ તરેહના વર્ણવાળાં હતાં. આ રીતે તે ભૂતગણો સર્વ જાતિનાં પ્રાણીઓસમાન દેખાવવાળા હતા. વળી તે સભામાં અનેક કિન્નરો, યક્ષો, ગંધર્વો, રાક્ષસો તથા ભૂતગણો બેઠા હતા, સર્વત્ર દિવ્ય પુષ્પો છવાઇ રહ્યાં હતાં, જ્યાં ત્યાં દિવ્ય જ્વાળાઓ ભભુકી રહી હતી, સર્વત્ર દિવ્ય ચંદન અને દિવ્ય ધૂપનો સુગંધ મહેકી રહ્યો હતો અને સ્થળે સ્થળે દિવ્ય વાદિત્રોના ગડગડાટ થઇ રહ્યા હતા; એટલુંજ નહિ પરંતુ એ સભામાં નરઘાં, ઢોલ. શંખો તથા ભેરીઓ વગેરે અનેક વાદિત્રો વાગી રહ્યાં હતાં, સંખ્યાબંધ ભૂતસમુદાયો તથા મયૂરો ચોતરફ નૃત્ય કરી રહ્યા હતા, અપ્સરાઓનું દિવ્ય નૃત્ય ચાલી રહ્યું હતું અને સંખ્યાબંધ દેવર્ષિઓ ત્યાં બિરાજ્યા હતા, જેથી તે દિવ્ય સભા દૃષ્ટિને પ્રિય થઇ પડતી હતી, અવર્ણનીય હતી અને અત્યંત અદ્ભુત જણાતી હતી.[૪-૧૦] વળી તે સમયે હિમાલય પર્વત પણ શંકરના તપઃપ્રભાવથી અત્યંત પ્રકાશી રહ્યો હતો અને ત્યાં વસી રહેલા સ્વાધ્યાયનિષ્ઠ ઉત્તમ બ્રાહ્મણોના વેદઘોષથી ગાજી રહ્યો હતો. વળી હે માધવ! ભમરાઓના ગીતધ્વનિઓથી તે હિમાલય પર્વત નિરુપમ જણાતો હતો, જેથી હે જનાર્દન! પ્રથમ ભયંકર સ્વરૂપને ધારણ કરનારા તે પર્વતને એ સમયે મોટા એક ઉત્સવતુલ્ય થઇ પડેલો જોઇ, ત્યાં વસનારા મુનિગણોને ઘણોજ આનંદ થયો. જે મુનિઓ મહાભાગ્યશાળી ગણાય છે અને જે સિદ્ધપુરુષો, જન્મથી આરંભીને અસ્ખલિત બ્રહ્મચર્યનું પાલન કરે છે તેઓ સર્વે, તેમજ સર્વ મરુદ્‌ગણો, વસુઓ, સાધ્યો, વિશ્વેદેવાઓ, ઇંદ્ર, યક્ષો, નાગો, પિશાચો, લોકપાલો, અગ્નિઓ, વાયુઓ તથા સર્વ મહાભૂતો પણ તે સમયે ત્યાં આવ્યાં હતાં. સર્વ ઋતુઓ, પ્રત્યેક જાતિનાં મહા અદ્ભુત પુષ્પોને ત્યાં વરસાવી રહી હતી, જ્વલંત ઔષધિઓએ હિમાલયના તે સર્વ વનપ્રદેશને ઝળહળાટ કરી મૂકયો હતો, હર્ષમાં આવી ગયેલાં પક્ષીઓ પણ નૃત્યની સાથે કલ્લોલ કરી રહ્યાં હતાં અને બીજાં અનેક પ્રાણીઓ, તે પર્વતના સુંદર પ્રદેશ ઉપર લોકોને પ્રિય થઈ પડે તેવી વાણી ઉચ્ચારી રહ્યાં હતાં. તે સમયે હિમાલયપર્વતનો તટપ્રદેશ કે જે દિવ્ય ધાતુઓથી શોભી રહ્યો હતો તેના ઉપર બિરાજીને મહાત્મા શંકર, જાણે એક પલંગ ઉપર બિરાજ્યા હોય તેમ શોભી રહ્યા હતા. તે ભગવાને વ્યાઘ્રચર્મરૂપ વસ્ત્રો પહેર્યાં હતાં, સિંહચર્મરૂપ ઉત્તરીય વસ્ત્ર ધારણ કર્યું હતું, સર્પોની જનોઇ પહેરી હતી, લાલ રંગના બાજુબંધો ધારણ કરીને તે શોભી રહ્યા હતા, તેમની દાઢી કંઇક પિંગટવર્ણી જણાતી હતી, મસ્તક ઉપર તેમણે જટા ધારણ કરી હતી અને તે ભયંકર દેવ, દેવોનો દ્વેષ કરનારા અસુરોને ભયકર્તા ભાસતા હતા;[૯-૧૯] પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ તે ભગવાન પ્રાણીમાત્રને અભયરૂપ છે અને તેમાં પણ પોતાના ભકતોને વિશેષે કરી અભયરૂપ છે. સર્વ મહર્ષિઓએ, તે ભગવાનનાં દર્શન કરીને છેક પૃથ્વીપર્યંત પોતાનાં મસ્તકો નમાવ્યાં, જેથી તેઓ સર્વ પાપોથી મુક્ત થઇને શાંત થયા તેમજ સર્વ દોષોથી રહિત થયા. ભૂતપતિ શંકરનું તે નિવાસસ્થાન ભયંકર સ્વરૂપને ધારણ કરનારૂં હતું, કોઇનાથી પરાભવ કરવાને અશકય હતું અને મોટા મોટા સર્પોથી ભરપૂર હતું, છતાં પણ દીપી રહ્યું હતું. હે મધુસૂદન! એક ક્ષણવારમાં તો તે સર્વ સ્થાન ઘણુંજ આશ્ચર્યજનક થઇ પડયું અને શંકરની તે સભા પણ ભયંકર સ્વરૂપને ધારણ કરનારી હોય તેવી દેખાવા લાગી. હિમાચળની પુત્રી પાર્વતી, અનેક ભૂતગણોની સ્ત્રીઓ સાથે ત્યાં આવી પ-

હોંચી. તેણે શંકરના જેવાંજ વસ્ત્રો ધારણ કર્યાં હતાં, શંકરસમાન વ્રત ધારણ કર્યું હતું અને હાથમાં સર્વ તીર્થોનાં જળથી ભરેલો સુવર્ણનો કળશ ધારણ કર્યો હતો. તે પવિત્ર દેવીની પાછળ, હિમાલયમાંથી વહેનારી સર્વ નદીઓ (સાક્ષાત્ સ્વરૂપે) ચાલતી હતી. એ રીતે હિમાલયની સમીપમાંજ નિવાસ કરનારી દેવી પાર્વતી, જાતજાતનાં પુષ્પોની તથા અનેક સુગંધી પદાર્થોની વૃષ્ટિ કરતી કરતી શંકરની સમીપમાં આવી પહોંચી.[૨૦-૨૫] તે પછી સુંદર હાસ્ય કરનારી દેવી પાર્વતીએ, હસતાં હસતાં વિનોદ કરવાને માટે પોતાના બન્ને હાથવડે શંકરનાં બન્ને સુંદર નેત્રોને એકાએક ઢાંકી દીધાં.[૨૬] એ પ્રમાણે શંકરનાં નેત્રોને જેવાં ઢાંકી દેવામાં આવ્યાં કે તુરતજ આખું જગત કેવળ અંધકારરૂપ થઇ ગયું, જાણે નિશ્ચેષ્ટ હોય તેવું થઇ પડયું અને હવનહોમ તથા વષટ્કારથી રહિત થઈ પડયું.[૨૭] શંકરનાં નેત્રો જેવાં મીંચાઇ ગયાં કે તુરતજ સર્વ જનસમુદાય અત્યંત ઉદાસ થઇ ગયો, ભયભીત થઈ ગયો અને સૂર્ય પણ જાણે નષ્ટ થઇ ગયો હોય તેમ જણાવા લાગ્યું. એક ક્ષણ જેટલો સમય વ્યતીત થયો એટલે તુરતજ સર્વ લોકમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો; કેમકે શંકરના લલાટમાંથી મોટી પ્રદીપ્ત જ્વાળા બહાર નીકળી.[૨૯] એ સમયે તેમના લલાટમાં સૂર્યસમાન પ્રકાશી રહેલું એક ત્રીજું નેત્ર ઉત્પન્ન થયું હતું કે જેનો દેખાવ પ્રલયકાળના અગ્નિસમાન પ્રદીપ્ત હતો.[૩૦] તે પછી હિમાલયની પુત્રી પાર્વતી કે જેનાં નેત્રો અત્યંત વિશાળ હતાં, તેણે બળતા અગ્નિસમાન નેત્રવાળા શંકરને જોઇને મસ્તક નમાવીને તેમને પ્રણામ કર્યા.[૩૧] હિમાલયનો વનપ્રદેશ કે જે સાગ અને સરલ આદિ વૃક્ષોથી ભરપૂર હતો, સુંદર ચંદન વૃક્ષોથી છવાઇ રહ્યો હતો અને દિવ્ય ઔષધિઓથી દીપી રહ્યો હોઇને રમણીય દેખાતો હતો તે જ્યારે બળવા લાગ્યો, ત્યારે ભયભીત થઇને ચોતરફ નાસભાગ કરતાં મૃગોનાં ટોળાંઓ, શંકરની સમીપમાં આવી તેમની સભાનું શરણ લેવા લાગ્યાં;[૩૨,૩૩] જેથી તે સભા અનેક પ્રાણીઓથી ખીચોખીચ થઇ ગઇ. જોતજોતામાં તો શંકરના ત્રીજા નેત્રમાંથી નીકળેલો અગ્નિ કે જેની જ્વાળાઓ છેક આકાશનો સ્પર્શ કરતી હતી, જેનો દેખાવ વિજળીના જેવો ચંચળ અને ભયંકર હતો, જેનો પ્રતાપ બાર સૂર્યોના જેવો પ્રખર હતો અને જેનું સ્વરૂપ પ્રલયકાળના બીજા અગ્નિના જેવુંજ હતું, તેણે એક ક્ષણવારમાં હિમાલય પર્વતને બાળીને ભસ્મ કરી નાખ્યો, કે જેથી ધાતુઓથી ભરપૂર શિખર પ્રદેશવાળા તે પર્વતની લતાઓ તથા ઔષધિઓ પણ બળીને ખાખ થઈ ગઇ.[૩૪,૩૫] એ રીતે હિમાલયપર્વતને અત્યંત દુર્દશામાં આવી પડેલો જોઇ, હિમાલયની પુત્રી પાર્વતી, ભગવાન શંકરને શરણે આવી અને બે હાથ જોડીને તેમની સમીપમાં ઉભી રહી.[૩૬] તે સમયે સ્ત્રીજાતિના સ્વભાવ પ્રમાણે કોમળતાને પ્રાપ્ત થયેલી અને પોતાના પિતાની દીન અવસ્થાને નહિ ઇચ્છતી પાર્વતીને જોઈને ભગવાન શંકરે, પોતાની પ્રીતિભરેલી દૃષ્ટિથી હિમાલયને જોયો. એટલે એક ક્ષણવારમાં તે આખો પર્વત, પોતાની મૂળ સ્થિતિને પામીને સુંદર દેખાવનો થઇ ગયો. ત્યાં વસનારાં સર્વ પક્ષીઓ પણ અત્યંત હર્ષમાં આવી ગયાં અને આસપાસનાં વનવૃક્ષો પણ સુંદર પુષ્પોથી છવાઈ ગયાં.[૩૮] એ રીતે હિમાલયને પોતાની મૂળ સ્થિતિમાં આવી ગયેલો જોઈ, દેવી પાર્વતી કે જે અનિંદ્ય સ્વભાવવાળી હતી, તેણે પ્રસન્ન થઇને સર્વ લોકના પતિ દેવ શંકરને આ પ્રમાણે પૂછયું.[૩૯]

ઉમાએ પૂછયું:–" હે ભગવન્! હે સર્વ પ્રાણીઓના ઇશ્વર ! હે ત્રિશૂલધારિ ! હે મહાવ્રતનિષ્ઠ ! મને એક મહાન સંશય થયો છે, તેને દૂર કરવાને તમે યોગ્ય છો.[૪૦] હે દેવ ! તમારા લલાટમાં ત્રીજું નેત્ર શામાટે ઉત્પન્ન થયું ? તમે આ પર્વતને પક્ષિગણો તથા વનપ્રદેશોસહિત શામાટે બાળી નાખ્યો ? અને પુનઃ તમે પોતેજ આ પર્વતને તેની મૂળસ્થિતિમાં શામાટે લાવી મૂકયો તેમજ મારા પિતા આ હિમાલયને પુનઃ વૃક્ષોથી છવાયલો તમે શામાટે કર્યો?"

મહેશ્વરે કહ્યું:–" હે નિર્દોષ દેવિ ! તેં તારા

બાળકસ્વભાવને લીધે મારાં બન્ને નેત્રોને ઢાંકી દીધાં હતાં, જેથી તેજ ક્ષણે આ લોકમાંથી પ્રકાશનો સમૂળગો નાશ થઇ ગયો હતો; એટલુંજ નહિ પરંતુ સૂર્યસુદ્ધાંનો પણ નાશ થઇ ગયો હતો, તેથી આ સમગ્ર જગત કેવળ અંધકારરૂપ થઇ ગયું હતું; માટે હે પાર્વતિ ! પ્રજાઓનું રક્ષણ કરવાની ઇચ્છાથી મેં મારા લલાટમાં મહાતેજસ્વી આ ત્રીજું નેત્ર ઉત્પન્ન કર્યું.[૪૧-૪૪] હે દેવિ ! મારા આ ત્રીજા નેત્રનું તેજ મહાપ્રચંડ હોવાને લીધે આ પર્વતનો છેક નાશ થઇ ગયો હતો; પરંતુ તારૂં પ્રિય કરવાને માટે મેં તેને પાછો મૂળસ્થિતિમાં લાવી મૂક્યો છે."[૪૫]

ઉમાએ પૂછ્યું:-" હે ભગવન્ ! તમારાં પૂર્વ, પશ્ચિમ તથા ઉત્તરદિશા તરફનાં મુખ, કયા કારણને લીધે ચંદ્રના જેવાં પ્રિય દેખાવનાં છે! અને શોભાને લીધે સુંદર છે ? તેમજ તમારૂં દક્ષિણ તરફનું મુખ કયા હેતુથી મહાભયંકર દેખાવનું છે? વળી તમારી જટા ઉભી અને પિંગળી કયા કારણથી છે ? તમારો કંઠ મયૂરનાં પીંછાં જેવો શ્યામ કેમ થઇ ગયો છે? તમારા હાથમાં નિરંતર પિનાક ધનુષ્ય શામાટે રહે છે? અને હે દેવ ! તમે નિત્ય જટાધારી તથા બ્રહ્મચારી શામાટે રહો છો ? આ મારા સર્વ સંશયનો તમે નિર્ણય કરો. હે પ્રભો ! હે વૃષભધ્વજ ! હું તમારી સહધર્મચારિણી-ધર્મપત્ની છું અને તમારી ભક્ત છું."[૪૬-૪૯]

ભીષ્મે કહ્યું:- હિમાલયની પુત્રી પાર્વતીએ ભગવાન શંકરને એ પ્રમાણે પૂછ્યું એટલે તે પિનાકધારી પ્રભુ, તેના ધૈર્યબળથી તથા બુદ્ધિબળથી તેનાપર પ્રસન્ન થયા.[૫૦] પછી તે દેવે પાર્વતીને કહ્યું કે:-" હે સુભગે ! હે સુંદરમુખિ ! મારાં સ્વરૂપો કયાં કારણોથી આવા પ્રકારનાં થયાં છે, તે તું સાંભળ."[૫૧]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ઉમામહેશ્વરસંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૪૦મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૪૧ મો

ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)

॥ श्रीभगवानुवाच ॥

तिलोत्तमा नाम पुरा ब्रह्मणा योषिदुत्तमा ।
तिलं तिलं समुद्धृत्य रत्नानां निर्मिता शुभा॥

શ્રીભગવાને કહ્યું:-" હે પાર્વતિ ! પૂર્વે બ્રહ્મદેવે સર્વ રત્નોમાંથી તલ તલ જેટલો ભાગ લઇને તિલોત્તમા નામની એક સુંદર ઉત્તમ સ્ત્રીને ઉત્પન્ન કરી હતી.[૧] હે દેવિ ! તે સ્ત્રી આ પૃથ્વી ઉપર અનુપમ રૂપવાળી ગણાય છે. તે એક દિવસે મારી પાસે આવી હતી અને મને પ્રદક્ષિણા કરીને તે સુંદર મુખવાળી સ્ત્રી મને લોભાવતી હતી.[૨] હે દેવિ ! સુંદર દાંતવાળી તે સ્ત્રી, (મને લોભાવવામાટે) જે જે દિશા તરફ દોડાદોડ કરતી હતી તે તે દિશા તરફ મારૂં સુંદર મુખ ઉત્પન્ન થવા લાગ્યું.[૩] આ રીતે એ સ્ત્રીને જોવાની ઇચ્છાથી મેં મારા યોગબળથી ચાર મુખોને પ્રકટ કર્યાં હતાં અને તે દિવસથી આરંભી હું ચાર મુખવાળોજ થયો છું.[૪] હે અનિંદ્ય દેવે ! હું મારા પૂર્વ તરફના મુખથી સર્વનાપર આધિપત્ય ભોગવું છું, ઉત્તર તરફના મુખથી તારી સાથે રમણ કરૂં છું, મારૂં પશ્ચિમ તરફનું મુખ સૌમ્ય છે અને પ્રાણીમાત્રને સુખ આપનારૂં છે;પણ મારૂં દક્ષિણ તરફનું મુખ,ભયંકર દેખાવનું હોઇને સર્વ પ્રજાઓનો સંહાર કરે છે.[૫,૬] હું સર્વ લોકોનું હિત કરવાની ઇચ્છાથી જટાધારી તથા બ્રહ્મચારી રહું છું અને દેવોનું કાર્ય સિદ્ધ કરવામાટે મારા હાથમાં પિનાક ધનુષ સ્થિતિ કરી રહ્યું છે.[૭] પૂર્વે મારી સંપત્તિને સંપાદન કરવાની ઈચ્છાથી ઇંદ્રે, મારાપર વજ્ર ફેંક્યું હતું. તે વજ્ર મારા કંઠને બાળી નાખીને ચાલ્યું ગયું હતું, જેથી મારો કંઠ શ્યામ થઇ ગયો છે."[૮]

ઉમાએ પૂછ્યું:-" હે શ્રેષ્ઠ દેવ ! આ જગતમાં બીજાં અનેક સુંદર વાહનો છે;છતાં આ બળદ, તમારૂં વાહન શામાટે થયો છે ?"[૯]

મહેશ્વરે કહ્યું:-" પૂર્વે બ્રહ્માએ સુરભિ

નામની દેવોની એક ગાયને ઉત્પન્ન કરી હતી.તે ગાયે પોતાનાં અનેક સ્વરૂપો ધારણ કરીને અમૃતસરખું પુષ્કળ દૂધ ઝરવા માંડયું હતું.૧૦ તે સમયે એ સુરભિનો વાછરડો,જ્યારે દૂધનું પાન કરતો હતો, ત્યારે તેના મુખ ઉપરથી ઉડેલું દૂધનું ફીણ મારા શરીરપર પડયું, એટલે મેં ક્રોધાયમાન થઇને સર્વ ગાયોને બાળી નાખી અને જૂદાજૂદા વર્ણવાળી કરી મૂકી.૧૧ તે પછી લોકતત્ત્વના અર્થને જાણનારા લોકગુરુ બ્રહ્માએ મને શાંત પાડયો અને ધ્વજાના ચિહ્નમાટે તથા વાહનમાટે આ બળદ મને અર્પણ કર્યો. ”૧૨

ઉમાએ પૂછયું:-“ હે ભગવન્ ! સ્વર્ગ જેવા સ્થાનમાં સર્વગુણોથી યુક્ત એવાં તમારાં અનેક નિવાસસ્થાનો છે; છતાં તેઓનો ત્યાગ કરીને આ શ્મશાન કે જે પ્રાણીઓના કેશ તથા હાડકાંઓથી વ્યાપ્ત છે, ભયંકર છે, ખોપરીઓ તથા ઘડાઓથી ભરપૂર છે, ગીધડાં તથા શિયાળોથી સંકુલ છે, સેંકડો ચિતાઓના અગ્નિઓથી છવાઇ રહ્યું છે, અપવિત્ર છે, માંસ, ચરબી તથા રુધિરના કાદવવાળું છે, વીખરાઇ પડેલાં આંતરડાંઓ તથા હાડકાંઓના ઢગોથી ભરપૂર છે અને શિયાળોની ગર્જનાઓથી ગાજી રહ્યું છે તેમાં તમે શામાટે રમણ કરો છો ? ”

મહેશ્વરે કહ્યું:-“હું કોઇ પવિત્ર સ્થાનની શોધમાં ને શોધમાં આખી પૃથ્વીપર નિરંતર વિચર્યા કરૂં છું;પરંતુ શ્મશાનવિના બીજું કોઇ પણ અત્યંત પવિત્ર સ્થાન મારા જોવામાં આવતું નથી. (કેમકે બ્રહ્મપ્રાપ્તિની ઇચ્છા રાખનારા પુરુષો શ્મશાનનુંજ નિરંતર સેવન કરે છે.)૧૬ આવા હેતુથીજ મારૂં મન બીજાં સર્વ નિવાસસ્થાનો કરતાં શ્મશાનમાંજ રમણ કર્યા કરે છે, કે જે શ્મશાન વટવૃક્ષની શાખાઓથી ઢંકાયલું હોઇને મુડદાંઓને પહેરાવી કાઢી નાખેલી પુષ્પમાળાઓથી શોભી રહેલું હોય છે.૧૭ હે પવિત્ર હાસ્યવાળી દેવિ! મારા આ ભૂતગણો પણ નિત્ય એ શ્મશાનમાંજ રમણ કર્યા કરે છે અને એ ભૂતગણોવિના હું એકલો કદી રહી શકતો પણ નથી. હે પવિત્ર દેવિ ! આ શ્મશાનનિવાસને હું પવિત્ર અને સ્વર્ગતુલ્ય માનું છું;તેમજ પવિત્રતાની ઇચ્છા રાખનારા પુરુષો પણ પરમપવિત્ર એવા શ્મશાનનુંજ નિત્ય સેવન કરે છે. ”૧૯

પાર્વતીએ પૂછયું:-“ હે ભગવન્ ! હે સર્વ પ્રાણીઓના ઈશ્વર ! હે ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ! હે પિનાકધારિ ! હે વર આપનારા દેવ ! મને એક મહાન સંશય થયો છે કે હે પ્રભો ! આ સર્વ મુનિગણો તપને યોગ્ય વેષ ધારણ કરીને સદાકાળ તપશ્ચર્યા કર્યા કરે છે અને જૂદી જૂદી અનેક આકૃતિ ધારણ કરીને લોકમાં વિચર્યા કરે છે;૨૦,૨૧ માટે આ ઋષિસમુદાયનું તથા મારૂં પોતાનું પ્રિય કરવાની ઇચ્છાથી મને એક સંદેહ ઉત્પન્ન થયો છે તેનું નિવારણ કરવાને તમે યોગ્ય છો.૨૨ હે ધર્મવેત્તા પ્રભો ! ધર્મનું લક્ષણ શું કહેવામાં આવ્યું છે અને ધર્મને નહિ જાણનારા પુરુષો તેનું આચરણ કેવી રીતે કરી શકે છે ? તે મને કહો. ”૨૩

નારદે કહ્યું:-દેવી પાર્વતીએ એ પ્રશ્ન કર્યો એટલે ત્યાં બેઠેલા સર્વ મુનિગણોએ તેમની પ્રશંસા કરી અને વેદની ઋચાઓથી શોભી રહેલા અર્થવાળી વાણીથી તથા ઉત્તમ અર્થવાળાં સ્તોત્રોથી તેમની સ્તુતિ કરી.૨૪

મહેશ્વરે કહ્યું:-“ કોઇની હિંસા ન કરવી, સત્ય વચન બોલવું, પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો અને યથાશક્તિ દાન આપવું-આ ગૃહસ્થાશ્રમીઓનો ઉત્તમ ધર્મ છે.૨૫ વળી પરસ્ત્રીનો અસંસર્ગ, પારકી થાપણની રક્ષા, પોતાને સ્વાધીન કરેલી પરસ્ત્રીનું રક્ષણ, કોઈએ નહિ આપેલી વસ્તુ લેવાનો ત્યાગ તથા માંસમદિરાનો ત્યાગ-આવા પાંચ પ્રકારનો ધર્મ છે.તે ઉપરાંત બીજી અનેક શાખાઓવાળો ધર્મ છે કે જે પરિણામમાં સુખજનક હોય છે; માટે આ ધર્મમાં પરાયણ રહેનાર પ્રાણીઓએ તેનું અવશ્ય આચરણ કરવું, જેથી પુણ્યની ઉત્પત્તિ થઈ શકે છે. ”૨૬,૨૭

પાર્વતીએ પૂછયું:-“ હે ભગવન્ ! મને એક બીજો સંશય ઉત્પન્ન થયો છે તેને દૂર કરવાને તમે યોગ્ય છો. ચારે વર્ણોનો કયો કયો ધર્મ છે અને પોતપોતાના વર્ણમાં રહીને કયા

ધર્મનું આચરણ ગુણાવહ થઈ પડે છે?[૨૮] વળી બ્રાહ્મણમાં, ક્ષત્રિયમાં, વૈશ્યમાં અને શૂદ્રમાં કેવો ધર્મ હોવો જોઈએ ? તે મને કહો. ”[૨૯]

મહેશ્વરે કહ્યું:–“હે મહાભાગે! તેં આ સર્વ પ્રશ્ન ન્યાયપૂર્વક પૂછ્યા છે. આ જગતમાં મહાભાગ્યશાળી બ્રાહ્મણો પૃથ્વીના દેવ કહેવાય છે, માટે બ્રાહ્મણોનો એજ ધર્મ હોઇ શકે કે, તેઓએ ઇંદ્રિયોનો જય કરવો અને એ રીતે ધર્માર્થયુક્ત થયેલો બ્રાહ્મણ અવશ્ય બ્રહ્મરૂપ થઇ શકે છે.[૩૦,૩૧] હે દેવિ ! બ્રાહ્મણની ધર્મક્રિયા એજ હોઇ શકે કે, તેણે ન્યાયપૂર્વક બ્રહ્મચર્ય પાળવું અને બ્રહ્મચર્યના પાલનપૂર્વક ઉપનયન સંસ્કાર કરવા–અર્થાત્ જનોઇ લેવું; જેથી તે એક શુદ્ધ બ્રાહ્મણ થઇ શકે છે;[૩૨] તેમજ પ્રત્યેક ધર્મપરાયણ મનુષ્યોએ ગુરુ તથા દેવોની પૂજા કરવામાટે સ્વાધ્યાયનો અભ્યાસ કરવારૂપ ધર્મનું અવશ્ય આચરણ કરવું જેથી પુણ્યને ઉત્પન્ન કરી શકાય છે. ”[૩૩]

ઉમાએ પૂછ્યું:–“ હે ભગવન્ ! મને એક સંશય રહેછે તેને દૂર કરવાને તમે યોગ્ય છો;ચારે વર્ણોના ધર્મોનું તમે સારી રીતે વર્ણન કરો. ”

મહેશ્વરે કહ્યું:–ધર્મના રહસ્યનું શ્રવણ કરવું,વેદવ્રતનું સેવન કરવું, અગ્નિહોત્ર પાળવું, ગુરુઓનાં કાર્ય સિદ્ધ કરવાં, ભિક્ષાચરણ કરવું, નિત્ય યજ્ઞોપવીત (જનોઇ) ધારણ કરવું, નિત્ય સ્વાધ્યાયપરાયણ રહેવું, બ્રહ્મચર્યાશ્રમનું પ્રથમ સેવન કરવું અને પછી ગુરુની આજ્ઞા લઈ સમાવર્તનસંસ્કાર કરીને યોગ્ય સ્ત્રી સાથે પાણિગ્રહણ કરવું તે બ્રાહ્મણોના ધર્મ છે. વળી શૂદ્રના અન્નનો ત્યાગ કરવો તથા સન્માર્ગનું સેવન કરવું, નિત્ય ઉપવાસ કરવા.–અર્થાત્ નિયમિત ભોજન કરવું, *બ્રહ્મચર્ય પાળવું, અગ્નિહોત્રનું સેવન કરવું, નિત્ય વેદસ્વાધ્યાય કર્યા કરવો, અગ્નિને આહુતિઓ આપવી, ઇંદ્રિયોનો સંયમ જાળવવો, અતિથિ આદિને અર્પણ કર્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરવું, નિયમિત આહાર કરવો, ગૃહસ્થધર્મનું પાલન કરવું, સત્ય વાણી બોલવી, પવિત્રતા જાળવવી અને અતિથિવ્રતનું સેવન કરવું તે બ્રાહ્મણોનો ધર્મ છે; તેમજ ત્રણે અગ્નિઓને ધારણ કરી રાખવા, યજ્ઞયાગ કરવા, વિધિપૂર્વક હવનહોમ કરીને ઇશ્વરનું આરાધન કરવું અને દેવતાઓનું યજન કરવું તે પણ બ્રાહ્મણોનો શ્રેષ્ઠ ધર્મ છે. કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી, એક વખત ભોજન કરવું અને પંચ મહાયજ્ઞો કરતાં અવશેષ રહેલા અન્નનું ભક્ષણ કરવું તે બ્રાહ્મણોનો ધર્મ છે.[૩૫–૪૧] પોતાનો પરિજન (સેવકવર્ગ અથવા પોષ્યવર્ગ) ભોજન કરી રહે તે પછી ભોજન કરવું તે ગૃહસ્થ બ્રાહ્મણોનો ધર્મ છે અને તેમાં પણ જે બ્રાહ્મણ શ્રોત્રિય હોય–અર્થાત્ વેદનિષ્ણાત હોઇને વેદોક્ત કર્મનિષ્ઠ હોય, તેણે તો પૂર્વોક્ત ધર્મનું ખાસ કરીને પાલન કરવું.[૪૨] સ્ત્રીપુરુષોએ સમાન આચરણ કરવું અથવા સમાન ચારિત્ર રાખવું તે પ્રત્યેક ગૃહસ્થાશ્રમી મનુષ્યનો ધર્મ છે; તેમજ ગૃહદેવતાઓનું પૂજન કરવું, તેઓને નિત્ય પુષ્પો તથા બલિદાનો અર્પણ કરવાં, ઘરને નિત્ય લીંપીને સાફ રાખવું, નિત્ય ઉપવાસ કરવા, (એટલે નિયમિત ભોજન કરવું) ઘરને વાળીને તથા લીંપીને સ્વચ્છ રાખવું અને ઘરમાં નિત્ય ઘીનો ધૂમાડો કરવો, એ પણ ગૃહસ્થાશ્રમીનો ધર્મ છે.[૪૩,૪૪] આ ગૃહસ્થધર્મ બ્રાહ્મણમાં અવશ્ય હોવો જોઇએ અને ઉત્તમ બ્રાહ્મણો આ ધર્મનું નિત્ય પાલન પણ કરે છે.[૪૫]

હવે હે દેવિ! જે ધર્મ ક્ષત્રિયોને માટે મેં કહેલો છે તે ધર્મ હું તને કહું છું તેનું સાવધાન થઈને સાંભળ.[૪૬] પ્રજાઓનું પાલન કરવું તે ક્ષત્રિયોનો પ્રથમ ધર્મ છે; કેમકે પ્રજાઓ પાસેથી છઠ્ઠો ભાગ લઇને ધર્મપૂર્વક તેનું ફળ ભોગવનારો રાજા ધર્મ સંપાદન કરી શકે છે.[૪૭] જે રાજા ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરે છે તેને પ્રજાપાલનરૂપ ધર્મથી દિવ્યલોક પ્રાપ્ત થાય છે.[૪૮] રાજાનો એ શ્રેષ્ઠ ધર્મ છે કે, તેણે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, વેદનો સ્વાધ્યાય કરવો, અગ્નિહોત્રનું સેવન કરવું, દાન આપવું, વિદ્યાભ્યાસ કરવો, યજ્ઞોપવીત ધારણ કરવું, યજ્ઞ ક-

---

* અર્થાત્ ઋતુકાળના સમયેજ પોતાની સ્ત્રી સાથે ગમન કરવું.

રવા, ધાર્મિક ક્રિયાઓ કરવી, પોષ્યવર્ગનું ભરણપોષણ કરવું અને હરકોઇ કર્મનો આરંભ કરીને તેમાં સફળતા મેળવવી;[૪૯,૫૦] તેમજ યોગ્ય રીતે અપરાધીઓને શિક્ષા કરવી તે રાજાઓનો ધર્મ છે,વેદોક્ત યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરવી,વ્યાવહારિક મર્યાદાનું પાલન કરવું અને સત્ય ભાષણ બોલવા ઉપર પ્રીતિ રાખવી તે રાજાઓના ધર્મ છે.[૫૧] જે રાજાને કોઇ દુઃખી મનુષ્યનાં દુઃખો દૂર કરવાની પ્રીતિ હોય છે, તે રાજા આ લોકમાં તથા પરલોકમાં પૂજાય છે અને ગાયો તથા બ્રાહ્મણોને માટે યુદ્ધમાં પરાક્રમપૂર્વક મરણ પામેલા રાજાને સ્વર્ગલોકમાં અશ્વમેધયજ્ઞોથી પ્રાપ્ત થનારા લોક પ્રાપ્ત થાય છે.[૫૨,૫૩]

વૈશ્યનો નિત્ય એજ ધર્મ છે કે, તેણે પશુઓનું પાલન કરવું, ખેતીવાડી કરવી, અગ્નિહોત્ર રાખવું, દાન કરવું, વેદાધ્યયન કરવું, વેપાર કરવો, સન્માર્ગે રહેવું, અતિથિઓનો સત્કાર કરવો, આંતર્બાહ્ય ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, બ્રાહ્મણોનું સ્વાગત કરવું અને સમય આવે ત્યારે બ્રાહ્મણોમાટે આત્મત્યાગ પણ કરવો. આ વૈશ્યોનો સનાતન ધર્મ છે.[૫૪,૫૫] વ્યાપારિક માર્ગનું સેવન કરનારા અને સન્માર્ગનો આશ્રય કરનારા વૈશ્યે તલનો, સુગંધી પદાર્થોનો તથા કોઇ પ્રકારના રસપદાર્થોનો કદી પણ વેપાર કરવો નહિ.[૫૬]

શૂદ્રનો નિત્ય એજ ધર્મ છે કે, તેણે ત્રણે વર્ણોની પોતાની શક્તિ અને યોગ્યતા પ્રમાણે સેવા કરવી, સર્વનો અતિથિસત્કાર કરવો અને બ્રાહ્મણોની નિત્ય સેવા કરવી.[૫૭] જે શૂદ્ર પોતાને ત્યાં આવેલા અતિથિની સેવા કરવામાં તત્પર રહીને મહાન તપનો સંગ્રહ કરે છે, તેજ શૂદ્ર પ્રખર તપસ્વી, સત્યવાદી અને જિતેંદ્રિય કહેવાય છે.[૫૮] જે શૂદ્ર નિત્ય પવિત્ર આચારનું પાલન કરે છે અને દેવતાઓ તથા બ્રાહ્મણોનું પૂજન કરે છે તે બુદ્ધિમાન શૂદ્રને ધર્મનાં ઇષ્ટ ફળ પ્રાપ્ત થાય છે.[૫૯] હે પવિત્ર દેવિ! એ પ્રમાણે ચારે વર્ણોના ધર્મો મેં તને કહ્યા. હવે હે સુભગે બીજું શું સાંભળવાની ઇચ્છા છે ?”[૬૦]

ઉમાએ પૂછ્યું:-“હે ભગવન્! ચારે વર્ણનો ભિન્ન ભિન્ન ધર્મ કે જે તેઓને હિતકારક અને પવિત્ર છે તે મને કહ્યો.હવે જે ધર્મ સર્વસામાન્ય હોય તે મને કહો.”[૬૧]

મહેશ્વરે કહ્યું:-“ લોકના સારરૂપ અને સર્વત્ર ગુણોની અભિલાષા રાખનારા બ્રહ્મદેવે સમગ્ર લોકોને તારવામાટે બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા છે; માટેજ તેઓ સર્વ મનુષ્યોમાં પૃથ્વીના દેવ કહેવાય છે.[૬૨] આ બ્રાહ્મણોનાં ધર્મકર્મ તથા તેનાં ફળો હું તને કહું છું; અને બ્રાહ્મણોમાં જે ધર્મને અત્યંત શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે તે ધર્મ પણ હું તને કહું છું; તેમજ પૃથ્વીની ઉત્પત્તિસમયે નિત્ય જે ત્રણ ધર્મોને લોકોના પુણ્યસંગ્રહ માટે બ્રહ્મદેવ ઉત્પન્ન કરે છે તેઓનું પણ તું મારી પાસેથી શ્રવણ કર.[૬૪] એક તો વેદોક્ત શ્રેષ્ઠ ધર્મ, બીજો ધર્મશાસ્ત્રોક્ત ધર્મ અને ત્રીજો શિષ્ટાચારરૂપ ધર્મ. આ ત્રણે ધર્મો સનાતન કહેવાય છે.[૬૫] બ્રાહ્મણે ત્રણે વેદોનું અધ્યયન કરવું જોઇએ, વૈદિક શાસ્ત્રોમાં વિદ્વાન થવું જોઇએ, પોતાના અધ્યયન ઉપર આજીવિકા નહિ કરવી જોઇએ; દાન, અધ્યયન તથા યજન, આ ત્રણે કર્મોમાં નિત્ય પરાયણ રહેવું જોઇએ; કામ, ક્રોધ તથા લોભ, એ ત્રણેનો નિત્ય પરિત્યાગ કરવો જોઇએ અને સર્વની સાથે મિત્રતા રાખવી જોઇએ. આ રીતે વર્તનારા બ્રાહ્મણનેજ બ્રાહ્મણ કહેવામાં આવે છે.[૬૬] જગતના ઇશ્વર બ્રહ્મદેવે બ્રાહ્મણોની આજીવિકાને માટે આવાં છ કર્મો કહેલાં છે કે જેઓને સનાતન ધર્મરૂપ કહેવામાં આવે છે તેઓનું તું શ્રવણ કર.[૬૭] યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, દાન આપવું, દાન લેવું અને અધ્યયન કરવું તથા અધ્યયન કરાવવું આ છ કર્મો કરનારો બ્રાહ્મણ ધર્મને પ્રાપ્ત કરી શકે છે.[૬૮] નિત્ય સ્વાધ્યાય કર્યા કરવો તે બ્રાહ્મણોનો ધર્મ છે, નિત્ય યજ્ઞ કરવો-કરાવવો તે બ્રાહ્મણોનો સનાતન ધર્મ છે; તેમજ પોતાની શક્તિ પ્રમાણે વિધિપૂર્વક દાન કરવું તે પણ બ્રાહ્મણને માટે ઉત્તમ ગણાય છે.[૬૯] પ્રત્યેક પવિત્ર ગૃહસ્થોનો મહાન ધર્મસંગ્રહ એજ છે કે, તેઓએ શાંતિરૂપ ઉત્તમ ધર્મનું પાલન કરવું કે જે ધર્મ સત્પુરુષોમાં નિત્ય જોવામાં આવે છે.[૭૦]

જે ગૃહસ્થ પાંચ મહાયજ્ઞો કરીને ચિત્તશુદ્ધિ સંપાદન કરે છે, સત્ય વાણી બોલે છે, અસૂયા-દ્વેષનો ત્યાગ કરે છે, સુપાત્રને દાન આપે છે, બ્રાહ્મણોનો સત્કાર કરે છે, પોતાના ઘરને વાળી-ઝાડીને સાફ રાખે છે, અભિમાનનો ત્યાગ કરે છે, નિત્ય સરળ સ્વભાવને ધારણ કરે છે, સ્નેહાળ વાણી બોલે છે, અતિથિઓ તથા અભ્યાગતો ઉપર પ્રીતિ રાખે છે, અતિથિ આદિને અર્પણ કર્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે અને પોતાને ત્યાં આવેલા અતિથિને પાદ્ય, અર્ધ્ય, આસન, શયન, દીવો તથા રહેવાને માટે ઘર વગેરે યથાયોગ્ય રીતે અર્પણ કરે છે, તે ગૃહસ્થ ધાર્મિક કહેવાય છે.[૭૧-૭૩] જે ગૃહસ્થ પ્રાતઃકાળમાં ઉઠીને, આચમન કરીને અતિથિને ભોજનનું નિમંત્રણ આપે છે અને પછી ભોજનાદિથી તેનો સત્કાર કરી અમુક પગલાં તેની પાછળ પાછળ તેને વળાવવામાટે જાય છે, તે ગૃહસ્થને સનાતન ધર્મની પ્રાપ્તિ થાય છે.[૭૪] સર્વનો અતિથિસત્કાર કરવો અને પોતાની શક્તિ પ્રમાણે નિરંતર ત્રણે વર્ણોની સેવા કર્યા કરવી; આ ધર્મ શૂદ્રને માટે કહેવામાં આવ્યો છે.[૭૫] પ્રત્યેક ગૃહસ્થને માટે પ્રવૃત્તિલક્ષણ ધર્મનુંજ વેદમાં વિધાન કરવામાં આવ્યું છે, માટે પ્રાણીમાત્રને હિતકારક તે પવિત્ર ધર્મ હું તને કહું છું.[૭૬] પોતાનું કલ્યાણ ઇચ્છનારા પ્રત્યેક ગૃહસ્થ મનુષ્યે નિરંતર પોતાની શક્તિ પ્રમાણે યજ્ઞયાગ કરવા, દાન કરવું, શાંતિપુષ્ટિનાં કર્મો કરવાં, ધર્મપૂર્વક દ્રવ્ય સંપાદન કરવું અને ધર્મપૂર્વક પ્રાપ્ત કરેલા ધનના ત્રણ વિભાગો કરી પ્રત્યેક કર્મ પરમધર્માનુસાર કરવાનો પ્રયત્ન કરવો.[૭૭,૭૮] પોતાનો અભ્યુદય ઇચ્છનારા ગૃહસ્થે, ન્યાયપૂર્વક સંપાદન કરેલા ધનના ત્રણ વિભાગ કરીને તેમાંના એક વિભાગથી ધર્મ તથા અર્થનું સેવન કરવું, બીજા વિભાગથી કામનાં પ્રયોજનો સિદ્ધ કરવાં અને ત્રીજા વિભાગને સિલ્લકતરીકે રાખી મૂકી તેની પ્રતિદિન વૃદ્ધિ કરવી.[૭૯]

હવે જે પુરુષ મોક્ષ મેળવવામાટે તૈયાર થયેલો હોય છે તેને માટે બીજો નિવૃત્તિલક્ષણ ધર્મ કહેવામાં આવ્યો છે. તેનું સ્વરૂપ હું તને યથાર્થ રીતે કહું છું; માટે હે દેવિ! તેને તું સાંભળ.[૮૦] જે પુરુષોને મોક્ષની આકાંક્ષા હોય છે તેઓનો એ ધર્મ છે કે, તેઓએ પ્રાણીમાત્રના ઉપર દયા રાખવી, એકજ ગામમાં નિવાસ કરવો અને સર્વ પ્રકારની આશાઓરૂપ પાશોથી મુક્ત થવું;[૮૧] તેમજ મોક્ષાભિલાષી પુરુષે ઝુંપડી, જળાશય, વસ્ત્ર, આસન, ત્રિદંડ, અગ્નિ કે બીજું કોઇ નિવાસસ્થાન—એમાંના કોઇ પણ પદાર્થ ઉપર આસક્તિ રાખવી નહિ, અધ્યાત્મગતિમાંજ ચિત્ત રાખવું, અધ્યાત્મમાંજ મન રાખવું, અધ્યાત્મમાંજ પરાયણ રહેવું, નિત્ય યોગાભ્યાસ કર્યા કરવો, સાંખ્યજ્ઞાનમાં નિમગ્ન રહેવું, વૃક્ષના મૂળનો આશ્રય કરવો, નિત્ય શૂન્યગૃહનું સેવન કરવું, નદીના તટ ઉપર શયન કરવું, કોઇ એકજ નદીના તીર ઉપર પ્રીતિ રાખવી નહિ, સર્વ પ્રકારના સંગોથી મુક્ત થવું, સર્વ પ્રકારનાં સ્નેહબંધનોથી છુટા થવું, આત્મામાંજ આત્મભાવ રાખવો, સ્થાણુ(વૃક્ષનું ઠુંઠું)ની પેઠે નિર્વિકાર થવું, નિરાહાર રહેવું (અર્થાત્ ઇંદ્રિયોનો જય કરવો) અને મોક્ષશાસ્ત્રોક્ત કર્મો કરવાં. આ રીતે વર્તીને જે પુરુષ સંસારનો ત્યાગ કરે છે તેને મોક્ષરૂપ સનાતન ધર્મ પ્રાપ્ત થાય છે;[૮૬] અને એ રીતે મુક્ત થયેલો પુરુષ કોઇ પણ વસ્તુમાં આસક્ત થતો નથી, કોઇ એકજ ગામમાં નિવાસ કરતો નથી, સર્વત્ર નિઃસંગ રહીને વિચર્યા કરે છે અને કોઇ એકજ નદીના તટ ઉપર શયન કરતો નથી.[૮૭] આ વેદોક્ત ધર્મ, મોક્ષવેત્તા સત્પુરુષોનો હોઈને સન્માર્ગરૂપ છે; માટે જે પુરુષ એ માર્ગે પ્રયાણ કરે છે તેને મોક્ષપદ પ્રાપ્ત થાય છે.[૮૮] કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ આવા ચાર પ્રકારના સંન્યાસીઓ હોય છે. તેમાંનો છેલ્લો (એટલે પરમહંસ) સંન્યાસી ઉત્તમ ગણાય છે.*[૮૯]

---

* આ શ્લોકમાં કહેવામાં આવેલા ચાર સંન્યાસીઓ પૈકી પહેલો **કુટીચક** અને બીજો **બહૂદક**, ત્રિદંડને ધારણ કરનારા હોય છે; પરંતુ તેમાંનો **કુટીચક** ગૃહનિવાસ કરે છે અને **બહૂ-**

આ મોક્ષધર્મદ્વારા જે પદ પ્રાપ્ત થાય છે તેના કરતાં શ્રેષ્ઠ અથવા કનિષ્ઠ અથવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ એવું બીજું કોઇ પણ પદ નથી. (કેમકે તેમાં સર્વનો અંતર્ભાવ થઇ જાય છે.) વળી તે મોક્ષપદ દુઃખરહિત છે, સુખરહિત છે, સૌમ્ય છે, અજર છે, અમર છે અને અવિનાશી અથવા નિર્વિકાર છે.”[૯૦]

ઉમાએ પૂછ્યું:–“જીવલોકના મહાશ્રેયસ્કર માર્ગરૂપ અને સજ્જનોએ આચરેલો ગૃહસ્થધર્મ તથા મોક્ષધર્મ તમે મને કહ્યો.[૯૧] હવે હે ધર્મજ્ઞ! ઋષિઓનો ધર્મ સાંભળવાની મને ઇચ્છા છે; કેમકે નિત્ય તપોવનમાં નિવાસ કરનારા ઋષિઓ ઉપર મને ઘણીજ પ્રીતિ છે. ઋષિઓના તપોવનને ઘીની આહુતિઓથી ઉત્પન્ન થયેલો ધૂમાડાનો ગંધ, ચોતરફથી જાણે ઘેરી લેતો હોય તેમ જણાય છે. તે જોઇને હે મહેશ્વર! મારૂં મન નિત્ય પ્રસન્ન રહે છે.[૯૩] હે વિભો! મુનિઓના ધર્મવિષે મને એક સંશય છે; માટે હે દેવ! હે સર્વ ધર્મોના તત્વાર્થને જાણનારા દેવના પણ દેવ! મેં પૂછેલા તે મુનિધર્મવિષે તમે યથાર્થ રીતે મને કહો.”[૯૪]

શ્રીભગવાને કહ્યું:–“હે પવિત્ર દેવિ! સર્વ કરતાં ઉત્તમ એવો મુનિધર્મ હું તને કહું છું કે જેનું આચરણ કરીને મુનિઓ પોતાના તપશ્ચરણદ્વારા સિદ્ધિને પામી શકે છે.[૯૫] હે મહાભાગે! હે ધર્મજ્ઞે! ફેનપ નામના ઋષિઓ કે જેઓ ધર્મને જાણનારા હોઇને ઉત્તમ ગણાય છે તેઓના ધર્મનું હું પ્રથમ વર્ણન કરૂં છું તેને તું સાંભળ.[૯૬] પૂર્વે સાધક અવસ્થામાં બ્રહ્મદેવે અમૃતરૂપ અને પવિત્ર એવા ફીણના સમૂહનું (એટલે મુખ્ય અન્નના સમૂહનું) પાન કર્યું હતું કે જે ફીણસમૂહ બ્રહ્મસજાતીય હોઇને વૃષ્ટિ આદિદ્વારા યજ્ઞના અંગરૂપે સ્વર્ગમાં ફેલાઇ ગયો હતો તેને નિત્ય જેઓ અલ્પ પ્રમાણમાં સ્વીકારે છે તે પવિત્ર ઋષિઓને ફેનપ (એટલે ફીણનું પાન કરનારા) કહેવામાં આવે છે; અને હે તપોધને! તેઓની ધર્મચર્યારૂપ માર્ગનુંજ વાલખિલ્ય નામના મુનિગણો પણ આચરણ કરે છે, તે વિષે તું સાંભળ.[૯૭,૯૮] તપ કરીને સિદ્ધ થયેલા તે વાલખિલ્ય મુનિઓ સૂર્યમંડળમાં રહે છે અને તેઓ ધર્મને જાણનારા હોઇને પક્ષીઓની પેઠે ઉંછવૃત્તિનો આશ્રય કરી જીવન ગાળે છે.[૯૯] વળી તે વાલખિલ્ય તપોધનો મૃગચર્મરૂપ વસ્ત્રને ધારણ કરે છે, ચીર તથા વલ્કલ વસ્ત્રને પણ પહેરે છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી મુક્ત હોય છે, સન્માર્ગનો આશ્રય કરે છે, અંગુઠાના પર્વ જેવડા શરીરપ્રમાણવાળા હોય છે, પોતપોતાના ધર્મમાં સ્થિર રહેનારા હોય છે અને નિત્ય તપશ્ચરણ કરવાનીજ ઇચ્છા રાખે છે, જેથી તેઓને મહાન ધર્મફળ પ્રાપ્ત થાય છે.[૧૦૦,૧૦૧] તે મહાત્માઓ દેવોની સમાનતાને પ્રાપ્ત કરે છે, દેવોનાં કાર્યો સિદ્ધ કરવામાટે તત્પર રહે છે અને તપશ્ચર્યાથી સર્વ પાપોને બાળી નાખીને પોતાના તેજવડે સર્વ દિશાઓને પ્રકાશમાન કરે છે;[૧૦૨] તેમજ એ સિવાયના બીજા જે મહર્ષિઓ શુદ્ધ મનવાળા હોય છે, દયાધર્મમાં પરાયણ રહે છે, સર્વના કરતાં શ્રેષ્ઠ હોય છે, ચક્રની પેઠે નિત્ય વિચર્યા કરે છે(અર્થાત્ એકજ સ્થાને પડી રહેતા નથી), પવિત્ર હોય છે, સોમલોકમાં વિહાર કરે છે અને પિતૃલોકની સમીપમાં સ્થિતિ કરે છે,તેઓ પણ ચંદ્રનાં કિરણોનું પાન કરીને જીવન ગાળે છે. વળી કેટલાએક ઋષિઓ સંપ્રક્ષાલ નામના હોય છે–અર્થાત્ ભોજનાદિનાં પાત્રોને સારી રીતે ધોઇ નાખીને આવતી કાલને માટે કંઇપણ રાખી મૂકતા નથી; કેટલાએક ઋષિઓ અશ્મકુટ્ટ હોય છે–અર્થાત પથ્થરવડે ફલાદિને ફૂટી ખાનારા હોય છે, કેટલાએક ઋષિઓ દંતોલૂખલિક હોય છે–અર્થાત્ દાંતનોજ અન્નાદિને ફૂટવાના ખાંડણીઆતરીકે ઉપયોગ કરે છે, કેટલાએક ઋષિઓ સોમપ કહેવાય છે–અર્થાત ચંદ્રનાં કિરણોનું પાન કરીનેજ જીવન ગાળે છે અને કેટલાએક ઋષિઓ, દેવોની સમીપમાં રહી સૂર્યની ઉષ્ણતાનુંજ પાન કરે છે, તેથી તે-

---

दक તીર્થાટન કર્યા કરે છે તથા **हंस**અને **परमहंस** એક દંડને ધારણ કરે છે પણ તેમાંનો **हंस** આશ્રમધર્મનું પાલન કરે છે અને **परमहंस** તો ત્રિગુણાતીત થઇને પોતાની ઇચ્છાનુસાર વિચરે છે.

ઓને ઉંમપ કહેવામાં આવે છે. આ ઋષિઓ સ્ત્રીઓસહિત હોય છે, ઇંદ્રિયોને વશ રાખે છે, અગ્નિહોત્રાદિનું નિત્ય સેવન કરે છે, પિતૃઓનું પૂજન કરે છે, પંચમહાયજ્ઞો કરીને દેવાદિનું યજન પણ કરે છે અને તેનેજ તેઓ ધર્મ કહે છે.[૧૦૩-૧૦૬] હે દેવિ! આ ઋષિધર્મનું ચક્રની પેઠે સર્વત્ર વિચરનારા તથા દેવલોકમાં પણ વિહાર કરનારા બ્રાહ્મણોએ નિત્ય આચરણ કરેલું છે. આ સિવાયનો બીજો પણ એક ઋષિધર્મ છે તેનું તું શ્રવણ કર.[૧૦૭] હું માનું છું કે, પ્રત્યેક ઋષિધર્મમાં રહીને તે તે ઋષિઓએ ઇંદ્રિયોને વશ કરી પોતાના આત્માને જાણવો જોઇએ અને તે પછી કામ તથા ક્રોધને પણ અવશ્ય જીતવા જોઇએ.[૧૦૮] વળી ઋષિઓના આ નિયમો છે કે, તેઓએ નિત્ય અગ્નિહોત્ર સેવવું, ધર્મપરાયણ રહેવું, સોમયજ્ઞ કરવો, યજ્ઞો કરીને દક્ષિણા આપવી, નિત્ય યજ્ઞક્રિયારૂપ ધર્મનું આચરણ કરવું, પિતૃઓ તથા દેવોનું પૂજન કરવામાં પ્રીતિ રાખવી, ઉંછવૃત્તિથી સંપાદન કરેલા અન્નવડે સર્વનો અતિથિસત્કાર કરવો, ગાયના દૂધ, દહીં આદિ રસોના ઉપભોગનો ત્યાગ કરવો, શમપરાયણ રહેવું, પૃથ્વીપર (કંઇપણ પાથર્યાવિના) શયન કરવું, શાક તથા વૃક્ષોનાં પાંદડાંઓનું ભક્ષણ કરવું, ફળ તથા કંદમૂળનો આહાર કરવો અને વાયુ, જળ તથા શેવાળનું ભક્ષણ કરવું. આ નિયમોનું પાલન કરીને તેઓ અજિત ગતિને જીતી શકે છે.[૧૦૯-૧૧૨] ઘરમાંથી ધૂમાડો નીકળતો બંધ પડી જાય, મુસલનો અવાજ થતો બંધ થઇ જાય, પાકશાળાનો અગ્નિ પણ શાંત પડી જાય, ઘરનાં સર્વ મનુષ્યો ભોજન કરી રહે, ભોજનપાત્રોનો સંચાર બંધ પડી જાય અને સર્વ ભિક્ષુકોને આવવાનો સમય પણ વ્યતીત થઈ જાય, ત્યારે કોઇ અતિથિને આવી ચઢવાની આકાંક્ષાનો ત્યાગ કરીને દેવાદિને અર્પણ કરતાં અવશેષ રહેલા અન્નનું ભોજન કરનાર અને સત્યધર્મમાં આસક્ત રહેનાર એવો શાંત મુનિ ધર્મને સંપાદન કરી શકે છે.[૧૧૪] જે પુરુષ આડંબરી નથી, અભિમાની નથી, ઉદાસી નથી, કોઇપણ વિષયમાં આશ્ચર્યચકિત થતો નથી, મિત્ર તથા અમિત્રને સમાન માને છે તથા સર્વના તરફ મિત્રભાવ રાખે છે, તે પુરુષ ઉત્તમ ધર્મવેત્તા ગણાય છે.[૧૧૫]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ઉમામહેશ્વરસંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૪૧ મો સમાપ્ત

અધ્યાય ૧૪૨ મો

ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)

॥ उमोवाच ॥

देशेषु रमणीयेषु नदीनां निर्झरेषु च ।
स्रवंतीनां निकुंजेषु पर्वतेषु वनेषु च ॥१॥

ઉમાએ પૂછ્યું:-"હે દેવોના ઈશ્વર શંકર! જે વાનપ્રસ્થ મુનિઓ રમણીય પ્રદેશોમાં, જળ વહેતી નદીઓનાં ઝરણાંઓ પાસે, લતાગૃહોમાં, પર્વતો ઉપર, વનોમાં, ફળોવાળા પવિત્ર દેશોમાં અથવા કંદમૂળોવાળાં પવિત્ર સ્થાનકોમાં નિવાસ કરે છે; ઇંદ્રિયોને વશ રાખે છે, નિયમપૂર્વક વ્રતો પાળે છે અને કેવળ પોતાના શરીરનેજ જીવાડે છે-અર્થાત્ નોકરચાકર વગેરેને નહિ રાખતાં પોતેજ નોકરચાકરનું કામ કરી લે છે અને પોતાનાજ શરીરને કષ્ટ આપે છે, તે વાનપ્રસ્થોનો ધર્મવિધિ સાંભળવાની મને ઇચ્છા છે.[૩]

મહેશ્વરે કહ્યું:-"હે દેવિ! વાનપ્રસ્થોનો જે ધર્મ છે તેને તું એકાગ્રચિત્તે સાંભળ અને તેનું શ્રવણ કરીને એકચિત્તે કેવળ ધર્મપરાયણ બુદ્ધિવાળી થા.[૪] ઉત્તમ નિયમોનું પાલન કરીને સિદ્ધ થયેલા તથા વનવાસનું સેવન કરનારા વાનપ્રસ્થોએ જે કર્મ અવશ્ય કરવું જોઇએ તેને તું સાંભળ.[૫] વાનપ્રસ્થોએ ત્રણે કાળ સ્નાન કરવું જોઇએ, પિતૃઓ તથા દેવોનું પૂજન કરવું જોઇએ, અગ્નિહોત્ર રાખવું જોઇએ, ઇષ્ટિઓ કરવી જોઇએ, હવનહોમ કરવો જોઇએ, તૃણધાન્ય (સામો વગેરે) નોજ આહાર કરવો જોઇએ, ફળ તથા કંદમૂળનું ભક્ષણ કરવું જોઇએ, ઇંગોરીઆ તેલનો તથા એરંડીઆ તેલનોજ ઉપયોગ કરવો જોઇએ, યોગાનુષ્ઠાન કરીને સિદ્ધ થવું

જોઈએ, કામ તથા ક્રોધનો ત્યાગ કરવો જોઇએ, બીકણ મનુષ્યો જેમાં પ્રવેશ પણ ન કરી શકે તેવા ઘોર જંગલરૂપ વીરસ્થાનમાં પ્રવેશ કરી વીરાસને યોગસાધના કરવી જોઈએ, ઉત્તમ યોગાભ્યાસ કરવો જોઇએ, ગ્રીષ્મકાળમાં પાંચ અગ્નિઓનું સેવન કરવું જોઇએ,હઠશાસ્ત્રપ્રસિદ્ધ મંડૂકયોગ સાધવામાં તત્પર રહેવું જોઇએ,પૃથ્વીપર શયન કરવું જોઇએ,નિત્યવીરાસન વાળીને બેસવું જોઇએ,વર્ષાઋતુમાં જ્યાં વરસાદ પડતો હોય ત્યાં(ખુલ્લા પ્રદેશમાં) શયન કરવું જોઇએ,હેમંતઋતુમાં જળની અંદરજ પડી રહેવું જોઇએ અને ઉનાળાના સમયમાં પાંચ અગ્નિઓ વચ્ચે બેસવું જોઇએ; આ રીતે ધર્મનું યથાયોગ્ય સેવન કરનારા ધાર્મિક બુદ્ધિના વાનપ્રસ્થો વર્તે છે.[૬-૧૦] વળી તે વાનપ્રસ્થો કોઈ સમયે જળનોજ આહાર કરે છે, કોઇ સમયે વાયુનોજ આહારકરે છે, કોઇ સમયે પાણીના શેવાળનુંજ ભોજન કરે છે, કોઇ સમયે ફલાદિને પથ્થરોવડે ફૂટીને ખાય છે, કોઇ સમયે અન્નાદિને દાંતવડે ચાવીને કાચું ને કાચું ખાય છે અને તેઓ આવતી કાલના ભોજનમાટે નિશ્ચિંતજ રહે છે.[૧૧] વળી તેઓએ ચીરવસ્ત્ર, વલ્કલવસ્ત્ર અથવા મૃગચર્મ ધારણ કરવાં જોઈએ, પોતાના ધર્મવિધિને અનુસરીને યથાયોગ્ય સમયે સર્વત્ર યાત્રા કરવી જોઈએ,નિત્ય વનમાંજ રહેવું જોઇએ, વનમાંજ વિચરવું જોઇએ,વનમાંજ સ્થિતિ કરવી જોઈએ, વનમાંજ સર્વ કંઇ કરવું જોઈએ, શિષ્ય જેમ ગુરુનો આશ્રય કરે છે તેમ વનનોજ આશ્રય કરવો જોઇએ અને વન ઉપરજ આજીવિકા ચલાવવી જોઇએ.[૧૨,૧૩] નિત્ય હોમક્રિયા કરવી, પાંચ મહાયજ્ઞો કરવા, પાંચ મહાયજ્ઞો કરતાં અવશેષ રહેલા અન્નભાગનું ભોજન કરવું, વેદોક્ત નિયમો પાળવા, અષ્ટમીને દિવસે યજ્ઞ કરવો, ચાતુર્માસ્ય યજ્ઞો કરવા, પૌર્ણમાસ આદિ યજ્ઞો કરવા અને નિત્ય કરવાનો યજ્ઞ પણ કરવો. આ વાનપ્રસ્થોનો ધર્મ છે.[૧૪,૧૫] વાનપ્રસ્થ મુનિઓ સ્ત્રીસમાગમનો ત્યાગ કરનારા હોય છે, સર્વ દોષોથી મુક્ત રહે છે અને સર્વ પાપોથી મુક્ત થઇને વનમાં વિચર્યા કરે છે.[૧૬] જે ઉત્તમ વાનપ્રસ્થો સરવો વગેરે યજ્ઞપાત્રોનેજ રાખે છે, નિત્ય ત્રણે અગ્નિઓનું સેવન કરે છે અને નિરંતર સન્માર્ગેજ ગમન કરે છે, તેઓ ઉત્તમ ગતિને પામી શકે છે.[૧૭] સત્ય ધર્મનો આશ્રય કરીને સિદ્ધ થયેલા અનેક વાનપ્રસ્થ મુનિઓ મહાપવિત્ર બ્રહ્મલોકમાં જાય છે અને સનાતન ચંદ્રલોકમાં પણ જાય છે.[૧૮] હે દેવિ ! આ પવિત્ર વાનપ્રસ્થ ધર્મ મેં તને સ્થૂળરૂપે કહ્યો છે; પણ વાસ્તવિક રીતે તેનો વિસ્તાર ઘણો મોટો છે."[૧૯]

ઉમાએ પૂછ્યું:–" હે ભગવન્ ! હે પ્રાણીમાત્રના ઇશ્વર ! હે પ્રાણીમાત્રને વંદન કરવા યોગ્ય ! મોક્ષસિદ્ધિનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં જે મુનિધર્મ કહેવામાં આવ્યો છે તેનું તમે વર્ણન કરો.[૨૦] મોક્ષશાસ્ત્રમાં સિદ્ધ થયેલા અને વનપ્રદેશોમાં વસનારા કેટલાએક મુનિઓ, પોતાની ઇચ્છાનુસાર વર્તન કરનારા હોય છે અને કેટલાએક સ્ત્રીઓને સાથે રાખનારા હોય છે,માટે તેઓનો ધર્મ કેવો છે ? તે મને કહો."

મહેશ્વરે કહ્યું:–":મોક્ષશાસ્ત્રમાં સિદ્ધ થયેલા સર્વ મુનિઓમાં બે પ્રકારના મુનિઓ જોવામાં આવે છે. કેટલાએક પોતાના તપોબળથી યથેષ્ટ વિહાર કરનારા હોય છે અને કેટલાએક સ્ત્રીઓને સાથે રાખનારા હોય છે. તે પૈકી યથેષ્ટ વિહાર કરનારા મુનિઓનું ચિહ્ન એ હોય છે કે, તેઓ મસ્તકે મુંડન કરાવે છે અને ભગવાં વસ્ત્ર ધારણ કરે છે; તથા જેઓ સ્ત્રીઓને સાથે રાખનારા હોય છે તેઓ રાત્રિના સમયે એક સ્થળે નિવાસ કરે છે. આ બન્ને પ્રકારના મુનિઓ ત્રણે કાળ સ્નાન કરે છે, પણ હવનહોમરૂપ મહત્ ઋષિકર્મ તો સ્ત્રીવાળા મુનિઓજ કરે છે. વળી તેઓ બન્ને પ્રકારના મુનિઓ શાસ્ત્રોક્ત સમાધિમાર્ગનું સેવન કરે છે અને તેઓ પૂર્વોક્ત વનવાસીઓના (એટલે વાનપ્રસ્થોના) ધર્મોનું સેવન કરે છે તો મહાન તપઃફળ સંપાદન કરે છે.[૨૨-૨૪] જે મુનિઓ દંપતીધર્મને અનુસરનારા હોય છે, તેઓ કેવળ પોતાની સ્ત્રીવિષેજ સંતુષ્ટ રહેનારા હોઇને ઇંદ્રિયોને વશ રાખે છે, શાસ્ત્રોકત ધર્મક્રિયાઓને

કરે છે અને પોતાની સ્ત્રી સાથે પણ ઋતુકાળેજ સમાગમ કરે છે.[૨૫] વળી તે દંપતીધર્મને અનુસરનારા ધર્મદર્શી મુનિઓએ, ઋષિકૃત ધર્મનુંજ સેવન કરવું ઘટે છે; પણ પોતાની ઇચ્છાનુસાર હરકોઇ વિષયનું સેવન કરવું તે યોગ્ય નથી.[૨૬] જે મુનિ પ્રાણીમાત્રને સારી રીતે અભયદક્ષિણા આપે છે અને હિંસારૂપ દોષને મનમાંથી પણ કાઢી નાખે છે, તે મુનિને ધર્મનો લાભ થાય છે.[૨૭] જે મુનિ પ્રાણીમાત્ર ઉપર દયા રાખે છે, પ્રાણીમાત્રના તરફ સરળતારૂપ વ્રતનું પાલન કરે છે અને સર્વ પ્રાણીઓના આત્મારૂપ બની રહે છે, તેને ધર્મનો લાભ થાય છે.[૨૮] સર્વ વેદોનું અધ્યયન કરવું અથવા પ્રાણીમાત્ર તરફ સરળતા રાખવી–આ બન્નેની યોગ્યતા સરખીજ છે અથવા તેમાંથી સરળતાની યોગ્યતા વિશેષ છે.[૨૯] વિદ્વાનો કહે છે કે, સરળતા રાખવી તેજ ધર્મ છે અને કુટિલતા રાખવી તે અધર્મ છે. જે પુરુષ સરળતાથી યુક્ત હોય છે,તેને ધર્મનો લાભ થાય છે. નિત્ય સરળતા રાખવામાંજ પ્રીતિ ધરાવનારો પુરુષ,દેવોની સમીપમાં નિવાસ કરે છે,માટે જેને સ્વધર્મની ઇચ્છા હોય તેણે સરળતાયુક્ત થવું. જે પુરુષ ક્ષમાશીલ, ઇંદ્રિયોનું દમન કરનારો, ક્રોધને જીતનારો,કેવળ ધર્મરૂપ બની રહેલો,કોઇપણ પ્રાણીની હિંસા નહિ કરનારો અને નિત્ય ધર્મમાંજ આસક્ત મનવાળો હોય છે તેને ધર્મનો લાભ થાય છે;[૩૨] તેમજ આળસનો ત્યાગ કરીને કેવળ ધર્માત્માજ બની રહેલો અને પોતાની શક્તિ અનુસાર સન્માર્ગનો આશ્રય કરનારો ચારિત્ર્યવાન જ્ઞાનીપુરુષ, બ્રહ્મસ્વરૂપ થઈ શકે છે.”[૩૩]

ઉમાએ પૂછ્યું:–“ હે દેવ! પોતાના આશ્રમધર્મમાં આસક્ત રહેનારા અને તપનેજ ધન માનનારા કેટલાએક તાપસો, અત્યંત તેજસ્વી હોય છો માટે હું તમને પૂછું છું કે, તેઓ કયી વ્રતચર્યાથી તેજસ્વી થાય છે?[૩૪] તેમજ હે ભગવન્! કેટલાએક રાજાઓ અને રાજપુત્રો કે જેઓ મહાધનવાન હોય છે અથવા નિર્ધન હોય છે, તેઓ કયું કર્મ કરીને મોટા ફળને મેળવી શકે છે?[૩૫] અને હે દેવ! વનમાં નિવાસ કરનારા વાનપ્રસ્થો, કયું કર્મ કરીને નિત્ય દિવ્ય સ્થાનને પ્રાપ્ત કરીને દિવ્ય ચંદનથી સુશોભિત થાય છે?[૩૬] હે ત્રિપુરાસુરનો નાશ કરનારા દેવ! તપશ્ચર્યાના સંબંધમાં આ મારો ઉત્તમ સંશય છે; માટે હે ત્રણ નેત્રવાળા પ્રભો! મારા એ સર્વ સંશયને સંપૂર્ણ રીતે તમે દૂર કરો.”[૩૭]

મહેશ્વરે કહ્યું:–“ ઉપવાસો અને વ્રતો કરીને ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા, અહિંસક અને સત્યવાદી એવા અનેક નિર્દોષ પુરુષો, આ જન્મમાંજ સિદ્ધ થઇને મરણ પછી ગંધર્વોની સાથે આનંદ કરે છે.[૩૮] જે ધર્માત્મા પુરુષ યથાયોગ્ય વિધિપૂર્વક મંડૂક યોગને સિદ્ધ કરે છે અથવા મંડૂક યોગની દીક્ષા લે છે, તે પુરુષ મરણ પછી નાગદેવોની સાથે આનંદ કરે છે.[૩૯] જે પુરુષ નિત્ય મૃગો સાથે વિહાર કરીને મૃગોના મુખમાંથી પડેલા ઉચ્છિષ્ટ ઘાસનું ભક્ષણ કરવાની દીક્ષા લે છે, તે પુરુષ ઇંદ્રની અમરાવતી નગરીમાં નિવાસ કરે છે.[૪૦] જે પુરુષ પાણીની શેવાળનું તથા વૃક્ષનાં ખરી પડેલાં પાંદડાંનું ભક્ષણ કરીને એજ વ્રતનું પાલન કરે છે તથા શીતકાળના સમયમાં ખુલ્લા પ્રદેશમાં પડી રહીને ઠંડીને સહન કરે છે, તે પુરુષ પરમગતિને પામે છે.[૪૧] જે પુરુષ કેવળ વાયુનુંજ ભક્ષણ કરે છે અથવા કેવળ જળનુંજ ભક્ષણ કરે છે અથવા કેવળ ફળમૂળનુંજ ભક્ષણ કરે છે, તે પુરુષ યક્ષોનું ઐશ્વર્ય સંપાદન કરીને અપ્સરાઓની સાથે આનંદ કરે છે. જે પુરુષ બાર વર્ષપર્યંત ઉનાળાના સમયમાં શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પંચાગ્નિનું સેવન કરે છે, તે પુરુષ પોતાના એ કર્મના પ્રભાવથી પૃથ્વીનો રાજા થાય છે.[૪૩] જે મુનિ બાર વર્ષપર્યંત અમુક અલ્પ આહારનોજ નિયમ કરીને છેવટે જળનો પણ ત્યાગ કરી દે છે, તે પણ પૃથ્વીનો રાજા થાય છે.[૪૪] જે પુરુષ બાર વર્ષપર્યંત ખુલ્લા પ્રદેશમાં કંઈ પણ પાથર્યાવિના હર્ષપૂર્વક બેસી રહેવાની દીક્ષા લે છે અને છેવટે અનશનવ્રતનો સ્વીકાર કરી પોતાના દેહનો

ત્યાગ કરે છે, તે પુરુષ સ્વર્ગલોકમાં સુખી થાય છે. હે દેવિ! વિદ્વાનો કહે છે કે, એ રીતે ખુલ્લા પ્રદેશમાંજ પડી રહેનારા પુરુષને દિવ્ય વાહનો, શયનો તથા ચંદ્રસમાન ઉજ્જવળ મહાકિંમતી નિવાસસ્થાનો પ્રાપ્ત થાય છે; તેમજ જે પુરુષ પોતાના શરીરને જીવાડવામાટે માત્ર નિયમિત આહારનું સેવન કરે છે અથવા અનશનવ્રતનો સ્વીકાર કરી પોતાના દેહનો ત્યાગ કરે છે, તેને પણ સ્વર્ગલોક મળે છે. જે પુરુષ પોતાના શરીરને જીવાડવામાટે બાર વર્ષપર્યંત અલ્પાહાર કરવાની દીક્ષા લે છે અને છેવટે મહાસાગરમાં પોતાના શરીરનો ત્યાગ કરે છે, તેને વરુણલોક મળે છે. જે પુરુષ પોતાના શરીરને જીવાડવામાટે બાર વર્ષપર્યંત અલ્પાહાર કરવાની દીક્ષા લે છે અને છેવટે પથ્થરના પ્રહાર કરીને પોતાના બન્ને ચરણોને ભેદી નાખે છે, તે પુરુષ યક્ષોના લોકમાં જઈને આનંદ કરે છે. જે પુરુષ પોતાના આત્માવડે આત્માને જાણીને સુખદુઃખાદિ દ્વંદ્વોથી તથા સર્વ પરિગ્રહથી રહિત થઈને બાર વર્ષપર્યંત એ દીક્ષાનું પાલન કરે છે, તે પુરુષ સ્વર્ગલોકને પામે છે અને દેવોની સાથે આનંદ કરે છે.[૪૫-૫૧] જે પુરુષ પોતાના શરીરને જીવાડવા ખાતર બાર વર્ષપર્યંત અલ્પાહાર કરવાની દીક્ષા લે છે અને પછી પોતાના શરીરને અગ્નિમાં હોમીને ત્યજી દે છે, તે પુરુષ અગ્નિના લોકમાં પૂજાય છે.[૫૨] હે દેવિ! યથાયોગ્ય રીતે જેણે દીક્ષા લીધી હોય છે તેવો એક નિયમનિષ્ઠ અને ધર્મલાલસાવાળો બ્રાહ્મણ, બાર વર્ષપર્યંત એ દીક્ષાનું પાલન કર્યા પછી પોતાના મનનો આત્મામાં લય કરી દઈને તથા સર્વ મમતાઓનો ત્યાગ કરી દઈને પોતાને ત્યાં રહેલા વૈદિક અગ્નિને અરણીસહિત કોઈએક વૃક્ષની ડાળે બાંધીને ઘરમાંથી નીકળી જાય છે અને પછી કોઈ વનપ્રદેશમાં જઈને વીરમાર્ગનો આશ્રય કરે છે, નિત્ય વીરાસને બેસે છે અને વીર પુરુષની પેઠે દેહનો ત્યાગ કરવા ઉત્સુક થાય છે તેને વીરપુરુષની ગતિ પ્રાપ્ત થાય છે;[૫૫] એટલુંજ નહિ પણ તે ધર્માત્મા બ્રાહ્મણ ઇંદ્રલોકમાં જઈને સર્વ કામનાઓને પૂર્ણ કરે છે, દિવ્ય પુષ્પોને ધારણ કરે છે, દિવ્ય ચંદનથી સુશોભિત રહે છે, દેવગણોની સાથે સ્વર્ગમાં સુખેથી નિવાસ કરે છે અને વીરલોકમાં જઈને નિત્ય વીરલોકના સહવાસને પ્રાપ્ત કરે છે;[૫૩-૫૭] તેમજ જે પુરુષ દીક્ષાસંપન્ન હોઈને સર્વનો ત્યાગ કરે છે, સત્વગુણમાં સ્થિતિ કરે છે, નિયમનિષ્ઠ રહે છે, પવિત્રતા જાળવે છે અને છેવટે વીરમાર્ગનો આશ્રય કરે છે, તે પુરુષને સનાતન લોક પ્રાપ્ત થાય છે.[૫૮] ઉપરાંત તે પુરુષ ઇંદ્રલોકમાં જઈને ઇચ્છાનુસાર ગતિ કરનારા વિમાનમાં બેસી ઇચ્છાનુસાર વિહાર કરે છે, શ્રીમાન થાય છે અને નિર્દોષ થઈને આનંદ કરે છે."[૫૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ઉમામહેશ્વરસંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૪૨ મો સમાપ્ત

અધ્યાય ૧૪૩ મો

ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)

॥ उमोवाच ॥
भगवन् भगनेत्रघ्न पूष्णो दंतनिपातन ।
दक्षक्रतुहर त्र्यक्ष संशयो मे महानयम् ॥१॥

ઉમાએ પૂછ્યું:—"હે ભગદેવનાં નેત્રોનો નાશ કરનાર! હે પૂષાદેવના દાંતોને પાડી નાખનાર! હે દક્ષના યજ્ઞનો ધ્વંસ કરનાર! હે ત્રણ નેત્રવાળા ભગવન્! મને એક મહાન સંશય થયો છે. ભગવાન બ્રહ્મદેવે, સૃષ્ટિના આરંભમાં ચાર વર્ણો ઉત્પન્ન કર્યા છે. તેમાં બ્રાહ્મણ કયાં પાપકર્મથી ક્ષત્રિય થાય છે? ક્ષત્રિય કયાં પાપકર્મથી વૈશ્ય થાય છે? અને વૈશ્ય કયાં પાપકર્મથી શૂદ્ર થાય છે? તેમજ હે દેવ! પ્રતિલોમધર્મને કેવી રીતે અટકાવી શકાય? તે મને કહો.[૧-૩] વળી હે વિભો! બ્રાહ્મણ કયું પાપકર્મ કરીને શૂદ્રની જાતિમાં જન્મે છે? અથવા ક્ષત્રિય કયું કર્મ કરીને શૂદ્રની જાતિમાં અવતરે છે? આ મારો સંશય છે. તેમજ હે ભૂતપતિ! હે નિર્દોષ દેવ! ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર—આ ત્રણે વર્ણો, સ્વાભાવિક રીતેજ બ્રાહ્મણપણાને કેવી

રીતે પામી શકે? [૪,૫]

મહેશ્વરે કહ્યું:–"હે દેવિ! બ્રાહ્મણપણું ખરેખર દુર્લભ છે; માટે હું માનું છું કે, બ્રાહ્મણપણું, ક્ષત્રિયપણું, વૈશ્યપણું તથા શૂદ્રપણું જે પ્રાપ્ત થાય છે તે સ્વાભાવિક રીતેજ તે તે જાતિમાં જન્મ લેવાથી પ્રાપ્ત થાય છે;[૬] તોપણ એક બ્રાહ્મણ કે જે સર્વ કરતાં શ્રેષ્ઠ વર્ણને પામેલો હોય છે, તે કોઇ જાતનું દુષ્ટ કર્મ કરે છે તો પોતાના ઉચ્ચસ્થાનથી અવશ્ય ભ્રષ્ટ થાય છે.[૭] જે ક્ષત્રિય અથવા વૈશ્ય બ્રાહ્મણધર્મમાં સ્થિતિ કરે છે અને બ્રાહ્મણત્વને જીવાડે છે, તે બ્રાહ્મણપણાને પામી શકે છે;[૮] પરંતુ જે બ્રાહ્મણ, પોતાને પ્રાપ્ત થયેલા બ્રાહ્મણપણાનો ત્યાગ કરીને ક્ષાત્રધર્મનું સેવન કરે છે તે બ્રાહ્મણ પોતાના બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ થઇને ક્ષત્રિયની જાતિમાં અવતરે છે.[૯] જે અલ્પ બુદ્ધિવાળો બ્રાહ્મણ, દુર્લભ એવા બ્રાહ્મણપણાને પ્રાપ્ત કર્યા છતાં પણ લોભ તથા મોહનો આશ્રય કરીને વૈશ્યનાં કર્મ કરે છે, તે બ્રાહ્મણ વૈશ્યપણાને પામે છે; તેમજ એક વૈશ્ય જો શૂદ્રનાં કર્મ કરે છે તો શૂદ્રપણાને પામે છે; અને બ્રાહ્મણ પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે તો શૂદ્રપણાનેજ પામે છે. એ રીતે શૂદ્રની જાતિમાં પણ વર્ણભ્રષ્ટ તથા જાતિબહિષ્કૃત થઇને અંતે નરકને પામે છે અને બ્રહ્મલોકથી ભ્રષ્ટ થઇને પાછો શૂદ્રતરીકે જન્મે છે. હે મહાભાગે! હે ધર્મચારિણિ દેવિ! જે બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય પોતપોતાનાં કર્મોનો ત્યાગ કરીને શૂદ્રનાં કર્મનું સેવન કરે છે, પોતપોતાના સ્થાનથી ભ્રષ્ટ થાય છે અને વર્ણસંકરપણાને પામે છે, તો બીજા જન્મમાં શૂદ્રતરીકે અવતરે છે;[૧૦-૧૪] પરંતુ જે પુરુષ સ્વધર્મ પ્રમાણે વર્તીને કર્તવ્યાકર્તવ્યને જાણે છે, જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત હોય છે, પવિત્રતા જાળવે છે, ધર્મવેત્તા હોય છે અને ધર્માચરણ કરવામાં આસક્ત રહે છે, તે પુરુષને ધર્મનું ફળ મળે છે.[૧૫] હે દેવિ! આ વિષયમાં બ્રહ્માએ આ એક બીજું વચન કહ્યું છે કે, જે સત્પુરુષોને ધર્મ સંપાદન કરવાની ઇચ્છા હોય, તેઓએ નૈષ્ઠિક અધ્યાત્મયોગનું અવશ્ય સેવન કરવું. હે દેવિ! ઉગ્ર કર્મ કરનારા મનુષ્યોનું અન્ન, ગણનું અન્ન (એટલે પંચનું અથવા અમુક કોઇ મંડળનું અન્ન), શ્રાદ્ધ તથા સૂતકીનું અન્ન અને કોઇ દુષ્ટ પુરુષનું અન્ન તથા શૂદ્રનું અન્ન પણ નિંદ્ય ગણાય છે; માટે તેવા અન્નને કદી ખાવું નહિ.[૧૭] હે દેવિ! મહાત્મા દેવોએ શૂદ્રના અન્નને સદાય નિંદ્ય ગણેલું છે અને તેમાં પિતામહ બ્રહ્મદેવના મુખનું વચનજ પ્રમાણ છે, એમ હું માનું છું.[૧૮] જે બ્રાહ્મણ અગ્નિહોત્રી હોય અથવા યજ્ઞશીલ હોય તોપણ તેના ઉદરમાં શૂદ્રનું અન્ન જો અવશેષ રહી ગયું હોય અને તે સમયે તેનું જો મરણ થાય છે તો તેને શૂદ્રની ગતિજ મળે છે;[૧૯] કેમકે તેના ઉદરમાં બાકી રહી ગયેલું શૂદ્રનું અન્ન તેને બ્રહ્મસ્થાનથી ભ્રષ્ટ કરે છે અને તેથીજ તે બ્રાહ્મણ શૂદ્રપણાને પામે છે, એમાં કંઇ વિચાર કરવા જેવું નથી;[૨૦] તેમજ બ્રાહ્મણના મરણસમયે જેનું જેનું અન્ન તેના ઉદરમાં બાકી રહી ગયું હોય છે તેની તેની જાતિમાં તેને અવતરવું પડે છે; અને બ્રાહ્મણ જેના અન્ન ઉપર પોતાનું જીવન ગાળે છે તેની જાતિમાં પણ તેને અવતરવું પડે છે.[૨૧] આ રીતે દુર્લભ અને પવિત્ર એવું બ્રાહ્મણપણું પ્રાપ્ત કરીને પણ જે બ્રાહ્મણ તેની અવગણના કરે છે અને અભોજ્ય અન્નનું ભક્ષણ કરે છે, તેને પોતાની જાતિમાંથી અવશ્ય ભ્રષ્ટ થવું પડે છે.[૨૨] જે શૂદ્ર બ્રાહ્મણ મદિરાનું પાન કરે છે, બ્રાહ્મણની હત્યા કરે છે, ચોરી કરે છે, બ્રહ્મચર્ય વ્રતને ખંડિત કરે છે, અપવિત્ર રહે છે, સ્વાધ્યાયનો ત્યાગ કરે છે, પાપકર્મ કર્યા કરે છે, લોભી હોય છે, કપટી હોય છે, શઠ હોય છે, વ્રતરહિત હોય છે, શૂદ્રજાતિની સ્ત્રીનો પતિ થયેલો હોય છે, રસોઈ કરવાના પાત્રમાં ભોજન કરે છે, સોમલતાનું વેચાણ કરે છે અને હલકા વર્ણની સેવા કરે છે તે બ્રાહ્મણ પોતાની બ્રાહ્મણજાતિથી ભ્રષ્ટ થાય છે; તેમજ ગુરુની પત્નીસાથે વ્યભિચાર કરનાર, ગુરુનો દ્રોહ કરનાર અને ગુરુની નિંદા કરવામાંજ આનંદ માનનાર બ્રાહ્મણ, ભલે મોટો બ્રહ્મવેત્તા હોય તોપણ બ્રાહ્મણજાતિથી ભ્રષ્ટ થાય છે.[૨૫] હે દેવિ! જે પુરુષ શૂદ્રજાતિનો હોય છતાં તે તે શુભ ક-

ર્મોનું આચરણ કરે છે તો બ્રાહ્મણપણાને પામી શકે છે; તેમજ વૈશ્ય પણ શુભ કર્મોનું આચરણ કરે છે તો ક્ષત્રિયપણાને અથવા બ્રાહ્મણપણાને પામી શકે છે.[૨૬] જે શૂદ્ર મનમાં ખેદ કર્યાવિના સર્વ પ્રકારનાં પોતાનાં જાતીય કર્મોને ન્યાયપૂર્વક અને વિધિપૂર્વક કર્યા કરે છે, પોતાના કરતાં ઉચ્ચ વર્ણના મનુષ્યોની પ્રયત્નપૂર્વક સેવાચાકરી કરે છે, નિરંતર સન્માર્ગમાં રહે છે, દેવો તથા બ્રાહ્મણોનો સત્કાર કરે છે, ઋતુકાળના સમયેજ પોતાની સ્ત્રીસાથે ગમન કરે છે, નિયમનિષ્ઠ રહે છે, નિયમપૂર્વક આહાર કરે છે, પોતે સદાય પવિત્ર રહે છે, પવિત્ર મનુષ્યોને શોધ્યા કરે છે, અતિથિ આદિને અર્પણ કરીને અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે અને શ્રાદ્ધાદિ નિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરતો નથી, તે શૂદ્ર વૈશ્યપણાને પામે છે; તેમજ જે વૈશ્ય સત્ય વાણી બોલે છે, અહંકારનો ત્યાગ કરે છે, રાગદ્વેષાદિ દ્વંદ્વોથી રહિત હોય છે, શાંતિ જાળવવામાં કુશળ હોય છે, નિત્ય પાંચ મહાયજ્ઞો કરે છે, સ્વાધ્યાય કરવામાં તત્પર રહે છે, પવિત્ર રહે છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે, બ્રાહ્મણોનો સત્કાર કરે છે, સર્વ વર્ણોને પ્રિય થવા ઇચ્છે છે, ગૃહસ્થવ્રતનું પાલન કરે છે, નિત્ય બે વખત ભોજન કરે છે, અતિથિ આદિને અર્પણકરતાં અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, આહારને જીતે છે, નિષ્કામ બુદ્ધિથી કર્મો કરે છે, અહંવાદનો ત્યાગ કરે છે, અગ્નિહોત્રનું સેવન કરે છે, વિધિપૂર્વક હવનહોમ કરે છે, સર્વનો અતિથિસત્કાર કરે છે, પોતાના પોષ્યવર્ગને અર્પણ કરતાં બાકી રહેલા અન્નનું ભોજન કરે છે અને ત્રણે અગ્નિઓનું મંત્રપૂર્વક આરાધન કરે છે તે વૈશ્ય, બ્રાહ્મણ થઈ શકે છે. પ્રથમ તો એ વૈશ્ય મહાપવિત્ર એવા કોઈ ક્ષત્રિયના કુળમાં જન્મે છે અને તે સમયે જન્મથી આરંભી સારા સંસ્કારોથી સંસ્કૃત થઇને, ઉપનયનસંસ્કાર ધારણ કરીને તથા વ્રતપરાયણ રહીને જો સત્કાર પામે છે, તો (તે પછીના જન્મમાં) તે બ્રાહ્મણ થાય છે.[૨૭–૩૫] તેજ પ્રમાણે જે ધર્માત્મા ક્ષત્રિય દાન કરે છે, સંપૂર્ણ દક્ષિણાવાળા ઘણા મોટા યજ્ઞો કરે છે, વેદાધ્યયન કરીને સ્વર્ગની ઇચ્છા રાખે છે, ત્રણે અગ્નિઓનું નિત્ય સેવન કરે છે, દુઃખી મનુષ્યોને આશ્રય આપે છે, નિત્ય ધર્મપૂર્વક પ્રજાઓનું રક્ષણ કરે છે, સત્ય વચન બોલે છે, સત્ય કર્મો કરે છે, નિત્ય સુખદાયી દેખાવનો હોય છે, ધર્માનુસાર શિક્ષા કરે છે, નિરર્થક શિક્ષા કરતો નથી, ધર્મકાર્યો કરવામાટે સર્વને શિક્ષણ આપે છે, રાજ્યકાર્યો કરવામાં ગુંથાયલો રહે છે, પ્રજાઓના ઉત્પન્નમાંથી છઠ્ઠો ભાગ ગ્રહણ કરે છે, સ્વચ્છંદ રીતે ગ્રામ્યધર્મ (વિષયભોગ)નું સેવન કરતો નથી, અર્થશાસ્ત્રમાં કુશળ હોય છે, ધર્મમાં મન રાખે છે, પ્રત્યેક ઋતુકાળે સ્ત્રીસમાગમ કરે છે, સદાય ઉપવાસી રહે છે (અર્થાત્ એક વખત ભોજન કરે છે), નિયમોનું પાલન કરે છે, સ્વાધ્યાય કરવામાં આસક્ત રહે છે, પવિત્ર રહે છે, નિત્ય અગ્નિશાળામાંજ દર્ભની શય્યા ઉપર શયન કરે છે, ત્રણ વર્ણના સર્વ મનુષ્યોનો અતિથિસત્કાર કરે છે, નિત્ય પ્રસન્નચિત્ત રહે છે, અન્નની ઇચ્છાવાળા શૂદ્રોને “ અન્ન તૈયાર છે ” એમ નિત્ય કહે છે, ધન મેળવવાની ઇચ્છાથી અથવા કામભોગની ઇચ્છાથી કોઈપણ પદાર્થ ઉપર કદી દૃષ્ટિ કરતો નથી; પિતૃઓ, દેવો તથા અતિથિઓને માટે સર્વ પ્રકારનાં સાધનોને તૈયાર રાખે છે, પોતાના ઘરમાં યથાયોગ્ય રીતે બ્રાહ્મણોને ભિક્ષાદાન આપે છે, ત્રણે કાળ વિધિપૂર્વક અગ્નિહોત્રમાં હોમ કરે છે, ગાયો તથા બ્રાહ્મણોનું હિત કરવામાટે રણમાં સામે પગલે લડીને મરણ પામે છે, ત્રણે અગ્નિઓના મંત્રપૂર્વક આરાધનથી જેનું શરીર પવિત્ર થયેલું હોય છે, જ્ઞાન તથા વિજ્ઞાનથી જે યુક્ત હોય છે અને ઉત્તમ સંસ્કારોવાળો હોઇને વેદમાં પારંગત થયેલો હોય છે તે ક્ષત્રિય, પોતાના પુણ્યકર્મના પ્રભાવથી બ્રાહ્મણ થઇ શકે છે.[૩૬–૪૫] હે દેવિ! નીચ જાતિમાં ઉત્પન્ન થયેલો એક શૂદ્ર પણ સર્વ શાસ્ત્રીય જ્ઞાનથી યુક્ત હોઇને પૂર્વોક્ત શુભ કર્મોનું આચરણ કરે છે, તો તેના ફળથી સંસ્કારી બ્રાહ્મણ થઇ શકે છે;[૪૬] પરંતુ એક બ્રાહ્મણ જો દુરાચારી હોય છે અને સર્વ સંકરજાતિના અ-

ન્નનું ભોજન કરે છે, તો પોતાના બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ થઇને તે શૂદ્ર થાય છે.[૪૭] હે દેવિ! એક શૂદ્રજાતિનો પુરુષ પણ પવિત્ર કર્મો કરીને શુદ્ધાત્મા થયો હોય અને ઇંદ્રિયોને વશ રાખનારો હોય, તો તેની બ્રાહ્મણની પેઠેજ સેવા કરવી, એમ બ્રહ્માએ પોતે કહ્યું છે.[૪૮] હું માનું છું કે, કોઇએક શૂદ્રમાં પણ ઉત્તમ સ્વભાવ અને ઉત્તમ કર્મ જો હોય છે, તો તેને બ્રાહ્મણના કરતાં પણ ઉત્તમ જાણવો;[૪૯] કેમકે જાતિ, સંસ્કાર, શાસ્ત્ર કે સંતતિ-એ કંઈ બ્રાહ્મણત્વનાં કારણ નથી પણ ઉચ્ચ પ્રકારનું વર્તન તેજ બ્રાહ્મણત્વનું કારણ છે.[૫૦] લોકમાં જે આ સર્વ બ્રાહ્મણો છે, તેઓ પોતાના ઉચ્ચ વર્તનથીજ બ્રાહ્મણ થઇ શકે છે; માટે ઉચ્ચ પ્રકારનું વર્તન કરનારો એક શૂદ્ર પણ બ્રાહ્મણત્વને પામી શકે છે.[૫૧] હે સુંદર નિતંબવાળી પાર્વતિ! બ્રહ્મનો સ્વભાવ સર્વત્ર સરખોજ છે, એમ હું માનું છું; માટે જેનામાં નિર્ગુણ અને નિર્મળ બ્રહ્મનો નિવાસ છે, તેજ બ્રાહ્મણ છે.[૫૨] હે દેવિ! સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરનારા તથા વરને આપનારા બ્રહ્મદેવે પોતે, પ્રત્યેક વર્ણનાં સ્થાનો તથા વિભાગોને દર્શાવનારાં આ ભિન્ન ભિન્ન જાતિનાં કર્મફળો કહ્યાં છે. હે શ્રદ્ધાળુ દેવિ! બ્રાહ્મણ પણ આ જગતમાં પગથી સંચાર કરતું એક મોટું ક્ષેત્રજ છે; માટે એ ક્ષેત્રમાં બીજ વાવીને જે ખેતી તૈયાર કરવામાં આવે છે, તેનું મરણ પછી ઉત્તમ ફળ મળે છે.[૫૪] કલ્યાણની ઈચ્છા રાખનારા પ્રત્યેક ગૃહસ્થ પુરુષે પંચમહાયજ્ઞો કરતાં અવશેષ રહેલા અન્નનુંજ સદાય ભોજન કરવું, સન્માર્ગનો આશ્રય કરવો, વેદમાર્ગને અનુસરીને વર્તવું, વેદસંહિતાનું નિત્ય અધ્યયન કરવું, નિત્ય સ્વાધ્યાયકર્મ કરતા રહેવું અને અધ્યયન ઉપર કદી આજીવિકા ચલાવવી નહિ.[૫૫,૫૬] એ રીતે જે બ્રાહ્મણ સન્માર્ગમાં સ્થિતિ કરે છે, અગ્નિહોત્ર રાખે છે અને વેદાધ્યયન કરે છે, તેનાથી બ્રહ્મરૂપ થઇ શકાય છે. હે પવિત્ર હાસ્યવાળી દેવિ! બ્રાહ્મણપણું પ્રાપ્ત કરીને નિત્ય સાવધાન થઇને તેની રક્ષા કરવી; કેમકે નીચજાતિના મનુષ્યોના સંસર્ગથી, નીચ મનુષ્યોના પ્રતિગ્રહનો સ્વીકાર કરવાથી અને નીચકર્મોનું સેવન કરવાથી બ્રાહ્મણપણાનો નાશ થાય છે.[૫૭,૫૮] એ રીતે જે કર્મ કરવાથી શૂદ્ર બ્રાહ્મણ થાય છે અને બ્રાહ્મણ પોતાના ધર્મથી જો ભ્રષ્ટ થાય છે તો શૂદ્રપણાને પામે છે,એ વિષયનું ગુપ્ત રહસ્ય મેં તને કહ્યું છે."[૫૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ઉમામહેશ્વર સંવાદ"એ વિષયનો
અધ્યાય ૧૪૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪૪મો

ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)

॥ उमोवाच ॥

भगवन् सर्वभूतेश देवासुरनमस्कृत ।
धर्माधर्मौ नृणां देव ब्रूहि मे संशयं विभो॥१॥

ઉમાએ પૂછ્યું:-"હે પ્રાણીમાત્રના ઈશ્વર! હે દેવો તથા અસુરોથી નમસ્કાર કરાયેલા ભગવન્! હે વ્યાપક દેવ! મનુષ્યોના ધર્મ તથા અધર્મ મને કહો; કેમકે એ વિષે મને સંદેહ રહે છે.[૧] મનુષ્ય મન, વચન તથા કર્મ એમ ત્રણ પ્રકારે તૈયાર કરેલા કર્મપાશોથી બંધાય છે અને એ ત્રણ પ્રકારેજ પાછો મુક્ત થાય છે;[૨] માટે કયું કર્મ કરીને અથવા કયું ચારિત્ર કે સદ્વર્તન કેળવીને અથવા કયા આચારો કે ગુણો સંપાદન કરીને મનુષ્યો સ્વર્ગમાં જઈ શકે છે?"[૩]

મહેશ્વર કહ્યું:-"હે ધર્મ તથા અર્થના તત્ત્વને જાણનારી દેવિ! હે નિત્ય ધર્મ તથા દમમાં આસક્ત રહેનારી પાર્વતિ! તારો આ પ્રશ્ન પ્રાણીમાત્રનું હિત કરનારો છે અને બુદ્ધિમાં વૃદ્ધિ કરનારો છે; માટે તેનો ઉત્તર તું સાંભળ.[૪] જે મનુષ્યો સત્ય ધર્મમાં આસક્ત રહે છે, સંત હોય છે, સર્વ આશ્રમચિહ્નોથી રહિત હોય છે અને ધર્મપૂર્વક સંપાદન કરેલા દ્રવ્યનો ઉપભોગ કરે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૫] જે સર્વજ્ઞ પુરુષો પ્રત્યેક વસ્તુતત્ત્વના દ્રષ્ટા હોઇને સંસારના પ્રલયના તત્ત્વને તથા ઉત્પત્તિના તત્ત્વને પણ જાણી શકે છે, તેઓના

સર્વ સંશયો નાશ પામ્યા હોય છે અને તેથીજ તેઓ ધર્મ કે અધર્મથી બંધાતા નથી.[૬] જે વીતરાગ પુરુષો મન, વચન તથા કર્મથી કોઇ પણ પ્રાણીની હિંસા કરતા નથી, તેઓ કર્મોનાં બંધનોથી મુક્ત થાય છે.[૭] જે દયાળુ પુરુષો હિંસાકર્મથી વિરામ પામેલા હોઇને શીલસંપન્ન હોય છે અને સંસારના કોઇપણ વિષયમાં આસક્તિ ધરાવતા નથી, તેઓ કર્મોથી બંધાતા નથી;[૮] તેમજ જે પુરુષો પોતાના શત્રુને તથા મિત્રને સમાન ગણે છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે, પ્રાણીમાત્ર ઉપર દયા રાખે છે અને સર્વ પ્રાણીઓમાં વિશ્વાસપાત્ર થયેલા હોય છે,તેઓ કર્મોનાં બંધનોથી છુટી જાય છે.[૯] જે પુરુષો હિંસાવાળા કોઇપણ આચારનો ત્યાગ કરી દે છે, પારકા દ્રવ્યમાં મમતા રાખતા નથી અને પરસ્ત્રીના સંગનો સદાને માટે ત્યાગ કરી દે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૧૦] જે મનુષ્યો ધર્મપૂર્વક સંપાદન કરેલા અન્નનું ભોજન કરે છે અને પારકી સ્ત્રીઓને માતા, બહેન અથવા પુત્રીસમાન જુએ છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૧૧] જેઓ કદી ચોરી કરતા નથી, નિરંતર પોતાના ધનમાંજ સંતોષ માને છે અને પોતાના ભાગ્યના આધારેજ જીવન ગાળે છે,તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૧૨] જેઓ પોતાની સ્ત્રી સાથે રમણ કરે છે, કેવળ ઋતુકાળેજ પોતાની સ્ત્રીસાથે સમાગમ કરે છે અને ગ્રામ્ય સુખના ઉપભોગનો ત્યાગ કરે છે, તેઓ સ્વર્ગમાં જઈ શકે છે.[૧૩] જેઓ પારકી સ્ત્રીસામે દૃષ્ટિ પણ કરતા નથી, ઇંદ્રિયોને વશ રાખે છે અને ઉત્તમ ચરિત્રનું પાલન કરે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે. આ માર્ગને દેવોએ પોતે નિર્માણ કર્યો છે, માટે સર્વ દોષોથી મુકત કરનારા એ માર્ગનું વિદ્વાન મનુષ્યોએ સદાકાળ સેવન કરવું. જે પુરુષોને ધર્મ, આજીવિકા અથવા સ્વર્ગવાસની ઇચ્છા હોય તેઓએ દાન, ધર્મ તથા તપથી યુકત અને શીલ, શૌચ તથા દયામય એવા પૂર્વોકત માર્ગનું નિરંતર સેવન કરવું; પરંતુ તે સિવાયના બીજા નિંદ્ય માર્ગનું કદી સેવન કરવું નહિ."[૧૪–૧૭]

ઉમાએ પૂછ્યું:—"હે પ્રાણીમાત્રના પતિ નિર્દોષ દેવ! મનુષ્યમાત્ર વાણીથીજ જે કર્મવડે બંધાય છે અથવા મુક્ત થાય છે, તે કર્મો મને કહો."[૧૮]

મહેશ્વરે કહ્યું:—"જેઓ પોતાને માટે, પારકાને માટે અથવા ઠઠ્ઠામશ્કરીમાં પણ અસત્ય ભાષણ કરતા નથી તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૧૯] જેઓ પોતાની આજીવિકાને માટે, ધર્મને માટે અથવા બીજી કોઇ કામનાને માટે, કદી અસત્ય વચન બોલતા નથી,તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૨૦] જેઓ બીજાઓને સ્વાગતવચન કહીને કોમળ, દુઃખ નહિ ઉપજાવનારી, મધુર તથા નિષ્પાપ વાણી બોલે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૨૧] જે સત્પુરુષો ક્રૂર, કડવું કે કઠોર વચન કદી બોલતા નથી અને બીજાઓની ચાડીચુગલી પણ કરતા નથી, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૨૨] જેઓ ચાડીચુગલીવાળી અથવા મિત્રોમાં ફાટફુટ કરનારી વાણી કદી બોલતા નથી પણ સત્ય અને મિત્રતાવાળી વાણી બોલે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૨૩] જે મનુષ્યો કઠોર ભાષણનો તથા પારકા દ્રોહનો સર્વથા ત્યાગ કરે છે, પ્રાણીમાત્રને એકસરખાં જુએ છે અને ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૨૪] જેઓ શઠતાવાળા વાર્તાલાપોનો ત્યાગ કરે છે, કોઇની વિરુદ્ધ ભાષણ બોલતા નથી અને નિત્ય સૌમ્ય વાર્તાલાપજ કરે છે, તેઓ સ્વર્ગમાં જઈ શકે છે.[૨૫] જેઓ ક્રોધને અધીન થઇને સામાના હૃદયને ચીરી નાખનારી વાણી કદી બોલતા નથી અને ક્રોધાયમાન થયા હોય તોપણ શાંતિયુકત વચનજ બોલે છે, તેઓ સ્વર્ગમાં જઈ શકે છે.[૨૬] હે દેવિ! વાણીથી થનારો આ પવિત્ર ધર્મ કે જે સત્યગુણોથી ભરપૂર છે તેનું મનુષ્યોએ સદાય સેવન કરવું અને તે સિવાયના મિથ્યા ધર્મનો ત્યાગ કરવો."[૨૭]

ઉમાએ પૂછ્યું:—"હે પિનાકધારી મહાભાગ્યશાળી દેવ! મનુષ્ય જે કર્મને મનથી પણ કરીને બંધાય છે, તે કર્મ તમે મને કહો."[૨૮]

મહેશ્વરે કહ્યું:—"હે કલ્યાણિ! પુરુષો

નિત્ય માનસિક ધર્મનું આચરણ કરીને પણ સ્વર્ગમાં જઇ શકે છે, એ વાત હું તને કહું છું, સાંભળ.[૨૯] હે સુંદરમુખિ! મનુષ્યનું મન જો દુષ્ટ માર્ગે ગમન કરે છે તો તેદ્વારા થનારૂં કર્મ મહાદુષ્ટ થઇ પડે છે; માટે મન, જે દ્વારા મનુષ્યને બાંધે છે તે વિષે તું સાંભળ.[૩૦] કોઈ નિર્જન અરણ્યમાં મૂકેલું પારકું ધન જોવામાં આવતાં જેઓ પોતાના મનથી પણ તેને લેવાનો વિચાર નહિ કરીને તેના માલિકને દુઃખદેતાનથી, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે. જેઓ કોઇ ગામમાં, ઘરમાં અથવા નિર્જન પ્રદેશમાં પારકા દ્રવ્યને જોઇને તેને લઇ લેવાનો મનમાં વિચાર પણ કરતા નથી, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૨] જેઓ કામાતુર થયેલી એવી એકાંતમાં મળેલી પરસ્ત્રીને મનથી પણ નહિ સેવીને તેના પતિને દુઃખ દેતા નથી, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૩] જેઓનું મન પોતાના શત્રુ ઉપર અથવા મિત્ર ઉપર પણ સમાનભાવ રાખે છે અને જેઓ પ્રાણીમાત્રના સમાગમમાં આવીને પ્રાણીમાત્રની સાથે મિત્રતા રાખે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૪] જેઓ શાસ્ત્રીય જ્ઞાન ધરાવે છે, દયાળુ હોય છે, પવિત્ર હોય છે, પ્રતિજ્ઞાને સત્ય કરનારા હોય છે અને પોતાના ધનથીજ સંતુષ્ટ રહે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૫] જેઓ કોઇની સાથે વૈર કરતા નથી, પોતાના કાર્યમાં કોઇને પરિશ્રમ આપતા નથી, પ્રાણીમાત્રની સાથે મનમાં મિત્રતા રાખીને આનંદ માને છે અને સર્વ પ્રાણીઓ તરફ દયા રાખે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૬] જેઓ શ્રદ્ધાળુ હોય છે, દયાળુ હોય છે, પવિત્ર હોય છે, પવિત્ર મનુષ્યો ઉપર પ્રીતિ રાખે છે અને ધર્મ તથા અધર્મના સ્વરૂપને નિત્ય જાણે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૭] હે દેવિ! જેઓ શુભ તથા અશુભ કર્મોના ફળવિપાકને જાણે છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૮] જેઓ નિત્ય ન્યાયી, ગુણવાન, દેવો તથા બ્રાહ્મણોની પૂજા કરવામાં પરાયણ અને શુભ કર્મો કરવામાં ઉદ્યોગી હોય છે, તેઓ સ્વર્ગમાં જઇ શકે છે.[૩૯] હે દેવિ! શુભ કર્મોના ફળથી જેઓ સ્વર્ગમાર્ગમાં જઇ શકે છે તેઓના સંબંધમાં મેં તને કહ્યું. હવે બીજું શું સાંભળવાની તને ઇચ્છા છે?”[૪૦]

ઉમાએ પૂછ્યું:–“હે મહેશ્વર! મનુષ્યોના સંબંધમાં મને એક મહાન સંશય રહે છે, તેને આજે તમે સારી રીતે દૂર કરો.[૪૧] હે પ્રભો! મનુષ્ય કયું કર્મ કરીને લાંબું આયુષ્ય મેળવી શકે છે? અથવા હે દેવેશ! કયું તપ કરવાથી મનુષ્યને મહાન આયુષ્યનો લાભ થાય?[૪૨] આ પૃથ્વીપર મનુષ્ય કયું કર્મ કરીને અલ્પ આયુષ્યવાળો થાય છે? તેમજ હે નિર્દોષ દેવ! કર્મોનો ફળવિપાક પણ તમે મને કહો.[૪૩] હે દેવ! આ મનુષ્યલોકમાં કેટલાએક પુરુષો મહાભાગ્યશાળી, કેટલાએક મંદભાગી, કેટલાએક અકુલીન, કેટલાએક કુલીન, કેટલાએક જાણે કાષ્ઠનાજ બનેલા હોય તેવા દુઃખદાયી દેખાવના, કેટલાએક માત્રજોતાંવારમાંજ પ્રીતિજનક દેખાવવાળા, કેટલાએક દુષ્ટબુદ્ધિવાળા કેટલાએક બુદ્ધિમાન, કેટલાએક મહા ઉત્તમ બુદ્ધિવાળા કેટલાએક જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત, કેટલાએક અલ્પ દુઃખવાળા અને કેટલાએક અત્યંત દુઃખી જોવામાં આવે છે; માટે તેનું કારણ શું છે? તે મને કહો.”[૪૪-૪૭]

મહેશ્વરે કહ્યું:–“હે દેવિ! કર્મોનો ફળવિપાક હું તને કહું છું કે જેને લીધે મનુષ્ય આ મૃત્યુલોકમાં તે તે ફળને ભોગવી રહ્યો છે. જે ક્રૂર મનુષ્ય હિંસાકર્મમાં આસક્ત રહે છે, દંડને હાથમાં ઉગામેલોજ રાખે છે, નિત્ય શસ્ત્રો ઉગામીને સંખ્યાબંધ પ્રાણીઓનો વધ કરે છે, નિર્દય હોય છે, પ્રાણીમાત્રના મનને ઉદ્વેગકર્તા હોય છે, કીડાઓને તથા કીડીઓને પણ શરણ લેવાને અયોગ્ય હોય છે અને અત્યંત નિર્દય હોય છે, તેવો પુરુષ નરકને પામે છે અને એથી વિરુદ્ધ વર્તન કરનારો ધર્માત્મા પુરુષ રૂપવાન થઇને જન્મે છે.[૪૮-૫૧] હે દેવિ! હિંસા ઉપર પ્રીતિ રાખનારો પુરુષ, પોતાના પાપકર્મને લીધેજ વધપાત્ર બને છે અને પ્રાણીમાત્રને અપ્રિય હોઇને અલ્પ આયુષ્યવાળો જન્મે છે.[૫૨] હિંસા કરવાના સ્વભાવવાળો પુરુષ નરકમાં પડે છે અને ત્યાં મહાભયંકર અને

દુઃખદાયી વેદનાઓને પામે છે, પણ અહિંસક પુરુષ તો સ્વર્ગમાંજ જાય છે.[૫૩] હિંસક પુરુષ નરકનાં દુઃખોને કદાચ તરી જાય છે અને મનુષ્યપણાને સંપાદન કરે છે તોપણ તે અલ્પ આયુષ્યવાળો થઇને જન્મે છે.[૫૪] હે દેવિ ! હિંસા ઉપર પ્રીતિ રાખનારો પુરુષ, પોતાનાં પાપકર્મથી બંધાઇને સર્વ પ્રાણીઓમાં અપ્રિય થઈ પડે છે અને અલ્પ આયુષ્યવાળો થઇને અવતરે છે;[૫૫] પણ જે પુરુષ ઉજ્જવળ જાતિમાં જન્મેલો હોઇને પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરે છે, શસ્ત્રોને તથા દંડને દૂર ફેંકી દઇને કદી હિંસા કરતો નથી, બીજા પાસે હિંસા કરાવતો નથી, હિંસા કરનારને અનુમોદન આપતો નથી, પ્રાણીમાત્ર ઉપર સ્નેહ રાખે છે અને પોતાના શરીરમાં જેવી દૃષ્ટિ રાખે છે તેવીજ બીજાના શરીરમાં દૃષ્ટિ રાખે છે, તે મહાન પુરુષ, હે દેવિ! દેવપણાને પામે છે અને દેવલોકમાં પ્રાપ્ત થયેલા સુખભોગને આનંદપૂર્વક ભોગવે છે.[૫૬–૫૮] વળી તે પુરુષ કદાચ મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે તો દીર્ઘાયુષી થઇનેજ ઉત્પન્ન થાય છે અને સુખી થાય છે.[૫૯] આ માર્ગ દીર્ઘાયુષીઓનો છે, ઉત્તમ વર્તનવાળાઓનો છે તથા શુભ કર્મ કરનારાઓનો છે;અને તેની પ્રાપ્તિ પ્રાણીની હિંસાનો ત્યાગ કરવાથીજ થાય છે, એમ બ્રહ્માએ પોતે કહેલું છે."[૬૦]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" ઉમામહેશ્વરસંવાદ " એ વિષયનો
અધ્યાય ૧૪૪ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૪૫ મો

ઉમા અને મહેશ્વરનો સંવાદ (ચાલુ)

॥ उमोवाच ॥

किं शीलः किं समाचारः पुरुषः कैश्च कर्मभिः।
स्वर्गं समभिपद्येत संप्रदानेन केन वा ॥१॥

ઉમાએ પૂછ્યું:–" પુરુષ કયા શીલથી, કયા આચારથી, કયાં કર્મોથી અને કયાં દાનથી સ્વર્ગને પામી શકે છે ? "[૧]

મહેશ્વરે કહ્યું:–" જે મનુષ્ય દાન આપે છે, બ્રાહ્મણોનો સત્કાર કરે છે,ગરીબોને, દુઃખીઆરાંને તથા રંક મનુષ્યોને ભક્ષ્ય–ભોજ્ય અન્નપાન તથા વસ્ત્રોનું દાન કરે છે, ધર્મશાળાઓ, સાર્વજનિક સભાઓ, કૂવાઓ, પરબો તથા તળાવો બંધાવે છે, નિત્ય આપવાનાં દાનો આપે છે, " તારે શી વસ્તુની ઈચ્છા છે ? " એમ પૂછીને યાચકને ઇચ્છિત વસ્તુનું દાન કરે છે અને આસન, શયન, વાહન, ઘર, રત્નો, ધન, સર્વ પ્રકારનાં ધાન્ય, ગાયો, ખેતરો તથા સ્ત્રીઓ વગેરે અનેક પદાર્થોનું નિત્ય પ્રસન્નચિત્તે દાન કરે છે તે મનુષ્ય, હે દેવિ ! દેવલોકમાં દેવ થઇને જન્મે છે;અને ત્યાં ઘણા લાંબા સમયસુધી અતિ ઉત્તમ ભોગો ભોગવીને નંદનાદિ વનોમાં અપ્સરાઓની સાથે અત્યંત આનંદપૂર્વક રમણ કરે છે.[૬] તે પછી હે દેવિ ! પુણ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે સ્વર્ગમાંથી નીચે પડીને મનુષ્યોમાં મહાભોગવૈભવવાળા કુળમાં ઉત્પન્ન થઇ ધન તથા ધાન્યથી યુકત થાય છે. વળી તે એ સમયે સર્વ ઇચ્છવા યોગ્ય ગુણોથી યુક્ત થાય છે, નિત્ય પ્રસન્ન રહે છે, મોટા ભોગવૈભવવાળો થાય છે,મોટા ખજાનાવાળો થાય છે અને ધનવાન થાય છે. આ રીતે હે દેવિ ! નિત્ય દાન આપનારા મનુષ્યો મહાભાગ્યવાન થાયછે અને સર્વનેપ્રીતિજનક દેખાવવાળા થાય છે, એમ બ્રહ્મદેવે પોતે પૂર્વે કહ્યું છે;પરંતુ હે દેવિ! બીજા કૃપણ મનુષ્યો કે જેઓ બુદ્ધિવિનાના હોય છે અને પોતાની જીભના રસને તૃપ્ત કરવામાંજ લોભી હોય છે તેઓ,બ્રાહ્મણાદિથી યાચના કરાયેલા હોવા છતાં અને પોતાની પાસે ધનાદિ હોય છે તોપણ કોઇને કંઇ આપતા નથી;એટલુંજ નહિ પરંતુ પોતાને ત્યાં યાચના કરવા આવેલા ગરીબોને, આંધળાંઓને, રંક મનુષ્યોને, ભિક્ષુકોને તથા અતિથિઓને દેખતાંની સાથેજ પાછા કાઢે છે; પણ તેઓને ધન, વસ્ત્ર, ભોગો, સુવર્ણ, ગાયો તથા ભોજન–વગેરે કંઇ પણ આપતા નથી તેઓ નરકમાં પડે છે; કેમકે હે દેવિ ! તેવા મનુષ્યો પ્રવૃત્તિધર્મથી ભ્રષ્ટ હોઇને લોભી હોય છે, નાસ્તિક હોય છે અને દાનધર્મથી રહિત હોય છે. વળી તેવા બુદ્ધિહીન મનુષ્યો કાળના વિપર્યા-

ક્ષને લીધે નરકમાંથી નીકળીને જ્યારે મનુષ્ય થાય છે, ત્યારે પણ ધનરહિત કોઇ દરિદ્ર મનુષ્યનાં કુળમાં જન્મે છે, અત્યંત અલ્પબુદ્ધિવાળા થાય છે, ક્ષુધા તથા તૃષાથી ઘેરાયેલા રહે છે, સર્વ જનસમાજથી બહિષ્કૃત થાય છે, સર્વ ભોગવૈભવોને માટે નિરાશ રહે છે અને અધર્મભરેલી આજીવિકા ચલાવીને જીવન ગાળે છે. આ રીતે હે દેવિ ! તેવાં અશુભ કર્મોને લીધે મનુષ્યો અલ્પ ભોગવાળા કુળમાં ઉત્પન્ન થાય છે, અલ્પભોગો ભોગવીનેજ આનંદ માને છે અને દરિદ્ર થાય છે.[૧૬] વળી તે સિવાયના કેટલાએક અક્કડ પુરુષો કે જેઓ અભિમાની હોય છે, પાપકર્મમાં આસક્ત રહે છે અને મૂર્ખ હોય છે તેથી આસન આપવાયોગ્ય પુરુષને આસન આપતા નથી, માર્ગ આપવાયોગ્ય પુરુષને માર્ગ આપતા નથી, પાદ્ય આપવાયોગ્ય પુરુષને પાદ્ય આપતા નથી, અર્ઘ આપવાયોગ્ય પુરુષને અર્ઘ આપીને સત્કાર તથા વિધિપૂર્વક પૂજતા નથી અથવા અર્ઘ્ય કે આચમન પણ આપતા નથી, ગુરુને પોતાને ઘેર આવેલા જોઇને પણ પ્રેમપૂર્વક તેમના તરફ માન્ય બુદ્ધિ કરતા નથી અને અભિમાનને લીધે લોભને અધીન થઇને માન્ય એવા વૃદ્ધ પુરુષોનું અપમાન કરે છે તથા તેઓનો તિરસ્કાર કરે છે, તેઓ સર્વે પુરુષો હે દેવિ! નરકમાંજ પડે છે.[૧૭–૨૧] વળી તેવા પાપી પુરુષો, સંખ્યાબંધ વર્ષો વીતી ગયા પછી જ્યારે નરકમાંથી નીકળે છે, ત્યારે પણ કોઇ નિંદ્ય કુળમાં જન્મ પામે છે.[૨૨] વળી જે અભિમાની પુરુષો, પોતાના ગુરુનું તથા વૃદ્ધ પુરુષોનું અપમાન કરીને તેઓને તુચ્છકારી કાઢે છે, તેઓ પણ ચાંડાલ, પુલ્કસ આદિ નીચ જાતિના અને મૂર્ખ મનુષ્યોના કુળમાં જન્મે છે;[૨૩] પણ જે પુરુષ અક્કડ હોતો નથી, અભિમાની હોતો નથી, દેવતાઓ તથા બ્રાહ્મણોનું પૂજન કરે છે, લોકમાં પૂજ્ય હોય છે, સર્વને નમસ્કાર કરે છે, વિનયશીલ હોય છે, મધુર વચન બોલે છે, સર્વ વર્ણોનું પ્રિય કરે છે, પ્રાણીમાત્રનું નિત્ય હિત કરે છે, દ્વેષરહિત હોય છે, સુંદર મુખવાળો હોય છે, સૌમ્ય સ્વભાવનો હોય છે, સદાય સ્નેહાળ વાણી બોલે છે, સર્વ પ્રાણીઓનું સ્વાગત કરે છે, કોઈપણ પ્રાણીની હિંસા કરતો નથી, યથાયોગ્ય સત્કાર કરીને પૂજ્ય પુરુષોની પૂજા કરે છે, માર્ગ આપવાયોગ્ય પુરુષોને માર્ગ આપે છે, પોતાના ગુરુની પિતાની પેઠે પૂજા કરે છે, અતિથિઓનો સત્કાર કરવામાં તત્પર રહે છે અને અભ્યાગતોની પૂજા કરે છે તે પુરુષ, હે દેવિ! સ્વર્ગરૂપ ગતિને પામે છે; અને પછી જ્યારે મનુષ્ય થાય છે ત્યારે પણ ઉત્તમ કુળમાં જન્મે છે, વિશાળ ભોગોથી યુક્ત થાય છે, સર્વ પ્રકારનાં રત્નોને સંપાદન કરે છે, સુપાત્રોને દાન આપે છે, ધર્માચરણ કરવામાં તત્પર રહે છે, સર્વ પ્રાણીઓમાં માન્ય થાય છે, સર્વ લોકોમાં નમસ્કાર કરવાયોગ્ય થઈ પડે છે અને પોતાનાં પૂર્વજન્મકૃત કર્મોનાં ફળને તે પુરુષ પોતેજ સદાય અનુભવે છે.[૨૪–૩૦] વળી તે પુરુષ અત્યંત શ્રેષ્ઠ કુળમાં જન્મીને અત્યંત ઉત્તમ કુટુંબપરિવારવાળો થાય છે. આ ધર્મ કે જે મેં તને કહી સંભળાવ્યો છે તેને બ્રહ્મદેવે પોતેજ કહેલો છે.[૩૧] હે કલ્યાણિ! જે પુરુષ મહાભયંકર આચરણવાળો હોય છે, પ્રાણીમાત્રને ભય ઉપજાવનાર થઈ પડે છે, પોતાના હાથથી, પગથી, દોરીથી, લાકડીથી, માટીનાં ઢેફાંથી, થાંભલાથી અથવા હથિયારોથી અનેક પ્રાણીઓને દુઃખ દે છે, હિંસાને માટે કપટ કરવામાં કુશળ હોય છે, સર્વ પ્રાણીઓને ઉદ્વેગ પમાડે છે અને પ્રાણીમાત્રને દબાયેલાં રાખે છે તેવા આચારવાળો પુરુષ નરકને પામે છે.[૩૪] હે દેવિ! તે પછી કાળના વિપર્યાસને લીધે જ્યારે મનુષ્યપણાને પામે છે ત્યારે પણ અનેક દુઃખોથી કલેશ પામી રહેલા અધમ કુળમાં તે ઉત્પન્ન થાય છે અને તે સમયે પોતાના પૂર્વજન્મકૃત કર્મફળને લીધે સર્વ લોકોમાં તે દ્વેષપાત્ર થાય છે અને સર્વ પુરુષોમાં, જ્ઞાતિઓમાં તથા બંધુઓમાં પણ અધમ ગણાય છે. જે પુરુષ દયાળુ હોય છે, પ્રાણીમાત્ર તરફ મિત્રદૃષ્ટિ રાખે છે, પિતાની પેઠે પ્રાણીઓનું રક્ષણ કરે છે, કોઈના તરફ વૈરભાવ રાખતો નથી, ઇંદ્રિયોને વશ રાખે છે, કોઇપણ પ્રાણીને ઉદ્વેગ પમાડતો નથી, કોઈપણ પ્રાણીની હિંસા કરતો

નથી, હાથને તથા પગને અત્યંત નિયમમાં રાખે છે તેથી સર્વ પ્રાણીઓમાં વિશ્વાસપાત્ર થઈ પડે છે. દોરડીથી, લાકડીથી, માટીના ઢેફાથી કે હથિયારથી કોઇ પણ પ્રાણીને દુઃખી કરતો નથી, સૌમ્ય કર્મોનું આચરણ કરે છે અને નિત્ય દયાપરાયણ રહે છે તે પુરુષ, (મરણ પછી) સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે; અને ત્યાં દેવની પેઠે દિવ્ય ભવનમાં આનંદથી નિવાસ કરે છે.[૩૫-૪૦] તે પછી પોતાના પુણ્યકર્મનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે એ પુરુષ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે અને તે સમયે પણ નિરાબાધ અને નિરોગી થઈને પ્રતિદિન સુખી થાય છે,[૪૧] સુખભાગી થાય છે, પરિશ્રમથી મુક્ત રહે છે અને સદાય ઉદ્વેગ રહિત રહે છે. હે દેવિ! આ માર્ગ સત્પુરુષોનો છે, કે જેમાં કોઇ પ્રકારનું દુઃખ નથી."

ઉમાએ પૂછ્યું:-" આ મનુષ્યલોકમાં કેટલાએક મનુષ્યો ઉહાપોહ (પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષ) કરવામાં કુશળ હોય છે, કેટલાએક મનુષ્યો જ્ઞાન તથા વિજ્ઞાનથી સંપન્ન હોય છે, કેટલાએક મનુષ્યો બુદ્ધિમાન હોઇને અર્થશાસ્ત્રમાં કુશળ હોય છે અને કેટલાએક મનુષ્યો દુષ્ટ બુદ્ધિવાળા હોઇને જ્ઞાન તથા વિજ્ઞાનથી રહિત હોય છે. આ ઉપરથી હું તમને પૂછું છું કે, કયું કર્મ કરીને પુરુષ બુદ્ધિમાન થઇ શકે છે?[૪૨-૪૪] અને કયું કર્મ કરીને પુરુષ અલ્પ બુદ્ધિવાળો થાય છે? આ મારો સંશય છે; માટે હે વિરૂપાક્ષ દેવ! હે સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ભગવન્! તે મારા સંશયને તમે દૂર કરો. વળી હે દેવ! આ જગતમાં કેટલાએક જન્માંધ હોય છે, કેટલાએક રોગથી પીડાયા કરે છે અને કેટલાએક નપુંસક જોવામાં આવે છે, તેનું કારણ શું હોય છે? તે મને કહો."[૪૫,૪૬]

મહેશ્વરે કહ્યું:-" જે કુશળ પુરુષો વેદ તથા ધર્મને જાણનારા સિદ્ધ બ્રાહ્મણોને પ્રતિદિન કુશળપ્રશ્ન પૂછે છે, અશુભ કર્મનો ત્યાગ કરે છે અને શુભ કર્મનું સેવન કરે છે, તેઓ આ લોકમાં સુખ પામે છે અને (મરણ પછી) સ્વર્ગને પામે છે.[૪૭,૪૮] વળી તેવો કુશળ પુરુષ પાછો જ્યારે મનુષ્ય થાય છે ત્યારે બુદ્ધિમાન થાય છે અને તેનું શાસ્ત્રીય જ્ઞાન બુદ્ધિને અનુસરનારૂં હોય છે, તેથી તેનું કલ્યાણ થાય છે. જેઓ પારકી સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરે છે તેઓ પોતાના દુષ્ટ સ્વભાવને લીધે (બીજા જન્મમાં) જન્મથીજ આંધળા થાય છે. જે પાપી પુરુષો અત્યંત દુષ્ટ મનથી કોઇ નગ્ન સ્ત્રીને જુએ છે, તેઓ આ મનુષ્યલોકમાં રોગથી પીડાયા કરે છે.[૫૧] જે મૂઢ અને દુરાચારી પુરુષો કોઇ વિજાતીયની સાથે મૈથુન કરે છે અથવા પુરુષો સાથે મૈથુન કરે છે તે અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા પુરુષો નપુંસકપણાને પામે છે;[૫૨] તેમજ જે પુરુષો પશુઓની હિંસા કરે છે, ગુરુપત્નીની સાથે વ્યભિચાર કરે છે અને જેઓ પોતાની ઇચ્છાનુસાર હરકોઇ જાતિની સ્ત્રી સાથે મૈથુન કરે છે તેઓ પણ નપુંસક થાય છે."[૫૩]

ઉમાએ પૂછ્યું:-" હે શ્રેષ્ઠ દેવ! કયું કર્મ દોષવાળું ગણાય છે? અને કયું કર્મ નિર્દોષ ગણાય છે? તેમજ મનુષ્ય કયું કર્મ કરે છે, તો શ્રેય સંપાદન કરી શકે છે?"[૫૪]

મહેશ્વરે કહ્યું:-" જે પુરુષને શ્રેયસ્કર માર્ગ જાણવાની ઇચ્છા હોય છે, જે પુરુષ બ્રાહ્મણોને સદાય ધાર્મિક વિષયો પૂછ્યા કરે છે, જે પુરુષ નિત્ય ધર્મનીજ શોધ કર્યા કરે છે અને જે પુરુષને ગુણો સંપાદન કરવાની આકાંક્ષા હોય છે તે પુરુષ સ્વર્ગને પામી શકે છે. હે દેવિ! તેવો પુરુષ સ્વર્ગને પામ્યા પછી પાછો કદાચ મનુષ્ય થાય છે, તોપણ બુદ્ધિમાન થાય છે અને જ્ઞાનસંપન્ન થાય છે.[૫૬] હે દેવિ! આ ધર્મ સત્પુરુષોનો છે, માનવા યોગ્ય છે અને અભ્યુદયકારક છે. મનુષ્યોનું હિત કરવામાટેજ આ ધર્મ મેં તને કહી સંભળાવ્યો છે.

ઉમાએ પૂછ્યું:-" આ મનુષ્યલોકમાં કેટલાએક અલ્પજ્ઞાની મનુષ્યો ધર્મનો દ્વેષ કરે છે અને વેદને જાણનારા બ્રાહ્મણો પાસે જવાની પણ ઇચ્છા કરતા નથી.[૫૮] વળી કેટલાએક મનુષ્યો વ્રતનિષ્ઠ હોય છે, કેટલાએક શ્રદ્ધા અને ધર્મપરાયણ હોય છે, કેટલાએક વ્રત અને નિયમોથી ભ્રષ્ટ હોય છે, કેટલાએક રાક્ષસોના જેવા હોય છે, કેટલાએક યજ્ઞયાગ કર્યા કરે છે

અને કેટલાએક હવનહોમ પણ કરતા નથી. આ બધા મનુષ્યો કયા કર્મવિપાકથી તે તે સ્વભાવના થાય છે? તે મને કહો.”[૫૯,૬૦]

મહેશ્વરે કહ્યું:–“ સર્વ આગમો તથા શાસ્ત્રો લોકધર્મની મર્યાદારૂપજ હોય છે અને તેઓની રચના પણ લોકધર્મની મર્યાદામાટેજ કરવામાં આવી છે; માટે જે પુરુષો તે તે શાસ્ત્રોને પ્રમાણભૂત માનીને તેમાં કહ્યા પ્રમાણેજ વર્તે છે, તેઓ પોતાના ધર્મવ્રતમાં દૃઢ જોવામાં આવે છે;[૬૧] પરંતુ જેઓ મોહને આધીન થઈને અધર્મનેજ ધર્મ કહે છે, તેઓ પોતાના ધર્મવ્રતથી ભ્રષ્ટ થાય છે, સર્વ મર્યાદાઓનો નાશ કરે છે અને તેથીજ તેઓને બ્રહ્મરાક્ષસ કહેવામાં આવે છે.[૬૨] તેવા અધમ પુરુષો કાળકૃત ઉદ્યોગને લીધે પાછા કદાચ મનુષ્ય થાય છે, ત્યારે હવનહોમને તિલાંજલિ આપે છે અને વષટ્કારનું ઉચ્ચારણ પણ કરતા નથી.[૬૩] હે દેવિ! તારા સંશયો દૂર કરવામાટે મનુષ્યોના કુશળને તથા અકુશળને સ્પષ્ટ કરી દેખાડનારો આ ધર્મસાગર મેં તને કહી સંભળાવ્યો છે.”[૬૪]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ઉમામહેશ્વરસંવાદ” એ વિષયનો
અધ્યાય ૧૪૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૬ મો

ઉમામહેશ્વરસંવાદ-સ્ત્રીધર્મકથન

॥ नारद उवाच ॥

एवमुक्त्वा महादेवः श्रोतुकामः स्वयं प्रभुः ।
अनुकूलां प्रियां भार्यां पार्श्वस्थां समभाषत॥

નારદે કહ્યું:–“ એ પ્રમાણે કહીને ભગવાન મહાદેવે પોતાની સમીપમાં બેઠેલી, પોતાને નિત્ય અનુકૂળ રહેનારી અને પોતાની પ્રિય પત્ની પાર્વતીને, સ્ત્રીધર્મ સાંભળવાની ઇચ્છાથી આ પ્રમાણે કહ્યું.”[૧]

મહેશ્વરે કહ્યું:–“ હે સુંદર ભ્રમરવાળી! હે સુંદર કેશવાળી! હે સુંદર નિતંબવાળી હિમાલયની પુત્રી પાર્વતિ! તું ભૂતભવિષ્યને જાણે છે, ધર્મને જાણે છે, તપોવનમાં નિવાસ કરે છે, સાધ્વી છે, ચતુર છે, શમ તથા દમથી યુક્ત છે, મમતારહિત છે અને ધર્મનું આચરણ કરનારી છે; માટે હું તને એક પ્રશ્ન પૂછું છું તેનો તું મને ઇચ્છિત ઉત્તર આપ.[૨,૩] બ્રહ્માની સ્ત્રી સાધ્વી સાવિત્રી, ઇંદ્રની સ્ત્રી સતી ઇંદ્રાણી, માર્કંડેયની સ્ત્રી ધૂમોર્ણા, કુબેરની સ્ત્રી ઋદ્ધિ, વરુણની સ્ત્રી ગૌરી, સૂર્યની સ્ત્રી સુવર્ચલા, ચંદ્રની સ્ત્રી સાધ્વી રોહિણી, અગ્નિની સ્ત્રી સ્વાહા અને કશ્યપની સ્ત્રી અદિતિ–આ સર્વ સ્ત્રીઓ પોતાના પતિનેજ દેવ માનનારી છે અને હે દેવિ! તે સર્વ સ્ત્રીઓને તેં તારા ધર્મપ્રશ્નો પૂછ્યા છે અને તેઓનું તેં નિત્ય સેવન પણ કર્યું છે;[૪-૬] માટે હે ધર્મજ્ઞે! હે ધર્મવાદિનિ દેવિ! હું તને સ્ત્રીધર્મવિષે પૂછું છું અને તેં કહેલા સ્ત્રીધર્મને આરંભથી સાંભળવા ઇચ્છું છું.[૭] તું મારી માફક ધર્માચરણ કરનારી છે, મારા સમાન શીલવાળી છે, મારા સમાન વ્રતવાળી છે, મારા સમાન બળ તથા પરાક્રમવાળી છે અને તેં મહાતીવ્ર તપ કર્યું છે,[૮] જેથી તેં કહેલો સ્ત્રીધર્મ વિશેષ ગુણવાન થશે અને લોકમાં પણ હે દેવિ! તે ધર્મ પ્રમાણભૂત થઇ પડશે.[૯] હે સુંદર નિતંબવાળી સ્ત્રિ! સ્ત્રીઓને વિશેષે કરી સ્ત્રીઓનોજ મુખ્ય આધાર હોય છે–અર્થાત્ સ્ત્રીઓને વિશેષે કરી સ્ત્રીઓનુંજ વચન વધારે પ્રમાણભૂત થઈ પડે છે અને આ પરંપરા પૃથ્વીપરના સર્વ મનુષ્યોમાં અનાદિકાળથી ચાલી આવે છે.[૧૦] વળી તું મારા શરીરના અર્ધરૂપ છે અને તારા શરીરના અર્ધભાગથીજ મારા શરીરનો અર્ધભાગ રચાયો છે, ઉપરાંત તું દેવોના કાર્યને કરનારી છે, લોકોની પ્રજાની વૃદ્ધિ કરનારી છે અને હે કલ્યાણિ! સનાતન સ્ત્રીધર્મ, સંપૂર્ણ રીતે તારા જાણવામાં પણ છે; માટે પોતાના ધર્મને તું સંપૂર્ણ રીતે મને કહે.

ઉમાએ કહ્યું:–“ હે ભગવન્! તમે પ્રાણીમાત્રના ઇશ્વર છો; અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળમાં ઉત્તમ છો, જેથી હે દેવ! તમારા પ્રભાવને લીધેજ મારી આ વાણી શોભી રહી છે.[૧૩] હે દેવેશ! સર્વ તીર્થજળથી યુક્ત આ નદીઓ, તમારો ચરણસ્પર્શ કરવામાટે તમારી

સમીપમાં આવી છે;[૧૪] માટે તેઓની સાથે વિચાર કરીને અનુક્રમે હું તમને સ્ત્રીધર્મ કહીશ. જે મનુષ્ય પ્રભાવશાળી હોય છે; છતાં નિરભિમાની હોય છે તેજ પુરુષ કહેવાય છે;[૧૫] અને હે ભૂતેશ! સ્ત્રીઓ તો નિરંતર સ્ત્રીઓનીજ પાછળ દોડી જાય છે-અર્થાત્ સ્ત્રીઓ સ્ત્રીઓનેજ અનુસરે છે; માટે હું પણ આ શ્રેષ્ઠ નદીઓનું સન્માન કરીશ. (તેઓની સાથે આ વિષયનો વિચાર કરીશ.)[૧૬] આ સરસ્વતી નદી કે જે સર્વ નદીઓમાં પવિત્ર ગણાય છે, સર્વ નદીઓમાં મુખ્ય ગણાય છે અને સમુદ્રમાં મળનારી છે; (તે અહીં આવેલી છે.)[૧૭] તેમજ વિપાશા, વિતસ્તા, ચંદ્રભાગા, ઇરાવતી, શતદ્રુ, દેવિકા, સિંધુ, કૌશિકી, ગૌતમી તથા દેવનદી ગંગા કે જે સર્વ તીર્થોથી ભરપૂર છે, સ્વર્ગમાંથી પૃથ્વીપર આવેલી છે અને સર્વ નદીઓમાં શ્રેષ્ઠ છે (તે પણ અહીં હાજર છે).”[૧૯]

એ પ્રમાણે કહીને દેવોના દેવની પત્ની ઉમા કે જે ધાર્મિકોમાં શ્રેષ્ઠ હતી, તેણે સર્વ નદીઓને પોતાની સમીપમાં બોલાવી અને પછી ધર્મ ઉપર પ્રેમ રાખનારી મહાદેવનાં પટ્ટરાજ્ઞી તે ઉમાએ, સ્ત્રીધર્મમાં કુશળ અને સર્વ નદીઓમાં શ્રેષ્ઠ તે ગંગા વગેરે નદીઓને હાસ્યપૂર્વક પૂછ્યું.[૨૦,૨૧]

ઉમાએ પૂછ્યું:-“ ભગવાન શંકરે સ્ત્રીધર્મના સંબંધમાં મને પ્રશ્ન પૂછ્યો છે; પરંતુ હું તમારી સર્વની સાથે તે વિષયનો વિચાર કર્યા પછી શંકરની આગળ સ્ત્રીધર્મ કહેવાને ઇચ્છું છું.[૨૨] હે નદીઓ! આ પૃથ્વી ઉપર અથવા સ્વર્ગમાં કોઈ એકજ મનુષ્ય, વિજ્ઞાનના વિષયને સાધી શકે એમ હું જોઇ શકતી નથી; માટે હું તમને સર્વને આ સ્ત્રીધર્મના વિષયમાં પોતપોતાનો અનુભવ જણાવવા પ્રાર્થના કરૂંછું.”

સર્વશ્રેષ્ઠ નદીઓને ઉમાએ એ પ્રમાણે પૂછ્યું, એટલે સર્વ નદીઓની પ્રેરણાથી દેવનદી ગંગા કે જે અનેક પ્રકારની બુદ્ધિથી યુક્ત છે, સ્ત્રીઓના ધર્મને જાણે છે, પવિત્ર છે, પાપ તથા ભયનો નાશ કરનારી છે, જ્ઞાન તથા વિનયથી યુક્ત છે, સર્વ ધર્મોમાં કુશળ છે અને મહાન પ્રતિભાશક્તિથી યુક્ત છે તેણે પવિત્ર હાસ્ય કરીને શૈલરાજપુત્રીને આવું વચન કહ્યું.[૨૩-૨૬]

ગંગાએ કહ્યું:-“ હે ધર્મપરાયણા દેવિ! ખરેખર હું ધન્યવાદને પાત્ર છું; કેમકે હે નિર્દોષ દેવિ! તમે સર્વ જગતમાં માન્ય ગણાઓ છો, છતાં મારા જેવી એક નદીને આવું માન આપો છો. વળી આ ઉપરથી તમે મારાપર અનુગ્રહ પણ કર્યો છે.[૨૭] જે મનુષ્ય સર્વ જાણવાને માટે સમર્થ હોય છે; છતાં કંઇ જાણવાની ઈચ્છાથી બીજા મનુષ્યને પૂછે છે અને માન આપે છે, તે નિર્દોષ મનવાળો મનુષ્ય જગતમાં પંડિતની સંજ્ઞાને પામે છે.[૨૮] જે મનુષ્ય જ્ઞાનવિજ્ઞાનથી યુક્ત અને ઉહાપોહ કરવામાં કુશળ એવા બીજા શ્રેષ્ઠ વક્તાઓને પોતાનો ધર્મસંશય પૂછે છે, તેનાપર કદી આપત્તિ આવતી નથી; પરંતુ અત્યંત બુદ્ધિમાન એવો પણ કોઇ અહંકારી પુરુષ બીજાઓને પૂછ્યાવિના સભામાં કંઇ વાક્ય બોલે છે, તે વિરુદ્ધ હોય છે અને દુર્બળ હોય છે.[૩૦] હે દેવિ! તમે દિવ્ય જ્ઞાનવાળાં છો, સ્વર્ગમાં શ્રેષ્ઠ ગણાઓ છો અને પુણ્યોની સાથે તમે ઉત્પન્ન થયાં છો, માટે તમેજ સ્ત્રીધર્મ કહેવાને યોગ્ય છો.”[૩૧]

એ રીતે અનેક ગુણોનું વર્ણન કરીને ગંગાએ દેવી ઉમાનું આરાધન કર્યું, એટલે તે સુરસુંદરી ઉમાએ, સંપૂર્ણ સ્ત્રીધર્મ કહેવા માંડયો.

ઉમાએ કહ્યું:-“ સ્ત્રીઓનો ધર્મ જે રીતે મારા જાણવામાં છે, તે રીતે વિધિપૂર્વક હું તને કહું છું, તું સાવધાન થઇને સાંભળ.[૩૩] સ્ત્રીઓનો ધર્મ પ્રથમ વિવાહસમયેજ સ્ત્રીઓના બંધુઓદ્વારા નિર્માણ થાય છે અને સ્ત્રી પણ વિવાહના અગ્નિની સમીપમાં આવીનેજ પોતાના પતિની સહધર્મચારિણી થઇ ચૂકે છે; પરંતુ જે સ્ત્રી ઉત્તમ સ્વભાવની હોય છે, સુંદર વચન બોલનારી હોય છે, ઉત્તમ ચારિત્ર્યવાળી હોય છે, સુખકારક દેખાવની હોય છે, એક પતિને વિષેજ ચિત્ત રાખનારી હોય છે અને સુંદર મુખવાળી હોય છે, તે પોતાના પતિની સહધર્મચારિણી થઈ શકે છે. જે સાધ્વી સ્ત્રી પોતાના પતિને નિરંતર દેવસમાન જુએ છે તે

ધર્મપરાયણ થઇ શકે છે અને તેજ સ્ત્રી ધર્મભાગિની ગણાય છે.[૩૯] જે ઉત્તમ સ્ત્રી એક દેવની પેઠે પોતાના પતિની સેવા કરે છે, પતિવિના બીજે કોઇ સ્થળે ભાવ કે મન રાખતી નથી, ઉત્તમ વર્તનવાળી હોય છે, સુંદર દેખાવની હોય છે, પુત્રના મુખની પેઠે નિરંતર પોતાના સ્વામીના મુખને જોયા કરે છે અને નિયમિત આહાર કરે છે,તે સ્ત્રી ધર્મચારિણી થઈ શકે છે.[૩૭,૩૮] જે સ્ત્રી અન્યોન્ય સાથે રહીને ધર્માચરણ કરવારૂપ પવિત્ર દંપતીધર્મનું શ્રવણ કરીને તે ધર્મમાં પરાયણ રહે છે, પોતાના પતિની પેઠે વ્રતનું પાલન કરે છે અને પોતાના પતિને દેવની પેઠે નિરંતર જુએ છે,તે સ્ત્રી સાધ્વી ગણાય છે. સ્ત્રીપુરુષના લગ્નસંબંધથી જોડાયલાં દંપતીનો એ પવિત્ર ધર્મ છે કે, તેઓએ નિત્ય સાથે રહીનેજ ધર્માચરણ કરવું જોઇએ. જે સ્ત્રી પતિને દેવતુલ્ય માનીને નિત્ય તેની સેવા કરે છે, પતિના અભિપ્રાયને વશ રહેનારી હોય છે, પ્રસન્ન મનવાળી હોય છે, ઉત્તમ વ્રતનું પાલન કરે છે, સુખકારક દેખાવની હોય છે, પોતાના પતિવિના બીજા કોઇનાપર ચિત્ત રાખતી નથી અને પ્રસન્ન મુખવાળી રહે છે, તે સ્ત્રી પોતાના પતિની સહધર્મચારિણી ગણાય છે.[૪૧] કોઇ સમયે પતિએ કઠોર વચનો કહ્યાં હોય અથવા દુષ્ટ દષ્ટિથી જોઇ હોય, તોપણ જે સ્ત્રી અત્યંત પ્રસન્ન મુખ રાખે છે,તે સ્ત્રી પતિવ્રતા કહેવાય છે.[૪૨] જે સુંદર સ્ત્રી પોતાના પતિવિના ચંદ્ર, સૂર્ય કે કોઈ નરજાતિના વૃક્ષને પણ જોતી નથી તે સ્ત્રી ધર્મચારિણી થઇ શકે છે.[૪૩] પોતાનો પતિ દરિદ્ર હોય, રોગી હોય, ગરીબ હોય અથવા માર્ગમાં મુસાફરી કરીને કૃશ થઈ ગયો હોય, તોપણ જે સ્ત્રી પોતાના પુત્રની પેઠે તેની સેવા કરે છે, તે સ્ત્રી ધર્મભાગિની ગણાય છે.[૪૪] જે સ્ત્રી પતિની સેવા કરવામાં પ્રયત્ન કરતી હોય, ચતુર હોય, પુત્રવાળી હોય, પતિ ઉપર પ્રીતિ રાખતી હોય અને પતિનેજ પોતાના પ્રાણ માનતી હોય, તે સ્ત્રી ધર્મભાગિની થઇ શકે છે.[૪૫] જે નારી નિત્ય ઉત્સાહિત મનથી પોતાના પતિની સેવા કરતી હોય છે, તેથી અત્યંત પ્રસન્ન રહે છે અને વિનયશીલ હોય છે તે સ્ત્રી ધર્મભાગિની થઇ શકે છે.[૪૬] જે સ્ત્રીને પોતાના પતિ ઉપર જેવી સ્પૃહા હોય છે તેવી કોઇ કામભોગમાં, ઐશ્વર્યમાં તથા સુખમાં સ્પૃહા હોતી નથી, તે સ્ત્રી ધર્મભાગિની થઇ શકે છે. [૪૭] જે સ્ત્રી પ્રભાતમાં વહેલી ઉઠવામાં પ્રીતિવાળી હોય છે, નિત્ય ગૃહકાર્યોમાં આસક્ત રહે છે, ઘરને વાળીઝાડીને સાફ રાખે છે, ઘરમાં ગાયના છાણનું લિંપણ કરીને સ્વચ્છતા રાખે છે, અગ્નિહોત્રના કાર્યમાં તત્પર રહે છે, દેવતાઓ, અતિથિઓ તથા સેવકોને નિત્ય પુષ્પો તથા બલિદાનો અર્પણ કર્યા પછી અવશેષ રહેલા અન્નનું પોતાના પતિ સાથે ભોજન કરે છે અને પોતાનાં કુટુંબી મનુષ્યોને સંતુષ્ટ તથા પુષ્ટ રાખે છે, તે સ્ત્રી ધર્મને સંપાદન કરી શકેછે.[૫૦] જે નારી સાસુસસરાની ચરણસેવામાં તત્પર રહે છે, ગુણવાન હોય છે અને માતાપિતાની ભકત હોય છે તે નારી નિત્ય તપોધના કહેવાય છે.[૫૧] જે નારી બ્રાહ્મણોને, દુર્બળ મનુષ્યોને, ગરીબોને, અનાથોને,આંધળાઓને તથા રંક મનુષ્યોને અન્ન અર્પણ કરીને પોષે છે તે નારી પતિવ્રતને સેવનારી થઇ શકે છે.[૫૨] જે નારી સત્વર મર્યાદાને જાણી જનારી પોતાની બુદ્ધિશકિતથી મહાદુશ્ચર વ્રતનું નિત્ય પાલન કરે છે, પતિમાંજ ચિત્ત રાખે છે અને પતિનું હિત કરવામાં પરાયણ રહે છે, તે નારી પતિવ્રતનું સેવન કરનારી થઈ શકે છે.[૫૩] જે નારી પોતાના પતિમાંજ પરાયણ રહે છે અને પોતાના પતિનુંજ વ્રત પાળે છે,તે નારી સાક્ષાત્ પુણ્યરૂપ છે,તપરૂપ છે અને સનાતન સ્વર્ગરૂપ છે.[૫૪] સ્ત્રીઓને પતિ એજ દેવ છે, પતિ એજ બંધુ છે, પતિ એજ ગતિ છે અથવા પતિસમાન સ્ત્રીઓનો કોઈ દેવ નથી કે ગતિ નથી. સ્ત્રીઓને પોતાના પતિનો પ્રસાદ સ્વર્ગરૂપ હોય અથવા ન હોય; પરંતુ હું તો મારા પતિ મહેશ્વર અપ્રસન્ન હોય તો સ્વર્ગની પણ ઇચ્છા કરૂં નહિ.[૫૬] દરિદ્ર થયેલો, રોગી થઇ પડેલો, આપત્તિમાં આવી પડેલો,શત્રુઓથી ઘેરાઇ ગયેલો અથવા બ્રાહ્મણોના શાપ-

થી દુઃખી થઈ પડેલો પતિ, કોઈ સમયે અકાર્ય, અધર્મ અથવા પ્રાણનો નાશ કરવાનું કહે તોપણ તેને આપત્તિનો ધર્મ ગણીને સ્ત્રીએ નિઃશંકચિત્તે કરવું જોઈએ.[૫૭,૫૮]હે દેવ! તમારા વચન ઉપરથી આ સ્ત્રીધર્મ મેં તમને કહ્યો. જે સ્ત્રી એ પ્રમાણે વર્તે છે તે સ્ત્રી પતિવ્રતનું સેવન કરનારી ગણાય છે.”[૫૯]

ભીષ્મે કહ્યું:– દેવોના ઈશ્વર મહાદેવને ઉમાએ એ પ્રમાણે કહ્યું, એટલે તેમણે ઉમાની પ્રશંસા કરી અને પછી સર્વ અનુચરો સાથે લોકોને રજા આપી. તે પછી સર્વ ભૂતગણો, નદીઓ, ગંધર્વો તથા અપ્સરાઓ શંકરને પ્રણામ કરીને જેમ આવ્યાં હતાં તેમ ત્યાંથી વિદાય થયાં.[૬૦,૬૧]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ ઉમામહેશ્વરસંવાદ ” એ વિષયનો
અધ્યાય ૧૪૬મો સમાપ્ત

અધ્યાય ૧૪૭ મો

વાસુદેવમાહાત્મ્ય

॥ ऋषय उचुः ॥

पिनाकिन् भगनेत्रघ्न सर्वलोकनमस्कृत ।
माहात्म्यं वासुदेवस्य श्रोतुमिच्छामि शंकर ॥१॥

ઋષિઓએ કહ્યું:–“ હે પિનાકધારી ! હે ભગદેવનાં નેત્રોનો નાશ કરનારા સર્વ લોકથી નમસ્કાર કરાયેલા શંકર ! વાસુદેવનું માહાત્મ્ય સાંભળવાની અમને ઇચ્છા છે. ”[૧]

મહાદેવે કહ્યું:–“ભગવાન વાસુદેવ બ્રહ્મદેવ કરતાં પણ શ્રેષ્ઠ છે, સનાતન પુરુષરૂપ છે, હરિ કહેવાય છે, કૃષ્ણ કહેવાય છે, સુવર્ણસમાન કાંતિવાળા છે, વાદળાંવિનાના આકાશમાં ઉદય પામેલા સૂર્યસમાન તેજસ્વી છે, દશ ભુજાઓવાળા છે, મહાતેજસ્વી છે, દેવતાઓના શત્રુઓનો નાશ કરનારા છે, શ્રીવત્સ નામના ચિહ્નવાળા છે, સર્વ ઇંદ્રિયોના નિયંતા છે, સર્વ દેવોમાં પૂજાયેલા છે, તેમના ઉદરમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે, તેમના મસ્તકમાંથી હું ઉત્પન્ન થયો છું, તેમના કેશોમાંથી નક્ષત્રો ઉત્પન્ન થયાં છે, તેમનાં રુવાટાંઓમાંથી દેવો તથા અસુરો ઉત્પન્ન થયા છે અને તેમના દેહમાંથી સર્વ ઋષિઓ તથા સનાતન લોકો ઉત્પન્ન થયા છે. આ રીતે તે ભગવાન, પિતામહ બ્રહ્મદેવના તથા સર્વ દેવોના એક ઘરરૂપ છે.[૨–૫] વળી તે ભગવાન આ સમગ્ર સૃષ્ટિના સ્રષ્ટા છે, ત્રણે ભુવનના ઇશ્વર છે, પ્રાણીમાત્રનો સંહાર કરનારા છે અને સ્થાવર તથા જંગમ જગતના પણ સંહર્તા છે.[૬] તે દેવશ્રેષ્ઠ સાક્ષાત્ દેવોના નાથ છે, શત્રુઓને તપાવનારા છે, સર્વને જાણનારા છે, સર્વની સાથે સંબંધ રાખનારા છે, સર્વવ્યાપક છે, સર્વત્ર સુખવાળા છે, પરમાત્મારૂપ છે, મનના નિયંતા છે, સર્વવ્યાપી છે, મહાન ઇશ્વર છે અને તેમના કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇપણ તત્ત્વ ત્રણે લોકમાં નથી.[૭,૮] તે સનાતન દેવ મધુદૈત્યનો નાશ કરનારા છે, ‘ ગોવિંદ ’ એવા નામથી પ્રસિદ્ધ છે અને તે માન આપનારા ભગવાન દેવોનું કાર્ય કરવામાટે ઉત્પન્ન થઈને મનુષ્યશરીર ધારણ કરશે, યુદ્ધમાં સર્વ (દુષ્ટ) રાજાઓનો સંહાર કરશે. એ ત્રિવિક્રમ ભગવાનવિના દેવતાઓ પોતાનું કાર્ય કરવામાટે સમર્થ થઇ શકતા નથી; અને આખા ભુવનમાં તે ભગવાનરૂપ નાયકવિનાના બીજા કોઈ પણ પુરુષો દેવોનું કાર્ય કરવામાટે સમર્થ થઇ શકતા નથી. તે ભગવાન પ્રાણીમાત્રના નાયક છે અને સર્વ દેવોથી નમસ્કાર કરાયેલા છે. વળી દેવોનું કાર્ય કરવામાં તત્પર રહેનારા, પરબ્રહ્મસ્વરૂપ અને નિરંતર બ્રહ્મર્ષિઓના શરણરૂપ તે દેવનાથના શરીરની અંદર બ્રહ્મદેવ પોતે સુખેથી નિવાસ કરે છે. હું–મહાદેવ પણ તેમના શરીરમાં સુખપૂર્વક રહું છું અને સર્વ દેવતાઓ પણ તેમના શરીરનો સુખપૂર્વક આશ્રય કરી રહ્યા છે. તે દેવ કમળસમાન નેત્રવાળા છે, લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ છે, લક્ષ્મીની સાથે વિલાસ કરનારા છે, શાર્ઙ્ગ ધનુષ્ય તથા સુદર્શન ચક્રરૂપ આયુધને ધારણ કરનારા છે, તરવારને ધારણ કરે છે, સર્વ સર્પોના શત્રુ–ગરુડને ધ્વજામાં ધારણ કરે છે અને ઉત્તમ સ્વભાવ, ઉત્તમ દમ, ઉત્તમ શમ, ઉત્તમ પરાક્રમ, ઉત્તમ વીર્ય, ઉત્તમ શરીર, ઉત્તમ દે-

આવ, ઉત્તમ ઉંચાઈ, ઉત્તમ પ્રમાણ, ઉત્તમ ધૈર્ય, ઉત્તમ સરળતા, ઉત્તમ સંપત્તિ, ઉત્તમ દયા, ઉત્તમ રૂપ અને ઉત્તમ બળથી યુક્ત છે. તેમની પાસે અદ્ભુત દેખાવનાં સર્વ દિવ્ય અસ્ત્રો રહેલાં છે, યોગમાયાનો તેમણે આશ્રય કર્યો છે, તેમનાં નેત્રો હજારોની સંખ્યામાં છે, તેમનો નાશ કદી થતો નથી, તેમનું મન ઉદાર છે, તે એક વીર પુરુષ છે, પોતાના મિત્રોની (ભક્તોની) પ્રશંસા કરનારા છે, જ્ઞાતિઓ તથા બંધુજનોમાં (એટલે ઇંદ્રિયો તથા ઇંદ્રિયોના દેવતાઓમાં) પ્રિય થઇ પડેલા છે, ક્ષમાવાન છે, અહંકારથી મુક્ત છે, બ્રાહ્મણોપર પ્રેમ રાખનારા છે, બ્રાહ્મણોના નાયક છે, ભયભીત ભક્તજનોના ભયનો નાશ કરનારા છે; મિત્રો(ભક્તો)ના આનંદમાં વૃદ્ધિ કરનારા છે, પ્રાણીમાત્રને શરણ આપનારા છે, દીન પ્રાણીઓનું પાલન કરવામાં આસક્ત રહે છે, શાસ્ત્રસંપન્ન છે, અર્થસંપન્ન છે, પ્રાણીમાત્રથી નમસ્કાર કરાયેલા છે, આશ્રિત શત્રુઓને પણ વર આપનારા છે, ધર્મને જાણનારા છે, નીતિને જાણનારા છે, નીતિસંપન્ન છે, બ્રહ્મવાદી છે અને જિતેંદ્રિય છે. પરમ બુદ્ધિમાન તે ગોવિંદ દેવોનું કલ્યાણ કરવા માટે પ્રજાપતિથી ઉત્પન્ન થયેલા, પવિત્ર અને ધર્મસંસ્કારી આ માનવમાર્ગમાં મહાત્મા મનુના વંશમાં ઉત્પન્ન થશે. તે સમયે મનુથી અંગ નામનો પુત્ર થશે, અંગથી અંતર્ધામા નામનો પુત્ર ઉત્પન્ન થશે, અંતર્ધામાથી હવિર્ધામા નામનો નિર્દોષ પ્રજાપતિ ઉત્પન્ન થશે, હવિર્ધામાથી પ્રાચીનબર્હી નામનો મહાન પુત્ર ઉત્પન્ન થશે, તેના પ્રચેતસ્ વગેરે દશ પુત્રો ઉત્પન્ન થશે, એ પ્રચેતસ્‌ના એક પુત્રથી પ્રજાપતિ દક્ષ ઉત્પન્ન થશે, દક્ષની પુત્રી દાક્ષાયણીથી આદિત્ય નામનો પુત્ર થશે, આદિત્યથી મનુ નામનો પુત્ર થશે, મનુના વંશમાં ઇલાસુદ્યુમ્ન નામનો પુત્ર ઉત્પન્ન થશે, તેનાથી બુધ અને બુધથી પુરુરવા નામનો પુત્ર ઉત્પન્ન થશે. પુરુરવાથી આયુષ નામનો પુત્ર થશે, આયુષથી નહુષ નામનો પુત્ર થશે, નહુષથી યયાતિ નામનો પુત્ર થશે, યયાતિથી યદુ નામનો પુત્ર થશે, યદુથી મહાપરાક્રમી ક્રોષ્ટા નામનો પુત્ર થશે, ક્રોષ્ટાથી વૃજિનીવાન નામનો પુત્ર થશે, વૃજિનીવાનથી અજિત એવો ઉષંગુ નામનો પુત્ર થશે, ઉષંગુથી શૂરવીર એવો ચિત્રરથ નામનો પુત્ર થશે અને તે ચિત્રરથનો સૌથી નાનો શૂર નામનો એક પુત્ર થશે. આ શૂર સુધીના સર્વ રાજાઓ પ્રખ્યાત પરાક્રમી, ઉત્તમ ચારિત્ર્ય અને ગુણશાળી તથા નિરંતર યજ્ઞયાગ કરનારા હોઇને અત્યંત પવિત્ર થશે, જેથી તેઓનો વંશ બ્રાહ્મણોમાં માન્ય થશે. તે પછી એ શૂર નામનો રાજા કે જે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ, મહાપરાક્રમી, મહાયશસ્વી અને સર્વને માન આપનારો થશે તે પોતે પોતાના વંશનો વિસ્તાર કરનારા અને 'વસુદેવ' એવા બીજા નામથી પ્રસિદ્ધ થયેલા આનકદુંદુભિ નામના પુત્રને ઉત્પન્ન કરશે; તે આનકદુંદુભિને ત્યાંજ ચાર બાહુઓને ધારણ કરનારા ભગવાન વાસુદેવ પુત્રરૂપે ઉત્પન્ન થશે. તે દાતા થશે, બ્રાહ્મણોનો સત્કાર કરશે, બ્રાહ્મરૂપ થશે, બ્રાહ્મણો ઉપર પ્રીતિ રાખશે, જરાસંધે કેદ પકડેલા રાજાઓને મુક્ત કરશે, યદુવંશમાં મુખ્ય થશે, પર્વતની એક ગુફામાં જરાસંધરાજાનો પરાજય કરશે, સર્વ પાર્થિવ રત્નોથી યુક્ત થશે, વીર્યવાન થશે, પોતાના પરાક્રમને લીધે પૃથ્વીપર અસ્ખલિત શક્તિવાળા થશે, પરાક્રમસંપન્ન થશે, સર્વ રાજાઓના રાજા થશે અને તે પ્રભુ શૂરસેન દેશમાં (મથુરામાં) ઉત્પન્ન થઇને દ્વારકામાં નિવાસ કરશે અને પછી આખી પૃથ્વીદેવીને જીતી લઈને નિત્ય ન્યાયપૂર્વક પ્રજાઓનું પાલન કરશે;[૩૪-૩૬] માટે હે ઋષિઓ ! અવિનાશી બ્રહ્મદેવસમાન તે વાસુદેવ ભગવાન પાસે જઈને તમે વાણીરૂપ પુષ્પમાળાઓથી તથા શ્રેષ્ઠ પૂજાસામગ્રીઓથી યથાયોગ્ય રીતે તેમની પૂજા કરો.[૩૭] જે પુરુષ મારાં દર્શન કરવાની ઈચ્છા રાખે છે અથવા પિતામહ બ્રહ્મદેવનાં દર્શન કરવાની ઇચ્છા રાખે છે, તેણે પ્રતાપી ભગવાન વાસુદેવનાં દર્શન કરવાં;[૩૮] કેમકે હે તપોધનો! તેમનાં દર્શન કરવાથી મારાં તથા પિતામહ બ્રહ્મદેવનાં દર્શન થયેલાં ગણાશે, એમાં કંઇ સંશય નથી, એમ તમે જાણો.[૩૯] જે પુરુષના પર એ વાસુદેવ ભગવાન પ્રસન્ન થશે

તેનાપર બ્રહ્માદિ સર્વ દેવસમુદાયો પ્રસન્ન થશે. આ મનુષ્યલોકમાં જે પુરુષ ભગવાન કેશવનો આશ્રય કરશે, તેને કીર્તિ, જય તથા સ્વર્ગની પ્રાપ્તિ થશે.[૪૧] તે ભગવાન ધર્મને ભજનારા હોઇને ધર્મના ઉપદેશક થશે, માટે ધર્મવેત્તા ઉદ્યમી પુરુષોએ તે દેવેશનેજ નિત્ય નમસ્કાર કરવા.[૪૨] એ વ્યાપક દેવનું પૂજન કરવાથી ઉત્તમ પ્રકારનો ધર્મ સંપાદન કરી શકાય છે. તે દેવ કે જે મહાતેજસ્વી છે, તેમણે પ્રજાઓનું હિત કરવાની ઇચ્છાથી અને ધર્મની પ્રવૃત્તિ કરવામાટે પુરુષોમાં વ્યાઘ્રસમાન કરોડો ઋષિઓને ઉત્પન્ન કર્યા છે, કે જેમાંના સનત્કુમાર વગેરે ઋષિઓ ગંધમાદન પર્વત ઉપર રહીને નિત્ય તપશ્ચર્યા કર્યા કરે છે; માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! પ્રશસ્ત વાણી બોલનારા તે ધર્મવેત્તા દેવને તમારે નમસ્કાર કરવા. હે ઉત્તમ બ્રાહ્મણો! સ્વર્ગમાં શ્રેષ્ઠ ગણાતા તે ભગવાન–પ્રભુ હરિનારાયણને જો વંદન કરવામાં આવે છે તો સામા તે પણ વંદન કરે છે, તેમને જો માન આપવામાં આવે છે તો સામા તે પણ માન આપે છે, તેમનો જો સત્કાર કરવામાં આવે છે તો સામા તે પણ સત્કાર કરે છે, તેમનું જો પૂજન કરવામાં આવે છે તો સામા તે પણ પૂજન કરે છે, તેમનું જો દર્શન કરવામાં આવે છે તો સામા તે પણ દર્શન કરે છે, તેમનો જો આશ્રય કરવામાં આવે છે તો સામેથી તે પણ આશ્રય કરે છે અને તેમનું મનમાં ધ્યાન કરવામાં આવે છે તો સામા તે પણ મનમાં ધ્યાન કરે છે. આ રીતે મહાન આદિદેવ તે નિર્દોષ વિષ્ણુનું સજ્જનોએ આચરેલું એ ઉત્તમ વ્રત છે. એ સનાતન દેવને દેવો પણ જગતમાં નિત્ય પૂજે છે અને તેમને અનુસરનારા પુરુષો યોગ્ય પ્રકારનું અભય પામી શકે છે.[૪૯] સદાય યત્નશીલ રહેનારા બ્રાહ્મણોએ મન, વચન તથા કર્મથી એ દેવકીપુત્રને નિત્ય નમસ્કાર કરવા, તેમનુંજ આરાધન કરવું અને તેમનાંજ દર્શન કરવાં.[૫૦] હે મહામુનિઓ! આ માર્ગ મેં તમને કહ્યો. (અને તેનું તાત્પર્ય એજ છે કે,) તે ભગવાનનું દર્શન કરીને મનુષ્યે સર્વ દેવતાઓનું દર્શન કરેલું ગણાય છે.[૫૧] અરે! હું પોતે પણ સર્વ લોકના પિતામહ અને જગતના પતિ એ મહાવરાહનાં નિત્ય દર્શન કરૂં છું. એ ભગવાનના શરીરમાં આ ત્રણે જગત જોવામાં આવે છે, એમાં સંશય નથી; અને તેમના શરીરમાં અમે સર્વ દેવો નિત્ય નિવાસ કરીએ છીએ.[૫૩] એ વાસુદેવનો મોટો ભાઇ બળદેવ નામથી પ્રસિદ્ધ થશે, તેની કાંતિ શ્વેતપર્વતના જેવી થશે, તે હલરૂપ આયુધને ધારણ કરશે અને પૃથ્વીને ધારણ કરનારા શેષનાગનોજ તે અવતાર ગણાશે.[૫૪] એ દેવના રથ ઉપર ત્રણ મસ્તકવાળા અને તદ્દન સુવર્ણના દિવ્ય તાલવૃક્ષની ધ્વજા ફરકયા કરશે.[૫૫] મોટી ભુજાઓવાળા અને સર્વ લોકના ઇશ્વર તે બળદેવનું મસ્તક મહાપ્રચંડ શરીરવાળા મહાત્મા સર્પોથી ચોતરફ ઘેરાયેલું રહેશે.[૫૬] એમની સમીપમાં સર્વ પ્રકારનાં શસ્ત્રો તથા અસ્ત્રો માત્ર ચિંતનની સાથેજ હાજર થશે અને તેજ અનંત ભગવાન હરિ તથા અવિનાશી પણ કહેવાશે. કશ્યપના બળવાન પુત્ર ગરુડને દેવોએ પૂર્વે આજ્ઞા કરી હતી કે:–“ હે સમર્થ ગરુડ! તું અમને અનંત ભગવાનનાં દર્શન કરાવ;” પરંતુ ગરુડ પરમાત્મારૂપ તે અનંતદેવના અંતને તે સમયે જોઇ શકયો ન હતો.[૫૮] તેજ શેષ ભગવાન આ સમયે પરમ હર્ષની સાથે પૃથ્વીપર વિચરી રહ્યા છે અને પૃથ્વીના અંદરના ભાગમાં પણ પોતાના શરીરવડે પૃથ્વીને વિંટાઇ વળીને વસી રહ્યા છે.[૫૯] જે વિષ્ણુ છે તેજ ભગવાન અનંત અથવા બળરામ છે અને જે બળરામ અથવા અનંત છે તેજ ભગવાન વિષ્ણુ છે.[૬૦] પુરુષોમાં વ્યાઘ્રસમાન આ બંને દિવ્ય પુરુષો, દિવ્ય પરાક્રમને કરનારા છે અને સુદર્શનચક્ર તથા હળરૂપ આયુધને ધારણ કરનારા છે.[૬૧] હે તપોધનો! તમે બધા યાદવોમાં શ્રેષ્ઠ ભગવાન્ વાસુદેવની પ્રયત્નપૂર્વક પૂજા કરો, આવા અભિપ્રાયથી વાસુદેવનું માહાત્મ્ય કહીને મેં તમારાપર પવિત્ર અનુગ્રહ કર્યો છે.”[૬૨]

અધ્યાય ૧૪૭ મો સમાપ્ત

અધ્યાય ૧૪૮ મો

મહાપુરુષપ્રસ્તાવ

॥नारद उवाच ॥

अथव्योम्नि महाञ्छब्दः स विद्युत्स्तनयित्नुमान्
मेघैश्च गगनं नीलं संरुद्धमभवद् घनैः ॥१॥

નારદે કહ્યું:-“ તે પછી આકાશમાં એકાએક મોટો શબ્દ થયો, વિજળીના ચમકારાની સાથે મેઘના ગડગડાટ થવા લાગ્યા અને આખું આકાશ ઘાટાં મેઘમંડળોથી ઘેરાઇ જઈને છેક શ્યામવર્ણું થઈ ગયું.[૧] જાણે વર્ષાઋતુ આવી હોય, તેમ મેઘ નિર્મળ જળને વરસવા લાગ્યો, સર્વત્ર ઘોર અંધકાર છવાઈ ગયો અને દિશાઓ પણ દેખાવા ન લાગી.[૨] તે સમયે એ હિમાલય પર્વત કે જે રમણીય, પવિત્ર અને પુરાણો છે, તેના ઉપર મુનિઓ મહાદેવને કે તેમના ભૂતસમુદાયને જોઈ શકતા ન હતા.[૩] પછી એક ક્ષણવારમાં આકાશમાંથી વાદળાંઓ વીખરાઇ ગયાં એટલે ત્યાં આવેલા મુનિઓ તથા બીજા બ્રાહ્મણો જેમ આવ્યા હતા તેમ તીર્થયાત્રા કરવામાટે ચાલી નીકળ્યા.[૪] એ મુનિઓ મહાદેવનું અદ્‌ભુત તથા અચિંત્ય કર્મ જોઈને તથા ઉમાની સાથે થયેલો શંકરનો સંવાદ અને તમારા માહાત્મ્યવિષેની કથાનું શ્રવણ કરીને પરમ આશ્ચર્ય પામ્યા.[૫] હે પુરુષવ્યાઘ્ર ! જેને ઉદ્દેશીને મહાત્મા શંકરે હિમાલય ઉપર અમને ઉપદેશ આપ્યો હતો તેજ તમે સનાતન બ્રહ્મરૂપ છો.[૬] હે કૃષ્ણ! બીજું વળી તમારાં તેજથી બનેલું આ અદ્‌ભુત દૃશ્ય જોઇને તે દિવસનું સ્મરણ આજે અમને થઇ આવ્યું, જેથી હે પ્રભો ! હે મહાબાહુ જનાર્દન ! જટાજૂટને ધારણ કરનારા અને દેવના દેવ તે શંકરનું માહાત્મ્ય મેં તમને કહી સંભળાવ્યું.”[૭,૮]

તપોવનમાં નિવાસ કરનારા તે ઋષિઓએ એ પ્રમાણે કહ્યું એટલે દેવકીના પુત્ર શ્રીકૃષ્ણે, તે સર્વ ઋષિઓને માન આપ્યું.[૯] તે પછી અત્યંત પ્રસન્ન થયેલા તે ઋષિઓએ ફરી પણ શ્રીકૃષ્ણને કહ્યું કે:-“ હે મધુસૂદન ! તમે અમને સદાકાળ વારંવાર દર્શન આપજો; કેમકે હે વિભો! તમારાં દર્શનથી અમને જે આનંદ થાય છે, તે આનંદ સ્વર્ગમાં પણ અમને મળતો નથી. હે મહાબાહો ! ભગવાન શંકરે અમને જે કંઇ કહ્યું છે, તે ખરેખર સત્યજ છે.[૧૦,૧૧] હે શત્રુહંતા કૃષ્ણ ! સર્વ વિષયોના તત્ત્વને તમે પોતેજ જાણી શકો છો; છતાં તમે અમને પૂછ્યું હતું, તેથી આ સર્વ ગુહ્ય રહસ્ય તમને પ્રસન્ન કરવામાટેજ અમે કહી સંભળાવ્યું છે. હે વ્યાપક દેવ ! આ ત્રણે જગતમાં જે કંઇ જન્મ, ઉત્પત્તિ તથા બીજું કોઇ કારણ સ્થિતિ કરી રહ્યું છે, તેમાંથી કંઇ પણ તમારાથી અજાણ્યું નથી; પણ અમે તો અત્યંત ચપળ છીએ તેથી કોઇપણ ગુપ્ત વાતને ધારણ કરી રાખવા અસમર્થ છીએ;[૧૨-૧૪] અને તેથીજ હે વિભો ! તમે અહીં ઉભા છો છતાં અમે અમારી હલકાઇને લીધે આવા બકવાદો કરવા મંડી પડયા છીએ. હે દેવ ! આ જગતમાં તેવું કંઇ પણ આશ્ચર્ય નથી કે જે તમારા જાણવામાં ન હોય ! સ્વર્ગ ઉપર કે પૃથ્વી ઉપર જે કંઇ બની રહ્યું છે, તે સર્વ તમારા જાણવામાં છે. હે કૃષ્ણ! અમે હવે જઇએ છીએ. તમને બુદ્ધિ તથા પુષ્ટિ પ્રાપ્ત થાઓ. હે તાત ! તમને તમારા જેવોજ અથવા તમારા કરતાં પણ અધિક યોગ્યતાવાળો મહાસમર્થ પુત્ર થશે કે જે મહાપ્રભાવશાળી થઇને કીર્તિમાન તથા કાંતિમાન થશે.”[૧૫-૧૭]

ભીષ્મે કહ્યું:- તે પછી દેવોના ઇશ્વર અને પુરુષોમાં ઉત્તમ એવા શ્રીકૃષ્ણને પ્રદક્ષિણા કરીને તે મહર્ષિઓ ત્યાંથી ચાલી નીકળ્યા.[૧૮] પાછળથી શ્રીકૃષ્ણ પણ પોતાના વ્રતનું યથાવત્ પાલન કરીને પરમતેજ તથા શોભાયુક્ત થઇને દ્વારકામાં પાછા આવ્યા.[૧૯] હે રાજા ! તેમના આવ્યા પછી બરાબર દશમો મહિનો પૂર્ણ થયો એટલે રુક્મિણીમાં સર્વમાન્ય એવો એક પુત્ર ઉત્પન્ન થયો કે જે શૂરવીર છે અને વંશને ધારણ કરનારો છે.[૨૦] હે રાજા ! શ્રીકૃષ્ણનો તે પુત્ર સાક્ષાત્ કામદેવનોજ અવતાર છે, પ્રાણીમાત્રના સર્વ અંતઃકરણમાં રહેલો છે અને અસુરો તથા દેવોના અંતઃકરણમાં પણ સદા સ્થિતિ કરી રહ્યો છે.[૨૧] તે આ કૃષ્ણ કે જે સર્વ

પુરુષોમાં સિંહસમાન છે, મેઘસમાન વર્ણવાળા છે અને ચાર ભુજાઓને ધારણ કરે છે તેમણે પ્રેમપૂર્વક પાંડવોનો આશ્રય કર્યો છે અને તમે એમનો આશ્રય કર્યો છે.[૨૨] આ વ્યાપક દેવ કે જેમને ત્રિવિક્રમ પણ કહે છે તેમની જે સ્થળે સ્થિતિ હોય છે, તે સ્થળે કીર્તિ, લક્ષ્મી, ધૃતિ અને સ્વર્ગનો માર્ગ સદા સર્વકાળ સ્થિતિ કરે છે;[૨૩] એટલુંજ નહિ પરંતુ ઇંદ્રસહિત તેત્રીસ દેવતાઓ પણ ત્યાં હાજર રહે છે, એમાં કંઇ સંશય નથી; કેમકે આદિદેવ, મહાદેવ, પ્રાણીમાત્રના આશ્રયરૂપ, આદિઅંતરહિત અને મહાતેજસ્વી આ મહાત્મા મધુસૂદન દેવોનાં કાર્યો સિદ્ધ કરવાને માટેજ પૃથ્વીપર પ્રકટ થયા છે.[૨૩–૨૫] હે પાર્થ! આ માધવ મહાગહન અર્થતત્ત્વના પણ વક્તા અને કર્તા છે, જેથી એ નારાયણના આશ્રયને લીધેજ તેં આ સંપૂર્ણ વિજય, અતુલ કીર્તિ અને સમગ્ર પૃથ્વી સંપાદન કરી છે. આ અચિંત્ય નારાયણ તારા નાથ અને ગતિરૂપ થયા છે, તેથીજ તેં એક ઉપાધ્વર્યુની દીક્ષા લઇને રણસંગ્રામરૂપી અગ્નિમાં, પ્રલયકાળના અગ્નિસમાન આ કૃષ્ણરૂપી મહાન સરવાવડે સર્વ રાજાઓને હોમી દીધા છે.[૨૬–૨૮] ખરેખર, પોતાના પુત્રો, ભાઇઓ તથા બાંધવોસહિત આ દુર્યોધન શોક કરવા યોગ્યજ થયો છે; કેમકે તે મૂર્ખાએ શ્રીકૃષ્ણ તથા અર્જુનની સાથે યુદ્ધ કર્યું![૨૯] આ કૃષ્ણના ચક્રરૂપ અગ્નિમાં, મહાપ્રચંડ શરીરવાળા અને મહાબળવાન ગણાતા મોટા મોટા દૈત્યો અને દાનવરાજાઓ પણ દાવાનળમાં જેમ પતંગિયાં બળીને ભસ્મ થઇ જાય તેમ બળીને ભસ્મ થઇ ગયા છે.[૩૦] હે પુરુષવ્યાઘ્ર! સત્વ, શક્તિ અને બળ વગેરેથી રહિત મનુષ્યો, આ શ્રીકૃષ્ણની સામે યુદ્ધ કરવાને કદી સમર્થ થઈ શકતા નથી. હે રાજા! આ અર્જુન કે જે એક યોગી છે, પ્રલયકાળના અગ્નિસમાન તેજસ્વી છે અને પોતાના બન્ને હાથથી બાણવૃષ્ટિ કરવાને સમર્થ છે, તેણે રણસંગ્રામમાં આગળ ચાલીને દુર્યોધનના સર્વ સૈન્યનો સંહાર કરી નાખ્યો છે.[૩૨] પૂર્વે હિમાલયના પૃષ્ઠભાગ ઉપર, સર્વ મુનિઓ પાસે શંકરે જે એક પુરાતની વાત કહી હતી તે હું તને કહું છું, સાંભળ.[૩૩] હે રાજા! આ અર્જુનમાં જેટલા પ્રમાણમાં પુષ્ટિ, તેજ, કાંતિ, પરાક્રમ, પ્રભાવ, વિનય અને કુલીનતા રહેલ છે તેના કરતાં ત્રણગણાં શ્રીકૃષ્ણને વિષે રહેલ છે;[૩૪] તો પછી શ્રીકૃષ્ણના કોઇપણ કાર્યને અન્યથા કરવાને કોણ શક્તિમાન થઇ શકે? આવા કારણથી આ એક સિદ્ધાંત છે, તેનું તું શ્રવણ કર. જે સ્થળે ભગવાન કૃષ્ણ હોય છે તે સ્થળે સર્વોત્તમ પુષ્ટિ હોય છે.[૩૫] ખરેખર, અમે અલ્પ બુદ્ધિવાળા છીએ, પરતંત્ર છીએ અને અત્યંત દીન અવસ્થા ભોગવનારા છીએ; કેમકે અમે જાણીજોઇનેજ મૃત્યુના અવિનાશી માર્ગમાં ગબડી પડયા છીએ;[૩૬] પણ તું તો નિત્ય સરળતા રાખનારો છે, પોતાની પ્રતિજ્ઞા પાળવામાં આસક્ત રહે છે અને પ્રથમથીજ આ સન્માર્ગનો આશ્રય કરીને રાજાને અયોગ્ય વર્તન તેં કર્યું નથી.[૩૭] હે શત્રુદમન રાજા! પોતાના સંબંધીઓના નાશના બદલામાં તું તારા પોતાના નાશને ઉત્તમ માને છે અને તેં જે પ્રતિજ્ઞા કરી હોય છે તેનો ત્યાગ કરવાને તું કદી તૈયાર થતો નથી.[૩૮] આ રણક્ષેત્રમાં આ સર્વ જનસમુદાય કાળને અધીન થઇનેજ માર્યો ગયો છે અને અમે પણ કાળને લીધેજ મરણ પામેલા છીએ, માટે કહેવું જોઇએ કે, કાળ મોટો એક ઈશ્વર છે.[૩૯] તું કાળની ગતિને જાણનારો છે, માટે કાળે જેનો સ્પર્શ કર્યો હોય તેનો શોક કરવાને તું યોગ્ય નથી. કાળનું સ્વરૂપ કાળું છે, કાળનાં નેત્રો લાલચોળ છે અને કાળ સનાતન દંડધારી કહેવાય છે;[૪૦] માટે હે કુંતીપુત્ર! કાળના સપાટામાં આવી પડેલા તારા જ્ઞાતિજનોનો તથા પુત્રોનો શોક કરવાને તું યોગ્ય નથી. હે કૌરવનંદન! તારે સદાને માટે શોકનો ત્યાગ કરી દેવો જોઈએ.[૪૧] મેં તને આ કૃષ્ણનું માહાત્મ્ય કહ્યું છે, તે તો તેં સાંભળ્યુંજ છે. બસ, આટલુંજ એક સજ્જન મનુષ્યને માટે પૂરતું છે. હે મહારાજા! વ્યાસનું તથા બુદ્ધિમાન નારદનું વચન સાંભળીને મેં અત્યંત પૂજ્ય એવા શ્રીકૃષ્ણનો પ્રભાવ, સર્વ ઋષિગણનો પ્રભાવ તથા

ઉમામહેશ્વરનો સંવાદ તને કહી સંભળાવ્યો છે.[૪૩,૪૪] જે પુરુષ મહાપુરુષ વાસુદેવના આ જન્મવૃત્તાંતને મનમાં ધારણ કરશે, સાંભળશે અથવા બીજા કોઇને કહેશે તેને ઉત્તમ શ્રેયનો લાભ થશે;[૪૫] એટલુંજ નહિ પરંતુ એ પુરુષના સર્વ ઇષ્ટ મનોરથો પરિપૂર્ણ થશે અને મરણ પછી તેને સ્વર્ગનો લાભ થશે, એમાં સંશય નથી.[૪૬] હે રાજન્ ! જે પુરુષને શ્રેય સંપાદન કરવાની ઈચ્છા હોય, તેણે આ શ્રીકૃષ્ણનુંજ શરણ લેવું યોગ્ય છે; કેમકે અનેક બ્રાહ્મણો મોક્ષ મેળવવાની અભિલાષાથી આ ભગવાનનીજ સ્તુતિ કર્યા કરે છે. હે કુરુવંશી રાજા! મહેશ્વરના મુખથી નીકળેલા જે ધર્મગુણો તને કહેવામાં આવ્યા છે, તેઓનું તારે પ્રતિદિન મનમાં ચિંતન કર્યા કરવું;[૪૮] કેમકે એ રીતે વર્તીને તું સારી રીતે રાજદંડને ધારણ કરીશ અને પ્રજાઓનું પાલન કરવામાં કુશળ બનીશ તો તને સ્વર્ગલોકની પ્રાપ્તિ થશે. હે રાજન્ ! તારા ક્ષાત્રધર્મને અનુસરીને પણ સર્વ પ્રજાઓનું તારે રક્ષણ કરવું, એ તને યોગ્ય છે; અને જે રાજાનો રાજદંડ અત્યંત ઉત્કૃષ્ટ રીતે સર્વત્ર ઘુમ્યા કરે છે તેને ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે.[૫૦] હે રાજા! જે પુરુષને પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય, તેણે મેં કહેલા આ ઉમામહેશ્વરના ધાર્મિક સંવાદનું કોઈ સજ્જન મનુષ્ય પાસેથી શ્રવણ કરીને અથવા શ્રવણ કરવાની મનમાં ઇચ્છા રાખીને શુદ્ધભાવે મહેશ્વરનું પૂજન કરવું.[૫૧,૫૨] હે પાંડવ ! તે નિર્દોષ મહાત્મા નારદનો આવો સંદેશ છે; માટે તું પણ એ દેવની પૂજાને માટે તે નિયમનો સ્વીકાર કર. હે કુંતાપુત્ર રાજા ! પૂર્વે વાસુદેવનું તથા શંકરનું આ અત્યંત અદ્ભુત વૃત્તાંત પવિત્ર હિમાલય પર્વત ઉપર બન્યું હતું અને તે સ્વભાવિક હતું. સનાતન ભગવાન આ વાસુદેવે અર્જુનને સાથે રાખીને પૂર્વે બદરિકાશ્રમમાં દશહજાર વર્ષપર્યંત મહા ઉગ્ર તપ કર્યું હતું.[૫૫] આ રીતે આ શ્રીકૃષ્ણ અને અર્જુન કે જેઓનાં નેત્રો કમળની પાંખડી જેવાં છે, તેઓ બન્ને આજે ત્રણ યુગ થયાં સાથેના સાથેજ વિચરે છે, એમ મેં નારદ તથા વ્યાસની પાસેથી જાણ્યું છે.[૫૬] મોટી ભુજાઓવાળા આ શ્રીકૃષ્ણે, પોતાની બાલ્યાવસ્થામાંજ જ્ઞાતિઓનું રક્ષણ કરવાના કારણથી કંસનો મહાન નાશ કરી નાખ્યો છે.[૫૭] હે કુંતાપુત્ર યુધિષ્ઠિર ! સનાતન પુરાણ પુરુષરૂપ આ શ્રીકૃષ્ણનાં કર્મોની ગણત્રી કરવાને હું ઉત્સાહ ધરાવી શકતો નથી;[૫૮] પણ એટલું તો હું નિશ્ચય કહું છું કે, હે તાત ! તારૂં ખરેખર ઉત્તમ કલ્યાણ થશે, કેમકે પુરુષોમાં વ્યાઘ્રસમાન આ શ્રીકૃષ્ણ તારા મિત્ર છે.[૫૯] દુષ્ટબુદ્ધિ દુર્યોધન કે જે મરણ પામીને પરલોકમાં ગયો છે, તેને માટે મને ઘણોજ શોક થાય છે; કારણકે એ દુષ્ટને લીધેજ ઘોડાઓ તથા હાથીઓસહિત આ સર્વ પૃથ્વીનો નાશ થઈ ગયો છે.[૬૦] ખરેખર દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન, આ ચારના અપરાધથી કૌરવોનો નાશ થઈ ગયો છે.”[૬૧]

વૈશંપાયને કહ્યું:– ગંગાના પુત્ર મહાપુરુષ ભીષ્મ એ પ્રમાણે કહી રહ્યા હતા, તે સમયે એ સર્વ મહાત્માઓની વચ્ચે કુરુવંશી યુધિષ્ઠિર રાજા સ્તબ્ધ થઈને બેસી રહ્યા હતા.[૬૨] બીજી તરફ ધૃતરાષ્ટ્ર વગેરે રાજાઓ ભીષ્મનાં એ વાક્યો સાંભળીને આશ્ચર્ય પામ્યા અને તેઓ સર્વે મનમાં શ્રીકૃષ્ણની પૂજા કરીને બે હાથ જોડી બેસી રહ્યા;[૬૩] અને નારદ વગેરે ઋષિઓ પણ ભીષ્મનાં એ વાક્યનો સ્વીકાર કરીને તેની પ્રશંસા કરી તથા ભીષ્મને અભિનંદન આપવા લાગ્યા.[૬૪] એ રીતે મહા આશ્ચર્યકારક અને પવિત્ર ભીષ્મના ઉપદેશનું પોતાના ભાઇઓની સાથે સંપૂર્ણ શ્રવણ કર્યા પછી મહાબુદ્ધિમાન પાંડવ યુધિષ્ઠિર રાજાએ, પુષ્કળ દક્ષિણાઓ આપનારા ગંગાપુત્ર ભીષ્મ કે જે થોડીવાર વિશ્રાંતિ લઇને સ્વસ્થ થયા હતા તેમને ફરી પણ આ પ્રમાણે પૂછ્યું.[૬૫,૬૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ મહાપુરુષપ્રસ્તાવ ” એ વિષયનો
અધ્યાય ૧૪૮ મો સમાપ્ત

અધ્યાય ૧૪૯ મો

વિષ્ણુસહસ્રનામ

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।
युधिष्ठिरः शांतनवं पुनरवाभ्यभाषत ॥१॥

વૈશંપાયને કહ્યું:-“ સમગ્ર ધર્મોનું તથા સર્વ પવિત્ર કર્મોનું શ્રવણ કર્યાપછી રાજા યુધિષ્ઠિરે ભીષ્મપિતામહને પુનઃ આપ્રમાણે પૂછયું.[૧]

॥ युधिष्ठिर उवाच ॥

किमेकं दैवतं लोके किंवाऽप्येकं परायणम् ।
स्तुवंतः कं कमर्चंतः प्राप्नुयुर्मानवाः शुभम् ॥
को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ॥
किं जपन् मुच्यते जंतुर्जन्मसंसारबंधनात् ॥

યુધિષ્ઠિરે પૂછયું:-“આ જગતમાં એક મુખ્ય દેવ કોણ છે ? કોણ મુખ્ય આશ્રય કરવા યોગ્ય છે ? અને કોનું સ્તવન તથા કોનું પૂજન કરવાથી મનુષ્યો ઉત્તમ શ્રેય સંપાદન કરી શકે છે?[૨]તમે સર્વ ધર્મોમાં કયા ધર્મને અત્યંત શ્રેષ્ઠ માનો છો ? અને કયા સ્તોત્રાદિનો જપ કરવાથી પ્રાણી જન્માદિથી વ્યાપ્ત આ સંસારરૂપ બંધનમાંથી મુક્ત થઈ જાય છે ? ”[૩]

॥ भीष्म उवाच ॥

जगत्प्रभुं देवदेवमनंतं पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥ ४ ॥
तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥
ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।
लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥७॥
एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।
यद्भक्त्या पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥८॥
परमं यो महत्तेजः परमं यो महत्तपः ।
परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥९॥
पवित्राणां पवित्रं यो मंगलानां च मंगलम् ।
दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ॥
यतः सर्वाणि भूतानि भवंत्यादियुगागमे ।
यस्मिंश्च प्रलयं यांति पुनरेव युगक्षये ॥११॥
तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।
विष्णोर्नामसहस्रं मे श्रृणु पापभयापहम् ॥१२

ભીષ્મે કહ્યું:-“પુરુષ જો નિત્ય યત્નશીલ થઇને અથવા ઉત્સાહસંપન્ન થઇને જગતના પ્રભુ, દેવના દેવ, અનંત અને પુરુષોમાં ઉત્તમ ભગવાન વિષ્ણુની એક હજાર નામથી સ્તુતિ કરે અને નિત્ય ભકિતપૂર્વક તે અવિનાશી પુરુષનુંજ પૂજન કરે, ધ્યાન ધરે અને સ્તવન કરે તેમજ આદિઅંતરહિત, સર્વ લોકના મહેશ્વર, લોકોના અધ્યક્ષ, બ્રાહ્મણોનું હિત કરનારા, સર્વ ધર્મોને જાણનારા, લોકોની કીર્તિને વધારનારા, લોકોના નાથ, પરમાત્મારૂપ અને સર્વ પ્રાણીઓની ઉત્પત્તિના કારણભૂત તે વિષ્ણુ ભગવાનની નિત્ય સ્તુતિ કરે તો સર્વ પ્રકારનાં દુ:ખોથી મુકત થાય છે. આ ધર્મજ સર્વ ધર્મો કરતાં મને અધિક માન્ય છે કે, મનુષ્યે ભગવાન પુંડરીકાક્ષ (વિષ્ણુ)નું નિત્ય ભકિતપૂર્વક સ્તવન અને પૂજન કરવું.જે ભગવાન પરમ મહાન તેજરૂપ છે,પરમ મહાન તપરૂપ છે, પરમ મહાન બ્રહ્મરૂપ છે, પરમ આશ્રયરૂપ છે,સર્વ પવિત્ર કરતાં પણ પવિત્ર છે, સર્વ મંગલોમાં મંગલરૂપ છે, દેવતાઓના પણ દેવતા છે, પ્રાણીમાત્રના અવિનાશી પિતા છે, યુગના આરંભસમયે સર્વ પ્રાણીઓ જેમાંથી ઉત્પન્ન થાય છે અને યુગના અંતસમયે સર્વ પ્રાણીઓ જેમાં લય પામી જાય છે,તે લોકપ્રધાન અને જગતના નાથ શ્રીવિષ્ણુ ભગવાનનાં એક હજાર નામો તું મારી પાસેથી સાંભળ. હે રાજા ! તે નામો સર્વ પાપોનો તથા ભયનો નાશ કરનારાં છે.[૯-૧૨]

यानि नामानि गौणानि विख्यातानि महात्मनः
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये॥१३

માટે મહાત્મા વિષ્ણુ ભગવાનનાં જે ગૌણ (ગુણો ઉપરથી પડેલાં) નામો, જગતમાં પ્રસિદ્ધ થયેલાં છે અને ઋષિઓએ ગાયેલાં છે,તે નામો સર્વનું કલ્યાણ કરવામાટે હું તને કહું છું.

विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः ।
भूतकृद्भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥१४॥

૧ વિશ્વ:-સમગ્ર બ્રહ્માંડરૂપ, ૨ વિષ્ણુ:-સર્વત્ર વ્યાપક, ૩ વષટ્કાર:-વષટ્કારાદિ મંત્રથી દેવોને પ્રસન્ન કરે છે અથવા તેમને ઉદ્દેશીનેજ વષટ્ક્રિયા કરવામાં આવે છે માટે વષટ્કા-

રૂપ, ૪ ભૂતભવ્યભવત્પ્રભુઃ–ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળના પ્રભુ, ૫ ભૂતકૃત્ઃ–પ્રાણીમાત્રના સ્રષ્ટા, ૬ ભૂતભૃત્ઃ–પ્રાણીમાત્રનું ભરણ–પોષણ કરી પાલન કરનારા. ૭ ભાવઃ–પ્રપંચરૂપેજ માત્ર ઉત્પન્ન થનારા અથવા સર્વ પ્રદેશ ઉપર અસ્તિત્વ ધરાવનારા, ૮ ભૂતાત્માઃ–પ્રાણીમાત્રના અંતરાત્મારૂપ, ૯ ભૂતભાવનઃ– સર્વ પ્રાણીઓના જન્મદાતા તથા ભોગ્ય પદાર્થો અર્પણ કરીને તેમની વૃદ્ધિ કરનારા.[૧૪]

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गति ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥

૧૦ પૂતાત્માઃ–પવિત્ર આત્માવાળા, ૧૧ પરમાત્માઃ–પરમાત્મારૂપ (કાર્યકારણરહિત તથા નિત્ય મુક્ત શુદ્ધ સ્વભાવવાળા),૧૨ મુક્તાનાં પરમાગતિઃ–મુકત પુરુષોના પરમગતિરૂપ, ૧૩ અવ્યયઃ–જેમનો વ્યય એટલે વિનાશ અથવા વિકાર કદી થતો નથી એવા, ૧૪ પુરુષઃ–પ્રત્યેક શરીરમાં જીવરૂપે નિવાસ કરનારા, ૧૫ સાક્ષીઃ–સાક્ષીસ્વરૂપ, ૧૬ ક્ષેત્રજ્ઞઃ–ઘટથી આરંભીને અહંકારસુધીના શરીરને ક્ષેત્ર કહેવાય છે–એવા પ્રત્યેક ક્ષેત્રને યથાર્થ જાણનારા, ૧૭ અક્ષરઃ–અવિનાશી.[૧૫]

योगो योगविदां नेता प्रधानपुरुषेश्वरः ।
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः॥१६

૧૮ યોગઃ–યોગસાધનાદ્વારા જેમનો સાક્ષાત્કાર થઇ શકે છે તે યોગમૂર્તિરૂપ,૧૯ યોગવિદાં નેતાઃ–યોગવેત્તા પુરુષોના પણ નેતા–નાયક, ૨૦પ્રધાન પુરુષેશ્વરઃ–પ્રધાન એટલે ત્રિગુણાત્મિકા પ્રકૃતિ માયા અને પુરુષ એટલે જીવ એ બન્નેના ઈશ્વર નિયંતા, ૨૧ નારસિંહવપુઃ–હિરણ્યકશિપુના વધમાટે જેમણે પુરુષનું તથા સિંહનું ઉભયનું યુકત સ્વરૂપ ધારણ કર્યું હતું તેવા,૨૨ શ્રીમાનઃ–(વક્ષઃસ્થળમાં) નિત્ય લક્ષ્મીદેવીને ધારણ કરનારા, ૨૩ કેશવઃ–क એટલે બ્રહ્મા અને ईश એટલે મહાદેવ, એ બન્ને જેમને વશ છે એવા અથવા કેશવાળા અત્યંત સુંદર, ૨૪ પુરુષોત્તમઃ–પુરુષોમાં ઉત્તમ.[૧૬]

सर्वः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभुरीश्वरः॥१७

૨૫ સર્વઃ–સર્વ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશને જાણનારા, ૨૬ શર્વઃ–પ્રલયકાળે સર્વ પ્રજાનો સંહાર કરનારા, ૨૭શિવઃ–સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણોથી રહિત હોવાને લીધે શુદ્ધ અથવા કલ્યાણકર્તા, ૨૮ સ્થાણુઃ–સ્થિર અથવા અચલ રહેનારા, ૨૯ ભૂતાદિઃ–સર્વ પ્રાણીઓના આદિકારણ, ૩૦નિધિરવ્યયઃ–અખૂટ ખજાનારૂપ અથવા પ્રલયસમયે સમગ્ર જગતને પોતાને વિષે લય કરનારા એવા અવિનાશી નિધિરૂપ, ૩૧ સંભવઃ–યુગે યુગે પોતાની ઇચ્છાનુસાર અવતાર લઇને ઉત્પન્ન થનારા, ૩૨ ભાવનઃ–સર્વ ભોક્તાઓને ફળસિદ્ધિ આપનારા, ૩૩ ભર્તાઃ–સર્વ જગતને ધારણ કરનારા, ૩૪ પ્રભવઃ–સર્વના ઉત્પત્તિકારણરૂપ, ૩૫ પ્રભુઃ–સર્વ પ્રકારનું દિવ્ય સામર્થ્ય ધરાવનારા, ૩૬ ઇશ્વરઃ–ઉપાધિરહિત ઐશ્વર્યવાળા.[૧૭]

स्वयंभूः शंभुरादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः॥१८

૩૭ સ્વયંભૂઃ–પોતાની મેળેજ ઉત્પન્ન થનારા, ૩૮ શંભુઃ– ભકતજનોનું કલ્યાણ કરનારા, ૩૯ આદિત્યઃ–સૂર્યમંડળમાં રહેલા તેજોમય પુરુષ, ૪૦ પુષ્કરાક્ષઃ– કમળના જેવાં નેત્રોવાળા, ૪૧ મહાસ્વનઃ–વેદરૂપ મહાન શબ્દ જેમના નિઃશ્વાસમાંથી ઉત્પન્ન થયો છે એવા, ૪૨ અનાદિનિધનઃ–આદિઅંતરહિત સ્વરૂપવાળા, ૪૩ ધાતાઃ–શેષનાગસ્વરૂપે આખા જગતને ધારણ કરનારા, ૪૪વિધાતાઃ–કર્મોને તથા તેમનાં ફળોને નિર્માણ કરનારા અથવા બ્રહ્મદેવરૂપે વિવિધ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરનારા, ૪૫ ધાતુસંત્તમઃ–બ્રહ્મદેવ કરતાં પણ ઉત્તમ.[૧૮]

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ।
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः

૪૬ અપ્રમેયઃ–પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી જણાય નહિ તેવા, ૪૭ હૃષીકેશઃ–સર્વ ઇંદ્રિયોના નિયંતા, ૪૮ પદ્મનાભઃ–નાભિમાંથી બ્રહ્માના ઉત્પત્તિસ્થાનરૂપ કમળ ધારણ કરનારા, ૪૯ અ-

મરપ્રભુઃ-સર્વ દેવતાઓના સ્વામી, ૫૦ વિશ્વકર્માઃ-આખા જગતને રચનારા, ૫૧ મનુઃ-મનનથી થનારા ઉત્તમ જ્ઞાનવાળા અથવા અદ્વિતીય મનનકર્તા, ૫૨ ત્વષ્ટાઃ-સૃષ્ટિના સંહારસમયે પ્રાણીમાત્રનો નાશ કરનારા, ૫૩ સ્થવિષ્ઠઃ-સ્થૂલમૂર્તિરૂપ, ૫૪ સ્થવિરઃ-અત્યંત પુરાતની અથવા સનાતન. ૫૫ ધ્રુવઃ-અચળસ્વરૂપવાળા.

अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।
प्रभूतस्त्रिककुब्धाम पवित्रं मंगलं परम् ॥२०॥

૫૬ અગ્રાહ્યઃ-મન, વાણી તથા ઇંદ્રિયોથી જાણી નહિ શકાય એવા, ૫૭ શાશ્વતઃ-સદા સર્વકાળ સ્થિતિ કરનારા, ૫૮ કૃષ્ણઃ-તે કેવળ આનંદમૂર્તિ અથવા ઘનશ્યામમૂર્તિ, લોહિતાક્ષઃ-રાતાં નેત્રવાળા, ૫૯ પ્રતર્દનઃ-જગતના પ્રલયસમયે પ્રાણીમાત્રનો સંહાર કરનારા, ૬૦ પ્રભૂતઃ-જ્ઞાન, ઐશ્વર્ય આદિ પુષ્કળ ગુણોથી સંપન્ન, ૬૧ ત્રિકકુબ્ધામઃ-ઉપર, નીચે અને મધ્યભાગ એમ ત્રણે દિશાઓમાં નિવાસ કરનારા, ૬૨ પવિત્રઃ-પવિત્રસ્વરૂપ અથવા તે પોતે સ્વાભાવિક રીતે પવિત્ર હોઇને ઋષિઓ તથા દેવતાઓરૂપે બીજા અનેક જીવોને પવિત્ર કરનારા, ૬૩ પરં મંગલઃ-અત્યંત મંગલસ્વરૂપ.[૨૦]

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥२१॥

૬૪ ઇશાનઃ-સર્વ પ્રાણીઓના નિયંતા, ૬૫ પ્રાણદઃ-સર્વને પ્રાણશકિત આપનારા, ૬૬ પ્રાણઃ-સર્વના પ્રાણરૂપ, ૬૭ જયેષ્ઠઃ-સર્વથી મોટા, ૬૮ શ્રેષ્ઠઃ-સર્વથી ઉત્તમ, ૬૯ પ્રજાપતિઃ-પ્રજાઓના પતિ, ૭૦ હિરણ્યગર્ભઃ-સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભ(બ્રહ્માંડ)રૂપ, ૭૧ ભૂગર્ભઃ-જેમના ઉદરમાં આખી પૃથ્વી રહેલી છે એવા, ૭૨ માધવઃ-મા એટલે લક્ષ્મી, તેના પતિરૂપ, ૭૩ મધુસૂદનઃ-મધુદૈત્યનો નાશ કરનારા.[૨૪]

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ।
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥२२

૭૪ ઇશ્વરઃ-સર્વ પ્રકારના સામર્થ્યવાળા, ૭૫ વિક્રમીઃ-પરાક્રમસંપન્ન, ૭૬ ધન્વીઃ-ધનુર્ધારી, ૭૭ મેધાવીઃ-અપૂર્વ બુદ્ધિશાળી, ૭૮ વિક્રમઃ-ગરુડપર બેસીને સર્વ જગતમાં ગમન કરનારા-સર્વ જગતમાં વ્યાપક, ૭૯ ક્રમઃ-સર્વત્ર ગતિવાળા, ૮૦ અનુત્તમઃ-જેમના કરતાં બીજો કોઈ પણ ઉત્તમ નથી એવા, ૮૧ દુરાધર્ષઃ-કોઇનાથી જેમનો પરાભવ કરી શકાય નહિ તેવા, ૮૨ કૃતજ્ઞઃ-પ્રાણીએ કરેલાં પાપ-પુણ્યને જાણનારા, ૮૩ કૃતિઃ-સર્વ ક્રિયાઓરૂપ, ૮૪ આત્મવાનઃ- પોતાના મહિમામાંજ સ્થિતિ કરીને રહેનારા.[૨૨]

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः॥२३

૮૫ સુરેશઃ-સર્વ દેવોના ઇશ્વર, ૮૬ શરણઃ-સર્વ પ્રાણીઓના આશ્રયરૂપ, ૮૭ શર્મઃ-કેવળ સુખરૂપ-કલ્યાણમૂર્તિ, ૮૮ વિશ્વરેતાઃ-સમગ્ર જગતના કારણભૂત (જેમનું રેતસ્-વીર્ય વિશ્વમય છે), ૮૯ પ્રજાભવઃ-સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરનારા, ૯૦ અહઃ-દિવસરૂપ અથવા પ્રકાશરૂપ, ૯૧ સંવત્સરઃ-વર્ષરૂપ. ૯૨ વ્યાલઃ-સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત (સર્પની પેઠે કોઇથી ગ્રહણ ન થઇ શકે તેવા), ૯૩ પ્રત્યયઃ-જ્ઞાનદ્વારાજ જેમનો સાક્ષાત્કાર થઈ શકે છે એવા, ૯૪ સર્વદર્શનઃ-સર્વ પદાર્થોને પ્રત્યક્ષ જોનારા.[૨૩]

अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः
वृषाकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥२४॥

૯૫ અજઃ-અજન્મા, ૯૬ સર્વેશ્વરઃ-સર્વના ઇશ્વર, ૯૭ સિદ્ધઃ-સિદ્ધસ્વરૂપ, ૯૮ સિદ્ધિઃ-મોક્ષસ્વરૂપ, ૯૯સર્વાદિઃ-સર્વના આદિકારણ,૧૦૦ અચ્યુતઃ- પોતાના શુદ્ધ સ્વરૂપમાંથી પોતાના સામર્થ્યવડે ભ્રષ્ટ નહિ થનારા, ૧૦૧ વૃષાકપિઃ-શ્રેષ્ઠ ધર્મરૂપ તથા આખલા જેવા આદિવરાહરૂપ, ૧૦૨ અમેયાત્માઃ-અમાપ સ્વરૂપવાળા, ૧૦૩ સર્વયોગવિનિઃસૃતઃ-સર્વ પ્રકારનાં કર્મબંધનોથી મુક્ત.[૨૪]

वसुर्वसुमनाः सत्यः समात्माऽ संमितः समः
अमोघः पुंडरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥२५

૧૦૪ વસુઃ-સર્વ પ્રાણીઓ તેમનામાં નિવાસ કરી રહ્યાં છે અને સર્વ પ્રાણીઓમાં તે નિવાસ કરી રહ્યા છે તેવા;૧૦૫ વસુમનાઃ-ઉદાર મન-

વાળા,૧૦૬ સત્યઃ–સત્યમૂર્તિ,૧૦૭ સમાત્માઃ–જેમનો આત્મા સર્વત્ર સમાન રીતે સ્થિતિ કરી રહ્યો છે તેવા,૧૦૮ અસંમિતઃ–કોઈપણ પદાર્થ સાથે તેમની તુલના થઈ શકે તેમ નથી એવા, ૧૦૯ સમઃ–સર્વ અવસ્થામાં વિકારરહિત અથવા પ્રાણીમાત્રના પર સમદષ્ટિ રાખનારા, ૧૧૦ અમોઘઃ–પોતાના સર્વ વિચારોને સફળ કરનારા અથવા પોતાના ભક્તજનોને અમોઘ ફળ આપનારા,૧૧૧ પુંડરીકાક્ષઃ–કમળ જેવાં નેત્રોવાળા અથવા સર્વના હૃદયકમળમાં વસનારા, ૧૧૨ વૃષકર્મઃ–કેવળ ધાર્મિક કર્મોને આચરનારા, ૧૧૩ વૃષાકૃતિઃ–કેવળ ધર્મકર્મસ્વરૂપ.

रुद्रो बहुशिरा वभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ।
अमृतः शाश्वतः स्थाणुर्वरारोहो महातपाः ॥

૧૧૪ રુદ્રઃ–જગતના સંહારસમયે પ્રાણીમાત્રને રોવડાવનારા,૧૧૫ બહુશિરાઃ–અનેક મસ્તકોવાળા,૧૧૬ બભ્રુઃ–સર્વ લોકોનું પાલનપોષણ કરનારા, ૧૧૭ વિશ્વયોનિઃ–આખા જગતના ઉત્પત્તિસ્થાનરૂપ, ૧૧૮ શુચિશ્રવાઃ–પવિત્ર યશવાળા, ૧૧૯ અમૃતઃ–અમર,૧૨૦ શાશ્વતઃ–સદાકાળ સ્થિતિવાળા ચિરંજીવ, ૧૨૧ સ્થાણુઃ–સદા નિર્વિકાર અને નિશ્ચય સ્વરૂપવાળા, ૧૨૨ વરારોહઃ– જેમનો લોક શ્રેષ્ઠ છે અથવા જેમના લોકમાં ચઢી જવું શ્રેષ્ઠ છે અથવા જેમના લોકમાં ગયેલો પુરુષ કદી પાછો આવતો નથી એવા, ૧૨૩ મહાતપાઃ–ઉત્કૃષ્ટ તપ અથવા જ્ઞાનવાળા, (એવા પ્રબળ તપેશ્વર કે જેના સામર્થ્યથી પ્રકૃતિને વિશ્વ ઉત્પન્ન કરવાની જરૂર પડે અથવા ઇચ્છાશક્તિથી સ્વયં વિશ્વ ઉત્પન્ન થાય.)[૨૬]

सर्वगः सर्वचिद्भानुर्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यंगो वेदांगो वेदवित् कविः॥२७

૧૨૪ સર્વગઃ–સર્વત્ર વ્યાપક. ૧૨૫ સર્વવિત્ઃ–સર્વને જાણનારા, ૧૨૬ ભાનુઃ–કેવળ પ્રકાશરૂપ,૧૨૭ વિશ્વક્સેનઃ–જેમને રણમાં આવેલા જોઇ દૈત્યોની સેના ચોતરફ નાસભાગ કરી મૂકે એવા, ૧૨૮ જનાર્દનઃ–દુષ્ટ મનુષ્યોને દુઃખ આપનારા, ૧૨૯ વેદઃ–ભક્તોના હૃદયમાં રહીને તેઓને વસ્તુતત્ત્વનું જ્ઞાન કરાવી આપનારા, ૧૩૦ વેદવિત્ઃ–ચારે વેદોને જાણનારા, ૧૩૧ અવ્યંગઃ–જેમનામાં કોઇ પ્રકારની ન્યૂનતા નથી એવા સંપૂર્ણ, ૧૩૨ વેદાંગઃ–ચારે વેદો જેમના અંગરૂપ છે એવા,૧૩૩ વેદવિત્ઃ–વેદોનું મનન કરનારા, ૧૩૪ કવિઃ–સર્વ વસ્તુને હસ્તામલકવત્ જોનારા–બુદ્ધિમાનોમ અદ્વિતીય.[૨૭]

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः
चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥२८॥

૧૩૫ લોકાધ્યક્ષઃ–સર્વ લોકોના અધ્યક્ષ, ૧૩૬ સુરાધ્યક્ષઃ–દેવોના અધ્યક્ષ, ૧૩૭ ધર્માધ્યક્ષઃ–ધર્માધર્મના અધ્યક્ષ,૧૩૮ કૃતાકૃતઃ–કાર્ય તથા કારણરૂપ,૧૩૯ ચતુરાત્માઃ–બ્રહ્મા,દક્ષઆદિ પ્રજાપતિઓ, કાળ અને સમગ્ર પ્રાણીઓ–આ ચારે પ્રકારની વિભૂતિઓ જેમની પોતાનીજ છે એવા, ૧૪૦ ચતુર્વ્યૂહઃ–મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર–આ ચાર તત્ત્વોમાં અનુક્રમે વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ તથા સંકર્ષણરૂપે નિવાસ કરનારા, ૧૪૧ ચતુર્દંષ્ટ્રઃ–નૃસિંહ અવતારમાં જેમણે ચાર દાઢો પ્રકટ કરી હતી એવા અથવા નામ, આખ્યાન, ઉપસર્ગ અને નિપાત–એ ચાર દાઢવાળા, ૧૪૨ ચતુર્ભુજઃ–ચાર ભુજાવાળા.[૨૮]

भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ।
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः॥

૧૪૩ ભ્રાજિષ્ણુઃ–સર્વત્ર ચૈતન્યરૂપે પ્રકાશમાન, ૧૪૪ ભોજનઃ–ભોજનરૂપ, વૈભવરૂપ અથવા માયારૂપ, ભોક્તાઃ–જીવરૂપે માયાનો ઉપભોગ કરનારા,૧૪૫ સહિષ્ણુઃ–અત્યંત સહનશીલ. જગદાદિજઃ–જગતના આદિકાળમાં બ્રહ્મદેવરૂપે ઉત્પન્ન થનારા, ૧૪૬ અનઘઃ–સર્વ પ્રકારનાં પાપોથી અથવા દોષોથી મુક્ત, ૧૪૭ વિજયઃ–જ્ઞાનવૈરાગ્ય આદિ ગુણોથી આખા જગતનો વિજય કરનારા, ૧૪૮ જેતાઃ–સર્વ જગતનાપર સત્તા ચલાવનારા, ૧૪૯ વિશ્વયોનિઃ–જગતના ઉત્પત્તિકારણરૂપ, ૧૫૦ પુનર્વસુઃ–જીવસ્વરૂપે વારંવાર શરીરોમાં નિવાસ કરનારા.[૨૯]

उपेंद्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ।

अतींद्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः

૧૫૧ ઉપેંદ્રઃ-ઇંદ્રના નાનાભાઇતરીકે અવતાર લેનારા, ૧૫૨ વામનઃ-વામનનો અવતાર ધરનારા, ૧૫૩ પ્રાંશુઃ-બલિરાજા પાસેથી ત્રણ પગલાં પૃથ્વી લેતી વખતે ઉન્નત સ્વરૂપ ધારણ કરનારા, ૧૫૪ અમોઘઃ-જેમનાં સર્વ કાર્યો સફળ થાય છે એવા, ૧૫૫ શુચિઃ-પોતે અત્યંત પવિત્ર હોઇને પોતાનું ભજન કરનારા મનુષ્યોને પણ પવિત્ર કરનારા, ૧૫૬ ઊર્જિતઃ-અત્યંત બળશાળી, ૧૫૭ અતીંદ્રઃ-ઇંદ્ર કરતાં પણ અધિક ઐશ્વર્યવાળા, ૧૫૮ સંગ્રહઃ-પ્રલયકાળે સર્વ જગતનો પોતાનામાં સમાવેશ કરનારા, ૧૫૯ સર્ગઃ-સર્વ જગતને ઉત્પન્ન કરનારા, ૧૬૦ ધૃતાત્માઃ-નિર્વિકાર આત્મસ્વરૂપને ધારણ કરનારા, ૧૬૧. નિયમઃ-અનેક અધિકારોદ્વારા પ્રજાઓને નિયમમાં રાખનારા, ૧૬૨ યમઃ-યમરૂપે સર્વ પ્રાણીઓને વશ રાખનારા.[૩૦]

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ।
अतींद्रियो महामायो महोत्साहो महाबलः ॥

૧૬૩ વૈદ્યઃ-જિજ્ઞાસુઓને જાણવા યોગ્ય, ૧૬૪ વૈદ્યઃ-સર્વ વિદ્યાઓને જાણનારા, ૧૬૫ સદાયોગીઃ-સદાકાળ યોગસાધના કર્યા કરનારા, ૧૬૬ વીરહાઃ-અસુરાદિ ધર્મદ્રોહી વીરોને સંહારનારા, ૧૬૭ માધવઃ-સર્વ વિદ્યાઓના સ્વામી અથવા માયાના સ્વામી, ૧૬૮ મધુઃ-મધ અથવા વસંતઋતુની જેમ ભક્તને પ્રિય થઇ પડનારા, ૧૬૯ અતીંદ્રિયઃ-સર્વ ઇંદ્રિયોથી અગોચર, ૧૭૦ મહામાયઃ-મોટી માયાવાળા અથવા મોટા માયાવીઓને પણ માયાની જાળમાં ફસાવનારા માયાવી, ૧૭૧ મહોત્સાહઃ-જેમનામાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કરવામાં મોટો ઉત્સાહ રહેલો છે એવા, ૧૭૨ મહાબલઃ-બળવાનોના પણ બળરૂપ હોવાથી મહાબળશાળી.[૩૧]

महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ।
अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ॥

૧૭૩ મહાબુદ્ધિઃ-મહાબુદ્ધિમાન, ૧૭૪ મહાવીર્યઃ-મહાપરાક્રમી, ૧૭૫ મહાશક્તિઃ-મહાશક્તિમાન, ૧૭૬ મહાદ્યુતિઃ-મહાતેજસ્વી, ૧૭૭ અનિર્દેશ્યવપુઃ-અવર્ણનીય શરીરવાળા, ૧૭૮ શ્રીમાન્ઃ-સંપૂર્ણ શોભાયમાન અથવા સંપૂર્ણ લક્ષ્મીવાન, ૧૭૯ અમેયાત્માઃ-જેમના સ્વરૂપનું કોઇનાથી પણ પ્રમાણ કાઢી શકાતું નથી એવા, ૧૮૦ મહાદ્રિધૃકઃ-અમૃતમંથનસમયે મંદરાચલ પર્વતને અથવા ગોરક્ષણ સમયે ગોવર્ધન પર્વતને ધારણ કરનારા.[૩૨]

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतां गतिः ।
अनिरुद्धः सुरानंदो गोविंदो गोविदांपतिः ॥३३

૧૮૧ મહેષ્વાસઃ-મોટા ધનુર્ધારી, ૧૮૨ મહીભર્તાઃ-આખી પૃથ્વીનું પોષણ કરનારા, ૧૮૩ શ્રીનિવાસઃ-લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ, ૧૮૪ સતાં ગતિઃ-સત્પુરુષોના ગતિરૂપ, ૧૮૫ અનિરુદ્ધઃ-જેમના પ્રાદુર્ભાવને કોઇ અટકાવી શકતું નથી એવા, ૧૮૬ સુરાનંદઃ-દેવતાઓને આનંદ આપનારા, ૧૮૭ ગોવિંદઃ-રસાતલમાં પેસી ગયેલી ગો અર્થાત્ પૃથ્વીનો વરાહના સ્વરૂપથી ઉદ્ધાર કરનારા અથવા વેદશાસ્ત્ર પ્રાપ્ત કરનારા અથવા ઇંદ્રિયોનું જ્ઞાન જેમના દ્વારાજ થઈ શકે છે એવા, ૧૮૮ ગોવિદાંપતિઃ-વેદશાસ્ત્ર જાણનારા ઋષિઓના પણ પતિ.[૩૩]

मरीचिर्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।
हिरण्यनाभः सुतपाःपद्मनाभः प्रजापतिः ॥३४

૧૮૯ મરીચિઃ-સર્વ કિરણોના પણ કિરણરૂપ, ૧૯૦ દમનઃ-યમાદિરૂપે પ્રજાઓનું દમન કરનારા, ૧૯૧ હંસઃ-સંસારરૂપ બંધનનો નાશકરનારા,બ્રહ્માને વેદ જણાવવામાટે હંસરૂપ થયેલા, ૧૯૨ સુપર્ણઃ-ગરુડ પક્ષીરૂપ, ૧૯૩ ભુજગોત્તમઃ-સર્પોમાં ઉત્તમ શેષનાગરૂપ, ૧૯૪ હિરણ્યનાભઃ-જેમનીનાભિ સુવર્ણના જેવી તેજસ્વી છે એવા, ૧૯૫ સુતપાઃ-નરનારાયણરૂપે ઘોર તપ કરનારા, ૧૯૬ પદ્મનાભઃ-નાભિકમળના જેવી નાભીવાળા, ૧૯૭ પ્રજાપતિઃ-સર્વ પ્રજાઓના પાલક.[૩૪]

अमृत्युःसर्वदृक्सिंहः संधाता संधिमान् स्थिरः
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥

૧૯૮અમૃત્યુઃ-મૃત્યુરહિત,૧૯૯ સર્વદૃક્ઃ-સર્વના દ્રષ્ટા, ૨૦૦ સિંહઃ-સર્વ દુષ્ટોનો સં-

હાર કરનારા, ૨૦૧ સંધાતાઃ-સર્વ જીવોને કર્મફળ સાથે સંયોગ કરી આપનારારૂપ, ૨૦૨ સંધિમાનઃ-જીવરૂપ થઇને કર્મોનાં ફળોને ભોગવનારા, ૨૦૩ સ્થિરઃ-સદાકાળ સ્વરૂપમાંજ અચળ રહેનારા, ૨૦૪ અજઃ-જન્મરહિત, ૨૦૫ દુર્મર્ષણઃ-દુષ્ટ પ્રાણીઓ જેમના તેજને સહન કરી શકતાં નથી એવા, ૨૦૬ શાસ્તાઃ-શ્રુતિસ્મૃતિદ્વારા સર્વને શિક્ષણ આપનારા, ૨૦૭ વિશ્રુતાત્માઃ-જેમનું સ્વરૂપ સત્ય જ્ઞાનરૂપે પ્રસિદ્ધ છે એવા, ૨૦૮ સુરારિહાઃ-દેવોના શત્રુઓનો સંહાર કરનારા.૩૫

गुरूर्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः ।
निमिषोऽनिमिषः स्रग्वी वाचस्पतिरुदारधीः॥

૨૦૯ ગુરુઃ-સર્વ વિદ્યાઓનો ઉપદેશ કરવાથી ગુરુરૂપ અથવા ઉત્પન્ન કરવાથી પિતારૂપ, ૨૧૦ ગુરુતમઃ-બ્રહ્માદિ લોકગુરુઓના પણ ગુરુ, ૨૧૧ ધામઃ-સર્વ જગતના આશ્રયસ્થાનરૂપ અથવા તે તેજોમય સ્વરૂપવાળા, ૨૧૨ સત્યઃ-જેમનું વચન કદી અસત્ય હોતું નથી અથવા જેમનો કદી લય થતો નથી એવા, ૨૧૩ સત્યપરાક્રમઃ-જેમનું પરાક્રમ કદી વ્યર્થ હોતું નથી એવા, ૨૧૪ નિમિષઃ-યોગનિદ્રામાં જેમનાં નેત્રો મિંચાયેલાં રહે છે એવા, ૨૧૫ અનિમિષઃ-સદા સર્વકાળ જાગ્રત રહેનારા, ૨૧૬ સ્રગ્વીઃ-વૈજયંતી નામની માળાને ધારણ કરનારા, ૨૧૭ વાચસ્પતિરુદારધીઃ-વાણીના પતિ હોવાથી અત્યંત ઉદાર બુદ્ધિવાળા.૩૬

अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात्

૨૧૮ અગ્રણીઃ-મુમુક્ષુઓને ઉત્તમ સ્થાનમાં લઇ જનારા, ૨૧૯ ગ્રામણીઃ-સર્વ પ્રાણીસમુદાયના નેતા, ૨૨૦ શ્રીમાનઃ-શોભાસંપન્ન, ૨૨૧ ન્યાયઃ-ન્યાયશાસ્ત્રરૂપ, ૨૨૨ નેતાઃ-જગતના યોગક્ષેમનો નિર્વાહ કરનારા, ૨૨૩ સમીરણઃ-શ્વાસોચ્છ્વાસરૂપે પ્રાણીમાત્રને ચેતના આપનારા, ૨૨૪ સહસ્રમૂર્ધાઃ-હજારો મસ્તકોવાળા, ૨૨૫ વિશ્વાત્માઃ-આખા જગતના આત્મારૂપ, ૨૨૬ સહસ્રાક્ષઃ-હજારો નેત્રોવાળા, ૨૨૭ સહસ્રપાતઃ-હજારો ચરણોવાળા.૩૭

आवर्त्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।
अहः संवर्तको वह्निरनिलो धरणीधरः ॥३८॥

૨૨૮ આવર્તનઃ-સંસારચક્રને નિરંતર ફેરવનારા, ૨૨૯ નિવૃત્તાત્માઃ-જેમનું સ્વરૂપ સંસારના પાશથી મુક્ત છે એવા, ૨૩૦ સંવૃતઃ-માયાથી વિંટાયેલા, જેથી તેઓને સંસારી મનુષ્ય જોઇ શકે નહિ, ૨૩૧ સંપ્રમર્દનઃ-રુદ્રકાળ આદિ વિભૂતિઓદ્વારા જગતનો સંહાર કરનારા, ૨૩૨ અહસ્સંવર્તકઃ-સૂર્યના પણ પ્રવર્તક, ૨૩૩ વહ્નિઃ-દેવતાઓને હવિર્ભાગ પહોંચાડનારા અગ્નિરૂપ, ૨૩૪ અનિલઃ-વાયુરૂપ, ૨૩૫ ધરણીધરઃ-શેષ, દિગ્ગજ, વરાહ આદિરૂપે પૃથ્વીને ધારણ કરનારા.૩૮

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः ।
सत्कर्ता सत्कृतः साधुर्जन्हुर्नारायणो नरः ॥ ३९

૨૩૬ સુપ્રસાદઃ-સર્વનાપર ઉત્તમ પ્રકારની કૃપા કરનારા, ૨૩૭ પ્રસન્નાત્માઃ-જેમનું અંતઃકરણ રજસ્ અને તમસ્થી મલિન રહેતું નથી પણ નિત્ય પ્રસન્ન રહે છે એવા, ૨૩૮ વિશ્વધૃકઃ-આખા જગતને ધારણ કરી રાખનારા, ૨૩૯ વિશ્વભુક્ઃ-આખા જગતનો ઉપભોગ કરનારા અથવા પ્રલયકાળે આખા જગતનું ભક્ષણ કરનારા, ૨૪૦ વિભુઃ-બ્રહ્માદિ અનેકરૂપને ધારણ કરનારા, ૨૪૧ સત્કર્તાઃ-સર્વ સુપાત્રનો સત્કાર કરનારા, ૨૪૨ સત્કૃતઃ-સર્વ સુપાત્રો તરફથી સત્કાર પામેલા, ૨૪૩ સાધુઃ-પોતાના ભક્તજનોનાં કાર્યોને સિદ્ધ કરનારા, ૨૪૪ જન્હુઃ-પ્રલયસમયે આખા જગતનો પોતાનામાં લય કરનારા, ૨૪૫ નારાયણઃ-સ્થાવરજંગમ સર્વ જગતમાં રહેલા જીવોના આશ્રય, નિયામક અથવા અંતર્યામી, ૨૪૬ નરઃ-જીવોને ઈષ્ટ સ્થાને પહોંચાડનારા સનાતન પરમાત્મા.૩૯

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः ।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः

૨૪૭ અસંખ્યેયઃ-જેમનું વર્ણન કરવું અશક્ય છે એવા અથવા જેમનાં સ્વરૂપોની સંખ્યા અનંત છે એવા, ૨૪૮ અપ્રમેયાત્માઃ-જેમના સ્વરૂપને કદી માપી શકાતું નથી એવા, ૨૪૯ વિશિષ્ટઃ-સર્વના કરતાં શ્રેષ્ઠ, ૨૫૦ શિષ્ટ-

કૃતઃ-શાસન કરનારા અથવા સર્વને સંસ્કારી કરનારા, ૨૫૧ શુચિઃ-મલિનતાથી રહિત હોવાથી શુદ્ધ, ૨૫૨ સિદ્ધાર્થઃ-જેમના મનોરથો સદા સર્વકાળ સિદ્ધ થાય છે એવા, ૨૫૩ સિદ્ધસંકલ્પઃ-પોતાના સંકલ્પોમાં સર્વદા સિદ્ધઃ-થયેલા એવા, ૨૫૪ સિદ્ધિદઃ-સર્વને યથાયોગ્ય ફળસિદ્ધિ આપનારા, ૨૫૫ સિદ્ધિસાધનઃ-સિદ્ધિના સાધનરૂપ.[૪૦]

वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ।
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः॥ ४१॥

૨૫૬ વૃષાહીઃ-ધાર્મિક દિવસોરૂપ, ૨૫૭ વૃષભઃ-પોતાના ભક્તોનાપર કૃપાદૃષ્ટિનો વરસાદ વરસાવનારા, ૨૫૮ વિષ્ણુઃ-સર્વ પ્રદેશ ઉપર વ્યાપક, ૨૫૯ વૃષપર્વાઃ-જેમના સ્થાન ઉપર ચઢી જવામાટે ધર્મ એજ પગથિયાં છે એવા, ૨૬૦ વૃષોદરઃ-જેમના ઉદરમાં નિત્ય ધર્મનોજ વાસ છે એવા, ૨૬૧ વર્ધનઃ-સર્વને વૃદ્ધિ પમાડનારા, ૨૬૨ વર્ધમાનઃ-સંસારરૂપે પ્રતિદિન વૃદ્ધિ પામનારા, ૨૬૩ વિવિક્તઃ-સંસારરૂપે વૃદ્ધિ પામે છે છતાં તેનાથી વિરક્ત-ભિન્ન રહેનારા, ૨૬૪ શ્રુતિસાગરઃ-વેદોના ચારેય સાગરરૂપ.[૪૧]

सुभुजो दुर्धरो वाग्मी महेंद्रो वसुदो वसुः ।
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः॥ ४२ ॥

૨૬૫ સુભુજઃ-સુંદર ભુજાઓવાળા, ૨૬૬ દુર્ધરઃ-ધ્યાન વખતે હૃદયમાં ધારણ કરી રાખવાને અતિ દુષ્કર એવા, ૨૬૭ વાગ્મીઃ-વેદરૂપ ઉત્તમ વાણીને ધારણ કરનારા, ૨૬૮ મહેંદ્રઃ-મહાન ઇંદ્રરૂપ, ૨૬૯ વસુદઃ-ધનને આપનારા, ૨૭૦ વસુઃ-ધનરૂપ, ૨૭૧ નૈકરૂપઃ-અનેક સ્વરૂપને ધારણ કરનારા, ૨૭૨ બૃહદ્રૂપઃ-વિરાટરૂપે મહાપ્રચંડ સ્વરૂપવાળા, ૨૭૩ શિપિવિષ્ટઃ-યજ્ઞરૂપે પશુઓમાં નિવાસ કરનારા, ૨૭૪ પ્રકાશનઃ-સર્વને પ્રકાશિત કરનારા.[૪૨]

ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।
ऋद्धः स्पष्टाक्षरो मंत्रश्चंद्रांशुर्भास्करद्युतिः॥४३॥

૨૭૫ ઓજસ્તેજોદ્યુતિધરઃ-ઓજસ્ (પ્રાણબળ),તેજ (શૌર્યાદિગુણ) અને કાંતિદ્વારા સર્વને ધારણ કરનારા, ૨૭૬ પ્રકાશાત્માઃ-કેવળ પ્રકાશરૂપ, ૨૭૭ પ્રતાપનઃ-સૂર્યાદિ વિભૂતિઓદ્વારા જગતને તપાવનારા, ૨૭૮ ઋદ્ધઃ-ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્ય આદિ ગુણોથી યુક્ત છે એવા, ૨૭૯ સ્પષ્ટાક્ષરઃ-સદા સર્વકાળ સ્પષ્ટ તથા અવિનાશી સ્વરૂપવાળા અથવા જેમના સ્વરૂપને ૐકાર નામના અક્ષરદ્વારા સ્પષ્ટ જાણી શકાય છે એવા, ૨૮૦ મંત્રઃ-તે ચારે વેદોના મંત્રોરૂપ, ૨૮૧ ચંદ્રાંશુઃ-ત્રિવિધતાપથી તપેલા જીવોને ચંદ્રનાં કિરણોની પેઠે આનંદ આપનારા, ૨૮૨ ભાસ્કરદ્યુતિઃ-સૂર્યના જેવી કાંતિવાળા.[૪૩]

अमृतांशूद्भवो भानुः शशबिंदुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः॥ ४४ ॥

૨૮૩ અમૃતાંશૂદ્ભવઃ-અમૃતસમાન કિરણોવાળા ચંદ્રના ઉત્પાદક, ૨૮૪ ભાનુઃ-સ્વયંપ્રકાશ સ્વરૂપવાળા, ૨૮૫ શશબિંદુઃ-ચંદ્રની પેઠે સર્વ પ્રજાઓનું પોષણ કરનારા, ૨૮૬ સુરેશ્વરઃ-સર્વ દેવોના અથવા ઉત્તમ દાન કરનારા પુરુષોના ઇશ્વર, ૨૮૭ ઔષધઃ-સંસારરૂપ રોગને દૂર કરવામાં ઔષધરૂપ, ૨૮૮ જગતઃ સેતુઃ-જગતને તરી જવામાટે પૂલરૂપ, ૨૮૯ સત્યધર્મપરાક્રમઃ-ધર્મ, જ્ઞાન આદિ જેમનાં ગુણો તથા પરાક્રમ સત્ય છે એવા.[૪૪]

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत् कांतः कामः कामप्रदः प्रभुः।

૨૯૦ ભૂતભવ્યભવન્નાથઃ-ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળનાં સર્વ પ્રાણીઓના નાથ, ૨૯૧ પવનઃ-પવનરૂપ, ૨૯૨ પાવનઃ-સર્વને પવિત્ર કરનારા, ૨૯૩ અનલઃ-જેમના આધારેજ લોક જીવે છે અથવા જેને કદી તૃપ્તિજ થતી નથી તે અગ્નિમૂર્તિ, ૨૯૪ કામહાઃ-મુમુક્ષુ ભક્તપુરુષોની તૃષ્ણાઓનો નાશ કરનારા, ૨૯૫ કામકૃતઃ-સર્વની કામનાઓને પૂર્ણ કરનારા, અથવા કામના (અર્થાત્ પ્રદ્યુમ્નના) પિતા, ૨૯૬ કાંતઃ-અત્યંત સુંદર સ્વરૂપવાળા, ૨૯૭ કામઃ-પુરુષાર્થની આકાંક્ષા રાખનારા, જેમનુંજ આરાધન કરવાની મનુષ્યો ઇચ્છા રાખે છે તે, ૨૯૮ કામપ્રદઃ-ભક્તોના સર્વ મનોરથોને અત્યંત પૂર્ણ કરનારા, ૨૯૯ પ્રભુઃ-ભક્તજનોને માટે અનેક અવતાર ધારણ કરનારા.[૪૫]

युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ।

अदृश्योऽव्यक्तरूपश्च सहस्रजिदनंतजित्॥ ४६

૩૦૦ યુગાદિકૃત્:-યુગ આદિ કાલના વિભાગકર્તા અથવા યુગનો આરંભ કરનારા, ૩૦૧ યુગાવર્ત:-સત્યયુગ આદિ યુગચક્રના સંચાલક, ૩૦૨ નૈકમાય:-અનેક પ્રકારની માયાને ધારણ કરનારા, ૩૦૩ મહાશન:-પ્રલયકાળે આ સર્વ જગતનું ભક્ષણ કરી જનારા, ૩૦૪ અદૃશ્ય:-જેમનું સ્વરૂપ સર્વ બુદ્ધિ તથા ઇંદ્રિયોથી અગમ્ય છે-જોવા જાણવાને અશકય છે એવા, ૩૦૫ વ્યક્તરૂપ:-જેમના સ્થૂલ સ્વરૂપનો સાક્ષાત્કાર થઇ શકે છે એવા, ૩૦૬ સહસ્રજિત્:-યુદ્ધમાં દેવોના હજારો શત્રુઓને જીતનાર, ૩૦૭ અનંતજિત્:-અનંત શત્રુઓનો યુદ્ધાદિમાં પરાજય કરનાર.[૪૬]

इष्टो विशिष्टः शिष्टेष्टः शिखंडी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥४७॥

૩૦૮ ઇષ્ટ:-પરમ આનંદ ઉપજાવનારા હોવાથી સર્વને પ્રિય અથવા યજ્ઞવડે પૂજાતા, ૩૦૯ વિશિષ્ટ:-સર્વના અંતર્યામી હોવાથી અત્યંત શ્રેષ્ઠ, ૩૧૦ શિષ્ટેષ્ટ:-વિદ્વાનોને પ્રિય અથવા વિદ્વાનો જેમને પ્રિય છે એવા, ૩૧૧ શિખંડી:-મયૂરના પીંછાને મુકુટમાં ધારણ કરનારા, ૩૧૨ નહુષ:-પ્રાણીમાત્રને પોતાની માયાવડે બાંધનારા, ૩૧૩ વૃષ:-સર્વ કામનાઓને પૂર્ણ કરનારા ધર્મરૂપ, ૩૧૪ ક્રોધહા:-ક્રોધનો નાશ કરનારા, ૩૧૫ ક્રોધકૃત:-દુષ્ટ પુરુષોનાપર ક્રોધ કરનારા, ૩૧૬ કર્તા:-જગતના કર્તા અથવા સર્વ કાર્ય કરનારા, ૩૧૭ વિશ્વબાહુ:-જેમના બાહુઓ સમસ્તને આધારભૂત છે અથવા જેમના બાહુ આખા જગતમાં ચોતરફ રહેલા છે એવા, ૩૧૮ મહીધર:-સર્વની પૂજાને અથવા પૃથ્વીને ધારણ કરનારા.[૪૭]

अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥ ४८ ॥

૩૧૯ અચ્યુત:-સર્વ વિકારોથી રહિત, ૩૨૦ પ્રથિત:-જગતની ઉત્પત્તિ વગેરે કર્મોથી પ્રખ્યાત, ૩૨૧ પ્રાણ:-સૂત્રાત્મારૂપે પ્રજાઓને જીવાડનારા, ૩૨૨ પ્રાણદ:-દેવોને પ્રાણ તથા બળ આપનારા અને અસુરોના પ્રાણ તથા બળનો નાશ કરનારા, ૩૨૩ વાસવાનુજ:-ઇંદ્રના નાનાભાઇ (ઉપેન્દ્ર-વામન)રૂપ, ૩૨૪ અપાંનિધિ:-સમુદ્રરૂપ, ૩૨૫ અધિષ્ઠાન:-પ્રાણીમાત્ર જેમનામાં સ્થિતિ કરી રહ્યાં છે-અર્થાત્ પ્રાણીમાત્રના ઉપાદાનકારણરૂપ, ૩૨૬ અપ્રમત્ત:-અધિકાર પ્રમાણે ફળ આપવામાં કદી પ્રમાદ નહિ કરનારા, ૩૨૭ પ્રતિષ્ઠિત:-પોતાના મહિમામાંજ સ્થિતિ કરી રહેનારા.[૪૮]

स्कंदः स्कंदधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरंदरः ॥ ४९ ॥

૩૨૮ સ્કંદ:-અમૃતરૂપે ગમન કરનારા તથા વાયુરૂપે સર્વનું શોષણ કરનારા. ૩૨૯ સ્કંદધર:-ધર્મના માર્ગને ધારણ કરી રાખનારા, ૩૩૦ ધુર્ય:-પ્રાણીમાત્રને ઉત્પન્ન કરવા વગેરેની ધુંસરીને ધારણ કરનારા, ૩૩૧ વરદ:-પોતાના ભકતોને અભીષ્ટ વર આપનારા અથવા યજમાનરૂપે શ્રેષ્ઠ ગાયરૂપ દક્ષિણાનું દાન કરનારા, ૩૩૨ વાયુવાહન:-આવહ આદિ સાતે વાયુઓને ગતિ આપનારા અથવા વાયુના જેવું ગરુડ જેનું વાહન છે એવા, ૩૩૩ વાસુદેવ:-સર્વ જગતમાં વ્યાપક, સર્વ પ્રાણીઓને પોતાની માયાશક્તિથી આચ્છાદિત કરનારા, સર્વત્ર ક્રીડા કરનારા,સર્વત્ર વ્યવહાર કરનારા, સર્વત્ર પ્રકાશી રહેનારા, સર્વથી પૂજાતા અને સર્વત્ર ગતિ કરનાર એવા વાસુદેવ, ૩૩૪ બૃહદ્ભાનુ:-જેમનાં મહાન કિરણો ચંદ્રમંડળ તથા સૂર્યમંડળમાં પણ પહોંચી વળીને આખા જગતને પ્રકાશિત કરે છે તે,૩૩૫ આદિદેવ:-સર્વદેવોના પણ આદિદેવ, ૩૩૬ પુરંદર:-દેવોના શત્રુઓનાં નગરોનો નાશ કરનારા.[૪૯]

अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥५०॥

૩૩૭ અશોક:-શોક આદિ છ ઉર્મિઓથી રહિત, ૩૩૮ તારણ:-સંસારસમુદ્રમાંથી તારનારા, ૩૩૯ તાર:-ગર્ભ, જન્મ, જરા અને મૃત્યુરૂપ ભયમાંથી મુકત કરનારા, ૩૪૦ શૂર:-અત્યંત પરાક્રમી, ૩૪૧ શૌરી:-શૂરસેનના પુત્ર વસુદેવરૂપ અથવા શ્રીકૃષ્ણરૂપે શૂરકુળમાં અવતાર ધરનારા, ૩૪૨ જનેશ્વર:-પ્રાણીમાત્રના ઇ-

શ્વર, ૩૪૩ અનુકૂલઃ–આત્મારૂપે સર્વને અનુકૂળ રહેનારા, ૩૪૪ શતાવર્તઃ–ધર્મનું રક્ષણ કરવામાટે સો અવતાર લેનારા અથવા સોએ નાડીઓમાં પ્રાણરૂપે સંચાર કરનારા, ૩૪૫ પદ્મીઃ–હાથમાં કમળને ધારણ કરનારા, ૩૪૬ પદ્મનિભેક્ષણઃ–કમળના જેવાંજ નેત્રોવાળા.[૫૦]

पद्मनाभोऽरविंदाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्द्धिर्ऋद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः॥

૩૪૭ પદ્મનાભઃ–નાભિમાં કમળને ધારણ કરનારા, ૩૪૮ અરવિંદાક્ષઃ–કમળના જેવાં નેત્રોવાળા,૩૪૯પદ્મગર્ભઃ–હૃદયકમળમાં ઉપાસના કરવા યોગ્ય, ૩૫૦ શરીરભૃતઃ–અન્નરૂપે અથવા પ્રાણરૂપે સર્વનાં શરીરોનું પોષણ કરનારા અથવા પોતાની માયાશક્તિનો આશ્રય કરીને અનેક પ્રકારનાં શરીરોને ધારણ કરનારા, ૩૫૧ મહર્ષિઃ–ઘણી મોટી વિભૂતિવાળા, ૩૫૨ ઋદ્ધઃ–પ્રપંચરૂપે સર્વત્ર વિસ્તાર પામેલા આત્માવાળા, ૩૫૩ વૃદ્ધાત્માઃ–અત્યંત પુરાતની આત્માવાળા, ૩૫૪ મહાક્ષઃ–ઘણાંજ વિશાળ નેત્રોવાળા, ૩૫૫ ગરુડધ્વજઃ–ધ્વજામાં ગરુડના ચિહ્નવાળા.[૫૧]

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिंजयः॥५२॥

૩૫૬ અતુલઃ–જેમને ઉપમા આપી શકાય તેવો કોઇ પણ સ્થાવર જંગમ પદાર્થ આ જગતમાં નથી તેવા, ૩૫૭ શરભઃ–પ્રત્યેક શરીરોમાં પ્રત્યગાત્મારૂપે પ્રકાશ કરનારા, ૩૫૮ ભીમઃ–જેમનાથી આ સર્વ જગત ભયભીત રહે છે એવા, ૩૫૯ સમયજ્ઞઃ–જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયના સમયને જાણનારા, ૩૬૦ હવિર્હરિઃ–યજ્ઞોમાં આપવામાં આવતા હવિર્ભાગનો સ્વીકાર કરનારા, ૩૬૧ સર્વલક્ષણલક્ષણ્યઃ–સર્વ શાસ્ત્રીય પ્રમાણોથી જાણવાયોગ્ય, ૩૬૨ લક્ષ્મીવાનઃ–જેમના વક્ષઃસ્થળમાં લક્ષ્મીનો નિત્ય નિવાસ છે એવા, ૩૬૩ સમિતિંજયઃ–યુદ્ધમાં સદાકાળ વિજય કરનારા.[૫૨]

विक्षरो रोहितो मार्गो हेतुर्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवानमिताशनः ॥५३॥

૩૬૪ વિક્ષરઃ–અવિનાશી–નાશ ન થાય તેવા, ૩૬૫ રોહિતઃ– પોતાની ઇચ્છાનુસાર મત્સ્યાવતાર ધારણ કરનાર, ૩૬૬ માર્ગઃ–મુમુક્ષુપુરુષો નિત્ય જેમની શોધ કર્યા કરે છે એવા, ૩૬૭હેતુઃ–જગતના ઉપાદાનકારણ તથા નિમિત્તકારણરૂપ, ૩૬૮દામોદરઃ–ઇંદ્રિયનિગ્રહદ્વારા ઉત્તમબનેલી બુદ્ધિથી જેમને પ્રાપ્ત કરી શકાયછે એવા અથવા યશોદાએ જેમના ઉદરને દોરડાવતી બાંધ્યું હતું તે અથવા નામરૂપાત્મક આ જગત જેમના ઉદરમાં નિવાસ કરી રહ્યું છે એવા, ૩૬૯સહઃ–સર્વનોપરાભવ કરનારા અથવા સર્વને સહન કરનારા,૩૭૦મહીધરઃ–પર્વતરૂપે પૃથ્વીને ધારણ કરનારા અથવા જીવરૂપે દેહને ધારણ કરનારા,૩૭૧મહાભાગઃ–સર્વના કરતાં જે મહાભાગ્યશાળી છે એવા, ૩૭૨ વેગવાનઃ–વેગવાળા, અમિતાશનઃ–સંહારસમયે આખા જગતનું ભક્ષણ કરનારા.[૫૩]

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ।
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः॥५४॥

૩૭૩ઉદ્ભવઃ–આ સર્વ પ્રપંચની ઉત્પત્તિના ઉપાદાન, ૩૭૪ ક્ષોભણઃ–સૃષ્ટિના આરંભસમયે પ્રકૃતિ તથા પુરુષને ક્ષોભ પમાડનારા,૩૭૫ દેવઃ–આખા જગતમાં ક્રીડા કરનારા, ૩૭૬શ્રીગર્ભઃ–જગતરૂપ વિભૂતિ જેમના ઉદરમાં રહેલીછે એવા,૩૭૭પરમેશ્વરઃ–જેમનીસત્તા અથવાલીલા અત્યંત શ્રેષ્ઠ છે એવા, ૩૭૮ કરણઃ–જગતની ઉત્પત્તિમાં ઉત્તમ સાધનરૂપ,૩૭૯ કારણઃ–સર્વના ઉપાદાનકારણ તથા નિમિત્તકારણભૂત, ૩૮૦ કર્તાઃ–સર્વપ્રકારે સ્વતંત્ર,૩૮૧વિકર્તાઃ–આ વિચિત્ર જગતનાકર્તા,૩૮૨ગહનઃ–તેમનાસ્વરૂપને, સામર્થ્યને અથવા ચેષ્ટિતને કોઇનાથી જાણી શકાતું નથી એવા,૩૮૬ગુહઃ–પોતાની માયાદ્વારા પોતાના સ્વરૂપને ગુપ્ત રાખનારા.[૫૪]

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ।
परार्द्धः परमः स्पष्टस्तुष्टः पुष्टः शुभेक्षणः॥५५॥

૩૮૪વ્યવસાયઃ–કેવળ જ્ઞાનસ્વરૂપ, ૩૮૫ વ્યવસ્થાનઃ–સર્વ જગતની જેમનામાં સ્થિતિ છે એવા અથવા જાતિ,વર્ણ,આશ્રમ અને તેના ધર્મ વગેરેના વિભાગ કરીને તેની જે વ્યવસ્થા કરે છે એવા, ૩૮૬સંસ્થાનઃ–પ્રલયકાળે સર્વ પ્રાણીઓ જેમનામાં સારી રીતે નિવાસ કરી રહે છે એવા

અથવા તેમનું નિવાસસ્થાન અત્યંત ઉત્તમ છે એવા,૩૮૭સ્થાનદઃ-ધ્રુવ આદિ પોતાનાભક્તોને કર્માનુસાર સ્થાન આપનારા,૩૮૮ ધ્રુવઃ-અવિનાશી, ૩૮૯ પરર્દ્ધિઃ-સમૃદ્ધિવાન, ૩૯૦ પરમસ્પષ્ટઃ-કેવળ જ્ઞાનસ્વરૂપ હોઇને અત્યંત સ્પષ્ટ, ૩૯૧ તુષ્ટઃ-કેવળ પરમાનંદરૂપ, ૩૯૨ પુષ્ટઃ-સર્વ રીતે સંપૂર્ણ,૩૯૩ શુભેક્ષણઃ-જેમનું દર્શન મુમુક્ષુઓને શુભકારક થઇ પડે છે એવા.

रामो विरामो विरजो मार्गो नेयो नयोऽनयः।
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥

૩૯૪રામઃ-યોગીઓને રમણ કરવાના સ્થાનરૂપ,૩૯૫ વિરામઃ-પ્રાણીમાત્રને લય પામવાનું સ્થાનરૂપ,૩૯૬ વિરજઃ-સર્વ દોષોથીરહિત,૩૯૭ માર્ગઃ-જેમની પ્રાપ્તિ કરાવનારા માર્ગે જઇને મુમુક્ષુઓ મોક્ષ સંપાદન કરીશકે છે તેવા,૩૯૮ નેયઃ-જેમનું ઉત્તમ જ્ઞાન સંપાદન કરીને જીવ પરમાત્મારૂપ થઇ શકે છે એવા,૩૯૯નયઃ-જીવોને પોતાના પદપ્રત્યે લઇ જનાર, ૪૦૦અનયઃ-જેમનો કોઇ નેતા નથી એવા, ૪૦૧વીરઃ-પરાક્રમશાળી,૪૦૨શક્તિમતાં શ્રેષ્ઠઃ-બ્રહ્મા આદિ શક્તિમાન પુરુષોમાં પણ શ્રેષ્ઠ, ૪૦૩ ધર્મઃ-પ્રાણીમાત્રને ધારણ કરનારા, ૪૦૪ધર્મવિદુત્તમઃ-ધર્મવેત્તા પુરુષોમાં ઉત્તમ.[૫૬]

वैकुंठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः ।
हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायुरधोक्षजः ॥

૪૦૫વૈકુંઠઃ-જગતના આરંભસમયે ભિન્ન ભિન્ન રહેલાં પંચમહાભૂતોને એકત્ર કરી દઇને તેઓની જૂદી જૂદી ગતિનો જેમણે નાશ કર્યો છે એવા, ૪૦૬પુરુષઃ-પ્રત્યેક શરીરમાં નિવાસ કરનારા,૪૦૭ પ્રાણઃ-પ્રાણરૂપે સર્વને ચેષ્ટા કરાવનારા, ૪૦૮ પ્રાણદઃ-પ્રલયકાળે પ્રાણીમાત્રના પ્રાણોનો નાશ કરનારા, ૪૦૯પ્રણવઃ-સર્વ દેવતાઓથી પ્રણામ કરાતા, ૪૧૦પૃથુઃ-પ્રપંચરૂપે સર્વત્ર વિસ્તાર પામેલા, ૪૧૧હિરણ્યગર્ભઃ-બ્રહ્મદેવના ઉત્પાદક અથવા બ્રહ્મદેવરૂપ, ૪૧૨શત્રુઘ્નઃ-દેવોના શત્રુઓનો સંહાર કરનારા, ૪૧૩ વ્યાપ્તઃ-કારણરૂપે સર્વ કાર્યોમાં વ્યાપી રહેનારા, ૪૧૪વાયુઃ-ગંધને ચોતરફ ફેલાવનારા, ૪૧૫ અધોક્ષજઃ-ઇંદ્રિયોથી થનારા જ્ઞાનથી જેમનો સાક્ષાત્કાર કરી શકાતો નથી એવા.[૫૭]

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ।
उग्र संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः॥

૪૧૬ ઋતુઃ-વસંતાદિ ઋતુઓરૂપ, ૪૧૭ સુદર્શનઃ-જેમનું દર્શન મોક્ષરૂપ ફળને આપનારૂં હોવાથી ઉત્તમ ગણાય છે અથવા જેમનાં નેત્રો અત્યંત વિશાળ હોવાથી સુંદર દેખાવનાં છે અથવા જે પોતાની ઇચ્છાનુસાર સુંદર દેખાવનાં શરીરને ધારણ કરે છે અથવા ભક્તપુરુષો જેમનું સુખેથી દર્શન કરી શકે છે એવા, ૪૧૮ કાલઃ-સર્વને પ્રેરણા કરનારા કાળરૂપ, ૪૧૯ પરમેષ્ઠીઃ-પોતાના શ્રેષ્ઠ મહિમામાં અથવા પ્રત્યેકના હૃદયાકાશમાં સ્થિતિ કરીને રહેનારા, ૪૨૦ પરિગ્રહઃ-શરણની ઇચ્છા રાખનારા પુરુષો ચોતરફથી જેમને સ્વીકારી લે છે અથવા સર્વત્ર વ્યાપક હોવાથી ચોતરફ જે જણાય છે અથવા ભક્તોએ અર્પણ કરેલાં પત્રપુષ્પાદિનો જે સ્વીકાર કરે છે એવા,૪૨૧ ઉગ્રઃ-સૂર્ય આદિને પણ ભય ઉપજાવનારા, ૪૨૨ સંવત્સરઃ-જેમના સ્વરૂપમાં સર્વ પ્રાણીઓ નિવાસ કરી રહ્યાં છે એવા, ૪૨૩ દક્ષઃ-આખા જગતરૂપે વૃદ્ધિ પામીને સર્વકર્મોને ઘણી કુશળતાથી કરનારા,૪૨૪ વિશ્રામઃ- સંસારસમુદ્રમાં ક્ષુધા, તૃષા-આદિ છ તરંગોથી વ્યાકુળ થયેલા અને અવિદ્યાઆદિ મહાક્લેશોથી તથા મદ આદિ અવાંતર ક્લેશોથી દુઃખી થયેલા મનુષ્યોને મોક્ષરૂપ વિશ્રાંતિ આપનારા, ૪૨૫ વિશ્વદક્ષિણઃ-સર્વ કર્મો કરવામાં કુશળ.[૫૮]

विस्तारः स्थावरः स्थाणुः प्रमाणं बीजमव्ययम्
अर्थोऽनर्थो महाकोशो महाभागो महाधनः॥५९

૪૨૬ વિસ્તારઃ-સમગ્રજગતના વિસ્તારના સ્થાનરૂપ,૪૨૭સ્થાવરસ્થાણુઃ-જે સ્થિર સ્વભાવના છે તથાપૃથ્વી આદિસ્થિર સ્વભાવનાં તત્ત્વો જેમનામાં સ્થિતિ કરી રહ્યાં છે તેવા ૪૨૮ પ્રમાણઃ-પ્રત્યક્ષ આદિ પ્રમાણરૂપ, ૪૨૯ બીજઅવ્યયઃ-જગતના અવિનાશી બીજરૂપ, ૪૩૦ અર્થઃ-સુખરૂપ હોવાથી સર્વ પ્રાણીઓ જેમની પ્રાર્થના કરે છે તે,૪૩૧અનર્થઃ-સર્વ કામનાઓથી પૂર્ણ હોવાથી જેમને કોઇનું પણ પ્રયોજન પડતું નથી

એવા, ૪૩૨ મહાકોશઃ-અન્નમય આદિ પાંચ મહાન કોશોથી ઢંકાયેલા, ૪૩૩ મહાભોગઃ-સુખરૂપ મહાભોગને ભોગવનારા, ૪૩૪ મહાધનઃ-ભોગનાં સાધનરૂપ પુષ્કળ ધનવાળા.[૫૯]

अनिर्विण्णः स्थविष्ठोऽभूर्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः॥६०॥

૪૩૫ અનિર્વિણ્ણઃ-સર્વકામનાઓને સંપાદન કરી લીધેલી હોવાથી જેમને કદી નિરાશા-કંટાળો આવતો નથી એવા, ૪૩૬ સ્થવિષ્ઠઃ-વિરાટ્સ્વરૂપે અત્યંત સ્થૂલ, ૪૩૭ ભૂઃ-પૃથ્વીરૂપે સર્વના આધારભૂત, ૪૩૮ ધર્મયૂપઃ-ધર્મના સ્તંભરૂપ, ૪૩૯ મહામખઃ-જેમને અર્પણ કરવામાં આવેલા મહાયજ્ઞો મોક્ષરૂપ ઉત્તમ ફળને આપનારા થઇને ખરેખર મહાન થઈ પડે છે તે, ૪૪૦ નક્ષત્રનેમિઃ-નક્ષત્રમંડળના ધરીરૂપ, ૪૪૧ નક્ષત્રીઃ-ચંદ્રરૂપ, ૪૪૨ ક્ષમઃ-કાર્યો કરવામાં સમર્થ અથવા સર્વ પ્રાણીઓનાપર ક્ષમા કરનારા, ૪૪૩ ક્ષામઃ-સર્વ વિકારોનો ક્ષય થઈ ગયા પછી કેવળ સ્વસ્વરૂપેજ સ્થિતિ કરનારા, ૪૪૪ સમીહનઃ-જગતની ઉત્પત્તિ આદિનેમાટે સારીરીતે ચેષ્ટા કરનારા.[૬૦]

यज्ञ ईज्यो महेज्यश्च क्रतुः सत्रं सतां गतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥

૪૪૫ યજ્ઞઃ-સર્વ યજ્ઞસ્વરૂપ, ૪૪૬ ઈજ્યઃ-યજ્ઞના ફળદાતા હોવાથી યજન કરવા યોગ્ય, ૪૪૭ મહેજ્યઃ-મોક્ષરૂપ ફળના દાતા હોવાથી સર્વ દેવતાઓમાં સૌથી વધારે પૂજન કરવા યોગ્ય, ૪૪૮ ક્રતુઃ-પશુબંધનના સ્તંભવાળા યજ્ઞમૂર્તિરૂપ, ૪૪૯ સત્રઃ-સત્પુરુષોનું રક્ષણ કરનારા, ૪૫૦ સતાં ગતિઃ-સત્પુરુષોના ગતિરૂપ, ૪૫૧ સર્વદર્શીઃ-પોતાના સ્વાભાવિક જ્ઞાનથી પ્રાણીમાત્રના કર્મ-અકર્મને જાણનારા, ૪૫૨ વિમુક્તાત્માઃ-સ્વાભાવિક રીતેજ મુક્ત, ૪૫૩ સર્વજ્ઞઃ-સર્વ પદાર્થોને જાણનારા, ૪૫૪ જ્ઞાનમુત્તમઃ-ઉત્તમ જ્ઞાનરૂપ.[૬૧]

सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत्।
मनोहरो जितक्रोधो वीरबाहुर्विदारणः ॥६२॥

૪૫૫ સુવ્રતઃ-સર્વને અભયદાન આપવારૂપ ઉત્તમ વ્રતને ધારણ કરનારા, ૪૫૬ સુમુખઃ-સુંદર મુખવાળા, ૪૫૭ સૂક્ષ્મઃ-અત્યંત સૂક્ષ્મ સ્વરૂપવાળા, ૪૫૮ સુઘોષઃ-વેદરૂપ અત્યંત સુંદર શબ્દવાળા, ૪૫૯ સુખદઃ-સત્પુરુષોને સુખ આપનારા, ૪૬૦ સુહૃદ્ઃ-પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યાવિના સર્વની ઉપર ઉપકાર કરનારા, ૪૬૧ મનોહરઃ-નિરતિશય આનંદરૂપ હોવાથી પ્રત્યેકના મનનું હરણ કરનારા, ૪૬૨ જિતક્રોધઃ-ક્રોધને જીતનારા, ૪૬૩ વીરબાહુઃ-પરાક્રમશાળી બાહુઓવાળા, ૪૬૪ વિદારણઃ-અધર્મીઓનો નાશ કરનારા.[૬૨]

स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत्
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः॥६३॥

૪૬૫ સ્વાપનઃ-આત્મજ્ઞાનરહિત પુરુષોને પોતાની માયાવડે (અજ્ઞાનનિદ્રામાં) સૂવાડી દેનારા, ૪૬૬ સ્વવશઃ-સર્વ પ્રકારે સ્વતંત્ર, ૪૬૭ વ્યાપીઃ-આકાશની પેઠે સર્વત્ર વ્યાપક, ૪૬૮ નૈકાત્માઃ-જગતનાં ઉત્પત્તિ આદિ અનેક સ્વરૂપોને ધારણ કરનારા, ૪૬૯ નૈકકર્મકૃત્ઃ-જગતની ઉત્પત્તિ આદિ અનેક કર્મોને કરનારા, ૪૭૦ વત્સરઃ-સર્વ જગત જેમના વિષે વસી રહ્યું છે એવા, ૪૭૧ વત્સલઃ-પોતાના ભક્તજન ઉપર પ્રેમ રાખનારા, ૪૭૨ વત્સીઃ-સર્વ પ્રજાઓનું પુત્રનીપેઠે પાલન કરનારા, ૪૭૩ રત્નગર્ભઃ-રત્નોના ઉત્પત્તિસ્થાનભૂત સમુદ્રનું સ્વરૂપ ધારણ કરનારા, ૪૭૪ ધનેશ્વરઃ-ધનના સ્વામી કુબેરરૂપ.

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥५४॥

૪૭૫ ધર્મગુપ્ઃ-ધર્મની રક્ષાકરનારા, ૪૭૬ ધર્મકૃત્ઃ-ધર્મની સ્થાપના કરનારા, ૪૭૭ ધર્મીઃ-ધર્મોને ધારણ કરનારા, ૪૭૮ સત્ઃ-બ્રહ્મરૂપે સત્ય, ૪૭૯ અસત્ઃ-પ્રપંચરૂપે અસત્ય, ૪૮૦ ક્ષરઃ-સર્વ જગતરૂપે નાશવંત, ૪૮૧ અક્ષરઃ-કૂટસ્થરૂપે અવિનાશી છે એવા, ૪૮૨ અવિજ્ઞાતાઃ-જીવસ્વરૂપે અજ્ઞાનયુક્ત, ૪૮૩ સહસ્રાંશુઃ-હજાર કિરણોવાળા સૂર્યરૂપ, ૪૮૪ વિધાતાઃ-સર્વ પ્રાણીમાત્રના સ્રષ્ટા, ૪૮૫ કૃતલક્ષણઃ-શાસ્ત્રોને રચનારા.[૬૪]

गभस्तिनेमिः सत्त्वस्थः सिंहो भूतमहेश्वरः ।
आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरु ॥६५॥

૪૮૬ ગભસ્તિનેમિઃ-સર્વ જ્યોતિશ્ચક્રના મધ્યમાં સૂર્યરૂપે રહેલા, ૪૮૭ સત્વસ્થઃ-પ્રાણીમાત્રમાં સ્થિતિ કરનારા, ૪૮૮ સિંહઃ-સિંહ જેવા અત્યંત પરાક્રમશાળી, ૪૮૯ ભૂતમહેશ્વરઃ-પ્રાણીમાત્રના મહાન ઇશ્વર, ૪૯૦ આદિદેવઃ-સર્વ દેવોના પણ આદિદેવ, ૪૯૧ મહાદેવઃ-સર્વ પદાર્થોનો ત્યાગ કરીને કેવળ આત્મજ્ઞાનમાં તથા યોગૈશ્વર્યમાંજ આનંદમગ્ન રહેનારા, ૪૯૨ દેવેશઃ-સર્વ દેવોના પણ ઇશ્વર, ૪૯૩ દેવભૃદ્ગુરુઃ-દેવોનું રક્ષણ કરનારા ઇંદ્રના પણ શાસક.[૬૫]

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।
शरीरभूतभृद्भोक्ता कपींद्रो भूरिदक्षिणः ॥६६॥

૪૯૪ ઉત્તરઃ-જન્મમૃત્યુવાળા આ સંસારસમુદ્રમાંથી તારનારા, ૪૯૫ ગોપતિઃ-આખી પૃથ્વીના પતિ, ૪૯૬ ગોપ્તાઃ-પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા, ૪૯૭ જ્ઞાનગમ્યઃ-કેવળ જ્ઞાનથીજ જાણવામાં આવે તેવા, ૪૯૮ પુરાતનઃ-સર્વના કરતાં અત્યંત પુરાતની, ૪૯૯ શરીરભૂતભૃતઃ-શરીરને ઉત્પન્ન કરનારાં પંચભૂતોના પોષણકર્તા, ૫૦૦ ભોક્તાઃ-સર્વના પાલક, ૫૦૧ કપીન્દ્રઃ-ઉત્તમ વરાહનો અવતાર લેનારા અથવા રામાવતારમાં વાનરસેનાના નાયક, ૫૦૨ ભૂરિદક્ષિણઃ-ધર્મમર્યાદા દર્શાવવા-માટે યજ્ઞમાં પુષ્કળ દક્ષિણાઓ આપનારા.[૬૬]

सोमपोऽमृतपः सोमः पुरुजित्पुरुसत्तमः ।
विनयो जयः सत्यसंधो दाशार्हः सात्वतां पतिः

૫૦૩ સોમપઃ-સર્વ યજ્ઞોમાં દેવતાઓરૂપે સોમરસનું પાન કરનારા, ૫૦૪ અમૃતપઃ-સમુદ્રમંથનસમયે નીકળેલું અમૃત દેવતાઓને પાનાર તથા પોતે પીનારા, ૫૦૫ સોમઃ-ચંદ્રરૂપે સર્વ ઔષધિઓનું પોષણ કરનારા, ૫૦૬ પુરુજિતઃ-પુષ્કળ અસુરોનો પરાજય કરનારા, ૫૦૭ પુરુસત્તમઃ-આખા જગતરૂપ અને સર્વ કરતાં શ્રેષ્ઠ, ૫૦૮ વિનયઃ-દુષ્ટ પ્રજાઓને શિક્ષા કરનારા, ૫૦૯ જયઃ-સર્વનો પરાજય કરનારા, ૫૧૦ સત્યસંધઃ-પ્રતિજ્ઞાને સત્ય કરનારા, ૫૧૧ દાશાર્હઃ-દાશાર્હ કુળમાં અવતાર લેનારા, ૫૧૨ સાત્વતાં પતિઃ-પોતાના ભક્તોના યોગક્ષેમનો નિર્વાહ કરનારા.[૬૭]

जीवो विनयिता साक्षी मुकुंदोऽमितविक्रमः।
अंभोनिधिरनंतात्मा महोदधिशयोंऽतकः॥६८॥

૫૧૩ જીવઃ-ક્ષેત્રજ્ઞરૂપે સર્વના પ્રાણોને ધારણ કરનારા, ૫૧૪ વિનયિતા સાક્ષીઃ-વિનયશીલ પુરુષોના વિનયીપણાના સાક્ષીરૂપ, ૫૧૫ મુકુંદઃ-મોક્ષ આપનારા, ૫૧૬ અમિતવિક્રમઃ-અમાપ પરાક્રમવાળા, ૫૧૭ અંભોનિધિઃ-અંભસ એટલે દેવો, મનુષ્યો, પિતૃઓ તથા અસુરો-આ સર્વના નિધિરૂપ-નિવાસસ્થાનરૂપ, ૫૧૮ અનંતાત્માઃ-જેમનું સ્વરૂપ દેશ તથા કાળ આદિથી માપી શકાય તેવું નથી એવા, ૫૧૯ મહોદધિશયઃ-પ્રલયકાળે સર્વ પ્રાણીઓનો સંહાર કરીને મહાસમુદ્રમાં શયન કરનારા, ૫૨૦ અંતકઃ-સર્વ પ્રાણીઓના સંહારક.

अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदन ।
आनंदो नंदनो नंदः सत्यधर्मा त्रिविक्रमः॥६९

૫૨૧ અજઃ-જન્મરહિત, ૫૨૨ મહાર્હઃ-સર્વ લોકોએ પૂજા કરવા યોગ્ય, ૫૨૩ સ્વાભાવ્યઃ-નિત્યસિદ્ધસ્વરૂપ હોવાથી સ્વાભાવિક રીતેજ જણાઇ આવે તેવા, ૫૨૪ જિતામિત્રઃ-રાગદ્વેષાદિ આંતર શત્રુઓને તથા રાવણ આદિ બાહ્ય શત્રુઓને જીતનારા, ૫૨૫ પ્રમોદનઃ-પોતાનું ધ્યાન કરનારા પુરુષોને માત્ર ધ્યાનથીજ હર્ષ ઉપજાવનારા, ૫૨૬ આનંદઃ-કેવળ આનંદસ્વરૂપ, ૫૨૭ નંદનઃ-સર્વને આનંદ ઉપજાવનારા, ૫૨૮ નંદઃ-સર્વ પ્રકારનું સુખ જેમનામાં સંપૂર્ણ રીતે વસી રહ્યું છે એવા, ૫૨૯ સત્યધર્માઃ-ધર્મ, જ્ઞાન આદિ સત્ય ગુણોવાળા, ૫૩૦ ત્રિવિક્રમઃ-વામનરૂપે ત્રણ પગલાંથી ત્રણે ભુવનોનું આક્રમણ કરનારા.[૬૯]

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृंगः कृतांतकृत् ॥

૫૩૧ મહર્ષિ કપિલાચાર્યઃ-સાંખ્યશાસ્ત્રના આચાર્ય મહર્ષિ કપિલરૂપે અવતાર લેનારા, ૫૩૨ કૃતજ્ઞઃ-કાર્યરૂપ આ જગતના જ્ઞાતા, ૫૩૩ મેદિનીપતિઃ-પૃથ્વીના પતિ, ૫૩૪ ત્રિપદઃ-પોતાનાં ત્રણ પગલાંથી ત્રણે ભુવનોને વ્યાપ્ત કરી દેનારા, ૫૩૫ ત્રિદશાધ્યક્ષઃ-ત્રણ ગુણોના

આવેશથી ઉત્પન્ન થનારી ત્રણ અવસ્થાઓના અધ્યક્ષરૂપ, ૫૩૬ મહાશૃંગઃ-મત્સ્યાવતારમાં માથે મોટા શિંગડાવાળા, ૫૩૭ કૃતાંતકૃતઃ-કાર્યરૂપ સર્વ જગતનો નાશ કરનારા અથવા કાળનો પણ નાશ કરનારા.[૭૦]

महावराहो गोविंदः सुषेणः कनकांगदी ।
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥ ७१ ॥

૫૩૮ મહાવરાહઃ-મોટા વરાહનું સ્વરૂપ ધારણ કરનારા, ૫૩૯ ગોવિંદઃ-વૈદિક વાણીથી જાણી શકાય તેવા, ૫૪૦ સુષેણઃ-ઉત્તમ સેનાવાળા, ૫૪૧ કનકાંગદીઃ-સુવર્ણના બાજુબંધોને ધારણ કરનારા, ૫૪૨ ગુહ્યઃ-હૃદયાકાશરૂપ ગુહામાં રહેલા, ૫૪૩ ગભીરઃ-જ્ઞાન, ઐશ્વર્ય તથા બળ આદિને લીધે ગંભીર, ૫૪૪ ગહનઃ-જ્ઞાન-વૈરાગ્યરહિત પુરુષોને જેમનું સ્વરૂપજ્ઞાન થવું દુર્ઘટ થઈ પડે છે એવા, ૫૪૫ ગુપ્તઃ-વાણી તથા મનના અવિષયરૂપ, ૫૪૬ ચક્રગદાધરઃ-ચક્ર તથા ગદાને ધારણ કરનારા.[૭૧]

वेधाः स्वांगोऽजितःकृष्णो दृढःसंकर्षणोऽच्युतः
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः॥

૫૪૭ વેધાઃ-સર્વના સ્રષ્ટા, ૫૪૮ સ્વાંગઃ-કાર્યના કારણમાં પોતેજ અંગભૂત, ૫૪૯ અજિતઃ-કોઇ પણ અવતારમાં જેમનો કોઇએ પરાજય કર્યો નથી એવા, ૫૫૦ કૃષ્ણઃ-કૃષ્ણદ્વૈપાયનઃ-વ્યાસરૂપે જેમણે અવતાર લીધોછેએવા, ૫૫૧ દઢઃ-જેમનું સ્વરૂપ અથવા સામર્થ્ય કદી ક્ષીણ થતું નથી એવા, ૫૫૨ સંકર્ષણોચ્યુતઃ-સંહારસમયે એકીસાથે સર્વ પ્રજાઓનો નાશ કરનારા અને પોતાના પદથી કદી ચ્યુત નહિથનારા, ૫૫૩ વરુણઃ-પશ્ચિમદિશાના સ્વામી વરુણ, ૫૫૪ વારુણઃ-વરુણના પુત્ર વસિષ્ઠ અથવા અગત્સ્ય, ૫૫૫ વૃક્ષઃ-વૃક્ષની પેઠે અચલસ્વરૂપે રહેનારા, ૫૫૬ પુષ્કરાક્ષઃ-સર્વના હૃદયકમળમાં વ્યાપી રહેનારા, ૫૫૭ મહામનાઃ-કેવળ પોતાના મનથીજ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશને કરનારા.[૭૨]

भगवान् भगहा नंदी वनमाली हलायुधः ।
आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः॥

૫૫૮ ભગવાનઃ-ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, વૈરાગ્ય અને મોક્ષ-આ છ ભગશબ્દવાચ્ય (ભગશબ્દથી કહેવાતા) ગુણો જેમનામાં વસી રહ્યા છે એવા, ૫૫૯ ભગહાઃ-જગતના સંહારસમયે ઐશ્વર્યાદિ સમગ્ર ગુણોનો નાશ કરનારા, ૫૬૦ નંદીઃ-કેવળ સુખસ્વરૂપ, ૫૬૧ વનમાલીઃ-વૈજયંતી નામની વનમાળાને ધારણ કરનારા, ૫૬૨ હલાયુધઃ-બલભદ્રરૂપ થઈને હળના આયુધને ધારણ કરનારા, ૫૬૩આદિત્યઃ-અદિતિમાં કશ્યપથી વામનરૂપે જન્મેલા, ૫૬૪ જ્યોતિરાદિત્યઃ-સૂર્યમંડળમાં તેજરૂપે રહેલા, ૫૬૫ સહિષ્ણુઃ-ટાઢ, તાપ આદિ દ્વંદ્વોને સહન કરનારા, ૫૬૬ ગતિસત્તમઃ-મુમુક્ષુઓની ગતિરૂપ અને સર્વના કરતાં શ્રેષ્ઠ.[૭૩]

सुधन्वा खंडपरशुर्दारुणो द्रविणप्रदः ।
दिवस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः॥

૫૬૭ સુધન્વાઃ-શાર્ઙ્ગ નામના સુંદર ધનુષ્યને ધારણ કરનારા, ૫૬૮ ખંડપરશુઃ-પરશુરામરૂપ થઈને ક્ષત્રિયોનો નાશ કરનારી ફરશી જેમને છોડવી પડી હતી તે, ૫૬૯ દારુણઃ-સન્માર્ગનો વિરોધ કરાવનારા પુરુષોને દારુણ થઇ પડનારા, ૫૭૦ દ્રવિણપ્રદઃ-ભક્તોને ઇચ્છિત ધન અર્પણ કરનારા, ૫૭૧ દિવસ્પૃક્ઃ-વિરાટસ્વરૂપે ગગનમંડળનો સ્પર્શ કરનારા, ૫૭૨ સર્વદૃગ્વ્યાસઃ-સર્વના દ્રષ્ટા અને વેદાદિના વિભાગ કરનારા, ૫૭૩ વાચસ્પતિઃ-વિદ્યાના પતિ, ૫૭૪ અયોનિજઃ-યોનિવિના જન્મેલા સ્વયંભૂ.[૭૪]

त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक्।
संन्यासकृच्छमः शांतो निष्ठा शांतिः परायणः

૫૭૫ ત્રિસામાઃ-સામવેદનું ગાન કરનારા પુરુષો, વેદવ્રત અને સમાખ્યાત નામનાં ત્રણ સામમંત્રોથી જેમની સ્તુતિ કરે છે એવા, ૫૭૬ સામગઃ-તે પોતે પણ સામવેદનું ગાન કરનારા, ૫૭૭ સામઃ-સામવેદરૂપ, ૫૭૮ નિર્વાણઃ-સર્વદુઃખોથી મુક્ત થવારૂપ મોક્ષપદરૂપ, ૫૭૯ ભેષજંઃ-સંસારરૂપ રોગને દૂર કરવામાટે ઔષધરૂપ, ૫૮૦ ભિષક્ઃ-સંસારરૂપ રોગથી મુક્ત કરનારી શ્રેષ્ઠ વિદ્યાનો ઉપદેશ કરનારા, ૫૮૧ સંન્યાસકૃતઃ-મોક્ષસંપાદન કરવા માટે સંન્યાસરૂપ ચોથા

આશ્રમનો નિર્માણ કરનારા, ૫૮૨ શમઃ-સંન્યાસીઓને મુખ્યત્વે કરીને શમનોજ ઉપદેશ કરનારા અથવા પ્રલયકાળે પ્રાણીમાત્રને શમાવી દેનારા, ૫૮૩ શાંતઃ-વિષયોના સંગથી મુકત રહેનારા, ૫૮૪ નિષ્ઠાઃ-પ્રલયકાળે સર્વ પ્રાણીઓને લય થવાના સ્થાનરૂપ, ૫૮૫ શાંતિઃ-સમગ્ર અવિદ્યાના નિવૃત્તિરૂપ, ૫૮૬ પરાયણઃ-જેની પ્રાપ્તિ થયા પછી કદી પુનરાવૃત્તિ થતી નથી એવા શ્રેષ્ઠ સ્થાનરૂપ.૭૫

શુભાંગઃ શાંતિદઃ स्रष्टा कुमुदः कुवलेशयः ।
ગોહિતો गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः॥७६॥

૫૮૭ શુભાંગઃ-સુંદર શરીરવાળા, ૫૮૮ શાંતિદઃ-સર્વને શાંતિ આપનારા, ૫૮૯ સ્રષ્ટાઃ-પ્રાણીમાત્રના સ્રષ્ટા, ૫૯૦ કુમુદઃ-આખી પૃથ્વી ઉપર નિત્ય આનંદ આપનારા કુમુદરૂપ, ૫૯૧ કુવલેશયઃ-જળની અંદર શયન કરનારા, ૫૯૨ ગોહિતઃ-ગોવર્ધન પર્વત ધારણ કરીને ગાયોનું હિત કરનારા અથવા પોતાની ઇચ્છાનુસાર અવતાર ધારણ કરી પૃથ્વીનું હિત કરનારા, ૫૯૩ ગોપતિઃ-પૃથ્વીના પતિ, ૫૯૪ ગોપ્તાઃ-જગતનું રક્ષણ કરનારા, ૫૯૫ વૃષભાક્ષઃ-સર્વ કામનાઓની વૃષ્ટિ કરનારાં નેત્રોવાળા અથવા કેવળ ધર્મરૂપજ દૃષ્ટિવાળા, ૫૯૬ વૃષપ્રિયઃ-ધર્મ ઉપર પ્રીતિવાળા.૭૬

અનિવર્તી निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
શ્રીવત્સવક્ષાઃ श्रीवासः श्रीपतिः श्रीमतां वरः॥

૫૯૭ અનિવર્તીઃ- દેવાસુરસંગ્રામમાંથી કદી પાછા ન હઠનારા અથવા ધર્મ ઉપર પ્રીતિવાળા હોવાથી ધર્મનું રક્ષણ કરવામાં કદી પાછા ન હઠનારા, ૫૯૮ નિવૃત્તાત્માઃ-વિષયોથી નિવૃત્ત થયેલા શુદ્ધ મનવાળા, ૫૯૯ સંક્ષેપ્તાઃ-આ વિશાળ જગતને પ્રલયસમયે સૂક્ષ્મરૂપે સમેટી લેનારા, ૬૦૦ ક્ષેમકૃતઃ-સર્વનું કલ્યાણ કરનારા, ૬૦૧ શિવઃ-કેવળ નામસ્મરણથીજ પવિત્ર કરનારા, ૬૦૨ શ્રીવત્સવક્ષાઃ-વક્ષઃસ્થલમાં શ્રીવત્સ નામનું ચિહ્ન ધારણ કરનારા, અથવા સ્મરણ કરવાથી કલ્યાણ કરનારા, ૬૦૩ શ્રીવાસઃ-લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ, ૬૦૪ શ્રીપતિઃ-અમૃતમંથનસમયે સર્વ દેવતાઓનો ત્યાગ કરીને લક્ષ્મી જેમને વરી છે એવા, ૬૦૫ શ્રીમતાંવરઃ-ઋગ્વેદાદિ વૈદિક લક્ષ્મીને ધારણ કરનારા, બ્રહ્માદિ વેદવેત્તા પુરુષોમાં શ્રેષ્ઠ.૭૭

श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः।
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः॥७८

૬૦૬ શ્રીદઃ-પોતાના ભકતોને લક્ષ્મી અર્પણ કરનારા, ૬૦૭ શ્રીશઃ-લક્ષ્મીના નાથ, ૬૦૮ શ્રીનિવાસઃ-લક્ષ્મીવાન પુરુષોમાં નિત્ય નિવાસ કરનારા, ૬૦૯ શ્રીનિધિઃ-લક્ષ્મીના ભંડારરૂપ, ૬૧૦ શ્રીવિભાવનઃ-સર્વ પ્રાણીઓને કર્માનુસાર વિવિધ પ્રકારની લક્ષ્મી અર્પણ કરનારા, ૬૧૧ શ્રીધરઃ-સર્વ પ્રાણીઓની માતા લક્ષ્મીને પોતાના વક્ષઃસ્થલમાં નિત્ય ધારણ કરનારા, ૬૧૨ શ્રીકરઃ-પોતાની સ્તુતિ કરનારા તથા પૂજા કરનારા, ભકતોનું કલ્યાણ કરનારા. ૬૧૩ શ્રેયઃ-અવિનાશી શ્રેયરૂપ, ૬૧૪ શ્રીમાનઃ-સર્વના કરતાં અધિક લક્ષ્મીવાન, ૬૧૫ લોકત્રયાશ્રયઃ-ત્રણે લોકના આશ્રમરૂપ.૭૮

स्वक्षः स्वंगः शतानंदो नंदिर्ज्योतिर्गणेश्वरः ।
विजितात्मा विधेयात्मा सत्कीर्तिश्छिन्नसंशयः

૬૧૬ સ્વક્ષઃ-કમળસમાન સુંદર નેત્રોવાળા, ૬૧૭ સ્વંગઃ-સુંદર અંગવાળા, ૬૧૮ શતાનંદઃ-પરમાનંદસ્વરૂપ છતાંય ઉપાધિના ભેદને લીધે સેંકડો સ્વરૂપે દેખાતા, ૬૧૯ નંદીઃ-કેવળ આનંદસ્વરૂપ, ૬૨૦ જ્યોતિર્ગણેશ્વરઃ-સૂર્યચંદ્રાદિ જ્યોતિર્ગણના ઈશ્વર, ૬૨૧ વિજિતાત્માઃ-પોતાના મનને જીતનારા, ૬૨૨ વિધેયાત્માઃ-કોઇનેવશ ન રહેનારા, ૬૨૩ સત્કીર્તિઃ-ઉત્તમ કીર્તિવાળા, ૬૨૪ છિન્નસંશયઃ-હથેળીમાં રહેલા આમળાની પેઠે સર્વ વિષયને સાક્ષાત્ જોનારા અને તેથીજ સંશયરહિત.૭૯

उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतः स्थिरः ।
भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः ॥

૬૨૫ ઉદીર્ણઃ-સર્વ પ્રાણીઓ કરતાં અધિક પ્રભાવશાળી, ૬૨૬ સર્વતશ્ચક્ષુઃ-સર્વ તરફ દૃષ્ટિવાળા, ૬૨૭ અનીશઃ-જેમનો કોઇ પણ સ્વામી નથી એવા, ૬૨૮ શાશ્વત સ્થિરઃ-સદાને માટે અવિકારી, ૬૨૯ ભૂશયઃ-રામાવતારમાં લંકાની શોધસમયે સમુદ્રના તટ ઉપરની પૃથ્વીપર શ-

ચન કરનારા, ૬૩૦ ભૂષણઃ–પોતાની ઇચ્છાનુસાર અનેક અવતારો ગ્રહણ કરીને પૃથ્વીને શોભાવનારા, ૬૩૧ ભૂતિઃ–સર્વ વિભૂતિઓના કારણરૂપ, ૬૩૨ વિશોકઃ–કેવળ પરમાનંદરૂપ હોવાથી શોકરહિત, ૬૩૩ શોકનાશનઃ–સ્મરણમાત્રમાંજ ભકતપુરુષોના શોકનો નાશ કરનારા.[૮૦]

आर्चिष्मानार्चितः कुंभो विशुद्धात्मा विशोधनः ।
आनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥८१

૬૩૪ અર્ચિષ્માનઃ–જેમના તેજથી સૂર્ય, ચંદ્ર આદિ તેજસ્વી પદાર્થો પ્રકાશી રહેલા છે એવા મુખ્ય તેજસ્વીરૂપ, ૬૩૫ અર્ચિતઃ–બ્રહ્માદિ સર્વ લોકોથી પૂજાતા, ૬૩૬ કુંભઃ–કુંભ (ઘડા)ની પેઠે સર્વ જગતના નિવાસસ્થાનરૂપ, ૬૩૭ વિશુદ્ધાત્માઃ–ત્રણે ગુણોથી રહિત હોવાથી પવિત્ર આત્માવાળા, ૬૩૮ વિશોધનઃ–માત્ર સ્મરણ કરવાથીજ પાપનો નાશ કરીને પવિત્ર કરનારા, ૬૩૯ અનિરુદ્ધઃ–શત્રુઓ જેમને કદી ઘેરી શકતા નથી એવા, ૬૪૦ અપ્રતિરથઃ–જેમનો કોઇ પ્રતિપક્ષી નથી એવા, ૬૪૧ પ્રદ્યુમ્નઃ–પુષ્કળ દ્રવ્યવાળા, ૬૪૨ અમિતવિક્રમઃ–અમાપ પરાક્રમવાળા.[૮૧]

कालनेमिनिहा वीरः शूरः शौरिर्जनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः॥

૬૪૩ કાલનેમિનિહાઃ–કાલનેમિ નામના દૈત્યનો નાશ કરનારા, ૬૪૭ વીરઃ–પરાક્રમશાળી, ૬૪૫ શૂરઃ–શૂરનામનાકુળમાં(શ્રીકૃષ્ણરૂપે)જન્મેલા, ૬૪૬ શૌરિજનેશ્વરઃ–ઇંદ્ર આદિ શૂરવીરોના પણ ઇશ્વર, ૬૪૭ ત્રિલોકાત્માઃ–ત્રણે લોકના અંતર્યામી, ૬૪૮ ત્રિલોકેશઃ–ત્રણે લોકના નિયંતા, ૬૪૯ કેશવઃ–સૂર્ય આદિ તૈજસ્ પદાર્થોમાં સંક્રમણ કરી રહેલાં કિરણોરૂપી કેશવાળા અથવા બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ–એ ત્રણે શક્તિઓરૂપી કેશવાળા, ૬૫૦ કેશિહાઃ–કેશિ નામના દૈત્યનો નાશ કરનારા, ૬૫૧ હરિઃ–સંસારનો તથા સંસારના મૂળ કારણનો નાશ કરનારા.[૮૨]

कामदेवः कामपालः कामी कांतः कृतागमः ।
अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनंतो धनंजयः ॥८३॥

૬૫૨ કામદેવઃ–ધર્માદિ ચારે પુરુષાર્થોની કામનાવાળા પુરુષો જેમનું પૂજન કરે છે એવા, ૬૫૩ કામપાલઃ– કામનાવાળાઓની કામનાઓનું રક્ષણ કરનારા, ૬૫૪ કામીઃ–સદાને માટે સંપૂર્ણ કામનાવાળા, ૬૫૫ કાંતઃ–અત્યંત સુંદર રૂપવાળા, ૬૫૬ કૃતાગમઃ–સર્વ શાસ્ત્રોને રચનારા, ૬૫૭ અનિર્દેશ્યવપુઃ–અવર્ણનીય શરીરવાળા, ૬૫૮ વિષ્ણુઃ–જેમની કાંતિ સ્વર્ગ તથા પૃથ્વીમાં સર્વત્ર વ્યાપી રહી છે એવા, ૬૫૯વીરઃ–શૂરવીર યોદ્ધારૂપ, ૬૬૦ અનંતઃ–દેશ, કાલ તથા વસ્તુથી અમાપ, ૬૬૧ ધનંજયઃ–સર્વ પાંડવોમાં અર્જુનરૂપ.[૮૩]

ब्रह्मण्यो ब्रह्मकृद् ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः।
ब्रह्मविद् ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः॥८४

૬૬૨ બ્રહ્મણ્યઃ– તપ, વેદ, જાતિ અને જ્ઞાનરૂપ બ્રહ્મને હિતકારક, ૬૬૩ બ્રહ્મકૃત્ઃ–તપ, વેદ, જાતિ અને જ્ઞાનરૂપ બ્રહ્મના કર્તા, ૬૬૪ બ્રહ્માઃ–બ્રહ્મરૂપે સર્વને ઉત્પન્ન કરનારા, ૬૬૫ બ્રહ્મઃ–સત્ય, જ્ઞાન તથા અનંત આદિ લક્ષણવાળા પરબ્રહ્મરૂપ, ૬૬૬ બ્રહ્મવિવર્ધનઃ–તપ, વેદ, જાતિ અને જ્ઞાનરૂપ બ્રહ્મની વૃદ્ધિ કરનારા, ૬૬૭બ્રહ્મવિત્ઃ–વેદને તથા વેદના અર્થને યથાર્થ જાણનારા, ૬૬૮ બ્રાહ્મણઃ–બ્રાહ્મણરૂપે સમગ્ર વેદોનું પ્રવચન કરનારા, ૬૬૯ બ્રહ્મીઃ–બ્રહ્મ શબ્દથી કહેવાતાં તપ, વેદ, જાતિ અને જ્ઞાનરૂપી અંગોવાળા, ૬૭૦ બ્રહ્મજ્ઞઃ–પોતાના આત્મારૂપે વેદોને જાણનારા, ૬૭૧ બ્રાહ્મણપ્રિયઃ–બ્રાહ્મણોને પ્રિય અથવા બ્રાહ્મણો જેમને પ્રિય છે એવા.[૮૪]

महाक्रमो महाकर्मा महातेजो महोरगः।
महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥८५॥

૬૭૨ મહાક્રમઃ–ઘણાં મોટાં પગલાંવાળા, ૬૭૩મહાકર્માઃ–જગતનાં ઉત્પત્તિ આદિ મહાન કર્મો કરનારા, ૬૭૪ મહાતેજાઃ–જેમના તેજથી સૂર્યાદિ તેજસ્વી પદાર્થો પ્રકાશી રહ્યા છે એવા, ૬૭૫ મહોરગઃ–સર્પોમાં શ્રેષ્ઠ ગણાતા વાસુકિરૂપ, ૬૭૬ મહાક્રતુઃ–યજ્ઞોમાં શ્રેષ્ઠ ગણાતા અશ્વમેધરૂપ, ૬૭૭ મહાયજ્વાઃ–લોકોને શિક્ષણ આપવા માટે મોટા મોટા યજ્ઞો કરનારા, ૬૭૮ મહાયજ્ઞઃ–યજ્ઞોમાં ઉત્તમ ગણાતા જય યજ્ઞરૂપ, ૬૭૯ મહાહવિઃ–મોટા હવિષરૂપ.[૮૫]

स्तव्यः स्तवप्रियःस्तोत्रं स्तुतिःस्तोता रणप्रियः।

पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥८६॥

૬૮૦સ્તવ્યઃ-સર્વ પ્રાણીઓ જેમની સ્તુતિ કરે છે છતાં જે પોતે કોઇની સ્તુતિ કરતા નથી એવા, ૬૮૧ સ્તવપ્રિયઃ-સ્તુતિ જેમને પ્રિય છે એવા,૬૮૨ સ્તોત્રઃ-પોતેજ પોતાનાગુણકીર્તનાત્મક સ્તોત્રરૂપ, ૬૮૩ સ્તુતિઃ-સ્તવનક્રિયારૂપ, ૬૮૪ સ્તોતાઃ-સ્તુતિ કરનાર પુરુષરૂપ, ૬૮૫ રણપ્રિયઃ-રણસંગ્રામ ઉપર પ્રીતિવાળા, ૬૮૬ પૂર્ણઃ- સર્વ કામનાઓથી તથા શક્તિઓથી સંપન્ન, ૬૮૭ પૂરયિતાઃ-સર્વની કામનાઓને પૂર્ણ કરનારા, ૬૮૮ પુણ્યઃ-કેવળ સ્મરણમાત્રથીજ પવિત્ર કરનારા, ૬૮૯ પુણ્યકીર્તિઃ-પવિત્ર કીર્તિવાળા, ૬૯૦ અનામયઃ-કર્મથી ઉત્પન્નથનારા આંતરવ્યાધિ તથા બાહ્યવ્યાધિથી જે પીડાતા નથી એવા.૮૬

मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसुर्वसुमनाहविः ॥८७॥

૬૯૧ મનોજવઃ-મનના જેવા વેગવાળા, ૬૯૨ તીર્થકરઃ-ચૌદે વિદ્યાઓના સ્રષ્ટા, ૬૯૩ વસુરેતાઃ-સુવર્ણ જેમનું વીર્ય છે એવા,૬૯૪વસુપ્રદઃ-સાક્ષાત્‌ધનાધ્યક્ષરૂપ,૬૯૫વસુપ્રદઃ-ભક્તોને મોક્ષરૂપ ઉત્તમ ફળ આપનારા, ૬૯૬વાસુદેવઃ-વસુદેવના પુત્રરૂપે જન્મેલા, ૬૯૭ વસુઃ-પ્રાણીમાત્ર જેમનામાં વસી રહ્યાં છે અથવા પ્રાણીમાત્રમાં જે વસી રહ્યા છે અથવા જે પોતાના સ્વરૂપને માયાદ્વારા આચ્છાદિત કરે છે એવા, ૬૯૮ વસુમતાઃ-જેમનું મન સર્વ વિષયોમાં સમાનભાવવાળું છે એવા મનવાળા,૬૯૯ હવિઃ-યજ્ઞમાં અર્પણ કરાતા હવિષરૂપ.૮૭

सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।
शूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥८८॥

૭૦૦ સદ્ગતિઃ-ઉત્તમ ગતિરૂપ,૭૦૧ સત્કૃતિઃ-જગતની ઉત્પત્તિ આદિ ઉત્તમ કર્મો કરનારા, ૭૦૨ સત્તાઃ-સજાતીય, વિજાતીય અને સ્વગતભેદરહિત અનુભવરૂપી સત્તા જેમનું સ્વરૂપ છે એવા,૭૦૩ સદ્ભૂતિઃ-ઉત્તમ ઐશ્વર્યરૂપ, ૭૦૪ સત્પરાયણઃ-તત્ત્વવેત્તા સત્પુરુષોના ઉત્તમ આશ્રયસ્થાનરૂપ, ૭૦૫ શૂરસેનઃ-જેમની સેના અનેક શૌર્યશાળી સૈનિકોથી ભરપૂર હોય છે એવા, ૭૦૬ યદુશ્રેષ્ઠઃ-સર્વ યાદવોમાં (શ્રીકૃષ્ણરૂપે) શ્રેષ્ઠ, ૭૦૭ સન્નિવાસઃ-સજ્જન વિદ્વાન પુરુષોના આશ્રયરૂપ, ૭૦૮ સુયામુનઃ-પોતાના પાદસંચારથી યમુનાના તટપ્રદેશોને અત્યંત પવિત્ર કરનારા.૮૮

भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दपहा दर्पदो दृप्ता दुर्धराऽथापराजितः ॥८९॥

૭૦૯ ભૂતાવાસઃ-સર્વ પ્રાણીઓ જેમનામાં નિવાસ કરે છે એવા, ૭૧૦ વાસુદેવઃ-પોતાની માયાવડે જગતને આચ્છાદિત કરનારા દેવરૂપ, ૭૧૧ સર્વાસુનિલયઃ-સર્વ પ્રાણોના આશ્રયસ્થાનરૂપ, ૭૧૨ અનલઃ-અમર્યાદ નિરવધિ શક્તિસંપત્તિવાળા, ૭૧૩ દર્પહાઃ-અધર્મીઓના ગર્વનો નાશ કરનારા, ૭૧૪ દર્પદઃ-ધર્મમાર્ગમાં પ્રવર્તનારા પુરુષોનેધર્માચરણના વિષયનું અભિમાન ઉત્પન્ન કરનારા, ૭૧૫ દૃપ્તઃ-પોતાના સ્વરૂપાનંદથીજ સદા તૃપ્ત રહેનારા, ૭૧૬ દુર્ધરઃ-સર્વ ઉપાધિથી મુક્ત હોવાને લીધે જેમની ધારણા કરવાને અતિ દુર્ઘટ, ૭૧૭ અપરાજિતઃ-રાગાદિ આંતરશત્રુઓ તથા બાહ્ય શત્રુઓથી પણ અપરાજિત.૮૯

विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ।
अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥९०॥

૭૧૮ વિશ્વમૂર્તિઃ-વિશ્વરૂપ, વિરાટમૂર્તિરૂપ, ૭૧૯ મહામૂર્તિઃ-શેષનાગરૂપ શય્યા ઉપર શયન કરનાર મહામૂર્તિરૂપ, ૭૨૦ દીપ્તમૂર્તિઃ-જ્ઞાનરૂપી તેજથી અત્યંત પ્રદીપ્ત, ૭૨૧ અમૂર્તિમાનઃ-કર્મોને લીધે પ્રાપ્ત થનારો શરીરસંબંધ જેમને માટે છેજ નહિ એવા, ૭૨૨ અનેકમૂર્તિઃ-પોતાની ઇચ્છાનુસાર અનેક પ્રકારની મૂર્તિઓને ધારણ કરનારા, ૭૨૩ અવ્યક્તઃ-જેમનું સ્વરૂપ અમુક પ્રકારનુંજ છે એમ જાણી શકાતું નથી એવા,૭૨૪ શતમૂર્તિઃ-સેંકડો મૂર્તિઓ(સ્વરૂપો)વાળા, ૭૨૫ શતાનનઃ-સેંકડો મુખવાળા.૯૦

एकोऽनैकः सवः कः किं यत्तत्पदमनुत्तमम् ।
लोकबन्धुर्लोकनाथो माधवो भक्तवत्सलः ॥९१

૭૨૬ એકઃ-સજાતીય, વિજાતીય આદિ ભેદથી મુક્ત હોઇને કેવળ એક સ્વરૂપ, ૭૨૭

નૈકઃ-માયાનો આશ્રય કરી અનેક સ્વરૂપો ધારણ કરનારા, ૭૨૮ સવઃ-જેમાં સોમલતાનો રસ કાઢવામાં આવે છે તે યજ્ઞરૂપ, ૭૨૯ કઃ-કેવળ સુખસ્વરૂપ, ૭૩૦ કિંઃ-સર્વ પુરુષાર્થરૂપ હોવાથી વિચાર કરવા યોગ્ય વિનયરૂપ પરબ્રહ્મ, ૭૩૧ યત્ઃ-સંસ્કૃત यत् શબ્દથી સ્વયંસિદ્ધ પરબ્રહ્મનો બોધ થાય છે તે,૭૩૨ તત્ઃ-સંસ્કૃત तत् શબ્દદ્વારા પરમાત્માનો બોધ થાય છે તે, ૭૩૩ અનુત્તમપદઃ-મુમુક્ષુઓએ પ્રાપ્ત કરવા યોગ્ય સર્વોત્તમ સ્થાનરૂપ,૭૩૪ લોકબંધુઃ-લોકોના બંધુરૂપ, ૭૩૫ લોકનાથઃ-લોકોના નાથ, ૭૩૬ માધવઃ-મધુકુળમાં જન્મેલા, ૭૩૭ ભકતવત્સલઃ-ભકતોપર પ્રેમ રાખનારા.[૯૧]

सुवर्णवर्णो हेमांगो वरांगश्चंदनांगदी ।
वीरहा विषमः शून्यो घृताशीरचलश्चलः॥९२

૭૩૮ સુવર્ણવર્ણઃ-સુવર્ણસમાનવર્ણવાળા, ૭૩૯ હેમાંગઃ-સુવર્ણસમાન શરીરવાળા, ૭૪૦ વરાંગઃ-સુંદર અંગવાળા, ૭૪૧ ચંદનાંગદીઃ-ચંદનચર્ચિત બાજુબંધોવાળા, ૭૪૨ વીરહાઃ-ધર્મનું રક્ષણ કરવામાટે હિરણ્યકશિપુ આદિ વીર અસુરોનો સંહાર કરનારા અથવા સર્વ દોષોમાં વીર ગણાતા રાગાદિ દોષોનો નાશ કરનારા, ૭૪૩ વિષમઃ-સર્વના કરતાં વિલક્ષણ સ્વરૂપવાળા, ૭૪૪ શૂન્યઃ-સર્વ વિશેષોથી રહિત, ૭૪૫ ઘૃતાશીઃ-સર્વ ઇચ્છાઓથી મુકત, ૭૪૬ અચલઃ-પોતાના સ્વરૂપથી, સામર્થ્યથી કે જ્ઞાનાદિ ગુણોથી કદી ચલિત થતા નથી એવા, ૭૪૭ ચલઃ-વાયુરૂપે ચળસ્વભાવના[૯૨]

अमानी मानदो मान्योलोकस्वामी त्रिलोकधृक्
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः॥२३।

૭૪૮ અમાનીઃ-અભિમાનથી રહિત,૭૪૯ માનદઃ-ભકતોને માન આપનારા,૭૫૦ માન્યઃ-સર્વના ઇશ્વર હોવાથી સર્વ કોઈને માન્ય,૭૫૧ લોકસ્વામીઃ-ચૌદલોકનાસ્વામી, ૭૫૨ ત્રિલોકધૃક્ઃ-ત્રણે લોકને ધારણ કરનારા, ૭૫૩ સુમેધાઃ-ઉત્તમ બુદ્ધિવાળા, ૭૫૪ મેધજઃ-યજ્ઞમાં પ્રકટ થનારા, ૭૫૫ ધન્યઃ-સર્વ પ્રકારે કૃતાર્થ, ૭૫૬ સત્યમેધાઃ-સત્ય બુદ્ધિવાળા, ૭૫૭ ધરાધરઃ-પોતાના અંશરૂપ શેષનાગ આદિ સ્વરૂપે સમગ્ર પૃથ્વીને ધારણ કરનારા.[૯૩]

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतांवरः ।
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृंगो गदाग्रजः॥९४

૭૫૮ તેજોવૃષઃ-બાર સૂર્યરૂપે સદાકાળ વરસાવનારા, ૭૫૯ દ્યુતિધરઃ-પ્રત્યેક અંગે કાંતિવાળા, ૭૬૦ સર્વશસ્ત્રભૃતાંવરઃ-સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ,૭૬૧પ્રગ્રહઃ-ભકતોએ અર્પણ કરેલા પત્રપુષ્પાદિનો પણ સ્વીકાર કરનારા અથવા વિષયરૂપી ઘોર અરણ્યમાં દોડી રહેલા; અથવા ઇંદ્રિયોરૂપી ઉદ્ધત ઘોડાઓને વશ રાખવામાટે જેમનો પ્રસાદજ એક લગામરૂપ થઈ પડે છે એવા, ૭૬૨ નિગ્રહઃ-સર્વ જગતને પોતાના સ્વાધીનમાં રાખનારા, ૭૬૩ વ્યગ્રઃ-કોઈ પણ કાળે જેમનો નાશ થતો નથી એવા, ૭૬૪ નૈકશૃંગઃ-ચાર વેદરૂપ ચાર શિંગડાંવાળા, ૭૬૫ ગદાગ્રજઃ-વૈદિક મંત્રોદ્વારા જેમનો સાક્ષાત્કાર થઇ શકે છે એવા.[૯૪]

चतुर्मूर्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ।
चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥९५॥

૭૬૬ ચતુર્મૂર્તિઃ-વિરાટ, સૂત્રાત્મા, પ્રાકૃત અને તુરીયાત્મા, આવી ચાર મૂર્તિઓને ધારણ કરનારા, ૭૬૭ ચતુર્બાહુઃ-ચાર ભુજાઓવાળા, ૭૬૮ ચતુર્વ્યૂહઃ-શરીરપુરુષ, છંદપુરુષ, વેદપુરુષ અને મહાપુરુષ-આવા ચાર પુરુષોરૂપી ચાર વ્યૂહવાળા, ૭૬૯ ચતુર્ગતિઃ-ચારે આશ્રમો તથા વર્ણોની ગતિરૂપ, ૭૭૦ ચતુરાત્માઃ-મન, બુદ્ધિ, અહંકાર તથા ચિત્ત-આ ચારે પ્રકારની અંતઃકરણની વૃત્તિઓરૂપે પ્રકાશતા, ૭૭૧ ચતુર્ભાવઃ-ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ, એ ચારે પુરુષાર્થોવાળા, ૭૭૨ ચતુર્વેદવિત્ઃ-ચારે વેદોને જાણનારા, ૭૭૩ એકપાત્ઃ-આ સમગ્ર જગત જેમના એક પાદ(અંશ)રૂપ છે એવા.[૯૫]

समावर्तोऽनिवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥९६॥

૭૭૪સમાવર્તોઃ-આ સંસારરૂપચગડોળને સારી રીતે ફેરવનારા, ૭૭૫ નિવૃત્તાત્માઃ-સર્વત્ર વ્યાપક અથવા વિષયોથી નિવૃત્ત થયેલા મનવાળા, ૭૭૬ દુર્જયઃ-કોઇથી પરાજય કરી

શકાય નહિ તેવા,૭૭૭ દુરતિક્રમઃ-સૂર્યાદિ પણ જેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નથી એવા, ૭૭૮ દુર્લભઃ-દુર્લભ ભકિતથી પ્રાપ્ત થનારા, ૭૭૯ દુર્ગમઃ-દુઃખેથી જાણી શકાય તેવા,૭૮૦ દુર્ગઃ-જેમની પાસે જવામાં અર્થાત્ જેમને જાણવામાટે ગતિ કરવામાં અનેક વિઘ્નો નડે છે એવા, ૭૮૧ દુરાવાસઃ-યોગી પુરુષો પોતાના ચિત્તમાં જેમને દુઃખેથી વસાવી શકે છે એવા, ૭૮૨ દુરારિહાઃ-દુષ્ટ માર્ગે જનારા દાનવો વગેરેનો સંહાર કરનારા.[૯૬]

शुभांगो लोकसारंगः सुतंतुस्तंतुवर्धनः ।
इंद्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥९७॥

૭૮૩ શુભાંગઃ-અંગોની પવિત્રતા જાળવીનેજ જેમનું ધ્યાન થઇ શકે એવા, ૭૮૪ લોકસારંગઃ-લોકોના સારને ગ્રહણ કરનારા, ૭૮૫ સુતંતુઃ-સંસારરૂપ તાંતણાનો સારી પેઠે વિસ્તાર કરનારા, ૭૮૬ તંતુવર્ધનઃ-પ્રલયકાળે સંસારરૂપ તાંતણાને તોડી પાડનારા, ૭૮૭ ઇંદ્રકર્માઃ-ઇંદ્રસમાન કર્મ કરનારા, ૭૮૮ મહાકર્માઃ-આકાશાદિ પંચભૂતોની રચના જેવાં મહાન કર્મોને કરનારા, ૭૮૯ કૃતકર્માઃ-જેમણે સર્વ કર્મો કરી લીધાં છે એવા,૭૯૦ કૃતાગમઃ-વેદરૂપ આગમને રચનારા.[૯૭]

उद्भवः सुंदरः सुंदः रत्ननाभः सुलोचनः ।
अर्को वाजसनः शृंगी जयंतः सर्वविज्जयी ॥

૭૯૧ ઉદ્ભવઃ-પોતાની ઈચ્છાનુસાર ઉત્તમ જન્મ લેનારા, ૭૯૨ સુંદરઃ-સમગ્ર જગત કરતાં ઉત્કૃષ્ટ સૌભાગ્યશાળી, ૭૯૩ સુંદઃ-અત્યંત દયાળુ, ૭૯૪ રત્નનાભઃ-રત્નસમાન પ્રદીપ્ત નાભિવાળા, ૭૯૫ સુલોચનઃ-સુંદર નેત્રવાળા અથવા ઉત્તમ જ્ઞાનવાળા, ૭૯૬ અર્કઃ-અત્યંત પૂજ્ય ગણાતા બ્રહ્માદિ દેવોથી પૂજાતા, ૭૯૭ વાજસનઃ-અન્નાર્થી મનુષ્યોને અન્નદાન કરનારા, ૭૯૮ શૃંગીઃ-મત્સ્યાવતાર સમયે શિંગડાં ધારણ કરનારા,૭૯૯ જયંતઃ-શત્રુઓનો પરાજય કરનારા, ૮૦૦ સર્વવિત્ઃ-સર્વ વિષયોને જાણનારા, ૮૦૧ જયીઃ-સર્વદા જય કરનારા.[૯૮]

सुवर्णबिंदुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥९९॥

૮૦૨ સુવર્ણબિંદુઃ-સુવર્ણસમાન તેજસ્વી વર્ણવાળા, ૮૦૩ અક્ષોભ્યઃ-રાગદ્વેષાદિ દોષો, શબ્દાદિ વિષયો અથવા કોઇ દેવતાઓ પણ જેમને ક્ષોભ પમાડી શકતા નથી એવા, ૮૦૪ સર્વવાગીશ્વરેશ્વરઃ-સર્વ વાણીના ઈશ્વર-બ્રહ્માદિના પણ ઈશ્વર,૮૦૫ મહાહ્રદઃ-મોટા એક ધરાની પેઠે સર્વને વિશ્રાંતિ આપનારા,૮૦૬ મહાગર્તઃ-મોટા ખાડાના જેવી દુઃખવડે તરી શકાય તેવી માયાવાળા, ૮૦૭ મહાભૂતઃ-જેમનું સ્વરૂપ ત્રણે કાળમાં નિર્વિકાર રહેવાથી જણાય નહિ તેવા મોટા ભૂતરૂપ,૮૦૮ મહાનિધિઃ-પ્રાણીમાત્રના મોટા નિધિ (ભંડાર) રૂપ.[૯૯]

कुमुदः कुंदरः कुंदः पर्जन्यः पावनोऽनिलः ।
अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥

૮૦૯ કુમુદઃ-પૃથ્વીનો ભાર ઉતારીને તેને હર્ષ ઉપજાવનારા,૮૧૦ કુંદરઃ-મોગરાનાં પુષ્પસમાન શુદ્ધ અને અધર્માનુસારી ફળોનું દાન કરનારા,૮૧૧ કુંદઃ-પૂર્વે હિરણ્યાક્ષનો વધ કરવાની ઈચ્છાથી વરાહનું સ્વરૂપ ધારણ કરી પૃથ્વીને ચીરી નાખનારા, ૮૧૨ પર્જન્યઃ-મેઘની માફક આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક નામના ત્રણે સંતાપોને દૂર કરનારા, ૮૧૩ પાવનઃ-માત્ર સ્મરણ કરતાંજ પવિત્ર કરનારા, ૮૧૪ અનિલઃ-નિત્ય જાગ્રત રહેનારા. ૮૧૫ અમૃતાંશઃ-સમુદ્રમંથનસમયે દેવતાઓને અમૃતપાન કરાવનાર અને કરનાર,૮૧૬ અમૃતવપુઃ-મરણધર્મથી રહિત શરીરવાળા, ૮૧૭ સર્વજ્ઞઃ-સર્વને જાણનારા, ૮૧૮ સર્વતોમુખઃ-સર્વ તરફ નેત્ર તથા મુખવાળા.[૧૦૦]

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोदुंबरोऽश्वत्थश्चाणूरांध्रनिषूदनः ॥

૮૧૯ સુલભઃ-માત્ર ભક્તિથી અર્પણ કરેલાં પત્રપુષ્પાદિથી પણ સુલભ થનારા, ૮૨૦ સુવ્રતઃ-ઉત્તમ પ્રકારે વ્રતોનું પાલન કરનારા, ૮૨૧ સિદ્ધઃ-સર્વદા સિદ્ધસ્વરૂપ,૮૨૨ શત્રુજિત્ઃ-શત્રુઓને જીતનારા, ૮૨૩શત્રુતાપનઃ-દેવોના શત્રુઓને તપાવનારા, ૮૨૪ન્યગ્રોધઃ-સર્વના કરતાં શ્રેષ્ઠ,૮૨૫ ઉદુંબરઃ-હૃદયાકાશમાં પ્રકટ થનારા અથવા અન્નાદિકથી જગતનું પોષણ

કરનારા, ૮૨૬ અશ્વત્થઃ-સંસારરૂપે આવતી કાલને માટે પણ સ્થિર નથી એવા, ૮૨૭ચાણૂરાંધ્રનિષૂદનઃ-ચાણૂર નામના આંધ્રદેશના દૈત્યનો નાશ કરનારા.[૧૦૧]

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्तिरनघोऽचिंत्यो भयकृद्भयनाशनः ॥१०२

૮૨૮ સહસ્રાર્ચિઃ-હજારો સૂર્યના જેવી કાંતિવાળા, ૮૨૯ સપ્તજિહ્વઃ-અગ્નિરૂપે સાત જીભોવાળા, ૮૩૦ સપ્તૈધાઃ-સાત પ્રકારની કાંતિવાળા,૮૩૧ સપ્તવાહનઃ-'સપ્ત' નામનો એકજ ઘોડો અથવા સાત ઘોડાઓ જેમના રથમાં જોડેલા છે એવા, ૮૩૨ અમૂર્તિઃ-મૂર્તિરહિત, ૮૩૩અનઘઃ-સર્વ દોષો,દુઃખો અથવા પાપોથી રહિત, ૮૩૪ અચિંત્યઃ-કોઇ પણ પ્રમાણોદ્વારા વિચારમાં આવી શકે નહિ તેવા,૮૩૫ભયકૃત્ઃ-ભક્તોના ભયનો નાશ કરનારા અથવા દુષ્ટપુરુષોને ભય ઉપજાવનારા, ૮૩૬ ભયનાશનઃ-સર્વ વર્ણોના તથા આશ્રમોના ભયનો નાશ કરનારા.

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्य प्राग्वंशो वंशवर्धनः ॥

૮૩૭ અણુઃ-અત્યંત સૂક્ષ્મ સ્વરૂપવાળા, ૮૩૮બૃહત્ઃ-સર્વના કરતાં મહાન્,૮૩૯કૃશઃ-સર્વના કરતાં કૃશ, ૮૪૦સ્થૂલઃ-વિરાટસ્વરૂપે સ્થૂલ, ૮૪૧ ગુણભૃત્ઃ-ત્રણેગુણોનાઅધિષ્ઠાતા,૮૪૨ નિર્ગુણઃ-વાસ્તવિકરીતે સર્વગુણોથીપર,૮૪૩મહાન્ઃ-જેમનામાં શબ્દસ્પર્શાદિ ગુણોનો અભાવ છે એવા તથાઅત્યંત સૂક્ષ્મ સ્વરૂપ,નિત્ય, શુદ્ધ, સર્વવ્યાપક અને તર્કથી જાણી શકાય નહિ તેવા,૮૪૪અધૃતઃ-પૃથ્વી આદિને ધારણ કરનારા હોવાથી બીજા કોઇથી ધારણ કરી શકાય નહિ તેવા, ૮૪૫સ્વધૃતઃ-પોતેજ પોતાને ધારણ કરનારા,૮૪૬ સ્વાસ્યઃ-જેમનું મુખ કમળનામધ્યભાગ સરખું લાલ અને સુંદર છે એવા, ૮૪૭ પ્રાગ્વંશઃ-આ સંસારરૂપી અત્યંત પુરાતની વંશવાળા, ૮૪૮ વંશવર્ધનઃ-સંસારરૂપ વંશની વૃદ્ધિ કરનારા.[૧૦૩]

भारभृत् कथितो योगी योगीशः सर्वकामदः ।
आश्रमः श्रवणः क्षामः सुपर्णो वायुवाहनः ॥

૮૪૯ ભારભૃત્ઃ-શેષનાગ આદિરૂપે પૃથ્વીના ભારને ધારણ કરનારા,૮૫૦ કથિતઃ-સર્વ વેદો, ઇતિહાસો તથા પુરાણો જેમની કથા કર્યા કરે છે એવા, ૮૫૧ યોગીઃ-જ્ઞાનદ્વારાજ પ્રાપ્ત થઇ શકે તેવા, ૮૫૨ યોગીશઃ-યોગી પુરુષોના ઇશ્વર,૮૫૩ સર્વકામદઃ-સર્વ કામનાઓને આપનારા, ૮૫૪ આશ્રમઃ-સંસારરૂપી અરણ્યમાં ભટકનારાઓના વિશ્રામરૂપ, ૮૫૫ શ્રમણઃ-સર્વ અવિવેકી પુરુષોને તપાવનારા,૮૫૬ક્ષામઃ-સર્વ પ્રજાઓનો પ્રલયકાળે ક્ષય (નાશ) કરનારા, ૮૫૭ સુપર્ણઃ-સંસારરૂપી વૃક્ષપર વેદોરૂપી સુંદર પાંદડાંવાળા, ૮૫૮ વાયુવાહનઃ-વાયુને ગતિ આપનારા-અર્થાત્ જેમના ભયથીજ વાયુ વાય છે એવા.[૧૦૪]

धनुर्धरो धनुर्वेदो दंडो दमयिता दमः ।
अपराजितः सर्वसहो नियंता नियमो यमः ॥

૮૫૯ ધનુર્ધરઃ-શ્રીરામરૂપે ધનુર્ધારી૮૬૦ધનુર્વેદઃ-ધનુર્વેદજાણનારા,૮૬૧દંડઃ-દમનકરનારાઓમાં દંડરૂપ,૮૬૨દમયિતાઃ-દુષ્ટોનું દમન કરનારા,૮૬૩ દમઃ-દમ એટલે દમન અથવા ઇંદ્રિયોના નિગ્રહરૂપ,૮૬૪ અપરાજિતઃ-શત્રુઓથી પરાજય નહિ પામનારા એવા,૮૬૫ સર્વસહઃ-સર્વ શત્રુઓને સહન કરનારા, ૮૬૬નિયંતાઃ-પ્રાણીમાત્રના નિયંતા,૮૬૭ નિયમઃ-યોગના અંગભૂત નિયમરૂપ, અથવા તો 'અનિયમ' કહેતાં જેમને માટે કોઇ નિયમ નથી એવા૮૬૮ અયમઃ-જેમના પર મૃત્યુની સત્તા ચાલી શકતી નથી એવા અથવા યોગના અંગભૂત યમરૂપ.

सत्ववान् सात्विकः सत्यः सत्यधर्मपरायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥

૮૬૯સત્ત્વવાન્ઃ-શૌર્યાદિકસત્ત્વ જેમનામાં પરિપૂર્ણ રીતે રહેલું છે એવા,૮૭૦સાત્વિકઃ-મુખ્યત્વે કરીને સત્ત્વગુણમાંજ સ્થિતિ કરનારા,૮૭૧ સત્યઃ-સત્પુરુષોના પર સારો ભાવ રાખનારા, ૮૭૨ સત્યધર્મપરાયણઃ-સત્યધર્મમાં પરાયણ રહેનારા, ૮૭૩ અભિપ્રાયઃ-પુરુષાર્થની આકાંક્ષા રાખનારા પુરુષો—મુખ્યત્વે કરી જેમને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે એવા, ૮૭૪ પ્રિયાર્હઃ-સર્વની પ્રિયવસ્તુઓનો ઉપભોગ કરવાને માટે યોગ્ય.૮૭૫ અર્હઃ-સર્વ પૂજાસામગ્રીથી

પૂજન કરવા યોગ્ય, ૮૭૬ પ્રિયકૃત્:-ભક્તોનું પ્રિય કરનારા, ૮૭૭ પ્રીતિવર્ધનઃ-ભક્તજનોની પ્રીતિને વધારનારા.૧૦૬

विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ।
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥१०७

૮૭૮ વિહાયસગતિઃ-હૃદયાકાશરૂપી આશ્રયવાળા, ૮૭૯ઃ-જ્યોતિઃ-સર્વોત્કૃષ્ટ જ્યોતિરૂપ, ૮૮૦ સુરુચિઃ-ઉત્તમ કાંતિવાળા, ૮૮૧ હુતભુક્:-યજ્ઞાદિ કર્મોમાં હુતદ્રવ્યનું ભક્ષણ કરનારા, ૮૮૨ વિભુઃ-સર્વત્ર વ્યાપક, ૮૮૩ઃ-રવિઃ-સૂર્યરૂપે પૃથ્વીના રસનું આકર્ષણ કરનારા, ૮૮૪ વિરોચનઃ-વિવિધ પ્રકારે પ્રકાશ કરનારા, ૮૮૫ સૂર્યઃ-સૂર્યરૂપે સર્વ જગતને પોતપોતાના કર્મમાં પ્રેરનારા, ૮૮૬ સવિતાઃ-સર્વ જગતના ઉત્પાદક, ૮૮૭ રવિલોચનઃ-સૂર્યરૂપી નેત્રવાળા.

अनंतो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः ।
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥

૮૮૮ અનંતઃ-નિત્ય અને સર્વવ્યાપક હોવાથી દેશ અને કાળથી અપરિચ્છિન્ન -અમાપ, ૮૮૯હુતભુક્:-હુતદ્રવ્યનું ભોજનકરનારા અગ્નિરૂપ, ૮૯૦ ભોક્તાઃ-ભોગ્ય અને જડસ્વરૂપ પ્રકૃતિના (માયાના)ભોક્તા, ૮૯૧ સુખદઃ-પોતાનું ભજન કરનારા પુરુષોને મોક્ષરૂપ સુખનું દાન કરનારા, ૮૯૨નૈકજઃ-ધર્મનું રક્ષણ કરવામાટે વારંવાર જન્મ લેનારા, ૮૯૩ અગ્રજઃ-હિરણ્યગર્ભરૂપે સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલા, ૮૯૪ અનિર્વિણ્ણઃ-જેમની સર્વકામનાઓ પૂર્ણ થયેલી હોવાથી કદી ખિન્ન નહિ થનારા, ૮૯૫ સદામર્ષીઃ-સત્પુરુષોના પર ક્ષમા કરનારા, ૮૯૬ લોકાધિષ્ઠાનઃ-લોકોના અધિષ્ઠાન આધારભૂત, ૮૯૭ અદ્ભુત-અદ્ભુત સ્વરૂપવાળા.૧૦૮

सनात्सनातनतमः कपिलः कपिरव्ययः ।
स्वस्तिदःस्वस्तिकृत्स्वास्ति स्वास्तिभुक् स्वास्ति-
दक्षिणः ॥ १०२ ॥

૮૯૮સનાત્:-ત્સર્વના કરતાં પુરાણ, ૮૯૯ સનાતનતમઃ-બ્રહ્મા આદિ સનાતનના કરતાં પણ અત્યંત સનાતન, ૯૦૦ કપિલઃ-વડવાનલની પેઠે પિંગળા વર્ણવાળા, ૯૦૧ કપિઃ-સૂર્યરૂપે પોતાનાં કિરણોથી જળનું પાન કરનારા અથવા જગતના આદિકાળમાં વરાહનું સ્વરૂપ ધારણ કરનારા, ૯૦૨ અવ્યયઃ-પ્રલયકાળે પણ જેમનો કદી નાશ થતો નથી એવા, ૯૦૩ સ્વસ્તિદઃ-ભક્તોને મંગલ આપનારા, ૯૦૪સ્વસ્તિકૃત્:-ભક્તોનું મંગલ કરનારા, ૯૦૫ સ્વસ્તિઃ-કેવળ મંગળસ્વરૂપ, ૯૦૬ સ્વસ્તિભુક્:-કલ્યાણના ભોક્તા, ૯૦૭ સ્વસ્તિદક્ષિણઃ-સર્વનું કલ્યાણ કરવામાટે સમર્થ. ૧૦૯

अरौद्रः कुंडली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥

૯૦૮ અરૌદ્રઃ-જેમનું કર્મ અથવા સ્વરૂપ રૌદ્ર (ભયંકર) નથી એવા, ૯૦૯ કુંડલીઃ-કુંડળોને ધારણ કરનારા, ૯૧૦ ચક્રીઃ-સુદર્શન ચક્રને ધારણ કરનારા, ૯૧૧વિક્રમીઃ-પરાક્રમ સંપન્ન, ૯૧૨ઊર્જિતશાસનઃ-વેદ અને ધર્મશાસ્ત્રરૂપ ઉત્કૃષ્ટ શાસનરૂપ, ૯૧૩ શબ્દાતિગઃ-જેમનું સ્વરૂપવર્ણન શબ્દોથી થઇ શકે તેમ નથી એવા, ૯૧૪શબ્દસહઃ-વેદ તથા ધર્મશાસ્ત્રરૂપ શબ્દો જેમનું બોધન કરે છે એવા, ૯૧૫ શિશિરઃ-ત્રિવિધ તાપથી સંતાપ પામેલા પુરુષોને શાંતિ આપનારા ૯૧૬ શર્વરીકરઃ-સંસારીઓને રાત્રિરૂપ જણાતું આત્મજ્ઞાન અને જ્ઞાનીપુરુષોને રાત્રિરૂપ જણાતો આ સંસાર એ બન્નેના કર્તા.

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ।
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥

૯૧૭ અક્રૂરઃ-ક્રૂરતારહિત, કોમળ, ૯૧૮ પેશલઃ-મન,વચન, કર્મ તથા શરીરથી પવિત્ર, ૯૧૯દક્ષઃ-સર્વ કરવાને માટે સમર્થ,૯૨૦ દક્ષિણઃ-સર્વત્ર ગતિ કરનારા અથવા સર્વનો સંહાર કરનારા, ૯૨૧ક્ષમિણાંવરઃ-ક્ષમાવાન પુરુષોમાં અથવા શક્તિમાન પુરુષોમાં શ્રેષ્ઠ, ૯૨૨ વિદ્વત્તમઃ-વિદ્વાનો કરતાં પણ અત્યંત વિદ્વાન, ૯૨૩ વીતભયઃ-સર્વના ઈશ્વર હોઇને નિત્યમુક્ત હોવાથી સંસારના ભયથી મુક્ત, ૯૨૪ પુણ્યશ્રવણકીર્તિઃ-જેમનું શ્રવણકીર્તન અત્યંત પવિત્ર છે એવા.૧૧૧

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।
वीरहा रक्षणः संतो जीवनः पर्यवस्थितः ॥

૯૨૫ ઉત્તારણઃ-સંસારસમુદ્રમાંથી પાર

ઉતારનારા, ૯૨૬ દુષ્કૃતિહાઃ-પાપનો નાશકરનારા, ૯૨૭પુણ્યઃ-પોતાનું સ્મરણ કરનાર સર્વ મનુષ્યોને પવિત્ર કરનારા અથવા જે પોતે કેવળ પુણ્યરૂપ છે એવા,૯૨૮દુઃસ્વપ્નનાશનઃ-જેમનું ધ્યાન,સ્તુતિ અથવા કીર્તન કરવાથી ભાવીઅર્થને સૂચવનારાં દુષ્ટસ્વપ્નો નાશ પામે છે એવા,૯૨૯ વીરહાઃ-પોતાનુ' ભજન કરનારા સંસારીઓને મુક્તિપદ અર્પણ કરીને તેઓની વિવિધ ગતિઓનો નાશ કરનારા, ૯૩૦રક્ષણઃ-સત્વગુણનો આશ્રય કરીને ત્રણે જગતનું રક્ષણ કરનારા, ૯૩૧સંતઃ-વિદ્યા તથા વિનયની વૃદ્ધિ કરવામાટે સન્માર્ગે વર્તન કરનારા સત્પુરુષોરૂપે પોતેજ સર્વત્ર વિચરનારા, ૯૩૨ જીવનઃ-પ્રાણરૂપે સર્વ પ્રજાઓને જીવાડનારા,૯૩૩પર્યવસ્થિતઃ-આખા જગતમાંસર્વ ઠેકાણે વ્યાપ્ત થઇને રહેલા.[૧૧૨]

अनंतरूपोऽनंतश्रीर्जितमन्युर्भयापहः ।
चतुरस्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः

૯૩૪ અનંતરૂપઃ- અનંત સ્વરૂપોવાળા, ૯૩૫અનંતશ્રીઃ-અનંત શક્તિવાળા, ૯૩૬જિતમન્યુઃ-ક્રોધને જીતનારા, ૯૩૭ ભયાપહઃ-ભક્તજનોના ભયનો નાશ કરનારા,૯૩૮ચતુરસ્રઃ-ન્યાયયુક્ત હોવાથી મનુષ્યોને કર્માનુસાર ફળ આપનારા,૯૩૯ગભીરાત્માઃ-ગંભીર ગહન સ્વરૂપવાળા, ૯૪૦ વિદિશઃ-અધિકાર પ્રમાણે ફળ આપનારા,૯૪૧વ્યાદિશઃ-ઇંદ્ર આદિ દેવોને પણ અનેક પ્રકારની આજ્ઞા કરનારા, ૯૪૨ દિશઃ-વેદોક્ત કર્મ કરનારા પુરુષોને તે તે કર્માનુસાર ફળ અર્પણ કરનારા અથવા તો સર્વ દિશાઓરૂપ.[૧૧૩]

अनादिर्भूर्भुवोलक्ष्मीः सुवीरो रुचिरांगदः ।
जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥

૯૪૩અનાદિઃ-સર્વના કારણરૂપ છતાં પણ જેમનું કોઇ કારણ નથી એવા, ૯૪૪ ભૂર્ભુવોલક્ષ્મીઃ-ભૂર્લોક તથા ભુવર્લોકની લક્ષ્મીરૂપ આત્મવિદ્યારૂપ અથવા પૃથ્વીલોક તથા સ્વર્ગલોકની શોભારૂપ,૯૪૫સુવીરઃ-અનેક પ્રકારની ઉત્તમ ગતિઓવાળા,૯૪૬ રુચિરાંગદઃ-સુંદર બાજુબંધોને ધારણ કરનારા, ૯૪૭જનનઃ-પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનારા, ૯૪૮જનજન્માદિઃ-ઉત્પત્તિના સ્વભાવવાળી સર્વ વસ્તુઓના જન્મમાં આદિકારણરૂપ, ૯૪૯ભીમઃ-કાળરૂપે સર્વને ભય ઉપજાવનારા,૯૫૦ભીમપરાક્રમઃ-ભયંકર પરાક્રમી.

आधारनिलयोऽधाता पुष्पहासः प्रजागरः ।
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥

૯૫૧ આધારનિલયઃ-સર્વના આધારભૂત ગણાતા પૃથ્વી આદિ પંચમહાભૂતોના પણ આધારરૂપ, ૯૫૨ અધાતાઃ-જેમને ધારણ કરનાર અથવા ઉત્પન્ન કરનાર બીજો કોઇ છેજ નહિ એવા, ૯૫૩ પુષ્પહાસઃ-પુષ્પની કળી જેમ વિકસી નીકળે છે તેમ આ સંસારરૂપે વિકસનાર, ૯૫૪ પ્રજાગરઃ-નિત્ય જાગ્રત રહેનારા, ૯૫૫ ઊર્ધ્વગઃ-સર્વના ઉપરના ભાગમાં સ્થિતિ કરનારા, ૯૫૬ સત્પથાચારઃ-નિત્ય સન્માર્ગનુંજ આચરણ કરનારા, ૯૫૭ પ્રાણદઃ-મરણ પામેલાઓને પણ જીવાડનારા, ૯૫૮ પ્રણવઃ-ૐકારરૂપ, ૯૫૯ પણઃ-પુણ્યકર્મો ગ્રહણ કરી અધિકારીઓને તેનાં યોગ્ય ફળ આપનારા.[૧૧૫]

प्रमाणं प्राणनिलयः प्राणभृत् प्राणजीवनः ।
तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥

૯૬૦ પ્રમાણઃ-તેમના અસ્તિત્વમાં તે પોતેજ પ્રમાણભૂત, ૯૬૧ પ્રાણનિલયઃ-સર્વ પ્રાણાત્માઓના વિલયસ્થાનરૂપ, ૯૬૨ પ્રાણભૃતઃ-અન્નરૂપે સર્વના પ્રાણોનું પોષણ કરનારા, ૯૬૩ પ્રાણજીવનઃ-પ્રાણ નામના વાયુથી પ્રાણીઓને જીવાડનારા, ૯૬૪ તત્ત્વઃ-પરબ્રહ્મતત્ત્વરૂપ, ૯૬૫ તત્ત્વવિતઃ-તત્ત્વના સ્વરૂપને જાણનારા, ૯૬૬ એકાત્માઃ-સર્વ જગતના એક આત્મારૂપ, ૯૬૭ જન્મમૃત્યુજરાતિગઃ-જન્મ, મૃત્યુ તથા જરારૂપ સંસારવિકારોથી મુક્ત.[૧૧૬]

भूर्भुवः स्वस्तरुस्तारः सपिता प्रपितामहः ।
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञांगो यज्ञवाहनः ॥

૯૬૮ભૂર્ભુવઃ સ્વસ્તરુઃ-વેદનાસારરૂપ "ભૂર્, ભુવર્ અને સ્વર્ " આ ત્રણ વ્યાહૃતિઓથી હોમાદિક કરીને ત્રણે જગતને તારનારા અથવા " ભૂર્, ભુવર્ અને સ્વર્ " આ ત્રણે લોકમાં વૃક્ષની પેઠે વ્યાપી રહેલા, ૯૬૯ તારઃ-સંસારસમુદ્રથી તારનારા, ૯૭૦ સપિતાઃ-સર્વ લોકનાં પિતા, ૯૭૧ પ્રપિતામહઃ-લોકપિતામહ બ્રહ્મ-

દેવના પણ પિતા, ૯૭૨ યજ્ઞઃ-યજ્ઞરૂપ, ૯૭૩ યજ્ઞપતિઃ-યજ્ઞનું રક્ષણ કરનારા અથવા યજ્ઞના સ્વામી, ૯૭૪ યજ્વાઃ-યજ્ઞકર્તા યજમાનરૂપ, ૯૭૫ યજ્ઞાંગઃ-યજ્ઞરૂપી અંગોવાળા, ૯૭૬ યજ્ઞવાહનઃ-યજ્ઞોના નિર્વાહકર્તા.[૧૧૭]

यज्ञभृद्यज्ञकृद्यज्ञी यज्ञभुग्यज्ञसाधनः ।
यज्ञांतकृद्यज्ञगुह्यमन्नमन्नादि एव च ॥[illegible]॥

૯૭૭ યજ્ઞભૃત્ઃ-યજ્ઞના પોષણકર્તા અથવા રક્ષણકર્તા, ૯૭૮ યજ્ઞકૃત્ઃ-યજ્ઞના કર્તા, ૯૭૯ યજ્ઞીઃ-યજ્ઞના અધિષ્ઠાતા, ૯૮૦ યજ્ઞભુક્ઃ-યજ્ઞના ભોક્તા, ૯૮૧ યજ્ઞસાધનઃ-યજ્ઞરૂપ સાધનથી પ્રાપ્ત થનારા, ૯૮૨ યજ્ઞાંતકૃત્ઃ-યજ્ઞને અંતે ફળ આપનારા, ૯૮૩ યજ્ઞગુહ્યઃ-યજ્ઞોના ગુપ્ત ફળરૂપ,૯૮૪ અન્નમ્ઃ-પ્રાણીમાત્ર જેનું ભક્ષણ કરે છે તે અન્નરૂપ,૯૮૫ અન્નાદિઃ-અન્નનું ભક્ષણ કરનારા.[૧૧૮]

आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ।
देवकीनंदनः स्रष्टा क्षितीशः पापनाशनः ॥

૯૮૬ આત્મયોનિઃ-પોતેજ પોતાના ઉપાદાનકારણરૂપ, ૯૮૭સ્વયંજાતઃ-પોતાની મેળેજ જન્મ લેનારા, ૯૮૮ વૈખાનઃ-પાતાળમાં વસી રહેલા હિરણ્યાક્ષનો વધ કરવામાટે વરાહનું સ્વરૂપ ધારણ કરી પૃથ્વીને જેમણે ખોદી નાખી હતી એવા, ૯૮૯ સામગાયનઃ-સામમંત્રોનું ગાન કરનારા, ૯૯૦ દેવકીનંદનઃ-દેવકીના પુત્રરૂપે અવતાર લેનારા,૯૯૧ સ્રષ્ટાઃ-સર્વ જગતના ઉત્પન્નકર્તા, ૯૯૨ ક્ષિતીશઃ-પૃથ્વીના ઇશ્વર, ૯૯૩ પાપનાશનઃ-પાપનો નાશ કરનારા.[૧૧૯]

शंखभृन्नंदकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथांगपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥१२०॥

૯૯૪ શંખભૃતઃ-શંખને ધારણ કરનારા, ૯૯૫ નંદકીઃ-નંદક નામની તરવારને ધારણ કરનારા, ૯૯૬ ચક્રીઃ-સુદર્શન ચક્રને ધારણ કરનારા, ૯૯૭ શાર્ઙ્ગધન્વાઃ-શાર્ઙ્ગ નામના ધનુષ્યને ધારણ કરનારા, ૯૯૮ ગદાધરઃ-ગદાને ધારણ કરનારા, ૯૯૯ રથાંગપાણિઃ-હાથમાં ચક્ર ધરનારા, ૧૦૦૦ અક્ષોભ્યઃ-કોઇનાથી ક્ષોભ પમાડી શકાય નહિ એવા, ૧૦૦૧ સર્વ પ્રહરણાયુધઃ-પ્રહાર કરવામાં ઉપયોગી સર્વ પ્રકારનાં આયુધોને ધારણ કરનારા.[૧૨૦]

આ પ્રમાણે કીર્તન કરવા યોગ્ય મહાત્મા કેશવનાં એક હજાર દિવ્ય નામો મેં તને સંપૂર્ણ રીતે કહ્યાં.[૧૨૧] જે મનુષ્ય આ હજારે નામોનું શ્રવણ કરે છે અથવા કીર્તન કરે છે, તેનું આ લોકમાં કે પરલોકમાં કદી અશુભ થતું નથી. આ હજારે નામોનું શ્રવણકીર્તન કરવાથી બ્રાહ્મણ વેદના પારને પામે છે, ક્ષત્રિય સર્વત્ર વિજય મેળવે છે, વૈશ્ય ધનને સંપાદન કરે છે અને શૂદ્ર સુખી થાય છે.[૧૨૩] ઉપરાંત જે પુરુષને ધર્મની ઇચ્છા હોય તે ધર્મ મેળવી શકે છે, દ્રવ્યની ઈચ્છાવાળો દ્રવ્ય સંપાદન કરે છે, કામનાની ઈચ્છાવાળો કામનાને પામે છે અને પ્રજાની ઈચ્છાવાળો પ્રજાને પ્રાપ્ત કરે છે.[૧૨૪] જે ભક્તિમાન પુરુષ પ્રાતઃકાળમાં ઉઠીને, પવિત્ર થઇને તથા કેવળ એ વિષ્ણુભગવાનમાંજ મન રાખીને આ વિષ્ણુસહસ્ર નામનો નિત્ય પાઠ કરે છે, તે પુરુષ મહાન યશ સંપાદન કરે છે, જ્ઞાતિવર્ગમાં મુખ્ય થાય છે, અચળ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે, સર્વોત્તમ શ્રેય સંપાદન કરે છે, કોઇપણ સ્થળે નિર્ભય થાય છે, વીર્ય તથા તેજને પ્રાપ્ત કરે છે, રોગથી મુક્ત થાય છે, કાંતિમાન થાય છે અને બળ, રૂપ તથા ગુણોથી યુક્ત થાય છે.[૧૨૫-૧૨૭] આ નામસહસ્રનો પાઠ કરવાથી રોગી મનુષ્ય રોગથી મુક્ત થાય છે, બંધાયલો મનુષ્ય બંધનથી મુક્ત થાય છે, ભયભીત થયેલો મનુષ્ય ભયથી મુક્ત થાય છે અને આપત્તિમાં આવી પડેલો મનુષ્ય આપત્તિમાંથી મુક્ત થાય છે.[૧૨૮] નિત્ય ભક્તિયુક્ત રહેનારો હરકોઈ પુરુષ,આ હજાર નામોથી પુરુષોત્તમ વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરે છે તો સર્વ સંકટોને તરી જાય છે;[૧૨૯] જે પુરુષ કેવળ વાસુદેવનોજ આશ્રય કરે છે અને વાસુદેવની ભક્તિ કરવામાંજ તત્પર રહે છે,તે પુરુષનો આત્મા સર્વ પાપોથી મુક્ત થઈને સનાતન પરબ્રહ્મને પામી શકે છે;[૧૩૦] એટલુંજ નહિ પરંતુ વાસુદેવની ભક્તિ કરનારા પુરુષોનું ક્યાંય અશુભ થતું નથી અને તેઓને જન્મ, મૃત્યુ, જરા તથા વ્યાધિઓનો ભય પણ ઉત્પન્ન થતો

નથી.[૧૩૧] શ્રદ્ધા અને ભક્તિસંપન્ન એવો જે પુરુષ આ સ્તોત્રનું અધ્યયન કરે છે, તેને આત્મસુખનો, ક્ષમાનો, ઐશ્વર્યનો, ધૃતિનો સ્મરણશક્તિનો તથા કીર્તિનો લાભ થાય છે. વળી જે પુણ્યશાળી પુરુષો, પુરુષોમાં ઉત્તમ શ્રીવિષ્ણુ ભગવાનનું ભજન કરે છે, તેઓનામાં ક્રોધ, મત્સર, લોભ કે અશુભ બુદ્ધિ કદી હોઇ શકેજ નહિ.[૧૩૩] ચંદ્ર, સૂર્ય તથા નક્ષત્રોસહિત આ ગગનમંડળ, સ્વર્ગ, દિશાઓ, પૃથ્વી તથા મહાસાગર-આ સર્વ મહાત્મા વાસુદેવના વીર્યને આધારેજ ધારણ થઇ રહ્યાં છે;[૧૩૪] તેમજ દેવો, અસુરો, ગંધર્વો, યક્ષો, સર્પો તથા રાક્ષસોસહિત આ સ્થાવરજંગમ જગત ભગવાન શ્રીકૃષ્ણનેજ અધીન થઈ રહ્યું છે.[૧૩૫] વિદ્વાનો કહે છે કે, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અંતઃકરણ, તેજ, બળ, ધૈર્ય, ક્ષેત્ર (શરીર) અને ક્ષેત્રજ્ઞ (જીવ) આ સર્વે કેવળ વાસુદેવરૂપજ છે. સર્વ શાસ્ત્રોમાં આચારનેજ પ્રથમ માનવામાં આવેલો છે, આચાર એજ મુખ્ય ધર્મ છે અને તે આચારધર્મના પ્રભુ ભગવાન વિષ્ણુ છે.[૧૩૭] ઋષિઓ, પિતૃઓ, દેવો, પંચમહાભૂતો, સર્વ ધાતુઓ અને સચરાચર આ સર્વ જગત કેવળ એક નારાયણથીજ ઉત્પન્ન થયેલા છે;[૧૩૮] તેમજ યોગ, જ્ઞાન, સાંખ્ય વિદ્યાઓ, શિલ્પ આદિ કર્મો, વેદો તથા શાસ્ત્રો-આ સર્વ કેવળ એક નારાયણથીજ ઉત્પન્ન થયેલા છે.[૧૩૯] વાસ્તવિક રીતે વિષ્ણુ ભગવાન એકજ મહાભૂતતરીકે ગણાય છે અને ભિન્ન ભિન્ન દેખાતાં બીજાં અનેક ભૂતો તેમનાથીજ ઉત્પન્ન થયાં છે. આ રીતે પ્રાણીમાત્રના આત્મારૂપ અને વિશ્વના ભોક્તા તે અવિનાશી ભગવાન ત્રણે લોકમાં વ્યાપ્ત થઇને રહેલા છે.[૧૪૦] જે પુરુષને શ્રેય તથા સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેણે વ્યાસે રચેલા આ વિષ્ણુ ભગવાનના સ્તોત્રનો નિત્ય પાઠ કરવો; કેમકે જેઓ જગતના ઈશ્વર, સર્વના ઉત્પાદક તથા સંહારક અને કમળસમાન નેત્રવાળા તે અજન્મા દેવનું ભજન કરે છે, તેઓ કદી પરાભવ પામતા નથી-દુઃખમાં આવી પડતા નથી.”

અધ્યાય ૧૪૯ મો સમાપ્ત

અધ્યાય ૧૫૦ મો

સાવિત્રીવ્રત આખ્યાન

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद।
किं जप्यं जपतो नित्यं भवेद्धर्मफलं महत्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે મહાબુદ્ધિમાન પિતામહ ! હે સર્વશાસ્ત્રકુશળ ! નિત્ય કયા જપ કરવા યોગ્ય મંત્રાદિનો જપ કરવાથી મનુષ્યને મહાન ધર્મફળ પ્રાપ્ત થાય છે ?[૧] કોઇ સ્થળે જ્યારે પ્રયાણ કરવું હોય ત્યારે, ગૃહાદિમાં પ્રવેશ કરવો હોય ત્યારે, કોઇ પણ કાર્યનો આરંભ કરવો હોય ત્યારે અથવા દેવનિમિત્ત કે પિતૃનિમિત્ત કર્મ કરવાનું હોય ત્યારે, તે તે કર્મને સિદ્ધ કરી શકે તેવું શું જપ કરવાને યોગ્ય ગણાય છે ?[૨] જપ કરવા યોગ્ય મંત્રાદિ વેદતુલ્ય હોવાથી શાંતિ, પુષ્ટિ તથા રક્ષા કરી શકે છે અને શત્રુઓનો તથા ભયનો નાશ કરે છે, તે કહેવાને તમે યોગ્ય છો.”[૩]

ભીષ્મે કહ્યું:-“ હે રાજા ! વ્યાસે કહેલા આ એક મંત્રને તું એકાગ્રચિત્તે સાંભળ. એ મંત્ર દિવ્ય છે, પાપથી તત્કાળ મુક્ત કરનાર છે અને સાવિત્રીએ પોતે પોતાની ઇષ્ટ કામના સિદ્ધ કરવામાટે એ મંત્રનો જાપ કર્યો હતો.[૪] હે નિર્દોષ પાંડવ ! એ મંત્રનો વિધિ પણ હું તને સંપૂર્ણ રીતે કહું છું, સાંભળ, કે જે સાંભળીને તું સર્વ પાપોથી મુક્ત થઇશ.[૫] હે ધર્મવેત્તા રાજા ! એ મંત્રનો જે પુરુષ રાત્રે તથા દિવસે જાપ કર્યા કરે છે, તેને કોઇ પ્રકારનું પાપ લાગતું નથી; માટે એ મંત્ર હું તને કહું છું, તે તું સાવધાન થઇને સાંભળ.[૬] હે રાજપુત્ર યુધિષ્ઠિર ! એ મંત્રનું શ્રવણ કરીને હરકોઇ પુરુષ, લાંબા આયુષ્યવાળો થઇ શકે છે અને આ લોકમાં સંપૂર્ણ રીતે કૃતકૃત્ય થઇને પરલોકમાં આનંદ કરે છે.[૭] હે રાજન્ ! જેઓ ક્ષાત્રધર્મમાં પરાયણ રહેતા હતા અને નિત્ય સત્યવ્રતનું પાલન કરતા હતા તે પ્રાચીનકાળના રાજર્ષિવર્યો પણ એ મંત્રનું નિરંતર સેવન કરતા હતા.[૮] હે ભરતસિંહ રાજા ! પ્રતિદિન જપ કરવા યોગ્ય

આ મંત્રનો સાવધાન ચિત્તે જાપ કરનારા અને નિત્ય નિયમનિષ્ઠ રહેનારા રાજાઓ સર્વોત્તમ લક્ષ્મી સંપાદન કરે છે.[૯]

મોટાં વ્રતોનું પાલન કરનારા વસિષ્ઠને હું નમસ્કાર કરૂં છું, વેદના ભંડારરૂપ પરાશરને હું નમસ્કાર કરૂં છું, મહાસર્પ અનંતને (શેષને) હું નમસ્કાર કરૂં છું અને આ જગતમાં અવિનાશી થયેલા સિદ્ધ પુરુષોને હું નમસ્કાર કરૂં છું.[૧૦] સર્વ ઋષિઓને મારા નમસ્કાર છે. પરના કરતાં પણ પર, દેવોના પણ દેવ, શ્રેષ્ઠ પુરુષોને વર આપનારા, હજારો મસ્તકવાળા, મંગલ સ્વરૂપ, હજારો નામવાળા અને દુષ્ટ મનુષ્યોને દુઃખ આપનારા ભગવાન વિષ્ણુને મારા નમસ્કાર છે. અજૈકપાત, અહિર્બુધ્ન્ય, અજિત પિનાકી, ઋત, પિતૃરૂપ, ત્ર્યંબક, મહેશ્વર, વૃષાકપિ, શંભુ, હવન અને ઇશ્વર, આ અગિયાર રુદ્રો સર્વત્ર પ્રસિદ્ધ છે અને ત્રણે જગતના તેઓ ઇશ્વર છે. વળી શતરુદ્ર નામના એક વૈદિક સ્તોત્રમાં એ મહાત્માઓનાં સો નામ કહેવામાં આવ્યાં છે; (તેઓને પણ મારા નમસ્કાર છે.) તેમજ અંશ, ભગ, મિત્ર, જળનો રાજા વરુણ, ધાતા, અર્યમા, જયંત, ભાસ્કર, ત્વષ્ટા, પૂષા, ઇંદ્ર અને વિષ્ણુ આ બારેને આદિત્ય કહેવામાં આવે છે અને તેઓ કશ્યપના પુત્રોતરીકે પ્રસિદ્ધ છે. (માટે તેઓને પણ હું નમસ્કાર કરૂં છું.) ધર, ધ્રુવ, સોમ, સાવિત્ર, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ–આ આઠને વસુઓ કહેવામાં આવે છે; તેમજ નાસત્ય અને દસ્ત્ર નામના બે અશ્વિનીકુમારો કહેવાય છે, જેઓ બન્ને સૂર્યના પુત્ર હોઇને સંજ્ઞા નામની એક ઘોડીના નાકમાંથી બહાર નીકળ્યા છે. (તેઓને પણ હું નમસ્કાર કરૂં છું.)

હવે જે સર્વ દેવો લોકોનાં શુભ–અશુભ કર્મોના નિત્ય સાક્ષીભૂત હોય છે, તે વિષે હું તને કહું છું.[૧૨–૧૮] એ સર્વ દેવતાઓ, મનુષ્યોએ કરેલા યજ્ઞયાગને, દાનને તથા પુણ્યને જાણે છે અને પ્રાણીમાત્રમાં અદૃશ્યરૂપે (નિવાસ કરીને) સર્વ કંઇ જોયા કરે છે;[૧૯] તેમજ મૃત્યુ, કાળ, સર્વ વિશ્વેદેવાઓ તથા મૂર્તિમંત પિતૃગણો કે જેઓ તપરૂપી ધનવાળા છે, મનનશીલ છે, સિદ્ધ છે, તપ કરવામાં તથા મોક્ષ મેળવવામાં તત્પર રહે છે; તથા પવિત્ર હાસ્યવાળા છે તેઓ પણ મનુષ્યોના શુભ-અશુભ કર્મોને જુએ છે અને પોતાનું કીર્તન કરનારા મનુષ્યોને પવિત્ર સ્થાન અર્પણ કરે છે.[૨૦,૨૧] તેઓ સર્વે દેવતાઓ, પ્રજાપતિએ નિર્માણ કરેલા આ સર્વ લોકમાં પોતાના દિવ્ય તેજથી વસી રહ્યા છે; અને પ્રાણીઓનાં પ્રત્યેક કર્મને લક્ષ્યપૂર્વક જોયા કરે છે.[૨૨] આ દેવગણો પ્રાણના ઇશ્વર ગણાય છે; માટે જે પુરુષ અત્યંત યત્નપૂર્વક તેઓનું કીર્તન કરે છે, તેને નિત્ય મહાન ધર્મનો, અર્થનો તથા કામનો લાભ થાય છે.[૨૩] વળી તે પુરુષ જગતના ઇશ્વરે રચેલા પવિત્ર અને ઉત્તમ લોકને પામે છે. આ તેત્રીસે દેવો (અગીઆર રુદ્રો, બાર આદિત્યો, આઠ વસુઓ અને બે અશ્વિનીકુમારો), પ્રાણીમાત્રના ઈશ્વર છે;[૨૪] તેમજ મોટા શરીરવાળો નંદીશ્વર, સર્વ ભૂતસમુદાયના નેતા ભગવાન શંકર તથા ગણોના ઇશ્વર વિનાયક દેવો, સર્વ લોકોના ઇશ્વર છે.[૨૫] વળી સૌમ્ય તથા રૌદ્ર એવા શંકરના ગણો, યોગ તથા ભૂતોના ગણો, સર્વ નક્ષત્રો, નદીઓ, આકાશ, પક્ષીઓનો રાજા ગરુડ, તપ કરીને પૃથ્વીપર સિદ્ધ થયેલા સ્થાવર–જંગમ પ્રાણીઓ, હિમાલય, બીજા સર્વ પર્વતો, ચાર મહાસમુદ્રો, શંકરસમાન પરાક્રમી શંકરના અનુચરો, વિજયશાળી દેવ વિષ્ણુ, કાર્ત્તિકસ્વામી તથા દેવી ઉમા (પાર્વતી) આ સર્વનું જે પુરુષ નામસ્મરણ કરે છે, તે સર્વ પાપોથી મુકત થાય છે.

હવે હું તને માનવ મહર્ષિઓનાં નામ કહું છું.[૨૬–૨૯] યવક્રીત, રૈભ્ય, અર્વાવસુ, પરાવસુ, ઔશિજ–કસીવાન્, અંગિરાનો પુત્ર બળ તથા મેધાતિથિના પુત્ર ઋષિ કણ્વ–જે બર્હિષદ પણ કહેવાય છે–આ સર્વ માનવ મહર્ષિઓ કેવળ બ્રહ્મતેજરૂપ છે અને લોકોની રક્ષા કરનારા કહેવાય છે.[૩૦,૩૧] વળી આ સર્વ મહાત્માઓ રુદ્ર, અગ્નિ તથા વસુઓસમાન તેજસ્વી હોઇને ઉત્તમ કલ્યાણને પામ્યા છે; અને

પૃથ્વીપર શુભ કર્મ કરીને સ્વર્ગમાં દેવતાઓની સાથે આનંદ કરી રહ્યા છે.[૩૨] ઉપરાંત આ સાતે ઋષિઓ મહેન્દ્રના ગુરુ હોવાંથી પૂર્વદિશામાં નિવાસ કરી રહ્યા છે; માટે જે પુરુષ તેઓનું નામસ્મરણ કરે છે, તે ઇન્દ્રના લોકમાં પૂજાય છે;[૩૩] તેમજ ઉન્મુચુ, પ્રમુચુ, વીર્યવાન સ્વસ્ત્યાત્રેય, દઢવ્ય, ઊર્ધ્વબાહુ, તૃણ સોમાંગિરા તથા મિત્રાવરુણના પુત્ર પ્રતાપી અગસ્ત્ય–આ સાત ઋષિઓ ધર્મરાજાના ગુરુ છે અને દક્ષિણદિશામાં વસી રહ્યા છે.[૩૪,૩૫] તેજ પ્રમાણે દઢેયુ, ઋતેયુ, કીર્તિમાન પરિવ્યાધ, સૂર્યસમાન તેજસ્વી એકત, દ્વિત અને ત્રિત તથા અત્રિના પુત્ર ધર્માત્મા સારસ્વત ઋષિ–આ સાતે ઋષિઓ વરુણના ગુરુ છે અને તેઓ પશ્ચિમદિશામાં વસી રહ્યા છે;[૩૬,૩૭] તેમજ અત્રિ, ભગવાન વસિષ્ઠ, મહર્ષિ કશ્યપ, ગૌતમ, ભરદ્વાજ, કુશિકના પુત્ર વિશ્વામિત્ર અને ઋચીકના પુત્ર પ્રતાપી જમદગ્નિ–આ સાત ઋષિઓ કુબેરના ગુરુ છે અને ઉત્તરદિશામાં વસી રહ્યા છે.[૩૮,૩૯] આ સિવાયના બીજા સાત ઋષિઓ પણ સર્વ દિશાઓના અધિષ્ઠાતા છે, મનુષ્યોની કીર્તિ તથા કલ્યાણને કરનારા છે અને લોકોનું રક્ષણ કરનારા છે એમ કહેવાય છે.[૪૦] વળી ધર્મ, કામ, કાલ, વસુ, વાસુકિ, અનંત અને કપિલ–આ સાત ધરણીધર કહેવાય છે;[૪૧] અને રામ (પરશુરામ), વ્યાસ, દ્રોણપુત્ર અશ્વત્થામા અને લોમશ, આ ચાર મુનિઓ દિવ્ય કહેવાય છે; અને તેઓ એક એક સાત સાત મુનિઓના જેવા (પ્રભાવશાળી) છે.[૪૨] તેઓ જગતમાં શાંતિ તથા કલ્યાણને કરનારા છે અને સર્વ દિશાઓના પાલક કહેવાય છે; માટે જે જે દિશાઓમાં તે રહેલા છે તે તે દિશા તરફ મુખ કરીને તેઓને શરણે જવું;[૪૩] કેમકે તેઓ સર્વ પ્રાણીઓના સ્રષ્ટા છે અને લોકોને પવિત્ર કરનારા કહેવાય છે; તેમજ સંવર્ત, મેરુ, સાવર્ણ, ધર્મનિષ્ઠ માર્કંડેય, સાંખ્ય, યોગ, નારદ અને મહર્ષિ દુર્વાસા અત્યંત તપસ્વી તથા જિતેંદ્રિયતરીકે ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે.[૪૪,૪૫] આ સિવાયના બીજા કેટલાએક મુનિઓ રુદ્રસમાન તેજસ્વી હોય છે અને તેઓ બ્રહ્મલોકમાં નિવાસ કરી રહ્યા છે, એમ મનાય છે. આ સર્વ મુનિઓનું તથા પૂર્વોક્ત દેવગણોનું નામસ્મરણ કરનારો પુરુષ પુત્રથી રહિત હોય તો પુત્રને મેળવે છે, દરિદ્ર હોય તો ધનને મેળવે છે અને ધર્મ, અર્થ તથા કામરૂપ ત્રણે પુરુષાર્થોને સિદ્ધ કરે છે; તેમજ પ્રત્યેક મનુષ્યે પૃથ્વી જેની પુત્રી થઇ હતી, તે વેનપુત્ર મહારાજા પૃથુનું નામકીર્તન કરવું કે જે પ્રજાઓનો પતિ હતો, મહાન ચક્રવર્તી હતો અને આખી પૃથ્વીનો અધિપતિ હતો. વળી સૂર્યનાવંશમાં ઉત્પન્ન થયેલા, મહેન્દ્રસમાન પરાક્રમી, ઈલાના પુત્ર, ત્રણે લોકમાં પ્રસિદ્ધ અને બુધના પ્રિયપુત્ર રાજા પુરુરવાનું પણ નામકીર્તન કરવું. સત્યયુગમાં જેણે ગવામય નામનો યજ્ઞ કરીને પરમાત્માનું યજન કર્યું હતું અને જે ત્રણે જગતમાં પ્રસિદ્ધ થયો હતો, તે વીર ભરતનું પણ નામકીર્તન કરવું.[૪૬-૫૦] જેણે વિશ્વજિત્ નામનો યજ્ઞ કર્યો હતો, જે સર્વલક્ષણોથી યુકત હતો, લોકોમાં પૂજાતો હતો અને મોટા દેવસમાન હતો, તે મહાતેજસ્વી રાજા રંતિદેવનું પણ કીર્તન કરવું;[૫૧] તેમજ જેણે સગર રાજાના પુત્રોને ગંગાસ્નાન કરાવીને તાર્યા હતા, તે પરમતેજસ્વી રાજર્ષિ શ્વેતનું પણ નામકીર્તન કરવું.[૫૨] પ્રત્યેક મનુષ્યે અગ્નિસમાન તેજસ્વી, મહારૂપસંપન્ન, મહાઓજસ્વી, મહાપ્રચંડ શરીરવાળા અને મહાસત્વશાળી પૂર્વોકત સર્વ મહાત્માઓનું નામસ્મરણ કરવું; કેમકે તેઓ કીર્તિને વધારનારા છે.[૫૩] વળી પૂર્વોકત દેવગણો, ઋષિગણો, પૃથ્વીના ઇશ્વર રાજાઓ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ઉત્તમ હવ્ય (દેવબલિ), કવ્ય (પિતૃબલિ) તથા સર્વશ્રુતિઓના (વેદોના) પરમ આશ્રયરૂપ પરબ્રહ્મ–આ સર્વને પરમ મંગલકારક, પ્રાણીમાત્રને પવિત્ર કરનારા, સર્વ વ્યાધિઓને શાંત કરનારા તથા સર્વ કર્મો કરનારાને શાંતિ-પુષ્ટિ આપનારા કહેવામાં આવે છે; માટે હે ભારત! પ્રભાતમાં ઉઠીને તેઓનું અવશ્ય કીર્તન કરવું. વળી તેઓ સર્વનું રક્ષણ કરે છે, જગતમાં વૃષ્ટિ

વરસાવે છે, સર્વને પ્રકાશ આપે છે, વાયુરૂપે વાય છે, પ્રજાપતિઓરૂપે જગતને સરજે છે, સર્વના મોટા નાયક છે, સર્વ કરતાં શ્રેષ્ઠ છે, કર્મો કરવામાં કુશળ છે, ક્ષમાશીલ છે અને ઇંદ્રિયોને જીતનારા છે;[૫૭] એટલુંજ નહિ પણ તે મહાત્માઓ પ્રાણીમાત્રના પુણ્યકર્મના તથા પાપકર્મના સાક્ષીરૂપ છે; માટે તેઓનું જો નામકીર્તન કરવામાં આવે, તો તે મનુષ્યોનાં સર્વ પ્રકારનાં અશુભોને દૂર કરે છે.[૫૮] જે પુરુષ પ્રાતઃકાળમાં ઉઠીને આ મહાત્માઓનું નામકીતન કરે છે તેને શુભ ફળ પ્રાપ્ત થાય છે, ઉપરાંત તે પુરુષને અગ્નિ કે ચોરનો ભય રહેતો નથી; તેમજ એના માર્ગને કોઇ રોકી શકતું નથી.[૫૯] આ મહાત્માઓનું નિત્ય નામકીર્તન કરનારા પુરુષોનું દુષ્ટ સ્વપ્ન નાશ પામે છે, સર્વ પાપોથી તે મુક્ત થાય છે અને (જન્માંતરમાં) સર્વ કલ્યાણોથી સંપન્ન થઇને કોઇ ઉત્તમ ગૃહે જન્મ પામે છે.[૬૦] જે ન્યાયનિષ્ઠ બ્રાહ્મણ સર્વ પ્રકારની દીક્ષાના સમયે આ મહાત્માઓનું નામકીર્તન કરે છે, તે આત્મારામ બની રહે છે, ક્ષમાશીલ થઇ શકે છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે અને અસૂયાદોષથી મુક્ત થાય છે;[૬૧] તેમજ રોગથી પીડાયેલો અથવા વ્યાધિથી યુક્ત થયેલો હરકોઇ મનુષ્ય, પૂર્વોક્ત વિભૂતિઓનું નામકીર્તન કરે છે, તો (સર્વ રોગ તથા વ્યાધિઓથી મુક્ત થઇને) સર્વ પાપોથી મુક્ત થાય છે; અને જે મનુષ્ય પોતાના ઘરમાં આનું કીર્તન કરે છે તેના કુળમાં સર્વનું કુશળક્ષેમ થાય છે.[૬૨] પોતાના ક્ષેત્રમાં બેસીને આનું કીર્તન કરવાથી સર્વ પ્રકારનું ધાન્ય (ખેતરમાં) ઉગી નીકળે છે; તેમજ એક ગામથી બીજે ગામ જતાં જતાં માર્ગમાં આનું કીર્તન કરવાથી પણ કુશળ થાય છે. પ્રત્યેક મનુષ્યે પોતાનું, પોતાના પુત્રોનું, સ્ત્રીઓનું, ધનનું, બીજનું તથા ઔષધિઓનું રક્ષણ કરવામાટે આ નામકીર્તનરૂપ રક્ષાનોજ સદંતર ઉપયોગ કરવો.[૬૪] હરકોઈ ક્ષત્રિય યુદ્ધસમયે આ મહાત્માઓનું નામસ્મરણ કરે છે, તો તેના શત્રુઓ નાશ પામે છે અને તેનું કલ્યાણ થાય છે.[૬૫] પુરુષ જો દેવનિમિત્ત તથા પિતૃનિમિત્ત કર્મ કરતી વેળા આ પૂજ્ય મહાત્માઓનું સ્મરણ કરે છે, તો તેના કવ્યનું તથા હવ્યનું પિતૃઓ તથા દેવતાઓ ભોજન કરે છે.[૬૬] આનું કીર્તન કરવાથી મનુષ્યને વ્યાધિઓનો, શિકારી પશુઓનો, હાથીનો કે ચોરનો ભય રહેતો નથી, તેનો શોક ઓછો થઇ જાય છે અને સર્વ પાપોથી તે મુક્ત થાય છે.[૬૭] આ ઉત્તમ સાવિત્રીમંત્રનો નૌકાદિ યાનપાત્રમાં, કોઈ વાહન ઉપર, ક્યાંય પ્રવાસ કરતી વેળા તથા રાજગૃહમાં પ્રવેશ કરતી વેળા જો પાઠ કરે છે, તો પુરુષ ઉત્તમ સિદ્ધિ સંપાદન કરે છે.[૬૮] વળી આનો નિત્યપાઠ કરનારા પુરુષોને રાજાઓથી, પિશાચોથી, રાક્ષસોથી, અગ્નિથી, જળથી, પવનથી કે સર્પથી કદી ભય થતો નથી.[૬૯] જે પુરુષ આ ઉત્તમ સાવિત્રીમંત્રનો પાઠ કરે છે, તે ચારે વર્ણોની તથા ચારે આશ્રમોની ખાસ કરીને શાંતિ કરે છે.[૭૦] જે સ્થળે આ સાવિત્રીમંત્રનો પાઠ કરવામાં આવે છે, ત્યાં અગ્નિ લાકડાંઓને બાળી શકતો નથી, કોઈ બાળકનું મરણ થતું નથી અને સર્પો રહી શકતા નથી.[૭૧] વળી જેઓ સાવિત્રીના ગુણકીર્તનરૂપ આ મહાન બ્રહ્મનું શ્રવણ કરે છે, તેઓને કદી દુઃખ થતું નથી તેમજ તેઓ પરમગતિને પામે છે.[૭૨] જે પુરુષ ગાયોના ટોળાની વચ્ચે બેસીને આનો પાઠ કરે છે, તેને વાછરડાવાળી પુષ્કળ ગાયો પ્રાપ્ત થાય છે, માટે ક્યાંય પ્રયાણ કરતી વેળા અથવા પ્રવાસ કરતી વેળા અથવા હરકોઈ અવસ્થામાં પણ મનુષ્યે આનો પાઠ કરવો;[૭૩] કેમકે હે રાજા! નિત્ય જપ કરનારા, હોમ કરનારા તથા મનને વશ રાખનારા ઋષિઓનું પણ આ પરમગુહ્ય જપ્ય છે–અર્થાત્ ઋષિઓએ પણ આ ગુહ્ય મંત્રનોજ નિત્ય જાપ કરવો યોગ્ય છે.[૭૪] અતિપુરાણ કાળનો આ દિવ્ય ઈતિહાસ મહર્ષિ પરાશરને પણ માન્ય હોઇને તેમણે યથાર્થ રીતે સિદ્ધ થયેલા ઇંદ્રને પૂર્વે કહ્યો હતો.[૭૫] તેજ આ સનાતન બ્રહ્મરૂપ અને પ્રાણીમાત્રના હૃદયરૂપ સત્ય આખ્યાન મેં તને કહી સંભળાવ્યું છે, જે આ સનાતની શ્રુતિરૂપ

છે.[૭૬] જે રાજાઓ ચંદ્ર, સૂર્ય, રઘુ તથા કુરુના વંશમાં ઉત્પન્ન થયેલા છે તેઓ સર્વે,નિત્ય પવિત્ર થઈને પ્રાણીઓની ગતિરૂપ આ સાવિત્રીમંત્રનો સદોદિત પાઠ કરે છે.[૭૭] દેવોનું, સપ્તર્ષિઓનું તથા ધ્રુવનું નિત્ય નામસ્મરણ કરવાથી સર્વ સંકટોમાંથી મુક્ત થવાય છે; અને તેઓનું નામસ્મરણ સર્વ પાપોથી નિત્યમુક્ત કરે છે.[૭૮] આ સાવિત્રીમંત્રનું કાશ્યપ, ગૌતમ, ભૃગુ, અંગિરા તથા અત્રિ આદિ વૃદ્ધપુરુષોએ સેવન કરેલું છે; તેમજ શુક્ર, અગસ્ત્ય તથા બૃહસ્પતિ આદિ બ્રહ્મર્ષિઓએ પણ તેનું સેવન કરેલું છે. વળી ભરદ્વાજને માન્ય એવા આ સાવિત્રીમંત્રને ઋચીકના પુત્રોએ વસિષ્ઠ પાસેથી સંપાદન કર્યો હતો અને ઇંદ્ર તથા વસુઓએ (ઋચીકના પુત્રો પાસેથી) આ મંત્રને પ્રાપ્ત કરીને સમગ્ર દાનવોને જીતી લીધા હતા. જે પુરુષ વેદને જાણનારા એક બહુશ્રુત બ્રાહ્મણને સુવર્ણથી મઢેલાં શિંગડાંવાળી સો ગાયોનું દાન કરે છે; અને જે પુરુષ દિવ્ય ભારતકથાનું નિત્ય કથન કરે છે, તેઓ બન્ને પુરુષોને સમાન ફળ પ્રાપ્ત થાય છે.[૮૦] ભૃગુનું નામસ્મરણ કરવાથી ધર્મની વૃદ્ધિ થાય છે, વસિષ્ઠને નમસ્કાર કરવાથી વીર્યની વૃદ્ધિ થાય છે, રઘુને નમસ્કાર કરનાર પુરુષ રણસંગ્રામમાં વિજયી થાય છે અને બે અશ્વિનીકુમારોનું સ્મરણ કરનાર પુરુષને કદી રોગ થતો નથી.[૮૧] હે રાજન્ ! સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ આ સનાતન સાવિત્રીવિષે મેં તને કહ્યું. બોલ, હવે તારે શું પૂછવાની ઇચ્છા છે? હે ભારત! તું જે પૂછીશ તેનો હું તને ઉત્તર આપીશ."[૮૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"સાવિત્રીવ્રતોપાખ્યાન"એ વિષયનો
અધ્યાય ૧૫૦ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૫૧ મો

બ્રાહ્મણપ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

के पूज्याः के नमस्कार्याः कथं वर्तेत केषु च ।
किमाचारः कीदृशेषु पितामह न रिष्यते ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ! આ જગતમાં કોણ પૂજ્ય છે? કોણ નમસ્કાર કરવા યોગ્ય છે? મનુષ્યે કોના તરફ કેવી રીતે વર્તવું? અને કેવાઓ તરફ કેવું વર્તન કરીને મનુષ્ય વિનાશ પામતો નથી?"[૧]

ભીષ્મે કહ્યું:–" બ્રાહ્મણોનો પરાભવ કરવાથી દેવતાઓનો પણ નાશ થઇ જાય છે;માટે હે યુધિષ્ઠિર! બ્રાહ્મણોને નમસ્કાર કરીનેજ મનુષ્ય વિનાશ પામતો નથી.[૨] તેઓજ પૂજ્ય છે, તેઓજ નમસ્કાર કરવા યોગ્ય છે, તેઓના તરફ પુત્રની પેઠે વર્તન કરવું અને તેઓજ મહાબુદ્ધિમાન હોઇને સર્વ લોકને ધારણ કરી રહ્યા છે, કે જે બ્રાહ્મણો સર્વ લોકોમાં મોટા છે, ધર્મના સેતુરૂપ છે, ધનનો ત્યાગ કરવામાં આસક્ત રહે છે, વાણીનો સંયમ કરવા ઉપર પ્રીતિ રાખે છે, પ્રાણીમાત્રને આનંદ ઉપજાવે છે, વેદશાસ્ત્રના એક ખજાનારૂપ હોય છે, વ્રતને ધારણ કરે છે, લોકોના તથા શાસ્ત્રોના સ્રષ્ટા છે, યશસ્વી છે, તપ એજ જેઓનું ધન છે, વાણી એજ જેઓનું મહાન બળ છે,સર્વ ધર્મોના પ્રભુ છે,ધર્મને જાણનારા છે, સૂક્ષ્મ તત્ત્વના દ્રષ્ટા છે,નિત્ય ધર્માભિલાષી હોઇને ધર્મમાં સ્થિતિ કરી રહ્યા છે, પુણ્યકર્મોને લીધે ધર્મના સેતુરૂપ છે, જેઓનો આશ્રય કરીને ચારે પ્રકારની સર્વ પ્રજાઓ જીવી રહી છે, ધર્મના એક માર્ગરૂપ છે, સર્વના નેતા છે, યજ્ઞયાગને ટકાવી રાખનારા છે, અત્યંત પુરાણકાળના છે, પિતૃપિતામહની ભારે ધુંસરીને (એટલે શ્રાદ્ધાદિ ક્રિયાને) નિત્ય ધારણ કરી રહ્યા છે, જેઓ ઉત્તમ બળદોની પેઠે પોતાના વિષયરૂપ થઈ પડેલી લોકધુરાને વહન કરવામાં કદી કંટાળતા નથી, પિતૃઓ, દેવતાઓ તથા અતિથિઓરૂપ મુખવાળા છે, હવ્ય તથા કવ્યનું પ્રથમ ભોજન કરનારા છે, માત્ર ભોજન કરીને-

જ ત્રણ લોકોનું મોટા ભયથી રક્ષણ કરે છે, સર્વ લોકના એક દીપકરૂપ છે, નેત્રવાળા પુરુષોનાં પણ નેત્રરૂપ છે, સર્વને શિક્ષણ આપે છે, વેદને જ ધન માનનારા છે, સર્વ શાસ્ત્રોમાં કુશળ હોય છે, મોક્ષના દ્રષ્ટા છે, પ્રાણીમાત્રની ગતિને જાણનારા છે, અધ્યાત્મગતિનું ચિંતન કરે છે, જગતના આદિ, મધ્ય તથા અંતને જાણે છે, સર્વ સંશયોથી મુક્ત હોય છે, ભૂત તથા ભવિષ્યના વિશેષને જાણે છે, ઉત્તમ ગતિમાં જનારા હોય છે, સર્વ વિષયોથી મુક્ત હોય છે, સર્વ પાપોને ધોઈ નાખનારા હોય છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત હોય છે, સર્વ પરિગ્રહનો ત્યાગ કરે છે, માન આપવાને યોગ્ય છે, જ્ઞાનસંપન્ન મહાત્માઓ પણ જેઓને નિત્ય માન આપે છે, ચંદન, મેલ તથા કાદવમાં પણ જેઓ સમાન દૃષ્ટિ રાખે છે, ભોજન તથા અભોજનને પણ સરખું ગણે છે, રેશમી, સુતરાઉ તથા મૃગચર્મનાં વસ્ત્રો પણ જેઓને સમાન જણાય છે, ભોજન કર્યાવિના પણ જેઓ અનેક દિવસોપર્યંત રહી શકે છે, સ્વાધ્યાયો કરી કરીને તથા ઇંદ્રિયોને વશ રાખીને પોતાનાં સર્વ અંગોને જેઓ શુષ્ક કરી નાખે છે, જેઓ દેવકોટીથી બહારના પ્રાણીને દેવ બનાવી શકે છે, દેવને પણ દેવપદથી ઉતારી પાડે છે, જેઓ જ્યારે કોપાયમાન થાય છે ત્યારે બીજા લોકોને તથા લોકપાલોને પણ સરજી શકે છે, જે મહાત્માઓના શાપથી સમુદ્ર પણ પીવાને અયોગ્ય થઇ પડ્યો છે, જેઓનો કોપાગ્નિ હજીસુધી પણ દંડકારણ્યમાં શાંત થતો નથી, જેઓ દેવોના પણ દેવ છે, કારણના પણ કારણ છે અને અપ્રમાણના પણ પ્રમાણ છે, તે બ્રાહ્મણોનું કયો વિદ્વાન પુરુષ અપમાન કરે? જેઓમાં વૃદ્ધ અને બાળક સર્વ કોઇ સન્માનને યોગ્ય છે, તે બ્રાહ્મણો તપ તથા વિદ્યાની વિશેષતા પ્રમાણે અન્યોન્યને માન આપે છે.[૩-૧૯] બ્રાહ્મણ અવિદ્વાન હોય-મૂર્ખ હોય, તોપણ એક દેવરૂપ મનાય છે અને મહાપવિત્ર પાત્ર ગણાય છે; તોપછી પૂર્ણ સમુદ્રસમાન એક વિદ્વાન બ્રાહ્મણ અતિ મહાન દેવરૂપ મનાય એમાં શું આશ્ચર્ય છે?[૨૦] જેમ અગ્નિ સંસ્કારયુક્ત હોય કે સંસ્કારરહિત હોય તોપણ મહાન દૈવત ગણાય છે, તેમ બ્રાહ્મણ વિદ્વાન હોય કે અવિદ્વાન હોય તોપણ મહાન દૈવતરૂપ ગણાય છે.[૨૧] તેજસ્વી અગ્નિ શ્મશાનમાં પડ્યો હોય તોપણ દૂષિત ગણાતો નથી; અથવા ઘૃતની ધારા યજ્ઞમાં વિધિપૂર્વક જેવી શોભે છે તેવીજ ઘરમાં પણ શોભી નીકળે છે, તેમ બ્રાહ્મણ સર્વ પ્રકારનાં અનિષ્ટ કર્મો કરતો હોય તોપણ સર્વથા માન્યજ છે અને ઉત્તમ દૈવતરૂપ છે, એમ તારે જાણવું."[૨૨,૨૩]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"બ્રાહ્મણની પ્રશંસા" એ વિષયનો
અધ્યાય ૧૫૧મો સમાપ્ત

અધ્યાય ૧૫૨ મો

બ્રાહ્મણમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

कां तु ब्राह्मणपूजायां व्युष्टिं दृष्ट्वा जनाधिप ।
कं वा कर्मोदयं मत्वा तानर्चसि महामते ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે મહાબુદ્ધિમાન રાજા ! બ્રાહ્મણોની પૂજામાં શું ફળ અથવા શી સમૃદ્ધિ તમારા જોવામાં આવે છે? અથવા કયા કર્મોદયને માન્ય કરીને તમે બ્રાહ્મણોની પૂજા કરો છો ? "[૧]

ભીષ્મે કહ્યું:- હે ભારત ! આ વિષયમાં પણ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં પવન તથા અર્જુન (સહસ્રાર્જુન) નો સંવાદ વર્ણવ્યો છે.[૨]

પૂર્વે માહિષ્મતી નગરીમાં કાર્તવીર્ય નામનો બળવાન રાજા રાજ્ય કરતો હતો. તે શ્રીમાન રાજાને એકહજાર ભુજાઓ હતી. સર્વ લોકનો તે પ્રભુ હતો અને હૈહયવંશમાં ઉત્પન્ન થયેલો તે સત્યપરાક્રમી રાજા રત્નોની ખાણોવાળી, સમુદ્રરૂપ વસ્ત્રવાળી અને દ્વીપોસહિત સમગ્ર પૃથ્વીપર રાજ્યશાસન ચલાવતો હતો. તે રાજાએ પોતાના ક્ષાત્રધર્મને અનુસરીને તથા વિનય અને શાસ્ત્રજ્ઞાનને આગળ કરીને પોતાનું સમગ્ર ધન દત્તાત્રેયને અર્પણ કરી દીધું હતું;

તેમજ કૃતવીર્યના પુત્ર એ કાર્તવીર્યે મુનિ દત્તાત્રેયનું સારી પેઠે સેવન કર્યું હતું,જેથી તે બ્રાહ્મણે તેનાપર સંતુષ્ટ થઇને ત્રણ વરદાન માગવાની તેને આજ્ઞા કરી હતી.[૩-૬] મુનિ દત્તાત્રેયે તેને વર માગવાની જ્યારે આજ્ઞા કરી હતી,ત્યારે રાજા કાર્તવીર્યે આ પ્રમાણે વર માગ્યા હતાઃ– “હું જ્યારે સેના વચ્ચે દાખલ થાઉં ત્યારે એકહજાર બાહુવાળો થાઉં અને ઘરમાં બે બાહુઓવાળોજ રહું. રણસંગ્રામમાં સર્વ સૈનિકો મને હજાર બાહુઓવાળો જુએ અને હે તીક્ષ્ણ વ્રતધારિ મુનિ ! હું મારા પરાક્રમથી આખી પૃથ્વીના પર વિજય મેળવું તથા ધર્મપૂર્વક પૃથ્વીસંપાદન કરીને અત્યંત ઉત્સાહપૂર્વક તેનું પાલન કરૂં. વળી હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! આ એક ચોથો વર હું તમારી પાસે માગું છું, તે આપવાને પણ તમે અનુગ્રહ (કૃપા) કરવાને યોગ્ય છો. હે નિર્દોષ બ્રાહ્મણ ! તમારો આશ્રય કરીને હું જ્યારે મિથ્યાચારી અથવા ઉદ્ધત બની જાઉં, ત્યારે સત્પુરુષો મને ભલે શિક્ષા કરે. ”[૭-૧૦] રાજાએ એ પ્રમાણે વર માગ્યા એટલે તે બ્રાહ્મણે “ તથાસ્તુ ” એમ કહીને તેને વર આપ્યા; અને મહાતેજસ્વી બ્રાહ્મણના એ વરો એ પ્રમાણે સફળ પણ થયા.[૧૧] તે પછી રાજા કાર્તવીર્ય અગ્નિ તથા સૂર્યસમાન કાંતિવાળા એક રથમાં બેસીને પરાક્રમના મોહથી બોલી ઉઠયો કે, “ ધૈર્ય, વીર્ય, યશ, શૌર્ય, પરાક્રમ તથા ઓજસ્માં મારા સમાન બીજો કોણ છે?” તેનું આ વાકય પૂરૂં થયું એટલે તુરતજ આકાશમાં શરીરવિનાની વાણીએ ઉત્તર આપ્યો કેઃ–“ ઓ મૂઢ ! તું નથી જાણતો કે, ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે; અને બ્રાહ્મણની સાથે રહીનેજ ક્ષત્રિય પ્રજાઓનું પાલન કરી શકે છે. ”[૧૨-૧૪]

અર્જુને (સહસ્રાર્જુને) કહ્યુંઃ–“ અરે! હું જો પ્રસન્ન થાઉં તો પ્રાણીઓની ઉત્પત્તિ કરી શકું છું અને હું જો ક્રોધાયમાન થાઉં તો પ્રાણીઓનો નાશ પણ કરી શકું છું. આ રીતે મન, વચન તથા કર્મથી મારા કરતાં બ્રાહ્મણ શ્રેષ્ઠ નથી,બ્રાહ્મણોને સર્વ કરતાં અધિક કહેવા તે કેવળ પૂર્વપક્ષજ છે (મિથ્યા છે); કેમકે સિદ્ધાંતદષ્ટિએ સર્વના કરતાં ક્ષત્રિયજ શ્રેષ્ઠ છે. વળી તેં કહ્યું કે, પ્રજાપાલનરૂપ હેતુમાં બ્રાહ્મણ તથા ક્ષત્રિય બન્નેની ઉપયોગીતા છે;પરંતુ તેમાં પણ આવી એક વિશેષતા જોવામાં આવે છે.[૧૬] બ્રાહ્મણો ક્ષત્રિયોનો આશ્રય કરી રહ્યા છે, પણ ક્ષત્રિયોએ બ્રાહ્મણોનો આશ્રય કર્યો નથી. બ્રાહ્મણો વેદાધ્યયન અથવા યજ્ઞયાગાદિનું નિમિત્ત કાઢીને અથવા તે રૂપ એક કપટ ઉભું કરીને પૃથ્વીપર ક્ષત્રિયોના આશ્રયેજ જીવી રહ્યા છે. વળી પ્રજાઓનું રક્ષણ કરવારૂપ ધર્મ કેવળ ક્ષત્રિયોનોજ આશ્રય કરી રહ્યો છે અને બ્રાહ્મણોની આજીવિકા કેવળ ક્ષત્રિયોના આધારેજ ચાલી રહી છે,તો પછી ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ શ્રેષ્ઠ કેમ હોઇ શકે ?[૧૭,૧૮] બ્રાહ્મણો કેવળ ભિક્ષા ઉપરજ જીવન ગાળે છે; છતાં સર્વ પ્રાણીઓમાં મોટા થઇ પડયા છે અને પોતાની મેળેજ પોતાને માન આપી રહ્યા છે; પરંતુ હું તેઓને વશ કરીશ.[૧૯] આ ગાયત્રીકન્યાએ (આકાશવાણીએ) આકાશમાં રહીને કેવળ અસત્યજ કહ્યું છે; (કેમકે તે નથી જાણતી કે,) ચામડાનાં (મૃગચર્મનાં) વસ્ત્ર પહેરનારા અને સ્વતંત્ર થઇ પડેલા સર્વ બ્રાહ્મણોને હું વશ કરીશ.[૨૦] આ ત્રણે લોકમાં એવો કોઈ દેવ નથી કે મનુષ્ય નથી,કે જે મને મારા રાજ્યાસન ઉપરથી પદભ્રષ્ટ કરી શકે ? માટે હુંજ બ્રાહ્મણો કરતાં શ્રેષ્ઠ છું.[૨૧] આ જગતમાં આજ દિવસસુધી બ્રાહ્મણો શ્રેષ્ઠ કહેવાયા છે; પરંતુ હવે હું ક્ષત્રિયોને શ્રેષ્ઠ કરીશ,કેમકે રણસંગ્રામમાં મારા બળને સહન કરવાને કોઇ ઉત્સાહ ધરાવી શકે તેમ નથીજ.”[૨૨]

સહસ્રાર્જુનનું એ વચન સાંભળીને અંતર્હિત આકાશવાણી અત્યંત ત્રાસ પામી ગઈ. (પણ તેનાં એ વચનનો) આકાશમાં રહેલા વાયુએ આ પ્રમાણે ઉત્તર આપ્યો.[૨૩]

“અરે ઓ રાજા! તું તારા આ મલિન ભાવનો ત્યાગ કરી દે અને બ્રાહ્મણોને નમસ્કાર કર; કેમકે તું એઓપ્રત્યે પાપી વર્તન કરીશ તો તારા આખા રાજ્યમાં મોટો ખળભળાટ થઇ પડશે;[૨૪] અથવા હે રાજા ! તને પોતાનેજ બ્રા-

ક્ષણો શાંત પાડી દેશે–મૃત્યુને આધીન કરી દેશે; અને તેમ નહિ કરે તો તેં ઉત્સાહભ્રષ્ટ કરેલા મહાબળવાન બ્રાહ્મણો તને રાજ્યાસન ઉપરથી ભ્રષ્ટ કરશે ”૨૫

વાયુનું એ વચન સાંભળી રાજા કાર્તવીર્યે તેને પૂછ્યું કે, “ તું કોણ છે ? ” એટલે વાયુએ તેને કહ્યું કેઃ–“ હું દેવોનો દૂત વાયુ છું અને તારા હિતની વાત તને કહી રહ્યો છું. ”૨૬

સહસ્રાર્જુને કહ્યું:–“અહો! તેં તો બ્રાહ્મણોપર પોતાનો ભક્તિરાગ ઠીક દેખાડી દીધો હો ! બોલ, આ પૃથ્વીની સમાનતા કરી શકે તેવો ઉત્તમ બ્રાહ્મણ આ જગતમાં કોણ છે ? અથવા વાયુ, જળ, અગ્નિ, સૂર્ય તથા આકાશની બરોબરી થઈ શકે તેવો કોઈ ઉત્તમ બ્રાહ્મણ છે ? જો હોય તો તું મને કહે. ”૨૭,૨૮

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “વાયુ તથા અર્જુનના સંવાદવિષે બ્રાહ્મણમાહાત્મ્ય” એ વિષયનો અધ્યાય ૧૫૨ મો સમાપ્ત

અધ્યાય ૧૫૩ મો

બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ)

॥ वायुरुवाच ॥

शृणु मूढगुणान्काँश्चिद् ब्राह्मणानां महात्मनाम्
ये त्वया कीर्तिता राजँस्तेभ्योऽथ ब्राह्मणो वरः

વાયુએ કહ્યું:–ઓ મૂર્ખ રાજા ! મહાત્મા બ્રાહ્મણોના કેટલાએક ગુણોનું તું શ્રવણ કર. હે રાજન્! તેં જેઓનાં નામ આપ્યાં છે, તેઓના કરતાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. (અર્થાત્ પૃથ્વી, વાયુ, જળ, અગ્નિ, સૂર્ય તથા આકાશ કરતાં પણ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે.)પૂર્વે અંગરાજાની સ્પર્ધા કરીને પૃથ્વીપોતાના પૃથ્વીપણાનો ત્યાગ કરીને(બ્રહ્મલોકમાં) નાસી જતી હતી,તે સમયે બ્રાહ્મણ કશ્યપે (તેનું પ્રિય કરીને) તેને અટકાવી હતી.હે રાજન્! સ્વર્ગમાં કે પૃથ્વી ઉપર બ્રાહ્મણોનો કદી પરાજય કરી શકાતો નથી. પૂર્વે અંગિરા નામના બ્રાહ્મણે પોતાની મેળેજ પોતાના તેજના પ્રભાવથી પૃથ્વીપરનું સર્વ જળ પી લીધું હતું;છતાં તે ઉદાર મનનો બ્રાહ્મણ જેમ દૂધથી તૃપ્ત ન થવાય, તેમ એ જળપાનથી તૃપ્ત થયો ન હતો. પછી હે રાજા ! તેણે જળના મોટા પ્રવાહથી આખી પૃથ્વીને ચોતરફથી ભરી દીધી હતી.[૩,૪] વળી તે અંગિરા બ્રાહ્મણ મારાપર જ્યારે ક્રોધાયમાન થયો હતો, ત્યારે આખા જગતનો ત્યાગ કરીને હું ઘણા લાંબા કાળપર્યંત બ્રાહ્મણોના અગ્નિહોત્રમાં ભરાઈ પેઠો હતો.આ રીતે અંગિરાના ભયથી મારે પોતાને પણ ભયભીત થવું પડયું હતું.[૫] ભગવાન ગૌતમે પોતાની સ્ત્રી અહલ્યા ઉપર કામાસક્ત થયેલા ઇંદ્રને કેવળ શાપજ આપ્યો હતો, પણ ધર્મની રક્ષા કરવામાટે તેનો છેક નાશ કરી નાખ્યો ન હતો;[૬] તેમજ હે રાજા ! આ સમુદ્ર પ્રથમ મીઠા જળથી ભરપૂર રહેતો હતો,પરંતુ બ્રાહ્મણોના શાપના પ્રભાવથીજ તે ખારા પાણીવાળો થઈ ગયો છે.[૭] અગ્નિ પણ પ્રથમ સુવર્ણસમાન વર્ણવાળો હતો, ધૂમાડાથી રહિત હતો અને એકીસાથે ઉંચે ગમન કરનારી શિખાઓવાળો હતો; પરંતુ અંગિરાઋષિએ ક્રોધાયમાન થઇને તેને શાપ આપ્યો છે અને તેથીજ તે પૂર્વોક્ત ગુણોથી ભ્રષ્ટ થયો છે.[૮] સગરરાજાના પુત્રો કે જેઓ જગતમાં મોટા ગણાતા હતા અને મહાસાગરનું ઉપાસન કરી રહ્યા હતા,તેઓને પણ બ્રાહ્મણવર્ણને ધારણ કરનારા કપિલઋષિએ શાપ આપીને સદાને માટે બાળી નાખ્યા છે, તે તું જો.[૯] હે રાજા ! તું બ્રાહ્મણોસમાન છેજ નહિ અને તારૂં સર્વ કલ્યાણ કેવળ બ્રાહ્મણોને લીધેજ થઈ રહ્યું છે, એમ તારે જાણવું. જે પુરુષ આખા જગતનો પ્રભુ હોય છે, તે પણ ગર્ભમાં રહેલા બ્રાહ્મણોને સારી પેઠે નમસ્કાર કરે છે. દંડક નામના ક્ષત્રિયોનું મહાન રાજ્ય હતું પણ માત્ર એકજ બ્રાહ્મણે તેનો વિનાશ કરી નાખ્યો છે; તેમજ તાલજંઘ નામના મહાન ક્ષત્રિયનો એકલા ઔર્વનામના બ્રાહ્મણેજ નાશ કરી નાખ્યો છે.[૧૧] અરે ! તેં પોતે પણ આ મહાન રાજ્ય, બળ, ધર્મ તથા પરમદુર્લભ શાસ્ત્રજ્ઞાન દત્તાત્રેયના પ્રસાદથીજ સંપાદન કરેલ છે. (જે દત્તાત્રેય બ્રાહ્મણજ છે.)[૧૨] ઓ અર્જુન ! (હું

તને પૂછું છું કે,) તું નિત્ય અગ્નિનું શામાટે પૂજન કરે છે? સર્વ લોકના હવ્યને વહન કરનારો તે અગ્નિ એક બ્રાહ્મણજ છે. એ વાતને તું નથી જાણતો કે શું?[13] અથવા પ્રત્યેક પ્રાણીનું રક્ષણ કરનારા અને આ જીવલોકને સૃજનારા ભગવાન બ્રહ્મા પણ એક શ્રેષ્ઠ બ્રાહ્મણજ છે, આમ તું જાણે છે; છતાં શામાટે મોહિત થાય છે?[14] પ્રજાપતિ બ્રહ્મા કે જે અવિનાશી છે, સર્વના પ્રભુ છે, અવ્યક્ત છે અને જેમણે સ્થાવરજંગમ સમગ્ર જગતને ઉત્પન્ન કર્યું છે, તે એક બ્રાહ્મણજ છે.[15] કેટલાએક મૂર્ખ પુરુષો કહે છે કે, બ્રહ્મા એક અંડમાંથી ઉત્પન્ન થયા છે; અને તે અંડ જ્યારે ફુટયું, ત્યારે તેના જૂદા જૂદા ટુકડાઓરૂપે પર્વતો, દિશાઓ, આકાશ, પૃથ્વી તથા સ્વર્ગ ઉત્પન્ન થયાં છે;[16] પણ આ પ્રમાણે કહેવું તે કેવળ ભૂલભરેલુંજ છે, કેમકે બ્રહ્મા અજન્મા કહેવાય છે. તેમની ઉત્પત્તિ એ રીતે કેમ હોઇ શકે? માટે એ પ્રમાણે માનવુંજ નહિ; અથવા બ્રહ્મા અંડમાંથી ઉત્પન્ન થયા, એ વાત આ રીતે સંભવી શકે છે. અંડ એટલે આકાશ અથવા અવ્યાકૃત અને તેમાંથીજ બ્રહ્મા ઉત્પન્ન થયા છે.[17] અહીં કદાચ કોઇને શંકા થાય કે, આકાશમાં બ્રહ્મા કેવી રીતે રહી શકયા? તેનું સમાધાન કરવા માટે કહેવું જોઇએ કે, તે સમયે એ આકાશમાં પણ બ્રહ્માને કોઇનો આધાર ન હોય તો તેમનાથી ઉત્પન્ન થયેલું આ જગત પણ કેવળ શૂન્યરૂપજ હોય! અને વાસ્તવિક દૃષ્ટિએ તો બ્રહ્માનેજ સર્વ તેજોમાં વ્યાપ્ત થયેલા પ્રભુ–અહંકાર કહેવામાં આવે છે;[18] માટે જગતની ઉત્પત્તિમાં કારણભૂત અંડ નથી પણ સર્વત્ર વિરાજી રહેલા લોકરક્ષક બ્રહ્માજ કારણભૂત છે.”

વાયુએ એ પ્રમાણે કહ્યું, ત્યારે રાજા કાર્તવીર્ય સહસ્રાર્જુન ચૂપ થઇ રહ્યો; એટલે વાયુએ પાછું આગળ ચલાવ્યું.[19]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ વાયુ તથા સહસ્રાર્જુનનો સંવાદ ” એ
વિષયનો અધ્યાય ૧૫૩ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૫૪ મો

બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ)

॥ वायु उवाच ॥

इमां भूमिं द्विजातिभ्यो दित्सुर्वै दक्षिणां पुरा।
अंगो नाम नृपो राजँस्ततश्चिंतां मही ययौ॥१॥

વાયુએ કહ્યું:–“પૂર્વે અંગ નામના રાજાએ આ પૃથ્વીને બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દેવાની જ્યારે ઇચ્છા કરી; ત્યારે હે રાજા! પૃથ્વીને આવી ચિંતા થવા લાગી કે,[1] “ આ ઉત્તમ રાજાએ પ્રાણીમાત્રને ધારણ કરનારી અને બ્રહ્મદેવની પુત્રી મને સંપાદન કરી છે, છતાં શામાટે બ્રાહ્મણોને આપી દેવાની તે ઇચ્છા કરે છે?[2] હું મારા પૃથ્વીપણાનો ત્યાગ કરીને હવે બ્રહ્મદેવના સ્થાનમાંજ ચાલી જઇશ; જેથી આ રાજા પણ તેના રાજ્યસહિત રહી શકશે નહિ.” આવો મનમાં વિચાર કરીને પૃથ્વી બ્રહ્મલોકમાં જવા ચાલી નીકળી.[3] તે સમયે બ્રાહ્મણ કશ્યપે પૃથ્વીને બ્રહ્મલોકમાં ચાલી જતી જોઈને તુરતજ પોતાના દેહનો ત્યાગ કરીને યોગના બળથી પૃથ્વીના શરીરમાં પ્રવેશ કર્યો;[4] એટલે આખી પૃથ્વી ચોતરફ સમૃદ્ધિવાળી થઇ ગઇ અને ઘાસ તથા ઔષધિઓથી ભરપૂર બની ગઇ. બીજી તરફથી ધર્મને શ્રેષ્ઠ માનનારી પૃથ્વીની અધિષ્ઠાત્રી પણ પોતાના ધર્મબળથી બ્રહ્મલોકમાં જઈને નિર્ભય સ્થિતિમાં રહેવા લાગી.[5] આ રીતે હે રાજા! મોટા વ્રતને ધારણ કરનારા કશ્યપ દેવતાઓનાં ત્રીસહજાર વર્ષપર્યંત સાવધાનપણે પૃથ્વીરૂપ રહ્યા હતા.[6] તે પછી હે મહારાજા! બ્રહ્મલોકમાંથી આવીને પૃથ્વીદેવીએ કશ્યપને પ્રણામ કર્યા હતા અને તે મહાત્માની પુત્રીરૂપ થઈને રહીહતી.ત્યારથીઆરંભીતે “काश्यपा” એવા નામથી સર્વત્ર પ્રસિદ્ધ થઈ છે. હે રાજન્! બ્રાહ્મણ કશ્યપ આવા પરાક્રમી હતા. બોલ, બીજો કોઈ ક્ષત્રિય એ કશ્યપના કરતાં શ્રેષ્ઠ છે?”[8]

એ સાંભળીને રાજા કાર્તવીર્ય મૌનજ રહ્યો એટલે વળી પણ પવને તેને કહેવામાંડયું:–“હેરાજન! આંગિરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણ ઉતથ્યનું કર્મ તું સાંભળ. ભદ્રા નામની ચંદ્રની

એક પુત્રી હતી. તે રૂપમાં અત્યંત શ્રેષ્ઠ હતી, જેથી ચંદ્રે બ્રાહ્મણ ઉતથ્યનેજ તેનાસમાન રૂપવાળો જોઇને તેના પતિતરીકે પસંદ કર્યો હતો. બીજી તરફથી સુંદર અંગવાળી અને મોટા ભાગ્યવાળી યશસ્વિની ભદ્રાએ પણ ઉત્તમ નિયમો ધારણ કરીને ઉતથ્યને વરવા માટે તીવ્ર તપ આરંભ્યું હતું.પછી ચંદ્રના પિતા અત્રિએ ઉતથ્યને પોતાને ત્યાં બોલાવ્યો અને તે યશસ્વિની ભદ્રાનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું; એટલે પુષ્કળ દક્ષિણા આપનારા ઉતથ્યે પણ વેદોકત વિધિપૂર્વક પોતાની સ્ત્રીતરીકે તેનો સ્વીકાર કર્યો.તે પછી શ્રીમાન વરુણદેવ કે જે પ્રથમથીજ એ ભદ્રાને મેળવવા તલપી રહ્યા હતા, તે એક સમયે યમુનાના તટ ઉપરના વનપ્રદેશમાં (જ્યાં ઉતથ્યનો આશ્રમ હતો ત્યાં)આવીને (ઉતથ્યની ગેરહાજરીમાં) ભદ્રાનું હરણ કરી ગયો.૧૩ જળનો ઈશ્વર વરુણદેવ ભદ્રાનું હરણ કરીને તેને પોતાના નગરમાં લઇ ગયો,કે જે નગર અત્યંત અદ્ભુત દેખાવનું છે,છ લાખ પાણીના ધરાઓથી વ્યાપ્ત છે અને દિવ્ય પ્રાસાદો (મહાલયો),દિવ્ય અપ્સરાઓ તથા દિવ્ય ભોગવિલાસોથી શોભી રહ્યું છે. ખરેખર, વરુણના એ નગર કરતાંવધારે સુંદર અથવા ઉત્તમ એવું બીજું એક પણ નગર જગતમાં છેજ નહિ.૧૫ હે રાજન્ ! જલેશ્વર વરુણદેવ એ નગરમાં રહીને તે ભદ્રાની સાથે આનંદવૈભવ ભોગવવા લાગ્યો. તે પછી પોતાની પત્નીના અપહરણની સર્વ વાતને નારદ પાસેથી સાંભળીને ઉતથ્યે નારદને કહ્યું કેઃ–"તમે વરુણ પાસે જાઓ અને તેને આવું કઠોર વચન કહો કે, તું મારી પત્નીને છોડી દે. તેં એનું શામાટે હરણ કર્યું છે ? તું લોકોનું રક્ષણ કરનાર છે, માટેજ લોકપાલ કહેવાય છે. તારે લોકોના વિનાશક થવું નહિ જોઇએ.૧૬-૧૮ ચંદ્રે જે સ્ત્રીને મને ભાર્યાતરીકે આપી છે તેજ સ્ત્રીનું આજે તેં હરણ કર્યું છે." ઉતથ્યે એ પ્રમાણે કહ્યું એટલે નારદે તેના વચન પ્રમાણે વરુણદેવને કહ્યું કેઃ–"ઉતથ્યની ભાર્યાને તું છોડી દે. તેં એનું શામાટે હરણ કર્યું છે ?" નારદનું એ વચન સાંભળી વરુણે તેમને કહ્યું કેઃ–"આ સ્ત્રી મારી પ્રિય પત્ની થયેલી છે, માટે તેનો ત્યાગ કરવા હું ઉત્સાહ ધરાવી શકતો નથી." વરુણે એ પ્રમાણે કહ્યું એટલે નારદે તે ઉતથ્યમુનિ પાસે આવીને અત્યંત ઉદાસ મનથી તેમને કહ્યું કેઃ–" હે મહામુનિ ! વરુણે મને ગળચી પકડીને તેના ઘરમાંથી બહાર કાઢી મૂકયો છે અને તે તમારી સ્ત્રીને પાછો આપતો નથી, માટે તમારે જે કરવું હોય તે કરો."૨૨ નારદનાં એ વચન સાંભળી અંગિરા ગોત્રના મહાતપસ્વી મુનિ ઉતથ્ય ક્રોધથી સળગી ઉઠયા. તેમણે પોતાના તપના તેજથી જગતનું સર્વ જળ થંભાવી દઇને પીવા માંડયું. એ રીતે ઉતથ્યમુનિએ સર્વ જળ પીવા માંડયું અને પોતાના મિત્રોએ ઘણી ઘણી પ્રાર્થના કરી છતાં વરુણદેવે ઉતથ્યની સ્ત્રીને છોડી નહિ.૨૪ તે પછી બ્રાહ્મણોમાં ઉત્તમ ઉતથ્ય ક્રોધાયમાન થઇને પૃથ્વીને કહેવા લાગ્યા કેઃ–" હે ભદ્રે ! છ લાખ પાણીના ધરાઓવાળું વરુણનું નિવાસસ્થાન તું મને દેખાડ." ૨૫ તે પછી તે પ્રદેશ ઉપરથી સમુદ્ર ખસી ગયો અને ત્યાંની ક્ષાર જમીન પ્રકટ થઈ. પછી તે પ્રદેશ ઉપરથી વહેતી સરસ્વતીનદીને બ્રાહ્મણોમાં ઉત્તમ ઉતથ્યમુનિએ કહ્યું કેઃ–"હે ભીરુ! તું અહીંથી અદૃશ્ય થઇને મરુ નામના દેશપ્રત્યે ચાલી જા;અને હે શુભે! તેં ત્યજેલો આ દેશ ભલે અપવિત્ર થઇ જાઓ."૨૬,૨૭ આ રીતે પોતાના સર્વ પ્રદેશને ઉતથ્યે શુષ્ક કરી નાખ્યો,એટલે જળનો પતિ વરુણદેવ તેમની ભાર્યા ભદ્રાને લઇને તેમને શરણે ગયો.૨૮ ઉતથ્ય પણ પોતાની ભાર્યાને સ્વીકારીને મનમાં પ્રસન્ન થયા અને હે હૈહય ! તેમણે આખા જગતને તથા વરુણને દુઃખમાંથી મુકત કર્યાં.તે પછી હે રાજા! ધર્મને જાણનારા મહાતપસ્વી ઉતથ્યે પોતાની ભાર્યા મેળવીને વરુણને જે વચન કહ્યું હતું તે તું સાંભળ.૩૦ " હે જલાધિપ ! તું આ રીતે બૂમો પાડતોજ રહ્યો અને મેં મારા તપના બળથી મારી સ્ત્રીને તારી પાસેથી લીધી છે." એમ કહીને તે પોતાની સ્ત્રીને સાથે લઇને પોતાને ઘેર ગયા.૩૧ હે રાજન ! બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ઉતથ્ય

આવા પ્રભાવશાળી હતા,એ વાત મેં તને કહી. બોલ,ઉતથ્ય કરતાં શ્રેષ્ઠ એવો કયો ક્ષત્રિય છે?”

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં ‘પવન તથા સહસ્રાર્જુનનો સંવાદ’ એ વિષયનો અધ્યાય ૧૫૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫૫ મો

બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ)

॥ भीष्म उवाच ॥

इत्युक्तः स नृपस्तूष्णीमभूद्वायुस्ततोऽब्रवीत्।
शृणु राजन्नगस्त्यस्य माहात्म्यं ब्राह्मणस्य ह॥

ભીષ્મે કહ્યું:-વાયુએ એ પ્રમાણે કહ્યું એટલે રાજા કાર્તવીર્ય સહસ્રાર્જુન મૌનજ રહ્યો.તે જોઈ વાયુએ પાછું આગળ ચલાવ્યું:-“ હે રાજન્ ! હવે બ્રાહ્મણ અગસ્ત્યનું માહાત્મ્ય તું સાંભળ. હે હૈહયવંશમાં શ્રેષ્ઠ રાજા ! પૂર્વે સર્વ દેવતાઓનો અસુરોએ પરાજય કર્યો અને તેઓને જ્યારે ઉત્સાહભ્રષ્ટ કર્યા ત્યારે દેવતાઓના યજ્ઞો બંધ પડી ગયા, પિતૃઓની સ્વધાઓનો લોપ થઈ ગયો અને મનુષ્યોનાં યજ્ઞયાગાદિ કર્મો પણ દાનવોએ બંધ કરી દીધાં. તે સમયે ઐશ્વર્યથી ભ્રષ્ટ થયેલા દેવતાઓ પૃથ્વીપર જ્યાં ત્યાં ભટકતા હતા, એમ અમે સાંભળ્યું છે.[૧-૩] પછી હે રાજા ! એક સમયે સૂર્યસમાન તેજસ્વી અને મહાન વ્રતને ધારણ કરનારા તેજોયુક્ત અગસ્ત્યઋષિને દેવતાઓએ જોયા.[૪] તેમને વંદન કરીને દેવતાઓએ પ્રથમ કુશળપ્રશ્ન પૂછયો અને પછી હે રાજા ! તે સમયે એ મહાત્માને તેઓએ આ વાકય કહ્યું:-“હે મહામુનિ! દાનવોએ યુદ્ધમાં અમારો પરાજય કર્યો છે અને અમને ઐશ્વર્યથી ભ્રષ્ટ કરી મૂકયા છે; માટે આ તીવ્ર ભયથી તમે અમારૂં રક્ષણ કરો.” દેવોએ જ્યારે એ પ્રમાણે કહ્યું એટલે તેજસ્વી અગસ્ત્ય દાનવોના પર કોપાયમાન થઈ ગયા અને પ્રલયકાળના અગ્નિની પેઠે એકદમ પ્રજ્વળી ઉઠયા.[૭] તેમણે પોતાનાં પ્રદીપ્ત કિરણોથી દાનવોને બાળી નાખ્યા, જેથી હે મહારાજા ! તે હજારો દાનવો આકાશમાંથી પૃથ્વીપર પડવા લાગ્યા.[૮] અગસ્ત્યના તેજથી દૈત્યો જ્યારે બળવા માંડયા,ત્યારે તેમાંના કેટલાએક બન્ને લોકનો ત્યાગ કરીને દક્ષિણદિશામાં ચાલ્યા ગયા.[૯] તે સમયે બળિરાજા પૃથ્વીપર રહીને અશ્વમેધ યજ્ઞ કરતો હતો, જેથી તે બળિરાજા અને બીજા કેટલાએક મહાસુરો કે જેઓ પાતાળમાં વસી રહ્યા હતા તથા પૃથ્વીપર વસી રહ્યા હતા તેઓજ માત્ર બળી ગયા ન હતા.[૧૦] તે પછી હે રાજા ! દેવતાઓએ નિર્ભય થઇને પુનઃ સર્વ લોકોને સંપાદન કર્યા અને ફરી પણ તેઓએ અગસ્ત્ય મુનિને કહ્યું કેઃ-“ જે અસુરો પૃથ્વીપર રહેલા છે તેઓનો પણ તમે સંહાર કરી નાખો.” તે સાંભળી હે રાજા ! અગસ્ત્યે દેવોપ્રત્યે કહ્યું કેઃ-“ પૃથ્વીપર રહેલા અસુરોને હું બાળી શકીશ નહિ; કેમકે તેમ કરવાથી મારૂં તપોબળ બળીને ક્ષીણ થઇ જાય,માટેજ હું તેમ કરી શકીશ નહિ.”[૧૨] હે રાજન્ ! એ રીતે તપથી શુદ્ધાત્મા થયેલા ભગવાન અગસ્ત્યે પોતાના તેજથી દાનવોને બાળી નાખ્યા હતા.[૧૩] હે નિર્દોષ રાજા! અગસ્ત્ય આવા પ્રભાવશાળી હતા, એ વાત મેં તને કહી; અને હજી પણ હું તને પૂછું છું કે, તેવો કયો ક્ષત્રિય એ અગસ્ત્યના કરતાં પણ શ્રેષ્ઠ છે ? તે તું મને કહે. ”[૧૪]

ભીષ્મે કહ્યું:-વાયુએ એ પ્રમાણે કહ્યું ત્યારે રાજા કાર્તવીર્ય મૌનજ રહ્યો એટલે વળી પણ વાયુએ આગળ ચલાવ્યું:-“ હે રાજન્ ! યશસ્વી વસિષ્ઠનું આ મુખ્ય કર્મ તું સાંભળ.[૧૫]

પૂર્વે વસિષ્ઠનું ગૌરવ જાણીને તેમજ મનથી વસિષ્ઠને શરણે જઈને સર્વ આદિત્યોએ માનસસરોવર ઉપર યજ્ઞનો આરંભ કર્યો.[૧૬] તે સમયે યજ્ઞદીક્ષા લઇને કૃશ થયેલા સર્વ આદિત્યોને, ત્યાં યજ્ઞ કરતા જોઇ પર્વતસમાન પ્રચંડ શરીરવાળા ખલિન નામના દાનવોએ તેઓનો વધ કરવાની મનમાં ઇચ્છા કરી.[૧૭] સર્વ આદિત્યોએ જે પ્રદેશ ઉપર યજ્ઞનો આરંભ કર્યો હતો તેની સમીપમાંજ માનસસરોવર આવ્યું હતું અને એ સરોવરના સંબંધમાં બ્રહ્મદેવે દાનવોને વરદાન આપ્યું હતું કેઃ-“તમને જ્યારે કોઇ મારવા માંડે ત્યારે આ સરો-

રમાં તમે સ્નાન કરજો, જેથી પાછા જીવતા થશો.” આ વરદાનના પ્રભાવથી તે સમયે દાનવોને જેમ જેમ મારવામાં આવતા હતા તેમ તેમ તેઓ એ સરોવરમાં સ્નાન કરીને પાછા જીવતા થતા હતા.[૧૮] તે દશહજાર દાનવો મહાઘોર પર્વતોને, પરિઘોને તથા વૃક્ષોને હાથમાં લઈ લઈને માનસસરોવરના જળને લગભગ સો યોજનસુધી ઉંચે ઉછાળતા ઉછાળતા દેવતાઓપર ચઢી આવ્યા, ત્યારે તેઓના પ્રહારોથી પીડા પામેલા દેવતાઓ ઇંદ્રને શરણે ગયા.[૧૯,૨૦] ઇંદ્ર પણ તેઓની સાથે યુદ્ધ કરીને જ્યારે ગભરાઈ ગયો, ત્યારે વસિષ્ઠને શરણે ગયો; એટલે ભગવાન વસિષ્ઠઋષિએ સર્વ દેવતાઓને અભય આપ્યું.[૨૧] તે સમયે દેવતાઓને દુઃખી થયેલા જાણી મુનિ વસિષ્ઠને તેઓનાપર દયા આવી; જેથી તેમણે પોતાના તેજના પ્રભાવથી વિનાપ્રયત્ને સર્વ ખલિનોને બાળી નાખ્યા.[૨૨] ઉપરાંત મહાતપસ્વી તે વસિષ્ઠે કૈલાસપ્રત્યે વહેનારી નદી ગંગાને તે માનસસરોવરસુધી આણી, જેથી એ નદીએ તે દિવ્ય સરોવરને ફોડી નાખ્યું.[૨૩] તે સમયે એ સરોવરના ફાટી જવાથી જે જળપ્રવાહ ચાલુ થયો તે સરયૂ નામની નદીતરીકે પ્રસિદ્ધ થયો; અને જે પ્રદેશ ઉપર ખલિન દાનવોનો સંહાર કરવામાં આવ્યો હતો તે પ્રદેશ પણ “ખલિન” એવા નામથી પ્રસિદ્ધ થયો.[૨૪] આ રીતે મહાત્મા વસિષ્ઠે ઇંદ્રસહિત દેવતાઓનું રક્ષણ કર્યું હતું અને બ્રહ્મદેવે જેઓને વર આપ્યો તે સર્વ દૈત્યોનો સંહાર કર્યો હતો.[૨૫] હે નિર્દોષ રાજા! વસિષ્ઠનું એ કર્મ મેં તને કહ્યું; અને તે ઉપરથી હું તને પૂછું છું કે, એ વસિષ્ઠના કરતાં શ્રેષ્ઠ એવો કો ક્ષત્રિય છે? તું મને કહે.”[૨૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “પાવન
તથા સહસ્રાર્જુનનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૧૫૫ મો સમાપ્ત

અધ્યાય ૧૫૬ મો

બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ)

॥ भीष्म उवाच ॥

इत्युक्तस्त्वर्जुनस्तूष्णीमभूद्वायुस्तमब्रवीत् ।
शृणु मे हैहयश्रेष्ठ कर्मात्रेः सुमहात्मनः ॥१॥

ભીષ્મે કહ્યું:–વાયુએ એ પ્રમાણે કહ્યું એટલે સહસ્રાર્જુન મૌનજ રહ્યો. તે પછી વાયુએ વળી પણ તેને કહેવા માંડયું કે:–“હે હૈહયશ્રેષ્ઠ રાજા! મહાત્મા અત્રિનું કર્મ તું મારી પાસેથી સાંભળ. પૂર્વે દેવો તથા દાનવોએ સામસામા આવી જઇને ઘોર અંધકારમાં યુદ્ધ કર્યું હતું. તે સમયે રાહુએ ઉપરાઉપરી બાણો મારીને ચંદ્ર તથા સૂર્યને વિંધી નાખ્યા હતા.[૨] હે રાજસિંહ! તે પછી મહાબળવાન દાનવોએ અંધારાથી ઘેરાઇ ગયેલા દેવતાઓને એકીસાથે મારવા માંડ્યા, જેથી તે દેવતાઓ અસુરોનો માર ખાઇને ક્ષીણ બળવાળા થઇ પડ્યા–નિર્બળ થઇ પડ્યા. તે સમયે તપોધન બ્રાહ્મણ અત્રિ જ્યાં તપ કરતા હતા ત્યાં (જઇને) દેવતાઓ તેમને મળ્યા અને ક્રોધને શાંત કરનારા તથા ઇંદ્રિયોને જીતનારા તે બ્રાહ્મણને તેઓ કહેવા લાગ્યા કે:–“હે પ્રભો! આ ચંદ્ર તથા સૂર્યને અસુરોએ બાણો મારીને વિંધી નાખ્યા છે, જેથી સર્વત્ર અંધકારને લીધે શત્રુઓ અમને મારે છે; માટે આ ભયથી તમે અમારૂં રક્ષણ કરો. અમને કોઈ સ્થળે પણ શાંતિ મળતી નથી.”[૬]

અત્રિએ કહ્યું:–“હું તમારી કેવી રીતે રક્ષા કરૂં?” તે સાંભળી દેવતાઓએ કહ્યું કે:–“તમે અંધકારનો નાશ કરનાર ચંદ્ર તથા સૂર્ય થાઓ અને અમારા શત્રુઓનો નાશ કરી નાખો.” દેવતાઓએ એ પ્રમાણે કહ્યું, ત્યારે અત્રિઋષિ અંધકારનો નાશ કરનાર ચંદ્રમા થયા અને ચંદ્રના જેવાજ પ્રિય દેખાવના થઇને પોતાના સૌમ્યભાવથી સર્વના તરફ જોવા લાગ્યા.[૭,૮] હે રાજા! તે વેળા ચંદ્ર તથા સૂર્યને નિસ્તેજ થયેલા જોઈ ભગવાન અત્રિએ પોતાના તપોબળથી રણસંગ્રામમાં પ્રકાશ કરી મૂકયો હતો, જગતને અંધકારથી મુક્ત કરીને

પ્રદીપ્ત કર્યું હતું અને પોતાના તેજથી દેવતાઓના અનેક શત્રુઓનો પરાજય કર્યો હતો. તે સમયે દેવતાઓ પણ મોટા મોટા અસુરોને અત્રિએ બાળી નાખેલા જોઈ અત્રિઋષિના રક્ષણતળે રહીને પરાક્રમો કરવા મંડયા હતા અને તેમણે અસુરોનો નાશ કરી નાખ્યો હતો. એ રીતે ઉત્તમ તેજવાળા અત્રિઋષિએ સૂર્યને પ્રકાશિત કર્યો હતો, દેવોનું રક્ષણ કર્યું હતું, સર્વ અસુરોનો સંહાર કર્યો હતો અને પોતાનું સામર્થ્ય પ્રકટ કર્યું હતું. હે રાજર્ષિ! બ્રાહ્મણ અત્રિ માત્ર અગ્નિનીજ સહાયતાવાળા હતા, ગાયત્રીનો જપ કરનારા હતા, મૃગચર્મનાં વસ્ત્રો પહેરનારા હતા અને ફળોનુંજ ભક્ષણ કરનારા હતા; છતાં તેમણે કેવું કર્મ કર્યું હતું, તે તું જો. શ્રેષ્ઠ મહાત્મા અત્રિનું જે કર્મ હતું, તે મેં તને વિસ્તારથી કહ્યું છે અને તે ઉપરથીજ હું તને પૂછું છું કે, એ અત્રિના કરતાં શ્રેષ્ઠ એવો કયો ક્ષત્રિય છે? તે તું મને કહે.”

વાયુએ એ પ્રમાણે કહ્યું, ત્યારે સહસ્રાર્જુન મૌનજ બેસી રહ્યો; એટલે વાયુએ વળી પણ તેને કહેવા માંડયું:–“હે રાજન્! મહાત્મા ચ્યવનનું મહાન કર્મ તું સાંભળ. ચ્યવન ઋષિએ દેવોની સાથે સોમપાન કરાવી આપવાનું અશ્વિનીકુમારોને વચન આપીને ઇંદ્રને કહ્યું હતું કે:–“સર્વ દેવોની સાથે અશ્વિનીકુમારોને પણ તું સોમપાન કરનારા કર.”[૯–૧૬]

(તે સાંભળી) ઇંદ્રે કહ્યું:–“ આ અશ્વિનીકુમારોને અમે નિંદ્ય ગણી કાઢેલા છે, જેથી તેઓ સોમપાન કરનારા કેમ થઈ શકે ? વળી તેઓ દેવોની સમાન પણ નથી, માટે તમારે એ વિષે અમને કહેવું નહિ.[૧૭] હે મહાવ્રતધારી બ્રાહ્મણ ! અશ્વિનીકુમારોની સાથે સોમપાન કરવાને અમે ઇચ્છી શકતા નથી, માટે એ સિવાયનું તમે જે વચન કહેશો તેનું પાલન કરવામાટે અમે તૈયાર છીએ.”[૧૮]

ચ્યવને કહ્યું:–“ હે દેવોના રાજા ! આ અશ્વિનીકુમારો સર્વ દેવોની સાથે બેસીને સોમપાન કરે; (એમ હું ઇચ્છું છું.) કેમકે તેઓ બન્ને પણ દેવજ છે અને સૂર્યના પુત્ર છે.[૧૯] હે દેવો ! મારા આ વચનને તમે માન્ય કરો. તમે મારા કહેવા પ્રમાણે જો કરશો તો તમારૂં કલ્યાણ થશે, પણ એ પ્રમાણે નહિ કરો તો તમારૂં કલ્યાણ થશે નહિ.”[૨૦]

ઇંદ્રે કહ્યું:–“ હે ઉત્તમ બ્રાહ્મણ ! હું આ અશ્વિનીકુમારો સાથે કદી સોમપાન કરીશ નહિ. બીજા દેવતાઓને તે પ્રમાણે કરવું હોય તો ભલે કરે, પણ હું તો તે પ્રમાણે કરવાનો ઉત્સાહ ધરાવી શકતો નથી.”[૨૧]

ચ્યવને કહ્યું:–“ ઓ બલદૈત્યનો નાશ કરનાર ઇંદ્ર ! આ સમયે મારા કહેવા પ્રમાણે તું નહિ કરીશ તો યાદ રાખજે કે, મેં આરંભેલા યજ્ઞમાં મારે હાથે અત્યંત દુઃખી થઇને પણ તત્કાળ તારે સોમપાન કરવું પડશે.”[૨૨]

વાયુએ કહ્યું:–“ તે પછી ચ્યવનઋષિએ અશ્વિનીકુમારોનું હિત કરવામાટે એકાએક યજ્ઞકર્મનો આરંભ કર્યો અને તેમાં મંત્રોદ્વારા સર્વ દેવોનો પરાજય કર્યો.[૨૩] ચ્યવને યજ્ઞકર્મ આરંભ્યું તે જોઇને ભગવાન ઇંદ્ર, ક્રોધથી ધુંધવાઇ ઉઠયો; તેનાં નેત્રો અમર્ષથી આકુળવ્યાકુળ થઈ ગયાં અને મોટો પર્વત તથા વજ્ર હાથમાં ઉગામીને તે ચ્યવનઋષિ સામે ધસી આવ્યો; તપસ્વી ચ્યવને પણ ઇંદ્રને ધસી આવતો જોઇ જળની અંજલિ છાંટીને વજ્ર તથા પર્વતસહિત તેને સ્થંભાવી દીધો; અને પછી તે મહામુનિએ ઇંદ્રનો એક ઘોર શત્રુ ઉત્પન્ન કર્યો. તેનું નામ ‘ મદ ’ હતું. તે એક આહુતિરૂપજ હતો, તેણે પોતાનું મુખ ફાડયું હતું, તેને સો સો યોજનના હજારો દાંત હતા, તેની દાઢો મહાભયંકર બસો બસો યોજન જેવડી હતી, તેની હડપચી છેક પૃથ્વીનો સ્પર્શ કરતી હતી અને તેનું મુખ છેક આકાશનો સ્પર્શ કરતું હતું.[૨૪–૨૮] જેમ એક મહાસાગરમાં સર્વ માછલાંઓ મોટા મગરમચ્છના મુખમાં આવી પડે, તેમ ઇંદ્રસહિત સર્વ દેવતાઓ એની જીભના મૂળ ભાગમાં આવી પડયા હતા.[૨૯] એ સમયે મદના મુખભાગની સમીપમાં આવી પડેલા દેવતાઓએ માંહોમાંહે વિચાર કરીને એકીસાથે ઇંદ્રને કહ્યું:–

"તું આ બ્રાહ્મણને હવે પ્રણામ કરી દે. અપણે બધા કોઇ જાતનો સંતાપ કર્યાવિના શ્વિનીકુમારો સાથે સોમપાન કરી લઇએ." તે સાંભળી ઇંદ્ર ચ્યવનઋષિને નમી પડયો અને ચ્યવનઋષિના કહેવા પ્રમાણેજ તેણે કર્યું. ૩૧ એ રીતે ચ્યવને અશ્વિનીકુમારોને સોમપાન કરતા કર્યા હતા અને પછી તે વીર્યવાન મુનિએ યજ્ઞકર્મ સમાપ્ત કરીને મદને જુગાર, મૃગયા, મદ્યપાન તથા સ્ત્રીઓ, આ ચારેમાં સરખે ભાગે વહેંચી આપ્યો હતો. હે રાજન્! સર્વ મનુષ્યો એ ચાર દોષોથીજ વિનાશ પામે છે એમાં સંશય નથી; માટે પ્રત્યેક મનુષ્યોએ ચારે દોષોનો નિત્ય દૂરથીજ ત્યાગ કરી દેવો. હે રાજા! મહાત્મા ચ્યવનનું કર્મ પણ મેં તને કહ્યું અને તે ઉપરથીજ હું તને પૂછું છું કે, તું મને કહે કે બ્રાહ્મણના કરતાં કોઇ ક્ષત્રિય શ્રેષ્ઠ છે?"

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં "વાયુ તથા સહસ્રાર્જુનનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૫૬ મો સમાપ્ત

અધ્યાય ૧૫૭ મો

બ્રાહ્મણમાહાત્મ્ય (ચાલુ)

॥ भीष्म उवाच ॥

तूष्णीमासीदर्जुनस्तु पवनस्त्वब्रवीत् पुनः ।
शृणु मे ब्राह्मणेष्वेव मुख्यं कर्म जनाधिप ॥ १ ॥

ભીષ્મે કહ્યું:–તે સાંભળી સહસ્રાર્જુન મૌનજ રહ્યો, એટલે વળી પણ વાયુએ તેને કહેવા માંડયું:–"હે રાજા! મુખ્ય મુખ્ય કર્મ કેવળ બ્રાહ્મણોમાંજ જોવામાં આવે છે, તે વિષે તું મારી પાસેથી સાંભળ.૧ જે સમયે ઇંદ્રસહિત સર્વ દેવતાઓ મદના મુખમાં આવી પડયા હતા તે સમયેજ તેઓની પાસેથી આખી પૃથ્વીને ચ્યવન ઋષિએ લઇ લીધી હતી; અને બીજી તરફથી કપ નામના દાનવોએ તેઓનું સ્વર્ગ હરી લીધું હતું. ૨ આ રીતે બંને લોકનું હરણ થએલું જાણીને તે દેવતાઓ દુઃખી થઇ ગયા અને શોકાતુર થઇને મહાત્મા બ્રહ્મદેવને શરણે ગયા. દેવોએ કહ્યું:–"હે લોકપૂજિત પ્રભુ! અમે મદના મુખમાં સપડાઇ પડયા છીએ, જેથી અમારી પાસેથી પૃથ્વીને ચ્યવનઋષિએ હરી લીધી છે અને સ્વર્ગને કપ દાનવોએ હરી લીધું છે."

બ્રહ્માએ કહ્યું:–"હે દેવતાઓ! તમે ઇંદ્રને સાથે લઇને બ્રાહ્મણોને શરણે જાઓ; તેઓને પ્રસન્ન કરીને તમે બન્ને લોકને પૂર્વની પેઠે સંપાદન કરી શકશો."૫

તે સાંભળી દેવતાઓ બ્રાહ્મણોને શરણે ગયા, એટલે તે બ્રાહ્મણોએ કહ્યું કે:–"અમે તમારા કયા શત્રુઓનો પરાજય કરીએ?" ત્યારે દેવોએ તેઓને કહ્યું કે:–"તમે કપ નામના દૈત્યોનો પરાજય કરો."૬ તે સાંભળી બ્રાહ્મણોએ કહ્યું કે:–"અમે પૃથ્વીપર રહેલા દૈત્યોનો પરાજય કરીએ છીએ." એમ કહીને બ્રાહ્મણોએ કપ દૈત્યોનો વિનાશ કરનારા કર્મનો આરંભ કર્યો. આ વાત કપ દૈત્યોના સાંભળવામાં આવી, એટલે તેઓએ 'ધની' નામના એક દૂતને બ્રાહ્મણો પાસે મોકલ્યો. તેણે બ્રાહ્મણો પાસે (આવીને) તે દૈત્યોએ કહેવડાવેલું આવું વચન કહેવા માંડયું:–"સર્વે કપો તમારા જેવાજ છે, છતાં તમે અહીં શું કરવા માંડયું છે? સર્વે કપો વેદને જાણનારા છે, બુદ્ધિમાન છે, યજ્ઞો કરનારા છે, સર્વે સત્યવ્રતને ધારણ કરનારા છે, સર્વે મોટા ઋષિઓસમાન છે, તેઓની સમીપમાં લક્ષ્મી રમણ કરી રહી છે, તેઓ લક્ષ્મીને ધારણ કરી રહ્યા છે, ઋતુકાળવિના વૃથા સ્ત્રીગમન કરતા નથી, શ્રાદ્ધાદિ નિમિત્તવિના વૃથા માંસભક્ષણ કરતા નથી, પ્રદીપ્ત અગ્નિમાં હવન હોમ કર્યા કરે છે, ગુરુઓના વચનને માન્ય કરે છે, સર્વે મનને વશ રાખનારા છે, બાળકોને અન્નાદિનો વિભાગ પ્રથમ અર્પણ કરનારા છે, સર્વે સમીપમાં રહીને ધીમે ધીમે માર્ગગમન કરે છે, રજસ્વલા સ્ત્રીનું કદી સેવન કરતા નથી, સ્વર્ગરૂપ ગતિને પામનારા છે, સર્વે શુભ કર્મ કરનારા છે, ગર્ભિણી તથા વૃદ્ધ આદિએ જ્યાંસુધી ભોજન કર્યું ન હોય ત્યાંસુધી તેઓ ભોજન કરતા નથી, દિવસના પૂર્વભાગમાં કદી જુગાર ખેલતા નથી અને દિવસે કદી શયન કરતા નથી. આવા આવા બીજા અનેક ગુ-

ણોથી યુક્ત હોવા છતાં તમે કપ દૈત્યોનો કેવી રીતે પરાજય કરી શકશો ? તમે આ મારણ કર્મ કરતાં અટકો; કેમકે આ કર્મથી તમે અટકશો તોજ સુખી થશો. ”[૧૪]

બ્રાહ્મણોએ કહ્યું:-“ ઓ ધની ! અમે કપ દૈત્યોનો અવશ્ય પરાજય કરીશું; કેમકે જે દેવો છે તેઓએ અમારૂં સ્મરણ કર્યું છે, માટે કપ દૈત્યોને અમારે મારવાજ જોઇએ. તું જેમ આવ્યો છે તેમ પાછો ચાલ્યો જા.”[૧૫]

બ્રાહ્મણોનું એ વચન સાંભળી ધની, કપો પાસે ગયો અને બોલ્યો કે:-“ બ્રાહ્મણો તમારૂં પ્રિય કરશે નહિ. ” તે પછી સર્વે કપો જૂદાંજૂદાં અસ્ત્રો ગ્રહણ કરીને બ્રાહ્મણો સામા ચઢી આવ્યા.[૧૬] સર્વે બ્રાહ્મણો પણ ઉંચી ધ્વજાઓવાળા કપોને પોતાની સામા ચઢી આવેલા જોઇ, કપોના પ્રાણોનો નાશ કરી નાખે તેવા બળબળતા અગ્નિઓને તેઓની સામે ફેંકવા લાગ્યા. હે રાજા ! બ્રાહ્મણોએ ફેંકેલા તે સનાતન અગ્નિઓ,કપોનો સંહાર કરી નાખીને આકાશમાંજેમ વાદળાં શોભે તેમ અત્યંત શોભવા લાગ્યા. બીજી તરફથી સર્વ દેવતાઓ રણમાં દાનવોનો નાશ કરી રહ્યા હતા;જેથી તેઓ જાણી શકયા ન હતા કે, બ્રાહ્મણોએ કપદૈત્યોનો નાશ કરી નાખ્યો છે. તે પછી હે રાજા ! મહાતેજસ્વી નારદે દેવોને સમાચાર આપ્યા કે, “ મોટા ભાગ્યશાળી બ્રાહ્મણોએ પોતાના તેજથી કપોનો સંહાર કરી નાખ્યો છે. ”[૨૦] નારદનું એ વચન સાંભળી સર્વ દેવતાઓ અત્યંત પ્રસન્ન થયા અને યશસ્વી બ્રાહ્મણોની તેઓ પ્રશંસા કરવા લાગ્યા. તે પછી સર્વ દેવતાઓનું વીર્ય તથા તેજ પ્રતિદિન વધવા માંડ્યું અને તેઓએ ત્રણે લોકમાં માન્ય થયેલા દેવપણાને પુનઃ પ્રાપ્ત કર્યું. ”[૨૨]

હે મહાબાહુ યુધિષ્ઠિર ! વાયુએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે તેની સામી પૂજા કરીને સહસ્રાર્જુને જે પ્રત્યુત્તર આપ્યો હતો, તેનું તું શ્રવણ કર.[૨૩]

સહસ્રાર્જુને કહ્યું:-“હે પ્રભો ! હું સર્વથા બ્રાહ્મણોને માટેજ જીવી રહ્યો છું, બ્રાહ્મણોનો ભકત છું અને બ્રાહ્મણોને નિત્ય પ્રણામ કરૂં છું. મેં દત્તાત્રેયના પ્રસાદથીજ આવું બળ પ્રાપ્ત કર્યું છે, લોકમાં ઉત્તમ કીર્તિ મેળવી છે અને મહાન ધર્મનું આચરણ કર્યું છે.[૨૫] અહો ! હે વાયુદેવ ! બ્રાહ્મણોનાં (અદ્‌ભુત) કર્મો તમે મને યથાર્થ રીતે કહ્યાં છે અને તેઓનું મેં સાવધાન થઇને સંપૂર્ણ રીતે શ્રવણ કર્યું છે. ”[૨૬]

વાયુએ કહ્યું:-“ તું તારા ક્ષાત્રધર્મને અનુસરીને બ્રાહ્મણોનું પાલન કર તથા તારી ઇંદ્રિયોને વશ રાખ. તારાપર ભૃગુવંશના બ્રાહ્મણો તરફથી ભયંકર ભય આવી પડશે, પણ તે ભય અમુક કાળેજ પ્રાપ્ત થશે. ”[૨૭]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “પવન તથા અર્જુનનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૧૫૭ મો સમાપ્ત

અધ્યાય ૧૫૮ મો

મહાપુરુષમાહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

ब्राह्मणानर्चसे राजन् सततं संशितव्रतान् ।
कं तु कर्मोदयं दृष्ट्वा तानर्चसि जनाधिप ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે રાજન્ ! તમે નિત્ય તીક્ષ્ણ વ્રતધારી બ્રાહ્મણોની પૂજા કરો છો. (તે ઉપરથી હું તમને પૂછું છું કે) તમે કયા કર્મફળને જોઇને તેઓનું પૂજન કરો છો ?[૧] હે મહાવ્રતધારી મહાબાહુ ! કયી સમૃદ્ધિને અથવા કયાં ફળને જોઇને તમે બ્રાહ્મણોની પૂજા કરવામાં આસક્ત રહો છો ? અને તેઓનું નિત્ય પૂજન કરો છો ? એ સર્વ વાત તમે મને કહો.

ભીષ્મે કહ્યું:- મહાબુદ્ધિમાન આ કેશવ બ્રાહ્મણોની પૂજામાં શું ફળ રહેલું છે, એ સર્વ વાત તને કહેશે; કેમકે મોટાં વ્રત કરનારા આ કેશવે, બ્રાહ્મણોની પૂજાથી પ્રાપ્ત થનારા ફળને જોયું છે.[૩] વળી આજે મારૂં બળ, મારા કાન, મારી વાણી, મારૂં મન, મારાં નેત્રો અને મારૂં વિશુદ્ધ જ્ઞાન,એ સર્વ જાણે ક્ષીણ થઈ ગયું હોય એમ મને લાગે છે. એ ઉપરથી હું માનું છું કે,મારો દેહત્યાગ હવે અલ્પ સમયમાંજ થશે. વળી આજે તો સૂર્ય પણ અત્યંત ધીમો ચાલે છે.

(અર્થાત દુ:ખીઆરાનો દિવસ પણ ઘણો મોટો થઇ પડે છે.)[૪] હે રાજન્! પુરાણધર્મશાસ્ત્રમાં બ્રાહ્મણોના, ક્ષત્રિયોના, વૈશ્યોના તથા શૂદ્રોના જે જે મહાન ધર્મો કહેવામાં આવ્યા છે તે સર્વ, ધર્મનું ઉપાસન કરનારા તને મેં કહી સંભળાવ્યા છે; છતાં હે પાર્થ! જે ધર્મ કહેતાં બાકી રહી ગયા હોય તેને તું શ્રીકૃષ્ણ પાસેથી શીખી લેજે.[૫] આ શ્રીકૃષ્ણને હું યથાર્થ રીતે જાણું છું; તેમજ આ શ્રીકૃષ્ણ જેવા સ્વરૂપવાળા છે અને તેમનું પુરાણું બળ જેવા પ્રકારનું છે, તે પણ હું જાણું છું. હે કૌરવોના ઇંદ્ર! આ કેશવનો આત્મા ખરેખર અમાપ છે, માટે તે આ કેશવ તને જ્યાં જ્યાં સંશય પડશે ત્યાં ત્યાં ધર્મ કહી સંભળાવશે. આ શ્રીકૃષ્ણે પૃથ્વી, આકાશ તથા સ્વર્ગને ઉત્પન્ન કર્યાં છે અને તેમના દેહમાંથીજ પૃથ્વી ઉત્પન્ન થઇ છે. આ ભયંકર બળવાળા શ્રીકૃષ્ણ, પુરાણ વરાહરૂપ છે અને તેમણે પર્વતોને તથા દિશાઓને સરજી છે; તેમજ પાતાળ, અંતરિક્ષ, સ્વર્ગ, ચાર દિશાઓ અને ચાર વિદિશાઓ પણ તેમનીજ સૃષ્ટિ છે અને આ પુરાણું વિશ્વ તેમણેજ રચ્યું છે.[૮] આમની નાભિમાં એક કમળ ઉત્પન્ન થયું હતું, જેમાં મહાતેજસ્વી એવા તે પોતેજ (બ્રહ્મારૂપે) ઉત્પન્ન થયા હતા. હે પાર્થ! જેમણે સમુદ્રની પણ તર્જના કરનારૂં (અર્થાત્ અગાધ અને અપાર એવું) ઘોર અંધારૂં કે જે (જગતના આદિ કાળમાં સર્વત્ર) સ્થિતિ કરી રહ્યું હતું તેનો નાશ કર્યો હતો, તે પોતેજ આ શ્રીકૃષ્ણ છે.[૯] હે કુંતીપુત્ર! શ્રીકૃષ્ણ સત્યયુગમાં સંપૂર્ણ ધર્મરૂપ હતા, ત્રેતાયુગમાં જ્ઞાનરૂપ હતા, દ્વાપરયુગમાં બળરૂપ હતા અને કલિયુગમાં અધર્મરૂપે પૃથ્વીપર આવ્યા છે.[૧૦] તેજ આદિદેવે પૂર્વે દૈત્યોનો સંહાર કર્યો હતો, તેજ બલિદૈત્યરૂપે ચક્રવર્તી રાજા થયા હતા, તેજ પ્રાણીમાત્રના ઉત્પાદક છે, તેજ ભૂત તથા ભવિષ્યકાળરૂપ છે અને તેજ આ સમગ્ર જગતનું રક્ષણ કરનારા છે.[૧૧] જે સમયે ધર્મનો હ્રાસ થાય છે તે સમયે આ કૃષ્ણ દેવોના વંશમાં અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે અને પોતે ધર્મમાં સ્થિર રહીને તથા શુદ્ધાત્મા થઇને આ લોકનું તથા પરલોકનું રક્ષણ કરે છે.[૧૨] હે પાર્થ! આ શ્રીકૃષ્ણજ જેનો ત્યાગ કરવાનો હોય તેનો ત્યાગ કરીને અસુરોનો વધ કરવા માટે તૈયાર થાય છે; કાર્ય, અકાર્ય તથા કારણરૂપ બને છે; ભૂત, ભવિષ્ય તથા વર્તમાનરૂપ બને છે અને આ દેવજ રાહુ, ચંદ્ર તથા ઇંદ્રરૂપ છે, એમ તું જાણ.[૧૩] તેજ જગતરૂપ કર્મ કરનારા છે, તેજ આખા જગતરૂપ છે, તેજ જગતના ભોક્તા છે, તેજ જગતના સ્રષ્ટા છે, તેજ જગતને જીતનારા છે, તેજ ત્રિશૂળને ધારણ કરે છે, તેજ રુધિરને ધારણ કરનારા એક દેહધારી બને છે, તેજ સર્વને ભયકર્તા થઇ પડે છે અને કર્મોદ્વારા જાણીને લોકો તેમનીજ સ્તુતિ કરે છે.[૧૪] ગંધર્વો, અપ્સરાઓ તથા સેંકડો દેવતાઓ નિત્ય તેમનુંજ આરાધન કરે છે, રાક્ષસો પણ તેમનાજ ગુણાનુવાદની કથાઓ કર્યા કરે છે, ધનનું રક્ષણ કરનાર તે પોતેજ છે અને સર્વને જીતવાની ઇચ્છાવાળા તે એકજ છે. યક્ષોમાં મંત્રપાઠ કરનારા ઋત્વિજો તેમનીજ સ્તુતિ કરે છે, સામનું ગાન કરનારા પુરુષો રથંતર સામમાં તેમનુંજ ગાન કરે છે, સર્વ બ્રાહ્મણો વેદોક્ત મંત્રથી તેમનીજ સ્તુતિ કરે છે અને અધ્વર્યુઓ તેમને ઉદ્દેશીનેજ હવિષ અર્પણ કરે છે.[૧૬] હે ભારત! સૃષ્ટિના આદિકાળમાં પુરાણી બ્રહ્મગુહામાં પ્રવેશ કરીને તેમણેજ પૃથ્વીનું આવરણ જોયું હતું અને સર્વ દૈત્યોને, સર્પોને તથા દાનવોને ક્ષોભ પમાડી દઇને શ્રેષ્ઠ કર્મ કરનારા આ શ્રીકૃષ્ણેજ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો.[૧૭] હે ભરતવંશી યુધિષ્ઠિર! ગોવર્ધનપર્વતને જ્યારે ઉંચકયો હતો, ત્યારે સર્વ ઇંદ્રોએ તેમનીજ સ્તુતિ કરી હતી. તે એકજ સર્વ જીવોના ઇશ્વર છે, તેમને ઉદ્દેશીનેજ સર્વ લોકો જાતજાતના ભક્ષ્ય પદાર્થો અર્પણ કરે છે અને યુદ્ધમાં વિજયને મેળવી આપનારાતરીકે તેમને એકનેજ લોકો જાણે છે.[૧૮] અંતરિક્ષ, પૃથ્વી તથા સ્વર્ગ આદિ સર્વ જગત આ સનાતન પુરુષને અધીન થઈ રહેલ છે. આ શ્રીકૃષ્ણે [illegible] દેવના વીર્યને એક કળશમાં

સ્થાપિત કર્યું હતું, જેમાંથી ઋષિ વસિષ્ઠ ઉત્પન્ન થયા છે, એમ વિદ્વાનો કહે છે.[૧૯] તે આદિદેવ સર્વવ્યાપક વાયુરૂપ છે, અશ્વિનીકુમારરૂપ છે, કિરણોવાળા સૂર્યરૂપ છે, તેમણેજ સર્વ અસુરોને જીત્યા છે અને તેમણેજ પોતાનાં ત્રણ પગલાંથી ત્રણે ભુવનોને જીત્યાં છે.[૨૦] તેજ શ્રીકૃષ્ણ દેવો, મનુષ્યો તથા પિતૃઓના આત્મા છે, તેમનેજ વિદ્વાનો યજ્ઞવેત્તાઓના યજ્ઞવિસ્તારરૂપ કહે છે, તેજ કાળનો વિભાગ કરીને સૂર્યરૂપે પ્રતિદિન ઉદય પામે છે અને ઉત્તર તથા દક્ષિણ નામનાં બે અયનો પણ તે પોતેજ છે.[૨૧] આખી પૃથ્વીને પ્રકાશિત કરનારાં જે આ કિરણો ઉપર, નીચે તથા આડાંઅવળાં સર્વ પ્રદેશ ઉપર પ્રસરી રહ્યાં છે, તે તેમનાં પોતાનાંજ છે; વેદવેત્તા બ્રાહ્મણો તેમનું સેવન કરી રહ્યા છે અને તેમની કાંતિની સહાયતા લઇનેજ સૂર્ય પ્રકાશી રહ્યો છે.[૨૨] તેજ શ્રીકૃષ્ણ પ્રત્યેક મહિને યજ્ઞના કર્તારૂપે યજ્ઞ કર્યા કરે છે, યજ્ઞવેત્તાઓ યજ્ઞમાં તેમની સ્તુતિ કર્યા કરે છે, શીતકાળ, ઉષ્ણકાળ તથા વૃષ્ટિકાળરૂપ ત્રણ નાભિવાળું તથા વર્ષા, વાયુ અને ઉષ્ણતારૂપ ત્રણ ધામ(સ્થાન)વાળું આ સંવત્સર (વર્ષ)રૂપ ચક્ર તે પોતેજ છે અને સાત ઘોડાઓથી જોડેલા સૂર્યના રથને તે પોતેજ વહી રહ્યા છે.[૨૩] હે કુંતીના વીર પુત્ર! મહાતેજસ્વી, સર્વવ્યાપક અને સર્વના સંહારક શ્રીકૃષ્ણ પોતેજ સર્વ લોકોને ધારણ કરી રહ્યા છે, તેજ અંધકારનો નાશ કરનારા સૂર્યરૂપ છે અને તેમનેજ સર્વના કર્તાતરીકે તું જાણજે.[૨૪] તેજ સર્વવ્યાપક મહાત્મા, એક સમયે ખાંડવવનમાં અગ્નિરૂપે પ્રકટ થઈને ઘાસની ગંજીમાં વ્યાપ્ત થઇને પ્રસન્ન થયા હતા અને સર્વત્ર ગતિ કરનારા આ કૃષ્ણજ રાક્ષસો તથા સર્પોનો પરાજય કરીને સર્વને અગ્નિમાં હોમી દેતા હતા. તેમણેજ અર્જુનને શ્વેતવર્ણનો ઘોડો અર્પણ કર્યો છે; તેમણેજ સર્વ ઘોડાઓને ઉત્પન્ન કર્યા છે અને તેજ સંસારરૂપ રથના જોડનારા છે કે જે રથ સત્વ, રજસ અને તમસરૂપ ત્રણ પૈડાંવાળો છે; ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ ગતિરૂપ ત્રણ ફળને પ્રાપ્ત કરી આપનારો છે; કાળ, અદૃષ્ટ, ઈશ્વરેચ્છા તથા સંકલ્પરૂપ ચાર ઘોડાઓથી જોડાયેલો છે અને પુણ્યકર્મ, પાપકર્મ તથા મિશ્રકર્મ–આવાં ત્રણ કર્મોરૂપ નાભિવાળો છે.[૨૬] સર્વની ઇંદ્રિયોના નિયંતા અને મહાપ્રદીપ્ત અગ્નિસમાન તેજવાળા આ શ્રીકૃષ્ણેજ પાંચ મહાભૂતોના આશ્રયરૂપ આકાશને ઉત્પન્ન કર્યું છે; તેમજ પૃથ્વી, સ્વર્ગ તથા અંતરિક્ષનું નિર્માણ પણ તેમણેજ કર્યું છે. વળી તેમણે અનેક અરણ્યોની તથા પર્વતોની પણ રચના કરી છે.[૨૭] વજ્રપ્રહાર કરવાને તૈયાર થયેલા ઇંદ્રનો વધ કરવાની ઇચ્છાથી તેમણેજ સર્વ નદીઓનું ઉલ્લંઘન કર્યું હતું અને ઇંદ્રનો પરાજય કર્યો હતો. મોટા મોટા યજ્ઞોમાં બ્રાહ્મણો, હજારો પુરાણી ઋચાઓથી તેમની એકલાનીજ સ્તુતિ કરે છે કે જે મહાન ઇંદ્રરૂપ છે.[૨૮] હે રાજન્! મહાતેજસ્વી દુર્વાસા ઋષિને તેમનાવિના બીજો કોઇપણ પોતાને ઘેર વસાવી શકે તેમ નથીજ. તેમનેજ વિદ્વાનો પુરાણ ઋષિ કહે છે, તેજ જગતના કર્તા છે અને તેજ પોતાના સ્વરૂપમાંથી અનેક પદાર્થોને ઉત્પન્ન કરે છે.[૨૯] આ દેવાધિદેવજ સર્વ વેદોને જાણે છે, અગ્નિહોત્ર આદિ પુરાણવિધિઓનો આ એકજ આશ્રય કરે છે અને આ વિષ્વક્સેનજ કામ્ય, વૈદિક તથા લૌકિક નામના સર્વ પ્રકારના ફળરૂપ છે, એમ તારે જાણવું.[૩૦] આ દેવકીપુત્રજ સર્વલોકમાં ઉજ્જ્વળ જ્યોતિષરૂપ છે, ત્રણ લોકરૂપ છે, ત્રણ લોકપાલરૂપ છે, ત્રણ અગ્નિરૂપ છે, (ભૂર્, ભુવર્ અને સ્વર્ નામની) ત્રણ વ્યાહૃતિઓરૂપ છે અને સર્વ દેવતાઓરૂપ છે.[૩૧] વળી સંવત્સર, ઋતુ, અર્ધમાસ, અહોરાત્ર (રાત્રિદિવસ), કલાઓ, કાષ્ઠાઓ, માત્રાઓ, મુહૂર્તો, લવો તથા ક્ષણો આ સર્વ તે વિશ્વક્સેનરૂપજ છે, એમ તારે જાણવું;[૩૨] તેમજ હે પાર્થ! ચંદ્ર, સૂર્ય, ગ્રહો, નક્ષત્રો, તારાઓ, સર્વ અમાવાસ્યાઓ, પૂર્ણિમાઓ, નક્ષત્રોના યોગો તથા ઋતુઓ આ સર્વ તે વિશ્વક્સેનથીજ ઉત્પન્ન થયેલા છે;[૩૩] અને રુદ્રો, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમારો, સાધ્યો, વિશ્વેદેવાઓ,

દેવતાઓના ગણો, પ્રજાપતિ, દેવોની માતા અદિતિ અને સપ્તઋષિઓ—આ સર્વે શ્રીકૃષ્ણથીજ ઉત્પન્ન થયા છે.[૩૪] વિશ્વરૂપ આ શ્રીકૃષ્ણ વાયુ થઇને જગતને કંપાવી મૂકે છે, અગ્નિ થઇને જગતને બાળી નાખે છે, જળ થઈને જગતને ડૂબાડી દે છે અને બ્રહ્મા થઇને સંખ્યાબંધ જગતોને ઉત્પન્ન કરે છે.[૩૫] આ કૃષ્ણજ વેદોથી પ્રતિપાદન કરવા યોગ્ય હોઇને વેદ્ય (જાણવા યોગ્ય) વસ્તુને જાણે છે, તે પોતેજ વિધિરૂપ હોઇને શાસ્ત્રોક્ત વિધિવિહિત કર્મનો આશ્રય કરે છે; ધર્મમાં,વેદમાં તથા બળમાં જે કંઇ રહસ્ય રહેલું છે તે એ પોતેજ છે અને સ્થાવરજંગમ સર્વ જગત આ કેશવરૂપ છે, એમ તારે જાણવું. સર્વ કરતાં શ્રેષ્ઠ અને વિશ્વસ્વરૂપ આ કૃષ્ણ, જ્યોતિષરૂપ થઇને જગતના આદિકાળમાં પોતાની કાંતિથી પ્રકાશી નીકળે છે; અને પ્રાણીમાત્રના ઉત્પત્તિસ્થાનરૂપ આ કૃષ્ણે, સૃષ્ટિના આદિકાળમાં પ્રથમ જળને ઉત્પન્ન કર્યા પછી સમગ્ર જગતને ઉત્પન્ન કર્યું છે.[૩૭] વળી ઋતુઓ, ઉત્પાતો, અનેક પ્રકારના આશ્ચર્યકારક પદાર્થો, મેઘો, વિજળી, ઐરાવત હાથી અને આ સ્થાવરજંગમ સર્વ જગત શ્રીકૃષ્ણથીજ ઉત્પન્ન થયેલ છે,માટે તારે આને વિશ્વાત્મા વિષ્ણુજ જાણવા.[૩૮] વિદ્વાનો કહે છે કે, આ કૃષ્ણ જગતમાં નિવાસ કરે છે અને નિર્ગુણ છે માટે વાસુદેવ કહેવાય છે, જીવરૂપે સંકર્ષણ કહેવાય છે, પ્રદ્યુમ્ન કહેવાય છે અને આ સ્વયંસિદ્ધ મહાત્મા ચોથા અનિરુદ્ધ સ્વરૂપે પણ પોતાને જણાવે છે.[૩૯] હે પાર્થ આ મહાત્માને પંચમહાભૂતોથી યુક્ત આ વિશ્વને દેવ, અસુર, મનુષ્ય, પશુ તથા પક્ષી—એમ પાંચ પ્રકારે ઉત્પન્ન કરવાની જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે (બ્રહ્મદેવને) તે આજ્ઞા કરે છે; અને પછી તે પોતેજ પૃથ્વી, વાયુ, આકાશ તેજ તથા જળ—આ પાંચ તત્ત્વોને ઉત્પન્ન કરે છે. [૪૦] આ કૃષ્ણે સ્થાવરજંગમ જગતને ઉત્પન્ન કરીને તેમાં જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ—આવા ચાર પ્રકારના લોકને ઉત્પન્ન કરીને (તે ચાર પ્રકારનાં પ્રાણીઓ તથા કર્મ એમ) પાંચ પ્રકારનાં બીજવાળી પૃથ્વીને ઉત્પન્ન કરે છે; અને પછી પૃથ્વીપર પુષ્કળ જળ સિંચન કરવા માટે આકાશને સરજે છે.હે રાજન્! આત્મયોનિ એવા તે કૃષ્ણે આ સર્વ જગતને ઉત્પન્ન કર્યું છે; અને તે પોતેજ પોતાના વડે સર્વને જીવાડી રહ્યા છે. પ્રાણીમાત્રના પતિ એવા આ કૃષ્ણને જગત સરજવાની જ્યારે ઇચ્છા થાય છે ત્યારે દેવોને, અસુરોને, મનુષ્યોને, લોકોને, ઋષિઓને, પિતૃઓને તથા પ્રજાઓને તે ઉત્પન્ન કરે છે;અને સંક્ષેપમાં કહીએ તો સર્વ પ્રાણીઓને તથા લોકોને તેજ વિધિપૂર્વક સદાય ઉત્પન્ન કરે છે.[૪૨] શુભ, અશુભ, સ્થાવર તથા જંગમ—આ સર્વ તે વિશ્વક્‌સેનથી ઉત્પન્ન થયેલું છે, એમ તારે જાણવું; અને વર્તમાન કાળમાં જે થઈ રહ્યું છે તથા ભવિષ્યકાળમાં જે થયા કરશે—તે સર્વ આ કેશવરૂપજ છે, એમ તારે જાણવું.[૪૩] સનાતન સ્વરૂપ અને ધર્મના વાહક આ કૃષ્ણ, પ્રાણીઓના અંતસમયે સાક્ષાત્ મૃત્યુરૂપ થાય છે અને આ જગતમાં જે કંઇ થઇ ગયું છે અને ભવિષ્યકાળમાં જે કંઇ થનારૂં છે કે જે આપણા જાણવામાં નથી—તે સર્વ આ વિશ્વક્‌સેનથીજ થાય છે અને થશે,એમ તારે જાણવું.સર્વ લોકોમાં જે કંઇ પ્રશંસાપાત્ર છે,પુણ્યરૂપ છે,શુભ છે, અશુભ છે—તે સર્વ અચિંત્ય એવા આ કેશવરૂપ છે; આનાથી જે બીજી કલ્પના કરવી તે વિપરીત છે—મિથ્યા છે. આ રીતે આવા પ્રભાવશાળી આ કેશવ સર્વ કરતાં શ્રેષ્ઠ એવા નારાયણરૂપ છે, પરમ અવિનાશી છે, સ્થાવરજંગમ જગતના આદિ, મધ્ય તથા અંતરૂપ છે અને જગતમાં ઉત્પન્ન થવાની ઈચ્છાવાળા પ્રત્યેક પ્રાણીના ઉત્પાદક તથા સંહારક છે.[૪૬]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“મહાપુરુષમાહાત્મ્ય ” એ વિષયનો
અધ્યાય ૧૫૮મો સમાપ્ત

અધ્યાય ૧૫૯ મો

દુર્વાસાની ભિક્ષા

॥ युधिष्ठिर उवाच ॥

ब्रूहि ब्राह्मणपूजायां व्युष्टिं त्वं मधुसूदन ।
वेत्ता त्वमस्य चार्थस्य वदे त्वां हि पितामहः॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે મધુસૂદન ! બ્રાહ્મણોની પૂજા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે ? તે મને કહો; તમે એ વિષયને જાણો છો અને આ પિતામહ (ભીષ્મ) પણ તમને (એ વિષયને જાણનારતરીકે) જાણે છે.”[૧]

વાસુદેવે કહ્યું:–“હે ભરતશ્રેષ્ઠ રાજા! હું તમને બ્રાહ્મણોના ગુણો યથાર્થ રીતે કહું છું; માટે હે કુરુશ્રેષ્ઠ ! તેને તમે સાવધાન થઇને સાંભળો. હે કુરુનંદન ! પૂર્વે એક વેળા હું જ્યારે દ્વારકામાં બેઠો હતો, ત્યારે બ્રાહ્મણોએ કોપાવેલા પ્રદ્યુમ્ને મને આ પ્રમાણે પૂછ્યું હતું:–“ હે મધુસૂદન ! બ્રાહ્મણોની પૂજા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે ? અને તેઓ આ લોકમાં તથા પરલોકમાં કયા કારણથી ઇશ્વર થઈ પડયા છે ?[૪] હે માન આપનારા શ્રીકૃષ્ણ ! નિત્ય બ્રાહ્મણોની પૂજા કરીને કયું ફળ મેળવી શકાય છે? એ સર્વ મને સ્પષ્ટ રીતે કહો; કેમકે એ વિષયમાં મને મહાન સંશય રહે છે. ”[૫] પ્રદ્યુમ્ને એ પ્રમાણે પૂછ્યું એટલે હે મહારાજા ! મેં તેને જે પ્રત્યુત્તર આપ્યો હતો, તેને તમે એકાગ્રચિત્તે સાંભળો.

“ હે રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ન ! બ્રાહ્મણોની પૂજા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેને તું મારી પાસેથી સાંભળ. હે પુત્ર ! બ્રાહ્મણોનો રાજા સોમ છે. તે સુખદુઃખ આપવામાં સમર્થ છે અને આ લોકમાં તથા પરલોકમાં બ્રાહ્મણોને લીધેજ કલ્યાણ પ્રાપ્ત કરી શકાય છે, એમાં કંઇ વિચાર કરવા જેવું મને નથી લાગતું.[૭,૮] બ્રાહ્મણોની પૂજા કરવાથી આયુષ્ય, કીર્તિ, યશ તથા બળનો લાભ થાય છે; માટેજ સર્વ લોકો તથા લોકેશ્વરો બ્રાહ્મણોનું પૂજન કરે છે.[૯] ધર્માર્થકામરૂપ ત્રિવર્ગ સંપાદન કરતી વેળા, મોક્ષ, યશ તથા લક્ષ્મી સંપાદન કરતી વેળા, રોગોની શાંતિ કરતી વેળા અને દેવતાઓ તથા પિતૃઓનું પૂજન કરતી વેળા આપણે બ્રાહ્મણોને સંતોષવા જોઇએ;[૧૦] માટે હે પુત્ર ! હું રાજા છું, છતાં પણ બ્રાહ્મણોનો કેમ આદરસત્કાર ન કરૂં ? હે મહાબાહુ ! તારે પણ બ્રાહ્મણોપ્રત્યે ક્રોધ કરવો નહિ;[૧૧] કેમકે બ્રાહ્મણો આ લોકમાં તથા પરલોકમાં એક મહાન ને સમર્થ શક્તિ છે. પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જોનારા તે બ્રાહ્મણો જો ક્રોધાયમાન થાય છે,તો આ જગતને બાળીને ભસ્મ કરી શકે છે.[૧૨] વળી તેઓ જો ધારે તો બીજા લોકોને તથા લોકપાલોને પણ સરજી શકે છે. આવા પ્રભાવશાળી બ્રાહ્મણો પાસેથી જ્ઞાન મેળવીને મહાતેજસ્વી બનેલા પુરુષો પણ કેમ સારી રીતે ન વર્તે?[૧૩] હે તાત ! મારે ઘેર એક બ્રાહ્મણ વસ્યો હતો. તેનો વર્ણ માંજરો તથા કંઇક પિંગળો હતો, તે ચીરવસ્ત્ર (ચીથરાં) પહેરતો હતો, બિલ્વવૃક્ષનો (બિલીનો) દંડ ધારણ કરતો હતો, લાંબી દાઢી રાખતો હતો, શરીરે કૃશ હતો અને પ્રમાણમાં પૃથ્વીપર લાંબામાં લાંબા મનુષ્યોના કરતાં પણ અત્યંત અધિક લાંબો હતો. તે પોતાની ઇચ્છાનુસાર દેવતાઓના તથા મનુષ્યોના લોકોમાં વિચર્યા કરતો હતો;[૧૪,૧૫] અને ચૌટે ચૌટે તથા સભાઓમાં આવી ગાથાઓ ગાયા કરતો હતો:–

दुर्वाससं वासयेत्को ब्राह्मणं सत्कृतं गृहे ॥१६॥
रोषणः सर्वभूतानां सूक्ष्मेऽप्यपकृते कृते ।
परिभाषां च मे श्रुत्वा को नु दद्यात्प्रतिश्रयम्॥
यो मां कश्चिद् वासयीत न स मां कोपयेदिति।

“ કયો પુરુષ બ્રાહ્મણ દુર્વાસાને સત્કારપૂર્વક પોતાને ઘેર વસાવે ?[૧૬] કેમકે અત્યંત સૂક્ષ્મ અપરાધ કર્યો હોય,તોપણ તે સર્વ પ્રાણીઓમાં અત્યંત ક્રોધી ગણાય છે. મારી આવી પરિભાષા (પ્રસિદ્ધિ) સાંભળીને કયો પુરુષ મને આશ્રય આપે તેમ છે ?[૧૭] છતાં જે કોઇ પુરુષ મને આશ્રય આપવા તૈયાર થાય તેણે મને કોપાવવો નહિ જોઇએ.” આવી ગાથાઓ સાંભળીને તેને કોઈ આદરસત્કાર આપતું ન હતું. પછી મેં તેને મારા ઘરમાં વસાવ્યો.[૧૮] તે બ્રા-

હ્મણ કોઈ દિવસ અનેક હજારો મનુષ્યો જેટલું અન્ન ખાઈ જાય તેટલું અન્ન ખાઇ જતો હતો, કોઇ દિવસ અતિ અલ્પ અન્ન ખાતો હતો અને કોઇ દિવસ તો ઘેર આવતો પણ ન હતો.૧૯ વળી તે કોઇ સમયે અત્યંત હસ્યા કરતો હતો અને કોઇ સમયે અત્યંત રડયા કરતો હતો, તે સમયે તેની સમાન વયવાળો બીજો કોઇ પણ પુરુષ પૃથ્વીપર ન હતો.૨૦ એક સમયે તે બ્રાહ્મણ પોતાના ઉતારામાં ગયો અને શય્યાઓ, ઓછાડો તથા શણગારેલી કન્યાઓને બાળી નાખીને ત્યાંથી નીકળી ગયો.૨૧ પછી એક વેળા તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા તે મુનિએ એકાએક ઉતાવળથી મને કહ્યું કે:-“ હે કૃષ્ણ ! મને દૂધપાક ખાવાની ઇચ્છા થઇ છે;”૨૨ પરંતુ હું તો તેજ સમયે તેના ચિત્તને જાણી ગયો હતો, જેથી ઘરમાં સર્વ મનુષ્યોને પ્રથમથીજ આજ્ઞા આપી બેઠો હતો કે, સર્વ પ્રકારનાં અન્નો, પાનકો તથા ચઢતી ઉતરતી જાતના સર્વ પ્રકારના ભક્ષ્ય પદાર્થો ઉત્તમ પ્રકારે તૈયાર કરી રાખવા;જેથી મેં તેજ વખતે ગરમ ગરમ દૂધપાક મુનિને નિવેદન કર્યો.૨૩,૨૪ તેનું ભોજન કરીને તુરતજ તે બ્રાહ્મણે મને કહ્યું કે:-“ ઝટ કર, આ દૂધપાકથી તારાં સર્વ અંગોને લિંપી દે.”૨૫ તે સાંભળી મેં પણ કોઇ જાતનો વિચાર કર્યાવિના તેજ પ્રમાણે કર્યું અને એ ઉચ્છિષ્ટ દૂધપાકથી મારાં સર્વ ગાત્રોને તથા મસ્તકને લિંપી દીધું.૨૬ તે સમયે સમીપમાં ઉભેલી, સુંદર મુખવાળી અને મંદમંદ હસી રહેલી તારી માતાની સામે પણ તે બ્રાહ્મણે દૃષ્ટિ કરી,એટલે તેને પણ મેં દૂધપાકથી લિંપી દીધી.૨૭ પછી તુરતજ તે મુનિએ દૂધપાકથી ખરડાયેલા અંગવાળી તારી માતાને એક રથમાં જોડી દીધી અને તે રથ ઉપર બેસીને તે મારા ઘરની બહાર નીકળી ગયો;૨૮ એટલુંજ નહિ પણ અગ્નિસમાન પ્રદીપ્ત વર્ણવાળો અને તેજથી પ્રજ્વળી રહેલો તે બુદ્ધિમાન બ્રાહ્મણ રથમાં જોડેલા એક ઘોડાને જેમ મારે, તેમ મારા દેખતાં બાલા રુક્મિણીને ચાબૂકવતી મારવા લાગ્યો.૨૯ એ વેળા મારા મનમાં ઇર્ષ્યાને લીધે લેશમાત્ર પણ દુઃખ થયું ન હતું. પછી તે બ્રાહ્મણ તો મોટા રાજમાર્ગે થઇને (નગરની) બહાર જવા લાગ્યો,૩૦ ત્યારે મહા આશ્ચર્યકારક તે દેખાવ જોઇને કેટલાએક યાદવો ક્રોધાયમાન થઈ ગયા અને કેટલાએક યાદવો અન્યોન્યને બોલાવીને માંહોમાંહે કહેવા લાગ્યા કે:-૩૧“ખરેખર, જગતમાં કેવળ બ્રાહ્મણોજ ઉત્પન્ન થવા જોઈએ. બીજો કોઇપણ વર્ણ ઉત્પન્ન થવો ન જોઇએ. (જુઓ તો ખરા!) આ રથ ઉપર આ રીતે બેસીને બીજો કયો પુરુષ જગતમાં જીવી શકે તેમ છે?૩૨ અહો ! સર્પનું વિષ ભલે તીક્ષ્ણ ગણાય, પણ બ્રાહ્મણ તો તેના કરતાં પણ વધારે તીક્ષ્ણ છે; કેમકે બ્રાહ્મણરૂપ સર્પના વિષથી જે (મનુષ્ય) બળી ગયો હોય છે તેની ચિકિત્સા કરનાર કોઇ છેજ નહિ.”૩૩ (યાદવોના એ વાર્તાલાપ વચ્ચે) પેલો દુરાધર્ષ બ્રાહ્મણ માર્ગમાં જઈ રહ્યો હતો, તેવામાં રુક્મિણીએ ઠોકર ખાધી; એટલે તે શ્રીમાન બ્રાહ્મણ તે સહન કરી શકયો નહિ અને ઉલટો રુક્મિણીને ઉતાવળથી હાંકવા લાગ્યો. તે પછી એ બ્રાહ્મણ અત્યંત ક્રોધાયમાન થઈને રથ ઉપરથી નીચે ઉતરી પડયો અને પગપાળો દક્ષિણદિશા તરફ મુખ કરીને આડે માર્ગે દોડવા લાગ્યો.૩૫ આ તરફથી હું પણ આડે માર્ગે દોડી જતા એ ઉત્તમ બ્રાહ્મણની પાછળ દૂધપાકથી ખરડાયેલા શરીરેજ દોડી ગયો અને તેને કહેવા લાગ્યો કે:-“ હે ભગવન્! પ્રસન્ન થાઓ ! ”૩૬ તે પછી મારી સામે જોઇને એ તેજસ્વી બ્રાહ્મણે મને કહ્યું કે:-“ઓ મહાબાહુ કૃષ્ણ! તેં તારા સ્વભાવથીજ ક્રોધને જીતી લીધો છે.૩૭ હે ઉત્તમ વ્રતધારિ! મેં અહીં રહીને તારો લેશમાત્ર અપરાધ જોયો નથી; માટે હે ગોવિંદ! હું તારાપર પ્રસન્ન થયો છું. તારી ઇચ્છામાં આવે તેવા વરોને તું માગી લે.૩૮ હે તાત ! હું તારાપર પ્રસન્ન થયો છું; માટે મારી એ પ્રસન્નતાનું યથાવિધિ ફળ તું જોઇ લે. મનુષ્યોને જેટલો અન્ન ઉપર ભાવ હોય છે, તેટલોજ ભાવ તારા ઉપર થશે અને તારી પવિત્ર કીર્તિ જેટલા પ્રમાણમાં લોકમાં

ફેલાશે તેટલા પ્રમાણમાંજ તું ત્રણે લોકમાં શ્રેષ્ઠપણાને પામીશ. [૩૯-૪૧] હે જનાર્દન! તું સર્વ લોકને અત્યંત પ્રિય થઇ પડીશ. વળી હે જનાર્દન! તારા ઘરમાં રહીને મેં જે વસ્તુઓને ભાંગી નાખી છે, બાળી નાખી છે અથવા નષ્ટ કરી નાખી છે,તે સર્વને તું પૂર્વની સ્થિતિમાંજ એમની એમ જોઈશ અથવા તેના કરતાં પણ ઉત્તમ સ્થિતિવાળી જોઈશ.[૪૨] હે મધુસૂદન! તારા શરીરના અવયવોમાંથી જેટલા અવયવો દૂધપાકથી ખરડાયા છે, તેટલામાં તને તારી ઇચ્છા હશે ત્યાંસુધી મૃત્યુનો ભય રહેશે નહિ; પણ હે પુત્ર! તેં તારા પગના તળીઆમાં આજે દૂધપાક કેમ ન ચોપડી લીધો ? આ વાત મને પ્રિય થઇ નહિ.” આ રીતે તેણે પ્રસન્ન થઇને તે સમયે મને કહ્યું હતું.[૪૪] એ બ્રાહ્મણે મને એ પ્રમાણે કહ્યું તે પછી મેં મારા શરીરને જોયું તો તે અત્યંત શોભાયુક્ત થઇ ગયું હતું. પછી તેણે પ્રસન્ન થઇને રુક્મિણીને કહ્યું હતું કે:-“હે શોભને! સર્વ સ્ત્રીઓમાં તારો ઉત્તમ યશ થશે. લોકમાં તું સર્વોત્તમ કીર્તિ સંપાદન કરીશ અને હે ભાવિનિ! વૃદ્ધાવસ્થા, રોગ કે નિસ્તેજપણું તારો સ્પર્શ કરશે નહિ. વળી તારા શરીરનો ગંધ પવિત્ર થશે, તું કૃષ્ણનું આરાધન કરીશ અને કેશવની સોળહજાર સ્ત્રીઓમાં તું સર્વના કરતાં શ્રેષ્ઠ થઇશ તથા કૃષ્ણના સમાન લોકોને તું પ્રાપ્ત થઇશ.” એ પ્રમાણે તારી માતાને કહીને પુનઃ ત્યાંથી જતી વેળા અગ્નિની પેઠે પ્રકાશી રહેલા મહાતેજસ્વી તે દુર્વાસાએ મને કહ્યું હતું કે:-“ હે કેશવ! બ્રાહ્મણોપ્રત્યે તારી આવીજ બુદ્ધિ હો.”[૪૫-૪૯]

હે પુત્ર! મને એ પ્રમાણે કહીને તે મુનિ ત્યાંજ અંતર્ધાન થઈ ગયા હતા; અને તેમના અંતર્ધાન થઈ ગયા પછી મેં બ્રાહ્મણોની પૂજા કરવારૂપ આ વ્રતનું આચરણ કરવા માંડયું છે. હે સમર્થ પુત્ર! બ્રાહ્મણ જે કંઇ કહે તે સર્વ મારે કરવું, આવું વ્રત લઇને તે સમયે મનમાં હરખાતો હરખાતો તારી માતાની સાથે હું જેવો ઘરમાં દાખલ થયો કે તુરતજ તે તે સર્વ વસ્તુઓ નવીન બની ગયેલી મારા જોવામાં આવી.[૫૧,૫૨] હે પુત્ર! તેણે પ્રથમ જે વસ્તુઓને ભાંગી નાખી હતી અને બાળી નાખી હતી તે સર્વને નવી તથા મજબૂત થયેલી જોઈને હું વિસ્મય પામ્યો. એ પ્રમાણે હે રુક્મિણીપુત્ર! હું સદાય બ્રાહ્મણોની મનથી પૂજા કરૂં છું.”

એ રીતે હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજા! રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ને મને પૂછ્યું હતું, તે ઉપરથી મેં તે સમયે બ્રાહ્મણમાં મુખ્ય એવા તે દુર્વાસાનું માહાત્મ્ય તેને કહી સંભળાવ્યું હતું; માટે હે કુંતીપુત્ર રાજા! તમે પણ નિત્ય બ્રાહ્મણોનું પૂજન કરો અને વાણી તથા દાનવડે મહાભાગ એવા તે બ્રાહ્મણોનો સદાય સત્કાર કરો; કેમકે બ્રાહ્મણોના પ્રસાદથીજ હું આવું ફળ સંપાદન કરી શકયો છું અને હે ભરતશ્રેષ્ઠ! આ ભીષ્મપિતામહે મને ઉદ્દેશીને જે કંઈ કહ્યું છે, તે પણ સત્ય છે.”[૫૪-૫૬]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ દુર્વાસાની ભિક્ષા ” એ વિષયનો
અધ્યાય ૧૫૯ મો સમાપ્ત

અધ્યાય ૧૬૦ મો

ઈશ્વરપ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

दुर्वाससः प्रसादात्ते यत्तदा मधुसूदन ।
अवाप्तमिह विज्ञानं तन्मे व्याख्यातुमर्हसि॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે મધુસૂદન! દુર્વાસાના પ્રસાદથી તે સમયે તમે જે જ્ઞાન સંપાદન કર્યું હોય, તે મને કહેવાને તમે યોગ્ય છો.[૧] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ કૃષ્ણ! તે મહાત્માનું મહાભાગ્ય અને તેમનાં નામો, એ સર્વ યથાર્થ રીતે જાણવાની મને ઇચ્છા છે. ”[૨]

વાસુદેવે કહ્યું:-“ હે રાજન્! એ દુર્વાસાની પાસેથી મેં જે કલ્યાણ તથા જે યશ સંપાદન કરેલ છે, તે ભગવાન શંકરને નમસ્કાર કરીને હું તમને ઘણા આનંદથી કહું છું.[૩] હે રાજા! હું પ્રતિદિન પ્રાતઃકાળમાં ઉઠીને બે હાથ જોડી પ્રયત્નપૂર્વક શતરુદ્રીય સ્તોત્રનો પાઠ કરૂં છું, તે પણ તમને કહું છું, તો તે સાંભળો.

હે તાત ! મહાતપસ્વી પ્રજાપતિએ, તપશ્ચર્યા કર્યા પછી એ શતરુદ્રીય સ્તોત્રને રચ્યું હતું, સ્થાવરજંગમ સર્વ પ્રજાઓને શ્રીશંકરેજ ઉત્પન્ન કરી છે.[૫] હે રાજા ! મહાદેવ કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇ નથી; કેમકે આ ત્રણે લોકમાં પ્રાણીમાત્રના તે ઉત્પાદક છે.[૬] વળી તે મહાત્માની આગળ ઉભા રહેવાને પણ કોઇ ઉત્સાહ ધરાવી શકતો નથી; કેમકે આ ત્રણે જગતમાં તેના સમાન કોઇ પ્રાણી છેજ નહિ.[૭] સંગ્રામમાં તે જ્યારે ક્રોધાયમાન થાય છે,ત્યારે તેના ગંધથી પણ શત્રુઓ બેભાન તથા મરણને શરણ થઇ કંપી ઉઠે છે અને ધરણીપર ઢળી પડે છે.[૮] વળી મેઘની ગર્જનાસમાન તેની ઘોર ગર્જના સાંભળીને રણસંગ્રામમાં દેવોનાં હૃદય પણ ચીરાઇ જાય છે.[૯] પિનાકને ધારણ કરનારા તે શંકર, પોતાનું ઘોર સ્વરૂપ (પ્રકટ) કરીને જેના જેના તરફ દૃષ્ટિ કરે છે, તેઓ ભલે દેવ હોય, અસુર હોય, ગંધર્વ હોય કે સર્પ હોય તોપણ જગતમાં રહી શકતા નથી.[૧૦] તે જ્યારે કોપાયમાન થાય છે,ત્યારે ગુફામાં રહેલાં પ્રાણીઓ પણ સુખ પામી શકતાં નથી. પ્રજાપતિ દક્ષે જ્યારે યજ્ઞ આરંભ્યો હતો, ત્યારે ક્રોધાયમાન થયેલા શ્રીશંકરે નિર્ભય થઇને યજ્ઞને વિંધી નાખ્યો હતો;અને ધનુષ્યવડે બાણ છોડી મૂકીને ઘણી ગર્જના કરી મૂકી હતી. જેને લીધે દેવતાઓને શાંતિ વળી નહોતી, તોપછી સુખ તો ક્યાંથીજ મળ્યું હોય ? તે સમયે એકાએક ક્રોધાયમાન થયેલા મહેશ્વરે યજ્ઞને જ્યારે વિંધી નાખ્યો હતો,ત્યારે દેવતાઓ ખિન્ન થઇ ગયા હતા; એટલુંજ નહિ પરંતુ તેમના ધનુષ્યની પ્રત્યંચાના ઘોષથી સર્વે લોકો આકુળવ્યાકુળ થઇ ગયા હતા; અને હે પાર્થ ! દેવો તથા અસુરો પણ પરાધીન દશામાં આવી પડીને ખેદ કરી રહ્યા હતા.[૧૧–૧૪] વળી હે ભારત ! તે વેળા સર્વ જળાશયો ખળભળી ઉઠયાં હતાં, પૃથ્વી ધ્રુજી ઉઠી હતી, પર્વતો તૂટી પડયા હતા, આકાશ પણ ચોતરફથી ફાટી ગયું હતું, ઘોર અંધકારથી ઢંકાઇ ગયેલા લોકો દેખાતા બંધ પડ્યા હતા, જ્યોતિર્ગણોની કાંતિ સૂર્યની સાથે નષ્ટ થઈ ગઇ હતી;અને પ્રાણીમાત્રનું તથા પોતાનું હિત ઇચ્છનારા ઋષિઓ અત્યંત ભયભીત થઇને શાંતિકર્મ તથા સ્વસ્તિવાચનો કરી રહ્યા હતા.[૧૫–૧૭] તે પછી મહાભયંકર પરાક્રમ કરનારા તે રુદ્રદેવ, સર્વ દેવો સામે ધસી ગયા હતા અને ક્રોધપૂર્વક માત્ર એકજ પ્રહાર કરીને ભગદેવનાં નેત્રોનો તેમણે નાશ કરી નાખ્યો હતો; તેમજ પાછા ક્રોધાયમાન થઇને તે, પૂષાદેવ સામે પગપાળા ધસી ગયા હતા અને પુરોડાશનું ભક્ષણ કરનારા તે દેવના બધા દાંતોને તેમણે ઉખેડી પાડ્યા હતા.[૧૯] તે વેળા સર્વ દેવતાઓ કંપાયમાન થઈને શંકરને નમી પડ્યા હતા; પણ શંકરે તો મહાતીક્ષ્ણ અને પ્રદીપ્ત એવું એક બાણ ધનુષ્યમાં સાંધી દીધું હતું.[૨૦] રુદ્રનું એ પરાક્રમ જોઇને સર્વ દેવતાઓ અને ઋષિઓ અત્યંત ભયભીત થઈ ગયા; અને પછી ઉત્તમ એવા તે દેવોએ મહાદેવને પ્રસન્ન કર્યા.[૨૧] તેઓએ બે હાથ જોડીને તે સમયે શતરુદ્રીય સ્તોત્રનો પાઠ કરવા માંડ્યો, એટલે તે મહેશ્વર પણ દેવોની સ્તુતિ પામીને પ્રસન્ન થયા.[૨૨] હે રાજન્ ! તે સમયે શંકરના ભયથી દેવતાઓએ, રુદ્રના ઉત્તમ ભાગની યજ્ઞમાં કલ્પના કરી હતી અને તેમનું શરણ લીધું હતું.[૨૩] પછી મહાદેવે પ્રસન્ન થઇને દક્ષનો યજ્ઞ સંપૂર્ણ કર્યો હતો; અને તે યજ્ઞમાં જેનો જેનો નાશ કરવામાં આવ્યો હતો, તેને તેને તેમણે જીવિત કર્યાં હતાં.[૨૪]

પૂર્વે વીર્યવાન અસુરોનાં ત્રણ નગરો આકાશમાં ઘૂમ્યા કરતાં હતાં. તેમાંનું એક નગર લોખંડનું હતું, બીજું રૂપાનું હતું અને ત્રીજું સુવર્ણનું હતું.[૨૫] તે નગરોને જીતવાને ઇંદ્રે, સર્વ પ્રકારનાં આયુધોનો ઉપયોગ કર્યો,છતાં તે સમર્થ થઇ શક્યો ન હતો;તેથી સર્વ દેવતાઓ અત્યંત દુઃખી થઇને ભગવાન રુદ્રને શરણે ગયા. પછી એકત્ર થયેલા તે સર્વ મહાત્મા દેવોએ ભગવાન શંકરને કહ્યું કેઃ–"હે રુદ્ર ! આ પશુઓ (અસુરો) સર્વ પ્રકારનાં કર્મોમાં ભયજનક થઈ પડશે; માટે હે માન આપનારા દેવ! આ નગરોની સાથે સર્વ દૈત્યોનો તમે સંહાર કરો અને સર્વ લોકોનું રક્ષણ કરો." દેવતાઓએ

એ પ્રમાણે કહ્યું, એટલે તે શંકરે " તથાસ્તુ " એમ કહીને વિષ્ણુને ઉત્તમ બાણ બનાવ્યા, અગ્નિને બાણનું શલ્ય (અણી) બનાવ્યો, સૂર્યના પુત્ર યમને બાણનું પુંખ બનાવ્યો, સર્વ વેદોને ધનુષ્ય બનાવ્યા, દેવી સાવિત્રીને ધનુષ્યની ઉત્તમ દોરી બનાવી, બ્રહ્માને સારથ બનાવ્યા; અને પછી ત્રણ પર્વવાળા તથા ત્રણ શલ્યવાળા તે (વિષ્ણુરૂપ)બાણને ધનુષ્યમાં યોજીને સૂર્યસમાન પ્રદીપ્ત અને પ્રલયાગ્નિસમાન તેજસ્વી એવા તે બાણવડે દૈત્યોનાં ત્રણે નગરોને તેમણે તોડી પાડયાં. એ રીતે હે ભારત ! ભગવાન રુદ્રે ત્રણ નગરોસહિત સર્વ અસુરોને તે વેળા બાળીને ભસ્મ કરી નાખ્યા હતા.[૨૬-૩૧]

એક સમયે પાંચ શિખાવાળા એક બાળકને (માયાથી બાળક બની ગયેલા શ્રીશંકરને) પોતાના ખોળામાં રહેલા જોઈ, ઉમાએ સર્વ દેવોની પરીક્ષા કરવાની ઈચ્છાથી તેઓને પૂછ્યું કે:– " મારા ખોળામાં બેઠેલો આ બાળક કોણ છે?" તે વેળા એ બાળકને જોઈ ઇંદ્રને અદેખાઇ આવી,જેથી તે વજ્રનો પ્રહાર કરવા તૈયાર થઈ ગયો; એટલે તુરતજ તે બાળકે પરિઘસમાન મજબૂત ઇંદ્રના વજ્રસહિત બાહુને એકદમ સ્તંભાવી દીધો,[૩૩] છતાં પણ પ્રજાપતિસહિત સર્વ દેવતાઓ તે ભુવનેશ્વરને ઓળખી શકયા નહિ; કેમકે તેઓ સર્વે તે ઇશ્વરના સંબંધમાં મૂઢ બની ગયા હતા.[૩૪] પછી ભગવાન બ્રહ્માએ થોડી વાર ધ્યાન કરીને મહાતેજસ્વી તે પરમેશ્વરને ઓળખ્યા અને " આજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે " એમ જાણીને તે ઉમાપતિને વંદન કર્યું. તે પછી સર્વ દેવતાઓએ પણ ભગવાન રુદ્રને તથા ઉમાને પ્રસન્ન કર્યાં,જેથી ઇંદ્રનો બાહુ પણ પૂર્વની પેઠેજ બંધનથી મુક્ત થયો.[૩૬] એજ વીર્યવાન શંકર, દુર્વાસા નામના બ્રાહ્મણ થઇને દ્વારકામાં મારે ઘેર લાંબા કાળસુધી રહ્યા હતા; તેમણે મારે ઘેર રહીને મારા અનેક પ્રકારના અપરાધો કર્યા હતા કે જે અત્યંત દુઃસહ હતા, છતાં મેં અત્યંત ઉદાર થઇને તે સહન કર્યા હતા.[૩૮] તે શંકરજ રુદ્ર છે, શિવ છે, અગ્નિ છે, સર્વરૂપ છે, સર્વના જેતા છે, ઇંદ્ર છે, વાયુ છે, અશ્વિનીકુમાર છે, વિજળી છે, ચંદ્રમા છે, ઇશાન (સર્વના નિયંતા) છે, સૂર્ય છે,વરુણ છે, કાળ છે, અંતક છે, મૃત્યુ છે, યમ છે, રાત્રિ છે, દિવસ છે, માસ છે, અર્ધમાસ છે, ઋતુઓ છે, બે સંધ્યા છે, સંવત્સર છે, ધાતા છે, વિધાતા છે, વિશ્વકર્મા છે, સર્વને જાણનારા છે, નક્ષત્રોરૂપ છે, ગ્રહોરૂપ છે,દિશાઓરૂપ છે,વિદિશાઓ(ખૂણાઓ)રૂપ છે, વિશ્વમૂર્તિ છે, અમાપ સ્વરૂપવાળા છે, છ પ્રકારનાં ઐશ્વર્યથી યુક્ત છે અને મહાતેજસ્વી છે.[૩૯-૪૨] વળી તે શંકરજ એક પ્રકારે, બે પ્રકારે, અનેક પ્રકારે,સેંકડો પ્રકારે, હજારો પ્રકારે તથા લાખો પ્રકારે થાય છે. તે ભગવાન આવા પ્રભાવશાળી મહાન દેવ છે, માટે સેંકડો વર્ષે પણ તેમના ગુણોનું વર્ણન કરી શકાતું નથી. "[૪૩,૪૪]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
"ઇશ્વરપ્રશંસા " એ વિષયનો
અધ્યાય ૧૬૦ મો સમાપ્ત

અધ્યાય ૧૬૧ મો

મહેશ્વરમાહાત્મ્ય

॥ वासुदेव उवाच ॥

युधिष्ठिर महाबाहो माहाभाग्यं महात्मनः ।
रुद्राय बहुरूपाय बहुनाम्ने निबोधमे ॥१॥

વાસુદેવે કહ્યું:–" હે મહાબાહુ યુધિષ્ઠિર ! અનેક સ્વરૂપોવાળા અને અનેક નામોવાળા મહાત્મા રુદ્રનું માહાત્મ્ય તમે મારી પાસેથી સાંભળો.[૧] તે મહાદેવને અગ્નિ, સ્થાણુ, મહેશ્વર, એક નેત્રવાળા, ત્રણ નેત્રવાળા, વિશ્વરૂપ તથા શિવ પણ કહે છે.[૨] વળી વેદવેત્તા બ્રાહ્મણો કહે છે કે, તે દેવનાં બે શરીર (સ્વરૂપ) છે. એક તો ઘોર શરીર અને બીજું શિવ અથવા મંગલ શરીર. આ બંને શરીરો પણ પાછાં અનેક પ્રકારનાં છે. આ ભગવાનનું જે શરીર ઘોર અને ઉગ્ર છે, તે વિજળી તથા સૂર્યરૂપ છે;અને જે શરીર મંગળસ્વરૂપ તથા સૌમ્ય છે, તે જળરૂપ તથા ચંદ્રરૂપ છે.[૪] અગ્નિ તથા ચંદ્ર તેમના સ્વરૂપનો અર્ધભાગ કહેવાય છે. તેમની

એક મંગળમૂર્તિ તો નિરંતર બ્રહ્મચર્યનું પાલન કરે છે;[૫] અને બીજી અત્યંત ઘોર મૂર્તિ જગતનો સંહાર કરે છે. તે ભગવાન પ્રાણીમાત્રના નિયંતા છે અને સર્વના કરતાં મહાન છે, માટે 'મહેશ્વર' કહેવાય છે.[૬] વળી તે (પ્રલયકાળે) સર્વને બાળી નાખે છે,તીક્ષ્ણસ્વરૂપ છે, ઉગ્ર છે, પ્રતાપી છે અને માંસ, રુધિર તથા મજ્જા(ચરબી)નું ભક્ષણ કરે છે, માટે 'રુદ્ર' કહેવાય છે.[૭] સર્વ દેવોમાં તે અતિ મહાન છે. તેમનો વિષય (જ્ઞાનપ્રદેશ) ઘણો મોટો છે—વિશાળ છે;અને તે આ મહાન વિશ્વનું રક્ષણ કરે છે, માટે 'મહાદેવ ' કહેવાય છે.[૮] તેમનું સ્વરૂપ ધૂમાડાના જેવું (ભુખરૂં) છે, માટે તે 'ધૂર્જટિ' કહેવાય છે. તે સર્વ પ્રકારનાં કર્મો કરીને સર્વ મનુષ્યોને નિત્ય સુખી કરે છે અને સર્વનું કલ્યાણ ઇચ્છે છે,માટે 'શિવ' કહેવાય છે. તે સર્વના ઊર્ધ્વભાગમાં સ્થિતિ કરીને સર્વ પ્રાણીઓના પ્રાણને બાળી નાખે છે, નિત્ય સ્થિર રહે છે અને તેમનું લિંગ નિત્ય સ્થિર રહે છે, માટે 'સ્થાણુ ' કહેવાય છે. તેમનાં સ્વરૂપો ભૂત, ભવિષ્ય તથા :વર્તમાનકાળમાં અનેક પ્રકારનાં થયા કરે છે અને તે સ્થાવર તથા જંગમરૂપ છે, માટે 'બહુરૂપ' કહેવાય છે. વળી સમગ્ર દેવતાઓ તેમનામાં નિવાસ કરી રહ્યા છે, માટે તે 'વિશ્વરૂપ ' કહેવાય છે.[૮-૧૨] તેમને એક . હજાર નેત્રો છે,દશ હજાર નેત્રો છે અથવા તેમનું સ્વરૂપ સર્વ તરફથી કેવળ નેત્રમય છે. તેમનાં નેત્રોનું તેજ પ્રભાવવાળું છે અને તેમનાં નેત્રોનો અંતજ નથી.[૧૩] તે ભગવાન સર્વ જીવોનું રક્ષણ કરે છે, સર્વ જીવો સાથે રમણ કરે છે અને સર્વ જીવોના અધિપતિ છે;માટે 'પશુપતિ' કહેવાય છે.[૧૪] તેમનું લિંગ (મૂર્તિ) નિત્યના બ્રહ્મચર્યને લીધે જ્યારે સ્થિર રહ્યું છે, ત્યારે લોકો એની પૂજા કરી શકે છે અને તે (પૂજા) એ મહાત્માને પ્રિય છે.[૧૫] જે મનુષ્ય એ મહાત્માની પ્રતિમાને અથવા લિંગને પૂજે છે, તેને નિત્ય મહાન લક્ષ્મી મળે છે.[૧૬] સર્વ ઋષિઓ, દેવો, ગંધર્વો તથા અપ્સરાઓ, ઊર્ધ્વભાગમાં સ્થિતિ કરી રહેલા તેમના લિંગનીજ પૂજા કર્યા કરે છે.વળી લિંગની પૂજા કરવાથી તે મહેશ્વર પ્રસન્ન રહે છે;અને ભક્ત ઉપર પ્રેમ રાખનારા તે ભગવાન ભક્તો ઉપર પ્રસન્નચિત્ત થઇને તેઓને સુખ આપે છે.[૧૮] (પ્રલયસમયે) સર્વને બાળી નાખનારા તે દેવ શ્મશાનમાંજ નિવાસ કરે છે,માટે જે મનુષ્યો શ્મશાનમાં રહીને તેનું યજન કરે છે,તેઓ (મરણ પછી) વીરપુરુષોની ગતિને પામે છે.[૧૯] તે પ્રત્યેક શરીરોમાં વિષયોની અંદર સ્થિતિ કરી રહ્યા છે, પ્રાણીમાત્રના મૃત્યુરૂપ છે અને તેજ ભગવાન પ્રાણીમાત્રનાં શરીરોમાં પ્રાણ તથા અપાનવાયુરૂપે રહેલા છે.[૨૦] તેમનાં સ્વરૂપો ઘોર તથા પ્રદીપ્ત હોઇને અનેક પ્રકારનાં છે, કે જે લોકમાં પૂજાઇ રહ્યાં છે; અને વિદ્વાન બ્રાહ્મણો તે સ્વરૂપોને જાણે પણ છે.[૨૧] સર્વ દેવોમાં તેમનાં અનેક નામો સાંભળવામાં આવે છે,કે જે નામો તેમના મહત્ત્વને લીધે, વ્યાપકપણાને લીધે તથા કર્મોને લીધે પડેલાં છે.[૨૨] બ્રાહ્મણો વેદમાં રહેલા તેમના ઉત્તમ શતરુદ્રીય સ્તોત્રને જાણે છે, કે જે સ્તોત્ર એ મહાત્માના ઉપસ્થાન(સ્તવન)-રૂપ હોઈને વ્યાસે પોતે કહેલું છે.[૨૩] તે ભગવાન સર્વ લોકોને ઇષ્ટકામનાઓ અર્પણ કરે છે, મહાન વિશ્વરૂપ પણ કહેવાય છે; અને બ્રાહ્મણો તથા કેટલાએક ઋષિઓ તેમને ' જ્યેષ્ઠભૂત ' નામે ઓળખે છે. તે સર્વ દેવોમાં મુખ્ય છે, તેમણે પોતાના મુખમાંથી અગ્નિને ઉત્પન્ન કર્યો છે; અને તે અનેક પ્રકારના ગ્રહોએ ચોતરફથી ઘેરી લીધેલા પોતાના ભક્તજનોના પ્રાણોને સંકટમાંથી છોડાવે પણ છે.[૨૫] તે પુણ્યાત્મા ભગવાન શરણે આવેલાનું રક્ષણ કરનારા છે, જેથી શરણાગતોનો કદી ત્યાગ કરી દેતા નથી. (પોતાના ભક્ત) મનુષ્યોને આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય,ધન તથા પુષ્કળ કામનાઓ અર્પણ કરે છે; અને તેજ ભગવાન (જેનાપર ક્રોધાયમાન થાય છે તેઓની પાસેથી) તે સર્વ પદાર્થને ઝુંટવી લે છે. ઇંદ્રાદિ દેવો વિષે જે ઐશ્વર્ય રહેલું છે તે એમનું પોતાનુંજ છે, એમ કહેવાય છે; અને તેજ ત્રૈલોકયનું શુભ અશુભ કરવામાં નિત્ય તત્પર રહે છે.વળી તે ઐશ્વર્યને લીધે સર્વ

કામનાઓના ઇશ્વર કહેવાય છે અને મોટા લોકોના પણ તે ઇશ્વર છે,માટે મહેશ્વર કહેવાય છે. તેમણે પોતાનાં અનેક સ્વરૂપોથી આ સમગ્ર જગતને વ્યાપ્ત કરી દીધું છે અને તે દેવનું મુખ સમુદ્રમાં વડવાગ્નિરૂપે રહેલું છે. ”[૨૬-૨૯]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ મહેશ્વરમાહાત્મ્ય”એ વિષયનો
અધ્યાય ૧૬૧ મો સમાપ્ત

અધ્યાય ૧૬૨ મો

ધર્મપ્રમાણકથન

॥ वैशंपायन उवाच ॥

इत्युक्तवति वाक्ये तु कृष्णे देवकिनंदने ।
भीष्मं शांतनवं भूयः पर्यपृच्छद्युधिष्ठिरः ॥१॥

વૈશંપાયને કહ્યું:-દેવકીના પુત્ર શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું, એટલે યુધિષ્ઠિરરાજાએ શાંતનુના પુત્ર ભીષ્મપિતામહને પુનઃ આ પ્રમાણે પૂછ્યું:-“ હે મહાબુદ્ધિમાન ! હે સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ પિતામહ! ધર્મસંબંધી નિર્ણય કરવામાં પ્રત્યક્ષ પ્રમાણ અને આગમ(શાસ્ત્ર)પ્રમાણ-એ બન્ને પ્રમાણોમાંથી કયું પ્રમાણ સબળ સાધનરૂપ થઇ પડે છે ? ”[૨]

ભીષ્મે કહ્યું:-“ હું તો માનું છું કે, આ વિષયમાં કોઇ જાતનો સંશય નથી, તોપણ હે બુદ્ધિમાન રાજા! તેં મને ઉત્તમપ્રશ્ન પૂછ્યો છે, તેનો ઉત્તર હું તને કહું છું,તે સાંભળ.[૩]ધર્મ જેવા વિષયમાં સંશય કરવો તે સહેલો છે, પણ તે સંશયનો નિર્ણય કરવો અથવા સમાધાન કરવું તે મહાકઠિન છે; કેમકે તેવા ધાર્મિક વિષયમાં જ્યાં જ્યાં સંશયનું દર્શન થાય છે,ત્યાં ત્યાં (તેનો નિર્ણય કરવા માટે) કોઇ સ્થળે પ્રત્યક્ષપ્રમાણ સાધનભૂત થઈ પડે છે અને કોઈ સ્થળે આગમપ્રમાણ સાધનભૂત થઈ પડે છે.[૪] કેટલાએક હેતુવાદી તાર્કિકો, પોતાનેજ બુદ્ધિમાન માનીને કેવળ પ્રત્યક્ષ પ્રમાણનેજ પ્રબળ કારણ માને છે;અને (પરમાણુ આદિને પોતાના બુદ્ધિવાદથીજ નિત્યત્વ આદિ ગુણવાળા કલ્પી કાઢીને) આવો નિશ્ચય કરે છે કે,ત્રણે કાળમાં અબાધિત,અને વાણી તથા મનથી અગોચર એવી (ઇશ્વર જેવી) કોઈ વસ્તુ છેજ નહિ; પણ તેઓને જ્યારે વૈદિકો ઉપાલંભ આપે છે (વાદવિવાદમાં પરાસ્ત કરે છે), ત્યારે એ વિષયમાં તેઓ સંશય કરે છે;[૫] આ રીતે અજ્ઞાની હોવા છતાં પોતાને પંડિત માનનારા તે તર્કવાદીઓ તેવો અયોગ્ય નિશ્ચયજ કરે છે. આમ હોવા છતાં હે ભારત! તને પણ આવી શંકા થતી હોય કે:-“પરબ્રહ્મ એકજ છે છતાં સર્વના કારણકેમ થઇ શકે ? ” તેના સમાધાનમાં હું તને કહું છું કે, જ્યારે તું દીર્ઘકાળપર્યંત આળસનો ત્યાગ કરીને યોગનિષ્ઠ થઇશ અને અનેક પ્રકારની પ્રાણયાત્રા કરીશ-અર્થાત્ અનેક પ્રકારે જીવનનિર્વાહ ચલાવીશ, ત્યારેજ એ પરબ્રહ્મને તું જાણી શકીશ;[૬,૭] કેમકે જે પુરુષ એ પ્રમાણે યોગપરાયણ રહે છે,તેજ એ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે.(પણ એ વિના બીજો પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકતો નથી.) વળી કલ્પનાસંજ્ઞક સર્વ હેતુઓનો જ્યારે અંત આવે છે,ત્યારેજ બ્રહ્મસંબંધી વિશાળ તથા ઉત્તમ જ્ઞાન સંપાદન કરી શકાય છે;અને ત્યારેજ સર્વ લોકના જ્યોતિરૂપ મહાન જ્ઞાનને પામી શકાય છે. હે રાજન્! જે જ્ઞાન કેવળ હેતુવાદથીજ ઉત્પન્ન થાય છે તેને સત્ય જ્ઞાન કહી શકાયજ નહિ;કેમકે તે જ્ઞાન વેદવાણીથી સિદ્ધ થયેલું હોતું નથી અને તેથીજ તે અગ્રાહ્ય અથવા અસ્વીકાર્ય હોવાથી તેનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ.”[૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે પિતામહ ! પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને અનેક પ્રકારના શિષ્ટાચાર-આવાં અનેક પ્રમાણો જોવામાં આવે છે, તેમાંથી કયું પ્રમાણ વિશેષ બળવાન ગણાયછે? તે મને કહો.”[૧૦]

ભીષ્મે કહ્યું:-“ બળવાન થઇ પડેલા દુરાત્મા પુરુષો જ્યારે ધર્મનો નાશ કરવા માંડે છે, ત્યારે ઘણા પ્રયત્નો કરીને પણ ધર્મની રક્ષા કરવામાં આવે છે; છતાં કાળે કરીને તેનો નાશ થઈ જાય છે અને ઘાસથી ઢંકાયેલા કૂવાની પેઠે ધર્મના સ્વરૂપમાં અધર્મજ સર્વત્ર ફેલાઇ જાય છે, જેથી હે યુધિષ્ઠિર! શિષ્ટાચારનો પણ નાશ

થઇ જાય છે.આ વિષે હું તને કહું છું,તે સાંભળ. જે દુરાચારી પુરુષો વેદવચનોનો અસ્વીકાર કરવા તત્પર થઇને સદ્વર્તનનો લોપ કરે છે અને જેઓ મંદ બુદ્ધિવાળા હોઈને ધર્મનો દ્વેષ કરે છે, તેઓ પ્રત્યક્ષ, અનુમાન તથા શિષ્ટાચાર આદિ પ્રમાણોમાં પણ સંશય કરે છે;૧૩ માટે હે રાજા! જે પુરુષો સત્પુરુષોનો આચાર જાણવામાટે નિત્ય ઉત્કંઠિત રહે છે,જેઓની બુદ્ધિ શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરીને પરમ પ્રમાણભૂત થયેલી હોય છે અને જેઓ સર્વ વિષયમાં નિત્ય સંતુષ્ટ રહે છે, તેઓનું તું ઉપાસન કર અને તેઓને તું તારા સંશયો પૂછ.૧૪ વળી જે પુરુષોએ લોભ તથા મોહને અનુસરનારા કામ તથા અર્થને બાજુપર મૂકીને કેવળ ધર્મનુંજ જ્ઞાન સંપાદન કરેલું હોય છે,તેઓનું તું ઉપાસનકર અને તેઓને તું તારા સંશયો પૂછ;૧૫ કેમકે તેઓના સદ્વર્તનનો કદી ભંગ થતો નથી, તેઓના યજ્ઞો તથા બીજાં નિત્ય કર્મો સદાય ચાલુજ રહે છે અને ઉત્તમ વર્તન, શૌચાદિ આચાર તથા વેદ–એ ત્રણેને એકત્ર કરીને કેવળ એક ધર્મનેજ તેઓ સાધે છે (માટે તારે પણ એ રીતે ધર્મસાધના કરવી જોઇએ)."૧૬

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હું સંશયરૂપ મહાસાગરમાં (ઘૂમી ઘૂમીને નિર્ણયરૂપ સામા કિનારાને) શોધ્યા કરૂં છું;છતાં તેને જોઇ શકતો નથી,જેથી વળી પાછી મારી બુદ્ધિ અત્યંત મુંઝાઇ જાય છે.૧૭ (હું તમને પૂછું છું કે) વેદ, પ્રત્યક્ષ તથા શિષ્ટાચાર–એવાં ત્રણ પ્રમાણો ધર્મની જો સિદ્ધિ કરતાં હોય તો એ પ્રમાણો જેમ ભિન્ન ભિન્ન છે, તેમ ધર્મ પણ ત્રણ પ્રકારે ભિન્ન ભિન્ન હોવો જોઇએ; છતાં ધર્મ એક કેવી રીતે? અને તેનાં પ્રમાણો ત્રણ કેવી રીતે?"

ભીષ્મે કહ્યું:–" હે રાજન્! બળવાન થઇ પડેલા દુરાત્મા પુરુષો ધર્મનો જ્યારે હ્રાસ કરવા માંડે છે,ત્યારે પૂર્વોક્ત ત્રણ પ્રમાણોથી ત્રણ પ્રકારે ધર્મની વિચારણા કરવામાં આવે છે;પણ તેથી તારે એમ માનવું નહિ કે, ધર્મ પણ ત્રણ પ્રકારનો છે–અર્થાત્ ત્રણ પ્રમાણોથી થતી ધર્મની વિચારણાજ ત્રણ પ્રકારની છે; ધર્મ તો એકજ છે.૧૯ તું જાણ કે, ધર્મ તો એકજ છે. માત્ર તેનું દર્શન અથવા પરીક્ષા ત્રણ પ્રકારે કરવામાં આવે છે. વળી ત્રણ પ્રકારનાં પ્રમાણો એક એક સ્વતંત્ર રહીનેજ ધર્મનું પ્રતિપાદન કરે છે, આમ કહેવાનો પણ મારો આશય નથી. (અર્થાત્ ત્રણે પ્રમાણો જૂદાં જૂદાં રહીને ધર્મમાં પ્રમાણભૂત મનાતાં નથી,પણ અન્યોન્ય અનુકૂળ થઇને તથા અન્યોન્યની સાથે રહીનેજ તેઓ પ્રમાણભૂત મનાય છે.)૨૦ ત્રણે પ્રમાણોમાં જે માર્ગ વેદમાં કહેવામાં આવ્યો હોય તે માર્ગનુંજ તું આચરણ કર;* પરંતુ ઉપરાઉપરી તર્ક કરીને ધર્મને જાણવાની ઇચ્છા કરીશ મા.૨૧ હે ભરતશ્રેષ્ઠ! આ વેદોક્ત માર્ગમાં તને કદી સંશયજ થવો ન જોઇએ; પણ એક આંધળા મનુષ્યની પેઠે તથા જડ મનુષ્યની પેઠે કોઇ જાતની શંકા કર્યાવિના હું જે કહું છું તેનુંજ તું આચરણ કર.૨૨ હે અજાતશત્રુ યુધિષ્ઠિર! અહિંસા, સત્ય, અક્રોધ (ક્ષમા) અને દાન, આ ચારેનું તું સેવન કર; કેમકે એજ સનાતન ધર્મ કહેવાય છે.૨૩ વળી હે મહાબાહુ! તારાં પિતા અને પિતામહને છાજે તેવી તું બ્રાહ્મણોના પર વૃત્તિ રાખ;કેમકે બ્રાહ્મણો ધર્મના માર્ગદર્શક ગણાય છે.૨૪ જે મૂર્ખ મનુષ્ય(વેદ જેવા) પ્રમાણને અપ્રમાણ માને છે તે મનુષ્ય જગતમાં કદી પ્રમાણપાત્ર થવાને યોગ્ય થતો નથી; પણ ઉલટો તે વિવાદજનકજ થઇ પડે છે.૨૫ હે રાજા! તારે નિત્ય સત્કાર તથા બહુ માન આપીને બ્રાહ્મણોનુંજ સેવન કરવું; કેમકે આ સમગ્ર લોકો તેઓને આધારેજ ટકી રહ્યા છે, એમ તારે જાણવું."૨૬

યુધિષ્ઠિરે પૂછ્યું:–" જેઓ ધર્મનો દ્વેષ કરે છે અને જેઓ ધર્મનું ઉપાસન (આચરણ)

---

* કહેવાનો આશય એ છે કે, ધર્મનું સ્વરૂપ અતીન્દ્રિય–ઇંદ્રિયોથી અગ્રાહ્ય છે, માટે તેમાં પ્રત્યક્ષ પ્રમાણનો અસંભવ છે; તેમજ શિષ્ટ પુરુષોનો આચાર પણ કોઈ સમયે નષ્ટ થઈ ગયેલો હોવાથી ધર્મમાં પ્રમાણભૂત થઈ શકતો નથી. માટે ધર્મનું જ્ઞાન સંપાદન કરવામાટે વેદનેજ પ્રમાણ માનીને વેદોક્ત માર્ગનુંજ તું આચરણ કર.

કરે છે, તેઓ બન્ને પ્રકારના મનુષ્યો કયા કયા લોકમાં જાય છે? તે તમે મને કહો."[૨૭]

ભીષ્મે કહ્યું:–" જે મનુષ્યોનાં ચિત્ત રજોગુણથી તથા તમોગુણથી ઘેરાઇ ગયેલાં હોય છે, તેઓ ધર્મનો દ્વેષ કરે છે અને તેથી નરકને પામે છે;[૨૮] પરંતુ હે મહારાજા! જે મનુષ્યો સત્ય તથા સરળતામાં પરાયણ રહીને નિત્ય ધર્મનું ઉપાસન કરે છે, તેઓ સ્વર્ગને પામે છે. વળી જેઓ ધર્મનું ઉપાસન કરે છે તેઓ દેવલોકને પામે છે; અને આચાર્ય(ગુરુ)નું ઉપાસન કરવાથી ધર્મજ તેઓની ગતિરૂપ થાય છે. મનુષ્યો અથવા દેવતાઓ શરીરને સંતોષ આપીને પણ જો ધર્મનું આચરણ કરે છે, તો તેઓ લોભ તથા: દ્વેષથી રહિત થઇને સુખી થાય છે.[૩૧] વિદ્વાનો કહે છે કે,ધર્મ બ્રહ્મદેવનો પ્રથમ પુત્ર છે અને તેથીજ ભોક્તા પુરુષનું મન પાકેલા ફળનું જેમ ભક્ષણ કરે છે, તેમ ધાર્મિક પુરુષો ધર્મનું આચરણ કરે છે."[૩૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"દુષ્ટ પુરુષોનું સ્વરૂપ–અર્થાત લક્ષણ કેવું હોય છે? સત્પુરુષો કેવું આચરણ કરે છે અને સત્પુરુષો તથા અસત્પુરુષો કેવા હોય છે? તે તમે મને કહો."[૩૩]

ભીષ્મે કહ્યું:–" દુષ્ટ પુરુષો દુરાચારી હોય છે, દુરાધર્ષ (અર્થાત્ કુમાર્ગેથી વાર્યા વરે નહિ તેવા) હોય છે અને દુષ્ટ મુખવાળા હોય છે–અર્થાત્ મુખમાંથી દુષ્ટ વાક્ય બોલનારા હોય છે; પણ સત્પુરુષો તો સદાચારસંપન્ન હોય છે અને (તેઓનું વર્તન) એજ શિષ્ટાચારનું લક્ષણ ગણાય છે.[૩૪] હે રાજેન્દ્ર! ધર્મનું આચરણ કરનારા સત્પુરુષો રાજમાર્ગમાં, ગાયોની વચ્ચે તથા ધાન્યની વચ્ચે કદી મળમૂત્રનો ત્યાગ કરતા નથી.[૩૫] વળી તેવા સત્પુરુષો દેવો, પિતૃઓ, ભૂતો, અતિથિઓ તથા કુટુંબવર્ગ–આ પાંચેને ભોજન આપ્યા પછી પોતે ભોજન કરે છે, ભોજન કરતા કરતા બોલતા નથી અને ભીને હાથે નિદ્રાવશ થતા નથી.[૩૬] જેઓ અગ્નિને, બળદને, દેવને, ગાયોના વાડાને, ચોટાને તથા ધર્મનિષ્ઠ વૃદ્ધ બ્રાહ્મણને પ્રદક્ષિણા કરે છે,તેઓ સત્પુરુષ કહેવાય છે.[૩૭] જેઓ વૃદ્ધ પુરુષોને, ભારથી દુઃખી થયેલા મનુષ્યોને, સ્ત્રીઓને, સર્પને, બ્રાહ્મણોને, ગાયોને તથા રાજાઓને માર્ગ આપે છે તેઓ સત્પુરુષ કહેવાય છે;[૩૮] તેમજ જે પુરુષ સર્વ અતિથિઓનું, નોકરવર્ગનું, પોતાના કુટુંબવર્ગનું તથા શરણ લેવાની ઇચ્છા રાખનારાઓનું રક્ષણ કરે છે; અને તે સર્વને સ્વાગતવચન કહે છે, તે પણ સત્પુરુષ કહેવાય છે.[૩૯] દેવોએ મનુષ્યોને માટે સાયંકાળે તથા પ્રાતઃકાળે ભોજન કરવાનો નિયમ રચ્યો છે; પણ તેની વચ્ચે (ત્રીજી વાર) ભોજન કરવાનો નિયમ જોવામાં આવતો નથી, માટે એ રીતે બે વખત ભોજન કરવું તેને ઉપવાસવિધિજ કહેવામાં આવે છે.[૪૦] જેમ અગ્નિ હોમ કરવાના સમયે હોમની રાહ જુએ છે, તેમ સ્ત્રી ઋતુ આવવાના સમયે ઋતુની રાહ જુએ છે. (માટે ઋતુકાળે સ્ત્રીગમન કરવું.)[૪૧] જે પુરુષ ઋતુકાળવિના કદી સ્ત્રીગમન કરતો નથી, તે સદાય બ્રહ્મચર્યજ પાળે છે. અમૃત, બ્રાહ્મણો તથા ગાય, એ ત્રણેની યોગ્યતા એકસરખીજ છે;[૪૨] માટે ગાયોનું તથા બ્રાહ્મણનું નિત્ય વિધિપૂર્વક પૂજન કરવું. જે માંસને યજુર્વેદના મંત્રોથી સંસ્કારવાળું કરવામાં આવ્યું હોય તેનું ભક્ષણ કરનાર પુરુષ દોષપાત્ર ગણાતો નથી; (અર્થાત્ યજ્ઞનિમિત્તે માંસભક્ષણ કરવાથી દોષ લાગતો નથી.) પણ યજ્ઞાદિ નિમિત્તવિના કરેલું માંસભક્ષણ, કોઇ પ્રાણીના પૃષ્ઠભાગનું (એટલે પીઠના ભાગનું) માંસભક્ષણ તથા પુત્રના માંસનું ભક્ષણ, આ ત્રણેને સમાનજ ગણવામાં આવે છે.[૪૩] મનુષ્યે પોતાના દેશમાં અથવા પારકા દેશમાં અતિથિને કદી ઉપવાસી રાખવો નહિ અને હરકોઇ કર્મ સફળ કરીને ગુરુને તે જણાવવું.[૪૪] પ્રત્યેક મનુષ્યે ગુરુઓને વંદન કરીને તથા તેઓની પૂજા કરીને તેઓને આસન અર્પણ કરવું; કેમકે ગુરુઓનું પૂજન કરવાથી મનુષ્યના આયુષ્યની, યશની તથા લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.[૪૫] વૃદ્ધ પુરુષોનું કદી અપમાન કરવું નહિ તેમજ તેઓને કદી આજ્ઞા કરવી નહિ. વૃદ્ધ પુરુષો ઉભા હોય ત્યારે પોતે કદી બેસવું નહિ;

કેમકે એ રીતે વર્તવાથી મનુષ્યનું આયુષ્ય ક્ષીણ થતું નથી.[૪૬] કોઇ પણ સ્ત્રીને નગ્ન અવસ્થામાં કદી જોવી નહિ, નગ્ન પુરુષોને પણ જોવા નહિ અને મૈથુન તથા આહાર નિત્ય ગુપ્તપણે કરવાં.[૪૭] સર્વ તીર્થોમાં ગુરુઓજ શ્રેષ્ઠ તીર્થ કહેવાય છે, સર્વ પવિત્ર પદાર્થોમાં હૃદયજ સર્વના કરતાં પવિત્ર ગણાય છે, સર્વ શાસ્ત્રોમાં જ્ઞાનજ શ્રેષ્ઠ ગણાય છે; અને સંતોષ પરમ સુખ મનાય છે.[૪૮] પ્રતિદિન સાયંકાળે તથા પ્રાતઃકાળે વૃદ્ધ પુરુષોની પુષ્કળ વાણી સાંભળવી, કેમકે વૃદ્ધ પુરુષોનું નિત્ય સેવન કરવાથી મનુષ્ય શાસ્ત્રજ્ઞાનને સંપાદન કરે છે.[૪૯] *સ્વાધ્યાય તથા ભોજન કરતી વેળા જમણા હાથને ઉંચો કરવો; (અર્થાત્ જમણે હાથે વેદસ્વાધ્યાય કરવો અને જમણે હાથે ભોજન કરવું;) તેમજ વાણીનો, મનનો તથા ઇંદ્રિયોનો નિત્ય નિગ્રહ કરવો.[૫૦] અષ્ટકા શ્રાદ્ધમાં પિતૃદેવતાઓને ઉદ્દેશીને નિત્ય ઉત્તમ દૂધપાક, રાબડી, ખીચડી તથા હવિષ્યાન્ન અર્પણ કરવાં અને ગ્રહોનું નિત્ય પૂજન કરવું.[૫૧] શ્મશ્રુકર્મ (હજામત) કરાવ્યા પછી મંગલકારક વચનો બોલવાં, કોઇને છીંક આવે ત્યારે "शतं जीव" એમ કહીને અભિનંદન આપવું તથા સર્વ રોગી મનુષ્યોને પણ "आयुष्मान भव" એમ કહીને અભિનંદન આપવું.[૫૨] મનુષ્ય પોતે કદી આપત્તિમાં આવી પડયો હોય તોપણ તેણે કોઇ મહાન પુરુષને હુંકારો કરવો નહિ; કેમકે વિદ્વાનો હુંકારાને તથા નાશને એકસરખાજ માને છે.[૫૩] જેઓ પોતાના કરતાં ઉતરતા હોય, પોતાના સમાન હોય અને પોતાના શિષ્યો હોય, તેઓનેજ માત્ર હુંકારો કરવો. જે પુરુષ પાપકર્મ કરનારો હોય છે તેનું હૃદયજ નિત્ય પાપને પ્રકટ કરી દે છે.[૫૪] † દુષ્ટ પુરુષો પોતે જાણી જોઇને કરેલા પોતાના પાપકર્મને ઢાંકવાનો પ્રયત્ન કરે છે; પરંતુ જનસમુદાયમાં જ્ઞાનપૂર્વક પાપકર્મને ઢાંકનારા તે પાપીઓ વિનાશ પામે છે.[૫૫] પાપી મનુષ્ય માને છે કે, મને મનુષ્યો જોતા નથી કે દેવતાઓ જોતા નથી (પણ સર્વ દેવતાઓ મનુષ્યોનાં પ્રત્યેક કર્મને જોઈ શકે છે, એમ તે જાણતો નથી); અને પાપી મનુષ્ય પોતાનાં પાપકર્મથીજ હણાઇને અંતે પાપી યોનિમાં જન્મે છે.[૫૬] જેમ વ્યાજ ઉપર આજીવિકા ચલાવનારો પુરુષ પ્રતિદિન વ્યાજના વધારાની રાહ જુએ છે, તેમ પાપી પુરુષે પણ પ્રતિદિન ધર્માચરણ કરીને પાપને ઢાંકી દેવું જોઇએ અને ધર્મનીજ વૃદ્ધિ કર્યા કરવી જોઇએ. જેમ મીઠાના ગાંગડાને જળમાં ડૂબાવી રાખવાથી તે સમૂળગો લય પામી જાય છે, તેમ પ્રાયશ્ચિત્તોથી હણાયેલું પાપ પણ સત્વર નષ્ટ થઇ જાય છે;[૫૮] માટે કોઇ પણ મનુષ્યે પાપને કદી ગુપ્ત રાખવું નહિ, કેમકે એ રીતે ગુપ્ત રાખેલું પાપ ઉલટું વધી પડેછે, માટે પાપકર્મ કરીને તે સત્પુરુષો આગળ જાહેર કરી દેવું; જેથી તે સત્પુરુષો (પ્રાયશ્ચિત્તોદ્વારા) તેનો નાશ કરે છે.[૫૯] અમુક આશાથી એકઠા કરી રાખેલા ધનનો યોગ્ય સમયે જો ઉપભોગ કરવામાં આવતો નથી, તો તે ધનસંગ્રહ કરનાર મનુષ્યના મરણ પછી બીજા મનુષ્યો તે ધનને લઇ લે છે.[૬૦] વિદ્વાનો કહે છે કે, પ્રાણીમાત્રનું મન સ્વાભાવિક રીતે ધર્મનેજ અનુકૂળ થઇ રહે છે; માટેજ સર્વ પ્રાણીઓ ધર્મનેજ સંપાદન કરવા તત્પર રહે છે.[૬૧] મનુષ્યે એકલા રહીનેજ ધર્માચરણ કરવું, પણ પોતે કરેલા ધર્માચરણને લોકોની આગળ ગાયા કરવું નહિ; અને જે મનુષ્યો ધર્મનો ઉપભોગ કરે છે–ધર્મને નામે જીવન ગાળે છે, તેઓ ધર્મનો વ્યાપાર કરનારાજ ગણાય છે.[૬૨] પ્રત્યેક મનુષ્યે દંભ અથવા ડોળ રાખ્યાવિના દેવોનું પૂજન કરવું, કપટ રાખ્યાવિના ગુરુઓનું સેવન કરવું અને પરલોકયાત્રામાટે પરલોકમાં હિતકારક એવો દાન નામનો નિધિ (ખજાનો) એકઠો કરી રાખવો."[૬૩]

અધ્યાય ૧૬૨ મો સમાપ્ત

---

* ટીકાકાર નીલકંઠ લખે છે કે, સ્વાધ્યાય તથા ભોજન કરતી વેળા જમણા હાથને ઉંચો કરવો એટલે યજ્ઞોપવીત ધારણ કરવું.

† અર્થાત્ તેઓનાં કર્મ ઉપરથીજ તેઓનું હૃદય જણાઇ આવે છે.

અધ્યાય ૧૬૩ મો

ધર્મપ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

नाभागधेयः प्राप्नोति धनं सुवलवानपि ।
भागधेयान्वितस्त्वर्थान् कृशो वालश्च विंदति ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“મહાબળવાન પુરુષ પણ જો ભાગ્યરહિત હોય છે, તો ધનને મેળવી શકતો નથી; અને ભાગ્યસંપન્ન પુરુષ નિર્બળ હોય છે તથા બાળક હોય છે, તોપણ ધન સંપાદન કરી શકે છે.[૧] મનુષ્ય પ્રયત્ન કરે છે તોપણ જે સમયે તેને લાભ થવાનો હોતો નથી, તે સમયે તેને લાભ થતો નથી; પણ જે સમયે લાભ થવાનો હોય છે, તે સમયે પ્રયત્ન નહિ કર્યા છતાં પણ પુષ્કળ ધનને મેળવે છે.[૨] તેવા સેંકડો પુરુષો જોવામાં આવે છે કે જેઓ પ્રયત્ન કરે છે છતાં કંઈ ફળ મેળવી શકતા નથી; અને તેવા અનેક પુરુષો જોવામાં આવે છે કે જેઓ લેશમાત્ર પ્રયત્ન કરતા નથી, છતાં પ્રતિદિન સમૃદ્ધિમાન થતા જાય છે.[૩] હે ભરતશ્રેષ્ઠ પિતામહ ! જો પ્રયત્નજ (સર્વ કંઇ આપવાને) સમર્થ હોય તો મનુષ્ય સર્વ ફળને સંપાદન કરે અને કોઇ દુર્લભ વસ્તુને પણ પામી શકે. કેટલાએક મનુષ્યો પ્રયત્ન કરે છે છતાં નિષ્ફળ થતા જોવામાં આવે છે; અને સેંકડો ઉપાયો કરીને ધનની શોધ કર્યા કરે છે છતાં ધન મેળવી શકતા નથી, ત્યારે બીજો એક મનુષ્ય કોઇ જાતનો પ્રયત્ન કરતો નથી અને ધનની શોધ પણ કરતો નથી છતાં ધનથી સુખી જોવામાં આવે છે.[૫] કેટલાએક મનુષ્યો ધનને માટે વારંવાર અકાર્યો કરે છે, છતાં નિર્ધન જોવામાં આવે છે; અને કેટલાએક ધનવાન પુરુષો પોતપોતાનાં કર્મ કરવામાં તત્પર રહે છે, છતાં દરિદ્રી થતા જોવામાં આવે છે:[૬] કોઇએક પુરુષ નીતિશાસ્ત્રોનું અધ્યયન કરીને પણ નીતિમાન થયેલો જોવામાં આવતો નથી, ત્યારે બીજો એક નીતિશાસ્ત્રોને નહિ જાણનારો પુરુષ નીતિમાન થયેલો હોઇને રાજાના પ્રધાનપદને પામેલો જોવામાં આવે છે, તેનું શું કારણ ?[૭] વળી વિદ્યાથી યુક્ત પુરુષ ધનવાન જોવામાં આવે છે તેમ વિદ્યાથી રહિત પુરુષ પણ ધનવાન જોવામાં આવે છે; તેમજ કોઇ વિદ્યાવાન પુરુષ પણ દુષ્ટ બુદ્ધિવાળો હોય છે અને મૂર્ખ પુરુષ પણ દુષ્ટ બુદ્ધિવાળો હોય છે. વિદ્વાન મનુષ્ય, વિદ્યાનો આશ્રય કરીને જો સુખી થતો હોય તો પોતાની આજીવિકાને માટે વિદ્યારહિત મનુષ્યનો તે કદી આશ્રય કરેજ નહિ. જેમ તૃષાતુર મનુષ્ય જળને મેળવીને તૃષાને જીતી શકે છે; તેમ હરકોઇ મનુષ્ય વિદ્યાને મેળવીનેજ સર્વ ઇષ્ટ અર્થ સંપાદન કરી શકતો હોય,તો તે કદી વિદ્યાનો ત્યાગ કરે નહિ.વળી એવું પણ જોવામાં આવે છે કે, જ્યાંસુધી મરણકાળ પ્રાપ્ત થયો હોતો નથી,ત્યાંસુધી સેંકડો બાણોથી વિંધાઇને પણ મનુષ્ય મરણ પામતો નથી; અને જ્યારે મરણકાળ પ્રાપ્ત થાય છે, ત્યારે માત્ર તણખલાના અગ્રભાગનો સ્પર્શ થતાંજ મનુષ્ય મરણ પામે છે.”૮–૧૦

ભીષ્મે કહ્યું:–“મનુષ્ય મોટા મોટા સમારંભો કરે છતાં જો ધનને સંપાદન ન કરી શકે તો તેણે ઉગ્ર તપશ્ચર્યા કરવી; કેમકે વાવ્યાવિના કંઇ ઉગતું નથી.[૧૧] વિદ્વાનો કહે છે કે, દાન આપીને મનુષ્ય ભોગ ભોગવનારો થઇ શકે છે, વૃદ્ધોની સેવા કરીને બુદ્ધિમાન થઇ શકે છે અને અહિંસાનું પાલન કરીને લાંબા આયુષ્યવાળો થઇ શકે છે;[૧૨] માટે પ્રત્યેક મનુષ્યે દાન આપવું, ધાર્મિક પુરુષોની પૂજા કરવી, ઉત્તમ વાક્ય બોલવું, સર્વનું પ્રિય કરવું, શાંત રહેવું અને કોઇપણ પ્રાણીની હિંસા કરવી નહિ.[૧૩] હે યુધિષ્ઠિર ! ડાંસ, કીડા અને કીડીઓને પણ સુખદુ:ખની પ્રાપ્તિ થાય છે અને તેમાં તેઓનાં કર્મ તથા સ્વભાવજ કારણતરીકે ગણાય છે; તેજ પ્રમાણે મનુષ્યોને સુખદુ:ખની પ્રાપ્તિ થાય છે, તેમાં પણ તેઓનાં કર્મ તથા સ્વભાવજ કારણભૂત છે, એમ જાણીને તું સ્થિર થા–ચંચળ થા મા.”[૧૪]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
“ધર્મપ્રશંસા” એ વિષયનો અધ્યાય
૧૬૩ મો સમાપ્ત

અધ્યાય ૧૬૪ મો*

ધર્મપ્રશંસા (ચાલુ)

॥ भीष्म उवाच ॥

कार्यते यच्च क्रियते सच्चासच्च कृताकृतम् ।
तत्राश्वसीत सत्कृत्वा असत्कृत्वा न विश्वसेत्॥

ભીષ્મે કહ્યું:–"મનુષ્ય જે કંઇ સારૂં–નરસું કર્મ પોતે કરે છે અથવા બીજા પાસે કરાવે છે અથવા પોતે કરતો નથી કે કરાવતો પણ નથી, તેણે ઉત્તમ કર્મ કરીનેજ ઉત્તમ ફળની આશા રાખવી; પણ દુષ્ટ કર્મ કરીને ઉત્તમ ફળ મેળવવાનો વિશ્વાસ રાખવો નહિ. (અર્થાત્ મનુષ્ય જેવું કર્મ કરે છે તેવુંજ ફળ તેને મળે છે.) [૧] સર્વ સમયે કાળજ મનુષ્યને શિક્ષા કરે છે અને કાળજ મનુષ્યનાપર કૃપા કરે છે.વળી તે કાળજ પ્રાણીમાત્રની બુદ્ધિમાં પ્રવેશ કરીને તેઓની પાસે ધર્મ કરાવે છે તથા અધર્મ કરાવે છે. (અને પરિણામમાં મનુષ્યોનાં કર્માનુસાર તેઓને શુભ અશુભ ફળ અર્પણ કરે છે.) [૨] મનુષ્ય ધર્મનાં ફળને જ્યારે જુએ છે, ત્યારે તેને "ધર્મજ શ્રેયસ્કર છે" એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને પછી તે ધર્માત્મા થઇને ધર્મ ઉપર વિશ્વાસ રાખે છે; પણ બુદ્ધિની દૃઢતાવિનાનો પુરુષ ધર્મ ઉપર વિશ્વાસ રાખી શકતો નથી.[૩] ધર્મ ઉપર વિશ્વાસ રાખવો, તેજ પ્રાણીઓમાં બુદ્ધિમાન પ્રાણીનું લક્ષણ છે અને પ્રત્યેક મનુષ્યે કાળની સાથે યુક્ત રહીને પણ કર્તવ્ય તથા અકર્તવ્ય, બંનેને જાણીને અકર્તવ્યનો ત્યાગ કરતાં અવશેષ રહેલા કર્તવ્યનુંજ આચરણ કરવું જોઇએ.[૪] જેમ અશ્વર્યવાન પુરુષો (સત્કર્મ કરીને) કદી રજોગુણી અથવા મલિનતરીકે જન્મ ધારણ કરતા નથી, તેમ ધાર્મિક પુરુષો પણ પોતે પોતાના આત્માનું પૂજન કરે છે–સત્કર્મો કરીને પોતાના આત્માનું કલ્યાણ કરે છે.[૫] કાળ ધર્મને કદી અધર્મરૂપે થવા દેતો નથી–અર્થાત્ દુઃખજનક થવા દેતો નથી; માટે પોતે પોતાના ધર્મચારી આત્માને શુદ્ધજ જાણવો. સર્વત્ર અધર્મ વ્યાપ્ત થઇ જાય છે, તોપણ કાળના રક્ષણતળે રહેલો ધર્મ કે જે બળતા અગ્નિસરખો પ્રતાપી છે, તેનો સ્પર્શ કરવાને પણ સમર્થ હોઇ શકતો નથી.[૭] ધર્મ આવાં બે કાર્યો કરી શકે છે:–એક તો પોતાનું સેવન કરનારાને તે પવિત્ર કરે છે અને બીજું અધર્મનો પોતાને સ્પર્શ પણ થવા દેતો નથી. આ રીતે ધર્મજ સર્વને વિજય આપનાર છે, ત્રણે લોકોનો પ્રકાશક છે અને સર્વનો કારણભૂત છે.[૮] કોઇએક બુદ્ધિમાન પુરુષ બીજા અધાર્મિક પુરુષને હાથમાં પકડીને (ધર્મમાર્ગમાં) લઈ જઇ શકતો નથી; છતાં પણ કોઈ બુદ્ધિમાન પુરુષ બીજા અધાર્મિક પુરુષને બળાત્કારે ધર્મમાર્ગમાં દાખલ કરે તો પેલો અધાર્મિક પુરુષ કાં તો એમ કહે છે કે:–"હું શૂદ્ર છું, વર્ણાશ્રમના ધર્મથી બહિષ્કૃત છું." અને કાં તો ધર્મના અથવા લોકના ભયથી તે ધર્મ કરવાનો ઢોંગ કરે છે. (કહેવાનો ભાવ એ છે કે, જેને ધર્મ કરવાની આંતરિક ઇચ્છા હોતી નથી તેને બળાત્કારે પ્રેરણા કરવી તે સર્વથા વ્યર્થજ છે.) કેટલાએક સાધુ પુરુષો તો ધર્મ કરવામાં કોઇ જાતનું છળકપટ કરતા નથી,પણ પોતાના અધિકાર પ્રમાણે નિષ્કપટ ભાવથી ધર્માચરણ કરે છે.

હવે ચારે વર્ણોમાં જે કંઇ વિશેષતા રહેલી છે તેના સંબંધમાં હું તને પ્રમાણો આપીને કહું છું. આ જગતમાં સર્વ પ્રાણીઓનાં શરીરો પંચમહાભૂતોનાં બનેલાં હોઇને જો કે એકસરખાંજ છે તોપણ લોકધર્મમાં તથા શાસ્ત્રધર્મમાં તેઓના સંબંધમાં વિશેષતા કરવામાં આવી છે–ભેદાભેદ કહેવામાં આવ્યો છે. (જેમકે અમુક પશુ કહેવાય છે, અમુક પામર કહેવાય છે અને અમુક પંડિત કહેવાય છે.) વળી સર્વ પ્રાણીઓ જેમ એકજ વસ્તુમાં લય પામી જાય છે, તેમ એકજ વસ્તુમાંથી વિસ્તારને પામે છે. (અર્થાત્ સર્વ પ્રાણીઓનું ઉત્પત્તિસ્થાન તથા લયસ્થાન પણ એકજ છે.) [૯–૧૨]

હવે અહીં એક શંકા થવાનો સંભવ છે કે, આ લોક અનિત્ય કેમ છે? અને ધર્મ નિ-

---

* આ અધ્યાયના ઘણાખરા શ્લોકો ફૂટ છે, તોપણ નીલકંઠી ટીકાને તથા પૂર્વાપરના સંબંધને અનુસરી તેનો અર્થ બેસાડ્યો છે.

ત્ય કેમ કહેવાય છે? (અર્થાત્) લોક કાર્યરૂપ છે અને ધર્મ લોકના કારણરૂપ છે. કાર્ય જો અનિત્ય હોય તો કારણ પણ અનિત્ય હોવું જોઇએ; પરંતુ કાર્ય અનિત્ય હોય તો કારણની નિત્યતા સંભવી શકે નહિ.) આ શંકાનું સમાધાન આ-રીતે છે. હે તાત ! જ્યાં કાળ (એટલે સંકલ્પ) નિત્ય છે, ત્યાંજ માત્ર ધર્મ નિત્ય છે-- અર્થાત્ નિષ્કામ ધર્મજ નિત્ય છે, સકામ ધર્મ નિત્ય નથી.[૧૩] આ જગતમાં સર્વ પ્રાણીઓ સમાન દેહવાળા છે અને સર્વનો આત્મા સરખો છે, છતાં તેઓમાં જે કંઇ વિશેષતા જોવામાં આવે છે તેનું કારણ તેઓનું પ્રાચીન કર્મજ છે. વળી જેનો જે સંકલ્પ ધર્મથી યુક્ત હોય છે, તેજ (સર્વનો નાશ થઇ ગયા છતાં) અવશેષ રહે છે; અને તે પોતેજ પોતાનો ગુરુ છે– ધર્મના બળથી આપોઆપ તે ઉદય પામે છે. આમ હોવાથી પ્રાણીઓને ધર્મનું સેવન કરવાથી કોઇ પ્રકારનો દોષ લાગતો નથી; એટલુંજ નહિ પરંતુ પશુપક્ષીની જાતિમાં રહેલાં પ્રાણીઓને પણ સારીનરસી પ્રવૃત્તિમાં પોતાનાં પ્રાચીન કર્માનુસાર આ લોકજ ગુરુરૂપ થઇ પડે છે– અર્થાત્ પોતાનાં પ્રાચીન કર્મને અધીન થઇને તથા લોકોનું દૃષ્ટાંત લઇને પશુપક્ષીઓ પણ સારાંનરસાં કર્મ કરવા પ્રવૃત્ત થાય છે. ” ૧૫

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં “ ધર્મપ્રશંસા ” એ વિષયનો અધ્યાય
૧૬૪ મો સમાપ્ત

અધ્યાય ૧૬૫ મો

વંશકીર્તન

॥ वैशंपायन उवाच ॥
शरतल्पगतं भीष्मं पांडवोऽथ कुरूद्वहः ।
युधिष्ठिरो हितं प्रेप्सुरपृच्छत्कल्मषापहम् ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય ! તે પછી કુરુવંશના ધુરંધર પાંડવ યુધિષ્ઠિરરાજાએ, પોતાનું હિત કરવાની ઇચ્છાથી બાણશય્યામાં સૂતેલા ભીષ્મપિતામહને, સર્વ પાપનો નાશ કેવી રીતે થાય? એ વિષયમાં પુનઃ પૂછયું.[૧]

યુધિષ્ઠિરે પૂછયું:–“ આ લોકમાં પુરુષનું કલ્યાણ કેવી રીતે થાય ? શું કરવાથી (પુરુષ) સુખી થાય ? કયા કર્મથી પાપરહિત થાય અને કયું કર્મ સર્વ પાપનો નાશ કરનારૂં છે?”

વૈશંપાયને કહ્યું:– હે મહાપુરુષ જનમેજય ! એ રીતે યુધિષ્ઠિરે કલ્યાણકારક વિષયને સાંભળવાની ફરીપણ ઇચ્છા કરી, ત્યારે શાંતનુના પુત્ર ભીષ્મપિતામહે, તેની આગળ દેવતાઓના વંશનું યથાર્થ રીતે વર્ણન કરવા માંડયું.[૩]

ભીષ્મે કહ્યું:–“ હે પુત્ર ! સર્વ કરતાં શ્રેષ્ઠ અને ઋષિઓના વંશસહિત આ દેવતાઓના વંશનો ત્રણે કાળ જો પાઠ કરવામાં આવે છે, તો મનુષ્યનાં સર્વ પાપોનો તે નાશ કરે છે.[૪] પુરુષ દિવસે, રાત્રે, પ્રાતઃકાળે તથા સાયંકાળે જાણતાં અથવા અજાણતાં જે કંઇ પાપ કરે છે, તે સર્વ પાપોથી આ દેવવંશનું કીર્તન કરવાથી મુક્ત થાય છે. વળી તે પુરુષ સદાય પવિત્ર રહે છે, કોઇ કાળે આંધળો થતો નથી, બહેરો થતો નથી, નિત્ય સર્વ કલ્યાણોથી યુક્ત રહે છે, પશુપક્ષીની યોનિમાં કદી જન્મતો નથી, નરકમાં પડતો નથી, વર્ણસંકર થતો નથી અને તેને કોઇ પ્રકારના દુઃખનો ભય રહેતો નથી; તેમજ મરણકાળે પણ તે મુંઝાતો નથી.[૫-૭] (તે વંશાનુકીર્તન આ પ્રમાણે છે, સાંભળ.)

દેવો તથા અસુરોના ગુરુ, મહાકાંતિમાન, પ્રાણીમાત્રથી નમસ્કાર કરાયેલા, અચિંત્ય, અવર્ણનીય, સર્વના પ્રાણરૂપ અને કોઈ પણ યોનિમાં ઉત્પન્ન નહિ થયેલા પરમાત્મા; તેમજ જગતના નાથ પિતામહ બ્રહ્મા, બ્રહ્માની સ્ત્રી સતી સાવિત્રી, વેદના ઉત્પાદક, સૃષ્ટિના કર્તા અને સર્વવ્યાપક પ્રભુ નારાયણ, ઉમાના પતિ શંકર, દેવસેનાના પતિ કાર્ત્તિકસ્વામી, વિશાખ, અગ્નિ, વાયુ, સર્વત્ર પ્રકાશ કરનારા ચંદ્ર તથા સૂર્ય, સચીનો પતિ દેવ ઇંદ્ર, યમ, તેની સ્ત્રી ધૂમોર્ણા, વરુણ, તેની સ્ત્રી ગૌરી, કુબેર, તેની સ્ત્રી ઋદ્ધિ, સૌમ્ય ગાય દેવી સુરભિ (કામધેનુ), મહર્ષિ વિશ્રવા, સંકલ્પ, સાગર, ગંગા, બીજી નદીઓ, મરુદ્ગણ, તપ કરીને સિદ્ધ થયેલા વાલખિલ્ય મુનિઓ, કૃષ્ણદ્વૈપાયન–વ્યાસ, નારદ,

પર્વત, વિશ્વાવસુ, હાહા,હૂહૂ, તુંબુરૂં,ચિત્રસેન, પ્રખ્યાત દેવદૂત, મહાભાગ્યશાળી દેવકન્યાઓ, અપ્સરાઓના દિવ્ય ગણો,ઉર્વશી,મેનકા,રંભા, મિશ્રકેશી, અલંબુષા, વિશ્વાચી, ઘૃતાચી, પંચચૂડા, તિલોત્તમા, આદિત્યો, વસુઓ, રુદ્રો, અશ્વિનીકુમારો, પિતૃઓ, ધર્મ, વેદ, તપ, દીક્ષા, વ્યવસાય, પિતામહ, રાત્રિઓ,દિવસો, મારીચ, કશ્યપ, શુક્ર, બૃહસ્પતિ, મંગળ, બુધ, રાહુ, શનૈશ્ચર, નક્ષત્રો, ઋતુઓ, મહિનાઓ, પખવાડીઆં, વર્ષો, વિનતાના પુત્રો (ગરુડ આદિ) કદ્રુના પુત્રો, સર્પો, શતદ્રુ, વિપાશા, ચંદ્રભાગા, સરસ્વતી, સિંધુ, દેવિકા, પ્રભાસ, પુષ્કર આદિ તીર્થો, મહાનદી ગંગા, વેણા, કાવેરી, નર્મદા, કુલંપુના, વિશલ્યા, કરતોયા, અંબુવાહિની, સરયૂ, ગંડકી, મહાનદ લોહિત, તામ્રા, અરુણા, વેત્રવતી, પર્ણાશા, ગૌતમી, ગોદાવરી, વેણ્યા, કૃષ્ણવેણા, અદ્રિજા, દષદ્વતી, કાવેરી, ચક્ષુષ્, મંદાકિની, પ્રયાગ, પવિત્ર નૈમિષારણ્ય, વિશ્વેશ્વરનું સ્થાન કાશી, નિર્મળ માનસસરોવર, ઉત્તમ જળવાળું અને પવિત્ર તીર્થરૂપ કુરુક્ષેત્ર, સિંધુત્તમ, તપ, દાન, જંબૂમાર્ગ, હિરણ્યવતી, વિતસ્તા,પ્લક્ષવતી નદી, વેદસ્મૃતિ, વેદવતી, માળવા, અશ્વવતી, પવિત્ર એવા પૃથ્વીના ભાગો, ગંગાદ્વાર, પવિત્ર ઋષિકુલ્યાઓ, સમુદ્ર તરફ વહેનારી સર્વ નદીઓ, પવિત્ર નદી ચર્મણ્વતી, કૌશિકી, યમુના, ભીમરથી, મહાનદી બાહુદા, માહેન્દ્રવાણી, ત્રિદિવા, નીલિકા, સરસ્વતી, નંદા, અપરનંદા, તીર્થરૂપ મોટા ધરાઓ, ગયા, ફલ્ગુતીર્થ, દેવતાઓથી વિંટાયેલું ધર્મારણ્ય, પવિત્ર દેવનદી, બ્રહ્માએ ઉત્પન્ન કરેલું સરોવર કે જે પવિત્ર છે, ત્રણે લોકમાં વિખ્યાત છે, સર્વ પાપોનો નાશ કરનારૂં છે અને કલ્યાણકારક છે, દિવ્ય ઔષધિઓથી વ્યાપ્ત હિમાલય પર્વત, અનેક ધાતુઓથી ચિત્રવિચિત્ર દેખાવનો, તીર્થોથી યુક્ત અને ઔષધોથી ભરપૂર વિંધ્યાચળ પર્વત, મેરુપર્વત,મહેન્દ્ર પર્વત, મલયાચલ, રૂપાથી વ્યાપ્ત શ્વેત પર્વત, શૃંગવાન પર્વત, મંદરાચલ, નીલપર્વત, નિષધ પર્વત, દર્દુર પર્વત, ચિત્રકૂટ પર્વત, અજનાભ પર્વત, ગંધમાદન પર્વત,પવિત્ર સોમગિરિ તેમજ બીજા પર્વતો, દિશાઓ, વિદિશાઓ, પૃથ્વી, સર્વે વૃક્ષો, વિશ્વેદેવાઓ,આકાશ,નક્ષત્રો તથા ગ્રહો–આ રીતે સર્વ દેવતાઓ કે જેઓનું મેં કીર્તન કર્યું છે તથા નથી કર્યું તેઓ સર્વે અમારૂં રક્ષણ કરો.[૮–૩૨]

જે પુરુષ પૂર્વોક્ત દેવોનું કીર્તન કરે છે,તે સર્વ પાપોથી મુક્ત થાય છે;અને તેઓની સ્તુતિ કરનારો તથા તેઓને અભિવંદન આપનારો પુરુષ સર્વ પ્રકારના ભયથી મુક્ત થાય છે.[૩૫] વળી જે મનુષ્ય એ દેવોની સ્તુતિ કરીને આનંદ પામે છે, તે પણ સર્વ સંકરજાતિનાં પાપોથી મુક્ત થાય છે.

હવે દેવતાઓ પછી તપથી સિદ્ધ થયેલા, મોટી તપશ્ચર્યા કરનારા તથા સર્વ પાપોથી મુક્ત કરનારા બ્રાહ્મણોનાં નામો હું તને કહું છું.જેમકેઃ–યવક્રીત, રૈભ્ય, કક્ષીવાન, ઔશિજ, ભૃગુ, અંગિરા, કણ્વ, પ્રભુ મેધાતિથિ અને ગુણસંપન્ન બર્હી–આ સર્વ બ્રાહ્મણો પૂર્વદિશામાં રહેલા છે.[૩૬–૩૮] ઉલ્મુચુ, પ્રમુચુ, વીર્યવાન સ્વસ્ત્યાત્રેય, મિત્રાવરુણના પુત્ર પ્રતાપી અગસ્ત્ય અને પ્રખ્યાત મહર્ષિ દઢાયુ તથા ઊર્ધ્વબાહુ–આ મહાભાગ્યશાળી બ્રાહ્મણો દક્ષિણદિશામાં રહેલા છે.[૩૯,૪૦] હવે જેઓ પશ્ચિમદિશામાં રહેલા છે; તેઓને તું સાંભળ. પોતાના ભાઇઓસહિત ઉષંગુ, વીર્યવાન પરિવ્યાધ, ઋષિ દીર્ઘતમા,ગૌતમ, કાશ્યપ, મહર્ષિ એકત, દ્વિત, ત્રિત અને અત્રિના ધર્માત્મા પુત્ર ભગવાન સારસ્વત–આ બ્રાહ્મણો પશ્ચિમદિશામાં રહેલા છે. હવે જેઓ ઉત્તરદિશામાં રહેલા છે, તેઓને તું સાંભળ.[૪૩] અત્રિ, વસિષ્ઠ, શક્તિ, પરાશરના વીર્યવાન પુત્ર વ્યાસ, વિશ્વામિત્ર, ભરદ્વાજ, જમદગ્નિ, ઋચીકના પુત્ર (પૌત્ર) પરશુરામ, ઋષિ ઔદ્દાલિક, શ્વેતકેતુ, કોહલ, વિપુલ, દેવલ, દેવશર્મા, ધૌમ્ય, હસ્તિકાશ્યપ, લોમશ, નાચિકેત, લોમહર્ષણ, ઋષિ ઉગ્રશ્રવા અને ભૃગુગોત્રના ચ્યવનઋષિ–આ સર્વ બ્રાહ્મણો ઉત્તરદિશામાં રહેલા છે.હે રાજન્! આ દેવસમુદાય તથા ઋષિસમુદાય આદિકાળનો છે; અને તેનું જો કીર્તન કરવામાં

આવે છે, તો તે સર્વ પાપોમાંથી મુક્ત કરે છે. (હવે કેટલાએક રાજર્ષિઓનાં નામો તું સાંભળ.)

નૃગ, યયાતિ, નહુષ, યદુ, વીર્યવાન પૂરુ, ધુન્ધુમાર, દિલીપ, પ્રતાપી સગર, કૃશાશ્વ, યૌવનાશ્વ, ચિત્રાશ્વ, સત્યવાન, દુષ્યંત, મહાયશસ્વી ચક્રવર્તી ભરત, પવન, જનક, રાજા દષ્ટરથ, પુરુષોમાં શ્રેષ્ઠ રઘુ, રાજા દશરથ, રાક્ષસોનો નાશ કરનારા રામ, શશબિંદુ, ભગીરથ, હરિશ્ચંદ્ર, મરુત, રાજા દઢરથ, મહોદર્ય, અલર્ક, રાજા ઐલ, પુરુષોમાં શ્રેષ્ઠ કરંધમ, રાજા કધ્મોર, દક્ષ, અંબરીષ, કુકુર, મહાયશસ્વી રૈવત, કુરુ, સંવરણ, સત્યપરાક્રમી માંધાતા, રાજર્ષિ મુચુકુંદ, ગંગાએ સેવેલો રાજા જહ્નુ, વેનનો પુત્ર આદિ રાજા પૃથુ, મિત્રભાનુ, પ્રિયંકર, ત્રસદ્દસ્યુ, રાજા શ્વેત, રાજર્ષિઓમાં શ્રેષ્ઠ મહાભિષ, પ્રખ્યાત રાજા નિમિ, અષ્ટક, આયુ, રાજર્ષિ ક્ષુપ, રાજા કક્ષેયુ, પ્રતર્દન, દિવોદાસ, કોસલદેશનો રાજા સુદાસ, રાજર્ષિ નલ, પ્રજાપતિ મનુ, હવિધ્ર, પૃષધ્ર, પ્રતીપ, શાંતનુ, અજ, પ્રાચીનબર્હિ, મહાયશસ્વી ઇક્ષ્વાકુ, અનરણ્ય, રાજા જાનુજંઘ તથા રાજર્ષિ કક્ષસેન—આ સર્વ રાજાઓ અને તે સિવાયના બીજા જે જે પ્રતાપી રાજાઓનાં નામો ઇતિહાસોમાં કહેવાયાં છે, તે સર્વનું પ્રાતઃકાળમાં ઉઠીને નિત્ય બન્ને સંધ્યાકાળે કીર્તન કરનારો પુરુષ પવિત્ર અને નિર્દોષ થઈને ધર્મનાં સર્વ ફળનો ભાગી થાય છે.[૬૦] (પ્રત્યેક મનુષ્યે પૂર્વોક્ત વંશાનુકીર્તનનો પાઠ કરી લીધા પછી આવી પ્રાર્થના કરવી કેઃ-)

देवा देवर्षयश्चैव स्तुता राजर्षयस्तथा ।
पुष्टिमायुर्यशः स्वर्ग विधास्यंति ममेश्वराः ॥
मा विघ्नं मा च मे पापं मा च मे परिपंथिनः
ध्रुवो जयो मे नित्यः स्यात्परत्रच शुभा गतिः

'મેં સમર્થ દેવોની, દેવર્ષિઓની તથા રાજર્ષિઓની સ્તુતિ કરી છે; માટે તેઓ મને પુષ્ટિ, આયુષ, યશ તથા સ્વર્ગ આપો.[૬૧] મને કદી વિઘ્ન ન થાઓ, મારે હાથે કોઇ પાપ ન થાઓ, મારા કોઇ શત્રુઓ ન થાઓ, મારો નિત્ય અવિનાશી વિજય થાઓ અને પરલોકમાં મને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાઓ.'"[૬૨]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વમાં
" વંશાનુકીર્તન " એ વિષયનો
અધ્યાય ૧૬૫ મો સમાપ્ત

અધ્યાય ૧૬૬ મો

ભીષ્મની અનુજ્ઞા

॥ जनमेजय उवाच ॥

शरतल्पगते भीष्मे कौरवाणां धुरंधरे ।
शयाने वीरशयने पांडवैः समुपस्थिते ॥१॥

જનમેજયે પૂછ્યું:-હે બ્રાહ્મણ વૈશંપાયન! જ્યારે કૌરવોના ધુરંધર ભીષ્મપિતામહ વીરપુરુષોના શયનરૂપ બાણશય્યામાં સૂતા હતા અને સર્વ પાંડવો તેમની સમીપમાં ઉભા હતા, ત્યારે મહાબુદ્ધિમાન મારા પૂર્વપિતામહ યુધિષ્ઠિર ધર્મોનું શાસ્ત્ર તથા દાનનો વિધિ તેમની પાસેથી જાણીને તથા સાંભળીને સર્વ પ્રકારના ધાર્મિક સંશયોથી રહિત થયા હતા; પણ તે પછી તેમણે બીજું જે કંઈ (કર્મ) કર્યું હોય, તે મને કહેવાને આપ યોગ્ય છો.[૧-૩]

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! એ પ્રમાણે કહીને પિતામહ ભીષ્મ જ્યારે શાંત થયા, ત્યારે તે સર્વ રાજમંડળ એક મુહૂર્તભર સ્થિર થઇ ગયું; અને જાણે કોઈએક ચિત્રપટમાં ચિતર્યું હોય તેવું જણાવા લાગ્યું.[૪] પછી એક મુહૂર્તભર કંઈક વિચાર કરીને સત્યવતીના પુત્ર વ્યાસે બાણશય્યામાં સૂતેલા ગંગાપુત્ર રાજા ભીષ્મને આવું વચન કહ્યું:-"હે રાજન્! કુરુરાજ યુધિષ્ઠિર (તમારા ઉપદેશને સાંભળીને) પોતાના ભાઇઓ તથા સર્વ અનુયાયી રાજાઓની સાથે સ્વસ્થ થયા છે; અને હે પુરુષવ્યાઘ્ર! બુદ્ધિમાન શ્રીકૃષ્ણની સાથે તમારૂં ઉપાસન કરી રહ્યા છે, માટે તેને હવે નગરમાં જવામાટે તમારે અનુજ્ઞા આપવી યોગ્ય છે."[૬,૭]

ભગવાન વ્યાસે એ પ્રમાણે કહ્યું, એટલે ગંગાના પુત્ર ભીષ્મરાજાએ અમાત્યોસહિત યુધિષ્ઠિરને (નગરમાં જવાને) અનુજ્ઞા આપી; અને તે શાંતનુપુત્ર રાજાએ યુધિષ્ઠિરરાજાને આવું

મધુર વચન કહ્યું:–“ હે રાજન્ ! હવે તું તારી નગરીમાં પાછો જા. તારો માનસિક સંતાપ દૂર થાઓ. તું પુષ્કળ અન્નદાનવાળા તથા સંપૂર્ણ દક્ષિણાવાળા વિવિધ પ્રકારના યજ્ઞો કરીને રાજા યયાતિની પેઠે પરમાત્માનું યજન કરજે. હે રાજેન્દ્ર! શ્રદ્ધા તથા ઇંદ્રિયનિગ્રહપૂર્વક તું ક્ષાત્રધર્મમાં આસક્ત રહેજે, પિતૃઓને તથા દેવતાઓને નિત્ય તૃપ્ત કરજે; જેથી હે પાર્થ ! તું કલ્યાણને સંપાદન કરીશ. તારો માનસિક તાપ દૂર થાઓ, તું સર્વ પ્રજાઓનું તથા પ્રધાનમંડળને રંજન કરજે અને સાંત્વન કરજે તથા ફળદાનપૂર્વક સત્કારો કરીને તું યથાયોગ્ય રીતે તારા સુહૃદોનું પૂજન કરજે.[૮-૧૨] હે તાત! કોઇ દેવમંદિરમાં રહેલા ફળસમૃદ્ધ વૃક્ષનો આશ્રય કરીને પક્ષીઓ જેમ જીવી રહે છે, તેમ તારા મિત્રો તથા સુહૃદો તારો આશ્રય કરીને ભલે જીવી રહે.[૧૩] હે રાજા ! આ સૂર્યદેવ દક્ષિણાયનના મટીને જ્યારે ઉત્તરાયણના થાય, તે સમયે તારે મારી પાસે આવવું.”[૧૪]

હે જનમેજય રાજા ! તે સાંભળી “ બહુ સારું” એમ કહીને કૌરવોમાં શ્રેષ્ઠ કુંતાપુત્ર યુધિષ્ઠિરે પિતામહને વંદન કર્યું; અને પછી ધૃતરાષ્ટ્રને તથા પતિવ્રતા ગાંધારીને આગળ કરીને સર્વ ઋષિઓ, પોતાના ભાઈઓ, શ્રીકૃષ્ણ, નગરનાં તથા દેશનાં મનુષ્યો અને વૃદ્ધ મંત્રીઓ વગેરે પોતાના પરિવારની સાથે હસ્તિનાપુર નગરમાં તેમણે પ્રવેશ કર્યો.[૧૫-૧૭]

ઇતિ શ્રીમહા૦ અનુ૦ દાનધર્મ પર્વ-
માં ‘ભીષ્મની અનુજ્ઞા ’ એ વિષયનો
અધ્યાય ૧૬૬ મો સમાપ્ત

દાનધર્મ પર્વ સમાપ્ત

ભીષ્મસ્વર્ગારોહણ પર્વ

અધ્યાય ૧૬૭ મો

ભીષ્મની સ્વર્ગગમનમાટે તૈયારી

॥ वैशंपायन उवाच ॥
ततः कुंतीसुतो राजा पौरजानपदं जनम् ।
पूजयित्वा यथान्यायमनुजज्ञे गृहान्प्रति ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય રાજા ! તે (પછી હસ્તિનાપુરમાં જઈને) કુંતાના યુધિષ્ઠિરરાજાએ શહેરના તથા દેશના સર્વ મનુષ્યોનો યથાયોગ્ય સત્કાર કર્યો; અને પછી તેઓને પોતપોતાને ઘેર જવાની અનુજ્ઞા આપી.[૧] પાંડુના પુત્ર રાજા યુધિષ્ઠિરે જે સ્ત્રીઓના વીરપુત્રો તથા વીરપતિઓ (યુદ્ધમાં) મરણ પામ્યા હતા, તેઓને પુષ્કળ ધનદાન આપીને શાંત પાડી.[૨] પછી તે સમયે મહાબુદ્ધિમાન રાજા યુધિષ્ઠિર રાજ્યાભિષિક્ત થયા અને એ રીતે રાજ્ય સંપાદન કર્યા પછી એ મહાપુરુષે પોતાના સર્વ પ્રધાનમંડળની યથાયોગ્ય વ્યવસ્થા કરી.[૩] વળી ધાર્મિકોમાં શ્રેષ્ઠ તે રાજાએ બ્રાહ્મણો પાસેથી, સેનાપતિઓ પાસેથી તથા વેદશાસ્ત્રને જાણનારા વિદ્વાનો પાસેથી ઉત્તમ આશીર્વાદો ગ્રહણ કર્યા.[૪] પુરુષોમાં શ્રેષ્ઠ શ્રીમાન યુધિષ્ઠિરરાજા તે વેળા હસ્તિનાપુરમાં પચાસ રાત્રિઓ રહ્યા. તે પછી કૌરવોમાં શ્રેષ્ઠ એવા ભીષ્મપિતામહના સ્વર્ગગમનનો સમય તેમને યાદ આવ્યો. વળી સૂર્યનારાયણને પણ તે સમયે ઉત્તરાયણના થઈ ચૂકેલા જોઈને તે રાજા સર્વ યાજકબ્રાહ્મણોથી વિંટાઇને હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા. કુંતિપુત્ર યુધિષ્ઠિરે ઘી, પુષ્પો, સુગંધી પદાર્થો, રેશમી વસ્ત્રો, ચંદન, અગર, કાળા અગરનાં કાષ્ઠો, પુષ્પની માળાઓ તથા જાત જાતનાં રત્નો વગેરે ભીષ્મનો અગ્નિસંસ્કાર કરવા માટે પ્રથમથીજ મોકલાવ્યાં હતાં; અને પછી ધૃતરાષ્ટ્રને, યશસ્વિની ગાંધારીને, માતા કુંતાને તથા પુરુ-

ષોમાં શ્રેષ્ઠ પોતાના ભાઈઓને આગળ કરીને તે બુદ્ધિમાન રાજા ભીષ્મ તરફ જવા નીકળી પડયા.[૯] તે સમયે હે રાજા ! કુરુવંશમાં ઉત્પન્ન થયેલા એ રાજાની પાછળ શ્રીકૃષ્ણ, બુદ્ધિમાન વિદુર, યુયુત્સુ અને યુયુધાન પણ ચાલી નીકળ્યા હતા.[૧૦] જેમ દેવરાજ ઇંદ્ર પોતાના નગરમાંથી બહાર નીકળે, તેમ મોટા રાજવૈભવી ઠાઠમાઠથી વિંટાયેલા મહાતેજસ્વી યુધિષ્ઠિરરાજા હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા;ત્યારે ભાટચારણોનાં મંડળો તેમની સ્તુતિ કરતાં હતાં અને ભીષ્મના અગ્નિસંસ્કારમાટેના અગ્નિઓ તેમની આગળ આગળ લઇ જવામાં આવતા હતા. પછી તે રાજા કુરુક્ષેત્રમાં(સૂતેલા) શાંતનુના પુત્ર(ભીષ્મ)ની પાસે જ્યારે આવ્યા, ત્યારે હે રાજર્ષિ ! પરાશરના પુત્ર બુદ્ધિમાન વ્યાસ, નારદ, દેવલ, અસિત અને યુદ્ધમાં મરણ પામતાં બચી ગયેલા બીજા જૂદા જૂદા દેશના રાજાઓ ત્યાં આવીને એ મહાત્માની પાસે બેસી રહ્યા હતા;તેમજ રક્ષા કરનારા સિપાઇઓ ચોતરફથી તેમની રક્ષા કરી રહ્યા હતા. ધર્મરાજા યુધિષ્ઠિરે વીરશયનમાં સૂતેલા ભીષ્મપિતામહને જેવા જોયા કે તુરતજ પોતાના ભાઈઓની સાથે તે રથમાંથી ઉતરી પડયા;અને પછી શત્રુદમન ભીષ્મપિતામહને પ્રથમ વંદન કરી વ્યાસ આદિ બ્રાહ્મણોને પણ તેમણે વંદન કર્યું, એટલે તેઓએ પણ સામેથી તેમને અભિનંદન આપ્યું.[૧૧-૧૬] પછી ધર્મના પુત્ર યુધિષ્ઠિરરાજા બ્રહ્માના જેવા ઋત્વિજોને તથા ભાઇઓને સાથે લઇને બાણશય્યામાં સૂતેલા અને ઋષિઓથી વિંટાયેલા ભીષ્મની સમીપમાં જઇને તેમને કહેવા લાગ્યા કેઃ-[૧૭,૧૮] “ હે ગંગાના પુત્ર ! હું યુધિષ્ઠિર તમને નમસ્કાર કરૂં છું. હે મહાબાહુ ! તમે સાંભળતા હો તો મને કહો, હું તમારૂં શું પ્રિય કરૂં ? હે સમર્થ રાજા ! તમે જે સમયે મને આવવાનું કહ્યું હતું, તે સમયેજ હું તમારા અગ્નિઓને, આચાર્ય બ્રાહ્મણોને તથા ઋત્વિજોને સાથે લઇને અહીં આવ્યો છું. જુઓ, આ મારા ભાઇઓ, તમારા પુત્ર મહાતેજસ્વી રાજા ધૃતરાષ્ટ્ર અને વીર્યવાન વાસુદેવ (શ્રીકૃષ્ણ) પણ પોતાના અમાત્યોની સાથે અહીં આવ્યા છે.હે પુરુષોમાં સિંહસમાન પિતામહ ! કુરુ-જાંગલ દેશના સર્વ રાજાઓ કે જેઓ આ યુદ્ધમાંથી બચી ગયેલા છે, તેઓ સર્વે પણ અહીં આવ્યા છે;માટે પોતાનાં બન્ને નેત્રો ઉઘાડીને તેઓ સામે તમે દૃષ્ટિ કરો. આ સમયે મારે જે કંઇ કરવું જોઈએ અથવા અહીં લાવવું જોઇએ, તે સર્વે તમે કહેલા સમય પ્રમાણે મેં તૈયાર કર્યું છે; અને અહીં લઈ આવેલ પણ છું.[૧૭-૨૩]

વૈશંપાયને કહ્યુંઃ-કુંતીના બુદ્ધિમાન પુત્ર યુધિષ્ઠિરે જ્યારે એ પ્રમાણે કહ્યું,ત્યારે ગંગાપુત્ર ભીષ્મપિતામહે (નેત્રો ઉઘાડીને) પોતાને વિંટાઈ ઉભેલા સર્વ ભારતરાજાઓ સામે દૃષ્ટિ કરી;[૨૪] અને પછી તે બળવાન ભીષ્મ, કે જે મેઘના જેવા ગંભીર સ્વરવાળા હતા અને અત્યંત શ્રેષ્ઠ વક્તા હતા તેમણે યુધિષ્ઠિરના મોટા બાહુને હાથમાં લઇને તે સમયે આવું વચન કહ્યું:-“ હે કુંતાપુત્ર યુધિષ્ઠિર ! તું તારા અમાત્યોની સાથે અહીં આવ્યો તે બહુ સારૂં કર્યું. જો, ભગવાન સહસ્રકિરણ સૂર્યદેવ હવે ઉત્તરાયણના થઇ ચૂકયા છે; અને તીક્ષ્ણ અણીવાળાં આ બાણો ઉપર સૂતાં સૂતાં આજે મારી અઠ્ઠાવન રાત્રિઓ વીતી ગઇ છે, કે જે રાત્રિઓ જાણે સો વર્ષના જેવડી હોય તેવી મને લાગતી હતી. હે યુધિષ્ઠિર ! હમણાં આ સૌમ્ય માઘ મહિનો ચાલી રહ્યો છે. જેના ત્રણ ભાગ હજી બાકી છે અને શુકલપક્ષ ચાલી રહેલ છે-અર્થાત્ આજે માઘ માસના શુકલ પક્ષની અષ્ટમી છે.”[૨૮]

એ પ્રમાણે ગંગાપુત્ર ભીષ્મપિતામહે ધર્મપુત્ર યુધિષ્ઠિરને કહ્યું અને પછી તેમણે ધૃતરાષ્ટ્રને સંબોધીને આવું વચન કહ્યું.[૨૯]

ભીષ્મે કહ્યું:-“હે રાજન્! તેં સર્વ ધર્મોને જાણ્યા છે, સર્વ વિષયના સંશયોનો સારી રીતે નિર્ણય કર્યો છે અને મહાવિદ્વાન એવા અનેક બ્રાહ્મણોને સેવ્યા છે.[૩૦] વળી હે રાજા ! વેદને લગતાં સર્વ શાસ્ત્રોને, ધર્મોને તથા ચારે વેદોને તું સંપૂર્ણરીતે જાણે છે;[૩૧] માટે હે કુરુવંશી ધૃતરાષ્ટ્ર ! તારે શોક કરવો નહિ. જેમ થવાનું

હતું તેમ થયું છે અને તેં વ્યાસની પાસેથી દેવરહસ્ય પણ સાંભળ્યું છે.[૩૨] હે રાજા ! આ પાંડવો જેમ પાંડુના પુત્રો છે, તેમ ધર્મદૃષ્ટિએ તારા પણ પુત્રોજ છે; માટે તું ધર્મમાં સ્થિર રહીને વડીલોની સેવા કરવામાં તત્પર રહેનારા આ પાંડવોનું રક્ષણ કરજે.[૩૩] આ ધર્મરાજાનું ચિત્ત ખરેખર પવિત્ર છે,જેથી તે તારી આજ્ઞામાંજ રહેશે. વળી હું જાણું છું કે, આ ધર્મરાજા દયાળુ છે અને વડીલો ઉપર સ્નેહ રાખનારા છે.[૩૪] તારા પુત્રો દુરાત્મા હતા, ક્રોધ તથા લોભમાં પરાયણ રહેતા હતા, ઇર્ષ્યાથી ઘેરાઇ ગયા હતા અને દુરાચારી હતા; માટે તેઓનો શોક કરવાને તું યોગ્ય નથી.”[૩૫]

વૈશંપાયને કહ્યું:-વિદ્વાન ધૃતરાષ્ટ્રને એ પ્રમાણે કહીને કુરુવંશી ભીષ્મપિતામહ મહાબાહુ શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૩૬]

ભીષ્મે કહ્યું:-“હે ભગવન્ ! હે દેવાધિદેવ ! હે દેવો તથા અસુરોથી નમસ્કાર કરાયેલા ! હે ત્રિવિક્રમ ! હે શંખ, ચક્ર તથા ગદાને ધારણ કરનારા ! હું તમને નમસ્કાર કરૂં છું.[૩૭] તમે વાસુદેવ છો, હિરણ્યાત્મા પુરુષ છો, સવિતા એટલે સૂર્યરૂપ છો, વિરાટપુરુષ છો,જીવરૂપ છો, સર્વમાં વ્યાપ્ત થઇને રહેલા છો અને સનાતન પરમાત્મા છો.[૩૮] હે પુંડરીકાક્ષ! હે પુરુષોત્તમ! તમે નિત્ય મારૂં રક્ષણ કરો; અને હે કૃષ્ણ ! હે વૈકુંઠ ! હે પુરુષોત્તમ ! હવે અહીંથી જવાની તમે મને રજા આપો.[૩૯] તમે જેઓના આધારભૂત છો, તે આ પાંડવોનું તમે રક્ષણ કરજો. મેં દુષ્ટબુદ્ધિવાળા મૂર્ખ દુર્યોધનને તે સમયેજ કહ્યું હતું કે, “ હે પુત્ર! જ્યાં કૃષ્ણ છે ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જય છે; માટે તું શ્રીકૃષ્ણરૂપ તીર્થદ્વારા (અર્થાત્ શ્રીકૃષ્ણને મધ્યસ્થ રાખીને) પાંડવોની સાથે સંધિ કરી લે. તને સંધિ કરવાનો આ શ્રેષ્ઠ સમય મળ્યો છે.” આ રીતે મેં વારંવાર કહ્યું હતું; છતાં તે મૂઢ અને મંદ બુદ્ધિવાળા દુર્યોધને મારૂં વચન માન્યું ન હતું, જેને પરિણામે આ પૃથ્વીનો નાશ કરાવીને તે પોતે પણ મરણ પામ્યો છે.[૪૨] હે દેવ ! તમને તો હું જાણું છું કે, તમે પુરાણ દેવ છો,સર્વ ઋષિઓમાં શ્રેષ્ઠ છો અને તમે પોતેજ બદરિકાશ્રમમાં નરની સાથે ઘણા લાંબા કાળસુધી રહ્યા હતા.[૪૩] વળી નારદે તથા મહાતપસ્વી વ્યાસે મને કહ્યું પણ છે કે, આ નર–નારાયણ મનુષ્યની જાતિમાં અવતર્યા છે.[૪૪] હે કૃષ્ણ ! હું મારા આ શરીરનો હવે ત્યાગ કરૂં છું,માટે તમે મને અનુજ્ઞા આપો;કેમકે તમારી અનુજ્ઞા પામીને હું ઉત્તમ ગતિને પ્રાપ્ત કરીશ.”

વાસુદેવે કહ્યું:-“ હે રાજા ભીષ્મ ! હું તમને અનુજ્ઞા આપું છું કે, તમે વસુઓના લોકને પામો. હે મહાતેજસ્વી ભીષ્મ! તમારૂં આ લોકમાં લેશમાત્ર પાપ નથી.[૪૬] હે રાજર્ષિ ! બીજા માર્કંડેયની પેઠે તમે પિતાના ભક્ત છો; અને તેથીજ મૃત્યુ નમ્ર સેવકની પેઠે તમને વશ થઇ રહ્યો છે. ”[૪૭]

વૈશંપાયને કહ્યું:- શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે ગંગાપુત્ર ભીષ્મે પાંડવોને તથા ધૃતરાષ્ટ્ર વગેરે સુહૃદોને કહ્યું કે,“હવે હું પ્રાણોનો ત્યાગ કરવાને ઇચ્છું છું;માટે તમે મને અનુજ્ઞા આપવાને યોગ્ય છો. તમારે બધાએ સત્યને માટેજ હરહમેશ પ્રયત્ન કરવો;કેમકે સત્ય એજ શ્રેષ્ઠ બળ છે.[૪૯] વળી હે ભરતવંશી રાજાઓ ! તમારે સદાય દયાપરાયણ થવું, ઇંદ્રિયોને તથા મનને નિત્ય વશ રાખવાં,બ્રાહ્મણોના ભક્ત થવું, ધર્મશીલ થવું તથા નિત્ય તપશ્ચર્યા કરવામાં તત્પર રહેવું. ” એમ કહીને બુદ્ધિમાન ભીષ્મે સર્વ સ્નેહીઓને આલિંગન આપ્યું; અને ફરી પણ યુધિષ્ઠિરપ્રત્યે આવું વચન કહ્યું:-“હે રાજા! તારે બુદ્ધિમાન બ્રાહ્મણોની, આચાર્યોની તથા ઋત્વિજોની નિત્ય વિશેષે કરીને પૂજા કરવી.”[૫૨]

ઇતિ શ્રી મહા૦ અનુ૦ ભીષ્મસ્વર્ગારોહણ પર્વમાં ‘ દાનધર્મ ’ એ વિષયનો
અધ્યાય ૧૬૭ મો સમાપ્ત

અધ્યાય ૧૬૮ મો

ભીષ્મનો મોક્ષ

॥ वैशंपायन उवाच ॥

एवमुक्त्वा कुरून् सर्वान् भीष्मः शांतनवस्तदा।
तूष्णीं बभूव कौरव्यः सुमुहूर्तमरिंदम ॥१॥

વૈશંપાયને કહ્યું:-હે શત્રુદમન જનમેજય રાજા ! તે સમયે શાંતનુના પુત્ર કુરુવંશી ભીષ્મ સર્વ કૌરવોને એ પ્રમાણે કહીને એક મુહૂર્તભર શાંત રહ્યા.[1] તે પછી તેમણે અનુક્રમે ધારણા આદિ સ્થાનોમાં (એટલે મૂલાધાર આદિ ચક્રોમાં) પોતાના આત્માને સ્થાપિત કર્યો-અર્થાત્ પ્રથમ મૂલાધારમાં,ત્યાંથી સ્વાધિષ્ઠાનમાં, ત્યાંથી મણિપૂરચક્રમાં, ત્યાંથી અનાહતચક્રમાં અને ત્યાંથી આજ્ઞાચક્રમાં-એ પ્રમાણે અનુક્રમે તેમણે યોગધારણાઓ કરવા માંડી; જેથી ચોતરફથી રોકાયેલા તે મહાત્માના પ્રાણો છેક ઊર્ધ્વભાગમાં જઇ પહોંચ્યા.[2] હે રાજા ! તે સમયે ત્યાં બેઠેલા વ્યાસ આદિ સર્વ ઋષિઓસહિત તે મહાત્માઓની વચ્ચે આવું એક આશ્ચર્ય થયું હતું.[3] શાંતનુના પુત્ર ભીષ્મ પોતાના જે જે શરીરના અવયવને પ્રાણથી મુક્ત કરતા હતા તે તે, શલ્ય (એટલે બાણથી) રહિત થતો હતો; અને એક ક્ષણવારમાં તો તે સર્વના દેખતાં યોગયુક્ત થયેલા તે ભીષ્મનું શરીર સર્વ બાણોથી રહિત થઇ ગયું. આ રીતે ભીષ્મને બાણોથી રહિત થયેલા જોઇ શ્રીકૃષ્ણ આદિ સર્વ રાજાઓ અને વ્યાસ આદિ સર્વ મુનિઓ વિસ્મય પામ્યા. તે પછી ભીષ્મપિતામહે સર્વ સ્થાનકોમાં પોતાના પ્રાણાત્માને રૂંધી દીધો; એટલે તે તેમના મસ્તકને ફાડીને આકાશમાર્ગે ચાલી નીકળ્યો, ત્યારે દેવોનાં દુંદુભિઓ વાગવા લાગ્યાં, પુષ્પોની વૃષ્ટિ થવા લાગી અને સિદ્ધો તથા બ્રહ્મર્ષિઓ હર્ષમાં આવી જઇને "ધન્ય, ધન્ય" એ પ્રમાણે કહેવા લાગ્યા. હે રાજા ! ભીષ્મનો પ્રાણાત્મા અગ્નિની મોટી જવાળાની પેઠે ભીષ્મના મસ્તકપ્રદેશમાંથી નીકળીને આકાશમાં દાખલ થયો;અને એક ક્ષણવારમાં અંતર્ધાન થઈ ગયો. હે રાજસિંહ ! એ રીતે શાંતનુના પુત્ર ભીષ્મ કે જે ભારત રાજાઓના કુળના ધુરંધર હતા તે કાળને અધીન થયા. તે પછી મહાત્મા પાંડવોએ, વિદુરે તથા યુયુત્સુએ અનેક જાતનાં કાષ્ઠોને તથા જાતજાતના સુગંધી પદાર્થોને એકઠા કરી એક ચિતા બનાવી; અને તે સિવાયના બીજાઓ પ્રેક્ષકતરીકે થયા.[4-11] મહાબુદ્ધિમાન યુધિષ્ઠિરે તથા વિદુરે ગંગાના પુત્ર કુરુવંશી ભીષ્મને (તેમના શબને) રેશમી વસ્ત્રો પહેરાવીને તથા પુષ્પોની માળાઓ પહેરાવીને આચ્છાદિત કર્યા-ઢાંકી દીધા, યુયુત્સુએ તેમના ઉપર ઉત્તમ છત્ર ધારણ કર્યું, ભીમસેન તથા અર્જુને ઉજ્જવળ ચામર તથા પંખા ઢાળવા માંડ્યા, માદ્રીના પુત્ર નકુલે તથા સહદેવે તેમની પાઘડી ધારણ કરી રાખી;અને કૌરવરાજાની સર્વ સ્ત્રીઓઃએ હાથમાં પંખા લઇને કુરુકુળના ધુરંધર ભીષ્મને ચારે બાજુથી પવન ઢાળવા માંડ્યો. તે પછી એ મહાત્માઓએ મહાત્મા ભીષ્મના પિતૃમેધનો (અગ્નિસંસ્કારનો) વિધિપૂર્વક આરંભ કર્યો, એટલે સામવેદનું ગાન કરનારા બ્રાહ્મણોએ સામમંત્રો બોલવા માંડ્યા અને અગ્નિમાં પુષ્કળ હવનહોમ કરવા માંડ્યો. પછી ચંદનનાં, કાલીયકનાં તથા કાળા અગર વગેરેનાં કાષ્ઠોથી અને નાનામોટા સુગંધી પદાર્થોથી ભીષ્મને ઢાંકી દઇને ધૃતરાષ્ટ્ર આદિ પાંડવોએ (ચિતામાં) અગ્નિ પ્રજ્વલિત કર્યો અને ચિતાને ડાબી બાજુથી પ્રદક્ષિણા કરી. એ પ્રમાણે કુરુઓમાં શ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મનો અગ્નિસંસ્કાર કરીને તે સર્વ કૌરવો ઋષિઓથી સેવાયેલી પવિત્ર ગંગા નદી ઉપર (ઉદકદાનક્રિયા કરવામાટે) ગયા. તે સમયે વ્યાસ, નારદ, અસિત, શ્રીકૃષ્ણ, કૌરવોની સર્વ સ્ત્રીઓ તથા હસ્તિનાપુરમાંથી આવેલા સર્વ નગરવાસીઓ પણ તેમની પાછળ પાછળ ત્યાં ગયા. ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ તે કૌરવોએ તથા સર્વ નગરવાસીઓએ ત્યાં જઈને મહાત્મા ભીષ્મની ઉદકદાનક્રિયા (પૂર્ણ) કરી; તેવામાં દેવી ગંગા પોતાના પુત્ર(ભીષ્મ)ને ઉદકદાન આપવામાટે (પ્રત્યક્ષ સ્વરૂપે) જળમાંથી બહાર નીકળી અને

શોકથી વિહ્વળ થઈને રુદન કરતી તથા વિલાપ કરતી કૌરવોને કહેવા લાગીઃ–[૧૨-૨૨]

“હે નિર્દોષ રાજાઓ! ભીષ્મનું યથાર્થ વૃત્તાંત હું તમને કહું છું, તે સાંભળો. મારો પુત્ર ભીષ્મ રાજાના સદાચારથી સંપન્ન હતો, બુદ્ધિમાન તથા કુલીન હતો, કુરુવંશના વૃદ્ધ પુરુષોનો સત્કાર કરનાર હતો, પિતાનો ભક્ત હતો, મહાવ્રત(બ્રહ્મચર્ય)ને ધારણ કરનારો હતો અને પૂર્વે જમદગ્નિના પુત્ર પરશુરામ સાથે યુદ્ધ કરીને પણ પરાજય પામ્યો ન હતો. વળી તે દિવ્ય અસ્ત્રોવડે મહાવીર્યવાન હતો, છતાં હમણાં શિખંડીએ તેને મારી નાખ્યો છે. ખરેખર, મારૂં હૃદય પથ્થરના સારથીજ બનેલું છે; કેમકે મારા પ્રિય પુત્રને હું જોતી નથી છતાં આજે તે ચીરાઇ જતું નથી! પૂર્વે કાશીનગરીમાં જ્યારે સ્વયંવર થયો હતો, ત્યારે ત્યાં એકત્ર થયેલા ક્ષત્રિય રાજમંડળને માત્ર એક રથની સહાયથીજ જીતી લઇને તેણે કન્યાનું હરણ કર્યું હતું; અને જેના બળની તુલના કરી શકે તેવો પૃથ્વીપર બીજો કોઇ પણ પુરુષ નથી તે મારા પુત્રને શિખંડીએ મારેલો સાંભળી મારૂં હૃદય કેમ ચીરાઇ જતું નથી? અરે! જે મહાત્માએ કુરુક્ષેત્રના યુદ્ધમાં જમદગ્નિના પુત્ર પરશુરામને પણ હંફાવ્યા હતા, તેને આજે શિખંડીએ સહજમાં કેવી રીતે મારી નાખ્યો?”

એ પ્રમાણે બહુ વિલાપ કરતી મહાનદી ગંગાને સર્વત્ર વ્યાપક દામોદર શ્રીકૃષ્ણે તે સમયે આશ્વાસન આપવા માંડ્યું:–“હે ભદ્રે! તું શાંત થા. હે પવિત્ર દર્શનવાળી ગંગા! તું શોક કર મા. તારો પુત્ર શ્રેષ્ઠ લોકને પામ્યો છે, એમાં સંશય નથી. હે પવિત્ર દેવિ! મહાતેજસ્વી એ ભીષ્મ વસુ (તે નામના એક દેવ) હતા; પણ શાપના દોષને લીધે મનુષ્યપણાને પામ્યા હતા, માટે એનો શોક કરવાને તું યોગ્ય નથી. તે ભીષ્મ ક્ષાત્રધર્મને અનુસરીને યુદ્ધક્ષેત્રમાં લડયા હતા અને હે દેવિ! તેમને શિખંડીએ માર્યા નથી, પણ અર્જુને માર્યા છે. કુરુઓમાં સિંહસમાન તે ભીષ્મ બાણ ઉગામીને મહારણમાં જ્યારે ઉભા રહેતા હતા, ત્યારે સાક્ષાત્ ઈંદ્ર પણ તેમનો વધ કરવાને શક્તિમાન ન હતો. હે સુંદર મુખવાળી ગંગા! તારો પુત્ર પોતાની ઇચ્છાનુસાર સ્વર્ગમાં ગયો છે; અને રણમાં તેનો વધ કરવાને સર્વ દેવતાઓ પણ સમર્થ ન હતા, માટે હે શ્રેષ્ઠ નદિ! કુરુનંદન ભીષ્મનો તું શોક કર મા. હે દેવિ! તારો પુત્ર વસુઓના લોકને પામ્યો છે, માટે તું શાંત થા.”[૨૫-૩૫]

વૈશંપાયને કહ્યું:– હે મહારાજા! શ્રીકૃષ્ણે તથા વેદવ્યાસે શ્રેષ્ઠ નદી ગંગાને એ રીતે શાંત પાડી, એટલે તે શોકનો ત્યાગ કરીને પોતાના જળમાં ઉતરી ગઈ.[૩૬] તે પછી હે રાજા! શ્રીકૃષ્ણ આદિ સર્વ રાજાઓ પણ ગંગા નદીનો સત્કાર કરીને તથા તેની અનુજ્ઞા લઇને ત્યાંથી પાછા ફર્યા.[૩૭]

ઈતિ શ્રીમહા૦ અનુ૦ ભીષ્મસ્વર્ગારોહણ પર્વમાં ભીષ્મ તથા “યુધિષ્ઠિરના સંવાદ વિષે ભીષ્મની મુક્તિ” એ વિષયનો અધ્યાય ૧૬૮ મો સમાપ્ત

અનુશાસનપર્વ સમાપ્ત

अनुशासनपर्व समाप्त

ॐ

श्रीमहाभारत

१४-आश्वमेधिक पर्व

ॐ

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१४-आश्वमेधिक पर्व

अश्वमेधिक पर्व

અધ્યાય ૧ લો

યુધિષ્ઠિરનું સાંત્વન

मंगलाचरण–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

वैशंपायन उवाच–कृतोदकं तु राजानं धृतराष्ट्रं युधिष्ठिरः ।
पुरस्कृत्य महाबाहुरुत्तताशकुलेन्द्रियः ॥ २ ॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજયરાજા! ધૃતરાષ્ટ્રે ભીષ્મને ઉદકદાન અર્પણ કર્યું, એટલે જેની ઇંદ્રિયો શોકથી વ્યાકુળ થઇ ગઈ હતી એવા મહાબાહુ યુધિષ્ઠિર તેમને (ધૃતરાષ્ટ્રને) આગળ કરી ગંગાનદી ઉતર્યા.[૨] તે સમયે શિકારીએ વિંધી નાખેલો એક હાથી જેમ પછડાઈ પડે, તેમ અશ્રુઓથી વ્યાકુળ નેત્રવાળા મહાબાહુ યુધિષ્ઠિર પણ ગંગાનદી ઉતરીને તેના તટ ઉપરજ પછડાઇ પડયા. તેઓ શોકને લીધે અત્યંત પીડાતા હતા; જેથી શ્રીકૃષ્ણની પ્રેરણાથી ભીમસેને તેમને પકડી રાખ્યા અને શત્રુઓના સૈન્યનો નાશ કરનારા શ્રીકૃષ્ણે “ તમે આમ ન કરો ” એ પ્રમાણે તેમને કહ્યું.[૪] હે રાજન્! બીજા સર્વ રાજાઓ પણ ધર્મના પુત્ર યુધિષ્ઠિરને વિહ્વળ થઇને પૃથ્વીપર પડેલા તથા વારંવાર નિઃશ્વાસ નાખતા જોઈ રહ્યા હતા.[૫] એ રીતે મનમાં ઉદાસ થયેલા તથા લગભગ બેભાન થયેલા રાજા યુધિષ્ઠિરને જોઇને સર્વ પાંડવો શોકથી અત્યંત ઘેરાઈજઇને તેમની સમીપમાં બેઠા.[૬] તે વેળા રાજા ધૃતરાષ્ટ્ર કે જે પુત્રના શોકથી પીડાતા હતા, મહાબુદ્ધિમાન હતા અને પ્રજ્ઞાચક્ષુ (અંધ) હતા, તેમણે રાજા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા માંડયું:–“ હે કુરુઓમાં સિંહસમાન રાજા! ઉઠ, ઉભો થા. હવે પછી જે કાર્ય કરવાનાં છે, તે

કર. હે કુંતીના પુત્ર ! તેં ક્ષત્રિયના ધર્મને અનુસરીને આ પૃથ્વી જીતી છે. હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ રાજા ! તું તારા ભાઈઓ તથા સુહૃદોની સાથે મનગમતા ભોગો ભોગવ. હું નથી જોતો કે, તારે કંઈ શોક કરવા જેવું છે.[૯] હે રાજા ! ખરી રીતે મારે તથા ગાંધારીએજ શોક કરવા જેવું છે, કે જેના સોએ પુત્રો સ્વપ્નમાં મળેલા ધનની પેઠે નાશ પામ્યા છે.[૧૦] દુષ્ટ બુદ્ધિવાળા મેં મારૂં હિત ઇચ્છનારા મહાત્મા વિદુરનાં મહા ઉત્તમ અર્થવાળાં વાકયો સાંભળ્યાં ન હતાં–લક્ષ્યમાં લીધાં ન હતાં, જેને લીધે આ સમયે હું ચોતરફથી સંતાપ પામી રહ્યો છું.[૧૧] દિવ્ય દૃષ્ટિવાળા ધર્માત્મા વિદુરે મને કહ્યું હતું કે, “ હે રાજા ! દુર્યોધનના અપરાધને લીધે તારૂં કુળ વિનાશ પામશે; માટે તને તારા કુળનું કલ્યાણ કરવાની જો ઇચ્છા હોય તો તું મારા વચનને માન્ય કર. આ મૂર્ખ રાજા દુર્યોધન દુષ્ટાત્મા છે, માટે તું તેનો વધ કર; અથવા કર્ણ તથા શકુનિ તેને કદી ન જુએ–ન મળે તેવી વ્યવસ્થા કર; અને તેઓના જુગાર ખેલવા માટેના મેળાવડાને પણ પ્રમાદનો ત્યાગ કરીને જલદી અટકાવ. રાજા યુધિષ્ઠિર ધર્માત્મા છે માટે તેનો રાજ્યાભિષેક કર, કેમકે તે ધર્મપૂર્વક પૃથ્વીને વશ કરીને તેનું પાલન કરશે; અથવા કુંતીપુત્ર યુધિષ્ઠિરને રાજા બનાવવાને તું ન ઇચ્છતો હોય તો હે રાજા ! તું પોતેજ મધ્યસ્થ થઈને રાજ્યને ગ્રહણ કર, જેથી હે રાજા ! સર્વ પ્રાણીઓના તરફ સમદૃષ્ટિ રાખીને વર્તનારા તારી પાછળ પોતાના ભાઈઓની સાથે તારા સર્વે સંબંધીઓ ભલે જીવતા રહે. ”[૧૨–૧૭] હે કુંતીપુત્ર ! દીર્ઘદૃષ્ટિવાળા વિદુરે મને એ પ્રમાણે કહ્યું હતું, છતાં હું મૂર્ખ દુર્યોધનનેજ અનુસરી રહ્યો;[૧૮] એટલુંજ નહિ પરંતુ તે ધીર વિદુરનાં મધુર વાકયોને મેં સાંભળ્યાંજ ન હતાં, જેના પરિણામમાં આવું ફળ પ્રાપ્ત કરીને હું શોકસાગરમાં ડૂબી ગયો છું.[૧૯] હે રાજા ! અમે તારાં વૃદ્ધ માતાપિતા છીએ, માટે તું અમારા તરફ દૃષ્ટિ કર અને હે રાજા ! હું તો નથી જોતો કે, તારે આ લોકમાં શોક કરવા યોગ્ય કંઇ પણ હોય !”

ઇતિ શ્રી મહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં “યુધિષ્ઠિરસાંત્વન ” એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો

યુધિષ્ઠિરસાંત્વન (ચાલુ)

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तस्तु राज्ञा स धृतराष्ट्रेण धीमता ।
तूष्णीं बभूव मेधावी तमुवाचाथ केशवः ॥१॥

વૈશંપાયને કહ્યું:–બુદ્ધિમાન રાજા ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે કહ્યું, તોપણ રાજા યુધિષ્ઠિર મૌન રહ્યા, એટલે બુદ્ધિમાન શ્રીકૃષ્ણે તેમને કહેવા માંડયું:– “ હે રાજા ! મનથી અત્યંત શોક કરવામાં આવે છે તો તે શોક તેના (એટલે શોક કરનારના) પ્રથમ મરણ પામેલા પિતામહોને સંતાપ ઉપજાવે છે;[૨] માટે (શોકનો ત્યાગ કરીને) તમે સંપૂર્ણ દક્ષિણાવાળા અનેક યજ્ઞો કરો, સોમરસથી દેવોને તૃપ્ત કરો, સ્વધાવડે પિતૃઓને તૃપ્ત કરો, ખાનપાન અર્પણ કરીને અતિથિઓને સંતોષો અને બીજી અનેક પ્રકારની કામનાઓ પૂર્ણ કરીને દરિદ્ર મનુષ્યોને પ્રસન્ન કરો. તમે જાણવાયોગ્ય સર્વ જાણ્યું છે, કરવાયોગ્ય સર્વ કર્મો કર્યાં છે અને ગંગાના પુત્ર ભીષ્મ પાસેથી, વ્યાસ પાસેથી, નારદ પાસેથી તથા વિદુર પાસેથી રાજધર્મો પણ સાંભળ્યા છે;[૩–૫] માટે આવી મૂઢ પુરુષોની વૃત્તિને અનુસરવાને તમે યોગ્ય નથી. તમે તમારા પિતા અને પિતામહોના વર્તનનો આશ્રય કરીને રાજ્યધુરાને વહન કરો–રાજ્યકારભાર ઉઠાવી લ્યો.[૬] ક્ષત્રિયો પોતાના યશથી સ્વર્ગને પ્રાપ્ત કરવાને યોગ્ય છે, એમાં કંઈ સંશય નથી. વળી આ યુદ્ધમાં શૂરવીર પુરુષોમાંનો કોઇ પણ પાછી પાની કરીને મરણ પામ્યો નથી;[૭] માટે હે મહારાજા ! તમે શોકનો ત્યાગ કરો. જેમ થવાનું હતું તેમ થયું છે. આ રણસંગ્રામમાં જેઓ મરણ પામ્યા છે, તેઓને ફરી તમે જોઇ શકશો નહિ. ”[૮] શ્રીકૃષ્ણ ધર્મરાજા યુધિષ્ઠિરને એટલું

કહીને બોલતા બંધ થયા, એટલે મહાતેજસ્વી યુધિષ્ઠિરે તેમને કહ્યું:–"હે ગોવિંદ! તમારી મારાપર જે પ્રીતિ છે, તે મારા જાણવામાં છે. તમે સુહૃદ્‌ભાવ તથા પ્રેમની લાગણીથી સદા મારાપર કૃપા કરી રહ્યા છો.[૧૦] હે ચક્ર તથા ગદાને ધારણ કરનારા શ્રીમાન યાદવપુત્ર! તમે મને તપોવનમાં જવામાટે પ્રસન્ન ચિત્તથી જો અનુજ્ઞા આપો, તો તમે મારૂં મહાન પ્રિય કર્યું ગણાય; કેમકે પિતામહ ભીષ્મનો વધ કરીને તથા પુરુષોમાં વ્યાઘ્રસરખા અને યુદ્ધમાં કદી પલાયન નહિ કરનારા કર્ણનો વધ કરીને હું શાંતિ જોઈ શકતો નથી–મને શાંતિ વળતી નથી. હે શત્રુદમન શ્રીકૃષ્ણ! જે કર્મદ્વારા હું આ ક્રૂર પાપથી મુક્ત થાઉં અને જેથી મારૂં મન શુદ્ધ થાય તે કર્મ તમે મારી પાસે કરાવો."

કુંતીના પુત્ર યુધિષ્ઠિર એ પ્રમાણે કહેતા હતા, ત્યારે ધર્મને જાણનારા મહાતેજસ્વી વ્યાસે તેમને શાંત પાડવા માટે યોગ્ય અર્થવાળું આવું ઉત્તમ વચન કહ્યું:–"હે તાત! તારી બુદ્ધિ હજી અપરિપક્વ છે અને તું પોતાના બાળકપણાને લીધે પુનઃ મુંઝાય છે. હે તાત! અમે કેવા સ્વરૂપવાળા થઇને તારી પાસે વારંવાર (હિતોપદેશના) પ્રલાપ કર્યા કરીએ છીએ! (એ કંઇ સમજાતું નથી! શું અમે તે ગાંડા બની ગયા છીએ કે જેથી તને આવા વારંવાર ઉપદેશ આપ્યા કરીએ છીએ!) જેઓની આજીવિકા કેવળ યુદ્ધથીજ નિર્માણ થયેલી છે, તે ક્ષત્રિયોના ધર્મ તેં જાણ્યાજ છે. ૧૧-૧૬ જે રાજા ક્ષાત્રધર્મ પ્રમાણે વર્તે છે, તે માનસિક સંતાપરૂપ બંધનથી કદી બંધાતો નથી. વળી સર્વ મોક્ષધર્મો પણ તેં યથાર્થ રીતે સાંભળ્યા છે.[૧૭] અરે! મેં પોતે પણ અનેકવાર તારા સંકલ્પજન્ય સંદેહોને દૂર કર્યા છે; છતાં તું શ્રદ્ધા રાખતો નથી. આ ઉપરથી જણાય છે કે, તારી બુદ્ધિ ખરેખર દુષ્ટ થઇ ગઇ છે અને તારી સ્મરણશક્તિ પણ નષ્ટ થઇ ગઇ છે.[૧૮] હે નિર્દોષ રાજા! તું આવો નથી; આવા પ્રકારનું અજ્ઞાન તને યોગ્ય નથી; તેં સર્વ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો જાણ્યાં છે અને સર્વ રાજધર્મો તથા દાનધર્મો પણ સાંભળ્યા છે. વળી તું સર્વ ધર્મોને જાણે છે અને સર્વ શાસ્ત્રોમાં કુશળ થયો છે, છતાં હે ભારત! જાણે અજ્ઞાનથી વારંવાર મોહ પામી જાય છે! (એ શું?)"[૨૦]

ઇતિ શ્રી મહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં "યુધિષ્ઠિર સાંત્વન" એ વિષયનો
અધ્યાય ૨જો સમાપ્ત

અધ્યાય ૩ જો

અશ્વમેધયજ્ઞ કરવામાટે વ્યાસનો ઉપદેશ

॥ व्यास उवाच ॥

युधिष्ठिर तव प्रज्ञा न सम्यगिति मे मतिः ।
न हि कश्चित् स्वयं मर्त्यः स्ववशःकुरुते क्रियाम्

વ્યાસે કહ્યું:–"હે યુધિષ્ઠિર! હું માનું છું કે, તારી બુદ્ધિ (સમજણ) સારી નથી–બરાબર નથી; કેમકે કોઈ પણ મનુષ્ય પોતાને વશ રહીને–અર્થાત્ પોતાની ઇચ્છાને અનુસરીને કોઈ ક્રિયા કરી શકતો નથી;[૧] પણ પ્રત્યેક મનુષ્ય ઇશ્વરથી પ્રેરાઈને સારૂં–નરસું કર્મ કરે છે; તોપછી તેમાં શોક શામાટે કરવો જોઇએ? છતાં હે ભારત! તું તારા આત્માનેજ છેવટસુધી પાપકર્મ કરનારો માને છે, તો તારા એ પાપને જે રીતે દૂર કરી શકાય તે વિષે તું સાંભળ.[૩] હે યુધિષ્ઠિર! જે પુરુષો અનેક પ્રકારનાં નિત્ય પાપકર્મ કરે છે, તેઓ તપ કરીને, યજ્ઞો કરીને તથા દાન આપીને પાપને તરી જાય છે–પાપમાંથી મુક્ત થાય છે.[૪] હે પુરુષોમાં સિંહસમાન રાજા! પાપ કરનારા મનુષ્યો યજ્ઞ કરીને, તપ કરીને તથા દાન આપીને પવિત્ર થઈ શકે છે.[૫] મહાત્મા દેવતાઓ તથા અસુરો પણ પવિત્ર થવાના હેતુથી યજ્ઞક્રિયા કરવામાટે પ્રયત્ન કરે છે; માટે યજ્ઞોજ સર્વ કરતાં શ્રેષ્ઠ છે.[૬] યજ્ઞો કરીનેજ મહાત્મા દેવતાઓ શ્રેષ્ઠ થઇ શક્યા હતા અને તેથીજ ક્રિયાનિષ્ઠ તે દેવતાઓએ દાનવોનો પરાજય કર્યો હતો;[૭] માટે હે ભરતવંશી યુધિષ્ઠિર! તું પણ રાજસૂય, અશ્વમેધ, સર્વમેધ અને નરમેધ યજ્ઞ કર.[૮] દશરથના પુત્ર રામચંદ્રે જેમ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો, તેમ

તું પણ દક્ષિણાવાળો તથા જેની જેટલી ઇચ્છા હોય તેટલા પુષ્કળ અન્નદાનવાળો અને ધનદાનવાળો અશ્વમેધ યજ્ઞ વિધિપૂર્વક કર.૯ દુષ્યંત અને શકુંતલાનો પુત્ર રાજા ભરત, કે જે મહાપરાક્રમી હતો અને તારો પૂર્વપિતામહ હતો તેણે જેમ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો,તેમ તું પણ અશ્વમેધયજ્ઞ કર."૧૦

યુધિષ્ઠિરે કહ્યું:- "અશ્વમેધ યજ્ઞ આખી પૃથ્વીને પણ પવિત્ર કરે છે, એ વાત નિઃસંશય છે;પરંતુ એના સંબંધમાં મારો એક અભિપ્રાય છે,તેને સાંભળવાને તમે યોગ્ય છો.૧૧:હે ઉત્તમ બ્રાહ્મણ! સંબંધીઓનો આવો મોટો સંહાર કરીને હું અલ્પ દાન આપવાને પણ શક્તિમાન નથી; કેમકે મારી પાસે ધન નથી.૧૨ વળી આ દીન રાજકુમારો કે જેઓના ઘાવ હજી તાજાજ છે અને જેઓ(પોતાના સંબંધીઓના નાશથી) દુઃખમાં આવી પડયા છે, તેઓની પાસે ધનની યાચના કરવામાટે હું ઉત્સાહ ધરાવી શકતો નથી;૧૩ તેમજ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! પોતેજ પૃથ્વીનો નાશ કરીને શોકપરાયણ થયેલો હું યજ્ઞને માટે (પ્રજાઓ પાસેથી) કર પણ કેમ લઇ શકીશ?૧૪ હે મહામુનિ! પૃથ્વીના ઘણા રાજાઓ દુર્યોધનના અપરાધથી અમને અપકીર્તિ આપીને (યુદ્ધમાં) નાશ પામ્યા છે.૧૫ દુર્યોધને, (દ્રવ્યના કારણથી) પૃથ્વીનો ક્ષય કરી નાખ્યો છે અને દુષ્ટ બુદ્ધિવાળા તે દુર્યોધનનો ખજાનો પણ હમણાં નાશ પામ્યો છે-ખાલી થઈ ગયો છે.૧૬ આ અશ્વમેધ યજ્ઞમાં આખી પૃથ્વી દક્ષિણાતરીકે હોવી જોઇએ,આવો મુખ્ય વિધિ વિદ્વાનોએ કલ્પ્યો છે;અને તે સિવાય બીજો ગૌણ વિધિ પણ જોવામાં આવે છે. (પણ તે તો ગૌણજ કહેવાય.)૧૭ હે તપોધન! મુખ્ય વિધિનો ત્યાગ કરીને તેના પ્રતિનિધિરૂપ ગૌણ વિધિ કરવાની મને ઇચ્છા નથી; માટે હે ભગવન્! આ વિષયમાં મારા સારા સલાહકાર થવાને તમે યોગ્યછો."

યુધિષ્ઠિરે એ પ્રમાણે કહ્યું, એટલે તે સમયે એક મુહૂર્તપર્યંત મનમાં વિચાર કરીને વ્યાસમુનિએ ધર્મરાજાને કહ્યું:-" તારો ખજાનો હમણાં ખાલી થઈ ગયો છે, તે પરિપૂર્ણ થશે. હે પાર્થ! મહાત્મા મરુત્તના યજ્ઞમાં બ્રાહ્મણોએ જે દ્રવ્ય દક્ષિણામાં મેળવ્યું હતું તેને તેઓએ હિમાલયપર્વત ઉપર છોડી દીધું હતું; અને તે હજી પણ ત્યાં રહેલું છે, માટે હે કુંતીપુત્ર! તે દ્રવ્યને તું લાવી મંગાવ. તે તને પરિપૂર્ણ થઇ પડશે.૧૮-૨૧

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે વક્તાઓમાં શ્રેષ્ઠ વ્યાસ! મરુત્તના યજ્ઞમાં તે દ્રવ્ય કેવી રીતે એકઠું કરવામાં આવ્યું હતું અને તે રાજા કયા કાળમાં થયો હતો ?"૨૨

વ્યાસે કહ્યું:-" હે પાર્થ! કારંધમના પુત્ર એ રાજાવિષે તને સાંભળવાની જો ઇચ્છા હોય તો સાંભળ. વળી મહાધનવાન અને મહાપરાક્રમી તે રાજા કયા કાળમાં થયો હતો, તે પણ તું સાંભળ."૨૩

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
"સંવર્ત્તમરુત્તીય" એ વિષયનો અ-
ધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો

રાજા મરુત્તનું આખ્યાન

॥ युधिष्ठिर उवाच॥

शुश्रूषे तस्य धर्मज्ञ राजर्षेः परिकीर्तनम् ।
द्वैपायन मरुत्तस्य कथां प्रब्रूहि मेऽनघ ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:-" હે ધર્મને જાણનારા નિર્દોષ વ્યાસ! તે રાજર્ષિ મરુત્તનું ચરિત્ર સાંભળવાને હું ઇચ્છું છું, માટે તેની કથા તમે મને કહો."૧

વ્યાસે કહ્યું:-" હે તાત! પૂર્વે સત્યયુગના સમયમાં સર્વના પર દંડને ધારણ કરનારા મનુ નામના રાજા હતા. તેમનો પુત્ર મહાબાહુ પ્રસંધિ થયો. પ્રસંધિનો પુત્ર ક્ષુપ નામે પ્રસિદ્ધ હતો. ક્ષુપનો પુત્ર ઈક્ષ્વાકુ નામનો સમર્થ રાજા હતો.૩ હે રાજન્! તેને પરમ ધાર્મિક એવા સો પુત્રો હતા. તે સર્વને સમર્થ ઇક્ષ્વાકુએ રાજા બનાવ્યા હતા.૪ તે સોએમાં સૌથી મોટો વિંશ નામે હતો. તે સર્વ ધનુર્ધારીઓમાં અત્યંત શ્રેષ્ઠ હતો. હે ભારત! વિંશનો

વિવિંશ નામનો કલ્યાણમૂર્તિ પુત્ર હતો; અને હે રાજા ! તે વિવિંશના પંદર પુત્રો હતા. તેઓ સર્વે ધનુર્વિદ્યામાં કુશળ હતા, બ્રાહ્મણોના ભક્ત હતા, સત્યવાદી હતા, દાનધર્મમાં પરાયણ રહેતા હતા અને નિરંતર પ્રિયવાદી હતા. તેઓમાં સૌથી મોટો ખનીનેત્ર હતો અને તે પોતાના સર્વ ભાઇઓને દુઃખ દેતો હતો.[૫-૭] પરાક્રમી ખનીનેત્રે આખું રાજ્ય જીતી લઇને નિષ્કંટક કર્યું હતું;પરંતુ તે રાજ્યની રક્ષા કરી શક્યો ન હતો તેમ પ્રજાઓને રંજન પણ કરી શક્યો ન હતો,[૮] જેથી હે રાજેન્દ્ર ! સર્વ પ્રજાઓએ તેને પદભ્રષ્ટ કરીને તેના પુત્ર સુવર્ચસનો રાજ્યાસને અભિષેક કર્યો હતો; અને તે સમયે એ પ્રમાણે કરીને સર્વ પ્રજાઓ પ્રસન્ન થઇ હતી.[૯] સુવર્ચસે પોતાના પિતા(ખનીનેત્ર)ના દુષ્ટ વર્તનને તથા તેને રાજ્યપદથી ભ્રષ્ટ કર્યો હતો તેને પોતાની નજરે જોયું હતું, તેથી તે પોતે પ્રજાઓનું હિત કરવાની ઇચ્છાથી નિયમપૂર્વક વર્તતો હતો.[૧૦] તે બ્રાહ્મણોનો ભક્ત હતો, સત્યવાદી હતો, પવિત્ર હતો, શમ તથા દમગુણથી યુક્ત હતો, નિત્ય ધર્મશીલ હતો અને ઉદાર મનનો હતો; જેથી સર્વ પ્રજાઓ તેનાપર અનુરક્ત થઇ હતી-રાગી થઇ હતી.[૧૧] તે રાજા ધર્માનુસાર પ્રવૃત્તિ કર્યા કરતો હતો, જેને લીધે તેનો ખજાનો ખૂટી પડયો અને તેનાં વાહનો પણ ક્ષીણ થઇ ગયાં. એ રીતે તેનો ખજાનો જ્યારે ખૂટી પડયો,ત્યારે તેના સામંતરાજાઓ ચોતરફથી તેને દુઃખ દેવા લાગ્યા.[૧૨] વળી જ્યારે તે રાજાનો ખજાનો તથા અશ્વાદિ વાહનો ક્ષીણ થઇ ગયાં, ત્યારે બીજા અનેક લોકો પણ તેને પીડવા લાગ્યા;જેથી તે રાજા પોતાના સેવકોની સાથે તથા આખા નગરની સાથે અત્યંત દુઃખી સ્થિતિમાં આવી પડયો.[૧૩] હે યુધિષ્ઠિર ! એ પ્રમાણે તે રાજાના બળનો ક્ષય થઇ ગયો હતો,છતાં પણ તેને કોઈ મારી શકતા ન હતા; કેમકે તેનું વર્તન ઘણુંજ શ્રેષ્ઠ હતું અને તે પોતે પણ નિત્ય ધર્મશીલ હતો.[૧૪] જ્યારે તે રાજા પોતાના નગરની સાથે અત્યંત સંકટમાં આવી પડયો,ત્યારે તેણે પોતાના હાથને ધમ્યો-અગ્નિ પાસે લઈ જઈને હાથમાં ફુંક મારી, એટલે તુરતજ તેમાંથી એક સૈન્ય પ્રકટ થયું.[૧૫] પછી તેણે એ સૈન્યના બળથી સીમાડાના સર્વ રાજાઓને જીતી લીધા; અને હે રાજા ! એ સમયે તેણે પોતાના હાથને ધમ્યો હતો,તે કારણથીજ તેનું 'કરંધમ' એવું નામ પ્રસિદ્ધ થયું હતું.[૧૬] પછી ત્રેતાયુગના આરંભસમયે તેનો પુત્ર કારંધમ નામનો થયો હતો. તે ઇંદ્ર કરતાં ઉતરતો ન હતો, શ્રીમાન હતો, દેવતાઓને પણ મહાદુર્જય થઇ પડે તેવો હતો, તે સમયના સર્વ રાજાઓ તેને વશ થઇ રહ્યા હતા, તે પોતાના સદ્વર્તનથી તથા બળથી સર્વનો સમ્રાટ્ થયો હતો, તેનું બીજું નામ 'અવિક્ષિત' હતું, તે ધર્માત્મા હતો, પરાક્રમમાં ઇંદ્રસમાન હતો, યજ્ઞશીલ હતો, ધર્મમાં આસક્ત રહેતો હતો, ધૈર્યવાન હતો, ઇંદ્રિયોને વશ રાખનારો હતો, તેજમાં સૂર્યસમાન હતો, ક્ષમામાં પૃથ્વીસમાન હતો, બુદ્ધિમાં બૃહસ્પતિસમાન હતો; અને હિમાલય પર્વતની પેઠે અત્યંત સ્થિર (સ્વભાવનો) હતો. તે રાજાએ મન, વચન, કર્મ, ઇંદ્રિયનિગ્રહ તથા શાંતિથી પ્રજાઓનાં મનને આરાધ્યાં હતાં-વશ કર્યાં હતાં.[૧૭-૨૧] વળી તે રાજાએ સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા; અને મહાસમર્થ વિદ્વાન અંગિરા ઋષિએ પોતે તેની પાસે યજ્ઞો કરાવ્યા હતા. (અર્થાત્ અંગિરા ઋષિએ પોતે આચાર્ય બનીને તેના યજ્ઞો પૂર્ણ કર્યા હતા.)[૨૨] તેને મરુત્ત નામનો પુત્ર હતો. તે ધર્મવેત્તા હતો, ચક્રવર્તી હતો, મહાયશસ્વી હતો; અને તે ગુણોમાં પોતાના પિતા કરતાં પણ આગળ વધી ગયો હતો.[૨૩] તેનામાં દશહજાર હાથીસમાન બળ હતું અને તે સાક્ષાત્ બીજા વિષ્ણુના જેવોજ હતો. તે ધર્માત્માને જ્યારે યજ્ઞ કરવાની ઇચ્છા થઈ હતી ત્યારે તેણે તદ્દન સુવર્ણનાં હજારો ઉજ્જવળ પાત્રો કરાવ્યાં હતાં; અને હિમાલયની પડોશમાં ઉત્તરદિશામાં (આવેલા) મેરુપર્વત પાસે જઇને ત્યાં રહેલી સુવર્ણની એક મહાન ટેકરી ઉપર યજ્ઞકર્મ કર્યું હતું. તે સમયે (એ રાજાના યજ્ઞનિમિત્તે) સોની લોકોએ સુવર્ણનાં

કુંડાં, પાત્રો, થાળીઓ અને આસનો એટલાં બધાં તૈયાર કર્યાં હતાં, કે જેની સંખ્યાજ ન હતી. એ મેરુપર્વતની સમીપમાંજ એક યજ્ઞમંડપ બાંધવામાં આવ્યો હતો; અને તેમાં ધર્માત્મા રાજા મરુત્તે, સર્વ રાજાઓની સાથે વિધિપૂર્વક યજ્ઞ કર્યો હતો."[૨૪–૨૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦અશ્વમેધિક પર્વમાં
" સંવર્ત્તમરુત્તીય" એ વિષયનો
અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો

રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)

॥ युधिष्ठिर उवाच ॥

कथं वीर्यः समभवत्स राजा वदतां वर ।
कथं च जातरूपेण समयुज्यत स द्विज ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે વક્તાઓમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ! તે રાજા એવો પરાક્રમી કેવી રીતે થયો હતો? તેને એટલું બધું સુવર્ણ કેવી રીતે મળ્યું હતું? તે દ્રવ્ય હાલમાં કયાં રહેલું છે અને હે ભગવન્ તપોધન! તે દ્રવ્ય અમારાથી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? તે મને કહો."[૧,૨]

વ્યાસે કહ્યું:–" હે તાત! પ્રજાપતિ દક્ષને અસુર અને દેવ એવી જાતનાં ઘણાં સંતાનો હતાં. તેઓ પરસ્પર સ્પર્ધા કરતાં હતાં;[૩] તેમજ મહાતેજસ્વી બૃહસ્પતિ અને તપોધન સંવર્ત્ત નામે અંગિરાઋષિના બે પુત્ર હતા, કે જેઓ સમાન વ્રતધારી હતા.[૪] હે રાજન્! તેઓ બન્ને જણા અન્યોન્યથી જૂદા રહેતા હતા અને પરસ્પરની સ્પર્ધા કર્યા કરતા હતા; તેમાં પણ બૃહસ્પતિ, વારંવાર સંવર્ત્તને દુઃખ દેતા હતા.[૫] હે ભારત! પોતાના મોટાભાઇ બૃહસ્પતિએ પોતાને જ્યારે સતત દુઃખ દેવા માંડયું, ત્યારે સંવર્ત્તે સર્વ અર્થોનો ત્યાગ કરીને નગ્ન અવસ્થામાં વનમાં રહેવાનુંજ પસંદ કર્યું.[૬] તેજ સમયે બીજી તરફ સર્વ અસુરોનો પરાજય કરીને તથા નાશ કરી નાખીને ઇંદ્રે, જગતમાં ઈંદ્રપણું પ્રાપ્ત કર્યું; અને પછી અંગિરાના મોટા પુત્ર બૃહસ્પતિને પોતાના પુરોહિતતરીકે સ્વીકાર્યા. પૂર્વે રાજા કરંધમ અંગિરાઋષિનો યજમાન હતો. તે ધર્માત્મા રાજા વીર્યમાં, સદ્વર્તનમાં તથા બળમાં જગતમાં અપ્રતિમ અથવા એકકો કહેવાતો હતો, ઇંદ્રના જેવોજ તેજસ્વી હતો, તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો હતો, તેનાં વાહન, યોદ્ધાઓ, મિત્રો અને જાતજાતનાં મહાકિંમતી મુખ્ય શયનો માત્ર તેના ધ્યાનબળથી તથા મુખના વાયુથી (એટલે ફુંકથી) ઉત્પન્ન થયાં હતાં; અને તે રાજાએ પોતાના ગુણોથી સર્વ રાજાઓને વશ કરી લીધા હતા. તે રાજા પોતે ઇચ્છેલા કાળપર્યંત જીવીને તેના તેજ શરીરસાથે સ્વર્ગમાં ગયો હતો. તેનો પુત્ર અવિક્ષિત યયાતિના જેવો ધર્માત્મા હતો, શત્રુને જીતનારો હતો અને તેણે પણ આખી પૃથ્વીને વશ કરી હતી. તે (અવિક્ષિત) રાજા પોતાના પિતા જેવોજ પરાક્રમી અને ગુણવાન હતો.[૭–૧૩] એ (અવિક્ષિત) રાજાનો મરુત્ત નામનો પુત્ર હતો, તે ઇંદ્રસમાન પરાક્રમી હતો અને સમુદ્રરૂપ વસ્ત્રવાળી આખી પૃથ્વી તેનાપર અનુરાગી થઈ હતી.[૧૪] હે પાંડુપુત્ર! તે મરુત્ત રાજા સદાકાળ દેવરાજાની (ઇંદ્રની) સાથે સ્પર્ધા કર્યા કરતો હતો અને ઇંદ્ર પણ મરુત્તની સાથે સ્પર્ધા કરતો હતો.[૧૫] રાજા મરુત્ત પવિત્ર અને ગુણવાન હતો, જેથી ઇંદ્ર પ્રયત્ન કરતો હતો છતાં પણ તેનાથી વિશેષ થઇ શકતો ન હતો.[૧૬] એ પ્રમાણે ઐરાવતહાથીના વાહનવાળો ઇંદ્ર, મરુત્તરાજાથી જ્યારે વિશેષ થઇ શકયો નહિ, ત્યારે સર્વ દેવોની સાથે રહીને તેણે બૃહસ્પતિને બોલાવ્યા અને તેમને આવું વચન કહ્યું:–[૧૭] " હે બૃહસ્પતિ! તમારે જો મારૂં પ્રિય કરવું હોય તો મરુત્તરાજાને ત્યાં દેવકર્મ કે પિતૃકર્મ તમારે કરાવવું નહિ.[૧૮] હે બૃહસ્પતિ! હું એકલો ત્રણે લોકમાં દેવોના ઇંદ્રપણાને પામ્યો છું–અર્થાત્ હું તો ત્રણે લોકનો તથા દેવોનો પણ રાજા છું; અને મરુત્ત તો માત્ર પૃથ્વીનોજ રાજા છે.[૧૯] હે બ્રહ્મન્! તમે મરણધર્મરહિત દેવોના અધિપતિને યજ્ઞ કરાવીને મરણધર્મવાળા મરુત્તને નિઃશંકપણે યજ્ઞ કેમ કરાવશો? તમે કાં તો મને યજમાનતરીકે સ્વીકારો અ-

થવા રાજા મરુત્તને યજમાનતરીકે સ્વીકારો. (અને તેમ ન કરવું હોય તો) મરુત્તનો ત્યાગ કરીને તમારી ખુશીથી મને એકલાને તમે યજમાનતરીકે સ્વીકારો; તમારું કલ્યાણ થાઓ.”

હે કુરુવંશી રાજા! દેવોના રાજા ઇંદ્રે, એ પ્રમાણે કહ્યું એટલે બૃહસ્પતિએ એક મુહૂર્તભર વિચાર કર્યો અને પછી દેવરાજાને કહ્યું:–“હે વીર! તું પ્રાણીમાત્રનો અધિપતિ છે, તારે આધારે લોકો સ્થિતિ કરી રહ્યા છે, તેં નમુચિનો, વિશ્વરૂપનો તથા બલદૈત્યનો નાશ કર્યો છે, તેં એકલાએ દેવોની ઉત્તમ લક્ષ્મી સંપાદન કરી છે અને તું આખી પૃથ્વીનું તથા સ્વર્ગનું નિત્ય ભરણપોષણ કરી રહ્યો છે; તો પછી હે બલદૈત્યનો નાશ કરનારા ઇંદ્ર! હે દેવગણોના રાજા! હે પાકદૈત્યને શિક્ષા કરનારા! હું તારું પુરોહિતપદ સ્વીકારીને મરણધર્મવાળા મરુત્તને યજ્ઞ કેમ કરાવીશ ?[૨૦-૨૫] હે દેવેન્દ્ર! તું શાંત થા. હું કોઇપણ મનુષ્યના યજ્ઞમાં કદી સરવો ગ્રહણ કરીશ નહિ. વળી મારું આ વચન તું સાંભળ. અગ્નિ કદાચ શીતળ થાય, પૃથ્વી કદાચ ચલિત થાય અને સૂર્ય પણ કદાચ ન પ્રકાશે, પરંતુ મારું સત્ય વચન કદી ચલાયમાન નજ થાય.”

વૈશંપાયને કહ્યું:– બૃહસ્પતિનું એ વચન સાંભળીને ઇંદ્ર શાંત થયો. તે બૃહસ્પતિનાં વખાણ કરીને પોતાના ભવનમાં દાખલ થયો.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
“સંવર્ત્તમરુત્તીય” એ વિષયનો
અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો

રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)

॥ व्यास उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
बृहस्पतेश्च संवादं मरुत्तस्य च धीमतः ॥१॥

વ્યાસે કહ્યું:– આના સંબંધમાં પણ બૃહસ્પતિના તથા બુદ્ધિમાન સંવર્ત્તના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસ કહેવામાં આવે છે.[૧] આંગિરાના પુત્ર બૃહસ્પતિએ દેવોના રાજા ઇંદ્ર પાસે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, તે સાંભળીને મરુત્તરાજાએ એક મહાન યજ્ઞ કરવાની તૈયારી કરવા માંડી.[૨] મનમાં યજ્ઞ કરવાનો સંકલ્પ કરીને અવિક્ષિતનો વાચાલ પુત્ર મરુત્ત, બૃહસ્પતિ પાસે ગયો અને આવું વચન બોલ્યો:[૩]–“હે ભગવન્! હે તપોધન! હે ગુરુ! મેં પ્રથમ તમારી પાસે આવીને તમારા વચનથી યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો હતો;[૪] માટે હવે હું યજ્ઞ કરવા ઇચ્છું છું, યજ્ઞની સર્વ સામગ્રીઓ મેં તૈયાર કરી રાખી છે અને હું તમારો યજમાન છું; માટે હે સાધુપુરુષ! તમે મારે ત્યાં પધારો અને મને યજ્ઞ કરાવો.”[૫]

બૃહસ્પતિએ કહ્યું:–“હે રાજા! હું તને યજ્ઞ કરાવવા ઇચ્છતો નથી. મને દેવરાજાએ પુરોહિતતરીકે સ્વીકાર્યો છે અને (મનુષ્યને યજ્ઞ નહિ કરાવવા માટે) મેં તેની પાસે પ્રતિજ્ઞા પણ કરી છે.”[૬]

મરુત્તે કહ્યું:–“હું મારી કુલપરંપરાથી તમારો યજમાન છું, વળી હું તમને અત્યંત પૂજ્ય માનું છું અને તમારા યજમાનતરીકે હું તમારી પાસે આવ્યો છું; માટે તમને ભજી રહેલા મને તમે ભજો–મારા પુરોહિત થાઓ.”

બૃહસ્પતિએ કહ્યું–“મરણધર્મરહિત એક દેવને યજ્ઞ કરાવીને હું મરણધર્મવાળા મનુષ્યને કેમ યજ્ઞ કરાવીશ? માટે હે મરુત્ત! તારે જવું હોય તો જા અથવા ન જા. મેં તો હવે મનુષ્યને યજ્ઞ કરાવવાનું છોડી દીધું છે.[૮] હે મહાબાહુ! હું હવે તને યજ્ઞ કરાવીશ નહિ, માટે તું તારી ઇચ્છામાં આવે તેને પોતાના ઉપાધ્યાયતરીકે સ્વીકારી લે, તે તને યજ્ઞ કરાવશે.”

વ્યાસે કહ્યું:–બૃહસ્પતિએ એ પ્રમાણે કહ્યું, એટલે રાજા મરુત્ત શરમાઇ ગયો. તે અત્યંત ઉદાસ થઇને પાછો ફર્યો તેવામાં માર્ગમાં તેને નારદનાં દર્શન થયાં.[૧૦] દેવર્ષિ નારદસાથે સમાગમ થતાં તે રાજાએ વિધિપૂર્વક બે હાથ જોડ્યા, એટલે નારદે તેને આ પ્રમાણે કહ્યું:–[૧૧] “હે નિર્દોષ રાજર્ષિ! તું અત્યંત ઉદાસ જણાય છે. (તે ઉપરથી હું તને પૂછું છું કે,) તું કુશળ તો છે ને? તું ક્યાં ગયો હતો અને

તને આવું અપ્રીતિનું સ્થાન ક્યાંથી પ્રાપ્ત થયું? હે રાજન્! તેનું કારણ મારે સાંભળવા યોગ્ય હોય તો હે મહારાજા! તું મને કહે. હે નરાધિપ! હરકોઇ પ્રયત્નો કરીને પણ તારા શોકને હું દૂર કરીશ." મહર્ષિ નારદે એ પ્રમાણે કહ્યું એટલે મરુત્તરાજાએ, પોતાના ઉપાધ્યાય બૃહસ્પતિથી થયેલા પોતાના અપમાનની સર્વ વાત તેમને નિવેદન કરવા માંડી.૧૨-૧૪

મરુત્તે કહ્યું:-"હું દેવોના આચાર્ય બનેલા અંગિરાના પુત્ર બૃહસ્પતિ પાસે ગયો હતો મેં તેમને યજ્ઞમાટે ઋત્વિજ થવાની પ્રાર્થના કરી, પણ તેમણે મને અભિનંદન આપ્યું નહિ; એટલુંજનહિ પરંતુ હે નારદ! ઉલટું તે મારા ગુરુએ મારૂં અપમાન કર્યું છે,મને ત્યજી દીધો છે અને દૂષિત ઠરાવ્યો છે;માટે હવે હું જીવવાની ઈચ્છા રાખતો નથી. "૧૫,૧૬

વ્યાસે કહ્યું:-રાજાએ એ પ્રમાણે કહ્યું એટલે હે મહારાજા! નારદ અવિક્ષિતના પુત્ર તે મરુત્તરાજાને વાણીથી જાણે જીવાડતા હોય તેમ બોલ્યા.૧૭

નારદે કહ્યું:-" હે રાજન્! અંગિરાનો બીજો પુત્ર સંવર્ત્ત નામનો (હજી હયાત) છે. તે ધર્મનિષ્ઠ છે અને દિગંબર સ્વરૂપે સર્વ પ્રજાઓને મોહ પમાડતો બધી દિશાઓમાં વિચર્યા કરે છે.૧૮ બૃહસ્પતિ તને પોતાના યજમાનતરીકે સ્વીકારવા ન ઇચ્છતા હોય, તો તું તેની (સંવર્ત્તની) પાસે જા. તે મહાતેજસ્વી સંવર્ત્ત પ્રસન્ન થઇને તને યજ્ઞ કરાવશે. "

મરુત્તે કહ્યું:-હે "નારદ! આ વાક્ય કહીને તમે મને જીવાડયો છે. હે વક્તાઓમાં શ્રેષ્ઠ નારદ! એ સંવર્ત્તનાં મને ક્યાં દર્શન થાય? એમને હું ક્યાં મળી શકું? તે મને કહો.૨૦ મારે તેમની પાસે કેવી રીતે વર્તવું? શું કરવાથી તે મારો ત્યાગ ન કરે? ખરેખર, તે પણ જો મારૂં અપમાન કરશે, તો હું જીવવાનો ઉત્સાહ રાખીશ નહિ."૨૧

નારદે કહ્યું:- " હે મહારાજા! તેને મહેશ્વરનાં દર્શન કરવાની ઇચ્છા છે,જેથી ઉન્મત્ત(ગાંડા)ના જેવો વેશ ધારણ કરીને તે પોતાને સુખ થાય તેમ કાશીનગરીમાં ફર્યા કરે છે;૨૨ માટે તું કાશીનગરીના દરવાજા પાસે જા અને ત્યાં કોઇએક સ્થળે એક મુડદાને મૂકી રાખ. હે રાજા! તે મુડદાને જોઇને જે મનુષ્ય, ત્યાંથી પાછો ફરે તેને તારે સંવર્ત્ત જાણવો.૨૩ તે પછી એ વીર્યવાન સંવર્ત્ત જે તરફ જવા માંડે,તે તરફ તેની પાછળ પાછળ તું પણ જજે અને એકાંતમાં તેની સમીપમાં જઇને તું તેને શરણે જજે.૨૪ એ સમયે તે તને પૂછે કે,"તને મારી ઓળખાણ કોણે આપી?" ત્યારે તું કહેજે કે, "હે સંવર્ત્ત! નારદે મને તમારી ઓળખાણ આપી છે." પછી તે મારી પાછળ આવવાની ઇચ્છાથી તને કદાચ પૂછે કે,"તે નારદ ક્યાં છે?" તો તારે નિઃશંક થઇને કહેવું કે, " નારદે અગ્નિમાં પ્રવેશ કર્યો છે. " "૨૫,૨૬

વ્યાસે કહ્યું:- "બહુ સારૂં " એમ કહીને રાજર્ષિ મરુત્તે, નારદનાં વચનનો સ્વીકાર કર્યો અને તેમનું પૂજન કર્યું. પછી તેમની અનુજ્ઞા લઇને તે કાશી તરફ ચાલ્યો ગયો.૨૭ ત્યાં જઇને મહાયશસ્વી તે મરુત્તરાજાએ, નારદનાં વચનનું સ્મરણ કરી તેમના કહેવા પ્રમાણે નગરીના દ્વારમાં એક મુડદાને મૂકી રાખ્યું;૨૮ તેવામાં તુરતજ એક બ્રાહ્મણ નગરીના દ્વારમાં દાખલ થયો, પણ ત્યાં પડેલા મુડદાને જોઇને એકદમ તે પાછો ફર્યો.૨૯ રાજા આવિક્ષિત (મરુત્ત), તે બ્રાહ્મણને પાછો ફરેલો જોઇ, તેને સંવર્ત્તતરીકે ઓળખીને તેનો શિષ્ય થવામાટે બે હાથ જોડીને તેની પાછળ ગયો.૩૦ રાજાને પોતાની પાછળ નિર્જન પ્રદેશમાં આવેલો જોઈ સંવર્ત્તે તેનાપર ધૂળ, કાદવ, બળખા તથા થુંક ઉરાડવા માંડ્યાં;૩૧ પણ રાજા મરુત્ત, પોતાને તેના તરફથી એટલું બધું દુઃખ દેવામાં આવ્યું, છતાં બે હાથ જોડીને તે ઋષિને પ્રસન્ન કરતો કરતો તેની પાછળજ ગયો. અંતે સંવર્ત્ત થાક્યો અને તે ત્યાંથી પાછો ફરીને શીતળ છાયા તથા મોટી શાખાઓવાળા એક વડ પાસે જઇને તેની નીચે બેઠો.૩૨,૩૩

અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)

॥ संवर्त्त उवाच ॥

कथमस्मि त्वयाज्ञातः केन वा कथितोऽस्मि ते
एतदाचक्ष्व मे तत्त्वमिच्छसे चेन्मम प्रियम् ॥

સંવર્ત્તે કહ્યું:–“તને મારૂં પ્રિય કરવાની ઇચ્છા હોય, તો તું મને કહે. તેં મને કેવી રીતે ઓળખ્યો અથવા તને મારી કોણે ઓળખાણ આપી?[૧] તું મારી પાસે જો સત્ય બોલીશ તો તારા સર્વ મનોરથો સિદ્ધ થશે; પણ જો અસત્ય બોલીશ તો તારા મસ્તકના સો ટુકડા થઈ જશે.”

મરુત્તે કહ્યું:– “માર્ગમાં જતા નારદે તમારી મને ઓળખાણ આપી છે; અને તેમણેજ મને તમે મારા ગુરુના પુત્ર હોવાનું જણાવ્યું છે, જેથી મને અત્યંત પ્રીતિ થઈ છે.”[૩]

સંવર્ત્તે કહ્યું:–“ખરેખર, તેં મને સત્ય કહ્યું છે. તે નારદજ મને આવા ગુપ્ત વેશમાં રહેલો જાણે છે. ઠીક છે, પણ તું મને કહે કે, હાલમાં તે નારદ ક્યાં છે?”[૪]

મરુત્તે કહ્યું:–“દેવર્ષિ નારદે તમારી મને ઓળખાણ આપીને તથા અહીં આવવાની મને અનુજ્ઞા આપીને (તેજ સમયે) અગ્નિમાં પ્રવેશ કર્યો છે.”[૫]

વ્યાસે કહ્યું:–રાજાનાં એ વચન સાંભળી સંવર્ત્ત હર્ષ પામ્યો અને બોલી ઉઠ્યો કે:–“હું પણ એટલું તો કરી શકું છું.” પછી હે રાજા! જેમ એક ઉન્મત્ત (ગાંડો) મનુષ્ય વાણીથી તિરસ્કાર કરે, તેમ એ બ્રાહ્મણ વારંવાર રૂક્ષ વાણી કહીને મરુત્તરાજાનો જાણે તિરસ્કાર કરતો હોય તેમ કહેવા લાગ્યો:–“મારામાં વાયુનું પ્રાધાન્ય છે–અર્થાત્ હું એક વાયલ છું–ગાંડો છું, મારા ચિત્તનેજ વશ રહેનારો છું અને આવા વિકૃત સ્વરૂપવાળો છું; છતાં તું મારી પાસે યજ્ઞ કરાવવા કેમ ઇચ્છે છે? મારો ભાઇ સમર્થ છે, ઇંદ્રની સાથે સંગતવાળો છે અને યજ્ઞ કરાવવાની વૃત્તિ પણ કરે છે; માટે તેની પાસે તું યજ્ઞકર્મો કરાવ.[૬–૯] તે મારા મોટાભાઇએ મારો ગૃહસ્થાશ્રમ, મારા યજમાનો અને મારા ઘરના સર્વ દેવતાઓ, મારી પાસેથી છીનવી લીધા છે. માત્ર મારા આ શરીરનેજ તેણે જતું કર્યું છે.[૧૦] (તોપણ) હે અવિક્ષિતના પુત્ર! તે મારા મોટાભાઇની અનુજ્ઞાવિના હું તને કદાપિ યજ્ઞ કરાવી શકું તેમ નથી; કેમકે તે મારે અત્યંત પૂજ્ય છે,[૧૧] માટે તારે યજ્ઞ કરવાની ઇચ્છા હોય તો તું બૃહસ્પતિ પાસે જા અને તેની અનુજ્ઞા લઇ આવ. તે પછી હું તને યજ્ઞ કરાવીશ.”[૧૨]

મરુત્તે કહ્યું:–“હે સંવર્ત્ત! હું પ્રથમજ બૃહસ્પતિ પાસે ગયો હતો. તે વાત તમે સાંભળો. તેઓ ઇંદ્રનાપરની પોતાની પ્રીતિને લીધે મને યજમાનતરીકે સ્વીકારવા ઇચ્છતા નથી. (તેમણે મને કહ્યું છે કે:–) “મૃત્યુરહિત એક દેવને યજમાનતરીકે સ્વીકારી હું મનુષ્યને યજ્ઞ કરાવીશ નહિ. વળી ઇંદ્રે મને મનાઈ પણ કરી છે કે, “હે બ્રાહ્મણ! તમારે મરુત્તને યજ્ઞ કરાવવો નહિ; કેમકે તે રાજા નિત્ય મારી સાથે સ્પર્ધા કર્યા કરે છે.” ઇંદ્રના એ કહેવાપરથી તમારા ભાઇએ “બહુ સારૂં, એમ કરીશ” એમ કહીને તેને વચન આપ્યું છે. આ રીતે હે મહામુનિ! તમારા મોટાભાઈ, દેવરાજાનો આશ્રય કરીને, પ્રેમપૂર્વક શરણે ગયેલા મને પોતાના યજમાનતરીકે સ્વીકારવા ઇચ્છતા નથી; એ તમે જાણો;[૧૪–૧૬] માટે હું મારૂં સર્વસ્વ અર્પણ કરીને પણ તમારી પાસે યજ્ઞ કરાવવા ઇચ્છું છું અને તમે કરેલા ગુણોવડે ઇંદ્રનું પણ ઉલ્લંઘન કરવા ઇચ્છું છું.[૧૭] હે બ્રહ્મન્! મેં બૃહસ્પતિનો કંઈ પણ અપરાધ કર્યો નથી, છતાં તેમણે મારૂં અપમાન કર્યું છે; માટે હવે બૃહસ્પતિ પાસે જવાનો વિચાર મને થતો નથી.”[૧૮]

સંવર્ત્તે કહ્યું:–“હે રાજા! તું મારા સર્વ અભિપ્રાયોનું જો પાલન કરીશ, તો અવશ્ય તારી જે જે ઇચ્છાઓ છે તેને તું યથેષ્ટ પરિપૂર્ણ કરીશ.[૧૯] જે સમયે હું તને યજ્ઞ કરાવીશ તે સમયે ઇંદ્ર અને બૃહસ્પતિ તારાપર ક્રોધાયમાન થઈને તારો દ્વેષ કરશે, પણ તે વેળા તારે આ એકજ વાતને વળગી રહેવું જોઈશે કે:–

"હું આ સંવર્તને વિષેજ કેવી રીતે સ્થિર રહું?" માટે તું એ વાતનેજ હમણાં નિઃસંશય કર કે જેથી હું કોપાયમાન થઇને તને તારા બાંધવોની સાથે બાળીને ભસ્મ કરી ન નાખું!"

મરુત્તે કહ્યું:–"હું તમારી સંગતનો જો ત્યાગ કરૂં તો જ્યાંસુધી સૂર્ય તપી રહ્યો છે અને જ્યાંસુધી પર્વતો પૃથ્વીપર સ્થિર ઉભા છે, ત્યાંસુધી હું સ્વર્ગાદિ લોકને ન પામું.[૨૨] તેમજ હું તમારી સંગતનો જો ત્યાગ કરૂં તો મને કદાપિ શુભ બુદ્ધિ પ્રાપ્ત ન થાઓ અને સદાકાળ મને વિષયોનો સંગ રહો."[૨૩]

સંવર્ત્તે કહ્યું:–"હે અવિક્ષિતના પુત્ર! તારી પવિત્ર બુદ્ધિ આવાં કર્મો કરવામાં નિરંતર તત્પર રહો. હે રાજા! મારા હૃદયમાં પણ હવે તને યજ્ઞ કરાવવાનો વિચાર થયો છે.[૨૪] હે રાજન્! હું તને અક્ષય એવું ઉત્તમ દ્રવ્ય બતાવું છું, જેને લીધે તું દેવોનો, ગંધર્વોનો તથા ઇંદ્રનો પણ પરાભવ કરી શકીશ.[૨૫] જો કે મને ધન મેળવવાનો અથવા યજમાન મેળવવાનો (લેશમાત્ર) વિચાર નથી, તોપણ હું (તને યજ્ઞ કરાવીને) મારા મોટાભાઇનું તથા ઇંદ્રનું અપ્રિય કરીશજ.[૨૬] હું તને ઇંદ્રની સમાનતાએ પહોંચાડીશ, એ વાત નિઃસંશય છે; અને તારૂં પ્રિય પણ કરીશ, આ હું તને સત્ય કહું છું."[૨૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
"સંવર્ત્તમરુત્તીય" એ વિષયનો
અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો

રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)

॥ संवर्त्त उवाच ॥

गिरेर्हिमवतः पृष्ठे मुंजवान्नाम पर्वतः ।
तप्यते यत्र भगवाँस्तपो नित्यमुमापतिः ॥१॥

સંવર્ત્તે કહ્યું:–"હિમાલયની પાછળના ભાગમાં "મુંજવાન" નામનો એક પર્વત છે, જ્યાં ઉમાપતિ ભગવાન શંકર નિત્ય તપશ્ચર્યા કર્યા કરે છે.[૧] વળી તે શ્રેષ્ઠ પર્વતનાં શિખરો ઉપર, ખીણોમાં, વનસ્પતિઓના મૂળ નીચે તથા ગુફાઓમાં ત્રિશૂળને ધારણ કરનારા મહાતેજસ્વી ભગવાન મહેશ્વર, પાર્વતીને સાથે રાખીને તથા અનેક ભૂતગણોથી વિંટાઇને પોતાની ઇચ્છાનુસાર સુખેથી નિવાસ કરી રહ્યા છે. ત્યાં આદિત્યો, મરુદ્‌ગણો તથા સર્વ યાતુધાનો, અનેક સ્વરૂપોને ધારણ કરનારા મહાત્મા ઉમાપતિનું (નિત્ય) ઉપાસન કરી રહ્યા છે;[૩] અને હે રાજા! તે સ્થળે પોતાની શોભાથી પ્રકાશી રહેલા, બાલસૂર્યસમાન કાંતિવાળા, જેમનું સ્વરૂપ કે સ્થિતિ કદી જોઈ શકાતી નથી અને કોઇપણ પ્રાણી પોતાનાં સામાન્ય ચર્મચક્ષુથી જેમના સ્વરૂપને જોઇ શકતાં નથી, તે ભગવાન શંકર બેડોળ દેખાવના, ભયંકર તથા ક્રીડા કરી રહેલા કુબેરના અનુચરોની સાથે નિત્ય રમણ કર્યા કરે છે. વળી હે રાજા! તે સ્થળે ટાઢ, તાપ, વાયુ, સૂર્ય, વૃદ્ધાવસ્થા, ક્ષુધા, તૃષા, મૃત્યુ કે ભય બિલકુલ છેજ નહિ. હે જય કરનારાઓમાં શ્રેષ્ઠ રાજા! એ પર્વતની સર્વ બાજુમાં સૂર્યનાં કિરણોની પેઠે પ્રકાશી રહેલી સુવર્ણની ધાતુઓ આવી રહેલી છે; અને હે રાજા! તે સર્વ સુવર્ણનું મહાત્મા કુબેરનું પ્રિય કરવાની ઇચ્છાવાળા કુબેરના સહાયકો, આયુધો ઉગામીને સદાકાળ રક્ષણ કર્યા કરે છે.[૪-૧૨] (માટે ત્યાં જઇને તારે મહાદેવની આ પ્રમાણે સ્તુતિ કરવી.)

*ભગવાન શર્વ, વેધસ્, રુદ્ર, શિતિકંઠ, પુરુષ, સુવર્ચસ્, કપર્દી, કરાલ, હર્યક્ષણ, વરદ, ત્ર્યક્ષણ, પૂષાના દાંતનો નાશ કરનારા, વામન, શિવ, યામ્ય, અવ્યક્તરૂપ, સદ્વૃત્ત, શંકર, ક્ષેમ્ય, હરિકેશ, સ્થાણુ, પુરુષ, હરિનેત્ર, મુંડ, ક્રુદ્ધ, ઉત્તરણ, ભાસ્કર, સુતીર્થ, દેવના દેવ, રંહસ્, ઉષ્ણીષિ, સુવક્ત્રને, સહસ્રાક્ષ તથા મીઢુષને મારા નમસ્કાર હો;[૧૩-૧૬] તેમજ ગિરીશ, પ્રશાંત, યતિ, ચીરવાસસ્, બિલ્વદંડ, સિદ્ધ, સર્વના પર દંડ ધારણ કરનારા, મૃગવ્યાધ,

---

* અહીંથી આરંભીને શંકરના એક સ્તોત્રનો આરંભ થાય છે. આ સ્તોત્રનો નિત્યપાઠ કરવાથી સુવર્ણની ઇચ્છાવાળો પુરુષ સુવર્ણને પ્રાપ્ત કરી શકે છે.

માતૃભક્ત, સેનાની, મધ્યમ, સ્રુવહસ્ત, પતિ, ધન્વી, ભાર્ગવ, અજ, કૃષ્ણનેત્ર, વિરૂપાક્ષ, તીક્ષ્ણદંષ્ટ્ર, તીક્ષ્ણ, વૈશ્વાનરમુખ, મહાદ્યુતિ, અનંગ, સર્વ, વિશાંપતિ, વિલોહિત, દીપ્ત, દીર્ઘાક્ષ, મહૌજસ્, વસુરેતઃસુવપુષ્, પૃથુ, કૃત્તિવાસસ્, કપાલમાલિ, સુવર્ણમુકુટ, મહાદેવ, કૃષ્ણ, ત્ર્યંબક, અનઘ, ક્રોધન, અનૃશંસ, મૃદુ, બાહુશાલી, દંડી, તપ્તતપસ્, અક્રૂરકર્મા, સહસ્રશિરસ્, સહસ્રચરણ, સ્વધાસ્વરૂપ, બહુરૂપ તથા દંષ્ટ્રીને મારા નમસ્કાર.૧૭–૨૬ પિનાકી, મહાદેવ, મહાયોગી, અવ્યય, ત્રિશૂલહસ્ત, વરદ, ત્ર્યંબક, ભુવનેશ્વર, ત્રિપુરઘ્ન, ત્રિનયન, ત્રિલોકેશ, મહૌજસ્, પ્રભવ, સર્વભૂતધારણ, ધરણીધર, ઇશાન, શંકર, સર્વ, શિવ, વિશ્વેશ્વર, ભવ, ઉમાપતિ, પશુપતિ, વિશ્વરૂપ, મહેશ્વર, વિરૂપાક્ષ, દશભુજ, દિવ્ય, ગોવૃષભધ્વજ, ઉગ્ર, સ્થાણુ, શિવ, રૌદ્ર, શર્વ, ગૌરીશ, ઈશ્વર, શિતિકંઠ, અજ, શુક્ર, પૃથુ, પૃથુહર, વર, વિશ્વરૂપ, વિરૂપાક્ષ, બહુરૂપ, ઉમાપતિ, અનંગાંગહર, હર, શરણ્ય, ચતુર્મુખ તથા મહાદેવને મસ્તકવડે પ્રણામ કરીને તું શરણે જજે.૨૩–૩૨

હે રાજા! એ પ્રમાણે રંહસ્નામધારી મહાત્મા મહાદેવને નમસ્કાર કરીને તું સુવર્ણને પ્રાપ્ત કરી શકીશ;૩૩ માટે તારાં મનુષ્યો ત્યાંથી સુવર્ણ લેવા માટે ભલે જાય.”

સંવર્ત્તે એ પ્રમાણે કહ્યું, એટલે કરંધમના પુત્ર મરુત્તરાજાએ તેમના કહેવા પ્રમાણે કર્યું; અને પછી યજ્ઞની સર્વ અલૌકિક સામગ્રી તૈયાર કરવા માંડી. તે સમયે કારીગરોએ સુવર્ણનાં અનેક પાત્રો પણ તૈયાર કર્યાં.૩૫ રાજા મરુત્તની દેવો કરતાં પણ ચઢીઆતી તે સમૃદ્ધિ બૃહસ્પતિના સાંભળવામાં આવી, એટલે તેણે અત્યંત સંતાપ કરવા માંડ્યો.”૩૬ મારો શત્રુ સંવર્ત્ત ધનવાન થઇ જશે” આવો સંતાપ કરી કરીને બૃહસ્પતિ, શરીરે અત્યંત ફિક્કા પડી જઇ ઘણા કૃશ થઈ ગયા.૩૭ તે વેળા બૃહસ્પતિને અત્યંત સંતાપ પામેલા સાંભળીને દેવરાજ ઇંદ્ર, સર્વ દેવોથી વિંટાઇને તેમની પાસે આવી આવું વચન બોલ્યો.૩૮

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં “સંવર્ત્તમરુત્તીય” એ વિષયનો અધ્યાય ૮ મો સમાપ્ત

અધ્યાય ૯ મો

રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)

॥ इन्द्र उवाच ॥

कच्चित् सुखं स्वपिषि त्वं बृहस्पते।
कच्चिन्मनोज्ञाः परिचारकास्ते ॥
कच्चिद्देवानां सुखकामोऽसि विप्र।
कच्चिद्देवास्त्वां परिपालयन्ति ॥१॥

ઇંદ્રે પૂછયું:–“હે બૃહસ્પતિ! તમે સુખેથી શયન કરો છો ને? તમારા સેવકો તમારી માનસિકવૃત્તિને જાણનારા છે ને? હે બ્રાહ્મણ! તમે દેવોના સુખની ઇચ્છા રાખો છો ને? તેમજ દેવો તમારૂં પરિપાલન કરે છે ને?”૧

બૃહસ્પતિએ કહ્યું:–“હે દેવરાજા! હું શયનમાં સુખેથી સૂઇ રહું છું, મારા સેવકો મારી માનસિક વૃત્તિને જાણનારા છે, હું દેવોના સુખની ઈચ્છા રાખું છું; અને દેવો પણ નિત્ય સારી પેઠે મારૂં પરિપાલન કરે છે.”૨

ઇંદ્રે પૂછયું:–“ત્યારે તમને માનસિક અથવા શારીરિક દુઃખ કયાંથી પ્રાપ્ત થયું છે? તમે હમણાં આવા ફિક્કા કેમ થઇ ગયા છો? હે બ્રાહ્મણ! એ તમે મને કહો, એટલે તમને દુઃખ આપનારા સર્વનો હું નાશ કરી નાખું.”૩

બૃહસ્પતિએ કહ્યું:–“હે ઇંદ્ર! લોકો કહે છે કે, મરુત્તરાજા ઉત્તમ દક્ષિણાવાળો એક મહાન યજ્ઞ કરવા ધારે છે અને સંવર્ત્ત તેને યજ્ઞ કરાવે છે, એમ મેં સાંભળ્યું છે; માટે તે તેને યજ્ઞ ન કરાવે, એમ હું ઇચ્છું છું.”૪

ઇંદ્રે કહ્યું:–“હે બ્રાહ્મણ! તમે સર્વ કામનાઓ સંપાદન કરી છે; કેમકે તમે મંત્રવેત્તા હોવાથી દેવોના પુરોહિત થયા છો. વળી તમે જરા તથા મૃત્યુનું ઉલ્લંઘન કરી ગયા છો–અર્થાત્ તમે જરા તથા મૃત્યુથી મુક્ત થયા છો તો હવે હે બ્રાહ્મણ! સંવર્ત્ત તમને શું કરવાનો છે?”

બૃહસ્પતિએ કહ્યું:–" તું પોતે પણ સર્વ દેવોની સાથે અસુરો સામે ચઢાઈ લઈ જઇને તેઓને પરિવારની સાથે મારી નાખવા ઇચ્છે છે; (તેનું શું કારણ?) અને તારા જે જે શત્રુને તું સમૃદ્ધિમાન દેખે છે, તેને તેને લીધે તને દુઃખ થાય છે (તેનું કેમ?) માટે એ રીતે પ્રત્યેક પુરુષને પોતાના શત્રુઓની સમૃદ્ધિ દુઃખરૂપ થઇ પડે છે.૬ હે દેવેન્દ્ર! હું પણ એ કારણથીજ આવો ફિક્કો પડી ગયો છું; કેમકે મારો શત્રુ સંવર્ત્ત પ્રતિદિન વૃદ્ધિ પામતો જાયછે–સમૃદ્ધિમાન થતો જાય છે, માટે હે ઇંદ્ર! હરકોઇ ઉપાય કરીને પણ તું કાં તો સંવર્ત્તને વશ કર અથવા રાજા મરુત્તને વશ કર."૫–૭

ઇંદ્રે કહ્યું:–" હે અગ્નિ! અહીં આવ. આ બૃહસ્પતિને મરુત્તરાજાને સ્વાધીન કરવામાટે હું તને મોકલું છું, માટે તું જા. (અને મરુત્તને કહે કે:–) આ બૃહસ્પતિ તને યજ્ઞ કરાવશે અને અમર કરશે."૮

અગ્નિએ કહ્યું:–" હે ઇંદ્ર! આ બૃહસ્પતિને મરુત્તરાજાને સ્વાધીન કરવામાટે આજે તારા દૂતતરીકે હું આ ચાલ્યો. મને તારી વાણી સત્ય કરવાની ઇચ્છા છે તથા બૃહસ્પતિનું સન્માન કરવાની ઇચ્છા છે."૯

વ્યાસે કહ્યું:–તે પછી મહાત્મા અગ્નિ, સર્વ વનોને તથા લતાઓને ખુંદી–છુંદી નાખતો અને હિમાળા પછી સર્વ દિશાઓમાં ઘૂમી રહેલા વાયુની પેઠે સુસવાટા કરતો પોતાની ઇચ્છાનુસાર ચોતરફ ફેલાઈજઇને (મરુત્તરાજા પાસે જવા) નીકળી પડયો.૧૦

તેને આવતો જોઇ મરુત્તે કહ્યું:–" આજે હું આશ્ચર્ય જોઉં છું. આ અગ્નિદેવ મારે ત્યાં સાક્ષાત્ સ્વરૂપે પધાર્યા છે; માટે હે મુનિ! તેને આસન, પગ ધોવાનું જળ તથા એક ગાય અર્પણ કરો."૧૧

અગ્નિએ કહ્યું:–" હે નિર્દોષ રાજા! તારાં આસનને તથા પગ ધોવામાટે આપેલા જળને હું અભિનંદન આપું છું–સંતોષપૂર્વક સ્વીકારું છું. તું જાણ કે, હું ઇંદ્રની આજ્ઞાથી આવેલો તેનો દૂત છું."૧૨

મરુત્તે કહ્યું:–"હે અગ્નિદેવ! શ્રીમાન દેવરાજા સુખી છે ને? તે અમારાપર પ્રીતિ રાખે છે ને? સર્વ દેવતાઓ એમને વશ થઇ રહે છે ને? એ સર્વ તમે મને સંપૂર્ણરીતે યથાવત્ કહો."

અગ્નિએ કહ્યું:–" હે મહારાજા! ઇંદ્ર અત્યંત સુખી છે, તે તારી સાથે અક્ષય પ્રીતિ ઇચ્છે છે અને હે રાજન્! સર્વ દેવતાઓ તેને વશ થઇ રહ્યા છે. દેવરાજાએ તને એક સંદેશો કહાવ્યો છે, તે તું મારી પાસેથી સાંભળ.૧૪ ઇંદ્રે મને તારી પાસે મોકલ્યો છે, તે એટલાજ માટે કે તને બૃહસ્પતિ સ્વાધીન કરવા. ગુરુ બૃહસ્પતિ તને યજ્ઞ કરાવે અને હે રાજા! તું મનુષ્ય છે તે છતાં તને દેવ બનાવે."૧૫

મરુત્તે કહ્યું:– "આ બ્રાહ્મણ સંવર્ત્ત મને યજ્ઞ કરાવશે. બૃહસ્પતિને મારા પ્રણામ છે. તેમણે મહેન્દ્રને યજ્ઞ કરાવીને હવે મને–મનુષ્યને યજ્ઞ કરાવવો, તે શોભે નહિ!"૧૬

અગ્નિએ કહ્યું:– "તને જો બૃહસ્પતિ યજ્ઞ કરાવશે, તો દેવરાજાની કૃપાથી તું દેવલોકમાં રહેલા મહાન લોકને સંપાદન કરીશ; એટલુંજ નહિ પરંતુ કીર્તિસંપન્ન થઇને સ્વર્ગને પણ અવશ્ય જીતીશ.૧૭ હે નરેન્દ્ર! તને જો બૃહસ્પતિ યજ્ઞ કરાવશે તો તારે માનવું કે, મેં સર્વ મનુષ્યલોક, દિવ્યલોક તથા પ્રજાપતિના મહાન લોક જીતી લીધા છે અને દેવોનું સમગ્ર રાજ્ય પણ જીત્યું છે."૧૮

સંવર્ત્તે કહ્યું:– "અલ્યા ઓ અગ્નિ! હવે આ મરુત્તરાજાને બૃહસ્પતિ સોંપવામાટે પુનઃ કોઇ રીતે પણ તું આવીશ નહિ; નહિતર યાદ રાખજે કે, તારાપર કોપાયમાન થઇને મારાં દારુણ નેત્રથી હું તને બાળી નાખીશ."૧૯

વ્યાસે કહ્યું:– તે સાંભળી અગ્નિ પીપળાના પાનની પેઠે કંપી ઉઠયો અને પોતાના બળી જવાના ભયથી ભયભીત થઇને દેવોની પાસે ચાલ્યો ગયો. અગ્નિને આવેલો જોઈ મહાત્મા ઈંદ્રે બૃહસ્પતિની સમીપમાં તેને પૂછયું કે:–૨૦ "હે અગ્નિ! મરુત્તરાજાને બૃહસ્પતિ સોંપવામાટે મેં તને અહીંથી મોકલ્યો હતો, જેથી તું ત્યાં ગયો એટલે યજ્ઞ કરવાની ઇચ્છા-

વાળા તે રાજાએ તને શું કહ્યું? તે આપણા વચનનો સ્વીકાર તો કરે છે ને?”[૨૧]

અગ્નિએ કહ્યું:– “મરુત્ત તારી વાણીને પસંદ કરતો નથી. તેણે બે હાથ જોડીને બૃહસ્પતિને અંજલિ મોકલાવી છે–પ્રણામ કહાવ્યા છે.મેં બૃહસ્પતિનો સ્વીકાર કરવામાટે વારંવાર તેની યાચના કરી; છતાં તેણે કહ્યું કે, સંવર્ત્ત મને યજ્ઞ કરાવશે.[૨૨] વળી તેણે કહ્યું છે કે, બૃહસ્પતિની સાથે યજ્ઞ કરવાનો વિચાર કરીને હું મનુષ્યોના, દેવતાઓના તથા પ્રજાપતિના મહાન લોક સંપાદન કરૂં, તોપણ મને મુદ્દલે તેમ કરવાની ઇચ્છા નથી.”[૨૩]

ઈંદ્રે કહ્યું:–“હે અગ્નિ! તું ફરીથી એ રાજા પાસે જા અને મારાં સ્વાર્થવાળાં વાક્ય તેને પહોંચાડ.તેને ફરીથી કહાવ્યા છતાં પણ જો તે તે પ્રમાણે નહિ કરે તો હું તેને વજ્રનો પ્રહાર કરીશ.”

અગ્નિએ કહ્યું:–“હે ઇંદ્ર! આ ગંધર્વનો રાજા તારા દૂતતરીકે આ વખતે ભલે જાય. મને તો ત્યાં જવામાં ભય લાગે છે; કેમકે બ્રહ્મચર્યનું પાલન કરનારા સંવર્ત્તે તીક્ષ્ણ ક્રોધ કરીને આવેશમાં ને આવેશમાં મને કહ્યું છે કે:– ‘મરુત્તરાજાને બૃહસ્પતિ સોંપવામાટે જો ફરીથી કોઇ પ્રકારે તું આવીશ તો યાદ રાખજે કે, હું ક્રોધાયમાન થઇને મારાં દારુણ નેત્રથી તને બાળી નાખીશ.’ આ વાતને હે ઇંદ્ર! તું જાણ.”

ઇંદ્રે કહ્યું:–“હે અગ્નિ! તુંજ બીજાઓને બાળી નાખે છે, તારાવિના બીજો કોઇ બાળીને ભસ્મ કરનારો નથી; અને આ સર્વ લોક તારા સ્પર્શથી ડરે છે, માટે હે અગ્નિ! તું શ્રદ્ધા ન રાખી શકાય તેવું બોલે છે.”[૨૪–૨૭]

અગ્નિએ કહ્યું:– “હે દેવેન્દ્ર! તું પોતાના બળથી આખી પૃથ્વીને તથા સ્વર્ગને વેષ્ટન કરી રહ્યો છે–પોતાની સત્તાથી દબાવી રહ્યો છે. હે ઇંદ્ર! તું આવો છે, છતાં તારા સ્વર્ગનું પૂર્વે વૃત્રાસુર કેમ હરણ કરી ગયો હતો?”[૨૮]

ઇંદ્રે કહ્યું:–“હે અગ્નિ! હું મારા હાથમાં એક પર્વતને પણ માખી કે મચ્છરની પેઠે પીસી નાખવાને સમર્થ છું, તોપણ શત્રુએ આપેલા સોમનું હું પાન કરતો નથી. વળી જે પુરુષ મારા કરતાં ક્ષીણ શક્તિવાળો હોય છે, તેનાપર હું કદીપણ વજ્રનો પ્રહાર કરતો નથી;અને તેવો કયો મનુષ્ય છે, કે જે મારા સુખસામે પ્રહાર કરી શકે તેમ છે?[૨૯] મેં કાલકેય અસુરોને પૃથ્વીપર હાંકી કાઢયા હતા, દાનવોને અંતરિક્ષમાંથી ખેંચી કાઢયા હતા અને હું સ્વર્ગના આનંદનો પણ અંત લાવી શકું તેમ છું, તો પછી કયો મનુષ્ય મારા સુખસામે પ્રહાર કરી શકે તેમ છે?”[૩૦]

અગ્નિએ કહ્યું:–“હે મહેન્દ્ર! પૂર્વે અશ્વિનીકુમારોની સાથે શર્યાતિરાજાને ચ્યવને જ્યારે યજ્ઞ કરાવ્યો હતો, ત્યારે તેમણે એકલાએજ સોમરસ પીધો હતો. પછી તે સમયે તેં ક્રોધાયમાન થઇને તેમને અટકાવ્યા હતા; અને હે પુરંદર! તે સમયે હાથમાં વજ્ર લઇને તું ચ્યવનઋષિનાપર અતિઘોર પ્રહાર કરવા તૈયાર થયો હતો; પણ ક્રોધાયમાન થયેલા તે બ્રાહ્મણે વજ્રની સાથે તારા બાહુને સ્થંભાવી દીધો હતો, એ શર્યાતિના યજ્ઞનું તું સ્મરણ કર.[૩૧,૩૨] વળી તે વેળા બ્રાહ્મણ ચ્યવને તારાપર ક્રોધ કરીને ભયંકર સ્વરૂપવાળા મદ નામના અસુરને ઉત્પન્ન કર્યો હતો, જે તારો શત્રુ હતો, વિશ્વરૂપ હતો અને જેને જોઇને તેં તારાં બન્ને નેત્રો મીંચી દીધાં હતાં.[૩૩] એ મહાન દાનવનું એક જડબું પૃથ્વીપર પડયું હતું અને બીજું જડબું છેક આકાશમાં પહોંચ્યું હતું. વળી તેને સો યોજનની લંબાઈવાળા અને મહાતીક્ષ્ણ એવા એક હજાર દાંત હતા, તેનું રૂપ ઘોર હતું, તેની ચાર દાઢો સ્થૂલ,રૂપાના થાંભલાઓ જેવી અને બસો યોજન લાંબી હતી. વળી તે સમયે એ દાનવ, તને મારી નાખવાની ઇચ્છાથી પોતાનું ભયંકર ત્રિશૂળ ઉગામીને દાંતો કચકચાવતો તારી સામે જ્યારે દોડયો હતો, ત્યારે એનું ઘોર સ્વરૂપ તેં પ્રત્યક્ષ જોયું હતું; અને (ભયને લીધે) જોવા યોગ્ય દેખાવવાળા થયેલા તને પણ સર્વ લોકો જોઇ રહ્યા હતા.હે દાનવોનો નાશ કરનારા ઇંદ્ર! તે વેળા તું એટલો બધો ભયભીત થઇ ગયો હતો કે જેને લીધે તું બે હાથ જોડીને મહર્ષિ ચ્યવનને શરણે ગયો હતો;[૩૬] માટેજ હે શક્ર! (હું તને

કહું છું કે,) ક્ષાત્રબળ કરતાં બ્રહ્મબળ વિશેષ બળવાન છે;અને બ્રહ્મબળ કરતાં બીજું કંઇપણ શ્રેષ્ઠ નથી. આ રીતે હું બ્રહ્મતેજના પ્રભાવને યથાવત્ રીતે જાણું છું, તેથીજ સંવર્ત્તને જીતવા ઇચ્છતો નથી. ”[૩૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વ-
માં “સંવર્ત્તમરુત્તીય ’ એ વિષયનો
અધ્યાય ૯ મો સમાપ્ત

અધ્યાય ૧૦ મો

રાજા મરુત્તનું આખ્યાન (ચાલુ)

॥ इन्द्र उवाच ॥

एवमेतद् ब्रह्मबलं गरीयो ।
न ब्राह्मणात् किंचिदन्यद् गरीयः ॥
आविक्षितस्य तु बलं न मृष्ये ।
वज्रमस्मै प्रहरिष्यामि घोरम् ॥१॥

ઇંદ્રે કહ્યું:-“ હા, એ વાત એમજ છે.બ્રાહ્મણોનું બળ અત્યંત શ્રેષ્ઠ છે અને બ્રાહ્મણના કરતાં શ્રેષ્ઠ એવું બીજું કંઇ પણ નથી; તોપણ અવિક્ષિતના પુત્ર મરુત્તના બળને હું સહન કરીશ નહિ. એનાપર હું વજ્રનો ઘોર પ્રહાર કરીશ.[૧] (પછી તેણે ગંધર્વના રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું:-) હે ધૃતરાષ્ટ્ર! હું તને મરુત્તરાજા પાસે મોકલું છું; માટે તું સંવર્ત્તની સાથે મળેલા મરુત્ત પાસે જા અને તે રાજાને તું કહે કે:-‘ હે રાજન્! ઇંદ્રે કહાવ્યું છે કે, તું બૃહસ્પતિનો શિષ્ય થા, નહિ તો હું તને ઘોર વજ્રનો પ્રહાર કરીશ. ”[૨]

વ્યાસે કહ્યું:-તે પછી ગંધર્વ ધૃતરાષ્ટ્ર મરુત્તરાજા પાસે ગયો અને તેને ઇંદ્રનું આવું વચન કહેવા લાગ્યો.[૩]

ધૃતરાષ્ટ્રે કહ્યું:-“ હે નરેન્દ્ર ! તું જાણ કે, હું ધૃતરાષ્ટ્ર નામનો એક ગંધર્વ છું અને ઇંદ્રનું એક કહેણ કહેવાની ઇચ્છાથી તારી પાસે આવ્યો છું. હે રાજસિંહ! લોકોના અધિપતિ મહાત્મા ઇંદ્રે તને જે કહ્યું છે, તેને તું મારી પાસેથી સાંભળ.[૪] ‘ તું બૃહસ્પતિને તારા યજ્ઞ કરાવનારતરીકે પસંદ કર. આ મારા વચનને તું માન્ય કરીશ નહિ,તો હું તને વજ્રનો ઘોર પ્રહાર કરીશ. ’ બસ, આટલુંજ અચિંત્ય કર્મ કરનારા ઇંદ્રે તને કહાવ્યું છે. ”[૫]

મરુત્તે કહ્યું:-“ મિત્રનો દ્રોહ કરવામાં જે મહાન પાપ રહેલું છે તેનું લોકમાં કંઇ પ્રાયશ્ચિત્તજ નથી;અને તેથીજ એ પાપને બ્રહ્મહત્યાસમાન માનવામાં આવ્યું છે. આ વાતને તું, ઇંદ્ર, વિશ્વેદેવાઓ, વસુઓ અને અશ્વિનીકુમારો પણ જાણોજ છો.[૬] હે ગંધર્વરાજા ! બૃહસ્પતિ, દેવોમાં તથા વજ્રધારીઓમાં શ્રેષ્ઠ મહેન્દ્રનેજ ભલે યજ્ઞ કરાવે. મને તો હવે સંવર્ત્તજ યજ્ઞ કરાવશે. મને તારું કે ઇંદ્રનું કહેવું હવે રુચતું નથી. ”[૭]

ગંધર્વે કહ્યું:-“ હે રાજસિંહ ! જો સાંભળ. આકાશમાં ગર્જના કરી રહેલા ઇંદ્રનો આ ઘોર ધ્વનિ સંભળાય છે. ખરેખર, મહેન્દ્ર તારાપર વજ્રને છુટું મૂકશે; માટે હે રાજન્ ! તું તારા કલ્યાણનો વિચાર કરી લે.વિચાર કરવાનો આ સમય આવી પહોંચ્યો છે. ”[૮]

વ્યાસે કહ્યું:-હે રાજન્ ! ગંધર્વ ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે કહ્યું,એટલે ગર્જના કરી રહેલા ઇંદ્રનો શબ્દ સાંભળીને મરુત્તરાજા, નિત્ય તપશ્ચર્યા કરનારા અને ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ સંવર્ત્તને પોતાનું કાર્ય જણાવવા લાગ્યો.[૯]

મરુત્તે કહ્યું:-“ આ ઇંદ્ર પોતાના સ્વરૂપને હવે સમીપમાંજ પ્રદર્શિત કરતો જોવામાં આવે છે,તેને લીધે આજે દૂરસુધી માર્ગ પણ દેખાતો નથી. હે વિપ્રેન્દ્ર ! હું તમારી પાસેથી કલ્યાણ સંપાદન કરવા ઇચ્છું છું,માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! આ ઇંદ્રથી તમે મને અભય આપો.[૧૦] આ ઇંદ્ર વજ્રને ધારણ કરીને દશે દિશાઓને પ્રકાશમાન કરતો અહીં આવી રહ્યો છે;અને તેણે પોતાના અમાનુષ એવા ઘોર સ્વરૂપથી આપણા સભાસદોને ભયભીત કરી મૂકયા છે. ”[૧૧]

સંવર્ત્તે કહ્યું:-“ હે રાજસિંહ ! ઇંદ્ર તરફથી (પ્રાપ્ત થયેલો) તારો ભય દૂર થાઓ. હું તારા આ ઘોર ભયને સંસ્તંભિની નામની વિદ્યાથી સત્વર દૂર કરીશ; માટે તું આ ઇંદ્રના પરાભવથી ભય પામ મા, પણ પ્રસન્ન રહે.[૧૨] હુ

રાજા! હું ઇંદ્રને સ્થંભાવી દઈશ, માટે તું ઇંદ્રથી ભય પાંમ મા. મારી સન્મુખ કોઇ પણ દેવતાઓનાં આયુધો ચાલી શકે તેમ નથી. વજ્ર ભલે દશે દિશાઓમાં ગમન કર્યા કરે, વાયુ ભલે વાયા કરે, વરસાદ શરૂ થઇને સર્વ અરણ્યોમાં ભલે વરસ્યા કરે, અંતરિક્ષમાં જળ ભલે ઉછળ્યા કરે અને વિજળીના ઝબકારાઓ ભલે દેખાયા કરે, તોપણ તારે ડરવું નહિ.[૧૪] અગ્નિદેવ તારૂં ચોતરફથી રક્ષણ કરો અથવા ઇંદ્ર તારી સર્વ કામનાઓની વૃષ્ટિ કરો અથવા જળના પ્રવાહોથી નીતરી રહેલા મહાઘોર વજ્રને તારો વધ કરવામાટે ભલે સ્થાપિત કરો. (પણ તારે ડગમગવું નહિ.)”[૧૫]

મરુત્તે કહ્યું:–“હે બ્રાહ્મણ! વાયુના સુસવાટાની સાથે વજ્રનો આ મહાન શબ્દ સંભળાય છે, કે જે મહાભયંકર છે.આજે મારૂં મન વારંવાર ગભરાય છે, મને શાંતિ થતી નથી.”

સંવર્ત્તે કહ્યું:–“હે નરેન્દ્ર! આ ઉગ્ર વજ્રથી તારો ભય દૂર થાઓ. હું હમણાંજ વાયુનું સ્વરૂપ ધારણ કરીને વજ્રનો નાશ કરી નાખું છું; માટે ભયનો ત્યાગ કરીને તું બીજો કોઇ વર માગ. (બોલ.)હું તારી કયી કામનાને મારા મનોબળથી સિદ્ધ કરૂં ?”[૧૭]

મરુત્તે કહ્યું:–“હે બ્રાહ્મણ ! ઇંદ્ર પોતે સાક્ષાત્સ્વરૂપે એકાએક અહીં આવે અને આ યજ્ઞમાં હવિષ્નો સ્વીકાર કરે; તેમજ સર્વ દેવતાઓ પોતપોતાના સ્થાન ઉપર બેસે અને યજ્ઞમાં હોમેલા સોમનો સ્વીકાર કરે.”[૧૮]

સંવર્ત્તે કહ્યું:–“હે રાજન્ ! આ ઇંદ્ર પોતાના વેગવાળા ઘોડાઓની સાથે અહીં આવે છે. સર્વ દેવતાઓ તેની સ્તુતિ કરી રહ્યા છે. મેં મંત્રથી તેને બોલાવ્યો છે; જેથી આ યજ્ઞમાં તે આવે છે અને તું જો, તેનું શરીર મંત્રના બળથી કેવું શિથિલ થઇ ગયું છે!”[૧૯] (સંવર્ત્તે એ પ્રમાણે કહ્યું) તેવામાં દેવરાજા ઇંદ્ર સર્વ દેવોને સાથે લઈને તથા પોતાના ઉત્તમ ઘોડાઓને રથમાં જોડીને મહારાજા મરુત્તના સોમનું પાન કરવાની ઈચ્છાથી તેના યજ્ઞમાં આવી પહોંચ્યો;[૨૦] ત્યારે દેવોના સમુદાયોની સાથે તેને આવતો જોઇ મરુત્તરાજા પુરોહિતની સાથે તેની સામે ગયો અને તેણે પ્રસન્ન થઇને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે દેવરાજાની ઉત્તમ પૂજા કરી.[૨૧]

સંવર્ત્તે કહ્યું:–“હે વિદ્વાન ઇંદ્ર ! તું ભલે આવ્યો. તારા સાન્નિધ્યથી આ યજ્ઞ અત્યંત શોભે છે. હે બળ તથા વૃત્રાસુરનો નાશ કરનારા ઇંદ્ર ! આ યજ્ઞમાં મેં પોતે કાઢેલા આ સોમનું તું પાન કર.”[૨૨]

મરુત્તે કહ્યું:–“હે દેવેન્દ્ર! તમે મને કલ્યાણકારક દૃષ્ટિથી જુઓ. હું તમને નમસ્કાર કરૂં છું. તમે મારા યજ્ઞમાં આવ્યા, તેથી મારૂં જીવિત સફળ થયું છે. આ શ્રેષ્ઠ બ્રાહ્મણ બૃહસ્પતિના નાનાભાઇ છે અને તેજ મારો આ યજ્ઞ કરે છે.”[૨૩]

ઇંદ્રે કહ્યું:–“હે રાજા! તારા આ ગુરુને હું જાણું છું. તે એક તપોધન છે, બૃહસ્પતિના નાનાભાઈ છે, મહાતીક્ષ્ણ તેજવાળા છે અને તેમના આહ્વાનથીજ હું અહીં આવ્યો છું. આજે તારાપર મને પ્રીતિ થઇ છે અને મારો ક્રોધ નાશ પામ્યો છે.”[૨૪]

સંવર્ત્તે કહ્યું:–“હે દેવરાજા! તું જો પ્રસન્ન થયો છે ,તો તું પોતેજ આ યજ્ઞના વિધાનનું (કર્મનું) અમને શિક્ષણ આપ; અને તું પોતેજ સર્વ યજ્ઞભાગોને તૈયાર કર, જેથી આ સર્વ લોકો યજ્ઞના સ્વરૂપને જાણે.”[૨૫]

વ્યાસે કહ્યું:–અંગિરાના પુત્ર સંવર્ત્તે ઇંદ્રને એ પ્રમાણે કહ્યું; એટલે તેણે પોતેજ સર્વ દેવોને આજ્ઞા કરી કે, “હજારો મુખ્ય મુખ્ય સભાઓ બનાવો, ચિત્રમય અને સમૃદ્ધિવાળાં હજારો નિવાસસ્થાનો તૈયાર કરો, મોટા મોટા થાંભલાઓ ઉભા કરો, ગંધર્વો તથા અપ્સરાઓનાં આસનો તૈયાર કરો અને જેમાં સમગ્ર અપ્સરાઓ નૃત્ય કરી શકે તેવો સ્વર્ગસમાન યજ્ઞમંડપ તૈયાર કરો.”[૨૭] હે રાજા! ઇંદ્રે એ પ્રમાણે કહ્યું, એટલે તુરતજ દેવતાઓએ ઇંદ્રના વાકયથી પ્રસન્ન થઇને તેના કહેવા પ્રમાણે તૈયાર કર્યું. પછી હે રાજા! પૂજા ગ્રહણ કરીને પ્રસન્ન થયેલા ઇંદ્રે મરુત્તરાજાને કહ્યું કે:–[૨૮]

"હે નરેન્દ્ર! હું પોતે અહીં તારી સામે આવીને તારા હવિષ્નો સ્વીકાર કરૂં છું અને તેજ પ્રમાણે બીજા સર્વ દેવતાઓ પણ પ્રસન્ન થઇને તારા હવિષ્નો સ્વીકાર કરશે;[૨૯] માટે હે રાજા! શ્રેષ્ઠ એવા બ્રાહ્મણો, અગ્નિદેવ માટે લાલ વર્ણના બળદને અને વિશ્વેદેવા માટે ચિત્રવિચિત્ર રંગવાળો, નીલવર્ણો, ચલચ્છિક્ષ (યુવાન–થાન આપી શકે તેવો) અને સ્નાન આદિ વિધિથી પવિત્ર કરેલો આખલો વધ કરે–દેવોના બલિનિમિત્તે અર્પણ કરે."*[૩૦]

તે પછી હે રાજા! મરુત્તનો યજ્ઞ વૃદ્ધિ પામ્યો, તેમાં દેવતાઓ પોતે અન્નભાગ ગ્રહણ કરવા લાગ્યા; અને ઘોડાઓસહિત દેવરાજ ઇંદ્ર, બ્રાહ્મણોથી પૂજાઇને સદસ્ય (મુખ્ય સભ્ય) થયો,[૩૧] એટલે બીજા અગ્નિની પેઠે પ્રજ્વળી રહેલો મહાત્મા સંવર્ત્ત અત્યંત પ્રસન્નતાપૂર્વક યજ્ઞમંડપમાં બેસીને ઉચ્ચ સ્વરે દેવગણોનું આહ્વાન કરવા લાગ્યો અને મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં હવિર્દ્રવ્યનો હોમ કરવા લાગ્યો.[૩૨] તે પછી બળ દૈત્યોનો નાશ કરનાર ઇંદ્ર અને બીજા સોમનું પાન કરનારા સર્વ દેવગણો ઉત્તમ સોમરસનું પાન કરીને તથા રાજાની અનુજ્ઞા સંપાદન કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. તેઓને રાજા મરુત્તે યથાયોગ્ય રીતે તૃપ્ત કર્યા હતા, જેથી તેઓ પ્રસન્ન થયા હતા.[૩૩] તે પછી હર્ષમાં આવી ગયેલા રાજા મરુત્તે પગલે પગલે સુવર્ણના ઢગલાઓ કરાવ્યા અને બ્રાહ્મણોને પુષ્કળ ધન આપવા માંડયું, જેથી શત્રુઓનો સંહાર કરનારો તે રાજા કુબેરની પેઠે શોભવા લાગ્યો.[૩૪] તે પછી વિવિધ પ્રકારનું દ્રવ્ય એકત્ર કરીને તે રાજાએ ઉત્સાહપૂર્વક પોતાનો ખજાનો ભરપૂર કરાવ્યો; અને પછી ગુરુની અનુજ્ઞા લઇને તથા પોતાના રાજ્ય તરફ પાછો ફરીને સમુદ્રસુધીની સમગ્ર પૃથ્વીપર તેણે રાજ્ય કર્યું.[૩૫] હે યુધિષ્ઠિરરાજા! આવા ગુણવાળો તે મરુત્તરાજા આ પૃથ્વીપર થઈ ગયો છે. તેણે પોતાના યજ્ઞમાં પુષ્કળ ધન એકઠું કર્યું હતું. તેજ ધન લઇ આવીને તું દેવતાઓનું યજન કર અને નિવાપાંજલિઓથી પિતૃઓને તૃપ્ત કર.[૩૬]

વૈશંપાયને કહ્યું:–તે પછી પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજા સત્યવતીના પુત્ર વ્યાસનાં એ વાક્યો સાંભળીને પ્રસન્ન થયા. તેમણે એ દ્રવ્ય લાવીને યજ્ઞ કરવાનો મનમાં સંકલ્પ કર્યો અને (તેને માટે) અમાત્યોની સાથે તેમણે વિચાર ચલાવવા માંડયો.[૩૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
"સંવર્ત્તમરુત્તીય" એ વિષયનો
અધ્યાય ૧૦ મો સમાપ્ત

અધ્યાય ૧૧ મો

શ્રીકૃષ્ણનો ઉપદેશ

॥ वैशंपायन उवाच ॥

इत्युक्ते नृपतौ तस्मिन् व्यासेनाद्भुतकर्मणा ।
वासुदेवो महातेजास्ततो वचनमाददे ॥१॥

વૈશંપાયને કહ્યું:–અદ્ભુત કર્મ કરનારા વ્યાસે રાજા યુધિષ્ઠિરને એ પ્રમાણે કહ્યું, તે પછી મહાતેજસ્વી શ્રીકૃષ્ણ આ પ્રમાણે બોલ્યા.[૧] રાજા યુધિષ્ઠિર પોતાના સંબંધીઓ તથા બંધુઓ વિનાશ પામ્યા હતા, તેથી દીન મનવાળા થઇ ગયા અને રાહુથી ઘેરાયેલા સૂર્યની પેઠે તથા ધૂમાડાવાળા અગ્નિની પેઠે મનમાં ખિન્ન થઈ ગયા. આ જાણીને યાદવકુળના ધુરંધર શ્રીકૃષ્ણ ધર્મપુત્ર યુધિષ્ઠિરને આશ્વાસન આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨,૩]

શ્રીકૃષ્ણે કહ્યું:–" સર્વ પ્રકારની કુટિલતા અથવા કામાદિ વિકારો મૃત્યુને (સંસારને) પ્રાપ્ત કરાવનાર છે; અને સર્વ પ્રકારની સરળતા અથવા શમદમાદિ સાધનો બ્રહ્મને (મોક્ષને) પ્રાપ્ત કરાવનાર છે. બસ, આટલોજ જ્ઞાનનો વિષય છે. બીજા વૃથા પ્રલાપ શું કરવાના છે–બીજા વ્યર્થ બકવાદો કરવાથી શું વળવાનું છે? તમારૂં કર્મ (હજી) સમાપ્ત થયું નથી અને તમારા શત્રુઓ (હજી) જીતાયાજ નથી. તમે તમારા શરીરમાંજ રહેલા પોતાના (અજ્ઞાનરૂપ) શત્રુને હજી કેમ જાણી શકતા નથી ?[૫] આ વિષયમાં ઇંદ્રનું

---

* આ શ્લોક કૂટ છે.

(એટલે ચિદાત્માનું) વૃત્રાસુર (એટલે કામાદિ ધર્મવાળા અહંકાર)ની સાથે જે પ્રમાણે યુદ્ધ થયું હતું, તે મેં જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે ધર્માનુસાર હું તમને કહી સંભળાવું છું.૬ હે રાજા! પૂર્વે વૃત્રાસુરે (એટલે અહંકારે) આખી પૃથ્વીને (એટલે સ્થૂલશરીરને) જ્યારે વ્યાપ્ત કરી દીધી–અર્થાત્ અહંકારે સ્થૂલ શરીરનેજ આત્મારૂપે માની લીધું અને ગંધ વિષયને હરી લીધો (એટલે આત્મજ્ઞાનના વિષયને છીનવી લીધો), ત્યારે આખી પૃથ્વી ગંધના હરણને લીધે દુર્ગંધ (એટલે અનાત્મજ્ઞાન અથવા અજ્ઞાન)ના વિષયરૂપ થઇ પડી. તે સમયે વૃત્રાસુરે ગંધ વિષયને જ્યારે હરી લીધો, ત્યારે ઇંદ્ર (ચિદાત્મા) તેનાપર કોપી ઉઠયો. તેણે ક્રોધાયમાન થઈને વૃત્રાસુર ઉપર ઘોર વજ્ર (વિવેકજ્ઞાન) ફેંકયું. એ રીતે મહાતેજસ્વી ઇંદ્રે વજ્રના પ્રહાર કરી કરીને વૃત્રાસુરને જ્યારે મારવા માંડયો, ત્યારે તેણે એકદમ જળમાં પ્રવેશ કર્યો અને તેના રસવિષયને હરી લીધો. (અર્થાત્ અહંકારે માનુષી સ્થૂલશરીરનો ત્યાગ કરી ચંદ્રલોકમાં દેવતાઇ શરીર ગ્રહણ કર્યું અને દિવ્ય લોકને પોતાનો માની લીધો.) એ પ્રમાણે વૃત્રાસુરે જળને ગ્રહણ કર્યું અને તેના રસવિષયનું હરણ કર્યું, ત્યારે ઇંદ્ર તેનાપર અત્યંત ક્રોધાયમાન થઈ ગયો. તેણે ફરી પણ તેનાપર વજ્ર ફેંકયું. એ જળમાં પણ મહાતેજસ્વી ઇંદ્રે વજ્રવડે જ્યારે પ્રહાર કરવા માંડયા, ત્યારે તે એકદમ જ્યોતિષ્‌માં દાખલ થઇ ગયો અને તેના વિષયને તેણે ગ્રહણ કરી લીધો. (અર્થાત્ ચિદાત્માએ વિવેકજ્ઞાનદ્વારા અહંકારને માનુષી તથા દેવતાઇ, એમ બન્ને પ્રકારનાં શરીરોમાંથી જ્યારે હાંકી કાઢયો, ત્યારે તેણે તૈજસ્ પ્રપંચમાં પ્રવેશ કર્યો અને ત્યાં રૂપવિષયને પોતાનો માની લીધો.) એ રીતે જ્યોતિષ્‌માં વૃત્રાસુર દાખલ થયો અને તેના રૂપવિષયને તેણે હરી લીધો, એટલે ઇંદ્ર તેનાપર અત્યંત ક્રોધે ભરાયો. તેણે વળી પાછું તેનાપર વજ્ર ફેંકયું. મહાતેજસ્વી ઇંદ્રે એ જ્યોતિષ્‌માં પણ વૃત્રાસુરને વજ્રના પ્રહાર કરવા માંડયા, એટલે તેણે એકદમ વાયુમાં પ્રવેશ કર્યો અને તેના વિષયને ગ્રહણ કર્યો. (અર્થાત્ ચિદાત્માએ અહંકારને તૈજસ્‌પ્રપંચમાંથી પણ હાંકી કાઢયો, એટલે તેણે સમષ્ટિ લિંગ શરીરનો આશ્રય કર્યો અને તેના ઉપાસનદ્વારા બ્રહ્મલોકમાં જઇને પણ સંકલ્પમાત્રથી ઉત્પન્ન થનારા માનસિક વિષયોનો સંગ કર્યો–તેમાં આત્મબુદ્ધિ કરી.) એ રીતે વૃત્રાસુરે વાયુમાં પેસારો કર્યો અને તેના સ્પર્શવિષયને હરી લીધો, ત્યારે ઇંદ્ર તેનાપર અતિશય ક્રોધાયમાન થઈ ગયો. તેણે ફરી પણ તેનાપર વજ્ર ફેંકયું. મહાતેજસ્વી ઇંદ્રે એ વાયુમાં પણ વજ્રના પ્રહાર કરીને વૃત્રાસુરને મારવા માંડયો, ત્યારે તેણે આકાશ તરફ દોટ મૂકી અને તેના વિષયને ગ્રહણ કરી લીધો. (અર્થાત્ ચિદાત્માએ વિવેકજ્ઞાનદ્વારા સમષ્ટિ અને વ્યષ્ટિ, એમ બંને પ્રકારનાં લિંગશરીરોમાંથી અહંકારને દૂર કરીને બ્રહ્મલોકના સંકલ્પમાત્રથી ઉત્પન્ન થનારા માનસ વિષયો ઉપર પણ આત્મબુદ્ધિ કરતાં અટકાવી, એટલે તેણે આકાશનો–અર્થાત્ અવ્યાકૃત અથવા સુષુપ્તિ નામની જડતાનો આશ્રય કર્યો અને તેના વિષય ઉપર આત્મબુદ્ધિ કરી.)જ્યારે આકાશ પણ વૃત્રાસુરરૂપ થઇ ગયું અને તેના શબ્દવિષયનું હરણ કરવામાં આવ્યું, એટલે ઇંદ્ર ઘણોજ ક્રોધે ભરાયો. તેણે વળી પાછું તેનાપર વજ્ર ફેંકયું. એ રીતે આકાશમાં પણ મહાતેજસ્વી ઇંદ્રે વજ્રવડે માર મારવા માંડયો, એટલે વૃત્રાસુરે ઇંદ્રનાજ શરીરમાં પ્રવેશ કર્યો અને તેના વિષયને ગ્રહણ કર્યો. (અર્થાત્ ચિદાત્માએ વિવેકજ્ઞાનદ્વારા અહંકારને આકાશમાંથી હાંકી કાઢયો, એટલે તે ચિદાત્માનાજ સ્વરૂપમાં પેસી ગયો અને ચિદાત્માના ઐશ્વર્યનું અભિમાન કરવા લાગ્યો.) તે સમયે વૃત્રાસુરના સપાટામાં સપડાયેલા ઇંદ્રને (ચિદાત્માને) અત્યંત મોહ થઇ ગયો; ત્યારે હે તાત ! વસિષ્ઠ નામના ગુરુએ રથંતરસામનો (अहं ब्रह्मास्मि એ મહાવાકયનો) ઉપદેશ આપી બોધ આપ્યો–ભાનમાં આણ્યો. તે પછી હે ભરતશ્રેષ્ઠ રાજા ! ઇંદ્રે પોતાના શરીરમાં દાખલ થયેલા વૃત્રાસુરને વજ્રરૂપ અદશ્ય અસ્ત્ર મારીને હણી નાખ્યો. (અર્થાત ગુરુ પાસેથી આત્મજ્ઞાન સંપાદન ક-

રીને ચિદાત્માએ તે દ્વારા બન્ને પ્રકારની કારણોપાધિથી અહંકારને દૂર કરીને સ્વરૂપાવસ્થાન સંપાદન કર્યું.) હે રાજા ! આ ધાર્મિક રહસ્ય ઇંદ્રે મહર્ષિઓને કહ્યું હતું અને તે મહર્ષિઓએ મને કહ્યું હતું, તેને તમે લક્ષ્યમાં લ્યો.”×[૭-૨૦]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
“ શ્રીકૃષ્ણધર્મસંવાદ ” એ વિષયનો
અધ્યાય ૧૧ સમાપ્ત

અધ્યાય ૧૨ મો

શ્રીકૃષ્ણનો ઉપદેશ (ચાલુ)

॥ वासुदेव उवाच ॥

द्विविधो जायते व्याधिः शारीरो मानसस्तथा
परस्परं तयोर्जन्म निर्द्वन्द्वं नोपपद्यते ॥१॥

શ્રીકૃષ્ણે કહ્યું:-“ પ્રાણીમાત્રને બે પ્રકારના વ્યાધિ થાય છે. એક તો શારીરિક વ્યાધિ અને બીજો માનસિક વ્યાધિ. આ બંને વ્યાધિનો જન્મ પરસ્પરના આશ્રયથીજ થાય છે, પણ કેવળ એકથીજ કંઇ થતું નથી.[૧] શરીરની અંદર જે વ્યાધિ થાય છે, તેનેજ શારીરિક વ્યાધિ કહેવામાં આવે છે અને મનની અંદર જે વ્યાધિ થાય છે તેને માનસિક વ્યાધિ કહેવામાં આવે છે.[૨] હે રાજન્! વાત, પિત્ત અને કફ,આ ત્રણ ગુણો શરીરમાંથી ઉત્પન્ન થાય છે. (અને તેઓ શરીરમાંજ રહે છે.) આ ત્રણે ગુણોની જે સામ્યાવસ્થા અથવા સમાનતા તેનેજ વિદ્વાનો શરીરની સ્વસ્થતાનું લક્ષણ કહે છે-અર્થાત્ આ ત્રણ ગુણોમાં જ્યારે કંઇ વિષમતા થાય છે-ન્યૂનાધિકતા થાય છે, ત્યારે શરીરમાં કોઇ વ્યાધિ થાય છે.[૩] શરીરમાં જ્યારે કફ વધી પડે છે, ત્યારે પિત્તને વધારનારાં ઔષધોનું સેવન કરવાથી તેને શાંત પાડી શકાય છે;અને જ્યારે પિત્ત વધી પડે છે, ત્યારે કફને વધારનારાં ઔષધોનું સેવન કરવાથી તેને શાંત પાડી શકાય છે. આ રીતેજ સત્વ, રજસ્ અને તમસ્ નામના આત્માના પણ ત્રણ ગુણો કહેવામાં આવ્યા છે. આ ત્રણે ગુણોની જ્યારે સામ્યાવસ્થા હોય છે, ત્યારે આત્માનું પણ સ્વાસ્થ્ય હોય છે-સ્વરૂપાવસ્થાન હોય છે અને તેજ સ્થિતિને વિદ્વાનો આત્માના સ્વાસ્થ્યનું લક્ષણ કહે છે; પરંતુ તેમાંના એકાદ ગુણની પણ જ્યારે ન્યૂનાધિકતા થાય છે, ત્યારે તેને દાબી દેવામાટે ચાંપતા ઉપાયો લેવાનો (શાસ્ત્રમાં) ઉપદેશ કરવામાં આવ્યો છે.[૪,૫] જેમકે:-હર્ષવડે શોકને રોકી શકાય છે અને શોકવડે હર્ષને અટકાવી શકાય છે. કોઇ (અજ્ઞાની) મનુષ્ય પોતે જ્યારે દુઃખમાં આવી પડ્યો હોય છે, ત્યારે ભૂતકાળના સુખનું સ્મરણ કરવા ઇચ્છે છે; (નહિ કે વિવેકદૃષ્ટિથી તે દુઃખનેજ સહન કરે છે; કેમકે દુઃખના સમયે પ્રથમના સુખનું સ્મરણ કરવાથી ઉલટું વધારે દુઃખ થાય છે.) તેમજ પોતે જ્યારે સુખમાં આવ્યો હોય, ત્યારે (ભૂતકાળમાં થયેલા પુત્રમરણ આદિના) દુઃખને સ્મરણ કરવા ઇચ્છે છે; (પણ તેથી પોતાને મળેલા સુખનો પણ તે નાશ કરી નાખે છે.) પરંતુ હે કુંતીપુત્ર ! તમે તો દુઃખી નથી કે સુખી નથી, તોપછી તમારે દુઃખનું કે સુખનું સ્મરણ કરવાની ઇચ્છા ન કરવી જોઇએ; પણ દુઃખના વિભ્રમથી રહિત જે પરબ્રહ્મ તેનુંજ સ્મરણ કરવું જોઈએ;[૭] અથવા હે પાર્થ ! તમારો સ્વભાવજ છે, કે જેને લીધે તમે આકર્ષાઈ જાઓ છો. અરે, પણ જે સમયે તમો પાંડવોના દેખતાં રજસ્વલા દ્રૌપદીને કૌરવોએ એકજ વસ્ત્ર ધારણ કર્યું હતું છતાં સભામાં ઘસડી આણી હતી તેનું તમે સ્મરણ કરવાને કેમ ઇચ્છતા નથી ? [૮] તમને નગરમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, મૃગચર્મો પહેરાવ્યાં હતાં અને તમારે મહાન અરણ્યમાં નિ-

---

× શોક માત્ર બ્રહ્મજ્ઞાનથીજ નાશ પામે છે, નહિ કે વૃદ્ધ પુરુષોના હજારો ઉપદેશોથી અથવા સેંકડો યજ્ઞયાગ કરવાથી નાશ પામે છે; આમ સમજીને શ્રીકૃષ્ણ ભગવાને આ અધ્યાયમાં ઇંદ્ર તથા વૃત્રાસુરના યુદ્ધરૂપ રૂપક દર્શાવીને ધર્મરાજાને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. આ અધ્યાયમાં કહેવામાં આવેલા આખ્યાનનો ભાવાર્થ એજ છે કે, દ્વૈતભાવનો સર્વથા નિરાસ થતાંજ આત્મા આનંદમય બની રહે છે.

વાસ કરવો પડયો હતો, તેનું સ્મરણ કરવા તમે કેમ ઇચ્છતા નથી? જટાસુરથી તમને દુઃખ પ્રાપ્ત થયું હતું, ચિત્રસેનગંધર્વ સાથે યુદ્ધ કરવું પડયું હતું અને જયદ્રથથી ક્લેશ પ્રાપ્ત થયો હતો, તેનું સ્મરણ કરવા તમે કેમ ઇચ્છતા નથી? વળી હે પાર્થ! એક વર્ષના ગુપ્તનિવાસમાં કીચકે દ્રૌપદીને લાત મારી હતી, તેનું સ્મરણ કરવા તમે કેમ ઇચ્છતા નથી?[11] હે શત્રુદમન રાજા! દ્રોણ તથા ભીષ્મની સાથે તમારૂં જે યુદ્ધ થયું હતું, તેવુંજ યુદ્ધ હમણાં તમારી સમીપમાં આવી પહોંચ્યું છે. આ સમયે તમારે એકલાએ તમારા મન(અહંકાર)ની સાથે યુદ્ધ કરવાનું છે;[12] માટે હે ભરતશ્રેષ્ઠ! તેની સામે યુદ્ધ કરવામાટે હવે તમે તૈયાર થાઓ અને પોતાનાં કર્મોદ્વારા તથા યોગદ્વારા માયાસ્વરૂપ તે મનથી પર રહેલા પરબ્રહ્મને પ્રાપ્ત કરો.[13] જે યુદ્ધમાં બાણોનું, સેવકોનું કે બંધુઓનું કામ પડતું નથી, તે યુદ્ધ હવે તમારી પાસે આવી પહોંચ્યું છે; અને તે યુદ્ધમાં તમારે એકલાએ મનસાથે યુદ્ધ કરવાનું છે.[14] હે કુંતીપુત્ર! એ યુદ્ધને તમે જો જીતશો નહિ તો તમારી શી અવસ્થા થશે? તમે એ પરમતત્ત્વને જાણીનેજ કૃતકૃત્ય થશો.[15] પ્રાણીમાત્રની ઉત્પત્તિ તથા લય કેવળ માયામાત્ર છે, આવું નિશ્ચિત જ્ઞાન સંપાદન કરીને તમે સુખેથી રહો અને પોતાના પિતા-પિતામહના વર્તનમાં સ્થિર રહીને યથાયોગ્ય રીતે રાજ્યશાસન ચલાવો."[16]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
"શ્રીકૃષ્ણનો ધર્મસંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો

શ્રીકૃષ્ણનો ઉપદેશ (ચાલુ)

॥ वासुदेव उवाच ॥

न बाह्यं द्रव्यमुत्सृज्य सिद्धिर्भवति भारत ।
शारीरद्रव्यमुत्सृज्य सिद्धिर्भवति वा न वा ॥१॥

શ્રીકૃષ્ણે કહ્યું:-" હે ભારત! (રાજ્યાદિ) બાહ્યદ્રવ્યનો ત્યાગ કરીને સિદ્ધિ (મોક્ષ) સંપાદન કરી શકાતી નથી; તેમજ (લિંગશરીરમાંથી ઉત્પન્ન થનારા કામાદિરૂપ) શારીરિક દ્રવ્યનો ત્યાગ કરીને સિદ્ધિ સંપાદન કરી શકાય કે ન પણ કરી શકાય. (અર્થાત્ શુષ્ક વૈરાગ્યવાળા વિવેકશૂન્ય પુરુષને સિદ્ધિ મળવી સંશયાસ્પદ છે.)[1] જે પુરુષ બાહ્યદ્રવ્યથી મુક્ત થઇને શારીરિક દ્રવ્યમાં આસક્તિ રાખે છે, તેને જે ધર્મ અથવા જે સુખ પ્રાપ્ત થાય તે આપણા શત્રુઓનેજ ભલે પ્રાપ્ત થાય. (અર્થાત્ શારીરિક દ્રવ્યમાં આસક્તિ રાખનાર પુરુષને જે ધર્મ પ્રાપ્ત થાય છે, તે વાસ્તવિક અધર્મજ છે; અને તેને જે સુખ મળે છે, તે દુઃખરૂપ તથા તુચ્છ હોય છે.)[2] '**मम**' એવા જે બે અક્ષર, તે મૃત્યુરૂપ છે-અર્થાત્ કોઇ પણ વિષય ઉપરની જે મમતા તે સંસારનું કારણ થઇ પડે છે; પણ "न मम" એવા જે ત્રણ અક્ષરો, તે સનાતન બ્રહ્મરૂપ છે-અર્થાત્ મમતાનો જે ત્યાગ તે સંસારથી મુક્ત કરનાર છે અને પરબ્રહ્મને પ્રાપ્ત કરાવનાર છે.[3] હે રાજન્! નિઃસંગીપણારૂપ બ્રહ્મ અને સંગીપણારૂપ મૃત્યુ, એ બન્ને મનુષ્યના ચિત્તમાંજ રહેલા છે અને તેઓ બન્નેજ અદશ્ય રહીને પ્રાણીમાત્રને લડાવ્યા કરે છે.[4] જે પુરુષના હૃદયમાં જગતની સત્તા (એટલે અધિષ્ઠાન સત્તા-પરમતત્ત્વ) નો અવિનાશ નિશ્ચિત થઇ ગયો હોય છે, તે પુરુષ પ્રાણીમાત્રના શરીરનો નાશ કરી નાખે, તોપણ અહિંસાનેજ પામે છે-અહિંસકજ ગણાય છે.×[5] જે પુરુષને (કોઇ પણ વિષય ઉપર) મમત્વ રહ્યું નથી, તે પુરુષ સ્થાવરજંગમસહિત આખી પૃથ્વીને સંપાદન કરીને પણ તેનાવડે શું કરવાનો છે? (અર્થાત્ નિદ્રામાંથી જાગ્રત થયેલા પુરુષને સ્વપ્નમાં મેળવેલા ધનમાં જેમ મમત્વ હોતું નથી, તેમ જ્ઞાની પુરુષને સંસારના સર્વ વિષયોપર મમત્વનો અભાવ સ્વતઃસિદ્ધ હોય છે.)[6] અ-

---

× આવા આશયથીજ શ્રી ભગવાને ગીતામાં પણ કહ્યું છે:- '**हत्वापिसइमाँल्लोकान्नहंति न निबध्यते**- આત્મવેત્તા પુરુષ આ સર્વ લોકનો સંહાર કરી નાખે, તોપણ કોઇને હણતો નથી અને હણવાના પાપથી બંધાતો નથી.

થવા હે પાર્થ! જે પુરુષ વનવગડામાં પડી રહેતો હોય અને વનનાં ફળફુલોથી આજીવિકા ચલાવતો હોય તે પુરુષને પણ તે તે દ્રવ્યો ઉપર જો મમતા હોય છે, તો (સમજવું કે,) તે પુરુષ મૃત્યુના મુખમાંજ પડયો છે.[૭] હે ભારત! તમે તમારા બાહ્ય તથા આભ્યંતર શત્રુઓના સ્વભાવને (માયારૂપ તત્ત્વને ધ્યાનદ્વારા) વિચારી જુઓ; કેમકે જે પુરુષ એ પ્રમાણે વિચારી જોઇને તે સ્વભાવને પણ અનાદિતરીકે જોતો નથી (અર્થાત્ માયાનો પણ બાધ કરીને કેવળ ચિન્માત્રસ્વરૂપે સ્થિતિ કરે છે) તે પુરુષ સંસારરૂપ મહાન ભયમાંથી મુક્ત થાય છે.[૮] સત્પુરુષો કામાત્મા (વાસનાયુક્ત ચિત્તવાળા) પુરુષની લોકમાં પ્રશંસા કરતા નથી; જો કે આ જગતમાં કોઈ પણ પ્રવૃત્તિ નિષ્કામ તો છેજ નહિ, તોપણ બુદ્ધિમાન પુરુષ પ્રત્યેક કામનાઓને મનના અંગરૂપજ ગણીને તેઓનો નાશ કરે છે.×[૯] અનેક જન્મોના અભ્યાસને લીધે જેનું ચિત્ત શુદ્ધ થયેલું હોય છે, એવો યોગી પુરુષ કેવળ એક યોગનેજ મોક્ષના માર્ગરૂપ જાણીને સર્વ કામનાઓનો નાશ કરે છે. વળી તેવો યોગી પુરુષ "જે જે કર્મનો કામનાપૂર્વક આરંભ કરવામાં આવે છે, તે ધર્મ નથી; પણ કામનાનો જે નિગ્રહ કરવો, તેજ ધર્મ છે અને તેજ મોક્ષનું મૂળ છે." આમ જાણીને દાન, વેદાધ્યયન, તપ, કામ્ય કર્મો, વૈદિક કર્મો, વ્રત, યજ્ઞો, નિયમો તથા ધ્યાનયોગ–વગેરેનો કામનાપૂર્વક (એટલે ફલેચ્છા બુદ્ધિથી) આરંભ કરતો નથી–અર્થાત્ યોગી પુરુષ કેવળ નિષ્કામ ભાવથીજ સર્વ કર્મોનો આરંભ કરે છે.[૧૦,૧૧] આ વિષયમાં પ્રાચીન ઇતિહાસવેત્તાઓ કામે ગાયેલી કેટલીએક ગાથાઓ કહે છે. હે યુધિષ્ઠિર! તે સર્વ ગાથાઓ હું તમને કહું છું, તે સાંભળો. કામ કહે છે કેઃ–"મમતાનો ત્યાગ અને યોગાભ્યાસ એ સિવાયના બીજા કોઇ પણ ઉપાયથી કોઈ પણ પ્રાણી મારો નાશ કરી શકે તેમ નથી. જે પુરુષ, "જપ આદિ શાસ્ત્રરૂપ હથિયારમાં કામનો નાશ કરે તેવું બળ છે" એમ જાણીને મારો નાશ કરવા પ્રયત્ન કરે છે, તે પુરુષના એ હથિયારમાંજ હું પ્રકટ થાઉં છું.*[૧૨,૧૩] જે પુરુષ વિવિધ પ્રકારની દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને મારો નાશ કરવા પ્રયત્ન કરે છે, તે પુરુષના હૃદયમાં જેમ કોઇ ધર્માત્મા પુરુષ જંગમ પ્રાણીઓમાં ઉત્તમ સ્વરૂપે ઉત્પન્ન થાય છે, તેમ હું દંભ આદિરૂપે પ્રકટ થાઉં છું.[૧૪] જે પુરુષ વેદ અને વેદાંતનાં સાધનોથી મારો નાશ કરવા નિત્ય પ્રયત્ન કરે છે તેઓના હૃદયમાં, સ્થાવરોમાં જેમ અસ્પષ્ટરૂપે જીવાત્મા પ્રકટ થાયછે, તેમ હું પ્રકટ થાઉં છું. જે સત્ય પરાક્રમી પુરુષ, ધૈર્યના બળથી મારો નાશ કરવા પ્રયત્ન કરે છે તેના હૃદયમાં (હું મારા ધૈર્યના બળથીજ બન્ને લોકને જીતીશ, આવા) ભાવરૂપે હું પ્રકટ થાઉં છું; અને તે પુરુષ મને જાણી શકતો નથી. (કે આવા પ્રકારનું મારૂં અભિમાનજ મને કામરૂપે બંધનકર્તા થઇ પડશે.)[૧૬] જે તીક્ષ્ણ વ્રત ધારણ કરનારો પુરુષ તપોબળથી (યોગબળથી) મારો નાશ કરવા પ્રયત્ન કરે છે, તેના તપમાં પણ હું (યોગમાં વિઘ્નરૂપ મધુમતિ આદિ ઐશ્વર્ય સંપાદન કરવાની ઇચ્છારૂપે) પ્રકટ થાઉં છું. (જેને લીધે તે મારો નાશ કરવાનું બાજુપર મૂકી દઇને યોગૈશ્વર્યના સપાટામાં સપડાય છે.) જે બુદ્ધિમાન પુરુષ મોક્ષનો આશ્રય કરીને મારો નાશ કરવા પ્રયત્ન કરે છે તે–મોક્ષમાં પ્રીતિ રાખનારા પુરુષની હું હાંસી કરૂં છું; અને (નિત્યમુક્ત એવા આત્માને જાણ્યાવિના મોક્ષને માટે તપશ્ચરણ આદિ કરનાર) તે અજ્ઞાની પુરુષની આગળ હું નૃત્ય કરૂં છું. આ રીતે પ્રાણીમાત્રમાં હું એકલોજ અવધ્ય છું–નાશ કરવાને અશક્ય છું અને સનાતન છું."[૧૮] (આ પ્રમાણે કામે કહેલું છે,) માટે હે મહારાજા! તમે પણ વિવિધ

× કહેવાનો ભાવ એ છે કે, પ્રત્યેક કામનાઓની ઉત્પત્તિ પ્રથમ મનમાંથી થાય છે. તે પછી એ કામનાની પ્રવૃત્તિ થાય છે; અને તે પ્રવૃત્તિમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે, માટે કામનાના ઉત્પત્તિકારણ મનનોજ નિરોધ કરવો.

* અર્થાત "હુંજ સર્વોત્કૃષ્ટ જપાદિ કરનારો છું," આવા અભિમાનરૂપે તેના હૃદયમાં પ્રકટ થઇને તેના જપાદિને હું નિષ્ફળ કરૂં છું.

દક્ષિણાઓવાળા (નિષ્કામ) યજ્ઞો કરીને (ચિત્તશુદ્ધિદ્વારા) કામને ધર્મમાં સ્થાપિત કરો, જેથી તમને (વિનાપ્રયાસે) શ્રેયઃસિદ્ધિ પ્રાપ્ત થશે. તમે દક્ષિણાદાનવાળો અશ્વમેધ યજ્ઞ વિધિપૂર્વક કરો અને બીજા પણ સંપૂર્ણ દક્ષિણાવાળા તથા સમૃદ્ધિવાળા અનેક યજ્ઞો કરો.[20] આ રણક્ષેત્રમાં તમારા જે બંધુઓ મરણ પામ્યા છે, તેઓને જોઇને તમે વારંવાર શોકાકુળ થાઓ નહિ; કેમકે યુદ્ધમાં જેઓ મરણ પામ્યા છે, તેઓને તમે ફરી જોઈ શકવાના નથી.[21] તમે સંપૂર્ણ દક્ષિણાવાળા તથા સમૃદ્ધિવાળા પુષ્કળ યજ્ઞો કરીને (પરમાત્માનું) જો યજન કરશો, તો આ લોકમાં ઉત્તમ કીર્તિ સંપાદન કરીને પરલોકમાં શ્રેષ્ઠ ગતિને મેળવશો."[22]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
"શ્રીકૃષ્ણનો ધર્મસંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો

યુધિષ્ઠિરનો શોકત્યાગ

॥ वैशंपायन उवाच ॥

एवं वहुविधैर्वाक्यैर्मुनिभिस्तैस्तपोधनैः ।
समाश्वस्यत राजर्षिर्हतवंधुर्युधिष्ठिरः ॥१॥

વૈશંપાયને કહ્યું:–એ પ્રમાણે અનેક વાક્યો કહીને તે તપોધન મુનિઓએ જેના બંધુઓ નાશ પામ્યા હતા એવા રાજર્ષિ યુધિષ્ઠિરને આશ્વાસન(ધૈર્ય)આપ્યું.[1] ભગવાન શ્રીકૃષ્ણે, વ્યાસે, દેવસ્થાને, નારદે, ભીમસેને, નકુલે, સહદેવે, બુદ્ધિમાન અર્જુને, દ્રૌપદીએ, બીજા મોટા મોટા પુરુષોએ તથા શાસ્ત્રદ્રષ્ટા બ્રાહ્મણોએ રાજા યુધિષ્ઠિરને ઘણા ઘણા સમજાવ્યા, એટલે તેમણે શોકથી થયેલા દુઃખનો તથા માનસિક સંતાપનો ત્યાગ કર્યો.[2–4] પછી ધર્માત્મા રાજા યુધિષ્ઠિરે પોતાના બંધુઓનાં પ્રેતકાર્યો કરીને દેવોનું તથા બ્રાહ્મણોનું પૂજન કર્યું; અને સમુદ્રસુધીની પૃથ્વી ઉપર રાજ્યશાસન ચલાવવા માંડયું.[5] કુરુવંશી યુધિષ્ઠિરરાજા પોતાનું કેવળ (અર્થાત્ નિષ્કંટક) રાજ્ય સંપાદન કરીને અત્યંત શાંત ચિત્તવાળા થયા. તે પછી તેમણે વ્યાસને, નારદને તથા બીજા વૃદ્ધ પુરુષોને આ પ્રમાણે કહ્યું:–[6] "મુનિઓમાં શ્રેષ્ઠ એવા તમે વૃદ્ધ પુરુષોએ મને પ્રથમ એટલું બધું આશ્વાસન આપ્યું છે, કે જેથી હવે મને લેશમાત્ર દુઃખ રહ્યું નથી.[7] મને પુષ્કળ ધન પણ મળી ચૂકયું છે, જેથી હું દેવતાઓનું યજન કરીશ. તમને સર્વને આગળ કરીને અમે યજ્ઞનો પણ આરંભ કરીશું.[8] હે પિતામહ વ્યાસ ! તમારા રક્ષણતળે રહીને અમે હિમાલય ઉપર જઇશું; કેમકે હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તે હિમાલયનો પ્રદેશ બહુ આશ્ચર્યકારક સંભળાય છે.[9] વળી આપ ભગવાને, દેવર્ષિ નારદે તથા દેવસ્થાને પણ તેના સંબંધમાં ઘણું ઘણું અદ્ભુત અને કલ્યાણકારક અમને કહ્યું છે.[10] ખરેખર, જે કોઇ પુરુષ ભાગ્યહીન હોય તેને જ્યારે સંકટ પ્રાપ્ત થાય ત્યારે તમારા જેવા ઉત્તમ હૃદયવાળા અને સત્પુરુષોમાં માન્ય થયેલા ગુરુઓ કદી મળી શકતા નથી. (પણ મને તો તમારા જેવા ગુરુઓ પ્રાપ્ત થયા છે, તેથી હું ભાગ્યશાળી છું.)"[11]

રાજા યુધિષ્ઠિરે એ પ્રમાણે કહ્યું, એટલે તે સર્વ મહર્ષિઓ રાજા યુધિષ્ઠિરની તથા શ્રીકૃષ્ણ અને અર્જુનની અનુજ્ઞા લઇને તેઓ સર્વના દેખતાં ત્યાંજ અંતર્ધાન થઈ ગયા. તે પછી ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા તે સ્થળેજ (અમુક સમયસુધી) બેઠા.[12,13] એ પ્રમાણે ભીષ્મના મરણ પછી પોતાના બંધુઓનાં પ્રેતકાર્યો કરતાં કરતાં તેઓનો થોડો ઘણો સમય વીતી ગયો.[14] હે કુરુશ્રેષ્ઠ જનમેજયરાજા ! એ વેળા ભીષ્મ, કર્ણ વગેરે કુરુવંશીઓનાં પ્રેતકાર્યો કરીને તેઓએ બ્રાહ્મણોને મોટાં મોટાં દાન આપ્યાં હતાં.[15] પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજાએ ધૃતરાષ્ટ્રની સાથે રહીને સર્વનાં પ્રેતકાર્ય કર્યાં અને બ્રાહ્મણોને પુષ્કળ ધન આપ્યું.[16] તે પછી ધૃતરાષ્ટ્રને આગળ કરીને તેમણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો; અને પ્રજ્ઞાચક્ષુ કાકા ધૃતરાષ્ટ્રરાજાને આશ્વાસન આપી પોતાના ભાઈઓની સાથે રહી તે ધર્માત્માએ પૃથ્વીપર રાજ્ય કરવા માંડયું.[17]

અધ્યાય ૧૫ મો

શ્રીકૃષ્ણની દ્વારકા જવાની તૈયારી

॥ जनमेजय उवाच ॥

विजिते पांडवेयैस्तु प्रशांते च द्विजोत्तम ।
राष्ट्रे किं चक्रतुर्वीरौ वासुदेवधनंजयौ ॥१॥

જનમેજયે પૂછ્યું:–હે ઉત્તમ બ્રાહ્મણ વૈશંપાયન! પાંડવોએ જીતેલા અને અત્યંત શાંત થયેલા રાજ્યમાં (રહીને) વીર શ્રીકૃષ્ણે તથા અર્જુને પછી શું કર્યું હતું ?[1]

વૈશંપાયને કહ્યું:–હે રાજા ! પાંડવોએ જીતેલા અને અત્યંત શાંત થયેલા રાજ્યમાં (રહીને) શ્રીકૃષ્ણ તથા અર્જુન પ્રસન્ન થયા હતા. તેઓ બન્ને જણા સ્વર્ગમાં જેમ દેવેશ્વરો વિહાર કરે, તેમ વિચિત્ર વનોમાં તથા શિખરોવાળા પર્વતોઉપર વિહાર કરતા હતા.[2,3] જેમ બે અશ્વિનીકુમારો નંદનવનમાં વિહાર કરીને પ્રસન્ન થાય, તેમ તેઓ બન્ને જણા પવિત્ર તીર્થોમાં, સરોવરોમાં તથા નદીઓમાં વિહાર કરીને પ્રસન્ન થતા હતા.[4] હે ભારત ! મહાત્મા શ્રીકૃષ્ણ અને અર્જુન ઇંદ્રપ્રસ્થમાં (જઇને) આનંદ કરતા હતા અને ત્યાં સુંદર સભામાં પ્રવેશ કરીને (પોતાની ઇચ્છાનુસાર) વિહાર કરતા હતા.[5] વળી હે રાજા! ત્યાં બેસીને તેઓ યુદ્ધનીઅદ્દ્ભુત કથાઓ તથા પોતે સહન કરેલાં દુઃખો (અન્યોન્યને) કહેતા હતા અને જૂદી જૂદી વાતચીતના પ્રસંગે બીજી પણ કથાઓ કહેતા હતા.[6] પુરાણ મહર્ષિ એવા તે બન્ને મહાત્માઓ, નિરંતર પ્રસન્ન થઇને ઋષિઓના તથા દેવતાઓના વંશોનું વર્ણન કરતા હતા.[7] તત્ત્વને જાણનારા શ્રીકૃષ્ણ અદ્દ્ભુત અર્થવાળી અને અદ્દ્ભુત વાક્યરચનાવાળી જાત જાતની સુંદર કથાઓ અર્જુનને કહેતા હતા.[8] (કોઇ સમયે) અર્જુન હજારો સંબંધીઓના તથા પુત્રના શોકથી સંતાપ પામતો હતો, ત્યારે શૂરવંશમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ અનેક કથાઓ કહીને તેને શાંત પાડતા હતા.[9] વિજ્ઞાનવેત્તા મહાતપસ્વી શ્રીકૃષ્ણ અર્જુનને વિધિપૂર્વક આશ્વાસન આપીને જાણે પોતાનાપરથી ભાર ઉતારી નાખ્યો હોય, તેમ શાંત થતા હતા.[10] એક સમયે કોઇએક કથાના અંતે પોતાની મધુર વાણીથી અર્જુનને શાંત પાડતા શ્રીકૃષ્ણે આવું હેતુગર્ભિત વચન કહ્યું.[11]

શ્રીકૃષ્ણે કહ્યું:–“ હે સવ્યસાચિન્ ! હે શત્રુતાપન ! રાજા યુધિષ્ઠિરે તારા બાહુબળનો આશ્રય કરીને આ સમગ્ર પૃથ્વી જીતી છે.[12] હે મહાપુરુષ !ધર્મરાજા યુધિષ્ઠિર ભીમસેનના,નકુલના તથા સહદેવના પ્રભાવથી શત્રુરહિત થયેલી પૃથ્વીને (આ સમયે) ભોગવી રહ્યા છે. હે ધર્મવેત્તા અર્જુન ! રાજા યુધિષ્ઠિરે ધર્માનુસાર નિષ્કંટક રાજ્ય સંપાદન કર્યું છે;અને રાજા દુર્યોધન પણ ધર્માનુસારજ યુદ્ધમાં મરણ પામ્યો છે. ખરેખર,ધૃતરાષ્ટ્રના પુત્રો અધર્મ ઉપર પ્રીતિ રાખનારા હતા, લોભી હતા, નિરંતર અપ્રિયભાષી હતા અને દુષ્ટાત્મા હતા, તેથીજ તેઓ પોતાના પરિવારની સાથે માર્યા ગયા છે.[15] હે કુરુવંશધુરંધર અર્જુન ! ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર, અત્યંત શાંત થયેલી આ સમગ્ર પૃથ્વીને તારા રક્ષણતળે રહીને (હાલમાં) ભોગવી રહ્યા છે;[16] અને હું પણ હે પાંડવ ! તારીસાથે અરણ્યોમાં વિહાર કરીને આનંદ પામું છું તથા હે શત્રુહંતા અર્જુન ! જ્યાં હું પોતે અને કુંતા, સાથે હોઇએ ત્યાં મારા આનંદમાં પૂછવાનુંજ શું હોય?[17] વળી જ્યાં ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર, મહાબળવાન ભીમસેન અને માદ્રીના પુત્ર નકુલ તથા સહદેવ હોય ત્યાં તો મને અત્યંત આનંદ થાય છે.[18] (તોપણ) હે નિર્દોષ અર્જુન ! સ્વર્ગસમાન સુંદર અને પવિત્ર એવા આ સભાપ્રદેશોમાં તારીસાથે વિહાર કરતાં કરતાં મારો ઘણો સમય વીતી ગયો છે;અને હે કુરુવંશી અર્જુન ! શૂરપુત્ર બળદેવને તથા બીજા યાદવવંશના મહાન પુરુષોને આજે ઘણો સમય થયાં મેં જોયા નથી;[19,20] માટે હે મહાપુરુષ ! હવે હું દ્વારકા તરફ જવા ઇચ્છું છું. (અને હું ધારૂં છું કે,)તું પણ મારા ગમનને પસંદ કરીશ.[21] વળી યુદ્ધ પૂરૂં થયા પછી મેં તથા ભીષ્મપિતામહે રાજા યુધિષ્ઠિરને શોક દૂર કરવામાટે અનેક પ્રકારે ઉપદેશ આપ્યો છે;[22] અને પાંડુપુત્ર રાજા યુધિષ્ઠિર સર્વને ઉપદેશ આપી શકે તેવા

છે, છતાં અમે તેમને ઉપદેશ આપ્યો ત્યારે એ મહાત્માએ અમારાં વચન સારીરીતે માન્ય પણ કર્યાં છે.[23] ખરેખર, ધર્મને જાણનારા, કૃતજ્ઞ અને સત્યવાદી એવા ધર્મપુત્ર યુધિષ્ઠિરમાં સત્ય, ધર્મ, ઉત્તમ એવી બુદ્ધિ અને ધૈર્ય સદાને માટે સ્થિર થઈ રહેલાં છે.[24] હે અર્જુન! તને જો રુચતું હોય તો મહાત્મા યુધિષ્ઠિરરાજા પાસે તું જા અને મારા જવાની વાત તેમને જણાવ.[25] હે મહાબાહુ! મારા પ્રાણત્યાગ કરવાનો પ્રસંગ આવે તોપણ હું એ યુધિષ્ઠિરરાજાને ન ગમતું હોય તેવું કંઇ નહિ કરૂં.(તોપછી તેમની જો ઇચ્છા નહિ હોય તો) દ્વારકાપ્રત્યે જવાનો વિચાર કેમ કરીશ ? (અર્થાત્ યુધિષ્ઠિર કહેશે તોજ હું દ્વારકા તરફ જઈશ.)[26] હે પાર્થ! તને પ્રસન્ન રાખવામાટે તથા તારૂં હિત કરવાની ઇચ્છાથી આ સર્વ હું તને સત્યજ કહું છું.આ કંઇ હું તને મિથ્યા કહેતો નથી.વળી હે અર્જુન! મારે અહીં નિવાસકરવામાં જે કંઇ કારણ હતું, તે હવે પૂર્ણ થયું છે. રાજા દુર્યોધન પોતાના સૈન્ય અને અનુયાયીઓ સાથે માર્યો ગયો છે, સમુદ્રરૂપ કંકણવાળી અનેક પ્રકારનાં રત્નોથી ભરેલી અને પર્વતો તથા અરણ્યપ્રદેશોસહિત આ પૃથ્વી બુદ્ધિમાન કુરુરાજા ધર્મપુત્રના તાબામાં આવી ગઈછે;માટે હે તાત પાંડવ! અનેક સિદ્ધ મહાત્માઓથી સેવાતા અને નિરંતર ભાટચારણોથી સ્તુતિ કરાતા ધર્મવેત્તા યુધિષ્ઠિરરાજા આ સર્વ પૃથ્વીનું ધર્માનુસાર ભલે રક્ષણ કરે.હે કુરુઓમાં સિંહસમાન અર્જુન! હવે તું મારી સાથે ચાલ અને કુરુવર્ધન યુધિષ્ઠિરરાજા પાસે જઇને મારા દ્વારકાગમનમાટે તેમને પૂછ. હે પાર્થ ! મારૂં આ શરીર, મારૂં ધન અને મારા ઘરમાં બીજી જે જે વસ્તુઓ છે,તે સર્વ મેં યુધિષ્ઠિરરાજાને નિવેદન કરી :દીધેલ છે; કેમકે કુરુઓના અધિપતિ અને મહાબુદ્ધિમાન એવા યુધિષ્ઠિરરાજા મને સદા પ્રિય અને માન્ય છે.[33] હે રાજપુત્ર ! મારે અહીં નિવાસ કરવામાં માત્ર તારાવિના કંઈપણ હવે પ્રયોજન રહ્યું નથી; કેમકે હે પાર્થ ! આ પૃથ્વી તારા તથા સદાચારી યુધિષ્ઠિરના શાસનમાં હવે આવી ગઈ છે. ”[34]

હે રાજા ! મહાત્મા શ્રીકૃષ્ણે જ્યારે એ પ્રમાણે કહ્યું,ત્યારે મહાપરાક્રમી અર્જુને શ્રીકૃષ્ણની સામી પૂજા કરીને “ બહુ સારૂં ” એમ જાણે પોતાને દુઃખ થયું હોય તેવું વાક્ય કહ્યું.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અશ્વમેધિક પર્વમાં
“શ્રીકૃષ્ણની દ્વારકા જવાની તૈયારી”
એ વિષયનો અધ્યાય ૧૫ મો સમાપ્ત

અશ્વમેધિક પર્વ સમાપ્ત

अनुगीता पर्व

અધ્યાય ૧૬ મો

સિદ્ધ બ્રાહ્મણ અને કાશ્યપનો સંવાદ

॥ जनमेजय उवाच ॥
सभायां वसतोस्तत्र निहत्यारीन् महात्मनोः ।
केशवार्जुनयोः का नु कथा समभवद्द्विज ॥१॥

જનમેજયે કહ્યું:-હે બ્રાહ્મણ વૈશંપાયન ! તે સમયે શત્રુઓનો સંહાર કરીને સભામાં બેઠેલા મહાત્મા શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે શી કથા થઇ હતી?[1]

વૈશંપાયને કહ્યું:-પોતાનું નિષ્કંટક રાજ્ય સંપાદન કરીને અર્જુન શ્રીકૃષ્ણની સાથે તે દિવ્ય સભામાં આનંદથી વિહાર કરતો હતો. (અર્થાત્ કાળનિર્ગમન કરતો હતો.)[2] હે રાજા ! એક સમયે આનંદિત એવા તેઓ બન્ને જણા પોતાના સ્વજનોથી વિંટાઇને તે સભાના કોઇ એક સ્વર્ગસમાન વિભાગમાં જઇ ચઢયા.[3] તે વેળા કૃષ્ણની સાથે રહીને અત્યંત પ્રસન્ન થ-

પેલા પાંડવ અર્જુને તે સુંદર સભા જોઇને આવું વચન કહ્યું:-"હે મહાબાહુ દેવકીપુત્ર! તે સમયે યુદ્ધકાળ જ્યારે ઉપસ્થિત થયો હતો, ત્યારે મેં તમારૂં માહાત્મ્ય અને ઇશ્વરી (વિરાટ્) સ્વરૂપ જાણ્યું હતું.[૪] હે પુરુષવ્યાઘ્ર કેશવ ! તમે-ભગવાને મારાપરના સ્નેહને લીધે પૂર્વે જે જ્ઞાન કહ્યું હતું, તે સર્વ મારા ચિત્તની વ્યગ્રતાને લીધે હું ભૂલી ગયો છું. [૫,૬] હે માધવ ! તે જ્ઞાનના સંબંધમાં મને વારંવાર ઉત્કંઠા થયા કરે છે. (અર્થાત્ તે જ્ઞાનવિષયને જાણવાની મને વારંવાર ઇચ્છા થયા કરે છે,પણ) તમે તો હવે અલ્પ સમયમાંજ દ્વારકા તરફ જશો."[૭]

વૈશંપાયને કહ્યું:-અર્જુને એ પ્રમાણે કહ્યું એટલે વક્તાઓમાં શ્રેષ્ઠ મહાતેજસ્વી શ્રીકૃષ્ણ અર્જુનને ભેટી પડીને બોલ્યા.[૮]

વાસુદેવે કહ્યું:-હે પાર્થ ! તે સમયે મેં તને સનાતન એવું ગુહ્ય જ્ઞાન કહી સંભળાવ્યું હતું, સાક્ષાત્ ધર્મ જણાવ્યો હતો અને સનાતન સર્વ લોકનાં દર્શન કરાવ્યાં હતાં;[૯] પણ તેં અબુદ્ધિ(અજ્ઞાનતા)ને લીધે તે જ્ઞાન ગ્રહણ કર્યું નહિ, એ મને અત્યંત અપ્રિય લાગે છે; કેમકે હવે ફરીથી તે પ્રકારની સ્મૃતિ મને યાદ આવી શકશે નહિ. (અર્થાત તે ગુહ્ય જ્ઞાન હવે મારા સ્મરણમાં આવશેનહિ.)[૧૦]ખરેખર,હે પાંડવ! તું અશ્રદ્ધાળુ અને સારી બુદ્ધિવિનાનો છે. હે ધનંજય! તે જ્ઞાનને ફરીથી સંપૂર્ણ રીતે કહેવાને હું સમર્થ નથી.[૧૧] ખરેખર, મેં ઉપદેશેલો તે ધર્મ પરબ્રહ્મનું પરમપદ જાણવાને માટે પરિપૂર્ણ હતો; પરંતુ હવે તે ધર્મને સંપૂર્ણ રીતે કહેવાને હું અસમર્થ છું.[૧૨] તે સમયે મેં યોગનિષ્ઠ થઇને તને પરબ્રહ્મનો ઉપદેશ આપ્યો હતો. (માટેજ આ સમયે હું તે ઉપદેશ આપી શકું તેમ નથી.) હવે તો માત્ર એ વિષયનેજ લગતો એક પુરાતની ઇતિહાસ હું તને કહું છું, જેથી તે બુદ્ધિનો આશ્રય કરીને તું ઉત્તમ ગતિને પામીશ; માટે હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ અર્જુન ! તે સર્વ હું તને કહું છું, સાંભળ.[૧૩,૧૪]

હે શત્રુદમન રાજા! પૂર્વેકોઇએક બ્રાહ્મણ સ્વર્ગલોકમાંથી અને બ્રહ્મલોકમાંથી અહીં (પૃથ્વીપર) આવ્યો હતો. તે બ્રાહ્મણ દુરાધર્ષ હતો, મેં તેની પૂજા કરી હતી; અને તે બ્રાહ્મણને મેં જ્યારે પ્રશ્ન પૂછ્યોહતો,ત્યારે તેણે કોઇપણ પ્રકારનો વિચાર કર્યાવિના જે ઉત્તર આપ્યો હતો, તેને હે પાર્થ ! તું સાંભળ.[૧૫,૧૬]

બ્રાહ્મણે કહ્યું:- હે કૃષ્ણ ! પ્રાણીમાત્ર ઉપર કૃપા કરવામાટે મોક્ષધર્મનો આશ્રય કરીને તમે મને જે પ્રશ્ન પૂછ્યો છે, તે ખરેખર, મોહનો નાશ કરનારો છે;માટે હે મધુસૂદન! તેનો હું તમને યથાવત્ ઉત્તર આપું છું, તેને તમે સાવધાન થઈને સાંભળો. હે માધવ ! પૂર્વે કાશ્યપ નામનો કોઈએક બ્રાહ્મણ હતો. તે તપ કરવામાં તત્પર રહેતો હતો અને મોટો ધર્મવેત્તા હતો.તે એક સમયે ધર્મોનો ઉહાપોહ કરવામાં કુશળ એવા બીજા એક બ્રાહ્મણ પાસે (ધર્મજિજ્ઞાસાથી) ગયો. તે બ્રાહ્મણ જન્મમરણના વિષયમાં ઘણુંજ ઉત્તમ જ્ઞાન ધરાવતો હતો, શાસ્ત્ર તથા અનુમાનથી ઉત્પન્ન થનારા જ્ઞાનમાં અને યોગથી ઉત્પન્ન થનારા પ્રત્યક્ષ વિજ્ઞાનમાં પારંગત હતો, લોકતત્ત્વના વિષયમાં કુશળ હતો,સુખદુઃખના સંબંધનો જ્ઞાતા હતો, જન્મમરણના તત્ત્વને જાણતો હતો, પાપપુણ્યનો ભેદ જાણવામાં પ્રવીણ હતો, ઉચ્ચ અને નીચ જાતિનાં પ્રાણીઓને પોતપોતાનાં કર્મોને લીધે પ્રાપ્ત થનારી ગતિને તે જોઇ શકતો હતો, મુક્તની પેઠે સર્વત્ર વિચરતો હતો, સિદ્ધ હતો, અત્યંત શાંત હતો, જિતેન્દ્રિય હતો, બ્રાહ્મી શોભાથી દીપી રહ્યો હતો, સર્વત્ર વિહાર કરતો હતો, અંતર્ધાનની ગતિને જાણતો હતો, અંતર્હિત રહેનારા સિદ્ધોની સાથે તથા ચક્રધરોની સાથે તે જતો હતો; તેઓની સાથે વાતચીત કરતો હતો, તેઓની સાથે બેસતો હતો અને પવનની પેઠે કોઇ સ્થળે આસક્ત થયાવિના પોતાની ઇચ્છાનુસાર ગતિ કરી શકતો હતો. એ બ્રાહ્મણના સંબંધમાં યથાર્થ રીતે સાંભળીને બુદ્ધિમાન બ્રાહ્મણ કાશ્યપ તેની પાસે ગયો અને ધર્મની ઇચ્છાવાળો તે તપસ્વી કાશ્યપ પેલા બ્રાહ્મણનું મહા અદ્ભુત કર્મ જોઈને અત્યંત સાવધાન થઈ,યથાયોગ્ય રીતે તેને શરણે

ગયો.[૧૭-૨૫] બ્રાહ્મણોમાં ઉત્તમ અને અદ્ભુત પ્રભાવવાળા તે બ્રાહ્મણને જોઇને કાશ્યપ વિસ્મય પામ્યો. તેણે ઉત્તમ પૂજા કરીને પોતાના ગુરૂપ તે બ્રાહ્મણને સંતોષ્યો.[૨૬] કામક્રોધાદિ શત્રુઓને તપાવનારા તે કાશ્યપે શાસ્ત્ર અને ચારિત્રથી યુક્ત એવા પેલા બ્રાહ્મણને પૂજ્યભાવથી અને ગુરુવૃત્તિથી સંતોષ્યો, તે યોગ્યજ હતું. હે કૃષ્ણ! તે પછી પોતાના શિષ્ય બનેલા તે કાશ્યપ ઉપર પ્રસન્ન થયેલા પેલા બ્રાહ્મણે ઉત્તમ સિદ્ધિ તરફ લક્ષ્ય આપીને જે કંઈ કહ્યું હતું, તેને તમે મારી પાસેથી સાંભળો. [૨૮]

સિદ્ધ બ્રાહ્મણે કહ્યું:–હે તાત! વિવિધ પ્રકારનાં કર્મો કરીને તથા કેવળ પુણ્યના યોગો સાધીને મનુષ્યો આ લોકમાં સારી સ્થિતિને મેળવે છે અને પરલોકમાં ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે;[૨૯] પણ વસ્તુતઃ કોઈ સ્થળે અત્યંત સુખ નથી તેમ કોઇ સ્થળે સદાને માટે સ્થિતિ નથી. વારંવાર દુઃખથી મેળવેલાં મોટાં મોટાં સ્થાનો સંપાદન કરીને તે ઉપરથી ગબડી પડાય છે.[૩૦] મેં પાપનું સેવન કરીને તથા કામ,ક્રોધ, લોભ અને મોહથી ઘેરાઇ જઇને કષ્ટભરેલી અનેક અશુભ ગતિઓ મેળવેલી છે.[૩૧] હું વારંવાર જન્મમરણને પામ્યો છું, અનેક પ્રકારના આહારો મેં ખાધા છે, અનેક સ્તનો ધાવ્યો છું, વિવિધ પ્રકારની માતાઓ જોયેલી છે, ભિન્ન ભિન્ન પિતાઓ જોયા છે, તરેહ તરેહનાં સુખ અને દુઃખ અનુભવ્યાં છે અને હે નિર્દોષ કાશ્યપ! અનેક પ્રિય સંબંધીઓની સાથે વિયોગ તથા અનેક પ્રિયજનોની સાથે સંયોગ અનુભવ્યો છે; એટલુંજ નહિ પણ જે ધનને મેં દુઃખેથી મેળવ્યું હતું તે ધનનો નાશ પણ કર્યો છે, રાજા તરફથી તથા સ્વજનો તરફથી મહાકષ્ટકારક અપમાનો સહ્યાં છે, અત્યંત દારુણ એવી શારીરિક તથા માનસિક વેદનાઓ ભોગવી છે, ઉગ્ર તિરસ્કારો પ્રાપ્ત કર્યા છે, દારુણ માર તથા બંધનો સહન કર્યાં છે, નરકમાં હું પડયો છું, યમલોકમાં યાતનાઓ મેં ભોગવી છે, વૃદ્ધાવસ્થા અને રોગો ને પણ ભોગવ્યા છે,નિરંતર અનેક સંકટો વેઠયાં છે અને આ લોકમાં હર્ષશોક આદિ દ્વંદ્વોથી ઉત્પન્ન થનારાં ઘણાં દુઃખો મેં અનુભવ્યાં છે. આમ ઘણા કાળસુધી ચાલ્યું હતું. તે પછી કોઇએક સમયે અત્યંત કંટાળી જઇને (વૈરાગ્યથી) નિરાકારનો મેં આશ્રય કર્યો–અર્થાત્ અસંપ્રજ્ઞાત સમાધિ સંપાદન કરીને બ્રહ્મભાવનો મેં આશ્રય કર્યો અને અત્યંત દુઃખાર્ત્ત થયેલા લોકતંત્રનો મેં પરિત્યાગ કર્યો.[૩૮] આ લોકમાં પૂરતો અનુભવ લીધા પછી મેં આ માર્ગનો આશ્રય કર્યો છે; અને તેથીજ આત્માના પ્રસાદને લીધે આ સિદ્ધિ મેં મેળવી છે. હું આ લોકમાં પુનઃ કદી આવીશ નહિ. હું આ સર્વ લોકને જોઇ શકું છું તેમજ મોક્ષથી આરંભીને પ્રજાસૃષ્ટિપર્યંતની આત્માની શુભ ગતિઓને તથા લોકની ગતિઓને પણ જોઇ શકું છું.[૪૦] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મેં આ ઉત્તમ સિદ્ધિ એ પ્રમાણે પ્રાપ્ત કરી છે. હવે હું અહીંથી સત્યલોકમાં જઇશ અને પછી તેથી પર રહેલા કૈવલ્યપદને પામીશ.[૪૧] હે કામક્રોધાદિ શત્રુઓને તપાવનારા કાશ્યપ! કૈવલ્યરૂપ તે પરબ્રહ્મનું સ્થાન અવ્યક્ત છે–મન, વાણી તથા કર્મનું અવિષય છે; માટે એ વિષે તારે સંશય કરવો નહિ. હું હવે આ મનુષ્યલોકમાં પુનઃ કદી આવીશ નહિ.[૪૨] હે મહાબુદ્ધિમાન કાશ્યપ! હું તારાપર પ્રસન્ન થયો છું, માટે બોલ, હું તારૂં શું પ્રિય કરૂં? તું જે ઇચ્છાથી અહીં આવ્યો છે, તેને સફળ કરવાનો આ સમય આવી પહોંચ્યો છે.[૪૩] તું જે માટે અહીં આવ્યો છે તે હું જાણું છું અને હું હવે અલ્પ સમયમાંજ અહીંથી જવાનો છું, માટેજ આ પ્રમાણે તને પ્રેરણા કરૂં છું.[૪૪] હે વિચક્ષણ! તારા ચારિત્રથી હું અત્યંત પ્રસન્ન થયો છું; માટે તારે જે પૂછવું હોય તે ખુશીથી પૂછ. હું તને જે પ્રિય હશે તે કહીશ.[૪૫] ખરેખર, હું તારી બુદ્ધિને અત્યંત વિશાળ માનું છું અને તેની ભારે પ્રશંસા કરૂં છું; કેમકે હું અંતર્ધાન થઇ ગયો હતો છતાં તેં મને જાણી લીધો છે, માટે હે કાશ્યપ! તું ખરેખર બુદ્ધિમાન છે.

અધ્યાય ૧૭ મો

સિદ્ધબ્રાહ્મણ અનેકાશ્યપનો સંવાદ(ચાલુ)

॥ वासुदेव उवाच ॥

ततस्तस्योपसंगृह्य पादौ प्रश्नान् सुदुर्वचान् ।
पप्रच्छतांश्च धर्मान् स प्राह धर्मभृतांवरः ॥१॥

વાસુદેવે કહ્યું:-“ તે પછી એ સિદ્ધ બ્રાહ્મણના બન્ને ચરણો પકડીને (અર્થાત્ તેમના ચરણમાં નમન કરીને) કાશ્યપે બીજાઓથી ન પૂછી શકાય તેવા (મહાક્લિષ્ટ) પ્રશ્નો પૂછ્યા. એટલે ધાર્મિકોમાં શ્રેષ્ઠ તે બ્રાહ્મણે તે ધર્મો કહેવા માંડયા.”[૧]

કાશ્યપે પૂછ્યુ:-“ (૧) શરીર કેવી રીતે નાશ પામે છે? (૨) કેવી રીતે ઉત્પન્ન થાય છે? (૩) આત્મા આ કષ્ટભરેલા સંસારમાં ભ્રમણ કરતો કરતો કેવી રીતે મુક્ત થાય છે? (૪) જીવ મૂળ અવિદ્યાનો ઉપભોગ કરીને તેથી ઉત્પન્ન થનારા સ્થૂલશરીરનો કેવી રીતે ત્યાગ કરે છે? (૫) અને તે શરીરમાંથી મુક્ત થઇને પરબ્રહ્મને કેવી રીતે પામે છે? (૬) મનુષ્ય પોતે કરેલાં શુભ-અશુભ કર્મને કેવી રીતે અને કયાં ભોગવે છે? (૭) અને દેહરહિત થયેલા જીવનું તે કર્મ કયાં રહે છે?”[૨-૪]*

બ્રાહ્મણે કહ્યું:- હે યાદવવંશી કૃષ્ણ! કાશ્યપે એ પ્રમાણે (સાત) પ્રશ્નો પૂછ્યા એટલે તે સિદ્ધ બ્રાહ્મણે તે તે પ્રશ્નોના અનુક્રમે ઉત્તર આપવા માંડયા. તે હું તમને કહું છું, સાંભળો.

સિદ્ધ બ્રાહ્મણે કહ્યું:-જે શરીર ગ્રહણ કર્યું હોય છે, તેમાં રહીને જીવ આયુષ તથા કીર્તિની વૃદ્ધિ કરનારાં જે કૃત્યોનું સેવન કરે છે તે સર્વનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે આયુષના વિનાશકાળને લીધે વિપરીત કૃત્યોનું તે સેવન કરે છે અને પછી વિનાશકાળ સમીપમાં આવે છે ત્યારે તેની બુદ્ધિ પણ ફરી જાય છે.[૭] વિવેકહીન એવો તે દેહધારી પોતાના સત્ત્વને, બળને તથા કાળને જાણતો હોય છે, છતાં (બુદ્ધિના વિપર્યાસને લીધે) વારંવાર પોતાના (સત્ત્વ, બળ તથા કાળ) થી વિરુદ્ધ કર્મોનું સેવન કરે છે.[૮] જ્યારે એ અત્યંત કષ્ટકારક એવાં સર્વ કર્મોનું સેવન કરવા મંડી પડે છે, ત્યારે કોઇક સમયે અન્નાદિનું અત્યંત ભોજન કરે છે અને કોઇક સમયે લેશમાત્ર પણ ભોજન કરતો નથી.[૯] વળી કોઈક વેળા દુષ્ટ અન્ન તથા દુષ્ટ માંસનું ભક્ષણ કરે છે, કોઇક સમયે દુષ્ટ જળપાન કરે છે, અન્યોન્ય વિરોધી પદાર્થોનું સેવન કરે છે, ભારે ખોરાક ખાય છે, અનિયમિત ભોજન કરે છે અને અજીર્ણ થયું હોય છે છતાં વારંવાર ખાખા કરે છે;[૧૦] એટલુંજ નહિ પણ તેવો અવિવેકી મનુષ્ય કોઇ સમયે અતિશય કસરત કરે છે, હદ ઉપરાંત મૈથુન કરે છે અને નિરંતર કામકાજ કરવાનાજ લોભમાં પડી જઇને+ મળમૂત્રાદિના વેગને રોકે છે. વળી તે પરિણામમાં પુષ્કળ રસને ઉત્પન્ન કરનારા અન્નનું સેવન કરે છે અને દિવસે‡ નિદ્રા કરે છે જેથી અજીર્ણ વગેરેને લીધે અયોગ્ય સમયે પોતાની મેળેજ વાત, પિત્ત અને કફ-એ ત્રણે દોષોને કોપાવે છે.[૧૨] એ રીતે પોતાના શરીરમાં રહેલા વાતપિત્તાદિ દોષોનો કોપ થવાથી મનુષ્યને પ્રાણઘાતક રોગ પ્રાપ્ત થાય છે અથવા ગળે ફાંસો દેવો

---

* કાશ્યપે એ પ્રમાણે સાત પ્રશ્નો પૂછ્યા છે, તેમાંથી “શરીર કેવી રીતે નાશ પામે છે?” આ પ્રથમ પ્રશ્નનો ઉત્તર આ અધ્યાયમાં આપવામાં આવશે. પછી બીજા અને ત્રીજા પ્રશ્નનો ઉત્તર હવે પછીના અધ્યાયમાં આવશે; અને બાકીના ચાર પ્રશ્નોનો ઉત્તર તે પછીના અધ્યાયમાં આવશે.

+ મળમૂત્રાદિના વેગને રોકવો નહિ જોઇએ, તેને માટે વાગ્ભટ્ટ કહે છે:-**वेगान्न धारयेद्वात विण्मूत्रक्षवतृट्क्षुधाम् । निद्राकासश्रमश्वास जृंभाश्रुच्छर्दिरेतसाम्**-વાયુ, વિષ્ઠા, મૂત્ર, છીંક, તૃષા, ક્ષુધા, નિદ્રા, ઉધરસ, શ્રમ, શ્વાસ, બગાસું, આંસુ, ઉલટી અને વીર્યના વેગને કદી રોકવો નહિ; કેમકે **रोगाः सर्वेऽपिजायंत वेगोदीरणधारणैः**- વેગવૃદ્ધિને રોકવાથી સર્વ પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે.

‡ યોગરત્નાકર નામના આયુર્વેદના ગ્રંથમાં કહ્યું છે:-**दिवास्वापं न कुर्वीत यतोऽसौस्यात् कफावहः**- દિવસે નિદ્રા કરવી નહિ, કેમકે તેથી કફની વૃદ્ધિ થાય છે.

પડે તેવાં વિપરીત કૃત્યો કરે છે, જેને લીધે પોતે નિરોગી હોય છતાં પણ મરણ પામે છે. આવાં આવાં અનેક કારણોને લીધે મનુષ્યનું શરીર નાશ પામે છે. હવે જીવિતનો અંત કેવી રીતે આવે છે, તે હું તને કહું છું,તે તું યથાવત્ સાંભળ.૧૪ શરીરમાં જ્યારે ઉષ્ણતા (ગરમી)નો કોપ થાય છે, ત્યારે તીવ્ર વાયુથી પ્રેરાઇને આખા શરીરમાં તે ફરી વળી સર્વ પ્રાણોને રૂંધી દે છે.૧૫ આ વાત તારે સત્ય જાણવી કે, શરીરમાં અત્યંત કોપી ઉઠેલી મહાબળવાન ઉષ્ણતા જીવનાં સર્વ મર્મસ્થાનોને તોડી પાડે છે, જેથી વેદનાગ્રસ્ત થયેલો જીવ શરીરનો ત્યાગ કરે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! જ્યારે સર્વ મર્મસ્થાનો છેદાઇ જાય છે, ત્યારે વેદનાથી ઘેરાયેલો જીવ શરીરનો ત્યાગ કરે છે, એમ તારે જાણવું. હે ઉત્તમ બ્રાહ્મણ ! આ જગતનાં સર્વ પ્રાણીઓ જન્મમરણના ફેરામાં ગોથાં ખાયાજ કરે છે અને વારંવાર શરીરોનો ત્યાગ કરતાં જોવામાં આવે છે. પ્રાણી (પારલૌકિક દેહનો ત્યાગ કરીને ઐહિક) ગર્ભસ્થ શરીરમાં જ્યારે પ્રવેશ કરે છે અને ગર્ભમાંથી જ્યારે બહાર આવે છે, ત્યારે પણ મર્મભાગોમાં તેવીજ (એટલે મરણકાળના જેવીજ) વેદના ભોગવે છે. તે સમયે એના શરીરના પ્રત્યેક સાંધામાં કળતર થાય છે અને ગર્ભાશયના જળવડે ભિંજાઈ જવાથી અત્યંત દુઃખ સહન કરવું પડે છે.૧૬-૨૦ શરીરમાં રહેલો વાયુ બીજા તીવ્ર વાયુની પ્રેરણાથી જ્યારે કોપાયમાન થાય છે, ત્યારે શીતળતાને લીધે પાંચે મહાભૂતોના એકત્રપણાનો જાણે નાશ કરી નાખતો હોય, તેમ પાંચ મહાભૂતોમાં પ્રાણ તથા અપાનને સ્થાને રહેલો તે વાયુ, મહાકષ્ટથી શરીરનો ત્યાગ કરીને ઉર્ધ્વમાર્ગે બહાર નીકળી જાય છે.૨૧,૨૨ એ રીતે વાયુ શરીરનો ત્યાગ કરે છે, ત્યારે મનુષ્ય શ્વાસોચ્છ્વાસરહિત જોવામાં આવે છે અને ઉષ્ણતાવિનાના, શ્વાસરહિત થયેલા, શોભાથી મુક્ત થયેલા, ચેતનવિનાના થઇ પડેલા તથા જીવે ત્યજી દીધેલા તે મનુષ્યને મરણ પામેલો માનવામાં આવે છે. (અને તે અવસ્થામાં) શરીરધારી પૂર્વે જે જે ઇંદ્રિયોથી વિષયોનું જ્ઞાન કરી શકતો હતો, તેજ ઇંદ્રિયોથી તેને વિષયજ્ઞાન થઇ શકતું નથી. શરીરમાં રહીને જે આહારથી ઉત્પન્ન થનારા પ્રાણોને (ઉત્પન્ન) કરે છે, તેનેજ સનાતન જીવ કહેવામાં આવે છે;૨૩-૨૫ તેમજ શરીરના જે જે ભાગમાં પંચમહાભૂતો અત્યંત સંયુક્ત રહેલાં હોય છે, તે તે ભાગને શાસ્ત્રમાં મર્મસ્થાન કહેવામાં આવ્યું છે, એમ તારે જાણવું.૨૬ એ મર્મસ્થાનો જ્યારે ભેદાઇ જાય છે ત્યારે જીવ એકદમ ઉછાળો મારીને હૃદયમાં દાખલ થાય છે અને પ્રાણીના જીવનસત્ત્વને એકદમ રૂંધી દે છે, જેથી સચેતન એવો પણ પ્રાણી કંઇ જાણી શકતો નથી.૨૭ સર્વ મર્મસ્થાનો જ્યારે રૂંધાઇ જાય છે ત્યારે જેનું જ્ઞાન અજ્ઞાનથી ઢંકાઈ ગયેલું હોય છે એવો તે જીવ સ્થાનભ્રષ્ટ થઈ પડે છે; અને પછી વાયુ તેને હાલકલોલક સ્થિતિમાં લાવી મૂકે છે.૨૮ એટલે તે મહાદારુણ એવા શ્વાસોચ્છ્વાસ લઇને અચેતન એવા શરીરને એકદમ કંપાવી મૂકે છે અને આખરે તે શરીરમાંથી બહાર નીકળી જાય છે.૨૯ જીવ એ રીતે શરીરથી છુટો થાય છે, ત્યારે પોતાનાં શુભ-અશુભ અથવા પુણ્યપાપરૂપ કર્મોવડે ચોતરફથી ઘેરાઈ જઇ કર્માનુસાર ગતિને પામે છે.૩૦ જે બ્રાહ્મણો (બ્રહ્મનિષ્ઠ પુરુષો) જ્ઞાનસંપન્ન હોય છે અને જેઓએ શાસ્ત્રીય નિશ્ચયને યથાવત્ રીતે સાંભળ્યો હોય છે, તેઓ અમુક અમુક લક્ષણો ઉપરથી જીવને પુણ્યકર્મી અથવા પાપકર્મી જાણી શકે છે.૩૧ જેમ અંધકારમાં આજુબાજુ ઉડી રહેલા પતંગિયાંને (આગીઆને) નેત્રવાળા મનુષ્યો જોઈ શકે છે,તેમ શરીરમાંથી નીકળીને પોતાનાં કર્માનુસાર શુભ-અશુભ ગતિને પ્રાપ્ત થનારા જીવને જ્ઞાનદૃષ્ટિવાળા પુરુષો જોઇ શકે છે-જાણી શકે છે.૩૨ શરીરમાંથી નીકળતા,અન્ય સ્થળે ઉત્પન્ન થતા તથા બીજી યોનિમાં દાખલ થતા જીવને સિદ્ધપુરુષો પોતાનાં દિવ્ય ચક્ષુથી જોઇ શકે છે. શાસ્ત્રદૃષ્ટિએ જીવનાં ત્રણ સ્થાનો જોવામાં આવે છે. જ્યાં પ્રાણીઓ નિવાસ કરી રહ્યાં છે,તે આ **કર્મભૂમિ** છે. સર્વ પ્રાણીઓ આ કર્મભૂમિ

ઉપર શુભ-અશુભ કર્મ કરીને પોતાનાં કર્માનુસાર નાના-મોટા ભોગોને પામે છે; પરંતુ જેઓ અહીં રહીને અશુભ કર્મ કરે છે, તેઓ પોતાનાં કર્મોને લીધે **નરકગતિ** મેળવે છે. આ નરકગતિનું બીજું નામ અધોગતિ છે અને તે ગતિ મહાકષ્ટકારક છે. ત્યાં જઇને મનુષ્યો રૂંધાઇ જાય.છે-મહાન દુઃખોને ભોગવે છે. આ ગતિમાંથી છુટકારો મેળવવો મહાદુર્લભ છે, માટે પ્રત્યેક પ્રાણીએ તે ગતિથી પોતાના આત્માનું અત્યંત રક્ષણ કરવું.[૩૪-૩૬]

હવે જેઓ **ઊર્ધ્વ ગતિ** મેળવીને જે સ્થાનોમાં નિવાસ કરી રહે છે, તે હું તને યથાર્થ રીતે કહું છું માટે; એ વિષે તું મારી પાસેથી સાંભળ.[૩૭] તે સાંભળીને તું નૈષ્ઠિકીબુદ્ધિને પ્રાપ્ત કરીશ અને કર્મના નિશ્ચયને જાણી શકીશ. આ સર્વ તારાઓ, ચંદ્રમંડળ અને સૂર્યમંડળ જે લોકમાં પોતાની કાંતિથી નિત્ય પ્રકાશ્યા કરે છે, તે લોકમાં પુણ્યકર્મો કરનારા મનુષ્યોનાં સ્થાનો રહેલાં છે, એમ તારે જાણવું.[૩૮,૩૯] જોકે પુણ્યકર્મ કરનારા મનુષ્યો પણ તે તે સ્થાનો પ્રાપ્ત કરીને પોતાના કર્મનો ક્ષય થતાં વારંવાર ત્યાંથી પતન પામે છે, તોપણ તેમાં અને સ્વર્ગમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ-એવો ભેદ રહેલોજ છે.[૪૦] સ્વર્ગમાં જઇને પણ બીજાની લક્ષ્મીને પોતાના કરતાં અધિક જોઈને મનુષ્ય અસંતોષી બનેજ છે. આ રીતે જૂદી જૂદી સર્વ ગતિઓ મેં તને કહી. હવે ગર્ભની ઉત્પત્તિવિષે હું તને કહું છું, માટે હે બ્રાહ્મણ! તેને તું સાવધાન થઇને સાંભળ.

ઈતિ શ્રી મહા૦ આશ્વ૦ અનુગીતાપર્વમાં
“સિદ્ધબ્રાહ્મણ અને કાશ્યપનો સંવાદ”
એ વિષયનો અધ્યાય ૧૭ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૮ મો

સિદ્ધબ્રાહ્મણ અને કાશ્યપનો સંવાદ (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

शुभानामशुभानां च नेह नाशोऽस्ति कर्मणाम्
प्राप्य प्राप्यानुपच्यंते क्षेत्रं क्षेत्रं तथा तथा ॥

સિદ્ધ બ્રાહ્મણે કહ્યું:-શુભ તથા અશુભ કર્મોનો કદી નાશ થતો નથી, જેથી વારંવાર શરીર પ્રાપ્ત કરીને તેઓનું ફળ ભોગવવું પડે છે. જેમ ઘણીજ સંભાળપૂર્વક ઉત્પન્ન કરવામાં આવેલું એક ફળદાયી વૃક્ષ પુષ્કળ ફળ આપે છે, તેમ શુદ્ધ મનથી જો કર્મ કરવામાં આવે છે તો મહાન પુણ્ય પ્રાપ્ત થાય છે; તેમજ પાપી મનથી કરવામાં આવેલું કર્મ પાપજનકજ થઈ પડે છે. (અર્થાત્ શુદ્ધિચિત્તથી કરવામાં આવેલા અલ્પ પુણ્યથી પણ પુષ્કળ ફળ મળે છે અને અશુદ્ધ ચિત્તથી કરવામાં આવેલા અલ્પ પાપથી પણ મહાન દુષ્ટ ફળ પ્રાપ્ત થાય છે.) કેમકે મનનેજ આગળ કરીને આત્મા કર્મ કરવા તત્પર થાય છે. (માટે મનજ પ્રધાન છે, કર્મ પ્રધાન નથી.)[૩] હવે પોતાનાં કર્મોથી વિંટાયેલો અને કામક્રોધથી ઘેરાયેલો મનુષ્ય કેવી રીતે ગર્ભમાં દાખલ થાય છે તે પ્રશ્નનો ઉત્તર પણ તું સાંભળ.[૪] સ્ત્રીના ગર્ભાશયમાં ગયેલું વીર્ય ત્યાં રહેલાં રુધિર સાથે મિશ્ર થઈને કર્મથી ઉત્પન્ન થનારા શુભ અથવા અશુભ ક્ષેત્રને મેળવે છે-અર્થાત્ કર્મજન્ય એક શરીરરૂપે બંધાય છે.[૫] જીવ અત્યંત સૂક્ષ્મ અને અવ્યક્તસ્વરૂપ હોવાથી (વાસ્તવિક રીતે) કોઇ પણ સ્થળે આસક્ત થતો નથી; માટે બ્રહ્મવેતા પુરુષ સનાતન બ્રહ્મને જાણીને તથા (બ્રહ્મરૂપ) અભીષ્ટ વસ્તુ સંપાદન કરીને નિઃસંગ થાય છે.[૬] પ્રાણીમાત્રના બીજરૂપ અને જેનાવડે સર્વ પ્રાણીઓ જીવી રહ્યાં છે એવો તે જીવ, ગર્ભના સર્વ અવયવોમાં વિભાગ પ્રમાણે દાખલ થાય છે.[૭] પછી તુરતજ ચિત્તરૂપ ઉપાધિનો આશ્રય કરીને ઇંદ્રિયોના સર્વ ગોલકોમાં અભિમાન ધારણ કરે છે, જેથી ચેતનાયુક્ત થયેલો તે ગર્ભ પોતાનાં સર્વ અંગોને હલાવવા માંડે છે. જેમ તપાવેલા લોઢાનો રસ ધાતુ ગાળવાની મૂસમાં રેડાઇને મૂસના આકારને ધારણ કરે છે, તેમ ગર્ભમાં જીવનો પ્રવેશ થાય છે, એમ તારે જાણવું.[૮] જેમ અગ્નિ લોઢાના ગોળામાં દાખલ થઈને તેને અત્યંત તપાવે છે-અર્થાત્ અગ્નિ પોતે અસ્પષ્ટ સ્વરૂપ છે તોપણ કાષ્ઠ, લોઢું-આદિ ઉપાધિ-

માંજ સ્પષ્ટસ્વરૂપે પ્રકટ થાય છે, તેમ ગર્ભમાં જીવ પ્રકટ થાય છે, એમ તારે જાણવું.[૧૦] જેમ દીવો ઘરની અંદર પ્રકટ થઈને સર્વ પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ ચેતના (જીવ), સર્વ શરીરોને (એટલે સ્થૂલશરીરને, લિંગશરીરને તથા કારણશરીરને) પ્રકાશમાન–ચૈતન્યવાન કરે છે.[૧૧] જીવે પૂર્વજન્મના દેહથી જે કાંઇ શુભ–અશુભ કર્મ કર્યું હોય છે તે સર્વ અવશ્ય તેને ભોગવવું પડે છે.[૧૨] પછી એ રીતે ઉપભોગ કરવાથી તેનાં જૂનાં કર્મો ક્ષીણ થતાં જાય છે અને પાછાં નવાં કર્મો એકઠાં થતાં જાય છે. આ રીતની પરંપરા જ્યાંસુધી તેને મોક્ષનો યોગ પ્રાપ્ત થતો નથી ત્યાંસુધી ચાલુજ રહે છે; અને તેટલા કાળપર્યંત ધર્મને તે જાણતોજ નથી.[૧૩] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! એક પછી એક–એમ અનેક જાતિઓમાં ભ્રમણ કરનારો જીવ, જે કર્મ કરીને સુખી થાય છે,તે કર્મ હું તને કહું છું. દાન, વ્રત, બ્રહ્મચર્ય, શાસ્ત્રોક્ત રીતે વેદપઠન, ઇંદ્રિયનિગ્રહ, શાંતિ, પ્રાણીઓ ઉપર દયા, સંયમ, સૌમ્યતા, પારકા દ્રવ્યને નહિ લેવાની ઇચ્છા, પૃથ્વીપર પ્રાણીમાત્રનું મનથી પણ ભુંડુ નહિ કરવાનો વિચાર, માતાપિતાની સેવા, દેવતાઓ તથા અતિથિઓનું પૂજન, ગુરુની પૂજા, દયા, પવિત્રતા, નિત્ય ઇંદ્રિયોનો સંયમ અને શુભકર્મો કરવામાં પ્રવૃત્તિ–આને સત્પુરુષોનું વૃત્ત અથવા વર્તન કહેવામાં આવે છે;અને તેમાંથીજ સનાતન ધર્મની ઉત્પત્તિ થાય છે,કે જે પ્રજાઓનું રક્ષણ કરે છે.[૧૫–૧૮] આ પ્રમાણે સત્પુરુષોમાંજ એ સદ્વર્તનો જોવાં; કેમકે તેઓમાંજ એ સદ્વર્તનની સ્થિતિ અચળ રહેલી હોય છે. વળી સત્પુરુષોનો આચારજ ધર્મને કહી બતાવે છે,કે જેમાં શાંત પુરુષો સ્થિતિ કરી રહે છે.[૧૯] સત્પુરુષોવિષે સદ્વર્તન (સ્વાભાવિકરીતેજ) મૂકાયેલ હોય છે, જેને સનાતન ધર્મ કહેવામાં આવે છે;માટે જે પુરુષો એ (સદાચારરૂપ) સનાતનધર્મનો અંગીકાર કરે છે, તે કદી દુર્ગતિને પામતો નથી.[૨૦] વળી એ ધર્મને લીધેજ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થનારા લોકને નિયમમાં રાખી શકાય છે. જે પુરુષ યોગી હોય છે, તેજ સંસારથી મુક્ત હોઇને બીજાઓ કરતાં વિશેષ થઇ શકે છે;[૨૧] કેમકે જે પુરુષ ધર્માનુસાર વર્તે છે અને જેમ શુભ થાય તેમ પ્રવૃત્તિ કરે છે, તેને ઘણે લાંબે કાળે મુક્તિ મળે છે. (અર્થાત્ કર્મમાર્ગનો આશ્રય કરનારાઓને લાંબે કાળે મુક્તિ પ્રાપ્ત થાય છે, પણ યોગમાર્ગનો આશ્રય કરનારા યોગીને અલ્પસમયમાંજ મુક્તિ મળે છે.)[૨૨] એ રીતે જીવ પૂર્વજન્મમાં કરેલાં કર્મને નિત્ય ભોગવે છે; અને આ આત્મા બ્રહ્મરૂપજ છે, છતાં જીવરૂપે વિકારી સ્વરૂપ ધારણ કરીને જગતમાં આવેલો છે,તે સર્વનું કારણ પણ કર્મજ છે.[૨૩]

હવે આ આત્માએ પ્રથમ કયા કારણથી શરીર ગ્રહણ કર્યું, આવો લોકમાં સંશય રહે છે, માટે એ વિષે હું કહું છું.[૨૪] સર્વ લોકના પિતામહ બ્રહ્માએ (પરબ્રહ્મે) પ્રથમ (માયા ઉત્પન્ન કરીને) પોતાનું શરીર ઉત્પન્ન કર્યું; અને પછી સ્થાવરજંગમ સર્વ જગતને ઉત્પન્ન કર્યું. પરબ્રહ્મે (પ્રથમ પોતે શરીર ધારણ કરીને) પ્રધાન ઉત્પન્ન કર્યું, જે સર્વ જીવોની પ્રકૃતિ છે, જેનાવડે સર્વ જગત વ્યાપ્ત થઈ રહ્યું છે; અને લોકમાં જેને 'પરમા' કહે છે,[૨૬] તે આ પ્રધાનને અથવા પ્રકૃતિને ક્ષર (નાશવંત) કહેવામાં આવે છે અને એનાથી પર રહેલા (બ્રહ્મને) અક્ષર તથા અમૃત (અવિનાશી) કહેવામાં આવે છે. આ ક્ષર, અક્ષર તથા શુદ્ધ, એ ત્રણ પૈકી ક્ષર અને અક્ષર જગતના પ્રત્યેક પુરુષમાં (પ્રાણીમાં) ભિન્ન ભિન્ન રીતે રહેલ છે.[૨૭] સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં પણ સ્થિતિ કરી રહેલા પ્રજાપતિએ (પરબ્રહ્મે), આકાશ આદિ સર્વ મહાભૂતોને તથા સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં છે, એવી પ્રાચીન કાળની શ્રુતિ છે.[૨૮] વળી તેજ પિતામહે શરીરગ્રહણનું કાળપરિમાણ કર્યું છે–આયુષ્યમર્યાદા બાંધીને નાશવંતપણું નિર્માણ કર્યું છે;તથા(દેવ,મનુષ્ય,તિર્યંચ આદિ) પ્રાણીઓના દેહમાં પરિભ્રમણ કરવાનું અને વારંવાર જન્મમરણ પામવારૂપ પુનરાવૃત્તિ કરવાનું પણ કર્યું છે.[૨૯] જેમ આત્માનો જેણે સાક્ષાત્કાર કર્યો હોય તેવો કોઇએક બુદ્ધિમાન

પુરુષ પૂર્વજન્મના સંબંધમાં તથા આ સંસારના નાશવંતપણારૂપ વિષયમાં યથાર્થરીતે કહી શકે છે, તેમ હું પણ (જાતિસ્મરણની શક્તિ ધરાવનારો હોવાથી) જે કંઇ કહી રહ્યો છું તે યથાવત્ છે.[૩૦] જે મનુષ્ય સુખ તથા દુઃખને સારી રીતે અનિત્ય જુએ છે, શરીરને અપવિત્ર પદાર્થોના એક ઢગલારૂપ માને છે, વિનાશને કર્મસાથે સંબંધ ધરાવનારો માને છે; અને જે કંઇ સુખ જોવામાં આવે છે તે સર્વ વાસ્તવિક રીતે દુઃખજ છે આમ લક્ષ્યમાં રાખે છે, તે પુરુષ મહાદુસ્તર અને ભયંકર એવા આ સંસારસમુદ્રને તરી જાય છે.[૩૧,૩૨] જે મનુષ્ય જન્મ, મરણ તથા રોગોથી ઘેરાઇ જઇને પણ માયાના સ્વરૂપને જાણે છે તથા ચેતનાવાળાં સર્વ પ્રાણીઓમાં એકજ ચૈતન્યને જુએ છે, તે મનુષ્ય પરમપદની શોધ કરતો કરતો અંતે સમગ્ર પ્રપંચથી કંટાળે છે—સર્વ વિષયો ઉપરની મમતા છોડી દઇને વિરક્ત બની જાય છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તેવા પુરુષને ઉપયોગી થઈ પડે એવો ઉપદેશ હું તને યથાર્થરીતે કહું છું; અને સનાતન તથા અવિનાશી એવા આ આત્માનું ઉત્તમ જ્ઞાન પણ સંપૂર્ણરીતે હું તને કહુંછું, તે તું સાંભળ.

ઇતિ શ્રીમહા૦ આશ્વમેધિક પર્વવિષેં
અનુગીતા પર્વમાં અધ્યાય
૧૮ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૯ મો

સિદ્ધબ્રાહ્મણ અને કાશ્યપનો સંવાદ (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

यः स्यादेकायने लीनस्तूष्णीं किंचिदचिंतयन्
पूर्वं पूर्वं परित्यज्य स तीर्णो बंधनाद्भवेत्॥१॥

સિદ્ધ બ્રાહ્મણે કહ્યું:- જે પુરુષ કોઇપણ વિષયનો વિચાર નહિ કરીને તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ, એ ત્રણે શરીરોનો ઉત્તરોત્તર લય કરી દઇને સર્વના અધિષ્ઠાનભૂત કેવળ એક પરબ્રહ્મમાંજ લીન થઈ જાય છે; અને સર્વ પ્રકારે શાંત થાય છે (અર્થાત્ હું આ સર્વ જગતરૂપ છું, આવું અભિમાન પણ કરતો નથી), તે પુરુષ સંસારરૂપ બંધનથી મુક્ત થાય છે.[૧] જે પુરુષ સર્વનો મિત્ર છે, સર્વ કંઇ સહન કરે છે, શમગુણમાં આસક્ત રહે છે, જિતેંદ્રિય હોય છે, ભય તથા ક્રોધથી રહિત હોય છે તથા માનસિક સંયમવાળો હોય છે, તે પુરુષ મુક્ત થઈ શકે છે.[૨] જે પુરુષ પ્રાણીમાત્ર તરફ આત્મવત ભાવ રાખે છે, નિયમનિષ્ઠ હોય છે, પવિત્ર હોય છે, અમાની હોય છે અને નિરભિમાની હોય છે, તે સર્વ પ્રકારે મુક્ત થાય છે.[૩] જે મનુષ્યને જીવિત, મરણ, સુખ, દુઃખ, લાભ, હાનિ તથા પ્રિય અને અપ્રિય સમાન હોય છે, તે મનુષ્ય મુક્ત થઇ શકે છે.[૪] જે પુરુષ કોઈની સ્પૃહા રાખતો નથી, કોઇનું અપમાન કરતો નથી, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત હોયછે; અને મનમાંથી વીતરાગ થયેલો હોય છે, તે પુરુષ સર્વથા મુક્તજ છે. વળી જે શત્રુઓથી રહિત હોય છે, બંધુઓથી રહિત હોય છે, સંતાનોથી રહિત હોય છે, ધર્માર્થકામરૂપ ત્રિવર્ગનો પણ ત્યાગી હોય છે અને નિરાકાંક્ષી હોયછે, તે પુરુષ મુક્ત થઈ શકે છે.[૬] જે ધર્માધર્મથી રહિત હોય છે, પ્રારબ્ધકર્મોનો ત્યાગી હોય છે, શરીરનો આરંભ કરનારી ધાતુઓ (પંચમહાભૂતો)ના બંધનક્ષયને લીધેજ અત્યંત શાંતચિત્ત થયેલો હોય છે અને દ્વૈતબુદ્ધિથી મુક્ત થયેલો હોય છે, તે પુરુષ મુક્ત થઈ શકે છે.[૭] વળી જે કર્મોનો ત્યાગી હોય છે, સર્વ આકાંક્ષાઓથી રહિત હોય છે, જગતને પીંપળાના વૃક્ષ જેવું જન્મ, મૃત્યુ તથા જરાથી યુક્ત અને અનિત્ય જુએ છે, નિરંતર વૈરાગ્યબુદ્ધિવાળો હોય છે અને પોતાના દોષોનું નિરીક્ષણ કર્યા કરે છે, તે પુરુષ અલ્પ સમયમાંજ પોતાને બંધનથી મુક્ત કરે છે.[૮,૯] હરકોઈ મનુષ્ય પોતાના આત્માને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધથી રહિત જોઇને તથા શરીર, ઇંદ્રિય આદિ પરિગ્રહ તથા અભિજ્ઞાનથી રહિત જોઈને મુક્ત થઇ શકે છે.[૧૦] જે મનુષ્ય પોતાના આત્માને પંચમહાભૂતોના ગુણોથી રહિત જુએ છે (અર્થાત સ્થૂલદેહથી રહિત જુએ છે), અમૂર્તિમાન (એટલે લિંગદેહથી રહિત) જુએ છે, અહેતુમાન

(એટલે કારણશરીરથી રહિત) જુએ છે, ગુણરહિત અને ગુણોનો ભોક્તા જુએ છે, તે મનુષ્ય મુક્ત થઇ શકે છે.[૧૧] શારીરિક તથા માનસિક સર્વ સંકલ્પોનો બુદ્ધિથી ત્યાગ કરીને મનુષ્ય કાષ્ઠરહિત થયેલા અગ્નિની પેઠે ધીમે ધીમે નિર્વાણ(મોક્ષરૂપ શાંતિ)ને સંપાદન કરે છે.[૧૨] જે પુરુષ સર્વ સંસ્કારોથી મુક્ત થયેલો હોય છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત થયેલો હોય છે, સર્વ પરિગ્રહનો ત્યાગ કરનારો હોય છે અને પોતાના તપોબળથી સર્વ ઇંદ્રિયોમાં સંચાર કરે છે-અર્થાત્ સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે, તે પુરુષ મુક્તજ છે. મનુષ્ય જ્યારે સર્વ સંસ્કારોથી મુક્ત થાય છે ત્યારે સનાતન, શાંત, અચળ, નિત્ય અને અક્ષર એવા પરબ્રહ્મને મેળવે છે.

હવે સર્વોત્તમ એવું યોગશાસ્ત્ર હું તમને કહું છું, જેનો અભ્યાસ કરીને યોગી લોકો સિદ્ધ એવા આત્માને જોઇ શકે છે.[૧૫] એ યોગશાસ્ત્રનો ઉપદેશ હું તમને યથાવત્ રીતે આપું છું, જે દ્વારા ચિત્તનિગ્રહના ઉપાયો યોજીને પોતાના ચિત્તને અંતર્મુખ કરનારો યોગી પુરુષ આદિઅંતરહિત બ્રહ્મવસ્તુનો સાક્ષાત્કાર કરી શકે છે.[૧૬] સર્વ ઇંદ્રિયોનો ઉપસંહાર કરીને-અર્થાત્ પોતપોતાના વિષયો તરફથી ઇંદ્રિયોને આકર્ષી લઇને તેઓનો તથા મનનો ક્ષેત્રજ્ઞ આત્મામાં લય કરવો; પરંતુ તે પહેલાં તીવ્ર તપશ્ચર્યા કરીને મોક્ષયોગ સાધવો જોઇએ. (કેમકે તે દ્વારા જ્યારે ચિત્ત શુદ્ધ થાય છે, ત્યારેજ એ પ્રમાણે મનને આત્મામાં ધારણ કરી શકાય છે.)[૧૭] નિત્ય તપશ્ચરણ કરનારા બુદ્ધિમાન બ્રાહ્મણે સાવધાન થઇને યોગશાસ્ત્રનો અભ્યાસ કરવો અને પછી મનથી પોતાના દેહમાંજ આત્માનો સાક્ષાત્કાર કરવો.[૧૮] તે આ સાધુપુરુષ પોતાના ચિત્તને પોતાના દેહમાંજ અંતર્મુખ કરવાને જો શક્તિમાન થાય છે, તો પછી તે એકાંત પ્રદેશનું સેવન કરીને પોતાના દેહમાંજ આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે.[૧૯] સંયમનિષ્ઠ થયેલો, [illegible]ંતર યોગાભ્યાસ કરનારો, મનને વશ રાખનારો તથા જિતેન્દ્રિય બનેલો તે યોગી પુરુષ ઉત્તમ સમાધિ ધારણ કરીને આત્માવડેજ આત્માનો સાક્ષાત્કાર કરે છે;[૨૦] અને પછી જેમ કોઇએક પુરુષ પૂર્વે કદી નહિ જોયેલા પુરુષને સ્વપ્નમાં જોઇને પુનઃ જાગ્રત થયા પછી પણ તેને 'તેજ આ પુરુષ છે' એમ ઓળખી શકે છે, તેમ યોગી પુરુષ પણ સમાધિમાં આત્માનો સાક્ષાત્કાર કરીને પુનઃ સમાધિમાંથી વ્યુત્થાન પામ્યા પછી પણ આખા જગતને આત્મારૂપ જોઇ શકે છે.[૨૧] જેમ કોઈ પુરુષ મુંજ નામના ઘાસમાંથી સળીને ખેંચી કાઢીને પ્રત્યક્ષ જોઇ શકે છે, તેમ યોગી પુરુષ પણ આત્માને પોતાના દેહમાંથી જૂદો પાડીને જોઇ શકે છે.[૨૨] વિદ્વાનો કહે છે કે, શરીર એજ મુંજને સ્થાને છે અને તેમાં રહેલો આત્મા તે સળીને સ્થાને છે, માટેજ યોગવેત્તા પુરુષોએ આ સર્વોત્તમ દૃષ્ટાંત કહ્યું છે.[૨૩] જ્યારે કોઇ દેહધારી પોતાના શરીર સાથે જોડાયેલા આત્માને જુએ છે, ત્યારે તેનો કોઇ ઇશ્વરજ રહેતો નથી, કેમકે તે પોતેજ ત્રૈલોક્યનો પ્રભુ બની જાય છે;[૨૪] એટલુંજ નહિ પણ તે પુરુષ જરા તથા મૃત્યુનું ઉલ્લંઘન કરીને પોતાની ઇચ્છાનુસાર જૂદાં જૂદાં અનેક શરીરો ધારણ કરી શકે છે, કદી શોકગ્રસ્ત થતો નથી અને કદી હર્ષ પણ પામતો નથી.[૨૫] વળી જિતેન્દ્રિય એવો તે યોગી પુરુષ દેવોનો પણ દેવ બની જાય છે અને અંતે અનિત્ય એવા દેહનો ત્યાગ કરીને અવિનાશી પરબ્રહ્મને મેળવે છે.[૨૬] તે યોગી પુરુષને પ્રાણીઓનો વિનાશ થવા માંડે તોપણ ભય થતો નથી; તેમજ સર્વ પ્રાણીઓ ક્લેશ પામવા માંડે તોપણ તેને કોઇ પ્રકારે દુઃખ થતું નથી.[૨૭] મનને યોગાસક્ત કરીને નિઃસ્પૃહ થયેલો તથા શાંતચિત્ત થયેલો તે યોગી પુરુષ, દુઃખ અને શોકથી ભરેલા તથા સંગ અને સ્નેહથી ઉત્પન્ન થનારા ઘોર વિકારોથી ચલાયમાન થતો નથી;[૨૮] એટલુંજ નહિ પણ તેવા યોગી પુરુષને શસ્ત્રો છેદી શકતાં નથી, મૃત્યુ તેનાપર સત્તા ચલાવી શકતો નથી અને તેને યોગવિના બીજું કંઈ પણ મહાન સુખ જગતમાં જોવામાં આવતું નથી.[૨૯] તે પુરુષ સારી રીતે ચિત્તને યોગમગ્ન કરીને કેવળ

આત્મામાંજ સ્થિતિ કરી રહે છે અને જરાના દુઃખથી મુક્ત થઇને સુખેથી તે સૂઈ શકે છે. વળી તે આ મનુષ્યશરીરનો ત્યાગ કરીને પોતાની ઇચ્છાનુસાર હરકોઇ શરીરને પ્રાપ્ત કરી શકે છે. માત્ર તેણે (યોગૈશ્વર્ય ભોગવતાં ભોગવતાં) યોગાનુષ્ઠાનથી વિરક્ત થવું નહિ જોઇએ–અર્થાત્ યોગાભ્યાસનો કદી ત્યાગ કરી દેવો નહિ જોઇએ.[૩૧] જ્યારે તે યોગી પુરુષ સારી રીતે યોગનિષ્ઠ થઇને પોતાના દેહમાંજ આત્માનો સાક્ષાત્કાર કરે છે, ત્યારે તેને સાક્ષાત્ ઇંદ્રની પણ સ્પૃહા રહેતી નથી–અર્થાત્ સર્વ ભોગેચ્છાઓથી તે મુક્ત થાય છે.[૩૦-૩૨]

હવે ધ્યાનશીલ પુરુષ યોગને કેવી રીતે સંપાદન કરે છે, તે તું સાંભળ. તેણે વેદાંતશ્રવણપૂર્વક મેળવેલા ઉપદેશનો યુક્તિથી પ્રથમ વિચાર કરવો;અને પછી પોતે જે શરીરમાં રહેલો હોય છે તે શરીરનીજ અંદર પોતાના મનને સ્થિર કરવું; પણ બીજા કોઇ બાહ્ય પદાર્થમાં મનને સ્થિર કરવું નહિ. એ રીતે શરીરની અંદરજ સ્થિતિ કરીને મૂલાધાર ચક્ર આદિ હરકોઇ સ્થાનમાં પોતાને નિવાસ કરવો હોય ત્યાં બાહ્યાભ્યંતરસહિત મનને સ્થાપિત કરવું.[૩૩,૩૪] પછી એ સ્થાનમાં સંપૂર્ણ વિચાર કરીને તે યોગીપુરુષ જ્યારે સર્વાત્મક બ્રહ્મનાં દર્શન કરે છે, ત્યારે એનું મન બહારના કોઈ પણ પદાર્થમાં આસક્ત થતું નથી. (અર્થાત્ સર્વ વાસનાઓથી રહિત થઇને તે પુરુષ મુક્ત થઇ જાય છે.)[૩૫] (જે પુરુષને ધ્યાનદ્વારા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા હોય તેણે) કોઈ નિર્જન વનમાં (જઇને) કોઇ પ્રકારનો શબ્દ કર્યાવિના ચૂપચાપ રીતે સર્વ ઇંદ્રિયોનો પ્રથમ સંયમ કરવો; અને પછી એકાગ્ર થઈને શરીરની બહારના ભાગમાં તથા અંદરના ભાગમાં પરિપૂર્ણ બ્રહ્મનુંજ ચિંતન કરવું.[૩૬] ઉપરાંત (યોગનાં સાધનરૂપ) દાંત, તાળવું, જીભ, ગળું, ડોક, હૃદય અને હૃદયબંધન (એટલે હૃદયની સાથે સંબંધ ધરાવનારી એકસો એક નાડીઓ)–આ સર્વનું ધ્યાન *કરવું.[૩૭]

હે મધુસૂદન! એ પ્રમાણે તે મારા બુદ્ધિમાન શિષ્યને (કાશ્યપને) મેં ઉપદેશ આપ્યો, એટલે તેણે ફરી પણ અત્યંત અવર્ણ્ય એવા મોક્ષધર્મવિષે મને આ પ્રમાણે પૂછ્યું:– " આપણે જે જે અન્નનું ભોજન કરીએ છીએ, તે કોઠામાં પચે છે કેવી રીતે? તેનો રસ કેવી રીતે થાય છે? અને તે પાછું રુધિર કેવી રીતે બને છે?[૩૯] વળી તે અન્ન માંસ, ભેદ, સ્નાયુઓ અને હાડકાંનું પોષણ કેવી રીતે કરે છે? પ્રાણીમાત્રનાં શરીરો વૃદ્ધિને કેવી રીતે પામે છે અને વૃદ્ધિ પામતા મનુષ્યનું બળ કેવી રીતે વધે છે? વળી નિરોધનું તથા મળનું જૂદે જૂદે માર્ગે નિર્ગમન (બહાર નીકળવું) કેવી રીતે થાય છે?[૪૦,૪૧] મનુષ્ય શ્વાસ કેવી રીતે લે છે અને પાછો શ્વાસ બહાર કેવી રીતે કાઢે છે? આ આત્મા દેહની અંદર કયા પ્રદેશનો આશ્રય કરીને રહે છે? જીવ, જૂદી જૂદી ચેષ્ટાઓ કરીને (નાડીઓના માર્ગોદ્વારા સૂક્ષ્મ) શરીરને કેવી રીતે ધારણ કરી રાખે છે; અને તે જીવ પુનઃ કેવા વર્ણના તથા કેવા પ્રકારના શરીરમાં દાખલ થાય છે?[૪૨,૪૩] હે નિર્દોષ ભગવન્! આ

---

* અર્થાત્ દાંતવડે આહારને સારી રીતે ચાવી ચાવીને ખાવો; કેમકે આહારની શુદ્ધિથી અંતઃકરણ શુદ્ધ થાય છે, અંતઃકરણની શુદ્ધિથી સ્મરણશક્તિ અચળ થાય છે અને સ્મરણશક્તિની સ્થિરતા થવાથી સર્વ બંધનોથી મુક્ત થવાય છે. આવા હેતુથીજ આહારશુદ્ધિને મોક્ષના કારણરૂપે વેદમાં કહેવામાં આવી છે; તેમજ જીભને તાળવામાં સ્થાપિત કરીને ખેચરી મુદ્રા કરવી અને ગળાથી તથા ગળાની નીચેના ભાગમાં આવેલી ગ્રીવા(કંઠના તાળવા)થી કંઠમાં રહેલા એક ખાડામાં ધારણા કરવી, જેથી તત્કાળ ફળ મળે છે અને યોગમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે; એટલુંજ નહિ પણ યોગસૂત્રકાર કહે છે– "**कंठकूपे क्षुत्पिपासानिवृत्तिः**– કંઠમાં રહેલા ખાડામાં ધારણા કરવાથી ક્ષુધા તથા તૃષા બિલકુલ લાગતીજ નથી." વળી હૃદયરૂપ સ્થાનમાં રહેલા બ્રહ્મનું ચિંતન કરવું તથા હૃદયની સાથે સંબંધ ધરાવનારી નાડીઓમાં પણ ધ્યાન કરવું; કેમકે તે નાડીમાર્ગ અમુક અમુક લોકમાં ગતિ કરવામાટે ઉપયોગી છે.

પ્રશ્નના ઉત્તર મને યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો.” હે માધવ! તે બ્રાહ્મણે મને એ પ્રમાણે પૂછ્યું, એટલે હે શત્રુદમન મહાબાહુ કૃષ્ણ! મેં મારા શાસ્ત્રજ્ઞાન પ્રમાણે આ પ્રમાણેનો ઉત્તર આપ્યો:–જેમ કોઇએક મનુષ્ય પોતાના કોઠારમાં અથવા ભંડારમાં ઘરનો સામાન વગેરે મૂકીને (પછી જ્યારે જરૂર પડે છે ત્યારે) હરકોઇ સમયે તે કોઠારમાં પ્રવેશ કરીને તે સામાનને બરાબર તપાસી તપાસીને જાણી શકે છે, તેમ પોતાના શરીરરૂપ કોઠારમાં મનને દાખલ કરીને તેમાં રહેલા આત્માને અનિશ્ચળ એવી ઇંદ્રિયોદ્વારા શોધવો અને (મનસહિત ઇંદ્રિયો બહાર દોડી ન જાય તે માટે) પ્રમાદનો ત્યાગ કરવો.[૪૪–૪૬] એ પ્રમાણે નિત્ય ઉદ્યોગપરાયણ રહીને જેનું ચિત્ત પ્રસન્ન થયેલું હોય છે, એવો હરકોઇ પુરુષ અલ્પ સમયમાંજ તે બ્રહ્મને સંપાદન કરે છે, કે જેનો સાક્ષાત્કાર કરીને પ્રધાનવેત્તા થઇ શકાય છે–પ્રકૃતિ અને પ્રકૃતિરૂપ સર્વ વિકારોને જાણી શકાય છે.[૪૭] આ મહાન આત્માને ચક્ષુઇંદ્રિયથી અથવા સર્વ ઇંદ્રિયોથી પણ ગ્રહણ કરી શકાતો નથી; માત્ર મનરૂપી પ્રદીપ્ત દીવાના સાધનથીજ તેનાં દર્શન થઇ શકે છે.[૪૮] એ મહાન આત્મા સર્વ તરફ હાથ તથા ચરણવાળો છે, સર્વ તરફ નેત્ર, મસ્તક અને મુખવાળો છે, સર્વ તરફ કાનવાળો છે અને લોકમાં સર્વ વસ્તુમાં વ્યાપ્ત થઇને રહેલો છે.[૪૯] (પોતાને જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે સંપ્રજ્ઞાત સમાધિમાં) જીવ શરીરમાંથી બહાર નીકળતા (એટલે શરીરથી ભિન્ન થયેલા) પોતાના (શુદ્ધ) સ્વરૂપને જોઇ શકે છે; અને પછી પૂર્વોક્ત હસ્ત, ચરણ આદિ અવયવવાળા સ્વરૂપનો ત્યાગ કરીને પોતાના દેહમાં મનનો નિગ્રહ કરતાં કરતાં કેવળ–નિર્ગુણ બ્રહ્મનો પણ સાક્ષાત્કાર કરી શકે છે.[૫૦] પછી પોતાના મનમાંજ (“અહો! ઝાંઝવાના જળ જેવા આ સંસારે મને વ્યર્થ ભમાવ્યો, એમ વિસ્મય પામીને) જાણે હસતો હોય તેમ પોતાના સ્વરૂપનું અવલોકન કરે છે. એ રીતે બ્રહ્મનો આશ્રય કરીને તે મારામાંજ* મોક્ષને પામે છે.[૫૧] હે ઉત્તમ બ્રાહ્મણ! આ સર્વ રહસ્ય મેં તને કહ્યું. હવે હું રજા લઇશ અને અહીંથી જઇશ. હે બ્રાહ્મણ! તું પણ તને જેમ સુખ થાય તેમ અહીંથી જા.[૫૨]

હે કૃષ્ણ! મહાતપસ્વી અને તીક્ષ્ણવ્રતને ધારણ કરનારા તે મારા શિષ્ય બ્રાહ્મણને મેં એ પ્રમાણે કહ્યું, એટલે તે પોતાના ઇચ્છિત સ્થાને ચાલ્યો ગયો.[૫૩]

વાસુદેવે કહ્યું:–હે અર્જુન! મોક્ષધર્મનો આશ્રય કરનારો તે સિદ્ધબ્રાહ્મણ મને એ પ્રમાણે કહીને ત્યાંજ અંતર્ધાન થઇ ગયો.[૫૪] હે પાર્થ! તેં એકાગ્રચિત્તથી આ બધું સાંભળ્યું ને? એ સમયે પણ રથમાં બેઠાં બેઠાં તેં આજ સાંભળ્યું હતું.[૫૫] હે પાર્થ! જે પુરુષ વ્યગ્ર ચિત્તવાળો હોય છે અને જેણે શુદ્ધ અંતઃકરણથી વિદ્યાસંપ્રદાય જાણ્યો નથી, તે પુરુષ (મેં કહેલા) આ જ્ઞાનને સારી રીતે જાણી શકતો નથી, એમ હું માનું છું.[૫૬] હે ભરતશ્રેષ્ઠ! દેવોના મહાન રહસ્યરૂપ આ જ્ઞાન મેં તને કહ્યું છે. હે પાર્થ! આ લોકમાં કોઇપણ મનુષ્યે આ જ્ઞાન કદી સાંભળ્યું નથી.[૫૭] હે નિર્દોષ અર્જુન! તારાવિના બીજો કોઇપણ મનુષ્ય આ જ્ઞાનનું શ્રવણ કરવાને યોગ્ય નથી અને વ્યગ્ર ચિત્તથી આ જ્ઞાનને સારી રીતે સમજી શકાતું પણ નથી.[૫૮] હે કુંતીપુત્ર! ક્રિયાનિષ્ઠ પુરુષોવડે આખો દેવલોક ઉભરાઇ ગયો છે અને મનુષ્ય સ્વરૂપમાં પાછા આવવું તે દેવોને ઇષ્ટ નથી.[૫૯] હે પાર્થ! સનાતન બ્રહ્મલોક એજ શ્રેષ્ઠ ગતિરૂપ છે, કે જે લોકમાં દેહનો ત્યાગ થયા પછી અમરપણાને મેળવી શકાય છે તથા સુખી થવાય છે.[૬૦] આ આત્મદર્શન નામના ધર્મનો આશ્રય કરીને જેઓ પાપજાતિ (કહેવાય) છે તે–સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો પણ પરમગતિને પામે છે;[૬૧] તોપછી સ્વધર્મ ઉપર નિત્ય પ્રીતિ રાખનારા અને બ્રહ્મલોકમાં જવા તત્પર રહેનારા મહાવિદ્વાન બ્રાહ્મણો તથા ક્ષત્રિયો પરમગતિને

---

* મારામાંજ એવો શબ્દપ્રયોગ કરીને સિદ્ધ બ્રાહ્મણ, “પોતે કેવળ બ્રહ્મસ્વરૂપ થયો છે” આમ સૂચવે છે.

પામે, એમાં શું આશ્ચર્ય છે ?[૬૨] હેતુયુક્ત એવું આ જ્ઞાન તથા તેના સાધનના ઉપાયો મેં તને કહ્યા છે. વળી તેથી થનારી સિદ્ધિ, તેનું ફળ, મોક્ષ તથા દુઃખની નિવૃત્તિનો નિર્ણય એ સર્વ પણ મેં તને કહ્યું છે.[૬૩] હે ભરતશ્રેષ્ઠ ! આના કરતાં શ્રેષ્ઠ એવું બીજું કંઈપણ સુખ નથી. હે પાંડુપુત્ર ! બુદ્ધિમાન, શ્રદ્ધાળુ અને પરાક્રમી એવો જે મનુષ્ય લોકમાં સારરૂપ ગણાતા ધનાદિનો અસાર વસ્તુની પેઠે પરિત્યાગ કરે છે, તે મનુષ્ય આ ઉપાયોદ્વારા સત્વર પરમગતિને પામે છે.[૬૪,૬૫] હે પાર્થ ! બસ, આટલું કહેવાનું છે. આનાથી વિશેષ બીજું કંઈ પણ નથી. જે મનુષ્ય છ માસપર્યંત નિત્ય અભ્યાસ કરે છે,તેને યોગ સાધ્ય થાય છે. (અર્થાત્ યોગ સુખેથી સાધ્ય થઇ શકે તેવો છે, માટે તેનો અવશ્ય સ્વીકાર કરવો.)[૬૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"સિદ્ધ બ્રાહ્મણ અને કાશ્યપનો સંવાદ"
એ વિષયનો અધ્યાય ૧૯ મો સમાપ્ત

અધ્યાય ૨૦ મો

બ્રાહ્મણગીતા

॥ वासुदेव उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
दंपत्योः पार्थ संवादो योऽभवद्‌ भरतर्षभ॥१॥

વાસુદેવે કહ્યું:-હે ભરતશ્રેષ્ઠ અર્જુન! આ વિષયમાં પણ પતિપત્ની વચ્ચે જે સંવાદ થયો હતો તેનો પુરાતની ઇતિહાસ કહેવામાં આવે છે.[૧] એક સમયે જ્ઞાનવિજ્ઞાનમાં પારંગત થયેલા કોઇએક બ્રાહ્મણપતિને તેની સ્ત્રી બ્રાહ્મણી એકાંતમાં બેઠેલો જોઈ આ પ્રમાણે કહેવા લાગી:- " તમારા જેવા પતિનો આશ્રય કરીને હું કયાં લોકમાં જઇશ ? તમે તો અગ્નિહોત્રાદિ કર્મનો ત્યાગ કરી બેઠા છો, મારી સાથે ક્રૂરતાથી વર્તો છો;તેમજ મને તમારાવિના બીજા કોઇનો આધાર નથી, એ વાતને તમે જાણતા નથી.[૩] અમારા સાંભળવામાં આવ્યું છે કે, સ્ત્રીઓ પોતાના પતિએ સંપાદન કરેલા લોકને પામે છે. (તો હું તમને પૂછું છું કે,) તમને પતિતરીકે મેળવીને હું કયી ગતિને પામીશ ?"

પોતાની પત્નીએ એ પ્રમાણે કહ્યું, ત્યારે અત્યંત શાંત ચિત્તવાળો તે બ્રાહ્મણ જાણે હસતો હોય તેમ મુખ મલકાવીને તે સ્ત્રીને કહેવા લાગ્યો:-" હે સુભગે ! હે નિર્દોષ પત્નિ ! હું તારા આ વાકયની ઇર્ષ્યા કરતો નથી-[૫] અર્થાત્ તેં કહેલા આ વાકયથી મને ખેદ થતો નથી. દીક્ષા, વ્રત આદિ જે કર્મ ગ્રાહ્ય હોય છે, સ્થૂલ હોઇને લોકોથી જોઈ શકાય તેવું હોય છે અને સત્ય હોય છે તેનેજ કર્મ કરનારા મનુષ્યો 'કર્મ, કર્મ' એ પ્રમાણે કહે છે.[૬] જ્ઞાનહીન એવા કેટલાએક મનુષ્યો, શરીરને પરિશ્રમ આપવારૂપ કર્મ કરીને કેવળ મોહનેજ પોતાના સ્વાધીનમાં લે છે-અર્થાત્ મોહમાંજ પડે છે. આ જગતમાં એક મુહૂર્તવાર પણ કર્મરહિતપણું કયાંય મળી આવતું નથી.[૭] સર્વ પ્રાણીઓમાં જન્મથી આરંભીને છેક મૃત્યુપર્યંત મન, વચન તથા કર્મથી (થતું) શુભ-અશુભ કર્મ સતત ચાલુજ રહે છે.[૮] રાક્ષસોએ સોમ, આજ્ય (ઘી) વગેરે દ્રવ્યસામગ્રીવાળા કર્મમાર્ગનો જ્યારે નાશ કરવા માંડયો, ત્યારે એ કર્મમાર્ગથી વિરક્ત થઇને મેં શરીરમાં (નાસિકા તથા ભ્રમરના મધ્યભાગમાં રહેલા 'અવિમુક્ત' નામના) બ્રહ્મના સ્થાનને જોયું છે.[૯] એ સ્થાનમાં અદ્વૈત બ્રહ્મ વસી રહ્યું છે, ઇડા તથા પિંગલા નાડીઓનો સમાગમ છે અને બુદ્ધિનો પ્રેરક તથા પ્રાણીમાત્રને ધારણ કરી રહેલો વાયુ નિત્ય સંચાર કરી રહ્યો છે.[૧૦] વળી ત્યાં બ્રહ્માદિ દેવો યોગનિષ્ઠ થઇને તે અક્ષરબ્રહ્મની ઉપાસના કરી રહ્યા છે; તેમજ બીજા અનેક વિદ્વાનો ઉત્તમ વ્રત ધારણ કરીને, મનને શાંત કરીને તથા ઇંદ્રિયોને વશ રાખીને અક્ષરબ્રહ્મનું ઉપાસન કરી રહ્યા છે.[૧૧] તે અક્ષરબ્રહ્મ નાસિકાથી સુંઘી શકાય તેવું નથી, જીહ્વાથી સ્વાદ લઈ શકાય તેવું નથી અને ત્વચાથી સ્પર્શ કરી શકાય તેવું પણ નથી; માત્ર મનથીજ તેને જાણી શકાય છે.[૧૨] તે અક્ષરબ્રહ્મ ચક્ષુઇંદ્રિયનું અવિષય છે તેમ શ્રવણ ઇંદ્રિયથી પણ પર છે. વળી તે શબ્દ,સ્પર્શ, રૂપ,

રસ તથા ગંધથી રહિત છે.[૧૩] સૃષ્ટિ આદિનો વ્યાપાર એ અક્ષરમાંથીજ ઉત્પન્ન થયો છે અને અંતે પાછો તેમાંજ લય પામી જાય છે. પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન, આ પાંચ વાયુઓ પણ એ અક્ષરથીજ ઉત્પન્ન થયા છે અને પાછા તેમાં લય પામી જાય છે. મનુષ્યના શરીરમાં સમાન તથા વ્યાનના મધ્યમાં પ્રાણ તથા અપાન સંચાર કરે છે.[૧૪,૧૫] આ પ્રાણ તથા અપાન વાયુને ભ્રમર તથા નાસિકાના મધ્યમાં જ્યારે રૂંધવામાં આવે છે, ત્યારે સમાન અને વ્યાન પણ તે સ્થળેજ રૂંધાઇ જાય છે. મનુષ્ય જ્યારે નિદ્રાવશ થાય છે, ત્યારે પ્રાણ અને અપાનની વચ્ચે ઉદાન સર્વત્ર વ્યાપ્ત થઇને રહે છે; તેથી પ્રાણ અને અપાન તે મનુષ્યનો ત્યાગ કરી જતા નથી.[૧૬] વિદ્વાનો કહે છે કે પ્રાણ (તથા અપાન) ની સર્વ ચેષ્ટાઓ ઉદાનને અધીન છે, માટેજ તેનું “ उत्कर्षेण आनयति-चेष्टयते प्राणान् इति उदानः ” એવું વ્યુત્પત્તિસિદ્ધ નામ પડેલું છે. (આ રીતે જીવને ઉપાધિરૂપ એવા પ્રાણોનો એક ઉદાનમાંજ અંતર્ભાવ થઈ જાય છે.) માટેજ બ્રહ્મવાદી પુરુષો બ્રહ્મવિષયક સાક્ષાત્કાર કરાવનારૂં તપ કરવાનો નિશ્ચય કરે છે. અન્યોન્યનું ભક્ષણ કરી જનારા તથા સર્વના દેહમાં સંચાર કરનારા તે વાયુઓના મધ્યમાં (સમાનવાયુના સ્થાનરૂપ નાભિમંડળમાં) બરાબર વચ્ચેના ભાગમાં વૈશ્વાનર નામનો અગ્નિ રહેલો છે,તે અગ્નિ સાત પ્રકારે દીપી રહ્યો છે.[૧૮] ઘ્રાણ, જીહ્વા, ચક્ષુ, ત્વચા અને શ્રોત્ર, આ પાંચ ઇંદ્રિયો તથા મન અને બુદ્ધિ આ સાત વૈશ્વાનર અગ્નિની જીહ્વાઓ છે.[૧૯] સુંઘવા યોગ્ય, જોવા યોગ્ય, પીવા યોગ્ય, સ્પર્શ કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, વિચારવા યોગ્ય તથા જાણવા યોગ્ય, આ સાત મારી એટલે તે વૈશ્વાનર અગ્નિની સમિધો છે;[૨૦] તેમજ સુંઘનારો, ભક્ષણ કરનારો, જોનારો, સ્પર્શ કરનારો, સાંભળનારો, વિચાર કરનારો તથા જાણનારો, આ સાત એ વૈશ્વાનર અગ્નિના શ્રેષ્ઠ ઋત્વિજો છે. હે સુભગે ! જે સુંઘવા યોગ્ય હોઇને પાન કરવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય, સ્પર્શ કરવા યોગ્ય, સાંભળવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને જાણવા યોગ્ય હોય છે,તેઓને તું સદાકાળ (તત્ત્વદૃષ્ટિથી) જો. બ્રહ્મસ્વરૂપ થયેલા વિદ્વાન પુરુષો, પોતેજ હોતારૂપ બનીને બ્રહ્મ જેઓનું કારણ છે તેવા પૂર્વોક્ત ઘ્રાણ આદિ ઇંદ્રિયોના અભિમાની સાત દેવતાઓરૂપ અગ્નિઓમાં સુંઘવા યોગ્ય પદાર્થ આદિ સાત હવિષનો સારી રીતે હોમ કરે છે; અને પછી પૃથ્વી આદિ પદાર્થોને ઉત્પન્ન કરે છે.[૨૩] પૃથ્વી, વાયુ, આકાશ, જળ, તેજ, મન અને બુદ્ધિ, આ સાત પદાર્થોનેજ યોનિ (ચૈતન્યની અભિવ્યક્તિનું સ્થાન) કહેવામાં આવ્યા છે.[૨૪] પૂર્વોક્ત સુંઘવા યોગ્ય (ઘ્રેય) આદિ સર્વ વિષયો અગ્નિજન્ય ગુણમાં પ્રવેશ કરે છે—અર્થાત્ ગંધ આદિના જ્ઞાનરૂપ બુદ્ધિની પ્રવૃત્તિમાં દાખલ થાય છે; અને તેમાં સંસ્કારરૂપે નિવાસ કરીને પોતપોતાનાં ઉત્પત્તિસ્થાનોમાં પ્રકટ થાય છે—અર્થાત્ જોવામાં આવેલા રૂપાદિ વિષયો સુષુપ્તિ આદિમાં વાસનારૂપે ચિત્તમાં સ્થિતિ કરે છે અને પુનઃ જાગ્રત અવસ્થામાં ઉત્પન્ન થાય છે. એજ પ્રમાણે જ્યારે પ્રલયકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે પણ પ્રાણીમાત્રના ઉત્પાદક બ્રહ્મવિષેજ તે તે વિષયો રૂંધાઇ જાય છે અને પછી (ફરી પણ સૃષ્ટિકાળ પ્રાપ્ત થતાં) તેમાંથી ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ, સંશયાત્મક મન અને નિશ્ચયાત્મિકા બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આવી સાત પ્રકારની ઉત્પત્તિને વિદ્વાનો જાણે છે.[૨૬,૨૭] વળી પુરાતની ઋષિઓએ પણ આ પ્રકારેજ વેદમાંથી જાણ્યું છે. માન, મેય અને માતા, આ ત્રણ પરબ્રહ્મની આહુતિઓથી સર્વ લોક પરિપૂર્ણ છે અને તે ત્રણ પદાર્થો સ્વાત્મજ્યોતિથી પરિપૂર્ણ છે—સત્તાવાળા છે.”[૨૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વ-
માં “ બ્રાહ્મણગીતા ” એ વિષયનો
અધ્યાય ૨૦ મો સમાપ્ત

અધ્યાય ૨૧ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
निबोध दशहोतॄणां विधानमथ यादृशम् ॥१॥

બ્રાહ્મણે કહ્યું:–"આ વિષયમાં એક પુરાતની ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે. (તે ઉપરથી) દશ હોતાઓનું જે પ્રમાણે વિધાન કરવામાં અવ્યું છે, તેને તું જાણી લેજે.[1] હે ભામિનિ ! શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા, નાસિકા, ચરણ, હાથ, ઉપસ્થ, ગુદા અને વાણી, આ દશ હોતાઓ છે.[2] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, વાક્ય, ક્રિયા, ગતિ, વીર્ય અને મળ તથા મૂત્રનો ત્યાગ, આ દશ હવિષ છે.[3] વળી હે ભામિનિ ! દિશાઓ, વાયુ, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, અગ્નિ, વિષ્ણુ, ઇંદ્ર, પ્રજાપતિ અને મિત્ર, આ દશાં અગ્નિઓ છે.[4] દશ ઇંદ્રિયોરૂપી પૂર્વોક્ત હોતાઓ પોતાના વિષયોરૂપ દશ હવિષને અથવા સમિધને દશ અગ્નિઓમાં હોમે છે.[5] (એ હવનવિધિમાં) ચિત્ત સરવાને ઠેકાણે છે; અને ઉત્તમ જ્ઞાન એ પવિત્ર દ્રવ્ય છે. અમારા સાંભળવામાં આવ્યું છે કે, આ સર્વ જગત એ જ્ઞાનથી (જ્ઞાનસ્વરૂપ પુરુષથી) અત્યંત ભિન્ન છે. વિજ્ઞેય એવું આ સર્વ જગત કેવળ ચિત્તરૂપજ છે; અને જ્ઞાન તો (એટલે બ્રહ્મ તો કેવળ તેનું પ્રકાશક હોઇને સાક્ષીરૂપે) જોયાજ કરે છે–તેમાં આસક્ત થતું નથી. પ્રાણીનું સ્થૂલશરીર વીર્યથી ઉત્પન્ન થાય છે અને તેમાં સૂક્ષ્મશરીરના અભિમાનવાળો જીવ વિજ્ઞાતારૂપે રહે છે. આ શરીરાભિમાની જીવ ગાર્હપત્ય અગ્નિ અથવા હૃદયરૂપ છે અને તે હૃદયમાંથી બીજો મન નામનો આહવનીય અગ્નિ ઉત્પન્ન થાય છે, જેમાં હવિષનો હોમ કરવામાં આવે છે.[8] પછી પ્રથમ વાચસ્પતિ એટલે વેદ ઉત્પન્ન થયો. (મન તો તેના પછી ઉત્પન્ન થયું છે.) મનોમય સૂત્રાત્મા (વાણીને સરજવાની) ઈચ્છાથી એ વેદનું અવલોકન કરે છે. મનની ઉત્પત્તિ થયા પછી રૂપ (એટલે પ્રાણવાયુદ્રવ્ય) ઉત્પન્ન થાય છે. તે રૂપ નીલ, પિત્ત આદિ રંગથી રહિત છે અને તે (રૂપ) મન સામે દોડી જાય છે."[9]

બ્રાહ્મણીએ પૂછયું:–" જયારે પ્રથમ મનવડે વિચાર કરવામાં આવે છે, ત્યારેજ (તે વિચાર પછી) વાકય ઉચ્ચારાય છે-બહાર કાઢી શકાય છે; તોપછી વાણી (વેદ) પ્રથમ ઉત્પન્ન થઇ અને મન પાછળથી ઉત્પન્ન થયું, એ કેવી રીતે? પ્રાણવાયુ ચિત્તનો આશ્રિત છે, એમ તમે કયા પ્રમાણથી કહો છો ? અને સુષુપ્તિ અવસ્થામાં મનથી છુટો પડેલો પ્રાણવાયુ કયા હેતુથી વિષયોને ગ્રહણ કરી શકતો નથી? સુષુપ્તિ અવસ્થામાં પ્રાણવાયુનો કોણ બાધ કરે છે–અર્થાત્ સુષુપ્તિ અવસ્થામાં પ્રાણવાયુની જ્ઞાનશક્તિને કોણ હરી લે છે ? "[10,11]

બ્રાહ્મણે કહ્યું:–"(જયારે બરાબર નિદ્રાવશ થવાય છે ત્યારે) અપાનવાયુ એ પ્રાણવાયુનો પતિ થઇને–અર્થાત્ પ્રાણવાયુને પોતાને વશ કરી લઇને કેવળ અપાનનુંજ સ્વરૂપ પમાડી દે છે. વિદ્વાનો કહે છે કે, પ્રાણ નામની જે ગતિ તેજ મનની ગતિ છે–અર્થાત્ મનને બહાર નીકળવાનું સાધન છે. આવા હેતુથીજ મન પ્રાણવાયુની અપેક્ષા રાખે છે.[12] હવે વાણી તથા મનના સંબંધમાં તેં મને પ્રશ્ન પૂછયો છે, માટે તેના ઉત્તરમાં વાણી તથા મનનો સંવાદજ હું તને કહું છું. એક સમયે વાણી તથા મન ભૂતાત્મા જીવ પાસે ગયાં અને તેને પૂછવા લાગ્યાં કે:–" હે પ્રભો ! અમારા બન્નેમાં શ્રેષ્ઠ કોણ? તે તમે કહો અને અમારા સંશયને દૂર કરો."[14] તે સાંભળી ભગવાને કહ્યું:–" મનજ શ્રેષ્ઠ છે." ત્યારે તેણે કહ્યું કે, " હું તમને સર્વ કામનાઓ દોહી આપનારી છું–પૂરી પાડનારી છું. "[15] પછી બ્રહ્મસ્વરૂપ જીવાત્માએ કહ્યું:–"સ્થાવર અને જંગમ આવાં બે પ્રકારનાં મારાં મન છે; તેમાંનું સ્થાવર મન મારી પાસે રહે છે અને જંગમ મન તારા વિષયમાં છે.[16] જે મંત્ર, વર્ણ અથવા સ્વર તારા વિષયમાં જાય છે તે જંગમજ મન છે, માટે તે અપેક્ષાએ તુંજ શ્રેષ્ઠ છે;[17] તોપણ હે શોભને! તેં પોતેજ અહીં આવીને સમાધિ કરી છે–અર્થાત્ " હું તમને સર્વ કામનાઓ

દ્રોહી આપનારી છું" એમ કહીને તેં પોતેજ તારા પક્ષની પુષ્ટિ કરી છે,તેથી જાણે હું મૂર્છિત થઈ ગયો હોઉં તેમ લાગે છે; માટે હે સરસ્વતિ! હું તને સ્વસ્થ થઇને કહીશ."૧૮ હે મહાભાગે! એ દેવી વાણી પ્રાણ તથા અપાનના મધ્યભાગમાંજ નિત્ય રહે છે અને ઉચ્ચારને માટે પ્રેરણા કરાયા છતાં પ્રાણવાયુવિના મહાગંભીર ઘોષ કરી શકતી નથી, પણ અત્યંત મંદ સ્વરવાળી થઈ પડે છે. આવા હેતુથીજ એક સમયે તે પ્રજાપતિ પાસે દોડી ગઈ અને "હે ભગવન્! પ્રસન્ન થાઓ" આવો પોકાર કરી ઉઠી. ૧૯ ત્યારે પ્રાણવાયુ પ્રકટ થયો અને પુનઃ તેણે વાણીને પુષ્ટ કરી. વસ્તુસ્થિતિ આવી છે,તેથી પ્રાણવાયુના ઉચ્છ્વાસરૂપ વ્યાપારને પામીને વાણી કંઇ બોલતી નથી.૨૦ વાણી બે પ્રકારેજ નિત્ય પ્રવૃત્ત થાય છે. એક ઘોષિણી અને બીજી નિર્ઘોષા. તેઓ બન્નેમાં પણ ઘોષિણી કરતાં નિર્ઘોષાજ વધારે શ્રેષ્ઠ છે. (કેમકે ઘોષિણી પ્રાણવાયુની અપેક્ષા રાખે છે; એટલુંજ નહિ પણ પ્રાણવાયુની પુષ્ટિવિના સમૂળગી બંધ પડી જાય છે, પણ નિર્ઘોષા તો સર્વ અવસ્થાઓમાં હંસમાત્ર સ્વરૂપે નિત્ય ચાલુજ રહે છે. છતાં ઘોષિણી પણ શ્રેષ્ઠ તો છેજ, કેમકે) ઘોષિણી પણ એક ગાયની પેઠે ચારે પુરુષાર્થોરૂપી રસને સ્રવે છે, ઉત્તમ પ્રકારે પ્રકાશી નીકળે છે, ઉપનિષદ્ જેવા બ્રહ્મવાદને ઉચ્ચારે છે અને નિત્યસિદ્ધ એવા મોક્ષને પણ સ્રવે છે–આપે છે.*૨૨ હે પવિત્ર હાસ્યવાળી! દિવ્ય તથા અદિવ્ય પ્રભાવને લીધે વાણી એક ગાયના જેવીજ છે. આ ઉપરથી ચેષ્ટાયમાન એવા સૂક્ષ્મ. મન તથા વાણીના અંતરને તું જોઈ લેજે. "૨૩

બ્રાહ્મણીએ પૂછયું:–"જ્યારે પ્રથમ વાકય ઉત્પન્નજ થયાં ન હોય ત્યારે બોલવાની ઇચ્છાથી પ્રેરાયેલી દેવીવાણી (પોતાના વૃત્તિલાભમાટે) સૌની પહેલાં કયા તત્ત્વને વિશેષે કરી ગ્રહણ કરે છે? "૨૪

બ્રાહ્મણે કહ્યું:–"વાણી શરીરમાં પ્રથમ પ્રાણથી ઉત્પન્ન થાય છે, પ્રાણ પાસેથી અપાન પાસે જાય છે અને ત્યાંથી ઉદાનરૂપે થઇને વ્યાનદ્વારા સર્વ આકાશમાં વ્યાપ્ત થઇ જાય છે.૨૫ પછી તે સમાન વાયુમાં સ્થિતિ કરે છે, એમ વાણીએ પોતે પૂર્વે કહ્યું છે. આ પ્રમાણે સ્થાવરપણાથી મન શ્રેષ્ઠ છે અને જંગમપણાથી દેવી વાણી શ્રેષ્ઠ છે. "૨૬.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"બ્રાહ્મણગીતા" એ વિષયનો અધ્યાય ૨૧ મો સમાપ્ત

અધ્યાય ૨૨ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
सुभगे सप्तहोतॄणां विधानमिह यादृशम् ॥१॥

બ્રાહ્મણે કહ્યું:– "હે સુભગે! સાત હોતાઓનું વિધાન જેવી રીતે કરવામાં આવ્યું છે,તે આ પુરાતની ઇતિહાસનું પણ આ વિષયમાં ઉદાહરણ આપવામાં આવે છે.૧ ઘ્રાણ, ચક્ષુ, જિહ્વા ત્વચા, શ્રોત્ર, મન અને બુદ્ધિ, આ સાત જૂદા જૂદા સ્થાનનો આશ્રય કરી રહેલા સાત હોતાઓ છે.૨ હે શોભને! તેઓ સૂક્ષ્મ અવકાશમાં સ્થિતિ કરે છે, તેથી અન્યોન્યને જોઈ શકતા નથી. આ સાત હોતાઓને તું તેઓના સ્વભાવ ઉપરથી જાણી લેજે."૩

બ્રાહ્મણીએ પૂછયું:– "તેઓ સૂક્ષ્મ અવકાશમાં રહે છે, તેથી અન્યોન્યને જોઇ શકતા કેમ નથી? હે ભગવન્! હે પ્રભો! તેઓનો સ્વભાવ કેવા પ્રકારનો છે? તે મને કહો."

બ્રાહ્મણે કહ્યું:– કોઈ એક પદાર્થના ગુણોને નહિ જાણવા તેજ એ પદાર્થસંબંધી અજ્ઞાન કહેવાય છે; અને કોઈ એક પદાર્થના ગુણોને

---

* આવા આશયથીજ "तां चाप्येतां मातरं मंगलानां धेनुं धीराः सूनृतां वाचमाहुः– વિદ્વાનો કહે છે કે, સત્ય અને પ્રીતિકર વાણી સર્વ મંગલોની માતા છે, ધેનુરૂપ છે."

÷ આ અધ્યાયના ઘણાખરા શ્લોકો મહાક્લિષ્ટ છે. કોઇક જ્ઞાતાજ તે માંહેલો ગંભીર અર્થ સમજી શકે તેમ છે.

જે જાણવા તેજ એ પદાર્થસંબંધી જ્ઞાન છે. આ હોતાઓ પરસ્પર ગુણોને કદી જાણતાજ નથી.[૫] જિહ્વા, ચક્ષુ, શ્રોત્ર, વાણી, મન તથા બુદ્ધિ ગંધોને કદી જાણી શકતાં નથી; માત્ર એક ઘ્રાણેન્દ્રિયજ ગંધોને જાણી શકે છે.[૬] ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, વાણી, મન તથા બુદ્ધિ રસોને કદી ગ્રહણ કરી શકતાં નથી; માત્ર એક જિહ્વાજ રસોને ગ્રહણ કરી શકે છે.[૭] ઘ્રાણ, જિહ્વા, શ્રોત્ર, વાણી, મન તથા બુદ્ધિ રૂપોને કદી ગ્રહણ કરી શકતાં નથી.માત્ર એક ચક્ષુજ રૂપોને ગ્રહણ કરી શકે છે.[૮] ઘ્રાણ, જિહ્વા, ચક્ષુ, શ્રોત્ર, બુદ્ધિ અને મન સ્પર્શોને કદી જાણી શકતાં નથી; માત્ર એક ત્વચાજ સ્પર્શોને જાણી શકે છે.[૯] ઘ્રાણ, જિહ્વા, ચક્ષુ, વાણી, મન તથા બુદ્ધિ શબ્દોને કદી ગ્રહણ કરી શકતાં નથી; માત્ર એક શ્રોત્રજ શબ્દોને ગ્રહણ કરી શકે છે.[૧૦] ઘ્રાણ, જિહ્વા, ચક્ષુ, ત્વચા, શ્રોત્ર અને બુદ્ધિ સંશયને (સંકલ્પવિકલ્પને) કદી કરી શકતાં નથી; માત્ર એક મનજ સંશયને કરી શકે છે.[૧૧] આ પ્રમાણે ઘ્રાણ, જિહ્વા, ચક્ષુ, ત્વચા,શ્રોત્ર અને મન કોઇ પ્રકારનો નિશ્ચય કરી શકતાં નથી; માત્ર એક બુદ્ધિજ નિશ્ચય કરી શકે છે.[૧૨]

હે ભામિનિ ! આ વિષયમાં પણ ઇંદ્રિયો તથા મનના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧૩]

મન બોલ્યું:–"મારાવિના ઘ્રાણ સુંઘી શકતું નથી, જિહ્વા રસને ગ્રહણ કરી શકતી નથી, ચક્ષુ રૂપને જોઇ શકતું નથી, ત્વચા સ્પર્શને જાણી શકતી નથી અને શ્રોત્ર શબ્દને સાંભળી શકતું નથી; માટે હુંજ સર્વ ભૂતોમાં શ્રેષ્ઠ અને સનાતન છું. જેમ શૂન્ય પડેલાં ગૃહો શોભતાં નથી અને શાંત થયેલી જ્વાળાઓવાળા અગ્નિઓ જેમ પ્રકાશતા નથી, તેમ મારાવિના ઇંદ્રિયો નિત્ય પ્રકાશતી નથી.[૧૬] જેમ અંદરથી ભીનાં અને ઉપરથી સૂકાં લાકડાં અગ્નિને ઉત્પન્ન કરી શકતાં નથી, તેમ સર્વ પ્રાણીઓ મારાવિના ઇંદ્રિયો પ્રયત્ન કરે તોપણ તેદ્વારા વિષયોને ઝીલી શકતાં નથી. "[૧૭]

ઇંદ્રિયે કહ્યું:– "તમે જે પ્રમાણે માનો છો તે પ્રમાણે તો ત્યારેજ સત્ય થાય, કે જ્યારે અમારાવિના તમે અમારા વિષયોને તથા ભોગોને ભોગવી શકો.[૧૮] જ્યારે અમે લય પામી જઇએ છીએ, ત્યારે તમે ભોગોને ભોગવી શકો અને (તે દ્વારા) જીવને તૃપ્તિ તથા પ્રાણધારણ જો થઇ શકે તોજ તમે માનો છો તે સત્ય થાય; અથવા અમારો જ્યારે લય થઇ ગયો હોય, ત્યારે વિષયોની સ્થિતિ હોય છતાં તમે તમારા સંકલ્પમાત્રથી ભોગોને જો ભોગવી શકો તો તમે માનો છો તે સત્ય થાય;[૨૦] અથવા જો તમે અમારા વિષયો ઉપર પોતાની નિત્ય સત્તાને માનતા હો તો ઘ્રાણવડે રૂપને ગ્રહણ કરો, ચક્ષુવડે રસને ગ્રહણ કરો, શ્રોત્રવડે ગંધને ગ્રહણ કરો, જિહ્વાવડે સ્પર્શને ગ્રહણ કરો, ત્વચાવડે શબ્દને ગ્રહણ કરો અને બુદ્ધિવડે સ્પર્શને ગ્રહણ કરો;[૨૧-૨૨] કેમકે બળવાનોને માટે કોઇ પ્રકારના નિયમો હોતા નથી. નિયમો તો દુર્બળોને માટે હોય છે, માટે (તમે તમારી મેળે) અપૂર્વ ભોગોને ભોગવો. (અમારા જેવાના) ઉચ્છિષ્ટ ભોગો ભોગવવાને તમે યોગ્ય નથી.[૨૩] અરે ! જેમ એક શિષ્ય વેદાધ્યયન કરવામાટે પોતાના ગુરુ પાસે દોડી જાય છે અને પછી ગુરુ પાસેથી વેદાધ્યયન સંપાદન કરીને પોતે તેના અર્થને ગ્રહણ કરે છે, તેમ તમે પણ સ્વપ્ન તથા જાગ્રત અવસ્થામાં અમે પ્રદર્શિત કરેલાજ ભૂતકાળના તથા ભવિષ્યકાળના વિષયોને ગ્રહણ કરો છો અને પછી તે તે વિષયોને પોતાના માની બેસો છો.[૨૪,૨૫] જે અલ્પચેતસ્ પ્રાણીઓ (એટલે જેઓના મનનું કંઇ ઠેકાણું નથી તેઓ) વૈમનસ્ય અથવા ઉદાસીનતાને પ્રાપ્ત થયેલાં હોય છે, તોપણ તેઓના પ્રાણ અમારાદ્વારા વિષયોને ગ્રહણ કરવારૂપ કાર્યને લીધેજ ટકી રહેતા જોવામાં આવે છે.[૨૬] વળી મનુષ્ય તો અનેક પ્રકારના સંકલ્પો કરીને તથા ઘણાં ઘણાં સ્વપ્નોનું સેવન કરીને વિષયોની ક્ષુધાથી પીડાઇ વિષયો તરફજ દોડી જાય છે. (પરંતુ માનસિક સંકલ્પમાત્રથીજ તેની વિષયભોગેચ્છા કદી પૂર્ણ થતી નથી.)[૨૭] મનુષ્ય દ્વારવિનાના ઘરમાં જેમ પ્રવેશ કરે, તેમ (સુષુ-

પ્તિઅવસ્થામાં અથવા મોક્ષાવસ્થામાં) પ્રવેશ કરીને તથા વિષયવાસનાથી યુક્ત એવા સંકલ્પજન્ય ભોગો ભોગવીને પોતાના મનનો જ્યારે નાશ કરે, ત્યારે બળતો અગ્નિ કાષ્ઠના નાશને લીધે જેમ શાંત પડી જાય છે, તેમ નિત્યની શાંતિને પામે છે.૨૮ ભલે, અમને અમારા ગુણોવિષે સંગ છે; તેમજ ભલે, અમને અમારા અન્યોન્યના ગુણનું જ્ઞાન નથી, તોપણ અમારાવિના તમને કંઇ પણ મળી શકતું નથી અને અમારાવિના તમને અતિ આનંદ પણ થતો નથી.”૨૯

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વ-
માં “બ્રાહ્મણગીતા” એ વિષયનો
અધ્યાય ૨૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૨૩ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
सुभगे पंचहोतॄणां विधानमिह यादृशम् ॥१॥

બ્રાહ્મણે કહ્યું:—હે સુભગે ! શાસ્ત્રમાં પાંચ હોતાઓનું વિધાન જે પ્રકારે કરવામાં આવ્યું છે, તે વિષયમાં પણ આ એક પુરાતની ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.૧ પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન આ પાંચ હોતાઓને વિદ્વાનો શ્રેષ્ઠ ભાવતરીકે જાણે છે.૨

બ્રાહ્મણીએ પૂછ્યું:—હું પ્રથમથીજ એ પ્રમાણે માનું છું કે, હોતાઓ સ્વાભાવિક રીતે સાત છે, પણ હવે હોતાઓ પાંચ છે અને તેજ શ્રેષ્ઠ ભાવરૂપ છે, એ તમે મને કહો.૩

બ્રાહ્મણે કહ્યું:—પ્રાણવડે પોષાયેલો વાયુ અપાનરૂપે ઉત્પન્ન થાય છે, અપાનમાં પોષાયેલો વાયુ વ્યાન થઈને પ્રવૃત્તિ કરે છે, વ્યાનવડે પોષાયેલો વાયુ ઉદાનરૂપે પ્રવૃત્ત થાય છે અને ઉદાનમાં પોષાયેલો વાયુ સમાનરૂપે ઉત્પન્ન થાય છે.૪ પૂર્વે તે પાંચે વાયુઓએ સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવને પૂછ્યું કે, “અમારામાં શ્રેષ્ઠ કોણ છે, તે અમને કહો. તમે જેને શ્રેષ્ઠ કહેશો, તે અમારામાં શ્રેષ્ઠ થશે.”૬

બ્રહ્માએ કહ્યું:—“પ્રાણીઓના શરીરમાં જેનો લય થતાં સર્વ પ્રાણો લય પામી જાય છે અને જેનો સંચાર થતાં પુનઃ સર્વે સંચાર કરવા માંડે છે, તેજ શ્રેષ્ઠ છે. હવે તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ.”૭

પ્રાણે કહ્યું:—“પ્રાણીઓના શરીરમાં હું જ્યારે લય પામું છું, ત્યારે સર્વ પ્રાણો લય પામી જાય છે; અને હું જ્યારે સંચાર કરવા માંડું છું, ત્યારે પુનઃ સર્વે સંચાર કરવા માંડે છે, માટે હુંજ શ્રેષ્ઠ છું. જુઓ, હવે હું લય પામી જાઉં છું.”૮

બ્રાહ્મણે કહ્યું:—એમ કહીને પ્રાણ લય પામી ગયો અને પુનઃ તે સંચાર કરવા લાગ્યો. તે પછી; હે શુભે ! સમાન તથા ઉદાને આ પ્રમાણે કહ્યું:—“હે પ્રાણ ! જેમ અમે આખા શરીરમાં વ્યાપ્ત થઈ રહ્યા છીએ, તેમ તું આખા શરીરમાં વ્યાપ્ત થઈ રહ્યો નથી. માત્ર એક અપાનજ તારા સ્વાધીનમાં છે.” તે સાંભળી વળી પણ પ્રાણ સંચાર કરવા લાગ્યો; એટલે અપાન બોલી ઉઠ્યો.૧૦

અપાને કહ્યું:—“પ્રાણીમાત્રના શરીરમાં હું જ્યારે લય પામી જાઉં છું, ત્યારે સર્વ પ્રાણો લય પામી જાય છે; અને હું જ્યારે સંચાર કરવા માડું છું, ત્યારે સર્વે સંચાર કરવા માંડે છે, માટે હુંજ શ્રેષ્ઠ છું. જુઓ, હવે હું લય પામી જાઉં છું.”૧૧

બ્રાહ્મણે કહ્યું:—અપાને એ પ્રમાણે કહ્યું, ત્યારે વ્યાન તથા ઉદાન તેને કહેવા લાગ્યા:—“હે અપાન ! તું શ્રેષ્ઠ નથી; માત્ર એક પ્રાણજ તારે અધીન રહેનારો છે.”૧૨ તે પછી અપાન સંચાર કરવા લાગ્યો, એટલે વ્યાન તેને કહેવા લાગ્યો:—“હું તમારા સર્વમાં જે કારણથી શ્રેષ્ઠ છું, તે તમે સાંભળો.૧૩ પ્રાણીમાત્રના શરીરમાં હું જ્યારે લય પામી જાઉં છું, ત્યારે સર્વ પ્રાણો લય પામી જાય છે; અને હું જ્યારે સંચાર કરવા માંડું છું, ત્યારે સર્વે સંચાર કરવા માંડે છે, માટે હુંજ શ્રેષ્ઠ છું. જુઓ, હવે હું લય પામી જાઉં છું.”૧૪

બ્રાહ્મણે કહ્યું:-તે પછી વ્યાન લય પામ્યો અને પુનઃ સંચાર કરવા લાગ્યો; એટલે પ્રાણ, અપાન, ઉદાન તથા સમાન તેને કહેવા લાગ્યા:-"હે વ્યાન ! તું અમારામાં શ્રેષ્ઠ નથી; માત્ર એક સમાનજ તારે અધીન રહેનારો છે." તે સાંભળી ફરી પણ વ્યાન સંચાર કરવા લાગ્યો, ત્યારે સમાન બોલી ઉઠયો:-"હું જે કારણથી તમારા સર્વમાં શ્રેષ્ઠ છું, તે તમે સાંભળો.[૧૫,૧૬] સર્વ પ્રાણીઓના શરીરમાં હું જ્યારે લય પામું છું, ત્યારે સર્વ પ્રાણો લય પામી જાય છે અને હું જ્યારે સંચાર કરૂં છું ત્યારે સર્વે સંચાર કરે છે, માટે હુંજ શ્રેષ્ઠ છું. હવે જુઓ, હું લય પામી જાઉં છું."[૧૭] એમ કહીને સમાન સંચાર કરવા લાગ્યો, એટલે ઉદાન તેને કહેવા લાગ્યો:-"હું તમારા સર્વમાં જે કારણથી શ્રેષ્ઠ છું, તેને તમે સાંભળો.[૧૮] પ્રાણીમાત્રના શરીરમાં હું જ્યારે લય પામી જાઉં છું, ત્યારે સર્વ પ્રાણો લય પામી જાય છે અને હું જ્યારે સંચાર કરવા માંડું છું, ત્યારે સર્વે સંચાર કરવા માંડે છે, માટે હુંજ શ્રેષ્ઠ છું. જુઓ, હવે હું લય પામી જાઉં છું."[૧૯] તે પછી ઉદાન લય પામી ગયો અને પુનઃ સંચાર કરવા લાગ્યો; ત્યારે પ્રાણ, અપાન, સમાન તથા વ્યાન તેને કહેવા લાગ્યા:-"હે ઉદાન! તું શ્રેષ્ઠ નથી, માત્ર એક વ્યાનજ તારે અધીન છે."[૨૦]

બ્રાહ્મણે કહ્યું:-તે પછી ત્યાં એકઠા થયેલા તે પાંચે વાયુઓને પ્રજાપતિ બ્રહ્મા કહેવા લાગ્યા:-"તમે સર્વે શ્રેષ્ઠ છો અથવા તમે સર્વે શ્રેષ્ઠ નથી. તમે બધા અન્યોન્યના ધર્મવાળા છો, પોતપોતાના વિષયમાં શ્રેષ્ઠ છો અને એકબીજાના ધર્મનો આશ્રય કરનારા છો." એ પ્રમાણે કહીને વળી પણ ત્યાં એકઠા થયેલા તેઓને પ્રજાપતિ કહેવા લાગ્યા:-[૨૧,૨૨] "માત્ર એકજ વાયુ છે, તે સ્થિર છે અને અસ્થિર પણ છે. અમુક અમુક વિશેષતાને લીધે તે એકજ વાયુ પાંચ વાયુ કહેવાય છે. મારો આત્મા માત્ર એકજ છે અને તેજ અનેક પ્રકારે સ્વરૂપ ધારણ કરે છે.[૨૩] જાઓ, તમે અન્યોન્યના મિત્ર થઇને અન્યોન્યનું કલ્યાણ કરો; અને અન્યોન્યને ધારણ કરી રાખો, તમારૂં કલ્યાણ થાઓ."[૨૪]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"બ્રાહ્મણગીતા" એ વિષયનો
અધ્યાય ૨૩ મો સમાપ્ત

અધ્યાય ૨૪ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
नारदस्य च संवादमृषेर्देवमतस्य च ॥१॥

બ્રાહ્મણે કહ્યું:-આ વિષયમાં પણ નારદ અને ઋષિ દેવમતના સંવાદરૂપ પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧]

દેવમતે પૂછ્યું:-"પ્રાણી જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ શું હોય છે? પ્રાણ, અપાન, સમાન, વ્યાન કે ઉદાન ?"[૨]

નારદે કહ્યું:-"જેનાવડે પ્રાણી ઉત્પન્ન થાય છે, તેનાથી કોઈ બીજોજ પ્રથમ તેની પાસે જાય છે. પ્રાણોનું જે દ્વંદ્વ તે તિર્યક્ (મનુષ્યાદિ), ઊર્ધ્વ (દેવાદિ) અને અધ(પશુ આદિ) રૂપે ત્રણ પ્રકારનું જાણવું."[૩]

દેવમતે પૂછ્યું:-"આ પ્રાણીને કોણ ઉત્પન્ન કરે છે? કોણ પ્રથમ તેની પાસે જાય છે ? અને તે પ્રાણદ્વંદ્વ મને કહો, કે જે તિર્યક્, ઊર્ધ્વ અને અધ, એમ ત્રણ પ્રકારનું છે."[૪]

નારદે કહ્યું:-"આનંદરૂપ*એવા પરમાત્માજ પોતાના ×સંકલ્પથી પ્રાણીરૂપે ઉત્પન્ન થાય છે, (પ્રલયકાળે અગ્નિથી બળી ગયેલી આ ભૌતિક સૃષ્ટિ પ્રજાપતિદ્વારા) વૈદિક શબ્દપૂર્વક પણ ઉત્પન્ન થાય છે, અને (તે તે વિષયની વાસનારૂપ) રસમાંથી તથા રૂપમાંથી પણ તે જન્મે છે.[૫] રાગાદિ વાસનાઓથી મિશ્ર થયેલા

---

* શ્રુતિ પણ કહે છે:- "आनंदाद्ध्येव खल्विमानि भूतानि जायंते-આ સર્વ પ્રાણીઓ કેવળ એક આનંદથી-એટલે આનંદરૂપ પરમાત્માથીજ ઉત્પન્ન થાય છે."

× ઇશ્વરે પ્રથમ સંકલ્પ કર્યો કે, "एकोऽहं बहु स्याम्-હું એક છું, તે અનેકરૂપે ઉત્પન્નથાઉં."

શુક્ર(અદૃષ્ટ)થી પ્રમથ પ્રાણ (એટલે લિંગાત્મા) સરજવાને પ્રવૃત્ત થાય છે; અને પછી તે પ્રાણથી વિકૃત થયેલા શુક્ર (દેહ) માં અપાન (એટલે મૃત્યુરૂપ છેલ્લો ભાવ) પ્રવૃત્ત થાય છે.[૬] (એ રીતે વળી તે જન્મમાં પણ સંગ્રહ કરેલા) શુક્રથી (એટલે અદૃષ્ટથી) તથા રસથી (એટલે તે તે વિષયવાસનાથી) ઉદાનનું (એટલે બ્રહ્મનું આરોપિત) રૂપ ઉત્પન્ન થાય છે, જે કારણ તથા કાર્યની વચ્ચે હર્ષરૂપે (આનંદરૂપે) વ્યાપ્ત થઈને રહે છે.[૭] પ્રવૃત્તિમૂલક એવા કામથી શુક્ર (અદૃષ્ટ) ઉત્પન્ન થાય છે અને તે શુક્રથી રજ ઉત્પન્ન થાય છે—રજોગુણની પ્રવૃત્તિ ચાલુ થાય છે. (અર્થાત્ કામ તથા કર્મ, પ્રવાહરૂપે સતત ચાલુજ રહે છે.) સર્વસામાન્ય એવાં આ શુક્ર અને શોણિત (વસ્તુતઃ) સમાન તથા વ્યાનથીજ જન્મેલાં હોય છે. (અર્થાત્ દૃષ્ટવિષયક તથા શ્રવણવિષયક જે વિજ્ઞાન તેજ કામ તથા પ્રવૃત્તિનું બીજ છે.)[૮] આ પ્રાણ તથા અપાનનું દ્વંદ્વ (જે કામ તથા પ્રવૃત્તિને નામે પ્રસિદ્ધ છે અને જીવને ઉપાધિરૂપ છે તેજ) દેવાદિ ઊર્ધ્વગતિને તથા મનુષ્યાદિ અધોગતિને પામે છે; (નહિ કે જીવ!) તેમજ વ્યાન તથા સમાન એ બન્ને તિર્યક્ દ્વંદ્વરૂપ કહેવાય છે.[૯] અગ્નિ (એટલે પરમાત્માજ) સર્વ દેવતાઓરૂપ છે, એવી તે દેવનીજ આજ્ઞા છે; અને જે પુરુષ બ્રહ્મનિષ્ઠ હોય છે, તેને એ દેવનું બુદ્ધિયુક્ત જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ ધૂમાડો તથા રાખોડી અગ્નિના સ્વરૂપથી ભિન્ન છે, તેમ (લયવિક્ષેપના કારણભૂત) તમસ્ તથા રજસ્ મહાતેજસ્વી એવા તે પરમાત્મદેવથી ભિન્ન છે. વળી જેમાં (સર્વ ભોગ્ય પદાર્થરૂપ) હવિષ્નો પ્રક્ષેપ કરવામાં આવે છે, તે એ પરમાત્માથી આ સર્વ જગત ઉત્પન્ન થાય છે.[૧૧] યજ્ઞવેત્તાઓ (એટલે યોગવેત્તાઓ પોતાના અનુભવથી ઉપરથી) જાણે છે કે, સમાન તથા વ્યાન નામનું આ સર્વ જગત કેવળ એક બુદ્ધિસત્ત્વમાંથીજ ઉત્પન્ન થાય છે; અને અગ્નિરૂપ તે પરમાત્મા તો પ્રાણ તથા અપાનરૂપ આજ્યભાગની વચ્ચે પ્રકાશે છે. (અર્થાત્ જેમ અગ્નિ ઘૃતની ધારાઓથી પ્રદીપ્ત થાય છે, તેમ ઉદાન નામના પરબ્રહ્મ પણ પ્રાણ તથા અપાનરૂપ ઉપાધિનો જય કરવાથી ભ્રુકુટિના મધ્યભાગમાં પ્રકાશે છે.) બ્રહ્મનિષ્ઠ પુરુષો ઉદાનનું—બ્રહ્મનું, આ શ્રેષ્ઠ રૂપ જાણે છે. હવે તે ઉદાનરૂપ નિર્દ્વંદ્વ કેવી રીતે છે, તે હું તને કહું છું, તેને તું મારી પાસેથી સાંભળ.[૧૩] અહોરાત્ર (એટલે વિદ્યા તથા અવિદ્યા અથવા સુષુપ્તિ અને જાગ્રત અથવા ઉત્પત્તિ અને પ્રલય)રૂપ એક દ્વંદ્વ છે; અને તે બન્ને વચ્ચે હુતાશન—શુદ્ધ બ્રહ્મ રહેલા છે. આજ ઉદાનરૂપ બ્રહ્મના શ્રેષ્ઠ સ્વરૂપને બ્રાહ્મણો જાણે છે.[૧૪] સત્ (કાર્ય) અને અસત્ (કારણ) એ બન્નેનું એક દ્વંદ્વ છે; અને તે બન્નેની વચ્ચે હુતાશન—શુદ્ધ બ્રહ્મ રહેલા છે. આજ ઉદાનરૂપ બ્રહ્મના શ્રેષ્ઠ સ્વરૂપને બ્રાહ્મણો જાણે છે.[૧૫] (કાર્યકારણથી જે) ઊર્ધ્વ એજ બ્રહ્મ છે અને સંકલ્પ નામના જે હેતુથી સમાન તથા વ્યાન થાય છે, તેજ હેતુથી કર્મ વિસ્તારાય છે. (માટે સંકલ્પનોજ નિરોધ કરવો જોઇએ.) ત્રીજું જે ઊર્ધ્વ છે, તે તો સમાનરૂપ ઉપલક્ષણથી નિશ્ચિત હોય છે.[૧૬] શાંતિને માટે વ્યાન, સમાન તથા સનાતનબ્રહ્મ એ ત્રણેની એકતા કરવીજોઇએ; કેમકે તેજ શાંતિ શબ્દનો અર્થ છે. આ ઉદાનના શ્રેષ્ઠ રૂપને બ્રાહ્મણો જાણે છે."

ઇતિ શ્રીમહા૦ આ૦ઘ૦ અનુગીતા પર્વમાં
"બ્રાહ્મણગીતા" એ વિષયનો
અધ્યાય ૨૪ મો સમાપ્ત

અધ્યાય ૨૫ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
चातुर्होत्रविधानस्य विधानमिह यादृशम्॥१॥

બ્રાહ્મણે કહ્યું:— "શાસ્ત્રમાં જે રીતે ચાતુર્હોત્રનું વિધાન કરવામાં આવ્યું છે, તે વિષયમાં પણ પુરાતની ઇતિહાસનું ઉદાહરણ અપાય છે.[૧] હે ભદ્રે! તે સર્વનું વિધિપૂર્વક વિધાન શાસ્ત્રકારોએ ઉપદેશેલું છે, તે અદ્ભુત રહસ્ય હું તને કહું છું, તે તું સાંભળ.[૨] હે ભાવવાળી સ્ત્રિ! કરણ, કર્મ, કર્તા અને મોક્ષ, આ

ચાર હોતાઓ છે, જેનાવડે આ જગત વ્યાપ્ત થઈ રહ્યું છે.[૩] હવે આના હેતુઓનું સર્વ સાધન સંપૂર્ણરીતે તું સાંભળ. ઘ્રાણ, જિહ્વા, ચક્ષુ, ત્વચા, શ્રોત્ર,મન તથા બુદ્ધિ, આ સાતને ગુણહેતુ (અવિદ્યારૂપ હેતુવાળા) જાણવા.[૪] ગંધ, રસ, રૂપ, શબ્દ, સ્પર્શ, મનન કરવાયોગ્ય તથા જાણવા યોગ્ય, આ સાતને કર્મહેતુ જાણવા.[૫] સુંઘનાર, ભક્ષણ કરનાર, જોનાર, બોલનાર, સાંભળનાર, મનન કરનાર તથા જાણનાર,આ સાતને કર્તૃહેતુ જાણવા.[૬] સુંઘનાર વગેરે આ સાતે જણા ગુણ(અર્થાત્ ઇંદ્રિયો)રૂપી સાધનવાળા થઇને શુભ-અશુભ પોતાના (ગંધાદિ) ગુણનો ઉપભોગ કરે છે; પરંતુ તેઓ સાતે જણા "હું નિર્ગુણ છું અને અનંત છું" આ રીતે ગુણઉપરના અભિમાનથી જ્યારે રહિત થાય છે, ત્યારે મોક્ષના હેતુઓરૂપ થાય છે.[૭] જે વિદ્વાનો (ઘ્રાણ આદિનાં અવિદ્યા આદિ) પોતપોતાનાં સ્થાનોને જાણે છે, તેઓનામાં ગુણોજ (એટલે ઘ્રાણ આદિ ઇંદ્રિયોજ) દેવતારૂપ થઇને પોતપોતાના હવિષ્યનું (એટલે ઘ્રેય આદિનું) નિત્ય ભોજન કરે છે;[૮]* પરંતુ જે અજ્ઞાની પુરુષ મમત્વરૂપ અભિમાન કરીને અન્નાદિ(ભોગ્ય પદાર્થો)નું ભક્ષણ કરે છે-અર્થાત્ 'હુંજ મારાં અન્નાદિનો ભોક્તા છું" આવું જે અભિમાન કરે છે, તે પોતાના એ અભિમાનને લીધેજ નાશ પામે છે; તેમજ જે પુરુષ પોતાના માટેજ અન્નને રાંધે છે, તે પણ મમત્વરૂપ અભિમાનને લીધે માર્યો જાય છે.[૯] તેવો પુરુષ (પોતે એકલો મિષ્ટાન્ન આદિનું ભોજન કરીને અથવા ઉત્તમ પ્રકારનાં પીણાં પીને) અભક્ષ્ય ભક્ષણ કરે છે અથવા મદિરાપાન કરે છે, માટે તેવા પુરુષનો એ ભક્ષણ તથા પાનજ નાશ કરી નાખે છે. વળી તે પાપી પુરુષ એ અન્નનો નાશ કરે છે અને તે અન્ન એ પુરુષનો નાશ કરે છે. આ રીતે અન્નને હણીને તે પુરુષ પોતે પણ અન્નવડે હણાય છે;[૧૦] પણ જે પુરુષ એ પ્રમાણે જાણે છે,તે અન્નનો હંતા-ભોક્તા-અર્થાત સમગ્ર પ્રપંચનું આત્મામાં પ્રવિલાપનકર્તા બને છે; તોપણ ઇશ્વરરૂપજ બની જઈને પુનઃ અન્નાદિનો ઉત્પન્નકર્તા પણ થઇશકે છે. તેવા પુરુષને વિષે અન્નને લીધે કોઇ જાતનો સૂક્ષ્મ ફેરફાર પણ થતો નથી. (અર્થાત્ જ્ઞાની પુરુષ સર્વ ભોગોનો ઉપભોગ કરે તોપણ તે નિર્લેપજ રહે છે.)[૧૧] મનથી જેને પ્રાપ્ત કરી શકાય છે, વાણીવડે જેને કહી શકાય છે, શ્રોત્રવડે જેને સાંભળી શકાય છે, ચક્ષુવડે જેને જોઈ શકાય છે, ત્વચાવડે જેને સ્પર્શ કરી શકાય છે અને ઘ્રાણવડે જેને સુંઘી શકાય છે, તે આ છયેને હવિદ્રવ્યો (ભોગ્ય વિષયો) કહેવામાં આવે છે; અને તેઓ સર્વને સારી રીતે વશ કરવાં જોઈએ. મારા શરીરમાં રહેલો ગુણવાન અગ્નિ (કારણબ્રહ્મ) મારા (યોગરૂપી) યજ્ઞની સ્તુતિ કરે છે-અર્થાત્ મારો અંતરાત્મા યોગનેજ યજ્ઞરૂપે પસંદ કરે છે, તેથીજ જ્ઞાનરૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલો મારો જ્ઞાનયજ્ઞ (નિત્ય) ચાલુજ છે. એ યજ્ઞમાં પ્રાણરૂપી સ્તોત્ર છે, અપાનરૂપી શસ્ત્ર છે, સર્વ.કામનાઓનો જે ત્યાગ તેજ ઉત્તમ દક્ષિણા છે, અહંકાર, મન અને બુદ્ધિ અનુક્રમે હોતા,અધ્વર્યુ અને ઉદ્ગાતા છે,કે જેઓ બ્રહ્મરૂપજ છે. વળી સત્ય એજ એ યજ્ઞમાં પ્રશાસ્તા હોઈને તેનું શસ્ત્ર પણ તેજ છે અને મોક્ષ એ તે યજ્ઞનું ફળ છે.[૧૨-૧૫] નારાયણને (આત્માને) જાણનારા અને નારાયણદેવને જાણવામાટેજ જેઓ ઇંદ્રિયોરૂપી પશુઓને પ્રથમ વશ કરે છે, તેઓ આ યોગયજ્ઞમાં પ્રમાણભૂત એવી કેટલીએક વૈદિક ઋચાઓને પણ કહે છે.[૧૬] હે ભીરુ! આ યોગયજ્ઞના સંબંધમાં કેટલાએક વિદ્વાનો સામમંત્રોનાં ગાન કરે છે અને દષ્ટાંત પણ કહે છે; માટે સર્વના આત્મા દેવ નારાય-

---

* અર્થાત્ "**गुणा गुणेषु वर्तंत इति मत्वा न सज्जते**- ઇંદ્રિયોજ પોતપોતાના વિષયોનું ગ્રહણ કરે છે; આમ માનીને જ્ઞાની પુરુષ કોઇનાપર આસક્તિ રાખતો નથી." આ ગીતાવચન પ્રમાણે જેઓ માને છે કે, ઘ્રાણ આદિ ઇંદ્રિયોજ ઘ્રેય આદિ પોતપોતાના વિષયોનો ઉપભોગ કરી રહી છે-તેમાં આત્માને કંઈ લેવાદેવા નથી, તેઓને ઘ્રાતાપણું આદિ અભિમાનથી થનારો બંધ કદી રહેતો નથી.

ણને તું જાણ."૧૭

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"બ્રાહ્મણગીતા" એ વિષયનો
અધ્યાય ૨૫ મો સમાપ્ત

* * *

અધ્યાય ૨૬ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

एकः शास्ता न द्वितीयोऽस्ति शास्ता ।
यो हृच्छयस्तमहमनुब्रवीमि ॥
तेनानुशिष्टा गुरुणा सदैव ।
लोके द्विष्टाः पन्नगाः सर्व एव ॥ १ ॥

બ્રાહ્મણે કહ્યું:-"સર્વના હૃદયમાં રહેલો એકજ શાસન કરનારો છે, બીજો કોઈ શાસન કરનારો નથી, તેના સંબંધમાં હું કહું છું. જેમ નીચાણના પ્રદેશમાંથી જળ વહી જાય છે, તેમ તેનાથી યુક્ત અને તેનાથી પ્રેરાયેલો હું સર્વ ક્રિયાઓને કરી રહ્યો છું.૧ જે સર્વના હૃદયમાં રહેલો છે તે એકજ ગુરુ છે, બીજો કોઇ ગુરુ નથી, તેના સંબંધમાં હું કહું છું. તે ગુરુએ જેઓને ઉપદેશ આપેલો છે એવા સર્વ સર્પો લોકમાં સદાય દ્વેષપાત્ર થયા છે. જે સર્વના હૃદયમાં રહેલો છે તે એકજ બંધુ છે, બીજો કોઇ બંધુ નથી, તેના સંબંધમાં હું કહું છું.× હે પાર્થ ! તેણે જેઓને ઉપદેશ આપેલો છે એવા સપ્તર્ષિઓરૂપી બાંધવો અન્યોન્ય બંધુરૂપ થઇને આકાશમાં પ્રકાશે છે.૩ જે સર્વના હૃદયમાં રહેલો છે તે એકજ શ્રોતા છે, બીજો કોઈ શ્રોતા નથી, તેના સંબંધમાં હું કહું છું. તેને ગુરુ કરીને તથા ગુરુની સમીપમાં જે પ્રમાણે રહેવું જોઇએ, તે પ્રમાણે તેની પાસે રહીને ઇંદ્ર સર્વ લોકમાં અમરપણાને પામ્યો છે.૪ જે સર્વના હૃદયમાં રહેલો છે તે એકજ દ્વેષ કરનારો છે, બીજો કોઇ દ્વેષ કરનારો નથી, તેના સંબંધમાંજ હું કહું છું. એ ગુરુએ જેઓને ઉપદેશ આપેલો છે, એવા સર્વ સર્પો લોકમાં સદા દ્વેષપાત્ર થયા છે.૫

હવે આ વિષયમાં પણ પ્રજાપતિની પાસે સર્પો તથા દેવર્ષિઓ વચ્ચે થયેલી વાતચીતરૂપ પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.૬ એક સમયે દેવર્ષિ, સર્પો તથા અસુરો, પ્રજાપતિપાસે બેઠા હતા ત્યારે તેઓએ તેમને પ્રશ્ન પૂછયો કે:-"અમારૂં જેથી કલ્યાણ થાય તે અમને કહો." એ પ્રમાણે પોતાના કલ્યાણવિષેનો તેઓએ પ્રશ્ન પૂછયો ત્યારે ભગવાન બ્રહ્મા બોલ્યા:-"ओमित्येकाक्षरं ब्रह्म-ૐ એ એકાક્ષર બ્રહ્મ છે." તે સાંભળીને તેઓ જૂદી જૂદી દિશાઓમાં દોડી ગયા-અર્થાત્ બ્રહ્માનો તે ઉપદેશ સાંભળી સૌએ પોતપોતાના સ્વભાવ પ્રમાણે અર્થ ગ્રહણ કર્યો.૭,૮ તેઓ પોતાને ઉપદેશેલા એ બ્રહ્મદેવના વાકયાર્થમાં જૂદી જૂદી દિશાઓમાં જ્યારે દોડવા લાગ્યા, ત્યારે તેઓમાં સૌના પહેલાંજ સર્પોને દંશ કરવાનો ભાવ પ્રકટ* થયો,૯ અસુરોને પોતાના સ્વભાવથી ઉત્પન્ન થનારો દંભભાવ પ્રકટ થયો, દેવોએ દાન કરવાનોજ નિશ્ચય કરી લીધો અને મહર્ષિઓએ દમ (ઇંદ્રિયનિગ્રહ) કરવાનો નિશ્ચય કર્યો.૧૦ આ રીતે એકજ શાસ્તાને (ગુરુને) મેળવીને એકજ શબ્દથી સંસ્કારવાળા થયેલા સર્વ સર્પો, દેવર્ષિઓ તથા દાનવોએ ભિન્ન ભિન્ન ભાવ ગ્રહણ કર્યો.૧૧ (માટે પોતેજ પોતાનો ગુરુ છે, કેમકે) જે કંઇ કહેવામાં આવે છે તેને તે સાંભળે છે, તેના અર્થને બરાબર ગ્રહણ કરે છે અને પોતાને પૂછનારા પોતાના શિષ્યોને પોતે જે પ્રમાણે સાંભળ્યું હોય છે તથા ગ્રહણ કર્યું હોય છે, તે પ્રમાણે ફરી કહી સંભળાવે છે; માટે બીજો કોઇ ગુરુ નથી. તેની જ્યારે સંમતિ મળે છે, ત્યારે પાછળથી કર્મ પ્રવૃત્ત થાય છે; માટે સૌના હૃદયમાંજ ગુરુ, બોદ્ધા, શ્રોતા અને દ્રષ્ટા રહેલો છે.૧૩

× બ્રાહ્મણ પોતાની સ્ત્રીને કહે છે તેમાં "હે પાર્થ !" એવું સંબોધન છે, તે શંકાસ્પદ છે.

*એટલે "ओमित्येकाक्षरं ब्रह्म" એ વાકયનો ઉચ્ચાર કરતી વેળા બ્રહ્મદેવનું મુખ પહોળું થયું અને બંધ થયું, તે ઉપરથી સર્પોએ પોતાના સ્વભાવ પ્રમાણે એવો અર્થ ગ્રહણ કર્યો કે, બ્રહ્મા બીજાઓને દંશ કરવાનો આપણને ઉપદેશ આપે છે.

આ પુરુષ પાપકર્મ કરીને લોકમાં પાપચારી થાય છે અને શુભ કર્મનું આચરણ કરીને લોકમાં પુણ્યચારી થાય છે.[૧૪] જે પુરુષ ઇંદ્રિયસુખમાં આસક્ત રહીને પોતાની ઇચ્છાનુસાર વર્તે છે,તે લોકમાં કામચારી થાય છે; અને ઇંદ્રિયવિજયમાં આસક્ત રહે છે તો બ્રહ્મચારી થાય છે. જે પુરુષ સર્વ વ્રતકર્મોનો ત્યાગ કરી દે છે, કેવળ બ્રહ્મમાંજ સ્થિતિ કરે છે અને બ્રહ્મસ્વરૂપ થઇને લોકમાં વિચરે છે,તે બ્રહ્મચારી થઈ શકે છે.[૧૬] (આવો બ્રહ્મચારી પુરુષ આશ્રમધર્મનો લોપ કરે તોપણ તેને દોષ લાગતો નથી;કેમકે) બ્રહ્મ એજ એ પુરુષનાં સમિધો છે, બ્રહ્મ એજ તેનો અગ્નિ છે, કે જેની ઉત્પત્તિ બ્રહ્મમાંથીજ થયેલી હોય છે, બ્રહ્મ એજ તેનું જળ છે, બ્રહ્મ એજ તેનો ગુરુ અને તે પુરુષ બ્રહ્મમાંજ એકચિત્ત રહે છે.[૧૭] વિદ્વાન પુરુષો એ પ્રકારના આ સૂક્ષ્મ બ્રહ્મચર્યને જાણે છે અને તેને જાણીને તથા ક્ષેત્રજ્ઞરૂપ તત્ત્વવેત્તાની પાસેથી ઉપદેશ ગ્રહણ કરીને તેનુંજ તેઓ સેવન કરે છે.”[૧૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વ-
માં“ બ્રાહ્મણગીતા ” એ વિષયનો
અધ્યાય ૨૬ મો સમાપ્ત

અધ્યાય ૨૭ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

संकल्पदंशमशकं शोकहर्षहिमातपम् ।
मोहांधकारतिमिरं लोभव्याधिसरीसृपम्॥१॥

બ્રાહ્મણે કહ્યું:–“ જેમાં સંકલ્પોરૂપી ડાંસ અને મચ્છરો છે, શોક અને હર્ષરૂપી તાપ તથા ઠંડી છે,મોહરૂપી ઘોર અંધકાર છવાઈ રહ્યો છે, લોભ તથા વ્યાધિઓરૂપી સર્પો રહેલા છે, વિષયોરૂપી કેદ પકડનારાને જેમાં માત્ર એકલાથીજ ઉલ્લંઘન કરી શકાય છે;અને કામ તથા ક્રોધરૂપી જેમાં વિરોધકો છે,એવા મહાભયંકર સંસારમાર્ગનું ઉલ્લંઘન કરીને હું બ્રહ્મરૂપી મહાવનમાં હવે દાખલ થયો છું.”[૧,૨]

બ્રાહ્મણીએ પૂછ્યું:–“ હે મહાબુદ્ધિમાન! તે વન કયાં આવેલું છે ? તેમાં કયાં વૃક્ષો છે ? કયી નદીઓ છે ? કયા ગિરિઓ અને પર્વતો છે ? અને કેટલે દૂર માર્ગે તે વન આવેલું છે?”

બ્રાહ્મણે કહ્યું:–“ તેનાથી ભિન્ન એવો કોઇ પણ પદાર્થ નથી, તેનાથી ભિન્ન એવું કોઇ સુખ નથી, તેનાથી અભિન્ન એવો કોઈપણ પદાર્થ નથી અને તેનાથી બીજું દુઃખમાંથી તારનારૂં કોઇ કર્મ નથી.[૪] એ (બ્રહ્મ) વનના કરતાં બીજું કંઇ નાનું નથી, એના કરતાં બીજું કંઇ મોટું નથી, એના કરતાં બીજું કંઇ અતિસૂક્ષ્મ નથી અને એના સમાન બીજું કોઇ સુખ નથી.[૫] (દ્વિજરૂપી) પક્ષીઓ એ વનમાં પ્રવેશ કરીને કદી શોક કરતાં નથી, હર્ષ પામતાં નથી, કોઈનાથી ડરતાં નથી અને તેઓનાથી બીજા કોઇ પણ ડરતા નથી.[૬] એ વનમાં (મહત્તત્ત્વ, અહંકાર અને પાંચતન્માત્રાઓરૂપ) સાત વૃક્ષો છે, (મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓથી મળતાં સુખદુઃખરૂપ) સાત ફળો છે, (મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓના સાત દેવતાઓરૂપ) સાત અતિથિઓ છે, (પાંચ ઇંદ્રિયો, મન તથા બુદ્ધિ–એ) સાત આશ્રમો છે, (સાત ઇંદ્રિયોનો તેના તેના વિષયો તરફથી નિરોધ કરવારૂપ) સાત સમાધિઓ છે; અને (ઇંદ્રિયોની ક્રિયાઓને બંધ કરવારૂપ) સાત દિક્ષાઓ છે. આવું આ અરણ્યનું સ્વરૂપ છે.[૭] તે વનમાં (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપ) પાંચ વર્ણવાળાં દિવ્ય પુષ્પો (શબ્દાદિ અનુભવો) તથા દિવ્ય ફળો (શબ્દાદિ અનુભવોથી ઉત્પન્ન થનારા રાગદ્વેષાદિ) ને ઉત્પન્ન કરનારાં વૃક્ષો (મનોવૃત્તિઓ) આખા વનને વ્યાપ્ત કરી રહ્યાં છે.[૮] વળી તે વનમાં ઉત્તમ વર્ણવાળાં તથા (સુખદુઃખરૂપ) બે વર્ણવાળાં પુષ્પો અને ફળો (શબ્દાદિ અનુભવો તથા તેથી ઉત્પન્ન થનારા રાગદ્વેષ)ને ઉત્પન્ન કરનારાં વૃક્ષો (ઇંદ્રિયો) આખા વનને વ્યાપ્ત કરી રહ્યાં છે.[૯] ઉપરાંત તે વનમાં (સુખદુઃખરૂપ) બે વર્ણવાળાં તથા (સ્વર્ગાદિરૂપ) સુગંધવાળાં પુષ્પો અને ફળો (શબ્દાદિ અનુભવો તથા તેથી ઉત્પન્ન થનારા રાગદ્વેષાદિ) ને ઉ-

ત્પન્ન કરનારાં (યજ્ઞાદિ) વૃક્ષો આખા વનને વ્યાપ્ત કરી રહ્યાં છે;[૧૦] તેમજ એ વનમાં (સ્વર્ગાદિ) સુગંધવાળાં તથા કેવળ એકજ (સુખરૂપજ) વર્ણવાળાં પુષ્પોને અને ફળોને (શબ્દાદિ અનુભવોને તથા તેથી થનારા આનંદને) ઉત્પન્ન કરનારાં (ધ્યાનાદિ) વૃક્ષો આખા વનને વ્યાપ્ત કરી રહ્યાં છે.[૧૧] વળી એ વનમાં અસ્પષ્ટ સ્વરૂપવાળાં અનેક (ભૂતકાળનાં, ભવિષ્યકાળનાં તથા વર્તમાન કાળનાં) પુષ્પોને તથા ફળોને (શબ્દાદિ અનુભવોને તથા તે અનુભવથી થનારા રાગદ્વેષને) ઉત્પન્ન કરનારાં મોટાં બે વૃક્ષો (બુદ્ધિ તથા મન) આખા વનને વ્યાપ્ત કરી રહ્યાં છે.[૧૨] તે વનમાં (આત્મારૂપી) એક અગ્નિ છે, મન અને બુદ્ધિરૂપી એક સરવો છે, પાંચ ઇંદ્રિયોરૂપી સમિધો છે, (મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ–એ) સાતેનો અગ્નિમાં હોમ કરવાથી (અર્થાત્ આત્મામાં પ્રવિલાપન કરવાથી) મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય છે, મુક્ત પુરુષોની દીક્ષાઓ ફળે છે. (પણ તેઓને બીજો દેહ આપનારી થતી નથી, કેમકે) તેઓને પ્રાપ્ત થયેલાં ફળ કેવળ ગુણરૂપજ હોય છે અને ફળોનો તો અતિથિઓજ (ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ) ઉપભોગ કરે છે.[૧૩] (તે તે ઇંદ્રિયોના દેવતાઓરૂપ) મહર્ષિઓ એ વનમાં ઠેકઠેકાણે (વિષયભોગરૂપ) અતિથિસત્કાર ગ્રહણ કરે છે અને પૂજાસત્કાર પામેલા તે મહર્ષિઓ પોતપોતાના (ઉત્પત્તિસ્થાનરૂપ) આશ્રમોમાં જ્યારે લીન થઇ જાય છે, ત્યારે (અદ્વૈતરૂપ) એક બીજુંજ વન પ્રકાશી નીકળે છે.[૧૪] એ વનમાં પ્રજ્ઞારૂપ (સાક્ષાત્કારરૂપ) એક વૃક્ષ છે, તેનાપર મોક્ષરૂપ એક ફળ છે, શાંતિરૂપ તેની છાયા છે, જ્ઞાનરૂપ તેની નીચે વિશ્રાંતિ લેવાનું એક સ્થાન છે, તૃપ્તિરૂપ ત્યાં જળ છે અને ક્ષેત્રજ્ઞ (આત્મા) રૂપ સૂર્ય તેની અંદર પ્રકાશી રહ્યો છે.[૧૫] જે સંત પુરુષો એ વૃક્ષને પ્રાપ્ત કરે છે, તેઓને ભય રહેતો નથી; કેમકે તે વૃક્ષનો ઉંચે, નીચે કે આડોઅવળો કયાંય અંતજ પામી શકાતો નથી.[૧૬] (એ વૃક્ષને પહોંચી વળેલા જીવન્મુક્ત) પુરુષમાં (ઘ્રાણ આદિની વૃત્તિઓરૂપ) સાત સ્ત્રીઓ નિવાસ કરે છે. તેઓ (જે વસ્તુનો સંકલ્પ થાય તે વસ્તુને) તત્કાળ ઉત્પન્ન કરી આપનારી હોય છે, (તે પુરુષને વશ કરવાને અશક્ત થઇને) શરમને લીધે નીચું મુખ કરીને તેની પાસે ઉભી રહે છે, (ચિજ્જ્યોતિના તેજથી) કેવળ પ્રકાશમય હોય છે અને સત્ય તથા અસત્યમાં જેમ ઘણું મોટું અંતર રહેલું છે, તેમ સર્વ પ્રજાઓ કરતાં સર્વોત્કૃષ્ટ રીતે સર્વ વિષયોના રસોને ગ્રહણ કરે છે. (અર્થાત્ સત્યમાં તથા અસત્યમાં જેટલું ભારે અંતર રહેલું છે, તેટલુંજ જ્ઞાની તથા મૂઢ પુરુષના સુખમાં ભારે અંતર રહેલું છે.) વસિષ્ઠ આદિ સિદ્ધ સપ્તર્ષિઓ (મન, બુદ્ધિ અને પાંચે ઇંદ્રિયો) ત્યાંજ ઉદય પામે છે અને ત્યાંજ અસ્ત પામી જાય છે.[૧૮] જેમ સર્વ નક્ષત્રો સૂર્યને અનુસરે છે, તેમ યશસ્વી, તેજસ્વી, ઐશ્વર્યવાન, વિજયી, સિદ્ધ તથા શક્તિમાન–આ સર્વે સૂર્યરૂપ એ ક્ષેત્રજ્ઞનેજ (આત્માનેજ) અનુસરી રહે છે.[૧૯] ગિરિઓ તથા પર્વતો ત્યાં એકત્ર રહ્યા છે અને નદીઓ તથા સરિતાઓ ત્યાં બ્રહ્મથી ઉત્પન્ન થયેલા જળને વહી રહી છે.[૨૦] ત્યાં વૈતાન (યોગયજ્ઞના વિસ્તારસ્થાનરૂપ હૃદયાકાશ) નામના અત્યંત ગૂઢ પ્રદેશમાં અનેક નદીઓનો સમાગમ થાય છે, જે દ્વારા પોતાના આત્મામાં તૃપ્ત રહેનારા પુરુષો સાક્ષાત બ્રહ્મદેવ પાસે જાય છે.[૨૧] જેઓની આશાઓ કૃશ થઇ ગયેલી હોય છે, જેઓ ઉત્તમ વ્રતો કરવાની વાસનાવાળા હોય છે અને જેઓએ તપશ્ચરણદ્વારા સર્વ પાપોને બાળી નાખ્યાં હોય છે તેવા પુરુષો, પોતાના મનનો આત્મામાં લય કરી દઇને બ્રહ્મની ઉપાસના કરે છે.[૨૨] વિદ્યારૂપી અરણ્યને જાણનારા મનુષ્યો આ બ્રહ્મોપાસનાના સંબંધમાં કેવળ એક શમનીજ પ્રશંસા કરે છે અને એ બ્રહ્મરૂપ અરણ્યને લક્ષ્યમાં રાખીને તથા બુદ્ધિની ગતિને ઉલ્લંઘન નહિ કરીને ઉત્પન્ન થાય છે.[૨૩] આ રીતે બ્રહ્મનિષ્ઠ પુરુષો એ પવિત્ર (બ્રહ્મ) અરણ્યને જાણે છે; અને તેને જાણીને તત્ત્વવસ્તુનું દર્શન કરનારા ક્ષેત્રજ્ઞવડે (શમદમાદિ સાધનોનું) અ-

નુષ્ઠાન કરે છે.'[૨૪]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"બ્રાહ્મણગીતા" એ વિષયનો અધ્યાય
૨૭ મો સમાપ્ત

અધ્યાય ૨૮ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

गंधान्न जिघ्रामि रसान्न वेद्मि ।
रूपं न पश्यामि न च स्पृशामि ॥
न चापि शब्दान् विविधान् शृणोमि ।
न चापि संकल्पमुपैमि कंचित् ॥ १ ॥

બ્રાહ્મણે કહ્યું:–"હું કોઈ જાતના ગંધોને સુંઘતો નથી, રસોને જાણતો નથી, રૂપને જોતો નથી, સ્પર્શ કરતો નથી, વિવિધ પ્રકારના શબ્દોને સાંભળતો નથી અને કોઈ પ્રકારના સંકલ્પને કરતો નથી.[૧] સ્વભાવ સર્વ ઇષ્ટ વિષયોની કામના કરે છે, સ્વભાવ સર્વ અપ્રિય વિષયોનો દ્વેષ કરે છે, સ્વભાવથી કામ તથા દ્વેષ ઉત્પન્ન થાય છે અને સ્વભાવથીજ પ્રાણ તથા અપાન,પ્રાણીઓનાં શરીરોમાં પ્રવેશ કરીને અન્નનું પાચન કરવું આદિ પોતપોતાનું કાર્ય કરે છે.[૨] જાગ્રત અવસ્થામાં જે બાહ્ય વિષયો જોવામાં આવે છે તેના કરતાં સ્વપ્નાવસ્થાના વાસનામય વિષયો ભિન્ન છે; તેમજ એ સ્વપ્નાવસ્થાના વિષયોમાં જે નિત્ય ભાવો જોવામાં આવે છે, તેઓના કરતાં પણ શરીરમાં રહેલા ભૂતાત્માને યોગીઓ ભિન્ન જુએ છે. આ ભૂતાત્માવિષે હું આસક્ત થયો છું, જેથી કામ,ક્રોધ, જરા તથા મૃત્યુવડે હું કોઇ રીતે પણ ઘેરાઇ જતો નથી.[૩] હું સર્વ કામનાઓની અભિલાષા રાખતો નથી તેમ સર્વ દોષોનો કદી દ્વેષ કરતો નથી. જેમ કમળના પાંદડા ઉપર જળના બિંદુનો લેપ થતો નથી, તેમ મારા સ્વભાવમાં કોઇપણ વિષયનો લેપ થતો નથી.[૪] આ પ્રત્યગાત્મા નિત્ય છે,તેથી તેના સંકલ્પો પણ નિત્ય છે. આ દશ્યમાન પ્રપંચનું ભોગજાળ ધ્રાતા વગેરે અનેકના સ્વભાવરૂપ હોઇને જ્ઞાની પુરુષવિષે કંઇ અસર કરી શકતું નથી. જેમ સૂર્યનું કિરણજાળ આકાશમાં કયાંય આસક્ત થઇ શકતું નથી, તેમ કર્મો કરવામાં આવે છે છતાં તેનાં ફળ જ્ઞાની પુરુષને બાંધી શકતાં નથી.[૫]

આ વિષયમાં પણ એક અધ્વર્યુ અને યતિના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, તેને હે યશસ્વિનિ! તું સાંભળ.[૬] એક યજ્ઞકર્મમાં પશુને પ્રોક્ષણ કરાતો જોઈ સમીપમાં બેઠેલા એક યતિએ એક અધ્વર્યુને નિંદા કરતાં કરતાં કહ્યુંકે:–"આ હિંસા છે." ત્યારે અધ્વર્યુએ તેને ઉત્તર આપ્યો કે:–"આ બકરો વિનાશ પામશે નહિ; અને જો શ્રુતિને પ્રમાણ માનવામાં આવે છે, તો આ પશુનું અવશ્ય કલ્યાણ થશે. આનામાં જે પૃથ્વીનો ભાગ છે તે પૃથ્વીમાં જશે, જળનો ભાગ છે તે જળમાં જશે, તેનાં નેત્રો સૂર્યમાં દાખલ થશે, શ્રોત્રેન્દ્રિય દિશાઓમાં જશે અને પ્રાણ આકાશમાં પ્રવેશ કરી જશે. શાસ્ત્રમાં કહેલા માર્ગ પ્રમાણે વર્તનારા મને આથી કોઇ પ્રકારનો દોષ લાગશે નહિ.[૮–૧૦]

યતિએ કહ્યું:–"બકરાના પ્રાણવિયોગમાં તું એનું કલ્યાણ જોઇ શકે છે, તો આ યજ્ઞ કેવળ.બકરાને માટેજ છે–બકરાનુંજ કલ્યાણ કરનારો છે. તેની સાથે તારે શું પ્રયોજન રહેલું છે?[૧૧] છતાં આ વિષયમાં આ બકરાના ભાઇએ, માતાએ, પિતાએ તથા મિત્રે તને સંમતિ આપવી જોઇએ; માટે વિશેષે કરીને પરતંત્ર એવા આ બકરાને ઉંચકી લઇ જઇને તું (તેના સંબંધીઓ સાથે) આ વિષયમાં વિચાર ચલાવ. તું જે પ્રમાણે કહે છે તે જો સત્ય હશે તો તેઓ તને એ પ્રમાણેજ અનુમતિ આપશે, માટે તારે તેઓને મળવું યોગ્ય છે. તેઓની અનુમતિ સાંભળ્યા પછી તું (આનો વધ કરવાના સંબંધમાં) વિચાર કરી શકે.[૧૩] તેં આ બકરાના પ્રાણોને પોતપોતાનાં ઉત્પત્તિસ્થાનોમાં જો પહોંચાડી દીધા છે,તો પછી તેનું આ અવશેષ રહેલું શરીર કેવળ નિશ્ચેષ્ટજ છે–ચેતનારહિત છે, એમ હું માનું છું.[૧૪] આનું શરીર, જે ચેતનરહિત હોઇને કેવળ કાષ્ઠતુલ્યજ છે,છતાં

તેના વડે યજ્ઞ કરવાની ઇચ્છાવાળાઓને હિંસા(દોષ) લાગેજ છે; કેમકે આ કાષ્ઠ પશુસંજ્ઞાવાળું છે.[૧૫] વૃદ્ધોની એવી આજ્ઞા છે કેઃ– “अहिंसा सर्वधर्माणाम्”– સર્વ ધર્મોમાં અહિંસા મુખ્ય હોવી જોઈએ અને તેથીજ અમે જાણીએ છીએ કે, જે કર્મ અહિંસ્ર હોય–હિંસાદોષથી રહિત હોય તેજ કર્મ કરવું જોઈએ. અહિંસા એજ (સર્વ ધર્મોની) જો પ્રતિજ્ઞા છે તો હવે પછી હું એજ કહેવા માગું છું કે, (તું આવાં હિંસક કર્મોને જો નહિ છોડે તો) તારે હાથે અનેક પ્રકારનાં દુષ્ટ કાર્યો થયા કરશે.[૧૭] અમને તો નિત્ય એજ રુચે કેઃ–“आहिंसा सर्व भूतानाम्–કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી.” અમે પ્રત્યક્ષને સિદ્ધ કરનારા છીએ, પરોક્ષનું ઉપાસન કરતા નથી.”[૧૮]

અધ્વર્યુએ કહ્યુંઃ–“તું પૃથ્વીના ગંધગુણોનો ઉપભોગ કરે છે, જળમય રસોનું પાન કરે છે, જ્યોતિષપદાર્થોના રૂપને જુએ છે, વાયુજન્ય ગુણોનો સ્પર્શ કરે છે, આકાશજન્ય શબ્દોને સાંભળે છે, મનવડે મંતવ્યને માને છે; અને વળી તું માને પણ છે કે, આ સર્વ ભૂતો કેવળ પ્રાણમય છે,[૧૯,૨૦] જેથી તું હિંસાકર્મથી નિવૃત્ત થયો છે છતાં પણ હિંસાકર્મમાં પ્રવૃત્તિ કરીજ રહ્યો છે; કેમકે હિંસાવિના કોઇ પ્રકારની ચેષ્ટા થઇ શકતી નથી, તો હે દ્વિજ ! આ વિષયમાં તું શું માને છે?”[૨૧]

યતિએ કહ્યુંઃ–“ આત્માનાં બે સ્વરૂપો છે એક અક્ષર અને બીજું ક્ષર. તેમાં અક્ષર એ સદ્ભાવરૂપ–એટલે સદ્રૂપ કહેવાય છે અને ક્ષર એ સ્વભાવ એટલે અત્યંત અભાવરૂપ કહેવાય છે.[૨૨] પ્રાણ, જિહ્વા, મન અને બુદ્ધિ, એ માયાથી યુક્ત રહેલો સદ્ભાવજ છે–અર્થાત્ ભ્રાંતિયુક્ત એવું જે સત્ તેજ પ્રાણાદિ વ્યવહારનું સ્વરૂપ છે. જે પુરુષ પૂર્વોક્ત પ્રાણ આદિ ભાવોથી મુક્ત થયેલો હોય છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત થયેલો હોય છે, સર્વ આશાઓથી મુક્ત થયેલો હોય છે, પ્રાણીમાત્ર ઉપર સમદૃષ્ટિ રાખનારો હોય છે, મમતારહિત હોય છે, મનને વશ રાખનારો હોય છે અને ચોતરફથી સર્વથા મુક્ત થયેલો હોય છે,તે પુરુષને કોઈ સ્થળે ભય નથી.”[૨૩,૨૪]

અધ્વર્યુએ કહ્યુંઃ–“ હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ યતિ ! મનુષ્યે સત્પુરુષોની સાથેજ નિત્ય સહવાસ કરવો જોઈએ. તમારો મત સાંભળીને મારી બુદ્ધિ પ્રકાશમાન થઇ છે.[૨૫] હે ભગવન્! હું તમારી બુદ્ધિથી યુક્ત થઇને કહું છું કે,તમારા ઉપદેશ પ્રમાણે વર્તીને હું મંત્રકૃત કર્મ કરીશ તોપણ તેમાં મારો કાંઇ અપરાધ થશે નહિ.”[૨૬]

બ્રાહ્મણે કહ્યુંઃ–અધ્વર્યુની એ ઉપપત્તિથી (યુક્તિવાદથી)યતિ ચૂપ થઈ ગયો અને પછી અધ્વર્યુ પણ મોહરહિત થઇને મહાયજ્ઞ કરવા લાગ્યો.[૨૭] આ રીતે અત્યંત સૂક્ષ્મ એવા મોક્ષના સ્વરૂપને બ્રાહ્મણો જાણે છે અને તેને જાણીને અર્થને જોનારા ક્ષેત્રજ્ઞવડે (શમાદિ સાધનોનું) અનુષ્ઠાન કરે છે.”[૨૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતાપર્વમાં
“બ્રાહ્મણગીતા” એ વિષયનો અધ્યાય
૨૮ મો સમાપ્ત

અધ્યાય ૨૯ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
कार्त्तवीर्यस्य संवादं समुद्रस्य च भाविनि॥१॥

બ્રાહ્મણે કહ્યુંઃ—હે ભાવવાળી સ્ત્રિ ! આ વિષયમાં પણ કાર્ત્તવીર્ય (સહસ્રાર્જુન) અને સમુદ્રના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧] પૂર્વે કાર્ત્તવીર્ય અર્જુન નામનો હજાર હાથવાળો એક રાજા હતો, જેણે સમુદ્ર સુધીની આખી પૃથ્વીને પોતાના ધનુષવડે જીતી હતી.[૨] બળથી ગર્વિષ્ઠ એવો તે રાજા કોઇ એક સમયે સમુદ્રની સમીપમાં ફરતો હતો અને સેંકડો બાણો છોડી મૂકીને સમુદ્રને છાઇ દેતો હતો, એમ અમે સાંભળ્યું છે.[૩] તે વેળા સમુદ્રે બે હાથ જોડી, નમસ્કાર કરીને તેને કહ્યું કેઃ–“હે વીર! તું આ

રીતે બાણો ફેંક મા; પણ મને કહે કે, હું તારૂં શું પ્રિય કરૂં ?[૪] હે રાજસિંહ ! તેં છોડેલાં મહાન બાણોને લીધે મારો આશ્રય કરી રહેલાં પ્રાણીઓનો વિનાશ થઈ જાય છે, માટે હે રાજા ! તું તેઓને અભય આપ."[૫]

સહસ્રાર્જુને કહ્યું:–" સંગ્રામમાં મારા સમાન જો કોઈ ધનુર્ધારી કોઇ સ્થળે હોય તો તેને તું મને કહે, કે જે યુદ્ધમાં મારી સામે ઉભો રહે."

સમુદ્રે કહ્યું:—" હે રાજન્ ! મહર્ષિ જમદગ્નિ જો તારા સાંભળવામાં આવ્યા હશે. તેનો એક પુત્ર છે, તે તારો યથાવત્ અતિથિસત્કાર કરવાને યોગ્ય છે. "[૭]

તે સાંભળ્યા પછી રાજા કાર્ત્તવીર્ય મહાક્રોધથી ઘેરાઇ ગયો. તે જમદગ્નિના આશ્રમમાં જઈને પરશુરામ પાસેજ જઈ પહોંચ્યો.[૮] તેણે પોતાના બંધુઓની સાથે પરશુરામ તરફ વિરુદ્ધ આચરણો કરવા માંડયાં અને મહાત્મા રામને પરિશ્રમ (કંટાળો) ઉપજાવવા માંડયો.[૯] ત્યારે અમાપ તેજવાળા પરશુરામનું તેજ એકદમ પ્રજ્વળી ઉઠયું, કે જેથી હે કમળસમાન નેત્રવાળી સ્ત્રિ ! શત્રુઓનાં સૈન્યો અત્યંત બળવા માંડયાં. પરશુરામે હાથમાં ફરસી લઇને મોટી શાખાઓવાળા એક વૃક્ષને જેમ કાપી નાખવામાં આવે તેમ હજાર હાથવાળા સહસ્રાર્જુનને એકાએક કાપી નાખ્યો.[૧૧] એરીતે કાર્ત્તવીર્યને હણાઇ પડેલો જોઇ તેના સર્વ બાંધવો તરવારો તથા શક્તિઓ લઇ લઈને એકી સાથે પરશુરામ સામા ધસી ગયા,[૧૨] એટલે પરશુરામ પણ હાથમાં ધનુષ્ય લઇ ઉતાવળા ઉતાવળા રથ ઉપર ચઢી બેઠા અને બાણોનો વરસાદ વરસાવીને રાજાઓના સૈન્યને સંહારવા માંડયા.[૧૩] તે સમયે કેટલાએક ક્ષત્રિયો પરશુરામના ભયથી વિહ્વળ થઇને સિંહના ભયથી વિહ્વળ થયેલા મૃગોની પેઠે પર્વતોની ખીણોમાં ભરાઇ પેઠા.[૧૪] તેઓ પરશુરામના ભયને લીધે પોતાનું શાસ્ત્રોક્ત કર્મ આચરી શકયા નહિ, જેથી તેઓની પ્રજાઓ (સંતતિ) બ્રાહ્મણોના અદર્શનને લીધે શૂદ્ર બની ગઈ.[૧૫] એ પ્રમાણે ક્ષાત્રધર્મનો ઉચ્છેદ થઇ જવાથી પૂર્વોક્ત ક્ષત્રિય પ્રજાઓ દ્રાવિડ, આભીર, પુંડ્ર અને શબરજાતિઓની સાથે શૂદ્ર બની ગઇ. તે પછી જેઓના સ્વામીઓ માર્યા ગયા હતા એવી ક્ષત્રિયજાતિનીસ્ત્રીઓમાં બ્રાહ્મણોએ ક્ષત્રિયોને ઉત્પન્ન કરવા માંડયા; પણ તેઓ જેમ જેમ ઉત્પન્ન થતા ગયા તેમ તેમ પરશુરામે તેઓને કાપી નાખવા માંડયા.[૧૭] આ રીતે એકવીસવાર યુદ્ધયજ્ઞો થયા પછી દિવ્ય, મધુર અને સર્વ લોકમાં સંભળાયેલી આકાશવાણીએ પરશુરામને કહ્યું કે:– "હે રામ ! ઓ રામ! આ કૃત્યથી હવે તું વિરામ પામ. હે તાત ! આ અધમ ક્ષત્રિયોનો વારંવાર આ પ્રમાણે સંહાર કરીને તું કયા પુણ્યને જુએ છે ?"[૧૯] તેમજ ઋચીક આદિ પરશુરામના પિતામહોએ પણ તેને કહ્યું કે:–" હે મહાભાગ ! આ કૃત્યથી હવે તું વિરમી જા."[૨૦] પણ પોતાના પિતાના વધને નહિ સહન કરનારા પરશુરામે તે ઋષિઓપ્રત્યે કહ્યું કે:–" તમે આ કૃત્યમાં મને અટકાવવાને યોગ્ય નથી."[૨૧]

ત્યારે પિતૃઓએ કહ્યું:–" હે વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ રામ ! આ અધમ ક્ષત્રિયોનો નાશ કરવાને તું યોગ્ય નથી. વળી તું બ્રાહ્મણ છે, તેથી તારે રાજાઓને મારી નાખવા તે યોગ્ય નથી."

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" બ્રાહ્મણગીતા " એ વિષયનો
અધ્યાય ૨૯ મો સમાપ્ત

અધ્યાય ૩૦ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ पितर उचु ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
श्रुत्वा च तत्तथा कार्यं भवता द्विजसत्तम॥१॥

પિતૃઓએ કહ્યું:–" (હિંસા એ અકાર્ય છે) આ વિષયમાં પણ આ પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, તેને સાંભળીને હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તારે તે પ્રમાણે કરવું.[૧] પૂર્વે અલર્ક નામનો એક રાજર્ષિ હતો. તે મહાતપસ્વી હતો, ધર્મને જાણનારો હતો, સત્યવાદી હતો, મહાત્મા હતો અને મહા દૃઢવ્રતને ધારણ

કરનારો હતો.[૨] તેણે સમુદ્રસુધીની આ પૃથ્વીને પોતાના ધનુષ્યવડે જીતી લઈને તથા મહાદુષ્કર કર્મ કરીને પોતાના મનને સૂક્ષ્મ વિચારમાં સ્થાપિત કર્યું.[૩] એક સમયે મહાબુદ્ધિમાન એવો તે રાજા એક વૃક્ષના મૂળ પાસે બેઠો હતો, ત્યારે તેના મનમાં ઘણાં મોટાં કર્મનો ત્યાગ કરીને કેવળ એક બ્રહ્મનેજ પ્રાપ્ત કરવાની ચિંતા થવા લાગી.[૪]

અલર્કે કહ્યું:-" મારૂં મન હવે બળવાન બની ગયું છે, માટે મનને જીતીનેજ મારો અવશ્ય વિજય થશે. હું હમણાં (ઈંદ્રિયોરૂપી આંતર) શત્રુઓથી ઘેરાઈ ગયો છું, માટે (બાહ્ય)શત્રુઓપર બાણ ન છોડતાં કોઈ જૂદીજ દિશામાં (આંતર શત્રુઓ ઉપરજ) બાણો છોડીશ.[૫] આ મન પોતાની ચપળતાને લીધે સર્વ મનુષ્યો પાસે કર્મ કરાવવા ઈચ્છે છે; માટે હું મનપ્રત્યેજ મહાતીક્ષ્ણ બાણો છોડીશ. "[૬]

મને કહ્યું:-" હે અલર્ક ! આ બાણો મને કોઈપણ પ્રકારે વિંધી શકશે નહિ, પણ ઉલટાં તારાંજ મર્મસ્થાનોને કાપી નાખશે અને મર્મસ્થાનો કપાઈ જશે એટલે તુંજ મરી જઈશ;* માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણો તું શોધી કાઢ. " તે સાંભળી કંઈક વિચાર કરીને રાજાએ આવું વચન કહ્યું.[૮]

અલર્કે કહ્યું:-" આ ઘ્રાણેન્દ્રિય અનેક પ્રકારના ગંધોને સુંઘીને પાછી તેમાંજ લુબ્ધ બની જાય છે, માટે હું ઘ્રાણેન્દ્રિયપ્રત્યે મારાં તીક્ષ્ણ બાણો છોડીશ."[૯]

ઘ્રાણેન્દ્રિયે કહ્યું:-" હે અલર્ક! આ બાણો મને કોઈ પણ પ્રકારે વિંધી શકશે નહિ; પણ ઉલટાં તારાંજ મર્મસ્થાનોને ભેદી નાખશે અને મર્મસ્થાનો કપાઈ જશે, એટલે તુંજ મરી જઈશ;[૧૦] માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણો તું શોધી કાઢ. " તે સાંભળી કંઈક વિચાર કરીને રાજાએ આ પ્રમાણે કહ્યું.[૧૧]

અલર્કે કહ્યું:-" આ જિહ્વા સ્વાદિષ્ટ રસોનો સ્વાદ લઈને પાછી તેમાંજ લુબ્ધ બની જાય છે, માટે હું તેનાપ્રત્યે મારાં તીક્ષ્ણ બાણો છોડીશ."[૧૨]

જિહ્વાએ કહ્યું:-" હે અલર્ક ! આ બાણો કોઈપણ પ્રકારે મને વિંધી શકશે નહિ, પણ ઉલટાં તારાંજ મર્મસ્થાનોને કાપી નાખશે; અને મર્મસ્થાનો કપાઈ જશે એટલે તુંજ મરી જઈશ,[૧૩] માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણો તું શોધી કાઢ." તે સાંભળી કંઈક વિચાર કરીને રાજાએ આવું વચન કહ્યું.[૧૪]

અલર્કે કહ્યું:- " આ ત્વચાઈંદ્રિય અનેક પ્રકારના સ્પર્શો કરીને પણ પાછી તેમાં લુબ્ધ થાય છે, માટે જાતજાતનાં બાણો છોડીને હું આ ત્વચાનેજ ચીરી નાખીશ. "[૧૫]

ત્વચાએ કહ્યું:-" હે અલર્ક ! તારાં આ બાણો મને વિંધી શકશે નહિ,પણ ઉલટાં તારાં મર્મસ્થાનો કાપી નાખશે અને મર્મસ્થાનો કપાઈ જશે એટલે તુંજ મરી જઈશ;માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણો તું શોધી કાઢ. " તે સાંભળી કંઈક વિચાર કરીને રાજાએ કહ્યું.[૧૭]

અલર્કે કહ્યું:-" આ શ્રોત્ર ઈંદ્રિય અનેક પ્રકારના શબ્દો સાંભળીને પણ પાછી તેમાં લુબ્ધ બની જાય છે; માટે હું મારાં તીક્ષ્ણ બાણો તેના તરફ છોડીશ. "[૧૮]

શ્રોત્રે કહ્યું:-"હે અલર્ક ! આ બાણો મને કોઈપણ પ્રકારે વિંધી શકશે નહિ. ઉલટાં તારાંજ મર્મસ્થાનોને કાપી નાખશે, જેથી તું જીવિતને ખોઈ બેસીશ;[૧૯] માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણો તું શોધી કાઢ. " તે સાંભળી કંઈક વિચાર કરીને રાજાએ કહ્યું.[૨૦]

અલર્કે કહ્યું:-"આ ચક્ષુ અનેક પ્રકારનાં રૂપો જોઈને પાછું તેમાંજ લુબ્ધ બની જાય છે; માટે હું તીક્ષ્ણ બાણોવડે તેનોજ નાશ કરીશ. "[૨૧]

ચક્ષુએ કહ્યું:-"હે અલર્ક! આ બાણો મને કોઈ પણ પ્રકારે વિંધી શકશે નહિ, પણ ઉલટાં તારાંજ મર્મસ્થાનોને કાપી નાખશે; અને

---

* અર્થાત્ હઠયોગ કરવાથી મનુષ્યનું અવશ્ય મૃત્યુ થાય છે.

મર્મસ્થાનો કપાઇ જશે એટલે તુંજ મરી જઇશ;[૨૨] માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણોને તું શોધી કાઢ. ” તે સાંભળી, કંઇક વિચાર કરીને રાજાએ કહ્યું.[૨૩]

અલર્કે કહ્યું:–“ આ બુદ્ધિ જ્ઞાનશક્તિના યોગને લીધે અનેક પ્રકારના નિશ્ચયો કરે છે, માટે હું બુદ્ધિપ્રત્યે તીક્ષ્ણ બાણો છોડી મૂકીશ.”

બુદ્ધિએ કહ્યું:–“ હે અલર્ક ! આ બાણો મને કોઇપણ પ્રકારે વિંધી શકશે નહિ પણ ઉલટાં તારાં મર્મસ્થાનોને કાપી નાખશે; અને મર્મસ્થાનો કપાઇ જશે એટલે તુંજ મરી જઇશ, માટે જે બાણોવડે તું મારો નાશ કરી શકે તેવાં બીજાં બાણો તું શોધી કાઢ. ”

*બ્રાહ્મણે કહ્યું:--તે પછી અલર્કે દુષ્કર એવું ઘોર તપ કરવા માંડયું;પણ (પાંચ ઇંદ્રિયો, મન તથા બુદ્ધિ) આ સાત ઉપર (સારી અસર કરે તેવું) શક્તિથી શ્રેષ્ઠ બાણ તેને મળ્યુંજ નહિ.[૨૬] પછી રાજા અલર્કે ચિત્તને અત્યંત એકાગ્ર કરી વિચાર કર્યો અને લાંબો કાળ વિચાર કરીને પણ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મહાબુદ્ધિમાન તે રાજાને (રાજ) યોગ કરતાં શ્રેષ્ઠ એવું બીજું કંઇ પણ મળ્યું નહિ. તેણે મનને એકાગ્ર કરી નિશ્ચલ થઇને યોગનો આશ્રય કર્યો;[૨૮] એટલે તુરતજ તે વીર્યવાન રાજાએ માત્ર એકજ બાણથી સર્વ ઇંદ્રિયોનો નાશ કરી નાખ્યો અને યોગદ્વારા આત્મસ્વરૂપમાં પ્રવેશ કરી તે પરમ સિદ્ધિને પામ્યો.[૨૯] રાજર્ષિ અલર્ક, તે વેળા અત્યંત આશ્ચર્ય પામીને આવી એક ગાથા બોલ્યો હતો કેઃ–“ અહો ! ઘણી ખેદની વાત છે કે, ભોગ તથા તૃષ્ણાઓથી યુક્ત થઇને અમે પ્રથમ રાજ્યનું ઉપાસન કર્યું અને આજ દિનપર્યંત સર્વ બાહ્ય અનુષ્ઠાનો કર્યાં; પરંતુ પાછળથી મેં આ પ્રમાણે જાણી લીધું છે કે, યોગના કરતાં શ્રેષ્ઠ એવું કોઈ સુખ નથી, માટે હે પરશુરામ! તું પણ તે પ્રમાણે સમજ અને આ ક્ષત્રિયોનો સંહાર કર મા. તું ઘોર તપશ્ચર્યા કર, જેથી તને શ્રેય પ્રાપ્ત થશે. ”[૩૨]

પોતાના પિતામહોએ એ પ્રમાણે કહ્યું, એટલે પરશુરામે ઘોર તપશ્ચર્યા કરી, જેથી તે મહાભાગ દુર્લભ સિદ્ધિને પામ્યા.[૩૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ બ્રાહ્મણગીતા ” એ વિષયનો અધ્યાય ૩૦ મો સમાપ્ત

અધ્યાય ૩૧ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

त्रयो वै रिपवो लोके नवधा गुणतः स्मृताः ।
प्रहर्षः प्रीतिरानंदस्त्रयस्ते सात्विका गुणाः॥१॥

બ્રાહ્મણે કહ્યું:–લોકમાં (સત્વાદિ) ત્રણ ગુણોજ શત્રુઓરૂપ છે, જેઓને વૃત્તિના ભેદને લીધે નવ પ્રકારના કહેવામાં આવ્યા છે. પ્રહર્ષ (ઇષ્ટપ્રાપ્તિનો નિશ્ચય થતાં જે સુખ થાય છે તે),પ્રીતિ (ઇષ્ટની પ્રાપ્તિ થતાં જે સંતોષ થાય છે તે)અને આનંદ (ઈષ્ટનો ઉપભોગ કરતાં જે સુખ થાય છે તે)–આ ત્રણ સત્વગુણની વૃત્તિઓ છે.[૧] તૃષ્ણા, ક્રોધ અને અભિસંરંભ (દ્વેષનો આવેશ)–આ ત્રણ રજોગુણની વૃત્તિઓ છે; અને શ્રમ, તંદ્રા તથા મોહ–આ ત્રણ તમોગુણની વૃત્તિઓ છે.[૨] ધૃતિમાન પુરુષે તંદ્રારહિત થઇને (શમાદિ) બાણસમુદાયોવડે એ ત્રણે ગુણોનો પ્રથમ નાશ કરવો જોઇએ અને પછી ઇંદ્રિયોને જીતીને તથા પ્રશાંત–ચિત્ત થઈને બીજાઓને જીતવાનો ઉત્સાહ કરવો જોઇએ. આ વિષયમાં પુરાતની કલ્પવેત્તા મનુષ્યો, શાંત થયેલા અંબરીષરાજાએ જે ગાથાઓ ગાઇ હતી તે ગાથાઓને ગાય છે.[૪] જે સમયે દોષોની+ વૃદ્ધિ થઈ પડી અને સત્પુરુષો પીડાવા લાગ્યા, તે સમયે મહાયશસ્વી અંબરીષ

---

* અહીં “બ્રાહ્મણે કહ્યું” તેને બદલે “પિતૃઓએ કહ્યું” એમ હોય તોજ સંબંધ બેસે; કેમકે પિતૃઓ પરશુરામને કહી રહ્યા છે, તેમજ હવે પછીના ૨૭મા શ્લોકમાં પિતૃઓએ પરશુરામને “હે શ્રેષ્ઠ બ્રાહ્મણ”એવું સંબોધન પણ આપેલું છે.

+ દોષોની વૃદ્ધિ થઇ પડી એટલે રાગાદિ દોષો વધી પડ્યા; અને સત્પુરુષો પીડાવા લાગ્યા એટલે શમદમાદિ ગુણોનો હ્રાસ થવા લાગ્યો.

રાજાએ પોતાના બળથી રાજ્ય ગ્રહણ કર્યું.[૫] તે રાજા પોતાના દોષોનો નિગ્રહ કરીને તથા સત્પુરુષોને સન્માન આપીને મોટી સિદ્ધિને પામ્યો અને પછી તેણે આવી ગાથાઓ ગાઇ હતીઃ–[૬] “મેં લગભગ સર્વ દોષોને જીતી લીધા છે અને સર્વ શત્રુઓનો નાશ કર્યો છે, તોપણ જે એક દોષ ઘણો મોટો હોઈને નાશ કરવા યોગ્ય છે તેનો મેં નાશ કર્યો નથી, કે જેનાથી પ્રેરાયેલો જીવ કદી તૃષ્ણારહિત થતો નથી અને તૃષ્ણાથી વિહ્વળ થઇને નીચ કર્મો તરફ દોડી જતાં જરા પણ સમજતો નથી; વળી જે દોષથી પ્રેરાયેલો મનુષ્ય અકાર્યનું પણ સેવન કરે છે, તે લોભરૂપી દોષને તીક્ષ્ણ તરવારોવડે કાપીનાખો, કાપીનાખો. લોભમાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે, તૃષ્ણામાંથી ચિંતા ઉત્પન્ન થાય છે; અને મનુષ્ય જેમ જેમ કંઇ મેળવવાની ઇચ્છા કરે છે, તેમ તેમ તેને લગભગ રાજસ્ ગુણોનો લાભ થાય છે; એટલુંજ નહિ પણ તેને પોતાની ઇષ્ટ વસ્તુનો જો લાભ થતો નથી તો (તે બદલ) ઘણાખરા તામસ ગુણોનો લાભ થાય છે.[૧૦] તે પછી એ મનુષ્ય તે તે ગુણોને લીધે દેહબંધનથી જકડાઈ જઇને વારંવાર જન્મ ધારણ કરે છે અને કર્મચેષ્ટાઓ કરે છે. વળી તે જન્મના નાશસમયે છિન્ન ભિન્ન દેહવાળો થઇને મૃત્યુ પામે છે અને પુનઃ જન્મે છે;[૧૧] માટે આ વિષયનો સારી રીતે વિચાર કરીને તથા પોતાના ધૈર્યબળથી લોભનો નિગ્રહ કરીને આત્મસ્વરૂપમાંજ રાજ્ય(કરવા)ની ઈચ્છા કરવી. બસ આનું નામજ રાજ્ય છે, આ સિવાયનું લોકમાં બીજું રાજ્ય નથી. (આ રાજ્યમાં) આત્માજ એક રાજાતરીકે યથાવત્ જાણીતો છે.”[૧૨]

એ પ્રમાણે એક લોભનો નાશ કરનારા યશસ્વી રાજા અંબરીષે (પરમાનંદરૂપ) અધિરાજ્ય અથવા સ્વારાજ્યને મુખ્ય માનીને તે ગાથાઓ ગાઇ હતી.[૧૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ બ્રાહ્મણગીતા ” એ વિષયનો
અધ્યાય ૩૨ મો સમાપ્ત

અધ્યાય ૩૨ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
ब्राह्मणस्य च संवादं जनकस्य च भाविनि ॥

બ્રાહ્મણે કહ્યું:– હે ભાવવાળી સ્ત્રી ! આ વિષયમાં પણ એક બ્રાહ્મણ તથા જનકરાજાના સંવાદરૂપ પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે. એક સમયે જનકરાજાએ કોઇજાતના અપરાધમાં આવેલા એક બ્રાહ્મણને શિક્ષા કરવામાટે કહ્યું કેઃ–“ તારે મારા રાજ્યમાં રહેવું નહિ.”રાજાએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે તે બ્રાહ્મણે મહારાજા જનકપ્રત્યે કહ્યું કેઃ– “ હે રાજન્ ! જેટલો દેશ તારા પોતાના સ્વાધીનમાં હોય તે તું મને કહે; કેમકે હું બીજા રાજાના દેશમાં રહેવામાટે ઈચ્છું છું અને હે રાજા! શાસ્ત્રને અનુસરી તારા વચનને માન્ય કરવા ઈચ્છું છું. ”[૩,૪]

યશસ્વી બ્રાહ્મણે એ પ્રમાણે કહ્યું, ત્યારે રાજા વારંવાર ઉષ્ણ નિઃશ્વાસ નાખવા લાગ્યો અને કંઇ પણ બોલ્યો નહિ.[૫] જેમ રાહુ સૂર્ય તરફ એકદમ ધસી જાય છે (અને તે સમયે સૂર્ય જેમ શ્યામ થઇ જાય છે), તેમ વિચારમગ્ન અવસ્થામાં બેઠેલા તે પ્રતાપી રાજા તરફ કશ્મલે (વિચારોની ગુંચવણીએ) એકદમ ધસારો કર્યો. (અને તે સમયે તે રાજાનું મુખ શ્યામ થઇ ગયું.)[૬] પછી એક મુહૂર્ત જેટલા સમયમાં તે કશ્મલ જ્યારે દૂર થયું, ત્યારે રાજા શાંત થયો અને તે બ્રાહ્મણને આવું વાકય કહેવા લાગ્યો.

જનકે કહ્યું:– “મારા પિતા અને પિતામહોના આ રાજ્યમાં ઘણા ઘણા દેશ મારા સ્વાધીનમાં છે, પણ હું આખી પૃથ્વીને શોધી વળ્યો છતાં કોઈ પણ દેશ મારો પોતાનો હોય એમ મને જણાતું નથી.[૮] મેં એ પ્રમાણે આખી પૃથ્વીપર કંઈ ન મેળવ્યું ત્યારે મિથિલા નગરીમાં શોધ કરવા માંડી અને તેમાં પણ મને કંઇ ન મળ્યું, ત્યારે મેં મારી પ્રજાઓમાં (સ્-

તતિમાં) શોધ કરવા માંડી;૯ પણ જ્યારે તેમાં પણ મને કંઇ ન મળ્યું, ત્યારે મને કશ્મલ (વિચારનો ગોટાળો) થયો અને કશ્મલને અંતે મારી બુદ્ધિ પુનઃ ઠેકાણે આવી.૧૦ હવે હું એમ માનું છું કે, આ સર્વ દેશ મારો છે અથવા મારો નથી. આ આત્મા પણ મારો નથી અથવા સર્વ પૃથ્વી પણ મારી નથી.૧૧ હે ઉત્તમ બ્રાહ્મણ! હું માનું છું કે, જેમ જે કંઇ મારૂં છે તેમ તે બીજાઓનું પણ છે;માટે જ્યાંસુધી તારો ઉત્સાહ હોય ત્યાંસુધી તું અહીં રહે અને જ્યાંસુધી રહેવાય ત્યાંસુધી તેને ભોગવ."૧૨

બ્રાહ્મણે પૂછ્યું:– "પોતાના પિતાના તથા પિતામહોના રાજ્યમાં ઘણા ઘણા દેશ તારા સ્વાધીનમાં છે; છતાં તેં કયી બુદ્ધિનો આશ્રય કરીને (તેપરની) મમતાનો ત્યાગ કર્યો? તે તું મને કહે. કયી બુદ્ધિનો આશ્રય કરીને તું માને છે કે સર્વ દેશ મારો છે? અને કયા કારણથી તું સર્વ દેશને તારો જાણતો નથી? તે મને કહે.

જનકે કહ્યું:– "આ જગતમાં સર્વ કર્મોવિષે (ધનવાનપણું, દરિદ્રપણું આદિ) અવસ્થાઓ નાશવંત જાણવામાં આવી છે. આ ઉપરથી "આ વસ્તુ મારી છે" એમ હું મારી બુદ્ધિથી જાણતો નથી.૧૫ વળી વેદનું વચન છે કે, "कस्य इदम्, कस्य स्वम्–આ કોનું છે? આ ધન કોનું છે?" આ ઉપરથી "આ વસ્તુ મારી છે" એમ હું મારી બુદ્ધિવડે જાણતો નથી.૧૬ આ બુદ્ધિનો આશ્રય કરીને મેં મમત્વનો ત્યાગ કર્યો છે. હવે જે બુદ્ધિને જાણીને સર્વત્ર મારો પ્રદેશ છે, એમ હું કહું છું, તે વિષે સાંભળ.૧૭ હું ઘ્રાણેન્દ્રિયના વિષયરૂપ થયેલા ગંધોને પણ મારા પોતાનામાટે ઇચ્છતો નથી, જેથી (આપોઆપ) જીતાઇ ગયેલી પૃથ્વી નિત્ય મારા સ્વાધીનમાં રહે છે. હું મારા મુખની અંદર રહેલા રસોને પણ મારા પોતાને માટે ઇચ્છતો નથી, જેથી જીતાઈ ગયેલાં જળ નિત્ય મારા સ્વાધીનમાં રહે છે.૧૯ મારા ચક્ષુનું જ્યોતિ તથા તે ચક્ષુદ્વારા ગ્રહણ કરવામાં આવતું રૂપ હું મારા પોતાને માટે ઇચ્છતો નથી, જેથી જ્યોતિ પણ જીતાઇ જઇને નિત્ય મારા સ્વાધીનમાં રહે છે.૨૦ જે જે સ્પર્શો મારી ત્વચાના વિષયભૂત થાય છે, તેઓને હું મારા પોતાને માટે ઇચ્છતો નથી, જેથી વાયુ પણ જીતાઇ જઇને નિત્ય મારા સ્વાધીનમાં રહે છે. હું શ્રોત્રેન્દ્રિયના વિષયરૂપ થયેલા શબ્દોને પણ મારા પોતાને માટે ઇચ્છતો નથી, જેથી શબ્દો (એટલે આકાશ) પણ જીતાઇ જઇને નિત્ય, મારા સ્વાધીનમાં રહે છે.૨૨ હું મારા મનની અંદર મારા પોતાનામાટે મનનને પણ ઇચ્છતો નથી, જેથી જીતાઇ ગયેલું મન પણ નિત્ય મારા સ્વાધીનમાં રહે છે.૨૩ વળી મારા સર્વ સમારંભો દેવો, પિતૃઓ તથા અતિથિઓને માટેજ છે.(મારેમાટે નથી.)"

તે પછી ખડખડાટ હસી પડીને બ્રાહ્મણે પુનઃ જનકરાજાને કહ્યું કે:–" હું ધર્મ, તારી પરીક્ષા કરવામાટેજ આજે અહીં આવ્યો છું, એમ જાણજે.૨૫ ખરેખર આ બ્રહ્મલાભરૂપ ચક્ર જે દુર્વાર છે, આત્યંતિક છે અને સત્વગુણરૂપ નેમિ અથવા ઘેરાવવાળું છે, તેનો પ્રવર્તક (મુખ્ય અનુષ્ઠાતા) તું એકજ છે."૨૬

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
'બ્રાહ્મણગીતા' એ વિષયનો અધ્યાય
૩૨ મો સમાપ્ત

અધ્યાય ૩૩ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

नाहं तथा भीरु चरामि लोके।
यथा त्वं मां तर्जयसे स्वबुद्ध्या ॥
विप्रोऽस्मि मुक्तोऽस्मि वनेचरोऽस्मि।
गृहस्थधर्मा व्रतवाँस्तथास्मि ॥ १ ॥

બ્રાહ્મણે કહ્યું:–" હે ભીરુ! જે પ્રમાણે તું તારી (અલ્પ) બુદ્ધિથી મારી તર્જના કરે છે, તે પ્રમાણે હું લોકમાં વિચરતો (વર્તતો) નથી. હું બ્રાહ્મણ છું, મુક્ત છું, વનમાં વિચરનારો છું, ગૃહસ્થધર્મી છું અને વ્રતનિષ્ઠ છું.૧ શુભ તથા અશુભના સંબંધમાં તું મને જેવો જુએ છે તેવો હું નથી. આ જગતમાં જે કંઈ રહેલું છે તે સર્વ

મારાવડે વ્યાપ્ત થઈ રહ્યું છે.[2] જેમ અગ્નિ કાષ્ઠનો અંતક છે–વિનાશક છે, તેમ આ લોકમાં જે કોઇ સ્થાવરજંગમ પ્રાણીઓ જોવામાં આવે છે તેઓનો હું અંતક છું, એમ તું જાણ.[3] મારી બુદ્ધિ આખી પૃથ્વી ઉપરના રાજ્યને તથા સ્વર્ગના રાજ્યને જાણી રહી છે અને બુદ્ધિ એજ મારું ધન છે.[4] બ્રાહ્મણો (બ્રહ્મનિષ્ઠ પુરુષો)નો માર્ગ એકજ છે; (અર્થાત્ જ્ઞાનરૂપ એકજ માર્ગ બ્રહ્મવેત્તાઓ માટે છે;) કે જે માર્ગે તેને (બ્રહ્મને) જાણનારા પુરુષો ગૃહે (ગૃહસ્થાશ્રમમાં) રહીને, વનવાસમાં (વાનપ્રસ્થાશ્રમમાં) રહીને, ગુરુગૃહે (બ્રહ્મચર્યાશ્રમમાં) રહીને તથા ભિક્ષુઅવસ્થામાં (સંન્યાસાશ્રમમાં) રહીને પણ જાય છે.[5] અનેક પ્રકારનાં અવ્યગ્ર (બાહ્ય) ચિન્હો ધારણ કરીને માત્ર એકજ બુદ્ધિની ઉપાસના કરવામાં આવે છે અને જૂદાં જૂદાં ચિન્હો તથા આશ્રમોમાં સ્થિતિ કરનારા જે પુરુષોની બુદ્ધિ કેવળ શમરૂપ થયેલી હોય છે તેઓ સર્વે, નદીઓ જેમ એક સમુદ્રમાં મળે છે, તેમ એકજ ભાવને પામે છે. આ માર્ગ કેવળ એક બુદ્ધિથીજ પ્રાપ્ત કરી શકાય તેવો છે, પણ શરીરવડે પ્રાપ્ત કરી શકાય તેવો નથી; કેમકે શરીર કર્મોને લીધે બંધાયેલું હોય છે અને કર્મો આદિ તથા અંતવાળાં હોય છે;[6,7] માટે હે સુભગે! તને પરલોકથી થતો ભય છેજ નહિ. તું મારા આત્મભાવની ભાવનામાં પરાયણ રહીશ તો મારા આત્માનેજ પામીશ."

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"બ્રાહ્મણગીતા" એ વિષયનો
અધ્યાય ૩૩ મો સમાપ્ત

અધ્યાય ૩૪ મો

બ્રાહ્મણગીતા (ચાલુ)

॥ ब्राह्मणी उवाच ॥

नेदमल्पात्मना शक्यं वेदितुं नाकृतात्मना ।
बहु चाल्पं च संक्षिप्तं विप्लुतं च मतं मम॥१॥

બ્રાહ્મણીએ કહ્યું:–"આ જ્ઞાનને અલ્પબુદ્ધિવાળો મનુષ્ય અને અકુશલાત્મા મનુષ્ય જાણી શકે તેમ નથી; અને મારી બુદ્ધિ તો બહુજ અલ્પ છે, ટુંકી છે તથા (સંશયોમાં) ડૂબી ગયેલી છે; (જેથી હું તો તે જ્ઞાનને કેમજ જાણી શકું ?)[1] માટે તમે મને એવો ઉપાય કહો, કે જેને લીધે મને આવી બુદ્ધિ (જ્ઞાન) મળી શકે. આ જ્ઞાન જેને લીધે મનુષ્યને પ્રાપ્ત થાય છે, તે કારણ મારે જાણવું છે."[2]

બ્રાહ્મણે કહ્યું:–"તારે જાણવું કે, બુદ્ધિ એ નીચે રહેનારી અરણિ છે અને ગુરુ એ તેના ઉપર રહેનારી અરણિ છે. (એ બન્નેવડે) તપ (એટલે મનન તથા નિદિધ્યાસનરૂપ આલોચન) અને શ્રુત (એટલે વેદાંતશ્રવણ) મથન કરે છે, તેમાંથી જ્ઞાનરૂપ અગ્નિ ઉત્પન્ન થાય છે."[3]

બ્રાહ્મણીએ પૂછ્યું:–"જે આ 'ક્ષેત્રજ્ઞ' નામનું બ્રહ્મનું સ્વરૂપ છે તે ક્યાં છે ? અને જેનાવડે જે ગ્રહણ કરી શકાય છે તેનું તે લક્ષણ ક્યાં છે ?"*[4]

બ્રાહ્મણે કહ્યું:–"ક્ષેત્રજ્ઞ અલિંગ (નિઃસંગ) તથા નિર્ગુણજ છે; છતાં તે સલિંગ તથા સગુણ જોવામાં આવે છે, તેમાં (ભ્રાંતિવિના બીજું) કોઇ કારણ જોવામાં આવતું નથી. તેને પ્રાપ્ત કરવાસાટે હું તને ઉપાય કહુંછું, કે જેનાવડે તેને પ્રાપ્ત કરી શકાય છે અથવા (ચિત્તશુદ્ધિનો જો અભાવ હોય છે તો) પ્રાપ્ત પણ કરી શકાય નહિ.[5] કર્મોદ્વારા શુદ્ધ કરવામાં આવેલી બુદ્ધિ તેજ ક્ષેત્રજ્ઞનો સાક્ષાત્કાર કરવા માટેનો ઉત્તમ ઉપાય જોવામાં આવ્યો છે. વળી જેમ ઉપર ભમી રહેલા ભમરાઓવડે નીચે રહેલા સુગંધીદ્રવ્યને નહિ ગ્રહણ કરેલું હોય છતાં જાણી શકાય છે, તેમ પૂર્વોક્ત શ્રવણ (મનન અને નિદિધ્યાસન) આદિથી ક્ષેત્રજ્ઞને જાણી શકાય છે; પરંતુ (મૂઢ મનુષ્યો) કર્મોદ્વારા શુદ્ધ કરવામાં આવેલી બુદ્ધિના અભાવને લીધે ક્ષેત્રજ્ઞને,

---

* આ શ્લોકમાં બ્રાહ્મણીએ આક્ષેપપૂર્વક જ્ઞેયનું સ્વરૂપ કહ્યું છે. જેમકે:–જે આ અપરોક્ષ એવું જીવ નામનું તત્ત્વ છે તે તો દેહાદિના સંગવાળું છે, છતાં તે નિઃસંગ એવા બ્રહ્મનું સ્વરૂપ કેમ થઇ શકે ? વળી જીવ તો નિયમન કરવાયોગ્ય છે અને ઇશ્વર તો તેના નિયામક છે, એમ અમે સાંભળ્યું છે; તો પછી સ્વામી અને સેવકનો જેમ અભેદભાવ સંભવી શકતો નથી, તેમ ઇશ્વર તથા જીવનો પણ અભેદભાવ કેમ સંભવી શકે ?

જ્ઞાનલિંગ-બુદ્ધિ આદિથી આશ્રિત અથવા સંગવાળો થયો હોય તેવો માને છે.(પણ વસ્તુતઃ ક્ષેત્રજ્ઞ બુદ્ધિ આદિના સંગવાળો નથીજ.)[૬] મોક્ષના વિષયમાં “ અમુક કરવું કે અમુક ન કરવું ” એવો ઉપદેશ કરવામાં આવતો નથી; (અર્થાત્ બ્રહ્મજ્ઞાન વિધિનિષેધની પ્રાધાન્યતાવાળું નથી.) પરંતુ (પ્રતિદિન વેદાંતનું) શ્રવણ કરનાર અને આલોચન (મનન) કરનાર પુરુષની બુદ્ધિ પોતાની મેળેજ મોક્ષ(મેળવવા)ના વિષયમાં ઉત્પન્ન થાય છે.[૭] (મુમુક્ષુએ) જેટલા અંશો(વસ્તુતત્ત્વનો સાક્ષાત્કાર કરાવનારા પદાર્થો)ની કલ્પના થઇ શકે, તેટલા સર્વ અનેક અર્થવાળા તથા પ્રત્યક્ષ હેતુવાળા સેંકડોને હજારો અવ્યક્તસ્વરૂપ(માયા, અવિદ્યા આદિ) અને વ્યક્તસ્વરૂપ (શબ્દ, સ્પર્શ આદિ) અંશોની કલ્પના કર્યોજ કરવી. (એમ કરતાં કરતાં) શમ આદિનો જ્યારે પુષ્કળ અભ્યાસ થઇ જશે, ત્યારે જેનાથી પર એવી બીજી કોઇ પણ વસ્તુ નથી તે વસ્તુ (પરબ્રહ્મ) એ (મુમુક્ષુ પુરુષ) પોતેજ થઇ રહેશે. ”[૮,૯]

શ્રી ભગવાને કહ્યું:-“તે પછી એ બ્રાહ્મણીની બુદ્ધિ, ક્ષેત્રજ્ઞ(જીવ)નો પરમાત્મામાં લય કરી દઇને ક્ષેત્ર(શરીર)ના જ્ઞાનદ્વારા ક્ષેત્રજ્ઞથી પર રહેલા પરમાત્મા તરફ વળી.”[૧૦]

અર્જુને પૂછ્યું:-“હે કૃષ્ણ! એ શ્રેષ્ઠ બ્રાહ્મણ અને તે બ્રાહ્મણી કે જેઓએ આવી સિદ્ધિ સંપાદન કરી છે, તેઓ બન્ને (હાલમાં) કયાં છે? તે હે અચ્યુત! તમે મને કહો.”[૧૧]

શ્રીભગવાને કહ્યું:-“હે ધનંજય! તારે જાણવું કે, મારૂં મન એ બ્રાહ્મણ છે અને મારી બુદ્ધિ તે બ્રાહ્મણી છે અને જે ક્ષેત્રજ્ઞ કહેવામાં આવ્યો છે તે હું પોતેજ છું.”[૧૨]

ઇતિ શ્રીમહા૰ આશ્વ૰ અનુગીતા પર્વમાં
“ બ્રાહ્મણગીતા ” એ વિષયનો અધ્યાય
૩૪ મો સમાપ્ત

અધ્યાય ૩૫ મો

ગુરુશિષ્યસંવાદ-જ્ઞેય-બ્રહ્મવર્ણન

॥ अर्जुन उवाच ॥

ब्रह्म यत्तत्परं ज्ञेयं तन्मे व्याख्यातुमर्हसि ।
भवतो हि प्रसादेन सूक्ष्मे मे रमते मतिः ॥१॥

અર્જુને પૂછ્યું:-“ જે બ્રહ્મ પરમ જ્ઞેય છે તે વિષે મને સ્પષ્ટ રીતે કહેવાને તમે યોગ્ય છો. ખરેખર, તમારી કૃપાથી મારી બુદ્ધિ આ સૂક્ષ્મ વિષયમાં રમણ કરી રહી છે. ”[૧]

વાસુદેવે કહ્યું:-આ વિષયમાં પણ ગુરુ અને શિષ્યના મોક્ષયુક્ત સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૨] એક સમયે તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા કોઇએક બ્રાહ્મણ આચાર્ય સુખેથી બેઠા હતા. તે વેળા તેમના બુદ્ધિમાન શિષ્યે તેમને પૂછ્યું કે:-“હે (ક્રોધાદિ) શત્રુઓને તપાવનારા આચાર્ય! શ્રેય શું છે?[૩] હે વિપ્ર! મોક્ષ મેળવવા તત્પર થયેલો હું આપ ભગવાનને શરણે આવ્યો છું અને મસ્તક નમાવીને આપની પાસે યાચના કરૂં છું કે, હું આપને જે વિષે પ્રશ્ન કરૂં તેનો આપ મને ઉત્તર આપો. ” હે પાર્થ! શિષ્યે એ પ્રમાણે પૂછ્યું,એટલે ગુરુએ તેને કહ્યું:-“હે બ્રાહ્મણ! તને જે વિષયમાં સંશય થયો હશે તે સર્વ હું તને કહીશ.”[૪,૫] હે મહાબુદ્ધિમાન કુરુશ્રેષ્ઠ! ગુરુપ્રેમી શિષ્યને ગુરુએ એ પ્રમાણે કહ્યું, ત્યારે તેણે (શિષ્યે) બે હાથ જોડી સાવધાન થઇને જે પ્રશ્ન કર્યો હતો તે તું સાંભળ.[૬]

શિષ્યે પૂછ્યું:-“ હું કયાંથી આવ્યો? તમે કયાંથી આવ્યા? અને સર્વનાથી પર એવી જે સત્ય વસ્તુ હોય તે વિષે તમે કહો.આ સ્થાવરજંગમ પ્રાણીઓ કયાંથી ઉત્પન્ન થયાં છે? કોના આધારે તેઓ જીવી રહ્યાં છે? તેઓના આયુષ્યની મર્યાદા શી છે? સત્ય શું છે? તપ શું છે? અને હે વિપ્ર! સત્પુરુષોએ કયા ગુણોનું વર્ણન કર્યું છે? વળી કયા માર્ગો કલ્યાણકારક થઇ પડે છે? સુખ શું છે? અને દુષ્કર્મ શું છે? હે ઉત્તમ વ્રતધારી ભગવન્! આ મારા પ્રશ્નોના યથાર્થ [illegible] ઉત્તર આપવાને તમે યોગ્ય

છો. હે બ્રહ્મર્ષિ ! આ લોકમાં તમારાવિના બીજો કોઇપણ પુરુષ મારા આ પ્રશ્નોના ઉત્તર આપવાને યોગ્ય નથી.[૭-૧૦] હે ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ગુરુ ! (એ સર્વ જાણવાને) મને પરમ કૌતૂહલ થયું છે, માટે તે મને કહો. તમે મોક્ષધર્મના અર્થમાં લોકમાં કુશળ કહેવાઓ છો. વળી તમારાવિના સર્વ પ્રકારના સંશયોનો નાશ કરનાર બીજો કોઇ છે નહિ અને અમે સંસારથી ડરનારા છીએ તથા મોક્ષની ઇચ્છા રાખીએ છીએ."[૧૧,૧૨]

વાસુદેવે કહ્યું:-હે કુરુશ્રેષ્ઠ ! પોતાના શરણે આવીને (એ પ્રમાણે) યથાવત્ રીતે પ્રશ્નો પૂછનારો તે ગુણવાન શિષ્ય કે જે શાંત હતો, પ્રિય વર્તન કરનારો હતો, (પોતાની) છાયારૂપ હતો, જિતેન્દ્રિય હતો, યત્નશીલ હતો અને બ્રહ્મચારી હતો, તેને હે શત્રુદમન પાર્થ ! વ્રતોને ધારણ કરનારા તે બુદ્ધિમાન ગુરુએ તેના સર્વ પ્રશ્નોનો સારીરીતે ઉત્તર આપવા માંડયો.[૧૩,૧૪]

ગુરુએ કહ્યું:-"બ્રહ્મદેવે પોતેજ વેદવિદ્યાનો આશ્રય કરીને સર્વ મહર્ષિઓએ સેવેલું તથા તત્ત્વભૂત વસ્તુ (બ્રહ્મ)નો જેમાં વિચાર કરવામાં આવ્યો છે, એવું આ જ્ઞાન (પૂર્વે) મને કહ્યું હતું. અમે જાણીએ છીએ કે, જ્ઞાન એજ શ્રેષ્ઠ છે અને સંન્યાસ એજ ઉત્તમ તપ છે. જે પુરુષ નિરાબાધ એવા જ્ઞાનતત્ત્વને નિશ્ચયપૂર્વક જાણે છે અને (સંપ્રજ્ઞાત સમાધિઅવસ્થામાં) પોતાના આત્માને પ્રાણીમાત્રમાં રહેલો અનુભવે છે, તે પુરુષ સર્વ કામનાઓને પ્રાપ્ત કરનારો થઇ શકે છે.[૧૫,૧૬] જે વિદ્વાન પુરુષ (સંપ્રજ્ઞાત સમાધિમાં) ચૈતન્ય તથા જડવસ્તુના એકીભાવને જુએ છે, (શુદ્ધ ત્વંપદાર્થના દર્શનસમયે) તેઓ બન્નેના અન્યોન્યથી પૃથગ્ભાવ (ભિન્નપણા)ને જુએ છે; તેમજ (તત્ત્વદૃષ્ટિએ ઇશ્વરથી) તેને અભિન્ન જુએ છે, છતાં (વ્યવહારમાં) તેઓની ભિન્નતા જુએ છે, તે પુરુષ દુઃખથી મુક્ત થાય છે.[૧૭] જે પુરુષ કોઈપણ પદાર્થની કામના કરતો નથી અને લેશમાત્ર અભિમાન કરતો નથી, તે પુરુષ આ લોકમાં રહીનેજ બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે. (અર્થાત્ જીવતાંજ મુક્ત થઇ જાય છે.) જે પુરુષ પ્રધાન (માયા) અને ગુણ(સત્વાદિ)નાં તત્ત્વોને જાણે છે, પ્રાણીમાત્રના કારણને જાણે છે, મમતારહિત હોય છે અને અહંકારથી મુક્ત થયેલો હોય છે, તે પુરુષ મુક્ત થાય છે. એમાં કંઈ સંશય નથી.[૧૯] આ સંસારરૂપી એક મહાન વૃક્ષ છે, અજ્ઞાન એજ તેનાં મૂળ તથા અંકુરો છે, બુદ્ધિ અથવા મહત્તત્વ એજ તેનું થડ છે, મહાન અહંકાર એજ તેની શાખાઓ છે, તેનાં છિદ્રોમાં ઇંદ્રિયોરૂપી અંકુરો ફુટી નીકળ્યા છે, પંચમહાભૂતો તેનાં પુષ્પોની કળીઓને સ્થાને છે, બીજાં સ્થૂલ કાર્યો તેની ઉપશાખાઓ છે, સંકલ્પોરૂપી તેનાં પાંદડાં છે, કર્મોરૂપી તેનાં પુષ્પો છે અને એ વૃક્ષમાં સુખદુઃખાદિ ફળોનો સદાકાળ ઉદય થયા કરે છે.[૨૦] આ સનાતન વૃક્ષ પ્રાણીમાત્રને જીવાડી રહ્યું છે અને તેનું બીજ બ્રહ્મ છે. જે પુરુષ એ વૃક્ષના બીજરૂપ બ્રહ્મને જાણીને જ્ઞાનરૂપ ઉત્તમ તરવારવડે અજ્ઞાન આદિ સર્વ તત્ત્વોને છેદી નાખે છે, તે પુરુષ અમરપણું પ્રાપ્ત કરીને જન્મ-મૃત્યુને ત્યજી દે છે-મોક્ષપદ પ્રાપ્ત કરે છે.[૨૨] હવે ભૂત, ભવિષ્ય તથા વર્તમાનનો અને ધર્મ, કામ તથા અર્થનો જેમાં નિર્ણય કરવામાં આવ્યો છે, સિદ્ધપુરુષોના સમુદાયોએ જેને જાણ્યું છે અને જે અત્યંત પ્રાચીન તથા સનાતન છે, તે ઉત્તમ પદવિષે હું તને કહું છું. હે મહાબુદ્ધિમાન શિષ્ય ! આ જગતમાં તેનું જ્ઞાન સંપાદન કરીને અનેક જ્ઞાની પુરુષો સિદ્ધાવસ્થાને પામે છે.[૨૩,૨૪] પૂર્વે પ્રજાપતિ, ભરદ્વાજ, ગૌતમ, ભાર્ગવ, વસિષ્ઠ, કશ્યપ, વિશ્વામિત્ર અને અત્રિ વગેરે ઋષિઓ સનાતન શ્રેયને પરસ્પર જાણવાની ઇચ્છાથી એક સ્થળે એકઠા થયા હતા. તેઓ પોતાનાં કર્મો કરી કરીને સર્વ પ્રકારની કર્મગતિઓમાં વારંવાર જઇ ચૂકયા હતા, તેથી અત્યંત થાકી જઇ કંટાળી ગયા હતા.[૨૫,૨૬] પછી તે બ્રાહ્મણો આંગિરસ નામના એક વૃદ્ધ ઋષિને આગળ કરીને બ્રહ્મભવનમાં (ગયા અને ત્યાં) નિર્દોષ દેવ બ્રહ્માને મળ્યા.[૨૭] મહાત્મા બ્રહ્મદેવ ત્યાં સુખેથી બેઠા હતા. તેમને પ્રણામ કરીને તે મહ-

ર્ષિઓએ વિનયપૂર્વક આવો કલ્યાણવિષયક શ્રેષ્ઠ પ્રશ્ન પૂછ્યો:–[૨૮] "મનુષ્ય ઉત્તમ કર્મ કેવી રીતે કરી શકે? પાપથી કેવીરીતે મુકત થઈ શકે? કયા માર્ગો અમને કલ્યાણકારક થઇ પડે? સત્ય શું? દુષ્કર્મ શું? દક્ષિણ તથા ઉત્તર નામનાં કર્મોના બે માર્ગો કયા છે? તેની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? પ્રલય એટલે શું? મોક્ષ એટલે શું? અને પ્રાણીઓની ઉત્પત્તિ તથા નાશ એ શું છે?" [૨૯,૩૦] હે શિષ્ય! તે મહામુનિઓએ જ્યારે એ પ્રમાણે પૂછયું, ત્યારે પ્રપિતામહ બ્રહ્માએ જે કંઇ કહ્યું હતું, તે હું તને શાસ્ત્રાનુસાર કહું છું"[૩૧]

બ્રહ્માએ કહ્યું:–"હે ઉત્તમ વ્રતધારી મુનિઓ! સ્થાવરજંગમ પ્રાણીઓ સત્ય(બ્રહ્મ)થી ઉત્પન્ન થયેલાં છે અને તેઓ કર્મને આધારે જીવી રહ્યાં છે, એમ તમારે જાણવું.[૩૨] તેઓ પોતાના ઉત્પત્તિકારણ(બ્રહ્મ)નું ઉલ્લંઘન કરીને પોતપોતાનાં કર્મો પ્રમાણે વર્ત્યા કરે છે, સત્ય(બ્રહ્મ) હમેશાં એકજ છે; પરંતુ તે જ્યારે ગુણયુક્ત થાય છે, ત્યારે પાંચ પ્રકારનું થાય છે. જેમકે:–એક ઇશ્વરરૂપી સત્ય, બીજું ધર્મરૂપી સત્ય, ત્રીજું જીવરૂપી સત્ય, ચોથું સત્યમાંથી ઉત્પન્ન થયેલાં પંચમહાભૂતોરૂપી સત્ય અને પાંચમું જરાયુજ આદિ પ્રાણીઓથી ભરપૂર આ જગતરૂપ સત્ય. (આ પાંચ સત્યો ગુણમય હોઇને વ્યાવહારિક છે.)[૩૩,૩૪] માટેજ જે બ્રાહ્મણો નિત્ય યોગપરાયણ રહે છે, ક્રોધ તથા સંતાપનો ત્યાગ કરનારા હોય છે અને નિયમનિષ્ઠ હોય છે, તેઓ સત્યપ્રધાન થઈને ધર્મનું સેવન કરે છે.[૩૫] હવે જે બ્રાહ્મણો અન્યોન્યના ભયથી ધર્મનું કદી ઉલ્લંઘન કરતા નથી, વિદ્યાવાન હોય છે, ધર્મની મર્યાદાના પ્રવર્તક હોય છે અને સનાતનકાળના હોઇને લોકોનું કલ્યાણ કરે છે, તેઓના સંબંધમાં હું તમને કહું છું;[૩૬] તેમજ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષને આપનારી ચાર વિદ્યાઓને પ્રત્યેક વર્ણ તથા પ્રત્યેક આશ્રમમાં જૂદી જૂદી કહું છું. વિદ્વાનો કહે છે કે, ધર્મ ચાર પાદવાળો તથા નિત્ય અને એકજ છે.[૩૭] વળી હે બ્રાહ્મણો! તમને કલ્યાણકારક થઈ પડે તેવો એક ઉત્તમ માર્ગ હું તમને કહું છું, કે જે માર્ગે બ્રહ્મભાવને પ્રાપ્ત કરવામાટે પૂર્વકાળના વિદ્વાનો ગયા છે.[૩૮] હે વક્તાઓ! દુર્વિજ્ઞેય એવો તે શ્રેષ્ઠ માર્ગ હું તમને કહું છું. હે મહાભાગો! પરમપદરૂપી તે માર્ગવિષે સંપૂર્ણરીતે સાંભળો.[૩૯] વિદ્વાનો કહે છે કે, બ્રહ્મચર્યાશ્રમ એ પ્રથમ પદ (પગલું) છે, ગૃહસ્થાશ્રમ એ બીજું પદ છે, વાનપ્રસ્થાશ્રમ એ ત્રીજું પદ છે અને સંન્યાસાશ્રમ એ પરમ સર્વોત્કૃષ્ટ પદ છે, એમ જાણવું. મનુષ્ય સંન્યાસાશ્રમનો સ્વીકાર કરીને જ્યાંસુધી આત્મદર્શન સંપાદન કરતો નથી, ત્યાંસુધીજ જ્યોતિષ, આકાશ, સૂર્ય, વાયુ, ઇંદ્ર અને પ્રજાપતિ–એ સર્વ જગત તેના જોવામાં આવે છે. (પરંતુ આત્મદર્શન થયા પછી તો તેને સર્વ બ્રહ્મરૂપજ દેખાય છે.) એ અધ્યાત્મને પ્રાપ્ત કરવાનો ઉપાય હું તમને પ્રથમજ કહું છું, સાંભળો. ફળ, મૂળ તથા વાયુનો આહાર કરી વનમાં નિવાસ કરનારા મુનિઓના વાનપ્રસ્થાશ્રમનો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ દ્વિજાતિઓને ઉપદેશ આપવામાં આવ્યો છે; પરંતુ ગૃહસ્થાશ્રમનું તો સર્વ વર્ણોને માટે વિધાન કરવામાં આવ્યું છે. (અર્થાત્ વાનપ્રસ્થાશ્રમનો ત્રણ વર્ણોનેજ અધિકાર છે અને ગૃહસ્થાશ્રમનો સર્વ વર્ણોને અધિકાર છે.)[૪૦–૪૩] ધીર પુરુષો કહે છે કે, શ્રદ્ધા અર્થાન્ આસ્તિકયબુદ્ધિ એજ ધર્મનું મુખ્ય લક્ષણ છે, માટે શ્રદ્ધાવિનાનું સર્વ કંઈ વ્યર્થ છે. આ રીતે મેં તમને દેવયાનમાર્ગને પ્રાપ્ત કરવાના ઉપાયો કહ્યા, કે જેઓ ધર્મના સેતુરૂપ છે અને ધીર એવા સત્પુરુષોએ (શુદ્ધ) કર્મોદ્વારા જેઓનો આશ્રય કર્યો છે.[૪૪] તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો એવો જે પુરુષ, પૂર્વોક્ત આશ્રમધર્મોના કોઇ એકનોજ દૃઢતાપૂર્વક આશ્રય કરે છે, તે પુરુષ અનુક્રમે (જ્યારે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે) સર્વ પ્રાણીઓના જન્મને તથા નાશને સદાકાળ (પોતાનામાંજ રહેલાં) જોઇ શકે છે.[૪૫] હવે સર્વ પદાર્થોમાં વિભાગવાર રહેનારાં સર્વ બુદ્ધિગોચર (બુદ્ધિના વિષયભૂત) તત્ત્વો હું તમને યથાર્થ હેતુપૂર્વક

કહું છું.[૪૬] મહત્તત્ત્વ, અવ્યક્ત, અહંકાર, દશ ઇંદ્રિયો, મન, પંચમહાભૂતો અને પંચમહાભૂતોના શબ્દાદિ પાંચ:વિશેષ ગુણો–આ ચોવીસ તત્ત્વોની સૃષ્ટિ સનાતન કાળની છે; અને તેમાં એક પુરુષનું ઉમેરણ થતાં પચીસની સંખ્યા કહેવામાં આવી છે.[૪૭,૪૮] જે ધીર પુરુષ આ સર્વ તત્ત્વોના જન્મને તથા નાશને જાણે છે, તે પુરુષ સર્વ પ્રાણીઓના સંબંધમાં કદી મોહ પામતો નથી.વળી જે પુરુષ આ તત્ત્વોને, સર્વ ગુણોને તથા (તેના અધિષ્ઠાયક) સમગ્ર દેવતાઓને જાણે છે, તે પુરુષ પાપોથી રહિત થઇને બંધનથી મુક્ત થાય છે; અને નિર્મળ એવા સર્વ લોકોને પામે છે. (અર્થાત્ સર્વાત્મભાવને પ્રાપ્ત થાય છે.)"[૪૯,૫૦]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
'ગુરુશિષ્યસંવાદ' એ વિષયનો
અધ્યાય ૩૫ મો સમાપ્ત

અધ્યાય ૩૬ મો

ગુરુશિષ્યસંવાદ-તમોગુણનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

तदव्यक्तमनुद्रिक्तं सर्वव्यापि ध्रुवं स्थिरम् ।
नवद्वारं पुरं विद्यात्रिगुणं पंचधातुकम् ॥१॥

બ્રહ્માએ કહ્યું:–" આ પૂર્વોક્ત તત્ત્વોમાં સમાનતાથી યુક્ત એવા જે ત્રણ ગુણો છે તેનેજ અવ્યક્ત જાણવું. તે અવ્યક્ત સર્વવ્યાપી છે, અવિનાશી છે, સ્થિર છે અને અચંચલ છે; પરંતુ તેજ જ્યારે સમાનતાનો ત્યાગ કરી વિષમ બને છે-વિકાર પામે છે, ત્યારે તેને પાંચ મહાભૂતોરૂપ ધાતુઓવાળું અને (પાંચ શ્રોત્રાદિ ઇંદ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ તથા અહંકાર–આ) નવ દ્વારવાળું એક પુર (શરીર) જાણવું.[૧] આ પુરને અગિયાર ઇંદ્રિયો છે. મનથીજ જેઓનો પ્રાદુર્ભાવ થાય છે એવા સર્વ વિષયોથી તે વ્યાપ્ત છે, બુદ્ધિ તેનો સ્વામી છે, એજ બ્રહ્મ છે અને અગિયારસું ઇંદ્રિય જે મન તેજ એનું સ્વરૂપ છે. આ પુરમાં ચિત્તરૂપી નદીના (*શુક્લ, કૃષ્ણ અને શુક્લકૃષ્ણ આવા) ત્રણ પ્રવાહો છે, ત્રિગુણાત્મક એવી ત્રણ (સંસ્કારરૂપ) નાડીઓદ્વારા વારંવાર વૃદ્ધિ પામે છે અને સતત ચાલુ રહે છે.[૩] વિદ્વાનો કહે છે કે તમસ્, રજસ્ તથા સત્વ નામના (અવ્યક્તના અવયવરૂપ) ત્રણ ગુણો છે.આ ત્રણે ગુણો બબ્બેના દ્વંદ્વરૂપે (સાથે રહીને કાર્યને ઉત્પન્ન કરનારા) હોય છે અને એકબીજાના આશ્રયે ટકી રહે છે;[૪] તેમજ પંચમહાભૂતોરૂપ ત્રિગુણાત્મક ધાતુઓ પણ અન્યોન્યના આશ્રયવાળી છે, અન્યોન્યને અનુસરી રહે છે અને અન્યોન્યસાથે સંબંધ ધરાવે છે.[૫] સત્વગુણ તમોગુણનો નાશ કરે છે, રજોગુણ સત્વગુણનો નાશ કરે છે,સત્વગુણ રજોગુણનો નાશ કરે છે;અને તમોગુણ સત્વગુણનો નાશ કરે છે. જે સમયે તમોગુણનું નિયમન કરવામાં આવે છે,તે સમયે રજોગુણ પ્રવૃત્ત થાય છે; અને રજોગુણનું નિયમન કરવામાં આવે છે,ત્યારે સત્વગુણ પ્રવૃત્ત થાય છે. તમોગુણ કેવળ રાત્રિરૂપ–એટલે અંધકારરૂપ છે, ત્રિગુણાત્મક છે, તેનું બીજું નામ 'મોહ' છે. અધર્મ તેનું લક્ષણ છે અને પાપકર્મ કરવામાં નિત્ય પ્રવૃત્તિ કરાવનાર છે. આ તમોગુણનું સ્વરૂપ છે અને તે કોઇ સમયે બીજા ગુણો સાથે મળી ગયેલો પણ જોવામાં આવે છે.[૮] વિદ્વાનો કહે છે કે, કેવળ પ્રવૃત્તિ એજ રજોગુણનું સ્વરૂપ છે.તે વિપરીત કર્મને કરાવનારો છે, પ્રાણીમાત્રમાં પ્રવૃત્ત થયેલો જોવામાં આવે છે અને ઉત્પત્તિ એ તેનું લક્ષણ છે.[૯] સર્વ પ્રાણીઓમાં પ્રકાશ, ધર્મનું જ્ઞાન આદિ શ્રેષ્ઠતા અને શ્રદ્ધાળુતા–વગેરે જે કંઇ જોવામાં આવે છે,તે સત્વગુણનું સ્વરૂપ છે; તેમાં પણ ધર્મજ્ઞાન આદિ જે શ્રેષ્ઠતા તે સત્પુરુષોમાં માન્ય ગણાય છે.[૧૦] હવે આ ત્રણે ગુણોનાં કાર્યસ્વરૂપો યથાર્થ કારણોસહિત સંક્ષેપમાં તથા વિસ્તારમાં કહેવામાં આવે છે, તેને તમે લક્ષ્યપૂર્વક સાંભળો.[૧૧] સંમોહ, અજ્ઞાન,

---

* હિંસારહિત જે ધર્મતત્પરતા તે ચિત્તરૂપી નદીનો શુક્લ પ્રવાહ છે. કેવળ હિંસા કરવામાંજ તત્પર રહેવું તે ચિત્તરૂપી નદીનો કૃષ્ણ પ્રવાહ છે; અને હિંસાયુક્ત પ્રવૃત્તિધર્મમાં જે તત્પર રહેવું તે ચિત્તરૂપી નદીનો શુક્લકૃષ્ણ પ્રવાહ છે.

અત્યાગ (કોઇને કંઇ ન આપવું તે), કર્મોનો અનિશ્ચય, નિદ્રા,ગર્વ, ભય, લોભ, સ્વતઃ પુણ્યકર્મ ઉપર દૂષણ આપવું, સ્મરણશક્તિનો અભાવ, વિચારશક્તિનું અપરિપકવપણું, નાસ્તિકતા, શીલનો ભંગ કરવો, યોગ્યાયોગ્યની પરીક્ષાનો અભાવ, સર્વ કાર્યો કરવામાં વિચાર નહિ રાખવારૂપ આંધળાપણું, નીચગુણોમાં વૃત્તિ રાખવી, પોતે કંઇ કર્યું ન હોય છતાં મેં સર્વ કર્યું છે એમ માનવું, અજ્ઞાન હોય છતાં જ્ઞાની માની લેવું,કોઇની સાથે મિત્રતાથી ન વર્તવું, જાતજાતની ક્રિયાઓ કરવાનો અભાવ, અશ્રદ્ધા, મૂર્ખતાવાળા વિચારો, કુટિલતાભરેલું વર્તન, કોઈ જાતનું ભાન નહિ હોવાપણું, પાપીકર્મ,સમજશક્તિનો અભાવ, આળસ આદિને લીધે શરીરના અવયવોની જડતા, દેવ આદિ ઉપર ભક્તિનો અભાવ, ઇંદ્રિયોને વશ થઈ રહેવું અને નીચ કર્મો કરવા ઉપર પ્રીતિ કરવી—આ સર્વ ગુણો તામસ કહેવાય છે. આ સિવાયના બીજા જે જે ભાવ અથવા મોહ સંજ્ઞાવાળા ભાવો (પદાર્થો) આ લોકમાં જોવામાં આવે છે, તે તે પૂર્વોક્ત સર્વ તામસ ગુણોજ નિયમપૂર્વક ઉપસ્થિત થયેલા હોય છે. દેવો, બ્રાહ્મણો તથા વેદની નિંદાભરેલી વાતો કરવી, કોઈને કંઇ આપવું નહિ, અભિમાન, મોહ, ક્રોધ, અક્ષમા અને પ્રાણીમાત્રની ઈર્ષ્યા કરવી—તેને તામસ વર્તન કહેવામાં આવે છે.[૧૨-૧૮] જે કોઇ મિથ્યા આરંભો,મિથ્યા દાનો અને મિથ્યા આહારો તે પણ તામસ વર્તન કહેવાય છે.[૧૯] અતિવાદ, અસહનશીલતા, અદેખાઇ, અભિમાનીપણું અને અશ્રદ્ધાળુતા—એ પણ તામસ વર્તન કહેવાય છે.[૨૦] આ લોકમાં જે કોઈ મનુષ્યો પૂર્વોક્ત ગુણોવાળા હોય છે, પાપકર્મ કરનારા હોય છે અને મર્યાદાનો નાશ કરનારા હોય છે,તેઓ સર્વને તામસ કહેવામાં આવે છે.[૨૧] હવે તેવા પાપકર્મી મનુષ્યોને કયી કયી જાતિ નિયતરીતે પ્રાપ્ત થાય છે, તે વિષે હું કહું છું. વળી તેવા મનુષ્યોમાં જેઓ અધોગતિરૂપ નરકને પામે છે અને જેઓ પશુપક્ષીની જાતિરૂપ નરકને પામે છે, તે વિષે પણ હું કહું છું.[૨૨] આ જગતમાં જે સ્થાવર-જંગમ પ્રાણીઓ છે, ગાય-ભેંસ વગેરે પશુઓ છે, ઘોડાં-ગધેડાં વગેરે વાહનો છે, માંસાહારી પશુપક્ષીઓ છે, સર્પો છે, કરમ, કીડા તથા પક્ષીઓ છે, ઇંડામાંથી ઉત્પન્ન થનારા જીવો છે, સર્વ ચોપગાં પ્રાણીઓ છે, જેઓ ઉન્મત્ત હોય છે, બહેરા હોય છે, મૂંગા હોય છે, પાપી હોય છે, રોગી હોય છે,દુઃખમાં ડૂબી રહેલા હોય છે અને દુરાચારી હોય છે, તેઓ સર્વનાં લક્ષણો પોતપોતાનાં કર્મોને લીધેજ કરાયેલાં હોય છે; અને તેઓના ચિત્તનો પ્રવાહ નીચ કર્મો તરફજ વળેલો હોવાથી તેઓ તામસની અંદરજ મગ્ન રહે છે, તેથી તામસ કહેવાય છે.[૨૩-૨૫] હવે તેવા પુરુષોનો ઉત્કર્ષ તથા પુણ્યનો આવિર્ભાવ કેવી રીતે થાય તથા તેઓ પુણ્યકર્મવાળા થઇને પુણ્યશાળીના લોકોને કેવી રીતે પામે, તે વિષે હું કહું છું.[૨૬] સ્થાવર આદિ અધમ યોનિને પામેલા તેઓ, પોતાનું કર્મ કરવામાં આસકત રહેનારા અને જગતનું કલ્યાણ ઇચ્છનારા બ્રાહ્મણોને હાથે અગ્નિહોત્રાદિ કર્મનિમિત્તે નાશ પામીને વૈદિક સંસ્કારના બળથી ઉચ્ચ જાતિને પામે છે; અને પછી બ્રાહ્મણ આદિ જાતિને પામીને પ્રયત્ન કરતાં કરતાં સ્વર્ગલોકમાં દેવોની સમાનતાને પામે છે,આવી વૈદિકી શ્રુતિ છે.[૨૭,૨૮] વળી અધમ યોનિને પ્રાપ્ત થયેલા તે જીવો,પોતપોતાનાં કર્મોમાં વિશેષ જાગ્રત રહીને તથા વારંવાર જન્મ પામીને અંતે લોકમાં મનુષ્યોરૂપે ઉત્પન્ન થાય છે. તેઓ પ્રથમ પાપીયોનિને પ્રાપ્ત થાય છે.ચાંડાલો, મુંગાઓ તથા તોતડા થાય છે; અને પછી અનુક્રમે ઉચ્ચ ઉચ્ચવર્ણને પણ પ્રાપ્ત કરે છે.[૩૦] શૂદ્ર યોનિનું ઉલ્લંઘન કરીને વૈશ્ય આદિની ઉત્તરોત્તર ચઢતી યોનિ પ્રાપ્ત થાય, તોપણ જે બીજા તામસગુણો હોય છે તેઓ તમોગુણના પ્રવાહમાં મળી જઇને સતત ચાલુજ રહે છે; માટે તે તામસગુણોથી આત્માનું રક્ષણ કરવું.)[૩૧] સ્ત્રી આદિ કામ્યપદાર્થોમાં જે આસક્તિ રાખવી તેનેજ મહામોહ કહેવામાં આવે છે, અને એ મહામોહને લીધે સુખની ઇચ્છા

શખનારા ઋષિઓ, મુનિઓ તથા દેવો પણ મોહિત થઇ જાય છે.[૩૨] તમ, મોહ, મહામોહ, ક્રોધ જેનું નામ છે તે, તામિસ્ર તથા અંધતામિસ્ર-આ પાંચને 'મહાક્લેશ' કહેવામાં આવે છે;*તેમાં તામિસ્ર એ ક્રોધજ કહેવાય છે.[૩૩] હે બ્રાહ્મણો! એ પ્રમાણે મેં સ્વરૂપ, લક્ષણ તથા ઉત્પત્તિ દર્શાવીને આ સર્વ તમોગુણનું યથાવિધિ યથાર્થ વર્ણન કરેલું છે.[૩૪] આ તમોગુણને સારી રીતે કોણ સમજી શકે છે? અને આ તમોગુણને સારીરીતે કોણ જોઇ શકે તેમ છે? (તોપણ) તમોગુણનું યથાર્થ લક્ષણ એજ છે કે, (જેને લીધે) મનુષ્ય તત્ત્વભિન્ન વસ્તુમાં તત્ત્વની દષ્ટિ કરનારો થઈ જાય છે. બસ, આજ તમોગુણનું સામાન્ય લક્ષણ છે.[૩૫] તમોગુણના વિકારરૂપ ગુણો અનેક પ્રકારના કહેવામાં આવ્યા છે; તેમજ તમોગુણનું સામાન્ય વિશેષ સ્વરૂપ પણ યથાવત્ રીતે કહેવામાં આવ્યું છે. જે પુરુષ આ ગુણોને જાણે છે, તે તમોગુણના સર્વ ગુણોથી સદા મુક્ત રહે છે."[૩૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ગુરુશિષ્યસંવાદ" એ વિષયનો
અધ્યાય ૩૬ મો સમાપ્ત

અધ્યાય ૩૭ મો

ગુરુશિષ્યસંવાદ-રજોગુણનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

रजोऽहं वः प्रवक्ष्यामि याथातथ्येन सत्तमाः ।
निबोधत महाभागा गुणवृत्तं च राजसम् ॥१॥

બ્રહ્માએ કહ્યું:-"હે અત્યંત શ્રેષ્ઠ એવા મહાભાગ્યશાળી બ્રાહ્મણો! હવે હું તમને રજોગુણનું સ્વરૂપ યથાર્થ રીતે કહું છું; અને તે ગુણની વૃત્તિ પણ કહું છું, સાંભળો.[૧] સંતાપ, રૂપ, પરિશ્રમ, સુખ, દુ:ખ, ઠંડી, તાપ, ઐશ્વર્ય, સંધિ, વિગ્રહ, હેતુવાદ, અપ્રીતિ, ક્ષમા, બળ, શૌર્ય, મદ, રોષ, વ્યાયામ (કસરત), કલહ (કંકાસ), ઈર્ષ્યા, અમુક કોઇ પદાર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છા, પિશુન (ચાડીચુગલી), યુદ્ધ, મમત્વ, રક્ષણ, વધ, બંધ, ક્લેશ, ક્રય (ખરીદવું તે), વિક્રય (વેચવું તે), કાપી નાખો, ચીરી નાખો અને ભેદી નાખો; એમ કહીને બીજાનાં મર્મસ્થાનોને કાપી નાખવાં, ઉગ્રતા, દારુણતા (હિંસકપણું), આક્રોશ (નિંદા), પારકાં છિદ્રો બીજાને કહી દેવાં, લોકોની ચિંતા કરવી, અનુચિંતા, મત્સર (અદેખાઇ), સર્વનું રક્ષણ કરવું, મિથ્યાવાદ, મિથ્યાદાન, સંશય, ધિક્કારીને ભાષણ કરવું, નિંદા, સ્તુતિ, પ્રશંસા, પ્રતાપ, તિરસ્કાર, પરિચર્યા (કોઇની આરાધના કરવી તે), અનુશુશ્રૂષા (ભક્તિપૂર્વક સેવા કરવી તે), સેવા, તૃષ્ણા, વ્યપાશ્રય (કોઈનો આશ્રય કરવો તે), વ્યવહારરચનાની કુશળતા, નીતિ, પ્રમાદ, પરિવાદ (કોઇના ઉપર અપવાદ મૂકવો તે), પરિગ્રહ, લોકોમાં પુરુષો, સ્ત્રીઓ, પ્રાણીઓ, દ્રવ્યો તથા રક્ષણ કરનારાઓના સંબંધમાં જે જૂદા જૂદા સંસ્કારો ચાલી રહ્યા છે તે, સંતાપ, અવિશ્વાસ, વ્રતો, નિયમો, આશીર્વાદયુક્ત કર્મો, વાવ, કૂવા, તળાવ-વગેરે બંધાવવારૂપ કર્મો, સ્વાહાકાર, નમસ્કાર, સ્વધાકાર, વષટ્કાર, યજ્ઞ કરાવવા, અધ્યયન કરાવવું, યજ્ઞ કરવો, અધ્યયન કરવું, દાનપ્રતિગ્રહ, પ્રાયશ્ચિત્તો, મંગલકર્મ, 'આ મારૂં થાય' 'એ મારૂં થાય' એવી ઇચ્છા કરવી, ગુણથી ઉત્પન્ન થનારો સ્નેહ, દ્રોહ, માયા, કપટ, અભિમાન, ચોરી, હિંસા, નિંદા, શોક, ઉજાગરો, દંભ, ગર્વ, રાગ, ભક્તિ, પ્રીતિ, હર્ષ પામવો, જુગાર, લોકોના અપવાદ, સ્ત્રીઓને લીધે કરવામાં આવેલા સંબંધો, નૃત્ય, વાદિત્ર અને ગીતના પ્રસંગો-આ સર્વને હે બ્રાહ્મણો! રાજસગુણો કહેવામાં આવ્યા છે.[૨-૧૪] જે મનુષ્યો આ પૃથ્વીપર ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળના વિષયોની ભાવના (ચિંતા) કરે છે; ધર્મ, અર્થ અને કામ--એ ત્રિવર્ગમાં નિત્ય આસક્ત રહે છે; અને કામવૃત્તિવાળા હોઈને જેઓ સર્વ કામનાઓથી તથા સમૃદ્ધિઓથી અત્યંત પ્રસન્ન

---

* યોગસૂત્રકાર પતંજલિએ પણ આવા પાંચ ક્લેશો દર્શાવ્યા છે:-" अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पंच क्लेशाः-અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ, આવા પાંચ ક્લેશો છે."

રહે છે, તે મનુષ્યોને રજોગુણથી ઘેરાયેલા તથા અર્વાક્ સ્રોતસ્ (એટલે જેઓના ચિત્તનો પ્રવાહ મધ્યમ કર્મો તરફ ગતિ કરનારો છે તેવા) જાણવા.[૧૫,૧૬] આવા મનુષ્યો આ લોકમાં વારંવાર ઉત્પન્ન થઇને અત્યંત આનંદ પામે છે અને આ લોકનું તથા પરલોકનું કુશળ ઇચ્છે છે. વળી તેવા (રજોગુણી) મનુષ્યો દાન આપે છે, પ્રતિગ્રહ કરે છે, તર્પણ કરે છે અને હવનહોમ કરે છે.[૧૭] આ રીતે મેં રજોગુણના અનેક પ્રકારના ગુણો કહ્યા અને તે ગુણની વૃત્તિ પણ યથાવત્ રીતે કહી. જે આ ગુણોને નિત્ય જાણે છે, તે રજોગુણના સર્વ ગુણોથી મુક્ત રહે છે.”

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦અનુગીતા પર્વમાં
“ ગુરુશિષ્યસંવાદ ” એ વિષયનો
અધ્યાય ૩૭ મો સમાપ્ત

* * *

અધ્યાય ૩૮ મો

ગુરુશિષ્યસંવાદ-સત્વગુણનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

अतः परं प्रवक्ष्यामि तृतीयं गुणमुत्तमम् ।
सर्वभूतहितं लोके सतां धर्ममनिंदितम् ॥१॥

બ્રહ્માએ કહ્યું:–“ હવે પછી ત્રીજા ઉત્તમ (સત્વ) ગુણનું હું વર્ણન કરૂં છું. એ ગુણ પ્રાણીમાત્રનું હિત કરનારો છે, સત્પુરુષોના ધર્મરૂપ છે અને લોકમાં અનિંદ્ય ગણાય છે.[૧] આનંદ, પ્રીતિ, ઉન્નતિ, પ્રકાશ, સુખ, ઉદારતા, નિર્ભયતા, સંતોષ, શ્રદ્ધાળુતા, ક્ષમા, ધૃતિ, અહિંસા, સમતા (સર્વનાપર સમદષ્ટિ રાખવી તે), સત્ય, સરળતા, ક્રોધ નહિ કરવો, અસૂયા (અદેખાઇ) નહિ કરવી, બાહ્ય–આભ્યંતર પવિત્રતા, દક્ષતા (ઉત્સાહ) અને પરાક્રમ–આ સર્વે સાત્વિક ગુણો છે.[૨,૩] જે પુરુષ શાસ્ત્રીય જ્ઞાન, વર્તન, સેવા તથા પરિશ્રમને વ્યર્થ સમજી કેવળ યોગી પુરુષના ધર્મનો (યોગધર્મનો) આશ્રય કરે છે, તે પુરુષ પોતાના આત્મસ્વરૂપમાંજ અવિનાશી પદને પામે છે.[૪] જેમાં મમતાનો, અહંકારનો તથા સર્વ આશાઓનો પરિત્યાગ કરવામાં આવ્યો હોય છે;તેમજ સર્વ તરફ સમભાવવાળો હોઈને જે કેવળ નિષ્કામરૂપજ હોય છે, તેજ સત્પુરુષોનો સનાતન ધર્મ છે.[૫] વિશ્વાસ, લજ્જા, ક્ષમા, ત્યાગ, પવિત્રતા, અંતદ્રિતા (તંદ્રારહિતપણું), આનૃશંસ્ય (સૌમ્યતા), અસંમોહ, પ્રાણીઓપર દયા, અપૈશુન (ચાડીચુગલી ન કરવી તે), હર્ષ (પુત્રાદિના જન્મસમયે થનારૂં સુખ), સંતોષ, વિસ્મય, વિનય, ઉત્તમ વૃત્તિ, મુક્તિના ઉપાયરૂપ શાંતિકર્મમાં સરળતાપૂર્વક પ્રવૃત્તિ, ઉત્તમ બુદ્ધિ, દુર્ગુણોથી મુક્ત થવું, ઉદાસીનવૃત્તિ, બ્રહ્મચર્ય, સર્વનો પરિત્યાગ, મમતાનો અભાવ, કોઇ જાતની આશાનો ત્યાગ, ધર્મનો નાશ નહિ થવા દેવો તે–આ સર્વે સાત્વિક ગુણો છે.[૬–૮] જે પુરુષો આ લોકમાં દાન, યજ્ઞ, અધ્યયન, વ્રત, પ્રતિગ્રહ, ધર્મ તથા તપને વ્યર્થ જાણે છે, સાત્વિકવૃત્તિવાળા હોઈને સત્વગુણનોજ આશ્રય કરે છે, વેદના કારણભૂત બ્રહ્મમાં નિષ્ઠાવાળા હોય છે અને ધીર હોય છે, તેઓજ સાધુદર્શી (એટલે સર્વ તત્ત્વના રહસ્યને સારી રીતે જોનારા) કહેવાય છે.[૯,૧૦] તેવા ધીર મનુષ્યો શોકરહિત થઇને તથા સર્વ પાપોનો ત્યાગ કરીને સ્વર્ગલોકને પામે છે; અને (પોતાના યોગબળથી) અનેક શરીરોને સરજી શકે છે.[૧૧] વળી તે મહાત્માઓ અણિમાદિ અષ્ટ મહાસિદ્ધિઓને સંપાદન કરીને સ્વર્ગમાં રહેલા દેવોની પેઠે મનને અનેક આકારવાળું કરી શકે છે.[૧૨] આ સર્વ દેવતાઓ ઊર્ધ્વસ્રોતસ્ (એટલે જેઓના ચિત્તનો પ્રવાહ ઉચ્ચકર્મો તરફ વળેલો હોય છે તેવા) અને વૈકારિક કહેવાય છે; કેમકે તેઓ સ્વર્ગલોકને પામીને પોતાની પ્રકૃતિદ્વારા (એટલે ભોગજન્ય સંસ્કારદ્વારા પુનઃ ભોગો સંપાદન કરવા માટે) ચિત્તને અનેક આકારવાળું કરી શકે છે અને પોતે જે જે ઇચ્છે છે,તે તે સર્વને પ્રાપ્ત કરી શકે છે; એટલુંજ નહિ પણ બીજાઓને પણ (તેઓએ સંકલ્પેલી) હરકોઇ વસ્તુ આપી શકે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! એ રીતે સાત્વિક વૃત્ત (વર્તન) મેં તમને કહ્યું. આનું વિધિપૂર્વક જ્ઞાન મેળવીને મનુષ્ય જે ઇચ્છે છે, તેને એ-

ળવી શકે છે.[૧૩,૧૪] મેં તમને વિશેષે કરીને સત્વના ગુણો કહ્યા છે તેમજ એ ગુણની વૃત્તિ પણ યથાવત્ રીતે કહી છે. જે મનુષ્ય આ (સાત્વિક) ગુણોને જાણે છે, તે સદાકાળ તેઓનો ઉપભોગ કરે છે; પણ તેઓથી લેપાઇ જતો નથી.”

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ગુરુશિષ્યસંવાદ” એ વિષયનો
અધ્યાય ૩૮ મો સમાપ્ત

અધ્યાય ૩૯ મો

ગુરુશિષ્યસંવાદ–ત્રણ ગુણરહિત કોઈ પદાર્થ નથી.

॥ ब्रह्मोवाच ॥

नैव शक्या गुणा वक्तुं पृथक्त्वेनैव सर्वशः ।
अविच्छिन्नानि दृश्यंते रजः सत्त्वं तमस्तथा ॥

બ્રહ્માએ કહ્યું:–“ સર્વ ગુણોના (એટલે સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોના) ભિન્ન ભિન્ન ગુણોનું વર્ણન કરવું તે અશક્ય છે; કેમકે સત્વ, રજસ્ અને તમસ્–એ ત્રણે ગુણો સર્વત્ર અવિચ્છિન્ન રીતે જોવામાં આવે છે. તેઓ સર્વે અન્યોન્ય રાગી હોય છે, અન્યોન્યના કાર્ય ઉપર જીવે છે–ટકી રહે છે, અન્યોન્ય આશ્રયવાળા હોય છે અને અન્યોન્યને અનુસરનારા હોય છે.[૨] એમાં કંઇ પણ સંશય નથી કે, જ્યાંસુધી સત્વગુણ હોય છે, ત્યાંસુધી રજોગુણ પણ હોય છે; અને જ્યાંસુધી તમોગુણ તથા સત્વગુણ હોય છે, ત્યાંસુધી રજોગુણ પણ હોય :છે. તેઓ ત્રણે એકબીજા સાથે મળીને વ્યવહાર કરે છે અને સાથે રહીને એકીસાથે સંચાર કરે છે તથા અન્યોન્ય મિશ્રસ્વભાવના થઈ જાય છે; તોપણ કોઇ કારણ અથવા અકારણને લીધે તેઓ વિષમપણે પણ (એટલે એકની ન્યૂનતા હોય ત્યારે બીજાની અધિકતા અને એકની અધિકતા હોય ત્યારે બીજાની ન્યૂનતા એમ વિરુદ્ધ રીતે પણ) વર્તે છે.[૪] હવે અન્યોન્યની સાથે રહેનારા તે ત્રણે ગુણો જેઓમાં કોઇ સમયે એકાદ વધી પડે છે; અને કોઇ સમયે એકાદ ન્યૂન (ઓછો)થઇ જાય છે, તેઓની ન્યૂનતા પણ થતી નથી અને અધિકતા પણ થતી નથી--અર્થાત્ કોઇ સમયે તે ત્રણે ગુણોનું રૂપ સમાન થાય છે, તે સર્વવિષે હવે કહેવામાં આવે છે.[૫] જ્યાં (ભુંડ વગેરે પ્રાણીમાં) તમોગુણ અધિક હોય છે અને અધિકતાને પામી ચૂકયો હોય છે, ત્યાં રજોગુણ અલ્પ હોય છે અને સત્વગુણ તો અત્યંત અલ્પ હોય છે.[૬] જ્યાં રજોગુણ અધિક હોઇને મધ્યપ્રવાહમાં વહી રહ્યો હોય, ત્યાં તમોગુણ અલ્પ હોય છે અને સત્વગુણ તો અત્યંત અલ્પ હોય છે; અને જ્યાં સત્વગુણ અધિક હોઇને ઉત્કૃષ્ટ પ્રવાહમાં વહી રહ્યો હોય છે, ત્યાં તમોગુણ અલ્પ હોય છે અને રજોગુણ તો અત્યંત અલ્પ હોય છે, એમ સમજવું.[૮] સત્વગુણ ઇંદ્રિયોના ઉત્પત્તિસ્થાનરૂપ છે અને તે વિકારવાળા અહંકાર સાથે સંબંધ ધરાવનાર છે. વળી તે ઇંદ્રિયોદ્વારા શબ્દાદિ વિષયોને પ્રકાશ કરનાર છે. આ સત્વગુણસિવાય બીજો કોઇપણ શ્રેષ્ઠ ધર્મહેતુ શાસ્ત્રમાં કહેવામાં આવ્યો નથી.[૯] સત્વગુણમાં સ્થિતિ કરનારા મનુષ્યો સ્વર્ગાદિ ઉચ્ચ ગતિને પામે છે, રજોગુણમાં સ્થિતિ કરનારા મનુષ્યો મધ્યમ ગતિમાં રહે છે; અને અધમ ગુણથી યુક્ત એવા તામસ મનુષ્યો નરકાદિ અધોગતિને પામે છે.[૧૦] શૂદ્રમાં તમોગુણ (અધિક) હોય છે, ક્ષત્રિયમાં રજોગુણ (અધિક) હોય છે અને બ્રાહ્મણમાં ઉત્તમ સત્વગુણ (અધિક) હોય છે.આ રીતે ત્રણ વર્ણોમાં ત્રણ ગુણો રહે છે.[૧૧] વળી તેઓ દૂરથી પણ એટલે તમોગુણ જેમાં મુખ્ય હોય છે તેવા શૂદ્ર આદિમાં પણ એકીસાથે રહેલા અને એકીસાથે સંચાર કરનારા જોવામાં આવે છે; તેમજ તમોગુણ, સત્વગુણ તથા રજોગુણ જૂદાજૂદા રહેતા હોય, એમ અમે સાંભળ્યુંજ નથી.[૧૨] (એટલુંજ નહિ પણ સ્વયંપ્રકાશ એવા સૂર્ય આદિમાં પણ ત્રણ ગુણોને પ્રકટ કરવાપણું છેજ; કેમકે) સૂર્યને ઉદય પામતો જોઇ ચોરલોકોને ભય થાય છે અને માર્ગમાં મુસાફરી કરનારા મનુષ્યો તેની ગરમીને લીધે સંતાપ પામે છે

તથા દુઃખી થાય છે.[૧૩] સૂર્ય એ ઉત્કૃષ્ટ સત્વગુણનું સ્વરૂપ છે, ચોરલોકો તમોગુણનું સ્વરૂપ છે; અને (સૂર્યના ઉદયને લીધે) માર્ગમાં મુસાફરી કરનારાઓને જે સંતાપ થાય છે, તે રજોગુણનું સ્વરૂપ કહેવાય છે.[૧૪] સૂર્યમાં જે પ્રકાશ રહેલો છે તે સત્વગુણ છે, (તેને લીધે) જે સંતાપ થાય છે તે રજોગુણ છે; અને (અમાવાસ્યા આદિ) પર્વોને દિવસે તેનું જે ગ્રહણ થાય છે તે તમોગુણ છે.[૧૫] આ પ્રમાણે સર્વ નક્ષત્રાદિ જ્યોતિર્ગણોમાં આ ત્રણે ગુણો અનુક્રમે પ્રવૃત્ત થાય છે અને નિવૃત્ત થાય છે;[૧૬] પરંતુ સ્થાવર પદાર્થોમાં તમોગુણ અધિકતાએ પહોંચી ગયો હોય છે,છતાં તેઓમાં જે (રમણીયતા, તીખાશ અને કડવાશ આદિ) રાજસ ગુણો જોવામાં આવે છે,તે કાળેકરીને બીજાં દ્રવ્યોનો સંબંધ થવાથી અથવા પાક આદિને લીધે જોવામાં આવે છે. આમાં જે ચીકાશ રહેલી છે તે સાત્વિક છે.[૧૭] દિવસ, રાત્રિ, માસ, અર્ધમાસ, વર્ષો,ઋતુઓ, સંધિઓ, દાનો,યજ્ઞો, મનુષ્યો, દેવતાઓ, વિદ્યાઓ, ગતિઓ, ભૂત, ભવિષ્ય, વર્તમાન,ધર્મ, અર્થ,કામ, પ્રાણ, અપાન અને ઉદાન-આ સર્વે કેવળ ત્રણ ગુણોવાળાંજ છે; અને તેઓ સર્વમાં અનુક્રમે ત્રણ ગુણો પ્રવૃત્તિ કર્યા કરે છે. આ જગતમાં જે કંઇ વસ્તુ રહેલી છે તે સર્વ ત્રણ ગુણમયજ છે. સત્વ, રજસ્ અને તમસ્ નામના ત્રણે ગુણો અવ્યક્ત-(પ્રધાન અથવા પ્રકૃતિ) સ્વરૂપ હોઇને નિત્ય પ્રવૃત્તિ કર્યા કરે છે; અને તેથીજ આ ગુણસૃષ્ટિ સનાતન કહેવાય છે.[૨૨] અધ્યાત્મનું ચિંતન કરનારા પુરુષોએ અવ્યક્તનાં આવાં બાવીસ નામો સમજવાં;જેવાંકે તમસ્, અવ્યક્ત, શિવ, ધામ, રજસ્, યોનિ, સનાતન, પ્રકૃતિ, વિકાર, પ્રલય, પ્રધાન, પ્રભવ, અપ્યય, અનુદ્રિક્ત, અન્યૂન, અકંપ, અચલ, ધ્રુવ, સત્, અસત્, તત્ અને સર્વ. આ અવ્યક્તને ત્રણ ગુણોવાળુંજ કહેવામાં આવ્યું છે.[૨૩,૨૪] જે પુરુષ અવ્યક્તનાં સર્વનામોને, સત્વાદિ ત્રણ ગુણોને તથા કેવળ ગતિઓને યથાર્થરીતે જાણે છે, તે પુરુષ દેહાભિમાનથી મુક્ત થઇને (ગુણદોષના) વિભાગ તત્ત્વને જાણે છે,સર્વ દોષોથી રહિત થાય છે અને સર્વ ગુણોથી મુક્ત થાય છે."[૨૫]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ગુરુશિષ્યસંવાદ" એ વિષયનો અધ્યાય ૩૯ મો સમાપ્ત

અધ્યાય ૪૦ મો

ગુરુશિષ્યસંવાદ-મહત્તત્ત્વનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

अव्यक्तात् पूर्वमुत्पन्नो महानात्मा महामतिः।
आदिर्गुणानां सर्वेषां प्रथमः सर्ग उच्यते ॥१॥

બ્રહ્માએ કહ્યું:-"મહાબુદ્ધિમાન મહત્તત્ત્વ અવ્યક્તની પહેલાં ઉત્પન્ન થયું છે. તે સર્વ ગુણોમાં પ્રથમ છે અને તેથીજ પ્રથમ સર્ગ (પ્રથમ સૃષ્ટિ) કહેવાય છે.[૧] આ મહત્તત્ત્વને મહાન આત્મા, મતિ, વિષ્ણુ, જિષ્ણુ, શંભુ, વીર્યવાન બુદ્ધિ, પ્રજ્ઞા, ઉપલબ્ધિ, ખ્યાતિ, ધૃતિ અને સ્મૃતિ આવાં પર્યાય નામોથી જાણી શકાય છે. જે વિદ્વાન બ્રાહ્મણ આ મહત્તત્ત્વના સ્વરૂપને જાણે છે,તે કદી મોહ પામતો નથી.[૨,૩] આ મહત્તત્ત્વ સર્વ તરફ હાથપગવાળું છે, સર્વ તરફ નેત્ર, મસ્તક તથા મુખવાળું છે,સર્વતરફ શ્રુતિ-(કાન) વાળું છે અને જગતમાં સર્વ પદાર્થમાં વ્યાપ્ત થઇ રહ્યું છે.[૪] તે મહાપ્રભાવશાળી પુરુષરૂપ છે,સર્વના હૃદયમાં રહેલ છે અને અણિમા, લઘિમા, પ્રાપ્તિ, ઇશાન, જ્યોતિ તથા નિર્વિકારસ્વરૂપ છે.[૫] વળી તે મહત્તત્ત્વમાં જેઓને માત્ર બુદ્ધિથીજ જાણી શકાય છે તેવા ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળના લોકો અસ્તિત્વ ધરાવે છે; અને જે પુરુષો સદ્ભાવપરાયણ હોય છે,ધ્યાનનિષ્ઠ હોય છે, નિત્ય યોગાનુષ્ઠાન કરનારા હોય છે,સત્ય પ્રતિજ્ઞાવાળા હોય છે,જિતેન્દ્રિય હોય છે, જ્ઞાનસંપન્ન હોય છે, લોભરહિત હોય છે, ક્રોધને જીતનારા હોય છે, પ્રસન્ન મનવાળા હોય છે, ધીર હોય છે, મમતાનો ત્યાગ કરનારા હોય છે અને અહંકારરહિત હોય છે, તેઓ સર્વે(અંતે)મુક્ત થઇને મહત્તત્ત્વના સ્વરૂપને પામે છે.જે પુરુષ પવિત્ર અને ઉત્તમ એવી

મહત્તત્ત્વની ગતિને જાણે છે; તેમજ પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ–આ પાંચ મહાભૂતોને અહંકારમાંથી ઉત્પન્ન થયેલાં જાણે છે; વળી સર્વ પ્રાણીઓ પાંચ મહાભૂતોમાં જોડાયેલાં રહેલાં જાણે છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધની ક્રિયાઓમાં જોડાયેલાં રહેલાં જાણે છે તથા હે ધીર બ્રાહ્મણો! પ્રલયકાળ જયારે ઉપસ્થિત થાય છે, ત્યારે મહાભૂતોના વિનાશને અંતે પ્રાણીમાત્રને મહાન ભય ઉત્પન્ન થાય છે; આ સર્વ વાતને જે ધીર પુરુષ જાણે છે, તે સર્વ લોકમાં કદી મોહ પામતો નથી. પ્રત્યેક સૃષ્ટિના આદિમાં પ્રભુ વિષ્ણુજ સ્વયંભૂરૂપે થાય છે.[૬-૧૨] જે બુદ્ધિમાન પુરુષ સર્વના પ્રભુ, સર્વનાથી પર રહેલા, જગતસ્વરૂપ, પ્રકાશમય અને બુદ્ધિમાનોની પરમ ગતિરૂપ પુરાણપુરુષ વિષ્ણુને સર્વની હૃદયગુહામાં રહેલા જાણે છે, તે પુરુષ બુદ્ધિનું (મહત્તત્ત્વનું) ઉલ્લંઘન કરીને સ્થિતિ કરે છે."[૧૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ગુરુશિષ્યસંવાદ" એ વિષયનો
અધ્યાય ૪૦ મો સમાપ્ત

અધ્યાય ૪૧ મો

ગુરુશિષ્યસંવાદ–અહંકારનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

य उत्पन्नो महान् पूर्वमहंकारः स उच्यते ।
अहमित्येव संभूतो द्वितीयः सर्ग उच्यते ॥१॥

બ્રહ્માએ કહ્યું:–"સૌની પહેલાં જે મહત્તત્ત્વ ઉત્પન્ન થયેલું હોય છે, તેજ "હું" એવું જ્યારે અભિમાન કરે છે, ત્યારે અહંકારરૂપે ઉત્પન્ન થયેલું કહેવાય છે. આ અહંકારનેજ બીજી સૃષ્ટિ કહેવામાં આવે છે. વળી આ અહંકાર સર્વભૂતોનો આદિ છે અને મહત્તત્ત્વરૂપ વિ-ય છે, રજોગુણના વિકારરૂપ છે, ચેતન પુરુષ છે અને તેનાથી પ્રજાઓની ઉત્પત્તિ થઇ છે, માટે પ્રજાપતિ કહેવાય છે;[૨] તેમજ શ્રોત્ર આદિ ઇંદ્રિયો તથા મનનું તે ઉત્પત્તિસ્થાન છે, દેવ કહેવાય છે, ત્રણે લોકનો સ્રષ્ટા છે અને સર્વ પદાર્થો ઉપર "હું" એવું અભિમાન કરે છે, માટે અભિમંતા કહેવાય છે.[૩] આ અહંકાર (જે સમષ્ટિરૂપે અનિરુદ્ધ કહેવાય છે તે) અધ્યાત્મજ્ઞાનમાં તૃપ્ત રહેનારા, શુદ્ધ થયેલા ચિત્તવાળા અને સ્વાધ્યાય યજ્ઞથી સિદ્ધ થયેલા મુનિઓના સનાતનલોકરૂપ છે–અર્થાત્ તેઓને પ્રાપ્ત કરવાયોગ્ય સ્થાનરૂપ છે.[૪] પુરુષ ત્રિગુણમય એવા અહંકારવડે શબ્દાદિ વિષયોને ભોગવવાની ઇચ્છા કરે છે, ત્યારે તેનો તામસ અહંકાર આકાશાદિ ભૂતોને ઉત્પન્ન કરે છે; માટેજ તે (અહંકાર) 'ભૂતકૃત' કહેવાય છે. સર્વ ઇંદ્રિયોને ઉત્પન્ન કરીને તેઓદ્વારા દર્શન, સ્પર્શન આદિ ક્રિયાઓ કરે છે, માટે 'વૈકારિક' કહેવાય છે; અને કર્મેન્દ્રિયોને તથા પાંચ પ્રાણોને ઉત્પન્ન કરીને તેઓદ્વારા પોતાના તેજવડે સર્વ જગતને (એટલે ભોક્તાવર્ગને) આનંદ પમાડે છે, માટે 'તૈજસ્' કહેવાય છે."[૫]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ગુરુશિષ્યસંવાદ" એ વિષયનો
અધ્યાય ૪૧ મો સમાપ્ત

અધ્યાય ૪૨ મો

ગુરુશિષ્યસંવાદ–મહાભૂતાદિવર્ણન અથવા અધ્યાત્મશાસ્ત્ર

॥ ब्रह्मोवाच ॥

अहंकारात्प्रसूतानि महाभूतानि पंच वै ।
पृथिवी वायुराकाशमापो ज्योतिश्च पंचमम् ॥१॥

બ્રહ્માએ કહ્યું:–"પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ, આ પાંચ મહાભૂતો અહંકારમાંથી ઉત્પન્ન થયાં છે.[૧] આ પાંચ મહાભૂતોમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–આ પાંચ વિષયો રહેલા છે. તેઓની ક્રિયાઓને લીધે સર્વ મનુષ્યો મોહાધીન બની જાય છે. હે ધીર બ્રાહ્મણો! જે સમયે પ્રલયકાળ ઉપસ્થિત થાય છે, તે સમયે મહાભૂતોના વિનાશને અંતે પ્રાણીમાત્રને મહાન ભય ઉત્પન્ન થાય છે.[૩] આ મહાભૂતોમાં જે મહાભૂત જેમાંથી ઉત્પન્ન થાય છે,

તે પાછું તેમાંજ લય પામે છે. તે પ્રતિલોમક્રમથી એટલે ઉલટીરીતે લય પામે છે અને અનુલોમ (સીધી) રીતે ઉત્પન્ન થાય છે.[૪]* જે સમયે સ્થાવરજંગમ સર્વ ભૂતસમુદાય લય પામે છે તે સમયે× સ્મૃતિમાન એવા ધીર પુરુષો કદી લય પામતા નથી.[૫] શબ્દ,સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને તેઓને ગ્રહણ કરવારૂપ ક્રિયાઓ, જે માત્ર મનસ્વરૂપ હોય છે તેઓ નિત્ય છે (અર્થાત્ સૂક્ષ્મભૂતો અને તેઓને ગ્રહણ કરવારૂપ ક્રિયાઓ નિત્ય હોય છે);પણ સ્થૂલભૂતો અને તેઓને ગ્રહણ કરવારૂપ ક્રિયાઓ અનિત્ય છે.[૬] જેટલાં સ્થૂલ શરીરો હોય છે તે બધાં અમુક વસ્તુને સંપાદન કરવાની ઇચ્છારૂપ જે લોભ તેના કર્મથી ઉત્પન્ન થયેલાં હોય છે, સર્વે (પાંચ મહાભૂતોનાં બનેલાં હોઇને) સમાન હોય છે, સત્‌વસ્તુના લેશથી પણ રહિત હોય છે (અર્થાત્ દોરડીમાં ભ્રાંતિથી દેખાયેલા સર્પની પેઠે તુચ્છ હોય છે), માંસ તથા રુધિરના એક સમુદાયરૂપ હોય છે, અન્યોન્યના પર જીવનારાં હોય છે (અર્થાત્ નાશવંત હોય છે),ક્ષુધા વગેરેના ઉપદ્રવવાળાં હોઇને દીન હોય છે તથા બાહ્યસાધનોપર જીવનારાં હોય છે. (માટેજ તેઓ અનિત્ય છે.) પ્રાણ, અપાન, ઉદાન,સમાન અને વ્યાન–આ પાંચ વાયુઓ તથા વાણી,મન અને બુદ્ધિ–આ ત્રણ મળીને એકંદર આઠ પદાર્થો, અંતરાત્મા(જીવ)વિષે (ઉપાધિરૂપે) નિયમથી રહેલા છે; અને તેને લીધેજ આ સર્વ જગત આઠ પદાર્થોરૂપજ છે.[૭-૯] જે પુરુષની ત્વચા ઇંદ્રિય, ઘ્રાણઇંદ્રિય, શ્રોત્રઇંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, રસના(જિહ્વા) ઇંદ્રિય તથા વાણી બરાબર નિયમમાં હોય છે, જેનું મન શુદ્ધ હોય છે, જેની બુદ્ધિ વ્યભિચારવિનાની હોય છે–એકજ નિશ્ચયવાળી હોય છે અને પૂર્વોક્ત (ત્વચા, ઘ્રાણ, શ્રોત્ર, ચક્ષુ, રસના, વાણી, મન તથા બુદ્ધિ–આ) આઠ અગ્નિઓ જેને બાળી શકતા નથી, તે પુરુષ પવિત્ર એવા બ્રહ્મને પામે છે કે જે બ્રહ્મથી બીજું કંઇ અધિકજ નથી.[૧૧]

હવે હે બ્રાહ્મણો! જેઓને અગિયાર ઇંદ્રિયો કહેવામાં આવે છે ,અને જેઓ વિશેષે કરી અહંકારમાંથીજ ઉત્પન્ન થયેલી છે, તેઓ વિષે હું તમને કહું છું.[૧૨] શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા, નાસિકા, ચરણ, ગુદા, લિંગ, હાથ અને વાણી આ દશ ઇંદ્રિયો છે અને મન તેઓમાં અગીઆરમું છે. આ ઇંદ્રિયસમુદાયને પ્રથમજ જીતવો જોઇએ, જેથી બ્રહ્મ પ્રકાશે છે.[૧૩,૧૪] વિદ્વાનો કહે છે કે, બુદ્ધિયુક્ત એવી શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયો જ્ઞાનેન્દ્રિય કહેવાય છે અને કર્મયુક્ત એવી વાણી આદિ પાંચ કર્મેન્દ્રિય કહેવાય છે. આ બન્ને પ્રકારની ઇંદ્રિયોમાં મનને હમેશાં અનુગત (પાછળનું પાછળ રહેલું) જાણવું. આ અગિયાર ઇંદ્રિયો ઉપરાંત બુદ્ધિ બારમી છે.[૧૫,૧૬] આ પ્રમાણે અગિયાર ઇંદ્રિયો અનુક્રમ પ્રમાણે કહી. બુદ્ધિમાન પુરુષો આ અગીઆર ઇદ્રિયોને જાણીને પોતે બધું કરી લીધું,એમ માને છે–કૃતકૃત્ય થાય છે.[૧૭] હવે પછી તે સર્વ ઇંદ્રિયો એક એક પ્રત્યે અનેક પ્રકારની છે, તે હું તમને કહું છું. આકાશ એ પ્રથમ ભૂત છે. શ્રોત્ર તેમાં અધ્યાત્મ (ઇંદ્રિય) કહેવાય છે, શબ્દ તેમાં અધિભૂત (ગુણ) કહેવાય છે અને દિશાઓ તેમાં અધિદૈવત (અધિષ્ઠાયક દેવ) કહેવાય છે. વાયુ એ બીજું ભૂત છે. ત્વચા તેમાં અધ્યાત્મ છે, સ્પર્શ તેમાં અધિભૂત છે અને વિજળી તેમાં આધિદૈવત છે. તેજ એ ત્રીજું ભૂત છે. ચક્ષુ તેમાં અધ્યાત્મ કહેવાય છે, રૂપ તેમાં અધિભૂત છે અને સૂર્ય તેમાં અધિદૈવત છે.જળ એ ચોથું ભૂત છે. જિહ્વા તેમાં અધ્યાત્મ કહેવાય છે, રસ તેમાં અધિભૂત છે અને ચંદ્ર તેમાં અધિદૈવત છે. પૃથ્વી એ પાંચમું ભૂત છે. ।ણ

---

* જેમકે આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી–આ રીતે સીધા ક્રમથી ઉત્પન્ન થાય છે;અને પૃથ્વી જળમાં, જળ અગ્નિમાં,અગ્નિ વાયુમાં અને વાયુ આકાશમાં–એમ ઉલટી રીતે લય પામે છે.

× જેઓએ સ્થૂલ અને સૂક્ષ્મ–એમ બે પ્રકારનાં ભૂતોમાંથી સ્થૂલભૂતોનો પોતાના યોગબળવડે સૂક્ષ્મભૂતોમાં લય કરી દીધો હોય છે અને પોતે પણ કેવળ સૂક્ષ્મશરીરેજ સ્થિતિ કરી રહ્યા હોય છે,તેમને સ્મૃતિમાન ધીર પુરુષો કહે છે.

તેમાં અધ્યાત્મ છે, ગંધ તેમાં અધિભૂત છે અને વાયુ તેમાં અધિદૈવત છે. આ રીતે પાંચ મહાભૂતોમાં જે અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવત રહેલાં છે, તે વિષે મેં તમને કહ્યું.[૧૮–૨૩] હવે સર્વ ઇંદ્રિયો એક એક પ્રત્યે અનેક પ્રકારની છે, તે વિષે હું તમને કહું છું. તત્ત્વદર્શી બ્રાહ્મણો કહે છે કે, ચરણ (પગ) અધ્યાત્મ છે, ગમન તેમાં અધિભૂત છે અને વિષ્ણુ તેમાં અધિદૈવત છે. અધોગતિવાળો અપાનવાયુ અને ગુદા અધ્યાત્મ છે, મળનો ત્યાગ તેમાં અધિભૂત છે અને મિત્ર (તે નામનો દેવ) તેમાં અધિદૈવત છે. સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારૂં ઉપસ્થ (લિંગ) અધ્યાત્મ છે, વીર્ય તેમાં અધિભૂત છે અને પ્રજાપતિ તેમાં અધિદૈવત છે. અધ્યાત્મવેત્તાઓ કહે છે કે, હાથ અધ્યાત્મ છે, કર્મો તેમાં અધિભૂત છે અને ઇંદ્ર તેમાં અધિદૈવત છે. જેનું નામ વૈશ્વદેવી છે એવી જે પ્રથમ વાણી તે અધ્યાત્મ કહેવાય છે, બોલવું તેમાં અધિભૂત છે અને અગ્નિ તેમાં અધિદૈવત છે. પાંચ મહાભૂતોરૂપ સર્વ ઇંદ્રિયોમાં સંચાર કરનારા મનને વિદ્વાનો અધ્યાત્મ કહે છે, સંકલ્પ તેમાં અધિભૂત છે અને ચંદ્રમા તેમાં અધિદૈવત છે. સવ સંસારને ઉત્પન્ન કરનારો અહંકાર અધ્યાત્મ છે, અભિમાન તેમાં અધિભૂત છે અને રુદ્ર તેમાં અધિદૈવત છે. છ ઇંદ્રિયોદ્વારા વિચાર કરનારી બુદ્ધિને વિદ્વાનો અધ્યાત્મ કહે છે, મંતવ્ય (એટલે વિચાર) તેમાં અધિભૂત છે અને બ્રહ્મા તેમાં અધિદૈવત છે. સર્વ પ્રાણીઓનાં સ્થળ, જળ તથા આકાશ–આવાં ત્રણ સ્થાનો છે, ચોથું સ્થાન નથી; તેમજ પ્રાણીમાત્રનો જન્મ અંડજ, ઉદ્ભિજ્જ, સ્વેદજ તથા જરાયુજ–આમ ચાર પ્રકારનો છે. બીજાં હલકાં પ્રાણીઓને, ખેચર (એટલે આકાશમાં વિહાર કરનારાં) પ્રાણીઓને તથા સર્વ સર્પોને અંડજ જાણવાં અને કીડા વગેરે પ્રાણીઓને સ્વેદજ જાણવાં. આ બીજો જન્મ અત્યંત અધમ કહેવાય છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! જે પ્રાણીઓ પૃથ્વીને ફાડીને કાળક્રમે ઉત્પન્ન થાય છે, તેઓને ઉદ્ભિજ્જ કહેવામાં આવે છે. હે અતિ ઉત્તમ બ્રાહ્મણો ! બેપગાં, ચોપગાં અને પશુપક્ષીની ગતિને પ્રાપ્ત થયેલાં વિકૃત પ્રાણીઓને જરાયુજ કહેવામાં આવે છે; તેમજ સનાતન એવો બ્રાહ્મણજન્મ બે પ્રકારનો જાણવો.[૨૪–૩૮] એ જન્મમાં તપ તથા જે કંઈ પુણ્યકર્મ હોય તેજ અવશ્ય કર્તવ્ય છે, આમ વિદ્વાનોએ કહ્યું છે. કર્મ અનેક પ્રકારનું છે તોપણ યજ્ઞ તથા દાન એ મુખ્ય કર્મ છે, એમ સમજવું.[૩૯] વૃદ્ધ પુરુષોની આજ્ઞા છે કે, બ્રાહ્મણતરીકે જન્મેલા પુરુષને વેદશાસ્ત્રનું અધ્યયન તેજ પવિત્રકારક છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! જે પુરુષ આ અધ્યાત્મને વિધિ પ્રમાણે જાણે છે, તે પુરુષ સર્વ પાપોથી મુક્ત થઇને યોગી થઇ શકે છે, એમ તમારે જાણવું. આકાશ* એ પ્રથમ ભૂત છે, શ્રોત્ર તેમાં અધ્યાત્મ છે, શબ્દ તેમાં અધિભૂત છે અને દિશાઓ તેમાં અધિદૈવત છે. વાયુ એ બીજું ભૂત છે, ત્વચા તેમાં અધ્યાત્મ છે, સ્પર્શ તેમાં અધિભૂત છે અને વિજળી તેમાં અધિદૈવત છે. તેજ એ ત્રીજું ભૂત છે. ચક્ષુ તેમાં અધ્યાત્મ છે, રૂપ તેમાં અધિભૂત છે અને સૂર્ય તેમાં અધિદૈવત છે. જળ એ ચોથું ભૂત છે. જિહ્વા તેમાં અધ્યાત્મ છે, રસ તેમાં અધિભૂત છે અને ચંદ્ર તેમાં અધિદૈવત છે. આ અધ્યાત્મવિધિ મેં તમને યથાર્થ રીતે કહ્યો.[૪૦–૪૫] હે ધર્મને જાણનારા બ્રાહ્મણો! આ અધ્યાત્મવિધિનું જ્ઞાન (ઘણા) જ્ઞાનસંપન્ન પુરુષોને આ લોકમાં પ્રાપ્ત થયું છે. (મુમુક્ષુ) પુરુષે સર્વ ઇંદ્રિયો, ઇંદ્રિયોના વિષયો તથા પાંચ મહાભૂતો, એ સર્વને એકજ ધારીને કેવળ મન સાથેજ સ્થિતિ કરવી જોઇએ.[૪૬] (મહાભૂત આદિ સર્વ પદાર્થો જો કેવળ મનરૂપજ ન હોય તો સ્વપ્ન અને સંપ્રજ્ઞાત સમાધિમાં તેમનું ભાન ન થવું જોઇએ.) વળી (નિર્વિકલ્પ સમાધિમાં) જ્યારે મનનો સંપૂર્ણ નાશ થઈ જાય છે, ત્યારે સંસારનું સુખ ઇષ્ટ લાગતું નથી. (એ ઉપરથી સિદ્ધ થાય છે કે, મહાભૂતાદિ સર્વ પ-

---

* અહીંથી ૪૫મા શ્લોકના પૂર્વાર્દ્ધસુધી અવશ્ય પુનરુક્તિ છે; કેમકે આ વાત આ અધ્યાયમાંજ પ્રથમ આવી ગઈ છે.

દાર્થો કેવળ મનરૂપજ છે.) જે વિદ્વાનોની બુદ્ધિ આત્માના અનુભવરૂપ જ્ઞાનથી યુક્ત થયેલી હોય છે, તેઓને એ (નિર્વિકલ્પ સમાધિનું) સુખજ માન્ય હોય છે.[૪૭] હવે મનને સૂક્ષ્મ કરી નાખનારી તથા કલ્યાણકારક એવી નિવૃત્તિવિષે હું તમને કહું છું.એ વૃત્તિને બ્રાહ્મણ આદિ સર્વમનુષ્યોએ સરળ તથા કઠિનયોગવડે પણ પ્રાપ્ત કરવી યોગ્ય છે.[૪૮] વિદ્વાનો કહે છે કે,બ્રાહ્મણજાતિનું મુખ્ય વર્તન એજ હોઈ શકે,કે જેમાં શૌર્ય, ઔદાર્ય,વિદ્વત્તા અને તપસ્વીપણું આદિ ગુણો પણ અગુણના જેવા હોવા જોઈએ,અભિમાનનો સંગ પણ હોવો ન જોઇએ, એકાંતવાસ હોવો જોઇએ, સમગ્ર ભેદભાવ દૂર થયેલો હોવો જોઇએ અને સર્વ સુખનો સમાવેશ થયેલો હોવો જોઇએ.[૪૯] જે વિદ્વાન પુરુષ કાચબો જેમ સર્વ અંગોને સંકોચી લે છે, તેમ સર્વ કામવાસનાઓને સમેટી લઇને રજોગુણથી રહિત થાય છે અને સર્વ પ્રકારે (સંગથી) મુક્ત થાય છે, તે પુરુષ સદાય સુખી રહે છે.[૫૦] મનની એકાગ્રતા કરનારો જે પુરુષ સર્વ કામવાસનાઓનો પોતાનામાં સંયમ કરીને તૃષ્ણારહિત થાય છે અને પ્રાણીમાત્રનો સુહૃદ્ તથા મિત્ર થઇને રહે છે,તે પુરુષ બ્રહ્મસ્વરૂપ થવામાટે સમર્થ થઇ શકે છે. વિષયની ઇચ્છા રાખનારી સર્વ ઇંદ્રિયોને વશ કરી (ઇંદ્રિયોના) તે તે વિષયનો ત્યાગ કરવાથી મુનિનો અધ્યાત્મ(વિજ્ઞાન)રૂપ અગ્નિ એકદમ પ્રકટી નીકળે છે.[૫૨] જેમ કાષ્ઠોથી પ્રદીપ્ત થયેલો અગ્નિ મહાન તેજસ્વી થઈને પ્રકાશે છે, તેમ, ઈંદ્રિયોને વશ કરવાથી પરમાત્મા પ્રકાશે છે.[૫૩] જેનું ચિત્ત નિર્મળ થયેલું હોય છે તે પુરુષ, (સંપ્રજ્ઞાત સમાધિમાં) સર્વ પ્રાણીઓને જ્યારે પોતાના હૃદયમાં જુએ છે, ત્યારે તે જ્યોતિરૂપ થાય છે અને સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ એવા સર્વોત્તમ પરબ્રહ્મને મેળવે છે. મનુષ્યનું આ શરીર (કાળા, ધોળા વગેરે) રૂપવાળું છે, તેથી તેમાં અગ્નિની સ્થિતિનું અનુમાન થઇ શકે છે;રુધિર આદિ પ્રવાહી પદાર્થવાળું છે,તેથી તેમાં જળની સ્થિતિનું અનુમાન થઇ શકે છે; સ્પર્શ ગુણવાળું છે,તેથી તેમ વાયુની સ્થિતિનું અનુમાન થઇ શકે છે; હાડકાં વગેરેને ધારણ કરનારૂં છે, તેથી તેમાં પૃથ્વીની સ્થિતિનું અનુમાન થઇ શકે છે; અને શ્રોત્ર ઇંદ્રિયવાળું છે, તેથી તેમાં આકાશની સ્થિતિનું અનુમાન થઇ શકે છે.[૫૫] વળી તે શરીર રોગ તથા શોકથી ઘેરાયેલું છે, પાંચ ઇંદ્રિયોનાં સ્થાનોથી વ્યાપ્ત છે, પાંચ મહાભૂતોથી યુક્ત છે, (બે કાન, બે નેત્ર, બે નાસિકા, એક મુખ, લિંગ અને ગુદા–આ) નવ દ્વારવાળું છે, જીવ અને ઈશ્વરરૂપી બે દેવતાઓવાળું છે, મલિન છે, અમંગળ હોવાથી જોવું ન ગમે તેવું છે, સુખ, દુઃખ અને મોહરૂપી ત્રણ ગુણોવાળું છે, વાત, પિત્ત અને કફરૂપી ત્રણ ધાતુઓવાળું છે, અન્નાદિના સંગથીજ આનંદમાં રહેનારૂં છે અને કેવળ જડ છે; આવો નિશ્ચય કરવામાં આવ્યો છે.[૫૬,૫૭] વળી તે શરીર રોગ આદિથી જો ઘેરાઇ જાય છે; તો તે ખરેખર ઘણા પ્રયત્ને સાજું થઇ શકે તેવું છે. આ શરીર બુદ્ધિનોજ આશ્રય કરી રહ્યું છે. બસ, આજ સર્વ લોકમાં કાળચક્રતરીકે પ્રવૃત્તિ કરે છે.[૫૮] આ કાળચક્ર એક મહાસાગરના જેવુંજ ભયંકર છે, અગાધ છે, તેનું બીજું નામ 'મોહ' છે;અને તે દેવોસહિત આખા જગતને ઉત્પન્ન કરે છે, સંહારે છે અને જાગ્રત કરે છે.[૫૯] મનુષ્ય પોતાની ઇંદ્રિયોને જો વશ કરે છે તો તેદ્વારા, નિત્ય સ્થિતિ કરી રહેલા અને મહાદુસ્ત્યજ એવા કામ, ક્રોધ, ભય, લોભ, દ્રોહ તથા અસત્યનો ત્યાગ કરી શકે છે.[૬૦] જે પુરુષે પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહને લીધે ત્રણ ગુણોથી ભરપૂર જણાતા અને પાંચ મહાભૂતોમય એવા સ્થૂલદેહોનો પોતાના યોગબળથી લોકમાં પરાજય કર્યો છે, તે પુરુષને પોતાના હૃદયાકાશમાં રહેલું (પરબ્રહ્મરૂપી) પરમ સ્થાન પ્રાપ્ત થાય છે, જે અનંત છે.[૬૧] પ્રત્યેક મનુષ્યે પાંચ ઇંદ્રિયોરૂપી મોટા તટવાળી, મનના વેગરૂપી મોટા જળપ્રવાહવાળી અને મોહરૂપી ધરાવાળી આ (દેહરૂપી) નદીને તરી જઇને કામ તથા ક્રોધ બન્નેને જીતવા જોઇએ;[૬૨] કેમકે એ રીતે સર્વદોષોથી મુક્ત થયેલો પુરુષ, મનને હૃદયકમ-

ળમાં સ્થાપિત કરીને પોતાના શરીરમાંજ સર્વનાથી પર રહેલા આત્માને જોઇ શકે છે;[૬૩] એટલુંજ નહિ પરંતુ તે પુરુષ સર્વવેત્તા થઇને પ્રાણીમાત્રના શરીરમાં રહેલા આત્માને જાણી શકે છે-જોઇ શકે છે અને માત્ર સંકલ્પ કરીનેજ એક અથવા અનેક શરીરને ધારણ કરે છે.[૬૪] ખરેખર, જેમ એક દીવામાંથી સેંકડો દીવાઓ પ્રકટ થયેલા જોવામાં આવે છે, તેમ એ પુરુષ પણ કેવળ એક આત્મામાંથીજ અનેક સ્વરૂપોને પ્રકટ થયેલાં જુએ છે.[૬૫] જે પુરુષના હૃદયમાં મહાન એવો આત્મા પ્રકાશે છે, તે પુરુષ વિષ્ણુ, સૂર્ય, વરુણ, અગ્નિ, પ્રજાપતિ, ધાતા અને વિધાતારૂપ બની જાય છે; સર્વનો પ્રભુ, સર્વવ્યાપક અને સર્વ પ્રાણીના હૃદયરૂપ બની જાય છે;[૬૬] ઉપરાંત બ્રાહ્મણોના સમુદાયો, દેવો, અસુરો, યક્ષો, પિશાચો, પિતૃઓ, પક્ષીઓ, રાક્ષસો, ભૂતગણો અને સર્વ મહર્ષિઓ એ પુરુષની નિત્ય સ્તુતિ કર્યા કરે છે.”[૬૭]

ઇતિ શ્રીમહા૦ આ૦ પ૦ અનુગીતા પર્વમાં
“ગુરુશિષ્યસંવાદ” એ વિષયનો
અધ્યાય ૪૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૪૩ મો

ગુરુશિષ્યસંવાદ—વિભૂતિવર્ણન

॥ ब्रह्मोवाच ॥

मनुष्याणां तु राजन्यः क्षत्रियो मध्यमो गुणः।
कुंजरो वाहनानां च सिंहश्चारण्यवासिनाम्॥ १॥

બ્રહ્માએ કહ્યું:-“રજોગુણની જેમાં મુખ્યતા હોય છે એવો ક્ષત્રિય મનુષ્યોનો રાજા છે; હાથી, ઘોડા વગેરે વાહનોનો સ્વામી છે. સિંહ અરણ્યમાં વસનારાં પ્રાણીઓનો રાજા છે, ઘેટો સર્વ પશુઓનો સ્વામી છે, સર્પ દરમાં વસનારાં સર્વ પ્રાણીઓનો ઉપરી છે, આખલો સર્વ ગાયોનો તથા બળદોનો પતિ છે, પુરુષ સ્ત્રીઓનો પતિ છે; અને વડ, જાંબુડી, પિંપળો, શીમળો, સીસમ, મેંઢાશીંગી, પોલા વાંસ તથા નક્કર વાંસ, આ સર્વ વૃક્ષો લોકમાંનાં બીજાં સર્વ વૃક્ષોના રાજાઓ છે, એમાં કંઇ સંશય નથી; તેમજ હિમાલય, પારિયાત્ર, સહ્ય, વિંધ્યાચળ, ત્રિકૂટવાન, શ્વેત, નીલ, ભાસ, કોષ્ઠવાન, ગુરુસ્કંધ, મહેન્દ્ર તથા માલ્યવાન-આ પર્વતો સર્વ પર્વતોના અને મરુતો વાયુગણોના રાજાઓ છે. સૂર્ય ગ્રહોનો, ચંદ્રમા નક્ષત્રોનો અને યમ પિતૃઓનો અધિપતિ છે. સમુદ્ર નદીઓનો અધિપતિ છે, વરુણ જળનો રાજા છે, ઇંદ્ર સર્વ દેવોનો રાજા છે, સૂર્ય સર્વ ગરમ પદાર્થોનો પતિ છે, ચંદ્ર સર્વ જ્યોતિર્ગણનો પતિ છે, અગ્નિ સર્વ પ્રાણીઓનો પતિ છે, બૃહસ્પતિ બ્રાહ્મણોનો પતિ છે, ચંદ્ર ઔષધિઓનો પતિ છે, વિષ્ણુ બળવાનોમાં શ્રેષ્ઠ છે, ત્વષ્ટા (તે નામનો દેવ) રૂપોનો રાજા છે, શંકર સર્વ પશુઓ(જીવો)ના ઇશ્વર છે, યજ્ઞ દીક્ષાધારીઓનો સ્વામી છે, ઇંદ્ર દેવોનો સ્વામી છે, ઉત્તરદિશા સર્વ દિશાઓની રાણી છે, પ્રતાપી ચંદ્ર બ્રાહ્મણોનો રાજા છે, કુબેર સર્વ રત્નોનો અધિપતિ છે, ઇંદ્ર દેવતાઓનો અધિપતિ છે અને પ્રજાપતિ સર્વ પ્રજાઓના અધિપતિ છે. આ બધો ‘ભૂતાધિપ સર્ગ’ કહેવાય છે.[૧-૧૧] બ્રહ્મસ્વરૂપ એવો હું સર્વ પ્રાણીઓમાં મહાન છું. મારા કરતાં અથવા વિષ્ણુના કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇ પણ પ્રાણી નથી.[૧૨] બ્રહ્મસ્વરૂપ એવા વિષ્ણુ સર્વના રાજાધિરાજ છે અને સર્વમાં મોટા છે. તમે જાણો કે, ભગવાન હરિ(વિષ્ણુ)જ મનુષ્ય આદિ સર્વના ઐશ્વર્યરૂપ છે, સ્રષ્ટા છે અને સ્વયંભૂ છે.[૧૩] તે હરિ મનુષ્યો, કિન્નરો, યક્ષો, ગંધર્વો, સર્પો, રાક્ષસો, દેવો, દાનવો તથા સર્વ નાગોના ઈશ્વર છે.[૧૪] કામી પુરુષોથી અનુસરાયેલી સર્વ સ્ત્રીઓમાં સુંદર નેત્રોવાળાં મહાદેવી માહેશ્વરી, જે પાર્વતી કહેવાય છે-તે શ્રેષ્ઠ છે.[૧૫] સર્વ સ્ત્રીઓમાં દેવી ઉમા ઉત્તમ છે તથા પવિત્ર છે, એમ તમે જાણો. રતિનું સુખ આપનારી સ્ત્રીઓમાં ધનવાળી અપ્સરાઓ ઉત્તમ છે.[૧૬]

ધર્મની ઇચ્છા રાખનારા રાજાઓ છે તથા બ્રાહ્મણો ધર્મના સેતુ (પૂલ) રૂપ છે; માટે રાજાઓએ બ્રાહ્મણોનું રક્ષણ કરવા અવશ્ય યત્ન કરવો. જે રાજાઓના રાજ્યમાં સત્પુરુષો દુઃખી થાય છે, તેઓ પોતાના સર્વ રાજગુણોથી ભ્રષ્ટ

થાય છે અને મરણ પછી તેઓ (નરકાદિ) વિરુદ્ધમાર્ગે પ્રયાણ કરે છે;[૧૮] પણ જે રાજાઓના રાજ્યમાં સત્પુરુષોનું રક્ષણ કરવામાં આવે છે, તે રાજાઓ આ લોકમાં અત્યંત આનંદ કરે છે અને મરણ પછી પરલોકમાં પણ સુખ ભોગવે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! તમે જાણો કે, મહાત્મા પુરુષો આખા જગતના ઐશ્વર્યને પામે છે.[૧૯]

હવે ધર્મનું નિયત લક્ષણ હું તમને કહું છું. અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે અને હિંસા એ અધર્મનું લક્ષણ છે; તેમજ પ્રકાશ દેવોનું લક્ષણ છે, કર્મ મનુષ્યોનું લક્ષણ છે; શબ્દ આકાશનું લક્ષણ છે, સ્પર્શ વાયુનું લક્ષણ છે, રૂપ તેજનું લક્ષણ છે, રસ જળનું લક્ષણ છે, પ્રાણીમાત્રને ધારણ કરી રાખનારી પૃથ્વી ગંધરૂપ લક્ષણવાળી છે, સ્વરો તથા વ્યંજનોથી સંસ્કારવાળી વાણી શબ્દરૂપ લક્ષણવાળી છે, ચિંતા મનનું લક્ષણ છે અને તે ચિંતા બુદ્ધિરૂપ લક્ષણવાળી છે. મનુષ્ય પ્રથમ મનથી વિષયોનું ચિંતન કરે છે અને પછી બુદ્ધિદ્વારા તેઓનો નિશ્ચય કરે છે.[૨૦-૨૪] બુદ્ધિનું લક્ષણ વ્યવસાય (નિશ્ચય) છે, મનનું લક્ષણ ધ્યાન (ચિંતન) છે; પણ સાધુ પુરુષ(આત્મવેત્તા)નું લક્ષણ અવ્યક્ત છે-કોઈનાથી ન જાણી શકાય તેવું છે-અર્થાત્ તેવો પુરુષ તો સ્વયંપ્રકાશજ છે.[૨૫] સર્વ કર્મોનું લક્ષણ પ્રવૃત્તિ છે અને સંન્યાસનું લક્ષણ જ્ઞાન છે, માટે બુદ્ધિમાન પુરુષે જ્ઞાનપૂર્વકજ સંન્યાસ લેવો.[૨૬] જ્ઞાનયુક્ત એવો સંન્યાસી પરમગતિને પામે છે; એટલુંજ નહિ પણ માન-અપમાન આદિ દ્વંદ્વોથી મુક્ત થયેલો તે સંન્યાસી અજ્ઞાન, મૃત્યુ તથા વૃદ્ધાવસ્થાનું ઉલ્લંઘન કરીને પરબ્રહ્મને પામે છે.[૨૭]

એ પ્રમાણે ધર્મના લક્ષણની સાથે શબ્દ આદિનું સ્વરૂપ પણ મેં તમને કહ્યું. હવે તે તે ગુણોનું (શબ્દાદિનું) ગ્રહણ કેવી રીતે થઇ શકે છે, તે હું તમને કહું છું.[૨૮] પૃથ્વીનો જે ગંધગુણ છે તેનું ઘ્રાણ ઇંદ્રિયથી ગ્રહણ થઇ શકે છે, પણ તે ઘ્રાણઇંદ્રિયમાં (તેના અધિષ્ઠાયક દેવતરીકે) વાયુ સ્થિતિ કરી રહ્યો હોય છે અને તેજ ગંધનું જ્ઞાન મેળવવા મનુષ્યને અનુકૂળતા કરી આપે છે.[૨૯] જળનો જે રસ ગુણ છે તેને નિત્ય જિહ્વાથી ગ્રહણ કરી શકાય છે; પણ જિહ્વામાં ચંદ્ર સ્થિતિ કરી રહ્યો હોય છે અને તેજ રસનું જ્ઞાન મેળવવામાં મનુષ્યને અનુકૂળતા કરી આપે છે.[૩૦] તેજનો ગુણ જે રૂપ છે તેને ચક્ષુ ઇંદ્રિયથી ગ્રહણ કરી શકાય છે, પણ તે ચક્ષુમાં સૂર્ય સદાકાળ સ્થિતિ કરી રહ્યો છે અને તેજરૂપનું જ્ઞાન મેળવવામાં મનુષ્યને અનુકૂળતા કરી આપે છે.[૩૧] વાયુનો ગુણ જે સ્પર્શ તેને ત્વચા ઇંદ્રિયથી ગ્રહણ કરી શકાય છે, પણ તે ત્વચામાં વાયુ સ્થિતિ કરી રહ્યો છે અને તેજ સ્પર્શનું જ્ઞાન મેળવવામાં મનુષ્યને અનુકૂળતા કરી આપે છે. આકાશનો ગુણ જે શબ્દ છે તેને શ્રોત્ર ઇંદ્રિયથી ગ્રહણ કરી શકાય છે, પણ તે શ્રોત્રમાં સર્વ દિશાઓ સ્થિતિ કરી રહી છે અને તેજ શબ્દનું જ્ઞાન મેળવવામાં મનુષ્યને અનુકૂલતા કરી આપે છે.[૩૩] મનનો ગુણ ચિંતા છે અને તેને બુદ્ધિદ્વારા ગ્રહણ કરી શકાય છે, પણ હૃદયમાં રહેલી ચેતનાશક્તિ(જીવ)જ મનનું જ્ઞાન મેળવવામાં અનુકૂળતા કરી આપે છે.[૩૪] બુદ્ધિને નિશ્ચય સ્વરૂપથી ગ્રહણ કરી શકાય છે અને મહાનને એટલે મહત્તત્ત્વને શુદ્ધ સત્વરૂપ જ્ઞાનથી ગ્રહણ કરી શકાય છે; કેમકે બુદ્ધિ અને મહાનનું સ્વરૂપ " અમુક વસ્તુ આવીજ છે " આવા પ્રકારના નિશ્ચયરૂપ કારણથીજ વ્યક્ત થઈ શકે છે-ઇંદ્રિયોથી જાણી શકાય છે; પણ ખરી રીતે તો તેઓ બંનેનું સ્વરૂપ અવ્યક્ત છે-ઇંદ્રિયોથી અગ્રાહ્ય છે.[૩૫] ક્ષેત્રજ્ઞ કોઇપણ હેતુદ્વારા ગ્રહણ કરી શકાય તેવો નથી, નિત્ય છે, નિર્ગુણાત્મા છે; અને તેથીજ તે કોઇપણ હેતુવાળો નહિ હોઇને કેવળ જ્ઞાનરૂપ લક્ષણવાળો છે.[૩૬] અવ્યક્ત એવા ક્ષેત્રને (શરીરને) ગુણોની ઉત્પત્તિરૂપ તથા નાશરૂપ કહેવામાં આવ્યું છે. તે ક્ષેત્રને સાક્ષી હોવા છતાં ઉપાધિમાં લીન થયેલો હું (આત્મા) જાણી અને સાંભળી શકું છું.[૩૭] પુરુષ (આત્મા) તે ક્ષેત્રને જાણે છે, તેથીજ 'ક્ષેત્રજ્ઞ' કહેવાય છે; અને તે ક્ષેત્રજ્ઞ પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ આદિરૂપ સત્વાદિ ગુણોના ચેષ્ટિતને જુએ છે કે જે ચેષ્ટિત ઉત્પત્તિ, સ્થિતિ

અને નાશથી બંધાયેલું છે, ઉત્પન્ન થનારૂં છે અને જડ છે. વળી ગુણો પણ વારંવાર ઉત્પન્ન થનારા હોઈ આત્માને જાણી શકતા નથી. (અર્થાત્ પરિણામધર્મવાળા ગુણો કૂટસ્થ અથવા પરિણામધર્મથી રહિત આત્માને કદી જોઇ શકતા નથી–જાણી શકતા નથી; પણ કૂટસ્થ તો તેઓને જોઈ શકે છે–જાણી શકે છે–પ્રકાશમાન કરે છે.) [૩૮,૩૯] પરમ મહાન એવી જે સત્ય વસ્તુ (પરમાત્મા) ભોગ્ય એવા ગુણો કરતાં પર છે. તેને બીજો કોઈ જાણી શકતો નથી, માત્ર એક ક્ષેત્રજ્ઞજ જાણી શકે છે; માટે ધર્મવેત્તા પુરુષ, સર્વ ગુણો તથા બુદ્ધિનો પરિત્યાગ કરીને સર્વ દોષોનો નાશ કરે છે, ગુણોનું ઉલ્લંઘન કરી જાય છે અને અંતે પરમાત્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે.[૪૧] ખરેખર, તે પરમાત્મા સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત છે, નમસ્કાર અને સ્વાહાકારથી મુકત છે, અચળ અને નિરાશ્રય છે તેમજ સર્વથી પર અને વ્યાપકછે."

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં "ગુરુશિષ્યસંવાદ" એ વિષયનો અધ્યાય ૪૩ મો સમાપ્ત

અધ્યાય ૪૪ મો

ગુરુશિષ્યસંવાદ–આદિ કોણ?

॥ ब्रह्मोवाच ॥

यदादिमध्यपर्यंतं ग्रहणोपायमेव च ।
नामलक्षणसंयुक्तं सर्वं वक्ष्यामि तत्त्वतः ॥१॥

બ્રહ્માએ કહ્યું:– "આ જગતમાં જે કંઇ આદિ, મધ્ય તથા અંતવાળું છે, ગ્રહણ કરી શકાય તેવું છે–અર્થાત્ કર્મસાધ્ય છે અને નામ તથા લક્ષણોથી યુક્ત છે, તે સર્વ હું તમને યથાર્થરીતે કહું છું.[૧] પ્રથમ દિવસ થાય છે, તે પછી રાત્રિ થાય છે, તે પછી શુકલ આદિ મહિનાઓ થાય છે, તે પછી શ્રવણ આદિ નક્ષત્રો થાય છે અને તે પછી શિશિર આદિ ઋતુઓ થાય છે.[૨] પૃથ્વી ગંધની આદિ છે, જળ રસનું આદિ છે, તેજ રૂપનું આદિ છે, વાયુ સ્પર્શનો આદિ છે અને આકાશ શબ્દનું આદિ છે.[૩] આ ગંધ આદિ ગુણો તે તે ભૂતોમાંથી ઉત્પન્ન થયેલા હોય છે. હવે સર્વ ભૂતોના ઉત્તમ આદિવિષે હું કહું છું.[૪] સૂર્ય સર્વ જ્યોતિર્ગણનો આદિ છે, અગ્નિ પ્રાણીમાત્રનો આદિ છે, સાવિત્રી સર્વ વિદ્યાઓની આદિ છે, પ્રજાપતિ દેવતાઓના આદિ છે, ૐકાર સર્વ વેદોનો આદિ છે અને પ્રાણ વચનોનો આદિ છે. આ જગતમાં જે કંઇ નિયત છે–એટલે બ્રાહ્મણક્ષત્રિયથી આરંભીને ઠેઠ મ્લેચ્છ સુધીનાઓને જે કાંઇ જપ કરવા યોગ્ય છે, તે સર્વ 'સાવિત્રી' કહેવાય છે.[૫,૬] ગાયત્રી સર્વ છંદોની આદિ છે, સૃષ્ટિ આદિ કાળ પ્રજાઓનો આદિ છે, ગાયો ચોપગાં પ્રાણીઓની આદિ છે, બ્રાહ્મણો મનુષ્યોના આદિ છે, બાજ સર્વ પક્ષીઓનો આદિ છે, ઉત્તમ હોમદ્રવ્ય યજ્ઞોનું આદિ છે, શ્રેષ્ઠ એવો વાસુકિ સર્વ સર્પોનો આદિ છે, સત્યયુગ સર્વ યુગોનો આદિ છે, સુવર્ણ સર્વ રત્નોનું આદિ છે, જવ સર્વ ઔષધિઓના આદિ છે, સર્વ ભક્ષ્ય તથા ભોજ્ય પદાર્થોમાં અન્ન શ્રેષ્ઠ કહેવાય છે, સર્વ પ્રવાહી પદાર્થોમાં તથા પીણાંઓમાં જળ શ્રેષ્ઠ છે, સર્વ સ્થાવર પ્રાણીઓમાં સામાન્ય રીતે પિંપળાનું વૃક્ષ બ્રાહ્મણના શરીર જેવું પવિત્ર અને પ્રથમ ગણાય છે, હું સર્વ પ્રજાપતિઓનો આદિ છું, અચિંત્યાત્મા વિષ્ણુ મારા આદિ છે; પણ તે વિષ્ણુ તો સ્વયંભૂ કહેવાય છે.[૭–૧૨] સર્વ પર્વતોમાં મહામેરુ આદિ છે, દિશાઓ તથા વિદિશાઓ(ખૂણાઓ)માં ઊર્ધ્વદિશા તથા પૂર્વદિશા આદિ છે, સર્વ નદીઓમાં ત્રણ માર્ગે વહેનારી ગંગા આદિ છે, સર્વ સરોવરોમાં તથા જળાશયોમાં સમુદ્ર આદિ છે; દેવો, દાનવો, ભૂતો, પિશાચો, સર્પો, રાક્ષસો, મનુષ્યો, કિન્નરો તથા સર્વ યક્ષોમાં પ્રભુ ઇશ્વર (રુદ્ર) આદિ છે, બ્રહ્મસ્વરૂપ એવા મહાવિષ્ણુ સમગ્ર જગતના આદિ છે; કેમકે ત્રણે લોકમાં તેમના કરતાં શ્રેષ્ઠ બીજું કોઇ પ્રાણી નથી. સર્વ આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ આદિ છે અને અવ્યક્ત બ્રહ્મ સર્વ લોકોના આદિ તથા અંતરૂપ છે;[૧૩–૧૭] તેમજ દિવસો અસ્તરૂપ અંતવાળા હોય છે, રાત્રિઓ ઉદયરૂપ અંતવાળી હોય છે, સુખનો અંત દુઃખ

છે અને દુઃખનો અંત સુખ છે.[૧૮] જેટલા સંગ્રહો છે તેઓનો અંત ક્ષય છે, ચઢતીનો અંત પડતી છે, સંયોગનો અંત વિયોગ છે અને જીવનનો અંત મરણ છે;[૧૯] તેમજ સર્વ કર્મોનો અંત વિનાશ છે અને જન્મેલાનું મરણ અવશ્ય હોય છે, કેમકે જગતમાં સ્થાવરજંગમ સર્વ પદાર્થો નાશવંત છે.[૨૦] યજ્ઞો, દાન, તપ, અધ્યયન, વ્રતો અને નિયમો–એ સર્વનો અંત વિનાશ છે; માત્ર એક જ્ઞાનનોજ અંત નથી,[૨૧] માટે ઇંદ્રિયોને જીતનારો, મમતાથી રહિત થયેલો અને અહંકારથી મુક્ત થયેલો પ્રશાંત ચિત્તવાળો પુરુષ શુદ્ધ જ્ઞાનદ્વારા સર્વ પાપોથી મુક્ત થાય છે.”[૨૨]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ ગુરુશિષ્યસંવાદ ” એ વિષયનો
અધ્યાય ૪૪ મો સમાપ્ત

અધ્યાય ૪૫ મો

ગુરુશિષ્યસંવાદ–કાળચક્રનું સ્વરૂપ તથા જ્ઞાન મેળવવામાં ઉપાયરૂપ ધર્મો

॥ ब्रह्मोवाच ॥

बुद्धिसारं मनस्तंभमिन्द्रियग्रामबंधनम् ।
महाभूतपरिस्कंधं निवेशपरिवेशनम् ॥१॥

બ્રહ્માએ કહ્યું:–“આ મનોહર કાળચક્ર સર્વત્ર ઘૂમી રહ્યું છે. તે બુદ્ધિરૂપ સારવાળું છે, મનરૂપ થાંભલાને આધારે ટકી રહ્યું છે, ઇંદ્રિયોના સમુદાયરૂપ બંધનવાળું છે, પાંચ મહાભૂતોના સમૂહરૂપ છે, સ્ત્રીરૂપ ઘેરાવવાળું છે, વૃદ્ધાવસ્થા અને શોકથી ઘેરાયેલું છે, વ્યાધિઓ તથા વ્યસનોમાંથી ઉત્પન્ન થયેલું છે, દેશ અને કાળને લીધે ચાલી રહ્યું છે, પરિશ્રમરૂપ જે વ્યાયામ તે તેનો શબ્દ છે, દિવસો અને રાત્રિઓરૂપી તેના સંચાલકો છે, ટાઢ અને તાપરૂપી તેનું મંડળ છે, સુખ અને દુઃખરૂપી તેના સાંધા છે, ક્ષુધા અને તૃષારૂપી તેના અંદરના ખીલાઓ છે, છાયા અને તાપરૂપી તેમાં ખોતરનારાઓ છે, નિમેષ અને ઉન્મેષમાત્રમાં (એટલે નેત્રના એક પલકારામાત્રમાં) તે વ્યાકુળ થઇ જનારૂં છે, મહાભયંકર છે, શોકથી વ્યાપ્ત છે, સદાકાળ ગતિવાળું છે, જડ છે, માસ અને અર્ધમાસ આદિ કાળથી મપાયેલું છે, વિષમ છે (એટલે કોઇ સમયે મનુષ્યના આકારવાળું, કોઇ સમયે પશુના આકારવાળું તો કોઇ સમયે જૂદાજ આકારવાળું બની જાય છે), સર્વ લોકમાં સંચાર કરી રહ્યું છે, તમોગુણના પ્રતિબંધરૂપી કાદવવાળું છે, રજોગુણનો વેગ તેમાં પ્રવર્તક છે, મોટા ગર્વથી તે દીપી રહ્યું છે, સત્વાદિ ગુણોને લીધે તેની સ્થિતિ છે, ઇષ્ટ પદાર્થોની અપ્રાપ્તિને લીધે થનારા જે સંતાપો તેજ તેને બાંધવામાં આવેલા પાટાઓ છે, મૃત્યુ અને દુઃખવડેજ તેનું જીવન છે, ક્રિયા તથા કારણોથી તે યુક્ત છે, રાગરૂપી વિસ્તારવાળું છે, ઘણુંજ વિશાળ છે, લોભ અને તૃષ્ણારૂપી દાંડાવાળું છે, વિચિત્ર અજ્ઞાનમાંથી તેની ઉત્પત્તિ છે, ભય તથા મોહરૂપી પરિવારવાળું છે, પ્રાણીમાત્રને મોહ ઉપજાવનારૂં છે, આનંદ તથા પ્રીતિને લીધે (એટલે બાહ્યસુખની આસક્તિને લીધે) વિચરી રહ્યું છે, કામ તથા ક્રોધરૂપી પરિગ્રહવાળું છે, મહત્તત્ત્વથી આરંભી સ્થૂલ પિંડોસુધી તેનો વિસ્તાર છે, કોઇપણ સ્થળે એક ક્ષણવાર પણ તે અટકતું નથી, તેને લીધે સર્વ ઉત્પન્ન થાય છે. સંસારનું તે કારણ છે અને તેનો વેગ મનના જેવો છે.[૧-૯] આ કાળચક્ર માન-અપમાન આદિ દ્વંદ્વોથી યુક્ત અને જડ છે. તે દેવોસહિત જગતને સરજે છે, સંહારે છે અને જાગ્રત કરે છે.[૧૦] જે પુરુષ આ કાળચક્રની પ્રવૃત્તિને તથા નિવૃત્તિને નિત્ય યથાર્થ રીતે જાણે છે, તે પુરુષ સર્વ પ્રાણીઓમાં કદી મોહ પામતો નથી;[૧૧] એટલુંજ નહિ પણ તે પુરુષ સર્વ સંસ્કારોથી, સુખદુઃખાદિ સર્વ દ્વંદ્વોથી તથા સર્વ પાપોથી મુક્ત થઇને પરમગતિને પામે છે.[૧૨] બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ–આવા ચાર આશ્રમો કહેવામાં આવ્યા છે; અને તે સર્વનું મૂળ એક ગૃહસ્થાશ્રમ છે.[૧૩] આ લોકમાં જે કંઇ વિધિનિષેધશાસ્ત્ર કહેવામાં આવ્યું છે તેના છેક અંતસુધી જવું તેજ શ્રેયસ્કર છે અને તેજ સનાતની કીર્તિ છે.[૧૪] ઉત્તમ ગુણવાળી જાતિમાં ઉત્પન્ન થયેલા

તત્ત્વવેત્તા પુરુષે પ્રથમ (ઉપનયન) આદિ સંસ્કારોથી સંસ્કારી થઇને વિધિપૂર્વક બ્રહ્મચર્યવ્રત પાળવું અને સમાવર્તન કરવું–અર્થાત્ વેદાધ્યયન પૂર્ણ કરી ગુરુગૃહેથી પોતાના ઘર તરફ પાછા ફરવું.[૧૫] પછી પોતાની સ્ત્રી સાથે રહીને ધર્મપરાયણ થવું, શિષ્ટાચાર પાળવો, ઇંદ્રિયોને જીતવી, નિત્ય શ્રદ્ધાપૂર્વક પાંચ મહાયજ્ઞો કરવા, દેવતાઓ તથા અતિથિઓને અર્પણ કરીને અવશેષ રહેલા અન્નનું ભોજન કરવું, વૈદિક કર્મોમાં તત્પર રહેવું, પોતાની શક્તિ પ્રમાણે અને પોતાને સુખ થાય તેમ યજ્ઞયાગ કરવામાં તથા દાન આપવામાં પરાયણ રહેવું, હાથ, પગ તથા નેત્રની ચપળતાનો ત્યાગ કરવો, મનનશીલ થવું અને વાણીની તથા બીજા શારીરિક અવયવોની ચપળતાનો પણ ત્યાગ કરવો. આ સત્પુરુષનું લક્ષણ છે.[૧૬–૧૮] વળી નિત્ય જનોઇ ધારણ કરવી, શ્વેત વસ્ત્રો ધારણ કરવાં, પવિત્ર વ્રતનું પાલન કરવું, (અહિંસા, અસત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–આ) યમોમાં તથા દાનકર્મમાં તત્પર રહેવું, નિત્ય સત્પુરુષોનો સંગ કરવો, લિંગ તથા ઉદરના વેગને જીતવો, સર્વની સાથે મિત્રભાવ રાખવો, શિષ્ટાચારથી યુક્ત થવું, વાંસની લાકડી હાથમાં રાખવી, જળથી ભરેલું કમંડળુ પાસે રાખવું અને પોતે ભણીને બીજાને ભણાવવા, પોતે યજ્ઞ કરીને બીજાઓને યજ્ઞ કરાવવા તથા પોતે દાન આપીને બીજાના દાનનો પ્રતિગ્રહ કરવો. આ પ્રમાણે છ ગુણોવાળી વૃત્તિનું આચરણ કરવું.[૧૯–૨૧] હે બ્રાહ્મણો ! તમે જાણો કે યજ્ઞ કરાવવો, ભણાવવું તથા પવિત્ર મનુષ્ય પાસેથી પ્રતિગ્રહ કરવો–આ ત્રણ કર્મો ઉપર બ્રાહ્મણોએ આજીવિકા ચલાવવી.[૨૨] બાકીનાં દાન, અધ્યયન અને યજ્ઞ–એ ત્રણ કર્મો રહ્યાં, તે ધર્મયુક્ત છે; માટે ધર્મવેત્તા પુરુષે તે ત્રણ કર્મોમાં કદી પ્રમાદ કરવો નહિ, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, સર્વની સાથે મિત્રતા રાખવી, ક્ષમાગુણથી યુક્ત થવું, પ્રાણીમાત્ર તરફ સમભાવ રાખવો અને મનનશીલ થવું.[૨૩,૨૪] જે ગૃહસ્થબ્રાહ્મણ તીક્ષ્ણ વ્રતને ધારણ કરી પવિત્ર થઇને પૂર્વોક્ત ગૃહસ્થવ્રતોનું યથાશક્તિ પાલન કરે છે તે સ્વર્ગને પ્રાપ્ત કરે છે."[૨૫]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
ગુરુશિષ્ય સંવાદમાં 'કાળચક્રનું સ્વરૂપ'
એ વિષયનો અધ્યાય ૪૫ મો સમાપ્ત

અધ્યાય ૪૬ મો

ગુરુશિષ્યસંવાદ–જ્ઞાન મેળવવામાં ઉપાયરૂપ ધર્મો

॥ ब्रह्मोवाच ॥

एवमेतेन मार्गेण पूर्वोक्तेन यथाविधि ।
अधीतवान् यथाशक्ति तथैव ब्रह्मचर्यवान् ॥१॥

બ્રહ્માએ કહ્યું:–" આ પ્રમાણે પૂર્વોક્ત માર્ગે યથાવિધિ વેદાધ્યયન કરવું તેમજ યથાશક્તિ બ્રહ્મચર્ય પાળવું.[૧] વિદ્વાન અને મનનશીલ એવા બ્રહ્મચારીએ સ્વધર્મમાં આસક્ત રહેવું, સર્વ ઇંદ્રિયોને વશ રાખવી, ગુરુનું પ્રિય તથા હિત કરવામાં તત્પર રહેવું, સત્યધર્મમાં પરાયણ રહેવું, પવિત્રતા જાળવવી, ગુરુની આજ્ઞા લઇને અન્નની નિંદા કર્યાવિના ભોજન કરવું, હવિષ્યાન્નનું ભોજન કરવું, સ્થાન તથા આસનપૂર્વક વિહાર કરવો, બે વખત (સવારસાંજ) પવિત્ર થઇને અગ્નિમાં હોમ કરવો, ચિત્તને એકાગ્ર કરવું, બીલીનો અથવા ખાખરાનો દંડ નિત્ય ધારણ કરવો, શણનું કે કપાસનું વસ્ત્ર અથવા મૃગચર્મ ધારણ કરવું, સર્વ વસ્ત્રને ભગવા રંગથી રંગીને ધારણ કરવાં, મુંજ ઘાસની કટિમેખલા ધારણ કરવી, નિત્ય જળસ્નાન કરવું, જનોઇ ધારણ કરવી, સ્વાધ્યાયનિષ્ઠ રહેવું, લોભવૃત્તિનો ત્યાગ કરવો, નિયમપૂર્વક વ્રતો કરવાં અને પવિત્ર જળથી નિત્ય દેવતર્પણ કરવું. આ પ્રમાણે ભાવપૂર્વક અને નિયમપૂર્વક કરનારો બ્રહ્મચારી પ્રશંસાપાત્ર ગણાય છે.[૨–૭]

એજ રીતે (પોતાના કર્મમાં) પરાયણ રહેનારો જિતેન્દ્રિય વાનપ્રસ્થ પણ સ્વર્ગાદિ દિવ્ય લોકોને જીતે છે અને અંતે પરમ સ્થાન(બ્રહ્મ)નો આશ્રય કરીને ભિન્ન ભિન્ન જાતિઓમાં અવતરતો નથી.[૮] તેણે સર્વ સંસ્કારોથી સંસ્કારી થવું, બ્રહ્મચર્ય પાળવું, ગામમાંથી

નીકળી જઇને અરણ્યમાં ચાલ્યા જવું અને ત્યાં મુનિતરીકે નિવાસ કરવો.[૯] મૃગચર્મ અથવા વલ્કલ વસ્ત્રો ધારણ કરવાં, સાયંકાળે તથા પ્રાતઃકાળે નિત્ય સ્નાન કરવું, નિત્ય અરણ્યમાંજ વિચરવું, ગામમાં પુનઃ પ્રવેશ કરવો નહિ, સમયે અતિથિઓનું પૂજન કરવું, અતિથિઓને આશ્રય પણ આપવો, ફળ, પાંદડાં, હલકાં મૂળ અને સામા ઉપર આજીવિકા ચલાવવી, વહેતું પાણી અને વાયુ-વગેરે સર્વ કેવળ વનમાંજ ઉત્પન્ન થયેલાંનો આશ્રય કરવો, દીક્ષાનુસાર અને ક્રમ પ્રમાણે ફળમૂળાદિનું ભક્ષણ કરવું, તંદ્રાનો ત્યાગ કરવો, પોતાને ત્યાં આવેલા અતિથિને ફળ, મૂળ અથવા ભિક્ષા અર્પણ કરી પૂજવો, પોતાનું જે ભક્ષ્ય હોય તેમાંથી સાવધાન થઇને ભિક્ષા આપવી, નિત્ય દેવો તથા અતિથિઓને અપર્ણ કર્યા પછી મૌનવ્રત ધારણ કરી ભોજન કરવું, મનમાં કોઇના તરફ સ્પર્ધા રાખવી નહિ, અલ્પાહારી થવું, દેવોનો આશ્રય કરવો, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, સર્વ તરફ મિત્રતા રાખવી, ક્ષમાયુક્ત થવું, મસ્તક ઉપર જટા તથા દાઢી-મૂછ ધારણ કરવી, હવનહોમ કરવો, સ્વાધ્યાયશીલ થવું, સત્યધર્મપરાયણ રહેવું, શારીરિક પવિત્રતા જાળવવી, નિત્ય પોતાનાં કામોમાં કુશળ રહેવું, વનમાંજ નિવાસ કરવો અને સાવધાન રહેવું.આ પ્રમાણે પોતાનાં કર્મમાં આસક્ત રહેનારો જિતેંદ્રિય વાનપ્રસ્થ સ્વર્ગલોકને જીતે છે.

હરકોઇ ગૃહસ્થી, બ્રહ્મચારી કે વાનપ્રસ્થી, કે જેને મોક્ષ સંપાદન કરવાની ઈચ્છા હોય તેણે આ ઉત્તમ (સંન્યાસ)વૃત્તિનો આશ્રય કરવો. તેણે પ્રાણીમાત્રને અભય આપી નૈષ્કર્મ્ય ધર્મ એટલે નિવૃત્તિધર્મનું આચરણ કરવું. પ્રાણીમાત્રનું સુખ ઈચ્છવું, સર્વના તરફ મિત્રતા રાખવી, સર્વ ઇંદ્રિયોને વશ રાખવી, મૌન વ્રત ધારણ કરવું, માગ્યાવિના દૈવેચ્છાએ પ્રાપ્ત થયેલું અને પોતે તૈયાર નહિ કરાવેલું અન્ન ગ્રહણ કરવું અને દિવસના ત્રણ પ્રહરની અંદર જે સમયે ઘરમાંથી ધૂમાડો નીકળતો બંધ થઇ જાય અને સર્વ મનુષ્યો લગભગ જમી રહે, તે સમયે ભિક્ષા લેવા જવું.[૧૦-૧૯] મોક્ષવેત્તા સંન્યાસીએ જે સ્થળે ભોજનપાત્રોનો સંચાર બંધ પડી ગયો હોય તે સ્થળેથી ભિક્ષા મેળવવાની ઇચ્છા રાખવી, લાભ થતાં હર્ષ પામવો નહિ, હાનિ થતાં ઉદાસ થવું નહિ, અતિશય ભિક્ષા માગ્યા કરવી નહિ, કેવળ દેહધારણ પૂરતીજ ભિક્ષા માગવી, જીવનયાત્રાની ઇચ્છાથી અને મૃત્યુની આકાંક્ષા રાખીને ભિક્ષાચરણ કરવું, મનને એકાગ્ર કરવું, સાંસારિક સાધારણ લાભની ઈચ્છા રાખવી નહિ અને પૂજા-સન્માન પામીને ભોજન કરવું નહિ;[૨૦,૨૧] કેમકે પૂજા-સન્માનપૂર્વક મળેલા અન્નાદિના લાભથી સંન્યાસી નિંદાપાત્ર થાય છે. વળી તેણે તીખાં, તુરાં તથા કડવાં અન્નોનું ભોજન કરવું નહિ, મધુર રસોનું ભોજન કરવું નહિ,પણ માત્ર જીવનયાત્રા ચાલી શકે અને પ્રાણધારણ થઇ શકે તેવા હેતુથીજ સામાન્ય ભોજન કરવું.[૨૨,૨૩] મોક્ષવેત્તા સંન્યાસીએ કોઈપણ પ્રાણીને દુઃખ આપ્યાવિના પોતાની આજીવિકા મેળવવાની ઇચ્છા કરવી,ભિક્ષા કરતાં કરતાં (ભિક્ષાસિવાયના) બીજા અન્નને મેળવવાની ઇચ્છા કરવી નહિ, ધર્મને કોઈ પ્રકારે હાનિ પહોંચવા દેવી નહિ, એકાંતમાં પણ નિર્દોષ રહેવું,શૂન્ય ઘર, જંગલ, વૃક્ષનું મૂળ, નદી અથવા પર્વતની ગુફા-એમાંના કોઇ પણ પ્રદેશમાં નિવાસ કરવો, ગ્રીષ્મઋતુના સમયમાં કોઇપણ ગામમાં માત્ર એકજ રાત્રિ રહેવું, વર્ષાઋતુમાં એકજ સ્થળે નિવાસ કરવો, સૂર્યવડે માર્ગ જ્યારે પ્રકાશિત થાય ત્યારે કીડાની પેઠે પૃથ્વીપર સંચાર કરવો, સર્વ પ્રાણીઓ ઉપર દયા જાળવવામાટે નીચી દૃષ્ટિ રાખીને પૃથ્વીપર ચાલવું, અનેક પ્રકારના સંગ્રહો કરવા નહિ, સ્નેહપૂર્વક કોઇ સ્થળે નિવાસ કરવો નહિ, નિત્ય પવિત્ર જળથી પોતાનું કાર્ય કરવું, જળાશય વગેરેમાંથી પાણીને બહાર કાઢીને મોક્ષવેત્તા પુરુષે (સંન્યાસીએ) નિત્ય સ્નાન કરવું (અર્થાત્ જળાશયમાં પડીને સ્નાન કરવું નહિ), અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, સરળતા, અક્રોધ, અસૂયા, ઇંદ્રિયનિગ્રહ અને નિત્ય અપૈશુન (એટલે ચાડીઆપણું નહિ કરવું

તે)-આ આઠ વ્રતોનું પાલન કરવામાં તત્પર રહેવું, ઇંદ્રિયોને વશ રાખવી, હમેશાં નિષ્પાપ, નિષ્કપટ અને લુચ્ચાઇવિનાનું વર્તન રાખવું, નિઃસ્પૃહ વૃત્તિ ધારણ કરીને યાચના કર્યા વિના મળી આવેલા ભોજનગ્રાસનું સેવન કરવું, માત્ર શરીરધારણ અને પ્રાણધારણ થઇ શકે તેટલુંજ ભોજન કરવું, ધર્મપૂર્વક સંપાદન કરેલા અન્નનું ભક્ષણ કરવું, કામવાસનાને અનુસરવું નહિ, ભોજન તથા વસ્ત્રવિના બીજું કંઇ પણ ગ્રહણ કરવું નહિ, પોતાનો જેટલાથી નિર્વાહ થાય તેટલાથી અધિકનો પ્રતિગ્રહ કરવો નહિ, બીજાઓ પાસે પ્રતિગ્રહ કરાવવો નહિ, વિદ્વાન સંન્યાસીએ પ્રાણીઓની દીનતા ઉપરથી પોતાની ભિક્ષાનો વિભાગ કરી પોતે કદી દાન આપવું નહિ, પારકાં દ્રવ્ય લેવાં નહિ, યાચના કર્યા વિના કંઇ લેવું નહિ, કોઈપણ વિષયનો ઉપભોગ કરીને પુનઃ તેની સ્પૃહા કરવી નહિ, પોતાના કાર્યમાં તત્પર રહેનારા સંન્યાસીએ માટી, જળ, અન્ન, પત્રં, પુષ્પ અને ફળ-વગેરેને પ્રકટ રીતે લેવાં પણ ગુપ્ત કે ઢાંકેલાં ગ્રહણ કરવાં નહિ, કોઇપણ કારીગીરીની આજીવિકા ઉપર જીવવું નહિ, સુવર્ણાદિ ધનની કદી કામના કરવી નહિ, કોઈનો દ્વેષ કરવો નહિ, કોઇને ઉપદેશ આપવો નહિ, કોઇ પ્રકારનું ઉપસ્કર (વસ્ત્ર અલંકાર આદિ) પોતાની પાસે રાખવું નહિ, શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવામાં આવેલાં અન્નાદિનો ઉપભોગ કરવો, સર્વ પ્રકારનાં નિમિત્તોનો ત્યાગ કરવો, અમૃતસમાન વૃત્તિ(અયાચકવૃત્તિ)નો આશ્રય કરીને કોઇપણ વિષય ઉપર આસક્તિ રાખવી નહિ, કોઈ પણ પ્રાણીસાથે વાર્તાલાપ કરવો નહિ, બીજાઓના આશીર્વાદ મળે તેવાં કર્મોનો તથા હિંસાયુકત સર્વ કર્મોનો ત્યાગ કરવો, લોકસંગ્રહ ધર્મ (લોકોને શિક્ષણ આપવામાટેના ધર્મ)નું આચરણ કરવું નહિ, બીજાઓ પાસે આચરણ કરાવવું નહિ, સર્વ પદાર્થોનાં ત્યાગ કરીને દંડ,કમંડલું આદિ સંન્યાસાશ્રમને અનુકૂળ પદાર્થોને અલ્પ પ્રમાણમાંજ ગ્રહણ કરીને ચાલી નીકળવું, સ્થાવરજંગમ આદિ સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખવો, બીજા કોઇને કદી પણ ઉદ્વેગ પમાડવો નહિ તેમ પોતે પણ બીજા કોઇનાથી ઉદ્વિગ્ન થવું નહિ અને સર્વ પ્રાણીઓના વિશ્વાસપાત્ર બનવું.આ રીતે વર્તનારાને ઉત્તમ મોક્ષવેત્તા કહેવામાં આવે છે.[૨૪-૪૧] વળી સંન્યાસીએ ભવિષ્યનો વિચાર કરવો નહિ, ભૂતકાળનો વિચાર કરવો નહિ, વર્તમાનની પણ ઉપેક્ષા કરવી, પોતાના મરણકાળની આકાંક્ષા રાખ્યા કરવી, ચિત્તને એકાગ્ર કરવું, નેત્ર, મન તથા વાણીથી કોઇ સ્થળે દોષારોપ કરવો નહિ, પ્રત્યક્ષમાં અથવા પરોક્ષમાં કંઇ દુષ્ટ કર્મ કરવું નહિ, કાચબો જેમ સર્વ અંગોને સમેટી લે છે તેમ સર્વ ઇંદ્રિયોને વિષયો તરફથી પાછી વાળીને સંહારી નાખવી, મન તથા બુદ્ધિને પણ મારી નાખવાં, સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરવો, સર્વ વસ્તુના તત્ત્વને જાણવું, સુખદુઃખાદિ દ્વંદ્વ, નમસ્કાર, સ્વાહાકાર, મમતા, અહંકાર અને યોગક્ષેમ (એટલે જીવનયાત્રાની ચિંતા)-એ સર્વનો ત્યાગ કરવો, સંયમી થવું, સર્વ આશાઓનો તથા ગુણોનો ત્યાગ કરવો, શાંત થવું, આસકિતરહિત થવું, કોઈના આશ્રયથી મુક્ત રહેવું અને આત્મસંગી થવું. આવો તત્ત્વવેત્તા પુરુષ અવશ્ય મુક્ત થાય છે.[૪૨-૪૬] જે પુરુષો હાથ, પગ, વાંસો, મસ્તક તથા ઉદરવિનાના, ગુણો અને કર્મોથી હીન, તદ્દન, નિર્મળ, સ્થિર, ગંધરહિત, રસરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, શબ્દરહિત, અનુસરવા યોગ્ય, આસકિતરહિત, માંસરહિત, ચિંતારહિત, અવિનાશી, દિવ્ય અને ગૃહસ્થ (પોતાના શરીરરૂપ ગૃહમાં રહેલા) એવા આત્માને પ્રાણીમાત્રમાં રહેલો જુએ છે,તેઓ કદી મરણ પામતા નથી-અજરામર થાય છે.[૪૭--૪૯] એ આત્મતત્ત્વમાં બુદ્ધિ, ઇંદ્રિયો,તેના દેવતાઓ, વેદો, યજ્ઞો, સર્વ લોકો, તપ તથા વ્રતો સંચાર કરી શકતાં નથી.[૫૦] માત્ર જ્ઞાનનિષ્ઠ પુરુષોનેજ તેની પ્રાપ્તિ થાય છે. સર્વ ઉપાધિથી મુક્ત થવું તેજ આત્મપ્રાપ્તિનું લક્ષણ છે; માટે આલિંગધર્મને જાણનારા પુરુષે તેજ ધર્મના તત્ત્વનું આચરણ કરવું.[૫૧] વિદ્વાન પુરુષે

ગૃહસ્થધર્મનો આશ્રય કરીને પણવિજ્ઞાનચરિત્રનું આચરણ કરવું અને પોતે મૂઢ ન હોય છતાં કોઇના પર દોષારોપ કર્યાવિના મૂઢરૂપે ધર્માચરણ કરવું.[૫૨] સત્પુરુષોના ધર્મોની નિંદા નહિ કરનારા શાંત પુરુષે એ પ્રમાણે આચરણ કરવું જોઇએ કે જેથી બીજાઓ નિત્ય પોતાની અવગણના કરે ![૫૩] જે મુનિ (સંન્યાસી) આવા વર્તનથી યુક્ત હોય છે,તેજ શ્રેષ્ઠ કહેવાય છે; તેમજ સર્વ ઇંદ્રિયો, ઇંદ્રિયોના વિષયો, પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ, અહંકાર, અવ્યક્ત અને પુરુષ, આ પચીસે તત્ત્વોનું ઉત્તમ પ્રકારે જ્ઞાન મેળવીને તેઓનો યથાવત્ તાત્ત્વિક નિશ્ચય કરે છે તે મુનિ સ્વર્ગને પામે છે અને સર્વ બંધનોથી મુક્ત થાય છે. તત્ત્વવેત્તા પુરુષે અંતકાળે પણ આટલું જ્ઞાન સંપાદન કરીને એકાંતમાં આત્મવસ્તુનું ધ્યાન કરવું, જેથી આકાશમાં ગમન કરનારા વાયુની પેઠે સર્વ સંગોથી મુકત થઇને તથા નિરાશ્રય થઇને તે મુક્ત થાય છે; એટલુંજ નહિ પણ અન્નમયાદિ સર્વ કોશોનો ક્ષય કરીને તથા નિર્દોષ થઈને આત્મારૂપ પરમ પદને પ્રાપ્ત થાય છે. ”[૫૪–૫૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ ગુરુશિષ્યસંવાદ ” એ વિષયનો
અધ્યાય ૪૬ મો સમાપ્ત

અધ્યાય ૪૭ મો

ગુરુશિષ્યસંવાદ-સંન્યાસીની ગતિ

॥ ब्रह्मोवाच ॥

संन्यासं तप इत्याहुर्वृद्धा निश्चितवादिनः ।
ब्राह्मणा ब्रह्मयोनिस्था ज्ञानं ब्रह्म परं विदुः ॥१॥

બ્રહ્માએ કહ્યું:–“ નિશ્ચતવાદી વૃદ્ધ બ્રાહ્મણો,જેઓ વેદના ઉત્પત્તિસ્થાનરૂપ પરમાત્મામાં સ્થિતિ કરનારા છે, તેઓ સંન્યાસનેજ તપ કહે છે અને જ્ઞાનનેજ પરબ્રહ્મતરીકે જાણે છે.[૧] પરબ્રહ્મ અત્યંત દૂર સ્વરૂપવાળા છે, વેદવિદ્યાના આશ્રયરૂપ છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત છે, નિર્ગુણ છે, નિત્ય છે, અચિંત્ય ગુણવાળા છે અને ઉત્તમ છે;[૨] તોપણ જેઓનું મન શુદ્ધ થયેલું હોય છે અને જેઓનો રજોગુણ દૂર થયેલો હોય છે, તેવા શુદ્ધ તથા પવિત્ર ધીર પુરુષો જ્ઞાન અને તપદ્વારા તે પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે.[૩] જે બ્રહ્મવેત્તા મનુષ્યો નિત્ય સંન્યાસધર્મમાં આસક્ત રહે છે, તેઓ એ સંન્યાસરૂપ તપથીજ પરમેશ્વરરૂપ કલ્યાણમાર્ગને પામે છે.[૪] વિદ્વાનો કહે છે કે,તપસ્યા એ પ્રદીપ છે અને આચાર એ ધર્મનો સાધક છે તથા જ્ઞાનને અત્યંત શ્રેષ્ઠ અને સંન્યાસને ઉત્તમ તપ જાણવું.[૫] જે પુરુષ તત્ત્વોનો નિશ્ચય કરીને નિરાધાર જ્ઞાનસ્વરૂપ અને સર્વ પ્રાણીઓમાં રહેલા આત્માને જાણે છે, તે સર્વત્ર ગતિવાળો થાય છે.[૬] જે વિદ્વાન પુરુષ આત્માના સહવાસને, ભિન્નવાસને, એકપણાને તથા અનેકપણાને જોઇ શકે છે, તે પુરુષ દુઃખથી મુકત થાય છે;[૭] તેમજ જે પુરુષ કોઇ પણ વિષયની કામના કરતો નથી અને કોઇ પણ પ્રાણીની અવગણના કરતો નથી,તે પુરુષ આ લોકમાં રહીનેજ બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે–જીવન્મુકત થાય છે.[૮] જે પુરુષ પ્રકૃતિ અને તેના ગુણોના તત્ત્વને જાણે છે તથા સર્વભૂતોના પ્રધાનતત્ત્વ આત્માને જાણે છે, તે પુરુષ મમતા અને અહંકારથી રહિત થઇને મુકત થાય છે, એમાં કંઇ સંશય નથી.[૯] વળી જે સુખદુઃખાદિ દ્વંદ્વોથી અને નમસ્કાર, સ્વાહાકાર તથા સર્વ ગુણોથી રહિત થયેલો હોય છે, તે કેવળ શમગુણદ્વારાજ નિત્ય અને અદ્વૈત એવા પરમાત્માને પામે છે.[૧૦] પ્રાણી ગુણમય એવાં સર્વ શુભ–અશુભ કર્મોનો ત્યાગ કરીને તથા સત્ય અને અસત્યનો પણ ત્યાગ કરીને મુકત થાય છે, એમાં કંઇ સંશય નથી. આ સનાતન બ્રહ્મવૃક્ષ અવ્યકત (એટલે પ્રધાન અથવા પ્રકૃતિ)રૂપ મૂળકારણમાંથી ઉત્પન્ન થયું છે, બુદ્ધિરૂપી મોટા થડવાળું છે, અહંકારરૂપી મોટી ડાળીઓવાળું છે, ઇંદ્રિયોરૂપી અંકુરો તથા કોતરોવાળું છે, પાંચ મહાભૂતોને લીધે વિશાળ થઈ પડયું છે, અનેક પ્રકારના યતિઓરૂપી શાખાઓવાળું છે, સદાકાળ પાંદડાં, પુષ્પ તથા શુભ–અશુભ ફળોને આપનારૂં છે અને તે પ્રાણીમાત્રનું આશ્રયભૂત

છે; પણ જ્ઞાની પુરુષ તત્ત્વજ્ઞાનરૂપી તરવારવડે આ મહાન વૃક્ષને છેદી નાખે છે, ભેદી નાખે છે અને જન્મ, મૃત્યુ તથા જરાનો જેમાંથી ઉદય થાય છે તેવા સંગરૂપી પાશોનો ત્યાગ કરીને મમતા તથા અહંકારથી રહિત થાય છે. પછી તે મુક્ત થઇ જાય એમાં કંઇ સંશય નથી.[૧૧-૧૫] આ વૃક્ષ ઉપર જીવ અને ઈશ્વર નામનાં બે પક્ષીઓ છે, જેઓ બુદ્ધિ અને માયારૂપ ઉપાધિઓવાળાં છે અને જડ છે. આ બન્નેથી પર જે બીજો છે તેને ચેતનાવાળો અંતરાત્મા કહેવામાં આવે છે.[૧૬] જીવાત્મા એજ દેહાદિ ઉપાધિઓથી મુક્ત હોઇને બુદ્ધિથી પર છે અને બુદ્ધિ આદિ સર્વ અચેતન પદાર્થોને ચૈતન્યવાળાં કરે છે. વળી તે ક્ષેત્રજ્ઞ અંતરાત્મા છે, સર્વ બુદ્ધિઓનો સાક્ષી છે અને ગુણોનું જ્યારે ઉલ્લંઘન કરે છે, ત્યારે સર્વ દોષોથી મુક્ત થાય છે."[૧૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ગુરુશિષ્યસંવાદ" એ વિષયનો
અધ્યાય ૪૭ મો સમાપ્ત

અધ્યાય ૪૮ મો

ગુરુશિષ્યસંવાદ–બ્રહ્મવિદ્યા અનુવાદ

॥ ब्रह्मोवाच ॥

केचिद् ब्रह्ममयं वृक्षं केचिद् ब्रह्मवनं महत् ।
केचित्तु ब्रह्म चाव्यक्तं केचित्परमनामयम् ॥

બ્રહ્માએ કહ્યું:–"કેટલાએક વિદ્વાનો આ સંસારરૂપી વૃક્ષને અથવા સંસારરૂપી મહાવનને બ્રહ્મના વિકારરૂપ કહે છે–અર્થાત્ બ્રહ્મજ સંસારવૃક્ષરૂપે અથવા વનરૂપે પરિણામ પામે છે, એમ કહે છે. કેટલાએક વિદ્વાનો બ્રહ્મને અવ્યક્તસ્વરૂપ કહે છે, કેટલાએક સર્વનાથી પર રહેલી બ્રહ્મરૂપ વસ્તુને કેવળ નિર્વિકાર કહે છે, ત્યારે કેટલાએક (સાંખ્ય આચાર્યો) માને છે કે, આ સર્વ જગત પ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થયું છે અને પ્રકૃતિમાં જ નાશ પામે છે. જે પુરુષ પ્રાણાંતસમયે એક શ્વાસોચ્છ્વાસ લેવાય તેટલા કાળસુધી પણ આત્માનું શરણ લઇને "હું સર્વ સ્વરૂપ છું" આવી ભાવના કરે છે, તે પુરુષ (બ્રહ્મલોકની પ્રાપ્તિદ્વારા મોક્ષ મેળવવા સમર્થ થાય છે.) તેમજ જે પુરુષ એક નિમેષ (આંખના એક પલકારા) જેટલા સમયસુધી પણ પોતાના મનનો આત્મામાં લય કરી દઇને સ્થિતિ કરે છે, તે પુરુષ આત્માના અનુગ્રહથી વિદ્વાનોની અવિનાશી (મોક્ષ) ગતિને પામે છે.[૧-૩] અથવા જે પુરુષ મન–બુદ્ધિસહિત સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા યમનિયમાદિ બાવીસ ઉપાયોદ્વારા વારંવાર પ્રાણોનો નિરોધ કર્યા કરે છે, તે પુરુષ ચોવીસમા તત્ત્વથી પર રહેલા પરમાત્માને પામે છે.[૪] આ રીતે પ્રથમ પ્રસન્નચિત્ત થયેલો પુરુષ પાછળથી જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તેને પોતાના યોગબળથી મેળવી શકે છે; અને જ્યારે અવ્યક્તને પામીને સત્વગુણ અતિ ઉત્કૃષ્ટ સ્થિતિને મેળવે છે, ત્યારે તે કેવળ પુરુષસ્વરૂપેજ થઇ મોક્ષપદને માટે યોગ્ય થાય છે.[૫] સત્વગુણને જાણનારા પુરુષો સત્વગુણની પ્રશંસા કરતાં કહે છે કે, સત્વ કરતાં બીજું કંઇ પણ અત્યંત શ્રેષ્ઠ નથી; અને અમે અનુમાનથી જાણી શકીએ છીએ કે, પુરુષ સત્વગુણના આશ્રયે છે.[૬] જો એમ ન હોય તો હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! તે પુરુષને પ્રાપ્ત કરવોજ અશક્ય થઇ પડે. ક્ષમા, ધૈર્ય, અહિંસા, સર્વના પર સમાનતા, સત્ય, સરળતા, જ્ઞાન, ત્યાગ અને સંન્યાસ–આને સત્વગુણનાંજ પરિણામ કહેવામાં આવે છે.[૭] આ અનુમાનથીજ (તાર્કિક) વિદ્વાનો માને છે કે, સત્વ એ પુરુષરૂપ છે, એમાં કંઇ વિચારવા જેવું નથી;[૮] પણ બીજા જ્ઞાનનિષ્ઠ વિદ્વાનો કહે છે કે, ક્ષેત્રજ્ઞ અને સત્વ–એ બન્નેની જે એકતા માનવી તે યોગ્ય નથી;[૯] તેમજ 'સત્વ, પુરુષથી ભિન્નજ છે' આવો મત પણ વિચારરહિત છે; માટે સિદ્ધાંતદૃષ્ટિએ એમજ કહેવું યોગ્ય છે કે, પુરુષ અને સત્વનો અન્યોન્યથી જે ભિન્નભાવ તે (સમુદ્ર અને તેના તરંગની પેઠે) સાહજિક છે.[૧૦] સત્વ અને પુરુષનું એકપણું તથા ભિન્નપણું જોવામાં આવે છે, તે વિષે પણ વિદ્વાનો આવી એક યુક્તિ પ્રદર્શિત કરે છે. જેમકે:–ઉંબરાનું ફળ અને તેમાં

ઉત્પન્ન થયેલાં જીવડાંમાં અન્યોન્યસાથે એકપણું તથા અન્યોન્યથી ભિન્નપણું જોવામાં આવે છે;અને જળ તથા તેમાં ઉત્પન્ન થયેલાં માછલાં જેમ અન્યોન્યથી ભિન્ન તથા એકસ્વરૂપ જોવામાં આવે છે, તેમ સત્વ તથા પુરુષ અન્યોન્ય એકસ્વરૂપ તથા અન્યોન્યથી ભિન્ન સ્વરૂપ જોવામાં આવે છે.* વસ્તુતઃ કમળના પાંદડા ઉપર રહેલાં જળનાં બિંદુઓનો સંબંધ તે પાંદડાંથી નિર્લેપજ હોય છે, તેમ અસંગ એવા પુરુષનો સત્વ જોડેનો સંબંધ તેના ધર્મોથી નિર્લેપજ હોય છે. (છતાં સત્વના ધર્મોવડે પુરુષ લિપ્ત થયો હોય તેમ જણાય છે, તે કેવળ ભ્રાંતિજ છે.) ”

ગુરુએ કહ્યું:–બ્રહ્માએ તે બ્રાહ્મણોને એ પ્રમાણે કહ્યું એટલે તે મહામુનિઓએ ફરી પણ સંશયમાં આવી પડીને લોકના પિતામહ બ્રહ્મદેવને આ પ્રમાણે પૂછયું.[૧૧-૧૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ ગુરુશિષ્યસંવાદ ” એ વિષયનો
અધ્યાય ૪૮ મો સમાપ્ત

અધ્યાય ૪૯ મો

ગુરુ શિષ્ય સંવાદ–શ્રેય શું ?

॥ ऋषय ऊचुः ॥

को वा स्विदिह धर्माणामनुष्ठेयतमो मतः ।
व्याहतामिव पश्यामो धर्मस्य विविधां गतिम् ॥

ઋષિઓએ પૂછયું:–“ આ જગતના સર્વ ધર્મોમાં કયો ધર્મ અત્યંત આચરણ કરવા યોગ્ય મનાયો છે? અમે તો એમજ જોઇએ છીએ કે, ધર્મની વિવિધ પ્રકારની ગતિ જાણે નષ્ટ–ભ્રષ્ટ થઇ ગઇ છે![૧] કેટલાએક (સાંખ્ય) વિદ્વાનો કહે છે કે, દેહના નાશ પછી પણ આત્મા તો છેજ. કેટલાએક (ચાર્વાક) વિદ્વાનો કહે છે કે, દેહના નાશ પછી આત્મા હોતોજ નથી. કેટલાએક (સપ્તભંગીને જાણનારા સ્યાદ્વાદી જૈન) વિદ્વાનો કહે છે કે, સર્વ કંઇ સંશયાસ્પદ છે; ત્યારે કેટલાએક (તૈર્થિક) વિદ્વાનો કહે છે કે, સર્વ કંઇ નિઃસંશય છે.[૨] વળી કેટલાએક (તાર્કિક) વિદ્વાનો કહે છે કે, સૃષ્ટિ તથા પ્રલયથી યુક્ત એવું આ સર્વ જગત અનિત્ય છે. કેટલાએક (મીમાંસક) વિદ્વાનો કહે છે કે, આ સર્વ જગત પ્રવાહની પેઠે નિત્ય છે. કેટલાએક (શૂન્યવાદી બૌદ્ધ) વિદ્વાનો કહે છે કે, કંઇ છેજ નહિ. કેટલાએક (ક્ષણિકવાદી) વિદ્વાનો કહે છે કે, આ સર્વ જગત છે, પણ ક્ષણિક છે. કેટલાએક (યોગાચારી) વિદ્વાનો કહે છે કે, એકસ્વરૂપ એવું વિજ્ઞાનજ દ્વૈતસ્વરૂપે પ્રકટ થયું છે. કેટલાએક (ઉડુલોમી) વિદ્વાનો કહે છે કે, આ સર્વ જગત પરમાત્માથી ભિન્ન છે અને અભિન્ન પણ છે. કેટલાએક શાસ્ત્રને જાણનારા અને તત્ત્વવસ્તુને પ્રત્યક્ષ જોનારા (સગુણ ઉપાસક) બ્રાહ્મણો માને છે કે, બ્રહ્મ એકજ છે. બીજા કેટલાએક (મીમાંસક) વિદ્વાનો કહે છે કે, અસાધારણ એવાં કર્મોજ સર્વનાં કારણ છે. કેટલાએક (પરમાણુવાદી) વિદ્વાનો કહે છે કે, અનેક પરમાણુઓજ સર્વનું કારણ છે. કેટલાએક (જ્યોતિષી) વિદ્વાનો કહે છે કે,દેશ તથા કાળ–એ બન્ને સર્વનું કારણ છે;અને જટા તથા વલ્કલ વસ્ત્રને ધારણ કરનારા અને મસ્તકે મુંડન કરાવનારા કેટલાએક દિગંબર વૃદ્ધ પુરુષો કહે છે કે,નજરે દેખાતું આ સર્વ જગત ત્રણે કાળમાં છે નહિ,પણ માત્ર સ્વપ્નના રાજ્યની પેઠે ચૈતન્યના વિલાસરૂપજ છે.[૩-૫] વળી કેટલાએક આચાર્યો કહે છે કે, જીવનપર્યંત કેવળ બ્રહ્મચર્યજ પાળવું. કેટલાએક કહે છે કે,જ્યાંસુધી જીવાય ત્યાંસુધી ગૃહસ્થાશ્રમીજ રહેવું. કેટલાએક બ્રહ્મજ્ઞાની અને તત્ત્વદર્શી એવા દિવ્ય બ્રાહ્મણો માને છે કે,ઉપાસના કરતાં કરતાં પણ આહાર લેવો. કેટલાએક અનશનવ્રતમાંજ આસક્ત રહે છે, કેટલાએક કર્મનીજ પ્રશંસા કરે છે, કેટલાએક શાંતિ (એટલે કર્મો નહિ

---

* કહેવાનો ભાવ એ છે કે, જેમ ઉંબરાના ફળમાં બહારના કોઇપણ પદાર્થનો પ્રવેશ થઈ શકતો નથી, જેથી તેમાં ઉત્પન્ન થયેલાં જીવડાંનો દેહ તેનાજ અવયવરૂપ ગણાય છે; છતાં તેથી વિજાતીયરૂપે પ્રકટ થાય છે, તેમ સત્વ ચૈતન્યના વિલાસરૂપજ છે; છતાં તેનાથી જૂદું પડીને જડરૂપે પ્રકટ થાય છે.

કરવાનીજ) પ્રશંસા કરે છે, કેટલાએક મોક્ષની પ્રશંસા કરે છે, કેટલાએક જૂદા જૂદા ભોગોની પ્રશંસા કરે છે, કેટલાએક ધનને ઈચ્છે છે, કેટલાએક નિર્ધનપણું ઈચ્છે છે, કેટલાએક ધ્યાનાદિ સાધનોનું પ્રથમ ઉપાસન કરીને પણ પાછળથી ‘આ કંઈ છેજ નહિ’ એમ સર્વનો અપવાદ કરી મૂકે છે, કેટલાએક અહિંસા પાળવામાંજ આસકત રહે છે, કેટલાએક હિંસા કરવામાં તત્પર રહે છે, કેટલાએક કહે છે કે કેવળ પુણ્યને માટેજ યત્ન કરવો, કેટલાએક કહે છે કે યશ સંપાદન કરવામાટેજ પ્રયત્ન કરવો, કેટલાએક કહે છે કે પુણ્ય કે યશ જેવું કંઇ છેજ નહિ, કેટલાએક વળી ઉત્તમ ભાવ ઉપરજ પ્રીતિ રાખનારા છે, કેટલાએક સંશયભરેલાજ માર્ગમાં સ્થિતિ કરી રહ્યા છે, કેટલાએક કહે છે કે સુખની પ્રાપ્તિમાટે તથા દુઃખની નિવૃત્તિ કરવામાટે ધ્યાન કરવું, કેટલાએક કહે છે કે કેવળ નિષ્કામ ધ્યાન કરવું, કેટલાએક બ્રાહ્મણો કહે છે કે યજ્ઞોજ કર્યા કરવા, કેટલાએક કહે છે કે દાનજ આપ્યા કરવું, કેટલાએક વળી તપનીજ પ્રશંસા કરે છે, કેટલાએક વળી સ્વાધ્યાયનીજ પ્રશંસા કરે છે, કેટલાએક સારતત્ત્વનો વિચાર કરનારા વિદ્વાનો કહે છે કે પુષ્કળ સાધનો હોવા છતાં પણ કેવળ એક સંન્યાસથીજ પ્રાપ્ત કરવા યોગ્ય જ્ઞાન સર્વ કરતાં શ્રેષ્ઠ છે, કેટલાએક સર્વ સાધનોની પ્રશંસા કરે છે અને કેટલાએક વિદ્વાનો સર્વ સાધનોની પ્રશંસા કરતા પણ નથી. આ રીતે હે શ્રેષ્ઠ દેવ! અનેક પ્રકારે ઉત્પન્ન કરવામાં આવેલા ધર્મનો અનેક પ્રકારે બોધ આપવામાં આવે છે, જેથી અમે અત્યંત મૂઢ બની જઇને કોઇ પ્રકારનો નિશ્ચય મેળવી શકતા નથી.[૧૩] સર્વ જનસમાજ ‘અમુકમાં શ્રેય છે,અમુક શ્રેયરૂપ છે’ આમ લઇ ભાગ્યો છે;અને જે મનુષ્ય જે ધર્મમાં આસક્ત હોય છે, તે ધર્મનાં મનુષ્યો નિત્ય તેની પૂજા કરે છે;[૧૪] માટે હે શ્રેષ્ઠ દેવ! અમારી બુદ્ધિ અશિક્ષિત બની ગઇ છે અને અમારૂં મન અનેક પ્રકારનું થઇ ગયું છે, જેથી “શ્રેય શું?” એ વિષયને આપના મુખથીજ સાંભળવા અમે ઇચ્છીએ છીએ. આ પછી વળી બીજું પણ કહેવાને આપ યોગ્ય છો કે, સત્વ તથા ક્ષેત્રજ્ઞનો સંબંધ કયા કારણથી થયો છે?”[૧૫,૧૬]

લોકનું રક્ષણ કરનારા ભગવાન બ્રહ્માને તે બ્રાહ્મણોએ એ પ્રમાણે પૂછયું,એટલે બુદ્ધિમાન અને ધર્માત્મા તે બ્રહ્મદેવે તેઓ પાસે યથાર્થ રીતે કહેવા માંડયું.[૧૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ગુરુશિષ્યસંવાદ” એ વિષયનો
અધ્યાય ૪૯ મો સમાપ્ત

અધ્યાય ૫૦ મો

ગુરુશિષ્યસંવાદ–શ્રેયનું સ્વરૂપકથન

॥ ब्रह्मोवाच ॥

हंतवः संप्रवक्ष्यामि यन्मां पृच्छथ सत्तमाः ।
गुरुणा शिष्यमासाद्य यदुक्तं तन्निबोधत॥१॥

બ્રહ્માએ કહ્યું:–“હે અત્યંત શ્રેષ્ઠ મુનિઓ! તમે મને જે વિષય પૂછયો, તે હું તમને ઘણી ખુશીથી કહું છું. કોઈએક ગુરુએ શિષ્યને સમીપમાં રાખીને જે ઉપદેશ આપ્યો હતો, તે હું તમને કહું છું, તે સાંભળો.[૧] તે સર્વ સાંભળીને તમે સારી રીતે વિચાર કરજો. જગતનાં સર્વ કૃત્યોમાં એજ કૃત્ય અત્યંત આવશ્યક છે કે, કોઇ પણ પ્રાણીની મનુષ્યે હિંસા કરવી નહિ.[૨] બસ, આજ સર્વોત્તમ ધર્મલક્ષણ છે અને તેજ ઉદ્વેગરહિત પરમપદ છે. વસ્તુતત્ત્વના નિશ્ચિત સ્વરૂપને જોનારા વૃદ્ધ પુરુષો કહે છે. કે, જ્ઞાન એજ મોક્ષનું સ્વરૂપ છે, માટે હરકોઇ મનુષ્ય શુદ્ધ જ્ઞાનદ્વારા સર્વ પાપોથી મુક્ત થાય છે. જેઓ હિંસાપરાયણ રહે છે, નાસ્તિક વૃત્તિવાળા હોય છે અને લોભ તથા મોહથી ઘેરાયેલા હોય છે, તેઓ અવશ્ય નરકમાંજ જાય છે;[૪] પરંતુ જેઓ આળસથી રહિત થઇને ફળ મેળવવાની ઇચ્છાવાળાં કર્મો કરે છે, તેઓ આ લોકમાં વારંવાર જન્મ્યા કરે છે અને આનંદમાં રહે છે. જે શ્રદ્ધાળુ વિદ્વાનો ફલેચ્છાના ત્યાગરૂપ નિષ્કામ યોગમાં તત્પર

રહીને કર્મો કરે છે, તેઓ ધીર અને ઉત્તમ દૃષ્ટિવાળા કહેવાય છે.[૫,૬] હવે સત્વ તથા ક્ષેત્રજ્ઞનો જે રીતે સંયોગ થાય છે અને વિયોગ થાય છે, તે વિષે હે શ્રેષ્ઠ ઋષિઓ! હું તમને કહું છું, સાંભળો.[૭]આ સત્વ તથા ક્ષેત્રજ્ઞનો જે સંબંધ તે 'વિષયવિષયીભાવ'નામનો સંબંધ કહેવાય છે. પુરુષ–ક્ષેત્રજ્ઞ વિષયી કહેવાય છે અને સત્વ વિષય કહેવાય છે.[૮] વળી આ બન્નેનો 'ભોજ્યભોક્તૃભાવ' નામનો સંબંધ પણ છે; કેમકે સત્વ ભોજ્ય (ભોગવવા યોગ્ય) છે અને ક્ષેત્રજ્ઞ ભોક્તા છે. આવા આશયથીજ પ્રથમ ઉંબરાના ફળનું તથા જીવડાંનું દૃષ્ટાંત કહેવામાં આવ્યું છે. સત્વ ઉંબરાના ફળ જેવું જડ છે અને તેથીજ તે ક્ષેત્રજ્ઞવડે ઉપભોગ કરાય છે; છતાં પોતાના સ્વરૂપને તથા પોતાનો ઉપભોગ કરનારા ક્ષેત્રજ્ઞને તે કદી જાણી શકતું નથી;પરંતુ ક્ષેત્રજ્ઞ તો પોતે જેનો ઉપભોગ કરે છે તેને તથા પોતે જે રીતે ઉપભોગ કરી રહ્યો છે, તે સર્વને (ઉંબરાના ફળમાં રહેલાં મછરાંની પેઠે) જાણે છે.[૯] વિદ્વાનો કહે છે કે,સત્વ સુખ–દુઃખ આદિ દ્વંદ્વોરૂપ પરિણામોથી સદા યુક્ત રહે છે અને ક્ષેત્રજ્ઞ તે દ્વંદ્વોથી રહિત છે, નિષ્કલ છે, નિત્ય છે અને નિર્ગુણ છે.[૧૦] જેમ કમળનું પાંદડું જળથી લેપાતું નથી; તોપણ પોતાને પુષ્ટિ આપનારા જળનો ઉપભોગ કરે છે, તેમ સર્વત્ર સ્થિતિ કરનારો અને સત્વ સંજ્ઞાને અનુસરેલો ક્ષેત્રજ્ઞ પણ (ભ્રાંતિદૃષ્ટિએ) પોતાના સમાન જણાતા સત્વનો નિત્ય ઉપભોગ કરે છે.[૧૧] જેમ કમળના પાંદડા ઉપર રહેલું ચંચળ જળબિંદુ કમળના પાંદડા સાથે લેપાઇ જતું નથી,તેમ વિદ્વાન ક્ષેત્રજ્ઞ પણ સત્વના સર્વ ગુણો સાથે સંબંધ ધરાવે છે છતાં સત્વ સાથે લેપાઈ જતો નથી.[૧૨] આ રીતે ક્ષેત્રજ્ઞ સત્વના સંયોગવાળો નથીજ; છતાં સત્વ અને પુરુષ–બન્ને મળીને માત્ર એક સત્વજ દ્રવ્યરૂપે થયું છે, આ વાત નક્કી છે.[૧૩] જેમ સત્વ અને પુરુષ–એ બન્ને મળીને દ્રવ્યમાત્ર થયું છે, તેમ એ દ્રવ્ય, કર્તા અને સંયોગ–એ ત્રિપુટી પણ દ્રવ્યરૂપજ થયેલી છે. જેમ કોઈએક પુરુષ દીવો હાથમાં લઇને અંધકારવાળા પ્રદેશમાં જાય છે, ત્યારે તે દીવાથીજ તે દીવાને જોઈ શકે છે અને બીજા પદાર્થોને જોઇ શકે છે, તેમ ક્ષેત્રજ્ઞરૂપ પરમપદની ઇચ્છા રાખનારા પુરુષો, સત્વના એક પરિણામરૂપ જ્ઞાન નામના દીવાને સાથે રાખીને સત્વને તથા પુરુષને ભિન્નભિન્ન સ્વરૂપે મેળવે છે–જાણે છે.[૧૪] જેમ દીવેલ તથા દીવેટ જ્યાંસુધી હોય છે ત્યાંસુધી દીવો પ્રકાશે છે, પણ જ્યારે દીવેલનો તથા દીવેટનો અભાવ થઇ જાય છે ત્યારે દીવો તો પોતાની મેળેજ અંતર્ધાન થઇ જાય છે;[૧૫] એજ પ્રમાણે કર્મને આધારે ટકી રહેલો સત્વગુણ જ્યાંસુધી કર્મ હયાત હોય છે ત્યાંસુધી પોતે સ્વતંત્રરૂપે પ્રકટ થઇને પોતાને તથા ક્ષેત્રજ્ઞને ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસિત કરાવે છે; પણ કર્મોનો જ્યારે નાશ થાય છે,ત્યારે પોતાની મેળેજ અંતર્ધાન થઇ જાય છે અને સમાધિના તથા સુષુપ્તિના સુખનો સાક્ષી–પુરુષ તો કેવળ અવ્યક્તસ્વરૂપે સદાકાળ રહે છે. હે બ્રાહ્મણો! આ પ્રમાણે સત્વ તથા પુરુષના સંબંધવિષે તમારે જાણવું. વળી ફરી પણ હું તમને કહું છું, તે સાંભળો.[૧૬] દુષ્ટ બુદ્ધિવાળો પુરુષ, હજારો ઉપદેશ ગ્રહણ કરીને પણ જ્ઞાનસંપન્ન બુદ્ધિને સંપાદન કરી શકતો નથી; પણ બુદ્ધિમાન પુરુષ તો ઉપદેશના એક ચતુર્થાંશથી પણ (જ્ઞાનવાન થઇને) સુખી થાય છે.[૧૭] આ પ્રમાણે ઉપાયોદ્વારા ધર્મનું સાધન અવશ્ય જાણવું જોઇએ. ઉપાયને જાણનારો બુદ્ધિમાન પુરુષજ અવિનાશી સુખને પામે છે.[૧૮] જેમ કોઇએક મનુષ્ય ભાતાવિના કોઇએક માર્ગમાં મુસાફરી કરવા નીકળીને મહાદુઃખથી મુસાફરી કરી શકે છે; અને વચમાં કદાચ મરણને શરણ પણ થઇ જાય છે, તેમ જ્ઞાનસાધન કર્મોના સંબંધમાં પણ સમજવું જોઇએ કે, જો સંપૂર્ણ પુણ્ય હોય છે તોજ પુરુષના ચિત્તમાં પરિપૂર્ણ યોગરૂપ ફળ પ્રાપ્ત થાય છે; પણ પુણ્ય જો અલ્પ હોય છે તો મહાન કલેશ અનુભવવો પડે છે, એટલુંજ નહિ પણ વચ્ચે કદાચ મરણ નીપજે છે. આ રીતે શ્રેયના વિષયમાં શુભ અશુભ દૃષ્ટાંત સમજી લેવું.[૧૯,૨૦]

જેમ કોઇએક મનુષ્ય ઘણા લાંબા માર્ગમાં પગથીજ મુસાફરી કરે છે (પણ તે એને માટે ક્લિષ્ટ થઇ પડે છે), તેમ તત્ત્વદર્શનરહિત એવો એક અજ્ઞાની પુરુષ, પોતાનાં પુણ્યપાપ અનુસાર એકાએક સંસારમાર્ગમાં નીકળી પડે છે (પણ તે એને માટે મહાક્લિષ્ટ થઇ પડે છે);[૨૧] પરંતુ જેમ એક પુરુષ ઘોડાઓથી જોડેલા ઝડપદાર રથવડે માર્ગમાં મુસાફરી કરવા નીકળે છે (તે એને સુગમ થઈ પડે છે), તેમ બુદ્ધિમાન પુરુષો પણ શાસ્ત્રરૂપ રથવડે સંસારમાર્ગમાં ગતિ કરે છે (જેથી તત્કાળ તે માર્ગને કાપી શકે છે.)[૨૨] દરેક પુરુષે ઉંચા પર્વત ઉપર ચઢી ગયા પછી પૃથ્વી તરફ જોવું નહિ જોઇએ-અર્થાત્ પરમપદે આરૂઢ થયા પછી શાસ્ત્રનો પણ પરિત્યાગ કરી દેવો. વિદ્વાન પુરુષ શાસ્ત્રરૂપ રથવડે રથી કહેવાતા પોતાના શરીરને (શાસ્ત્રોક્ત કર્મો કરતાં કરતાં)ક્લેશ પામતું જોઇને પણ રથનો જ્યાંસુધી માર્ગ ચાલુ હોય છે, ત્યાંસુધી તે રથના સાધનથીજ ચાલ્યો જાય છે;અને પછી રથનો માર્ગ જ્યારે ક્ષીણ થઇ જાય છે, ત્યારે તે રથનો ત્યાગ કરીને (પગપ્યાદોજ—એટલે કેવળ સંન્યાસદ્વારાજ) આગળ વધે છે. આ પ્રમાણે તત્ત્વયોગના અનુષ્ઠાનને જાણનારો તથા પ્રકૃતિના ગુણોનું જ્ઞાન ધરાવનારો બુદ્ધિમાન પુરુષ ઉત્તરોત્તર એટલે હંસ, પરમહંસ-વગેરે આશ્રમોને સારી રીતે જાણીને (મોક્ષમાર્ગમાં) ગમન કરે છે.[૨૩-૨૫] જેમ કોઈ પુરુષ તરવાનાં સાધનવિના મોહથી કેવળ બાહુઓવડેજ તરતો તરતો મહાઘોર સમુદ્રમાં દાખલ થાય છે તો અવશ્ય પોતાનો નાશજ ઇચ્છે છે, એમ સમજવું; પણ કાર્ય-અકાર્યને જાણનારો બુદ્ધિમાન પુરુષ ઉત્તમ સુકાનવાળી એક હોડીને લઇને જળવાળા ધરામાં દાખલ થાય છે, તો થાક્યાવિના ઘણી ઝડપથી આગળ વધી શકે છે અને પાણીના ધરાને તરી જાય છે; તેમજ તરીને સામે પાર પહોંચ્યા પછી નિરપેક્ષ થઇને હોડીનો ત્યાગ કરે છે. તેજ પ્રમાણે સંસારસમુદ્રને તરી જવાની ઇચ્છાવાળા પુરુષે ગુરુરૂપ ઉત્તમ નૌકાનો આશ્રય કરવો જોઇએ અને પછી તેમની પાસેથી જ્ઞાન સંપાદન કરી લઈ નિદિધ્યાસન કરવાની ઇચ્છા થાય,ત્યારે ગુરુનો પણ ત્યાગ કરી દેવો-અર્થાત્ જ્યાંસુધી યોગારૂઢ ન થવાય ત્યાંસુધી ગુરુનું સેવન કરવું; અને પછી જ્યારે યોગારૂઢ થવાય ત્યારે પ્રથમ કહેવામાં આવેલું રથીનું તથા પદાતિનું દૃષ્ટાંત લક્ષ્યમાં લઈ ગુરુનો પણ ત્યાગ કરવો.[૨૬-૨૮] વળી (એ લક્ષ્યમાં રાખવું કે,) હોડી ઉપર આસક્તિ રાખનારો નાવિક જેમ તે હોડીમાં ને હોડીમાં ભ્રમણ કર્યા કરે છે, તેમ ગુરુનો આશ્રય કરીને તેનાપરના સ્નેહને લીધે મોહવશ થયેલો અને ગુરુપરની મમતાને અધીન થઇ પડેલો મનુષ્ય પણ તે ગુરુમાં ને ગુરુમાંજ ગોથાં ખાયા કરે છે.[૨૯]* નૌકાનો આશ્રય કરીને જળવિનાના સ્થળપ્રદેશ ઉપર મુસાફરી થઇ શકતી નથી અને તેજ પ્રમાણે રથ ઉપર બેસીને જળમાં મુસાફરી કરી શકાતી નથી. (તેમ કર્મના અધિકારી પુરુષે યોગનો આશ્રય કરવો નહિ અને યોગના અધિકારી પુરુષે કર્મો કરવાં નહિ.)[૩૦] કર્મનું ફળ અનેક પ્રકારનું હોય છે અને જૂદા જૂદા આશ્રમપરત્વે ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. (અર્થાત્ એકનું એકજ કર્મ ગૃહસ્થને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડે છે,ત્યારે સંન્યાસીને પતિત કરે છે.) તાત્પર્ય કે લોકમાં જે પ્રમાણે કર્મ કર્યું હોય છે, તે પ્રમાણેજ તેઓના કર્તાને તે કર્મફળ પ્રાપ્ત થાય છે.[૩૧] બુદ્ધિસંપન્ન મુનિઓ માને છે કે, જે તત્ત્વ ગંધવાળું નથી, રસવાળું નથી, રૂપવાળું નથી, સ્પર્શવાળું નથી તથા શબ્દવાળું નથી-તેનેજ ‘પ્રધાન’ (જ્ઞેય) કહેવામાં આવે છે.[૩૨] તેમાં પ્રધાન અવ્યક્ત (પ્રકૃતિ) છે, અવ્યકતનો ગુણ મહત્તત્ત્વ છે અને મહત્તત્ત્વરૂપ પ્રધાનના કાર્યનો ગુણ અહંકારજ છે.[૩૩] એ અહંકારમાંથી પાંચ મહાભૂતોરૂપ ગુણો ઉત્પન્ન થયા છે અને શબ્દાદિ વિષયો એ પાંચમહાભૂતોના જૂદા જૂદા ગુણો છે.[૩૪] અમે સાંભળ્યું છે કે, અવ્યક્ત સર્વના કારણરૂપ છે તથા કાર્યરૂપ છે,

---

* કહેવાનો ભાવ એ છે કે, પોતાનામાં ધ્યાન કરવાની યોગ્યતા આવી જાય એટલે ગુરુ ઉપર પણ અત્યંત આધાર રાખવો નહિ.

તેમજ મહત્તત્ત્વ કારણરૂપ છે અને કાર્યરૂપ છે, અહંકાર પણ કારણરૂપ છે અને કાર્યરૂપ છે, પાંચ મહાભૂતો પણ કારણરૂપ છે તથા કાર્યરૂપ છે અને પાંચ મહાભૂતોના શબ્દાદિ ગુણો પણ કારણરૂપ હોઇને કાર્યરૂપ પણ છે. આ ગુણોનું વિશેષણ ચિત્ત છે-અર્થાત્ ચિત્તમાંજ સર્વ ગુણો રહેલા છે, ચિત્તની બહાર નથી.[૩૫-૩૭] તેમાં આકાશ એક ગુણવાળું છે, વાયુ બે ગુણવાળો છે, તેજ ત્રણ ગુણોવાળું છે, જળ ચાર ગુણોવાળું છે અને સ્થાવર-જંગમ પ્રાણીઓથી ભરેલી સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારી તથા શુભ-અશુભને દર્શાવનારી પૃથ્વી પાંચ ગુણોવાળી છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-આ પાંચે ગુણો પૃથ્વીમાં રહેલા છે, એમ તમારે જાણવું.[૪૦] તેમાંથી પૃથ્વીનો ખાસ ગુણ ગંધ અનેક પ્રકારનો છે; માટે તે ગંધ ગુણના અનેક ભેદો હું તમને વિસ્તારથી કહું છું.[૪૧] પૃથ્વીનો ગંધ ગુણ આવા દશ પ્રકારનો તમારે જાણવો. જેમકેઃ-ઇષ્ટ ગંધ, અનિષ્ટ ગંધ, મધુર ગંધ, ખાટો ગંધ, કડવો ગંધ, નિર્હારી (દૂર જનારો) ગંધ,સંહત (એકત્ર થનારો) ગંધ,સ્નિગ્ધ ગંધ,રૂક્ષ ગંધ અને વિશદ(સ્વચ્છ)ગંધ.શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ-આ ચાર ગુણો જળમાં રહેલા છે; તેમાં તેના મુખ્ય ગુણ રસનું જ્ઞાન હું તમને કહું છું. રસ અનેક પ્રકારનો કહેવામાં આવ્યો છે.જેમકેઃ-મધુર રસ,ખાટો રસ, કડવો રસ, તીખો રસ, તુરો રસ અને ખારો રસ. આ રીતે જળમય એવો રસ છ પ્રકારનો કહેવામાં આવ્યો છે. શબ્દ, સ્પર્શ અને રૂપ-આ ત્રણ ગુણો તેજમાં રહેલા છે; તેમાંથી તેજના ખાસ ગુણ રૂપને અનેક પ્રકારનું કહેવામાં આવ્યું છે.જેમકેઃ-શ્વેત રૂપ, કૃષ્ણ રૂપ,લાલ રૂપ, લીલું રૂપ,પીળું અરુણ (કંઇક રતાશપડતું)રૂપ, ટુંકું રૂપ,લાંબું રૂપ,પાતળું રૂપ,સ્થૂલ રૂપ, ચોરસ રૂપ અને ગોળ રૂપ.આ રીતે બાર પ્રકારનું તેજનું રૂપ કહેવાય છે, તેને ધર્મને જાણનારા તથા સત્યવાદી વૃદ્ધ બ્રાહ્મણોએ જાણી લેવું. હવે શબ્દ તથા સ્પર્શ-આ બે ગુણોવાળો વાયુ કહેવાય છે; તેમાંથી પણ વાયુનો ખાસ ગુણ સ્પર્શ અનેક પ્રકારનો કહેવાય છે. જેમકેઃ-રૂક્ષ સ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ,વિશદ સ્પર્શ, કઠિન સ્પર્શ, ચિક્કણ સ્પર્શ, લીસો સ્પર્શ, પિચ્છિલ (ખરબચડો) સ્પર્શ, દારુણ સ્પર્શ અને કોમળ સ્પર્શ.આવા બાર પ્રકારનો વાયુનો સ્પર્શગુણ છે એમ ધર્મને જાણનારા તથા તત્ત્વવસ્તુને પ્રત્યક્ષ જોનારા સિદ્ધ બ્રાહ્મણોએ વિધિપૂર્વક કહ્યું છે.[૪૨-૫૧] હવે આકાશનો એક શબ્દગુણજ કહેવામાં આવ્યો છે, પણ તે શબ્દગુણના અનેક ગુણો છે, તે હું તમને કહું છું.[૫૨] ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ; નિષાદ, ધૈવત, ઈષ્ટ, અનિષ્ટ,સંહત (એટલે મિશ્ર)અને પ્રવિભાગવાન (એટલે જૂદા જૂદા વિભાગવાળો). આ પ્રમાણે આકાશમાંથી ઉત્પન્ન થનારો શબ્દ ગુણ અગીઆર પ્રકારનો છે. સર્વ મહાભૂતોમાં આકાશ ઉત્તમ છે, આકાશ કરતાં અહંકાર ઉત્તમ છે, અહંકાર કરતાં બુદ્ધિ ઉત્તમ છે, બુદ્ધિ કરતાં મહત્તત્ત્વ ઉત્તમ છે,મહત્તત્ત્વ કરતાં અવ્યક્ત-પ્રકૃતિ ઉત્તમ છે અને પ્રકૃતિ કરતાં પુરુષ ઉત્તમ છે.[૫૩-૫૫] જે પુરુષ પ્રાણીમાત્રના પરાપર-પરમાત્માને જાણે છે, સર્વ કર્મોના વિધિને જાણે છે તથા જેનો આત્મા સર્વ પ્રાણીઓના આત્મારૂપ થયેલો હોય છે, તે પુરુષ અવિનાશી આત્માને પામે છે."[૫૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" ગુરુશિષ્યસંવાદ " એ વિષયનો
અધ્યાય ૫૦ મો સમાપ્ત

અધ્યાય ૫૧ મો

ગુરુશિષ્યસંવાદની સમાપ્તિ

॥ ब्रह्मोवाच ॥

भूतानामथ पंचानां यथैषामीश्वरं मनः ।
नियमे च विसर्गे च भूतात्मा मनएव च॥१॥

બ્રહ્માએ કહ્યુંઃ- "મન પાંચે મહાભૂતોનું આઈશ્વર છે; એટલુંજ નહિ પણ ભૂતોના ઉત્પત્તિ કરવામાં તથા સંહાર કરવામાં સમર્થ છે.[૧] મન સર્વ મહાભૂતોનું નિત્ય અધિષ્ઠાતા છે, તમારૂપ એવું મનજ સર્વની

બુદ્ધિ મનનું ઐશ્વર્ય છે અને ક્ષેત્રજ્ઞ પણ મનજ કહેવાય છે.[૨] જેમ એક સારથિ ઉત્તમ ઘોડાઓને (રથમાં) જોડે છે, તેમ મન સર્વ ઇંદ્રિયોને જૂદાં જૂદાં કાર્યોમાં જોડે છે અને બુદ્ધિ નિરંતર ક્ષેત્રજ્ઞસાથે જોડાયેલી રહે છે.[૩] જીવાત્મા ઇંદ્રિયોરૂપી મોટા ઘોડાઓથી જોડાયેલા અને બુદ્ધિરૂપી લગામવાળા આ શરીરરૂપ રથમાં બેસીને (સુખ મેળવવાની ઇચ્છાથી) ચોતરફ દોડાદોડ કરે છે.[૪] આ શરીરરૂપી એક મહાન રથ છે. તે ઇંદ્રિયોરૂપી ઘોડાઓથી જોડાયેલો છે, મનરૂપી સારથિવાળો છે અને બુદ્ધિરૂપી લગામવાળો છે.[૫] જે વિદ્વાન પુરુષ એ પ્રમાણે આ શરીરરૂપી રથનું જ્ઞાન ધરાવે છે,તે પુરુષ સર્વ પ્રાણીઓમાં ધીર કહેવાય છે અને તે કદી મોહ પામતો નથી.[૬] ક્ષેત્રજ્ઞ જીવાત્મા પ્રાણીમાત્રની ગતિરૂપ છે, છતાં કેવળ પ્રકૃતિરૂપ આ સંસારવનમાં નિત્ય વિચર્યા કરે છે. તે વન અવ્યકત પ્રકૃતિરૂપી આદિવાળું છે અને તેના ગુણોરૂપી છેડાવાળું છે, સ્થાવર તથા જંગમ પ્રાણીઓથી ભરપૂર છે, સૂર્ય તથા ચંદ્રની કાંતિથી પ્રકાશી રહ્યું છે, ગ્રહો તથા નક્ષત્રોથી શોભી રહ્યું છે, નદીઓ તથા પર્વતોથી ચોતરફ અલંકૃત છે, તરેહ તરેહનાં જળથી નિરંતર સુશોભિત છે તથા સર્વ પ્રાણીઓને જીવાડનારૂં છે.[૭-૯] આ લોકમાં જેટલાં સ્થાવરજંગમ પ્રાણીઓ છે તે બધાં, (સમાધિસમયે નેત્ર મીંચતાંની સાથે) સૌની પહેલાંજ લય પામી જાય છે, પાછળથી પાંચ મહાભૂતોના શબ્દાદિ ગુણો લય પામી જાય છે, ગુણોનો લય થયા પછી સૂક્ષ્મદેહનો આરંભ કરનારાં પાંચ ભૂતોનો લય થઇ જાય છે. બસ, આજ સર્વ ભૂતોનો વિસ્તાર છે. (અને અંત છે. સર્વ ભૂતોનો એ પ્રમાણે જ્યારે લય થઇ જાય છે, ત્યારે જ્ઞાનીપુરુષ કેવળ એક ચૈતન્યરૂપેજ સ્થિતિ કરે છે.)[૧૦] સર્વ દેવો, મનુષ્યો, ગંધર્વો, પિશાચો, અસુરો તથા રાક્ષસો કેવળ સ્વભાવથીજ ઉત્પન્ન થયા છે, નહિ કે કોઈ ક્રિયાઓથી કે કારણથી ઉત્પન્ન થયા છે.[૧૧] હે બ્રાહ્મણો! જેમ સમુદ્રના તરંગો સમુદ્રમાંથી ઉત્પન્ન થઇને પાછા સમુદ્રમાંજ લય પામી જાય છે, તેમ આ સર્વ પ્રજાપતિઓ પણ પાંચ મહાભૂતોમાંથી વારંવાર ઉત્પન્ન થઇને પાછા યોગસમયે પાંચ મહાભૂતોમાંજ લય પામી જાય છે;[૧૨] પણ મુકતપુરુષ જગતને ઉત્પન્ન કરનારાં સ્થૂલમહાભૂતોથી પણ પર રહેલાં જે સૂક્ષ્મ ભૂતો છે,તેના કરતાં પણ પરમગતિને પામે છે.[૧૩] પ્રભુ પ્રજાપતિએ આ સર્વ જગતને કેવળ મનથીજ ઉત્પન્ન કર્યું છે; તેમજ મનની એકાગ્રતા કરવારૂપ તપોબળના પ્રભાવથીજ ઋષિઓએ દેવપદ પ્રાપ્ત કર્યાં છે.[૧૪] સમાધિનિષ્ઠ યોગી પુરુષો, ફળ તથા મૂળનો આહાર કરીને સંકલ્પરૂપ તપના ઉત્તરોત્તર ક્રમદ્વારાજ સિદ્ધાવસ્થાને પામે છે અને તે તપના પ્રભાવથીજ ત્રણે લોકને પ્રત્યક્ષ જોઈ શકે છે;[૧૫] એટલુંજ નહિ પણ તેવા પ્રકારના તપને લીધેજ સર્વ પ્રકારનાં ઔષધો તથા અનેક પ્રકારની વિદ્યાઓ સિદ્ધ થાય છે,માટે સર્વ સાધનોનું મૂળ કેવળ તપજ છે.[૧૬] જગતમાં જે વસ્તુ દુર્લભ ગણાય છે, વેદાદિ શાસ્ત્રો જે વિચારવાં કઠિન મનાય છે, અગ્નિ આદિ જે પદાર્થો પરાભવ કરવાને અશકય ગણાય છે અને મહાપ્રલય આદિ જે સ્થિતિઓ ટાળી ટળે નહિ તેવી ગણાય છે તે સર્વે કેવળ તપથી સાધ્ય થઇ શકે છે; કેમકે તપોબળનું મહાકષ્ટથી ઉલ્લંઘન કરી શકાય છે.[૧૭] પુરુષ દારુડીઓ હોય, બ્રહ્મહત્યારો હોય, ચોર હોય, બાળહત્યારો હોય અથવા ગુરુપત્ની સાથે વ્યભિચાર કરી ચૂકયો હોય તોપણ ઉત્તમ પ્રકારે તપશ્ચર્યા કરીને પાપથી મુક્ત થઇ શકે છે.[૧૮] મનુષ્યો, પિતૃઓ, દેવો, પશુઓ, મૃગો, પક્ષીઓ અને બીજાં જે કોઇ સ્થાવર–જંગમ પ્રાણીઓ છે તે બધાં જો તપપરાયણ થાય છે, તો કેવળ એક તપને લીધેજ સદાને માટે સિદ્ધ થઈ શકે છે; તેમજ દેવો પણ તપનું આચરણ કરીનેજ મોટા માયાવી થઈ સ્વર્ગમાં જઇ શકયા છે.[૧૯,૨૦] જે પુરુષો આળસથી રહિત થઇને પણ ફળેચ્છાથી યુક્ત એવાં કર્મો કરે છે, તેઓ અહંકારથી ઘેરાયેલા રહે છે અને તેથીજ માત્ર પ્રજાપતિ પાસેજ જઇ શકે છે;[૨૧]

પરંતુ જે મહાત્માઓ શુદ્ધ ધ્યાનયોગદ્વારા મમતા અને અહંકારથી મુક્ત થયેલા હોય છે, તેઓ સર્વોત્તમ મહાન લોકને (બ્રહ્મસારૂપ્યને) પામે છે.[22] ધ્યાનયોગનો આશ્રય કરીને નિરંતર પ્રસન્ન બુદ્ધિવાળા તે મહાન આત્મવેત્તાઓ સુખની જેમાંથી વૃદ્ધિજ થયા કરે છે, તેવા અવ્યક્ત–પરમાત્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે;[23] પરંતુ જે મહાત્માઓ મમતા તથા અહંકારથી રહિત થયેલા હોય છે, છતાં પૂર્ણ ધ્યાનયોગને નહિ સંપાદન કરી જો મરણ પામે છે તો તેઓ મહાન પુરુષોના ઉત્તમ લોક અવ્યક્ત–પ્રકૃતિમાં પ્રવેશ કરે છે–અર્થાત્ તેઓ પરબ્રહ્મને નહિ પામતાં પ્રકૃતિમાંજ લય પામે છે.[24] જે ક્ષેત્રજ્ઞ પ્રકૃતિરૂપ ઉપાધિને લીધેજ (પરમાત્માથી જાણે ભિન્ન હોય તેમ) ઉત્પન્ન થયો છે; અને તે ઉપાધિને લીધેજ પોતે પ્રકૃતિની સમાનસંજ્ઞાને પામેલો છે, તેજ ક્ષેત્રજ્ઞ કેવળ સત્વગુણનો આશ્રય કરીને તમોગુણ તથા રજોગુણથી મુક્ત થાય છે અને સર્વ પાપોથી પણ મુક્ત થઇને સર્વને સૃજે છે. આ પ્રમાણે તે ક્ષેત્રજ્ઞનેજ જે પુરુષ નિષ્કલ ઇશ્વરતરીકે જાણે છે, તે પુરુષ ખરો વેદવેત્તા કહેવાય છે.[25,26] પ્રત્યેક મુનિએ પોતાના મનદ્વારાજ ઉત્તમ જ્ઞાન સંપાદન કરવું; અને પછી મનને (તે જ્ઞાનમાંજ) એકાગ્ર કરીને બેસી રહેવું, કે જેથી પોતાનું મન જ્યાં લાગેલું હોય તે રૂપજ અવશ્ય થઇ શકાય. આ સનાતન ગુહ્ય રહસ્ય છે.[27] અવ્યક્ત–પ્રકૃતિથી આરંભીને છેક શબ્દાદિ વિશેષોસુધીનું આ સર્વ કંઇ અવિદ્યાના લક્ષણવાળું કહેવામાં આવ્યું છે. આ લક્ષણને તમે ગુણોદ્વારા જાણી લેજો.[28] '**મમ**' એવા જે બે અક્ષર તે ખરેખર મૃત્યુરૂપ છે; અને '**ન મમ**' એવા જે ત્રણ અક્ષર તે સનાતન બ્રહ્મરૂપ છે. (અર્થાત્ હરકોઇ પદાર્થ ઉપર 'મારૂં' એવું જે અભિમાન કરવું તેજ બંધનકર્તા છે, પણ હરકોઈ પદાર્થ ઉપરની મમતાનો જે ત્યાગ કરવો તે અવિનાશી બ્રહ્મને પ્રાપ્ત કરાવનાર છે.)[29] કેટલાએક મંદ બુદ્ધિવાળા પુરુષો કર્મનીજ પ્રશંસા કરે છે, પરંતુ વૃદ્ધ મહાત્માપુરુષો તો કર્મની પ્રશંસાજ કરતા નથી;[30] કેમકે કર્મને લીધેજ પ્રાણી સોળ વિકારોથી યુક્ત થઇને મૂર્તિમાન અથવા દેહધારી થાય છે. વિદ્યા પુરુષનો ગ્રાસ કરી જાય છે અને તેજ યજ્ઞના શેષભાગનું ભોજન કરનારા પુરુષોને ગ્રાહ્ય થઇ પડે છે; માટેજ પારદર્શી પુરુષો કર્મો ઉપર સ્નેહ ધરાવતા નથી. આવા પુરુષોને વિદ્યામય એટલે જ્ઞાનમય કહેવામાં આવ્યા છે પણ કર્મમય કહેવામાં આવ્યા નથી. જે પુરુષ આત્માને અમર, નિત્ય, અગ્રાહ્ય, નિરંતર હ્રાસધર્મથી રહિત, ચિત્તને વશ રાખનાર તથા અસંગ જાણે છે, તે પુરુષ મરણ પામતો નથી–અજરામર મોક્ષપદને પામેછે.[33] વળી જે પુરુષ અપૂર્વ (કોઇ પણ પ્રમાણથી નહિ જણાયેલા), અકૃત (કોઈથી નહિ ઘડાયેલા અર્થાત્ સ્વયંભૂ,) કૂટસ્થ, ઇંદ્રિયાદિથી અગ્રાહ્ય અને અમૃતનું પાન કરનારા આત્માને (જ્ઞાનદ્વારા) મેળવે છે, તે પુરુષ આ કારણોને લીધેજ અગ્રાહ્ય થાય છે, અમર થાય છે અને અચળ થાય છે; એટલુંજ નહિ પણ તે પુરુષ ચિત્તના સર્વ સંસ્કારોને દૃઢ કરીને તથા ચિત્તને હૃદયકમળમાં રૂંધીને તે પવિત્ર બ્રહ્મને જાણી શકે છે, કે જે બ્રહ્મથી ઉત્કૃષ્ટ એવું કંઇ પણ નથી.[35] પુરુષનું ચિત્ત જ્યારે નિર્મળ થાય છે, ત્યારે તેને શાંતિ મળે છે. ચિત્તની નિર્મળતાનું લક્ષણ પણ એજ છે કે, જેમ સ્વપ્નદર્શનમાં ચિત્ત, બહારની સંજ્ઞાઓથી રહિત હોઇ માત્ર અંદરના ભાગમાંજ સંચાર કરી રહ્યું હોય છે, તેમ સર્વ અવસ્થાઓમાં ચિત્તની તેવીજ સ્થિતિ રહે.[36] આવા પ્રકારની ચિત્તની જે પ્રસન્નતા તેજ જ્ઞાનનિષ્ઠ મુક્ત પુરુષોની ગતિ છે–માર્ગ છે; અને આ માર્ગમાં રહીને યોગી પુરુષો ત્રણ કાળના સર્વ પદાર્થોને પરિણામથી ઉત્પન્ન થયેલા જોઇ શકે છે.[37] બસ, આજ વિરક્ત પુરુષોની ગતિ છે, આજ સનાતન ધર્મ છે, આજ જ્ઞાની પુરુષોની પ્રાપ્તિ છે અને આજ નિર્દોષ વર્તન છે.[38] જે પુરુષ સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખે છે, નિઃસ્પૃહ હોય છે, સર્વ આશાઓથી મુક્ત થયેલો હોય છે અને સર્વત્ર સમાનદૃષ્ટિવાળો હોય છે, તે પુરુષ આ ગતિને

પ્રાપ્ત કરી શકે છે.[૩૯] હે શ્રેષ્ઠ બ્રહ્મર્ષિઓ ! આ સર્વ મેં તમને કહ્યું છે, માટે સત્વર તેનું તમે આચરણ કરો, જેથી સિદ્ધિને સંપાદન કરશો."

ગુરુએ કહ્યું:–"સર્વના ગુરુ બ્રહ્મદેવે તે મુનિઓને એ પ્રમાણે કહ્યું એટલે તે મહાત્માઓએ એ રીતેજ કર્યું, જેથી તેઓ બ્રહ્મના લોકને પામ્યા;[૪૧] માટે હે મહાભાગ્યશાળી શિષ્ય! તું પણ મેં કહેલા આ બ્રહ્મદેવના વચનનું સારી રીતે આચરણ કર, જેથી હે શુદ્ધાત્મા! તું પણ સિદ્ધિને પ્રાપ્ત થઇશ."[૪૨]

શ્રીકૃષ્ણે કહ્યું:–હે કુંતીપુત્ર અર્જુન! ગુરુએ એ પ્રમાણે ઉત્તમ ધર્મ કહ્યો એટલે તે શિષ્યે તે સર્વનું આચરણ કર્યું, જેથી તે મોક્ષ પામ્યો.[૪૩] હે કુરુવંશના ધુરંધર અર્જુન! તે સમયે એ શિષ્ય સંપૂર્ણ કૃતાર્થ થઇને એવા પ્રકારના પદને પ્રાપ્ત થયો કે જ્યાં જઈને તે શોક કરતો નથી.[૪૪]

અર્જુને પૂછ્યું:–હે કૃષ્ણ! એ બ્રાહ્મણ કોણ હતો? અને હે જનાર્દન! તે શિષ્ય કોણ હતો? એ મારે સાંભળવું છે, માટે હે પ્રભુ! તે મને યથાર્થ રીતે કહો.[૪૫]

શ્રીકૃષ્ણે કહ્યું:–હે મહાબાહુ! હું પોતેજ ગુરુ છું અને મારૂં મન તે શિષ્ય છે, એમ તું જાણ. હે ધનંજય! તારા ઉપરની પ્રીતિને લીધેજ મેં આ ગુહ્ય વાત તને કહી છે.[૪૬] હે કુરુકુળના ધુરંધર અને ઉત્તમ વ્રતવાળા અર્જુન! તને મારાપર જો પ્રીતિ હોય તો આ અધ્યાત્મનું શ્રવણ કરીને તું નિત્ય તેનું સારી રીતે આચરણ કર.[૪૭] હે શત્રુહંતા અર્જુન! તું આ ધર્મનું સારી રીતે જો આચરણ કરીશ તો સર્વ પાપથી મુક્ત થઇને કેવળ મોક્ષને પ્રાપ્ત થઇશ.[૪૮] હે મહાબાહુ! પૂર્વે જ્યારે યુદ્ધકાળ ઉપસ્થિત થયો હતો, ત્યારે પણ આજ જ્ઞાન મેં તને કહ્યું હતું; માટે આમાં તું તારૂં મન સ્થિર કર.[૪૯] હે ભરતશ્રેષ્ઠ અર્જુન! મને મારા સર્વ પિતાનાં દર્શન થયે આજે ઘણો સમય વીતી ગયો છે, માટે તારી જો સંમતિ હોય તો હવે તેમનાં દર્શન કરવાની મને ઇચ્છા છે.[૫૦]

વૈશંપાયને કહ્યું:–શ્રીકૃષ્ણે જ્યારે એવાં વચનો કહ્યાં ત્યારે અર્જુને તેમનાપ્રત્યે કહ્યું કે:–"હે કૃષ્ણ! ચાલો, આપણે બન્ને જણા આજેજ હસ્તિનાપુર જઇએ; અને ત્યાં જઇ ધર્માત્મા યુધિષ્ઠિર રાજાને મળી તેમની અનુજ્ઞા લઈ ખુશીથી તમે પોતાની નગરી તરફ જજો."

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ગુરુશિષ્યસંવાદ સમાપ્ત" એ વિષયનો અધ્યાય ૫૧ મો સમાપ્ત

અધ્યાય પર મો

શ્રીકૃષ્ણ દ્વારકા ગયા.

॥ वैशंपायन उवाच ॥

ततोऽभ्यनोदयत्कृष्णो युज्यतामितिदारुकम्।
मुहूर्तादिव चाचष्ट युक्तमित्येव दारुकः ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી શ્રીકૃષ્ણે દારુક સારથિને આજ્ઞા કરી કે:–'રથ જોડી લાવ.' પછી એક મુહૂર્ત જેટલા સમયમાં તો દારુકે આવીને કહ્યું કે:–"રથ તૈયાર છે."[૧] બીજી તરફથી અર્જુને પણ પોતાના અનુચર સૈનિકોને આજ્ઞા આપી કે:–"આપણે હસ્તિનાપુર જવું છે, માટે તૈયારી કરો."[૨] હે જનમેજય રાજા! સૈનિકોને આ પ્રમાણે આજ્ઞા અપાઈ એટલે તુરતજ તેઓ તૈયાર થયા અને મહાતેજસ્વી અર્જુન પાસે આવીને તેઓએ જણાવ્યું કે:–"સૈન્ય તૈયાર થઇ ગયું છે."[૩] તે પછી શ્રીકૃષ્ણ અને અર્જુન રથમાં બેસીને આગળ ચાલ્યા અને માર્ગમાં પ્રસન્ન થઇ વિવિધ પ્રકારની વાતો કરવા લાગ્યા. હે ભરતશ્રેષ્ઠ જનમેજય! તે સમયે મહાતેજસ્વી અર્જુન, રથમાં બેઠેલા શ્રીકૃષ્ણને પુનઃ આવું વાક્ય કહેવા લાગ્યો:–"હે યદુકુળધુરંધર શ્રીકૃષ્ણ! રાજા યુધિષ્ઠિરે તમારી કૃપાથીજ શત્રુઓનો સંહાર કર્યો છે, વિજય મેળવ્યો છે અને નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત કર્યું છે.[૬] હે મધુસૂદન! તમારે લીધે પાંડવો સનાથ છે; એટલુંજ નહિ પણ તરવાના એક સાધનતરીકે તમને પ્રાપ્ત કરીને પાંડવો કૌરવોરૂપી સમુદ્રને તરી ગયા છે.[૭] હે જગતરૂપ કર્મ કરનારા! હે જગતના આત્મા! હે જગતમાં શ્રેષ્ઠ! હું તમને નમસ્કાર કરૂં છું.

હું તમને તે પ્રમાણેજ જાણું છું, કે જે પ્રમાણે તમે મને માન્યો છે.[૮] હે મધુસૂદન! ભૂતાત્મા–જીવ તમારા તેજમાંથીજ નિત્ય ઉત્પન્ન થાય છે. તમારૂં રમણ ક્રીડામય છે–જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કરવાની લીલારૂપ છે; અને હે પ્રભો! આ સ્વર્ગ તથા પૃથ્વી તમારીજ માયા છે.[૯] આ સ્થાવરજંગમ સર્વ જગત તમારામાં સ્થિતિ કરી રહ્યું છે; અને (જરાયુજ, સ્વદેજ, અંડજ અને ઉદ્ભિજ્જ–એ) ચારે પ્રકારના પ્રાણીસમુદાયને તમેજ ઉત્પન્ન કરો છો.[૧૦] હે મધુસૂદન! પૃથ્વી, આકાશ તથા સ્વર્ગ તમારૂં હાસ્ય છે અને ઋતુઓ તથા ઇંદ્રિયો તમારી નિર્મળ જયોત્સના છે.[૧૧] હે મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણ! સદાકાળ ગતિ કરનારો આ વાયુ તમારો પ્રાણ છે, તમારો ક્રોધ સનાતન મૃત્યુ છે અને તમારા અનુગ્રહમાં પદ્મા તથા શ્રીદેવી નિત્ય વસી રહ્યાં છે.[૧૨] હે નિર્દોષ કૃષ્ણ! આનંદ, સંતોષ, ધૈર્ય, ક્ષમા, બુદ્ધિ, કાંતિ અને સ્થાવરજંગમ આ જગત તમેજ છો અને યુગાંતસમયે તમેજ સર્વના મૃત્યુરૂપ કહેવાઓ છો.[૧૩] હે કમળનેત્ર! અત્યંત લાંબા કાળસુધી પણ હું તમારા ગુણોનું વર્ણન કરી શકું તેમ નથી. તમે આત્મા છો, પરમાત્મા છો, હું તમને નમસ્કાર કરૂં છું. હે અતિ દુરાધર્ષ કૃષ્ણ! નારદ, દેવલ, વ્યાસ તથા કુરુઓના પિતામહ ભીષ્મ પાસેથી મેં તમને જાણ્યા છે.[૧૫] હે નિષ્પાપ કૃષ્ણ! આ સર્વ જગત તમારામાં આસક્ત થઇ રહ્યું છે. તમે એકલાજ મનુષ્યોના ઇશ્વર છો; અને હે જનાર્દન! તમે હમણાં મને જે અનુગ્રહયુક્ત વચન કહ્યું છે (કે આ અધ્યાત્મનું તું સારી રીતે આચરણ કર), તે સર્વ હું સારી રીતે આચરીશ. અમારૂં પ્રિય કરવાની ઇચ્છાથી તમે આ અતિ અદ્ભુત કર્મ કર્યું છે; તે એકે, આ યુદ્ધમાં ધૃતરાષ્ટ્રનાપાપી પુત્ર દુર્યોધનનો તમે વધ કર્યો છે. વળી યુદ્ધમાં મેં જે સૈન્યનો પરાજય કર્યો છે, તે સર્વને પ્રથમથીજ તમે બાળી મૂક્યું હતું.[૧૬-૧૮] તમે તે સર્વ કર્મ કર્યું છે, કે જેથી મેં વિજય મેળવ્યો છે; એટલુંજ નહિ પણ સંગ્રામમાં તમારીજ બુદ્ધિવડે તથા તમારાંજ પરાક્રમવડે દુર્યોધનનો મેં પરાજય કર્યો છે. તમે કર્ણના વધનો ઉપાય તથા પાપી જયદ્રથના અને. ભૂરિશ્રવાના વધનો ઉપાય પણ સારી રીતે મને બતાવ્યો હતો. હે દેવકિનંદન! મારાપર પ્રસન્ન થઇને તમે મને જે અધ્યાત્મનો ઉપદેશ આપ્યો છે, તેનું હું આચરણ કરીશ, એમાં મારે વિચારવા જેવું કંઇ નથી.[૨૧] હે ધર્મને જાણનારા નિર્દોષ કૃષ્ણ! ધર્માત્મા રાજા યુધિષ્ઠિરને મળીને હું તેમને પ્રેરણા કરીશ, જેથી દ્વારકા તરફ જવા માટે તે તમને અનુજ્ઞા આપે.[૨૨] હે પ્રભુ! તમારૂં દ્વારકા તરફ ગમન હવે મને પણ રુચે છે, જેથી હે જનાર્દન! તમે અલ્પ સમયમાંજ મારા મામા વસુદેવને, અજિત બળદેવને તથા બીજા શ્રેષ્ઠ યાદવોને મળશો." આ પ્રમાણે વાતચીત કરતા તેઓ બન્ને જણા હસ્તિનાપુરમાં જઇ પહોંચ્યા;[૨૩,૨૪] અને અત્યંત આનંદિત જણાતાં મનુષ્યોથી વ્યાપ્ત એવા તે નગરમાં દાખલ થયા. ત્યાં જઇને પ્રથમ તો તેઓ બન્ને જણા ઇંદ્રના ભુવનસરખા રાજા ધૃતરાષ્ટ્રના ઘરમાં દાખલ થયા; અને ત્યાં રાજા ધૃતરાષ્ટ્રને, મહાબુદ્ધિમાન વિદુરને, યુધિષ્ઠિરને, ભીમસેનને, નકુલને, સહદેવને તથા ધૃતરાષ્ટ્રની પાસે બેઠેલા અજિત યુયુત્સુને મળ્યા.[૨૫-૨૭] વળી તે સ્થળે મહાબુદ્ધિમાન ગાંધારી, કુંતી, દ્રૌપદી તથા સુભદ્રા વગેરે સર્વ ભરતવંશી રાજાઓની સ્ત્રીઓ પણ તેઓના જોવામાં આવી; તેમજ ગાંધારીની સર્વ દાસીઓને પણ તેઓએ જોઇ. પછી શત્રુઓનું દમન કરનારા તે બંને જણા એકી સાથે રાજા ધૃતરાષ્ટ્રની સમીપમાં ગયા અને પોતપોતાનાં નામ જણાવીને તેમના બંને ચરણોનો તેઓએ સ્પર્શ કર્યો; તેમજ ગાંધારી, કુંતી, ધર્મરાજા તથા ભીમસેનના ચરણોનો પણ તે મહાત્માઓએ સ્પર્શ કર્યો. પછી વિદુરને ભેટી પડીને અન્યોન્ય કુશળસમાચાર પૂછ્યા અને ત્યાં બેઠેલા સર્વની સાથે વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્રની સેવા કરવા લાગ્યા. તે પછી જયારે રાત્રિનો સમય થયો, ત્યારે બુદ્ધિમાન મહારાજા ધૃતરાષ્ટ્રે સર્વ કુરુવંશીઓ તથા શ્રીકૃષ્ણને પોતપોતાના ઘર તરફ જવાની આજ્ઞા આપી,

એટલે તેઓ સર્વે ધૃતરાષ્ટ્ર રાજાની અનુજ્ઞા લઈને પોતપોતાને ઘેર ગયા.[૩૩] તે સમયે વીર્યવાન શ્રીકૃષ્ણ તો અર્જુનનેજ ઘેર ગયા. ત્યાં તેમનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું અને સર્વ ઇચ્છિત વસ્તુઓ તેમની પાસે હાજર કરવામાં આવી. પછી બુદ્ધિમાન શ્રીકૃષ્ણે તે સ્થળેજ અર્જુનની સમીપમાં શયન કર્યું. રાત્રિ વીતી ગઇ અને પ્રભાત થયું ત્યારે તેઓ બંને જણાએ સ્નાનસંધ્યા વગેરે પ્રાતઃકાળની ક્રિયા કરી લીધી. પછી ઘણોજ આદરસત્કાર પામીને તેઓ ધર્મરાજાને ઘેર ગયા. ત્યાં મહાબળવાન ધર્મરાજા પોતાના અમાત્યોની સાથે બેઠા હતા, તેવામાં તે બંને મહાત્માઓ અત્યંત સુશોભિત કરવામાં આવેલા તે ધર્મરાજાના ગૃહમાં દાખલ થયા; અને બે અશ્વિનીકુમારો જેમ દેવરાજાનાં દર્શન કરે, તેમ તેઓ બંનેએ ધર્મરાજાનાં દર્શન કર્યાં. રાજા યુધિષ્ઠિરે પણ તેઓને જોતાંજ મનમાં પ્રસન્ન થઇને સમીપમાં બેસવાની અનુજ્ઞા આપી એટલે શ્રીકૃષ્ણ અને અર્જુન પણ રાજાની પાસે જઇને બેઠા.[૩૮] તે પછી બુદ્ધિમાન મહારાજા યુધિષ્ઠિર, કે જે વકતા પુરુષોમાં શ્રેષ્ઠ હતા તેમણે તેઓ બંનેને કંઇક બોલવાની ઇચ્છાવાળા જોઇને આ પ્રમાણે કહ્યું.

યુધિષ્ઠિરે કહ્યું:–" હે વીર શ્રીકૃષ્ણ ! હે વીર અર્જુન ! હું માનું છું કે તમને બંનેને કંઇક બોલવાની ઇચ્છા છે. બોલો, વિચાર કરો મા. હું તમારૂં સર્વ ઇચ્છિત તુરતજ પૂર્ણ કરીશ."

ધર્મરાજાએ એ પ્રમાણે કહ્યું, એટલે વાક્ય બોલવામાં કુશળ અર્જુન વિનયપૂર્વક તેમની સમીપમાં ગયો અને આ પ્રમાણે બોલ્યો:–[૪૧] " હે રાજન્ ! આ પ્રતાપી કૃષ્ણ ઘણો કાળ થયાં અહીં રહ્યા છે; જેથી તમારી અનુજ્ઞા લઇને હવે પોતાના પિતાનાં દર્શન કરવા ઇચ્છે છે,[૪૨] માટે તમારી જો અનુજ્ઞા હોય અને તમે જો સંમતિ આપતા હો તો આ વીર કૃષ્ણ દ્વારકા તરફ જાય. એમને અનુજ્ઞા આપવાને તમે યોગ્ય છો."[૪૩]

યુધિષ્ઠિરે કહ્યું:–" હે કમળસમાન નેત્રવાળા મધુસૂદન ! તમારૂં કલ્યાણ થાઓ. હે પ્રભુ ! તમે શૂરપુત્ર વસુદેવનાં દર્શન કરવા માટે આજેજ દ્વારકા તરફ જાઓ.[૪૪] હે મહાબાહુ કેશવ ! તમે દ્વારકા તરફ જાઓ, એ મને પોતાને પણ રુચેજ છે; કેમકે મારા મામા વસુદેવનાં તથા દેવી દેવકીનાં તમને દર્શન થયે આજે ઘણો લાંબો સમય વીતી ગયો છે.[૪૫] હે માન આપનારા મહાબુદ્ધિમાન કૃષ્ણ ! ત્યાં જઇને મારા મામા વસુદેવને તથા બળદેવને તમે મળજો અને મારાં વાકયથી તેમનો યથાયોગ્ય આદરસત્કાર કરજો.[૪૬] વળી હે માનદાતા ! મને, બળવાનોમાં શ્રેષ્ઠ ભીમસેનને, અર્જુનને, નકુલને તથા સહદેવને તમે નિત્ય સંભારજો.[૪૭] હે મહાબાહુ ! હે નિર્દોષ કૃષ્ણ ! આનર્ત્તવંશીઓને, તમારા પિતાને તથા યાદવોને મળીને પુનઃ મારા અશ્વમેધમાં તમે પધારજો.[૪૮] હે યદુવંશી ! જાતજાતનાં રત્નો તથા વિવિધ પ્રકારનાં દ્રવ્યો અહીંથી ગ્રહણ કરીને તમે દ્વારકા તરફ જાઓ; અને બીજું જે કંઈ તમારા મનને ગમતું હોય તે પણ તમે લઇ જાઓ.[૪૯] હે કેશવ ! તમારી કૃપાથી આ સમગ્ર પૃથ્વી અમને પ્રાપ્ત થઇ છે અને હે વીર ! અમારા શત્રુઓ પણ માર્યા ગયા છે." [૫૦]

કુરુવંશી ધર્મરાજા યુધિષ્ઠિર એ પ્રમાણે કહેતા હતા, ત્યારે પુરુષોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણે આવું વચન કહ્યું:–" હે મહાબાહુ રાજા ! રત્નો, ધન તથા સમગ્ર પૃથ્વી હવે કેવળ તમારીજ છે; એટલુંજ નહિ પણ મારે ઘેર જે કંઇ દ્રવ્ય રહેલું છે તે સર્વના ઇશ્વર (સ્વામી) તમેજ છો."[૫૧,૫૨] તે સાંભળી ધર્મરાજાએ " બહુ સારૂં " એમ કહીને સામું માન આપ્યું, એટલે ગદના મોટાભાઇ વીર્યવાન શ્રીકૃષ્ણે, પોતાનાં ફોઇ કુંતીની પ્રદક્ષિણા કરીને તેમને પણ પોતાનું દ્વારકા જવાનું જણાવ્યું. તે વેળા કુંતીએ પણ વિધિપૂર્વક તેમની પૂજા કરી અને જવામાટે અભિનંદન આપ્યું. પછી ચાર ભુજાઓને ધારણ કરનારા ગદના મોટાભાઇ શ્રીકૃષ્ણ, વિદુર વગેરેની સાથે દિવ્ય રથમાં બેસીને હસ્તિનાપુરથી બહાર નીકળ્યા. તેમની પાછળ અર્જુન, સાત્યકિ, નકુલ, સહદેવ, અગાધ બુદ્ધિવાળા

વિદુર અને હાથીસમાન પરાક્રમી ભીમસેન વગેરે નગરની બહાર નીકળ્યા.[૫૫] પછી વીર્યવાન શ્રીકૃષ્ણે કુરુદેશની વૃદ્ધિ કરનારા તે સર્વને તથા વિદુરને ત્યાંથી પાછા વાળીને દારુકને તથા સાત્યકિને આજ્ઞા કરી કેઃ–‘ હવે સત્વર ઘોડાઓને હાંકવા માંડો.’ તે પછી શત્રુગણોનો સંહાર કરનારા અને શિનિવીર સાત્યકિથી અનુસરાયેલા પ્રતાપી શ્રીકૃષ્ણ, શત્રુગણોનો સંહાર કરીને ઇંદ્ર જેમ સ્વર્ગ તરફ જાય તેમ દ્વારકાનગરી તરફ ગયા.[૫૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં “ શ્રીકૃષ્ણપ્રયાણ ” એ વિષયનો અધ્યાય ૫૨ મો સમાપ્ત

અધ્યાય ૫૩ મો

શ્રીકૃષ્ણ અને ઉત્તંક

॥ वैशंपायन उवाच ॥

तथा प्रयांतं वार्ष्णेयं द्वारकां भरतर्षभाः ।
परिष्वज्य न्यवर्त्तत सानुयात्राः परंतपाः ॥१॥

વૈશંપાયને કહ્યું:–એ પ્રમાણે શ્રીકૃષ્ણે દ્વારકા તરફ પ્રયાણ કર્યું એટલે શત્રુઓને તપાવનારા (અર્જુન વગેરે) સર્વ ભરતવંશના શ્રેષ્ઠ રાજાઓ, તેમને ભેટીને પોતાના પરિવારની સાથે ત્યાંથી પાછા ફર્યા.[૧] તે સમયે અર્જુન વારંવાર શ્રીકૃષ્ણને ભેટયો હતો અને પછી જ્યાંસુધી શ્રીકૃષ્ણ દેખાતા હતા ત્યાંસુધી તેમના તરફ જોઇ રહ્યો હતો.[૨] પછી શ્રીકૃષ્ણ ઉપર સ્થિર થયેલી પોતાની દૃષ્ટિને મહાકષ્ટથી અર્જુને પાછી વાળી અને તેજ પ્રમાણે અજિત શ્રીકૃષ્ણે પણ અર્જુન ઉપર સ્થિર થયેલી પોતાની દૃષ્ટિને મહાકષ્ટથી પાછી વાળી.[૩] મહાત્મા શ્રીકૃષ્ણે હસ્તિનાપુરથી જ્યારે પ્રયાણ કર્યું, ત્યારે તેમને આવાં અદ્ભુત દેખાવનાં અનેક શકુનો થયાં હતાં, તેનું હું વર્ણન કરૂં છું, તું સાંભળ. તે વેળા તેમના રથની આગળ મોટા વેગથી વાયુ વાવા લાગ્યો અને તે માર્ગમાંની રેતી, ધૂળ તથા કાંટાઓને દૂર કરવા લાગ્યો. મેઘ પણ શ્રીકૃષ્ણની સન્મુખજ દિવ્ય પુષ્પોને તથા સુગંધીદાર પવિત્ર જળને વરસવા લાગ્યો.[૬] મહાબાહુ કૃષ્ણ, એ પ્રમાણે મુસાફરી કરતા કરતા મારવાડના સપાટ પ્રદેશોમાં જ્યારે આવી પહોંચ્યા, ત્યારે મહાતેજસ્વી મુનિરાજ ઉત્તંકનાં તેમને દર્શન થયાં.[૭] વિશાળ નેત્રવાળા તેજસ્વી શ્રીકૃષ્ણે મુનિ ઉત્તંકની તે વેળા પૂજા કરી, એટલે ઉત્તંકે પણ સામી તેમની પૂજા કરી અને પછી અન્યોન્ય કુશળપ્રશ્નો પૂછયા. બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ઉત્તંકને કૃષ્ણે કુશળપ્રશ્ન પૂછયો, એટલે તેમણે પણ મધુસૂદન કૃષ્ણની પૂજા કરીને આ પ્રમાણે પૂછયું:–“હે કૃષ્ણ! કૌરવો તથા પાંડવોને ઘેર જઇને તમે તેઓવચ્ચે અચળ ભ્રાતૃભાવ સ્થાપ્યો છે ને ? એ વિષે સર્વ વાત તમે મને કહો.[૧૦] હે કેશવ ! એ વીરોમાં એકબીજા સાથે સલાહસંપ કરાવીનેજ તમે પાછા ફર્યા છો ને? હે યાદવશ્રેષ્ઠ ! તેઓ સર્વે તમારા સંબંધી છે અને તમને પોતાને અત્યંત પ્રિય છે.[૧૧] હે શત્રુતાપન ! પાંડુના પાંચે પુત્રો અને ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રો, હવે તમારી સાથે રહીને જગતમાં આનંદપૂર્વક વિહાર કરશે ને ?[૧૨] હે કેશવ ! તમારા જેવા નેતાને લીધે કૌરવો જ્યારે અત્યંત શાંત થયા છે, ત્યારે તે સર્વ રાજાઓ પોતપોતાના દેશમાં હવે સુખ પામશે ને ?[૧૩] હે તાત ! તમારા સંબંધમાં મારી જે ભાવના હતી–જે માન્યતા હતી તેને ભરતરાજાઓપ્રત્યે તમે સફળ કરી છે ને ? ”[૧૪]

શ્રીકૃષ્ણે કહ્યું:– “ કૌરવોને શાંત પાડવામાટે મેં પ્રથમ ઘણો ઘણો પ્રયત્ન કર્યો હતો, છતાં કોઇ રીતે પણ તેઓને શાંત પાડવા જ્યારે અશકયજ થઇ પડયા, ત્યારે તેઓ સર્વે પોતાના પુત્રો અને બાંધવોની સાથે વિનાશ પામ્યા. ખરેખર, હે નિર્દોષ મહર્ષિ! આ સર્વ વાત લગભગ તમારા જાણવામાંજ છે કે, બુદ્ધિ અને બળનો ઉપયોગ કરીને પણ દૈવનું કદી ઉલ્લંઘન કરીશકાતુંનથી. તેઓએ મારી, ભીષ્મપિતામહની તથા વિદુરની સલાહનું ઉલ્લંઘન કર્યું હતું, જેને પરિણામે અન્યોન્યસામે ચઢાઇ કરીને તેઓ યમલોકમાં પહોંચી ગયા છે. માત્ર પાંચ પાંડવોજ બચવા પામ્યા છે અને તેઓના સર્વ શત્રુ-

ઓનો તથા પુત્રોસુદ્ધાંનો સંહાર વળી ગયો છે; તેમજ ધૃતરાષ્ટ્રના સર્વે પુત્રો પણ તેઓના પુત્રો તથા બાંધવોની સાથે માર્યા ગયા છે." કૃષ્ણે આ પ્રમાણે કહ્યું, એટલે મુનિ ઉત્તંક અત્યંત ક્રોધાયમાન થઇ ગયા અને તેમનાં નેત્રો ક્રોધને લીધે ફાટી ગયાં, જેથી તેમણે કૃષ્ણને આ પ્રમાણે કહ્યું.[૧૯]

ઉત્તંકે કહ્યું:–"હે કૃષ્ણ ! તમે શક્તિમાન હતા, છતાં તમારા પ્રિય સંબંધી કુરુરાજાઓનું તમે રક્ષણ કર્યું નથી, માટે હું તમને અવશ્ય શાપ આપીશ. તમે તેઓને બળાત્કારે પણ યુદ્ધ કરતાં અટકાવ્યા નહિ જેથી હું ક્રોધે ભરાયો છું, તેથી હે મધુસૂદન ! હું તમને શાપ આપીશ. હે માધવ ! તમે શકિતમાન હતા છતાં કપટપૂર્વક મિથ્યા આચાર કરીને તેઓના વિરોધને દઢ કર્યો; અને તે કુરુરાજાઓ અન્યોન્ય સામે ચઢાઇ કરીને નાશ પામ્યા છતાં તમે તેઓની ઉપેક્ષા કરી. (એ કેવું આશ્ચર્ય !)"

શ્રીકૃષ્ણે કહ્યું:–"હે ભૃગુનંદન! હું જે આ વિસ્તારથી કહું છું તેને તમે મારી પાસેથી સાંભળી લ્યો અને તમે અનુનય (વિનય) ગ્રહણ કરો; કેમકે હે ભાર્ગવ ! તમે એક તપસ્વી છો. મારી પાસેથી તે અધ્યાત્મજ્ઞાનને શ્રવણ કર્યા પછી તમે હમણાંજ મને શાપ આપજો. (પણ લક્ષ્યમાં રાખજો કે, (હરકોઈ પુરુષ અલ્પ તપશ્ચર્યાના પ્રભાવથી મારો પરાભવ કરવા સમર્થ નથી.[૨૪] હે તપસ્વીશ્રેષ્ઠ ! તમારૂં તપ નાશ ન પામે, એમ હું ઇચ્છું છું; કેમકે તમારૂં તપ અત્યંત મોટું હોઇને પ્રદીપ્ત છે અને તમે ગુરુઓને સંતોષ્યા પણ છે. વળી હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું જાણું છું કે, તમારૂં બ્રહ્મચર્ય છેક કુમારાવસ્થાનું છે; માટે મહાદુઃખથી સંપાદન કરેલા તમારા તપનો નાશ ન થાય એમ હું ઇચ્છું છું."

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં "શ્રીકૃષ્ણ અને ઉત્તંકનો સમાગમ " એ વિષયનો અધ્યાય ૫૩ મો સમાપ્ત

* * *

અધ્યાય ૫૪મો

ઉત્તંકને શ્રીકૃષ્ણનો આધ્યાત્મિકઉપદેશ

॥ उत्तंक उवाच ॥

ब्रूहि केशव तत्त्वेन त्वमध्यात्ममनिंदितम् ।
श्रुत्वा श्रेयोऽभिधास्यामि शापं वा ते जनार्दन॥

ઉત્તંકે કહ્યું:–" હે કેશવ ! તમે મને નિર્દોષ અધ્યાત્મતત્ત્વ યથાર્થ રીતે કહો. હે જનાર્દન! તે સાંભળીને હું તમારૂં શ્રેય કરીશ અથવા શાપ આપીશ. "[૧]

શ્રીકૃષ્ણે કહ્યું:–" હે બ્રાહ્મણ ! તમસ્, રજસ્ અને સત્વ–એ ત્રણે ગુણોને મારો આશ્રય છે અને રુદ્રો તથા વસુઓ પણ મારાથીજ ઉત્પન્ન થયા છે.[૨] સર્વ પ્રાણીઓ મારેવિષે સ્થિતિ કરી રહ્યાં છે; તેમજ હું પણ સર્વ પ્રાણીઓવિષે સ્થિતિ કરી રહ્યો છું, એમ તમે જાણો.આમાં કંઇ પણ સંશય નથી.હે બ્રાહ્મણ ! તમે જાણજો કે, સર્વ દૈત્યગણો, યક્ષો, ગંધર્વો, રાક્ષસો, સર્પો તથા અપ્સરાઓ મારાથીજ ઉત્પન્ન થયેલ છે.[૪] વિદ્વાનો જેને સત, અસત્, અવ્યક્ત, વ્યક્ત, અક્ષર તથા ક્ષર કહે છે–એ સર્વ કેવળ મારાસ્વરૂપ છે.[૫] હે મુનિ ! સર્વ આશ્રમોના જે ચાર પ્રકારના ધર્મો કહેવામાં આવ્યા છે તથા સર્વ વૈદિક કર્મો પ્રસિદ્ધ છે–એ સર્વ પણ મારા સ્વરૂપજ તમારે જાણવું.[૬] આ જગત જે સસલાંનાં શિંગડાંની પેઠે અસત્ છે, ઘટપટાદિરૂપે સત્ અને અસત્ છે તથા પ્રકૃતિરૂપ સત્ છે તે પણ મારાથી પર નથી.હું દેવોનો પણ દેવ છું, સનાતન છું.[૭] હે ભૃગુવંશી ! તમે જાણો કે, ૐકાર જેઓના અગ્રભાગમાં છે તે વેદો હું પોતેજ છું; અને યજ્ઞમાં પશુને બાંધવાનો સ્તંભ, સોમ, ચરુ તથા દેવોને તૃપ્ત કરનાર હોમ પણ હુંજ છું.[૮] હે ભૃગુનંદન ! હોમ કરનાર, હવ્યપદાર્થ, અધ્વર્યુ, યજ્ઞસામગ્રી તૈયાર કરનાર અને અત્યંત સંસ્કારી કરાયેલું હવિષ પણ હુંજ છું, એમ તમારે જાણવું.[૯] હે બ્રહ્મન્! મોટા યજ્ઞમાં સામમંત્રોનું ગાન કરનારો પુરુષ સામગાનના ઘોષથી:મારીજ સ્તુતિ કરે છે અને પ્રાયશ્ચિત્તોમાં શાંતિપાઠકો તથા

મંગલપાઠકો પણ મારીજ સ્તુતિ કરે છે.[૧૦] હે ઉત્તમ બ્રાહ્મણ! વિદ્વાનો જગતના સ્રષ્ટાતરીકે નિત્ય મારીજ સ્તુતિ કરે છે અને ધર્મ મારો મોટો પુત્ર છે.[૧૧] એ ધર્મ મારા મનથી ઉત્પન્ન થયો છે, મને અત્યંત પ્રિય છે અને સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી તેજ એનું સ્વરૂપ છે. હે વિપ્ર! હું તે ધર્મમાં પ્રવૃત્તિ કરનારા તથા તેથી દૂર રહેનારા મનુષ્યોદ્વારા અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાઉં છું; અને ધર્મનું રક્ષણ તથા સ્થાપન કરવામાટે અનેક વેષો અને અનેક સ્વરૂપો ધારણ કરીને ત્રણે લોકમાં વિચર્યા કરૂં છું. હે ભૃગુવંશી! હું વિષ્ણુ, બ્રહ્મા તથા ઇંદ્રરૂપ છું, સર્વનો ઉત્પાદક તથા સંહારક છું, સર્વ પ્રાણીઓનો સ્રષ્ટા છું અને અધર્મમાં પ્રવૃત્તિ કરનારા હરકોઇનો સંહાર કરનાર છું; છતાં હું તો અચ્યુતજ છું-સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થતોજ નથી.[૧૨-૧૫] પ્રત્યેક યુગમાં પ્રજાઓનું હિત કરવાની ઇચ્છાથી જૂદીજૂદી અનેક યોનિઓમાં દાખલ થઇને-અવતાર ગ્રહણ કરીને ધર્મની મર્યાદા હું બાંધું છું.[૧૬] હે ભૃગુનંદન! જ્યારે હું દેવયોનિમાં અવતરૂં છું, ત્યારે દેવની પેઠેજ સર્વ આચરણ કરૂં છું. જ્યારે હું ગંધર્વયોનિમાં અવતરૂં છું, ત્યારે ગંધર્વની પેઠેજ સર્વ આચરણ કરૂં છું. જ્યારે હું નાગયોનિમાં અવતરૂં છું, ત્યારે નાગની પેઠેજ આચરણ કરૂં છું; અને જ્યારે હું યક્ષની તથા રાક્ષસની યોનિમાં અવતરૂં છું, ત્યારે યક્ષ તથા રાક્ષસની પેઠેજ આચરણ કરૂં છું, એમાં કંઈ સંશય નથી.[૧૭-૧૯] આ સમયે હું મનુષ્યયોનિમાં સ્થિતિ કરી રહ્યો છું અને તેથી મનુષ્યજાતિના સ્વભાવ પ્રમાણે મેં કૌરવો પાસે દીનતાપૂર્વક યાચના કરી હતી, તોપણ તેઓએ મોહાધીન બનીને મારૂં વચન માન્યું નહિ.[૨૦] મેં મોટો ભય દર્શાવીને તથા ક્રોધાયમાન થઇને કૌરવોને ઘણી ઘણી ધમકી આપી હતી; તેમજ યથાયોગ્ય રીતે શિખામણ પણ આપી હતી, છતાં તેઓ અધર્મથી યુક્ત થઈને કાળધર્મથી ઘેરાઈ ગયા અને ધર્માનુસાર યુદ્ધમાં મરણ પામી સ્વર્ગમાં ગયા છે, એમાં કંઇ સંશય નથી.[૨૧,૨૨] હે ઉત્તમ બ્રાહ્મણ! આ સમયે પાંડવો જગતમાં વિખ્યાત થયા છે. આ સર્વ તમે મને જે પૂછયું હતું, તે મેં તમને કહ્યું છે."[૨૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦અનુગીતા પર્વમાં
"શ્રીકૃષ્ણનાં વચનો" એ વિષયનો
અધ્યાય ૫૪ મો સમાપ્ત

અધ્યાય ૫૫ મો

ઉત્તંકને વરપ્રદાન

॥ उत्तंक उवाच ॥

अभिजानामि जगतः कर्त्तारं त्वां जनार्दन।
नूनं भवत्प्रसादोऽयमिति मे नास्ति संशयः॥१॥

ઉત્તંકે કહ્યું:-"હે જનાર્દન! હું જાણું છું કે, તમે જગતના કર્તા છો. ખરેખર, આ આપનો અનુગ્રહજ છે, એમાં મને કંઇ સંશય નથી. હે અચ્યુત! મારૂં ચિત્ત અત્યંત પ્રસન્ન થયું છે, તમારામાંજ આસક્ત થયું છે અને તેથીજ તમને શાપ આપતાં અટકી પડયું છે, એમ તમે જાણો.[૧,૨] હે જનાર્દન! હું તમારા તરફના કોઇપણ અનુગ્રહને જો યોગ્ય હોઉં તો, તમારૂં ઇશ્વરીરૂપ જોવાને ઈચ્છું છું; માટે તે મને બતાવો."[૩]

વૈશંપાયને કહ્યું:- તે પછી શ્રીકૃષ્ણે તેમનાપર પ્રસન્ન થઇને તેજ પોતાનું સનાતન વિષ્ણુસ્વરૂપ તેમને બતાવ્યું, કે જેને બુદ્ધિમાન અર્જુને જોયું હતું.[૪] ઉત્તંકે મહાત્મા શ્રીકૃષ્ણમાં વિશ્વસ્વરૂપનાં જ્યારે દર્શન કર્યાં, ત્યારે તેમને મોટી મોટી ભુજાઓ હતી, હજારો સૂર્યસમાન તે પ્રકાશતા હતા, પ્રદીપ્ત અગ્નિસમાન તેજસ્વી જણાતા હતા, આકાશના સર્વ ભાગને ઢાંકી દઇને ઉભા હતા અને સર્વ તરફ મુખવાળા હતા. બ્રાહ્મણ ઉત્તંક, વિષ્ણુનું તે અતિ અદ્ભુતસ્વરૂપ જોઇને વિસ્મયપામ્યા અને તે પરમેશ્વરનાં દર્શનકરીને આ પ્રમાણે બોલીઉઠયા.

ઉત્તંકે કહ્યું:-"હે વિશ્વકર્મન્! હે વિશ્વાત્મન્! હે વિશ્વના ઉત્પાદક! હું તમને નમસ્કાર કરૂં છું. અહા! તમારા બે ચરણથી પૃથ્વી વ્યાપ્ત

થઇ ગઈ છે, તમારા મસ્તકથી આકાશ ઢંકાઇ ગયું છે, તમારા ઉદરથી સ્વર્ગ તથા પૃથ્વીનો મધ્યભાગ પૂરાઇ ગયો છે અને તમારી બે ભુજાઓથી સર્વ દિશાઓ ભરાઈ ગઇ છે. ખરેખર, હે અચ્યુત ! તમેજ આ સર્વ જગતરૂપ છો.[૮] હે દેવ ! તમારા આ અક્ષય અને ઉત્તમ સ્વરૂપને હવે તમે પાછું સમેટી લ્યો. હું તમને–સનાતન દેવને પોતાના શ્રીકૃષ્ણના સ્વરૂપમાંજ પુનઃ જોવામાટે ઇચ્છું છું.”[૯]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય ! શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને ઉત્તંકને કહ્યું કે:–“તું વર માગ.” ત્યારેઉત્તંકે આ પ્રમાણેકહ્યું:–“હે મહાતેજસ્વી કૃષ્ણ! હે પુરુષોત્તમ ! આ તમારા સ્વરૂપને આજે હું જોઇ રહ્યો છું,તેજ મને વર મળી ચૂક્યો છે.”[૧૦,૧૧] તે સાંભળી પુનઃ શ્રીકૃષ્ણે તેને કહ્યું કે:–“તું એમાં વિચાર કર મા. તારે અવશ્ય વર માગવોજ પડશે; કેમકે મારૂં આ સ્વરૂપદર્શન અમોઘ છે.”[૧૨]

ઉત્તંકે કહ્યું:–“ હે વ્યાપક દેવ ! તમે એમજ માનો છો કે, મારે અવશ્ય વર માગવોજ પડશે, તો હું આ મરુદેશ(મારવાડ)માં દુર્લભ અને ઇષ્ટ ગણાતા જળની ઇચ્છા રાખું છું.”[૧૩] તે પછી પોતાનું એ તેજ સમેટી લઇને શ્રીકૃષ્ણે ઉત્તંકને કહ્યું કે:–“જ્યારે તને જળની જરૂર જણાય ત્યારે તારે મારૂં સ્મરણ કરવું ” એમ કહીને તે દ્વારકાતરફ ચાલી નીકળ્યા.[૧૪] એ પછી કોઇએક સમયે ભગવાન ઉત્તંક જ્યારે મરુદેશમાં વિચરતા હતા, ત્યારે તૃષાતુર થઈને જળ મેળવવાની ઇચ્છાથી તેમણે શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું;[૧૫] એટલે તેજ સમયે બુદ્ધિમાન મુનિ ઉત્તંકે એક નગ્ન ચાંડાળને તે મરુભૂમિ ઉપર જોયો. તે ચાંડાળ મેલરૂપ કાદવથી શરીરે ખરડાયેલો હતો, કૂતરાંઓનાં ટોળાંથી વિંટાયેલો હતો, દેખાવમાં ભયંકર હતો, તેણે એક તરવાર બાંધી હતી તથા હાથમાં ધનુષ્યબાણ ધારણ કર્યાં હતાં. બ્રાહ્મણોમાં ઉત્તમ ઉત્તંકે તે ચાંડાળના પગપાસે પખાલનું (પખાલમાં રહેલું)પુષ્કળ જળ જોયું.[૧૬,૧૭] પેલો ચાંડાળ મોટેથી જાણે હસતો હોય તેમ ઉત્તંકનું નામ લઇનેજ તેમને કહેવા લાગ્યો કે:–“હે ભૃગુવંશી ઉત્તંક! આવો,આ જળને તમે મારી પાસેથી ગ્રહણ કરો. તમનેતૃષાતુર થયેલાજોઇ મને તમારાપરઅત્યંત દયા આવી છે.” ચાંડાળે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે મુનિ ઉત્તંકે તેના જળને અભિનંદન આપ્યું નહિ–પસંદ કર્યું નહિ; અને તે બુદ્ધિમાન મુનિએ પોતાને વર આપનારા શ્રીકૃષ્ણને ઉગ્ર વાણીથી ઠપકો આપવા માંડ્યો. પેલો ચાંડાળ તો વારંવાર તેમને કહેવા લાગ્યો કે:–“તમે આ જળપાન કરો.”[૧૮–૨૦] પણ તે સમયે (તૃષાને લીધે) મન વિહ્વળ થઇ જતું હતું, છતાં તે ક્રોધે ભરાયેલા મુનિએ જળપાન નજ કર્યું. એ રીતે પોતાના દૃઢ નિશ્ચયથી મહાત્મા ઉત્તંકે પેલા ચાંડાળને તિરસ્કારી કાઢ્યો, એટલે હે: મહારાજા ! તે ચાંડાળ કુતરાઓની સાથે ત્યાંજ અંતર્ધાન થઈગયો. તે જોઈ ઉત્તંકનું મન શરમાઇ ગયું.તેમણે માન્યું કે,શત્રુઓનો નાશ કરનારા શ્રીકૃષ્ણે મને છેતર્યો છે. પછી તેજ માર્ગે શંખ, ચક્ર તથા ગદાને ધારણ કરનારા મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણ આવ્યા; એટલે ઉત્તંકે તેમને કહ્યું કે:–“ હે મહાપુરુષ ! મારા જેવા શ્રેષ્ઠ બ્રાહ્મણને ચાંડાળની પખાલમાંથી (તેવું અપવિત્ર)જળ પીવડાવવું તમને યોગ્ય નથી. ” ઉત્તંકે એ પ્રમાણે કહ્યું ત્યારે મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણ મધુર વાણીથી તેને શાંત પાડતા આ પ્રમાણે બોલ્યા:–“અહીં જેવું સ્વરૂપ ધારણ કરીને તને જેવું આપવા યોગ્ય હતું, તેવુંજ મેં તને આપ્યું હતું; પણ તેને તું જાણી શક્યો નહિ. મેં તારેમાટે વજ્રધારી પ્રભુ ઇંદ્રને કહ્યું હતું કે, ઉત્તંકને તું જળના રૂપમાં અમૃત આપજે પણ તે દેવેન્દ્રે મને કહ્યું કે:–“ મનુષ્ય કદી અજરામર ન થઇ શકે, માટે તેને કોઇ બીજો વર તમે આપો. ” હે ભૃગુનંદન ! શચીપતિ ઇંદ્રે મને વારંવાર એ પ્રમાણે કહ્યું છતાં મેં તો તેને એમજ કહ્યું કે:– “ મારે તો તેને અમૃતજ આપવું છે. ” તે સાંભળી દેવેન્દ્રે મને પ્રસન્ન કરીને પુનઃ આ પ્રમાણે કહ્યું:–“ હે મહાબુદ્ધિમાન કૃષ્ણ ! તમારે મહાત્મા ઉત્તંકને અવશ્ય અમૃતજ આપવું છે,તો હું ચાંડાળનું સ્વ-

રૂપ ધારણ કરીને તેને અમૃત આપીશ અને એ રીતે ઉત્તંક મારી પાસેથી જો અમૃત ગ્રહણ કરશે તો તેને અમૃતદાન કરવામાટે હું તૈયાર છું; પરંતુ એ ચાંડાળના સ્વરૂપમાં તે મારૂં જો અપમાન કરશે, તો કોઇ રીતે હું તેને અમૃત આપીશ નહિ.” આવો ઠરાવ કરીને ઇંદ્ર ચાંડાળનું રૂપ ધારણ કરી અહીં આવ્યો હતો અને તને અમૃતદાન કરી રહ્યો હતો; પણ ચાંડાળના રૂપમાં આવેલા ભગવાન ઇંદ્રનું તેં અપમાન કર્યું, એ તારી ઘણી મોટી ભુલ થયેલી છે. હવે ફરીથી હું તારૂં ઇચ્છિત પૂર્ણ કરીશ. તે એજ છે કે, તારી જળવિષેની ઉત્કટ ઇચ્છા હું સફળ કરીશ. હે બ્રહ્મન્! જે દિવસે તને જળ મેળવવાની ઇચ્છા થશે તે દિવસે આ મરુદેશ ઉપર જળપૂર્ણ મેઘમંડળ (પ્રકટ) થશે;અને હે ભૃગુનંદન! તે તને રસવાળું જળ અર્પણ કરશે. વળી તે મેઘમંડળ “ઉત્તંકમેઘ” એ પ્રમાણે તારા નામ ઉપરથી પ્રસિદ્ધ થશે.”

હે ભરતવંશી જનમેજય! શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું,એટલે બ્રાહ્મણ ઉત્તંક પ્રસન્ન થયા. (અને શ્રીકૃષ્ણના તે વરદાનને લીધે)હજીસુધી પણ ઉત્તંકમેઘો મરુદેશપર વૃષ્ટિ કરે છે.[૨૧-૩૭]

ઇતિ શ્રી મહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
.“:ઉત્તંકોપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૫૫ મો સમાપ્ત

અધ્યાય ૫૬ મો

ઉત્તંકનું ચરિત્ર (ચાલુ)

॥ जनमेजय उवाच ॥

उत्तंकः केन तपसा संयुक्तो वै महामनाः ।
यः शापं दातुकामोऽभूद् विष्णवे प्रभविष्णवे॥

જનમેજયે પૂછયુંઃ—મોટા મનવાળા ઉત્તંક, મહાસમર્થ વિષ્ણુ(શ્રીકૃષ્ણ)ને પણ શાપ આપવા તૈયાર થયા હતા, તેઓ કયા તપથી યુક્ત હતા ?[૧]

વૈશંપાયને કહ્યુંઃ—હે જનમેજય! તેજસ્વી ઉત્તંક મહાન તપથી યુક્ત હતા. તે ગુરુના ભક્ત હતા. તેમણે ગુરુવિના બીજા કોઇની પૂજા પણ કરી ન હતી.[૨] હે ભારત! તે કાળના સર્વ ઋષિપુત્રોનો એજ મનોરથ હતો કે, આપણે ઉત્તંકના જેવી ગુરુપ્રત્યેની વૃત્તિ પ્રાપ્ત કરીએ. હે જનમેજય! ઉત્તંકના ગુરુ ગૌતમને અનેક શિષ્યો હતા, પરંતુ તે સર્વમાંથી કેવળ એક ઉત્તંકના ઉપરજ તેમની અત્યંત પ્રીતિ અને સ્નેહ થયો હતો. તે ગૌતમ ઉત્તંકના ઇંદ્રિયનિગ્રહથી, બાહ્યાભ્યંતર પવિત્રતાથી, પરાક્રમકર્મથી તથા ઉત્તમ પ્રતિની સેવાથી તેનાપર પ્રસન્ન થઇ ગયા હતા. પોતાની પાસે વિદ્યાભ્યાસ પૂરો થયા પછી ઋષિ ગૌતમે હજારો શિષ્યોને સૌ સૌને ઘેર જવાની આજ્ઞા આપી દીધી હતી; પરંતુ એક ઉત્તંકને તેનાપરની અત્યંત પ્રીતિને લીધે ઘેર જવાની આજ્ઞા આપવા ઇચ્છા કરી ન હતી. હે તાત! અનુક્રમે મહામુનિ ઉત્તંકને (ત્યાં રહેતાં રહેતાંજ) વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ ગઇ; પરંતુ ગુરુ ઉપર પ્રેમ રાખનારા તે મુનિને સમયની કંઇ ખબરજ પડી નહિ! (કે મને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ ગઇ છે!) હે રાજેન્દ્ર! એક સમયે ઉત્તંક લાકડાં લેવામાટે ગયા અને લાકડાંનો એક મોટો ભારો (ગુરુગૃહે) આણ્યો.હે શત્રુદમન રાજા! તે વખતે પરિશ્રમને લીધે તે થાકી ગયા હતા અને ક્ષુધાતુર પણ થયા હતા, જેથી તે ભારથી વિહ્વળ થઇને લાકડાંના ભારાને તેમણે પૃથ્વીપર નાખ્યો; પણ તે સમયે રૂપાસમાન કાંતિવાળી તેમની જટા, ભારામાંના એક લાકડામાં ભરાઇ ગઇ હતી, જેથી હે ભારત! ભારને લીધે લોથપોથ થઇ ગયેલા તે ક્ષુધાતુર મુનિ લાકડાંઓની સાથેજ પૃથ્વીપર પછડાઇ પડ્યા. તે સમયે પોતાના વયની તેવા પ્રકારની અવસ્થા જોઇને ઉત્તંક દુઃખજનક સ્વરથી રડવા લાગ્યા; ત્યારે તેમના ગુરુની પુત્રી કે જે કમળની પાંખડીસમાન નેત્રવાળી હતી, સુંદર કેડવાળી હતી, વિશાળ નેત્રવાળી હતી અને ધર્મને જાણનારી હતી, તેણે પોતાના પિતાની આજ્ઞાથી નીચું મસ્તક રાખીને ઉત્તંકની અશ્રુધારાઓને પોતાના હાથમાં ઝીલવા માંડી;[૧૨] પણ ગુરુપુત્રીના બન્ને હાથ ઉત્તંકનાં તે અશ્ર-

બિંદુઓને લીધે બળી ગયા ને તૂટી પડ્યા; કેમકે ઉત્તંકનાં તે અશ્રુબિંદુઓને ઝીલવામાટે પૃથ્વી પણ સમર્થ ન હતી.[૧૩] તે સમયે મનમાં પ્રસન્ન થયેલા ગૌતમે બ્રાહ્મણ ઉત્તંકને કહ્યું કે:-"હે તાત! આજે તારૂં મન આમ શોકાતુર કેમ છે? હે બ્રહ્મર્ષિ! તું તારી ઇચ્છાનુસાર તે મને કહે. મને એ વિષે યથાર્થરીતે સાંભળવાની ઇચ્છા છે."

ઉત્તંકે કહ્યું:- "મારૂં મન તમારામાંજછે, મને તમારૂં પ્રિય કરવાની ઇચ્છા છે, મારી ભક્તિ તમારામાંજ રહેલી છે; અને હું તમારાજ અભિપ્રાયને અનુસરી રહ્યો છું, જેથી મેં આ વૃદ્ધાવસ્થાને જાણી નહિ તેમ કોઈ પ્રકારનું સુખ પણ જાણ્યું નહિ. હું તમારે ત્યાં સો વર્ષ સુધી રહ્યો છતાં હજીસુધી પણ તમે મને ઘેર જવાની આજ્ઞા આપતા નથી. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમારા સેંકડો ને હજારો શિષ્યો, જેઓ મારા કરતાં નાના હતા તેઓ બધાને તમે ઘેર જવાની અનુજ્ઞા આપી અને તેથી તેઓ કૃતાર્થ પણ થયા."[૧૪-૧૭]

ગૌતમે કહ્યું:-"હે દ્વિજશ્રેષ્ઠ! તારી ગુરુસેવાને લીધે તારાપર પ્રસન્ન થયેલા મેં આટલો મહાન સમય વીતી ગયો છે, તે જાણ્યું નહિ; પરંતુ હે ભૃગુવંશી! આજે તને તારા ઘરપ્રત્યે જવાની જો ઇચ્છા થઇ હોય તો હું તને આજ્ઞા આપું છું કે, તું હવે સત્વર તારે ઘેર જા."

ઉત્તંકે કહ્યું:-"હે બ્રાહ્મણશ્રેષ્ઠ! કહો, હું તમને શી ગુરુદક્ષિણા આપું? તમે જે કહો તે લાવી આપ્યા પછી તમારી આજ્ઞા લઇને હું મારે ઘેર જઇશ."[૧૮-૨૦]

ગૌતમે કહ્યું:-" સત્પુરુષો કહે છે કે, ગુરુઓને સંતોષ ઉપજાવવો તેજ શિષ્યોએ આપેલી ગુરુદક્ષિણા છે. હે બ્રહ્મન્! હું તારાં આચરણથી પ્રસન્ન થયો છું, એમાં કંઇ સંશય નથી. હે ભૃગુવંશી! આ રીતે હું તારાપર પ્રસન્ન થયો છું, એમ તું જાણ. હે બ્રાહ્મણ! જો આજે તું સોળ વર્ષનો યુવાન થઇ જાય તો મારી આ અવિવાહિત પુત્રીને તારી પત્નીતરીકે હું તને આપું. મારી આ પુત્રીવિના બીજી કોઇ પણ સ્ત્રી તારા તેજનું સેવન કરવાને યોગ્ય નથી."[૨૧-૨૩] તે પછી મુનિ ઉત્તંકે યુવાન બની જઇને તે યશસ્વિની ગુરુપુત્રીને પોતાની પત્નીતરીકે સ્વીકારી અને પછી ગુરુની આજ્ઞા લઇ ગુરુપત્નીને તેમણે કહ્યું કે:-[૨૪] "હું તમને ગુરુદક્ષિણાતરીકે શું આપું? તેને માટે તમે મને આજ્ઞા આપો. હું મારા પ્રાણથી તથા ધનથી પણ તમારૂં પ્રિય અને હિત કરીશ.[૨૫] આ લોકમાં જે કોઇ મહારત્ન અતિ અદ્‌ભુત હોઇને દુર્લભ ગણાતું હોય તેને પણ હું મારા તપના પ્રભાવથી લાવી આપું,એમાં મને સંશય નથી."

અહલ્યાએ કહ્યું:-" હે નિર્દોષ બ્રાહ્મણ! તારી આવી ભક્તિથીજ હું તારાપર નિત્ય પ્રસન્ન થઈ છું; અને હે તાત! તેજ મારી ગુરુદક્ષિણા બદલ પૂરતું છે. હવે તું તારી ઇચ્છામાં આવે ત્યાં જા. તારૂં કલ્યાણ થાઓ."[૨૬-૨૭]

વૈશંપાયને કહ્યું:- હે મહારાજા! ઉત્તંકે તો ફરી પણ એજ કહ્યું કે:-"હે માતા! તમે મને આજ્ઞાઆપો.મારે તમારૂં પ્રિય કરવુંજ છે."

અહલ્યાએ કહ્યું:-"સૌદાસરાજાની રાણીએ જે દિવ્ય મણિકુંડળ ધારણ કરેલાં છે, તેને તું લાવી આપ. આ કાર્ય કરવાથી તેં ઉત્તમ પ્રકારે ગુરુદક્ષિણા આપેલી ગણાશે. તારૂં કલ્યાણ થાઓ."[૨૮,૨૯] હે જનમેજય! "બહુ સારૂં" એમ કહીને મુનિ ઉત્તંક ગુરુપત્નીનું પ્રિય કરવામાટે તેજ સમયે કુંડળો લેવામાટે ચાલી નીકળ્યા.[૩૦] બ્રાહ્મણશ્રેષ્ઠ ઉત્તંક, રાક્ષસ સૌદાસ પાસે મણિકુંડળની યાચના કરવામાટે ઉતાવળા ઉતાવળા ચાલી નીકળ્યા.[૩૧] પાછળથી ગૌતમે પોતાની પત્નીને પૂછ્યું કે:- "આજે ઉત્તંક કેમ દેખાતો નથી?" ત્યારે તેણે કહ્યું કે:-"તે તો કુંડળ લેવામાટે ગયો છે." તે સાંભળી ગૌતમે પોતાની પત્નીને કહ્યું કે, "આ તેં ઠીક કર્યું નથી.જરૂર,શાપને લીધે (રાક્ષસ થયેલો) તે રાજા બ્રાહ્મણ ઉત્તંકનો વધ કરશે."[૩૨,૩૩]

અહલ્યાએ કહ્યું:-"હે ભગવન્! એ વાતને હું જાણતી ન હતી, તેથીજ મેં એ બ્રાહ્મણને ત્યાં મોકલ્યો છે; પણ મને ખાત્રી છે કે, આપની

કૃપાથી તેને કોઇ પ્રકારનો ભય થશે નહિ." અહલ્યાએ એ પ્રમાણે કહ્યું, ત્યારે ગૌતમે પોતાની પત્નીને કહ્યું ;કેઃ-" ઠીક છે, તું કહે છે તેમજ થશે. " પેલી તરફ ઉત્તંકે પણ એક નિર્જન વનમાં સૌદાસરાજાને જોયો.૩૪,૩૫

ઈતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં " ઉત્તંકોપાખ્યાનવિષે કુંડલહરણ " એ વિષયનો અધ્યાય ૫૬ મો સમાપ્ત

અધ્યાય ૫૭ મો

ઉત્તંકનું ચરિત્ર (ચાલુ)

॥ वैशंपायन उवाच ॥

स तं दृष्ट्वा तथाभूतं राजानं घोरदर्शनम् ।
दीर्घश्मश्रुधरं नृणां शोणितेन समुक्षितम् ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ-બ્રાહ્મણ ઉત્તંક, ભયંકર દેખાવના તે સૌદાસરાજાને લાંબી દાઢીવાળો તથા મનુષ્યોના લોહીથી છંટાયેલો જોઇને પણ ગભરાયા નહિ; પરંતુ મહાતેજસ્વી રાજા સૌદાસ, જે યમના જેવોજ મહાભયંકર હતો તે એકદમ ઉભો થઈ જઇને બોલી ઉઠયો કેઃ-"હે કલ્યાણ! બહુ સારૂં થયું કે, ભોજનના આ છઠ્ઠે પહોરે હું મારા ભક્ષ્યની શોધમાંજ હતો તેવામાં હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તું મારી પાસે આવ્યો છે ! " ૧-૩

ઉત્તંકે કહ્યુંઃ-" હે રાજન્ ! તું જાણ કે,હું મારા ગુરુને માટે ફરતો ફરતો અહીં આવ્યો છું. વિદ્વાનો કહે છે કે, ગુરુને માટે તત્પર રહેનારા પુરુષનો વધ કરવો અયોગ્ય છે."૪

રાજાએ કહ્યુંઃ-" હે દ્વિજશ્રેષ્ઠ ! મારો આહાર છઠ્ઠે પહોરે નિયત કરાયેલો છે. (અને તું તેજ સમયે અહીં આવ્યો છે.) વળી હું ભૂખ્યો પણ થયો છું, જેથી આજે તને હું છોડી શકું તેમ નથી."૫

ઉત્તંકે કહ્યુંઃ-" હે મહારાજા ! ભલે ત્યારે એમ થાઓ; પરંતુ મારા આ એક ઠરાવને તું માન્ય કર. હું મારા ગુરુનું કાર્ય પૂર્ણ કરીને પુનઃ તારા સ્વાધીનમાં આવી જઇશ. હે મહારાજા ! મેં મારા ગુરુને માટે જે કાર્યની પ્રતિજ્ઞા કરી છે તે તારે આધીન છે, માટે હે રાજેન્દ્ર ! હું તારી પાસે તેની યાચના કરૂં છું.૬,૭ હે પુરુષવ્યાઘ્ર ! તું બ્રાહ્મણોને ઉત્તમમાં ઉત્તમ રત્નોનું નિત્ય દાન આપે છે, જેથી એક ઉત્તમ દાતાતરીકે પૃથ્વીપર પ્રસિદ્ધ થયો છે; અને હે ઉત્તમ રાજા ! હું પણ આ સમયે દાનનો પ્રતિગ્રહ કરવાયોગ્ય પાત્ર છું,એમ તું જાણ.૮ હે શત્રુદમન રાજેન્દ્ર ! તારા સ્વાધીનમાં રહેલા મારા ગુરુના કાર્યને પૂર્ણ કર્યા પછી મારા ઠરાવ પ્રમાણે પુનઃ હું તારે વશ થઇશ.આ હું તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરૂં છું, એમાં કોઈ પ્રકારે પણ મિથ્યા થશે નહિ. મેં મારા સ્વેચ્છાવિહારોમાં પણ (એટલે રમતગમતમાં પણ) કદી અસત્ય ભાષણ કર્યું નથી, તો પછી બીજે પ્રસંગે તો અસત્ય ભાષણ કેમજ કર્યું હોય ? "

સૌદાસે કહ્યુંઃ-તારા ગુરુનું કાર્ય જો મારે સ્વાધીન છે, તો તું માનીજ લે કે, તે કાય સિદ્ધ થયું છે. હવે જો હું પ્રતિગ્રહ કરાવવા યોગ્ય છું-અર્થાત્ તારે મારી પાસેથી પ્રતિગ્રહ કરવાનો છે, તો તે તું મને કહે."૧૧

ઉત્તંકે કહ્યુંઃ-" હે મહાપુરુષ ! મેં સદાને માટે તને પ્રતિગ્રહ કરાવવા યોગ્યજ માન્યો છે અને તેથીજ હું તારી પાસે મણિકુંડળ માગવામાટે આવ્યો છું."૧૨

સૌદાસે કહ્યુંઃ-"હે બ્રહ્મર્ષિ ! તે ઉત્તમ મણિકુંડળો મારી પત્નીનાં છે; (મારાં નથી) માટે તે સિવાય કોઇ બીજી વસ્તુ તું માગ. હે ઉત્તમ વ્રતધારી બ્રાહ્મણ ! બીજી કોઇ પણ વસ્તુ હું તને આપીશ."૧૩

ઉત્તંકે કહ્યુંઃ-" આવું બહાનું બતાવવાની કંઈ જરૂર નથી. જો હું તને માન્ય હોઉં તો તું મને કુંડળો આપ અને હે રાજા ! તું સત્યવાદી થા."૧૪

વૈશંપાયને કહ્યુંઃ-ઉત્તંકે એ પ્રમાણે કહ્યું એટલે સૌદાસરાજાએ પુનઃ તેને આવું વચન કહ્યુંઃ-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! જા, તું મારા વચનથી રાણીને કહે કેઃ-"મને મણિકુંડળ આપ."૧૫હે દ્વિજશ્રેષ્ઠ ! મારા કહેવા ઉપરથી તું તેને એ પ્રમાણે કહીશ, એટલે તે પવિત્ર વ્રતવાળી રાણી

તને અવશ્ય મણિકુંડળ આપશે.”[૧૬]

ઉત્તંકે પૂછ્યું:-“ હે રાજા! હું તારી પત્નીને ક્યાં જોઇ શકીશ? તું પોતે પણ તારી પત્ની પાસે કેમ જતો નથી?”[૧૭]

સૌદાસે કહ્યું:-“ તું આ વનપ્રદેશમાંના કોઇએક ઝરણ પાસે તેને જોઇ શકીશ. મારા ભોજનના આ છઠ્ઠા પહોરે આજે હું તેને જોઇ શકીશ નહિ.”[૧૮]

વૈશંપાયને કહ્યું:-હે ભરતશ્રેષ્ઠ જનમેજય! સૌદાસે એ પ્રમાણે કહ્યું, એટલે ઉત્તંક ત્યાંથી મદયંતી (સૌદાસની સ્ત્રી) પાસે ગયો અને તેને જોઇને પોતાના આવવાનું કારણ તેને જણાવ્યું.[૧૯] ઉત્તંકના મુખથી સૌદાસનું વચન સાંભળીને તે વિશાળ નેત્રવાળી મદયંતીએ મહાબુદ્ધિમાન ઉત્તંકને કહ્યું કે:-[૨૦]“હે નિર્દોષ બ્રાહ્મણ! તું કહે છે તે તેમજ છે. તું અસત્ય બોલતો નથી, તોપણ તારે કંઇક અભિજ્ઞાન (નિશાની-ચિહ્ન) લાવવું યોગ્ય છે;[૨૧] કેમકે આ મારાં મણિકુંડળો દિવ્ય છે, જેથી દેવો, યક્ષો તથા મહર્ષિઓ પણ તેવાં કોઈ છિદ્રો જોઇને તેનું હરણ કરવાની ઇચ્છાથી નિત્ય અનેક ઉપાયોદ્વારા વિચાર કર્યા કરે છે.[૨૨] કોઈ સમયે આ કુંડળો જો પૃથ્વીપર પડી રહ્યાં હોય તો સર્પો તેને ઉઠાવી જાય છે, ઉચ્છિષ્ટ અવસ્થામાં જો ધારણ કર્યાં હોય તો યક્ષો પડાવી જાય છે અને નિદ્રાને વશ થઇને જો ધારણ કર્યાં હોય તો દેવો લઈ જાય છે.[૨૩] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મેં કહેલાં આ છિદ્રો જોઇને દેવો, રાક્ષસો તથા સર્પો નિત્ય આનું હરણ કરવા તત્પર રહે છે, માટે પ્રમાદી મનુષ્ય આને ધારણ કરી શકતો નથી.[૨૪] હે દ્વિજશ્રેષ્ઠ! આ કુંડળો દિવસના સમયે સુવર્ણને ઝર્યા કરે છે અને રાત્રે નક્ષત્રો તથા તારાઓની કાંતિને તિરસ્કારી કાઢે છે.[૨૫] હે ભગવન્! આ કુંડળો ધારણ કરીને મનુષ્યને ક્ષુધાનો તથા તૃષાનો ભય તો ક્યાંથીજ રહે! પણ ઝેર, અગ્નિ કે શિકારી પ્રાણીઓનો પણ ભય રહેતો નથી.[૨૬] કોઇ નાનો મનુષ્ય જ્યારે આને ધારણ કરે છે, ત્યારે આ પણ નાનાં થઇ જાય છે; અને પોતાને યોગ્ય પ્રમાણવાળો મનુષ્ય જ્યારે ધારણ કરે છે, ત્યારે પોતાના મૂળ પ્રમાણમાં રહે છે.[૨૭] આ રીતે મારાં આ કુંડળ પરમ માન્ય છે અને ત્રણે લોકમાં જાણીતાં છે, માટે તું કંઇક નિશાની લાવ.”[૨૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ ઉત્તંકોપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૫૭ મો સમાપ્ત

અધ્યાય ૫૮ મો

ઉત્તંકનું ચરિત્ર (ચાલુ)

॥ वैशंपायन उवाच ॥

स मित्रसहमासाद्य अभिज्ञानमयाचत ।
तस्मै ददावभिज्ञानं स चेक्ष्वाकुवरस्तदा ॥१॥

વૈશંપાયને કહ્યું:-તે પછી ઉત્તંક, ઇક્ષ્વાકુઓમાં શ્રેષ્ઠ રાજા સૌદાસ પાસે ગયા અને તેની પાસે અભિજ્ઞાન માગ્યું. તે સમયે તેણે આ પ્રમાણે અભિજ્ઞાન આપ્યું.[૧]

સૌદાસે કહ્યું:-“ આ રાક્ષસયોનિરૂપ ગતિ મારેમાટે કલ્યાણકારક નથીજ અને આનાથી છુટવા જેવી બીજી કોઇ ગતિ પણ નથી; માટે આ મારા અભિપ્રાયને જાણીને-અર્થાત્ આ રાક્ષસયોનિમાંથી મને મુક્ત કરવામાટે તું આને મણિકુંડળ આપજે.”[૨] એ પ્રમાણે સૌદાસે અભિજ્ઞાન આપ્યું, એટલે ઉત્તંકે મદયંતી પાસે જઇને તેના પતિનું એ અભિજ્ઞાન તેને કહ્યું. તે સાંભળીને તુરતજ મદયંતીએ ઉત્તંકને મણિકુંડળ અર્પણ કર્યાં.[૩] તે પછી ઉત્તંક એ મણિકુંડળ લઇને પુનઃ સૌદાસ પાસે ગયા અને તેને આ પ્રમાણે કહ્યું:-“ હે રાજા! અભિજ્ઞાનરૂપ આ તારા વચનને (વિશેષ સ્પષ્ટ રીતે) સાંભળવાની મને ઇચ્છા છે.”[૪]

સૌદાસે કહ્યું:-“ પ્રજાઓની સૃષ્ટિથી આરંભીને ક્ષત્રિયો બ્રાહ્મણોને પૂજે છે, તોપણ બ્રાહ્મણો તરફથી ક્ષત્રિયોને અનેક દોષો પ્રાપ્ત થયા છે.[૫] હું બ્રાહ્મણોને નમતો-ભજતો રહેતો હતો, છતાં એક બ્રાહ્મણથીજ આ (રાક્ષસયોનિરૂપ) દોષને પામ્યો છું. ખરેખર, આ સમયે મદયંતીની સહાયવાળો હું (પુનઃ બ્રાહ્મણને

પ્રસન્ન કર્યાવિના) બીજી કોઇ ગતિ જોઈ શકતો નથી.[૬] હે ગતિમાનોમાં શ્રેષ્ઠ ઉત્તંક ! સ્વર્ગદ્વાર તરફ જઇ પહોંચવામાં અને આ લોકમાં (સુખેથી) રહેવામાં મને બીજી કોઇ પણ ગતિ જોવામાં આવતી નથી–અર્થાત્ બ્રાહ્મણોના પ્રસાદદ્વારાજ હું સ્વર્ગમાં જઈ શકીશ અને આ લોકમાં સુખી થઈશ.[૭] જે રાજાએ ખાસ કરીને બ્રાહ્મણોની સાથેજ વિરોધ કર્યો છે, તે આ લોકમાં સુખેથી રહી શકતો નથી તેમ પરલોકમાં પણ સુખી થઇ શકતો નથી.[૮] આવા હેતુથીજ આ મારાં પ્રિય મણિકુંડળ મેં તને આપ્યાં છે. હવે, તેં મારી સાથે જે ઠરાવ કર્યો છે તેને તું સફળ કર.”[૯]

ઉત્તંકે કહ્યું:–“ હે રાજન્ ! મેં જે પ્રમાણે ઠરાવ કર્યો છે,તે પ્રમાણેજ હું કરીશ અને પુનઃ તારા સ્વાધીનમાં આવીશ. હે શત્રુતાપન રાજા! હું કોઇએક પ્રશ્ન પૂછવામાટે તારા તરફ પાછો ફર્યો છું.”[૧૦]

સૌદાસે કહ્યું:–“ હે બ્રાહ્મણ ! તારે જે પ્રશ્ન પૂછવો હોય તેને તું ખુશીથી પૂછ. હું તને તેનો ઉત્તર આપીશ અને તારા સંશયને દૂર કરીશ,એમાં મારે કંઇ વિચારવાજેવું નથી.”[૧૧]

ઉત્તંકે કહ્યું:–“ ધર્મને સારી રીતે જોનારા વિદ્વાનો કહે છે કે, વાણીમાં સંયમ જાળવનારો પુરુષ બ્રાહ્મણ કહેવાય છે અને જે પુરુષ પોતાના મિત્રો વચ્ચે કપટવર્તન કરે છે તે ચોરજ છે.[૧૨]હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા ! તું હવે મારો મિત્ર થયોછે, માટે જે સદ્બુદ્ધિ (સદ્વિચારો) તને પોતાને માન્ય હોય તે મને આપ.[૧૩] મારે તારી પાસેથી જે કાર્ય સિદ્ધ કરવાનું હતું તે મેં કરી લીધું છે.તું મનુષ્યોનું ભક્ષણ કરનારો એક રાક્ષસ છે, તો હવે મારે તારી પાસે આવવું તે તને યોગ્ય લાગે છે ? તે મને કહે.” ૧૪

સૌદાસે કહ્યું:–“ હે ઉત્તમ બ્રાહ્મણ ! આના સંબંધમાં જે યોગ્ય હોય તેજ મારે તને કહેવું જોઇએ. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હવે ફરીથી તારે કોઇ રીતે પણ મારી પાસે આવવું નહિ.[૧૫] હે ભૃગુવંશી ઉત્તંક ! એમ કરવામાંજ હું તારૂં કલ્યાણ જોઉં છું; છતાં હે બ્રાહ્મણ ! તું મારી પાસે આવીશ તો તારૂં મૃત્યુજ થશે, એમાં કંઇ સંશય નથી.”[૧૬]

વૈશંપાયને કહ્યું:– બુદ્ધિમાન રાજા સૌદાસે એ પ્રમાણે યોગ્ય હિતવચન કહ્યું, એટલે ઉત્તંક તેની સંમતિ લઇને અહલ્યા પાસે જવા ચાલી નીકળ્યા.[૧૭] ગુરુપત્નીનું પ્રિય કરનારા તે ઉત્તંક પેલાં બન્ને દિવ્ય કુંડળો લઇને મોટા વેગથી ગૌતમના આશ્રમ તરફ જવા લાગ્યા.[૧૮] કુંડળોની રક્ષા કરવાવિષે મદયંતીએ જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણેજ તેમણે પોતાના મૃગચર્મમાં કુંડળોને બાંધીને લઇ જવા માંડયાં હતાં.[૧૯] માર્ગમાં જતાં એક સમયે તેમને ઘણીજ ભૂખ લાગી,એટલે પુષ્કળ ફળથી ભરેલા એક બિલીના વૃક્ષને જોઇને તે બ્રહ્મર્ષિ તેનાપર ચઢી ગયા.[૨૦]હે શત્રુદમન રાજા! તે શ્રેષ્ઠ બ્રાહ્મણે પોતાના મૃગચર્મને વૃક્ષની એક શાખા સાથે બાંધી દીધું અને પછી બિલીનાં ફળોને પાડવા માંડયાં.હે રાજા! એ પ્રમાણે તે ફળોને પાડી રહ્યા હતા અને તેમની દૃષ્ટિ બિલીનાં ફળો તરફજ ખેંચાયેલી હતી.તે સમયે તેમણે પાડેલાં કેટલાંએક બિલાંઓ, જેમાં પેલાં કુંડળો બાંધ્યાં હતાં તે મૃગચર્મ ઉપરજ પડયાં, જેથી બિલાંઓના આઘાતને લીધે મૃગચર્મનું બંધન છુટી પડયું; એટલે તુરતજ તે મૃગચર્મ કુંડળોની સાથે વૃક્ષ ઉપરથી નીચે પડયું. એ રીતે બંધનથી છુટી પડેલું તે શ્યામ મૃગચર્મ પૃથ્વીપર પડયું. તે સમયે ઐરાવતના કુળમાં ઉત્પન્ન થયેલા કોઇએક સર્પે તેમાં રહેલાં બન્ને મણિકુંડળોને જોયાં. તેને જોઇને એકદમ ઝડપથી તે સર્પ પોતાના મુખમાં એ બન્ને કુંડળો લઇને એક રાફડામાં પેસી ગયો; પણ સર્પને તે બન્ને કુંડળોને લઇ જતો જોતાંજ ઉત્તંક અત્યંત ગભરાટની સાથે ક્રોધાયમાન થઇને વૃક્ષ ઉપરથી નીચે કૂદી પડયા અને હાથમાં એક કાષ્ઠદંડ લઇને રાફડાને ખોદવા લાગ્યા.[૨૧–૨૭] હે ભરતવંશી જનમેજય ! ક્રોધ અને અસહિષ્ણુતાથી અત્યંત તપી ગયેલા બ્રાહ્મણશ્રેષ્ઠ ઉત્તંકે પાંત્રીસ દિવસો સુધી તે રાફડો ખોદ્યા કર્યો,[૨૮] જેથી તેમના કાષ્ઠદંડના પ્રહારના અસહ્ય વેગને નહિ સહન કરનારી

પૃથ્વી, છિન્નભિન્ન થઇને અત્યંત ધણધણી ઉઠી અને અત્યંત આકુળ વ્યાકુળ થઇ રહી.[૨૯] તે પછી નાગલોકમાં માર્ગ કરવાની ઇચ્છાથી બ્રહ્મર્ષિએ દૃઢતાપૂર્વક પૃથ્વી ખોદવાજ માંડી, તેવામાં મહાતેજસ્વી ઇંદ્ર ઘોડાઓથી જોડેલા એક રથમાં બેસીને તે પ્રદેશઉપર આવી ચઢયો અને તેણે એ ઉત્તમ બ્રાહ્મણને જોયા.[૩૦,૩૧]

વૈશંપાયને કહ્યું:–ઇંદ્ર ઉત્તંકના દુઃખને લીધે દુઃખી થઇ ગયો. તેણે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને ઉત્તંકને કહ્યું કે, "આ તમારાથી બની શકશે નહિ.[૩૨] નાગલોક અહીંથી હજારો યોજન દૂર છે; માટે હું માનું છું કે, તમારૂં આ કાર્ય કાષ્ઠદંડથી સિદ્ધ થઇ શકે તેવું નથી."

ઉત્તંકે કહ્યું:–"હે ઉત્તમ બ્રાહ્મણ ! નાગલોકમાંથી મારાં કુંડળો પ્રાપ્તકરવાં મને અશકય લાગશે તો હું તમારા દેખતાં મારા પ્રાણનો-ત્યાગ કરીશ."[૩૩,૩૪]

વૈશંપાયને કહ્યું:–" વજ્રધારી ઇંદ્ર, જ્યારે તેમના નિશ્ચયને નજ ફેરવી શકયો, ત્યારે તેણે પોતાના વજ્રની સાથે તેમના કાષ્ઠદંડને યોજી દીધો.[૩૫] હે જનમેજય ! તે પછી વજ્રના તે પ્રહારોથી પૃથ્વીને જ્યારે ચીરવા માંડી, ત્યારે તેણે નાગલોકનો માર્ગ કરી આપ્યો;[૩૬] એટલે તે માર્ગે થઇને ઉત્તંક નાગલોકમાં દાખલ થયા અને જોયું તો હજારો યોજનમાં નાગલોકનો વિસ્તાર હતો.[૩૭] વળી હે મહાભાગ ! તે મણિઓ તથા મોતીઓથી સુશોભિત અને તદ્દન સુવર્ણના દિવ્ય કિલ્લાઓથી યુક્ત હતો.[૩૮] એ લોકમાં સ્ફાટિકમણિનાં પગથીઆંઓવાળી અનેક વાવો, નિર્મળ જળવાળી અનેક નદીઓ તથા જાતજાતનાં પક્ષીઓથી વ્યાપ્ત અનેક વૃક્ષો તેમના જોવામાં આવ્યાં.[૩૯] ભૃગુવંશી ઉત્તંકે તે નાગલોકના દ્વારને પાંચ યોજન પહોળું અને સો યોજન લાંબુ જોયું.[૪૦] ઉત્તંક તે નાગલોકને જોઇને દીન થઇ ગયા અને ત્યાંથી કુંડળોને લાવવામાં નિરાશ થઇ ગયા.[૪૧] તે સમયે હે કુરુવંશી રાજા ! ત્યાં રહેલો એક ઘોડો, જે કાળી તથા ધોળી કેશવાળીવાળો હતો, લાલમુખ તથા લાલનેત્રવાળો હતો અને તેજને લીધે જાણે પ્રજ્વળી રહ્યો હોય તેવો દેખાતો હતો, તેણે ઉત્તંકને કહ્યું કે:–[૪૨]"તું મારા આ ગુદાભાગને ધમ–તેમાં ફુંકો માર. તેમ કરવાથી તને કુંડળો મળશે. ઐરાવતના પુત્ર એક સર્પે તારાં કુંડળોને અહીં આણ્યાં છે.[૪૩] હે પુત્ર ! આ કામ કરવામાં તું તારી હલકાઇ સમજીશ નહિ; કેમકે ગૌતમના આશ્રમમાં ઘણી વખત તેં આ કામ કર્યું છે."[૪૪]

ઉત્તંકે કહ્યું:–" મારા ગુરુના આશ્રમમાં તમે હતા અને મેં આ કામ કર્યું છે, એ હું કેવી રીતે જાણું? તે સાંભળવાની મને ઇચ્છા છે."[૪૫]

ઘોડાએ કહ્યું:–"તું જાણ કે, હું તારા ગુરુનો પણ ગુરુ અગ્નિ છું. હે બ્રાહ્મણ! તેં તારા ગુરુને માટે સતત પવિત્ર થઇને નિત્ય વિધિપૂર્વક મારી પૂજા કરી છે; માટે હે ભૃગુનંદન ! આ સમયે હું તારૂં કલ્યાણ કરીશ. હું કહું છું તે પ્રમાણે કર, વિલંબ કર મા."[૪૬,૪૭] અગ્નિએ એ પ્રમાણે કહ્યું એટલે ઉત્તંકે તે પ્રમાણેજ કર્યું, તેથી અગ્નિ પણ પ્રસન્ન થઇને નાગલોકને બાળી નાખવાની ઈચ્છાથી એકદમ બળવા લાગ્યો.[૪૮] હે ભારત ! એ પ્રમાણે તે ઘોડારૂપ અગ્નિને ઉત્તંકે ધમવા માંડયો એટલે તેના પ્રત્યેક રોમછિદ્રમાંથી નાગલોકને ભય ઉપજાવે તેવો પુષ્કળ ધૂમાડો નીકળવા માંડયો.[૪૯] હે ભરતવંશી મહારાજા! તે ધૂમાડો ઘણા મોટા પ્રમાણમાં વધવા માંડયો, ત્યારે નાગલોકમાં કંઈ પણ જણાવા ન લાગ્યું. હે જનમેજય! ઐરાવતનું નિવાસસ્થાન એવા તે નાગલોકમાં સર્વત્ર હાહાકાર થઇ રહ્યો અને વાસુકિ વગેરે નાગોનાં ઘરો ધૂમાડાને લીધે એટલાં બધાં ઘેરાઈ ગયાં કે ઝાકળથી છવાઇ ગયેલાં વનોની પેઠે તથા પર્વતોની પેઠે બિલકુલ દેખાતાંજ બંધ પડી ગયાં.[૫૦–૫૨] એ રીતે ત્યાં વસનારા સર્વ નાગો અગ્નિના તેજથી સંતાપ પામ્યા અને ધૂમાડાને લીધે લાલચોળ નેત્રોવાળા થઈ ગયા, એટલે તેઓ મહાત્મા ઉત્તંકના નિશ્ચયને જાણવામાટે ચોતરફથી આવી પહોંચ્યા;[૫૩] અને ભ્રમિત નેત્રવાળા તેઓ, સર્વ મહાતેજસ્વી ઉત્તંકનો નિશ્ચય સાંભળીને વિધિપૂર્વક તેમની પૂજા કરવા લાગ્યા;

એટલુંજ નહિ પરંતુ તે નાગો વૃદ્ધો તથા બાળકોને આગળ કરીને, બે હાથ જોડી પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, 'હે ભગવન્! પ્રસન્નથાઓ' તે પછી બ્રાહ્મણ ઉત્તંકને પ્રસન્ન કરી તે નાગોએ પાદ્ય તથા અર્ઘ્યપ્રદાન કરીને પરમ માન્ય એવાં પેલાં દિવ્ય કુંડળો તેમને અર્પણ કર્યાં.[૫૬] એ રીતે નાગોએ પૂજા કરી, એટલે પ્રતાપી ઉત્તંક, તેજ સમયે અગ્નિની પ્રદક્ષિણા કરી પોતાના ગુરુના ઘરતરફ ચાલી નીકળ્યા.[૫૭] હે નિર્દોષ રાજા ! તે ઉત્તંકે ઉતાવળા ઉતાવળા ગૌતમને ઘેર જઈને ગુરુપત્ની અહલ્યાને તે દિવ્ય કુંડળો અર્પણ કર્યાં;[૫૮] અને હે જનમેજય ! તે શ્રેષ્ઠ બ્રાહ્મણે વાસુકિ વગેરે નાગોનું તે સર્વ વૃત્તાંત પોતાના ગુરુને યથાવત્ રીતે કહી સંભળાવ્યું. આ પ્રમાણે મહાત્મા ઉત્તંકે, ત્રણે લોકમાં ઘૂમી વળીને તે દિવ્ય મણિકુંડળો પોતાની ગુરુપત્નીને લાવી આપ્યાં હતાં.[૬૦] હે ભરતશ્રેષ્ઠ ! મુનિ ઉત્તંક આવા પ્રભાવશાળી હતા અને મહાન તપસ્વી હતા. એમના સંબંધમાં તેં મને પૂછયું હતું, જેથી મેં તને તેમનું વૃત્તાંત કહીસંભળાવ્યું.

'ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ઉત્તંકોપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૫૮ મો સમાપ્ત

અધ્યાય ૫૯ મો

દ્વારકામાં શ્રીકૃષ્ણ !

॥ जनमेजय उवाच ॥

उत्तंकस्य वरं दत्वा गोविंदो द्विजसत्तम ।
अतऊर्ध्वं महाबाहुः किं चकार महायशाः ॥१॥

જનમેજયે પૂછયું:–હે અતિ ઉત્તમ બ્રાહ્મણ! ઉત્તંકને વર આપ્યા પછી મહાન યશસ્વી મહાબાહુ શ્રીકૃષ્ણે શું કર્યું હતું?[૧]

વૈશંપાયને કહ્યું:–ઉત્તંકને વર આપ્યા પછી શ્રીકૃષ્ણ સાત્યકિની સાથે ઝડપદાર વેગવાળા ઘોડાઓદ્વારા દ્વારકા તરફજ ગયા.[૨] માર્ગમાં અનેક તળાવો, નદીઓ, વનો તથા પર્વતોનું ઉલ્લંઘનકરીને તેઓ સુંદર દ્વારકાનગરીમાં જઇ પહોંચ્યા.[૩] તે સમયે હે મહારાજા ! રૈવતક પર્વતનો ઉત્સવ ચાલી રહ્યો હતો, જેથી શ્રીકૃષ્ણ સાત્યકિની સાથે તેમાં જઇ પહોંચ્યા.[૪] હે પુરુષોમાં શ્રેષ્ઠ જનમેજય ! તે રૈવતક પર્વત રંગબેરંગી વિચિત્ર રત્નોથી ભરપૂર એવા ખજાનાઓથી વ્યાપ્ત હોઇ દીપી રહ્યો હતો.[૫] વળી પ્રત્યેક ગુફાઓ તથા ઝરણો સુવર્ણની શ્રેષ્ઠ માળાઓથી, પુષ્પોથી, વસ્ત્રોથી, કલ્પવૃક્ષોથી તથા સુવર્ણની દીવીઓથી એવાં તો શોભી રહ્યાં હતાં કે તે મહાપર્વત જાણે દિવસરૂપ થયો હોય તેમ લાગતો હતો.[૬,૭] તેમજ ચોતરફ (લટકાવેલી) ઘંટડીઓવાળી વિચિત્ર પતાકાઓથી તથા પુરુષો અને સ્ત્રીઓથી તે ગાજી રહ્યો હતો, તેથી જાણે ગાયન કરી રહ્યો હોય તેવો જણાતો હતો. હે ભારત ! મુનિગણોથી વ્યાપ્ત જાણે મેરુપર્વત હોય, તેમ મદમત્ત અને આનંદિત થઇને ગાનતાન કરી રહેલાં સ્ત્રીઓ તથા પુરુષોનાં ટોળાંઓથી તે પર્વત અત્યંત જોવા જેવો થઇ પડયો હતો.[૯] કેટલાએક મનુષ્યો જેઓ ક્રીડા વગેરેમાં આસક્ત હોઇને પ્રમાદી બની ગયા હતા, મદ્ય આદિને લીધે મદમત્ત બની ગયા હતા અને અત્યંત હર્ષપૂર્ણ જણાતા હતા, તેઓના કોલાહલથી તથા અન્યોન્યના આકર્ષણથી વ્યાપ્ત એવો મહાન શબ્દ તે મહાપર્વતના છેક ગગનમંડળસુધી પહોંચી ગયો હતો;[૧૦] તેમજ મોટી મોટી કીકીઆરીઓના શબ્દથી તે પર્વત મનોહર થઇ પડયો હતો, એટલુંજ નહિ પણ વ્યાપારીઓની દુકાનોથી ભરપૂર, ભક્ષ્ય, ભોજ્ય તથા વિહારોની વસ્તુઓથી વ્યાપ્ત, વસ્ત્રો તથા માળાઓથી યુક્ત અને ઠેકઠેકાણે વીણા, વાંસળી તથા મૃદંગોના ધ્વનિઓથી ગાજી રહેલો તે પર્વત રમણીય જણાતો હતો. આ રીતે મહાગિરિ રૈવતકનો તે ઉત્સવ દીન, અંધ તથા કૃપણ આદિને નિરંતર અપાઇ રહેલા મદ્ય તથા આસવોથી યુક્ત, ભક્ષ્ય અને ભોજ્યવડે પરમ કલ્યાણરૂપ ભાસતો હતો.[૧૧-૧૩] એ રૈવતકના ઉત્સવમાં પવિત્ર ગૃહોવાળું યાદવવીરોનું વિહારસ્થાન અનેક વીર તથા પુણ્યશાળી પુરુષોથી સેવાઇ રહ્યું હતું.[૧૪] હે ભરતશ્રેષ્ઠ ! તે સમયે શ્રીકૃષ્ણ-
અનેક ગૃહોથી વ્યાપ્ત એવો તે પર્વત શ્રીકૃષ્ણ-

ના સહવાસને પામીને દેવલોકની પેઠે શોભતો હતો[૧૫] અને ઇંદ્રના ગૃહસમાન થઈ રહ્યો હતો.

તે પછી અત્યંત હર્ષ પામેલા ચિત્તવાળા શ્રીકૃષ્ણ અને સાત્યકિ, લાંબા કાળનો પ્રવાસ કરીને પોતાના રાજભવન તરફજ ગયા.[૧૬] શ્રીકૃષ્ણ એ પ્રમાણે મહાદુષ્કર કર્મ કરીને ત્યાં આવ્યા; એટલે દાનવો ઉપર પરાક્રમ કરી આવેલા ઇંદ્રસામે જેમ દેવો જાય, તેમ ભોજ, અંધક તથા યાદવવંશના પુરુષો તે મહાત્માની સામે ગયા. તે વખતે બુદ્ધિમાન શ્રીકૃષ્ણે તેઓ સર્વેને સન્માન આપીને તથા કુશળપ્રશ્ન પૂછીને પ્રસન્નતાપૂર્વક માતાપિતાને વંદન કર્યું; એટલે તેઓ બન્નેએ પણ તે મહાબાહુને આલિંગન આપ્યું તથા શાંત પાડ્યા. પછી સમીપમાં બેઠેલા તે સર્વ યાદવોથી વિંટાયેલા મહાતેજસ્વી કૃષ્ણે હાથપગ ધોઈને વિશ્રાંતિ લીધી; અને પોતાના પિતાએ જ્યારે પૂછ્યું, ત્યારે તે મહાયુદ્ધનું સર્વ વૃત્તાંત તેમને કહ્યું.[૧૭–૨૧]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં "શ્રીકૃષ્ણનો દ્વારકાપ્રવેશ" એ વિષયનો અધ્યાય ૫૯ મો સમાપ્ત

* * *

અધ્યાય ૯૦ મો

વસુદેવ પાસે યુદ્ધનું સંક્ષિપ્ત વર્ણન

॥ वसुदेव उवाच ॥

श्रुतवानस्मि वार्ष्णेय संग्रामं परमाद्भुतम् ।
नराणां वदतां पुत्र कथोद्घातेषु नित्यशः ॥१॥

વસુદેવે પૂછ્યું:–"હે પુત્ર! મેં જૂદી જૂદી કથાઓના પ્રસંગમાં નિત્ય વાતચીત કરી રહેલા મનુષ્યો પાસેથી તે યુદ્ધને પરમ અદ્ભુત સાંભળ્યું છે;[૧] પણ હે નિર્દોષ કૃષ્ણ! મોટી ભુજાઓવાળા તેં તો એ યુદ્ધને પ્રત્યક્ષ જોયું છે અને તેના સ્વરૂપને જાણ્યું પણ છે, માટે એ યુદ્ધવિષે તું મને યથાર્થ રીતે કહે. મહાત્મા પાંડવોનું ભીષ્મ, કર્ણ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય તથા શલ્ય વગેરેની સાથે જે પ્રમાણે તે ઉત્તમ યુદ્ધ થયું હોય; અને બીજા અનેક અસ્ત્રકુશળ ક્ષત્રિયો, કે જેઓ જાતજાતના વેષવાળા તથા જૂદી જૂદી આકૃતિવાળા હતા અને ભિન્ન ભિન્ન દેશોમાં રહેતા હતા તેઓ સર્વનું જે પ્રમાણે યુદ્ધ થયું હોય, તે તું મને કહે."

વૈશંપાયને કહ્યું:–પોતાના પિતાએ પોતાની માતાની સમીપમાં એ પ્રમાણે પૂછ્યું, એટલે શ્રીકૃષ્ણે યુદ્ધમાં કુરુવીરોનો જે પ્રમાણે સંહાર થયો હતો તે કહેવા માંડ્યો.[૨–૫]

શ્રીકૃષ્ણે કહ્યું:–"તે યુદ્ધમાં મહાત્મા ક્ષત્રિયોનાં અદ્ભુત કર્મો એટલાં બધાં હતાં, કે જેનું વર્ણન કરવું સેંકડો અબજ વર્ષોસુધી પણ અશક્ય થઇ પડે; માટે હે દેવસમાન કાંતિવાળા પિતા! તે રાજાઓનાં મુખ્ય મુખ્ય કર્મોનું સંક્ષેપમાંજ પણ યથાર્થ રીતે હું વર્ણન કરૂં છું, તે તમે સાંભળો.[૬,૭] જેમ ઇંદ્ર દેવોનો સેનાપતિ હોય, તેમ કુરુવંશી ભીષ્મ કૌરવોની અગિયાર અક્ષૌહિણી સેનાઓના પ્રથમ સેનાપતિ હતા. આ તરફથી પાંડવોની સાત અક્ષૌહિણી સેનાઓનો નેતા બુદ્ધિમાન શિખંડી હતો, જે શ્રીમાન અર્જુનની રક્ષાતળે હતો.[૯] પછી મહાત્મા કૌરવોનું તથા પાંડવોનું દશ દિવસસુધી રોમાંચ કરી નાખે તેવું મહાન યુદ્ધ થયું હતું.[૧૦] તેમાં અર્જુનની સાથે રહીને શિખંડીએ મહારણમાં યુદ્ધ કરી રહેલા ગંગાપુત્ર ભીષ્મને અનેક બાણોના પ્રહાર કર્યા, જેથી બાણશય્યાને વશ થયેલા મહાત્મા ભીષ્મે, દક્ષિણાયન ગયા પછી જ્યારે ઉત્તરાયણનો કાળ આવ્યો ત્યારે પ્રાણનો ત્યાગ કર્યો. પછી કૌરવોની નવ અક્ષૌહિણી સેના બાકી રહી એટલે શુક્રાચાર્ય જેમ દૈત્યરાજાના સેનાપતિ થાય, તેમ અસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ તથા બ્રાહ્મણોમાં ઉત્તમ વીર દ્રોણાચાર્ય કૌરવ રાજાના સેનાપતિ થયા. તે સમયે યુદ્ધમાં વખણાયેલા તે દ્રોણાચાર્યને વિંટાઇ વળીને કૃપાચાર્ય તથા બીજા શ્રેષ્ઠ ક્ષત્રિયો તેમનું રક્ષણ કરી રહ્યા હતા.[૧૩,૧૪] તે સમયે મોટાં અસ્ત્રોને જાણનારો બુદ્ધિમાન ધૃષ્ટદ્યુમ્ન પાંડવોનો સેનાપતિ થયો હતો, જેનું સૂર્ય જેમ વરુણનું રક્ષણ કરે તેમ ભીમસેન રક્ષણ કરતો હતો.[૧૫] મોટા મનવાળા તે ધૃષ્ટદ્યુમ્ને પોતાના પિતા સાથેના વૈરનું સ્મરણ કરીને દ્રોણાચાર્યને પહોંચી વળવાની

ઇચ્છા કરી અને સેનાથી વિંટાઇને રણમાં મહાન કર્મ કર્યું.[૧૬] દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્ન વચ્ચેના તે યુદ્ધમાં જૂદી જૂદી દિશાઓમાંથી આવેલા અનેક વીર રાજાઓનો સંહાર વળી ગયો હતો.[૧૭] આ બંને વચ્ચેનું મહાદારુણ યુદ્ધ પાંચ દિવસસુધી ચાલ્યું હતું. તેમાં આખરે દ્રોણાચાર્ય થાકી ગયા અને ધૃષ્ટદ્યુમ્નને વશ થઇ તેને હાથે મરણ પામ્યા.[૧૮] તે પછી દુર્યોધનના સૈન્યમાં કર્ણ સેનાપતિ થયો. તે બાકી વધેલી પાંચ અક્ષૌહિણી સેનાઓથી યુદ્ધમાં વિંટાઈ વળ્યો હતો.[૧૯] આ તરફથી પાંડવોની ત્રણ અક્ષૌહિણી સેનાઓ, જેઓમાંથી મોટા મોટા વીર પુરુષો માર્યા ગયા હતા, તે અર્જુનના રક્ષણતળે રહીને યુદ્ધ કરવા ઉભી રહી હતી.[૨૦] પછી પતંગિયું જેમ અગ્નિમાં પડીને નાશ પામે, તેમ સૂતનો દારુણ પુત્ર કર્ણ અર્જુન સામે યુદ્ધ કરીને બીજેજ દિવસે મરણધર્મને પ્રાપ્ત થયો. કર્ણ જ્યારે મરણ પામ્યો ત્યારે કૌરવો ઉત્સાહવિનાના થઇ જઈ નિસ્તેજ થઇ ગયા. તેઓએ ત્રણ અક્ષૌહિણી સેના સાથે રાખીને મદ્રરાજ શલ્યને પોતાનો સેનાપતિ બનાવ્યો.[૨૨] બીજી તરફથી જેઓનાં વહનોનો લગભગ વિનાશ થઇ ગયો હતો અને જેઓ છેક નિરુત્સાહ થયા હતા, તે પાંડવોએ પણ બાકી રહેલી એક અક્ષૌહિણી સેનાને સાથે લઇને યુધિષ્ઠિરને સેનાપતિ બનાવ્યા.[૨૩] તે દિવસે કુરુરાજ યુધિષ્ઠિરે પણ મહાદુષ્કર કર્મ કર્યું હતું.તેમણે અર્ધદિવસ વ્યતીત થયો તેટલામાં તો મદ્રરાજ શલ્યનો વધ કર્યો.[૨૪] શલ્ય મરણ પામ્યો તે પછી અમાપ પરાક્રમશાળી અને મોટા મનવાળા સહદેવે પણ કૌરવપાંડવોના કલેશના મૂળકર્તા શકુનિનો વધ કર્યો.[૨૫] શકુનિ મરણ પામ્યો એટલે જેના સર્વ સૈનિકોનો લગભગ સંહાર વળી ગયો હતો, તે રાજા દુર્યોધન પોતાના મનમાં અત્યંત ઉદાસ થઇને હાથમાં એક ગદા લઈ રણમાંથી નાસી ગયો;[૨૬] પણ પ્રતાપી ભીમસેન અત્યંત ક્રોધાયમાન થઇને તેની પાછળ પડયો અને દ્વૈપાયન નામના એક ધરામાં તેણે તેને જોયો પણ ખરો.[૨૭]પછી પાંચે પાંડવોએ, મરણ પામતાં બચેલા પોતાના સૈન્યથી ધરામાં ભરાઇ બેઠેલા દુર્યોધનને ચારે તરફથી ઘેરી લીધો;અને તેઓ પોતે પણ મનમાં પ્રસન્ન થઇને ત્યાં બેઠા. દુર્યોધન ધરાના જળમાં પેસી ગયો હતો, પણ જ્યારે વાણીરૂપી બાણોથી તેને અત્યંત વિંધી નાખવામાં આવ્યો,ત્યારે જળમાંથી તે ઉભોથયો અને હાથમાં ગદા લઇને યુદ્ધ કરવા સામે આવ્યો;[૨૯] એટલે ભીમસેને સર્વ રાજાઓના દેખતાં પરાક્રમ કરીને રાજા દુર્યોધનનો મહા રણમાં વધ કર્યો.તે પછી રાત્રિના સમયે પાંડવોનું સૈન્ય પોતાની છાવણીમાં જ્યારે સૂતું હતું,ત્યારે દ્રોણાચાર્યના પુત્રઅશ્વત્થામાએ પોતાના પિતાનાવધને સહન નહિ કરીને તે સર્વ સૈન્યનો ઘાણ વાળી નાખ્યો. માત્ર હું, સાત્યકિ અને પાંચ પાંડવોજ મરતાં બચી ગયા છીએ; પણ પાંડવોના સર્વ પુત્રોનો,સૈન્યનો તથા મિત્રોનો તો કેવળ નાશજ થઇ ગયો છે;[૩૨] આજ પ્રમાણે કૌરવપક્ષમાંથી કૃપાચાર્ય, કૃતવર્મા તથા અશ્વત્થામા તે યુદ્ધમાંથી બચી:ગયા છે; અને પાંડવોનો આશ્રય કરવાથી કુરુવંશી યુયુત્સુ બચી ગયો છે.[૩૩] કૌરવોનો રાજા દુર્યોધન પોતાના પરિવારની સાથે મરણ પામ્યો એટલે વિદુરે તથા સંજયે ધર્મ રાજાનોજ આશ્રય કર્યો છે.[૩૪] આ પ્રમાણે હે સમર્થ પિતા ! તે મહાન યુદ્ધ અઢાર દિવસસુધી ચાલ્યું હતું, જેમાં મરણ પામેલા રાજાઓ સ્વર્ગવાસી થયા છે. ”[૩૫]

વૈશંપાયને :કહ્યું:–હે મહારાજા ! રૂવાંટાં ઉભાં કરી નાખે તેવી એ યુદ્ધકથાને યાદવોએ જ્યારે સાંભળી,ત્યારે તેઓને એકી સાથે દુઃખ, શોક તથા કલેશ થઇ ગયો.[૩૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ વાસુદેવનાં વચનો” એ વિષયનો
અધ્યાય ૬૦ મો સમાપ્ત

અધ્યાય ૬૧ મો

અભિમન્યુમાટે વસુદેવનો શોક અને શ્રીકૃષ્ણે કરેલું તેમનું સાંત્વન

॥ वैशंपायन उवाच ॥

कथयन्नेव तु तदा वासुदेवः प्रतापवान् ।
महाभारतयुद्धं तत् कथांते पितुरग्रतः ॥१॥

વૈશંપાયને કહ્યું:–મહાબુદ્ધિમાન પ્રતાપી શ્રીકૃષ્ણ, પોતાના પિતાની પાસે મહાભારતના યુદ્ધનું (એ પ્રમાણે) વર્ણન કરતા હતા તે સમયે મારા પિતાને કંઇ અપ્રિય ન થાય આવો મનમાં વિચાર કરીને તેમણે અભિમન્યુના વધનું વૃત્તાંત વચ્ચેથી છોડી દીધું હતું.[૧,૨] પોતાની પુત્રીના પુત્રનો મહાકષ્ટદાયક વધ સાંભળી વસુદેવ દુઃખ તથા શોકને લીધે તપી ન જાય એજ ઠીક છે, આવો મનમાં વિચાર કરીનેજ શ્રીકૃષ્ણે તે વૃત્તાંત પડતું મૂક્યું હતું; પણ સુભદ્રા પોતાના પુત્રના વધનું તે વૃત્તાંત પડતું મૂકેલું જાણીને વચ્ચેજ બોલી ઉઠી કે:–“ હે કૃષ્ણ! રણમાં અભિમન્યુનો વધ કેવી રીતે થયો હતો? તે તમે કહો.” આમ કહીને તે પૃથ્વીપર પછડાઇ પડી. તે સમયે વસુદેવ પણ સુભદ્રાને પછડાઇ પડેલી જોઈ દુઃખથી મૂર્ચ્છિત થઇને પૃથ્વીપર ઢળી પડયા. તે પછી હે મહારાજા ! પોતાની પુત્રીના પુત્ર અભિમન્યુના વધને લીધે દુઃખ તથા શોકથી ઘેરાઇ ગયેલા વસુદેવે શ્રીકૃષ્ણપ્રત્યે આવું વાકય કહ્યું:–“ હે શત્રુઓનો નાશ કરનારા કૃષ્ણ ! આ પૃથ્વી ઉપર તું સત્યવાદીતરીકે પ્રસિદ્ધ થયો છે, છતાં આજે મારી પુત્રીના પુત્રના વધનું વૃત્તાંત તું મને કેમ કહેતો નથી ? હે સમર્થ કૃષ્ણ ! મારા દૌહિત્રના નાશસંબંધી વૃત્તાંત તું મને યથાર્થ રીતે કહે.[૩–૮] હે યદુવંશી ! તે અભિમન્યુ તારા જેવાં નેત્રવાળો હતો અને કાળ ન આવ્યો હોય ત્યાંસુધી મનુષ્યોની સાથે યુદ્ધ કરીને કદી મરણ પામે તેવો ન હતો; છતાં શત્રુઓએ તેને રણમાં કેવી રીતે માર્યો ?[૯] અરેરે ! તે અભિમન્યુના સંબંધમાં હું આવું સાંભળું છું; છતાં મારૂં હૃદય દુઃખને લીધે સેંકડો વિભાગમાં ચીરાઇ જતું નથી. (એ કેવું આશ્ચર્ય!) હે કમળસમાન નેત્રવાળા કૃષ્ણ ! સંગ્રામમાં જ્યારે તે પડયો, ત્યારે તેણે તને, પોતાની માતા સુભદ્રાને તથા મને શું કહ્યું હતું ? મારો પ્રીતિપાત્ર અને ચપળ નેત્રવાળો તે અભિમન્યુ રણસંગ્રામમાં પાછી પાની કરીને શત્રુઓને હાથે મરણ પામ્યો નથી ને ?[૧૦,૧૧] હે ગોવિંદ ! તેણે યુદ્ધમાં પોતાના મુખને કદી વિકારવાળું તો કર્યું નથી ને? હે કૃષ્ણ! મહાતેજસ્વી અભિમન્યુ મારી આગળ પોતાનાં વખાણ કરતો હતો.વળી તે સમર્થ પોતાના બાળભાવને લીધે મારી આગળ પોતાનો વિનય કહેતો હતો.તેને દ્રોણાચાર્ય, કર્ણ તથા કૃપાચાર્ય આદિએ શું તિરસ્કારી કાઢયો ન હતો ને?[૧૩] હે કેશવ! મારી પુત્રીનો પુત્ર અભિમન્યુ બળવાનોમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય, ભીષ્મ તથા કર્ણની સાથે પણ નિત્ય સ્પર્ધા કરતો હતો, તેથીજ તેઓને હાથે મરણ પામીને પૃથ્વીપર સૂતો છે. તું એ વૃત્તાંત મને કહે. ”

એ પ્રમાણે અત્યંત દુઃખી થઇને ઘણો ઘણો વિલાપ કરી રહેલા પોતાના પિતા વસુદેવને, અત્યંત દુઃખી થયેલા શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું:– “ રણસંગ્રામના મધ્યમાં તેણે પોતાનું મુખ કદી વિકારવાળું કર્યું નથી કે મહાદુસ્તર સંગ્રામમાં કદી પાછી પાની પણ કરી નથી. સેંકડો ને હજારો રાજાઓનો સંહાર કરનારા તેને દ્રોણાચાર્ય તથા કર્ણે જ્યારે થકવ્યો, ત્યારેજ દુઃશાસનના સપાટામાં તે સપડાયો હતો. હે સમર્થ પિતા ! તે એકલાની સાથે કોઈ એકલોજ યોદ્ધો જો લડયો હોત, તો તે યોદ્ધો ભલે પછી સાક્ષાત્ ઇંદ્ર હોત તોપણ સંગ્રામમાં તેનો કદી વધ કરી શકત નહિ. જ્યારે સંશપ્તક યોદ્ધાઓએ અર્જુનને સંગ્રામમાંથી દૂર બોલાવી લીધો અને ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્ય વગેરેએ યુદ્ધમાં જ્યારે તેને ઘેરી લીધો, ત્યારેજ હે યાદવવંશી પિતા ! તમારી પુત્રીનો પુત્ર અભિમન્યુ શત્રુઓનો મહાન સંહાર કર્યા પછી અંતે દુઃશાસનના પુત્રને હાથે માર્યો ગયો હતો. હે મહાબુદ્ધિમાન પિતા ! ખરેખર, તે સ્વર્ગલોકમાંજ ગયો છે, માટે તેના શોકનો તમે

ત્યાગ કરો. તમારા જેવા કુશળબુદ્ધિ પુરુષો સંકટમાં આવીને કદી ગભરાઇ જતા નથી. જેણે ઇંદ્રસમાન પરાક્રમી દ્રોણાચાર્ય તથા કર્ણની સામે પણ એક વખત ટક્કર ઝીલી છે, તે સ્વર્ગલોકને કેમ ન પામે? અર્થાત્ તે સ્વર્ગલોકનેજ પામ્યો છે; માટે હે અજિત પિતા! તમે તેના શોકનો ત્યાગ કરો, શોકાધીન થાઓ મા.[૧૪-૨૩] શત્રુનાં નગરોને જીતનારો તે અભિમન્યુ શસ્ત્રોથી પવિત્ર ગતિને પામ્યો છે. તે વીર જ્યારે મરણ પામ્યો, ત્યારે મારી બહેન આ સુભદ્રા, દુઃખથી અત્યંત વિહ્વળ થઇને પોતાના પુત્રની પાસે જઇને કુરરી (ટીટોડી)ની પેઠે શોકના આક્રંદો કરી રહી હતી. વળી તેણે દ્રૌપદી પાસે જઇને દુઃખથી પૂછ્યું હતું કેઃ–"હે આર્યે! બધા છોકરાઓ ક્યાં છે? તેઓને જોવાની મને ઇચ્છા છે." એ પ્રમાણે આ સુભદ્રાનું વચન સાંભળીને સર્વ કૌરવસ્ત્રીઓ પોતાના બન્ને બાહુઓથી તેને પકડી રાખીને અત્યંત દુઃખીની પેઠે વિલાપ કરી રહી હતી.[૨૪-૨૭] પછી તેણે ઉત્તરાને કહ્યું કેઃ–"હે ભદ્રે! તારો સ્વામી આજે ક્યાં ગયો છે? તે જ્યારે આવે ત્યારે સત્વર તું મને જણાવજે. હાય! ઓ વિરાટરાજાની પુત્રી! હું જ્યારે જ્યારે તારા પતિને મારી સમીપમાં બોલાવતી હતી, ત્યારેત્યારે તે ઉતાવળો ઉતાવળો પોતાના ભવનઉપરથી નીચે આવીને મારી પાસે આવતો હતો, તે આજે કેમ આવતો નથી? હે અભિમન્યુ! તારા સર્વે મહારથી મામાઓ જેઓ હજી કુશળક્ષેમ છે, તેઓ જ્યારે તું યુદ્ધ કરવાની ઇચ્છાથી અહીં આવ્યો હતો ત્યારે તને કુશળપ્રશ્ન પૂછતા હતા.[૩૦] હે શત્રુદમન! આજે તું મને પૂર્વની પેઠે સંગ્રામનો વૃત્તાંત કહે. હું આવી રીતે વિલાપ કરી રહી છું, છતાં આજે તું મારી સામે બોલતો કેમ નથી?" એ પ્રમાણે જ્યારે સુભદ્રા વિલાપ કરતી હતી, ત્યારે તે સાંભળીને દુઃખથી વ્યાકુળ થયેલાં કુંતાએ ધીમે ધીમે આવું વાક્ય કહ્યું હતુંઃ–[૩૧,૩૨] "હે સુભદ્રા! બાળક અભિમન્યુ કે જેને શ્રીકૃષ્ણે, સાત્યકિએ તથા તેના પિતા અર્જુને લાડ લડાવ્યાં હતાં, તે કાળધર્મને લીધે રણમાં મરણ પામ્યો છે.[૩૩] હે યદુપુત્રિ! મનુષ્યનો ધર્મ આવોજ હોય છે, માટે તું શોક કર મા. ખરેખર, તારો અજિત પુત્ર પરમગતિને પામ્યો છે.[૩૪] હે કમળની પાંખડીસમાન નેત્રવાળી! તું મહાત્મા ક્ષત્રિયોના મહાન કુળમાં ઉત્પન્ન થયેલી છે, માટે તે ચપળ નેત્રવાળા અભિમન્યુનો તું શોક કર મા.[૩૫] હે કલ્યાણિ! તું હવે શોક કર મા; પણ આ ગર્ભિણી ઉત્તરા તરફ લક્ષ્ય આપ. તે પવિત્ર ભાવવાળી ઉત્તરા અભિમન્યુના પુત્રને જન્મ આપશે."[૩૬] હે યદુકુળધુરંધર પિતા! કુંતાએ સુભદ્રાને એ પ્રમાણે આશ્વાસન આપીને તેમજ અસહ્ય શોકનો ત્યાગ કરીને અભિમન્યુનું શ્રાદ્ધકર્મ કર્યું હતું;[૩૭] અને રાજા યુધિષ્ઠિરને, ભીમને તથા યમરાજતુલ્ય નકુળને અને સહદેવને જણાવીને અનેક પ્રકારનાં દાનો આપ્યાં હતાં.[૩૮] તે પછી હે યદુવંશી પિતા! બ્રાહ્મણોને અનેક ગાયોનું દાન કરીને કુંતી હર્ષમાં આવી ગઇ અને ઉત્તરાને આ પ્રમાણે કહેવા લાગીઃ–[૩૯] "હે નિર્દોષ વિરાટપુત્રિ! તારા સ્વામીને ઉદ્દેશી હવે તારે સંતાપ કરવોજ નહિ. હે સુંદર નિતંબવાળી ઉત્તરા! હવે તારે ગર્ભમાં રહેલા બાળકનુંજ અવશ્ય રક્ષણ કરવું."[૪૦] હે મહાતેજસ્વી પિતા! એ રીતે કહીને કુંતા બોલતાં બંધ થયાં એટલે હું તેમની સંમતિ લઇને આ સુભદ્રાને અહીં લાવ્યો છું.[૪૧] હે માન આપનારા અજિત પિતા! તમારી પુત્રીનો પુત્ર અભિમન્યુ એ પ્રમાણે યુદ્ધમાં મરણ પામ્યો છે, માટે તમે સંતાપનો ત્યાગ કરો અને શોકમાંથી મનને દૂર કરો."[૪૨]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"વસુદેવસાંત્વન" એ વિષયનો
અધ્યાય ૬૧ મો સમાપ્ત

* * *

અધ્યાય ૬૨ મો

અશ્વમેધમાટે તૈયારી

॥ वैशंपायन उवाच ॥

एतच्छ्रुत्वा तु पुत्रस्य वचः शूरात्मजस्तदा ।
विहाय शोकं धर्मात्मा ददौ श्राद्धमनुत्तमम् ॥

વૈશંપાયને કહ્યુંઃ-પોતાના પુત્ર શ્રીકૃષ્ણનું એ વચન સાંભળ્યા પછી શૂરસેનના પુત્ર ધર્માત્મા વસુદેવે શોકનો ત્યાગ કર્યો અને (અભિમન્યુને ઉદ્દેશી)સર્વોત્તમ શ્રાદ્ધ અર્પણ કર્યું; તેમજ શ્રીકૃષ્ણે પણ પોતાના પિતાને પ્રિય એવા પોતાના મહાત્મા ભાણેજની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી. તેમણે સાઠ લાખ મહાતેજસ્વી બ્રાહ્મણોને સર્વગુણસંપન્ન ભોજનવિધિ પ્રમાણે જમાડયા.[૩] ઉપરાંત મહાબાહુ કૃષ્ણે ધનના સમુદાયોથી ઢાંકી દઇને બ્રાહ્મણોની ધનતૃષ્ણા દૂર કરી હતી, તે ખરેખર રોમાંચજનક કર્મ હતું.[૪] તે સમયે સુવર્ણ, ગાયો, શયનો તથા વસ્ત્રોનું જ્યારે દાન અપાતું હતું, ત્યારે બ્રાહ્મણો 'वर्धताम् वर्धताम्'એમ કહીને આશીર્વાદો આપતા હતા.[૫] પછી યાદવવંશી શ્રીકૃષ્ણે, બળદેવે, સાત્યકિએ તથા સત્યકે પણ તે સમયે અભિમન્યુનું શ્રાદ્ધકર્મ કર્યું હતું.[૬]

બીજી તરફ વીર પાંડવો પણ હસ્તિનાપુર નગરમાં અભિમન્યુના વિયોગી થઇને દુઃખને લીધે અત્યંત સંતાપ કરતા હતા અને શાંતિ મેળવી શક્યા ન હતા. હે રાજેન્દ્ર! વિરાટરાજાની પુત્રી ઉત્તરાએ તો દુઃખથી વિહ્વળ થઇને ઘણા દિવસોસુધી ભોજન પણ કર્યું ન હતું, તે અત્યંત કરુણાજનક થઇ પડયું હતું. ઉત્તરાના ઉદરમાં રહેલો ગર્ભ (ભોજન આદિના અભાવને લીધે) તેના ઉદરમાંજ નાશ પામવાની અણીપર આવી પહોંચ્યો, પણ તેવામાં મહાતેજસ્વી બુદ્ધિમાન વ્યાસે પોતાની દિવ્ય દૃષ્ટિથી તે વાત જાણી લીધી; જેથી પોતે ત્યાં આવીને વિશાળ નેત્રવાળી કુંતાને તથા ઉત્તરાને આ પ્રમાણે કહ્યું:-"હે યશસ્વિનિ ઉત્તરા! તું શોકનો ત્યાગ કર. તારો પુત્ર મહાતેજસ્વી થશે.[૭-૧૧] શ્રીકૃષ્ણના પ્રભાવથી તથા મારા વચનથી તારો આ પુત્ર પાંડવોની પછી પૃથ્વીનું પાલન કરશે."[૧૨] પછી હે ભારત! વ્યાસે અર્જુનસામે જોઇને તેને જાણે હર્ષ ઉપજાવતા હોય તેમ ધર્મરાજાના સાંભળતાં આવું વચન કહ્યું:-"તારો પૌત્ર મહાભાગ્યશાળી તથા ઉદાર મનનો થશે. તે સમુદ્રસુધીની પૃથ્વીનું ધર્માનુસાર રક્ષણ કરશે,[૧૩,૧૪] માટે હે કુરુશ્રેષ્ઠ! તું શોકનો ત્યાગ કર. હે શત્રુહંતા અર્જુન! હું કહું છું તેમાં તારે કંઇ વિચાર કરવા જેવું છેજ નહિ. મારૂં વચન અવશ્ય સત્ય થશે. હે કુરુનંદન! યાદવવીર શ્રીકૃષ્ણે પણ પૂર્વે જે કંઇ કહ્યું છે, તે તે પ્રમાણેજ થશે, એમાં તારે કંઇ વિચાર કરવો નહિ.[૧૬] વીર અભિમન્યુ પોતે જીતેલા દેવોના અક્ષયલોકમાં ગયો છે; માટે તેનો તારે કે બીજા કોઇ કુરુઓએ શોક કરવો યોગ્ય નથી."[૧૭] પિતામહ વ્યાસે એ પ્રમાણે કહ્યું, એટલે ધર્માત્મા અર્જુને શોકનો ત્યાગ કર્યો અને તે હર્ષમાં આવી ગયો.[૧૮] હે મહાબુદ્ધિમાન ધર્મજ્ઞ જનમેજય! તારો પિતા (પરીક્ષિત) પણ ઉત્તરાના ગર્ભમાં રહીને, શુક્લપક્ષમાં જેમ ચંદ્ર વૃદ્ધિ પામે તેમ યથેષ્ટરીતે વૃદ્ધિ પામવા લાગ્યો.[૧૯] પછી વ્યાસે ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજાને અશ્વમેધ કરવાની પ્રેરણા કરી અને ત્યાંથી તેઓ અંતર્ધાન થઇ ગયા.[૨૦] બુદ્ધિમાન ધર્મરાજાએ પણ વ્યાસનાં તે વચન સાંભળ્યા પછી અશ્વમેધમાટે દ્રવ્ય લાવવા સારૂ જવાનો મનમાં વિચાર કર્યો.[૨૧]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
'વસુદેવસાંત્વન' એ વિષયનો
અધ્યાય ૬૨ મો સમાપ્ત

અધ્યાય ૬૩ મો

પાંડવોનું અશ્વમેધના દ્રવ્યમાટે પ્રયાણ

॥ जनमेजय उवाच ॥

श्रुत्वैतद्वचनं ब्रह्मन् व्यासेनोक्तं महात्मना ।
अश्वमेधं प्रति तदा किं भूयः प्रचकार ह ॥१

જનમેજયે પૂછ્યું:– હે બ્રહ્મન્ ! મહાત્મા વ્યાસે કહેલું વચન સાંભળ્યા પછી યુધિષ્ઠિરે અશ્વમેધમાટે તે સમયે શું કર્યું હતું ? હે ઉત્તમ બ્રાહ્મણ ! મરુત્તરાજાએ પૃથ્વીમાં જે રત્ન રાખી મૂકયાં હતાં,તેને યુધિષ્ઠિરે કેવી રીતે મેળવ્યાં ? તે મને કહો.[૧,૨]

વૈશંપાયને કહ્યું:–વ્યાસનું એ વચન સાંભળ્યા પછી ધર્મરાજા યુધિષ્ઠિરે યોગ્ય સમયે અર્જુન, ભીમસેન, નકુળ તથા સહદેવ–એ સર્વ ભાઇઓને પોતાની સમીપમાં બોલાવીને આ પ્રમાણે કહ્યું:–" હે વીરો ! બુદ્ધિમાન મહાત્મા વ્યાસ કે જે મહાન તપોવૃદ્ધ છે, કુરુવંશીઓનું હિત ઇચ્છનારા છે,સુહૃદોનો અભ્યુદય ઇચ્છનારા છે, સર્વના ગુરુ છે, ધર્મશીલ છે અને અદ્‌ભુત કર્મ કરનારા છે, તેમણે જે વચન કહ્યું છે તે તો તમે સાંભળ્યુંજ છે.વળી હે પાંડવો ! ભીષ્મપિતામહે તથા મહાજ્ઞાની બુદ્ધિમાન શ્રીકૃષ્ણે જે કરવામાટે સલાહ આપી છે, તેને સંભારીને તે પ્રમાણે કરવાને હું ઇચ્છું છું; કેમકે તે વર્તમાનકાળમાં તથા ભવિષ્યકાળમાં આપણને સર્વને હિતકારી છે.[૩–૭] વ્યાસ જેવા બ્રહ્મવાદી પુરુષે જે કહ્યું હોય તે પરિણામમાં કલ્યાણકારીજ હોય એ દેખીતું છે. હે કુરુવંશી રાજાઓ ! હાલમાં આ સમગ્ર પૃથ્વીમાંથી રત્નોનો લગભગ ક્ષય થઈ ગયો છે, એ હેતુથીજ વ્યાસે મરુત્તરાજાનું તે ધન આપણને બતાવ્યું છે, માટે એને લાવવા માટે તમારો જો બહુમત હોય અને તે કાર્યને તમે યોગ્ય માનતા હો તો વ્યાસે કહ્યું છે તે પ્રમાણે આપણે ધન લાવીએ કે કેમ? હે ભીમસેન! આ વિષયમાં તું શું માને છે ? "

હે કુરુકુળધુરંધર જનમેજય ! ધર્મરાજાએ જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે ભીમસેન, બે હાથ જોડીને તે મહારાજાને કહેવા લાગ્યો:–"હે મહાબાહુ ! તમે વ્યાસે કહેલા ધનને લાવવાના સંબંધમાં જે કહ્યું તે મને રુચે છે. હે પ્રભો ! હે મહારાજા ! મરુત્તના તે ધનને જો આપણે મેળવીએ તો આપણું કાર્ય થયુંજ છે, એમ હું માનું છું. આપણે મહાત્મા શંકરને પ્રણામ કરીને તથા તેમનું પૂજન કરીને તે ધન લાવીએ. તમારૂં કલ્યાણ થાઓ. આપણે દેવેશ ભગવાન શંકરને તથા તેમના અનુચરોને વાણી, બુદ્ધિ તથા કર્મથી પ્રસન્ન કરીને જરૂર તે ધનને મેળવીશું. જે સમયે વૃષભધ્વજ શંકર આપણાપર પ્રસન્ન થશે,તેજ સમયે જેઓ તે દ્રવ્યનું રક્ષણ કરે છે તે ભયંકર દેખાવના ગંધર્વો પણ આપણને વશ થશે." હે ભરતવંશી જનમેજય! ભીમસેન એ પ્રમાણે કહેતો હતો,ત્યારે તેનાં વચનો સાંભળીને ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા અત્યંત પ્રસન્ન થયા અને અર્જુન વગેરેએ પણ " હા, તેમજ કરીશું " એમ કહીને તેમાં અનુમોદન આપ્યું.[૮–૧૭] તે પછી સર્વે પાંડવોએ રત્નો લાવવાનો નિશ્ચય કરીને ઉત્તમ નક્ષત્ર તથા શુભ દિવસે સેનાને આજ્ઞા કરી;[૧૮] અને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને તેમજ દેવોમાં શ્રેષ્ઠ શ્રીમહેશ્વરનું પ્રથમજ પૂજન કરીને તેઓ ત્યાંથી નીકળ્યા.[૧૯] તે સમયે તેઓએ લાડુ, દૂધપાક, માંસ તથા માલપુડાનું મહાત્મા શંકરને બલિદાન આપ્યું હતું અને પછી અત્યંત હર્ષપૂર્વક પ્રયાણ કર્યું હતું.[૨૦] એ રીતે તેઓએ જ્યારે પ્રયાણ કર્યું, ત્યારે પ્રસન્ન મનવાળા શ્રેષ્ઠ બ્રાહ્મણોએ તથા નગરના લોકોએ પવિત્ર મંગળ કૃત્યો કર્યાં.[૨૧] પછી તે પાંડવો પણ અગ્નિહોત્રવાળા તે બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરીને તથા મસ્તકવડે પ્રણામ કરીને ત્યાંથી આગળ ચાલ્યા. નગરના લોકોએ તથા વિદ્વાન બ્રાહ્મણોએ જેઓને માન આપ્યું હતું એવા તે પાંડવોએ, તે વેળા પુત્રોના શોકથી ઘેરાઇ ગયેલા રાજા ધૃતરાષ્ટ્રની,ગાંધારીની તથા વિશાળનેત્રવાળાં કુંતાની આજ્ઞા લીધી હતી અને ધૃતરાષ્ટ્રના પુત્ર કુરુવંશી યુયુત્સુને પોતાની સમીપમાં રાખ્યો હતો.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" દ્રવ્ય લાવવામાટે પાંડવોનો આરંભ "
એ વિષયનો અધ્યાય ૬૩ મો સમાપ્ત

અધ્યાય ૬૪ મો

પાંડવો હિમાલયમાં

॥ वैशंपायन उवाच ॥

ततस्ते प्रययुर्हृष्टाः प्रहृष्टनरवाहनाः
रथघोषेण महता पूरयंतो वसुंधराम् ॥ १ ॥

વૈશંપાયને કહ્યું:–તે પછી અત્યંત આનંદ પામેલા સૈનિકો તથા વાહનોવાળા તે પાંડવો, રથોની મોટી ગર્જનાઓથી પૃથ્વીને ગજાવી મૂકતા હર્ષભેર આગળ વધવા લાગ્યા.[૧] તેઓ સૂત, માગધ તથા બંદીઓની સ્તુતિઓવડે સ્તવાતા હતા;અને સૂર્યો જેમ પોતાનાં કિરણોથી વિંટાયેલા હોય,તેમ પોતાના સૈન્યથી વિંટાયેલા હતા. તે સમયે યુધિષ્ઠિરના મસ્તકપર શ્વેત છત્ર ધારણ કરવામાં આવ્યું હતું, તેથી પૂર્ણિમાના ચંદ્રની પેઠે તે શોભતા હતા.[૩] માર્ગમાં મહાપુરુષ યુધિષ્ઠિર અત્યંત હર્ષ પામેલા મનુષ્યોના વિજયસૂચક આશીર્વાદોને યથાયોગ્યરીતે ગ્રહણ કરતા હતા;[૪] તેમજ હે રાજા! સૈનિકો પણ તેમની પાછળ પાછળ જઇ રહ્યા હતા. તેઓનો કોલાહલ આકાશને સ્તબ્ધ કરી દઇને સર્વત્ર વ્યાપી રહ્યો હતો.[૫] મહારાજા યુધિષ્ઠિરે માર્ગમાં અનેક તળાવો, નદીઓ, વનો તથા ઉપવનોનું ઉલ્લંઘન કરવા માંડયું અને છેવટે તેઓ હિલામય પાસે જઇ પહોંચ્યા.[૬] હે રાજેન્દ્ર! ત્યાં જે પ્રદેશ ઉપર તે ઉત્તમ દ્રવ્ય આવેલું હતું,ત્યાં પાંડવ યુધિષ્ઠિરે પોતાના સૈનિકોની સાથે પડાવ નાખ્યો.[૭] હે ભરતશ્રેષ્ઠ! પોતાની આગળના ભાગમાં તપ, વિદ્યા તથા દમસંપન્ન બ્રાહ્મણોને ઉતારો આપીને અને વેદ–વેદાંગમાં પારંગત થયેલા પુરોહિત ધૌમ્યને પણ આગળ રાખીને રાજાએ પડાવ નાખ્યો;એટલે બીજા સર્વ રાજાઓ તથા પુરોહિતસહિત બ્રાહ્મણો, યથાયોગ્યરીતે શાંતિ કરીને યુધિષ્ઠિરને ચોતરફથી વિંટાઇ વળ્યા. આ રીતે તે બ્રાહ્મણોએ રાજા યુધિષ્ઠિરને તથા તેમના અમાત્યોને સૌથી વચ્ચે રાખીને છ રાજમાર્ગોવાળો તથા નવ ખંડોવાળો તે પડાવ કરાવ્યો હતો;તેમજ મદમત્ત મોટા મોટા હાથીઓનો પણ વિધિ પ્રમાણે પડાવ નખાવ્યો હતો.રાજેંદ્ર યુધિષ્ઠિરે, એ રીતે સર્વ વ્યવસ્થા કરાવ્યા પછી સર્વ બ્રાહ્મણોપ્રત્યે કહ્યું કે:–“ હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! આપણા આ કાર્યમાં શુભ નક્ષત્રે તથા શુભ દિવસે તમે જે પ્રમાણે માનતા હો તે પ્રમાણે કરવાને યોગ્ય છો. હે બ્રાહ્મણો! આપણે અહીં રહીને જે રીતે સમય ગુમાવવો પડે નહિ, તે પ્રમાણે નિશ્ચય કરીને હવે પછી જે કરવાનું હોય તે તમે કરો.” રાજાનું એ વચન સાંભળીને પુરોહિતસહિત સર્વ બ્રાહ્મણો પ્રસન્ન થયા. તેઓએ ધર્મરાજાનું પ્રિય કરવાની ઇચ્છાથી આવું વચન કહ્યું:–[૮–૧૩] “ હે રાજન્! આજેજ શુભ નક્ષત્ર છે તથા આજનો દિવસ પણ પવિત્ર છે, માટે આપણે અત્યંત શ્રેષ્ઠ ક્રિયાઓ કરવામાં પ્રયત્ન કરીએ. આજે અમે માત્ર જળપાન કરીનેજ અહીં રહીશું અને તમે પણ આજે ઉપવાસ કરો.”[૧૪] તે બ્રાહ્મણોનું એ વચન સાંભળીને યુધિષ્ઠિર આદિ સર્વ રાજાઓએ તે દિવસે ઉપવાસ કર્યો અને રાત્રે યજ્ઞમાં પ્રજ્વલિત થયેલા અગ્નિઓની પેઠે દર્ભશય્યાપર શયન કર્યું.[૧૫] એ રીતે બ્રાહ્મણોની વાણીનું શ્રવણ કરતાં કરતાં તે મહાત્માઓની એ રાત્રિ વીતી ગઇ; અને પછી નિર્મળ પ્રભાત થયું એટલે શ્રેષ્ઠ બ્રાહ્મણોએ ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાને આવું વચન કહ્યું.[૧૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“દ્રવ્ય લાવવામાટે પાંડવોનો આરંભ” એ
વિષયનો અધ્યાય ૬૪ મો સમાપ્ત

* * *

અધ્યાય ૬૫ મો

પુનઃ હસ્તિનાપુરમાં દ્રવ્યસહિત પાંડવો

॥ ब्राह्मणा ऊचुः ॥

क्रियतामुपहारोऽद्य त्र्यंबकस्य महात्मनः ।
दत्वोपहारं नृपते ततः स्वार्थं यतामहे ॥ १ ॥

બ્રાહ્મણોએ કહ્યું:–“હે રાજા! આજે મહાત્મા શંકરને બલિદાન આપો, એટલે બલિદાન આપ્યા પછી આપણે આપણા કાર્યને માટે યત્ન કરીએ.”[૧] તે બ્રાહ્મણોનું એ વચન સાંભળ્યા પછી યુધિષ્ઠિરે યથાયોગ્યરીતે શંકરના બલિ-

દાનની સર્વ સામગ્રી આણી મંગાવી.[૨] પુરોહિત ધૌમ્યે, વિધિપૂર્વક સંસ્કારી કરેલા ઘીવડે અગ્નિને તૃપ્ત કરીને મંત્રસિદ્ધ ચરુ તૈયાર કર્યો અને પછી તે બલિદાન આપવામાટે ગયા.[૩] હે રાજા! વેદમાં પારંગત થયેલા તે પુરોહિતે મંત્રોથી પવિત્ર કરેલાં પુષ્પો લઇને લાડુ, દૂધપાક તથા માંસોનાં શંકરને બલિદાન આપ્યાં અને ભાત ભાતનાં પુષ્પોથી તથા ઉત્તમ–મધ્યમ ડાંગરથી સારી રીતે વિધિપૂર્વક અત્યંત ઇષ્ટ કર્યું. તે પછી શંકરના અનુચરોને, યક્ષરાજ કુબેરને, મણિભદ્રને, બીજા યક્ષોને અને ભૂતપતિઓને પણ પુરોહિત ધૌમ્યે ખીચડી, માંસ તથા ઘડે ઘડા ભાત તૈયાર કરીને તલયુક્ત બલિદાનો અર્પણ કર્યાં; અને રાજા યુધિષ્ઠિરે પણ બ્રાહ્મણોને હજારો ગાયોનાં દાન આપીને રાત્રિવિહારી ભૂતોને ચંદન, પુષ્પ તથા ધૂપની સાથે બલિદાન અર્પણ કર્યું.[૬,૭] હે રાજા! તે સમયે દેવના દેવ રુદ્રનું તે સ્થાન અત્યંત શોભવા લાગ્યું. તે પછી રાજા યુધિષ્ઠિર, રુદ્રના સર્વ ગણોની પૂજા કરીને તથા વ્યાસને આગળ કરીને રત્નોના ખજાના તરફ ગયા. ત્યાં ધનના અધિપતિ કુબેરની પૂજા કરીને તેમજ તેમને પ્રણામ તથા વંદન કરીને વિચિત્ર પુષ્પો, માલપુડા તથા ખીચડીનાં બલિદાન અર્પણ કર્યા પછી શંખ વગેરે નવ નિધિઓનું તથા સર્વ લોકપાલોનું પણ રાજાએ પૂજન કર્યું. આ પછી કુરુઓમાં શ્રેષ્ઠ વીર્યવાન રાજા યુધિષ્ઠિરે શ્રેષ્ઠ બ્રાહ્મણોનો પણ પૂજાસત્કાર કરીને તેઓની પાસે સ્વસ્તિવાચન કરાવ્યું અને તેઓના પુણ્યાહવાચનના ધ્વનિરૂપ તેજથી યુક્ત થઇને પ્રસન્નતાપૂર્વક તે ધનને ખોદાવવા માંડયું. તેમાંથી રાજા યુધિષ્ઠિરે નાના નાના ઘડાઓસહિત અનેક મોટાં પાત્રો, ઝારીઓ, મોટા મોટા તાવડાઓ, કળશો, સરાવડાંઓ તથા બીજાં હજારો વિચિત્ર વાસણો બહાર કઢાવ્યાં. તે સર્વ પાત્રોનું રક્ષણ કરવામાટે મોટા કરપુટો (ઢાંકણો તથા પટારાઓ) પણ હતા. હે રાજન્! કાવડોથી ભરાવી લઇ તે સર્વ પાત્રો ઉંટ વગેરે વાહનોપર બાંધી દઇ હસ્તિનાપુર લઈ જવામાં આવ્યાં હતાં. હે રાજા! ત્યાં પાંડુપુત્ર યુધિષ્ઠિરનાં વાહનોની સંખ્યા આ પ્રમાણે હતીઃ–છાસઠ હજાર ઉંટો, તેથી બેગણા ઘોડાઓ, એકલાખ હાથીઓ, તેટલાંજ ગાડાં, તેટલાજ રથો, તેટલીજ હાથણીઓ અને ગધેડાં હતાં તથા પુરુષોની તો સંખ્યાજ ન હતી.[૧૭-૧૯] યુધિષ્ઠિરે સોળ, આઠ અને ચોવીસ હજાર ભાર ધન ત્યાંથી બહાર કઢાવ્યું; અને તે સર્વ ઉપર કહેલાં વાહનોપર લઇને તથા પુનઃ મહાદેવનું પૂજન કરીને હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું.[૨૦,૨૧] મહાપુરુષ યુધિષ્ઠિર વ્યાસની આજ્ઞા પ્રમાણે પોતાના પુરોહિતને આગળ કરી પ્રત્યેક બબ્બે કોશને અંતરે સેનાનો પડાવ નાખ્યે જતા હતા.[૨૨] એ પ્રમાણે હે રાજન્! ધનના ભારથી વ્યાકુળ થયેલી અને કુરુવંશીઓને હર્ષ પમાડતી તે મહાન સેના હસ્તિનાપુરતરફ જઈ રહી હતી.[૨૩]

ઈતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"યુધિષ્ઠિરે દ્રવ્ય લાવવું" એ વિષયનો
અધ્યાય ૬૫ મો સમાપ્ત

અધ્યાય ૬૬ મો

મરણદશામાં જન્મેલો પરિક્ષિત

॥ वैशंपायन उवाच ॥

एतस्मिन्नेवकाले तु वासुदेवोऽपि वीर्यवान् ।
उपायाद् वृष्णिभिः सार्धं पुरं वारणसाह्वयम्॥

વૈશંપાયને કહ્યું:–એજ સમયે વીર્યવાન મહાપુરુષ શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરના અશ્વમેધનો સમય જાણીને યાદવોની સાથે હસ્તિનાપુરમાં જઇ પહોંચ્યા; કેમકે જે સમયે તે પોતાની દ્વારકાનગરી તરફ ગયા હતા, તે સમયે ધર્મપુત્ર યુધિષ્ઠિરે (અશ્વમેધમાં આવવામાટે) તેમને આમંત્રણ આપ્યું હતું. વળી પ્રદ્યુમ્ન, સાત્યકિ, ચારુદેષ્ણ, સાંબ, કૃતવર્મા, વીર સારણ, નિશઠ, ઉલ્મુક અને સુભદ્રાની સાથે બળદેવને આગળ કરી શ્રીકૃષ્ણ તે સમયે દ્રૌપદીને, ઉત્તરાને તથા કુંતાને મળવામાટે તથા જેઓના પતિઓ રણમાં મરણ પામ્યા હતા તે બીજી ક્ષત્રિયાણીઓને આશ્વાસન આપવામાટે પણ હસ્તિનાપુરમાં ગયા.[૧-૫] તેઓને આવેલા જોઇ રાજા

ધૃતરાષ્ટ્ર તથા મોટા મનવાળા વિદુર, યથાયોગ્ય રીતે તેમની સામા જઇ નગરમાં લઇ આવ્યા.[૬] એટલે મહાતેજસ્વી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, સારી રીતે પૂજાસત્કાર પામીને વિદુર તથા યુયુત્સુની સાથે ત્યાંજ રહ્યા.[૭] હે જનમેજય રાજા! એ રીતે યાદવવીરો ત્યાં રહ્યા, તેજ સમયે શત્રુવીરોનો સંહાર કરનારો તારો પિતા પરિક્ષિત જન્મ્યો;[૮] પણ હે મહારાજા! તે પરિક્ષિત રાજા (માતાના ઉદરમાંજ) અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પીડાયો હતો, જેથી તે જન્મ્યો ત્યારે મુડદાની અવસ્થામાં નિશ્ચેષ્ટ હતો, તેથી સર્વના હર્ષમાં તથા શોકમાં વૃદ્ધિ કરનારો થઇ પડયો.[૯] તેના જન્મસમયે હર્ષ પામેલા મનુષ્યોના સિંહનાદના શબ્દે સર્વ દિશાઓને ભરી દીધી હતી; પરંતુ પુનઃ (તેને મરણદશામાં જન્મેલો જોતાંજ) તે શબ્દ છેક શાંત થઈ ગયો.[૧૦] તે પછી શ્રીકૃષ્ણ સર્વ ઇંદ્રિયો સાથે મનમાં વ્યાકુળ થઈને સાત્યકિને સાથે લઇ ઉતાવળા ઉતાવળા અંતઃપુરમાં દાખલ થયા;[૧૧] તેવામાં "દોડો, દોડો" એ પ્રમાણે વારંવાર પોતાને પોકારતાં કુંતાને એકદમ પોતાની સામે દોડી આવતાં તેમણે જોયાં; તેમજ હે રાજા! તેમની પાછળ દ્રૌપદી, યશસ્વિની સુભદ્રા અને દયાજનક વિલાપ કરતી બીજી સંબંધીઓની સ્ત્રીઓને પણ તેમણે જોઇ. તે પછી હે રાજસિંહ! ભોજપુત્રી કુંતા, શ્રીકૃષ્ણની પાસે આવીને અશ્રુથી ગળગળી વાણીથી તેમને કહેવા લાગ્યાં કેઃ—"હે મહાબાહુ કૃષ્ણ! તમારે લીધે દેવકી ઉત્તમ પ્રજાવાળી છે. તમે અમારા ગતિ અને આધારરૂપ છો; એટલુંજ નહિ પરંતુ આ કુળ તમારે આધીન છે.[૧૪,૧૫] હે યદુવીર! હે મહાસમર્થ કેશવ! તમારા ભાણેજનો પુત્ર અશ્વત્થામાને હાથે મરણ પામીને જન્મ્યો છે, માટે તમે તેને જીવાડો.[૧૬] હે યદુનંદન! હે પ્રભુ! અશ્વત્થામાએ જ્યારે ઐષીક અસ્ત્ર મૂક્યું હતું, ત્યારે તમે પ્રતિજ્ઞા કરી હતી કે, હું મૃત્યુદશામાં જન્મેલા મારા ભાણેજના પુત્રને જીવાડીશ.[૧૭] હે મહાપુરુષ! હે તાત! જુઓ, તે આ મરણદશામાંજ જન્મ્યો છે, માટે હે દુર્જય માધવ! (તેને જીવાડીને) ઉત્તરા, સુભદ્રા, દ્રૌપદી, હું, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ તથા સહદેવ–આ અમો સર્વનું રક્ષણ કરવાને તમે યોગ્ય છો.[૧૮,૧૯] હે દાશાર્હવંશી! મારા તથા પાંડવોના પ્રાણ આ ઉપરજ ટકી રહ્યા છે. વળી મારા સસરા તથા પાંડુરાજાનો આ એક પિંડ છે–તેઓને પિંડદાન કરનારો આ એકજ છે.[૨૦] હે જનાર્દન! તમારૂં કલ્યાણ થાઓ.તમને પ્રિય તથા જે તમારા સમાન હતો એવા મરણ પામેલા અભિમન્યુનું તમે પ્રિય કરો.[૨૧] હે શત્રુહંતા કૃષ્ણ! ઉત્તરા, પૂર્વે કહેલાં અભિમન્યુનાં વચનોને કહ્યા કરે છે,તે પણ તમને તે પ્રિય હતો તેથીજ એમાં કંઈ સંશય નથી.[૨૨] હે દાશાર્હવંશી! તે સમયે અભિમન્યુએ ઉત્તરાને કહ્યું હતું કેઃ–"હે ભદ્રે! તારો પુત્ર મારા મામાના કુળમાં જશે, યાદવો તથા અંધકોના કુળમાં જઇને તે ધનુર્વેદને તથા અદ્ભુત અસ્ત્રોને ગ્રહણ કરશે અને સમસ્ત નીતિશાસ્ત્ર પણ શીખશે."[૨૩,૨૪] હે તાત! એ પ્રમાણે શત્રુવીરોનો સંહાર કરનારા દુર્જય અભિમન્યુએ સ્નેહથી કહ્યું હતું અને તે તેમજ છે, એમાં કંઈ સંશય નથી.[૨૫] હે મધુસૂદન! અમે તમને પ્રણામ કરીને પ્રાર્થના કરીએ છીએ કે, તમે આ કુળના હિતમાટે તેનું ઉત્તમ કલ્યાણ કરો."[૨૬]

વિશાળ નેત્રવાળાં કુંતા શ્રીકૃષ્ણને એ પ્રમાણે કહી, દુઃખથી વિહ્વળ થઈ, બે બાહુઓ ઉંચા કરીને પૃથ્વીપર પછડાઇ પડયાં અને બીજી સર્વ સ્ત્રીઓ પણ તે પ્રમાણે પૃથ્વીપર પડી ગઇ.[૨૭] હે મહારાજા! અશ્રુઓથી ભીંજાઇ ગયેલાં નેત્રોવાળી તે સર્વ સ્ત્રીઓ એ સમયે કહેતી હતી કે, શ્રીકૃષ્ણના ભાણેજનો પુત્ર મરણ પામેલો જન્મ્યો છે.[૨૮] તેઓએ એમ કહ્યું તે પછી શ્રીકૃષ્ણે, પૃથ્વીપર પડેલાં કુંતાને ઉભાં કર્યાં અને હે ભારત! તેમને શાંત પાડવા માંડ્યાં.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"પરિક્ષિતજન્મકથન" એ વિષયનો
અધ્યાય ૬૬ મો સમાપ્ત

અધ્યાય ૬૭ મો

પરિક્ષિતમાટે સુભદ્રાની પ્રાર્થના

॥ वैशंपायन उवाच ॥

उत्थितायां पृथायां तु सुभद्रा भ्रातरं तदा ।
दृष्ट्वा चुक्रोश दुःखार्ता वचनं चेदमब्रवीत् ॥१॥

વૈશંપાયને કહ્યું:-કુંતા ઉઠયાં એટલે દુઃખથી વ્યાકુળ થયેલી સુભદ્રાએ પોતાના ભાઈ શ્રીકૃષ્ણને જોઇને વિલાપ કરવા માંડયો અને આ પ્રમાણે કહ્યું:-[૧] " હે કમળસમાન નેત્રવાળા કૃષ્ણ ! કૌરવોનો ક્ષય થતાં આયુષ્યરહિત થઇને મરણ પામેલા બુદ્ધિમાન અર્જુનના આ પૌત્રને તમે જુઓ. દ્રોણના પુત્ર અશ્વત્થામાએ ભીમસેનને માટે જે ઈષીકાસ્ત્ર ઉગામ્યું હતું, તે ખરેખર, ઉત્તરા, અર્જુન તથા મારાપર પડયું છે.[૩] હે કેશવ ! તે ઇષીકાસ્ત્ર મારા ચીરાઇ જતા હૃદયમાં રહેલું છે; કેમકે હે દુર્જય પ્રભુ ! આ સમયે પુત્રની સાથે તે અભિમન્યુને હું જોતી નથી.[૪] અભિમન્યુના પુત્રને મરણદશામાં જન્મેલો સાંભળી ધર્માત્મા ધર્મરાજા યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવ શું કહેશે ? હે યાદવવંશી ! પાંડવોને દ્રોણાચાર્યના પુત્રે જાણે લૂંટી લીધા હોય, તેવુંજ આ બન્યું છે.[૫,૬] હે કૃષ્ણ! સર્વ પાંડવભાઇઓને અભિમન્યુ પ્રિય હતો, એમાં કંઈ સંશય નથી. તેઓ આ સાંભળીને અશ્વત્થામાના અસ્ત્રથી પરાજય પામી શું કહેશે ?[૭] હે જનાર્દન કૃષ્ણ ! અભિમન્યુનો પુત્ર મુવેલો જન્મ્યો, તેથી બીજું વધારે દુઃખ શું હોઇ શકે ?[૮] હે કૃષ્ણ ! હું તમને મસ્તકવડે પ્રણામ કરીને આજે પ્રસન્ન કરૂં છું કે, હે પુરુષોત્તમ ! તમે આ કુંતા, દ્રૌપદી તથા બીજી સ્ત્રીઓ સામે જુઓ.[૯] હે શત્રુદમન ! જે સમયે દ્રોણાચાર્યનો પુત્ર પાંડવોની સંતતિનો નાશ કરવા તૈયાર થયો હતો, ત્યારે તમે ક્રોધાયમાન થઇને તેને કહ્યું હતું કે:-" એ નરાધમ નીચ બ્રાહ્મણ ! હું તારી કામના નિષ્ફળ કરીશ. અર્જુનના પુત્રને હું જીવાડીશ. "[૧૧] આ તમારાં વચન સંભારીને હું તમારા બળને જાણતી હોવાથી તમને મારાપર પ્રસન્ન થવા કહું છું કે, હે દુર્જય કૃષ્ણ ! તમે અભિમન્યુના પુત્રને જીવાડો.[૧૨] હે યાદવસિંહ ! જો તમે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તમારા વચનને સત્ય નહિ કરો, તો તમે મને મરેલીજ માનજો.[૧૩] હે દુર્જય વીર ! તમે જીવો છો છતાં આ અભિમન્યુનો પુત્ર જો જીવતો નહિ થાય, તો તમારાથી મને શું લાભ ?[૧૪] માટે હે વીર ! વરસતો મેઘ જેમ ધાન્યને જીવાડે, તેમ તમે તમારા સરખાં નેત્રવાળા આ મરણ પામેલા અભિમન્યુના દુર્જય પુત્રને જીવાડો.[૧૫] હે કેશવ ! તમે ધર્માત્મા, સત્યવાદી અને સત્યપરાક્રમી છો, માટે હે શત્રુદમન ! તમે તે વાણીને સત્ય કરવાને યોગ્ય છો.[૧૬] તમે જો ઈચ્છો તો મરણ પામેલા આ ત્રણે લોકને પણ જીવાડી શકો છો, તોપછી મરણ પામેલા પોતાના ભાણેજના વહાલા પુત્રને જીવાડો એમાં શું આશ્ચર્ય ? [૧૭] હે કૃષ્ણ! હું તમારા પ્રભાવને જાણું છું અને તેથીજ તમારી પાસે હું યાચના કરૂં છું, માટે પાંડવોનાપર તમે આ ઉત્તમ અનુગ્રહ કરો.[૧૮] હે મહાબાહુ ! મને પોતાની બહેન અથવા મરણ પામેલા પુત્રવાળી અથવા શરણે આવેલી જાણીને તમે દયા કરવાંને યોગ્ય છો. "[૧૯]

ઈતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" સુભદ્રાનાં વાકય " એ વિષયનો
અધ્યાય ૬૭ મો સમાપ્ત

* * *

અધ્યાય ૬૮ મો

પુત્રમાટે ઉત્તરાનો વિલાપ

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तस्तु राजेन्द्र केशिहा दुःखमूर्च्छितः
तथेति व्याजहारोच्चैर्हलादयन्निव तं जनम् ॥

વૈશંપાયને કહ્યું:-હે રાજેન્દ્ર ! કેશિદૈત્યનો નાશ કરનારા શ્રીકૃષ્ણને જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે અત્યંત દુઃખી થયેલા તેમણે ત્યાં ઉભેલાં સર્વ મનુષ્યોને જાણે હર્ષ પમાડતા હોય તેમ " બહુ સારૂં, તેમ થશે " એમ ઉચ્ચ સ્વરે કહ્યું.[૧] જેમ ઘામ(ઉકળાટ)થી વિહ્વળ થયેલા મનુષ્યને જળસિંચનથી આનંદ ઉપજાવવા-

માં આવે,તેમ મહાપુરુષ કૃષ્ણે તે વાકયથી સર્વ મનુષ્યોને આનંદ ઉપજાવ્યો.[૨] તે પછી હે પુરુષવ્યાઘ્ર! તારા પિતાનો જેમાં જન્મ થયો હતો, તે ઘરમાં શ્રીકૃષ્ણે પ્રવેશ કર્યો. તે ઘરને શ્વેત પુષ્પોથી વિધિ પ્રમાણે પૂજેલું હતું, જળથી ભરેલા કળશો ત્યાં સર્વ દિશાઓમાં મૂકી દેવામાં આવ્યા હતા, ઘી છાંટેલા તિંદુક, કાષ્ઠના અંગારા, સરસવ, ચળકતાં અસ્ત્રો તથા અગ્નિઓ ચોબાજુ સ્થાપવામાં આવ્યા હતા, વૃદ્ધ છતાં સુંદર સ્ત્રીઓ કામકાજ કરવામાટે તે ઘરમાં વ્યાપ્ત હતી; ચતુર, ધીર અને કુશળ વૈદ્યો સર્વ તરફ ત્યાં હાજર હતા અને કુશળ મનુષ્યોએ રાક્ષસોનો નાશ કરે તેવાં કેટલાંએક દ્રવ્યો પણ ત્યાં ચોતરફ ગોઠવી દીધાં હતાં. આ સર્વ, તેજસ્વી શ્રીકૃષ્ણે તે ઘરમાં જોયું. તારા પિતાના જન્મગૃહને તે તે પદાર્થોથી યુક્ત જોઇને શ્રીકૃષ્ણ પ્રસન્ન થઇને “ વાહ, વાહ, ” એ પ્રમાણે બોલી ઉઠયા. યદુવંશી કૃષ્ણે પ્રસન્નમુખથી એ પ્રમાણે કહ્યું, ત્યારે દ્રૌપદી ઉતાવળી ઉતાવળી જઈને ઉત્તરાને આવું વાકય કહેવા લાગી:-“ હે ભદ્રે! તારા સસરા આ શ્રીકૃષ્ણ, કે જે પુરાણઋષિ અચિંત્ય સ્વરૂપવાળા તથા અજિત છે, તે અહીં તારી પાસે આવે છે. ” આથી દેવી ઉત્તરા પણ અશ્રુથી ગળગળી વાણી તથા તે અશ્રુઓને રોકી પોતાનાં લૂગડાં સમાં કરી શ્રીકૃષ્ણને શરણે ગઇ. બિચારી તે ઉત્તરા, શ્રીકૃષ્ણને પોતાની પાસે આવેલા જોઇ દુઃખી થતા હૃદયથી કરુણ વિલાપ કરવા લાગી:- “હે કમળસમાન નેત્રવાળા જનાર્દન! જુઓ, અમે બન્ને બાળકવિનાનાં થઇ પડયાં. ખરેખર, હું અને અભિમન્યુ સમાન રીતેજ મરણ પામેલાં છીએ.[૩-૧૨] હે મધુદૈત્યનો નાશ કરનારા વીર યદુવંશી! હું તમને મસ્તક નમાવી પ્રસન્ન કરૂં છું કે, અશ્વત્થામાના અસ્ત્રથી બળી ગયેલા મારા પુત્રને તમે જીવતો કરો.[૧૩] હે પ્રભુ! તે સમયે ધર્મરાજાએ, ભીમસેને અથવા તમે જો એ પ્રમાણેજ કહ્યું હોત કે, આ ઇષીકાસ્ત્ર ગર્ભને જન્મ આપનારી (ઉત્તરા)નોજ વધ કરો, તો હે કમળનેત્ર! હુંજ નાશ પામી ગઈ હોત અને તેથી (મારી) આવી દશા થાત નહિ.[૧૪,૧૫] ગર્ભમાં રહેલા આ બાળકને બ્રહ્માસ્ત્રથી મારી નાખીને દુષ્ટ બુદ્ધિવાળા આચાર્યપુત્રે ઘાતકી કામ કર્યું છે અને તેથી તેને શું ફળ મળવાનું છે?[૧૬] હે ગોવિંદ! શત્રુઓનો નાશ કરનારા તમને મસ્તક નમાવીને હું પ્રસન્ન કરૂં છું અને યાચના કરૂં છું. વળી જો આ પુત્ર જીવતો થશે નહિ, તો હું મારા પ્રાણોનો ત્યાગ કરીશ.[૧૭] હે સત્પુરુષ કેશવ! આ પુત્ર ઉપર મારા ઘણા ઘણા મનોરથો હતા,પણ તે સર્વનો આચાર્યપુત્રે નાશ કરી નાખ્યો છે, તો હવે હું શી રીતે જીવું?[૧૮] ઓ કૃષ્ણ! મારી આ ધારણા હતી કે, પુત્રને ખોળામાં લઇને હું હર્ષપૂર્વક શ્રીકૃષ્ણને વંદન કરીશ; પણ હાય! તે મારી ધારણા નિષ્ફળ થઈ છે.[૧૯] હે મહાપુરુષ કૃષ્ણ! ચપળ નેત્રવાળા અભિમન્યુનો આ પુત્ર મરણ પામ્યો છે,તેથી મારા હૃદયમાંના સર્વ મનોરથો નિષ્ફળ થયા છે.[૨૦] હે મધુસૂદન! ચપળ નેત્રવાળા અભિમન્યુ તમને અત્યંત પ્રિય હતા; પણ તમે જુઓ, તેમનો આ પુત્ર બ્રહ્માસ્ત્રથી માર્યો ગયો છે.[૨૧] ખરેખર, તેના પિતાની પેઠે આ પુત્ર પણ કૃતઘ્ની અને ક્રૂરજ છે; કેમકે તે પાંડવોની:રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને યમલોકમાં ચાલ્યો ગયો છે.[૨૨] હે કેશવ! અભિમન્યુ જ્યારે રણમાં હણાયા,ત્યારે મેં આવી પ્રતિજ્ઞા કરી હતી કે, હે વીર! હું તમારી પાસે થોડા સમયમાંજ આવીશ;[૨૩] પરંતુ હે કૃષ્ણ! જીવિતને પ્રિય માનનારી અને ઘાતકી મેં તે પ્રતિજ્ઞા પ્રમાણે કર્યું નથી.હવે હું ત્યાં જઇશ એટલે અભિમન્યુ મને શું કહેશે?”[૨૪]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ઉત્તરાનાં વાકય” એ વિષયનો
અધ્યાય ૬૮ મો સમાપ્ત

* * *

અધ્યાય ૬૯ મો

શ્રીકૃષ્ણે પરિક્ષિતને સજીવન કર્યો.

॥ वैशंपायन उवाच ॥

सैवं विलप्य करुणं सोन्मादेव तपस्विनी ।
उत्तरा न्यपतद् भूमौ कृपणा पुत्रगृद्धिनी ॥१॥

વૈશંપાયને કહ્યું:– પુત્ર ઉપર મમતાવાળી બિચારી દીન ઉત્તરા એ પ્રમાણે કરુણ વિલાપ કરીને જાણે ગાંડી થઈ ગઇ હોય તેમ પૃથ્વીપર પછડાઇ પડી;[૧] ત્યારે નાશ પામેલા પુત્રરૂપ પરિવારવાળી તે ઉત્તરાને પૃથ્વીપર પડી ગયેલી જોઇ કુંતી અને સર્વ ભરતવંશીઓની સ્ત્રીઓ દુઃખથી વિહ્વળ થઇને વિલાપ કરવા લાગી.[૨] હે રાજેન્દ્ર! તે સમયે એક મુહૂર્તભર શોકના આક્રંદોથી ગાજી રહેલું પાંડવોનું ઘર અદર્શનીય થઇ પડ્યું હતું.[૩] વળી હે વીર મહારાજા! વિરાટપુત્રી ઉત્તરા પુત્રના શોકથી તે વેળા એટલી બધી વિહ્વળ થઈ ગઇ હતી, કે જેથી એક મુહૂર્તસુધી તે મૂર્ચ્છાવશજ રહી.[૪] હે ભરતશ્રેષ્ઠ! પછી ભાનમાં આવીને ઉત્તરાએ પોતાના પુત્રને ખોળામાં લીધો અને તેને આવાં વચન કહેવા માંડયાં:–[૫] "તું ધર્મવેત્તાનો પુત્ર છે, છતાં ધર્મને સમજતો નથી; કેમકે હે પુત્ર! યાદવવીર આ કૃષ્ણને તું વંદન કરતો નથી. હે પુત્ર! તું તારા પિતાની પાસે જઈને મારૂં આ વચન તેમને કહેજે કે, "હે વીર! સમય ન આવ્યો હોય ત્યાંસુધી પ્રાણીઓને મરણ પામવું કઠિન થઇ પડે છે, જેથી હું તમારા જેવા .પતિવિનાની થઇ છું. આ સમયે નાશ પામેલા કલ્યાણવાળી તથા સર્વ પ્રકારે દરિદ્રી થઇને મારે અવશ્ય મરવુંજ જોઈએ, છતાં હું જીવી રહી છું![૭,૮] અથવા હે મહાબાહુ! ધર્મરાજાની આજ્ઞા લઇને હું વિષ ભક્ષણ કરીશ કે ઘોર અગ્નિમાં પ્રવેશ કરીશ.[૯] અથવા (મને તો લાગે છે કે,) મરવું તે કઠિનજ છે; કેમકે હું પતિ તથા પુત્રથી રહિત થઇ છું, છતાં મારા આ હૃદયના હજારો ટુકડા થઇ જતા નથી."[૧૦] હે પુત્ર! ઉઠ, આ તારાં દાદી (કુંતા), કે જે દુઃખી, વિહ્વળ, આપત્તિથી ઘેરાયેલાં, દીન તથા શોકસમુદ્રમાં ડૂબી ગયેલાં છે, તેમના તરફ તું દૃષ્ટિ કર;[૧૧] તેમજ પૂજ્ય આ દ્રૌપદી, તપસ્વિની સુભદ્રા તથા પારધિએ વિંધી નાખેલી મૃગલીની પેઠે દુઃખથી વ્યાકુળ થયેલી મારા તરફ પણ દૃષ્ટિ કર.[૧૨] ઓ પુત્ર! ઉઠ. લોકના નાથ, બુદ્ધિમાન અને ચપળ નેત્રવાળા અભિમન્યુને પ્રથમ જેવા હું જોતી હતી તેવા કમળસમાન નેત્રવાળા આ શ્રીકૃષ્ણનાં તું દર્શન કર."[૧૩]

એ રીતે વિલાપ કરીને પુનઃ પૃથ્વીપર પછડાઇ પડેલી તે ઉત્તરાને જોઇને સર્વ સ્ત્રીઓએ ફરીથી તેને ઉઠાડવા માંડી.[૧૪] તે સમયે ધૈર્યથી પાછી ઉઠીને વિરાટરાજાની પુત્રી ઉત્તરાએ બે હાથ જોડી પૃથ્વીપર રહીનેજ શ્રીકૃષ્ણને વંદન કર્યું.[૧૫] પછી મહાપુરુષ શ્રીકૃષ્ણ, તેનો ઘણો વિલાપ સાંભળીને જળનો સ્પર્શ કરી બ્રહ્માસ્ત્રને પાછું વાળવા લાગ્યા;[૧૬] અને તે પવિત્રાત્મા દાશાર્હવંશી શ્રીકૃષ્ણે તેને સજીવન કરવાની પ્રતિજ્ઞા કરી, તેમજ સર્વ જગતને સંભળાવતાં આ પ્રમાણે કહ્યું:–"હે ઉત્તરા! હું અસત્ય બોલતો નથી;(મેં કહેલું)એ સત્યજ થશે.આ પુત્રને સર્વપ્રાણીઓના દેખતાં હમણાંજ હું જીવતો કરૂંછું.મેં પૂર્વે હાસ્ય વગેરે સ્વેચ્છા વર્તનમાં પણ કદી જો અસત્ય ભાષણ ન કર્યું હોય અને યુદ્ધમાંથી હું કદી પાછો હઠયો ન હોઉં, તો આ પુત્ર જીવતો થાઓ.[૧૯] જો મને ધર્મ અને બ્રાહ્મણ અત્યંત પ્રિય હોય તો મરણદશામાં જન્મેલો અભિમન્યુનો આ પુત્ર જીવતો થાઓ. જો અર્જુનપ્રત્યેના વિરોધને હું કદી ન જાણતો હોઉં,તો તે સત્યના પ્રભાવથી આ મરણ પામેલો બાળક જીવતો થાઓ.[૨૧] જો સત્ય અને ધર્મ મારેવિષે નિત્ય સ્થિતિ કરી રહ્યાં હોય, તો આ મરણ પામેલો અભિમન્યુનો પુત્ર જીવતો થાઓ. જો મેં કંસ તથા કેશીને ધર્મથી માર્યા હોય,તો તે સત્યના પ્રભાવથી આ બાળક જીવતો થાઓ."

હે ભરતશ્રેષ્ઠ મહારાજા! શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું, એટલે તે બાળક ધીમે ધીમે સચેતન થઇને શરીરના અવયવોને હલાવવા–ચલાવવા લાગ્યો.

અધ્યાય ૬૯ મો સમાપ્ત

અધ્યાય ૭૦ મો

આનંદોત્સવ

॥ वैशंपायन उवाच ॥

ब्रह्मास्त्रं तु यदा राजन् कृष्णेन प्रतिसंहृतम् ।
तदा तद्वेश्म त्वत्पित्रा तेजसाऽभिविदीपितम्॥

વૈશંપાયને કહ્યું:–હે રાજન્ ! જ્યારે શ્રીકૃષ્ણે બ્રહ્માસ્ત્રને પાછું વાળ્યું, ત્યારે તે ઘરને તારા પિતાએ તેજથી પ્રકાશમાન કરી મૂક્યું.[૧] તે પછી સર્વ રાક્ષસો તે ઘરનો ત્યાગ કરીને નાસી ગયા અને આકાશમાં “ હે કૃષ્ણ ! તમે સારૂં કર્યું, સારૂં કર્યું ” એવી વાણી થઇ.[૨] બળબળતું તે બ્રહ્માસ્ત્ર પણ તેજ સમયે પિતામહ બ્રહ્મદેવની પાસે ચાલ્યું ગયું, એટલે હે રાજા ! તારા પિતાએ પુનઃ પ્રાણ સંપાદન કર્યાં. હે રાજન્ ! તે સમયે એ બાળક ઉત્સાહ અને બળના પ્રમાણમાં ચેષ્ટા કરવા લાગ્યો, એટલે ભરતવંશીઓની સ્ત્રીઓ આનંદમાં આવી ગઈ.[૪] બીજી તરફ બ્રાહ્મણોએ શ્રીકૃષ્ણની આજ્ઞાથી સ્વસ્તિવાચનો કરવા માંડયાં અને સર્વ સ્ત્રીઓ પણ શ્રીકૃષ્ણની પ્રશંસા કરવા લાગી.[૫] જેમ સમુદ્ર વગેરેના સામે પાર જનારા મનુષ્યો નૌકાને મેળવીને મનમાં હર્ષ પામે, તેમ કુંતી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા અને બીજી ભરતવંશી મહાપુરુષોની સ્ત્રીઓ મનમાં હર્ષ પામી. વળી તે વખતે હે ભરતશ્રેષ્ઠ ! મલ્લો, નટો, જોશીઓ, શુભ શુકન જોનારાઓ, ભાટો અને સંખ્યાબંધ ચારણો કુરુવંશની પ્રશંસાને સૂચવનારા આશીર્વાદોદ્વારા શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. તે પછી હે ભારત! પ્રસન્ન થયેલી ઉત્તરાએ ઉભી થઇને પોતાના પુત્રને સાથે લઇ યાદવવંશી શ્રીકૃષ્ણને યોગ્ય સમયે વંદન કર્યું.[૯] એટલે શ્રીકૃષ્ણે તથા બીજા શ્રેષ્ઠ યાદવોએ તે પુત્રને પુષ્કળ અનેક રત્નો અર્પણ કર્યાં અને ભગવાન શ્રીકૃષ્ણે તારા પિતાનું નામ પાડયું.[૧૦] હે મહારાજા જનમેજય ! તે સમયે સત્ય પ્રતિજ્ઞાવાળા શ્રીકૃષ્ણે કહ્યું હતું કે:–‘ અભિમન્યુનો આ પુત્ર કુળનો ક્ષય થયા પછી જન્મ્યો છે, માટે તેનું ‘પરિક્ષિત ’ એવું નામ ભલે રહે. હે ભરતવંશી રાજા ! તે પછી તારો પિતા અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો અને સર્વ લોકના મનને આનંદ ઉપજાવવા લાગ્યો. હે વીર ભારત! તારો પિતા જ્યારે એક મહિનાનો થયો, ત્યારે પાંડવો પુષ્કળ રત્નો લઇને ત્યાં (હસ્તિનાપુરમાં) આવી પહોંચ્યા. પાંડવોને ત્યાં સમીપમાં આવેલા સાંભળી યાદવમહાપુરુષો પણ નગરની બહાર (તેઓની સામે જવા) નીકળ્યા.[૧૧–૧૪] બીજી તરફ (રાજ્યના અધિકારી) પુરુષોએ પુષ્પની માળાઓ તથા રંગબેરંગી અનેક ધ્વજા–પતાકાઓથી હસ્તિનાપુરને શણગારી દીધું.[૧૫] હે રાજા ! નગરવાસી લોકોએ પણ પોતપોતાનાં ઘરોને શણગારી દીધાં તથા દેવમંદિરોમાં અનેક પ્રકારની પૂજાઓ કરી.[૧૬] વિદુરે પાંડવોનું પ્રિય કરવાની ઇચ્છાથી સર્વને આજ્ઞા કરી હતી, તેથી સર્વ રાજમાર્ગોને પુષ્પોથી સુશોભિત કરવામાં આવ્યા હતા.[૧૭] એ સમયે નૃત્ય કરી રહેલા નટોથી તથા ગવૈયાઓના ગાયન શબ્દથી તે નગર સમુદ્રના ઓઘના જેવા શબ્દવાળું થઇને શોભી નીકળ્યું હતું.[૧૮] હે રાજન્ ! ભાટચારણોથી તથા જ્યાં ત્યાં એકાંતપ્રદેશોમાં(રહેલા) સ્ત્રીઓસહિત પુરુષોથી તે નગર ચોતરફ શોભી રહ્યું હતું, તેથી જાણે કુબેરનું નિવાસસ્થાન હોય તેવું જણાતું હતું. વળી તે વખતે ધ્વજા–પતાકાઓ, દક્ષિણ તથા ઉત્તર કુરુદેશને જાણે દર્શાવી રહી હોય, તેમ વાયુને લીધે ચોતરફ ફરકી રહી હતી. રાજ્યના અધિકારી પુરુષોએ પણ તે વેળા નગરમાં સર્વત્ર જાહેર કરી દીધું કે, સર્વ દેશોમાં વિહાર કરનારા અને રત્નો તથા અલંકારોને લાવેલા રાજા યુધિષ્ઠિર આજે નગરમાં પ્રવેશ કરશે.[૧૯–૨૧]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“પાંડવોનું આગમન” એ વિષયનો
અધ્યાય ૭૦ મો સમાપ્ત

અધ્યાય ૭૧ મો

અશ્વમેધમાટે શ્રીકૃષ્ણ અને વ્યાસની સલાહ

॥ वैशंपायन उवाच ॥

तान् समीपगतान् श्रुत्वा पांडवान् शत्रुकर्शनः
वासुदेवः सहामात्यः प्रययौ ससुहृद्गणः॥१॥

વૈશંપાયને કહ્યું:–પાંડવોને સમીપમાં આવેલા સાંભળી શત્રુહંતા શ્રીકૃષ્ણ,પોતાના મંત્રીઓ તથા મિત્રોની સાથે તેઓને મળવા માટે સામે ગયા.[૧] તેઓ યથાયોગ્યરીતે એકઠા મળીને પાંડવોને મળવામાટે સામા ગયા, એટલે હે રાજન્ ! પાંડવો પણ ધર્મ પ્રમાણે યાદવોને મળીને હસ્તિનાપુર નગરમાં દાખલ થયા. તે વેળા મહાન સૈન્યના ઘોડાઓની ખરીઓના ખબખબાટથી તથા રથોનાં પૈડાંની ધરીઓના ધડધડાટથી આકાશ તથા પૃથ્વીનો સંબંધ ધરાવતો સર્વ અવકાશ (પોલાણનો ભાગ) ભરાઇ ગયો હતો. મનમાં પ્રસન્ન થયેલા તે પાંડવો રત્નના ખજાનાઓને આગળ કરીને પોતાના મંત્રીઓ તથા મિત્રગણોની સાથે પોતાના નગરમાં દાખલ થયા. તેઓએ એકઠા મળીને યથાયોગ્ય રીતે પોતાનાં નામો કહી ધૃતરાષ્ટ્ર રાજાના ચરણોનું વંદન કર્યું;તેમજ હે ભરતશ્રેષ્ઠ રાજસિંહ ! ધૃતરાષ્ટ્ર પછી સુબલ રાજાની પુત્રી ગાંધારીની, કુંતાની તથા વૈશ્યાના પુત્ર વિદુરની પણ (પ્રણામ વગેરેથી) પૂજા કરી.[૨–૭] હે રાજા! સર્વથી સન્માન પામતા તે વીર પાંડવો તે સમયે અત્યંત પ્રકાશી નીકળ્યા હતા.તે પછી તે વીર પાંડવોએ પરમ આશ્ચર્યકારક, વિચિત્ર અને મહાઅદ્દભુત રીતે થયેલો તારા પિતાનો જન્મ સાંભળ્યો. બુદ્ધિમાન શ્રીકૃષ્ણના(પરિક્ષિતને સજીવન કરવારૂપ) તે કર્મને સાંભળીને પૂજાપાત્ર દેવકીપુત્ર શ્રીકૃષ્ણની તેઓ પૂજા કરવા લાગ્યા. પછી કેટલાએક દિવસો ગયા એટલે સત્યવતીના મહાતેજસ્વી પુત્ર વ્યાસ હસ્તિનાપુર નગરમાં આવ્યા, ત્યારે તે સર્વ કુરુવંશીઓએ યથાયોગ્ય રીતે તેમની પૂજા કરી; અને પછી શ્રેષ્ઠ યાદવો તથા અંધકવંશીઓની સાથે તેઓ તેમની પાસે બેઠા.તે વેળા અનેક પ્રકારની વાતચીત કર્યા પછી ધર્મના પુત્ર યુધિષ્ઠિરે વ્યાસને આ પ્રમાણે કહ્યું:–“ હે ભગવન્ ! આપની કૃપાથી હું જે આ રત્ન વગેરે ધન લાવ્યો છું, તેનો અશ્વમેધ મહાયજ્ઞમાં ઉપયોગ કરવા ઇચ્છું છું; માટે હે મહામુનિ ! હું ઇચ્છું છું કે, તમે મને સંમતિ આપો. અમે સર્વે આપને તથા મહાત્મા શ્રીકૃષ્ણને આધીન રહેનારા છીએ.” [૮–૧૪]

વ્યાસે કહ્યું:–“ હે રાજન્ ! હવે પછી તારે જે કંઇ કરવું હોય તે તું કર, હું તને સંમતિ આપું છું. તું વિધિ પ્રમાણે દક્ષિણાવાળો અશ્વમેધ યજ્ઞ કર.[૧૫] હે રાજેંદ્ર ! અશ્વમેધયજ્ઞ સર્વ પાપોથી પવિત્ર કરનારો છે, જેથી તે યજ્ઞ કરીને તું પાપરહિત થઇશ, એમાં કંઇ સંશય નથી.”

વૈશંપાયને કહ્યું:–કુરુઓના ધર્માત્મા રાજા યુધિષ્ઠિરને વ્યાસે એ પ્રમાણે કહ્યું, એટલે હે કુરુવંશી રાજા ! તેમણે અશ્વમેધ યજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો.[૧૭] તે વક્તા રાજાએ તે સર્વ વિષયમાં વ્યાસની સંમતિ લીધા પછી શ્રીકૃષ્ણની સમીપમાં જઇને તેમને આવું વચન કહ્યું:–“ હે પુરુષોત્તમ ! તમારે લીધે દેવકી ઉત્તમ પ્રજાવાળી છે; માટે હે મહાબાહુ અચ્યુત ! હું તમને જે કંઈ કહું તે તમે અહીં કરજો.[૧૯] હે યદુવંશી ! તમારા પ્રભાવથી મેળવેલા ભોગોને અમે ભોગવી રહ્યા છીએ અને તમારાજ પરાક્રમથી તથા બુદ્ધિથી આ પૃથ્વી અમે જીતી છે, માટે હે દાશાર્હ ! તમે પોતેજ આ યજ્ઞમાં (યજમાનતરીકે) દીક્ષા લ્યો; કેમકે તમે અમારા શ્રેષ્ઠ ગુરુ છો અને વળી તમે યજ્ઞ કરશો, તેથી હું પણ પાપરહિત થઇશ.[૨૧] હું ખાત્રીપૂર્વક માનું છું કે, તમે યજ્ઞ, અક્ષર, સર્વ ધર્મ તથા પ્રજાપતિરૂપ છો અને પ્રાણીમાત્રના આધાર છો. ”[૨૨]

શ્રીકૃષ્ણે કહ્યું:–“ શત્રુઓનું દમન કરનારા હે મહાબાહુ ! “ હું ખાત્રીપૂર્વક માનું છું કે, પ્રાણીમાત્રના તમે આધાર છો” એમ કહેવાને તમેજ યોગ્ય છો.[૨૩] હે રાજન્ ! કુરુવંશના વીર પુરુષોમાં ધર્મને લીધે હમણાં તમે પ્રકાશી

રહ્યા છો, જેથી અમે તમારા ગુણરૂપ છીએ અને તમે અમારા શ્રેષ્ઠ રાજાતરીકે માન્ય છો. હે ભારત ! હું તમને સંમતિ આપું છું કે, તમે આ અશ્વમેધ યજ્ઞ કરો અને તેમાં તમારી ઇચ્છાનુસાર હરકોઇ કાર્યમાં અમને યોજો.[૨૫] હે નિર્દોષ ! હું તમારી પાસે સત્યપ્રતિજ્ઞા કરૂં છું કે, તમે જે કંઇ કહેશો તે સર્વ હું કરીશ. વળી સર્વના રાજા તમે યજ્ઞ કરશો એટલે ભીમસેને, અર્જુને, નકુલે તથા સહદેવે પણ યજ્ઞ કર્યો ગણાશે." [૨૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં "કૃષ્ણ અને વ્યાસની અનુજ્ઞા" એ વિષયનો અધ્યાય ૭૧ મો સમાપ્ત

અધ્યાય ૭૨ મો

યજ્ઞસામગ્રીની તૈયારી

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तस्तु कृष्णेन धर्मपुत्रो युधिष्ठिरः ।
व्यासमामंत्र्य मेधावी ततो वचनमब्रवीत्॥

વૈશંપાયને કહ્યું:–ધર્મપુત્ર યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે તે બુદ્ધિમાને વ્યાસને આમંત્રણ કરીને તેમને આવું વચન કહ્યું:– "તમે અશ્વમેધમાટે જે સમય યોગ્ય જાણતા હો તે સમયે તમે મને યજ્ઞદીક્ષા આપજો. આ મારો યજ્ઞ તમારે અધીન છે."[૨]

વ્યાસે કહ્યું:–" હે કુંતીપુત્ર ! હું, પૈલ તથા યાજ્ઞવલ્કય યથાયોગ્ય સમયે તે વિધિ કરીશું, એમાં કંઇ સંશય નથી.[૩] ચૈત્ર મહિનાની પૂનેમને દિવસે તારી દીક્ષા થશે, માટે હે મહાપુરુષ ! યજ્ઞની સર્વ સામગ્રી તું તૈયાર કર.[૪] અશ્વવિદ્યાને જાણનારા સારથિઓ તથા બ્રાહ્મણો તારા યજ્ઞના પ્રયોજનની સિદ્ધિને માટે પવિત્ર ઘોડાની પરીક્ષા કરો.[૫] હે રાજા ! શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સમુદ્રસુધીની પૃથ્વીપર તે ઘોડાને તું છુટો મૂક, જેથી તે ઘોડો તારા પ્રદીપ્ત યશને દર્શાવતો ચોતરફ ભ્રમણ કરે."[૬]

વૈશંપાયને કહ્યું:–હે રાજેન્દ્ર ! વ્યાસે એમ કહ્યું એટલે પાંડવરાજ યુધિષ્ઠિરે, બ્રહ્મવાદી વ્યાસના કહેવા પ્રમાણે સર્વ કર્યું;[૭] તેમજ હે મહારાજા ! યજ્ઞની સર્વ સામગ્રીઓ પણ તૈયાર કરી. એ રીતે સર્વ સામગ્રીઓ એકઠી કરીને અમાપ અંતઃકરણવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાએ વ્યાસને જણાવ્યું, ત્યારે મહાતેજસ્વી તે વ્યાસે ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજાને કહ્યું કે:–[૭–૯] "યોગ્ય સમયે તથા યોગ્ય સંયોગે તને દીક્ષા આપવામાટે અમે તૈયાર છીએ. હે કુરુવંશી રાજા ! આ યજ્ઞમાં ઉપયોગમાં આવતી કાષ્ઠની તરવાર તથા આસનમાટેની એક દર્ભની મુઠ્ઠી સુવર્ણની કરાવજે અને બીજી પણ જે કોઇ વસ્તુ તેમાં યોગ્ય હોય તેને સુવર્ણની કરાવજે. આજે પૃથ્વીપર ઘોડાને છુટો મૂક, એટલે તે ઘોડો શાસ્ત્રાનુસાર વિધિ પ્રમાણે સુરક્ષિત થઇને અનુક્રમે પૃથ્વીપર વિચરવા માંડે."[૧૦,૧૧]

યુધિષ્ઠિરે કહ્યું:–" હે બ્રહ્મન્! છુટો મૂકવામાં આવેલો એ ઘોડો પોતાની ઈચ્છાનુસાર જે રીતે પૃથ્વીપર વિચરે તે રીતે તેનો(રક્ષણનો) ઉપાય તમે કહો.[૧૨] હે મુનિ! પૃથ્વીપર પોતાની ઇચ્છાનુસાર વિચરનારા ઘોડાનું રક્ષણ કોણ કરે? તે તમે મને કહેવાને યોગ્ય છો."[૧૩]

વૈશંપાયને કહ્યું:–હે રાજેન્દ્ર! યુધિષ્ઠિરે એ પ્રમાણે કહ્યું એટલે વ્યાસ બોલ્યા:–" ભીમસેનનો નાનોભાઈ અર્જુન, જે સર્વ ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ હોઇને વિજયશીલ, સહનશીલ, શત્રુઓનો પરાજય કરવાના સ્વભાવવાળો તથા નિવાત–કવચોનો કાળ છે, તે એ ઘોડાનું રક્ષણ કરશે; કેમકે તે આખી પૃથ્વીને જીતવા સમર્થ છે, તેનામાં દિવ્ય અસ્ત્રો રહેલાં છે, તેનું શરીર દિવ્ય છે અને તેનું ધનુષ તથા બન્ને ભાથાઓ પણ દિવ્ય છે, માટે તે એ ઘોડાની પાછળ જશે. હે શ્રેષ્ઠ રાજા ! અર્જુન ધર્મ તથા અર્થના સંબંધમાં કુશળ છે અને સર્વ વિદ્યાઓમાં પ્રવીણ છે, માટે તે તારા ઘોડાને શાસ્ત્રાનુસાર સર્વત્ર વિચરાવશે.[૧૭] અભિમન્યુનો પિતા રાજપુત્ર અર્જુન મોટી ભુજાઓવાળો છે, તરુણ છે, કમળસમાન નેત્રવાળો છે અને વીર છે, માટે તે એ ઘોડાનું રક્ષણ કરશે.[૧૮] હે રાજા ! કુંતીપુત્ર ભીમસેન પણ મહાતેજસ્વી અને અમાપ

પરાક્રમી છે, માટે તે અને નકુલ રાજ્યનું રક્ષણ કરવા સમર્થ છે;[૧૯] તેમજ હે કુરુવંશી! મહાયશસ્વી બુદ્ધિમાન સહદેવ, કુટુંબતંત્રનું વિધિ પ્રમાણે સમાધાન કરશે—તેની સારી રીતે સંભાળ રાખશે."[૨૦]

આ પછી કુરુકુળધુરંધર યુધિષ્ઠિરરાજાએ, વ્યાસના કહેવા પ્રમાણે તે સર્વ યથાયોગ્ય રીતે કર્યું અને ઘોડાના સંબંધમાં અર્જુનને પણ આ રીતે કહ્યું:—[૨૧] હે વીર અર્જુન! આ ઘોડાનું તું રક્ષણ કરજે. તારાવિના બીજો કોઇ પણ મનુષ્ય આનું રક્ષણ કરવાને યોગ્ય નથી. હે નિર્દોષ મહાબાહુ! જે કોઈ પણ રાજાઓ તારી સામે ચઢી આવે, તેઓની સાથે જે રીતે યુદ્ધ ન થાય તે રીતે તારે કરવું.[૨૩] હે મહાબાહુ! તારે મારા આ યજ્ઞને સર્વ તરફ જાહેર કરવો અને "યોગ્ય સમયે તમે ત્યાં જાઓ" એમ રાજાઓને અહીં આવવામાટે નિમંત્રણ આપવું."[૨૪]

વૈશંપાયને કહ્યું:—ધર્માત્મા યુધિષ્ઠિરે અર્જુનને એ પ્રમાણે કહીને ભીમસેન તથા નકુલને નગરના રક્ષણમાટે નીમ્યા; અને ધૃતરાષ્ટ્રરાજાનું સન્માન કરીને યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ સહદેવને કુટુંબતંત્રના રક્ષણમાટે નીમ્યો.[૨૫,૨૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"યજ્ઞસામગ્રીસંપાદન" એ વિષયનો
અધ્યાય ૭૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૭૩ મો

અશ્વમેધના ઘોડાને છુટો મૂકયો.

॥वैशंपायन उवाच ॥

दीक्षाकाले तु संप्राप्ते ततस्ते सुमहर्त्विजः ।
विधिवद्दीक्षयामासुरश्वमेधाय पार्थिवम् ॥१॥

વૈશંપાયને કહ્યું:— દીક્ષાનો કાળ જ્યારે આવ્યો, ત્યારે તે મોટા મોટા ઋત્વિજોએ અશ્વમેધમાટે રાજા યુધિષ્ઠિરને વિધિ પ્રમાણે દીક્ષા આપી.[૧] મહાતેજસ્વી પાંડુપુત્ર ધર્મરાજા અશ્વમેધના આરંભની પશુબંધની ક્રિયા કરીને તથા દીક્ષા લઈને ઋત્વિજોની સાથે શોભવા લાગ્યા.[૨] અમાપ તેજવાળા બ્રહ્મવાદી વ્યાસે પોતે અશ્વમેધમાટેના ઘોડાને શાસ્ત્રવિધિ પ્રમાણે છુટો મૂકયો. તે સમયે હે રાજન્! સુવર્ણસમાન કંઠવાળા અને દીક્ષાને પામેલા ધર્મરાજાએ સુવર્ણની માળા ધારણ કરી હતી, તેથી તેઓ પ્રદીપ્ત અગ્નિની પેઠે શોભતા હતા; તેમજ એ વેળા કાળા મૃગચર્મને, દંડને તથા રેશમી વસ્ત્રને ધારણ કરનારા તે ધર્મપુત્ર, યજ્ઞમાં અત્યંત તેજસ્વી જણાતા પ્રજાપતિની પેઠે ઘણાજ દીપી રહ્યા હતા.[૫] હે રાજા! તેમના સર્વ ઋત્વિજોએ પણ તેમના જેવોજ વેષ ધારણ કર્યો હતો અને અર્જુન પણ પ્રદીપ્ત અગ્નિના જેવોજ જણાતો હતો.[૬] અર્જુન ધોળા ઘોડાપર બેસીને અશ્વમેધના તે ઘોડાની પાછળ ચાલતો થયો અને ધર્મરાજાની આજ્ઞા પ્રમાણે વિધિપૂર્વક ઘોડાનું રક્ષણ કરવા લાગ્યો.[૭] હે રાજા! ગાંડીવધનુષનો ટંકાર કરતો અને ઘોના ચામડાનાં મોજાંને હાથે બાંધનારો અર્જુન પ્રસન્ન થઇને તે ઘોડાની પાછળ જવા લાગ્યો.[૮] હે રાજન્! કુરુશ્રેષ્ઠ અર્જુન જ્યારે ઘોડા પાછળ જવા લાગ્યો, ત્યારે તેને જોવાની ઇચ્છાથી આબાલવૃદ્ધ આખું નગર જોવાને માટે ભેગું થયું હતું.[૯] ઘોડાને તથા ઘોડાની પાછળ જનારા અર્જુનને જોવાની ઇચ્છાવાળાં તે નગરવાસીઓની ત્યાં એટલી બધી ભીડ જામી ગઇ હતી, કે ઉકળાટનો કંઇ પાર નહોતો.[૧૦] તે પછી હે મહારાજા! કુંતીપુત્ર અર્જુનને જોઈ રહેલા તે મનુષ્યોનો દિશાઓ તથા આકાશને ભરી દેતો આવો શબ્દ થવા લાગ્યો કે:—"આ અર્જુન અને તેજસ્વી ઘોડો અહીંથી જાય છે. પોતાના ઉત્તમ ધનુષ્યને ધારણ કરનારો મહાબાહુ અર્જુન તે ઘોડાની પાછળ પાછળ ચાલ્યો જાય છે." ઉદાર બુદ્ધિવાળા અર્જુને ફરી પણ આવી વાણી સાંભળી કે:—"હે ભારત! તું જા, તારૂં કલ્યાણ થાઓ. પુનઃ નિર્વિઘ્ને તું પાછો આવજે." હે મનુષ્યેન્દ્ર! પછી બીજા કેટલાએક પુરુષો તે વેળા આ પ્રમાણે બોલ્યા:—"આને યુદ્ધમાં અમે જોયો ન હતો. આ તેનું ભયંકર શબ્દ કરનારૂં પ્રસિદ્ધ ગાંડીવધનુષ્ય જોવામાં આવે છે. તે પો-

તાના નિર્ભય માર્ગમાં નિર્વિઘ્ને અને ક્ષેમકુશળ જાઓ. એ જ્યારે પાછો ફરશે, ત્યારે અવશ્ય પુનઃ તેને આપણે જોઇશું" હે ભરતશ્રેષ્ઠ! ઉદાર બુદ્ધિવાળો અર્જુન એ પ્રમાણે પુરુષોની તથા સ્ત્રીઓની મધુર વાણીને વારંવાર સાંભળતો હતો. યાજ્ઞવલ્કયનો શિષ્ય સોમશ્રવા, જે યજ્ઞકર્મમાં કુશળ હતો તથા વેદમાં પારંગત હતો, તે શાંતિને માટે અર્જુનની સાથે ગયો હતો. વળી તે ઉપરાંત વેદપારંગત બીજા અનેક બ્રાહ્મણો, રાજાઓ તથા ક્ષત્રિયો ધર્મરાજાની આજ્ઞાથી વિધિ પ્રમાણે મહાત્મા અર્જુનની પાછળ ગયા હતા.[૧૪-૧૯] હે શ્રેષ્ઠ મહારાજા! પાંડવોએ અસ્ત્રના તેજથી જીતેલી પૃથ્વીપર તે અશ્વમેધનો ઘોડો પ્રત્યેક દેશમાં વિચરવા લાગ્યો. હે વીર! તે સમયે અર્જુનનાં જે જે અદ્‌ભુત મહાન યુદ્ધો થયાં હતાં, તે હું તને કહું છું.[૨૧] હે રાજન્! અશ્વમેધનો તે ઘોડો આખી પૃથ્વીને પ્રદક્ષિણા ફર્યો હતો. પ્રથમ તે ઉત્તરમાંથી પૂર્વમાં ગયો હતો, એ હું તને કહું છું.[૨૨] તે ઉત્તમ ઘોડાએ રાજાઓના દેશોને ખુંદી નાખ્યા હતા અને શ્વેત ઘોડાપર બેઠેલો મહારથી અર્જુન ધીમે ધીમે તેની સાથે રહીને જતો હતો. હે મહારાજા! તે સમયે મરણ પામેલા બાંધવોવાળા જે જે લાખો રાજાઓ તથા ક્ષત્રિયો અર્જુનની સામે લડયા હતા, તેઓની તો કંઈ ગણત્રીજ નથી. હે રાજન! તરવાર તથા ધનુષ્યને ધારણ કરનારા અનેક કિરાતો, યવનો તથા બીજા અનેક પ્રકારના મ્લેચ્છો જેઓને પ્રથમ રણસંગ્રામમાં પાંડવોએ હરાવ્યા હતા તેઓ સર્વે; અને હર્ષ પામેલાં મનુષ્યો તથા વાહનોવાળા બીજા અનેક આર્ય રાજાઓ, કે જેઓ યુદ્ધ કરવામાં મદમત્ત હતા તેઓ પાંડુપુત્ર અર્જુનની સાથે યુદ્ધ કરવા ચઢી આવ્યા હતા.[૨૩,૨૬] એ રીતે જૂદે જૂદે સ્થળે જૂદા જૂદા દેશોમાંથી આવેલા રાજાઓની સાથે અર્જુનનાં યુદ્ધો થયાં હતાં, કે જે યુદ્ધો બન્ને પક્ષને તપાવનારાં તથા મહાન હતાં. તે અર્જુનનાં યુદ્ધો હે નિર્દોષ રાજા! હું તને કહું છું.[૨૭,૨૮]

અધ્યાય ૭૪ મો

ત્રિગર્તોનો પરાજય

॥ वैशंपायन उवाच ॥

त्रिगर्त्तैरभवद्युद्धं कृतवैरैः किरीटिनः।
महारथसमाज्ञातैर्हतानां पुत्रनप्तृभिः ॥१॥

વૈશંપાયને કહ્યું:- દુર્યોધન સાથેના યુદ્ધમાં મહારથીતરીકે પ્રસિદ્ધ થયેલા પાંડવપક્ષના યોદ્ધાઓએ મારી નાખેલા ત્રિગર્ત્તરાજાઓના પુત્રો તથા પૌત્રો, કે જેઓને અર્જુનસાથે વૈર બંધાયું હતું, તે ત્રિગર્ત્તોની સાથે અર્જુનનું પ્રથમયુદ્ધ થયું હતું.[૧] દંશીલા વીર ત્રિગર્તો, અશ્વમેધના ઉત્તમ ઘોડાને પોતાના દેશના સીમાડામાં આવેલો જાણીને ચોતરફથી તેને ઘેરી વળ્યા.[૨] હે રાજન્! ભાથાઓ બાંધીને રથમાં બેઠેલા તે યોદ્ધાઓએ, શણગારેલા ઉત્તમ ઘોડાઓવડે પેલા ઘોડાને ઘેરી લઇને તેને પકડવાની તૈયારી કરી.[૩] તે પછી શત્રુદમન અર્જુન, તેઓનો વિચાર જાણી લઇને સાંત્વનપૂર્વક તે વીરોને અટકાવવા લાગ્યો; પરંતુ તમોગુણ તથા રજોગુણથી ઢંકાયેલા તેઓ સર્વેએ તેના વચનનો અનાદર કરીને બાણોનો મારો ચલાવવા માંડયો, તોપણ અર્જુને તેઓને અટકાવવા માંડયાં.[૪,૫] હે ભારત! તે પછી અર્જુન, જાણે તેઓને હસતો હોય, તેમ કહેવા લાગ્યો કે:-" હે અધર્મ જાણનારાઓ! તમે તમારા જીવિતને જો શ્રેયરૂપ માનતા હો તો યુદ્ધ કરવાનું માંડી વાળો."[૬] વીર અર્જુન જ્યારે હસ્તિનાપુરથી નીકળ્યો હતો, ત્યારે ધર્મરાજાએ તેને વાર્યો હતો કે:-"હે પાર્થ! જેઓના સંબંધીઓ પ્રથમના યુદ્ધમાં મરણ પામેલા હોય તેવા રાજાઓને તારે મારવા નહિ."[૭] બુદ્ધિમાન ધર્મરાજાનાં તે વચન સંભારીને અર્જુને તેઓને કહ્યું કે:-"તમે યુદ્ધ કરવાનું માંડી વાળો;" છતાં પણ તેઓ જ્યારે અટકયા નહિ, ત્યારે ત્રિગર્ત્તરાજા સૂર્યવર્માને બાણોના સમુદાયથી યુદ્ધમાં ઢાંકી દઈને અર્જુન હસ્યો.[૮,૯] તે પછી રથની ગર્જનાથી તથા રથની ધરીઓના ઘડઘડાટથી સર્વ દિશાઓને ભરી દેતા તેઓ અર્જુન સામા

ઘસ્યા.[૧૦] હે રાજેન્દ્ર ! સૂર્યવર્માએ અસ્ત્રો મૂકવાની પોતાની ચાલાકી બતાવીને મજબૂત ગાંઠાવાળાં સેંકડો બાણો અર્જુનનાપર છોડી મૂકયાં;[૧૧] તેમજ તેના અનુયાયી બીજા મોટા ધનુર્ધારીઓએ પણ અર્જુનનો વધ કરવાની ઇચ્છાથી બાણોના વરસાદ વરસાવી મૂકયા;[૧૨] પરંતુ હે રાજન્ ! અર્જુને ધનુષ્યની દોરીમાંથી છોડેલાં અનેક બાણોથી તે સંખ્યાબંધ બાણોને કાપી નાખ્યાં,જેથી તે બધાં પૃથ્વીપર પડયાં.[૧૩] સૂર્યવર્માનો નાનો ભાઇ તેજસ્વી કેતુવર્મા જે તરુણ હતો, તે પોતાના ભાઇને માટે યશસ્વી અર્જુનની સાથે લડવા લાગ્યો.[૧૪] શત્રુવીરોનો સંહાર કરનારા અર્જુને, યુદ્ધમાં પોતાની સામે ચઢી આવતા કેતુવર્માને જોઇને તીક્ષ્ણ બાણોવડે તેને મારી નાખ્યો.[૧૫]કેતુવર્મા મરણ પામ્યો એટલે મહારથી ધૃતવર્મા રથવડે એકદમ ચઢી આવીને અર્જુનને બાણોવડે છાઇ દેવા લાગ્યો. તે ધૃતવર્મા બાળક હતો, છતાં પણ તેની તેવી ઝડપ જોઇને મહાતેજસ્વી વીર્યવાન અર્જુન તેનાપર પ્રસન્ન થયો;[૧૭] કેમકે તે ધૃતવર્મા બાણોને કયારે સાંધતો હતો અને કયારે હાથમાં લેતો હતો એમાંનું કંઇ પણ ઇંદ્રપુત્ર અર્જુન જોઇ શકતો ન હતો, માત્ર બાણોને વર્ષાવતો તેનેજ જોઇ શકતો હતો.[૧૮] તે યુદ્ધમાં અર્જુને આ પ્રમાણે મુહૂર્તભર ધૃતવર્માની મનમાં પ્રશંસા કરી અને રણમાં તેને હર્ષિત કર્યો. કુરુવીર મહાબાહુ અર્જુને મંદમંદ હસીને કોપેલા સર્પના જેવા તે ધૃતવર્માને પ્રીતિને લીધે પ્રાણરહિત કર્યો નહિ.[૨૦] એ રીતે અમાપ તેજસ્વી અર્જુનથી રક્ષણ કરાતા તે ધૃતવર્માએ તે સમયે અર્જુનનાપર એક પ્રદીપ્ત બાણ છોડયું;[૨૧] એટલે એ બાણથી હાથે અત્યંત વિંધાયેલા અર્જુને, ચિત્તની વ્યગ્રતાથી ગાંડીવ ધનુષ્યને એકદમ છોડી દીધું,જેથી તે પૃથ્વીપર પડી ગયું. હે ભારત ! અર્જુનના હાથમાંથી પડી જતા તે ધનુષનું સ્વરૂપ ઇંદ્રધનુષના જેવુંજ થઇ રહ્યું હતું.[૨૩] દિવ્ય મહાધનુષ એ રીતે પૃથ્વીપર પડયું,ત્યારે તે મહારણમાં રાજા ધતવર્મા ખડખડાટ હસવા લાગ્યો.[૨૪]તે પછી અર્જુન ક્રોધવિહ્વળ થઇ ગયો.તેણે હાથ ઉપરથી રુધિર લૂછી નાખીને તે દિવ્ય ધનુષ્ય પાછું ગ્રહણકર્યું અને બાણોનો વરસાદ વરસાવવા માંડયો.[૨૫]આ વખતે તેના આ કર્મની પ્રશંસા કરનારાં અનેક પ્રાણીઓનો છેક આકાશમાં પહોંચી જનારો મોટો કોલાહલ થઇ રહ્યો.[૨૬] પછી કાળ, અંતક તથા યમની પેઠે ક્રોધાયમાન થયેલા અર્જુનને જોઇને ત્રિગર્તયોદ્ધાઓ ચોતરફથી તેને ઘેરી વળ્યા. તેઓને ધૃતવર્માનું રક્ષણ કરવાની ઇચ્છા હતી,તેથી તેઓ અર્જુનનેઘેરીવળ્યાહતા.આ વખતે અર્જુન કોપી ઉઠયોઅને તેણે મહેંદ્રના વજ્ર જેવાં અનેક લોખંડી બાણોવડે તેઓમાંના અઢાર યોદ્ધાઓનો તત્કાળ નાશ કરી નાખ્યો.[૨૯] ઝડપવાળો અર્જુન તે યોદ્ધાઓને સર્પ જેવાં પોતાનાં બાણોવડે નાસી જતા જોઇને ખડખડાટ હસી પડયો.[૩૦] હે રાજન્ ! ત્રિગર્ત્તના તે સર્વ મહારથીઓ અર્જુનનાં બાણોથી પીડાઇને ઉત્સાહવિનાના થઇગયા અને જૂદીજૂદી દિશાઓમાં દોડીગયા.પછી તેઓએ સંશપ્તકોનો સંહાર કરનારા પુરુષવ્યાઘ્ર અર્જુનને કહ્યું કેઃ–"હે પાર્થ! અમે તમારા દાસ છીએ, તમારે આધીન રહેનારા છીએ અને તમારા નમ્ર સેવક થઇને ઉભા છીએ.તમે અમને આજ્ઞા કરો. હે કુરુવંશી ! અમે સર્વે તમારૂં પ્રિય કરીશું."[૩૨,૩૩]

તેઓનું એ વચન સાંભળીને અર્જુને તેઓ સર્વને તે સમયે કહ્યું કેઃ–"હે રાજાઓ ! તમે તમારા જીવિતની રક્ષા કરો અને મારી આજ્ઞા માન્ય કરો."[૩૪]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ત્રિગર્ત્તોનો પરાજય" એ વિષયનો
અધ્યાય ૭૪ મો સમાપ્ત

અધ્યાય ૭૫ મો

વજ્રદત્તસાથેનું યુદ્ધ

॥ वैशंपायन उवाच ॥

प्राग्ज्योतिषमथाभ्येत्य व्यचरत्स हयोत्तमः।
भगदत्तात्मजस्तत्र निर्ययौ रणकर्कशः ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી એ ઉત્તમ ઘોડો

પ્રાગ્જ્યોતિષ નગર પાસે વિચરવા લાગ્યો, એટલે રણસંગ્રામમાં અતિકુશળ ભગદત્તનો પુત્ર, યુદ્ધ માટે બહાર નીકળ્યો.[૧] હે ભરતશ્રેષ્ઠ ! પોતાના દેશના સીમાડા પાસે યુધિષ્ઠિરના અશ્વમેધનો ઘોડો આવ્યો એટલે રાજા વજ્રદત્ત યુદ્ધ કરવા તૈયાર થયો.[૨] ભગદત્તનો પુત્ર તે રાજા, પોતાના દેશમાં આવતા તે ઘોડાને અટકાવીને નગરની બહાર નીકળ્યો અને યુદ્ધ કરવા સામો આવ્યો.[૩] તે સમયે કુરુઓમાં શ્રેષ્ઠ મહાબાહુ અર્જુન, તેને જોઇને સત્વર ગાંડીવધનુષ્યનો ટંકાર કરતો એકાએક તેની સામે ધસ્યો.[૪] તે પછી ગાંડીવમાંથી છુટેલાં બાણોવડે મોહિત થયેલો તે વીરરાજા ઘોડાને છોડીને અર્જુન સામે ચઢી આવ્યો;[૫] પણ (તે પહેલાં) પુનઃ પોતાના નગરમાં દાખલ થઇને તે ઉત્તમ રાજા એક શ્રેષ્ઠ હાથી ઉપર સ્વાર થઇને પાછો બહાર નીકળ્યો. તે સમયે રણમાં તીક્ષ્ણ તે મહારથીના મસ્તકપર ઉજ્જવળ છત્ર ધારણ કરવામાં આવ્યું હતું અને તેની બન્ને બાજુ ધોળાં ચામરો ઢોળાઇ રહ્યાં હતાં.[૬,૭] પછી પાંડવોના મહારથી અર્જુનસામે ચઢી આવીને તે રાજા બાલ્યસ્વભાવથી તથા અજ્ઞાનથી રણમાં અર્જુનનું આહ્વાન કરવા લાગ્યો.[૮] અત્યંત કોપાયમાન થઇને તે રાજાએ મદ ઝરતા ગંડસ્થળવાળા તે પર્વત જેવડા હાથીને અર્જુન સામે હંકાર્યો. વજ્રદત્તનો તે હાથી મોટા મેઘની પેઠે મદધારાને વર્ષી રહ્યો હતો, શત્રુઓના હાથીઓને સામેથી અટકાવનારો હતો, શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે સજ્જ કરાયો હતો અને યુદ્ધમાં અત્યંત વશ રહેનારો તથા દુર્મદ હતો.[૧૦] મહાબળવાન તે હાથીને રાજા વજ્રદત્તે અંકુશવડે જ્યારે હંકાર્યો, ત્યારે આકાશમાં જાણે ઉડી જતો હોય તેવો દેખાવા લાગ્યો.[૧૧] હે ભરતવંશી રાજા ! તે હાથીને પોતાની સામે ધસી આવતો જોઇ અર્જુન કોપી ઉઠ્યો. તેણે પૃથ્વીપર ઉભા રહીનેજ હાથીપર સ્વાર થયેલા વજ્રદત્ત સામે યુદ્ધ શરૂ કર્યું,[૧૨] ત્યારે વજ્રદત્ત પણ એકદમ ક્રોધે ભરાયો. તેણે બળબળતા અગ્નિ જેવાં તોમર જાતનાં શસ્ત્રો, વેગવાળાં પતંગિયાંની પેઠે અર્જુનપર છોડી મૂક્યાં;[૧૩] પણ અર્જુને ગાંડીવમાંથી છોડેલાં આકાશગામી બાણોવડે તેનાં તોમરોના પોતાની પાસે આવતાં પહેલાંજ બબ્બે અને ત્રણ ત્રણ ટુકડા કરી નાખ્યા.[૧૪] એ રીતે પોતાનાં તોમરોને કાપી નાખેલાં જોઇ ભગદત્તના પુત્રે ઝડપથી અવિચ્છિન્ન રીતે અર્જુનના તરફ બાણો ફેંકવા માંડ્યાં.[૧૫] તે પછી અર્જુને ક્રોધાયમાન થઇને અત્યંત વેગથી સુવર્ણના અગ્રભાગવાળાં સરળગામી બાણો ભગદત્તના પુત્ર તરફ મૂકવા માંડયાં;[૧૬] એટલે મહાતેજસ્વી વજ્રદત્ત તે બાણોવડે મહાયુદ્ધમાં વિંધાઈ ગયો અને અત્યંત ઘાયલ થઈને પૃથ્વીપર પડી ગયો, પણ એને સ્મરણશક્તિ તો તેવી ને તેવીજ રહી હતી;[૧૭] જેથી તેણે ફરી પણ સાવધાન થઇને વિજયની ઈચ્છાથી પોતાના શ્રેષ્ઠ હાથીને રણમાં અર્જુન સામે હંકાર્યો;[૧૮] એટલે અર્જુને ક્રોધ કરીને તેનાપર છુટેલા સર્પસમાન અને બળબળતા અગ્નિ જેવાં બાણો મૂક્યાં. તે બાણોથી વજ્રદત્તનો મહાન હાથી વિંધાઈ જઈને રુધિરને ઝરવા લાગ્યો, જેથી ગેરુવાળા જળના મોટા ઝરણાને ઝરી રહેલા પર્વતના જેવો તે શોભવા લાગ્યો.[૨૦]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ વજ્રદત્ત સાથેનું યુદ્ધ ” એ વિષયનો
અધ્યાય ૭૫ મો સમાપ્ત

અધ્યાય ૭૬ મો

વજ્રદત્તનો પરાજય

॥ वैशंपायन उवाच ॥

एवं त्रिरात्रमभवत्तद्युद्धं भरतर्षभ ।
अर्जुनस्य नरेन्द्रेण वृत्रेणेव शतक्रतोः ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે ભરતશ્રેષ્ઠ જનમેજય ! ઇંદ્રનું જેમ વૃત્રાસુરની સાથે યુદ્ધ થયું હતું, તેમ અર્જુનનું રાજા વજ્રદત્ત સાથે ત્રણ દિવસસુધી યુદ્ધ થયું.[૧] આ પછી ચોથે દિવસે મહાબળવાન વજ્રદત્ત ખડખડાટ હસીને આ પ્રમાણે બોલ્યો[૨]:–“હે અર્જુન ! ઓ અર્જુન ! ઉભો રહેજે, તું મારી પાસેથી જીવતો છુટીશ

નહિ. તારો વધ કરીને હું મારા પિતાને વિધિ પ્રમાણે જળપ્રદાન કરીશ.[૩] મારા પિતા ભગદત્ત, કે જે વૃદ્ધ હતા અને તારા પિતાના મિત્ર હતા તેમને તેં મારી નાખ્યા છે, પણ આજે હું બાળકની સામે તું યુદ્ધ કરજે." [૪] હે કુરુવંશી રાજા! એમ કહીને અત્યંત ક્રોધાયમાન થયેલા વજ્રદત્તે અર્જુનસામે પોતાના હાથીને હંકાર્યો.[૫] બુદ્ધિમાન વજ્રદત્તે તે મહાન હાથીને જેવો હંકાર્યો કે તુરતજ આકાશમાં જાણે ઉડી જતો હોય તેમ તે અર્જુન સામે ધસ્યો; અને તે મહાન હાથી મેઘ જેમ શ્યામ વાદળથી પર્વતને ધોઇ નાખે,તેમ પોતાની સૂંઢના છેડાથી છોડેલાં જળબિંદુઓવડે અર્જુનને નવરાવવા લાગ્યો.[૭] રાજા વજ્રદતે હંકારેલો તે હાથી મેઘની પેઠે વારંવાર ગર્જના કરતો મુખની આડંબરભરેલી ચીચીઆરીઓ સાથે અર્જુન તરફ દોડયો.[૮] હે રાજન્! જાણે નૃત્ય કરતો હોય તેમ વજ્રદત્તે હંકારેલો તે હાથી અત્યંત વેગથી કૌરવોના મહારથી અર્જુન પાસે જઇ પહોંચ્યો; પણ શત્રુઓનો સંહાર કરનારો બળવાન અર્જુન, વજ્રદત્તના તે હાથીને આવતો જોઇને ગાંડીવ ધનુષ હાથમાં લઈ જરા પણ કંપ્યાવિના રાજા વજ્રદત્ત ઉપર અત્યંત કોપી ઉઠયો; અને પોતાના કાર્યમાં વિઘ્ન થતું જોઇને તથા પૂર્વના વૈરનું સ્મરણ કરીને તે કોપેલા અર્જુને, કાંઠો જેમ સમુદ્રને ખાળી રાખે, તેમ બાણોનો સમૂહ છોડી મૂકી તે હાથીને ખાળી રાખ્યો.[૯-૧૨] શોભાયમાન તે શ્રેષ્ઠ હાથીને અર્જુને એ રીતે અટકાવી રાખ્યો ત્યારે બાણોથી ભોંકાયેલા શરીરવાળો તે સળીઓથી વ્યાપ્ત શાહુડીની પેઠે ઉભો રહ્યો.[૧૩] ભગદત્તનો પુત્ર રાજા વજ્રદત્ત, પોતાના હાથીને એ પ્રમાણે અટકાવેલો જોઈ ક્રોધથી વ્યાકુળ થઈ ગયો.તેણે અર્જુનનાપર તીક્ષ્ણ બાણો છોડી મૂક્યાં, ત્યારે મહાબાહુ અર્જુને તો શત્રુઓનો નાશ કરનારાં બાણોવડે તે બાણોને અટકાવીજ દીધાં, એ આશ્ચર્ય જેવું લાગતું હતું.[૧૫] તે જોઇ પ્રાગજ્યોતિષનો અધિપતિ રાજા વજ્રદત્ત અત્યંત કોપ્યો. તેણે બળવાન પર્વત જેવા પોતાના મહાન હાથીને ફરી અર્જુન તરફ હંકાર્યો;[૧૬] એટલે ઇંદ્રપુત્ર અર્જુને તે હાથીને પોતાની સામે આવતો જોઇ અગ્નિ જેવું નારાચબાણ તેની સામે છોડ્યું.[૧૭] હે રાજન્! તે બાણના પ્રહારથી તે હાથી મર્મભાગોમાં અત્યંત ઘાયલ થયો અને વજ્રથી તૂટી પડેલા પર્વતની પેઠે એકાએક પૃથ્વીપર પછડાઇ પડયો.[૧૮] અર્જુનના બાણથી ઘવાયેલો તે હાથી જ્યારે પૃથ્વીપર પડતો હતો, ત્યારે વજ્રથી પીડાઇને પૃથ્વીની અંદર પેસી જતા મોટા એક પર્વતના જેવો શોભતો હતો.[૧૯] એ પ્રમાણે વજ્રદત્તનો હાથી પડી ગયો, એટલે પાંડુપુત્ર અર્જુને પૃથ્વીપર પડેલા રાજાને કહ્યું કેઃ- "તારે ડરવું નહિ. હું જ્યારે હસ્તિનાપુરથી નીકળ્યો ત્યારે મહાતેજસ્વી યુધિષ્ઠિર રાજાએ મને કહ્યું છે કેઃ-'હે અર્જુન! તારે રાજાઓને મારવા નહિ. હે પુરુષવ્યાઘ્ર! આટલું કર્યું એટલે સર્વ કર્યું કહેવાશે; માટે હે ધનંજય ! તારે કોઇ યોદ્ધાઓને રણમાં મારવા નહિ; પરંતુ સર્વ રાજાઓને કહેવું કે, તમે તમારા સુહૃદોની સાથે યુધિષ્ઠિરના યજ્ઞમાં જાઓ.' મારા ભાઈ યુધિષ્ઠિરનાં એ વચન સાંભળીને હે રાજા! હું તને મારતો નથી; માટે ઉઠ, તારે ભય રાખવો નહિ. તું કુશળક્ષેમ તારે ઘેર જા. હે મહારાજા! આવતી ચૈત્રી પૂનેમને દિવસે તારે આવવું. તે દિવસે બુદ્ધિમાન ધર્મરાજાનો અશ્વમેધથશે."[૨૦-૨૫]

ભગદત્તના પુત્ર વજ્રદત્તરાજાને અર્જુને એ પ્રમાણે કહ્યું, એટલે અર્જુનથી પરાજય પામેલા તે રાજાએ "બહુ સારૂં" એમ કહ્યું.[૨૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"વજ્રદત્તનો પરાજય" એ વિષયનો
અધ્યાય ૭૬ મો સમાપ્ત

અધ્યાય ૭૭મો

સૈંધવો સાથેનું યુદ્ધ

॥ वैशंपायन उवाच ॥

सैंधवैरभवद्युद्धं ततस्तस्य किरीटिनः ।
हतशेषैर्महाराज हतानां च सुतैरपि ॥१॥

વૈશંપાયને કહ્યું:-તે પછી હે મહારાજા ! અર્જુનનું પ્રથમના યુદ્ધમાં મરણ પામતાં બચેલા સૈંધવરાજાઓ સાથે તથા પ્રથમના યુદ્ધમાં મરણ પામેલા તેઓના પુત્રોની સાથે યુદ્ધ થયું. તે રાજાઓ શ્વેત ઘોડાવાળા પાંડવશ્રેષ્ઠ અર્જુનને પોતાના દેશમાં ઉતરી આવેલો સાંભળીને તે વાત સહન નહિ થવાથી તેની સામે ચઢી આવ્યા.[૨] તે ઝેરસમાન તીક્ષ્ણ રાજાઓ પોતાના દેશની સમીપમાં યુધિષ્ઠિરના ઘોડાને અટકાવીને અર્જુનથી કે તેના પછીના ભીમસેનથી ભય પામ્યા નહિ.[૩] તેઓ યજ્ઞસંબંધી ઘોડાની સમીપમાંજ હાથમાં ધનુષ્ય લઇને પગપાળા ઉભેલા અર્જુનની સામા ધસી આવ્યા. પછી પ્રથમના યુદ્ધમાં પરાજય પામેલા તે મહાપરાક્રમી રાજાઓએ પુરુષવ્યાઘ્ર અર્જુનને જીતવાની ઇચ્છાથી ચોતરફથી ઘેરી લીધો.[૫] તે સમયે પોતાનાં નામો, ગોત્રો તથા અનેક પ્રકારનાં કર્મોનું કીર્તન કરતા તે રાજાઓએ બાણોના વરસાદ વરસાવીને અર્જુનને છાઇ દીધો.[૬] તેઓ હાથીને પણ ખાળી રાખે તેવાં સંખ્યાબંધ બાણોને છોડી રહ્યા હતા અને રણમાં જયની ઇચ્છા રાખનારા અર્જુનને ચોતરફથી વિંટાઇ વળ્યા હતા.[૭] રણમાં ઉગ્ર કર્મ કરનારા તે અર્જુનને જોતાંજ તે સર્વ વીર રાજાઓ રથોમાં બેસીને પગપાળા અર્જુનસામે યુદ્ધ કરવા મચી પડયા;[૮] અને નિવાતકવચોનો નાશ કરનારા, સંશપ્તકોનો સંહાર કરનારા તથા સૈંધવ-જયદ્રથનો વધ કરનારા તે વીર અર્જુનનાપર પ્રહાર કરવા લાગ્યા.[૯] તેઓ એક હજાર રથોથી તથા દશહજાર ઘોડાઓથી અર્જુનને ઘેરી લઇને મનમાં પ્રસન્ન થંઇ ગયા.[૧૦] હે કુરુવંશી રાજા ! કૌરવ-પાંડવના યુદ્ધમાં અર્જુને સિંધુરાજ જયદ્રથનો વધ કર્યો હતો, એ પાતને તે વીર સૈંધવો ભૂલી ગયા ન હતા,[૧૧] તેથી તેઓ સર્વે મેઘની પેઠે બાણોની વૃષ્ટિ વરસાવી રહ્યા હતા. અર્જુન તેઓની વચ્ચે ઘેરાઇ જઇને મેઘમંડળની વચ્ચે રહેલા સૂર્ય જેવો શોભતો હતો; અને હે ભારત ! તેઓનાં બાણોથી ઢંકાઇ જઇને પાંડવશ્રેષ્ઠ તે અર્જુન પાંજરામાં રહેલા પક્ષી જેવો જણાતો હતો. હે રાજન્ ! એ રીતે કુંતીપુત્ર અર્જુન બાણોથી પીડાવા લાગ્યો, ત્યારે આખા ત્રૈલોકયમાં હાહાકાર થઇ રહ્યો અને સૂર્ય નિસ્તેજ થઇ ગયો. તે પછી હે મહારાજા ! રૂવાંટાં ઉભાં કરી દે તેવો તીક્ષ્ણ વાયુ વાવા લાગ્યો, રાહુએ એકીસાથે સૂર્ય તથા ચંદ્રનો ગ્રાસ કર્યો, ચોતરફ ખરતાં ઉંબાડિયાં સૂર્યમંડળ સાથે અથડાવા લાગ્યાં, મહાન પર્વત કૈલાસ કંપી ઉઠયો, સપ્તર્ષિઓ તથા દેવર્ષિઓ પણ ભયભીત, દુઃખી તથા શોકાકુળ થઇને અતિ ઉષ્ણ નિઃશ્વાસ નાખવા લાગ્યા, ચંદ્રમાં રહેલા સસલાને ભેદીને ચંદ્રના મંડળની આસપાસ ઉંબાડીઆં પડવા લાગ્યાં, સર્વ દિશાઓ પણ પલટાઈ જઈને ધૂમાડાથી ઉભરાવા લાગી અને ગધેડાના રંગ જેવા ભુખરા તથા લાલ વર્ણના મેઘો ઇંદ્રધનુષ્ય તથા વિજળીઓથી યુક્ત થઈને ગગનમંડળને ઘેરી વળી માંસ તથા રુધિરનો વરસાદ વરસાવવા લાગ્યા.[૧૨-૧૯]

હે ભરતશ્રેષ્ઠ ! એ પ્રમાણે તે સમયે વીર અર્જુન બાણોના વરસાદથી ઢંકાઈ ગયો હતો, ત્યારે ઉત્પાતો થયા હતા,તે નવાઈ જેવું બન્યું હતું.[૨૦] અર્જુન ચોતરફથી બાણોની જાળમાં ઢંકાઇ ગયો, ત્યારે તેને થયેલા મોહને લીધે તેના હાથમાંથી ગાંડીવધનુષ્ય તથા મોજું પણ પડી ગયું.[૨૧] તે સમયે મહારથી અર્જુન મોહ પામ્યો અને બેભાન જેવો થઇ ગયો, ત્યારે સૈંધવરાજાઓએ એકદમ ઝડપથી બાણોનો મોટો ઢગ છોડી મૂકયો.[૨૨] તે પછી અર્જુનને મોહ પામેલો જાણીને સર્વ દેવતાઓ મનમાં ત્રાસ પામી તેની શાંતિ કરવા લાગ્યા; તેમજ સર્વ દેવર્ષિઓ, સપ્તર્ષિઓ તથા બ્રહ્મર્ષિઓ પણ બુદ્ધિમાન અર્જુનનો વિજયજાપ જપવા લાગ્યા.[૨૪] પછી હે રાજા ! દેવોએ અર્જુનનું તેજ પ્રદીપ્ત કર્યું, એટલે ઉત્તમ અસ્ત્રવેત્તા બુદ્ધિમાન અર્જુન,સંગ્રામમાં પર્વતની પેઠે અડગ ઉભો રહ્યો. પછી કૌરવોને આનંદ આપનારા તે અર્જુને પોતાના દિવ્ય ધનુષ્યને વારંવાર ખેંચવા માંડયું, જેનો કોઇ મોટા યંત્રના

જેવો મહાન શબ્દ થઈ રહ્યો. ઇંદ્ર જેમ વરસાદ વરસાવે તેમ સમર્થ અર્જુને પોતાના ધનુષ્યમાંથી શત્રુઓપર બાણોના વરસાદ વરસાવવા માંડયા;[૨૭] જેથી સર્વે સૈંધવયોદ્ધાઓ પતંગિયાંથી જેમ વૃક્ષો ઢંકાઈ જાય, તેમ પોતાના રાજાઓની સાથે બાણોથી ઢંકાઈ જઈને દેખાતા બંધ થયા.[૨૮] અર્જુનના તે ધનુષ્યના શબ્દથી ભયપીડિત થયેલા કેટલાએક સૈંધવો ત્રાસ પામી ગયા, કેટલાએક નાસી ગયા, કેટલાએક શોકાકુલ થઈને આંસુઓ સારવા લાગ્યા અને કેટલાએક શોક કરવા લાગ્યા.[૨૯] હે રાજન્! પુરુષોમાં વ્યાઘ્ર જેવો બળવાન અર્જુન, તે સર્વ સૈંધવયોદ્ધાઓની વચ્ચે ઉંબાડિયાંની પેઠે ઘૂમવા લાગ્યો અને બાણોનો સમૂહ છોડવા લાગ્યો.[૩૦] શત્રુઓનો સંહાર કરનારા અર્જુને વજ્રધારી ઇંદ્રની પેઠે સર્વ દિશાઓમાં ઇંદ્રજાળના જેવી બાણજાળને છોડી મૂકી અને બાણોના વરસાદ વરસાવી, મેઘમંડળ જેવા તે સૈન્યને ચોતરફથી છિન્નભિન્ન કરી નાખી કૌરવશ્રેષ્ઠ તે અર્જુન શરદ્ઋતુમાં જેમ સૂર્ય શોભે તેમ શોભવા લાગ્યો.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"ઘોડાની પાછળ જવું"એ વિષયનો
અધ્યાય ૭૭ મો સમાપ્ત

અધ્યાય ૭૮ મો

સૈંધવોનો પરાજય

॥ वैशंपायन उवाच ॥

ततो गांडीवभृच्छूरो युद्धाय समुपस्थितः ।
विबभौ युधि दुर्धर्षो हिमवानचलो यथा ॥१॥

વૈશંપાયને કહ્યું:-તે પછી ગાંડીવધનુર્ધારી તે શૂરવીર અર્જુન યુદ્ધ કરવામાટે ઉભો રહ્યો. આ સમયે યુદ્ધમાં દુર્જય એવો તે હિમાલયપર્વતની પેઠે શોભવા લાગ્યો.[૧] પછી હે ભારત ! સૈંધવયોદ્ધાઓ પણ ફરીથી બરાબર રીતે ગોઠવાઇ ગયા અને અત્યંત આવેશમાં આવી જઇ બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. મહાબાહુ અર્જુને ફરીથી ગોઠવાઇ ગયેલા અને મરવાની ઇચ્છાવાળા તે યોદ્ધાઓને મધુર વાણીથી કહ્યું કે:-" મને જીતવામાટે તમે તમારી પરમ શક્તિથી યત્ન કરો અને લડો.તમે તમારાં સર્વ કાર્યો કરી લ્યો. તમારાપર હવે મહાન ભય આવી પહોંચ્યો છે. તમારી આ બાણજાળને અટકાવીને હું તમારા બધાની સાથે યુદ્ધ કરવા તૈયારજ છું.તમે યુદ્ધ કરવાના મનથી ઉભારહેજો.હું તમારો ગર્વ શાંત કરીશ."

કુરુવંશી અર્જુને એ પ્રમાણે ક્રોધથી કહ્યું, તેવામાં તો હે ભારત ! પોતાના મોટાભાઈયુધિષ્ઠિરનાં વચન તેને યાદ આવ્યાં. મહાત્મા ધર્મરાજાએ કહ્યું હતું કે:-" હે તાત ! ક્ષત્રિયો યુદ્ધમાં વિજયની ઇચ્છા રાખે તોપણ તેઓને તારે મારવા નહિ. માત્ર તેઓને તારે જીતવા." હે મહાપુરુષ ! આ વચનનો અર્જુન તે સમયે વિચાર કરવા લાગ્યો કે:-" રાજા યુધિષ્ઠિરે મને કહ્યું છે કે, તારે રાજાઓને મારવા નહિ, તો તેમનું આ પવિત્ર વચન કેવી રીતે મિથ્યા ન થાય ? રાજાઓનો કેવી રીતે વધ ન થાય? અને યુધિષ્ઠિરની આજ્ઞાને કેવી રીતે પાળી શકાય?" આવો મનમાં વિચાર કરીને ધર્મને જાણનારા પુરુષશ્રેષ્ઠ અર્જુને યુદ્ધ કરવાના મદવાળા સૈંધવયોદ્ધાઓને કહ્યું કે:-" હું તમને કલ્યાણની વાત કહું છું કે, જે પુરુષ આ સંગ્રામમાં મને એમ કહેશે કે, ' હું તમારો છું, હું હાર્યો છું' તેને હું કદી મારીશ નહિ; માટે આ સાંભળીને તમે મારૂં વચન માનો અને તમારૂં હિત કરો, નહિતર મારાથી દુઃખી થઇને તમે સંકટમાં આવી પડશો." એ પ્રમાણે તે વીર યોદ્ધાઓને કહીને કુરુશ્રેષ્ઠ અર્જુન તેઓની સામે યુદ્ધ કરવા લાગ્યો. અત્યંત ક્રોધાયમાન થયેલો અર્જુન, ક્રોધે ભરાયેલા અને વિજયની ઇચ્છાવાળા તે યોદ્ધાઓની સાથે જ્યારે લડવા લાગ્યો,ત્યારે હે રાજન્! તે સૈંધવ યોદ્ધાઓ પણ મજબૂત ગાંઠાવાળાં સેંકડો ને હજારો બાણો અર્જુનપર છોડવા લાગ્યા. તેઓનાં બાણો સર્પના ઝેર જેવાં ક્રૂર હતાં અને અર્જુન સામે ધસી આવતાં હતાં, પણ અર્જુને તેને પોતાનાં તીક્ષ્ણ બાણોવડે વચ્ચેથીજ કાપી નાખ્યાં. કંકપક્ષીનાં પીછાંવાળાં અને સરાણ

ઉપર ઘસીને તીક્ષ્ણ કરેલાં તે બાણોને તત્કાળ કાપી નાખીને અર્જુને તેઓમાંના એકેએકને તીક્ષ્ણ બાણો મારીને વિંધી નાખ્યા. તે પછી સૈંધવરાજાઓ, જયદ્રથને મારી નાખ્યો હતો તે યાદ કરીને અર્જુનનાપર ફરીથી ભાલાઓ તથા શક્તિઓ ફેંકવા લાગ્યા; પરંતુ મહાબળવાન અર્જુને તેઓના સંકલ્પને નિષ્ફળ કર્યો અને તેઓનાં સર્વ હથિયારોને વચ્ચેથી કાપી નાખીને તે કોપી ઉઠ્યો. તેણે વિજયની ઇચ્છાથી ધસી આવતા તે યોદ્ધાઓનાં મસ્તકોને મજબૂત ગાંઠાવાળાં ભલ્લજાતિનાં બાણો મારીને પાડવા માંડયાં; એટલે ફરીથી નાસાનાસ અને દોડાદોડ કરી યુદ્ધમાંથી પાછા ફરતા યોદ્ધાઓનો, ઘુઘવાટકરતા મહાસાગરના જેવો શબ્દ થઇ રહ્યો. મહાતેજસ્વી અર્જુને તેઓને જ્યારે મારવા માંડયા, ત્યારે તેઓ પણ પોતાની શક્તિ અને ઉત્સાહ પ્રમાણે અર્જુનસામે લડવા લાગ્યા. તે પછી અર્જુને મજબૂત ગાંઠાવાળાં બાણોવડે યુદ્ધમાં તેઓને લગભગ બેભાન જેવા કરી મૂકયા; અને તેઓનાં વાહનો તથા સૈનિકો પણ થાકી ગયા. એ રીતે તેઓ સર્વને ઉત્સાહરહિત થયેલા જાણી ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલા, સર્વ યોદ્ધાઓને શાંતિ આપવા માટે પોતાના પુત્ર સુરથના વીર બાળકપુત્રને સાથે લઇ રથમાં બેસી અર્જુન પાસે આવી.તેણે અર્જુન પાસે આવીને દુઃખી શબ્દથી રડવા માંડયું.[૨૪] સમર્થ અર્જુને પણ તેને જોઇને ધનુષ્ય મૂકી દીધું અને વિધિ પ્રમાણે પોતાની બહેનનું તે વેળા સાંત્વન કર્યું.[૨૫] વળી તેણે કહ્યું કે:–“હું તારૂં કયું કામ કરૂં ?”

ત્યારે દુઃશલાએ કહ્યું:– “હે ભરતશ્રેષ્ઠ! આ તારા ભાણેજનો બાળક પુત્ર છે. હે મહાપુરુષ! તે તને વંદન કરે છે, માટે તું તેના તરફ દષ્ટિ કર.” હે રાજન્! દુઃશલાએ એમ કહ્યું, ત્યારે અર્જુને તેના પિતાવિષે પૂછયું કે:–“તે કયાં છે ?” પછી દુઃશલાએ કહ્યું:– “આનો પિતા પોતાના પિતા(જયદ્રથ)ના શોકથી સંતાપ પામીને તથા ખેદથી વિહ્વળ થઇને જે રીતે મરણ પામ્યો છે, તે તું મારી પાસેથી સાંભળ. હે નિર્દોષ અર્જુન! અગાઉ પોતાના પિતાને યુદ્ધમાં તેં મારી નાખેલો સાંભળીને તથા ઘોડાની પાછળ ચાલનારા તને અહીં યુદ્ધ કરવામાટે આવેલો સાંભળીને પોતાના પિતાના મૃત્યુદુઃખથી વ્યાકુળ થયેલા તેણે પોતાના પ્રાણો ત્યજી દીધા છે. “અર્જુન અહીં આવ્યો છે” એમ તારૂં નામ સાંભળતાંજ શોકથી વિહ્વળ થઈને મારો પુત્ર પૃથ્વીપર ઢળી પડયો અને તુરતજ મરણ પામ્યો. હે સમર્થ અર્જુન! એ રીતે તેને મરણ પામેલો જોઇ હું તેના પુત્રને લઇને શરણની ઈચ્છાથી હવે તારી પાસે આવી છું.”[૨૬–૩૨]

એમ કહીને ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલા દીન બની જઇને રડવા લાગી અને નીચું મુખ કરીને દીન અવસ્થામાં ઉભેલા અર્જુનને વળી પણ કહેવા લાગી:–“હે કુરુકુળધુરંધર અર્જુન! તું તારી આ બહેન તરફ અને ભાણેજના પુત્ર તરફ દષ્ટિ કર. હે ધર્મને જાણનારા! કુરુરાજા દુર્યોધનને તથા મૂર્ખ જયદ્રથને ભૂલી જઇને તારે દયા કરવી યોગ્ય છે. જેમ શત્રુવીરોનો નાશ કરનારો પરિક્ષિત અભિમન્યુથી જન્મ્યો છે, તેમ મોટી ભુજાઓવાળો આ મારો પૌત્ર સુરથથી જન્મ્યો છે. હે પુરુષવ્યાઘ્ર! તે આ બાળકને લઇને હું સર્વ યોદ્ધાઓમાં શાંતિ સ્થાપવામાટે તારી પાસે આવી છું, માટે મારૂં આ વચન તું સાંભળ. હે મહાબાહુ! તે મૂર્ખનો આ બાળકપુત્ર તારી પાસે આવ્યો છે,તેથી આ બાળકપર તારે કૃપા કરવી યોગ્ય છે.હે શત્રુઓને દમનારા મહાબાહુ! આ બાળક પોતાના મસ્તકવડે તને પ્રસન્ન કરીને યુદ્ધ બંધ કરવામાટે તારી પાસે યાચના કરે છે, માટે હે અર્જુન! તું શાંત થા.હે પાર્થ!આ બાળકના સંબંધીઓ માર્યા ગયા છે અને તે પોતે પણ હજી કંઇ સમજતો નથી, તો હે ધર્મજ્ઞ! તારે એનાપર કૃપા કરવી યોગ્ય છે. આનો દાદો (જયદ્રથ) કે જે અનાર્ય, ઘાતકી અને તારો અપરાધી હતો તેને ભૂલી જઈને તારે આનાપર કૃપા કરવી યોગ્ય છે.”

દુઃશલા આમ દયા ઉપજે તેમ બોલતી હતી ત્યારે અર્જુન દેવી ગાંધારી તથા ધૃતરાષ્ટ્રરા-

જાને યાદ કરીને દુઃખ તથા શોકથી વ્યાકુળ થઇ પોતાના ક્ષાત્રધર્મની નિંદા કરતો બોલ્યો કેઃ– " અરેરે ! જે ક્ષાત્રધર્મને લીધે મેં મારા સર્વ બાંધવોને યમલોકમાં પહોંચાડી દીધા છે." આમ કહીને અર્જુને દુઃશલાપર પુષ્કળ સાંત્વનવચનોથી અનુગ્રહ કર્યો;[૩૩-૪૩] અને સ્નેહથી ભેટીને તેને ઘેર જવામાટે રજા આપી.[૪૪] સુંદર મુખવાળી દુઃશલા પણ તે યોદ્ધાઓને મોટા યુદ્ધથી અટકાવીને અર્જુનનું સન્માન કરી ઘેર ગઈ.

એ રીતે વીર સૈંધવોનો પરાજય કરી અર્જુન ઇચ્છા પ્રમાણે વિચરનારા ઘોડાની પાછળ ચાલતો થયો.[૪૬] જેમ આકાશમાં પિનાકધનુષ્યને ધારણ કરનારા દેવ શંકર મૃગની પાછળ ગયા હતા, તેમ વીર અર્જુન યજ્ઞપશુ તે ઘોડાની પાછળ વિધિ પ્રમાણે જવા લાગ્યો.[૪૭] તે ઘોડો પણ અર્જુનના શૌર્યને વૃદ્ધિ પમાડતો પોતાની ઇચ્છાનુસાર અનુક્રમે સર્વ દેશોમાં વિચરવા લાગ્યો.[૪૮] હે મહાપુરુષ ! તે ઘોડો અર્જુનની સાથે એ પ્રમાણે ફરતો ફરતો મણિપુરના રાજાના દેશમાં જઈ પહોંચ્યો.[૪૯]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં " સૈંધવપરાજય" એ વિષયનો અધ્યાય ૭૮ મો સમાપ્ત

અધ્યાય ૭૯ મો

અર્જુન અને બભ્રુવાહનનું યુદ્ધ તથા બન્ને મૂર્ચ્છાવશ

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा तु नृपतिः प्राप्तं पितरं बभ्रुवाहनः ।
निर्ययौ विनयेनाथ ब्राह्मणार्थपुरःसरः ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–પોતાના પિતા અર્જુનને (મણિપુરની સમીપમાં) આવેલો સાંભળી રાજા બભ્રુવાહન બ્રાહ્મણોને તથા નજરાણા(ભેટ)ને આગળ કરી વિનયથી નગરની બહાર નીકળ્યો;[૧] પરંતુ બુદ્ધિમાન અર્જુને ક્ષાત્રધર્મ તરફ લક્ષ્ય કરી એ પ્રમાણે આવેલા મણિપુરના રાજાને અભિનંદન આપ્યું નહિ;[૨] એટલુંજ નહિ પણ તે ધર્માત્મા અર્જુને ક્રોધાયમાન થઇને તેને કહ્યું કેઃ–" આ તારો આચાર યોગ્ય નથી. તું ક્ષાત્રધર્મથી વિમુખ છે.[૩] ઓ નીચ પુત્ર ! યુધિષ્ઠિરનો યજ્ઞપશુ આ ઘોડો મારા રક્ષણ હેઠળ તારા દેશ પાસે આવી પહોંચ્યો છે; છતાં તું મારી સામે લડ્યો કેમ નહિ ?[૪] અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા અને ક્ષાત્રધર્મથી વિરુદ્ધ વર્તનારા તને ધિક્કાર હજો; કારણ કે તું યુદ્ધ કરવા સન્મુખ આવેલા મને સામ ઉપાયથીજ વશ કરે છે ![૫] તું આ લોકમાં જીવતો રહીશ તેથી કોઇ જાતનો પુરુષાર્થ સરે તેમ લાગતું નથી; કેમકે તું યુદ્ધ કરવા સામે આવેલા મને એક સ્ત્રીની પેઠે કેવળ સામથીજ વશ કરવા ધારે છે ![૬] ઓ અતિ દુષ્ટ બુદ્ધિવાળા નરાધમ ! જો હું તારી સામે શસ્ત્રો ત્યજીને આવ્યો હોઉં તોજ તારે આવો આચાર કરવો યોગ્ય ગણાય."[૭] એ પ્રમાણે પોતાના પતિ અર્જુને પોતાના પુત્ર બભ્રુવાહનને કહ્યું, તે જાણીને સર્પપુત્રી ઉલૂપી, તે સહન નહિ થવાથી પૃથ્વી ફાડીને બહાર આવી. હે રાજા ! તેણે જોયું તો પોતાનો પુત્ર નીચું મુખ કરીને કંઇક વિચારમાં પડી ગયો હતો; અને બીજી તરફથી તેનો પિતા યુદ્ધ કરવાની ઇચ્છાથી વારંવાર તેનો તિરસ્કાર કરી રહ્યો હતો.[૯] તે પછી સર્વાંગસુંદર તે નાગપુત્રી ઉલૂપી, ધર્મમાં કુશળ પોતાના પુત્ર બભ્રુવાહનની સમીપમાં ગઇ અને આવું ધાર્મિક વચન બોલી[૧૦]:–" હે પુત્ર ! હું નાગપુત્રી ઉલૂપી છું. મને તું તારી માતા જાણ. તું મારા વચન પ્રમાણે કર, તેથી તને શ્રેષ્ઠ ધર્મ પ્રાપ્ત થશે.[૧૧] આ તારા પિતા કે જે કુરુઓમાં શ્રેષ્ઠ છે અને યુદ્ધ કરવામાં મદમત્ત છે, તેની સામે તું યુદ્ધ કર. એમ કરવાથી તે તારાપર પ્રસન્ન થશે, એમાં કંઇ સંશય નથી."[૧૨]

હે ભરતશ્રેષ્ઠ ! અસહનશીલ રાજા બભ્રુવાહનને પોતાની માતાએ એ પ્રમાણે કહ્યું, એટલે તે મહાતેજસ્વીએ યુદ્ધ કરવાનોજ વિચાર કર્યો.[૧૩] તેણે સુવર્ણનું કવચ ચઢાવી લીધું; મસ્તકપર પ્રદીપ્ત શિરસ્ત્રાણ (ટોપ)ધારણ કર્યું; અને પછી સેંકડો ભાથાઓથી ભરપૂર એક ઉત્તમ રથમાં તે બેઠો.[૧૪] એ રથ સર્વ સામગ્રીથી

યુક્ત હતો, મનસમાન વેગવાળા ઘોડાઓથી જોડેલો હતો,પૈડાં અને બીજા સરસામાનથી ભરેલો હતો,તેમજ સુવર્ણના કળશોથી સુશોભિત હતો. તે રથ ઉપર અત્યંત સન્માનપાત્ર થયેલી તથા તદ્દન સુવર્ણના સિંહવાળી ધ્વજા ઉંચી કરીને શ્રીમાન રાજા બભ્રુવાહન અર્જુન સામે યુદ્ધ કરવા નીકળ્યો.૧૫,૧૬ વીર બભ્રુવાહન, અર્જુનના રક્ષણ તળે રહેલા ઘોડા પાસે ગયો અને પછી અશ્વશિક્ષામાં કુશળ પોતાના પુરુષોદ્વારા તે ઘોડાને પોતાને સ્વાધીન લીધો. તેણે પોતાના ઘોડાને એ રીતે સ્વાધીન લીધો, તે જોઈને અર્જુન મનમાં પ્રસન્ન થયો અને પોતે પૃથ્વીપર ઉભો રહીને રથમાં બેઠેલા પોતાના પુત્રને અટકાવવા લાગ્યો;૧૮ પરંતુ એ યુદ્ધમાં રાજા બભ્રુવાહને સર્પના ઝેર જેવાં તીક્ષ્ણ સંખ્યાબંધ બાણો છોડી મૂકીને વીરઅર્જુનને પ્રહાર કરવા માંડયો.૧૯ આ ઉપરથી અન્યોન્યનાપર પ્રસન્ન થયેલા તે બન્ને પિતાપુત્રનું દેવો તથા અસુરોવચ્ચેના યુદ્ધ જેવું અતુલ યુદ્ધ થવા લાગ્યું.૨૦ બભ્રુવાહને ખડખડાટ હસીને મજબૂત ગાંઠાવાળું એક બાણ મારી પુરુષવ્યાઘ્ર અર્જુનને હાંસડીના ભાગમાં એકદમ વિંધી નાખ્યો.૨૧ જેમ સર્પ રાફડામાં પ્રવેશ કરે, તેમ ત બાણ લગભગ અગ્રભાગ સુધી અર્જુનની હાંસડીમાં ખુંચી જઈ તેને અત્યંત ઘાયલ કરી પૃથ્વીમાં પેસી ગયું.૨૨ બુદ્ધિમાન અર્જુનને તે પ્રહારથી અત્યંત વેદના થવા લાગી, જેથી પોતાના ઉત્તમ ધનુષ્યને ટેકવીને જાણે મરણ પામ્યો હોય, તેમ હાર્દાકાશ નામના ઇશ્વરરૂપ દિવ્ય તેજમાં તે દાખલ થયો– અર્થાત્ એક ક્ષણવાર ધ્યાનમગ્ન જેવો થઇ ગયો. પછી ભાનમાં આવીને મહાપુરુષઅર્જુનેપોતાના પુત્રની પ્રશંસા કરી અને મહાતેજસ્વી તે ઇંદ્રપુત્ર (અર્જુન) આવું વાકય બોલ્યો૨૪:–“ધન્ય! ધન્ય! હે મહાબાહુ વત્સ ! હે ચિત્રાંગદાના પુત્ર ! તારા ક્ષત્રિયકર્મને મારાસમાન જોઇને હું તારાપર પ્રસન્ન થયો છું.૨૫ હે પુત્ર ! હવે યુદ્ધમાં સ્થિર થઇને ઉભો રહેજે. હું તારાપર હમણાંજ બાણો છોડું છું.” આમ કહીને શત્રુઓનો સંહાર કરનારો અર્જુન નારાચબાણોની વૃષ્ટિ કરવા લાગ્યો.૨૬ ગાંડીવમાંથી છુટેલાં તે નારાચબાણો વજ્ર તથા વિજળી જેવાં તેજસ્વી હતાં; પરંતુ રાજા બભ્રુવાહને ભલ્લજાતિનાં બાણો મૂકીને તેઓ સર્વના બબ્બે અને ત્રણ ત્રણ ટુકડા કરી નાખ્યા,૨૭ એટલે અર્જુને કેટલાંએક દિવ્ય બાણો ઉપરાંત એક ક્ષુરજાતિનું બાણ મારીને તેના ધ્વજને રથ ઉપરથી પાડી નાખ્યો, કે જે ધ્વજ સુવર્ણથી મઢેલો હતો અને જાણે સુવર્ણનું તાડવૃક્ષ હોય તેવો શોભતો હતો. વળી હે શત્રુદમન રાજા! પાંડવ અર્જુને જાણે હસતો હોય તેવો ડોળ કરીને તેના ઘોડાઓને પણ મારી નાખ્યા, કે જે ઘોડાઓ પ્રચંડ શરીરવાળા હતા અને મહાવેગવાળા હતા.૨૯ પછી રાજા બભ્રુવાહન અત્યંત કોપાયમાન થઇને રથ ઉપરથી નીચે ઉતરી પડયો અને પગપાળો થઈ પોતાનાપિતા અર્જુનસામેક્રોધથી લડવા લાગ્યો. પાંડવોમાં શ્રેષ્ઠ અર્જુન પોતાના પુત્રના પરાક્રમથી અત્યંત પ્રસન્ન થયો અને તેથીજ તે ઇંદ્રપુત્રે પોતાના પુત્રને અત્યંત દુઃખી કર્યો નહિ;પણ બળવાન બભ્રુવાહન તો પોતાનાપિતાને રણથી વિમુખ થયેલોજ માનવા લાગ્યો, જેથી તેણે સર્પના જેવાં અનેક બાણોનો વારંવાર પ્રહાર કરવા માંડયો.૩૨ તે બભ્રુવાહને પોતાના બાળકસ્વભાવથી તીક્ષ્ણ અણીવાળું એક સજેલું બાણ મારીને અર્જુનને હૃદયમાં અત્યંત વિંધી નાખ્યો.૩૩ હે રાજન! અત્યંત દુઃખ કરનારૂં તે બાણ મર્મસ્થાનને ફાડી અર્જુનના હૃદયમાં પેસી ગયું, જેથી કુરુવંશી અર્જુન અત્યંત વિંધાઇને તથા મૂર્ચ્છાવશ થઈને ધરણીપર ઢળી પડયો. હે રાજા! કૌરવોનો ધુરંધર વીર અર્જુન પૃથ્વીપર પડયો એટલે ચિત્રાંગદાનો પુત્ર રાજા બભ્રુવાહન પણ મૂર્ચ્છાવશ થઇ ગયો; કેમકે રણમાં અતિશય પરિશ્રમ કરીને તથા પોતાના પિતાને મરણ પામેલો જોઇને પ્રથમથીજ અર્જુનનાં સંખ્યાબંધ બાણોથી ગાઢ વિંધાયેલો બભ્રુવાહન યુદ્ધના મોખરામાં પૃથ્વીનું આલિંગન કરીને પડયો–અર્થાત્ તે પણ મૂર્ચ્છાવશ થઈને પૃથ્વીપર પડી ગયો.૩૪–૩૭

એ રીતે પોતાના પતિને મરણ પામેલો જોઇ તેમજ પુત્રને પણ પૃથ્વીપર પડી ગયેલો જોઇ ચિત્રાંગદા અત્યંત ત્રાસ પામીને રણભૂમિમાં દોડી આવી.[૩૮] તેનું હૃદય શોકથી અત્યંત તપી ગયું હતું, તે રુદન કરતી હતી અને અત્યંત ધ્રૂજતી હતી; કેમકે મણિપુરના રાજા બભ્રુવાહનની તે માતાએ પોતાના પતિને ત્યાં મરણ પામેલો જોયો હતો.[૩૯]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતાપર્વમાં "અર્જુન તથા બભ્રુવાહનનુ યુદ્ધ"એ વિષયનો અધ્યાય ૭૯ મો સમાપ્ત

અધ્યાય ૮૦ મો

પિતાપુત્ર-બન્ને ફરીથી સાવધાન થયા.

॥ वैशंपायन उवाच ॥

ततो वहुतरं भीरुर्विलप्य कमलेक्षणा ।
मुमोह दुःखसंतप्ता पपात च महीतले ॥१॥

વૈશંપાયને કહ્યું:– તે પછી ઘણો ઘણો વિલાપ કરીને દુઃખથી અત્યંત તપી ગયેલી કમળસમાન નેત્રવાળી ચિત્રાંગદા ભયભીત થઇને પૃથ્વીપર ઢળી પડી અને મૂર્ચ્છાવશ થઈ ગઇ.[૧] તે દિવ્ય શરીરને ધારણ કરનારી દેવીને ફરી જ્યારે ભાન આવ્યું, ત્યારે નાગપુત્રી ઉલૂપી સામે જોઈને તે આ પ્રમાણે બોલી[૨]:–" ઓ ઉલૂપિ ! તું જો, યુદ્ધમાં અજિત આ આપણો સ્વામી રણમાં સૂતો છે. તારે લીધેજ મારા પુત્રે બાણવડે આને મારી નાખ્યો છે.[૩] અરે ! પણ તું આર્યધર્મને જાણનારી છે તેમ પતિવ્રતા પણ છે, છતાં તારે લીધે રણમાં મરણ પામેલો આ સ્વામી અહીં પડયોછે.(એ કેવું આશ્ચર્ય!) જો કે આ અર્જુન સર્વ પ્રકારે તારો અપરાધી છે, તોપણ તું ક્ષમા કર અને હું તારી પ્રાર્થના કરૂં છું કે, અર્જુનને તું જીવાડ.[૫] હે કલ્યાણિ ! તું આર્યા છે અને ધર્મને જાણનારીતરીકે ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે; છતાં પુત્રદ્વારા પતિનો ઘાત કરાવીને શોક કેમ કરતી નથી?[૬] હે નાગપુત્રિ! હું મારા મરણ પામેલા પુત્રનો શોક કરતી નથી, પણ મારા પતિનોજ શોક કરૂં છું; કેમકે આપણે તેનો આવો અતિથિસત્કાર કર્યો છે!"[૭]

આ સમયે નાગપુત્રી ઉલૂપીને એ પ્રમાણે કહીને યશસ્વિની દેવી ચિત્રાંગદા પોતાના પતિની સમીપમાં જઇને આવું વચન બોલી:–[૮]" હે કુરુરાજા (યુધિષ્ઠિર) ના મુખ્ય પ્રિય મારા વહાલા પતિ ! તમે ઉઠો. હે મહાબાહુ ! આ તમારા ઘોડાને મેં છોડી મૂકયો છે.[૯] હે પ્રભુ ! ધર્મરાજાના યજ્ઞસંબંધી આ ઘોડાની પાછળ તમારે હજી ફરવાનું છે; છતાં તમે પૃથ્વીપર કેમ સૂઇ રહ્યા છો ?[૧૦] હે કુરુનંદન ! મારા અને સર્વ કુરુવંશીઓના પ્રાણો કેવળ તમારે આધારેજ ટકી રહ્યા છે, જેથી તમે બીજાઓના પ્રાણદાતા થઈને પણ આ રીતે પ્રાણોને કેમ ત્યજી બેઠા છો ?[૧૧] ઓ ઉલૂપિ ! તું જરા નીરખીને તો જો, આ આપણો પતિ પૃથ્વીપર પડયો છે. તેં આ મારા પુત્રને ઉત્તેજિત કરીને તેદ્વારા પતિનો ઘાત કરાવ્યો છે, છતાં તું શોક કરતી નથી! (એ શું ?)[૧૨] (હું તો એજ ઇચ્છું છું કે,) આ મારો પુત્ર મૃત્યુને આધીન થઇને પૃથ્વીપર ભલે સૂઈ રહે; પણ નિદ્રાને જીતનારો અને લાલ નેત્રવાળો અર્જુન તો જીવતોજ થાય.[૧૩] હે ઉત્તમ ભાગ્યવાળી ! અનેક સ્ત્રીઓ કરવી એ કંઈ પુરુષોનો અપરાધ ગણાતો નથી; માટે તને એવી બુદ્ધિજ ન થવી જોઇએ કે, આ અર્જુન બીજી સ્ત્રીઓનો થઇ પડયો છે! (પણ મારો થયો નથી!)[૧૪] વિધાતાએ સ્ત્રીપુરુષ વચ્ચેનો મિત્રભાવ અનાદિકાળથીજ નિર્માણ કર્યો છે, માટે તું તે મિત્રભાવ તરફ લક્ષ્ય આપ અને તારી તથા આ અર્જુનવચ્ચેની સંગતિને સત્ય થવા દે.[૧૫] પુત્રદ્વારા પતિનો ઘાત કરાવીને આજે તું આને જો જીવતો દેખાડીશ નહિ તો હું આજેજ મારા જીવિતનો ત્યાગ કરીશ.[૧૬] હે દેવિ ! પતિ અને પુત્રથી રહિત થયેલી હું દુઃખથી ઘેરાઈ ગઇ છું; માટે અહીંજ તારા દેખતાં અનશનવ્રત સ્વીકારીને હું બેસીશ, એમાં સંશય નથી."[૧૭]

વૈશંપાયને કહ્યું:–હે રાજા ! ચિત્રવાહનની પુત્રી ચિત્રાંગદા કે જે અર્જુનની પત્ની હતી, તે નાગપુત્રી ઉલૂપીને એમ કહીને ચૂપ થઇ

ગઈ અને અનશનવ્રત લઇને ત્યાંજ બેસી ગઇ. ગરીબ બિચારી ચિત્રાંગદા એ પ્રમાણે વિલાપ કરીને શાંત થઇ ગઈ અને પોતાના પતિના ચરણ પકડીને ત્યાં બેઠી બેઠી શ્વાસોચ્છ્વાસ લેતા પોતાના પુત્ર સામે જોવા લાગી.[૧૮,૧૯] તેવામાં રાજા બભ્રુવાહનને ફરી ભાન આવ્યું. તેણે પોતાની માતાને ત્યાં રણભૂમિપર જોઇને આ પ્રમાણે કહેવા માંડયું:–[૨૦] “ અહો ! આનાથી વધારે દુઃખ શું હોઇ શકે ? કેમકે જે મારી માતા સુખમાં ઉછરેલી છે તે, મરણ પામીને પૃથ્વીપર પડેલા પોતાના વીર પતિની પાસે અહીં પડી છે.[૨૧] અફસોસ ! રણમાં શત્રુઓનો સંહાર કરનારો અને સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ પોતાનો પતિ, કે જે ભાગ્યેજ મરી શકે તેવો હતો તેને યુદ્ધમાં મારે હાથે મરણ પામેલો તે જોઈ રહી છે.[૨૨] અહો ! આ દેવીનું હૃદય દૃઢ જણાય છે;કેમકે વિશાળ છાતીવાળા અને મોટી ભુજાઓવાળા પોતાના પતિને મરણ પામેલો જુએ છે,છતાં તેનું હૃદય ચીરાઇ જતું નથી.[૨૩] ખરેખર! હું માનું છું કે,આ લોકમાં જ્યાંસુધી મરણકાળ આવ્યો હોતો નથી ત્યાંસુધી મનુષ્ય ભાગ્યેજ મરી શકે છે; કેમકે આ અવસ્થામાં પણ હું અને મારી માતા પ્રાણરહિત થતાં નથી.[૨૪] અરેરે ! ધિક્કાર ! ધિક્કાર ! જુઓ તો ખરા, પોતાના પુત્રના હાથે મરણ પામેલા આ કુરુવીરનું સુવર્ણકવચ છિન્નભિન્ન થઈને અહીં પૃથ્વીપર પડયું છે.[૨૫] હે બ્રાહ્મણો ! તમે જુઓ,મારા વીર પિતા પોતાના પુત્રના હાથેજ મરણ પામીને અહીં વીરશય્યામાં સૂતા છે.[૨૬] કુરુરાજ યુધિષ્ઠિરના જે બ્રાહ્મણો ને ઘોડાની પાછળ ચાલનારાતરીકે મૂકવામાં આવ્યા છે તેઓ, રણમાં મેં મારી નાખેલા આ મારા પિતાની શી શાંતિ કરે છે ? ૨૭ હે બ્રાહ્મણો ! તમે કહો. રણમાં પિતાનો વધ કરનારા, પાપી અને ઘાતકી એવા મારે હવે શુંપ્રાયશ્ચિત્ત કરવું જોઈએ ?[૨૮] હું પિતાનો વધ કરીને હવે અતિ ઘાતકી બન્યો છું, જેથી મારે આ મારા પિતાનુંજ ચામડું શરીરપર ઓઢીને બાર વર્ષસુધી દુઃખી સ્થિતિમાં ફરવું જોઈએ.[૨૯] મારે હવે આ મારા પિતાના મસ્તકની ખોપરીમાંજ ભોજન કરવું જોઈએ;કેમકે પિતાનો વધ કરીને મારે-માટે તે વિના બીજું કોઈ પ્રાયશ્ચિત્તજ નથી.[૩૦] હે નાગરાજાની પુત્રિ ! તું જો, તારા પતિને મેં માર્યો છે. આજે યુદ્ધમાં અર્જુનને મારીને મેં તારૂં પ્રિય કર્યું છે,[૩૧] પણ હું તો હવે મારા પિતાએ સેવેલી ગતિનેજ પામીશ; કેમકે હે કલ્યાણિ ! હું પોતે મારા પ્રાણોને ધારણ કરી શકું તેમ નથી.[૩૨] હે માતા ! હું અને અર્જુન મરણ પામીએ એટલે તું પ્રસન્ન થજે. હે દેવિ ! હું હવે મારા આત્માને સત્ય–પરમાત્માની સાથેજ યોજી દઉં છું.”[૩૩]

હે મહારાજા! એમ કહીને દુઃખ તથા શોકથી ઘેરાયેલા તે રાજાએ જળનો સ્પર્શ કરીને દુઃખને લીધે આવું વચન કહ્યું:–“ હે સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓ ! અને હે સર્પોમાં શ્રેષ્ઠ માતા ! આ હું સત્ય કહું છું, તેને તમે સાંભળો.[૩૫] પુરુષોમાં શ્રેષ્ઠ આ મારો પિતા અર્જુન જો ઉભો થશે નહિ તો આ રણપ્રદેશમાંજ મારા શરીરને હું સૂકવી નાખીશ.[૩૬] મેં મારા પિતાનો વધ કર્યો છે, તેથી મારે માટે કોઈપણ શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત છેજ નહિ. ખરેખર,પિતાના વધથી વ્યાકુળ થયેલો હું નરકમાંજ પડીશ.[૩૭] (સામાન્ય એવો નિયમ છે:કે,) કોઇ એક વીર ક્ષત્રિયનો વધ કરનાર મનુષ્ય સો ગાયોનું દાન કરીને તેના પાપમાંથી મુક્ત થાય છે; પરંતુ આ રીતે પિતાનો વધ કરીને મારેમાટે તો પ્રાયશ્ચિત્ત દુર્લભજ છે. પાંડુના પુત્ર ધર્માત્મા આ અર્જુન એક તો મહાતેજસ્વી ક્ષત્રિય હતા અને વળી મારા પિતા હતા, જેથી તેનો વધ કરનારા મારેમાટે પ્રાયશ્ચિત્ત હોઈજ કેમ શકે ? ”[૩૯]

વૈશંપાયને કહ્યું:–હે રાજા! એ પ્રમાણે કહીને અર્જુનના મહાબુદ્ધિમાન પુત્ર રાજા બભ્રુવાહને જળનો સ્પર્શ કરી મૌનપણે અનશનવ્રતનો સ્વીકાર કર્યો.[૪૦] હે શત્રુતાપન રાજા ! પિતાના શોકથી ઘેરાયેલા તે મણિપુરના રાજાએ પોતાની માતાની સાથે એ રીતે અનશન લીધું, એટલે ઉલૂપીએ તે સમયે સર્પોના ઉત્તમ શરણરૂપ સંજીવન નામના મણિનું મનમાં ચિંતન

કર્યું, કે તુરતજ તે ત્યાં હાજર થયો.[૪૧,૪૨] હે કુરુવંશી રાજા ! નાગરાજાની પુત્રી ઉલૂપી તે મણિને હાથમાં લઇને સર્વ સૈનિકોના મનને પ્રસન્ન કરનારી આવી વાણી બોલીઃ–[૪૩] " હે પુત્ર ! ઉઠ, ઉભો થા.તું શોક કર મા. તેં અર્જુનને જીત્યો નથી. એને મનુષ્યો તથા ઇંદ્રસહિત દેવો પણ જીતી શકે તેમ નથી. મેં :પુરુષોમાં શ્રેષ્ઠ આ તારા યશસ્વી પિતાને પ્રસન્ન કરવામાટે મોહની નામની માયા દેખાડી છે.[૪૪,૪૫] આ કુરુવંશી અર્જુન જે શત્રુવીરોનો સંહાર કરનારો છે, તે સંગ્રામમાં યુદ્ધ કરનારા પોતાના પુત્રનું (તારૂં) બળ જાણવાની ઇચ્છાવાળો હતો;[૪૬] માટેજ હે પુત્ર ! મેં તને યુદ્ધમાટે પ્રેરણા કરી હતી. હે સમર્થ પુત્ર ! તું તારામાં લેશમાત્ર પણ પાપની શંકા કરીશ નહિ.[૪૭] આ અર્જુન પુરાણઋષિ છે, મહાન આત્મા છે, સનાતન છે અને અક્ષર છે. હે પુત્ર ! સંગ્રામમાં એને જીતવાને તું સમર્થ નથી.[૪૮] હે રાજા ! આ દિવ્ય મણિ, કે જે મરણ પામેલા સર્પોને નિત્ય જીવતા કરે છે, તેને મેં આણ્યો છે.[૪૯]હે સમર્થ પુત્ર ! આને તું તારા પિતાની છાતી ઉપર મૂક, એટલે તેજ સમયે પાંડુપુત્ર અર્જુનને તું સજીવન થયેલા જોઇશ."[૫૦] તેણે એ પ્રમાણે કહ્યું ત્યારે પુણ્યકર્મ કરનારા મહાતેજસ્વી બભ્રુવાહને સ્નેહથી અર્જુનની છાતી ઉપર તે મણિ મૂક્યો.[૫૧] તે મણિને મૂક્યો કે તુરતજ મહાસમર્થ વીર અર્જુન લાંબા કાળથી જાણે સૂઇને ઉઠ્યો હોય તેમ પોતાનાં લાલ નેત્રોને ચોળતો ચોળતો ઉભો થયો. મનસ્વી મહાત્મા અર્જુન એ રીતે ભાનમાં આવીને ઉભો થયો, ત્યારે પોતાના પિતાને સ્વસ્થ થયેલા જોઇને બભ્રુવાહને તેને વંદન કર્યું.[૫૩] હે રાજા ! પુરુષોમાં વ્યાઘ્રસમાન લક્ષ્મીવાન અર્જુન જ્યારે ઉભો થયો, ત્યારે ઇંદ્રે પવિત્ર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરી.[૫૪] ઉપરાંત વગાડયાવિનાજ મેઘના જેવો શબ્દકરનારાં દુંદુભિઓ વાગવાલાગ્યાં અને આકાશમાં " સારૂં થયું, સારૂં થયું " એવો અતિ મહાન શબ્દ થઇ રહ્યો.[૫૫] મહાબાહુ અર્જુન ઉભો થઇને સારી રીતે શાંત થયો અને બભ્રુવાહનને ભેટી પડી તેનું મસ્તક સુંઘવા લાગ્યો.[૫૬] અર્જુને શોકથી કૃશ થયેલી અને ઉલૂપીની સાથે ઉભેલી તેની માતાને જ્યારે સમીપમાંજ જોઇ,ત્યારે તેણે પૂછ્યું કેઃ–"હે શત્રુહંતા ! આ સર્વ રણાંગણ શોક, આશ્ચર્ય તથા હર્ષવાળું કેમ જણાય છે ? તે તું જાણતો હોય તો મને કહે.[૫૮] તારી માતા આ રણભૂમિમાં શામાટે આવી છે ? અને નાગરાજાની પુત્રી ઉલૂપી અહીં શામાટે આવી છે ?[૫૯] હું જાણું છું કે, તેં આ યુદ્ધ મારા વચન ઉપરથી કર્યું છે, પણ અહીં સ્ત્રીઓને આવવાનું શું કારણ છે ? તે જાણવાને હું ઇચ્છું છું." મણિપુરના વિદ્વાન રાજાને જ્યારે એ પ્રમાણે પૂછ્યું, ત્યારે તેણે નતમસ્તકે અર્જુનને પ્રસન્ન કરીને કહ્યું કે,"તે વિષે આ ઉલૂપીને તમે પૂછો."[૬૧]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" અશ્વના અનુસરણમાં અર્જુનનું સજીવન થવું " એ વિષયનો અધ્યાય
૮૦ મો સમાપ્ત

* * *

અધ્યાય ૮૧મો

બભ્રુવાહનનું સાંત્વન અને મણિપુરથી પ્રયાણ

॥ अर्जुन उवाच ॥

किमागमनकृत्यं ते कौरव्यकुलनंदिनि ।
मणिपूरपतेर्मातुस्तथैव च रणाजिरे ॥१॥

અર્જુને પૂછ્યું:–"હે કૌરવ્યકુલનંદિનિ ! તારે અને બભ્રુવાહનની આ માતાને રણાંગણમાં આવવાનું શું કારણ છે ?[૧] હે નાગપુત્રિ ! શું આ રાજાનું તું કુશળ ઇચ્છે છે ? અથવા હે ચંચળ કટાક્ષવાળી ! શું તું મારૂં કલ્યાણ ઇચ્છે છે ?[૨] હે વિશાળ નિતંબવાળી ! હે પ્રિયદર્શના ! મેં અથવા આ બભ્રુવાહને અજાણતાં તારૂં કંઇ અપ્રિય તો કર્યું નથી ને ?[૩] સુંદર નિતંબવાળી રાજપુત્રી ચિત્રાંગદા, જે ચિત્રવાહનની પુત્રી છે અને તારી શોક્ય છે તેણે તારો કંઇ અપરાધ તો કર્યો નથી ને ?"[૪]

અર્જુને એ પ્રમાણે પૂછ્યું, એટલે નાગ-

રાજાની પુત્રી ઉલૂપી જાણે હસતી હોય તેમ મુખ મલકાવીને બોલી:–“ તમે કે આ બભ્રુવાહને મારો કાંઇ અપરાધ કર્યો નથી;તેમજ બભ્રુવાહનની માતા આ ચિત્રાંગદાએ પણ મારો કંઇ અપરાધ કર્યો નથી. તે તો મારી દાસીની પેઠેજ રહેનારી છે. મેં આ પ્રમાણે જે કંઇ કર્યું છે, તે સર્વ તમે સાંભળો.[૬] હું તમને મસ્તક નમાવીને પ્રસન્ન કરૂં છું કે, તમારે મારાપર ક્રોધ કરવો નહિ. હે કુરુવંશી પ્રભુ ! તમારૂં પ્રિય કરવામાટેજ મેં આ બધું કર્યું છે, તેને હે મહાબાહુ અર્જુન ! તમે સંપૂર્ણ રીતે સાંભળો. મહાભારતના યુદ્ધમાં શાંતનુપુત્ર ભીષ્મરાજાને તમે માર્યા છે, તે હે પાર્થ ! કેવળ અધર્મથીજ માર્યા છે, તેનું તમે આ પ્રાયશ્ચિત્ત કર્યું છે. હે વીર ! ભીષ્મ જ્યારે લડતા હતા, ત્યારે તમે તેમને માર્યા નથી; પણ જ્યારે શિખંડીની સામે તેમનો ભેટો થયો,ત્યારે શિખંડીનો આશ્રય કરીને તમે તેને માર્યા છે. તે પાપની શાંતિ કર્યાવિના તમે જો જીવિતનો ત્યાગ કરો તો જરૂર તે પાપી કર્મથી તમે નરકમાંજ પડો.હે મહાબુદ્ધિમાન રાજા! આ શાંતિ, કે જેને તમે તમારા પુત્ર તરફથી મેળવી છે,તેને વસુઓએ તથા ગંગાએજ નિર્માણ કરી હતી. પૂર્વે જે સમયે ભીષ્મરાજા મરણ પામ્યા, ત્યારે ગંગાના તીર ઉપર વસુઓએ આ કહ્યું હતું અને તે મેં સાંભળ્યું હતું.[૭–૧૨] દેવ વસુઓ મહાનદી ગંગા ઉપર આવીને તથા તેને મળીને ગંગાના મત પ્રમાણે તે સમયે આવું ઘોર વચન બોલ્યા હતા:–“ હે કલ્યાણિ ગંગા ! આ શાંતનુપુત્ર ભીષ્મ સંગ્રામમાં યુદ્ધ કરતા બંધ થયા હતા અને બીજાની સાથે લડતા હતા, છતાં અર્જુને તેમને મારી નાખ્યા છે.[૧૪] આ પ્રસંગને લીધે આપણે અર્જુનને આજે શાપ આપીએ.” તે સાંભળી ગંગાએ પણ “**તથાસ્તુ**” એમ તેઓપ્રત્યે કહ્યું; પણ એ વાત જાણીને મારી ઇંદ્રિયો આકુળવ્યાકુળ થઇ ગઇ. મેં એકદમ ઘરમાં આવીને એ વાત મારા પિતાને જણાવી,એટલે તે પણ એ સાંભળીને અત્યંત ખેદ પામ્યા;અને તત્કાળ વસુઓ પાસે જઇને તે મારા પિતાએ વારંવાર તેઓને પ્રસન્ન કરીને તમારેમાટે પ્રાર્થના કરી,ત્યારે વસુઓએ મારા પિતાને કહ્યું કેઃ–“હે મહાભાગ ! અર્જુનનો તરુણ પુત્ર, કે જે મણિપુરનો રાજા થશે તે રણક્ષેત્રમાં ઉભો રહીને બાણોવડે અર્જુનને પૃથ્વીપર પાડશે. હે નાગેન્દ્ર ! જ્યારે એ પ્રમાણે થશે, ત્યારે અર્જુન શાપથી મુકત થશે;માટે હવે તું તારે ઘેર જા.” વસુઓએ એમ કહ્યું તે પછી મારા પિતાએ તે વચન મને કહ્યું અને મેં તે સાંભળીને તમને શાપમાંથી મુક્ત કર્યા છે.[૧૫–૧૯] તમને દેવોનો રાજા પણ યુદ્ધમાં જીતી શકે તેમ નથી; પરંતુ “પોતાનો પુત્ર પોતાનુંજ સ્વરૂપ ગણાય છે ” એ ન્યાય પ્રમાણે બભ્રુવાહને તમારો પરાજય કર્યો છે.[૨૦] આમાં મને તો કંઇ દોષ જણાતો નથી, તોપણ હે પ્રભુ ! તમે શું માનો છો ?”

ઉલૂપીએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે અર્જુન મનમાં પ્રસન્ન થઇને બોલ્યો કેઃ–“ હે દેવિ ! તેં આ જે કંઈ કર્યું છે,તે સર્વ મને અતિશય પ્રિય છે.” એમ કહીને અર્જુને ચિત્રાંગદા તથા ઉલૂપીના સાંભળતાં પોતાના પુત્ર બભ્રુવાહનને કહ્યું કેઃ–“આવતા ચૈત્રમાસની પૂર્ણિમાએ યુધિષ્ઠિરનો અશ્વમેધ થશે, માટે હે રાજા ! તારે તારા અમાત્યો અને આ બન્ને માતાઓની સાથે ત્યાં આવવું.”[૨૧–૨૪]

રાજા બભ્રુવાહનને અર્જુને એ પ્રમાણે કહ્યું એટલે અશ્રુઓથી ઉભરાઇ જતાં નેત્રવાળા તે બુદ્ધિમાને પોતાના પિતાને કહ્યું કેઃ–“ હે ધર્મજ્ઞ ! તમારી આજ્ઞાથી અશ્વમેધ મહાયજ્ઞમાં બ્રાહ્મણોને પીરસનારાતરીકે હું આવીશ; પણ હે ધર્મજ્ઞ ! મારાપર અનુગ્રહ કરવામાટે પોતાની બન્ને સ્ત્રીઓ સાથે આ તમારા નગરમાં તમે પ્રવેશ કરો. એમાં તમારે કંઇ વિચાર કરવો નહિ. હે પ્રભુ ! આ નગરમાં માત્ર એકજ રાત્રિ પોતાના ઘરમાં રહીને પછીથી હે જય કરનારાઓમાં શ્રેષ્ઠ! યજ્ઞપશુ ઘોડાની પાછળ તમે જજો.”[૨૫–૨૮]

પોતાના પુત્રે એ પ્રમાણે કહ્યું, ત્યારે વાનરની ધ્વજાવાળા અર્જુને મંદ હાસ્ય કરીને ચિત્રાંગદાના પુત્રને કહ્યું કેઃ–[૨૯]“ હે મહાબાહુ !

તું જાણે છે કે, આ સમયે હું દીક્ષાનું આચરણ કરી રહ્યો છું. હે વિશાળ નેત્રવાળા! માટેજ હું તારા નગરમાં પ્રવેશ કરી શકું તેમ નથી.[૩૦] વળી હે મહાપુરુષ! આ યજ્ઞસંબંધી ઘોડો પોતાની ઈચ્છાનુસાર જાય છે, માટે હું તેની પાછળજ જઇશ. તારૂં કલ્યાણ થાઓ. આ વખતે હું રહી શકું તેમ નથી."[૩૧] પછી તે બભ્રુવાહને ઇંદ્રના પુત્ર અર્જુનનું વિધિ પ્રમાણે પૂજન કર્યું, એટલે ભરતશ્રેષ્ઠ અર્જુન પોતાની બન્ને પત્નીઓની અનુમતિ મેળવીને ત્યાંથી આગળ ચાલ્યો.[૩૨]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" અશ્વાનુસરણ " એ વિષયનો
અધ્યાય ૮૧ મો સમાપ્ત

અધ્યાય ૮૨ મો

મગધરાજ મેઘસંધિનો પરાજય

॥ वैशंपायन उवाच ॥

स तु वाजी समुद्रांतां पर्येत्य वसुधामिमाम् ।
निवृत्तोऽभिमुखो राजन् येन वारणसाह्वयम् ॥

વૈશંપાયને કહ્યું:–હે રાજન્! તે ઘોડો સમુદ્રસુધીની આ પૃથ્વીપર ચોતરફ ફરીને હસ્તિનાપુર તરફ પાછો ફર્યો,[૧] એટલે અર્જુન પણ તે ઘોડાની પાછળ પાછળ હસ્તિનાપુર તરફ પાછો ફર્યો અને સ્વાભાવિક રીતેજ રાજગૃહ નામના નગર પાસે આવી પહોંચ્યો.[૨] હે રાજા! એ રીતે તેને સમીપમાં આવેલો જોઇ, ક્ષાત્રધર્મમાં અડગ રહેનારા ×સહદેવના વીર પુત્રે, યુદ્ધ કરવામાટે તેને બોલાવ્યો.[૩] મેઘસંધિ નામનો તે રાજા રથમાં બેસીને તથા ધનુષ્યબાણ અને હાથે કવચ ધારણ કરીને નગરમાંથી બહાર નીકળ્યો અને પગપાળા અર્જુન સામે ચઢી આવ્યો.[૪] હે મહારાજા! મહાતેજસ્વી મેઘસંધિ અર્જુનપાસે આવીને કુશળતાને લીધે નહિ પણ બાલભાવને લીધે આ પ્રમાણે કહેવા લાગ્યો:– "હે ભારત! શું આ ઘોડાને સ્ત્રીઓની વચ્ચે જેમ ફેરવવામાં આવે તેમ ફેરવવામાં આવે છે? હું આ ઘોડાનું હરણ કરૂં છું, તું તેને છોડાવવામાટે યત્ન કર.[૫] જો કે મારા બાપદાદાઓએ યુદ્ધમાં તને શિક્ષા કરી નથી, પણ હું તો તારો અતિથિસત્કાર કરીશજ. તું મારાપર પ્રહાર કર. હું તારાપર પ્રહાર કરૂં છું."[૬,૭] તેણે એ પ્રમાણે કહ્યું એટલે જાણે હસતો હોય તેમ મુખ મલકાવીને અર્જુને ઉત્તર આપ્યો:– "મારે વિઘ્ન કરનારાને અટકાવવો'એવું મારૂં વ્રત છે. વળી હે રાજા! મારા મોટાભાઈએ મારા ઉપર આ ભાર મૂકયો છે, એ વાતને તું પણ જાણેજ છે; માટે તું તારી શક્તિ પ્રમાણે પ્રહાર કર, તેમાં મને ક્રોધ થવાનો નથી."[૮,૯] અર્જુને એમ કહ્યું એટલે મગધરાજાએ પ્રથમજ અર્જુનનાપર પ્રહાર કર્યો અને ઇંદ્ર જેમ વરસાદ વરસાવે, તેમ હજારો બાણો વરસાવવા લાગ્યો. તે પછી હે ભરતશ્રેષ્ઠ! ગાંડીવને ધારણ કરનારા શૂરવીર અર્જુને ગાંડીવમાંથી છોડેલાં બાણોવડે તે સર્વ બાણોને યત્નપૂર્વક નિષ્ફળ કરી નાખ્યાં.[૧૧] વાનરના ચિહ્નયુક્ત ધ્વજાવાળા અર્જુને તેના બાણસમુદાયને એ રીતે નિષ્ફળ કરીને તેના ધ્વજ, પતાકાના દંડ, રથ, યંત્ર, ઘોડા તથા બીજાં રથનાં અંગોઉપર પ્રદીપ્ત મુખવાળા સર્પોના જેવાં જ્વલંત બાણો છોડવા માંડયાં. માત્ર તેના શરીર ઉપર અને સારથિ ઉપર અર્જુને બાણ છોડયું નહિ.[૧૨,૧૩] બન્ને હાથે બાણો ફેંકનારા અર્જુને એ પ્રમાણે તેના શરીરની રક્ષા કરી, એટલે તે મગધરાજા તો તેને પોતાનુંજ પરાક્રમ માની બેઠો; અને ઉપરાઉપરી બાણો ફેંકવા લાગ્યો.[૧૪] તે પછી મગધરાજાએ જ્યારે અત્યંત ઘાયલ કરી નાખ્યો ત્યારે ગાંડીવધનુષ્યવાળો અર્જુન, વસંતઋતુના સમયમાં પુષ્પોથી પ્રફુલ્લિત થયેલા ખાખરાના જેવો શોભવા લાગ્યો.[૧૫] હે કુરુવંશી રાજા! પોતાનાપર પ્રહાર નહિ કરાયા હોવાથી પાંડવશ્રેષ્ઠ અર્જુનને મગધરાજા પ્રહાર કરી રહ્યો હતો, તેથી તે લોકવીરની નજર આગળ ઉભો રહી શક્યો.[૧૬] પછી અત્યંત ક્રોધે ભરાયેલા અર્જુને પોતાનું

× જરાસંધનો પુત્ર સહદેવ હતો. જરાસંધને મારીને સહદેવને ગાદીએ બેસાડવામાં આવ્યો હતો. આ વાત સભાપર્વમાં છે.

બળવાન ધનુષ્ય ખેંચીને તેના ઘોડાઓને મારી નાખ્યા, સારથિના મસ્તકને કાપી નાખ્યું અને એક ક્ષુરજાતિના બાણથી તેના મહા અદ્ભુત ધનુષ્યને પણ કાપી નાખ્યું. ઉપરાંત તેના હાથે બાંધેલાં મોજાંને તથા ધ્વજા–પતાકાને પણ કાપીપાડ્યાં. એ રીતે તે રાજા ઘોડા, ધનુષ્ય તથા સારથિવિનાનો થઈ પડ્યો, ત્યારે એકદમ ગાભરો બની જઇને હાથમાં ગદા લઇ વેગથી અર્જુન તરફ ધસ્યો;[૧૯] એટલે તુરતજ ગીધનાં પીછાંવાળાં અનેક બાણો છોડી મૂકીને અર્જુને સુવર્ણથી મઢેલી તેની ગદાના ઘણા ટુકડા કરી નાખ્યા. તે ગદાનાં મણિજડિત બંધનો છિન્ન ભિન્ન થઇ ગયાં, તેથી તે એકદમ ચૂરો થઇને છૂટી મૂકેલી સાપણની પેઠે પૃથ્વીપર પછડાઇ પડી. પછી વાનરની ધ્વજાવાળા અર્જુને રથ, ધનુષ્ય તથા ગદાથી રહિત થયેલા તે રાજાને આશ્વાસન આપીને આવું વાક્ય કહ્યું:–[૨૨]"હે પુત્ર! તેં સંપૂર્ણરીતે ક્ષાત્રધર્મ પ્રદર્શિત કર્યો છે અને હે રાજા! તું બાળક છે, છતાં તારૂં આ કર્મ સંગ્રામમાં સારૂં ગણાય.[૨૩] યુધિષ્ઠિરનો સંદેશો છે કે, કોઇ પણ રાજાઓને મારવા નહિ; તેથી હે રાજા! રણમાં તેં મારો અપરાધ કર્યો છે, તોપણ તું જીવી રહ્યો છે."[૨૪] એ પ્રમાણે પોતાને પરાજય પામેલો માની મગધરાજાએ પણ અર્જુનનાં એ વચનને સત્યતરીકે કબૂલ કરી તેની પાસે જઇને બે હાથ જોડી તેનું સન્માન કર્યું અને કહ્યું કે,[૨૫] "હું તમારાથી પરાજય પામ્યો છું. તમારૂં કલ્યાણ થાઓ. હવે હું યુદ્ધ કરવાને ઉત્સાહ ધરાવતો નથી, માટે તમારે મારી પાસે જે કાર્ય કરાવવું હોય તેને તમે કહો. એ કાર્ય મેં કર્યુંજ છે, એમ તમે માનો."[૨૬] અર્જુને તેને ફરી પણ આશ્વાસન આપીને કહ્યું કે, "આવતી ચૈત્રી પૂનેમને દિવસે અમારા રાજાના અશ્વમેધમાં તારે આવવું."[૨૭] અર્જુને એમ કહ્યું, ત્યારે સહદેવના પુત્ર તે રાજાએ 'બહુ સારૂં" એમ કહીને અશ્વમેધના ઘોડાનું તથા યુદ્ધમાં શ્રેષ્ઠ અર્જુનનું વિધિ પ્રમાણે પૂજન કર્યું.[૨૮] પછી ફરી પણ તે ઘોડો પોતાની ઇચ્છાનુસાર સમુદ્રના કિનારા ઉપર થઈને વંગ, પુંડ્ તથા કોસલદેશમાં ગયો અને ત્યાં હે રાજા! અર્જુને પોતાના ગાંડીવધનુષ્યથી અનેક મ્લેચ્છોનાં સૈન્યોનો પરાજય કર્યો.[૨૯,૩૦]

ઈતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"અશ્વાનુસરણવિષે મગધરાજાનો પરાજય"
એ વિષયનો અધ્યાય ૮૨મો સમાપ્ત

* * *

અધ્યાય ૮૩ મો

અનેક દેશોમાં પ્રયાણ અને ત્યાં ત્યાંનો સત્કાર

॥ वैशंपायन उवाच ॥

मागधेनार्चितो राजन् पांडवः श्वेतवाहनः ।
दक्षिणां दिशमास्थाय चारयामास तंहयम् ॥

વૈશંપાયને કહ્યું:–હે રાજન્! મગધરાજાએ સન્માન કર્યું, તે પછી શ્વેત ઘોડાઓવાળો અર્જુન દક્ષિણદિશામાં તે ઘોડાને ફેરવવા લાગ્યો.[૧] તે પછી ઇચ્છાનુસાર વિચરનારો તે બળવાન ઘોડો પુનઃ ત્યાંથી પાછો ફરીને ચેદી દેશના લોકોની સુંદર શુક્તિ નામની નગરી પાસે જઇ પહોંચ્યો.[૨] ત્યાં પણ શિશુપાલના પુત્ર શરભે પ્રથમ યુદ્ધ કરીને મહાબળવાન અર્જુનનું પૂજન કરીને સન્માન કર્યું.[૩] હે રાજન્! એ રીતે ત્યાંથી પણ પૂજા–સત્કાર પામીને તે ઉત્તમ ઘોડો કાશી, અંગ, કોસલ, કિરાત તથા તંગણ દેશોમાં ગયો.[૪] ત્યાં ત્યાં યથાયોગ્ય રીતે પૂજા ગ્રહણ કરીને કુંતાપુત્ર અર્જુન પુનઃ પાછો ફરીને દશાર્ણદેશમાં ગયો. ત્યાં ચિત્રાંગદ નામનો શત્રુઓનું દમન કરનારો બળવાન રાજા હતો. તેની સાથે અર્જુનનું મહાભયંકર યુદ્ધ થયું;[૬] પરંતુ મહાપુરુષ અર્જુન, તેને પણ વશ કરીને ભિલ્લોના રાજા એકલવ્યના દેશમાં ગયો.[૭] તે સમયે એકલવ્યના પુત્રે યુદ્ધ કરીને ઘોડાને હાથ કર્યો, એટલે તે સ્થળે ભિલ્લલોકોની સાથે રૂવાં ઉભાં થઇ જાય તેવું અર્જુને યુદ્ધ કર્યું.[૮] યુદ્ધમાં કોઇ સ્થળે પરાજય નહિ પામેલા દુર્જય અર્જુને યજ્ઞમાં વિઘ્ન કરવા આવેલા તેને એકલવ્યના પુત્રને જીતી લીધો.[૯] હે મહારાજા! ઇંદ્રનો

પુત્ર અર્જુન તે ભિલ્લના પુત્રને જીતીને તેનાથી સન્માન પામી ફરી દક્ષિણસમુદ્ર તરફ ગયો;[૧૦] એટલે ત્યાં પણ દ્રવિડ, આંધ્ર, રૌદ્ર, માહિષક તથા કોલ્લગિરિના રાજાઓ સાથે અર્જુનનું યુદ્ધ થયું;[૧૧] પરંતુ અર્જુને અતિતીવ્ર પરાક્રમ કરીને તેઓને પણ જીતી લીધા.આપછી ઘોડાને અનુસરીને સુરાષ્ટ્રદેશ તરફ તે ગયો. માર્ગમાં ગોકર્ણ થઇ તે પ્રભાસમાં પણ ગયો; અને પછી યાદવવીરોથી રક્ષાયલી સુંદર દ્વારકા નગરી પાસે પહોંચ્યો.[૧૩]યુધિષ્ઠિરના યજ્ઞનો તે શ્રીમાન ઘોડો દ્વારકાપાસે આવ્યો, એટલે યાદવના કુમારો તે શ્રેષ્ઠ ઘોડાને અટકાવીને યુદ્ધ કરવામાટે નગરમાંથી બહાર નીકળ્યા; ત્યારે હે રાજન્ ! ઉગ્રસેને તેઓને અટકાવ્યા. તે પછી યાદવ તથા અંધકકુળનો પતિ ઉગ્રસેન અર્જુનના મામા વસુદેવની સાથે નગરમાંથી બહાર નીકળીને વિધિ પ્રમાણે તથા પ્રીતિપૂર્વક કુરુશ્રેષ્ઠ અર્જુનને મળ્યા;[૧૪-૧૬] અને ઉત્તમ પૂજા કરીને ભારતશ્રેષ્ઠ અર્જુનને અનુકૂળ થઇ રહ્યા. પછી તેઓ બન્નેની સંમતિ લઇને અર્જુન, જે તરફ તે ઘોડો ચાલવા માંડયો તે તરફ ચાલી નીકળ્યો. તે ઘોડો સમુદ્રના પશ્ચિમપ્રદેશ તરફ તે વેળા વિચરવા લાગ્યો અને પછી સમૃદ્ધિવાળા પંચનદ દેશ તરફ ગયો. [૧૭,૧૮] હે કુરુવંશી રાજા ! અર્જુનથી અનુસરાયેલો તે ઘોડો તે દેશમાંથી પણ નીકળીને પોતાની ઇચ્છાનુસાર ગાંધારદેશમાં વિચરવા લાગ્યો.[૧૯] ત્યાં પ્રથમના વૈરને અનુસરનારા શકુનિના પુત્ર ગાંધારરાજાની સાથે અર્જુનનું ઘોર યુદ્ધ થયું હતું.[૨૦]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"અશ્વાનુસરણ" એ વિષયનો અધ્યાય
૮૩ મો સમાપ્ત

અધ્યાય ૮૪મો

શકુનિના પુત્રનો પરાજય

॥ वैशंपायन उवाच ॥

शकुनेस्तनयो वीरो गांधाराणां महारथः ।
प्रत्युद्ययौ गुडाकेशं सैन्येन महता वृतः ॥१॥

વૈશંપાયને કહ્યું:–ગાંધારયોદ્ધાઓમાં મહારથી શકુનિનો વીરપુત્ર મોટા સૈન્યથી વિંટાઈને અર્જુનની સામે ચઢી આવ્યો.તેનું એ સૈન્ય હાથી, ઘોડા તથા રથોથી ભરપૂર હતું અને પતાકાઓ તથા ધ્વજાઓથી વ્યાપ્ત હતું.ગાંધારદેશના તે યોદ્ધાઓ રાજા શકુનિના વધને નહિ સહન કરી શકવાથી હાથમાં ધનુષ્યો લઈ લઇને એકીસાથે અર્જુન સામા ધસી આવ્યા. અજિત ધર્માત્મા અર્જુને તે યોદ્ધાઓને યુધિષ્ઠિરનું વચન કહી સંભળાવ્યું;પણ તેઓએ તે હિતવચનને સ્વીકાર્યું નહિ.વળી અર્જુને તેઓને સાંત્વનવચનો કહીને પણ અટકાવ્યા; છતાં અત્યંત આવેશમાં આવી ગયેલા તે યોદ્ધાઓ ઘોડાને ઘેરી વળીને તેને પકડવા લાગ્યા, એટલે અર્જુન કોપી ઉઠયો. તેણે પ્રદીપ્ત અણીઓવાળાં ક્ષુરજાતિનાં બાણોને ગાંડીવમાંથી છોડી મૂકીને અનાયાસેજ તેઓનાં મસ્તકો કાપવા માંડયાં. હે મહારાજા ! અર્જુને એ પ્રમાણે મારવા માંડયા, ત્યારે બાણોના વરસાદથી અત્યંત વ્યાકુળ થયેલા તેઓ એકદમ ગભરાટથી ઘોડાને છોડીને ત્યાંથી પાછા ફર્યા. તે ગાંધારયોદ્ધાઓએ પાંડુપુત્ર અર્જુનને અટકાવવા માંડયો, તોપણ તે તેજસ્વીએ તેઓને કહી કહીને તેઓનાં મસ્તકો કાપવા માંડયાં.

એ રીતે ગાંધારયોદ્ધાઓનો ચોતરફથી સંહાર થવા લાગ્યો,ત્યારે શકુનિનો પુત્ર રાજા અર્જુનને અટકાવવા લાગ્યો.ક્ષાત્રધર્મમાં રહીને તે રાજા યુદ્ધ કરવા લાગ્યો,ત્યારે અર્જુને તેને કહ્યું કે:–"રાજા યુધિષ્ઠિરની આજ્ઞાથી મારે રાજાઓને મારવા નથી, માટે હે વીર ! યુદ્ધ કરવાની કંઈ જરૂર નથી. તું તારે હાથે કરીને આજે તારો પરાજય થવા ન દે."[૧-૧૦] અર્જુને એ પ્રમાણે કહ્યું, તોપણ અજ્ઞાનથી મોહિત થયેલા તેણે એ વાક્યનો અનાદર કર્યો;અને ઇંદ્રસમાન કર્મ કરનારા અર્જુનપર બાણો ફેંકવા માંડયાં.[૧૧] પછી અમાપ મનવાળા અર્જુને એક અર્ધચંદ્રાકાર બાણ મારીને જયદ્રથના મસ્તકની પેઠે તેના શિરસ્ત્રાણ(ટોપ)ને પટકી પાડયો.[૧૨] તે જોઇને સર્વ ગાંધારયોદ્ધાઓ વિસ્મયજ

પામી ગયા અને તેઓ જાણી ગયા કે, અર્જુને પોતાની ઈચ્છાથીજ આપણા રાજાને માર્યો નથી. ગાંધારરાજાનો પુત્ર તો નાસી જવામાટેજ તૈયાર થયો. જેમ ત્રાસ પામેલાં ક્ષુદ્ર મૃગો નાસવા લાગે, તેમ તે યોદ્ધાઓની સાથે નાસવા લાગ્યો. બીજી તરફ અર્જુને મજબૂત ગાંઠાવાળાં ભદ્રજાતિનાં બાણો છોડી મૂકીને તે સ્થળેજ દોડાદોડ કરી રહેલા તે યોદ્ધાઓનાં મસ્તકોને પાડવા માંડયાં.[૧૫] અર્જુનના ગાંડીવધનુષ્યમાંથી છુટેલાં વિશાળ બાણોવડે કપાઇ ગયેલા પોતાના ઉંચા હાથોને તેમાંના કેટલાએક યોદ્ધાઓ જાણી પણ શક્યા નહિ.[૧૬] તે સૈન્યમાં મનુષ્યો, હાથીઓ તથા ઘોડાઓ આકુળવ્યાકુળ થઇ ગયા હતા. આખું સૈન્ય નાસભાગ કરતું જતું હતું અને ઘણાખરાનો સંહાર વળી ગયો હોવાથી વારંવાર ત્યાં ભમ્યા કરતું હતું.[૧૭] શ્રેષ્ઠ કર્મ કરનારા વીર અર્જુનની આગળ તેવા કોઇ પણ શત્રુઓ જોવામાં આવતા ન હતા, કે જેઓ પાડી નખાતા છતાં અર્જુનનાં બાણોને સહન કરી શકે.[૧૮]

તે પછી ગાંધારરાજાની માતા ભયભીત થઇને તથા વૃદ્ધ મંત્રીઓને આગળ કરી હાથમાં ઉત્તમ પૂજાસામગ્રી લઇ નગરમાંથી બહાર નીકળી.[૧૯] તેણે યુદ્ધ કરવાના દુષ્ટ મદવાળા પોતાના પુત્રને સાવધાન થઇને અટકાવ્યો અને ઉત્તમ કર્મ કરનારા અર્જુનને પણ અટકાવ્યો. સમર્થ અર્જુને તેનું સન્માન જાળવીને તેનાપર કૃપા કરી;તેમજ શકુનિના પુત્રને પણ આશ્વાસન આપી આ પ્રમાણે કહ્યું:–“ હે મહાબાહુ ! તેં મારી સામે યુદ્ધ કરવાની આવી બુદ્ધિ કરી તે મને પ્રિય નથી;કેમકે હે શત્રુહંતા નિર્દોષ રાજા! તું મારો ભાઇજ છે. માતા ગાંધારીને યાદ કરીને તથા ધૃતરાષ્ટ્રરાજાને લીધેજ તું જીવી રહ્યો છે, તોપણ હે રાજન્ ! તારા અનુયાયીઓ માર્યા ગયા છે.તારે આવા ન થવું જોઇએ. આપણી વચ્ચેના વૈરને હવે શાંત થવા દે અને તને હવે આવી બુદ્ધિ ન થાઓ. આવતા ચૈત્રમહિનાની પૂનેમને દિવસે તું અમારા રાજાના અશ્વમેધમાં આવજે.”૨૦–૨૪

અધ્યાય ૮૫ મો

હસ્તિનાપુરમાં અશ્વમેધમાટે તૈયારી

॥ वैशंपायन उवाच ॥

इत्युक्त्वानुययौ पार्थो हयं कामविहारिणम् ।
न्यवर्त्तत ततो वाजी येन नागाह्वयं पुरम् ॥१॥

વૈશંપાયને કહ્યું:–એમ કહીને અર્જુન ઇચ્છાનુસાર વિચરનારા ઘોડાની પાછળ ચાલી નીકળ્યો;અને પછી તે ઘોડો પણ હસ્તિનાપુર તરફ પાછો ફર્યો.[૧] યુધિષ્ઠિરે અનુચરદ્વારાજ સાંભળ્યું કે,ઘોડો પાછો ફર્યો છે અને અર્જુન કુશળ છે; તે સાંભળીને તેમનું મન પ્રસન્ન થયું. વળી તે સમયે ગાંધારદેશમાં તથા બીજા દેશોમાં અર્જુનનું યુદ્ધકૌશલ્ય સાંભળીને યુધિષ્ઠિર અત્યંત પ્રસન્ન થયા. પછી એજ સમયે માઘમહિનાની બારશ અને પુષ્યનક્ષત્રનો સુયોગ લઈ મહાતેજસ્વી ધર્મરાજા યુધિષ્ઠિરે ભીમ, નકુલ તથા સહદેવ એ સર્વ ભાઇઓને પોતાની પાસે બોલાવ્યા અને ધાર્મિકોમાં શ્રેષ્ઠ તથા વક્તાઓમાં ઉત્તમ ધર્મરાજાએ યોદ્ધાઓમાં શ્રેષ્ઠ ભીમસેનને સંબોધીને આવું વચન કહ્યું:–[૨–૬]

“ હે ભીમસેન ! તારો નાનો ભાઇ અર્જુન ઘોડાની સાથે આ તરફ આવે છે, એમ અર્જુનની પાછળ ગયેલા મારા સેવકોએ મને કહ્યું છે.[૭] હવે યજ્ઞસમય આવી પહોંચ્યો છે, ઘોડો પણ લગભગ પાસેજ છે અને આ માઘ મહિનાની પૂનમ છે, તો હે ભીમસેન ! આ મહિનો વીત્યા પછી માત્ર એકજ મહિનો બાકી રહેશે;*[૮] માટે વેદમાં પારંગત થયેલા બ્રાહ્મણોને મોકલો

---

* અર્જુને સર્વ રાજાઓને ચૈત્રી પૂર્ણિમાએ આવવાનું આમંત્રણ આપ્યું હતું તે પ્રમાણે જોતાં બે માસ રહેવા જોઇએ. કૃષ્ણપક્ષની એકમથી માસ શરૂ થતો કેટલેક ઠેકાણે મનાય છે તેમ જોતાં પણ બે માસ બાકી રહે. વળી માઘી પૂર્ણિમા અત્રે કહી છે તે પરથી જણાય છે કે, યુદ્ધ પૂર્ણ થઇ યુધિષ્ટિર ગાદીએ બેઠા પછી પહેલે કે બીજે વર્ષે આ અશ્વમેધ થયો હોવો જોઇએ. યુદ્ધ પૂર્ણ થઈ ગયા પછી યુધિષ્ટિર ગાદીએ બેઠા તે વખતે માઘ માસમાં ઉત્તરાયણ થતા હતા એટલે તે થયા પછી

અને અશ્વમેધની સિદ્ધિને માટે યજ્ઞને યોગ્ય પ્રદેશની તપાસ કરાવો." ૯

મહાપુરુષ અર્જુનને આવતો સાંભળી ભીમસેન અતિ પ્રસન્ન થયો અને તેણે રાજાની આજ્ઞા પ્રમાણે બધું કર્યું. તે પછી ભીમસેન બુદ્ધિમાન કારીગરોને તથા યજ્ઞકર્મમાં કુશળ બ્રાહ્મણોને આગળ કરીને નગરની બહાર નીકળ્યો.[૧૦,૧૧] તે કુરુવંશીએ જૂદી જૂદી શાળાઓવાળો, શોભાયમાન અને નાના નાના માર્ગોથી યુક્ત એક યજ્ઞમંડપ વિધિ પ્રમાણે મપાવ્યો.[૧૨] તે યજ્ઞમંડપ સેંકડો મહાલયોથી વ્યાપ્ત હતો, ઉત્તમ મણિઓથી બાંધેલી ભૂમિવાળો હતો અને તેને સુવર્ણ તથા રત્નોથી વિધિ પ્રમાણે શણગારવામાં આવ્યો હતો.[૧૩] તે મંડપમાં સુવર્ણના અદ્ભુત થાંભલાઓ ઉભા કર્યા હતા, મોટાં મોટાં તોરણો બાંધી દેવામાં આવ્યાં હતાં અને યજ્ઞસ્થાનના પ્રદેશમાં શુદ્ધ સુવર્ણનું દાન આપવામાં આવતું હતું.[૧૪] ધર્માત્મા યુધિષ્ઠિરે જૂદા જૂદા દેશમાંથી આવનારાં અંતઃપુરો, (રાણીઓ, દાસીઓ તથા નોકરો વગેરે) રાજાઓ તથા બ્રાહ્મણોને માટે ત્યાં વિધિ પ્રમાણે અનેક નિવાસસ્થાનો તૈયાર કરાવ્યાં;[૧૫,૧૬] તેમજ હે મહાબાહુ ! ભીમસેને રાજા યુધિષ્ઠિરની આજ્ઞાથી ઉત્તમ કર્મ કરનારા રાજાઓની પાસે દૂતો તેડવામાટે મોકલ્યા.[૧૭] હે કુરુપતિ મહારાજા ! તે રાજાઓ અનેક રત્નો, સ્ત્રીઓ, ઘોડા તથા આયુધો લઈને ત્યાં આવી પહોંચ્યા.[૧૮] તે મહાત્માઓ તંબુઓમાં જ્યારે દાખલ થતા હતા, ત્યારે ગર્જના કરતા સમુદ્રના જેવો છેક આકાશમાં અથડાતો શબ્દ થઈ રહ્યો હતો.[૧૯] રાજા યુધિષ્ઠિરે આવેલા તે રાજાઓ માટે અન્ન–પાન તથા અતિ સુંદર શય્યાઓની ગોઠવણ કરી; તેમજ વાહનોને માટે ભરતશ્રેષ્ઠ ધર્મરાજાએ ડાંગરના ચોખા, ગોળ તથા દૂધ–દહીંથી ભરેલા તબેલાઓ આપવાની આજ્ઞા કરી. બુદ્ધિમાન ધર્મરાજાના એ મહાયજ્ઞમાં અનેક બ્રહ્મવાદી મુનિગણો આવ્યા હતા.[૨૨] હે રાજા ! જે શ્રેષ્ઠ બ્રાહ્મણો પોતાના શિષ્યોની સાથે ત્યાં આવ્યા હતા તેઓનો પણ કુરુવંશી યુધિષ્ઠિરે સત્કાર કર્યો.[૨૩] મહાતેજસ્વી યુધિષ્ઠિર, દંભનો ત્યાગ કરી તે સર્વ બ્રાહ્મણોની પાછળ જ્યાં તેઓને ઉતારા આપવામાં આવ્યા હતા ત્યાં પોતે જાતે ગયા.[૨૪] તે પછી સુતારો અને બીજા કારીગરોએ ધર્મને જાણનારા રાજા યુધિષ્ઠિરને યજ્ઞમાટેની સમગ્ર તૈયારી જણાવી, ત્યારે તે સર્વને તૈયાર થયેલું સાંભળીને આળસરહિત રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓની સાથે અત્યંત પ્રસન્ન થયા.[૨૫,૨૬]

વૈશંપાયને કહ્યું:–તે યજ્ઞ જ્યારે ચાલુ થયો, ત્યારે હેતુવાદ (તર્કના વાદ)ને જાણનારા વાચાળ બ્રાહ્મણો, અન્યોન્યને જીતવાની ઇચ્છાથી અનેક હેતુવાદો કહેવા લાગ્યા. હે ભારત! દેવેન્દ્રના યજ્ઞની પેઠે ભીમસેને તૈયાર કરેલા તે યજ્ઞના ઉત્તમ પ્રકારને રાજાઓ જોઈ રહ્યા.[૨૮] ઉપરાંત સુવર્ણના કળશનાં ઉત્તમ તોરણો, શય્યાઓ, આસનો, વિહારો, રત્નોના અનેક ઢગલાઓ, ઘડાઓ, પાત્રો, કઢાઈઓ, કળશો તથા સરાવડાં વગેરે જે જે વસ્તુઓને રાજાઓ જોતા હતા, તે તે સર્વ સુવર્ણનીજ જોતા હતા.[૨૯,૩૦] વળી શાસ્ત્રમાં કહેવા પ્રમાણે કાષ્ઠના યજ્ઞસ્તંભો જેઓને સુવર્ણથી સુશોભિત કરવામાં આવ્યા હતા અને યથાયોગ્ય સમયે તૈયાર કરવામાં આવ્યા હતા તેઓને પણ મહાતેજસ્વી તે રાજાઓ જોઈ રહ્યા હતા.[૩૧] હે રાજા ! સ્થલચર તથા જલચર, જે કોઈ પશુઓ આ જગતમ છે, તેઓ સર્વને તે સ્થળે આણેલાં તેઓ જોતા હતા;[૩૨] એટલુંજ નહિ પરંતુ ગાયો, ભેંસો, વૃદ્ધ સ્ત્રીઓ, જળનાં પ્રાણીઓ, શિકારી પશુઓ, પક્ષીઓ, જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્ભિજજ પ્રાણીઓ, પર્વતપ્રદેશમાં ઉત્પન્ન થયેલાં તથા કચ્છપ્રદેશમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓને પણ તેઓ ત્યાં જોઈ રહ્યા હતા.[૩૩,૩૪] એ પ્ર-

---

ભીષ્મને અગ્નિદાહ કર્યો; તે પછી વ્યાસના કહેવાથી હિમાલયમાંથી મરુતનું ધન લઈ આવ્યા અને તે પછી અર્જુન અશ્વની સાથે વિજય કરી આવ્યો; એટલે અશ્વમેધ યુદ્ધ પછીના બીજા કે ત્રીજા ચૈત્ર માસમાં થયો હોવો જોઈએ. અમારા માનવા પ્રમાણે તે ત્રીજા ચૈત્ર માસમા થયો હશે.

માણે પશુઓ, ગાયો, ધન તથા ધાન્યથી ભરપૂર તે સર્વ યજ્ઞપ્રદેશને જોઇને રાજાઓ અત્યંત વિસ્મય પામ્યા.[૩૫] તે યજ્ઞમાં બે લાખ બ્રાહ્મણો તથા વૈશ્યો સમૃદ્ધિવાળાં પુષ્કળ મિષ્ટાન્નનું ભોજન કરતા હતા.[૩૬] જેમ જેમ દિવસ જતો હતો, તેમ તેમ મેઘના જેવો શબ્દ કરનારાં નગારાં વારંવાર વગાડાતાં હતાં;અને તેની ગર્જના પણ વારંવાર થયા કરતી હતી.[૩૭] એ પ્રમાણે હે રાજન્ ! બુદ્ધિમાન ધર્મરાજાનો યજ્ઞ જ્યારે ચાલુ થયો,ત્યારે તે સ્થળે પર્વતના જેવા મોટા અન્નના ઘણા ઢગલા, દહીંના પ્રવાહો તથા ઘીના ધરાઓ મનુષ્યોના જોવામાં આવતા હતા. હે રાજન્ ! તે રાજાના યજ્ઞમાં અનેક દેશોથી ભરપૂર આખો જંબૂદ્વીપ એકજ સ્થળે એકઠો થયેલો જોવામાં આવતો હતો. હે ભરતશ્રેષ્ઠ ! તે યજ્ઞમાં હજારો જાતિના પુરુષો હાથમાં પાત્રો લઇ લઈને આમતેમ જઇ રહ્યા હતા, તે સર્વ પુરુષો પુષ્પોની માળાઓ તથા ચળકતાં મણિમય કુંડળોને ધારણ કરનારા હોઈને સેંકડો તથા હજારો બ્રાહ્મણોને જાતજાતનાં ખાનપાનો પીરસી રહ્યા હતા; તેમજ બીજા જે સેવક પુરુષો હતા તેઓ પણ, રાજાઓએ ભોગવવા યોગ્ય ખાન-પાનો બ્રાહ્મણોને આપી રહ્યા હતા.[૩૮-૪૨]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“અશ્વમેધનો આરંભ” એ વિષયનો
અધ્યાય ૮૫ મો સમાપ્ત

અધ્યાય ૮૬ મો

અશ્વમેધનો આરંભ

॥ वैशंपायन उवाच ॥

समागतान् वेदविदो राज्ञश्च पृथिवीश्वरान् ।
दृष्ट्वा युधिष्ठिरो राजा भीमसेनमभाषत ॥१॥

વૈશંપાયને કહ્યું:–વેદવેત્તા બ્રાહ્મણોને તથા પૃથ્વીના સ્વામી રાજાઓને ત્યાં આવેલા જોઇને યુધિષ્ઠિરરાજાએ ભીમસેનને કહ્યું:–[૧] “પુરુષોમાં વ્યાઘ્રસમાન આ રાજાઓ અહીં આવ્યા છે, માટે તેઓની તું પૂજા કર; કેમકે રાજાઓ પૂજા કરવાયોગ્ય હોય છે.”[૨] યશસ્વી રાજા યુધિષ્ઠિરે એ પ્રમાણે કહ્યું,એટલે મહાતેજસ્વી પાંડવ ભીમસેને નકુલ તથા સહદેવની સાથે તે પ્રમાણે કર્યું. તે પછી સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ બળદેવને આગળ કરીને ધર્મપુત્ર યુધિષ્ઠિરની પાસે આવ્યા. તે વખતે તેમની સાથે સાત્યકિ, પ્રદ્યુમ્ન,ગદ, નિશઠ,સાંબ તથા કૃતવર્મા હતા.[૩-૫] મહારથી ભીમસેને તેઓની પણ પૂજા કરી, એટલે પછી તેઓ સર્વ પ્રકારનાં રત્નોવાળાં ભવનોમાં દાખલ થયા.[૬] શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરની પાસે વાતચીત કર્યા પછી અનેક સંગ્રામોને લીધે કૃશ થયેલા અર્જુનવિષે વાત કાઢી.[૭] તે સમયે કુંતીપુત્ર યુધિષ્ઠિરે વારંવાર અર્જુનવિષે પૂછવા માંડયું, ત્યારે જગત્પતિ શ્રીકૃષ્ણે કહ્યું કેઃ–[૮] “હે રાજા ! દ્વારકામાં વસનારો મારો એક હિતૈષી પુરુષ આવ્યો હતો. તેણે અનેક સંગ્રામોથી કૃશ થયેલા પાંડવશ્રેષ્ઠ અર્જુનને જોયો હતો. હે રાજન્ ! તેણે મારી પાસે એ મહાબાહુના સંબંધમાં કહ્યું હતું કે, તે પાસે આવી પહોંચ્યો છે; તો હે કુંતીપુત્ર ! તમે અશ્વમેધની સિદ્ધિમાટે સર્વ કાર્યો કરવા માંડો.”[૮-૧૦]

શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે ધર્મરાજા યુધિષ્ઠિરે તેમનાપ્રત્યે કહ્યું કેઃ–“હે માધવ ! તે અર્જુન ક્ષેમકુશળ અમારી પાસે આવે છે, તે અમારાં અહોભાગ્ય છે.[૧૧] હે યદુવંશી પાંડવ ! સૈન્યના નેતા તે અર્જુને આ સમયે જે કંઈ સંદેશો કહાવ્યો હોય તેને તમારાદ્વારા જાણવાને હું ઇચ્છું છું.”[૧૨] ધર્મરાજાએ એમ કહ્યું, ત્યારે યાદવ અને અંધકકુળના પતિ વાણીકુશળ શ્રીકૃષ્ણે ધર્માત્મા યુધિષ્ઠિરને આવું વચન કહ્યું:– હે મહારાજા ! અર્જુનના વાક્યને સંભારીને તે પુરુષે આ પ્રમાણે કહ્યું હતું કેઃ–“હે કૃષ્ણ ! તમારે યુધિષ્ઠિરને યોગ્ય સમયે આવું વાક્ય કહેવું કેઃ–હે કૌરવશ્રેષ્ઠ ! આપણા તે યજ્ઞમાં સર્વ રાજાઓ આવશે, માટે આવેલા તે મહાપુરુષોની તમારે પૂજા કરવી; કેમકે આપણામાટે તે યોગ્ય છે.[૧૫] વળી હે માન આપનારા રાજા ! મારા આ વચન પ્રમાણે રાજા યુધિષ્ઠિરને

વિનતિ કરવી, કે જેથી પૂર્વે અર્ઘ્યપ્રદાનના સમયે નાશનું કારણ ઉપસ્થિત થયું હતું, તેમ થવા ન પામે.[૧૬] એ પ્રમાણે રાજા યુધિષ્ઠિરે કરવું યોગ્ય છે અને તમારે પણ એજ પ્રમાણે સંમતિ આપવી, જેથી હે રાજન્ ! રાજાના દ્વેષને લીધે ફરી આ પ્રજાઓનો નાશ ન થાય." વળી હે રાજા ! તે પુરુષે આ એક બીજું અર્જુનનું વચન મને કહ્યું છે,તે હું તમને કહું છું, સાંભળો.[૧૮] "મારો વહાલો પુત્ર બભ્રુવાહન, જે મણિપુરનો મહાતેજસ્વી રાજા છે તે આપણા યજ્ઞમાં આવશે;[૧૯] માટે તેને પણ તમે મારી ખાતર વિધિ પ્રમાણે સન્માન આપજો, કેમકે હે રાજા ! તે મારો ભક્ત છે અને નિત્યનો અનુરાગી છે. "[૨૦]

ધર્મરાજા યુધિષ્ઠિરે અર્જુનના એ સંદેશવચનને સાંભળીને તેને અભિનંદન આપ્યું અને આ પ્રમાણે કહ્યું.[૨૧]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
" અશ્વમેધનો આરંભ " એ વિષયનો
અધ્યાય ૮૬ મો સમાપ્ત

અધ્યાય ૮૭ મો

અર્જુન હસ્તીનાપુરમાં

॥ युधिष्ठिर उवाच ॥

श्रुतं प्रियमिदं कृष्ण यत्त्वमर्हसि भाषितुम्।
तन्मेऽमृतरसं पुण्यं मनोह्लादयति प्रभो ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–" હે પ્રભુ શ્રીકૃષ્ણ ! જે વાક્ય કહેવાને તમેજ યોગ્ય છો, તે આ પ્રિય વાક્ય મેં સાંભળ્યું. ખરેખર, આ વાક્ય અમૃતના સમાન રસવાળું હોઇને મારા મનને પ્રસન્ન કરે છે.[૧] હે ઇંદ્રિયોના નિયંતા ! મારા સાંભળવામાં આવ્યું છે કે, જૂદે જૂદે સ્થળે રાજાઓની સાથે અર્જુનનાં અનેક યુદ્ધો થયાં છે.[૨] હે બુદ્ધિમાન ! કુંતિપુત્ર અર્જુન કયા નિમિત્તને લીધે નિત્ય અત્યંત સુખરહિત રહે છે ? આથી મારૂં મન ઘણુંજ ઉદાસ રહે છે.[૩] હે જનાર્દન! હું કુંતિપુત્ર અર્જુનના સંબંધમાં એકાંતમાં જ્યારે વિચાર કરૂં છું, ત્યારે મને જણાય છે કે, તે પાંડુપુત્ર સદાને માટે અત્યંત દુઃખી છે.[૪] હે કૃષ્ણ ! સર્વ લક્ષણોથી શ્રેષ્ઠ તે અર્જુનના શરીરમાં શું તેવું કોઇ અનિષ્ટ લક્ષણ છે, કે જેને લીધે તે દુઃખોનેજ પામ્યા કરે છે?[૫] હું તો જોઇ શકતો નથી કે અર્જુનના અવયવોમાં તેવું કંઇ નિંદ્ય લક્ષણ હોય ! છતાં તે કુંતીપુત્ર નિરંતર અત્યંત દુઃખી શામાટે રહે છે ? એ મારે જો સાંભળવા યોગ્ય હોય તો તમારે મને કહેવું જોઇએ."[૬]

ઇંદ્રિયોના પ્રવર્તક અને ભોજરાજાઓની વૃદ્ધિ કરનારા શ્રીકૃષ્ણને યુધિષ્ઠિરે એ પ્રમાંણે કહ્યું, ત્યારે તેમણે વિચાર કરીને આવો ઉત્તર આપ્યો:--" હે રાજા ! પુરુષોમાં સિંહસમાન તે અર્જુનના શરીરમાં મને કંઇ અશુભ લક્ષણ જોવામાં આવતું નથી. માત્ર તેની બે પિંડીઓ મોટી છે,[૭,૮] જેને લીધે તે પુરુષવ્યાઘ્ર નિત્ય મુસાફરી કર્યા કરે છે. આ સિવાય બીજું કંઇ પણ હું જોતો નથી, જેથી તે દુઃખ કરવાયોગ્ય હોય.[૯] બુદ્ધિમાન શ્રીકૃષ્ણે પુરુષશ્રેષ્ઠ યુધિષ્ઠિરને એ પ્રમાણે કહ્યું, ત્યારે તેમણે યાદવસિંહ શ્રીકૃષ્ણને કહ્યું કેઃ–"હે પ્રભુ! તમે કહો છો તેમજ છે."[૧૦]

તે સમયે કૃષ્ણા દ્રૌપદીએ અસૂયાપૂર્વક તીરછી નજરથી શ્રીકૃષ્ણ સામે જોયું, એટલે મિત્ર અર્જુનના સખા અને કેશિદૈત્યનો નાશ કરનારા શ્રીકૃષ્ણે સાક્ષાત્ અર્જુનની પેઠે તેના તે સ્નેહભાવનો સ્વીકાર કર્યો. વળી તે સમયે ભીમસેન વગેરે કૌરવો તથા યજ્ઞકર્મ કરનારા ઋત્વિજો પણ અર્જુનની તે શુભ અને અદ્ભુત કથા સાંભળીને આનંદ પામ્યા. એ રીતે તેઓ અર્જુનના સંબંધની કથાઓ કહેતા હતા તેવામાંજ એક દૂત મહાત્મા અર્જુનના કહેવાથી ત્યાં આવ્યો. તે બુદ્ધિમાને કુરુશ્રેષ્ઠ યુધિષ્ઠિરની પાસે જઇને જણાવ્યું કેઃ–" પુરુષવ્યાઘ્ર અર્જુન સમીપમાં આવી પહોંચ્યા છે." તેનાં એ વચન સાંભળીને યુધિષ્ઠિરનાં નેત્રો હર્ષનાં અશ્રુઓથી ઉભરાઇ ચાલ્યાં.[૧૧-૧૫] તે સમયે એ વધામણી નિમિત્તે તે દૂતને રાજાએ પુષ્કળ ધન આપ્યું. તે પછી બીજે દિવસે કૌરવધુરંધર અર્જુન

જ્યારે આવતો હતો,ત્યારે મોટો કોલાહલ થવા લાગ્યો; તેમજ ઉચ્ચૈઃશ્રવાની પેઠે ચોતરફ કૂદી રહેલા તેના ઘોડાઓથી ઉડેલી રજ અત્યંતશોભવા લાગી. આ વખતે અર્જુને મનુષ્યોની આવી હર્ષયુક્ત વાણી સાંભળીઃ–૧૬–૧૮ "હે પાર્થ ! બહુ સારૂં થયું છે કે તું કુશળ છે. રાજા યુધિષ્ઠિરને ધન્ય છે. અર્જુનવિના બીજો કયો પુરુષ યુદ્ધમાં રાજાઓને જીતીને તથા આખી પૃથ્વી ઉપર ઘોડાને ફેરવીને પાછો આવી શકે ? સગર વગેરે જે મહાત્મા રાજાઓ થઇ ગયા છે, તેઓનું પણ આવું કર્મ અમે કદી સાંભળ્યું નથી. હે કુરુશ્રેષ્ઠ ! તેં જે આ દુષ્કર કર્મ કર્યું છે, તેવું ભવિષ્યકાળના બીજા કોઈ પણ રાજાઓ કરી શકશે નહિ." આ રીતે કાનને સુખ ઉપજાવનારી વાણી તે મનુષ્યો કહી રહ્યા હતા. તેને સાંભળતો સાંભળતોધર્માત્માઅર્જુનયજ્ઞપ્રદેશમાં દાખલ થયો.તે પછી અમાત્યોસહિત રાજા યુધિષ્ઠિર અને યાદવવંશી શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને આગળ કરી તેની સામા ગયા. અર્જુન, પિતા ધૃતરાષ્ટ્રના તથા બુદ્ધિમાન ધર્મરાજાના ચરણમાં વંદન કરીને તથા ભીમ વગેરેને સન્માન આપીને શ્રીકૃષ્ણને ભેટી પડયો. પછી તેઓએ એકઠા મળીને સન્માનિત કરેલા મહાબાહુ અર્જુને તેઓને પણ સામું સન્માન આપ્યું; અને સમુદ્રના પારને પામેલો મનુષ્ય કિનારો મેળવીને જેમ વિશ્રાંતિ લે, તેમ તે વિશ્રાંતિ લેવા લાગ્યો. તેજ સમયે બુદ્ધિમાન રાજા બભ્રુવાહન પોતાની બન્ને માતાઓની સાથે કૌરવો પાસે આવી પહોંચ્યો. તે મહાબાહુએ વૃદ્ધ કૌરવોને તથા બીજા રાજાઓને અનુક્રમે વંદન કર્યું,એટલે તેઓએ પણ તેને અભિનંદન આપ્યું. પછી તે પોતાની દાદી કુંતાના ઉત્તમ ભવનમાં દાખલ થયો.૧૯–૨૮

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"અર્જુનનું પાછા હસ્તિનાપુરમાં આવવું"
એ વિષયનો અધ્યાય ૮૭ મો સમાપ્ત

અધ્યાય ૮૮ મો

અશ્વમેધવર્ણન

॥ वैशंपायन उवाच ॥

स प्रविश्य महाबाहुः पांडवानां निवेशनम्।
पितामहीमभ्यवंदत् साम्ना परमवल्गुना ॥१॥

વૈશંપાયને કહ્યું:--મહાબાહુ બભ્રુવાહને પાંડવોના ભવનમાં દાખલ થઇને પરમસુંદર સામોપચારપૂર્વક દાદી કુંતાને વંદન કર્યું.તે પછી દેવી ચિત્રાંગદા અને ઉલૂપી પણ સાથે રહીને વિનયથી કુંતા તથા દ્રૌપદીની સમીપમાં ગઈ; અને સુભદ્રાને તથા બીજી કુરુવંશીઓની સ્ત્રીઓને પણ યથાયોગ્ય રીતે મળી. કુંતાએ તે બન્નેને અનેક જાતનાં રત્નો આપ્યાં; તેમજ દ્રૌપદી,સુભદ્રા અને બીજી યાદવ સ્ત્રીઓએ પણ જાત જાતનાં રત્નો આપ્યાં. વળી અર્જુનનું હિત ઇચ્છનારાં કુંતાએ પોતે તે બંને દેવીઓને અત્યંત માન આપ્યું, એટલે તેઓ મહાકિંમતી બીછાનાવાળા આસનો ઉપર બેઠી. બીજી તરફ આદરસત્કારને પામેલા મહાતેજસ્વી બભ્રુવાહને રાજા ધૃતરાષ્ટ્રનું વિધિ પ્રમાણે પૂજન કર્યું અને તે પછી રાજા યુધિષ્ઠિર તથા ભીમસેન વગેરે પાંડવોની પાસે જઇને વિનયપૂર્વક વંદન કર્યું, એટલે તેઓએ પણ પ્રેમપૂર્વક તેને ભેટીને વિધિ પ્રમાણે માન આપ્યું.ઉપરાંત તે મહારથીઓએ અત્યંત પ્રસન્ન થઈને તેને પુષ્કળ ધન આપ્યું. આ પછી રાજા બભ્રુવાહન ચક્ર તથા ગદાને ધારણ કરનારા ગોવિંદ શ્રીકૃષ્ણની પાસે પ્રદ્યુમ્નની પેઠે વિનય કરીને હાજર થયો,એટલે શ્રીકૃષ્ણે તે રાજાને મહાકિંમતી, અત્યંત શ્રેષ્ઠ, સુવર્ણના સામાનવાળો અને દિવ્ય ઘોડાઓથી જોડેલો એક ઉત્તમ રથ અર્પણ કર્યો; તેમજ ધર્મરાજા, ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવે પણ તેને અનેક પ્રકારનું માન તથા ધન અર્પણ કર્યું.

તે પછી ત્રીજે દિવસે સત્યવતીના પુત્ર મુનિ વ્યાસ કે જે બોલવામાં કુશળ હતા,તેઓ યુધિષ્ઠિરની પાસે આવીને આવું વચન બોલ્યાઃ–" હે કુંતીપુત્ર ! આજથી તું યજ્ઞનો આરંભ કરી દે.

હવે તારે યજ્ઞ કરવાનો સમય આવી પહોંચ્યો છે. અહીંના આ યાજ્ઞિકો પણ પ્રેરણા કરે છે કે, યજ્ઞનું મુહૂર્ત આવી પહોંચ્યું છે. હે રાજેન્દ્ર! તારે આ યજ્ઞમાં કોઇપણ જાતની ત્રુટિ રાખવી નહિ. આ યજ્ઞમાં સુવર્ણનો પુષ્કળ સંગ્રહ હોવાથી તેનું નામ 'બહુસુવર્ણક' એ પ્રમાણે પ્રસિદ્ધ થશે.[૨-૧૩] હે મહારાજા! આ યજ્ઞમાં તારે ત્રણગણી દક્ષિણા આપવી અને આ યજ્ઞના કારણભૂત એવા બ્રાહ્મણોને પણ ત્રણગણા થવા દેવા,[૧૪] જેથી પુષ્કળ દક્ષિણાવાળા ત્રણ અશ્વમેધો કર્યાનું ફળ તને પ્રાપ્ત થશે; તેમજ હે રાજા! સંબંધીઓના નાશથી પ્રાપ્ત થયેલા પાપનો પણ નાશ થશે.[૧૫] હે કુરુવંશી! તું આ અશ્વમેધમાં જે અવભૃથ સ્નાન કરીશ, તે અત્યંત પવિત્ર અને પાવન કરનાર ઉત્તમ છે."[૧૬] અમાપ બુદ્ધિવાળા વ્યાસે એ પ્રમાણે કહ્યું, એટલે તેજસ્વી ધર્માત્મા યુધિષ્ઠિરે અશ્વમેધની દીક્ષા લીધી.[૧૭] પછી મહાબાહુ તે રાજાએ પુષ્કળ અન્ન તથા દક્ષિણાવાળા અને ઇચ્છવા યોગ્ય સર્વ ગુણોથી યુક્ત મહાયજ્ઞ અશ્વમેધનો આરંભ કર્યો. હે રાજન્! તે યજ્ઞમાં વેદને જાણનારા, ઉત્તમ શૈલીવાળા અને સર્વજ્ઞ એવા યાજ્ઞિકો ઉત્તમ શિક્ષા તથા વિધિને અનુસરીને કર્મ કરી રહ્યા હતા.[૧૯] તે બ્રાહ્મણોનો લેશમાત્ર પણ પ્રમાદ થતો ન હતો, તેમ તેઓએ કોઇ કર્મ કર્યું ન હોય તેમ પણ ન હતું. તે યજ્ઞમાં એ શ્રેષ્ઠ બ્રાહ્મણો ક્રમ પ્રમાણે તથા યોગ્યતા પ્રમાણેજ કર્મ કરતા હતા.[૨૦] હે રાજન્! તે શ્રેષ્ઠ બ્રાહ્મણોએ અશ્વમેધની ઋચાઓમાં કહેલું ધર્માખ્ય કર્મ કરીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સોમવલ્લીને ખાંડી નાખી.[૨૧] આ પછી હે રાજા! સોમરસનું પાન કરનારાઓમાં શ્રેષ્ઠ તે શાસ્ત્રાનુસારી બ્રાહ્મણોએ સોમવલ્લીનો રસ કાઢીને અનુક્રમ પ્રમાણે પ્રાતઃસવન આદિ સવનો કર્યાં. યુધિષ્ઠિરના એ યજ્ઞમાં કોઇ પણ મનુષ્ય દીન, દરિદ્ર, ભૂખ્યો, દુઃખી કે સામાન્ય ન હતો.[૨૩] શત્રુઓનો નાશ કરનારો મહાતેજસ્વી ભીમસેન ભોજનની ઇચ્છાવાળા મનુષ્યોને રાજાની આજ્ઞાથી નિરંતર ભોજન આપી રહ્યો હતો.[૨૪] ઇંટોનાં સ્થંડિલો બનાવવામાં કુશળ યાજ્ઞિકો પણ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે સર્વ કર્મો કર્યે જતા હતા. વળી એ યજ્ઞમાં બુદ્ધિમાન ધર્મરાજાનો કોઈ પણ સદસ્ય (સભ્ય–ઋત્વિજ) ષડંગને ન જાણનારો, વ્રતથી રહિત, ઉપાધ્યાયપદવિનાનો કે વાદ કરવામાં અકુશળ ન હતો.[૨૬]

તે પછી હે ભરતશ્રેષ્ઠ! યુધિષ્ઠિરના તે યજ્ઞમાં યજ્ઞસ્તંભો ઉભા કરવાનો સમય આવ્યો, એટલે યાજ્ઞિકોએ છ બિલિના, છ ખેરના, છ ખાખરાના, બે દેવદારના તથા એક શ્લેષ્માતકનો એમ યજ્ઞસ્તંભો તૈયાર કર્યા;[૨૭,૨૮] તેમજ હે ભરતશ્રેષ્ઠ! ભીમસેને ધર્મરાજાની આજ્ઞાથી બીજા સુવર્ણના સ્તંભો પણ શોભાને માટે તૈયાર કરાવ્યા.[૨૯] હે રાજર્ષિ! વસ્ત્ર વિંટાળીને સુશોભિત કરવામાં આવેલા તે યજ્ઞસ્તંભો જેમ સ્વર્ગમાં સપ્તઋષિઓ તથા મહેન્દ્રથી અનુસરાતા દેવો શોભે તેમ શોભી રહ્યા હતા.[૩૦] એ યજ્ઞમાં સ્થંડિલને માટે બધી સુવર્ણનીજ ઇંટો તૈયાર કરવામાં આવી હતી, જેથી પ્રજાપતિ દક્ષના યજ્ઞનું સ્થંડિલ જેવું શોભતું હતું તેવુંજ તે પણ શોભતું હતું.[૩૧] તે યજ્ઞની વેદિકા ચાર સ્થંડિલોથી યુક્ત હોઈને અઢાર હાથ લાંબી–પહોળી હતી; અને તેની આકૃતિ સુવર્ણની પાંખોવાળા ગરુડના જેવી હોઇને ત્રિકોણ હતી.[૩૨] તે પછી વિદ્વાન યાજ્ઞિકોએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તે તે દેવને ઉદ્દેશીને પક્ષીઓ તથા પશુઓની યોજના કરી;[૩૩] તેમજ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે બળદો તથા જળચરોની પણ તે યજ્ઞકર્મમાં યોજના કરી.[૩૪] મહાત્મા યુધિષ્ઠિરના એ યજ્ઞમાં એક ઉત્તમ ઘોડાને તથા બરાબર ત્રણસો પશુઓને જૂદા જૂદા યજ્ઞસ્તંભો સાથે બાંધવામાં આવ્યાં હતાં.[૩૫] રાજા યુધિષ્ઠિરનો તે યજ્ઞ સાક્ષાત્ દેવર્ષિઓથી વ્યાપ્ત હતો, ગંધર્વોના ગણોથી સ્તવાતો હતો તથા અપ્સરાઓના સમુદાયોના નૃત્યવાળો હોઇને શોભી રહ્યો હતો.[૩૬] એ યજ્ઞ ગંધર્વોથી વ્યાપ્ત હતો, કિન્નરોથી શોભીતો હતો અને સિદ્ધો તથા બ્રાહ્મણોના નિવાસોથી ચોતરફ વિંટાયેલો હતો.[૩૭] વળી તે યજ્ઞમાં બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ, સર્વ શાસ્ત્રને રચનારાઓ

તથા યજ્ઞકર્મમાં કુશળ વ્યાસના શિષ્યો પણ જણાતા હતા;[૩૮] તેમજ સંગીતશાસ્ત્રમાં કુશળ મહાતેજસ્વી નારદ, તુંબુરુ, વિશ્વાવસુ, ચિત્રસેન તથા બીજા ગંધર્વો પણ ત્યાં હતા, કે જેઓ ગીત તથા નૃત્યમાં પ્રવીણ હોઇને યજ્ઞકર્મની વચ્ચે વચ્ચે બ્રાહ્મણોને આનંદ પમાડતા હતા.[૩૯,૪૦]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
“ અશ્વમેધનો આરંભ ” એ વિષયનો
અધ્યાય ૮૮ મો સમાપ્ત

અધ્યાય ૮૯ મો

અશ્વમેધની સમાપ્તિ

॥ वैशंपायन उवाच ॥

श्रपयित्वा पशूनन्यान्विधिवद्द्विजसत्तमाः ।
तं तुरंगं यथाशास्त्रमालभंत द्विजातयः ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે શ્રેષ્ઠ બ્રાહ્મણોએ બીજાં સર્વ પશુઓનો વિધિ પ્રમાણે વધ કરીને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તે ઘોડાનો પણ વધ કર્યો. હે રાજન્! તે સમયે ઘોડાનો વિધિ પ્રમાણે વધ કરીને તે યાજ્ઞિકોએ મંત્ર, દ્રવ્ય તથા શ્રદ્ધારૂપ ત્રણ કલાઓથી યુક્ત મનસ્વિની દ્રૌપદીને વિધિ અનુસાર ત્યાં બેસાડી. પછી હે ભરતશ્રેષ્ઠ ! તે બ્રાહ્મણોએ સાવધાન થઇને પેલા ઘોડાની વપા (હૃદયમાં રહેલી ધાતુ–ચરબી) ને બહાર કાઢી અને વિધિ પ્રમાણે તેને પકાવવા માંડી. તે સમયે ધર્મરાજાએ પોતાના નાના ભાઈઓની સાથે શાસ્ત્રાનુસાર તેનો ગંધ સુંઘવા માંડયો; કેમકે તેનો ગંધ સર્વ પાપોનો નાશ કરનાર ગણાય છે. હે રાજા ! તે ઘોડાનાં જે બીજાં અંગો હતાં તેનો પણ ધૈર્યસંપન્ન સોળે ઋત્વિજોએ અગ્નિમાં હોમ કરી દીધો.

એ રીતે ઇંદ્રસમાન તેજસ્વી રાજા યુધિષ્ઠિરના યજ્ઞને સમાપ્ત કરી શિષ્યસહિત ભગવાન વ્યાસે તે રાજાને (આશીર્વાદ વગેરેથી) વૃદ્ધિ પમાડયા. પછી યુધિષ્ઠિરે બ્રાહ્મણોને વિધિપ્રમાણે એક હજાર કરોડ સોના મહોરો દાનમાં આપી અને વ્યાસને આખી પૃથ્વી અર્પણ કરી. હે રાજન્ ! સત્યવતીના પુત્ર વ્યાસે પૃથ્વીનો પ્રતિગ્રહ કરીને ભરતશ્રેષ્ઠ ધર્મરાજા યુધિષ્ઠિરને કહ્યું કેઃ–“ હે મહારાજા ! આ પૃથ્વી હું તને પાછી આપું છું. તું મને તેના બદલામાં ધન આપ; કેમકે બ્રાહ્મણો ધનની ઇચ્છાવાળા હોય છે. ”

ઉદાર મનવાળા બુદ્ધિમાન યુધિષ્ઠિરે પોતાના ભાઇઓની સાથે મહાત્મા રાજાઓની વચ્ચે બ્રાહ્મણોને કહ્યું કેઃ–“ શાસ્ત્ર કહે છે કે, અશ્વમેધ મહાયજ્ઞમાં પૃથ્વી દક્ષિણાતરીકે હોવી જોઇએ; માટે અર્જુને જીતેલી આ પૃથ્વી મેં બ્રાહ્મણોને અર્પણ કરી દીધી છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! હવે હું વનમાં જઈશ. તમે આ પૃથ્વીને વહેંચી લ્યો.[૧-૧૨] હે ઉત્તમ બ્રાહ્મણો! ચાતુર્હોત્રકર્મના પ્રમાણમાં આ પૃથ્વીને ચાર પ્રકારે મેં વહેંચી દીધી છે, તો હવે તે બ્રાહ્મણદ્રવ્યને પાછું લેવાને હું ઇચ્છતો નથી.[૧૩] હે બ્રાહ્મણો ! મારો તથા મારા ભાઇઓનો સદામાટેનો આજ અભિપ્રાય છે.”

યુધિષ્ઠિરે એમ કહ્યું એટલે તેમના ભાઇઓ તથા દ્રૌપદીએ પણ કહ્યું કેઃ–“ યુધિષ્ઠિર રાજા જે કહે છે તે તેમજ છે.” ખરેખર, તેઓનું એ વચન સર્વનાં રૂંવાંટાં ઉભાં કરી દે તેવુંજ હતું. તે પછી હે ભારત ! આકાશમાં ‘ ધન્ય, ધન્ય ’ એવી વાણી થઇ રહી; તેમજ પ્રશંસા કરનારા બ્રાહ્મણસમુદાયોનો આનંદધ્વનિ ણપ સર્વ કરતાં અધિક થઇ રહ્યો.

પછી મુનિ બ્રાહ્મણોની વચ્ચે તેમના વાકયની પ્રશંસા કરતાં વ્યાસે ફરીથી યુધિષ્ઠિરને કહ્યું કેઃ–“ તેં આ પૃથ્વી મને આપી છે તોપણ હું તને તે પાછી આપું છું.[૧૭] તું આ બ્રાહ્મણોને પૃથ્વીના બદલામાં સુવર્ણ આપ અને આ પૃથ્વી તારીજ ભલે રહે.” તે પછી શ્રીકૃષ્ણે ધર્મરાજા યુધિષ્ઠિરને કહ્યું કેઃ–[૧૮] “ ભગવાન વ્યાસ જે પ્રમાણે કહે છે, તે પ્રમાણેજ તમારે કરવું યોગ્ય છે. ” શ્રીકૃષ્ણે એમ કહ્યું, ત્યારે કુરુશ્રેષ્ઠ યુધિષ્ઠિરે પ્રસન્ન થઇને પોતાના ભાઇઓની સાથે રહી યજ્ઞનિમિત્તે ત્રણગણી કરોડ કરોડ દક્ષિણા આપી. ખરેખર, મરુત્તનું અનુકરણ કરનારા કુરુરાજ યુધિષ્ઠિરે જે કર્મ કર્યું

હતું, તેવું કર્મ આ લોકમાં બીજો કોઇ પણ રાજા ભવિષ્યમાં કરશે નહિ. વિદ્વાન મુનિ વેદવ્યાસે તે રત્નોનો પ્રતિગ્રહ કરીને ઋત્વિજોને આપી દીધાં, એટલે તેઓએ તેને ચાર પ્રકારે વહેંચી લીધાં. યુધિષ્ઠિર પૃથ્વીના બદલામાં તે સુવર્ણ આપીને પાપરહિત થયા તથા સ્વર્ગને જીતીને પોતાના ભાઇઓની સાથે પ્રસન્ન થયા. ઋત્વિજોએ પણ સુવર્ણનો તે અનંત ઢગલો ઉત્સાહપૂર્વક અને સુખેથી બ્રાહ્મણોને વહેંચી આપ્યો. વળી યજ્ઞમંડપમાં પણ જે કંઇ અલંકારોસહિત સુવર્ણ, તોરણો, યજ્ઞસ્તંભો, ઘડાઓ, પાત્રો અને સુવર્ણની ઈંટો હતી–તે સર્વને પણ યુધિષ્ઠિરની સંમતિ લઇ બ્રાહ્મણોએ વહેંચી લીધું. એ રીતે બ્રાહ્મણોએ ગ્રહણ કરતાં જે ધન બાકી રહ્યું તેને બીજા ક્ષત્રિયોએ, વૈશ્યોએ, શૂદ્રોએ તથા મ્લેચ્છજાતિઓએ ગ્રહણ કર્યું. [૨૬] બુદ્ધિમાન ધર્મરાજાએ ધન અર્પણ કરીને એ પ્રમાણે પ્રસન્ન કર્યા, ત્યારે તે સર્વ બ્રાહ્મણો પ્રસન્ન થઇને પોતપોતાને ઘેર ગયા.[૨૭] મહાતેજસ્વી ભગવાન વ્યાસે, પોતાના ભાગમાં આવેલો સુવર્ણનો મોટો ભાગ સર્વના દેખતાં કુંતાને આપી દીધો.[૨૮] કુંતા, પોતાના સસરા તરફથી મળેલા તે પ્રીતિભાગને પામીને મનમાં પ્રસન્ન થઇ અને તેવડે અનેક મોટાં મોટાં પુણ્ય કરવા લાગી.[૨૯] રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓની સાથે અશ્વમેધનું અવભૃથસ્નાન પામીને પાપરહિત થયા અને દેવોથી સેવાતા દેવેન્દ્રની પેઠે શોભવા લાગ્યા.[૩૦] હે મહારાજા ! ત્યાં એકઠા મળેલા રાજાઓથી વિંટાયેલા તે પાંડવો, તારાગણોથી વિંટાયેલા ગ્રહોની પેઠે શોભવા લાગ્યા.[૩૧] તે પછી યુધિષ્ઠિરે રાજાઓને પણ અનેક રત્નો, હાથીઓ, ઘોડા, અલંકારો, સ્ત્રીઓ, સુવર્ણ તથા વસ્ત્રો અર્પણ કર્યાં.[૩૨] હે રાજન્ ! કુંતીપુત્ર યુધિષ્ઠિર, રાજમંડળમાં ધનનો અગણિત ઓઘ આપી રહ્યા હતા, જેથી કુબેરના જેવા શોભતા હતા.[૩૩] તેમણે વીર રાજા બભ્રુવાહનને પોતાની પાસે બોલાવીને પુષ્કળ દ્રવ્ય આપ્યું અને પછી તેને તેના રાજ્ય તરફ રવાના કર્યો; તેમજ હે ભરતશ્રેષ્ઠ ! બુદ્ધિમાન યુધિષ્ઠિરે દુઃશલાના બાળક પૌત્રને પણ, પોતાની બહેન ઉપરની પ્રીતિને લીધે તેના પિતાના રાજ્ય ઉપર બેસાડયો.[૩૫]પછી જિતેંદ્રિય કુરુરાજ યુધિષ્ઠિરે, સારી રીતે પૂજાયેલા જૂદા જૂદા સર્વ રાજાઓને વિદાય કર્યા;[૩૬] અને હે મહારાજા ! મહાતેજસ્વી તે શત્રુદમન રાજાએ મહાત્મા શ્રીકૃષ્ણને, મહાબળવાન બલદેવને તથા પ્રદ્યુમ્ન આદિ બીજા હજારો યાદવવીરોને પોતાના ભાઇઓની સાથે વિધિપ્રમાણે પૂજીને વિદાય કર્યા.[૩૭,૩૮]

એ પ્રમાણે હે ભરતશ્રેષ્ઠ ! બુદ્ધિમાન ધર્મરાજાનો તે યજ્ઞ થયો હતો; તેમાં અન્ન, ધન તથા રત્નોના મોટા ઢગલાઓ હતા, મદિરા તથા વૃક્ષના મદના સમુદ્રો હતા, ઘીના કાદવવાળા ધરાઓ હતા, અન્નના પર્વતો હતા અને રસોના કાદવવાળી નદીઓ હતી;[૩૯,૪૦] તેમજ તૈયાર કરાતા અને ખવાતા ભક્ષ્ય પદાર્થોનો સાકરવાળાં અને પીપર તથા સૂંઠવાળાં મગનાં ઓસામણોનો અને વધ કરાતાં પશુઓનો મનુષ્યો અંતજ જોઇ શકયા ન હતા.[૪૧] તે સમયે સર્વ મનુષ્યો મદમત્ત, ઉન્મત્ત તથા પ્રસન્ન થયાં હતાં, સ્ત્રીઓને પણ અત્યંત પ્રસન્ન કરવામાં આવી હતી અને મૃદંગો તથા શંખોના શબ્દોથી સર્વ સુંદર થઇ રહ્યું હતું.[૪૨] એ યજ્ઞમાં જૂદા જૂદા અનેક દેશોમાં વસનારા પુરુષો "લ્યો, ખાઓ" એમ રાત્રિદિવસ કોઈના અટકાવ્યાવિના અન્યોન્યને કહી રહ્યા હતા. આ રીતે હૃષ્ટપુષ્ટ થયેલાં મનુષ્યોથી ભરપૂર તે મહાયજ્ઞ મોટા એક ઉત્સવના જેવો થયો હતો. પછી ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિરે ધનની ધારાઓનો, સર્વ પ્રકારની કામનાઓનો, રત્નોનો તથા સર્વ રસોનો એ યજ્ઞમાં વરસાદ વરસાવીને અને પાપરહિત તથા કૃતાર્થ થઇને નગરમાં પ્રવેશ કર્યો.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
"અશ્વમેધની સમાપ્તિ" એ વિષયનો
અધ્યાય ૮૯ મો સમાપ્ત

અધ્યાય ૯૦ મો

અશ્વમેધમાં બનેલું એક આશ્ચર્ય! નોળીયાએ યજ્ઞને વખોડી કાઢયો!

॥ जनमेजय उवाच ॥

पितामहस्य मे यज्ञे धर्मराजस्य धीमतः ।
यदाश्चर्यमभूत् किंचित्तद्भवान् वक्तुमर्हसि॥१॥

જનમેજયે કહ્યું:–મારા પિતામહ બુદ્ધિમાન ધર્મરાજાના યજ્ઞમાં જે કંઈ આશ્ચર્ય થયું હોય, તે મને કહેવાને આપ યોગ્ય છો.[૧]

વૈશંપાયને કહ્યું:–હે સમર્થ શ્રેષ્ઠ રાજા ! યુધિષ્ઠિરનો અશ્વમેધ મહાયજ્ઞ જ્યારે સમાપ્ત થયો, ત્યારે ત્યાં એક ઉત્તમ મહાન આશ્ચર્ય થયું હતું તેને તું સાંભળ.[૨] હે ભરતશ્રેષ્ઠ ! તે સમયે શ્રેષ્ઠ બ્રાહ્મણો, સ્નેહીજનો, સંબંધીઓ તથા બાંધવોને તેમણે તૃપ્ત કર્યા હતા. દીન, અંધ તથા કૃપણોને પણ પ્રસન્ન કરવામાં આવ્યા હતા, સર્વ દિશાઓમાં મહાદાનનો જ્યારે ઢંઢેરો પીટાઈ રહ્યો હતો અને ધર્મરાજાના મસ્તક ઉપર પુષ્પોના વરસાદ વરસી રહ્યા હતા, ત્યારે હે નિર્દોષ રાજા ! એક નોળીઓ કે જે લીલાં નેત્રવાળો હતો અને એક તરફના પડખામાં તદ્દન સુવર્ણનો હતો, તેણે વજ્રના કડાકા જેવો શબ્દ તે સ્થળે કરી મૂકયો. માત્ર એકજ વખત મોટો અવાજ કરીને તેણે મૃગો તથા પક્ષીઓને ત્રાસ પમાડયાં. આ પછી તે મહાન નોળીઆએ પોતાના દરમાંજ રહીને કોઈનાથી પણ ન દબાતાં આવું માનુષી વચન કહ્યું:–"હે રાજાઓ ! આ તમારો યજ્ઞ કુરુક્ષેત્રમાં રહેનારા અને ઉંછવૃત્તિથી આજીવિકા ચલાવનારા એક દાતા પુરુષના એક શેર સાથવાના દાન જેટલો પણ નથી."[૩–૭]

હે રાજા ! નોળીઆનું તે વચન સાંભળીને સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણો અત્યંત આશ્ચર્ય પામ્યા. તેઓ એકઠા મળીને પૂછવા લાગ્યા કે:–"સત્પુરુષોના સમાગમવાળા આ યજ્ઞમાં તું કયાંથી આવ્યો છે ? તારૂં બળ કેવું છે ? તારૂં શાસ્ત્રાધ્યયન કેવું છે ? તારૂં પરમ આશ્રયસ્થાન શું છે અને અમારા યજ્ઞની તું જે નિંદા કરે છે તેને અમે કેવીરીતે સાચી માનીએ ?[૮–૧૦] આ યજ્ઞમાં શાસ્ત્રવિધિનો લોપ કરવામાં આવ્યો નથી, જાતજાતના યજ્ઞપદાર્થોથી તેને સિદ્ધ કરવામાં આવ્યો છે, જે વિધિ શાસ્ત્ર અને ન્યાય પ્રમાણે કરવાનો હતો તે કરેલ છે, શાસ્ત્રાનુસાર વિધિપ્રમાણે પૂજા કરવા યોગ્ય પુરુષોને પૂજ્યા છે, મંત્રપૂર્વક આહુતિઓ આપીને અગ્નિમાં હોમ કર્યો છે, દ્વેષનો ત્યાગ કરીને દાન આપવામાં આવ્યાં છે, અનેક પ્રકારનાં દાનો આપીને બ્રાહ્મણોને સંતોષ્યા છે, ક્ષત્રિયોને ઉત્તમ યુદ્ધથી, પિતૃઓને શ્રાદ્ધથી, વૈશ્યોને પાલનથી તથા કામથી શ્રેષ્ઠ સ્ત્રીઓને પ્રસન્ન કરવામાં આવેલ છે. દયાથી શૂદ્રોને તથા દાન કરતાં બાકી રહેલા પદાર્થોવડે હલકા માણસોને પણ સંતોષ્યા છે. રાજાની તથા અમારી પવિત્રતાથી સગાંઓ તથા સંબંધીઓ આ યજ્ઞમાં પ્રસન્ન થયાં છે. પવિત્ર હોમદ્રવ્યોથી દેવો પ્રસન્ન થયા છે અને શરણે આવેલાઓ રક્ષણ મેળવીને પ્રસન્ન થયા છે;[૧૧–૧૫] તો અમારા પૂછવા ઉપરથી તું આમાં જે સત્ય હોય તે કહે. આ યજ્ઞમાં બ્રાહ્મણોના સંબંધમાં તેં જે પ્રમાણે જોયું હોય તથા સાંભળ્યું હોય તે પ્રમાણે બ્રાહ્મણોપરની તારી ભક્તિથી કહે.[૧૬] તું આવું દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે, તેથી તારાં વાકયો ઉપર અમને શ્રદ્ધા થાય છે. ખરેખર, તું બુદ્ધિમાન છે અને વળી બ્રાહ્મણોની સાથે સમાગમમાં આવ્યો છે, માટે તારે અમને આ વાત કહેવી જોઇએ."[૧૭]

બ્રાહ્મણોએ એ પ્રમાણે પૂછયું, ત્યારે પેલો નોળીઓ ખડખડાટ હસીને બોલ્યો:–"હે બ્રાહ્મણો ! મારી આ વાણી મિથ્યા નથી કે ગર્વથી કહેવાયેલી નથી.[૧૮] હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! મેં જે વાકય કહ્યું છે કે "આ તમારો યજ્ઞ એક શેર સાથવાના દાન જેટલો નથી" તે તમે પોતે પણ સાંભળ્યુંજ છે;[૧૯] પરંતુ કુરુક્ષેત્રમાં રહેનારા તે ઉંછવૃત્તિવાળા દાતાના સંબંધમાં મેં જે ઉત્તમ આશ્ચર્ય અનુભવ્યું છે અને સાંભળ્યું છે, તે મારે અવશ્ય તમને કહેવું જોઇએ. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! તમે મનને એકાગ્ર કરી એ વાત સાંભળો. હું તમને તે યથાર્થ રીતે કહું છું. હે બ્રાહ્મણો ! જે કર્મથી તે દાતા પુરુષ પોતાની

સ્ત્રી, પુત્ર તથા પુત્રવધૂની સાથે સ્વર્ગને પામ્યો છે; અને જેને લીધે આ મારૂં અર્ધું શરીર સુવર્ણનું બન્યું છે, તે વિષે હવે હું તમને કહું છું, સાંભળો.[૨૦-૨૨]

હે બ્રાહ્મણો! ન્યાયથી મેળવીને તે બ્રાહ્મણના સૂક્ષ્મ દાનનું પણ જે ઉત્તમ ફળ પ્રાપ્ત થયું હતું, તે વિષે હું તમને અતિ આનંદથી કહું છું.[૨૩] તે સમયે ધર્મના ક્ષેત્રરૂપ ગણાતા અને અનેક ધર્મવેત્તા પુરુષોથી વ્યાપ્ત કુરુક્ષેત્રમાં હોલાના જેવી (એટલે હોલાની પેઠે એક એક કણ વીણીને) ઉંછવૃત્તિથી જીવનારો કોઇએક બ્રાહ્મણ હતો.[૨૪] તે બ્રાહ્મણ પોતાની સ્ત્રી, પુત્ર તથા પુત્રવધૂની સાથે તપશ્ચર્યા કર્યા કરતો હતો, શુદ્ધ વર્તનવાળો હતો, ધર્માત્મા હતો અને ઇંદ્રિયોને વશ રાખનારો હતો.[૨૫] ઉત્તમ વ્રતવાળો તે બ્રાહ્મણ, પોતાનાં તે કુટુંબીઓની સાથે હમેશાં છઠ્ઠે છઠ્ઠે ટંકે (સમયે) ભોજન કરતો હતો અને કોઇ સમયે તો છઠ્ઠે ટંકે પણ તેને આહાર મળતો ન હતો. ત્યારે તે ઉત્તમ બ્રાહ્મણ તે પછીના બીજા છઠ્ઠે ટંકે ભોજન લેતો હતો. હે બ્રાહ્મણો! એ પ્રમાણે તે બ્રાહ્મણ ધર્માચરણ કરતો હતો. એક સમયે દારુણ દુષ્કાળનો સમય ઉપસ્થિત થયો, ત્યારે તેની પાસે કોઈપણ જાતનો સંગ્રહ ન હતો. ઔષધિઓનો સંગ્રહ પણ ખૂટી પડવાથી તે વેળા એ દ્રવ્યહીન થઇ પડયો હતો.[૨૬-૨૮] તેના ભોજનમાટેના જે જે સમય નિયત કરવામાં આવ્યા હતા તે તે સમયે તેને ભોજન મળતું ન હતું, જેથી ક્ષુધાથી ઘેરાયેલાં તે સર્વે કુટુંબીઓ કણે કણે અન્ન વીણવા માટે ત્યાંથી ચાલી નીકળ્યાં. તે વખતે જયેષ્ઠમાસમાં મધ્યાહ્નના સમયે સૂર્ય તપી રહ્યો હતો અને તે બ્રાહ્મણ તાપ તથા ક્ષુધાને લીધે વિહ્વળ થયો હતો; છતાં પોતાના એ તપમાં સારી રીતે સ્થિર રહ્યો હતો.[૨૯,૩૦] ક્ષુધા તથા પરિશ્રમથી ઘેરાયેલા તે બ્રાહ્મણને ધાન્યના દાણા જ્યારે નજ મળ્યા, ત્યારે પોતાના પરિવારની સાથે તે ભૂખ્યોજ રહ્યો અને પ્રાણસંકટમાં આવી પડવા છતાં પણ તે ઉત્તમ બ્રાહ્મણે પોતાના ભોજનકાળને વ્યતીત કર્યો. આખરે એ છઠ્ઠો કાળ (ટંક) ગયો, ત્યારે એક શેર જવ તેણે મેળવ્યા.[૩૧,૩૨] પછી તે તપસ્વીઓએ તે એક શેર જવનો સાથવો બનાવ્યો અને જપ, નિત્યકર્મ તથા વિધિ પ્રમાણે અગ્નિમાં હોમ કરીને તે સર્વ તપસ્વીઓએ તેમાંથી પાશેર પાશેર વહેંચી લીધો. આ પછી તેઓ ભોજન કરવામાટે બેઠાં કે તેજ સમયે કોઇએક બ્રાહ્મણ અતિથિ ત્યાં આવ્યો. તેઓ એ અતિથિને આવેલો જોઇ મનમાં અત્યંત પ્રસન્ન થયાં અને તેને વંદન કરી તેની સુખાકારીનો પ્રશ્ન તેઓએ પૂછયો. શુદ્ધ મનવાળા, જિતેન્દ્રિય, શ્રદ્ધા તથા ઇંદ્રિયનિગ્રહથી યુક્ત, અસૂયા, ક્રોધ તથા દ્વેષથી રહિત, માન, મદ તથા ક્રોધનો ત્યાગ કરનારા અને ધર્મને જાણનારા તે શ્રેષ્ઠ સજ્જન બ્રાહ્મણોએ અન્યોન્યને પોતાનાં ગોત્ર તથા બ્રહ્મચર્ય કહ્યાં;[૩૩,૩૭] અને પછી પેલાં ઉંછવૃત્તિવાળાં બ્રાહ્મણકુટુંબીઓએ તે સમયે ક્ષુધાતુર થયેલા અતિથિને ઝુંપડીમાં દાખલ કર્યો; તેમજ ઉંછવૃત્તિ–બ્રાહ્મણે તેને કહ્યું કે:–“ હે નિર્દોષ પ્રભુ! આ અર્ઘ્ય, પાદ્ય, દર્ભાસન તથા નિયમાનુસાર મેળવેલો હોઇને પવિત્ર આ મારો સાથવો તમારેમાટે તૈયાર છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મેં આપેલા આ સર્વ પદાર્થોને આપ સ્વીકારો. તમારૂં કલ્યાણ થાઓ.”[૩૮,૩૯] હે રાજેન્દ્ર! તેણે એમ કહ્યું એટલે અતિથિ–બ્રાહ્મણે એક પાશેર સાથવો સ્વીકારીને ખાધો; પરંતુ તેથી તે સંતોષ પામ્યો નહિ.[૪૦] ઉંછવૃત્તિ પેલો બ્રાહ્મણ તે અતિથિને ક્ષુધાથી ઘેરાયેલો જોઇને “ આ કેવી રીતે સંતોષ પામે?” એમ તેના આહારમાટે ચિંતા કરવા લાગ્યો.[૪૧] તેવામાં તેની ભાર્યા બોલી ઉઠી:–“ મારો આ ભાગ આને આપી દો, જેથી આ ઉત્તમ બ્રાહ્મણ સંતોષ પામીને પોતાની ઇચ્છામાં આવે ત્યાં જાય.”[૪૨] પોતાની સાધ્વી ભાર્યાએ એ પ્રમાણે કહ્યું તોપણ તે શ્રેષ્ઠ બ્રાહ્મણે તેને ક્ષુધાથી ઘેરાયેલી જાણીને તેનો સાથવો લેવાનું પસંદ કર્યું નહિ.[૪૩] બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ તે વિદ્વાન પોતાના અનુમાન પ્રમાણે તે પોતાની ભાર્યાને વૃદ્ધ, ક્ષુધાથી વ્યાકુળ, પરિ-

શ્રમવાળી, અશક્ત, તપસ્વિની, કેવળ હાડકાં અને ચામડાંરૂપજ થયેલી તથા ધ્રૂજી રહેલી જાણીને કહેવા લાગ્યો કેઃ–“ હે કલ્યાણિ ! કીડા, પતંગિયાં તથા મૃગો પણ પોતાની સ્ત્રીઓનું રક્ષણ અને પોષણ કરે છે; માટે તારે એમ કહેવું યોગ્ય નથી. પુરુષ પોતાની પત્નીદ્વારાજ અનુકંપાપાત્ર, પુષ્ટ તથા રક્ષિત રહે છે; છતાં જે પુરુષ પત્નીનું પાલન કરતો નથી તે પ્રદીપ્ત યશથી ભ્રષ્ટ થાય છે;અને કોઇપણ લોકને મેળવી શકતો નથી.ધર્મ,અર્થ અને કામસંબંધી કાર્યો, સેવા, કુળસંતતિ તથા પિતૃઓનો અને પોતાનો ધર્મ સ્ત્રીઓને આધીન હોય છે. જે પુરુષ આ પ્રમાણે જાણતો નથી અને પોતાની ભાર્યાનું રક્ષણ કરવામાં સમર્થ નથી, તે પુરુષ મહાન અપયશને પ્રાપ્ત થાય છે અને (મુવાપછી) નરકને પામે છે.”

બ્રાહ્મણે એમ કહ્યું,ત્યારે તે બ્રાહ્મણી બોલીઃ– “હે દ્વિજ ! તમારા તથા મારા બન્નેના ધર્મ અને અર્થ સમાન છે; માટે મને મળેલો આ સાથવાનો ચોથો ભાગ તમે ગ્રહણ કરો. મારાપર કૃપા કરો. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! આ વાત સત્ય છે કે સ્ત્રીઓને માટે રતિ, ધર્મ, ગુણોથી જીતેલું સ્વર્ગ તથા બીજું જે કંઇ ઇચ્છિત હોય છે–તે સર્વ કેવળ પતિનેજ આધારે છે. સંતાન ઉત્પન્ન થવામાં માતાનું રજ તથા પિતાનું બીજ (વીર્ય) કારણરૂપ છે. (આ દૃષ્ટિએ પણ) પતિજ પરમ દૈવત છે.[૪૪–૫૧] પતિની કૃપાથીજ સ્ત્રીઓને રતિનું પુત્રરૂપ ફળ પ્રાપ્ત થાય છે. વળી તમે પાલન તથા ભરણ કરનારા હોવાથી મારા પતિ અને ભર્તા છો; એટલુંજ નહિ પણ પુત્ર અર્પણ કરીને તમે મને વર આપનારા છો, માટે મારો આ સાથવો બ્રાહ્મણને આપી દો. (જેમ હું વૃદ્ધાવસ્થા વગેરેથી ઘેરાયેલી છું તેમ) તમે પણ વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલા, ક્ષુધાથી વ્યાકુળ, અત્યંત દુર્બળ,ઉપવાસોથી શ્રમિત થયેલા અને કૃશ છો.”

પોતાની સ્ત્રીએ એમ કહ્યું, ત્યારે એ બ્રાહ્મણે તેનો સાથવો લઇને પેલા અતિથિને કહ્યું કેઃ–“ હે અતિ ઉત્તમ બ્રાહ્મણ ! તમે ફરી આ સાથવો ગ્રહણ કરો. ” તે સાંભળી અતિથિબ્રાહ્મણે તે સાથવો ગ્રહણ કર્યો; પરંતુ તે ખાઈને તે સંતોષ પામ્યો નહિ, એટલે વળી પાછો તે ઉંછવૃત્તિ–બ્રાહ્મણ ચિંતાપરાયણ થઇ ગયો.

ત્યારે તેના પુત્રે કહ્યુંઃ–“ હે પરમપૂજ્ય પિતા ! આ મારો સાથવો લઇને તમે બ્રાહ્મણને આપો. આ રીતે કરવાથીજ હું મારા આત્માને પુણ્યશાળી માનું છું, માટે હું આ પ્રમાણે કહું છું. વળી હરકોઇ પ્રયત્ને મારે નિત્ય તમારૂં રક્ષણ કરવું જોઇએ, કેમકે વૃદ્ધ પિતાના પાલનનેજ સત્પુરુષોએ ઇચ્છેલું છે.[૫૨–૫૭] હે બ્રહ્મર્ષિ ! ત્રણે લોકમાં આ અનાદિકાળની કહેવત પ્રસિદ્ધ છે કે, વૃદ્ધાવસ્થામાં પિતાનું રક્ષણ કરવું એજ પુત્રનું કર્તવ્ય છે.[૫૮] તમે માત્ર પ્રાણધારણ કરીનેજ તપ કરી શકો તેમ છો; કેમકે પ્રાણ એજ સર્વ પ્રાણીઓના શરીરમાં રહેલો પરમ ધર્મ છે.”[૫૯]

પિતાએ કહ્યુંઃ–“ તું એક હજાર વર્ષનો થાય, તોપણ મારે મન તો બાળકજ છે; અને પિતા પુત્રને ઉત્પન્ન કરી તેદ્વારા કૃતાર્થ થાય છે.[૬૦] હે સમર્થ પુત્ર ! હું એ જાણું છું કે,બાળકોને ક્ષુધા ઘણી બળવાન હોય છે, માટે હું વૃદ્ધ તે ક્ષુધાને ધારણ કરી શકીશ. તું તો (આ સાથવો ખાઇને) બળવાન થા.[૬૧] હે પુત્ર ! મારૂં શરીર હવે જીર્ણ થઇ ગયું છે, તેથી ક્ષુધા મને પીડી શકતી નથી. વળી મેં ઘણા લાંબા કાળસુધી તપશ્ચર્યા કરી છે, તેથી મને મરણનો પણ ભય નથી.”[૬૨]

પુત્રે કહ્યુંઃ–હે“ પિતા ! હું તમારૂં સંતાન છું અને ધર્મશાસ્ત્ર પણ કહે છે કે, ‘ છોકરો પિતાને ‘પુન્’નામના નરકથી બચાવે છે,માટેજ તે ‘પુત્ર’ કહેવાય છે; તેમજ પુત્ર એ પિતાનો આત્મા છે.’ માટે તમે તમારા આત્મા (રૂપ મારા)થીજ આત્માનું રક્ષણ કરો.”[૬૩]

પિતાએ કહ્યુંઃ–“ હે પુત્ર ! રૂપમાં, શીલમાં તથા ઇંદ્રિયનિગ્રહમાં તું મારા સમાનજ છે. મેં તારી અનેક પ્રકારે પરીક્ષા કરી છે, માટે હું તારો સાથવો ગ્રહણ કરૂં છું.”[૬૪] એમ કહીને તે શ્રેષ્ઠ બ્રાહ્મણે પ્રસન્ન મનથી

તે સાથવો લીધો અને હસતો હોય તેમ મુખ મલકાવીને પેલા અતિથિને તે આપ્યો;[૬૫] પરંતુ તે અતિથિ તેનું ભોજન કરીને પણ સંતોષ પામ્યો નહિ, જેથી તે ધર્માત્મા ઉંછવૃત્તિ બ્રાહ્મણ શરમાઈ ગયો.[૬૬] ત્યારે તેની સાધ્વી પુત્રવધૂ, બ્રાહ્મણનું પ્રિય કરવાની ઈચ્છાથી હાથમાં સાથવો લઇને ઉભી થઇ ગઇ. તેણે અત્યંત હર્ષ પામીને પોતાના સસરાને કહ્યું કેઃ– “હે બ્રાહ્મણ! તમારા સંતાનથી મને પણ સંતાન પ્રાપ્ત થશે, માટે મારો આ સાથવો લઇને તમે અતિથિને આપો.[૬૮] મને તમારી કૃપાથી અક્ષય લોક પ્રાપ્ત થઇ ચૂકયા છે. મનુષ્ય જે સ્થાનને પામીને શોક કરતો નથી, તે સ્થાનને પુત્રદ્વારા તે પામે છે.[૬૯] જેમ ધર્મ, અર્થ તથા કામ એ ત્રિવર્ગ અને દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય તથા આહવનીય એ ત્રણ અગ્નિ અક્ષય સ્વર્ગને આપનારા છે, તેમ પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર અક્ષય સ્વર્ગને આપનારા છે.[૭૦] અમે સાંભળ્યું છે કે, પુત્ર પિતૃઓને ઋણમાંથી મુક્ત કરે છે; અને હરકોઇ પુરુષ પુત્રો તથા પૌત્રોદ્વારા અવશ્ય ઉત્તમ લોકોને પામે છે.”[૭૧]

સસરાએ કહ્યુંઃ– “હે ઉત્તમ વ્રતાચારવાળી! હું તને વાયુ તથા તાપને લીધે શિથિલ અવયવોવાળી, નિસ્તેજ, કૃશ તથા ક્ષુધાને લીધે વિહ્વળ ચિત્તવાળી જોઈ રહ્યો છું; છતાં ધર્મહત્યારો થઇને તારો સાથવો કેમ લઇશ? હે શ્રેષ્ઠ વર્તનવાળી કલ્યાણિ! તારે આમ કહેવું યોગ્ય નથી.[૭૨,૭૩] હે શુભે! તું છઠ્ઠે કાળે ભોજન લેવાના વ્રતવાળી છે, શૌચ, શીલ અને તપથી યુક્ત છે તથા કષ્ટભરેલી આજીવિકા ચલાવી રહી છે; છતાં હું તને નિરાહાર કેમ જોઇ શકું?[૭૪] વળી તું બાળા છે, ક્ષુધાથી વિહ્વળ છે, સ્ત્રીજાતિ છે, ઉપવાસોથી શ્રમિત થયેલી છે અને મારા પુત્રને આનંદ આપનારી છે, જેથી મારે તારૂં નિત્ય રક્ષણ કરવું જોઈએ.”

પુત્રવધૂએ કહ્યુંઃ–“ તમે મારા ગુરુના ગુરુ છો, જેથી દૈવતના પણ દૈવત છો અને ઉત્તમ દેવતારૂપ છો; માટે હે પ્રભુ! તમે મારો સાથવો ગ્રહણ કરો.[૭૬] મારો આ દેહ, પ્રાણ તથા ધર્મ ગુરુસેવાને માટેજ છે; અને હે બ્રાહ્મણ! તમારી કૃપાથી અમે ઉત્તમ લોકને પ્રાપ્ત કરીશું.[૭૭] હે દ્વિજ! હું તમારી દઢ ભક્ત છું; માટે આમ કરીને તમારે મારૂં રક્ષણ કરવું જોઈએ અને આ મારીજ છે, એમ તમારે વિચારવું જોઇએ, તો આ સાથવો લેવાને તમે યોગ્ય છો.”[૭૮]

સસરાએ કહ્યુંઃ– “હે સાધ્વિ! તું આવા સદાચારવાળા વર્તનથી સદાકાળ શોભી રહી છે. તું ધર્મ તથા વ્રતથી યુક્ત હોઇને પણ આવી ગુરુવૃત્તિ ધરાવે છે,[૭૯] માટે હે વધુ! હે શ્રેષ્ઠ મહાભાગ્યવાળી! હું તને ધાર્મિકોના મધ્યમાં ગણીને તારો સાથવો લઉં છું. તું છળકપટને યોગ્ય નથી.”[૮૦]

એમ કહીને તેણે સાથવો ગ્રહણ કર્યો અને પેલા અતિથિ બ્રાહ્મણને અર્પણ કર્યો, એટલે તે (અતિથિ) બ્રાહ્મણ તે શ્રેષ્ઠ મહાત્મા ઉપર પ્રસન્ન થયો.[૮૧] વકતાઓમાં શ્રેષ્ઠ તે ઉત્તમ બ્રાહ્મણ કે જે પુરુષના રૂપમાં ધર્મ પોતેજ હતો, તેણે મનમાં પ્રસન્ન થઈને તે શ્રેષ્ઠ બ્રાહ્મણને કહ્યું કેઃ–[૮૨]“હે અતિ ઉત્તમ બ્રાહ્મણ! ન્યાયથી તથા ધર્મથી સંપાદન કરીને યથાશક્તિ આપેલા આ તારા દાનથી હું તારાપર પ્રસન્ન થયો છું. તારા આ દાનને સ્વર્ગલોકમાં દેવતાઓ પણ“ વાહ, વાહ” કહીને સર્વત્ર જાહેર કરી રહ્યા છે. જો, આ પુષ્પવૃષ્ટિ આકાશમાંથી પૃથ્વીપર પડી રહી છે અને દાનથી વિસ્મય પામેલા દેવર્ષિઓ, દેવો, ગંધર્વો તથા દેવદૂતો મોટા મોટા દેવોને આગળ કરીને તારી સ્તુતિ કરતા ઉભા રહ્યા છે; એટલુંજ નહિ પણ આ બ્રહ્મર્ષિઓ કે જેઓ બ્રહ્મલોકમાં વિચરનારા છે, તેઓ વિમાનમાં બેસીને તારા દર્શનને ઈચ્છે છે, માટે તું સ્વર્ગમાં જા. તેં પિતૃલોકમાં ગયેલા તારા સર્વ પિતૃઓને તાર્યા છે; તેમજ ભવિષ્યકાળના અનેક પિતૃઓને અનેક યુગોપર્યંત તાર્યા છે, માટે હે બ્રાહ્મણ! તું તારા બ્રહ્મચર્યથી, દાનથી, યજ્ઞથી, તપથી તથા શુદ્ધ ધર્મથી સ્વર્ગમાં જા. હે ઉત્તમ વ્રતવાળા! તું પરમ શ્રદ્ધાથી તપ કરે છે તેથી અને તારા આ દાનથી દેવો પ્રસન્ન થયા છે. તેં સંકટના સમયે પણ આ સર્વ શુદ્ધ

અંતઃકરણથી આપ્યું છે, તેથી આ કર્મવડે તેં સ્વર્ગને જીત્યું છે. ક્ષુધા જ્ઞાનનો નાશ કરે છે, ધર્મબુદ્ધિને હાંકી કાઢે છે અને ક્ષુધાથી ઘેરાઇ ગયેલા જ્ઞાનવાળો મનુષ્ય ધૈર્યનો ત્યાગ કરે છે. ખરેખર! જે મનુષ્ય ક્ષુધાને જીતે છે,તે સ્વર્ગને જીતે છે; અને જ્યારે દાનઉપર પ્રીતિવાળો થાય છે, ત્યારે તેનો ધર્મ નાશ પામતો નથી. તેં પુત્રસ્નેહ તથા સ્ત્રીસ્નેહ ઉપર નજર સરખી પણ નહિ કરીને કેવળ ધર્મનેજ શ્રેષ્ઠ જાણ્યો અને તૃષ્ણાને ગણકારી નહિ. મનુષ્યોને દ્રવ્યની આવક સૂક્ષ્મ હોય છે, પાત્રને દાન આપવું તે એના કરતાં પણ સૂક્ષ્મ હોય છે, યોગ્ય સમયેજ દાન આપવું તે વળી એના કરતાં પણ અતિસૂક્ષ્મ હોય છે, દાનના કરતાં શ્રદ્ધા સૂક્ષ્મ હોય છે, અને સ્વર્ગનું દ્વાર તો અતિશય સૂક્ષ્મ હોય છે, જેને મનુષ્યો મોહને લીધે જોઇ શકતા નથી. જે પુરુષો ક્રોધને તથા ઈંદ્રિયોને જીતનારા છે, તેઓ તો જોઇ શકે છે કે, રાગના રક્ષણતળે રહેલું અને વશ કરવાને અશક્ય લોભનું બીજજ સ્વર્ગદ્વારને બંધ કરી દેનારી એક ભૂંગળ છે. જે બ્રાહ્મણો તપઃસંપન્ન હોઇને યથાશક્તિ દાન કરે છે, હજારની શકિતવાળો જે પુરુષ સોનું દાન કરે છે, સોની શકિતવાળો દશનું દાન કરે છે અને જે પુરુષ પોતાની શક્તિ પ્રમાણે કેવળ જળનુંજ દાન કરે છે—તેઓ સર્વને સમાન ફળ મળે છે, એમ શાસ્ત્ર કહે છે. હે બ્રાહ્મણ! રાજા રંતિદેવની પાસે કંઇ પણ ન હતું, ત્યારે તેણે શુદ્ધ મનથી જળનુંજ દાન કર્યું હતું, જેથી તે સ્વર્ગમાં ગયો. હે તાત ! મોટાં ફળવાળાં અનેક દાનો આપવાથી જેવો ધર્મ પ્રસન્ન થતો નથી તેવો ન્યાયથી સંપાદન કરેલાં અને શ્રદ્ધાથી પવિત્ર થયેલાં સૂક્ષ્મ દાનોથી પ્રસન્ન થાય છે. નૃગરાજાએ બ્રાહ્મણોને હજારો ગોદાન કર્યાં હતાં;પરંતુ તેમાં માત્ર એકજ પારકી ગાયનું (અજાણપણે) દાન કરી દઇને તે નરકને પામ્યો.ઉશીનરનો પુત્ર રાજા શિબિ, કે જે ઉત્તમ વ્રતશીલ હતો, તેણે પોતાનું માંસ અર્પણ કરીને પુણ્યશાળીઓના લોકો સંપાદન કર્યા અને હજીસુધી સ્વર્ગમાં તે આનંદ કરે છે. હે બ્રાહ્મણ ! પોતાની શક્તિથી તથા યથાયોગ્યરીતે કરેલા અનેક યજ્ઞોથી સારીરીતે સંપાદન કરેલું પુણ્યજ સત્પુરુષોનો વૈભવ છે. મનુષ્ય ક્રોધથી દાનના ફળનો નાશ કરે છે અને લોભથી સ્વર્ગમાં જઇ શકતો નથી. જે મનુષ્ય ન્યાયી વૃત્તિવાળો હોઈને દાનવેત્તા હોય છે, તે તપવડે સ્વર્ગને પામે છે. પુષ્કળ દક્ષિણાવાળા અનેક રાજસૂય યજ્ઞો કરીને તથા પુષ્કળ અશ્વમેધ યજ્ઞો કરીને પણ મનુષ્યે મેળવેલું પુણ્યફળ તારા આ દાનફળની સમાન થઇ શકે તેમ નથીજ. તેં માત્ર એક શેર સાથવાથી અક્ષય બ્રહ્મલોકને જીતી લીધો છે, માટે હે બ્રાહ્મણ ! તું નિષ્પાપ થઇને સુખેથી બ્રહ્મલોકમાં જા. હે દ્વિજશ્રેષ્ઠ! તમારે સર્વને માટે આ દિવ્ય વિમાન અહીં આવી પહોંચ્યું છે, માટે સુખેથી તમે તેનાપર ચઢો. હે દ્વિજ! તું મને જો, હું ધર્મ છું. તેં તારા દેહને તાર્યો છે, તારી કીર્તિ લોકમાં સ્થિર થઇ છે, માટે હવે તું તારી સ્ત્રી, પુત્ર, તથા પુત્રવધૂની સાથે સ્વર્ગમાં જા.”

ધર્મે એમ કહ્યું એટલે તે બ્રાહ્મણ વિમાનમાં બેસીને પોતાની સ્ત્રી, પુત્ર તથા પુત્રવધૂની સાથે સ્વર્ગમાં ગયો. એ રીતે તે ધર્મવેત્તા બ્રાહ્મણ પોતાનો પુત્ર, પુત્રની સ્ત્રી અને ચોથી પોતાની ભાર્યા સાથે સ્વર્ગમાં ગયો, ત્યારે હું મારા દરમાંથી બહાર નીકળ્યો અને સાથવાનો ગંધ, દાનજળની ભીનાશ, દિવ્ય પુષ્પોનું મર્દન તથા તે સત્પુરુષના સૂક્ષ્મ દાનના અને તપના પ્રભાવથી મારૂં મસ્તક સુવર્ણમય થઈ ગયું.૮૩-૧૧૦ હે બ્રાહ્મણો ! સત્ય પ્રતિજ્ઞાવાળા તે બુદ્ધિમાન બ્રાહ્મણના સાથવાના દાનને લીધે તથા તપને લીધે મારૂં આ વિશાળ અર્ધશરીર સુવર્ણમય થયેલું છે, તેને તમે જુઓ.૧૧૧ હે બ્રાહ્મણો ! મારૂં આ બીજી તરફનું શરીર તેવા પ્રકારનું કેવીરીતે થાય? આવા હેતુથી હું વારંવાર હર્ષભેર તપોવનોમાં તથા યજ્ઞોમાં જાઉં છું. બુદ્ધિમાન કુરુરાજાનો આ યજ્ઞ સાંભળીને હું એજ આશાએ અહીં આવ્યો છું, પણ સુવર્ણમય થયો નહિ; તેથીજ હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! મેં મોટેથી હસીને તે વાક્ય કહ્યું હતું કેઃ—“આ યજ્ઞ

શેર એક સાથવાના દાનની સમાન નથીજ, કેમકે તે સમયે માત્ર એક શેર સાથવાના દાનના પ્રભાવથી હું સુવર્ણમય થયો હતો." માટેજ હું માનું છું કે, આ મહાન યજ્ઞ એના જેવો નથીજ."

વૈશંપાયને કહ્યું:-નોળીયો યજ્ઞમાંના એ સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણોને એમ કહીને ત્યાંથી અદૃશ્ય થઇ ગયો, એટલે સર્વ બ્રાહ્મણો પોતપોતાને ઘેર ગયા. હે શત્રુનગરને જીતનારા રાજા! તે અશ્વમેધ મહાયજ્ઞમાં જે કંઇ આશ્ચર્ય થયું હતું, તે સર્વ મેં તને કહ્યું. હે રાજા! તેથી યજ્ઞના સંબંધમાં તારે કોઇરીતે આશ્ચર્ય પામવા જેવું નથી; કેમકે હજારો કરોડ ઋષિઓ પોતાના તપોબળને લીધે સ્વર્ગમાં ગયા છે. પ્રાણીમાત્રનો અદ્રોહ, સંતોષ, સદાચાર, સરળતા, તપ, ઇંદ્રિયનિગ્રહ, સત્ય અને દાન એ સર્વ સમાન ફળ આપનારાં છે.૧૧૨-૧૨૦

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
'નોળીયાનું આખ્યાન' એ વિષયનો
અધ્યાય ૯૦ મો સમાપ્ત

અધ્યાય ૯૧ મો

હિંસાવાળો ધર્મ નિંદ્ય છે.

॥ जनमेजय उवाच ॥

यज्ञे सक्ता नृपतयस्तपः सक्ता महर्षयः ।
शांतिव्यवस्थिता विप्राः शमे दम इति प्रभो ॥

જનમેજયે કહ્યું:-હે પ્રભુ! રાજાઓ યજ્ઞમાં આસક્ત રહે છે, મહર્ષિઓ તપમાં આસક્ત રહે છે અને બ્રાહ્મણો શાંતિમાં સ્થિર રહીને બાહ્યાભ્યંતર ઇંદ્રિયનિગ્રહમાં આસક્ત રહે છે;૧ માટે મારી બુદ્ધિ તો એવીજ છે કે આ લોકમાં યજ્ઞના ફળ જેવું બીજું કંઇ પણ નથી.૨ અનેક રાજાઓ તથા શ્રેષ્ઠ બ્રાહ્મણો યજ્ઞો કરીને આ લોકમાં કીર્તિ પામ્યા છે તથા મરણ પછી સ્વર્ગને પામ્યા છે.૩ હજાર નેત્રવાળો, તેજસ્વી અને સમર્થ દેવરાજા ઇંદ્ર પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને દેવોના સમસ્ત રાજ્યને પામ્યો છે. ભીમસેન તથા અર્જુનસહિત રાજા યુધિષ્ઠિર સમૃદ્ધિ તથા પરાક્રમવડે જ્યારે દેવરાજાની સમાનજ હતા, ત્યારે તે નોળીઆએ એ મહાત્મા રાજાના અશ્વમેધ મહાયજ્ઞની શામાટે નિંદા કરી?૪-૬

વૈશંપાયને કહ્યું:-હે ભરતવંશી રાજા! યજ્ઞનો મુખ્ય વિધિ અને તેનું ફળ પણ હું તને કહું છું, તું તેને યથાર્થ રીતે મારી પાસેથી સાંભળ.૭ પૂર્વે ઇંદ્રે જ્યારે યજ્ઞ કર્યો, ત્યારે યજ્ઞકર્મના આરંભસમયે સર્વ ઋત્વિજો કર્મ કરવામાં વ્યગ્ર હતા, અગ્નિમાં હોમ ચાલી રહ્યો હતો, હોતા પણ ગુણસંપન્ન હતો, દેવોનાં આહ્વાન થઇ રહ્યાં હતાં અને મોટા મોટા ઋષિઓ બેઠા હતા; ત્યારે હે રાજા! અત્યંત પ્રસન્ન થયેલા, ઉત્તમ શાસ્ત્ર ભણેલા, સુંદર સ્વરવાળા અને પરિશ્રમરહિત મહાશ્રેષ્ઠ અધ્વર્યુ બ્રાહ્મણોએ વધ કરવાના સમયે પશુઓને જ્યારે ગ્રહણ કર્યાં, ત્યારે હે મહારાજા! સર્વ મહર્ષિઓના મનમાં દયા ઉત્પન્ન થઇ.૮-૧૧ તે તપોધન ઋષિઓ દીન પશુઓને જોઇને ઇંદ્રને મળ્યા અને તેને કહેવા લાગ્યા કે:-" આ યજ્ઞવિધિ પવિત્ર નથી.૧૨ તું મહાન ધર્મની ઇચ્છા રાખે છે, પણ આ તારું અજ્ઞાન છે. હે ઇંદ્ર! યજ્ઞમાં પશુગણોનો (આ રીતે વધ કરીને) ઉપયોગ કરવો, એવો કંઇ વિધિ નથી.૧૩ હે પ્રભુ! આ તારો સમારંભ ધર્મનો નાશ કરનાર છે. આ યજ્ઞ ધર્માનુસાર કરાયેલો ગણાશે નહિ, કેમકે હિંસાને ધર્મ કહી શકાય નહિ.૧૪ જો તારી ઇચ્છા હોય તો (બ્રાહ્મણો) શાસ્ત્રને અનુસરીનેજ તારો યજ્ઞ ભલે કરે; કારણ કે વિધિપૂર્વક કરવામાં આવેલા યજ્ઞથી તને મહાન ધર્મ પ્રાપ્ત થશે. હે હજાર નેત્રવાળા ઇંદ્ર! તું ત્રણ વર્ષસુધી એક સ્થળે રાખી મૂકવામાં આવેલાં (જૂનાં) બિયાંથી યજ્ઞ કર.૧૫,૧૬ હે શક્ર! આ મહાન ધર્મ મોટા ગુણ તથા ફળને ઉત્પન્ન કરનારો છે."

તત્ત્વદ્રષ્ટા ઋષિઓએ કહેલાં તે વચનોને અભિમાનને લીધે મોહવશ થયેલા ઇંદ્રે માન્યાં નહિ; જેથી તેના યજ્ઞમાં હે ભારત! જંગમથી યજ્ઞ કરવો કે સ્થાવરથી યજ્ઞ કરવો, એ વિષે ઘણો મોટો વિવાદ ઉભો થયો. આખરે તત્ત્વદ્રષ્ટા તે

ઋષિઓ વિવાદ કરી કરીને થાકયા,એટલે તેઓ ઇંદ્ર સાથે મળીને વસુરાજાને પૂછવા લાગ્યા કેઃ–"હે મહાબુદ્ધિમાન ! અમે ધાર્મિક સંશયમાં આવી પડયા છીએ, માટે તમે અમને સત્ય કહો. હે મહાભાગ ! યજ્ઞોવિષે વેદ શું કહે છે ? શું મુખ્યત્વે કરીને પશુઓથી યજ્ઞ કરવો કે બિયાં અથવા ઘી, દૂધ–વગેરે રસોથી યજ્ઞ કરવો ?"

રાજા વસુએ તે સાંભળીને તેઓના બળનો કે અબળનો કંઇ વિચાર કર્યો નંહિ અને કહ્યું કેઃ–"જે કંઇ મળી આવે તેથી યજ્ઞ કરવો." ચેદીદેશના સ્વામી એવા સમર્થ રાજા એવું અસત્ય વચન બોલ્યા, તેથી (ઋષિઓના શાપને લીધે)તે રસાતળમાં પેસી ગયો;[૧૭-૨૩] માટે સંશયભરેલા વિષયમાં પ્રજાપતિ ભગવાન બ્રહ્મદેવવિના બીજા કોઇપણ એકલા મનુષ્યે પોતે મહાબુદ્ધિમાન હોય છતાં કંઇ બોલવું નહિ.[૨૪] અશુદ્ધ બુદ્ધિવાળા પાપી મનુષ્યે મોટાં મોટાંદાનો આપ્યાં હોય તોપણ તે સર્વે અનાદર કરીને નાશ પામે છે.[૨૫] અધર્મમાં પ્રવૃત્તિ કરનારા અને દુષ્ટ બુદ્ધિવાળા દુરાત્મા હિંસક પુરુષની કીર્તિ આ લોકમાં કે પરલોકમાં કદી થતી નથી. જે મૂર્ખ પુરુષ ધર્મ તરફ શંકાશીલ હોઇને અન્યાયથી સંપાદન કરેલા દ્રવ્યથી યજ્ઞયાગ કરે છે, તેને ધર્મનું ફળ મળતું નથી.[૨૭] ધર્મ વેચીને ગુજરાન ચલાવનારો જે પાપાત્મા અધમ પુરુષ બ્રાહ્મણોને દાન આપે છે, તેમાં લોકોનો વિશ્વાસ મેળવવો તેજ કારણ હોય છે.[૨૮] રાગ તથા મોહથી ઘેરાઇ ગયેલો જે નિરંકુશ બ્રાહ્મણ પાપી કર્મદ્વારા ધન સંપાદન કરે છે,તે અંતે મલિન ગતિને પામે છે.[૨૯] સંગ્રહ કરવાની બુદ્ધિવાળો પુરુષ પણ લોભ તથા મોહને અધીન થઈને બુદ્ધિને અશુદ્ધ કરનારા પાપકર્મદ્વારા પ્રાણીઓને ઉદ્વેગકર્તા થઈ પડે છે.[૩૦] એજ પ્રમાણે જે પુરુષ મોહને વશ થઈને (અવળે માર્ગે) ધન સંપાદન કરી દાન આપે છે અથવા યજ્ઞ કરે છે, તેને મરણ પછી તેનું ફળ મળતું નથી, કેમકે તેને પ્રાપ્ત થયેલું ધન પાપભરેલું હોય છે;[૩૧] પણ તપનેજ ધન માનનારા ધાર્મિક પુરુષો પોતાના વૈભવ પ્રમાણે ઉંછવૃત્તિથી પ્રાપ્ત કરેલા અન્નને, ફળને, મૂળને, શાકને અથવા જળપાત્રને પણ દાનતરીકે આપીને સ્વર્ગમાં જઇ શકે છે.[૩૨] દાન, પ્રાણીઓ ઉપર દયા, બ્રહ્મચર્ય, સત્ય, અનુક્રોશ (બીજાને દુઃખી જોઇને તેના તરફ થતી લાગણી), ધૈર્ય અને ક્ષમા–આજ ધર્મ છે અને આજ મહાન યોગ છે.[૩૩] આજ સનાતન ધર્મનું સનાતન મૂળ છે અને સાંભળવામાં આવે છે કે, પૂર્વે થઈ ગયેલા વિશ્વામિત્ર વગેરે રાજાઓ આનોજ આશ્રય કરી રહ્યા હતા.[૩૪] વિશ્વામિત્ર, અસિત, જનકરાજા, કક્ષસેન, આર્ષ્ટિષેણ, રાજા સિંધુદ્વીપ–આ સર્વ રાજાઓ તથા બીજા અનેક તપોધન ઋષિઓ સત્યતાભરેલાં અને ન્યાયપૂર્વક સંપાદન કરેલાં દાનોથી પરમ સિદ્ધિને પામ્યા છે. હે ભારત ! બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો કે શૂદ્રો જે કોઇ તપનો આશ્રય કરે છે તથા દાનધર્મરૂપ અગ્નિથી શુદ્ધ થાય છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૩૫-૩૭]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
'હિંસામિશ્ર ધર્મની નિંદા' એ વિષ
યનો અધ્યાય ૯૧ મો સમાપ્ત

અધ્યાય ૯૨ મો

અગસ્ત્યનો યજ્ઞ–અહિંસાધર્મની શ્રેષ્ઠતા

॥ जनमेजय उवाच ॥

धर्मागतेन त्यागेन भगवन् स्वर्गमस्ति चेत् ।
एतन्मे सर्वमाचक्ष्व कुशलोह्यसि भाषितुम् ॥१॥

જનમેજયે પૂછ્યુંઃ–હે ભગવન્ ! ધર્માનુસાર દાનથીજ જો સ્વર્ગ મળે છે, તો તમે એજ વિષયને સંપૂર્ણરીતે મને કહો. ખરેખર, તમે કથા કહેવામાં કુશળ છો.[૧] હે બ્રહ્મન્ ! તે ઉંછવૃત્તિ–બ્રાહ્મણને સાથવાના દાનથી જે મહાન ફળ મળ્યું હતું, તે તમે મને કહ્યું અને અવશ્ય તે સત્યજ છે;[૨] પરંતુ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! સર્વ યજ્ઞોના સંબંધમાં એવો ઉત્તમ નિશ્ચય કેવી રીતે થઇ શકે ? એ વાત સંપૂર્ણરીતે મને કહેવાને તમે યોગ્ય છો.[૩]

વૈશંપાયને કહ્યું:-હે શત્રુદમન રાજા! પૂર્વે અગસ્ત્યના મહાયજ્ઞમાં આના સંબંધમાંજ જે કંઇ બન્યું હતું, તેને પુરાતન ઇતિહાસતરીકે લોકો કહે છે.[૪] હે મહારાજા! પૂર્વે પ્રાણીમાત્રનું હિત કરવામાં આસક્ત રહેનારા મહાતેજસ્વી અગસ્ત્યે બાર વર્ષની યજ્ઞદીક્ષા લીધી હતી.[૫] મહાત્મા અગસ્ત્યના તે યજ્ઞમાં અગ્નિસમાન તેજસ્વી ઋષિઓ હોતાતરીકે હતા. તેઓમાંના કેટલાએક મૂળનો આહાર કરનારા, કેટલાએક ફળનો આહાર કરનારા, કેટલાએક ફળમૂળાદિને પથ્થરપર ફૂટીને ખાનારા, કેટલાએક માત્ર ચંદ્રનાં કિરણોનુંજ પાન કરીને તૃપ્ત રહેનારા, કેટલાએક આહારાદિને માટે કોઈ તરફથી પૂછવામાં આવે તોજ તેનો સ્વીકાર કરનારા, કેટલાએક પંચમહાયજ્ઞ કરીને અવશેષ રહેલા અન્નનું ભોજન કરનારા, કેટલાએક માત્ર અમુક સમય પૂરતોજ સંગ્રહ કરનારા અને કેટલાએક યતિઓ તથા ભિક્ષુઓ પણ હતા.[૬,૭] તેઓ સર્વ મહર્ષિઓ ધર્મને પ્રત્યક્ષ કરનારા, ક્રોધને તથા ઇંદ્રિયોને વશ રાખનારા, દમગુણમાં સ્થિતિ કરનારા, હિંસા તથા દંભથી રહિત, શુદ્ધ ચારિત્ર્યમાં સ્થિર રહેનારા અને ઇંદ્રિયોને વશ નહિ થનારા હોઇને તે યજ્ઞ કરવામાટે ત્યાં આવ્યા હતા.[૮,૯] એ યજ્ઞમાં ભગવાન અગસ્ત્યે પોતાની શક્તિપ્રમાણે અન્ન એકત્ર કર્યું હતું. તે સમયે જે વર્તન જેવું યોગ્ય ગણાતું હતું, તે પ્રમાણેજ અનેક મુનિઓએ મોટા મોટા યજ્ઞો કર્યા હતા. અગસ્ત્યનો યજ્ઞ એ પ્રમાણે ચાલી રહ્યો હતો, ત્યારે હે ભરતશ્રેષ્ઠ! ઇંદ્રે વરસાદ વરસાવ્યો નહિ, જેથી હે રાજન્! તે યજ્ઞકર્મ થતું હતું ત્યારે શુદ્ધાત્મા મુનિઓમાં આવી વાતચીત થવા લાગી:-"આ યજમાન અગસ્ત્ય દ્વેષનો ત્યાગ કરીને અન્નદાન કરે છે, છતાં વરસાદ વરસતો નથી તો અન્ન કેવી રીતે ઉત્પન્ન થશે?[૧૩] હે બ્રાહ્મણો! મુનિ અગસ્ત્યનો આ મહાયજ્ઞ બાર વર્ષસુધીનો છે, તેથી બાર વર્ષપર્યંત વરસાદ વરસશે નહિ;[૧૪] માટે તમે આ વાતનો તથા બુદ્ધિમાન મહર્ષિ અગસ્ત્યના તપનો પણ વિચાર કરીને તેમનાપર અનુગ્રહ કરવાને યોગ્ય છો."[૧૫]

તેઓએ એમ કહ્યું એટલે પ્રતાપી અગસ્ત્યે પોતાનું મસ્તક નમાવી સર્વ મુનિઓને પ્રસન્ન કરી તે સમયે કહ્યું કે:-"જો બાર વર્ષસુધી ઇંદ્ર વરસાદ નહિ વરસાવે તો હું માનસિક યજ્ઞ કરીશ;* કેમકે એ સનાતન વિધિ છે. જો બાર વર્ષપર્યંત ઇંદ્ર વરસાદ નહિ વરસાવે તો હું સ્પર્શયજ્ઞ કરીશ;× કેમકે એ સનાતન વિધિ છે. જો બાર વર્ષપર્યંત ઇંદ્ર વરસાદ નહિ વરસાવે તો હું માત્ર ધ્યાનથીજ સર્વ દ્રવ્યોને અહીં લાવી મૂકીશ. આ રીતે નિયમિત વ્રતવાળો થઇને હું યજ્ઞો કરીશ. મેં આજે ઘણાં વર્ષોથી આ બીજયજ્ઞ આરંભ્યો છે. તેને હું બીજો (બિયાં)-થીજ પૂર્ણ કરીશ, એમાં કંઇ વિઘ્ન થશે નહિ. વરસાદ થશે અથવા નહિ થાય, તોપણ મારા આ યજ્ઞને કોઇ વૃથા કરી શકે તેમ નથી અથવા ઇંદ્ર મારી આ પ્રાર્થનાને પોતાની ઇચ્છા પ્રમાણે જો નહિ પૂર્ણ કરે, તો હું પોતેજ ઇંદ્ર થઈશ અને સર્વ પ્રજાઓને જીવાડીશ. તે સમયે જ્યારે જે આહારનો સમુદાય જોઇતો હશે, તે તે પ્રમાણે થશે.[૧૬-૨૩] હું વારંવાર આવી અતિશય વિશેષતા કર્યાજ કરીશ. આ ત્રણે લોકમાં જે કંઇ સુવર્ણ હોય અને બીજું જે કંઇ ધન હોય તે આજે અહીં પોતાની મેળેજ હાજર થાઓ; તેમજ દિવ્ય અપ્સરાઓના સમુદાયો, ગંધર્વો, કિન્નરો, વિશ્વાવસુ અને બીજા જે કોઇ દેવો છે, તેઓ મારા આ યજ્ઞમાં હાજર થાઓ. ઉત્તર કુરુદેશમાં જે કંઇ ધન છે, તે સર્વ આ યજ્ઞમાં પોતાની મેળેજ હાજર થાઓ; અને સ્વર્ગ, સ્વર્ગમાં રહેનારાં પ્રાણીઓ તથા ધર્મ અહીં પોતાની મેળેજ આવો."[૨૪-૨૭]

તેમણે એ પ્રમાણે કહ્યું, એટલે તે મુનિના તપવડે તે સર્વ એ પ્રમાણેજ બન્યું; કેમકે તે અગસ્ત્ય અતિશય તેજસ્વી હોઇને પ્રદીપ્ત અગ્નિ

---

* અર્થાત્ માત્ર સંકલ્પથીજ દેવોને તથા ઋષિઓને તૃપ્ત કરીશ.

× કહેવાનો ભાવ એ છે કે એકઠા કરેલા દ્રવ્યને ખર્ચી નાખ્યાવિના માત્ર તેનો સ્પર્શ કરીનેજ દેવોને તથા ઋષિઓને તૃપ્ત કરીશ.

સમાન પ્રકાશમાન હતા.[૨૮] પછી તે મુનિઓ પ્રસન્ન થઈને તેમનું તપોબળ જોઈ રહ્યા અને તેઓ સર્વે આશ્ચર્ય પામીને આવું મહાન અર્થવાળું વચન બોલ્યા.[૨૯]

ઋષિઓએ કહ્યું:-"અમે તમારા વાક્યથી પ્રસન્ન થયા છીએ; પરંતુ તપનો વ્યય (ઉપયોગ) કરવાની અમે ઇચ્છા રાખતા નથી. અમે પ્રસન્ન થઇને યજ્ઞ, દીક્ષા, હોમ તથા બીજું જે કંઇ શોધીએ છીએ,તે સર્વ તે તે યજ્ઞોદ્વારાજ ન્યાય પૂર્વક ઇચ્છીએ છીએ. અમે ન્યાયથી આહાર સંપાદન કર્યો છે, પોતપોતાનાં કર્મમાં અમે આસક્ત રહીએ છીએ, ન્યાયપૂર્વક બ્રહ્મચર્ય પાળીને અમે વેદોને ઇચ્છીએ છીએ અને હવે પછીના સમયે પણ અમે ન્યાયાનુસાર ઘરમાંથી નીકળી જઈશું તથા ધર્મયુક્ત વિધિઓદ્વારા તપશ્ચર્યા કરીશું. ખરેખર, હિંસાથી રહિત થયેલી આ તમારી બુદ્ધિ અમને સારી રીતે પસંદ છે; માટે હે પ્રભુ ! આ અહિંસાને તમે પ્રત્યેક યજ્ઞોમાં નિત્ય કહ્યા કરજો, જેથી હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! અમે પ્રસન્ન થઇશું.[૩૦-૩૪] આ યજ્ઞની જ્યારે સમાપ્તિ થશે, ત્યારે તમારી રજા મેળવીને અમે અહીંથી જઈશું."

તે મુનિઓ એ પ્રમાણે વાતચીત કરતા હતા, તેવામાં મહાતેજસ્વી દેવરાજ ઇંદ્રે અગસ્ત્યનું તપોબળ જોઇને વરસાદ વરસાવ્યો. હે જનમેજય ! મહાતેજસ્વી તે અગસ્ત્યમુનિનો યજ્ઞ જ્યાંસુધી સમાપ્ત થયો ત્યાંસુધી મેઘે અત્યંત વૃષ્ટિ કર્યા કરી. પછી હે રાજર્ષિ ! દેવરાજ પોતે બૃહસ્પતિને આગળ કરી ત્યાં આવ્યો અને તેણે અગસ્ત્યને પ્રસન્ન કર્યા.[૩૫-૩૭] તે પછી યજ્ઞની જ્યારે સમાપ્તિ થઇ, ત્યારે અત્યંત પ્રસન્ન થયેલા અગસ્ત્યે વિધિ પ્રમાણે મહામુનિઓની પૂજા કરી અને તેઓને વિદાય કર્યા.

જનમેજયે પૂછ્યું:-યુધિષ્ઠિરના યજ્ઞમાં આવેલો તે સુવર્ણના મસ્તકવાળો નોળીઓ કોણ હતો, કે જે મનુષ્યવાણીથી બોલ્યો હતો ? એ હું તમને પૂછું છું, માટે તે મને કહો.

વૈશંપાયને કહ્યું:-તેં એ વાતને પ્રથમ પૂછી ન હતી, તેથીજ અમે તે કહી નથી; પણ હવે તે નોળીઓ કોણ હતો અને તેને મનુષ્યવાણી કેવી રીતે પ્રાપ્ત થઇ હતી, તે સર્વ હું તને કહું છું, તે તું સાંભળ.[૪૦] પૂર્વે જ્યારે જમદગ્નિએ શ્રાદ્ધનો સંકલ્પ કર્યો, ત્યારે તેમની હોમમાટેની ગાય તેમની પાસે આવી; એટલે તેમણે પોતેજ તેમને દોહી લીધી.[૪૧] પછી તેના દૂધને મજબૂત અને પવિત્ર એક નવા વાસણમાં રાખ્યું, એટલે ધર્મ ક્રોધનું સ્વરૂપ લઇને તે દૂધ પી ગયો.[૪૨] ધર્મને એ ઋષિશ્રેષ્ઠના સંબંધમાં જાણવાની ઇચ્છા હતી કે:-" આ ઋષિનું અપ્રિય કરવાથી તે મને શું કરે છે?" આવો વિચાર કરીને ધર્મે તે દૂધને (ક્રોધરૂપે) પીધું હતું.[૪૩] મુનિ જમદગ્નિ તે ક્રોધને જાણી ગયા તોપણ તેનાપર કોપ્યા નહિ, એટલે હે રાજન્ ! પરાજય પામેલા અસહનશીલ ક્રોધે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને ભૃગુશ્રેષ્ઠ તે ઋષિને કહ્યું કે:-" હે ભૃગુશ્રેષ્ઠ ! હું જીતાયો છું. લોકમાં આ મિથ્યા કહેવત છે, કે ભૃગુવંશી પુરુષો અત્યંત ક્રોધી હોય છે; કેમકે તમે મને જીત્યો છે. હું તમને-ક્ષમાવાન મહાત્માને આજે અધીન થઇ રહ્યો છું; અને હે સત્પુરુષ ! આપના તપથી ડરૂં છું, તો હે પ્રભુ ! તમે મારાપર કૃપા કરો."

જમદગ્નિએ કહ્યું:-" હે ક્રોધ ! મેં તને પ્રત્યક્ષ જોયો છે. તું સંતાપરહિત થઇને અહીંથી ચાલ્યો જા. તેં આજે મારો કંઈ અપરાધ કર્યો નથી, તેમ મને તારાપર કોપ પણ થયો નથી. જેઓને ઉદ્દેશીને મેં આ દૂધનો સંકલ્પ કર્યો હતો, તે (મહાભાગ્યશાળી પિતૃઓ)ની પાસેજ તું જા અને તેઓને સમજાવ."[૪૪-૪૮]

તેમણે એમ કહ્યું, એટલે ભયભીત થયેલો ધર્મ ત્યાંજ અંતર્ધાન થઇ ગયો; પણ પિતૃઓનો અપરાધ કરવાથી તે નોળીઓ થઇ ગયો. તેણે તેઓને પ્રસન્ન કરવા માંડયા-સમજાવવા માંડયા કે:--"આ શાપનો અંત ક્યારે આવશે?" ત્યારે તેઓએ કહ્યું કે:-' તું જ્યારે ધર્મની નિંદા કરીશ ત્યારે શાપના અંતને પામીશ. ' પિતૃઓએ આમ કહ્યા પછી જ્યાં જ્યાં યજ્ઞ થતા હતા તે તે પ્રદેશમાં તથા ધર્મારણ્ય--કુરુક્ષેત્રમાં ધર્મની નિંદા કરતો કરતો તે દોડી જતો હતો;

અને છેવટે યુધિષ્ઠિરના યજ્ઞમાં પણ તે જઇ પહોંચ્યો હતો.[૫૧] ત્યાં એક શેર સાથવાના તે દાનવડે યુધિષ્ઠિરની નિંદા કરીને ધર્મ શાપથી મુક્ત થયો હતો અને તે યુધિષ્ઠિરરૂપ થઇ ગયો હતો. આ પ્રમાણે મહાત્મા યુધિષ્ઠિરના યજ્ઞમાં તે વૃત્તાંત બન્યું હતું; અને તે સમયે એ નોળીઓ પણ સર્વના દેખતાં ત્યાં અંતર્ધાન થઇ ગયો હતો.[૫૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ અનુગીતા પર્વમાં
'નોળીઆનું આખ્યાન' એ વિષયનો
અધ્યાય ૯૨ મો સમાપ્ત

અનુગીતા પર્વ સમાપ્ત

વૈષ્ણવધર્મ પર્વ*

અધ્યાય ૧ લો

યુધિષ્ઠિરની વૈષ્ણવધર્મસંબંધી જિજ્ઞાસા

॥ जनमेजय उवाच ॥

अश्वमेधे पुरा वृत्ते केशवं केशिसूदनम्।
धर्मसंशयमुद्दिश्य किमपृच्छत्पितामहः ॥ १ ॥

જનમેજયે પૂછ્યું:-હે વૈશંપાયન ! પૂર્વે થયેલા અશ્વમેધયજ્ઞમાં મારા પિતામહ યુધિષ્ઠિરે ધાર્મિક સંશય ઉપસ્થિત કરી કેશિહંતા શ્રીકૃષ્ણને શું પૂછ્યું હતું ?[૧]

વૈશંપાયને કહ્યું:-અશ્વમેધયજ્ઞ સમાપ્ત થયા પછી યુધિષ્ઠિરરાજાએ યજ્ઞસંબંધી (અવભૃથ) સ્નાન કર્યું. તે પછી તેમણે શ્રીકૃષ્ણને નમસ્કાર કરી ફરી આ પ્રમાણે પૂછ્યું:-[૨] "હે ભગવન્ ! વૈષ્ણવધર્મોનું શું ફળ છે, એ ધર્મો કોને પરાયણ છે અને પૂર્વે કયા ધર્મને ઉદ્દેશી આપે તે ધર્મો ઉત્પન્ન કર્યા છે ?[૩] હે મધુસૂદન ! હે સદાચારી કૃષ્ણ ! હું જો આપની કૃપાને પાત્ર હોઉં, આપને પ્રિય હોઉં અને તે સાંભળવાને યોગ્ય હોઉં, તો તે ધર્મો તમે મને કહો.[૪] હે ભગવન્ ! તે ધર્મો આપના મુખમાંથી નીકળ્યા છે, તેથી તે પવિત્ર, સર્વ પાપને નાશ કરનારા, સર્વ ધર્મોમાં ઉત્તમ અને પુણ્યજનક છે;[૫] કેમકે એ ધર્મોનું શ્રવણ કરી બ્રહ્મહત્યારો, ગોહત્યારો, માતૃહત્યારો, ગુરુપત્ની સાથે ગમન કરનારો, ભોજનમાં ભેદ રાખનારો (પોતે સારૂં ખાય ને સેવકને ખરાબ આપે તે), કૃતઘ્ની, મદિરાપાન કરનારો, વેદવિક્રય કરનારો, મિત્રસાથે વિશ્વાસઘાત કરનારો, વીર પુરુષની હિંસા કરનારો, બાળહત્યારો, તપવિક્રય કરનારો તથા દાનવિક્રય કરનારો પુરુષ પોતાના પાપમાંથી મુક્ત થાય છે;[૬,૭] એટલુંજ નહિ પણ જે મૂર્ખ પુરુષો પોતાની જાત વેચી નાખનારા હોય છે, શાસ્ત્રવિરુદ્ધ કર્મો કરી આજીવિકા ચલાવે છે, પાપી, શઠ, કપટી, દાંભિક તથા દૂષક હોય છે, પારા વગેરે રસને મારનારા હોય છે, બ્રહ્મહત્યારા હોય છે, પોતે બ્રાહ્મણ હોવા છતાં શૂદ્રનું દાસત્વ કરનારા હોય છે, ચોરી કરે છે, પુરોહિતવૃત્તિ સ્વીકારે છે, પારકી થાપણ ઓળવે છે, સ્ત્રીહત્યા કરે છે અને પરસ્ત્રીલંપટ હોય છે, તે સર્વ પાપી પુરુષો આ ધર્મ સાંભળીને પોતાના પાપથી મુક્ત થાય છે; માટે હે દેવશ્રેષ્ઠ અચ્યુત ! તે ધર્મો તમે મને કહો. હું તમારો ભક્ત છું."[૮-૧૧]

વૈશંપાયને કહ્યું:-ધર્મપુત્ર યુધિષ્ઠિરે સભા વચ્ચે શ્રીકૃષ્ણને એ પ્રમાણે કહ્યું, ત્યારે તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર કરનારા વસિષ્ઠ વગેરે તપસ્વી મુનિઓ તથા બીજા ભક્તો પરમ ગુહ્ય અને ઉત્તમ એવો વૈષ્ણવધર્મ સાંભળવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણને વિંટાઇ વળ્યા.[૧૨,૧૩]

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે ભક્તવત્સલ કૃષ્ણ !

---

* આ વૈષ્ણવધર્મ પર્વના ૧ થી ૨૩ સુધીના અધ્યાયો ઉત્તર હિંદુસ્તાન તથા કલકત્તાની મૂળ સંસ્કૃત પ્રતોમાં નથી, પણ દક્ષિણ હિંદુસ્થાનની પ્રતોમાં છે, તેથી અમે તેને અહીં ક્ષેપકતરીકે લીધેલ છે અને તેના અધ્યાયના અંક પણ ૧ થીજ ગણ્યા છે.

હું યથાર્થ ભાવપૂર્વક આપના ચરણમૂળમાં આવ્યો છું અને આપનો ભક્ત હોઈને સ્નેહી પણ છું. આ રીતે જો તમે મને જાણતા હો અને આપની કૃપાને હું પાત્ર હોઉં તો હે દેવ! તમે મને વૈષ્ણવધર્મ કહો; કેમકે એ ધર્મોનાં સર્વ ગુહ્ય સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન સંપાદન કરવા હું ઇચ્છું છું. મનુએ, વસિષ્ઠે તથા કશ્યપે કહેલા સર્વ માનવધર્મો મેં સાંભળ્યા છે; તેમજ ગર્ગાચાર્ય, ગૌતમ, ગોપાલક, પરાશર, બુદ્ધિમાન મૈત્રેય, પાર્વતી, શંકર, નંદી, બ્રહ્મા, સનત્કુમાર, ધૂમ્રાયન, કાંડવૈશ્વાનર, શુક્રાચાર્ય, યાજ્ઞવલ્ક્ય, માર્કંડેય, ભરદ્વાજ, બૃહસ્પતિ, કુણિ, કુણિબાહુ, વિશ્વામિત્ર, સુમંતુ, જૈમિનિ, શકુનિ, પુલસ્ત્ય, પુલહ, પાવક, અગસ્ત્ય, મુદ્ગલ, શાંડિલ્ય, શલભાયન, વાલખિલ્ય, સપ્તર્ષિઓ, આપસ્તંબ, શંખ, લિખિત, પ્રજાપતિ, યમ, મહેંદ્ર, વ્યાઘ્રાચાર્ય, વ્યાસ, વિભાંડક, નારદ, કપોતવૃત્તિવાળા મુનિઓ, વિદુર, ભૃગુ, અંગિરા, ક્રૌંચ, મૃદંગ, સૂર, હારીતક, પિશંગ, કતપ, સુવાલક, ઉદ્દાલક, ઉશનસ્ તથા વૈશંપાયન વગેરે સર્વ ધર્માચાર્યોએ કહેલા સર્વ પવિત્ર ધર્મો સાંભળ્યા છે;[૧૪-૨૬] પણ હે દેવ ! તમારા મુખમાંથી નીકળેલા એ વૈષ્ણવધર્મો બીજા સર્વ ધર્મો કરતાં વિશેષ પાવન કરનાર અને પવિત્ર છે, તેથી એ ધર્મો અત્યંત ઉત્તમ છે, એમ હું માનું છું;[૨૭] માટે હે કેશવ ! તમારા તે શ્રેષ્ઠ ધર્મો તમે મને કહો. હે અચ્યુત ! હું તમારે શરણે આવ્યો છું, તમારો ભક્ત છું."[૨૮]

વૈશંપાયને કહ્યું:–ધર્મપુત્ર યુધિષ્ઠિરે એ પ્રમાણે પૂછ્યું, એટલે ધર્મવેત્તા શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને સૂક્ષ્મ અર્થવાળા ધર્મો કહેવા માંડ્યા.[૨૯] (શ્રીકૃષ્ણે કહ્યું):–"હે ઉત્તમ વ્રતવાળા કુંતાપુત્ર ! તમે આ રીતે ધર્મોના સંબંધમાં પ્રયત્ન કર્યા કરો છો, તેથી તમને કોઇપણ પદાર્થ આ લોકમાં દુર્લભ નથી.[૩૦] હે રાજેન્દ્ર ! ધર્મનું શ્રવણ, દર્શન, કથન, આચરણ અથવા માત્ર અનુમોદન કર્યું હોય, તોપણ પુરુષને તે ધર્મ ઇંદ્રપદે પહોંચાડે છે.[૩૧] હે શત્રુતાપન રાજા ! ધર્મ સર્વ મનુષ્યોનો પિતા, માતા, નાથ, સંબંધી, ભાઈ, મિત્ર તથા સ્વામી છે.[૩૨] ધર્મથી અર્થ, કામ, ભોગ, સુખ, ઐશ્વર્ય તથા ઉત્તમ સ્વર્ગગતિ પ્રાપ્ત થાય છે.[૩૩] શુદ્ધ ધર્મનું જો સેવન કર્યું હોય તો મહાન ભયથી તે રક્ષણ કરે છે, દ્વિજપણું તથા દેવપણું ધર્મથીજ મળી શકે છે અને ધર્મજ મનુષ્યને પવિત્ર કરે છે. [૩૪] હે યુધિષ્ઠિર ! પુરુષનું પાપ કાળે કરીને જ્યારે ક્ષીણ થાય છે, ત્યારે ધર્મ કરવાની તેને બુદ્ધિ થાય છે.[૩૫] આ મનુષ્યજન્મ હજારો જન્મથી પણ દુર્લભ છે; છતાં જે પ્રાણી મનુષ્યજન્મ પામીને ધર્માચરણ કરતો નથી, તે ખરેખર ઠગાયેલો છે.[૩૬] આ જગતમાં જેઓ નિંદાપાત્ર, દરિદ્ર, કદ્રૂપા, રોગી, બીજાઓના દ્વેષપાત્ર તથા મૂર્ખ જોવામાં આવે છે, તેઓએ પોતાના પૂર્વજન્મમાં ધર્માચરણ નહિજ કરેલું હોય એ સિદ્ધ થાય છે;[૩૭] પરંતુ જેઓ લાંબા આયુષ્યવાળા, શૂરા, પંડિત, ભોગસંપન્ન, નીરોગી તથા રૂપસંપન્ન જોવામાં આવે છે, તેઓએ પોતાના પૂર્વજન્મમાં સારી રીતે ધર્માચરણ કરેલું હોવું જોઇએ, એ પણ ખુલ્લું છે. શુદ્ધ ધર્મનું જો સેવન કર્યું હોય તો ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે, પણ જે મનુષ્ય અધર્મ સેવે છે તે તિર્યંચ યોનિમાં પડે છે–પશુ–પક્ષીતરીકે જન્મે છે.[૩૮,૩૯] હે કુંતાપુત્ર ! ધર્મનું સર્વોત્તમ રહસ્ય હું તમને કહું છું તે તમે સાંભળો. હે પાંડવ ! તમે મારા ભક્ત છો, તેથી હું તમને શ્રેષ્ઠ ધર્મ કહું છું.[૪૦] તમે મને અત્યંત પ્રિય છો અને નિત્ય મારે શરણે રહો છો; જેથી કોઈ પરમાર્થ વિષય પણ હું તમને કહું, તોપછી ધર્મસંહિતા કહું એમાં શું આશ્ચર્ય હોય![૪૧] આ મારો મનુષ્યજન્મ મેં મારી માયાથી ધારણ કર્યો છે; અને તેનો મુખ્ય હેતુ ધર્મનું સ્થાપન તથા દુષ્ટોનો નાશ એજ છે. હું મનુષ્યભાવને પ્રાપ્ત થયો છું, એમ માનીને જેઓ મારું અપમાન કરે છે, તેઓ સંસારમાં અનેક તિર્યંચયોનિઓમાં ભમ્યા કરે છે;[૪૩] પણ જેઓ પ્રાણીમાત્રમાં રહેલા મને પોતાની જ્ઞાનદૃષ્ટિથી જુએ છે, તેઓ મારા ભક્ત છે; અને

તેઓને હું મારી સમીપમાંજ રાખું છું.[૪૪] હે પાંડુપુત્ર! મારા ભક્તોનો કદી વિનાશ થતો નથી, તેઓ સર્વ પાપથી મુક્ત થાય છે અને મનુષ્યજન્મમાં પણ તેઓનો જન્મ સફળ થયેલો ગણાય છે.[૪૫] હે પાંડુનંદન! મારા ભક્તો કદાચ પાપી પ્રવૃત્તિમાં આસક્ત થાય તોપણ કમળનું પાંદડું જેમ જળના સ્પર્શથી મુક્ત રહે છે, તેમ તેઓ સર્વ પાપથી મુક્ત રહે છે. હે તાત! જે મનુષ્યોનું ચિત્ત અનેક જન્મોમાં તપશ્ચર્યા કરીને શુદ્ધ થયેલું હોય છે, તેઓને મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે, એમાં સંશય નથી.[૪૭] મારૂં જે સ્વરૂપ ગુહ્ય, નિર્વિકાર, અચળ તથા અવિનાશી હોઇ દેવોના પણ જોવામાં જે રીતે આવતું નથી, તે રીતે મારા ભક્તોના જોવામાં આવે છે-અર્થાત્ મારૂં દર્શન દેવોને દુર્લભ છે, પણ મારા ભક્તોને તો સુલભ જ છે.[૪૮] વળી હે પાંડુપુત્ર! મારૂં જે બીજું સ્વરૂપ મારા અવતારોમાં જોવામાં આવે છે, તેને પ્રાણીમાત્ર સર્વ પદાર્થોવડે જુએ છે.[૪૯] જયારે હજારો ને કરોડો કલ્પો વીતી જાય છે અને ભવિષ્યમાં આવે છે, ત્યારે એ મારા અવતાર સ્વરૂપને હું પ્રકટ કરૂં છું, જેને દેવતાઓ પણ જોઇ શકે છે. જે મનુષ્ય મને જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશ કરનારો જાણીને મારે શરણે આવે છે, તેનાપર હું કૃપા કરૂં છું અને સંસારથી તેને મુક્ત કરૂં છું.[૫૧] હું દેવતાઓનો આદ્ય છું, મેં બ્રહ્માદિ દેવોને ઉત્પન્ન કર્યા છે અને એજ રીતે મારી માયાનો આશ્રય કરી આખા જગતને હું ઉત્પન્ન કરૂં છું.[૫૨] તમોગુણનું હું મૂળ છું, મારૂં સ્વરૂપ અવ્યક્ત (ઇંદ્રિયાતીત) છે, હું રજોગુણમાં પણ રહ્યો છું, ઉપરના ભાગમાં સત્વગુણમાં પણ રહ્યો છું અને લોભવિના બ્રહ્માદિથી સ્તંભ સુધીના પદાર્થોમાં પણ સ્થિતિ કરી રહ્યો છું.[૫૩] તમે જાણો કે મારૂં મસ્તક સ્વર્ગ છે, ચંદ્ર-સૂર્ય મારાં નેત્રો છે, ગાયો, અગ્નિ તથા બ્રાહ્મણ મારાં મુખ છે, વાયુ મારો શ્વાસોચ્છ્વાસ છે, આઠ દિશાઓ મારા બાહુઓ છે, નક્ષત્રો મારા અલંકાર છે, પ્રાણીમાત્રને અવકાશ આપનારૂં આકાશ મારૂં વક્ષઃસ્થળ છે, મેઘ અને વાયુનો જે માર્ગ તે મારૂં વિશાળ ઉદર (પેટ) છે; અને હે યુધિષ્ઠિર! દ્વીપો (બેટો), સમુદ્રો તથા પર્વતોથી વ્યાપ્ત પૃથ્વીમંડળ જે સર્વ પદાર્થોને ધારણ કરી રહ્યું છે, તે મારા ચરણ છે;[૫૪-૫૬] આકાશમાં હું એક ગુણવાળો રહ્યો છું, વાયુમાં બે ગુણવાળો છું, અગ્નિમાં ત્રણ ગુણવાળો છું અને જળમાં ચાર ગુણવાળો છું.[૫૭] પાંચ મહાભૂતોમાં જે શબ્દાદિ પાંચ વિષયો રહ્યા છે, તેઓમાં હું પાંચ તન્માત્રાઓરૂપે રહ્યો છું અને પૃથ્વીમાં પણ પાંચે ગુણોરૂપે રહ્યો છું.[૫૮] મારાં મસ્તકો હજારો છે, મારાં મુખ તથા નેત્રો હજારો છે, મારા બાહુઓ હજારો છે, હજારો પેટને હું ધારણ કરૂં છું, મને હજારો સાથળો તથા હજારો ચરણો છે.[૫૯] આખી પૃથ્વીને સર્વ તરફથી સારી રીતે ધારણ કરીને માત્ર દશ આંગળ જેટલા પ્રદેશમાં (હૃદયમાં) હું રહેલો છું, પ્રાણીમાત્રનો આત્મા છું, પ્રાણીમાત્રમાં રહ્યો છું અને તેથીજ હું સર્વવ્યાપી છું.[૬૦] હું અચિંત્ય છું, અનંત છું, અજર છું, અજન્મા છું, અનાદિ છું, અવધ્ય છું, અપ્રમેય (અમાપ) છું, અવિનાશી છું, નિર્ગુણ છું, ગૂઢ સ્વરૂપવાળો છું, દ્વંદ્વ (સુખ-દુઃખ-રાગ-દ્વેષ વગેરેથી) રહિત છું અને હે રાજા! હું મમતારહિત છું. વળી હે રાજા! હું નિષ્કળ છું, નિર્વિકાર છું, અમૃત(મોક્ષ)નું કારણ છું, સુધા (દેવબલિ) છું, સ્વધા (પિતૃબલિ) છું અને સ્વાહા છું. હું મારા તેજથી અને તપોબળથી ચારે પ્રકારના (જરાયુજ, અંડજ, સ્વેદજ તથા ઉદ્‌ભિજ્જ) પ્રાણીઓને સ્નેહપાશરૂપ ગુણોથી (દોરડાંથી) બાંધીને મારી માયાથી ધારણ કરી રહ્યો છું.[૬૧-૬૩] હું ચાર આશ્રમરૂપ ધર્મ છું, વૈદિક ચાતુર્હોત્ર કર્મના ફળનો ભોક્તા છું, ચાર (પુરુષાર્થરૂપ) મૂર્તિવાળો છું, ચાર યજ્ઞરૂપ છું અને ચારે આશ્રમોનો પાલક છું.[૬૪] હે યુધિષ્ઠિર! પ્રલયકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે સર્વ જગતનો સંહાર કરી તેને મારા ગર્ભરૂપ કરૂં છું-મારામાં સમાવી દઉં છું અને દિવ્ય યોગનો આશ્રય કરી શયન કરૂં છું.[૬૫] એક હજાર યુગસુધીની બ્રહ્માની રાત્રિપર્યંત મહાસાગરમાં રહીને પુનઃ સ્થાવર-જંગમ સર્વ પ્રા-

ણીઓને હું ઉત્પન્ન કરૂં છું.[૬૬] એ રીતે પ્રત્યેક સૃષ્ટિકાળે પ્રાણીઓનો હું સંહાર કરૂં છું અને પાછાં તેઓને સરજું છું; છતાં તે પ્રાણીઓ મને જાણી શકતાં નથી, કેમકે તેઓ મારી માયાથી મોહિત થયેલાં છે.[૬૭] જેમ એક શાંત દીપકની ગતિ જાણી શકાતી નથી, તેમ નિત્ય શોધવાયોગ્ય અને (પ્રકાશસ્વરૂપ હોવા છતાં) અંધકારસ્વરૂપ એવી મારી ગતિ પણ જાણી શકાતી નથી. હે રાજન્! આ જગતમાં તેવું કોઈપણ પ્રાણી નથી કે જેમાં હું ન હોઉં અને તે મારામાં ન હોય.[૬૮,૬૯] આ સ્થૂલ-સૂક્ષ્મ જગત જ્યાંસુધી મિત્રભાવસ્વરૂપે હોય છે, ત્યાંસુધીજ તેમાં હું જીવસ્વરૂપે રહેલો છું.[૭૦] આ વિષયમાં અતિ વિશેષ શું કહેવું? સત્યસ્વરૂપે માત્ર એટલુંજ તમને હું કહું છું કે, જગતમાં જે કંઈ ભૂતકાળમાં થયેલું છે, વર્તમાન કાળમાં જોવામાં આવે છે અને ભવિષ્યકાળમાં જે થવાનું છે, તે સર્વ હુંજ છું.[૭૧] હે ભારત! મેં મારાસ્વરૂપ એવાં સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં છે, છતાં તેઓ મને પોતાનેજ જાણી શકતાં નથી; કેમકે તેઓ મારી માયાથી મોહિત છે.[૭૨] આ પ્રમાણે હે રાજન્! દેવો, અસુરો તથા મનુષ્યોસહિત આ સર્વ જગત મારાથીજ ઉત્પન્ન થાય છે અને મારામાંજ લય પામે છે."[૭૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'યુધિષ્ઠિરની વૈષ્ણવધર્મસંબંધી જિજ્ઞાસા'
એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

* * *

અધ્યાય ૨ જો

શ્રીકૃષ્ણનો ઉપદેશ-ચાર વર્ણોના ધર્મો

॥ वैशंपायन उवाच ॥

एवमात्मोद्भवं सर्वं जगदुद्दिश्य केशवः ।
धर्मान् धर्मात्मजस्याऽथ पुण्यानकथयत् प्रभुः॥

વૈશંપાયને કહ્યું:-આ પ્રમાણે સર્વ જગતને પોતાથી ઉત્પન્ન થયેલું કહીને પ્રભુ કેશવે યુધિષ્ઠિરને પવિત્ર ધર્મો કહેવા માંડયા.[૧] તેમણે કહ્યું કે:-" હે પાંડવ! પાપનો નાશ કરનારૂં, પવિત્ર અને પુણ્યસ્વરૂપ એવું ધર્મશાસ્ત્રનું મહાન ફળ હું તમને કહું છું, તે તમે સાંભળો.[૨] જે મનુષ્ય પવિત્ર, એકચિત્ત તથા તપયુક્ત થઇને આનું શ્રવણ કરે છે તેને સ્વર્ગ, યશ, આયુષ્ય તથા ધર્મનો લાભ થાય છે, એમ સમજવું;[૩] તેમાં પણ જે પુરુષ મારો ભક્ત છે અને આનાં ઉપર શ્રદ્ધાળુ છે તેનું જે પાપ આ જન્મમાં તથા પૂર્વજન્મમાં સંચિત થયેલું હોય છે, તે સર્વનો તત્કાળ નાશ થાય છે."[૪]

વૈશંપાયને કહ્યું:-શ્રીકૃષ્ણનું તે પવિત્ર તથા સત્ય વચન સાંભળીને (ત્યાં અદૃશ્ય બેઠેલા) દેવો, બ્રહ્મર્ષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, ભૂતો, યક્ષો, ગ્રહો, ગુહ્યકો, સર્પો, વાલખિલ્ય મહાત્માઓ, તત્ત્વદર્શી યોગીઓ, ભગવાનના ભક્તો તથા પાંચ કાળ(સાયં, પ્રાતઃ, મધ્યાહ્ન, અપરાહ્ન અને સંગવ)નું ઉપાસન કરનારા બીજા મહાપુરુષો ચિત્તમાં અત્યંત પ્રસન્ન થઈ એ પરમ અદ્ભુત વિષયનો વિચાર કરવા લાગ્યા. આ સાંભળીને તેઓ આશ્ચર્ય પામ્યા, તેઓની ઇંદ્રિયો તથા મન પ્રફુલ્લ થયાં અને શ્રેષ્ઠ વૈષ્ણવધર્મરૂપ ભગવાનનું ધર્મશાસન સાંભળવાને આતુર થઇ તેમના વાક્યને હૃદયમાં સ્થાપવામાટે મસ્તકવડે તેમને પ્રણામ કરવા લાગ્યા.[૫-૮] તે પછી ભગવાન વાસુદેવે જેઓને દિવ્ય દૃષ્ટિથી જોઈ લીધા હતા અને મસ્તકવડે હરિને પ્રણામ કરી જેઓ પાપમુક્ત થયા હતા એવા તે સર્વ મહાત્માઓ તરફ જોઈને પ્રતાપી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણપ્રત્યે આ પ્રમાણે ધર્મપ્રશ્ન પૂછ્યો.[૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે દેવ! બ્રાહ્મણની, ક્ષત્રિયની, વૈશ્યની તથા શૂદ્રની ગતિ કેવી થાય છે?[૧૦] બ્રાહ્મણ યમલોકમાં પાશથી કેમ બંધાય છે; તેમજ ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર પણ કેવી રીતે બંધાય છે? હે લોકના નાથ! આ સર્વના કર્મોનું ફળ તમે મને કહો. હું તમને નમસ્કાર કરૂં છું.[૧૧]

વૈશંપાયને કહ્યું:-બુદ્ધિમાન યુધિષ્ઠિરે એ પ્રમાણે પૂછ્યું, એટલે શ્રીકૃષ્ણ ચારે વર્ણની કર્મથી થનારી ગતિ કહેવા લાગ્યા.[૧૨]

ભગવાને કહ્યું:-હે ધાર્મિકશ્રેષ્ઠ રાજા! વર્ણના ક્રમ પ્રમાણેજ હું ધર્મકથન કરૂં છું, તે તમે

સાંભળો. હે મહાપુરુષ ! બ્રાહ્મણનું તો કોઇ પ્રકારનું દુષ્કૃત્ય હોતુંજ નથી.[13] જે બ્રાહ્મણો શિખા તથા યજ્ઞોપવીત (જનોઇ) ધારણ કરે છે, સંધ્યોપાસન કરે છે, અગ્નિમાં પૂર્ણાહુતિ આપે છે, વિધિ પ્રમાણે અગ્નિહોમ કરે છે,વૈશ્વદેવ કરે છે, અતિથિઓની પૂજા કરે છે, નિત્ય સ્વાધ્યાય કર્યા કરે છે, જપયજ્ઞ કરે છે, સાયંકાળે તથા પ્રાતઃકાળે હોમ કર્યાપછી ભોજન કરે છે, શૂદ્રના ભોજનનો ત્યાગ કરે છે, દંભ તથા અસત્યથી મુક્ત હોય છે, પોતાની સ્ત્રીમાંજ સંતુષ્ટ રહે છે, પાંચ યજ્ઞો કરવામાં પરાયણ રહે છે, અગ્નિહોત્રમાં હોમ કરે છે અને જેઓનાં સર્વ પાપોને હોમ પામેલા ત્રણ અગ્નિઓ બાળી નાખે છે,તેવા બ્રાહ્મણો પોતાનાં દુષ્ટ કર્મોનો નાશ કરી બ્રહ્મલોકમાં જાય છે.[14-17] ત્યાં વેદનું ગાન કરનારા ગંધર્વો સાવધાન થઇનેતેઓની અત્યંત સ્તુતિ કરે છે અને બ્રહ્મા પોતે તેઓનું પૂજન કરે છે; તથા આ સૃષ્ટિનો જ્યાંસુધી પ્રલય થાય છે, ત્યાંસુધી તેઓ બ્રહ્મલોકમાં આનંદ કરે છે. તે પ્રમાણે જે ક્ષત્રિય રાજ્ય ઉપર રહીને સ્વધર્મનું પાલન કરે છે, પ્રજાઓનું સારી રીતે પાલન કરે છે, પોતાનો છઠ્ઠો ભાગ લેવામાંજ સદા પ્રીતિ રાખે છે, યજ્ઞ તથા દાન કરવામાં આસક્ત રહે છે, ધૈર્યનિષ્ઠ રહે છે, પોતાની સ્ત્રીમાં સદા સંતુષ્ટ રહે છે, શાસ્ત્રને અનુસરે છે, તત્ત્વને જાણે છે, પ્રજાઓનું કાર્ય કરવામાં તત્પર રહે છે, બ્રાહ્મણોને ઇચ્છાનુસાર દાન આપે છે, નિત્ય પોતાના પોષ્યવર્ગનું પોષણ કરે છે, પ્રતિજ્ઞાને સત્ય કરે છે, નિત્ય પવિત્ર રહે છે અને લોભ તથા દંભનો ત્યાગ કરે છે તે દેવોને પ્રાપ્ત થયેલી ઉત્તમ ગતિને પામે છે. ત્યાં દિવ્ય અપ્સરાઓ તથા ગંધર્વો ખાસ કરીને તેની સેવા કરે છે અને મહાતેજસ્વી થઈ ઇંદ્રનો સત્કાર પામી ક્રીડા કરે છે. આ પ્રમાણે એકસોવીસ યુગપર્યંત ત્યાં દેવની પેઠે ક્રીડા કરીને આ મનુષ્યલોકમાં ચાર વેદ જાણનારા બ્રાહ્મણતરીકે તે જન્મે છે.[18-23]

તે પ્રમાણે જે વૈશ્ય ખેતીવાડી તથા ગાયોનું પાલન કરવામાં તત્પર રહે છે, ધર્મની શોધમાં તત્પર રહે છે, દાનધર્મમાં પણ આસક્ત રહે છે, બ્રાહ્મણોની સેવા કરે છે, પ્રતિજ્ઞાને સત્ય કરે છે, નિત્ય પવિત્ર રહે છે, લોભ તથા દંભનો ત્યાગ કરે છે, સરળ રહે છે, પોતાની સ્ત્રીમાં સંતુષ્ટ રહે છે, હિંસા તથા દ્રોહનો ત્યાગ કરે છે, પોતાના વૈશ્યધર્મનો કદી ત્યાગ કરતો નથી અને દેવો તથા બ્રાહ્મણોની પૂજા કરે છે, તે સ્વર્ગગતિને પામે છે. ત્યાં અપ્સરાના સમુદાયો તેની સેવા કરે છે અને એકસો પાંત્રીસ યુગસુધી ક્રીડા કરીને આ મનુષ્યલોકમાં પરાક્રમી રાજા થાય છે.[24-27] તે અવસ્થામાં પણ પચાસ કોટિ સુવર્ણ તથા એક સો રત્ન તેને મળે છે; અને હાથીઓ, ઘોડાઓ તથા રથોનો સ્વામી બની મોટા ભોગવૈભવો ભોગવે છે.[28]

તે પ્રમાણે જે શૂદ્ર ત્રણે વર્ણોની નિત્ય સેવા કરે છે, બ્રાહ્મણોનો ખાસ કરી દાસ થઇ રહે છે, માગ્યાવિના દાન આપે છે, સત્ય તથા શૌચનું પાલન કરે છે, ગુરુ તથા દેવોનું પૂજન કરે છે, પરસ્ત્રીનો ત્યાગ કરે છે,બીજાઓને દુઃખ આપ્યાવિનાજ પોતાના પોષ્યવર્ગનું પોષણ કરે છે અને સર્વ જીવોને અભયદાન આપે છે, તે સ્વર્ગલોકને પામે છે તથા ત્યાં એક કરોડ વર્ષસુધી ક્રીડા કરી તે પુણ્યશાળી શૂદ્ર, આ મનુષ્યલોકમાં મહાધનવાન વૈશ્યતરીકે જન્મે છે.[29-32]

આ પ્રમાણે સંસારમાંથી મુક્ત કરનારૂં અને સર્વ પાપકર્મોને દૂર કરનારૂં ધર્મ કરતાં શ્રેષ્ઠ બીજું કોઇપણ સાધન નથી;[33]માટે દુર્લભ મનુષ્યજન્મ પામીને નિત્ય ધર્માચરણ કરવું, કેમકે ધર્માસક્ત મનુષ્યોને જગતમાં કંઈપણ દુર્લભ નથી.[34] હે રાજા ! સ્વયંભૂ પરમાત્માએ રચેલો ધર્મ જે મનુષ્યને પ્રાપ્ત થયેલો હોય છે, તે મનુષ્ય એ ધર્મનું સારી રીતે આચરણ કરીને તેદ્વારા પાપનો નાશ કરે છે.[35] કોઈપણ મનુષ્યે પોતાના સહજ ધર્મનો (પોતાના વર્ણાશ્રમ ધર્મનો) કદી ત્યાગ કરવો નહિ;કેમકે તેજ એનો સ્વધર્મ ગણાય છે અને તેદ્વારાજ એ સિદ્ધિ પામે છે.[36] પોતાનો ધર્મ કોઇ અંશે વિગુણ હોય-અપૂર્ણ હોય, તોપણ એજ ધર્મ

તેના પાપને દૂર કરે છે; અને એજ પ્રમાણે પાપની જો વૃદ્ધિ થાય છે, તો ધર્મ પણ નાશ પામે છે.[૩૭]

યુધિષ્ઠિરે પૂછ્યું:- હે ભગવન્! હે દેવના દેવેશ મને આ સાંભળવાને અત્યંત ઉત્કંઠા છે, કે શુભ તથા અશુભનો (પુણ્ય તથા પાપનો) અનુક્રમે નાશ તથા વધારો કેવી રીતે થાય છે?"

ભગવાને કહ્યું:-હે રાજા! ધર્મનું સર્વ રહસ્ય સાંભળો. તે સનાતન છે અને અત્યંત દુર્જ્ઞેય છે. ઘણા મોટા મનુષ્યો પણ એમાં મગ્ન રહે છે.[૩૯] જેમ થોડું શીતળ જળ પુષ્કળ ગરમ જળસાથે મિશ્ર થયું હોય તો તત્કાળ તે ગરમ બની જાય છે અને તેની શીતળતા નાશ પામે છે, તેમ પુણ્ય થોડું હોય અને તે પુષ્કળ પાપ સાથે મિશ્ર થયું હોય તો એ પુણ્યનો તત્કાળ નાશ થાય છે; તેમજ પાપ થોડું હોય અને તે પુષ્કળ પુણ્ય સાથે મિશ્ર થયું હોય તો તેનો પણ તત્કાળ નાશ થાય છે. આમાં કંઈ ખાસ વિચાર કરવા જેવું નથી; પણ હે રાજેન્દ્ર! પુણ્ય અને પાપ, એ બન્ને જો સરખાં હોય તો તેમાં જેને ગુપ્ત રાખવામાં આવે છે, તેની વૃદ્ધિ થાય છે અને જેને જગતમાં જાહેર કરવામાં આવે છે તેનો નાશ થાય છે.[૪૩]* હે રાજેન્દ્ર! પાપના સંબંધમાં એવું છે, કે તેને પ્રસિદ્ધ કરવાથી અથવા તે વિષે પશ્ચાત્તાપ કરવાથી તેનો લગભગ નાશ થાય છે; તેમજ હે માન આપનાર રાજા! કરેલો ધર્મ લોકમાં ગાઈ બતાવવાથી નાશ પામે છે,[૪૪] પણ એ બન્નેને જો ગુપ્ત રાખવામાં આવે છે તો તેઓની વૃદ્ધિજ થાય છે, એમાં કંઇ સંશય નથી; માટે ડાહ્યા મનુષ્યે કોઇપણ પ્રકારે પાપને ગુપ્ત રાખવું નહિ, પણ પ્રયત્નપૂર્વક જગતમાં તેને પ્રકટ કરી દેવું, જેથી તેનો વિનાશ થાય. આ પ્રમાણે સમજીને પાપને પ્રકટ કરવું ને ધર્મને ગુપ્ત રાખવો.[૪૫,૪૬]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'શ્રીકૃષ્ણના ઉપદેશમાં ચાર વર્ણોના ધર્મો'
એ વિષયનો ૨ જો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩ જો

જન્મ, દાન તથા જીવિતની વ્યર્થતા અને સાર્થકતા

॥ वैशंपायन उवाच ॥

एवं श्रुत्वा वचस्तस्य धर्मपुत्रोऽच्युतस्य तु ।
पप्रच्छ पुनरप्यन्यं धर्मं धर्मात्मजो हरिम् ॥

વૈશંપાયને કહ્યું:-આ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચનો સાંભળી ધર્મપુત્ર યુધિષ્ઠિરે ફરીપણ તેમને બીજા ધર્મો પૂછ્યા:-[૧]"હે પુરુષોત્તમ! કેટલા જન્મો વૃથા છે? કયાં દાનો વૃથા છે? અને કયા પુરુષોનું જીવિત વૃથા છે?[૨] હે જનાર્દન! કેવી અવસ્થામાં આપેલા દાનને આ લોકમાં પુરુષ ભોગવે છે?[૩] હે કેશવ! ગર્ભાવસ્થામાં રહીને પુરુષ કયું દાનફળ ભોગવે છે? બાલ્યાવસ્થામાં રહીને કયું દાનફળ ભોગવે છે? યુવાવસ્થામાં કયા દાનફળને પામે છે? અને હે કૃષ્ણ! વૃદ્ધાવસ્થામાં કયું દાનફળ પ્રાપ્ત થાય છે?[૪] હે પ્રભુ! કેવું દાન સાત્વિક ગણાય છે? કેવું દાન રાજસિક ગણાય છે? કેવું દાન તામસિક ગણાય છે? અને કેવું દાન મનુષ્યને તૃપ્ત કરે છે?[૫] કેવું દાન ઉત્તમ ગણાય છે? તેવાં ઉત્તમ દાનોનું ફળ શું છે અને કયું દાન ઉચ્ચ ગતિમાં, મધ્યમ ગતિમાં તથા અધમ ગતિમાં લઇ જાય છે? હે દેવના દેવ! આ સર્વ તમે મને કહો. એ જાણવાની મને ઇચ્છા છે તથા પરમ કુતૂહલ પણ છે. હે મધુસૂદન! તમારાં વચનો સત્ય તથા પવિત્ર છે." [૬,૭]

વૈશંપાયને કહ્યું:-એ પ્રમાણે પાંડુપુત્ર યુધિષ્ઠિરે આગ્રહપૂર્વક જૂદા જૂદા ધર્મપ્રશ્નો પૂછવા માંડયા, એટલે શ્રીકૃષ્ણે તેમને તે ધર્મો કહેવા માંડયા.[૮]

ભગવાને કહ્યું:-હે રાજન્! હું તમને

---

* કહેવાનો ભાવ એ છે કે, પુણ્યકર્મને જો ગુપ્ત રાખવામાં આવે છે તો તેની વૃદ્ધિ થાય છે અને લોકોમાં જો ગાઇ બતાવવામાં આવે છે તો તેનો નાશ થાય છે; તેમજ પાપને જો ગુપ્ત રાખવામાં આવે છે તો ઉલટું તે વધી પડે છે અને જનસમાજમાં તેને જો જાહેર કરી દેવામાં આવે છે તો તેનો નાશ થાય છે.

ન્યાયયુક્ત તથા સત્ય વચનો કહું છું, તેને તમે સાંભળો. તે વચનો ઉત્તમ, પવિત્ર તથા સર્વ પાપને દૂર કરનાર છે.[૯] હે રાજા ! ચૌદ જન્મો વૃથા છે, પંચાવન દાનો વૃથા છે અને છ પુરુષોનું જીવિત વૃથા છે. આ સર્વને હવે અનુક્રમે કહું છું.[૧૦,૧૧] ધર્મહત્યારાઓનો જન્મ વૃથા છે, લોભીઆઓ તથા પાપીઓનો જન્મ વૃથા છે, જેઓ (દેવાદિને નિવેદન કર્યાવિના) વૃથા ભોજન જમે છે અને જેઓ પરસ્ત્રીલંપટ હોય છે, તેઓનો જન્મ પણ વૃથા છે. વળી જેઓ ભોજનમાં ભેદ રાખનારા હોય છે,અસત્ય બોલનારા હોય છે,પોતાના બાંધવો દુઃખી હોય છતાં જે એકલો મિષ્ટાન્ન ખાય છે,પિતા,માતા, ઉપાધ્યાય, ગુરુ, મામો તથા મામી આ પૂજ્યવર્ગનો જે વધ કરે છે અથવા તેઓને ગાળો દે છે, જે બ્રાહ્મણ થઇને સંધ્યોપાસન કરતો નથી, જે દ્વિજ થઇને દેવબલિ તથા પિતૃબલિ આપતો નથી, શૂદ્રના અન્નનું ભોજન કરે છે, જે નરાધમો મારા, શંકરના, બ્રહ્માના તથા બ્રાહ્મણોના ભક્ત નથી અને જેઓ પાપાચારી હોય છે,તેઓનો જન્મ વૃથા છે,એમ હે પાંડવ! તમારે જાણવું. તેમજ જે દાન અશ્રદ્ધા તથા અપમાનપૂર્વક આપ્યું હોય, દંભને લીધે આપ્યું હોય, જેને પાખંડીઓ લઇ ગયાહોય,જે દાન શૂદ્ર જેવા આચારવાળાઓને આપેલું હોય, જેને આપીને લોકમાં ગાઇ બતાવ્યું હોય, જે ક્રોધપૂર્વક અપાયું હોય,જેને આપીને પશ્ચાત્તાપ કર્યો હોય, દંભથી મેળવીને જેનું દાન કર્યું હોય, અસત્ય બોલીને સંપાદન કરેલાનું જે દાન આપ્યું હોય, બ્રાહ્મણના દ્રવ્યનું જે દાન કર્યું હોય, ચોરીથી મેળવીને જે દાન આપ્યું હોય, કોઈની હિંસા કરીને મેળવેલા ધનનું જે દાન કર્યું હોય,પતિત (કર્મભ્રષ્ટ) બ્રાહ્મણને જે આપ્યું હોય, વેદાધ્યયન નહિ કરનારાઓ પાસેથી મેળવીને જેનું દાન કર્યું હોય, સર્વ પાસે માગનારાઓએ જે દાન આપ્યું હોય, વ્રાત્યોએ (આચારભ્રષ્ટોએ) જે આપ્યું હોય, જે દાન આરૂઢપતિતો(નિવૃત્તિધર્મ સ્વીકારી પાછળથી પ્રવૃત્તિધર્મમાં દાખલ થયેલા)એ આપ્યું હોય, વ્યભિચારીણીના પતિએ આપ્યું હોય,સસરાના ભક્ત(ઘરજમાઇ)ને જે આપ્યું હોય, ગામના યાચક પાસેથી મેળવીને જે આપ્યું હોય, કૃતઘ્ન પાસેથી મેળવીને જે આપ્યું હોય, જે દાન ઉપપાતકી-(પાસે રહીને પાપ કરાવનારા)ને આપ્યું હોય, વેદ વેચનારાને જે દાન આપ્યું હોય, સ્ત્રીને વશ રહેનારાને જે આપ્યું હોય, રાજાની સેવા કરનારાને જે આપ્યું હોય, જોશીને જે આપ્યું હોય,વશીકરણ કરનારાને જે આપ્યું હોય,શૂદ્રજાતિની સ્ત્રીના પતિને આપ્યું હોય, શસ્ત્ર ઉપર આજીવિકા ચલાવનારાને જે આપ્યું હોય, સેવાવૃત્તિ કરનારાને જે આપ્યું હોય, સર્પ પકડનારાને જે આપ્યું હોય,પુરોહિતને જે આપેલું હોય,વૈદ્યને જે આપ્યું હોય,વણિકકર્મ કરનારાને જે આપ્યું હોય,ક્ષુદ્ર મંત્ર ઉપર જીવનારાને જે આપ્યું હોય,શૂદ્રવૃત્તિ કરનારાને જે આપ્યું હોય,દેવપૂજકવૃત્તિ કરનારાને જે આપ્યું હોય, દેવદ્રવ્યને ખાઇ જનારાને જે આપ્યું હોય, ચિત્રકામ કરનારાને જે આપ્યું હોય,રંગનારાને જે આપ્યું હોય, માંસ વેચી જીવનારાને જે આપ્યું હોય, સેવકને જે આપ્યું હોય, નામધારી બ્રાહ્મણને જે આપ્યું હોય, ઉપદેશ નહિ કરનારાને જે આપ્યું હોય, વ્યાજખાઉને જે આપ્યું હોય, અનાચારીને જે આપ્યું હોય, અગ્નિહોત્રવિનાનાને જે આપ્યું હોય, સંધ્યોપાસન નહિ કરનારાને જે આપ્યું હોય, શૂદ્રોના ગામમાં વસનારાને જે આપ્યું હોય, મિથ્યા વેષધારીને જે આપ્યું હોય, સર્વનું ખાનારાને જે આપ્યું હોય, નાસ્તિકને જે આપ્યું હોય, ધર્મ વેચનારાને જે આપ્યું હોય, રંકવૃત્તિ કરનારાને જે આપ્યું હોય, ખોટી સાક્ષી આપનારાને જે આપ્યું હોય અને ગામમાં પ્રપંચી ગણાતાને જે દાન આપ્યું હોય, તે સર્વ દાનો વૃથા થાય છે. હે મહારાજા ! આમાં કંઇપણ સંશય નથી.[૧૨-૩૦] હે યુધિષ્ઠિર ! પૂર્વોક્ત સર્વ બ્રાહ્મણો વિપ્રોમાં અધમ ગણાય છે, જેથી તેઓ દાન લઇને પોતાને તારતા નથી, તેમ દાન આપનારાને પણ તારતા નથી.[૩૧] હે રાજેન્દ્ર ! ઉપર કહેલા બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાનો આ-

રેલાં હોય તોપણ તે સર્વ ભસ્મમાં હોમેલી આહુતિની પેઠે વૃથા થાય છે;[૩૨] અને તેઓને આપતાં જે કંઇ ફળ ઉત્પન્ન થાય છે, તેને રાક્ષસો તથા પિશાચો હર્ષિત થઇને લૂંટી લે છે.

હે યુધિષ્ઠિર ! આ પ્રમાણે જે દાનો વૃથા થાય છે, તે મેં સંક્ષેપમાં તમને કહ્યાં. હવે જેઓનું જીવિત વૃથા છે, તે હું તમને કહું છું, સાંભળો.[૩૪] જે નરાધમો મારૂં, શંકરનું અથવા ભૂદેવ-બ્રાહ્મણોનું ભજન કરતા નથી કે તેઓને સેવતા નથી તેઓ વૃથા જીવે છે.[૩૫] જે પુરુષો તર્કશાસ્ત્રને વળગી રહી કુદૃષ્ટિરૂપ માર્ગનો આશ્રય લે છે, દેવોની નિંદા કરે છે અને અનાચારી હોય છે, તેઓ વૃથા જીવે છે.[૩૬] જે નરાધમ પુરુષો કુશળ પુરુષોએ રચેલાં શાસ્ત્રોનો અભ્યાસ કરીને બ્રાહ્મણોની તથા યજ્ઞોની નિંદા કરે છે, તેઓ વૃથા જીવે છે.[૩૭] જે મૂઢ પુરુષો પોતે અનાચારી હોઇને દુર્ગાદેવીની, કાર્ત્તિકસ્વામીની, વાયુની, અગ્નિની, જળની, સૂર્યની, પિતાની, માતાની, ગુરુની, ઇંદ્રની તથા ચંદ્રની નિંદા કરે છે, તેઓ વૃથા જીવે છે.[૩૮] જે પુરુષ પોતાની પાસે ધન હોવા છતાં દાનધર્મથી રહિત હોય છે અને પોતે એકલો મિષ્ટાન્ન ખાય છે, તે પણ વૃથા જીવે છે.[૩૯]

આ રીતે વૃથા જીવિત મેં તમને કહ્યું. હવે દાનના સમય હું તમને કહું છું. હે રાજા! તમોગુણયુક્ત ચિત્તથી જે દાન આપવામાં આવ્યું હોય, તેના ફળને પુરુષ ગર્ભાવસ્થામાં ભોગવે છે.[૪૦,૪૧] જે મનુષ્ય ઈર્ષ્યા તથા મત્સરથી યુક્ત થઇને દંભને માટે અથવા કોઇ સ્વાર્થના કારણે દાન આપે છે, તેના ફળને તે બાલ્યાવસ્થામાં ભોગવે છે.[૪૨] જે મનુષ્ય ભોગ ભોગવવાને અશક્ત બન્યો હોય અને વ્યાધિઓથી અત્યંત પીડાયો હોય તેવી અવસ્થામાં દાન આપે છે, તેના ફળને તે વૃદ્ધાવસ્થામાં ભોગવે છે;[૪૩] પરંતુ જે મનુષ્ય શ્રદ્ધાયુક્ત તથા પવિત્ર થઇ, સ્નાન કરી, મન તથા ઇંદ્રિયોની પ્રસન્નતાપૂર્વક દાન આપે છે, તેના ફળને તે યુવાવસ્થામાં ભોગવે છે.[૪૪] વળી તેજ પ્રમાણે કોઇ સુપાત્ર મનુષ્યને પોતાને ઘેર લઈ જઇને ભક્તિપૂર્વક જે દાન અપાય છે, તે દાન સર્વ કાળે ફળ આપનારૂં હોઇ મરણપર્યંત પહોંચી શકે છે, એમ તમારે જાણવું.[૪૫] હે યુધિષ્ઠિર ! દાનના તથા દાનના ફળના સાત્વિક, રાજસિક અને તામસિક એવા ત્રણ ભેદો છે; તેમજ એથી પ્રાપ્ત થનારી ગતિના પણ જૂદા જૂદા ત્રણ ભેદો છે, તેને હવે તમે સાંભળો.[૪૬] 'મારે દાન આપવું છે' આવી બુદ્ધિ કરીને જે દાન પોતાનાપર ઉપકાર નહિ કરનારા કોઈ સુપાત્ર બ્રાહ્મણને આપવામાં આવે છે, તે દાનને સાત્વિક કહેવામાં આવે છે.[૪૭] હે પાંડવ! જે દાન વેદાધ્યયન કરનારા દરિદ્ર અને મોટા પરિવારવાળા બ્રાહ્મણને અત્યંત હર્ષપૂર્વક આપવામાં આવે છે, તે દાનને રાજસિક કહેવામાં આવે છે;[૪૮] તેમજ જે દાન વેદનો અક્ષર પણ નહિ જાણનારા, પોતાનાપર પ્રથમ ઉપકાર કરનારા અને સમૃદ્ધિમાન એવા કોઇ મૂર્ખ બ્રાહ્મણને આપવામાં આવે છે, તે દાનને પણ રાજસિક કહેવામાં આવ્યું છે.[૪૯] વળી હે પાંડવ! ફળની ઇચ્છા રાખનારા જે પુરુષોએ જે દાન પોતાના સંબંધીને આપ્યું હોય તથા પ્રમાદી એવા કોઈ અપાત્ર બ્રાહ્મણને આપ્યું હોય, તે દાન પણ રાજસિક કહેવાય છે.[૫૦] જે દાન વૈશ્વદેવ નહિ કરનારાને, પોતાનાં વેદોક્ત કર્મથી ભ્રષ્ટ થનારાને તથા ચોરી કરી જીવનારાને આપવામાં આવ્યું હોય, તે દાન તામસિક કહેવાય છે;[૫૧] તેમજ જે દાન ક્રોધપૂર્વક આપવામાં આવ્યું હોય, તિરસ્કાર કરીને આપ્યું હોય, મનમાં દુઃખી થઇને આપ્યું હોય, અપમાનપૂર્વક આપ્યું હોય અને પોતાના સેવકને આપ્યું હોય, તે દાન પણ તામસિક કહેવાય છે. હે રાજા! સાત્વિક દાનનો દેવો, પિતૃઓ, મુનિઓ તથા અગ્નિઓ સ્વીકાર કરે છે અને તેથી તેઓ પ્રસન્ન થાય છે.[૫૩] દાનવો, દૈત્યો, ગ્રહો, યક્ષો તથા રાક્ષસો રાજસિક દાનનો સ્વીકાર કરે છે; પરંતુ પિતૃઓ તથા દેવતાઓ તો તેનો ત્યાગજ કરે છે. પિશાચો તથા પ્રેતો જેઓ તામસિક તથા મલિન કહેવાય છે, તેઓ તામસિક દાનનો સ્વીકાર કરે છે. હવે ત્રણ પ્રકારની ગતિ તમે સાંભળો.

સાત્વિક દાનોનું ફળ ઉત્તમ મળે છે, રાજસિક દાનોનું ફળ મધ્યમ અને તામસિક દાનોનું ફળ અધમ પ્રાપ્ત થાય છે.[૫૬] જે દાન સામે જઇને આપવામાં આવ્યું હોય તેનું ઉત્તમ ફળ મળે છે, જે દાન પોતાને ઘેર બોલાવીને આપ્યું હોય તેનું મધ્યમ ફળ મળે છે; અને જે દાન યાચના કર્યા પછી આપેલું હોય તેનું અધમ ફળ મળે છે.[૫૭] જે પુરુષ માગ્યાવિના દાન આપે છે તે ઉત્તમ ગતિ પામે છે, જે બોલાવીને દાન આપે છે તે મધ્યમ ગતિ પામે છે;અને જે માગ્યા પછી દાન આપે છે તે અધમ ગતિને પામે છે. [૫૮] દૈવી ગતિ (દેવતરીકેનો જન્મ) ઉત્તમ સમજવી, માનુષી ગતિ મધ્યમ સમજવી અને પશુ–પક્ષી વગેરેની ગતિ અધમ સમજવી.આ પ્રમાણે ત્રણ પ્રકારની ગતિ કહેવામાં આવી છે.[૫૯]

જે દાન સુપાત્ર, સદાચારી અને અગ્નિહોત્રી બ્રાહ્મણોને આપવામાં આવે છે, તેને અક્ષય કહ્યું છે;[૬૦] માટે હે રાજા! જે બ્રાહ્મણો વેદનિષ્ઠ હોઇને દરિદ્ર હોય તેઓનું તમે પોષણ કરો અને જે બ્રાહ્મણો સમૃદ્ધિમાન હોય તેઓનું તમે રક્ષણ કરો.[૬૧] જેઓ દરિદ્ર હોય અને ધનરહિત હોય તેઓને દાન આપીને તમે સારી રીતે પૂજો;કેમકે રોગીને ઔષધ આપવું તે સાર્થક છે. નીરોગીને ઔષધ આપવાની શી જરૂર છે? [૬૨] દાન આપનારા પુરુષનું જે પાપ હોય છે, તે એની પાસેથી દાન લેનારને પ્રાપ્ત થાય છે અને દાન લેનારાનું જે પુણ્ય હોય છે, તે દાન આપનારાને મળે છે;[૬૩] માટે પરલોકમાં પોતાનું હિત ઇચ્છનારા પુરુષે વેદવિદ્યાથી પવિત્ર અને શૂદ્રના અન્નનો સદા ત્યાગ કરનારાઓને નિત્ય દાન આપવું, કેમકે દાનરૂપી એક મહાન નિધિ (ભંડાર) છે, તો તેનો પ્રયત્નપૂર્વક સંગ્રહ કરવો.હે પાંડવ! જે પુરુષોની સ્ત્રીઓ પોતાના સ્વામી વગેરે કુટુંબીઓના ભોજન કરી રહ્યા પછી બાકી રહેલા અન્નને હજારો રૂપિયાની પ્રાપ્તિ કરતાં પણ અધિક માને છે તેવા પુરુષોને તમે દાન આપવા નિમંત્રણ કરો. હે ભારત! અત્યંત દરિદ્ર પુરુષોનાં કુળને પ્રથમ આમંત્રણ આપી પછી તેઓને નિરાશ કરવાં નહિ; કેમકે એમ કરવાથી તેઓની આશા નાશ પામે છે.[૬૬]

હે મહાપુરુષ! જેઓ મારા ભક્ત હોય, મારે શરણે આવેલા હોય, મારામાં પરાયણ રહેતા હોય, મારૂંજ યજન કરતા હોય અને મારોજ નિયમ લેનારા હોય, તેઓનો અવશ્ય સત્કાર કરવો.[૬૭]હે યુધિષ્ઠિર! તેવાઓને પવિત્ર કરવામાટે હું નિત્ય બન્ને સંધ્યાસમયે હાજર રહું છું; કેમકે તે મારૂં અસ્ખલિત વ્રત છે,[૬૮] માટે પાપરહિત એવા મારા ભકતોએ નિત્ય સંધ્યાકાળે આત્મશુદ્ધિને માટે *અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો.[૬૯] મારા ભક્ત નહિ એવા બીજા બ્રાહ્મણોનું પાપ પણ આ મંત્રનો જપ કરવાથી નાશ પામે છે,માટે બ્રાહ્મણે પોતાની શુદ્ધિને માટે બન્ને સંધ્યાકાળે તે મંત્રનું ઉપાસન કરવું.[૭૦] તેવા બ્રાહ્મણની દૈવી કર્મમાં તથા શ્રાદ્ધકર્મમાં સત્કારપૂર્વક યોજના કરવી; પણ જો તે બ્રાહ્મણની નિંદા કરવામાં આવે છે, તો તે અગ્નિ જેમ કાષ્ઠને બાળે તેમ શ્રાદ્ધકર્મને બાળી ભસ્મ કરી નાખે છે;[૭૧] તેમજ મહાભારત, માનવધર્મ (મનુસ્મૃતિ), અંગોસહિત વેદો અને આયુર્વેદ આ ચારને આજ્ઞાસિદ્ધ (અર્થાત્ તે જે કહે છે તે સિદ્ધવત્ છે, સત્ય છે) કહેવામાં આવે છે, માટે તેઓનો મિથ્યા હેતુઓથી કદી નાશ કરવો નહિ.[૭૨] ધર્મવેત્તા પુરુષે કોઇ દૈવસંબંધી કર્મમાં બ્રાહ્મણોની પરીક્ષા કરવી નહિ; કેમકે બ્રાહ્મણોની પરીક્ષા કરવામાં તેમની મહાન નિંદા થવાનો સંભવ છે.[૭૩] જે નરાધમ બ્રાહ્મણોની નિંદા કરે છે, તે પુરુષોમાં દૂષક હોઇને ગધેડાની તથા કૂતરાંઓની જાતિમાં જન્મે છે.[૭૪] બ્રાહ્મણોની નિંદા કરીને મનુષ્ય કૂતરો થાય છે, તેમનાપર મિથ્યા અપવાદ નાખીને ગધેડો થાય છે, તેનું અપમાન કરવાથી કીડો થાય છે અને તેનો દ્વેષ કરવાથી પતંગિયું બને છે.[૭૫] બ્રાહ્મણો દુરાચારી હોય, સદાચારી હોય, મૂર્ખ હોય કે

---

* અષ્ટાક્ષર મંત્ર ‘શ્રીકૃષ્ણ શરણં મમ’ હોય એમ લાગે છે.

વિદ્વાન હોય તોપણ તેઓનું કદી અપમાન કરવું નહિ; કેમકે તેઓ ભસ્મથી ઢંકાયેલા અગ્નિ જેવા છે.[૭૬] બુદ્ધિમાન પુરુષે ક્ષત્રિય, સર્પ અને વિદ્વાન બ્રાહ્મણ, આ ત્રણનું તેઓ કદાચ કૃશ હોય–નિર્બળ અથવા નિર્ધન હોય તોપણ કદી અપમાન કરવું નહિ;[૭૭] કેમકે એ ત્રણનું જો અપમાન કરવામાં આવે છે, તો તે અપમાન કરનારા પુરુષને બાળી નાખે છે, માટે બુદ્ધિમાન પુરુષે ખાસ કરીને તેઓનું અપમાન કરવું નહિ.[૭૮] જેમ અગ્નિ સર્વ અવસ્થાઓમાં મહાન દૈવત ગણાય છે, તેમ બ્રાહ્મણ પણ સર્વ અવસ્થાઓમાં મહાન દૈવત કહેવાય છે.[૭૯] વેદપારંગત પુરુષોએ શરીરે કંઇ ખોડવાળા, કાણા, કુબડા, ઠીંગણા એમ સર્વ બ્રાહ્મણોને દેવતાસંબંધી કર્મમાં દાખલ કરવા.[૮૦] તેઓને ક્રોધ ઉપજાવવો નહિ તેમ તેઓનું કંઇ અનિષ્ટ પણ કરવું નહિ; કેમકે બ્રાહ્મણો ક્રોધરૂપી શસ્ત્રવાળા હોય છે–ક્રોધથીજ સામાનો નાશ કરી નાખનારા હોય છે. તેઓ કદી શસ્ત્રધારી હોતા નથી.[૮૧] જેમ ઇંદ્ર વજ્રવડે અસુરોનો નાશ કરે છે, તેમ બ્રાહ્મણો ક્રોધવડે શત્રુઓનો નાશ કરે છે. બ્રાહ્મણ જન્મતાંની સાથે મહાન દૈવતતરીકે ઉત્પન્ન થાય છે.[૮૨] હરકોઇ સામાન્ય બ્રાહ્મણ પણ પ્રાણીમાત્રના ધર્મકોષ(ધર્મરૂપી ખજાના)ની રક્ષા કરવામાટે સરજાયો છે, તો પછી હે કુંતાપુત્ર! જેઓ નિત્ય સંધ્યોપાસન કરે છે તેઓની તો શી વાત કરવી?[૮૩] જેમના મુખદ્વારા દેવતાઓ હવ્યભોજન કરે છે અને શ્રાદ્ધભોજન કરે છે, તે બ્રાહ્મણ કરતાં બીજું કોણ અધિક હોઇ શકે?[૮૪] બ્રાહ્મણની ઉત્પત્તિજ ધર્મની શાશ્વતી મૂર્તિ ગણાય છે તથા ધર્માચરણને માટેજ બ્રાહ્મણ ઉત્પન્ન થયેલો છે અને અંતે તે બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે.[૮૫] બ્રાહ્મણ પોતાનાજ અન્નનું ભોજન કરે છે, પોતાનાંજ વસ્ત્ર પહેરે છે અને પોતાનાજ ધનનું દાન કરે છે. બ્રાહ્મણની કૃપાથીજ બીજા મનુષ્યો અન્નવસ્ત્રાદિનો ઉપભોગ કરે છે, માટે મારા ભક્ત બ્રાહ્મણોનું તમારે કદી અપમાન કરવું નહિ. જે બ્રાહ્મણો આરણ્યક ઉપનિષદ્‌માં વર્ણવ્યા પ્રમાણે મને અત્યંત ગૂઢ તથા નિષ્કલ સ્વરૂપે જુએ છે, તેઓનું ખાસ કરીને પૂજન કરવું.[૮૭] હે પાંડવ ! જે બ્રાહ્મણો મારા ભક્ત હોય છે, તેઓને પોતાને ઘેર, પ્રવાસમાં, દિવસે તથા રાત્રે એમ સર્વ કાળે શ્રદ્ધાપૂર્વક પૂજવા જોઇએ.[૮૮] બ્રાહ્મણસમાન કોઇ દેવ નથી, બ્રાહ્મણસમાન કોઈ ગુરુ નથી, બ્રાહ્મણસમાન કોઇ બંધુ નથી અને બ્રાહ્મણસમાન કોઇ નિધિ (ખજાનો) નથી.[૮૯] બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ કોઇ તીર્થ નથી, બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ કોઇ પુણ્ય નથી, બ્રાહ્મણ કરતાં અધિક કોઇ પવિત્ર નથી અને બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ કોઇ પાવક (પવિત્ર કરનાર) નથી.. બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ કોઇ ધર્મ નથી તેમજ બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ કોઇ ગતિ નથી. કોઇપણ સુપાત્ર બ્રાહ્મણ પાપકર્મથી ઢંકાયેલા તથા નરકમાં પડતા હરકોઇ પુરુષનું રક્ષણ કરે છે; અને સુપાત્ર બ્રાહ્મણમાં પણ જેઓ અગ્નિહોત્રી હોય છે, શાંત હોય છે, શૂદ્રના અન્નનો ત્યાગ કરનારા હોય છે અને મારા ભક્ત હોય છે, તેઓને આપેલું દાન અક્ષય થાય છે.[૯૦–૯૨] મારો ભક્ત બ્રાહ્મણ, કે જે સંસ્કારી હોય છે, તેને દાન આપીને જો પૂજ્યો હોય, તેને વંદન કર્યું હોય, તેની સાથે વાતચીત કરી હોય અને તેનાં દર્શન કર્યાં હોય તો તે સ્વર્ગમાં લઇ જાય છે. જે પુરુષો મારાં સ્તોત્રોનો પાઠ કરે છે અને મને નમસ્કાર કરે છે, તેઓનું દર્શન કરીને તથા તેઓનો સ્પર્શ કરીને મનુષ્ય પાપમુક્ત થાય છે. જેઓ મારા ભક્ત હોય છે, મારામાંજ જેઓનો પ્રાણ રહેલો હોય છે, જેઓ મારૂંજ ગાન કર્યા કરે છે, મારામાંજ પરાયણ થઈ રહે છે, માતૃકુળ તથા પિતૃકુળથી પવિત્ર હોય છે, વેદનિષ્ઠ હોય છે, ઇંદ્રિયોને વશ રાખનારા હોય છે અને શૂદ્રના અન્નનો ત્યાગ કરનારા હોય છે, તેઓ દર્શનમાત્રથીજ મનુષ્યને પવિત્ર કરે છે. જે મનુષ્ય તેવા બ્રાહ્મણોને ઘેર લઇ જઇને તેઓને ભક્તિપૂર્વક દાન આપે છે, તે દાન એક કરોડના દાન જેટલું ફળ આપે છે. જે બ્રાહ્મણના હૃદયમાં જાગતાં, સૂતાં, પ્રવાસમાં તથા ઘરમાં, એમ સર્વ અવસ્થામાં હું નાશ પામતો નથી; પણ ભાવપૂર્વક સ્થાપિત થયો હોઉં છું,

તેવા ઉત્તમ બ્રાહ્મણની પૂજા કરી હોય, દર્શન કર્યાં હોય, સ્પર્શ કર્યો હોય અથવા તેની સાથે વાતચીત કરી હોય તોપણ હે રાજેન્દ્ર ! મનુષ્યને તે પવિત્ર કરે છે.[૯૩-૯૮] એ રીતે હે પાંડવ ! સર્વ અવસ્થાઓમાં મારા ભકતોને આપેલાં સર્વ દાન સ્વર્ગમાર્ગને આપનારાં થાય છે.”

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'જન્મદાન તથા જીવિતની વ્યર્થતા
અને સાર્થકતા' એ વિષયનો
અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો

પિતા-માતાની શુદ્ધિ-અશુદ્ધિ, બ્રાહ્મણ તથા ગાયત્રીનો મહિમા અને બ્રાહ્મણોનું અપમાન કરનારાઓને ભોગવવી પડતી નરકયાતના

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वैवं सात्त्विकं दानं राजसं तामसं तथा ।
पृथक् पृथक्त्वेन गतिं फलं चापि पृथक् पृथक्॥

વૈશંપાયને કહ્યું:-આ પ્રમાણે સાત્વિક, રાજસિક તથા તામસિક દાનનો મહિમા સાંભળીને તેમજ જૂદી જૂદી ગતિ અને ભિન્ન ભિન્ન ફળ જાણ્યા છતાં પણ અતૃપ્ત રહેલા અને મનમાં પ્રસન્ન થયેલા ધર્મપ્રેમી યુધિષ્ઠિરે પુનઃ પવિત્ર ધર્મામૃતવિષે શ્રીકૃષ્ણને આ પ્રમાણે પૂછ્યું:-[૧,૨] “હે લોકેશ ! બીજ અને યોનિ(પિતા તથા માતા)ની શુદ્ધિને લીધે પવિત્ર એવા પુરુષોનાં લક્ષણો તમે મને કહો. બીજના દોષથી મનુષ્યો કેવા પ્રકારના થાય છે,તે પણ કહો.[૩]હે દેવોના ઈશ્વર! હે કેશવ! આચારના દોષો,બ્રાહ્મણોના ભેદો અને તેઓના ગુણ-દોષોનું તમે સંપૂર્ણ વર્ણન કરો. જે બ્રાહ્મણો ચારે વર્ણો પાસેથી પ્રતિગ્રહ કરે છે-દાનાદિ લે છે,તેઓના સંબંધમાં પણ તમે મને કહો. કયા વિશેષ કર્મથી બ્રાહ્મણો પોતે તરે છે અને બીજાઓને તારે છે ? તેનું પણ કથન કરો. હે દેવેશ! હું તમારો ભકત તમને નમસ્કાર કરૂં છું.”

ભગવાને કહ્યું:-હે રાજન્ ! બીજ અને યોનિના સંબંધમાં શુભ-અશુભ જે રીતે બને છે,તે તમે સાંભળો. હે પાંડવ! શુદ્ધ બીજયોનિને લીધે આ લોક સ્થાયી રહી શકે છે, પણ અશુદ્ધ બીજયોનિથી તુરત નાશ પામે છે. જે બ્રાહ્મણ અસ્ખલિત બ્રહ્મચર્યવાળો હોઇને વિધિ પ્રમાણે વર્તે છે,તેનેજ શુદ્ધ બીજરૂપ જાણવો; કેમકે તેનું બીજ (વીર્ય) શુભ-પવિત્ર હોય છે.[૪-૭]જે કન્યા અક્ષતયોનિ હોય, માતા-પિતાના બન્ને પક્ષથી કુળવાન હોય અને બ્રાહ્મ આદિ વિવાહથી વિધિ પ્રમાણે પરણાવેલી હોય,તેનેજ ઉત્તમ સ્ત્રીતરીકે કહેવામાં આવે છે તથા તેની યોનિ શુદ્ધ હોય છે;[૮] પણ હે પુરુષશ્રેષ્ઠ ! જે સ્ત્રી મન, વચન કે કર્મથી પરપુરુષસાથે ગમન કરે છે, તે ગર્ભાધાનને માટે યોગ્ય નથી.[૯] જે પાપાત્મા પુરુષ તેવી સ્વૈરિણી (વ્યભિચારિણી) સ્ત્રીને સંતાનને માટે ઈચ્છે છે, તે પોતાનાં દશ પૂર્વનાં કુળને તથા દશ પાછળનાં કુળને નરકમાં પાડે છે.[૧૦] હે રાજા! જે મૂઢબુદ્ધિ પુરુષ દુષ્ટ યોનિમાં વીર્યસિંચન કરે છે અને તેના વીર્યથી ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ ષડંગ વેદને ભણેલો પાકે, તોપણ સત્પુરુષોએ ચાંડાલની પેઠેજ તેનો બહિષ્કાર કરવો જોઇએ.[૧૧] જે સ્ત્રી મન, વચન કે કર્મથી વ્યભિચારિણી બને છે, તેને કુળનો ઘાત કરનારી જાણવી અને તેમાં ઉત્પન્ન થયેલા પુત્રને ચાંડાલ સમજવો.[૧૨]જે પુરુષો દુષ્ટ યોનિમાં ઉત્પન્ન થયેલા હોય તેઓ દૈવી કર્મમાં, પિતૃકર્મમાં, દાનમાં, ભોજનમાં, શયનમાં, સાથે વાતચીત કરવામાં તથા સાથે સંબંધ રાખવામાં પણ નાલાયક ગણાય છે,[૧૩] માટે ડાહ્યા પુરુષે દુષ્ટ યોનિમાં કદી ગર્ભાધાન કરવું નહિ; છતાંપણ જે પુરુષ દુષ્ટ યોનિમાં ગર્ભ ઉત્પન્ન કરે છે, તે ત્રણ પેઢીસુધીના પોતાના કુળનો નાશ કરે છે.[૧૪]કાનીન (કન્યાનો પુત્ર),સહોઢ (કન્યા પરણતી હોય તે સમયે તેના ગર્ભમાં રહેલો પુત્ર), કુંડ(ધણીના જીવતાં વ્યભિચારથી ઉત્પન્ન થયેલો),ગોલક(ધણી મરી ગયા પછી વ્યભિચારથી ઉત્પન્ન થયેલો), સંન્યાસાશ્રમ છોડી ગૃહસ્થાશ્રમમાં દાખલ થયેલા પુરુષથી ઉત્પન્ન થયેલો અને પતિતનો પુત્ર, આ છ પુત્રો બ્રાહ્મણક્ષેત્રમાં

ઉત્પન્ન થયા હોય તોપણ બ્રાહ્મણચાંડાલ કહેવાય છે અને તેઓ ચાંડાલ કરતાં પણ અધમ છે.[૧૫]જે પાપાત્મા પુરુષ પોતાની ઈચ્છાનુસાર વર્તી જ્યાં ત્યાં વીર્યસિંચન કરે છે અથવા શૂદ્રજાતિની સ્ત્રીસાથે ગમન કરે છે, તેનું બીજ (વીર્ય) અશુદ્ધ થાય છે. તેવું અશુદ્ધ બીજ શુદ્ધ યોનિને માટે યોગ્ય નથી; કેમકે કૂતરાએ ચાટેલા હવિષ્‌ની પેઠે તે બીજ શુદ્ધ યોનિને દૂષિત કરે છે.[૧૬,૧૭]બ્રાહ્મણનું બીજ જો શૂદ્રયોનિમાં પડે છે તો તે હાહાકાર કરે છે અને 'હું વિષ્ઠાના ખાડામાં પડેલ છું" એમ કહી દુઃખી થાય છે.[૧૮]વળી તે બીજ જ્યારે પડે છે, ત્યારે 'આ પાપાત્માએ કામથી મોહિત થઈને મારો અધઃપાત કર્યો છે,માટે સત્વર તે અધોગતિને પામો' આવો શાપ આપે છે.[૧૯] આત્મા(એટલે પોતાના બીજ)ને મહાશ્રેષ્ઠ એવું શુક્લદૈવત કહેવામાં આવે છે, માટે પોતાના શુક્લદૈવતને સર્વ પ્રયત્ને પોતાને સ્વાધીન રાખવું.[૨૦]બ્રહ્મચર્યનું પાલન કરવાથી મનુષ્ય આયુષ્ય, બળ, વીર્ય, તેજ, જ્ઞાન, બુદ્ધિ, મહાન યશ, પુણ્ય અને મારી પ્રીતિ સંપાદન કરે છે.[૨૧] જે પુરુષો બ્રહ્મચર્યને ખંડિત કરતા નથી, ગૃહસ્થાશ્રમના આશ્રિત હોય છે અને પાંચ મહાયજ્ઞો કરવામાં તત્પર રહે છે,તેઓ પૃથ્વીપર ધર્મનું સ્થાપન કરી શકે છે.[૨૨] જેઓ નિત્ય સાયંકાળે તથા પ્રાતઃકાળે વિધિપૂર્વક સંધ્યોપાસન કરે છે, તેઓ વેદને નૌકારૂપ કરીને પોતે તરે છે અને બીજાઓને તારે છે.[૨૩] જે બ્રાહ્મણ વેદની પવિત્ર માતા દેવી ગાયત્રીનો જપ કરે છે, તે સમુદ્રસહિત આખી પૃથ્વીનો પ્રતિગ્રહ (દાનતરીકે સ્વીકાર) કરે તોપણ (પાપના ભારથી) દુઃખી થતો નથી.[૨૪]આકાશમાંના સૂર્યાદિ ગ્રહો, જેઓ આ બ્રાહ્મણના સંબંધમાં વક્ર થયા હોય તેઓ પણ એના તરફ સૌમ્ય, માંગલિક તથા કલ્યાણકારક થઈ રહે છે.[૨૫] જે દારુણ રાક્ષસો જ્યાં ત્યાં ભરાઈ રહેલા હોય છે, ભયંકર દેખાવના હોય છે અને મહાપ્રચંડ શરીરવાળા હોય છે, તેઓ પણ એ બ્રાહ્મણનો પરાભવ કરી શકતા નથી.[૨૬] હે રાજન્! વેદોક્ત વ્રતનું જેઓએ આચરણ કરેલું હોય છે તેવા પુરુષો પૃથ્વીપર સર્વને પવિત્ર કરે છે; કેમકે (તેઓ ગાયત્રીના ઉપાસક હોય છે અને) તે ગાયત્રી ચારે વેદો કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ છે.[૨૭] હે યુધિષ્ઠિર ! જેઓએ વેદોક્ત વ્રતો આચર્યાં નથી અને જેઓ વિરુદ્ધ કર્મફળના આશ્રિત હોય છે તેવા નામધારી બ્રાહ્મણો પણ જો પૂજ્ય છે,તોપછી જેઓ નિત્ય સવારસાંજ બન્ને વખત સંધ્યોપાસન કરે છે તેઓ પૂજ્ય હોય એમાં શું આશ્ચર્ય?[૨૮] પ્રજાપતિ મનુ કહે છે કે, શીલ (ઉત્તમ ચારિત્ર), અધ્યયન,દાન, શૌચ (બાહ્ય–આભ્યંતર પવિત્રતા), માર્દવ (સૌમ્યપણું) અને સરળતા, આ ગુણો વેદ કરતાં પણ અધિક છે. (અર્થાત્ આ ગુણો જેનામાં હોય તે વેદપાઠી પુરુષ કરતાં પણ વધારે પવિત્ર છે.) સ્વધર્મનિષ્ઠ જે બ્રાહ્મણ 'ભૂર્, ભુવર્ અને સ્વર્' આ ત્રણ વ્યાહૃતિઓરૂપ બ્રહ્મને જાણે છે, પોતાની સ્ત્રીમાં સંતુષ્ટ રહે છે અને જિતેંદ્રિય હોય છે, તે વિદ્વાન બ્રાહ્મણ ભૂમિનો દેવ કહેવાય છે. હે નરવ્યાઘ્ર ! જે ઉત્તમ બ્રાહ્મણો નિત્યજ સંધ્યોપાસન કરે છે, તેઓ અવશ્ય બ્રહ્મલોકમાં જાય છે;[૩૧] માત્ર ગાયત્રીનેજ જાણનારો અને સારીરીતે ઇંદ્રિયોને વશ રાખનારો બ્રાહ્મણ શ્રેષ્ઠ છે; પરંતુ ચારે વેદને જાણતો હોવાછતાં ઇંદ્રિયોને વશ રહેનારો, સર્વ વર્ણનું ખાનારો અને સર્વ પ્રકારના રસ (દહીં, દૂધ, ઘી વગેરે)ને વેચનારો બ્રાહ્મણ શ્રેષ્ઠ નથી.[૩૨] પૂર્વે બ્રહ્માદિ દેવોએ તથા દેવર્ષિઓએ ગાયત્રીને તથા ચારે વેદોને ત્રાજવામાં નાખી તોળી જોયાં હતાં; પણ તે વેળા ચારે વેદો કરતાં ગાયત્રીજ વિશેષ થઈ હતી.[૩૩] હે પાંડવ ! જેમ પ્રફુલ્લિત થયેલા પુષ્પમાંથી ભમરાઓ તેના સારરૂપે મધ ગ્રહણ કરે છે, તેમ સર્વ વેદોમાંથી ગાયત્રીનેજ તેના સારરૂપે ગ્રહણ કરવામાં આવી છે;[૩૪] તેથી હે રાજા! ગાયત્રી સર્વ વેદોના પ્રાણરૂપ છે. ગાયત્રીવિનાના વેદો ખરેખર નિર્જીવજ છે.[૩૫] ગાયત્રીનો નિત્ય પાઠ કરનારો અને શીલ–સદાચારથી યુક્ત એવો બ્રાહ્મણ શ્રેષ્ઠ છે; પણ ચારે વેદને જાણતો હોવા છતાં ઇંદ્રિયોને વશ રહેનાર શીલભ્રષ્ટ બ્રાહ્મણ તો નિં-

દનીયજ છે.[૩૬] માટે હે કુંતાપુત્ર! સર્વ પાપનો નાશ કરનારી ગાયત્રી કે જેના હજાર જપ ઉત્તમ ગણાય છે, સો જપ મધ્યમ ગણાય છે અને દશ જપ સામાન્ય ગણાય છે,તેનો તમે જપ કરો.

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે ત્રણ લોકના નાથ શ્રીકૃષ્ણ! તમે પ્રાણીમાત્રના આત્મા છો, ભિન્ન ભિન્ન યોગધર્મમાં પરાયણ રહો છો અને સર્વ કરતાં શ્રેષ્ઠ છો. તમે કયું કર્મ કરવાથી પ્રસન્ન થાઓ છો? તે મને કહો."[૩૮]

ભગવાને કહ્યું:–હે ભારત! કોઇ પુરુષ એક હજાર ભાર ગુગળનો મારી પાસે ધૂપ કરે, મને નમસ્કાર કરે, બલિદાન આપે અને ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદની સ્તુતિઓથી મારી સ્તુતિ કરે, તોપણ બ્રાહ્મણોને જો ન સંતોષે તો હું પ્રસન્ન થતો નથી.[૩૯,૪૦] હે ભરતશ્રેષ્ઠ! બ્રાહ્મણોની પૂજા કરવાથી મારી પણ પૂજા થાય છે અને બ્રાહ્મણોની નિંદા કરવાથી મારી પણ નિંદા કરેલી ગણાય છે.[૪૧] જે મનુષ્યો બ્રાહ્મણોની પૂજા કરે છે, તેઓની મારામાં ઉત્તમ ગતિ થાય છે; કેમકે પૃથ્વીપર બ્રાહ્મણરૂપે હુંજ વસું છું.[૪૨] હે પુરુષશ્રેષ્ઠ! જે ડાહ્યો પુરુષ મારામાં મન રાખીને બ્રાહ્મણોની પૂજા કરે છે, તેને હું મારા પોતાનાજ સ્વરૂપે જોઉં છું.[૪૩] બ્રાહ્મણો કુબડા હોય, કાણા હોય, ઠીંગણા હોય, દરિદ્ર હોય અને રોગી હોય, તોપણ ડાહ્યા મનુષ્યોએ તેઓનું કદી અપમાન કરવું નહિ; કેમકે તે બ્રાહ્મણો મારૂંજ રૂપ છે.[૪૪] સમુદ્રસુધીની પૃથ્વીપર જે કોઇ ઉત્તમ બ્રાહ્મણો છે, તેઓ મારૂંજ સ્વરૂપ છે; માટે તેઓનું પૂજન કરવાથી મારૂંજ પૂજન કરેલું ગણાય છે.[૪૫] ઘણા અજ્ઞાની મનુષ્યો આ વાતને જાણતા નથી કે, હુંજ બ્રાહ્મણસ્વરૂપે પૃથ્વીપર વસું છું.[૪૬] જેઓ બ્રાહ્મણોનું અપમાન કરે છે, તેઓને સ્વધર્મથી ભ્રષ્ટ કરે છે, જૂદાં જૂદાં કામ કરવા માટે મોકલે છે અને પોતાની સેવા કરાવે છે; તે પુરુષો જ્યારે મરણ પામે છે, ત્યારે પરલોકમાં મહાબળવાન યમદૂતો, કારીગરો જેમ દોરી છાંટીને કરવતીવડે વહેરે છે, તેમ પોતાની ઈચ્છાનુસાર તેમને વહેરે છે.[૪૮] જેઓ બ્રાહ્મણોને ગાળો ભાંડીને તથા તેઓની નિંદા કરીને પોતે આનંદ માને છે, તેઓ મરણ પામીને જ્યારે યમલોકમાં જાય છે, ત્યારે ક્રૂર અને લાલ નેત્રવાળો યમરાજા તેઓને પૃથ્વીપર પાડી નાખી છાતી ઉપર પગ મૂકીને અગ્નિવર્ણા (તપાવીને લાલચોળ કરેલા) સાંડસાઓથી તેઓની જીભ બહાર ખેંચી કાઢે છે.[૪૯,૫૦] જે પાપી પુરુષો વેદોક્ત માર્ગથી દૂર હોઇ બ્રાહ્મણોના અભક્ત હોય છે, નિત્ય તેઓનો દ્વેષ કરે છે અને પાપી દૃષ્ટિથી તેઓના તરફ જુએ છે, તેઓનાં ચક્ષુને (મરણ પછી પરલોકમાં) મહાબળવાન ભયંકર પક્ષીઓ કે જેઓ મહાપ્રચંડ શરીરવાળાં હોય છે અને વાંકાં મુખવાળાં હોય છે, તેઓ યમની આજ્ઞાથી એક મુહૂર્ત જેટલા સમયમાં બહાર ખેંચી કાઢે છે. જે મનુષ્યો બ્રાહ્મણને પ્રહાર કરે છે, તેના શરીરમાંથી લોહી કાઢે છે, તેનુ હાડકું ભાગી નાખે છે અથવા તેને પ્રાણમુક્ત કરે છે, તેઓ અનુક્રમે એકવીસ નરકમાં જાય છે;[૫૩] અને પાછળથી તેમને શૂળી ઉપર ચઢાવવામાં આવે છે, અગ્નિમાં રાંધી નાખવામાં આવે છે અને એ રીતે અનેક હજાર વર્ષોસુધી નીચે મસ્તકે રંધાતા તે દુષ્ટબુદ્ધિ મનુષ્યો કદી મુક્ત થતા નથી અને તેમની એ ગતિ કદી પણ બદલાતી નથી.[૫૪] જે પુરુષો વિચારપૂર્વક બ્રાહ્મણોનો વધ કરવાની ઈચ્છાથી જાય છે, તે એક લાખ વર્ષપર્યંત તામિસ્ર નામના નરકમાં રંધાય છે.[૫૫] જે પુરુષો ક્રોધબુદ્ધિપૂર્વક બ્રાહ્મણોના શરીરમાંથી લોહી કાઢે છે, તે પણ અનુક્રમે એકવીસ નરકોમાં જાય છે;[૫૬] માટે બ્રાહ્મણોને કંઈ અમંગલ વચન કહેવું નહિ, તેઓના તરફ તુચ્છ વર્તન રાખવું નહિ, તેઓને કઠોર વાણી કહેવી નહિ અને તેઓનું કદી અપમાન પણ કરવું નહિ.[૫૭] જે મહાપુરુષો મધુર વાણીથી બ્રાહ્મણોનો સત્કાર કરે છે, તેઓએ મારૂંજ પૂજન કરેલું તથા મારીજ સ્તુતિ કરેલી ગણાય છે, એમાં સંશય નથી;[૫૮] તેમજ હે ભારત! જેઓ બ્રાહ્મણોનો તિરસ્કાર કરે છે અને તેઓને ગાળો ભાંડે છે, તેઓએ મનેજ ગાળો

ભાંડી છે અને મારોજ તિરસ્કાર કર્યો છે, એમાં કંઇ પણ સંશય નથી.[૫૯] જે પુરુષો ચંદન, અગરના ધૂપ તથા દીપક નિવેદન કરીને મારી કાષ્ઠપ્રતિમાનું પૂજન કરે છે,તેમણે વાસ્તવિક રીતે મારૂં પૂજન કર્યું ગણાતું નથી; કેમકે બ્રાહ્મણોના પૂજનથીજ મારૂં સારી રીતે પૂજન થાય છે.[૬૦] હું પોતે પણ બ્રાહ્મણોની કૃપાથી પૃથ્વીને ધારણ કરૂં છું, બ્રાહ્મણોની કૃપાથી અસુરોને જીતું છું, બ્રાહ્મણોની કૃપાથી દક્ષિણાવાળો છું અને બ્રાહ્મણોની કૃપાથી અજિત છું.[૬૧]

ઇતિ **શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં**
'પિતા-માતાની શુદ્ધિ-અશુદ્ધિ, બ્રાહ્મણ
તથા ગાયત્રીનો મહિમા અને બ્રાહ્મણોનું
અપમાન કરનારાઓને ભોગવવી
પડતી નરકયાતના' એ વિષયનો
અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો

યમનગરનો માર્ગ

॥ युधिष्ठिर उवाच ॥

देवदेवेश दैत्यघ्न परं कौतूहलं हि मे ।
एतत्कथय सर्वज्ञ त्वद्भक्तस्य च केशव ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે દેવદેવેશ ! હે દૈત્યોનો નાશ કરનારા ! હે સર્વજ્ઞ કેશવ ! મને આ એક પરમ આશ્ચર્ય ઉત્પન્ન થયું છે, તેને તમે કહો.[૧] આ મનુષ્યલોકને તથા યમલોકને કેટલું છેટું છે, તે કેવો છે, તેનું પ્રમાણ કેટલું છે અથવા તેનું મૂળ આશ્રયસ્થાન શું છે? હે દેવ! હે માધવ ! કયા ઉપાયથી મનુષ્યો એ લોકોને તરી જાય છે?[૨] હે મહાદેવ ! પ્રાણીનો જીવ, કે જે શુભ-અશુભ કર્મોથી કર્મલોકમાં બંધાયેલો હોય છે,(સ્થૂલશરીરના ત્યાગ પછી) યમના દારુણ પાશોથી બંધાઇને યમલોક તરફ ઘસડાતો હોય છે, દુઃસહ, ભયંકર અને ઘોર પરાક્રમવાળા યમદૂતોથી માર મરાતો હોય છે,તિરસ્કાર કરાતો હોય છે અને યમની આજ્ઞાથી નાસભાગ કરતો હોય છે ત્યારે તેને ત્વચા, હાડકાં અને માંસથી રહિત તથા પાંચ મહાભૂતોથી મુકત થયેલા (લિંગ) શરીરમાં સુખ-દુઃખનો સંપૂર્ણ અનુભવ કેવીરીતે થાય છે ? તે મને કહો.[૩-૫] પુણ્યપાપને કરનારો જીવ (યમલોકમાં) સુખ-દુઃખનો સંપૂર્ણ અનુભવ કેવી રીતે કરે છે? અને દુઃસહ એવા યમદૂતો અહીંથી તેને લઇ કેવી રીતે જાય છે?[૬] હે દેવ ! ત્યાં ગયેલા મનુષ્યો શું કર્મ કરે છે? દેવતા અને બ્રાહ્મણોનું પૂજન કરનારા ધાર્મિક પુરુષો ત્યાં કેવી રીતે જાય છે ? તેમજ પાપકર્મ કરનારા મનુષ્યો એ યમનગરમાં કેવી રીતે જાય છે ?[૭] હે કેશવ ! જીવ નિત્ય યમલોકમાં જાય છે, ત્યારે તેનું સ્વરૂપ કેવું હોય છે? તેનું પ્રમાણ કેટલું હોય છે ? અને તેનો વર્ણ કેવો હોય છે? તે પણ મને કહો."[૮]

ભગવાને કહ્યું:-હે રાજન્ ! જે વિષે તમે મને પૂછો છો તે વિષે જે પ્રમાણે છે તે પ્રમાણે તમે સાંભળો. હે નરેશ્વર ! તમે મારા ભક્ત છો, તેથી હું તમને કહું છું.[૯] હે યુધિષ્ઠિર ! મનુષ્યલોકને તથા યમલોકને છયાસી હજાર યોજનનું અંતર છે.[૧૦] ત્યાં વૃક્ષોની છાયા નથી, તળાવ નથી, સરોવર નથી, વાવો નથી, નાની તળાવડીઓ નથી, કૂવા નથી, મંડપ નથી, સભા નથી, પરબ નથી, વિશ્રામસ્થાન નથી, પર્વત નથી, નદી નથી, કયાંય ગુફા નથી, ગામ નથી, આશ્રમ નથી, બગીચો નથી, વન નથી અને હે યુધિષ્ઠિર! તે માર્ગમાં કોઇ આશ્રયસ્થાન નથી. જે સમયે પ્રાણીનો કાળ સમીપ આવે છે,તે સમયે વેદનાને લીધે તે અત્યંત પીડાય છે અને (જીવનના) કારણરૂપ એવા પ્રાણ તેના કંઠમાં આવી શરીરને ત્યજી જાય છે.[૧૪] એ રીતે પ્રાણવાયુને લીધે પરાધીન થયેલો જીવ શરીરમાંથી ચાલી નીકળે છે અને વાયુસ્વરૂપ થઈ છ કોશવાળા શરીરમાંથી નીકળી જાય છે.[૧૫] તે વખતે એનાજ સ્વરૂપવાળું, એનાજ વર્ણવાળું અને એનાજ પ્રમાણનું બીજું એક અદૃશ્ય શરીર તૈયાર હોય છે; તેમાં કોઇનાથી નહિ જોવાયલો તે જીવ દાખલ થાય છે.[૧૬] એ જીવજ પ્રાણીઓનો અંતરાત્મા છે, આઠ (પ્રકૃતિરૂપ) અંગવાળો થઇને સર્વત્ર વિચરે છે અને છેદન, ભેદન, દાહ તથા તાડનથી પણ તે નાશ પામતો

નથી.૧૭ યમની આજ્ઞા થવાથી તે જીવને યમના ભયંકર દૂતો લઇ જાય છે, કે જે દૂતો અનેક સ્વરૂપને ધારણ કરનારા, મહા ઉગ્ર અને પ્રચંડ સાધનોવાળા હોય છે.૧૮ સંસારમાં પુત્ર અને સ્ત્રીરૂપ પાશોથી બંધાઇને તે જીવ બળાત્કારે પરવશ થઇ પડેલો હોય છે અને (તે જ્યારે યમનગર તરફ ચાલી નીકળે છે, ત્યારે) તેણે કરેલાં પુણ્યપાપરૂપી કર્મો તેની પાછળજ નીકળી પડે છે.૧૯ એ વખતે દુઃખથી પીડાયેલાં તેનાં કુટુંબીઓ કરુણ વિલાપ કરે છે, પણ જીવ તો તે સર્વનો ત્યાગ કરીને કોઈની અપેક્ષા રાખ્યાવિના ચાલ્યો જાય છે.૨૦ માતાઓ, પિતાઓ, ભાઈઓ, મામાઓ, સ્ત્રીઓ, પુત્રો તથા મિત્રો રુદન કરતાજ રહે છે અને તે જીવ તેઓને ત્યજી જાય છે.૨૧ જેઓનાં મુખ અને નેત્રો અશ્રુથી ઉભરાઇ રહેલાં હોય છે, એવાં પોતાનાં દીન સંબંધીઓથી નહિ દેખાતો જીવ પોતાના શરીરનો ત્યાગ કરી વાયુરૂપે ચાલ્યો જાય છે.૨૨ તે જે માર્ગે પ્રયાણ કરે છે તે માર્ગ અંધકારથી છવાયલો છે, અપાર છે, મહાઘોર છે, દુઃખથી વિંટાયલો છે, છેવટમાં પણ દુઃખરૂપ છે, દુઃખેથી પાર જઇ શકાય તેવો છે, પાપકર્મ કરનારાઓને દુર્ગમ છે, મહાદુઃખે સહાય મેળવી શકાય તેવો છે, દુરંત છે, દુઃખથી જોઇ શકાય તેવો છે, દુષ્પ્રાપ છે, મહાદુઃખે ચલાય તેવો છે અને હે રાજા ! પાપિષ્ઠ પુરુષોને અતિ દુઃખરૂપ છે.૨૩,૨૪ હે રાજા ! ઋષિઓ પરંપરાથી આ માર્ગનું વર્ણન કરી રહ્યા છે અને કથાઓમાં પણ તે જ્યારે સાંભળવામાં આવે છે, ત્યારે લગભગ ત્રાસ ઉપજાવે છે.૨૫ હે યુધિષ્ઠિર ! મનુષ્યનો કાળ જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે પોતાના બંધુઓનો, ભોગ-વૈભવોનો તથા ધનનો ત્યાગ કરી તેને અવશ્ય તે માર્ગે જવું પડે છે. જરાયુજ (મનુષ્યાદિ), અંડજ (પક્ષી આદિ), સ્વેદજ (માંકડ-મચ્છર વગેરે) અને ઉદ્ભિજ્જ (વૃક્ષ-લતાદિ) આ સર્વ સ્થાવર-જંગમ પ્રાણીઓએ યમસદનમાં જવાનું છે.૨૭ દેવો, અસુરો તથા મનુષ્યો વગેરે સર્વ કોઇએ યમરાજાને વશ થવાનું છે; તેમજ સ્ત્રીઓ, પુરુષો તથા નપુંસકો વગેરે જે કોઇને જીવસંજ્ઞા લાગુ થયેલી છે તેઓએ યમદેવને અધીન થવાનું છેજ.૨૮ મધ્યમ વયના, યુવાન, બાળક, વૃદ્ધ અને જેઓ માત્ર જન્મેલાજ હોય છે તથા ગર્ભમાંજ સ્થિતિ કરી રહેલા હોય તેઓ સર્વેએ તે મહામાર્ગે સીધાવી જવાનું છેજ.૨૯ હે રાજા ! દિવસના પૂર્વભાગમાં, પાછળના ભાગમાં, સંધ્યાકાળે, રાત્રિના આરંભસમયે, મધ્યરાત્રે અથવા પરોઢીયે-એમ હરકોઈ કાળે (મૃત્યુ જ્યારે ઉપસ્થિત થાય છે ત્યારે) પ્રવાસમાં ફરનારાઓએ કે વનમાં રહેનારાઓએ, પર્વતમાં રહેનારાઓએ કે જળમાં રહેનારાઓએ, ક્ષેત્ર(ખેતર)માં રહેનારાઓએ કે ઘરમાં રહેનારાઓએ ભોજન કરતાં, પાન કરતાં, ભક્ષણ કરતાં, બેઠાંબેઠાં, ઉભાં ઉભાં, શયનમાં રહીને, જાગતાં જાગતાં અથવા નિદ્રાવશ અવસ્થામાં પણ તે મહામાર્ગે જવાનું છેજ.૩૦-૩૨ મૃત્યુના દુઃસહ દૂતો, જેઓ મહાઉગ્ર હોય છે અને પ્રચંડ શાસન (શિક્ષા) કરનારા હોય છે-તેઓથી તિરસ્કાર કરાતાં સર્વ પ્રાણીઓ પરાધીન થઇને યમસદન તરફ ચાલી નીકળે છે.૩૩ ક્યાંક ભયભીત થઇને, ક્યાંક બેભાન થઇને, ક્યાંક ઠોકર ખાઇને, ક્યાંક બૂમો પાડીને અને ક્યાંક વેદનાથી વિહ્વળ થઇને પણ યમસદનમાં જવું પડે છે.૩૪ તિરસ્કાર કરાતા, ઉદ્વેગ પામેલા, કંપી રહેલા, ભયથી વિહ્વળ, શરીરે દુઃખ પામતા અને તર્જના કરાતા સર્વ કોઇએ તે માર્ગે જવાનું છે.૩૫ જે મનુષ્યોએ કદી દાન કર્યું નથી, તેઓએ જેમાં રેતી અને ધૂળ તપાવેલી હોય છે તથા જેમાં કાંટાઓ પુષ્કળ હોય છે તેવા એ માર્ગમાં (પગે) બળતાં બળતાં જવું પડે છે.૩૬ જે મનુષ્યો ધર્મથી રહિત હોય છે તેઓએ લાકડીઓ, પથરા, શિલાઓ, ધોકા, બળતાં ઉંબાડિયાં, ચાબૂકો અને અંકુરોના માર ખાતાં ખાતાં યમનગરમાં જવું પડે છે.૩૭ જેઓ જીવોની હિંસા કરે છે તેનાં મુખો અને ગાત્રો ચરબી, રુધિર તથા પરુ વગેરેથી ખરડાય છે, ઘાવયુક્ત થાય છે અને તેઓએ ખળખળતા રુધિરથી ઉભરાઇ રહેલા માર્ગે જવું પડે છે.૩૮ જીવોની હત્યા કરનારાઓએ વેદના-

થી વિહ્વળ થઇને મોટી બૂમો પાડતાં, વિલાપ કરતાં અને પડતાં પડતાં જવું પડે છે.[૩૯] જીવોની હિંસા કરનારાઓના હાથ, પગ અને સાથળો ભાંગી નાખવામાં આવે છે, તેઓની જાંઘ તથા મસ્તકો મરડી નાખવામાં આવે છે, તેઓના કાન, હોઠ તથા નાક કાપી નાખવામાં આવે છે; અને આ અવસ્થાએ તેઓને યમનગરમાં જવું પડે છે.[૪૦] જીવોનો ઘાત કરનારાઓનાં શરીરોને શક્તિઓ, ભિંદિપાલો, ખીલાઓ, તોમરો તથા બાણો વગેરે શસ્ત્રો ભોંકીને વિંધી નાખવામાં આવે છે; અને તે સ્થિતિમાં તેઓને યમનગરમાં જવું પડે છે.[૪૧] જેઓ માંસમાટે જીવવધ કરે છે તેઓને કૂતરાંઓ, વાઘો, નહારો અને કાગડાઓ ચોતરફથી ફાડી ખાય છે, રાક્ષસો અત્યંત દુઃખ દે છે; અને એજ અવસ્થાએ તેઓને યમસદનમાં દાખલ થવું પડે છે.[૪૨] જેઓ માંસભક્ષણ કરે છે તેઓને પાડાઓ, મૃગો, ભુંડો તથા પૃષત્જાતિનાં પ્રાણીઓ માર્ગમાં ખાવા માંડે છે અને એ અવસ્થાએ તેઓને યમનગરમાં જવું પડે છે.[૪૩] જે પાપિષ્ઠ મનુષ્યો બાળહત્યા કરે છે તેઓને સોયસમાન અતિતીક્ષ્ણ મુખવાળી માખીઓ ચોતરફથી ડંખે છે; અને આ સ્થિતિમાં તેઓ યમમાર્ગે જાય છે.[૪૪] જેઓ વિશ્વાસુ સ્વામી(શેઠ)ને, મિત્રને અથવા સ્ત્રીને મારે છે, તેઓને યમદૂતો શસ્ત્રોના પ્રહારો કરે છે; અને તે સ્થિતિમાં તેઓ યમનગર તરફ જાય છે.[૪૫] જેઓ જીવોનું ભક્ષણ કરે છે અથવા તેઓને દુઃખ ઉપજાવે છે, તેઓને રાક્ષસો તથા કૂતરાંઓ ફાડી ખાય છે અને તે સ્થિતિએ તેઓ યમલોકમાં જાય છે.[૪૬] જે મનુષ્યો પારકાં વસ્ત્રો, શય્યાઓ અને પાગરણોની ચોરી કરે છે,તેઓ પિશાચોની પેઠે નશાવસ્થામાં આમતેમ નાસભાગ કરતા એ મહામાર્ગે જાય છે.[૪૭] જે પાપી દુરાત્માઓ પારકી ગાયો, ધાન્ય, સુવર્ણ, ખેતર તથા ઘરને બળાત્કારે હરી લે છે, તેઓને પથરાઓ, બળતાં ઉંબાડિયાંઓ, લાકડીઓ તથા કાષ્ઠના પ્રહાર ખાતાખાતા જર્જરિત શરીરે લોહીલુહાણ થઇને યમગૃહે જવું પડે છે.[૪૮,૪૯] નરકપાતથી નહિ ડરનારા જે મનુષ્યો બ્રાહ્મણોનું દ્રવ્ય હરી લે છે, તેઓને ગાળો દે છે અને તેમને નિત્ય માર મારે છે, તેઓના કંઠ સૂકાઇ જાય છે, યમદૂતો તેઓને બાંધે છે, તેઓની જીહ્વા, નેત્ર તથા નાક કાપી નાખે છે, પરૂ તથા રુધિરથી તેઓ ગંધાય છે, શિયાળો તેઓને ફાડી ખાય છે, ભયંકર ચાંડાલો ચોતરફથી તેઓને ટોચે છે; અને તેને લીધે મહાભયંકર તથા કરુણ વિલાપ કરતા કરતા તેઓ યમલોક તરફ જાય છે.[૫૦-૫૨] ત્યાં ગયા પછી પણ તે પાપીઓને અનેકવાર વિષ્ઠાઓના કૂવામાં સબડવું પડે છે અને તેવી અવસ્થામાં એક કરોડ વર્ષપર્યંત જીવીને દુઃખી વેદનાઓથી તેઓ પીડાય છે.[૫૩] તે પછી હે રાજા ! અમુક કાળે મુક્ત થયેલા તે નરાધમો આ લોકમાં પણ અબજો વર્ષોપર્યંત વિષ્ઠામાં કીડાઓરૂપે જન્મે છે.[૫૪] હે કુરુશ્રેષ્ઠ ! જે પુરુષોની પાસે ધન હોય છે, છતાં જેઓએ લોભ, દંભ તથા અસત્યનો આશ્રય કરી વેદનિષ્ઠ બ્રાહ્મણોને દાન આપ્યાં નથી, તેઓને રાક્ષસો ડોકમાં પાશ નાખી બાંધીને મારે છે; અને ક્ષુધા, તૃષા તથા પરિશ્રમથી વિહ્વળ થયેલા તેઓ એજ અવસ્થામાં યમનગર તરફ જાય છે.[૫૫,૫૬] જેઓએ કોઇને દાન આપ્યાં નથી, તેઓ સુકાયેલા કંઠ, મુખ તથા તાળવાંએ યમમાર્ગમાં જાય છે; અને તે વેળા વારંવાર જળ તથા અન્નની તેઓ માગણી કરે છે.[૫૭] (જેમકે) 'હે સ્વામિન્! ક્ષુધા તથા તૃષાથી અમે પીડાઇએ છીએ, હવે તો અમે ચાલીજ શકતા નથી; માટે અમને અન્ન આપો, પાણી આપો' આમ બોલતાં બોલતાં તેઓને યમદૂતો સાથે યમલોકમાં જવાનું છે."[૫૮]

વૈશંપાયને કહ્યું:—શ્રીકૃષ્ણનું એ વચન સાંભળી પાંડવ યુધિષ્ઠિર ભયથી ત્રાસ પામી બેભાન થઇ ગયા.તેમને મૂર્ચ્છા આવી ગઇ. આ પછી ધીમેધીમે જ્યારે તેમને ભાન આવ્યું,ત્યારે શ્રીકૃષ્ણે એમને આશ્વાસન આપ્યું. પછી પાણીથી પોતાનાં નેત્રોધોઇને ફરીથી તેમણે શ્રીકૃષ્ણને આ પ્રમાણે પૂછ્યું:–" હે મહાદેવ ! યમનગરના માર્ગનું વિસ્તારપૂર્વક વર્ણન સાંભળીને

હું ભય પામ્યો છું, માટે (પૂછું છું કે,) કયા ઉપાયથી મનુષ્યો તે માર્ગને સુખેથી તરી જાય છે ? ”

ભગવાને કહ્યું:–આ લોકમાં જેઓ ધાર્મિક હોય છે, જીવહિંસા કરતા નથી, ગુરુની સેવામાં તત્પર રહે છે અને દેવો તથા બ્રાહ્મણોની પૂજા કરે છે, તેઓ પોતાની સ્ત્રી તથા બાંધવોની સાથે જે માર્ગે જાય છે, તે વિષે હું યથાર્થ રીતે કહું છું, તમે સાંભળો.[૫૯-૬૩] હે પાંડવ ! જેઓ બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન આપે છે, તેઓ અનાયાસે તેના ફળને પામે છે;[૬૪] તેમજ જે મહાત્માઓ વિશેષે કરીને શ્રોત્રિય (વેદનિષ્ઠ) બ્રાહ્મણોને પરમ પ્રીતિપૂર્વક સારૂં સંસ્કારી અન્ન આપે છે, તેઓ અદ્દભુત વિમાનોમાં બેસી યમનગર તરફ જાય છે અને એ મહામાર્ગમાં સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી અપ્સરાઓ તેમની સેવા કરે છે.[૬૫,૬૬] જેઓ નિત્ય સત્ય અને નિષ્પાપ વચન બોલે છે, તેઓ સ્વચ્છ વાદળ જેવાં અને બળદોથી જોડેલાં વિમાનોમાં બેસીને યમલોકમાં જાય છે.[૬૭] જે પુરુષો કપિલા વગેરે ગાયોનાં દાન–ખાસ કરીને–શ્રોત્રિય બ્રાહ્મણોને કરે છે, તેઓ પણ સ્વચ્છ કાંતિવાળાં અને બળદો જોડેલાં વિમાનોમાં બેસીને યમનગરમાં જાય છે અને ત્યાં અપ્સરાઓથી સેવાય છે.[૬૮,૬૯] જેઓ બ્રાહ્મણોને જોડાનું, છત્રીનું, શયનોનું, આસનોનું, વસ્ત્રોનું તથા અલંકારોનું દાન કરે છે,તેઓ ઘોડાઓ,બળદો અથવા હાથીઓ ઉપર બેસીને તેમજ સુવર્ણના છત્રથી શોભાયમાન થઇને ધર્મરાજાના સુંદર નગરમાં જાય છે.[૭૦,૭૧] જેઓ પરમ શ્રદ્ધાસંપન્ન થઇ બ્રાહ્મણોને ખાન–પાન તથા ભક્ષ્ય પદાર્થોનાં દાન કરે છે અને ઘીવાળાં અન્ન આપે છે, તેઓ સુવર્ણનાં વિમાનોમાં બેસી સુખેથી યમલોકમાં જાય છે અને ત્યાં હજારો શ્રેષ્ઠ સ્ત્રીઓ ઇચ્છાનુસાર તેઓની સેવા કરેછે.[૭૨,૭૩] જેઓ અત્યંત સંસ્કારી તથા શ્રદ્ધાળુ હોઇને દૂધ, ઘી, દહીં, ગોળ તથા મધનું આગ્રહપૂર્વક બ્રાહ્મણોનેદાન કરે છે, તેઓ ચક્રવાક પક્ષીથી જોડેલાં અને તદ્દન સુવર્ણનાં સુંદર વિમાનોમાં બેસી ગંધર્વોનાં વાદિત્રોથી સેવાતા યમનગરમાં જાય છે.[૭૪,૭૫]જે પુરુષો સુગંધી ફળોનાં તથા પુષ્પોનાં દાન કરે છે, તેઓ હંસોથી જોડેલાં વિમાનોમાં બેસીને ધર્મનગરમાં જાય છે.[૭૬] જેઓ ઘીથી ભરપૂર એવાં ભાત ભાતનાં અન્નનું બ્રાહ્મણોને દાન કરે છે, તેઓ સ્વચ્છ વાદળ જેવાં અને વાયુસમાન વેગવાળાં વિમાનોમાં બેસીને યમનગરમાં જાય છે, કે જે નગર અનેક મનુષ્યોથી વ્યાપ્ત છે.[૭૭] જેઓ પ્રાણીમાત્રના જીવનરૂપ જળનું દાન કરે છે, તેઓ અત્યંત તૃપ્ત થઇ હંસ જોડેલાં વિમાનોમાં બેસીને સુખેથી યમલોકમાં જાય છે.[૭૮] જેઓ સૌમ્યભાવનો આશ્રય કરનારા હોઇને શ્રોત્રિય બ્રાહ્મણોને તલ, તિલધેનુ (ગાય ભારોભાર તલ) અને ઘૃતધેનુ(ગાય ભારોભાર ઘી)નું દાન કરે છે, તેઓ હે રાજા ! સૂર્યમંડળસમાન પ્રદીપ્ત એવાં વિમાનોમાં બેસીને ગંધર્વોથી ગવાતા ગવાતા યમનગરમાં જાય છે.[૭૯,૮૦] જેઓએ વાવ, કૂવા, તળાવો, સરોવરો, હવાડા અને નાની તળાવડીઓ વગેરે જળયુક્ત જળાશયો બંધાવેલાં હોય છે,તે મહાત્માઓ નિત્ય તૃપ્ત રહીને અને મહાતેજસ્વી થઇ યમસદનમાં જાય છે. તે વેળા તેઓ દિવ્ય ઘંટડીઓથી ગાજી રહેલાં ચંદ્રસરખાં વિમાનોમાં બેસે છે અને ચામરો તથા વિંઝણાઓથી તેઓને પવન ઢોળવામાં આવે છે. જેઓએ બંધાવેલાં દેવમંદિરો તથા અદ્દભુત ધર્મશાળાઓ મનોહર, આકર્ષક તથા દર્શનીય હોઇને આ જગતમાં શોભે છે, (અર્થાત્ જેઓ દેવમંદિરો તથા ધર્મશાળાઓ બંધાવે છે,) તેઓ નિર્મળ વાદળસરખાં અને વાયુસમાન વેગવાળાં વિમાનોમાં બેસીને જાતજાતનાં મનુષ્યોથી વ્યાપ્ત એવા યમનગરમાં જાય છે.[૮૧-૮૪] ત્યાં તેઓ શાંત ચિત્તવાળા અને સુખેથી બેઠેલા યમદેવનાં દર્શન કરે છે અને તેનો આદરસત્કાર પામી દેવોની સમાનતાને પામેછે.[૮૫]જે મનુષ્યો આ લોકમાં પરબો મંડાવીને દેવોને ઉદ્દેશી કળવા (નાળચાવાળા કળશા)થી તરસ્યાઓને શીતળ તથા સુંદર જળ પાય છે, તેઓ યમના મહામાર્ગમાં જઇને પણ

પરમ તૃપ્તિ પામે છે.[૮૬] જેઓ લાકડાની પાદુકાઓનું દાન કરે છે,તેઓ સુવર્ણના બાજઠ ઉપર પગ મૂકીને ઉત્તમ રથમાં બેસી સુખેથી યમલોકના માર્ગે જાય છે.[૮૭] જેઓ બાગ-બગીચા તથા વૃક્ષોનાં વન રોપાવે છે અને ફળ-પુષ્પથી શોભાયમાન થાય તેમ તેઓને સંભાળપૂર્વક ઉછેરે છે, તેઓ દિવ્ય વિમાનોમાં બેસી વૃક્ષોની સુંદર તથા શીતળ છાયાઓમાં તે માર્ગે જાય છે; અને અલંકારાદિથી સુશોભિત થયેલા તે મનુષ્યોને સુવર્ણસમાન વર્ણવાળી તથા ઉત્તમ સ્વરૂપવાળી સુંદર દેવાંગનાઓ વારંવાર પૂજે છે અને પ્રયત્નપૂર્વક તેઓની ઈચ્છાનુસાર સુખ ઉપજે તેમ તેઓને સેવેછે.[૮૮-૯૦] જેઓ બ્રાહ્મણોને ઘોડાગાડીનું, બળદગાડીનું અથવા હાથીરથનું દાન કરે છે, તેઓ સુવર્ણસરખાં વિમાનોમાં બેસીને યમલોકમાં જાય છે.[૯૧] જેઓ સુવર્ણ, રૂપું, પરવાળાં તથા મોતીઓનું દાન કરે છે, તેઓ સુવર્ણથી પ્રકાશી રહેલાં વિમાનોમાં બેસીને યમનગરમાં જાય છે અને ત્યાં શ્રેષ્ઠ સ્ત્રીઓ સુખ ઉપજે તેમ તેઓને સેવે છે.[૯૨] જેઓ પૃથ્વીનું દાન કરે છે, તેઓ સર્વ કામનાઓથી અત્યંત તૃપ્ત થાય છે; અને ઉદય પામતા સૂર્યસમાન તેજસ્વી એવાં વિમાનોમાં બેસીને યમલોકમાં જાય છે.[૯૩] જેઓ શ્રોત્રિય બ્રાહ્મણોને કન્યાનું દાન કરે છે, તેઓ વિમાનમાં દિવ્ય કન્યાઓથી વિંટાઇને યમલોકમાં જાય છે.[૯૪] જેઓ પરમ ભક્તિયુક્ત થઇ ચંદન વગેરેથી યુક્ત એવા સુગંધી પદાર્થોનાં તથા સુગંધી પુષ્પોનાં શ્રેષ્ઠ બ્રાહ્મણોને દાન કરે છે, તેઓ શ્રેષ્ઠ ગંધવાળા, સુંદર વેષવાળા, ઉત્તમ કાંતિવાળા તથા માળાઓથી સુશોભિત થઇ વિચિત્ર વિમાનોમાં બેસી ધર્મરાજાના નગરમાં જાય છે.[૯૫,૯૬] જેઓ દીપકનાં દાન કરે છે, તેઓ સૂર્યસમાન વિમાનોથી દશે દિશાઓને પ્રકાશિત કરતા અને અગ્નિસમાન તેજસ્વી થતા યમનગરમાં જાય છે.[૯૭] જેઓ ઘરો તથા આશ્રમોનું દાન કરે છે, તેઓ સુવર્ણની વેદિકાવાળાં બાળસૂર્યસરખાં ઘરોમાં રહીને ધર્મરાજાના નગરમાં જાય છે.[૯૮] જેઓ જળનાં પાત્રો અને કુંડીઓ તથા કળવાનાં દાન કરે છે, તેઓ તૃપ્ત થઇને શ્રેષ્ઠ સ્ત્રીઓથી પૂજાય છે અને મોટા હાથીઓપર બેસીને યમનગરમાં જાય છે.[૯૯] જેઓ પાદવિલેપન(પગે ચોપડવાના પદાર્થો), મસ્તકલેપન તથા પગ ધોવાના જળનું બ્રાહ્મણને દાન કરે છે, તેઓ ઘોડાઓપર બેસીને યમલોકમાં જાય છે.[૧૦૦] જેઓ માર્ગમાં થાકીને કૃશ થયેલા બ્રાહ્મણોને વિશ્રામ આપે છે, તેઓ પણ ચક્રવાકથી જોડેલા વિમાનમાં બેસીને યમલોકમાં જાય છે.[૧૦૧] જે મનુષ્ય બ્રાહ્મણોને સ્વાગતવચન કહી,આસન આપીને પૂજે છે,તે પરમશાંત થઇ સુખેથી યમનગરના માર્ગે જાયછે.[૧૦૨] જે મનુષ્ય ‘ नमो ब्रह्मण्यदेवाय ’ એમ કહી મારાં દર્શન કરીને નિત્ય મને વંદન કરે છે તથા વ્રતધારીની પેઠે નિયમનિષ્ઠ રહે છે, તે સુખેથી એ સ્થાનમાં (યમધામમાં) જાય છે.[૧૦૩] જે મનુષ્ય ‘ नमः सर्वसहाभ्यः ’ એમ કહી પ્રતિદિન ગાયોને નમસ્કાર કરે છે,તે સુખેથી યમમાર્ગમાં જાય છે.[૧૦૪] જે મનુષ્ય નિત્ય પ્રાતઃકાળે શયનમાંથી ઉભો થઇ ‘ नमोस्तु प्रियदत्ताय ’ એમ કહી પૃથ્વીપર પગ મૂકે છે,તે સર્વ કામનાઓથી તૃપ્ત થાય છે અને (મૃત્યુને અંતે) સર્વાલંકારથી શોભાયમાન થઇ દિવ્ય વિમાનમાં બેસીને સુખપૂર્વક યમલોકમાં જાય છે.[૧૦૬] જેઓ નિત્ય એક વખત ભોજન કરે છે અને દંભ તથા અસત્યનો ત્યાગ કરે છે, તેઓ હંસોથી જોડેલાં વિમાનોમાં બેસી સુખપૂર્વક યમનગરમાં જાય છે.[૧૦૭] જેઓ પોતાના આશ્રિતોને ભોજન આપ્યા પછી પોતે ભોજન કરે છે અને દંભ તથા અસત્યનો ત્યાગ કરે છે, તેઓ સારસોથી જોડેલાં વિમાનોમાં બેસી સુખેથી યમલોકમાં જાય છે. જે જિતેંદ્રિય મનુષ્યો ચોથે કાળે ભોજન કરે છે (બીજે દિવસે સાંજે જમે છે),તેઓ મોર જોડેલાં વિમાનોમાં બેસીને ધર્મરાજાના નગરમાં જાય છે.[૧૦૯] જે જિતેંદ્રિય મનુષ્યો ત્રીજે ત્રીજે દિવસે ભોજન કરે છે, તેઓ સુવર્ણસમાન ઉજ્જ્વળ એવા હાથી જોડેલા રથમાં બેસીને તેમાર્ગે જાય છે.[૧૧૦] જે મનુષ્ય છઠ્ઠે છઠ્ઠે દિવસે ભોજન

કરી એક વર્ષપર્યંત એ પ્રમાણે વર્તે છે, કામ તથા ક્રોધનો ત્યાગ કરે છે અને સર્વ ઇંદ્રિયોને વશ રાખે છે, તે હાથી ઉપર બેસીને યમલોકમાં જાય છે તથા તેની આસપાસ જય જય શબ્દો ઉચ્ચારાય છે.[૧૧૧] જેઓ એક પખવાડીઆના ઉપવાસ કરે છે, તેઓ સિંહથી જોડેલાં વિમાનોમાં બેસીને ધર્મરાજાના નગરમાં જાય છે, કે જે નગર દિવ્ય સ્ત્રીઓથી સેવાયેલું હોઇ સુંદર છે.[૧૧૨] જેઓ ઇંદ્રિયોને વશ રાખી એક મહિનાના ઉપવાસ કરે છે, તેઓ સૂર્યોદયસમાન ઉજ્જ્વળ એવાં વિમાનોમાં બેસીને યમલોકમાં જાય છે.[૧૧૩] જે મનુષ્ય મારામાં મન રાખી અગ્નિપ્રવેશ કરે છે, તે અગ્નિસરખા તેજસ્વી વિમાનમાં બેસી યમનગરમાં જાય છે. જેઓ ગાય માટે, સ્ત્રીમાટે અથવા બ્રાહ્મણ માટે પોતાનો પ્રાણત્યાગ કરે છે, તેઓ સૂર્યસમાન તેજસ્વી દેવકન્યાઓથી સેવાતા સેવાતા યમલોકમાં જાય છે. જે મારા ભક્તો ઇંદ્રિયોને જીતીને સર્વ સ્થળે તીર્થયાત્રા કરે છે, તે મહાત્માઓ અત્યંત શાંતિપૂર્વક યમનગરના માર્ગે જાય છે.[૧૧૬] જે શ્રેષ્ઠ બ્રાહ્મણો પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરી (મારૂં) યજન કરે છે,તેઓ હંસ તથા સારસથી જોડેલાં વિમાનોમાં બેસી તે માર્ગે જાય છે.[૧૧૭] જે પુરુષો બીજાઓને દુઃખ ઉપજાવ્યાવિના પોતાના પોષ્યવર્ગનું પોષણ કરે છે, તેઓ સુવર્ણસમાન ઉજ્જ્વળ વિમાનોમાં બેસી સુખેથી યમલોકના માર્ગે જાય છે.[૧૧૮] જે પુરુષો પ્રાણીમાત્ર તરફ સમદૃષ્ટિ રાખે છે, સર્વ જીવોને અભયદાન આપે છે, ક્રોધ તથા લોભથી રહિત હોય છે અને ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે, તે મહાતેજસ્વી પુરુષો પૂર્ણિમાના ચંદ્રસમાન વિમાનોમાં બેસી યમનગરમાં જાય છે અને ત્યાં દેવો તથા ગંધર્વો તેમની સેવા કરે છે.[૧૧૯,૧૨૦] જેઓ મને અથવા દેવ શંકરને નિત્ય એકાંતભાવે પૂજે છે, નમે છે તથા સ્તવે છે, તેઓ સૂર્યસમાન તેજસ્વી વિમાનોમાં બેસી ધર્મરાજાના નગરમાં જાય છે.[૧૨૧] ત્યાં ધર્મરાજા પોતે સુંદર માળાઓ વગેરેથી તેઓની પૂજા કરે છે અને તેઓ ધર્મલોકમાં અથવા રુદ્રલોકમાં પણ જાય છે.

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં "યમનગરનો માર્ગ" એ વિષયનો
અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો

જળદાન તથા અન્નદાનની પ્રશંસા, અતિથિનાં લક્ષણો અને તેની પૂજાનું ફળ

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा यमपुराध्वानं जीवानां गमनं तथा ।
धर्मपुत्रः प्रहृष्टात्मा केशवं पुनरब्रवीत् ॥१॥

વૈશંપાયને કહ્યું:–યમપુરના માર્ગનું તથા જીવોની તે માર્ગે થતી ગતિનું શ્રવણ કરી ધર્મપુત્ર યુધિષ્ઠિરનું મન પ્રસન્ન થયું. તેમણે ફરી શ્રીકૃષ્ણને પૂછયું:[૧]–" હે દેવોના દેવેશ! હે દૈત્યોના હંતા! સર્વ ઋષિઓ તમારી સ્તુતિ કરે છે. હે ભગવન્! તમે સંસારનો નાશ કરનારા છો, શ્રીમાન છો, હજાર સૂર્યસમાન તેજસ્વી છો, સર્વ જગતના ઉત્પાદક છો, ધર્મવેત્તા છો અને સર્વ ધર્મોના પ્રવર્તક છો; માટે હે સૌમ્ય અચ્યુત! સર્વ પ્રકારનાં દાનોનું ફળ તમે મને કહો.[૨,૩] હે કૃષ્ણ! દાન કેવી રીતે દેવું જોઈએ? કેવા બ્રાહ્મણને દેવું જોઈએ? કેવું તપ કરીને દેવું જોઇએ? અને તેનું ફળ કયાં ભોગવાય છે?"[૪]

બુદ્ધિમાન યુધિષ્ઠિરે આ પ્રમાણે પૂછયું, એટલે શ્રીકૃષ્ણ મોટા ફળવાળા પવિત્ર ધર્મો તેમને કહેવા લાગ્યા:–"હે સૌમ્ય રાજા! પાપનો નાશ કરનારાં સર્વ દાનનાં ઉત્તમ ફળ તમે સાવધાન થઇને સાંભળો. તે પવિત્ર છે અને પાપકર્મ કરનારાઓને તે સંભળાવવા યોગ્ય નથી. સ્ત્રી અથવા પુરુષ એકાગ્રચિત્તે તેનું શ્રવણ કરે છે, તો તત્કાળ તેઓનાં પાપ નાશ પામે છે અથવા પાપકર્મમાં પ્રીતિ રાખનારો મનુષ્ય પણ તેનું શ્રવણ કરી તત્ક્ષણ પવિત્ર થાય છે. હે કુંતાપુત્ર! જે સ્થળે જળપાન કરીને ગાય તૃપ્ત થાય, તેટલું એક દિવસમાટે પણ (એક દિવસ-

જ પહોંચી શકે તેટલું પણ) પૃથ્વીમાં વીરડો ગાળીને(ખાડો ખોદીને) જળ ઉત્પન્ન કરવામાં આવે, તો તે પોતાના સાત પૂર્વજોને તારે છે. હે પાંડવ ! લોકમાં જળ સર્વ કરતાં શ્રેષ્ઠ છે; કેમકે તેને પ્રાણીઓનું જીવન કહ્યું છે. જળદાન કરવાથી પ્રાણીમાત્રને તૃપ્તિ થાય છે. જળના ગુણો દિવ્ય છે અને તે પરલોકમાં ફળ આપનારા છે.[૯] હે રાજેન્દ્ર ! જેઓ જળનું દાન કરે છે, તેઓને યમલોકમાં રહેલી પરમ પવિત્ર પુષ્પોદકી નામની નદી સર્વ કામનાઓ પૂરી પાડે છે.[૧૦] એ નદીમાં શીતળ તથા અમૃત જેવું અખૂટ જળ ભરેલું છે અને તે જળદાન કરનારા મનુષ્યોને નિત્ય સુખ આપે છે.[૧૧] જેઓ જળનું દાન કરતા નથી, તેઓમાટે પરલોકમાં પરૂ તૈયાર રાખવામાં આવે છે.[૧૨] હે યુધિષ્ઠિર! જળપાનથી ક્ષુધા નાશ પામે છે, પણ અન્નભક્ષણથી તરસ્યા મનુષ્યની તૃષા કદી નાશ પામતી નથી; માટે સમજુ મનુષ્યે તરસ્યાઓને નિત્ય જળ આપવું.[૧૩] વિદ્વાનો કહે છે કે, જળ અગ્નિની મૂર્તિ છે,પૃથ્વીનું ઉત્પત્તિકારણ છે અને અમૃતને ઉત્પન્ન કરનાર છે; માટે જળજ સર્વ ભૂતોનું મૂળ કહેવાય છે.[૧૪]જળવડે સર્વ પ્રાણીઓ જીવે છે અને ઉત્પન્ન થાય છે; માટે સર્વ દાનોમાં જળનું દાન ઉત્તમ છે.[૧૫] સર્વ દાન, તપતથા યજ્ઞોથી જે ઉત્તમ ફળ પ્રાપ્ત કરી શકાય છે, તે સર્વ ફળ જળદાનથી મળી શકે છે, એમાં સંશય નથી.[૧૬]

હે ભરતશ્રેષ્ડ! જેઓ બ્રાહ્મણોને સારી રીતે રાંધીને તૈયાર કરેલા અન્નનું દાન કરે છે, તેઓએ ખરેખર પ્રાણનુંજ દાન કરેલું ગણાય છે;[૧૭] કેમકે અન્નથી રુધિર અને વીર્ય ઉત્પન્ન થાય છે, અન્નને આધારે જીવ ટકી રહે છે અને અન્નવડેજ બુદ્ધિ તથા ઇંદ્રિયો નિત્ય પોષાય છે. હે પાંડવ ! અન્નવિના સર્વ પ્રાણીઓ પીડાય છે.[૧૮] તેજ, બળ, રૂપ, સત્વ, વીર્ય, ધૃતિ, કાંતિ, જ્ઞાન, બુદ્ધિ તથા આયુષ્ય, આ સર્વ અન્નને આધારેજ સ્થિતિ કરી રહેલ છે.[૧૯] દેવ, મનુષ્ય તથા પશુપક્ષી–એમ સર્વ લોકોમાં સર્વદા અને સર્વકાળ સર્વનું સર્વ કંઇ અન્નમાંજ રહેલું છે.[૨૦] અન્ન પ્રજાપતિનું રૂપ છે, અન્ન ઉત્પત્તિનું કારણ છે, અન્ન સર્વ ભૂતમય છે અને જીવને પણ અન્નમયજ કહેવામાં આવે છે.[૨૧]અન્નને આધારે પ્રાણ, અપાન, વ્યાન, સમાન તથા ઉદાન દેહધારીને (જીવતો) ધારણ કરી રાખે છે.[૨૨] સૂવું, ઉઠવું, જવું,લેવું અને ખેંચવું વગેરે જે કંઇ ક્રિયા પ્રાણીમાત્ર કરી રહ્યાં છે, તે સર્વ અન્નને આધારેજ કરાય છે.[૨૩] હે રાજેન્દ્ર ! ચાર પ્રકારનાં પ્રાણી, જેઓ સ્થાવર–જંગમરૂપ છે, તેઓ અન્નથી ઉત્પન્ન થાય છે; એટલુંજ નહિ પણ પ્રજાપતિની આ સૃષ્ટિ કેવળ અન્નથીજ ઉત્પન્ન થયા કરે છે.[૨૪] સર્વ વિદ્યાનાં સ્થાનકો તથા પવિત્ર કરનારા સર્વ યજ્ઞો અન્નથીજ પ્રવૃત્ત થાય છે, માટે અન્નનેજ સર્વ કરતાં શ્રેષ્ઠ કહ્યું છે.[૨૫] રુદ્રાદિ સર્વ દેવો, પિતૃઓ તથા અગ્નિઓ અન્નથીજ પ્રસન્ન થાય છે, માટે અન્નજ સર્વોત્તમ છે.[૨૬] પ્રભુ–પ્રજાપતિએ પ્રત્યેક સૃષ્ટિમાં અન્નથીજ સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરેલી છે, માટે અન્ન કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇપણ દાન થયું નથી અને થશે પણ નહિ.હે પાંડવ ! ધર્મ, અર્થ અને કામ અન્નથીજ પ્રવૃત્ત થાય છે,માટે અન્નદાન કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઈપણ દાન આ લોકમાં કે પરલોકમાં નથી.[૨૮] યક્ષો, રાક્ષસો, ગ્રહો, નાગો, ભૂતો અને બીજા દાનવો અન્નથી પ્રસન્ન થાય છે, માટે અન્ન શ્રેષ્ઠ છે. હે ભરતવંશી મહાપુરુષ ! પારકું અન્ન ખાનારો પુરુષ જે કંઇ શુભ કર્મ કરે છે, તેનો એકજ ભાગ તેને પોતાને પ્રાપ્ત થાય છે અને ત્રણ ભાગો તો અન્નદાન કરનારા પુરુષનેજ મળે છે, માટે બ્રાહ્મણોને અન્નનું દાન ખાસ કરીને આપવું.[૩૦,૩૧] હે રાજા ! જે મનુષ્ય પાકભેદનો ત્યાગ કરી એક વર્ષપર્યંત શ્રોત્રિય દરિદ્ર બ્રાહ્મણને અન્નનું દાન કરે છે, દંભ તથા અસત્યનો ત્યાગ કરે છે અને પરમ ભક્તિ કરે છે, તે મનુષ્યને સ્વધર્મથી સંપાદન કરેલા ફળવાળું જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે, તેને તમે સાંભળો.[૩૨,૩૩] તે મનુષ્ય એક લાખ વર્ષપર્યંત દેવલોકમાં રહીને ઇચ્છાનુસાર વિહાર

કરી, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરી અપ્સરાઓથી પૂજાતો આનંદ કરેછે.પછી કાળે કરી ત્યાંથી ચ્યુત થઇને મનુષ્યલોકમાં તે બ્રાહ્મણ થાય છે. જે મનુષ્ય છ માસપર્યંત અથવા વાર્ષિક શ્રાદ્ધપર્યંત દરિદ્ર બ્રાહ્મણને અગ્રભિક્ષા (પોતાના ભોજન કર્યા પહેલાં ભિક્ષા) આપે છે, તેને થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૩૫] તે મનુષ્ય એક હજાર ગાયોનું દાન આપવાથી જે પુણ્યફળ મળે છે તે પુણ્યફળને પામે છે, એમાં સંશય નથી.[૩૬] જે મનુષ્ય એક વર્ષપર્યંત પોતે ઢાંકીને લઇ જઇ, યાચના નહિ કરનારા બ્રાહ્મણને અગ્રભિક્ષા આપે છે, તેને થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૩૭] હજારો કપિલા ગાયોનું દાન કરવાથી જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે તે સર્વને તે પામે છે અને ઇંદ્રના લોકમાં તે પૂજાય છે.[૩૮] હે રાજા ! તે મનુષ્ય મહાતેજસ્વી થઇને એક કરોડ વર્ષસુધી ઇંદ્રના સુંદર ભવનમાં અપ્સરાના સમુદાયો સાથે યથેષ્ટ ક્રીડા કરે છે.[૩૯] હે રાજેંદ્ર ! જે મનુષ્ય નિયમિત વ્રત લઇને દશ વર્ષપર્યંત બ્રાહ્મણને અન્નદાન કરેછે,તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૪૦] તે મનુષ્ય એક લાખ કપિલા ગાયોનું વિધિપૂર્વક દાન કરવાથી પ્રાપ્ત થનારા પુણ્યફળને સંપાદન કરી ઇંદ્રના નગરમાં જાય છે અને ત્યાં હે રાજન્ ! એક અબજ વર્ષસુધી ઇંદ્રના સુંદરભવનમાં ઇચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરી દેવોથી પૂજાઇને સુખેથી ક્રીડા કરે છે.[૪૨] પછી ઇંદ્રલોકમાંથી આ લોકમાં અવતરીને ચાર વેદને ધારણ કરનારો અને મહાતેજસ્વી શ્રીમાન બ્રાહ્મણ થઇને રાજ્યમાં માનીતો થાય છે.[૪૩] હે પાંડુપુત્ર ! માર્ગમાં મુસાફરી કરીને થાકેલા, ક્ષુધાતુર, અન્નની ઇચ્છા રાખનારા અને યોગ્ય દેશકાળે આવી ચઢેલા બ્રાહ્મણને અન્ન આપવું જોઇએ.[૪૪] જે લોભી મનુષ્ય ધનની આવક હોવા છતાં યાચના કરતા (ક્ષુધાતુર) મનુષ્યને અન્ન આપતો નથી, તે કીડાઓથી વ્યાપ્ત એવા કાલસૂત્ર નામના નરકમાં જાય છે;[૪૫] અને એ ભયંકર નરકમાં લોભમોહથી બેભાન થયેલો તે મનુષ્ય દશ હજાર વર્ષોસુધી વેદનાથી વ્યાકુળ થઇને કલેશ પામે છે.[૪૬] પછી ઘણો લાંબો સમય વીત્યાપછી એ નરકમાંથી મુક્ત થઇને આ મનુષ્યલોકમાં ચાંડાલોના કુળમાં દરિદ્ર થઇને જન્મે છે.[૪૭]

જે અતિથિ ધૂળથી ખરડાયેલા પગવાળો હોઇને ઘણે દૂરથી આવ્યો હોય, પરિશ્રમથી કૃશ થયો હોય, ક્ષુધા, તૃષા અને થાકથી શ્રમિત થયો હોય, વ્યાકુળ થયો હોય, બ્રાહ્મણજાતિનો હોય અને અન્નદાતા પુરુષને પૂછતો પૂછતો ઘેર આવી યાચના કરતો હોય,તેવા અતિથિનું પ્રયત્નપૂર્વક પૂજન કરવું; કેમકે તે સ્વર્ગમાં લઇ જનારો થઇ પડે છે. હે પુરુષશ્રેષ્ઠ ! તે અતિાથ જો પ્રસન્ન થાય છે, તો સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે.[૪૮,૪૯] હે પાર્થ ! અતિથિનું પૂજન કરવાથી અગ્નિઓ જે પ્રમાણે પ્રસન્ન થાય છે, તે પ્રમાણે હવિષ પદાર્થનો હોમ કરવાથી, પુષ્પો ચઢાવવાથી કે ચંદનાદિથી પણ પ્રસન્ન થતા નથી. બ્રાહ્મણને ભોજન આપવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ જયેષ્ઠ પુષ્કર નામના પુણ્યક્ષેત્રમાં વિધિપૂર્વક કપિલા ગાયનું દાન કરવાથી પ્રાપ્ત થતું નથી.[૫૧] બ્રાહ્મણના ચરણોદકથી પૃથ્વી જ્યાંસુધી ભીની રહે છે ત્યાંસુધી પિતૃઓ કમળનાં પાંદડાં (ઓના સંપુટ)થી જળપાન કરે છે.[૫૨] હે પાંડવશ્રેષ્ઠ ! દેવોના ઉપરથી નિર્માલ્ય પુષ્પોને દૂર કરવાં, બ્રાહ્મણોનાં ઉચ્છિષ્ટ સાફ કરવાં, થાકેલા(અતિથિ)ના પગ ચાંપવા, અતિથિના પગ ધોવા, અતિથિને આશ્રય આપવો અને શય્યા તથા આસન આપવાં, આ સર્વ ગાયના દાન કરતાં પણ અધિક ફળ આપનાર છે.[૫૩,૫૪] જે મનુષ્યો બ્રાહ્મણોને પગ ધોવાનું જળ આપેછે,તેઓના પગના તળીઆપર ઘી ઘસે છે,તેઓને દીપક આપે છે, અન્ન આપે છે તથા આશ્રય આપે છે, તેઓ યમની પાસે જતા નથી.[૫૫] હે શત્રુદમન રાજા ! બ્રાહ્મણનો અતિથિસત્કાર કરવાથી અને ભક્તિપૂર્વક તેની સેવા કરવાથી તેત્રીસે દેવોની સેવા કરેલી ગણાય છે.[૫૬] પુરાણશાસ્ત્ર કહે છે કે, જે પ્રથમથી ઓળખાણવાળો હોય તેને અભ્યાગત કહેવામાં આવે છે અને જે તદ્દન અજાણ્યો

હોય તે અતિથિ કહેવાય છે. એ બન્નેની બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યે પૂજા કરવી જોઇએ.[૫૭] હે રાજેંદ્ર ! જે પુરુષ અતિથિના પગ ધોઇને, તેને શરીરે મર્દન કરીને તથા તેને ખાનપાન આપીને પૂજે છે,તેણે મારીજ પૂજા કરેલી ગણાય છે,એમાં સંશય નથી. તે મનુષ્ય સત્વર પાપથી મુક્ત થાય છે, હું તેનાપર કૃપા કરૂં છું અને (તેને લીધે) તે ચંદ્રસમાન વિમાનમાં બેસીને તે મારા લોકમાં જાય છે.[૫૯] દ્વિજજાતિનો અભ્યાગત જ્યારે ઘેર આવે છે, ત્યારે તેની પાછળ સર્વ દેવો, પિતૃઓ તથા અગ્નિઓ પણ આવે છે;માટે તેની પૂજા કરવાથી તેઓ સર્વની પૂજા થાયછે,પણ તેને નિરાશ કરીને કાઢીમૂકવાથીપિતૃઓ વગેરે સર્વે નિરાશ થાય છે. જે મનુષ્યને ઘેરથી અતિથિ નિરાશ થઇને પાછો જાય છે,તેના પિતૃઓ પંદર વર્ષપર્યંત ભોજન કરતા નથી.[૬૧] વળી તે લોભી મનુષ્ય પિતૃઓ તથા અગ્નિઓથી બહિષ્કૃત થઇને પંદર વર્ષસુધી રૌરવનરકમાં પડયો રહે છે અને કાળ પૂરો થયે ત્યાંથી ચ્યુત થઇને પણ આ લોકમાં એઠું-જૂઠું ખાનારો બને છે.[૬૨] જે મનુષ્ય વૈશ્વદેવના સમયેજ પોતાને ત્યાં આવી ચઢેલા અતિથિનું પૂજન કરતો નથી, તે તત્કાળ ચાંડાલપણાને પામે છે, એમાં સંશય નથી.જે મનુષ્ય (યોગ્ય) દેશ તથા કાળમાં પોતાને ત્યાં આવેલા અતિથિને ઘરમાંથી કાઢી મૂકે છે, તે તુરતજ પતિત થાય છે, એમાં સંશય નથી.[૬૪] વળી તે નરાધમ(મરણ પછી)એક કરોડ વર્ષસુધી ભયંકર એવા રૌરવ(નામના)નરકમાં રંધાય છે અને સમયપૂર્ણ થતાં ત્યાંથી ચ્યુત થઇને પણ આ લોકમાં બાર જન્મોસુધી કૂતરો થઇને અવતરે છે તથા ભૂખ અને તરસ વેઠે છે. ચાંડાલજાતિનો અતિથિ પણ અન્નનીઇચ્છાથી દેશકાળે જો આવી ચઢે તો ગૃહસ્થે તેનો સત્કાર કરવા માટે તેની સામે જવું જોઇએ અને તેની પૂજા કરવી જોઇએ; છતાં હે પાંડવ ! લોભ તથા મોહથી વિવેકભ્રષ્ટ થયેલો જે ગૃહસ્થ તે અતિથિનું પૂજન કર્યાવિના પોતે (એકલોજ) ભોજન કરે છે, તે દશ જન્મોસુધી ચાંડાલ થાય છે.[૬૭] જે પુરુષ અતિથિને નિરાશ કરીને પોતે એકલો હરખાતો હરખાતો ભોજન કરે છે, તે નથી જાણતો કે મેં મારા આત્માને વિષ્ઠાના કૂવામાં ફેંકી દીધો છે. જે મનુષ્ય અતિથિની પૂજા કરતો નથી, તે ખરેખર વૃથા વસ્ત્રાલંકાર પહેરે છે, વૃથા રાંધે છે અને નિત્ય વૃથા ભોજન કરે છે.[૬૮,૬૯] જે દ્વિજ જાતિનો પુરુષ નિત્ય સાંગોપાંગ વેદોનું પઠન કરતો હોય પણ જો અતિથિનું પૂજન ન કરે, તો ખરેખર તેનો જન્મ વૃથાજ છે;[૭૦] તેમજ જેઓ પાકયજ્ઞ,પંચમહાયજ્ઞ તથા સોમયાગ કરીને (દેવતાઓનું) યજન કરે છે, પરંતુ ઘેર આવેલા અતિથિની પૂજા કરતા નથી, તેઓનાં એ યજ્ઞ તથા દાન કેવળ વૃથાજ છે; કેમકે તેઓ યશની ઇચ્છા રાખનારા હોય છે અને અતિથિની આશાસાથેજ તેઓનું એ સર્વ કર્મ નષ્ટ થઈ જાય છે;[૭૧,૭૨] માટે પોતાનું હિત ઇચ્છનારા પુરુષે દેશ, કાળ, પાત્ર તથા પોતાની શક્તિનો વિચાર કરી થોડો, ઘણો કે સામાન્ય પણ અતિથિસત્કાર કરવો જોઇએ.[૭૩] બુદ્ધિમાન પુરુષે મનને તથા મુખને પ્રસન્ન કરીને ઘેર આવેલા અતિથિને સ્વાગતવચન કહેવું જોઈએ; તેમજ તેની આસન, જળ તથા અન્ન વગેરેથી પૂજા કરવી જોઇએ.[૭૪] વૈશ્વદેવ કર્મને અંતે હરકોઇ અતિથિ આવી ચઢે, પછી ભલે તે હિતૈષી હોય, મિત્ર હોય, શત્રુ હોય, મૂર્ખ હોય કે પંડિત હોય તોપણ તે સ્વર્ગમાં લઇ જનારો થાય છે.[૭૫]

યજ્ઞનું ફળ ઇચ્છનારા મનુષ્યે ક્ષુધા,તૃષા તથા પરિશ્રમથી વ્યાકુળ થયેલા અને યોગ્ય દેશકાળે આવી ચઢેલા અતિથિને સત્કારપૂર્વક અન્નનું દાન કરવું;તેમજ દેવકર્મ તથા પિતૃકર્મમાં પોતાના કરતાં શ્રેષ્ઠ પુરુષોને વિધિ પ્રમાણે જમાડવા, કેમકે અન્ન મનુષ્યોના પ્રાણ છે અને અન્નદાન કરનારો મનુષ્ય પ્રાણદાન કરનારો ગણાય છે; તેથી પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે અન્નનું અવશ્ય દાન કરવું.[૭૬,૭૭] અન્નનું દાન કરનારો પુરુષ સર્વ કામનાઓથી અત્યંત તૃપ્ત થાય છે અને (મરણને અંતે) સારી રીતે સુશોભિત થઇ પૂર્ણ ચંદ્રસમાન પ્રકાશવાળા

વિમાનમાં બેસીને દેવલોકમાં વિરાજે છે.[૭૮] તે પછી સુંદર સ્ત્રીઓથી સેવાતો તે મનુષ્ય મારા લોકમાં જાય છે અને ત્યાં દેવની પેઠે એક કરોડ વર્ષસુધી ક્રીડા કરી તે કાળ પૂરો થયે ત્યાંથી ચ્યુત થાય છે તથા આ લોકમાં મહાયશસ્વી, શાસ્ત્રાર્થના તત્ત્વને જાણનાર અને ભોગસંપન્ન એવો બ્રાહ્મણ બને છે.[૭૯,૮૦] જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક અતિથિનો સત્કાર કરે છે, તે મનુષ્યોમાં મહાધનવાન, શ્રીમાન, વેદવેદાંગમાં પારંગત,સર્વ શાસ્ત્રાર્થના તત્ત્વને જાણનારો તથા ભોગસંપન્ન એવો બ્રાહ્મણ થાય છે.[૮૧] જે મનુષ્ય ધર્મપૂર્વક ધન સંપાદન કરીને તથા પાકભેદ(ભાણાઅંતર)નો ત્યાગ કરીને એક વર્ષપર્યંત સર્વનો અતિથિસત્કાર કરે છે, તે પાપોથી મુક્ત થાય છે.[૮૨] હવે જે મનુષ્ય દેવોની પેઠે બ્રાહ્મણોનું પૂજન કરીને પિતૃઓનું પણ પૂજન કરે છે;તેમજ પોતાના જમ્યા પહેલાં બ્રાહ્મણોને જમાડે છે,તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૮૩] હે રાજેંદ્ર ! એક વર્ષસુધી બ્રાહ્મણો તેને ત્યાં જેટલા ગ્રાસનું ભોજન કરે છે તેટલાં વર્ષોપર્યંત મારા લોકમાં તે પૂજાય છે.[૮૪] પછી સમય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને આ લોકમાં મહાયશસ્વી, વેદશાસ્ત્રના અર્થતત્ત્વને જાણનાર તથા ભોગસંપન્ન એવો તે બ્રાહ્મણ બને છે.[૮૫] જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક સર્વનો અતિથિસત્કાર કરે છે, કાળના નિયમ તરફ લક્ષ્ય આપ્યાવિના હમેશાં સત્ય બોલે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, પ્રતિજ્ઞાને સત્ય કરે છે, ક્રોધનો જય કરે છે, શાખાધર્મથી રહિત હોય છે, અધર્મથી ડરે છે, ધર્મિષ્ઠ હોય છે, કપટ તથા દ્વેષનો ત્યાગ કરે છે, શ્રદ્ધાળુ હોય છે અને પાકભેદનો ત્યાગ કરે છે, તે મહાયશસ્વી મનુષ્ય દિવ્ય વિમાનમાં બેસી દિવ્ય સ્વરૂપ ધારણ કરીને ઇંદ્રના નગરમાં જાય છે. ત્યાં અપ્સરાઓ તેની સ્તુતિ કરે છે, દેવો તેની પૂજા કરે છે અને એક મન્વંતરસુધી તે ક્રીડા કરે છે. પછી (પુણ્યક્ષય થાય છે ત્યારે) આ મનુષ્યલોકમાં આવી ભોગસંપન્ન બ્રાહ્મણ થાય છે અને એ પ્રમાણે દશ જન્મોપર્યંત બ્રાહ્મણપણું પ્રાપ્ત કરી રાજાઓમાં માન્ય થાય છે; એટલુંજ નહિ પણ તેનો જ્યાંજ્યાં જન્મ થાય ત્યાં ત્યાં તેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ રહે છે.”

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
‘જળદાન તથા અન્નદાનની પ્રશંસા અને
અતિથિનાં લક્ષણો તથા તેની પૂજાનું ફળ’
એ વિષયનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

પૃથ્વી, ગાય, તલ તથા કન્યાદાનનું ફળ

॥ भगवानुवाच ॥

अतःपरं प्रवक्ष्यामि भूमिदानमनुत्तमम् ।
यः प्रयच्छति विप्राय भूमिं रम्यां सदक्षिणाम्॥

ભગવાને કહ્યું:–હે પાંડવ ! હવે સર્વોત્તમ એવા ભૂમિદાનવિષે હું તમને કહું છું. જે મનુષ્ય અગ્નિહોત્રી અને શ્રોત્રિય એવા દરિદ્ર બ્રાહ્મણને દક્ષિણાસાથે સુંદર પૃથ્વીનું દાન કરે છે, તે સર્વ કામનાઓથી તૃપ્ત થાય છે, સર્વ રત્નોથી શોભાયમાન થાય છે, સર્વ પાપોથી મુક્ત થાય છે, નિત્ય સૂર્યસમાન તેજસ્વી થાય છે અને (મરણ પછી) બાળસૂર્યસમાન પ્રકાશવાળા તથા વિચિત્ર ધ્વજાઓથી શોભી રહેલા દિવ્ય વિમાનમાં બેસીને મારા લોકમાં જાય છે. ત્યાં એ મહાયશસ્વી પુરુષ દિવ્ય અંગનાઓથી સુખ થાય તેમ સેવાય છે, ઇચ્છાનુસાર વિહાર કરે છે, ઇચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરે છે અને અપ્સરાઓના ગણો સાથે ક્રીડા કરે છે.[૧-૫] હે કુરુકુળધુરંધર રાજા ! આ પૃથ્વી જ્યાંસુધી લોકોને ધારણ કરે છે, ત્યાંસુધી ભૂમિનું દાન કરનારો એ મનુષ્ય મારા લોકમાં પૂજાય છે.[૬] પૃથ્વીના દાનથી ઉત્તમ એવું બીજું કોઇ દાન નથી અને પૃથ્વીના હરણથી અધિક એવું બીજું કોઇ પાપ નથી.[૭] હે કુરુશ્રેષ્ઠ ! બીજાં દાનો કાળે કરીને ક્ષીણ થાય છે, પણ ભૂમિદાનના પુણ્યનો ક્ષય કદી થતો નથી.[૮] જે પુરુષ દરિદ્ર બ્રાહ્મણને આપેલી ભૂમિનો નાશ કરતો નથી (એટલે તેની પાસેથી પાછી લઇ લેતો નથી), તેને હે નરવ્યાઘ્ર ! જે

પુણ્યફળ પ્રાપ્ત થાય છે, તે તમે સાંભળો. તેણે સાત દ્વીપ તથા સમુદ્રસુધીની, રત્નોના સમૂહથી વ્યાપ્ત અને પર્વતો, વનો તથા દુર્ગમ પ્રદેશોથી યુક્ત આખી પૃથ્વીનું દાન કર્યું ગણાય છે.[૧૦] શ્રોત્રિય અગ્નિહોત્રી બ્રાહ્મણને ભૂમિનું દાન અપાતું જોઇ પ્રાણીમાત્ર હર્ષમાં આવી જઇને માને છે કે, અમારૂં દાન કરે છે.[૧૧] હે રાજન્! પૃથ્વીનું દાન આપનારો મનુષ્ય સુવર્ણ, મણિ, રત્ન, ધન અને વસુ (સર્વ ધાતુઓ) એમ સર્વનાં દાન આપે છે.[૧૨] પૃથ્વીનું દાન આપનારો મનુષ્ય સમુદ્રો, નદીઓ, પર્વતો, સપાટ પ્રદેશો, ખાડાટેકરાવાળા પ્રદેશો, સર્વ ગંધો તથા રસોનું પણ દાન કરે છે.[૧૩] પૃથ્વીનું દાન કરનારો મનુષ્ય ફળથી યુક્ત અને જાત જાતનાં પુષ્પોથી યુક્ત એવી ઔષધિઓનું તથા કમળનાં અને ઉત્પલોનાં વનોનું દાન કરે છે.[૧૪]પૃથ્વીનું દાન કરનારો મનુષ્ય ધર્મ, અર્થ, કામ, વેદ, યજ્ઞો તથા સ્વર્ગના માર્ગની ગતિનું દાન કરે છે.[૧૫] પૃથ્વીનું દાન કરનારા મનુષ્યને જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ દક્ષિણાવાળા અગ્નિહોત્ર વગેરે યજ્ઞો કરનારાઓને મળતું નથી. હે પાંડવ! જે પુરુષ શ્રોત્રિયબ્રાહ્મણને પૃથ્વીનું દાન કરી તેની પાસેથી પાછી લેતો નથી, તેના એ દાનને પૃથ્વીપર જ્યાંસુધી લોકો રહેશે ત્યાંસુધી વર્ણન કર્યા કરશે અને હે પાંડુનંદન! ત્યાંસુધી તે પુરુષ સ્વર્ગના ઉપભોગોને ભોગવશે.[૧૭] જે પુરુષ શ્રોત્રિય બ્રાહ્મણને ધાન્યપૂર્ણ એવી પૃથ્વીનું દાન કરે છે, તેના પિતૃઓ પ્રાણીમાત્રના પ્રલયસુધી તૃપ્ત રહે છે.[૧૮] હે રાજેંદ્ર! બ્રાહ્મણને પૃથ્વીનું દાન કરવાથી હું, ઇંદ્ર, સૂર્ય તથા સર્વ દેવો પ્રસન્ન થાય છે, એમ તમારે જાણવું.[૧૯] હે યુધિષ્ઠિર! ભૂમિનું દાન કરનારો પુરુષ તેના એ પુણ્યથી પવિત્ર થઇને મારા સાલોક્યને (મારી સાથે એકીભાવને) પામે છે, એમાં કંઇ વિચાર કરવો નહિ.[૨૦] આજીવિકાના અભાવથી કૃશ થયેલો પુરુષ જે કંઇ પાપકર્મ કરે છે, તે માત્ર ગોકર્ણ* જેટલી પૃથ્વીનું દાન કરી શુદ્ધ થાય છે.[૨૧] એક મહીનાના ઉપવાસ કરવાથી તથા કૃચ્છ્રચાંદ્રાયણ વ્રત કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે માત્ર ગોકર્ણ જેટલી પૃથ્વીનું દાન કરવાથી પ્રાપ્ત થઇ શકે છે;[૨૨]તેમજ સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે,તે માત્ર ગોકર્ણ જેટલી પૃથ્વીનું દાન કરવાથી પ્રાપ્ત થઈ શકે છે."[૨૩]

યુધિષ્ઠિરે પૂછયું:–"હે દેવના દેવ! હું તમને નમસ્કાર કરૂં છું.હે દેવેશ્વર! હે વાસુદેવ! ગોકર્ણનું પ્રમાણ યથાર્થરીતે કહેવાને તમે યોગ્ય છો."[૨૪]

ભગવાને કહ્યું:–"હે પાંડુનંદન! ગોકર્ણનું પ્રમાણ તમે સાંભળો. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર, એમ સર્વ દિશાએ ત્રીસ દંડના પ્રમાણનું જે ભૂક્ષેત્ર તેને વિદ્વાનો ગોકર્ણ કહે છે. અથવા હે કુરુશ્રેષ્ઠ! બળદો અને વાછરડાઓની સાથે સો ગાયો જ્યાં છૂટથી સુખે બેસી શકે તેટલા પ્રમાણના ભૂક્ષેત્રને ગોકર્ણ કહે છે.[૨૭] પૃથ્વીનું દાન કરનારા મનુષ્યને યમદૂતો, મૃત્યુદંડ, દારુણ એવાં કુંભીપાક નરકો તથા ભયંકર વરુણના પાશો પ્રાપ્ત થતા નથી.[૨૮] પૃથ્વીનું દાન કરનારા મનુષ્યને રૌરવ વગેરે નરકો, વૈતરણી નદી તથા તીવ્ર એવી કષ્ટદાયક યાતનાઓ ભોગવવી પડતી નથી.[૨૯] પૃથ્વીનું દાન કરનારા મનુષ્યને ચિત્રગુપ્ત, કલિ, કાળ, કૃતાંત, મૃત્યુ તથા સાક્ષાત્ ભગવાન યમ પણ પૂજે છે. હે રાજન્! પૃથ્વીનું દાન કરનારા મનુષ્યને રુદ્ર, પ્રજાપતિ, ઇંદ્ર, દેવતાઓ, ઋષિગણો તથા હું પોતે પ્રસન્ન થઇને પૂજીએ છીએ.[૩૧] હે પુરુષશ્રેષ્ઠ! જેના પોષ્યવર્ગ કૃશ હોય, જેની ગાય કૃશ હોય, જેના ઘોડા કૃશ હોય અને જે અતિથિસત્કાર કરતો હોય તેવા પુરુષને પૃથ્વીનું દાન કરવું; કેમકે તે પરલોકમાં ઉપયોગી થઇ પડે તેવો એક ખજાનો છે.[૩૨] હે રાજા! જેનું કુટુંબ દુ:ખી હોય, જે શ્રોત્રિય હોય, અગ્નિહોત્રી હોય અને વ્રતનિષ્ઠ હોય તેવા દરિદ્ર બ્રાહ્મણને પૃથ્વીનું દાન કરવું.[૩૩] જેમ માતા પોતાના પુત્રને દૂધ પીવડાવી ઉછેરી મોટો કરે છે,

---

* ગોકર્ણનું માપ આ અધ્યાયના ૨૫ મા શ્લોકથી ૨૭મા શ્લોકસુધીમાં કહ્યું છે.ગોકર્ણનો અર્થ ગૌચર એવો પણ થાય છે.

તેમ દાનમાં આપેલી પૃથ્વી પણ દાતા ઉપર કૃપા કરે છે.[૩૪] જેમ ગાય પોતાનું દૂધ આપીને વાછરડાનું પોષણ કરે છે, તેમ પૃથ્વીનું દાન કરનારા પુરુષને પૃથ્વી, સર્વ ગુણસંપન્ન થઇ (સ્વર્ગમાં) ધારણ કરી રાખે છે.[૩૫] હે રાજા! જળથી સિંચાયેલાં બીજ જેમ ઉગી નીકળે છે, તેમ પૃથ્વીનું દાન કરનારા મનુષ્યની સર્વ કામનાઓ પ્રતિદિન સફળ થાય છે.[૩૬] જેમ સૂર્યનું તેજ સર્વ અંધકારને દૂર કરે છે, તેમ પૃથ્વીનું દાન મનુષ્યનાં સર્વ પાપને દૂર કરે છે. હે કુરુશ્રેષ્ઠ! પૃથ્વીનું દાન કરનારો પુરુષ ભૂતકાળનાં તથા ભવિષ્યકાળનાં દશ કુળનો ઉદ્ધાર કરે છે; પણ પારકી પૃથ્વીનું જે હરણ કરે છે, તે ભૂતકાળનાં તથા ભવિષ્યકાળનાં દશ કુળોનો નાશ કરે છે. જે પુરુષ પૃથ્વીના દાનનો સંકલ્પ કરી અથવા આપીને તેને પાછી લઇ લે છે, તેને (પરલોકમાં) વરુણના પાશોથી બાંધીને પરૂ તથા રુધિરમાં નાખવામાં આવે છે.[૩૯] જે પુરુષ પોતે આપેલી અથવા બીજાએ આપેલી પૃથ્વીનું હરણ કરે છે, તેને ભયંકર નરકમાં પડયાવિના છૂટકોજ નથી.[૪૦] બ્રાહ્મણના ક્ષેત્ર(ખેતર)નું હરણ કરવાથી મનુષ્ય પોતાના બાર પૂર્વજોનો વિનાશ કરે છે; ઉપરાંત તે પોતે કીડાની જાતિમાં અવતરે છે અને તેમાંથી કદી મુક્ત થતો નથી.[૪૧] જે મનુષ્ય શ્રેષ્ઠ બ્રાહ્મણને પૃથ્વીનું દાન કરી પુનઃ તે પૃથ્વી ઉપરજ પોતાની આજીવિકા ચલાવે છે, તેને એક લાખ ગાયોનો વધ કરનારા પુરુષ જેટલું પાપફળ પ્રાપ્ત થાય છે.[૪૨] હે પાંડવ! તે પાપાત્મા મનુષ્ય કુંભીપાક નામના નરકમાં ઉંધે મસ્તકે બંધાય છે અને તે નરકમાંથી દેવતાનાં એક હજાર વર્ષે નીકળીને આ લોકમાં સો જન્મપર્યંત કૂતરાની યોનિમાં જન્મે છે. જે મૂઢ મનુષ્ય શ્રેષ્ઠ બ્રાહ્મણોને પૃથ્વીનું દાન કરી પુનઃ તેના ઉપરજ પોતાની આજીવિકા કરે છે, તે દુષ્ટાત્મા એકવીસ નરકોમાં જાય છે અને તેમાંથી નીકળીને આ લોકમાં કૂતરો થાય છે.[૪૪] જે પૃથ્વી હળવડે ખેડેલી હોય, બીજસહિત હોય અને ઉગી નીકળેલી ધાન્યપંક્તિવાળી હોય, તે પૃથ્વીનું દરિદ્ર બ્રાહ્મણને દાન કરવું અથવા જળાશયવાળી પૃથ્વીનું દાન કરવું.[૪૫] હે રાજન્! એ રીતે પ્રસન્ન ચિત્તે પૃથ્વીનું જો દાન કર્યું હોય તો મનુષ્ય મનમાં ચિંતવેલી સર્વ કામનાઓને સંપાદન કરે છે.[૪૬] ઘણા રાજાઓએ પૂર્વકાળમાં પૃથ્વીનાં દાન કર્યાં છે અને વર્તમાનકાળમાં પણ અનેક રાજાઓ પૃથ્વીનાં દાન કરી રહ્યા છે. જે જે કાળે જેની જેની ભૂમિ ગણાય છે, તે તે કાળે તેનું દાન કરનારાને ફળ મળે છે.[૪૭]

હવે હે રાજેન્દ્ર! જે મનુષ્ય શ્રોત્રિય બ્રાહ્મણને અત્યંત રૂપવતી કન્યાનું દાન કરે છે, તે બ્રહ્મદેવ કહેવાય છે; માટે તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૪૮] હે રાજન્! ધુંસરીને વહી શકે તેવા હજારો બળદોનું દાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેટલુંજ પુણ્ય કન્યાનું દાન કરવાથી મળે છે;[૪૯] અથવા એક લાખ ગાયોનું વિધિપૂર્વક દાન કરવાથી જે ફળ મળી શકે છે, તેજ ફળ કન્યાનું દાન કરવાથી મળે છે.[૫૦] હે કુરુશ્રેષ્ઠ! કન્યાના શરીરપર જેટલાં રૂવાં હોય છે, તેટલાં હજાર વર્ષસુધી કન્યાનું દાન કરનારો પુરુષ મારા લોકમાં પૂજાય છે;[૫૧] અને સમય પૂર્ણ થતાં મારા લોકમાંથી પડીને પણ તે પુરુષ આ મનુષ્યલોકમાં છ અંગવાળા ચારે વેદોને જાણનારો તથા સર્વ લોકમાં પૂજ્ય એવો બ્રાહ્મણ થાય છે;[૫૨] તેમજ હે પાંડવ! જે પુરુષ શ્રોત્રિય, સદાચારી તથા અનેક બાળબચ્ચાંવાળા દરિદ્ર બ્રાહ્મણને સુવર્ણનું દાન કરે છે, તે પણ સર્વ પાપોથી મુક્ત થાય છે, તેની કાંતિ બાળસૂર્યસમાન તેજસ્વી થાય છે અને દિવ્ય વિમાનમાં બેસી ઇચ્છાનુસાર વિહાર કરનારો, સર્વ ભોગવૈભવ ભોગવનારો તથા મહાતેજસ્વી થઇ એક કરોડ વર્ષસુધી મારા લોકમાં પૂજાય છે.[૫૩,૫૪] તે પછી કાળે કરીને પુણ્યનો ક્ષય થતાં તે આ લોકમાં વેદવેદાંગને જાણનારા તથા કોટી ધનના અધિપતિ બ્રાહ્મણતરીકે અવતરે છે.[૫૫] જે મનુષ્ય, જેની આજીવિકા કૃશ હોય અને જેની ગાય કૃશ હોય તેવા દરિદ્ર બ્રાહ્મણને રૂપાનું દાન કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે; અને (મૃત્યુને અંતે)

પૂર્ણ ચંદ્રસમાન શોભતા સુંદર વિમાનમાં બેસી, ઇચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરી, પોતાની ઇચ્છામાં આવે તેમ સ્વર્ગલોકમાં પૂજાય છે.[૫૬,૫૭] પછી પુણ્યકાળ પૂર્ણ થયે ત્યાંથી ચ્યુત થઇને આ લોકમાં મોટા યશવાળો, સર્વ લોકમાં પૂજાયલો અને મહાપરાક્રમી શ્રીમાન રાજા થાય છે.[૫૮]

જે મનુષ્ય ખાસ કરીને શ્રોત્રિય અને દરિદ્ર એવા બ્રાહ્મણને તલનું દાન કરે છે, તેને પ્રાપ્ત થનારૂં ફળ તમે સાંભળો.[૫૯] હે પાંડુનંદન! દશ હજાર બળદોનું દાન કરવાનું જે પુણ્ય કહેવામાં આવ્યું છે, તેજ પુણ્ય તલના પર્વત(ઢગ)નું દાન કરનારાને મળે છે અને (તે દાન કરીને) તત્કાળ મનુષ્ય પાપથી મુક્ત થાય છે. જેમ કાંચળીનો ત્યાગ કરી સર્પ શુદ્ધ શરીરવાળો થાય છે, તેમ તલનું દાન કરવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઇ શુદ્ધ થાય છે.[૬૧] તલના ઢગલાને સુવર્ણથી સુશોભિત કરી (તલના ઢગ ઉપર સુવર્ણ મૂકીને) તેનું દાન કરનારો મનુષ્ય દિવ્ય વિમાનમાં બેસી પિતૃલોકમાં પૂજાય છે.[૬૨] ત્યાં એ પુરુષ સાઠહજાર વર્ષસુધી ઇચ્છાનુસાર રૂપો ધારણ કરી, મહાયશસ્વી થઇને સુખેથી રમણ કરે છે–આનંદ ભોગવે છે. હે રાજા! જે મનુષ્ય શ્રોત્રિય અને દરિદ્ર એવા બ્રાહ્મણને તિલધેનુનું દાન કરે છે,તેને પણ જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે તમે સાંભળો.[૬૪] એક હજાર ગાયોનું દાન કરવાથી જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે,તેજ પુણ્યફળ તિલધેનુનું દાન કરનારા મનુષ્યને મળે છે.[૬૫] જે મનુષ્ય તલના અનેક કુડવો (એક પ્રકારનાં અન્નનાં માપ) ભરીને તૈયાર કરેલી તિલધેનુનું દાન કરે છે, તે હે રાજન્! કરોડ વર્ષસુધી સ્વર્ગલોકમાં પૂજાય છે;[૬૬] તેમજ હે રાજા! જે મનુષ્ય આઠ આઢક (એક પ્રકારનું માપ) તલની તિલધેનુ કરીને તેનાપર બત્રીસ સોનામહોરો મૂકી તુલાસંક્રાંતિમાં અથવા મેષસંક્રાંતિમાં મારાપર ભક્તિ રાખીને તથા મારામાં મન રાખીને તેનું દાન કરે છે, તેને જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે, તે તમે સાંભળો.[૬૭] એક હજાર કન્યાઓનું વિધિપૂર્વક દાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ સંપાદન કરીને તે મનુષ્ય મારા લોકમાં પૂજાય છે.[૬૮] તે પછી પુણ્યકર્મ ખલાસ થયા પછી આ લોકમાં આવીને ચારે વેદના પારને પામેલો શ્રેષ્ઠ બ્રાહ્મણ થાય છે.[૬૯]

હે રાજન્! જે મનુષ્ય શ્રોત્રિય એવા દરિદ્ર બ્રાહ્મણને પ્રસન્ન, દૂઝણી, પવિત્ર અને વાછરડાવાળી ગાયનું કાંસાના દોહનપાત્ર સાથે દાન કરે છે, તેનું જે કંઇ પૂર્વજન્મનું પાપ હોય છે તે સર્વ તત્ક્ષણ નાશ પામે છે, એમાં સંશય નથી.વળી અંતે બળદથી જોડેલા,પ્રકાશિત, સુશોભિત અને ઇચ્છાનુસાર ગતિ કરનારા દિવ્ય વિમાનમાં બેસી તે ગોલોકમાં જાય છે.[૭૨] હે રાજા! દાન કરેલી તે ગાયના શરીરપર જેટલાં રૂવાંટાં હોય છે, તેટલાં હજાર વર્ષોસુધી તે મનુષ્ય ગોલોકમાં પૂજાય છે.[૭૩] પછી ગોલોકમાંથી આ લોકમાં અવતરીને યજ્ઞોથી યજન કરનારો, દાતા અને સર્વ રાજાઓમાં પૂજાયેલો બ્રાહ્મણ બને છે.[૭૪] હે મહાબાહુ! તલ, ગાયો, સુવર્ણ, અન્ન, કન્યા તથા પૃથ્વી–આટલા પદાર્થોનું જે દાન કરવામાં આવે છે, તો તેઓ દાતાને તારે છે.[૭૫] હે રાજન્! જે બ્રાહ્મણ ચારિત્ર્યવાન હોય, અગ્નિહોત્રી હોય અને અલુબ્ધ હોય તેને તૃપ્ત કરવો; કેમકે તે પરલોકમાં હિતકારક એક નિધિ(ભંડાર)રૂપ થઇ પડે છે. જે બ્રાહ્મણ અગ્નિહોત્રી હોય, દરિદ્ર હોય, શ્રોત્રિય હોય, જિતેંદ્રિય હોય અને શૂદ્રના અન્નનો ત્યાગી હોય તેની અવશ્ય પૂજા કરવી.[૭૭] અગ્નિહોત્રી બ્રાહ્મણ સદા પાત્ર ગણાય છે અને જે અગ્નિહોત્રી તથા વેદવેત્તા હોઇને જેના ઉદરમાં કદી શૂદ્રનું અન્ન ગયેલું હોતું નથી, તે પાત્રમાં પણ પાત્ર ગણાય છે.[૭૮] વેદમય પાત્ર, તપોમય પાત્ર અને શૂદ્રાન્નનો ત્યાગ કરનાર પાત્ર અવશ્ય તારશે.[૭૯] જેઓ નિત્ય સ્વાધ્યાય કરવામાં તત્પર રહેતા હોય, ઇંદ્રિયોને વશ રાખનારા હોય અને નિત્ય પંચમહાયજ્ઞ કરનારા હોય, તેઓની જો પૂજા કરવામાં આવે છે તો તેઓ તારે છે.[૮૦]જેઓ ક્ષમાશીલ, દમગુણનિષ્ઠ, વેદાધ્યયનમાં આસક્ત, જિતેંદ્રિય,

અહિંસાપરાયણ અને જેવા તેવાનો પ્રતિગ્રહ નહિ કરનારા હોય છે, તે ગૃહસ્થ બ્રાહ્મણો, (બીજાને) તારવાને સમર્થ છે.[૮૧] નિત્ય સ્નાનસંધ્યા કરનાર, નિત્ય યજ્ઞોપવીત (જનોઇ) ધારણ કરનાર, નિત્ય વેદપાઠ કરનાર, શૂદ્રના અન્નનો ત્યાગ કરનાર, ઋતુગામી તથા વિધિ પ્રમાણે અગ્નિહોત્ર કરનારો બ્રાહ્મણ તારવાને સમર્થ છે.[૮૨] જે બ્રાહ્મણ મારો ભક્ત છે, મને પૂજે છે, મારાપર પ્રેમ રાખે છે, મારામાં પરાયણ રહે છે અને મનેજ સર્વ કર્મો સમર્પી દે છે, તે બ્રાહ્મણ અવશ્ય તારે છે.જે બ્રાહ્મણ આ બાર અક્ષરવાળા 'ૐ नमो भगवते वासुदेवाय' મંત્રના તત્ત્વને જાણે છે; વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ-આ ચાર વ્યૂહના વિભાગને જાણે છે; અને અવિચ્છિન્ન પાંચ કાળનાં કર્મોને પણ કરી જાણે છે; તે બ્રાહ્મણ તારે છે."

**ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'પૃથ્વી,ગાય,તલ અને કન્યાદાનનું ફળ' એ
વિષયનો અધ્યાય ૭ મો સમાપ્ત**

અધ્યાય ૮ મો

વિવિધદાનપ્રશંસા તથા ગોબ્રાહ્મણરક્ષા

॥ वैशंपायन उवाच ॥

वासुदेवेन दानेषु कथितेषु यथाक्रमम् ।
अवितृप्तश्च धर्मेषु केशवं पुनरब्रवीत् ॥१॥

વૈશંપાયને કહ્યું:-શ્રીકૃષ્ણે અનુક્રમે સર્વ દાનો કહ્યાં છતાં તે સંબંધી ધર્મોમાં અતૃપ્ત રહેલા યુધિષ્ઠિરે ફરી તેમને પૂછ્યું[૧]:-" હે શત્રુતાપન દેવ! આ ધર્મરૂપી અમૃત આપની પાસેથી મેં સાંભળ્યું તોપણ હે દેવશ્રેષ્ઠ માધવ! મને તૃપ્તિ થતી નથી.[૨] હે અચ્યુત! બળદના દાનનું જે ફળ પ્રાપ્ત થાય છે તે મને કહો.હું તમારો ભક્ત છું.[૩] વળી હે દેવશ્રેષ્ઠ! બીજાં જે જે દાનો તમે મને કહ્યાં નથી, તે સર્વનું ફળ અનુક્રમે તમે કહો."[૪]

ભગવાને કહ્યું:-બળદ પવિત્ર છે, મહાપુણ્યરૂપ છે અને પવિત્ર કરનાર છે; માટે તેના દાનનું જે શ્રેષ્ઠ અને ધર્મામૃત (રૂપ) ફળ પ્રાપ્ત થાય છે,તેને તમે સાંભળો.[૫] હે કુરુશ્રેષ્ઠ! એકજ બળદ દશ ગાયોસમાન ગણાય છે, પણ તે બળદ મેદ તથા માંસથી પુષ્ટ અંગવાળો,નીરોગી, શાંત, તરુણ, ભદ્ર, સુશીલ અને સર્વ દોષથી રહિત હોવો જોઇએ; કેમકે હે પાંડવ! તેવો બળદ બ્રાહ્મણને દાનમાં આપ્યો હોય તો સત્વર ધુંસરીને વહી શકે છે.[૬,૭] હે યુધિષ્ઠિર! તે પવિત્ર દાનથી મનુષ્ય મહાતેજસ્વી થાય છે અને પોતાની ઇચ્છાનુસાર ગોલોકમાં પૂજાય છે.[૮] હે યુધિષ્ઠિર! જે પુરુષ ખાસ કરીને શ્રોત્રિય અને સદાચારી એવા દરિદ્ર બ્રાહ્મણને ધુંસરી વહન કરી શકે તેવા બે સમર્થ બળદોનું દાન કરે છે, તેનું જે પુણ્ય કહેવામાં આવ્યું છે, તેને તમે સાંભળો.[૯] એક હજાર ગાયોના દાનનું જે ઉત્તમ ફળ કહ્યું છે, તે પુણ્યફળ તેને પ્રાપ્ત થાય છે અને તે પુરુષ મારા લોકમાં જાય છે.[૧૦] હે રાજા! દાન કરેલા તે બળદ ઉપર જેટલાં રૂવાંટાં હોય છે તેટલા હજાર વર્ષોસુધી તે મારા લોકમાં પૂજાય છે.[૧૧] હે પાંડવ! હરકોઇ દાન આપવું તે દરિદ્રનેજ આપવું, સમૃદ્ધિમાનને નહિ. વરસાદ વરસે છે તેનું ફળ (પાણી) તળાવોમાં જોવામાં આવે છે, સમુદ્રોમાં દેખાતું નથી. હે કુરુશ્રેષ્ઠ! જે મનુષ્ય દરિદ્રબ્રાહ્મણને બળદનું દાન કરે છે, તે મનુષ્ય એ પવિત્ર દાનથી પવિત્ર થાય છે;[૧૩] અને દિવ્ય સ્વરૂપ ધારણ કરી, દિવ્ય વિમાનમાં બેસી મારા લોકમાં જાય છે અને ત્યાં સૃષ્ટિના પ્રલયસુધી આનંદ કરે છે.[૧૪]

હે રાજા! જે મનુષ્ય શ્રોત્રિય એવા દરિદ્ર બ્રાહ્મણને દીવાના પ્રકાશથી યુક્ત, શય્યા તથા આસનથી સુશોભિત, વાસણો તથા બીજા સરસામાનથી યુક્ત, ધનધાન્યથી શોભાયમાન, દાસીઓ, ગાયો તથા ખેતર વગેરેથી યુક્ત અને સર્વ સાધનોથી ભરપૂર એવા ઘરનું દક્ષિણાસાથે દાન કરે છે, તેને પ્રાપ્ત થનારું પુણ્યફળ તમે સાંભળો.[૧૫,૧૬] તેને દેવો, પિતૃઓ, અગ્નિઓ તથા ઋષિઓ પ્રસન્ન થઇને સૂર્યસમાન વિમાન અર્પણ કરે છે, જે દ્વારા તે શોભાયમાન થઇને સર્વોત્તમ એવા બ્રહ્મલોકમાં

જાય છે. ત્યાં હજારો સ્ત્રીઓથી વ્યાપ્ત એવા સુવર્ણના ગૃહમાં રહી સૃષ્ટિના પ્રલયકાળપર્યંત તે આનંદ કરે છે.[૧૭,૧૮] હે પાંડવ ! જે મનુષ્ય ભક્તિપૂર્વક વસ્ત્ર, ગંધમાલ્ય તથા વિલેપન અર્પણ કરીને બ્રાહ્મણની પૂજા કરી ભાતભાતનું ભોજન કરાવે છે અને તે પછી તેને ઓછાડથી યુક્ત એવી ઉત્તમ શય્યાનું દાન કરે છે, તેને જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે, તે તમે સાંભળો.[૧૯] હે પાંડુપુત્ર ! વિધિપૂર્વક આપેલા ગોદાનનું જે ફળ મળે છે, તેજ ફળ પ્રાપ્ત કરીને તે મનુષ્ય પિતૃલોકમાં પૂજાય છે.[૨૦]જે શય્યાનું દાન કરે છે,તેને એક હજાર અગ્નિહોત્રીઓની પૂજા કર્યાનું ફળ મળે છે.[૨૧] જે મનુષ્ય શિલ્પ(હુન્નરકળા), અધ્યયન, વિદ્યા, મંત્રો તથા ઔષધો બ્રાહ્મણને આપે છે, તેને થનારૂં પુણ્યફળ તમે સાંભળો. તે વૈદિક શક્તિથી ગતિ કરનારા શોભાયમાન વિમાનમાં બેસી સપ્તર્ષિઓના લોકમાં જાય છે; ત્યાં બ્રહ્મવાદી મુનિઓ તેની પૂજા કરે છે અને એક સો ને વીસ યુગસુધી દેવની પેઠે ક્રીડા કરીને તે આ મનુષ્યલોકમાં વેદવેત્તા બ્રાહ્મણ થાય છે.[૨૨–૨૪] હે રાજા ! જે મનુષ્ય માર્ગમાં મુસાફરી કરી થાકેલા તથા કૃશ થયેલા બ્રાહ્મણને વિશ્રાંતિ આપે છે, તેનું એક વર્ષનું પાપ નાશ પામે છે;[૨૫] અને જે ભક્તિમાન મનુષ્ય જળવડે તેના ચરણ ધુએ છે, તેનું દશ વર્ષનું પાપ દૂર થાય છે, એમાં સંશય નથી.[૨૬] વળી જે મનુષ્ય ઘી અથવા તેલથી તે થાકેલા બ્રાહ્મણનાં પગતળીઆં ઘસે છે,તેનું બાર વર્ષનું પાપ સત્વર દૂર થાય છે.[૨૭] જે મનુષ્ય એવા મુસાફર બ્રાહ્મણનું પૂજન કરે છે, તેને ગોદાન તથા સુવર્ણદાનનું પુણ્ય મળે છે.[૨૮] હે રાજન્ ! જે મનુષ્ય સ્વાગત કરીને,આસન અર્પણ કરીને તથા (અમુક પગલાં) સામે જઈને બ્રાહ્મણનું પૂજન કરે છે,તે દેવોને પ્રિય થઇ પડે છે.[૨૯] હે રાજન્ ! અતિથિનું સ્વાગત કરવાથી અગ્નિઓ પ્રસન્ન થાય છે, આસન આપવાથી ઇંદ્ર પ્રસન્ન થાય છે અને તેની સામે જવાથી પિતૃઓ પ્રસન્ન થાય છે,કેમકે તેઓ (અગ્નિ, ઇંદ્ર તથા પિતૃઓ) અતિથિ ઉપર પ્રેમ ધરાવનારા છે;[૩૦] માટે હે રાજા ! એ રીતે અગ્નિ, ઇંદ્ર તથા પિતૃઓને પ્રસન્ન કરવાથી અને અતિથિઓની પ્રીતિથી મનુષ્યે એક વર્ષમાં કરેલું પાપ તત્કાળ નાશ પામે છે.[૩૧] જે મનુષ્ય બ્રાહ્મણને માળાથી સુશોભિત એવું આસન અર્પણ કરે છે,તે (મરણપછી) મણિઓથી અદ્‌ભુત એવા રથમાં બેસી ઇંદ્રલોકમાં જાય છે.[૩૨] ત્યાં ઇંદ્રના આસન ઉપર (ઇંદ્રના ભુવનમાં રહીને) દિવ્ય સ્ત્રીઓથી શોભાયમાન થઈ સાઠહજાર વર્ષોસુધી અપ્સરાઓના ગણોસાથે ક્રીડા કરે છે.[૩૩] હે યુધિષ્ઠિર ! જે મનુષ્ય બ્રાહ્મણને વાહનોનું દાન કરે છે, તે રત્નોથી ચળકતા દિવ્ય વાહનમાં બેસી દેવલોકમાં જાય છે;[૩૪] અને ત્યાં અપ્સરાઓના ગણોથી સેવાઇને ઇચ્છાનુસાર ક્રીડા કરી આ લોકમાં આવી પાછો રાજા થાય છે, એમાં હે રાજન્ ! સંશય કરવો નહિ.[૩૫]જે મનુષ્ય પાંદડાં, પુષ્પો તથા ફળોથી ભરપૂર એવા વૃક્ષને ચંદન તથા પુષ્પમાળાથી પૂજી તેમજ વસ્ત્રાલંકારથી શોભાવી તેનું દાન કોઇ શ્રોત્રિય બ્રાહ્મણને પ્રથમ યથેષ્ટ ભોજન કરાવી આપેછે, તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.તે મનુષ્ય સુવર્ણથી અદ્‌ભુત એવા સુંદર વિમાનમાં બેસી જય જય શબ્દોસાથે ઇંદ્રલોકમાં જાય છે.[૩૮]ત્યાં સુંદર ઇંદ્રપુરીમાં તે મનુષ્ય મનમાં જે જે ઇચ્છા કરે છે, તે સર્વને કલ્પવૃક્ષ પૂરી પાડે છે.[૩૯]તેણે આપેલાં વૃક્ષમાં જેટલાં પાંદડાં, પુષ્પો તથા ફળો હોય છે તેટલાં હજાર વર્ષોસુધી ઇંદ્રલોકમાં તે પૂજાય છે.[૪૦] પછી ઇંદ્રલોકમાંથી આ મનુષ્યલોકમાં આવી રથ, ઘોડાઓ તથા હાથીઓથી ભરપૂર એવા નગરને તથા રાજ્યને તે પ્રાપ્ત કરેછે.[૪૧]જે મનુષ્ય ભક્તિપૂર્વક મારી પ્રતિમા કરાવીને મંદિર બંધાવી તેમાં વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરે છે, (પૂજારી રાખી) પૂજા કરાવે છે, અથવા પોતે ભક્તિથી પૂજા કરે છે, તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૪૨] એક હજાર અશ્વમેધ કરવાનું જે પુણ્યફળ કહેવામાં આવ્યું છે,તે ફળ તેને મળે છે અને તે મનુષ્ય મારા સારૂપ્યને પામે છે. હે યુધિષ્ઠિર ! તે મારા લોકમાંથી ક્યારે નીકળે છે,

તે હું જાણતો નથી-અર્થાત્ અનંત કાળપર્યંત તે મારા લોકમાં વસે છે.[૪૩] જે મનુષ્ય દેવાલયમાં, બ્રાહ્મણને ઘેર, ગાયોના વાડામાં તથા ચૌટામાં (ઘીનો) દીવો મૂકે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૪૪] તે સુવર્ણના વિમાનમાં બેસી સર્વ લોકને પ્રકાશિત કરતો, સૂર્યના લોકમાં જાય છે. ત્યાં ઉત્તમ દેવતાઓ તેની સેવા કરે છે અને એક કરોડ વર્ષસુધી ઇચ્છાનુસાર ક્રીડા કરીને (પુણ્યનો ક્ષય થાય છે ત્યારે) આ લોકમાં મહાતપસ્વી તથા વેદ–વેદાંગના પારને પામેલો બ્રાહ્મણ બને છે.[૪૫-૪૭]હે રાજન્ ! જે જે પુરુષ દેવાલયોમાં, બ્રાહ્મણના ઘરમાં, ચૌટામાં અથવા ચકલામાં દિવસે કે રાત્રે જાતજાતનાં ગંધર્વવાદિત્રો તથા ધર્મશ્રવણો મારામાં મન રાખીને ભક્તિપૂર્વક કરાવે છે, તેનાપર દેવતાઓ તથા પિતૃઓ અત્યંત પ્રસન્ન થાય છે અને તેને ઈચ્છાનુસાર ગતિ કરનારૂં સુખકારક વિમાન અર્પણ કરે છે. તે વિમાનમાં બેસી એ મનુષ્ય દેવનગરમાં જાય છે, ત્યાં દિવ્ય અપ્સરાઓથી સેવાઈને આનંદ કરે છે; અને હે રાજા ! (સમય પૂર્ણ થયે,) ત્યાંથી વેદ–વેદાંગના તત્ત્વને જાણનારો વૈભવવાળો બ્રાહ્મણ થઇને આ લોકમાં અવતરે છે.[૪૮-૫૧] હે યુધિષ્ઠિર! જેમનુષ્ય ચૌટામાં,સભામાં અથવા સભાના વિશાળ આંગણામાં અગ્નિકુંડ અથવા વિશાળ સ્થંડિલ કરીને તેમાં ભક્તિથી ચાર માસસુધી અગ્નિ પ્રજ્વલિત રાખે છે; અને પૌષ વગેરે મહિના પૂર્ણ થયા પછી મારામાં મન રાખી બ્રાહ્મણોને મિષ્ટ દૂધપાકનું ભોજન આપે છે, યથાશક્તિ દક્ષિણા આપે છે અને એ રીતે અગ્નિપૂજન કરી નિત્ય મારૂં પૂજન કરે છે, તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૫૨-૫૫] એ ધર્મકર્મથી હું , શંકર, પિતૃઓ તથા અગ્નિઓ પરમ પ્રસન્ન થઇએ છીએ, એમાં કંઇ પણ શક નથી.[૫૬] એ રીતે અમને પ્રીતિ ઉપજાવનારો તે શ્રીમાન પુરુષ સાઠસો ને સાઠ હજાર વર્ષોસુધી મારા લોકમાં પૂજાય છે.[૫૭] પછી મારા લોકમાંથી આ લોકમાં વેદ તથા વેદાંગને જાણનારો, રાજાઓમાં પૂજાયેલો અને મોટા યશવાળો બ્રાહ્મણ થઇને અવતરે છે. હે નરશ્રેષ્ઠ ! જે મનુષ્ય શ્રોત્રિય, કુળવાન અને વિશેષે કરી દરિદ્ર એવા બ્રાહ્મણનું પોષણ કરે છે, તેને જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે હે યુધિષ્ઠિર! તમે સાંભળો.[૫૯] હે પાંડવ ! એક કરોડ ગાયોના દાનનું જે પુણ્ય કહેવામાં આવ્યું છે, તે સર્વ પુણ્ય તેને એક વર્ષમાં મળે છે.[૬૦] વળી (અંતે) સૂર્યસમાન શોભાયમાન સુવર્ણના અદ્‌ભુત વિમાનમાં બેસી તે મારા લોકમાં જાય છે; ત્યાં દિવ્ય સ્ત્રીઓ તેની સેવા કરે છે, સુંદર સ્ત્રીઓ તેના ગુણો ગાય છે, સર્વ દેવતાઓ તેની સ્તુતિ કરે છે અને વીસ કરોડ વર્ષોસુધી એ પ્રમાણે ક્રીડા કરીને તે જ્યારે મનુષ્ય થાય છે, ત્યારે પણ વેદવેત્તા બ્રાહ્મણતરીકે જન્મે છે.[૬૧,૬૨]જે મનુષ્ય પાણીનો કળવો, ઝારી અથવા મોટા જળપાત્રનું બ્રાહ્મણને દાન કરે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો. હે રાજા ! *બ્રહ્મકૂર્ચનું પાન કરવામાં જે પુણ્ય કહેવામાં આવ્યું છે, તે પુણ્ય જળપાત્રનું દાન કરનારાને પણ મળે છે. વળી તે અત્યંત તૃપ્ત થાય છે, સર્વ પ્રકારના સુગંધી પદાર્થો તેને મળી આવે છે, તેની ઇંદ્રિયો તથા મન પ્રસન્ન રહે છે;અને (મૃત્યુને અંતે) હંસ તથા સારસથી જોડેલા સુંદર વિમાનમાં બેસી, દિવ્ય ગંધર્વોથી સેવાયેલા વરુણલોકમાં જાય છે.[૬૪,૬૫] જે મનુષ્ય પ્રાણીમાત્રના જીવનરૂપ જળનું, ગ્રીષ્મઋતુના ત્રણ માસમાં દાન કરે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૬૬] જે મનુષ્ય જળનું દાન કરે છે, તેને એક કરોડ કપિલા ગાયોનું દાન કરવાથી પ્રાપ્ત થનારૂં પુણ્યફળ મળે છે.[૬૭] વળી (મરણ પછી) પૂર્ણ ચંદ્રસમાન પ્રકાશતા સુશોભિત વિમાનમાં બેસી તે મનુષ્ય દિવ્ય અપ્સરાઓથી સેવાઈને ચંદ્રભવનમાં જાય છે. ત્યાં ત્રીસ કરોડ યુગસુધી દિવ્ય ગંધર્વોથી સેવાતો તે મનુષ્ય ક્રીડા કરે છે અને પછી મનુષ્યલોકમાં ચારે વેદને જાણનારો બ્રાહ્મણ થાય છે.[૬૮,૬૯]

---

* **पंचगव्यं पिबेत् प्रातर्ब्रह्मकूर्चविधिः स्मृतः**—નિત્ય પ્રાતઃકાળે પંચગવ્યનું જે પાન કરવું, તેને ' બ્રહ્મકૂર્ચવિધિ ' કહેવામાં આવે છે.

હરકોઈ દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય) મસ્તકે લેપન કરવાના સુગંધી પદાર્થોનું દાન કરવાથી તેજસ્વી થાય છે, પ્રિય દેખાવનો થાય છે અને સુંદર રૂપાળો, શૂરવીર તથા પંડિત થાય છે;[૭૦] તેમજ વસ્ત્રનું દાન કરનારો મનુષ્ય તેજસ્વી, સર્વત્ર પ્રિય દેખાવવાળો, ભાગ્યશાળી, શ્રીમાન અને સ્ત્રીઓના મનને નિત્ય આનંદ ઉપજાવનારો બને છે.[૭૧] જે ઉત્તમ પુરુષ જોડા તથા છત્રીનું દાન કરે છે, તે સુવર્ણના શોભાયમાન રથમાં બેસી ઇંદ્રના લોકમાં જાય છે. ત્યાં મહાતેજસ્વી એવા તે પુરુષની અપ્સરાઓના સમુદાયો સેવા કરે છે.[૭૨] જેઓ કાષ્ઠની પાદુકાઓનું દાન કરે છે, તેઓ વૃક્ષોમાંથી બનાવેલાં વિમાનોમાં બેસી ધર્મરાજાના સુંદર નગરમાં જાય છે અને ત્યાં ઉત્તમ દેવતાઓ તેની સેવા કરે છે.[૭૩]દાતણનું દાન કરવાથી મનુષ્ય પ્રિય વાક્યવાળો,સુગંધી મુખવાળો, શ્રીમાન તથા બુદ્ધિ અને સૌભાગ્યસંપન્ન થાય છે.[૭૪] જેઓ પરમ ભક્તિયુક્ત થઈ બ્રાહ્મણોને દૂધ, દહીં, ઘી, ગોળ તથા મધનું દાન કરે છે, તેઓ ઉજ્જ્વળ પુષ્પમાળાથી સુશોભિત થઈ, બળદો તથા ઘોડાઓથી જોડેલાં વાહનોમાં બેસી ગંધર્વોથી ગવાતા ગવાતા વિષ્ણુલોકમાં જાય છે; ત્યાં દિવ્ય અપ્સરાઓ તેઓને સુખ થાય તેમ તેઓની સેવા કરે છે અને તેઓ પોતે પણ દેવતુલ્ય થઈ સાઠહજાર વર્ષોસુધી આનંદ કરે છે.આ પછી સમય પૂર્ણ થયે ત્યાંથી આ લોકમાં પુષ્કળ ધન–ધાન્યવાળા અને ભોગ સંપન્ન ઉત્તમ મનુષ્યોરૂપે તેઓ જન્મે છે.[૭૮]

હે પાંડુપુત્ર ! વૈશાખમાસમાં વિશાખા નક્ષત્રવાળા દિવસે યમદેવને ઉદ્દેશી પરમ ભક્તિયુક્ત થઇ વિધિપૂર્વક જેઓ બ્રાહ્મણપૂજા કરે છે અને તેઓને ગોળ સાથે તલનું દાન કરે છે,તેઓને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો. હે પાંડુનંદન ! ગાયનું દાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય સંપાદન કરીને તે મનુષ્ય યમલોકમાં પૂજાય છે. પછી કાળ થતાં ત્યાંથી ચ્યુત થઇને પણ આ લોકમાં રાજા થાય છે.વળી તેજ (વૈશાખ માસના) દિવસે, ઉત્તમ દક્ષિણાસહિત બ્રાહ્મણોને ભોજન આપી જેઓ જળથી ભરેલાં દિવ્ય પાત્રોનાં દાન કરે છે,તેઓ સૂર્યસમાન તેજસ્વી એવાં વિમાનોમાં બેસી વરુણલોકમાં જાય છે. ત્યાં દિવ્ય અપ્સરાઓ સાથે પોતાની ઇચ્છાનુસાર તેઓ ક્રીડા કરે છે અને કાળે કરી ત્યાંથી અવતીર્ણ થઇ આ મનુષ્યલોકમાં પુનઃ ભોગસંપન્ન શ્રેષ્ઠ બ્રાહ્મણો જન્મે છે, એમાં સંશય નથી.[૭૯–૮૪]

જે પુરુષ પોતાના આશ્રિતોને ભોજન આપ્યા પછી ભોજન કરે છે, નિત્ય વ્રતનિષ્ઠ રહે છે, સત્ય બોલે છે, ક્રોધરહિત હોય છે, પવિત્ર તથા નિત્ય સ્નાનપરાયણ રહે છે, તે દિવ્ય વિમાનમાં બેસી ઇંદ્રના લોકમાં જાય છે. ત્યાં એ મહાતપસ્વી પુરુષ એક કરોડ વર્ષસુધી દિવ્ય અપ્સરાઓ સાથે ક્રીડા કરી મનુષ્યલોકમાં વેદવેત્તા બ્રાહ્મણ બને છે.[૮૫,૮૬] જે પુરુષ એક વર્ષસુધી એક વખત ભોજન કરે છે, બ્રહ્મચર્ય પાળે છે,ક્રોધને જીતે છે અને સત્ય તથા શૌચપરાયણ રહે છે, તે દિવ્ય વિમાનમાં બેસી ઇંદ્રલોકમાં જાય છે અને ત્યાં દશ હજાર કરોડ વર્ષ સુધી અપ્સરાઓ સાથે ક્રીડા કરીને આ મનુષ્યલોકમાં વેદવેત્તા બ્રાહ્મણ થાય છે.[૮૭,૮૮] જે પુરુષ એક વર્ષસુધી ચોથે કાળે ભોજન કરે છે અને બ્રહ્મચારી તથા જિતેંદ્રિય રહે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૮૯] તે પુરુષ અદ્ભુત મોર જોડેલા અને રંગબેરંગી ધ્વજાઓથી શોભી રહેલા દિવ્ય વિમાનમાં બેસી મહેંદ્રના નગરમાં જાય છે.[૯૦] ત્યાં પુષ્ટ શરીરવાળી શ્રેષ્ઠ સ્ત્રીઓ તેને સુખ થાય તેમ નિત્ય સેવે છે અને બાર કરોડ વર્ષસુધી સારી રીતે આનંદ કરે છે. તે પછી હે રાજા ! ત્યાંથી અવતરીને આ લોકમાં વિદ્વાન, ક્ષમાવાન તથા વેદપારંગત બ્રાહ્મણ થાય છે.[૯૧,૯૨] જે પુરુષ એક વર્ષસુધી ત્રીજે ત્રીજે દિવસે સાંજે ભોજન કરે છે, સર્વ પાપોથી મુક્ત રહે છે, બ્રહ્મચર્ય વ્રત પાળે છે, પવિત્ર રહે છે અને ક્રોધનો ત્યાગ કરે છે,તે તપસ્વી પુરુષનું ઉત્તમ ફળ તમે સાંભળો.[૯૩] સૂર્યસમાન કાંતિવાળો તે પુરુષ સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશવાળા વિમાનમાં બેસી મારા

લોકમાં જાય છે. ત્યાં દિવ્ય સ્ત્રીઓ તેની સેવા કરે છે, સાધ્યો તથા મરુદ્‌ગણો તેને સુખ થાય તેમ પૂજે છે,નિત્ય તે મારાં દર્શન કરે છે અને અપ્સરાઓના ગણો સાથે ક્રીડા કરે છે.[૯૪,૯૫] જે પુરુષ મારામાં મન રાખી એક પખવાડીઆના ઉપવાસ કરે છે અને વ્રત સમાપ્ત થાય ત્યારે શ્રોત્રિય બ્રાહ્મણોને તૃપ્ત કરે છે, તે મહાતપસ્વી પુરુષ દિવ્ય વિમાનમાં બેસી કાંતિથી આકાશને પ્રકાશિત કરતો મારા લોકમાં જાય છે. ત્યાં એ પુરુષ ઈચ્છાનુસાર રૂપ ધારણ કરી સુખેથી અત્યંત આનંદ કરે છે; અને હે રાજન્ ! એક કરોડ વર્ષસુધી દેવની પેઠે એ પ્રમાણે ક્રીડા કરીને આ મનુષ્યલોકમાં પૂજ્ય બ્રાહ્મણ થાય છે તથા અંગસહિત ત્રણે વેદોમાં પારંગત થાય છે.[૯૬-૯૮] જે પુરુષ મારામાં મન રાખી એક માસના ઉપવાસ કરે છે, ઇંદ્રિયોને જીતેછે,ક્રોધ તથા બુદ્ધિને વશ રાખે છે, સ્નાન કરવામાં તત્પર રહે છે અને નિયમસમાપ્ત થયે ઉત્તમ બ્રાહ્મણોને જમાડીને પ્રસન્ન ચિત્તે તેઓને દક્ષિણા આપે છે,તે મહાતેજસ્વી પુરુષ સિંહ જોડેલા વિમાનમાં બેસી સર્વોત્તમ બ્રહ્મલોકમાં જાય છે અને ત્યાં દિવ્ય સ્ત્રીઓ તેની સેવા કરે છે, દિવ્ય ઋષિઓ પણ તેની પૂજા કરે છે; તેમજ હે રાજન્ ! સો કરોડ વર્ષસુધી ઇચ્છાનુસાર તે ક્રીડા કરે છે. તે પછી કાળે કરી ત્યાંથી અવતરીને આ લોકમાં ત્રીસ જન્મોસુધી છ અંગવાળા ચારે વેદને જાણનારો તથા રોગવિનાનો બ્રાહ્મણ બને છે.[૯૯-૧૦૩] જે પુરુષ સર્વ કર્મોનો ત્યાગ કરી, પવિત્ર તથા ક્રોધરહિત થઇ, મારામાં મન રાખીને એકાગ્રચિત્તે મહાપ્રસ્થાન કરે છે, તે મહાતપસ્વી પુરુષ કિંમતી મણિઓથી વિચિત્ર સુવર્ણના સુશોભિત વિમાનમાં બેસી ઇંદ્રલોકમાં જાય છે.ત્યાં ઇંદ્ર તેની પૂજા કરે છે અને દિવ્ય સ્ત્રીઓથી સેવાઇને એક અબજ વર્ષોસુધી તે ઇંદ્રલોકમાં રહે છે. પછી ત્યાંથી અવતરીને મનુષ્યોમાં મહાતેજસ્વી, સર્વ લોકમાં પૂજાયેલો અને મહાસમર્થ એવો રાજાઓનો રાજા થાય છે.[૧૦૪-૧૦૭] જે પુરુષ મારામાં મન રાખી અનશન વ્રતનો સ્વીકાર કરે છે, '**નમો બ્રહ્મણ્ય દેવાય**' એ મંત્ર જપી સમાધિનિષ્ઠ થાય છે અને અંતઃકરણમાં સ્વસ્થ થઇ ક્રોધને જીતે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૧૦૮] તે પુરુષ ઇચ્છાનુસાર ગતિ કરનારો,ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારો અને બાલસૂર્યસમાન કાંતિવાળો બને છે; અને(મૃત્યુને અંતે)દિવ્ય વિમાનમાં બેસી અવિનાશી લોકોમાં જાય છે. વળી તે મહાતેજસ્વી પુરુષએક સ્વર્ગમાંથી બીજા સ્વર્ગમાં જઇ મારા લોકમાં સૃષ્ટિના પ્રલયકાળસુધી સુખેથી ક્રીડા કરે છે.[૧૦૯,૧૧૦] જે પુરુષ મારામાં ચિત્ત રાખી અગ્નિપ્રવેશ કરે છે, તે પણ દિવ્ય વિમાનમાં બેસી મારા લોકને પામે છે;અને હે રાજન્ ! ત્યાં સર્વગુણસંપન્ન થઇ, નિત્ય મારાં દર્શન કરી મારી પાસેજ ત્રીસ કરોડ વર્ષ સુધી આનંદ કરે છે. તે પછી તે કાળે કરી આ મનુષ્યલોકમાં અવતરી વેદવેત્તા બ્રાહ્મણ થાય છે.[૧૧૧,૧૧૨] જે પુરુષ '**નમો બ્રહ્મણ્ય દેવાય**' એ મંત્રનો જાપકરતો 'કર્ષણ' નામની તપશ્ચર્યા કરે છે, મારે શરણે આવે છે અને પવિત્ર વ્રતનું પાલન કરેછે, તે પણ બાલસૂર્યસમાન પ્રકાશતા સુશોભિત વિમાનમાં બેસી મારા લોકને પામે છે અને ત્યાં એક કરોડ વર્ષસુધી આનંદ કરે છે. પછી મારા લોકમાંથી અવતરી આ લોકમાં રાજા થાય છે.[૧૧૩,૧૧૪] જે પુરુષ મારે શરણે આવી પવિત્ર થઇને મારી મૂર્તિમાં ચિત્તની ધારણા કરે છે અથવા દક્ષિણામૂર્તિ-શંકરની પ્રતિમામાં ચિત્ત સ્થાપિત કરે છે અને ચતુર્દશીને દિવસે તો ખાસ કરી શંકરનું ધ્યાન કરે છે,તે મહાતપસ્વી પુરુષની સિદ્ધો, બ્રહ્મર્ષિઓ તથા દેવલોકો પૂજા કરે છે, ગંધર્વો તથા ભૂતસમુદાયો તેની સ્તુતિ કરે છે અને(મૃત્યુને અંતે)મહાતેજસ્વી થઇ મારામાં અથવા શંકરમાં તે પ્રવેશ કરે છે.હે રાજન્ ! એ પુરુષનો પુનર્જન્મ થતોજ નથી, એમાં કંઇ સંશય નથી.[૧૧૫-૧૧૭] હે રાજેન્દ્ર ! જે મનુષ્યો ગાયમાટે, સ્ત્રીમાટે તથા ગુરુ-બ્રાહ્મણ માટે પોતાના પ્રાણ અર્પે છે તેઓ ઇંદ્રલોકમાં જાય છે.[૧૧૮] ત્યાં ઇચ્છાનુસાર ગતિ કરનારા સુવર્ણના વિમાનમાં દિવ્ય

સ્ત્રીઓ તેઓની સેવા કરે છે, એક મન્વંતર સુધી તેઓ આનંદ કરે છે;[૧૧૯] પરંતુ પ્રતિજ્ઞા કરીને નહિ આપવાથી તથા આપેલું હરી લેવાથી જન્મથી માંડીને જે કંઇ દાન કર્યું હોય તે સર્વ વિનાશ પામે છે.[૧૨૦] જેઓ ગાયનું દાન કરતા નથી તેઓને સ્વર્ગમાં દૂધ મળતું નથી અને જેઓ પૃથ્વીનું દાન કરતા નથી તેઓને ત્યાં જગ્યા મળતી નથી; પરંતુ બ્રાહ્મણોને જે જે વસ્તુનું દાન કરવામાં આવે છે, તેજ વસ્તુને મનુષ્ય સ્વર્ગલોકમાં મેળવે છે.[૧૨૧] અક્ષય પુણ્યની ઇચ્છા રાખનારાએ જે જે દ્રવ્ય પોતાને અત્યંત પ્રિય હોય અને જે દ્રવ્ય ન્યાયથી મેળવ્યુંહોય તેનું કોઇ ગુણવાન પાત્રને દાન કરવું. જે મનુષ્ય છેવટ ત્રણ ઉપવાસ પણ કરતો નથી, કોઇ તીર્થોમાં જતો નથી અને સુવર્ણ કે ગાયનું દાન કરતો નથી તે દરિદ્ર થાય છે.[૧૨૩] જે દાન શ્રોત્રિયને અપાતું નથી તે દાન નથી, તેમ તેનું ફળ પણ મળતું નથી. જે સ્થળે શ્રોત્રિયો ભોજન કરતા નથી તે સ્થળે દેવતાઓ પણ ભોજન કરતા નથી,[૧૨૪] માટે હે રાજેન્દ્ર! શ્રોત્રિયો કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇ મહાન દૈવત નથી; તેમજ શ્રોત્રિયને ભોજન આપ્યા જેવો બીજો કોઇ પુણ્યનિધિ(ભંડાર)નથી."[૧૨૫]

ઇતિ **શ્રીમહા૦ અનુ૦ વૈષ્ણવધર્મપર્વમાં**
'દાનાદિકની પ્રશંસા' એ વિષયનો
અધ્યાય ૮ મો સમાપ્ત

અધ્યાય ૯ મો

પંચ મહાયજ્ઞ, સ્નાનવિધિ, વૈષ્ણવ લક્ષણ તથા ભગવત્પૂજા વિષે યોગ્યાયોગ્ય વિચાર

युधिष्ठिर उवाच

विप्रयोगे शरीरस्य सेन्द्रियस्य विशेषतः ।
अंतरा वर्तमानस्य गतिः प्राणस्य कीदृशी ॥१

યુધિષ્ઠિરે પૂછ્યું:–"ઇંદ્રિયસહિત શરીરનો જ્યારે વિયોગ થાય છે, ત્યારે (ઇંદ્રિયોની સાથે શરીરની) વચ્ચે રહેનારા પ્રાણની કેવી ગતિ થાય છે?"[૧]

ભગવાને કહ્યું:–"હે રાજા! મનુષ્ય શુભ તથા અશુભ કર્મના સર્વ ફળને આ લોકમાં પામે છે; સર્વ પ્રાણીનું કદી પંચત્વ (પાંચ ભૂતો સાથે એકીભાવરૂપ મરણ) થતું નથી.[૨] હે પાંડવશ્રેષ્ઠ! હે દ્વિજોત્તમ! જેઓ પાંચ મહાયજ્ઞો કરે છે, તે મનુષ્યોનું પંચત્વ અત્યંત કલ્યાણકારક થાય છે.[૩] વિદ્વાનો કહે છે કે, પાંચ મહાભૂતો સાથે (ચૈતન્ય) નો જે વિયોગ તેને પંચત્વ કહેવામાં આવે છે; કેમકે પુરુષ તો સનાતન છે, તેનું કદી જન્મમરણ થતું નથી.[૪] હે પાંડવ! પાપી પુરુષોનુંજ ઘણું કરીને મરણ થયેલું ગણાય છે. જેઓને પવિત્ર ગતિ મળતી નથી, તેઓનુંજ મરણ થયેલું કહેવાય છે.[૫] જે મનુષ્ય અકૃતકૃત્ય હોય–પુણ્યકાર્યથી ભ્રષ્ટ હોય તેજ મૃત્યુથી કંટાળે છે. કૃતકૃત્ય–પુણ્યશાળી પુરુષો તો પ્રિય અતિથિની પેઠે મૃત્યુની રાહ જુએ છે."[૬]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે દેવ! દ્વિજાતિઓ (બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય,) આ લોકમાં પાંચ યજ્ઞ કેવી રીતે કરે છે? હે દેવેશ! એ યજ્ઞોનાં નામ સંપૂર્ણ રીતે કહેવાને તમે યોગ્ય છો."[૭]

શ્રીભગવાને કહ્યું:–"હે યુધિષ્ઠિર! જેનાવડે ગૃહસ્થાશ્રમી બ્રહ્મસાથે એકતા પામે છે, તે પાંચ મહાયજ્ઞો હું તમને કહું છું, સાંભળો.[૮] હે પાંડવ! ઋભુયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, ભૂતયજ્ઞ, મનુષ્યયજ્ઞ તથા પિતૃયજ્ઞ–આ પાંચને પાંચ મહાયજ્ઞો કહે છે.[૯] દેવાદિનું તર્પણ તે ઋભુયજ્ઞ છે, વેદાદિનો સ્વાધ્યાય તે બ્રહ્મયજ્ઞ છે, બલિદાન તે ભૂતયજ્ઞ છે, અતિથિનું પૂજન તે મનુષ્યયજ્ઞ છે અને પિતૃઓને ઉદ્દેશી જે કર્મ કરવામાં આવે તેને પિતૃયજ્ઞ કહેવામાં આવે છે;[૧૦] તેમજ હુત, અહુત, પ્રહુત, પ્રાશિત તથા બલિદાન–આ પાંચને પાકયજ્ઞ કહે છે.[૧૧] તેમાં વૈશ્વદેવ વગેરે હોમને વિદ્વાનો હુત કહે છે, દાનને અહુત કહે છે, બ્રાહ્મણભોજનને પ્રહુત કહે છે, પ્રાણરૂપી અગ્નિહોત્રમાં વિધિપૂર્વક કરેલા હોમને પ્રાશિત કહે છે અને દેવ–પિતૃઓને આપેલાં બલિદાનને બલિકર્મ કહે છે. આ પ્રમાણે પાક-

યજ્ઞો કહેવામાં આવ્યા છે.[૧૨,૧૩] કેટલાએક આચર્યો આ પાકયજ્ઞનેજ પાંચ મહાયજ્ઞો કહે છે; અને મહાયજ્ઞને જાણનારા બીજા આચાર્યો બ્રહ્મયજ્ઞ વગેરેનેજ પાંચ મહાયજ્ઞો કહે છે.[૧૪] વાસ્તવિક રીતે આ સર્વને સર્વથા મહાયજ્ઞો કહેવામાં આવે છે. જે બ્રાહ્મણો ભૂખ્યા હોય તેઓને પોતાની શક્તિ પ્રમાણે પણ કદી પાછા કાઢવા નહિ.[૧૫] જે પુરુષો નિત્ય આ મહાયજ્ઞો કર્યાવિના પોતે ભોજન કરે છે, તેઓ કેવળ મળનુંજ ભોજન કરે છે, એમાં સંશય નથી;[૧૬] માટે વિદ્વાન દ્વિજાતિના મનુષ્યે નિત્ય સ્નાન કરીને આ મહાયજ્ઞો કરવા, કેમકે પાંચ મહાયજ્ઞો કર્યા વિના ભોજન કરનાર દ્વિજજાતિનો મનુષ્ય પ્રાયશ્ચિત્તનું પાત્ર બને છે. "[૧૭]

યુધિષ્ઠિરે પૂછયું:–" હે દેવો દેવેશ! હે દૈત્યહંતા! હે જનાર્દન! હું તમારો ભક્ત છું, માટે મને સ્નાનનો વિધિ કહેવાને તમે યોગ્ય છો. "[૧૮]

ભગવાને કહ્યું:–" હે પાંડવ! પાપનો નાશ કરનાર અને પવિત્ર એવો તે સર્વ સ્નાનવિધિ તમે સાંભળો. એ સ્નાનવિધિથી સ્નાન કરીને દ્વિજજાતિઓ પાપથી મુક્ત થાય છે.[૧૯] માટી, છાણ, તલ, દર્ભો તથા પુષ્પ જેટલાં જોઇએ તેટલાં લઈને જળાશય ઉપર જવું.[૨૦] હે દ્વિજશ્રેષ્ઠ! નદીમાં સ્નાન કર્યા પછી બીજાં તળાવ વગેરે જળાશયમાં કદી સ્નાન કરવું નહિ. જ્યાંસુધી પુષ્કળ જળ હોય ત્યાંસુધી અલ્પ જળમાં કદી સ્નાન કરવું નહિ.[૨૧] બ્રાહ્મણે જળાશયની સમીપ જઇ પવિત્ર તથા સુંદર પ્રદેશ ઉપર માટી–છાણ વગેરે મૂકવાં.[૨૨] પછી જળાશયની બહાર પગ ધોઇને બે આચમન કરવાં અને સંભાળપૂર્વક જળને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરવા. વિદ્વાન મનુષ્યે તીર્થને જળથી કદી પખાળવું નહિ અને પગથી કે હાથથી તીર્થના જળને કદી પ્રહાર કરવો નહિ; કેમકે હે પાંડુનંદન! જળ સર્વદેવમય છે તથા મારૂં સ્વરૂપ છે, માટે તેને કદી પ્રહાર કરવો નહિ; પરંતુ (કાંઠા ઉપરના મલિન) સ્થળને જળવડે ધોઇ નાખવું.[૨૫] વિદ્વાન મનુષ્યે પ્રથમ કેવળ અંગોને જળમાં ડૂબાડવાં; પણ જળમાં બેસીને તેમને ચોળવાં નહિ. તે તો (એટલે અંગોને ચોળવાનું) તીર્થ (કાંઠા) ઉપર રહીનેજ કરવું અને ફરી આચમન કરવું. પોતાના હાથને ગાયના કાન જેવી આકૃતિનો કરીને ત્રણ વખત જળપાન કરવું, પછી બે વખત મુખને ધોઇ નાખવું અને પોતાના પગ ઉપર જળ છાંટવું. આ પછી મસ્તકપર રહેલા પ્રાણોનો (જળવડે) એકજ વખત સ્પર્શ કરવો. તે પછી બન્ને બાહુ, હૃદય, નાભિ તથા બીજાં પ્રત્યેક અંગનો જળથી સ્પર્શ કરવો અને પુનઃ મસ્તકનો સ્પર્શ કરવો.[૨૮] 'आपः पुनन्तु' એ મંત્ર બોલી પુનઃ આચમન કરવું. વળી ૐકારસહિત વ્યાહૃતિઓનો તથા 'सदसस्पातिम्' એ ઋચાનો ઉચ્ચાર કરી આચમન કરવું અને પછી મૃત્તિકાના ત્રણ વિભાગ કરી શરીર ચોળવું. તે સમયે 'इदं विष्णुः' એ ઋચા બોલીને ઉત્તમ, મધ્યમ તથા અધમ એવાં પોતાનાં સર્વ અંગોને માટીથી ચોળવાં અને વરુણસૂક્ત ભણી જળને નમસ્કાર કરી નદીઓમાં તેના સામા પ્રવાહે તથા તળાવ વગેરે બીજાં જળાશયોમાં સૂર્યસામે રહીને ૐકારના ઉચ્ચારપૂર્વક જળમાં ડૂબકી મારવી; પરંતુ જળને ડહોળી નાખવું નહિ. તે પછી છાણના ત્રણ વિભાગ કરી, જળમાંજ રહીને શરીરપર તે લગાવવું અને તે સમયે ૐકાર તથા વ્યાહૃતિસહિત ગાયત્રીનો જાપ કરવો. પછી પુનઃ આચમન કરી મારામાં મન રાખી 'आपोहिष्ठा" એ ત્રણ ઋચાઓ બોલી તથા 'तरत्समंदीभिः' એ ચાર ઋચાઓનો ઉચ્ચાર કરી પવિત્રજળવડે માર્જન કરવું;[૨૯–૩૩] તેમજ ગોસૂક્ત, અશ્વસૂક્ત, વિષ્ણુસૂક્ત, વરુણસૂક્ત સાવિત્રીસૂક્ત, ઇંદ્રસૂક્ત, વામદેવસૂક્ત અને મારા સ્વરૂપ એવા સામમંત્રો બોલી પોતાનાપર માર્જન કરવું અને જળમાં ઉભા રહી અઘમર્ષણનો જાપ કરવો.[૩૪,૩૫] તે પછી વ્યાહૃતિ તથા ૐકારસહિત ગાયત્રીનો જાપ કરવો અને મારૂં સ્મરણ કરી શ્વાસ મુક્ત થાય ત્યાંસુધી (પ્રાણાયામમાં) ૐકાર મંત્રનો જાપ કરવો.[૩૬] એ રીતે સ્નાન કરી કાંઠા ઉપર આવીને ધોયેલાં ઉજ્જ્વળ વસ્ત્રો પહેરવાં; પણ તે વસ્ત્રને

બગલમાં પાશરૂપે ધારણ કરવાં નહિ;[૩૭] કેમકે બગલમાં પાશરૂપે વસ્ત્ર ધારણ કરી જે કંઇ વૈદિક કર્મ કરવામાં આવે છે તેને રાક્ષસો, દાનવો તથા દૈત્યો હર્ષમાં આવીને લૂંટી જાય છે; માટે કોઈપણ પ્રકારે બગલમાં વસ્ત્રપાશ બાંધવો નહિ.[૩૮] પછી બન્ને હાથને તથા પગને ધીમે ધીમે માટીવડે ધોઇ નાખવા, પુનઃ ગાયત્રીમંત્રનો ઉચ્ચાર કરી આચમન કરવું અને ચિત્તને એકાગ્ર કરી દ્વિજાતિએ પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે વેદોનું ધ્યાન કરવું. જો જળમાં ઉભો હોય તો જળમાંજ રહીને અથવા સ્થળપર હોય તો સ્થળ ઉપરજ રહીને–એમ બન્ને સ્થળે ઉભા રહી આત્માની શુદ્ધિમાટે પવિત્રતાપૂર્વક આચમન કરવું.[૩૯,૪૦] પછી દર્ભના આસન ઉપર પૂર્વાભિમુખે બેસી હાથમાં દર્ભ રાખી એકાગ્રચિત્તે મારૂં ધ્યાન કરી પ્રાણાયામ કરવા.[૪૧] તે પછી (માળાવગેરેને) ગાયત્રીમંત્રથી મંત્રીને એક હજારવાર અથવા સોવાર એકાગ્રચિત્તે ગાયત્રીમંત્રનો જાપ કરવો અને જળને ગાયત્રીમંત્રથી મંત્રી દેહ નામના રાક્ષસોનો વિનાશ કરવા માટે ચોતરફ તેને ફેંકવું.[૪૨,૪૩] તેમજ ' अंतर्गोसि ' એ મંત્રથી પ્રાયશ્ચિત્તના જળને અંદરના ભાગમાં નાખવું.[૪૪] તે પછી દ્વિજાતિએ સુંદર પુષ્પોને તથા જળને અંજલિમાં (ખોબામાં) ધારણ કરી સૂર્યની સામે તેનો અર્ધ્ય આપવો અને આકાશમુદ્રા કરવી.[૪૫] પછી બારવાર સૂર્યના એકાક્ષર મંત્રનો જાપ કરવો અને છ અક્ષરવાળા મંત્રનો છ વાર જપ કરવો;[૪૬] તેમજ આકાશમુદ્રાવડે પોતાના મુખની વચ્ચે પ્રદક્ષિણા કરી બાહુ ઉંચા રાખવા અને એકાગ્રચિત્તે સૂર્યનાં દર્શન કરવાં.[૪૭] તે વેળા સૂર્યમંડળમાં રહેલા, તેજોમય મૂર્તિવાળા અને ચાર ભુજાઓવાળા એવા મારૂં ધ્યાન કરવું; અને 'उदुत्यं, चित्रं, तच्चक्षुः' એ સૂર્યોપસ્થાન મંત્રનો જાપ કરવો.[૪૮] તે પછી ગાયત્રીમંત્રનો જાપ કરી મારૂં સૂક્ત ભણવું અને મારા સ્વરૂપ એવા સામ મંત્રોનો તથા પુરુષસૂક્તનો પાઠ કરવો.[૪૯] પછી ' हंसः शुचिषत् ' એ મંત્ર ભણી સૂર્યનાં દર્શન કરવાં, તેને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરવા અને જળ લઇ બ્રહ્માનું, મારૂં, શંકરનું, પ્રજાપતિનું, દેવોનું તથા દેવમુનિઓનું તર્પણ કરવું.[૫૦,૫૧] વળી અંગસહિત વેદો, ઇતિહાસો, યજ્ઞો, સર્વ પુરાણો, અપ્સરાઓનાં કુળો, કલા તથા કાષ્ઠા(કાળનાં અમુક માપ)રૂપ સંવત્સર (વર્ષ) સર્વ ભૂતસમુદાયો, નદીઓ, સમુદ્રો, પર્વતો, પર્વતો ઉપર વસનારા દેવો, ઔષધિઓ અને વનસ્પતિઓ––એ સર્વને ઉદ્દેશી અમુક ' तृप्यताम् ' એમ કહી યજ્ઞોપવીતના ધારણપૂર્વક તૃપ્ત કરવાં. પછી વિદ્વાન દ્વિજાતિએ જનોઈને કંઠ્ય કરી (કંઠમાં ધારણ કરી, ડાબા તથા જમણા હાથવડે સ્પર્શ કરી મરીચિ, નારદ વગેરે મંત્રકર્તા ઋષિઓનું તર્પણ કરવું; તેમજ જનોઇને જમણા ખભાપર રાખી કવ્યવાહ, અગ્નિ, સોમ, વૈવસ્વત, અર્યમા, અગ્નિષ્વાત્ત અને સોમપા વગેરે પિતૃદેવતાઓનું તલ તથા દર્ભયુક્ત જળથી તર્પણ કરવું. પછી ' तृप्यताम् ' એમ કહી જળવડે પોતાના પિતૃઓ, પિતામહો, પ્રપિતામહો, પિતામહી, પ્રપિતામહી, માતા, ગુરુ, આચાર્ય, ફોઇ, માસી, માતામહી, ઉપાધ્યાય, મિત્રો, બંધુઓ, શિષ્યો, ઋત્વિજો, જ્ઞાતિબંધુઓ તથા બીજા કુટુંબીઓ (જેઓ મરણ પામ્યા હોય તેઓ)નું પણ મત્સરનો ત્યાગ કરી દયાભાવથી તર્પણ કરવું.[૫૨–૬૦] એ રીતે દેવપિતૃઓનું તર્પણ કરી આચમન લઇ સ્નાન કરવાના વસ્ત્રને નીચોવવું; (અને તે નીચોણના જળવડે પોતાના નિર્વંશી ગોત્રીઓને તૃપ્ત કરવા.) કેમકે તર્પણક્રિયાને જાણનારા વિદ્વાનો કહે છે કે, તે નીચોણનું જળ પોતાના (નિર્વંશી) પોષ્યવર્ગને આજીવિકારૂપ, સ્નાનરૂપ તથા પાનરૂપ થાય છે.[૬૧] દ્વિજાતિ પુરુષે દેવોને તથા પિતૃઓને પ્રથમ તૃપ્ત કર્યા વિના–તેઓનું તર્પણ કર્યા વિના સ્નાન કરવાના વસ્ત્રને કદી નીચોવવું નહિ; છતાં પણ કદાચ અજ્ઞાનથી તે વસ્ત્રને પ્રથમ નીચોવે તો દેવો, ઋષિઓ તથા પિતૃઓ, નિરાશ થઇ તેને શાપ આપી, આવ્યા હોય છે તેમ પાછા જાય છે.[૬૨] એ રીતે તર્પણ ક્રિયા સમાપ્ત કર્યા પછી માટીથી બન્ને પગ

ધોઈ નાખી, સાવધાન થઇને દર્ભના આસનપર બેસવું અને હાથમાં દર્ભ રાખી સ્વાધ્યાયનો આરંભ કરવો.[૬૩] પ્રથમ વેદનો આરંભ કરી તે ઉપર અનુક્રમે પોતાની શકિત પ્રમાણે બીજું જે કંઇ ભણવામાં આવે છે તેને સ્વાધ્યાય કહે છે.[૬૪] ઋગ્વેદ, યજુર્વેદ અથવા સામવેદનો પણ સૌની પહેલાં સ્વાધ્યાય કરવો અને પછી ઇતિહાસ તથા પુરાણોનો સ્વાધ્યાય કરવો તેમાં કદી ત્રુટિ થવા દેવી નહિ. પછી આસન ઉપરથી ઉભા થઇ દિશાઓને, દિશાઓના દેવતાઓને, બ્રહ્માને, અગ્નિને, પૃથ્વીને, ઔષધિઓને, વાણીને, વાણીના પતિને તથા નદીઓને નમસ્કાર કરવા ને પછી જળ લઇ પૂર્વની પેઠેજ ૐકાર વગેરેનો જપ કરવો.[૬૫-૬૭] તે પછી ' નમોऽद्भ्य એમ કહી જળને નમસ્કાર કરવા તથા તેજોમય આદિત્ય એવા સૂર્યને પોતાના મસ્તકપર પ્રણામ કરી ૐકારના ઉચ્ચારપૂર્વક એકાગ્રચિત્તે તેનાં દર્શન કરવાં. તે પછી મને પ્રિય એવાં પુષ્પોવડે નિત્ય મારૂં પૂજન કરવું."[૬૮,૬૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે માધવ! કયાં પુષ્પો તમને પ્રિય છે અને કયાં પુષ્પોમાં તમારો નિવાસ છે, તે સર્વ મને કહો. હે દેવોના ઇશ્વર અચ્યુત ! હું તમારો ભક્ત છું."[૭૦]

ભગવાને કહ્યું:-'હે રાજન્ ! જે પુષ્પો મને પ્રીતિ ઉપજાનારાં છે તેઓને તમે સાંભળો. રાત્રિવિકાસી કમળ (પોયણું), ચણક, ચંપો, માલતી, જાઇ, નંદ્યાવર્ત, નંદિક, ખાખરાનાં પુષ્પો (કેસુડાં) અને તેનાં પાંદડાં, દૂર્વા, ભાંગરો તથા વનમાળા આ બધાં હે રાજેન્દ્ર! મને અત્યંત પ્રિય છે. બીજાં સર્વ પુષ્પોમાં કમળ હજારગણું શ્રેષ્ઠ છે, કમળમાં પણ પદ્મજાતિનું કમળ શ્રેષ્ઠ છે, પદ્મ કરતાં સો પાંખડીવાળું કમળ ઉત્તમ છે, સો પાંખડીવાળા કરતાં હજાર પાંખડીવાળું કમળ ઉત્તમ છે, તેના કરતાં ધોળું કમળ શ્રેષ્ઠ છે, ધોળા કમળ કરતાં તુલસી વધારે શ્રેષ્ઠ છે, તુળસી કરતાં બકપુષ્પ નામનું ફૂલ ઉત્તમ છે અને તેના કરતાં સુવર્ણપુષ્પ× ઉત્તમ છે. હે પાંડવ ! સુવર્ણના પુષ્પ જેવું બીજું એક પણ પુષ્પ મને પ્રિય નથી.[૭૧-૭૫] જો પુષ્પ ન મળે તો તુળસીનાં પાનથી મારી પૂજા કરવી, તુળસીનાં પાન ન મળે તો તેની શાખાઓથી પૂજા કરવી, શાખાઓ ન મળે તો તેનાં મૂળથી પૂજા કરવી અને મૂળ પણ ન મળે તો ભક્તિમાન પુરુષે માટીથી મારી પૂજા કરવી.[૭૬] હવે હે રાજન્ ! જે પુષ્પો ત્યાગ કરવાયોગ્ય છે તેને તમે એકાગ્રચિત્તે સાંભળો. કિંકિણી, મુનિપુષ્પ, ધુર્ધૂર, પાટલ (ગુલાબ), અતિમુક્તક, પુન્નાગ, નક્તમાલ (માલકાંકણી), યૌધિક, ક્ષીરિકાપુષ્પ (થોરનાં પુષ્પ), નગોડ, લાંગલી, જાસુંદ, કરેણ, આસોપાલવ, શીમળાનું પુષ્પ, કકુભ, કોવિદાર, બેહેડાંનાં પુષ્પ, કુરંટક પુષ્પ, કલ્પક, કાલક, અંકોલ અને ગિરિકર્ણીકા આ બધાનાં પુષ્પો તથા કાળા રંગનાં સર્વ પુષ્પો, પૂજામાં ઉપયોગી નથી; તેમજ એક પાંખડીવાળાં સર્વ પુષ્પો, આકડાનાં પુષ્પ, આકડાનાં પાન ઉપર રાખેલાં પુષ્પ, સુંઘેલાં પુષ્પ તથા લીમડાનાં પુષ્પ પણ પૂજામાંઉપયોગી નથી. આ સિવાયનાં બીજાં ધોળી પાંખડીવાળાં અને સુગંધી જેટલાં મળે તેટલાં સર્વ જાતિનાં પુષ્પોથી હે રાજા! મારા ભકતે મારી પૂજા કરવી.

યુધિષ્ઠિરે પૂછ્યું:-"તમારી પૂજા કેવી રીતે કરવી ? તમારી મૂર્તિઓ કેવી છે ? વૈખાનસો તમને કયા નામથી કહે છે ? અને પાંચરાત્ર સંપ્રદાયવાળા તમને કયા નામે ઓળખે છે?"[૮૩]

ભગવાને કહ્યું:-"હે પાંડવ ! મારી પૂજાનો તે સર્વ ક્રમ તમે સાંભળો. એક સ્થંડિલ(વેદિકા) ઉપર આઠ પાંખડીઓવાળું એક કમળ ચીતરવું, તેની વચ્ચે એક કળી ચીતરવી, તેના ઉપર અષ્ટાક્ષર મંત્ર(श्रीकृष्ण शरणं मम), દ્વાદશાક્ષર મંત્ર (ॐनमो भगवते वासुदेवाय), વૈદિક મંત્રો અથવા મારાં (વિષ્ણુ) સૂકતથી મારી સ્થાપના કરવી; અને પછી હે યુધિષ્ઠિર ! મારા કુશળ ભકતે સત્ય, અચ્યુત તથા પુરુષસ્વરૂપ એવા મારી પૂજા કરવી.[૮૪-૮૬] વૈખાનસ (એક સંપ્રદાયશાસ્ત્ર)વેત્તાઓ મને અનિરુદ્ધ કહે છે; અને હે રાજા! પાંચરાત્રના ઉપાસકો મને વાસુદેવ, સંક-

---

×સુવર્ણપુષ્પનો અર્થ આ ઠેકાણે ધંતુરો કરવો નહિ; પણ ચંપાનાં અથવા કાંટાસળીયાનાં પુષ્પો એવો અર્થ કરવો.

ર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ–એવાં ચાર નામોથી ઓળખે છે.[૮૭,૮૮] હે રાજેન્દ્ર ! મારી આજ મૂર્તિઓ જૂદાં જૂદાં બીજાં નામોથી ઓળખાય છે.એ બધાં નામોના અર્થમાં કશો પણ ભેદ નથી, એમ તમારે જાણવું. વિદ્વાન પુરુષે આ રીતે જાણીને મારી પૂજા કરવી."[૮૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે દેવ ! તમારા ભકતો કેવા હોય છે ? તેઓનાં વ્રત કયાં છે ? હે દેવેશ ! હું તમારો ભક્ત છું; માટે હે અચ્યુત ! તે તમે મને કહો."[૯૦]

ભગવાને કહ્યું:–"જેઓ બીજા દેવોના ભક્ત નથી, મારા ભકતજનોને પ્રિય હોય છે અને મારેજ શરણે આવે છે, તેઓ મારા ભકત કહેવાય છે.[૯૧]હે પાંડવશ્રેષ્ઠ ! જે વ્રતો સ્વર્ગને આપનારાં, યશસ્કર અને વિશેષે કરી મને પ્રિય હોય તે વ્રતોને મારો ભકત ધારણ કરે છે.[૯૨] મારો ભકત જળ તરવાના સમયે બીજું વસ્ત્ર ધારણ કરતો નથી,શરીર માંદુ ન હોય તો દિવસે સૂતો નથી, મદ્ય તથા માંસનો ત્યાગ કરે છે, બ્રાહ્મણ, ગાય, પીપળો તથા અગ્નિને પ્રદક્ષિણા કરે છે, વરસાદ પડતો હોય ત્યારે દોડતો નથી, પ્રથમ ભિક્ષાનો કદી લોપ કરતો નથી (એટલે જેને ત્યાંથી પ્રથમ નિમંત્રણ આવે ત્યાંજ ભોજન કરવા જાય છે), પ્રત્યક્ષ મીઠું ખાતો નથી (એટલે અનાજમાં જેટલું મીઠું નાખ્યું હોય તે ઉપરાંત ખાતો નથી), સૌભાંજન (સરગવો) તથા કરંજન (માલકાંકણી) ખાતો નથી, ગાયને હમેશાં ગ્રાસ જેટલું અન્ન આપે છે, બગડી ગયેલા અથવા ખાટા પડી ગયેલાં અન્નનો ત્યાગ કરે છે,વાસી તથા પારકે ઘેરથી રંધાઈને આવેલા પદાર્થનો ત્યાગ કરે છે, દેવને નહિ નિવેદેલા પદાર્થનો ખાસ કરીને ત્યાગ કરે છે, બહેડાં તથા માલકાંકણીના વૃક્ષનીછાયાનો દૂરથી ત્યાગ કરે છે અને પોતાને દુઃખ આપવામાં આવ્યું હોય તોપણ બ્રાહ્મણો તથા દેવોની નિંદા કરતો નથી.[૯૩–૯૭] હે પાંડવ ! સાત્વિક, રાજસ અને તામસ, એમ ત્રણ પ્રકારના ભકતો મારી પૂજા કરે છે. તેઓની ગતિ જૂદા જૂદા પ્રકારની થાય છે.[૯૮] તામસ ભકતો તમોગુણને પામે છે, રાજસ ભકતો રજોગુણનેજ પામે છે અને સત્વસંપન્ન એવા સાત્વિક ભકતો સત્વગુણનેજ પામે છે.[૯૯] જેઓ જ્ઞાન, યોગ તથા સત્વગુણના બળથી સિદ્ધ થયેલા હોય છે, તેઓ આકાશમાં ચંદ્ર તથા સૂર્યરૂપ પોતાનાં નેત્રવડે મારા વિશાળ પદનો સાક્ષાત્કાર કરે છે;પણ જે રાજસ ભકત છે તે તો બુદ્ધિરૂપ એક સ્તંભવાળા, ઇંદ્રિયોરૂપી નવ દ્વારવાળા, ત્રણ ગુણરૂપી થાંભલાઓવાળા અને પાંચ મહાભૂતોરૂપી સાક્ષીવાળા આ દેહરૂપ નગરમાં નિત્ય રહે છે. (તેનો મોક્ષ થતો નથી.) સૂર્યનો ઉદય થતાંજ પોતાનું નિત્ય કર્મ કરનાર બુદ્ધિમાન અને ચારે વેદને જાણનાર બ્રાહ્મણના શરીરમાં પણ છ પ્રકારના અધર્મો રહે છે; તેમજ હે પાંડવશ્રેષ્ઠ ! ક્ષત્રિયોના શરીરમાં સાત, વૈશ્યોના શરીરમાં આઠ અને શૂદ્રોના શરીરમાં એકવીસ અધર્મો નિત્ય રહે છે.[૧૦૩] કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મહામોહ– આ છ અધર્મો બ્રાહ્મણના શરીરમાં રહે છે;[૧૦૪] ગર્વ-સ્તંભ (અક્કડપણું), અહંકાર, ઈર્ષ્યા, દ્રોહ, કઠોરતા અને ક્રૂરતા; આ સાત અધર્મો ક્ષત્રિયોના શરીરમાં રહે છે. તીક્ષ્ણતા, લુચ્ચાઈ, કપટ, શઠતા, દંભ, કુટિલતા, ચાડીચુગલી અને અસત્ય; આ આઠ અધર્મો વૈશ્યોના શરીરમાં રહે છે; અને તૃષ્ણા, બુભુક્ષા (જે તે ખાવાની ઈચ્છા), નિંદા, આળસ, નિર્દયતા, માનસિક પીડા, ખેદ, પ્રમાદ, સત્વહીનપણું, ભય, કાયરતા, જડતા, પાપ, ક્રોધ, આશા, નાસ્તિકતા, અનવસ્થા, દુષ્ટ વિષયોમાં પણ મનની સ્વતંત્રતા, અપવિત્રતા અને મલિનતા–આ અધર્મો શૂદ્રના શરીરમાં રહે છે. જે પુરુષના શરીરમાં પૂર્વોકત અધર્મો દેખાતા નથી. તે બ્રાહ્મણ કહેવાય છે.[૧૦૭–૧૦૯] જે જે પદાર્થોમાં બ્રાહ્મણ જે કાળે વર્તે છે તે કાળે તેને જ્ઞાનદુર્બળ જાણવો;[૧૧૦] પણ જે કાળે પ્રાણાયામ કરીને મારૂં ચિંતન કરે છે તે કાળે તેને બ્રાહ્મણ જાણવો અને બીજા કાળે તે બીજો જાણવો(અર્થાત્ મારૂં ધ્યાન તેજ બ્રાહ્મણના બ્રાહ્મણત્વનું કારણ છે.)[૧૧૧] માટે મને પ્રિય થવાની જો ઇચ્છા હોય તો સાત્વિક, પવિત્ર તથા ક્રોધરહિત થઈને નિત્ય મારૂં પૂજન કરવું.[૧૧૨] જે

મનુષ્ય જિહ્વાની ચપળતાવિનાનો હોય, ધૈર્યવાન હોય, ચાર હાથ દૃષ્ટિને આગળ નાખીને ચાલતો હોય, ચંચળ મન અને વાણીને વશ રાખતો હોય અને સર્વ પ્રકારના ભયથી મુકત હોય, તે મારો ભકત કહેવાય છે.[૧૧૩] જે બ્રાહ્મણો એવા અધ્યાત્મજ્ઞાની હોય અને ઇન્દ્રિયોને વશ રાખનારા હોય તેવાઓને શ્રાદ્ધમાં દેવો તૃપ્ત થાય છે અને તેને લીધે પિતૃઓ પણ ભોજન કરવાથી તૃપ્ત થાય છે.[૧૧૪] ધર્મનો જય છે, અધર્મનો જય નથી. સત્યનો જય છે, અસત્યનો નથી; અને ક્ષમાનો જય છે, ક્રોધનો જય નથી, માટે જે ક્ષમાવાન હોય તે બ્રાહ્મણ છે.'[૧૧૫]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં 'પાંચ મહાયજ્ઞ, સ્નાનવિધિ, વૈષ્ણવલક્ષણ તથા ભગવદ્પૂજામાં યોગ્યા યોગ્ય વિચાર એ વિષયનો અધ્યાય ૯મો સમાપ્ત

અધ્યાય ૧૦ મો

દશ પ્રકારની કપિલા ગાયો અને તેના દાનની પ્રશંસા

॥ वैशंपायन उवाच ॥

दानपुण्यफलं श्रुत्वा तपः पुण्यफलानि च ।
धर्मपुत्रः प्रहृष्टात्मा केशवं पुनरब्रवीत् ॥१॥

વૈશંપાયને કહ્યું:–એ પ્રમાણે દાનનું તથા તપનું પુણ્યફળ સાંભળી યુધિષ્ઠિરનું મન પ્રસન્ન થયું. તેમણે ફરી પણ શ્રીકૃષ્ણને પૂછયું:– “હે પ્રભુ માધવ! હોમકર્મમાં ઉપયોગી અને સદા પવિત્ર એવી કપિલા ગાયને બ્રહ્માએ પૂર્વે ઉત્પન્ન કરી છે, તેનું બ્રાહ્મણોને કેવી રીતે તથા કયે દિવસે દાન કરવું? પવિત્ર લક્ષણવાળી તે કપિલા ગાય કેવા બ્રાહ્મણને આપવી જોઇએ? હે દેવ! બ્રહ્માએ પોતે કપિલા ગાયના કેટલા પ્રકાર કહ્યા છે? અને કેવા મનુષ્યોએ તે ગાયનું દાન કરવું જોઇએ? તે યથાર્થ રીતે સાંભળવા હું ઇચ્છું છું.”[૧-૪]

વૈશંપાયને કહ્યું:–ધર્મપુત્ર યુધિષ્ઠિરે સભાની વચ્ચે એ પ્રમાણે શ્રીકૃષ્ણને પૂછયું, એટલે તેમણે કપિલા ગાયની સંખ્યા તથા તેનું માહાત્મ્ય કહેવા માંડયું:–[૫]“હે પાંડવ! સર્વને અત્યંત પવિત્ર કરનાર અને પવિત્ર એવું કપિલા ગાયનું માહાત્મ્ય તમે યથાર્થ રીતે સાંભળો; તેનું શ્રવણ કરીને પાપકર્મ કરનારો મનુષ્ય પણ પાપથી મુક્ત થાય છે.[૬] જે કપિલા ગાય અગ્નિમાંથી ઉત્પન્ન થઇ છે, દિવ્ય છે, અગ્નિની જ્વાળાસમાન કાંતિવાળી છે, અગ્નિની જ્વાળાસમાન ઉજ્જ્વળ શીંગડાંવાળી છે, પ્રદીપ્ત અંગારાસમાન તેજસ્વી નેત્રવાળી છે, અગ્નિરૂપ પૂછડાવાળી, અગ્નિરૂપ ખરીવાળી તથા અગ્નિરૂપ રૂવાંટાંની કાંતિવાળી છે, અગ્નિદેવતાથી અધિષ્ઠિત છે, અગ્નિરૂપ જીભ તથા ડોકવાળી છે અને પ્રદીપ્ત કાંતિવાળી છે તે ગાયના દૂધ વગેરેનો લોભથી મોહિત થયેલા શૂદ્રો જો ઉપભોગ કરે છે તો તેઓને પતિત જાણવા; કેમકે તેઓ (એ કર્મથી) ચાંડાલ જેવા છે,[૭-૯] બ્રાહ્મણે એવા શૂદ્રોને ઘેર પ્રતિગ્રહ કરવો નહિ, પરંતુ મહાપાપી એવા તે શૂદ્રોનો દૂરથીજ ત્યાગ કરી દેવો.[૧૦] દેવો તથા પિતૃઓ પણ સર્વકાળે તેઓનો ત્યાગ કરે છે, માટે તેઓને ત્યાં કદી પ્રતિગ્રહ કરવો નહિ; એટલુંજ નહિ પણ એ પાપીઓ સાથે કદી વાતચીત પણ કરવી નહિ.[૧૧,૧૨] જે શૂદ્રો જ્યાંસુધી કપિલા ગાયનું દૂધ પીએ છે, ત્યાંસુધી તેના પિતૃઓ, કૂતરાં તથા શિયાળની પેઠે પૃથ્વીપર અપવિત્ર પદાર્થોનું ભક્ષણ કરે છે. કપિલા ગાયના દહીં, દૂધ, ઘી તથા છાશનો પણ જે શૂદ્રો ઉપભોગ કરે છે, તેઓની ગતિ તમે સાંભળો.[૧૩] કપિલા ગાય ઉપર આજીવિકા ચલાવનાર શૂદ્ર ઘોર રૌરવ નરકમાં જાય છે અને ત્યાં એક અબજ વર્ષસુધી રહીને દુઃખ ભોગવે છે.[૧૪] પછી સમય પૂર્ણ થયે ત્યાંથી ચ્યુત થઇને કૂતરાની જાતિમાં અવતરે છે અને તે કૂતરાની જાતિમાંથી પણ મુક્ત થઇ વિષ્ઠામાં કીડો બને છે. એ પાપિષ્ઠ શૂદ્ર દુર્ગંધી વિષ્ઠાના કૂવામાં હજારો વાર જન્મે છે અને તેમાંથી તેનો ઉદ્ધાર થતો નથી.[૧૫,૧૬] જે કોઇ બ્રાહ્મણ એવા શૂદ્રોને ઘેર પ્રતિગ્રહ કરે છે, તેના પિતૃઓ પણ તે દિવસથી આરંભી અપવિત્ર પદાર્થોનું ભક્ષણ કર-

નારા થાય છે.[૧૭] તેવા અધમ બ્રાહ્મણની સાથે કદી ભાષણ કરવું નહિ, એકાસને બેસવું નહિ અને (હરકોઈ પ્રસંગે) તેનો નિત્ય ત્યાગ કરવો.[૧૮] જે પુરુષ તેવા બ્રાહ્મણ સાથે વાતચીત કરે અથવા એકાસને બેસે, તેણે કૃચ્છ્રપ્રાજાપત્ય નામનું તપ કરવું અને તેથીજ તે શુદ્ધ થાય છે.[૧૯] કપિલા ગાય ઉપર જીવન ચલાવનાર શૂદ્ર પાસેથી જે બ્રાહ્મણ પ્રતિગ્રહ કરે છે, તે પૂર્વોક્ત પ્રાયશ્ચિત્તનોજ અધિકારી છે, એમાં સંશય નથી.[૨૦] અથવા તેવા બ્રાહ્મણે બ્રહ્મકૂર્ચવ્રત કે ચાંદ્રાયણવ્રત કરવું, કેમકે તેથી પણ તે પાપથી મુક્ત થાય છે.[૨૧] સ્વયંભૂ બ્રહ્માએ પૂર્વે સર્વ તેજને એકત્ર કરી કેવળ અગ્નિહોત્રમાટે :અથવા બ્રાહ્મણમાટે કપિલા ગાયને ઉત્પન્ન કરી છે.હે પાંડુપુત્ર! કપિલા ગાય પવિત્રમાં પવિત્ર છે, મંગલમાં મંગલ છે અને પુણ્યમાં પણ પરમ પુણ્યરૂપ છે; એટલુંજ નહિ પણ સર્વ તપમાં તે શ્રેષ્ઠ તપરૂપ છે, વ્રતોમાં ઉત્તમ વ્રતરૂપ છે અને સર્વ દાનોમાં અક્ષય એવા ઉત્તમ દાનરૂપ છે.[૨૪] લોકસ્રષ્ટા બ્રહ્માએ પોતે પૃથ્વીપરનાં જેટલાં તીર્થો છે અને જેટલાં પવિત્ર સ્થાનકો છે, તેઓનું તેજ એકત્ર કરી લોકોને તારવા માટેજ કપિલાઓને નિર્માણ કરી છે.[૨૬] હે પાંડુનંદન ! કપિલા ગાય સર્વતેજોમય છે, અમૃતમય છે, પવિત્ર છે, શ્રેષ્ઠ છે,ઉત્તમ છે અને પવિત્ર કરનાર છે.[૨૭] દ્વિજજાતિઓએ કપિલાનાં ઘી, દૂધ તથા દહીંથી સાયંકાળે અને પ્રાતઃકાળે નિત્ય અગ્નિહોત્ર હોમવાં જોઈએ.[૨૮] હે સમર્થ રાજા! જે ઉત્તમ બ્રાહ્મણો કપિલા ગાયનાં ઘી, દૂધ તથા દહીંથી વિધિ પ્રમાણે અગ્નિહોત્રમાં હોમ કરે છે, નિત્ય પરમ ભક્તિપૂર્વક અતિથિઓની પૂજા કરે છે, શૂદ્રના અન્નનો ત્યાગ કરે છે અને દંભ તથા અસત્યથી નિત્ય દૂર રહે છે, તેઓ સૂર્યસમાન તેજસ્વી વિમાનોમાં બેસી, સૂર્યમંડલની વચ્ચે થઈ સર્વોત્તમ બ્રહ્મલોકમાં જાય છે;અને ત્યાં બ્રહ્માના દિવ્ય ભવનમાં ઈચ્છાનુસાર વિહાર કરેછે,ઇચ્છાનુસાર રૂપ ધારણ કરે છેતથા બ્રહ્માના પૂજ્યથઇ અક્ષયકલ્પસુધી આનંદ કરે છે.[૨૯-૩૨] એ રીતે હે રાજા ! કપિલા ગાય પવિત્ર છે, મંત્રરૂપ છે, અરણિ(યજ્ઞમાં ઉપયોગી અગ્નિનું ઉત્પાદક કાષ્ઠ)રૂપ છે અને પ્રથમ તે અગ્નિના મધ્યભાગમાં રહેનારી હોવાથી મૈત્રેયી એવા ઉપનામથી પ્રસિદ્ધ છે તથા બ્રહ્માએ પોતે તેને ઉત્પન્ન કરેલી છે.[૩૩] હે પાંડવ ! કપિલા ગાયના શીંગડાના અગ્રભાગમાં બ્રહ્માની આજ્ઞાથી સર્વ તીર્થો નિત્ય વસે છે.[૩૪] જે પવિત્ર મનુષ્ય પ્રાતઃકાળે ઉઠીને કપિલાનાં શીંગડાંના અગ્રભાગ ઉપરથી પડેલી જળધારાને યત્નપૂર્વક પોતાના મસ્તકપર ધારણ કરે છે,તેનાં સર્વ પાપો એ પવિત્ર તીર્થોથીજ નાશ પામે છે; અને અગ્નિ જેમ ઘાસને બાળે તેમ પોતાનાં ત્રણ જન્મનાં પાપોને બાળી ભસ્મ કરે છે.[૩૫,૩૬] જે મનુષ્ય કપિલાના મૂત્રથી પોતાના પ્રાણોને સ્પર્શ કરે છે, તેનાં સર્વ પાપો એ પવિત્ર સ્નાનથી નાશ પામેછે અને તે મનુષ્ય ત્રીસ વર્ષનાં પાપોથી મુક્ત થાય છે, એમાં સંશય નથી.[૩૭] હે રાજા ! પ્રાતઃકાળે ઉઠીને જે મનુષ્ય કપિલા ગાયને ભકિતથી એક મુઠ્ઠીભર ઘાસ આપે છે, તેનાં ત્રીસ દિવસનાં પાપ નાશ પામે છે;[૩૮] તેમજ પ્રાતઃકાળે ઉઠીને જે મનુષ્ય કપિલા ગાયની પ્રદક્ષિણા કરે છે, તેણે આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી ગણાય છે, એમાં સંશય નથી.[૩૯] હે પાંડવ ! શ્રદ્ધાયુકત થઇ કપિલાને માત્ર એકજ પ્રદક્ષિણા કરવાથી દશ દિવસનાં પાપ નાશ પામે છે.[૪૦] હે પાંડવ ! કપિલાનાં પંચગવ્યથી જે મનુષ્ય સ્નાન કરે છે, તે પવિત્ર થાય છે;એટલુંજ નહિ પણ તેણે ગંગા વગેરે સર્વતીર્થોમાં સ્નાન કર્યું ગણાય છે;[૪૧] તેમજ હે રાજા ! એ રીતના સ્નાનથી શ્રદ્ધાયુકત એવા પુરુષનાં દશ દિવસનાં પાપ તતકાળ નાશ પામે છે. હે રાજા ! કપિલાનાં દર્શન કરીને તેમ તેનો હુંકાર શબ્દ સાંભળીને મનુષ્ય એક રાત્રિદિવસના પાપથી મુકત થાય છે.[૪૩] હે પાંડવ ! કપિલાના હરકોઇ અંગમાં સ્પર્શ કરવાથી એક વરસનાં પાપ નાશ પામે છે.[૪૪] લોકપિતામહ બ્રહ્મા કહે છે કે, એક મનુષ્ય એક હજાર ગાયોનું દાન કરે અને બીજો મનુષ્ય એક કપિલા ગાયનું દાન કરે તો તેઓ બન્નેને સમાનજ ફળ પ્રાપ્ત થાય છે.[૪૫]

એજ પ્રમાણે જે મનુષ્ય કપિલા ગાયનો પ્રમાદથી વધ કરે છે, તેણે એક હજાર ગાયનો વધ કર્યો ગણાય છે, એમાં કંઇ સંશય જેવું નથી. હે પાંડવ ! જે મનુષ્ય અગ્નિહોત્રી શ્રોત્રિય બ્રાહ્મણને માત્ર એક કપિલાનું દાન કરે છે, તેણે એક લાખ ગાયનું દાન કર્યું ગણાય છે.[૪૭] કપિલા ગાયો દશ પ્રકારની છે, એમ બ્રહ્માએ પોતે કહ્યું છે. જે મનુષ્ય શ્રોત્રિય બ્રાહ્મણને તેઓનું દાન કરે છે, તે સ્વર્ગમાં જાય છે. હવે તે દશ પ્રકાર તમે સાંભળો.[૪૮] પહેલી સ્વર્ણકપિલા, બીજી ગૌરપિંગલા, ત્રીજી રક્તપિંગાક્ષી, ચોથી ગલપિંગલા, પાંચમી બભ્રુવર્ણાભા, છઠ્ઠી શ્વેતપિંગલા, સાતમી રંગપિંગાક્ષી, આઠમી ખુરપિંગલા, નવમી પાટલા અને દશમી પુચ્છપિંગલા. આ પ્રમાણે દશ પ્રકારની કપિલાઓ કહેવામાં આવી છે. તેઓ મનુષ્યોને નિત્ય તારે છે, માંગલિક છે, પવિત્ર છે અને સર્વ પાપોનો નાશ કરનારી છે. હે રાજા ! એજ પ્રમાણે બળદો પણ દશ પ્રકારના કહ્યા છે.[૪૯–૫૨] આ બળદોને કેવળ બ્રાહ્મણજ (ગાડાં વગેરેમાં જોડીને) હાંકી શકે છે, બીજા વર્ણનો મનુષ્ય કદી હાંકી શકતો નથી; પરંતુ કપિલા ગાયને તો બ્રાહ્મણ પણ ખેતરમાં કે માર્ગમાં હાંકી શકતો નથી.[૫૩] તેને સામાન્ય રીતે પણ માત્ર હુંકારથી અથવા પાંદડાંવાળી વૃક્ષની ડાળીથીજ હાંકવી. દંડ, લાકડી અથવા પાશથી(પ્રહાર કરીને) હાંકવી નહિ. પૂર્વે કહેલા જે બળદો ક્ષુધા, તૃષા તથા પરિશ્રમથી થાકેલા હોય અને વિકળ ઇંદ્રિયોવાળા હોય તેઓને કદી હાંકવા નહિ. તેઓ જ્યાંસુધી તૃપ્ત ન થયા હોય ત્યાંસુધી ભોજન કરવું નહિ અને તેઓ પાણી પીએ તે પછીજ પાણી પીવું. જેઓ કપિલાઓની સેવા કરે છે,તેઓની એ માતા થઇ રહે છે; અને જેઓ બળદોની સેવા કરે છે, તેઓના એ પિતા થઇ રહે છે. બળદોને ચલાવવા તે પણ દિવસના પૂર્વભાગમાંજ ચલાવવા, એમ વિદ્વાનો કહે છે; અને ચલાવ્યા પછી પણ મધ્યપ્રદેશમાં તથા છેવટે તેઓને સુખ થાય તેમ વિશ્રાંતિ આપવી.જે વખતે કંઇ ઉતાવળનું કામ હોય અથવા માર્ગમાં કંઇ સંશય જેવું હોય, તે વખતે પોતાની ઇચ્છાનુસાર બળદો ચલાવવા. તેમાં મનુષ્ય પાપી થતો નથી;[૫૭] પણ હે પાંડુપુત્ર રાજા! તેથી ઉલટી રીતે (એટલે ઉતાવળનું કામ ન હોય છતાં)જે મનુષ્યો બળદોને ચલાવ્યા કરે છે,તેને બાળહત્યાસમાન પાપ લાગે છે અને એ પાપથી તે પાપાત્મા મનુષ્ય રૌરવ નરકમાં જાય છે.[૫૮] હે રાજા ! જે મનુષ્ય મોહને લીધે બળદોના શરીરમાંથી રુધિર કાઢે છે, તે પણ એ પાપથી અવશ્ય નરકમાં જાય છે.[૫૯] ત્યાં સેંકડો વર્ષસુધી સ્થિતિ કરીને એ મનુષ્ય આ લોકમાં બળદ થાય છે.[૬૦] મુક્તિને ઇચ્છનારા મનુષ્યે કપિલા ગાયનું દાન કરવું;[૬૧] પણ લોભવડે મોહિત થયેલો જે શૂદ્રાચારી મનુષ્ય કપિલા ગાયને (ખેતર વગેરેમાં જોડીને) ચલાવે છે, તેણે તેત્રીસ દેવોને તથા સર્વ પિતૃઓને ચલાવ્યા ગણાય છે. વળી હે રાજા ! તે દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યને દેવો તથા પિતૃઓ નિત્ય મારે છે અને સૃષ્ટિના પ્રલયસુધી તે મનુષ્ય ભયંકર નરકોમાં સબડયા કરે છે.[૬૨,૬૩] બ્રહ્મા, રુદ્ર તથા અગ્નિ પણ કપિલાઓને શરણે ગયા છે, માટે તે વધપાત્ર નથી પણ પૂજ્ય છે, એમાં સંશય નથી. થાકેલી ગાયો જે સમયે શ્વાસોચ્છ્વાસ લે છે, તે સમયે તેને હાંકનારા મનુષ્યો જો પ્રહાર કરે છે,તો તેઓના આખા કુળનો સંહાર કરેછે;એટલુંજ નહિ પણ એ ગાયોના શરીર ઉપર જેટલાં રૂવાંટાં હોય છે, તેટલાં સૈકાં વર્ષોસુધી તે મનુષ્યો નરકોમાં રંધાયા કરે છે.[૬૪,૬૫] કપિલા ગાયોને સર્વ યજ્ઞોમાં દક્ષિણાતરીકે આપવાનો વિધિછે,માટે દ્વિજજાતિઓએ યજ્ઞોમાં તેઓને દક્ષિણાતરીકે આપવી.[૬૬] જે મનુષ્ય શ્રોત્રિય, દરિદ્ર, શ્રમિત તથા મહાતેજસ્વી એવા બ્રાહ્મણને અગ્નિહોત્રના હોમમાટે કપિલાનું દાન કરે છે, તે મનુષ્ય એ દાનથી પવિત્ર થઇ મારા લોકમાં પૂજાય છે;અને હે યુધિષ્ઠિર ! કપિલાનાં અંગ ઉપર જેટલાં રૂવાંટાં હોય છે, તેટલાં હજાર વર્ષસુધી તે સ્વર્ગલોકમાં આનંદ કરે છે.[૬૭,૬૮] જે મનુષ્ય મેષ તથા તુલા સંક્રાંતિમાં અથવા ઉત્તરાયણમાં સુવર્ણનાં શીં-

ગડાં-ખરીવાળી કપિલાનું દાન કરે છે,તેને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે; અને અશ્વમેધની બરોબર એવા તે પુણ્યને લીધે તે મારા લોકમાં જાય છે.[૬૯]તેજ પ્રમાણે સુવર્ણનાં શીંગડાંવાળી, રૂપાની ખરીવાળી, વાછરડાયુક્ત, કાંસાના દોહનપાત્રસહિત અને વસ્ત્રો,ચંદન તથા પુષ્પમાળાથી સુશોભિત એવી પુષ્ટ કપિલાનું જે દાન કરે છે,તે પણ મારાલોકમાં જાય છે.હું માનું છું કે,સુવર્ણપવિત્રમાં પવિત્ર વસ્તુ છે, માટે સુવર્ણથી શણગારેલી કપિલાનું અગ્નિહોત્રીને દાન કરવું.[૭૧] હે રાજેન્દ્ર ! એ પ્રકારે (કપિલાનું) દાન કરવાથી મનુષ્ય સાત પૂર્વના તથા સાત પાછળના પૂર્વજોને તારે છે, એમાં કંઇ સંશય નથી. એક વાજપેય યજ્ઞનું ફળ એકહજાર અગ્નિષ્ટોમયજ્ઞના ફળસમાન છે, એક અશ્વમેધયજ્ઞનું ફળ એક હજાર વાજપેયયજ્ઞના ફળસમાન છે, એક રાજસૂયયજ્ઞનું ફળ એક હજાર અશ્વમેધ યજ્ઞના ફળસમાન છે;અને હે પાંડવ ! એક હજાર કપિલાઓનું વિધિપૂર્વક દાન કરવાથી મનુષ્ય રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત કરે છે તથા મારા લોકમાં પૂજાય છે; તેમજ હે કુરુશ્રેષ્ઠ ! તે મનુષ્યનો કદી પુનર્જન્મ થતો નથી. [૭૪] જે મનુષ્ય સુવર્ણનાં શીંગડાં-ખરીવાળી તથા સર્વ અલંકારોથી સુશોભિત એવી કપિલા ગાયનું તેના વાછરડા અને કાંસાના દોહનપાત્ર સાથે દાન કરે છે તેને એ ગાય, જૂદા જૂદા સ્વરૂપે હાજર થઇને કામદુધાનીપેઠે(સ્વર્ગલોકમાં)ફળઆપે છે. જેમ મહાસાગરમાં વાયુથી લઈ જવાતી નૌકા મનુષ્યને તારે છે, તેમ દાનમાં અપાયેલી ગાય પણ પોતાનાં કર્મબંધનથી બંધાયેલા અને તીવ્ર અંધકારવાળા નરકમાં ઘસડાઈ પડતા મનુષ્યને તારે છે;[૭૬]તેમજ તેના પુત્રોને,પૌત્રોનેતથા સાત પેઢીસુધીના કુળને યથાવત્ રીતે તારે છે. આ પૃથ્વી મનુષ્યોને જ્યાંસુધી ધારણ કરે છે, ત્યાંસુધી એ ગાય પોતાનું દાન કરનારા મનુષ્યને પરલોક(સ્વર્ગ)માં ધારણ કરે છે.[૭૭] જેમ મંત્રથી સિદ્ધ કરેલું ઔષધ, તેના ઉપયોગની સાથેજ રોગોનો નાશ કરે છે, તેમ સુપાત્રને આપેલી કપિલા મનુષ્યના સર્વ પાપનો તત્કાળ નાશ કરે છે.[૭૮] જેમ સર્પો ગરુડને જોતાંજ ભયભીત તથા પરવશ થઇને દૂર નાસી જાય છે, તેમ કપિલાદાનથી મનુષ્યનાં સર્વ પાપો સત્વર નાશ પામે છે.[૭૯]જેમ સર્પ કાંચળીનો ત્યાગ કરી પુનઃ નવીન શુદ્ધ સ્વરૂપને પામે છે,તેમ કપિલાના દાનથી મનુષ્ય પોતાનાં પાપોથી મુક્ત થઇ શુદ્ધ થાય છે.[૮૦] જેમ ઘરની અંદર રહેલા અંધકારને પ્રદીપ્ત દીવો હાંકી કાઢે છે, તેમ કપિલાના દાનથી મનુષ્યનાં સર્વ પાપો તરત નાશ પામે છે.[૮૧] કપિલા ગાયના તથા તેના વાછરડાના શરીરપર જેટલાં રૂવાંટાં હોય છે, તેટલાં કરોડ યુગ વર્ષસુધી તેનું દાન કરનારો મનુષ્ય બ્રહ્મલોકમાં આનંદ કરે છે.[૮૨] જે બ્રાહ્મણ અગ્નિહોત્રી હોય, અતિથિઓપર પ્રેમ રાખતો હોય, શૂદ્રના અન્નનો ત્યાગ કરનારો હોય, જિતેંદ્રિય હોય,સત્યવ્રતવાળો હોય અને અધ્યયનસંપન્ન હોય તેને આપેલી ગાય પરલોકમાં (દાતાને)તારે છે.[૮૩]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં “દશ પ્રકારની કપિલા ગાયો અને તેના દાન-ની-પ્રશંસા”એ વિષયનો અધ્યાય૧૦મોસમાપ્ત

અધ્યાય ૧૧ મો

કપિલામાહાત્મ્ય તથા પુણ્ય-પાપફળ

॥ वैशंपायन उवाच ॥

एवं श्रुत्वा परं पुण्यं कपिलादानमुत्तमम् ।
धर्मपुत्रः प्रहृष्टात्मा केशवं पुनरब्रवीत् ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ-એ પ્રમાણે પરમ પવિત્ર અને ઉત્તમ એવું કપિલાગાયનું દાન સાંભળીને ધર્મપુત્ર યુધિષ્ઠિરનું મન પ્રસન્ન થયું.તેમણે પુનઃ શ્રીકૃષ્ણને પૂછ્યું[૧]:-“ હે દેવદેવેશ! જે સમયે બ્રાહ્મણને કપિલા ગાય અપાય છે, તે સમયે તેનાં સર્વ અંગોમાં દેવતાઓ કેમ રહે છે ?[૨] હે દેવશ્રેષ્ઠ ! દશ પ્રકારની કાપલાઓ જે તમે કહી, તેઓમાં પવિત્ર લક્ષણવાળી કેટલી છે ?[૩] દેવોએ તથા પિતૃઓએ તેઓનાપર અનુગ્રહ કેમ કર્યો છે? અને તેઓનો વર્ણ કેવો હોય છે?

તે સાંભળવાની મને ઉત્કટ ઇચ્છા છે. ”[૪]

વૈશંપાયને કહ્યું:-યુધિષ્ઠિરે એ પ્રમાણે પૂછયું એટલે સત્યવક્તા શ્રીકૃષ્ણે ગુપ્તમાં ગુપ્ત એ કપિલાનો મહિમા કહેવા માંડયો. ‘હે રાજન્! પવિત્ર રહસ્યરૂપ આ ઉત્તમ ધર્મ તમે સાંભળો. તે ગ્રહણ કરવા યોગ્ય છે, સત્ય છે અને હેતુવાદી પુરુષોને સંભળાવવા યોગ્ય નથી.[૬] મહામુનિઓ કહે છે કે, પ્રસવકાળે વાછરડાના મસ્તકસહિત બે પગ બહાર જોવામાં આવે, તેજ સમય ગોદાનને માટે ઉત્તમ ગણાય છે.[૭] (પ્રસવસમયે) અદ્ધર રહેલો વાછરડો જયાંસુધી પૃથ્વીપર ન આવે ત્યાંસુધી ગાયને પૃથ્વીરૂપ સમજવી, માટે તેજ અવસ્થામાં ગાયનું દાન કરવું; કેમકે હે યુધિષ્ઠિર! એ અવસ્થામાં ગાયનું દાન કરનારો મનુષ્ય, ગાયના તથા તેના વાછરડાના શરીરપર જેટલાં રૂંવાંટાં હોય છે અને પૃથ્વીપરના જેટલા રજકણો ગર્ભના જળથી ભીંજાય છે તેટલાં હજાર વર્ષોસુધી તે સ્વર્ગમાં પૂજાય છે.[૯] વાછરડાસહિત કપિલાને સુવર્ણથી શણગારીને, તલથી ઢાંકીને તથા સર્વ રત્નોથી અલંકૃત કરી જે મનુષ્ય દાન કરે છે, તેણે સમુદ્રો, નદીઓ, પર્વતો, વનો તથા ઉપવનોસહિત ચાર સમુદ્રસુધીની પૃથ્વીનું દાન કર્યું ગણાય છે, એમાં કંઇ સંશય નથી.[૧૦,૧૧] મનુષ્ય પૃથ્વીના દાનતુલ્ય એવા તે દાનથી સંસારસમુદ્રને તરી જઇ પ્રજાપતિના લોકમાં જાય છે.[૧૨] બ્રહ્મહત્યારો, બાળહત્યારો, ગોહત્યારો અને ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારો મહાપાપી પુરુષ પણ આ દાનથી શુદ્ધ થાય છે. જે મનુષ્ય આ પવિત્ર અને ઉત્તમ એવા કપિલાદાનની કથાનો પ્રાતઃકાળે ઉઠીને નિત્ય ભક્તિપૂર્વક પાઠ કરે છે, તેને થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૧૪] હે યુધિષ્ઠિર! આ અધ્યાયનો પાઠ કરનાર મનુષ્ય મન, વચન તથા કર્મથી બુદ્ધિપૂર્વક કરેલાં રાત્રિનાં સર્વ પાપનો નાશ કરે છે.[૧૫] જે મનુષ્ય આ અધ્યાયનું આવર્તન કરી શ્રાદ્ધમાં બ્રાહ્મણોને તૃપ્ત કરે છે, તેના પિતૃઓ અત્યંત હર્ષિત થઇ અમૃતમય ભોજન કરે છે.[૧૬] જે મનુષ્ય મારામાં ચિત્ત રાખી ભક્તિપૂર્વક આનો પાઠ કરે છે, તેનું રાત્રિમાં થયેલું સર્વ પાપ સત્વર નાશ પામે છે.[૧૭]

હવે હે રાજા! કપિલાઓના સંબંધમાં જે કંઇ વિશેષ જાણવાનું છે તે હું કહું છું. પૂર્વે દશ પ્રકારની કપિલા ગાયો જે કહી છે, તેમાં ચાર પ્રકારની અત્યંત શ્રેષ્ઠ છે, પવિત્ર છે અને પાપનો નાશ કરનારી છે;[૧૮] જેમકે પવિત્ર એવી સુવર્ણકપિલા, (રક્તાક્ષિપિંગલા લાલ નેત્ર અને પિંગટવર્ણવાળી), પિંગલાક્ષી (પિંગટનેત્રવાળી) અને પિંગલપિંગલા (એટલે અત્યંત પિંગટવર્ણી) આ ચાર કપિલાઓ શ્રેષ્ઠ છે, પવિત્ર છે, પાપનો નાશ કરનારી છે અને નમસ્કાર તથા દર્શનમાત્રથીજ મનુષ્યનાં સર્વ પાપને હણે છે.[૧૯,૨૦] હે યુધિષ્ઠિર! જેઓને ઘેર પાપનો નાશ કરનારી આ કપિલા ગાયો હોય છે, તેઓને લક્ષ્મી, વિજય તથા ઉજ્જવળ કીર્તિ નિત્ય પ્રાપ્ત થાય છે.[૨૧] કપિલાનું ઘી, દૂધ, દહીં તથા દૂધપાકનું માત્ર એકજવાર શ્રોત્રિયોને દાન કરીને મનુષ્ય પાપમાંથી મુક્ત થાય છે.[૨૨] હે યુધિષ્ઠિર! પૂર્વોક્ત સર્વ વસ્તુઓનું એકજ વાર દાન કરવાથી મનુષ્યના પિતરો, પિતામહો તથા પ્રપિતામહો એક કરોડ વર્ષસુધી તૃપ્ત રહે છે. કપિલાઓના દૂધથી શંકર પ્રસન્ન થાય છે, દહીંથી સર્વ દેવતાઓ સંતુષ્ટ થાય છે અને ઘીથી અગ્નિદેવ તૃપ્ત થાય છે. જે મનુષ્ય મેષ સંક્રાંતિમાં અથવા તુલા સંક્રાંતિમાં ઇંદ્રિયોનો જય કરી એક ઉપવાસ કરે છે અને પછી શુદ્ધાત્મા તથા શુદ્ધ મનવાળો થઇ ચાંદ્રાયણવ્રત કરતાં પણ શ્રેષ્ઠ એવા કપિલાના પંચગવ્યનું પ્રાશન કરે છે; તેમજ સૌમ્ય મુહૂર્તમાં તેનું પ્રાશન કરી ક્રોધ તથા અસત્યનો ત્યાગ કરી મારામાં મન રાખીને મારી અથવા શંકરની મૂર્તિને પંચગવ્યથી સ્નાન કરાવે છે, તેને અશ્વમેધયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૨૫-૨૭] એ રીતે પાપમુક્ત થયેલો તે શુદ્ધાત્મા પુરુષ આકાશને શોભાવનારા દિવ્ય વિમાનમાં બેસી મારા અથવા શંકરના લોકમાં જાય છે.[૨૮] બ્રહ્માએ પૂર્વે અગ્નિના કુંડમાંથી શ્રેષ્ઠ મંત્રોદ્વારા કપિલાને ઉત્પન્ન કરી છે, જે સુવર્ણસમાન કાંતિવાળી, મહાતેજસ્વી અને હોમધેનુ છે.[૨૯] તેને ઉત્પન્ન થયે-

લી જોઇને સ્વર્ગમાં રહેલા રુદ્રાદિ દેવો, સિદ્ધો, બ્રહ્મર્ષિઓ, અંગો તથા યજ્ઞોસહિત વેદો, સમુદ્રો, નદીઓ, પર્વતો, મેઘો, ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો અને સર્પો આશ્ચર્યયુક્ત થઇને તેની પાસે આવ્યા અને અગ્નિની મધ્યમાં રહેલી મહાતેજસ્વી એવી તે કપિલાની વિવિધ મંત્રોવડે અનેક પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા.[૩૦-૩૨] તે પછી તેઓ સર્વેએ નાનાં શીંગડાંવાળી, ત્રણ નેત્રોવાળી, વાછરડાસહિત અને અમૃતની અરણિરૂપ એવી તે ગાયને મસ્તકવડે પ્રણામ કરી ચાર મુખવાળા બ્રહ્મદેવને બે હાથ જોડી કહ્યું કેઃ– "હે મહાદેવ! તમે અમને આજ્ઞા આપો. હે પ્રભુ! અમે તમારૂં કયું કાર્ય કેવી રીતે કરીએ?" દેવોએ એ પ્રમાણે કહ્યું એટલે બ્રહ્માબોલ્યા કેઃ– "આ દૂઝણી ગાય ઉપર તમે કૃપા કરો. આ હોમધેનુ છે, એમ તમે જાણો. એ સર્વ અગ્નિઓને તૃપ્ત કરશે, જેથી તૃપ્ત થયેલો અગ્નિ તમને બધાને તૃપ્ત કરશે. તમે આના દૂધરૂપ અમૃતથી તૃપ્તથશો, એટલે વીર્યવાન તથા પરાક્રમી થઇ પોતાની ઈચ્છાનુસાર સર્વ દાનવોને જીતી શકશો, વીર્યવાન તથા બળવાન થશો, સત્ત્વવાન અને જિતેંદ્રિય થશો; તેમજ અસંખ્ય બળવાળા થઈ પ્રજાઓનું પાલન કરશો. તમે ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરશો, એટલે સર્વ પ્રજાઓ પણ વિવિધ દક્ષિણાવાળા યજ્ઞો કરી નિત્ય તમારી પૂજા કરશે."[૩૫-૩૯] પરમેષ્ઠિ બ્રહ્મદેવે સર્વ દેવતાઓને એ પ્રમાણે કહ્યું, ત્યારે તેઓએ પ્રસન્ન મુખમુદ્રા કરીને કપિલાને વર આપ્યો.[૪૦]

દેવતાઓએ કહ્યું:–" લોકનું હિત કરવામાટે બ્રહ્માએ તને ઉત્પન્નકરી છે; માટે તું પવિત્ર થા અને પાપને દૂર કરનારી થા.[૪૧] જે લોકો તારાપર ભક્તિભાવ રાખી તારાં દર્શન કરી તને નમસ્કાર કરશે અને હાથવડે સ્પર્શ કરશે, તેઓનાં એક વર્ષનાં પાપ નાશ પામશે.[૪૨] જે મનુષ્યો તને સર્વસહા (પૃથ્વીરૂપ) માની તારાં દર્શન કરીને તને નમસ્કાર કરશે, તેઓનાં ઇચ્છાવગર કરાયેલાં, અજાણતાં કરાયેલાં તથા નહિ જોવાયેલાં–સર્વ પ્રકારનાં પાપો, સૂર્યોદય થતાં જેમ અંધકાર નાશ પામે તેમ નાશ પામશે."

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું:–કપિલાને એવો વર આપી તે દેવતાઓ જેમ આવ્યા હતા, તેમ ચાલ્યા ગયા; અને કપિલા ગાય પણ લોકોનો ઉદ્ધાર કરવામાટે લોકોમાં વિચરવા લાગી. બીજી જે નવ પ્રકારની કપિલાઓ છે, તે પણ એ પ્રથમની કપિલામાંથીજ ઉત્પન્ન થયેલી છે અને લોકોનો અનુગ્રહ કરવાના કારણથી આ પૃથ્વીપર તે ગાયો વિચરેછે; માટે પરલોકમાં પોતાનું હિત ઇચ્છનારા પુરુષે કપિલાનું દાન કરવું.[૪૫] હે રાજન્! અગ્નિહોત્રી બ્રાહ્મણને જે સમયે કપિલા આપવામાં આવે છે, તે સમયે તેનાં બન્ને શીંગડાંઓમાં વિષ્ણુ તથા ઇંદ્ર સ્થિતિ કરે છે, શીંગડાના બન્ને મૂળમાં ચંદ્ર તથા ઇંદ્ર વસે છે, શીંગડાના મધ્યપ્રદેશમાં બ્રહ્મા, લલાટમાં શંકર, બે કાનમાં અશ્વિનીકુમારો, નેત્રમાં ચંદ્ર–સૂર્ય, દાંતમાં વાયુદેવ, જિહ્વામાં સરસ્વતી, રૂવાંટાંનાં છિદ્રોમાં સર્વ મુનિઓ, ચામડીમાં પ્રજાપતિ, શ્વાસોચ્છ્વાસમાં છ અંગ તથા પદ અને ક્રમસહિતસર્વવેદો, નાસિકામાંસુગંધી પદાર્થો તથા પુષ્પો, હોઠમાં સર્વ વસુઓ, મુખમાં અગ્નિ, કાખના પ્રદેશમાં સાધ્યદેવો, ડોકમાં પાર્વતી, પીઠમાં નક્ષત્રગણો, ખાંધમાં આકાશ, અપાનમાં સર્વ તીર્થો, ગોમૂત્રમાં ગંગા પોતે, છાણમાં ઇષ્ટતુષ્ટ એવી દેવીલક્ષ્મી, નાસિકામાં દેવી જયેષ્ઠા, નિતંબ પ્રદેશમાં પિતૃઓ, પૂંછડામાં દેવી રમા, બન્ને પડખાંઓમાં વિશ્વેદેવાઓ, વક્ષઃસ્થળમાં સ્વામી કાર્તિક, ઢીંચણ–જંઘા તથા ઉરુપ્રદેશમાં પાંચ વાયુઓ, ખરીઓમાં ગંધર્વો, ખરીના અગ્રભાગમાં સર્પો અને ચાર આંચળોમાં સંપૂર્ણ એવા ચાર સમુદ્રો વસે છે. ઉપરાંત રતિ, મેધા, ક્ષમા, સ્વાહા, શ્રદ્ધા, શાંતિ, ધૃતિ, સ્મૃતિ, કીર્તિ, દીપ્તિ, ક્રિયા, કાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ, સંતતિ, દિશાઓ અને વિદિશાઓ–આ સર્વે કપિલાને નિત્ય સેવે છે;[૪૬-૫૭] તેમજ દેવો, પૃથ્વીગણો, વેદો, તેનાં અંગો, યજ્ઞો, ગંધર્વો, પિતૃઓ, અપ્સરાઓ, સર્વ લોકો, દ્વીપો, સમુદ્રો અને ગંગા વગેરે નદીઓ વેદોક્ત વિવિધ મંત્રોથી કપિલાની સ્તુતિ કરે છે. વળીઃ વિદ્યાધરો, સિદ્ધો

ભૂતો તથા તારાગણો પણ હર્ષમાં આવી જઇને (કપિલા ઉપર) પુષ્પની વૃષ્ટિ કરે છે અને નૃત્ય કરે છે.[૫૮–૬૦] બીજા સર્વ દેવતાઓ પણ આકાશમાં ઉભા રહીને કપિલાની સ્તુતિ કરે છે કે, હે કપિલા! અગ્નિના કુંડમાંથી બ્રહ્માએ તને ઉત્પન્ન કરી છે. તું દિવ્ય છે, મહાતેજસ્વી છે, પવિત્ર છે અને સર્વ દેવો તને નમસ્કાર કરે છે; માટે અમે તને નમસ્કાર કરીએ છીએ.[૬૧] હે મહાસત્વવાળી કપિલા! તું સર્વતીર્થમય છે અને પવિત્ર છે; માટે તું તારા દાતાને તેનાં સ્વજનો સાથે બ્રહ્મલોકમાં લઇ જા.[૬૨] અહો! આ કપિલા પવિત્ર રત્નરૂપછે, સર્વ દુઃખોનો નાશ કરનારા ઉત્તમ સાધનરૂપ છે અને ધર્મદ્વારા સંપાદિત થતું શુદ્ધ મહાધન છે."[૬૩] કપિલા ગાયનો પ્રતિગ્રહ કરનાર બ્રાહ્મણ જ્યાંસુધી તેનો ઉપભોગ કરે છે, ત્યાંસુધી સર્વ દેવગણો સુવર્ણનાં શીંગડાંવાળી, રૂપાની ખરીવાળી અને ગંધપુષ્પથી સારી રીતે પૂજાયેલી કપિલાને પૂજે છે.[૬૪] કપિલા, નવીન વસ્ત્રોથી જ્યાંસુધી શણગારેલી રહે છે અને મંત્રથી પવિત્ર તથા સંસ્કારી હોય છે, ત્યાંસુધીમાં તે જો ઈચ્છે તો પૃથ્વીલોકમાં રહેનારાં સર્વ મનુષ્યોને બ્રહ્મલોકમાં લઇ જાય છે.[૬૫] પૃથ્વી, ઘોડા, ગાયો, સુવર્ણ, રૂપું, તલ તથા જવ–આ પદાર્થો જે વેળા બ્રાહ્મણને અપાય છે, તે વેળા તેઓ (એટલે એ પદાર્થો) નિત્ય પ્રસન્ન થાય છે;[૬૬] પરંતુ હે પાંડવ! એજ પદાર્થો જો અશ્રોત્રિય બ્રાહ્મણોને આપવામાં આવે છે તો પોતાના આત્માની તેઓ નિંદા કરે છે કે, અમે કયું પાપ કર્યું હશે? (જેથી આવા દુષ્ટને અમારૂં દાન થયું!)[૬૭] વળી તેઓ શોક કરે છે કે, 'અહો! ખેદની વાત છે કે રાક્ષસો તથા પિશાચો અમને ચોતરફથી લૂંટી જશે અને અમે અલ્પ કાળમાં નરકમાં જઈશું;'[૬૮] પણ તે પદાર્થોનું જો શ્રોત્રિયોને દાન કર્યું હોય છે તો તેઓ વૃદ્ધિ પામે છે અને દાતાને તારે છે."[૬૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે દેવદેવેશ! હે દૈત્યહંતા! હવ્ય તથા કવ્ય (દેવકર્મ તથા પિતૃકર્મ)નો કાળ કયો છે? તે કર્મમાં કેવા બ્રાહ્મણો પૂજાને યોગ્ય છે તથા કેવા બ્રાહ્મણોનો ત્યાગ કરવો?"[૭૦]

ભગવાને કહ્યું:–"દૈવીકર્મ દિવસના પૂર્વભાગમાં કરાય છે અને પિતૃકર્મ દિવસના પાછળના ભાગમાં થાય છે. જે દાન સમયવિના કરવામાં આવે છે, તેને વિદ્વાનો રાજસ કહે છે.[૭૧] હે ભારત! જે અન્ન બૂમો પાડીને આપ્યું હોય, અસત્ય બોલીને જમાયું હોય અને કૂતરાથી સ્પર્શ કરાયું હોય, તેને રાક્ષસોના ભાગરૂપ જાણવું.[૭૨] હે રાજન્! જેટલા બ્રાહ્મણો પતિત થયા હોય, જડ હોય અને ગાંડા હોય, તેઓ દેવકર્મમાં તથા પિતૃકર્મમાં પૂજવા યોગ્ય નથી; તેમજ નપુંસક, લંગડો, કોઢીઓ, ક્ષયરોગવાળો તથા અપસ્માર (વાઇ) રોગવાળો બ્રાહ્મણ પિતૃકર્મમાં પૂજામાટે અયોગ્ય છે. વૈદ્યોનો ધંધો કરનારા, દેવોના પૂજારીતરીકે જીવન ગાળનારા, મિથ્યા નિયમ ધારણ કરનારા અને સોમલતાનો વેપાર કરનારા બ્રાહ્મણો પણ શ્રાદ્ધમાં યોગ્ય ગણાતા નથી.[૭૫] જે બ્રાહ્મણો એકોદિષ્ટ કર્મમાં (એટલે એકાદશાહના પિતૃકર્મમાં) વિધિ પ્રમાણે ભોજન કરે છે (એટલે પ્રેતરૂપ થઇને પિંડભક્ષણ કરે છે) તેઓ પાછળથી જો ચાંદ્રાયણવ્રત ન કરે તો દેવ–પિતૃકર્મમાં સત્કારયોગ્ય નથી.[૭૬] ગવૈયાઓ, નાટકીઆઓ, કૂદવાનો ધંધોકરી જીવનારાઓ, વાજાંવગાડનારાઓ, કથાઓ કરનારાઓ તથા યુદ્ધકર્મો કરનારાએવા, બ્રાહ્મણો પણ દેવ–પિતૃકર્મમાં સત્કારપાત્ર નથી. હે રાજન્! જે બ્રાહ્મણો અગ્નિહોત્રથી રહિત હોયછે, મડદાં ઉપાડીને જીવનારા હોય છે, ચોરી કરનારા હોયછે અને પોતાનાં બ્રાહ્મણકર્મથી વિરુદ્ધ કર્મ કરનારા હોય છે, તેઓ પણ દેવપિતૃકર્મમાં યોગ્ય ગણાતા નથી.[૭૮] જે બ્રાહ્મણો અજાણ્યા હોય, દત્તકપુત્ર હોય અને પુત્રીને પરણાવતી વખતેજ તેના પિતાએ પુત્રતરીકે સ્વીકારેલા હોય તેવાંઓ શ્રાદ્ધમાં સત્કારપાત્ર નથી.[૭૯] જે બ્રાહ્મણ યુદ્ધ કરનારો હોય, વેપારી હોય અને પ્રાણીઓને વેચીને પોતાની આજીવિકા ચલાવતો હોય તે પણ શ્રાદ્ધમાં સત્કારપાત્ર નથી;[૮૦] પરંતુ જે બ્રાહ્મણો વ્રતાચરણ કરનારા હોઇને

ગુણવાન હોય, નિત્ય સ્વાધ્યાય કરવામાં તત્પર રહેતા હોય, ગાયત્રીને જાણનારા હોય અને ક્રિયાનિષ્ઠ હોય તેઓ શ્રાદ્ધમાં સત્કારપાત્ર ગણાય છે.[૮૧] શ્રાદ્ધનો સમય, બ્રાહ્મણ, દહીં, ઘી, દર્ભો, પુષ્પો તથા ક્ષેત્ર–એ સર્વ પ્રાપ્ત કરી મનુષ્યે શ્રાદ્ધકર્મ કરવું.[૮૨] હે રાજન્ ! જેઓ ચારિત્ર્યનિષ્ઠ હોય, કૃશ (દરિદ્ર) હોય અને અલ્પ આજીવિકાવાળા હોય તેવા અર્થીઓ જો આવી મળે તો તેવાઓને આપેલું મહાન ફળ ઉત્પન્ન કરે છે.[૮૩] જે બ્રાહ્મણો તપસ્વી હોય, ભિક્ષાચારી હોય અને યાચક વૃત્તિવાળા હોઇને દાન લેવા ઇચ્છતા હોય, તેઓને આપવાથી મહાન ફળ મળે છે. હે ધાર્મિકશ્રેષ્ઠ રાજા ! એ પ્રમાણે જાણીને જે બ્રાહ્મણ વેદનિષ્ઠ હોય, દરિદ્રહોય અને તમારા પરઉપકાર કરનાર ન હોય તેનેજ તમે સર્વ દાન આપો.[૮૫] હે ધર્મજ્ઞ ! તમને જો અક્ષય પુણ્યની ઇચ્છા હોય તો જે દાન તમને પ્રિય હોય તથા શ્રોત્રિય બ્રાહ્મણોને પ્રિય હોય તેજ દાન તમે આપો.[૮૬]

હવે હે યુધિષ્ઠિર ! જેઓ નરકમાં જનારા છે, તેઓના સંબંધમાં હું તમને કહું છું, તે સાંભળો.[૮૭] જે બ્રાહ્મણો ગુરુને માટે અથવા પ્રાણાંતના પ્રસંગસિવાય અસત્ય બોલે છે, તેઓ નરકમાં જાય છે.[૮૮] જેઓ પરસ્ત્રીનું હરણ કરે છે, પરસ્ત્રીસાથે વ્યભિચાર કરે છે અને પરસ્ત્રીને બીજાઓ સાથે મેળવી આપે છે, તેઓ નરકમાં જાય છે.[૮૯] પારકી ચાડી–ચુગલી કરનારા, પરસ્પરના કોલ–કરારને તોડનારા, પારકા દ્રવ્ય ઉપર આજીવિકા ચલાવનારા અને મિત્રોએ કરેલા ઉપકારને નહિ જાણનારા મનુષ્યો નરકમાં જાય છે.[૯૦] જેઓ વર્ણાશ્રમથી બહાર છે, પાખંડી છે, પાપી છે અને જેઓ તેવા મનુષ્યોનો આશ્રય કરે છે, તેઓ સર્વે નરકમાં જાય છે.[૯૧] જેઓ વેદને વેચીને જીવનારા છે, વેદો ઉપર દોષારોપ કરનારા છે અને વેદને લખનારા છે, તેઓ નરકમાં જાય છે.[૯૨] હે રાજન્ ! દહીં વગેરે રસનો જેઓ વેપાર કરે છે, અફીણ વગેરે ઝેર અને દૂધને વેચે છે, તેઓ નરકમાં જાય છે.[૯૩] જે અધમ મનુષ્યો પૈસાની લાલચથી અથવા સ્નેહથી ચાંડાળોને દૂધ આપે છે, તેઓ નરકમાં જાય છે.[૯૪] જેઓ પશુઓને દુઃખ દે છે, તેઓનાં નાક વિંધે છે અને તેઓનાં લિંગ છેદન કરી તેઓને નપુંસક કરે છે તેઓ નરકમાં જાય છે. જેઓ સમર્થ હોવા છતાં દ્રવ્યના લોભને લીધે ગરીબ તથા આંધળાઓ તરફ દૃષ્ટિ કરતા નથી (તેઓને કંઈ આપતા નથી), તેઓ નરકમાં જાય છે.[૯૬] જેઓ (સ્વાર્થી હોઇને) પોતાનું કામ પૂરૂં થઇ રહે એટલે ક્ષમાગુણવાળા, જિતેંદ્રિય, દરિદ્ર, બુદ્ધિમાન તથા લાંબા કાળસુધી સાથે રહેલા મનુષ્યોનો ત્યાગ કરે છે, તેઓ નરકમાં જાય છે.[૯૭] જેઓ બાળકોને, વૃદ્ધોને તથા શ્રમિત થયેલાઓને આપ્યાવિના પોતે એકલા મિષ્ટાન્ન ભોજન કરે છે, તેઓ નરકમાં જાય છે.[૯૮] આ પ્રમાણે જે મનુષ્યો નરકમાં જનારા છે તેઓના સંબંધમાં પ્રાચીન ઋષિઓએ કહ્યું છે. હવે જેઓ સ્વર્ગમાં જનારા છે, તેઓને વિષે તમે સાંભળો. જેઓ દાન, તપ, સત્ય તથા ઇંદ્રિયનિગ્રહપૂર્વક ધર્મને અનુસરેછે તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૦] હે પાંડવ ! સેવાભક્તિપૂર્વક ઉપાધ્યાય પાસેથી શાસ્ત્રનું અધ્યયન કરીને જેઓ પ્રતિગ્રહ કરવામાં આસક્ત થતા નથી તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૧] જેઓ વ્રતધારાની પેઠે મદ્ય, માંસ તથા આસવોનો ત્યાગ કરે છે અને પરસ્ત્રીઓથી દૂર રહે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૨] જેઓ માતા–પિતાની સેવા કરે છે અને ભાઈઓપર સ્નેહ રાખે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૩] જેઓ ભોજનસમયે બહાર નીકળીને અતિથિઓપર પ્રીતિ ધરાવે છે (અતિથિઓને પ્રેમપૂર્વક પોતાને ઘેર તેડી લાવે છે) અને હરકોઇ યાચકમાટે પોતાનાં દ્વાર ખુલ્લાં રાખે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૪] જેઓ દરિદ્ર મનુષ્યોની કન્યાઓના વિવાહકર્મને કરાવી આપે છે અથવા પોતેજ કરે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૫] જેઓ શ્રદ્ધાયુક્ત થઇને દહીં–દૂધ વગેરે રસોનું, બીજોનું તથા ઔષધિઓનું દાન કરે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૬] જેઓ માર્ગમાં પૂછનારા

મુસાફરોને તેઓનું કલ્યાણ-અકલ્યાણ કહે છે તેમજ સારા-નરસા પ્રદેશોસંબંધે તેઓને માહિતી આપે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૭] જેઓ અમાવાસ્યાએ, પૂર્ણિમાએ, ચૌદશે, આઠમે, બે સંધ્યાસમયે, આર્દ્રા નક્ષત્રમાં, મેષ તથા તુલા સંક્રાંતિમાં, પોતાના જન્મનક્ષત્રમાં તથા શ્રવણનક્ષત્રમાં પોતાની પત્ની સાથેના વિષયસંગનો પણ ત્યાગ કરે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.[૧૦૮] આ પ્રમાણે હે રાજા ! દેવકર્મ તથા પિતૃકર્મનો વિધિ, નરક-સ્વર્ગમાં જનારા મનુષ્યો અને ધર્મ તથા અધર્મ મેં તમને કહ્યા.હવે ફરી શું સાંભળવા ઇચ્છો છો?"

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'કપિલામાહાત્મ્ય તથા પુણ્ય-પાપફળ'
એ વિષયનો અધ્યાય ૧૧ મો સમાપ્ત

અધ્યાય ૧૨ મો

હિંસા કર્યાવિના બ્રહ્મહત્યા પામનારાઓ અને જેનું અન્ન અભક્ષ્ય છે તેવા પાપીઓ

॥ युधिष्ठिर उवाच ॥

इदं मे तत्त्वतो देव वक्तुमर्हस्यशेषतः ।
हिंसामकृत्वा यो मर्त्यो ब्रह्महत्यामवाप्नुयात्

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે દેવ ! જે મનુષ્ય હિંસા કર્યાવિના બ્રહ્મહત્યાને પામે છે, તે વિષે યથાર્થરીતે અને સંપૂર્ણપણે કહેવાને તમે યોગ્ય છો. "[૧]

ભગવાને કહ્યું:-"જે મનુષ્ય વૃત્તિકૃશ(દરિદ્ર) એવા બ્રાહ્મણને ભિક્ષામાટે બોલાવીને પાછળથી તેને કહે કે, મારી પાસે કંઈ નથી, તેને (વિદ્વાનો) બ્રહ્મહત્યારો કહે છે.[૨] હે ભારત ! જે દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય, વેદાધ્યયન કરનારા મધ્યસ્થ બ્રાહ્મણની આજીવિકાને હરી લે છે, તેને બ્રહ્મહત્યારો કહે છે.[૩] જે ક્રોધી મનુષ્ય કોઈના આશ્રમમાં, ઘરમાં, ગામમાં કે નગરમાં અગ્નિ મૂકે છે, તેને બ્રહ્મહત્યારો કહે છે.[૪] હે રાજા ! ગાયોનું ટોળું તૃષાથી આતુર હોય અને જળની સમીપ આવ્યું હોય તેને જે વિઘ્ન કરેછે, તેને બ્રહ્મહત્યારો કહે છે.[૫] જે મનુષ્ય જગતમાં પ્રચલિત થયેલા વેદને તથા મુનિઓએ રચેલાં ઉત્તમ શાસ્ત્રોને તેઓનો અર્થ સમજ્યાવિના દૂષિત ઠરાવે છે, તેને બ્રહ્મહત્યારો કહે છે.[૬] જે મનુષ્ય આંધળાનું, પાંગળાનું તથા મૂર્ખનું સર્વસ્વ હરી લે છે, તેને બ્રહ્મહત્યારો કહે છે.[૭] જે મૂઢાત્મા પુરુષ પોતાના ગુરુને તુંકારો કરે છે, હુંકાર કરે છે અને તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તેને બ્રહ્મહત્યારો કહે છે.[૮] ક્રોધથી અથવા દ્વેષથી પોતાની નિંદા કરી હોય અથવા તિરસ્કાર કર્યો હોય છતાં ઋતુકાળે પોતાની સ્ત્રી પાસે જે જતો નથી તેને બ્રહ્મહત્યારો કહે છે. ગરીબ મનુષ્યની પાસે જે કંઇ સાર વસ્તુ હોય છે તેનો નાશ થતાં તેની ખરાબ સ્થિતિ થાય છે; આવા ગરીબ મનુષ્યનું સર્વસ્વનું જે હરણ કરે છે, તેને બ્રહ્મહત્યારો કહેછે. "[૧૦]

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે દેવશ્રેષ્ઠ ! જે દાન સર્વ દાનોમાં શ્રેષ્ઠ ગણાય છે અને જે બ્રાહ્મણોનું અન્ન ભોજન કરવા યોગ્ય મનાય છે,તે વિષે હવે તમે મને કહો."[૧૧]

ભગવાને કહ્યું:-"બ્રહ્માદિ દેવતાઓ અન્નનીજ પ્રશંસા કરે છે, માટે અન્નના જેવું બીજું એકે દાન છે નહિ અને થશે પણ નહિ.[૧૨] અન્ન લોકમાં બળ આપનારૂં કહેવાય છે અને અન્નને આધારેજ પ્રાણીઓના પ્રાણ ટકી રહેલા છે. હવે હે રાજન્ ! જેઓનું અન્ન અભક્ષ્ય છે તે વિષે હું કહું છું, તે તમે સાંભળો. દીક્ષિતનું, લોભીનું, ક્રોધીનું, કપટીનું, નિંદિતનું, નપુંસકનું, ભોજનમાં ભેદ કરનારાનું (એટલે પોતાને માટે જૂદું રાંધે અને બીજાઓને માટે જૂદું રાંધે તે), વૈદ્યનું, દૂતનું તથા એઠું-જૂઠું ખાનારાનું અન્ન અભક્ષ્ય છે;તેમજ ઉગ્ર અન્ન, સૂતકી અન્ન, શૂદ્રના ખાવામાંથી બાકી વધેલું અન્ન, શત્રુનું અન્ન તથા પતિતનું અન્ન અભક્ષ્ય છે. વળી ચાડીઆનું, યજ્ઞ વેચનારાનું, નાટકીઆનું, વણકરનું, કૃતઘ્નીનું, બ્રાહ્મણથી વાણીયણ સ્ત્રીમાં જન્મેલાનું, મ્લેચ્છનું, રંગરેજનું, સોનીનું, વીણા વગાડનારાનું, શસ્ત્ર વેચનારાનું, ક્ષત્રિયથી બ્રાહ્મણીમાં ઉત્પન્ન થયેલાનું,

દારૂ વેચનારાનું, વૈદ્યનું, ધોબીનું, સ્ત્રીને વશ રહેનારાનું, ઘાતકીનું, ક્ષત્રિયથી વાણીયણમાં ઉત્પન્ન થયેલાનું, જેઓને મરી ગયે દશ દિવસ ન થયા હોય તેવા પ્રેતોનું, વેશ્યાઓનું, ભાટ–ચારણોનું, જુગારીઓનું,જુગારને જાણનારાઓનું, મોટાભાઇને કુંવારો રાખી પરણી બેઠેલા નાના ભાઇનું,કુંવારારહેલા મોટાભાઇનું,મોટી બહેન કુંવારીહોય છતાં નાનીબહેનની સાથે લગ્નકરનારાનું, મોટાભાઇની વિધવા સ્ત્રી સાથે વ્યભિચાર કરનારાનું અને રાજાઓનું અન્ન પણ અભક્ષ્ય છે.રાજાનું અન્ન તેજનો નાશ કરે છે,શૂદ્રનું અન્ન બ્રાહ્મતેજને હરી લે છે અને સોનીનું તથા મોચીનું અન્ન આયુષ્યનો તથા યશનો નાશ કરે છે.[૨૨] સમુદાયનું તથા વેશ્યાનું અન્ન લોકમાં નિંદાપાત્ર છે, વૈદ્યનું અન્ન પરૂસમાન છે, શૂદ્રાસ્ત્રીના પતિનું અન્ન વીર્યસમાન છે અને વ્યાજનો ધંધો કરનારાનું અન્ન વિષ્ઠાસમાન છે; માટે તેનો ત્યાગ કરવો.[૨૩] જે બ્રાહ્મણ તેઓનું અન્ન ખાય છે તે પોતાનાં ચામડી, હાડકાં તથા રૂંવાંટાંજ ખાય છે;[૨૪] તેમજ અમાત્ય(રાજાના પ્રધાન)નું અન્ન ખાઇને અથવા પૂર્વે નિષેધેલાઓનું અન્ન ખાઇને ત્રણ દિવસ ઉપવાસી રહેવું જોઇએ; એટલુંજ નહિ પણ તેઓનું અન્ન માત્ર એકજ વખત બુદ્ધિપૂર્વક ખાઇને બ્રાહ્મણે પ્રાજાપત્ય નામનું વ્રત કરવું જોઇએ.[૨૫]

હે પાંડવ ! હવે દાનોનું ફળ હું તમને યથાર્થ રીતે કહું છું, તેને તમે સાંભળો. જળ આપનાર મનુષ્ય તૃપ્તિ પામે છે, અન્ન આપનાર અક્ષય સુખ પામે છે, તલ આપનાર ઇષ્ટ પ્રજા મેળવે છે, દીવો આપનાર નેત્રના ઉત્તમ તેજને મેળવે છે, પૃથ્વી આપનાર પૃથ્વીને પામે છે, સુવર્ણ આપનાર લાંબા આયુષ્યને મેળવે છે, ઘર આપનાર શ્રેષ્ઠ ઘર મેળવે છે, રૂપું આપનાર રૂપ સંપાદન કરે છે, વસ્ત્ર આપનાર ચંદ્રના લોકમાં જાય છે, ઘોડો આપનાર અશ્વિનીકુમારોના લોકમાં જાય છે, બળદ આપનાર શ્રેષ્ઠ લક્ષ્મી પ્રાપ્ત કરે છે,ગાય આપનાર ગોલોકને પામે છે, વાહન તથા શય્યા આપનાર સ્ત્રીને મેળવે છે, અભયદાન આપનાર ઐશ્વર્યને પામે છે, ધાન્ય આપનાર સનાતન સુખ સંપાદન કરે છે અને વેદ આપનાર (વેદ ભણાવનાર) બ્રહ્મ સાથે એકતા પામેછે.આ પ્રમાણે વેદનું દાન સર્વદાનો કરતાં શ્રેષ્ઠ છે.[૨૬–૩૦] સુવર્ણ, પૃથ્વી, ગાય, ઘોડો, બકરૂં,વસ્ત્ર, શય્યા તથા આસન વગેરેનાં દાન કરતી વખતે જે મનુષ્ય સત્કારપૂર્વક તે આપે છે અને જે દાન લેનારો યોગ્યતાપૂર્વક તે દાનનો પ્રતિગ્રહ કરે છે,તેઓ બન્ને સ્વર્ગમાં જાય છે; પણ તેથી ઉલટી રીતે આપે–લે છે તો બન્ને જણા નરકમાંજાય છે.[૩૧] વિદ્વાન મનુષ્યે કદી અસત્ય બોલવું નહિ, તપ કરીને ગર્વિષ્ઠ થવું નહિ, દુઃખ પામીને પણ બ્રાહ્મણોનો તિરસ્કાર કરવો નહિ અને દાન આપીને તેને ગાઇ બતાવવું નહિ;[૩૨] કેમકે યજ્ઞ અસત્યથી નાશ પામે છે, તપ ગર્વથી નાશ પામે છે, આયુષ્ય બ્રાહ્મણનું અપમાન કરવાથી નાશ પામે છે અને દાન ગાઇ બતાવવાથી નાશ પામે છે.[૩૩] પ્રાણી એકલોજ જન્મે છે, એકલોજ મરણ પામે છે, એકલોજ પુણ્ય ભોગવે છે અને એકલોજ પાપ ભોગવે છે.[૩૪]શરીર જ્યારે મરણ પામે છે,ત્યારે કાષ્ઠ તથા માટીના ઢેફાસમાન થયેલા તે શરીરનો પૃથ્વીપર ત્યાગ કરી દઇ સર્વ કુટુંબીઓ અવળે મુખે પોતપોતાના સ્થાન તરફ ચાલ્યા જાય છે; માત્ર એક ધર્મજ (તે શરીરથી જૂદા પડેલા જીવની) પાછળ (તેને સહાય કરવામાટે) જાય છે.[૩૫] મનુષ્યનું મન ભવિષ્યનાં કાર્યો કરવા માટે તેની ગણત્રી કર્યા કરે છે, ત્યારે કાળ તેના નાશવંત શરીર સામે જોઇને હસ્યા કરે છે;[૩૬] માટે ધર્મની સહાય ઇચ્છનારા મનુષ્યે નિત્ય ધર્મસંગ્રહ કરવો, કેમકે ધર્મની સહાયથી મનુષ્ય દુસ્તર અંધકારને (નરકનાં દુઃખોને) તરી જાય છે;[૩૭] અને તેઓએ બંધાવેલાં અનેક તળાવો, જળાશયો, ધર્મશાળાઓ, કૂવાઓ, સુંદર પરબો, અન્નસત્રો અને મધુર વાણી જગતમાં અસ્તિત્વ ધરાવે છે તથા તેઓ યમદેવના સપાટામાં સપડાતા નથી.”[૩૮]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો

સંન્યાસી તથા અગ્નિનો મહિમા અને દાનપાત્ર બ્રાહ્મણ તથા અન્નદાનની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

अनेकान्तं वहुद्वारं धर्ममाहुर्मनीषिणः ।
किंलक्षणोऽसौ भवति तन्मे ब्रूहि जनार्दन॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ધર્મને વિદ્વાનો અનેક દ્વારવાળો (અનેક માર્ગવાળો) તથા અનિશ્ચિત સ્વરૂપવાળો કહે છે, માટે હે જનાર્દન ! ધર્મનું લક્ષણ શું છે? તે મને કહો.”[૧]

ભગવાને કહ્યું:–“હે રાજન્ ! ધર્મનો તથા બાહ્યાભ્યંતર પવિત્રતાનો વિધિ સંક્ષેપમાં તમે સાંભળો. અહિંસા, બાહ્યાભ્યંતર પવિત્રતા, અક્રોધ, દયા, શમ, દમ, સરળતા–આટલાં ધર્મનાં નિશ્ચિત લક્ષણો છે.[૨]બ્રહ્મચર્ય, તપ, ક્ષમા, મદ્ય–માંસનો ત્યાગ, મર્યાદામાં સ્થિતિ અને શમ–આટલાં બાહ્યાભ્યંતર પવિત્રતાનાં લક્ષણ છે.[૩] પ્રત્યેક મનુષ્યે બાલ્યાવસ્થામાં વિદ્યાભ્યાસ કરવો, યૌવનાવસ્થામાં સ્ત્રી સાથે લગ્ન કરવાં, વૃદ્ધાવસ્થામાં મુનિવૃત્તિનો આશ્રય કરવો, નિત્ય ધર્મનું આચરણ કરવું, બ્રાહ્મણોનું અપમાન કરવું નહિ,ગુરુઓની નિંદા કરવી નહિ અને સંન્યાસીઓને અનુકૂળ રહેવું, એ સનાતન ધર્મ છે.[૪,૫] સંન્યાસી બ્રાહ્મણોનો ગુરુ છે, બ્રાહ્મણ સર્વ વર્ણોનો ગુરુ છે,પતિ સ્ત્રીઓનો ગુરુ છે અને રાજા સર્વ કોઇનો ગુરુ છે.[૬] સંન્યાસી માત્ર એકજ રાત્રિ ગૃહસ્થને ઘેર રહે છે, તો ગૃહસ્થે જાણતાં અજાણતાં કરેલાં સર્વ પાપોને બાળી નાખે છે.[૭] સંન્યાસીઓ દુરાચારી હોય કે સદાચારી હોય પણ પરલોકમાં હિત ઇચ્છનારા ગૃહસ્થોએ તેઓનું પૂજન કરવુંજ.[૮]સંન્યાસી એક દંડને ધારણ કરનારો હોય, ત્રિદંડને ધારણ કરનારો હોય,શિખાધારી હોય,મુંડિત હોય કે ભગવાંવસ્ત્ર તથા દંડ–બન્નેને ધારણ કરનારો ગમે તે હોય તોપણ તે પૂજ્યજ છે,એમાં સંશય નથી.[૯]ગૃહસ્થે સંન્યાસીનું કે અતિથિનું પૂજન કર્યું ન હોય પણ અપમાનજ કર્યું હોય તો તે તેને નરકમાંજ ધકેલી દે છે;માટે પરલોકમાંજ પોતાનુંહિત ઇચ્છનારા ગૃહસ્થોએ મારામાં સર્વ કર્મોને સમર્પણ કરી દેનારા, મારા ભક્ત અને મનેજ પરાયણ રહેનારા સંન્યાસીઓને અવશ્ય પૂજવા.[૧૧]દ્વિજાતિઓએ બ્રાહ્મણોને તથા ગાયોને કદી પ્રહાર કરવો નહિ, કેમકે તેથી બાળહત્યાસમાન પાપ લાગે છે.[૧૨]

કોઈપણ મનુષ્યે અગ્નિને મુખથી ધમવો નહિ, અગ્નિમાં પગ તપાવવા નહિ, અગ્નિને નીચે મૂકવો નહિ,અગ્નિમાં પીઠ તપાવવી નહિ, બે અગ્નિની વચ્ચે થઇને જવું નહિ, અગ્નિમાં અપવિત્ર પદાર્થો નાખવા નહિ, ઉચ્છિષ્ટ અવસ્થામાં અગ્નિને સ્પર્શ કરવો નહિ, સૂતકીએ પણ અગ્નિને અડકવું નહિ અને કૂતરાં તથા ચાંડાળ વગેરેએ જેને સ્પર્શ કર્યો હોય તેણે પણ પોતાનાં અંગ અગ્નિમાં તપાવવાં નહિ, કેમકે અગ્નિ સર્વ દેવમય છે; માટે નિત્ય પવિત્ર થઇનેજ તેને સ્પર્શ કરવો.[૧૩–૧૫] જ્યારે મૂત્રનો તથા વિષ્ઠાનો વેગ પ્રાપ્ત થયો હોય, ત્યારે પણ ડાહ્યા મનુષ્યે અગ્નિને સ્પર્શ કરવો નહિ; કેમકે મળમૂત્રના વેગને જ્યાંસુધી ધારણ કરાય છે ત્યાંસુધી મનુષ્ય અસાવધાન હોય છે. હે રાજા ! ગૃહસ્થે રાંધવાનો અગ્નિ પારકે ઘેરથી કદી લાવવો નહિ; કેમકે એ અગ્નિથી અન્ન રાંધીને જે કંઇ શુભ કર્મ કરાય છે, તેનું અર્ધફળ અગ્નિ આપનારાને મળે છે;[૧૭] માટે પોતાના ઘરમાંજ અગ્નિને નિત્ય અવિનાશી રાખવો, છતાં કોઇ સમયે પ્રમાદને લીધે અથવા અજાણતાં અગ્નિ હોલવાઈ ગયો હોય તો અરણિકાષ્ઠ મથીને અગ્નિ ઉત્પન્ન કરવો અથવા કોઈ શ્રોત્રિયબ્રાહ્મણને ત્યાંથી અગ્નિલાવવો.”[૧૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે જનાર્દન ! કેવા બ્રાહ્મણો ઉત્તમ ગણાય છે,કે જેઓનેઆપવાથી મહાન મળેછે અને કેવા બ્રાહ્મણોને દાનઆપવું? તે મને કહો.”[૨૦]

ભગવાને કહ્યું:–“જેઓ ક્રોધી ન હોય,સત્યપરાયણ હોય, નિત્ય ધર્મનિષ્ઠ હોય અને જિતેંદ્રિય હોયતે બ્રાહ્મણો ઉત્તમ ગણાય છે;અને

તેવાઓને આપવાથી મહાન ફળ મળે છે.[૨૧] જેઓ અભિમાની ન હોય, સર્વ સહન કરનારા હોય, સર્વ પદાર્થોને જોનારા હોય, જિતેંદ્રિય હોય, પ્રાણીમાત્રનું હિત કરનારા હોય અને સર્વ સાથે મિત્રભાવ રાખનારા હોય, તેવાઓને આપવાથી મહાન ફળ મળે છે.[૨૨] જેઓ લોભી ન હોય, પવિત્ર હોય, વેદસંપન્ન હોય, લજ્જાશીલ હોય, સત્યવાદી હોય અને સ્વધર્માસક્ત હોય, તેવાઓને આપવાથી મહાન ફળ મળે છે. જે બ્રાહ્મણ અંગસહિત વેદોનું નિત્ય અધ્યયન કરે છે અને શૂદ્રના અન્નનો ત્યાગ કરે છે, તેને ઋષિઓ પાત્ર કહે છે.[૨૪] હે યુધિષ્ઠિર ! માત્ર એકજ બ્રાહ્મણ બુદ્ધિ, શાસ્ત્ર, સદાચરણ અને સચ્ચારિત્રથી યુક્ત હોય તો આખા કુળને (સમાજને) તારી શકે છે. [૨૫] તેવો ગુણવાન અને સાધુમાન્ય બ્રાહ્મણ સાંભળવામાં આવે, એટલે તેને ગાય, ઘોડો, અન્ન કે દ્રવ્ય–જે કંઇ આપવું હોય તે આપવું; એટલુંજ નહિ પણ તેવો બ્રાહ્મણ દૂર હોય તો ત્યાંથી બોલાવીને પણ તેની સત્કારપૂર્વક પૂજા કરવી. ”[૨૬]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે દેવેશ્વર ! ધર્મ તથા અધર્મનો આવો કઠિન વિધિ તો ભીષ્મપિતામહે કહ્યોજ છે, તો તેમનાં વાક્યોમાંથી જે કંઇ સારભૂત ધર્મ હોય તે મને કહો. ”[૨૭]

ભગવાને કહ્યું:–“સ્થાવરજંગમ સર્વ જગત અન્નને આધારે જીવી રહ્યું છે અને અન્નથીજ પ્રાણ ઉત્પન્ન થાય છે. આ વાત પ્રત્યક્ષ છે તેથી એમાં સંશય નથી; માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે પોતાની સ્ત્રીને પણ દુઃખ આપીને (અર્થાત્ ઘરમાં અન્નનો સંકોચ કરીને પણ) દેશ–કાળ પરત્વે પોતાની શક્તિ અનુસાર ભિક્ષુને અન્ન આપવું. માર્ગમાં (ચાલવાથી) થાકેલો કોઇ બ્રાહ્મણ બાળક અથવા વૃદ્ધ પોતાને ઘેર આવે ત્યારે ગૃહસ્થે પ્રસન્ન થઇને ગુરુની પેઠે તેની પૂજા કરવી.[૩૦] સુશીલ તથા મત્સરરહિત એવા ગૃહસ્થે પોતાને ઉત્પન્ન થયેલા ક્રોધનો ત્યાગ કરીને પરલોકમાં હિતકારક સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે પ્રસન્નતાપૂર્વક અતિથિનો સત્કાર કરવો. અતિથિનું કદી અપમાન કરવું નહિ, તેની સામે અસત્ય વાણી બોલવી નહિ, તેનું ગોત્ર તથા શાખા પૂછવાં નહિ અને વિદ્યાવિષયક પ્રશ્ન પણ કદી પૂછવો નહિ.[૩૨] પરલોકમાં હિત ઇચ્છનારા મનુષ્યે, પોતાને ત્યાં કોઇ ચાંડાળ અથવા કૂતરાંને રાંધી ખાનારો પણ યોગ્ય સમયે આવી ચઢયો હોય તો તેને અન્ન આપી તેનો સત્કાર કરવો. હે યુધિષ્ઠિર ! જે (લોભી) મનુષ્ય ઘરનાં દ્વાર બંધ કરીને (પોતે એકલો) હર્ષપૂર્વક અન્નનું ભોજન કરે છે, તેણે સમજી લેવું કે મારે માટે સ્વર્ગનાં દ્વાર ખરેખર વસાઇ ગયાં છે.[૩૪] જે મનુષ્ય પિતૃઓને, દેવોને, ઋષિઓને, બ્રાહ્મણોને તથા નિરાશ્રિત અતિથિઓને અન્ન આપી પ્રસન્ન કરે છે, તેને મહાન પુણ્યફળ મળે છે.[૩૫] જે મનુષ્યે અનેકાનેક પાપ કર્યાં હોય, પરંતુ કોઇ અતિથિને અથવા વિશેષે કરી કોઇ બ્રાહ્મણને તે અન્ન આપે છે તો તે સર્વ પાપમાંથી મુક્ત થાય છે.[૩૬] લોકમાં અન્ન આપનારો પ્રાણ આપનાર છે અને પ્રાણ આપનારો સર્વ આપનાર છે; માટે પોતાનું કલ્યાણ ઈચ્છનારાએ ખાસ કરી અન્નદાન કરવું.[૩૭] વિદ્વાનો કહે છે કે અન્ન અમૃતરૂપ છે, અન્ન સર્વને ઉત્પન્ન કરનારૂં છે અને અન્નનો નાશ થતાં શરીરમાંની પાંચે ધાતુઓ નાશ પામે છે.[૩૮] કોઇ બળવાન પ્રાણી પણ જો અન્નરહિત થઈ પડે છે, તો તેનું બળ નાશ પામે છે; માટે શ્રદ્ધા–અશ્રદ્ધાએ પણ ખાસ કરી અન્નદાન કરવું.[૩૯] હે ભારત ! સૂર્ય પોતાનાં કિરણોદ્વારા સર્વ રસને ગ્રહણ કરે છે, વાયુ સૂર્યમંડળમાંથી તે રસ લઇને મેઘમાં સ્થાપિત કરે છે અને ઇંદ્ર મેઘમાં રહેલા તે રસને તેજ સ્થિતિમાં પૃથ્વીપર વરસાવે છે; જેથી દેવી પૃથ્વી પાણી પાણી થઇ રહી પ્રસન્ન થાય છે.[૪૦,૪૧] પછી પૃથ્વી ઉપર ધાન્ય ઉગે છે, જેને લીધે સર્વ પ્રજાઓ જીવે છે. આ પ્રમાણે ધાન્યમાંથીજ માંસ, મેદ, હાડકાં તથા ચરબી ઉત્પન્ન થાય છે.[૪૨] સૂર્ય, વાયુ, મેઘ તથા ઇંદ્ર, એ સર્વે એકજ સમુદાયરૂપે રહેલા છે અને તેથી પ્રાણીઓ જન્મે છે.[૪૩] (અન્નનું દાન કરનારા) મહાત્માઓનાં સ્વર્ગમાં દિવ્ય ભવનો હોય છે, તે ભવનોની આકૃતિ અનેક પ્રકારની છે, તેમાં

જાતજાતન પ્રાણીઓ વસે છે, તે ભવનો ભિન્નભિન્ન પ્રદેશોમાં આવેલાં છે, તેમનો દેખાવ ચંદ્રના મંડળ જેવો ઉજ્જવળ છે, તેમની ચોતરફ ઘુઘરીઓનાં ઝુમખાં વળગેલાં છે, તેમનો પ્રકાશ તરુણ સૂર્યસરખો છે, તેમાંનાં કેટલાંક એક સ્થળેથી બીજે સ્થળે જઇ શકે છે, કેટલાંક સ્થિર છે. આ ભવનોની સંખ્યા સેંકડોની છે, તેમની અંદરના ભાગમાં જળપ્રદેશો તથા બાગબગીચા આવેલા છે, તે ભવનોની આસપાસ પુષ્પફળથી ભરપૂર અને સર્વ કામનાઓ પૂર્ણ કરનારાં દૈવીવૃક્ષો રહેલાં છે; તેમની અંદરના ભાગમાં વાવો, બાંધેલી સભાઓ, કૂવાઓ તથા હજારો તળાવડીઓ આવેલી છે, ભક્ષ્ય તથા ભોજ્યપદાર્થોના મોટા મોટા પર્વતો ત્યાં ગોઠવેલા છે, વસ્ત્રો તથા અલંકારો પણ ત્યાં છે, દૂધની નદીઓ તથા અન્નના પર્વતો પણ ત્યાં રહેલા છે, તે ભવનોનાં આંગણાંમાં સુંદર ઘણુઘણાટ કરનારાં હજારો વાહનો જોડીને તૈયારજ રાખેલાં હોય છે અને સુંદર મહાલયો તથા સુવર્ણસરખી ઉજ્જવળ શય્યાઓ પણ ત્યાં છે. જેઓ અન્નનું દાન કરે છે, તેઓ એ દિવ્ય ભવનોમાં રહે છે; માટે અન્નદાતા થવું." ૪૪-૪૯

ઈતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં 'સંન્યાસી તથા અગ્નિનો મહિમા અને દાનપાત્ર બ્રાહ્મણ તથા અન્નદાનની પ્રશંસા' એ વિષયનો અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો

ભોજનવિધિ, ગોગ્રાસદાન, તલની પ્રશંસા અને બ્રાહ્મણને તલ તથા શેરડી પીલવાના નિષેધ વિષે

॥ युधिष्ठिर उवाच ॥

अन्नदान फलं श्रुत्वा प्रीतोऽस्मि मधुसूदन।
भोजनस्य विधिं वक्तुं देवदेव त्वमर्हसि ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે મધુસૂદન ! અન્નદાનનું ફળ સાંભળી હું પ્રસન્ન થયો છું. હે દેવના દેવ ! હવે તમે ભોજનનો વિધિ કહેવાને યોગ્ય છો."[૧]

ભગવાને કહ્યું:-"હે પાંડવ ! દ્વિજજાતિઓ માટેનો ભોજનવિધિ હું કહું છું, તે તમે સાંભળો. સ્નાન કરી, પવિત્ર થઇ, અગ્નિમાં હોમ કરીને નિર્જન પ્રદેશમાં બ્રાહ્મણે ચોરસ મંડળ કરવું, ક્ષત્રિયે ગોળ મંડળ કરવું અને વૈશ્યે અર્ધચંદ્રાકાર મંડળ કરવું.[૨,૩] ભોજનસમયે ભીને પગે બેસવું, પૂર્વદિશા તરફ મુખ રાખીને પવિત્ર આસન ઉપર બેસવું, બે પગથી પૃથ્વીનો સ્પર્શ કરીને અથવા એક પગથી સ્પર્શ કરીને બેસવું, માત્ર એક વસ્ત્ર ધારણ કરીને ભોજન કરવું નહિ; (અર્થાત્ બીજું ઉપવસ્ત્ર પણ પાસે રાખવું.) તેમજ વચ્ચે પડદો બાંધીને જમવું નહિ, દ્વિજજાતિએ ભાંગેલા વાસણમાં જમવું નહિ અને પાંદડાના પાત્રમાં પણ જમવું નહિ. ભોજનસમયે પ્રથમ અન્નને નમસ્કાર કરવા, મનને પ્રસન્ન રાખી કેવળ અન્ન સામેજ જોવું, બીજા પદાર્થો જોવા નહિ અને અન્નની નિંદા કરવી નહિ; કેમકે જે અન્નની નિંદા કરવામાં આવે છે, તેને રાક્ષસોજ ખાઇ જાય છે. વળી તે વખતે જમણા હાથમાં જળ લઇ અન્નને પ્રદક્ષિણા કરવી; પણ લક્ષ્યમાં રાખવું કે તે પ્રદક્ષિણાનું જળ પીવાને માટે યોગ્ય નથી. જો તે જળ પીવાઇ જાય તો ચાંદ્રાયણવ્રત કરવું જોઇએ. પીરસણના જળસિવાય બીજું જળ મંત્રોચ્ચારપૂર્વકજ પીવું. પછી પ્રાણવાયુને મંત્રોચ્ચારપૂર્વક જૂદી જૂદી પાંચ આહુતિ આપવી. હે રાજા ! તે આહુતિ આપતી વેળા જીહ્વાને અન્નના રસનો સ્વાદ જણાય તેવી રીતે મન એકાગ્ર કરી નિત્ય એકાગ્રચિત્તે પ્રાણને આહુતિ આપવી. ૪-૧૦ જે જ્ઞાનદુર્બળ (અજ્ઞાની) બ્રાહ્મણ પૂર્વોક્ત વિધિથી વિરુદ્ધ રીતે ભોજન કરે છે, તેના અન્નથી અસુરો, પ્રેતો તથા રાક્ષસોજ તૃપ્ત થાય છે.[૧૧] ગ્રાસ લેતાં જે અન્ન બાકી વધે અને મુખમાંથી નીકળી પડે તેને પોતાનું ઉચ્છિષ્ટ સમજવું: તે અન્ન અભક્ષ્ય ગણાય છે; છતાં જે દ્વિજજાતિ તેનું ભક્ષણ કરે તેણે ચાંદ્રાયણવ્રત કરવું. જેવડું પોતાનું મુખ હોય (પોતાના મુખમાં જેટલો ગ્રાસ સમાય) તેટલાજ અન્નગ્રાસનું ક્રમે ક્રમે

ભક્ષણ કરવું, પણ જે ગ્રાસ પોતાના મુખના પ્રમાણથી અધિક હોય તેને ઉચ્છિષ્ટ કહેવામાં આવે છે. જે મનુષ્ય પોતાના ઉચ્છિષ્ટનું ભોજન કરે છે-પોતે છાંડેલાનું ભોજન કરે છે, તેણે કૃચ્છ્રચાંદ્રાયણ અથવા પ્રાજાપત્ય વ્રત કરવું જોઇએ.૧૨-૧૫ જે પુરુષ સ્ત્રીના પાત્રમાં ભોજન કરે છે, સ્ત્રીઓનું ઉચ્છિષ્ટ ખાય છે અથવા સ્ત્રીની સાથે ભોજન કરે છે તે મદ્યનુંજ ભોજન કરે છે. તત્ત્વદ્રષ્ટા મુનિઓએ પણ એ પાપનું પ્રાયશ્ચિત્ત જોયું નથી.૧૬ જળપાન કરતાં જે જળ પડી જાય અને ભોજન કરતાં જે અન્ન ઢળી જાય તેને ઉચ્છિષ્ટ જાણવું. તે અન્ન જો ખાવામાં આવી જાય તો ચાંદ્રાયણ વ્રત કરવું.૧૭ હે પાંડુનંદન ! પીતાં બાકી રહેલું જળ કદી પીવું નહિ; છતાં અજ્ઞાનથી જો કદી પીવાઇ જાય તોપણ દ્વિજજાતિએ ચાંદ્રાયણ વ્રત કરવું.૧૮ઉત્તમ દ્વિજજાતિ જે પાત્રથી જળપાન કરે તે પાત્રને જ્યાંસુધી પૃથ્વીપર ન મૂકે, ત્યાંસુધી તે ઉચ્છિષ્ટ ગણાતું નથી.૧૯ બ્રાહ્મણે મૌનવ્રત ધારણ કરી પૃથ્વીપર તથા દિશાઓ તરફ જોયાવિના વિધિ પ્રમાણે ભોજન કરવું અને પોતાનું ઉચ્છિષ્ટ કોઇને આપવું નહિ.૨૦ હમેશાં પ્રમાણથી અધિક ભોજન કરવું નહિ, તેમ પ્રમાણથી ઓછું પણ જમવું નહિ.જે પ્રમાણે અન્નને લીધે પોતાને પીડા ન થાય તે મુજબ નિત્ય ભોજન કરવું.૨૧ ભોજન કરતી વેળા રજસ્વલા સ્ત્રી, ચાંડાળ, કૂતરો તથા ડુક્કર જોવામાં આવે તો ભોજનપાત્રમાં રહેલા અન્નનો ત્યાગ કરવો. જો દ્વિજજાતિ મોહને લીધે તે અન્નનો ત્યાગ કરે નહિ તો તેણે ચાંદ્રાયણવ્રત કરવું જોઇએ.૨૨ જે અન્નમાં વાળ તથા કીડા જોવામાં આવ્યા હોય અને જે અન્નને મોઢાની ફુંક મારી હોય તે અન્નને અભક્ષ્ય જાણવું,તે જો ખાવામાંઆવીજાય તો ચાંદ્રાયણવ્રતકરવું જોઇએ. જે અન્ન ઉપરથી એક વખત ઉઠી જઈ ફરીથી તેને ગ્રહણ કરવામાં આવ્યું હોય,જે અન્નને પગનો સ્પર્શ કર્યો હોય અને જે અન્ન ઉપર લાંઘણ થઇ હોય,તે અન્નને રાક્ષસી અન્ન જાણવું અને તેનો સર્વથા ત્યાગ કરવો.જેબ્રાહ્મણ રાક્ષસના ઉચ્છિષ્ટરૂપ એવા તે અન્નનું ભક્ષણ કરે છે, તે આગળપાછળના સાત સાત વંશજોને:રૌરવનામના ઘોરનરકમાં નાખેછે.૨૩-૨૫જે પાત્રમાં પોતે ભોજન કર્યું હોય તે પાત્રમાં આચમન કરવું.જે ભોજન કરનારો મનુષ્ય પોતાના ભોજનપાત્રમાં આચમન કર્યાવિનાજ ઉઠી જાય છે, તેણે તુરતજ સ્નાન કરી લેવું; કેમકે નહિ તો તેને પ્રાયશ્ચિત્ત લાગે છે.”૨૬

યુધિષ્ઠિરે કહ્યું:-“ હે માનદાતા કૃષ્ણ ! ગાયને ઘાસનો પૂળો નાખવાની વિધિ, ઘાસ આપવાનું માહાત્મ્ય તથા શેરડીથી થયેલી ચંદ્રની ઉત્પત્તિ તમે મને કહો.”૨૭

ભગવાને કહ્યું:-“હે રાજન્ ! બળદો લોકના પિતાઓ છે અને ગાયો લોકની માતાઓ છે. તેઓની પૂજા કરવાથી પિતૃદેવતાઓનું પૂજન કર્યું ગણાય છે.૨૮ ગાયોના છાણથી સભાઓ, પરબો, ઘરો તથા દેવમંદિરો શુદ્ધ થાય છે; તોપછી ગાયોના કરતાં શ્રેષ્ઠ પ્રાણી કયું ગણાય ?૨૯ જે મનુષ્ય પોતે ભોજન કર્યા પહેલાં એક વર્ષસુધી પારકી ગાયને ઘાસનો પૂળો નાખે છે,તેને સર્વ કાળનું પુણ્ય પ્રાપ્ત થાય છે.૩૦ “ ગાય મારી માતા છે અને બળદ મારા પિતા છે. હે ગાયમાતાઓ ! હું તમને ઘાસનો પૂળો આપું છું, તેનો તમે સ્વીકાર કરો.” આમ કહીને એ મંત્રથી અથવા ગાયત્રીમંત્રથી આપવાના પૂળાને મંત્રીને જે મનુષ્ય સાવધાન થઇને ઘાસનો પૂળો આપે છે, તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.૩૧,૩૨ તે મનુષ્યે જાણતાં અજાણતાં જે કંઇ પાપકર્મ કર્યું હોય તે સર્વ નાશ પામે છે અને તેનાં સર્વ દુષ્ટ સ્વપ્નો પણ વિનાશ પામે છે.૩૩ તલ પવિત્ર છે, પાપનો નાશ કરનારા છે અને નારાયણ ભગવાનથી તે ઉત્પન્ન થયા છે. શ્રાદ્ધમાં તલ ઉત્તમ ગણાય છે અને તેનું દાન પણ સર્વોત્તમ છે;૩૪ માટે તલનું દાન કરવું, તલનું ભક્ષણ કરવું, પ્રાતઃકાળે ઉઠીને તલને સ્પર્શ કરવો અને ‘ તલ, તલ ’ એમ કહેવું; કેમકે તલ પાપનો નાશ કરનારા છે.૩૫ દ્વિજજાતિઓએ તલ ખરીદીને અથવા દાનમાં લઇને કદી

વેચવા નહિ. ભોજન, મર્દન તથા દાન–આ ત્રણ પ્રસંગસિવાય તલનો જે ઉપયોગ કરે છે, તે મનુષ્ય કૂતરાની વિષ્ઠામાં કીડો થાય છે અને પોતાના પિતૃઓસહિત પતિત થાય છે. હે રાજા! બ્રાહ્મણે પોતે તલને ઘાણીમાં ઘાલીને કદી પીલવા નહિ. જે બ્રાહ્મણ અજ્ઞાનથી તલને પીલે છે, તે રૌરવ નરકમાં જાય છે.[૩૭] ચંદ્રમા શેરડીના સાંઠામાંથી ઉત્પન્ન થયો છે અને બ્રાહ્મણો ચંદ્રના વંશમાં ઉત્પન્ન થયા છે; માટે બ્રાહ્મણે શેરડીને પણ પીલવી નહિ. જે બ્રાહ્મણ શેરડીને પીલે છે, તે આત્મહત્યારો છે. જે બ્રાહ્મણ શેરડીને યંત્રમાં ઘાલીને પીલે છે, તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે; માટે ઉત્તમ બ્રાહ્મણે શેરડીને યંત્રમાં પીલવી નહિ."[૩૮,૩૯]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમા
'ભોજનવિધિ, ગોગ્રાસદાન, તલની પ્રશંસા અને બ્રાહ્મણને તલ તથા શેરડી
પીલવાનો નિષેધ' એ વિષયનો
અધ્યાય ૧૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫ મો

આપદ્ધર્મ, ઉચ્ચ-નીચ બ્રાહ્મણ, સામાન્ય ધર્મો, બ્રાહ્મણત્વસિદ્ધિ અને ગુરુ,આચાર્ય તથા ઉપાધ્યાયનાં લક્ષણો

॥ युधिष्ठिर उवाच ॥

समुच्चयं च धर्माणां भोज्याभोज्यं तथैव च।
श्रुतं मयात्वत्प्रसादादापद्धर्मं ब्रवीहि मे ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"આપની કૃપાથી મેં ધર્મોનો સમુદાય તથા ભોજન કરવાને યોગ્ય અને અયોગ્ય પદાર્થોવિષે સાંભળ્યું. હવે મને આપદ્ધર્મ કહો."[૧]

ભગવાને કહ્યું:–"દુષ્કાળસમયે, આખા દેશ ઉપર આપત્તિ આવી પડી હોય ત્યારે, મૃત્યુ-સૂતકમાં, ધર્મ કરવાના સમયે, માર્ગમાં મુસાફરી ચાલતી હોય ત્યારે, જે કોઇ પ્રસંગથી ધર્મનો નાશ થતો હોય તે વખતે, દૂર સુધી માર્ગમાં ચાલીને થાક લાગ્યો હોય અને કોઇ સ્થળે બ્રાહ્મણનું ઘર ન મળે ત્યારે બ્રાહ્મણ પોતાની આજીવિકા માટે શૂદ્રને ત્યાંથી પણ કાચું સીધું લઇ શકે છે.[૨,૩] જે સમયે બ્રાહ્મણ રોગી હોય, દુઃખી હોય, પીડાગ્રસ્ત હોય અને ભૂખથી ટળવળતો હોય તે સમયે વિધિનો ત્યાગ કરી ભોજન કરે, તોપણ પ્રાયશ્ચિત્તનો અધિકારી નથી.[૪] બ્રાહ્મણને દેવકર્મ તથા પિતૃકર્મમાં નિમંત્રણ અપાયું હોય અને તે વેળા દેવબલિ તથા પિતૃબલિરૂપ માંસાદિનું તે ભોજન કરે તોપણ તે પ્રાયશ્ચિત્તનો અધિકારી નથી.[૫] જળ, મૂળ, ઘી, દૂધ, હવિષ, બ્રાહ્મણની ઈચ્છા, ગુરુનું વચન તથા ઔષધ–આ આઠ પદાર્થો વ્રતનો નાશ કરનારાં નથી.[૬] જે મનુષ્ય વિધિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાને અશક્ત હોય તે વિદ્વાનોનાં વચન તથા દાનથી શુદ્ધ થઇ શકે છે.[૭] પરદેશથી આવેલો મનુષ્ય ઋતુકાળવિના, ઋતુકાળે, દિવસે અથવા રાત્રે હરકોઇ સમયે સ્ત્રીગમન કરે તોપણ પ્રાયશ્ચિત્તને પાત્ર નથી."[૮]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે દેવેશ્વર! કેવા બ્રાહ્મણો પ્રશંસાપાત્ર ગણાય છે અને કેવા નિંદાપાત્ર ગણાય છે? હે સદાચારી કૃષ્ણ! પિતૃઓના શ્રાદ્ધનો કયો સમય ગણાય છે, તે પણ મને કહો."[૯]

ભગવાને કહ્યું:–"તમે સત્ય પ્રતિજ્ઞાવાળા બ્રાહ્મણને જોઇ સૂર્ય પોતે પણ પોતાના સ્થાન ઉપરથી કંપી જાય છે. (તેને આવો ભય રહે છે કે,) આ મારા મંડળને ભેદીને સનાતન બ્રહ્મને પ્રાપ્ત થનારો છે.[૧૦] કુળવાન, કર્મનિષ્ઠ, વેદવિદ્યા ભણેલો, દયાળુ, શ્રીમાન, સરળ અને સત્યવાદી–આ સર્વ બ્રાહ્મણો સુપાત્ર છે.[૧૧] આ બ્રાહ્મણો મુખ્ય આસન ઉપર બેસીને સૌની પહેલાં ભોજન કરે છે, ત્યારે એ પંક્તિમાં બીજા જે કોઈ બેઠેલા હોય છે, તેઓને દર્શનમાત્રથીજ પવિત્ર કરે છે.[૧૨] જે શ્રેષ્ઠ બ્રાહ્મણો મારા ભક્ત છે અને મારામાંજ પરાયણ રહે છે, તેઓને તમારે પંક્તિપાવન જાણવા અને તેઓ ખાસ કરીને પૂજ્ય છે.[૧૩] હવે હે રાજા! જે બ્રાહ્મણો વેદપારંગત હોય છે છતાં નિંદ્ય છે અને બ્રાહ્મણના વેષે લોકમાં પાપકર્મ કરતા વિચરે છે તેઓના વિષે હું કહું છું, તે તમે સાંભળો. જે

બ્રાહ્મણ અગ્નિહોત્રરહિત છે, વેદાધ્યયનથી ભ્રષ્ટ છે, જ્યાં ત્યાંથી દાન લેવામાં પ્રીતિ ધરાવે છે અને જ્યાં ત્યાં ખાતો ફરે છે, તેને બ્રહ્મદૂષક જાણવો.[14],[15] હે રાજા ! જે બ્રાહ્મણ પ્રેતભોજન કરીને શરીરે પુષ્ટ બનેલો છે અને શૂદ્રોના અન્નનું ભક્ષણ કરે છે તેની શી ગતિ થાય છે, તે વિષે હું પોતે પણ જાણતો નથી.[16] શૂદ્રના અન્નરસથી શરીરે પુષ્ટ બનેલો બ્રાહ્મણ નિત્ય વેદાધ્યયન કરે અથવા જપહોમ કરે તોપણ તેની ઉચ્ચગતિ થતીનથી.જે અગ્નિહોત્રી બ્રાહ્મણ શૂદ્રના અન્નનો ત્યાગ કરતો નથી,તેનો આત્મા, તેનું વેદાધ્યયન તથા ત્રણ અગ્નિઓ, આ તેની પાંચ વસ્તુઓ નાશ પામે છે.[18] જે બ્રાહ્મણ શૂદ્રનું દાસત્વ કરે છે, તેને ખાસ કરીને જમીન ઉપરજ અન્ન આપવું; કેમકે તેની કક્ષા કૂતરાં તથા શિયાળ જેવી છે.[19] જે જ્ઞાનદુર્બળ બ્રાહ્મણ મરણ પામેલા શૂદ્રની પાછળ ડાઘુતરીકે શ્મશાનમાં જાય છે, તેને ત્રણ રાત્રિનું સૂતક લાગે છે;[20] અને ત્રણ રાત્રિ પૂરી થાય ત્યારે પણ સમુદ્ર તરફ જનારી નદી ઉપર જઇને સો પ્રાણાયામ કરી, ઘીનું પ્રાશન કરીનેજ તે શુદ્ધ થાય છે.[21] જે બ્રાહ્મણો મરણ પામેલા અનાથ બ્રાહ્મણને શ્મશાનમાં લઇ જાય છે, તેઓને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[22] તેવું શુભ કર્મ કરનારા બ્રાહ્મણોમાં લેશમાત્ર અશુભ કે પાપ રહેતું નથી. તેઓનું સૂતક જળમાં સ્નાન કરવામાત્રથીજ દૂર થાય છે.[23] શૂદ્રાન્નનો ત્યાગ કરનારા બ્રાહ્મણે શૂદ્રને ઘેર દૂધ કે દહીં પણ પીવું નહિ; કેમકે તે પણ શૂદ્રાન્નજ ગણાય છે. જે મનુષ્ય ભોજન કરવાની ઇચ્છાવાળા અને અન્નની ઉત્કૃષ્ટ આકાંક્ષાવાળા બ્રાહ્મણોને તેઓના ભોજનમાં વિઘ્ન કરે છે, તેના જેવો પાપી બીજો કોઇ પણ નથી.[25] હે રાજા ! જે બ્રાહ્મણ ચા[illegible]ભ્રષ્ટ થાય છે, તેને અંગસહિત સર્વ વેદો, સાંખ્ય, પુરાણ અથવા સત્કુળમાં જન્મ એમાંનું કંઇ પણ તારી શકતું નથી.[26] હે પાંડુપુત્ર ! ગ્રહણસમયે, મેષસંક્રાંતિમાં, તુલાસંક્રાંતિમાં, [illegible]નક્ષત્રમાં, ઉત્તરાયણમાં, પિતૃશ્રાદ્ધમાં, પુત્રજન્મસમયે અને ગયામાં પિંડદાનસમયે જે કંઇ દાન અપાય છે,તેનું ફળ એક હજાર સોનામહોરોના દાનતુલ્ય છે.[27] વૈશાખમાસની અક્ષયતૃતીયા, કાર્તિક શુક્લપક્ષની ત્રીજ, ભાદરવાનું કૃષ્ણપક્ષ, માઘ મહીનાની તેરસ તથા પૂનેમ, ચંદ્ર-સૂર્યનું ગ્રહણ અને દક્ષિણાયન તથા ઉત્તરાયણનો આરંભદિવસ, આ બધા શ્રાદ્ધકાળ ગણાય છે.તે સમયે જે પ્રયત્નશીલ મનુષ્ય તલમિશ્ર જળનું પણ પિતૃઓને દાન કરે છે, તેણે એકહજાર વર્ષસુધી શ્રાદ્ધ કરેલું મનાય છે. આ રહસ્યને પિતૃઓ જાણે છે.[28],[29] વિદ્વાનો કહે છે કે, જે મનુષ્ય સ્નેહથી, ભયથી અથવા કોઇ જાતની લાલચથી એક પંક્તિમાં વિષમ દાન કરે છે, પંક્તિભેદ કરે છે, તેને ક્રૂર, દુરાચારી તથા અનાત્મજ્ઞ સમજવો.[30] હે મોટા શત્રુઓનો નાશ કરનારા રાજા ! જેઓની પાસે પુષ્કળ ધન હોય છે અને જેઓ પારલૌકિક જ્ઞાનમાં મૂઢ બની કેવળ વિષયોમાંજ રમણ કર્યા કરે છે, તેઓને માટે કેવળ આ લોકજ સુખદાતા થાય છે; કેમકે દૈહિક સુખમાં આનંદ માનનારાઓને બીજું પારલૌકિક સુખ (અથવા આત્મસુખ) મળતુંજ નથી.[31] જે મનુષ્યો સાંસારિક સુખથી મુક્ત રહી તપશ્ચર્યા કરવામાં આસક્ત રહે છે, સ્વાધ્યાયશીલ હોય છે, તેમાં ને તેમાં દેહને જીર્ણ કરી નાખે છે, ઇંદ્રિયોને વશ રાખે છે અને પ્રાણીમાત્રનું હિત કરવામાં પરાયણ રહે છે, તેઓને આ લોક તથા પરલોક બન્ને સુખદાતા થાય છે;[32] પરંતુ જે મૂઢ મનુષ્યો વિદ્યા,તપ કે દાનપરાયણ થતા નથી અને ધર્મદૃષ્ટિએ પ્રજા ઉત્પન્ન કરવાનો પણ પ્રયત્ન કરતા નથી, તેઓને આ લોકમાં કે પરલોકમાં પણ સુખ-ભોગ પ્રાપ્ત થતા નથી.”[33]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે નારાયણ ! તમે પુરાણપુરુષ-બ્રહ્મા વગેરેના પણ નિયંતા છો, તમારામાં સર્વ લોકો વસી રહ્યા છે, હું તમને નમસ્કાર કરું છું. મને તમારી પાસેથી ધર્મના સારનો સંપૂર્ણ સંગ્રહ સાંભળવાની ઇચ્છા છે.

ભગવાને કહ્યું:-હે મહાબુદ્ધિમાન રાજા ! મનુએ સૃષ્ટિના આદિકાળમાં જે ધર્મસાર કહ્યો છે, તેજ પુરાણોક્ત અને વેદોક્ત ધર્મસાર હું ત-

મને કહું છું.[૩૪,૩૫] અગ્નિહોત્રી બ્રાહ્મણ, કપિલા ગાય, નિત્ય યજ્ઞ કરનાર, રાજા, સંન્યાસી અને મહાસાગર-આટલા પદાર્થો દર્શનમાત્રથીજ પવિત્ર કરે છે;માટે નિત્ય તેઓનાં દર્શન કરવાં. હે યુધિષ્ઠિર ! એકજ બ્રાહ્મણને ગાયનું દાન કરવું;પણ અનેકને(મજીઆરાતરીકે)તે દાન આપવું નહિ; કેમકે દાનમાં અપાયલી તે ગાયને જો વેચવામાં આવે છે, તો સાત પેઢીસુધીના કુળને બાળી નાખે છે.[૩૬,૩૭] ગાય,વસ્ત્ર, શય્યા તથા સ્ત્રીઓનું અનેકને દાન કરવું નહિ; કેમકે તેવું દાન દાતાને ફળદાયક થતું નથી.[૩૮] કોઇ પણ અનાર્યોના ઘરમાંથી બ્રાહ્મણો તથા ગાયો બળાત્કારે ખાઇ જાય તોપણ તે અનાર્યોને રાજસૂય યજ્ઞ કરતાં પણ અધિક પુણ્ય મળે છે.[૩૯] જે મનુષ્ય બ્રાહ્મણો તથા ગાયોને આપો મા, એમ કહે છે તે સેંકડો પશુ-પક્ષીની જાતિમાં અવતરી છેવટે ચાંડાલતરીકે જન્મે છે.[૪૦] હે રાજન્! બ્રાહ્મણ, દેવ, દરિદ્ર તથા ગુરુના દ્રવ્યનું જો હરણ કરવામાં આવે છે, તો હરણ કરનારા સ્વર્ગમાં રહેતા હોય તોપણ ત્યાંથી તેઓને પટકી પાડે છે.[૪૧] જેઓને ધર્મ જાણવાની ઇચ્છા હોય તેઓને વેદ પ્રથમ પ્રમાણ છે, ધર્મશાસ્ત્રો બીજું પ્રમાણ છે અને લોકાચાર ત્રીજું પ્રમાણ છે.[૪૨] પૂર્વસમુદ્રથી આરંભી પશ્ચિમસમુદ્રસુધી અને હિમાલય તથા વિંધ્યાચળના મધ્યપ્રદેશને ‘ આર્યાવર્ત ’ કહે છે.[૪૩] દેવોની નદી ગણાતી સરસ્વતી તથા દૃષદ્વતી (ગંડકી) નદીના મધ્યપ્રદેશને ‘બ્રહ્માવર્ત’ કહે છે. એ દેશને દેવોએ પોતે નિર્માણ કરેલો છે.[૪૪] જે દેશમાં જે આચાર પરંપરાથી ચાલ્યો આવતો હોય તેજ આચાર ત્યાં વસનારા વર્ણોનો તથા વર્ણસંકરોનો સદાચાર કહેવાય છે.[૪૫] કુરુક્ષેત્ર, મત્સ્ય, પાંચાલ અને શૂરસેન-આ સર્વ દેશો બ્રહ્માવર્તની સમીપમાંજ આવેલા છે.[૪૬] એ બ્રહ્માવર્ત પ્રદેશમાં જન્મેલા બ્રાહ્મણ પાસેથી પૃથ્વીપરનાં સર્વ મનુષ્યોએ પોતાનું ચારિત્ર્ય ગ્રહણ કરવું જોઇએ-પોતાનો સદાચાર શીખવો જોઈએ.[૪૭] હિમાલય તથા વિંધ્યાચળના મધ્યભાગને,સરસ્વતી નદીનીપૂર્વમાં આવેલા પ્રદેશને તથા પ્રયાગથી પશ્ચિમમાં આવેલા પ્રદેશને મધ્યપ્રદેશ કહ્યો છે.[૪૮] જે દેશમાં સ્વાભાવિક રીતે કાળા મૃગ વિચર્યા કરે છે,તે દેશને યાજ્ઞિક (યજ્ઞ કરવાને યોગ્ય-પવિત્ર)દેશ કહેવામાં આવ્યો છે.તે સિવાયના બીજાપ્રદેશને મ્લેચ્છ દેશ કહેવામાં આવે છે.[૪૯] આ પ્રદેશોને સારી રીતે જાણીને દ્વિજજાતિઓએ તેઓનો આશ્રય કરવો.શૂદ્ર તો પોતાની આજીવિકાના અભાવને લીધે હરકોઇ પ્રદેશમાં વસી શકે છે.[૫૦]

આચાર, અહિંસા, સત્ય, યથાશક્તિ દાન, યમ તથા નિયમ-આ સર્વોત્તમ ધર્મ છે. દ્વિજજાતિઓએ ગર્ભાધાન વગેરે શારીરિક સંસ્કારો વૈદિક પવિત્ર કર્મોદ્વારા અવશ્ય કરવા જોઈએ; કેમકે તે સંસ્કારો આ લોકમાં તથા પરલોકમાં પવિત્ર કરનારા છે.[૫૨] ગર્ભાધાન સંસ્કારના અંગભૂત હોમથી, જાતકર્મથી, નામકરણથી, ચૌલ સંસ્કારથી, ઉપનયન સંસ્કારથી, સ્વાધ્યાયથી, તેનાં અંગભૂત વ્રતોથી, વિવાહકર્મથી, સ્નાતકનાં વ્રતો કરવાથી, પાંચ મહાયજ્ઞો કરવાથી તથા બીજા યજ્ઞો કરવાથી આ મનુષ્યશરીરને પરબ્રહ્મ સાથે સંબંધ ધરાવનારૂં કરી શકાય છે.[૫૩] જેનામાં ધર્મ તથા અર્થ ન હોય તેમજ તેવા પ્રકારની (ઉત્તમ) સેવા જોવામાં ન આવતી હોય તેને વિદ્યા આપવીનહિ;કારણકે ક્ષારવાળી ભૂમિમાં જેમ બીજ વૃથા જાયછે,તેમ તેવાને આપેલી વિદ્યા વૃથા જાય છે.પ્રત્યેક મનુષ્યે લૌકિક, વૈદિક તથા આધ્યાત્મિક જ્ઞાન જેની પાસેથી પ્રાપ્ત કર્યું હોય, તેને પ્રથમ વંદન કરવું.[૫૪,૫૫] ગુરુના ચરણને વંદન કરતી વેળા જમણા હાથથી ગુરુના જમણા ચરણનો સ્પર્શ કરવો અને ડાબા હાથથી ડાબા ચરણનો સ્પર્શ કરવો; પણ એક હાથે બન્ને ચરણને વંદન કરવું નહિ.[૫૬] જે બ્રાહ્મણ ગર્ભાધાન આદિ સંસ્કારોને યથાવિધિ કહે છે તથા વેદાધ્યયન કરાવે છે, તે ગુરુ કહેવાય છે.[૫૭] જે બ્રાહ્મણ જનોઈ આપીને નિત્ય કલ્પ તથા રહસ્યસહિત વેદો ભણાવે છે, તે ઉપાધ્યાય કહેવાય છે; અને જે બ્રાહ્મણ અંગસહિત વેદો ભણાવી, તેને લગતાં વ્રતો શીખવી વૈદિક મંત્રોના અર્થો

સમજાવે છે,તે આચાર્ય કહેવાયછે.[૫૯] ઉપાધ્યાય કરતાં દશગણા આચાર્ય પૂજ્ય છે, આચાર્ય કરતાં સોગણા પિતા પૂજ્ય છે અને પિતા કરતાં સોગણી માતા પૂજ્ય છે.[૬૦] આ સર્વ પૂજ્યવર્ગમાં જ્ઞાન(આત્મજ્ઞાન)દાતા ગુરુ અત્યંત પૂજ્ય છે. એવા ગુરુથી શ્રેષ્ઠ કોઇ થયું નથી અને થશે પણ નહિ.[૬૧] મનુષ્યે પૂર્વોક્ત ગુરુવર્ગની આજ્ઞામાં રહેવું અને તેઓની સેવા કરવી. તેઓનું અપમાન કરવાથી નરકજ મળે છે, એમાં સંશય નથી.[૬૨] જે મનુષ્યો અંગહીન હોય, અંગે ખોડખાંપણવાળા હોય, વિદ્યાહીન હોય, અવસ્થાએ મોટા હોય, રૂપ તથા દ્રવ્યથી રહિત હોય અને હીનજાતિના હોય તેઓનો કદી તિરસ્કાર કરવો નહિ; કેમકે તેવાઓનો તિરસ્કાર કરનાર મનુષ્યનું જે પુણ્ય હોય છે,તે તેઓને મળે છે અને તેઓનું તિરસ્કાર કરનારને પ્રાપ્ત થાય છે.[૬૪] નાસ્તિકતા, વેદની નિંદા, દેવોની નિંદા, દ્વેષ, દંભ, માન, ક્રોધ તથા તીક્ષ્ણતાનો પણ ત્યાગ કરવો."[૬૫]

ઈતિ **શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ** પર્વમાં 'આપદ્ધર્મ, ઉચ્ચ-નીચ બ્રાહ્મણ, સામાન્ય ધર્મો, બ્રાહ્મણત્વસિદ્ધિ અને ગુરુ, આચાર્ય તથા ઉપાધ્યાયનાં લક્ષણો' એ વિષયનો અધ્યાય ૧૫મો સમાપ્ત

અધ્યાય ૧૬ મો

અગ્નિની ઉત્પત્તિ, આહવનીય આદિ અગ્નિનાં નામો અને યજ્ઞ તથા અગ્નિહોત્રની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

स्वभक्तस्य हृषीकेश धर्माधर्ममजानतः ।
धर्मं पुण्यतमं देव पृच्छतः कथयस्व मे ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ઇંદ્રિયોના નિયંતા! હું ધર્મ તથા અધર્મને જાણતો નથી, માટે અત્યંત પવિત્ર એવો ધર્મ હું તમને પૂછું છું.હે દેવ ! હું તમારો ભક્ત છું,માટે તે મને કહો."

ભગવાને કહ્યું:–"ત્રણ વર્ણને માટે જે આ અગ્નિહોત્ર ઉત્પન્ન કરેલ છે, તેમાં વૈદિક મંત્રોવડે જો હોમ કર્યો હોય અને વિધિપૂર્વક તેની જો ઉપાસના કરવામાં આવે તો તે દ્વિજજાતિના (ત્રણ વર્ણમાંના) કોઇ પણ અગ્નિહોત્રીને તેની પત્ની તથા બાંધવોસહિત તે સ્વર્ગમાં લઇ જાય છે.[૧,૨]

યુધિષ્ઠિરેપૂછ્યું:–"હેદેવ! તે અગ્નિહોત્રમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યોએ કેવી રીતે હોમ કરવોજોઇએ? હે દેવોના દેવેશ! કેવાપ્રકારે હોમવાથી તે અગ્નિહોત્રમાં સારીરીતે હોમ્યું ગણાય? હે દેવશ્રેષ્ઠ ! કેવા સમયે,કેવીરીતે અને કોણે અગ્નિનું આધાન (ધારણ) કરવું ? અગ્નિહોત્ર લીધા પછી પણ તેના તરફ યોગ્ય આચરણ કેવી રીતે રહી શકે ? હે પ્રભુ ! અગ્નિઓ કેટલા છે? તેઓનું સ્વરૂપ કેવું છે અને તેઓનું સ્થાન કયું છે ? અગ્નિહોત્રી મનુષ્ય કયા અગ્નિમાં હોમ કરી કયા સ્થાનમાં જાય છે?[૩-૫] હે નિષ્પાપ દેવ ! પૂર્વે અગ્નિહોત્ર નિમિત્તે શું ઉત્પન્ન થયું હતું, અગ્નિઓમાં કેવી રીતે હોમ થાય છે અને તેદ્વારા દેવતાઓ કેમ પ્રસન્ન થાય છે?[૬] હે વક્તાઓમાં શ્રેષ્ઠ કૃષ્ણ! મંત્ર તથા વિધિપૂર્વક અગ્નિઓનું પૂજન કરવામાં આવે તો તેઓ અગ્નિહોત્રીઓને કયી ગતિમાં લઇ જાય છે?[૭] હે ભગવન્ કેશવ ! દુષ્ટતાપૂર્વક અગ્નિઓમાં હોમ કર્યો હોય, તેઓનું સ્વરૂપ યથાર્થ રીતે જાણ્યું ન હોય અને દુષ્ટ રીતે તેઓનું આરાધન કર્યું હોય તો તેઓ અગ્નિહોત્રીને શું કરે છે ?[૮] હે દેવ ! જે પાપાત્મા પુરુષ અગ્નિહોત્ર લઈને અગ્નિનો ઉચ્છેદ કરે છે,તે કયી યોનિમાં જાય છે ? આ સર્વ તમે મને સંક્ષેપમાં કહો. હે સર્વજ્ઞ ! હું ભક્તિપૂર્વક તમારે શરણે આવ્યો છું. તમે સર્વ કરતાં શ્રેષ્ઠ છો. હું તમને નમસ્કાર કરૂં છું."[૯]

ભગવાને કહ્યું:–"હે રાજન્ ! મહાપવિત્ર અને શ્રેષ્ઠ એવું આ ધર્મરૂપી અમૃત તમે સાંભળો. અગ્નિહોત્રકર્મમાં નિત્ય આસક્ત રહેનારા અગ્નિહોત્રી બ્રાહ્મણોને અગ્નિ જે રીતે તારે છે,તે હું તમને કહું છું.[૧૦] હે મહાતેજસ્વી રાજા ! પ્રથમ બ્રહ્મારૂપે મેં લોકોને ઉત્પન્ન કર્યા હતા, ત્યારે લોકનું હિત ઇચ્છી સૌની પહેલાંજ

મુખમાંથી મેં અગ્નિ ઉત્પન્ન કર્યો.[૧૧] સર્વ પ્રાણીઓની પહેલાં મેં તેને ઉત્પન્ન કર્યો, તેથી પુરાણોને જાણનારા વિદ્વાનો તેને અગ્નિ કહે છે. હરકોઇ કર્મમાં પ્રદીપ્ત અગ્નિને સૌથી પહેલાં આહુતિ અપાય છે તેથી તેને અગ્નિ કહેવામાં આવે છે. હે રાજન્! તેનું જો સારી રીતે પૂજન કરવામાં આવે છે, તો તે બ્રાહ્મણોને ઉચ્ચ ગતિએ લઇ જાય છે, તેથી તેને અગ્નિ કહેવાય છે. હે નરશ્રેષ્ઠ! તેમાં જો દુષ્ટરીતે હોમ કરવામાં આવે છે તો હોમ કરનારા યજમાનને એક ક્ષણવારમાં ભક્ષણ કરવાને એ સમર્થ છે; માટે અગ્નિને ક્રવ્યાદ કહ્યો છે.[૧૫] હે રાજન્! અગ્નિ સર્વ ભૂતાત્મા છે, દેવોનું એ મુખ છે અને પચન નામને ધારણ કરનારા એ સમર્થ અગ્નિને લોકોનું કલ્યાણ કરવામાટે મારા મુખમાંથી પ્રથમ મેં ઉત્પન્ન કર્યો છે.[૧૬] પૂર્વે જેવો તેને ઉત્પન્ન કર્યો, એટલે તેજ ક્ષણે સર્વ જગતને ભક્ષણ કરી જવાની તેને ઇચ્છા થઇ; પછી મેંજ તેની ઉપાસના કરીને તેને શાંત કર્યો હતો.[૧૭] મેં તેની ઉપાસના કરી તેથી તેનું 'ઔપાસન' એવું પણ નામ પ્રસિદ્ધ છે.[૧૮] એ ઔપાસન અગ્નિ અગ્નિહોત્રમાં વસે છે અને આહુતિરૂપ હોઇ સર્વ હોમકર્મને પ્રકટ કરે છે, તેથી બ્રહ્મવાદી પુરુષો તેને 'આવસથ્ય' કહે છે.[૧૯] આ આવસથ્ય અગ્નિમાં ધર્માનુસાર જેના પાંચ મહાયજ્ઞો સતત ચાલુ રહે છેં, તે બ્રાહ્મણ ચંદ્રમંડળમાં થઇને ઉચ્ચ ગતિને પામે છે.[૨૦] ઇંદ્રિયો તથા બુદ્ધિને વશ રાખનારા સપ્તર્ષિઓ સિદ્ધ થયા અને દેવના સાયુજ્યને પામ્યા તેમાં પણ એજ કારણ હતું, કે તેઓ અગ્નિપૂજનકરવામાં નિત્ય તત્પર રહેતા હતા.[૨૧] કેટલાએક વિદ્વાનો એ આવસથ્ય અગ્નિનેજ પંચનાગ્નિ કહે છે; કારણ કે તેમાંજ પાંચ મહાયજ્ઞો તથા વૈશ્વદેવ થાય છે.[૨૨] વળી સ્થાલીપાક તથા ગૃહસંબંધી સર્વ કર્મો તેમાંથી સિદ્ધ થાય છે અને ગૃહ્યસૂત્રોક્ત સર્વ કર્મોનો તે નિર્વાહક છે, તેથી એ અગ્નિને 'ગૃહપતિ' પણ કહે છે.[૨૩] કેટલાએક બ્રહ્મવેત્તાઓ એ અગ્નિને ઔપાસન, આવસથ્ય, સભ્ય તથા પચન એવા નામથી પણ ઓળખે છે અને મારું માનવું પણ એમજ છે.[૨૪]

હવે હે રાજા! અગ્નિહોત્રનો પ્રકાર તમે સાવધાન થઇને સાંભળો. અગ્નિઓનાં હું ત્રણ નામ કહું છું, જે તેઓના ગુણ ઉપરથી પ્રસિદ્ધ થયાં છે.[૨૫] મનુષ્યનાં સર્વ ઘરોનું જે સ્વામિત્વ તે ગૃહપત્ય કહેવાય છે; અને તેવું ગૃહપત્ય જે અગ્નિને પ્રાપ્ત થયું છે, તેનું '**ગાર્હપત્ય**' એવું નામ પ્રસિદ્ધ છે.[૨૬] જે અગ્નિ યજમાનને દક્ષિણગતિએ લઇ જાય છે, તેને બ્રાહ્મણો '**દક્ષિણાગ્નિ**' કહે છે. આ અગ્નિનું આશ્રયસ્થાન દક્ષિણ છે.[૨૭] જે અગ્નિ આહુતિરૂપ છે, સર્વ હોમકર્મને પ્રકટ કરે છે અને સર્વ મનુષ્યોનેધારણકરે છે, તેને '**આહવનીય**' અગ્નિ કહેવામાં આવે છે. જે આવસથ્ય અગ્નિમાં બ્રાહ્મણ વિધિ પ્રમાણે હોમ કરે છે, તેનેજ કેટલાક '**પચનાગ્નિ**' કહે છે.[૨૯] આ સર્વ અગ્નિઓની સભામાં જે અગ્નિ સ્થિતિ કરે છે, તેને '**સભ્ય**' કહે છે. આમાં પ્રથમનો જે આવસથ્ય અગ્નિ છે તે પ્રજાપતિરૂપ છે, ગાર્હપત્ય અગ્નિ છે તે બ્રહ્મારૂપ છે કે જેમાં તે ઉત્પન્ન થયો છે, દક્ષિણાગ્નિ રુદ્રરૂપ છે, કેમકે તેનું સ્વરૂપજ ક્રોધરૂપ તથા ઉગ્ર છે; અને આહવનીય અગ્નિ તે હું પોતે છું, જેમાં હોમ કરવાથી મારા મુખમાંજ આહુતિ પ્રાપ્ત થાય છે. હે રાજા! પાંચમો જે સભ્યાગ્નિ છે તે કાર્તિકસ્વામીરૂપ છે. ગાર્હપત્ય અગ્નિ પૃથ્વીરૂપછે. દક્ષિણાગ્નિ અંતરિક્ષરૂપછે અને આહવનીય અગ્નિ સ્વર્ગરૂપ છે. આ પ્રમાણે ત્રણ અગ્નિઓ કહેવામાં આવ્યા છે. પૃથ્વી ગોળાકાર છે, તેથી ગાર્હપત્ય અગ્નિ ગોળાકાર છે. દક્ષિણાગ્નિ અર્ધચંદ્રાકાર છે અને નિર્મળ તથા નિર્દોષ સ્વર્ગની પેઠે આહવનીયાગ્નિ સમચોરસ છે.[૩૫] જે દ્વિજજાતિ ગાર્હપત્ય અગ્નિમાં હોમ કરે છે તે પૃથ્વીને જીતે છે, દક્ષિણાગ્નિમાં હોમ કરે છે તે આકાશમાં સત્તા ચલાવે છે અને જે ભક્તિમાન પુરુષ આહવનીય અગ્નિમાં હોમ કરે છે, તે પૃથ્વી, આકાશ તથા ઋષિગણોસહિત સ્વર્ગને વશ કરે છે.[૩૬,૩૭] યજ્ઞોમાં જે અગ્નિમાં મુખ્યત્વે કરી હોમ થાય છે, તે મહાતેજસ્વી અગ્નિ આહવનીય કહેવાય છે.[૩૮] અગ્નિ-

હોત્રોમાં હોમથી આરંભી સર્વ યજ્ઞોવડે જેમાં કર્મો ચાલુ થાય છે, તેથી અગ્નિને આહવનીય સંજ્ઞા પ્રાપ્ત થાયછે.[39] જે દ્વિજજાતિ આવસથ્ય નામના મૂળ અગ્નિમાં હોમ કરે છે, તે પોતાની પત્નીસાથે સપ્તર્ષિઓના લોકમાં આનંદ કરે છે;[40] તેમજ સર્વ અગ્નિને તે પ્રિય થાય છે. ‘અગ્નિનું યજન યજમાનનું ત્રાણ–રક્ષણ કરે છે, તેથી તે અગ્નહોમ કહેવાય છે. તે કર્મને અગ્નિહોત્ર કહ્યું છે.[41] ‘ अग्निहोत्र ’ શબ્દમાંના ‘ हो ’ નો અર્થ યજ્ઞ અથવા દુઃખ થાય છે. એ દુઃખ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક–એમ ત્રણ પ્રકારનું છે.આ દુઃખનેજ વિદ્વાનો નરક કહે છે.[42] હે રાજા! અધ્યાત્મવેત્તાઓ કહે છે કે; અગ્નિમાં જો હોમ કરવામાં આવે છે તો આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક–આ ત્રણ તાપ(દુઃખ)થી યજમાનનું તે રક્ષણ કરે છે, માટે વિધિપૂર્વક કરેલા અગ્નિહોમ કર્મને વેદમાં અગ્નિહોત્ર કહ્યું છે.[43,44] લોકસ્રષ્ટા બ્રહ્માએ અગ્નિહોત્રને ઉત્પન્ન કરેલ છે. (તોપણ ખરી વાત એ છે કે,) વેદો તથા અગ્નિહોત્ર પોતાની મેળેજ ઉત્પન્ન થયાં છે.[45] વેદોનું ફળ અગ્નિહોત્ર છે, શાસ્ત્રાધ્યાયનનું ફળ ચારિત્ર્ય તથા સદ્વર્તન છે, સ્ત્રીનું ફળ રતિ તથા પુત્ર છે અને ધનનું ફળદાન તથા ભોગ છે. પવિત્ર ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ–એ ત્રણ વેદના મંત્રો અને સૂત્રોથી અગ્નિહોત્ર ચાલુ થાય છે.[47] હે રાજા ! બ્રાહ્મણે વસંતઋતુમાં અગ્નિહોત્રના અગ્નિનું પોતાને ત્યાં સ્થાપન કરવું; કેમકે વસંત બ્રાહ્મણરૂપ છે અને વેદોનું કારણ કહેવાય છે.[48] હે નિર્દોષ રાજા ! જે બ્રાહ્મણ વસંતઋતુમાં અગ્નિનું આરાધન કરે છે–પોતાને ત્યાં સ્થાપન કરે છે, તેની લક્ષ્મી તથા બ્રહ્મતેજ પ્રતિદિન વધે છે.[49] હે રાજા ! ક્ષત્રિયે ગ્રીષ્મઋતુમાં અગ્નિનું આરાધન કરવું;કેમકે ક્ષત્રિયમાટે તે ઋતુજ શ્રેષ્ઠ છે.જે ક્ષત્રિય ગ્રીષ્મઋતુમાં અગ્નિનું આરાધન કરે છે તેની લક્ષ્મી, પ્રજા,પશુઓ, ધન, તેજ, બળ તથા યશ વૃદ્ધિ પામે છે.[50] વૈશ્યે શરદ્ઋતુમાં અગ્નિનું આરાધન કરવું; કેમકે વૈશ્ય શરદ્ની રાત્રિરૂપ છે અને તે શરદ્ઋતુ વૈશ્યનું કારણ કહેવાય છે[51] હે પાંડવ! જે વૈશ્ય શરદ્ઋતુમાં અગ્નિનું આરાધનકરે તેની પણ લક્ષ્મી, પ્રજા, આયુષ્ય, પશુઓ તથા ધન વધે છે.[52] જગતમાંનાં સર્વ પશુઓ ત્રણ અગ્નિઓથી અલંકૃત છે. આ ત્રણ અગ્નિહોત્રની ક્રિયાઓ ચાલી રહી છે અને આખું જગત તેઓવડેજ ધારણ થઇ રહ્યું છે.[53] ગામનાં તથા અરણ્યનાં પશુઓ, વૃક્ષો, ઘાસ, ફળો, ઔષધિઓ તથા ઘી–દૂધ વગેરે હવિષ અગ્નિહોત્રને માટેજ છે. પૃથ્વીમાંના સર્વ રસો, ઘી વગેરે ચીકટ પદાર્થો, સુગંધી પદાર્થો, રત્નો, મણિઓ, સુવર્ણ તથા લોઢું–એ સર્વે અગ્નિહોત્રમાટેજ છે.[55] આયુર્વેદ, ધનુર્વેદ, મીમાંસા, ન્યાયશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર વગેરે અગ્નિહોત્રમાટે રચાયાં છે.[56] છંદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ અને નિરુક્ત, આ વૈદિક અંગો અગ્નિહોત્રમાટે સરજાયાં છે.[57] ઇતિહાસ, પુરાણ, ગાથાઓ, ઉપનિષદો અને અથર્વવેદનાં કર્મો અગ્નિહોત્રમાટે નિર્માયાં છે. આ પૃથ્વીપર જે કંઈ સ્થાવર–જંગમ તત્ત્વ જોવામાં આવે છે તે સર્વને બ્રહ્મદેવે અગ્નિહોત્રમાટે ઉત્પન્ન કરેલ છે.[59] હે નિર્દોષ રાજા ! અગ્નિહોત્ર, દર્શ (અમાસને દિવસે થતી યજ્ઞક્રિયા),પૂર્ણમાસ (મહીનાની આખરે થતી યજ્ઞક્રિયા), યૂપ, ઇષ્ટિ, પશુબંધન, સોમપાનની ક્રિયા કરનારાઓના સોમયાગનો તિથિ, નક્ષત્ર અને યોગ–આ સર્વનાકાળને જાણવામાટે મુહૂર્ત તથા કરણરૂપ જ્યોતિષશાસ્ત્ર પૂર્વે રચાયું છે.[61] ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદના મંત્રો અને શ્લોકોના તત્ત્વાર્થને તથા તેઓના અર્થને જાણવામાટે છંદઃશાસ્ત્રનું જ્ઞાન કલ્પાયું છે.[62] વર્ણ, અક્ષર, પદાર્થ, સંધિ, લિંગ (જાતિ) તથા નામધાતુ વગેરેના બોધમાટે વ્યાકરણશાસ્ત્ર કહેવાયું છે.[63] યજ્ઞસ્તંભ, યજ્ઞવેદિકા, યજ્ઞપ્રોક્ષણક્રિયા અને યજ્ઞ તથા તેના દેવતાઓના સંબંધે જાણવા માટે શિક્ષાનામના અંગનીઉત્પત્તિ થયેલછે.યજ્ઞનાંપાત્રોને પવિત્ર કરવા માટે,યજ્ઞની દ્રવ્યસામગ્રીમાટે અને સર્વ યજ્ઞોની વિકલ્પ વિધિમાટે કલ્પશાસ્ત્ર રચાયું છે.[65] શબ્દો તથા ધાતુઓના વિકલ્પનો યથાર્થ નિયમ કરવામાટે

ઋષિઓએ નિરુક્તની રચના કરી છે.[૬૬] યજ્ઞની વેદિકામાટે તથા યજ્ઞસંબંધી દ્રવ્યોની સામગ્રીમાટે બ્રહ્માએ પૃથ્વીને સરજી છે અને સમિધો તથા યજ્ઞસ્તંભમાટે વનસ્પતિને ઉત્પન્ન કરી છે.[૬૭] ગામનાં તથા અરણ્યનાં પશુઓ યજ્ઞને માટેજ ઉત્પન્ન થાય છે. જે બ્રાહ્મણો વૈદિક મંત્રોના વિનિયોગને, પ્રોક્ષણને, સ્થાલીપાક-ચરૂ વગેરેના શ્રપણને(રાંધવું તે), અનુયાજને (તે નામનાયજ્ઞકર્મને), પ્રયાજને(તે નામનાયજ્ઞકર્મને), દેવતાઓને બોલાવવાના મંત્રોને, ઉદ્ગાતાના કર્મને, સામના પ્રતિપ્રસ્થાતાના કર્મને, વિષ્ણુક્રમના ક્રમણને, દક્ષિણ અવભૃથસ્નાનને, ત્રણ કાળના દેવપૂજનને, તે તે સ્થાનકોમાં યજ્ઞબલિના ઉપહારને, દેવતાઓના ગ્રહણને, મોક્ષને તથા હવિષને રાંધવાનું જે બ્રાહ્મણો જાણતા નથી અને પશુના વધની નિંદા કરે છે, તેઓ અંધકારથી છવાયેલા ઘોર રૌરવ નરકમાં જાય છે.[૬૮-૭૧] તે નરાધમો એક લાખ વર્ષપર્યંત એ નરકમાં રહે છે અને પરૂ તથા રુધિરમાં રહેલા કીડાઓનું ભક્ષણ કરે છે.[૭૨] વૃક્ષો (યજ્ઞમાં)યજ્ઞસ્તંભ થવા ઇચ્છે છે, પશુઓ યજ્ઞપશુ થવા ઇચ્છે છે, ઘાસ દર્ભ થવા ઇચ્છે છે, ઔષધિઓ યજ્ઞના હવિષપણાને ઇચ્છે છે, સર્વ લતાઓ સોમલતા થવા ઇચ્છે છે અને પૃથ્વી વેદિકા થવા ઇચ્છે છે.[૭૩] હે પાંડવ ! સર્વ પશુઓ સ્વર્ગ મેળવવાની ઇચ્છાથી યજ્ઞના પશુ થવાને ઇચ્છે છે, માટે યજ્ઞોમાં પશુવધ કરવાથી હિંસા થતી નથી.[૭૪] હે રાજા ! વૈદિક મંત્રોથી સંસ્કાર પામેલાયજ્ઞસ્તંભો, દર્ભો તથા પશુઓ યજમાનની સાથે સ્વર્ગમાં જાય છે.[૭૫] યજ્ઞ કરનારો પુરુષ જયાંસુધી સ્વર્ગમાં પૂજાય છે, ત્યાંસુધી યજ્ઞમાં હણાયેલા પશુઓ પણ સ્વર્ગમાં આનંદ કરે છે. વૈદિક કર્મ અહિંસારૂપ છે;કેમકે તે બ્રહ્મકર્મરૂપે નિર્માણ કરાયેલું છે.જે દ્વિજજાતિઓ હિંસા થવાની બુદ્ધિથી વૈદિક કર્મ તથા યજ્ઞો કરતા નથી, તેઓ તત્કાળ શૂદ્રપણાને પામે છે અને મુઆ પછી ચાંડાલ થાય છે.ગાયો યજ્ઞમાટે તથા યજ્ઞની દક્ષિણામાટે ઉત્પન્ન થઇ છે, સુવર્ણ તથા રૂપું યજ્ઞનાંપાત્રો અને કળશનેમાટે ઉત્પન્ન થયેલ છે, દર્ભો યજ્ઞવેદીનું આચ્છાદાન કરવા માટે તથા રાક્ષસોથી રક્ષણ કરવામાટે ઉત્પન્ન થયેલ છે;બ્રાહ્મણો, તારાઓ અને સ્વર્ગના દેવતાઓ યજ્ઞ કરવામાટે સરજાયા છે,ક્ષત્રિયો યજ્ઞનું રક્ષણ કરવા માટે નિર્માયા છે, વૈશ્યો યજ્ઞનિમિત્તે ખેતીવાડી કરવા ઉત્પન્ન થયા છે અને શૂદ્રોને ત્રણે વર્ણની સેવા કરવામાટે બ્રહ્માએ સરજેલા છે.[૭૬-૮૦] એ પ્રમાણે આ સર્વ જગત અગ્નિહોત્રમાટે ઉત્પન્ન કરાયું છે. આ વાતને જે અજ્ઞાની મનુષ્યો સમજતા નથી,તેઓ રૌરવ નામના પ્રખ્યાત નરકમાં પડે છે અને તે રૌરવ નરકમાંથી મુક્ત થઈ કીડાની જાતિમાં અવતરે છે.[૮૧,૮૨]જે દ્વિજજાતિઓ વેદમાં કહ્યા પ્રમાણે અગ્નિહોત્રની સેવા કરે છે-અગ્નિહોત્ર રાખે છે, તેઓએ દાન, હોમ,યજ્ઞ તથા અધ્યાપન-એ સર્વ સારીરીતે કરેલું ગણાય છે.[૮૩] હે રાજા! બ્રાહ્મણો જે કંઇ યજ્ઞયાગ કરે છે તથા વાવ-કૂવા વગેરે ખોદાવે છે, તે સર્વ પુણ્યકર્મ એકત્ર કરી તેને હું સૂર્યમંડળમાં સ્થાપું છું.[૮૪] હું લોકોનું એ સર્વ પુણ્યકર્મ સૂર્યમાં સ્થાપન કરૂં છું અને સૂર્ય અગ્નિહોત્રીઓના પુણ્યને ધારણકરે છે.[૮૫] આ લોકમાં અગ્નિહોત્રીઓ જયાંસુધી સ્થિતિ કરે છે ત્યાંસુધી તેઓના પુણ્યને લીધે સૂર્ય આકાશમાં પ્રકાશે છે; અને જે અગ્નિહોત્રીઓ સ્વર્ગમાં ગયેલા હોય છે તેઓના વીર્યથીજ સ્વર્ગમાં તે વીર્યવાન થાય છે. અગ્નિહોત્રીઓ સ્વર્ગમાં જઇને અગ્નિહોત્રના ફળને ભોગવે છે અને પ્રાણીઓના પ્રલયપર્યંત દેવોસમાન રૂપવાળા થઇને (સ્વર્ગમાં) રહે છે.[૮૬,૮૭] જે અગ્નિહોત્રીઓ (મરણ પછી) વૃથા અગ્નિથી એટલે લૌકિક અગ્નિથી બળેછે, તેઓ ભ્રમથી પણ અગ્નિહોત્રીઓના લોકમાં જઇ શકતા નથી.[૮૮]* જે અધમ પુરુષો અગ્નિહોત્રનો નાશ કરે છે,તેઓ દુરાચારી,દરીદ્ર,

---

* આશય એ છે કે, અગ્નિહોત્રીઓનું શરીર મરણ પછી પણ અગ્નિહોત્રના અગ્નિથીજ બળવું જોઇએ.જીંદગીભર અગ્નિહોત્રમાં હોમ કર્યો હોય પણ મરણ પછી અગ્નિહોત્રનો અગ્નિ જો ન મળે તો તેનું સર્વ પુણ્યં વૃથા થાય છે.

ગાંડા તથા રોગી થઇને શૂદ્રજાતિમાં અવતરે છે; માટે હે રાજા! ઉચ્ચ ગતિની ઇચ્છાવાળા દ્વિજજાતિઓએ વિદેશ ગયાવિના નિત્ય વિધિ પ્રમાણે અગ્નિહોત્રમાં હોમ કરવો.[૯૦] હે યુધિષ્ઠિર! પોતાના આત્માની પેઠે કદી અગ્નિહોત્રનું અપમાન કરવું નહિ; તેમજ એક ક્ષણવાર પણ અગ્નિહોત્રનો ત્યાગ કરવો નહિ. જે દ્વિજજાતિઓ વૃદ્ધાવસ્થામાં પણ અગ્નિહોત્રનો સ્વીકાર કરે છે, શૂદ્રના અન્નનો ત્યાગ કરે છે, દમગુણનિષ્ઠ રહે છે, ઇંદ્રિયો તથા બુદ્ધિને વશ રાખે છે, પાંચ મહાયજ્ઞો કરે છે, લોભ તથા ક્રોધનો નિત્ય ત્યાગ કરેછે અને બન્ને કાળભક્તિપૂર્વક અતિથિઓને પૂજે છે, તેઓ પણ હે યુધિષ્ઠિર! સૂર્યોદયસમાન તેજસ્વી અને વાયુસમાન વેગવાળાં વિમાનોમાં બેસી મારા લોકમાં જાય છે અને ત્યાં મારાં દર્શન કરી આનંદ કરે છે.[૯૧-૯૪] વળી તે શ્રેષ્ઠ દ્વિજજાતિઓ એક મન્વંતરસુધી ત્યાં આનંદ કરી આ મનુષ્યલોકમાં ઉત્તમ બ્રાહ્મણો થાય છે.[૯૫] જે દ્વિજજાતિઓ બાલ્યાવસ્થામાંજ અગ્નિહોત્રી બને છે, શૂદ્રના અન્નનો સદા ત્યાગ કરે છે, ક્રોધ તથા લોભથી મુક્ત રહે છે, નિત્ય પ્રાતઃકાળે સ્નાન કરે છે, શાસ્ત્રોક્ત રીતે અગ્નિહોત્રમાં હોમકરેછે, ઇંદ્રિયોને વશ રાખે છે, નિત્ય અતિથિસત્કાર કરે છે, સૌમ્ય હોય છે અને બન્ને કાળ મારી ભક્તિ કરવામાં તત્પર રહે છે, તેઓ સૂર્યમંડળ ભેદીને મોક્ષપદ પામે છે.[૯૬,૯૭] તેઓ સૂર્યોદયસમાન કાંતિવાળાં વિમાનોમાં પોતાની પત્નીસાથે બેસીને મારા લોકમાં જાય છે, ત્યાં બાળસૂર્યસમા તેજસ્વી બને છે, ઇચ્છાનુસાર ગતિ કરે છે, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરે છે અને ઐશ્વર્યગુણથી સંપન્ન થઇ સુખેથી ક્રીડા કરે છે. હે પાંડુનંદન! અગ્નિહોત્રીઓની સમૃદ્ધિ આવા પ્રકારની હોય છે.[૯૮,૯૯] કેટલાક બુદ્ધિહીન મનુષ્યો વેદની નિંદા કરે છે, વેદને દૂષિત ઠરાવે છે અને વેદને પ્રમાણ માનતા નથી, તેઓ તો આ લોકમાંજ દુર્ગતિને પામે છે.[૧૦૦] જે દ્વિજજાતિઓ વેદોને તથા ઇતિહાસને પ્રમાણ માને છે અને નિત્ય આસ્તિક બુદ્ધિ રાખે છે, તેઓ દેવના સાયુજ્યને પામે છે–દેવ થઇ રહે છે."[૧૦૧]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં "અગ્નિનીઉત્પત્તિ, આહવનીય આદિ અગ્નિનાં નામો અને યજ્ઞ તથા અગ્નિહોત્રની પ્રશંસા"એ વિષયનો અધ્યાય ૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૭ મો

ચાંદ્રાયણવિધિ તથા તેનું ફળ

॥ युधिष्ठिर उवाच ॥

चक्रायुध नमस्तेऽस्तु देवेश गरुडध्वज ।
चान्द्रायणविधिं पुण्यमाख्याहि भगवन् मम॥ १

યુધિષ્ઠિરે કહ્યું:–"હે ચક્રધારી દેવેશ! હે ગરુડધ્વજ! હું તમને નમસ્કાર કરૂંછું. હે ભગવન્! ચાંદ્રાયણનો પવિત્ર વિધિ તમે મને કહો!"

ભગવાને કહ્યું:–" હે પાંડવ! સર્વ પાપનો નાશ કરનારા અને પાપીઓ જેનાથી પવિત્ર થાય છે, તે ચાંદ્રાયણવ્રતને હું સંપૂર્ણરીતે કહું છું, તે તમે સાંભળો.[૨] વ્રતધારી બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય–જે કોઈને વિધિ પ્રમાણે ચાંદ્રાયણ કરવાની ઇચ્છા હોય તેને માટે પ્રથમ કરવાની ક્રિયા આ પ્રમાણેછે. તેણે બરાબર સાવધાન થઇ પ્રથમ પંચગવ્યથી પોતાનું શરીર શુદ્ધ કરવું. તે પછી કૃષ્ણપક્ષમાં મસ્તકે મુંડનકરાવવું.[૧-૪] આ પછી પવિત્ર થઇ ઉજ્જવલ વસ્ત્ર પહેરીને મુંજ ઘાસની કટિમેખલા બાંધી ખાખરાનો દંડ ધારણ કરી બ્રહ્મચર્યવ્રત પાળવું. તે દ્વિજજાતિએ શુકલપક્ષના પડવાને દિવસે પ્રથમ ઉપવાસ કરવો. નદીતીરે, સંગમતીર્થ ઉપર, પવિત્ર પ્રદેશ ઉપર અથવા પોતાને ઘેર એક સ્થંડિલ બનાવી તેને છાણથી લીંપી તેના પર અગ્નિને સ્થાપન કરવો.[૬] તેમાં આધાર, આજ્યભાગ, પ્રણવ, વ્યાહ્રુતિઓ તથા વરુણ–એ પાંચને ઉદ્દેશી અનુક્રમે આહુતિ આપવી; તેમજ સત્ય, વિષ્ણુ, બ્રહ્મર્ષિઓ, બ્રહ્મા, વિશ્વેદેવા તથા પ્રજાપતિ–એને ઉદ્દેશી આહુતિ આપવી અને પછી પ્રાયશ્ચિત્તની આહુતિ આપવી. આ પછી શાંતિ–પૌષ્ટિકી ક્રિયા કરી અગ્નિને સમાપ્ત કરવો. અને અગ્નિ તથા સોમને નમસ્કાર કરી શરીરે,

ભસ્મ લગાવવી.પછી નદી ઉપર જઈને વિધિ પ્રમાણે શુદ્ધાત્મા થઈ સોમ, વરુણ તથા સૂર્યને નમસ્કાર કરી એકાગ્ર ચિત્તે સ્નાન કરવું.[૭-૧૦] નદીમાંથી બહાર નીકળી આચમન લઇ પૂર્વાભિમુખે બેસવું, પ્રાણાયામ કરવો, દર્ભોથી શરીરપર પ્રેક્ષણ કરવું અને ફરી આચમન કરી, ઉંચા બાહુઓ કરીને સૂર્યનાં દર્શન કરવાં. પછી બે હાથ જોડી ઉભા ઉભા નારાયણ,રુદ્ર અથવા બ્રહ્મદેવને પ્રદક્ષિણા કરવી. તે પછી ભોજન કરવા પૂર્વે વરુણમંત્રનો, વીરઘ્નમંત્રનો-ઋષભમંત્રનો, અઘમર્ષણનો અથવા દેવી ગાયત્રીનો કે મારો સો વાર,એકસોઆઠવાર અથવા એક હજાર વાર જાપ કરવો.[૧૧-૧૪] પછી મધ્યાહ્નસમયે યત્નપૂર્વક સંયમી તથા સાવધાન થઇ ખીર અથવા જવની રાબડી બનાવવી; અથવા સુવર્ણનું, રૂપાનું, તાંબાનું, માટીનું, ઉંબરાનું, યજ્ઞોપયોગી કાષ્ઠનું અથવા લીલાં અને નિર્દોષ એવાં પાંદડાંના પડીઆનું પાત્ર હાથમાં લઈ ગુપ્ત રીતે ભિક્ષા લેવા નીકળવું. બરાબર સાત બ્રાહ્મણોને ઘેર ફરવું;પણ આઠમે ઘેર જવું નહિ. ત્યાં માત્ર ગાયને દોહવા જેટલા સમયસુધી ઉભા રહેવું.તે વેળા મૌન રહેવું, ઇંદ્રિયોને વશ રાખવી,કોઈ સામે હસવું નહિ,જોવું નહિ, સ્ત્રી સાથે વાતચીત કરવી નહિ અને માર્ગમાં જતાં-આવતાં પણ મૂત્ર, વિષ્ઠા, ચાંડાલ,રજસ્વલા સ્ત્રી, પતિત અથવા કૂતરૂં જોવામાં આવે તો સૂર્યનાં દર્શન કરવાં.[૨૦] જે દ્વિજજાતિ નિત્ય પાવડીઓ પહેરીને ફરતો હોય તેણે, કોઇપણ પાપકર્મી દેખવામાં આવતાં સૂર્યનાં દર્શન કરવાં.તે પછી ઘેર આવી ભિક્ષાને પૃથ્વીપર મૂકવી અને ઢીંચણસુધી પગ તથા કોણીસુધી હાથ ધોઇને જળનું આચમન કરવું અને અગ્નિ તથા બ્રાહ્મણોની પૂજા કરવી. પછી ભિક્ષાના પાંચ અથવા સાત ભાગ કરવા અને તેમાંથી એક એક પિંડ સૂર્યને,બ્રહ્માને,અગ્નિને,સોમને,વરુણને તથા વિશ્વેદેવાઓને અનુક્રમ પ્રમાણે આપવો. પછી બાકી રહેલો એક પિંડ પોતાના મુખ જેવડો બનાવી આંગળીઓના અગ્રભાગપર રાખી ગાયત્રીમંત્રથી તેનું અભિમંત્રણ કરવું અને પછી તેને ત્રણ આંગળીઓપર રાખી, પૂર્વ તરફ બેસી પ્રસન્નતાપૂર્વક તેનું પ્રાશન કરવું.[૨૧-૨૬] ચંદ્ર જેમ પ્રતિદિન વૃદ્ધિ પામે છે અને પાછો ક્ષીણ થાય છે, તેમ પિંડને પણ એક એક દિવસે વધારતા જવું અને એક એક દિવસે ઓછો કરતા જવું.[૨૭] આ વ્રત કરનારમાટે ત્રણ કાળ, બે કાળ અથવા એક કાળ અવશ્ય સ્નાન કરવું કહ્યું છે. તેણે બ્રહ્મચારી રહેવું, નહાયેલું વસ્ત્ર નીચોવવું નહિ, દિવસે એક સ્થાને બેસવું,રાત્રે વીરાસન વાળવું અથવા સ્થંડિલ ઉપર કે વૃક્ષનાં મૂળ પાસે સૂઇ રહેવું.[૨૮,૨૯] હે પાંડુનંદન! તે પુરુષે વલ્કલ, અળસીનું વસ્ત્ર, શણ અથવા કપાસનું વસ્ત્ર ધારણ કરવું.[૩૦] એ રીતે એક મહીના પછી ચાંદ્રાયણ પૂરૂં થાય,ત્યારે બ્રાહ્મણોને અવશ્ય જમાડવા અને ભક્તિથી દક્ષિણા આપવી.[૩૧] ચાંદ્રાયણવ્રત કરવાથી મનુષ્યે જે કંઇ પાપ કર્યું હોય છે, તે સર્વ કાષ્ઠની પેઠે તત્કાળ ભસ્મ થઇ જાય છે.[૩૨] જેમ વાયુથી ધૂળ ઉડી જાય છે, તેમ ચાંદ્રાયણથી બ્રહ્મહત્યા,ગોહત્યા, સુવર્ણની ચોરી, બાળહત્યા,મદિરાપાન, ગુરુપત્ની સાથે વ્યભિચાર અને બીજાં જે કંઇ પાપ હોય છે તે નાશ પામેછે.[૩૩,૩૪] જેને પ્રસવ થયે દશદિવસ ન થયા હોય તેવી ગાયનું, ઉંટડીનું અને ઘેટીનું દૂધ તેમજ મૃત્યુ તથા વૃદ્ધિસૂતકનું અન્ન ખાધું હોયતો ચાંદ્રાયણકરવું.[૩૫] કોઇ ઉપપાતકીનું અન્ન, પતિતનું અન્ન તથા શૂદ્રનું અન્ન ખાનારે ચાંદ્રાયણ કરવું.[૩૬] આકાશમાં રહેલું-એટલે ઝાડ ઉપર લટકતું ફળ, હાથમાં રહેલું, નીચે પડી ગયેલું તથા પારકાના હાથમાં રહેલું અન્ન ખાનારે ચાંદ્રાયણ કરવું. મોટી બહેનની પહેલાં પરણેલી નાની બહેનનું અન્ન, જેની નાની બહેન પ્રથમ પરણી હોય તેની મોટી બહેનના રખાત પતિનું અન્ન, ધણી જીવતાં વ્યભિચારથી ઉત્પન્ન કરેલા પુત્રનું અન્ન,ધણીના મુઆ પછી વ્યભિચારથી જન્મેલા પુત્રનું અન્ન,મોટાભાઇની પહેલાં પરણેલા નાના ભાઈનું અન્ન,નાના ભાઇ પછી પરણેલા મોટાભાઇનું અન્ન તથા પુરોહિતનું અન્ન ખાધું હોય તો ચાંદ્રાયણ કરવું.[૩૭-૩૯] મદિરા, આસવ,

ઘી, લાખ, મીઠું તથા તેલનો વેપાર કરનારા દ્વિજજાતિએ ચાંદ્રાયણ કરવું.[૪૦] જે દ્વિજ એકોદ્દિષ્ટ-શ્રાદ્ધનું ભોજન કરે, જનસમુદાયની વચ્ચે બેસી ભોજન કરે અને ભાંગેલાં વાસણમાં ભોજન કરે તેણે ચાંદ્રાયણ કરવું.[૪૧] જે દ્વિજ જનોઇ નહિ આપેલા છોકરા સાથે (એક પાત્રમાં) ભોજન કરે, સ્ત્રી સાથે ભોજન કરે અને કન્યા સાથે ભોજન કરે, તેણે ચાંદ્રાયણ કરવું.[૪૨] જે બ્રાહ્મણ મૂર્ખાઇથી ભોજનની વચ્ચે પોતાનું ઉચ્છિષ્ટ ગોઠવી દે અથવા મોહને લીધે બીજા કોઇને પોતાનું ઉચ્છિષ્ટ આપે તેણે ચાંદ્રાયણ કરવું.[૪૩] દૂધી, પંડોળાં, ડુંગળી, ગાજર, મુંગરવેલ તથા લસણ ખાઇને ચાંદ્રાયણ કરવું. દ્વિજે વાસી અન્ન, પારકે ઘેર થી આવેલું રાંધેલું અન્ન, બળેલું અન્ન તથા માંસ ખાઇને ચાંદ્રાયણ કરવું.[૪૫] ઉત્તમ બ્રાહ્મણે રજસ્વલા, કૂતરૂં તથા ચાંડાલે જોયેલું અન્ન ખાધું હોય તો ચાંદ્રાયણ કરવું.[૪૬] હે પાંડવ ! પોતાની શુદ્ધિમાટે ઋષિઓએ પૂર્વે આચરેલું આ ચાંદ્રાયણપ્રાણીમાત્રને પવિત્ર કરનારૂં છે તે મેં તમને કહ્યું. આ વ્રત કરીને વસુઓ, રુદ્રો તથા આદિત્યો સ્વર્ગે ગયા છે. જે દ્વિજજાતિ પરમ ગુહ્ય, પવિત્ર અને પાપનો નાશ કરનાર આ વ્રતને વિધિ પ્રમાણે કરે છે, તે પવિત્ર અને સૂર્યસમાન તેજસ્વી થઈને સ્વર્ગમાં જાય છે.”[૪૭-૪૯]

ઇતિ શ્રીમહા० આશ્વ० વૈષ્ણવધર્મ પર્વમાં “ ચાંદ્રાયણવિધિ તથા તેનું ફળ ” એ વિષયનો અધ્યાય ૧૭ મો સમાપ્ત

અધ્યાય ૧૮ મો

કાર્તિક આદિ બાર માસમાં એક વખત ભોજન કરવાનું ફળ

॥ वैशंपायन उवाच ॥

केशवेनैवमुक्ते तु चांद्रायण विधिक्रमे ।
अपृच्छत् पुनरन्याँश्च धर्मान् धर्मात्मजोनृप॥१

વૈશંપાયને કહ્યું:-“હે જનમેજય રાજા ! શ્રીકૃષ્ણે એ પ્રમાણે ચાંદ્રાયણના વિધિનો ક્રમ કહ્યો. તે પછી ધર્મ પુત્ર યુધિષ્ઠિરે ફરી બીજા ધર્મો પૂછવા માંડયા.[૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“હે સર્વ જીવોના પતિ! હે શ્રીમાન ! હે પ્રાણીમાત્રથી નમસ્કાર કરાયલા ! હે સર્વજ્ઞ ! જે ધર્મ સર્વ પ્રાણીઓને હિતકારક હોય તે મને કહો.”[૨]

ભગવાને કહ્યું:-“હે યુધિષ્ઠિર ! દરિદ્ર મનુષ્યને પણ જે સ્વર્ગ અપાવનાર, સુખ આપનાર અને સર્વ પાપનો નાશ કરનાર છે, તે વ્રત તમે સાંભળો.[૩] કાર્તિક વગેરે જે બાર મહીના કહેવામાં આવ્યા છે તેમાં એકભુક્ત વ્રત લેવાનો નિયમ હું સર્વને માટે કહું છું.[૪] જે મનુષ્ય કાર્તિક મહીનામાં ઇંદ્રિયોને વશ રાખી નંદાતિથિને દિવસે એકભુક્ત કરી આખો મહીનો એ પ્રમાણે વર્તે છે, તે મારો ભક્ત છે;[૫] અથવા આખા કાર્તિક મહીનામાં ભોજન કર્યા પછી વચ્ચે વચ્ચે જળ પીતો નથી, સૂર્યસ્વરૂપ એવા મારૂં નિત્ય પૂજન કરે છે, અત્યંત એકાગ્રચિત્ત રહે છે, વ્રત પૂર્ણ થયા પછી બ્રાહ્મણોને જમાડે છે, તેઓને દક્ષિણા આપે છે અને ક્રોધ તથા લોભનો ત્યાગ કરે છે, તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૬,૭] કપિલા ગાયનું વિધિપૂર્વક દાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે પુણ્ય પામીને સૂર્યના લોકમાં તે પૂજાય છે; અને પુણ્યકાળ પૂર્ણ થયે ત્યાંથી ચ્યવીને મહાન પુરુષતરીકે ઉત્પન્ન થાય છે. જે મનુષ્ય માર્ગશીર્ષમાસમાં એકભુક્ત વ્રત કરે છે, કામ-ક્રોધ તથા લોભનો ત્યાગ કરી વિધિ પ્રમાણે સ્નાન કરી આદિત્યસ્વરૂપ એવા મારૂં નિત્ય પૂજન કરે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, ગાયત્રીમંત્રનો જાપ કરે છે, વાણી તથા ઇંદ્રિયોનો સંયમ કરે છે અને મહીનો પૂરો થયે પવિત્રતાપૂર્વક બ્રાહ્મણોને જમાડી ભક્તિથી તેઓની પૂજા કરે છે, તેને પ્રાપ્ત થનારૂં પુણ્યફળ તમે સાંભળો.[૯-૧૧] એક અગ્નિહોત્રી બ્રાહ્મણને અગ્નિહોત્રનું પાલન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય સંપાદન કરી આકાશને શોભાવનારા વિમાનમાં બેસીને સપ્તર્ષિઓના લોકમાં તે જાય છે. ત્યાં ઇચ્છાનુસાર અને સુખેથી ક્રીડા કરી પુણ્યકાળ પૂર્ણ થતાં તે હરિવર્ષ ખંડમાં જન્મે છે.

ત્યાં પણ પોતાની ઇચ્છાનુસાર આનંદ કરીને પાછળથી રાજા થાય છે.[૧૨,૧૩] હે રાજેન્દ્ર ! જે મનુષ્ય એકભુક્ત વ્રત લઇને આખો પૌષ માસ ગાળી કાઢે છે, મારામાં મન રાખી નિત્ય મારૂં પૂજન કરે છે, અહિંસા અને સત્યમાં તત્પર રહે છે, ક્રોધ તથા હર્ષનો ત્યાગ કરે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૧૪,૧૫] બ્રાહ્મણોનાં હજારો આતિથ્યો કરવાનું જે પુણ્ય કહેવામાં આવ્યું તે પુણ્ય પ્રાપ્ત કરી ઇંદ્રના લોકમાં તે પૂજાય છે. પછી સમય પૂર્ણ થયે ત્યાંથી ચ્યુત થઇને ઇલાવર્ષ ખંડમાં તે જન્મે છે;અને ત્યાં લાંબા કાળસુધી રહી આ લોકમાં બ્રાહ્મણ થાય છે.[૧૬,૧૭] જે વિદ્વાન મનુષ્ય આખો માઘમાસ એકભુક્ત કરીને ચલાવે છે, મારૂં પૂજન કરવામાં તત્પર રહી દંભ તથા ક્રોધનો ત્યાગ કરે છે, સાયંકાળે મારી ગાયત્રીનો જાપ કરે છે અને વ્રત સમાપ્ત થયે બ્રાહ્મણોને ભોજન તથા દક્ષિણા આપી મારામાં મન રાખી તેઓને નમસ્કાર કરે છે અને ત્રણે કાળ સ્નાન કરે છે,તેનું પુણ્યફળ તમે સાંભળો.[૧૮,૧૯]તે શ્રીમાન મનુષ્ય મયૂરોથી જોડેલા અને આકાશને શોભાવનારા વિમાનમાં બેસી પિતૃલોકમાં જાય છે. ત્યાં અપ્સરાના સમુદાયો તેની સેવા કરે છે અને પોતાની ઇચ્છાનુસાર ક્રીડા કરી ત્યાંથી ચ્યુત થઇને ભદ્રાશ્વખંડમાં તે જન્મે છે. પછી ત્યાંથી આ પૃથ્વીપર આવી ચાર વેદને જાણનારો બ્રાહ્મણ થાય છે.[૨૦,૨૧] જે મનુષ્ય એકભુક્ત વ્રતથી ફાલ્ગુન માસને ગાળી કાઢે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, ' नमो ब्रह्मण्य देवाय ' એ મંત્રનો નિત્ય જાપ કરે છે,વ્રતની સમાપ્તિ થયે બ્રાહ્મણોને દૂધપાક જમાડે છે,ઇંદ્રિયોને વશ રાખી મારૂં પૂજન કર્યા કરે છે અને ક્રોધરહિત રહે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૨૨,૨૩] તે મનુષ્ય સારસપક્ષીઓથી જોડેલા ઇચ્છાનુસાર ગતિ કરનારા વિમાનમાં બેસી ઇચ્છાનુસાર વિહાર કરે છે અને નક્ષત્રોના લોકમાં નક્ષત્રસમાન આકૃતિવાળો થઇ આનંદકરેછે.પછી પુણ્યકાળ પૂર્ણથયે ત્યાંથી ચ્યુતથઇને કેતુમાલખંડમાં તે જન્મે છે અને ત્યાં અત્યંત ક્રીડા કરી મનુષ્યોમાં મુનિતરીકે અવતરે છે.[૨૫] હે રાજન્ ! જે મનુષ્ય ચૈત્રમાસમાં એકભુક્ત વ્રત કરે છે અને મારાપર ભક્તિ રાખી બ્રહ્મચર્યવ્રત પાળે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૨૬] અગ્નિહોત્રીને તથા વ્રત કરનારા પુરુષને જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે સંપાદન કરી ચંદ્રના લોકમાં તે પૂજાય છે. પછી ત્યાંથી અવતરીને રમણકખંડમાં તે જન્મે છે અને ત્યાં યથેષ્ટ ભોગો ભોગવી આ લોકમાં રાજા થાય છે.[૨૮] જે મનુષ્ય વૈશાખ માસમાં એક વખત ભોજન કરે છે, ભોજન કરતી વેળા બ્રાહ્મણને અગ્રાસને બેસાડી મૌનવ્રત ધારણ કરીને પોતે પૃથ્વીપર બેઠો બેઠો ભોજન કરે છે, ' नमो ब्रह्मण्य देवाय ' એ મંત્રથી સૂર્યનું પૂજન કરે છે અને વ્રત સમાપ્ત થાય, ત્યારે બ્રાહ્મણોને જમાડે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૨૯,૩૦] વિધિપૂર્વક કરેલા અગ્નિષ્ટોમ તથા અતિરાત્ર યજ્ઞનું જે ફળ મળે છે તે સંપાદન કરી દેવોના લોકમાં તે પૂજાય છે.તે પછી પુણ્યકાળ પૂર્ણ થાય છે ત્યારે હૈમવતખંડમાં તે અવતરે છે અને ત્યાં ઇચ્છાનુસાર ક્રીડા કરી બ્રાહ્મણ થાય છે.[૩૧,૩૨]જે બ્રાહ્મણ જ્યેષ્ઠમાસમાં એક વખત જમે છે અને જમતી વેળા બ્રાહ્મણને અગ્રાસને બેસાડી પોતે પૃથ્વીપર બેઠોબેઠો વિધિ પ્રમાણે ભોજન કરે છે, ' नमो ब्रह्मण्य देवाय ' એમ કહી એકાગ્રચિત્તે મારૂં નામ જપે છે અને દંભ તથા અસત્યનો ત્યાગ કરે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૩૩,૩૪] વિધિ પ્રમાણે ચાંદ્રાયણ કરવાનું જે પુણ્ય કહેવામાં આવ્યું છે તે પુણ્ય મેળવીને દેવલોકમાં તે પૂજાયછે.[૩૫]તે પછી ત્યાંથી નીકળીને ઉત્તરકુરુદેશમાં તે જન્મે છે અને ત્યાંથી પણ કાળે કરી આ લોકમાં તે બ્રાહ્મણ થાય છે.[૩૬] હે રાજન્ ! જે મનુષ્ય આષાઢ માસમાં એકભુકત વ્રત કરે છે, બ્રાહ્મણને અગ્રાસને બેસાડી જિતેન્દ્રિય થઇને પોતે પૃથ્વીપર ભોજન કરે છે, બ્રહ્મચર્ય પાળે છે,ક્રોધને જીતે છે, મારૂં પૂજન કરવામાં તત્પર રહે છે, અષ્ટાક્ષર મંત્ર (श्रीकृष्ण शरणं मम) છે ના વિધિપૂર્વક ત્રણ કાળ સ્નાન કરે છે અને વ્રતને અંતે દૂધપાકનું અથવા ગોળભાત-

નું બ્રાહ્મણોને ભોજન આપે છે, તેનું પુણ્યફળ હે યુધિષ્ઠિર રાજેંદ્ર! તમે સાંભળો.[૩૭-૩૯] હે પાંડુનંદન! એક સો ગાયના દાનનું જે પુણ્ય કહ્યું છે તેને પ્રાપ્ત કરી દેવલોકમાં તે પૂજાય છે.[૪૦] પછી પુણ્યકાળ પૂર્ણ થયે ત્યાંથી ચ્યુત થઈને શાકદ્વીપમાં તે જન્મે છે; અને સમય પૂરો થયે ત્યાંથી નીકળીને આ લોકમાં બ્રાહ્મણ થાય છે.[૪૧] જે મનુષ્ય શ્રાવણ માસમાં એક વખત ભોજન કરે છે, ‘ नमो ब्रह्मण्य देवाय ’ એ મંત્રથી નિત્ય મારૂં પૂજન કરે છે, દૂધપાકથી બ્રાહ્મણોને જમાડે છે, ક્રોધને જીતે છે, ઇંદ્રિયોને વશ રાખે છે અને લોભ તથા મોહથી મુક્ત થાય છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૪૨] હે પાંડવ! વિધિપૂવક આપેલી કપિલા ગાયના દાનનું જે પુણ્ય કહ્યું છે, તેને પ્રાપ્ત કરી ઇંદ્રના લોકમાં તે પૂજાય છે.[૪૪] પછી સમય પૂરો થયે ત્યાંથી નીકળીને કુશદ્વીપમાં તે જન્મે છે અને ત્યાં લાંબા કાળસુધી ક્રીડા કરી મનુષ્યલોકમાં બ્રાહ્મણ થાય છે.[૪૫] જે મનુષ્ય ભાદરવા માસમાં એકભુક્તવ્રત કરે છે, બ્રહ્મચર્ય પાળે છે, ક્રોધને જીતે છે, પ્રતિજ્ઞાને સત્ય કરે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, રસોઈમાં ભેદ કર્યાવિના બ્રાહ્મણને અગ્રાસને બેસાડી જમે છે, ‘नमो ब्रह्मण्य देवाय’ એમ કહી એ બ્રાહ્મણનો ચરણસ્પર્શ કરે છે અને વ્રતને અંતે દક્ષિણાસાથે તલ અથવા ઘીનું દાન કરે છે, તેને મારો ભક્ત જાણવો અને હે નરશ્રેષ્ઠ! તેનું પુણ્યફળ તમે સાંભળો.[૪૬-૪૮] રાજસૂયયજ્ઞ તથા અશ્વમેધયજ્ઞને વિધિપૂર્વક કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેને મેળવીને ઇંદ્રના લોકમાં તે પૂજાય છે.[૪૯] પછી સમય થતાં ત્યાંથી નીકળીને કુબેરના ભુવનમાં તે જન્મે છે અને ત્યાં ઇચ્છાનુસાર ક્રીડા કરી મનુષ્યલોકમાં રાજા થાય છે.[૫૦] જે મનુષ્ય આશ્વિનમાસમાં એકભુક્ત વ્રત કરે છે, મારામાં મન રાખી ભક્તિપૂર્વક મારી ગાયત્રી જપે છે અથવા બે કાળ કે ત્રણ કાળ એકસોઆઠ ગાયત્રી જપે છે, બ્રાહ્મણને અગ્રાસને બેસાડી પોતે જમે છે, ઇંદ્રિયો તથા મનને વશ રાખે છે અને વ્રતને અંતે બ્રાહ્મણોને જમાડે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૫૧,૫૨] હે પાંડુપુત્ર! વિધિપૂર્વક કરેલા અશ્વમેધયજ્ઞનું જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય મેળવીને મારા લોકમાં તે પૂજાય છે. પછી સમય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યુત થઈને શ્વેતદ્વીપમાં તે જન્મે છે અને ત્યાં ભોગો ભોગવીને આ લોકમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ થાય છે.”[૫૩,૫૪]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં ‘ કાર્તિક આદિ બાર માસમાં એકભુક્ત વ્રતનું ફળ ’ એ વિષયનો અધ્યાય ૧૮ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૯ મો

દ્વાદશીનું વ્રત અને એકાદશીના ઉપવાસપૂર્વક ભગવાનની પૂજા

॥ युधिष्ठिर उवाच ॥

एवं संवत्सरं पूर्णमेकभुक्तेन यः क्षिपेत् ।
तस्य पुण्यफलं यद्वैतन्ममाचक्ष्व केशव ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–“ હે કેશવ! જે મનુષ્ય આખા વર્ષસુધી એકભુક્ત વ્રત કરે છે,' તેનું પુણ્યફળ તમે મને કહો.”[૧]

ભગવાને કહ્યું:–“હે પાંડવ! ઉત્તમ, યથાર્થ અને પવિત્ર એવું મારૂં વચન તમે સાંભળો. જે કરીને તથા નહિ કરીને મનુષ્ય પાપથી મુક્ત થાય છે, તે વિષે હું તમને કહું છું.[૨] જે મનુષ્ય એક વર્ષસુધી એકભુક્ત વ્રત કરે છે, બ્રહ્મચર્ય પાળે છે, ક્રોધને જીતે છે, ભૂમિપર શયન કરે છે, ઇંદ્રિયોને વશ રાખે છે, સ્નાન કરી પવિત્ર રહે છે, મનને એકાગ્ર કરે છે, સત્ય વાણી બોલે છે, અસૂયાનો ત્યાગ કરે છે, મારામાં મન રાખી નિત્ય મારૂં પૂજન કરે છે, બન્ને સંધ્યાસમયે મારી ગાયત્રીનો એકાગ્ર ચિત્તે નિત્ય જપ કરે છે, ‘नमो ब्रह्मण्य देवाय’ એમ કહી મને પ્રણામ કરે છે, બ્રાહ્મણને અગ્રાસને બેસાડી પોતે રાબડીનું અથવા ભિક્ષાન્નનું ભોજન કરે છે, ભોજનસમયે મૌનવ્રત ધારણ કરે છે, બ્રાહ્મણના બન્ને ચરણોનો ‘नमो वासुदेवाय’ એમ કહી સ્પર્શ કરે છે, પ્રત્યેક માસે પવિત્ર બ્રાહ્મણોને જમાડે છે, વર્ષ પૂરૂં થયે વ-

તની દાક્ષણા આપે છે અથવા માખણની ગાયનું અથવા તિલધેનુનું દાન કરે છે અને બ્રાહ્મણના હાથથી છંટાયેલા સુવર્ણયુકત જળથી પ્રોક્ષણ પામે છે. તેનું પુણ્યફળ હે રાજન્! તમને હું કહું છું તે સાંભળો. તે મનુષ્યનાં જાણતાં-અજાણતાં કરેલાં દશ જન્મનાં પાપો સત્વર નાશ પામે છે, એમાં કંઇ સંશય નથી.”[૩-૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ સર્વ ઉપવાસોમાં જે શ્રેયસ્કર હોય, અતિમહાન ફળરૂપ હોય અને લોકમાં સર્વોત્તમ શ્રેયરૂપ હોય તે મને કહો.”[૧૦]

ભગવાને કહ્યું:–“હે યુધિષ્ઠિરરાજા! જેનાવડે પૂર્વની પેઠે મારી સાથે રહીને મનુષ્ય આનંદ કરે છે, તે હું તમને કહું છું; કેમકે તમે મારા ભકત છો.[૧૧] હે રાજા! જે મનુષ્ય પવિત્ર થઇને ભકિતપૂર્વક મારી પંચમીને દિવસે ઉપવાસ કરે છે અને ત્રણ કાળ મારૂં પૂજન કરે છે, તે સર્વ યજ્ઞનું ફળ સંપાદન કરી મારા લોકમાં પૂજાય છે.”[૧૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે ભગવન્! હે દેવદેવેશ! એ તમારી પંચમી કયી? હે નિર્દોષ! એ પંચમીવિષે સાંભળવાની મને ઇચ્છા છે, માટે કહો.”[૧૩]

ભગવાને કહ્યું:–“હે રાજા! દ્વાદશીને દિવસે બે પર્વ તથા શ્રવણ નક્ષત્ર હોય તો તે તિથિ મારી પંચમી કહેવાય છે. આ પંચમી મને અત્યંત પ્રિય છે;[૧૪] માટે મારામાં બુદ્ધિ રાખનારા શ્રેષ્ઠ બ્રાહ્મણોએ મને ખાસ પ્રસન્ન કરવામાટે તે દિવસે ઉપવાસ કરવો.[૧૫] હે રાજા! તેવી પંચમીનો સંયોગ ન આવી શકે તો દ્વાદશીને દિવસેજ ઉપવાસ કરવો, તેથી હું અત્યંત પ્રસન્ન થાઉં છું.[૧૬] હે રાજા! જે મનુષ્ય માર્ગશીર્ષ માસની દ્વાદશીને દિવસે ઉપવાસ કરી કેશવસ્વરૂપ એવા મારૂં પૂજન કરે છે, તેને રાજસૂયયજ્ઞનું ફળ મળે છે.[૧૭] પૌષ માસની દ્વાદશીને દિવસે ઉપવાસ કરી નારાયણસ્વરૂપ એવા મારૂં જે પૂજન કરે છે, તેને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.[૧૮] માઘ માસની બારસને દિવસે ઉપવાસ કરી માધવસ્વરૂપ એવા મારૂં જે પૂજન કરે છે, તેને રાજસૂય યજ્ઞનું ફળ મળે છે.[૧૯] ફાગણ મહીનાની બારસને દિવસે ઉપવાસ કરી ગોવિંદ નામધારી મારૂં જે પૂજન કરે છે, તેને અતિરાત્ર યજ્ઞનું ફળ મળે છે.[૨૦] ચૈત્રમાસના દ્વાદશીને દિવસે ઉપવાસ કરી મારૂં–વિષ્ણુનું જે પૂજન કરે છે, તેને પૌંડરીક યજ્ઞનું ફળ મળે છે.[૨૧] હે પાંડવ! વૈશાખ મહીનાની બારસને દિવસે ઉપવાસ કરી મધુસૂદન નામધારી એવા મારૂં જે પૂજન કરે છે, તેને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે.[૨૨] હે રાજા! જયેષ્ઠમાસની દ્વાદશીને દિવસે ઉપવાસ કરી ત્રિવિક્રમ નામવાળા મારૂં જે પૂજન કરે છે. તેને ગોમેધયજ્ઞનું ફળ મળે છે.[૨૩] હે ભરતશ્રેષ્ઠ! અષાઢ માસની બારસને દિવસે ઉપવાસ કરીને વામન નામવાળા મારૂં જે પૂજન કરે છે, તેને નરમેધયજ્ઞનું ફળ મળે છે.[૨૪] હે રાજા! શ્રાવણમાસની બારસને દિવસે ઉપવાસ કરીને શ્રીધર સંજ્ઞાવાળા મારૂં જે પૂજન કરે છે, તેને પાંચ મહાયજ્ઞનું ફળ મળે છે.[૨૫] ભાદરવા મહીનાની બારસને દિવસે ઉપવાસ કરીને હૃષીકેશ નામધારી મારૂં જે પૂજન કરે છે, તેને સૌત્રામણિ યજ્ઞનું ફળ મળે છે.[૨૬] હે રાજા! આશ્વિનમાસની દ્વાદશીને દિવસે ઉપવાસ કરીને જે મનુષ્ય પદ્મનાભ એવા મારૂં પૂજન કરે છે, તેને એકહજાર ગોદાનનું ફળ મળે છે.[૨૭] હે રાજા! કાર્તિકમાસની બારસને દિવસે ઉપવાસ કરીને જે મનુષ્ય દામોદર સંજ્ઞાવાળા મારૂં પૂજન કરે છે, તેને સર્વ યજ્ઞોનું ફળ મળે છે.[૨૮] હે પાંડુનંદન! જે મનુષ્ય હરકોઇ દ્વાદશીને દિવસે ઉપવાસ કરે છે, તેને પૂર્વોકત ફળમાંથી અર્ધું ફળ મળે છે.[૨૯] જે ભકિતમાન પુરુષ શ્રાવણ મહીનામાં પણ એ પ્રમાણે મારૂં પૂજન કરે છે તે મારા સાયુજ્યને પામે છે, એમાં કંઇ સંશય નથી. વળી આજ પ્રમાણે મહીને મહીને મારૂં પૂજન કરી અનુક્રમે એક વર્ષ પૂરૂં કરે છે અને ફરી સાવધાન થઇ બીજું વર્ષ એ પ્રમાણે કરે છે તેને બાર વર્ષસુધી મારૂં નિર્વિઘ્ને પૂજન કરે છે તે મારો ભક્ત છે, મારામાં પરાયણ રહે છે અને મારા સાયુજ્યને પામે છે.[૩૦-૩૨] જે મનુષ્ય દ્વાદશીને દિવસે વેદસંહિતારૂપ એવા મારૂં પૂ-

જન કરે છે, તે પણ હે રાજન્! પૂર્વોક્ત ફળને પામે છે, એમાં સંશય નથી.[૩૩] જે મનુષ્ય દ્વાદશીને દિવસે ગંધ, પુષ્પ, ફળ, પાણી, પત્ર તથા મૂળ મને અર્પણ કરે છે, તેના જેવો બીજો કોઈપણ મને પ્રિય નથી.[૩૪] હે પુરુષવ્યાઘ્ર! ઇંદ્રાદિ સર્વ દેવતાઓ આ વિધિથીજ મારા ભક્ત થઈને સ્વર્ગલોકને ભોગવી રહ્યા છે.”[૩૫]

વૈશંપાયને કહ્યું:-દેવોના ઈશ્વર ભગવાન કૃષ્ણ એ પ્રમાણે કહી રહ્યા હતા, ત્યારે ધર્મપુત્ર યુધિષ્ઠિર બે હાથ જોડીને ભક્તિપૂર્વક તેમની સ્તુતિ કરવા લાગ્યા:-[૩૬] “હે સર્વ લોકના ઈશ્વર! હે દેવોના નિયંતા! હે હૃષીકેશ! હું તમને નમસ્કાર કરૂં છું. હે હજારો મસ્તકવાળા! હે હજારો નેત્રવાળા! તમને મારા નમસ્કાર હો. હે વેદસ્વરૂપ! હે વેદના નાથ! હે વેદથી સ્તુતિ કરાયેલા! મારા તમને નમસ્કાર હો. હે યજ્ઞાત્મા! હે યજ્ઞના ઉત્પાદક! હે યજ્ઞના નાથ! મારા તમને નમસ્કાર હો.[૩૮] હે ચાર મૂર્તિસ્વરૂપ! હે ચાર બાહુઓવાળા! હે ચાર વ્યૂહ(વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ)વાળા! હું તમને નમસ્કાર કરૂં છું. હે લોકોના આત્મા! હે લોકોના સ્રષ્ટા! હે લોકોમાં નિવાસ કરનારા! હું તમને નમસ્કાર કરૂં છું.[૩૯] હે નરસિંહ! હે સૃષ્ટિનો સંહાર કરનારા! તમને હું નમસ્કાર કરૂં છું. હે ભક્તપ્રિય! હે કૃષ્ણ! હે નાથ! મારા તમને વારંવાર નમસ્કાર હો.[૪૦] હે લોકપ્રિય! હે ભક્તવત્સલ! તમને મારા નમસ્કાર હો. હે બ્રહ્માના નિવાસસ્થાન! હે બ્રહ્માના નાથ! તમને વારંવાર નમસ્કાર હો.[૪૧] હે રુદ્રસ્વરૂપ! હે રુદ્રકર્મ કરનારા! તમને હું નમસ્કાર કરૂં છું. હે પાંચ યજ્ઞસ્વરૂપ! હે સર્વ યજ્ઞરૂપ! મારા તમને નમસ્કાર હો.[૪૨] હે કૃષ્ણપ્રિય! હે કૃષ્ણનાથ! તમને વારંવાર નમસ્કાર હો. હે યોગપ્રિય! હે યોગીનાથ! હું તમને વારંવાર નમસ્કાર કરૂં છું.[૪૩] હે હયગ્રીવ! હે ચક્રપાણિ! તમને નમસ્કાર હો. હે પંચભૂતસ્વરૂપ! હે પાંચ આયુધવાળા! તમને મારા નમસ્કાર હો.”[૪૪]

વૈશંપાયને કહ્યું:-રાજા યુધિષ્ઠિર ભક્તિથી ગળગળી વાણીવડે આ પ્રમાણે સ્તુતિ કરતા હતા, ત્યારે શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈ તેમનો હાથ પકડીને તેમને અટકાવ્યા.[૪૫] પછી હે નરશ્રેષ્ઠ જનમેજય! ભક્તિથી નમ્ર એવા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૪૬]

ભગવાને કહ્યું:-“હે યુધિષ્ઠિર! કોઇ જૂદા મનુષ્યની પેઠે આ રીતે તમે મારી સ્તુતિ કેમ કરો છો? હે ધર્મપુત્ર રાજન્! પૂર્વની પેઠે તમે મને ધર્મપ્રશ્ન પૂછો. આમ સ્તુતિ કરો નહિ.”[૪૭]

યુધિષ્ઠિરે કહ્યું:-“હે ભગવન્! તમારી કૃપાથી વારંવાર ધર્મનું સ્મરણ કરી મને શાંતિ થતી નથી. હે દેવ! મારૂં મન જાણે નૃત્ય કરતું હોય તેમ લાગે છે;[૪૮] તોપણ હે માધવ! આ ધાર્મિક રહસ્ય તમે મને કહો. કૃષ્ણપક્ષની દ્વાદશીને દિવસે તમારૂં કેવીરીતે પૂજન કરવું?”[૪૯]

ભગવાને કહ્યું:-“હે રાજન્! પૂર્વની પેઠે તે સર્વ હું તમને કહું છું, સાંભળો. કૃષ્ણપક્ષની દ્વાદશીને દિવસે મારૂં પૂજન કરવાથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.[૫૦] જે મનુષ્ય એકાદશીને દિવસે ઉપવાસ કરી દ્વાદશીને દિવસે મારૂં પૂજન કરે છે અને ભક્તિયુક્ત થઇ જેટલા મળી આવે તેટલા બ્રાહ્મણોનો સત્કાર કરે છે, તે દક્ષિણામૂર્તિ-શંકર પાસે જાય છે અથવા મને પામે છે, એમાં કંઈ સંશય નથી; અથવા ગ્રહો તથા નક્ષત્રોવડે પૂજાઇને ચંદ્રના લોકમાં જાય છે.”[૫૧,૫૨]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં “દ્વાદશીનું વ્રત અને એકાદશીના ઉપવાસપૂર્વક ભગવાનની પૂજા”એ વિષયનો અધ્યાય ૧૯ મો સમાપ્ત

અધ્યાય ૨૦ મો

વિષુવ નામનો પુણ્યકાળ, ગાયત્રીજપ તથા પીંપળાનું માહાત્મ્ય, ભિન્ન ભિન્ન ધર્મોના કથનપૂર્વક શિશુમાર આકૃતિનું નિરૂપણ અને પંચગવ્યવિધાન

॥ वैशंपायन उवाच ॥

केशवेनैवमाख्याते धर्मपुत्रः पुनः पुनः ।
पप्रच्छ दानकालस्य विशेषं च विधिं नृप ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય રાજા! શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું, એટલે ધર્મપુત્ર યુધિષ્ઠિરે વારંવાર દાનકાળની વિશેષતા તથા વિધિ પૂછવા માંડી.[૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે દેવોના દેવ! વિષુવ નામના પુણ્યકાળે દાન આપવાથી શું ફળ કહેવામાં આવ્યું છે? તેમજ સૂર્ય-ચંદ્રના ગ્રહણસમયે દાન કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? તે મને કહો."[૨]

ભગવાને કહ્યું:–"હે રાજન્! વિષુવ નામના પુણ્યકાળે, ચંદ્ર-સૂર્યના ગ્રહણસમયે, વ્યતીપાતને દિવસે તથા ઉત્તરાયણના આરંભમાં દાન આપવાથી અક્ષય ફળ મળે છે.[૩] હે રાજન્! ઉત્તરાયણ તથા દક્ષિણાયનના મધ્યકાળને (એટલે મેષસંક્રાંતિ તથા તુલાસંક્રાંતિને) વિષુવ કાળ કહે છે. તે કાળે રાત્રિદિવસ સરખાં હોય છે; અને તે કાળની સંધ્યાસમયે બ્રહ્મા, હું તથા શંકર એકીવખતે એકઠા થઇ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયસંબંધી વિચાર કરીએ છીએ. હે રાજન્! અમે જે મુહૂર્તમાં એકઠા થઇએ છીએ તે નિષ્ફળ પરમપદરૂપ મુહૂર્તને વિષુવ કહે છે. તે અત્યંત પવિત્ર છે;[૪-૬] એટલુંજ નહિ પણ તે મુહૂર્તને અક્ષરબ્રહ્મ તથા પરમબ્રહ્મ કહેલ છે, અને તે મુહૂર્તમાં સર્વ યોગીપુરુષો પરમપદનું ચિંતન કરે છે.[૭] દેવો, વસુઓ, રુદ્રો, પિતરો, અશ્વિનીકુમારો, સાધ્યો, વિશ્વેદેવાઓ, ગંધર્વો, સિદ્ધો, બ્રહ્મર્ષિઓ, ચંદ્ર આદિ ગ્રહો, નદીઓ, સમુદ્રો, મરુતો, અપ્સરાઓ, નાગો, યક્ષો, રાક્ષસો, ગુહ્યકો અને એ સિવાયના બીજા સર્વ યોગીઓ વિષુવકાળમાં ઇંદ્રિયોનો જય કરી ઉપવાસ કરે છે અને ખાસ કરીને ધ્યાનપરાયણ થાય છે. હે યુધિષ્ઠિર! તમે દાન આપો. અન્ન, ગાય, તલ, પૃથ્વી, કન્યા, ઘર, ધર્મશાળા, ધાન્ય, વાહન તથા શયન–અને બીજું જે કંઇ મેં તમને કહ્યું છે તેનું તથા બીજી સર્વ વસ્તુઓનું વિષુવકાળમાં શ્રોત્રિય બ્રાહ્મણોને ખાસ કરીને દાન આપવું.[૮-૧૨] હે કુંતીપુત્ર! તે દાનનો કદી ક્ષય થતો નથી, પણ તેનું પુણ્ય પ્રતિદિન કરોડગણું વૃદ્ધિ પામે છે.[૧૩] જે મનુષ્ય વિષુવકાળમાં મને અથવા શંકરને સ્નાન કરાવે છે તથા યથાયોગ્ય રીતે પૂજે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૧૪] તેનાં દશ જન્મનાં કરેલાં પાપો નાશ પામે છે અને તેને દશ અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ મળે છે;[૧૫] તેમજ (મરણને અંતે) દિવ્ય વિમાનમાં બેસી ઇચ્છાનુસાર રૂપ ધારણ કરી સુખેથી તે મારા લોકમાં અથવા રુદ્રલોકમાં જાય છે. ત્યાં દેવો તથા ગંધર્વો તેની સ્તુતિ કરે છે; અને એક કરોડ તથા હજાર દેવતાઇ વર્ષોસુધી સુખેથી ક્રીડા કરે છે. પછી કાળે કરી ત્યાંથી ચ્યુત થઇને તે આ લોકમાં ચારે વેદમાં પારંગત થયેલો અને બ્રહ્મને જાણનારો ઉત્તમ બ્રાહ્મણ થાય છે.[૧૬-૧૮] જે મનુષ્ય આકાશમાં ચંદ્ર તથા સૂર્યનું ગ્રહણ થાય છે, ત્યારે મારી અથવા શંકરની ગાયત્રીનો જપ કરે છે; અને ભકિતપૂર્વક શંખો, વાદિત્રો, ઝાલરો તથા ઘંટડીઓનો શબ્દ કરે છે, તેનું પુણ્યફળ તમે સાંભળો.[૧૯,૨૦] ગીતવાદિત્ર કરવાથી, હોમ તથા જપ કરવાથી અને ઉત્કૃષ્ટ નામોનું ઉચ્ચારણ કરવાથી રાહુ દુર્બળ થાય છે અને ચંદ્ર બળવાન થાય છે.[૨૧] વળી ચંદ્ર-સૂર્યના ગ્રહણસમયે શ્રોત્રિયોને જે કંઇ દાન કર્યું હોય છે, તે હજારગણું થઇને દાતાને પ્રાપ્ત થાય છે.[૨૨] હે રાજા! મહાપાપી મનુષ્ય પણ ગ્રહણસમયે આપેલા દાનથી તત્કાળ નિષ્પાપ થાય છે; અને (છેવટે) ચંદ્ર-સૂર્યસમાન પ્રકાશતા સુશોભિત વિમાનમાં બેસી સુંદર એવા ચંદ્રલોકમાં જાય છે. ત્યાં અપ્સરાઓના ગણો તેની સેવા કરે છે અને આકાશમાંના નક્ષત્રો ચંદ્રની સાથે જ્યાંસુધી સ્થિતિ કરે છે, ત્યાંસુધી ચંદ્રલોકમાં તે આનંદ કરે છે. આ પછી હે યુધિષ્ઠિર! પુણ્યકાળ પૂર્ણ થયે ત્યાંથી નીકળીને આ લોકમાં વેદવેદાંગને જાણનારો અને કરોડો ધનનો પતિ બ્રાહ્મણ થાય છે."[૨૩-૨૬]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભગવન્! તમારી ગાયત્રીનો કેવી રીતે જપ કરવો? હે પ્રભુ! તેનું ફળ શું મળે છે? તે હે દેવેશ્વર તમે મને કહો."

ભગવાને કહ્યું:–"દ્વાદશીને દિવસે, વિષુવકાળે, ચંદ્ર-સૂર્યના ગ્રહણસમયે, ઉત્તરાયણને

દિવસે, શ્રવણનક્ષત્ર તથા વ્યતીપાતને દિવસે, પીપળાનાં દર્શન કરતી વેળા અને મારાં દર્શન કરતી વખતે મારી ગાયત્રીનો અથવા મારા અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો. હે રાજા! એ રીતે જપ કરનારા મનુષ્યનું જે કંઇ પાપ હોય છે તેનો નાશ થાય છે, એમાં સંશય નથી.”[૨૭-૨૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે દેવ! પીપળાનું દર્શન શું તમારા દર્શનસમાન છે? આ વાત તમે મને કહો. આમાં મને પરમ આશ્ચર્ય થાય છે.”[૩૦]

ભગવાને કહ્યું:–“પીપળારૂપે હું ત્રણે જગતનું રક્ષણ કરૂં છું. જે સ્થળે પીપળો નથી ત્યાં હું રહી શકતો નથી.[૩૧] હે રાજન્! જે સ્થળે હું રહેલો છું ત્યાં પીપળો પણ રહેલો છે. જે પીપળાનું ભક્તિપૂર્વક પૂજન કરે છે, તે સાક્ષાત્ મારૂં પૂજન કરે છે.[૩૨] જે મનુષ્ય પીપળાને કોપથી પ્રહાર કરે છે તે મનેજ પ્રહાર કરે છે; માટે પીપળાની હમેશાં પ્રદક્ષિણા કરવી, તેને કદી કાપવો નહિ.[૩૩]

વ્રતનું પારણું એ તીર્થ કહેવાય છે; સરલતા તીર્થ કહેવાય છે; દેવોની, ગુરુની, પિતાની તથા માતાની સેવા તીર્થ કહેવાય છે; પત્નીને સંતોષ આપવો તે તીર્થ કહેવાય છે અને ગૃહસ્થાશ્રમ તીર્થ કહેવાય છે.[૩૪,૩૫] અતિથિસત્કાર ઉત્તમ તીર્થ છે, સનાતન બ્રહ્મ તીર્થરૂપ છે, બ્રહ્મચર્ય ઉત્તમ તીર્થ છે અને ત્રેતા અગ્નિ તીર્થ છે.[૩૬] હે કુંતીપુત્ર! સર્વનું મૂળ ધર્મ છે, એમ જાણીને તેમાં મન સ્થિર કરો અને સર્વ તીર્થોમાં જાઓ. ધર્મથી ધર્મની વૃદ્ધિ થાય છે.[૩૭] વિદ્વાનો કહે છે કે, તીર્થ બે પ્રકારનાં છે. એક સ્થાવર તીર્થ અને બીજું જંગમ તીર્થ; તેમાં સ્થાવર તીર્થ કરતાં જંગમ તીર્થ અધિક છે, કેમકે તેથી જ્ઞાન મળી શકે છે.[૩૮] હે ભારત! જે પુરુષ આ લોકમાં શુદ્ધ કર્મ કરનારો હોય છે તેના હૃદયમાં સર્વ તીર્થો વસે છે, અને તેથીજ તે તીર્થરૂપ કહેવાય છે. ગુરુતીર્થ શ્રેષ્ઠ જ્ઞાનરૂપ છે, એથી ઉત્તમ બીજું કોઇ તીર્થ નથી. જ્ઞાનતીર્થ શ્રેષ્ઠ તીર્થ છે અને બ્રહ્મતીર્થ સનાતન તીર્થ છે. હે પાંડવ! ક્ષમા સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ છે. ક્ષમાશીલ પુરુષોને આ લોક તથા પરલોક બન્નેની પ્રાપ્તિ થાય છે.[૩૯-૪૧] માન આપ્યું હોય કે અપમાન કર્યું હોય, પૂજા કરી હોય કે તિરસ્કાર કર્યો હોય, ગાળો દીધી હોય કે તર્જના કરી હોય, છતાં ક્ષમાગુણને ધારણ કરનારો પુરુષ તીર્થરૂપ કહેવાય છે.[૪૨] ક્ષમા યજ્ઞરૂપ છે, દાનરૂપ છે અને તેનાથીજ જગત ધારણ થઈ રહ્યું છે. ક્ષમા અહિંસારૂપ છે, ધર્મરૂપ છે, ઇંદ્રિયનિગ્રહરૂપ છે, દયારૂપ છે અને યજ્ઞરૂપ છે.[૪૩,૪૪] ક્ષમાવાન બ્રાહ્મણ દેવ છે, ક્ષમાવાન બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, ક્ષમાવાન મનુષ્ય સ્વર્ગ પામે છે, યશ મેળવે છે અને મોક્ષ પામે છે. ક્ષમાશીલ મનુષ્યજ સાધુ કહેવાય છે.[૪૫] હે ભારત! આત્મા નદીરૂપ છે, પવિત્ર તીર્થરૂપ છે, સર્વ તીર્થોમાં મુખ્ય તીર્થ છે, નિરંતર યજ્ઞરૂપ મનાય છે અને સ્વર્ગ તથા મોક્ષ–એ સર્વ તેને આધીન છે.[૪૬] જે મનુષ્ય આચારથી સ્વચ્છ થયેલા અને સત્ય તથા ક્ષમાથી અતુલ શીતળ બનેલા જ્ઞાનરૂપ જળથી નિત્ય સ્નાન કરે છે, તેને પુનઃ જળના તીર્થનું શું પ્રયોજન છે?”*[૪૭]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે ભગવન્! સર્વ પાપોનો નાશ કરનારૂં અને સહેલું પ્રાયશ્ચિત્ત તમે મને કહો. હે દેવશ્રેષ્ઠ! હું તમારો ભક્ત છું.”[૪૮]

ભગવાને કહ્યું:–“હું તમને એક ગુપ્ત પ્રાયશ્ચિત્ત કહું છું. આ પ્રાયશ્ચિત પાપીઓને તથા અધાર્મિક પુરુષોને સંભળાવવા યોગ્ય નથી.[૪૯] કોઇ પવિત્ર બ્રાહ્મણને જોઈ મારામાં મન રાખી ‘**ॐ नमो ब्रह्मण्य देवाय**’ એમ કહી તેને વંદન કરી[૫૦] અષ્ટાક્ષર મંત્ર બોલી તેને પ્રદક્ષિણા કરવી. આથી પ્રસન્ન થયેલા એ બ્રાહ્મણદ્વારા (પ્રદક્ષિણા કરનારા) મનુષ્યના પાપનો હું નાશ કરૂં છું.[૫૧] વરાહે (ભુંડે) ખોદી કાઢેલી માટીને મસ્તકપર ધારણ કરી સો પ્રાણાયામ કરનારો મનુષ્ય પાપથી મુક્ત થાય છે.[૫૨] જે મનુષ્ય સૂર્યગ્રહણસમયે પૂર્વ તરફ વહેતી નદીના કિનારા ઉપર જઇ મારા દેવાલયની સમીપે દક્ષિણાવર્તવાળા શંખ ઉપરથી અથવા કપિલા

---

* અર્થાત્ જ્ઞાનતીર્થમાં સ્નાન કરી રહેલા મનુષ્યને બીજાં લૌકિક તીર્થોની જરૂર નથી.

ગાયના શીંગડા ઉપરથી પડતા જળવડે માત્ર એકજ વખત સ્નાન કરે છે, તેનાં સર્વ સંચિત પાપો તત્કાળ નાશ પામે છે.[૫૩,૫૪] હે યુધિષ્ઠિર! જે મનુષ્ય રોહિણી નક્ષત્રને દિવસે અથવા એકાદશીને દિવસે કપિલા ગાયના મસ્તક ઉપરથી પડતા જળવડે અથવા તેના મૂત્રથી સ્નાન કરે છે અથવા બ્રાહ્મણના ચરણોદકથી સ્નાન કરે છે, તેનાં પાપ પણ નાશ પામે છે.

જે મનુષ્ય ચૌદ અંગવાળા શિશુમાર નામના પ્રજાપતિને ભક્તિપૂર્વક વંદન કરે છે, તેનાં પાપ નાશ પામે છે. હે યુધિષ્ઠિર! તે શિશુમારનાં ચૌદ અંગોનું હું વર્ણન કરૂં છું, તે તમે સાંભળો. ધર્મ તેનું મસ્તક છે, બ્રહ્મા તેની હડપચી છે, બે વૃષ (ધર્મ) તેનાં ઉત્તર-દક્ષિણ પડખાં છે, વિષ્ણુ તેનું હૃદય છે, અશ્વિનીકુમાર તેના બે ખભા છે, અત્રિઋષિ તેનો મધ્યભાગ છે, સંવત્સર તેનું લિંગ છે, મિત્રાવરુણ તેના બે પગ છે, અગ્નિ તેની બે સાથળો છે, ઇંદ્ર તેનો વાંસો છે, પ્રજાપતિ તેની પીઠ છે અને અભય તેનો પાછળનો ભાગ છે. આ શિશુમારનુંજ બીજું નામ ધ્રુવ છે. આ રીતે શિશુમાર પ્રજાપતિનાં સર્વ અંગો તમારે જાણવાં.*[૫૫-૬૦] જે મનુષ્ય પૂનેમને દિવસે ઉપવાસ કરી પંચગવ્યનું પ્રાશન કરે, તેનાં સર્વ પૂર્વજન્મનાં સંચિત પાપો નાશ પામે છે;[૬૧] તેમજ જે મનુષ્ય પ્રત્યેક મહીને જૂદા જૂદા મંત્રોચ્ચારપૂર્વક બ્રહ્મકૂર્ચનું પ્રાશન કરે છે, તેનાં પાપો પણ નાશ પામે છે.[૬૨] હે ભારત! એ બ્રહ્મકૂર્ચ પીવાના પાત્રવિષે તથા બ્રહ્મકૂર્ચવિષે તમે સાંભળો. ખાખરાનું, કમળનાં પાંદડાંનું, ત્રાંબાનું અથવા સુવર્ણનું પાત્ર ગ્રહણ કરવું; કેમકે બ્રહ્મકૂર્ચના પાનમાટે તેજ પાત્રો કહેવામાં આવ્યાં છે. તે પાત્રમાં ગાયત્રીમંત્રથી ગોમૂત્ર લેવું, 'गंधद्वारां' એ મંત્રથી છાણ લેવું, 'आप्यायस्व' એ મંત્રથી દૂધ લેવું, 'दधिक्राण्वो' એ મંત્રથી દહીં લેવું, 'तेजोऽसि शुक्रम्' એ મંત્રથી ઘી લેવું અને 'देवस्य त्वा' એ મંત્રથી દર્ભ તથા જળ લેવું. જે મનુષ્ય 'आपोहिष्ठा' એ ઋચાથી જવનું ચૂર્ણ લઇ, બ્રહ્માને વિધિ પ્રમાણે આહુતિ આપી, પ્રદીપ્ત અગ્નિમાં હોમ કરી, ૐકાર મંત્રથી તે ચૂર્ણને હલાવી વલોવીને તથા ઉંચું કરીને ૐકાર મંત્રથીજ તેનું પાન કરે છે, તે મનુષ્ય સર્પ જેમ કાંચળીથી મુક્ત થાય તેમ મોટા પાપથી પણ મુક્ત થાય છે.[૬૭] જે મનુષ્યે જળની અંદર સૂર્ય સામે ઉભો રહીને 'भद्रं नः' એ ચરણનો તથા ઋગ્વેદની સંહિતાનો પાઠ કરે છે તેનાં પાપ નાશ પામે છે;[૬૩-૬૮] તેમજ જે મનુષ્ય મારામાં મન રાખી મારા સૂક્તનો (पुरुषसूक्तनो) મનમાં પાઠ કરે છે, તે પણ કમળ જેમ જળથી ભિંજાતું નથી તેમ પાપથી લેપાતો નથી."[૬૯]

ઇતિશ્રી મહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
"વિષુવ નામના પુણ્યસમયમાં દાનાદિક
કરવા વિષે તથા પંચગવ્યવિધાન"
એ વિષયનો અધ્યાય ૨૦ મો સમાપ્ત

અધ્યાય ૨૧ મો

પ્રભુભક્તિનું સામર્થ્ય

॥ युधिष्ठिर उवाच ॥

कीदृशा ब्राह्मणाः पुण्या भावशुद्धाः सुरेश्वर ।
यत्कर्म सफलं नैति कथयस्व ममानघ ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે દેવેશ્વર! કેવા બ્રાહ્મણો પવિત્ર અને શુદ્ધ ભાવવાળા કહેવાય છે? અને કયું કર્મ સફળ થતું નથી? તે હે નિર્દોષ! તમે મને કહો."[૧]

ભગવાને કહ્યું:-"હે પાંડવ! બ્રાહ્મણોનું કર્મ જે રીતે સફળ થાય છે તથા નિષ્ફળ થાય છે, તે સર્વ અનુક્રમે હું તમને કહું છું, સાંભળો.[૨] જો હૃદયમાં શુદ્ધ ભાવ ન હોય તો ત્રણ દંડ ધારણ કરવા, મૌન ધારણ કરવું, જટા ધારણ કરવી, મુંડન કરાવવું, વલ્કલ વસ્ત્ર તથા મૃગચર્મ પહેરવાં, વ્રતો કરવાં, અભિષેક કરવો, અગ્નિહોત્ર પાળવું, ઘેર નિવાસ કરવો (એટલે ગૃહસ્થાશ્રમ પાળવો), સ્વાધ્યાય કરવો તથા સ્ત્રીઓનો સ-

---

* આ ઠેકાણે ચૌદ અંગોનો બરાબર મેળ બેસતો નથી. વધઘટ થાય છે.

ત્કાર કરવો–એ સર્વ કર્મો નિષ્ફળ થાય છે.[૩,૪] હે રાજન્ ! શ્રદ્ધાવિનાનું અગ્નિહોત્ર તથા વેદાધ્યયન વ્યર્થ છે. સદાચરણથી દેવો પ્રસન્ન થાય છે, તેનું પ્રમાણ વેદો છે.[૫] હું માનું છું કે, જે ક્ષમાશીલ છે, દમગુણનિષ્ઠ છે, ક્રોધને જીતનાર છે, મનને વશ રાખે છે તથા ઇંદ્રિયોને જીતે છે, તે શ્રેષ્ઠ બ્રાહ્મણ છે; બાકીના તો શૂદ્રજ છે.[૬] જેઓ અગ્નિહોત્ર તથા વ્રતાચરણમાં તત્પર રહે છે, સ્વાધ્યાય કરવામાં આસક્ત રહે છે, પવિત્ર હોય છે અને ઉપવાસ કરવામાં પ્રીતિવાળા હોય છે, તેઓને દેવો બ્રાહ્મણ કહે છે. હે રાજન્ ! જાતિથી મનુષ્ય પૂજ્ય થતો નથી, પણ ગુણોથીજ પૂજાય છે. ચાંડાલજાતિનો મનુષ્ય પણ જો સદાચારી હોય તો દેવો તેને બ્રાહ્મણ કહે છે.[૭,૮] હે ભારત ! માનસિક શૌચ, કર્મશૌચ, કુલશૌચ, શરીરશૌચ અને વાક્શૌચ–આ પ્રમાણે પાંચ પ્રકારનું શૌચ (પવિત્રતા) કહેલ છે.[૯] આ પાંચ પ્રકારનાં શૌચમાં માનસિક શૌચ સર્વ કરતાં અધિક છે; કેમકે માનસિક પવિત્રતાથી મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૧૦] જે બ્રાહ્મણ વર્ણસંકર પ્રજા ઉત્પન્ન કરનારો હોય, અગ્નિહોત્રથી ભ્રષ્ટ હોય અને વેપાર કરવામાં મશગુલ રહેતો હોય, તે શૂદ્રસમાન છે.[૧૧] હે કુંતીપુત્ર ! જેની વેદશ્રુતિ નાશ પામી હોય, જે ખેતીવાડીનો ધંધો કરતો હોય અને બીજાં વિરુદ્ધ કર્મોને સેવતો હોય, તે બ્રાહ્મણ શૂદ્ર કહેવાય છે. [૧૨] 'વૃષ' એટલે ધર્મ, અને તે ધર્મનો જે નાશ કરે તેનેજ દેવતાઓ 'વૃષલ' કહે છે–અર્થાત્ ધર્મહીન બ્રાહ્મણ ચાંડાલ કરતાં પણ અધમ છે.[૧૩] જે મનુષ્ય બ્રહ્મનું ગાન કરનારી સ્તુતિઓથી કોઇ શૂદ્રની સ્તુતિ કરે છે પણ મારી સ્તુતિ કરતો નથી, તે પાપી મનુષ્ય ચાંડાલતુલ્ય છે.[૧૪] જેમ કૂતરાના ચામડાની મશકમાં રહેલું દૂધ અપવિત્ર છે અને કૂતરાએ ચાટેલું હવિષ્ પણ અપવિત્ર છે, તેમ શૂદ્રમાં રહેલો વેદ પણ દુષ્ટ બની જાય છે.[૧૫] વેદનાં અંગો, ચાર વેદો, મીમાંસા, ન્યાયશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને પુરાણ આ ચૌદ વિદ્યાઓ તથા બીજાં જે કોઇ વિદ્યાનાં સ્થાનકો મેં કહ્યાં છે તથા ઉત્પન્ન કર્યાં છે તે બધાં જગતને પવિત્ર કરવામાટે છે; માટે હે યુધિષ્ઠિર ! તે સર્વ વિદ્યાઓનો શૂદ્રને સ્પર્શ સુદ્ધાં કરવા દેવો નહિ-અર્થાત્ શૂદ્રોને તેઓનો અભ્યાસ કરાવવો નહિ; કેમકે શૂદ્રના સ્પર્શમાં આવેલી સર્વ વસ્તુ અપવિત્ર થાય છે, એમાં સંશય નથી.[૧૬–૧૯]

લોકમાં ત્રણ વસ્તુ અપવિત્ર છે તથા પાંચ અમેધ્ય છે. હે ભારત ! કૂતરો, શૂદ્ર તથા ચાંડાલ આ ત્રણ અપવિત્ર છે; અને હે પાંડવ ! ગધેડો, કૂકડો, યજ્ઞસ્તંભ, રજસ્વલા સ્ત્રી તથા શૂદ્ર સ્ત્રીનો પતિ–આ પાંચ અમેધ્ય છે. તેઓનો કદી સ્પર્શ કરવો નહિ. કોઇ બ્રાહ્મણ પૂર્વોક્ત આઠનો જો સ્પર્શ કરે તો તેણે વસ્ત્રસહિત જળમાં સ્નાન કરવું.[૧૭–૨૦] જે નરાધમો મારા ભક્તોને શૂદ્રની સમાન ગણી અપમાન પમાડે છે, તેઓ એક કરોડ વર્ષસુધી નરકમાંજ સડ્યા કરે છે. [૨૧] બુદ્ધિમાન પુરુષે ચાંડાલ હોવા છતાં મારી ભક્તિ કરનારા મનુષ્યનું કદી અપમાન કરવું નહિ; કેમકે મારા ભક્તનું અપમાન કરવાથી મનુષ્યો રૌરવનરકમાં પડે છે. મારા ભક્તને, બીજા ભક્તો ઉપર અત્યંત પ્રીતિ હોય છે; તેથી મારા ભક્તના ભક્તોને પણ અત્યંત પૂજવા જોઇએ.[૨૨,૨૩] તમે જાણો કે કીડા, પક્ષી તથા મૃગો પણ જો મારામાં ચિત્ત સ્થાપે છે, તો તેઓની ઉચ્ચ ગતિજ થાય છે; તો પછી જ્ઞાની મનુષ્યોની ઉચ્ચ ગતિ થાય, એમાં શું આશ્ચર્ય છે ?[૨૪] હરકોઇ શૂદ્ર જો મને પત્ર, પુષ્પ, ફળ અથવા જળ પણ ભક્તિપૂર્વક અર્પણ કરે છે, તો તેને હું શિરસા ધારણ કરૂં છું.[૨૫] હે ભારત ! મને પ્રિય એવા બ્રાહ્મણો ભલે લગભગ શૂદ્ર જેવા બની ગયા હોય તોપણ તેઓની બ્રાહ્મણતરીકેજ ભક્તિથી પૂજા કરવી; કેમકે તેઓમાં એ સ્વરૂપે હુંજ તે પૂજાને સ્વીકારૂં છું.[૨૬] જે બ્રાહ્મણો પ્રાણીમાત્રના હૃદયમાં રહેલા મને વેદોક્ત માર્ગથીજ પૂજે છે, તેઓ મારા સાયુજ્યને પામે છે.[૨૭] હે યુધિષ્ઠિર ! મારા ભક્તોનું હિત કરવા માટેજ મેં અવતારો ધારણ કરેલા છે, માટે મારા હરકોઈ અવતારની મૂર્તિનું પૂજન કરવું.[૨૮] આ મારા અવતારોમાંની કોઇ પણ

મૂર્તિનું જે મનુષ્ય ભક્તિથી પૂજન કરે છે, તેથી હું પ્રસન્નજ થાઉં છું, એમાં સંશય નથી.[29] માટી, મણિ, રત્ન, તાંબુ, રૂપું અથવા સુવર્ણ–આમાંના કોઇપણ પદાર્થની મૂર્તિ બનાવીને મારૂં પૂજન કરવું. આ પદાર્થોથી મૂર્તિ બનાવી પૂજન કરનારને ઉત્તરોત્તર દશ દશગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.[30] રાજાએ વિજયની ઇચ્છા રાખી પૂજન કરવું, બ્રાહ્મણે વિદ્યાની અભિલાષાથી પૂજન કરવું, વૈશ્યે ધનની ઈચ્છાથી પૂજન કરવું, શૂદ્રે સુખના ફળની ઈચ્છાથી પૂજન કરવું અને સ્ત્રીએ હરકોઇ કામનાથી મારૂં પૂજન કરવું કે જેથી તેઓ સર્વ કામનાઓને સંપાદન કરે છે."[31]

ઇતિ શ્રીમહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'પ્રભુભક્તિનું સામર્થ્ય' એ વિષયનો
અધ્યાય ૨૧ મો સમાપ્ત

* * *

અધ્યાય ૨૨ મો

બ્રાહ્મણને ભ્રષ્ટ કરનારાં દુષ્કર્મો

॥ युधिष्ठिर उवाच ॥

कीदृशानां तु शूद्राणां नानुगृह्णासि चार्चनम्।
उद्वेगस्तव कस्माद्धि तन्मे ब्रूहि सुरेश्वर ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે દેવેશ્વર! કેવા શૂદ્રોની પૂજાને તમે ગ્રહણ કરતા નથી? શામાટે તમને શૂદ્રોની પૂજા સ્વીકારવામાં ઉદ્વેગ થાય છે? તે મને કહો."[1]

ભગવાને કહ્યું:–"હે રાજેન્દ્ર! ચાંડાળે કરેલી પૂજાને જેમ હું સ્વીકારતો નથી, તેમ વ્રતભ્રષ્ટ અને અભક્ત એવા શૂદ્રે કરેલી પૂજાનો પણ હું ત્યાગ કરૂં છું.[2] હે યુધિષ્ઠિર! ગાયો, બ્રાહ્મણો તથા પીપળો–આ ત્રણ દેવસ્વરૂપ છે; એટલુંજ નહિ પણ હું તથા શંકરસ્વરૂપ છે, માટે મારા ભક્તે એ ત્રણનું કદી અપમાન કરવું નહિ; કેમકે તેનું જો અપમાન કરવામાં આવે છે, તો તે સાત પેઢીસુધીના કુળને બાળી નાખે છે.[3,4] હે પાંડવ! પીપળો, ગાયો તથા બ્રાહ્મણો મારા સ્વરૂપ છે. તેઓની જો પૂજા કરવામાં આવે છે તો તારી દે છે, માટે પ્રયત્નપૂર્વક એ ત્રણેની તમે પૂજા કરો."[5]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"બ્રાહ્મણ પોતાના બ્રાહ્મણદેહથીજ શૂદ્રપણાને કેમ પામે છે? અને તેનું બ્રહ્મતેજ કેવી રીતે નાશ પામે છે? હે દેવ! તે તમે મને કહો."[6]

ભગવાને કહ્યું:–"જે બ્રાહ્મણ બાર વર્ષસુધી કૂવાના જળથી સ્નાન કરે છે, તે પોતાના એજ શરીરથી શૂદ્રપણાને પામે છે, એમાં સંશય નથી.[7] જે બ્રાહ્મણ રાજાનો આશ્રય લઇ બાર વર્ષસુધી જીવે છે, તે વેદપારંગત હોય તોપણ શૂદ્ર બની જાય છે.[8] જે બ્રાહ્મણ પાટણ(પાટનગર)માં તથા નગરમાં બાર વર્ષસુધી સ્થાયી રહે છે, તે પણ શૂદ્રપણાને પામે છે, એમાં કંઇ સંશય નથી.[9] જે બ્રાહ્મણ કામથી મોહિત થઇ શૂદ્ર સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરે છે, તેના શરીરમાં રહેલું બ્રહ્મતેજ તત્કાળ નાશ પામે છે.[10] જે બ્રાહ્મણ (યજ્ઞીય કારણવિના) વૃથા સોમનું ભક્ષણ કરે છે, તેના શરીરમાં રહેલું બ્રહ્મતેજ તત્કાળ નાશ પામે છે.[11] હે રાજા! જે બ્રાહ્મણ જિહ્વાથી મૈથુન કરે છે તેના શરીરનું બ્રહ્મતેજ પણ તુરત નાશ પામે છે.[12] હે યુધિષ્ઠિર! જે બ્રાહ્મણો દુર્લભ બ્રાહ્મણપણું સંપાદન કરી તેનો દુષ્ટ માર્ગે વ્યય કરે છે, તેઓનો હું શોક કરૂં છું;[13] માટે મારાપર પ્રીતિ રાખનારા હરકોઈ દ્વિજજાતિએ જાતિને ભ્રષ્ટ કરનારૂં કર્મ કદી કરવું નહિ."[14]

ઇતિ શ્રી મહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં
'બ્રાહ્મણને ભ્રષ્ટ કરનારાં દુષ્કર્મો' એ
વિષયનો અધ્યાય ૨૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૨૩ મો

વિવિધ ધર્મકથન તથા શ્રીકૃષ્ણનું દ્વારકાગમન

॥ युधिष्ठिर उवाच ॥

देशांतरगते विप्रे संयुक्ते कालकर्मणा।
शरीरनाशे संप्राप्ते कथं प्रेतत्वकल्पना ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"કોઇ બ્રાહ્મણ પરદેશમાંજ કાળધર્મ પામી મરણ પામ્યો હોય, ત્યારે (તેના પુત્રાદિએ) તેની પ્રેતકલ્પના કેવી

રીતે કરવી ?”

ભગવાને કહ્યું:–“કોઇ અગ્નિહોત્રી બ્રાહ્મણ તેવી રીતે પરદેશમાંજ મરણ પામ્યો હોય તો ખાખરાનાં કાષ્ઠોથી તેના મૃતશરીરની કલ્પના કરવી. હે યુધિષ્ઠિર! મનુષ્યના શરીરમાં ત્રણસો ને સાઠ હાડકાં કહેલાં છે, માટે તે પ્રમાણે શાસ્ત્રાનુસાર પ્રેતકલ્પના કરવી.[૨-૩] જેમકે ચાલીસ લાકડાં (ખાખરાની સળીઓ) મસ્તકને સ્થાને મૂકવાં, દશ ડોકને સ્થાને મૂકવાં, સો બાહુને સ્થાને મૂકવાં, દશ આંગળીઓને સ્થાને મૂકવાં, ત્રીસ છાતીને સ્થાને મૂકવાં, વીસ ઉદરને સ્થાને મૂકવાં, છ વૃષણને સ્થાને મૂકવાં, ચાર લિંગને સ્થાને મૂકવાં, સો બે સાથળોને સ્થાને મૂકવાં, ત્રીસ ઢીંચણ તથા જાંઘને સ્થાને મૂકવાં અને દશ પગને સ્થાને મૂકવાં. આ રીતે પ્રેતકલ્પના થાય છે.”[૪-૬]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“જેઓ જગતમાં પ્રસિદ્ધ એવાં તીર્થોમાં જવા અશક્ત હોય છે, તેવા ભક્તોનાપર અનુગ્રહ કરી તેઓને તારવામાટે તેનું પ્રતિનિધિ તીર્થ તમે મને કહો.”[૭]

ભગવાને કહ્યું:–“સામવેદનું ગાન કરનારા પુરુષો કહે છે કે, સત્ય સર્વ તીર્થોમાં પવિત્ર તીર્થ છે, સત્ય બોલવું તે તીર્થ છે, અહિંસા તીર્થ કહેવાય છે, તપ, દયા તથા સદાચરણ તીર્થ છે; તેમજ હે યુધિષ્ઠિર! અલ્પ સંગ્રહથી સંતોષ માનવો તે તીર્થ છે અને પતિવ્રતા સ્ત્રી તીર્થરૂપ છે.[૮,૯] સંતોષી બ્રાહ્મણ તીર્થ છે, જ્ઞાન તીર્થ છે, મારો તથા શંકરનો ભક્ત ખાસ કરીને તીર્થ છે, સંન્યાસીઓ તીર્થ છે, વિદ્વાનો તીર્થ કહેવાય છે, શરણાગતનું રક્ષણ કરનાર પુરુષ તીર્થ છે અને વિદ્વાનો તીર્થ કહેવાય છે.[૧૦,૧૧] હું ત્રણે લોકમાં નિર્ભય છું, મને કોઇના તરફથી ભય નથી, દિવસે કે રાત્રે હું ડરતો નથી; માત્ર શૂદ્રે કરેલા વેદધ્વનિથી હું ડરૂં છું. હે રાજા! દેવો, દૈત્યો કે રાક્ષસોથી મને ભય નથી, પણ શૂદ્રના મુખમાંથી નીકળેલા વેદમંત્રથી હું નિત્ય ભય પામું છું;[૧૨,૧૩] માટે શૂદ્રે મારા નામરૂપ ૐકાર મંત્રનો ઉચ્ચાર કરવો નહિ; કેમકે બ્રહ્મવેત્તાઓ કહે છે કે, લોકમાં ૐકાર મંત્ર પણ પરબ્રહ્મરૂપ છે.[૧૪] શૂદ્રોનો ધર્મજ એ છે કે તેઓએ મારાપર ભક્તિ રાખી ત્રણ વર્ણોની સેવા કર્યા કરવી; કેમકે મારૂં નિત્ય ચિંતન કરનારા શૂદ્રો, એ માર્ગેજ સ્વર્ગલોકમાં જઈ શકે છે. શૂદ્ર ત્રણ વર્ણની સેવા કરીને પરમ શ્રેય પામે છે. શૂદ્રને માટે ત્રણ વર્ણની સેવા કર્યાવિના બીજું કોઇ પ્રાયશ્ચિત્ત નથી.[૧૫,૧૬] શૂદ્ર જેવો જન્મે છે કે તેજ સમયે રાગ, દ્વેષ, મોહ, કઠોરતા, નિર્દયતા, શઠતા, દઢ વૈરીપણું, અતિ અભિમાન, કુટિલતા, અસત્ય, અપવાદ, ચાડીચુગલી, અતિલોભીપણું, હિંસા, ચોરી, મિથ્યા ભાષણ, ઠગાઇ, ક્રોધ, લોભ, મૂર્ખતા, નાસ્તિકતા, ભય, આળસ, અપવિત્રતા, અકૃતજ્ઞતા, દંભ, અક્કડપણું, કપટ તથા અજ્ઞાન–આ સર્વ દોષો તેનામાં દાખલ થાય છે.[૧૭-૧૯] આ તામસી દોષોથી ઘેરાયેલા શૂદ્રને ઉત્પન્ન કરી બ્રહ્મદેવે તેને માટે ત્રણ વર્ણની સેવારૂપ ધર્મ નિર્માણ કર્યો છે.[૨૦] જે શૂદ્ર પત્ર, પુષ્પ, ફળ અથવા જળ મને ભક્તિપૂર્વક અર્પણ કરે છે, તેને હું મસ્તકથી ગ્રહણ કરૂં છું.[૨૧] હરકોઇ બ્રાહ્મણ જો કદી સર્વપાપોથી યુક્ત હોય પણ નિત્ય મારૂં ધ્યાન કરતો હોય તો તે સર્વ પાપોથી મુક્ત થાય છે.[૨૨] બ્રાહ્મણો વિદ્યા તથા વિનયથી યુક્ત હોય અને વેદપારંગત હોય, તોપણ જો મારી ભક્તિ કરતા નથી તો ચાંડાલ જેવા છે.[૨૩] જે બ્રાહ્મણ મારો ભક્ત નથી તેનું દાન, તપ, યજ્ઞ, હોમ તથા અતિથિસત્કાર વગેરે સર્વ કર્મ વ્યર્થ છે.[૨૪] મારી ભક્તિ નહિ કરનારા મનુષ્યે જે કંઇ સત્કર્મ કર્યું હોય છે, હોમ કર્યો હોય છે, યજ્ઞ કર્યા હોય છે તથા દાન આપ્યાં હોય છે, તે સર્વનો રાક્ષસો ઉપભોગ કરે છે.[૨૫] હે પાંડવ! સ્થાવર કે જંગમ સર્વ પ્રાણીઓપર અથવા મિત્ર કે શત્રુ ઉપર મારા ભક્તે નિત્ય સમદૃષ્ટિ રાખવી જોઇએ.[૨૬] હે રાજા! દયા, અહિંસા, સત્ય, સરળતા અને કોઈપણ પ્રાણીનો દ્રોહ ન કરવો–આ મારા ભક્તોનાં વ્રત છે.[૨૭] હે રાજા! ચાંડાલજાતિનો હોય તોપણ જે મનુષ્ય, મારા ભક્તપ્રત્યે માત્ર ‘નમઃ’ એટલુંજ કહે છે, તેને અક્ષય લોક પ્રાપ્ત થાય છે;[૨૮] તો પછી જેઓ

નિત્ય વિધિપૂર્વક મારૂં પૂજન કરે છે, મારી ભક્તિ કરે છે, મારામાંજ પ્રાણ રાખે છે અને મારી કથા કરે છે, તેઓને અક્ષય લોક મળે, એમાં શું આશ્ચર્ય હોય ?[૨૯] મારા ભકતોને જે પદ મળે છે તે અનેક હજારો વર્ષસુધી તપ કરનારા મનુષ્યોને પણ મળતું નથી;[૩૦] માટે હે રાજેન્દ્ર! પ્રત્યેક મનુષ્યે નિત્ય સાવધાન થઇ મારૂંજ ધ્યાન કરવું, કેમકે તેથી મનુષ્યને સિદ્ધિ પ્રાપ્ત થઇ પરમપદનાં દર્શન થશે.[૩૧] જેઓ વ્યર્થ પ્રલાપ કર્યા કરે છે (સભાઓમાં મોટાં મોટાં વ્યાખ્યાન આપે છે પણ ભકિતથી દૂર હોય છે), તેઓ મારા ભકત નથી; પરંતુ જેઓ શૂદ્ર છે, છતાં ભગવાનના ભકત છે, તેઓજ ખરા બ્રાહ્મણ તથા મારા ભક્ત છે.[૩૨] જે મનુષ્ય દ્વાદશાક્ષર (ॐ नमो भगवते वासुदेवाय) મંત્રના તત્ત્વને જાણે છે, વાસુદેવ આદિ ચારે વ્યૂહના વિભાગને જાણે છે અને અવિચ્છિન્ન રીતે પાંચ કાળનાં કર્મો જાણે છે, તે મારો ભકત છે.[૩૩] જે બ્રાહ્મણો હોતારૂપ થઇ ઋગ્વેદથી મને સ્તવે છે, અધ્વર્યુરૂપ થઇ યજુર્વેદથી મારી સ્તુતિ કરે છે, ઉદ્‌ગાતારૂપ થઇ પવિત્ર સામવેદથી મારૂં ગાન કરે છે અને અથર્વવેદી હોઇ અથર્વશિરસ્‌થી મારી સ્તુતિ કરે છે, તેઓ મારા ભકત છે.[૩૪,૩૫] યજ્ઞો વેદોને આધીન છે, દેવતાઓ યજ્ઞોને આધીન છે અને દેવતાઓ બ્રાહ્મણોને આધીન છે; માટે બ્રાહ્મણોજ ખરા દેવ છે.[૩૬] કોઇનો આશ્રય કર્યાવિના કદી ઉચ્ચ સ્થાન મળતું નથી. દેવોએ રુદ્રનો આશ્રય કર્યો છે, રુદ્રે બ્રહ્માનો આશ્રય કર્યો છે અને બ્રહ્માએ મારો આશ્રય કર્યો છે; પણ હે રાજા! મારો કોઇએ આશ્રય કર્યો નથી–મને કોઇનો આશ્રયજ નથી. હું સર્વના આશ્રયરૂપ છું.[૩૭,૩૮] હે રાજન્! તમને ધર્મ ઉપર પ્રીતિ છે, તેથી આ ઉત્તમ રહસ્ય મેં તમને કહ્યું છે, માટે નિત્ય તેનું તમે આચરણ કરો.[૩૯] હે પાંડવ! આ પવિત્ર આખ્યાન પુણ્યરૂપ છે અને વેદતુલ્ય છે. જે મનુષ્ય મારા આ પવિત્ર ધર્મનો નિત્ય પાઠ કરે છે, તેનો ધર્મ વધે છે, બુદ્ધિ સ્વચ્છ થાય છે, પાપનો નાશ થાય છે અને કલ્યાણની પણ વૃદ્ધિ થાય છે.[૪૦,૪૧] આ પવિત્ર આખ્યાન પુણ્યરૂપ છે, પાપનો નાશ કરનારૂં છે અને ઉત્તમ છે; માટે શ્રદ્ધાયુકત એવા શ્રોત્રિયોએ તો ખાસ કરીને આનું શ્રવણ કરવું.[૪૨] જે મનુષ્ય ભક્તિથી પ્રયત્નશીલ થઇને બીજાઓને આ શ્રવણ કરાવે છે અને પોતે શ્રવણ કરે છે, તે મારા સાયુજ્યને પામે છે, એમાં કંઇ સંશય નથી.[૪૩] જે મારો ભકત મારા પરાયણ થઇ શ્રાદ્ધપ્રસંગે આનું શ્રવણ કરાવે છે, તેના પિતૃઓ સૃષ્ટિના પ્રલયકાળસુધી તૃપ્ત રહે છે.”[૪૪]

વૈશંપાયને કહ્યું:–જગતના ગુરુ સાક્ષાત્ વિષ્ણુપાસેથી એ પ્રમાણે વૈષ્ણવધર્મો સાંભળીને ઋષિઓ તથા પાંડવોનાં મન પ્રસન્ન થયાં. તેઓ એ અદ્‌ભુત કથાઓનું ચિંતન કરવા લાગ્યા અને શ્રીકૃષ્ણને પ્રણામ કરવા લાગ્યા; તેમજ ધર્મપુત્ર યુધિષ્ઠિરે વારંવાર ગોવિંદની પૂજા કરી.[૪૫,૪૬] દેવો, બ્રહ્મર્ષિઓ, સિદ્ધો, ગંધર્વો, અપ્સરાઓ, મહાત્મા ઋષિઓ, યક્ષો, સર્પો, વાલખિલ્યો, તત્ત્વદ્રષ્ટા મહાત્મા યોગીઓ અને પાંચ કાળ ભગવાનની ઉપાસના કરનારા ભકત પુરુષો પરમ પવિત્ર તે વૈષ્ણવધર્મશાસન સાંભળી આશ્ચર્ય પામ્યા, ભગવાનની ભકિતને પ્રાપ્ત થયા અને પાપરહિત થઇ તત્કાળ પવિત્ર થયા. તેઓ વિષ્ણુને શિરસા પ્રણામ કરી તેમની કથાઓને અભિનંદન આપવા લાગ્યા; અને ‘જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણનાં આપણે દ્વારકામાં દર્શન કરીશું’ આમ વિચાર કરતા મનમાં હર્ષ પામી દેવગણોની સાથે ત્યાંથી ચાલ્યા ગયા; તેમજ હે રાજન્! સર્વ ઋષિગણો પણ પોતપોતાને સ્થાનકે ગયા. હે રાજા! તેઓ સર્વે ત્યાંથી ગયા એટલે કેશિહંતા શ્રીહરિએ પોતાના દારુક સારથિનું તથા સાત્યકિનું સ્મરણ કર્યું, જેથી ‘હે દેવ! પધારો’ એમ કહેતો દારુક તેમની સમીપ હાજર થયો.[૪૭–૫૨] આ વખતે પાંડવોનાં મુખ ઉતરી ગયાં. તેઓ મસ્તકસહિત બે હાથ જોડી શ્રીકૃષ્ણ સામાં નેત્ર ઠારી તેમની સામે માત્ર જોઇજ રહ્યા; પણ વિયોગદુ:ખથી વિહ્વળ થઇ કંઇ બોલી શકયા નહિ.[૫૩] ભગવાન શ્રીકૃષ્ણ પણ જાણે

દુઃખી થયા હોય તેવા જણાવા લાગ્યા. તેમણે કુંતી, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, વિદુર, દ્રૌપદી, વ્યાસ, બીજા ઋષિઓ તથા મંત્રીઓની રજા લીધી. પુત્રસહિત સુભદ્રાને તથા ઉત્તરાને પોતાના હાથવડે સ્પર્શ કર્યો અને પછી ઘરમાંથી બહાર નીકળી પોતાના રથ ઉપર તે બેઠા.[૫૪,૫૫] તેમના રથમાં શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ઘોડાઓ જોડયા હતા અને ઉપરના ભાગમાં બુદ્ધિમાન ગરુડના ચિહ્નવાળી ધ્વજા ફરકી રહી હતી.[૫૬] શ્રીકૃષ્ણ રથમાં બેઠા તે પછી રાજા યુધિષ્ઠિરે પ્રેમપૂર્વક તેમના રથમાં આરોહણ કર્યું અને સારથિઓમાં શ્રેષ્ઠ એવા દારુકને દૂર કરી કુરુઓના પતિ એવા તેમણે પોતેજ ઘોડાઓની લગામ હાથમાં લીધી.[૫૭] અર્જુને પણ શ્રીકૃષ્ણની સમીપ બેસી તેમના વિશાળ મસ્તક ઉપર સુવર્ણના દાંડાવાળું સુંદર ચામર જમણી બાજુથી ઢોળવા માંડયું;[૫૮] તેમજ વીર્યવાન ભીમસેને પણ રથ ઉપર ચઢીને શ્રીકૃષ્ણના મસ્તક ઉપર છત્ર ધરી રાખ્યું. તે છત્ર સો સળીઓવાળું હતું, દિવ્ય પુષ્પમાળાઓથી શોભી રહ્યું હતું, તેનો દાંડો વૈડૂર્યમણિનો હતો અને સોનેરી ગુંથણીથી તે ઝગઝગતું હતું.[૫૯,૬૦] નકુલ તથા સહદેવ પણ સત્વર રથ ઉપર ચઢીને શ્વેતવર્ણનાં બે ચામરોવડે શ્રીકૃષ્ણને પવન ઢોળવા લાગ્યા.[૬૧] આ પ્રમાણે ભીમસેન, અર્જુન તથા શત્રુઓનો નાશ કરનારા નકુલ અને સહદેવ શ્રીકૃષ્ણની પાછળ પાછળ જવા લાગ્યા તથા હર્ષમાં આવી જઈને 'તમે જાઓ મા, જાઓ મા,' એમ કહેવા લાગ્યા.[૬૨] એમ કરતાં ત્રણ યોજન જેટલો માર્ગ કપાયો, એટલે શ્રીકૃષ્ણે નમ્ર એવા તે પાંડવોને ભેટી પડી તેઓને પાછા વળવામાટે રજા આપી; અને પોતે દ્વારકા તરફ પ્રયાણ કર્યું.[૬૩] તે દિવસથી આરંભી પાંડવો ગોવિંદને પ્રણામ કરી ધર્મપરાયણ થઇને કપિલા વગેરેનાં: દાન આપવા લાગ્યા;[૬૪] તેમજ શ્રીકૃષ્ણનાં વાક્યોને વારંવાર યાદ કરીને અને મનથી તેમને ઉત્તમ માની હૃદયમાં ધારણ કરી રહ્યા.[૬૫] ધર્માત્મા યુધિષ્ઠિર તો શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપીને તેમના સ્વરૂપમાં મન સ્થિર કરી તેમના ભક્ત બની રહ્યા, તેમનુંજ પૂજન કરવા લાગ્યા અને તે પરાયણ થઈ રહ્યા.[૬૬] હે જનમેજય રાજા! એ પ્રમાણે પ્રાચીન વૈષ્ણવધર્મશાસન મેં તમને કહ્યું. હે રાજા! તે પવિત્ર છે અને પાપનો નાશ કરનારૂં છે.[૬૭] હે કુરુવંશી મહારાજા! વિષ્ણુ ભગવાને કહેલા તે ધર્મશાસનનું તમે નિત્ય શ્રવણ કરો. એનું શ્રવણ કરીનેજ તમે વિષ્ણુના પરમપદને પામશો, બીજાથી નહિ.[૬૮]

ઇતિ શ્રી મહા૦ આશ્વ૦ વૈષ્ણવધર્મ પર્વમાં 'વિવિધ ધર્મકથન તથા શ્રીકૃષ્ણનું દ્વારકાગમન'એ વિષયનો અધ્યાય ૨૩ મો સમાપ્ત

વૈષ્ણવધર્મ પર્વ સમાપ્ત

आश्वमेधिक पर्व समाप्त

ॐ

श्रीमहाभारत

१५–आश्रमवासिक पर्व

ॐ

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१५-आश्रमवासिक पर्व

आश्रमवास पर्व

અધ્યાય ૧ લો.

પાંડવોનું ધૃતરાષ્ટ્રપ્રત્યે સદ્‌વર્તન

મંગલાચરણ—नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

जनमेजय उवाच—प्राप्य राज्यं महात्मानः पांडवा मे पितामहाः ।
कथमासन् महाराज्ञि धृतराष्ट्रे महात्मनि ॥१॥

જનમેજયે પૂછ્યું:—હે વૈશંપાયન! મારા પિતામહ મહાત્મા પાંડવો રાજ્ય પ્રાપ્ત કર્યા પછી મહારાજા મહાત્મા ધૃતરાષ્ટ્ર તરફ કેવી રીતે વર્તતા હતા?[1] તે રાજાના અમાત્યો તથા પુત્રો માર્યા ગયા હતા, જેથી નિરાશ્રય થઇ પડેલા અને નાશ પામેલા ઐશ્વર્યવાળા તે રાજા તથા યશસ્વિની ગાંધારી કેવી રીતે રહેતાં હતાં?[2] મારા પૂર્વપિતામહ મહાત્મા પાંડવો કેટલા કાળસુધી રાજ્યમાં રહ્યા હતા? તે સર્વ કહેવાને તમે યોગ્ય છો.[3]

વૈશંપાયને કહ્યું:—જેઓના શત્રુઓ માર્યા ગયા હતા તે મહાત્મા પાંડવો, રાજ્ય પ્રાપ્ત કર્યાપછી ધૃતરાષ્ટ્રને આગળ કરીને પૃથ્વીનું પાલન કરતા હતા.[4] હે કુરુશ્રેષ્ઠ! વિદુર, સંજય તથા વૈશ્યસ્ત્રીથી થયેલો બુદ્ધિમાન પુત્ર યુયુત્સુ ધૃતરાષ્ટ્રની સેવામાં હાજર રહેતા હતા. પાંડવો હરકોઇ કાર્યના સંબંધમાં તે રાજાને પૂછતા હતા. આમ પંદર વર્ષસુધી તેઓએ ધૃતરાષ્ટ્રની આજ્ઞા પ્રમાણેજ કર્યું હતું.[6] ધર્મરાજાના કહ્યામાં સ્થિર રહેનારા તે વીર પાંડવો નિત્ય તે રાજાના ચરણમાં વંદન કરીને તેમની સમીપમાં બેસતા હતા.[7] ધૃતરાષ્ટ્ર પણ નિત્ય તેઓનાં મસ્તકને સુંઘતા હતા અને તે પછી સર્વ કાર્યોનો તેઓ આરંભ કરતા હતા; તેમજ કુંતિભોજનાં પુત્રી કુંતા પણ ગાંધારીને અનુસરી રહેતાં હતાં.[8] દ્રૌપદી, સુભદ્રા અને

બીજી પાંડવસ્ત્રીઓ પણ તે પોતાની બન્ને સાસુઓ તરફ વિધિપ્રમાણે સમાન વૃત્તિથી વર્તતી હતી. હે મહારાજા! યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને માટે મહાકિંમતી શયનો, વસ્ત્રો, અલંકારો તથા રાજાને છાજે તેવા ભક્ષ્ય તથા ભોજ્ય પદાર્થો હાજર કરતા હતા; અને તેજ પ્રમાણે કુંતા પણ ગાંધારી તરફ ગુરુવૃત્તિ રાખતાં હતાં.[૧૧] હે કુરુવંશી રાજા ! વિદુર, સંજય તથા યુયુત્સુ, જેના પુત્રો મરણ પામ્યા હતા તે વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્રની પાસેજ રહેતા હતા અને દ્રોણાચાર્યના સાળા મહાબ્રાહ્મણ કૃપાચાર્ય જે ધૃતરાષ્ટ્રને પ્રિય હતા તથા મોટા ધનુર્ધર હતા તે પણ ધૃતરાષ્ટ્રની પાસેજ રહેતા હતા.[૧૨,૧૩] ભગવાન વ્યાસ પણ તે રાજાની પાસે નિત્ય બેસી રહેતા અને પુરાણકાળના ઋષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ તથા રાક્ષસોની કથાઓ કર્યા કરતા. વિદુર ધૃતરાષ્ટ્રની આજ્ઞા પ્રમાણે ધાર્મિક તથા વ્યાવહારિક કાર્યોને (સેવકોદ્વારા)કરાવતા હતા. વિદુરની ઉત્તમ નીતિને લીધે ધૃતરાષ્ટ્રને પ્રિય ઘણાં મોટાં કાર્યો પણ ઘણા નાના ઉપાયોથી સામંતોદ્વારા કરાવી શકાતાં હતાં.[૧૬] ધૃતરાષ્ટ્ર કેટલાએકને કેદ કરતા, કેટલાએકને છોડી મૂકતા અને કેટલાએક વધપાત્ર પુરુષોને પણ છોડી મૂકતા, છતાં યુધિષ્ઠિર રાજા કદી કંઇ બોલતા નહિ.[૧૭] જૂદે જૂદે સ્થળે વિહાર કરવા જવું હોય ત્યારે પણ મહાતેજસ્વી કુરુરાજા યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને માટે સર્વ ભોગ્ય સાધનો તૈયાર રાખતા.[૧૮,૧૯] જૂદાં જૂદાં શાક બનાવનારાઓ, દાળ બનાવનારાઓ તથા ભાતભાતનાં ઓસામણ બનાવનારાઓ પૂર્વની પેઠેજ ધૃતરાષ્ટ્ર રાજાની સેવામાં હાજર રહેતા.[૨૦] પાંડવો ધૃતરાષ્ટ્રની પાસે મહાકિંમતી વસ્ત્રો તથા જાતજાતની માળાઓ યથાયોગ્ય રીતે લાવી મૂકતા;[૨૧] તેમજ પૂર્વની પેઠે મૈરેય નામનું મદ્ય, માછલાં, માંસ, જાત જાતનાં પીણાં, બીજાં મદ્યો તથા તરેહ તરેહના ભક્ષ્યપદાર્થો ધૃતરાષ્ટ્ર માટે તૈયાર રખાવતા.[૨૧] જે રાજાઓ જૂદા જૂદા દેશોમાંથી આવતા હતા, તેઓ સર્વે પણ પૂર્વની પેઠેજ કૌરવરાજ ધૃતરાષ્ટ્ર પાસે હાજર થતા હતા.[૨૨] હે મહાપુરુષ ! કુંતા, દ્રૌપદી, યશસ્વિની સુભદ્રા, નાગકન્યા ઉલૂપી, દેવી ચિત્રાંગદા, ધૃષ્ટકેતુની બહેન અને જરાસંધની પુત્રી-આ તથા બીજી અનેક સ્ત્રીઓ સર્વ દાસીરૂપ થઇને ગાંધારીની સેવામાં હાજર રહેતી હતી. યુધિષ્ઠિર "આ ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોના વિયોગથી જરા પણ દુઃખ ન પામે" એમ નિત્ય પોતાના ભાઈઓને આજ્ઞા આપ્યા કરતા હતા. તે ભાઇઓ પણ ધર્મરાજાનું એ અર્થવાળું વચન સાંભળીને ઘણીજ કાળજીથી તે પ્રમાણે વર્તતા હતા. માત્ર એક ભીમસેનજ તે પ્રમાણે વર્તતો ન હતો, કેમકે એ વીરના હૃદયમાંથી ધૃતરાષ્ટ્રની દુષ્ટબુદ્ધિને લીધે જે જુગાર ખેલાયો હતો તે વાત દૂર થઇ ન હતી.[૨૩-૨૭]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
'પાંડવોનું ધૃતરાષ્ટ્રપ્રત્યે સદ્વર્તન' એ
વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

* * *

અધ્યાય ૨ જો

પાંડવોના સદ્વર્તનથી ધૃતરાષ્ટ્રનું પોતાના પુત્રોને પણ ભૂલી જવું

॥ वैशंपायन उवाच ॥

एवं संपूजितो राजा पांडवैरंबिकासुतः ।
विजहार यथापूर्वमृषिभिः पर्युपासितः ॥१॥

વૈશંપાયને કહ્યું:-એ રીતે પાંડવોથી માન પામેલા અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રે પૂર્વની પેઠેજ ઋષિઓથી સેવાઇને સુખેથી રહેવા લાગ્યા.[૧] કુરુવંશી ધૃતરાષ્ટ્રે બ્રાહ્મણોને આપવા યોગ્ય કિંમતી હારોનાં દાન આપવા માંડયાં, એટલે કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરે તે સર્વમાં સંમતિ આપી.[૨] દયાળુ રાજા યુધિષ્ઠિરે પ્રસન્ન થઇને પોતાના ભાઇઓને તથા અમાત્યોને કહી દીધું હતું કે:-" આ ધૃતરાષ્ટ્ર રાજાને મારે તથા તમારે અવશ્ય માન આપવું. જે પુરુષ તેમની આજ્ઞામાં રહેશે, તે મારો મિત્ર છે; અને તેમનાથી જે વિરુદ્ધ વર્તશે, તે મારો શત્રુ તથા શિક્ષાપાત્ર છે. પૂર્વપિતૃઓના મ-

રણદિવસે તથા પુત્રોના અને સર્વ સુહૃદોના શ્રાદ્ધકર્મમાં તેમણે જેટલું કરવા ધાર્યું હોય તેટલું તે ભલે કરે.”

તે પછી ઉદાર મનવાળા કુરુવંશી રાજા ધૃતરાષ્ટ્ર સુપાત્ર બ્રાહ્મણોને અનેક પ્રકારનાં ધનદાન કરવા લાગ્યા; અને ધર્મરાજા, ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવ તેમનું પ્રિય કરવાની ઇચ્છાથી તેમનાં સર્વ કાર્યોને અનુસરવા લાગ્યા; એટલુંજ નહિ પણ “ પુત્રો તથા પૌત્રોના વધથી પીડા પામેલા આ વૃદ્ધ રાજા આપણે લીધે શોક પામીને મરણ ન પામે તો સારૂં ” આવો મનમાં વિચાર કરવા લાગ્યા. કુરુવીર ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોના જીવતાં જે સુખને પ્રાપ્ત થયા હતા, તેજ સુખ અને ભોગો તે સમયે પણ તેમને પ્રાપ્ત થતા હતા. પાંચે પાંડવ ભાઇઓ એકીસાથે સુશીલ સ્વભાવવાળા થઇને ધૃતરાષ્ટ્રની આજ્ઞામાં રહેતા હતા. ધૃતરાષ્ટ્ર પણ તે સર્વ ભાઇઓને નમ્ર, નિયમનિષ્ઠ તથા શિષ્યવૃત્તિવાળા જોઇ તેઓના તરફ ગુરુના જેવોજ ભાવ રાખવા લાગ્યા. બીજી તરફ ગાંધારી પોતાના પુત્રોનાં અનેક શ્રાદ્ધકર્મો કરીને બ્રાહ્મણોની કામનાઓ પૂર્ણ કરી, ઋણમાંથી મુક્ત થઇ. એ પ્રમાણે ધાર્મિકોમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન ધર્મરાજા યુધિષ્ઠિર પોતાના ભાઇઓની સાથે ધૃતરાષ્ટ્રરાજાનું સન્માન કરવા લાગ્યા.

કુરુકુળધુરંધર મહાતેજસ્વી વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્રે તે સમયે પાંડુપુત્ર યુધિષ્ઠિરવિષે લેશમાત્ર પણ દોષ જોયો નહિ. મહાત્મા પાંડવો પોતાના તરફ એ રીતે સદ્વર્તનથી વર્તતા હતા, તેથી અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્ર રાજા પ્રસન્ન થયા; તેમજ સુબલપુત્રી ગાંધારી પણ પુત્રોનો શોક ત્યજી દઇને પોતાના પુત્રોની પેઠે તે પાંડવોપર સદા પ્રસન્ન રહેવા લાગી. વીર્યવાન કુરુવંશી યુધિષ્ઠિર, વિચિત્રવીર્યના પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર તરફ સદા પ્રિય આચરણજ કરતા હતા, પણ કદી અપ્રિય આચરણ કરતા નહિ. રાજા ધૃતરાષ્ટ્ર અને તપસ્વિની ગાંધારી નાનું અથવા મોટું-હરકોઇ કાર્ય કરવાને કહેતાં તેને હે મહારાજા ! પાંડવોના ધુરંધર અને શત્રુવીરોનો સંહાર કરનારા રાજા યુધિષ્ઠિર, તેમનાં વચનને માન આપીને કરતા હતા. યુધિષ્ઠિરના આવા વર્તનથી રાજા ધૃતરાષ્ટ્ર પ્રસન્ન થયા; એટલુંજ નહિ પણ મંદ બુદ્ધિવાળા પોતાના પુત્ર દુર્યોધનને સંભારીને સંતાપ કરવા લાગ્યા. (કે મારો પુત્ર કેવો મૂર્ખ, કે જે આવા ધાર્મિકરાજાને ન અનુસર્યો !) રાજા ધૃતરાષ્ટ્ર નિત્ય પ્રાતઃકાળમાં ઉઠીને જપાદિ કરી પવિત્ર થઇને આવી પ્રાર્થના કરતા હતા કેઃ-‘ યુદ્ધોમાં પાંડવોનો સદા જય થાઓ. ’ ઉપરાંત બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને તથા અગ્નિમાં હોમ કરીને પાંડવોના (લાંબા) આયુષ્યની આશા રાખતા તે કુરુવંશી રાજા, પાંડવો તરફથી સદા જે સંતોષ પામ્યા હતા તે સંતોષ તેમને પોતાના પુત્રો તરફથી પણ પ્રાપ્ત થયો ન હતો. વળી તે સમયે બ્રાહ્મણોને તથા ક્ષત્રિયોને જેવા તે પ્રિય થઇ પડયા હતા તેવાજ વૈશ્યો તથા શૂદ્રોને પણ પ્રિય થઈ પડયા હતા. યુધિષ્ઠિર પણ ધૃતરાષ્ટ્રના પુત્રોએ તે વેળા જે પાપી વર્તન ચલાવ્યું હતું, તેને હૃદયમાં નહિ લાવીને ધૃતરાષ્ટ્રરાજાને અનુસરતા હતા; અરે એટલુંજ નહિ પણ હરકોઇ મનુષ્ય અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રનું જો અપ્રિય કરતો હતો તો તે બુદ્ધિમાન યુધિષ્ઠિરનો શત્રુ થઇ પડતો હતો. કોઈ પણ મનુષ્ય યુધિષ્ઠિરના ભયને લીધે રાજા ધૃતરાષ્ટ્રનું કે દુર્યોધનનું કોઈ પણ જાતનું દુષ્ટ કર્મ કહી શકતો ન હતો. હે શત્રુહંતા જનમેજય ! રાજા ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા વિદુર યુધિષ્ઠિરના ધૈર્યથી તથા શૌચાચારથી પ્રસન્ન થયાં, પણ ભીમસેનના વર્તનથી પ્રસન્ન થયાં નહિ; તેમજ ભીમસેન પણ રાજા યુધિષ્ઠિરને બરાબરરીતે અનુસરતો હતો, પરંતુ ધૃતરાષ્ટ્રને જોઇને નિત્ય ચીડાઈ જતો હતો. શત્રુઓનો નાશ કરનારો કુરુવંશી ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા ધૃતરાષ્ટ્રને અનુસરતા હતા, તેથીજ ભીમસેન પોતે પણ તેમનેઅનુસરતો હતો; પરંતુ હૃદયથી તો તેમનાથી વિરુદ્ધજ હતો.[૩-૩૦]

ઈતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો

ધૃતરાષ્ટ્રનો વૈરાગ્ય

॥ वैशंपायन उवाच ॥

युधिष्ठिरस्य नृपतेर्दुर्योधन पितुस्तथा ।
नांतरं ददृशू राज्ये पुरुषाः प्रणयं प्रति ॥१॥

વૈશંપાયને કહ્યું:–રાજ્યમાંના પુરુષો, રાજા યુધિષ્ઠિર ઉપરના તથા દુર્યોધન ઉપરનાપિતાધૃતરાષ્ટ્રના સ્નેહપ્રત્યે લેશમાત્ર અંતર જોઇ શકયા ન હતા.[૧] હે રાજા ! માત્ર જ્યારે કુરુવંશી રાજા ધૃતરાષ્ટ્ર પોતાના દુષ્ટ બુદ્ધિવાળા પુત્ર દુર્યોધનને સંભારતા હતા, ત્યારે પોતાના હૃદયથી ભીમસેનના તરફ દુષ્ટ વિચાર બાંધતા હતા;[૨] તેમજ હે રાજેંદ્ર ! ભીમસેન પણ દુષ્ટની પેઠે રાજા ધૃતરાષ્ટ્રને સદા સહન કરી શકતો ન હતો.[૩] તે ભીમસેન ગુપ્ત રીતે ધૃતરાષ્ટ્રનુંઅપ્રિય કરતો અને કપટી પુરુષોદ્વારા તેમની આજ્ઞાને પણ ખંડિત કરતો.[૪] એક સમયે ધૃતરાષ્ટ્રના દુષ્ટ વિચારોને તથા તેમનાં કેટલાંએક વર્તનોને સંભારીને ભીમસેને પોતાના મિત્રોની વચ્ચે બાહુઓ ઠોકવા માંડયા અને શત્રુ દુર્યોધનને, કર્ણને તથા દુઃશાસનને યાદ કરી ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીના સાંભળતાં અત્યંત આવેશમાં આવી ગયેલા ક્રોધી ભીમસેને આવું કઠોર વચન કહ્યું કે:–"ભૂંગળસમાન બાહુવાળા મેંઅંધરાજા ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રો, કે જેઓ તરેહ તરેહનાં શસ્ત્રાસ્ત્રોથી યુદ્ધ કરનારા હતા તેઓને પરલોકમાં મોકલી દીધા છે. તેજ આ મારા ભૂંગળસમાન અસહ્ય બાહુઓ છે, કે જેઓની વચ્ચે આવીને ધૃતરાષ્ટ્રના પુત્રો નાશ પામ્યા છે.તેજ આ મારા ચંદનથી ખરડાયેલા અને ચંદનને યોગ્ય બન્ને બાહુઓ છે, કે જેઓએ દુર્યોધનનો પુત્રો તથા બાંધવોની સાથે નાશ કર્યો છે." આવી તથા આ સિવાયની બીજી ભીમસેનની બાણોના જેવી અનેક વાણી સાંભળીને રાજા ધૃતરાષ્ટ્રને વૈરાગ્ય ઉત્પન્ન થયો. બુદ્ધિમતી દેવી ગાંધારી, જે સમયના ફેરફાર તથા સર્વ ધર્મોને જાણતી હતી તેણે પણ ભીમસેનનાં તે અપ્રિય વચનો સાંભળ્યાં. આમ કરતાં કરતાં પંદર વર્ષ વીતી ગયાં, એટલે ભીમસેનનાં વાગ્બાણોથી પીડાયેલા રાજા ધૃતરાષ્ટ્રને વૈરાગ્ય થઇ આવ્યો. આ વાતને કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરે, અર્જુને, કુંતાએ કે યશસ્વિની દ્રૌપદીએ જાણી ન હતી;તેમજ ધર્મને જાણનારા નકુલ તથા સહદેવ પણ ધૃતરાષ્ટ્રના મતને અનુસરતા હતા તેથી તે રાજાના ચિત્તની રક્ષા કરવા માટે કંઇ પણ અપ્રિય કહેતા ન હતા.

પછી ધૃતરાષ્ટ્ર પોતાના સંબંધીઓને પોતાની પાસે બોલાવ્યા અને અશ્રુઓથી ભરેલા અત્યંત ગળગળા અવાજે તેઓને કહેવા માંડયું:–"કુરુઓનો જે રીતે સંહાર થયો છે, એ તમે જાણોજ છો; અને તે સર્વ મારા અપરાધથીજ થયું છે,એ પણ કુરુવંશીઓએ જાણ્યું છે.દુર્યોધન દુષ્ટબુદ્ધિવાળો હતો અને સગાંઓને ભય આપનારો હતો, છતાં મેં મૂર્ખાએ કૌરવોના અધિપતિના સ્થાને તેનો અભિષેક કર્યો. શ્રીકૃષ્ણે મને કહ્યું હતું કે:–"દુષ્ટ બુદ્ધિવાળા આ પાપી દુર્યોધનનો તેના અમાત્યો સાથે જો વધ કરો તોજ સારૂં છે;" પણ મેં પુત્રના સ્નેહને આધીન થઇને તેમનું એ અર્થવાળું વચન સાંભળ્યુંજ નહિ. અરે ! વિદુર, ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય–વગેરે બુદ્ધિમાન પુરુષોએ પણ મને હિતવચનોજ કહ્યાં હતાં; અને ભગવાન વ્યાસ મહાત્માએ, સંજયે તથા ગાંધારીએ પણ મને હિતવચનોજ કહ્યાં હતાં, છતાં મેં માન્યાંનહિ, જેથી આ સમયે તે મને સંતાપ ઉપજાવે છે. મેં પાંડુના ગુણવાન મહાત્મા પુત્રોને તેઓના બાપદાદાની આ પ્રદીપ્ત રાજ્યલક્ષ્મી ન આપી, તે મને સંતાપ ઉપજાવે છે. ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણ સર્વ રાજાઓના વિનાશને પ્રથમથીજ જોઈ શકયા હતા, જેથી તેમણે એમ કરવામાંજ પરમશ્રેય માન્યું હતું. હું મારા પોતાના ઉપર તે સમયથી જે હજારો દુઃખો પડી રહ્યાં છે, તેઓને હૃદયમાં (ખુંચેલાં) બાણોની પેઠે ધારણ કરી રહ્યો છું. વિશેષે કરી આજે પંદરમે વર્ષે હું જોઇ રહ્યો છું કે, અત્યંત દુષ્ટ બુદ્ધિવાળો હું એ પાપના પ્રાયશ્ચિત્તને માટેજ આ રીતે બંધાઇ રહ્યો છું. હું નિયમિત કરેલા ચોથે કાળે (ટંકે) અને કોઇ દિવસ આઠમે કાળે પણ

માત્ર તૃષાને દૂર કરનારાં ઓસામણ વગેરેનું ભોજન કરૂં છું. મારા આ વર્તનને ગાંધારી જાણે છે. મારો સર્વ સેવકવર્ગ પણ હું આહાર કરૂં છું, એમજ નિત્ય યુધિષ્ઠિરના ભયથી સર્વને જણાવે છે; કેમકે યુધિષ્ઠિર (મને ભૂખ્યો જાણે તો) અત્યંત સંતાપ પામે. હું તથા યશસ્વિની ગાંધારી પાપનિવારણને માટે પૃથ્વીપર દર્ભ પાથરીને સૂઈએ છીએ, જપપરાયણ રહીએ છીએ તથા મૃગચર્મ પહેરીએ છીએ. અમારા માર્યા ગયેલા સો પુત્રો કે જેઓ યુદ્ધમાંથી પલાયન ન કરે તેવા હતા, તેનો હું શોક કરતો નથી; કેમકે તેઓ ક્ષાત્રધર્મને જાણતા હતા."

આમ કહીને કુરુવંશી ધૃતરાષ્ટ્રે ધર્મરાજાને કહ્યું કેઃ-" હે કુંતાપુત્ર! તારૂં કલ્યાણ થાઓ. તું મારૂં આ વચન સાંભળ. હે પુત્ર! તારાથી સારી રીતે રક્ષાઇને હું સુખેથી રહ્યો છું. મેં મોટાં મોટાં દાનો આપ્યાં છે, વારંવાર શ્રાદ્ધો કર્યાં છે અને હે પુત્ર! મારા ગજા પ્રમાણે મેં ઉત્તમ પુણ્ય પણ કર્યું છે.[૩૧] જેના પુત્રો મરણ પામ્યા છે, તે આ ગાંધારી ધૈર્યથી મારા તરફ જોઇ રહી છે. દ્રૌપદીનું અપ્રિય કરનાર તથા તારા ઐશ્વર્યને હરી લેનાર તે ઘાતકી પુત્રો યુદ્ધમાં સ્વધર્માનુસાર મરણ પામીને પરલોકમાં ગયા છે. હે કુરુવંશજ! હવે તેઓના સંબંધમાં તો કંઇ પણ કરવાનું હું જોતો નથી; કેમકે તેઓ સર્વે સામે પગલે મરણ પામીને શસ્ત્રધારીઓના લોકોમાં ગયા છે. માત્ર મારૂં પોતાનું તથા ગાંધારીનું હિતકારક પુણ્યકર્મ કરવાનું છે, માટે હે રાજેન્દ્ર! તું તેમાં સંમતિ આપવાને યોગ્ય છે. તું શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે, નિત્ય ધર્મ ઉપર પ્રેમ રાખનારો છે, રાજા છે અને પ્રાણીમાત્રનો ગુરુ છે, તેથી હું તને કહું છું કે, હે વીર! તારી સંમતિ લઈને હું હવે વનનો આશ્રય કરીશ.[૩૨-૩૬] હે રાજન્! આ ગાંધારીની સાથે ચીર તથા વલ્કલને ધારણ કરી તને આશીર્વાદ આપતો હું વનમાં વિચરનારો થઇશ.[૩૭] હે ભરતશ્રેષ્ઠ રાજા! હે તાત! આપણા કુળમાં સર્વ પુરુષોને માટે તે યોગ્ય ગણાય છે કે વયની અંતે પુત્રોને ઐશ્વર્ય આપી દઇ વનનોજ આશ્રય કરવો.[૩૮] હે વીર! તે વનમાં હું વાયુનું ભક્ષણ કરીશ અથવા નિરાહાર રહીને આ મારી પત્નીની સાથે ઉત્તમ તપશ્ચર્યા કરીશ.[૩૯] હે તાત! હું જે તપશ્ચર્યા કરીશ, તેમાંથી તને પણ ફળ પ્રાપ્ત થશે; કેમકે તું રાજા છે અને રાજાઓ પુણ્ય તથા પાપના ફળભાગી હોય છેજ."[૪૦]

યુધિષ્ઠિરે કહ્યું:-"હે રાજા! તમે આ રીતે દુઃખી છો, તેથી મને રાજ્ય ગમતું નથી. અરેરે! મને મહા દુષ્ટબુદ્ધિવાળાને ધિક્કાર હો! કેમકે હું રાજ્યમાં આસક્ત હોઇને પ્રમાદી છું.[૪૧] વળી તમે આવા દુઃખથી પીડાઓ છો, ઉપવાસો કરીને અત્યંત કૃશ થઇ ગયા છો, આહારનો ત્યાગ કરી બેઠા છો અને પૃથ્વીપર શયન કરો છો, છતાં મારા ભાઇઓની સાથે તેમાંનું કંઇ પણ હું જાણી શકયો નહિ![૪૨] અહો! હું મૂર્ખો તમારા જેવા ગૂઢ બુદ્ધિવાળાથી ઠગાયો છું, કેમકે પ્રથમ મને વિશ્વાસ પમાડીને તમે આ રીતે દુઃખ ભોગવો છો![૪૩] હે રાજા! મને રાજ્યનું, ભોગોનું, યજ્ઞોનું કે સુખનું શું પ્રયોજન છે? કારણ હું હયાત હોવા છતાં તમે આવાં દુઃખોને પામી રહ્યા છો. હે રાજા! તમારા દુઃખીનાં આ વચન ઉપરથી હું આ રાજ્યને તથા મને પોતાને પણ દુઃખી થયેલો માનું છું.[૪૫] તમે અમારા પિતા છો, માતા છો અને શ્રેષ્ઠ ગુરુ છો. તમારાવિના અમે કયાં રહીએ?[૪૬] હે મહારાજા! આ યુયુત્સુ તમારો સગો પુત્ર છે, માટે તેજ ભલે રાજા થાય; અથવા બીજા જે કોઇને તમે સ્વીકારતા હોય તે ભલે રાજા થાય![૪૭] હું હવે વનમાં ચાલ્યો જઈશ, તમેજ રાજ્ય ચલાવો. હું મારા અપયશને લીધે બળી રહ્યો છું, તેને ફરી તમારે બાળવો તે યોગ્ય નથી.[૪૮] બસ, હવે હું રાજા નથી પણ તમે રાજા છો. હું તમારે વશ રહેનારો છું, છતાં તમારા જેવા ધર્મવેત્તા ગુરુને અનુજ્ઞા આપવાનો કેમ ઉત્સાહ કરૂં?[૪૯] હે નિર્દોષ રાજા! અમારા હૃદયમાં દુર્યોધનને માટે કોઈ જાતનો ક્રોધ નથી. તે સમયે જેમ થવાનું હતું તેમ થયું અને તેને લીધે અમે તથા બી-

જાઓ મોહિત થયા.[૫૦] દુર્યોધનાદિની પેઠે અમે પણ તમારા પુત્રોજ છીએ અને ગાંધારી તથા કુંતા–એ બન્ને મારે મન તો સમાનજ છે; છતાં હે રાજેન્દ્ર! તમે મારો ત્યાગ કરીને ચાલ્યા જશો, તો ખરેખર, મારા પોતાના આત્માના સોગંદ ખાઇને હું કહું છું કે, હું પણ તમારી પાછળ આવીશ.[૫૨] આ સમુદ્રસુધીની પૃથ્વી ધનથી ભરપૂર છે, તોપણ તમારાવિના તે મને સંતોષ ઉપજાવનારી થાય તેમ નથી.[૫૩] હું તમને મસ્તક નમાવીને પ્રસન્ન કરૂં છું. આ સર્વ તમારૂંજ છે. હે રાજેન્દ્ર! અમે તમારે આધીન રહેનારા છીએ. તમારો માનસિક તાપ દૂર થાઓ.[૫૪] હે રાજા! હું માનું છું કે, તમે ભવિતવ્યતાનેજ અનુસરી રહ્યા છો; અને મારાં અહોભાગ્ય કે હું તમારી સેવા કરીને મારા માનસિક તાપને દૂર કરી શકીશ."[૫૫]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–"હે કુરુવંશી તાત! હે રાજા! અરણ્યમાં ગમન કરવું તે આપણા કુળમાં યોગ્ય ગણાય છે; અને તેથીજ મારૂં મન હવે તપશ્ચર્યા કરવા તત્પર થયું છે.[૫૬] હે પુત્ર! હું ઘણા કાળસુધી રાજ્યમાં રહ્યો છું અને તેં ઘણા કાળસુધી મારી સેવા કરી છે; માટે હે રાજા! મને વૃદ્ધને તારે અનુજ્ઞા આપવી યોગ્ય છે."[૫૭]

વૈશંપાયને કહ્યું:–બે હાથ જોડી રહેલા ધ્રૂજતા ધર્મરાજાને એમ કહીને અંબિકાના પુત્ર રાજા ધૃતરાષ્ટ્રે મહાત્મા સંજયને તથા મહારથી કૃપાચાર્યને કહ્યું કે:–"હું ઇચ્છું છું કે, તમે આ રાજાને સમજાવો. મારી વૃદ્ધાવસ્થાને લીધે તથા બોલવામાં પરિશ્રમ પડતો હોવાથી મારૂં મન મ્લાન થઇ જાય છે તથા મુખ સૂકાય છે."[૫૮-૬૦] એમ કહીને બુદ્ધિમાન, ધર્માત્મા અને વૃદ્ધ કુરુવંશી ધૃતરાષ્ટ્રરાજા એકાએક મરણ પામેલાની પેઠે ગાંધારીપર ઢળી પડયા.[૬૧] જાણે ચેષ્ટારહિત થયા હોય તેમ ગાંધારીનો ટેકો લઈ બેસી ગયેલા તે કુરુવંશી રાજાને જોઇને શત્રુવીરોનો સંહાર કરનારા યુધિષ્ઠિરરાજાને તીવ્ર વેદના થવા લાગી.[૬૨]

યુધિષ્ઠિરે કહ્યું:–"હાય! જેમનામાં એક લાખ હાથીનું બળ રહેલું છે,તે આ રાજા મરણ પામેલાની પેઠે એક સ્ત્રીનો આશ્રય લઇને સૂતા છે![૬૩] અહા! જે બળવાન રાજાએ ભીમસેનની લોખંડી પ્રતિમાના ચૂરા કરી નાખ્યા હતા, તે આ રાજા એક અબળા સ્ત્રીનો ટેકો લઈ રહ્યા છે! અરેરે! મને અધર્મજ્ઞને ધિક્કાર હજો! તેમજ મારી બુદ્ધિને તથા શાસ્ત્રજ્ઞાનને પણ ધિક્કાર હજો, કે જેને લીધે આ રાજાની આવી અવસ્થા થઇ છે.જો આ રાજા તથા યશસ્વિની ગાંધારીભોજન નહિ કરે, તો આ મારા ગુરુ જે રીતે ઉપવાસ કરે છે તેમ હું પણ ઉપવાસ કરીશ."[૬૬]

વૈશંપાયને કહ્યું:--તે પછી હે રાજન્! ધર્મવેત્તા યુધિષ્ઠિરે શીતળ જળથી પોતાના હાથવડે ધૃતરાષ્ટ્રરાજાના મુખને તથા છાતીને ધીમે ધીમે ધોઇ નાખ્યાં.રત્નો અને ઔષધિ(માદળીયાં)વાળા,પવિત્ર અને સુગંધીદાર તે રાજાના હાથનો સ્પર્શ થતાંજ ધૃતરાષ્ટ્રરાજાને ભાન આવ્યું.[૬૮]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–"હે પાંડુપુત્ર! તું તારા હાથવડે ફરી પણ મારો સ્પર્શ કર અને મને આલિંગન આપ. હે કમળસમાન નેત્રવાળા! તારા અત્યંત સ્પર્શને લીધે જાણે હું જીવતો થતો હોઉં તેમ મને લાગે છે. હે રાજા! તારૂં મસ્તક સુંઘવાને હું ઇચ્છું છું,તેમજ બે હાથવતી તારો સ્પર્શ કરવાને ઇચ્છું છું; કેમકે તે મને અત્યંત આનંદ ઉપજાવે છે. હે કુરુશ્રેષ્ઠ રાજા! આજે મને આહાર કર્યાને ચાર દિવસો વીતી ગયા છે,જેથી હું કોઇ પણ જાતની ચેષ્ટા કરવાને શક્તિમાન નથી.[૭૧] હે તાત! વનમાં જવાની તારી પાસે પ્રાર્થના કરતાં આજે મને ઘણોજ પરિશ્રમ પડયો છે, જેથી મારૂં મન ઘણું ગ્લાનિ પામ્યું છે અને હું જાણે ચેતનારહિત થયો હોઉં તેમ લાગે છે.[૭૨] હે કુરુકુળધુરંધર રાજા! હું માનું છું કે, અમૃતના રસ જેવા તારા હાથના આ સ્પર્શને મેળવીનેજ હું જીવતો થયો છું."[૭૩]

વૈશંપાયને કહ્યું:–હે ભરતવંશી જનમેજય! પોતાના વડીલ પિતાએ એ પ્રમાણે કહ્યું એટલે કુંતીપુત્ર યુધિષ્ઠિરે સ્નેહપૂર્વક તેમના સર્વ અવયવોનો ધીમે ધીમે સ્પર્શ કર્યો.[૭૪] તે પછી ધૃતરાષ્ટ્રરાજા પ્રાણ મેળવીને બન્ને બાહુઓ-

વડે યુધિષ્ઠિરને ભેટી પડી તેમનું મસ્તક સુંઘવા લાગ્યા.[૭૫] બીજી તરફ વિદુર આદિ સર્વે અત્યંત દુઃખી થઇને રુદન કરી રહ્યા હતા, પણ તેઓ અત્યંત દુઃખને લીધે યુધિષ્ઠિરરાજાને કંઇ કહી શકતા ન હતા.[૭૬] ધર્મને જાણનારી માત્ર એક ગાંધારીજ તે ભારે દુઃખોને મનમાં ધારણ કરી રહી હતી; અને "હે રાજન્! તમે આમ ન કરો" એટલુંજ બોલી શકી હતી. બીજી સર્વ સ્ત્રીઓ તો કુંતાની સાથે અત્યંત દુઃખી થઇ ગઇ હતી અને અશ્રુભરેલાં નેત્રે ચોતરફથી વિંટાઇને ત્યાં ઉભી રહી હતી. આ પછી ફરી પણ ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"હે ભરતશ્રેષ્ઠ રાજા! તું મને તપ કરવામાટે રજા આપ.[૭૯] હે પુત્ર! વારંવાર વધારે પડતું બોલવાથી મારૂં મન ગ્લાનિ પામે છે, માટે હવે તું મને ક્લેશ આપવાને યોગ્ય નથી."[૮૦] તે કૌરવરાજા યુધિષ્ઠિરને એ પ્રમાણે કહેતા હતા તે વખતે સર્વ યોદ્ધાઓમાં મોટો આર્તનાદ થઇ રહ્યો હતો.[૮૧]

પછી શરીરે કૃશ તથા નિસ્તેજ થયેલા અને તેવી અવસ્થાને માટે અયોગ્ય રાજા ધૃતરાષ્ટ્રને ઉપવાસોથી શ્રમિત થયેલા તથા ચામડાં અને હાડકાંથીજ વિંટાયેલા જોઇને ધર્મપુત્ર યુધિષ્ઠિર મહાસમર્થ તે પોતાના પિતાને ભેટી પડી શોકનાં અશ્રુ સારીને આવું વચન બોલ્યાઃ–"હે મહાપુરુષ! હું જેવી જીવનની તથા પૃથ્વીની ઇચ્છા રાખતો નથી, તેવી હે શત્રુતાપન રાજા! તમારૂં પ્રિય કરવાની ઇચ્છા રાખું છું.[૮૨–૮૪] જો હું તમારો કૃપાપાત્ર હોઉં અને તમને જો હું પ્રિય હોઉં તો પ્રથમ તમે આહાર કરો. આ પછી હું બીજું સાંભળીશ."

તે પછી મહાતેજસ્વી ધૃતરાષ્ટ્રરાજાએ યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"હે પુત્ર! હું ઇચ્છું છું કે, પ્રથમ તું મને તપ કરવા જવાની અનુજ્ઞા આપ, એટલે હું ભોજન લઇશ."[૮૬] રાજેન્દ્ર ધૃતરાષ્ટ્ર એમ કહેતા હતા તેજ સમયે સત્યવતીના પુત્ર વ્યાસઋષિએ ત્યાં આવીને આ પ્રમાણે કહ્યું.[૮૭]

અધ્યાય ૪ થો

વ્યાસની અનુજ્ઞા

॥ व्यास उवाच ॥

युधिष्ठिर महाबाहो यथाऽऽह कुरुनंदनः ।
धृतराष्ट्रो महातेजास्तत्कुरुष्वाविचारयन् ॥१॥

વ્યાસે કહ્યુંઃ–"હે મહાબાહુ યુધિષ્ઠિર! મહાતેજસ્વી કુરુનંદન ધૃતરાષ્ટ્ર જે પ્રમાણે કહે છે તે પ્રમાણેજ તું કર, એમાં વિચાર કર મા.[૧] આ રાજા હવે વૃદ્ધ થયો છે અને વધારામાં તેના સર્વ પુત્રો માર્યા ગયા છે, જેથી હવે લાંબા કાળસુધી તે કષ્ટ સહન કરી શકે તેમ નથી, એમ હું માનું છું;[૨] તેમજ હે મહારાજા! મહાભાગ્યશાળી, બુદ્ધિમાન અને દયાળુ ગાંધારી પણ અત્યંત ધૈર્યથી પુત્રોના શોકને ધારણ કરી રહી છે,[૩] માટે હું જે કહું છું તે મારા વચનને તું માન્ય કર.રાજાને તું અનુજ્ઞા આપ,તે વ્યર્થ અહીં મરવા ન પામે તેમ કર.[૪] આ રાજા પ્રાચીન રાજર્ષિઓની ગતિને ભલે પામે, કેમકે સર્વ રાજર્ષિઓને અંતે વનજ આશ્રયરૂપ હોય છે."[૫]

વૈશંપાયને કહ્યુંઃ–અદ્ભુત કર્મ કરનારા વ્યાસે જ્યારે એમ કહ્યું, ત્યારે મહાતેજસ્વી ધર્મરાજા યુધિષ્ઠિરે તે મહામુનિપ્રત્યે કહ્યું કેઃ–[૬]"આપ ભગવાનજ અમારા માન્ય છો, આપ ભગવાનજ અમારા ગુરુ છો અને આ રાજ્ય તથા કુળના આપ ભગવાન પરમ આધાર છો.[૭] હે ભગવન્! હું આપનો પુત્ર છું અને આ રાજા પણ મારા પિતા તથા ગુરુ છે. ધર્મદૃષ્ટિએ પુત્ર પિતાની આજ્ઞામાં રહેનારો છે."[૮]

વૈશંપાયને કહ્યુંઃ–યુધિષ્ઠિરે એમ કહ્યું એટલે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ મહાતેજસ્વી મહાકવિ વ્યાસે ફરીથી તેમને કહ્યુંકેઃ–"હે મહાબાહુ ભારત! તું કહે છે તે તેમજ છે.આ રાજા હવે વૃદ્ધ થયો છે અને ઉપનિષદ્‌માં કહેલા મતમાં સ્થિર થયેલ છે,[૧૦] તો એ રાજા તારી તથા મારી અનુજ્ઞા લઇને પોતાના અભિપ્રાય મુજબ ભલે કરે. તું એને વિઘ્ન કરનારો ન થા. હે યુધિષ્ઠિર! રાજર્ષિઓનો એજ શ્રેષ્ઠ ધર્મ છે કે, તેઓનું મૃત્યુ યુદ્ધમાં અથવા વનમાં વિધિપૂર્વક થવું જોઇએ.

હે રાજેન્દ્ર! તારા પિતા પાંડુરાજાએ શિષ્યવૃત્તિ ધારણ કરી ગુરુની પેઠે આ રાજાની સેવા કરી છે; વળી આ રાજાએ દક્ષિણાવાળા તથા રત્નોના મોટા પર્વતોથી શોભતા મહાન યજ્ઞો કર્યા છે, પૃથ્વી ભોગવી છે અને પ્રજાઓનું રક્ષણ પણ કર્યું છે.[૧૪] તું જ્યારે વનવાસમાં હતો, ત્યારે એમણે પોતાના પુત્રપાસે રહેલા મહાન રાજ્યનો તેર વર્ષસુધી ઉપભોગ કર્યો છે અને તે સમયે અનેક પ્રકારના ધનનું દાન કર્યું છે;[૧૫] તેમજ હે નિર્દોષ નરવ્યાઘ્ર! તેં પણ પોતાના સેવકોની સાથે આ રાજાનું તથા યશસ્વિની ગાંધારીનું ગુરુસેવાપૂર્વક આરાધન કર્યું છે,[૧૬] માટે હે યુધિષ્ઠિર! તું તારા પિતાને અનુજ્ઞા આપ. હવે તેને તપ કરવાનો સમય આવી પહોંચ્યો છે. વળી તેના મનમાં તમારા સંબંધમાં લેશમાત્ર પણ ક્રોધ રહ્યો નથી."[૧૭]

વૈશંપાયને કહ્યું:–આટલાં વચન કહીને વ્યાસે રાજા યુધિષ્ઠિરને સમજાવ્યા અને પછી તેમણે "તથાસ્તુ" એમ કહ્યું, ત્યારે પોતે વનમાં ચાલ્યા ગયા.[૧૮] ભગવાન વ્યાસ જ્યારે ગયા, ત્યારે રાજા યુધિષ્ઠિર જરા નમ્યા હોય તેમ પોતાના વૃદ્ધ પિતાને કહેવા લાગ્યા:–"ભગવાન વ્યાસે જે કહ્યું છે, તમારો પોતાનો પણ જે મત છે અને મહાધનુર્ધર કૃપાચાર્ય, વિદુર, યુયુત્સુ તથા સંજય જે પ્રમાણે કહે છે, તે પ્રમાણેજ હું તત્કાળ કરીશ; કેમકે આ સર્વ પુરુષો, આપણા કુળના હિતૈષી હોઇ મને માન્ય છે.[૧૯–૨૧] હે રાજા! હવે મસ્તક નમાવીને હું તમને એજ યાચના કરું છું કે, તમે પ્રથમ આહાર કરો અને પછી આશ્રમપ્રત્યે જજો."

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"વ્યાસની અનુજ્ઞા" એ વિષયનો
અધ્યાય ૪ થો સમાપ્ત

* * *

અધ્યાય ૫ મો

યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્રનો ઉપદેશ

॥ वैशंपायन उवाच ॥

ततो राज्ञाऽभ्यनुज्ञातो धृतराष्ट्रः प्रतापवान्।
ययौ स्वभवनं राजा गांधार्याऽनुगतस्तदा॥१॥

વૈશંપાયને કહ્યું:–એ પછી રાજાએ અનુજ્ઞા આપી એટલે પ્રતાપી રાજા ધૃતરાષ્ટ્ર ગાંધારીની પાછળ પાછળ પોતાના ભવન તરફ ગયા. તે સમયે પગપાળા તે બુદ્ધિમાન રાજા ઘરડા હાથીની પેઠે મંદ પ્રાણગતિવાળા હોઇને મહાકષ્ટથી જાણે પગલાં ભરતા હોય તેમ જણાતું હતું.[૧,૨] વિદ્વાન વિદુર, સારથિ સંજય અને શરદ્વાનના પુત્ર મહાધનુર્ધર કૃપાચાર્ય પણ તેમની પાછળ પાછળ ચાલતા હતા.[૩] હે રાજન્! તેમણે ભવનમાં પ્રવેશ કરીને પ્રાતઃકાળની ક્રિયાઓ કરી અને પછી શ્રેષ્ઠ બ્રાહ્મણોને તૃપ્ત કરી આહાર કર્યો.[૪] હે ભારત! ધર્મને જાણનારી મનસ્વિની ગાંધારીએ પણ કુંતાની સાથે સર્વ વહુઓના આદરસત્કારપૂર્વક ભોજન કર્યું.[૫] ધૃતરાષ્ટ્રે આહાર કરી લીધો, એટલે વિદુર આદિ સર્વ પાંડવો પણ આહાર કરી લઈને તે રાજાની સમીપમાં બેઠા.[૬]

હે મહારાજા! આ સમયે પોતાની સમીપમાં બેઠેલા કુંતાપુત્ર યુધિષ્ઠિરના વાંસામાં પોતાનો હાથ ફેરવતા અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્ર બોલ્યા કે:–"હે કુરુવંશી મહારાજા! રાજધર્મ જેમાં મુખ્ય છે તે આઠ અંગવાળા રાજ્યના સંબંધમાં તારે કોઇ પણ વખત પ્રમાદ કરવો નહિ. હે મહારાજા! તું વિદ્વાન છે, માટે સાંભળ. હે કુંતાપુત્ર! રાજ્યની રક્ષા ધર્મદ્વારાજ થઇ શકે છે. હે યુધિષ્ઠિર! તારે સદા વિદ્યાવૃદ્ધ પુરુષોની સેવા કરવી અને તેઓ જે કંઇ કહે તે તારે સાંભળવું તથા વિચાર કર્યાવિના તે કરવું.[૧૦] હે રાજન્! પ્રાતઃકાળે ઉઠીને વિધિ પ્રમાણે તારે તેઓની પૂજા કરવી અને કાર્યસમય પ્રાપ્ત થાય, ત્યારે તેઓને પોતાનું કાર્ય પૂછવું.[૧૧] હે રાજા! પોતાનું હિત ઈચ્છીને તે પુરુષોનું તારે સન્માન કરવું, જેથી હે ભરતવંશી તાત!

તેઓ સર્વથા તને હિતની વાતજ કહેશે.[૧૨] તારે સર્વ ઇંદ્રિયોને ઘોડાઓની પેઠે વશ રાખવી, કેમકે રક્ષણ કરેલા દ્રવ્યની પેઠે વશ કરાયેલી તે ઇંદ્રિયો તને હિત કરનારી થઇપડશે.[૧૩] તારે કપટવિનાના, વંશપરંપરાથી ચાલ્યા આવતા, પવિત્ર, જિતેન્દ્રિય અને પુણ્યશાળી અમાત્યોની સર્વ કાર્યોમાં યોજના કરવી.[૧૪] શત્રુઓ જાણી ન જાય તેમ તારે અનેક પ્રકારે પરીક્ષા કરાયેલા અને પોતાના દેશમાંજ વસનારા ગુપ્ત દૂતોને નિરંતર (સર્વ દેશોમાં) ફેરવવા.[૧૫] તારૂં નગર પણ સારીરીતે રક્ષાયલું હોવું જોઇએ, તેને મજબૂત કિલ્લો તથા કાંગરા હોવા જોઇએ, ઉપરના ભાગમાં ચોતરફ ફરી શકાય તેવાં સ્થાનો તથા અટારીઓથી તે વ્યાપ્ત હોવું જોઇએ અને સર્વ દિશાઓમાં છ સ્થાનોથી યુક્ત હોવું જોઇએ.*[૧૬] તેના સર્વ દરવાજા (લડાયક સામગ્રીઓથી) પૂર્ણ હોઇ મોટા હોવા જોઇએ, સર્વ તરફ ઘણે ઘણે અંતરે હોવા જોઇએ અને (તોપો વગેરે) યંત્રોથી રક્ષિત હોવા જોઇએ.[૧૭] જેઓનાં કુલ તથા શીલ તારા જાણવામાં હોય તેવા પુરુષોદ્વારા તારૂં કાર્ય પરિપૂર્ણરીતે સિદ્ધ થશે. હે ભારત ! ભોજન આદિમાં તારે તારા આત્માનું નિત્ય રક્ષણ કરવું;[૧૮] તેમજ વિહાર તથા આહારના સમયે અને પુષ્પમાળાઓ, શય્યાઓ તથા આસનોમાં તારે નિત્ય પોતાનું રક્ષણ કરવું અને વૃદ્ધ તથા હિતેચ્છુ પુરુષોના આશ્રયતળે સ્ત્રીઓનું અત્યંત રક્ષણ કરવું.[૧૯] હે યુધિષ્ઠિર ! શીલવાન, કુળવાન, વિદ્વાન તથા વિદ્યાકુશળ બ્રાહ્મણોને તારે મંત્રીઓ કરવા;[૨૦] કેમકે તેઓ વિનયશીલ, કુળવાન, ધર્માર્થકુશળ તથા સરળ સ્વભાવના હોય છે, માટે તેઓની સાથેજ તારે મંત્રણા કરવી, પરંતુ પુષ્કળ માણસો સાથે અતિશય વાટાઘાટ કરવી નહિ.[૨૧] કોઇ કોઇ સમયે કંઇ બહાનું કાઢીને સમગ્ર મંત્રીઓ સાથે તથા જૂદા જૂદા મંત્રીઓ સાથે પણ મસલત ચલાવવી. તારે વિચાર કરવાનું ભવન કે સ્થાન અત્યંત ગુપ્ત હોવું જોઇએ. એવે સ્થળે બેસી તારે વિચાર કરવો.[૨૨] કોઇ જંગલમાં અથવા ઘાસવિનાના પ્રદેશમાં વિચાર કરવા બેસવું, પણ રાત્રિના સમયે કોઇપણ વિચાર કરવો નહિ. વાનરો તથા પક્ષીઓ, કે જેઓ મનુષ્યને અનુસરી શકે તેવાં હોય છે તેઓને; અને જડ તથા પાંગળાંઓને પણ વિચાર કરવાના ભવનમાંથી દૂર કરવાં; કેમકે વિચારો ઉઘાડા પડી જવાથી જે દોષો ઉપસ્થિત થાય છે, તેઓનું કોઇ પણ રીતે સમાધાન થઈ શકતું નથી, એમ હું માનું છું. વિચારમાં ફાટફુટ થતાં જે દોષ પ્રાપ્ત થાય અને વિચાર સુરક્ષિત રહેતાં જે લાભ મળે છે, તેનું તારા મંત્રીમંડળમાં વારંવાર તારે વર્ણન કરવું. હે શત્રુદમન રાજા ! તારા નગરવાસીઓ તથા પ્રાંતોના રહીશોના શૌચ તથા અશૌચ(વર્તન)ના વિષે જે પ્રમાણે તારા જાણવામાં આવે તે મુજબ તારે કરવું. હે કુરુવંશી યુધિષ્ઠિર રાજા ! તારો વ્યવહાર નિત્ય હિતૈષી પુરુષોના આશ્રય તળે હોવો જોઇએ; અને પ્રસન્ન રહેતા તે પુરુષોદ્વારા યોજાતો હોઇ નિત્ય ગુપ્ત દૂતોદ્વારા આચરણમાં મૂકાતો હોવો જોઇએ. હે ભારત ! તે તારા હિતૈષી પુરુષો અપરાધીઓને વિષે અપરાધનું પ્રમાણ જાણીને યથાયોગ્યરીતે તેઓનો દંડ કરે તેમ થવું જોઇએ. તારા રાજ્યમાં જે અધિકારીઓ લાંચ લેવામાં પ્રીતિવાળા હોય, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનારા હોય, મુખ્યત્વે કરીને ઉગ્ર દંડ દેનારા હોય, મિથ્યા ભાષણ કરનારા હોય, નિંદાખોર હોય, લોભી હોય, પારકું દ્રવ્ય હરણ કરનારા હોય, સાહસ ઉપર પ્રીતિવાળા હોય, સાર્વજનિક સભાઓ તથા વિહારસ્થાનોને તોડી નાખનારા હોય અને વર્ણોને દૂષિત કરનારા હોય તેવાઓને દેશ તથા કાળના પ્રમાણમાં ધનાદિકથી દંડવા અથવા દેહાંતદંડની શિક્ષા કરવી.[૨૩–૩૧] તારે પ્રાતઃકાળમાં ઉઠીનેજ તારા ખર્ચસંબંધી જેઓ કામ કરતા હોય તેઓના કામની તપાસ લેવી અને પછી અલં-

---

* અર્થાત્ આસપાસ છ કિલ્લા અને એક અંતઃપુરનો કિલ્લો એમ કુલ સાત કિલ્લાઓવાળું નગર હોવું જોઇએ.

કાર સજવા તથા ભોજનાદિકાર્ય કરવાં. તે પછી નિત્ય હર્ષ પમાડતાં યોદ્ધાઓની તપાસ લેવી અને દૂતો તથા ગુપ્ત અનુચરોને મળવાનોસમય નિત્ય રાત્રિના આરંભમાંજ રાખવો.[૩૩] પછી તેઓપાસેથી સાંભળેલાં કાર્યોનો તથા અર્થોનો નિર્ણય રાત્રિના પાછલા ભાગમાંજ હમેશાં કરવો; તેમજ તારે ફરવાનો સમય મધ્યરાત્રે તથા મધ્યાહ્નકાળેજ નિત્ય રાખવો.[૩૪] હે પુષ્કળ દક્ષિણાઓ આપનારા ભરતશ્રેષ્ઠ ! આ સર્વ સમયો તે તે કાર્યોમાં ઉપયોગી ગણાયછે. વળી યોગ્ય સમયે તારે અલંકારોથી સુશોભિત થઇને (કચેરી વગેરેમાં) બેસવું.[૩૫] હે તાત! કાર્યોનો અનુક્રમ ચક્રની પેઠે નિત્ય ફરતો જોવામાં આવે છે. વળી તારે અનેક પ્રકારના ખજાનાનો સંગ્રહ કરવામાં પણ ન્યાયાનુસાર યત્ન કરવો;[૩૬] પણ હે મહારાજા ! અન્યાયનો તારે દૂરથીજ ત્યાગ કરવો. જેઓ રાજાનું છિદ્ર જોવાની ઇચ્છાવાળા હોય તેવા શત્રુઓને ગુપ્ત દૂતોદ્વારા જાણી લઇને પોતાના હિતેચ્છુ પુરુષોદ્વારા દૂરથીજ તેઓનો ઘાત કરાવવો. હે કુરુવંશી રાજા ! કાર્ય તપાસીને સેવકો પાસે તારે ઉતાવળ કરાવવી અને યુક્તાયુક્ત અધિકારીઓ પાસે કર્મો કરાવવાં. હે તાત ! તારો સેનાનાયક દૃઢ વ્રતવાળો, શૂરો, કલેશને સહન કરનારો, હિતૈષી તથા ભક્ત પુરુષ હોવો જોઇએ. હે પાંડુપુત્ર ! તારા દેશના સર્વ વ્યવહારીઓ (કડીઆ,સુતાર, લુહાર વગેરે કારીગરો) ગાયો તથા ગધેડાંની પેઠે (માત્ર ખોરાકીજ લઇને) તારાં કાર્યોને કરનારા હોવા જોઇએ. હે યુધિષ્ઠિર! તારે પોતાના તથા પારકા મનુષ્યોમાં પોતાનું તથા પારકું છિદ્ર નિત્ય તપાસ્યા કરવું. તારા દેશવાસીઓ, કે જેઓ પોતાનાં કર્મ કરવામાં કુશળ હોય અને તારા હિતૈષી હોય તેઓને યોગ્ય આજીવિકાઓ આપીને તારે તેઓનાપર કૃપા રાખવી. હે રાજા ! જે વિદ્વાનો ફાયદાની અભિલાષા રાખનારા હોય તેઓને તારે ફાયદો કરી દેવો, કેમકે તેઓ પર્વતોની પેઠે નિત્ય અચળ હોય છે."૩૭-૪૩

* * *

અધ્યાય ૬ ઠ્ઠો

ધૃતરાષ્ટ્રનો ઉપદેશ (ચાલુ)

॥ धृतराष्ट्र उवाच ॥

मंडलानि च बुद्ध्येथाः परेषामात्मनस्तथा ।
उदासीनगणानां च मध्यस्थानां च भारत॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-" હે ભારત ! તારે પોતાનાં તથા પારકાં ઉદાસીન અને મધ્યસ્થ મંડળોને જાણતા રહેવું.[૧] હે શત્રુહંતા! ચારે શત્રુઓના મધ્યમાં તથા આતતાયીઓમાં કોણ શત્રુ છે અને કોણ શત્રુમિત્ર છે, એ પણ તારે જાણતા રહેવું;[૨] તેમજ હે કુરુશ્રેષ્ઠ! અમાત્યો, દેશો, જૂદા જૂદા કિલ્લાઓ તથા સૈન્યો (એમાં જેમ ઇચ્છામાં આવે તેમ થઇ શકે છે)-એ સર્વમાં શત્રુઓ ફાટફુટ કરી શકે છે અથવા નથી પણ કરી શકતા; માટે બરાબર સાવધાનતાથી રહેવું,કે જેથી તેમાં ફાટફુટ થવા ન પામે. હે કુંતાપુત્ર રાજા ! ચાર પ્રકારના શત્રુઓ, છ પ્રકારના આતતાયીઓ અને મિત્ર તથા શત્રુમિત્ર-આ બાર ઉપર રાજાએ જાતેજ લક્ષ્ય આપવું. આ બાર તથા બીજા મંત્રી વગેરે સાઠ પ્રધાન પ્રકારો રાજાઓએ જાણવા યોગ્યછે.(અર્થાત્ ચાર શત્રુઓ,છ આતતાયીઓ અને મિત્ર તથા શત્રુમિત્ર-આ બાર; તેમજ ખેતી વગેરે આઠ સંધાનકર્મો, બાળક આદિ વીસ સંધિ કરવા યોગ્ય નહિ એવાં કર્મો, નાસ્તિકતા આદિ ચૌદ દોષો અને મંત્ર આદિ અઢાર તીર્થો, તેઓમાંથી કોઈનો ત્યાગ અથવા સ્વીકાર કરવા માટે જાણવાં જરૂરનાં છે.)[૪] નીતિકુશળ આચાર્યો આનેજ મંડળ કહે છે;અને હે યુધિષ્ઠિર! સંધિવિગ્રહાદિ છ ગુણો(પ્રકારો) આનેજ અધીન રહેનારા છે,એમ તારે જાણવું.[૫] હે કુરુશ્રેષ્ઠ ! રાજાઓએ પોતાની તથા શત્રુની વૃદ્ધિ, ક્ષય અને સ્થાન-એ અવશ્ય જાણવાં; અને હે મહાબાહુ ! પૂર્વોક્ત સાઠ તથા બાર ગુણો (પ્રકારો)-એમ કુલ બોંતેરમાં સંધિ-વિગ્રહ આદિ છગુણો(પ્રકારો)થી ઉત્પન્ન થનારા ગુણો(પ્રકારો)નો સમાવેશ આવી જાય છે.[૬] હે કુંતીપુત્ર ! જે સમયે પોતાનો પક્ષ બળવાન હોય અને શત્રુનો પક્ષ નિર્બળ હોય તે

સમયે શત્રુઓસામે લડાઇ ઉભી કરીને શત્રુ રાજાને જીતી લેવો; પણ જ્યારે શત્રુઓ બળવાન હોય અને પોતાનો પક્ષ દુર્બળ હોય, ત્યારે વિદ્વાનરાજાએ પોતે ક્ષીણ હોવાથી શત્રુઓ સાથે સંધિ કરવી[૮] અને દ્રવ્યનો અતિમહાન સંગ્રહ કર્યે જવો. હે ભારત! પછી પોતે જ્યારે ચઢાઇ કરવાને સમર્થ થાય ત્યારે તત્કાળ યુદ્ધ થઇ શકે તેવી તૈયારી રાખવી જોઈએ, એમાં તેણે વિચાર કરવાની જરૂર નથી. હે ભારત! પોતાની જો હાર થાય તો બળવાન શત્રુને અલ્પ ફળ આપનારી પૃથ્વી, રૂપાના ભેળવાળું સુવર્ણ, સોનારૂપાસિવાયનું બીજું દ્રવ્ય, એકાદ મિત્ર તથા ક્ષીણ સૈન્ય આપવું; પરંતુ પોતે સંધિ કરવામાં કુશળ હોય તેવા રાજાએ ઉપરના વર્તનથી વિરુદ્ધ વર્તી મનુષ્યોને વશ કરવા. હે ભરતશ્રેષ્ઠ! જે રાજા પોતાની સાથે સંધિ કરવા તૈયાર થાય તેના એક રાજપુત્રને પોતાની સમીપમાં રાખી લેવો. હે પુત્ર! એથી વિરુદ્ધ વર્તવામાં આપત્તિના સમયે શ્રેય થતું નથી.[૯–૧૨] ઉપાયસહિત મંત્રને જાણનારા રાજાએ (તેમ વર્તવા છતાં) કોઇ આપત્તિ આવે, ત્યારે તેમાંથી છુટવાનો યત્ન કરવો. હે રાજેન્દ્ર! પોતાની પ્રજાઓમાં જેઓ દીન, આંધળાં તથા બહેરાં વગેરે હોય તેઓનો રાજાએ સત્કાર કરવો;[૧૩] તેમજ બળવાન રાજાએ પોતાના રાજ્યનું રક્ષણ કરતા રહીને શત્રુઓને પીડવા, તેઓને આગળ વધતા અટકાવવા તથા તેઓના ખજાનાનો નાશ કરવો. આ સર્વ વ્યવસાય અનુક્રમે તથા એકીસાથે યત્નપૂર્વક કરવો; પરંતુ પોતાનો અભ્યુદય ઇચ્છનારા રાજાએ શરણે આવેલા સામંતરાજાનો કદી વધ કરવો નહિ, પણ હે કુંતાપુત્ર! જે સામંત પૃથ્વીને જીતવા ઇચ્છતો હોય તેનોજ વધ કરવો. બળવાન રાજાએ સત્પુરુષોને પોતાના દેશમાં વસાવીને તથા પાપીઓને વશ કરીને મંત્રીઓની સાથે શત્રુઓનાં મંડળોમાં ફાટફુટ કરાવવાનો લાગ મેળવવો, પણ દુર્બળોનો નાશ કરવો નહિ.[૧૪–૧૭] હે રાજસિંહ! રાજાએ બળવાન રાજાઓ સામે નેતરના જેવી નમ્ર વૃત્તિનો આશ્રય કરવો. જો કોઈ બળવાન રાજા દુર્બળ રાજા સામે ચઢી આવે તો અનુક્રમે સામાદિક ઉપાયોદ્વારા તેને પાછો કાઢવો, પણ તેમ કરવા છતાં જો તેને પાછો કાઢી ન શકાય તો છેવટે મંત્રીઓને સાથે રાખી યુદ્ધ કરવા ઉતરવું. બળવાન રાજાને પોતાના કોશવડે, નગરજનોવડે અને સામ ઉપાયોદ્વારા સમજાવવો; પરંતુ કોઈપણ ઉપાયથી જો તે રાજી ન થાય તો પછી પોતે જાતે પોંતાના મુખ્ય સૈન્યસહિત યુદ્ધ કરવા ઉતરી પડવું. આ ક્રમથી શરીરનો ત્યાગ કરનારા શૂરા પુરુષોની નિશ્ચય મુક્તિજ થાય છે."[૧૮–૨૦]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં "ધૃતરાષ્ટ્રનો ઉપદેશ" એ વિષયનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

ધૃતરાષ્ટ્રનો ઉપદેશ (ચાલુ)

॥ धृतराष्ट्र उवाच ॥

संधिविग्रहमप्यत्र पश्येथा राजसत्तम ।
द्वियोनिं विविधोपायं बहुकल्पं युधिष्ठिर ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–"હે રાજાઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર! આવા પ્રસંગોમાં પ્રબળ શત્રુ અથવા દુર્બળ શત્રુ કારણરૂપ હોય છે, જેથી તેમાં અનેક ઉપાયો તથા અનેક રચનાઓ રચવી પડે છે; માટે સંધિ અને વિગ્રહ–બન્ને તરફ રાજાએ લક્ષ્ય રાખવું.[૧] હે કુરુવંશી રાજા! રાજાએ બરાબર સ્થિર થઇને અને પોતાનું તથા શત્રુનું બળાબળ જાણીને શત્રુસામે તૈયાર થવું; અને જો શત્રુ પ્રસન્ન, પુષ્ટ, બળવાન તથા સંયમી હોય તો રાજાએ પોતાનો જય થાય તે માટે કોઇપણ ઉપાયનો વિચાર કરવો. (પણ અકસ્માત્ શત્રુસામે ચઢી જવું નહિ.)[૨] હે રાજેન્દ્ર! શત્રુની સામે થતી વેળા શત્રુ જો અપ્રસન્ન, અપુષ્ટ તથા બળહીન જણાય, તોજ તેની સામે ચઢાઇ કરવી; અને હે રાજેન્દ્ર! યુદ્ધસમયે શત્રુના કરતાં વિશેષતાથી આગળ વધવું.[૩] ઉપરાંત તે યુદ્ધમાં શત્રુઓના પર સંકટો નાખવાં, તેઓમાં ભંગાણ પાડવું, તેઓને બીવડાવવા, ભય

આપવો તથા સૈન્યનો નાશ કરવો.[૪] શાસ્ત્રકુશળ રાજાએ શત્રુસામે ચઢાઇ કરતી વેળા પોતાની તથા શત્રુની બન્નેની સૈન્યશક્તિ, ઉત્સાહશક્તિ તથા મંત્રશકિત–એ ત્રણે પ્રકારની શકિતઓનો વિચાર કરવો.[૫] હે ભારત! જે રાજા સૈન્યશક્તિ, ઉત્સાહશકિત તથા મંત્રશકિત–એ ત્રણે શકિતઓથી સંપન્ન હોય તેણેજ શત્રુસામે ચઢાઇ કરવી; પણ તેથી હીન રાજાએ ચઢાઇ કરવી નહિ.[૬] હે સમર્થ યુધિષ્ઠિર! રાજાએ મૌલબળ (પરંપરાગત ઉતરી આવેલું મૂળ સૈન્ય), મિત્રબળ, અટવીબળ (જંગલીઓનું સૈન્ય), સેવકબળ (પગાર આપીને રાખેલું સૈન્ય) તથા શ્રેણીબળ (દેશનાં મનુષ્યોમાંથી ઉભું કરેલું સૈન્ય) જમા કરવું.[૭] તેમાં હે રાજન્! મિત્રબળ તથા મૌલબળ ઉત્તમ ગણાય છે અને શ્રેણીબળ તથા સેવકબળ સમાનજ ગણાય છે, એમ હું માનું છું; તેમજ હે રાજા! સેવકબળ પણ પરસ્પર સમાન છે. રાજાએ સમય ઉપસ્થિત થતાં ઘણા પ્રસંગમાં આ સર્વને જાણવું. હે કુરુવંશી રાજા! આપત્તિઓ પણ અનેક પ્રકારની હોય છે, એમ રાજાએ જાણવું જોઇએ; માટે જૂદા જૂદા પ્રકારની તે આપત્તિઓને પણ તું સાંભળ. હે પાંડુપુત્ર રાજા! આપત્તિઓના જૂદા જૂદા અનેક ભેદો છે, તેઓને રાજાએ સામાદિ ઉપાયોદ્વારા પ્રકાશમાં લાવીને તેની નિત્ય ગણત્રી કરવી. (પણ ગુપ્ત રાખીને તુચ્છકારી કાઢવા નહિ.)[૮-૧૧] હે શત્રુતાપન રાજા! રાજાએ પોતાના જેવાં ગુણવાન અને ઉત્તમ પ્રકારનાં સૈન્યો સાથે લઈને દેશ તથા કાળ જાણીને શત્રુસામે પ્રયાણ કરવું.[૧૨] હે પાંડવ! હૃષ્ટપુષ્ટ બળવાળા તથા પોતાની વૃદ્ધિ અને ઉદયમાં આસક્ત રહેનારા બળવાન રાજાએ શિશિર આદિ યુદ્ધને માટે અયોગ્ય ઋતુમાં પણ પ્રયાણ કરવું. રાજાએ શત્રુઓના નાશમાટે ભાથાઓરૂપી પથ્થરવાળી, ઘોડાઓ અને રથોરૂપી પ્રવાહવાળી, ધ્વજાઓરૂપી વૃક્ષોથી ઢંકાઇ ગયેલા કિનારાઓ તથા કાંઠાવાળી અને પદાતિઓ તથા હાથીઓને લીધે પુષ્કળ કીચડવાળી નદી ચલાવી મૂકવી જોઈએ. પછી હે ભારત! શુક્રાચાર્ય જે શાસ્ત્રના [illegible] હતા અને તે શાસ્ત્રમાં જે વ્યૂહો કહેવામાં આવેલ છે તે શકટ, પદ્મ તથા વજ્ર નામના વ્યૂહોને યુક્તિપૂર્વક રચવા.[૧૫] પોતાના સૈન્યનું બળ જાણીને તથા શત્રુઓના સૈન્યોના બળને દૂતોદ્વારા જાણી રાજાએ પોતાની તથા શત્રુઓની ભૂમિ ઉપર પણ યુદ્ધ કરવું.[૧૬] રાજાએ પોતાના સૈન્યને પ્રસન્ન રાખવું અને બળવાન પુરુષોને મોખરે રાખવા. યુદ્ધને પોતાનો વિષય જાણીને તે સમયે સામાદિ ઉપાયોની યોજના કરવી.[૧૭] હે મહારાજા! રાજાએ આ લોકમાં હરકોઈ પ્રકારે પોતાના શરીરની રક્ષા કરવી અને આલોકમાં તથા પરલોકમાંપોતાના આત્માનું કલ્યાણ કરવું.

હે મહારાજા! એ રીતે ઉત્તમ પ્રકારે આચરણ કરનારો રાજા ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરીને મરણ પછી સ્વર્ગલોકમાં જાય છે.[૧૯] હે કુરુશ્રેષ્ઠ! હે તાત! તારે બન્ને લોકની પ્રાપ્તિને માટે એ પ્રમાણે પ્રજાઓનું હિત થાય તેમ નિત્ય વર્તવું. હે શ્રેષ્ઠ રાજા! ભીષ્મે, શ્રીકૃષ્ણે તથા વિદુરે તને બધી બાબતનો ઉપદેશ આપ્યો છે, તોપણ તારા ઉપરની પ્રીતિને લીધે મારે પણ તને અવશ્ય ઉપદેશ આપવોજ જોઇએ.[૨૧] હે પુષ્કળ દક્ષિણાઓ આપનારા રાજા! આ સર્વ તું યથાયોગ્ય રીતે આચરણમાં મૂકજે, જેથી તું પ્રજાઓને પ્રિય થઇ પડીશ અને સ્વર્ગમાં સુખ મેળવીશ.[૨૨] જે રાજા એકહજાર અશ્વમેધયજ્ઞો કરે છે અથવા જે રાજા ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરે છે, તે બન્નેને સમાનજ ફળ મળે છે.”[૨૩]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં ‘ધૃતરાષ્ટ્રનો ઉપદેશ’ એ વિષયનો
અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો

ધૃતરાષ્ટ્રની પ્રજાઓને પ્રાર્થના

॥ युधिष्ठिर उवाच ॥

एवमेतत्करिष्यामि यथाऽऽत्थ पृथिवीपते।
भूयश्चैवानुशास्योऽहं भवता पार्थिवर्षभ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:-“હે મહારાજા! તમે જે

પ્રમાણે કહો છો તે પ્રમાણેજ હું કરીશ, તો પણ બીજી તમારી શી આજ્ઞા છે? ભીષ્મપિતામહ સ્વર્ગમાં ગયા, શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને વિદુર તથા સંજય પણ તમારી સાથે આવશે, તો બીજો કયો પુરુષ મને ઉપદેશ આપવાને યોગ્ય છે?[૨] તમે મારૂં હિત વિચારી આજે જે ઉપદેશ આપો છો, તે પ્રમાણેજ હું કરીશ. હે રાજા! તમે નિશ્ચિંત થાઓ.”[૩]

વૈશંપાયને કહ્યું:–હે ભરતશ્રેષ્ઠ જનમેજય! બુદ્ધિમાન ધર્મરાજાએ તે રાજર્ષિને એ પ્રમાણે કહ્યું, એટલે તેમણે તેમને રજા આપવાની ઇચ્છા દર્શાવતાં કહ્યું કે:–“ હે પુત્ર! હમણાં તું શાંત થા. મને પણ ઘણોજ પરિશ્રમ પડયો છે.” આમ કહીને તેઓ રાજા ગાંધારીના ભવનમાં ગયા.[૪,૫] ધર્મચારિણી દેવી ગાંધારી, કે જે સમયને જાણનારી હતી તેણે પ્રજાપતિસમાન પોતાના પતિને આસન ઉપર બેઠેલા જોઈ આ પ્રમાણે પૂછયું:– “મહર્ષિ વ્યાસે પોતે તમને અનુજ્ઞા આપી છે તથા યુધિષ્ઠિરે પણ સંમતિ આપી છે, તો હવે તમે વનમાં કયારે ચાલશો?”[૬,૭]

ધૃતરાષ્ટ્રે કહ્યું:– “હે ગાંધારિ! મને મહાત્મા પિતા વ્યાસની અનુજ્ઞા મળી ચૂકી છે તેમજ યુધિષ્ઠિરે પણ સંમતિ આપી છે, જેથી હવે હું તુરતમાંજ વનમાં જઇશ;[૮] પરંતુ મારા પોતાના ભવનમાં સર્વની યથાયોગ્ય વ્યવસ્થા કરાવીને દુષ્ટ દ્યૂત રમનારા તે સર્વ પુત્રોને ઉદ્દેશી પ્રેતભાવને અનુસરતું ધનદાન કરવાની મારી ઇચ્છા છે.”

વૈશંપાયને કહ્યું:–એમ કહીને તેમણે તેજ સમયે ધર્મરાજાને કહેણ મોકલ્યું, એટલે તે રાજાએ તેમના કહેણ ઉપરથી ત્યાં સર્વ કંઇ આણી મંગાવ્યું. તે પછી કુરુ તથા જાંગલદેશમાં વસનારા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો મનથી પ્રસન્ન થઇને ત્યાં આવ્યા; એટલે રાજા ધૃતરાષ્ટ્ર અંતઃપુરમાંથી બહાર નીકળીને તે સર્વ જનસમુદાય તથા પ્રધાનમંડળને મળ્યા. હે રાજા! અંબિકાના બુદ્ધિમાન પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર તે સર્વ નગરવાસીઓને, દેશવાસીઓને તથા સમસ્ત સ્નેહીવર્ગને એકત્ર થઇ ત્યાં આવેલા જોઇ આ પ્રમાણે તેઓને કહેવા લાગ્યાઃ–

“ તમે અને કૌરવો ઘણા લાંબા કાળથી મારી સાથે રહ્યા છો. તમે અન્યોન્યના મિત્ર થઇને પરસ્પરનું હિત કરવામાં આસક્ત રહો છો, જેથી આ સમયે હું તમને જે વચન કહું તે વિષે કંઈ પણ વિચાર કર્યાવિના તમારે તે પ્રમાણેજ વર્તવું. મને એવી બુદ્ધિ થઇ છે કે, મારે ગાંધારીને સાથે લઇને હવે અરણ્યમાં જવું. આને વ્યાસની તથા રાજા યુધિષ્ઠિરની સંમતિ મળી ચૂકી છે, તો તમે પણ સંમતિ આપો. તેમાં તમારે કોઇ પણ પ્રકારનો વિચાર કરવા જેવો નથી. અમારી અને તમારી વચ્ચે જેવી સનાતન પ્રીતિ બંધાયેલી છે, તેવી ખરેખર બીજા દેશોના કોઇ પણ રાજાઓમાં નથી, એમ હું માનું છું.[૧૯] હે નિર્દોષ પ્રજાઓ! આ અવસ્થાને લીધે હું તથા ગાંધારી હવે શાંત થયાં છીએ, તેમજ પુત્રોથી રહિત હોઇને ઉપવાસોથી કૃશ થયાં છીએ.[૨૦] યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થતાં હું મહાન સુખ પામ્યો છું; અને હે શ્રેષ્ઠ સજ્જનો! હું માનું છું કે, દુર્યોધનના ઐશ્વર્ય કરતાં આ સમયે મારૂં ઐશ્વર્ય વધારે છે.[૨૧] હે મહાભાગો! હું આંધળો છું, વૃદ્ધ થયો છું અને વળી મારા પુત્રો પણ માર્યા ગયા છે, તો હવે વનવિના મારી શી ગતિ હોય? માટે તમારે મને અનુજ્ઞા આપવી યોગ્ય છે.”[૨૨]

હે ભરતશ્રેષ્ઠ જનમેજય! ધૃતરાષ્ટ્રનું એ વચન સાંભળીને કુરુ–જાંગલમાં વસનારાં તે સર્વ મનુષ્યો અશ્રુથી ગળગળી વાણીવડે રુદન કરવા લાગ્યાં અને શોકપરાયણ થઇ કંઇપણ બોલ્યાં નહિ, ત્યારે ફરીથી મહાતેજસ્વી ધૃતરાષ્ટ્રે તે સર્વને આવું વચન કહ્યું.[૨૩,૨૪]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસપર્વમાં “ધૃતરાષ્ટ્રે વનમાં જવા પ્રાર્થના કરી” એ વિષયનો અધ્યાય ૮ મો સમાપ્ત

અધ્યાય ૯ મો

ધૃતરાષ્ટ્રની પ્રજાઓને પ્રાર્થના (ચાલુ)

॥ धृतराष्ट्र उवाच ॥

शांतनुः पालयामास यथावद्वसुधामिमाम् ।
तथा विचित्रवीर्यश्च भीष्मेण परिपालितः॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–“ જેમ શાંતનુએ આ પૃથ્વીનું યથાયોગ્ય રીતે પાલન કરેલું છે,તેમ ભીષ્મના રક્ષણતળે રહીને સર્વ અર્થને જાણનારા અમારા પિતા વિચિત્રવીર્યે પણ તેનું પાલન કરેલું છે, એમાં કંઈ સંશય નથી. વળી મારો ભાઇ પાંડુ કે જે તમને પ્રિય હતો તેણે પણ સારી રીતે પૃથ્વીનું પાલન કર્યું છે,એ તો તમે જાણોજ છો. હે નિર્દોષ મહાભાગો ! મેં તમારી જે કંઇ સારી કે નરસી સેવા કરી હોય તેને માટે તમારે સાવધાન થઇને મને ક્ષમા આપવી જોઈએ. જે સમયે દુર્યોધને આ નિષ્કંટક રાજ્ય ભોગવ્યું હતું, તે સમયે તેણે પણ પોતે મંદ તથા દુષ્ટ બુદ્ધિવાળો હોવા છતાં તમારો કંઇ અપરાધ કર્યો નથી. દુષ્ટ બુદ્ધિવાળા તે દુર્યોધનના અપરાધથી, અભિમાનથી તથા તેણે પોતેજ કરેલી અનીતિથી રાજાઓવચ્ચે અતિ મહાન લડાઇ થઇ હતી. હું તમને હાથ જોડીને કહું છું કે, તેમાં મેં જે કંઇ સારૂં કર્યું હોય કે નરસું કર્યું હોય તેને તમારે મનમાં લાવવું નહિ. ‘ આ રાજા વૃદ્ધ થયો છે, પુત્રો મરણ પામેલા હોવાથી દુઃખી થયો છે અને પૂર્વના રાજાઓનો પુત્ર છે ’ આવો મનમાં વિચાર કરીને તમે મને અરણ્યમાં જવાની સંમતિ આપો. આ બિચારી વૃદ્ધ ગાંધારી, કે જે પુત્રોના મરણને લીધે દીન થયેલી છે અને પુત્રોના શોકથી વિહ્વળ થઇ ગયેલી છે, તે તમારી પાસે યાચના કરે છે કે, અમને બન્નેને મરણ પામેલા પુત્રોવાળાં, વૃદ્ધ તથા દુઃખી જાણીને વનમાં જવાની અનુજ્ઞા આપો. તમારૂં કલ્યાણ થાઓ.અમે તમારે શરણે આવ્યાં છીએ. કુંતાના પુત્ર આ કુરુવંશી રાજા યુધિષ્ઠિરની હરકોઈ સુખ–દુઃખના પ્રસંગમાં તમારે સંભાળ રાખવી. જો કે તેને કદી દુઃખપ્રસંગ પ્રાપ્ત થશે નહિ;[૨–૧૧] કેમકે તેના ચારે ભાઇઓ મહાતેજસ્વી, લોકપાલોના જેવા તથા સર્વ ધર્મના અર્થને જાણનારા હોઇ તેના સહાયક છે.[૧૨] પ્રાણીમાત્રના તથા જગતના પતિ ભગવાન બ્રહ્માની પેઠે મહાતેજસ્વી આ યુધિષ્ઠિરરાજા તમારૂં રક્ષણ કરશે.[૧૩] મારે તમને અવશ્ય કહેવું જોઇએ, એમ માનીનેજ હું તમને કહું છું કે, આ યુધિષ્ઠિરને એક થાપણતરીકે તમને સર્વને મેં સોંપ્યો છે; તેમજ તમને સર્વને આ વીર યુધિષ્ઠિરને થાપણતરીકે સોંપ્યા છે. મારા પુત્રોએ તથા બીજા મારા જે કોઈ મનુષ્યે તમારૂં જે કંઇ અપ્રિય કર્યું હોય, તેને માટે તમે ક્ષમા આપવાને યોગ્ય છો. તમે મારાપર કદી ક્રોધ કર્યો નથી અને તમે અત્યંત ગુરુભક્ત છો, જેથી હું તમારી આગળ હાથ જોડું છું અને તમને નમસ્કાર કરૂં છું. હે નિર્દોષ પ્રજાગણો ! મારા પુત્રો કે જેઓ ચંચળ બુદ્ધિવાળા, લોભી તથા ઇચ્છાનુસાર વર્તનારા હતા, તેઓને માટે હું તથા ગાંધારી તમારી સર્વની ક્ષમા માગીએ છીએ. ”

ધૃતરાષ્ટ્રે એમ કહ્યું ત્યારે નગરવાસી તથા દેશવાસી સર્વ મનુષ્યો કંઇ પણ બોલી શકયાં નહિ.માત્ર અશ્રુભર્યાં નેત્રે પરસ્પર જોવા લાગ્યાં.

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
“ધૃતરાષ્ટ્રની પ્રાર્થના” એ વિષયનો
અધ્યાય ૯ મો સમાપ્ત

અધ્યાય ૧૦ મો

ધૃતરાષ્ટ્રના વનગમનને પ્રજાવર્ગનું અનુમોદન

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तास्तु ते तेन पौरजानपदा जनाः ।
वृद्धेन राज्ञा कौरव्य नष्टसंज्ञा इवाभवन् ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે કુરુવંશી જનમેજય ! વૃદ્ધરાજા ધૃતરાષ્ટ્રે નગરવાસી તથા દેશવાસી સર્વ મનુષ્યોને જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે તેઓ જાણે બેભાન થયા હોય તેવા થઈ ગયા. એ રીતે તેઓ કેવળ મૌન અને અ-

શ્રુવ્યાપ્ત કંઠવાળા થઇ ગયા ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે ફરી પણ તેઓને કહ્યું કેઃ–“ હે શ્રેષ્ઠ સજ્જનો! હું વૃદ્ધ થયો છું, મારા પુત્રો માર્યા ગયા છે અને મારી ધર્મપત્ની આ ગાંધારી સાથે હું અનેક પ્રકારના દીનતાભરેલા વિલાપ કરી રહ્યો છું, જેથી મારા પિતા વ્યાસે પોતે અને ધર્મને જાણનારા રાજા યુધિષ્ઠિરે મને વનમાં જવાની અનુજ્ઞા આપી છે; તો હે નિર્દોષ ધર્મવેત્તાઓ! હું તમને વારંવાર મસ્તક નમાવીને પ્રાર્થના કરૂં છું કે, મને તથા ગાંધારીને તમારે અનુજ્ઞા આપવી યોગ્ય છે.”[૧-૫]

વૈશંપાયને કહ્યું:–હે રાજન્! કુરુરાજ ધૃતરાષ્ટ્રનાં તે કરુણ વાક્યો સાંભળીને કુરુજાંગલનાં સર્વ લોકો એકીસાથે રુદન કરવા લાગ્યાં.[૬] તેઓ પિતા તથા માતાની પેઠે શોકથી સંતાપ પામ્યાં અને પોતપોતાનાં ઉત્તરીય વસ્ત્રોથી તથા હાથોથી મુખો ઢાંકીને એક મુહૂર્તભર રુદનજ કરી રહ્યાં;[૭] એટલુંજ નહિ પણ ધૃતરાષ્ટ્રના વનગમનથી ઉત્પન્ન થયેલા દુઃખને શૂન્ય થયેલા હૃદયથી ધારણ કરનારાં તે મનુષ્યો જાણે બેભાન થયાં હોય તેમ લાગતું હતું.[૮] તેઓ ધૃતરાષ્ટ્રના વિયોગથી થનારા દુઃખને ધીમે ધીમે દૂર કરીને અન્યોન્યને એકબીજાનો અભિપ્રાય પૂછવા લાગ્યા.[૯] હે રાજન્! તે પછી પોતપોતાનાં વાક્યોને સંક્ષેપમાં ગોઠવી તેઓ સર્વેએ એક બ્રાહ્મણને પોતાના વિચારો જણાવવાને નીમી તેદ્વારા ધૃતરાષ્ટ્ર રાજાને તે સર્વ મનુષ્યો કહેવા લાગ્યાં.[૧૦] હે રાજા! તે બ્રાહ્મણ ઉત્તમ આચરણવાળો હતો, સર્વને સંમત હતો, અર્થશાસ્ત્રમાં કુશળ હતો, તેનું નામ ‘સાંબ’ હતું અને અનેક ઋચાઓને તે જાણનારો હતો.[૧૧] મહારાજા ધૃતરાષ્ટ્રને પ્રથમ માન આપીને તથા તે સભાને પ્રસન્ન કરીને તે વાણીકુશળ અને બુદ્ધિમાન બ્રાહ્મણે ધૃતરાષ્ટ્રરાજાને કહ્યું કેઃ–[૧૨] “હે રાજન્! આ સર્વ મનુષ્યોએ પોતાનીવતી મને તમને પોતાનો અભિપ્રાય જણાવવા કહેલ છે; માટે હે વીર! તેને હું કહું છું, તમે સાંભળો.[૧૩] હે સમર્થ રાજેંદ્ર! તમે જે પ્રમાણે કહો છો, તે તેમજ છે. તમારૂં વચન લેશમાત્ર મિથ્યા નથી. ખરેખર, અમારામાં અન્યોન્ય સુહૃદ્ભાવજ રહેલો છે.[૧૪] તમારા આ વંશમાંના રાજાઓમાં તેવો કોઇ પણ રાજા કદી થયો નથી, કે જે પ્રજાનો પાલક બનીને લોકોમાં અપ્રિય થઇ પડયો હોય![૧૫] તમે પિતાની પેઠે તથા ભ્રાતાની પેઠે અમારૂં પાલન કરો છો; અને દુર્યોધન રાજાએ પણ અમારા સંબંધમાં કંઇ અયોગ્ય વર્તન કર્યું નથી. હે મહારાજા! સત્યવતીના પુત્ર ધર્માત્મા વ્યાસમુનિ તમને જે પ્રમાણે કહે છે, તે પ્રમાણેજ તમે કરો; કેમકે તે અમારા પરમગુરુ છે.[૧૭] હે રાજન્! અમે તો તમારાથી ત્યજાઇને કેવળ દુઃખ તથા શોકનેજ આધીન થઈ જઇશું; કેમકે તમારા સેંકડો ગુણો સાથે અમારો લાંબા કાળથી સંબંધ થયેલો છે.[૧૮] જેમ રાજા શાંતનુએ, ચિત્રાંગદે, ભીષ્મના પરાક્રમથી રક્ષાયેલા તમારા પિતાએ (વિચિત્રવીર્યે) તથા તમારી દેખરેખ નીચે રાજા પાંડુએ અમારૂં પાલન કર્યું છે, તેમજ રાજા દુર્યોધને પણ અમારૂં સારી રીતે પાલન કર્યું છે.[૧૯,૨૦] હે રાજા! તમારા પુત્રે લેશમાત્ર પણ અમારૂં અપ્રિય કર્યું નથી. અમે તો તે રાજા ઉપર પણ પિતાની પેઠેજ સારી રીતે વિશ્વાસ રાખ્યો હતો.[૨૧] તમારા જાણવામાંજ છે કે, અમે જે પ્રમાણે તે સમયે સારીરીતે રહેતા હતા, તે પ્રમાણેજ બુદ્ધિમાન કુંતાપુત્રના રક્ષણ તળે પણ હજારો વર્ષપર્યંત સુખનેજ પ્રાપ્ત થઈશું; કેમકે હે રાજા! પુષ્કળ દક્ષિણાઓ આપનારા ધર્માત્મા આ યુધિષ્ઠિર કુરુ, સંવરણ આદિ તમારા વંશના પુણ્યકર્મી પ્રાચીન રાજર્ષિઓના વર્તનનેજ સારી રીતે અનુસરે છે;[૨૨-૨૪] માટે હે મહારાજા! એના સંબંધમાં લેશમાત્ર પણ કહેવાનું નથી. અમે તમારા રક્ષણ તળે નિત્ય સુખમાંજ રહ્યાં છીએ.[૨૫] અમારા સંબંધમાં તમારા પુત્રે કે તમે લેશમાત્ર પણ અપ્રિય કરેલ નથી; એટલુંજ નહિ પણ હે કુરુવંશી! સંબંધીઓના આ સંહારવિષે તમે દુર્યોધનને ઉદ્દેશીને જે કંઈ કહો છો, તે વિષે પણ હું તમને સમજાવું છું. કૌરવો જે વિનાશ પામ્યા તેમાં દુર્યો-

ધને, તમે, કર્ણે કે શકુનિએ કંઇ પણ કર્યું નથી; માત્ર જેનું વારણ કરવું અશકય છે તે દૈવજ તેમાં કારણભૂત છે, એમ અમે માનીએ છીએ.[૨૮] હે મહારાજા! પુરુષાર્થથી પણ દૈવનું કદી વારણ થઇ શકતું નથી;કેમકે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ કૌરવોએ એકઠી મળેલી અઢાર અક્ષૌહિણી સેનાઓનો માત્ર અઢારજ દિવસમાં સંહાર કર્યો છે. હે રાજા! ભીષ્મે, દ્રોણાચાર્યે, કૃપાચાર્યે, મહાત્મા કર્ણે, સાત્યકિએ, વીર ધૃષ્ટદ્યુમ્ને તથા ભીમ, અર્જુન,નકુલ અને સહદેવ-એ ચાર પાંડુના પુત્રોએ આ સંહાર કર્યો છે, તેમાં દૈવના બળવિના બીજું કંઈ પણ કારણ નથી. માત્ર દૈવબળને લીધેજ આ સંહાર થયો છે. ક્ષત્રિયે ખાસકરીને સંગ્રામમાંજ અવશ્ય પોતાનું મરણ નીપજાવવું જોઈએ અને તે પણ યોગ્ય સમયેજ મરવું જોઈએ, જેથી પુરુષોમાં વ્યાઘ્રસમાન અને વિદ્યા તથા બાહુબળથી યુક્ત તે રાજાઓએ ઘોડાઓ, રથો તથા હાથીઓસહિત આખી પૃથ્વીનો નાશ કર્યો છે. મહાત્મા રાજાઓના આ વિનાશમાં તમારો પુત્ર, તમે, તમારા સેવકો, કર્ણ કે શકુનિ કારણભૂત નથી; તેમજ હે કુરુશ્રેષ્ઠ ! આ યુદ્ધમાં જે હજારો રાજાઓ કપાઇ ગયા છે, તે સર્વમાં કેવળ દૈવજ કારણભૂત છે, એમ તમે જાણો. આમાં કોણ શું કહેવાને યોગ્ય છે? તમે સમગ્ર જગતના ગુરુ તથા પ્રભુ મનાયા છો, માટે તમારા જેવા ધર્માત્માને વનમાં જવાની અમે સંમતિ આપીએ છીએ; અને તમારા પુત્રને ઉદ્દેશીને પણ અમે કહીએ છીએ કે, તે રાજા પોતાના સહાયકોની સાથે વીરલોકને પામો તથા શ્રેષ્ઠ બ્રાહ્મણોએ સારી રીતે અનુજ્ઞા અપાયેલો તે તમારો પુત્ર સ્વર્ગલોકમાં સુખેથી આનંદ કરો;તેમજ તમે પોતે પણ પુણ્યમાં તથા ધર્મમાં શ્રેષ્ઠ સ્થિતિને પ્રાપ્ત થાઓ.[૩૮] તમે ધર્મને સંપૂર્ણ રીતે જાણો છો અને તેથીજ તમે ઉત્તમ સદાચારી છો. તમે અમારૂં રક્ષણ કરવામાટે અમને પાંડવોને સોંપ્યા છે, તે કદી નિષ્ફળ થશે નહિ;કેમકે તેઓ સ્વર્ગનું રક્ષણ કરવા પણ સમર્થ છે, તો પછી આ પૃથ્વીનું રક્ષણ કરે, એમાં શું આશ્ચર્ય ! હે બુદ્ધિમાન કુરુકુળશ્રેષ્ઠ ! આ સર્વ પ્રજાઓ હરકોઇ સુખ-દુઃખના પ્રસંગમાં સદાચારથી શોભી રહેલા પાંડવોને અવશ્ય અનુસરશે. પાંડુપુત્ર યુધિષ્ઠિરરાજા પ્રાચીન રાજાઓએ સ્વીકારેલા બ્રાહ્મણોને આપવાના અગ્રહારોને* તથા ×પારિબર્હોને કુબેરની પેઠે સદા પાળે છે; કેમકે ભરતશ્રેષ્ઠ તે કુંતાપુત્ર દીર્ઘદર્શી છે, કોમળ સ્વભાવના છે, ઇંદ્રિયનિગ્રહી છે, ઉત્તમ સલાહકારવાળા છે, મોટા મનના છે, મિત્ર ઉપર દયાળુ છે અને પવિત્ર છે; એટલુંજ નહિ પણ તમે નિરંતર પુત્રની પેઠે પાળેલા તે બુદ્ધિમાન રાજા સર્વત્ર સરળ દષ્ટિથીજ જુએ છે;તેમજ હે રાજાર્ષિ! ભીમસેન તથા અર્જુન વગેરે પણ ધર્મપુત્ર યુધિષ્ઠિરના સંસર્ગથી આ જનસમુદાયનું કદી અપ્રિય કરશે નહિ, કેમકે તેઓ કોમળ મનુષ્યોના તરફ કોમળ છે, તીક્ષ્ણ મનુષ્યોના તરફ સર્પોની પેઠે તીક્ષ્ણ છે, વીર્યવાન છે, મહાત્મા છે અને નગરવાસીઓનું હિત કરવામાં આસક્ત છે. વળી કુંતા, દ્રૌપદી, ઉલૂપી કે સુભદ્રા પણ આ પ્રજાસમૂહના તરફ કદી પ્રતિકૂળ આચરણ કરશે નહિ. આ નગરવાસીઓ તથા દેશવાસીઓ સાથે તમોએ બાંધેલા સ્નેહને યુધિષ્ઠિરે વૃદ્ધિ પમાડેલો છે; અને તેને પ્રજાજનો કદી ભૂલશે નહિ. કુંતાના મહારથી પુત્રો, જે મનુષ્યો અધર્મિષ્ઠ હશે તેઓનું પણ પોતે ધર્મપરાયણ રહીને અવશ્ય પાલન કરશે; માટે હે રાજન્! યુધિષ્ઠિર તરફના તમારા માનસિક દુઃખને દૂર કરીને તમે ધર્મકાર્ય કરો. હે મહાપુરુષ ! તમને અમારા નમસ્કાર હો."

વૈશંપાયને કહ્યું:-તે બ્રાહ્મણનું એ ધાર્મિક તથા અર્થયુક્ત કહેવું માન્ય કરીને સર્વ જનસમુદાયે "ધન્ય, ધન્ય "એમ કહીને તેને આવકાર આપ્યો; અને ધૃતરાષ્ટ્રે પણ તેના વાક્યનું વારંવાર સન્માન કરીને ધીમે ધીમે સર્વ પ્રજાવર્ગને રજા આપી. હે ભરતશ્રેષ્ઠ ! એ રીતે સર્વ પ્રજાસમૂહે તે રાજાનું સન્માન કર્યું અને તે-

---

* બ્રાહ્મણોને દાનમાં આપેલાં ગામો

× ઇનામી ગામો

મના કલ્યાણની અપેક્ષા રાખી, એટલે તે રાજાએ પણ બે હાથ જોડીને સૌ પ્રજાજનોને માન આપ્યું. પછી ગાંધારીની સાથે પોતાના ભવનમાં તેમણે પ્રવેશ કર્યો. હવે રાત્રિ વીત્યા પછી તેમણે જે કંઇ કર્યું હતું તે હું તને કહું છું, સાંભળ. [૫૩]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"પ્રજાઓનું સાંત્વન" એ વિષયનો
અધ્યાય ૧૦ મો સમાપ્ત

અધ્યાય ૧૧ મો

ભીમસેનની કઠોરતા!

॥ वैशंपायन उवाच ॥

ततो रजन्यां व्युष्टायां धृतराष्ट्रोऽम्बिकासुतः ।
विदुरं प्रेषयामास युधिष्ठिरनिवेशनम् ॥१॥

વૈશંપાયને કહ્યું:-તે પછી રાત્રિ વીતી એટલે અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રે વિદુરને યુધિષ્ઠિરના ગૃહે મોકલ્યા. મહાતેજસ્વી અને સર્વ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ વિદુરે ત્યાં જઇને અસ્ખલિત શક્તિવાળા રાજા યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્રના વચન ઉપરથી કહ્યું કે:-"હે રાજન્! મહારાજા ધૃતરાષ્ટ્રે વનમાં નિવાસ કરવાની દીક્ષા લીધી છે. કાર્તિકમાસની આવતી પૂર્ણિમાએ તે વનમાં જશે, માટે હે કુરુકુળશ્રેષ્ઠ! તે રાજા તમારી પાસેથી કંઇક દ્રવ્ય લેવાની ઇચ્છા કરે છે; કેમકે મહાત્મા ભીષ્મને, દ્રોણાચાર્યને, સોમદત્તને, બુદ્ધિમાન બાહ્‌લિકને, પોતાના સર્વ પુત્રોને, બીજા જે સુહૃદો માર્યા ગયા છે તેઓને તથા તમારી જો સંમતિ હોય તો દુષ્ટ જયદ્રથરાજાને શ્રાદ્ધપ્રદાન કરવાની તેમને ઇચ્છા છે."

વિદુરનું તે વચન સાંભળીને પાંડવ યુધિષ્ઠિરે તથા અર્જુને હર્ષથી તેનું સન્માન કર્યું; પરંતુ દૃઢ ક્રોધવાળા ભીમસેને વિદુરના તે વચનનો સ્વીકાર કર્યો નહિ, કેમકે મહાતેજસ્વી તે ભીમસેનને દુર્યોધનનાં કૃત્યોનું સ્મરણ થયા કર્યું હતું. ફરીથી અર્જુન ભીમસેનનો અભિપ્રાય જાણી ગયો, એટલે તેણે કંઇક નમ્ર થઇને તે મહાપુરુષને કહ્યું કે:-"હે ભીમસેન! આપણા વૃદ્ધ પિતા રાજા ધૃતરાષ્ટ્રે વનમાં નિવાસ કરવાની દીક્ષા લીધી છે, જેથી તે કુરુવંશી રાજા સર્વ સુહૃદોની મરણક્રિયા કરવા ઇચ્છે છે; અને તેમાં તમે જીતેલા દ્રવ્યનું દાન કરવાની તેમને ઇચ્છા છે, માટે હે મહાબાહુ! ભીષ્મ વગેરેની તે પ્રેતક્રિયામાં તમારે સંમતિ આપવી યોગ્ય છે. હે મોટી ભુજાઓવાળા! કાળના આ ફેરફારને તો તમે જુઓ, કે જે ધૃતરાષ્ટ્રની પાસે પૂર્વે આપણે યાચના કરતા હતા તેજ ધૃતરાષ્ટ્ર આજે આપણી પાસે યાચના કરી રહ્યા છે! ખરેખર, આપણાં તે અહોભાગ્ય છે. આ ધૃતરાષ્ટ્ર સમગ્ર પૃથ્વીના સ્વામી થઇને શત્રુઓદ્વારા સહાયકો નાશ પામેલા હોવાથી હવે વનમાં જવાની ઇચ્છા કરે છે, માટે હે પુરુષવ્યાઘ્ર! આ સમયે દાનવિના બીજું કંઈ પણ તમારે કરવું ન જોઇએ; કેમકે હે મોટી ભુજાઓવાળા! આ સમયે દાનસિવાયનું બીજું કૃત્ય અપયશ આપનારૂં થાય અને તેથી અધર્મ પણ થાય. તમે આપણા વડીલ ભાઇ રાજા યુધિષ્ઠિરને અનુસરો; કેમકે હે ભરતશ્રેષ્ઠ! (રાજા યુધિષ્ઠિર હયાત છે ત્યાંસુધી) તમે કંઈ દેવાલેવાને યોગ્ય નથી."

અર્જુન એ પ્રમાણે કહેતો હતો, ત્યારે ધર્મરાજાએ પણ તેની પ્રશંસા કરી; પરંતુ ભીમસેન તો ઉલટો ક્રોધે ભરાઇને આવું વચન બોલ્યો:-"હે અર્જુન! ભીષ્મને, રાજા સોમદત્તને, ભૂરિશ્રવાને, રાજર્ષિ બાહ્‌લિકને, મહાત્મા દ્રોણાચાર્યને તથા બીજા સર્વ સંબંધીઓને આપણેજ શ્રાદ્ધદાન કરીશું અને કુંતા કર્ણને શ્રાદ્ધદાન કરશે; માટે હે પુરુષવ્યાઘ્ર! કૌરવરાજ ધૃતરાષ્ટ્રે શ્રાદ્ધદાન કરવાની કંઇ જરૂર નથી. [૨-૧૮] મારો તો આજ મત છે, કે જેથી આપણા શત્રુઓ આપણી નિંદા ન કરે; અને જે કુલદૂષકોએ આ સમગ્ર પૃથ્વીનો ઘાત કરાવ્યો છે, તે સર્વ દુર્યોધન વગેરે પણ ભલે મહાકષ્ટકારક નરકાદિ લોકમાં ગમન કરે. તું બાર વર્ષના તે વૈરને તથા દ્રૌપદીના શોકમાં વૃદ્ધિ કરનારા ગહન ગુપ્તવાસને કેમ ભૂલી જાય છે? જે સમયે કાળું મૃગચર્મ પહેરીને તથા સર્વ અલંકારોથી રહિત થઇને દ્રૌપદીની સાથે

તું ધૃતરાષ્ટ્રરાજા પાસે ગયો હતો, તે સમયે આપણા ઉપરનો તેનો સ્નેહ ક્યાં ગયો હતો ?[૧૯–૨૨] જે સમયે તેર વર્ષસુધી વનમાં રહીને તમે વનની આજીવિકાથી જીવતા હતા, તે સમયે દ્રોણાચાર્ય, ભીષ્મ તથા સોમદત્ત પણ ક્યાં ગયા હતા ?[૨૩] તે સમયે તો તારા વડીલ પિતા ધૃતરાષ્ટ્રે પિતારૂપે તારી સામે દૃષ્ટિસરખી પણ કરી ન હતી. હે પાર્થ ! શું તું એ ભૂલી ગયો છે કે, આ કુલદૂષક અને દુષ્ટબુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રે તે સમયે વિદુરને પૂછ્યું હતું કેઃ–'શું આપણે દ્યૂતમાં જીત્યા?"

ભીમસેન એ પ્રમાણે કહી રહ્યો હતો, ત્યારે બુદ્ધિમાન કુંતાપુત્ર યુધિષ્ઠિરે તેની તર્જના કરીને કહ્યુ કેઃ–'બસ થયું, હવે ચૂપ રહે.'[૨૪,૨૫]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
'ભીમની કઠોરતા' એ વિષયનો
અધ્યાય ૧૧મો સમાપ્ત

અધ્યાય ૧૨ મો

યુધિષ્ઠિર તથા અર્જુનની ઉદારતા

॥ अर्जुन उवाच ॥

भीम ज्येष्ठो गुरुर्मे त्वं नातोऽन्यद्वक्तुमुत्सहे ।
धृतराष्ट्रस्तु राजर्षिः सर्वथा मानमर्हति ॥१॥

અર્જુને કહ્યું:–"હે ભીમસેન ! તમે મારા વડીલ ભાઇ અને ગુરુ છો, તેથી બીજું વધારે કહેવાને હું ઉત્સાહ ધરાવતો નથી. (માત્ર એટલુંજ કહું છું કે,) ગમે તેમ પણ રાજર્ષિ ધૃતરાષ્ટ્ર સર્વથા માનપાત્ર છે.[૧] પુરુષોમાં ઉત્તમ ગણાતા સત્પુરુષો આર્ય મર્યાદાનો કદી ભંગ કરતા નથી; અને કોઇના અપરાધોને તથા પોતે કરેલા ઉપકારોને લક્ષ્યમાં રાખતા નથી." ૨

મહાત્મા અર્જુનનું એ વચન સાંભળીને ધર્માત્મા કુંતાપુત્ર યુધિષ્ઠિરે વિદુરને કહ્યું કેઃ–[૩] "હે વિદુર ! મારા વચન ઉપરથી તમે ધૃતરાષ્ટ્ર રાજાને કહો કે, "તમારે તમારા પુત્રોને જેટલું શ્રાદ્ધદાન કરવાની ઇચ્છા હોય તેટલું આપવાને હું તૈયાર છું; તેમજ ભીષ્મ આદિ સર્વ ઉપકારી સુહૃદોને પણ જે શ્રાદ્ધપ્રદાન કરવાનું હોય તેને તમે ખુશીથી મારા ખજાનામાંથી કરો, જેથી ભીમસેનનું મન પણ અત્યંત ઉદાસ નહિ થાય."

વૈશંપાયને કહ્યું:–વિદુરને આ પ્રમાણે કહીને ધર્મરાજાએ અર્જુનની પ્રશંસા કરી; પણ ભીમસેન તો અર્જુન સામે કટાક્ષથી જોઇ રહ્યો.[૬] તે પછી બુદ્ધિમાન યુધિષ્ઠિરે ફરી પણ વિદુરને કહ્યું કેઃ–"તે રાજાએ ભીમસેન ઉપર ક્રોધ કરવો યોગ્ય નથી; કેમકે બુદ્ધિમાન ભીમસેન અરણ્યમાં ટાઢ, તાપ અને વરસાદથી અત્યંત દુઃખી થયો છે, એ વાત તમે પણ જાણોજ છો;[૭,૮] માટે હે ભરતશ્રેષ્ઠ ! મારા વચનથી તમે રાજાને કહેજો કેઃ–" તમારે જેટલા દ્રવ્યની ઇચ્છા હોય તેટલું દ્રવ્ય મારા ભવનમાંથી લઇ લેવું. અત્યંત દુઃખી થયેલો આ ભીમસેન જે અદેખાઇ કરે છે, તેને તમારે મનમાં લાવવી નહિ' આમ તમારે રાજાને કહેવું.[૯,૧૦] વળી પણ તેમને કહેવું કેઃ–"મારા ભવનમાં તથા અર્જુનના ભવનમાં જે કંઇ ધન છે, તેના સ્વામી મહારાજા ધૃતરાષ્ટ્ર છે." તે રાજા ભલે પોતાની ઇચ્છામાં આવે તેટલું બ્રાહ્મણોને દાન આપે, ભલે પોતાની ઇચ્છાનુસાર ખર્ચ કરે અને પુત્રોના તથા સુહૃદોના ઋણમાંથી ભલે આજેજ મુક્ત થાય. (તમારે તેમને કહેવું કેઃ–) 'હે રાજા ! મારૂં આ શરીર તથા ધન તમારેજ આધીન છે, એમ તમારે જાણવું, તેમાં લેશમાત્ર સંશય નથી."

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"યુધિષ્ઠિરનું અનુમોદન" એ વિષયનો
અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો

વિદુરવાક્ય

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तस्तु राज्ञा स विदुरो बुद्धिसत्तमः ।
धृतराष्ट्रमुपेत्यैवं वाक्यमाह महार्थवत् ॥१॥

વૈશંપાયને કહ્યું:–રાજાએ આ રીતે કહ્યું એટલે મહાબુદ્ધિમાન વિદુર ધૃતરાષ્ટ્રપાસે જઇને આવું મહાન અર્થવાળું વાક્ય બોલ્યાઃ–[૧] "મેં રાજા યુધિષ્ઠિરને આરંભમાંજ તમારાં વચન કહી સંભળાવ્યાં. મહાતેજસ્વી તે યુધિષ્ઠિરે તમારાં વાક્ય

સાંભળીને પ્રશંસા કરી છે.[૨] મહાતેજસ્વી અર્જુન પણ તમને જણાવે છે કે, મારૂં ભવન, ભવનમાં રહેલું ધન અને પ્રાણ પણ તમારાંજ છે.[૩] હે રાજર્ષિ ! તમારા પુત્ર ધર્મરાજા રાજ્ય, પ્રાણ, ધન તથા બીજું જે કંઇ જોઈતું હોય તેની તમને અનુમતિ આપે છે.[૪] માત્ર મહાબાહુ ભીમસેને અનેક પ્રકારનાં સર્વ દુઃખોને સંભારીને નિઃશ્વાસ નાખતાં નાખતાં મહાકષ્ટથી અનુમતિ આપી છે.[૫] હે રાજન્ ! ધર્મશીલ રાજા યુધિષ્ઠિરે તથા અર્જુને મહાબાહુ તે ભીમસેનને પણ સમજાવ્યો છે અને સુહૃદ્‌ભાવમાં સ્થિરકર્યોછે.ધર્મરાજાએ તમનેકહેવડાવ્યું છેકેઃ- “ભીમસેને જૂના વૈરને સંભારીને જે અન્યાયના જેવું આચરણ કરેલું છે,તેને માટે તમારે ક્રોધ કરવો નહિ.[૭] હે રાજા ! ક્ષત્રિયોનો ધર્મ લગભગ એવોજ હોય છે અને આ ભીમસેન યુદ્ધમાં તથા ક્ષત્રિયધર્મમાં આસક્ત રહેનારો છે.[૮] હું તથા અર્જુન ભીમસેનને માટે વારંવાર તમારી પ્રાર્થના કરીએ છીએ કે,હે રાજા ! તમે અમારી પાસે જે કંઇ છે તેના સ્વામી છો,તમે પ્રસન્ન થાઓ.[૯] હે રાજા ! તમારી જેટલી ઇચ્છા હોય તેટલા ધનનું તમે દાન કરો, કેમકે હે ભારત ! તમે અમારા રાજ્યના તથા પ્રાણના પણ ઈશ્વર છો.”પુત્રોનાપ્રેતકાર્યનિમિત્તે બ્રાહ્મણોને આપવાના શ્રેષ્ઠ અગ્રહારો(ગરાસો), રત્નો, ગાયો, દાસો, દાસીઓ,ઘેટાં તથા બકરાં–વગેરે જે કંઇ જોઈતું હોય તેને અમારે ત્યાંથી મંગાવી લઈને કુરુશ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર બ્રાહ્મણોને,ગરીબોને, આંધળાંઓને તથા કૃપણોને ભલે આપે. વળી હે વિદુર ! ધૃતરાષ્ટ્ર રાજાની આજ્ઞા પ્રમાણે પુષ્કળ ખાન–પાનવાળી સભાઓ (ગૃહો) તમે તૈયાર કરાવો, ગાયોને પાણી પીવા માટે હવાડા બંધાવો અને બીજું પણ અનેક પ્રકારનું પુણ્યકર્મ કરો.” રાજા યુધિષ્ઠિરે તથા અર્જુને મને એ પ્રમાણે કહ્યું છે તો હવે તમારે જે કંઈ કરવાનું હોય તે કરો.”

વિદુરે આમ કહ્યું એટલે ધૃતરાષ્ટ્રે તેમને અભિનંદન આપીને ,કાર્તિકમાસની પૂર્ણિમાએ મોટું દાન આપવાનો મનમાં સંકલ્પ કર્યો.

અધ્યાય ૧૪ મો

ધૃતરાષ્ટ્રનો દાનયજ્ઞ

॥ वैशंपायन उवाच ॥

विदुरेणैवमुक्तस्तु धृतराष्ट्रो जनाधिपः ।
प्रीतिमानभवद्राजन् राज्ञो जिष्णोश्च कर्मणि ॥

વૈશંપાયને કહ્યુંઃ–હે રાજન્ ! વિદુરે એ પ્રમાણે કહ્યું એટલે રાજા ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરના તથા અર્જુનના કર્મથી પ્રસન્ન થયા.[૧] તે પછી ભીષ્મ તથા પોતાના પુત્રને ઉદ્દેશીને હજારો શ્રેષ્ઠ ઋષિઓ તથા સુહૃદોને સારી રીતે નોતરીને મહારાજા ધૃતરાષ્ટ્રે ખાન,પાન, વાહનો તથા બીછાનાં તૈયાર કરાવ્યાં; અને તેઓ સર્વને સુવર્ણ, મણિઓ, રત્નો, દાસીઓ, દાસો, બકરાં, ઘેટાં, કામળા, રત્નો, ગામો, ખેતરો, ધન, શણગારેલા હાથીઓ, ઘોડાઓ, કન્યાઓ અને શ્રેષ્ઠ સ્ત્રીઓ આપી. એ રીતે દ્રોણાચાર્ય, ભીષ્મ, સોમદત્ત, બાહ્લિક, રાજા દુર્યોધન, જૂદા જૂદા સર્વ પુત્રો અને જયદ્રથ આદિ સર્વ સુહૃદોનાં નામ લઇ લઇને તેઓને ઉદ્દેશી તે શ્રાદ્ધયજ્ઞ ચાલી રહ્યા હતો.યજ્ઞમાં યુધિષ્ઠિરની સંમતિથી પુષ્કળ ધનદક્ષિણાઓ અપાતી હતી તથા અનેક ધનના અને રત્નોના સમુદાયો અપાઇ રહ્યા હતા.[૨–૭] વળી તે યજ્ઞમાં ગણિતશાસ્ત્રીઓ તથા હિસાબ લખનારાઓ યુધિષ્ઠિરના કહેવાથી ધૃતરાષ્ટ્રરાજાને પૂછતા હતા કેઃ–“તમે આજ્ઞા કરો. આ લોકોને શું આપવાનું છે ?” આમ પૂછીને ત્યાં હાજરજ રાખવામાં આવેલી વસ્તુને ધૃતરાષ્ટ્રના વચનની અંતેજ આપી દેતા હતા; એટલુંજ નહિ પણ બુદ્ધિમાન કુંતીપુત્ર યુધિષ્ઠિરરાજાના વચનથી જ્યાં સોનું દાન કરવાનું હતું ત્યાં હજારનું દાન કરવામાં આવતું હતું; અને જ્યાં હજારનું દાન કરવાનું હતું ત્યાં દશ હજારનું દાન કરવામાં આવતું હતું.[૧૦] એ પ્રમાણે વૃષ્ટિ કરનારો મેઘ જેમ પૃથ્વીને તૃપ્ત કરે, તેમ ધનની ધારાઓથી વર્ષી રહેલો તે રાજારૂપી મેઘ બ્રાહ્મણોને તૃપ્ત કરી રહ્યો હતો.[૧૧] હે મહાબુદ્ધિમાન જનમેજય ! તે રાજાએ ખાનપાનના રસરૂપ પૂરથી સર્વ વર્ણોને એ-

કદમ તરબોળ કરી દીધા હતા.[૧૨] તે દાનયજ્ઞરૂપી ઉદ્ધત મહાસાગર, કે જેમાં વસ્ત્રો તથા ધનસહિત રત્નોના સમુદાયરૂપ પાણીનું પૂર હતું, મૃદંગોના ધ્વનિરૂપ ગર્જના હતી, ગાયો તથા ઘોડાઓરૂપી મગરમચ્છો તથા ઘુમરીઓ હતી, જાત જાતનાં રત્નોની મોટી ખાણો હતી, ગામો તથા ઉત્તમ અગ્રહારોરૂપી બેટ હતા, મણિઓ તથા સુવર્ણરૂપ જળની જેમાં છોળો ઉછળતી હતી અને ધૃતરાષ્ટ્રરૂપ જેમાં વહાણ હતું તેણે આખા જગતને તરબોળ કરી દીધું.[૧૪] હે મહારાજા ! એ રીતે ધૃતરાષ્ટ્રે પુત્રો, પૌત્રો, પોતે તથા ગાંધારી–એ સર્વને ઉદ્દેશીને શ્રાદ્ધપ્રદાન કર્યાં.[૧૫] જ્યારે તે રાજા અનેક પ્રકારનાં દાન આપતા આપતા થાકી ગયા, ત્યારે તેમણે એ દાનયજ્ઞની:સમાપ્તિ કરી.[૧૬] આ પ્રમાણે હે કુરુવંશી રાજા! તે રાજાએ નટો તથા નર્તકોના નૃત્યથી યુક્ત અને પુષ્કળ અન્ન,રસો તથા દક્ષિણાવાળો તે દાનરૂપી મહાયજ્ઞ કર્યો હતો. હે ભરતશ્રેષ્ઠ! અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્ર આપ્રમાણે દશ દિવસસુધી દાનો આપીને પોતાના પુત્રો તથા પૌત્રોના ઋણમાંથી મુક્ત થયા હતા.[૧૭,૧૮]

ઈતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ
પર્વમાં “ દાનયજ્ઞ ” એ વિષયનો
અધ્યાય ૧૪ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૫ મો

ધૃતરાષ્ટ્રનું વનપ્રયાણ

॥ वैशंपायन उवाच ॥

ततः प्रभाते राजा स धृतराष्ट्रोऽम्बिकासुतः ।
आहूय पांडवान् वीरान् वनवासे कृत क्षणः॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી પ્રભાતમાં અંબિકાના પુત્ર રાજા ધૃતરાષ્ટ્રે વનવાસ જવાના સમયનો નિશ્ચય કરીને વીર પાંડવોને બોલાવ્યા અને ગાંધારીસહિત તે બુદ્ધિમાન રાજાએ યથાવિધિ તેઓને અભિનંદન આપ્યું. પછી કાર્તિક માસની તે પૂર્ણિમાને દિવસે વેદપારંગત બ્રાહ્મણોદ્વારા ઇષ્ટિ કરાવીને, અગ્નિહોત્રને આગળ કરી, વલ્કલ તથા મૃગચર્મને ધારણ કરનારા રાજા ધૃતરાષ્ટ્ર પુત્રવધૂઓથી વિંટાઇને ઘરની બહાર નીકળ્યા.[૧–૩] વિચિત્રવીર્યના પુત્ર રાજા ધૃતરાષ્ટ્રે જ્યારે પ્રયાણ કર્યું, ત્યારે કૌરવપાંડવોની સ્ત્રીઓનો તથા બીજી કૌરવરાજવંશી સ્ત્રીઓનો મોટો કોલાહલ થઇ રહ્યો.[૪] પછી રાજા ધૃતરાષ્ટ્ર ડાંગરથી અને જાતજાતનાં પુષ્પોથી પોતાના ભવનની પૂજા કરીને તેમજ ધનાદિથી સેવકવર્ગને પ્રસન્ન કરીને સર્વનો ત્યાગ કરી ત્યાંથી ચાલતા થયા. આ સમયે હે તાત! રાજા યુધિષ્ઠિર બે હાથ જોડી ધ્રૂજવા લાગ્યા, તેમના કંઠમાં અશ્રુઓ ભરાઇ આવ્યાં અને “ હે સત્પુરુષ! તમે ક્યાં જશો ? ” આવો મોટેથી સાદ કરી પૃથ્વીપર પછડાઇ પડયા;[૫,૬] તેમજ ભરતશ્રેષ્ઠ અર્જુન પણ તીવ્ર દુઃખથી દુઃખી થઈને વારંવાર નિઃશ્વાસ નાખવા લાગ્યો અને “ આમ કરો મા, આમ કરો મા ” એમ યુધિષ્ઠિરને કહીને દીનની પેઠે દુઃખી થતો તેમને પકડી રહ્યો.[૭] તે વેળા ભીમસેન, અર્જુન, વીર નકુલ તથા સહદેવ, વિદુર, સંજય, યુયુત્સુ, કૃપાચાર્ય, ધૌમ્ય અને બીજા કેટલાએક બ્રાહ્મણો અશ્રુભર્યા કંઠે ધૃતરાષ્ટ્રની પાછળ પાછળ જવા લાગ્યા.[૮] કુંતા, પોતાની પાછળ ચાલતાં અને જેનાં નેત્રો ઉપર પાટા બાંધેલા હતા તે ગાંધારીને તથા પોતાની ખાંધ ઉપર રહેલા તેના હાથને વહન કરતાં જતાં હતાં; અને રાજા ધૃતરાષ્ટ્ર ગાંધારીની ખાંધ ઉપર પોતાનો હાથ મૂકીને પ્રસન્નતાથી જતા હતા.[૯] વળી દ્રૌપદી, સુભદ્રા, બાળસંતાનવાળી ઉત્તરા, ઉલૂપી, ચિત્રાંગદા અને બીજી જે કોઈ સ્ત્રીઓ હતી તેઓ પણ વહુઓને સાથે લઈ ધૃતરાષ્ટ્રની સાથે ચાલવા લાગી.[૧૦] હે રાજન્ ! તે સમયે દુઃખને લીધે ઉચ્ચસ્વરે રુદન કરતી તે સ્ત્રીઓનો કરુણ રવ ટીટોડીઓના આક્રંદ જેવોજ થઇ રહ્યો હતો. તે પછી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શૂદ્રોની સ્ત્રીઓ પણ ચોતરફથી નીકળી પડી.[૧૧] હે રાજન્ ! પૂર્વે દ્યૂતના પ્રસંગને લીધે કૌરવોની સભામાંથી પાંડવોએ જ્યારે પ્રયાણ કર્યું હતું અને તે સમયે હસ્તિનાપુરનાં મનુષ્યો જેવાં દુઃખી થયાં હતાં, તે-

વાંજ ધૃતરાષ્ટ્રના નીકળવાના સમયે પણ હસ્તિનાપુરનાં મનુષ્યો દુઃખી થયાં હતાં. કૌરવોના ઇંદ્ર તે ધૃતરાષ્ટ્ર મહારાજા જ્યારે મહાવનમાં ચાલી નીકળ્યા, ત્યારે જે સ્ત્રીઓએ સૂર્યને તથા ચંદ્રને કદી જોયા ન હતા તે સ્ત્રીઓ પણ શોકથી વિહ્વળ થઈને રાજમાર્ગમાં આવી પહોંચી.[13]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસપર્વમાં
'ધૃતરાષ્ટ્રનું નીકળવું' એ વિષયનો
અધ્યાય ૧૫ મો સમાપ્ત

અધ્યાય ૧૬ મો

કુંતા પણ વન જવા નીકળ્યાં.

॥ वैशंपायन उवाच ॥

ततः प्रासादहर्म्येषु वसुधायां च पार्थिव ।
नारीणां च नराणां च निःस्वनः सुमहानभूत् ॥

વૈશંપાયને કહ્યું:– તે પછી હે રાજા! મહેલોમાં, હવેલીઓમાં તથા પૃથ્વી ઉપર સ્ત્રીપુરુષોનો અતિમહાન કોલાહલ થઈ રહ્યો. બુદ્ધિમાન રાજા ધૃતરાષ્ટ્ર સ્ત્રીપુરુષોથી ઉભરાઈ રહેલા રાજમાર્ગમાં થઈને ધ્રૂજતા ધ્રૂજતા બે હાથ જોડી માંડમાંડ નીકળી શકયા.[2] તે રાજાએ "વર્દ્ધમાન" નામના દરવાજેથી હસ્તિનાપુરમાંથી બહાર નીકળી મનુષ્યોના સમુદાયને વારંવાર રજા આપવા માંડી.[3] વિદુર તથા ગાવલ્ગણનો પુત્ર સૂતજાતિનો મહામંત્રી સંજય, રાજા ધૃતરાષ્ટ્રની સાથે વનમાં જવામાટે તૈયાર થયા.[4] રાજા ધૃતરાષ્ટ્રે કૃપાચાર્ય તથા મહારથી યુયુત્સુને યુધિષ્ઠિરરાજાને સોંપીને પાછા વાળ્યા.[5] પછી સર્વ નગરવાસીઓ જ્યારે પાછા ફર્યા, ત્યારે રાજા યુધિષ્ઠિરે પણ ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઈને પાછા ફરવાની ઇચ્છા કરી.[6] તેમણે વનમાં જતાં માતા કુંતાને કહ્યું કે:–"હું વનમાં જતા રાજાની પાછળ જઇશ, તું અહીંથી પાછી ફર.[7] હે રાણી! વહુઓથી વિંટાઇને તું નગર તરફ જવાને યોગ્ય છે. આ ધર્માત્મા રાજાએ તો તપશ્ચર્યાને માટે નિશ્ચય કર્યો છે."[8]

ધર્મરાજાએ એમ કહ્યું તોપણ અશ્રુઓથી વ્યાપ્ત નેત્રવાળાં કુંતાએ ગાંધારીને પકડીને જવાજ માંડયું (અને તેમણે આ પ્રમાણે કહ્યું).[9]

કુંતાએ કહ્યું:– "હે મહારાજા! આ સહદેવ ઉપર તારે કદી પણ અકૃપા કરવી નહિ, કેમકે હે રાજન્! આ સહદેવ મારા ઉપર તથા તારા ઉપર સર્વદા પ્રીતિ રાખનારો છે.[10] તું સંગ્રામોમાં કદી પલાયન નહિ કરનારા કર્ણનું હમેશાં સ્મરણ કરજે. તે વીર દુષ્ટબુદ્ધિને લીધેજ તે વેળા રણમાં માર્યો ગયો છે.[11] હે પુત્ર! મારૂં મંદભાગિનીનું હૃદય ખરેખર લોખંડનુંજ છે, કેમકે સૂર્યપુત્ર કર્ણને હું જોતી નથી છતાં તેના સેંકડો ટુકડા થઈ જતા નથી.[12] હે શત્રુદમન! તે ચાલ્યો ગયો છે, જેથી હવે મારાથી શું થઇ શકે તેમ છે? આમાં મારોજ અત્યંત દોષ છે કે મેં કર્ણને (મારા પુત્રતરીકે) પ્રસિદ્ધ કર્યો નહિ.[13] હે શત્રુદમન મહાબાહુ! તે સૂર્યપુત્રને ઉદ્દેશીને તું તારા ભાઈઓની સાથે નિત્ય ઉત્તમ દાન આપજે.[14] હે શત્રુકર્ષણ! તારે નિત્ય દ્રૌપદીનું પ્રિય કરવામાં સ્થિર રહેવું; તેમજ હે કુરુવંશી રાજા! ભીમસેન, અર્જુન તથા નકુલનું તારે સમાધાન કરવું; કેમકે હવે આ કુળની ધુંસરી તારા ઉપર રહેલી છે. હું તો હવે મળરૂપ કાદવથી ખરડાયેલી તાપસી બનીને સાસુસસરાના* ચરણની સેવા કરીશ અને ગાંધારીની સાથે વનમાંજ રહીશ."[15,16]

વૈશંપાયને કહ્યું:–કુંતીએ આમ કહ્યું એટલે ઇંદ્રિયોને વશ રાખનારા બુદ્ધિમાન ધર્માત્મા યુધિષ્ઠિર પોતાના ભાઈઓની સાથે ખેદ પામ્યા અને કંઇપણ બોલી શકયા નહિ.[17] પછી એક મુહૂર્તભર વિચાર કરીને ધર્મરાજા યુધિષ્ઠિર દીનની પેઠે ચિંતા અને શોકપરાયણ થઇ માતાને કહેવા લાગ્યા:–[18]"ઓ માતા! તેં આ શો વિચાર કર્યો છે? તારે આમ કહેવું તે યોગ્ય નથી. હું તને વનમાં જવાની સંમતિ આપતો નથી. તારે મારાપર કૃપા કરવી યોગ્ય

---

* ધૃતરાષ્ટ્ર અને ગાંધારી કુંતાનાં ખરી રીતે જેઠજેઠાણી થાય; અને જેઠજેઠાણી સાસુસસરાની બરાબર છે, એટલે અમે પણ આ ઠેકાણે તેમજ રાખેલ છે.

છે.૧૯ હે પ્રિયદર્શના ! પૂર્વે નગરની બહાર નીકળી જવા અમે જ્યારે તૈયાર થયા હતા, ત્યારે વિદુલાનાં વાક્યોથી અમને ઉત્સાહ આપીને હવે આ રીતે અમારો ત્યાગ કરવાને તું યોગ્ય નથી. પુરુષોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણપાસેથી તારા બુદ્ધિબળને સાંભળીને રાજાઓનો સંહાર કરી મેં આ રાજ્ય પ્રાપ્ત કર્યું છે.૨૧ તે તારી બુદ્ધિ આજે ક્યાં ગઇ છે, કે જેથી આજે તારી પાસેથી મેં આવું સાંભળ્યું ? અમને ક્ષાત્રધર્મમાં સ્થિર રહેવાને કહીને તું એ મર્યાદાથી ભ્રષ્ટ થવા ઇચ્છે છે, એ શું ? ૨૨ હે યશસ્વિનિ ! અમારો તથા રાજ્યનો ત્યાગ કરીને વહુઓથી રહિત થયેલી તું દુર્ગમ વનપ્રદેશોમાં હવે કેમ રહી શકીશ ? તું મારાપર પ્રસન્ન થા.”૨૩

અશ્રુઓથી ગળગળી પોતાના પુત્રની તે વાણી સાંભળ્યા છતાં અશ્રુપૂર્ણ નેત્રવાળાં કુંતા જવાજ લાગ્યાં, એટલે ભીમસેન તેમને કહેવા લાગ્યો:-૨૪ “ હે કુંતા ! પુત્રોએ જીતેલું રાજ્ય જ્યારે ભોગવવાનો સમય આવ્યો અને રાજધર્મો હજી પ્રાપ્ત કરવાના છે,તે સમયે આવી બુદ્ધિ તને ક્યાંથી સૂઝી ? ૨૫ (જો તારે આમજ કરવું હતું તો) પ્રથમથી અમારાદ્વારા પૃથ્વીનો ક્ષય તેં શામાટે કરાવ્યો ? કયા કારણથી તું અમારો ત્યાગ કરીને વનમાં જવા ઇચ્છે છે? અમે જ્યારે બાળક હતા, ત્યારે તેં અમને વનમાંથી અહીં શામાટે આણ્યા હતા ? તેમજ દુઃખ તથા શોકથી ઘેરાયેલા માદ્રીના આ બન્ને પુત્રોને તું અહીં શામાટે લાવી હતી ? ૨૭ હે માતા! તું અમારાપર પ્રસન્ન થા. હે યશસ્વિનિ ! તું હમણાં વનમાં ન જા. હે માતા ! બળથી સંપાદન કરેલી યુધિષ્ઠિરની આ લક્ષ્મીનો તું પ્રથમ ઉપભોગ કરી લે. ”૨૮

એ પ્રમાણે ભીમસેને કહ્યું પણ કલ્યાણી કુંતાએ વનમાં રહેવાનોજ નક્કીપણે નિશ્ચય કર્યો હતો, જેથી અનેક પ્રકારનો વિલાપ કરી રહેલા પોતાના પુત્રોનાં વચનોને તેમણેમાન્યાં નહિ.૨૯ તે સમયે ખિન્ન થયેલા મુખવાળી દ્રૌપદી, વનવાસમાટેજતી અને રુદન કરતી પોતાની સાસુની પાછળ સુભદ્રાની સાથે જતી હતી;૩૦ અને બીજી તરફથી મહાબુદ્ધિમતી કુંતા પણ વનમાં જવાનો નિશ્ચય કરીને રુદન કરી રહેલા પોતાના સર્વ પુત્રોને વારંવાર જોતી જોતી જતી હતી.૩૧ આ વખતે સર્વ પાંડવો પોતાના સેવકો તથા અંતઃપુરની સાથે તે કુંતાની પાછળ પાછળ જવા લાગ્યા, ત્યારે કુંતાએ અશ્રુઓ લૂછી નાખીને પુત્રોને આવું વચન કહ્યું.૩૨

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
“ કુંતીનું વનગમન ” એ વિષયનો અધ્યાય ૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૭ મો

કુંતાનાં વાક્યો

॥ कुंत्युवाच ॥

एवमेतन्महाबाहो यथा वदसि पांडव ।
कृतमुद्धर्षणं पूर्वं मया वः सीदतां नृपाः ॥१॥

કુંતાએ કહ્યું:-“ હે મહાબાહુ પાંડુપુત્ર ! તું કહે છે, તે તેમજ છે. હે રાજાઓ ! તમે પ્રથમ દુઃખી થતા હતા, તે માટેજ મેં તમને ઉત્સાહિત કર્યા હતા.૧ તમારૂં રાજ્ય દ્યૂતથી હરાઇ ગયું હતું, તમે સુખથી ભ્રષ્ટ થયા હતા અને સંબંધીઓએ તમારો તિરસ્કાર કર્યો હતો, તેથીજ મેં તમને ઉત્સાહિત કર્યા હતા.૨ હે મહાપુરુષો ! પાંડુની સંતતિ કેમ નાશ ન પામે અને તમારો યશ કેમ નાશ ન પામે, આવો વિચાર કરીનેજ મેં તમને ઉત્સાહિત કર્યા હતા.૩ તમે બધા ઇંદ્રની સમાનતાવાળા તથા દેવતુલ્ય પરાક્રમવાળા હોવા છતાં બીજાઓનાં મુખ સામે જોનારા ન થાઓ, આવા આશયથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો.૪ ધાર્મિકોમાં શ્રેષ્ઠ અને ઇંદ્રની સમાન તું રાજા, વનમાં પુનઃ કેવી રીતે દુઃખી ન થાય આવા વિચારથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો.૫ દશહજાર હાથીસમાન બળવાળો અને પ્રસિદ્ધ થયેલા પરાક્રમ તથા પુરુષાર્થવાળો આ ભીમસેન વિનાશ ન પામે, આવા હેતુથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો. ભીમસેનનો નાનો ભાઇ આ ઇંદ્રતુલ્ય અર્જુન

કેવી રીતે દુઃખી ન થાય, આવા હેતુથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો.[૭] વડીલોને અનુસરનારા આ બન્ને નકુલ તથા સહદેવને ક્ષુધા કેવી રીતે દુઃખી ન કરે, આવા અભિપ્રાયથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો.[૮] અત્યંત વિશાળ નેત્રવાળી અને મહાશ્રેષ્ઠ આ તરુણ દ્રૌપદી સભામાં વ્યર્થ કલેશ ન પામે, આવા આશયથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો.[૯] ઓ ભીમસેન! તમારા દેખતાંજ કેળની પેઠે કાંપી રહેલી, રજસ્વલા થયેલી તથા દ્યૂતમાં હારી જવાયેલી આ નિર્દોષ અંગવાળી દ્રૌપદીને દુઃશાસને મૂર્ખતાથી દાસીની પેઠે જ્યારે ખેંચી, ત્યારેજ મેં જાણી લીધું હતું કે, આ કુળનો હવે વિનાશ થવા બેઠો છે.તે સમયે મારા સસરા આદિ કૌરવો ખેદ પામ્યા હતા અને આ દ્રૌપદી કેવળ એક દૈવનેજ પોતાના નાથ(રક્ષક)તરીકે ઇચ્છીને ટીટોડીની પેઠે વિલાપ કરી રહી હતી. હે રાજાઓ! જ્યારે હણાયેલી બુદ્ધિવાળા પાપી દુઃશાસને આ દ્રૌપદીનો ચોટલો પકડયો હતો, ત્યારે તો હું બેભાનજ થઈ ગઈ હતી.[૧૩] પછી હે પુત્રો! તમારા તેજમાં વૃદ્ધિ કરવામાટે વિદુલાનાં વાકયોથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો, એમ તમારે જાણવું.[૧૪] હે પુત્રો! પાંડુનો આ રાજવંશ મારા પુત્રોસુધી આવીનેજ કેમ નાશ ન પામે, આવા વિચારથી મેં તમને ઉત્સાહ આપ્યો હતો.[૧૫] હે રાજા! જેનાથી વંશનો નાશ થાય છે તે.નષ્ટ થયેલા વંશવાળા પુરુષના પુત્રો તથા પૌત્રો પુણ્યલોકને કદી પામતા નથી.[૧૬] હે પુત્રો! મેં પૂર્વે મારા સ્વામીનું પુષ્કળ રાજ્યફળ ભોગવ્યું છે, મોટાં મોટાં દાનો આપ્યાં છે અને વિધિ પ્રમાણે સોમરસ પણ પીધો છે.[૧૭] મેં મને પોતાને ફળપ્રાપ્તિ થાય તે માટે શ્રીકૃષ્ણને પ્રેરણા કરી ન હતી; પણ વિદુલાનાં તે તે વાકયોથી તમારૂં રક્ષણ કરવા માટેજ મેં તે પ્રમાણે કર્યું હતું.[૧૮] હે પુત્રો! પુત્રોએ જીતેલા રાજ્યફળની મને કામના નથી; પણ હે રાજા! તપશ્ચર્યાથી મારા પતિના પવિત્ર લોકનીજ મને કામના છે.[૧૯] હે યુધિષ્ઠિર! વનમાં નિવાસ કરનારાં આ મારાં સાસુસસરાની સેવા કરીને તપશ્ચર્યાદ્વારા હું મારા શરીરને સૂકવી નાખીશ;[૨૦] માટે હે કુરુશ્રેષ્ઠ! ભીમસેન આદિની સાથે તું અહીંથી પાછો ફર. "धर्मे ते धीयतां बुद्धिर्मनस्तु महदस्तु च–તારી બુદ્ધિ ધર્મમાં રહો અને તારૂં મન મોટું થાઓ."[૨૧]

ઇતિશ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
" કુંતીનાં વચનો " એ વિષયનો
અધ્યાય ૧૭ મો સમાપ્ત

અધ્યાય ૧૮ મો

પાંડવોનું પાછા ફરવું અને ધૃતરાષ્ટ્ર વગેરેનું વનગમન

॥ वैशंपायन उवाच ॥

कुंत्यास्तु वचनं श्रुत्वा पांडवा राजसत्तम ।
व्रीडिताः संन्यवर्तंत पांचाल्या सहितानघाः ॥

વૈશંપાયને કહ્યું:-હે રાજાઓમાં શ્રેષ્ઠ જનમેજય! કુંતાનું તે વચન સાંભળીને શરમાઇ ગયેલા નિર્દોષ પાંડવો દ્રૌપદીની સાથે પાછા ફર્યા.[૧] તે પછી કુંતાને એ પ્રમાણે ગયેલી જોઇ રુદન કરતાં સર્વ અંતઃપુરોનો તે સમયે મહાકરુણ રવ થઇ રહ્યો.[૨] પાંડવો રાજા ધૃતરાષ્ટ્રને પ્રદક્ષિણા કરીને તથા વંદન કરીને કુંતાને પાછી વાળ્યા વિનાજ પાછા ફર્યા.[૩] પછી મહાતેજસ્વી અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્રે ગાંધારી તથા વિદુરને સમીપમાં બોલાવીને તેઓને કહ્યું કેઃ–[૪] " યુધિષ્ઠિર જે કહે છે તે સત્ય છે. યુધિષ્ઠિરની માતા દેવી કુંતીને સમજાવીને તમે પાછી વાળો.[૫] મહાન ઐશ્વર્યવાળા પુત્રોના આ મહાફળનો તથા પુત્રોનો ત્યાગ કરીને કયી સ્ત્રી મૂઢની પેઠે દુર્ગમ વનમાં જાય?[૬] વળી તમે મારૂં આ વચન સાંભળો. આ કુંતી રાજ્યમાં રહીને પણ તપ તથા મોટાં દાનવ્રત કરી શકશેજ.[૭] હે ગાંધારિ! આ કુંતી–વહુની સેવાથી હું પ્રસન્ન થયો છું, માટે હે ધર્મજ્ઞા! તું એને અનુજ્ઞા આપવાને યોગ્ય છે."[૮]

રાજા ધૃતરાષ્ટ્રે એમ કહ્યું, એટલે ગાંધારીએ રાજાનાં તે સર્વ વચનો તથા કેટલીક વિશેષતાવાળાં પોતાનાં વચનો કુંતાને કહ્યાં;[૯] પરંતુ

દેવી ગાંધારી વનવાસને માટે નિશ્ચયવાળી ધર્મપરાયણા સતી કુંતાને પાછી વાળવાને સમર્થ થઇ નહિ.[૧૦] કુંતાની એ સ્થિતિ તથા નિશ્ચય જાણીને તેમજ કુરુશ્રેષ્ઠ પાંડવોને પાછા ફરેલા જોઇને સર્વ કુરુસ્ત્રીઓ તે સમયે અત્યંત રુદન કરવા લાગી.પછી પાંડવો તથા સર્વ વહુઓ ત્યાંથી પાછાં ફર્યાં, એટલે મહાબુદ્ધિમાન રાજા ધૃતરાષ્ટ્ર વન તરફ ચાલી નીકળ્યા.[૧૧,૧૨] બીજીતરફ સર્વ પાંડવો પણ અત્યંત દીન તથા દુઃખ અને શોકપરાયણ થઈને પોતપોતાનાં વાહનો તથા સ્ત્રીઓની સાથે નગરમાં દાખલ થયા.[૧૩] તે વેળા સ્ત્રીઓ, વૃદ્ધો તથા બાળકોસહિત આખું હસ્તિનાપુર હર્ષ તથા આનંદથી રહિત થઇ ઉત્સવવિનાનું હોય તેવું બની ગયું હતું.[૧૪] કુંતાથી રહિત થયેલા સર્વ પાંડવો પણ ગાયરહિત થયેલા વાછરડાઓની પેઠે ઉત્સાહવિનાના, શોકગ્રસ્ત તથા અત્યંત દુઃખવિહ્વળ થઈ ગયા.[૧૫] ધૃતરાષ્ટ્રરાજાએ તો તેજ દિવસે ઘણે દૂર નીકળી જઇને ગંગાના કાંઠા ઉપર નિવાસ કર્યો.[૧૬] આ સ્થળે વેદપારંગત શ્રેષ્ઠ બ્રાહ્મણોએ યથાયોગ્યરીતે પ્રકટ કરેલા અગ્નિઓ પ્રકાશી રહ્યા હતા.[૧૭] હે ભારત ! વૃદ્ધરાજા ધૃતરાષ્ટ્રે પણ તે સ્થળે અગ્નિ પ્રકટ કર્યો અને તે અગ્નિનું પૂજન કરીને તથા વિધિ પ્રમાણે તેમાં હોમ કરીને સાયંકાળના સમયે સૂર્યોપસ્થાન કર્યું. તેપછી વિદુરે તથા સંજયે દર્ભ પાથરીને કુરુવીર ધૃતરાષ્ટ્રરાજાની શય્યા તૈયાર કરી અને તેની સમીપમાંજ ગાંધારીની શય્યા પણ કરી. ઉત્તમ વ્રતમાં સ્થિર રહેનારી યુધિષ્ઠિરનાં માતા કુંતા ગાંધારીની સમીપમાં દર્ભાસન ઉપર સુખેથી બેઠી; તેમજ વિદુર વગેરે પણ જે યાજ્ઞિક બ્રાહ્મણો તથા જે ધૃતરાષ્ટ્રના અનુયાયી બ્રાહ્મણો ત્યાં હતા, તેઓની કથા વગેરે સાંભળવામાટે યથાયોગ્ય પ્રદેશ ઉપર બેઠા. તેઓની એ રાત્રિમાં શ્રેષ્ઠ બ્રાહ્મણોનું વેદાધ્યયન ચાલી રહ્યું હતું તથા અગ્નિઓ પ્રજ્વળી રહ્યા હતા,જેથી તે રાત્રિ બ્રાહ્મીની પેઠે પ્રીતિ વધારનારી થઇ પડી હતી. રાત્રિ વીતી એટલે દિવસના પૂર્વભાગની ક્રિયાઓ તથા વિધિ પ્રમાણે અગ્નિમાં હોમ વગેરે કરીને તેઓ સર્વે અનુક્રમે ઉત્તરદિશાતરફ મુખ કરી તથા ઉપવાસપરાયણ રહી સર્વ વસ્તુને જોતાં જોતાં ત્યાંથી ચાલી નીકળ્યાં. પ્રથમ દિવસે તેઓનો એ નિવાસ અત્યંત દુઃખભર્યો થઇ પડયો, કેમકે તેઓ પોતાનો શોક કરનારાં નગરવાસી તથા દેશવાસી મનુષ્યોનો શોક કરી રહ્યાં હતાં.[૧૮-૨૫]

ઈતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વ માં 'પાંડવોનું પાછા ફરવું અને ધૃતરાષ્ટ્ર વગેરેનું વનગમન'એ વિષયનો અધ્યાય ૧૮ મો સમાપ્ત

અધ્યાય ૧૯ મો

ધૃતરાષ્ટ્રનો શતયૂપના આશ્રમમાં નિવાસ

॥ वैशंपायन उवाच ॥

ततो भागीरथीतीरे मेध्ये पुण्यजनोचिते ।
निवासमकरोद्राजा विदुरस्य मते स्थितः॥ १॥

વૈશંપાયને કહ્યું:-તે પછી પવિત્ર અને પુણ્યજનોને ઉચિત ગંગાના પવિત્ર કાંઠા ઉપર વિદુરની સંમતિથી રાજા ધૃતરાષ્ટ્રે નિવાસ કર્યો. હે ભરતશ્રેષ્ઠ ! ત્યાં વનવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શૂદ્રોના અનેક સમુદાયો એમને મળવાને આવ્યા.[૧,૨] તેઓથી વિંટાયેલા રાજા ધૃતરાષ્ટ્રે કથાઓવડે તેઓને પ્રસન્ન કરી તથા વિધિ પ્રમાણે શિષ્યોસહિત બ્રાહ્મણોનું સન્માન કરીને તેઓને જવાની અનુજ્ઞા આપી.[૩] પછી સાયંકાળ થતાં તે રાજા ગંગા ઉપર ગયા અને ત્યાં તેમણે તથા યશસ્વિની ગાંધારીએ વિધિ પ્રમાણે સ્નાનાદિ શૌચકર્મ કર્યું;[૪] તેમજ હે ભારત ! વિદુર આદિ બીજા સર્વપુરુષોએ પણ જૂદાં જૂદાં સર્વ તીર્થોમાં સ્નાન કરીને સર્વ ક્રિયાઓ કરી.[૫] હે રાજન્ ! કુંતિભોજની પુત્રી કુંતા શૌચકર્મથી પરવારેલા વૃદ્ધ સસરા ધૃતરાષ્ટ્રને તથા ગાંધારીને ગંગાના તીર ઉપર લઈ ગઇ.[૬] રાજાના યાજ્ઞિકોએ ત્યાં વેદિકાની રચના કરી રાખી હતી, જેથી સત્ય પ્રતિજ્ઞાવાળા તે રાજાએ અગ્નિમાં હોમ કર્યો.[૭] પછી ઇંદ્રિયોને વશ રાખનારા નિયમનિષ્ઠ વૃદ્ધરાજા ધૃતરાષ્ટ્ર,

પરિવારની સાથે ગંગાના તીર ઉપર થઇને કુરુક્ષેત્રમાં ગયા.[૮] ત્યાં તે બુદ્ધિમાન રાજા એક આશ્રમસ્થાન પાસે આવીને બુદ્ધિમાન રાજર્ષિ શતયૂપને મળ્યા.[૯] શત્રુઓને તપાવનારો તે શતયૂપ કેકયદેશનો મહારાજા હતો. તેણે પોતાના પુત્રને મનુષ્યોનું ઐશ્વર્ય આપી વનમાં પ્રવેશ કર્યો હતો.[૧૦] રાજા ધૃતરાષ્ટ્રે તે શતયૂપની સાથે વ્યાસના આશ્રમમાં ગયા અને ત્યાં કુરુવંશી તે રાજાએ વિધિ પ્રમાણે તેમની પાસેથી દીક્ષા લીધી.[૧૧] કૌરવોને આનંદ આપનારા રાજા ધૃતરાષ્ટ્રે દીક્ષા લીધા પછી શતયૂપના આશ્રમમાંજ તે સમયે નિવાસ કર્યો.[૧૨] હે મહારાજા! મહાબુદ્ધિમાન રાજા શતયૂપે, રાજા ધૃતરાષ્ટ્રને વ્યાસની સંમતિ પ્રમાણે અરણ્યનો સર્વ વિધિ કહ્યો.[૧૩] હે રાજન્! એ પ્રમાણે મોટા મનવાળા ધૃતરાષ્ટ્રે પોતાના આત્માને તથા પોતાના અનુચરોને તે સમયે તપશ્ચર્યામાં યોજીદીધાં;[૧૪] તેમજ વલ્કલ તથા મૃગચર્મને ધારણ કરનારી દેવી ગાંધારી પણ કુંતાની સાથે રહી મહારાજા ધૃતરાષ્ટ્રની સમાન વ્રતનું આચરણ કરવા લાગી. હે રાજા! તેઓ બન્ને સ્ત્રીઓ મન, વાણી, કર્મ તથા ચક્ષુથી સર્વ ઇંદ્રિયસમુદાયને વશ કરી ઉત્તમ તપશ્ચર્યા કરવા લાગી. રાજા ધૃતરાષ્ટ્ર પણ મોહનો ત્યાગ કરીને મહર્ષિની પેઠે તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા. તે વેળા તેમના શરીરમાં ચામડી તથા હાડકાંજ બાકી રહ્યાં હતાં, માંસ સૂકાઇ ગયું હતું, તેમણે જટા તથા મૃગચર્મ ધારણ કર્યાં હતાં અને તેમનાં અંગો વલ્કલવસ્ત્રોથી ઢંકાયેલાં રહેતાં હતાં. ધર્મ તથા અર્થને જાણનારા અને શ્રેષ્ઠ બુદ્ધિવાળા વિદુર પણ સંજયની સાથે સ્ત્રીસહિત તે રાજાની સેવા કરવા લાગ્યા અને મનને વશ રાખી, વલ્કલવસ્ત્ર ધારણ કરી ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા, જેથી તે પણ કૃશ થઇ ગયા.

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"શતયૂપના આશ્રમમાં નિવાસ" એ
વિષયનો અધ્યાય ૧૯ મો સમાપ્ત

અધ્યાય ૨૦ મો

શતયૂપના આશ્રમમાં નારદ

॥ वैशंपायन उवाच ॥

ततस्तत्र मुनिश्रेष्ठा राजानंद्रष्टुमभ्ययुः ।
नारदः पर्वतश्चैव देवलश्च महातपाः ॥१॥

વૈશંપાયને કહ્યું:-તે પછી ત્યાં નારદ, પર્વત, મહાતપસ્વી દેવલ, શિષ્યોસહિત વ્યાસ, બીજા બુદ્ધિમાન સિદ્ધો તથા પરમધાર્મિક વૃદ્ધ રાજર્ષિ શતયૂપ-વગેરે શ્રેષ્ઠ મુનિઓ રાજા ધૃતરાષ્ટ્રને મળવામાટે આવ્યા.[૧,૨] હે મહારાજા! કુંતાએ તેઓની વિધિ પ્રમાણે પૂજા કરી, એટલે તે તાપસો તેમની સેવાથી પ્રસન્ન થયા. હે તાત! તે સમયે મોટા મોટા તે મુનિઓ મહાત્મા ધૃતરાષ્ટ્રરાજાને આનંદ પમાડવામાટે કેટલીએક ધાર્મિકકથાઓ કહેવા લાગ્યા. તે પછી કોઇએક કથાના પ્રસંગમાં સર્વ વસ્તુને પ્રત્યક્ષ જોનારા દેવર્ષિ નારદે આવી એક કથા કહેવા માંડી.[૩-૫]

નારદે કહ્યું:-"કેકયદેશનો અધિપતિ અને શતયૂપનો પિતામહ શ્રીમાન 'સહસ્રચિત્ય' નામનો રાજા હતો. તેને કોઇના તરફથી ભય ન હતો.[૬] તે ધર્માત્મા સહસ્રચિત્ય રાજાએ પરમ ધાર્મિક પોતાના મોટા પુત્રને રાજ્ય અર્પણ કરી વનમાં પ્રવેશ કર્યો હતો.[૭] મહાતેજસ્વી તે રાજાએ પ્રદીપ્ત તપશ્ચર્યાનો પાર પામી ઇંદ્રનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.[૮] હે રાજન્! અનેકવાર સ્વર્ગમાં આવ-જા કરનારા મેં મહેન્દ્રના ભવનમાં તે રાજાને જોયો છે, તેનાં સર્વ પાપો તપશ્ચર્યાને લીધે બળી ગયાં છે;[૯] તેમજ પર્વતપ્રદેશમાં રહેનારો ભગદત્તનો પિતામહ રાજા શૈલાસય પણ તપના બળથીજ મહેન્દ્રભવનમાં ગયો છે. હે રાજન્! રાજા પૃષધ્ર, કે જે ઇંદ્રના જેવોજ હતો તે પણ તપના પ્રભાવથીજ આ લોકમાંથી જઇને સ્વર્ગલોકને પામ્યો છે. હે રાજા! આ અરણ્યમાં માંધાતાનો પુત્ર પુરુકુત્સ રાજા પણ મોટી સિદ્ધિને પામ્યો છે.[૧૨] નદીઓમાં શ્રેષ્ઠ નર્મદા જે રાજાની સ્ત્રી હતી તે પણ આ અરણ્યમાં તપશ્ચર્યા કરીને સ્વર્ગમાં ગયો છે.[૧૩] હે રાજન્! શશ-

લોમા નામનો એક પરમ ધાર્મિક રાજા હતો, તે પણ આ વનમાં સારી રીતે તપશ્ચર્યા કરીને સ્વર્ગને પામ્યો છે;[૧૪] માટે હે રાજા! તું પણ વ્યાસની કૃપાથી આ તપોવનમાં આવીને દુર્લભ એવી શ્રેષ્ઠ ગતિને પામીશ.[૧૫] હે રાજસિંહ! તું પણ તપને અંતે લક્ષ્મીથી વિંટાઇને ગાંધારીની સાથે તે મહાત્માઓની ગતિને પામીશ. હે મહારાજા! ઇંદ્રની સમીપમાં રહેલો પાંડુ તને નિત્ય યાદ કરે છે. તે સદાને માટે તને કલ્યાણ સાથેજ યોજશે.[૧૭] આ તારી વહુ યશસ્વિની કુંતા, જે યુધિષ્ઠિરની માતા છે, તે તારી તથા ગાંધારીની સેવાથી પોતાના સ્વામીના સમાન લોકને પામશે; કેમકે તેજ સનાતન ધર્મ છે. હે રાજા! અમે અમારી દિવ્ય દૃષ્ટિથી આ પ્રમાણે જોઇએ છીએ. આ વિદુર મહાત્મા યુધિષ્ઠિરના સ્વરૂપમાં પ્રવેશ કરશે અને તે પછી સંજય ધ્યાનબળથી અહીંથી સ્વર્ગલોકમાં જશે."[૧૮-૨૦]

વૈશંપાયને કહ્યું:-કૌરવરાજ વિદ્વાન મહાત્મા ધૃતરાષ્ટ્ર, નારદનાં એ વાકયો સાંભળીને પત્નીની સાથે પ્રસન્ન થયા. તેમણે એ વાકયોની પ્રશંસા કરીને નારદની અતુલ પૂજા કરી.[૨૧] હે રાજન્! તે પછી સર્વ બ્રાહ્મણસમુદાયોએ નારદની અત્યંત પૂજા કરી અને ધૃતરાષ્ટ્રરાજાની પ્રસન્નતા ઉપરથી તે સમયે તેઓ વારંવાર અત્યંત હર્ષ પામવા લાગ્યા. તે શ્રેષ્ઠ બ્રાહ્મણોએ નારદનાં તે વાકયોની પ્રશંસા કરી. પછી રાજર્ષિ શતયૂપે નારદને આ પ્રમાણે કહ્યું:-[૨૩]"અહો! હે મહાતેજસ્વી નારદ! આપ ભગવાને કુરુરાજા ધૃતરાષ્ટ્રની, આ સર્વ મનુષ્યોની તથા મારી શ્રદ્ધા વધારી છે;[૨૪] પણ હે લોકમાન્ય દેવર્ષિ! મને ધૃતરાષ્ટ્રરાજાના સંબંધમાં કંઇક પૂછવાની ઇચ્છા છે, તે હું આપને કહું છું, સાંભળો.[૨૫] હે બ્રહ્મર્ષિ! તમે પોતાની દિવ્ય દૃષ્ટિથી સર્વ વૃત્તાંતના તત્ત્વને જાણો છો અને મનુષ્યોની જે વિવિધ પ્રકારની ગતિઓ તેને જોઇ શકો છો.[૨૬] હે મહામુનિ! આપે કેટલાએક રાજાઓને મહેન્દ્ર લોક પ્રાપ્ત થયાની વાત અમને કહી; પણ આ ધૃતરાષ્ટ્રરાજાને કયા લોક મળવાના છે, તે કહ્યું નહિ.[૨૭] હે પ્રભુ! આ રાજાને જે સ્થાન મળવાનું હોય તેને પણ હું તમારી પાસેથી સાંભળવાને ઇચ્છું છું. તે સ્થાન કેવું છે અને કયારે મળશે, તે મને યથાર્થરીતે કહો."[૨૮]

એ પ્રમાણે તેમણે સર્વના મનને અનુકૂળ વાકય કહ્યું, એટલે દિવ્યદર્શી મહાતપસ્વી નારદે સભાની વચ્ચે કહેવા માંડયું.[૨૯]

નારદે કહ્યું:-"હે રાજર્ષિ! એક સમયે હું મારી ઇચ્છાનુસાર ઇંદ્રાણીના પતિ ઇંદ્રની સભામાં ગયો હતો. ત્યાં રાજા પાંડુને મેં જોયો હતો.[૩૦] તે વેળા ધૃતરાષ્ટ્રરાજા જે આ દુષ્કર તપશ્ચર્યા કરે છે, તેના સંબંધમાં વાતચીત થઇ રહી હતી.[૩૧] તેમાં ઇંદ્રના પોતાના કહેવા ઉપરથી મેં સાંભળ્યું હતું કે, આ રાજાના આયુષ્યનાં હવે ત્રણ વર્ષ બાકી રહ્યાં છે.[૩૨] તે પછી આ ધૃતરાષ્ટ્ર રાજા, ગાંધારીની સાથે રાજરાજેશ્વર કુબેરનો સત્કાર પામીને તેના ભવનમાં જશે.[૩૩] તપને લીધે બળી ગયેલાં પાપવાળા આ મહાભાગ્યશાળી ઋષિપુત્ર દિવ્ય અલંકારોથી સુશોભિત થઇને ઇચ્છાનુસાર ગતિ કરનારા વિમાનમાં બેસી કુબેરના ભવનમાં જશે;[૩૪] એટલુંજ નહિ પણ આ ધર્માત્મા દેવો, ગંધર્વો તથા રાક્ષસોના લોકોમાં પોતાની ઇચ્છાનુસાર વિહાર કરશે. આ પ્રમાણે તેં મને પૂછયું હતું, તેથી આ મહાન દેવગુહ્ય તમારા ઉપરની પ્રીતિને લીધે મેં તમને કહ્યું છે. ખરેખર, તમે બધા શાસ્ત્રરૂપ ધનવાળા છો અને તમારાં પાપો તપથી બળી ગયાં છે."[૩૫,૩૬]

વૈશંપાયને કહ્યું:-દેવર્ષિ નારદનું એ મધુર વચન સાંભળીને તેઓ સર્વે પ્રફુલ્લ મનવાળા થઇને પ્રસન્ન થયા અને રાજા ધૃતરાષ્ટ્ર પણ આનંદ પામ્યા.[૩૭] એ રીતે સિદ્ધગતિનો આશ્રય કરનારા તે બુદ્ધિમાન મુનિઓ કથાઓદ્વારા ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપીને પોતાની ઇચ્છાનુસાર ત્યાંથી ચાલ્યા ગયા.[૩૮]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"નારદનાં વાકયો" એ વિષયનો
અધ્યાય ૨૦ મો સમાપ્ત

અધ્યાય ૨૧ મો

ધૃતરાષ્ટ્રના વનવાસ પછી હસ્તિનાપુરની સ્થિતિ

॥ वैशंपायन उवाच ॥

वनं गते कौरवेन्द्रे दुःखशोकसमन्विताः ।
बभूवुः पांडवा राजन् मातृशोकेन चान्विताः

વૈશંપાયને કહ્યું:—હે રાજન્ ! કૌરવેન્દ્ર ધૃતરાષ્ટ્ર વનમાં ગયા તે પછી પાંડવો દુઃખ તથા શોકથી ઘેરાઇ જઇ માતાના શોકથી વ્યાપ્ત બની ગયા;[૧] તેમજ સર્વ નગરવાસીઓ પણ ધૃતરાષ્ટ્રરાજાનો શોક કરી રહી રાજા યુધિષ્ઠિરને આશ્વાસન આપવા લાગ્યાં. બ્રાહ્મણો પાંડવસભામાં તે રાજાના સંબંધમાં આવી વાતો કરવા લાગ્યા કે:—[૨] તે વૃદ્ધ રાજા, મહાભાગા ગાંધારી અને કુંતા નિર્જન વનમાં કેવી રીતે રહી શકશે ? તે પ્રજ્ઞાચક્ષુ રાજર્ષિ સુખ ભોગવવાને યોગ્ય છે, છતાં પુત્રોના મરણથી દુઃખી થઇને મહાવનમાં કેવી અવસ્થામાં રહેતા હશે ?[૪] ખરેખર, પોતાના પુત્રોને નહિ જોતાં કુંતાએ તો મહાદુષ્કર કર્મ કર્યું છે; કેમકે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને તેમણે વનને પસંદ કર્યું છે. વળી ભાઇની સેવા કરનારા જિતેંદ્રિય વિદુરની શી અવસ્થા થશે? અને સ્વામીના અન્નને અદા કરનારા તે સંજયની પણ શી અવસ્થા થશે ?”

આ પ્રમાણે નગરનાં લોકો છેક બાળકપર્યંત ચિંતા તથા શોકથી ઘેરાઇ ગયાં; અને જૂદે જૂદે સ્થળે એકઠાં મળીને પરસ્પર વાતો કરવા લાગ્યાં. બીજી તરફ સર્વ પાંડવો તો અત્યંત શોકપરાયણ થઇ પોતાની વૃદ્ધ માતાનો શોક કરવા લાગ્યા. તેઓ લાંબા કાળસુધી નગરમાં રહેતા પણ ન હતા. [૮] જેમના પુત્રો મરણ પામ્યા હતા તે વૃદ્ધ પિતા રાજા ધૃતરાષ્ટ્રનો, મહાભાગા ગાંધારીનો તથા મહાબુદ્ધિમાન વિદુરનો તેઓ શોક કરવા લાગ્યા.[૯] તેઓને એમનાવિષે વિચાર આવ્યા કરતા હતા; જેથી રાજ્ય, સ્ત્રીઓ કે વેદાધ્યયન ઉપર તેઓને પ્રીતિ થતી ન હતી. રાજા ધૃતરાષ્ટ્રનું ચિંતન કરતાં તથા સંબંધીઓના ઘોર વધનું વારંવાર સ્મરણ કરતાં તેઓ પરમ વૈરાગ્યને પામ્યા.[૧૧] હે મહાબાહુ! રણમાં થયેલા બાળક અભિમન્યુના વિનાશનું, યુદ્ધમાં પલાયન નહિ કરનારા કર્ણના વધનું તથા દ્રૌપદીના પુત્રો અને બીજા સંબંધીઓના નાશનું સ્મરણ કરીને તે વીર પાંડવો મનમાં અત્યંત ખિન્ન રહેતા હતા.[૧૨,૧૩] હે ભારત ! વીરોનો જેમાંથી સંહાર વળી ગયો હતો અને સર્વ રત્નો જેમાંથી હરાઇ ગયાં હતાં તે પૃથ્વીનું સદા ચિંતન કરતાં તેઓને શાંતિ વળતી ન હતી.[૧૪] વળી તેજ પ્રમાણે જેમના પુત્રો માર્યા ગયા હતા તે કલ્યાણી દ્રૌપદી તથા સુભદ્રા—એ બન્ને દેવીઓ પણ તે સમયે ઉદાસીનની પેઠે અત્યંત પ્રીતિયુક્ત રહેતી ન હતી.[૧૫] માત્ર ઉત્તરાના પુત્ર તારા પિતા પરિક્ષિતને જોઇનેજ તે તારા પૂર્વપિતામહો પોતાના પ્રાણો ટકાવી રહ્યા હતા.[૧૬]

ઇતિશ્રીમહા૦ આશ્રમ૦આશ્રમવાસ પર્વમાં ‘ધૃતરાષ્ટ્રના વનવાસ પછી હસ્તિનાપુરની સ્થિતિ’ એ વિષયનો અધ્યાય ૨૧ મો સમાપ્ત

અધ્યાય ૨૨ મો

ધૃતરાષ્ટ્રના દર્શનમાટે યુધિષ્ઠિરની વનયાત્રા

॥ वैशंपायन उवाच ॥

एवं ते पुरुषव्याघ्राः पांडवा मातृनंदनाः ।
स्मरंतो मातरं वीरा बभूवुर्भृशदुःखिताः ॥१॥

વૈશંપાયને કહ્યું:— એ પ્રમાણે પુરુષોમાં વ્યાઘ્રસમાન અને માતાને આનંદ આપનારા તે વીર પાંડવો, પોતાની માતાનું સ્મરણ કરીને અત્યંત દુઃખી થતા હતા.[૧] જે પાંડવો પૂર્વે રાજકાર્યોમાં નિત્ય આસક્ત રહેતા હતા, તેઓ તે સમયે નગરમાં સંપૂર્ણ રીતે રાજકાર્યો કરી શકતા ન હતા.[૨] શોકથી જાણે ઘેરાઇ ગયા હોય, તેમ તેઓ કોઇ પણ વસ્તુને પસંદ કરતા ન હતા; અને કોઇએ બોલાવ્યા હોય તોપણ તેઓ સામું કંઇ સન્માન આપી શકતા ન હતા.[૩] ગંભીરતાના સમુદ્ર જેવા તે દુઃસહ વીર પાંડવોનું જ્ઞાન શોકને લીધે નાશ પામી ગયું હતું; અને તેથી તેઓ જાણે બેભાન થયા હોય તેમ લાગતું

હતું.[૪] તે પાંડુપુત્રો પોતાની માતાનું ચિંતન કરવા લાગ્યા કેઃ–“ અત્યંત કૃશ થયેલી કુંતા ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીના વૃદ્ધ યુગલને કેવીરીતે દોરી જતી હશે ?[૫] પુત્રોના વિનાશથી નિરાશ્રય થઇ પડેલા તે ધૃતરાષ્ટ્રરાજા, શિકારી પ્રાણીઓથી સેવાયેલા વનમાં એકલા કેમ રહેતા હશે? મહાભાગ્યશાળી દેવી ગાંધારી, કે જેમના બાંધવો નાશ પામ્યા છે, તે નિર્જન વનમાં પોતાના વૃદ્ધ પતિની પાછળ પાછળ કેવી રીતે જતાં હશે ?”

આ પ્રમાણે તેઓ ચિંતા કરતા હતા, તેસમયે ધૃતરાષ્ટ્રનાં દર્શન કરવાની ઇચ્છાથી તેઓને ત્યાં જવાની ઉત્કંઠા તથા બુદ્ધિ થઇ આવી;[૭] ત્યારે સહદેવે રાજાને પ્રણામ કરીને કહ્યું કેઃ–“ અહો! તમારા હૃદયના વનગમનવિષેના વિચારો મેં જાણ્યા છે. હે રાજેંદ્ર! તમારા તરફના માનને લીધે ત્યાં જવામાટે હું તમને એકદમ કહી શકતો ન હતો, પણ હવે તે આગમન ઉપસ્થિત થયું છે.[૮-૧૦] અહો ! મને ધન્ય છે કે, વનમાં સ્થિતિ કરી રહેલી, જટાને ધારણ કરનારી તથા દર્ભ અને કાસડાની શૈયા ઉપર સુવાથી ક્ષતવિક્ષત થયેલાં વૃદ્ધ તાપસી કુંતાનાં મને દર્શન થશે.[૧૧] મહેલો તથા હવેલીઓમાં ઉછરીને મોટી થયેલી અને અત્યંત સુખ ભોગવનારી છતાં આ સમયે અત્યંત દુઃખી થઇ રહેલી અને શ્રમિત થયેલી જનની કુંતાનાં હું ક્યારે દર્શન કરીશ?[૧૨] હે ભરતશ્રેષ્ઠ! મનુષ્યોની ગતિ ખરેખર અનિત્ય હોય છે, કેમકે રાજપુત્રી કુંતા દુઃખી થઇને વનમાં વસી રહી છે. ”

સહદેવનું વચન સાંભળીને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ દેવી દ્રૌપદી રાજાને સન્માન આપીને તથા પ્રસન્ન કરીને બોલી કેઃ–[૧૪] “ હે રાજા! દેવી કુંતા જો જીવતાં હશે તો હું તેમનાં ક્યારે દર્શન કરીશ? મારા જીવતાંજ આજે તેમનાં મને દર્શન થઇ જાય તો મને પ્રીતિ (આનંદ) થશે.[૧૫] હે રાજેંદ્ર ! આવી બુદ્ધિ તમને નિત્ય થાઓ અને તમારૂં મન ધર્મમાં રમણ કરો; કેમકે નિત્ય તમે અમારૂં શ્રેયજ કરો છો.[૧૬] હે રાજન્! તમે જાણો કે, સમગ્ર વહુઓ પણ કુંતા, ગાંધારી તથાં સસરા ધૃતરાષ્ટ્રનાં દર્શનને ઇચ્છી રહી છે અને તે માટે ઉભેપગે તૈયાર થઇ રહી છે.”[૧૭]

હે ભરતશ્રેષ્ઠ જનમેજય ! દેવી દ્રૌપદીએ એમ કહ્યું એટલે તે યુધિષ્ઠિરરાજાએ સર્વ સેનાધ્યક્ષોને બોલાવીને કહ્યું કેઃ–“[૧૮] વનમાં રહેલા ધૃતરાષ્ટ્રરાજાનાં મારે દર્શન કરવાં છે, માટે પુષ્કળ રથો તથા હાથીઓવાળી મારી સેનાને તમે બહાર કાઢો.” તે પછી યુધિષ્ઠિરરાજાએ અંતઃપુરના અધ્યક્ષોને કહ્યું કે, “ જાત જાતનાં વાહનો તથા હજારો પાલખીઓ તૈયાર કરો અને ગાડાંઓ, દુકાનો, તંબુઓ, ખજાના, કારીગરો તથા ખજાનચીઓ કુરુક્ષેત્રના આશ્રમ તરફ નીકળી પડો;[૨૦,૨૧] તેમજ જે કોઇ નગરવાસીને રાજાનાં દર્શન કરવાની ઇચ્છા હોય તે પણ વિનાસંકોચે સારીરીતે સજ્જ થઇને તથા રક્ષિત થઇને ભલે જાય.[૨૨] રસોઇઆ, પીરસણીઆ બધું રસોડા ખાતું અને તરેહતરેહના ભક્ષ્ય–ભોજ્ય પદાર્થોને મારાં ગાડાંઓદ્વારા લઇ જાઓ.[૨૩] નગરમાં ઘોષણા કરી દો કે આવતીકાલે અહીંથી પ્રયાણ થશે. વળી માર્ગમાં અનેક પ્રકારના તંબુઓ પણ આજેજ તૈયાર કરો, તેમાં વિલંબ કરો નહિ.”[૨૪]

હે રાજન્! આ પ્રમાણે આજ્ઞા કરીને પાંડવ યુધિષ્ઠિરરાજા પોતાના ભાઇઓની સાથે સ્ત્રીઓ અને વૃદ્ધોને આગળ કરીને બીજેજ દિવસે નગરની બહાર નીકળ્યા.[૨૫] જનસમુદાયનું રક્ષણ કરતા તે રાજા નગરની બહાર પાંચ દિવસસુધી રહ્યા, અને પછી વન તરફ ગયા.[૨૬]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
“ યુધિષ્ઠિરની યાત્રા” એ વિષયનો
અધ્યાય ૨૨ મો સમાપ્ત

* * *

અધ્યાય ૨૩ મો

ધૃતરાષ્ટ્રના આશ્રમમાં યુધિષ્ઠિરનું આગમન

॥ वैशंपायन उवाच ॥

आज्ञापयामास ततः सेनां भरतसत्तमः ।
अर्जुनप्रमुखैर्गुप्तां लोकपालोपमैर्नरैः ॥१॥

વૈશંપાયને કહ્યું:- પછી ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિરે અર્જુન આદિ લોકપાલોના જેવા પુરુષોથી રક્ષાયેલી સેનાને (આગળ ચાલવામાટે) આજ્ઞા કરી.[1] તે સમયે " તૈયારી કરો, તૈયારી કરો " એવી બૂમો પાડી રહેલા ઘોડેસ્વારોનો રાજા ઉપરની પ્રીતિને લીધે "આ ઉત્તમ યોગ છે, આ ઉત્તમ યોગ છે " એવો મહાન શબ્દ થઈ રહ્યો હતો.[2] (તે સેનામાં) કેટલાએક પુરુષો પાલખીઓમાં બેસીને, કેટલાએક મોટા વેગવાળા ઘોડાઓપર સ્વાર થઇને તથા કેટલાએક પ્રજ્વલિત અગ્નિ જેવા સુવર્ણના રથોમાં બેસીને જતા હતા;[3] તેમજ કેટલાએક પુરુષો હાથીઓ તથા ઉંટો ઉપર બેસીને જતા હતા અને વાઘનખ તથા ભાલાઓથી યુદ્ધ કરનારા બીજા કેટલાએક સૈનિકો પગપાળા જતા હતા.[4] નગરવાસીઓ તથા દેશવાસીઓ, કે જેઓને ધૃતરાષ્ટ્રનાં દર્શન કરવાની ઇચ્છા હતી, તેઓ પણ અનેક પ્રકારનાં વાહનોપર બેસીને કુરુરાજ યુધિષ્ઠિરની પાછળ જવા લાગ્યા.[5] ગૌતમગોત્રના આચાર્ય કૃપાચાર્ય પણ રાજા યુધિષ્ઠિરના કહેવાથી એક સેનાપતિતરીકે સેનાને લઇને આશ્રમ તરફ જવા લાગ્યા.[6] તે પછી કુરુરાજ યુધિષ્ઠિર બ્રાહ્મણોથી વિંટાઇને મોટા રથસૈન્યની સાથે ત્યાંથી નીકળ્યા, તે વેળા અનેક ભાટો તથા ચારણો તેમની સ્તુતિ કરતા હતા અને તેમના મસ્તકપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું હતું. ભયંકર કર્મ કરનારો પવનપુત્ર ભીમસેન જેઓનાપર યંત્રાયુધો (તોપો) ગોઠવી દેવામાં આવ્યાં હતાં તેવા પર્વતસમાન દેખાતા હાથીઓને સાથે લઇ (આશ્રમ તરફ) જવા લાગ્યો.[9] અત્યંત સદાચારી માદ્રીના બન્ને પુત્રો ઘોડાઓપર સ્વાર થઇને તથા કવચ અને ધ્વજાઓ ધારણ કરીને ઉતાવળી ચાલે જવા લાગ્યા.[10] મહાતેજસ્વી અને જિતેન્દ્રિય અર્જુન પણ સૂર્યસમાન તેજસ્વી તથા શ્વેત ઘોડાઓથી જોડેલા દિવ્ય રથમાં બેસીને રાજા યુધિષ્ઠિરની પાછળ પાછળ જવા લાગ્યો.[11] દ્રૌપદી વગેરે સ્ત્રીઓ પણ પાલખીઓમાં બેસીને અંતઃપુરના અધિકારીઓના રક્ષણતળે રહી પુષ્કળ દ્રવ્યનું દાન કરતી જવા લાગી.[12] હે ભરતશ્રેષ્ઠ! રથો, હાથીઓ તથા ઘોડાઓથી ભરપૂર અને વાંસળીઓ તથા વીણાઓના નાદોથી ગાજી રહેલું તે પાંડવોનું સૈન્ય આ વખતે અત્યંત શોભતું હતું.[13] હે રાજા! કુરુઓમાં શ્રેષ્ઠ તે પાંડવો નદીઓના કિનારાઓ ઉપર તથા સુંદર સરોવરો ઉપર નિવાસ કરીને ક્રમે ક્રમે જતા હતા.[14] મહાતેજસ્વી યુયુત્સુ અને પુરોહિત ધૌમ્ય, યુધિષ્ઠિરનાં વચનોથી નગરનું રક્ષણ કરતા હતા.[15] પછી યુધિષ્ઠિર રાજા ધીમે ધીમે આગળ વધતાં પવિત્ર યમુનાનદી ઉતરીને કુરુક્ષેત્રમાં પહોંચ્યા. ત્યાં તેમણે બુદ્ધિમાન રાજર્ષિ શતયૂપનો તથા ધૃતરાષ્ટ્રનો આશ્રમ જોયો.[16,17] હે ભરતશ્રેષ્ઠ ! આ પછી અત્યંત હર્ષ પામેલાં તે સર્વ મનુષ્યો તે સ્થાનને અતિમહાન શબ્દોથી ગજાવી મૂકી સત્વર તે વનમાં દાખલ થયાં.[18]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"ધૃતરાષ્ટ્રના આશ્રમમાં આગમન "એ
વિષયનો અધ્યાય ૨૩ મો સમાપ્ત

અધ્યાય ૨૪ મો

યુધિષ્ઠિર આદિને ધૃતરાષ્ટ્રનો સમાગમ

॥ वैशंपायन उवाच ॥

ततस्ते पांडवा दूरादवतीर्य पदातयः ।
अभिजग्मुर्नरपतेराश्रमं विनयानताः ॥१॥

વૈશંપાયને કહ્યું:- પછી પાંડવો દૂરથીજ વાહનોપરથી ઉતરી પડી વિનયથી નમ્ર થઇને પગપાળા ધૃતરાષ્ટ્રરાજાના આશ્રમમાં જવા લાગ્યા;[1] તેમજ સર્વ યોદ્ધાઓ, દેશવાસીઓ તથા મુખ્ય કુરુઓની સ્ત્રીઓ પણ પગપાળી થઇ પાંડવોની પાછળ પાછળ જવા લાગી.[2] પાંડવો ધૃતરાષ્ટ્રના આશ્રમમાં પહોંચ્યા તે સમયે આશ્રમ શૂન્ય હતો, મૃગોનાં ટોળાંઓથી વ્યાપ્ત હતો અને કેળોનાં વનોથી શોભી રહ્યો હતો.[3] આ સમયે નિયમિત વ્રતવાળા તાપસો, પાંડવોને મળવા આવેલા જોઇ કૌતૂહલથી યુક્ત બની તેઓની સામા આવ્યા, એટલે રાજા યુ-

ધિષ્ઠિરે અશ્રુભર્યાં નેત્રે તેઓને પૂછયું કેઃ–“કૌરવવંશને ચલાવનારા અમારા જયેષ્ઠ પિતા કયાં છે?”[૫] તાપસોએ ઉત્તર આપ્યો કેઃ–“યમુનામાં સ્નાન કરવા તથા પુષ્પો અને જળકળશો લાવવાને ગયા છે.”[૬,૭] એટલે તેઓ તેમણે બતાવેલા માર્ગે પગે ચાલતા ઉતાવળે ગયા અને ત્યાં તેમણે સર્વને સમીપમાંજ જોયાં. પિતાના દર્શનની ઇચ્છાવાળા તે પાંડવો એકદમ વેગથી ગયા અને સહદેવ તો જયાં કુંતા હતાં ત્યાં વેગથી દોડી ગયો.[૮] તે બુદ્ધિમાન સહદેવ માતાના ચરણને સ્પર્શ કરતો ઉચ્ચ સ્વરે રડવા લાગ્યો. કુંતાએ પણ અશ્રુઓથી ઉભરાઈ જતા મુખે પોતાના પ્રિય પુત્રને જોયો. પછી તેમણે બન્ને બાહુઓવતી પુત્રને ભેટી તથા ઉભો કરી ગાંધારીને કહ્યું કેઃ–‘સહદેવ અહીં આવ્યો છે.’[૧૦] આ પછી રાજા યુધિષ્ઠિરને, ભીમસેનને, અર્જુનને તથા નકુલને જોઇને કુંતા ઉતાવળાં ઉતાવળાં ચાલવા લાગ્યાં.[૧૧] તે વેળા એ કુંતા જેઓના પુત્રો મરણ પામ્યા હતા એવાં તે બન્ને સ્ત્રીપુરુષની આગળ ચાલતાં તેઓ બન્નેને દોરતાં હતાં. તે જોઇ પાંડવો પૃથ્વીપર પછડાઇ પડયા.[૧૨] બુદ્ધિમાન અને ઉદાર મનના રાજા ધૃતરાષ્ટ્રે સ્વર ઉપરથી તથા સ્પર્શથી પાંડવોને ઓળખીને તેઓને આશ્વાસન આપ્યું.[૧૩] પછી મહાત્મા પાંડવો અશ્રુઓ સારીને ગાંધારીસહિત રાજાની પાસે તથા પોતાની માતાની પાસે વિધિ પ્રમાણે ગયા. તે પાંડવો જયારે ભાનમાં આવ્યા ત્યારે તેઓએ પોતે સર્વના જળકળશોને લઈ લીધા અને માતા કુંતાએ તેઓને ફરી આશ્વાસન આપ્યું.[૧૫] તે વેળા મનુષ્યોમાં શ્રેષ્ઠ તે પાંડવોની સ્ત્રીઓએ, બીજાં અંતઃપુરનાં માણસોએ તથા નગરવાસીઓ અને દેશવાસીઓએ રાજા ધૃતરાષ્ટ્રનાં દર્શન કર્યાં.[૧૬] રાજા યુધિષ્ઠિરે, નામ તથા ગોત્રનો ઉચ્ચાર કરીને તે સર્વ મનુષ્યોની ધૃતરાષ્ટ્રને ઓળખાણ આપી; એટલે તે રાજાએ પણ સામું તેઓનું સન્માન કર્યું.[૧૭] રાજા ધૃતરાષ્ટ્ર તેઓથી વિંટાઇને હર્ષનાં અશ્રુઓથી વ્યાપ્ત નેત્રવાળા થઇ ગયા અને આ સમયે પોતાના આત્માને હસ્તિનાપુરમાંના ભવનમાં રહેલો માનવા લાગ્યા.[૧૮] ગાંધારી તથા કુંતાસહિત તે રાજાને દ્રૌપદી વગેરે વહુઓએ વંદન કર્યું, એટલે સામેથી તેમણે અભિનંદન આપ્યું.[૧૯] પછી જેમ તારાગણોથી આકાશ છવાઈ જાય, તેમ તેમનાં દર્શનની ઇચ્છાવાળાં મનુષ્યોથી ભરાઈ ગયેલા અને સિદ્ધો તથા ચારણોથી સેવાતા પોતાના આશ્રમમાં તેઓ આવી પહોંચ્યા.[૨૦]

ઈતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
“યુધિષ્ઠિરાદિને ધૃતરાષ્ટ્રનો સમાગમ” એ
વિષયનો અધ્યાય ૨૪ મો સમાપ્ત

અધ્યાય ૨૫ મો

યુધિષ્ઠિર આદિની ઋષિઓને સંજયે કરાવેલી ઓળખાણ

॥ वैशंपायन उवाच ॥

स तैः सह नरव्याघ्रैर्भ्रातृभिर्भरतर्षभ ।
राजा रुचिरपद्माक्षैरासांचक्रे तदाश्रमे ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–હે ભરતશ્રેષ્ઠ જનમેજય! રાજા યુધિષ્ઠિર, પુરુષોમાં શ્રેષ્ઠ અને સુંદર કમળસમાન નેત્રોવાળા પોતાના ભાઈઓ સાથે તે આશ્રમમાં બેઠા.[૧] વિશાળ વક્ષઃસ્થળવાળા ધૃતરાષ્ટ્રના પુત્રો પાંડવોને જોવામાટે જૂદા જૂદા અનેક દેશોમાંથી મહાભાગ્યશાળી તાપસો ત્યાં આવ્યા હતા. તેઓએ કહ્યું કેઃ–“આમાં યુધિષ્ઠિર કોણ? ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવ કોણ? અને યશસ્વિની દ્રૌપદી કયી? એ જાણવાને અમે ઇચ્છીએ છીએ.”[૨,૩] તે સાંભળી સૂત સંજયે તેઓ સર્વનાં નામ લઈને ઋષિઓને તેઓની ઓળખાણ આપવા માંડી; તેમજ દ્રૌપદીને તથા બીજી સર્વ કુરુસ્ત્રીઓને પણ ઓળખાવવા માંડી.[૪]

સંજયે કહ્યુંઃ–“જે આ સુવર્ણસમાન શુદ્ધ અને ગૌર શરીરવાળા, મોટા સિંહની પેઠે વૃદ્ધિ પામેલા, મોટાં નસકોરાંવાળા તથા વિશાળ, લાંબા અને લાલ નેત્રોવાળા છે તે કુરુરાજ યુધિષ્ઠિર છે.[૫] જે આ મદમત્ત હાથીસમાન

ગતિવાળો, તપાવેલા સુવર્ણસમાન શુદ્ધ અને ગૌર, વિશાળ તથા લાંબા ખભાવાળો અને વિશાળ તથા લાંબા બાહુઓવાળો છે, તે ભીમસેન છે, એને તમે જુઓ, જુઓ.[૬] તેની પાસે જે આ મોટા ધનુષ્યવાળો, શ્યામ, તરુણ, હાથીઓના યૂથપતિ જેવો, સિંહસમાન ઉન્નત ખભાવાળો, રમત કરતા હાથીના જેવી ગતિવાળો અને કમળસમાન વિશાળ નેત્રોવાળો છે, તે વીર અર્જુન છે.[૭] કુંતાની પાસે વિષ્ણુ તથા મહેન્દ્રના જેવા જે આ બે ઉત્તમ પુરુષો છે, તે નકુલ તથા સહદેવ છે. આ સમગ્ર મનુષ્યલોકમાં રૂપ, બળ તથા સદાચારમાં તેઓના જેવો બીજો કોઇપણ નથી.[૮] આ કમળની પાંખડી જેવાં વિશાળ નેત્રોવાળી, કંઇક મધ્યમ અવસ્થામાં જણાતી, શ્યામ કમળસમાન કાંતિવાળી અને દેવોની જાણે દેવી હોય તેમ તથા સાક્ષાત્ જાણે લક્ષ્મી હોય તેમ જે બેઠેલી છે તે દ્રૌપદી છે.[૯] હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! એની પાસે સુવર્ણસમાન ઉત્તમ કાંતિવાળી અને જાણે સાક્ષાત્ ચંદ્રની કાંતિ હોય તેમ જે વચ્ચે બેઠેલી છે, તે ચક્રને ધારણ કરનારા શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા છે.[૧૦] આ સુવર્ણસમાન શુદ્ધ અને ગૌર જણાતી અર્જુનની સ્ત્રી ઉલૂપી છે, તે નાગરાજાની પુત્રી છે; અને જે આ તાજાં મહુડાંનાં પુષ્પ સમાન વર્ણવાળી છે, તે રાજકન્યા ચિત્રાંગદા છે.[૧૧] આ વૃદ્ધિ પામેલાં નીલ કમળોની માળાસમાન વર્ણવાળી જે સ્ત્રી છે, તે શ્રીકૃષ્ણની સાથે નિરંતર જે સ્પર્ધા કરતો હતો તે રાજસેનાપતિ શલ્યની બહેન અને ભીમસેનની શ્રેષ્ઠ સ્ત્રી છે.[૧૨] આ મગધરાજ જરાસંધની પુત્રી, કે જેનો વર્ણ ચંપાની માળા જેવો ગૌર છે, તે માદ્રીના નાના પુત્ર સહદેવની માન્ય સ્ત્રી છે;[૧૩] અને જે આ બીજી કમળસમાન શ્યામ શરીરવાળી સમીપમાંજ પૃથ્વીપર બેઠી છે, તે માદ્રીના મોટા પુત્ર નકુલની માનીતી સ્ત્રી છે. તેનાં નેત્રો કમળની પાંખડી જેવાં વિશાળ છે.[૧૪] આ તપાવેલા સુવર્ણસમાન ગૌર વિરાટરાજાની પુત્રી છે, કે જે પુત્રની સાથે બેઠેલી છે અને રણમાં રથરહિત થયા છતાં દ્રોણાચાર્ય વગેરેએ રથમાં બેસીને જેનો વધ કર્યો છે, તે અભિમન્યુની સ્ત્રી છે.[૧૫] આ સેંથો પાડયા વગરની (અને અલંકારાદિને નહિ ધારણ કરનારી) તથા ધોળાં ઉત્તરીય વસ્ત્રો ધારણ કરનારી રાજરાણીઓ છે, તેઓ આ વૃદ્ધ રાજાના સો પુત્રોની પત્નીઓ છે, કે જેઓના પુત્રો તથા પતિઓ યુદ્ધમાં હણાયા છે. હે સરળ બુદ્ધિવાળા ધૈર્યનિષ્ઠ બ્રાહ્મણો ! તમારામાં રહેલા બ્રાહ્મણભાવને લીધે આ સર્વ મુખ્ય મુખ્ય સ્ત્રીઓ મેં તમને ઓળખાવી. જે રાજરાણીઓના સંબંધમાં તમે મને પૂછ્યું હતું, તેઓ સર્વ અત્યંત શુદ્ધ સત્વવાળી છે."[૧૬,૧૭]

વૈશંપાયને કહ્યું:–આ પ્રમાણે કહ્યાપછીસર્વ તાપસો જ્યારે ગયા, ત્યારે કુરુવૃદ્ધોમાં શ્રેષ્ઠ રાજા ધૃતરાષ્ટ્ર તે રાજપુત્રોની સાથે મળ્યા અને તેઓ સર્વને કુશળસમાચાર પૂછવા લાગ્યા. પાંડવ યોદ્ધાઓ પોતપોતાનાં વાહનોને છોડીને આશ્રમમાં આવી બેસી ગયા; અને સ્ત્રીઓ, વૃદ્ધો તથા બાળકો પણ યથાયોગ્ય રીતે ત્યાં બેસી ગયાં, એટલે ધૃતરાષ્ટ્રે તે પાંડવોને કુશળપ્રશ્ન પૂછવા માંડયા.

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
" ઋષિઓપ્રત્યે યુધિષ્ઠિરાદિનું વર્ણન "
એ વિષયનો અધ્યાય ૨૫ મો સમાપ્ત

અધ્યાય ૨૬ મો

વિદુરનો યુધિષ્ઠિરના શરીરમાં લય

॥ धृतराष्ट्र उवाच ॥

युधिष्ठिर महाबाहो कच्चित्त्वं कुशली ह्यसि ।
सहितो भ्रातृभिः सर्वैः पौरजानपदस्तथा॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–" હે મહાબાહુ યુધિષ્ઠિર ! તું તારા સર્વ ભાઇઓ, નગરવાસીઓ તથા દેશવાસીઓસાથે કુશળ તો છે ને ?[૧] હે રાજા ! જે તારા મંત્રીઓ, સેવકવર્ગો તથા ગુરુઓ તારી પાછળ જીવી રહ્યા છે, તેઓ પણ નિરોગી છે ને ?[૨] તેઓ તારા રાજ્યમાં નિર્ભય થઇને રહે છે ને ? તું રાજર્ષિઓએ સેવેલી પુરાણી વૃત્તિ પ્રમાણે વર્તે છે ને ? તારો ખજાનો ન્યાયમાર્ગનો નાશ કર્યાવિના ભરપૂર કરાય છે ને ? અને તું શત્રુઓ, મધ્યસ્થો તથા

મિત્રોની તરફ યોગ્ય રીતે વર્તે છે ને? [૩,૪] હે ભરતશ્રેષ્ઠ! તું મુખ્ય મુખ્ય પદાર્થો અર્પણ કરીને બ્રાહ્મણોની બરાબર સંભાળ રાખે છે ને? તેઓ તારા સદાચારથી પ્રસન્ન રહે છે ને? તારાં નગરવાસીઓ, સ્વજનો તથા શત્રુઓ પણ તારા સદ્‌વર્તનથી પ્રસન્ન થાય છે ને? હે રાજેન્દ્ર! તું શ્રદ્ધાળુ થઇને પિતૃઓનું તથા દેવતાઓનું યજન કરે છે ને? [૫,૬] હે ભારત! ખાનપાન અર્પણ કરીને તું અતિથિઓને પૂજે છે ને? તારા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા કુટુંબી અને શૂદ્રો ન્યાયમાર્ગમાં રહીને પોતપોતાનાં કર્મોમાં આસક્ત રહે છે ને? સ્ત્રીઓ, બાળકો કે વૃદ્ધો તારી પાસે શોક કરતા નથી ને? તેમજ યાચના પણ કરતા નથી ને? [૭,૮] હે મહાપુરુષ! તારા ઘરમાં સૌભાગ્યવતી સ્ત્રીઓનું પૂજન થાય છે ને? હે મહારાજા! આ રાજર્ષિવંશ તને રાજા-તરીકે મેળવીને યથાયોગ્ય યશથી ભ્રષ્ટ તો થતો નથી ને?"[૯]

વૈશંપાયને કહ્યું:–ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે પૂછ્યું, એટલે વાણીકુશળ ન્યાયવેત્તા યુધિષ્ઠિરે કુશળપ્રશ્નયુક્ત વચનો કહેવા માંડયાં.[૧૦]

યુધિષ્ઠિરે કહ્યું:–"હે રાજન્! તમારૂં તપ, દમ તથા શમ પ્રતિદિન વૃદ્ધિ પામે છે ને? આ મારી માતા તમારી સેવા કરે છે ને? હે રાજન્! (તમારી સેવા કરવાથી) આનો વનવાસ સફળ થશે?[૧૨] આ મારી જ્યેષ્ઠ માતા દેવી ગાંધારી, કે જે ઘોર તપથી યુક્ત હોઇને ટાઢ, વાયુ તથા માર્ગના પરિશ્રમથી કૃશ થયેલી છે, તે મરણ પામેલા મહાપરાક્રમી પુત્રોનો શોક તો કરતી નથી ને? તેમજ અમારૂં પાપીઓનું અાપ્રિય ચિંતન કરતી નથી ને? [૧૪] હે રાજન્! મહાત્મા વિદુર કયાં છે? તેમને અમે જોઈ શકતા નથી. તપમાં સ્થિર રહેનારો આ સંજય કુશળ છે ને?" [૧૫]

વૈશંપાયને કહ્યું:–ધર્મરાજાએ આમ પૂછ્યું એટલે ધૃતરાષ્ટ્રે તે રાજાને કહ્યું કે:–"હે પુત્ર! વિદુર કુશળ છે. તેણે ઘોર તપ કરવા માંડયું છે.[૧૬] તે આહારનો ત્યાગ કરી કેવળ વાયુનું ભક્ષણ કરે છે, કૃશ થઇ ગયો છે અને હવે માત્ર તેની નાડીઓજ રહેલી છે. આ શૂન્ય અરણ્યમાં કોઇ સમયે કોઇ પ્રદેશ ઉપર બ્રાહ્મણો તેને જુએ છે." ધૃતરાષ્ટ્ર આમ કહેતા હતા તેવામાં જટાધારી, મોઢામાં કાંકરા ઘાલેલા, દિગંબર, મળથી ખરડાયેલા અંગવાળા અને વનની ધૂળથી છંટાયેલા વિદુર દૂરથી જણાયા; એટલે રાજા યુધિષ્ઠિરને (કોઈના તરફથી) ખબર આપવામાં આવી, પણ હે રાજા! વિદુર આશ્રમ તરફ દૃષ્ટિ કરીને તુરતજ પાછા ફર્યા.[૧૮,૧૯] પછી યુધિષ્ઠિરરાજા એકલાજ તેમની પાછળ પાછળ દોડયા. જો કે તે વિદુર ઘોર વનમાં રહેતા હતા અને કોઇ સ્થળે દેખાતા હતા તથા કોઇ સ્થળે દેખાતા પણ ન હતા;[૨૦] છતાં રાજા યુધિષ્ઠિર "હે વિદુર! હું તમને પ્રિય રાજા યુધિષ્ઠિર છું" એમ બોલતા બોલતા યત્નથી તેમની પાછળ દોડયા જતા હતા. આ પછી બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ વિદુર, તે વનની વચ્ચે કોઇએક એકાંત અને શૂન્ય વૃક્ષનો આશ્રય કરીને ઉભા રહ્યા,[૨૨] એટલે મહાબુદ્ધિમાન રાજા યુધિષ્ઠિરે લગભગ ક્ષીણ થયેલા અને માત્ર આકૃતિ ઉપરથીજ જણાતા મહાબુદ્ધિમાન વિદુરને ઓળખ્યા.[૨૩] પછી વિદુર સાંભળે તેમ "હું યુધિષ્ઠિર છું" એમ કહીને તે રાજા તેમની પાસે ઉભા રહ્યા અને તેમની પ્રશંસા કરવા લાગ્યા. [૨૪] વિદુર તો આંખનો પલકારો માર્યા વિના સ્થિર નેત્રે રાજાને જોઇ રહ્યા અને સાવધાન થઇ દૃષ્ટિસાથે દૃષ્ટિ યોજીને યુધિષ્ઠિરના સ્વરૂપમાં પ્રવેશ કરવા લાગ્યા. ધર્મરાજાના તેજથી જાણે ઝળહળી રહ્યા હોય તેવા બુદ્ધિમાન વિદુરે યોગબળનો આશ્રય કરી યુધિષ્ઠિરનાં અંગો સાથે પોતાનાં અંગોને, યુધિષ્ઠિરના પ્રાણો સાથે પોતાના પ્રાણોને તથા યુધિષ્ઠિરની ઇંદ્રિયો સાથે પોતાની ઇંદ્રિયોને યોજી દઇ તેમના શરીરમાં પ્રવેશ કર્યો.[૨૫-૨૭] આ વખતે રાજા યુધિષ્ઠિરે સ્તબ્ધ નેત્રવાળા તથા વૃક્ષનો આશ્રય કરી રહેલા વિદુરના શરીરને નિશ્ચેષ્ટ થયેલું જોયું અને પોતાને વિશેષ બળવાળા તથા ઘણા ગુણોવાળા માનવા લાગ્યા. હે રાજા! આ પછી મહાતેજસ્વી અને વિદ્યાવાન પાંડવ ધર્મરાજાએ, વ્યાસે પોતાને પૂર્વે કહેલા

પુરાણ યોગધર્મનું સ્મરણ કર્યું, એટલે તેમને પૂર્વે વ્યાસે કહેલું તે જૂનું વૃત્તાંત યાદ આવ્યું. પછી તે વિદ્વાન ધર્મરાજાએ વિદુરના શરીરનો સંસ્કાર કરવાની ઇચ્છાથી તેને બાળવાનો મનમાં સંકલ્પ કર્યો; પણ તેવામાં આકાશવાણીએ તેમને કહ્યું કેઃ–[૩૧]“ હે રાજન્ ! આ વિદુરના શરીરને તારે બાળવું નહિ, પણ અહીંજ રહેવા દેવું; કેમકે (આ રીતે પ્રાણત્યાગ કરનારના શરીરને બાળવું નહિ–)એ સનાતન ધર્મ છે.[૩૨] હે ભારત ! આ વિદુરને ‘ સાંતાનિક ’નામના લોક પ્રાપ્ત થશે અને તેણે યતિધર્મને સ્વીકાર્યો હતો, તેથી હે શત્રુતાપન! તારે એનો શોક કરવો યોગ્ય નથી. ”[૩૩]

આકાશવાણીએ એમ કહ્યું એટલે ધર્મરાજાએ ત્યાંથી પાછા ફરી તે સર્વ વૃત્તાંત ધૃતરાષ્ટ્ર રાજાને જણાવ્યું.[૩૪] તે સાંભળીને તેજસ્વી રાજા ધૃતરાષ્ટ્ર, સર્વ મનુષ્યો તથા ભીમસેન આદિ પાંડવો અત્યંત આશ્ચર્ય પામ્યા.[૩૫] રાજા ધૃતરાષ્ટ્રે તે સાંભળીને પ્રસન્ન થઈ ધર્મપુત્રને કહ્યું કે, “મારી પાસે આ જળ,મૂળ તથા ફળ છે,તેનો તું સ્વીકાર કર.[૩૬] હે રાજન્ ! શાસ્ત્ર કહે છે કે,પુરુષ જે પ્રયોજનવાળો હોય તેજ પ્રયોજનવાળો તેનો અતિથિ પણ હોવો જોઇએ.” ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે કહ્યું એટલે યુધિષ્ઠિરે ‘ બહુ સારૂં ’ એમ તેમનાપ્રત્યે કહીને ધૃતરાષ્ટ્રે આપેલા ફળ–મૂળનું પોતાના ભાઈઓની સાથે ભોજન કર્યું. આ રીતે ફળ, મૂળ તથા જળનો આહાર કર્યા પછી તેઓ સર્વે વૃક્ષોનાં મૂળપાસે નિવાસ કરી તે રાત્રિ ત્યાંજ રહ્યા.[૩૭,૩૮]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
“ વિદુરનિર્યાણ” એ વિષયનો
અધ્યાય ૨૬ મો સમાપ્ત

અધ્યાય ૨૭ મો

ધૃતરાષ્ટ્રના આશ્રમમાં મહર્ષિ વ્યાસનું આગમન

॥ वैशंपायन उवाच ॥

ततस्तु राजन्नेतेषामाश्रमे पुण्यकर्मणाम् ।
शिवा नक्षत्रसंपन्ना सा व्यतीयाय शर्वरी ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી હે રાજા! પુણ્યકર્મી એ પાંડવોવચ્ચે તે આશ્રમમાં વિચિત્ર વાક્યરચનાઓવાળી, અનેક શ્રુતિઓથી યુક્ત તથા ધર્માર્થનાં લક્ષણવાળી કથાઓ થવા લાગી;જેથી નક્ષત્રસંપન્ન તે રાત્રિ સુખરૂપે વીતી ગઈ.[૧,૨] તે સમયે હે રાજા ! પાંડવો મહાકિંમતી શયનોનો ત્યાગ કરી પોતાની માતાની સમીપમાં પૃથ્વીપરજ સૂતા હતા;અને મોટા મનવાળા ધૃતરાષ્ટ્ર રાજાએ તે વેળા જે આહાર કર્યો હતો,તેજ આહાર તે પુરુષવીરોએ પણ કર્યો હતો. રાત્રિ વીતી એટલે દિવસના પૂર્વભાગની ક્રિયાઓ કરી લઇ રાજા યુધિષ્ઠિરે પોતાના ભાઇઓની સાથે તે આશ્રમમંડળનાં દર્શન કર્યાં.[૫] અંતઃપુર,સેવકવર્ગ તથા પુરોહિતને સાથે લઇ તે રાજાએ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી સુખેથી પ્રત્યેક પ્રદેશમાં પ્રજ્વલિત અગ્નિઓવાળી વેદીઓનાં દર્શન કર્યાં. તે વેદીકાઓપાસે સ્નાનાદિ કરીને અગ્નિમાં જેઓએ હોમ કર્યો હતો તેવા મુનિઓ બિરાજ્યા હતા.[૬,૭]વળી તે વૈદિકી તથા લૌકિકી વેદિકાઓ વનના પુષ્પસમુદાયોથી, ઘીના ધૂમાડાઓથી તથા મુનિઓના સમૂહોથી યુક્ત હોઈને બ્રાહ્મશરીરથી યુક્ત જણાતી હતી.[૮] હે રાજા ! તે આશ્રમ નિર્ભય જણાતાં મૃગનાં ટોળાંઓથી, નિઃશંક થઇને ગાન કરી રહેલાં પક્ષીગણોથી, મયૂરોના કેકારવોથી, ચાતકોના કલકલથી, કોયલોના ટૌકાઓથી તથા કાનને પ્રિય લાગે તેવા બ્રાહ્મણોના સુખજનક વેદધ્વનિઓથી જ્યાં ત્યાં શોભી રહ્યો હતો;તેમજ ફળ–મૂળોના મોટા સમુદાયોથી પણ વિરાજી રહ્યો હતો.[૯–૧૧]

તે પછી હે રાજા! યુધિષ્ઠિર રાજાએ તાપસોને માટે આણેલા સુવર્ણના તથા ઉંબરાના કાષ્ઠના કળશો, મૃગચર્મો,કંથાઓ, સ્રુચો, સ્રુવાઓ, કમંડળુઓ, થાળીઓ, તપેલીઓ, બીજાં લોઢાનાં વાસણો, પાત્રો અને બીજું જે જે તપસ્વીઓ ઇચ્છતા હતા,તે સર્વનું તેમણે દાન કર્યું. એ પ્રમાણે ધર્માત્મા ધર્મરાજા આશ્રમમંડળમાં ફરીને તે સર્વ દ્રવ્યનું દાન કરી પાછા ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા.[૧૫] તે વેળા ધૃતરાષ્ટ્ર નિત્યકર્મ

કરી લઇને ગાંધારીની સાથે બેઠા હતા. તેમનાં તથા તેમની સમીપમાંજ શિષ્યની પેઠે નમ્ર થઇને બેઠેલી શિષ્ટાચારથી યુક્ત પોતાની માતા કુંતાનાં તે ધર્માત્માએ દર્શન કર્યાં.[૧૬,૧૭] પછી પોતાનું નામ સંભળાવીને તથા રાજા ધૃતરાષ્ટ્રનું પૂજન કરીને યુધિષ્ઠિર રાજા 'બેસ'એવી તેમની આજ્ઞાથી એક દર્ભાસન ઉપર બેઠા;[૧૮] તેમજ હે ભરતશ્રેષ્ઠ ! ભીમસેન આદિ પાંડવો પણ ધૃતરાષ્ટ્રને વંદન કરી તેમનો ચરણસ્પર્શ કરી તેમની આજ્ઞાથી ત્યાં બેઠા.[૧૯] તે સમયે કૌરવરાજ ધૃતરાષ્ટ્ર તેઓથી વિંટાઇને ત્યાં બેઠા હતા અને પ્રદીપ્ત બ્રાહ્મી શોભાને ધારણ કરી રહ્યા હતા, જેથી તેઓ દેવોથી વિંટાયેલા બૃહસ્પતિની પેઠે અત્યંત શોભતા હતા. એ રીતે તેઓ ત્યાં બેઠા ત્યારે કુરુક્ષેત્રમાં નિવાસ કરનારા શતયૂપ આદિ મહર્ષિઓ ત્યાં આવ્યા અને દેવર્ષિઓથી સેવાયેલા મહાતેજસ્વી ભગવાન વ્યાસે પણ શિષ્યોથી વિંટાઇને રાજાને દર્શન આપ્યાં;[૨૨] એટલે કુરુવંશી ધૃતરાષ્ટ્રરાજાએ, વીર્યવાન યુધિષ્ઠિરે તથા ભીમસેન વગેરેએ ઉભા થઇને તેમને પ્રણામ કર્યા.[૨૩] પછી શતયૂપ આદિથી વિંટાયલા વ્યાસે ધૃતરાષ્ટ્રરાજાને ' બેસો ' એમ કહ્યું; અને પોતે પણ કાળા મૃગચર્મ તથા દર્ભથી પાથરેલા પોતાના માટે તૈયાર કરેલા પૃષ્ઠ દર્ભાસન ઉપર બેઠા.[૨૪] બીજા સર્વ બ્રાહ્મણો કે જેઓ મહાતેજસ્વી હતા, તેઓ પણ વ્યાસની આજ્ઞાથી આસનો ઉપર ચોતરફ બેસી ગયા.[૨૫]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"વ્યાસનું આગમન" એ વિષયનો
અધ્યાય ૨૭ મો સમાપ્ત

અધ્યાય ૨૮ મો

મહર્ષિ વ્યાસનાં વચનો

॥ वैशंपायन उवाच ॥

ततः समुपविष्टेषु पांडवेषु महात्मसु ।
व्यासः सत्यवतीपुत्र इदं वचनमब्रवीत् ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી મહાત્મા પાંડવો પોતપોતાને સ્થાનકે બેઠા એટલે સત્યવતીના પુત્ર વ્યાસ આવું વચન બોલ્યાઃ–[૧] "હે મહાબાહુ ધૃતરાષ્ટ્ર ! તારી તપશ્ચર્યા સારી રીતે થઇ રહી છે ને ? હે રાજા ! તારૂં મન વનવાસમાં પ્રસન્ન રહે છે ને ? હે રાજન્ ! તારા હૃદયમાં પુત્રોના નાશને લીધે શોક તો થતો નથી ને ? હે નિર્દોષ ! હવે તારાં સર્વ પ્રકારનાં જ્ઞાનો તને સારી રીતે પ્રસન્ન કરે છે ને ? તું તારી બુદ્ધિને દૃઢ કરીને અરણ્યના વિધિનું આચરણ કરે છે ને ? વહુ ગાંધારી શોકને લીધે ઘેરાઇ જતી નથી ને ? મહાશાણી, બુદ્ધિમતી, ધર્મ તથા અર્થને પ્રત્યક્ષ જોનારી તથા ઉત્પત્તિવિનાશના તત્ત્વને જાણનારી દેવી ગાંધારી શોક કરતી નથી ને ?[૨–૫] હે રાજન્ ! પોતાના પુત્રોનો ત્યાગ કરીને ગુરુસેવામાં તત્પર થયેલી આ કુંતી, અહંકારનો ત્યાગ કરીને તારી સેવા કરે છે ને ? ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરને તેં અભિનંદન આપ્યું છે કે ? તેમજ ભીમ, અર્જુન, નકુલ તથા સહદેવને પણ તેં સાંત્વન આપ્યું છે ને ?[૬,૭] હે રાજા ! તારૂં નિર્મળ મન આ પાંડવોને જોઇને પ્રસન્ન થાય છે ને ? તારૂં અંતઃકરણ શુદ્ધ થયું છે ને ? અને તને જ્ઞાન પણ ઉત્પન્ન થયું છે ને ?[૮] હે ભારત ! પ્રાણીમાત્રમાં આ ત્રણ ગુણ શ્રેષ્ઠ ગણાય છે. તે એજ કે, "હે મહારાજા ! કોઇનાપર વૈર ન રાખવું, સત્ય બોલવું અને ક્રોધનો ત્યાગ કરવો."[૯] હે ભારત ! વનવાસને લીધે તને મોહ તો થતો નથીને? વનનું અન્ન અથવા ઉપવાસ–એ બન્ને વનવાસમાં સુલભ હોય છે.[૧૦] હે રાજેન્દ્ર ! ધર્મરૂપ મહાત્મા વિદુરનું જે વિધિએ ગમન થયું છે, તે તારા જાણવામાંજ છે. મહાબુદ્ધિમાન, મહાયોગી અને અત્યંત મોટા મનવાળો મહાત્મા ધર્મજ માંડવ્યઋષિના શાપથી વિદુરપણાને પામ્યો હતો–વિદુરરૂપે ઉત્પન્ન થયો હતો. તે મહાપુરુષ જેવો બુદ્ધિમાન હતો, તેવો દેવોમાં બૃહસ્પતિ પણ નથી કે અસુરોમાં શુક્રાચાર્ય પણ નથી. તે સમયે લાંબાકાળથી એકઠા કરેલા પોતાના તપોબળને ખર્ચી નાખીને ઋષિ માંડવ્યે સનાતન ધર્મને શાપ આપ્યો હતો. (અને તેજ વિદુર પોતે હતો.)[૧૪] મહાબુદ્ધિ-

માન તે વિદુરને બ્રહ્મદેવની આજ્ઞાથી મેં પોતેજ મારા બળથી પૂર્વે વિચિત્રવીર્યની સ્ત્રીમાં ઉત્પન્ન કર્યો હતો.[૧૫] હે મહારાજા ! તારો તે ભાઇ દેવોનો પણ સનાતન દેવ હતો, કે જેને વિદ્વાનો મનમાં ધારણ કરવાથી તથા ધ્યાન કરવાથી 'ધર્મ' કહે છે.[૧૬] વળી તે સનાતન ધર્મ, તપશ્ચર્યા કરતાં કરતાં સત્યથી, દમથી, શમથી, અહિંસાથી તથા દાનથી વૃદ્ધિ પામે છે.[૧૭] હે રાજા ! અમાપ બુદ્ધિવાળા તે જ્ઞાની વિદુરે પોતાના યોગબળથી કુરુરાજ યુધિષ્ઠિરને ધર્મસ્વરૂપે જાણી લીધો હતો.[૧૮] જેમ અગ્નિ, વાયુ, જળ, પૃથ્વી તથા આકાશ આ લોકમાં તથા પરલોકમાં રહેલ છે, તેમ ધર્મ પણ આ લોકમાં તથા પરલોકમાં રહેલ છે.[૧૯] હે રાજેન્દ્ર ! સ્થાવર–જંગમ સર્વ જગતમાં વ્યાપ્ત થઇ રહેલા તે સર્વગામી ધર્મને દેવોના દેવો તથા પાપમુક્ત થયેલા સિદ્ધપુરુષો જોઇ શકે છે.[૨૦] જે ધર્મ છે, તેજ વિદુર હતો; અને જે વિદુર હતો, તેજ આ યુધિષ્ઠિર છે. હે રાજન્! આ યુધિષ્ઠિર કે જે તારા દાસની પેઠે અહીં બેઠો છે, તે અવશ્ય જોવા યોગ્ય છે.[૨૧] મહાયોગબળવાળો અને મહાત્મા એવો તે તારો બુદ્ધિમાન ભાઈ મહાત્મા યુધિષ્ઠિરને જોઇ તેના સ્વરૂપમાં પ્રવેશ કરી ગયો છે.[૨૨] હે ભરતશ્રેષ્ઠ ! થોડા સમયમાંજ હું તારૂં કલ્યાણ કરીશ. હે પુત્ર ! તારો સંશય દૂર કરવામાટે હું અહીં આવ્યો છું, એમ તું જાણ.[૨૩] પૂર્વકાળના કોઇપણ મહર્ષિઓએ જે કર્મને આ લોકમાં કરી દેખાડયું નથી તે આશ્ચર્યરૂપ મારા તપનું ફળ હું તમને બતાવું છું.[૨૪] હે રાજા ! તને મારી પાસેથી શું ઇચ્છિત પ્રાપ્ત કરવાની, શું જોવાની, શાનો સ્પર્શ કરવાની તથા શું સાંભળવાની ઇચ્છા છે ? હે નિર્દોષ ! તારી તે સર્વ કામના હું પૂર્ણ કરીશ."[૨૫]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ આશ્રમવાસ પર્વમાં
"વ્યાસવાક્ય" એ વિષયનો
અધ્યાય ૨૮ મો સમાપ્ત

આશ્રમવાસ પર્વ સમાપ્ત

पुत्रदर्शन पर्व

અધ્યાય ૨૯ મો

ગાંધારીની વ્યાસને પ્રાર્થના–શું અમારા સ્વર્ગવાસી પુત્રોને તમે બતાવશો ?

॥ जनमेजय उवाच ॥

वनवासं गते विप्र धृतराष्ट्रे महीपतौ ।
सभार्ये नृपशार्दूले वध्वा कुंत्या समन्विते ॥१॥

જનમેજયે પૂછ્યું:–હે બ્રાહ્મણ વૈશંપાયન! રાજાઓમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્રરાજાએ સ્વપત્ની ગાંધારી તથા કુંતાની સાથે વનવાસનો આશ્રય કર્યો અને વિદુર પણ ધર્મરાજાના શરીરમાં પ્રવેશ કરી સિદ્ધ થયા. તે પછી સર્વ પાંડવો જ્યારે આશ્રમમાં રહ્યા હતા, ત્યારે મહાતેજસ્વી મહર્ષિ વ્યાસે તેઓને કહ્યું હતું કે:–"હું તમારી આગળ આશ્ચર્યકારક કર્મ કરી દેખાડીશ." તો આ વિષે તમે મને કહો.[૧–૩] અસ્ખલિત શક્તિવાળા કુરુવંશી યુધિષ્ઠિર રાજા અને તેમની સાથે આવેલાં સર્વ મનુષ્યો કેટલા સમયસુધી વનમાં રહ્યાં હતાં ?[૪] હે નિર્દોષ ભગવન્ વૈશંપાયન ! તે સમયે તે મહાત્માઓ સૈન્ય તથા અંતઃપુરની સાથે ત્યાં રહીને શું આહાર કરતા હતા ? તે મને કહો.[૫]

વૈશંપાયને કહ્યું:–હે રાજન્ ! તે સમયે કુરુરાજ ધૃતરાષ્ટ્રે પાંડવોને આજ્ઞા આપી હતી, તેથી તેઓ વિશ્રાંતિ પામીને જાતજાતનાં ખાનપાનોનો ત્યાં ઉપભોગ કરી રહ્યા હતા.[૬] તેઓએ એક માસપર્યંત સૈન્ય તથા અંતઃપુરોની સાથે વનમાં વિહાર કર્યો હતો. તે પછી હે નિર્દોષ રાજા !

મેં પ્રથમ કહ્યું તે પ્રમાણે વ્યાસ ત્યાં આવ્યા હતા. તેઓ સર્વે ધૃતરાષ્ટ્રરાજાની પાસે જૂદી જૂદી કથાઓ કહેતા વ્યાસની સમીપમાં બેઠા હતા, તેવામાં ત્યાં બીજા મુનિઓ પણ આવી પહોંચ્યા.[૭,૮] હે ભારત ! તેઓમાં નારદ,પર્વત, મહાતપસ્વી દેવલ, વિશ્વાવસુ, તુંબુરુ અને ચિત્રસેન મુખ્ય હતા.[૯] મહાતપસ્વી કુરુરાજ યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી તેઓની પણ યથાયોગ્યરીતે પૂજા કરી.[૧૦] પછી તેઓ સર્વે યુધિષ્ઠિર તરફથી પૂજા–સત્કાર મેળવીને મોરનાં પવિત્ર પીછાંવાળાં આસનો તથા શ્રેષ્ઠ દર્ભાસનોપર બેઠા;[૧૧] એટલે હે કુરુવંશી રાજા ! મહાબુદ્ધિમાન રાજા ધૃતરાષ્ટ્ર પણ પાંડવોથી વિંટાઇને ત્યાં બેઠા.[૧૨] ગાંધારી, કુંતા, દ્રૌપદી, સુભદ્રા અને બીજી સ્ત્રીઓ પણ અન્ય સ્ત્રીઓ સાથે ત્યાં બેઠી.[૧૩] તે સમયે હે રાજા ! એ પુરાતની ઋષિઓવચ્ચે દેવો તથા અસુરોના સંબંધની મિશ્ર, દિવ્ય અને ધાર્મિક કથાઓ થવા લાગી.[૧૪] તે કથાઓને અંતે વક્તાઓ તથા વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ મહાતેજસ્વી વ્યાસે પ્રસન્ન થઇને પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્રરાજાને પુનઃ તેજ વચન કહ્યું કેઃ–“ હે રાજેન્દ્ર ! પુત્રોના શોકથી બળી રહેલા તારા હૃદયમાં જે કંઇ કહેવાનું છે, તેને મેં જાણ્યું છે; તેમજ ગાંધારીના હૃદયમાં નિત્ય જે દુઃખ રહે છે, કુંતા તથા દ્રૌપદીના હૃદયમાં જે દુઃખ રહેલું છે અને કૃષ્ણની બહેન સુભદ્રા, પુત્રના વિનાશનું જે તીવ્ર દુઃખ ધારણ કરી રહી છે, તે પણ મારા જાણવામાં છે. હે કૌરવનંદન રાજા! તમારા સર્વનો અહીં સમાગમ સાંભળીને તમારો સંશય દૂર કરવામાટે હું અહીં આવ્યો છું. આજે આ દેવો, ગંધર્વો તથા મહર્ષિઓ લાંબા કાળથી એકત્ર થયેલા મારા તપના પ્રભાવને ભલે જુએ; માટે હે મહાબુદ્ધિમાન રાજા! તું મને કહે. હું તારો કયો મનોરથ પૂર્ણ કરૂં ? હું તને વર આપવામાટે તૈયાર છું, તું મારા તપના ફળને જો.”

અમાપ બુદ્ધિવાળા વ્યાસે તે રાજેન્દ્રને એ પ્રમાણે કહ્યું એટલે તેમણે એક મુહૂર્તભર વિચાર કરીને બોલવાનો આરંભ કર્યો.“મને ધન્ય છે, મારાપર અનુગ્રહ થયો છે અને મારૂં જીવિત સફળ થયું છે; કેમકે આજે તમારા જેવા સત્પુરુષો સાથે મને સમાગમ થયો છે. હે તપોધનો ! સાક્ષાત્ બ્રહ્મદેવ જેવા તમારી સાથે મને સમાગમ થયો, તેથી હું મને પોતાને આજે ઇષ્ટગતિ મળી, એમ માનું છું. ખરેખર, તમારાં દર્શનથીજ હું પવિત્ર થયો છું, એમાં કંઈ સંશય નથી; એટલુંજ નહિ પણ હે નિર્દોષ મુનિઓ ! હવે મને પરલોકથી પણ ભય નથી; પરંતુ પુત્રો ઉપર મમતા રાખનારો હું, અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા અને મૂર્ખ તે મારા પુત્રોની અનીતિઓનું જ્યારે સ્મરણ કરૂં છું, ત્યારે મારૂં મન નિત્ય દુઃખી થાય છે; કેમકે પાપી બુદ્ધિવાળા તે મારા પુત્રે નિષ્પાપ એવા પાંડવોનો અપરાધ કર્યો છે અને ઘોડાઓ,મનુષ્યો તથા હાથીઓસહિત આખી પૃથ્વીનો ઘાત કરાવ્યો છે. અરેરે ! જૂદા જૂદા દેશના સ્વામી મહાત્મા રાજાઓ, મારા પુત્રને માટે (યુદ્ધમાં) આવીને સર્વે મૃત્યુને આધીન થયા છે. હે બ્રહ્મન્ ! જે શૂરાઓ મનને પ્રિય એવા પિતાઓનો, સ્ત્રીઓનો તથા પ્રાણોનો ત્યાગ કરી,પ્રેતરાજાના મંદિરમાં સિધાવી ગયા છે અને જેઓ મિત્રને માટે રણમાં હણાયા છે, તેઓની કયી ગતિ થશે ?[૧૫–૩૦] તેમજ જે મારા પુત્રો તથા પૌત્રો યુદ્ધમાં માર્યા ગયા છે, તેઓની શી ગતિ થશે? ખરેખર મહાન સૈન્યનો, શાંતનુપુત્ર ભીષ્મનો તથા બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ વૃદ્ધ દ્રોણાચાર્યનો ઘાત કરાવીને મારૂં મન વારંવાર દુઃખી થાય છે.હાય! અકુશળ બુદ્ધિવાળા,પાપી અને મૂર્ખ એવા મારા પુત્રે પૃથ્વીનું રાજ્ય ઇચ્છીને પ્રદીપ્ત કુળનો નાશ કર્યો છે. આ સર્વનું સ્મરણ કરીને રાત્રિદિવસ હું બળ્યા કરૂં છું અને દુઃખ તથા શોકથી વ્યાપ્ત થઇ શાંતિ મેળવી શકતો નથી. હે પિતા ! આવા વિચારો આવતાં મને શાંતિ વળતી નથી.”

વૈશંપાયને કહ્યુંઃ–હે જનમેજય ! રાજર્ષિ ધૃતરાષ્ટ્રના તે વિવિધ વિલાપો સાંભળીને ગાંધારીનો, કુંતાનો, દ્રૌપદીનો, સુભદ્રાનો, બીજી શ્રેષ્ઠ સ્ત્રીઓનો તથા ધૃતરાષ્ટની વહુવારૂઓનો શોકફરી

તાજો થઇ આવ્યો.[૩૬] તે સમયે પુત્રશોકથી ઘેરાઇ ગયેલાં દેવી ગાંધારી કે જેમનાં નેત્રો બંધાયેલાં હતાં તે બે હાથ જોડી ઉભાં થઇને પોતાના સસરા વ્યાસને આ પ્રમાણે કહેવાલાગ્યાં:-"હે મહામુનિ! મરણ પામેલા પોતાના પુત્રોનો શોક કરતાં કરતાં આ રાજાનાં સોળ વર્ષો વીતી ગયાં છે; તોપણ હે પ્રભુ ! તેમને શાંતિ વળતી નથી.[૩૮] હે મહામુનિ ! પુત્રોના શોકથી ઘેરાયેલા આ ધૃતરાષ્ટ્રરાજા નિઃશ્વાસ નાખ્યા કરે છે અને રાત્રે બરાબર નિદ્રા પણ લેતા નથી. તમે પોતાના તપોબળથી બીજા સર્વ લોકોને સરજવાને પણ સમર્થ છો, તો પછી પરલોકમાં ગયેલા રાજાના પુત્રોને બતાવવા સમર્થ હો, તેમાં શું આશ્ચર્ય હોય?[૪૦] મારી સર્વ વહુઓમાં પ્રિય વહુ આ દ્રૌપદી, પોતાના સંબંધીઓ તથા પુત્રોના મરણથી અત્યંત શોક કર્યા કરે છે; તેમજ સુંદર અને મધુર બોલનારી એવી શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા, અભિમન્યુના વધથી સંતાપ પામીને અત્યંત શોક કરે છે.[૪૨] બુદ્ધિમાન કુરુવંશી બાહ્લિકરાજા જેનો સસરો હતો તે આ ભૂરિશ્રવાની પરમ માનીતી સ્ત્રી સ્વામીનાશના શોકથી પીડાઇને અત્યંત સંતાપ કરે છે. તે પણ પોતાના પિતા સોમદત્તની સાથે મહારણમાં હણાયો છે;× અને મહાબુદ્ધિમાન શ્રીમાન આ રાજા, કે જે તમારા પુત્ર છે તેમના યુદ્ધમાંથી પલાયન નહિ કરનારા સો પુત્રો રણમાં માર્યા ગયા છે, તેઓની આ સો સ્ત્રીઓ દુઃખ તથા શોકથી હણાઇને મારા તથા આ રાજાના શોકમાં વારંવાર વૃદ્ધિ કર્યા કરે છે. હે મહામુનિ! તે મહાન સંહારને લીધે નિરંતર રુદન કરી રહેલી આ સર્વ સ્ત્રીઓ મનેજ વિંટાઇ વળીને બેસી રહે છે. હે પ્રભુ ! મહારથી મહાત્મા સોમદત્ત વગેરે તથામારા શૂરાસસરાઓની શીગતિ થશે ? હે ભગવન્ ! તમારી કૃપાથી આ રાજા, હું અને આ તમારી વહુ કુંતી જે રીતે શોકરહિત થઇએ તે રીતે તમે કરો."

ગાંધારીએ એમ કહ્યું ત્યારે વ્રતથી કૃશ થયેલા મુખવાળાં કુંતાને ગુપ્તરીતે જન્મેલા અને સૂર્યસમાન તેજસ્વી તે પોતાના પુત્ર-(કર્ણ)નું સ્મરણ થઈ આવ્યું; એટલે વર આપનારા તથા દૂરથી પણ સાંભળી-જોઈ શકનારા ઋષિ વ્યાસે અર્જુનનાં દુઃખી માતા દેવી કુંતા તરફ દૃષ્ટિ કરી કહ્યું કે:-" હે મહાભાગે ! તારા મનમાં જે કાર્ય કહેવાનું હોય, તે તું મને કહે." તે પછી કુંતાએ પોતાના સસરાને શિરસા પ્રણામ કરીને શરમાતાં શરમાતાં પોતાના પુરાતન ગુપ્ત વૃત્તાંતને ખુલ્લું કરતાં આ પ્રમાણે કહેવા માંડ્યું.[૪૩-૫૨]

ઈતિ **શ્રીમહા૦ આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં**
"ધૃતરાષ્ટ્ર આદિએ કરેલી પ્રાર્થના" એ
વિષયનો અધ્યાય ૨૯ મો સમાપ્ત

અધ્યાય ૩૦ મો

કર્ણના દર્શનમાટે કુંતાની પ્રાર્થના

॥ कुंत्युवाच ॥

भगवन् श्वशुरो मेऽसि दैवतस्यापि दैवतम् ।
स मे देवातिदेवस्त्वं शृणु सत्यां गिरां मम ॥१

કુંતીએ કહ્યું:-"હે ભગવન્ ! તમે મારા સસરા છો, તેથી મારા દૈવતના પણ દૈવત છો અને મારા દેવાધિદેવ છો; માટે મારી સત્ય વાણી તમે સાંભળો.[૧] પૂર્વે દુર્વાસા નામના તપસ્વી અને ક્રોધી બ્રાહ્મણ, ભોજનને માટે ભિક્ષા લેવા મારા પિતાની પાસે આવ્યા હતા. તેમને મેં મારી પવિત્રતાથી, અપરાધોના ત્યાગથી તથા શુદ્ધ મનથી પ્રસન્ન કર્યા હતા. કોપ કરવાનાં મોટાં મોટાં સ્થાનકો હોવા છતાં તે મહામુનિ મારાપર કદી કોપાયમાન થયા નહિ, પણ કૃતકૃત્ય એવા તે મુનિ મને વર આપવા તૈયાર થયા. તેમણે મને કહ્યું કે:-"તારે અવશ્ય મારી પાસેથી વર ગ્રહણ કરવો પડશે." પછી શાપના ભયથી તે બ્રાહ્મણને મેં કહ્યું કે:-" બહુ સારૂં, તેમ થાઓ." એટલે તે બ્રાહ્મણે ફરી મને કહ્યું કે:-"હે સુંદર મુખવાળી ભદ્રે ! તું ધર્મની માતા થઇશ. તું જે દેવોનું આવાહન કરીશ તે

× ભૂરિશ્રવાનો પિતા બાહ્લિક અને બાહ્લિકનો પિતા સોમદત્ત, એ બન્ને પુત્ર અને પિતા સાથે મુઆ એમ કહેવાનો હેતુ છે.

દેવો તને વશ થશે.” આમ કહીને તે બ્રાહ્મણ ત્યાંથી અંતર્ધાન થઇ ગયા અને હું આશ્ચર્ય પામી. મારી સ્મરણશક્તિ કોઇ પણ અવસ્થામાં નાશ પામતી નથી,જેથી એક સમયે પ્રાસાદની અગાસીમાં હું બેઠી હતી ત્યારે સૂર્યને ઉદય પામતા જોઇને ઋષિનું વાક્ય સ્મરણ કરી સૂર્યની મેં સ્પૃહા કરી. તે વેળા બાલભાવને લીધે ત્યાં ઉભી રહીને મેં તેમાં કંઈ દોષ જાણ્યો નહિ, પણ દેવ સૂર્યનારાયણ તો મારી સમીપમાં હાજર થયા. તેમણે એક પૃથ્વીપર તથા એક આકાશમાં–એમ પોતાના શરીરનાં બે સ્વરૂપો કર્યાં હતાં. એકથી તેઓ લોકોને તપાવતા હતા અને બીજાથી મારી પાસે આવ્યા હતા.[૧૦] તેમણે થરથર ધ્રૂજી રહેલી મને કહ્યું કેઃ–“તું મારી પાસેથી વરમાગ.”એટલે મેં મસ્તકવડે પ્રણામ કરીને તેમને કહ્યું કેઃ–‘તમે અહીંથી ચાલ્યા જાઓ.’ પછી તીક્ષ્ણ કિરણોવાળા તે સૂર્યદેવે મને કહ્યું કેઃ–“મને વ્યર્થ બોલાવવો તે યોગ્ય ગણાતું નથી; માટે હું તને તથા તને વર આપનારા તે બ્રાહ્મણને બાળી નાખીશ.” તે સાંભળી મારા ઉપર ઉપકાર કરનારા તે બ્રાહ્મણની રક્ષા કરતી હું બોલી કેઃ–‘ મને તમારા સમાન પુત્ર થાઓ.’[૧૧-૧૩] તે પછી પોતાના તેજદ્વારા મારામાં પ્રવેશ કરી મને મોહ પમાડીને સૂર્યે કહ્યું કેઃ–“ તને મારાસમાન પુત્ર થશે.” એમ કહીને તે સ્વર્ગમાં ચાલ્યા ગયા.[૧૪] પછી મારા પિતાના ઘરની અંદર તે વૃત્તાંતને મેં ગુપ્ત રાખીને ગૂઢ રીતે ઉત્પન્ન થયેલા બાળકપુત્ર કર્ણનો જળમાં મેં ત્યાગ કર્યો.[૧૫] ખરેખર, તે દેવનીજ કૃપાથી તે ઋષિએ જે પ્રમાણે મને કહ્યું હતું, તે પ્રમાણેજ ફરી હું કન્યા થઈ ગઇ. એ રીતે હે બ્રહ્મર્ષિ ! મેં મૂર્ખીએ જાણી-જોઇનેજ તે મારા પુત્રને ત્યજી દીધો હતો, એ વાત હજીસુધી મને બાળ્યા કરે છે, એ તમે જાણો છો.[૧૭] હે ભગવન્ ! મારૂં તે કર્મ પાપી હોય કે પાપરહિત હોય, પણ મેં તેને તમારી આગળ પ્રકટ કરી દીધું છે. તે પુત્રને જોવાની મને ઇચ્છા છે અને તેનાં દર્શન કરાવી મારા દુઃખને દૂર કરવાને તમે યોગ્ય છો.[૧૮] હે નિર્દોષ મહામુનિ ! આ રાજાના હૃદયમાં જે કંઈ રહેલું છે,તે તમે જાણ્યું છે. આ રાજા પોતાની કામનાને આજે ભલે પ્રાપ્ત કરે.”[૧૯]

દેવી કુંતાએ આમ કહ્યું,એટલે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ વ્યાસે પ્રત્યુત્તર આપ્યો કેઃ–“ ઠીક છે, એ સર્વ તું કહે છે, તેમજ થશે. તેં સૂર્યથી કર્ણને ઉત્પન્ન કર્યો, તેમાં તારો કંઇ અપરાધ નથી;કેમકે ત્યારેતું કન્યાભાવને પ્રાપ્તથયેલીહતી. દેવો ઐશ્વર્યવાળા હોય છે, તેથી તેઓ બીજાના શરીરમાં પ્રવેશ કરી શકે છે. દેવોના કેટલાએક સમૂહો તેવા પણ હોય છે, કે જેઓ સંકલ્પથી, વાણીથી, દૃષ્ટિથી, સ્પર્શથી તથા મૈથુનથી–એમ પાંચ પ્રકારે પ્રજાઓ ઉત્પન્ન કરી શકે છે.[૨૦-૨૨]

मनुष्यधर्मो दैवेन धर्मेण हि न दुष्यति ।
इति कुंति विजानीहि व्येतु ते मानसोज्वरः॥
सर्वं बलवतां पथ्यं सर्वं बलवतां शुचि ।
सर्वं बलवतां धर्मः सर्वं बलवतां स्वकम् ॥२४

હે કુંતિ! તું જાણ કે,મનુષ્યધર્મ દૈવીધર્મદ્વારા કદી દૂષિત થતો નથી.તારો માનસિક તાપ દૂર થાઓ.[૨૩] બળવાન મનુષ્યોને સર્વ હિતકારક થાય છે, બળવાનોનું સર્વ કંઇ પવિત્ર હોય છે,બળવાનોને સર્વ કંઇ ધર્મરૂપ હોય છે અને બળવાનોને સર્વ કંઇ પોતાનુંજ હોય છે.”[૨૪]

ઈતિ શ્રીમહા૦ આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં
“ વ્યાસ અને કુંતીનો સંવાદ ” એ
વિષયનો અધ્યાય ૩૦ મો સમાપ્ત

અધ્યાય ૩૧ મો

સર્વ મંડળનું ગંગાતીરે ગમન

॥ व्यास उवाच ॥

भद्रे द्रक्ष्यसि गांधारि पुत्रान् भ्रातॄन् सखींस्तथा
वधूश्च पतिभिः सार्धं निशि सुप्तोत्थिता इव॥१॥

વ્યાસે કહ્યુંઃ–“ હે ભદ્રે ગાંધારિ! તું તારા પુત્રોને, ભાઇઓને, મિત્રોને તથા પતિઓ સાથે વહુઓને રાત્રે સૂઇને ઉઠયાં હોય તેમ જોઇશ.[૧] કુંતી કર્ણને, સુભદ્રા અભિમન્યુને અને દ્રૌપદી તેના પાંચ પુત્રોને, પિતાઓને તથા ભાઇઓને

જોશે.[2] રાજા ધૃતરાષ્ટ્રે, તેં તથા કુંતીએ મને કહ્યું તે પહેલાંજ મારા હૃદયમાં આ નિશ્ચય થયો હતો.[3] પુરુષોમાં શ્રેષ્ઠ જે મહાત્માઓ ક્ષાત્રધર્મમાં પરાયણ રહીને યુદ્ધમાં મરણ પામ્યા છે,તેઓ સર્વે અવશ્ય શોક કરવા યોગ્ય નથીજ; કેમકે હે નિર્દોષ દેવિ! દેવોનું તે કાર્ય અવશ્ય થવાનુંજ હતું અને તેથીજ તેઓ સર્વે દેવોના અંશતરીકે પૃથ્વીપર અવતર્યા હતા.[4,5] ગંધર્વો, અપ્સરાઓ, પિશાચો, દૈત્યો, રાક્ષસો યક્ષો,સિદ્ધો,પવિત્ર પુરુષો,દેવો,દાનવો તથા નિર્દોષ દેવર્ષિઓ (મનુષ્યોરૂપે અવતર્યા હતા અને તેઓ) કુરુક્ષેત્રના રણમાં મૃત્યુને પામ્યા છે.[6,7] બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર એ પ્રમાણે જે પ્રસિદ્ધ થયો છે તે ગંધર્વોનો રાજા છે, તેજ મનુષ્યલોકમાં ધૃતરાષ્ટ્રતરીકે તારો પતિ થયો છે.[8] તારે જાણવું કે, પાંડુ મરુદ્ગણોના કરતાં પણ અધિક અને અસ્ખલિત શક્તિવાળો હતો, વિદુર ધર્મનો અંશ હતો અને રાજા યુધિષ્ઠિર પણ ધર્મનો અંશ છે.[9] હે પવિત્ર દેખાવવાળી! દુર્યોધનને તારે કલિયુગ જાણવો, શકુનિને દ્વાપરયુગ જાણવો અને દુઃશાસન આદિને તારે રાક્ષસો જાણવા.[10] શત્રુઓનું દમન કરનારા બળવાન ભીમસેનને મરુદ્ગણોથી ઉત્પન્ન થયેલો જાણવો અને કુંતીપુત્ર આ અર્જુનને નરઋષિ જાણવો. શ્રીકૃષ્ણ નારાયણ છે,નકુલ-સહદેવ બન્ને અશ્વિનીકુમારો છે; તેમજ જે અર્જુનથી ઉત્પન્ન થયો હતો, સર્વને હર્ષ ઉપજાવનારો હતો,પાંડવોનો વારસ હતો અને જેને છ મહારથીઓએ મારી નાખ્યો છે, તે અભિમન્યુ ચંદ્ર હતો. તેણે પોતાના યોગબળથીજ પોતાના આત્માને બે સ્વરૂપવાળો કર્યો હતો.[11-13] હે કલ્યાણિ ! તપનારાઓમાં શ્રેષ્ઠ સૂર્ય પોતાના શરીરનાં બે સ્વરૂપ કરીને લોકોને તાપઆપનારા કર્ણરૂપે ઉત્પન્ન થયો હતો,એમ તારે જાણવું. ધૃષ્ટદ્યુમ્ન દ્રૌપદીની સાથે અગ્નિમાંથી ઉત્પન્ન થયો હતો, માટે તેને અગ્નિના પવિત્ર અંશરૂપ જાણવો અને શિખંડીને રાક્ષસ જાણવો.[15] તારે જાણવું કે,દ્રોણાચાર્ય બૃહસ્પતિનાઅંશરૂપ હતા. અશ્વત્થામા રુદ્રના અંશમાંથી ઉત્પન્ન થયા હતા અને ગંગાપુત્ર ભીષ્મને મનુષ્યપણાને પામેલા વસુ જાણવા.[16] આ રીતે હે મહાબુદ્ધિમતી કલ્યાણિ! તેઓ સર્વે દેવોજ હતા અને મનુષ્યપણાને પામી પોતાનું કાર્ય જ્યારે પૂર્ણ થયું,ત્યારે પુનઃ સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. તમારા સર્વના હૃદયમાં પરલોકના ભયનેલીધે લાંબાકાળનું આ દુઃખ રહ્યું છે, તેને આજે હું દૂર કરીશ.[18] તમે સર્વે ગંગાનદીના કિનારા ઉપર ચાલો, ત્યાં રણસંગ્રામમાં જેઓ હણાયા છે, તેઓ સર્વને તમે જોશો."[19]

વૈશંપાયને કહ્યું:-વ્યાસનું એ વચન સાંભળીને તે સર્વ જનસમુદાય મોટો સિંહનાદ કરી ગંગા તરફ ગયો.[20] ધૃતરાષ્ટ્ર પણ પોતાના અમાત્યો, પાંડવો, મહામુનિઓ તથા ત્યાં આવેલા ગંધર્વોની સાથે ગંગા તરફ ગયા.[21] તે પછી અનુક્રમે ગંગા ઉપર આવીને તે મનુષ્યોરૂપી મહાસાગરે પ્રીતિપૂર્વક સુખેથી ત્યાં નિવાસ કર્યો.[22] બુદ્ધિમાન રાજા ધૃતરાષ્ટ્રે પણ પાંડવો, સ્ત્રીઓ, વૃદ્ધો તથા પોતાના અનુયાયીઓની સાથે કોઈ ઈષ્ટ પ્રદેશઉપર નિવાસ કર્યો.[23] તેઓ મરેલા રાજાઓને જોવાની ઇચ્છાથી રાત્રિની રાહ જોઈ રહ્યા હતા, જેથી તેઓનો તે દિવસ સો વર્ષના જેવડો થઇને માંડમાંડ ગયો.[24] પછી સૂર્યનારાયણ પવિત્ર મહાગિરિ અસ્તાચલ તરફ ગયા,એટલે તેઓએ સ્નાન કરીને રાત્રિનું (સાયંસંધ્યાદિ) કર્મ કરવા માંડયું.[25]

ઇતિ **શ્રી**મહા૦ આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં
'ગંગાના તીર ઉપર ગમન 'એ વિષયનો અધ્યાય ૩૧ મો સમાપ્ત

* * *

અધ્યાય ૩૨ મો

ભીષ્માદિનાં દર્શન

॥ वैशंपायन उवाच ॥

ततो निशायां प्राप्तायां कृत सायाह्निक क्रियाः
व्यासमभ्यगमन् सर्वे ये तत्रासन् समागताः ॥१॥

'વૈશંપાયને કહ્યું:- પછી જ્યારે રાત પડી ત્યારે ગંગાતીરે જેઓ આવ્યા હતા તે સર્વે સાયંકાળની ક્રિયાઓ કરીને વ્યાસની પાસે ગયા.[1]

ધર્માત્મા ધૃતરાષ્ટ્ર પાંડવોની સાથે પવિત્ર તથા એકચિત્ત થઈને તે ઋષિઓસાથે બેઠા.[2] સર્વ સ્ત્રીઓ ગાંધારીની સાથે બેઠી અને નગરવાસી તથા દેશવાસી સર્વ લોકો પોતપોતાની વય પ્રમાણે અનુક્રમે બેઠા.[3] તે પછી મહાતેજસ્વી મહામુનિ વ્યાસે ગંગાના પવિત્ર જળમાં પ્રવેશ કરીને પાંડવો તથા કૌરવોના જે યોદ્ધાઓ તથા જૂદા જૂદા દેશમાં નિવાસ કરનારા જે મહાભાગ રાજાઓ (યુદ્ધમાં મરણ પામ્યા) હતા, તેઓ સર્વને બોલાવ્યા.[5] આ પછી હે જનમેજય! પૂર્વે કૌરવો તથા પાંડવોની સેનામાં જેવો શબ્દ થઈ રહ્યો હતો તેવો તુમુલ શબ્દ જળની અંદર થવા લાગ્યો; અને પછી તે સર્વ રાજાઓ ભીષ્મ તથા દ્રોણાચાર્યને આગળ કરી પોતાનાં સૈન્યોની સાથે હજારોની સંખ્યામાં તે જળમાંથીબહારનીકળ્યા. પોતાના પુત્રો તથા સૈન્યોની સાથે વિરાટ, દ્રુપદ, દ્રૌપદીના પુત્રો, અભિમન્યુ, રાક્ષસ ઘટોત્કચ, કર્ણ, દુર્યોધન, મહારથ શકુનિ, દુઃશાસન વગેરે ધૃતરાષ્ટ્રના મહાબળવાન પુત્રો, જરાસંધનો પુત્ર, ભગદત્ત, વીર્યવાન જલસંધ, ભૂરિશ્રવા, શલ, શલ્ય, પોતાના ભાઇઓસાથે વૃષસેન, રાજપુત્ર લક્ષ્મણ, ધૃષ્ટદ્યુમ્નના પુત્રો, શિખંડીના સર્વ પુત્રો, ભાઈઓ સાથે ધૃષ્ટકેતુ, અચલ, વૃષક, રાક્ષસ અલાયુધ, બાહ્લિક, સોમદત્ત અને રાજા ચેકિતાન–આ અને આ સિવાયના બીજા અનેક રાજાઓ, કે જેઓની સંખ્યા ઘણી હોવાથી અહીં તેઓનાં નામ કહેવામાં આવતાં નથી તેઓ સર્વે ઝળહળતા શરીરે જળમાંથી બહાર નીકળ્યા.[13] જે વીરરાજાનો (યુદ્ધમાં) જેવો વેષ, ધ્વજા તથા વાહન હતું, તે તેની સાથે ત્યાં દેખાયા.[14] તેઓ સર્વેએ દિવ્યવસ્ત્રો તથા પ્રદીપ્ત કુંડળો ધારણ કર્યાં હતાં; વૈર, અહંકાર, ક્રોધ તથા મત્સરથી તેઓ રહિત થયા હતા; ગંધર્વો તેઓના ગુણોને ગાઈ રહ્યા હતા; ભાટચારણો તેઓની સ્તુતિ કરી રહ્યા હતા; દિવ્યમાળાઓ તથા વસ્ત્રો તેઓએ ધારણ કર્યાં હતાં અને અપ્સરાઓના સમુદાયોથી તેઓ વિંટાયલા હતા.[16] હે રાજા! તે સમયે સત્યવતીના પુત્ર મુનિ વ્યાસે પ્રસન્ન થઇને પોતાના તપોબળથી ધૃતરાષ્ટ્રને દિવ્ય ચક્ષુ આપ્યાં હતાં, જેથી તે ધૃતરાષ્ટ્ર તથા દિવ્ય જ્ઞાનબળવાળી યશસ્વિની ગાંધારી પોતાના સર્વ પુત્રોને તથા રણમાં માર્યા ગયેલા બીજાઓને પણ જોઇ રહ્યાં હતાં;[17,18] તેમજ સર્વ મનુષ્યો પણ રૂંવાટાં ઉભાં કરી દે તેવા તે અચિંત્ય મોટા આશ્ચર્યને વિસ્મય પામીને સ્થિર નેત્રે જોતાં હતાં. 'હર્ષ પામેલાં સ્ત્રીપુરુષોથી વ્યાપ્ત તે આશ્ચર્યરૂપ મહાન ઉત્સવ વસ્ત્રપર ચિત્રેલા ચિત્રના જેવો દેખાતો હતો. હે ભરતશ્રેષ્ઠ! ધૃતરાષ્ટ્ર તો તે મુનિની કૃપાથી તેઓ સર્વને દિવ્ય ચક્ષુથી જોઇને પ્રસન્ન પ્રસન્ન થઇ ગયા હતા.[19-21]

ઇતિ **શ્રીમહા૦** આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં
'ભીષ્માદિનાં દર્શન' એ વિષયનો
અધ્યાય ૩૨ મો સમાપ્ત

અધ્યાય ૩૩ મો

વિધવા સ્ત્રીઓનું પોતપોતાના પતિઓના લોકમાં ગમન

।। वैशंपायन उवाच ।।

ततस्ते पुरुषश्रेष्ठाः समाजग्मुः परस्परम् ।
विगतक्रोधमात्सर्याः सर्वे विगतकल्मषाः।।१।।

વૈશંપાયને કહ્યું:–તે પછી ક્રોધ, મત્સર તથા પાપથી રહિત થયેલા તે સર્વ મહાપુરુષો અન્યોન્યને મળ્યા.[1] દેવર્ષિઓએ નિર્માણ કરેલા ઉત્તમ વિધિનો આશ્રય કરી તેઓ સર્વે દેવલોકમાં મળેલા દેવોની પેઠે હર્ષિત મનવાળા થયા.[2] હે રાજન્! પુત્ર માતાપિતાની સાથે, પત્ની પતિની સાથે, ભાઇ ભાઇની સાથે અને મિત્ર મિત્રની સાથે મળ્યા.[3] પાંડવો પણ મહાધનુર્ધર કર્ણને, અભિમન્યુને તથા દ્રૌપદીના સર્વ પુત્રોને અત્યંત હર્ષપૂર્વક મળ્યા. હે રાજા! પ્રસન્ન થયેલા તે પાંડવોએ કર્ણને મળીને સુહૃદ્ભાવ સ્થાપિત કર્યો.[5] હે ભરતશ્રેષ્ઠ! તે ક્ષત્રિયયોદ્ધાઓ મુનિની કૃપાથી એ રીતે અન્યોન્યને મળી શોક તથા ક્રોધથી રહિત થઇ શત્રુભાવનો ત્યાગ કરી મિત્રભાવમાં સ્થિર થયા. પુરુષવ્યાઘ્ર કૌરવો તથા બીજા રાજાઓએ એ પ્રમાણે પોતાના

વડીલો તથા બાંધવોને મળીને તેમજ પ્રસન્ન ચિત્તે એ આખી રાત્રિ વિહાર કરીને દેવોની પેઠે સંતોષ માન્યો. હે ભરતશ્રેષ્ઠ ! એ સમયે અન્યોન્યને મળેલા તે યોદ્ધાઓમાં શોક, ભય, ત્રાસ, અપ્રીતિ કે અપયશ જેવું કંઈજ ન હતું. સર્વ સ્ત્રીઓ પણ પતિઓ, પિતાઓ, ભાઇઓ તથા પુત્રોની સાથે મળી પરમ હર્ષ પામી અને દુઃખનો તેઓએ ત્યાગ કર્યો.તે વીર પુરુષો તથા સ્ત્રીઓ એક રાત્રિસુધી એ પ્રમાણે વિહાર કરીને અન્યોન્યની રજા લઇ પરસ્પર ભેટીને જેમ આવ્યા હતા તેમ ચાલ્યા ગયા. તે પછી મહામુનિ વ્યાસે તે સર્વલોકોને જવાની રજા આપી, એટલે એક ક્ષણવારમાં સર્વના દેખતાંજ તેઓ અંતર્ધાન થઇ ગયા. તે મહાત્માઓ રથો તથા ધ્વજાઓની સાથે પવિત્ર ગંગા નદીમાં પ્રવેશ કરીને, પોતપોતાનાં સ્થાનકોમાં ચાલ્યા ગયા. કેટલાએક દેવલોકમાં, કેટલાએક બ્રહ્મલોકમાં, કેટલાએક વરુણલોકમાં, કેટલાએક કુબેરલોકમાં અને કેટલાએક રાજાઓ યમલોકમાં ગયા; તેમજ કેટલાએક રાક્ષસોના તથા પિશાચોના લોકમાં અને કેટલાએક ઉત્તરકુરુઓમાં ગયા. વિચિત્ર ગતિવાળા તેઓ સર્વ મહાત્માઓ દેવોની સાથે જે લોકોને પામ્યા હતા,તેજ લોકોમાં પુનઃ પોતાનાં વાહનો તથા અનુયાયીઓની સાથે ગયા.

એ રીતે તેઓ સર્વે ગયા એટલે કુરુઓનું હિત કરનારા અને જળમાં ઉભેલા મહાતેજસ્વી ધર્મશીલ મહામુનિએ (વ્યાસે) જેઓના પતિ મરણ પામ્યા હતા,તે સર્વ ક્ષત્રિયાણીઓને કહ્યું કેઃ-[૬-૧૮] “ જે જે શ્રેષ્ઠ સ્ત્રીઓને પોતાના પતિના લોકની ઇચ્છા હોય તેઓ સત્વર સાવધાન થઈને ગંગાના જળમાં પ્રવેશ કરો.”[૧૯] વ્યાસનું એ વચન સાંભળીને શ્રદ્ધાળુ શ્રેષ્ઠ સ્ત્રીઓએ સસરાની આજ્ઞા લઇ ગંગાના જળમાં પ્રવેશ કર્યો;[૨૦] એટલે તુરતજ તે સર્વ સાધ્વીઓ મનુષ્યદેહથી મુક્ત થઇને પોતાના પતિઓની સાથે તેજ સમયે મળી ગઈ. આ પ્રમાણે શીલસંપન્ન તે સર્વ પતિવ્રતા ક્ષત્રિયાણીઓ ગંગામાં પ્રવેશ કરી, દેહથી મુક્ત થઇને પતિના સમાન લોકને પામી.[૨૨] તેઓ પોતાના પતિઓની પેઠેજ દિવ્ય રૂપવાળી, દિવ્ય અલંકારોથી શોભતી અને દિવ્ય માળા તથા દિવ્ય વસ્ત્રોને ધારણ કરનારી થઇ રહી.[૨૩] શીલગુણોથી સંપન્ન તથા સર્વ ગુણોથી યુક્ત તે સર્વ સ્ત્રીઓ વિમાનમાં બેસીને તથા પરિશ્રમથી રહિત થઇને પોતપોતાના સ્થાનને પામી.[૨૪] તે સમયે જેની જેની જે જે ઇચ્છા હતી તેને તેને વર આપનારા ધર્મવત્સલ વ્યાસે પૂર્ણ કરી હતી. જૂદા જૂદા દેશના મનુષ્યો પણ એ રાજાઓનું એ રીતે પુનરાગમન સાંભળી પ્રસન્ન થઇ હર્ષ પામ્યા હતા.[૨૫,૨૬] જે મનુષ્ય તેઓના એ પ્રિય સમાગમનું સારી રીતે શ્રવણ કરે છે, તેને આ લોકમાં તથા પરલોકમાં નિત્ય પોતાની પ્રિય વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.[૨૭] મહાન ધર્મવેત્તા જે વિદ્વાન પુરુષ, પરિશ્રમરહિત અને નિર્દોષ આ ઇષ્ટ બાંધવોના સંયોગની કથા બીજા વિદ્વાનોને સંભળાવે છે, તેને આ લોકમાં યશ મળે છે અને પરલોકમાં શુભ ગતિ મળે છે. હે ભારત! જે મનુષ્યો સ્વાધ્યાયયુક્ત, તપયુક્ત,ઉત્તમ આચાર તથા ઇંદ્રિયનિગ્રહથી યુક્ત, દાનથી નાશ પામેલાં પાપવાળા, સરળ, પવિત્ર, શાંત, હિંસા તથા અસત્યથી રહિત, આસ્તિક, શ્રદ્ધાળુ અને ધૈર્યવાળા હોઈને આ આશ્ચર્યકારક પર્વનું શ્રવણ કરશે, તેઓ શ્રેષ્ઠ ગતિને પામશે.[૨૮-૩૧]

ઇતિ શ્રી મહા૦ આશ્રમ૦પુત્રદર્શનપર્વમાં‘સ્ત્રીઓનું પોતપોતના પતિઓના લોકમાં ગમન’
એ વિષયનો અધ્યાય ૩૩ મો સમાપ્ત

અધ્યાય ૩૪ મો

જનમેજયની શંકા અને તેનું સમાધાન

॥ सौतिरुवाच ॥

एतच्छ्रुत्वा नृपो विद्वान् हृष्टोऽभूज्जनमेजयः ।
पितामहानां सर्वेषां गमनागमनं तदा ॥१॥

સુતપુરાણીએ કહ્યુંઃ-સર્વ પિતામહોનું તે જવું-આવવું સાંભળીને વિદ્વાન રાજા જનમેજય પ્રસન્ન થયા.[૧] તેમણે મરણ પામેલાઓના

ફરી આવવાના સંબંધમાં હર્ષયુક્ત થઇને પૂછ્યું કેઃ-"જેઓએ દેહનો ત્યાગ કર્યો હોય તેઓનું પુનઃ તેજ સ્વરૂપમાં દર્શન કેવી રીતે થાય ?"[૨] જનમેજયે એમ પૂછ્યું, એટલે બ્રાહ્મણો તથા વક્તાઓમાં શ્રેષ્ઠ વ્યાસના પ્રતાપી શિષ્ય વૈશંપાયને તે જનમેજયરાજાને આ પ્રમાણે કહ્યું.[૩]

વૈશંપાયને કહ્યું:-હે રાજા ! સર્વ કર્મોનો કદી નાશ થતો નથી, એ નિશ્ચિતજ છે. શરીરો તથા આકૃતિઓ કર્મથીજ ઉત્પન્ન થાય છે. મહાભૂતો તો નિત્ય છે, કારણ કે તેઓ ભૂતોના અધિપતિ ઇશ્વરને આશ્રયે રહેલાં છે. તેઓ નાશવંત નથી, તેથી નાશવંત શરીરોથી જૂદાં પડીને પણ તેઓનો વિનાશ થતો નથી.[૪,૫] જે કર્મ અનાયાસે કરાયેલું હોય છે-અર્થાત્ જે કર્મ નિવૃત્તિરૂપ હોય છે, તેની ફળપ્રાપ્તિ સત્ય અને શ્રેષ્ઠ હોય છે, પણ આત્મા જ્યારે આયાસયુક્ત કર્મો સાથે જોડાય છે-અર્થાત્ આત્માને પ્રવૃત્તિરૂપ કર્મનો જ્યારે સંયોગ થાય છે, ત્યારે તે સુખ-દુઃખને પામે છે.[૬] જો કે આત્મા એ રીતે કર્મોસાથે જોડાય છે, તોપણ કર્મો તેનો નાશ કરી શકતાં નથી. જેમ ભૂતોનું એટલે આપણાં શરીરોનું દર્પણ આદિમાં પડતું પ્રતિબિંબ તે દર્પણની મલિનતા વગેરેને ધારણ કરે છે, છતાં તે દર્પણના નાશથી આપણાં શરીરો નાશ પામતાં નથી, તેમજ આત્માને શરીરાદિનો યોગ થયા છતાં તે શરીરાદિનો નાશ થવા છતાં પણ આત્માનો નાશ થતો નથી. જ્યાંસુધી દેહનો આરંભ કરનારા કર્મનો નાશ થતો નથી ત્યાંસુધી તે દેહમાં સ્વરૂપબુદ્ધિ રહે છે-આત્મસ્વરૂપની ભ્રાંતિ થાય છે; પણ તે કર્મનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે મનુષ્યલોકમાં બીજા રૂપને પામે છે-અર્થાત્ બીજા દેહમાં આત્મબુદ્ધિ કરે છે.[૮] પાંચ ભૂત, ઇંદ્રિયો-આદિ જે ભિન્ન ભિન્ન પદાર્થો શરીરરૂપ થઇને એકપણાને પામેલા છે-(અર્થાત્ 'હું દેવ છું, મનુષ્યનો પુત્ર છું" આ રીતે દેહાદિ ઉપર તાદાત્મ્ય ભાવને પામેલા છે) તે પદાર્થો દેહ આદિને આત્માથી ભિન્ન જાણનારા યોગીઓની દૃષ્ટિએ નિત્ય છે. (અર્થાત્ અજ્ઞાનીઓની દૃષ્ટિએ જે પદાર્થો અનિત્ય છે, તેજ પદાર્થો જ્ઞાનીઓની દૃષ્ટિએ નિત્ય આત્મારૂપ હોય છે.)[૯] અશ્વમેધના ઘોડાના વધવિષેની અશ્વમેધની શ્રુતિ પ્રસિદ્ધ છે. તે ઉપરથી જણાય છે કે, શરીરધારીઓની ઇંદ્રિયો અવશ્ય નિત્ય પરલોકમાંજ ગમન કરે છે.[૧૦] હે રાજા ! હું તને આ એક પ્રિય વાત કહું છું કે, યજ્ઞવિસ્તારમાં પ્રસિદ્ધ એવા દેવયાનમાર્ગોજ તારે-માટે યોગ્ય છે. (અર્થાત્ તને જ્ઞાનમાં અધિકાર નથી, માટે તું ઉપાસનાસહિત કર્મોદ્વારા પ્રાપ્ત કરવાયોગ્ય દેવયાનમાર્ગનોજ આશ્રય કર.)[૧૧] જે સમયે તેં યજ્ઞ કર્યો તે સમયથીજ દેવો તારૂં હિત કરનારા થયા છે; અને જ્યારે એમજ છે ત્યારે દેવો જીવોને તે તે લોકની પ્રાપ્તિ કરી આપવા સમર્થ છે-અર્થાત્ દેવતાઓ જીવોપર કૃપા-અકૃપા કરવાને સમર્થ છે.[૧૨] (પણ એમાં એટલી વિશેષતા રહેલી છે કે,) નિત્ય એવા જે જીવો દેવોનું યજન કરે છે, તેઓને શુભગતિ પ્રાપ્ત થાય છે; પરંતુ તે સિવાયના બીજા જીવોને શુભગતિ પ્રાપ્ત થતી નથી. પાંચ ભૂતોથી બનેલો સર્વ દેવવર્ગ (એટલે ઇંદ્રિયો) નિત્ય છે અને દેહમાં રહેલો તેનો દ્રષ્ટા પુરુષ તે પણ નિત્ય છે.[૧૩] આ રીતે તેઓ બન્ને નિત્ય છે, છતાં જે મનુષ્ય આત્માનો અનેક દેહોની સાથે સંબંધ જુએ છે, તે વૃથા બુદ્ધિવાળો છે; તેમજ પુત્રાદિનો વિયોગ થતાં જે શોક કરે છે તે અત્યંત મૂર્ખ છે, એમ હું માનું છું.[૧૪] જે મનુષ્ય સ્ત્રી આદિના વિયોગમાં દોષ જોતો હોય તેણે સ્ત્રી આદિનો સંયોગજ તજી દેવો જોઇએ; અને ખરી વસ્તુસ્થિતિ તો એવીજ છે કે, આત્મા સ્વાભાવિકરીતેજ અસંગ છે, જેથી પૃથ્વીમાં વિયોગથી ઉત્પન્ન થનારૂં દુઃખ આત્માવિષે છેજ નહિ; પરંતુ જે પુરુષ ઉપર કહેલી જ્ઞાનનિષ્ઠાને જાણતો નથી, તે માત્ર નિત્યવિભાગનેજ જાણનારો હોઇને દેહાદિ ઉપરના અભિમાનને લીધે ઉપાસનાના બળથી આગળ વધે છે અને ક્રમે ક્રમે સગુણબ્રહ્મનો જ્ઞાતા થઇને તેમજ જ્ઞાનરૂપ પરાબુદ્ધિને પામીને મૂળ અજ્ઞાનરૂપ મોહથી મુક્ત થાય છે.[૧૬] જે જીવાત્મા મુક્ત હોય છે તે તો પરમાત્મામાંથીજ આવેલો હોઇ પુનઃ પરમાત્મામાંજ લીન થઇ

જાય છે. આવા હેતુથી તેવા મુક્તપુરુષને હું જાણી શકતો નથી (કેમકે તે અગોચર થયો હોય છે),તેમજ તે પુરુષ મને જાણી શકતો નથી; (કેમકે તે ઇંદ્રિયોથી પણ મુક્ત થયો હોય છે અને હું તો તેવો થઇ શકું તેમ નથી;) કારણ કે મોક્ષનું સાધન વૈરાગ્ય મારી પાસે નથી.[૧૭] અનીશ્વર જીવાત્મા,જે જે શરીરથી જે જે કર્મ કરે છે, તે તે શરીરથી તેને તેને અવશ્ય ભોગવે છે.માનસિક કર્મને મનથી ભોગવે છે;અને શરીરધારી થઈને જે કર્મ શરીરથી કરે છે, તેને શરીરવડે ભોગવે છે.[૧૮]

ઇતિ **શ્રીમહા૦ આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં**
"જનમેજયપ્રત્યે વૈશંપાયનનાં વાક્યો"એ
વિષયનો અધ્યાય ૩૪ મો સમાપ્ત

અધ્યાય ૩૫ મો

જનમેજયને પોતાના પિતાનાં દર્શન !

॥ वैशंपायन उवाच ॥

अदृष्ट्वा तु नृपः पुत्रान् दर्शनं प्रतिलब्धवान् ।
ऋषेः प्रसादात् पुत्राणां स्वरूपाणां कुरूद्वह ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે કુરુવંશી રાજા! રાજા ધૃતરાષ્ટ્રે જે પુત્રોને પ્રથમ જોયા ન હતા તેજ પુત્રોને ઋષિની કૃપાથી જોયા; તેમજ પુત્રોનાં સ્વરૂપોનું દર્શન પણ કર્યું.[૧] પુરુષોમાં શ્રેષ્ઠ તે રાજાએ સમગ્ર રાજધર્મો, બ્રહ્મસંબંધી ઉપનિષદો તથા બુદ્ધિના નિશ્ચયને વ્યાસની કૃપાથી પ્રાપ્ત કર્યો;[૨] અને મહાબુદ્ધિમાન વિદુર તપના બળથી સિદ્ધિને પામ્યા, તેમજ ધૃતરાષ્ટ્રે પણ તપસ્વી વ્યાસનો આશ્રય કરીને સિદ્ધિને મેળવી.

જનમેજયે કહ્યું:–વર આપનારા વ્યાસ મને પણ તેજ રૂપમાં,તેજ વેષમાં અને તેજ વયમાં મારા પિતાનાં જો દર્શન કરાવે, તો તમે કહેલું સર્વ હું માનું.[૪] વળી મહર્ષિ વ્યાસની એ કૃપાથી મારૂં પ્રિય થશે, હું કૃતાર્થ થઇશ અને દઢ નિશ્ચય ઉપર આવીશ; માટે મારી તે કામના ભલે પૂર્ણ થાય.[૫]

સૂતપુરાણીએ કહ્યું:–તે રાજાએ એ પ્રમાણે કહ્યું એટલે બુદ્ધિમાન પ્રતાપી વ્યાસે તેનાપર કૃપા કરી અને તેના પિતા પરિક્ષિતને ત્યાં હાજર કર્યો.[૬] તે પછી જનમેજયરાજાએ તેજરૂપમાં અને તેજ વયમાં ત્યાં આવેલા પોતાના પિતા શ્રીમાન પરિક્ષિતને જોયો;[૭] તેમજ મહાત્મા શમીકઋષિને, તેના પુત્ર શૃંગીને અને તે પરિક્ષિતરાજાના જેઓ મંત્રી હતા તેઓ સર્વને જનમેજયે જોયા.[૮] પછી યજ્ઞના અવભૃથસ્નાનસમયે રાજા જનમેજયે પ્રસન્ન થઈને પ્રથમ પોતાના પિતાને સ્નાન કરાવ્યું અને પછી પોતે પણ સ્નાન કર્યું.[૯] સ્નાન કર્યા પછી તે રાજાએ યાજ્ઞિકોના કુળમાં ઉત્પન્ન થયેલા જરત્કારુના પુત્ર આસ્તીક નામના બ્રાહ્મણને તે સમયે કહ્યું કે:–[૧૦] "હે આસ્તીક! હું માનું છું કે, મારો આ યજ્ઞ અનેક પ્રકારનાં આશ્ચર્યવાળો થયો છે, કેમકે આજે મારા શોકનો નાશ કરનારા આ મારા પિતા આવ્યા છે."

આસ્તીકે કહ્યું:–"હે કુરુકુળશ્રેષ્ઠ! તપના ભંડારરૂપ પુરાણઋષિ વ્યાસ જેના યજ્ઞમાં હોય તેણે બન્ને લોકોને જીતી લીધેલાજ સમજવા;[૧૨] કેમકે હે પાંડવનંદન! તેં વિચિત્ર આખ્યાનનું શ્રવણ કર્યું, સર્પોને ભસ્મ કર્યા અને પિતાની પદવીને પ્રાપ્ત કરી.[૧૩] હે રાજા! તારામાં સત્ય હોવાને લીધેજ તક્ષક જીવતો છૂટી શક્યો છે, તેં સર્વ ઋષિઓને પૂજ્યા છે, મહાત્મા પિતાની ગતિને જોઈ છે, પાપનો નાશ કરનાર (આ મહાભારત) ઇતિહાસ સાંભળીને અતિ મહાન ધર્મ સંપાદન કર્યો છે અને શ્રેષ્ઠ મનુષ્યોનાં દર્શનથી તારી હૃદયગ્રંથિ છૂટી ગઇ છે.[૧૪,૧૫]

ये च पक्षधराधर्मे सद्वृत्तरुचयश्च ये ।
यान्दृष्ट्वाहीयतेपापंतेभ्यःकार्यानमस्क्रिया ॥

માટે જેઓ ધર્મનો પક્ષ કરનારા હોય, સદ્વર્તનમાં પ્રીતિ રાખનારા હોય અને જેઓને જોતાંજ પાપનો નાશ થાય છે તેવા મહાપુરુષોને (તારે સદા) નમસ્કાર કરવા."[૧૬]

સૂતપુરાણીએ કહ્યું:–બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ તે આસ્તીક પાસેથી આ પ્રમાણે સાંભળીને રાજા જનમેજયે વારંવાર તે ઋષિને માન આપીને પૂજા

કરી.[૧૭] પછી હે શ્રેષ્ઠ શૌનક! તે અસ્ખલિત શક્તિવાળા ઋષિ વૈશંપાયનને ધર્મવેત્તા જનમેજયે વનવાસનીકથાનો બાકી ભાગ પૂછ્યો.[૧૮]

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં "જનમેજયને પોતાના પિતાનાં દર્શન" એ વિષયનો અધ્યાય ૩૫ મો સમાપ્ત

અધ્યાય ૩૬ મો

પાંડવો પાછા હસ્તિનાપુરમાં

॥ जनमेजय उवाच ॥

दृष्ट्वा पुत्राँस्तथा पौत्रान् सानुबंधान् जनाधिपः
धृतराष्ट्रः किमकरोद्राजा चैव युधिष्ठिरः ॥१॥

જનમેજયે પૂછ્યું:-પોતાના પુત્રોને તથા પૌત્રોને પરિવારની સાથે જોયા પછી રાજા ધૃતરાષ્ટ્રે તથા યુધિષ્ઠિરે શું કર્યું હતું?[૧]

વૈશંપાયને કહ્યું:-હે રાજા! પુત્રોના દર્શનરૂપ તે મહાન આશ્ચર્યને જોયા પછી શોકરહિત થયેલા રાજર્ષિ ધૃતરાષ્ટ્ર પુનઃ આશ્રમમાં ગયા[૨] અને બીજા સર્વ મનુષ્યો તથા મહર્ષિઓ ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઇને પોતાની ઇચ્છાનુસાર ત્યાંથી ચાલ્યા ગયા;[૩] પણ મહાત્મા પાંડવો તો લગભગ થોડું સૈન્ય સાથે લઇને પોતપોતાની સ્ત્રીઓસાથે પુનઃ ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા. પછી સત્યવતીના બુદ્ધિમાન પુત્ર બ્રહ્મર્ષિ મુનિ વ્યાસ, કે જે લોકમાં માન્ય ગણાયા છે, તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું કે:-[૫] "હે કૌરવપુત્ર મહાબાહુ ધૃતરાષ્ટ્ર! તેં પુણ્ય કર્મ કરનારા જ્ઞાનવૃદ્ધ ઋષિઓ પાસેથી શાસ્ત્ર શ્રવણ કર્યું છે; તેમજ વેદવેદાંગ તથા ધર્મને જાણનારા પ્રાચીન કુળવાન પુરુષો પાસેથી અનેક પ્રકારની કથાઓ સાંભળી છે, માટે તારે મનમાં શોક કરવો નહિ. તેં દેવર્ષિ નારદ પાસેથી આ દેવરહસ્ય સાંભળ્યું છે કે, વિદ્વાનપુરુષ દૈવના સંબંધમાં કદી અફસોસ કરતો નથી.[૬-૮] તારા પુત્રો ક્ષાત્રધર્મનો આશ્રય કરીને યુદ્ધથી મળેલા પવિત્ર ઉત્તમ ગતિને પામ્યા છે અને તેં જોયા તે પ્રમાણે ઇચ્છાનુસાર વિહાર કર્યા કરે છે.[૯] બુદ્ધિમાન યુધિષ્ઠિર પોતે પોતાના સર્વ ભાઇઓ, સ્ત્રીઓ તથા સુહૃદ્દોની સાથે તને અનુસરે છે. હવે એને તું રજા આપ. તે પોતાના રાજ્યનું હવે ભલે પાલન કરે. તેને આ વનમાં નિવાસ કરતાં એક મહિનો વીતી ગયો છે.[૧૧] હે રાજા! આ રાજ્યપદની ખાસ યત્નપૂર્વક નિત્ય રક્ષા કરવી જોઇએ; કેમકે આ રાજ્ય મેળવવામાટે અનેક શત્રુઓ વિઘ્નો ઉપસ્થિત કર્યા કરે છે."[૧૨]

મહાતેજસ્વી વ્યાસે કૌરવરાજ ધૃતરાષ્ટ્રને એ પ્રમાણે કહ્યું, એટલે તે વાણીકુશળ રાજાએ યુધિષ્ઠિરને બોલાવીને આવું વચન કહ્યું કે:-"હે અજાતશત્રુ રાજા! તારા ભાઇઓની સાથે તારૂં કલ્યાણ થાઓ. તારી કૃપાથી હવે અમને શોકની પીડા થતી નથી.[૧૪] હે વિદ્વાન રાજન્! પૂર્વે હસ્તિનાપુરમાં હું તારી સાથે જેમ આનંદ કરતો હતો, તેમ અહીં પણ અમારૂં પ્રિય કરવા તત્પર અને સર્વના નાથ એવા તારાથી અનુસરાઇને આનંદ કરૂં છું.[૧૫] હે મહાબાહુ! તારા તરફથી મને પુત્રફળ પ્રાપ્ત થયું છે, તારાપર મારી અત્યંત પ્રીતિ છે અને હવે મને શોક થતો નથી; માટે હે પુત્ર! તું જા, વિલંબ કર નહિ.[૧૬] તને અહીં જોઇને મારૂં તપ પ્રતિદિન ક્ષીણ થતું જાય છે અને વળી તપયુક્ત આ મારૂં શરીર પણ તને જોઇને તારા તરફ દોડયા કરે છે.[૧૭] આ તારી બન્ને માતાઓ, જેઓ ખરી પડેલાં પાંદડાંનુંજ માત્ર ભોજન કરે છે અને મારાસમાન વ્રતાચરણ કરે છે, તેઓ પણ હે પુત્ર! હવે લાંબો કાળ ટકી શકશે નહિ.[૧૮] મેં વ્યાસના તપોબળથી તથા તારા સમાગમથી પરલોકમાં ગયેલા દુર્યોધન વગેરેને જોયા છે. હે નિર્દોષ રાજા! હવે મારા જીવિતનું પ્રયોજન સમાપ્ત થયું છે, જેથી હું ઉગ્ર તપશ્ચર્યાનો આશ્રય કરીશ. તું મને અનુજ્ઞા આપવાને યોગ્ય છે.[૨૦] હે મહાબાહુ પુત્ર! હવે પિતૃઓનાં પિંડ, કીર્તિ તથા આ કુળ તારે આધારે સ્થિાત કરી રહ્યું છે; માટે તું આજ કે કાલ અહીંથી જા, વિલંબ કર મા.[૨૧] હે ભરતશ્રેષ્ઠ! તેં અનેક પ્રકારની રાજનીતિનું શ્રવણ કર્યું છે, જેથી હે રાજા! તને કંઇ પણ કહેવાનું હોય એમ હું જોતો નથી."[૨૨]

વૈશંપાયને કહ્યું:–રાજા ધૃતરાષ્ટ્રે એમ કહ્યું એટલે રાજા યુધિષ્ઠિરે તેમને કહ્યું કે:–"હે ધર્મવેત્તા રાજા! મને નિરપરાધીને ત્યજી દેવો, તે તમને યોગ્ય નથી. મારા સર્વ ભાઇઓ તથા સેવકો પોતાની ઈચ્છા પ્રમાણે ભલે જાય.હું તો નિયમિત વ્રત ધારણ કરીને તમને તથા આ મારી બન્ને માતાઓને અનુસરીશ."

તે પછી ગાંધારીએ યુધિષ્ઠિરને કહ્યું કે:–"હે પુત્ર! એમ ન થાય, તું સાંભળ. આ કુરુકુળ તથા મારા સસરાનો પિંડ તારે આધીન છે. હે પુત્ર! હવે તું જા. આટલુંજ અમારૂં સન્માન બસ છે. રાજા જે પ્રમાણે કહે છે તે પ્રમાણેજ તારે કરવું જોઈએ, પિતાના વચનને તારે માન્ય રાખવું જોઇએ."[૨૩–૨૬]

વૈશંપાયને કહ્યું:–ગાંધારીએ એમ કહ્યું એટલે યુધિષ્ઠિરે સ્નેહાશ્રુથી ઉભરાઈ જતાં પોતાનાં બન્ને નેત્રોને લૂછી નાખી રુદન કરતાં કુંતાને કહ્યું કે:–"રાજા ધૃતરાષ્ટ્ર તથા યશસ્વિની ગાંધારી મને રજા આપે છે;પણ મારૂં ચિત્ત તારામાં બંધાયું છે, જેથી હું દુ:ખી અવસ્થામાં કેવી રીતે જઈ શકું?[૨૭,૨૮] હે ધર્મચારિણિ! હું તારા તપમાં વિઘ્ન કરવાનો ઉત્સાહ કરતો નથી, કેમકે તપ કરતાં શ્રેષ્ઠ બીજું કંઈ પણ નથી. તપદ્વારા મનુષ્ય મહાન પદને મેળવે છે.[૨૯] હે રાજ્ઞિ! મારી બુદ્ધિ પણ પૂર્વની પેઠે હવે રાજ્ય ઉપર રહી નથી; પણ મારૂં મન સર્વ પ્રકારે તપ કરવામાંજ પ્રીતિવાળું થયું છે.[૩૦] હે કલ્યાણિ! લગભગ શૂન્ય થયેલી આ સમગ્ર પૃથ્વી મને પ્રસન્ન કરી શકે તેમ નથી. વળી અમારા બાંધવોનો વિનાશ થઇ ગયો છે, તેથી અમારૂં બળ પૂર્વના જેવું રહ્યું નથી.[૩૧] હે શુભે! પાંચાલોનો તો અત્યંત નાશ થઇ ગયો છે. તેઓનું તો માત્ર નામજ બાકી રહ્યું છે. તેઓનો કુળકર્તા કોઇ પણ પુરુષ મારા જોવામાં આવતો નથી.[૩૨] રણસંગ્રામમાં દ્રોણાચાર્યે તેઓને ભસ્મ કરી નાખ્યા હતા અને વધારામાં જેઓ બાકી રહ્યા હતા તેઓનો અશ્વત્થામાએ રાત્રિમાં સંહાર વાળી નાખ્યો છે.[૩૨] જેઓને પૂર્વે આપણે જોયા હતા, તે ચેદિઓ, મત્સ્યો અને યાદવોમાંથી શ્રીકૃષ્ણના આશ્રયને લીધે કેવળ યાદવોજ બાકી રહ્યા છે.[૩૪] આ સર્વેને જોઇ હું કેવળ ધર્મને માટેજ રહેવા ઇચ્છું છું, નહિ કે અર્થને માટે. તું અમારા સર્વનાપર કલ્યાણની દૃષ્ટિ કર.તારૂં દર્શન ખરેખર દુર્લભ છે.[૩૫] આ ધૃતરાષ્ટ્રરાજા હવે અસહ્ય તપનો આરંભ કરશે."

એ સાંભળીને યુદ્ધકરનારાઓમાં શ્રેષ્ઠ સહદેવે અશ્રુભર્યાં નેત્રે યુધિષ્ઠિરને કહ્યું કે:–"હે ભરતશ્રેષ્ઠ! આ માતાનો ત્યાગ કરવાને હું ઉત્સાહ કરી શકતો નથી. હે રાજા! તમે અહીંથી સત્વર ચાલ્યા જાઓ. હું તો અહીં રહીને તપ કરીશ અને તેદ્વારા મારા શરીરને સૂકવી નાખીશ.[૩૬–૩૮] હું આ રાજાની તથા આ બન્ને માતાઓની ચરણસેવા કર્યા કરીશ."

તે પછી કુંતા મહાબાહુ સહદેવને ભેટીને તેને કહેવા લાગ્યાં કે:–[૩૯] "હે પુત્ર! તું જા. તારે આમ ન કહેવું. તું મારા કહેવા પ્રમાણે કર. હે પુત્રો! તમારાં શાસ્ત્રજ્ઞાન કલ્યાણજનક થાઓ અને તમે પોતે પણ સ્વસ્થ થાઓ.[૪૦] તમે આમ કરો, તેથી અમારા તપમાં વિઘ્ન આવે;એટલુંજ નહિ પણ તમારા સ્નેહપાશથી બંધાઇને હું શ્રેષ્ઠ તપથી ભ્રષ્ટ થાઉં, માટે હે સમર્થ પુત્ર! તું જા. અમારૂં આયુષ્ય પણ હવે અલ્પ રહ્યું છે."

એ પ્રમાણે કુંતાએ અનેક પ્રકારનાં વાક્યો કહીને સહદેવના મનને સ્થિર કર્યું; તેમજ હે રાજેન્દ્ર! રાજા યુધિષ્ઠિરના મનને પણ અત્યંત મજબૂત કર્યું.માતા કુંતાએ તથા રાજા ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે જ્યારે અનુજ્ઞા આપી, ત્યારે કુરુઓમાં શ્રેષ્ઠ તે પાંડવો ધૃતરાષ્ટ્રને વંદન કરી તેમની રજા માગવા લાગ્યા.

યુધિષ્ઠિરે કહ્યું:–"હે રાજન્! તમારા કલ્યાણકારક આશીર્વાદોથી અભિનંદન પામેલા અને તેથીજ નિર્દોષ થયેલા અમે તમારી અનુજ્ઞા લઇને હવે રાજ્ય તરફ જઇશું."

મહાત્મા ધર્મરાજાએ એમ કહ્યું એટલે રાજર્ષિ ધૃતરાષ્ટ્રે તેમને અભિનંદન આપી જવાની રજા આપી; તેમજ બળવાનોમાં શ્રેષ્ઠ ભીમસેનનું તે રાજાએ સાંત્વન કર્યું, એટલે બુદ્ધિમાન તથા વીર્યવાન તે ભીમસેને સામેથી તેમનો સ-

ત્કાર કર્યો. અર્જુનને તથા મહાપુરુષ નકુલ–સહદેવને પણ ભેટીને કુરુવંશી ધૃતરાષ્ટ્રે અનુજ્ઞા આપી. પછી ગાંધારીએ પણ તેઓને અનુજ્ઞા આપી, એટલે તેઓએ તેમના ચરણમાં વંદન કર્યું; તેમજ માતા કુંતાએ તેઓનાં મસ્તક સુંઘીને આલિંગન કર્યું. પછી તેઓ સર્વેએ સ્તનપાન અટકાવતી વેળા વાછરડાંઓ જેમ ગાયની પ્રદક્ષિણા કરે છે, તેમ ધૃતરાષ્ટ્રરાજાની પ્રદક્ષિણા કરી. તેઓ વારંવાર સન્મુખ જોતા જોતા પ્રદક્ષિણા કરી રહ્યા હતા. આ સમયે દ્રૌપદી વગેરે સર્વ કૌરવ સ્ત્રીઓએ પણ પોતાના સસરા તરફ યોગ્ય શિષ્ટાચાર કર્યો અને પછી પોતાની બન્ને સાસુઓની અનુજ્ઞા મેળવી, આલિંગનપૂર્વક અભિનંદન પામી તથા પોતાના કર્તવ્યનો ઉપદેશ લઇ પોતાના સ્વામીઓ સાથે તેઓ ચાલી નીકળી. પછી રથોને જોડી રહેલા સારથિઓનો, ઉંટોના બરાડાઓનો તથા ઘોડાઓના હણહણાટોનો શબ્દ ત્યાં થઇ રહ્યો; અને જોતજોતામાં તો રાજા યુધિષ્ઠિર સ્ત્રીઓ, સૈનિકો તથા બાંધવોની સાથે પુનઃ હસ્તિનાપુર આવી પહોંચ્યા.

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ પુત્રદર્શન પર્વમાં
'યુધિષ્ઠિરનું પાછા આવવું' એ વિષયનો
અધ્યાય ૩૬ મો સમાપ્ત

પુત્રદર્શન પર્વ સમાપ્ત

નારદાગમન પર્વ

અધ્યાય ૩૭ મો

નારદનો સંદેશો–વનના દાવાનળમાં ધૃતરાષ્ટ્ર વગેરેનું બળી જવું

॥ वैशंपायन उवाच ॥
द्विवर्षोपनिवृत्तेषु पांडवेषु यदृच्छया ।
देवर्षिर्नारदो राजन्नाजगाम युधिष्ठिरम् ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે રાજન્! પાંડવોએ હસ્તિનાપુરમાં બે વર્ષ ગાળ્યાં. તે પછી એક સમયે દેવર્ષિ નારદ પોતાની ઇચ્છાથી યુધિષ્ઠિર પાસે આવ્યા;[1] એટલે મોટા બાહુઓવાળા કુરુરાજ યુધિષ્ઠિરે તેમનું પૂજન કર્યું અને પછી તેઓ જ્યારે શાંતિથી બેઠા, ત્યારે વક્તાઓમાં શ્રેષ્ઠ તે રાજાએ તેમને કહ્યું કે:–[2] "મેં આપ ભગવાનને ઘણા લાંબા કાળથી અહીં આવેલા જોયા ન હતા. હે વિપ્ર! તમે કુશળ છો ને? અથવા તમારૂં કલ્યાણ સમીપમાંજ રહેલું છે ને? તમે કયા કયા દેશો જોયા? હું તમારૂં કયું કાર્ય કરૂં? તે કહો; કેમકે તમે બ્રાહ્મણોમાં મુખ્ય અને અમારા પરમ આધારરૂપ છો."[3,4]

નારદે કહ્યું:–"હે રાજન્! મેં તને ઘણા કાળ પહેલાં જોયો હતો, જેથી (તને મળવામાટેજ) હું તપોવનમાંથી અહીં આવ્યો છું. મેં અનેક તીર્થો જોયાં છે તથા ગંગાનાં પણ દર્શન કર્યાં છે."[5]

યુધિષ્ઠિરે કહ્યું:–"ગંગાના તીરઉપર રહેનારા મારા પુરુષોએ હમણાં મને સમાચાર આપ્યા છે કે, મહાત્મા ધૃતરાષ્ટ્ર ઉત્તમ તપશ્ચર્યાનો આશ્રય કરી રહ્યા છે.[6] આ ઉપરથી હું તમને પૂછું છું કે, તે કુરુવંશી રાજાને ત્યાં તમે ક્ષેમકુશળ જોયા હતા ને? તેમજ ગાંધારી, કુંતા અને સૂતપુત્ર સંજય પણ ત્યાં કુશળ છે ને?[7] હે ભગવન્! તે મારા પિતા ધૃતરાષ્ટ્રરાજા હમણાં કેવી રીતે રહે છે? તમે તે રાજાને જો જોયા હોય તો તેમના સંબંધમાં હું સાંભળવા ઇચ્છું છું."[8]

નારદે કહ્યું:–"હે મહારાજા! તે તપોવનમાં જે રીતે મેં સાંભળ્યું છે તથા જોયું છે, તે સર્વ વૃત્તાંત તું સ્થિર થઇને યથાર્થ રીતે સાંભળ.[9] તે બુદ્ધિમાન તારા પિતા કેવળ તપનેજ ધન માની ગાંધારી, વહુ કુંતા તથા સારથિ સંજયને સાથે રાખી અગ્નિહોત્ર અને યાજકોની સાથે તીવ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા; અને તે મુનિ મુખમાં

કાંકરા રાખીને કેવળ વાયુનોજ આહાર કરી રહ્યા હતા.૧૦-૧૨ તે વનમાં એ મહાતપસ્વીની સર્વ મુનિઓ પૂજા કરી રહ્યા હતા અને છ મહિના થતામાં તો તે રાજાના શરીરમાં કેવળ ચામડી તથા હાડકાંજ બાકી રહ્યાં હતાં. ગાંધારી કેવળ જળનોજ આહાર કરતી હતી, કુંતા મહિના મહિનાના ઉપવાસ કરતી હતી અને હે ભારત! સંજય છઠ્ઠે ટંકે ભોજન કરીને જીવી રહ્યો છે.૧૩,૧૪ હે રાજા! તે વનમાં ધૃતરાષ્ટ્ર રાજા કોઈ સમયે જોવામાં આવતા હતા અને કોઇ સમયે જોવામાં પણ આવતા ન હતા, જેથી યાજ્ઞિકો તેમના અગ્નિમાં વિધિ પ્રમાણે હવનહોમ કરી રહ્યા હતા.૧૫ તે રાજા કોઈ પણ સ્થાનનો આશ્રય કરીને રહેતા ન હતા, પણ કેવળ વનમાંજ વિચારતા રહેતા હતા;તેમજ એ બન્ને દેવીઓ તથા સંજય પણ તેમની પાછળ પાછળ વિચર્યા કરતાં હતાં.૧૬ સંજય, સમ-વિષમ પ્રદેશોમાં રાજા ધૃતરાષ્ટ્રનો દોરનારો બન્યો હતો અને નિર્દોષ કુંતા ગાંધારીનાં ચક્ષુરૂપ થઇ હતી. તે પછી કોઈએક દિવસે તે બુદ્ધિમાન મહારાજા ગંગાના જળમય પ્રદેશમાં આવી ત્યાં સ્નાન કરીને આશ્રમ તરફ જતા હતા,૧૮ તેવામાં વાયુ ફુંકાવા લાગ્યો અને જોતજોતામાં મહાન દાવાનળ સળગી ઉઠયો. તે અગ્નિએ ચોતરફથી એ આખા વનને ઘેરી લીધું,મૃગોનાં ટોળાં તથા સર્પો ચારેબાજુ બળવા લાગ્યા અને વરાહોનાં જૂથોએ જળાશયોનો આશ્રય કરવા માંડયો.

એ રીતે તે વન અગ્નિથી વ્યાપ્ત થઈ ગયું અને મહાન સંકટ આવી પડયું, ત્યારે હે રાજા! નિરાહારપણાને લીધે મંદ પડી ગયેલી પ્રાણચેષ્ટાવાળા તે રાજા અને અત્યંત કૃશ તારી બન્ને માતાઓ આગળ ચાલવામાટે અસમર્થ થઇ પડયાં. પછી અગ્નિને સમીપમાં આવતો જોઇ વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્રરાજાએ સંજયને કહ્યું કેઃ-"હે સંજય! જે તરફ અગ્નિ છે, તે તરફ તું ચાલવા માંડ.તને અગ્નિ કદી બાળશે નહિ.૧૯-૨૩ અમે તો અહીં અગ્નિથી ઘેરાઇને પરમગતિને પામીશું." આ સાંભળી વક્તાઓમાં શ્રેષ્ઠ સંજયે ઉદ્વેગ પામીને તેમને કહ્યું કેઃ-૨૪ "હે રાજન્! આ તમારૂં મૃત્યુ અગ્નિને લીધે થનારૂં હોઇને વૃથા થશે; પરંતુ લાચાર છું કે, અગ્નિથી છુટવામાં કોઇપણ ઉપાય મને જોવામાં આવતો નથી,૨૫ માટે હવે પછી જે કાર્ય કરવાનું હોય તે મને કહેવાને તમે યોગ્ય છો." સંજયે એમ કહ્યું એટલે પુનઃ તે રાજાએ કહ્યું કેઃ-"ઘરમાંથી પોતાની મેળે નીકળી ગયેલા અમોને આ અમારૂં મૃત્યુ અનિષ્ટ નથી;કેમકે જળ,અગ્નિ,વાયુ તથા અનશન-આટલી વસ્તુઓ તપસ્વીઓના મૃત્યુને માટે પ્રશંસાપાત્ર ગણાય છે, માટે હે સંજય! તું જા, વિલંબ કર મા." સંજયને એમ કહીને રાજાએ તેના મનનું સમાધાન કર્યું અને પછી ગાંધારી તથા કુંતાની સાથે પૂર્વદિશા તરફ મુખ કરીને તે બેઠા. પછી બુદ્ધિમાન સંજયે તેમને એ રીતે બેઠેલા જોઇ તેમની પ્રદક્ષિણા કરી અને કહ્યું કેઃ-"હે રાજન્! તમે યોગધારણા કરો."

બુદ્ધિમાન ઋષિપુત્ર ધૃતરાષ્ટ્રરાજાએ સંજયના કહેવા પ્રમાણે કર્યું અને સર્વ ઇંદ્રિયોને રૂંધીને તેઓ કાષ્ઠતુલ્ય થઇ રહ્યા. તે પછી મહાભાગ્યશાળી ગાંધારી, તારી માતા કુંતા અને તારા પિતા રાજા ધૃતરાષ્ટ્ર દાવાનળથી ઘેરાઇ ગયાં. સૂત સંજય તો તે દાવાનળથી છુટી ગયો. તેને મેં ગંગાના કાંઠા ઉપર તાપસોથી વિંટાયેલો જોયો હતો.બુદ્ધિમાન તેજસ્વી સંજય તાપસોની રજા લઇને તથા આ સર્વ વૃત્તાંત તેઓને જણાવીને ત્યાંથી હિમાલય પર્વત તરફ તે ચાલી નીકળ્યો હતો.

એ પ્રમાણે ઉદાર મનવાળા કુરુરાજ ધૃતરાષ્ટ્ર તથા તારી માતા ગાંધારી અને કુંતા મરણ પામ્યાં છે. હું દૈવેચ્છાએ ત્યાં જઈ ચઢયો, ત્યારે એ રાજા તથા દેવી ગાંધારી અને કુંતાનાં શરીરોને મેં જોયાં હતાં. તે પછી હે ભારત! એ તપોવનમાં રાજા ધૃતરાષ્ટ્રના તે મૃત્યુને સાંભળીને સર્વ તપોધનો એકઠા થયા હતા, પણ તેઓ તેમની ગતિવિષે શોક કરતા ન હતા. હે મહાપુરુષ પાંડુપુત્ર! તે સમયે રાજા ધૃતરાષ્ટ્ર અને તે બન્ને દેવીઓ જે રીતે બળી ગયાં હતાં તે વિષેનો આ સર્વ વૃત્તાંત મેં સાંભળ્યો હતો.

હે રાજેન્દ્ર ! તારે આમાં કંઇ શોક કરવા જેવું નહિ; કેમકે તે રાજા, ગાંધારી અને તારી માતા પોતાની મેળેજ અગ્નિસંયોગને પામ્યાં છે.

વૈશંપાયને કહ્યું:–ધૃતરાષ્ટ્રનું તે મૃત્યુ સાંભળીને મહાત્મા સર્વપાંડવોને મહાન શોક થયો; તેમજ હે મહારાજા! અંતઃપુરમાં તથા સર્વ નગરવાસીઓમાં મહાદુઃખજનક આક્રંદ થઇરહ્યું. રાજા ધૃતરાષ્ટ્રની તે ગતિ સાંભળીને યુધિષ્ઠિર રાજા,અત્યંત દુઃખી થઇ "અહો ! ધિક્કાર, ધિક્કાર!" એવી બૂમો પાડવા લાગ્યા;અને માતાનું સ્મરણ કરીને તે રાજા અને ભીમસેન આદિ સર્વ ભાઇઓ બાહુઓ ઉંચા કરીને પોકે પોકે રડવા લાગ્યા.[૪૨] હે મહારાજા ! કુંતાને એ રીતે મરણ પામેલી સાંભળી અંતઃપુરમાં તે સમયે મોટી રોકકળ થઇ રહી;[૪૩] તેમજ જેમના પુત્રો હણાયા હતા તે વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્રને તથા તપસ્વિની ગાંધારીને એ પ્રમાણે બળી ગયેલાં સાંભળી તેઓ સર્વે શોક કરવા લાગ્યાં.[૪૪] હે ભારત ! લગભગ એક મુહૂર્ત પછી તે રડવું જ્યારે શાંત થયું, ત્યારે ધૈર્યથી અશ્રુઓ રોકીને ધર્મરાજાએ નારદને આવું વચન કહ્યું.[૪૫]

ઈતિ શ્રીમહા૰ આશ્રમ૰ નારદાગમન પર્વમાં
'દાવાગ્નિથી ધૃતરાષ્ટ્ર આદિનો દાહ' એ
વિષયનો અધ્યાય ૩૭ મો સમાપ્ત

અધ્યાય ૩૮ મો

યુધિષ્ઠિરનો વિલાપ

॥ युधिष्ठिर उवाच ॥

तथा महात्मनस्तस्य तपस्युग्रे च वर्ततः ।
अनाथस्येव च वने तिष्ठत्स्वस्मासु बंधुषु ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:– "ઉગ્ર તપશ્ચર્યા કરનારા તે મહાત્મા, અમે બંધુઓતરીકે હયાત હોવા છતાં વનમાં અનાથની પેઠે બળી ગયા! (એ કેવું આશ્ચર્ય !)[૧] ખરેખર, હે બ્રહ્મન્ ! પુરુષોની ગતિ મહાદુઃખથી જાણી શકાય તેવી હોય છે, એમ હું માનું છું; કેમકે વિચિત્રવીર્યના પુત્ર ધૃતરાષ્ટ્ર પણ આ રીતે વનના અગ્નિથી બળી ગયા![૨] જે બાહુશાળી રાજાને શ્રીમાન સો પુત્રો હતા અને જેમાં દશહજાર હાથીનું બળ હતું,તે પણ દાવાનળથી બળી ગયા![૩] અરેરે,જેમને શ્રેષ્ઠ સ્ત્રીઓ પૂર્વે પંખાઓથી પવન ઢોળતી હતી,તે દાવાનળમાં બળી ગયેલા રાજાને ગીધો પોતાની પાંખોથી પવન ઢોળી રહ્યાં છે![૪] જે રાજા પૂર્વે જ્યારે સૂતા હોય ત્યારે ભાટો તથા ચારણોના સ્તુતિપાઠોથી જાગ્રત થતા હતા, તેજ રાજા મારાં પાપી કર્મોને લીધે હમણાં પૃથ્વીપર સૂતા છે![૫] જેમના પુત્રો હણાયાછે,તે યશસ્વિની ગાંધારીનો મને શોક થતો નથી; કારણકે તે પતિવ્રતધર્મમાં સ્થિર રહેનારી હતી,તેથી તે પતિલોકનેજ પામી છે;[૬] પણ મને તો કુંતાનોજ શોક થાય છે, કેમકે તેણે પોતાના પુત્રોના મહાપ્રદીપ્ત અને સમૃદ્ધિવાળા ઐશ્વર્યનો ત્યાગ કરી વનવાસને પસંદ કર્યો હતો.[૭] હાય ! આ અમારા રાજ્યને, બળને,પરાક્રમને,ક્ષાત્રધર્મને તથા અમને પોતાને પણ ધિક્કાર છે! કારણકે અમે(દરેક રીતે)મરી ગયાછીએ છતાં જીવીએ છીએ.હે શ્રેષ્ઠ બ્રાહ્મણોમાં ઉત્તમ નારદ ! કાળની ગતિ ખરેખર અતિસૂક્ષ્મ છે! કેમકે તે કુંતાએ રાજ્યનો ત્યાગ કરીને વનવાસને પસંદ કર્યો.[૮,૯] અરે, પણ યુધિષ્ઠિરની, ભીમસેનની તથા અર્જુનની માતા કુંતા, અનાથની પેઠે કેમ બળી ગઇ ? આવો વિચાર કરતાં હું મુંઝાઇ જાઉં છું.[૧૦] હું માનું છું કે, અર્જુને ખાંડવવનમાં અગ્નિને વૃથા તૃપ્ત કર્યો હતો; કેમકે ઉપકારને ભૂલી જઇ તે આજે કૃતઘ્ન બન્યો છે.[૧૧] જે બ્રાહ્મણનો વેષ ધારણ કરી ભિક્ષાને માટે આવ્યો હતો તે ભગવાન અગ્નિએ અર્જુનની માતાને બાળી નાખી! (એ કેવી કૃતઘ્નતા !)[૧૨] અરેરે ! ધિક્કાર છે તે અગ્નિને ! અને ધિક્કાર છે અર્જુનની સવ્યસાચી શક્તિને! હે ભગવન્ ! આ મને વિશેષ કષ્ટ આપનારૂં લાગે છે[૧૩] કે, કુરુવંશના રાજર્ષિ તથા તપસ્વી તે રાજાને વનના વૃથા અગ્નિનો યોગ થયો.[૧૪] આ આખી પૃથ્વીપર રાજ્ય કરીને પોતાના મંત્રિત પવિત્ર અગ્નિઓ મહાવનમાં હયાત હોવા છતાં તે રાજાનું આવું મૃત્યુ કેમ થયું?[૧૫] હાય ! મારા તે પિતા વૃથા અગ્નિસાથે જોડાઇને મરણ પામ્યા! (તે મને મહાન દુઃખ ઉપજાવે છે.) હું માનું

છું કે, અગ્નિનો તે મહાન ભય જ્યારે ઉપસ્થિત થયો હશે, ત્યારે થરથર ધ્રૂજી રહેલી અને કૃશ નાડીઓથી વ્યાપ્ત તે કુંતા “હા તાત ધર્મરાજ!” એવો આક્રંદ કરી રહી હશે અને “હે ભીમ! આ ભયથી તું અમારૂં રક્ષણ કર” એવી બૂમો પાડી રહી હશે.[૧૬,૧૭] અફસોસ, તે મારી માતા દાવાનળથી ચોતરફ ઘેરાઈ ગઇ; છતાં માદ્રીનો વીરપુત્ર સહદેવ કે જે બીજા સર્વ પુત્રો કરતાં તેને અધિક પ્રિય હતો, તે પણ એને છોડાવી શક્યો નહિ.”

યુધિષ્ઠિરનો એ વિલાપ સાંભળી પાંચે પાંડવો દુઃખથી અત્યંત વ્યાકુળ થઇને પ્રલયકાળે સર્વ પ્રાણીઓ જેમ રુદન કરે, તેમ અન્યોન્યને ભેટીને રુદન કરવા લાગ્યા. તે મહાપુરુષો જ્યારે રુદન કરી રહ્યા હતા, ત્યારે મહેલોના અવકાશભાગમાં રૂંધાયેલાં આકાશ–પૃથ્વી પણ પાછળ પાછળ જાણે રુદન કરતાં હોય તેમ જણાતું હતું.

ઇતિ **શ્રીમહા૦ આશ્રમ૦ નારદાગમન પર્વમાં**
“ યુધિષ્ઠિરનો વિલાપ ” એ વિષયનો
અધ્યાય ૩૮ મો સમાપ્ત

અધ્યાય ૩૯ મો

શ્રાદ્ધદાન

॥ नारद उवाच ॥

नासौ वृथाग्निना दग्धो यथा तत्र श्रुतं मया ।
वैचित्रवीर्यो नृपतिस्तत्ते वक्ष्यामि सुव्रत ॥१॥

નારદે કહ્યું:–“હે ઉત્તમ વ્રતનિષ્ઠ રાજા! વિચિત્રવીર્યના પુત્ર તે રાજા એ વનમાં વૃથા અગ્નિથી બળી ગયા નથી, એમ મેં ત્યાંજ સાંભળ્યું છે, તે પણ હું તને કહું છું.[૧] તે બુદ્ધિમાને વાયુનો આહાર કરતાં વનમાં જ્યારે પ્રવેશ કર્યો, ત્યારેજ ઇષ્ટિ કરીને તેમણે અગ્નિઓનો ત્યાગ કર્યો હતો, એમ અમે સાંભળ્યું છે.[૨] પછી હે ભરતશ્રેષ્ઠ! યાજ્ઞિકો તેમના એ અગ્નિઓનો નિર્જન વનમાં ત્યાગ કરી પોતપોતાની ઇચ્છાનુસાર ચાલ્યા ગયા હતા.[૩] પાછળથી તે અગ્નિ વનમાં વધી પડયો અને તેણે આખા વનને બાળી નાખ્યું, એમ ત્યાં રહેનારા તાપસો કહેતા હતા.[૪] હે ભરતશ્રેષ્ઠ! મેં તને કહ્યું તે પ્રમાણે એ રાજા ગંગાના તટ ઉપર પોતાનાજ અગ્નિની સાથે એકરૂપ થઇ ગયા હતા.[૫] હે નિર્દોષ યુધિષ્ઠિર! જે મુનિઓને ગંગાના કાંઠા ઉપર મેં જોયા હતા, તેઓએ મને એ પ્રમાણે જણાવ્યું હતું. હે રાજન્! આ ઉપરથી નક્કી થાય છે કે, તે રાજા પોતાની મેળેજ અગ્નિ સાથે જોડાઇ ગયા હતા; માટે તું એમનો શોક કર મા. તેઓ પરમગતિનેજ પામ્યા છે;[૭] તેમજ હે રાજા! તારી માતા કુંતા પણ ગુરુસેવાના પ્રભાવથી મહાન સિદ્ધિને પામી છે, એમાં મને કંઈ સંશય લાગતો નથી.[૮] હે રાજેન્દ્ર! હવે તારા સર્વ ભાઇઓની સાથે તારે તેઓની ઉદકદાનક્રિયા કરવી જોઇએ, તો તું તેજ કર.”[૯]

વૈશંપાયને કહ્યું:–તે પછી પાંડવોમાં શ્રેષ્ઠ મહાપુરુષ યુધિષ્ઠિર રાજા, પોતાના ભાઇઓ તથા સ્ત્રીઓની સાથે નગરમાંથી બહાર નીકળ્યા;[૧૦] તેમજ નગરવાસી તથા દેશવાસી મનુષ્યો પણ રાજભક્તિને લીધે, માત્ર એકજ વસ્ત્ર પહેરીને ગંગાકિનારે ગયા.[૧૧] પછી તે સર્વ મહાપુરુષોએ જળમાં પ્રવેશ કરી, યુયુત્સુને આગળ કરી મહાત્મા ધૃતરાષ્ટ્રને જળપ્રદાન કર્યું;[૧૨] તેમજ નામ તથા ગોત્રનો ઉચ્ચાર કરી ગાંધારી તથા કુંતાને ઉદ્દેશીને પણ વિધિ પ્રમાણે જળપ્રદાન કર્યું. તે પછી સૂતક દૂર થતાં સુધી તેઓ નગરની બહારજ રહ્યા.[૧૩] પુરુષોમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરે, જ્યાં ધૃતરાષ્ટ્રરાજા બળી ગયા હતા ત્યાંના ગંગાકિનારે વિધિને જાણનારા હિતેચ્છુ પુરુષોને મોકલ્યા;[૧૪] અને જે આપવાનું હતું તે આપીને તે પુરુષોને રાજાએ આજ્ઞા કરી કે, ત્યાં ગંગાદ્વારમાંજ તેઓનાં પ્રેતકૃત્યો કરવાં.[૧૫] બારમે દિવસે તેઓને ઉદ્દેશી સ્નાનાદિ શૌચકર્મ કરીને રાજા પાંડવે દક્ષિણાવાળાં શ્રાદ્ધો વિધિ પ્રમાણે કર્યાં.[૧૬] વળી તે રાજાએ ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને સોનું, રૂપું, ગાયો તથા મહાકિંમતી શય્યાઓનાં દાન કર્યાં.[૧૭] તેજસ્વી રાજા યુધિષ્ઠિરે ગાંધારી તથા કુંતાનાં પણ નામો લઇને જૂદાં જૂદાં ઉત્તમ દાનો આપ્યાં.[૧૮] શયન, ભોજન, વાહન, મણિઓ, રત્નો તથા ધન–એ-

માંના જેની જેની જે મનુષ્યને જેટલી ઇચ્છા હતી તેટલું તેને યુધિષ્ઠિર તરફથી મળતું હતું. રાજા યુધિષ્ઠિરે પોતાની બન્ને માતાઓને ઉદ્દેશી વાહનો, શય્યાઓ, ભોગો તથા શણગારેલી દાસીઓનાં દાન કર્યાં.૨૦ એ રીતે અનેક પ્રકારનાં શ્રાદ્ધદાનો કર્યાં પછી તે રાજાએ હસ્તિનાપુરનગરમાં પ્રવેશ કર્યો.૨૧ તેવામાં જે પુરુષો રાજાના કહેવાથી ગંગાદ્વાર તરફ ગયા હતા તેઓ પણ ધૃતરાષ્ટ્ર વગેરેનાં હાડકાં એકઠાં કરી પુનઃ ત્યાં આવી પહોંચ્યા.૨૨ તેઓએ પુષ્પોની માળા તથા તરેહતરેહના સુગંધી પદાર્થોથી તે હાડકાંઓનું વિધિપ્રમાણે પૂજન કરીને તેઓને ગંગામાં પધરાવ્યાં અને પછી તે વાત રાજાને જણાવી.૨૩ હે રાજન્! મહર્ષિ નારદ પણ ધર્માત્મા રાજા યુધિષ્ઠિરને આશ્વાસન આપી પોતાના ઇષ્ટ સ્થાને ચાલ્યા ગયા.૨૪

આ પ્રમાણે સંગ્રામમાં પુત્રોનું મરણ થયા પછી તે ધૃતરાષ્ટ્રરાજાનાં પંદર વર્ષો હસ્તિનાપુરમાં સંબંધીઓ, સુહૃદો, મિત્રો, ભાઇઓ તથા સ્વજનોને દાન આપતાં આપતાં ગયાં હતાં; અને છેલ્લાં ત્રણ વર્ષો વનવાસમાં ગયાં હતાં. તે પછી રાજા યુધિષ્ઠિર પોતાના સંબંધીઓ તથા બાંધવોના વિનાશને લીધે મનમાં ઉદાસ થઇને એ રાજ્યનું પાલન કરવા લાગ્યા.૨૫–૨૭

ઇતિ શ્રીમહા૦ આશ્રમ૦ નારદાગમન પર્વમાં "શ્રાદ્ધદાન" એ વિષયનો
અધ્યાય ૩૯ મો સમાપ્ત

નારદાગમન પર્વ સમાપ્ત

आश्रमवासिक पर्व समाप्त

श्रीमहाभारत

१६–मौसल पर्व

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१६-मौसल पर्व

અધ્યાય ૧ લો

મુસળની ઉત્પત્તિ

मंगलाचरण–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

वैशंपायन उवाच–षट्त्रिंशेत्वथ संप्राप्ते वर्षे कौरवनंदनः ।
ददर्श विपरीतानि निमित्तानि युधिष्ठिरः ॥१॥

વૈશંપાયને કહ્યું:–પોતાને રાજ્યપ્રાપ્તિ થયા પછી છત્રીસમે વર્ષે કૌરવરાજ યુધિષ્ઠિરે વિપરીત નિમિત્તો (એટલે સર્વનો વિનાશ સૂચવનારા ઉત્પાતો) જોયાં.[1] જેમકે, તે સમયે રેતીને વર્ષનારા રૂક્ષ વાયુઓ સુસવાટા કરતા વાવા લાગ્યા, પક્ષીઓ ડાબી બાજુ મંડળાકારે ઘૂમવા લાગ્યાં, ધૂમસથી ઢંકાઇ ગયેલી મોટી મોટી નદીઓ અવળે પ્રવાહે વહેવા લાગી અને અંગારાને વર્ષતાં ઉંબાડિયાં આકાશમાંથી પૃથ્વીપર પડવા લાગ્યાં;[2,3] તેમજ હે રાજન્ ! સૂર્યનું મંડળ ધૂળથી ઢંકાઈ ગયું, કિરણોથી રહિત થઈ પડ્યું અને નિત્ય ઉદયકાળે મસ્તકવિનાનાં ધડો તેમાં દેખાવા લાગ્યાં.[4] ચંદ્ર તથા સૂર્યની આસપાસ દારુણ મંડળો દેખાવા લાગ્યાં. તેઓનો વર્ણ ત્રણ પ્રકારનો હતો, તેઓના છેડા શ્યામ તથા રૂક્ષ હતા અને તેઓની કાંતિ ભસ્મના જેવી તથા લાલ હતી. હે રાજન્ ! આ અને આ સિવાયના બીજા અનેક ભયસૂચક તથા હૃદયને ઉદ્વેગ કરનારા ઉત્પાતો દેખાવા લાગ્યા.[5,6]

તે પછી કોઇએક સમયે કુરુરાજ યુધિષ્ઠિરે મુસળને લીધે થયેલો યાદવોનો નાશ સાંભળ્યો; તેમજ શ્રીકૃષ્ણ તથા બળદેવને પણ દેહથી મુક્ત થયેલા સાંભળ્યા, જેથી પાંડવ યુધિષ્ઠિરે પોતાના સર્વ ભાઈઓને બોલાવીને કહ્યું કે:–" હવે આપણે શું કરીશું ? "[7,8] બ્રહ્મદંડના બળને લીધે અન્યોન્યસામે લડીને યાદવો વિનાશ પામ્યા, તે સાંભળીને પાંડવો દુઃખી થયા. સમુદ્રના શોષણની પેઠે શ્રીકૃષ્ણના વિનાશને તે વીરોએ ખોટો માન્યો.[10]

તે પાંડવો મુસલને લીધે થયેલા તે વિનાશને મનમાં વિચારીને દુઃખ તથા શોકથી ઘેરાઈ ગયા અને ખેદ પામીને નાશ પામેલા સંકલ્પવાળા થઇને બેસી રહ્યા.[૧૧]

જનમેજયે પૂછ્યું:–હે ભગવન્! અંધકો, યાદવો તથા મહારથી ભોજો શ્રીકૃષ્ણના દેખતાં કેવી રીતે વિનાશ પામ્યા?[૧૨]

વૈશંપાયને કહ્યું:–યુધિષ્ઠિરને રાજ્યપ્રાપ્તિ થયા પછી છત્રીસમે વર્ષે યાદવોમાં મહાન અનીતિ વધી પડી, જેથી કાળથી પ્રેરાઇને તેઓએ મુસળોવડે અન્યોન્યનો સંહાર કર્યો.[૧૩]

જનમેજયે પૂછ્યું:–હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તે વીર યાદવોને, અંધકોને તથા ભોજોને કોણે શાપ આપ્યો હતો, કે જેથી તેઓનો વિનાશ થયો? તે મને વિસ્તારથી કહો.[૧૪]

વૈશંપાયને કહ્યું:–એક સમયે સારણ વગેરે વીર યાદવકુમારોએ વિશ્વામિત્ર, કણ્વ અને તપોધન નારદને દ્વારકામાં આવેલા જોયા.[૧૫] પછી દૈવદંડને આધીન થયેલા તે કુમારો, સ્ત્રીના વેશમાં સાંબને આગળ કરી, પેલા ઋષિઓ પાસે જઇને બોલ્યા કે:–[૧૬] "પુત્રની ઈચ્છાવાળા મહાતેજસ્વી બભ્રુની આ સ્ત્રી છે; માટે હે ઋષિઓ! તમે સારી રીતે વિચાર કરીને કહો કે, આ સ્ત્રી કોને જન્મ આપશે?"[૧૭]

હે રાજન્! તેઓએ એમ કહ્યું એટલે એ ઠગાઇથી અપમાન પામેલા તે મુનિઓએ તેઓને જે પ્રત્યુત્તર આપ્યો હતો, તેને તું મારી પાસેથી સાંભળ.[૧૮] "શ્રીકૃષ્ણનો પુત્ર આ સાંબ યાદવો તથા અંધકોના વિનાશમાટે લોઢાના ભયંકર મુસળને જન્મ આપશે.[૧૯] તેદ્વારા તમે ઉદ્ધત અને ઘાતકી યાદવો, ક્રોધાયમાન થઇને બળરામ તથા શ્રીકૃષ્ણવિના આખા કુળનો નાશ કરશો.[૨૦] શ્રીમાન બળદેવ પોતાના દેહનો ત્યાગ કરી સમુદ્રમાં પ્રવેશ કરશે અને પૃથ્વીપર સૂતેલા મહાત્મા શ્રીકૃષ્ણને 'જરા' નામનો પારધિ બાણવડે વિંધી નાખશે."[૨૧]

હે રાજન્! તે દુષ્ટાત્મા યાદવકુમારોએ ઠગેલા અને ક્રોધથી લાલચોળ નેત્રવાળા તે મુનિઓ, અન્યોન્ય સામે જોઈને એ પ્રમાણે બોલ્યા.[૨૨] પછી તે મુનિઓ (મનથી) શ્રીકૃષ્ણને શરણે ગયા. (એટલે કે અમે આ પ્રમાણે શાપ આપ્યો છે, તે માટે તમારે ક્ષમા કરવી.) આ પછી યાદવોના તે વિનાશને જાણનારા બુદ્ધિમાન શ્રીકૃષ્ણે તે શાપવૃત્તાંત સાંભળીને યાદવોને કહ્યું કે:–"આ પ્રમાણેનું આપણું ભવિતવ્ય છે." આમ કહીને શ્રીકૃષ્ણે તે સમયે નગરમાં પ્રવેશ કર્યો અને જગતના સ્વામી તે ભગવાને કાળને અન્યથા કરવાની ઇચ્છા કરી નહિ. પછી બીજેજ દિવસે સાંબે તે મુસળને જન્મ આપ્યો, કે જેનાવડે યાદવ તથા અંધક કુળના પુરુષો ભસ્મીભૂત થયા હતા. યાદવો તથા અંધકોના વિનાશને માટે સાક્ષાત્ યમદૂતસમાન તે શાપજન્ય ભયંકર મુસળને સાંબે જન્મ આપ્યો, એટલે યાદવોએ તેને ઉગ્રસેન રાજાને અર્પણ કર્યું. રાજા ઉગ્રસેને તે મુસળનું સૂક્ષ્મ ચૂર્ણ કરાવી નાખ્યું અને હે રાજા! તે ચૂર્ણને બીજા પુરુષોએ સમુદ્રમાં ફેંકી પણ દીધું. પછી તે યાદવોએ ઉગ્રસેન, શ્રીકૃષ્ણ, બળરામ તથા મહાત્મા બભ્રુના વચનથી નગરમાં જાહેર કર્યું કે:–"આજથી આરંભી સર્વ યાદવો તથા અંધકોમાંના કોઇએ પણ મદિરાપાન કરવું નહિ; તેમજ સર્વ નગરવાસીઓએ કદી પણ દારૂ પીવો નહિ. જે પુરુષ અમને જાહેર કરશે કે, અમુક માણસે મદિરાપાન કર્યું છે, તેને તેના બાંધવોની સાથે જીવતાં શૂળીપર ચઢાવી દેવામાં આવશે." ઉત્તમ કર્મ કરનારા બળરામની તે આજ્ઞાને સાંભળીને સર્વ મનુષ્યોએ રાજાના ભયથી તે વેળા નિયમ લીધો કે, આપણે મદિરાપાન કરવું નહિ.[૨૨–૩૧]

ઈતિ શ્રીમહા૦ મૌસલ પર્વમાં "મુ-
સળની ઉત્પત્તિ" એ વિષયનો
અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો

ઉત્પાત દર્શન

॥ वैशंपायन उवाच ॥

एवं प्रयतमानानां वृष्णीनामंधकैः सह ।
कालो गृहाणि सर्वेषां परिचक्राम नित्यशः॥१॥

વૈશંપાયને કહ્યું:–યાદવો અંધકોની સાથે રહીને એ પ્રમાણે પ્રયત્ન કરી રહ્યા હતા, તે વખતે કાળ તેઓ સર્વના ઘરમાં નિત્ય ઘૂમ્યા કરતો હતો.[૧] કોઇએક પુરુષ કે જે કરાળ, વિકટ, મુંડ, શ્યામ તથા પિંગટવર્ણો હતો, તે યાદવોના ઘરમાં પ્રવેશ કરીને કોઇ સ્થળે દેખાતો હતો અને કોઈ સ્થળે દેખાતો ન હતો.[૨] મહાધનુર્ધર યાદવો સેંકડો તથા હજારો બાણોથી તેને મારતા હતા, છતાં તેઓ તેનેવિંધી શકતા ન હતા; કેમકે તે સમયે પ્રાણીમાત્રનો વિનાશકર્તા કાળજ તે સ્વરૂપે ઘૂમતો હતો.[૩] જેમ જેમ દિવસો જવા લાગ્યા, તેમ તેમ યાદવો તથા અંધકોના વિનાશને માટે રોમાંચજનક મહાદારુણ વાયુઓ વાવા લાગ્યા.[૪] નગરની શેરીઓમાં ઉંદરો વધી પડયા અને જ્યાં ત્યાં ભાંગેલાં માટીનાં પાત્રો દૃષ્ટિએ પડવા લાગ્યાં. રાત્રિમાં યાદવો જ્યારે સૂઈ જતા હતા, ત્યારે ઉંદરો તેઓના કેશોને તથા નખોને કાપી ખાવા લાગ્યા.[૫] તેઓના ઘરમાં મેનાઓ 'ચીંચીં', ચીંચીં' શબ્દ કરવા લાગી અને તે શબ્દ રાત્રિદિવસ બિલકુલ બંધજ થતો ન હતો.[૬] હંસો ઘુવડોના શબ્દનું અનુકરણ કરવા લાગ્યા અને હે ભારત! ઘેટાંઓ તથા બકરાંઓ શિયાળોના જેવા શબ્દો કરવા લાગ્યાં.[૭] ધોળાં, લાલ પગવાળાં અને હોલાં વગેરે પક્ષીઓ યાદવો તથા અંધકોનાં ઘરોમાં તે સમયે વિચરવા લાગ્યાં;[૮] એટલુંજ નહિ પણ તે વેળા ગાયોમાં ગધેડાં, ખચ્ચરીઓમાં હાથીઓનાં બચ્ચાં, કૂતરીઓમાં બિલાડાં અને નોળીયણોમાં ઉંદરડા ઉત્પન્ન થવા લાગ્યા.[૯] વળી તે સમયે યાદવો પાપકર્મ કરતાં લજાતા ન હતા; ઉપરાંત બ્રાહ્મણોનો, પિતૃઓનો તથા દેવોના દ્વેષ પણ કરતા હતા.[૧૦] માત્ર બળરામ અને શ્રીકૃષ્ણસિવાય તેઓ ગુરુઓનું અપમાન કરવા લાગ્યા, પત્નીઓ પતિઓને ઠગવા લાગી અને પતિઓ પત્નીઓને ઠગવા લાગ્યા.[૧૧] પ્રજ્વલિત થયેલો અગ્નિ ડાબી બાજુની શિખા કાઢવા લાગ્યો અને કાળી, રાતી તથા મજીઠીઆ રંગની એમ જૂદી જૂદી જ્વાળાઓ પ્રકટ કરવા લાગ્યો.[૧૨] તે નગરીમાં પુરુષો નિત્ય ઉદયકાળે તથા અસ્તકાળે સૂર્યને મસ્તકવિનાનાં ધડોથી વિંટાયેલો વારંવાર જોવા લાગ્યા.[૧૩] હે ભારત ! સિદ્ધ (એટલે સફાઇવાળાં) રસોડાંઓમાં પણ અત્યંત સંસ્કારયુક્ત કરેલાં અન્નમાં હજારો કીડાઓ દેખાવા લાગ્યા.[૧૪] જે સમયે પુણ્યાહવાચન થઇ રહ્યું હોય અને મહાત્મા પુરુષો જાપ જપી રહ્યા હોય, તે સમયે ત્યાં કોઇ દોડી રહ્યું હોય તેમ સંભળાતું હતું; પણ કંઇ પણ દેખ્યામાં આવતું ન હતું.[૧૫] તે સર્વ યાદવો ગ્રહોની સાથે પરસ્પર અથડાતા નક્ષત્રને વારંવાર જોતા હતા, પણ પોતાના જન્મનક્ષત્રને જોઇ શકતા ન હતા.[૧૬] યાદવો તથા અંધકોના ઘરમાં જે સમયે પાંચજન્યશંખનો ધ્વનિ થતો હતો, તે સમયે ગધેડાંઓ ભયંકર ઘાંટો કાઢીને ચોતરફ ભેં ભેં કરી મૂકતાં હતાં.[૧૭]

આ પ્રમાણે પ્રાપ્ત થયેલા કાળના ફેરફારને તથા તેરસને દિવસે અમાવાસ્યાને જોઇને શ્રીકૃષ્ણ યાદવોને કહેવા લાગ્યા કે:–[૧૮] "ભારતના યુદ્ધસમયે ચૌદમી તિથિ જેમ પંદરમી થઇ હતી અને તે દિવસે જેમ ગ્રહણ થયું હતું, તેમજ હમણાં પણ આપણો વિનાશ કરવામાટે તે તિથિ આવી પહોંચી છે."[૧૯] આમ કહીને શ્રીકૃષ્ણ વિચારમાં પડી ગયા અને પછી થોડો સમય વિચાર કરીને તે કેશિહંતાએ માન્યું કે, "તેજ આ છત્રીસમું વર્ષ આવ્યું છે.[૨૦] પુત્રોના શોકથી સંતાપ પામેલી અને બાંધવોના હણાવાથી વ્યાકુળ થયેલી ગાંધારીએ જે વર્ષ કહ્યું હતું, તેજ આ આવી પહોંચ્યું છે.[૨૧] પૂર્વે સૈન્યો જ્યારે ગોઠવાઇ ગયાં હતાં ત્યારે મહાદારુણ ઉત્પાતો જોઇને યુધિષ્ઠિરે જે કહ્યું હતું, તેજ આ આવી પહોંચ્યું છે."[૨૨] એમ વિચારીને શત્રુદમન શ્રીકૃષ્ણે, તેને સત્ય કરવાની ઇચ્છાથી સર્વને તીર્થયાત્રા કરવા નીકળી પડવા આજ્ઞા

કરી. પછી શ્રીકૃષ્ણની આજ્ઞાથી રાજપુરુષોએ નગરમાં જાહેર કર્યું કેઃ–‘હે મહાપુરુષો! તમારે સમુદ્રને કિનારે તીર્થયાત્રા કરવા જવું’[૨૩,૨૪]

ઇતિ શ્રીમહા૦ મૌસલ પર્વમાં “ ઉત્પાત દર્શન ” એ વિષયનો અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો

કૃતવર્મા વગેરેનો પરસ્પર નાશ

॥ वैशंपायन उवाच ॥

काली स्त्री पांडुरैर्दंतैः प्रविश्य हसती निशि ।
स्त्रियः स्वप्नेषु मुष्णंती द्वारकां परिधावति॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–કોઇએક કાળી સ્ત્રી પોતાના શ્વેત દાંતથી હસતી હસતી રાત્રે સ્વપ્નમાં આવીને સ્ત્રીઓના મંગળસૂત્રાદિને ચોરી લેતી દ્વારકામાં ઘૂમવા લાગી.[૧] ભયાનક ગીધો, સ્વપ્નમાં અગ્નિહોત્રની શાળાઓમાં તથા રહેવાનાં ઘરોમાં યાદવો તથા અંધકોને ખાવા લાગ્યાં.[૨] મહાભયંકર રાક્ષસો અલંકારો, છત્રો, ધ્વજાઓ તથા કવચોનું હરણ કરતા જોવામાં આવતા હતા.[૩] શ્રીકૃષ્ણને અગ્નિએ આપેલું વજ્રનાભ નામનું જે લોખંડી ચક્ર હતું, તે યાદવોના દેખતાં તે વેળા આકાશમાં ચાલ્યું ગયું.[૪] મનસમાન વેગવાળા ચાર ઉત્તમ ઘોડાઓ, સૂર્યસમાન તેજસ્વી જે દિવ્ય રથ જોડેલો હતો તેને લઇને દારુકના દેખતાં સમુદ્રની સપાટીપર ચાલ્યા ગયા. જે મહાન ધ્વજોની બળરામ તથા શ્રીકૃષ્ણ સારી રીતે પૂજા કરતા હતા, તે તાલ અને સુપર્ણ નામના મહાધ્વજોને અપ્સરાઓ ઉંચે હરી ગઈ; અને યાદવોને રાત્રિદિવસ કહેવા લાગી કે, તમે તીર્થયાત્રા કરવા જાઓ.’[૫,૬]

તે પછી યાદવો તથા અંધકોના મહારથી મહાપુરુષોએ અંતઃપુરોની સાથે તીર્થયાત્રા કરવા જવાની તે વેળા ઇચ્છા કરી;[૭] અને પછી તે અંધકો તથા યાદવોએ જાતજાતનાં ભક્ષ્ય, ભોજ્ય, પીણાં, મદ્ય તથા માંસ અનેક રીતે તૈયાર કરાવ્યાં. આ પછી તીક્ષ્ણ તેજવાળા શ્રીમાન સૈનિકગણો વાહનો, ઘોડાઓ તથા હાથીઓને સાથે લઇ નગરની બહાર નીકળ્યા.[૯] પછી સ્ત્રીઓસહિત યાદવો પુષ્કળ ખાન–પાનને સાથે લઇ પ્રભાસમાં (સમુદ્રકિનારે) યથાયોગ્ય પ્રદેશે તંબુઓ નાખી રહ્યા.[૧૦] એ રીતે સમુદ્રની સમીપમાં તે વીર યાદવોને રહેલા જોઇ યોગવેત્તા અને મોક્ષપંડિત ઉદ્ધવ, તેઓની રજા લઇને ત્યાંથી ચાલી નીકળ્યા.[૧૧] બે હાથ જોડી પ્રણામ કરીને મહાત્મા ઉદ્ધવ ચાલ્યા ગયા, ત્યારે શ્રીકૃષ્ણે યાદવોના વિનાશને જાણીજઈ તેમને રોકવાની ઇચ્છા કરી નહિ.[૧૨] તે પછી કાળથી ઘેરાઇ રહેલા તે યાદવો તથા અંધકમહારથીઓએ પણ પોતાના તેજથી આકાશ–પૃથ્વીને વ્યાપ્ત કરી દઇ ચાલ્યા જતા ઉદ્ધવ તરફ દૃષ્ટિ કરી.[૧૩] પછી તે મહાત્માઓએ જે અન્નને બ્રાહ્મણોને માટે તૈયાર કરેલું હતું, તેને તેઓએ (મદમત્ત થઈને) મદિરા નાખી મિશ્ર કરી વાનરોને આપી દીધું.[૧૪] પ્રભાસક્ષેત્રમાં નિવાસ કર્યા પછી મહાપ્રખર તેજવાળા તે યાદવોમાં મદિરાપાન ચાલુ થયું. તે સમયે સેંકડો વાદિત્રોનો શબ્દ ત્યાં થવા લાગ્યો; અને સંખ્યાબંધ નટો તથા નર્તકો નાચવા લાગ્યા. બળરામે, કૃતવર્માએ, સાત્યકિએ, ગદે તથા બભ્રુએ પોતે શ્રીકૃષ્ણની સમીપમાં મદ્યપાન કરવા માંડયું;[૧૬] અને પછી મદથી ઉત્કટ બનેલા સાત્યકિએ સભાની વચ્ચે કૃતવર્માની હાંસી તથા અવગણના કરીને કહેવા માંડયું કેઃ–“અલ્યા ઓ હાર્દિકય ! તેવો કયો ક્ષત્રિય હોય કે જે પોતે માર્યો જતો હોય તોપણ મૃત્યુ પામેલાઓની પેઠે નિદ્રાવશ થયેલાઓનો વધ કરે ? ખરેખર, તેં જે કર્મ કર્યું છે તેને યાદવો સહન કરી શકે તેમ નથી.”[૧૭,૧૮][×]

સાત્યકિએ આમ કહ્યું એટલે રથીઓમાં શ્રેષ્ઠ પ્રદ્યુમ્ને તેના વચનની પ્રશંસા કરી અને કૃતવર્માનું અપમાન કર્યું.[૧૯] પછી અત્યંત

[×] આ શ્લોકમાં સાત્યકિ એમ કહેવા માગે છે કે, ઓ કૃતવર્મા ! ભારતયુદ્ધની અંતે રાત્રે નિદ્રાવશ થયેલા ધૃષ્ટદ્યુમ્ન આદિ પાંડવ સૈનિકોનો નાશ કરનારા દ્રોણપુત્ર અશ્વત્થામાને તેં સહાય કરી, તે તારૂં કર્મ ક્ષત્રિયને માટે અયોગ્યજ ગણાય.

ક્રોધાયમાન થયેલો કૃતવર્મા, પોતાના જમણા હાથથી સાત્યકિના કર્મને અપમાનપૂર્વક જાણે દર્શાવતો હોય તેમ બોલી ઉઠયો કે:–[૨૦] "કપાઈ ગયેલા બાહુવાળો ભૂરિશ્રવા યુદ્ધમાં જ્યારે અનશન વ્રત લઇને બેસી ગયો હતો, ત્યારે વીર હોવા છતાં તેં ઘાતકીએ તેનો કેમ વધ કર્યો હતો ?"[૨૧]

તેનું એ વચન સાંભળીને શત્રુવીરોનો સંહાર કરનારા શ્રીકૃષ્ણે કોપાયમાન થઇને ક્રોધભરેલી વક્રદૃષ્ટિથી તેની સામે જોયું.[૨૨] એ સમયે સાત્યકિએ સત્રાજિતના સ્યમંતક નામના મણિની કથા શ્રીકૃષ્ણને કહી સંભળાવી,[૨૩] તે સાંભળીને સત્યભામા અત્યંત કોપી ઉઠયાં. તેમણે શ્રીકૃષ્ણને કોપાવવામાટે રુદન કરતાં કરતાં તેમના ખોળાનો આશ્રય લીધો.[૨૪] આ પછી સાત્યકિ ક્રોધે ભરાઇ એકદમ ઉભો થઇ બોલી ઉઠયો કે:–" હું સત્યના સોગંદ ખાઇને કહું છું કે, દ્રૌપદીના પાંચ પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડી વગેરેના માર્ગે જવાને હું હમણાંજ તૈયાર છું; પણ હે સુંદર કટિવાળી સત્યભામા ! રાત્રિમાં નિદ્રાવશ થયેલા જે પાંડવયોદ્ધાઓનો જે દુરાત્માએ અશ્વત્થામાને સહાય આપીને સંહાર કર્યો છે,તે આ પાપી કૃતવર્માનું આયુષ્ય અને યશ આજે સમાપ્ત થયું છે."[૨૫–૨૭] એમ કહીને કોપેલા સાત્યકિએ શ્રીકૃષ્ણની સમીપમાંજ એકદમ દોડી જઇને કૃતવર્માનું મસ્તક કાપી નાખ્યું;[૨૮] તેમજ બીજાઓનો પણ ચોતરફ તેણે સંહાર કરવા માંડયો.તે સમયે શ્રીકૃષ્ણ તેને અટકાવવામાટે દોડયા, પણ તેવામાં હે મહારાજા ! કાળક્રમથી પ્રેરાયેલા સર્વ ભોજોએ તથા અંધકોએ એકત્રમળી સાત્યકિને ચોતરફથી ઘેરી લીધો.મહાતેજસ્વી શ્રીકૃષ્ણે ક્રોધે ભરાયેલા તેઓને વેગપૂર્વક ધસી આવતા જોઇને પણ ક્રોધ કર્યો નહિ; કેમકે કાળના ફેરફારને તેઓ સારી પેઠે જાણી ગયા હતા. કાળધર્મથી પ્રેરાયેલા તે યાદવો તો મદ્યપાનના મદથી ઘેરાઈ જઇને ઉચ્છિષ્ટ પાત્રોથી સાત્યકિને મારવા લાગ્યા. એ રીતે સાત્યકિને તેઓએ મારવા માંડયો, ત્યારે રુકિમણીપુત્ર પ્રદ્યુમ્ન કોપી ઉઠયો અને સાત્યકિને છોડાવવામાટે તત્કાળ આવી પહોંચ્યો.[૩૩] પ્રથમ તો એકલો સાત્યકિજ ભોજવંશીઓ તથા અંધકવંશીઓની સાથે યુદ્ધ કરી રહ્યો હતો, પણ પાછળથી બાહુબળશાળી તે બન્ને વીરો તેઓની સાથે યુદ્ધ કરવા લાગ્યા;[૩૪] પરંતુ પેલા લોકો ઘણા હોવાને લીધે શ્રીકૃષ્ણના દેખતાં સાત્યકિ અને પ્રદ્યુમ્ન માર્યા ગયા, એટલે યદુનંદન શ્રીકૃષ્ણે સાત્યકિ તથા પોતાના પુત્રને હણાયેલો જોઈ એરક* નામના ઘાસને એક મુઠીમાં કોપથી ગ્રહણ કર્યું,એટલે તેઘાસ વજ્રજેવું ભયંકર લોહમુસળ બની ગયું. તેવડે શ્રીકૃષ્ણે જેઓ જેઓ પોતાની સામે થયા તેઓને મારી નાખ્યા.તે પછી અંધકો,ભોજકો તથા શિનિવંશના યાદવો પણ કાળથી પ્રેરાઈને તે મુસળોવડે યુદ્ધમાં અન્યોન્યને મારવા લાગ્યા. હે રાજા ! તેઓમાંનો જે કોઇ કોપાયમાન થઇને એ એરકને ગ્રહણ કરતો તેજ ક્ષણે તે ઘાસ વજ્ર જેવું થઈ ગયું હોય તેમ જણાતું હતું; એટલુંજ નહિ પણ તે પ્રદેશનું બીજું ઘાસ પણ મુસળરૂપ થયેલુંજ દેખાવા લાગ્યું.[૩૫–૩૯] હે રાજા ! તારે જાણવું કે, તે સર્વ કેવળ બ્રહ્મદંડને લીધેજ થયું હતું. તેઓ ગમે તે ઘાસ અન્યોન્ય સામે ફેંકતા હતા અને તે અવધ્યનો પણ વધ કરતું તથા વજ્રના જેવું દૃઢ મુસળરૂપ થઇ જતું દેખાતું હતું. હે ભારત ! તે સમયે પિતા પુત્રનો વધ કરતો હતો અને પુત્ર પિતાનો વધ કરતો હતો.[૪૦,૪૧] તે કુકુરો તથા અંધકો અન્યોન્ય સામે યુદ્ધ કરીને અગ્નિમાં જેમ પતંગિયાં પડે તેમ પડતા હતા.[૪૨] પોતાનાપર માર પડતો હતો, છતાં તેઓમાંના કોઇને પણ ત્યાંથી નાસી જવાની બુદ્ધિ થતી ન હતી. તે વેળા મહાબાહુ શ્રીકૃષ્ણ કાળના વિપર્યાસને જાણી જઇને હાથમાં મુસળ લઇ તે યુદ્ધને જોતા ઉભા હતા. તેવામાં સાંબને, ચારુદેષ્ણને,

---

*એરક ઘાસને ગુજરાતી ભાષામાં પાન કહે છે. હાલમાં પણ પ્રભાસપાટણ પાસે સરસ્વતી નદીના કિનારા ઉપર આ ઘાસ ઉભું છે. આ ઘાસ બેધારી તરવારના જેવું બન્ને તરફ ધારવાળું હોય છે.

પ્રદ્યુમ્નને, અનિરુદ્ધને તથા ગદને મરણ પામેલા જોઇ તેમને અત્યંત ક્રોધ ચઢી ગયો; જેથી શાર્ઙ્ગ, ચક્ર તથા ગદાને ધારણ કરનારા તે ભગવાને યાદવોનો છેક સંહારજ કરી નાખ્યો. મહાતેજસ્વી દાશાર્હ–શ્રીકૃષ્ણ એ રીતે નાશ કરી રહ્યા હતા, તે સમયે શત્રુનગરને જીતનારા શ્રીકૃષ્ણને બભ્રુ તથા દારુકે જે કહ્યું હતું, તે તું સાંભળઃ–"હે ભગવન્! તમે લગભગ સર્વ પુરુષોને મારી નાખ્યા છે, માટે હવે તો તમે બળરામની તપાસ કરો. ચાલો, તે જ્યાં હોય ત્યાં આપણે જઇએ."[૪૩-૪૭]

ઈતિ શ્રીમહા૦ મૌસલ પર્વમાં "કૃતવર્મા આદિનો પરસ્પર નાશ" એ વિષયનો અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો

શ્રીકૃષ્ણનું સ્વધામગમન

॥ वैशंपायन उवाच ॥
ततो ययुर्दारुकः केशवश्च ।
बभ्रुश्च रामस्य पदं पतंतः ॥
अथापश्यन् राममनंतवीर्यं ।
वृक्षेस्थितं चिंतयानं विविक्ते ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–તે પછી દારુક, શ્રીકૃષ્ણ તથા બભ્રુ બળરામની શોધ કરતા ત્યાંથી ચાલ્યા, એટલે તેઓએ એક વૃક્ષનીચે એકાંતમાં બેસીને કંઈક વિચાર કરી રહેલા બળરામને જોયા. પછી મહાનુભાવ બળરામને મળીને શ્રીકૃષ્ણે દારુકને આજ્ઞા કરી કેઃ–"તું અહીંથી તરત કુરુદેશમાં જા અને કેવળ પોતાથીજ થયેલો યાદવોનો આ નાશ અર્જુનને કહે;[૧,૨] જેથી તે અર્જુન, યાદવોને બ્રાહ્મણોના શાપથી મરણ પામેલા સાંભળી સત્વર અહીં આવે." શ્રીકૃષ્ણે આ પ્રમાણે આજ્ઞા કરી એટલે દારુક વિકળ ચિત્તે કુરુદેશ તરફ ચાલી નીકળ્યો.[૩] દારુકના ગયા પછી શ્રીકૃષ્ણ, પોતાની સમીપમાં બભ્રુને જોઇને તેનાપ્રત્યે કહેવા લાગ્યાઃ–"તું સ્રીઓનું રક્ષણ કરવામાટે સત્વર જા, જેથી ચોરલોકો ધનના લોભથી તેઓનો નાશ ન કરે." શ્રીકૃષ્ણની એ આજ્ઞા થતાં મદથી આતુર બનેલો અને સંબંધીઓના વધથી વિહ્વળ થયેલો બભ્રુ ત્યાંથી ચાલતો થયો; પણ તેવામાં અત્યંત થાકી ગયેલા, બ્રાહ્મણોના શાપને લીધે દુષ્ટ અંતવાળા તે એકલા બભ્રુનો શ્રીકૃષ્ણની સમીપમાંજ કોઇએક ફૂટયુક્ત મોટા મુસળે પોતાની મેળેજ પડીને વધ કર્યો. બભ્રુને એ રીતે મરણ પામેલો જોઇ ઉગ્ર તેજવાળા શ્રીકૃષ્ણે પોતાના મોટાભાઈ બલરામને કહ્યું કેઃ–[૪-૬]"હે બળરામ! તમે અહીંજ મારી રાહ જોજો. એટલામાં હું સર્વ સ્રીઓને આપણા સંબંધીઓને સોંપી આવું." આમ કહીને શ્રીકૃષ્ણે દ્વારકામાં આવી પોતાના પિતાને કહ્યું કેઃ–"જ્યાંસુધી અર્જુન આવે ત્યાંસુધી તમે આપણી સમગ્ર સ્રીઓનું રક્ષણ કરજો. બલરામ વનમાં મારી રાહ જોઇ રહ્યા છે, માટે હું તેમને મળવા જાઉં છું.[૭,૮] મેં આ યાદવોનો તથા પૂર્વે શ્રેષ્ઠ કુરુરાજાઓનો વિનાશ જોયો છે, જેથી યાદવોવિનાની થયેલી આ યદુપુરીને જોવાને હવે હું સમર્થ નથી.[૯] બલરામની સાથે વનમાં જઇને હવે હું તપશ્ચર્યા કરીશ."

પોતાના પિતાને એમ કહીને શ્રીકૃષ્ણ, તેમના ચરણમાં મસ્તક નમાવીને ઉતાવળા ઉતાવળા ત્યાંથી ચાલીનીકળ્યા.[૧૦] તે પછી એ દ્વારકાનગરીમાં સ્રીઓ તથા બાળકોનું મહાન આક્રંદ થઈ રહ્યું; એટલે શ્રીકૃષ્ણ વિલાપ કરતી સ્રીઓના રુદનને સાંભળીને પાછા ફર્યા અને તેઓને કહેવા લાગ્યા કેઃ–"પુરુષોમાં શ્રેષ્ઠ અર્જુન આ નગરીમાં આવીને તમને દુઃખમુક્ત કરશે" આમ કહીને શ્રીકૃષ્ણ વનમાં જઇને તે સ્થળે એકાંતમાં બેઠેલા બળરામને મળ્યા.[૧૧,૧૨] શ્રીકૃષ્ણે ત્યાં આવીને જોયું તો યોગયુક્ત થયેલા તે બળરામના મુખમાંથી શ્વેતવર્ણનો એક મહાન સર્પ બહાર નીકળ્યો અને તે મહાપ્રતાપી સર્પ તેમના દેખતાંજ મહાસમુદ્રમાં ચાલ્યો ગયો.[૧૩] તે સર્પ એકહજાર મસ્તકવાળો (શેષનાગ) હતો, તેનું શરીર પર્વતના જેવું લાંબુ–પહોળું હતું અને તેનું મુખ લાલ હતું. એ સર્પ પોતાના માનુષી શરીરનો ત્યાગ કરી

સમુદ્રમાં ગયો એટલે સમુદ્રે, દિવ્ય નાગોએ તથા પવિત્ર નદીઓએ ઉત્તમ પ્રકારે તેનું સ્વાગત કર્યું.[૧૪] કર્કોટક, વાસુકિ, તક્ષક, પૃથુશ્રવા, અરુણ, કુંજર, મિશ્રશંખ, કુમુદ, પુંડરીક, મહાત્મા નાગ, ધૃતરાષ્ટ્ર, હ્રાદ, ક્રાથ, ઉગ્ર તેજસ્વી શિતિકંઠ, નાગ ચક્રમંદ, અતિષંડ, નાગોમાં શ્રેષ્ઠ દુર્મુખ, અંબરીષ અને વરુણરાજા પોતે હે રાજન્! બળરામના મુખમાંથી નીકળેલા સર્પના સામા આવી સ્વાગતવચનથી અભિનંદન આપવા લાગ્યા અને અર્ઘ્યપાદ્ય આદિ ક્રિયાઓથી તેમની પૂજા કરવા લાગ્યા.

આ પ્રમાણે પોતાનાભાઇના ગયા, પછી દિવ્ય દૃષ્ટિથી સર્વ ગતિઓને જાણનારા મહાતેજસ્વી શ્રીકૃષ્ણ વિચાર કરતા કરતા શૂન્ય વનમાં વિચરવાલાગ્યા અનેપછી છેવટે થાકીજઇ પૃથ્વીપર બેઠા.ગાંધારીએ પૂર્વે જે વાક્ય હતું, તેમજ દુર્વાસાએ પોતાના ઉચ્છિષ્ટ દૂધપાકનું શરીરપર લેપન કર્યું હતું (અને પગનાં તળીઆં ઉપર તે લેપન કરતાં જ્યારે ભૂલ થઇ ગઇ હતી), ત્યારે જે વચનો કહ્યાં હતાં તેનું શ્રીકૃષ્ણને તે સમયે સ્મરણ થઇ આવ્યું; અને તે મહાનુભાવે અંધકો, યાદવો તથા કુરુઓના નાશનો વિચાર કરતાં માન્યું કે, "સ્વધામગમનનો હવે સમય થઇ ચૂક્યો છે." તે પછી તેમણે:ઇંદ્રિયોનો નિરોધ કર્યો અને પોતે સર્વના દેવ તથા સમગ્ર તત્વાર્થને જાણનારા હોવા છતાં ત્રણે લોકોની સ્થિતિનું અને મહર્ષિ અત્રિના વચનનું પાલન કરવામાટે તેમજ સંદેહને દૂર કરવામાટે તે ભગવાને મૃત્યુને આધીન થવાની ઇચ્છા કરી.પછી તે શ્રીકૃષ્ણ ઇંદ્રિયો,વાણી તથા મનને વશ કરી મહાયોગનો આશ્રય કરી ત્યાં સૂતા;[૧૫-૨૧] તેવામાં જરા નામનો એક ઉગ્ર પારધિ મૃગોની શોધ કરતો કરતો ત્યાં આવી પહોંચ્યો. તે મૃગાસક્ત પારધિએ યોગયુક્ત થઇને શયન કરી રહેલા શ્રીકૃષ્ણને (આ એક મૃગ છે આવી ભ્રાંતિથી) પગમાં બાણ મારીને વિંધી નાખ્યા; અને પછી ઉતાવળથી તેને પકડવાની ઇચ્છાથી તે તેમની સમીપમાં આવ્યો, એટલે (મૃગને બદલે) પુરુષ-શ્રીકૃષ્ણને તે પારધિએ જોયા, કે જે ભગવાન યોગયુક્ત હતા,પીતાંબર ધારણ કરી રહ્યા હતા અને ચતુર્ભુજસ્વરૂપ હતા.[૨૨,૨૩] પછી તે જરા-પારધિ, પોતાને અપરાધી માનીને શ્રીકૃષ્ણના ચરણ ગ્રહણ કરવા લાગ્યો,પણ મહાત્મા શ્રીકૃષ્ણે તેને આશ્વાસન આપી એજ સમયે પોતાના તેજવડે આકાશ-પૃથ્વીને વ્યાપ્ત કરી દઈ ઊર્ધ્વલોકમાં (સ્વધામમાં) ગમન કર્યું. તે ભગવાન જ્યારે સ્વર્ગમાં ગયા ત્યારે ઇંદ્ર, અશ્વિનીકુમારો, રુદ્રો, આદિત્યો, વસુઓ, વિશ્વેદેવાઓ, મુનિઓ, સિદ્ધો અને અપ્સરાઓની સાથે ગંધર્વો તેમની સામા આવ્યા.[૨૫]આ રીતે હે રાજન્! ઉગ્રતેજવાળા,જગતના ઉત્પાદક,અવિનાશી અને યોગાચાર્ય મહાત્માભગવાન નારાયણ પોતાનીશોભાવડે આકાશ-પૃથ્વીને વ્યાપ્ત કરી દઈ પોતાના અતુલ સ્થાનમાં સિધાવ્યા. તે સમયે હે રાજન્! ભગવાન કૃષ્ણ દેવો, ઋષિઓ તથા ચારણમુનિઓને મળ્યા;અને શ્રેષ્ઠ ગંધર્વો, ઉત્તમ અપ્સરાઓ, સિદ્ધો તથા સાધ્યોએ નમ્ર થઇને તેમની પૂજા કરી; એટલુંજ નહિ પણ હે રાજા! તે ઈશ્વરને દેવોએ તથા ઇંદ્રે અભિનંદન આપ્યું, મોટા મોટા મુનિઓએ ઋચાઓવડે તેમનું પૂજન કર્યું તથા ગંધર્વો પ્રીતિપૂર્વક તેમનું સ્તુતિગાન કરતા તેમની સન્મુખ ઉભાં રહ્યા.[૨૬-૨૮]

**ઇતિ શ્રીમહા૦ મૌસલ પર્વમાં " શ્રીકૃષ્ણ
સ્વધામમાં પધાર્યા" એ વિષયનો
અધ્યાય ૪ થો સમાપ્ત**

અધ્યાય ૫ મો

દ્વારકામાં અર્જુન

॥ वैशंपायन उवाच ॥

**दारुकोऽपि कुरुन् गत्वा दृष्ट्वा पार्थान् महारथान्।
आचष्ट मौसले वृष्णीनन्योन्येनोप संहृतान्॥१॥**

વૈશંપાયને કહ્યું:-બીજી તરફ દારુક પણ કુરુદેશમાં જઇને મહારથી પાંડવોને મળ્યો અને " બ્રહ્મદંડરૂપ મુસળને લીધે યાદવોનો માંહોમાંહે સંહાર થયો હતો" એ વાત તેઓને કહી.[૧] ભોજ, અંધક તથા કુકુરવંશસહિત

યાદવોને વિનાશ પામેલા સાંભળી પાંડવો શોકથી સંતાપ પામ્યા અને મનમાં અત્યંત ભયભીતથયા.[૨]એ પછી શ્રીકૃષ્ણનો પ્રિયસખા અર્જુન 'ખરેખર,એ યાદવકુળ નથીજ'એમ બોલ્યો અને પાંડવોની રજા લઈને મામા (વસુદેવને) મળવામાટે નીકળીપડયો.તે દારુકની સાથે યાદવોના નિવાસસ્થાનમાં જઇ પહોંચ્યો અને તે વીરે મરણ પામેલા પતિની વિધવા સ્ત્રી જેવી દ્વારકાને જોઈ.[૩,૪]તે નગરીમાં જે સ્ત્રીઓ પૂર્વે લોકના નાથ શ્રીકૃષ્ણથી નાથવાળી હતી,તે અનાથ થઈ પડેલી સ્ત્રીઓ પોતાના રક્ષક અર્જુનને આવેલો જોઇને પોકે પોકે રડવા લાગી. શ્રીકૃષ્ણની હજાર સ્ત્રીઓમાં તે વેળા અર્જુનને જોતાંજ મહાન આક્રંદ થઈ રહ્યું.[૫,૬] અર્જુન પણ શ્રીકૃષ્ણ અને પોતાના પુત્રોથી રહિત થઇ પડેલી તે સ્ત્રીઓને જોતાંજ અશ્રુઓથી ઢંકાઈ ગયેલાં નેત્રવાળો થઇ ગયો અને તેમની સામે જોવાને પણ સમર્થ થયો નહિ.[૭] દ્વારકારૂપી નદી, કે જે પૂર્વે યાદવો તથા અંધકોરૂપી જળથી ભરપૂર હતી, ઘોડાઓરૂપી માછલાંવાળી હતી, રથોરૂપી ત્રાપાઓવાળી હતી,વાદિત્રો અને રથોની ગર્જનાઓથી ગાજી રહી હતી, મકાનોમાં આવેલાં જળાશયોરૂપી મોટા ધરાઓવાળી હતી, રત્નોરૂપી શેવાળના સમુદાયવાળી હતી, હીરાજડિત કિલ્લારૂપ માળવાળી હતી, શેરીઓરૂપી પ્રવાહમાં પડી રહેલી જળની ઘુમરીઓવાળી હતી, ચૌટાંઓરૂપી શાંત ધરાઓવાળી હતી અને રામ તથા કૃષ્ણરૂપી મોટા ઝુંડોવાળી હતી, તેજ દ્વારકાનદી એ સમયે કાળના સપાટામાં સપડાયેલી હોઇને ભયંકર નદી વૈતરણીની ઉપમાને પાત્ર થઇ શ્રેષ્ઠ યાદવોથી રહિત થઇ પડી હતી; જેથી બુદ્ધિમાન અર્જુને, તેને શિશિરઋતુમાં શોભારહિત થયેલી અને આનંદવિનાની જણાતી તળાવડીના જેવીજ જોઇ.[૮-૧૧]અર્જુન તે દ્વારકા તથા શ્રીકૃષ્ણની તે સ્ત્રીઓને જોઇને અશ્રુપાતકરતો ધરણીપર ઢળી પડયો.[૧૨]હે રાજા! તે પછી સત્રાજિતની પુત્રી સત્યભામા તથા રુક્મિણી આદિ સ્ત્રીઓ અર્જુન પાસે આવીને તેને વિંટાઇ વળી મોટેથી રડવા લાગી.[૧૩] તે પછી મહાત્મા અર્જુનને ઉભો કરી તેને સુવર્ણના પાટલાપર બેસાડી તે સ્ત્રીઓ કંઇ પણ બોલ્યાચાલ્યાવિના ઉભી રહી.[૧૪] એટલે અર્જુને શ્રીકૃષ્ણની સ્તુતિ કરીને તથા તેમના સંબંધની કેટલીએક કથાઓ કહીને તે સ્ત્રીઓને આશ્વાસન આપ્યું અને પછી તે પોતાના મામાને મળવાગયો.

ઈતિ શ્રીમહા૦ મૌસલ પર્વમાં "અર્જુનનું
દ્વારકામાં આવવું" એ વિષયનો
અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો

અર્જુન અનેવસુદેવનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

तं शयानं महात्मानं वीरमानकदुंदुभिम् ।
पुत्रशोकेन संतप्त ददर्श कुरुपुंगवः ॥१॥

વૈશંપાયને કહ્યું:-કુરુશ્રેષ્ઠ અર્જુને પુત્રના શોકથી સંતાપ પામેલા વીર મહાત્મા વસુદેવને ત્યાં સૂતેલા જોયા.પછી હે ભારત! વિશાળ વક્ષઃસ્થળવાળા મહાબાહુ અર્જુને અત્યંત વિહ્વળ થઇને અશ્રુઓથી ઉભરાઈ જતાં નેત્રે તે દુઃખી વસુદેવના ચરણને ગ્રહણ કર્યાં.મહાબાહુ વસુદેવે, પોતાના ભાણેજ તે અર્જુનના મસ્તકને સુંઘવાની ઇચ્છા કરી; પણ હે શત્રુહંતા રાજા! તેમનાથી શોકને લીધે એ બની શકયું નહિ.[૩] માત્ર તે મહાબાહુ વૃદ્ધે, પોતાની બન્ને ભુજાઓવડે અર્જુનને આલિંગન આપ્યું;અને પછી અત્યંત વિહ્વળ થઇ જઇને રડતાં રડતાં પોતાના સર્વપુત્રોનું સ્મરણ કરી ભાઇઓનો, પુત્રોનો, પૌત્રોનો, દૌહિત્રોનો તથા મિત્રોનો વિલાપ કરવા માંડયો.

વસુદેવે કહ્યું:-"ઓ અર્જુન! જેઓએ રાજાઓને તથા સેંકડો દૈત્યોને જીતી લીધા હતા, તેઓને પ્રથમ જોઇને હમણાં હું જોઇ શકતોનથી; છતાં મહાકઠિન મરણવાળો હું હજુ જીવી રહ્યો છું! હે અર્જુન! જેઓ બન્ને તારા પ્રિય શિષ્ય હતા અને સદા તારા ઘણાજ માનીતા હતા, તે પ્રદ્યુમ્ન અને સાત્યકિ-એ બન્નેની અનીતિને

લીધેજ યાદવો વિનાશ પામ્યા છે. જે પ્રદ્યુમ્ન અને સાત્યકિ–યાદવવીરોમાં અતિરથી મનાતા હતા, જે બન્નેને તું હરકોઈ વાતમાં વખાણ્યા કરતો હતો અને જેઓ શ્રીકૃષ્ણના પ્રીતિપાત્ર હતા, તે બન્ને જણા હે કુરુશ્રેષ્ઠ અર્જુન! યાદવોના નાશનું મુખ્ય કારણ બન્યા છે. હે અર્જુન! હું સાત્યકિની, કૃતવર્માની કે સૌમ્ય પ્રદ્યુમ્નની નિંદા કરતો નથી; કેમકે આમાં શાપજ કારણભૂત છે. જગતના પ્રભુ જે કૃષ્ણે કેશીને, કંસને, બળગર્વિષ્ઠ શિશુપાલને, ભીલપુત્ર એકલવ્યને, કલિંગ, મગધ તથા ગાંધારદેશના રાજાઓને, કાશીરાજાને, મરુભૂમિના રાજાઓને, પૂર્વના, દક્ષિણના તથા પર્વતપ્રદેશના રાજાઓને પણ પરાક્રમ કરીને માર્યા હતા, તે મધુસૂદને યાદવોની અનીતિથીજ આ વંશનાશની ઉપેક્ષા કરી છે. તું, નારદ અને મુનિઓ તે સનાતન દેવને અપાપ, અચ્યુત અને ગોવિંદતરીકે જાણો છો. તે અધોક્ષજ ભગવાને આ સંબંધીઓનો નાશ જોયો છતાં તે મારા પુત્રે પોતેજ તેની ઉપેક્ષા કરી; કેમકે હે શત્રુતાપન અર્જુન! ગાંધારીનાં તથા ઋષિઓનાં વચનને અસત્ય કરવાને તે જગતપ્રભુની ઈચ્છા ન હતી. હે શત્રુતાપન! આ વાત તો તને પોતાને પણ પ્રત્યક્ષ થયેલી છે કે, તારા પૌત્રને અશ્વત્થામાએ મારી નાખ્યો હતો, છતાં શ્રીકૃષ્ણના તેજથી પુનઃ તે જીવતો થયો હતો. ખરેખર, તારા એ મિત્રને પોતાના આ સંબંધીઓની રક્ષા કરવાની ઇચ્છા ન હતી; અને તેથીજ પોતાના પુત્રોને, પૌત્રોને, ભાઇઓને તથા મિત્રોને મરણ પામીને સૂઇ રહેલા જોયા પછી તેણે મને કહ્યું હતું કેઃ– [૩-૧૮] "હવે આ કુળનો વિનાશ થવા બેઠો છે. અર્જુન દ્વારકામાં જ્યારે આવે ત્યારે યાદવોના આ મહાસંહારસંબંધીનું વૃત્તાંત તમારે તેને કહેવું. હે રાજા! મહાતેજસ્વી તે અર્જુન, યાદવોનો વિનાશ સાંભળીને તુરતજ અહીં આવશે, એમાં મને કોઇ પ્રકારનો સંશય આવતો નથી. તમારે જાણવું કે, જે હું છું તેજ અર્જુન છે અને જે અર્જુન છે તેજ હું છું; માટે તે જે પ્રમાણે કરવાનું કહે તે પ્રમાણે તમારે કરવું. પાંડુપુત્ર અર્જુન, આવા સમયને પ્રાપ્ત થયેલી સર્વ સ્ત્રીઓ તથા બાળકોના સંબંધમાં યોગ્ય વ્યવસ્થા કરશે અને તમારી મરણક્રિયા પણ કરશે. જે સમયે અર્જુન, કિલ્લા તથા અટારીઓથી યુક્ત આ નગરીને છોડી જશે તે સમયે સમુદ્ર તેને ડૂબાડી દેશે. હું કોઇ પવિત્ર પ્રદેશમાં નિયમ (વ્રત) ધારણ કરીને બુદ્ધિમાન બળરામની સાથેજ મરણની રાહ જોતો બેસીશ." મને આમ કહીને અચિંત્ય પરાક્રમી તે સમર્થ કૃષ્ણ, બાળકોની સાથે મારો ત્યાગ કરીને કોઇક દિશામાં ચાલ્યા ગયા છે; અને હું તે બન્ને તારા મહાત્મા ભાઇઓનું તથા સંબંધીઓના ઘોર નાશનું ચિંતન કરીને શોકથી કૃશ થઇ ગયો છું તથા કંઇ ખોરાક પણ લઇ શકતો નથી. હે પાંડવ! તું ભલે આવ્યો. હું હવે ભોજન કરીશ નહિ તેમ જીવીશ પણ નહિ. [૧૯-૨૭] હે પાર્થ! શ્રીકૃષ્ણે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે તું સર્વ કર. હે શત્રુહંતા અર્જુન! હું તો આ રાજ્યનો, સ્ત્રીઓનો, રત્નોનો તથા પ્રિય પ્રાણોનો હવે ત્યાગ કરીશ."[૨૮]

ઈતિ શ્રીમહા૰ મૌસલ પર્વમાં 'અર્જુન
અને વસુદેવનો સંવાદ' એ વિષયનો
અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

અર્જુને યાદવોનાં સ્ત્રીપુત્રાદિને ઇંદ્રપ્રસ્થમાં લઇ જવાં

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तः स बीभत्सुर्मातुलेन परंतप ।
दुर्मना दीनवदनो वसुदेवमुवाच ह ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–હે શત્રુતાપન જનમેજય! પોતાના મામાએ એ પ્રમાણે કહ્યું એટલે મનમાં દુઃખી થયેલો અર્જુન દીનમુખે વસુદેવને કહેવા લાગ્યોઃ–[૧]

"હે મામા! યાદવવીર શ્રીકૃષ્ણ તથા મારા બંધુઓથી રહિત થયેલી આ પૃથ્વીને હું હવે કોઇ રીતે જોઈ શકું તેમ નથી. [૨] રાજા યુધિષ્ઠિર,

ભીમસેન, સહદેવ, નકુલ તથા દ્રૌપદી અને હું–આ છયે જણાં એકજ મનવાળાં છીએ–એકજ વિચારનાં છીએ.[૩] હે કાળવેત્તાઓમાં શ્રેષ્ઠ! તમારે જાણવું કે, રાજા યુધિષ્ઠિરને પણ આ પૃથ્વીનો પરિત્યાગ કરવાનો સમય હવે અવશ્ય આવી પહોંચ્યો છે.[૪] હે શત્રુદમન! યાદવોની સર્વ સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોને મારી સાથે હું ઇંદ્રપ્રસ્થમાં લઇ જઇશ.”[૫]

અર્જુને વસુદેવને આ પ્રમાણે કહ્યા પછી દારુકને પણ કહ્યું કેઃ–“યાદવવીરોના અમાત્યોને મળવાની મને ઇચ્છા છે, માટે તું ઉતાવળ કર.” એમ કહીને શૂરવીર અર્જુન મહારથી યાદવોનો શોક કરતો કરતો તેઓની સુધર્મા સભામાં દાખલ થયો.[૬,૭] ત્યાં જઇને તે આસન ઉપર બેઠો, એટલે સર્વ અમાત્યો તથા શાસ્ત્રપારંગત બ્રાહ્મણો તેને વિંટાઇ વળીને તેની પાસે ઉભા રહ્યા.[૮] તે સમયે મનમાં ઉદાસ થયેલા, અત્યંત મૂઢ બની ગયેલા અને બેભાન થયેલા તે સર્વનાપ્રત્યે અર્જુને અત્યંત દીનતાપૂર્વક આવું વચન કહ્યું:–[૯] “આ યાદવો તથા અંધકોનાં કુટુંબોને હું પોતે ઇંદ્રપ્રસ્થમાં લઇ જઇશ; કેમકે આ સમગ્ર નગરને સમુદ્ર ડૂબાડી દેશે.[૧૦] તમે તમારાં વાહનો તૈયાર કરો અને વિવિધ પ્રકારનાં રત્નો લઈ લ્યો. તમારામાંનો આ વજ્ર ઇંદ્રપ્રસ્થમાં રાજા થશે.[૧૧] આજથી સાતમે દિવસે સૂર્ય પ્રકાશમાન થઇને ઉદય પામશે, ત્યારે આપણે સર્વે આ નગરની બહાર નીકળી જઇશું; માટે તૈયાર થાઓ, વિલંબ કરો નહિ.”[૧૨]

ઉત્તમ કર્મ કરનારા અર્જુને એ પ્રમાણે કહ્યું, એટલે તેઓ સર્વે પોતાની કાર્યસિદ્ધિમાટે ઉત્સુક બની જઇને સત્વર તૈયારી કરવા લાગ્યા.[૧૩] અર્જુન મોટા શોક અને મોહથી એકાએક ઘેરાઇ જઇને તે દિવસની રાત્રિ શ્રીકૃષ્ણના ગૃહમાંજ રહ્યો.[૧૪] તે પછી બીજે દિવસે મહાતેજસ્વી શૂરસેનના પુત્ર પ્રતાપી વસુદેવે પોતાના આત્માને યોગનિષ્ઠ કરીને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી (અર્થાત્ યોગદ્વારા શરીરનો ત્યાગ કર્યો).[૧૫] આ વખતે વસુદેવના ગૃહમાં પોકે પોકે રુદન કરતી સ્ત્રીઓનું મહાદારુણ આક્રંદ થઈ રહ્યું.[૧૬] સર્વ સ્ત્રીઓ કેશને છુટા મૂકી તથા અલંકાર–માળાઓનો ત્યાગ કરી, હાથવડે છાતીઓ કૂટતી કરુણ વિલાપ કરવા લાગી.[૧૭] દેવકી, ભદ્રા, રોહિણી તથા મદિરા નામની વસુદેવની શ્રેષ્ઠ સ્ત્રીઓ પોતાના પતિની પાછળ જવા તૈયાર થઇ.[૧૮] તે પછી હે ભારત! અર્જુને, મનુષ્યોએ ઉપાડેલી મહાકિંમતી એક પાલખીમાં વસુદેવના શબને બેસાડીને તેને નગરની બહાર કાઢયું.[૧૯] તે વેળા દ્વારકા તથા તેની આજુબાજુનાં બીજાં નગરો–દેશોમાં વસનારા સર્વ હિતૈષી મનુષ્યો દુઃખ તથા શોકથી ઘેરાઇને વસુદેવના શબની પાછળ પાછળ જવા લાગ્યાં.[૨૦] તેની પાલખીના આગળના ભાગમાં અશ્વમેધ વખતનું એક છત્ર, પ્રદીપ્ત અગ્નિઓ તથા કેટલાએક યાજ્ઞિકો જતા હતા;[૨૧] તેમજ પૂર્વોક્ત ચાર દેવીઓ વસ્ત્રાલંકાર વગેરેથી સુશોભિત થઈને તથા બીજી હજારો સ્ત્રીઓથી વિંટાઇને તે વીર(વસુદેવ)ની પાછળ જતી હતી.[૨૨] એ મહાત્માને પોતાની જીવંતદશામાં જે સ્થાન પ્રિય હતું ત્યાં તેમની ચિતા રચીને તેઓ સર્વેએ તેમનો અગ્નિસંસ્કાર કર્યો.[૨૩] તે સમયે સ્ત્રીઓમાં શ્રેષ્ઠ તેમની ચાર પત્નીઓ (પૂર્વોક્ત દેવકી, રોહિણી ભદ્રા તથા મદિરા), પતિલોકમાં જવાની ઇચ્છાથી ચિતાગ્નિમાં પડેલા તે શૂરપુત્ર વસુદેવની ચિતામાં ચઢી બેઠી.[૨૪] પછી પાંડુપુત્ર અર્જુને ચાર સ્ત્રીઓસહિત તે વસુદેવનો ચંદન તથા બીજાં ઉત્તમ–મધ્યમ સુગંધી કાષ્ઠોથી અગ્નિસંસ્કાર કર્યો;[૨૫] એટલે તેજ સમયે પ્રદીપ્ત થયેલા અગ્નિનો, સામગાન કરી રહેલા બ્રાહ્મણોનો તથા રુદન કરતાં મનુષ્યોનો મહાન શબ્દ થઈ રહ્યો.[૨૬] પછી વજ્ર વગેરે યાદવ તથા અંધકવંશના કુમારોએ તેમજ મહાત્મા વસુદેવની બીજી સ્ત્રીઓએ તેમને જળપ્રદાન કર્યું.[૨૭] હે ભરતશ્રેષ્ઠ જનમેજય! ધર્મલોપ નહિ કરનારો અર્જુન એ પ્રમાણે તે ધર્મકાર્ય કર્યા પછી જે સ્થળે યાદવોનો વિનાશ થયો હતો તે સ્થળે ગયો.[૨૮] ત્યાં અન્યોન્યનો વિનાશ કરીને પડેલા તે યાદવોને જોઇને કુરુવંશી

અર્જુન અત્યંત દુઃખી થયો.તેણે સમયને અનુસરતું સર્વ કૃત્ય ત્યાં કર્યું.[૨૯] બ્રાહ્મણોના શાપને લીધે એરકમાંથી ઉત્પન્ન થયેલાં મુસળોદ્વારા જેઓ ત્યાં માર્યા ગયા હતા તેઓની યોગ્યતા પ્રમાણે સર્વ ક્રિયાઓ તેણે કરી;[૩૦] અને પછી રામ તથા કૃષ્ણનાં શરીરોને પણ હિતૈષી પુરુષોદ્વારા શોધી મંગાવીને તેમનો અગ્નિસંસ્કાર કર્યો.[૩૧]

આ રીતે વિધિ પ્રમાણે તેઓનાં પ્રેતકાર્યો કરીને પાંડવ અર્જુન સાતમે દિવસે રથમાં બેસીને દ્વારકામાંથી નીકળી ગયો;[૩૨] તેમજ શોકથી કૃશ થયેલી યાદવવીરોની સ્ત્રીઓ પણ રડતી રડતી ઘોડાઓ, બળદો, ખચ્ચરો તથા ઉંટોથી જોડેલાં વાહનોમાં બેસીને પાંડુપુત્ર મહાત્મા અર્જુનની પાછળ પાછળ ચાલી નીકળી. તે સમયે અંધકો તથા યાદવોના જે સેવકો, ઘોડેસ્વારો અને રથીઓ હતા તે સર્વે પણ અર્જુનની આજ્ઞાથી વીર પુરુષોથી રહિત થયેલી યાદવોની સ્ત્રીઓને, વૃદ્ધોને તથા બાળકોને વિંટાઇ વળી ચાલી નીકળ્યા; અને સર્વ નગરવાસીઓ તથા દેશવાસીઓ પણ તેમને વિંટાઇ વળી જવા લાગ્યા.[૩૩-૩૫] હાથીસ્વારો પર્વતોના જેવડા હાથીઓપર બેસીને તથા વચ્ચે રહીને આયુધોને ધારણ કરનારા કેટલાએક પુરુષો પાદરક્ષકોની સાથે રહી ચાલવા લાગ્યા.[૩૬] અંધકોના તથા યાદવોના જે પુત્રો હતા તેઓ સર્વે અને બ્રાહ્મણો, ક્ષત્રિયો,વૈશ્યો તથા મહાધનવાન શૂદ્રો પણ અર્જુનની પાછળ ચાલી નીકળ્યા.[૩૭] શ્રીકૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓ બુદ્ધિમાન કૃષ્ણના પૌત્ર વજ્રને આગળ કરી જવા લાગી;[૩૮] તેમજ જેઓના પતિઓ મરણ પામ્યા હતા તેવી હજારો, લાખો અને અબજો ભોજ, યાદવ તથા અંધકવંશીઓની સ્ત્રીઓ દ્વારકામાંથી બહાર નીકળી ગઇ.[૩૯] એ પ્રમાણે મહાસમૃદ્ધિમાન તે યાદવચક્ર, જે સમુદ્રની સમાન હતું, તેને શત્રુનગરને જીતનારો રથીશ્રેષ્ઠ અર્જુન(ઇંદ્રપ્રસ્થ તરફ)લઇ જતો હતો.[૪૦] તે સમગ્ર મનુષ્યો એ રીતે જ્યારે નગરની બહાર નીકળી ગયાં, ત્યારે જળચર પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ સમુદ્રે રત્નોથી ભરેલી આખી દ્વારકાને જળમાં ડૂબાડી દીધી.[૪૧] પુરુષવ્યાઘ્ર અર્જુન દ્વારકાની ભૂમિના જે જે ભાગને છોડી જતો હતો તેને તેને સમુદ્ર જળવડે ડૂબાડી દેતો હતો.[૪૨] દ્વારકાવાસી મનુષ્યો તે અદ્ભુત દૃશ્ય જોઇને "અહો ! દૈવઘટના કેવી છે !" એમ બોલતા બોલતા સત્વર ત્યાંથી જવા લાગ્યા. અર્જુન પણ સુંદર અરણ્યોમાં,પર્વતો પાસે તથા નદીઓના કિનારાપર અનુક્રમે નિવાસ કરતો યાદવસ્ત્રીઓને લઇ જતો હતો.તે બુદ્ધિમાનઅર્જુન, જોતજોતામાં પંચનદ નામના અતિસમૃદ્ધિમાન દેશમાં આવી પહોંચ્યો;અને તેસમર્થ અર્જુને પશુઓ,ધન તથા ધાન્યથી ભરપૂર તે પ્રદેશમાં નિવાસ કર્યો.હે ભારત ! તે સમયે,જેઓના પતિઓ મરણ પામ્યા હતા તેવી સર્વસ્ત્રીઓને એકલો અર્જુન લઇ જતો હતો,તે જોઇને તે પ્રદેશના લૂંટારાઓને લોભ થઇ આવ્યો. તે પાપકર્મીઓનાં ચિત્ત લોભને લીધે નષ્ટ-ભ્રષ્ટ થઇ ગયાં, જેથી તે આભીરલોકો અમાત્યોની સાથે રહેલી તે સુંદર દેખાવની સ્ત્રીઓને જોઇને માંહોમાંહે વિચાર કરવા લાગ્યા કેઃ-"આ ધનુર્ધારી અર્જુન આપણું ઉલ્લંઘન કરી પોતે એકલો મરણ પામેલા સ્વામીઓવાળાં વૃદ્ધો, બાળકો તથા સ્ત્રીઓને લઇ જાય છે;અને તેની સાથે રહેલા આ યોદ્ધાઓ તો નિસ્તેજ જેવા જણાય છે.(માટે ચાલો, આપણે આ અનાથ સ્ત્રીઓને હરી લાવીએ.)" આવો વિચાર કરીને તે હજારો લૂંટારાઓ હાથમાં લાકડીઓ લઇને યાદવોનાં તે કુટુંબો તરફ દોડયા.[૪૩-૪૯] તેઓએ મોટા સિંહનાદ કરીને સામાન્ય મનુષ્યોને તો ભયભીત કરી મૂક્યાં અને પછી કાળક્રમથી પ્રેરાયેલા તે લૂંટારાઓ અર્જુનનો વધ કરવામાટે ધસ્યા.[૫૦] કુંતીપુત્ર અર્જુન પોતાના અનુયાયીઓસાથે એકાએક તેઓના તરફ પાછો ફર્યો અને તે મહાબાહુ તેઓને જાણે હસી કાઢતો હોય તેમ કહેવા લાગ્યોઃ-[૫૧]"ઓ અધર્મજ્ઞ લૂંટારાઓ! તમારે જો જીવવાની ઇચ્છા હોય તો અહીંથી પાછા ફરો, નહિતર હમણાંજ મારાં બાણોથી છિન્નભિન્ન થઇ મારે હાથે મરણ પામી

તમે શોક કરશો."[૫૨]

વીર અર્જુને એમ કહ્યું તોપણ તેના વચનને નિરર્થક ગણીને તે મૂઢ લૂંટારાઓ, વારંવાર અટકાવ્યા છતાં યાદવોનાં મનુષ્યોસામા ધસી ગયા.[૫૩] તે પછી અર્જુને દિવ્ય અને અજર એવા પોતાના ગાંડીવધનુષને ચઢાવવામાટે મહાપ્રયત્નથી આરંભ કર્યો.[૫૪] તે તુમુલ સંભ્રમસમયે મહાકષ્ટથી તેણે ધનુષ્યને સજ્જ કર્યું અને પછી પોતાનાં દિવ્ય અસ્ત્રોનું ચિંતન કરવા માંડયું; પણ તે વેળા તેમાંનું એક પણ અસ્ત્ર તેને યાદ આવ્યું નહિ.[૫૫] આ પ્રકારનો મોટો ફેરફાર જોઇને તથા યુદ્ધમાં પોતાના બાહુબળની એ સ્થિતિ નિહાળીને અસ્ત્રોના વિનાશથી અર્જુન શરમાઇ ગયો; તેમજ હાથી, ઘોડા અને રથવડે યુદ્ધ કરનારા તે સર્વ યાદવ યોદ્ધાઓ પણ લૂંટારાઓથી હરણ કરાતાં પોતાનાં મનુષ્યોને એ વખતે પાછા વાળી શક્યા નહિ.[૫૬,૫૭] યાદવસ્ત્રીઓ અનેક હતી અને લૂંટારાઓ પણ ચોતરફથી ધસી આવતા હતા, જેથી અર્જુને તે સર્વ મનુષ્યોનું રક્ષણ કરવામાટે ઘણો ઘણો યત્ન કર્યો,[૫૮] છતાં સર્વ યોદ્ધાઓના દેખતાં લૂંટારાઓ તે ઉત્તમ સ્ત્રીઓને ચોતરફથી હરીગયા અને તેમાંની કેટલીક સ્ત્રીઓ તો પોતાની ઇચ્છાથી પણ ચાલી ગઇ.[૫૯] આ પછી ઉદ્વેગ પામેલો અર્જુન યાદવોના હજારો સેવકોની સાથે રહી ગાંડીવધનુષ્યમાંથી બાણો છોડી છોડીને લૂંટારાઓને મારવા લાગ્યો;[૬૦] પણ હે રાજન્! એક ક્ષણ જેટલા સમયમાં તેનાં જે બાણો પૂર્વે અક્ષય કહેવાતાં હતાં અને રુધિરનું ભોજન કરનારાં હતાં, તે એકદમ ખૂટી પડયાં.[૬૧] બાણોને આ પ્રમાણે ખૂટી પડેલાં જોઇ અર્જુન દુઃખ તથા શોકથી અત્યંત વિહ્વળ થઈ ગયો, તેથી તેણે ધનુષ્યની અણીવડે લૂંટારાઓને મારવા માંડયા;[૬૨] પણ હે જનમેજય! તે વેળા અર્જુનના દેખતાંજ યાદવો તથા અંધકોની શ્રેષ્ઠ સ્ત્રીઓને લઇને પેલા મ્લેચ્છ લોકો ચોતરફ ચાલ્યા ગયા.[૬૩] સમર્થ અર્જુન તે દૈવઘટનાનો મનમાં વિચાર કરવા લાગ્યો અને દુઃખ તથા શોકથી ઘેરાઇ જઇને ઉપરાઉપરી નિશ્વાસ નાખવા લાગ્યો.[૬૪] પોતાનાં અસ્ત્રોના વિનાશથી, બાહુબળના સંશયથી, ધનુષ્યના અવશપણાથી તથા બાણોના ક્ષયથી અર્જુન મનમાં અત્યંત ઉદાસ થઈ ગયો; અને દૈવઘટનાનું મનમાં ચિંતન કરતો તે અર્જુન! હે રાજન્! "હવે આમાં કંઇ સાર નથી" એમ બોલતો ત્યાંથી પાછો ફર્યો. આ પછી મહાબુદ્ધિમાન તે અર્જુન, જેઓનાં રત્નો લગભગ હરાઇ ગયાં હતાં તે બાકી રહેલી સ્ત્રીઓને સાથે લઇ કુરુક્ષેત્રમાં આવી પહોંચ્યો.[૬૫-૬૭]

આ પ્રમાણે હરણ થતાં બાકી રહેલી યાદવોની સ્ત્રીઓને લાવીને અર્જુને તેઓને જૂદાં જૂદાં યોગ્ય સ્થાનોમાં વસાવી.[૬૮] મહાપુરુષ અર્જુને હાર્દિક્ય(કૃતવર્મા)ના પુત્રને તથા હરણ થતાં બચી ગયેલી ભોજરાજાની સ્ત્રીઓને આર્તિકાવત નામના નગરમાં રાખ્યાં;[૬૯] અને પછી વીરોથી રહિત થયેલા વૃદ્ધોને, બાળકોને તથા સર્વ સ્ત્રીઓને લઇ તે ઇંદ્રપ્રસ્થમાં આવ્યો અને તેઓ સર્વને તેણે ત્યાં વસાવ્યાં.[૭૦] ધર્માત્મા અર્જુને સાત્યકિના પ્રિય પુત્ર યૌયુધાનિને વૃદ્ધો તથા બાળકોસહિત સરસ્વતી નદીના કિનારા ઉપરના રાજ્યમાં વસાવ્યો; અને શત્રુવીરોનો સંહાર કરનારા તે અર્જુને કૃષ્ણના પૌત્ર વજ્રને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય અર્પણ કર્યું. અક્રૂરની સ્ત્રીને વજ્રે અટકાવી છતાં તેણે સંન્યાસ લીધો; તેમજ રુક્મિણી, ગાંધારી, શૈબ્યા, હૈમવતી અને દેવી જાંબવતીએ અગ્નિમાં પ્રવેશ કર્યો.[૭૧-૭૩] હે રાજા! સત્યભામા તથા બીજી જે રાણીઓ કૃષ્ણની માનીતી હતી તેઓએ તપશ્ચર્યા કરવાનો નિશ્ચય કરી વનમાં પ્રવેશ કર્યો.[૭૪] દ્વારકાવાસી પુરુષો, જેઓ અર્જુનની પાછળ આવ્યા હતા તેઓને યથાયોગ્ય રીતે સંવિભાગ આપીને અર્જુને વજ્રને સોંપી દીધા.[૭૫] એ રીતે સમયને યોગ્ય સર્વ વ્યવસ્થા કર્યા પછી અશ્રુઓથી ઢંકાઇ જતાં નેત્રવાળો અર્જુન કૃષ્ણદ્વૈપાયન વ્યાસના આશ્રમમાં ગયો અને ત્યાં તેણે તે મુનિનાં દર્શન કર્યાં.[૭૬]

અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો

અર્જુનની વ્યાસમુનિ સાથે થયેલી વાતચીત

॥ वैशंपायन उवाच ॥

प्रविशन्नर्जुनो राजन्नाश्रमं सत्यवादिनः ।
ददर्शासीनमेकांते मुनिं सत्यवतीसुतम् ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય રાજા !અર્જુને સત્યવાદી વ્યાસના આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે તેણે સત્યવતીના પુત્ર વ્યાસને એકાંતમાં બેઠેલા જોયા.[1] આ પછી તુરતજ ધર્મને જાણનારા મહાવ્રતધારી તે મુનિ પાસે અર્જુન ગયો અને "હું અર્જુન છું" એમ પોતાનું નામ જણાવીને તેમને પ્રણામ કર્યા;[2] ત્યારે સત્યવતીના પુત્ર મહામુનિ વ્યાસે "તું ભલે આવ્યો, અહીં બેસ" એમ પ્રસન્નચિત્તે તેને કહ્યું;[3] પરંતુ અર્જુનનું મન તે સમયે પ્રસન્ન ન હતું. તે વારંવાર નિઃશ્વાસ નાખતો હતો અને ખિન્ન જણાતો હતો, તે જોઇને વ્યાસે તેને પૂછ્યું કેઃ–"હે ભરતશ્રેષ્ઠ! તું કોઇ સ્થળે પરાજય પામ્યો હોય, એમ મારા જાણવામાં નથી; છતાં તું શોભારહિત અથવા નિસ્તેજ થયો હોય તેવો દેખાય છે, તેનું શું કારણ છે? શું તું નખમિશ્ર જળથી, કેશમિશ્ર જળથી, વસ્ત્રના છેડામાંથી ઝરતા જળથી અથવા ઘડાના મુખ ઉપરના જળથી છંટાયો છે ? શું તેં રજસ્વલા સ્ત્રીસાથે ગમન કર્યું છે ? બ્રાહ્મણની હત્યા કરી છે ? અથવા યુદ્ધમાં તારો પરાજય થયો છે?[4–6] હે પાર્થ ! તારી આ ઉદાસીનતાનું કારણ મારાથી જો સાંભળી શકાય તેવું હોય તો તું મને સત્વર કહે."

અર્જુને કહ્યું:–"જેમનું શરીર મેઘના જેવું શ્યામ હતું અને જેમનાં નેત્રો કમળસમાન સુંદર હતાં તે શ્રીમાન કૃષ્ણ, બળરામની સાથે પોતાના દેહનો ત્યાગ કરીને સ્વર્ગમાં ગયા છે. બ્રાહ્મણોના શાપને લીધે મુસળના નિમિત્તે વીર યાદવોનો પ્રભાસમાં વિનાશ થયો છે, કે જે વિનાશ વીરોનો સંહાર કરનારો હોઇને રોમાંચજનક છે. હે બ્રહ્મન્ ! ભોજ, યાદવ તથા અંધકવંશના એ શૂરા મહાત્માઓ સિંહસમાન ગર્વિષ્ઠ તથા મહાબળવાન હતા, તેઓએજ યુદ્ધમાં અન્યોન્યંનો સંહાર કર્યો છે. અરે! કાળનો કેવો વિપર્યાસ ! તે તમે જુઓ. જે મહાપુરુષો ભુંગળસમાન મજબૂત બાહુઓવાળા હોઇને પરિઘો તથા શક્તિઓને પણ સહન કરનારા હતા, તેઓ કેવળ એરક નામના ઘાસથી અન્યોન્યનો સંહાર કરી બેઠા છે. બાહુબળથી શોભનારા તે પાંચ લાખ યાદવો અન્યોન્યસામે આવી જઇને વિનાશ પામ્યા છે. ખરેખર, અમાપ તેજવાળા તે યાદવોના નાશનો વારંવાર વિચાર આવતાં તે મારાથી સહન થઇ શકતું નથી. અરેરે ! યશસ્વી શ્રીકૃષ્ણનો તથા યાદવોનો વિનાશ જ્યારે હું વિચારૂં છું, ત્યારે સમુદ્રના શોષણ જેવું તથા પર્વતના ચલન જેવુંજ તે મને જણાય છે. અહો ! આકાશનું તૂટી પડવું અને અગ્નિનું શીતળ થવું જેમ અશ્રદ્ધેય છે–અવિશ્વાસ્ય છે, તેમ શાર્ઙ્ગધનુર્ધારી શ્રીકૃષ્ણનો નાશ પણ મને અશ્રદ્ધેય લાગે છે–તેને હું માની શકતો નથી.[7–14] આ લોકમાં શ્રીકૃષ્ણવિના રહેવાની મને ઇચ્છાજ નથી. વળી હે તપોધન! એના કરતાં પણ બીજું મહાકષ્ટકારક વૃત્તાંત તમે સાંભળો. તે વિષેનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે મારૂં મન વારંવાર ચીરાઇ જાય છે. ઓ બ્રહ્મન્! મારા દેખતાં યાદવોની હજારો સ્ત્રીઓને પંચનદના આભીરલોકોએ યુદ્ધમાં આવીને હરી લીધી છે. તે સમયે ધનુષ્ય લઇને પણ હું તે યુદ્ધને પહોંચી વળવા સમર્થ થયો નહિ.[15,16] મારી ભુજાઓનું વીર્ય જેવું પૂર્વે હતું તેવું હમણાં રહ્યું નથી. મારાં વિવિધપ્રકારનાં અસ્ત્રો નાશ પામ્યાં છે અને હે મહામુનિ ! મારાં બાણો એક ક્ષણવારમાં ચોતરફથી ક્ષીણ થયાં છે. અહો! તે અમેયાત્મા મહાતેજસ્વી પુરુષ કે જે શંખ,ચક્ર તથા ગદાને ધારણ કરનારા, ચાર ભુજાઓવાળા, પીળાં પીતાંબર ધારણ કરનારા, શ્યામસ્વરૂપ અને કમળની પાંખડી જેવાં સુંદર નેત્રવાળા હોઇને શત્રુઓનાં સૈન્યોને [illegible] મારા રથની આગળના ભા-

ગમાં ચાલ્યા કરતા હતા, તે અસ્ખલિત શક્તિવાળા શ્રીકૃષ્ણ હવે મારા જોવામાં આવતા નથી. ઓ મહાશ્રેષ્ઠ મુનિ ! જે મહાપુરુષ, પોતાના તેજથી મારા શત્રુઓનાં સૈન્યોને પ્રથમજ બાળી નાખતા હતા અને પછીથી (તે બળી ગયેલાં સૈન્યોનેજ) ગાંડીવમાંથી છુટેલાં બાણોવડે હું નાશ કરતો હતો, તે પુરુષને હમણાં હું જોતો નથી; અને તેથીજ હું ખેદ પામું છું ને બેભાન જેવો બની ગયો છું.[૧૭-૨૨] વીર શ્રીકૃષ્ણવિના મારૂં ચિત્ત અત્યંત ખિન્ન થયું છે, મને શાંતિ વળતી નથી અને હું હવે જીવવાનો પણ ઉત્સાહ રાખતો નથી.[૨૩] ભગવાન વિષ્ણુ સ્વધામમાં સિધાવ્યા, એમ સાંભળતાંજ હું દિશાઓનું ભાન ભૂલી ગયો છું, મારાં સંબંધીઓ તથા પરાક્રમ નષ્ટ થયું છે; અને હું પોતે શૂન્ય જેવો થઇને ચોતરફ દોડયા કરૂં છું, માટે હે સજ્જનશ્રેષ્ઠ મુનિરાજ ! તમે મને કલ્યાણકારક ઉપદેશ આપવાને યોગ્ય છો. ”

વ્યાસે કહ્યું:-“હે કુરુશ્રેષ્ઠ ! યાદવો તથા અંધકોના મહારથીઓ બ્રાહ્મણોના શાપથી બળી જઇને વિનાશ પામ્યા છે, માટે તેઓનો શોક કરવો તને યોગ્ય નથી. તે શૂરવીરોનું ભાવી એમજ નિર્માણ થયું હતું; તેથીજ મહાત્માઓના શાપને તો શું, પરંતુ સ્થાવરજંગમ સમગ્ર ત્રૈલોક્યને પણ અન્યથા કરવાને સમર્થ એવા શ્રીકૃષ્ણે યાદવોના તે નાશને દૂર કરવાની પોતાનામાં શક્તિ હોવા છતાં તેની ઉપેક્ષા કરી છે. પુરાણઋષિ શ્રીકૃષ્ણ તારા ઉપરના સ્નેહને લીધેજ ચક્ર તથા ગદા ધારણ કરી ચતુર્ભુજસ્વરૂપે તારા રથની આગળના ભાગમાં ચાલતા હતા. તે વિશાળ નેત્રવાળા શ્રીકૃષ્ણ, પૃથ્વીનો ભાર ઉતારીને તથા માનુષી શરીરનો ત્યાગ કરીને પોતાના ઉત્તમ સ્થાનમાં પધાર્યા છે. હે મહાબાહુ મહાપુરુષ ! તેં પોતે પણ ભીમ, નકુલ તથા સહદેવની સહાય લઇને દેવોનું મહાન કર્મ કર્યું છે; માટે હે કુરુશ્રેષ્ઠ ! હું માનું છું કે, તમે હવે કૃતકૃત્ય અને સિદ્ધ થયા છો.[૨૪-૩૧] હે સમર્થ ભારત ! તમારે આ પૃથ્વીપરથી હવે ગમન કરવું તેજ સમયને યોગ્ય હોય તેમ જણાય છે. જ્યારે ઐશ્વર્યની પ્રાપ્તિનો સમય ઉપસ્થિત થાય છે, ત્યારે મનુષ્યોમાં બુદ્ધિ, તેજ અને ભવિષ્યવિજ્ઞાનનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે; પણ જ્યારે વિનાશકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે મનુષ્યોમાંથી તે તે ગુણોનો પણ નાશ થાય છે. હે ધનંજય ! આ સમગ્ર જગતનું બીજ અને મૂળ કેવળ કાળજ છે. કાળજ પોતાની ઇચ્છા થાય ત્યારે સર્વનો સંહાર કરે છે; અને તેજ પ્રથમ બળવાન થઇને પુનઃ દુર્બળ થાય છે.[૩૨-૩૪] અરે, એટલુંજ નહિ પણ તે કાળજ સર્વનો નિયંતા હોઇને બીજાઓદ્વારા આજ્ઞા કરાવે છે. તારાં અસ્ત્રો હવે કૃતાર્થ થયાં છે, જેથી તેઓ જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પુનઃ ચાલ્યાં ગયાં છે. પુનઃ જ્યારે સમય આવશે ત્યારે તેજ અસ્ત્રો પાછાં તારા હાથમાં આવશે. હે ભારત! તમારે (પાંડવોએ) પણ ઉત્તમ ગતિએ જવાનો સમય હવે આવી પહોંચ્યો છે; અને હે ભરતશ્રેષ્ઠ! એજ તમારેમાટે ઉત્તમ શ્રેય હોય એમ હું માનું છું.”

વૈશંપાયને કહ્યું:-મહાતેજસ્વી વ્યાસનાં તે વચનો સાંભળ્યાપછી અર્જુન તેમની અનુજ્ઞા લઇને હસ્તિનાપુરનગરમાં ગયો; તેમાં પ્રવેશ કરી તે વીર યુધિષ્ઠિરને મળ્યો અને યાદવો તથા અંધકોના કુળવિષે જે બન્યું હતું, તે વૃત્તાંત તેણે તેમને કહ્યું.[૩૫-૩૮]

ઇતિ શ્રીમહા૦ મૌસલ પર્વમાં “ વ્યાસ તથા અર્જુનનો સંવાદ ” એ વિષયનો
અધ્યાય ૮ મો સમાપ્ત

मौसल पर्व समाप्त

ॐ

श्रीमहाभारत

१७--महाप्रस्थानिक पर्व

ॐ

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१७-महाप्रस्थानिक पर्व

અધ્યાય ૧ લો

મહાપ્રસ્થાનમાટે પાંડવોનું પ્રયાણ

मंगलाचरण–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

जनमेजय उवाच–एवं वृष्ण्यंधककुले श्रुत्वा मौसलमाहवम् ।
पांडवाः किमकुर्वंत तथा कृष्णे दिवं गते ॥१॥

જનમેજયે પૂછયું:–એ પ્રમાણે યાદવો તથા અંધકોના કુળમાં થયેલા મુસળના યુદ્ધને સાંભળીને તેમજ શ્રીકૃષ્ણ સ્વર્ગમાં ગયા તે જાણીને, એ સમયે પાંડવોએ શું કર્યું હતું ?[1]

વૈશંપાયને કહ્યું:–કૌરવરાજ યુધિષ્ઠિર યાદવોનો મહાન સંહાર સાંભળ્યા પછી મહાપ્રસ્થાનમાટેના એક નિશ્ચય ઉપર આવી ગયા. પછી તેમણે અર્જુનને આવું વાકય કહ્યું:–

“ હે મહાબુદ્ધિમાન અર્જુન ! કાળ સર્વ પ્રાણીઓને રાંધી ખાય છે; માટે હું માનું છું કે, તારે પણ કાળપાશ તરફ હવે દૃષ્ટિ કરવી એ યોગ્ય છે.”[3] યુધિષ્ઠિરે આ પ્રમાણે કહ્યું, ત્યારે કુંતાપુત્ર અર્જુને “ કાળ, કાળ ” એમ કહીને બુદ્ધિમાન મોટાભાઇ યુધિષ્ઠિરના તે વાકયને સ્વીકારી લીધું.[4] અર્જુનના તે અભિપ્રાયને જાણીને ભીમસેને, નકુલે તથા સહદેવે પણ અર્જુનના તે વાકયનો અંગીકાર કર્યો.[5] તે પછી ધર્મ કરવાની ઇચ્છાથી જવા તૈયાર થયેલા યુધિષ્ઠિરે યુયુત્સુને બોલાવીને સર્વ રાજ્ય તેને સ્વાધીન કર્યું; અને પોતાના રાજ્ય ઉપર રાજા પરિક્ષિતનો અભિષેક કરીને દુઃખથી વિહ્વળ થયેલા રાજા યુધિષ્ઠિરે સુભદ્રાને કહ્યું કે:–[6,7] “ આ તારા પુત્રનો પુત્ર કુરુઓનો રાજા થશે અને યાદવોમાં બાકી રહેલા વજ્રને ઇંદ્રપ્રસ્થનો રાજા કર્યો છે.[8] આ રીતે પરિક્ષિત હસ્તિનાપુરમાં તથા વજ્ર ઇંદ્રપ્રસ્થમાં રાજા થયા છે; માટે રાજા વજ્રનું તારે રક્ષણ કરવું, પણ અધર્મમાં

મન કરવું નહિ.”[૯]*

આમ કહ્યાપછી ધર્માત્મા ધર્મરાજાએ પોતાના ભાઈઓને સાથે રાખી બુદ્ધિમાન શ્રીકૃષ્ણ, વૃદ્ધ મામા વસુદેવ તથા બળરામ આદિને ઉદ્દેશીને જળપ્રદાન કર્યું; તેમજ તે સર્વને ઉદ્દેશી વિધિ પ્રમાણે શ્રાદ્ધ પણ કર્યાં. ઉપરાંત શ્રીકૃષ્ણને ઉદ્દેશી વ્યાસ, નારદ, તપોધન માર્કંડેય, ભરદ્વાજ અને યાજ્ઞવલ્કય આદિ બ્રાહ્મણોને યત્નપૂર્વક સ્વાદિષ્ટ ભોજનો જમાડયાં; અને શ્રીકૃષ્ણનું નામ લઇને તે સમયે સેંકડો ને હજારો ઉત્તમ બ્રાહ્મણોને રત્નો, વસ્ત્રો, ગામડાંઓ, ઘોડાઓ, રથોતથા સ્ત્રીઓનું દાન કર્યું. તે પછી ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિરે નગરવાસીઓમાં પૂજાયેલા ગુરુ કૃપાચાર્યનો સત્કાર કરી તેમના શિષ્યતરીકે પરિક્ષિતને તેમને સોંપ્યો; અને પછી સર્વ પ્રજાવર્ગને બોલાવીને રાજર્ષિ યુધિષ્ઠિરે પોતાનું સર્વ કર્તવ્ય તેઓને કહી સંભળાવ્યું. રાજાનાં તે વચનો સાંભળી નગરવાસી તથા દેશવાસી સર્વ મનુષ્યોનાં મન અત્યંત ઉદ્વિગ્ન થઇ ગયાં. તેઓએ રાજાનાં તે વચનોને અભિનંદન આપ્યું નહિ; પરંતુ તેમણે રાજાને કહ્યું કેઃ–“તમારે આમ કરવું યોગ્ય નથી.” ત્યારે કાળના વિપર્યાસધર્મને જાણનારા રાજા યુધિષ્ઠિરે પ્રજાવર્ગના કહેવા પ્રમાણે કર્યું નહિ; પરંતુ તે ધર્માત્માએ તથા તેમના ભાઇઓએ નગરવાસી તથા દેશવાસી સમસ્ત જનસમુદાયને મનાવીને ત્યાંથી નીકળી જવાનોજ દૃઢ નિશ્ચય કર્યો. તે પછી કુરુવંશી ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજાએ પોતાના અંગ ઉપરથી અલંકારો ઉતારી નાખીને વલ્કલવસ્ત્રો ધારણ કર્યાં; તેમજ ભીમસેને, અર્જુને, નકુલે, સહદેવે તથા યશસ્વિની દ્રૌપદીએ પણ વલ્કલવસ્ત્રો ધારણ કર્યાં. આ પછી હે ભરતશ્રેષ્ઠરાજા! નૈષ્ટિક–ઉત્સર્ગેષ્ટિ કરાવીને તથા પોતાના અગ્નિહોત્રીય અગ્નિનો જળમાં ત્યાગ કરીને તે સર્વ મહાપુરુષો ત્યાંથી ચાલી નીકળ્યા. એ રીતે પુરુષોમાં ઉત્તમ તે પાંડવોને દ્રૌપદીની સાથે ત્યાંથી જતા જોઇ સમગ્ર સ્ત્રીઓ પૂર્વે તેઓ જ્યારે દ્યૂતમાં પરાજય પામ્યા હતા, ત્યારે જેમ રુદન કરતી હતી તેમ રુદન કરવા લાગી; પણ યુધિષ્ઠિરના મનને જાણીને તથા યાદવોના વિનાશને જોઈને તે સર્વ ભાઇઓને તો તે વેળા ત્યાંથી જવામાટે હર્ષજ થયો હતો.

આ પ્રમાણે તે પાંચ ભાઇઓ, છઠ્ઠી દ્રૌપદી અને સાતમો એક કૂતરો–એમ તેઓ સાતે જણાં હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યાં. એ સમયે સર્વ નગરવાસીઓ તથા અંતઃપુરો કેટલેક દૂરસુધી તે યુધિષ્ઠિરની પાછળ પાછળ ગયાં હતાં; પરંતુ તેમાંનું કોઈ પણ તે રાજાને “તમે પાછા ફરો” એમ કહી શકયું ન હતું. આ પછી સર્વ નગરવાસી મનુષ્યો પાછાંફર્યાં. કૃપાચાર્ય આદિએ યુયુત્સુનો આશ્રય લીધો અને હે કુરુવંશી રાજા ! નાગપુત્રી ઉલૂપીએ ગંગામાં પ્રવેશ કર્યો.[૨૭] વળી ચિત્રાંગદા મણિપુર તરફ ચાલી ગઈ અને બાકીની બીજી પરિક્ષિતની માતાઓએ તેનો આશ્રય સ્વીકાર્યો.

આ બાજુ હે કૌરવ્ય! મહાત્મા પાંડવો તથા યશસ્વિની દ્રૌપદી, ઉપવાસી રહીને પૂર્વદિશા તરફ ચાલવા માંડયાં.[૨૯] તે મહાત્માઓએ યોગનો આશ્રય કર્યો હતો, ત્યાગધર્મને સ્વીકાર્યો હતો અને તેઓ અનેક દેશો, નદીઓ તથા સમુદ્રો તરફ જઇ રહ્યાં હતાં.[૩૦] માર્ગમાં યુધિષ્ઠિર સૌની આગળ ચાલતા હતા. તે પછી ભીમસેન, તે પછી અર્જુન અને તે પછી નકુલ તથા સહદેવ–એમ અનુક્રમે તેઓ જતાં હતાં. હે ભરતશ્રેષ્ઠ ! સૌની પાછળ સુંદર નિતંબવાળી, કમળની પાંખડીસમાન નેત્રવાળી અને સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ તરુણી દ્રૌપદી ચાલતી હતી. આ પ્રમાણે પાંડવો જ્યારે વનમાં ચાલ્યા ત્યારે એક કૂતરો પણ તેઓની પાછળ પાછળ જતો હતો. તે વીર પુરુષો ધીમેધીમે લૌહિત્ય નામના જળસમુદ્ર(સરોવર) પાસે જઈ પહોંચ્યા. તે સમયે પણ હે મહારાજા ! અર્જુને રત્નના લોભથી દિવ્ય ગાંડીવ ધનુષ્યને તથા બે અક્ષય ભાથાઓને છોડયા ન હતા. આગળ જતાં તેઓએ માર્ગ રોકીને ઊભેલા સાક્ષાત્ અગ્નિદેવને પુરુષના આ-

---

*યુધિષ્ઠિર સુભદ્રાને આમ કહી એમ કહેવા ઇચ્છે છે કે, “ તારા પૌત્રના લાભને માટે તારા પિતાપક્ષવાળાઓને ઇંદ્રપ્રસ્થ પાંડવોનું હતું એમ કહી તું તેઓને દુઃખ આપીશ નહિ.”

દ્વારમાં ઉભેલો જોયો, કે જે અગ્નિ પર્વતની પેઠે સ્થિર થઈને ઉભો હતો. તે અગ્નિદેવે પાંડવોને કહ્યું કેઃ-"હે વીર પાંડવો ! હે મહાબાહુ યુધિષ્ઠિર ! હે શત્રુતાપન ભીમસેન! હે અર્જુન! હે વીર નકુલ તથા સહદેવ ! તમે જાણો કે,હું અગ્નિ છું.તમે મારૂં વચન સાંભળો.[૩૧-૩૭] હે કુરુશ્રેષ્ઠો ! હું અગ્નિ છું,મેં અર્જુનના તથા નારાયણના પ્રભાવથી ખાંડવવનને બાળ્યું છે. આ અર્જુન તમારો ભાઈ છે, આ ગાંડીવ તેનું શ્રેષ્ઠ આયુધ છે;પણ હવે આ ધનુષનો અહીં વનમાંજ ત્યાગ કરીને ભલે તે આગળ જાય;કેમકે હવે આનું કંઈ પ્રયોજન નથી.[૩૯] મહાત્મા શ્રીકૃષ્ણ પાસે જે શ્રેષ્ઠ ચક્ર હતું તે પણ આ સમયે ચાલ્યું ગયું છે અને પુનઃ સમય આવતાં પાછું તેમના હાથમાં આવશે.[૪૦] મેં આ શ્રેષ્ઠ ધનુષ્યને અર્જુનને માટેજ વરુણ પાસેથી પૂર્વે આણ્યું હતું, માટે હવે તે વરુણનેજ આપી દો."

તે પછી તે સર્વ ભાઈઓએ, તેમ કરવાની અર્જુનને પ્રેરણા કરી; એટલે અર્જુને તે ધનુષ્યને તથા બે અક્ષય ભાથાઓને જળમાં ફેંકી દીધા.[૪૨] પછી હે ભરતશ્રેષ્ઠ ! અગ્નિ ત્યાંજ અંતર્ધાન થઈ ગયો અને વીર પાંડવો દક્ષિણદિશા તરફ ચાલી નીકળ્યા.[૪૩] હે ભરતશ્રેષ્ઠ ! તેઓ ખારા સમુદ્રના ઉત્તરકિનારા તરફ થઈને દક્ષિણ તથા પશ્ચિમદિશા તરફ (નૈઋત્યખૂણા તરફ) જવા લાગ્યા.[૪૪] પછી તેઓ ફરી પણ પશ્ચિમદિશા તરફજ વળ્યા,એટલે સમુદ્રે બોળી દીધેલી દ્વારકા નગરી તેઓના જોવામાં આવી.[૪૫] પુનઃ તે ભરતશ્રેષ્ઠો ઉત્તરદિશા તરફ ફરીને આગળ જવા લાગ્યા અને યોગધર્મનો આશ્રય કરી પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા કરવા લાગ્યા.

ઈતિ શ્રીમહા૦ મહાપ્રસ્થાનિક પર્વમાં 'મહાપ્રસ્થાન માટે પાંડવોનું પ્રયાણ' એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો

દ્રૌપદી આદિનું પતન

॥ वैशंपायन उवाच ॥

ततस्ते नियतात्मान उदीचीं दिशमास्थिताः ।
ददृशुर्योगयुक्ताश्च हिमवंतं महागिरिम् ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ-તે પછી મનને વશ રાખનારા તે પાંડવો એકાગ્રચિત્તે ઉત્તરદિશા તરફ ગયા, એટલે ત્યાં મહાગિરિ હિમાલય તેઓના જોવામાં આવ્યો.તે હિમાલયનું પણ ઉલ્લંઘન કરીને તેઓએ વાલુકાર્ણવ નામના રેતીના રણને જોયું. આ પછી પર્વતશ્રેષ્ઠ મહાગિરિ મેરુનાં તેઓને દર્શન થયાં. એ રીતે તેઓ સર્વે યોગધર્મનો આશ્રય કરીને ઘણી ઝડપથી આગળ વધતા હતા, તેવામાં દ્રૌપદી યોગભ્રષ્ટ થઈને પૃથ્વીપર પડી.દ્રૌપદીને પડેલી જોઈ મહાબળવાન ભીમસેને ધર્મરાજાને પૂછ્યું કેઃ-" હે શત્રુતાપન! આ દ્રૌપદીએ કદી અધર્માચરણ કર્યું નથી; છતાં તે પૃથ્વીપર પડી, તેમાં શું કારણ છે? તે મને કહો."[૧-૫]

યુધિષ્ઠિરે કહ્યુંઃ-"હે મહાપુરુષ ! આ દ્રૌપદીનો ખાસ કરીને અર્જુન તરફ પક્ષપાત વિશેષ હતો,તેથી તેના ફળને આજે તે ભોગવે છે."

વૈશંપાયને કહ્યુંઃ-એમ કહીને ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર, એ દ્રૌપદી તરફ જોયાવિનાજ મનને એકાગ્ર કરી આગળ ચાલવા લાગ્યા; કેમકે તે મહાપુરુષ બુદ્ધિમાન અને ધર્માત્મા હતા.[૭] તેવામાં વિદ્વાન સહદેવ પૃથ્વીપર પડયો, એટલે તેને પડેલો જોઈ ભીમસેને યુધિષ્ઠિરરાજાને પૂછ્યું કેઃ-[૮] "આ સહદેવ અહંકારનો ત્યાગ કરી આપણા સર્વની સેવા કરતો હતો તે આ માદ્રીપુત્ર કયા કારણથી પૃથ્વીપર પડયો ?"[૯]

યુધિષ્ઠિરે કહ્યુંઃ-"આ રાજપુત્ર બીજા કોઈને પણ પોતાના જેવો બુદ્ધિમાન માનતો ન હતો, તે દોષથી એ પડયો છે."[૧૦]

વૈશંપાયને કહ્યુંઃ-એમ કહીને સહદેવનો પણ ત્યાગ કરી કુંતાપુત્ર યુધિષ્ઠિર, ભાઈઓની સાથે આગળ ચાલ્યા, [illegible] તેવામાં દ્રૌપદીને તથા

પાંડવ સહદેવને પડેલાં જોઇ બંધુપ્રિય શૂરો નકુલ વિહ્વળ થઇને પૃથ્વીપર પડયો.[૧૨] સુંદર દેખાવનો વીર નકુલ એ રીતે પડયો, એટલે ભીમસેને ફરી પણ તે સમયે રાજાને પૂછયું કે,[૧૩] “આપણો ભાઇ આ નકુલ, જે અક્ષત ધર્માત્મા હોઇને આપણા કહેવા પ્રમાણે કરતો હતો અને રૂપવડે લોકમાં અનુપમ હતો, તે પૃથ્વીપર કેમ પડયો ?”[૧૪] ભીમસેને એમ પૂછયું એટલે સર્વ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ ધર્માત્મા યુધિષ્ઠિરે નકુલના સંબંધમાં કહ્યું કેઃ–[૧૫] “આની દૃષ્ટિ એજ હતી કે મારાસમાન બીજો કોઇ રૂપાળો નથી અને હું એકજ સર્વના કરતાં અધિક રૂપવાન છું, એમ એના મનમાં રહેતું હતું.[૧૬] આ દોષથી નકુલ પડયો છે; માટે હે ભીમ ! તું ચાલ્યો આવ. હે વીર ! જેણે જે કર્મ કર્યું હોય તેનું ફળ તેને અવશ્ય ભોગવવું પડે છે.” આ પછી દ્રૌપદી આદિ સર્વને પડેલાં જોઇ શોકથી સંતાપ પામેલો શત્રુવીરહંતા અર્જુન પણ પૃથ્વીપર પડયો. [૧૮] પુરુષોમાં વ્યાઘ્ર અને ઇંદ્રસમાન તેજસ્વી દુરાધર્ષ અર્જુન આ પ્રમાણે પડયો અને મરણ પામ્યો, ત્યારે ભીમસેને રાજાને પૂછયું કેઃ–[૧૯] “મને યાદ નથી કે આ મહાત્માએ કોઈ સ્વેચ્છાચારમાં પણ કદી અસત્ય ભાષણ કર્યું હોય! છતાં આ પૃથ્વીપર પડયો, તેમાં એના કયા કર્મનો દોષ કારણભૂત છે ?”[૨૦]

યુધિષ્ઠિરે કહ્યું:–“અર્જુને પૂર્વે પ્રતિજ્ઞા કરી હતી કે, હું એકજ દિવસમાં શત્રુઓને બાળી નાખીશ; છતાં પોતાને શૂરવીર માનનારા તેણે તે પ્રમાણે કર્યું ન હતું, જેથી તે પડયો છે.[૨૧] વળી અર્જુન બીજા સર્વ ધનુર્ધારીઓનું અપમાન કરતો હતો, જેથી તેનું આ ફળ આવ્યું છે; માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે તેવું મિથ્યાભિમાન રાખવું નહિ. ”[૨૨]

વૈશંપાયને કહ્યું:–આમ કહીને રાજા યુધિષ્ઠિર આગળ ચાલ્યા, તેવામાં ભીમસેન પણ પડયો અને તેણે પડીને ધર્મરાજ યુધિષ્ઠિરને પૂછયું કેઃ–[૨૩] “ઓ રાજા ! જુઓ, હું તમારો પ્રિયભાઇ પૃથ્વીપર પડયો છું. જો તમે જાણતા હો તો મને કહો કે, હું પડયો તેમાં શું કારણ છે ?”[૨૪]

યુધિષ્ઠિરે કહ્યું:–“હે પાર્થ ! તું અત્યંત ભોજન કરતો હતો અને બીજા તરફ લક્ષ્ય આપ્યાવિના પોતાના બળથી પોતાની પ્રશંસા કર્યા કરતો હતો, એ કારણથી તું પૃથ્વીપર પડયો છે.”[૨૫] આમ કહીને તે મહાબાહુ, ભીમસેન સામે પણ દૃષ્ટિ કર્યાવિના આગળ જવા લાગ્યા. તે સમયે કેવળ એક કૂતરો કે જેના વિષે મેં અનેકવાર તને કહ્યું છે, તે તેમની પાછળ જતો હતો.[૨૬]

ઇતિ શ્રીમહા૦ મહાપ્રસ્થાનિક પર્વમાં
“દ્રૌપદી આદિનું પતન” એ વિષયનો
અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો

યુધિષ્ઠિર સ્વર્ગમાં

॥ वैशंपायन उवाच ॥

ततः सन्नादयन् शक्रो दिवं भूमिं च सर्वशः ।
रथेनोपययौ पार्थमारोहेत्यब्रवीच्च तम् ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી આકાશ તથા પૃથ્વીને ચોતરફથી ગજાવી મૂકતો ઇંદ્ર એક રથ લઇને યુધિષ્ઠિર પાસે આવ્યો અને તેમને કહેવા લાગ્યો કેઃ–“તમે આ રથ ઉપર ચઢો.”[૧] પરંતુ પોતાના ભાઇઓને પતન પામેલા જોઇ શોકથી સંતાપ પામેલા ધર્મરાજા યુધિષ્ઠિરે ઇંદ્રને આવું વચન કહ્યું:–[૨]“હે દેવેશ્વર! મારા ભાઈઓ અહીં પડેલા છે; તેઓ પણ મારી સાથે આવવા જોઇએ. ભાઇઓવિના હું સ્વર્ગમાં જવા ઇચ્છતો નથી.[૩] વળી હે ઇંદ્ર ! સુકુમાર અને સુખને પાત્ર રાજપુત્રી દ્રૌપદી પણ અમારી સાથે સ્વર્ગમાં જાય, એ વાતની તમે અનુમતિ આપો.”

ઇંદ્રે કહ્યું:–“ હે ભરતશ્રેષ્ઠ ! તમે તમારા સર્વ ભાઇઓને દ્રૌપદીની સાથે આગળથીજ સ્વર્ગમાં ગયેલા જોશો, માટે શોક કરો મા.”[૫] હે ભરતશ્રેષ્ઠ ! તેઓ મનુષ્યશરીરનો ત્યાગ કરીને સ્વર્ગમાં ગયા છે; પણ તમે તો આજ શરીરથી સ્વર્ગમાં જશો, એમાં કંઇ સંશય નથી. ”

યુધિષ્ઠિરે કહ્યું:–“ હે ભૂતભવ્યના ઈશ્વર ! આ કૂતરો મારો નિત્યનો ભક્ત છે, માટે તે પણ

મારીસાથે સ્વર્ગમાં ભલે આવે; કેમકે મારી બુદ્ધિ દયાળુ છે."૭

ઇંદ્રે કહ્યું:–"હે રાજન્ ! હવે તમને દેવપણું તથા મારા જેવી સમાનતા પ્રાપ્ત થઇ છે. વળી તમે હવે સમગ્ર લક્ષ્મી, મહાન સિદ્ધિ તથા સ્વર્ગનાં સુખોને પામ્યા છો; માટે આ કૂતરાને ત્યજી દો, તેમાં તમારૂં નિર્દયપણું છેજ નહિ."

યુધિષ્ઠિરે કહ્યું:–" હે આર્ય ! હે હજાર નેત્રવાળા ઇંદ્ર ! હું એક આર્ય હોઇને આવું અનાર્ય અને દુષ્ટ કર્મ કરવાને સમર્થ નથી; હું જે લક્ષ્મીના સંગથી મારા ભક્તજનનો ત્યાગ કરૂં તેવી લક્ષ્મીની સાથે મારો સંગજ ભલે ન થાઓ."૯

ઇંદ્રે કહ્યું:–"કૂતરાઓને સાથે રાખનારા મનુષ્યોને સ્વર્ગમાં સ્થાન મળતું નથી; ઉપરાંત ક્રોધવશ નામના દેવગણો તેવા અપવિત્ર પુરુષોનાં વાવ, કૂવા–ધર્મશાળા વગેરે બંધાવવાનાં ફળને હરી લે છે, માટે હે ધર્મરાજા ! તમે વિચાર કરો અને આ કૂતરાનો ત્યાગ કરો, તેમાં તમારૂં નિર્દયપણું છેજ નહિ. "૧૦

યુધિષ્ઠિરે કહ્યું:–" વિદ્વાનો કહે છે કે, ભક્તનો ત્યાગ કરવો તે મહાપાપ છે અને લોકમાં તેનો દોષ બ્રહ્મહત્યાસમાન છે, માટે હે મહેન્દ્ર ! હું મારા પોતાના સુખની અભિલાષાથી આ કૂતરાનો કદી ત્યાગ કરીશ નહિ.૧૧ આ કૂતરો ભયભીત છે, મારો ભક્ત છે, બીજાનો આધાર નહિ હોવાથી વિહ્વળ છે, ક્ષીણ છે અને પ્રાણ મેળવવાની ઇચ્છાથી મારા રક્ષણતળે આવેલો છે; માટે મારો પ્રાણત્યાગ થશે તોપણ આનો ત્યાગ કરવાને હું યત્ન કરીશ નહિ. આ મારૂં નિત્યવ્રત છે. "૧૨

ઇંદ્રે કહ્યું:–" કૂતરાની દૃષ્ટે પડેલા દાનને, ઇષ્ટાપૂર્તને તથા પ્રકટ હવનહોમને ક્રોધવશ નામના દેવગણો હરી લે છે; માટે તમે આ કૂતરાનો ત્યાગ કરો. તેનો ત્યાગ કરવાથી તમે દેવલોકને પામશો.૧૩ હે વીર ! તમે તમારા ભાઇઓનો તથા પ્રિય દ્રૌપદીનો ત્યાગ કરીને પોતાના કર્મને લીધે ઉત્તમ લોકને પામ્યા છો; છતાં આ કૂતરાનો તમે કેમ ત્યાગ કરતા નથી ? તમે સંપૂર્ણ રીતે ત્યાગનો આશ્રય કર્યો છે, છતાં આજે મોહિત કેમ થાઓ છો ? "૧૪

યુધિષ્ઠિરે કહ્યું:–" લોકમાં એવી અંતિમ મર્યાદા છે કે, મરેલાં મનુષ્યોની સાથે કદી સંધિ–વિગ્રહ (મિત્રતા–શત્રુતા) હોઇ શકેજ નહિ. વળી તે મારા ભાઇઓ તથા દ્રૌપદીને જીવાડવાને હું સમર્થ ન હતો તેથીજ તેઓનો મેં ત્યાગ કર્યો છે; નહિ કે તેઓ જીવતાં હતાં છતાં તેઓનો મેં ત્યાગ કર્યો છે!૧૫ હે ઇંદ્ર ! શરણે આવેલાને ભય આપવો, સ્ત્રીનો વધ કરવો, બ્રાહ્મણદ્રવ્યનું હરણ કરવું અને મિત્રનો દ્રોહ કરવો આ–ચાર પાતકોના જેવુંજ ભક્તના ત્યાગને પણ હું પાતક માનું છું."

વૈશંપાયને કહ્યું:–ધર્મરાજાનું તે વચન સાંભળ્યા પછી ધર્મસ્વરૂપ ભગવાને (શ્વાને) પ્રસન્ન થઇને સ્તુતિભરેલાં સુંદર વાક્યોથી રાજા યુધિષ્ઠિરને કહ્યું:–"હે ભરતવંશી રાજેન્દ્ર ! તું તારા પિતાના જેવા સદ્વર્તનથી, બુદ્ધિથી અને પ્રાણીમાત્ર ઉપરની દયાથી ખરેખર કુળવાન છે.૧૮ હે પુત્ર ! પૂર્વે દ્વૈતવનમાં તારા ભાઈઓ જ્યાં પાણી લેવા ગયા હતા અને મરણ પામ્યા હતા, ત્યાં મેં તારી પરીક્ષા કરી હતી.૧૯ તે સમયે પણ તારા બન્ને ભાઇ ભીમ તથા અર્જુનનો ત્યાગ કરીને તેં બન્ને માતાઓની સમાનતા ઇચ્છી નકુળનેજ જીવતો કરવાની ઇચ્છા કરી હતી;૨૦ અને આ સમયે પણ આ કૂતરો તારો ભક્ત છે, તે ઉપરથીજ તેં દેવમાર્ગને ત્યજી દીધો છે; માટે હે રાજા ! સ્વર્ગમાં તારાસમાન કોઈ છેજ નહિ.૨૧ હે ભારત ! આ કારણથીજ તને તારા આ શરીરથીજ અક્ષય લોક પ્રાપ્ત થયા છે અને તું સર્વોત્તમ દિવ્ય ગતિને પામ્યો છે."૨૨

વૈશંપાયને કહ્યું:–તે પછી ધર્મ, ઇંદ્ર, મરુદ્ગણો, અશ્વિનીકુમારો, દેવો તથા દેવર્ષિઓ યુધિષ્ઠિરને રથમાં બેસાડીને પોતપોતાનાં વિમાનોવડે ત્યાંથી ચાલ્યા ગયા. તેઓ સર્વે સિદ્ધ, ઇચ્છાનુસાર વિહાર કરનારા, રજોગુણરહિત, પવિત્ર અને પવિત્ર વાણી, બુદ્ધિ તથા કર્મવાળા હતા.૨૩,૨૪ કુરુકુળધુરંધર

રાજા યુધિષ્ઠિર પણ તે રથમાં બેસીને પોતાના તેજવડે આકાશ-પૃથ્વીને વ્યાપ્ત કરી દઇ સત્વર ઊર્ધ્વલોકમાં ચાલ્યા ગયા.[25] આ પછી દેવલોકમાં રહેનારા, સર્વ લોકને જાણનારા, મહાન વક્તા અને મહાતપસ્વી નારદે, તે સમયે ઉચ્ચસ્વરે આવાં વચનો કહ્યાં કેઃ–[26]"જેટલા જેટલા રાજર્ષિઓ થઇ ગયા છે તેઓ સર્વે પણ અહીં સ્વર્ગમાં આવ્યા છે, પણ કુરુરાજ યુધિષ્ઠિર તો તેઓ સર્વની કીર્તિને ઢાંકી દઇને શ્રેષ્ઠ બન્યા છે.[27] પોતાના યશથી, તેજથી તથા સદ્વર્તનસંપત્તિથી લોકોને રાજી કરી પોતાના મનુષ્યશરીરથી સ્વર્ગમાં આવેલા રાજા યુધિષ્ઠિરવિના બીજા કોઇને અમે સાંભળ્યો નથી.[28] હે રાજા! પૃથ્વીપર રહીને તેં જે તેજો જોયાં છે, તેજ આ હજારો દેવોનાં સ્થાનકો સ્વર્ગમાં આવેલાં છે, તેઓને તું જો."[29]

નારદનું એ વચન સાંભળી ધર્માત્મા રાજા યુધિષ્ઠિરે દેવોને તથા પોતાના પક્ષના રાજાઓને સંબોધીને કહ્યું કેઃ–[30] "મારા ભાઇઓને શુભ કે અશુભ જે સ્થાન પ્રાપ્ત થયું હોય તે સ્થાનનેજ પ્રાપ્ત કરવાને આજે હું ઇચ્છું છું. મને બીજા લોકની ઈચ્છા નથી."[31]

રાજાનું તે વચન સાંભળીને દેવરાજ ઇંદ્રે દયાપરાયણ યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"હે રાજેન્દ્ર! પોતાનાં પુણ્યકર્મથી જીતાયેલા આ સ્થાનમાં તમે રહો. મનુષ્યસંબંધી સ્નેહને તમે હજી સુધી પણ કેમ વળગી રહ્યા છો?[32,33] બીજો પુરુષ કદી જે સિદ્ધિને ન પામે તે ઉત્તમ સિદ્ધિને તમે પામ્યા છો. હે કુરુનંદન! તમારા ભાઇઓએ તેવા સ્થાનને પ્રાપ્ત કરેલ નથી.[34] હે રાજા! તમને હજીસુધી પણ માનુષીભાવ સ્પર્શ કરી રહ્યો છે, એ કેવું આશ્ચર્ય! તમે જુઓ, આ સ્વર્ગ છે અને સ્વર્ગમાં રહેનારા આ દેવર્ષિઓ તથા સિદ્ધો છે."[35]

સ્વર્ગનો રાજા દેવેન્દ્ર એ પ્રમાણે કહી રહ્યો હતો, ત્યારે બુદ્ધિમાન યુધિષ્ઠિરે આવાં અર્થવાળાં વચનો પુનઃ કહ્યાંઃ–[36]"હે દૈત્યહંતા ઇંદ્ર! મારા ભાઇઓવિના હું અહીં રહેવાનો ઉત્સાહ ધરાવતો નથી; માટે મારા ભાઇઓ જ્યાં ગયા છે, ત્યાં જવાને હું ઇચ્છું છું; તેમજ બુદ્ધિ તથા સત્ત્વના ગુણોથી યુક્ત અને સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ મહાતરુણી દ્રૌપદી જ્યાં ગઇ છે, ત્યાં જવાને હું ઇચ્છું છું."[37,38]

ઇતિ શ્રીમહા૦ મહાપ્રસ્થાનિક પર્વમાં
'યુધિષ્ઠિરનું સ્વર્ગારોહણ' એ વિષયનો
અધ્યાય ૩ જો સમાપ્ત

महाप्रस्थानिक पर्व समाप्त

ॐ

श्रीमहाभारत

१८–स्वर्गारोहण पर्व

ॐ

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१८-स्वर्गारोहण पर्व

અધ્યાય ૧ લો

સ્વર્ગમાં નારદ અને યુધિષ્ઠિર

मंगलाचरण—नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्
देवीं सरस्वतीं चैवं ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

जनमेजय उवाच—स्वर्गं त्रिविष्टपं प्राप्य मम पूर्वपितामहाः ।
पांडवा धार्तराष्ट्राश्च कानि स्थानानि भेजिरे ॥१॥

જનમેજયે પૂછ્યું:—ત્રણ લોકનો જેમાં અંતર્ભાવ થઇ જાય છે, તે સ્વર્ગલોકને પામીને મારા પૂર્વપિતામહ પાંડવો તથા ધૃતરાષ્ટ્રના પુત્રો ક્યાં ક્યાં સ્થાનોને પામ્યા હતા ?[1] એ સાંભળવાને હું ઇચ્છું છું; કેમકે હું માનું છું કે, અદ્‌ભુત કર્મ કરનારા મહર્ષિ વ્યાસે અનુજ્ઞા અપાયેલા તમે સર્વજ્ઞ છો.[2]

વૈશંપાયને કહ્યું:—ત્રણ લોકનો જેમાં સમાવેશ થઇ જાય છે તે સ્વર્ગને પામીને તારા પૂર્વપિતામહ યુધિષ્ઠિર આદિએ જે કર્યું હતું, તે તું સાંભળ. ત્રણ લોકના સમાવેશરૂપ સ્વર્ગને પામીને ધર્મરાજા યુધિષ્ઠિરે લક્ષ્મીથી સેવાયેલા અને આસન ઉપર બેઠેલા દુર્યોધનને જોયો.[4] તે સૂર્યની પેઠે પ્રકાશી રહ્યો હતો, વીરલક્ષ્મી(શૌર્યની શોભા)થી વિંટાયેલો હતો અને પુણ્યકર્મ કરનારા તેજસ્વી સાધ્ય દેવોની સાથે બેઠો હતો. દુર્યોધનને આ પ્રમાણે બેઠેલો જોઇને યુધિષ્ઠિર ક્રોધાયમાન થઇ ગયા. તે દુર્યોધનની ઐશ્વર્ય—લક્ષ્મી જોઈને એકાએક પાછા ફર્યા;[6] અને ઉચ્ચ સ્વરે દેવોને કહેવા લાગ્યા કે:—"લોભી અને ટુંકી દૃષ્ટિવાળા દુર્યોધનની સાથે હું આ લોકને ઇચ્છતો નથી.[7] જેને માટે અમે આખી પૃથ્વીનો, સુહૃદોનો તથા બાંધવોનો યુદ્ધમાં સંહાર કર્યો અને પ્રથમ મહાવનમાં અનેક ક્લેશો ભોગવ્યા;[8] અરે, એટલુંજ નહિ પણ ધર્મનું આચરણ કરનારી તથા નિર્દોષ અંગવાળી અમારી પત્ની દ્રૌપદીને સભાની વચ્ચે ગુરુઓની સમક્ષ જેણે ખેંચી હતી; તે દુર્યોધનને

જોવાની મારી ઇચ્છા નથી. હે દેવો! હું તો ત્યાંજ જવા ઇચ્છું છું, કે જ્યાં મારા ભાઈઓ ગયા છે.”

તે સમયે નારદે હસતા હોય તેમ મુખ મલકાવીને યુધિષ્ઠિરને કહ્યું કેઃ–“ હે રાજેન્દ્ર! એમ ન થાય. આ સ્વર્ગના નિવાસમાં વૈરનો પણ નાશ થવો જોઈએ.[૧૧] હે મહાબાહુ યુધિષ્ઠિર! રાજા દુર્યોધનના પ્રત્યે તારે આમ કહેવું ન જોઈએ. તું મારૂં વચન સાંભળ.[૧૨] આ દુર્યોધન રાજાની મોટા મોટા રાજાઓ તથા આ બધા સ્વર્ગવાસી સત્પુરુષો પૂજા કરે છે. યુદ્ધમાં પોતાના શરીરનો હોમ કરીને દુર્યોધન આદિ રાજાઓ વીરલોકની ગતિને પામ્યા છે; અને તમો બધા પણ તેની સામા યુદ્ધમાં ઉભા રહીને દેવતુલ્ય થયા છો.[૧૪] આ દુર્યોધન રાજા મહાન ભયસમયે પણ નિર્ભય રહ્યો હતો, માટે પોતાના ક્ષાત્રધર્મથી તે આ સ્થાનનેપામ્યો છે.હે પુત્ર! તે સમયે જે દ્યૂત વગેરે તેણે કરાવ્યું હતું, તેનો તારે મનમાં વિચાર કરવો નહિ; તેમજ દ્રૌપદીને જે કંઈ કલેશ આપવામાં આવ્યો હતો, તેનો પણ તારે વિચાર કરવો યોગ્ય નથી.[૧૬] વળી બીજા જે કલેશો તમને તમારા સંબંધીઓ તરફથી યુદ્ધમાં અથવા બીજા પ્રસંગે આપવામાં આવ્યા છે,તેઓનું પણ સ્મરણ કરવું તને યોગ્ય નથી.[૧૭] હે રાજા! માટે તું યથાયોગ્યરીતે રાજા દુર્યોધનનો સમાગમ કર;કેમકે આ સ્વર્ગલોક છે. અહીં વૈર હોવાં ન જોઈએ.”

નારદે આમ કહ્યું,એટલે બુદ્ધિમાનકુરુરાજ યુધિષ્ઠિરે પોતાના ભાઈઓના સંબંધમાં પૂછી પુનઃ આ પ્રમાણે કહ્યુંઃ–[૧૯]“ દુર્યોધન, કે જે અધર્મી, પાપી તથા આખી પૃથ્વીનો અને સુહૃદોનો દ્રોહ કરનાર હતો; જેને લીધે ઘોડાઓ, મનુષ્યો તથા હાથીઓસહિત પૃથ્વીનો નાશ થયો છે; અમે પણ જેના વૈરનો બદલો લેવાની ઇચ્છાથી ક્રોધવડે નિત્ય બળ્યા કરતા હતા, તેને જો આવા સનાતન વીરલોકો મળ્યા છે તો પછી તે મારા ભાઈઓ કે જેઓ વીર મહાત્મા, મહાવ્રતનિષ્ઠ, સત્ય પ્રતિજ્ઞાવાળા, લોકમાં શૂરા અને સત્યવાદી હતા, તેઓને હમણાં કયા લોક મળ્યા છે? તે જોવાને હું ઇચ્છું છું; તેમજ સત્ય પ્રતિજ્ઞાવાળો કુંતીપુત્ર મહાત્મા કર્ણ, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્નના પુત્રો તથા બીજા જે રાજાઓ ક્ષાત્રધર્મવડે મરણ પામ્યા છે, તેઓ હમણાં ક્યાં છે? હે બ્રહ્મન્ નારદ! હું તેઓને કેમ જોતો નથી? વિરાટ, દ્રુપદ, ધૃષ્ટકેતુ આદિ રાજાઓ, પાંચાલ્ય શિખંડી,દ્રૌપદીના સર્વ પુત્રો અને અસહ્ય અભિમન્યુ, એ સર્વને હે નારદ! હું જોવા ઇચ્છું છું.”[૨૬]

ઇતિ શ્રીમહા૦ સ્વર્ગારોહણ પર્વમાં “સ્વર્ગમાં નારદ અને યુધિષ્ઠિરનો સંવાદ”
એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો

યુધિષ્ઠિરને નરકનાં દર્શન

॥ युधिष्ठिर उवाच ॥

नेह पश्यामि विबुधा राधेयममितौजसम् ।
भ्रातरौ च महात्मानौ युधामन्यूत्तमौजसौ ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–“હે દેવતાઓ! અહીં અમાપ તેજવાળો રાધાપુત્ર કર્ણ મારા જોવામાં આવતો નથી, તેમજ યુધામન્યુ અને ઉત્તમૌજા નામના બન્ને મહાત્મા ભાઈઓ પણ દેખાતા નથી.[૧] જે મહારથી રાજાઓ તથા રાજપુત્રોએ રણસંગ્રામરૂપ અગ્નિમાં પોતાનાં શરીરોને હોમ્યાં હતાં; અને જેઓ મારામાટે રણમાં માર્યા ગયા છે, તેઓ સર્વે સિંહસમાન પરાક્રમી મહારથીઓ ક્યાં છે? શું તે મહાપુરુષોએ પણ આ લોકને જીત્યો છે?[૨,૩] જો તેઓ સર્વે મહારથીઓ અહીં આવ્યા હોય તો હે દેવો! તમારે જાણવું કે, હું પણ તે મહાત્માઓની સાથે અહીં રહીશ;[૪] પણ તે રાજાઓએ આ અક્ષય પવિત્ર લોકને શું પ્રાપ્ત કર્યો નથી? ખરેખર, તે મારા ભાઈઓ તથા સંબંધીઓ વિના હું અહીં આનંદ પામી શકું તેમજ નથી.[૫] તે સમયે જ્યારે જળપ્રદાન કર્મ ચાલી રહ્યું હતું, ત્યારે “ તું કર્ણને પણ જળપ્રદાન કરજે ” એવું મારી માતાનું વચન સાંભળીને હું હજીસુધી પણ તપ્યા કરૂં છું.[૬] હે દેવો!

આ વિષે તો મને વારંવાર સંતાપ થયા કરે છે કે, મહાત્મા તે કર્ણના બન્ને ચરણોને મારી માતાના સમાન જોઈને પણ હું શત્રુસૈન્યોને વિહ્વળ કરનારા તે કર્ણને અનુસર્યો નહિ. અમે જો કર્ણની સાથે રહ્યા હોત તો યુદ્ધમાં અમને ઇંદ્ર પણ જીતી શકત નહિ.[૭,૮] સૂર્યનો પુત્ર તે કર્ણ જે સ્થળે હોય તે સ્થળે તેને જોવાની મને ઇચ્છા છે. હું તેને જાણી શક્યો ન હતો, તેથીજ અર્જુનદ્વારા મેં તેનો ઘાત કરાવ્યો છે.[૯] ભયંકર પરાક્રમી અને મારા પ્રાણ કરતાં પણ મને વધારે પ્રિય ભીમસેનને, ઇંદ્રતુલ્ય અર્જુનને, યમસમાન નકુલ તથા સહદેવને અને ધર્મચારિણી પાંચાલી દ્રૌપદીને જોવાની મને ઇચ્છા છે. હે દેવો! હું તમને સત્ય કહું છું કે, તેઓવિના હું આ સ્વર્ગમાં રહેવા ઇચ્છતો નથી; કેમકે ભાઇઓથી રહિત થયેલા સ્વર્ગનું મારે શું કામ છે? જ્યાં તેઓ હોય તેજ મારૂં સ્વર્ગ છે. આને હું સ્વર્ગ માનતો નથી.[૧૦-૧૨]

દેવોએ કહ્યું:-"હે પુત્ર! જો તારી ત્યાં જવાનીજ શ્રદ્ધા છે, તો તું જા. વિલંબ કર મા. અમે દેવરાજાની આજ્ઞાથી તારૂં પ્રિય કરવા તૈયાર છીએ."[૧૩]

વૈશંપાયને કહ્યું:-હે શત્રુતાપન જનમેજય! એમ કહીને દેવતાઓએ દેવદૂતને આજ્ઞા કરી કે:-"યુધિષ્ઠિરને તેના સુહૃદોનાં દર્શન કરાવ."[૧૪] તે પછી હે રાજસિંહ! રાજા યુધિષ્ઠિર અને પેલો દેવદૂત-બન્ને સાથે જ્યાં પેલા મહાપુરુષો હતા તે તરફ જવા લાગ્યા.[૧૫] આગળ દેવદૂત અને તેની પાછળ રાજા યુધિષ્ઠિર, પાપકર્મીઓએ સેવેલા દુર્ગમ અશુભ માર્ગમાં જવા લાગ્યા.[૧૬] તે માર્ગ અંધકારથી છવાયેલો હતો, ભયંકર હતો, કેશરૂપી શેવાળ અને લીલાં ઘાસવાળો હતો, પાપીઓના ગંધથી યુક્ત હતો, માંસ અને રુધિરના કાદવવાળો હતો, દંશ કરનારા ડાંસ અને ભલ્લૂકો (રીંછો)થી વ્યાપ્ત હતો, માખીઓ તથા મચ્છરોથી ભરપૂર હતો, આમતેમ રખડતાં મુડદાંઓથી ચોતરફ વિંટાયેલો હતો, હાડકાં અને કેશથી વ્યાપ્ત હતો, કૃમિ તથા કીડાઓથી ઉભરાઇ રહ્યો હતો, પ્રદીપ્ત અગ્નિથી ચોતરફ ઘેરાયેલો હતો, લોખંડી મુખવાળા કાગડા વગેરે તથા ગીધડાંઓથી ચોતરફ ઝડપાઈ રહ્યો હતો, સોયસમાન મુખવાળાં પ્રાણીઓથી તથા વિંધ્યાચળપર્વત જેવડાં પ્રેતોથી ઘેરાયેલો હતો અને મેદ તથા રુધિરથી ખરડાયેલા એવા કપાયેલા બાહુઓ, સાથળો, હાથો, છિન્ન ભિન્ન થયેલાં ઉદરો અને ચરણો ત્યાં વેરાઇ પડયાં હતાં.[૧૭-૨૧] શ્રેષ્ઠ મનવાળા રાજા યુધિષ્ઠિર, મુડદાંઓથી ગંધાતા અને રૂવાં ઉભાં કરી નાખે તેવા એ અમંગલ માર્ગમાં વચ્ચે અનેક પ્રકારના વિચાર કરતા કરતા જતા હતા.[૨૨] તેમણે ઉના જળથી ભરેલી મહાદુર્ગમ નદી જોઈ અને અસ્ત્રાથી છવાયેલું તીક્ષ્ણ અસિપત્ર વન પણ જોયું.[૨૩] વળી તે સ્થળે શ્વેત વર્ણની સૂક્ષ્મ રેતી અને જૂદી જૂદી લોખંડી શિલાઓ તપાવેલી હતી; તેમજ તેલથી ભરેલી લોઢાની મોટી કઢાઇઓ ચોતરફ કકડી રહી હતી.[૨૪] ઉપરાંત તીક્ષ્ણ કાંટાઓવાળા કૃત્રિમ શીમળાઓ કે જેઓનો સ્પર્શ મહાદુઃખદાયી હતો તેઓને તથા પાપકર્મીઓ માટેની બીજી અનેક યાતનાઓને કુંતીપુત્રે જોઈ. રાજા યુધિષ્ઠિરે તે સર્વ દુર્ગંધીઓપર લક્ષ આપીને દેવદૂતને પૂછયું કે:-"આવા માર્ગમાં આપણે કેટલેક સુધી જવાનું છે?[૨૬] મારા તે ભાઈઓ કયાં છે? અને દેવતાઓનો આ કયો પ્રદેશ છે? તે તું મને કહે. એ જાણવાની મને ઇચ્છા છે."[૨૭] દેવદૂત ધર્મરાજાનું એ વચન સાંભળીને પાછો ફર્યો અને બોલ્યો કે," આટલે સુધીજ (એટલે કે તમે પ્રશ્ન કરો ત્યાંસુધીજ) તમારે જવાનું છે.દેવતાઓએ મને કહ્યું છે કે,આટલા પ્રદેશ બતાવ્યા પછી મારે તમને પાછા વાળવા; માટે હે રાજેન્દ્ર! તમે જો થાકી ગયા હો તો અહીંથી પાછા ફરવાને યોગ્ય છો."[૨૯]

હે ભારત! યુધિષ્ઠિર પણ તે દુર્ગંધથી કંટાળી ગયા હતા અને મૂર્ચ્છિત થઇ જતા હતા, જેથી તેમણે ત્યાંથી પાછા ફરવાનું મન કરી પોતાની પીઠ ફેરવી.[૩૦] ધર્માત્મા યુધિષ્ઠિર દુઃખ તથા શોકથી હણાઇને જેવા પાછા ફર્યા એટલે

ચોતરફ દીન વાણી બોલી રહેલાં પ્રાણીઓના શબ્દો તેમના સાંભળવામાં આવ્યા.[૩૧] "ઓ ધર્મપુત્ર રાજર્ષિ! ઓ પવિત્ર કુટુંબવાળા પાંડવ! અમારાપર અનુગ્રહ કરવામાટે તમે એક મુહૂર્તભર અહીં ઉભા રહો.[૩૨] તમે દુરાધર્ષ અહીં આવ્યા છો, તેથી તમારા ગંધને અનુસરતો પવિત્ર વાયુ વાય છે અને હે તાત! એ વાયુથી અમને સુખ થાય છે.[૩૩] હે મહાપુરુષ પાર્થ! આજે લાંબે કાળે તમને જોઇને અમે સુખ સંપાદન કરીશું; માટે હે મહારાજા! હે મહાબાહુ ભારત! તમે એક મુહૂર્ત પણ ઉભા રહો. હે કૌરવ્ય! તમે અહીં ઉભા છો તેથી આ યાતનાઓ અમને દુઃખી કરતી નથી."

હે રાજા! એ પ્રમાણે અનેક પ્રકારની દીન વાણી બોલી રહેલાં તે દુઃખી પ્રાણીઓના શબ્દો તે પ્રદેશ ઉપર યુધિષ્ઠિરે સાંભળ્યા;[૩૪-૩૬] એટલે તેઓનાં એ દીન વચનો સાંભળીને યુધિષ્ઠિરને દયા આવી ગઇ અને "અહોહો! કેવું મહાકષ્ટ!" એમ બોલીને તેઓ ત્યાં થંભી ગયા.[૩૭] પાંડવ યુધિષ્ઠિરે તે વાણીને માર્ગમાં અગાઉ વારંવાર સાંભળી હતી; છતાં તે સમયે ગ્લાનિ અને દુઃખ પામેલાં તેઓની વાણીને તે ઓળખી શકયા નહિ.[૩૮] જ્યારે તે વાણી બિલકુલ સમજવામાંજ ન આવી, ત્યારે ધર્મપુત્ર યુધિષ્ઠિરે કહ્યું કેઃ-"તમે કોણ છો, અહીં શામાટે રહ્યાં છો?" યુધિષ્ઠિરે એમ પૂછયું એટલે તેઓ સર્વ ચોતરફથી બોલી ઉઠયાં કેઃ-"હે રાજા! હું કર્ણ છું, હું ભીમસેન છું, હું અર્જુન છું, હું નકુલ છું, હું સહદેવ છું; હું ધૃષ્ટદ્યુમ્ન છું, હું દ્રૌપદી છું, અમે દ્રૌપદીના પુત્રો છીએ" એ રીતે તેઓ પોકાર કરી રહ્યાં.[૩૯-૪૧] હે રાજા! તે પ્રદેશને યોગ્ય એ વચનો સાંભળીને રાજા યુધિષ્ઠિર વિચાર કરવા લાગ્યા કેઃ-"દૈવે આ શું કર્યું છે?[૪૨] આ મહાત્માઓએ તેવું પાપકર્મ શું કર્યું હશે? કર્ણે, દ્રૌપદીના પુત્રોએ તથા સુંદર મધ્યભાગવાળી દ્રૌપદીએ શું મલિન કર્મ કર્યું હશે, કે જેને લીધે પાપી ગંધવાળા મહાદારુણ આ પ્રદેશમાં તેઓ પડયાં છે? મારા જાણવામાં નથી કે પુણ્યકર્મી આ સર્વનું કંઇ પાપકર્મ હોય?[૪૩,૪૪] ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન તેવું કયું પુણ્યકર્મ કરીને સર્વ પાપી અનુયાયીઓની સાથે સ્વર્ગની શ્રીથી યુક્ત થઇ મહેન્દ્રના જેવો લક્ષ્મીવાન અને પરમપૂજ્ય થઇ પડયો છે? અને આ બધાં નરકમાં પડયાં છે? આ ફેરફાર કયા કર્મનો હશે?[૪૬] સર્વ ધર્મને જાણનારા, શૂરવીર, સત્યશાસ્ત્રપરાયણ, ક્ષાત્રધર્મમાં આસક્ત તથા પુષ્કળ દક્ષિણાઓ આપીને યજ્ઞ કરનારા છતાં આ મહાપુરુષો નરકમાં પડયા, એ શું?[૪૭] શું હું સૂતો છું કે જાગું છું? સચેત છું કે નિશ્ચેત છું? અહો! આ તે મારા ચિત્તમાં વિકાર થયો છે કે મારા ચિત્તને ભ્રાંતિ થઈ છે?"[૪૮]

રાજા યુધિષ્ઠિર આ પ્રમાણે અનેક વિચારો કરવા લાગ્યા અને દુઃખ તથા શોકથી ઘેરાઈ જઇ ચિંતાને લીધે વ્યાકુળ ઇંદ્રિયોવાળા થઇ ગયા.[૪૯] ધર્મના પુત્ર તે રાજાને તીવ્ર ક્રોધ ચઢી આવ્યો, જેથી તેમણે દેવો તથા ધર્મની નિંદા કરવા માંડી.[૫૦] પછી તીવ્ર ગંધથી સંતાપ પામીને તેમણે પેલા દેવદૂતને કહ્યું કેઃ-"તું જેઓનો દૂત હોય તેઓની પાસે ચાલ્યો જા. હું હવે ત્યાં આવીશ નહિ, પણ અહીંજ રહીશ, એમ તેઓને કહેજે; કેમકે મારા દુઃખી ભાઈઓ મારા આશ્રયથી સુખી થાય છે."

પાંડુના બુદ્ધિમાન પુત્ર યુધિષ્ઠિરે આમ કહ્યું એટલે તે દેવદૂત, જે સ્થળે દેવરાજ ઇંદ્ર હતો તે સ્થળે ગયો; અને હે રાજા! ધર્મરાજાની જે કર્તવ્યેચ્છા હતી તથા તેમણે જે કહ્યું હતું, તે સર્વ તેણે દેવરાજાને કહી સંભળાવ્યું.[૫૧-૫૪]

ઇતિ શ્રીમહા૦ સ્વર્ગારોહણપર્વમાં "યુ-
ધિષ્ઠિરને નરકનાં દર્શન" એ વિષયનો
અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો

યુધિષ્ઠિરે માનુષી શરીરનો ત્યાગ કરી ધારણ કરેલું દિવ્ય શરીર

॥ वैशंपायन उवाच ॥

स्थिते मुहूर्तं पार्थे तु धर्मराजे युधिष्ठिरे ।

आजग्मुस्तत्र कौरव्य देवाः शक्रपुरोगमाः॥१॥

વૈશંપાયને કહ્યું:-હે કુરુવંશી જનમેજય રાજા! કુંતાપુત્ર ધર્મરાજા યુધિષ્ઠિર એક મુહૂર્તભર ત્યાં ઉભા રહ્યા, એટલે ઇંદ્ર આદિ દેવતાઓ ત્યાં આવ્યા;[1] તેમજ કુરુરાજ યુધિષ્ઠિર જ્યાં ઉભા હતા ત્યાં સાક્ષાત્ ધર્મ તેમને જોવામાટે આવ્યો.[2] હે રાજા! પ્રદીપ્ત દેહવાળા અને પવિત્ર કુળ તથા કર્મવાળા તે દેવો ત્યાં આવ્યા કે તુરત ત્યાંનો અંધકાર દૂર થઇ ગયો.[3] પાપકર્મીઓની યાતનાઓ ત્યાં જોવામાં ન આવી અને કૃત્રિમ શીમળાની સાથે વૈતરણીનદી પણ ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.[4] વળી લોઢાની કઢાઇઓ, ભયંકર શિલાઓ તથા વિકૃત મુડદાંઓ જે ત્યાં હતાં, તે પણ અદૃશ્ય થઇ ગયાં. રાજા યુધિષ્ઠિરે જોયું તો તે સર્વ અદૃશ્ય થઇ ગયું હતું. તે પછી હે ભારત! સુખકારી સ્પર્શવાળો અને પવિત્ર ગંધને ફેલાવનારો પવિત્ર વાયુ દેવોની સમીપમાં રહી અત્યંત શીતળ થઇ વાવા લાગ્યો. ઇંદ્રસહિત મરુદ્ગણો, વસુઓ, અશ્વિનીકુમારો, સાધ્યો, રુદ્રો, આદિત્યો, બીજા સર્વ દેવતાઓ તથા સિદ્ધ થયેલા મહર્ષિઓ, જે સ્થળે મહાતેજસ્વી ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા ઉભા હતા તે સ્થળે આવી પહોંચ્યા. પછી પરમ શોભાસંપન્ન દેવરાજ ઇંદ્ર, યુધિષ્ઠિરને સાંત્વનપૂર્વક આવાં વચનો કહેવા લાગ્યો:- "હે મહાબાહુ યુધિષ્ઠિર! તને અક્ષય લોક પ્રાપ્ત થયા છે. હે પુરુષવ્યાઘ્ર! આવ, આવ, આટલેથીજ બસ છે. હે મહાબાહુ રાજા! તને મહાન સિદ્ધિ તથા અક્ષય લોક મળી ચૂક્યા છે. હે તાત! તારે ક્રોધ કરવો નહિ, તું મારૂં વચન સાંભળ. સર્વ રાજાઓએ નરકનાં દર્શન અવશ્ય કરવાંજ જોઇએ.[12] હે મહાપુરુષ! શુભ તથા અશુભ કર્મોના જૂદા જૂદા બે સમુદાયો છે. જે મનુષ્ય પ્રથમ શુભ કર્મ ભોગવે છે, તેને પાછળથી નરક ભોગવવું પડે છે;[13] પરંતુ જે પ્રથમ નરક ભોગવે છે, તેને પાછળથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય ઘણેભાગે પાપકર્મી હોય છે, તેને પ્રથમ સ્વર્ગ પ્રાપ્ત થાય છે;[14] માટેજ હે રાજા! તારૂં કલ્યાણ ઇચ્છીને મેં તને આ રીતે અહીં સુધી પહોંચડાવ્યો હતો. તેં અશ્વત્થામા હાથી મરણ પામ્યો હતો, તેને બહાને અશ્વત્થામાનું મરણ કહી દ્રોણાચાર્યને છેતર્યા હતા, જેથી હે રાજન્! તને પણ આ બહાને નરકદર્શન કરાવ્યાં છે; તેમજ ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ તથા દ્રૌપદી પણ અમુક અમુક બહાનેજ નરકમાં ગયાં છે. હે મહાપુરુષ! તું આવ, તેઓ પાપથી મુક્ત થયાં છે.[17] હે ભરતશ્રેષ્ઠ! તારા પક્ષના જે રાજાઓ રણમાં માર્યા ગયા છે, તેઓ સર્વે સ્વર્ગને પામ્યા છે, તેઓને તું જો.[18] સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ મહાધનુર્ધર કર્ણ, કે જેને માટે તું સંતાપ કરે છે, તે પણ ઉત્તમ સિદ્ધિને પામ્યો છે.[19] હે પુરુષવ્યાઘ્ર! તું તે સૂર્યપુત્રને જો, તે પોતાના સ્થાનમાં સ્થિતિ કરી રહ્યો છે; માટે હે મહાબાહુ! હવે તું શોકનો ત્યાગ કર.[20] તારા ભાઇઓ તથા બીજા જે જે તારા પક્ષના રાજાઓ હતા, તેઓ સર્વને પોતપોતાના સ્થાનને પામેલા તું જો. તારો માનસિક તાપ દૂર થાઓ. હે કૌરવ! પ્રથમ આટલું કષ્ટ અનુભવીને હવે પછી શોક તથા દોષરહિત થઇ તું મારી સાથે વિહાર કર.[22] હે મહાબાહુ રાજા! તું તારા પોતાના તપથી જીતેલાં પુણ્યકર્મોના તથા દાનોના ફળને પ્રાપ્ત કર.[23] દેવો, ગંધર્વો તથા સ્વચ્છ વસ્ત્રાલંકારને ધારણ કરનારી દિવ્ય અપ્સરાઓ આજેજ સ્વર્ગમાં કલ્યાણરૂપ તારી સેવા કરો. હે મહાબાહુ! રાજસૂય યજ્ઞથી જીતેલા તથા ક્ષાત્રધર્મ પ્રમાણે તરવારના બળથી સમૃદ્ધિવાળા દિવ્ય લોકોને મેળવેલા તારા તપના મહાન ફળને તું સંપાદન કર.[25] હે પાર્થ યુધિષ્ઠિર! હરિશ્ચંદ્રના જેવા તારા લોકો પ્રત્યેક રાજાઓના લોકોની ઉપરના ભાગમાં આવેલા છે, જેમાં તું વિહાર કરીશ.[26] જે લોકમાં રાજર્ષિ માંધાતા, રાજા ભગીરથ અને દુષ્યંતનો પુત્ર ભરત વિહાર કરે છે, તે લોકમાં તું વિહાર કરીશ. હે પાર્થ! આ પવિત્ર દેવનદી આકાશગંગા ત્રણે લોકને પવિત્ર કરનારી છે, તેમાં સ્નાન કરીને હે રાજેન્દ્ર! તું એ લોકમાં ગમન કરીશ.[28] આ નદીમાં તું સ્નાન કરીશ કે તુરતજ તારો માનુષી ભાવ દૂર થશે અને શોક તથા પરિશ્રમથી

રહિત થઈને તું વૈરનો ત્યાગ કરીશ."[૨૯]

દેવેંદ્ર કૌરવરાજ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહી રહ્યો હતો, તે સમયે શરીરધારી સાક્ષાત્ ધર્મે પોતાના પુત્ર યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"હે મહાબુદ્ધિમાન રાજા! હે પુત્ર! મારા ઉપરની તારી ભક્તિથી, સત્ય વચનથી, ક્ષમાથી તથા ઇંદ્રિયનિગ્રહથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું. હે રાજન્! મેં તારી આ ત્રીજી પરીક્ષા કરી છે; પણ કોઈ પણ કારણથી તને તારા સ્વભાવથી ચલિત કરી શકાયો નથી.[૩૨] પૂર્વે દ્વૈતવનમાં એક બ્રાહ્મણને માટે અરણી લેવા આવેલા તને કેટલાએક પ્રશ્નો પૂછીને મેં તારી પરીક્ષા કરી હતી, તેમાં પણ તું ઉત્તીર્ણ થયો હતો;[૩૩] તેમજ હે ભારત! દ્રૌપદીસહિત તારા ભાઈઓ જ્યારે નાશ પામ્યા, ત્યારે કૂતરાનું સ્વરૂપ ધારણ કરીને મેં તારી બીજી પરીક્ષા કરી હતી; અને આ વખતે તારી આ ત્રીજી પરીક્ષા કરી છે, કે જેમાં તું તારા ભાઇઓને માટે અહીંજ રહેવાને ઇચ્છે છે. હે મહાભાગ! તું ખરેખર પવિત્ર છે, સુખી છે અને નિર્દોષ છે.[૩૫] હે કુંતાપુત્ર રાજા! તારા ભાઇઓ નરકને માટે યોગ્ય નથી, માત્ર દેવરાજ ઇંદ્રે આ માયાનોજ પ્રયોગ કર્યો છે.[૩૬] હે તાત! સર્વ રાજાઓએ નરકને અવશ્ય પ્રાપ્ત કરવુંજ જોઈએ, જેથી તેં એક મુહૂર્તભર આ મહાન દુઃખ ભોગવ્યું છે.[૩૭] હે રાજા! અર્જુન, ભીમસેન, મહાપુરુષ નકુલ, સહદેવ તથા સત્યવક્તા શૂરવીર કર્ણ લાંબા કાળસુધી નરકને યોગ્ય નથી; તેમજ રાજપુત્રી દ્રૌપદી નરકને યોગ્ય નથી. હે ભરતશ્રેષ્ઠ! ચાલ, ત્રણે લોકમાં ગમન કરનારી ગંગા ઉપર ચાલ."

તારા પૂર્વપિતામહ રાજર્ષિ યુધિષ્ઠિરને ધર્મે આ પ્રમાણે કહ્યું, એટલે સર્વ દેવતાઓ અને ધર્મની સાથે તેઓ ગંગાનદી ઉપર ગયા. ત્યાં ઋષિઓએ સ્તવાયેલી અને સર્વને પવિત્ર કરનારી દેવોની નદી પવિત્ર ગંગામાં પ્રવેશ કરીને રાજા યુધિષ્ઠિરે માનુષીશરીરનો ત્યાગ કર્યો. તે પછી દિવ્ય શરીર ધારણ કરીને ધર્મરાજ યુધિષ્ઠિરે વૈર તથા સંતાપનો ત્યાગ કરી તે જળમાં સ્નાન કર્યું;[૪૨] અને પછી દેવોથી વિંટાયેલા બુદ્ધિમાન કુરુરાજ યુધિષ્ઠિર, જે સ્થળે પુરુષોમાં શ્રેષ્ઠ તે શૂરા પાંડવો તથા ધૃતરાષ્ટ્રના પુત્રો શોકરહિત થઇને પોતપોતાનાં સ્થાનકોને પામ્યા હતા, તે સ્થળે ધર્મની સાથે મહર્ષિઓથી સ્તુતિ કરાતા કરાતા ગયા.[૪૩,૪૪]

ઇતિ શ્રીમહા૦ સ્વર્ગારોહણ પર્વમાં
"યુધિષ્ઠિરે શરીરનો ત્યાગ કર્યો" એ
વિષયનો અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો

દ્રૌપદી આદિ સર્વેનું પોતપોતાના સ્થાનમાં ગમન

॥ वैशंपायन उवाच ॥

ततो युधिष्ठिरो राजा देवैः सर्षिमरुद्गणैः ।
स्तूयमानो ययौ तत्र यत्र ते कुरुपुंगवाः ॥१॥

વૈશંપાયને કહ્યું:–તે પછી દેવો, ઋષિઓ અને મરુદ્ગણોથી સ્તુતિ કરાતા રાજા યુધિષ્ઠિર જે સ્થળે તે શ્રેષ્ઠ કુરુવંશીઓ ગયા હતા તે સ્થળે ગયા.[૧] ત્યાં પોતાના બ્રાહ્મશરીરથી યુક્ત શ્રીકૃષ્ણને તેમણે જોયા. તેમના શરીરની સમાનતા યુધિષ્ઠિરે પૂર્વે જેવી જોઇ હતી, તેવીજ દેખાતી હતી.[૨] તે પોતાના શરીરથી પ્રકાશી રહ્યા હતા, તેમની સમીપમાં ચક્ર આદિ તેમનાં દિવ્ય અને ઘોર અસ્ત્રો પુરુષના શરીરે સ્થિતિ કરી રહ્યાં હતાં; અને મહાતેજસ્વી વીર અર્જુન તેમની સેવા કરી રહ્યો હતો. આવા સ્વરૂપમાં શ્રીકૃષ્ણનાં યુધિષ્ઠિરે દર્શન કર્યાં.[૪] પુરુષોમાં વ્યાઘ્રસમાન અને દેવોમાં પૂજાયેલા તેઓ બન્નેએ–શ્રીકૃષ્ણે તથા અર્જુને, યુધિષ્ઠિરને જોઇને પૂજાવડે યથાયોગ્ય રીતે તેમનો સત્કાર કર્યો.[૫] તે પછી બીજા પ્રદેશમાં કુરુનંદન યુધિષ્ઠિરે બાર આદિત્યોની સાથે શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ કર્ણને જોયો. વળી બીજા પ્રદેશમાં મરુદ્ગણોથી વિંટાયેલા અને તેના તેજ શરીરથી યુક્ત સમર્થ ભીમસેનને તેમણે જોયો. તે ભીમસેન ઉત્તમ શોભાથી યુક્ત હતો અને પરમસિદ્ધિને પામ્યો હતો; તેમજ અશ્વિનીકુમારોની સમીપમાં પોતાના તેજથી પ્રકાશી રહેલા નકુલ તથા સહદેવને યુ-

ધિષ્ઠિરે જોયા. બીજી તરફ કમળ તથા ઉત્પલની માળાવાળી અને સૂર્યસમાન તેજસ્વી દ્રૌપદીને સ્વર્ગનો આશ્રય કરી રહેલી તેમણે જોઈ. તે સમયે રાજા યુધિષ્ઠિરે તે સમગ્ર બાબતો પૂછવાની એકદમ ઇચ્છા કરી, એટલે દેવોના રાજા ભગવાન ઇંદ્રે તેમને કહેવા માંડયું:-[૯-૧૧]

"હે યુધિષ્ઠિર! આ દ્રૌપદીના રૂપમાં લક્ષ્મી પોતેજ મનુષ્યપણાને પામી હતી. તે યોનિથી ઉત્પન્ન થયેલી નથી. એ સમગ્ર લોકને પ્રિય હોઇને પવિત્ર ગંધવાળી છે.[૧૨] તમને પ્રસન્ન કરવામાટે ભગવાન શંકરે તેને ઉત્પન્ન કરી હતી, જેથી તે દ્રુપદના કુળમાં જન્મી હતી અને તમોએ તેનો ઉપભોગ કર્યો હતો.[૧૩] હે રાજા! અગ્નિસમાન તેજસ્વી અને મહાભાગ્યશાળી આ પાંચ ગંધર્વો, દ્રૌપદીના અને તમારા મહાતેજસ્વી પુત્રો થયા હતા.[૧૪] જો, બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર તેજ આ ગંધર્વનો રાજા છે. તારે જાણવું કે, તારા પિતાના મોટાભાઇતરીકેજ આ ઉત્પન્ન થયો હતો.[૧૫] આ તારો મોટોભાઇ કુંતીપુત્ર કર્ણ છે. તે અગ્નિસમાન તેજસ્વી હોઇને સર્વ સૂતપુત્રોમાં શ્રેષ્ઠ તથા 'રાધેય' એવા નામથી પ્રસિદ્ધ થયો હતો.[૧૬] આ મહાપુરુષ આદિત્યોની સાથે જાય છે, તેને તું જો; અને પેલી તરફ હે રાજેન્દ્ર! સાધ્યદેવો, વિશ્વેદેવાઓ તથા મરુદ્ગણોની વચ્ચે સાત્યકિ વગેરે યાદવો, અંધકો તથા ભોજવંશના મહારથીઓ સ્થિતિ કરી રહ્યા છે, તેઓને પણ તું જો. વળી જો, પેલો અજિત અભિમન્યુ ચંદ્રની સાથે રહ્યો છે. મહાધનુર્ધર તે અભિમન્યુની કાંતિ ચંદ્રના જેવીજ પ્રકાશી રહી છે.[૧૯] તારા પિતા આ પાંડુ કે જે મહાધનુર્ધર કહેવાતા હતા, તે પણ કુંતા તથા માદ્રીની સાથે નિત્ય અહીં મારી પાસે આવે છે.[૨૦] આ શાંતનુપુત્ર રાજા ભીષ્મ વસુઓની સાથે રહેલા છે અને પેલા દ્રોણગુરુ બૃહસ્પતિની પાસે રહેલા છે, તેમને પણ તું જો.[૨૧] હે પાંડવ! આ બીજા રાજાઓ, કે જેઓ તારા યોદ્ધાઓ હતા, તેઓ ગંધર્વો, યક્ષો તથા પુણ્યજનોની સાથે જઇ રહ્યા છે;[૨૨] અને કેટલાએક રાજાઓ તો ગુહ્યકોની ગતિને પામ્યા છે; તેમજ પવિત્ર વાણી, બુદ્ધિ તથા કર્મવાળા બીજાઓએ દેહનો ત્યાગ કરીને સ્વર્ગને જીત્યો છે.

ઇતિ શ્રીમહા० સ્વર્ગારોહણ પર્વમાં 'દ્રૌપદી આદિનું પોતપોતાના સ્થાનમાં ગમન' એ વિષયનો અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો

ભારતસાવિત્રી

॥ जनमेजय उवाच ॥

भीष्म द्रोणौ महात्मानौ धृतराष्ट्रश्च पार्थिवः ।
विराटद्रुपदौ चोभौ शङ्खश्चैवोत्तरस्तथा ॥१॥

જનમેજયે પૂછયું:-"મહાત્મા ભીષ્મ, દ્રોણાચાર્ય, રાજા ધૃતરાષ્ટ્ર, વિરાટ, દ્રુપદ, શંખ, ઉત્તર, ધૃષ્ટકેતુ, જયત્સેન, રાજા સત્યજિત્, દુર્યોધનના પુત્રો, સુબલપુત્ર શકુનિ, કર્ણના પરાક્રમી પુત્રો, રાજા જયદ્રથ, ઘટોત્કચ આદિ બીજા જેઓનું તમે વર્ણન કર્યું છે તેઓ અને બીજા પ્રદીપ્ત શરીરોવાળા વીર રાજાઓ સ્વર્ગમાં કેટલા કાળ સુધી રહ્યા હતા, તે પણ તમે મને કહો.[૧-૪] હે ઉત્તમ બ્રાહ્મણ! શું તેઓને ત્યાં શાશ્વત સ્થાન પ્રાપ્ત થયું છે? અથવા કર્મોને અંતે તેઓને કયી ગતિ પ્રાપ્ત થઇ છે? એ સાંભળવાને હું ઈચ્છું છું. હે બ્રાહ્મણોમાં ઉત્તમ! તમે તમારા પ્રદીપ્ત તપવડે સર્વ કંઈ જોઇ શકો છો."[૫,૬]

સૂત પુરાણીએ કહ્યું:-જનમેજયે એ પ્રશ્ન કર્યો, એટલે બ્રહ્મર્ષિ વૈશંપાયન, મહાત્મા વ્યાસની આજ્ઞા મેળવીને તે રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૭]

વૈશંપાયને કહ્યું:-હે મનુષ્યોના રાજા! કર્મોને અંતે સર્વ પ્રાણીઓ પોતાના મૂળસ્વરૂપ(બ્રહ્મ)ને પામી શકતાં નથી;* માટે જેઓ

---

* કેમકે પ્રારબ્ધકર્મોને અંતે જો સર્વ પ્રાણીઓ પોતાની મૂળપ્રકૃતિ(પરબ્રહ્મ)ને પામી જાય તો જગતમાં સર્વની મુક્તિ થઇ જાય; અને તેથી સંસારચક્રનું અનાદિપણું ઘટી શકે નહિ. નહિ કરેલાં કર્મોની પ્રાપ્તિ અને કરેલાં કર્મોનો નાશ પ્રાપ્ત થાય; તેમજ વિધિનિષેધ શાસ્ત્ર વ્યર્થ

પોતાની મૂળપ્રકૃતિને પામ્યા નથી, તેઓને ઉદ્દેશીને આ તારો પ્રશ્ન ઠીક પૂછાયો છે.[૮] હે ભરતશ્રેષ્ઠ રાજા! મહાતેજસ્વી અને દિવ્ય દષ્ટિવાળા પ્રતાપી મુનિ વ્યાસે દેવોનું જે ગુહ્ય રહસ્ય કહ્યું છે,તેને તું સાંભળ.[૯] હે કુરુવંશી રાજા! પરાશરના પુત્ર, મહાવ્રતનિષ્ઠ, અગાધ બુદ્ધિવાળા, સર્વજ્ઞ અને સર્વ કર્મોની ગતિને જાણનારા પુરાણ મુનિ વ્યાસે કહ્યું છે કે, કર્મોને અંતે તેઓએ પોતપોતાના દિવ્ય શરીરમાં પ્રવેશ કર્યો છે. હે ભરતશ્રેષ્ઠ ! મહાતેજસ્વી અને મહાકાંતિમાન ભીષ્મે, જે આઠ વસુઓ જોવામાં આવે છે તેઓમાં પ્રવેશ કર્યો છે; અને દ્રોણાચાર્યે અંગિરસગોત્રીઓમાં શ્રેષ્ઠ બૃહસ્પતિના શરીરમાં પ્રવેશ કર્યો છે. હાર્દિકય કૃતવર્માએ મરુદ્‌ગણોમાં પ્રવેશ કર્યો છે તથા પ્રદ્યુમ્ને પોતે જ્યાંથી આવ્યો હતો,તેસનત્કુમારના શરીરમાં પ્રવેશ કર્યો છે. ધૃતરાષ્ટ્ર બીજાઓને દુર્લભ એવા કુબેરના લોકને પામ્યા છે,તેમજ યશસ્વિની ગાંધારી ધૃતરાષ્ટ્રની સાથેજ તે લોકને પામી છે. પાંડુ પોતાની બન્ને પત્નીઓની સાથે મહેન્દ્રલોકમાં ગયો છે; અને વિરાટ, દ્રુપદ,રાજા ધૃષ્ટકેતુ, નિશઠ, અક્રૂર, સાંબ, ભાનુકંપ, વિદૂરથ, ભૂરિશ્રવા, શલ, રાજા ભૂરિ, કંસ, ઉગ્રસેન, વસુદેવ અને શંખ નામના પોતાના ભાઇની સાથે મહાપુરુષ ઉત્તર–આ સર્વ મહાપુરુષો વિશ્વેદેવાઓનાં શરીરોમાં દાખલ થયા છે. ‘વર્ચા’ નામનો મહાતેજસ્વી અને પ્રતાપી ચંદ્રનો જે પુત્ર છે, તેજ પુરુષશ્રેષ્ઠ અર્જુનનો અભિમન્યુ નામનો પુત્ર થયો હતો. તે ધર્માત્મા મહારથી, બીજો કોઇ પુરુષ જેવું યુદ્ધ ન કરે તેવું યુદ્ધ ક્ષાત્રધર્મથી કરી યુદ્ધને અંતે, ચંદ્રના શરીરમાં દાખલ થયો છે. હે પુરુષશ્રેષ્ઠ! કર્ણે યુદ્ધમાં હણાઇને સૂર્યમાં પ્રવેશ કર્યો છે, શકુનિએ દ્વાપરમાં તથા ધૃષ્ટદ્યુમ્ને અગ્નિમાં પ્રવેશ કર્યો છે. ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રો બલોત્કટ રાક્ષસો હતા, તે મહાત્માઓ પણ શસ્ત્રથી પવિત્ર થઇ સમૃદ્ધિમાન થઇને સ્વર્ગમાં ગયા છે. વિદુરે તથા રાજા યુધિષ્ઠિરે ધર્મમાંજ પ્રવેશ કર્યો છે. ભગવાન અનંતદેવે (બળદેવે) રસાતળમાં પ્રવેશ કર્યો છે, કે જેમણે પિતામહ બ્રહ્મદેવની પ્રેરણાથી પોતાના યોગસામર્થ્યથી આ પૃથ્વીને ધારણ કરી રાખી છે. શ્રીકૃષ્ણ કે જે દેવના દેવ સનાતન નારાયણના અંશરૂપ હતા, તેમણે પોતાના જીવનને અંતે નારાયણનાસ્વરૂપમાં પ્રવેશ કર્યો છે. હે જનમેજય ! શ્રીકૃષ્ણની જે સોળહજાર સ્ત્રીઓ હતી, તેઓએ આયુષ્ય પૂર્ણ થતાં સરસ્વતીના પ્રવાહમાં પ્રવેશ કર્યો છે. તેઓ સરસ્વતીના જળમાં શરીરોનો ત્યાગ કરી સ્વર્ગને પામી છે; અને ત્યાં અપ્સરાઓ થઇને શ્રીકૃષ્ણની સમીપમાંજ સ્થિતિ કરી રહી છે. મહાભારતના મહાયુદ્ધમાં ઘટોત્કચ આદિ જે વીર મહારથીઓ મરણ પામ્યા હતા,તેઓ સર્વે દેવો તથા યક્ષોનાં સ્વરૂપોને પામ્યા છે.[૨૭] હે રાજન્! જે રાક્ષસો દુર્યોધનના સહાયકતરીકે વર્ણવેલા છે, તેઓ સર્વે પણ અનુક્રમે ઉત્તમ લોકોને પામ્યા છે.[૨૮] તે મહાપુરુષો મહેન્દ્ર તથા બુદ્ધિમાન કુબેરના ભવનમાં દાખલ થઇ વરુણના લોકને પામ્યા છે.[૨૯] હે મહાતેજસ્વી ભારત! કૌરવો તથા પાંડવોનું આ સમગ્ર ચરિત્ર મેં તને વિસ્તારથી કહી સંભળાવ્યું છે.”

સૂતપુરાણીએ કહ્યું:–હે શૌનક આદિ શ્રેષ્ઠ બ્રાહ્મણો ! યજ્ઞકર્મની વચ્ચે કૌરવપાંડવોનું તે અદ્‌ભુત ચરિત્ર સાંભળીને રાજા જનમેજય અત્યંત આશ્ચર્ય પામ્યો.તે પછી યાજક બ્રાહ્મણોએ તેના એ યજ્ઞકર્મને સમાપ્ત કર્યું; અને આસ્તીક બ્રાહ્મણ પણ સર્પોને છોડાવીને પ્રસન્ન થયો.[૩૨] રાજા જનમેજયે દક્ષિણાઓ આપીને તે સર્વ બ્રાહ્મણોને પ્રસન્ન કર્યા;એટલે તેઓ રાજા તરફના પૂજાસત્કારને પામીને જેમ આવ્યા હતા તેમ ચાલ્યા ગયા.[૩૩] રાજા જનમેજય પણ તે બ્રાહ્મણોને ત્યાંથી વિદાય કર્યા પછી તક્ષશિલા છોડીને પુનઃ હસ્તિનાપુરમાં આવ્યો.[૩૪] આ પ્રમાણે વ્યાસની આજ્ઞાથી વૈશંપાયને વર્ણવેલો અને મેં જાણેલો જનમેજયનો એ સર્પસત્ર તમને કહ્યો છે.[૩૫] હે બ્રાહ્મણ! મહાભારત નામનો આ પવિત્ર ઇતિહાસ સત્યવા-

---

થઇ પડે, માટે કોઇકજ જીવો કર્મોને અંતે મૂળ પ્રકૃતિને પામે છે, નહિ કે સર્વે.

દ્વી મુનિ વેદવ્યાસ, કે જે સર્વજ્ઞ, દૈવજ્ઞ, ધર્મના જ્ઞાનવાળા, સત્પુરુષ, ઇંદ્રિયાતીત પદાર્થોને જોનારા, પવિત્ર, તપવડે શોધેલા ચિત્તવાળા, અણિમાદિ ઐશ્વર્યમાં સ્થિતિ કરનારા, સાંખ્ય તથા યોગનિષ્ઠ, અનેક શાસ્રોનું જ્ઞાન ધરાવનારા અને પોતાની દિવ્ય દષ્ટિથી જોઈને મહાત્મા પાંડવો તથા બીજા મહાતેજસ્વી ક્ષત્રિયોની કીર્તિને જગતમાં પ્રસિદ્ધ કરનારા છે,તેમણે રચેલો છે અને તેથીજ તે ઉત્તમ છે.[૩૬-૩૯] જે વિદ્વાન પુરુષ પ્રત્યેક પર્વના દિવસે નિત્ય આનું શ્રવણ કરાવે છે, તે પાપરહિત થઇને સ્વર્ગને જીતે છે અને અંતે બ્રહ્મસ્વરૂપ થવાને સમર્થ થાય છે.[૪૦] જે પુરુષ વેદવ્યાસે રચેલા આ વેદનું એકાગ્રચિત્તે શ્રવણ કરે છે, તેનાં બ્રહ્મહત્યા વગેરે એક કરોડ પાપો નાશ પામે છે.[૪૧] જે પુરુષ શ્રાદ્ધપ્રસંગે બ્રાહ્મણોની સમીપમાં આ સંવાદનું શ્રવણ કરાવે છે, તેના પિતૃઓને અક્ષય અન્ન–પાન પ્રાપ્ત થાય છે.[૪૨] મનુષ્ય ઇંદ્રિયો અથવા મનદ્વારા દિવસમાં જે કંઇ પાપકર્મ કરે છે, તેમાંથી પાછળની સંધ્યાના સમયે આ મહાભારતની કથા કહીને મુક્ત થાય છે.[૪૩] સ્રીસમુદાયોથી વિંટાયેલો બ્રાહ્મણ રાત્રિના સમયે જે કંઈ પાપકર્મ કરે છે, તેમાંથી પ્રાતઃકાળના સમયે મહાભારતની કથા કહીને મુક્ત થાય છે.[૪૪] આ ગ્રંથ મહાન અને રહસ્યાર્થરૂપ ભારવાળો છે, માટે ‘ મહાભારત ’ કહેવાય છે. જે પુરુષ મહાભારતની આ વ્યુત્પત્તિને જાણે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે.[૪૫] અઢાર પુરાણો, સર્વ ધર્મશાસ્રો તથા અંગોસહિત વેદો એક તરફ છે;અને બીજી તરફ મહાભારત એકલું રહીને તેઓની તુલના કરી શકે છે.અઢાર પુરાણોના સ્રષ્ટા અને વેદના મહાસાગર મહાત્મા તે વેદવ્યાસ ઋષિનો આ સિંહનાદ છે કે,“**તમે નિત્ય મહાભારતનું શ્રવણ કરો.**”[૪૭] મહાસમર્થ ભગવાન કૃષ્ણદ્વૈપાયન–વેદવ્યાસે, ત્રણ વર્ષમાં આ સમગ્ર મહાભારતને સંપૂર્ણ રીતે રચી કાઢયું છે.[૪૮] “ જય ” નામના આ મહાભારત ગ્રંથનું નિત્ય ભક્તિથી શ્રવણ કરીને મનુષ્ય સદા લક્ષ્મી, કીર્તિ અને વિદ્યાઓને એકીસાથે સંપાદન કરે છે.[૪૯] “હે ભરતશ્રેષ્ઠ ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–આ ચાર પુરુષાર્થોના સંબંધમાં આ મહાભારતમાં જે કંઇ કહેવામાં આવ્યું છે,તેજ બીજાં શાસ્રોમાં કહ્યું છે;અને આમાં જે નથી કહ્યું તે બીજે કયાંય પણ નથી કહ્યું.”[૫૦] મોક્ષની ઇચ્છા રાખનારા પુરુષે ‘ જય ’ નામના આ ઇતિહાસનું શ્રવણ કરવું; અને બ્રાહ્મણે, રાજાએ તથા ગર્ભિણી સ્રીએ તો આનું અવશ્ય શ્રવણ કરવું.[૫૧] આનું શ્રવણ કરીને સ્વર્ગની ઇચ્છાવાળો સ્વર્ગને, જયની ઇચ્છાવાળો જયને તથા ગર્ભિણી સ્રી પુત્રને અથવા મહાભાગ્યશાળી કન્યાને મેળવે છે.[૫૨] સાક્ષાત્ મોક્ષસ્વરૂપ ભગવાન વેદવ્યાસે કેવળધર્મની ઇચ્છાથીજ આ મહાભારતની રચના કરી છે.[૫૩] તે ભગવાને સાઠલાખ શ્લોકોની આ મહાભારત સંહિતા રચેલી હતી; તેમાંના ત્રીસલાખ શ્લોકો દેવલોકમાં રહ્યા, પંદરલાખ શ્લોકો પિતૃલોકમાં રહ્યા, ચૌદલાખ શ્લોકો યક્ષલોકમાં રહ્યા અને એકલાખ શ્લોકો મનુષ્યોમાં કહેવાયા.[૫૪,૫૫] આ ભારતસંહિતા નારદે દેવોને સંભળાવી, અસિત–દેવલે પિતૃઓને સંભળાવી, શુકદેવે રાક્ષસોને તથા યક્ષોને સંભળાવી અને વૈશંપાયને મનુષ્યોને સંભળાવી.[૫૬] હે શૌનક ! જે મનુષ્ય વ્યાસે કહેલા, મહાન અર્થવાળા અને વેદતુલ્ય આ પવિત્ર ઈતિહાસનું શ્રેષ્ઠ બ્રાહ્મણ પાસેથી શ્રવણ કરે છે, તે પુરુષ આ લોકમાં સર્વ કામનાઓ તથા કીર્તિને મેળવી અંતે ઉત્તમ સિદ્ધિને પામે છે, એમાં મને કંઇ સંશય લાગતો નથી.[૫૭] ભગવાન વ્યાસ, કે જેમણે આ ભારતસંહિતા પોતાના પુત્રને ભણાવી હતી,તેમના ઉપર પરમ શ્રદ્ધા રાખીને જે પુરુષ આ મહાભારતનું બીજાને શ્રવણ કરાવે છે અથવા આ પવિત્ર ભારતાધ્યયનમાંથી માત્ર એક ચતુર્થાંશનું અથવા એક શ્લોક કે તેના એક ચરણનું પણ પઠનપાઠન કરે છે, તેને ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (અર્થાત્ વ્યાસ ઉપર શ્રદ્ધા રાખીને મહાભારતનું અવશ્ય અધ્યયન કરવું.)[૫૯]*

---

* અહીંથી પાંચ શ્લોક “ભારતસાવિત્રી”ને નામે પ્રસિદ્ધ છે. તે ભારતના સારસંગ્રહરૂપ કહેવાય છે.

मातापितृ सहस्राणि पुत्रदार शतानि च ।
संसारेष्वनु भूतानि यान्ति यास्यन्ति चापरे॥
हर्षस्थान सहस्राणि भयस्थान शतानि च ।
दिवसे दिवसे मूढमाविशन्ति च पण्डितम् ॥
ऊर्ध्वं बाहुर्विरौम्येष नात्र कश्चित् शृणोति मे।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥

न जातु कामान्न भयान्न लोभात्
धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये ।
जीवो नित्यो हेतुरस्य त्वनित्यः॥

इमां भारत सावित्रीं प्रातरुत्थाय यः पठेत् ।
स भारतफलं प्राप्य परं ब्रह्माधिगच्छति ॥

અનંત સંસારોમાં મનુષ્યોને હજારો માતાઓ તથા પિતાઓનો અને સેંકડો સ્ત્રીપુત્રાદિનો અનુભવ થયેલો છે,વર્તમાનકાળમાં થઇ રહ્યો છે અને ભવિષ્યમાં થશે.[૬૦] આ જગતમાં હજારો હર્ષજનક તથા સેંકડો ભયજનક સ્થાનકો છે; પરંતુ તેઓ પ્રતિદિન મૂઢ મનુષ્યોમાં પોતાનો પગપેસારો કરે છે, જ્ઞાની મનુષ્યોમાં નહિ.[૬૧] (ભગવાન વ્યાસ કહે છે કે,) મારા બાહુઓ ઉંચા કરીને હું પોકાર કરૂં છું, છતાં મારૂં કોઇ સાંભળતું નથી. (તે એજ કે,) ધર્મથીજ અર્થ અને કામની ઉત્પત્તિ થાય છે, છતાં તમે ધર્મનું સેવન કેમ કરતા નથી?[૬૨] કામ, ભય, લોભ અથવા જીવિતના નિમિત્તે કદી પણ ધર્મનો ત્યાગ કરવો નહિ; કેમકે ધર્મ નિત્ય છે, સુખદુઃખ અનિત્ય છે,જીવ નિત્ય છે અને જીવને સંસારના કારણરૂપ શરીરાદિ અનિત્ય છે. જે પુરુષ આ ભારતસાવિત્રીનું નિત્ય પ્રાતઃકાળે પઠન કરે છે, તેને ભારતનું ફળ પ્રાપ્ત થાય છે અને અંતે તે પરબ્રહ્મને પામે છે.[૬૪] જેમ ભગવાન સમુદ્ર અને મહાગિરિ હિમાલય રત્નોના ભંડારરૂપે પ્રસિદ્ધ છે, તેમ આ મહાભારત પણ રત્નોના ભંડારરૂપજ કહેવાય છે.[૬૫] વેદવ્યાસે રચેલા આ વેદનું બીજાને શ્રવણ કરાવીને વિદ્વાન પુરુષ ધર્માર્થકામરૂપ પુરુષાર્થોને સંપાદન કરે છે. જે પુરુષ અત્યંત એકાગ્ર થઇને આ ભારત આખ્યાનનું શ્રવણ કરે છે, તે ઉત્તમ સિદ્ધિને પામે છે, એમાં કંઇ સંશય નથી.[૬૬] વ્યાસ ભગવાનના મુખમાંથી નીકળેલું આ મહાભારત અનુપમ છે, પુણ્યદાયી છે, પવિત્ર છે, પાપોને હરણ કરનારૂં છે અને મંગળસ્વરૂપ છે;માટે બ્રાહ્મણાદિદ્વારા વંચાતા તે મહાભારતનું જે પુરુષ શ્રવણ કરે છે, તેને પુષ્કર આદિ તીર્થજળોમાં સ્નાન કરવાનું શું પ્રયોજન છે?[૬૭] એક પુરુષ વેદને જાણનારા અને સર્વશાસ્ત્રસંપન્ન બ્રાહ્મણને સુવર્ણનાં શીંગડાંવાળી સો ગાયોનું દાન કરે અને બીજો પુરુષ નિત્ય પવિત્ર ભારતકથાનું શ્રવણ કરે તો તેઓ બન્નેને સમાન ફળ મળે છે.[૬૮]

ઇતિ શ્રીમહા૦ સ્વર્ગારોહણ પર્વમાં
'ભારત સાવિત્રી' એ વિષયનો
અધ્યાય ૫ મો સમાપ્ત

स्वर्गारोहण पर्व समाप्त

भारतश्रवणविधि*

॥ जनमेजय उवाच ॥

भगवन् केन विधिना श्रोतव्यं भारतं बुधैः ।
फलं किं के च देवाश्च पूज्या वै पारणेष्विह ॥ १ ॥

જનમેજયે પૂછ્યું:–હે ભગવન્! વિદ્વાનોએ મહાભારતનું કયા વિધિથી શ્રવણ કરવું? તેના શ્રવણનું ફળ શું છે? અને તેના પારાયણમાં કયા દેવોનું પૂજન કરવું?[૧] હે ભગવન્! પ્રત્યેક પર્વની સમાપ્તિના સમયે કયી વસ્તુનું દાન કરવું? અને તેનો વાંચનાર કેવો હોવો જોઇએ? તે મને કહો.[૨]

વૈશંપાયને કહ્યું:–હે રાજન્! ભારતના શ્રવણનો વિધિ અને ભારતના શ્રવણથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે વિષે તું મને જે પૂછે છે, તે સાંભળ.[૩] હે રાજા! સ્વર્ગના દેવતાઓ ક્રીડા કરવામાટે આ પૃથ્વીપર આવ્યા હતા અને તેઓ તે કાર્ય કરીને સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. ઋષિઓ તથા દેવતાઓની આ પૃથ્વીપર જે ઉત્પત્તિ થઇ હતી તેને હું કહું છું તે તું એકાગ્ર થઇને સાંભળ.[૫] હે ભરતશ્રેષ્ઠ! આ ભારતમાં રુદ્રો, સાધ્યો, સનાતન વિશ્વેદેવાઓ, આદિત્યો, અશ્વિનીકુમારો, લોકપાલો, મહર્ષિઓ, ગુહ્યકો, ગંધર્વો, નાગો, વિદ્યાધરો, સિદ્ધો, સ્વયંભૂ, ધર્મ, શ્રેષ્ઠ મુનિ કાત્યાયન, પર્વતો, સમુદ્રો, નદીઓ, અપ્સરાઓના ગણો, ગ્રહો, સંવત્સરો, અયનો, ઋતુઓ તથા સ્થાવર–જંગમ સર્વ જગત અને દેવો તથા અસુરો એકજ સ્થળે રહેલા જોવામાં આવે છે. તેઓની પ્રતિષ્ઠાનું શ્રવણ કરવાથી અને તેમનાં નામ તથા કર્મોનું કીર્તન કરવાથી મનુષ્યે ઘોર પાપ કરેલું હોય તોપણ તત્કાળ તે મુક્ત થાય છે.[૧૦] આ ઈતિહાસનું યથાર્થરીતે અનુક્રમે શ્રવણ કરી તેમજ મનને વશ રાખી, પવિત્ર થઇ, ભારતના પારને પામી પાપથી મુક્ત થવાય છે.[૧૧] હે ભારત! ભારતનું શ્રવણ કર્યા પછી તેમાં વર્ણવેલા રાજાઓનિમિત્તે શ્રાદ્ધપ્રદાન કરવાં; અને હે ભરતશ્રેષ્ઠ! બ્રાહ્મણોને યથાશકિત મોટાં મોટાં દાનો આપવાં. અનેક પ્રકારનાં રત્નો, ગાયો, કાંસાનાં દોહનપાત્રો, સારી રીતે શણગારેલી અને સર્વ કામગુણોથી યુક્ત કન્યાઓ, તરેહ તરેહનાં વાહનો, વિચિત્ર ભવનો, વસ્ત્રો, સુવર્ણ, ઘોડાઓ, મદમત્ત હાથીઓ, શયનો, પાલખીઓ તથા સુશોભિત રથોનાં પણ દાન કરવાં.[૧૨–૧૫] પોતાના ઘરમાં જે જે મહાશ્રેષ્ઠ વસ્તુઓ હોય તે તે બ્રાહ્મણોને અર્પણ કરવી; તેમજ પોતાનો આત્મા, સ્ત્રીઓ તથા પુત્રો સુદ્ધાં અર્પણ કરવાં.[૧૬] પરમ શ્રદ્ધાયુક્ત થઇને અનુક્રમે પોતાની શકિત પ્રમાણે ભારતના પારને પહોંચેલો, પ્રસન્ન મનવાળો, હર્ષયુક્ત, સેવ્ય વર્ગની સેવા કરનારો, સંશયરહિત, સત્ય તથા સરળતાથી યુક્ત, દમગુણનિષ્ઠ, પવિત્ર, શૌચાચારથી યુકત શ્રદ્ધાળુ અને ક્રોધને જીતનાર મનુષ્ય જે રીતે થવાય છે, તે તું સાંભળ.[૧૭,૧૮] મહાભારત વાંચનારો પવિત્ર, શીલસંપન્ન આચરણવાળો, ઉજ્જવળ વસ્ત્ર ધારણ કરનારો, જિતેંદ્રિય, સંસ્કારી, સર્વ શાસ્ત્રને જાણનારો, શ્રદ્ધાળુ, અસૂયારહિત, રૂપસંપન્ન, ઉત્તમ ભાગ્યવાળો, ઇંદ્રિયનિગ્રહી, સત્યવાદી, જિતેંદ્રિય અને દાન તથા માનથી વશ કરેલો હોવો જોઇએ.[૧૯,૨૦] તેવા વાચકે મનને શાંત રાખી સ્વસ્થ અને અત્યંત એકાગ્ર થઇ સારા આસનપર બેસવું અને પછી ધીમે ધીમે ધીરતાપૂર્વક, ઉર્જસ્વલરીતે છુટા છુટા અક્ષરો તથા પદોનો ઉચ્ચાર કરીને સ્વર, ભાવ, ત્રેસઠ વર્ણ તથા તાલ આદિ આઠ સ્થાનોની સમીરણાપૂર્વક મહાભારત વાંચવું.[૨૧,૨૨] પ્રથમ

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।

---

* આ અધ્યાય મૂળ મહાભારતમાં નથી; પણ પંડિત નીલકંઠનું કહેવું છે કે, "હરિવંશની છેવટે કહેલો આ અધ્યાય શ્રોતાઓની જાણને અર્થે મહાભારતની છેવટે લેવો ઉચિત છે."

देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી જય નામના આ ભારતગ્રંથનો આરંભ કરવો. હે ભારત રાજન્ ! પૂર્વોક્ત લક્ષણવાળા વાચક પાસેથી નિયમનિષ્ઠ તથા પવિત્ર થઈને ભારતનું શ્રવણ કરનારો પુરુષ આ પ્રમાણેના ફળને મેળવે છે.[૨૩,૨૪] પ્રથમ પારાયણના સમયે બ્રાહ્મણોને તેઓની ઇચ્છાનુસાર તૃપ્ત કરનારો પુરુષ અગ્નિષ્ટોમ યજ્ઞના ફળને પામે છે;[૨૫] ઉપરાંત તે પુરુષને અપ્સરાઓના સમુદાયોથી ભરપૂર મોટું વિમાન મળે છે અને અત્યંત હર્ષ પામેલો તે પુરુષ અંતે સાવધાન થઇને દેવોની સાથે સ્વર્ગમાં જાય છે.[૨૬] બીજી વખતના પારાયણસમયે મનુષ્યને અતિરાત્ર યજ્ઞનું ફળ મળે છે અને સર્વ રત્નોથી ભરપૂર દિવ્ય વિમાનમાં આરોહિત થઇ; તેમજ દિવ્ય માળાઓ તથા વસ્ત્રો ધારણ કરી, દિવ્ય ચંદનથી સુશોભિત થઈ અને દિવ્ય બાજુબંધો ધારણ કરી તે પુરુષ દેવલોકમાં નિત્ય પૂજાય છે.[૨૮] ત્રીજી વખતના પારાયણસમયે મનુષ્યને ' દ્વાદશાહ ' નામના યજ્ઞનું ફળ મળે છે; ઉપરાંત દેવોની સમાન થઇને તે દશ હજારો હજાર વર્ષોપર્યંત સ્વર્ગમાં રહે છે.[૨૯] ચોથા પારાયણના સમયે વાજપેય યજ્ઞનું ફળ તથા પાંચમા પારાયણ વખતે તેથી બેગણું ફળ પ્રાપ્ત થઇ ઉદય પામેલા સૂર્યસમાન પ્રજ્વળી રહેલા અગ્નિતુલ્ય વિમાનમાં દેવોની સાથે બેસીને મનુષ્ય સ્વર્ગમાં જાય છે. ત્યાં ઇંદ્રના ભવનમાંજ દશહજાર વર્ષોપર્યંત આનંદ કરે છે. છઠ્ઠા પારાયણમાં પાંચમા કરતાં બેગણું ફળ અને સાતમામાં તેથી ત્રણગણું ફળ પ્રાપ્ત થાય છે; તેમજ કૈલાસનાં શિખરો જેવા આકારનું, વૈડૂર્યમણિની વેદિકાવાળું, અનેક રત્નોથી વિંટાયેલું, મણિઓ અને પરવાળાંથી શોભી રહેલું, ઇચ્છાનુસાર ગતિ કરનારૂં તથા અપ્સરાઓના ગણોથી વ્યાપ્ત વિમાન મનુષ્યને પ્રાપ્ત થાય છે; અને તેમાં બેસીને તે બીજા સૂર્યની પેઠે સર્વ લોકમાં વિચરે છે. આઠમા પારાયણમાં મનુષ્યને રાજસૂય યજ્ઞનું ફળ મળે છે. ચંદ્રના ઉદયસમાન સુંદર વિમાનમાં તે બેસે છે, કે જે વિમાનને ચંદ્રનાં કિરણો જેવા ઉજ્જ્વળ અને મનસમાન વેગવાળા ઘોડાઓ જોડેલા હોય છે. એ વિમાનમાં ચંદ્ર કરતાં પણ અત્યંત સુંદર મુખવાળી સ્ત્રીઓવડે તે સેવાય છે; અને ઉત્તમ સ્ત્રીઓના ખોળામાં સુખેથી નિદ્રાવશ થયેલો તે મનુષ્ય સ્ત્રીઓના મેખલાઓના ખનખનાટથી તથા ઝાંઝરોના ઝણકારથી સુખપૂર્વક જાગ્રત થાય છે. હે ભારત ! નવમા પારાયણમાં મનુષ્યને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે; ઉપરાંત સુવર્ણના સ્તંભો તથા પાટડાઓથી યુક્ત વૈડૂર્યમણિની વેદિકાઓવાળું, સુવર્ણનાં દિવ્ય જાળીઆંઓથી ચોતરફ વિંટાયેલું; તેમજ અપ્સરાઓના ગણો, ગંધર્વો તથા બીજા અનેક દેવોથી સેવાયેલું વિમાન તેને પ્રાપ્ત થાય છે. તેમાં બેસીને ઉત્તમ શોભાથી પ્રકાશમાન, દિવ્ય માળાઓ તથા વસ્ત્રોને ધારણ કરનારો તથા દિવ્ય ચંદનથી ચર્ચાયલો તે મનુષ્ય, દેવતાઓની સાથે બીજા દેવની પેઠે સ્વર્ગમાં આનંદ કરે છે.[૪૦] દશમા પારાયણના સમયે મનુષ્ય બ્રાહ્મણોને વંદન કરી ઘુઘરીઓના ગુચ્છાઓથી ગાજી રહેલું, પતાકાઓ તથા ધ્વજાઓથી શોભી રહેલું, રત્નોની વેદિકાઓથી વ્યાપ્ત, વૈડૂર્યમણિનાં તોરણોથી યુક્ત, સુવર્ણની સેરોથી વિંટાયેલું, પ્રવાલમણિની વલભીઓ(ગૃહના ઉપરના ભાગમાં ઢાંકવાનાં છજાંઓ) જેના અગ્રભાગમાં હોય છે તેવું, ગીતકુશળ ગંધર્વો તથા અપ્સરાઓથી શોભી રહેલું અને પુણ્યના નિવાસસ્થાનરૂપ વિમાન અનાયાસે મેળવે છે.[૪૧-૪૩] પછી તેમાં બેસીને એ મનુષ્ય સુવર્ણથી શોભી રહેલા અગ્નિવર્ણા મુકુટને મસ્તકે ધારણ કરી, દિવ્ય ચંદનથી ચર્ચિત અંગવાળો થઇ તેમજ દિવ્ય માળાઓથી શોભાયમાન થઇ દિવ્ય ભોગો સાથે દિવ્ય લોકોમાં વિહાર કરે છે; અને ત્યાં દેવતાઓની કૃપાથી પરમ શોભાસંપન્ન થયેલો તે મનુષ્ય સંખ્યાબંધ વર્ષોપર્યંત સ્વર્ગલોકમાં પૂજાય છે. પછી ગંધર્વોની સાથે રહી એકવીસહજાર વર્ષપર્યંત ઇંદ્રના સુંદર નગર-

માં ઇંદ્રની સાથે આનંદ કરે છે. વળી તે મનુષ્ય બીજા દેવની પેઠે દિવ્ય વાહનો, વિમાનો તથા અનેક લોકોમાં દિવ્ય સ્ત્રીઓની સાથે નિવાસ કરે છે; અને પછી હે રાજા ! સૂર્યના ભવનમાં, ચંદ્રના ભવનમાં તથા શંકરના ભવનમાં વિહાર કરી વિષ્ણુના સાયુજ્યને પામે છે.

હે મહારાજા! આ પ્રમાણે મેં જે કહ્યું, તે તેમજ છે; માટે તેમાં કંઈ વિચાર કરવો નહિ. મારા ગુરુએ પણ મને એમજ કહ્યું છે કે, “મનુષ્યે મહાભારત ઉપર અવશ્ય શ્રદ્ધાળુ થવું.” મહાભારતના વાંચનારાને પણ તેના મનમાં જેની જેની ઈચ્છા હોય તે તે આપવું; ઉપરાંત હાથીઓ, ઘોડાઓ, રથો, પાલખીઓ, વાહનો, સુવર્ણનાં કડાં, કુંડળો, બ્રહ્મસૂત્રો (જનોઇઓ), તરેહ તરેહનાં વસ્ત્રો તથા જાત જાતના સુગંધી પદાર્થો—આ વસ્તુઓ ખાસ કરીને આપવી; અને દેવની પેઠે બ્રાહ્મણનું પૂજન કરવું, જેથી શ્રોતાને વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે.[૪૪–૫૨] હવે પછી હે રાજા ! ભારતના વાચનસમયે પ્રત્યેક પર્વે જે જે વસ્તુનાં દાન આપવાં જોઇએ, તે વિષે હું તને કહું છું.[૫૩] હે ભરતશ્રેષ્ઠ રાજા ! ક્ષત્રિયોએ જાતિ, દેશ, સત્યતા, માહાત્મ્ય, ધર્મ તથા વૃત્તિ જાણીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી કાર્ય ચાલુ કરવું; અને જ્યારે પર્વ સમાપ્ત થાય ત્યારે પોતાની શક્તિ પ્રમાણે તેમનું પૂજન કરવું. શરૂઆતમાં તો હે રાજા! વસ્ત્ર તથા ચંદન વગેરેથી યુક્ત વાંચનારાને ઉત્તમ મિષ્ટ દૂધપાક વિધિ પ્રમાણે જમાડવો. તે પછી આસ્તીકપર્વ આવે ત્યારે મુખ્યભાગે ફળમૂળોની સાથે મધ તથા ઘી નાખેલો દૂધપાક જમાડવો અને ગોળ તથા ભાતનું દાન કરવું. આની સાથે માલપુડા તથા લાડુઓ પણ હોવા જોઇએ. હે રાજેન્દ્ર! સભાપર્વ શરૂ થાય ત્યારે બ્રાહ્મણોને હવિષ્યાન્ન જમાડવું, આરણ્યક પર્વ આવે ત્યારે ઉત્તમ બ્રાહ્મણોને ફળ તથા મૂળોથી તૃપ્ત કરવા, અરણી પર્વ શરૂ થાય ત્યારે જળના કળશો, તર્પણો, વનનાં મુખ્ય ફળમૂળો તથા સર્વ ઇષ્ટ ગુણોથી યુકત અન્ન બ્રાહ્મણોને આપવું.[૫૪–૬૦] હે ભરતશ્રેષ્ઠ! વિરાટપર્વ આવે ત્યારે જાતજાતનાં વસ્ત્રો આપવાં અને ઉદ્યોગપર્વના સમયે ચંદન તથા પુષ્પમાળાઓથી શણગારેલા બ્રાહ્મણોને સર્વ ઇષ્ટ ગુણોથી યુક્ત ભોજન જમાડવું; તેમજ હે રાજેન્દ્ર ! ભીષ્મપર્વ શરૂ થાય ત્યારે સર્વોત્તમ વાહન અર્પણ કરીને સર્વ ગુણોવાળું અને અત્યંત સંસ્કારી અન્ન તેમને આપવું. દ્રોણપર્વ વખતે બ્રાહ્મણોને પરમ માન્ય ભોજન આપવું; અને હે રાજેન્દ્ર! બાણો,ધનુષ્યો તથા શ્રેષ્ઠ તરવારો આપવી. કર્ણપર્વ શરૂ થાય ત્યારે મનને વશ રાખી સર્વને પ્રિય એવું સંસ્કારી ભોજન બ્રાહ્મણોને અર્પણ કરવું. વળી હે રાજેન્દ્ર! શલ્ય પર્વ આવતાં લાડુ, ગોળભાત, માલપુડા તથા તૃપ્ત કરે એવું સર્વ પ્રકારનું અન્ન આપવું; અને ગદાપર્વ આવે ત્યારે મગથી મિશ્ર અન્ન આપવું.[૬૬] સ્ત્રીપર્વ શરૂ થાય ત્યારે ઉત્તમ બ્રાહ્મણોને રત્નો આપીને તૃપ્ત કરવા; તેમજ ઐષીક પર્વમાં પ્રથમ ઘીભાત અર્પણ કરવાં, પછી સર્વ ગુણોથી યુક્ત અને અતિ સંસ્કારી અન્ન આપવું. શાંતિપર્વ શરૂ થાય ત્યારે બ્રાહ્મણોને હવિષ્યાન્ન જમાડવું;[૬૭,૬૮] અને આશ્વમેધિક પર્વ આવે, ત્યારે સર્વને પ્રિય એવું ભોજન આપવું. તે પછી આશ્રમનિવાસ પર્વ આવે એટલે બ્રાહ્મણોને હવિષ્યાન્ન જમાડવું. મૌસલ પર્વમાં સર્વગુણસંપન્ન ચંદન, માળાઓ તથા વિલેપન અર્પણ કરવાં. મહાપ્રસ્થાનિક પર્વ શરૂ થાય, ત્યારે સર્વ ઈષ્ટ ગુણોવાળું ભોજન આપવું; અને સ્વર્ગારોહણ પર્વ આવે ત્યારે બ્રાહ્મણોને હવિષ્યાન્ન અર્પણ કરવું. પછી જ્યારે હરિવંશની સમાપ્તિ થાય ત્યારે એક હજાર બ્રાહ્મણો જમાડવા અને એક બ્રાહ્મણને સુવર્ણના કંઠાવાળી એક ગાયનું દાન કરવું. હે રાજા ! શ્રોતા યજમાન જો દરિદ્ર હોય તો તેણે પૂર્વોક્ત દાનોમાંથી અર્ધનું પણ દાન કરવું.[૬૯–૭૨] વિચક્ષણ શ્રોતાએ પ્રત્યેક પર્વની સમાપ્તિ થાય ત્યારે સુવર્ણયુક્ત એક પુસ્તકનું વાચકને દાન કરવું.[૭૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! હરિવંશ પર્વ શરૂ થાય ત્યારે અને પ્રત્યેક પારાયણે પારાયણે બ્રાહ્મણને દૂધપાકનું ભોજન આપવું.[૭૪] આ રીતે

સર્વ સંહિતાઓ સમાપ્ત કરીને શાસ્ત્રવેત્તા પુરુષે સાવધાન થઇ તેઓને શુભ પ્રદેશમાં સ્થાપવી અને તેઓનાપર રેશમી વસ્ત્ર ઓઢાડવાં.[૭૫] પછી શ્વેત વસ્ત્રો ધારણ કરી, પુષ્પમાળા પહેરી, પવિત્ર થઇને ઉત્તમ અલંકારો ધારણ કરવા અને ચંદન તથા પુષ્પમાળાઓવડે જૂદી જૂદી સર્વ સંહિતાઓનું યથાવિધિ પૂજન કરવું. આ પછી હે રાજા! નિયમનિષ્ઠ તથા અત્યંત સાવધાન થઇને જૂદા જૂદા ભક્ષ્ય પદાર્થો, પુષ્પોની માળાઓ, જાતજાતના પીવાના પદાર્થો તથા બીજા અનેક પ્રકારના ઇચ્છિત પદાર્થો અર્પણ કરીને વાચકને સુવર્ણ તથા રૂપામહોરની દક્ષિણા આપવી. સર્વ પારાયણવેળા નિયમો પાળનારા મનુષ્યે ત્રણ પલ* સોનું આપવું અને તેટલું આપવા જો અશક્તિ હોય તો તેનો અર્ધભાગ અથવા છેવટે તેનો ચતુર્થાંશ પણ દ્રવ્યદાનની શઠતા કર્યા વિના અવશ્ય આપવો જોઇએ. જે જે વસ્તુ પોતાને પ્રિય હોય, તે તે સર્વ વસ્તુઓનું વાચક બ્રાહ્મણને દાન આપવું અને પોતાના ગુરુ તે વાચકને દરેક રીતે ભક્તિથી પ્રસન્ન કરવો. પછી સર્વ દેવતાઓનું તથા નરનારાયણનું કીર્તન કરવું અને ઉત્તમ બ્રાહ્મણોને ચંદન તથા પુષ્પમાળાઓથી શણગારીને તરેહ તરેહનાં નાનાં મોટાં ઇચ્છિત દાનોવડે તૃપ્ત કરવા.[૭૬–૮૧] આમ કરવાથી મનુષ્ય અતિરાત્ર યજ્ઞનું ફળ પામે છે; તેમજ હે ભરતશ્રેષ્ઠ! સ્પષ્ટ અક્ષર, પદ તથા સ્વરવાળો વાચક પણ પર્વે પર્વે યજ્ઞના ફળને મેળવે છે. હે ભરતશ્રેષ્ઠ! વિદ્વાન વાચકેજ ભારતનું શ્રવણ કરાવવું. શ્રોતા યજમાને બ્રાહ્મણો ભોજન કરતા હોય,ત્યારે સારી રીતે શણગારેલા વાચકને પણ ભોજન કરાવીને વિધિ પ્રમાણે દાન આપવું.[૮૨–૮૪] વાંચનારો જો પ્રસન્ન થાય છે, તો શ્રોતા સર્વોત્તમ સુંદર પ્રીતિને મેળવે છે; તેમજ સર્વ બ્રાહ્મણો પ્રસન્ન થતાં સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે.[૮૫] તે પછી હે ભરતશ્રેષ્ઠ! અનેક પ્રકારના ઉત્તમ સર્વ ઇષ્ટ પદાર્થો અર્પણ કરીને બ્રાહ્મણોનું યથાયોગ્ય રીતે વરણ કરવું. હે મનુષ્યોમાં શ્રેષ્ઠ રાજા! તેં મને પૂછ્યું હતું તેથી આ વિધિ મેં તને કહ્યો છે, તે ઉપર તારે શ્રદ્ધા રાખવી.[૮૭] હે ઉત્તમ રાજા! ઉત્તમ કલ્યાણની ઇચ્છા રાખનારા પ્રત્યેક પુરુષે ભારતનું શ્રવણ કરવામાં તથા તેનું પારાયણ કરવામાં નિત્ય યત્નશીલ રહેવું.[૮૮] ભારતનું નિત્ય શ્રવણ કરવું તથા તેનું નિત્ય કીર્તન કરવું. જેના ઘરમાં મહાભારત હોય છે, તેને જય હસ્તગત છે.[૮૯] ભારત પરમ પવિત્ર છે, તેમાં અનેક કથાઓ છે, તેનું દેવતાઓ પણ સેવન કરે છે અને તે પરમપદ–મોક્ષરૂપ છે.[૯૦] હે ભરતશ્રેષ્ઠ! હું તને સત્ય કહું છું કે, સર્વ શાસ્ત્રોમાં ભારત ઉત્તમ છે અને તેનાથી મોક્ષની પણ પ્રાપ્તિ થઈ શકે છે.[૯૧] મહાભારતના આખ્યાનનું, પૃથ્વીનું, ગાયનું, સરસ્વતીનું, બ્રાહ્મણોનું તથા શ્રીવિષ્ણુ ભગવાનનું કીર્તન કરનારો મનુષ્ય કદી નાશ પામતો નથી.[૯૨] હે ભરતશ્રેષ્ઠ! વેદ, રામાયણ અને પવિત્ર ભારત–એ સર્વમાં આદિ, મધ્ય તથા અંતમાં શ્રીહરિનુંજ કીર્તન કરવામાં આવ્યું છે.[૯૩] જે મનુષ્ય આ લોકમાં રહીને પરમ પદની ઇચ્છા રાખતો હોય તેણે જેમાં વિષ્ણુની દિવ્ય કથાઓ વર્ણવી છે; અને સનાતન શ્રુતિઓનું પ્રતિપાદન કરેલું છે, તે આ ભારતનું નિત્ય શ્રવણ કરવું.[૯૪] આ ભારત પરમ પવિત્ર છે, ધર્મને દર્શાવનારૂં છે અને સર્વગુણોથી સંપન્ન છે; માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારા પુરુષે આનું શ્રવણ કરવું. આનું શ્રવણ કરવાથી કાયિક,વાચિક તથા માનસિક–સર્વ પાપ સૂર્યોદય થતાં અંધકાર જેમ નાશ પામે, તેમ નાશ પામે છે. વિષ્ણુભક્ત હરકોઇ પુરુષ અઢાર પુરાણોના શ્રવણથી જે સુખને પામે છે, તે ફળને આ ભારરતનું શ્રવણ કરનાર પણ મેળવે છે, એમાં કંઇ સંશય નથી.[૯૭] સ્ત્રીઓ તથા પુરુષો આ ભારતશ્રવણથી વૈષ્ણવ પદને પામે છે.પુત્રની ઇચ્છા રાખનારી સ્ત્રીઓએ તો વિષ્ણુના યશરૂપ

---

* પલનું શાસ્ત્રોમાં પ્રમાણ આપતાં કહેવામાં આવ્યું છે કે, **पलंकर्ष चतुष्टयम्** એટલે ચાર કર્ષનો એક પલ થાય છે. એક કર્ષ એક રૂપિયા જેટલો થાય એટલે ત્રણ પલ કહેતાં બાર રૂપિયાભાર સોનું થાય.

આ ભારતનું અવશ્ય શ્રવણ કરવું.[૯૮] શાસ્ત્રોક્ત ફળની ઇચ્છા રાખનારા શ્રોતાએ ભારતના વાચકને પોતાની શક્તિ પ્રમાણે પાંચ સોનામહોરોની દક્ષિણા આપવી;[૯૯] તેમજ પોતાનું શ્રેય ઇચ્છીને સુવર્ણનાં શીંગડાંવાળી તથા વસ્ત્ર ઓઢાડેલી એક કપિલાગાયનું વાચકને દાન કરવું. ઉપરાંત હે ભરતશ્રેષ્ઠ! હાથના તથા કાનના અલંકારો આપવા અને પુષ્કળ ધન પણ આપવું.[૧૦૧] હે રાજા! (જો બની શકે તો) વાચકને પૃથ્વીનું દાન પણ કરવું; કેમકે પૃથ્વીના દાન જેવું બીજું એક પણ દાન ભૂતકાળમાં થયું નથી અને ભવિષ્યકાળમાં થશે નહિ.[૧૦૨] જે પુરુષ ભારતનું નિત્ય શ્રવણ કરે છે તથા બીજાને શ્રવણ કરાવે છે, તે પુરુષ સર્વ પાપથી મુક્ત થઇને વિષ્ણુના પદને પામે છે; એટલુંજ નહિ પણ હે ભરતશ્રેષ્ઠ! તે પુરુષ પોતાની અગિયાર પેઢીના પિતૃઓનો, પોતાનો પોતાના પુત્રનો તથા સ્ત્રીનો ઉદ્ધાર કરે છે. હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા! મહાભારતના શ્રવણ પછી દશાંશ હોમ પણ કરવો. હે નરોત્તમ! મેં તારી આગળ આ સર્વ(યથાયોગ્ય) કહ્યું છે.[૧૦૫]

ઇતિશ્રી૦ એકલક્ષાત્મક વ્યાસરચિત શ્રીમહાભારત સંહિતાવિષે હરિવંશોક્ત
"ભારતશ્રવણવિધિફળ" એ
વિષય સમાપ્ત

* * *

भारतश्रवणविधि समाप्त

श्रीमहाभारत

समाप्त

ग्रंथसेवननो महिमा

(અનેક ઉત્તમ પુરુષોના ઉદ્દગાર)

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવાવિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના–સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે?

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે."

"સ્વામી વિવેકાનંદ"

"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે આંતર્વિચાર પણ કરી શકશો."

"મહાત્મા ગાંધીજી"

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામથી નથી મળતો." × × × "માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી." × × × "બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિસિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય." × × × "સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્યસિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે." **"બંકિમચંદ્ર"**

"ગરીબોને દરિદ્રતામાંથી છોડવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શકિત છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી."

"મારડન"

"જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે અને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો એ આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો એ આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણીભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો એ તે પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે."

"સ્વર્ગનાં રત્નો"

"પુસ્તકોપ્રત્યેનો સ્નેહ એ ઇશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવાસમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"ખોરાકવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે."

એક વિદ્વાન ઠીકજ કહે છે કે "વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઇ મને આખા

હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ. ”

“ પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે. ”

“ એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કેઃ–‘માણસને લુગડાંલત્તાંની જેટલી જરૂર નથી, તેટલી પુસ્તકોની છે.’ તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાંસુધી લુગડાં લેવાનું મુલતવી રાખતો. તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં હતાં. તે વાંચતો ત્યારે ત્યારે ‘હું વધારે સારો થયો છું’ એમ તેને લાગતું. ”

“ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે; અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે.”

“ સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો. ”

“ ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો એ ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કેઃ–‘ અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે. ’ શું આ માનસવાણી ઓછી કિંમતી છે ? ”

उत्तम जीवनचरित्रोनो महिमा

“જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવામાટે પ્રયત્ન કરે છે, તેમ ચરિત્રરૂપી આરસીથી પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ–તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે; તેના કરતાં એવા ગુણોથી અંકિત થઇ પ્રખ્યાતિમાં આવેલા મહાપુરુષોનાં ચરિત્રો વાંચી સમજવાથી અધિક અસર થાય છે. વાંચનારના સ્મરણસ્થાનમાં તેની આબાદ ઊંડી છાપ પડે છે અને પછી તે તેને અનુસરીને ઉત્તેજિત થઇને બહાર પડે છે. ”

“ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદસુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે.”

“ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ; અને મોટાઓનાં કામોમાં તેમની સાથે હિસ્સેદાર થવાને પ્રેરાઇએ છીએ. આ પ્રમાણે જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમાંના દાખલાઓ જોઇને સ્ફુરણાયમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળમાં સહવાસ કરવા બરાબર છે. ”

“ મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે. ”

“ શિક્ષણનું મોટામાં મોટું લક્ષ્ય ચરિત્રસંગઠન છે અને ચરિત્રસંગઠનમાં મોટામાં મોટી મદદ મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોના અભ્યાસથી મળે છે;માટે જીવનચરિત્રનો અભ્યાસ કરવો એ શિક્ષણનું એક મોટામાં મોટું અંગ માનવું જોઇએ. ”

“ માનવજાતિના વર્તનને ઉચ્ચ સ્થિતિએ લાવવામાં રૂડાં મનુષ્યોનાં જીવનચરિત્રોએ જે અસર નિપજાવી છે, તેનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું થોડું છે. ”

આર્યોના પરમહિતકારી ધાર્મિક-ઐતિહાસિક મહાન ગ્રંથ

શ્રી વાલ્મીકિ રામાયણ

પૃષ્ઠ ૧૩૪૪, ૩૬ ચિત્ર, પાકાં પૂંઠાં,

મૂલ્ય માત્ર ૬, બે ભાગમાં ૬॥

* * *

ઉત્તમ ગુજરાતી ભાષાંતર ઉપરાંત આ ગ્રંથમાંઃ-
હનુમાન ઇત્યાદિ વાનર હતા કે મનુષ્ય? રાવણને માથાં
દશ હતાં કે એક? હનુમાન સમુદ્ર કૂદીને ગયેલા કે તરીને?
વગેરે અનેક બાબતોપર નવીજ પ્રકાશ પાડનારા તથા
રામાયણનો અદ્‌ભુત પ્રભાવ અને ઉપકારકતા
દર્શાવનારા અનેક લેખો જોડાયલા છે.

* * *

સ્વ. મણિલાલ નભુભાઈ કહે છે કેઃ-" આપણાં પુરાણ વગેરે અનેકાનેક ચરિત્રોથી ભરપૂર છે; પરંતુ રામકથા આપણામાં જે વિશુદ્ધિ પ્રેરે છે, નિત્ય દૃષ્ટિએ આવતા પ્રસંગોનું વર્ણન કરી રામના માહાત્મ્યદ્વારા શુદ્ધ નિયમનો માર્ગ દર્શાવે છે, અને એમ છેક પરમ જ્ઞાનસુધીનો માર્ગ બોધે છે, તે બીજા કોઈ પણ ગ્રંથમાં સમગ્રરૂપે મળી આવવું સુલભ નથી. "

આર્યોનીપરમહિતકારી ધાર્મિક અને ઐતિહાસિક રામાયણો

श्री तुलसीकृत रामायण

આમાં ઉત્તમ ગુજરાતી ભાષાન્તર હોવા સાથે હરકોઇ વાંચી શકે તે
માટે મૂળ દોહા-ચોપાઈ પણ મોટા ગુજરાતી અક્ષરમાં લીધા છે.
વળી આર્ટ પેપરમાં છપાવેલાં ૪૦ બોધપ્રદ ચિત્રો, ખાસ
જાણવા જેવા રામાયણસંબંધી વિચારો, સુંદર છપાઈ,
સ્વદેશી કાગળ, ૧૪૨૪ પૃષ્ઠ, ૬॥।×૧૦ નું કદ તથા
પાકાં પૂંઠાં સાથે રૂ. ૬), પોસ્ટેજ વી. પી. રૂા. ૧।

श्री गिरधरकृत रामायण

આવા મોટા અક્ષરોમાં શુદ્ધ આવૃત્તિ તૈયાર છે.

પૃષ્ઠ ૭૮૦, કદ ૫॥।×૯, પાકું પૂંઠું તથા ચિત્રો સાથે રૂ. ૨।

આ ગ્રંથ કવિ ગિરધરદાસના હાથદસ્કતની પ્રત ઉપરથી, શુદ્ધિપૂર્વક
તથા કડીએ કડી છૂટી પાડીને છપાવા ઉપરાંત આમાં રામાયણનો
મહિમા સમજાવનારા મનનીય વિચારો પણ આપ્યા છે.

उत्तम चित्रावलिओ-छूटांचित्रो

દરેક ચિત્રનું કદ ઈંચ ૬॥।×૧૦ છે.

શ્રીરામાયણ ચિત્રાવલિ-એમાં ચિત્રો ૩૬, મૂલ્ય ०॥=
શ્રીમહાભારત ચિત્રાવલિ- " ૩૦, મૂલ્ય ०॥=

ઉપલામાંના દરેક છુટા ચિત્રનો ૦)૦॥, છના ૦)=, ૨૦ ના ૦।-, ૧૦૦નો ૧।

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય-ભદ્ર પાસે, અમદાવાદ અને કાલબાદેવીરોડ, મુંબઈ-૨

નવી આવૃત્તિ-વેદાન્તના મહાસાગર! સર્વોત્તમ છતાં અતિ સરળ.!

श्री योगवासिष्ठ-महारामायण

બે મ્હોટા ભાગમાં-પૃષ્ઠ ૨૦૦૦

**વેદધર્મસભાવાળું ઉત્તમ ભાષાંતર, મજબૂત કાગળ અને પાકાં પૂઠાં
સાથે મૂલ્ય માત્ર ૧૦, પરંતુ ૧૯૮૩ ની દિવાળી સુધી રૂ ૮॥**

વેદાંતપ્રેમીઓ માટે આ ગ્રંથની ઉપકારકતા અનુપમ છે. સ્વામી રામતીર્થ તો આ ગ્રંથમાટે ખાસ ભાર દઇને ભલામણ કર્યા કરતા. મહર્ષિ વસિષ્ઠજીએ ખુદ આ ગ્રંથમાંજ તેની ઉપકારકતા વર્ણવી છે કેઃ—

“ આ સંહિતા પોતાની મેળેજ અભ્યાસ કરીને જાણી હોય અથવા બીજા કોઇના મુખથી સાંભળી હોય તો ગંગાજીની પેઠે તુરતજ સઘળા તાપોની શાંતિ કરીને પરમસુખ આપે છે. જેમ રજ્જુ(દોરડી)નું અવલોકન કરવાથી તેમાં થએલી સર્પની ભ્રાંતિ ટળી જાય છે, તેમ આ સંહિતાના અવલોકનથી સંસારનાં દુઃખો ટળી જાય છે. ”

“ જેમ શરદ્ઋતુ પ્રાપ્ત થતાં દિશાઓનું મલિનપણું ધીરે ધીરે સારી પેઠે ઓછું થવા લાગે છે, તેમ આ ગ્રંથનો વિચાર પ્રાપ્ત થતાં બુદ્ધિના લોભ તથા મોહ આદિ દોષો ધીરે ધીરે સારી પેઠે ઓછા થવા લાગે છે. સઘળી કલ્પનાઓ શાંત થતાં ધીરે ધીરે પરિપાકને પામેલું, આ ગ્રંથને વિચારનારનું જીવન્મુક્તપણું એવું થાય છે કે જેનું વર્ણન કરી શકાતું નથી. સઘળી રીતે શીતળતાવાળી, શુદ્ધ અને ઉત્તમ પ્રકાશ આપનારી એ પુરુષની બુદ્ધિ શરદ્ ઋતુની ચાંદનીની પેઠે અત્યંત ખીલી નીકળે છે.”

“ આ ગ્રંથ સાંભળવામાં આવે, વિચાર કરવામાં આવે અને સમજવામાં આવે તો માણસને મોક્ષની પ્રાપ્તિમાં તપની, ધ્યાનની કે જપ આદિની કંઇ પણ અપેક્ષા રહેતી નથી. આ શાસ્ત્રના દૃઢ અભ્યાસથી અને વારંવાર અવલોકનથી ચિત્તના સંસ્કારપૂર્વક અપૂર્વ પાંડિત્ય પ્રાપ્ત થાય છે. ”

श्रीमद् भागवत भाषांतर

છઠ્ઠી સુંદર સચિત્ર આવૃત્તિ

આમાં વેદધર્મસભાનું ઉત્તમ ભાષાંતર, આવડા મોટા અક્ષર, સુંદર ૧૫ ચિત્રો,
મજબૂત કાગળ, પાકું પૂઠું, છતાં માત્ર રૂ. ૫)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ અને મુંબઈ નં.૨

श्रीमद् भगवती भागवत

અથવા ‘દેવીભાગવત’ દિવાળી પછી નિકળશે.

વેદધર્મ સભાવાળું ઉત્તમ ભાષાંતર

આમાં આવડા મોટા અક્ષર, પ્રત્યેક શ્લોકના અંક, પાકાં પૂઠાં, મજબૂત કાગળ, મ્હોટાં ૯૦૦ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂ. ૫) રહેશે. નામ ઉપરથી આ ગ્રંથ વામમાર્ગીઓના ભ્રષ્ટાચારનો સમજવાનો નથી, પણ અનેક બોધપ્રદ આખ્યાનો અને ઉત્તમ વિષયોની મુખ્યતાને લીધેજ તે પસંદ કરાયો છે.

‘વેદધર્મ સભા’ જેવી કાળજીથી પસંદગી કરનારી સંસ્થાએ આ ગ્રંથનું ભાષાંતર કરાવીને પ્રથમ છપાવ્યો હતો; અને અનેક સજ્જનો તથા વિદ્વાનો આ ગ્રંથને વિષ્ણુભાગવત કરતાં ચઢિયાતો માને છે. મહાન સંસ્કૃત ટીકાકાર નીલકંઠ તો કહે છે કે ૧૮ મહાપુરાણોમાંનું જે ભાગવત તે આજ ભાગવત છે.

આ પુરાણના વાચનથી શોધકવૃત્તિવાળા વિદ્વાનોને જગતના અતિપ્રાચીન ઇતિહાસસંબંધી વિચારણીય સામગ્રી મળી શકે તેમ છે; ભક્ત અને જિજ્ઞાસુ જનોને આમાં ઠેકાણે ઠેકાણે વેદ અને ઉપનિષદ્‌ના ગૂઢ આધ્યાત્મિક ઉપદેશો સરળ રૂપમાં ગોઠવાયેલા જણાશે; સર્વ સજ્જનોને એમાંથી નીતિ, ધર્મ, સદાચાર ઈ૦ ઉત્તમ વિષયોથી ભરપૂર પુષ્કળ સુબોધક કથાઓનો લાભ મળી શકશે; અને સ્ત્રીવર્ગ માટે મહાન સતીઓનાં બોધદાયક તથા અસરકારક આખ્યાનો પણ આવેલાં જણાશે.

દરેક ભારતસંતાને અવશ્ય વાંચવાયોગ્ય ઉત્તમ વિસ્તૃત જીવનચરિત્ર

श्री शिवाजी छत्रपति



હિંદુધર્મના મહાબળવાન રક્ષક અને મરાઠી રાજ્યના પરમ પરાક્રમી સંસ્થાપક પુરુષનું આ મ્હોટું જીવનચરિત્ર દરેક ગૃહમાં અવશ્ય રહેવું જોઇએ. ગુજરાતીમાં અગાઉ કદી પ્રકટ નહિ થયેલા એવા પુષ્કળ જાણવાયોગ્ય બનાવો અને બીજી ઐતિહાસિક હકીકતોથી ભરપૂર આ ગ્રંથ હોઇ રસિક અને અસરકારક ભાષામાં લખાયલો છે. પૃષ્ઠ ૫૨૮, મજબૂત પૂઠું, છતાં માત્ર રૂ. ૨ા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય {
ઠે. કાલબાદેવીરોડ, હનુમાન ગલી—**મુંબઇ-૨**
અને ડિસ્ટ્રીકટ કોર્ટ પાસે—**અમદાવાદ**

આ તે મહાન ગ્રંથ! કે વીરતાનો પંથ! વીર–વીરાંગનાઓનાં ચરિત્રચિત્ર! કે જ્ઞાનેચ્છુઓનાં પવિત્ર મિત્ર! વીર કથાઓનો સાગર! કે ગુણરત્નોની ગાગર! જો ઉચ્ચતાની આરત, તો લ્યો આ બીજું ભારત!

राजस्थाननो इतिहास

નવી આવૃત્તિ, મ્હોટા બે ગ્રંથમાં હોઈ પૃષ્ઠસંખ્યા ૧૬૦૦

પહેલા ગ્રંથમાં મેવાડ અને બીજામાં બીજાં ૭ રાજ્યોનો ઈતિહાસ છે. પાકાં પૂઠાંસાથે દરેકના રૂ ૫

આમાં રાજા–રાણા ઇ૦ સેંકડો વ્યક્તિઓનાં ચિત્ર, મૂળલેખકની ભૂલો ઉપર સેંકડો ટિપ્પણ, મેવાડ, મારવાડ ઇ૦ રાજપૂતાનાનાં મુખ્ય રાજ્યોમાં પ્રથમથી હાલસુધીમાં થઇ ગયેલા સેંકડો ધીરવીર રાજા–મહારાજાઓ, શૂરવીર સામંત–સરદારો અને પરાક્રમી ક્ષત્રિય વીર–વીરાંગનાઓનાં અદ્ભુત પરાક્રમો અને ચરિત્રોનું વર્ણન એવી તો રસિક અને છટાદાર રીતે અપાયલું છે કે જાણે એકાદ ઉત્તમ અને છટાદાર નવલકથા વાંચતા હોઇએ, અથવા તો ભાટ–ચારણની એકાદ લહેકારવાળી વાર્તા સાંભળતા હોઇએ તેવોજ ભાસ સ્થળે સ્થળે થાય છે. વળી મૂળ ગ્રંથમાંની લગભગ સર્વ બાબતો આમાં લેવાયલી હોવાથી ગુજરાતીમાં અન્યત્ર રૂ. ૧૦–૧૦ માં નીકળેલાં રાજસ્થાનો કરતાં આ રાજસ્થાનમાંનું લખાણ બમણું તથા પૃષ્ઠસંખ્યા પણ દોઢી થઈ છે. ભાષાંતર પણ અન્ય કરતાં આમાં ઘણુંજ સરળ અને સ્પષ્ટ છે.

आर्यभिषक् अथवा हिंदनो वैद्यराज

સુધારા વધારા સાથે આવૃત્તિ છઠ્ઠી

પાકાં પૂઠાં અને મજબૂત કાગળ સાથે રૂ ૪

આ ગ્રંથમાં ન્હાનાં ગામડાંઓમાં પણ પોતાની મેળે બની શકે એવા હજારો સામાન્ય અને ઘરગતુ ઉપાયો આપેલા છે. નિત્યના ઉપયોગની તથા બીજી મળી સુમારે ૬૦૦ વસ્તુઓના ગુણ–દોષ, ઓળખાણ તથા જૂદા જૂદા વ્યાધિઓપર તેને વાપરવાની વિધિઓ આપેલી છે. સુમારે ૧૦૦ ધાતુ–ઉપધાતુઓનું શોધન, મારણ, ગુણ–દોષ તથા જૂદા જૂદા રોગોપર વાપરવામાં અનુપાનો આપેલાં છે. વળી જૂદા જૂદા સુમારે ૧૨૫ વ્યાધિઓનાં પ્રકાર, નિદાન, લક્ષણ તથા ઉપાય આપેલા છે. જૂદી જૂદી જાતના પાક, ચૂર્ણ, ગુટિકા, અવલેહ ઈ૦ની સેંકડો બનાવટો આપેલી છે. ઔષધિક્રિયા, નાડીપરીક્ષાનો નિબંધ, તેમજ બીજી અનેક બાબતોના વધારાસુધારા ઉપરાંત સેંકડો નવીન ઉપાયો તથા બીજી બાબતો ટીપણીરૂપે ઉમેરાવાથી આ ગ્રંથની ઉપયોગિતા બહુજ વધી છે. **ઔષધિક્રિયા** નામનો મૂળ ગ્રંથકારે રચેલો એક નવોજ ભાગ ઉમેરાવાથી આ ગ્રંથ આ વખતે સાતને બદલે આઠ ભાગનો થયો છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ અને મુંબઇ નં. ૨

आ संस्थाना उत्तम अने सस्ता ग्रंथो

खास महत्त्वना धार्मिक ग्रंथो

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
શ્રી વાલ્મીકિ રામાયણ–શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૧૩૩૬	૬ાાા×૧૦	૬)	૧ા
તુલસીકૃત રામાયણ–ગુજરાતી ટીકા સાથે	૧૪૨૪	૬ાાા×૧૦	૬)	૧ા
મહાભારતનું શાંતિપર્વ–બીજી આવૃત્તિ	૯૨૮	,,	૫)	૧)
શ્રી યોગવસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં	૨૦૦૦	,,	૧૦)	૨)
સંપૂર્ણ મહાભારત–સાત ભાગમાં	૫૦૦૦	૬ાાા×૧૦	૩૬)	૬)
છોટમની વાણી–સર્વથી મોટો સંગ્રહ	૨૬૪	૫×૯	૧)	૦)≡
પ્રીતમદાસની વાણી–સર્વથી મોટો સંગ્રહ	૪૨૦	૫×૯	૧ાા	૦ા–
અખાની વાણી–નવી આવૃત્તિ–પુષ્કળ વધારા સાથે	૫૦૦	૫×૮	૧ાા	૦ા=
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–નવી આવૃત્તિ	૭૦૦	૫ાાા×૯	૨ાાા	૦ાા
શ્રીમદ્ભાગવત–ઉત્તમ ભાષાંતર	૭૦૦	૮×૧૧	૫)	૧)
શ્રી રામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૫ાા×૮	૨ાા	૦ા=
શ્રી દાસબોધ–નવી આવૃત્તિ	૬૨૦	૫ાા×૮	૨ાા	૦ા=
સ્વામી રામતીર્થ–ગ્રંથ ૧ થી ૪–ભાગ ૧ થી ૧૩	૨૪૦૦	૫ાા×૮ા	૮ા	૧ાા
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ ૧ લો–ભાગ ૧–૨–૩	૫૭૫	,,	૨ા	૦ા=
,, ગ્રંથ ૨ જો–ભાગ ૪–૫	૬૦૦	,,	૨ા	૦ા=
,, ભાગ ૬–૭–૮–૯–૧૦–નોખા નોખા છે.	૨૦૦૦	૫×૬ાાા	૭)	૦ાાા≡
ગિરધરકૃત શુદ્ધ રામાયણ–ખાસ શુદ્ધ આવૃત્તિ	૭૮૪	૫ાાા×૯	૨ા	૦ા–
ધર્મતત્ત્વ–સાહિત્યસમ્રાટ્ બંકિમકૃત ઉત્તમ ધર્મગ્રંથ	૨૪૮	૫ાા×૮	૦ાાા	૦)≡
યોગતત્ત્વ–રામચરકના ગ્રંથો ઉપરથી	૩૮૪	,,	૧ા	૦ા–
શ્રીભજનસાગર–બહોળા વધારાસાથે નવી આવૃત્તિ	૨૨૮	૫×૬ાાા	૦ાા–	૦)≡
સ્વર્ગનું વિમાન — આ પુસ્તકો સ્વ૦અ.સું. પઢિયારકૃત હોઈ એમાં અનેક દાખલાદૃષ્ટાંતપૂર્વક ભક્તિમાર્ગનો ઉત્તમ અને અસરકારક સદ્બોધ સંગ્રહાયેલો છે.	૩૮૪	૫×૯	૧ા=	૦ા–
સ્વર્ગની કુંચી	૩૭૮	,,	૧ા=	૦ા–
સ્વર્ગનો ખજાનો	૩૨૪	,,	૧ા=	૦ા–
સ્વર્ગનો પ્રકાશ	૩૩૬	,,	૧ા=	૦ા–
શ્રીમદ્ ભગવદ્ગીતા–હિંદી, મરાઠી કે ગુજરાતીટીકાસાથે	૨૬૦	૩ાા×૫ાા	૦ા=	૦)=

ભગવદ્ગીતા–મૂળ મૂળ .... મધ્યમ અક્ષર ૦ા મોટા અક્ષર ૦ાા

પંચરત્ન ગીતા–મૂળ મૂળ .... નાના અક્ષર ૦ા, મધ્યમાક્ષર ૦ા=, મોટા અક્ષર૦ાાા

છબીઓ–રામાયણ, મહાભારતની તથા અનેક પ્રકારની છુટી પણ મળશે. દરેકનો ૦)૦ા

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧ લો	૩૩૬	૫ાા×૮	૧)=	૦ા
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વસાથે નવી આવૃત્તિ	૫૯૦	૫ાા×૮	૧ાાા	૦ા=
ભાગ્યના સૃષ્ટાઓ (સાદું પૂઠું)	૭૨૦	૫×૬ાાા	૧ા	૦ા
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૫૫૨	,,	૧ા	૦)≡
પ્રભુમય જીવન–અંગ્રેજીમાં લાખો પ્રત નીકળેલી તે	૨૧૬	૫×૬ાાા	૦ાા	૦)≡

આગળ ધસો–(નવી આવૃત્તિ)	૪૬૮	૫×૯	૧।।।	૦।=
શુભસંગ્રહ–ભાગ ૧ લો ત્રીજી આવૃત્તિ	૧૯૨	૫×૬।।।	૦।	૦)=
શુભસંગ્રહ–ભાગ ૨ જો	૭૦૦	૬।।।×૧૦	૨)	૦।।।

उत्तम अने बोधदायक जीवनचरित्रो

ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં	૨૧૦૦	૫।।।×૮।	૬)	૧।–
સ્વામી રામતીર્થની જીવનકથા–(ચોથા ગ્રંથરૂપે)	૬૪૦	,,	૨)	૦।≡
સ્વામી વિવેકાનંદ–સંપૂર્ણ ચરિત્ર (ભાગ ૯ મા રૂપે)	૭૪૦	૫×૬।।।	૨।।	૦।–
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮	૫।।।×૯	૨।	૦।–
મહાન સમ્રાટ્ અકબર	૩૫૨	૫।।×૮।	૧।	૦।–
મહાત્મા ટૉલ્સ્ટૉય	૬૨૦	,,	૨।।	૦।
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૮૪૦	,,	૩)	૦।।
વીર દુર્ગાદાસ	૨૪૦	૫।×૭।	૦।।।	૦)≡
શ્રી ભક્તચરિત્ર અથવા **ભક્તિરસામૃત**	૪૦૮	૫×૯	૧।।	૦।
દાનવીર કાર્નેગી	૩૮૪	૫।।×૮	૧।।	૦।–
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૩૫૦	,,	૦।।।	૦)≡

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં	૧૫૩૦	૬।।।×૧૦	૧૦)	૧।।=
આર્યભિષક્ અથવા **હિંદનો વૈદ્યરાજ**	૭૦૦	,,	૪)	૦।।।
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત	૧૪૦	૫×૬।।।	૦।–	૦)–

स्त्रीओ तथा पुरुषोमाटे बोधप्रद वार्ताओ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા	૬૦૦	૫×૯	૨)	૦।≡
ટુંકીવાર્તાઓ–ભાગ ૫મો–૨૮ સાંસારિક વાતો	૩૦૪	૫×૬।।।	૦।।।–	૦)≡
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–બોધપ્રદ ૨૭ વાતો	૩૬૦	,,	૧)	૦)≡
ટુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–શેખ સાદી ઇ૦ની અનેક વાતો	૩૫૦	,,	૧।।	૦)≡
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી	૧૨૮	૫×૬।।।	૦।	૦)–

बाळकोमाटे खास उपयोगी पुस्तको

સદ્ગુણી બાળકો–નવી આવૃત્તિ	૧૨૮	૫×૬।।।	૦।	૦)–
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૮	,,	૦।	૦)–
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૯૬	૫×૬।।।	૦।	૦)–
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો	૯૦	૫।।×૮	૦।	૦)–
સુબોધક નીતિકથા	૧૮૪	૫।×૭।	૦।=	૦)=

મુસલમાન મહાત્માઓ, ભારતના સંત અને વીર પુરુષો, સંતવાણીના બીજા ભાગો–તેમજ બીજા અનેક ગ્રંથો બનતી સગવડે બહાર પડશે. સર્વ પુસ્તકોમાટે પોસ્ટેજ ઉપરાંત વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધી રૂ. ૦। જૂદું ચઢે છે. મહાભારત સાથે રૂ. ૧૦૦)નાં, અથવા મહાભારત-સિવાયનાં રૂ. ૨૫)નાં પુસ્તકો લેનારને અમદાવાદમાં ટકા ૧૨।। કમીશન મળશે. રેલરસ્તે મંગાવનારે મૂલ્ય પ્રથમજ મોકલવું.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { **મુંબઈમાં**–કાલબાદેવીના મંદિર સામે
{ **અમદાવાદમાં**–નદીને રસ્તે, સેશનકોર્ટ પાસે

आ संस्थाना अतिउत्तम अने सस्त

ઉત્તમ ધાર્મિક ગ્રંથો

	મૂલ્ય
સંપૂર્ણ મહાભારત-સાત ભાગમાં	૩૬)
શ્રીતુલસીકૃત રામાયણ-ગુજરાતી ટીકાસાથે	૬)
શ્રીવાલ્મીકિ રામાયણ-નવી આવૃત્તિ	૬)
શ્રીગિરધરકૃત શુદ્ધ રામાયણ	૨।
શ્રીયોગવાસિષ્ઠ-મહારામાયણ-છપાય છે.	
શ્રીમદ્ ભાગવત-ઉત્તમ ભાષાંતર	૫)
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-નવી આવૃત્તિ	૨॥
શ્રીદાસબોધ-નવી આવૃત્તિ	૨॥
શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા	૨॥
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો-ભા. ૧ થી ૫	૨)
,, ,, ગ્રંથ ૨ જો-ભા. ૬ થી ૯	૨।
,, ,, ગ્રંથ ૩ જો-ભા. ૧૦-૧૧	૨)
,, ,, ગ્રંથ ૪ થો-ભા. ૧૨-૧૩	૨)
સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો-ભા. ૧-૨-૩	૨।
,, ,, ગ્રંથ ૨ જો-ભા. ૪-૫	૨।
,, ,, ભાગ ૬ થી ૮ નોખા	૩।
,, ,, ભાગ ૯મો-સંપૂર્ણ ચરિત્ર	૨॥
,, ,, ભાગ ૧૦મો-રાજયોગ	૧।
ભગવદ્ગીતા-ગુજરાતી ટીકાસહિત ફરી છપાશે.	૦।=
ભગવદ્ગીતા-મરાઠી કે હિંદી ટીકા સહિત	૦।=
ભગવદ્ગીતા-મૂલમાત્ર-મધ્યમાક્ષર ૦।, સ્થૂલાક્ષર	૦॥
પંચરત્નગીતા-નાના ૦।, મધ્યમ ૦।=, સ્થૂલ	૦॥
છોટમની વાણી	૧)
અખાની વાણી-મનહર પદસાથે	૧॥
પ્રીતમદાસની વાણી-સચરિત્ર મોટો સંગ્રહ	૧॥
ધર્મતત્ત્વ-બંકિમચરિત્ર સાથે	૦॥
યોગતત્ત્વ	૧।
શ્રીભજનસાગર-નવી આવૃત્તિ	૦॥-
સ્વર્ગનું વિમાન-અ. સું. પઢિયારકૃત	૧।=
સ્વર્ગની કુંચી ,, ,, ,,	૧।=
સ્વર્ગનો ખજાનો ,, ,, ,,	૧।=
સ્વર્ગનો પ્રકાશ ,, ,, ,,	૧।=
મહાભારતનું શાંતિપર્વ-બીજી આવૃત્તિ	૫)
બીજા મહાત્માઓની સંતવાણી-હવે પછી છપાશે	
શ્રીભગવતી ભાગવ.૧-થોડાજ સમયમાં નીકળશે.	

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

બંકિમનિબંધમાળા-ધર્મતત્ત્વ સાથે	મૂલ્ય ૧॥
આદર્શ દૃષ્ટાંતમાળા	૧)=
ભાગ્યના સૃષ્ટાઓ-(સાદું પૂઠું)	૧।
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૧।
પ્રભુમય જીવન	૦॥
આગળ ધસો-નવી આવૃત્તિ	૧॥
શુભસંગ્રહ-ભાગ ૧ લો-ત્રીજી આવૃત્તિ	૦।
શુભસંગ્રહ-ભાગ ૨ જો	૨)

ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ-બે મોટા ગ્રંથોમાં	૧૦)
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત	૦।-

બોધદાયક જીવનચરિત્રો

ભારતનાં સ્ત્રીરત્નો—ત્રણે ગ્રંથ, નવી આવૃત્તિ	૬)
કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર	૨॥
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૩)
સ્વામી રામતીર્થની જીવનકથા	૨)
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર	૨॥
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૦॥
મહાન સમ્રાટ્ અકબર	૧।
શ્રી શિવાજી છત્રપતિ	૨।
વીર દુર્ગાદાસ	૦॥
ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત	૧॥
દાનવીર એન્ડ્રુ કાર્નેગી	૧॥

બોધપ્રદ સામાજિક ટુંકી વાર્તાઓ

ટુંકી વાર્તાઓ-ભાગ ૧થી ૪-૬૬વાતો	૨)
ટુંકી વાર્તાઓ-ભાગ ૫ મો-૨૮ વાતો	૦॥-
ટુંકી વાર્તાઓ-ભાગ ૬ ઠો-૨૭ વાતો	૧)
ટુંકી વાર્તાઓ-ભાગ ૭ મો-અનેક વાતો	૧॥
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી	૦।

બાળકો માટે ખાસ પુસ્તકો

સદ્ગુણી બાળકો-૬૯ ટુંકાં બાળચરિત્ર	૦।
બાળસદ્બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૦।
બાળકોની વાતો-રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૦।
દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દૃષ્ટાંતો	૦।
સુબોધક નીતિકથા-બીરબલની લખેલી	૦।=

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ અને મુંબઈ—૨